Regd No. G BV 20
JAIN OFFICE : P. Box No. 175
BHAVNAGAR-364001 (Gujarat)
Tele. O. : C/o. 29919 R. 28857

જૈન

તંત્રી : ગુલાબચંદ દેવચંદ શેઠ
તંત્રી-મુદ્રક-પ્રકાશક :
મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
જૈન ઓફીસ, પો.બો. નં. ૧૭૫, દાણાપીઠ, ભાવનગર.

'જૈન' વર્ષ ૮૬
અંક : ૧

વીર સં. ૨૫૧૫ : વિ.સં. ૨૦૪૫ માગસર વદ ૧૪
તા. ૬ જાન્યુઆરી ૧૯૮૯ શુક્રવાર
મુદ્રણ સ્થાન : શ્રી જૈન પ્રિન્ટરી
દાણાપીઠ પાછળ, ભાવનગર-૩૬૪ ૦૦૧

૮૬માં વર્ષના શુભ આરંભ પ્રસંગે

નાના પત્રોની વધતી જતી હાલાકી

પ્રજાજીવનને સાચો કે ખોટો વળાંક આપનારા અને જનજીવનનું ઇષ્ટ કે અનિષ્ટ ઘડતર કરનારા પરિબળોમાં સાહિત્યનો પણ સમાવેશ થાય છે. અત્યારે વર્તમાન પત્રો અને સામાયિકો લોકજીવનનું એક અગત્યનું અંગ બની ગયા છે. એટલું જ નહિં, પરંતુ વિશાળ ફેલાવો ધરાવતા મોટા-મોટા દૈનિક પત્રોનો, સાપ્તાહિકો, તેમ જ કેટલાક વગદાર શ્રમણો કે શ્રેષ્ઠિઓના આશ્રીત પત્રો વિશિષ્ટ શક્તિ ધરાવતા થયેલ છે. અને દેશ-કે સમાજના રાજકારણનો આકાર-પ્રકાર ઘડવામાં એ નિર્ણાયક ભાગ ભજવે છે.

કોઇ પત્ર એક ધર્મ, સંપ્રદાય કે સમાજને કેન્દ્રમાં રાખીને અને રૂઢિચુસ્તતાની સામે સુધારક વૃત્તિ તથા પ્રવૃત્તિને પ્રોત્સાહન આપતા રહેવાના ઉદ્દેશથી, ધાર્મિક-સામાજિક ઢબનું પત્ર ચાલુ રાખવું એ જો કોઇ સંસ્થાને માટે પણ ઘણું કપરું કામ હોઈ, તે ને સંસ્થાઓ પણ નિરભય અને સુધારક વૃત્તિને છોડી ટુંકા વર્તુળમાં સમાય જતી હોય ત્યારે વ્યક્તિગત જવાબદારીના આધારે આવું પત્ર શરૂ કરવામાં અને એને નિયમિત ચાલુ રાખવામાં કેટ કેટલી મુસીબતો અને કેવા કેવા વિરોધોનો સામનો કરવો પડે છે. એ તો જેમણે આવું સાહસ કર્યું હોય તેઓ જ સમજી શકે, આમ છતાં આર્થિક તેમજ નાના અવરોધોને પાર કરીને "જૈન" પત્ર આજે ૮૫ વર્ષ પુર્ણ કરી ૮૬માં વર્ષમાં મંગળ પ્રવેશ કરી રહ્યુ છે.

જ્યારે અમારા 'જૈન' પત્રના ૮૫ વર્ષ જેટલી લાંબી મજલનો અમે વિચાર કરીએ છીએ ત્યારે આટલા લાંબા સમય સુધી ટકી રહેવાનું બળ પૂરું પાડતા જૈન સમાજ પ્રત્યે તથા જૈન પત્રના સ્થાપક શ્રી ભગુભાઇ ફતેચંદ કારભારી, સ્વતંત્ર વિચારધારાના પ્રહરી શેઠ દેવચંદ દામજી કુંડલાકર, શેઠ ગુલાબચંદ દેવચંદ, શેઠ વિનોદરાય ગુલાબચંદ તથા સંપાદકીય રીતે જાગૃતિની જ્યોત જલતી રાખનાર શ્રી ભીમજીભાઇ હરજીવન 'સુશીલ' શ્રી ચુનીલાલ વર્ધમાન શાહ, શ્રી રતિલાલ દીપચંદ દેસાઇ તથા પ્રેરણામૂર્તિ અને સત્ય માર્ગદર્શક પૂ. આ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ. પૂ. આ. શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજયનંદનપ્રભસૂરીશ્વરજી મ., પૂ. આગમપ્રજ્ઞ મુનિરાજશ્રી પુણ્યવિજયજી મ., પૂજ્ય મુનિશ્રી દર્શનવિજયજી ત્રિપુટી મહારાજો આદી શ્રમણ ભગવંતો દ્વારા તેમજ શ્રી કસ્તુરભાઇ લાલભાઇ, શ્રી કાન્તીલાલ ઇશ્વરલાલ, શ્રી અમૃતલાલ કાળીદાસ, શ્રી નારણજી શામજી મોમાયા, શ્રી મુક્તિલાલ વીરવાડીયા, શ્રી માણેકલાલ ડી. મોદી, તેમજ વર્તમાનના શ્રી દિર્ઘદ્રષ્ટા શ્રી દલસુખભાઇ માલવણીયા, શ્રી કાન્તિલાલ ડી. કોરા, શ્રી દીપચંદભાઇ ગાડી, શ્રી કુમારપાળ વી. શાહ, શ્રી નગીનદાસ વાવડીકર જેવાનું માર્ગદર્શન પણ વખતો વખત મળતા રહેલ હોય તેમનો ચતુર્વિધ જૈન સંઘ પ્રત્યેની ઊંડી કૃતજ્ઞતાની લાગણીથી અમારું અંતર ગદ્ગદ્ બની જાય છે. અને આવા ઉલ્લાસભર્યા સહકારની અમે ક્યાં શબ્દોમાં આભાર માની શકીએ તે અમને સમજાતું નથી. આ બધા વર્ષો દરમ્યાન "જૈન" પત્રને વિશાળ ગ્રાહક અને વાચક વર્ગ મળ્યો છે, એની અમને ઘણી મોટી હુંફ છે.

(અનુસંધાન પેજ નં. ૪ ઉપર)

શિવપુરીમાં પૂ. આ. શ્રી ધર્મસૂરિજી સ્થાપિત શિક્ષણસંસ્થાઓ તથા વીરતત્ત્વ પ્રકાશક મંડળ, સમાધિ મંદિર આદિ વિશાળ સંપત્તિની જમીનનું થઇ રહેલ વેચાણ

જૈન સમાજનું દાન વ્યર્થ જવાના એંધાણ

શ્રમણ સંસ્કૃતિનું રક્ષણ કરનાર અને પ્રાકૃતના ધુરંધર વિદ્વાનો તૈયાર કરવાનું, સંસ્કૃતિ, સાહિત્ય અને ઇતિહાસનું સંશોધન કરનાર (રિસર્ચ સ્કોલરો) ઉત્પન્ન કરવાનું તેમજ બાળકો અને યુવકોના "ચારિત્ર નિર્માણ" માટે સતત 'પ્રયત્ન કરવાનું કામ કરી રહેલ 'શ્રી વીરતત્વ પ્રકાશન મંડળ સંસ્કૃત મહાવિદ્યાલય' સંસ્થા જૈનસમાજમાં માત્ર એક જ ઉત્તમ સંસ્થા છે. જૈન સમાજ માટે આ સંસ્થા એક ગૌરવનું પ્રતિક છે. આ સંસ્થાએ કેવળ જૈન-જૈનેતર પ્રજાનું જ નહિ પરંતુ મધ્ય ભારત અને હિન્દુસ્તાનના મોટા-મોટા શાસનાધિકારીઓનું પણ ધ્યાન આકર્ષિત કરેલ છે. એ સિવાય આંતરદેશીય ખ્યાતિ પ્રાપ્ત કરી છે. જેનાથી જૈન સમાજ સુવિદિત છે.

આવી આ મહાન સંસ્થા કાશીવાળા પુ. આ. શ્રી વિજયધર્મ સુરીશ્વરજી મ. સા. ની પ્રેરણાથી મધ્ય ભારતમાં જૈનધર્મનું તથા વ્યવહારિક શિક્ષણ પ્રાપ્તિ અર્થે ભુમિવિદ્યાલય, મહાવિદ્યાલય તથા શ્રી વીરતત્વ પ્રકાશક મંડળ જેવી ઉચ્ચ સંસ્થા તથા ધર્મશાળા, સમાધિ મંદિર તેમના શિષ્યરત્ન આ. શ્રી વિજયેન્દ્રસુરિજીના છત્રીસ્થળ એ વિશાળ જમીન ઉપર આવેલ છે. તેના વહિવટકર્તા અને વ્યવસ્થાપક શ્રી કાશીનાથ સરાફ દ્વારા આ સંપત્તિનું વેચાણ થઇ રહયું છે ત્યારે સરકારી તંત્ર અટકાવતું નથી અને ટ્રસ્ટીઓને-ટ્રસ્ટ ઓફીસરો ચુપકી સેવી રહ્યા હોય તેવું જણાય છે. ત્યારે શું, આ વિશાળ સંપત્તિ ઉભી કરવા જૈન સમાજના દાનવીરોએ આ સંસ્થાને દાન અપેલ હશે...!

પૂ. સ્વ. શ્રી ઇન્દ્રવિજયજી મ. સા. ના છત્રીસ્થળ (સ્મારક) ની જગ્યા, રમત-ગમતનું વિશાળ મેદાન વગેરે હજારો ચો. મીટરની આ જમીનનું વેચાણ થઇ રહયાના સમાચાર મળતા જૈન સમાજમાં ઘેરા દુઃખ અને હતાશાની લાગણી ઉત્પન્ન થઇ રહી છે. આ બાબતે શ્રી રૂપચંદજી ભણસાલી આદિ સંસ્થાના વર્તમાન કાર્યવાહકો આ બાબતની તપાસ કરે, સમાજને જાગૃત કરે અને શિવપુરીને ફરી વિદ્યાકેન્દ્ર બનાવે તેવી શુભ અભિલાષા એ જરાય અતિશ્યોક્તિ નહિ ગણાય.

જૈન સમાજ માટે ઉપકારી વિદ્યાતીર્થ-શિવપુરી તે વર્તમાન જૈન વિદ્વાનો અને સાધુ ભગવંતોનું જ્ઞાનમંદિર છે. જેમાં પુજ્ય ગુરુભગવંતો અને પંડિતોએ ઉચ્ચ જ્ઞાનાભ્યાસ પ્રાપ્ત કર્યો છે. આ સંસ્થામાં પૂ. યતિન્દ્રવિજયજી, આ. શ્રી સ્વયંપ્રભસુરિ, પુર્ણાનંદવિજયજી, હિમાંશુવિજયજી, ભાસ્કરવિજયજી, જયંતવિજયજી, મંગળવિજયજી, વિશાળવિજયજી જેવા પરમોપકારી શ્રમણોએ વિદ્યાભ્યાસ કર્યો છે. તેમજ પંડિતરત્નોમાં શ્રી રતિલાલ દેસાઇ, બાલાભાઇ દેસાઇ (જય-ભિખ્ખુ), અમૃતલાલ પંડિત, કાંતિભાઈ દેપાઈ, શાંતિલાલભાઈ, ખાંતિલાલભાઈ, અંબાલાલભાઈ પંડિત, રામસ્વરૂપજી જેવા અનેક પંડિતોનું ઘડતર કરનાર આ સંસ્થા તીર્થ સ્વરૂપ છે

રાજકોટ-માંડવીચોક :- અત્રે ચાતુર્માસ બિરાજમાન પુજ્ય મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી મ. સા. ની શુભ નિશ્રામાં એક દેરાસર શુદ્ધિનો ભવ્ય પ્રોગ્રામ રાખવામાં આવેલ. જેમાં 'સુપાર્શ્વનાથ સ્વામિ જૈન યુવક મંડળે' દહેરાસર શુદ્ધિના આ મહાન કર્તવ્યને અમલી બનાવી આજના યુવાસમાજને પ્રેરણા અર્પતો ભાગ ભજવ્યો. જે યુવાનો ઘરે કપ-રકાબી પણ ન ઉપાડનારા પરંતુ ધર્મભાવનાના પ્રબળ પ્રકાશે આ યુવાનોએ દેરાસર શુદ્ધિના આ મહાન કાર્યક્રમમાં મહત્વનો ભાગ ભજવ્યો. તેમજ તેમની સાથે આ કાર્યમાં જાણીતા ડોકટરો, વકીલો, બેન્ક ઓફીસરો, ઉદ્યોગપતિઓ, વેપારીઓ તેમજ યુવાબહેનો અને ગૃહિણીઓએ પણ ભક્તિભાવપુર્વક ભાગ ભજવ્યો.

આવા કાર્યક્રમ આપણા બીજા દેરાસરોમાં પણ ધર્માનુરાગી ભાઈઓ તેમજ બહેનો દ્વારા યોજાય તો કેવું સારું.

શ્રી અધિષ્ઠાયક દેવાય નમ :

શ્રી સમેતશિખરજીમાં જૈન શ્વેતાંબર શ્રીસંઘ દ્વારા નિર્મિત શ્રી ભોમીયાજી ભુવન ધર્મશાળામાં સકલ શ્રીસંઘ માટે દરેક સગવડતાઓ ઉપલબ્ધ છે.

તીર્થ યાત્રાએ પધારો : સેવાનો અવસર આપો :

શ્રી સકલ સંઘને વિદિત થાય કે શ્રી જૈન શ્વેતાંબર શ્રીસંઘ દ્વારા શ્રી સમેતશિખરજીની તલેટી મધુવનમાં **"શ્રી ભોમીયાજી ભુવન"** નું નિર્માણ કાર્ય કરવામાં આવેલ છે. જેમાં રહેવા માટે ૬૦ રૂમ, ૨ હોલ, પાણીની ટાંકી, સ્નાનઘરો, લેટરીન આદિનુ નિર્માણકાર્ય થઇ ગયું છે. આ સિવાય દેવદર્શનાર્થે ઘર દેરાસર (શ્રી આદિનાથ ભગવાનની ચમત્કારિક, અલૌકિક અને અદ્વિતિય પ્રતિમાજી બિરાજમાન છે.) ભોજનશાળા તથા જનરેટરની વ્યવસ્થા પણ ઉપલબ્ધ છે.

આપ-આપની ધર્મશાળામાં રોકાઓ અને સેવાનો અમુલ્ય અવસર આપશો, આ ધર્મશાળા પુલ પાર કર્યા બાદ રોડની જમણી બાજુએ પ્રથમ ધર્મશાળા છે.

: નિવેદક .

શ્રી જૈન શ્વેતાંબર શ્રીસંઘ

સંપર્ક કરો (૧) જૈન શ્વેતાંબર શ્રીસંઘ, ૪, મીરબોહારઘાટ સ્ટ્રીટ, કલકત્તા-૭૦૦૦૦૭ (૨) શ્રી ભોમીયાજી ભુવન, મધુવન, પો. શિખરજી (જિ. ગિરિડીહ બિહાર)

રાગ અને દ્વેષથી ફકત કર્મ બંધાય છે. તે સિવાય અલ્પ પણ લાભ થતો નથી.

ઘેટાંઓ અંગેનું કતલખાનુ ફેબ્રુ. ૮૯ માં શરૂ થશે

આંધ્રપ્રદેશના અનંતપુર ગામથી ૭ કિ. મી. દુર આવેલા 'કુરગુન્ટા' ગામમાં પશુસંવર્ધન મંત્રીએ આ કતલખાનાનું ઉદ્‌ઘાટન કર્યું હતું અને પશુ સંવર્ધન શાખાના ડાયરેકટરશ્રી એ આ કતલખાનાના મુખ્ય સંચાલક છે.

અનંતપુર જિલ્લામાં ઘેટા ઉછેર સોસાયટીઓએ વર્લ્ડ બેન્કની આર્થિક સહાયથી ઘેટાઓનો ઉછેર કર્યો છે. ભારતભરમાં આ જિલ્લામાં બહુ મોટા પ્રમાણમાં ઘેટાઓની ઉત્પત્તિ છે. હવે આ સોસાયટીઓ દ્વારા એક યુનિયન બનાવી કેન્દ્ર તથા રાજ્ય સરકારના આર્થિક સહયોગથી ૨૩ લાખ રૂા. ના આયોજનથી નિયમિત ૧૦૦ ઘેટાઓ કાપવાનું કસાઈખાનું નાખે છે. આ ઉદ્યોગમાં માંસના ડબ્બાઓ પેક થશે અને ઉન એક્સપર્ટ કરવામાં આવશે.'

આ બાબતે આપણો સમાજ જાગૃત નહિ બને તો આવા ઉદ્યોગો અનેક જગ્યાએ નવા શરૂ થશે આવા કસાઈખાનાના બદલે સરકાર દ્વારા જો ઉનની બનાવટના ઉદ્યોગો પર રૂા. ૨૩ લાખ રોકવામાં આવે તો જીવહિંસા પણ ન થાય, જીવો બચે અને નિરોગીતા જળવાઈ રહે.

આવા અનર્થકારી હિંસા કાંડને આપણાં અહિંસા પ્રધાન દેશમાં વિરોધ કરી સત્વરે અટકાવવા હાર્દિક અપીલ છે.

—રઘુનાથમલ (અહિંસાપ્રેમી)-બેંગ્લોર

મુંબઈ–૩૮મી વાર્ષિક ધાર્મિક પરીક્ષા :– શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સંઘ તથા આ સંસ્થા સાથે જોડાયેલ બૃહદ્ મુંબઈની સમસ્ત પાઠશાળાઓની વાર્ષિક ધાર્મિક પરીક્ષા સંસ્થાએ નકકી કરેલ અભ્યાસક્રમ, પરીક્ષાની પદ્ધતિ અને ધારાધોરણ મુજબ દર વર્ષે નિયમીત અને પદ્ધતિસર લેવામાં આવે છે. તે અનુસાર ૧૯૮૯ની સાલની ૩૮મી વાર્ષિક ધાર્મિક પરીક્ષા (એજયુ. બોર્ડ, શિ. સંઘ અને શિ. સોસાયટી દ્વારા સંયુકત પરીક્ષા) ધો. ૨ જાથી દરેક ધોરણની લેખીત પરીક્ષા તા. ૮–૧–૮૯ રવિવારના રોજ બપોરના ૧ થી ૪ ના સમયે મુંબઈ અને પરાએ માં લેવામાં આવનાર છે.

શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ – મુંબઈ :– શેઠશ્રી નરશીભાઈ નાથાભાઈની દ્વિશતાબ્દી (૨૦૦મી જન્મ જયંતિ) નિમિત્તે ઉજવણીની કાયમી યાદ માટે ઉપરોક્ત ટ્રસ્ટની મહાજનશ્રી દ્વારા સ્થાપના કરવામાં આવી છે.

આ ટ્રસ્ટની સ્થાપના જ્ઞાતિબંધુઓના સ્વાસ્થય માટે યોગ્ય માર્ગદર્શન અને વૈદકિય સારવાર માટે આર્થિક સહાય આપવા કરવામાં આવેલ છે. સરનામુ :– શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ, શ્રી ક. દ. ઓ. જૈન જ્ઞાતિ મહાજન–મુંબઈ, ૩૦૨–૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, મુંબઈ–૪૦૦૦૦૯ તેમજ માતુશ્રી કુંવરબાઈ નરશી નાથા ઉદ્યોગ ગૃહ ટ્રસ્ટની પણ આ નિમિત્તે સ્થાપના કરવામાં આવી છે.

યાત્રા અર્થે પધારેને જિર્ણોદ્ધારમાં સહાયક બનો

તપગચ્છ રક્ષક શ્રી માણિભદ્રવીરના આ તિર્થસ્થાન શ્રી આગલોડના વર્તમાન ઉદ્ધારક શ્રીમદ્ વિજયપ્રેમસુરીશ્વરજી મ. સા. ના સમુદાયના અને પુજ્ય આચાર્યશ્રી હિમાચલસુરીશ્વરજી મ. દ્વારા ઘાણેરાવ કીર્તિસ્તંભમાં આચાર્યપદથી વિભુષિત થયેલ પરમયોગી પુજ્ય આચાર્યદેવ **શ્રી વિજયઆનંદઘનસૂરીશ્વરજી** મહારાજશ્રીની પ્રેરણા અને માર્ગદર્શન મુજબ આ તીર્થનો જીર્ણોદ્ધાર થઈ રહેલ છે. તેમજ શ્રી આગલોડ જૈન શ્વે. મુ. પૂ. સંઘ તરફથી યાત્રાળુઓ માટે આધુનિક સુવિધાવાળી ધર્મશાળા, ભોજનશાળાની સગવડ કરવામાં આવેલ છે.

આગલોડ આવવા માટે ગુજરાતના મહેસાણા, હિંમતનગર, વિજાપુર, અમદાવાદથી અનેક એસ. ટી. ની બસ મળે છે.

આ તીર્થના દર્શન-જાત્રાનો લાભ લેવા વિનંતી છે.

શ્રી માણીભદ્ર જૈન તીર્થ પેઢી

શ્રી જૈન શ્વેતામ્બર મૂ. પૂ. સંઘ (ફોન : ૩૪)
મુ. આગલોડ (તા. વિજાપુર : જી. મહેસાણા – ઉ. ગુ.)

CHEMICALS
(IMPORTERS & EXPORTERS)

Amritlal Chemaux Limited

RANG UDYAN,
SITLADEVI TEMPLE ROAD,
MAHIM, BOMBAY-400016

Dealers in : Dyes and Chemiculs, Selling Agents for Sojuzchimexport, U. S. S. R. for Days, Intermediates and Chemicals & Generel inventors with business contacts all over the world.

ALSO

A Recognised Eligible Export House exporting Dyes, Chemicals, Engineering Goods, Processed Foods etc.

ALL OVER THE WORLD
Phone No. : H. O. 45 32 51
Telex : 117 – 1514 AMCG IN
Grams : RAS K

ગરી એ તો ગરીબી જ છે, જ્યારે તૃષ્ણા એ મહાગરીબી છે.

(અનુસંધાન પેજ નં. ૧નું ચાલુ)

ૈન પત્રના પ્રારંભ સમયે આવી ભીષણ મોંઘવારી નહોતી, ત્યારે સરળતાથી ચાલી રહેતું હતું પરંતુ વર્તમાનની મોંઘવારીના ર્ષણમાં એ અટવાયું, ઘસાયું હોય તેની મુશ્કેલીઓમાં (૧) સ કારશ્રી દ્વારા દિન–પ્રતિદિન કાગળના ભાવોમાં થઈ રહેલ વૃદ્ધિ ( ) ટપાલના દરોનો વધારો તો નાના પત્રોને અસહ્ય જ બની ગ લ છે. (૩) સરકાર તરફથી અવાર–નુકવામાં આવતાં જાહેરાતે પર જાતજાતના નિયંત્રણો (૪) પ્રીન્ટીંગના દરોમાં થઈ રહેલો ારો આવા પત્ર માટે મુશ્કેલરૂપ છે તેમ (૫) ત્યાગી શ્રમણ ાવંતો દ્વારા વ્યવસાયિક રીતે ચાલતા પત્રો, જે શ્રી સંઘને ક્તિરાગી બનાવી રહેલ પત્રો (૬) જ્ઞાતિ કે ગામના નામે ચાલુ થ લ પત્રો–જે વિશાળ જૈનત્વને સંકુચીત વર્તુળમાં દોરી રહેલ હો ત્યારે ભલભલાની હિંમતને પાછી પાડી દે એવી અને પત્રને ચ ુ રાખવાનું મુશ્કેલ બનાવી દે એવી છે.

ા બધું છતાં જૈન પત્રને નિયમિત ચાલુ રાખવાનો અમારો નિર્ણય , અને એ માટે અમે બનતું બધું કરવા તૈયાર છીએ અને શ્રી ંઘ અને સમાજનો વિશેષ સહકાર યાચીએ છીએ.

ત્યારની મુશ્કેલીઓને પહોંચી વળવાના એક સામાન્ય ઉપાય ત કે અમારે જૈન પત્રના લવાજમમાં તથા જાહેરાત–સમાચારમાં નિચ્છાએ વધારો કરવાની ફરજ પડી છે. અત્યારે જે આર્થિક ાર અમારા ઉપર પડયો છે, તેની સરખામણીમાં લવાજમની મમાં રૂા. ૨૦/– નો વધારો કદાચ વધારે પણ જણાય પરંતુ તે ત્રને નિયમિત, નિર્ભય–સ્વતંત્ર અને વાંચકો ઉપર જ નભતા પત્ર બનાવવાની ભાવના, અને સાથે સાથે વિશેષ વાંચન–સાહિત્ય, સામગ્રી અને સમાચારો પુરતા પ્રમાણમાં અપાય તેવા એક માત્ર ઉદ્દેશથી જ 'લવાજમ રૂા. ૫૦/–' કરેલ હોઈ વાંચક વર્ગ સ્વીકારી સહકાર આપશો તેવી અભીલાષા.

બીજુ, જૈન પત્રના જુના–નવા ગ્રાહકો પાસે લવાજમના રૂા. ૯૬,૦૦૦/– જેટલાં બાકી રહેલ છે. તેમને વારંવારની ઉઘરાણી લખવા છતાં કશો પ્રત્યુત્તર મળતો નથી કે તેઓ પત્ર ના મંગાવવા ઇચ્છતા હોય તો બંધ કરવા પણ હજુ સુધી જણાવેલ નહીં હોય તેઓશ્રીની યાદી હવે પછી અમારે ના છુટકે જૈન પત્રમાં પ્રગટ કરવી પડે તો તે બદલ અમને ક્ષમા કરશો.

અત્યારે પત્રકારવિદ્યાનો જે વિકાસ થયો છે, અને પ્રત્યાઘાતી પરિબળો જૈન સમાજના સાચા વિકાસને જે રીતે વધુને વધુ રૂંધતા જાય છે. તેમજ જૈનસમાજના મધ્યમ, સાધનહીન અને ગરીબ વર્ગની મુસીબતોમાં તથા એની સંખ્યામાં પણ જે રીતે વધારો થઈ રહ્યો છે એ જોતાં સમાજ શકિતશાળી અને પ્રગતિશીલ થાય એ માટે કંઇકને કંઇક કરવાના મનોરથો અમારા હૃદયમાં જાગે છે. અને છતાં આવા ધાર્મિક–સામાજીક પત્રો ચાલુ રાખવામાં જે અસહ્ય મોંઘવારીનો સામનો કરવો પડે છે તેથી આ મનોરથોને સફળ કરવાનું કામ અશકય જેવું બની જાય છે; અને છતાં, સમાજનો વિશેષ સહકાર મેળવવાના પ્રયાસ કરીને, ~~આ~~ દિશામાં કંઇક નવું અને વધુ કામ કરવાની અપેક્ષા અમે સેવીએ છીએ; અને આવી શુભ ઉમેદ સાથે નવા વર્ષમાં મંગળ પ્રવેશ કરીએ છીએ.

તંત્રી : મહેન્દ્ર ગુલાબચંદ શેઠ

સાવરકુ ડલા–વિવિધ મકાનોનો ઉદ્ઘાટન સમારંભ

અ શ્રી લલ્લુભાઈ શેઠની પ્રેરણા અને માર્ગદર્શન નીચે એક કરોડ રૂપિયાથી પણ વધારે ખર્ચે બંધાયેલ શૈક્ષણિક અને સામાજીક પંદર મકાનોનો ઉદ્ઘાટન સમારોહ શ્રી જયંતિલાલ રૂગનાથ દોશીના પ્રમુખપદે યોજાયેલ. આ પ્રસંગે મુંબઈથી ૫૦૦ મહેમાનોએ હાજરી આપી પ્ર ગને દીપાવ્યો હતો. [illegible] વડતા મા રૂા. ૫૧,૦૦૦/– રોકડા આપવામાં આવેલ.

કુપન યોજના ફંડની કાર્યવાહી :– વિ. સં. ૨૦૪૪ના મુનિ સંમેલનમાં કરવામાં આવેલ ઠરાવ ૧૬ના પ્રતિસાદ રૂપે જે માતબર રકમ જિનશાસન સેવા ટ્રસ્ટમાં જમા થઈ છે તેનું નક્કી કરેલા ત્રણ કાર્યોમાં વિતરણ કરવાનું કાર્ય શરૂ થયેલ છે. તીર્થાધિરાજ શ્રી શત્રુંજય અને શંખેશ્વર તીર્થને લગતા તથા અમદાવાદથી વલસાડ સુધીના પુજ્ય [illegible] સર્વે કરવાનું કાર્ય પુરુ [illegible]

શીથીલાચારી કે વિશુદ્ધાચારી

લેખક : નિજાનંદ

(૩૭) જૈન સમાજને નથી દિક્ષાની કીંમત કે નથી પદવીની કીંમત. વગર સમજ્યે, વગર યોગ્યતાએ દીક્ષાઓ ને પદવીઓના સમારંભો યોજવા અને પૈસા ખર્ચવા-ખર્ચાવવા એમાં ઈતિ કર્તવ્યતા. દીક્ષાને અયોગ્યતાના લક્ષણો, દીક્ષાની યોગ્યતાદર્શક લક્ષણો, ગુરૂ થનારના લક્ષણો, પદવીધરના લક્ષણો—આ બધાની વિચારણા કર્યા સિવાય જેને જેમ ફાવે તેમ દીક્ષા આપી અને જેને જેમ ફાવે તેમ પદવી આપી ને લીધી. એક ઉપાધ્યાયે અથવા આચાર્ય પદવીએ પહોંચનાર વ્યકિતએ કેટલા સાધુને તૈયાર કર્યા તેનો રીપોર્ટ તો બહાર પાડો તો ખબર પડે કે તમારી પદવી કેવી છે....? શીષ્યોની વૈયાવચ્ચ લેવાના તે જ ગુરૂને અધિકાર છે કે જે ગુરૂ પોતાના શીષ્યોને જ્ઞાન પ્રદાન કરે. ગુરૂથી જ્ઞાન પ્રાપ્ત થયેલ પાસે જ સારા ચારિત્રની આશા રાખી શકાય. આજે તો દીક્ષાના દિવસે એકને શીષ્ય, બીજાને તેનો શીષ્ય, ત્રીજાને બીજાનો શીષ્ય, ભવિષ્યમાં આપવી પડે તે પદવીને અનુલક્ષીને ઉપસ્થાપના કરાય છે ગુરૂને બે પ્રતિક્રમણ નથી આવડતા તો તે શીષ્યને શું ભણાવવાનો છે. આમ કોઈ લડવા-ઝઘડવાનો પ્રસંગે હોય તો પોતાની વાત શાસ્ત્ર સાપેક્ષ બનાવતા સુત્રો રજુ કરે અને અમે શાસ્ત્રાનુસાર વર્તીએ છીએ અને શાસ્ત્રને વફાદાર છીએ એમ જણાવે છે. એ મહાનુભાવોએ મેં જણાવેલી વાતો શાસ્ત્રોમાં નહિં વાંચી, સાંભળી હોય. જરૂર તેઓ પણ જાણે છે જાહેર રાજકારણની ટીકા કરતો ટેળાવાદ ને વખોડનારા વકતાઓ અને આચાર્યોમાં કોક જ અપવાદ સિવાય તમામને ટોળાં વધારવાની વધી રહેલી ઘેલછાના કારણે તેઓ શાસ્ત્રથી નીરપેક્ષ અને સ્વચ્છંદ વર્તન કરવા લાગ્યા છે. આમ શાસ્ત્રને વફાદાર હોવાનો ડોળ-દંભ કરી સ્વેચ્છાચારે વર્તનાર વ્યકિતઓ શીથીલાચારી કે વિશુદ્ધાચારી.

(૩૮) પ્રાચીન સાહિત્ય, રાસ, સ્તવન, સજ્જઝાય, પ્રકરણમાળા જેમાં કુલકો જીવ વિચાર, નવતત્વ, દંડક, સંગ્રહણી, બૃહદ્‌સંગ્રહણી, ક્ષેત્રસમાસ-કર્મગ્રંથ ૧ થી ૬ સુધીના ચાલુ લીપી સાથે નજીવો ફેરફાર ધરાવતા ગ્રંથ છે. એ સિવાય ભીમશી માણેક તરફથી પ્રસિદ્ધ થયેલ પ્રકરણ રત્નાકરના ચાર ભાગમાં જ્ઞાનસાર, અધ્યાત્મસાર તે સિવાય ઘણાં અત્યારે અલભ્ય ગ્રંથોનો સંગ્રહ છે તે તેમજ અઢારદુષણ નિવારક, હિંસા નિવારક, પ્રશ્નોત્તરી ચીંતામણી જેવા ગ્રંથો જુના પુસ્તક પ્રત્યેની અરૂચી ને ઉપેક્ષાને કારણે જ્ઞાનવિચ્છેદ થવા જેવી સ્થિતી બની રહી છે. પોતાના શીષ્યાદિ પરિવારને વકતા બનાવવા, ઈંગ્લીશ આદિ મ્લેચ્છ ભાષાઓ શીખવવા પડતો રાખી આચાર્યો અને વકતાઓ પ્રવૃત્તિશીલ છે. પણ એક બે દિવસના શ્રમથી જુની લીપીઓનો અભ્યાસ કરાવી વિચ્છેદ થતાં જ્ઞાનને અટકાવવામાં ઉપેક્ષા કરનારા આ મહાનુભાવો જ્ઞાન-દર્શન અને ચારિત્રમાં શિથીલ પરિણામ સેવનાર અને તેની ઉપેક્ષા કરનાર શીથીલાચારી કે વિશુદ્ધ ચારી.

(૩૯) શાસ્ત્રકાર મહારાજે ગ્રામમાં એક રાત્રી અને નગરમાં પાંચ રાત્રી રહેવાનો આદેશ હતો. તે પછી માસ કલ્પ થયો. એ પછી તે નગરનો ત્યાગ કરવો જોઈએ. ચાલુ દેશકાળને કારણે માની લઈએ કોઈ એક વર્ષ, બે વર્ષ રહે પણ વર્ષોથી મુંબઈમાં પડયા રહેનારા અને ત્યાં આખો દિક્ષા પર્યાય વિતાવવો હોય તેમ દશકાઓ સુધીનો સમય ત્યાં જ નિવાસ કરવો એ શું શીથીલાચાર નથી....? એક જ સ્થાનમાં વધુ રહેવાથી શું રાગ દ્વેષનો વધરો થવાનો સંભવ નથી...? સાધુના પતનના કારણમાં એક ક્ષેત્રમાં લાંબો સહવાસ શું કારણ નથી....? આમ રાગ દ્વેષને પતનના કારણભુત એક જગ્યાએ લાંબો સમય વસનાર કે રાખનાર સંઘો શીથીલાચારી કે વિશુદ્ધાચારી.

શ્રી કરેડા પાર્શ્વનાથજી તીર્થની

[રેલ્વે સ્ટેશન ભુપાલસાગર (જિ. ચિત્તોડગઢ, રાજસ્થાન)]

યાત્રાર્થે અવશ્ય પધારો

આ મંદિરનું નિર્માણ આચાર્ય ધર્મઘોષસુરિજી મ. ના ઉપદેશથી માંડવગઢના મહામંત્રી સંઘપતિ પેથડશાહ દ્વારા સં. ૧૩૨૧ માં કરવામાં આવ્યું અને તેના શિખર પર સાત ખંડનું ભવ્યમંદિર શ્રી પેથડશાહના પુત્ર ઝાઝણકુમારે સં. ૧૩૪૦માં નિર્માણ કર્યું, જેનું સુકૃત સાગર તરંગ આઠમાં વર્ણન છે.

તેનો હાલમાં શ્રી શંખેશ્વર – ભોયણી તીર્થ દ્વારા રૂપિયા ૧૨,૫૦,૦૦૦/– ખર્ચ કરી જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે અને બાવન દેરીઓમાં શ્રી પાર્શ્વપ્રભુની પ્રતિમા વિભિન્ન તીર્થોના નામથી બિરાજમાન કરવામાં આવી છે. મુલનાયક ભગવાનની પ્રાચીન, અત્યંત મનોહારી, ચમત્કારી, શ્યામવર્ણિય પ્રતિમાજીના નિર્મલ ભાવથી દર્શન કરી પુણ્યોપાર્જન કરો.

અમદાવાદથી ઉદયપુર, ચિત્તોડ રેલ્વે માર્ગ પર ભુપાલસાગર નામના સ્ટેશનથી ૩ ફર્લોંગ દુર આ તીર્થ આવેલ છે. બસોની પણ સુવિધા ઉપલબ્ધ છે.

આ તીર્થની યાત્રા સાથે જ મેવાડની પંચ તીર્થીના દર્શનના પણ લાભ મળશે. આ તીર્થોમાં શ્રી દયાલશાહના કિલ્લા નામનું તીર્થ જે રાજસમન્દ–કંકરોલીની મધ્યમાં છે. લગભગ ૨૫૦ પગથિયાથી આ તીર્થ 'મેવાડ શેત્રુંજય' નામથી પણ પ્રસિદ્ધ છે.

આ બંને તીર્થો પર આધુનિક સુવિધાઓથી સુસજ્જિત વિશાલ ધર્મશાળા તથા ભોજનશાળાની સુવ્યવસ્થા છે.

લિ. કરેડા પાર્શ્વનાથ તીર્થ કમિટિ

ભુપાલસાગર (રાજસ્થાન) [ફોન નં. ૩૩]

આજે શરીરના, મનના બધા રોગોનું મૂળ મોટા ભાગે અબ્રહ્મચર્ય છે.

પત્ર પેટી : વાંચકોની સ્વતંત્ર વિચાર સૃષ્ટિ

જૈનો જાગૃત થાઓ

દેશ દિવસે દિવસે દેવાળિયો બનતો જાય છે. પરદેશી દેવું ભયંકર વધી ગયું છે. સરકારની તિજોરીના તળિયાં દેખાઈ રહયાં છે. દેવામાં ડુબેલા દેશને તારવા આપણી સરકારશ્રીની નજર હવે ધાર્મિક ટ્રસ્ટો ઉપર ગઈ છે. કારણ કે આ ધાર્મિક ટ્રસ્ટોમાં અઢળક ધન સંગ્રહાયેલું છે. તેને તે પોતાના કબજામાં લેવા માગે છે. એટલે ટ્રસ્ટી મંડળમાં સરકારશ્રીને ટ્રસ્ટી નીમવાનો કાયદો લાવવાનો પ્રયાસ કર્યો પણ ભારતભરના ટ્રસ્ટો દ્વારા તેનો પ્રચંડ વિરોધ થયો એટલે વિરોધના બદલા રૂપે ધાર્મિક પવિત્ર તીર્થ ઉપર દરોડા પાડવાનું અધમ આચરણ શરૂ કર્યું. બીજા કોઇ હિંદુ ધર્મસ્થાન, મુસ્લિમ મસ્જીદ શીખોના ગુરુદ્વારા, તીરૂપતિના બાલાજી કે શીરડી સાંઈબાબાના સ્થાનક ઉપર દરોડા ન પાડયા. કારણ કે, સરકારશ્રીની એ હિંમત નથી આ લોકોના વિરોધનો સામનો કરવો ભારે પડી જાય તેમ છે. એટલે જ દરોડા પાડવાની શરૂઆત જૈસલમેરના જૈન દેરાસરથી કરી. કારણ કે તે જાણે છે કે જૈન સમાજ એકતા કે નેતા વગરનો વેરવિખેર હાલતમાં હોઈ વિરોધ નહી કરી શકે. અને થયું પણ એમજ. આ દરોડાનો ખાસ કોઈ એવો વિરોધ જૈન સમાજ તરફથી થયો નથી.

હવે જૈન સમાજ ચેતી જઈને પોતાની સંપત્તિ તેમજ બીજા દેવદ્રવ્યોના જેમ બને તેમ જલ્દી બાકી રહેલા જિનાલયો પુરા કરવામાં ઉપયોગ કરી નાખવો જોઈએ. તેમજ દેવદ્રવ્યોનો બીજો ઉપયોગ રોજ હજારો ગાયોની થતી જીવહિંસા અટકાવવા જીવદયા માટે કે હોસ્પિટલો, દવાખાના, પુસ્તકાલયો, ધર્મશાળાઓ, તપોવન કે સંસ્કારધામ જેવા માનવતાના સેવાકાર્યો કે જે સાચા જિનાલયો છે તેમાં વાપરવાનું અહિંસાના સ્વામી મહાવીરના અનુયાયી જૈનોએ આજે વિચારવું જોઇએ. સરકારશ્રી એકાએક કોક કાયદો પસાર કરી આ ધર્માદા રકમો સીધે–સીધી બેંકોમાંથી સરકારી તિજોરીમાં જમા કરાવી નાખશે 'ભારતની ધર્મનિરપેક્ષ સરકારે ધર્મમાં હસ્તક્ષેપ કરેલ છે. જે દરેક ધર્મપ્રેમીની લાગણી ઉપર કઠોર આઘાત સમાન છે. ધાર્મિક સ્થળો ઉપ્રર દરોડા એ બંધારણનો છેહ છે. સમયનો એ તકાજો છે કે એકતા ને નેતા વગરના જૈનસંઘ ઉપર સરકાર દ્વારા થઈ રહેલા આક્રમણ સામે ભારતભરના જૈનો પરસ્પરના વાદવિવાદ, ફિરકા કે પંથ ભુલી એક થઇ, "હમ સબ એક હૈ" "હમ સબ જૈન હૈ" નો નાદ બુલંદ કરે. એક સમર્થ શક્તિશાળી નેતાના હાથમાં જૈન સમાજનું નેતૃત્વ સોંપે જેથી જૈનસમાજને થતા અન્યાયનો પ્રચંડ વિરોધ થઇ શકે.

—પોપટલાલ એચ. વધાણી (મુંબઈ)

નિંદા કરીશું, નારાજ થઈશું કે કોઈ ઉપાય શોધીશું

કયારેક એવું પણ બનવા પામે છે કે આપણી રુચિ–પસંદગી અમુક પ્રકારની હોય, પરિસ્થિતી અને વસ્તુસ્થિતી કંઈક જુદા જ પ્રકારની માંગણી કરતી હોય અને સામી બીજી વ્યકિત વળી આ બંને કરતાં જુદા જ પ્રકારનું વલણ ધરાવતી હોય. આવા વિષમ સંયોગોમાં આવી જુદા જુદા પ્રકારની મનોવૃત્તિઓ વચ્ચે એકરાગતા અને સુમેળ સ્થાપવાનું કામ મુશ્કેલ–અતિ મુશ્કેલ હોવા છતાં એ અશકય તો નથી જ. આવાં મુશ્કેલ કામને કરી બતાવવામાં જ સાધુઓ અને યોગીઓની સાધનાની ચરિતાર્થતા રહેલી છે; ધર્મ અને સંઘના નાયકોના શોભા અને ગૌરવ પણ એમાં જ રહેલા છે.

બાકી, આવા વિષમતાથી ભરેલા, પોતાના મન સાથે બંધ ન બેસતા અથવા તો કંઈક જુદા જ પ્રકારના કહી શકાય એવા પ્રસંગો કે વિચારોથી છંછેડાઈ જઈને ગુસ્સે થવું, નાખુશ થવું કે એની નિંદા–કુથલીમાં પડવું બહુ સહેલી વાત છે અને એ તે નરી પામરતા છે, અને એ ધર્મની સાચી સમજણ અને સાધનાનો અભાવ સુચવે છે. અને સામાન્ય જનસમુહ મોટે ભાગે આવી નબળાઈ દાખવે એ સ્વાભાવિક છે. પણ આથી આવા પ્રશ્નોનો ઉકેલ નથી આવતો, ઉલટું એ વધારે જટિલ બની જાય છે. એટલે ખરૂં શાણપણ તો, પુરતી ખંત, ધીરજ, હિંમત, દુરંદેશી અને સમયજ્ઞતા દાખવીને, આવા પ્રશ્નોનો વ્યવહારૂ ઉકેલ શોધવામાં જ રહેલું છે.

— શાંતિલાલ મોહનલાલ ગાંધી (ડોમ્બીવલી)

જાતજાતના પૂજનો શા માટે....?

આજથી પચીસ વર્ષ પહેલા માત્ર શાંતિ સ્નાત્ર–અષ્ટોત્તરી સ્નાત્ર ભણાવતા હતા. આજુબાજુનાં ગામમાંથી સારા સારા કપડાં પહેરી આવતા હતા. સ્વામિવાત્સલ્યનો લાભ લેતા હતા. પરંતુ આજે તો ગોડીજીમાં શાંતિસ્નાત્ર હશે, નમીનાથજીમાં અષ્ટોત્તરી સ્નાત્ર હશે, કારણ કે આજે બે નંબરનું નાણુ ખુબ વધી ગયું છે અને આજના સાધુ ભગવંત નામનાના ભુખ્યા છે. છાપામાં નામ આવે – કંકોત્રીમાં નામ છપાય એ ધ્યેય છે. સંયમ આજે કીર્તી મેળવવાનું સાધન બની ગયું છે માર્ગાનુસારીણીના પાંત્રીસ ગુણોમાંથી પહેલું ન્યાય સંપન્ન વિભવ શાસ્ત્રોમાં રહી ગયું, સાત પ્રકારની શુદ્ધમાં ન્યાયથી પ્રાપ્ત કરેલું દ્રવ્ય છઠ્ઠુ શુદ્ધિ છે. એ માત્ર પરોપદેશે પાંડિત્યમ બની ગયું છે.

આજથી થોડા વર્ષો પુર્વે ખંભાત અથવા પાટણના જ્ઞાનભંડારમાં રહેલા ગ્રંથોને ઉધઈ લાગી ગઈ, જીર્ણશીર્ણ થઈ ગયા અને સમુદ્રમાં પધરાવવાનો નિર્ણય લઈ લીધો. તે વખતે કોઈ ભાગ્યવાન

આત્માએ શાસ્ત્રવિશારદ કવીરત્ન, પિયુષપાણી આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયઅમૃતસુરીશ્વરજીને વાત કરી માર્ગદર્શન આપવા પ્રાર્થના કરી. દીર્ઘદૃષ્ટા આચાર્ય ભગવંતે તે બધા ગ્રંથો એમના વિદ્વાન શિષ્યરત્ન ધર્મધુરંધરવિજયજીને બતાવવા સુચન કર્યું અને ગુરૂઆજ્ઞા તહત્તી કહી પુજ્ય ધર્મધુરંધરવિજયજીએ ઉંડું સંશોધન કરી, વર્ષોની અથાક મહેનત કરી શ્રી સિદ્ધચક્ર પુજન તૈયાર કર્યું. અને આ સિદ્ધચક્ર પુજન આપણી સમક્ષ રજુ કરવા માટે આપણે એ સદ્ગત ગુરૂ–શિષ્યના ઋણી છીએ.

આજે નમીઉણ પુજન, પદ્માવતીપુજન, ભક્તામરપુજન, વિદ્યાદેવીપુજન ખરેખર લેભાગુ શ્રાવકોએ પોતાની ઉદરપુર્તી માટે ભણાવવાનું શરૂ કર્યું છે. કીર્તી ભુખ્યા સાધુ ભગવંતો હાજરી આપે છે. ધર્મના નામે ધતીંગ ચલાવે છે અને ભોળા ભક્તો 'બાબા વાકયં પ્રમાણમ' આવા પુજનો ભણાવવા છુટે હાથે લક્ષ્મી વાપરે છે. પરંતુ એટલા માટે જ મહારાષ્ટ્ર દેશોદ્ધારક સુવિશાલ ગચ્છાધિપતી પ્રવચન પ્રભાવક સ્વનામ ધન્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસુરીશ્વરજી આ પુજનોમાં અનુમતી આપતા નથી. વૈષ્ણવોના છપ્પન ભોગની આપણે ટીકા કરીએ છીએ. પુજન પ્રસંગે ફળ નૈવેદ્ય થાળો ભરીએ છીએ. સાચી દૃષ્ટી ક્યાં છે. સમજણનો અભાવ– એટલું જ નહિ પણ સત્ય વસ્તુ સ્વીકારવાની પણ પડી નથી.

—હિરાચંદ સ્વરૂપચંદ ઝવેરી(મુંબઈ)

જૈનો ચેતે....!

હમણાં મુંબઈની પ્રકાશન સંસ્થા **"સુમન પ્રકાશન"** તરફથી **"સુમનની જૈન વાનગીઓ"** નામની એક વાનગીની પુસ્તીકા બહાર પાડવામાં આવી છે. આજકાલ અભક્ષ્ય વાનગીઓ જયાં ને ત્યાં ખવાય છે અને ખુદ જૈન ધર્મીઓને ત્યાં અંગત રીતે અને શુભ પ્રસંગોએ જમણોમાં પણ જૈન સિદ્ધાંત પ્રમાણે રાંધવાની, પીરસવાની અને ખવાના પણ પદ્ધતિઓ જે ખરેખર વૈજ્ઞાનિક છે તેને તીલાંજલિ અપાઈ ગઈ છે તેવા સમયે આ પુસ્તક એક મહત્વના ભોમીયાની ગરજ સારશે તે અપેક્ષાએ ખરીદ્યુ. પરંતુ વાંચતા આ માન્યતા ભ્રામક પુરવાર થઈ.

પ્રથમ તો આ પુસ્તકની પ્રસ્તાવનામાં જ સ્પષ્ટ જણાવેલ છે કે 'જૈન સિદ્ધાંત ધ્યાનમાં રાખીને આ પુસ્તક તૈયાર કર્યું છે' જે તદ્દન ખોટું છે. વળી તેમાં જણાવેલ છે કે આ પુસ્તકની વાનગીઓમાં કયાંય 'કંદમુળ' નો ઉપયોગ થયો નથી તે ધરાર ખોટું છે.

(૧) વાનગી નં–૧૫ માં વિદળ નહીં થાય માટે દહીંને વરાળ નીકળે એટલું ગરમ કરવાનું બરાબર જણાવ્યું છે. પણ પછી તેજ દહીંને ફ્રીજરમાં મુકવાની વાત બરાબર નથી. કારણ કે જૈન સિદ્ધાંત મુજબ ફ્રીજરમાં મુકેલ વસ્તુઓ અભક્ષ્ય બની જાયછે.

(૨) વાનગી નં. ૧૦૭માં દહીંને ગરમ કરવાની સુચના આપી નથી.

(૩) ફ્રીજરમાં રાખેલી–થીજાવેલી તમામ વાનગી અભક્ષ્ય છે જેથી આઈસક્રીમ અને કુલ્ફીને જૈન વાનગીઓ કહેવાય નહીં.

(૪) પ્રસ્તાવનામાં જણાવ્યા મુજબ કોઈ વાનગીમાં ફ્લાવરનો ઉપયોગ નથી થયો તેમ દર્શાવેલ છે જ્યારે વાનગી નં. ૧૬૦ ફ્લાવર ઉપરાંત બટેટા વાનગી નં ૧૫૯ માં ગાજર અને બટેટા જે કંદમુળ છે તેનો ઉપયોગ વાનગીમાં કરેલો છે.

(૫) માખણ, મધ, મદિરા ને માંસ એ જૈનો માટે મહાવિગઇ કહેવાય છે. તેનો તો તમામ જૈનનો ત્યાગ જ હોય. તે માખણનો ઉપયોગ પણ વાનગી નં. ૧૬૦માં દર્શાવવામાં આવેલ છે.

(૬) વાનગી નં. ૧૬૩ માં બટેટા અને માખણનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

આ ઉપરાત જૈન શાસ્ત્રોમાં ખાદ્ય–અખાદ્ય અંગે ઘણી વિગતથી સમજ આપવામાં આવી છે. દા. ત. જૈન સિદ્ધાંત પ્રમાણે વર્ષના ત્રણ ચોમાસા (ભાગ) પાડવામાં આવ્યા છે. દરેક ચોમાસામાં કઈ કઈ વસ્તુ ખવાય અને નહી ખવાય તેની વિગતો જો કોઈ જૈન સાધુ–સાધ્વીજી મહારાજને મળીને લીધી હોત અને આ ચોપડીની શરૂઆતમાં જણાવી હોત તો ઘણું યોગ્ય થયું હોત.

વળી જૈનો મહિનાની પાંચ તિથીએ અને કેટલાક ૧૨ તિથીએ લીલોતરી ખાતા નથી. આ દિવસોમાં કઈ વાનગી બનાવી શકાય તેનું એક અલગ પ્રકરણ આપ્યુ હોત તો ઘણુ સારૂ થયું હોત. કારણ કે લીલોતરી ત્યાગના દિવસે જૈન યુવાન વર્ગ 'બહાર ખાઉ' થઈ ગયો છે તેમને આ વાનગીઓ મારફત પાછા 'ઘરના રસોડા' માં લાવવાનું પુણ્યનું કામ થઇ શકત.

આટલી ત્રુટીઓ બાદ કરતા આ પુસ્તકની લેખીકા શ્રીમતિ દિપીકા ઝવેરીને ધન્યવાદ....!

—બી. એમ. શાહ (સુરત)

શ્રી નાગેશ્વર તીર્થે પધારો

શ્રી નાગેશ્વર તીર્થ ભારતમાં એક જ શ્રી પાર્શ્વનાથ ભ. ની કાયા ૧૫ ફુટ ઉંચી અને નીલવર્ણી સાત ફણાધારી કાયોત્સર્ગરૂપે પ્રચીન પ્રતિમાજી બિરાજે છે.

હજારો યાત્રિકો દર્શનાર્થે પધારે છે. ભોજનશાળા ધર્મશાળા વિગેરેની સુવિધા છે. યાત્રિકોને આવવા માટે ચૌમહલા સ્ટેશને તથા આલોટથી બસ સર્વીસ મળે છે. અગાઉ સુચના આપવાથી પેઢીની જીપની વ્યવસ્થા થઈ શકશે. અઠમ તપવાળા માટે પુર્ણ વ્યવસ્થા છે.

(ફોન નં. ૭૩ આલોટ) —લિ. દીપચંદ જૈન સેક્રેટરી

શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ પેઢી

P. O. ઉન્હેલ ✠ સ્ટે. : ચૌમહલા [રાજસ્થાન]

જીવ સમતાની સાધના માટે સામાયિક કરતો હોય છે, પણ મમતા મૂકી એ કરતો નથી.

આચાર્ય શ્રી હેમચંદ્રાચાર્ય નવમી શતાબ્દી નિમિત્તે

લાલભાઇ દલપતભાઈ ભા. સં. વિદ્યામંદિર અમદાવાદના ઉપક્રમે પુ. આ. શ્રી હેમચંદ્રાચાર્યની નવમી શતાબ્દીને અનુલક્ષીને યોજવામાં આવેલ બે દિવસના પરિસંવાદનું ઉદ્દઘાટન કરતાં ગુજરાત હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયમુર્તિ શ્રી એન.એચ.ભટ્ટે પુજ્યશ્રીના વ્યક્તિત્વમાં સત્યમ્ શિવમ્ સુંદરમનો સુભગ સમન્વય સધાયો હતો, તેમણે જણાવ્યું હતું કે મહાન કવિ અને સાહિત્યકાર શ્રી હેમચંદ્રાચાર્યે અર્પણ કરેલ સમૃદ્ધ ગ્રંથોએ ગુજરાતને પ્રતિષ્ઠિત કર્યું છે. ઈતિહાસમાં શ્રી હેમચંદ્રાચાર્યના સમયને અપાયેલું "હેમયુગ" નામ ખુબ જ સાર્થક છે. પ્રજાના નૈતિક ઉદ્ધાર માટે શ્રી હેમચંદ્રાચાર્ય મ. સા. એ કરેલા પ્રયાસ બદલ ગુજરાતની પ્રજા તેમની ઋણી છે તેમાં જરાયે અતિશ્યોક્તિ નથી.

આ પ્રસંગે પ્રમુખસ્થાનેથી બોલતા પંડિત શ્રી દલસુખભાઈ માલવણીયાએ જણાવ્યું કે, પશ્ચિમના વિદ્વાનો પુજ્યશ્રીના વ્યાકરણ ગ્રંથને મહાગ્રંથ માને છે. સંસ્થાના કાર્યકર નિયામક શ્રી વાય એસ. શાસ્ત્રી, શ્રી આર. એસ. બેટાઈ તથા શ્રી અરવિંદભાઈ નરોત્તમદાસે પ્રાસંગિક પ્રવચનો કર્યાં હતા.

સિવાણા (રાજસ્થાન) :– પુ. આ. શ્રી જયંતસેનસુરીશ્વરજી મ. સા. આદિએ જીરાવલા તીર્થેથી વિહાર કરી અત્રે પધારતા મુમુક્ષુ વિમલાબેન, મંગીબહેન પરિવાર તથા શ્રીસંઘે તેમનું ભવ્ય સ્વાગત કર્યું હતું દીક્ષાર્થી બંને બહેનોનો વર્ષીદાનનો વરઘોડો નીકળ્યો હતો જે ગામ બહાર દીક્ષામંડપ પહોંચ્યો હતો. જ્યાં દીક્ષાવિધિ બાદ વિમળાબહેનને, સાધ્વી લાવણ્યશ્રીજીના શિષ્યા તરીકે સાધ્વી વિજ્ઞાનલતાશ્રીજી તથા મંગીબહેનને સાધ્વીશ્રી કુસુમશ્રીજીના શિષ્યા તરીકે સાધ્વી શ્રી મોક્ષપુર્ણા તરીકે જાહેર કરાયા.

આ ભક્તિભાવ ભર્યો મહોત્સવ પુર્ણ કરી પૂજ્ય આચાર્યશ્રી આદિ મૌન એકાદશી સુધી સ્થિરતા કરી જાલોર સ્વર્ગગિરિ તીર્થ તરફ વિહાર કર્યો છે.

અમદાવાદ કીર્તિધામ :– શાસન પ્રભાવક શાંતમુર્તી પ. પુ. આ. શ્રી વિજયરાજેન્દ્રસુરીશ્વરજી મ. સા. (ડહેલાવાળા) ના પ્રશિષ્ય મુનિરાજશ્રી કીર્તિરાજવિજયજી મ. સા. ની પાવન નિશ્રામાં ચાંદખેડા હાઈવે રોડ સ્થિત શ્રી નુતન ગૃહમંદિરમાં શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથ પ્રભુનો પ્રવેશ તથા જૈન ભક્ત ભોજનશાળાનું ખાતમુહુર્ત તેમજ દાનવીરોના સન્માનનો સમારોહ સુંદર આયોજનપુર્વક કરવામાં આવેલ,

અમદાવાદ–એલીસબ્રીજ :– શાંતિવનથી પાવાપુરી તરફ જતા માર્ગમાં જૈતુન સોસાયટી નજીકની ખુલ્લી જગ્યામાં મોરનીવાડમાં છુપાવવામાં આવેલ ત્રણ કોથળામાંથી ખુબ જ પ્રાચીનકાળની અને અલભ્ય કહી શકાય તેવી નવ જેટલી સુંદર મુર્તિઓ ગત ઓગષ્ટમાં મળી આવી છે. આરસ તથા કાળા પત્થરમાં કંડારાયેલી આ સુંદર મુર્તિઓની કિંમત રૂા. દોઢેક લાખની થતી હોવાનું અંદાજાઈ રહયું છે.

ભાવનગર–દાદાસાહેબ :– પુજય આચાર્ય શ્રી ચંદ્રોદયસુરીશ્વરજી મ. સા. તથા પુજય સાધુ–સાધ્વીજી આદિની વિશાળ નિશ્રામાં તા. ૨૯–૧૦–૮૮ ના રોજ "પ્રવચન કિરણાવલી" તથા "પ્રાકૃત વિજ્ઞાન પાઠશાળા" આ બન્ને ગ્રન્થોનું વિમોચન જાણીતા સાહિત્યકાર, ક્રિકેટ સમીક્ષક અને પ્રસિદ્ધ લેખક શ્રી કુમારપાળ દેસાઈના વરદ હસ્તે કરવામાં આવેલ. તેમજ "પ્રાકૃત વિજ્ઞાન પાઠશાળા"નું વિમોચન શ્રી ચિનુભાઈના વરદ હસ્તે કરવામાં આવેલ.

જૈસલમેર પંચતીર્થીની યાત્રાર્થે પધારો

પશ્ચિમી રાજસ્થાનમાં આવેલ જૈસલમેર પંચતીર્થી પોતાની પ્રાચીનતા, કલાત્મકતા અને ભવ્યતા માટે જગપ્રસિદ્ધ છે. જૈસલમેર પંચતીર્થીના અન્તર્ગત જૈસલમેર દુર્ગ, અમરસાગર, લૌદ્રવપુર, બ્રહ્મસર અને પોકરણ સ્થિત જિનાલયોમાં બધા મળી ૬૬૦૦થી વધુ જિનપ્રતિમાજીઓ બિરાજમાન છે.

જૈસલમેરની વિખ્યાત વિશેષતાઓ : (૧ ભવ્ય, કલાત્મક અને પ્રાચિન જિનાલયો. પન્ના અને સ્ફટિકની પ્રતિમાઓ. (૨) ખરતરગચ્છીય શ્રી જિનભદ્રસુરિ જ્ઞાનભંડારમાં સંગ્રહેત તાડપત્રીય અને હસ્તલિખિત ગ્રંથો. (૩) દાદાગુરુદેવ શ્રીજિનદત્તસુરિજી મહારાજની ૮૩૦ વર્ષ પ્રાચીન ચાદર અને ચોલપટ્ટા, જે તેઓના અગ્નિસંસ્કાર પછી પણ સુરક્ષિત રહયા છે. (૪) અનેક દાદાવાડી, ઉપાશ્રય, અધિષ્ઠાયક દેવસ્થાન અને પટુઆ શેઠોની કલાત્મક હવેલીઓ. (૫) લૌદ્રવપુરના ચમત્કારીક અધિષ્ઠાયકદેવ જેમના દર્શન ભાગ્યશાળીઓને અવારનવાર પ્રાપ્ત થાય છે.

આવાસ પ્રબંધ : યાત્રિકો અને શ્રીસંઘોને ઉતરવા ઉચિત પ્રબંધ છે. મરુભુમિમાં હોવા છતાં પાણી અને વિજળીની પુરી વ્યવસ્થા છે. દાનવીરોના સહયોગથી ભોજનશાળા ચાલુ છે.

યાતાયાતના સાધન : જૈસલમેર આવવા માટે જોધપુર મુખ્ય કેન્દ્ર છે. તે ભારતના જુદા જુદા માર્ગોથી યાતાયાતના સાધનોથી જોડાયેલ છે. જોધપુરથી દિવસમાં એકવાર બસ અને રાત્રે ને સવારે. બે વાર ટ્રેઈન જૈસલમેર આવે છે. આ ઉપરાંત જયપુર અને બીકાનેરથી પણ સીધી બસો જૈસલમેર આવે છે.

જૈસલમેર પંચતીર્થીનાં દુર્ગ તથા અમરસાગર સ્થિત જિન-મંદિરોના જીર્ણોદ્ધારનું કામ ચાલુ છે.

શ્રી જૈસલમેર લોદ્રવપુર પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર ટ્રસ્ટ

ગ્રામ : જૈન ટ્રસ્ટ **જૈસલમેર** ૩૪૫૦૦૧ (રાજસ્થાન) ફોન ૨૩૩૦ ૨૪૦૪

જૈન પત્રનું નવા વર્ષનું લવાજમ રૂ. ૫૦/– વહેલાસર એમ. ઓ મોકલવા મહેરબાની કરશો.

જરૂર છે આત્મજાગૃતિની જેની એક ત્રાડે જડ કર્મરૂપી ઘેટાં–બકરા દૂર ભાગી જાય.

Regn No. G BV 20
JAIN OFFICE : P. Box No. 175
BHAVNAGAR-364001 (Gujarat)
Tele. O. : C/o. 29919 R. 28857

જૈન

આજીવન સભ્ય ફી : રૂા. ૫૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૫૦/-
લવાજમ : રૂા. ૭૦૦/-
: રૂા. ૫૦૦/-

તંત્રી : ગુલાબચંદ દેવચંદ શેઠ
તંત્રી-મુદ્રક-પ્રકાશક :
મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
જૈન ઓફીસ, પો.બો નં. ૧૭૫, દાણાપીઠ, ભાવનગર.

'જૈન' વર્ષ ૮૬
અંક : ૨

વીર સં. ૨૫૧૫ :
તા. ૧૩
મુદ્રણ સ્થાન
દાણાપીઠ પ.બ્રી, ૦૧

માનવસિદ્ધિનું એક ઉચ્ચ શિખર : કલિકાલસર્વજ્ઞશ્રી હેમચંદ્રાચાર્યની નવમી જન્મશતાબ્દી પ્રસંગે—વિશેષાંક

સોલંકીયુગ એ ગુજરાતના ઇતિહાસનો સુવર્ણયુગ લેખાય છે. એ યુગમાં ગુર્જરપ્રજાનો અનેક રીતે વિકાસ થયો હતો. તેમાંય મહારાજા સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાળના સમયમાં તો એ જાણે ચરમ સીમાએ પહોંચ્યો હતો. એ યુગમાં ગુર્જર પ્રજામાં ઉદાર ધાર્મિકતા, ઉચ્ચ સંસ્કારિતા અને ઉન્નત દેશપ્રીતિના ગુણો સારા પ્રમાણમાં ખીલી ઉઠ્યા હતા. વિદ્યાનો વિકાસ પણ આ યુગમાં અનેક રીતે થયો હતો અને અનેક પંડિતરત્નોએ સરસ્વતીની ચિરકાલીન સેવા કરીને પોતાના નામ અમર બનાવ્યા હતા. પરધર્મસહિષ્ણુતા અથવા તો સર્વધર્મસમભાવ જેવો વ્યક્તિ અને સમાજના વિકાસ માટેનો અનિવાર્ય ગુણ પણ એ યુગમાં સારી રીતે ખીલી ઉઠ્યો હતો.

આ રીતે ગુર્જરભૂમિને અનેક સુસંસ્કારોથી સંસ્કારિત બનાવવા જે જે મહાન પુરુષોએ પુરુષાર્થ કર્યો હતો તેમાં કલિકાલસર્વજ્ઞ આચાર્ય હેમચંદ્રનું નામ સર્વોચ્ચ સ્થાને હતું એમ વિના અતિશયોક્તિએ કહી શકાય એમ છે. આમ જોઈએ તો શ્રી હેમચંદ્રસૂરિ એક ધર્મના ધર્મગુરૂ હતા, પણ પોતાની સર્વતોમુખી વિદ્યા–ઉપાસના, વિદ્વત્તા, ઉદારતા, લોકકલ્યાણની અદમ્ય કામના અને સર્વધર્મોનો સમાદર કરવાની સમદૃષ્ટિ વગેરે વિશિષ્ટ ગુણોને લીધે તેઓએ રાજ્યગુરુ કે રાષ્ટ્રગુરુ તરીકેનું ગૌરવ ભર્યું સ્થાન પ્રાપ્ત કર્યું હતું

કોઇ પણ ધર્મગુરૂ પોતાની પ્રવૃત્તિને સમસ્ત પ્રજાના કલ્યાણને આકાર આપતી બનાવવા ચાહે તો એ ગુરૂ કેવા હોઈ શકે એનું એક જ્વલંત ઉદાહરણ તે આચાર્ય હેમચંદ્ર. આ દૃષ્ટિએ વિચારીએ તો માનવી પોતાના પુરૂષાર્થ અને શુભ કામનાથી કેવી કેવી કલ્યાણકારક સિદ્ધિઓ પ્રાપ્ત કરી શકે છે તેનું સૂચન કરનાર એક ગુરુશિખર તરીકે આચાર્ય હેમચંદ્રનું જીવન જોવા મળે છે.

મહારાજા સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાલ બંને ગુજરાતના સમર્થ રાજવીઓ; પણ વિધિની વિચિત્રતા એવી કે એ બે વચ્ચે સુમેળનો સર્વથા અભાવ, એટલું જ નહિ એકબીજા એકબીજાને માટે કેવળ વિરોધની જ લાગણી અનુભવે !! આવી વિકટ અને વિષમ પરિસ્થિતિ હોવા છતાં એ બંનેના અંતરમાં ગુરુ તરીકેનું આદરભર્યું સ્થાન પ્રાપ્ત કરનાર વ્યક્તિમાં કેટલું હીર, કેટલી દીર્ઘદૃષ્ટિ અને કેટલો સમ્યજ્ઞતાનો ગુણ હશે તે સહેજે સમજી શકાય એમ છે. આવી સિદ્ધિ કંઇ અકસ્માતે કે એકાએક સાંપડતી નથી, પણ એ માટે એક જાતની ઉગ્ર આંતરિક તપસ્યા અને સાધના કરવી પડે છે. શ્રી હેમચંદ્રાચાર્યની એ વિરલ સાધનાના બળે એ કાળે ગુર્જરભૂમિને જે સંસ્કારલાભ થયો હતો તેના સારા અંશો અત્યારે પણ કેટલાક પ્રમાણમાં ગુજરાતની પ્રજાને જોવા મળે છે.

શ્રી હેમચંદ્રાચાર્યની અનેક શક્તિઓમાંથી એમની વિદ્વત્તા અને ગ્રંથસર્જનની પ્રતિભા સર્વશ્રેષ્ઠ સ્થાને બિરાજે છે, એમાં શક નથી. વ્યાકરણ, કાવ્ય, કોશ, અલંકાર, છંદ, ચરિત, કથા, પુરાણ, ધર્મશાસ્ત્ર, દર્શન વગેરે અનેક વિષયોમાં એમની સર્જન-શક્તિની અભિવ્યક્તિ થયેલી છે. સંસ્કૃત અને પ્રાકૃત ભાષા તો જાણે એમને હસ્તકમલવત્ હતી જ. પણ ગુજરાતની લોકભાષાને વ્યવસ્થિત આકાર આપવામાં પણ એમણે પહેલ કરી હતી એમ કહ્યા વિના ચાલે એમ નથી. એમની કવિતા તો જાણે રસભર

શેરડી જેવી જોઇ લો. સરળતા, મધુરતા, પ્રાસાદિકતા, નવી નવી ઉપમાઓ, નવા નવા અલંકારો અને શબ્દ અને અર્થની આહ્લાદક ફૂલગૂંથણી એ શ્રી હેમચંદ્રાચાર્યની કવિતાની ખાસિયત છે. એમનો વિવિધવિષયસ્પર્શી સાહિત્યફાલ જોતાં સહેજે વિચારમાં અને અચરજમાં પડી જવાય છે કે એમણે આ બધાં શાસ્ત્રોનો મર્મસ્પર્શી અને સર્વસ્પર્શી અભ્યાસ ક્યારે કર્યો હશે અને એ બધી વિદ્યાઓને આત્મસાત્ કરીને એને પોતાની વાણીમાં સ્વતંત્ર રીતે ક્યારે ઉતારી હશે? એમણે ખેડેલો એક એક વિષય જુઓ તો આજે પણ નવીનતાનો તેમ જ મૌલિકતાનો આસ્વાદ આપે તેવો છે. વિદ્યાસાધનાને પોતાના જીવનની અનન્ય સાધના બનાવીને એમાંથી કોઇ અદ્‌ભુત સારસ્વત–રસાયણ પ્રગટાવ્યું હોય તો જ આવી સર્જનપ્રતિભા પ્રગટી શકે.

વળી, જ્યારે એમની આ સર્વતોમુખી વિદ્વત્તાની સાથે સાથે એમણે રાજગુરુ અને લોકગુરુ તરીકે જે અતિવિરલ કાર્ય કરી બતાવ્યું છે તેનો વિચાર કરીએ છીએ તો એમ જ કહેવું પડે છે કે શ્રી હેમચંદ્રાચાર્યમાં જીવનના સર્વક્ષેત્રોને પરિપ્લાવિત કરી શકે એવી અખૂટ કાર્યશક્તિ, મનોબળ ને લોકકલ્યાણની ભાવનાની સરિતા અખંડપણે વહેતી હતી. ધર્મગુરુ તરીકે તો એમ જ લાગે છે કે એમણે જૈનધર્મના અનેકાંતવાદને પોતાના જીવનમાં સાકાર કરી બતાવ્યો હતો અને બધાય ધર્મોમાં રહેલ સારભૂત તત્ત્વોને આવકારીને સમસ્ત ગુર્જર પ્રજા સાથે એક રીતે તાદાત્મ્ય સાધ્યું હતું. 'આ પોતાનો ધર્મ કે અનુયાયી, અને આ પારકો' એવો વેરો–વંચો એમના જીવનમાંથી નિર્મૂળ થઇ ગયો હતો. એમ કહી શકાય કે જૈનધર્મનો સમભાવનો ગુણ એમના રોમ-રોમમાં વ્યાપી ગયો હતો અને તેને લીધે જ તેઓ જૈનેતર અનેક વિદ્વાનોના આદર અને ગુણગાનને પાત્ર બન્યા હતા. આ સિદ્ધિ પણ એક અતિ વિરલ સિદ્ધિ જ કહી શકાય. એક સાચો ધર્મગુરુ કેવો જ્ઞાનમૂર્તિ, ચારિત્રમૂર્તિ અને કલ્યાણમૂર્તિ હોવો જોઇએ એનો યથાર્થ ખ્યાલ કલિકાલસર્વજ્ઞનું જીવન આપે છે.

પણ કેવળ આવા મહાપુરુષની ગૌરવગાથા માત્રથી કોઇ પણ પ્રજાનું કલ્યાણ થઇ શકતું નથી. નજીકના કે દૂરના ભૂતકાળમાં થયેલા આવા જ્યોતિર્ધર એ તો આપણી સાચી પરિસ્થિતિનું દર્શન કરાવનાર એક આરસીમાત્ર લેખી શકાય. શ્રી હેમચંદ્રાચાર્યના જીવનની આરસીમાં અત્યારના આપણા ગુરુ–સમાજની પ્રવૃત્તિનું દર્શન કરવા જેવું છે. આવું દર્શન કરતાં, મોટેભાગે તો એમ જ લાગે છે કે એ વિવિધવિષય સ્પર્શી વિદ્વતા, હૃદયની ઉદારતા અને વિશાળ જનસમુદાયનું ભલું થાય એ રીતે પોતાના પુરૂષાર્થને ફોરવવાની ભાવના બહુ વિરલ બની ગયાં છે. અત્યારની સ્થિતિ જોઈ ને તો ક્યારેક મનમાં એવો પણ પ્રશ્ન થઈ આવે છે કે શું આપણે આવા ઉદાત્ત પૂર્વપુરૂષના ઉત્તરાધિકારીઓ છીએ? અલબત્ત બધાય હેમચંદ્રાચાર્ય બની જાય એવી અપેક્ષા તો ન જ રાખી શકાય. પણ **જેઓ ધર્મગુરૂ બનવાની પ્રતિજ્ઞા લઈને ઘર છોડીને બહાર પડ્યા હોય તેઓની જીવન સાધનાની દિશા આ જ હોવી જોઈએ એટલી અપેક્ષા તો જરૂર રહે જ**—ભલે પછી કોઇ એ દિશામાં ધીમી ગતિએ ચાલે કે શીઘ્ર ગતિએ આગળ વધે.

આજે આપણી જ્ઞાનસાધના અને ચારિત્ર સાધના સંકુચીત વાડાબંધીમાં અટવાઈ ગઇ છે. એનું વિશાળ દૃષ્ટિબિંદુ જાણે વીસરાઇ ગયું છે અને મારા–તારાપણાના કાદવ-કીચડમાં આપણે ખૂંપી ગયા છીએ. આનું પરિણામ એ આવ્યું છે કે **मित्ती मे सव्वभूएसु** એ આપણી ધર્મઘોષણા મુજબ સર્વજીવોના ભલા માટે આપણા જીવનને ઘસી નાખવાની કે સમર્પિત કરી દેવાની વાત તો દૂર રહી, જેને આપણે આપણો પોતાનો જ ધર્મ માન્યો છે એ ધર્મના સર્વ અનુયાયીઓના ભલાની દિશામાં પણ આપણે ચાલી શકતા નથી, અને આટલું જ શા માટે, આપણે તો 'આ મારું અને આ પરાયું' એવા વધુને વધુ સંકુચિત નવા નવા વાડાઓ ઊભા કરીને એકબીજાનું ખંડન કરવામાં અને એકબીજા સાથે કલેશ અને દ્વેષનો દાવાનળ સળગાવવામાં રાચતા થયા છીએ! આવું આવું તો કંઇક કંઇક કહી શકાય એમ છે પણ અહીં એ વિસ્તારમાં ઊતરવાની જરૂર નથી.

આપણો જૈન સંસ્કૃતિનો ઇતિહાસ જો આપણે સાચી રીતે સમજવા માગતા હોઇએ તો આપણને એ સમજતાં વાર ન લાગવી જોઇએ કે આપણા જે જે જ્યોતિર્ધર મહાપુરૂષોએ જનકલ્યાણની સાધના દ્વારા જૈન સંસ્કૃતિને સાચા અર્થમાં ગૌરવશાળી બનાવી છે, એ બધાએ કલિકાલસર્વજ્ઞના જેવી જ ઉદાત્તતા, ઉદારતા અને વાત્સલ્યપરાયણતાથી પોતાના જીવનને સુવાસીત બનાવ્યું હતું. પણ જ્યારે સાંપ્રદાયિક કટ્ટરતા કે ધાર્મિક અંધશ્રદ્ધાને કારણે સાચી ધર્મદૃષ્ટિ અવરાઇ જાય છે ત્યારે નજર સામેની પહાડ જેવી ભૂલ પણ જોઇ શકાતી નથી, અને માનવી વધુને વધુ સંકુચિતતાનો શિકાર બની જાય છે અને સંકુચિતતાના શિકાર બનવું એટલે માનવજીવનની મહત્તાને હારી બેસવું.

ધર્મશાસ્ત્રોએ માનવજીવનની મહત્તાનાં ખૂબ ગુણગાન કર્યાં છે પણ એટલું સમજી રાખવું ઘટે કે માનવજીવન મળવામાત્રથી એ મહત્તા પ્રાપ્ત થઈ જતી નથી, પણ યથાર્થ જીવનસાધના અને પુરુષાર્થ દ્વારા એ મહત્તાને પ્રાપ્ત કરવાની કે પ્રગટ કરવાની રહે છે. કલિકાલસર્વજ્ઞનું કે એમના જેવા અન્ય સમર્થ જ્યોતિર્ધરોનું જીવન આપણને આ જ બોધપાઠ આપે છે.

તમારે માટે કોઇ ભલામણ આપે તે કરતા તમારૂં વર્તન જ ભલામણ કરતું હોય એ ઉત્તમ છે.

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજશ્રીનો જન્મ સં. ૧૧૪૫ના કાર્તિક સુદી ૧૫ના ધંધુકા મુકામે થયેલ. તેને આજે ૯૦૦ વર્ષ થયેલ હોઇ તેમની જીવન મંગળમાંથી અને તેમના સાહિત્યમાંથી વર્તમાન સમયાનુસાર અનેક ઉપયોગી પ્રેરણા મળે તે માટે 'જૈન' પત્ર દ્વારા એક વિશેષાંક પ્રસિદ્ધ કરવાનું વિચારેલ છે. તેમાં નિમ્નના વિષયોના લેખો પ્રસિદ્ધ થશે.

(૧) શ્રી હેમચંદ્રાચાર્ય : વ્યક્તિત્વ અને વાઙ્મય.
(૨) શ્રી હેમચંદ્રાચાર્ય અને એમના સમકાલીનો.
(૩) શ્રી હેમચંદ્રાચાર્યની ગુરુ પરંપરા.
(૪) શ્રી હેમચંદ્રાચાર્યની શિષ્ય પરંપરા.
(૫) શ્રી હેમચંદ્રાચાર્યની ગુજરાતના જનજીવન પર અસર.
(૬) શ્રી હેમચંદ્રાચાર્યની રાજકીય અસર.
(૭) શ્રી હેમચંદ્રાચાર્ય : એક સમર્થ શાસ્ત્રવેતા.
(૮) શ્રી હેમચંદ્રાચાર્યની સર્જક, દાર્શનિક.
(૯) શ્રી હેમચંદ્રાચાર્યની ગ્રંથોની પ્રશસ્તિ, કવિપ્રતિભા.
(૧૦) શ્રી હેમચંદ્રાચાર્યનું સંસ્કૃત સાહિત્ય.
(૧૧) શ્રી હેમચંદ્રાચાર્ય : મહાન વૈયાકરણી, સમર્થ કોશકાર.
(૧૨) શ્રી હેમચંદ્રાચાર્યની વાદ્દશક્તિ. તેમજ શ્રી હેમચંદ્રાચાર્યની સાહિત્ય સાધનાના પરીચયો.

કૃતિઓ : શ્રી ત્રિષષ્ઠિશલાકા પુરુષ ચરિત્ર (સચીત્ર), સિદ્ધ હેમચંદ્ર શબ્દાનુશાસન, અભિધાન ચિંતામણિ, અનેકાર્થ સંગ્રહ, દ્વયાશ્રય મહાકાવ્ય, દેશી નામમાલા–રમણાવલી, નિઘુંટુ સંગ્રહ, કવ્યાનુ શાસન, અલંકાર ચુડામણિ, વિવેક, છંદોનુશાસન, પ્રમાણ મીમાંસા, પરિશિષ્ટ પર્વ, સ્થવિરાવલી ચરિત, યોગશાસ્ત્ર.

સ્તોત્રો : અયોગ વ્યવચ્છેદાદિ કાવ્યાત્રિંશિકા, આત્મ યોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકા, મહાદેવ સ્તોત્ર, સકલાર્હત સ્તોત્ર, અર્હજાતિ, વેદાંકુશ; સપ્તસંધાન મહાકાવ્ય.

આદિ અનેક કૃતિઓનું રસપાન આ વિશેષાંકમાં કરાવવામાં આવશે. તેમજ તેમના જીવન પ્રસંગો–તેમના નામે ચાલતી સંસ્થાઓનો પરીચય આપવામાં આવશે.

આ નવમી જન્મ શતાબ્દી વિશેષાંક માટે ઉપરોક્ત વિષયો પર પૂજ્ય શ્રમણભગવંતો, પૂજ્ય સાધ્વીજી મહારાજો તથા વિદ્વાન લેખકો દ્વારા કૃતિ આવકારીશું. તો વહેલાસર મોકલાવવા નમ્ર વિનંતી છે. તેનું પ્રોત્સાહન સ્વિકૃત કૃતિને આપવામાં આવશે.

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય નવમી જન્મ શતાબ્દી વિશેષાંકના સંપાદન અને પ્રકાશનનો ઘણો જ (રૂા. ૭૦ થી રૂા. ૮૦ હજાર) ખર્ચ થનાર હોય, તે ખર્ચને પહોંચી વળવા નિચેની રીતે સહકાર આપવા વિનંતી છે.

પ્રકાશનના પ્રેરક સહયોગી રૂપે	રૂા. ૫૦૦૧/–
સ્મરણાંજલી એક યોજના	રૂા. ૧૦૦૧/–
શ્રદ્ધાંજલીના (૧૦ × ૩૦ સે.મી.)	રૂા. ૩૦૧/–
શુભેચ્છક તરીકે નામના	રૂા. ૫૧/–
તેમજ વિશેષાંકની વધારે કોપી એકના	રૂા. ૩૦/–

મુજબ અગાઉથી રકમ મોકલી–ઓર્ડર આપી જરૂર સાથ સહકાર આપી આભારી કરશો.

આપણા પરમ ઉપકારી મહાપુરુષની સ્મૃતિ વિશેષાંકમાં સૌના સહકારની વાંછના સહ.

લી. : તંત્રી 'જૈન' મહેન્દ્ર ગુલાબચંદ શેઠ

જૈન દર્શનની છ પરીક્ષાઓનું

—: જાહેર થએલ પરિણામ :—

'જ્ઞાન' દરેક મનુષ્યમાં અપ્રગટ હોય છે. માત્ર તેનો વિકાસ, દઢ બનાવવાનું અને જીવનને સંસ્કારનો મોડ આપવાનું કાર્ય મહત્વનું છે, આ સર્વોત્તમ કાર્યને જૈન દર્શનની છ પરીક્ષા દ્વારા વિદ્યાપીઠ તરફથી જાગ્રત કરવાનો ભગિરથ પ્રયત્ન કરવામાં આવે છે. ફળસ્વરૂપ ૧૯૮૮ના ઓગસ્ટમાં લેવાયેલ પરીક્ષાનું ૮૮% પરિણામ પ્રગટ કરતા સંસ્થા હર્ષ અનુભવે છે.

સંસ્થા આ પ્રસંગે શ્રી લક્ષ્મણ કીર્તિ શિક્ષક સન્માન ફંડ. શ્રી જિતેન્દ્રવિજયજી કાયમી શિષ્યવૃત્તિ ફંડ, અને શ્રી ધર્મેન્દ્ર-સ્વાતિ ચંદ્રકાન્ત પાટણવાળા પાઠશાળા નિરીક્ષણ પ્રવૃત્તિના ઉપક્રમે રૂ. પંદર હજારના ઈનામો પણ જાહેર કરે છે.

છ પરીક્ષામા સર્વ પ્રથમ ઉત્તીર્ણ થઈ ચંદ્રક મેળવનાર ભાગ્યશાળી

પ્રબોધિની	ઝ ખરપુરા (ખેડેલી)	લલિતભાઈ જેસિંગભાઈ	૪૯	ગુણાંક
પ્રાથમિક	બેંગ્લોર	આશાબેન બાબુલાલજી ગાંધી	૯૫	,,
પ્રારંભિક	મદ્રાસ	ચંદ્રાબેન રતનચંદજી કોચર	૧૩	,,
પ્રવેશ	મહુવા	જયશ્રીબેન હિંમતલાલ શાહ	૧૯	,,
પરિચય	ગાંધીનગર	તુષારભાઈ નવિનચંદ્ર શાહ	૨૭	,,
પ્રદીપ	ભાવનગર	પારૂલબેન નિતીનભાઈ	૨૬૫	,,

સંસ્થા આ તકે સર્વે શિક્ષકબંધુઓ તથા "પરીક્ષાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવે છે. વધુ વિગત ૨૧૫/૨૧૬ બુધવાર પેઠ-પુનાથી જાણી લેવી.

દરેક માણસ પોતાનું કર્તવ્ય સમજે તો વિશ્વમાં વિરોધને શોધવો મુશ્કેલ છે.

અખિલ ભારતીય સ્તર પર દિલ્હીમાં આકાર લેતું વિજયવલ્લભસ્મારક

પરમ ઉપકારી, આદ્યપ્રેરક, નવયુગસૃષ્ટા, પરમપુજ્ય આચાર્યશ્રી વિજયવલ્લભસુરીશ્વરજી મહારાજે જિનમંદિરો, શિક્ષણ સંસ્થાઓ અને વિદ્યામંદિરોની સ્થાપના માટે પ્રેરણા આપી તે સદાય જીવંત રહે તેવું યોગદાન અર્પેલ છે. માનવમાત્રના કલ્યાણ અને ઉત્કર્ષ માટે તેઓશ્રીએ પોતાનું જીવન સમર્પિત કર્યું હતું. સમાજહિતના કાળ, ભાવ અને ક્ષેત્ર અનુસાર યુગવીર આચાર્યશ્રીએ મહત્વપુર્ણ નિર્ણયો લઈ ધર્મ અને સમાજની યશપતાકા લહેરાવી છે. ત્રીસ વર્ષ પુર્વે ધર્મ અને સમાજનો અભ્યુત્કર્ષ ઈચ્છનાર વીરવ્રતધારીના દેવલોકગમન સમયે આચાર્યભગવંતની યશોગાથા અમર રાખવા એક ભવ્ય વિવિધલક્ષી કલાત્મક સ્મારક ઉભું કરવાની જવાબદારી, ગુરુભક્તિ અને ગુરુઋણમુક્તિની નિર્મળ ભાવનાથી પ્રેરાઈ આ પ્રવૃત્તિ કાર્યાન્વિત કરવાનું કાર્ય પંજાબની શ્રી આત્માનંદ જૈન મહાસભાએ ઉલ્લાસથી સ્વેચ્છાપુર્વક સ્વીકારી ઋણ ચુકવવાની અપુર્વ તક મળવાથી ધન્યતા અનુભવી હતી.

આચાર્યપ્રવરના સમુચિત ચિરંતન સ્મારકનું વિચાર-બીજ ખમીરવતું હતું. ૧૭-૧૮ વર્ષ જેવા લાંબા સમય દરમિયાન કશી જ પ્રવૃત્તિ થવા ન પામી. આચાર્ય ભગવંતના પટ્ટધર પ્રશાંતસ્વભાવી આચાર્યશ્રી વિજયસમુદ્રસુરીશ્વરજી મહારાજે પોતાની દીર્ઘદૃષ્ટિથી સમય પરિપકવ થયાનું જાણી લીધું અને આ કાર્ય પુરુ કરવાની જવાબદારી કોને સોંપવી તેનો નિર્ણય નવ વર્ષ પુર્વે કરી લીધો. વડોદરામાં પોતાના સમુદાયના સાધ્વીજી પુજ્યશ્રી શીલવતીશ્રીજી મહારાજના શિષ્યરત્ન મહત્તરા પુ. શ્રી મૃગાવતીશ્રીજી મહારાજને આ કાર્યને સાકાર કરી સત્વર વેગવાન બને તે માટે વિ. સં. ૨૦૨૯નો ચાતુર્માસ દિલ્હીમાં કરવાનો આદેશ આપ્યો. ધન્યતા અને પુરા ઉલ્લાસથી પોતાના ગુરુદેવની આજ્ઞાનો સહર્ષ સ્વીકાર કરીને ઉનાળાનો વિહાર અને ટુંકા સમયની મુશ્કેલીનો જરાય વિચાર કર્યા સિવાય તેઓ ત્યાં પહોંચી ગયાં અને સોંપવામાં આવેલી જવાબદારી પુરી કરવાના કાર્યમાં પુરી એકાગ્રતાથી લાગી ગયાં. સ્મારકનું કાર્ય ઝડપી બને અને કાર્યકરોના ઉત્સાહમાં ભરતી આવે તે સમ્યક હેતુથી નિર્ણીત ભુમિ લેવાય તે માટે પુ. શ્રી મૃગાવતીશ્રીજી મહારાજ સતત પ્રેરણા આપતા રહ્યા. પરિણામે એક વર્ષમાં જ દિલ્હી-રૂપનગર જૈન મંદિરથી ચાર કિલોમીટર ગ્રાંડ ટ્રંક રોડ જેવા ધોરી માર્ગ પર જમીન ખરીદવામાં આવી.

આ.શ્રી વિજયસમુદ્રસુરીશ્વરજી મહારાજે એ જમીન જોઈ ખુબ પ્રસન્નતા દર્શાવી, આશીર્વાદ આપ્યાં. આ ભુમિ ઉપર થનાર ભવનના નકશા તૈયાર કરાવી સરકારી પ્રમાણિત સત્તાવાળા સાથેની જરૂરી કામગીરી પુરી કરવામાં સાત વર્ષ વીતી ગયાં. આ વીસ એકર જમીન ઉપર થનાર સ્મારક-ભવનમાં યુગવીર આચાર્યશ્રીના ઉદાર અને લોકોપકાર જીવનને અનુરૂપ ધ્યાન, અધ્યયન-સંશોધન, જનસેવા જેવી અનેકવિધ પ્રવૃત્તિઓ યોજવાનું વિચારેલ છે. સાથોસાથ કલાત્મક જિનપ્રાસાદ અને પર્યટક કેન્દ્રનું નવનિર્માણ થનાર છે

આ સ્મારક માટે શ્રી આત્મવલ્લભ જૈન સ્મારક શિક્ષણનિધિ નામક ટ્રસ્ટની સ્થાપના કરી રજિસ્ટર કરાવેલ છે અને તે માટે મળતી સહાય ઈન્કમટેક્સથી મુક્ત છે. સ્મારકની યોજનામાં આ ટ્રસ્ટના પેટ્રન જૈન સમાજના કર્ણધાર અને જાણીતા ઉદ્યોગપતિ શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈનું સુંદર માર્ગદર્શન મળેલ છે. ભારતીય અને જૈન શિલ્પકળાનો સુંદર નમુનો બને એ માટે શેઠશ્રી આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રખ્યાત સ્થપતિ શ્રી અમૃતલાલ ત્રિવેદી અને શ્રી ચંદુલાલ ત્રિવેદીને સ્મારકના બાંધકામની જવાબદારી સોંપાઈ છે.

બાંધકામની નક્કર પુર્વ ભુમિકા તૈયાર થતાં યુગવીર આચાર્ય મહારાજના વર્તમાન ગચ્છાધિપતિ આચાર્યશ્રી વિજયઇન્દ્રદિન્નસુરીશ્વરજી મહારાજની આજ્ઞા અને આશીર્વાદથી પુ. શ્રી મૃગાવતીશ્રીજી મહારાજ આદિના સાન્નિધ્યમાં પરમગુરુ ભક્ત લાલા રતનચંદજી રિખબદાસના શુભ હસ્તે તા. ૨૭-૭-૧૯૭૯ના રોજ ભુમિપુજન ઉલ્લાસપુર્વક થયું હતું. ભારતના જૈન સમાજના અગ્રેસરો અને શ્રાવક-શ્રાવિકાની દસ હજાર ઉપરની માનવ મેદનીની ઉપસ્થિતિમાં પુ. શ્રી મૃગાવતીશ્રીજી મહારાજ અને તેઓના ત્રિરત્ન શિષ્યાની નિશ્રામાં તા ૨૯-૧૧-૧૯૭૯ ના રોજ ધર્માત્મા અને અનન્ય ગુરુભક્ત લાલા ખૈરાયતીલાલજી અને એમના પરિવારના વરદ હસ્તે શિલાન્યાસ થયો હતો.

(અનુસંધાન પેજ ૨૧ ઉપર)

તમારી પાસે શબ્દ સંપત્તિ ઘણી હોય તે કામનું નથી પણ તમારી શબ્દસંપત્તિ સત્વપૂર્ણ હોય તે કામનું છે,

એક અનોખો અવિસ્મરણીય કાર્યક્રમ

સ્વામીશ્રી શ્રી સુરિજી આશ્રમ ટ્રસ્ટ અને ઋતુંભરા વિશ્વ વિદ્યાપીઠ આયોજિત સર્વધર્મ પ્રત્યે શ્રદ્ધા અને પ્રેમ ધરાવનાર, સંતોના પ્રિયપાત્ર, જીવદયા, શિક્ષણ અને માનવ સેવાના અનેકવિધ ક્ષેત્રોમાં અનુપમ પ્રદાન કરનાર આપણા સર્વમાન્ય લોકસેવક બેરિસ્ટર શ્રી દીપચંદ-ભાઈ ગાર્ડી અને અ. સૌ. રૂક્ષ્મણીબેન ગાર્ડીના સુપૌત્રી ચિ. રાજેશ્રીના ચિ. વિપુલ સાથે થયેલા શુભ લગ્ને આશીર્વાદ આપવા તા. ૨૬-૧૨-૮૮ સોમવારના રોજ યોજાયેલ.'

આ પ્રસંગે આશીર્વાદ આપવા જુદા જુદા ધર્મોના સન્માનીય સંતો પધાર્યા હતા. શ્રી ગાર્ડી સાહેબે સમગ્ર માનવ સમાજને પોતાનો પરિવાર ગણી આ પ્રસંગે ભારતીય સંસ્કૃતિને અનુરૂપ ઉજવવા આ ભવ્ય કાર્યક્રમનું આયોજન કરેલ.

ભક્તિ, ભજન, સંધ્યા અને સુપ્રસિદ્ધ સંગીત, દિગ્દર્શન અને નિર્દેશન દ્વારા સુપ્રસિદ્ધ ગાયકો દ્વારા સુંદર ભજનોનો કાર્યક્રમ પ્રેમપુરી અધ્યાત્મ વિદ્યાભુવન ખાતે ઉજવાયેલ.

દિવાળીબેન મોહનલાલ મહેતા જન્મશતાબ્દી નિમિત્તે સંતવાણી-ભજનોનો કાર્યક્રમ

શ્રી દિવાળીબેન મોહનલાલ મહેતાની જન્મશતાબ્દી નિમિત્તે તા. ૨ થી ૬ જાન્યુઆરી સુધીનો પાંચ દિવસનો સંતવાણી-ભજનનો કાર્યક્રમ મુંબઈ સ્થિત શ્રી ક્રુપરેજ ફુટબોલ મેદાનના આંગણે શાનદાર રીતે ઉજવવામાં આવ્યો.

જેમા ભજનોના કાર્યક્રમ કુ. સાધના સરગમ કુ. સોનાલી, શ્રી આશિત અને શ્રીમતી હેમાંગિની દેસાઈ, શ્રી નિર્મલ શાહ, શ્રી રામાનુજ, શ્રી બ્રજરાજ ચેતજીએ અનુક્રમે તા ૨ થી ૫ સુધીના ભજનોના કાર્યક્રમમાં ભજનો રજુ કર્યા. વકતાઓમાં પૂ• મોરારીબાપુ, પુ. સચ્ચિદાનંદજી (દંતાલી આશ્રમ). પુ• રમેશભાઈ ઓઝાએ ભક્તિભાવ ભર્યા પ્રવચનો રજુ કર્યા.

લછવાડ (બીહાર) : પૂ• આચાર્યશ્રી જિનચંદ્રસુરિજી મ•સા•ના જન્મોત્સવ પ્રસંગે ટ્રસ્ટીશ્રી વિનયકુમાર વૈધે સ્વાગત પ્રવચન કર્યું. શ્રી સોહનલાલ પારસને અભિનંદન પત્રનું વાચન કર્યું. પુજ્યશ્રીના પ્રવચનથી પ્રભાવિત થઈ શ્રી રામેશ્વર પાસવાને લછવાડ પુલ અને હોસ્પીટલના નિર્માણ અગેની ઘોષણા કરી. અ.મ પુજ્યશ્રીના માંગલિક બાદ કાર્યક્રમ સમાપન થયો. આ કાર્યક્રમનું સંચાલન જૈન શ્વે. સોસા.ના ટ્રસ્ટી શ્રી રતનલાલ ડુંગરિયા દ્વારા કરવામાં આવેલ.

યાત્રિકગૃહ ઉદ્‌ઘાટન-સુથરી (કચ્છ) : અત્રે શેઠશ્રી હંસરાજ નરશી ખેતશી મેમાયા જૈન યાત્રિકગૃહનું ઉદ્‌ઘાટન ગત સપ્ટેમ્બર માસમાં મુંબઈ મહાજનના પ્રમુખ શ્રી રાજેન્દ્ર મણીલાલ ખોનાના વરદ હસ્તે કરવામાં આવેલ.

પૂ• પંન્યાસ શ્રી ચંદ્રશેખરવિજયજી મ• સા•ના વિહાર-કાર્યક્રમની રૂપરેખા

પ• પુ• ચંદ્રશેખરવિજયજી મ•ની નિશ્રામાં ઓપેરા સોસાયટી (અમદાવાદ)માં અમદાવાદના બુદ્ધિજીવીવર્ગના ભાઈઓ તથા જૈન સંઘના અગ્રણી શ્રીમંતો અને ધર્માત્માઓના સુપુત્રોનું મિલન થયું. પુજ્યશ્રીએ તેમને ત્રિલોકગુરુ પરમાત્મા મહાવીરદેવના લોકોત્તર સૌન્દર્યનું દર્શન કરાવ્યું. અને તેઓએ પ્રકાશેલી જિનશાસન, જૈનસંઘ વગેરે મહામુલી સંપત્તિઓનો ખ્યાલ આપ્યો. ભવિષ્યમાં જેમના ખભે જૈન-સંઘની ધુરા મુકાવાની છે તેવા એ યુવાનોને પુજ્યશ્રીએ તેમની વિશિષ્ટતા જણાવીને જૈનસંઘના નક્કર કાર્યોમાં જોડાવા માટે ટહેલ નાંખી.

પુજ્યશ્રી તા. ૧ જાન્યુ.થી કેટલાક દિવસો શાન્તિનગર (આશ્રમ-રોડ, અમદાવાદ-૧૩) રોકાઈને તા. ૧૮ જાન્યુ.એ ઈસરો (સત્યાગ્રહ છાવણી, લેન નં. ૧૮, જોધપુર ટેકરા, અમદાવાદ-૩૮૦૦૫૪)માં સુશ્રાવક ઉષાકાન્ત રમણલાલ કોલસાવાળાના બંગલાના કંપાઉન્ડમાં નિર્માણ પામેલા નયનરમ્ય ગૃહ-જિનાલયમાં જિનબિંબોની પ્રતિષ્ઠા (દિનાંક : ૨૭ જાન્યુ.) નિમિત્તે પધારશે. તા. ૨૮ જાન્યુ. સુધી ત્યાં રોકાશે. ત્યાર બાદ કલિકુંડ (ધોળકા)ની યુવક-શિબિર અર્થે (તા. ૪, ૫, ૬ માર્ચ) માટે કલિકુંડ પધારશે.

પાબળ (મહા.)માં ઉપધાનતપ આરાધના

પુજ્ય આચાર્યદેવ શ્રી વિજયકીર્તિચંદ્રસુરીશ્વરજી મ• સા• તથા પ્રવર્તક મુનિશ્રી હરીભદ્રવિજયજી મ• સા• તેમજ પ્રેરણાદાતા મુનિશ્રી વિશ્વકલ્યાણવિજયજી મ• સા• આદિની શુભ નિશ્રામાં શેઠશ્રી કાંતિલાલ પોપટલાલ પરિવાર દ્વારા ઉપધાનતપની આરાધના તા. ૧૦-૨-૮૯ની શરૂ થનાર છે. જેનું પ્રથમ મુહુર્ત મહા સુદ ૫ તા. ૧૪-૨-૮૯ ને શુક્રવાર તથા દ્વિતિય મુહુર્ત મહા સુદ ૭ તા. ૧૨-૨-૮૯ને રવિવારના રોજ રાખવામાં આવેલ છે.

સાધ્વીશ્રી તિલકશ્રીજીના શિષ્યા સા• શ્રી મંજુલાશ્રીજી આદિ બહેનોને આરાધના કરાવશે. નામ નોંધાવવા ઈચ્છુકે પદ્મમણિ જૈન તીર્થ પેઢી, પો. પાબળ, તા. શીરુર, (જિ. પુના-મહારાષ્ટ્ર)ના સરનામે સંપર્ક કરવો.

હોસ્પીટલ ઉદ્‌ઘાટન-વિજયવાડા : અત્રે શ્રી મહાવીર જૈન વેલફેર સોસાયટીના કાર્યકર્તાઓના સંયુક્ત પ્રયાસથી નાજેન્દ્ર જૈન હોસ્પીટલનુ ગત ૨૧ ઓકટોબરના રોજ ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે. દર્દીઓને મફત દવા અને દેખરેખ રાખવી એ જૈન સમાજનું ગૌરવ છે. નિયમીત ૫• દર્દીઓનો ઈલાજ કરવામાં આવે છે. અન્ય કેમ્પોની યોજના પણ બનાવાઈ રહી છે.

અતિથિગૃહ-ઉદ્‌ઘાટન-હૈદ્રાબાદ : શ્રી જૈન સેવા સંઘના ઉપલક્ષમાં અત્રે શ્રીમતી પતાસીબાઈ સુરાણા અતિથિગૃહનો ઉદ્‌ઘાટન સમારોહ ગત ૧૬ ઓકટોબરના રોજ શ્રીયુત માંગીલાલ પુખરાજજી સુગનાના વરદ હસ્તે કરવામાં આવેલ.

ધન તો ઘણા પ્રકારના છે. પણ જે આત્માને 'ધન્ય' બનાવે તે ખરૂ ધન.

શ્રી આદિનાથ જૈન તત્વ પ્રશિક્ષણ કેન્દ્ર-બેંગલોર

પુ૦ આચાર્યદેવ શ્રીમદ્‌વિજયભુવનભાનુસુરીશ્વરજી મ૦ સા૦ ના શિષ્યરત્ન સાહિત્ય સર્જક આચાર્યશ્રી ભદ્રગુપ્તસુરીશ્વરજી મ૦ સા૦ની સદ્‌પ્રેરણા અને સદ્‌ઉપદેશથી સુશિક્ષીત, ધાર્મિક શિક્ષકો તૈયાર કરવાના શુભાશય સાથે આ સંસ્થાનું નિર્માણ કરવામાં આવેલ છે. પ્રકરણ ભાષ્ય, કર્મગ્રંથ આદિ ગહન વિષયોના સતત શાસ્ત્ર અભ્યાસ દ્વારા તત્વજ્ઞ બનાવવાનો પુરૂષાર્થ સંગીત, વ્યાયામ, લેખન, વક્તવ્ય, અંગ્રેજી-નામું, ગણિત, હિન્દી, શીલ્પ, જ્યોતિષ આદિના અભ્યાસપુર્વક જનરલ જ્ઞાન દ્વારા સુષુપ્ત શક્તિની ખીલાવટનો ભગીરથ પ્રયાસ, રહેવાની-જમવાની આધુનીક સગવડતાઓ, અભ્યાસ અને રોજિંદી ચીજવસ્તુઓની ફ્રી સગવડતા સાથેના આ ત્રિવેણી સંગમમાં પ્રયાસોમાં અત્યુજ્વળ ભાવિનો ખ્યાલ આવી જાય છે.

અભ્યાસર્થીઓને પ્રતિમાસ રૂ. ૪૦૦/- સ્કોલરશીપરૂપે તથા અન્ય સગવડતા નિઃશુલ્ક અપાતા એક વિદ્યાર્થી દીઠ પ્રતિમાસ રૂ. ૧૦૦૦/- નો જંગી ખર્ચ ભોગવનાર આ સંસ્થા ભારતભરમાં પ્રથમ છે

સૌરાષ્ટ્ર, કચ્છ, ઉ. ગુ., વડોદરા આદિ સ્થળોએથી અત્રે આવી અનેક બાળકો સંસ્કૃત, વ્યાકરણ પ્રકરણ, કર્મગ્રંથાદિનો સુંદર અભ્યાસ કરી રહ્યા છે. આવો... આપના બાળકોને પણ આ અજોડ સંસ્થામાં દાખલ કરી જ્ઞાનાભ્યાસનો અમુલ્ય લાભ અપાવો.

વધુ વિગત માટે પત્ર લખો.
શ્રી આદિનાથ જૈન તત્વ પ્રશિક્ષણ કેન્દ્ર,
સમો મેર્યન રોડ, ૩૦મો ક્રોસ, બ્લોક નં. ૪
જયનગર, બેન્ગલોર-૫૬૦ ०૧૧.

જૈન પાઠશાળા-શિવગંજ : અત્રે પુ૦ સાધુ-સાધ્વીજી મહારાજોના જ્ઞાનાભ્યાસ અર્થેની પાઠશાળા વ્યવસ્થાના અભાવે બંધ હતી તે ચાતુર્માસ દરમ્યાન અત્રે બિરાજમાન પુ૦ મુનિરાજશ્રી અભયચંદ્રવિજયજી મ૦ સા૦ના સતત ઉપદેશ અને પ્રયાસથી પુનઃ ચાલુ કરવામાં આવી છે. તો પુ૦ સાધુ-સાધ્વીજી મ૦ સા૦ને જ્ઞાનાભ્યાસ અર્થે શિવગંજ પધારવા વિનંતી.

નાગેશ્વર પાર્શ્વનાથ જૈન તીર્થ-ઉન્હેલ

પુ૦ આચાર્યદેવશ્રી વિજયહીંકારસુરીશ્વરજી મ૦ સા૦, પુ૦ પંન્યાસ શ્રી પુરન્દરવિજયજી મ૦ સા૦, મુનિરાજશ્રી કંચનવિજયજી મ૦ સા૦ આદિ તથા સાધ્વીશ્રી પુષ્પાશ્રીજી મ૦ આદિની શુભ નિશ્રામાં શ્રી પાર્શ્વનાથ જન્મ દીક્ષા કલ્યાણક અને પોષ વદ ૧૦ના મેલા નિમિત્તે તેમ જ અઠ્ઠમતપની આરાધના નિમિત્તે તા. ૧ થી ૩ જાન્યુઆરી ૮૯ સુધીનો ભવ્ય મહોત્સવ ઉજવાયો. સાધર્મિક ભક્તિ અને સ્વામિવાત્સલ્યનો લાભ શેઠશ્રી કલ્યાણમલજી સાંવતરાજજી તરફથી લેવામાં આવ્યો.

વિચક્ષણ જૈન હોસ્પીટલ-બાલાઘાટ (M.P.)

બાલાઘાટ (મધ્યપ્રદેશ)માં વિચક્ષણ જૈન હોસ્પીટલનું શુભ ઉદ્‌ઘાટન તા. ૨૩ ઓકટોબર-૮૮ના મુંબઈના શ્રી કુમારપાળ વિ. શાહના હસ્તે થયું. મધ્યપ્રદેશના ઉપ-વનમંત્રી શ્રી ચંદ્રમોહન આ સમારોહના અધ્યક્ષ હતા. મુખ્ય અતિથિ તરીકે ધમતરીનિવાસી શ્રી આયદાન લોઢા પધાર્યા હતા. સચિવશ્રી ત્રિલોક કોચરે હોસ્પીટલ નિર્માણ યોજનાની જાણકારી આપી હતી. મુનિશ્રી કસ્તુરસાગરજીના મંગલાચરણથી કાર્યક્રમની શરૂઆત થઈ હતી મંગળગીત અને સ્વાગતગીત બાદ ઉદ્‌ઘાટનની વિધિ થઈ હતી શ્રી કુમારપાળ વિ. શાહના ઉદ્‌ઘાટન પ્રસંગ બાદ અધ્યક્ષશ્રીનું ભાષણ થયેલ.

બલસાણા તીર્થની યાત્રાએ પધારો

(તાલુકો : સાકી, જીલ્લો : ધુલીયા-મહારાષ્ટ્ર)

બલસાણા ગામમાંથી ૩૧ ઇંચના શ્યામ, મનોહર, સુંદર ૧૫૦૦ વર્ષ પુરાના ચમત્કારી શ્રી વિમલનાથ ભગવાનની મુર્તિ પ્રાપ્ત થઈ છે. નદીઓ અને પહાડોની વચ્ચે કુદરતી સૌંદર્યથી શોભતા કળા કૌશલ્યથી યુક્ત મંદિરના ખંડેરો પ્રાચીનતાની સાક્ષી આપતા આજે પણ અડોલ ઉભા છે. આથી અતિ પ્રાચીન આ ઐતિહાસીક નગર હશે. અહિયા જૈનોના ૧૦ ઘર છે.

વર્તમાન તપોનિધિ પુજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્‌ વિજય ભુવનભાનુસુરીશ્વરજી મહારાજ તથા પંન્યાસ પ્રવર શ્રી ચંદ્રશેખરવિજયજી મ. સા. ના આશીર્વાદથી તથા મુનિશ્રી વિદ્યાનંદવિજયજી મ. સા. ના સક્રિય ઉપદેશથી સ્થાનિક અને અનેક જૈન સંઘોના સહયોગ અને સહકારથી એક ગગનચુંબી જિનાલય નિર્માણ થયું છે. જેની પ્રતિષ્ઠા પ. પુજ્ય આચાર્યશ્રી રાજેન્દ્રસુરીશ્વરજી મ. સા. આદિની નિશ્રામાં મહોત્સવ પુર્વક થઈ છે. પ્રાચીન નયનરમ્ય અલૌકિક ચમત્કારી શ્રી વિમલનાથ ભગવાનના જિનબિંબથી શોભતા નુતન તીર્થના અને બલસાણની પંચતીર્થી (નેર, ધુધીયા, દોડાઈચા, નંદરબાર, બલસાણા) ના દર્શન કરી પાવન થવા સકલ સંઘને ભાવભર્યું આમંત્રણ છે. ત્યાંનો સઘળો વહીવટ ધુલીયા જૈન સંઘ સંભાળે છે

આવવા માટે સુવિધા : સુરત-ધુલીયા હાઈવે પર સાંકીથી દોડાઈચા રોડથી બલસાણા ૨૫ કિ.મી. ના અંતરે છે. અને દેડાંઈચા -ચીમઠાણાથી ૨૫ કિ.મી. અંતરે જુદા જુદા ટાઇમે એસ.ટી. મળે છે.

નુતન તીર્થમાં લાભ લેવા માટે વિનંતી-લખો :

શ્રી ધુલીયા જૈન સંઘ. તેલગલી. ધુલીયા-૪૨૪૦૦૧
સ્વસ્તિક હાર્ડવેર સ્ટોર અને અરિહંત પેઈન્ટસ, આગ્રા રોડ, ધુલીયા
શ્રી નેમિચંદ મોતીલાલ ગોપાલદાસ પરિવારના સૌજન્યથી

સારો સમય સમીપ આવે અને આવેલો એ સમય સચવાઇ રહે. એ માટે બેદરકાર રહેવુ એ જડતા-મુર્ખતા છે.

મંદર (રાજસ્થાન)માં ઉજવાયેલ અનેકવિધ કાર્યક્રમો સહ ભવ્ય ચાતુર્માસ

યુગવીર આચાર્યશ્રી વિજયવલ્લભસુરિજી મ. સા. ના સમુદાયવર્તી પ્રખરવક્તા, શાંતિદુત, વિદ્વાન ગણિવર્યશ્રી નિત્યનંદવિજયજી મ સા. ની શુભ નિશ્રામાં અત્રે ચાતુર્માસની ઉજવણી ભવ્ય કાર્યક્રમો અને અનેકવિધ આરાધનાઓ સાથે ઉજવવામાં આવી

પુજ્ય આચાર્યશ્રી વલ્લભસુરિજી મ. સા. ની ૩૮મી પુણ્યતિથિ નિમિત્તે યોજવામાં આવેલ ગુણાનુવાદ સભામાં પુ. ગણિવર્ય શ્રી નિત્યાનંદવિજયજી મ. સા. એ પુજ્ય ગુરૂદેવશ્રીના ગુણાનુરાગનું રોચક શૈલીમાં પ્રવચન આપ્યું હતું. ચાતુર્માસ દરમ્યાન થયેલ વિવિધ આરાધના અને કાર્યક્રમોમાં નોંધપાત્ર કાર્યક્રમ નીચે મુજબ હતો. આ ગામમાં નાની બાલિકાઓ માટે સ્કુલ ન હતી પરંતુ પુજ્યશ્રીના પ્રેરણાથી અને તેમના ચાતુર્માસના પ્રભાવશાળી પ્રવચનથી આ બાબતે યોગ્ય વિચારણાઓ થઈ રહી હતી. જેમાં શાહ ઉમાજી કરમાજી પરિવારના સભ્યોએ ઉદ્દઘોષણા કરી કે અમે મણીપ્રવરના ગામમાં કન્યા વિદ્યાલયના નિર્માણ અંગેના સ્વપ્નમાં તન-મન-ધનથી ભાગ લેવા વચન આપીએ છીએ.

આ વિદ્યાલય અંગે શ્રદ્ધેય ગણિપુંગવે આ વિદ્યાલયનું નામ "વિજયવલ્લભ રાજકીય વિદ્યાલય" ઘોષીત કર્યું.

આમ સારુંયે ચાતુર્માસ આરાધનાઓની સાથે સાથે સામાજિક કાર્યક્રમો દ્વારા પુર્ણ થયું

પીન્ડવાડા (રાજસ્થાન) : મેવાડ દેશોદ્ધારક, પરમ તપસ્વી આચાર્યદેવશ્રી જિતેન્દ્રસુરીશ્વરજી મ૦ સા૦ તથા મુનિશ્રી કુલચંદ્રવિજયજી મ૦ સા૦ આદિની પાવન નિશ્રામાં જૈન ધર્મશાળામાં શ્રી પાર્શ્વનાથ ભ૦ના અઠ્ઠમ તપની આરાધના તા. ૧-૨-૩ જાન્યુઆરી ૧૯૮૯ રવિવાર, સોમવાર અને મંગળવારના રોજ પ્રવચન, પ્રભુપુજા, અંગરચના, રાત્રિભાવના આદિના આયોજન પુર્વક ઉજવવામાં આવી છે

બોરીવલી-વેસ્ટ (મુંબઈ) : અત્રે લક્ષ્મણ કીર્તિ જ્ઞાનમંદિર ટ્રસ્ટ દ્વારા આ૦શ્રી વિજયકીર્તિચંદ્રસુરિજી મ૦ સા૦ ના અસીમ કૃપા અને દાનવીર શેઠથી પ્રેમજી હીરજી પરિવારના સહયોગથી શ્રી લક્ષ્મણ કીર્તિ જ્ઞાનમંદિર તથા લક્ષ્મણ કીર્તિ જૈન પાઠશાળાની નામકરણ વિધિ તથા ઉદઘાટનનો ભવ્ય સમારોહ તા. ૧૮-૧૨-૮૮ રવિવારના રોજ આનંદ અને ઉલ્લાસમય વાતાવરણમાં ઉજવાયો.

ચુંટણીમાં વિજય-ગાંધીધામ (કચ્છ)

તાજેતરમાં ગાંધીધામ નગરપાલિકાની યોજાએલ ચુંટણીમાં યુવાન કાર્યકર શ્રી મનુકાંત ઝવેરચંદ શાહ (એડવોકેટ) તેમજ મહિલા અગ્રણી શ્રીમતી સુશીલાબેન શરદચંદ્ર મોમાયાએ ભા. જ. પ.ની ટીકીટ ઉપર સુધરાઈ સભ્ય માટે ઉમેદવારી નોંધાવી ચુંટણી લડતા બન્ને ઉમેદવારો પાંચ વર્ષ માટે ચુંટાયા છે.

જૈન સોશ્યલ ગ્રુપની રજત જયંતિ ઉજવાઇ

જૈન ધર્મના તમામ ફીરકાઓનું પ્રતિનિધિત્વ ધરાવતી સામાજિક સંસ્થા 'જૈન સોશ્યલ ગ્રુપે' તા. ૧ જાન્યુ.ના તેની રજત જયંતિ વર્ષ ઉજવી છે. જેનું ઉદ્દઘાટન ગુજરાતના નાણાપ્રધાન શ્રી અરવિંદભાઇ સંઘવીએ કર્યું હતું.

સંસ્થાના પ્રમુખશ્રી સંઘવીએ માહિતી આપતાં જણાવ્યું હતું કે ૧લી જાન્યુઆરી-૧૯૬૫ના રોજ માત્ર ૫૦ સભ્યોના નાના સમુહથી આની શરૂઆત થઈ હતી. તેવા આ જૈન સોશ્યલ ગ્રુપની આજે ભારતમાં ૭૨ તેમ જ લંડનમાં બે, લેસ્ટર, શીકાગો, લોસએન્જેલીસ, મીલવોકી, દુબઈ અને નૈરોબીમાં એક એક શાખાઓ મળી વિદેશની આઠ મળી કુલ ૮૦ શાખાઓ છે. જેમાં ૨૨ હજાર દંપતિઓ સભ્ય છે

આ ગ્રુપનો મુખ્ય ધ્યેય જૈનોના વિવિધ ફિરકાઓ એકત્ર કરી માતૃભાવના કેળવવાનો અને વિવિધ સામાજીક કાર્યોમાં સહાય કરવાનો છે. આ ઉજવણી દરમ્યાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે.

સંસ્કૃત ગદ્ય પ્રકાશન-માટુંગા (મુંબઈ)

શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ સંચાલિત શ્રી અચલગચ્છ ધાર્મિક શિક્ષણ કેન્દ્ર દ્વારા પુ૦ દાદાશ્રી કલ્યાણસાગરસુરિ ગ્રંથ પ્રકાશન કેન્દ્રના ઉપક્રમે મુંબઈ તથા થાણા જિલ્લાની અચલગચ્છીય ધાર્મિક પાઠશાળાઓનો ઈનામી સમારોહ તથા દક્ષિણ ભારતના વિહાર દરમ્યાન શા૦સમ્રાટ, અચલગચ્છાધિપતિ શ્રી રચિત શ્રી ત્રિષષ્ઠિ ચરિત્ર સારોદ્ધાર સંસ્કૃત ગદ્ય ગ્રંથનો પ્રકાશન સમારોહ ત્રિવિધ કાર્યક્રમોના આયોજન-પુર્વક તા. ૩૧-૧૨-૮૮ શનીવારના રોજ ઉજવાયો. આ કાર્યક્રમ પુ૦આ૦ શ્રી ગુણોદયસાગરસુરીશ્વરજી મ.ના આર્શીવાદથી સાહિત્ય દિવાકર પુ૦આ૦શ્રી૦ કલાપ્રભસાગરસુરીશ્વરજી મ૦ સા૦ આદિ સાધુ-સાધ્વી ભગવંતો ઠા. ૭૪ની પાવન નિશ્રામાં ઉજવાયો.

સાધ્વીશ્રી સજ્જનશ્રીજી મ૦ સા૦નો અભિનંદન સમારોહ-જયપુર

વિદુષી સાધ્વીશ્રી સજ્જનશ્રીજી મ૦ સા૦નો અભિનંદન સમારોહ તા. ૨૦ મે ૧૯૮૯ના રોજ મનાવવામાં આવનાર છે. આ શુભ અવસરે એક અભિનંદન ગ્રંથ પણ પ્રકાશીત કરવાની યોજના કરવામાં આવી છે.

આ ગ્રંથમાં વ્યક્તિત્વ, કૃતિત્વ સાથે પ્રેરક સંસ્મરણ અને અનેક વિદ્વાનો તથા વિચારકોના નિબંધોનો પણ સમાવેશ કરવામાં આવશે.

શ્રી જે. આર. શાહનું વિદ્યાલયમાંથી રાજીનામું

શ્રી મહાવીર જૈન વિદ્યાલય-મુંબઈના પ્રમુખપદેથી સમાજરત્ન શ્રી જે. આર. શાહે ફરી ફરી રાજીનામું આપ્યાના સમાચારે જૈન સમાજને વિચારવંત કરી મુકયા છે. સંસ્થા અને સમાજના હિતમાં તેમનું વિદ્યાલયના હોદ્દેદાર તરીકે રહેવું જરૂરી છે ! આ બાબતે જૈન સમાજના ઘણા આગેવાનો અને કાર્યકર્તાઓ તેમને રાજીનામાનો અસ્વીકાર કરવાનો આગ્રહ પકડતો મુકવા સમજાવી રહયા છે.

ઉપાધિમાં અકળાઇ જનારો ઉપાધિને અનેક ગણી વધારી મુકે છે.

શીથીલાચારી કે વિશુદ્ધાચારી

લેખક : નિજાનંદ

(૪૦) સાધુ-સાધ્વીઓના સાથેસાથના વિહારો અને માર્ગોમાં ઉતારાઓની વ્યવસ્થાની ખામીને કારણે અનિચ્છનીય બનાવો બન્યા છે ને બનતા રહે છે. સંધો ગંભીર હોવાથી આવી બાબતો શાસનની હેલના ન થાય તેમ ઢંકયેલી રહે છે. એટલે સાધુ-સાધ્વીના સાથેસાથના વિહાર પણ સાધુ-સાધ્વીના પતન માટેનું એક અંગ છે. આ બાબતની બધાને ખબર હોવા છતાં સાધુ સાધ્વીના સાથેસાથ વિહાર થાય છે. આ પ્રમાણે વિચરતા આચાર્યો, સાધુઓ, સાધ્વીઓ શિથીલાચારી કહેવાય કે વિશુદ્ધાચારી ?

(૪૧) જીવતાં ગુરુની ઉપેક્ષા કરી, સ્વચ્છંદે વિચરનાર અને વકતૃત્વકળાથી ભકતમંડળ તેમ જ શિષ્યાદિ પરિવાર કરનાર ગુરુના મૃત્યુ પછી તેમના તૈલચીત્ર અને પ્રતિમાઓ ભરાવી પ્રતિષ્ઠા કરનાર અને પોતાના શિષ્યોને પોતાની પ્રતિમા ભરાવવા ઈત્યાદિની સુચના કરનાર અને પોતાના બનેલ પુતળાની આરતી, મંગળ દીવાને ઝંખી માનાદિ કષાયોની સ્વપરમાં પ્રવૃત્તિ વધે એવું વર્તન કરનાર વ્યક્તિઓ શીથીલાચારી કે વિશુદ્ધાચારી ?

(૪૨) ગૃહસ્થને ઘેર જન્મેલું નાનુ બાળક મરી જાય છે તો તેના સંબંધી, સ્વજનો તમામને ખેદ થાય છે. તો સાધુ સંસ્થામાંથી એક નાની કે મોટી વ્યક્તિ પતનને પામે તો તેનો ખેદ તમામને થવો ઘટે. શક્તિ અનુસાર પતન પામનારને તે ઉન્માર્ગે જતો અટકાવી, સન્માર્ગે વાળવાના પ્રયત્નો કરવા ઘટે અને તેમ છતાં તેમાં નિષ્ફળતા મળે તો તેવા જીવો પ્રત્યે અંતરમાં કરૂણાની લાગણી હોવી ઘટે. આ તો સામાન્ય મનુષ્યાચાર છે, એ મનુષ્યાચારથી ભ્રષ્ટ બની પતીતને ધિક્કારનાર બનીએ અને પોતે વિશુદ્ધચારીપણાના ગર્વને ધારણ કરીએ તો લાચારી પુર્વક કહેવું પડશે કે આપણે જિનશાસન સમજ્યા નથી, અથવા સમજ્યા છીએ તો ઇરાદાપુર્વક તેની ઉપેક્ષા કરી શાસનના દ્રોહમાં રાચીએ છીએ. આમ શાસનદ્રોહમાં રાચતા આપણે શીથીલાચારી કે વિશુદ્ધાચારી ?

(૪૩) તીર્થંકર ભગવંતને ગુરૂ અદત્ત જ્ઞાનાદિને ગ્રહણ કર્યાં તેથી આપણને જ્ઞાન, ક્રીયા અને તપાદિનું અજીર્ણ થતાં જ્ઞાનક્રીયા અને તપના આરાધનથી આત્મામાં જે વિષય કષાયના પરિહારથી ક્ષમાદિગુણોનું પ્રાગટય અને સૌમ્યાદિ સ્વભાવની પ્રાપ્તિ થવી જોઈએ, તેના બદલે ઉભય પરિસ્થિતિના દર્શન થાય છે. આ એક સમુદાય કે બીજા બીજા સમુદાયના સાધુઓમાં એકવાક્યતા નથી. તેમજ પરસ્પર ઉપકાર કરવાની બુદ્ધિનો મોટા ભાગે અભાવ જોવામાં આવે છે. આજે એક પણ એવો સમુદાય નથી કે જેમાં સાધુઓ પરસ્પરના મિત્ર બની ઉલ્લાસીત જીવન જીવતા હોય. આજે પરિસ્થિતિ એ છે કે એક એક સમુદાયમાં ખટપટ અને અશાંતિનું સામ્રાજ્ય વર્તે છે. આવી સ્થિતિમાં આપણે વર્તતા હોઈએ તો આપણે બીજાને કેવી રીતે શાંતિની ને ઉત્તમ વિશ્વોલ્લાસની ભેટ કરી શકીએ. ખુબીની વાત એ છે કે આપણને ખટપટ ગમે છે. તેમાં આપણી હુશીયારી બતાવવાની આપણી નેમ છે. આ પ્રમાણે વર્તન દાખવતા આપણે શીથીલાચારી કે વિશુદ્ધાચારી ?

જૈસલમેર પંચતીર્થીની યાત્રાર્થે પધારો

પશ્ચિમી રાજસ્થાનમાં આવેલ જૈસલમેર પંચતીર્થી પોતાની પ્રાચીનતા, કલાત્મકતા અને ભવ્યતા માટે જગપ્રસિદ્ધ છે. જૈસલમેર પંચતીર્થીના અન્તર્ગત જૈસલમેર દુર્ગ, અમરસાગર, લૌદ્રવપુર, બ્રહ્મસર અને પોકરણ સ્થિત જિનાલયોમાં બધા મળી ૬૬૦૦થી વધુ જિનપ્રતિમાજીઓ બિરાજમાન છે.

જૈસલમેરની વિખ્યાત વિશેષતાઓ : (૧) ભવ્ય કલાત્મક અને પ્રાચિન જિનાલયો. પન્ના અને સ્ફટિકની પ્રતિમાઓ. (૨) ખરતરગચ્છીય શ્રી જિનભદ્રસુરિ જ્ઞાનભંડારમાં સંગ્રહિત તાડપત્રીય અને હસ્તલિખિત ગ્રંથો. (૩) દાદાગુરુદેવ શ્રી જિનદત્તસુરિજી મહારાજની ૮૩૦ વર્ષ પ્રાચીન ચાદર અને ચોલપટ્ટા, જે તેઓના અગ્નિસંસ્કાર પછી પણ સુરક્ષિત રહ્યા છે. (૪) અનેક દાદાવાડી, ઉપાશ્રય, અધિષ્ઠાયક દેવસ્થાન અને પટુઆ શેઠોની કલાત્મક હવેલીઓ. (૫) લૌદ્રવપુરના ચમત્કારીક અધિષ્ઠાયકદેવ જેમના દર્શન ભાગ્યશાળીઓને અવારનવાર પ્રાપ્ત થાય છે.

આવાસ પ્રબંધ : યાત્રિકો અને શ્રીસંઘોને ઉતરવા ઉચિત પ્રબંધ છે. મરુભુમિમાં હોવા છતાં પાણી અને વિજળીની પુરી વ્યવસ્થા છે. દાનવીરોના સહયોગથી ભોજનશાળા ચાલુ છે.

યાતાયાતના સાધન : જૈસલમેર આવવા માટે જોધપુર મુખ્ય કેન્દ્ર છે. તે ભારતના જુદા જુદા માર્ગોથી યાતાયાતના સાધનોથી જોડાયેલ છે. જોધપુરથી દિવસમાં એકવાર બસ અને રાત્રે ને સવારે બે વાર ટ્રેઈન જૈસલમેર આવે છે. આ ઉપરાંત જયપુર અને બીકાનેરથી પણ સીધી બસો જૈસલમેર આવે છે.

જૈસલમેર પંચતીર્થીનાં દુર્ગ તથા અમરસાગર સ્થિત જિનમંદિરોના જીર્ણોદ્ધારનું કામ ચાલુ છે.

શ્રી જૈસલમેર લોદ્રવપુર પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર ટ્રસ્ટ

ગ્રામ : જૈન ટ્રસ્ટ જૈસલમેર ૩૪૫૦૦૧ (રાજસ્થાન) ફોન ૨૩૩૦ ૨૪૦૪

બધું બહારનું અજવાળ્યું હોય પરંતુ જો જીવન ન અજવાળ્યું હોય તો શા કામનું.

કોલ્હાપુરમાં અનેકવિધ ભવ્ય આરાધનાઓ

વર્ધમાન તપોનિધિ પુજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયભુવનભાનુસુરીશ્વરજી મહારાજાએ શ્રી લક્ષ્મીપુરી જૈન સંઘ કોલ્હાપુરની આગ્રહભરી વિનંતીને સ્વીકારીને સ્વ. પુ. આ. દે. શ્રીમદ્ વિજયધર્મજિતસુરીશ્વરજી મ.ના શિષ્યરત્ન પુ. આ. દે. શ્રી જયશેખરસુરીશ્વરજી મ. સા. આદિ ઠાણાને લક્ષ્મીપુરીમાં ચાતુર્માસાર્થે મોકલતાં લક્ષ્મીપુરી સંઘમાં અને સમગ્ર કોલ્હાપુરના સંઘમાં અત્યંત ઉલ્લાસ વ્યાપ્યો.

અનેકવિધ તપશ્ચર્યાઓ, અનુષ્ઠાનો, ઉત્સવો અને વિદ્વદ્વર્ય પુજ્ય મુનિરાજ શ્રી અભયશેખરવિજય મ. સા.ના વૈરાગ નીતરતા વ્યાખ્યાનોથી સંઘમાં અપુર્વ જાગૃતિ આવી તથા આ ચાતુર્માસમાં જ થયેલી પુ. આ. દેવશ્રી જયશેખરસુરીશ્વરજી મ. સા. ની સુરિમંત્ર પંચ પ્રસ્થાનની આરાધના તથા વયોવૃદ્ધ પુ. તપસ્વી મુનિરાજશ્રી સોમતિલકવિજયજી મ. સા., શ્રી ગુણરત્નસંવત્સર તપની દીર્ઘ આરાધનાથી (ચાલુ) પુજનીનું આ ચાતુર્માસ શ્રી લક્ષ્મીપુરીના સંઘ માટે અત્યંત યાદગાર બની રહ્યું.

શ્રી સંઘે ચાતુર્માસની વિનંતી કરી તેની સાથે જ સંઘવી સુરતમલજી દરબાર પરિવાર તરફથી ઉપધાનતપ કરાવવાની ભાવનાથી સંઘવી ભબુતમલજી સુરતમલજીએ જાહેરમાં વ્યક્ત કરીને નિશ્રા આપવા પુ. આ. ભગવન્તોને વિનંતી કરેલી. તેથી પુ. આ. દેવશ્રી શ્રીમદ્ વિજયભુવનભાનુસુરીશ્વરજી મ. સા. શ્રી [illegible] પુ. આ. દેવ શ્રીમદ્ જયશેખર સુરીશ્વરજી મ. સા. આદિ ઠાણા તથા પુ. આ. દેવ શ્રી નેમિસુરીશ્વરજી મ. સા.ના સમુદાયના સાધ્વીશ્રી વિશ્વપ્રજ્ઞાશ્રીજી આદિની નિશ્રામાં આસો સુદ ૧૪થી સંઘવી પરિવાર તરફથી મહામંગલકારી શ્રી ઉપધાનતપની આરાધનાના મંગલ મંડાણ થયા.

૯૫ જેટલાં આરાધકોએ અત્યંત ઉલ્લાસથી ઉપધાનતપની અનુપમ આરાધના સંઘવી પરિવારે અદ્ભુત ઉદારતા દાખવીને આરાધકોની સુંદર ભક્તિ કરી. શ્રી લક્ષ્મીપુરી જૈન સંઘ અંતર્ગત ઉપધાનતપ સમિતિએ સુંદર વ્યવસ્થા કરી. માળારોપણનો દિવસ નિકટ આવતાં સંઘમાં ઉલ્લાસની ભરતી આવવા લાગી ઉપધાનતપ આયોજક સંઘવી પરિવાર તરફથી શ્રી અષ્ટાન્હિકા મહોત્સવનું આયોજન થયું. શ્રી સિદ્ધચક્ર મહાપુજન તથા શ્રી શાંતિસ્નાત્રથી સંયુક્ત આ પરમાત્મભક્તિ મહોત્સવમાં સંગીતકાર શ્રી હસમુખ દિવાને સહુને ભક્તિરસમાં તરબોળ કર્યા. નિપાણીથી પધારેલ વિધિકાર શ્રી અરવિંદભાઈની મંડળીએ વિધિપુર્વક પુજનો ભણાવ્યા.

માળારોપણની ઉછામણીમાં તો સંઘનો ઉલ્લાસ અને ઉછરંગ આસમાને ચડયા. વિક્રમસ્વરૂપ ન ધારેલી ઉપજ થઈ પ્રથમ ત્રણ માળનો લાભ બહુ જ મોટી ઉછામણીઓ બોલીને ક્રમશઃ નીચેના ભાગ્યશાળીઓએ લીધો હતો. પ્રથમ માળ : શા. મંછાલાલ નથમલજી, દ્વિતીય માળ : શા. બાબુલાલ ભીકાજી, તૃતીય માળ : શા. કાનમલજી રામાજીએ પછીની માળાઓ પણ ભાગ્યશાળીઓએ મહાન ઉદારતા દાખવીને લીધી હતી. માળારોપણની આ સમગ્ર ઉપજ વિવિધક્ષેત્રોમાં ચાલી રહેલા જિનાલયોના જિર્ણોદ્ધાર તથા તેના નિર્માણના કાર્યોમાં તુરત જ મોકલી આપવાનો સંઘનો નિર્ણય સંઘના ટ્રસ્ટી શ્રી સોનમલજીએ જાહેર કરીને ભારતભરના સંઘો માટે એક ઉત્તમ આદર્શ પુરો પાડયો.

માગશર સુદ ૪ના દિવસે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું. હાથી, બગીઓ, બેન્ડ, ઈન્દ્રધ્વજ, ભજનમંડળીઓ, સાંબેલાઓ આદિ અનેક વિવિધતાઓથી યુક્ત આ ભવ્ય શોભાયાત્રા કોલ્હાપુરના સુશોભિત રાજમાર્ગો પર ત્રણ કલાક સુધી ફરી. આ શોભાયાત્રાના દર્શન માટે ઠેરઠેર દર્શકોની ભીડ જામી હતી.

માગસર સુદ ૫ના દિવસે શ્રી મુનિસુવ્રતસ્વામી જિનાલયની બહાર રોડ પર બાંધેલા ભવ્ય મંડપમાં સવારે શુભમુહુર્તે નાણસમક્ષ માળારોપણ વિધિનો પ્રારંભ થયો. ભાવિકો હજારોની સંખ્યામાં ઉપસ્થિત થયા હતા. વિશાળ મંડપ પણ ખુબ સાંકડો જણાતો હતો. ઉલ્લાસમય વાતાવરણમાં ઉપધાનતપના આરાધકોને માળારોપણ કરવામાં આવ્યું. તથા તેજ સમારોહમાં ઉપધાનતપ કરાવનાર ભાગ્યશાળીનું શ્રીસંઘ તરફથી બહુમાન કરવામાં આવ્યું. બહુમાન માટેની ઉછામણીમાં પણ ન ધારેલી ઉપજ થઈ.

ઉપધાનતપ અને માળારોપણનો આ પ્રસંગ સમગ્ર કોલ્હાપુરના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે લખાઈ ગયો.

પુ. આ. દે. શ્રી જયશેખરસુરીશ્વરજી મ. સા.ની નિશ્રામાં મા. સુ. ૧૩ના શુભ દિને કોલ્હાપુરથી કુંભોજતીર્થના પદયાત્રા સંઘનું પ્રયાણ થયેલ.

જૈન પત્રનું નવા વર્ષનું લવાજમ રૂ. ૫૦/= વહેલાસર એમ. ઓથી મોકલવા મહેરબાની કરશો.

WITH BEST COMPLIMENTS FORM:

M/S. ATLANTIC PACIFIC TRAVEL SERVICES PRIVATE LIMITED

Chairman and Managing Director
CHANDRASEN J. JHAVERI
Alankar, 229, Df Annie Besant Road, Worli.
BOMBAY 400025.
Telephone : 4930551, 4938922, 4932746
Telex : 001-71393 Cable : ATLATRAVEL

પ્રવાહમાં ખેંચાવું સહજ છે. પ્રવાહમાં સ્થિર રહેવું કઠિન છે. અને પ્રવાહની સામે ગતિ કરવી અતિ દુષ્કર છે.

ભારત દેશમાં વધી રહેલું હિંસાનું તાંડવ

* જાગૃત બને – સત્ત્વ ફોરવો – જીવોને બચાવો અને પ્રજાને સુખી કરો.

અખિલ ભારતીય પ્રાણી-સંરક્ષક મંત્રીનું ગંભીર નિવેદન :—

બ્રિટીશરોના રાજ્યકાળમાં ભારતદેશમાં જે પશુઓની-પક્ષીઓની જે સંખ્યામાં હિંસા થતી તેના કરતા અહિંસા ધર્મમાં માનનાર આર્યદેશની પવિત્ર ભુમિ ઉપર ભારતદેશ જે અહિંસા પરમો ધર્મના સિદ્ધાન્તથી સ્વતંત્ર થયા પછી દિનપ્રતિદિન અનેકગણી હિંસા અને હિંસાઓની યોજનાઓ વધતી રહી છે. અનેક મોટા કતલખાનાઓમાં તથા અગણિત ખાનગી કતલખાનાઓમાં બળદ-ગાય-વાછરડાઓ, પાડા-ભેંસો, ઘેટાં-બકરા-ભુંડ અને મરઘીઓની બેસુમાર હિંસા ચાલી રહી છે. નિઃસાસા નાંખતા પશુઓના લોહીથી દયાની ભુમિ કલુષિત થઇ રહી છે. સમુદ્ર કિનારાઓને મત્સ્ય ઉદ્યોગથી ધમધમતા કરાયા છે.

પરદેશમાંથી હુંડિયામણના નાણા મેળવવાના હેતુએ અહીંથી પશુઓના માંસ તેમજ પશુ-પક્ષીઓ નિકાસ થઈ રહયા છે, તે દુઃખદાયી છે.

સૌંદર્ય અને મનોરંજનની પાછળ ક્રુર રીતે હિંસા થઇ રહી છે તેથી દેશને અને પ્રજાને શાંતિ નથી.

દેશના ભુમિને ફળદ્રુપ કરનાર અને શુદ્ધ-દુધ-ઘી અને કિંમતી ખાતર આપનાર પશુધન દિવસે દિવસે કતલખાનામાં ટ્રકો મારફત વિદાઈ લઇ રહયું છે. તેની પુરવણીમાં કૃતિમ દુધના પાવડર, વિદેશની ચરબીમાંથી બનેલ બટર ઓઇલ, વીટામીન એ અને ડી, કોડલીવર-પ્રાણીજ તત્ત્વથી મિશ્રણ થએલા વેજીટેબલ ઘી વિગેરે, ભેળસેળ યુક્ત ખાદ્ય પદાર્થોનો પુરવઠો દિન-દિન વધી રહયો છે. જેનાથી પ્રજાનું નુર હણાઈ રહયું છે. સત્ત્વ-પરાક્રમ વિણસી રહયું છે. પ્રજા માયકાંગલી-ઓજસહીન બની રહી રહી છે. તેમાં વળી નશો-જોમ પ્રગટાવવા પાન-મસાલા તમાકુમાવો-ચરસ-ગાંજો-હેરોઇન-મેનડ્રેક્સ-દારૂ વેટ વગેરે કેફી પીણાઓએ કાળોકેર વર્તાવી દીધો છે.

ગામેગામ પક્ષીઓને ચણ નાંખવાના ચબુતરાઓ, લુલા-લંગડા રોગીષ્ટ પશુઓને જીવનભર સંભાળનારી પાંજરાપોળો સ્વરૂપ દયાની સંસ્કૃતિના આદર્શો ઘટી રહયા છે. ગ્રામ્ય પ્રજામાં દયા-કરુણાના સ્રોત સુકાઈ રહયા છે... તેનું કારણ જેવું અશુદ્ધ અન્ન તેવું મન, જેવું મન તેવું જીવન... બની રહયું છે.

આધુનિક યુગમાં ચોતરફ ખેતરોમાં મરઘા ઉછેર કેન્દ્ર, ઇંડા-પ્રોડકશન, મત્સ્ય બીજ દ્વારા તળાવ અને નહેરોમાં મત્સ્ય ઉદ્યોગ-વિગેરેના શિક્ષણ અને ભક્ષણ દ્વારા પ્રજાના સ્વાસ્થ્યનો નાશ અને હિંસક સંસ્કરણ લોહીમાં પ્રવેશી રહયું છે. જેથી ત્રાસવાદી જેવી પ્રવૃત્તિઓ નાથી શકાતી નથી.

'જેવું કરશો તેવું પામશો' આ સનાતન સત્ય ભુલાઈ રહયું છે.

પાવનતીર્થ
શ્રી હસ્તિનાપુરમાં પ્રભુચરણોની પ્રતિષ્ઠાના લાભનો સુઅવસર

પ્રથમ તીર્થંકર ભગવાન શ્રી ઋષભદેવ-પ્રભુના વર્ષીતપના પારણાના મૂળ સ્થળ પર નવનિર્મિત ચરણ મંદિર પ્રતિષ્ઠા હો દ્વારા રૂા. ૧૦૦૦ (એક હજાર)માં એક કુપન ૧૧ કુપન પ્રાપ્ત કરનાર ભાગ્યશાળી સ્વાગત સમિતિના સભ્ય થશે.

કુપન મેળવવાનું સરનામું :

શ્રી હસ્તિનાપુર જૈન શ્વેતાંબર તીર્થ સમિતિ
C/o. શ્રી જૈન શ્વેતાંબર મંદિર,
હસ્તિનાપુર-૨૫૦૪૦૪ (જિ. મેરઠ-ઉ.પ્ર.)



શ્રી વિજયવલ્લભ સ્મારક

* દિલ્હીના પ્રાંગણમાં *

ભવ્ય-અંજન-શલાકા અને પ્રતિષ્ઠા-મહોત્સવ
૧ ફેબ્રુઆરીથી, ૧૧ ફેબ્રુઆરી-૧૯૮૯
શુભ નિશ્રા-પરમાર ક્ષત્રિયોદ્ધારક ચારિત્ર ચુડામણિ,
ગચ્છાધિપતિ
જૈનાચાર્ય શ્રી વિજયઇન્દ્રદિન્નસૂરીશ્વરજી મહારાજ

શ્રી ભગવાન વાસુપુજ્ય શ્વેતામ્બર મંદિર ટ્રસ્ટ. : નિવેદક : 卐 શ્રી આત્મ વલ્લભ-જૈન સ્મારક શિક્ષણ નિધિ

સરનામું ;- શ્રી આત્મ વલ્લભ સંસ્કૃતિ મંદિર
૨૦, કિ. મી. જી. ટી. કરનાલ રોડ, દિલ્હી-૧૧૦૦૩૬

જીવને જીવના શું છે? તેની ખરી સમજ પડી જાય તો ઘણી ખટપટ મટી જાય.

જેથી દેશમાં અનેતિ અને અનાચાર, બલાત્કાર અને ભ્રષ્ટાચાર રાડ પડાવી દે તેવા ફાલી ફુલી રહ્યા છે. આ બધામાં અયોગ્ય આહાર-વિહારનો મોટો પ્રભાવ છે તામસિક ખાન-પાન જેવાં કે ઇંડા-મચ્છી-માંસાહાર, દારૂ-તમાકુમાવાના નશાકારી વ્યસનો, અને બિભત્સ સીનેમા, ટી વી, વિડીયો કેસેટોએ અને અશ્લીલ નાટકો-અને સાહિત્યે માઝા મુકી છે. આથી અનેક જીવલેણ રોગો કેન્સર, ટી. બી હાર્ટડીઝીસ, અલસર, ડાયાબિટીઝ, બાળલકવા-અંધાપો, એઈડઝ નાથી શકાતા નથી.

સામુદાયિક પાપકર્મ જ્યારે પરચો દેખાડે છે ત્યારે કુદરત રૂઠે છે. તાજેતરમાં રશિયાના ભુકંપમાં લાખો માણસો માર્યા ગયા. વિમાન હોનારતમાં સેંકડે માણસો મોતના મુખમાં ધકેલાઈ ગયા વાવાઝોડા-પાણીના પુરમાં હજારો જીવોના નાશ સાથે લાખો બેઘર બની ગયા. ત્યારે માણસને ખબર પડે છે કે કરેલા હિંસાદિ મહાપાપ અવશ્ય પોતાનું ફળ આપે છે. હિંસાજન્ય પાપોના ફળ અતિ દારૂણ છે. અનેક જન્મો સુધી દુઃખદાયી વિટંબણાઓ ભોગવવી પડે છે. માટે દરેક ધર્મના શાસ્ત્રો દયાનો ઉપદેશ આપે છે. દયા એ સર્વસુખની માતા છે. આર્યદેશના ભારતમાતાના સપુતોએ દયા માટે, જીવરક્ષા માટે, શીલ-સદાચારની સંસ્કૃતિ રક્ષા માટે પોતાના વ્હાલા પ્રાણો કુરબાન કર્યા છે. તેવા આદર્શોને ધ્યાનમાં લઈને આજે સૌ કોઈ દયાપ્રેમીએ જાગૃત થવાની જરૂર છે આજના ઝડપી યુગમાં નાના-મોટા પશુઓનો સત્વર નિકાલ ટ્રકો મારફત થઈ રહ્યો છે. ઘણા વખતથી રાજ્યના ધોરી માર્ગો ઉપરથી ઘેટાં-બકરાં ભરેલી, વાછરડા-ગાય-ભેંસ-પાડા ભરેલી ટ્રકો ત્રણે બાજુ કપડાના પડદા બાંધેલી પસાર થઈ કતલખાને પહોંચે છે. દરેક રોડ ઉપર પોલીસ ચોકીઓ, ચેકીંગ ઓફિસો, આર. ટી. ઓ. વિગેરે તપાસ ખાતા છતાં નિર્દોષ પશુઓની રક્ષા માટે ઉંઘી ગયા લાગે છે.

ગેરકાયદે કતલખાને લઈ જવાતા પશુઓની રક્ષા માટે કાયદા છે. જો દરેક હાઈવે ઉપર સજાગતા-પેટ્રોલીંગ તથા પોલીસોના ચેકીંગ ચાલુ રહે તો રોજના હજારો પશુઓને કાયદાના નિયમથી અભયદાન આપી યોગ્ય પાંજરા પોળમાં વ્યવસ્થા થઈ શકે છે. તેમ વિશ્વ કોન્ફરન્સના પ્રાણી-સંરક્ષક મંત્રી શ્રી કેસરીચંદ મહેતા માલેગાવવાળાનું કહેવું છે અઠવાડિયા પુર્વે બનેલો પ્રસંગ :- કેસરીચંદભાઈ ધુલિયાથી નીકળેલ યાત્રા બસમાં નાગેશ્વરની યાત્રા કરી મધ્યપ્રદેશના આલોટ રોડ આવતાં સેંકડો ગાયોનું ટોળું જોયું. તપાસ કરતાં જણાયું કે કેટલાંક વણજારા મધ્યપ્રદેશમાં નકકી થયેલા સ્થાને ગાયોનો પુરવઠો પહોંચાડી રહ્યા છે. યાત્રિકેને થયું કે આ બધી ગાયોને બચાવી લેવી આપણું કર્તવ્ય છે. કેસરીચંદભાઈને કામ સોંપાયું. તેઓ બસમાંથી ઉતરી અન્ય વાહનમાં પોલીસ સ્ટેશને ગયા. પોલીસ ઉપરીને કાયદાની બધી માહિતી સમજાવી. તુરત ચાર પોલીસો સાથે જઈ વણઝારાઓને રોકયા. પુછપરછ કરતાં જણાયું કે આ ગાયો કતલખાના માટે પહોંચાડાઈ રહી છે. પ્રાણી-સંરક્ષક કાયદાથી સાતસો જેટલી ગાયોને નિંબજ ગૌશાળામાં પહોંચાડી અભયદાન અપાવ્યું. પોલીસ પાસેથી વિશેષ જાણવા મળ્યું કે આજસુધી રાજસ્થાનમાંથી ૨૫ હજાર ગાયો મધ્યપ્રદેશમાં ચાલી ગઈ. આ અંગે ઉંડા ઉતરતા જાણવા મળ્યુ કે એકલાખ ગાયોનો કોન્ટ્રાકટ અપાયેલ છે. સવેળા આપણે નહીં જાગીએ તો દેશનું અમુલું પશુધન નષ્ટ થઈ જશે. દેશ બરબાદ થઈ જશે. માટે દરેક ગામમાં જીવદયાનું કર્તવ્ય બજાવવા કાયદાઓનો અભ્યાસ જરૂરી છે. કતલખાને પશુઓને લઈ જવાય તેવી શંકા થાય તો તે પશુઓને રક્ષણ આપવુ-વિગેરે કાયદાની અને જીવરક્ષા કઈ રીતે થઈ શકે તે માટે શ્રી કેસરીચંદ એમ. મહેતા. તિલકરોડ, માલેગામ (નાસિક) જીવદયા પ્રેમી યુવકોને માર્ગદર્શન આપશે. પત્ર વ્યવહાર કરી સમય મેળવી લેવા વિનતિ.

— અખિલ ભારતીય જીવ-સંરક્ષક સમિતિ.

પ્રતાપનગર-જોધપુર :- શ્રી પાર્શ્વનાથ જન્મ કલ્યાણક પ્રસંગ નિમિત્તે અત્રે તા. ૧-૨-૩ જાન્યુઆરીના ગુરાંસા તળાવ સ્થિત મહાન પ્રાભાવિક અત્યંત ચમત્કારી પાર્શ્વ પદ્માવતી મહાપુજનનું આયોજન પુજ્ય મુનિરાજશ્રી નયરત્નવિજયજી તથા મુનિશ્રી જયરત્નવિજયજી મ. સા. ની શુભ નિશ્રામાં કરવામાં આવેલ.

શ્રી અધિષ્ઠાયક દેવાય નમઃ

શ્રી સમેતશિખરજીમાં જૈન શ્વેતાંબર શ્રીસંઘ દ્વારા નિર્મિત શ્રી ભોમીયાજી ભુવન ધર્મશાળામાં સકલ શ્રીસંઘ માટે દરેક સગવડતાઓ ઉપલબ્ધ છે.

તીર્થ યાત્રાએ પધારો : સેવાનો અવસર આપો :

શ્રી સકલ સંઘને વિદિત થાય કે શ્રી જૈન શ્વેતાંબર શ્રીસંઘ દ્વારા શ્રી સમેતશિખરજીની તલેટી મધુવનમાં **"શ્રી ભોમીયાજી ભુવન"**નું નિર્માણ કાર્ય કરવામાં આવેલ છે. જેમાં રહેવા માટે [illegible]૦ રૂમ, ૨ હોલ, પાણીની ટાકી, સ્નાનઘરો, લેટરીન આદિનું નિર્માણકાર્ય થઈ ગયું છે. આ સિવાય દેવદર્શનાર્થે ઘર દેરાસર (શ્રી આદિનાથ ભગવાનની ચમત્કારિક, અલૌકિક અને અદ્વિતિય પ્રતિમાજી બિરાજમાન છે.) ભોજનશાળા તથા જનરેટરની વ્યવસ્થા પણ ઉપલબ્ધ છે.

આપ-આપની ધર્મશાળામાં રોકાઓ અને સેવાનો અમૂલ્ય અવસર આપશો, આ ધર્મશાળા પુલ પાર કર્યા બાદ રોડની જમણી બાજુએ પ્રથમ ધર્મશાળા છે.

: નિવેદકઃ : **શ્રી જૈન શ્વેતાંબર શ્રીસંઘ**

સંપર્ક કરો (૧) જૈન શ્વેતાંબર શ્રીસંઘ, ૪, મીરબહારઘાટ સ્ટ્રીટ, કલકત્તા-૭૦૦૦૦૭ (૨) શ્રી ભોમીયાજી ભુવન, મધુવન,

પો. શિખરજી (જી. ગિરિડીહ બિહાર)

સમજણ ભાડે મળે છે. પરંતુ સદ્‌વર્તન ભાડે મળતુ નથી તે તો પોતે જાતેજ સેવવુ પડે છે.

પત્ર પેટી : વાંચકોની સ્વતંત્ર વિચાર સૃષ્ટિ

પૂજ્યો, જૈનો અને રાજકારણ

વર્ષો જુનો ઈતિહાસ જોતાં જે સર્વ કહે છે કે જૈનો લઘુમતીમાં હોવા છતાં, જૈનો શાંત અને અહિંસક કોમ હોવા છતાં તેમનું પ્રભુત્વ રહ્યું છે. ભુતકાળમાં જૈન પર્વોમાં રાજા–મહારાજા દ્વારા અહિંસાના ફર માનો બહાર પડેલ છે તેનું મુખ્ય કારણ રાજા-મહારાજા ઉપર જૈન પુ યોનો પ્રભાવ પડતો હતો. તેઓ આડકતરી રીતે રાજા–મહારાજાના સ ર્કમાં રહેતા–તેમની શકિતઓ કુનેહ દ્વારા પકડ રાખતા હતા અને જૈનશાસનની પ્રભાવના ખાતર કામ કઢાવી લેતા હતા. ધર્મ રક્ષા ખાતર ચમત્કાર, મંત્ર, તંત્ર, યંત્રનો ઉપયોગ પણ કરતાં હતા.

પુજ્યો ઉપદેશક રૂહેતા હતા અને શ્રાવકોને સક્રિય રાજકારણમાં રાખતા હતા. (કારભારી સલાહકાર જૈનો રહેતા હતા) જેથી તેઓ સાધુ આચારમાં રહીને તમામ કામ કઢાવી શકતા હતા.

જૈનો સક્રિય રાજકારણમાં હોવાથી જૈન ધર્મ વિરોધી કોઈ કાર્ય થતુ નહોતુ, જેથી જૈનોની શક્તિ વિરોધમાં કે માંગણીઓ કરવામાં ખર્ચાતી નહોતી, તેઓ તમામ કાર્યો સરળતાથી કરી શકતા હતા અને રાજ્ય તરફથી તમામ સહકાર મળતો હતો.

જૈનોની વેદના, મુશ્કેલીઓ અંગે તેમનો પ્રતિનિધિ કારભારી વિચારતો હતો, રજુઆત કરતો હતો અને તેજ તેનો ઉકેલ લાવતો હતા.

જૈનોને ઉત્સવ કે મહોત્સવનું આયોજન કરવું હોય તો તે કામ કારભારી જ પતાવી દેતા હતા. જૈનો પાસે પૈસો છે, જૈનો શિક્ષિત, બુદ્ધિશાળી કોમ છે, જૈનો તમામ સ્થળે, તમામ સેવાકાર્યો, દાનમાં મોખરે રહ્યા છે. જૈનો વધુમાં વધુ ટેકસો ભરે છે, ક્યાંય ગુંડાગીરી કે મારામારી, અશાન્તિ ફેલાય તેવી પ્રવૃત્તિમાં આ કોમ સંડોવાએલી હોતી નથી. છતાં જૈન સંગઠીત ન હોવાથી સંપુર્ણ મતદાન કરતા ન હોવાથી તેમજ સક્રિય રાજકારણમાં ન હોવાથી જૈનો વધુમાં વધુ અન્યાય સહન કરી રહ્યા હોવાનું લોકોમાં કહેવાય છે. જૈનોએ પોતાનો ઉમેદવાર જીતી શકે તે રીતે સંગઠીત બની રહેઠાણો ઉભાં કરવા જોઈએ, જેથી તેમના મતો વહેંચાઈ ન જાય. યોગ્યતા આવડત જોઈ પોતાનો પ્રતિનિધિ ઉમેદવાર એક જ ઉભો રહે અને જૈનોના મતો બે ઉમેદવારોમાં વહેંચાઈ ન જાય તેની કાળજી રખાય.

— પ્રવીણભાઈ મહેતા (અમરેલીવાળા)

શ્રી તીર્થસ્થાનોમાં ભાતાની વ્યવસ્થામાં સમયાનુસારે પરિવર્તન કરવું ઉચિત છે

આજે તીર્થસ્થાનોમાં જે ભાતાખાતાની યોજના ચાલી રહી છે તેમાં પૈસા લખાવે છે. એમાં કોઈ જગ્યાએ ભાતુ આપે છે અને કોઈ જગ્યાએ અવ્યવસ્થા કારણે ન પણ આપતું હોય. અમે જોયું કે નાગેશ્વર તીર્થમાં આવનાર યાત્રાળુઓને જે ભાતુ અપાય છે તે આજના હિસાબે સરસ પદ્ધતિ છે, અને તે સહુ કોઈએ અમુક તીર્થો સિવાય સર્વ તીર્થોમાં અપનાવવા જેવી છે.

ત્યાં સવારે નવકારશીના ટાઈમે ચા, દુધ, તાજો નાસ્તો દરરોજ અલગ અલગ અપાય છે એમાં સુકો અને નરમ જેમ કે:– સેવ, ગાંઠીયા, ખાખરા, લાડુ, ઉપમા, શીરો, પુરી, ભજીયા આદિ એ પણ વગર ચાર્જે, ત્યાં ભોજનની કાયમી તિથી રૂા. ૧૦૦૧) અને નાશ્તા ભાતાની તિથી રૂા. ૫૦૧) રાખવામાં આવી છે. જેમાં ભાતાની યોજના રૂપે આજે નાસ્તાની વ્યવસ્થા આ તીર્થની એક અનુકરણીય યોજના છે.

વર્તમાનમાં આજે યાત્રાળુઓ તીર્થસ્થાનોમાં જઈને સવાર થતાં જ બહારથી હોટલનું ચા, દુધ અને નાશ્તો લેવા જાય છે. તેમાં અનેક દોષો સેવાય છે જેવા કે :– અભ્યણા, અશુદ્ધ, અસાત્વિક, મોંઘુ અને એ પણ લાવતા બહુ તકલીફ પડે છે. ક્યાંક એ મળે ન મળે પાણું લાવીને હાથે કરવું વિગેરે. આવી પરિસ્થિતિમાં આ તીર્થની ભાતાની યોજના અમલ કરવી ઉચિત છે. જેમાં ઘણાં દોષોથી બચાય છે અને અમાં મુખ્ય ત્રણ લાભ રહેલા છે.

(૧) ભાતાની કાયમી તિથી લખાવનારને સાધર્મિક ભક્તિના અપૂર્વ લાભ
(૨) જયણાયુક્ત શુદ્ધ તાજું અને સોંઘુ.
(૩) કોઈ યાત્રાળુ નવકારશી નહીં કરતો હોય તો એ પણ કદાચ કરી લે.

ઉપરની યોજના શ્રી સિદ્ધગિરીજી, સમ્મેતશિખરજી અને ગિરનારજી જેવા તીર્થો છોડીને સમસ્ત ચતુર્વિધ સંઘને તેમજ સકળ તીર્થોના વ્યવસ્થાપકોને નમ્ર નિવેદન છે કે આ સુંદર, શુદ્ધ અને નિઃશુલ્ક યોજના ચાલુ કરે. મારા ખ્યાલથી જે તીર્થમાં ભોજનશાળાની કાયમી તિથીનો નકરો હોય એમાંથી અડધો નકરો ભાતાની કાયમી તીથીનો રાખવામાં આવે તો વાંધો નહીં.

— શા. ભુરમલ વીરચંદજી "પ્રાગવાટ"-કૈલાશનગર

છાપકામ સુઘડ મુદ્રણકાર્ય માટે

આપ આપની પેઢી, ઓફીસ, સંસ્થા, મંડળ, વગેરેનું છાપકામ, બુકવર્ક, અહેવાલ, રસીદબુક, વાઉચરબુક, આમંત્રણ પત્રીકા, લગ્નપત્રીકા, મહોત્સવ પત્રીકા તેમજ દરેક જાતના છાપકામ માટે લખો.

શ્રી જૈન પ્રિન્ટરી

દાણાપીઠ, પો.બો. નં. ૧૭૫, ભાવનગર–૩૬૪૦૦૧.

મુખમાંથી નીકળતા વચનો ક્યારે ક્યારે ઊંધા પડી જાય છે. માટે વચન બોલતા ખ્યાલ રાખવાની ઘણી જ આવશ્યકતા છે.

(અનુસંધાન પેજ ૧૨નું ચાલુ)

પુ○ શ્રી મૃગાવતીશ્રીજી મહારાજની વ્યવહારકુશળતા, સમયજ્ઞતા અને પ્રભાવશીલતા અને ભક્તિપરાયણતાને લીધે આ કાર્ય માટે આશરે એંશી લાખની રકમોના વચન મળી ચુકયા છે. સારી મોટી રકમ દાતાઓને આપવાનું સરળ પડે તે ભાવનાથી પુ○ આચાર્યશ્રીના ૮૪ વર્ષનું આયુષ્ય લક્ષમાં રાખીને ૮૪ માસના હપ્તાથી ભરવાનો વ્યવહારૂ માર્ગ સુચવેલ છે, જે તેઓશ્રીની વ્યવહારદક્ષતા અને દુરગામી દષ્ટિનું સુચન કરી એમના પ્રત્યેના આદરભાવમાં વધારો કરે છે નિર્માણ પંથે આગળ વધી રહેલ આ સ્મારક માટે પુ○ શ્રી મૃગાવતીશ્રીજી મહારાજ, શિષ્ય-રત્નો પુ○ શ્રી સુજ્યેષ્ઠાશ્રીજી મહારાજ, પુ○ શ્રી સુવ્રતાશ્રીજી મહારાજ, પુ○ શ્રી સુયશાશ્રીજી મહારાજ અને પુ○ શ્રી સુપ્રજ્ઞાશ્રીજી મહારાજ સતત પ્રયત્નશીલ છે.

ઉત્તર ભારતનું એક અદ્વિતિય દર્શન સ્થળ બનવા સાથે યુગવીર આચાર્યશ્રીના લોકોપકારક જીવનને અનુરૂપ જૈન ધર્મદર્શનના અભ્યાસ અને સંશોધનકેન્દ્ર, પ્રાકૃત-સંસ્કૃત વિદ્યાપીઠ, ભારતીય ધર્મ દર્શન અંગે તુલનાત્મક અભ્યાસ કેન્દ્ર, જૈન અને સમકાલીન સ્થાપત્યનું કલા સંગ્રહાલય, યોગ અને ધ્યાનનું સાધનાકેન્દ્ર, જનઉપયોગી સાહિત્ય નિર્માણ અને પ્રકાશન, પુરાતન સાહિત્યની સુરક્ષા, પ્રાકૃતિક ચિકિત્સા પર સંશોધન, મહિલા ઉપયોગી પ્રવૃત્તિઓ, વૈદકીય રાહત વગેરે અનેક કાર્યવાહીનું અખિલ ભારતીય સ્તરે આ સ્થળ મહત્વનું કેન્દ્ર બનશે. વંદનીય સાધુ-સાધ્વીજી મહારાજોના સ્વાધ્યાય અને વિશિષ્ટ અભ્યાસ માટે સુવિધા રહેશે. એકંદરે વલ્લભસ્મારક યુવા પેઢીની આકાંક્ષાઓનું સાચું પ્રતિક બની રહેશે. આ સર્વે પ્રવૃત્તિઓ તબક્કાવાર હાથ ધરાશે.

કલાત્મક જિનપ્રાસાદનો શિલાન્યાસ તા. ૨૧-૪-૧૯૮૧ના રોજ ઉદારદિલ ગુરુભક્ત અને ઉદ્યોગપતિ શ્રેષ્ઠીવર્ય ભોગીલાલ લેહેરચંદના પરિવારના વરદ હસ્તે થયેલ છે. જિનપ્રાસાદ અને સ્મારકભવનના નિર્માણ માટે આશરે અઢી કરોડનો ખર્ચ અંદાજવામાં આવેલ છે. જિનપ્રસાદ અને સ્મારકભવનનું નિર્માણ કાર્ય શરૂ થઈ ગયું છે. આ વર્ષમાં બાંધકામ માટે ત્રીસ લાખના ખર્ચની સંભાવના છે.

આ સ્મારક સ્થળે તા. ૧૦-૫-૧૯૮૪ના રોજ જાણીતા ઉદ્યોગપતિ અને ગુરુભક્ત શ્રી પ્રતાપભાઈ ભોગીલાલે "શ્રી ભોગીલાલ લેહેરચંદ જૈન એકેડેમી ઓફ ઈન્ડોલોજિકલ સ્ટડીઝ" નું ઉદ્દઘાટન કરેલ છે. તે ઉપરાંત તે જ દિવસે અતિથિગૃહ અને ભોજનશાળાનું ઉદ્દઘાટન ગુરુભક્ત શ્રી તિલકચંદ શશીકાન્તભાઈએ કરેલ છે. આ સર્વે પાવન પ્રસંગોએ સુવિખ્યાત ધર્મપરાયણ વૈજ્ઞાનિક ડૉ○ દોલતસિંહ કોઠારી અધ્યક્ષસ્થાને હતા.

આ સ્મારકના પટાંગણમાં ગચ્છાધિપતિ પરમાર ક્ષત્રિયોદ્ધારક શ્રી શ્રી ૧૦૦૮ શ્રીમદ્ વિજયઈન્દ્રદિન્નસુરીશ્વરજી મહારાજના આશીર્વાદ તથા પુ શ્રી મૃગાવતીશ્રીજી મહારાજની પ્રેરણાથી માતાશ્રી પદ્માવતીદેવીના નુતન મંદિરનો પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૧૧-૫-૧૯૮૪ ના રોજ થયેલ છે. આ પ્રતિષ્ઠા પરમ ગુરુભક્ત શ્રીમાન શાંતિલાલ જૈન (મે. મોતીલાલ બનારસીદાસ)ના શુભ હસ્તે થઈ છે.

શ્રી આત્માનંદ જૈન મહાસભા દ્વારા પાકિસ્તાન, પંજાબ અને હરિયાણાના ભંડારના હસ્તલિખિત અને મુદ્રિત ગ્રંથો (જેમાં ૬૦૦૦ હસ્તલિખિત પ્રતોનો સમાવેશ છે; વિજયવલ્લભ જૈન પ્રાચ્ય પુસ્તકાલયને મળેલ છે.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયના સૌજન્યથી મુંબઈમાં શાખા કાર્યાલય શરૂ કરેલ છે.

સુર્યચંદ્ર સમાન સૌ જીવોના વિશ્વવત્સલ સંત દરેક પ્રદેશ સાથે હિતકારી આત્મીયતા હતી. આ રીતે આ કાર્યવાહી આચાર્યશ્રી વિજયવલ્લભસુરીશ્વરજી મહારાજનું માત્ર સ્મારક ન બની રહેતાં જૈન સંસ્કૃતિનું પ્રેરક બળ બની રહે તે માટે દરેક પ્રાંતના સંસ્કૃતિ પ્રેમીઓનો સાથ અને સહકાર મળી રહેલ છે. તેના પરિણામરૂપ આ સ્મારકના ટ્રસ્ટીઓ દરેક પ્રાંતનું પ્રતિનિધિત્વ ધરાવે છે શ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈ લાલભાઈ, શ્રી જે. આર. શાહ, શ્રી દીપચંદભાઈ એસ. ગાર્ડી અને શ્રી માણેકચંદ બેતાલા જેવા કર્તવ્યપરાયણ કાર્યકરો આ ટ્રસ્ટના સંરક્ષક છે.

આ સ્મારક પાછળ જે કોઈ નામી અનામી સ્વપ્નદૃષ્ટાઓએ સ્વપ્ન સર્જાવ્યુ છે તેને સાકાર કરવાની જવાબદારી માત્ર ગુરુભક્તોની નહિ પણ સમગ્ર સમાજની છે. રાષ્ટ્રીય સ્તરે થતું આ લોકોપયોગી સ્મારક જૈન ધર્મ અને સંસ્કારનું પ્રતીક બનશે એટલે સ્મારકની જવાબદારીમાં આપ સૌને સહભાગી થઈ યથોચિત સાથ સહકાર આપવા અમે નમ્ર ભાવે વિનંતી કરીએ છીએ.

: નિવેદક :

સંરક્ષકો : શ્રેણિકભાઈ કસ્તુરભાઈ, જે. આર. શાહ,
દીપચંદ એસ. ગાર્ડી, માણેકચંદ બેતાલા, મદ્રાસ
આજીવન ટ્રસ્ટી : ખરાયતીલાલ જૈન, રામલાલ જૈન
મુંબઈના ટ્રસ્ટી : વસનજી લખમશી, ધીરજલાલ મોહનલાલ શાહ
ઉમેદમલ જૈન, શૈલેશ હિંમતલાલ કોઠારી,
માણેકલાલ સવાણી, હીરાલાલ જુહારમલ,
જાવન્તરાજ રાંકા

અધ્યક્ષ : રતનચંદ જૈન
ઉપાધ્યક્ષ : પ્રતાપ ભોગીલાલ
મંત્રીઓ : રાજકુમાર જૈન, કાન્તિલાલ ડી. કોરા

પત્ર વહેવાર-સંપર્કનું સરનામું :-
શ્રી આત્મવલ્લભ જૈન સ્મારક શિક્ષણ નિધિ
દિલ્હી : ૨/૮૮ રૂપનગર, દિલ્હી-૧૧૦ ૦૦૭
મુંબઈ : C/o શ્રી મહાવીર જૈન વિદ્યાલય
ઓગસ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઈ ૪૦૦ ૦૩૬

શબ્દ કરતા મૌનની તાકાત કંઈ ગુણી છે. જો ઉપયોગ કરતા આવડે તો.

હસ્તિનાપુરમાં ઉજવાયેલ શાનદાર ચાતુર્માસ

પૂજ્ય આચાર્યશ્રી વિજયઇન્દ્રદિન્નસૂરીશ્વરજી મ. સા. આદિની શુભ નિશ્રામાં હસ્તિનાપુર (જિ. મેરઠ, યુ. પી.)માં ઉજવાયેલ યાદગાર ચાતુર્માસ, વિવિધ આરાધનાઓ, કાર્યક્રમો તથા ઉત્સવોની શાનદાર ઉજવણી—દિલ્લી તરફ વિહાર.

પંજાબ કેસરી, યુગવીર આ. શ્રીમદ્ વિજયવલ્લભસુરીશ્વરજી મ. સા. ના પટ્ટધર પરમાર ક્ષત્રિયોદ્ધારક આ. શ્રીમદ્ વિજયઇન્દ્રદિન્નસુરીશ્વરજી મ. સા. ની પાવન નિશ્રામાં પર્યુષણ પર્વની આરાધનાઓ સુંદર રીતે થઇ. પર્યુષણ પર્વ દરમ્યાન પ્રથમ ત્રણ દિવસ અષ્ટાહ્નિકા વ્યાખ્યાન શ્રવણ કરાયું. ત્યારબાદ કલ્પસુત્ર વાંચનનો પ્રારંભ થયો. કલ્પસુત્ર વહોરાવવાનો લાભ રઘુવીર જૈને લીધો. ભગવાન મહાવીર વાચન. ચૌદ સ્વપ્નોની બોલી, બારસાસુત્ર, સંવત્સરી પ્રતિક્રમણ ઘણાં ઉત્સાહપુર્વક થયા. આ પાવન પર્વ પર્યુષણ પ્રસંગે જુદા જુદા રાજ્યોમાંથી અનેક ભાવિકો પધાર્યા.

પર્યુષણ દરમ્યાન ૧૯, ૧૩, ૧૧, ૯ અને અઠ્ઠાઈ તપની ભવ્ય આરાધના સારી એવી સંખ્યામાં થઇ. આ તપસ્વીઓનો ભવ્ય વરઘોડો નીકળ્યો હતો. સંક્રાંતિ કાર્યક્રમનો પ્રારંભ આચાર્યશ્રીએ મંગલાચરણના કાર્યક્રમથી શરૂઆત કરી. ત્યારબાદ તપસ્વીઓની માળાનો કાર્યક્રમ થયો. પુજ્યશ્રીએ ઉપધાન તપ અંગે સુંદર વ્યાખ્યાન આપ્યું. પુજ્ય ગણિવર્યશ્રી જગત્ચંદ્રવિજયજીએ પણ આ પ્રસંગે ભકિતભાવભર્યું પ્રવચન આપ્યું. તેમજ મુનિશ્રી વિરેન્દ્રવિજયજીએ સંક્રાંતિસ્તોત્ર સંભળાવ્યું. ત્યારબાદ લાલા રઘુવીર કુમારે સંક્રાંતિ ભજન ગાયું અને મહાપુરુષ ચરિત્ર નામની પુસ્તિકાનું વિમોચન કર્યું. સાથે સાથે સ્વામિવાત્સલ્યનો લાભ પણ તેમણે લીધો.

પંજાબ કેસરી ગુરુદેવની પુણ્યતિથિ :

પરમ ઉપકારી, પંજાબ કેસરી આ. શ્રી વિજયવલ્લભસુરિજી મ. સા. ની સ્વર્ગવાસ તિથિ તા. ૬-૧૦-૮૮ના રોજ આયંબિલતપ અને ગુણાનુવાદ સભા સાથે ઉજવવામાં આવી.

ક્ષમાપના, સંક્રાંતિ અને નવપદ ઓળી આરાધના :

તા. ૧૬-૧૦-૮૮ના ક્ષમાપના સંક્રાંતિરૂપે મનાવવામાં આવ્યો નવપદ આરાધના સામુહિક રીતે કરાઈ. આ નવ દિવસો દરમ્યાન શ્રીપાલરાજાનો રાસ તથા આયંબિલતપની વિધિપુર્વક આરાધના કરાઈ.

વર્તમાન ગચ્છાધિપતિ પૂ૦ ગુરુદેવનો જન્મ દિવસ :

પુ. આચાર્યદેવશ્રી વિજયઈન્દ્રદિન્નસુરીશ્વરજી મ. સા. ના ૬૫માં જન્મ દિવસ કાર્તિક વદ ૯ તા. ૩-૧૧-૮૮ ગુરુવારના રોજ ધામધુમપુર્વક મનાવવામાં આવ્યો. જેમાં પ્રત્યેક સંઘોને આમંત્રિત કરવામાં આવેલ.

ઉપધાન તપ : પુજ્યશ્રીની નિશ્રામાં તા. ૭-૧૦-૮૮ થી તા. ૬-૧૨-૮૮ સુધી અઢાર દિવસની ઉપધાનતપની આરાધના કરાવવામાં આવી જેમાં ચાતુર્માસ પ્રારંભે જે મહાનુભાવો આ આરાધનામાં ન જોડઈ શકયા તેઓએ પણ લાભ લીધો.

દિવાળી આરાધના : દિવાળીના શુભ દિવસે ભ. મહાવીર સ્વામી નિર્વાણ અને અનંતલબ્ધિ નિર્વાણ ગુરુ ગૌતમસ્વામીના કેવળ જ્ઞાનની આરાધના તથા માંગલીક, નવસ્મરણ અને ગૌતમસ્વામીના રાસનો કાર્યક્રમ ઉજવાયો.

ચાલુ વર્ષે કાર્તકી મેલા વાર્ષીક ઉત્સવ પુ૦ આ૦ શ્રીની નિશ્રામાં ગત તા. ૨૧ થી ૨૩ નવેમ્બરના ધામધુમ અને ઉત્સવ પુર્વક ઉજવાયો. કાર્તકી પુનમના શુભ દિવસે પાવન તીર્થની યાત્રા અર્થે મોટી સંખ્યામાં ભાવિકોએ પધારી સુંદર લાભ લીધો.

આમ સમગ્ર ચાતુર્માસ પુજ્ય આચાર્યશ્રી આદિ મુનિ ભગવંતોની શુભ નિશ્રામાં આરાધના, વિવિધ કાર્યક્રમો, પ્રેરક વ્યાખ્યાનો, ઉત્સવો, સ્વામિવાત્સલ્યો અને જીવદયાની સારી એવી ટીપ દ્વારા પુર્ણ કરી પુજ્યશ્રી આદિએ દિલ્હી તરફ વિહાર કર્યો. પુજ્યશ્રીની નિશ્રામાં આત્મવલ્લભ સ્મારક શિક્ષણ નિધી દ્વારા તૈયાર થયેલ શ્રી આત્મવલ્લભ સંસ્કૃતિ મંદિરની અંજનશલાકા અને પ્રતિષ્ઠા મહોત્સવ તા. ?૧ ફેબ્રુઆરીથી ભારે ઉત્સાહ અને ઉલ્લાસપુર્વક યોજાનાર છે. તેમજ પુજ્યશ્રીની નિશ્રામાં જ શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સનું ૨૫મું અધિવેશન ભરાશે.

ધોળકાથી પાલીતાણા : પુ૦ મુનિશ્રી હેમરત્નવિજયજી મ૦સા૦ આદિ કલિકુંડ તીર્થ-ધોળકાથી વિહાર કરી પાલીતાણા પધારશે. કીર્તિધામ-પીપરલાથી મુંબઈ નિવાસી મણીબેન ભાયચંદ પરિવાર આયોજિત છ'રીપાલિત સંઘ સાથે મહા સુદ-૫ના પાલીતાણાનગર પ્રવેશ કરશે. ચઉવિહાર છઠ સાથે સાત યાત્રાનો સમુહ કાર્યક્રમ તથા મ. શુ. ૧૦ના દાદાને ૧૮ અભિષેક તથા ધ્વજદંડોની પ્રતિષ્ઠા પ્રસંગે પુજ્યશ્રી ઉપસ્થિત રહેશે.

દહેરાસર માટે પવિત્ર

卐 કાશ્મીરનું નવી ફસલનું અસલી કેશર 卐

જિનમંદિરો માટે કાશ્મીરના ભાવ પર દેરૂ બેઠાં તાજું કેશર મંગાવો ! થોકબંધ માલ માટે ભાવ તથા નમુનો મંગાવો !

卐 પ્રેમચંદ એન્ડ કું. 卐

ઠે, રામમુન્શી બાગ, શ્રીનગર—૧૯૦૦૦૪ (કાશ્મીર)

તમારૂં પોતાનુ કલ્યાણ ઇચ્છતા હો તો તમે તમારૂં સંભાળો.

પ્રતિનિધિઓની ચૂંટણી વગેરે અંગે ખાસ સૂચનાઓ

પ્રતિનિધિ : (ડેલીગેટ) ચુંટતી વખતે કોન્ફરન્સના બંધારણના નિયમો તરફ સૌએ જરૂર લક્ષ આપવું ઘટે છે.

૧. **સદસ્ય :** ૧૮ વર્ષથી વધારે ઉંમરવાળા શ્વેતામ્બર મુર્તિપુજક (પુરૂષ યા સ્ત્રી) પ્રતિનિધિ બની શકે છે.

૨. **પ્રતિનિધિઓના અધિકાર :** (ક) સંસ્થાના પેટ્રન તથા આજીવન સભ્ય સંસ્થાના દરેક અધિવેશનમાં પ્રતિનિધિ તરીકે રહી શકશે.

(ખ) અધિવેશનના ૭ માસ પહેલા રજિસ્ટર કરેલા સાધારણ સભ્યો પ્રત્યેક ૨૦ સભ્યો દીઠ રૂ. ૧૧ના ધોરણે અધિવેશન માટે પ્રતિનિધિ ચુંટી શકશે.

(ગ) ઉપરના (ક) તથા (ખ)માં જણાવ્યા મુજબ દરેક પ્રતિનિધિને સભ્યપદનું લવાજમ આપવું પડશે.

૩. **પ્રતિનિધિ :** સંસ્થાના અધિવેશનમાં નીચેના નિયમાનુસાર પ્રતિનિધિ હાજર રહીને પોતાનો મત આપી શકશે.

(૧) નિયમ (૨) અનુસાર સંસ્થાના પ્રથમ શ્રેણીના (પેટ્રન તથા આજીવન) સભ્ય તથા સાધારણ સભ્યો મારફત ચુંટાયેલા પ્રતિનિધિ.

(૨) કોઈ પણ શહેર અથવા ગામના સંઘ, સંસ્થા, મંડળ અઢાર વર્ષથી મોટી ઉંમરવાળા શ્વેતામ્બર મુર્તિપુજક જૈનને ચુંટીને મોકલે તે.

(૩) સ્વાગત સમિતિના દરેક સભ્ય.

(૪) સંસ્થાના ભુતપુર્વ અધિવેશનના પ્રમુખો અને ચાલુ ઉપપ્રમુખો, મુખ્ય મંત્રીઓ, કોષાધ્યક્ષ

(૫) સંસ્થાની કાર્યવાહી સમિતિ (મેનેજિંગ કમિટિ)ના ચાલુ સભ્યો.

નોંધ : (૧) કાર્યવાહી સમિતિએ નકકી કરેલા ઉપનિયમાનુસાર માન્ય કરેલ કોઈપણ જાહેર, ધાર્મિક અથવા સખાવતી સંસ્થા, સભા યા મંડળ, જેમાં ૨૦ કે તેથી વધારે સભ્યો હોય તથા જૈન શ્વેતામ્બર મુર્તિપુજક સમાજને લાભદાયક હોય તેવા પ્રત્યેક ૨૦ સભ્યો દીઠ ૧ના ધોરણે (પાંચ પ્રતિનિધિથી વધારે નહિ) પ્રતિનિધિ મોકલી શકે છે.

(૨) પ્રતિનિધિ મોકલવા માટે જાહેર સંસ્થાઓ મુખ્ય કાર્યાલયમાં જે વર્ષમાં અધિવેશન હોય તે વર્ષમાં રૂા. ૧૧-૦૦ આપીને અધિવેશન પહેલાં સંસ્થાનું નામ રજિસ્ટર કરાવવાનું રહેશે.

૪. **સંઘનું પ્રતિનિધિ પ્રમાણ :** દરેક સંઘ નીચે મુજબ પ્રતિનિધિઓ ચુંટી શકશે.

કોઈપણ શહેર અથવા ગામનાં સંઘ જ્યાં જૈનોની વસ્તી ૧૦૦ થી ઓછી હોય તે પાંચ પ્રતિનિધિઓ ચુંટી શકશે અને જ્યાં એનાથી વધારે ઘર હોય ત્યાંનો સંઘ ૨૦ ઘર દીઠ ૧ પ્રતિનિધિ ચુંટી શકશે.

૫. **પ્રતિનિધિ લવાજમ ફી :** સ્વાગત સમિતિ સિવાયના પ્રતિનિધિઓના રૂા. ૧૫-૦૦ રાખવામાં આવેલ છે. તેમાંથી રૂા. ૫-૦૦ સંસ્થાના નિર્વાહ ફંડમાં જમાં કરવામાં આવશે.

૬. **પ્રેક્ષક :** સ્વાગત સમિતિને યોગ્ય લાગે તો નિયમાનુસાર અધિવેશનમાં કોઈપણ વ્યક્તિને પ્રેક્ષકના રૂપમાં હાજર રાખી શકશે. પરંતુ પ્રેક્ષકને મત દેવાનો અધિકાર નથી. પ્રેક્ષકને નકકી કરેલ લવાજમ ભરવું પડશે.

વિશેષ સૂચના

(૧) પ્રતિનિધિ મહોદય જે ગાડીમાં રવાના થાય તેની ખબર તાર અથવા પત્ર દ્વારા શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ, સ્વાગત સમિતિ દિલ્હીને અગાઉથી જાણ કરવી.

(૨) બહારગામથી આવનાર ડેલીગેટોએ (પ્રતિનિધિઓ) પોતાનો બિસ્તર (બેડિંગ) વગેરે પુરતી સંખ્યામાં સાથે લાવવા.

(૩) ડેલીગેટના પ્રવેશપત્ર દિલ્હીમાં આવ્યાથી મળી શકશે.

(૪) મુસાફરી માટે દિલ્હી જવા-આવવાનું રિઝર્વેશન અગાઉથી કરાવી લેવું જરૂરી છે.

॥ ॐ अर्हं नमः ॥

અખિલ ભારતીય જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ ૨૫મું રજત મહોત્સવ અધિવેશન અને શ્રી વિજયવલ્લભ સ્મારક (દિલ્હી) પ્રતિષ્ઠા મહોત્સવ આમંત્રણ પત્રિકા

સવિનય નિવેદન કે અખિલ ભારતીય શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સનું ૨૫મું-રજત મહોત્સવ અધિવેશન દિલ્હીમાં તા. ૮ ૯-૧૦ ફેબ્રુઆરી ૧૯૮૯ના (સંવત ૨૦૪૫, મહા સુદ ૩-૪-૫) બુધવાર, ગુરૂવાર, શુક્રવારના દિવસોએ સુપ્રસિદ્ધ સમાજસેવક, દાનવીર શ્રી દીપચંદભાઈ એસ. ગાર્ડીના (બાર-એટ-લૉ) ના પ્રમુખસ્થાને મળશે. અધિવેશનનું ઉદ્દઘાટન મે. ઓસવાલ એગ્રો મિલ્સવાળા જાણીતાં ઉદ્યોગપતિ શ્રી અભયરાજ ઓસવાલના શુભ હસ્તે કરવામાં આવશે.

મુખ્ય મહેમાન તરીકે શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખ શ્રેષ્ઠિવર્ય શ્રેણિકભાઈ કસ્તુરભાઈ તથા ડૉ. એલ. એમ સિંઘવી પધારશે

વિશેષમાં જણાવતા આનંદ થાય છે કે, યુગવીર પંજાબ કેસરી આચાર્ય શ્રી વિજયવલ્લભસુરીશ્વરજી મહારાજની કૃપાદૃષ્ટિ હંમેશને માટે મેળવવાને કોન્ફરન્સ સંસ્થા ભાગ્યશાળી થઈ હતી, તે સદગતની સ્મૃતિમાં ભારતની રાજધાની દિલ્હીમાં આંતરરાષ્ટ્રિય સ્તરે નિર્માણ પામેલા શ્રી આત્મવલ્લભ સંસ્કૃતિ મંદિર (વિજયવલ્લભ સ્મારક)ના પ્રાંગણમાં ભગવાન શ્રી વાસુપુજ્યસ્વામી જિનાલયમાં ચતુર્મુખ જિનબિંબોની અંજનશલાકા અને પ્રતિષ્ઠા તથા મુખ્ય પ્રાસાદમાં યુગદૃષ્ટા આચાર્યશ્રી વિજયવલ્લભ સુરીશ્વરજી મ સા. ની ગુરૂપ્રતિમાની સ્થાપના નિમિત્તે એક ભવ્ય મહોત્સવ ગચ્છાધિપતિ પુજ્ય આચાર્ય શ્રી વિજય ઈન્દ્રદિન્ન સુરીશ્વરજી મ. સા. આદિની પાવન નિશ્રામાં તા. ૧ ફેબ્રુઆરી થી ૧૧ ફેબ્રુઆરી ૧૯૮૯ દરમિયાન યોજાયેલ છે.

આ વિશાળ સમાજોપયોગી "વલ્લભ સ્મારક" નો શિલાન્યાસ નવ વર્ષ પહેલા થયેલ, તે પ્રસંગે શ્રી આત્મવલ્લભ પરંપરાના ગચ્છાધિપતિ પુજ્ય આચાર્ય શ્રી વિજય સમુદ્રસુરીશ્વરજી મ. ના આજ્ઞાનુવર્તી સ્વ. મહત્તરા સાધ્વીજી મૃગાવતીશ્રીજી મહારાજની શુભ નિશ્રામાં કોન્ફરન્સનું ૨૪મું અધિવેશન મળ્યા બાદ યોગાનુયોગ એ સ્થાને યુગવીર આચાર્યશ્રીના પટ્ટધર પુજ્ય આચાર્ય શ્રી વિજયઈન્દ્રદિન્નસુરીશ્વરજી મ. ની શુભ નિશ્રામાં ૨૫મું (રજત મહોત્સવ) અધિવેશન ભરવા ભાગ્યશાળી થયા છીએ. આ શુભ પ્રસંગોમાં એકસો ઉપરાંત સાધુ-સાધ્વીજી મહારાજોની ઉપસ્થિતિ પ્રાપ્ત થનાર છે.

સમસ્ત ભારતના શ્વેતામ્બર મુર્તિપુજક જૈન સમાજના સમગ્ર હિતને સ્પર્શતા પ્રશ્નોનું અવલોકન કરવા સાથે વ્યવહારિક નિર્ણયો આ અધિવેશનમાં કરવામાં આવશે.

ઐતિહાસીક આ અધિવેશનમાં (૨૫માં રજત મહોત્સવ) તથા પ્રતિષ્ઠાદિ આદિ મહોત્સવમાં અવશ્ય પધારવા આગ્રહપુર્વક વિનંતી છે.

સ્થાનિક સંઘ, મંડળ અથવા સંસ્થાની સભા બોલાવીને નિયમાનુસાર પ્રતિનિધિઓના નામો સાથેના ફોર્મમાં ભરીને મુંબઈના કાર્યાલય ઉપર તા. ૧૫-૧-૮૯ પહેલા (તરત જ) મોકલી આપવા વિનંતી છે. અમને ખાતરી છે કે આપના સંઘ તથા અન્ય સ્થળોએથી આપ શારી સંખ્યામાં પ્રતિનિધિઓ (ડેલીગેટો) ઉપસ્થિત રહી સેવાના કાર્યને યશસ્વી બનાવશો.

નોંધ :- સંસ્થાના પ્રતિનિધિઓ વિષય વિચારણીય સમિતિમાં જે ઠરાવો રજુ કરવા ઈચ્છતા હોય તે ઠરાવોનો ખરડો મુંબઈના સરનામે તા. ૧૫-૧-૮૯ પહેલા મોકલી આપવા વિનંતી છે. તે પછી આવેલા ઠરાવો વિષય વિચારણીય સમિતિમાં રજુ કરવા દેવામાં આવશે નહિ.

પ્રત્યુત્તર તુરત મોકલવા વિનંતી છે. અધિવેશનમાં આપ ઉપસ્થિત ન રહી શકો તો આપનો સંદેશો અવશ્ય મોકલશો.

લિ. સંઘ સેવકો,

રામલાલ જૈન
પ્રમુખ, સ્વાગત સમિતિ

શ્રીપાલજી જૈન-લુધિયાણા
સુખચેનલાલ જૈન-દિલ્હી
રાજકુમારજી જૈન-ફરિદાબાદ
વી. સી. જૈન-દિલ્હી
ઉપપ્રમુખો, સ્વાગત સમિતિ

રાજકુમાર કે. જૈન
સિકંદરલાલ જૈન-એડવોકેટ
કાન્તિલાલ ડી. કોરા
જયંતભાઈ એમ. શાહ
મંત્રીઓ, સ્વાગત સમિતિ

મનોહરલાલ જૈન દિલ્હી
સુદર્શનલાલ જૈન-દિલ્હી
કોષાધ્યક્ષ, સ્વાગત સમિતિ

મુખ્ય કાર્યાલય :-
અ. ભા. જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ
ગોડીજી બિલ્ડીંગ, ૨જે માળે,
૨૧૯/A કીકા સ્ટ્રીટ, મું-૪૦૦૦૦૨.
ફોન : ૮૫૧ ૩૨ ૭૩
તાર : HINDSANGHA
BOMBAY-400002

અધિવેશન અને પ્રતિષ્ઠા સ્થળ :
શ્રી આત્મવલ્લભ સંસ્કૃતિ મંદિર,
૨૦, કે. એમ. જી. ટી. કરનાલ રોડ,
દિલ્હી-૧૧૦૦૦૬ (ઈન્ડિયા) તાર : SHODHPEETH-DELHI-110007

Regd No. G. BV. 20
JAIN OFFICE : P. Box No. 175
BHAVNAGAR-364001 (Gujarat)
Tele. O. : C/o 29919 R. 25869

જૈન

આજીવન સભ્ય ફી : રૂા. ૫૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૫૦/-
જાહેરાત એક પેજના : રૂા. ૭૦૦/-
[illegible]

તંત્રી : ગુલાબચંદ દેવચંદ શેઠ
તંત્રી–મુદ્રક–પ્રકાશક :
મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
જૈન ઓફીસ, પો.બો. નં. ૧૭૫, દાણાપીઠ, ભાવનગર.

'જૈન' વર્ષ ૮૬
અંક : ૩–૪

વીર સં. ૨૫૧૫ : વિ.સં. ૨૦૪૫ પોષ સુદ ૧૪
તા. ૨૦ જાન્યુઆરી ૧૯૮૯ શુક્રવાર
મુદ્રણ સ્થાન : શ્રી જૈન પ્રિન્ટરી
દાણાપીઠ પાછળ, ભાવનગર-૩૬૪ ૦૦૧

સમય થોડો- કામ ઘણું

આપણી અખિલ ભારતીય જૈન શ્વેતાંબર કોન્ફરન્સનું ૨૫મું અધિવેશન રાજધાની દિલ્હી ખાતે તા. ૮–૯–૧૦ ફેબ્રુઆરી–૧૯૮૯ના ત્રણ દિવસ માટે ભરાનાર છે.

આ અધિવેશન પરમપૂજ્ય આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મ૦સા૦ના સ્મારક જે દિલ્હીમાં શ્રી આતમ–વલ્લભ જૈન સ્મારક શિક્ષણ નિધી દ્વારા તૈયાર થયેલ છે તેની અંજનશલાકા અને પ્રતિષ્ઠા મહોત્સવ ૧ ફેબ્રુઆરીથી ૧૧ ફેબ્રુઆરી સુધી યોજાયેલ છે. તે દરમ્યાન જ આ કોન્ફરન્સનું ૨૫મું અધિવેશન ભરાવાની સત્તાવાર જાહેરાત થઇ ચુકી છે. અને તેના પ્રમુખશ્રી તરીકે ફરી ત્રીજીવાર પણ શ્રીયુત દીપચંદભાઇ સવરાજ ગાર્ડી (બારએટ–લૉ) પ્રમુખ તરીકે લોકલાગણીને માન આપી વર્ણી પામ્યા છે. ત્યારે હવે આ અધિવેશન વ્યવસ્થિત યોજાય અને તે માટેની જરૂરી વ્યવસ્થા સમયસર થઇ શકે એ માટનાં દરેક કાર્યવાહી, કમિટીઓ આદિની રચના, પ્રવાસ વગેરે પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હશે ! તે આનંદ છે.

અધિવેશન ભરવાનો નિર્ણય લીધા બાદ એ માટેની જે તારીખો નક્કી કરવામાં આવી છે, અને એ તારીખો પ્રમાણે આપણા હાથમાં જેટલો સમય રહે છે, એ જોતાં આવા અધિવેશનની પૂર્વ તૈયારીઓ માટે એ સમય ઘણો જ ઓછો લેખાય એમ અમને ચોક્કસ લાગે છે. કોન્ફરન્સના જે જવાબદાર કાર્યકરોએ આટલી ઓછી સમય સર્માદામાં કોન્ફરન્સનું અધિવેશન સફળતાપૂર્વક ભરવાની બધી તૈયારીઓ પુરી કરવાનું બીડું ઝડપીને જે જવાબદારી ઉઠાવવાની હામ ભીડી છે તે આપણને કે કોઇપણ વિચારક કાર્યકર્તાને વિચાર કરતા કરી મૂકે એવી છે. એક રીતે કહીએ તો એમણે આ એક જબરૂં સાહસ કર્યું છે; એમનું આ સાહસ દુઃસાહસ સાબિત ન થાય, અને તેઓ પોતે ઉપાડેલ અસાધારણ જવાબદારીમાંથી સફળતાપૂર્વક પાર ઊતરે એ માટે આપણે પ્રાર્થના કરવી જોઇએ. તેમજ એમના પ્રયત્નો ઉદાસીનતાપૂર્વક નિહાળ્યા કરવા કરતાં એમાં આપણો પૂરેપુરો સક્રિય સાથ અને સહકાર આપવો જોઇએ. કોઇને એમનું આ પગલું વધુ ઝડપી લાગે, કોઇને વધારે પડતી જવાબદારી પોતાને શિરે ઉઠાવવા જેવું લાગે કે કોઇને સમજણ વગરનું સાહસ ખેડવા જેવું લાગે; એ ગમે તેમ હોય, પણ એક પગલું ભરાઇ ચુક્યું છે, અને એ માટે આપણાથી બનતું બધું કરી છૂટવાની આપણી ફરજ છે. એ ફરજના પાલન માટે આપણે પણ કટિબદ્ધ બનીને કામે લાગીએ.

અમે પોતે જ વારંવાર કહ્યા કરતાં હતા અને અંતરથી ઇચ્છતા હતા કે કોન્ફરન્સનું અધિવેશન બોલાવવામાં આવે; આમ છતાં અત્યારે અમારે આ અધિવેશન ભરવાના સમયનો નિર્ણય કરનાર કોન્ફરન્સના જવાબદાર મહાનુભાવોને, તેમજ કદાચ બીજાઓને પણ, સાંભળવી ન ગમે એવી વાત કહેવી પડે છે એનું અમને પોતાને પણ ખૂબ દુઃખ છે. પોતાને પ્રિય એવી સંસ્થા કે એ સંસ્થાના અમારા સ્વજન જેવા કાર્યકરો માટે આવી અણગમતી વાત લખવી એમાં અમે લેશપણ સુખ અનુભવતા નથી. પણ જે પરિસ્થિતિ અમને દીવા જેવી સ્પષ્ટ દેખાય છે, તેને સમયસર સમાજ સમક્ષ તેમજ ખાસ કરીને આ નિર્ણય માટે વિશેષ જવાબદાર સંચાલકો સમક્ષ, અપ્રિય સત્ય ઉચ્ચારવાનો દોષ વહોરીને પણ, રજુ કરવી અમારા માટે અનિવાર્ય બની જાય છે; અને તેથી આ બધું લખવા માટે અમે લાચાર બનીએ છીએ.

અમારે કબૂલ કરવું જોઇએ કે અધિવેશન માટેની બાકી રહેલી સમયમર્યાદાને પૂરતી માની લેવાની અને એને એ રીતે સમજવાની કોશિશ કરવા છતાં અમારા ગળે એ વાત કોઇ રીતે ઊતરતી જ નથી. આપણી સામેનું કામ ખૂબ જંગી છે અને એની સરખામણીમાં આપણા હાથમાં સમય બહુ જ અલ્પ છે-જાણે આપણે વિરાટ અને વામનને સાથે જોતરવાનો પ્રયત્ન આદરી બેઠા છીએ.

અમારે અહીં સ્પષ્ટ કરવું જોઈએ કે અમે જ્યારે અધિવેશનને સફળ બનાવવાની તૈયારી માટે આટલો સમય પૂરતો ન હોવાની ફરિયાદ કરીએ છીએ ત્યારે પ્રતિનિધિઓના ઉતારાની, જમવાની કે અધિવેશન માટેના મંડપની તૈયારીની વાત અમારા મનમાં છે જ નહીં; અને એ માટે તો પાંચ-સાત દિવસ જેટલો સમય પણ ક્યારેક પૂરતો ગણાય. અને તેમાંય દિલ્હી જેવા સ્થાનમાં, આત્માનંદ જૈન સભા જેવી સમર્થ સંસ્થાનો સાથ હોય ત્યારે આવી બધી વ્યવસ્થા માટે વિશેષ ચિંતા કરવાની રહે જ નહીં, અને અલ્પ સમયમાં અને અલ્પ પ્રયાસે પણ એ બધી વ્યવસ્થા સૌ મહેમાનોને પૂરે પૂરો સંતોષ થાય એવી સારામાં સારી થઇ શકે, એમાં જરાય શક નથી. અને ક્યારેક કોઇક વાતની ઊણપ રહી ગઇ હોય તો પણ આવનાર પ્રતિનિધિ બંધુઓમાં એટલી સમજણ તો જરૂર હોય કે એ માટે ફરિયાદ કરવાને બદલે તેઓ મળેલ સગવડમાં સુખ અને આનંદ માનીને અધિવેશનની કાર્યવાહીમાં પોતાનો સક્રિય સહયોગ આપે, અને એ કાર્યવાહીને જ ખરું મહત્વ આપે.

અમે જે તૈયારીની વાત અહીં કરીએ છીએ, અને જેને માટે અમને આટલો સમય ઘણો ઓછો લાગે છે, તે છે સમાજને કોન્ફરન્સના અધિવેશન તરફ આકર્ષવા માટેની અનિવાર્ય પૂર્વ તૈયારી. આ માટે જુદા જુદા ભાગમાં કોન્ફરન્સ મૈયાનો સાદ પહોંચતો કરીને ત્યાંના જૈન-બહેનોમાં કોન્ફરન્સ પ્રત્યે મમત્વ જગાડવું અને એમને દિલ્લી અધિવેશનમાં હાજરી આપવાનું મન થાય એવું પ્રેરક વાતાવરણ ઉભું કરવું હોય તો એ માટે આપણે કેટલો પ્રયત્ન કરી શકવાના છીએ? વળી, અત્યારની વિષમ પરિસ્થિતિમાં જૈનધર્મ અને જૈન સમાજના અભ્યુદય માટે શું શું કરવાની જરૂર છે, એની મુક્ત મને ચર્ચા વિચારણા કરીને એ માટે જે જે નિર્ણયો લેવા જરૂરી હોય એ માટે સમાજને સજ્જ કરવા માટે આપણી પાસે કેટલો સમય છે? અને જે નિર્ણયો લેવામાં આવે એ નિર્ણયો કાગળ ઉપર જ પડ્યા ન રહેતા એને અમલીરૂપ આપવામાં આવે એવા નવલોહિયા, ઉમંગી, ઉત્સાહી, સમાજસેવાની ધગશવાળા અને નિષ્ઠાવાન કાર્યકરોને આપણે કેવી રીતે શોધી શકવાના છીએ?

આપણે એ કડવું સત્ય તો યાદ રાખવું જ ઘટે કે રીઢા થઇ ગયેલા કે સંસ્થા કરતાં પોતાની જાતને મોટી માનનારા જુના કાર્યકરો કદાચ સંસ્થાને માટે બાહ્ય શોભારૂપ બની શકે, પણ સંસ્થાની આંતરિક તાકાત તો નવા ઉત્સાહી કાર્યકરોથી જ વધી શકવાની છે, અને રચનાત્મક કામ પણ એમનાથી જ થઈ શકવાનું છે. આવા કાર્યકરોને શોધી શોધીને આપણી સાથે લેવાનો આપણી પાસે સમય ક્યાં છે? આવું આવું તો ઘણું કહી શકાય એમ છે.

આ બધું આ તબક્કે લખવાનો ટૂંક સાર એ છે કે કોન્ફરન્સના અધિવેશનને વ્યવસ્થાની દૃષ્ટિએ નહીં પણ કાર્યવાહીની દૃષ્ટિએ સફળ બનાવવાનો પ્રયત્ન કરવા માટે આપણી પાસે સમય છે જ નહીં. અને અમારે મન તો સારી વ્યવસ્થા એ અધિવેશનની બીજા નંબરની સફળતા છે; અને ઉત્સાહ પ્રેરક કાર્યવાહી એ **જ અધિવેશનની સાચી, પ્રથમ પંક્તિની અને મુખ્ય સફળતા છે;** અધિવેશનનો એ જ આત્મા છે. એ આત્માનો વિકાસ ન સાધી શકાય તો આપણું કામ ભાગ્યે જ યાદગાર બની શકવાનું છે, દીપી નીકળવાનું છે.

અધિવેશનનો પ્રચાર વર્તમાનપત્રો દ્વારા કે માસ પત્રિકાઓ દ્વારા કરવાથી તો એટલો જ અર્થ સરે કે લોકોને એ વાતની જાણ થાય કે અમુક સમયે અને અમુક સ્થળે કોન્ફરન્સનું અધિવેશન ભરાઈ રહ્યું છે; કદાચ એ માહિતીથી કોઇક અધિવેશનમાં હાજરી આપવા માટે પણ આકર્ષાય. પણ એ રીતે હાજરી આપનારની સંખ્યા બહુ નાની જ હોવાની; અને જે આવવાના તે પણ મોટે ભાગે સંસ્થા સાથે પહેલાંથી સંકળાયેલ ભાઇઓ જ. નવા કાર્યકરો તો ભાગ્યે જ આકર્ષાય...! નવા કે જૂના કાર્યકરોને આકર્ષીને સંસ્થાની કાર્યવાહીમાં સક્રિય અને જીવંત રસ લેતા કરવાનો એકમાત્ર ઉપાય છે એમની સાથે પ્રત્યક્ષ સંપર્ક સાધીને સમાજને મૂંઝવતા પ્રશ્નો અંગે એમની સાથે વિચારોની આપ લે કરવાનો. સમાજમાં કોન્ફરન્સની લોકપ્રિયતા વધવાનું અને ઘટવાનું મુખ્ય કારણ લોકસંપર્કમાં થયેલો વધારો કે ઘટાડો જ છે. ભુતકાળના દીવા જેવા ઇતિહાસ અને અનુભવને આપણે જાણે સાવ ભૂલી જ ગયા છીએ, અને કાર્યાલયમાં બેઠા બેઠા કોન્ફરન્સને પ્રાણવાન બનાવવાના મનોરથો સેવી રહ્યા છીએ. તેથી જ અમે કહીએ છીએ કે આપણી પાસે જે સમય છે તે સાવ ઓછો છે.

સમયની તંગીની અમારી આ ફરિયાદ નિરર્થક નિવડશે કે અમારી આ ગણતરી ખોટી ઠરશે અને કોન્ફરન્સનું દિલ્લી અધિવેશન વ્યવસ્થા અને કાર્યવાહી, એ બન્ને દૃષ્ટિએ કામિયાબ અને યાદગાર નીવડશે તો તેથી અમને સૌથી વિશેષ આનંદ થશે. પણ અત્યારે તો અમારા મનની સ્થિતિ ઉપર જણાવી એવી જ

સ્વ પરની ઓળખાણ વિના આત્મા અનંતાકાળ ભટક્યો **છે.** — વચનામૃત

છે. કોઇને એ કડવી કે અણગમતી લાગે તો તેઓ અમને માફ કરે.

આપણી કોન્ફરન્સનો ઉદ્દેશ જૈન ધર્મ, સમાજ અને રાષ્ટ્રની સેવા કરવાનો છે. આપણો ઉદ્દેશો બહુ વિસ્તૃત હોવા છતાં આપણી શક્તિ મર્યાદિત છે. એટલે ઉદ્દેશ ગમે તેટલો વિશાળ હોય પણ આપણી શક્તિની મર્યાદા અનુસાર આપણા કાર્યક્ષેત્રની વ્યવહારૂ મર્યાદા બાંધવી જોઇએ. જ્યાં જ્યાં જે કાર્યો બીજી સંસ્થાઓ-ભાઇઓએ ઉપાડી લીધા હોય તેવાં કાર્યો કરવા આપણે પ્રયત્ન કરવાની જરૂર નથી, છતાં એવા કાર્યોમાં ઉણપ લાગે તો એના કાર્યકરોને સહકાર આપવા જરૂર પ્રયત્ન કરવો જોઈએ. અને સમાંતર ઉદ્દેશોને વરેલી સંસ્થાઓમાં સંગઠન સાધવા પ્રેરક બળ બનવું જોઇએ.

ધર્મ, સમાજ અને રાષ્ટ્ર સેવાનાં એવાં ઘણાં નાનાં-મોટાં કાર્યો છે કે જેના તરફ આપણું ધ્યાન કેન્દ્રિત થતું નથી. જો તેને હાથ ધરવામાં આવે તો આપણે જરૂર સમાજની એક મોટી સેવા કરી શકીશું.

તે માટે સૌ પ્રથમ કોન્ફરન્સનું કાર્યાલય કેન્દ્રવતી ને બહુજ વિશાળ બનવું જોઇએ. જ્યાં જૈનસમાજની દરેકે દરેક માહિતી-મુશ્કેલીનું માર્ગદર્શન મળી રહે.

કોન્ફરન્સના વર્તમાન કાર્યવાહકોના અવાગમન પછી ખાસ કોઇ આર્થિક મુશ્કેલી ઉભી થયેલ નથી, છતાં પણ સંસ્થાનું મોટું નિભાવ ફંડ ઉભુ થવું જોઇએ.

કોન્ફરન્સને આપણે અખીલ ભારતીય સંસ્થા ગણી છે. ત્યારે તેની શાખાએ ભારતભરમાં સ્થપાય-ચાલે તે માટે પણ પ્રયત્ન કરવો જોઈએ, કોન્ફરન્સની અમદાવાદ ખાતે ગુજરાત શાખા આજથી ૨૫ વર્ષ પહેલા સ્થપાયેલ તેનું શું થયું ! જ્યારે આ ૨૫ વર્ષમાં જૈન સોશ્યલ ગૃપ જેવી સંસ્થાની ૭૫-૮૦ શાખાઓ ખુલે ત્યારે સહજ થાય કે આ દિશામાં વર્તમાન કાર્યવાહકોએ જરૂરી પ્રયત્ન નથી કર્યા ! બાકી વર્તમાન સમયમાં દરેક રાજ્યોમાં ને મોટા શહેરોમાં જિલ્લા સમિતિઓ, તાલુકા સમિતિઓ, કોન્ફરન્સની શાખાએ સ્થપાય તેજ સમાજ અને સંસ્થાના હિતમાં છે. અને તો જ ગામે-ગામ ને સંઘોનો સંપર્ક બની રહેશે.

કોન્ફરન્સ જેવી સંસ્થા ચેતનવંતી બની રહે તે માટે તેનું અધિવેશન દર બીજા વર્ષે મેળવું જ જોઇએ અને સ્થાઇ સમિતિની બેઠક દર છ-છ મહિને મેળવતા રહેવામાં આવે તો જરૂર નવું બળ, નવા વિચારો ને નવા કાર્યકરો પણ મળી રહે.

કોન્ફરન્સની કાર્યશીલતામાં વેગ નથી આવી શકતો, એની સમાજપ્રિયતામા વધારો નથી થઇ શકતો ત્યારે આવી ઉત્તમ સંસ્થાને સમાજ પોતાની કલ્યાણક ઉપયોગી સંસ્થા તરીકે નથી અપનાવી શકતો એનું એક અને મુખ્ય કારણ સંસ્થાના મુખ્ય સંચાલકો (મંત્રીઓ) અને કાર્યકરો દિલ દઇને કાર્ય નથી કરતા, તે એક છે. તેને માટે હવે પછી પ્રમુખશ્રી, મંત્રીઓ તથા કાર્યવાહકો, નવયુવાનો તથા સંસ્થા પ્રત્યે ઊંડી મમતા ધરાવનારને મીશનરીથી કાર્ય કરનાર મેળવે એજ સંસ્થાને પ્રાણવાન કરવાનો પ્રશ્ન છે.

કોન્ફરન્સે સં ૨૦૦૬માં ધાર્મિક બાબતોમાં વચ્ચે ન પડવું એવો નિર્ણય લેવામાં આવ્યો. તે પહેલા કોન્ફરન્સે તીર્થરક્ષા, દેવદ્રવ્ય, અયોગ્ય દીક્ષા, જ્ઞાનભંડારોનું સંશોધન-પ્રકાશન તથા સમાજની સહાય દ્વારા ચાલતી નાની-મોટી સંસ્થાઓના વહિવટ તથા એકહથ્થુ આપખુદી સામે યોગ્ય વલણ અપનાવેલ. આ બધું બંધ કરવા પાછળનો ઉદ્દેશ વધારે લોકો કોન્ફરન્સમાં ભાગ લે તેવો કદાચ હશે. અને શ્રમણસંઘ પણ તેમાં જોડાશે તેવી આશા હશે પણ તે ઠગારી નીકળી છે. ત્યારે વર્તમાન સમાજમાં વિકૃતિ-સડો પ્રવેશી ગયો છે. તે નાબુદ કરવો જરૂરી છે. ત્યારે હવે ફરી અધિવેશન મળી રહેલ છે ત્યારે આ બધા અંગે રાષ્ટ્રીય, મધ્યમ-વર્ગ અંગે પણ વિચાર-વિનીમય કરી જાગૃતીપૂર્વક યોગ્ય ઠરાવો કરવાની જરૂર છે. તેમજ અમદાવાદમાં મળેલ મુનિ સંમેલન દ્વારા થયેલ ઠરાવો-કાર્યોની સમીક્ષા પણ અધિવેશનમાં ચર્ચાશે તો ઉપયોગી થશે.

અખીલ ભારતીય જૈન શ્વે. કોન્ફરન્સના ૮૭ વર્ષના ઇતિહાસમાં પ્રથમવાર જ એકને એક પ્રમુખ તરીકે શ્રી દીપચંદભાઇ એસ. ગાર્ડીની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ છે. તે ગાર્ડી સાહેબ આપણા દેશના જાણીતા દાનવીર, સમાજસેવી, શિક્ષણપ્રેમી, જીવદયાપ્રેમી તરીકેની લોકચાહનાના પ્રતિક રૂપ છે. તેમને અમે આવકારીએ છીએ. જૈન સમાજની સર્વાંગીય સેવા માટે આવો માન અને ગૌરવભર્યો હોદો ત્રણ-ત્રણવાર પ્રાપ્ત કરવા બદલ અમે શ્રીયુત દીપચંદભાઈ એસ. ગાર્ડીને હાર્દિક અભિનંદન આપીએ છીએ; અને એમની પ્રેરક રાહબરી નીચે કોન્ફરન્સ સમાજસેવાના કાર્યને ખૂબ આગળ વધારે, અને તે માટે વર્તમાન કાર્યવાહકોમાં પણ જરૂરી એવો ફેરફાર કરી નવું લોહી- સમય, સેવા અને ઉત્સાહ આપી સમાજની સેવા કરનારને આગળ લાવે, અને તે માટે સેવાભાવી શ્રી કુમારપાળ વી. શાહ જેવા કાર્યકરોને અંગત આમંત્રણ આપી કોન્ફરન્સની જવાબદારીમ ખૂબ યશસ્વી બને એવી અંતરની શુભેચ્છા પાઠવીએ છીએ.

જ્યાં દુર્જનોના દાવ કાળ બળે સીધા પડે એ કલિયુગ અને સજ્જનોના દાવ સીધા પડે એ સત્યુગ.—દર્શન

માતનો સાદ ! પધારો દિલ્લી

અખિલ ભારતીય જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ
૨૫મું રજત-મહોત્સવ અધિવેશન

સ્થળ : વિજયવલ્લભ સ્મારક, આત્મવલ્લભ સંસ્કૃતિ મંદિર-દિલ્હી-૩૬.

સમય : સં. ૨૦૪૫ના મહા સુદ ૩-૪-૫, તા. ૮-૯-૧૦ ફેબ્રુઆરી ૧૯૮૯

: પ્રમુખ :

શ્રી દીપચંદભાઈ એસ. ગાર્ડી (બાર-એટ-લૉ)

માતનો સાદ છે પડયો.... જવાંમર્દો ઝીલી લેજો !
ચલો દિલ્લી ચલો રાજધાની
અધિવેશનને યાદી આપવા, માતૃસંસ્થાની ભકિત કરવા
જૈનસમાજની ઉન્નતિ અર્થે અને વલ્લભસ્મારકની પ્રતિષ્ઠાર્થે
અવશ્ય પધારો દિલ્લી, અમો આપનું સુસ્વાગત કરવા ઉત્સુક છીએ.
૧૨-૧૨ વર્ષના ગાળા બાદ
નિષ્ક્રિયતા-સક્રિયતા અનુભવતી, સડતી-પડતી વચ્ચે ઝોલા ખાતી,
છતાં.... જૈનસમાજનો ઉત્કર્ષ અને.... જૈનશાસનની પ્રભાવના
કરવા-કરાવવાના સોનેરી સોણલા જેના હૈયે ધબકી રહ્યાં છે....
એ કોન્ફરન્સ માત અંતરનો સાદ દે છે.

લિ. સંઘ સેવકો, (સ્વાગત સમિતિ)

રામલાલ જૈન
પ્રમુખ, સ્વાગત સમિતિ
શ્રીપાલજી જૈન-લુધિયાણા
સુખચેનલાલ જૈન-દિલ્લી
રાજકુમારજી જૈન-ફરિદાબદા
વી. સી. જૈન-દિલ્હી
ઉપપ્રમુખો, સ્વાગત સમિતિ

રાજકુમાર કે. જૈન
સિકંદરલાલ જૈન-એડવોકેટ
કાન્તિલાલ ડી. કોરા
જયંતભાઇ એમ. શાહ
મંત્રીઓ, સ્વાગત સમિતિ
મનોહરલાલ જૈન-દિલ્લી
સુદર્શનલાલ જૈન-દિલ્લી
કોષાધ્યક્ષ, સ્વાગત સમિતિ

: અધિવેશન અને પ્રતિષ્ઠા સ્થળ :

શ્રી આત્મવલ્લભ સંસ્કૃતિ મંદિર
૨૦, કે. એમ. જી. ટી. કરનાલ રોડ,
પો. અલીપુર, દિલ્હી-૧૧૦૦૩૬ (ઇન્ડિયા)
તાર : SHODHPEETH-DELHI-110007

સ્વાગત પ્રમુખ : શ્રી રામલાલજી જૈન
ઉદ્ઘાટક : શ્રી અભયરાજજી ઓસવાલ
અતિથિવિશેષ : શ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈ
અતિથિવિશેષ : ડૉ. એલ. એમ. સિંઘવી

જૈનસમાજના આગેવાનો, સમાજસેવકો,
સંઘો, સંસ્થાઓ અને પંડળોએ
સોણલાં સાચાં પાડયા અને.... પ્રગતિના સોપાન ચડયા.
વલ્લભસ્મારકમાં દિલ્હીનાં આંગણે, જૈન શ્વેતાંબર કોન્ફરન્સના
૨૫માં રજત મહોત્સવ અધિવેશન ટાણે,
ભેગા મળે છે.... સુભગ મિલન થાય છે,
અને... એમાંથી નવનિત નિતરશે, અમૃતના પાન થશે.
જૈનસમાજની ઉન્નતિ થશે, જૈનશાસન જયવંતુ બનશે.
માટે....જૈનસમાજના આબાલવૃદ્ધ સૌ-
એકેએક ભાઇ-બહેન અવશ્ય પધારો.
અમારૂં હાર્દિક આમંત્રણ છે, સ્વાગત કરવાની તમન્ના છે.
વિશેષ વિચારણા અને યોજનાના આયોજન માટે.
(સંપર્ક સાધો) લિ. :સંઘસેવકો-વર્તમાન કાર્યવાહકો

દીપચંદભાઇ એસ. ગાર્ડી
જયંતિલાલ રતનચંદ શાહ
ધીરજલાલ મોહનલાલ શાહ
મોતીલાલ વીરચંદ શાહ
પુખરાજ સી. બાફના

જયંતભાઇ એમ. શાહ
ચંદ્રકાન્તભાઇ એ. દોશી
રાજકુમાર કે. જૈન
મૂળજીભાઇ કે. નીસર
વીસનજી લખમશી શાહ

-: મુખ્ય કાર્યાલય :-

અ. ભા. જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ
ગોડીજી બિલ્ડીંગ, ૨જે માળે, ૨૧૯/A કીકા સ્ટ્રીટ,
મુંબઈ-૪૦૦૦૦૨. ફોન : ૮૫૧ ૩૨ ૭૩
તાર : HINDSANGHA-BOMBAY-400002

શ્રી દિવાળીબેન મોહનલાલ મહેતા ટ્રસ્ટ દ્વારા અનેકવિધ પ્રવૃત્તિ–કાર્યક્રમની રૂપરેખા

છેલ્લા કેટલાક વર્ષોથી કરોડોના દાન આપનાર અને પીડીતોના આંસુ લુછનાર દિવાળીબેન મોહનલાલ મહેતા ચેરીટેબલ ટ્રસ્ટનું નામ સમાજમાં જાણીતું છે. આ ટ્રસ્ટના પ્રણેતા શ્રી મફતભાઈ મહેતા છે. જેમણે પોતાની માતા દિવાળીબેનની સ્મૃતિમાં આ ટ્રસ્ટની સ્થાપના કરી હતી.

પૂ. દિવાળીબેનના જન્મને તા. ૮-૧-૮૯ના સો વર્ષ પુરા થઈ ૧૦૧મું વર્ષ બેસે છે. આ નિમિત્તે મુંબઈમાં કુપરેજ ફુટબોલ મેદાન ખાતે તા. ૨જી થી ૬ઠ્ઠી જાન્યુઆરી, ૧૯૮૯ના દિવસોમાં પુ૦ શ્રી મોરારીબાપુ, પુ૦ સ્વામી શ્રી સત્ય મિત્રાનંદગિરિજી, પુ૦ સ્વામી શ્રી સચ્ચિદાનંદજી અને પુ૦ શ્રી રમેશભાઈ ઓઝાના પ્રેરક પ્રવચનો તથા શ્રી આશિત દેસાઈ અને શ્રીમતી હેમાંગિની દેસાઈના માતૃભક્તિના ગીતોનો કાર્યક્રમ યોજાયો હતો.

પોતાના માતુશ્રીના ૧૦૧માં જન્મ દિને ૮મી જાન્યુઆરીના શ્રી મફતભાઈએ મધર ટેરેસાને પણ આમંત્ર્યા હતા અને તેમના ચરણોમાં જનતા પ્રત્યેની ભક્તિ અર્પણ કરેલ.

દિવાળીબેન મોહનલાલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અનેક અસહાય લોકો અને જરૂરિયાતવાળી સેવા સંસ્થાઓ પોતાની ક્ષુધા છીપાવે છે. આ ચેરીટેબલ ટ્રસ્ટની ઓફિસ મુંબઈમાં છે, પણ આ કલ્પવૃક્ષનું મુળ કારણ - બીજ એવા સંસ્કારમુર્તિ દિવાળીબેન મહેતા મુળ પાલનપુરના વતની તેમના સુપુત્રે તેમના માતુશ્રીની સ્મૃતિમાં આ વિશાળ કલ્પવૃક્ષ વીકસાવી હજુ પણ એનું જતન કરી રહયા છે. એ પુરુષાર્થી સુપુત્રનું નામ મફતલાલ મોહનલાલ મહેતા છે. હીરાની દુનિયામાં તેઓ વિશ્વભરમાં જાણીતા છે. લક્ષ્મીએ તેમના ઉપર અસીમ કૃપા વરસાવી છે પણ એ લક્ષ્મીનો તેમણે ઉપભોગ કર્યો નથી. વર્ષોથી તેઓ આ ટ્રસ્ટ દ્વારા કરોડો રૂપિયાના દાન કરતા આવ્યા છે.

જરૂરતવાળાની સેવા

ટ્રસ્ટ મોટા જથ્થામાં દુધનો પાવડર વિદેશથી મંગાવે છે. અને અન્ય સેવાભાવી સંસ્થાઓ મારફત આ પાવડરમાંથી છાશ બનાવી તેનું વિનામુલ્યે જરૂરિયાતવાળાને વિતરણ કરે છે. ટ્રસ્ટ સુખડી વિતરણ યોજના પણ ચલાવે છે, આ માટે તે વનસ્પતિ ઘી, તેલ અને ખાંડની વ્યવસ્થા કરે છે અને અન્ય સંસ્થાઓના સહકારથી સુખડી બનાવડાવી જરૂરિયાતવાળા લાચાર કુટુંબોમાં પહોંચાડે છે. આ ટ્રસ્ટ મોટા જથ્થામાં તૈયાર કપડાં, ધાબળા વિગેરે વિદેશથી મંગાવે છે અને ગરીબોને પહોંચાડે છે. ટ્રસ્ટે હોસ્પિટલો, દવાખાના, સ્કુલો, હોસ્ટેલો અને વિશ્રામગૃહો બાંધવામાં મોટા દાન કર્યા છે.

કીડની હોસ્પિટલ માટે રૂા. ૫૦ લાખ

મોટા ભાગના લોકોને કીડની રોગ કે અન્ય રોગની સારવાર મેળવવી આર્થિક રીતે પોસાય તેમ રહી નથી. તેના ઉપાય માટે આ ટ્રસ્ટે અમદાવાદમાં કીડની રોગની હોસ્પિટલ ઉભી કરવા માટે રૂા. ૫૦ લાખ આપવાની જાહેરાત કરી છે, જેમાં મોટાભાગના દર્દીઓને વિનામુલ્યે સારવાર આપવામાં આવશે.

વિધવાઓ, ત્યકતાઓ, તરછોડાયેલી નિરાધાર સ્ત્રીઓ અને તેના બાળકો માટે આ ટ્રસ્ટે આશ્રમોની વ્યવસ્થા ઉભી કરી છે. મોટા મહાનગરોમાં એકલી રહેતી વ્યવસાયી મહિલાઓ માટે ટ્રસ્ટે હોસ્ટેલો બાંધી છે. અસંખ્ય દવાખાનાઓમાં આ ટ્રસ્ટે સાધનો અને દવાનો જથ્થો પુરાં પાડયાં છે. રક્તપિત્ત નિવારણ ક્ષેત્રે કામ કરતી તથા અંધજનો અને વિકલાંગોના કલ્યાણ માટે કામ કરતી અન્ય સેવાભાવી સંસ્થાઓને આ ટ્રસ્ટે માતબર દાન કર્યા છે. એવી આ સામાજીક સંસ્થાને હાર્દિક અભિનંદન....!

મુનિશ્રી જિનચંદ્રવિજયજી મ૦સા૦નો કાળધર્મ

પુ૦ આચાર્યશ્રી યશોભદ્રસુરીશ્વરજી મ૦સા૦ ના શિષ્ય મુનિશ્રી જિનચંદ્રવિજયજી મ૦ સા૦ પાલીતાણા સ્થિત કેશરીયાજીનગરમાં માગ. વદ ૧૦, તા. ૨-૧-૮૯ સોમવારના રોજ નકકાર મંત્રનું સ્મરણ કરતાં કરતાં સમાધિપુર્વક કાળધર્મ પામ્યા છે.

પુજ્યશ્રી વૃદ્ધાવસ્થાના કારણે છેલ્લા ત્રણ વર્ષથી અત્રે સ્થિરવાસ કરી આરાધનામય જીવન વીતાવતા હતા. પરંતુ ગત આસો માસમાં પડી જવાથી થાપાનું ફ્રેકચર થવાના કારણે ઉપચાર કરાવવા છતાં તેઓ આ બિમારીમાંથી મુક્ત થઈ શકયા નહોતા.

પુ૦ પંન્યાસશ્રી પ્રદ્યુમ્નવિજયજી મ૦ સા૦એ તેઓની સારી એવી વૈયાવચ્ચ કરી હતી. તેમજ મુનિશ્રી વિદ્યાધરવિજયજી મ., મુનિશ્રી રત્નભૂષણવિજયજી મ૦સા૦એ પણ વૈયાવચ્ચ અંતીમ સમયે બજાવેલ. તેઓશ્રીના સંસારીક કુટુંબીજનોએ પણ પુજ્યશ્રીની વૈયાવચ્ચ બજાવતા રહેલ. ને અંત સમયે પણ સર્વે ઉપસ્થીત થયેલ.

જૈન પત્રનું નવા વર્ષનું લવાજમ રૂ. ૫૦/– વહેલાસર એમ. ઓ.થી મોકલવા મહેરબાનીકરશો.

શ્રદ્ધા ભલે પછી તે ગમે તેવી હોય, પણ તે જીવને ટકાવી રાખે છે પડવા દેતી નથી એ ચોક્કસ છે.

નંદરબાર (મહારાષ્ટ્ર)

પુ૦ આ૦ શ્રી ધનપાલસુરિજી મ૦ સા૦, પુ૦ આ૦શ્રી રાજેન્દ્રસુરિજી મ૦ સા૦, આદિ ઠા. ૧૭ ઉપધાનની માળના શુભ અવસરે સ્વાગત સહ પધાર્યા હતા. પુ૦ મુનિશ્રી વિદ્યાનંદવિજયજી મ૦ તથા મુનિશ્રી ચતુરવિજયજી મ૦ની ગણિપદવી નિમિત્તે અને પુ૦ મુનિશ્રી કીર્તિરત્નવિજયજી મ૦ની વર્ધમાન તપની ૧૦૦મી ઓળીના ભવ્ય કાર્યક્રમ અર્થે અત્રેના શ્રીસંઘે સ્થિરતા કરવા આગ્રહ ભરી વિનંતી કરાતાં અત્રે સ્થિરતા કરવામાં આવી હતી. તા. ૨૦ જાન્યુ.ના ઉત્સવ, તા. ૨૧ના ગણિપદવી અને તા. ૨૭ના ઓળીનું પારણું કરાવવામાં આવશે. તા. ૨૨ અને તા. ૨૭ના સ્વામીવાત્સલ્ય, ૮૧ છોડનું ઉજમણું, પાંચપુજન આદિ કાર્યક્રમ રાખવામાં આવેલ છે.

(૨) મુનિશ્રી વિદ્યાનંદવિજયજી મ૦ની ગણિપદવી પ્રસંગને પામી શિષ્યરત્ન મુનિશ્રી અભયવર્ધનવિજયજીની માસક્ષમણની ઉગ્રતપસ્યા ચાલે છે. જે પોષ સુદ ૧૧ના નિર્વિઘ્ને પુર્ણ થશે.

(૩) બલસાણા તીર્થનાયક શ્રી વિમલનાથ ભ૦નો રંગીન પોસ્ટકાર્ડ સાઈઝ ફોટો ચાતુર્માસમાં પુજ્ય મુનિભગવંતોને ન મળ્યો હોય તેમણે પુ૦ વિદ્યાનંદવિજયજી મ૦ના ગણિપદવી પ્રસંગે ગૃપવાર એક ફોટો ભેટ મોકલવામાં આવશે. તો તુરત ધુલીયા શ્રી શિતલનાથ સંસ્થા–ધુલીયા–૪૨૪૦૦૧ (મહારાષ્ટ્ર)ના સરનામે પુછાવવું.

(૪) ગુજરાતમાંથી મહારાષ્ટ્ર જવાના ધોરી માર્ગમાં નવાપુરથી નેર સુધી વિહારમાં ઉતરવાના સ્થાનોએ ગૌચરી-પાણીની પુરી તકલીફ છે. વચ્ચે મોટો ઘાટ આવે છે વરસોથી નેર જૈન સંઘને ગોચરી-પાણીની વ્યવસ્થા ત્યાં સુધી કરવી પડે છે. આજની પરિસ્થિતી જોતા આ કાયમી વ્યવસ્થા કરવી જરૂરી છે.

(૫) તેવી જ રીતે નેર સંઘને ધુલીયા સુધી માલગાંવ જાવ તો દહીદી સુધી અને બલસાણા તીર્થ સુધી વ્યવસ્થા વારંવાર કરવી પડે છે. તો સકળ સંઘ આ અંગે ગામને સારી રીતે સહાયક થાય તે ઈચ્છવા જેવું છે. ૩૦-૩૫ ઘર છે. બધા ખેતીવાડીવાળા છે. ૩ સાલથી દુકાળમાં વિકટ પરિસ્થિતીના ભોગ બન્યા છે. એવા વખતે સંસ્થાઓએ અન્ય સંઘોએ જાતે જઈ-જોઈ, પુછપરછ કરી અને સંગીન કાયમી વ્યવસ્થા તાકીદે થાય તે ઈચ્છવા જેવું છે. તેમજ વચ્ચે ઉતરવાની પણ ઘણી વખત તકલીફો પડે છે. તો નેર સંઘના અગ્રેસરોને મળી પ્રશ્ન હલ કરવાનો આ અવસર આવ્યો છે.

શ્રીમદ્ રાજચંદ્રજીની ૧૨૧મી જન્મ જયંતી : અધ્યાત્મ ચિંતક, સંપ્રદાયવાદ અને ગચ્છવાદથી દુર રહી કેવળ આત્માના પ્રેમી અને આત્માના ધારક શ્રીમદ્ રાજચંદ્રજીની ૧૨૧મી જન્મ જયંતિ ગત ૨૩ નવે. ૮૮ના રોજ દેશના ઘણા ભાગોમાં ઉજવવા પુર્વક શ્રદ્ધાંજલી અર્પણ કરાઈ.

પાર્શ્વનાથ વિદ્યાશ્રમ-વારાણસી

જાપાંની અતિથિઓનું ભવ્ય સ્વાગત

ભારતની યાત્રાર્થે આવેલ લગભગ ૫૦ યાત્રીઓનું એક દળ ગત ડીસેમ્બર માસમાં પ્રો નથમલજી નાડીયાના નેતૃત્વમાં આ વિદ્યાશ્રમની મુલાકાતે પધાર્યું હતું. પ્રો. સાગરમલજીએ આવેલ યાત્રાર્થીઓને વિદ્યાશ્રમની કાર્યવાહી અંગેનો વિસ્તૃત પરિચય આપેલ. આ અવસરે સ્થાનિક વિદ્વાનોને પણ આમંત્રણ આપવામાં આવેલ. આ પ્રસંગે બપોરના સામુહિક ભોજન સમારંભ પણ યોજવામાં આવેલ.

સાગરમલ જૈનને પુરસ્કાર : ઉપરોક્ત વિદ્યાશ્રમના પુર્વે નિર્દેસક પ્રો. સાગરમલ જૈનને તેમની મૌલિક કૃતિઓ જૈન, બૌદ્ધ અને ગીતાના આચાર દર્શનોના તુલનાત્મક અધ્યયન બદલ રૂ. ૧૦ હજારનું 'શ્રી પ્રદીપ રામપુરીયા સ્મૃતિ પુરસ્કાર' તથા 'જૈન ભાષા દર્શન' પર રૂ. પાંચ હજારનું 'સ્વામી પ્રણવાનંદ સરસ્વતી પુરસ્કાર એનાયત કરવામાં આવેલ સાગરમલજીએ આ પુરસ્કારની રકમમાં રૂા. દસ હજાર પોતાના તરફથી આપી સાગરમલ જૈન શિક્ષ ન્યાસની સ્થાપના કરી છે. જેનો મુખ્ય ઉદ્દેશ પ્રાકૃત અને જૈન વિદ્યાના અધ્યયન અને શોધમાં સહયોગી બનવાનો છે.

વિનય મિત્ર મંડળ–રાજનંદગાંવ :– ગત ૨૮ ડીસે. ૮૮ના વિનય મિત્ર મંડળ દ્વારા એક શ્રવણયંત્ર વિતરણ સમારોહ યોજવામાં આવેલ. આ પ્રસંગે શ્રીમતી શશીપાલે (દુરદર્શન સવાદ વાચિકા) ૧૨ વર્ષની એક બાલિકાને કાનમાં આ શ્રવણ ગોઠવી સ્નેહભરી ભાષામાં બોલાવી સમગ્ર ઉપસ્થિત વિશાળ માનવમેદનીને આશ્ચર્યચકિત કર્યા. આ પ્રસંગે ૧૪૩ શ્રવણયંત્રનું વિતરણ કરવામાં આવ્યું આ નિઃશુલ્ક શ્રવણ યંત્રનો વિતરણ સમારોહ ઓલ ઇન્ડિયા ફેડરેશન ધી ડૈફ–દિલ્લીના સહયોગથી આયોજન કરવામાં આવેલ. હજુ પણ બીજી ખાત્રીબદ્ધ વ્યક્તિઓને આ શ્રવણયંત્ર આપવા બાબતના વચનો અપાયા છે. આવી સેવાકાર્યો કરતી સંસ્થાને અમારા હાર્દિક ધન્યવાદ.

જેસર–પાલીતાણા પદયાત્રા સંઘ

પુ૦ પંન્યાસ શ્રી પ્રદ્યુમનવિજયજી મ૦ સા૦ તથા પુ૦ મુનિશ્રી રાજહંસવિજયજી મ૦ સા૦ ની શુભ નિશ્રામાં ૫૦૦ યાત્રિકોનો વિશાળ છ'રી પાલિત સંઘ નીકળેલ. આ સંઘનું જુદા-જુદા ગામના આગેવાનો દ્વારા સન્માન કરવામાં આવેલ. પદયાત્રા દરમ્યાન ધાર્મિક પ્રવચનો, બૌદ્ધિક સ્તવન વિગેરે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ. છેલ્લે શત્રુંજય તીર્થ યાત્રા બાદ સંઘપતિશ્રી વૃજલાલ દલીચંદ મહેતા, જયંતીલાલ દલીચંદ, કાંતિલાલ દલીચંદ તથા તેઓશ્રીના માતુશ્રી સાંકળીબહેન અને તેમના ધર્મપત્નીઓને તીર્થમાળ પહેરાવવામાં આવી હતી.

મુખને આગળ કરીને તમે પાછળ રહેશો તેથી તમારો બચાવ થઈ જશે એમ માની લેવું ભુલ ભરેલુ છે.

પૂ૦ આ૦શ્રી વારિષેણસૂરિજી મ૦ સા૦ની નિશ્રામાં ઉજવાયેલ અનેકવિધ કાર્યક્રમો

પુજ્ય આચાયશ્રી વારિષેણસુરિજી મ૦ સા૦, મુનિશ્રી વિનયસેનવિજયજી મ૦, મુનિશ્રી વસુસેનવિજયજી મ૦, મુનિશ્રી વલ્લભસેનવિજયજી મ૦ સા૦ આદિ ઠાણાની શુભ નિશ્રામાં જુદા-જુદા ગામોએ વિવિધ કાર્યક્રમોની શાનદાર ઉજવણી થઈ.

(૧) અમરાવત નગરમાં શ્રી રાજીબાઈ ધર્મશાળા સ્થિત શ્રી પાર્શ્વનાથ જિનમંદિર જિર્ણોદ્ધાર નિમિત્ત શીલાન્યાસ પ્રસંગે જુદા-જુદા મહાનુભાવોની ઉપસ્થિતીમાં તા. ૧૪-૧૨-૮૮ના અનેકવિધ કાર્યક્રમ પુર્વક ઉજવણી કરવામાં આવી.

(૨) અચલપુરનગરે પુજ્યશ્રી આદિ અમરાવતીમાં ઉપધાનતપ અને ખેલાપુરમાં પ્રતિષ્ઠા કરાવી તા. ૧૮ ડીસે.ના અત્રે પધાર્યા હતાં. અહિ તેઓશ્રીના આગમન નિમિત્તે પ્રવચન, અભિષેક ઉત્સવ તથા જાહેર પ્રવચનોનું આયોજન કરવામાં આવેલ.

(૩) આર્વીનગરે પુજ્યશ્રી આદિની શુભ નિશ્રામાં શ્રી પાર્શ્વનાથ જન્મોત્સવ તથા વિશ્વશાંતિ નિમિત્તે શાંતિસ્નાત્ર મહોત્સવ તા. ૩૧ થી ૩ જાન્યુઆરી સુધી વિવિધ પુજનો અને આરાધનાઓ સાથે ઉજવાયો.

(૪) વર્ધાનગરે ચૌવિહારી એકદત્તી ઓળીનો પુર્ણાહુતિ મહોત્સવ તેમ જ પુજ્ય આચાર્યશ્રીની ૮૫મી ઓળીના પારણા પ્રસંગે તા. ૧૦ થી ૧૨ જાન્યુઆરી દરમ્યાન વિવિધ-પુજનો-ઉત્સવો સહ યોજાયો.

પૂ૦ સાધ્વીશ્રી હેમલત્તાશ્રીજી મ૦ સા૦ કાળધર્મ પામ્યા

અચલગચ્છાધિપતિ પુ૦ આ૦ દેવશ્રી ગુણસાગરસુરીશ્વરજી મ૦સા૦ના આજ્ઞાવર્તિની સ્વાધ્યાય રસીક, કલિકુંડ પાર્શ્વનાથ જૈન દેરાસર ટ્રસ્ટના પરમોપકારી પુ૦ સાધ્વીશ્રી હેમલત્તાશ્રીજી મ૦ સા૦ માગ. વદ ૧૧ સોમવારના રોજ નવકાર મંત્રનું ધ્યાન ધરતા સમાધિપુર્વક કાળધર્મ પામ્યા છે.

આધોઈ (કચ્છના) આંગણે

નવનિર્મિત ભવ્ય જિનાલયે
પુરુષાદાનીય શ્રી અમીઝરા પાર્શ્વનાથ ભગવંત
આદિ નુતન શ્રી જિનબિંબોની પ્રાણપ્રતિષ્ઠા સ્વરૂપ

અંજનશલાકા–પ્રતિષ્ઠા મહોત્સવ

સકલ સંઘને ભાવભર્યું નિમંત્રણ

પાવન નિશ્રા : પૂજ્યપાદ અધ્યાત્મયોગી
પરમ શાસન પ્રભાવક આચાર્યદેવ શ્રીમદ્

વિજયકલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજ

મહોત્સવ પ્રારંભ	: મહા સુદ ૪ તા. ૯-૨-૮૯
અંજનશલાકા	: મહા સુદ ૧૧ તા. ૧૬-૨-૮૯
પ્રતિષ્ઠા	: મહા સુદ ૧૩ તા. ૧૮-૨-૮૯
ભાગવતી દીક્ષા	: મહા સુદ ૧૦ તા. ૧૫-૨-૮૯

卐 વિજ્ઞપ્તિ 卐 જે કોઇ ભાગ્યશાળીઓને નૂતન જિનબિંબોની અંજનશલાકા કરાવવી હોય તેઓએ તે પ્રતિમાજીઓ પોષ વદ ૧૦ તા. ૧-૨-૧૯૮૯ સુધીમાં મોકલી આપવા નમ્ર વિનંતિ છે.

-: આયોજક :-

શ્રી વીસા ઓશવાળ આધોઇ જૈન મૂર્તિપૂજક સંઘ
મૂ : પોસ્ટ : આધોઇ ૩૭૦ ૧૩૫ (તા. ભચાઉ-કચ્છ)

શ્રી કરેડા પાર્શ્વનાથજી તીર્થની

[રેલ્વે સ્ટેશન ભુપાલસાગર (જિ. ચિત્તોડગઢ, રાજસ્થાન)]

યાત્રાર્થે અવશ્ય પધારો

આ મંદિરનું નિર્માણ આચાર્ય ધર્મઘોષસુરિજી મ. ના ઉપદેશથી માંડવગઢના મહામંત્રી સંઘપતિ પેથડશાહ દ્વારા સં. ૧૩૨૧માં કરવામાં આવ્યું અને તેના શિખર પર સાત ખંડનું ભવ્ય મંદિર શ્રી પેથડશાહના પુત્ર ઝાંઝણકુમારે સં. ૧૩૪૦માં નિર્માણ કર્યું, જેનું સુકૃત સાગર તરંગ આઠમાં વર્ણન છે.

તેનો હાલમાં શ્રી શંખેશ્વર – ભોયણી તીર્થ દ્વારા રૂપિયા ૧૨,૫૦,૦૦૦/– ખર્ચ કરી જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે અને બાવન દેરીઓમાં શ્રી પાર્શ્વપ્રભુની પ્રતિમા વિભિન્ન તીર્થોના નામથી બિરાજમાન કરવામાં આવી છે. મુલનાયક ભગવાનની પ્રાચીન, અત્યંત મનોહારી, ચમત્કારી, શ્યામવર્ણિય પ્રતિમાજીના નિર્મલ ભાવથી દર્શન કરી પુણ્યોપાર્જન કરો.

અમદાવાદથી ઉદયપુર, ચિત્તોડ રેલ્વે માર્ગ પર ભુપાલસાગર નામના સ્ટેશનથી ૩ ફર્લાંગ દુર આ તીર્થ આવેલ છે. બસોની પણ સુવિધા ઉપલબ્ધ છે

આ તીર્થની યાત્રા સાથે જ મેવાડની પંચ તીર્થીના દર્શનના પણ લાભ મળશે. આ તીર્થોમાં શ્રી દયાલશાહના કિલ્લા નામનું તીર્થ જે રાજસમન્દ-કંકરોલીની મધ્યમાં છે. લગભગ ૨૫૦ પગથિયાથી આ તીર્થ 'મેવાડ શેત્રુંજય' નામથી પણ પ્રસિદ્ધ છે.

આ બંને તીર્થો પર આધુનિક સુવિધાઓથી સુસજ્જિત વિશાલ ધર્મશાળા તથા ભોજનશાળાની સુવ્યવસ્થા છે.

લિ. કરેડા પાર્શ્વનાથ તીર્થ કમિટિ
ભુપાલસાગર (રાજસ્થાન) [ફોન નં. ૩૩]

જીભને નહિ જાળવો તો તેને બહાર નીકળી જતા વાર નહી લાગે.

સાહિત્યકાર શ્રી જૈનેન્દ્રકુમારનું અવસાન

જાણીતા સાહિત્યકાર શ્રી જૈનેન્દ્રકુમાર જૈનનું ગત ૨૪ ડીસેમ્બર ૧૯૮૮ના રોજ દિલ્હી ખાતે અવસાન થયું છે. તેઓશ્રી ૮૪ વર્ષના હતા. તેઓના દુઃખદ અવસાન પ્રસંગે ભારતની તમામ જાણીતી વ્યક્તિઓ હાજર રહી હતી.

રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી, સ્વાસ્થ્ય મંત્રી, બિહારના મુખ્યમંત્રી, અને સાહિત્ય અકાદમી તરફથી તેમના મૃતદેહને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી. સ્વર્ગીય યશસ્વી લેખકને ઉપરાષ્ટ્રપતિ ડૉ. શંકરદયાલ શર્મા, ડૉ. રાજેન્દ્રકુમારી બાજપાઈ, મુખ્યમંત્રી શ્રી અર્જુનસિંહ, શ્રી વિશ્વનાથ પ્રતાપસિંહ, શ્રી મધુ દંડવતે તે ઉપરાંત સાહિત્યકાર શ્રી વિષ્ણુપ્રભાકર, રાજેન્દ્ર અવસ્થી, કમલેશ્વર, શાની, હિમાંશુ જોષી, યશપાલ જૈન, નેમિચંદ જૈન વિગેરે તેમના અંતિમ દર્શનાર્થે ઉપસ્થિત રહી ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

શ્રી ફુલચંદજી બાંઠીયા જન્મશતાબ્દી-કાનપુર : સુપ્રસિદ્ધ સમાજસેવક અને સાહિત્યકાર શ્રી હજારીમલજી બાંઠીયાના પિતાશ્રી શ્રેષ્ઠિવર્ય શ્રી ફુલચંદજી બાંઠીયા જન્મ શતાબ્દી સમારોહ તા. ૪-૫ ફેબ્રુઆરીના ઉજવવામાં આવનાર છે. જેની ઉજવણી બીકાનેર, હાથરસ, કાનપુર, કલકત્તા આદિ નગરોમાં ઉજવવામાં આવનાર છે.

વસંત મેલા કંપીલ (કાનપુર) : દર વર્ષ મુજબ આ વર્ષે પણ ભગવાન વિમલનાથના ચાર કલ્યાણક તીર્થ કંપીલ (ફર્રુખાબાદ) વિમલનાથ તીર્થક્ષેત્રના જન્મોત્સવ અને દીક્ષોત્સવ પર તા. ૭-૮-૯ ફેબ્રુઆરીના વિશાળ મેળાનું આયોજન કરવામાં આવેલ છે. આ શુભ અવસરે રથયાત્રા તેમજ અન્ય કાર્યક્રમોનું આયોજન થનાર છે

વિશેષ આ મેળાના ઉત્સવના અવસરે એક વિશાળ ફ્રી નેત્ર ચિકિત્સા શિબિરનું આયોજન પણ હાથ ધરવામાં આવેલ છે. જે વર્ધમાન જૈન ચિકિત્સાલય-કંપીલમાં તા. ૧૦ થી ૨૦ ફેબ્રુઆરી સુધી ચાલુ રાખવામાં આવશે. તા. ૧૩ થી ૧૫ ફેબ્રુઆરી દરમ્યાન ઓપરેશનો કરવામાં આવશે. અને ચશ્મા, દવા, ભોજન, રહેવા આદિની વ્યવસ્થા પણ આપવામાં આવશે.

રોશનલાલ હોસ્પીટલ શિલાન્યાસ-દિલ્લી

શ્રી જૈન ધર્માર્થ ઔષધાલયના તત્ત્વાવધાનમાં જૈન મુનિ તપસ્વી શ્રી રોશનલાલ ધર્માર્થ હોસ્પીટલનો ભવ્ય સિલાન્યાસ ગત ૧૮ ડીસેમ્બરના કમ્યુનિટી સેન્ટર, વર્ધમાન વાટિકામાં થયેલ, આ અવસરે અનેક સાધુ-ભગવંતો અને મહાનુભાવોએ હાજરી આપી આ પ્રસંગને દીપાવ્યો હતો.

આ શુભ કાર્યમાં અનેક દાનવીરો તરફથી મોટી-મોટી રકમના દાન અર્પણ કરવામાં આવેલ.

મહુડી (ઉ. ગુ.)માં ભારત સંસ્કૃતિ દર્શન અભિયાનમાં યાત્રિકોનું સન્માન

મહુડી મુકામે ઘંટાકર્ણ વીરમાં ભારત સંસ્કૃતિ દર્શન અભિયાનના યાત્રિકોનો સન્માન પ્રસંગ યોજવામાં આવેલ. આ પ્રસંગે મહુડી કારખાના જૈન શ્વે. ટ્રસ્ટ અને ૪૧ જેટલા શ્રીસંઘો દ્વારા શ્રી દીપચંદભાઈ એસ. ગાર્ડી, શ્રી રૂક્ષ્મણીબહેન ગાર્ડી, ડૉ. રશ્મીભાઈ, શ્રી હસમુખભાઈ સહિત પરિવારના સર્વેનું તીલક કરી ફુલહાર અને શાલથી મુંબઈના અગ્રગણ્ય શ્રેષ્ઠિવર્ય શ્રી સુરેશભાઈ સંઘવી અને શ્રી શનાલાલભાઈ શેઠે સન્માન કર્યું હતું:

આ પ્રસંગે મોટી સંખ્યામાં જૈન ભાઈ-બહેનો અને રીલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના સંચાલક શ્રી રમણીકભાઈ અંબાણી અને અન્ય આગેવાનો ઉપસ્થિત રહી મુળનાયક શ્રી પદ્મપ્રભુ સ્વામી અને જૈન રક્ષકદેવ ઘંટાકર્ણ વીરની પુજા કરી હતી.

આ પ્રસંગે શ્રીયુત દીપચંદભાઈના મનનીય વક્તવ્ય ઉપરાંત પ્રારંભમાં શ્રી પ્રેમચંદભાઈ વોરાએ મહેમાનોનું સંઘ વતી સ્વાગત કર્યું હતું. ટ્રસ્ટી શ્રી બાબુભાઈ મહેતાએ સાંસ્કૃતિક અભિયાનની માહિતી આપી અને મેનેજરશ્રી રમણભાઈએ સૌનો આભાર માન્યો હતો.

યાત્રા અર્થે પધારો ને જિર્ણોદ્ધારમાં સહાયક બનો

તપગચ્છ રક્ષક શ્રી માણિભદ્રજીના આ તિર્થસ્થાન શ્રી આગલોડના વર્તમાન ઉદ્ધારક શ્રીમદ્ વિજયપ્રેમસુરીશ્વરજી મ. સા. ના સમુદાયના અને પુજ્ય આચાર્યશ્રી હિમાચલસુરીશ્વરજી મ. દ્વારા ઘાણેરાવ કીર્તિસ્તંભમાં આચાર્યપદથી વિભુષિત થયેલ પંન્યાસયોગી પુજ્ય આચાર્યદેવ શ્રી વિજયચાનંદઘનસૂરીશ્વરજી મહારાજશ્રીની પ્રેરણા અને માર્ગદર્શન મુજબ આ તીર્થનો જીર્ણોદ્ધાર થઈ રહેલ છે. તેમજ શ્રી આગલોડ જૈન શ્વે. મુ. પુ. સંઘ તરફથી યાત્રાળુઓ માટે આધુનિક સુવિધાવાળી ધર્મશાળા, ભોજનશાળાની સગવડ કરવામાં આવેલ છે.

આગલોડ આવવા માટે ગુજરાતના મહેસાણા, હિંમતનગર, વિજાપુર, અમદાવાદથી અનેક એસ. ટી. ની બસ મળે છે.

આ તીર્થના દર્શન-જાત્રાનો લાભ લેવા વિનંતી છે.

શ્રી માણીભદ્ર જૈન તીર્થ પેઢી

શ્રી જૈન શ્વેતામ્બર મૂ. પૂ. સંઘ (ફોન : ૩૧)

મુ. આગલોડ (તા. વિજાપુર : જી. મહેસાણા - ઉ. ગુ.)

મુર્ખતાનુ એક વિશિષ્ટ લક્ષણ એ છે કે, તે પોતે પણ પોતાની વાત સમજી શકતો નથી.

હવે તો હદ થઈ — તમારી ભાષા અને કલમને મ્યાન કરો

છેલ્લા બે-ત્રણ વર્ષથી જૈનશાસનને એક સમરાંગણ જેવું બનાવી દેનાર કેટલાક મુનિઓ અને ગૃહસ્થો હવે તો જાણે પોતાની મર્યાદાનો છેક લોપ જ કરી રહયા છે. સંયમી હોવા છતાં લખવા-બોલવામાં કોઈ સંયમ જ નહી, જાણે દુનિયાનો હિતચિંતકો પોતે જ હોય ને શાસનની આખી જવાબદારી પોતાના જ શીરે ન આવી હોય તેવું છે તેમનું અનધિકારભર્યું વર્તન અને વચન.

જે શાસનમાં કષાયોના ઉદયને સર્વથા વર્જ્ય ગણવામાં આવ્યો હોય તે શાસનની રક્ષાના બહાના હેઠળ એકલી અસભ્યતાભરી તોછડી ભાષાનો શબ્દકોષ ઠાલવવો અને હળાહળ ઝેર ઓકવું એ શું હિતાવહ છે?

જે પ્રભુએ ગમે તેવા ઘોર ઉપસર્ગોને કરનાર કે અહિત કરનાર વ્યક્તિના માટે દેવાનુપ્રિય સિવાય બીજા શબ્દનો પ્રયોગ નથી કર્યો— એ જ પ્રભુના શાસનમાં અને એ જ પ્રભુના શાસનની રક્ષા કરવા તૈયાર થનારા શ્રમણો કે શ્રાવકો પ્રત્યે તમે...'**હવે તમે એક કદમ પણ ઉઠાવી શકતા નથી' 'તમે શું કરવા ધારો છો?' હવે તમારું પુણ્ય પરવારવા આવ્યું છે. 'તમે પેઢીના પ્રમુખ તરીકે રહેવાને લાયક નથી' તમારું મોઢું જોવામાં લોકો પાપ માનશે.**— આવા આવા અશિષ્ટતા ભર્યા શબ્દ પ્રયોગો કરવા એ શું એક મહાવ્રતધારી એવા તમને છાજે છે ખરા? માટે ભાઈ મોઢું છે માટે બોલવું અને કલમ છે માટે લખવું એવું ન કરો.

તમે લખો છો કે — અમને તો તમારા માટે હિતબુદ્ધિ જ બેઠેલી છે, અમે તમને બચાવવા ઈચ્છીએ છીએ!!!

પણ એ હિતબુદ્ધિના ઇજારેદારો! આપના લખાણ વાંચનાર એક નાનામાં નાના બાળકને પણ એ સમજાયા વગર નહીં રહે કે આ લખતી વેળા લખનાર કેટલો બધો ક્રોધાવેશમાં હશે. જે પોતાના એક સામાન્ય વિવેકને પણ નેવે મુકીને આટલી હદ સુધી જાય છે એને હિતકાર માનવો કે ભયંકર શત્રુ

શ્રી શ્રેણિકભાઈ, શ્રી ભાણાભાઈ કે મહેન્દ્રભાઈ—જૈનવાળા તો ભલા એક છ કાયના કુટીમાં પડેલા ગૃહસ્થના વારસદાર છે અને તમે તો પંચ મહાવ્રતધારી છો, અને ભગવાનના વારસદાર છો— તો એમની જવાબદારી સમજાવવા નીકળનાર તમારી પણ કાંઈ જવાબદારી છે કે પછી '**परोपदेशे पांडित्यम्**' માં જ માનો છો

જેટલી શક્તિ અને અર્થનો વ્યય, વિરોધના ચોપાનીયા—ચોપડીઓ છપાવવામાં ને લેખો લખવામાં, ભાષણો ઝીંકવામાં કર્યા તેટલો જ વ્યય જો મંડનાત્મક શૈલીએ કર્યો હોત તો આજે સમાજનું ચિત્ર જુદું હોત.

વિરોધના ગણાતા હિમાયતીઓને હવે તો હાથ જોડીને કહેવાનું મન થાય છે કે હવે બહુ થયું. **સમાજમાં ધખધખતો લાવારસ વરસાવવાનું હવે માંડી વાળો—** એકની એક વાત વાંચી-વાંચીને અને સાંભળી-સાંભળીને હવે તો લોકો ગળે આવી ગયા છે. એ સંમેલનથી અહિત થશે કે કેમ એ તો ભવિષ્યની વાત છે પણ તમારા આ પ્રચારથી અને ઝુંબેશથી તો કેટલાયે ધર્મી હૈયાનું ઘોર અહિત થયું છે, અને થઇ રહયું છે.

તમારા પક્ષને અને તમારી માન્યતાને માને તે દેવ અને ન માને તે દાનવ—આજ તમારો અત્યાર સુધીનો ન્યાય છે. આપે કરો એ શાસ્ત્રવિહિત-ભલે પછી વગર જોગે આચાર્ય કે ઉપાધ્યાય બનાવો, ચોમાસામાંય સિદ્ધાચલની યાત્રા કરાવો કે લાલબાગ, હસ્તગીરી તીર્થનું અશાસ્ત્રીય બંધારણ કરી નવી પરંપરા ચલાવો કે વિહાર દરમ્યાન રસોડા ચલાવો, ગુરુ આજ્ઞાનો ભંગ કરો-કરાવો છતાં બીજા કરે તે અયોગ્ય અને શાસ્ત્ર વિરૂદ્ધ જણાવો. આવા કદાગ્રહ અને હઠાગ્રહથી તો તમારો સંસાર વધશે માટે જરા મધ્યસ્થ બુદ્ધિએ વિચાર કરો.

જીવન સંધ્યાના આરે આવીને બેઠેલા એ નવા તિથિ મત પ્રવર્તક જૈનાચાર્યને હાથ જોડી પ્રાર્થના કરવાનું મન થાય છે કે— હવે જતાં જતાં કાંઈક શાસનનું ભલું કરતાં જાવ અને ઝઘડા-ટંટાનું, વાદ-વિવાદનું અને વિખવાદથી છલોછલ ભરેલા તમારા જીવનની કિતાબના પાનામાં છેલ્લું સુવર્ણાક્ષરીય પાનું ઉમેરતા જાવ કે જેથી ભાવી પેઢી ગૌરવપુર્વક તમારૂ નામ લે....!

'**મારું એ સાચું નહિં પણ સાચું એ મારું**' એ સિદ્ધાંત અપનાવો. નાલેશીભર્યા અને શિષ્ટજન નિંદનીય પગલામાંથી તમે ધારો છો તે રીતે શાસ્ત્રનું ભલું કે હિત નહીં પણ ઘોર અહિત અને અન્યાય જ થવાનો છે. અને હજું આટલું ઓછું હોય તે તમે લખો છો કે હજુ તો આનાથી ય વધુ વધારે જલદ પગલાં લેવાશે. અને કોઈને કોઈ પ્રશ્ને તપગચ્છના જૈનોના કલેષ કંકાસના દાવાનળમાં સળગતું જ રાખવું એવી જાણે નેમ ન હોય, એવું લાગે છે. તિથિના પ્રશ્નો તેમના સમુદાયમાંથી કે તેમને માનનાર મોટા સમુદાયે શ્રમણ સંમેલન દ્વારા સમાધાન સાધ્યું છે ત્યારે હવે દેવદ્રવ્યના પ્રશ્ન ઉભો કરેલ છે.

ત્યારે તેમને પુછવાનું કે ધર્મશ્રદ્ધાળુ વર્ગને ગેરમાર્ગે દોરતી તેમની હસ્તગીરી તીર્થની વાત લઈએ તો સમજાશે કે પુ૦ આચાર્યશ્રી એ આ તીર્થના ઉદ્ધારના આ કાર્યમાં કેટલી દેવદ્રવ્યા અશાસ્ત્રીય ભયંકર અને દોષોથી ભરેલી ભુલોનું જિર્ણોદ્ધાર માટે એક ટ્રસ્ટ બનવવામાં આવેલ છે.

દુર્જનની જીભના ટેરવે મધ હોય છે. પણ હૃદયમાં ઝેર હોય છે. —સુવાકય મંજુષા

શાસ્ત્રની વાતો આચરવા માટે નહિ પણ બોલવા પુરતી જ હતી.

ટ્રસ્ટ દ્વારા સરકારશ્રી પાસેથી આ તીર્થમાં પહાડના ઉન્નત શિખર પર અષ્ટકોણાકૃતિ, ૭૨ દેવમુખીય યુક્ત અલૌકિક અને અદ્વિતીય જિન-પ્રાસાદના નિર્માણ માટે જમીન અને પરવાનગી મેળવવા 'ચંદ્રોદય ચેરીટીઝ' ની સ્થાપના કરી તેનો હેતુ 'જનરલ-પબ્લીકના ઉદ્ધારનો' છે. તે તેના હેતુ નીચે મુજબ નક્કી કરેલ.

(૧) ગરીબ માણસોને મદદ. (૨) દવાખાના, હોસ્પીટલો ખોલવા. (૩) સ્વાધ્યાય મંદિર, જ્ઞાનમંદિર, ધાર્મિક પુસ્તકોની લાયબ્રેરી, સ્કુલ, કલાસીઝ શરૂ કરવા (૪) વિદ્યાભ્યાસ માટે મદદ (૫) દુષ્કાળ, પુર, આગ વિગેરેમાં સામાજિક રાહત (૬) આ સિવાય ધાર્મિક કાર્યોમાં તેમ જ ચેરિટીમાં, જાહેર પબ્લીકના લાભાર્થે ટ્રસ્ટીઓને યોગ્ય લાગે તે કાર્યો કરવા.

આમ ટ્રસ્ટનો મુખ્ય હેતુ સામાજિક ઉત્થાનના અને આનુષંગીક હેતુનો હોય જે દેવદ્રવ્યના સિદ્ધાંતની સ્પષ્ટ અવહેલના ગણાય!!! આવું ટ્રસ્ટ કોઈ જિનાલયના નિર્માણ કે જિર્ણોદ્ધાર માટે જાણવા મળતું નથી.

શાસ્ત્ર વિરૂદ્ધનું કાર્ય ટ્રસ્ટ દ્વારા થયેલ હોઈ તેને ઢાંકવા અને આખાય પ્રોજેક્ટને શાસ્ત્રીય ઢાંચો ઓઢાડવા નવું ટ્રસ્ટ ઉભું કરેલ છે. અને લાખો રૂા.ના દાન ઉઘરાવી જિનાલય તૈયાર કરાવાઈ રહ્યું છે પરંતુ જયારે ભવ્ય જિનાલય બનાવેલ છે તે જમીન ટ્રસ્ટ કે જે "શાસ્ત્રીય રીતે" સુસંગત નથી. આ જમીન ઉપર થયેલ જિનાલય પણ તાર્કિક, કાયદાકીય રીતે જુના ટ્રસ્ટનું જ ગણાય સિવાય કે પ્રથમ ટ્રસ્ટ દ્વારા બીજા ટ્રસ્ટને કાયદાકીય રીતે મિલ્કતની સોંપણી થાય. પરંતુ તેમ કરવામાં સરકારી નિયમનો અવરોધ હોય, સગવડતા ખાતર આખી વાતને બીજું ટ્રસ્ટ બનાવી શાસ્ત્રીય આવરણ પહેરાવી ઢાંકપીછોડો કરવામાં આવેલ છે. પરંતુ સરકાર એક જ કલમની ઓથે આખું જિનાલય હસ્તગત કરી શકશે.

જ્યારે શત્રુંજય પર્વની એક પાવન ટુંકનો તિર્થોદ્ધાર કરવાનો હોય ત્યારે તે સંપુર્ણપણે શાસ્ત્રીય વિધિથી જ થવો જોઈએ. તેના બદલે જ્યાં અનંતા જીવો મોક્ષે ગયા છે તે તીર્થ ઉપર જ વાહન-વહેવાર માટે રસ્તા કરેલ છે. ને તેમાં માલ-સામાન, પ્રભુજી, કે યાત્રીકોને પણ યાત્રા કરાવાય છે. કરૂણાનિધિ પરમ તિર્થોદ્ધારક!!! રામચંદ્રસુરિજીએ ઈરાદાપુર્વક તીર્થની આશાતના દેવદ્રવ્યના સિદ્ધાંતની ખુલ્લેઆમ અવગણના કરી ઘોર આશાતના પુર્વક દેવદ્રવ્યના સિદ્ધાંતનો ભંગ કર્યો, આ મહાન આશાતનાના ફળ આચાર્યશ્રીના તેની પ્રતિષ્ઠા કરાવવા પધારે ત્યારે તેમને ધ્યાન બહાર ન જ હોય.

આ અંગે ધ્રાંગધ્રાના સુશ્રાવક શ્રી દીપચંદ વખતચંદ મહેતા (શ્રી બાબુભાઈ વીવદવાળા) એ પુજ્ય આચાર્યશ્રીને પત્રો લખી-પત્રીકા લખીને તેમજ અન્તમાં તેમના પુસ્તક "સંયમરક્ષા અંગે મારી મનોવ્યથા" દ્વારા શાસ્ત્ર-સિદ્ધાંત ને પરંપરા વિરૂદ્ધ થયેલ પ્રવૃત્તિઓ અંગે તેમણે તા. ૨૨-૬-૮૧ ના પત્રમાં જણાવેલ છે કે...

ધ્રાંગધ્રા, તા. ૨૨-૬-૮૧

પરમ પુજ્ય, પરમ ઉપકારી પુ૦ આચાર્યદેવ વિજયરામચંદ્ર-સૂરીશ્વરજી મહારાજ સાહેબની સેવામાં, શ્રી ડીસા.

લી. દીપચંદ વખતચંદના ૧૦૦૮ વાર વંદના સ્વીકારશોજી.

વિ. વિ. આપને પત્ર એક લખેલ. તે આપ શુદ્ધ બુદ્ધિથી વિચારશો તો ખાત્રી થશે કે આપે જ સમજાવેલ ધર્મનું ફળ છે.

અત્યાર સુધી શાસ્ત્ર અને સિદ્ધાંતના નામે જે વાતો કરવામાં આવી તે નીચેની હકીકતથી શાસ્ત્રના નામે ઉભી કરેલી ઈન્દ્રજાળ હતી. શાસ્ત્રની વાતો આચરવા માટે નહીં પણ બોલવા પુરતી જ હતી. આપની પ્રભાવિત વાણીથી લોકો અંજાઈ આપના હૃદયના ભાવને સમજી શક્યા નહીં, તે આપના પાપાનુબંધી પુન્યને જ આભારી છે. તે હકીકત સત્ય છે કે કેમ તે તો જ્ઞાની ભગવંતો જ કહી શકશે.

આપણે બે તિથિઓ માનીએ છીએ. તે શાસ્ત્રદૃષ્ટિએ સો ટકા સાચી છે તેમ આપે કહેલ, અને તે સાચવવા માટે શાસ્ત્ર ઉપર શ્રદ્ધા રાખનારાઓનો મોટો વર્ગ હોવા છતાં આપે બે પુનમની બે તેરસ કરી-અને સંતોષ માનવા ખાતર પટ્ટક બનાવ્યો-પરંતુ ખોટી આરાધના શરૂ થઈ. આપે ઘણી વખત જાહેરમાં કહેલ છે કે હું એકલો રહીશ પણ સત્ય કહી છોડીશ નહી. તેવી વાતો જ કરી, કદી કરી બતાવ્યું નહીં. હજુ પણ એકલા રહેવાનો દંભી અને માયાવી પડકાર ચાલુ રાખેલ છે. આપનો શાસ્ત્ર પ્રત્યેનો પ્રેમ કૃત્રિમ છે કે કેમ અને તેથી કેવું પાપ બંધાય તે તો ગીતાર્થ પાપભીરૂ ભગવંતો જ નક્કી કરી શકે.

શાસ્ત્ર પ્રત્યે જેમને અથાગ પ્રેમ હોય તેમને એકલી તિથિ જ સાચવવાની વાત ન હોય, પરંતુ શાસનને. મુખ્ય આધાર સંયમ છે, તેને જીવવાનો અને જીવાડવાનો અતિ આગ્રહ હોય.

શાસ્ત્ર મુજબનું જીવન જીવવા કોઈ તૈયાર ન થાય તો એકલા રહેવાનો નિર્ણય કર્યો હોત તો આજે જૈન શાસનની છાયા જગત ઉપર કોઈ જુદી હોત. પરંતુ આપે સાધુજીવનમાં સંયમ માટે કોઈ સિદ્ધાંત સ્વીકાર્યો નહીં તેથી જ શાસનની અપ્રભાજના થઈ રહી છે, તેમાં આપ મુખ્ય કારણ છો. આપને પણ કર્મ છોડયા નહી એ હકીકત આપને સત્ય લાગે છે કે કેમ તે આપે નક્કી કરવાનું છે.

પ્રથમની બાલદીક્ષાનો ઈતિહાસ આપ સારી રીતે જાણો છો, પરંતુ બે સાલ પહેલા (સુરેન્દ્રનગરમાં) ત્રણ બાલદીક્ષાઓ થઈ અને તે પ્રસંગે તેમના વાલીઓએ લખલુંટ ખર્ચ કરી જૈન શાસનને ઉચ્ચ

વિદ્યા જેમ જેમ પાંગરતી જાય છે તેમ તેમ મૂર્ખતા ઓછી થતી જાય છે.-ધર્મધુરંધરસૂરિજી

સત્ય હકીકતનો એકરાર કરવો તે જ સાધુતાનું સાચું લક્ષણ છે.

રત્નોની ભેટ આપી. તેથી તેમનો તથા શ્રીસંઘના ઉત્સાહનો કોઈ પાર નહોતો. અમે લોકો જે અનુમોદના કરતા હતા તે સાંભળી આનંદનો કોઈ પાર ન રહેતો. આવી ઉચ્ચ દીક્ષાઓ આપની નિશ્રાએ થાય પણ પછી તેઓના સંયમરક્ષાની ચિંતા આપે રાખી નહીં અને તેની ઉપેક્ષા કરી છે. તેનો બચાવ આપનાથી કદી થઈ શકે તેમ નથી. આપે શાસ્ત્ર પ્રત્યે વફાદારી રાખી સંયમનો જ આગ્રહ રાખ્યો હોત તો આપની પાસેના ઘણા સાધુઓની આવી કંગાળ સ્થિતી બનત નહીં. આપનો સંયમ પ્રત્યેનો ભાવ વાણીમાં હતો તેવો જીવનમાં હોત તો આપની પાસેના સાધુઓની ખુમારી આદર્શ જીવન જીવી જગતને મોટું ઉદાહરણ પુરું પડત. આપનો અસંયમી પ્રત્યે પ્રેમ અને મહાસંયમી ઉપર દ્વેષથી આપ શાસ્ત્ર મુજબ જીવન જીવી શકયા નથી, ફક્ત વાતો કરી છે. જગતમાં સારૂ જીવન જીવવા માટે કોઈ પ્રેરણા કે સહાય કરી નથી, તે એક સત્ય હકીકત છે. જરૂર, આપની વાણીથી અનેક શ્રાવકોને ધર્મ પ્રત્યે શ્રદ્ધાળુ બની-ઘણા સારા કાર્યો કરવાના ભાવો પેદા થયા. પરંતુ આપની પાસે રહેનારા ઘણા સાધુઓની સ્થિતી દિન-પ્રતિદિન બગડતી ગઈ જેથી સંયમ પ્રત્યે રાગ નથી તે જ પુરાવો છે. શાસનના કમનસીબે સંયમને આપે ગૌણ ગણ્યું તેથી શાસનને જે નુકશાન થયેલ છે તેની ચુકતે જવાબદારી આપની છે શ્રદ્ધાળુ, ભદ્રીક શ્રીમંતવર્ગ પાસે વાણીના પ્રભાવે જૈનશાસનની પ્રભાવનાના નામે લાખો રૂપીયા ખર્ચાવી શકય; પરંતુ સંયમની અને શુદ્ધ આચારોની કદી પરવા કરી નથી. તેનો જેમ જેમ વિચાર કરીએ છીએ ત્યારે આઘાતનો કોઈ પાર રહેતો નથી. સાધુતાની જે ફજેતી થઇ રહી છે તેનો બચાવ કરવા શક્તિનો ઉપયોગ જે કરે તેને કેવુ પાપ બંધાય તે ગીતાર્થ ભગવંતો નકકી કરશે.

સાધુઓના આહાર અને વિહાર આપની સાથે રહીને જે રીતે થયા છે તેથી ભગવાનનો માર્ગ કદી ટકી શકે નહીં. કદાચ સહાયની જરૂર પડે તો ઓછામાં ઓછી જરૂરિયાત અને ઓછામાં ઓછો આરંભ-સમારંભ થાય ને તેમાં પણ દુઃખનો કોઈ પાર ન હોય. આવી સ્થિતી હોય તો જ સાધુપણું ટકે. પાપનો ડર ચાલ્યો જાય ત્યારે જ ધર્મના નામે દરેક સગવડો ઉભી કરાવી; સંયમને દુષિત બનાવેલ છે. તેથી સંયમની કોઈ કિંમત રહી નથી. છતાં જગતમાં આદર્શ સાધુતાની છાપ ઉભી કરી નિર્લેપતાનો પ્રચાર કરવામાં અમારા જેવા મુર્ખાનો મોટો હિસ્સો હતો, તે અમારે કબુલ કર્યા વિના ચાલે તેમ નથી. તેવી જ રીતે સત્ય હકીકતનો એકરાર કરવો તે જ સાધુતાનું સાચું લક્ષણ છે. છતાં પણ આપની બુદ્ધિથી અને શક્તિથી સંયમ વિરૂદ્ધની પ્રવૃત્તિનો બચાવ કરશો અને હજુ પણ તેવી પ્રથા ચાલુ રાખશો તો તેનાથી કેવું પાપ બંધાય તે સંયમના મહારાગી મહાપુરુષો જ નકકી કરી શકે.

શ્રી હસ્તગીરીજી તીર્થનું ટ્રસ્ટ શાસ્ત્ર વિરૂદ્ધનું હોવાથી બીજું ટ્રસ્ટ કરેલ છે. પરંતુ પ્રથમના ટ્રસ્ટની મીલકત સુધારેલા ટ્રસ્ટને ન સોંપે ત્યાં સુધી દેવદ્રવ્યના સિદ્ધાંતનો નાશ અટકતો નથી. તે વાત **આપને સત્ય લાગવાથી કહેલ કે જ્યાં સુધી શાસ્ત્ર મુજબ કાર્યવાહી નક્કી ન થાય ત્યાં સુધી કોઈએ મદદ કરવી નહીં. અને જે કોઈ મદદ કરશે તે પાપના ભાગીદાર બનશે. તેવી જાહેરાત કરવાનું પણ કહેલ.** તેથી જ શ્રીયુત કાંતિભાઈને દુઃખ થાય તેની પરવા કર્યા વગર, તેમની નારાજી વ્હોરીને, સિદ્ધાંતની રક્ષા ખાતર, આપના વિશ્વાસે પ્રયત્નો કરતાં તે આપને ખ્યાલમાં છે. છતાં બીજી બાજુ શ્રી કાંતિભાઈને સંતોષ આપવા, દેવદ્રવ્યના સિદ્ધાંતના નાશનો ડર રાખ્યા સિવાય. તેઓશ્રીને પૈસા ભેગા કરાવી આપવા માટે પ્રયત્નો કરતાં દેવદ્રવ્યના સિદ્ધાંતનો નાશ કરનારને મદદ કરે તો ભયંકર પાપ લાગે, તેવું સમજાવનારાના હાથથી જ મદદ કરવાનું કામ થાય તો દેવદ્રવ્યના સિદ્ધાંતનો નાશ કરવાનું ભયંકર પાપ લાગે કે કેમ તે આપે નકકી કરવાનું છે. દેવદ્રવ્યો પ્રત્યે રાગ સાચવવા માટે નહીં પરંતુ પ્રતિષ્ઠા મેળવવા માટે હતો. તે આપની કાર્યવાહીથી નકકી થાય છે શાસ્ત્રદષ્ટિએ આવી મેલી રમત રમે તેમને કેવું પાપ બંધાય તે તો જ્ઞાની ભગવંતો જ નકકી કરી શકે.

દીક્ષાતિથિ ઉજવવી શાસ્ત્ર વિરૂદ્ધ છે, તે આપે જાહેર કહેલ છે. છતાં આપની દીક્ષાતિથિ ઉજવવા સંમતિ આપી. આપની પાસે શાસ્ત્રવિરૂદ્ધના કાર્યો નજરે જોવા અને તે કાર્યોનો વ્યાખ્યાનમાં વિરોધ કરતાં; ને તેવા જ કાર્યો પાછા આપની નિશ્રામાં થાય. છતાં છતી આંખે આંધળા થઈ ગયા હતા. જેથી સામા પક્ષના કાર્યો શાસ્ત્રવિરૂદ્ધ છે તે સમજાવી વિરોધ કરાવતાં. અને તેથી વધારે શાસ્ત્રવિરૂદ્ધ આપણે ત્યાં કાર્યો થાય ત્યારે શાસન પ્રભાવનાના નામે કરાવી શકતા. જેથી શાસ્ત્ર પ્રત્યેનો રાગ અથાગ છે; તેવો ભ્રમ ઉભો કરેલ. તેથી મહા બુદ્ધિશાળીઓ પણ આવી ઈન્દ્રજાળ ને રાગના કારણે સમજી શકતા નહીં; જે આપનો પાપાનુબંધી પુન્યનો પ્રભાવ છે. પાપાનુબંધી પુન્યના બળે કરેલા કામોનો અંજામ કેવો આવે તે તો જ્ઞાની ભગવંતો જ કહી શકે.

કેસર-સુખડ બાબતમાં આપે પોતાના દ્રવ્યથી પુજા ન કરે તો પાપ બંધાય તે શાસ્ત્રની દષ્ટિએ કહેલ. તે વાત અમોએ ઝીલી અને અહીંના (સુરેન્દ્રનગરના) દેરાસરમાં આદર્શ દાખલો બેસે તે માટે અમોએ પ્રયત્નો કર્યા. તેથી ૮૦ ટકા પુજા કરનારાઓ સ્વદ્રવ્યથી પુજા કરતાં થયા; અને કોઈ પુજા કરતાં ન રહી જાય તે માટે કેસરની વાટકીઓ સ્વદ્રવ્યથી પુજા કરનાર ભાઈઓ મુકતા. પરંતુ શક્તિવાળા હોવા છતાં પારકું વાપરવાની મનોવૃત્તિવાળાએ કેસર રાખવાનો આગ્રહ

કુટુંબ અર્થે ચોરીનું કામ કરવા તત્પર થયેલા પંડિતો પારકાનાં દુઃખને પણ છેદી નાખે છે. —આ૦ કસ્તુરસૂરિજી

સિદ્ધાંતની વાતો કરનાર સિદ્ધાંત વિહોણું જીવન જીવે તો શી ગતિ થાય.

રાખ્યો; તેથી આપને પુછાવ્યું, આપની પાસે રૂબરૂ આવી વાત કરી. આપે સ્વદ્રવ્યથી પુજા ન કરે તો પાપ બંધાય તેવું બોર્ડ મુકવા માટે સંમતિ આપી. છતાં, અંગત કારણસર મન દુઃખથી વેર વાળવાની હલકી વૃત્તિથી, શાહ કાંતિલાલ ચુનીલાલ તથા શાહ મનહરલાલ પ્રભુદાસે ખટપટ શરૂ કરી. તેમાં સાધુ મહાત્માઓનો ઉપયોગ કર્યો.

થોડા દિવસ બાદ કાંતિભાઈનો આપના નામથી લખેલ પત્ર દસ્તખત વગરનો આવ્યો. તેમાં લખ્યું કે **ચાલી આવતી પ્રણાલિકા બંધ કરવા જેવી નથી. આપ શાસ્ત્રવિરૂદ્ધની પ્રણાલિકાને માનશો. તે કદી માનવામાં આવે નહીં, એટલે અમોએ શાસ્ત્રની વાત પકડી રાખી.** ધર્મસ્થાનોનો તથા સાધુ મહાત્માનો ઉપયોગ ધર્મ પામેલા સિદ્ધાંતનો નાશ કરવા માટે કદી કરે નહીં. પરંતુ ધર્મમાં સ્વાર્થી, સત્વહીન અને અપ્રમાણિક માયાવી માણસો બુદ્ધિનો ઉપયોગ અંગત સ્વાર્થ સાધવા ખટપટ કરે તે બિચારા દયાપાત્ર છે. આપે પ્રણાલિકાની સલાહ ન આપી હોત તો તેઓ, ધર્મસ્થાનોમાં જે રીતે પાપો બાંધ્યા છે. તે કદી બાંધી શકત નહીં. તેઓ બિચારાઓ ઘણા પાપથી બચી ગયા હોત **જેઓની પાસેથી શાસ્ત્રનો નિર્ણય લેવાનો હોય તે શાસ્ત્રને વફાદાર ન રહે તેથી કેવી પરિસ્થિતિ પેદા થઈ અને તેનાથી કેટલું અનર્થ થયું તે સિદ્ધાંતપ્રેમી મહાપુરૂષો પાસે નક્કી કરાવશો.** જેથી ખાત્રી થશે કે આમાં વધારે જવાબદાર કોણ ગણાય.

સિદ્ધગિરિ ઉપર ચાતુર્માસનાં ન જવાય, સુતક લાગે, પ્રતિક્રમણ પુરુ થયા પછી સંતીકરણ બોલવું જોઈએ. બે તિથિ ન હોય—આવી અનેક પ્રણાલિકાને બદલી શાસ્ત્ર મુજબની આરાધનાની વાતો કરનારે કેસર–સુખડની પ્રણાલિકાને મહત્ત્વ આપી શાસ્ત્રનો ભયંકર દ્રોહ કર્યો છે, તે આપના વચનથી જ સિદ્ધ થાય છે. આપે શાસ્ત્ર વિરૂદ્ધની પ્રણાલિકાને મહત્ત્વ આપી શાસ્ત્રને વળગી રહેનારનો વિશ્વાસઘાત કર્યો છે. આપને કોઈ સિદ્ધાંત નથી. આપની, પ્રતિષ્ઠા સચવાતી હોય તો ગમે તે અને ગમે તેવી રીતે કરી શકો છો, તે ઉપરની વાતોથી સિદ્ધ થાય છે. અમોને હવે પાકી ખાતરી થઈ ગઈ છે કે જે કોઈ સિદ્ધાંત-પ્રેમી આપના ભરોસે કામ કરશે તો તેના જીવનની મોટામાં મોટી ભુલ હશે અને તેની કિંમત ઘણી ચુકવવી પડશે. સિદ્ધાંતની વાતો કરનાર સિદ્ધાંત વિહોણું જીવન જીવે તેની ગતિ શી થાય તે શાસ્ત્રદષ્ટિએ ગીતાર્થ ભગવંતો નક્કી કરી શકે.

શાસ્ત્રની અને સિદ્ધાંતની વાતો સમજાવી એકાંતે મોક્ષની આરાધના માટે ધર્મસ્થાનો ઉભા કરવા જોઈએ, તેવો ઉપદેશ આપેલ. આપના વિશ્વાસે પુન્યશાળીઓએ લાખો રૂપીયા ખર્ચી ધર્મને ટકાવવા માટે સ્થાનો ઉભા કર્યા. તે જ ધર્મસ્થાનોમાં ધર્મ વિરૂદ્ધની પ્રવૃત્તિ કરી અસંયમી જીવન જીવાય છે, તેની આપની પાસે વિનંતી કરે તો તેના બદલામાં માર પડે, અને સંયમના ખપી આત્માઓ વધારેમાં વધારે દુખી કેમ થાય તે માટે પ્રયત્નો થાય. તેથી ધર્મસ્થાનોમાં પૈસા આપનારાઓનો તેમજ સંઘનો ભયંકર અપરાધ કરેલ છે કે કેમ તે આપે નક્કી કરવાનું છે. આપને શાસ્ત્રની વાતો કરવામાં પ્રતિષ્ઠા વધારવા સિવાય બીજું કોઈ લક્ષ નહોતું, તે ઘણી હકીકતોથી તેમજ અનુભવથી નક્કી થાય છે. ધર્મ ને શાસ્ત્ર પ્રત્યે અંતરનો રાગ હોત તો ધર્મસ્થાનોમાં કદી અસંયમીઓ ટકી શકે નહીં, સંઘમાં મહાન જૈનાચાર્યની ખ્યાતી પામેલા શાસ્ત્ર ને સિદ્ધાંતની વાતોમાં જ રહે અને આચરણમાં કે અમલમાં કાંઈ ન હોય તો તેમને માટે અમારે કાંઈ કહેવું નથી, તેનો ન્યાય ગીતાર્થ મહાપુરુષો જ કરશે.

આપની જગતમાં એટલી બધી ખ્યાતી વધી ગઈ હતી કે આપના સિવાય આ કાળમાં ભગવાનનો માર્ગ ટકાવી શકે તેવા કોઈ નથી; તેથી આપના ગુણનું વર્ણન સાંભળતા ત્યારે અમોને ખુમારીનો કોઈ પાર નહોતો: અમારૂં કેટલું સદ્‌ભાગ્ય કે આપના જેવા ગુરુ અમોને મળ્યા; પરંતુ જ્યારે અનુભવથી જાણ્યું કે આ બધા ગુણનો વ્યવસ્થિત પ્રચાર હતો અને કુશળતાપુર્વકની ઇન્દ્રજાળ હતી. તે વાત જાણવામાં આવી ત્યારે અમોને આઘાતનો કોઈ પાર રહેલ નથી, ભાવિભાવ.

આપે સત્ય હકીકત સ્વીકારવા જેવી તાકાત કેળવી હોય તો ગઈ ગુજરી ભુલી જઈ. આપને જે શક્તિ મળી છે તેનો સદઉપયોગ કરી, છેલ્લી જિંદગીમાં. આત્મિક શાંતિ માટે, એવો નિર્ણય કરો કે અમારૂં મસ્તક જગતમાં ઊંચું લઈને ફરી શકીએ

શ્રી ભીલડિયાજીમાં આપે કહેલ છે કે આવતી સાલ, પીંડવાડા ચોમાસું કર્યા પછી, ગચ્છાધિપતિ તરીકે પુ આચાર્યદેવશ્રી વિજયભુવન-ભાનુસુરીશ્વરજીને નીમવાના છો. આ વાત ખરેખર સત્ય હોય તો આવો લાંબો ટાઈમ કાઢવામાં કાંઈ ફાયદો નથી. જેટલી વહેલી નિવૃત્તિ લેવાશે તેમાં આપનું અને સંઘનું કલ્યાણ છે. પરંતુ તેમાં કોઈ રમત હશે તો ગુમાવવાનું ઘણું થશે હવે આપના હાથથી જ કોઈ રમત રમાશે તો આપને અને જૈન શાસનને મહાન નુકશાન થશે. એ જ વિનંતી. અમારી વેદના હવે પછી જણાવશું,

લી. સેવક દીપચંદ વખતચંદના ૧૦૦૮ વાર વંદના સ્વીકારશોજી,

આ અને આવા અનેક પત્રો–પત્રિકાઓ દ્વારા આચાર્યશ્રીમાં પરી-વર્તન આવે તેવી ભાવનાથી શ્રી દિપચંદભાઈએ સારો પુરુષાર્થ કરેલ. તેમાં જે વિગતો અને હકીકતો આપેલ છે તે તો આપણી શ્રદ્ધા અને ભાવનાને હચમચાવી નાખનાર હોઈ તેમાંના આક્ષેપો પ્રતો રૂપે હવે પછી જૈનમાં આપીશું.

સુલેહ અને સ્નેહ ત્યાં સતયુગ, કલહ અને કલેષ ત્યાં કલિયુગ—સુવાક્ય મંજુષા

આઠ અગ્યાર લાખ વર્ષ પ્રાચીન તીર્થાધિરાજ ભરૂચમાં તીર્થોદ્ધાર બાદ
શ્રી મુનિસુવ્રત તીર્થ શ્રી અશ્વાવબોધ તીર્થ શ્રી શકુનિકા વિહાર તીર્થ શ્રી પ્રાયશ્ચિત તીર્થ શ્રી ભક્તામર તીર્થમાં

卐 ભવ્ય અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ-સંઘ નિમંત્રણ 卐

: તીર્થોદ્ધારક :	: દિવ્યાશિષદાતા :	: પ્રતિષ્ઠાચાર્ય :
પૂ. ગુરુદેવ	પૂ. દાદા ગુરુદેવ	પૂ. આ. દેવ
વિક્રમસૂરીશ્વરજી મ. સા.	લબ્ધિસૂરીશ્વરજી મ. સા.	નવીનસૂરીશ્વરજી મ. સા.

તિર્થોદ્ધાર તથા પ્રતિષ્ઠા મહોત્સવ માર્ગદર્શક :- પૂ. આ. દેવ રાજયશસૂરીશ્વરજી મ. સા.

આ પુણ્ય પ્રસંગે સમસ્ત લબ્ધિ સમુદાયના શ્રમણ ભગવંતો-શ્રમણી ભગવંતોને ઉપસ્થિત રાખવાના અમારા મનોરથો છે.

શુભનિશ્રા :- (૧) પુ૦ આ૦ દેવ નવીનસુરીશ્વરજી મ. સા. (૨) પુ૦ આ૦ દેવ ભદ્રંકરસુરીશ્વરજી મ. સા. (૩) પુ૦ આ૦ દેવ જિનભદ્રસુરીશ્વરજી મ. સા. (૪) પુ૦ આ૦ દેવ પુન્યાનંદસુરીશ્વરજી મ. સા. (૫) પુ૦ આ૦ દેવ હિરણ્યપ્રભસુરીશ્વરજી મ. સા. (૬) પુ૦ આ૦ દેવ સ્થુલભદ્રસુરીશ્વરજી મ. સા. (૭) પુ૦ આ૦ દેવ રાજયશસુરીશ્વરજી મ. સા. (૮) પુ૦આ૦ શ્રી દેવ વીરસેનસુરીશ્વરજી મ. સા. (૯) પુ૦ આ૦ દેવ અરુણપ્રભસુરીશ્વરજી મ. સા. આદિ સમસ્ત મુનિગણ તથા પું૦ સાધ્વી સર્વોદયશ્રીજી આદિ સાધ્વીગણ પધારશે.

મંગળ શુભાશિષ :- પુ૦ આ૦ દેવ કીર્તિચંદ્રસુરીશ્વરજી મ. સા., પુ૦ આ૦ દેવ અશોકચંદ્રસુરીશ્વરજી મ. સા., પુ૦ આ૦ દેવ અભયચંદ્રસુરીશ્વરજી મ. સા., પુ૦ આ૦ દેવ વારિષેણસુરીશ્વરજી મ. સા., વયોવૃદ્ધ પંન્યાસ પ્રવર પુ૦ પદ્મવિજયજી મ. સા. આદિ મુનિગણ પુ. પ્રવર્તિની સાધ્વી જયાશ્રીજી મ. સા., પુ૦ સાધ્વી ઉમંગશ્રીજી મ. સા., પુ૦ સાધ્વી હંસાશ્રીજી મ. સા., પુ૦ સાધ્વી મહેન્દ્રશ્રીજી મ. સા. આદિને વિનંતી કરેલ પણ તાબિયત અને દુર દેશ વિગેરેના કારણે પુજ્યો ઉપસ્થિત રહી નહીં શકે તેથી આ પુણ્ય પ્રસંગે અંતરના શુભાશિષ પાઠવ્યા છે.

ભારતના સમસ્ત સંઘોને નિમંત્રણ :- નિમંત્રણ પત્રિકા શીઘ્રાતિશીઘ્ર આપ સૌના કરકમલમાં સમર્પિત કરીશું પણ આ વિનંતી પત્રિકા સ્વીકારી તીર્થોદ્ધારના મહાન કાર્યમાં જેમ આપ સૌએ સાથ સહકાર અને દાનની ભાગીરથી વહાવી છે. તેમ આ ભવ્ય અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવમાં પધારી શોભામાં અભિવૃદ્ધિ કરશોજી. શ્રી સંઘ મહાન છે. અમારીવિનંતી સ્વીકારી જરૂર પધારશોજી.

નિમંત્રક : **શ્રી ભરૂચ જૈન સંઘ શ્રી અખિલ ભારતીય તીર્થ વિકાસ સમિતિ,**

શ્રી પ્રતિષ્ઠા મહોત્સવ સમિતિ.

શ્રી જૈન ધર્મ ફંડ પેઢી, શ્રીમાળી પોળ, ભરૂચ-૩૯૨૦૦૧ (ગુજરાત)

ઐતિહાસિક મહામહોત્સવના યાદગાર દિનો

તા. ૨૨-૧-૮૯ પુજ્યોનો પ્રતિષ્ઠા માટે નગર પ્રવેશ સ. ૯-૦૦ વાગે
તા. ૨૨-૧-૮૯ પોષ વદ ૧ ભકતામર મહાપુજન બ. ૧૨-૩૦ વાગે
તા. ૨૯-૧-૮૯ પોષ વદ ૭ શ્રી પાર્શ્વ પદ્માવતી મહાપુજન
તા. ૫-૨-૮૯ પોષ વદ ૧૪ શ્રી જલયાત્રાની રથયાત્રા
તા. ૧૦-૨-૮૯ મહા સુદ ૫ શ્રી ચ્યવન કલ્યાણક વિધાન
તા. ૧૧-૨-૮૯ મહા સુદ ૬ શ્રી પ્રાચીન પ્રતિમાજીના અઢાર અભિષેક
તા. ૧૨-૨-૮૯ જન્મ કલ્યાણક વિધાન
* ૫૬ દિગકુમારીકા મહોત્સવ ૬૪ ઈંદ્ર દ્વારા મેરૂપર્વત પર અભિષેક
તા. ૧૩-૨-૮૯ જ. ક. રથયાત્રા પ્રભુ જન્મ વધાઈ, પ્રભુજીના ૧૮અભિષેક
તા. ૧૪-૨-૮૯ મહા સુદ ૯ શ્રી પ્રભુની નામ સ્થાપના પાઠશાળા ગમન
તા. ૧૫-૨-૮૯ મહા સુદ ૧૦ શ્રી પ્રભુનો જિન મંદિરમાં પ્રવેશ
તા. ૧૬-૨-૮૯ મહા સુદ ૧૧ શ્રી પ્રભુનો લગ્ન મહોત્સવ-રાજ્યાભિષેક
તા. ૧૭-૨-૮૯ મહા સુદ ૧૨ ભવ્ય રથયાત્રા (દીક્ષા કલ્યાણક)
* દીક્ષા કલ્યાણક વિધાન શુભ મુહુર્તે અધિવાસના અંજન વિધાન-સમવસરણ દેશના
તા. ૧૮-૨-૮૯ મહા સુદ ૧૩ **પ્રભુજીની પ્રતિષ્ઠા બૃહત શાંતિસ્નાત્ર**
તા. ૧૯-૨-૮૯ મહા સુદ ૧૪ નુતન જિન મંદિરનું દ્વારોદ્ઘાટન
* ભારત તથા ગુજરાત સરકારના સર્વોચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહેશે.
* મહોત્સવ દરમ્યાન પ્રતિદિન ૩ સમય સાધર્મિક ભકિત ને સંમેલન
* કલ્યાણક મહોત્સવમાં દરરોજ નવકારશી
* પ્રભુ મુનિસુવ્રત સ્વામીના વિશિષ્ટ જાપ * અદ્‌ભુત જિન ભકિત
* અંગ રચનાઓ * અદ્‌ભુત રંગોળીઓ * આકર્ષક રચનાઓ
* પુ૦ આચાર્યદેવ **રાજયશસૂરીશ્વરજી** મ. સા. ના જિનભકિત ગુંજિત કરતા રસભર્યા ભવ્ય પ્રવચનો પ્રતિદિન પ્રાતઃકાળે સંગીત સહ પુ૦ આચાર્યદેવની ભક્તામર સ્તોત્ર દ્વારા પ્રભુ ભકિત
* ભારતભરના સુપ્રસિદ્ધ વિધિકારક સુશ્રાવકો * અદ્‌ભુત ભક્તિ રસ પ્રેરક સંગીતકારો * ભારતીય ભવ્ય નૃત્યકારો તથા ભારતના અનેક ભક્તિ મંડળો જિન ભક્તિની રસલ્હાણ કરશે.

શેઠશ્રી કસ્તુરભાઈની નવમી પુણ્યતિથીએ સ્મરણાંજલીરૂપ

જૈન સંઘનું નિરિક્ષણ કરાવતું પ્રવચન

જૈન સંઘ-સમાજની ૫૦-૫૦ વર્ષ સુધી તન-મન-ધનથી સેવા-સંભાળ રાખનાર બત્રીસ લક્ષણા મહાજન શેઠ શ્રી કસ્તુરભાઇ લાલભાઇની તા. ૨૦-૧-૮૯ના નવમી સ્વર્ગવાસ તિથી પ્રસંગે સં. ૧૯૯૩ના શ્રમણોપાસક શ્રીસંઘના સંમેલન-અમદાવાદમાં મળેલ ત્યારે જે ઐતિહાસિક પ્રવચન આપેલ તે વર્તમાન સમયમાં પણ જૈન સંઘે વિચારવું-વાગોળવું જરૂરી હોઈ અત્રે ફરી પ્રગટ કરીએ છીએ.

શેઠશ્રીનો જન્મ ૧૯ ડીસેમ્બર ૧૮૯૪માં હોઇ તેમની પાચ વર્ષ બાદ જન્મ શતાબ્દી આવતી હોઇ શેઠશ્રીના જૈન સમાજ ઉપર મહાન ઉપકાર હોઈ-પ્રેરણારૂપ હોઈ તેમનું પુરા કદનું સ્ટેચ્યુ પાલીતાણા-અમદાવાદમાં મુકાય તેવા પ્રયત્નો આગેવાનો શ્રીસંઘના સહકારથી આરંભાય તેવી મનોકામના.

આપણો ધર્મ અનેક મુસ્કેલીઓ વચ્ચે પણ અત્યાર સુધી ગૌરવપુર્વક ટકી રહયો હોય તો તેનું મુખ્ય કારણ આપણી પવિત્ર સાધું સંસ્થા છે કે જેના ઉપદેશ અને ઉચ્ચ કક્ષાના સંયમવાળા વર્તનને લઇને આપણા માટે તે ઉપયોગી બની છે. આ સંસ્થામાં આજે પણ અનેક આચાર્યો, મુનિરાજો તથા સાધ્વીજી મહારાજો પવિત્ર જીવન ગાળે છે, એટલું જ નહિ પણ પોતાના ઉપદેશથી લાખો જૈન ભાઈ-બહેનોને પવિત્ર જીવન ગાળવામાં પ્રેરક બને છે,

આવી અતુલિત ત્યાગ અને સંયમપ્રધાન ઉપકારક સંસ્થા હંમેશને માટે ઉજ્જવલિત રહે તે સારાયે સંઘનું દષ્ટિબિંદુ હોવું જોઈએ, તેજ પ્રમાણે આપણા જૈન સંઘના અનેક કાર્યોમાં ધર્મનિષ્ઠા, વિવેક અને પ્રમાણિક્તા સચવાય તે પણ અતિ જરૂરતું છે.

મને કહેતા દુઃખ થાય છે કે આજે આપણા સમાજમાં કંઈક અનિષ્ટો ઘર ઘાલી બેઠાં છે. અને વધુ દુઃખની વાત તો એ છે કે શ્રમણ સંઘમાં પણ કયાંક કયાંક એવી શિથિલતા પેસી ગઇ છે કે જે આપણા ધર્મ અને સંસ્કૃતિને ટકાવી રાખવામાં આડખીલીરૂપ થઈ પડે.

જૈન ધર્મ એ નિર્ભેળ આત્મશુદ્ધિના ધ્યેયને વરેલો ધર્મ છે. જૈન પરંપરા એ પ્રાચીન કાળથી નિગ્રંથ પરંપરા તરીકે જાણીતી છે અને નિગ્રંથ વર્ગમાં મૂળ ગુણની બાબતમાં ખાસ કરીને બ્રહ્મચર્ય અને અપરિગ્રહની બાબતમાં લેશ માત્ર પણ પ્રમાદને અવકાશ આપવામાં આવ્યો નથી. જયારે આ ગુણોમાં શિથિલતા આવતી જણાઈ ત્યારે ખુદ ભગવાન મહાવીરસ્વામીએ એનું નિવારણ કરવા અને ચારિત્ર ધર્મની પ્રતિષ્ઠા વધારવા અસાધારણ પુરુષાર્થ કર્યો હતો, એ વાતની ઇતિહાસ સાક્ષી પુરે છે. પરમાત્મા મહાવીરદેવના આ પ્રયત્ને નિગ્રંથ વર્ગના ચારિત્રને એવી પ્રતિષ્ઠા અપાવી કે તે સમયના બૌદ્ધ જેવા હરીફ સંપ્રદાયોએ પણ નિગ્રંથોના ચારિત્રની પ્રશંસા કરી છે.

મતલબ કે આચારશુદ્ધિ એ હંમેશા જૈન ધર્મનો પ્રાણ રહયો છે. તેથી જયારે પણ આચારશુદ્ધિમાં ખામી આવતી લાગે ત્યારે એનું નિવારણ કરવા પુરુષાર્થ કરવો એ સમસ્ત જૈન સંઘની પવિત્ર ફરજ થઈ પડે છે..

એ વાતનો મને પુરેપુરો ખ્યાલ છે કે, શ્રમણ સંઘમાં પ્રવેશી ગયેલી શિથિલતાને દુર કરવાનો વિચાર અને પ્રયત્ન કરવાનું કામ મુખ્યત્વે શ્રમણ સંઘનું, એટલે કે પુજય આચાર્ય ભગવંતો આદિનું પોતાનું જ છે. જયારે આ બાબતમાં ઉપેક્ષા સેવાતી જોવામાં આવે ત્યારે છેવટે એક આપદ ધર્મરૂપે, આપણુ આ દિશામાં આપણાથી જે કાંઈ થઇ શકે તે માટે પ્રયત્ન કરવો જ જોઈએ.

શ્રમણ સંઘના ચારિત્રની શિથિલતાના જે કિસ્સાઓ મારા તેમજ બીજાઓના જાણવામાં આવ્યા છે તે સંઘશુદ્ધિ સંબંધમ. તેમજ જૈન ધર્મની અને જૈન સંઘના ભાવિ અંગે ખુબ ચિંતા ઉપજાવે એવા છે. આ માટે આપણે તરત જ જરૂરી ઉપાયો હાથ ધરવા જોઈએ.

ખરી વાત તો એ છે કે જે સાધુસમુદાય કે સંઘાડામાં આવી ક્ષતિ જરાપણ જોવામાં આવે તે સમુદાય કે સંઘાડાના નાયક કે વડીલે એવા દોષિતોની સામે કડક હાથે કામ લઈને સંઘશુદ્ધિને ટકાવી રાખવી જોઈએ. એમ થાય તો આવી જે કાંઈ ક્ષતિઓ પ્રવેશી ગઈ હોય તે દુર થાય, એટલુંજ નહિ, નવી ક્ષતિઓ કરવાની કોઈ હિંમત જ ન કરે.

વળી 'આપણા ધર્મનું ખરાબ કહેવાશે' એવા ભયથી... દોષોને ઢાંકવાનો જે પ્રયત્ન કરવામાં આવે છે, અથવા તો એની જે ઉપેક્ષા

શરીરની જે સંભાળ કરનાર સંસારી કહેવાય, આત્માની સંભાળ માટે સાવધ રહે તેનું નામ સાધુઃ — સાધુતા જ્યોત

કરવામાં આવે છે. તેથી આવા દોષો દુર થવાને બદલે ઉલટા વધુ વ્યાપક બને છે. તેથી જો સંઘશુદ્ધિ અને ધર્મશુદ્ધિને ટકાવી રાખવા હોય તો દોષિતને દોષિત કહેવાની હિંમત આપણે દાખવવી જોઈએ.

હું જાણું છું કે આપણે બજાવવાની કામગીરી કંઈ સહેલી કે સુખદ નહિ પણ કઠણ અને કડવી છે. આમાં કોઈને અનધિકાર ચેષ્ટા કરવા જેવું લાગે, એ પણ બનવા જોગ છે. પણ પરિસ્થિતિની અનિવાર્યતા એવી છે કે એ આપણને આવા મુશ્કેલ કાર્યની જવાબદારી લેવાની ફરજ પાડે છે.

કોઈપણ વ્યક્તિ કે સંસ્થાને માટે બાહ્ય આક્રમણ કરતાં આંતરિક નબળાઈઓ વિષે વિશેષ હાનિકારક સાબિત થાય છે. બહારના ઝંઝાવાત કરતાં અંદરખાનેથી ચુપચાપ આગળ વધતી ઉધઈ ક્યારેક ભારે ભયંકર નુકસાન કરી બેસે છે એ આપણા સ્વાનુભવની વાત છે. આપણે આ પ્રયત્ન આપણી આંતરિક ક્ષતિઓને દુર કરીને જૈન સંઘને બાહ્ય અને આંતઃ રીતે શુદ્ધ અને સશક્ત કરવાનું પવિત્ર કાર્ય છે, એટલે આવી જવાબદારી ઉઠાવવામાં આપણે કોઈ ભુલ કરતા નથી એવો મને વિશ્વાસ છે.

મેં શ્રમણ સંઘની ક્ષતિઓની વાત કરી એનો અર્થ કોઈ એવો હરગીઝ ન કરે કે શ્રાવક સંઘ ખામીઓથી મુક્ત છે. પહેલી વાત તો એ છે કે અત્યારે શ્રમણ સંઘમાં જે કાંઈ ક્ષતિઓ દેખાય છે તે માટે શ્રાવક સંઘની જવાબદારી ઓછી નથી. ઘણીવાર તો આપણો દષ્ટિરાગ, આપણી વિવેક વગરની ભક્તિ કે આપણી સ્વાર્થપરાયણતા જ આવી ક્ષતિઓને ઉત્તેજન આપે છે. એટલે શ્રાવક સંઘ જો જાગ્રત હોય તો સંઘશુદ્ધિની સમગ્ર પરિસ્થિતિમાં ઘણો આવકારદાયક ફેર પડી જાય એમાં શક નથી.

ધાર્મિક કાર્યોમાં, ધર્મોત્સવોના વહીવટમાં તેમજ જાહેર સંસ્થાઓના સંચાલનમાં, સ્વાર્થવૃત્તિને કારણે આપણામાં કેટલેક સ્થાને વ્યવહારશુદ્ધિ અને ખાસ કરીને અર્થશુદ્ધિમાં જે ઉણપ આવી ગયેલી જોવામાં આવે છે તે અક્ષંતવ્ય છે અને તેથી શ્રાવક સંઘના તેજ અને પ્રભાવમાં ઘણી ખામી આવી ગઈ છે.

જાહેર જનતામાં જૈન મહાજનોનું માન અને વર્ચસ્વ પહેલાં જેવું રહ્યું નથી એનુ કારણ મુખ્યત્વે વ્યવહારશુદ્ધિની આ ઉણપ જ છે. એમ મને લાગે છે. આવી વ્યક્તિઓથી લોકોને માહિતગાર કરવા જોઈએ. વળી શ્રાવક સંઘની ધાર્મિક ભાવનામાં જે ખામી આવતી દેખાય છે અને ધાર્મિક આચારોના પાલન તરફ જે ઉદાસીનતા જોવામાં આવે છે, તે પણ ચિંતા ઉપજાવે એવી છે. આ રીતે શ્રાવક સંઘમાં જે કાંઈ ક્ષતિઓ દેખાય તેને દુર કરવાં માટે પણ પ્રયત્ન કરવાની જરૂર છે....

મને તો એમ પણ લાગે છે કે શ્રી સંઘનું સંગઠન શિથિલ થવાને લીધે આપણામાં મારા–તારાપણાનો દોષ અને દષ્ટિરાગ પેસી ગયા છે. અને તેથી શ્રી સંઘની શિથિલતાને બહુ ઉત્તેજન મળે છે. એટલે સમસ્ત શ્રી સંઘના સંગઠનને નબળું પાડે એવા જે કંઈ નાના–મોટા પ્રશ્નો કે કારણો હોય તેનું આપણે બનતી ત્વરાએ નિવારણ કરવું જોઈએ.

સદ્‌ગૃહસ્થો! આ પ્રસંગે મારે આપને એટલું સ્પષ્ટપણે જણાવી દેવું જોઈએ કે કેવળ મારા કહેવાથી કે મારા અનુરોધથી સંઘશુદ્ધિ, સંઘરક્ષા કે સંઘ–સંગઠનના આ મહાન કામની જવાબદારી સ્વીકારવામાં આવે એમ હું મુદ્દલ ઈચ્છતો નથી.... અહીં વિચાર કરતાં જો આપ સૌને આવી જવાબદારી માથે લેવાનું બરાબર ન લાગે કે એ માટે આપણે તૈયાર ન હોઈએ અને તેથી આ બાબતને અત્યારથી જ અટકાવી દેવાનું ઉચિત લાગે તો એ માટે મારે આપને વિશેષ આગ્રહ કે દબાણ કરવાં, એ બરાબર ન ગણાય. છેવટે તો આવી વસ્તુ અંતરમાંથી જ ઉગવી જોઈએ, અને હૃદયપુર્વક સ્વીકારવી જોઈએ. એમ થાય તો જ આ અંગે અત્યારે કે ભવિષ્યમાં મતભેદ કે ગેરસમજ થતાં અટકે અને બધાના હાર્દિક સહકારથી એમાં ધારી સફળતા મળી શકે.

....બાકી મારા પોતાના મનમાં તો આ કામની વ્યાજબીપણા, ઉપયોગીપણા તેમજ જરૂરીપણા વિષે જરાય શંકા નથી. જો હું મારા મનની વાત એક જ વાક્યમાં કહેવાં માંગું તો મારે કહેવું જોઈએ કેઃ

પાઘડીનો વળ હવે છેડે આવી ગયો છે અને જૈન સંઘની શુદ્ધિ અને એકતાની બાબતમાં જરાય ગફલત રાખવા જેવું નથી. હવે શું કરવું તેનો નિર્ણય આપ સૌએ કરવાનો છે.

(તા. ૧૩ એપ્રિલ ૧૯૬૩ના રોજ શ્રી સંઘ સંમેલનમાં આપેલ પ્રવચનનો સંક્ષેપ)

સ્થા. જૈન કોન્ફરન્સના અધ્યક્ષ—શ્રી લુંકડ

શ્રી અખિલ ભારતીવર્ષીય શ્વે. સ્થાનકવાસી જૈન કોન્ફરન્સ નવી દિલ્લીની સાધારણ સભાની બેઠક નવા અધ્યક્ષશ્રીની ચુંટણી અર્થે મળેલ. જેમાં મુંબઈના ઉદ્યોગપતિ અને સુપ્રસિદ્ધ સમાજસેવક શ્રી રાજમલ એસ. લુંકડ મોટી બહુમતી મેળવી કોન્ફરન્સના અધ્યક્ષ તરીકે ચુંટાયા છે.

પૂજ્ય સાધુ—સાધ્વીની લેખીત પરિક્ષાઓ

પં. શ્રી ચંદ્રશેખરવિજયજી મ૦એ તૈયાર કરેલ મુનિ જીવનની બાળપોથી (ભાગ–ચોથી) ઉપર પુ૦ સાધુ–સાધ્વીજી મહારાજોની લેખીત પરિક્ષા થોડા સમય પુર્વે લેવાયેલ. તેમાં મોટી સંખ્યામાં સાધુ–સાધ્વી મહારાજોએ ભાગ લીધેલ. તેના પરિણામ સ્વરૂપ ૧[illegible] સાધુ–સાધ્વીઓ ઉચ્ચ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થયેલ.

આ પુસ્તકની જે બીજી–ત્રીજી આવૃત્તિ બહાર પડેલ છે. તે ઉપરથી તૈયાર કરવું. આ પુસ્તકની ઉપલબ્ધિ માટે ૧ માર્ચ ૧૯૮૯ પછી જી. પ્ર. સંસ્કૃતિ ભવન, ૨૭૭૭, નિશાપોળ, રીલીફ રોડ, અમદાવાદ–૩૮૦ ૦૦૧ના સરનામે સંપર્ક કરશો.

કપડા પર લાગેલો ડાઘ કાઢવા રખાતી કાળજી, તેટલી જ ચિંતા આત્મા પર લાગેલા ડાઘ કાઢવાની રખાતી હોય તો? —રત્નામૃત

મહુવામાં ઉપધાનતપ માળારોપણ અને મુનિશ્રી કુશલચંદ્રવિજયને પ્રવર્તકપદ

અત્રે ચાલી રહેલ ઉપધાન તપમાં ૧૬૧ મહાનુભાવો ઉપધાનતપની આરાધના ભક્તિભાવ પુર્વક કરી રહ્યા છે. પોષવદ ૧ ના ઉપધાનતપની માળ રોપવામાં આવી છે. તેમજ મુનિશ્રી કુશલચંદ્રવિજયજી મ૦સા૦ને આજ દિવસે તા. ૨૨-૧-૮૯ના રોજ પ્રવર્તકપદ એનાયત કરાશે.

પુજ્ય મુનિશ્રી કુશલચંદ્રવિજયજી મ૦ સા૦ ૮૦ વર્ષની બુઝર્ગ વયે પણ આરાધક આત્માની પ્રસન્નચિત્તે જ્ઞાન-ધ્યાન-જપ સાથે તપોધર્મની સાધના કરી રહ્યા છે તેમણે જૈન સમાજને અમુલ્ય ફાળો આપ્યો છે. જેમ (૧) શ્રી નેમિ-વિજ્ઞાન-કસ્તુરસુરિ સ્મૃતિ શ્રેણીનું (દસ પુસ્તિકા) સંપાદના કરી ત્રણેક લાખ નકલોને ઘર ઘરમાં ફેલાવી હજારો બાળકો, યુવકો, શિક્ષીતોને જૈનત્વના સંસ્કાર પામવા તે પુસ્તિકાઓની પરીક્ષા આપી કંઈક પામ્યા છે. (૨) વિશ્વમાં એક અને અજોડ રીતે પ્રતિષ્ઠા પામેલ પાલીતાણામાં ૧૦૮ જૈન તીર્થ દર્શન ભવન અને સમવસરણ મહામંદિરનું કાર્ય પોતાની જાતનું સાચું સમર્પણ કરી જિનશાસનને આ અમુલ્ય મહામંદિરની ભેટ ધરી છે.

આવા મુનિવરશ્રીએ કરેલ જિનશાસનની નિષ્કામ ભક્તિ અને પ્રભાવનાના પુણ્ય પ્રકર્ષને પરિણામે તથા ગુરુકૃપા પાત્ર બની સુવિશુદ્ધ સંયમની સાધનાના કારણે પ્રવર્તક પદવી પ્રાપ્ત કરી રહ્યા છે.

જેતપુર-પંચાહ્નિકા મહોત્સવ : પુ૦ યુગદિવાકર આચાર્યશ્રી વિજયધર્મસુરીશ્વરજી મ૦ સા૦ના સમુદાયના સાધ્વીશ્રી પ્રિયંવદાશ્રીજી મ૦ના શિષ્યા સાધ્વીશ્રી પદ્મયશાશ્રીજી મ૦ સા૦ના અત્રેના ચાતુર્માસ નિમિત્તે તેમના સંસારી પિતાશ્રી સ્વ. શેઠ મોહનલાલ દેવચંદ પરિવાર તરફથી તેઓના સંયમ જીવનની અનુમોદનાર્થે શ્રી પદ્માવતી માતાજીના પુજન સહિત પંચાહ્નિકા મહોત્સવ ઉજવાયો.

શ્રી કેશવનગર અમદાવાદ મધ્યે

પુજય આચાર્ય ભગવંતશ્રી વિજયભુવનશેખરસુરીશ્વરજી મ. સા., પ્રવર્તક પંન્યાસશ્રી મહિમાવિજયજી મ. સા. તથા તપસ્વી મુનિરાજશ્રી દેવેન્દ્રવિજયજી મ. સા. આદિની શુભ નિશ્રામાં કેશવનગરના મુખ્ય જૈન દેવાલયની જમણી તથા ડાબી બાજુએ તાજેતરમાં તૈયાર કરવામાં આવેલી દેવકુલિકામાં શ્રી નાકોડા ભૈરવ અને શ્રી પદ્માવતી માતાજીની પુનીત પધરામણી.

-: મંગલ કાર્યક્રમ :-

તા. ૨૬-૧-૮૯ પોષ વદિ ૪ ગુરુવારના રોજ માંગલિક તરીકે કુંભસ્થાપના દશદિક્પાલપુજન, નંદાવર્ત પુજન અને અષ્ટાદશઅભિષેક વિગેરે વિવિધ વિધાનનો મંગલ કાર્યક્રમ.

તા. ૨૭-૧-૮૯ પોષ વદિ ૫ શુક્રવારના રોજ કુમારયોગે સવારે શુભ મુહુર્તે શ્રી નાકોડાજી ભૈરવદેવ અને પદ્માવતીદેવીની પ્રતિષ્ઠા તેમજ બપોરે વિજય મુહુર્તે શ્રી પાર્શ્વપદ્માવતી પુજન.

તા. ૨૮-૧-૮૯ પોષ વદિ ૬ શનિવાર રોજ પંચકલ્યાણક પુજન કેશવનગર શ્રી શાંતિ જૈન મહિલા મંડળ દ્વારા ભણાવાશે.

લી. શ્રી મુનિસુવ્રતસ્વામી જૈન શ્વે. મૂ૦ પૂ૦ સંઘ

: મહોત્સવનું શુભ સ્થળ :

શ્રી મુનિસુવ્રતસ્વામી જૈન દેરાસર
પાણીની ટાંકી પાસે, હાઇવે રોડ,
કેશવનગર, અમદાવાદ - ૩૮૦૦૨૭

શત્રુંજય તીર્થ નિર્માણ યોજનામાં લાભ લેવા વિનંતિ

કલિકુંડ તીર્થ ધોળકામાં ૧૮ વીઘા નવીન જમીન સંપાદન કરી ૯૦ હજાર ચો-ફુટના વ્યાસમાં શત્રુંજય ગિરિરાજની રચના થશે, ૪૦ ફુટ ઉંચો પર્વત બનાવી તેના ઉપર ૨૦ જિનાલયો અને ૧૨૫ પ્રતિમાજીઓ પધરાવવામાં આવશે.

હવે ફક્ત બેજ ટુંકના આદેશ બાકી છે તેમજ મોતીશા ટુંકની ભમતીમાં ૨૨ દેરીઓ બાકી છે, વહેલો તે પહેલો.

લાભ લેવાની ભાવના હોયતો તાત્કાલિક સંપર્ક સાધવા વિનંતિ છે, હવે થોડાજ આદેશો બાકી છે.

શ્રી તેજપાળ વસ્તુપાળ જૈન ચેરીટી ટ્રસ્ટ
કલિકુંડ તીર્થ-ધોળકા (જિ. અમદાવાદ)

જય ત્રિભુવન તીર્થ-નંદાસણ

મહેસાણા કલોલ હાઈવે ઉપર ૧૫ વીઘા નવી જમીન સંપાદન કરી મનમોહન પાર્શ્વનાથ ભગવાનના પ્રાચીન પ્રતિમાજીથી ઓપતા જય ત્રિભુવન તીર્થનું નિર્માણ થઈ રહ્યું છે, ભોજનશાળા, ધર્મશાળા, ભાતાખાતા વિગેરેનું નિર્માણ થઈ ગયું છે, જિનાલયનું નિર્માણકાર્ય હવે શરૂ થશે.

તીર્થ નિર્માણની અનેક યોજનાઓમાં લાભ લઈ શકશો જ્યારે પણ આપ અમદાવાદથી મહેસાણા તરફ જાઓ ત્યારે હાઈવે ઉપર જ આવેલ જય ત્રિભુવન તીર્થનાં દર્શન કરવાનું ચુકશો નહિ.

-: સંપર્ક સ્થળ :-

બાબુલાલ મગનલાલ શાહ
૧૦૩, સુમંગલ ફ્લેટ, નવરંગપુરા, રસાલામાર્ગ - અમદાવાદ.

કોઈ પણ માનવી એમ કહી શકશે કે મેં મારું જીવન તદ્દન ભુલ વિનાનું ગાળ્યું છે. — સાધના પ્રકાશ

Regd No. G. BV. 20
JAIN OFFICE : P. Box No. 175
BHAVNAGAR-364001 (Gujarat)
Tele. O. 1 C/o. 29919 R. 25860

જૈન

આજીવન સભ્ય ફી : રૂા. ૫૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૫૦/-
જાહેરાત એક પેજના : રૂા. ૭૦૦/-
સમાચાર પેજના : રૂા. ૫૦૦/-

તંત્રી : ગુલાબચંદ દેવચંદ શેઠ
તંત્રી-મુદ્રક-પ્રકાશક :
મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
જૈન ઓફીસ, પો.બો. નં. ૧૭૫, દાણાપીઠ, ભાવનગર.

'જૈન' વર્ષ ૮૬
અંક : ૫

વીર સં. ૨૫૧૫ : વિ.સં. ૨૦૪[illegible] પોષ વદ ૧૨
તા. ૩ ફેબ્રુઆરી ૧૯૮૯ શુક્રવાર
મુદ્રણ સ્થાન : શ્રી જૈન પ્રિન્ટરી
દાણાપીઠ પાછળ, ભાવનગર-૩૬૪ ૦૦૧

દિલ્લી ખાતે મળનાર જૈન શ્વે. કોન્ફરન્સના ૨૫માં અધિવેશન પ્રસંગે

આપણી શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સનું ૨૫મું અધિવેશન સને ૧૯૮૯ના ફેબ્રુઆરી માસની તા. ૮-૯-૧૦મીના દિલ્લીમાં ભરાય રહેલ છે. આ પ્રસંગે તેના અંગે થોડી વિચારણા કરવી ઉપયોગી થશે.

જૈનસમાજમાં-શ્વે.મૂર્તિપૂજક જૈનસમાજમાં જુદાજુદા હેતુઓ માટે સ્થપાયેલી નાની-મોટી અનેક સંસ્થાઓ મૌજુદ છે; આમ છતાં સમાજના પ્રત્યેક અંગના વિકાસની જેની પાસેથી આશા રાખી શકાય અને વિવિધ ક્ષેત્રોને સમાન રીતે પોષણ આપીને સમાજનો સર્વાંગીણ ઉત્કર્ષ સાધવાનું કાર્ય હાથ ધરી શકે એવી સંસ્થા તો એક માત્ર આપણી કોન્ફરન્સ જ છે. આપણી બીજી બીજી સંસ્થાઓમાં તો એવી સ્થિતિ પ્રવર્તે છે કે તે પોતપોતાના ઉદ્દેશ મુજબ અમુક ક્ષેત્રને સ્પર્શી શકે છે અને બીજાં ક્ષેત્રો તેને માટે અસ્પૃશ્ય જેવા થઇ જાય છે; આટલું જ શા માટે? કેઇ કોઇ સંસ્થા તો પોતે આગળ આવીને કામ કરવું તો દૂર રહ્યું, જેઓ આવું કામ કરતાં હોય તેમના કામમાં અવરોધો ઉભા કરીને એ કામને તોડી પાડવાની પ્રવૃત્તિ આચરતાં પણ અચકાતી નથી!

આ દૃષ્ટિએ જોતાં આપણી કોન્ફરન્સ પ્રત્યે અમને ભારે મમતા છે, અને ભલે કોઇ કોઇ સમયે એ નબળી માલુમ પડતી હોય તો પણ, સમાજની ઉન્નતિ માટે પ્રત્યેક ક્ષેત્રનો વિચાર કરી અને પ્રત્યેક ક્ષેત્રના વિકાસ માટેનો કાર્યક્રમ જૈન સમાજ સમક્ષ રજૂ કરી શકે એવું આ એક જ પ્લેટફોર્મ આપણી પાસે છે.

ભૂતકાળમાં નાના પાયા ઉપર જૈનધર્મ, ધર્મભાવના સ્થિર કરવા માટે, તીર્થોની રક્ષા માટે, સમાજના કુરિવાજો દૂર કરવા માટે, કુરૂઢિઓને દેશવટો દેવા માટે, જૈનોનું રાજદ્વારી મહત્ત્વ વધારવા માટે, ધાર્મિક અને સાર્વજનિક શિક્ષણના પ્રચાર માટે, સમાજની આર્થિક મુશ્કેલી દૂર કરવા માટે ઉદ્યોગકેન્દ્ર, સહકારી બેન્ક સ્થાપીને—આમ પ્રત્યેક દિશામાં કોઇ એક જ જૈન સંસ્થાએ કામ કર્યું હોય તો કેવળ આપણી કોન્ફરન્સ જ છે, એટલે ભવિષ્ય માટે પણ એ જ આપણને સાચો રાહ બતાવશે એવી આશા રાખવી અસ્થાને નહીં ગણાય.

સમાજના સર્વાંગીણ વિકાસ માટે દરેક ક્ષેત્રોને સમાન રીતે વિકાસ કરવાની જરૂર હોવા છતાં, દ્રવ્ય ક્ષેત્ર-કાળ-ભાવના બળે કોઇ સમયમાં અમુક પ્રશ્ન એવો ઉગ્ર બની જાય છે કે તે વખતે બીજા પ્રશ્નો ગૌણ બની જાય છે-બનાવી દેવા પડે છે. આ રીતે જોતાં અત્યારે સમાજ સમક્ષ સૌથી વિકટ સમસ્યા આર્થિક વિષમતાને કેમ કરીને પહોંચી વળવું તે છે. એમ પણ કહી શકાય કે આ પ્રશ્ન આજે વિશ્વવ્યાપી બની બેઠો છે.

ભલે આપણે એકલા આ પ્રશ્નનો સમૂળગો ઉકેલ ન શોધી શકીએ, છતાં એમાં થોડી ઘણી સરળતા તો જરૂર લાવી શકીએ. આથી જ કોન્ફરન્સે જે મધ્યમવર્ગને સહાય આપવાનું, ઉદ્યોગકેન્દ્ર ચલાવવાનું, વર્ધમાન સહકારી બેન્કને કાર્યરત કરવાનું અને

વ્યવસાય વિનીમય કેન્દ્ર જેવી પ્રવૃત્તિઓ હાથ ધરી પાપા પગલી માંડી છે, તેમાં વેગ લાવી સહાયરૂપ બને તેવી અધિવેશન સમયે આપણે આશા રાખીએ.

પર્વો અને તીર્થોની જેમ સેવા સંસ્થાઓ પણ સંઘ અને સમાજનું અગત્યનું અંગ લેખાય છે. અને આવી સંસ્થાઓ જેટલા પ્રમાણમાં પ્રાણવાન અને કાર્યશીલ હોય છે તેટલા પ્રમાણમાં સમાજ સંગઠિત, શક્તિશાળી અને પ્રગતિશીલ બની શકે છે. સમાજના કમજોર અને શક્તિશાળી અંગો વચ્ચે આ સંસ્થાઓ કડીનું કામ કરીને આખા સમાજમાં ભાવાત્મક એકતા અને આંતરિક એકસૂત્રતા સ્થાપવાનો પ્રયત્ન કરે છે. નબળા અંગોને સશક્ત અંગોનો કોઈપણ જાતની આભારની લાગણી વગર, લાભ મળે અને એની કમજોરી દૂર થાય, તેમજ સમાજનાં સશક્ત અંગો, ઉપકાર કરવાની બુદ્ધિથી નહિ પણ કર્તવ્યબુદ્ધિથી પ્રેરાઈને, પોતાનાં નબળાં ભાઈ-બહેનોને સહાય કરવામાં ધન્યતા અને આનંદ અનુભવે, અને એ રીતે આખો સમાજ સુખી, સમૃદ્ધ, શક્તિશાળી અને સ્નેહ-સૌહાર્દથી પૂર્ણ વિશાળ કુટુંબ જેવો બને આ જાતનો પ્રયત્ન સુવ્યવસ્થિત રીતે થઈ શકે એ માટે સેવા સંસ્થાઓની સમાજને જરૂર પડે છે. આવી સંસ્થાઓના સેવાયજ્ઞ દ્વારા જ સમાજકલ્યાણ સાધી શકાય છે.

આશરે ૯૦ વર્ષ પહેલાં આપણે ત્યાં કોન્ફરન્સ જેવી સંસ્થાની સ્થાપના કરવાનો વિચાર જન્મ્યો અને પંચાસી વર્ષ પહેલાં કોન્ફરન્સની વિધિસર સ્થાપના કરવામાં આવી ત્યારે આપણા દેશનું રાજકારણ એક પ્રકારનો નવો વળાંક લઈ રહ્યું હતું, અને જુદા જુદા સમાજો સજાગ બનીને સમયની હાકલને ઝીલવા માટે તેમજ એ પ્રમાણે પગલાં ભરવા માટે સજ્જ થઈ રહ્યા હતા. એ વખતે જૈન સંઘના કેટલાક શાણા, વિચક્ષણ, સંઘની ઉન્નતિના ચાહક, સેવાઘેલા અને દીર્ઘદર્શી આગેવાનોને લાગ્યું કે જો વર્તમાનના સંક્રાંતિકાળમાં સંઘ અને સમાજને યોગ્ય દોરવણી આપવામાં નહીં આવે તો એ સમયને અનુરૂપ પ્રગતિ સાધવાને બદલે પાછળ રહી જશે. એમણે સંઘ જાગૃત કરીને કોન્ફરન્સની સ્થાપના કરી, અને પોતાનાં તન-મન-ધનના અમીનું સિંચન કરીને એનો વિકાસ કર્યો. એ ઉપકારી આગેવાનોની એ સેવાઓનો લાભ આપણા ધર્મ, સંઘ અને સમાજને કેટલો બધો મળ્યો છે એ વાતની સાક્ષી કોન્ફરન્સની અત્યાર સુધીની ગૌરવભરી કાર્યવાહીનો ઈતિહાસ પૂરે છે. આ માટે એ આગેવાનોનો આપણે જેટલો આભાર માનીએ એટલો ઓછો છે.

પણ આતો ભુતકાળની વાત થઈ, અને આપણે વર્તમાન સમયનો સામનો કરીને, અત્યારના સંસ્કાર અને સંપત્તિ બન્ને દષ્ટિએ ભારે સંકટમય ગણાય એવા કપરા સમયમાં સમાજની રક્ષા કરવાની છે. ગૌરવભર્યો ભૂતકાળ આપણને કર્તવ્યની પ્રેરણા આપી શકે, અને ભૂતકાળની ભૂલો આપણને વધુ સાવચેત બનાવીને સાચી દિશામાં સાચું પગલુ ભરવાનો બોધપાઠ આપી શકે, એ સાચું પણ માત્ર ભૂતકાળના ગૌરવ ઉપર કોઈનાથી પણ ટકી શકાય નહીં, સ્વપ્નાની સુખડીથી કંઈ પેટ ભરી શકાય નહીં. એટલે આપણો સંઘ કેવળ કોન્ફરન્સના ભૂતકાલીન ગૌરવને યાદ કરીને રાચ્યા કરે તેથી આપણો કશો ભલીવાર નહીં વળે જો સાચેજ સમાજને પ્રાણવાન અને પ્રગતિશીલ બનાવવો હોય તો આપણે જેમાં જીવી રહ્યા છીએ તે વર્તમાન સમયને બરાબર પીછાનીને એને અનુરૂપ કર્તવ્ય બજાવવામાં આપણે દિલ દઈને લાગી જવું જોઈએ: કોન્ફરન્સ માતાની પોતાના શાણા સપૂતોને આ હાકલ છે; એ હાકલને ઝીલવાની શ્રી સંઘને અમારી અપીલ છે.

જો આપણે અત્યારના સમયને બરાબર પીછાની શકતા હોઈએ તો આપણે કબૂલ કરવું જોઈએ કે જૈન સંઘને માટે અત્યારના સમય જેવો મુશ્કેલ સમય કયારેય નહોતો આવ્યો: વેપાર-ઉદ્યોગો ઉપરનો આપણો કાબૂ (બીજા સમાજોની જેમ) વધુને વધુ ઓછો થતો જાય છે; રાજદ્વારી ક્ષેત્રમાં આપણું ચલણ નહીં જેવું થઈ ગયું છે; મધ્યમ વર્ગની આર્થિક વિટંબણા એને નેસ્ત-નાબૂદ કરી નાખે એવી વધી ગઈ છે અને હજી પણ વધી રહી છે. ગરીબો અને અસહાય વિધવા બહેનોની બેહાલી વર્ણવી જાય એવી નથી; વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને અભ્યાસ માટે સરકાર દ્વારા ઉચ્ચ વર્ણના નામે કોઈપણ જાતની સહાય મળતી નથી. સમાજ તરફથી અપાતી આર્થિક સગવડ ઘણી અપૂરતી છે; ને કેન્દ્રીત નથી. અને આ બધું ઓછું હોય એમ, દેશના દુષ્કાળનો પોતાની ધાર્મિકતા અને ઉદારતાને બળે સફળ સામનો કરનાર સ્વનામધન્ય અમર જગડૂશાહ અને હડાળાના ખેમા દેદરાણીના વંશજો કે સહધર્મીઓને પેટનો ખાડો પૂરવા માટે સસ્તા ભાવે અનાજ આપવું પડે કે એમને બીજાની સામે પોતાનો હાથ લાંબો કરવો પડે એવી કમનસીબ સ્થિતિ અને કારમી ગરીબી સમાજને ઘેરી વળી છે: ભાવીના વિચારથી અંતર કમકમી ઉઠે એવી શોચનીય વર્તમાનકાળની સ્થિતિ છે.

આવતા પાંચ વર્ષ માટે જૈન સમાજની સર્વતોમુખી ઉન્નતિ માટે, સામાજિકક્ષેત્રે, કેળવણીક્ષેત્રે, સાહિત્યક્ષેત્રે અને ધાર્મિકક્ષેત્રે અને રાજકીયક્ષેત્રે શું શું કરવા જેવું છે તેનું સ્પષ્ટ ચિત્ર કોન્ફરન્સે ઉપજાવી કાઢવુ જોઈએ. અને નક્કી કરેલા ધ્યેયો પૂર્ણ કરવા તનતોડ પ્રયાસો કરવા જોઈએ. કેવળ સમાજે આ કરવું તે કરવું એવા ભલામણાત્મક ઠરાવો કરવાને બદલે કોન્ફરન્સ આવતાં પાંચ વર્ષમાં અમૂક કામ કરશે એવી બાંહેધારી પૂર્ણ કરવા સઘળાં પ્રગતિશીલ બળોને એકત્ર કરવા જોઈએ.

હસો તો આખી દુનિયા તમારી સાથે હસશે, રડશો તો તમારે એકલા જ રડવું પડશે.

આ માટે મુંબઇના તેમજ બીજા બીજા પ્રદેશોના સમાજ-સેવાની ધગશ ધરાવતા ભાઇઓ આગળ આવે, અને આ અધિવેશનમાં મોટી સંખ્યામાં હાજર રહે એ બહુ જરૂરી છે. ભેગા મળવાનો અવસર વારંવાર મળતો નથી. એટલે જો આ અધિવેશન પ્રસંગે આપણા કાર્યકરો અને વિચારકો બહુ મોટી સંખ્યામાં હાજર રહી શકે તો તેઓ મુકત મને સંસ્થાનુ આંતરનિરીક્ષણ કરી શકે; અને સાથોસાથ સમાજની વર્તમાન પરિસ્થિતિનું અવલોકન કરીને અત્યારના સંયોગોમાં સમાજને ટકાવી રાખવા તેમજ પ્રગતિશીલ બનાવવા શું કરવાની જરૂર છે તેની પણ ઘટતી વિચારણા કરીને યોગ્ય માર્ગ નકકી કરી શકે.

અમારી સમજણ પ્રમાણે કોન્ફરન્સ માટે અત્યારે સૌથી મોટો સવાલ એને વધુ શકિતશાળી કેમ બનાવવી એનો અને સમાજમાં એની લોકપ્રિયતા કેમ વધે અને સમાજના મોટા વર્ગને એના પ્રત્યે મમત્વ કેમ જાગે, એવા ઉપાયો શોધી કાઢવાના છે.

કલીકુંડ તીર્થ-ધોળકામાં ઉપધાનતપ માળારોપણ ઉજમણાસહ મહોત્સવની ઉજવણી

કલીકું. તીર્થોદ્ધારક આચાર્યશ્રી વિજયરાજેન્દ્રસુરીશ્વરજી મ૦ સા૦ તથા આચાર્યશ્રી વિજયભુવનભાનુસુરીશ્વરજી મ૦ સા૦ના પ્રશિષ્યરત્ન મુનિરાજ શ્રી હેમરત્નવિજયજી મ૦ સા૦ આદિની શુભ નિશ્રામાં શ્રી ઉપધાનતપ સમિતિના ~~(તેજપાળ વસ્તુપાળ જૈન ટ્રસ્ટ)~~ સહયોગથી અત્રે ઉપધાનતપની આરાધના સુંદર રીતે પુર્ણ થઇ છે. આ મંગળ આરાધનામાં ૧૯૫ ભાવિકો જોડાયા હતા. આ નિમિત્તે અહિંયા તારીખ ૨૨-૧-૮૯ થી ૨૯-૧-૮૯ સુધી વિવિધ પુજનો, સાધર્મિકભક્તિ તેમજ વિવિધ કાર્યક્રમો દ્વારા ઉજવણી કરવામાં આવેલ.

આ સમગ્ર કાર્યક્રમો ઉપરાંત પુજયશ્રીની નિશ્રામાં વ્યાખ્યાનો, ઉજમણા આદિ ઘણાં ઉલ્લાસપુર્વક થયેલ.

—: માહિતીની જરૂર છે :—

ભીનમાલ (રાજસ્થાન)માં ભદ્રવાસણા નામે દેવીનું સ્થાન, જાલોર ગામની બહાર ઉત્તર દીશામાં સુંડેલાવ નામનું મોટું સરોવર છે, તેની પાસે ચામુંડા માતાનું મંદીર છે, તેમજ સલોત પરીવારના વંશાવળીના ચોપડા તથા કુળદેવીની વિગત ભીનમાલ, જાલોરમાં છે. તેવું જાણવા મળેલ. આ બધી વિગત જે કોઈ આ પ્રાચીન વિગત જાણતા હોય તે આચાર્ય ભગવંતો, પુજ્ય મુનીરાજ તથા જ્ઞાન ભંડારના પુસ્તકોની યાદી તેમજ બારોટ જેમને આ માહિતી હોય તેમણે પત્રથી જાણ કરવા વિનંતી.(આ માહિતી કુળદેવીની જાણ માટે કુટુંબને જરૂરી છે.)

લી. સલોત મિત્ર મંડળ-મુંબઈ

ઠે. રમણીકલાલ રામચંદ સલોત ૨૦૪/A, શ્રીપાલનગર, નેપયન્સી રોડ, મુંબઈ—૪૦૦૦૦૬

સુરતમાં ૧૧ મુમુક્ષુઓની દીક્ષા

પુ૦ પંન્યાસશ્રી જયકુંવરવિજયજી મ૦ સા૦, પુ૦ પં૦ શ્રી પુર્ણચંદ્રવિજયજી મ૦ સા૦, પુ૦ પં૦ શ્રી મુક્તિપ્રભવિજયજી મ૦ સા૦ તથા પુ૦ મુનિરાજશ્રી શ્રેયાંસપ્રભવિજયજી મ૦ સા૦ આદિની શુભ નિશ્રામાં અત્રે વિજયરામચંદ્રસુરિ આરાધના ભવન, ગોપીપુરામાં ૧૧ દીક્ષાની ઉજવણી તા. ૧-૨-૮૯ના રોજ થઈ છે. આ દીક્ષાના મુમુક્ષુ ભાવિકો નીચે મુજબ છે. બાળ મુમુક્ષુઓ હિતેશ અશોકકુમાર શાહ (ઉ. વ. ૧૪), અલ્પાબેન અશોકકુમાર શાહ (ઉ. વ. ૧૩), સોનાલી અશોકકુમાર શાહ (ઉ. વ. ૧૦), ચેતના જેસીંગલાલ રાંકાણી (ઉ. વ. ૨૧) તથા મનોજકુમાર કાંતિલાલ-વાપી, જયેશકુમાર નવિનચંદ્ર શાહ-સુરત, સંજયકુમાર વી. ચૌધરી-સુરત, આરતીબેન હિંમતલાલ-જામનગર, સોનલ એન. શાહ-સુરત, બિનીતા વી. ચૌધરી-સુરત અને સેજલ વી. ચૌધરી-સુરત.

શ્રી શત્રુંજય ગિરિરાજ (પાલિતાણા) ઉપર

પરમ કૃપાળુ પરમાત્મા **શ્રી આદીશ્વરદાદા** આદિના અઢાર અભિષેકના મહામુલા અવસરે પધારો

શ્રી સકલ સંઘને ભાવભર્યું આમંત્રણ

શ્રી સિદ્ધક્ષેત્ર-પાલિતાણા નગરે શ્રી સિદ્ધગિરિરાજ ઉપર અનેક દેવકુલિકાઓ ઉપર ધ્વજદંડ અતિજીર્ણ થઈ ગયા હોવાથી, તેના સ્થાને નવા ધ્વજદંડ કરાવવામાં આવ્યા છે. તે ધ્વજદંડોના અભિષેક તથા આ અંગે શ્રી સિદ્ધગિરિરાજ ઉપર વિરાજમાન મૂલનાયક પરમાત્મા **શ્રી આદીશ્વરદાદાજી, શ્રી પૂંડરીકસ્વામી** તથા **રાયણપાદુકાના** અઢાર અભિષેકનો શાસ્ત્રીયવિધિપુર્વક અતિભવ્ય કાર્યક્રમ વિક્રમ સંવત ૨૦૪૫ના **મહાસુદિ ૧૦** બુધવાર તા. ૧૫-૨-૧૯૮૯ના દિવસે, પુ૦ આચાર્ય મહારાજ આદિ સાધુ ભગવંતો તથા સાધ્વીજી મહારાજો આદિ ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિમાં રાખવામાં આવેલ છે.

શ્રી દાદાજી, શ્રી પુંડરીકસ્વામી તથા રાયણ**પાદુકાના** અઢાર અભિષેકની બોલી **મહાસુદિ દશમ** બુધવારે તા. ૧૫-૨-૧૯૮૯ના દિવસે સવારે આઠ વાગે શ્રી સિદ્ધગિરિરાજ ઉપર દાદાના દરબારમાં જય બોલાવવામાં આવશે અને ૧૮ અભિષેકની વિધિ નવ વાગે શરૂ થશે. ભાવિકોને પ્રભુ પુજાનો લાભ બે વાગ્યા પછીથી મળશે.

આવો ઐતિહાસિક પ્રસંગ મહાપુણ્યના યોગ ભાગ્યે જ જીવનમાં પ્રાપ્ત થાય છે તો આવા મહાન પુણ્યકારી પ્રસંગે અવસ્ય લાભ લેવા શ્રી સકલ સંઘને અમારું **ભાવભર્યું આમંત્રણ** છે.

લિ.

આણંદજી કલ્યાણજીની પેઢી

ઠે. ઝવેરીવાડ, પટણીની ખડકી અમદાવાદ.

શુભ માર્ગે જેઓ આગળ વધે છે તેમને વધાવી લેવા કુદરત પણ આગળ વધે છે.

આધુનિક ભારતનું જ્ઞાનમંદિર - વલ્લભ સ્મારક

જૈન સાહિત્ય, કલા અને સંસ્કૃતિની ઉજ્જવળ કારકીર્દીમાં જૈન સમાજે વિવિધ સ્થળોએ વિવિધ પ્રકારના કાયમી નિર્માણ કાર્યો કરાવ્યા છે. પરંતુ ભારતની રાજધાની દિલ્હીમાં નવનિર્મિત શ્રી વલ્લભ સ્મારક દરેક વિદ્યાર્થી માટેનું આકર્ષણ કેન્દ્ર બિંદુ બની ગયુ છે. જ્યાં જૈન સાહિત્ય, કલા અને સંસ્કૃતિના માધ્યમ દ્વારા જ્ઞાન, દર્શન અને ચરિત્રનું પ્રાદુર્ભાવ થવા લાગ્યું છે. એવા સ્થાઈ અને એકતાના સુત્રથી બંધાતા આ વલ્લભ સ્મારકના નિર્માણમાં તન, મન અને ધન ત્રણેય બાબતમાં કોઈ કમી (ઉણપ) નથી. જેના કારણે વલ્લભ સ્મારકનું નિર્માણ કાર્ય ઝડપી ગતિ અને કલાત્મક રીતે ચાલતું રહ્યું છે.

માનવતાવાદી; શિક્ષાપ્રેમી, ગરીબોના હમદર્દ, મહિલાઓના ઉદ્ધારક, સત્ય અને અહિંસાના પ્રચારક, સમાજ ચેતનાદુત, મહાનયોગી, જૈનાચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસુરિજી મહારાજ સાહેબની પાવન સ્મૃતિમાં દિલ્હીમાં વલ્લભ સ્મારકનું નિર્માણ કાર્ય કરાવવામાં આવી રહ્યું છે. આ કેવળ મહાન ત્યાગી, તપસ્વી, જૈન સંતનું સ્મૃતિ સ્મારક જ નથી, પરંતુ ભારતના નાગરિકોના જ્ઞાનની જ્યોત પ્રજ્વલિત કરવાની સાથે સાથે તેઓમાં ચારિત્ર નિર્માણની જ્યોત જગાવનારું આધુનિક ભારતનું એક અજોડ જ્ઞાનમંદિર કહેવા માટે હક્કદાર બનશે. જેના નિર્માણ કાર્ય પાછળ રૂા. બે કરોડની યોજના હવે કેટલાયે કરોડોમાં બદલાઇ ગઈ છે. જેને પુર્ણ કરવા માટે, સત્ય અને અહિંસાના પુજારીઓ, શિક્ષાપ્રેમીઓ, ગુરુભકતો, જૈનધર્મના ભાગ્યશાળી અનુયાયીઓએ પોતાના તન, મન, અને ધન આ સ્મારક કાર્યમાં અર્પણ કર્યા છે.

ભગવાન મહાવીર ૨૫૦૦માં નિર્માણ મહોત્સવ ભારત દેશ માટે વરદાન સિદ્ધ થયો. આ વર્ષ દરમ્યાન અહિંસાની મુર્તિ એવા ભગવાન મહાવીર પ્રભુના ઉપદેશો દરેક વ્યકિત સુધી પહોંચાડવા સાથે સાથે તેમની સ્મૃતિમાં સમાજ ઉત્થાનના અનેક રચનાત્મક કાર્યો હાથમાં લઈ રાષ્ટ્રીય વિકાસધારાની કડી રૂપ-સરળતાપુર્ણ પ્રયાસો રહ્યા, ભારતના વિકાસની કડીમાં આ વર્ષમાં વલ્લભ સ્મારક નિર્માણકાર્યનો નિર્ણય પણ દેશના વિકાસની કડીઓમાં એક કડીરૂપ બની ગયો છે. ૧૯૫૪માં જ્યારે આચાર્ય ભગવાન શ્રી વિજયવલ્લભસુરિજી મ૦ સા૦ મુંબઈમાં સ્વર્ગવાસી થયા એ સમયે અસંખ્ય ભાવિકોએ આ મહાન ઉપકારી ગુરૂદેવની કાયમી સ્મૃતિમાં માનવતાવાદી સેવાઓના પ્રતિક સ્મારક વિષે વિચારેલ. જેમાં આપણા ઉપકારી પટ્ટધર રાષ્ટ્રસંત આ૦શ્રી વિજયસમુદ્રસુરીશ્વરજી મ૦ સા૦એ આ કાર્યનું સુકાન સંભાળ્યું અને સને ૧૯૭૩માં જૈન સાધ્વી મહત્તરા શ્રી મૃગાવતીશ્રીજી મહારાજે સતત પ્રયત્નો અને પ્રેરણા દ્વારા આ કાર્ય દિલ્હીમાં બનાવવાની તૈયારીઓ આરંભ કરી.

વલ્લભ સ્મારક માટે ભારતની રાજધાની દિલ્હીમાં જી. ટી. કરનાલ રાષ્ટ્રીય માર્ગ પર આ માટે વિશાળ જમીન ખરીદવામાં આવી ત્યારે એવું લાગ્યું કે ભારતની આ મહાન વિભુતી માટે એમના વ્યક્તિત્વ કૃતિત્વ અને ભાવનાઓ સાથેનું આ સ્મારક બનશે.

વલ્લભ સ્મારક જ્યાં બની રહ્યું છે. તે સ્થાન પર મંદિર, ધર્મશાળા, ઉપાશ્રય, શિક્ષણ મંદિર, સંગ્રહાલય. બાલકેન્દ્ર, અતિથિગૃહ વગેરે બનવાથી આ સ્મારકને ચાર ચાંદ લાગી જશે. એમાં બે-મત નથી.

જૈન સાહિત્ય, કલા, સંસ્કૃતિને વલ્લભ સ્મારકની આ વિશાળ ઈમારતોમાં કેવળ સુરક્ષીત સંજોગ કરવામાં આવ્યા છે એવું નથી. પરંતુ અહિંયા અધ્યયન-અધ્યાપનની વ્યવસ્થા એ એનું મોટું આકર્ષણ હશે. વિદેશોથી આવનાર જિજ્ઞાસુ, સંશોધનકર્તા, પુરાતત્વેતાઓને પણ દરેક પ્રકારની સુવિધાઓ મળવાથી અતિ ઉપયોગી થશે. જે આપણા માટે ગૌરવની વાત છે. તેમ જ સાધુ સાધ્વીઓને પણ જ્ઞાનાભ્યાસ અર્થેની દરેક વ્યવસ્થા આ સ્મારકનું અંગ બની રહેશે અહિંયા જૈન સાહિત્યને સંગ્રહીત કરવા માટે જે બીડું ઉપાડાયું છે તે વાસ્તવમાં અદ્વિતિય કાર્ય બની રહેશે. જેથી જિજ્ઞાસુઓને અહિં-તહીં ભટકવું નહિ પડે. એવી આશાઓ રખાય છે કે વલ્લભ સ્મારકમાં બનનાર જ્ઞાનભંડાર વિશ્વનો અદ્વિતીય જ્ઞાનભંડાર હશે

શિક્ષા અને માનવ ઉપયોગી જુદી જુદી યોજનાઓની સાથે સાથે ભક્તિહેતુ આધુનિક વિશાળ શિલ્પશૈલીથી નિર્મિત શ્રી વાસુપુજ્ય ભગવાનનું મંદિર, સાધુ-સાધ્વીઓના સમાધિ મંદિર વગેરેનું નિર્માણ પણ આ સ્મારકના પુજનીય સ્થળ છે. જેના દર્શન માત્રથી સત્ય, અહિંસા અને માનવતા તરફ આગળ વધવા માટેનો માર્ગ મળે છે. આ અનુપમ વલ્લભ સ્મારક માનવ-માનવના મનને મોહિત કરતો આત્મ કલ્યાણ માર્ગ બનાવશે. આવી ભાવના આ નિર્માણ કરવાવાળા ઉપદેશકો અને સહયોગીઓની છે. આ સ્મારક દરેક માટે હિતાર્થ બને તે માટે વલ્લભસુરિજી સમુદાયના પરમાર ક્ષત્રિયોદ્ધારક જૈનાચાર્ય શ્રી વિજયઈન્દ્રદિન્નસુરીશ્વરજી મ૦ સા૦ તેમ જ તેમના શિષ્ય પરિવારના પ્રેરણા, માર્ગદર્શન, અને નિશ્રામાં તા. ૧૦ ફેબ્રુઆરી-૧૯૮૯ના ભવ્ય પ્રતિષ્ઠા, અંજનશલાકા, ગુરુમુર્તિની સ્થાપના વગેરે શુભ કાર્યો થનાર છે. જે વર્ષો સુધી માનવ ઉપયોગી થવા સાથે, જૈનશાસનની સેવા કરતા, ભારતની આધુનિક જ્ઞાનમંદિરની ગરિમા પ્રાપ્ત કરશે.

—ભુરચંદ જૈન-બાડમેર

જીવનમાં નમ્રતાની જાળ ગૂંથી રાખજો, તમારા અવગુણો એમાં સપડાઇ જશે.

પત્ર પેટી : વાંચકોની સ્વતંત્ર વિચાર સૃષ્ટિ

ચારિત્ર્ય ધર્મનું ઉન્મુલન

રાગરાગ ભર્યાં જીવન એ દુઃખમુળ છે. અને તપ ત્યાગથી ભર્યું જીવન જ સુખમુળ છે. એથી તપ ત્યાગનો માર્ગ સ્વીકારવા યોગ્ય છે. આવું કથન એક લબ્ધ પ્રતિષ્ઠીત આચાર્યે જાહેર સભામાં કર્યું. તો વિદ્વાન વક્તાઓ તથા આચાર્યો પુંગવોને પુછું કે ખરેખર તમને ઉપલું કથન યોગ્ય લાગ્યું છે ખરૂં...? જવાબ મળશે કે હા. એમાં શું કહેવાપણું હોય, તો મારે ફરીથી પ્રશ્ન પુછવો છે કે, તમને ચારિત્ર અને ધર્મસિદ્ધાંત પ્રત્યે આદર છે ખરો...? તો પણ જવાબ મળવાનો કે હોય જ. ન હોય તો અમે ચારિત્ર લઈએ શા માટે—

હવે કોને કેટલો ચારિત્ર ધર્મ પર આદર છે તે વાત તપાસીએ.

સંવત ૨૦૧૯ની સાલમાં રાજનગર અમદાવાદ દેરાસરોમાં થતી ઇલેક્ટ્રીક સંબંધ માર્ગદર્શન માંગતા લબ્ધ પ્રતિષ્ઠ આચાર્યો–પંન્યાસો અને મુનીઓએ દેરાસરમાં ઇલેક્ટ્રીક ઉપયોગ કરવો એ સિદ્ધાંતથી વિરૂદ્ધ છે એમ સર્વાનુમતે ઠરાવ કરેલ છે, અને ઠરાવની નકલો મેળવવી હોય તેને ત્યાં તપાસ કરવી. આવી એક નકલ મારા હાથમાં આવી હતી તે ફુલસ્કેપ સાઈઝની છે. મેં બીજી વ્યક્તિને વાંચવા આપતા તે નકલ ફરી મેળવી શક્યો નથી. આમ શ્રમણ સંઘે કરેલ ઠરાવ વિરૂદ્ધ વર્તન કરનાર દિક્ષા દીને, આચાર્યપદના દીને, કે મહા પુજામાં રોશની કરનાર વ્યક્તિઓ ચારિત્રપ્રેમી અને સિદ્ધાંતના રાગી છે એ માની શકાય એમ છે ખરૂ....?

(૨) પ્રેમસુરી મહારાજની અગ્યાર કલમોમાં સાધુઓએ ફોટા પડાવવા નહિ. એ એક લખાણ છે તે તેની ઉપેક્ષા કરી લગભગ બધા જ વક્તાઓ અને આચાર્યોએ ફોટાથી સંતોષ ન માનતાં, આલ્બમો બનાવ્યા અને હવે ફીલ્મો બનાવવાની પ્રવૃત્તિ શરૂ થઈ છે. અગ્નિકાય–ભયંકર શસ્ત્ર છે તે સર્વ દીશામાં–સર્વ પ્રકારે જંતુઓનો નાશ કરે છે. તેથી તે અગ્નિ પ્રગટાવે નહિ. પ્રગટાવવાની પ્રેરણા કરે નહિ. પ્રગટાવનારની અનુમોદના ન કરે એવા ત્રીવીધ ત્રીવીધના પચ્ચક્ખાણને ભુલી આગેવાન વર્ગ સ્વચ્છંદે સ્વપ્રતિષ્ઠાને ઝંખતો આગળ વધે તો તેને ચારિત્ર ધર્મ પ્રત્યે સ્નેહરાગ છે એમ શી રીતે કહેવાય....?

(૩) જીનાજ્ઞાની વાત કરતા હોય તો આચારાંગ સુત્ર અધ્યયન–૧ દશવૈકાલીક અધ્યયન

> અઠ્ઠાવએ નાલીએ છત્તસ્સ ધારણટ્ઠાએ
> તેગિચ્છં પાહણાપાએ, સમારંભં ચ જોઇણો

દશવૈકાલીક અધ્યયન–૩ ગાથા–૪

અર્થ : જુગટુ રમવું (ગૃહસ્થોને નિમીત્તાદીક કહેવું) પાસા નાખવા, છત્ર ધારણ કરવું, રોગની દવા કરવી, બુટ પહેરવા અને અગ્નિનો આરંભ અકલ્પ્ય છે.

સંયમી એવા સાધુ સાધ્વીએ દીવસે કે રાત્રે, એકલા હોય કે સભામાં હોય, સુતા હોય કે જાગતાં હોય, તેઓએ તપાવેલા લોઢામાંહેનો અગ્નિ, જવાલા વગરનો અગ્નિ, અગ્નિના કણીયા, મુળ અગ્નિથી તુટેલી જવાલા, ઉંબાડીયોનો અગ્નિ, અંગારા ઉલ્કાપાતનો અગ્નિ વગેરે સર્વ જાતનો અગ્નિ, લાકડાં વગેરેથી વધારવો નહિ, હાથથી સંકોરવો નહિ, ધુળ વગેરેથી ભેદવો નહિ, પંખા વગેરેથી વધારવો નહિ, પાણી વગેરેથી ઓલવવો નહિ. આમ પોતે કરવું નહિ, બીજા પાસે પણ કરાવવું નહિ અને કરતાને ભલો જાણવો નહીં. આમ ત્રીવીધે ત્રીવીધે કરી એટલે કે મન વચન અને કાયાથી અગ્નિકાયના સમારંભથી પાછો ફરૂં છું. ભુતકાળમાં બન્યું હોય તેની નીંદાગર્હા કરૂં છું.

દશ–વૈ અ. [illegible]–સુત્ર ૧૨નો ભાવાર્થ

તીક્ષ્ણ ખડગની માફક નુકશાન કરનાર ષડ્જીવઘાતક અગ્નિ, પોતે સળગાવે નહિ તેમજ બીજા પાસે સળગાવરાવે નહિ તે ભીક્ષુ–

દશ. વૈ અ. ૧૦ ગાથા–૨

સાધુ પૃથ્વ્યાદિ જીવોની દયાને માટે ખાનપાનાદિને રાંધે–રંધાવે નહી. કેમ કે રાંધતા–રંધાવતા જલને આશ્રયી રહેલા જીવોનો, ધાન્યને આશ્રીને રહેલા જીવોનો, પાણીને આશ્રી રહેલા જીવોનો, કાષ્ટને તેમજ બીજા ઇંધણને આશ્રીને રહેલા જીવોનો ઘાત પામે છે. વળી અગ્નિ સર્વ દિશાઓમાં પ્રસરી જીવોનો ઘાતક બને છે. તેથી તે બહુપ્રાણીના વિનાશનું કારણ છે. તેથી અગ્નિ સમાન કોઈ શસ્ત્ર નથી, તેથી મોક્ષ માર્ગ પ્રવર્તતા સાધુ ધર્મની મર્યાદા જાળવનારા મુનિઓએ અગ્નિ સમારંભને ત્યજવો–

ઉત્તરાધ્યયન–૩૫ ગાથા–૧૦–૧૧–૧૨

આ પ્રમાણે સુત્રોથી સ્પષ્ટ જીનાજ્ઞા શું છે તે સહુ કોઈને સહેજે સમજાય તેમ છે છતાં "મારૂં તે સાચું" એ અર્થને સિદ્ધ કરવા વિદ્વાન વક્તાઓ અને આચાર્યો શાસનની પ્રભાવનાના રૂડા નામે તેમજ ન્યાયનો દુરઉપયોગ કરી **પુર્વે અપવાદબનેલ બનાવોને રજુ કરી પોતાના મતનું પ્રવૃત્તિનું સમર્થન કરતાં જોવામાં આવે છે.** પણ તે મહાનુભાવો ભુલે છે કે અપવાદને રાજમાર્ગનું રૂપ આપવું એ પણ ઉત્સુત્ર ભાષણ છે અને તેથી અનંત સંસાર જ ફળ પરિણામ છે.

શાસ્ત્રમાં સ્થુલીભદ્ર વેશ્યાને ત્યાં ચોમાસુ રહ્યાનો ઉલ્લેખ છે. તેમજ આર્દ્રકુમારે ઓઘો બાળ્યાના ઉલ્લેખ છે. આ વાતોને રાજમાર્ગ ન બનાવી શકાય તેવી જ રીતે બીજા અપવાદો [illegible]બંધમાં સમજવું રહ્યું. અપવાદ માર્ગ પણ મુળ રાજમાર્ગને સુસંગત હોય તો તે બરાબર નહી એક પ્રકારનો અનાચાર જ છે-

કોઈ વસ્તુને એટલી બધી પ્રિય ન કરો કે જે તમને રાગથી બાંધી લે.

આજના વિદ્વાન વક્તાઓ અને આચાર્યો દોષ સેવવા છતાં લોકો ધર્મમાં જોડાય છે ને એ એક લાભ જ છે. એટલે લાભાલાભની દૃષ્ટિએ કશું ખોટું નથી દેશકાળ મુજબ વર્તન કરવું રહ્યું.

આ દલીલ પણ ભ્રામક અને બાહ્યાડંબરથી ધર્મના મુલ્યને બતાવનારી છે. ખરેખર આવા આડંબરોથી લાભને બદલે નુકશાન વધુ થયું છે. ચારિત્રી ધર્મીઓ શીથીલ બન્યા છે. ગૃહસ્થ ધર્મીઓમાં પણ આચારની શુન્યતા આવી ગઈ છે. આટલા બધા પ્રચારો, ઉત્થાનો, પ્રતિષ્ઠાઓ છતાં આચાર ધર્મ ઘટતો જાય છે. મોટા શહેરોમાં અભક્ષ્ય ખાનાર ૮૫ ટકા જેટલા છે. સ્ત્રીઓમાં માસીક પાળવાની પદ્ધતિ બંધ થઈ. મર્યાદા ને વડીલ બહુમાન જેવું ભાગ્યે જ જોવા મળે છે. જો ધર્મની વૃદ્ધિ થઈ હોય અને પબ્લીસીટી અને તમારી આધુનીક પદ્ધતિઓએ ધર્મનો વધારો કર્યો હોય તો આ સ્થિતી કેમ ? ખરેખર ધર્મની અંદર સમસ્ત સંઘની પીછેહઠ જ દિનપ્રતિદિન થતી રહી છે એ નક્કર હકીકત છે. એનો કોણ ઈન્કાર કરી શકે એમ છે. લોકો સુધરવા તો દુર હોય. પણ તમે તમારો ચારિત્ર ધર્મ ગુમાવ્યો છે.

—નિજાનંદ

અષ્ટ મંગલની પૂજા થઈ શકે?

અજે પરમાત્માના મંદિરમાં અષ્ટ મંગલની પુજા આપણા ભાઈ-બેનો કરે છે પરંતુ તેમાં સાચી સમજણનો અભાવ છે.

દેવાધિદેવ તિર્થંકર. પરમાત્માને સંપ્રતિપાતી કેવળજ્ઞાન આદિ અનંત ભાવે પ્રગટ થાય છે ત્યારે દેવો સમવસરણની રચના કરે છે. અને તે વખતે અષ્ટ મગલનું આલેખન કરતાં હતા અને એ પ્રમાણે શ્વેતામ્બર મુર્તિપુજક સંપ્રદાયમાં પ્રભુના મંદિરમાં અષ્ટ પ્રકારી પુજા કરતી વખતે છઠ્ઠી અક્ષત પુજામાં ચોખાનો અષ્ટ મંગલનું આલેખન કરવામાં આવતું હતું. પરંતુ આમાં સમય વધુ જતો હતો તેમજ દરેકને અષ્ટ મંગલનું આલેખન આવડતું નહિ એટલે અષ્ટ મંગલની પાટલી બનાવવામાં આવી અને એ પાટલી ઉપર ચોખા ભરતા હતા. આજે ભગવતીજી સુત્રના પ્રવચન વખતે ૧૦૮ સાથીયા પાટલા ઉપર તૈયાર હોય છે. ફક્ત એની ઉપર ચોખા ભરીયે છીએ એ જ પ્રમાણે અષ્ટમંગલની પાટલી ઉપર ચોખા ભરતા હતાં. પરંતુ ધીમે ધીમે કાળક્રમે એ પ્રથા બંધ થઈ ગઈ અને નંદાવર્તનો સાથીયો અથવા ચાર ગતીરૂપ ચાર પાંખડીનો સાથીયો કાઢવાનું શરૂ થયું અને આ પ્રથા આજે પણ વિદ્યમાન છે અને મંગલરૂપ અષ્ટમંગલની પાટલીને પ્રભુના મંદિરમાં પધરાવવામાં આવે છે.

જે પ્રમાણે ગર્ભદ્વારમાં રહેલી પ્રભુની મુર્તિની પુજા કરતા નથી તે પ્રમાણે અષ્ટમંગલની પુજા કરવી ઉચીત નથી એ સમજીને "જાગ્યા ત્યારથી સવાર" "ભુલ્યા ત્યાંથી ફરી ગણો."

– હિરાચંદ સ્વરૂપચંદ ઝવેરી (મુંબઈ)

તીર્થધામમાં રક્તદાન શિબિર

મુંબઈમાં વસતા એકજ ગામના મિત્રો સ્નેહસંમેલન, ધાર્મિક પુજન–અર્ચન અને સાથે સાથે સમાજસેવા પણ કરી શકે છે તે દર્શાવતો એક સુંદર પ્રસંગ હાલમાં સફળતા પુર્વક બહાર પાડયો તે સામાજીક ક્ષેત્રે એક આવકારદાયક પગલું ગણાય.

તાજેતરમાં જૈનોના પવિત્ર તીર્થસ્થાન શ્રી અગાશી જૈન દેરાસર (વિરાર) મધ્યે 'શ્રી સાવરકુંડલા જૈન સમાજ' મુંબઈના ઉપક્રમે એક સ્નેહ–મિલન યોજાયું હતું. તે પ્રસંગે, સમાજના કાર્યકરોએ એક રક્તદાન શિબિરનું આયોજન કર્યું હતું અને તે શિબિરમાં સહભાગી થવાની તક અમને મળી હતી.

મુંબઈ નગરીથી આટલે દુર ખુબજ મોટી સંખ્યમાં સભ્યોએ હાજરી આપી હતી અને અમને રક્તદાન દ્વારા ૧૫૧ બાટલો પ્રાપ્ત થઈ હતી જે એક ઉત્સાહપ્રેરક અને અનુકરણીય બાબત ગણાય. તદ્‌ઉપરાંત, ત્યાં આગળ બ્લડ ગ્રુપિંગના કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું; જે ખુબ જ જરૂરી અને ઉપયોગી હતું. તેમાં પણ ૩૮૫ ભાઈ–બહેનોએ ભાગ લઈ પોતપોતાના લોહીના ગ્રુપની જાણ મેળવી હતી.

ઉપરોકત સફળતાથી પ્રેરાઈ અમે બૃહદ મુંબઈની સામાજીક સંસ્થાઓને વિનંતિ કરીએ છીએ કે તેઓ પણ તેમના કાર્યક્રમના એક ભાગ રૂપે રક્તદાન શિબિરનું આયોજન કરે અને મુંબઈમાં અનુભવાતી લોહીની તંગીને હળવી કરવા તેમનો ફાળો આપે.

રમેશ બી. શેઠ (અર્પણ બ્લડ બેંક)

CHEMICALS
(IMPORTERS & EXPORTERS)
Amritlal Chemaux Limited
RANG UDYAN,
SITLADEVI TEMPLE ROAD,
MAHIM, BOMBAY-400016
Dealers in : Dyes and Chemiculs, Selling Agents for Sojuzchimexport, U. S. S. R. for Days, Intermediates and Chemicals & Generel indentors with business contacts all over the world.
ALSO
A Recognised Eligible Export House exporting Dyes, Chemicals, ngineering Goods, Processed Foods etc.
ALL OVER THE WORLD
Phone No. : H. O. 45 32 51
Telex : 117 – 1514 AMCG IN
Grams : RAS K

મનોભાવને મુખ પર ન આવવા દેવા એ મનોબળની નિશાની છે.



વિજય વલ્લભ સ્મારક

અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ તથા અખિલ ભારતીય જૈન શ્વે. કોન્ફરન્સ રજત મહાઅધિવેશન....

તા. ૧ થી ૧૨ ફેબ્રુઆરી સુધીના કાર્યક્રમની રૂપરેખા

: પાવન નિશ્રા :

પૂજ્ય આચાર્ય શ્રીમદ્ વિજયઇન્દ્રદિન્નસૂરિજી મ. સા.

તા. ૧-૨-૮૯ ચંપાપુરી ઉદ્‌ઘાટન કુંભ સ્થાપના, દીપક સ્થાપના, જવારારોપણ અને બહારથી આવેલ જિનબિંબો અથવા ગુરુપ્રતિમાંઓની અંજનશલાકા અર્થે સ્થાપનાં તથા પદ્માવતી પુજન.

તા. ૨-૨-૮૯ દસ દિકપાલ, નવગ્રહ, અષ્ટમંગલ સોળ વિદ્યાદેવી, વીસ સ્થાનક મહાપુજન.

તા. ૩-૨ ૮૯ ધર્મસભા શ્રી બૃહદ્ સિદ્ધચક્ર મહાપુજન.

તા. ૪-૨-૮૯ ચ્યવન કલ્યાણક, સ્વપ્ન દર્શન, વરઘોડા (માતા-પિતા, ઇન્દ્ર-ઇન્દ્રાણી વગેરે) દ્વારા અભિષેક આદિ

તા. ૫-૨-૮૯ જન્મ કલ્યાણક વિધાન, દિકકુમારિકા મહોત્સવ, મેરુ-પર્વત ઉપર ૨૫૦ ઇન્દ્રો દ્વારા અભિષેક વગેરે.

તા. ૬-૨-૮૯ જન્મ વધામણી-નામકરણ, પાઠશાળાગમન તથા ૧૮ અભિષેક (નુતન જિનબિંબોનું)

તા. ૭-૨-૮૯ રાજ્યસભા તથા તિલક, લોકાંતિક દેવો દ્વારા વર્ષી-દાનની વિનંતી વગેરે

તા. ૮-૨-૮૯ વર્ષીદાન વરઘોડા, દીક્ષા કલ્યાણકવિધિ, પદવી પ્રદાન કલશ તથા ધ્વજાદંડના ચઢાવા, ભાગવતી દીક્ષા, જૈન શ્વે. કોન્ફરન્સ અધિવેશન અને સાંસ્કૃતિક કાર્યક્રમ.

તા. ૯-૨-૮૯ મુખ્ય ધર્મસભા, જૈન શ્વે. કોન્ફરન્સ, સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમ, અંજનશલાકા વિધિ.

તા. ૧૦-૨-૮૯ સવારના કેવલજ્ઞાન તથા નિર્વાણ કલ્યાણક પ્રતિષ્ઠા તથ વિવિધ કાર્યક્રમ.

તા. ૧૧-૨-૮૯ દ્વારોદ્‌ઘાટન, સત્તરભેદી પુજા વગેરે

તા. ૧૨-૨-૮૯ સંક્રાંતિ મહોત્સવ.

-: નિવેદક :-

શ્રી આત્માનંદ જૈન મહાસભા ઉત્તર ભારત.

શ્રી વાસુપુજ્ય જૈન શ્વેતાંબર મંદિર ટ્રસ્ટ.

શ્રી વિજયવલ્લભ સ્મારક પ્રતિષ્ઠા મહોત્સવ સમિતિ.

શ્રી આત્મ વલ્લભ જૈન સ્મારક શિક્ષણ નિધિ.

૨૦, કિ.મી., જી.ટી. કરનાલ રોડ.

પો. અલીપુર, દિલ્લી-૧૧૦૦૩૬

શ્રી કરેડા પાર્શ્વનાથજી તીર્થની

[રેલ્વે સ્ટેશન ભુપાલસાગર (જિ ચિત્તોડગઢ, રાજસ્થાન)]

યાત્રાર્થે અવશ્ય પધારો

આ મંદિરનું નિર્માણ આચાર્ય ધર્મઘોષસુરિજી મ. ના ઉપદેશથી માંડવગઢના મહામંત્રી સંઘપતિ પેથડશાહ દ્વારા સં. ૧૩૨૧ માં કરવામાં આવ્યું અને તેના શિખર પર સાત ખંડનું ભવ્યમંદિર શ્રી પેથડશાહના પુત્ર ઝાંઝણકુમારે સં. ૧૩૪૦માં નિર્માણ કર્યું, જેનું સુકૃત સાગર તરંગ આઠમાં વર્ણન છે.

તેનો હાલમાં શ્રી શંખેશ્વર - ભોયણી તીર્થ દ્વારા રૂપિયા ૧૨,૫૦,૦૦૦/- ખર્ચ કરી જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે અને બાવન દેરીઓમાં શ્રી પાર્શ્વપ્રભુની પ્રતિમા વિભિન્ન તીર્થોના નામથી બિરાજમાન કરવામાં આવી છે. મુલનાયક ભગવાનની પ્રાચીન, અત્યંત મનોહારી, ચમત્કારી, શ્યામવર્ણિય પ્રતિમાજીના નિર્મલ ભાવથી દર્શન કરી પુણ્યોપાર્જન કરો.

અમદાવાદથી ઉદયપુર, ચિત્તોડ રેલ્વે માર્ગ પર ભુપાલસાગર નામના સ્ટેશનથી ૩ ફર્લાંગ દુર આ તીર્થ આવેલ છે બસોની પણ સુવિધા ઉપલબ્ધ છે.

આ તીર્થની યાત્રા સાથે જ મેવાડની પંચ તીર્થના દર્શનના પણ લાભ મળશે. આ તીર્થોમાં શ્રી દયાલશાહના કિલ્લા નામનું તીર્થ જે રાજસમન્દ-કંકરોલીની મધ્યમાં છે. લગભગ ૨૫૦ પગથિયાથી આ તીર્થ 'મેવાડ શેત્રુંજય' નામથી પણ પ્રસિદ્ધ છે.

આ બંને તીર્થો પર આધુનિક સુવિધાઓથી સુસજ્જિત વિશાલ ધર્મશાળા તથા ભોજનશાળાની સુવ્યવસ્થા છે.

લિ. કરેડા પાર્શ્વનાથ તીર્થ કમિટિ

ભુપાલસાગર (રાજસ્થાન) [ફોન નં. ૩૩]

પોતાના માથા પર તડકો ઝીલી, બીજાને છાયો આપનારા વૃક્ષો જેવા માનવી આ ધરતી પર ઘણા ઓછા છે.

મુલુન્ડ-મુંબઈમાં છવીશ પ્રાચીન ગ્રંથોની બારહજાર પ્રતોનો ઉજવાયેલ પ્રકાશન સમારોહ

પુજ્યપાદ વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયભુવનભાનુસુરીશ્વરજી મ૦ સા૦ના પ્રશિષ્ય પ૦ પુ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયહેમચંદ્રસુરિશ્વરજી મહારાજના આરાધનાથી મઘમઘતા ચાતુર્માસે અનેકવિધ તપસ્યાઓ. ઉપધાનતપની મંગળમય આરાધનાઓ તથા સાધર્મિક વાત્સલ્યપુર્વક પુર્ણ થતાં મુલુન્ડ શ્રી સંઘમાં આનંદ-ઉલ્લાસ છવાયો અને પુજ્યશ્રીની નિશ્રામાં ઉપધાનતપની મંગળ આરાધનામાં ૨૧૫ ભાવિક આત્માઓએ આરાધના કરી.

આ ઉપધાન તપની આરાધનાના શુભ દિવસો દરમ્યાન એક શાસન પ્રભાવક સુંદર પ્રસંગ ઉજવાયો. શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ દ્વારા પુજ્ય આચાર્યશ્રીની છેલ્લા ઘણા વર્ષોથી ભાવના-પ્રેરણાથી સાતક્ષેત્રની ભક્તિના કાર્યો થયા. જેમા તદન્તગતિ શ્રુતભક્તિનું કામ વેગવંતુ બન્યું. તેનો અહેવાલ અમોએ જિનશાસન આરાધના ટ્રસ્ટની વિગતવાર જાહેરખબરમાં પાના નં. ૪૯થી ૫૨ ઉપર આપેલ છે. ગત વર્ષે નંદીસુત્ર આદિ બાર પ્રાચીન ગ્રંથોનું પ્રકાશન કરી તેની પાંચ હજાર પ્રતો ભારતભરના શ્રીસંઘો, જ્ઞાનભંડારો વિગેરેમાં વિતરણ કરવામાં આવ્યા બાદ માત્ર છ-સાત મહિનાના ટુંકા ગાળા દરમ્યાન ટ્રસ્ટ તરફથી તા. ૧૫-૧-૮૯ રવિવારના રોજ છવીશ પ્રાચીન શાસ્ત્રોનું પ્રકાશન કરી તેની બાર હજાર પ્રતો ચતુર્વિધ સંઘને અર્પણ કરવામાં આવી.

આ સમારોહ પુજ્ય આચાર્યશ્રી તથા પુ. મુનિશ્રી મહાબોધવિજયજી આદિ મુનિ ભગવંતો અને વિશાળ ભાવિક વર્ગોની ઉપસ્થિતીમાં ઉજવવામાં આવેલ. પુજ્ય મુનિશ્રીએ પ્રાસંગિક પ્રવચન આપ્યા બાદ અતિથિવિશેષ તરીકે પધારેલ શેઠશ્રી રમણલાલ દલસુખભાઇ શ્રોફે દિપક પ્રગટાવેલ. મુલુન્ડ શ્રીસંઘના પ્રમુખ શ્રી ટોકરશીભાઈએ છવીશ પુસ્તકોના બંડલની રીબીન કાપી ઉદ્‌ઘાટન કરેલ. જે જે ગ્રંથોના સહાયક દાતાઓ હતા તેઓએ પુજ્યશ્રીને ગ્રંથ વહોવરાવેલ. ત્યારબાદ મુંબઈના શ્રી ગોડીજી જૈન દેરાસર, શ્રી લાલબાગ જૈન સંઘ, શ્રી શ્રીપાળનગર વગેરે અનેક સંઘોને આ પ્રતોના સેટ તથા અભિધાન વ્યુત્તપતિ પ્રગ્યા કોશ ભા. ૧-૨ સમર્પિત કરવામાં આવ્યા. બીજી બાર પ્રતો પણ ટુંક સમયમાં શ્રીસંઘોના ચરણે સમર્પિત કરાશે.

મુલુન્ડ શ્રી સંઘના આંગણે ઉજવવામાં આવેલ શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટના વિશાળ કાર્યની સમગ્ર જૈન સમાજમાં ખુબ જ અનુમોદના કરવામાં આવી છે.

ગોપીપુરા-સુરત :- અત્રે સાધ્વીશ્રી મયણાશ્રીજી (સુર્યશિશુ)મ૦ની પુણ્ય સ્મૃતિ અર્થે, સંયમ જીવનની અનુમોદનાર્થે શ્રી સિદ્ધચક્ર બૃહદ્‌પુજન તથા લઘુશાંતિસ્નાત્ર સહ તા. ૧૫-૧-૮૯થી તા. ૨૨-૧-૮૯ સુધીનો અષ્ટાહ્નિકા મહોત્સવ શ્રી જીવણચંદ દયાચંદ મલજી પરિવાર તરફથી શીતલનાથ જૈન દેરાસરે ઉજવાયો છે.

શ્રી જીરાવલા પાર્શ્વનાથાય નમઃ

શ્રી ઘાણેરાવ (રાજસ્થાન) નગરે શ્રી પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે આમંત્રણ

સહર્ષ જણાવવાનું કે શ્રી ઘાણેરાવ (રાજસ્થાન) નગરે શ્રી જીરાવલા પાર્શ્વનાથ મંદિરની પ્રતિષ્ઠા સંવત ૨૦૪૪ના મહા સુદી ૧૩ તા. ૧૮-૨-૮૯ ને શનિવારના પરમ પૂજય આચાર્ય ભગવંત ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન પ. પૂ. આ. ભગવંત ગુણરત્નસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

શ્રી પ્રતિષ્ઠા મહોત્સવનો કાર્યક્રમ તા. ૧૦-૨-૮૯ મહાસુદ ૫ શુક્રવારથી શરૂ થશે. આ પવિત્ર પ્રસંગે પધારવાનું ભાવભર્યું આમંત્રણ છે.

લિ. શ્રી ઓસવાળ જૈન સંઘ-ઘાણેરાવ (રાજસ્થાન)

卐 પૂજાની જોડ 卐

* અહિંસક રીતે બનાવેલી, ગરમી કે ઠંડીની સીઝનને અનુકુળ.
* પ્લાસ્ટીકના ડબ્બામાં સુંદર પેકીંગ કરેલી અમોએ પ્રભુ-પુજા માટેની પુજાની જોડ તૈયાર કરી છે.
* વ્યાજબી ભાવ અને ટકાઉપણાની ગેરન્ટી

卐 બનાવનાર તથા મુખ્ય પ્રાપ્તિ સ્થાનો :

—: આરટેક્ષ સિન્થેટીકસ :—

૨૪, હનુમાન ગલી, ૧લી ક્રોસ લેન, કાલબાદેવી, મુંબઇ-૨.

ફોન : ૨૫૫૮૬૯ * ૨૮૬૪૯૩૯

— અન્ય પ્રાપ્તિ સ્થાનો —

* **સેવંતીલાલ વી. જૈન**
  ૨૦, મહાજનગલી, પેલે માળે, ઝવેરી બજાર. મુંબઈ-૨
* **પ્રવિણભાઈ જૈન** (જૈન ઉપકરણવાળા)
  ૧૦, મહાજન ગલી, ૯૬, ઝવેરી બજાર, મુંબઇ-૨
* **શ્રી વર્ધમાન સંસ્કૃતિધામ**
  ૬, ધન મેન્શન, પહેલે માળે, અવંતિકાબાઈ ગોખલે સ્ટ્રીટ, ઓપેરા હાઉસ, મુંબઈ-૪૦૦ ૦૦૪.
* **અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષકદળ**
  ૨૭૭૭, જીવતલાલ પ્રતાપશી સંસ્કૃતિ ભવન, નિશાપોળ, રિલીફ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧
* **તપોવન સંસ્કારધામ પ્રભાવતી ટ્રસ્ટ**
  મુ. પો.: ધારાગિરિ-૩૯૬૪૨૪ [નવસારી - ગુજરાત]

જેમની શક્તિ મંગળ કાર્યોમાં જ વપરાતી રહે છે એમને રિદ્ધિ અને સિદ્ધિ બન્ને મળે છે,

શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટવતી શ્રી સંઘના ચરણોમાં નમ્ર વિનંતી

નિવેદક : શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ, ૭, ત્રીજે ભોઇવાડો, ભુલેશ્વર, મુંબઇ-૪૦૦ ૦૦૨.

જ્ઞાન વિના પશુ સારિખા, જાણો ઇણિ સંસાર;
જ્ઞાન આરાધનથી લહે, શિવપદ સુખ શ્રીકાર. આ. વિજયલક્ષ્મીસુરિ મ. સા.

જ્ઞાન વિનાનું જીવન પશુ જીવન તરીકે જ્ઞાનીઓ જણાવે છે. અહિં જ્ઞાન તે "સમ્યગ્જ્ઞાન" જગતના જીવોને સુખશાંતિનું સાધન સમ્યગ્જ્ઞાન છે. અજ્ઞાનના અંધકારને નાશ કરનાર સમ્યગ્જ્ઞાન છે. પશુ જીવનમાંથી સાચુ માનવજીવન બનાવનાર સમ્યગ્જ્ઞાન છે.

જગતના જીવો આવું સમ્યગ્જ્ઞાન પામે તે માટે ગણધર ભગવંતો વગેરે આપણા પૂર્વાચાર્ય ભગવંતોએ શાસ્ત્રો રચ્યા

શ્રી સુધર્માસ્વામિ, શ્યામાચાર્ય, દેવવાચક ગણિ, જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ, ઉમાસ્વાતિમ, વજ્રસ્વામિ, હરિભદ્રસુરિ, કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રસુરિ, મલધારી હેમચંદ્રસુરિ, મલયગીરી, અભયદેવસુરિ, દેવેન્દ્રસુરિ, મુનિસુંદરસુરિ, હીરસુરિ, મહોપાધ્યાય યશોવિજયજીગણિ, ઉપા. કીર્તિવિજયજીગણિ, ઉપા. વિનયવિજયજી વગેરે આચાર્ય ભગવંતોએ આપણા પર ઉપકાર કરવા ભુખ, તરસ, નિંદ્રા, થાક વગેરેને ગણકાર્યા વગર લાખો શાસ્ત્રોની રચના કરી.

પરંતુ વિષમકાળે પોતાનો પંજો ફેરવી ઘણા શાસ્ત્રોને નષ્ટ કર્યા. આમ છતાં "ભાંગ્યા ભરૂચ"ના ન્યાયે હજારો શાસ્ત્ર ગ્રંથો જ્ઞાનભંડારોમાં મોજુદ છે. આપણા નિકટના આચાર્ય ભગવંતાદિએ પણ અનેક ગ્રંથોને લખાવી પ્રકાશિત કરી રક્ષા કરી છે. આ બધા શાસ્ત્રોની રક્ષા કરવી એ આપણા સૌની ફરજ છે.

શાસ્ત્ર રક્ષા કરવાના ત્રણ ઉપાયો છે.

૧, પ્રાચીન શાસ્ત્રોને મજબુત કાગળ ઉપર સારા અક્ષરે લખાવવા અને જ્ઞાનભંડારો કરી સુરક્ષિત રાખવા.
૨, પ્રાચીન શાસ્ત્રોને પ્રકાશિત (મુદ્રિત) કરી ભારતના અનેક જ્ઞાનભંડારોમાં પહોંચાડી દેવા.
૩, પ્રાચીન શાસ્ત્રોને અનુસરીને નુતન શાસ્ત્રોના નિર્માણ કરવા.

"શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ" દ્વારા અમે પ્રથમ બે ઉપાયો ચાલુ કર્યા છે. આજ સુધીમાં લગભગ એક હજાર ગ્રંથો (૨૫ લાખ શ્લોક) હાથવણાટના મજબુત કાગળ પર લખાવ્યા છે. ત્રીશ લહીયાઓ હાલમાં લખવાનું કામ કરી રહ્યા છે. આજ સુધીમાં ૪૭ શાસ્ત્રગ્રંથો (લગભગ ૨૧૦૦૦ નકલો) પ્રકાશિત કરી ભારતભરના લગભગ ૩૫૦ જ્ઞાનભંડારોમાં મોકલાવ્યા છે. હજી હજારો ગ્રંથો લખાવવા છે તેમજ હજારો પ્રાચીન ગ્રંથો પ્રકાશિત કરવા છે.

અનેક સંઘોના તથા દાનવીર શ્રેષ્ઠીઓના ઉદાર સહકારથી આ કાર્ય સુલભ બન્યું છે. આપના તરફથી શાસનના આ પવિત્ર કાર્યમાં સહકારની અપેક્ષા છે.

એકાદ પ્રાચીન શાસ્ત્રનું પ્રકાશન કરી જ્ઞાન જીર્ણોદ્ધારનો લાભ લો.
બાકી રહેલ પ્રાચીન ગ્રંથ લખાવી શ્રુતરક્ષાનો લાભ લો.

શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત થનારા ગ્રંથો

નંબર	ગ્રંથનું નામ	કર્તાનું નામ	કિંમત	લાભ લેનાર
૧	શ્રી વિમલનાથ ચરિત્ર	જ્ઞાનસાગર	૨૫૦૦૦	શ્રી પદ્મ આરાધના ટ્રસ્ટ વિમલનાથ સોસાયટી
૨	સુબોધ સમાચારી	શ્રી ચંદ્રસુરી	૮૦૦૦	વિશ્વનંદીકર સંઘ પાલડી, અમદાવાદ
૩	શ્રી શાંતિનાથ ચરિત્ર ગદ્ય	શ્રી ભાવચંદ્રસુરિ	૧૮૦૦૦	શ્રી વિલેપાર્લા ઇસ્ટની શ્રાવિકા બહેનો
૪	શ્રી શાંતિનાથ ચરિત્ર પદ્ય	શ્રી અજીતપ્રભ સુરિ	૨૦૦૦૦	
૫	નવપદ પ્રકરણ ભા. ૧	દેવગુપ્ત સુરિ	૨૦૦૦૦	

બગડી ગયેલા સામાજિક જીવનથી દેશની, ધર્મની અને સમાજની એક પણ સમસ્યાનું નિરાકરણ અશક્ય છે. -ભ૦ મહાવીર

૬	નવપદ પ્રકરણ ભા. ૨	ટીકા. ઉપાધ્યાય યશોદેવ,	૧૮૦૦૦	
૭	નવપદ પ્રકરણ લઘુવૃત્તિ	દેવગુપ્તસુરિ	૧૦૦૦૦	
૮	શ્રી પાર્શ્વનાથ ચરિત્ર પદ્ય	હેમવિમલ ગણિ	૧૦૦૦૦	
૯	વિજય પ્રશસ્તિ કાવ્ય (સેનસુરિ ચરિત્ર)	હેમવિમલ ગણિ	૩૦૦૦૦	
૧૦	ધર્મરત્ન પ્રકરણ ભાગ ૧	મુલ : શાંતિસુરિ	૧૮૦૦૦	
૧૧	ધર્મરત્ન પ્રકરણ ભાગ ૨	ટીકા : દેવેન્દ્રસુરિ	૧૫૦૦૦	
૧૨	કુમારપાલ (મહાકાવ્ય) દ્વયાશ્રય પ્રાકૃત		૨૪૦૦૦	
૧૩	દેવેન્દ્ર નરકેન્દ્ર પ્રકરણ			
૧૪	પુષ્પ પ્રકરણ માળા (વિવિધ પ્રકરણો સંગ્રહ મુળ ભાષાંતર)	પુર્વાચાર્યો	૧૫૦૦૦	
૧૫	ઉપદેશપદ ભા ૧	મુળ : હરિભદ્રસુરિ	૨૦૦૦૦	
૧૬	ઉપદેશપદ ભા ૨	ટીકા : મુનિચંદ્રસુરિ	૨૪૦૦૦	
૧૭	ગુર્વાવલી	શ્રી મુનિસુંદરસુરિ	૩૦૦૦	પદ્માબેન. પી. ભીમાણી પરિવાર
૧૮	શ્રી પ્રશ્નોત્તર માળા	મુળ : વિમલસુરિ	૩૦૦૦૦	
		ટીકા : દેવેન્દ્રસુરિ	૧૦૦૦૦	
૧૯	વન્દારુવૃત્તિ	દેવેન્દ્રસુરિ	૧૦૦૦૦	
૨૦	પાંડવ ચરિત્ર	શુભવર્ધન ગણિ	૧૧૦૦૦	
૨૧	ઉપદેશ સપ્તતિકા (નવ્યા)	ક્ષેમરાજમુનિ	૨૫૦૦૦	
૨૨	વિચાર રત્નાકર	મહોપાધ્યાય કિર્તિવિજય ગણિ	૨૦૦૦૦	શ્રી ઝાલાવાડ જૈન શ્વે. મુ. સંઘ ટ્રસ્ટ
૨૩	શ્રી શ્રાદ્ધદિન કૃત્ય-૧ (સ્વોપજ્ઞ)	શ્રી દેવેન્દ્રસુરિ	૨૧૦૦૦	
૨૪	,, ,, ભાગ ૨ ,,	,, ,,	૧૫૦૦૦	
૨૫	શ્રી પાર્શ્વનાથ ચરિત્ર	ભાવદેવસુરિ	૨૫૦૦૦	
૨૬	શ્રી અનુયોગદ્વાર સટીક	ટીકા : મલ્લધાર હેમચંદ્રસુરિ મ.	૨૪૦૦૦	રામજી લાલજી પરિવાર

સંપર્ક સાધો :- **શ્રી જિન આરાધના ટ્રસ્ટ,** ૭, ત્રીજો ભોઈવાડો, ભુલેશ્વર, મુંબઈ-૪૦૦ ૦૦૨.

શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ—પૂર્વ પ્રકાશિત ગ્રંથોની યાદી

નંબર	ગ્રંથનું નામ	કર્તા	રકમ	લાભ લેનાર
૧	જીવવિચાર દંડક પ્રકરણ સટીક	શાંતિસુરિ મ. સા.	—	—
૨	ન્યાય સંગ્રહ સ્વોપજ્ઞ ટીકા	હેમહંસ ગણિ	૨૦૦૦૦	શ્રી ઘાટકોપર તપગચ્છ જૈન સંઘ તથા બીજા.
૩	ધર્મસંગ્રહ સ્વોપજ્ઞ ટીકા ભા. ૧	ઉપાધ્યાય શ્રી માનવિજય	૧૫૦૦૦	શેઠ મોતીશા લાલબાગ જૈન સંઘ
૪	,, ,, ,, ભા. ૨	ગણિવર્ય	૨૫૦૦૦	જે. કા. કોઠારી જૈન રિલિજીયસ ટ્રસ્ટ ચંદનબાળા, મુંબઈ નં ૬.
૫	,, ,, ,, ભા. ૩		૨૫૦૦૦	તપગચ્છ અમર જૈન શાળા સંઘ ખંભાત

પ્રભુ ભક્તિના ઢોંગી થવા કરતા નાસ્તિક થવું સારું.

૬	જીવસયાસ ટીકાનુવાદ	મુળ . મલ્લધારી હેમચંદ્રસુરિ અનુ ; અમિતયશ વિજયજી	૨૦૦૦૦	વિવિધ સંઘો
૭	જંબુદ્વિપ સંગ્રહણી સટીક	હરિભદ્રસુરિ ટીકા : પ્રભાનંદસુરિ	૪૦૦૦	સંઘવી અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટ ખંભાત.
૮	સ્યાદવાદ મંજરી સાનુવાદ	મુળ : ક. સર્વજ્ઞ હેમચંદ્રસુરિ ટીકા ; મલ્લીસેણસુરિ	૨૫૦૦૦	શ્રી જૈન શ્વે. મુ. સંઘ સાયન
૯	નંદિસુત્ર સટીક	મુળ : દેવવાચકગણિ ટીકા : મલયગિરિ	૧૩૦૦૦	બાબુલાલ સી. પરિવાર તથા અન્ય
૧૦	સમરાદિત્ય સંક્ષેપ ચરિત્ર સંસ્કૃત	પ્રદ્યુમનસુરિ મ. સા.	૧૨૦૦૦	શ્રી વડાલી જૈન સંઘ
૧૧	બૃહત ક્ષેત્ર સમાસ સટીક	મુળ : જીનભદ્રગણિ ક્ષમાશ્રમણ ટીકા : મલયગિરિ મ. સા.	૨૦૦૦૦	સંઘવી અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટ. ખંભાત
૧૨	બૃહત સંગ્રહણી	મુળ . ચંદ્રસુરિ ટીકા : દેવભદ્રસરિ	૧૧૦૦૦	,, ,, ,, ,,
૧૩	બૃહત સંગ્રહણી	મુળ : જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ ટીકા : મલયગિરિ મ. સા.	૧૨૫૦૦	સુધર્મભક્તિ જ્ઞાનમંદિર અમદાવાદ
૧૪	ચેઈઅવંદણ માહાભાસ્ય	શાંતિસુરિ મ. સાહેબ	૧૧૦૦૦	શ્રી સુવિધિનાથ જૈન ટ્રસ્ટ યરવડા જી. પુના
૧૫	નયોપદેશ	ઉપાધ્યાય યશોવિજયજી મ. સા.	૧૧૦૦૦	શ્રી બારામતી જૈન સંઘ
૧૬	પુષ્પમાળા (સાનુવાદ)	મુળ : મલ્લધારિ હેમંચદ્રસુરિ	૭૦૦૦	શ્રી લાખાણી જૈન સંઘ
૧૭	શ્રી મહાવીર ચરિય	ગુણચંદ્રગણિ	૧૨૦૦૦	જગવલ્લભ પાર્શ્વનાથ જૈન શ્વે. મુ. સંઘ કુંભોજગિરિ.
૧૮	શ્રી મલ્લિનાથ ચરિત્ર	વિનયચંદ્રગણિ	૧૫૦૦૦	શેઠ મોતીશા રિલિજીયસ એન્ડ
૧૯	તત્વજ્ઞાન તરંગિણી	જ્ઞાનભુષણ	૫૦૦૦	ચેરીટેબલ ટ્રસ્ટ ભાયખલા મુંબઈ.
૨૦	શ્રી વાસુપુજ્ય ચારિત્ર	શ્રી વર્ધમાનસુરિ	૧૫૦૦૦	શ્રી હાલારી વિશા ઓસવાલ શ્વે. મુ. જૈન સંઘ ભીવંડી ,
૨૧	શાંત સુધારસ	ઉપા : શ્રી વિનયવિજયજી ટીકા : ગંભીરવિજયજી મ. સા.	૧૦૦૦૦ ૧૦૦૦૦	મહેતા રિખવદાસજી. અમીચંદ (પીંડવાડા)
૨૨	શ્રાદ્ધગુણ વિવરણ	શ્રી જિનમંડણગણિ	૧૦૦૦૦	શેઠ મોતીશા રિલિજીયસ ટ્રસ્ટ. ભાયખલા
૨૩	અનેકાન્ત વ્યવસ્થા	મહો. યશોવિજયજી મ. સા.	૧૦૦૦૦	શ્રી રાજપુર (ડીસા) જૈન સંઘ બનાસકાંઠા
૨૪	ત્રિષષ્ઠિશલાકા પુરુષ ચરિત્ર પર્વ ૩-૪	શ્રી હેમચંદ્રસુરિ મ. સા.	૧૨૦૦૦	શેઠ મોતીશા રિલિજીયસ ટ્રસ્ટ. ભાયખલા
૨૫	,, ,, ,, પર્વ ૫-૬		૧૪૦૦૦	શ્રી આદિનાથ જૈન દેરાસર ટ્રસ્ટ. બેંગલોર
૨૬	પ્રશ્નોત્તર રત્નાકર (સેનપ્રશ્ન)	આચાર્ય સેનસુરિ મ. સા.	૧૫૦૦૦	શ્રી આરાધના ભુવન સંઘ દાદર

જેને સંસારની સુખ સાહ્યબી જોઇએ અને તેમાં જ આનંદ માને તે કદી પરમાત્માનો ભક્ત બની શકે નહી.

૨૭	શ્રી વર્ધમાન દેશના પદ્ય પ્રાકૃત છાયા સાથે ભા. ૧	શ્રી શુભવર્ધન ગણિ	૧૧૦૦૦	રાયશી વેલસી ગાલા પરિવાર મુલુન્ડ
૮	યુક્તિ પ્રબોધ	ઉપા. મેઘવિજય સ્વોપજ્ઞ ટીકા સહ	૧૨૫૦૦	કેશવલાલ મોતીલાલ પરિવાર
૯	હારિભદ્રિય આવશ્યક ટિપ્પણક	મલ્લધારી હેમચંદ્રસુરિ	૧૨૫૦૦	દીપચંદભાઈ લલ્લુભાઈ તારાવાળા પરીવાર
૦	વ્યવહાર શુદ્ધિપ્રકાશ	પુ રત્નશેખરસુરિ મ. સા.	૭૫૦૦	દેવચંદભાઈ ધનજીભાઈ શાહ વિ. (ઈર્લાબ્રીજ)
	ચૈત્યવંદન ભાષ્ય (સંઘાચાર વૃત્તિ સહ)	દેવેન્દ્રસુરિ મ. સા.	૨૨૦૦૦	જોઈતારામ ટોકરશી શાહ પરીવાર
૩	સમ્યકત્વ સપ્તતિ	હરિભદ્રસુરિ મ. સા. ટીકા સંઘ તિલકાચાર્ય	૨૫૦૦૦	શ્રી જૈન શ્વે મુ. મંદિર ટ્રસ્ટ ગાંધીનગર
૩	સંબોહ સપ્તરી	રત્નશેખરસુરિ મ. સા.	૧૦૦૦૦	શ્રાવિકાઉપાશ્રય વડાલી(સાબરકાંઠા)
૩	અભિધાન વ્યુત્પત્તી પ્રક્રિયા કોષ ભા-૧	પુ. હેમચંદ્રસુરિશ્વર મ. સાના	૪૧૦૦૦	શ્રી વાંકાનેર જૈન શ્વે. મુ, સંઘ
૩	,, ,, ,, ,, ભા-૨	અભિધાન કોશ પરથી.	૪૧૦૦૦	શ્રી ડીસા જૈનસંઘ ડીસા (બ.કાંઠા)
૩	અષ્ટ સહસ્રી તાત્પર્ય વિવરણ	મહોપાધ્યાય યશોવિજયજી	૩૫૦૦૦	શ્રીપાળનગર જૈન દેરાસર ટ્રસ્ટ
૩	વિશેષણવતી વંદન પ્રતિક્રમણ અવચુરિ	પુર્વાચાર જીનભદ્રગણિ ટીકાકાર રત્નશેખર સુરિ	૧૦૦૦૦	શ્રી સંભવનાથ જૈન ટ્રસ્ટ કોલ્હાપુર
૩	ઉપદેશ રત્નાકર	મુનિ સુંદરસુરિ મ. સા	૨૪૦૦૦	શ્રી શાંતિનગર જૈ. શ્વે મુ. સંઘ અમદાવાદ
૩	પ્રવ્રજ્યા વિધાનકુલક	પુર્વતન આચાર્ય ટીકાકાર : પ્રદ્યુમનસુરિ મ. સા	૧૪૦૦૦	શ્રી તપગચ્છ સમાજ મુલુન્ડ (વેસ્ટ)
૪૦	ઉત્પાદાદિ સિદ્ધિ	મહો. યશોવિજયજી મ. સા.	૫૫૦૦૦	શ્રી દેવચંદ ભાઈલાલ ઘેટીવાલા પરીવાર
૪૧	પયરણ સંદોહ	પુર્વાચાર્ય	૭૫૦૦	શ્રી તપગચ્છ જૈન સંઘ મુલુન્ડ (વેસ્ટ)
૪૨	પંચવસ્તુ (સટીક)	પુ. હરિભદ્રસુરિ મ. સા.	૨૫૦૦૦	શ્રી વાડીલાલ ઉત્તમચંદ પરીવાર મુલુન્ડ
૪૩	વર્ધમાન દેશના પદ્ય પ્રાકૃત છાયા સાથે ભાગ-૨	શુભવર્ધન ગણિ	૧૧૦૦૦	શ્રી રાયશી વેલસી ગાલા પરીવાર મુલુન્ડ
૪૪	જંબુસ્વામી ચરિત્ર	જયશેખર સુરિ મ. સા	૬૦૦૦	શ્રી ઘોઘારી સમાજ મુલુન્ડ (વેસ્ટ)
૪૫	સ્તોત્ર રત્નાકર ભા-૧	પુર્વાચાર્યો	૧૦૦૦૦	એક સદ્‌ગૃહસ્થ (મુલુન્ડ)
૪૬	ગુરુગુણ ષટત્રિંશતષટત્રિંશકા	આ. રત્નશેખરસુરિ મ. સા	૭૫૦૦	શ્રી શ્વે. મુ. તપગચ્છ જૈનસંઘ મુલુન્ડ (વેસ્ટ)
૪૭	ઉપદેશ સપ્તતિ	શ્રી સોમધર્મગણિ	૧૧૦૦૦	શેઠ શ્રી શીવજી કરમસી સત્રા પરિવાર ઘાટકોપર

આ જગતમાં જાત-જાતના વાદ ચાલે છે તો તેમાં સારામાં સારો વાદ કયો ? —આશીર્વાદ

કોન્ફરન્સ અધિવેશન સમયે

ધ્યેયની સિદ્ધિ માટે અને ધાર્યા લક્ષાંકને પહોંચી વળવા માટે—

અખિલ ભારતીય 'શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ' વિશે આજકાલ એક વિચિત્ર પ્રશ્ન પૂછાઇ રહ્યો છે કે, 'કોન્ફરન્સ કોની છે....? અથવા તો મનસ્વી ટીકાઓ થઈ રહી છે કે, 'કોન્ફરન્સ આની છે' કે 'તેની છે.'

એક તો એનું નામ જ સુચવે છે કે કોન્ફરન્સ જૈન શ્વેતામ્બરની છે અને તે પણ કોઇ મૂઠીભરની નહિ, સારાએ ભારતભરના જૈનોની! વળી મૂળભૂત વિચારણા કરીએ તો કોન્ફરન્સ વ્યવસ્થિત અને બંધારણીય સંસ્થા છે, અને લોકશાહી રીતે એની રચના અને વહીવટ ચાલે છે. આપણામાંનો મોટો ભાગ જાણે છે કે 'કોન્ફરન્સ' આપણા જૈન સમાજની એકમાત્ર અગ્રણી પ્રતિનિધી સંસ્થા છે. તો પછી આવા પ્રશ્નો—ટીકાઓ કેમ ઉદ્ભવે છે? સમજુ લોકોએ અને સંસ્થાના મોવડીઓએ આવા પ્રશ્નોનું યોગ્ય કરી શકી નથી.

જ્યારે પૂ૦ શ્રમણવર્ગ તો કોન્ફરન્સથી ભડકે છે, ઉપેક્ષા સેવે છે. જો કે કોન્ફરન્સે તિર્થોના ઝગડા, સરકારી દખલગીરી, ધાર્મિક વિચારણાઓ આદિ કેટલાએક કાર્યોમાં ઊંડો રસ લઇ સંઘના કાર્યમાં ઠીક સાથ આપ્યો છે, છતાં વર્તમાનમાં તો પોતાના નિશ્ચિત—ઇચ્છિત ધ્યેયને પ્રાપ્ત કરી શકી નથી.

કોન્ફરન્સ સૌ કોઇની છે, સૌ કોઇની થવા પ્રયત્ન કરેલ છે અને સૌ કોઇની બની રહેવા પ્રયત્નશીલ છે. પરન્તુ યોગ્ય સાથ અને સહકારના અભાવે એ સૌ કોઇની હોવા છતાં સૌ કોઇની બની શકી નથી....! દોષ કોનો....? આપણે અધિવેશનનાં ટાંકણે દોષારોપણમાં નહિ પડતા બધું ભૂલી ઊજળું ભાવિ પ્રાપ્ત કરવા શા માટે નવો પ્રકાશ—નવી પ્રતિજ્ઞા ના કરીએ....? શાસનદેવ સૌને

શ્રીમંતો દાન આપે, મધ્યમ—ગરીબ વર્ગ શ્રમ આપે, બહેનો સ્ત્રીવિકાસમાં સાથ આપે, યુવકો સેવા આપે અને પૂ. શ્રમણવર્ગ આશીર્વાદ સાથે સહાનુભૂતિ દાખવે.

નિરીક્ષણ—પરીક્ષણ કરવું જોઇએ, જો સંસ્થાને અવનતિમાંથી ઉગારવી હોય અને વધારે વિકસીત કરવી હોય.

આજની ઉપયોગીતા—જરૂરીઆત ને અનુલક્ષીને કોન્ફરન્સે મધ્યમવર્ગ, યુવાનવર્ગ, વિદ્યાર્થીવર્ગ, સ્ત્રીવર્ગ અને પૂ. શ્રમણવર્ગ બાબત ઘણુ કરવાનું છે. જો કે ભૂતકાળમાં કેટલીક રચનાત્મક પ્રવૃત્તિઓ ઉદ્યોગગૃહો, સેવામંડળો, શિક્ષણ પ્રવૃત્તિઓમાં સહાય, આર્થિક મદદ વગેરે કાર્યો દ્વારા કોન્ફરન્સે મધ્યમવર્ગને સહારો આપ્યો છે. પણ એને ઊંચે લાવવામાં—એનો સ્તર બદલવામાં જોઇએ તેટલી સફળ થઈ નથી.

યુવાનવર્ગ ને, આગેકુચ કરવામાં અને સેવાકાર્યોમાં જોડાવામાં ભલે સાથ મેળવ્યો હોય પણ ઝુકી પડવાનું આકર્ષણ કરી શકી નથી.

વિદ્યાર્થીઓને કોન્ફરન્સના નેતાગીરીમાં પૂર્ણશ્રદ્ધા જાગી નથી. બહેનો માટે ઉદ્યોગગૃહ દ્વારા આર્થિક મદદ સિવાઇ કાંઇ જ સદ્બુદ્ધિ આપે. અને કોન્ફરન્સ સૌને ઉપયોગી થવા મજબૂત અને—શક્તિશાળી બને અને "સૌની કોન્ફરન્સ" બની રહે.

કોન્ફરન્સના ધ્યેય કે લક્ષ બાબત કોઇને મતભેદ છે જ નહિ. એ ધ્યેયની સિદ્ધિ માટે અને ધાર્યા લક્ષાંકને પહોંચી વળવા માટે આપણે કોન્ફરન્સને માતૃસંસ્થા સમાન સાથ આપી એના સર્વાંગી વિકાસ માટે આપણાથી બનતું દીલપૂર્વક કરીએ.

સહૃદયી, સત્યનિષ્ટ કાર્યકરો; ખાસ કરી યુવાનો આગળ આવે. કાર્યકરો ખભેખભા મિલાવી મતભેદો ભૂલી ઉદારદિલે કામ આગળ ધપાવે.

શ્રીમંતો દાન આપે, મધ્યમ—ગરીબવર્ગ શ્રમ આપે, યુવકો સેવા આપે, બહેનો સ્ત્રી વિકાસમાં સાથ આપે અને પૂ. શ્રમણવર્ગ આશિર્વાદ સાથે સહાનુભૂતિ દાખવે.

—ડૉ. ભાઈલાલ એમ. બાવીશી

અધિવેશન અને પ્રતિષ્ઠા સ્થળ :
શ્રી આત્મવલ્લભ સંસ્કૃતિ મંદિર
૨૦, કે. એમ. જી. ટી. કરનાલ રોડ,
પો. અલીપુર, દિલ્લી-૧૧૦ ૦૩૬ (ઇન્ડિયા)
તાર . SHODHPEETH, DELHI-110 007.

મુખ્ય કાર્યાલય :
અ. ભા. જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.
ગોડીજી બિલ્ડીંગ, બીજે માળે, ૨૧૯/એ, પાયધુની… ડીકાસ્ટ્રીટ,
મુંબઈ-૪૦૦ ૦૦૨ ફોન : ૮૫૧ ૩૨ ૭૩
તાર. HINDSANGHA BOMBAY-2

ક્રોધમાં બોલાયેલા તમારા શબ્દો પકડાશે ત્યારે એ જ તમને અપરાધી બનાવશે, માટે ક્રોધ ન કરવો.

સં. ૨૦૪૫ મહા માસ

તા. ૭-૨-૮૯ થી ૭-૩-૮૯ 卐 શુભ દિન, દિઃ ૨૯
ક્ષય તિથી : સુદ-૧, વદ-૧૩, વૃદ્ધિ તિથી : વદ-૪બે શુક્ર,શની
સુર્યોદય : ૭-૧૨ સુર્યાસ્ત : ૬-૩૩

સુદ-૨ મંગળ તા. ૭	શ્રી અભિનંદન સ્વામી જન્મ કલ્યાણક, શ્રી વાસુપુજ્ય સ્વામી જન્મ કેવળ ક., ચંદ્રદર્શન, પુ. આ. શ્રી દાનસુરીજી મ. સ્વ. તીથી
૩ બુધ ૮	શ્રી ધર્મનાથ જન્મ ક., શ્રી વિમલનાથ જં.ક, શ્રી જૈન શ્વે. કોન્ફરન્સનું દિલ્લી અધિવેશન.
卐 ગુરૂ ૯	શ્રી વિમલનાથ દિક્ષા ક.
卐 ૫ શુક્ર ૧૦	શ્રી મુનિસુવ્રત સ્વામી જિનાલય થાણા શંખેશ્વર, કપીલાજીની વર્ષગાંઠ., પંચક સમાપ્ત રાતના ૧૨-૪૫, વસંતપંચમી, પુ. આ. શ્રી રામસુરી ડેલાવાળા (૧૯૭૩) જન્મ દિવસ. યોગીરાજ શ્રી શાંતિસુરિ જ. દિન.
卐 ૬ શનિ ૧૧	પુ. આ. શ્રી ભુવનશેખરસુરીજી (૧૯૭૭) જન્મ શ્રી શંખેશ્વર આગમ મંદિર જિનાલય પ્રતિષ્ઠા દિન, કલિકાલ આ.શ્રી હેમચંદ્રાચાર્યની સ્વતિથિ.
૭ રવિ ૧૨	ગિરિરાજ ઉપર નવી ટુંકની વર્ષગાંઠ
૮ સોમ ૧૩	શ્રી અજિતનાથ જન્મ ક. પં. ઉત્તમવિજય મ. સ્વતિથિ, પુ.આ.શ્રી લલિતસુરીજી સ્વતિથિ.
૯ મંગળ ૧૪	રોહીણી, શ્રી અજિતનાથ દિક્ષા ક.
卐 ૧૦ બુધ ૧૫	ભોયણીતીર્થ, મહેસાણા, અગાશી (મુંબઈ) પડધરી જિનાલયની વર્ષગાંઠ.
૧૧ ગુરૂ ૧૬	પુ. આ. શ્રી કપુરસુરી મ. ની સ્વ. તિથી. પુ. આ. શ્રી જિનકૃપાચંદ્રસુરી સ્વ. તિથી.
૧૨ શુક્ર ૧૭	પુષ્યનક્ષત્ર પ્રારંભ રાતના ૧૨-૨૨ શ્રી અભિનંદનસ્વામી દીક્ષા ક. પુષ્યનક્ષત્ર સમાપ્ત રાતના ૨-૧૬
卐 ૧૩ શનિ ૧૮	શ્રી ધર્મનાથ સ્વામી દીક્ષા ક.
૧૪ રવિ ૧૯	પખ્ખીની આરાધના/સાચોર, ઘાણેરાવ, કોબા પ્રતિષ્ઠા
૧૫ સોમ ૨૦	ચંદ્રગ્રહણ સાંજે ૫-૫૯થી રાત્રે ૧૨-૧૧ સુધી
વદ 卐 ૧ મંગળ ૨૧	
卐 ૨ બુધ ૨૨	
૩ ગુરૂ ૨૩	
૪ શુક્ર ૨૪	
૪ શનિ ૨૫	શુક્ર અસ્ત (પુર્વે)
૫ રવિ ૨૬	
૬ સોમ ૨૭	વિંછુડો પ્રારંભ સાંજે ૫-૪૩, શ્રી સુપાર્શ્વનાથ કેવળ ક., પુ આ. શ્રી કમળસુરી સ્વ તિથી.
૭ મંગળ ૨૮	શ્રી સુપાર્શ્વનાથ મોક્ષ ક., શ્રી ચંદ્રપ્રભુ કેવળ ક.
૮ બુધ મા. ૧	વિંછુડો સમાપ્ત રાત્રે ૨-૫૬ ડભોઈ, શ્રી લોઢણ પાર્શ્વનાથની વર્ષગાંઠ.
卐 ૯ ગુરૂ ૨	શ્રી સુવિધિનાથ ચ્યવન ક.
૧૦ શુક્ર ૩	
૧૧ શનિ ૪	શ્રી આદિનાથ કેવળ ક.
૧૨ રવિ ૫	શ્રી શ્રેયાંસનાથ જન્મ દીક્ષા ક. શ્રી મુનિસુવ્રતસ્વામી કેવળ ક.
૧૪ સોમ ૬	પંચક પ્રારંભ સવારે ૧૦-૨૦, શ્રી વાસુપુજ્ય સ્વાથી જન્મ ક., પુ. આ. શ્રી બુદ્ધિસાગરસુરીજી જન્મ (૧૯૩૦)
૩૦ મંગળ ૭	શ્રી વાસુપુજ્યસ્વામી મોક્ષ ક. પુ. દર્શનવિજયજી સ્વ. તિથી. શ્રી જિનકુશલસુરીજી દાદાસાહેબ સ્વ. તિથી.

યાત્રા અર્થે પધારો ને જિર્ણોદ્ધારમાં સહાયક બનો

તપગચ્છ રક્ષક શ્રી માણિભદ્રવિરના આ તિર્થસ્થાન શ્રી આગલોડના વર્તમાન ઉદ્ધારક શ્રીમદ્ વિજયપ્રેમસુરીશ્વરજી મ. સા. ના સમુદાયના અને પુજ્ય આચાર્યશ્રી હિમાચલસુરીશ્વરજી મ. દ્વારા ઘાણેરાવ કીર્તિસ્તંભમાં આચાર્યપદથી વિભુષિત થયેલ પરમયોગી પુજ્ય આચાર્યદેવ **શ્રી વિજયઆનંદઘનસૂરીશ્વરજી** મહારાજશ્રીની પ્રેરણા અને માર્ગદર્શન મુજબ આ તીર્થનો જીર્ણોદ્ધાર થઈ રહેલ છે. તેમજ શ્રી આગલોડ જૈન શ્વે. મુ. પુ. સંઘ તરફથી યાત્રાળુઓ માટે આધુનિક સુવિધાવાળી ધર્મશાળા, ભોજનશાળાની સગવડ કરવામાં આવેલ છે.

આગલોડ આવવા માટે ગુજરાતના મહેસાણા, હિંમતનગર, વિજાપુર, અમદાવાદથી અનેક એસ. ટી. ની બસ મળે છે.

આ તીર્થના દર્શન-જાત્રાનો લાભ લેવા વિનંતી છે.

શ્રી માણીભદ્ર જૈન તીર્થ પેઢી

શ્રી જૈન શ્વેતામ્બર મૂ. પૂ. સંઘ (ફોન : ૩૬)
મુ. આગલોડ (તા. વિજાપુર : જી. મહેસાણા – ઉ. ગુ.)

આરસી મુખ પરનો ડાઘ બતાવે, જ્યારે પરમાત્મા અંતરના ડાઘ બતાવે.

કેલવા (રાજસ્થાન)માં પ્રતિમાજી ખંડન

પુ. પં. શ્રી અશોકસાગરજી મ૦ સા૦ આદિ અલામથી ચોમાસા બાદ તુર્ત વિહાર કરી નાગેશ્વરજીમાં પુ૦ પાદ ગુરૂદેવશ્રીની પાદુકાની પ્રતિષ્ઠા કરાવી પ્રતાપગઢ પ્રતિષ્ઠાનું કાર્ય સંપન્ન કરી નીમચ, ચિત્તોડ, કરેડાજી થઈ રાજનગર આવેલ. ત્યાંથી ૧૨ કિ. મી. ઉપર કેલવા ગામે પધાર્યા. હવે ૨૨-૧ થી રાતામહાવીરજીમાં ઉપધાનતપનો શુભારંભ થયેલ છે. કેલવામાં પ્રતિમાં ખંડન. મેવાડમાં જ્યાં તેરાપંથનો ઉદ્‌ગમ થયો તે રાજનગરથી ૧૨ કિ. મી. દુર કેલવા ગામમાં સુંદર ત્રણ જિનાલય છે જે દેરાસરમાં તેરાપંથના ઉદ્‌ગમ સ્થાનની સ્થાપના છે ત્યાં દેરીઓમાં ભગવાન નથી માત્ર મુળનાયક શ્રી ચંદ્રપ્રભુજી છે. દેરીઓને તાળા ડીને ત્યાં ધ્યાનસાધના કુટીર બનાવી દીધી છે. તેની પાસેના દેરાસરની પણ આ જ દશા છે. ત્યાં માત્ર મુળનાયકજી બીરાજમાન છે તેનો કોઈ બદમાશે પલાંઠીથી ઉપરનો તમામ ભાગ તોડી નાંખી હૃદય કંપી જાય તેવું ભયંકર દૃશ્ય બનાવ્યું છે.

આશ્ચર્યની વાત છે કે મુળનાયકજીને ખંડીત કરવા છતાં ત્યાંના શ્રાવકો તદ્દન સુસ્ત અને બેપરવાહી કરી રહ્યા છે.

મેવાડના જૈન મંદિરોની દુર્દશા માટે જૈન સંઘે જાગવાની જરૂર છે.

વેલાંગરી (રાજ.)માં ઉપધાનતપ :– યુવા જાગૃતિ પ્રેરક આચાર્યશ્રી વિજયગુણરત્નસુરીશ્વરજી મ૦ સા૦, મુનિરાજશ્રી રવિરત્નવિજયજી મ૦ સા૦ આદિની શુભ નિશ્રામાં અત્રે ઉપધાનતપની આરાધના ભક્તિભાવભર્યા વાતાવરણમાં ચાલી રહી છે. આ ઉપધાનતપના આયોજક શ્રી દીપચંદ વીરચંદજી સંઘવીના ઘેર પુજ્યશ્રી આદિએ પગલાં કરેલ. પ્રાસંગિક માંગલિક પ્રવચનો, ૩ સંઘપુજનો અને પ્રભાવના આદિ થયા હતા. આ ઉપધાનતમાં ૧૦૦ આરાધકો જોડાયા છે. તેની પુર્ણાહુતિ મહા સુદ ૧૩, તા. ૧૮-૨-૮૯ થનાર છે.

પૂના (મહા.)માં પંચાહ્નિકા પરમાત્મભક્તિ મહોત્સવ :– પુ૦ આ૦ શ્રી વિજયભદ્રગુપ્તસુરીશ્વરજી મ૦ સા૦ આદિની શુભ નિશ્રામાં શ્રી વાસુપુજ્યસ્વામી જૈન સંઘના આંગણે તા. ૨૨-૧-૮૯ના રોજ વાસુપુજ્યસ્વામી પ્રભુ પ્રતિષ્ઠા તેમજ પંચાહ્નિકા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે વિવિધપુજનો તેમજ સાધર્મિક ભક્તિ રાખવામાં આવેલ છે.

ધાનેરાથી જીરાવલા તીર્થનો છ'રીપાલિત સંઘ :– પુજ્ય ગણિવર્યશ્રી વિમલવિજયજી મ૦ સા૦ આદિની શુભ નિશ્રામાં ધાનેરાથી શાહ મોહનલાલ ખુમચંદ પરિવારના સહયોગથી ૫૦૦ ભાવિકોનો છ'રીપાલિત સંઘ જીરાવલા સુધીનો નિકળેલ. જેની માળ ગત ડીસેમ્બર માસમાં પુજ્યશ્રીની નિશ્રામાં પહેરાવવામાં આવી હતી.

પુજ્યશ્રી આદિ રાજસ્થાનમાં મોટી પંચતીર્થ યાત્રા અર્થે જોધપુર, જયપુર તરફ વિહાર કરેલ છે.

થાણા (મહારાષ્ટ્ર) :– પુજ્ય આચાર્યશ્રી અશોકચંદ્રસુરિજી મ૦ સા૦, ગણિવર્યશ્રી જયાનંદવિજયજી મ૦ સા૦ આદિ ઠાણાની નિશ્રામાં ચાતુર્માસ દરમ્યાન અક્ષયનિધિ, સિદ્ધિતપ, અનેક તપો પારણા, અત્તરવાયણા આદિ વ્યક્તિ તથા સંઘ તરફથી ભક્તિભાવપુર્વક થયા હતા. અઠ્ઠાઈ મહોત્સવ, સિદ્ધચક્રપુજન તથા સ્વામિવાત્સલ્ય તથા માગશર વદમાં ત્રણ એકસણા, શેઠશ્રી મીશ્રીમલજી તરફથી પદ્માવતીપુજન, સુંદર આંગીઓ તથા લાડુની પ્રભાવનાનો લાભ લેવાયેલ. અત્રેના શ્રીસંઘ તરફથી નિયમીત ૧૨૫ માણસોને ફીમાં જમાડવામાં આવે છે. અત્રે ભોજનશાળા પણ ચાલુ છે.

જૈસલમેર પંચતીર્થીની યાત્રાર્થે પધારો

પશ્ચિમી રાજસ્થાનમાં આવેલ જૈસલમેર પંચતીર્થી પોતાની પ્રાચીનતા, કલાત્મકતા અને ભવ્યતા માટે જગપ્રસિદ્ધ છે. જૈસલમેર પંચતીર્થીના અન્તર્ગત જૈસલમેર દુર્ગ, અમરસાગર, લૌદ્રવપુર, બ્રહ્મસર અને પોકરણ સ્થિત જિનાલયોમાં બધા મળી ૬૬૦૦થી વધુ જિનપ્રતિમાજીઓ બિરાજમાન છે.

જૈસલમેરની વિખ્યાત વિશેષતાઓ : (૧) ભવ્ય, કલાત્મક અને પ્રાચિન જિનાલયો. પન્ના અને સ્ફટિકની પ્રતિમાઓ. (૨) ખરતરગચ્છીય શ્રી જિનભદ્રસુરિ જ્ઞાનભંડારમાં સંગ્રહિત તાડપત્રીય અને હસ્તલિખિત ગ્રંથો. (૩) દાદાગુરુદેવ શ્રીજિનદત્તસુરિજી મહારાજની ૮૩૦ વર્ષ પ્રાચીન ચાદર અને ચોલપટ્ટા, જે તેઓના અગ્નિસંસ્કાર પછી પણ સુરક્ષિત રહ્યા છે. (૪) અનેક દાદાવાડી, ઉપાશ્રય, અધિષ્ઠાયક દેવસ્થાન અને પટુઆ શેઠોની કલાત્મક હવેલીઓ. (૫) લૌદ્રવપુરના ચમત્કારીક અધિષ્ઠાયકદેવ જેમના દર્શન ભાગ્યશાળીઓને અવારનવાર પ્રાપ્ત થાય છે.

આવાસ પ્રબંધ : યાત્રિકો અને શ્રીસંઘોને ઉતરવા ઉચિત પ્રબંધ છે. મરુભુમિમાં હોવા છતાં પાણી અને વિજળીની પુરી વ્યવસ્થા છે. દાનવીરોના સહયોગથી ભોજનશાળા ચાલુ છે.

યાતાયાતના સાધન : જૈસલમેર આવવા માટે જોધપુર મુખ્ય કેન્દ્ર છે. તે ભારતના જુદા જુદા માર્ગોથી યાતાયાતના સાધનોથી જોડાયેલ છે. જોધપુરથી દિવસમાં એકવાર બસ અને રાત્રે ને સવારે બે વાર ટ્રેઈન જૈસલમેર આવે છે. આ ઉપરાંત જયપુર અને બીકાનેરથી પણ સીધી બસો જૈસલમેર આવે છે.

જૈસલમેર પંચતીર્થીનાં દુર્ગ તથા અમરસાગર સ્થિત જિનમંદિરોના જીર્ણોદ્ધારનું કામ ચાલુ છે.

શ્રી જૈસલમેર લોદ્રવપુર પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર ટ્રસ્ટ

તાર : જૈન ટ્રસ્ટ **જૈસલમેર** ૩૪૫૦૦૧ (રાજસ્થાન) ફોન ૨૭૩૦ ૨૪૦૪

ખારા જળમાં પણ મોતી પડયા છે, માત્ર શોધતા શીખવાની જરૂર છે.

પિન્ડવાડા-ગણિપદ પ્રદાન તથા ભવ્ય ઉજમણું

સિદ્ધાંત મહોદધિ ૫૦ પુ૦ આચાર્યદેવશ્રી વિજયપ્રેમસુરીશ્વરજી મ૦ સા૦ ની જન્મભુમિ પિન્ડવાડામાં તેમના અંતીમ શીષ્યરત્ન, પ્રવચન પ્રભાવક વિદ્વાન **મુનિરાજશ્રી કુલચંદ્રવિજયજી** મ૦ સા૦ ને ગણિ-પદવી તથા ભવ્ય ઉજમણાસહ **જિનેન્દ્રભક્તિ મહોત્સવ** તરીખ ૨૨-૧-૮૯ના રોજ પુ૦ આ૦ શ્રી વિજયજિતેન્દ્રસુરીશ્વરજી મ૦ સા૦ આદિ ઠા. ૧૨ની શુભ નિશ્રામાં વિવિધ ઉજમણા, પુજનો, સ્વામિ-વાત્સલ્યો અને અનેકવિધ કાર્યક્રમો–જિનેન્દ્રભક્તિ મહોત્સવ દ્વારા ઉજવાયો.

પુજ્ય મુનિરાજશ્રી કુલચંદ્રવિજયજી મ૦ સા૦નો જન્મ પિન્ડવાડા શહેરમાં થયેલ. ભરયુવાનીએ અઢળક સંપત્તિ અને વિશાળ પરિવારનો ત્યાગ કરી ચારિત્ર માર્ગને ગ્રહણ કરી પુજ્ય ગુરુદેવ પાસે એક વર્ષ સુધી પ્રારંભીક અભ્યાસ કર્યો. પુ૦ ગુરુદેવશ્રીના સ્વર્ગવાસ બાદ આગમ દિવાકર પુ૦ આચાર્યશ્રી વિજયજયઘોષસુરીશ્વરજી મ૦ સા૦ની નિશ્રામાં રહીને અધ્યયન કર્યું. લગભગ ૧૦ વર્ષ સુધી પુજ્યોની આજ્ઞામાં રહી સ્વતંત્ર ચાતુર્માસ તથા વિશેષકાળ ગુજરાત, સૌરાષ્ટ્ર તથા રાજસ્થાનમાં શાસન પ્રભાવનાના અનેકવિધ કાર્યો કર્યા. જેમાં છ'રીપાલિત સંઘ પિન્ડવાડા-પાલીતાણા તેમજ અમદાવાદ યાત્રા સંઘની આજે પણ લોકો અનુમોદના કરે છે. એવા મુનિરાજશ્રીને ગણિપદ પ્રદાનની આજ્ઞા આવવાથી અમારા આનંદમાં વિશેષ વધારો થયો હતો.

શ્રીમતી સરોજ ઘેલાણીને પી. એચ.ડી. ની પદવી

શ્રીમતી સરોજ અજિત ઘેલાણી (કુ. સરોજ લાભચંદ મેઘાણી)ને "ધી સ્પેશ્યલ કોન્ટ્રિબ્યુશન ઓફ જૈનિઝમ ટુ ઈન્ડીઅન ફિલોસોફી" એ વિષય પર સંશોધનાત્મક મહા નિબંધ લખવા બદલ મુંબઇ યુનિ-વર્સિટી તરફથી ડીસેમ્બર ૧૯૮૮માં પી. એચ. ડી. ની પદવી એનાયત કરરવામાં આવેલ છે. તેઓએ એમ. એ. એપ્રિલ ૧૯૭૦માં ફિલોસોફી અને સાયકોલોજી વિષયો સાથે જીવન્સ કોલેજમાંથી કરેલ, જેમાં તેઓ ઉત્તિર્ણ થયેલ. ઉપરોક્ત મહાનિબંધ તેમણે મુંબઈની એલ્ફિન્સ્ટન કોલેજના નિવૃત્ત પ્રો. દિનુભાઈ એમ. પટેલના માર્ગદર્શન હેઠળ તૈયાર કરેલ છે. આ મહાનિબંધમાં તેઓએ **જૈન**દર્શનના પ્રત્યેક આગવા સિદ્ધાંતો પર પ્રકાશ પાડી તે સર્વનો ભારતીય ષડદર્શનના સિદ્ધાંતો તેમજ બૌદ્ધ ધર્મના સિદ્ધાંતો સાથે તુલનાત્મક અભ્યાસ રજુ કર્યા છે જેમાં **જૈન** પ્રતિપાદિત સિદ્ધાંતોની વિશિષ્ટતા, તાર્કિકતા અને મૌલિ-કતા દર્શાવવા પ્રયાસ કર્યો છે.

ભાઈન્દર (ઈસ્ટ)માં પ્રતિષ્ઠા :– પુજ્ય પંન્યાસશ્રી યશોવિજયજી મ૦ સા૦ આદિ ઠાણાની શુભ નિશ્રામાં સાવરકુંડલા નિવાસી શ્રીમતી રંભાલક્ષ્મી હિંમતલાલ મોહનલાલ દોશીના વરદ્ હસ્તે ભગવતીશ્રી પદ્માવતી દેવીની પ્રતિષ્ઠા તા. ૧૮-૧-૮૯ના રોજ શ્રી શંખેશ્વરા પાર્શ્વ-નાથ **જૈન** દેરાસરે ભક્તિભાવપુર્વક ઉજવાઇ.

માંડવગઢ (મ.પ્ર.)માં પોષ દશમી આરાધના

શ્રી સમૃદ્ધિ પાર્શ્વનાથ ભ૦ના જન્મકલ્યાણક અને દીક્ષાકલ્યાણકની ભવ્ય આરાધના લગભગ ૯૦ ઉપરાંત તપસ્વીઓએ કર્ર હતી. જેમાં લગભગ ૬૦ તપસ્વીઓ સાબરમતીથી અત્રે પધાર્યા હતા. નિત્યદિન ભક્તામરસ્તોત્ર, સ્નાત્રપુજા, પંચકલ્યાણકપુજા તથા દિક્ષાકલ્યાણકનો ભવ્ય વરઘોડો, પાલખી, બેન્ડ સાથે વિશાળ ભાવિકોની હાજરી દ્વારા નીકળેલો. અત્રે દેરાસરમાં રોજ આંગી, રાત્રે ભાવના, દેવવંદન તથા જાપ વગેરે સુંદર આરાધનાઓ થઈ હતી,

તપસ્વીઓને અત્તરવાયણા તથા અઠ્ઠમતપના પારણા શ્રી ભભુતમલ અચલદાસજી સંઘવી (લુણસાવાળા) તરફથી ખુબ જ ભક્તિભાવપુર્વક કરવામાં આવેલ, પ્રભાવના આદિ સુંદર થયેલ.

અમદાવાદથી શ્રી સિદ્ધગિરિરાજનો છ'રીપાલીત યાત્રા સંઘ

ભાવનગર જીલ્લાના ઘોઘારીભાઈઓ જે અમદાવાદ વસવાટ કરી રહેલ છે. તેઓશ્રીની મંગળ ભાવનાથી શ્રી પાર્શ્વ **જૈન** મિત્ર મંડળ, નિલમ એપાર્ટમેન્ટસ, આંબાવાડી, અમદાવાદના ઉપક્રમે પૂજ્ય પં. **શ્રી પ્રદ્યુમ્નવિજયજી મ.** આદિની નિશ્રામાં પોષ વદ-૨ ના શ્રી સિદ્ધગિરિરાજ સુધીનો **ઘોઘારી જ્ઞાતિના ઈતિહાસમાં પ્રથમ જ વાર** યાત્રા સંઘનું પ્રયાણ થતાં સંઘપતીઓનું બહુમાન કરવાનો એક સમારંભ ગુજરાત રાજ્યના નાણામંત્રીશ્રી અરવિંદભાઈ સંઘવી, માન-નીય શ્રી બાબુભાઈ વાસણવાળા તથા **જૈન** સંઘના અગ્રગણ્ય શ્રેષ્ઠિવર્ય શ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈની હાજરીમાં ભારે ઉત્સાહ અને ઉલ્લાસની ભાવના સાથે યોજાયેલ.

આ નવયુવાન સંઘપતીઓ દ્વારા શ્રી સંઘના ભારે સુંદર આયો-જન સાથે અમદાવાદથી પ્રયાણ થતાં સરખેજ, નાના છારા, બદરખા, કલીકુંડ, કોઠ, ગુંદી, ફેદરા, ખડોળ, ધંધુકા, બરવાળા વગેરે સ્થાનોમાં ભારે ભવ્ય રીતે સામૈયા સાથે પ્રવેશ થયેલ, બાદ મુળધરાઈ, વલ્લભીપુર, ઘાંઘલી, શિહોર, પીપરલા (કીર્તિધામ), મોખડકા થઈ પાલીતાણા તા. ૮-૨-૮૯ ના ભવ્ય પ્રવેશ કરશે. આ સંઘની એ એક વિશેષતા જણાશે કે તેમાં એક પાલીતાણાના વતની જ પાલીતાણામાં સંઘ લઇ આવી રહેલ હોઈ સ્થાનીક લોકોમાં પણ ભારે પ્રવેશ ઉત્સવ ઉજવવાની વિચારણા-તૈયારી શરૂ થયેલ છે. સંઘ માળ મહા સુદ-૫ ના યોજાનાર છે.

મેં અનેક ભૂલો કરી છે, પણ 'મેં એક પણ ભૂલ કરી નથી' એ માન્યતામાં હું રહ્યો છું, એ મારી મોટામાં મોટી ભુલ છે.

Regd No. G. BV. 20
JAIN OFFICE : P. Box No 175
BHAVNAGAR-364001 (Gujarat)
Tele. O. : C/o. 29919 R. 25369

જૈન

આજીવન સભ્ય ફી : રૂા. ૫૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૫૦/-
જાહેરાત એક પેજના : રૂા. [illegible]
સમાચાર પેજના : રૂા. ૫૦૦/-

સ્વ. તંત્રી : ગુલાબચંદ દેવચંદ શેઠ
તંત્રી-મુદ્રક-પ્રકાશક :
મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
જૈન ઓફીસ, પો.બો. [illegible], દાણાપીઠ, ભાવનગર.

'જૈન' વર્ષ ૮૬
અંક : ૬

વીર સં. ૨૫૧૫ : વિ.સં. ૨૦૪૫ મહા સુદ ૫
તા. ૧૦ ફેબ્રુઆરી ૧૯૮૯ શુક્રવાર
મુદ્રણ સ્થાન : શ્રી જૈન પ્રિન્ટરી
દાણાપીઠ પાછળ, ભાવનગર-૩૬૪ ૦૦૧

શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિવિહાર મહાપ્રાસાદ-શંખેશ્વર

ખાસ પૂર્તિ

મનોહારી મૂળનાયક શ્રી ભક્તિ પાર્શ્વનાથ ભગવાન



* વિશ્વનું વિક્રમસર્જક વિશાળ મહાપ્રાસાદ

શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિવિહાર મહાપ્રાસાદ – શ્રી શંખેશ્વર મહાતીર્થ

ઉદ્‌ગમ અને ઉત્પત્તિના ઈતિહાસની રૂપરેખા

આર્યાવર્ત ભારતદેશ અનેક ધર્મો અને સંસ્કૃતિઓના સુમેળવાળો વિશ્વનો મહાન દેશ છે. ભારતદેશનું ગૌરવવંતુ ગુજરાત રાજ્ય જૈન ધર્મના કેન્દ્ર સ્વરૂપે જગપ્રસિદ્ધ છે. ગરવી ગુજરાતની ધરા અનેક જૈન તીર્થોથી પાવન બનેલી છે. જૈન જગતના શત્રુંજય અને સમ્મેતશિખર જેવા મહાન બન્ને તીર્થો પછી-વર્તમાનમાં ઉત્તર ગુજરાતના શંખેશ્વર મહાતીર્થનો મહિમા ઘણો વધી રહ્યો છે. શંખેશ્વર તીર્થનો અને મુળનાયક પ્રભુનો ઇતિહાસ લાખો વર્ષ જુનો છે. લાખો વર્ષોથી આ તીર્થ શ્રદ્ધાળુ પ્રજાનું આકર્ષણ કેન્દ્ર બન્યું છે. આ તીર્થનો વિકાસ દિન-પ્રતિદિન વધતો જ જાય છે. આ તીર્થની શોભામાં ચાર ચાંદ લગાડી અભિવૃદ્ધિ કરતું "શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિવિહાર મહાપ્રાસાદ" નિર્માણ થયું છે. વિશ્વભરમાં વિક્રમ સર્જનાર આ વિશાળ મહાપ્રાસાદે વર્તમાનમાં જ પોતાનો ઇતિહાસ સર્જ્યો છે. તેની રોમાંચક રૂપરેખા આ પ્રમાણે છે.

સ્વર્ગસ્થ પ. પુ. તપોમુર્તિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયભક્તિસુરીશ્વરજી મહારાજ (સમીવાલા) શંખેશ્વર તીર્થ પ્રત્યે અનહદ શ્રદ્ધા ધરાવતા હતા. તેમના શ્વાસેશ્વાસે શંખેશ્વર દાદાનું રટણ ચાલતું હતું. આસપાસના ક્ષેત્રોમા ગમે ત્યાં વિહાર કરતા હોય તો પણ શંખેશ્વર દાદાની યાત્રા અચુક કરતા હતા. અને જીવનની અંતિમ સાધના શંખેશ્વર તીર્થમાં જ કરીને અહીં જ દેહ છોડવાનો દૃઢ વિચાર કર્યો હતો. યોગીશ્વર કક્ષાના સાધક વચનસિદ્ધ મહાપુરુષ આચાર્ય ભગવંતે પોતાનું મૃત્યુ સમીપ જાણીને પહેલાંથી જ કહી દીધું હતું કે મારે વિજયમુહુર્ત સાધવાનું છે. અને મૃત્યુ સુધારવા માટે સમાધિ મેળવવા માટે નાદુરસ્ત સ્વાસ્થ્યે પણ સમીથી શંખેશ્વર તીર્થે પધાર્યા. ભક્તિભાવથી દાદાને ભેટયા. શિષ્યો-પ્રશિષ્યોને ખાસ કહ્યું કે, શંખેશ્વર તીર્થ દિન-પ્રતિદિન વિકાસ પામશે. અહીં ખુબ માનવ મહેરામણ ઉભરાશે, માટે તમે અહીં ઘણી ધજાઓ લહેરાવજો...ધજાએ ફરકાવજો. શાસનની ઉન્નતિ થાય એવું કંઈક કરજો. પાર્શ્વનાથ દાદાનો મહિમા વધે એવું ખાસ કરજો.... આટલી અંતિમ ઇચ્છા વ્યક્ત કરીને....ભક્તિભાવથી મન ભરીને દાદાને ભેટીને.. અંતિમ દર્શન કરતા કરતા....હે શંખેશ્વર દાદા! ભવોભવ તારું શાસન, તારા ચરણકમળની સેવા, તારું શરણ, અને તારું સમકિત અને તારા દર્શન મળજો...આટલા અંતિમ ઉદ્‌ગારો વ્યક્ત કરીને બસ....આજે છેલ્લા દર્શન છે....કહીને...ઉપાશ્રયે પધાર્યા. પોતાની અવિરત સેવા-ભક્તિ કરનારા પોતાના શિષ્ય પંન્યાસ પ્રેમવિજયજી મ., પંન્યાસ સુબોધવિજયજી મ. (વર્તમાનમાં આચાર્યશ્રી પ્રેમસુરિ મ., આચાર્યશ્રી સુબોધસુરિ મ.) ને વાસક્ષેપનો વાટવો, સ્થાપનાચાર્યજી તથા સુરિમંત્રના પાના વગેરે સોંપી કરીને વિજયમુહુર્તે શંખેશ્વર દાદાનું ધ્યાન ધરીને માળા લઇ મહામન્ત્રનો જાપ કરવા બેસી ગયા. નવકાર મહામંત્રનું સ્વમુખે જ સ્મરણ કરતા કરતા... માળાના ૫-૭ મણકા શેષ રહેતા ઉત્કૃષ્ટ કક્ષાનું શ્રેષ્ઠ સમાધિ (પંડિત) મરણ પામી આ નશ્વર દેહનો ત્યાગ કરી વિ. સં. ૨૦૧૫ના પોષ સુદ ૩ના દિવસે સ્વર્ગે સિધાવ્યા.

પુજ્ય આચાર્યશ્રી ભક્તિસુરિ મ. સા.ની ઇચ્છા અને આદેશાનુસાર પુ. પંન્યાસજી શ્રી પ્રેમવિજયજી ગણિવર્યને પાટણનગરીમાં વિશાળ આયોજન પુર્વક વિ. સં. ૨૦૧૫માં વૈશાખ માસના શુભમુહુર્તે આચાર્યપદ ઉપર આરૂઢ કર્યા. પુજ્યશ્રી આચાર્ય શ્રીમદ્ વિજયપ્રેમસુરીશ્વરજી મહારાજ તરીકે ગુરૂદેવના પટ્ટધર અને ગચ્છાધિપતિ બન્યા અને જૈન શાસનમાં પ્રસિદ્ધિ પામ્યા.

પ. પુ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસુરીશ્વરજી મહારાજ અને પ. પુ. આચાર્યશ્રી સુબોધસુરીશ્વરજી મહારાજ બન્ને ભાઈ મહારાજો પુજ્ય સ્વર્ગસ્થ ગુરૂદેવશ્રીની અંતિમ ઇચ્છાને સાકાર કરવા માટે પુરૂષાર્થ કરવા લાગ્યા. ગુરૂદેવની અદૃશ્ય કૃપાથી એક નાનકડી યોજના તૈયાર કરી કે પારર્વનાથ ભગવાનના ૧૦૮ ગોખલાઓ બનાવીને ૧૦૮ પારર્વનાથ ભગવાનની મુર્તિઓ બિરાજમાન કરીએ. એક ગોખલાના અઢી હજાર રૂપિયા એમ યોજના જાહેર કરી અને શ્રાવકોના નામો નોંધવાની શરૂઆત પણ કરી દીધી.

યોગાનુયોગ ચાતુર્માસ માટે પુજ્યશ્રીને મુંબઈ ગોડીજી પધારવાનું થયું. વાદળા જેમ વરસાદના આગમનનું સુચન કરતા હોય છે તેમ દૈવી સંકેત અને સ્વપ્નોએ ભાવિના એંધાણ આપ્યા. એક મંગળ રાત્રિએ પુ. આચાર્યદેવશ્રી સુબોધસુરિ મ.ને સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં દૈવી સંકેત થયો...૧૦૮ધજાઓ ફરકાવો.... ૧૦૮ધજાઓ લહેરાવો..... અને સુંદર વિશાળ દેરાસર દૃષ્ટિપથ સમક્ષ દેખાવા માંડયું. ધ્વજાઓ ફરકતી જોઈ. પુજ્યશ્રીએ પ્રભાતકાળે આ સ્વપ્નની જાણ પોતાના બંધુ આચાર્યદેવશ્રી પ્રેમસુરિ મ. ને કરી. સારૂ....સારૂ થશે. એમ કહી પુજ્યશ્રીએ આશ્વાસન આપ્યું. પ્રથમ તબક્કે આ વાત વધુ મહત્વ ન પકડી શકી.... પરંતુ મહિના પછી ફરીથી આજ સ્વપ્ન આવ્યું અને દૈવી સંકેત ભણકારા વગાડીને કહેવા લાગ્યું કે ૧૦૮ ધ્વજાઓ ફરકાવો... શિખરો....ધ્વજાઓ દેખાણી....ફરીથી પ્રભાતે બંધુ આચાર્યશ્રીને વાત કરી. વાત વિચારણીય બની. અને થોડા સમય પછી પુ. આચાર્યદેવશ્રી પ્રેમસુરિજી મ.ને પોતાને જ આ સ્વપ્ન આવ્યું. અને દૈવી સંકેત સુચક ૧૦૮ ધ્વજાઓના શબ્દો આકાશવાણીરૂપે સંભળાયા. અને પછી સ્વર્ગસ્થ પુ. ગુરૂદેવ શ્રી ભક્તિસુરિ મ.ના દર્શન થયા. પુજ્યશ્રીને આદેશ કરતા જોયા. પ્રભાતે બન્ને બંધુ આચાર્યદેવોએ મહત્વની મસલત કરી, સ્વપ્નને તેમજ પુજ્ય ગુરૂદેવની અંતિમ ઇચ્છાને સાકાર કરવા માટેના ચક્રો ગતિમાન કર્યા. કેવી રીતે અને શું કરશું? ના

મુંઝવણ ભય પ્રશ્નોમાંથી સ્વર્ગસ્થ ગુરૂદેવે માર્ગ સુચવ્યો અને પાર્શ્વપ્રભુનો મહિમા વધારવા તથા સવિશેષ ભક્તિ કરવાનું કહ્યું.

મુંબઈના ચાતુર્માસો પછી મહારાષ્ટ્રમાં વિહાર કર્યો અને પુજ્યશ્રી પુના શહેરે પધાર્યા પુજ્ય સુરિબંધુઓએ વિ. સં. ૨૦૩૧માં અનેક સાધુ-સાધ્વીજીઓ સાથે પુનાની ધરતી ઉપર પ્રથમ ચાતુર્માસ કર્યું. અનેક પ્રકારના શાસન પ્રભાવના થઈ રહી હતી. એવામાં દૈવી સંકેતનો ધોધ ફરી વહેવા લાગ્યો. પુજ્યશ્રીએ યોજનાને સાકાર કરવા વેગ આપ્યો. એવામાં થરાથી સોમાલાલભાઈ પોતાના બેન સાધ્વીજી સુર્યકલાશ્રીને વંદન કરવા પુના આવ્યા. પુ. આચાર્યદેવોને મળ્યા. ઝવેરાતના પારખુ જેમ હીરાને ઓળખે છે તેમ પુજ્ય આચાર્ય બંધુઓએ અગમ્ય શક્તિથી નેત્રોની કુટપટ્ટીથી સોમાલાલભાઈની યોગ્યતા પાત્રતા પારખી લીધી. અને વાત કરી કે, ભાગ્યશાળી ! આટલું એક કામ તમારે કરવાનું છે. પાર્શ્વનાથ દાદાની ભક્તિનો લાભ તમારે લેવાનો છે.

મહાપુણ્યોદયે આવું ઉત્તમ કામમળતું હોય તો.... "તહત્તિ સાહેબ" કહી શ્રી સોમાભાઈએ ઇચ્છા દર્શાવી. સાહેબે ૧૦૮ શિખર-દેરીઓ વાળું ભવ્ય મંદિર બંધાવવાની યોજના સમજાવી. થોડીવાર માટે સોમાલાલભાઈ હેબતાઈ ગયા. કહ્યું : સાહેબ....આટલી મોટી વિશાળ યોજના અને મારા જેવો મુઠી ઉંચેરો નાનો અદનો માનવી શી રીતે પાર પાડશે ? સાહેબ ! મારા ગજા બહારની વાત લાગે છે. પુજ્યશ્રીએ હૈયાધારણ આપતા કહ્યું : ભાગ્યશાળી ! ચિંતા ન કરશો. સ્વર્ગથી પુજ્ય ગુરૂદેવ આશીર્વાદ આપશે અને બધા કામો પાર પડશે. તમારે-અમારે તો માત્ર નિમિત્ત જ બનવાનું છે. માટે તમે આ જવાબદારી માથે લો. એટલે સોમાલાલભાઈએ કહ્યું : સાહેબ ! હું થરા જઈને મારા જેવા સાથી મિત્રો અને મારા કરતા પણ વધુ શક્તિશાળી પુણ્યશાળીઓને વાત કરી, વિચારણા કરીને આપને જણાવું. સાહેબે કહ્યું : ભલે સારૂં. પરંતુ તમારેજ કરવાનું છે. અને તમે પહેલા તબક્કે શંખેશ્વર તીર્થમાં જગ્યા લેવાનું કામ શરૂ કરી દેજો. આપણા ગુરૂદેવ શંખેશ્વર તીર્થમાં જ સ્વર્ગે સિધાવ્યા છે. ગુરૂદેવને પણ શંખેશ્વરમાં ઘણી શ્રદ્ધા હતી. અને પુજ્યશ્રીની સ્વર્ગભુમિ શંખેશ્વર છે માટે આપણે શંખેશ્વર તીર્થમાં જ કંઈક કરવું છે. એટલે તમે શંખેશ્વર તીર્થમાં જગ્યા લેવાનુ કામ શરૂ કરી દેજો સોમાલાલભાઈએ હા પાડી.... સાહેબ ! જગ્યા માટે મહેનત કરીશ.

સોમાલાલભાઈએ થરા આવીને જયંતિભાઈ, હરગોવિંદભાઈ, દલપતભાઈ વગેરે સાથી મિત્રોને વાત કરી. પુણ્યયોગે અને સદ્ભાગ્યે બધાએ વાતને વધાવી લીધી અને પુજ્ય ગુરૂદેવ શ્રી ભક્તિસુરિ દાદાના ઉપકારના ઋણને ચુકવવાની ઘડી આવી છે એમ સમજીને તક ઝડપી લીધી. પુજ્ય ગુરૂદેવ પાસે આવીને કાર્યની જવાબદારી ઉપાડવાની તૈયારી દર્શાવી સમ્મતિ આપી.... અમે ચારે સાથે હોઈએ તો કામ સહેલાઈથી થઈ શકે. અને આપની સુચના માર્ગદર્શન મુજબ બધું જ કરીશું.

ચંદુલાલ ઉત્તમચંદ પાટણવાળા ભાઈએ પ્રથમ આ કામમાં રસ લીધેલો. તેઓને આ કામ જયંતિભાઈ, દલપતભાઈ, હરગોવનભાઈ અને સોમાલાલભાઈ જેવા ઉત્સાહી કાર્યકર્તાઓ ઉપર જવાબદારી સોંપી તે જાણતા તેઓ રાજી થયા. તેઓ વૃદ્ધાવસ્થાથી થાકી ગયા હતા.

જગ્યા ખરીદવાની કાર્યવાહી :-

શુભ પ્રેરણા અને શુભાશીષથી યોજનાને સાકાર કરવાના શ્રીગણેશ મંડાયા. શંખેશ્વર તીર્થમાં જગ્યાઓ ખરીદવાના ચક્રો ગતિમાન થયા. શ્રી જયંતિભાઈ વીરચંદ શાહ તથા તે વખતના ધારાસભ્ય મફતલાલ ઝુમચંદના સહકાર તથા બાંધકામ ખાતાના સત્તાધીશ શ્રીયુત હરિસિંહ ચાવડા જેવાના સહયોગથી વિ. સં. ૨૦૩૫માં પ્રથમ તબક્કે તીર્થના હાઈવે રોડની પશ્ચિમ દિશામાં સરકારી ૧૦ હજાર ફુટ જમીન લેવામાં આવી. પ્રયત્નો વેગ પકડતા ગયા. વિશાળ યોજના માટે વિશાળ જમીનની આવશ્યકતા હોય છે. એ રીતે તેની બાજુમાં માજી તાલુકા પંચાયતના પ્રમુખ તથા વઢીયાર પ્રદેશના આગેવાનોના સહકારથી [illegible] વીઘા જમીન ખરીદી. વિ. સં. ૨૦૩૬માં ફરી ૩ વીઘા જમીન લીધી. ત્રીજા તબક્કે પણ તે વખતના ધારાસભ્ય અને અમારા ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી જયંતિભાઈના સહકારથી તે વખતના જાહેર બાંધકામ ખાતાના પ્રધાનશ્રી ખોડીદાસ ઝુલાના સહયોગથી જમીન મળી અને તેમના સેક્રેટરી એમ. ડી. પટેલે ખાસ કહ્યું કે રોડથી વધુ અંદર અને દુર સુંદર રમણીય બગીચા સાથે એવું સરસ મંદિર બંધાવજો જયાં ગાડીઓનો અવાજ પણ ન આવે. એવી શુભેચ્છા અને સદ્ભાવના સાથે જમીન અપાવી. ૧૩ એકર જમીન બીજી ખરીદવામાં આવી. આ રીતે વિ.સં. ૨૦૩૬ સુધી પાંચ વર્ષ જમીન લેવાની કાર્યવાહી ચાલી. ત્રણ-ચાર તબક્કે જમીનો ખરીદી અને કુલ મળીને અત્યારે ટ્રસ્ટે [illegible] વીઘા જેટલી વિશાળ જમીન લીધી છે. આ તીર્થને વિકસાવવા અને જમીન લેવામાં ગુજરાત સરકારનો સારો એવો સહકાર મળ્યો છે. અને વઢીયાર પ્રદેશના આગેવાનોનો તથા શંખેશ્વર ગામના આગેવાનોનો પણ ઘણોજ સહકાર મળ્યો છે.

ખાતમુહૂર્ત અને શિલાન્યાસ:-

વિશાળ જમીન ઉપર વિશાળ યોજનાના શ્રીગણેશ મંડાયા. પરમ પુ૦ આચાર્યદેવશ્રી પ્રેમસુરીશ્વરજી મ૦ સા૦ની એવી ભાવના હતી કે ભારતભરના પાર્શ્વનાથપ્રભુના જેટલા પ્રસિદ્ધ ચમત્કારિક તીર્થો છે તે બધા તીર્થોના તીર્થાધિપતિ મુળનાયક પાર્શ્વનાથ ભગવંતોને સામુહિક રૂપે એક જ જગ્યાએ સમાવેશ કરી બિરાજમાન કરવામાં આવે તો ઘણું સારૂં. એક આરાધક અલ્પકાળમાં એકી સાથે બધા તીર્થોની યાત્રા કર્યાનો સંતોષ અનુભવી શકે. પુજ્યશ્રીએ આ ભાવના મોટામોટા નામાંકિત સોમપુરાઓને જણાવી. અને નકશા બનાવવા કહ્યું. હરીભાઈ સોમપુરા, વિનોદભાઈ કે. સોમપુરા વગેરેને વાત કરી. અંતે ચન્દ્રકાંતભાઈ સોમપુરાને વાત કરી. તેમણે ૩-૪ પ્લાન બનાવ્યા. એક નકશો તો ૧ લાખ ૬૧ હજાર ચોરસ ફુટ વિસ્તારના બાંધકામનો બનાવ્યો. પરંતુ ટ્રસ્ટીઓને ઘણો મોટો લાગવાથી બીજો નાનો નકશો બનાવરાવ્યો.

બીજો મધ્યમ પ્લાન ચન્દ્રકાંતભાઈ સોમપુરા જેઓ રાષ્ટ્રપતિ પારિતોષિક મેળવનાર શ્રી પ્રભાશંકરભાઈ ઓઘડભાઈના પૌત્ર છે અને અત્યારે ભારતમાં સારા શિલ્પી તરીકે પ્રખ્યાત છે અને મોટા નિર્માણમાં તેમની આગવી સુઝ છે. તેઓશ્રીએ ૮૪૦૦૦ સ્કવેયર ફુટના બાંધકામવાળો પદ્મસરોવરાકારનો બનાવ્યો. આ પ્લાન બધાને પસંદ પડયો. બધાએ એકી સાથે વધાવી લીધો. પુજ્ય આચાર્ય ભગવંતોને ખાતમુહુર્ત–શિલાન્યાસના મુહુર્તો કાઢી આપવા વિનંતી કરી.

પુ૦ આ૦શ્રી સુબોધસુરિ મ૦ અને પુ૦આ૦શ્રી લબ્ધિસુરિ મ૦ બંનેએ વિચારણા કરીને સુંદર મુહુર્ત કાઢી આપ્યા. વિ.સં.૨૦૩૭ના વૈશાખ સુદ ૧૦ તા. ૧૩-૫-૧૯૮૧ના શુભ મુહુર્તે ૫૦ પુ૦ વિદ્વદ્વર્ય મુનિપ્રવરશ્રી જંબુવિજયજી મ૦, મુનિશ્રી શાંતિચંદ્રવિજયજી મ૦આદિ શંખેશ્વર તીર્થમાં ઉપસ્થિત અનેક સાધુ–સાધ્વીજી મહારાજોની શુભ નિશ્રામાં ઘાણેરાવ (રાજ.)ના મુળવતની હાલ મુંબઈ રહેતા શેઠ શ્રીમાન દેવરાજજી મોહનલાલજી ગુંદેચા પરિવારના કરકમળે ખાતમુહુર્ત કરવામાં આવ્યું. અને વૈશાખ વદ ૨ તા. ૨૧-૫-૧૯૮૧ના શુભ મુહુર્તે મુંબઇના શેઠશ્રી દિનેશભાઈ તિલોકચંદ ડી. શાહ પરિવારના શુભહસ્તે શિલારોપણ વિધિ કરવામાં આવી મુખ્ય મંદિરની વિધિ થઈ ગયા પછી વિ.સં. ૨૦૩૮માં ફાગણ મહિને ૧૦૮ દેરીઓના પણ ખાતમુહુર્ત અને શિલાન્યાસ કરવામાં આવ્યા. આ પ્રમાણે અઢીહજારના ગોખલામાંથી વિશાળ દેરીઓની યોજના નિર્માણ થઈ. હવા–પાણી–પ્રકાશનો યોગ મળતા જેમ એક બીજ ફુલે–ફળે છે અને વિશાળ વટવૃક્ષ બને છે, તેમ જૈન સમાજના અનેક દાનવીર દાનદાતાઓ તરફથી આર્થિક સહયોગ પ્રાપ્ત થતા તેમ જ શેઠશ્રી દેવરાજભાઈ ગુંદેચાની હુંફથી અને વઢીયાર પ્રદેશના આગેવાનોના સાથ-સહકારથી દેરાસરનું કામ ઝડપથી આગળ વધ્યું.

મુખ્ય મંદિરના ત્રણ ગભારાઓ, રંગ મંડપ અને કોતરણી યુક્ત ઘુમટ, ત્રણ શિખરો અને ૧૦૮ દેરીઓ શિખરબદ્ધ તેમજ સામરણ યુક્ત દેવ-દેવીઓ તથા ગુરૂ મુર્તિઓની દેરીઓ આદિ બંધાઈને ૭ થી ૮ વર્ષના અલ્પકાળમાં તૈયાર થઈ ચુકયું છે. જેની સ્વપ્ને પણ કલ્પના ન હતી તે આટલી ઝડપથી ટુંક સમયમાં આટલો વિશાળ મહાપ્રાસાદ તૈયાર થઈ જાય એ એક ન સમજી શકાય તેવો ચમત્કાર જ છે ગુરૂદેવોની અસીમકૃપા છે અને શંખેશ્વર દાદાનો પ્રભાવ જ છે.

પાષાણ નિર્ણયઃ–

જૈન સ્થાપત્યના મંદિરોનું નિર્માણ સમગ્ર ભારતભરમાં લોખંડ–સેમેન્ટ આદિમાં નહિ થતા પાષાણોમાં જ થાય છે. વિશાળ અને વિરાટ મોટા મોટા મંદિરોમાં પણ લોખંડાદિ નથી વપરાતું એવા શિલ્પશાસ્ત્રના સિદ્ધાન્તો છે. સ્થાપત્ય કલાના શિલ્પશાસ્ત્રના આધારે પત્થરોમાં કોતરણી વગેરે કરીને, ઘડીને મંદિરો બાંધવામાં આવે છે. આ ૧૦૮ પાર્શ્વનાથના મહામંદિરના નિર્માણ માટે કયો પત્થર વાપરવો? કયાં પત્થરમાં બાંધકામ કરવું વગેરે વિચારણા ટ્રસ્ટીમંડળે કરી. આ માટે ટ્રસ્ટીઓ શેઠશ્રી દેવરાજભાઈ, જયંતિભાઈ, દલપતભાઈ, સોમાભાઈ હરગોવિંદભાઈ વગેરે બંસીપુર, પહાણપુર, મકરાણા, જોધપુર, ભરતપુર, આગ્રા વિગેરે જગ્યાએ ગયા અને તેમાંથી બંસી પહાડનો ગુલાબી કલરનો પત્થર પાસ કર્યો અને તેનો ઓર્ડર આપ્યો. તે ઉપરાંત મકરાણ પણ ગયા અને સફેદ આરસના પાટીયા આદિનો ઓર્ડર આપ્યો ઘણા પત્થરો થાંભલા વગેરે મકરાણાથી ઘડાઈને આવે છે અને અહી ફીટિંગ થાય છે. આ વિશાળ મંદિરમાં ચારે બાજુ બંસી પહાડનો ગુલાબી પત્થર લગાડવામાં આવ્યો છે. કારણકે ટ્રસ્ટીઓ હસ્તગિરિ ગયા ત્યારે શ્રી કાંતિભાઈનો આગ્રહ આ પત્થરનો હતો અને દેરીઓની અંદર પબાસણ-પ્રભુજીની ગાદી આદિનું કામ મકરાણાના સફેદ આરસમાં થયું છે.

શિખરો બનાવવા માટે ટ્રસ્ટીઓ સોમાલાલભાઈ તથ હરગોવિંદભાઈ વગેરે ખાસ પોરબંદર ગયા. ત્યાં સાધ્વીજી મહારાજ મળ્યા સંઘના મહેમાન બનાવ્યા. અશોકભાઈ પત્થરની ખાણવાળ ને ત્યાં ગયા પત્થરની ખરીદી માટે આવ્યા છીએ એમ વાત નિકળતા અશોકભાઈએ કહ્યું: મેં નવી ખાણ લીધી છે. તે ખોલતાં સારો પત્થર નિકળ્યો છે. અને મેં સંકલ્પ કર્યો છે કે પહેલો પત્થ શંખેશ્વર તીર્થમાં અપવો છે. એવી સદ્‌ભાવનાથી અશોકભાઈએ નજી‌વી કિંમતે ૨૫ ટ્રક પત્થર અહીંના બાંધકામ માટે મોકલાવ્યો.

શંખેશ્વર તીર્થની શેઠ જીવણદાસ ગોડીદાસની પેઢી તરફથી આ મહાપ્રાસાદના નિર્માણ માટે અંદાજે રૂપિયા ૧૦લાખ સુધીને ૧૨ હજાર સ્કવેયર ફુટ આરસના પાટીયા આપવા પુર્વક શેઠશ્રી અરવિંદભાઈ પન્નાલાલ શાહ આદિનો ઘણો સારો સાથ અને સહકાર મળ્યો છે. એવીજ રીતે આણંદજી કલ્યાણજી પેઢીનો પણ ઘણો સહયોગ પ્રાપ્ત થયો છે. આ. ક. પેઢીના પ્રમુખ શ્રેષ્ઠિવર્ય શ્રીમાન શ્રેણિકભાઈએ આ મહાપ્રાસાદની મુલાકાત લઈને ઘણાં પ્રસન્ન થઈ મુક્તકંઠે પ્રશંસા કરી છે.

અનુમોદના અને પ્રશંસાઃ–

શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિ વિહાર મહાપ્રાસાદના નિર્માણ માટેની વિચારણામાં પ. પુ. ગીતાર્થ મહાપુરુષ આચાર્યદેવ શ્રીમદ્ વિજયનંદનસુરિ મહારાજશ્રીએ પણ આ યોજનાની વાત જાણીને ખુબ સારો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો. અભિનવ નાકોડા પાર્શ્વનાથ તીર્થના પ્રેરક પ. પુ. આચાર્યદેવશ્રી હિમાચલસુરિ મહારાજે નકશા વગેરે જોઈને અંતરના આશીર્વાદ આપ્યા હતા. એવી જ રીતે પુજ્ય આચાર્યદેવશ્રી દેવેન્દ્રસાગરસુરિ મહારાજે નિરિક્ષણ કરીને ખુબ પ્રશંસા કરી હતી.

અધ્યાત્મ યોગી મહામંત્ર સાધક પુ. પન્યાસજી શ્રી અભયસાગરજી મહારાજે પણ ખુબ અનુમોદના કરી હતી.

પુ. વિદ્વદ્વર્ય આચાર્યદેવશ્રી ઓમકારસુરીશ્વરજી મ૦એ જાતે નકશા વગેરે જોઈ કરીને ખુબ પ્રસન્ન થઈને સારા આશીર્વાદ આપતા ગયા છે.

પુ. વિદ્વાનરત્ન મુનિપ્રવર શ્રી જંબુવિજયજી મહારાજે અમારા આ કાર્ય માટે ઘણાં સારા શબ્દોમાં અનુમોદના કરી છે.

સોમપુરા–કારીગર આદિ :– આ મહાપ્રાસાદનું પ્લાનિંગ આર્કિટેક્ટ ચંદ્રકાંતભાઈ સોમપુરાએ નકશો વગેરે બનાવી દયું છે.

તેમના વતી રાત્રે જગ્યા ઉપર સોમપુરા રવિશંકર, પ્રતાપભાઈ આદિ છે. તેમની દેખરેખ નીચે કામ ચાલે છે. અઢારે જ્ઞાતિના લગભગ ૫૮ કારીગર–શિલ્પીઓ આદિનો સ્ટાફ છે. ૫૦ રૂપિયા સુધીના કુશળ કારીગરો છે. બધીને લગભગ ૨૦૦ કારીગરોની સંખ્યા પણ કરવામાં આવી હતી. ઘણાંને આ સંકુલમાં રહેઠાણો બાંધીને રહેવા માટે આપવામાં આવ્યા છે.

જોધપુરનો તથા ધ્રાંગધ્રાનો પત્થર પણ વપરાયો છે. પત્થરો ઘડાતા જાય છે અને ફેટિંગ થઈને વિશાળ સ્વરૂપ બનતું જાય છે. મુખ્ય મંદિરના વિશાળ ૩ ગભારા (ગર્ભગૃહ), ત્રણ ગગનચુંબી ઉત્તુંગ શિખરો, ભવ્ય રંગ મંડપ, કોતરણીયુક્ત ગુમ્બજ અને ચારે બાજુ ફરતી ૧૧૬ દેરીઓ તથા તેમના શિખરો અને સામરણો વગેરે તૈયાર થઈ ગયા છે. કારીગરોના હાથની કલા છે. બારિક કોતરણી છે.

મુંબઈ, અમદાવાદ, સુરત, પાટણ, કાંકરેજ, બનાસકાંઠા જિલ્લાના ભક્તો તથા અનેક સ્થળોના જૈન સમાજના દાનવીર દાનદાતાઓનો, શ્રી સંઘોનો તથા સંસ્થાઓનો આર્થિક સહયોગ ઘણો સારો મળ્યો છે. અને બધાના સહકારથી આ ભગીરથ કાર્ય નિર્માણ થવા પામ્યું છે.

મૂર્તિ નિર્માણ :– જેમ રાજા વિનાનું રાજ્ય નથી શોભતું તેમ ભગવાન વિનાનું મંદિર પણ નથી શોભતું. મંદિર જ્યારે તૈયાર થઈ જવા આવ્યું ત્યારે તેમાં બિરાજમાન કરવાની મુર્તિઓ નવી ભરાવવાની વિચારણા કરી. ભારતભરના પુરુષાદાણી શ્રી પાર્શ્વનાથ ભગવાનના સુપ્રસિદ્ધ તીર્થોનાં તીર્થાધિપતિ તે તે તીર્થ મંડન ૧૦૮ પાર્શ્વનાથ ભગવાનોની વર્ણાદિયુક્ત મુર્તિઓ ભરાવવાનું નક્કી કર્યું. અને ભારતભરમાં મુર્તિએ ઘડવામાં જગપ્રસિદ્ધ જયપુર શહેરમાં મુર્તિકાર શિલ્પીઓને મુર્તિઓ ઘડવા માટે ઓર્ડરો આપવા માટે જયંતિભાઈ, દેવરાજજી, સોમાલાલ વગેરે ગયા અને ઓર્ડર આપ્યા. સાથેસાથે શ્રી ગૌતમસ્વામી, સુધર્માસ્વામી ગણધરો તથા શ્રી પાર્શ્વપ્રભુના શુભસ્વામી આદિ ગણધરની મુર્તિઓ, દાદા ગુરૂદેવ શાસ્ત્ર વિશારદ શ્રી ધર્મસુરિ મહારાજ તથા ગુરૂદેવશ્રી ભક્તિસુરિ મ૦ આદિ ગુરૂમુર્તિઓ તથા શંખેશ્વર તીર્થમાં અનશન કરીને કાળધર્મ પામી આ તીર્થના અધિષ્ઠાયક દેવ બનેલા આયંબિલના તપસ્વી પુ. આચાર્યશ્રી વર્ધમાનસુરિજી મ.ની તથા તપગચ્છના અધિષ્ઠાયક શ્રી મણિભદ્ર વીરની મુર્તિ, ધરણેન્દ્ર પદ્માવતીની મુર્તિ, મહાલક્ષ્મીદેવી, સરસ્વતીદેવી, અંબિકાદેવી, ચક્રેશ્વરીદેવી તથા શાસનદેવી–દેવ–દેવી, યક્ષ-યક્ષિણી અને પ્રાસાદદેવીની મુર્તિઓ જયપુરમાં નવી ભરાવવામાં આવી. જે પ્રતિષ્ઠા સમયે યથાયોગ્ય સ્થાને દેરીઓમાં બિરાજમાન કર્ર પધરાવવામાં આવશે. એમ ૬૧", ૫૧", ૪૧", ૩૧", ૨૭", અને ૨૫"ની બધી મળીને કુલ ૧૨૪ મુર્તિઓ થશે.

મૂળનાયક પ્રભુની મૂર્તિ :– આ વિશાળ પાર્શ્વનાથ મહાપ્રાસાદમાં મુળનાયક તરીકે બિરાજમાન કરવાના પ્રતિમાજીની મુર્તિ ૬૧" સાઈઝની વિશાળ મોટી પ્રતિમા શાસ્ત્રીય વિધિપુર્વક અહીયા જગ્યા ઉપર જ ઘડવાનો નિર્ણય કર્યો. એના માટે વિશાળ પાષાણની શોધ કરવા ટ્રસ્ટીઓ નિકળ્યા. ઘણાં સ્થાને ફરવા છતાં પણ જેવો જોઈએ તેવો દુધ જેવો સફેદ આરસ ક્યાંય ન મળતાં ટ્રસ્ટી મંડળે આવીને પુ૦ આચાર્ય ભગવંતોને વાત કરી: સાહેબ! શું કરશું? આવી સમસ્યા છે. પુજ્ય આચાર્ય ભગવંતોએ હૈયાધારણ આપીને ફરીથી આશા જગાવી અને કહ્યું કે ચિંતા ન કરશો. થોડાં ટાઈમમાં જ મળી જશે. પછી બનાસ બેંકના ચેરમેનશ્રી જયંતિભાઈ જેઓ અમારા ટ્રસ્ટી છે તેઓને સમાચાર આપ્યા. અંબાજીમાં એક સારો મોટો આરસ છે. આશાનું કિરણ દેખાતા જ જયંતિભાઈ, સોમાલાલભાઈ, હરગોવનભાઈ આદિ ટ્રસ્ટીઓ જોવા ગયા. ડી. કે. ત્રિવેદી ખાણવાળાએ કહ્યું કે મારી પાસે સારો આરસ છે તે તમે જોઈ લો. જોવા પછી ટ્રસ્ટીઓનું મન ન માન્યું. નિરાશાના વાદળા ઘેરાવા માંડયા. આવી રીતે ૨ વર્ષનો ગાળો નિકળી ગયો. ૨ વર્ષ પછી અંબાજીમાં હસમુખભાઈની ખાણમાં સુંદર આરસ જડયો. સમાચાર મળતા જ ટ્રસ્ટીઓ જોવા દોડયા. જોતાંની સાથે જ આંખ ઠરી ગઈ. અને આરસ મેળવવા તાલાવેલી જાગી..... ખાણમાંથી પત્થર બહાર કઢાવવા મહેનત શરૂ કરાવી. પરંતુ બે વાર તો ક્રેઈનના કેબલ તુટી ગયા. શું થયું? કેમ આમ થાય છે? ટ્રસ્ટીઓ ત્યાંથી દોડતાં પુજ્ય આચાર્યદેવો પાસે આવ્યા. મંત્રશાસ્ત્રના પ્રસિદ્ધ સાધક પુ૦ આચાર્યદેવશ્રી પ્રેમસુરિ મહારાજે કહ્યું: લો આ વાસક્ષેપ લઈ જાઓ. ત્યાં નાંખજો અને એક શ્રીફળ ક્રેનને બાંધજો. અને ગુરૂદેવ ભક્તિસુરિ મ૦નું નામ લઈને પત્થર બહાર કાઢજો. બસ શાસનદેવ તમારા બધા મનોરથો પુર્ણ કરશે. શ્રદ્ધાનું બળ અચિન્ત્ય છે. શ્રદ્ધામાં ઘણી શક્તિ છે. એ ભાવથી ટ્રસ્ટીઓ પુજ્યશ્રીએ કહ્યા મુજબ ખાણ ઉપર વિધિ કરી અને ભક્તિસુરિ દાદાનું નામ લેતાં જ ચમત્કાર સર્જાયો.... મંગળ ઘડીએ અમી છાંટણા થયા અને અને બીજી જ મિનિટે વિશાળ આરસ પાષાણ બહાર નિકળી આવ્યો.

સાચવીને શંખેશ્વર લાવ્યા અને અહીયા જ એક રૂમમાં દીવો–ધુપ કરી સર્વ પ્રકારની શુદ્ધિપુર્વક શાસ્ત્રીય વિધિ મુજબ પ્રતિમાજી ઘડવાનું શરૂ કર્યું. વઢવાણના જગન્નાથભાઈ શિલ્પીએ સુંદર મોડલ બનાવ્યું. આકર્ષક મુખમુદ્રા જોઈને બધાએ પાસ કર્યો. અને વઢવાણના જ મુર્તિકાર વાસુદેવભાઈએ વિધિપુર્વક મન દઈને મુર્તિ ઘડી. લગભગ ૧૨ મહિનામાં ૬૧"ની ફણા સાથે સુંદર મુર્તિ ઘડાઈને તૈયાર થઈ. આકર્ષક અને મોહક મુખમુદ્રા સાથે હાસ્યમુખી પ્રતિમા બની. આ પ્રતિમાજીના માપનું સુંદર પરિકર બનાવવામાં આવ્યું છે. પિંડવાડામાં ગાદી–પરિકર આદિ સુંદર બન્યા છે. મુળનાયક ભગવાનના નામની સાથે પુ૦ સ્વર્ગસ્થ ગુરૂદેવ શ્રી ભક્તિસુરિ મ૦નું નામ સ્મૃતિસ્વરૂપે જોડીને "શ્રી ભક્તિ પાર્શ્વનાથ ભગવાન" નામકરણ કરવાનો નિર્ણય પુજ્ય આચાર્ય ભગવંતોએ લીધો છે. સફેદ દુધ જેવી આરસની બેદાગ ભવ્ય મુર્તિ છે. મુખ્ય ગભારામાં મુળનાયક સ્વરૂપે બિરાજમાન થશે.

અંજનશલાકા–પ્રતિષ્ઠા મહોત્સવ :–

મુર્તિકાર શિલ્પી પાષાણમાંથી ઘડીને પ્રતિમા કંડારે છે અને મંત્રવિશારદ આચાર્ય ભગવંતો પાષાણની પ્રતિમામાં પ્રાણાર્પણ કરીને

પ્રતિમાને પરમાત્મા બનાવે છે. આખું મંદિર તથા મુર્તિઓ વગેરે તૈયાર થઈ જતા અમારા ટ્રસ્ટી મંડળે પૂ. આચાર્ય ભગવંતોને પ્રતિષ્ઠા કરાવવા અંગે વિનંતી કરી પુ. આચાર્યદેવશ્રી સુબોધસુરિ મહારાજ તથા જ્યોતિર્વિદ પુજ્ય આચાર્ય શ્રી લબ્ધિસુરિ મહારાજે મળીને ઘણી વિચારણા પછી વિ. સં. ૨૦૪૫ના મહા શુદ પાંચમનું પ્રતિષ્ઠા માટેનું સુંદર મુહુર્ત કાઢ્યું. ટ્રસ્ટી મંડળે પ્રતિષ્ઠા માટેના તૈયારી શરૂ કરી. આ પ્રસંગે અંજનશલાકા પ્રતિષ્ઠાનો ૧૧ દિવસનો એકાદશાન્હિકા મહા મહોત્સવ યોજ્યો છે. જે પોષ વદ ૧૦ તા. ૧-૨-૧૯૮૯ થી મહા સુદ ૬ તા. ૧૧-૨-૧૯૮૯ સુધી ચાલશે. જેમાં ૪ મોટા પુજનો, પુજાઓ તથા પંચ કલ્યાણકની અદ્ભુત ઉજવણી પુર્વક પુજ્ય આચાર્યદેવોના શુભ હસ્તે પ્રતિમાજીઓની પ્રતિષ્ઠા થશે. આ પ્રસંગે પુજ્ય સ્વર્ગસ્થ ગુરૂદેવ શ્રી ભક્તિસુરિ મહારાજનો સમસ્ત સાધુ-સાધ્વીનો સમુદાય સાત-સાત આચાર્ય મહારાજો આદિ પધાર્યા છે. તેમજ અન્ય સમુદાયોના પણ અનેક સાધુ-સાધ્વીજી મહારાજો પધાર્યા છે. વિશાળ જનમેદની ઉભરાય છે અપુર્વ આનન્દ અને ઉલ્લાસ પુર્વક પ્રતિષ્ઠા થશે.

વિશ્વભરમાં અજોડ મંદિર :– ૪૦ વિઘા જેટલી વિશાળ ધરતી ઉપર ૮૪૦૦૦ સ્કવેયર ફીટ વિસ્તારના બાંધકામવાળું તથા ૧૧૬ શિખર-સામરણ યુક્ત દેરીઓ અને ૧૦૮ પાર્શ્વનાથ ભગવંતોનું સંયુક્ત મંદિર સ્વરૂપ આ ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિવિહાર મહાપ્રાસાદનુ આ ભવ્ય વિશાળ મહામંદિર સમગ્ર વિશ્વભરમાં એક માત્ર અજોડ મંદિર બન્યું છે ૪ દ્વિદ્વાસિણિ અને ૩ મહાધર પ્રાસાદો સાથે ૧૦૮ દેરીઓ પાર્શ્વનાથ ભગવંતોની અને ૮ દેરીઓ ગુરૂમંદિર તથા દેવ-દેવીઓના મંદિરની મળીને કુલ ૧૧૬ દેરીઓ વાળો આવો જબરદસ્ત વિશાળ મહાપ્રાસાદ નિર્માણ થયો છે. વિશ્વભરમાં વિક્રમ સર્જક આ મહાપ્રાસાદે પોતાની ભવ્યતા અને વિશાળતાના કારણે વર્તમાનકાળમાં જ એક સ્વર્ણિમ ઈતિહાસ સર્જયો છે. આટલું વિશાળ ભવ્ય બીજું એક મંદિર ક્યાંય જોવા મળતું નથી.

પુજ્ય સ્વર્ગસ્થ ગુરૂદેવશ્રીની અસીમકૃપા અને અદ્ભુત પ્રભાવથી આ એક ભગીરથ આયોજન બની શક્યું છે અને પુજ્યશ્રીની અંતિમ ઈચ્છા પુર્ણ થવા સ્વરૂપે પુજ્યશ્રીની સ્મૃતિનું સ્મારક બની શક્યું છે. અને જૈન શાસનની પ્રભાવનાનું એક પ્રેરક નિમિત્ત બન્યું છે

મીઠું પાણી :– આ વઢિયાર પ્રદેશની ભુમિ ખારાપાટ તરીકે ઓળખાય છે. આ ભુમિમાં મીઠું પાણી મળવું ઘણુ મુશ્કેલ હોય છે. અમારા સદ્ભાગ્યે દૈવી સંકેત સાથે એક સજ્જને ઈશારો કરીને અમુક જગ્યાએ ખોદવાનું કહ્યું. અમે બોરિંગ કરાવ્યુ અને સૌના આશ્ચર્યની વચ્ચે ચોખ્ખું મીઠું પાણી નિકળ્યુ. અને આ ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિવિહાર જૈન ટ્રસ્ટ તરફથી શંખેશ્વર ગામે તથા આમપ્રજાને મીઠું પાણી પુરૂ પાડવામાં આવે છે. ગામના ઘણા લોકો અહીથી પાણી લઈ જાય છે. અને તૃપ્તિનો સંતોષ અનુભવે છે.

ગયા બે વર્ષમાં દુષ્કાળના કાળ દરમ્યાન ભણશાળી ટ્રસ્ટના ઢોરવાડામાં હજારો ઢોરોને ૨ વર્ષ સુધી અમે પાણી પુરૂ પાડી શક્યા હતા, તથા બીજી રીતે પણ સહાયક બનીને જીવદયાનું સુંદર કાર્ય કરી શક્યા હતા. અમે અહીં દાતાના સહયોગથી એક આધુનિક આકર્ષક મીઠા પાણીની પરબ આમજનતા માટે બનાવવાના છીએ.

બીજી યોજનાઓ :– આ વિશાળ સંકુલમાં માત્ર મંદિર જ નહીં પણ સાથે સાથે બીજી ઘણી ઉપયોગી યોજનાઓને પણ સાકાર કરી છે.

(૧) ૧૬ રૂમોવાળી આધુનિક સગવડતાવાળી એક ધર્મશાળા થરાવાલા શેઠ લહેરચંદ સ્વરૂપચંદ શાહ (અમદાવાદ ના મુખ્યદાનથી બંધાવીને તૈયાર કરી દીધી છે.

(૨) બીજી એક ૧૬ રૂમોવાળી આધુનિક સગવડતાવાળી ધર્મશાળા ગઢવાળા શેઠશ્રી મણિલાલ ત્રિભોવનદાસ શાહ પરિવાર તરફથી નવી બંધાવીને ટ્રસ્ટને અર્પણ કરવામાં આવી છે

(૩) પુજ્ય સાધ્વીજી મહારાજો અત્રે રહીને તીર્થમાં આરાધના સારી રીતે કરી શકે તે માટે એક વિશાળ ઉપાશ્રય નિર્માણ કરાયો છે.

(૪) વિશાળ વ્યાખ્યાન હોલ સાથે એક બીજો ઉપાશ્રય પણ બંધાઈને તૈયાર થઈ ચુકયો છે, જે મુનિ મહારાજને ઉપયોગી થઈ શકશે,

(૫) વૃદ્ધાશ્રમ.... ૧૮-૧૮ રૂમોના ચાર સંકુલોમાં એક વિશાળ સુંદર વૃદ્ધાશ્રમ તૈયાર થઈ રહ્યો છે. જેમાં પહેલાં તબક્કે ૧૮ રૂમોવાળો પ્રથમ સંકુલ બનીને તૈયાર થઈ ગયો છે. પુ. સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા એમ ચતુર્વિધ શ્રી સંઘના ચારે વર્ગ માટે નિવૃત્ત તથા વૃદ્ધો માટે સારો ઉપયોગી થશે.

(૬) સ્ટાફ માટે રહેવાના રહેઠાણો પહેલેથી જ બનાવી રાખેલા છે. જેમાં લગભગ સો-બસો કામ કરનારા રહે છે.

(૭) આ ટ્રસ્ટ તરફથી એક બાળમંદિર ગામમાં બંધાવીને આપવામાં આવ્યું છે.

ભાવી યોજનાઓ :– ભાવીમાં ઘણી યોજનાઓ આકાર લેવાની છે.

(૧) **ઔષધાલય-ચિકિત્સાલય :** વિશાળ પાયે ઔષધાલય બનાવવાની યોજના છે. જેથી આ વિસ્તારની સમગ્ર પ્રજાને સારવાર ઉપલબ્ધ થઈ શકે.

(૨) **Jain Study Center** – એક વિશાળ જૈન અભ્યાસ કેન્દ્ર બનાવવાની યોજના છે. અને સાથે સમૃદ્ધ જ્ઞાનભંડાર બનાવવાની પણ ભાવના છે.

(૩) ભવ્ય પ્રવેશદ્વાર – આબુ-દેલવાડા તથા રાણકપુરની કોતરણીની સ્મૃતિ તાજી થાય એવી બારિક કોતરણી યુક્ત ભવ્ય પ્રવેશદ્વાર બનાવવામાં આવશે.

(૪) આકર્ષક સુંદર રમણીય બગીચો બનાવવાના પ્રયત્નો ચાલી રહ્યા છે.

સાથ અને સહકાર :–

વિરાટ સ્વરૂપ નિર્માણ કરવામાં ઘણાંનો સાથ અને સહયોગ અપેક્ષિત હોય છે. અમને આ વિશાળ મહાકાય મહાપ્રાસાદના નિર્માણમાં

પ. પૂ૦ પ્રશાંતમૂર્તિ ગચ્છાધિપતિ આ.શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ. સા. તથા પ. પૂ૦ આ. શ્રી વિજયસુબોધસૂરીશ્વરજી મ. સા..ના જીવનની આછેરી ઝલક

પૂર્વોપાર્જીત આયુષ્ય ભોગવવાનું તો પ્રત્યેક મનુષ્ય માટે સ્વાભાવિક છે, પણ બહુ જ ઓછા મનુષ્યો માનવ જીવનને સફળ કરી જાણે છે.

સફળ જીવન જીવી જનારા મનુષ્યોને મહાપુરુષ કહેવાય છે. મહાપુરુષોનાં જીવન ચરિત્રો ચિત્તને ચમત્કાર પમાડનારા, મનને મગ્ન કરનાર અને હૈયાને આહ્લાદિત કરનારા હોય છે. વિક્રમની વિસમી સદીમાં અનેક મહાપુરુષો જૈન શાસનને દીપાવી ગયા છે. આજે પણ અજવાળી રહ્યાં છે, તેમાં એક અતિપ્રસિદ્ધ નામ છેઃ પ. પૂ. પ્રશાંતમૂર્તિ આચાર્ય શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ. સા.

પણ જેમ સૂર્યની સાથે જ ચંદ્રની પણ યાદ આવે છે, રામની સાથે લક્ષ્મણ પણ સ્મરણ પટ પર પ્રગટ થયા વિના ન રહે તેમ

પ. પૂ. આ. વિજયપ્રેમસૂરીશ્વરજી મ.સા.ના નામની સાથે પૂ. આ. શ્રી વિજયસુબોધસૂરીશ્વરજી મ.સા.નું નામ પણ અચૂક યાદ આવ્યા વિના ન રહે.

કેવળ એટલા માટે જ નહી કે તેઓ બન્ને સગા ભાઇઓ છે, પણ ખાસ તો એટલા માટે કે તેમનો અરસપરસ રામલક્ષ્મણ જેવો ગાઢ સ્નેહ છે અને તેઓ હંમેશા દરેક કામમાં સાથે જ હોય છે.

જૈન શાસનનાં આ ઝળહળતા જ્યોતિર્ધરોનો જન્મ મેવાડમાં થયો હતો. મોટાભાઈ શેષમલજી (હાલ–પૂ. આ. શ્રી સુબોધસૂરિજી મ.નો જન્મ રાજનગર (અમદાવાદ) થયો. અને નાના ભાઇ પન્નાલાલ (હાલ–પ.પૂ. આ.શ્રી વિજયપ્રેમસૂરિજી મ.)નો જન્મ ઉદેપુર રાજ્યમાં વિજયનગર પાસે બરલ ગામે થયો હતો. મેવાડના આ ચમકતા તારલાઓ ગુજરાતના મહેસાણા શહેરમાં ભણીગણીને મોટા થયા. તેમના પિતાજી પ્રતાપચંદજી ઘણા પરગજુ માણસ હતા. એમની પાસે કોઈ પણ મદદ માટે ગયો હોય તે કદી ખાલી હાથે પાછો ન આવે. અમદાવાદમાં અને હારીજમાં તેમની ધમધોકાર દુકાનો ચાલે. મહેસાણા પાઠશાળામાં જૈન ધર્મનો અભ્યાસ કરવા બન્ને ભાઇઓ રોજ જતા. એમાં એકવાર પૂ. આ. શ્રી વિજયભક્તિસૂરીશ્વરજી મ.સા. પાઠશાળામાં પરીક્ષા લેવા પધાર્યા, પન્નાલાલનો વારો આવ્યો. ઝવેરી હીરો પારખી લે તેમ પૂજશ્રીએ પન્નાલાલનું તેજસ્વી ભાવી પારખી લીધું. બાળક પન્નાલાલને કહેઃ તારે તો જૈનશાસનની વિજયપતાકા સારાય વિશ્વમાં ફરકાવવાની છે. બોલ, સાધુ થવું છે? પન્નાલાલને પણ આ ગુરુમહારાજ ગમી ગયા, અંતરમાં વસી ગયા હતાં. અત્યન્ત

વઢિયાર પ્રદેશ, કાંકરેજ જિલ્લાનાં ઘણાં ગામોના ઘણાં ભાઇઓનો, શંખેશ્વર તીર્થની શેઠ જીવણદાસ ગોડીદાસની પેઢી, શંખેશ્વર તીર્થ જૈન સંઘ, શંખેશ્વર ગામના જૈન – જૈનેતર ભાઈ–બહેનો તથા શ્રી આગમમંદિર જૈન સંસ્થાન, શેઠ સકરચંદ મોતીચંદ જૈન ધર્મશાળા ટ્રસ્ટ, જૈન ભોજનશાળા ટ્રસ્ટ. તથા ગ્રામ પંચાયત તથા ગામના અગ્રણીઓ આદિ સર્વે નામી–અનામી અનેક પુણ્યશાળીઓનો સાથ–સહકાર સારો મળ્યો છે. એના પરિણામ સ્વરૂપે અમે શુન્યમાંથી સર્જન કરી એક વિરાટ સ્વરૂપ નિર્માણ કરી શકયા છીએ. એવી જ રીતે અનેક દાનવીર દાન દાતાઓ તરફથી આર્થિક સહયોગ પણ ઘણો સારો પ્રાપ્ત થયો છે.

ટ્રસ્ટ અને ટ્રસ્ટી મંડળ :–

ટ્રસ્ટનું નામ–**"શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિવિહાર જૈન ટ્રસ્ટ"**

ટ્રસ્ટીગણના નામો–(૧) શેઠશ્રી દેવરાજજી મોહનરાજજી ગુંદેચા –મુંબઈ
(૨) શેઠશ્રી જયંતિલાલ વીરચંદ શાહ –વડા
(૩) શેઠશ્રી રતિલાલ છોટાલાલ શાહ –મુંબઈ
(૪) શેઠશ્રી સોમાલાલ મણિલાલ શાહ –થરા
(૫) શેઠશ્રી ચંપકલાલ મણિલાલ મહેતા –મુંબઈ
(૬) શેઠશ્રી શૈલેષભાઈ શાન્તિલાલ શાહ –મુંબઈ
કાર્યવાહકો–(૭) શેઠશ્રી હરગોવિંદદાસ વીરચંદ શાહ –થરા
(૮) શેઠશ્રી દલપતભાઈ મોતીલાલ મહેતા –ઉણ

શુભ સ્થળ :–

શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિવિહાર જૈન ટ્રસ્ટ
"ભક્તિનગર" સ્ટેટ હાઈવે,
શંખેશ્વર તીર્થ, વાયા – હારીજ
જિલ્લો–મહેસાણા–૩૮૪૨૪૬ (ઉ. ગુ.) ફોન નં. ૨૫ (હારીજ એક્ષચેન્જ)

ઉલ્લાસથી પન્નાલાલે કહ્યું: હા સાહેબજી! મારે સાધુ બનવું છે. પછી તો દિવસો દિવસ પરિચય વધતો ગયો. વૈરાગ્ય ભાવના ઉછળવા લાગી. દીક્ષાની લગની તીવ્ર બનતી ચાલી. શરૂઆતમાં તો માતાપિતા દિકરાને દીક્ષા અપાવવાની તદ્દન વિરૂદ્ધમાં હતાં. પણ પન્નાલાલની મક્કમતા અને તીવ્ર વૈરાગ્ય સાથે એક જ રટન જોઇ એમનું હૈયું પણ પીગળી ગયું. દૂરના સગામાં એક ભાઇને ખબર પડતા એમણે પન્નાલાલને પૂછ્યું: તારે દીક્ષા લેવી છે? મલકતામોઢે હરખભર્યા સૂરે પન્નાલાલે કહ્યું: હા મારે દીક્ષા લેવી છે. આટલું કહેતા સુધીમાં તો પેલા ભાઇએ ધડ દઇને લાફો લગાવી દીધો. અને ગુસ્સામાં પુછ્યું: હવે બોલ—લઇશ દીક્ષા? પન્નાલાલે મક્કમ અવાજે પરખાવ્યું: દીક્ષા લઇશ જ. આવી અડગતા જોઇને પેલા ભાઇ તો આભા જ બની ગયા.

પન્નાલાલના પૂર્વોપાર્જિત પુણ્યોદય એટલો પ્રબળ હતો કે સંસ્કારી માતાપિતાએ દુભાતા દિલે પણ કંટકાકીર્ણ દીક્ષાના માર્ગે જવાને સમ્મતિ આપી. અને 'સ્વ-પર કલ્યાણ સાધી શાસન પ્રભાવક બનો.' એવા શુભ આશીર્વાદ આપ્યાં.

ગુરુ મહારાજે શુભ મુહૂર્ત કાઢી આપ્યું, પણ કહેવત છે કે "શુભ કાર્યમાં હજારો વિઘ્ન નડે." દીક્ષામાં મોટું વિઘ્ન આવ્યું—બાલદીક્ષા-વિરોધનું. એ વખતમાં બાલદીક્ષા સામે મોટી ચળવળ ચાલે. ઠેરઠેર સુધારકો બાલદીક્ષાનો વિરોધ કરતાં હતાં. મહેસાણામાં ઉગ્ર વિરોધ થયો, બાલ-દીક્ષા-પ્રતિબંધનો કાયદો આવ્યો. એટલે ત્યાં દીક્ષા ન થઇ શકી. પણ વિઘ્નો ટપી જઈ દીક્ષા થઇ ખરી. ગુરુદેવે મુમુક્ષુને અમદાવાદમાં પૂ. આનંદસાગરસૂરીશ્વરજી મ.સા. પાસે મોકલ્યા. એમણે સં. ૧૯૮૭ પ્રથમ અષાડ વદ છઠ્ઠના દિવસે પન્નાલાલને દીક્ષા આપી. અને આચાર્ય શ્રી (તે વખતે પંન્યાસજી) ભક્તિસૂરિજી મ.ના શિષ્ય બનાવ્યા. નામ પાડ્યું મુનિરાજ શ્રી પ્રેમવિજય.

આ નામ એટલા માટે પસંદ કરવામાં આવ્યું કે પન્નાલાલ વિશ્વમૈત્રીનાં પ્રતિક જેવા લાગતા હતા.. અને 'પ્રેમ'નો અર્થ વિશ્વાત્મસમભાવ એટલે કે વિશ્વમૈત્રી થાય છે.

બાલમુનિ પ્રેમવિજયે જ્ઞાનાર્જન અને ગુરુભક્તિને પોતાનો જીવનમંત્ર બનાવ્યો. સ્મૃતિ-શક્તિ તો એટલી તીવ્ર કે ઝીણામાં ઝીણી વાત પણ બરાબર યાદ રહી જાય. અને ધારણા શક્તિ એટલી અદ્ભુત કે એક વખત વાંચે અને શ્લોક યાદ રહી જાય. બુદ્ધિચાતુરી પણ એવી જ જડબેસલાક હતી. દશવૈકાલીક આગમના યોગોદ્વહન (માંડલીયા જોગ) પૂરા થયાં અને મહેસાણામાં ઉપધાનની માળ પ્રસંગે માગસર સુદ છઠે વડીદીક્ષા થઈ. સેંકડો ભાવીકો શ્રી નમસ્કાર મહામંત્ર વગેરેની વાંચના મેળવવા માટે ઉપધાન તપમાં જોડાયાં. તેમાં બાલમુનિ શ્રી પ્રેમવિજયજી મ.ના મોટાભાઇ શેષમલજી પણ હતા. ઉપધાન કરતાં કરતાં તેમની પણ દીક્ષાની ભાવના તીવ્ર બની ગઇ. માળ પછી પોષ વદ ૧૦ના વિરમગામમાં પૂ. આ.શ્રી વિજયભક્તિસૂરીશ્વરજી મ.સા.ના વરદ્હસ્તે શેષમલજીની દીક્ષા થઇ. અને પૂ. આ.શ્રી ભક્તિસૂરિજી મ.નાં શિષ્ય બન્યા. મુનિશ્રી સુબોધવિજયજી તરીકે પ્રસિદ્ધ થયાં. તિવ્ર મેધાવી સુબોધવિજયજી અલ્પ સમયમાં જ વિદ્વાન બન્યાં. મીઠા મધુરાં કંઠે સજ્ઝાય-સ્તવનો લલકારે ત્યારે તે સાંભળવા આખું ગામ ઉમટે. પ્રતિબોધ કરવામાં એવા કુશળ કે ભલભલા પાષાણ હૈયાને ચળાવી દે અને વૈરાગ્ય-રંગે રંગી નાખે.

બાંધવબેલડીની જ્ઞાનધ્યાન-સાધના ઉત્તરોત્તર ચઢીયાતી થવા લાગી. તપત્યાગ અને સહિષ્ણુતાના પ્રભાવે પુણ્યરૂપ ચંદ્ર સોળે કલાએ ખીલી ઉઠયો.

જ્યાં જતા ત્યાં ગણત્રીના દિવસોમાં જ સહુનો પ્રેમ જીતી લેતા. એમની વિદ્વતાથી વિદ્વાનો પણ અંજાઇ જતાં. અનેક સંઘોમાં જાહોજલાલી ભર્યા ચોમાસાઓ કરી આરાધનાઓની રેલમછેલ કરી દીધી. હજારોના જીવનમાં વ્રત-પચ્ચકખાણ ને તપત્યાગની રંગોળી પૂરી. સં. ૨૦૧૦ અમદાવાદમાં બીજા છ ગુરુ ભાઈઓ સાથે ગુરુભગવંતે આ બાંધવ બેલડીને ગણી-પંન્યાસ પદાપર્ણ કર્યું. સં. ૨૦૨૧માં મુંબઇ ગોડીજી ચોમાસું કર્યું. એમની નિશ્રામાં મુંબઇમાં પહેલીવાર અર્હદ્પૂજન ભણાવાયું. વિક્રમ સર્જક તપસ્યાઓ પણ થઇ હતી.

સં. ૨૦૧૫ પોષ શુદ ત્રીજે પરમોપકારી ગુરુદેવ આચાર્યદેવશ્રી વિજયભક્તિસૂરીશ્વરજી મ. સા. શંખેશ્વર મહાતીર્થમાં કાળધર્મ પામ્યા, સ્વર્ગવાસી થયાં. પૂ. ગુરુદેવશ્રીની આ બાંધવબેલડીએ કરેલી સેવા એવી અનોખી હતી કે આજે પણ અન્ય સમુદાયનાં જુના મહાપુરુષો એ વખતની સેવાને અહોભાવથી યાદ કરે છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ અંતિમ સમયે પોતાન પ્રાણપ્રીય પટ્ટશિષ્ય પં. પ્રેમવિજયને સ્થાપનાચાર્યજી, વાસક્ષેપ, સૂરિમંત્ર તથા આસન સોંપ્યાં અને પૂ. આ.શ્રી ચંદ્રસાગરસૂરિજી મ.ને ભલામણ કરી કહ્યું કે મારે પં. પ્રેમવિજયને મારા હાથે આચાર્યપદે આરૂઢ કરવા હતાં પણ કમૂર્તા હોવાથી મારાથી નહીં બની શકે. માટે તમે મારું આટલું કામ કરજો.

તદ્નુસાર સં. ૨૦૧૫ વૈશાખ સુદ છઠે શ્રી સુબોધવિજયજીએ આ.શ્રી ચંદ્રસાગરસૂરિજી મ. સા. નાં વાસક્ષેપથી પં શ્રી પ્રેમવિજયજીને આચાર્યપદ આરૂઢ કર્યા. ત્યારથી તેઓ આચાર્યશ્રી વિજયપ્રેમસૂરિજી તરીકે પ્રસિદ્ધ થયા. ત્યારબાદ આજ સુધી ૩૦ વરસમાં બાંધવબેલડીએ ઘણાં શાસનપ્રભાવનાના કાર્યો કર્યા છે. અનેક મુમુક્ષુ આત્માઓને દીક્ષા આપી; જબ્બર જ્ઞાની, ત્યાગી, તપસ્વી બનાવી; શાસનમાં જવાહર બનાવી શાસનની શાન વધારી છે.

હિંગનઘાટ, પૂના શહેર, પૂના-આદિનાથ સોસાયટી, દૌંડ (બારામતી), વાઇ (મહાબળેશ્વર), મુંબઇ મરીનડ્રાઇવ વગેરે અનેક સ્થળોએ એમણે પ્રતિષ્ઠા-અંજનશલાકા કરાવી છે; અત્રે પણ તેઓશ્રીની પુણ્ય નિશ્રામાં થવાની છે.

કાકા-કાકીની જાત્રા

લેખક : ભક્તકવિ શ્રી શીવજીભાઈ દેવશીભાઇ

કાકા જાત્રાએ જઈ આવ્યા છે એની ખુશાલીમાં નાત જમાડવાના અવસરને એણે નિમિત્ત બનાવ્યું. આખા ગામને એ વાત કહી. માત્ર કાકા કાકીને એ સંબંધી કશું જણાવ્યું નહીં. નાતનાં નોતરા દેવાયાં ઘેરઘેર, માત્ર કાકા કાકીને જ નહિ.

કાકી (કાકાને)—"સાંભળ્યું છે ને ? આપણો ભત્રીજો નાતવરો કરે છે, તમારી જાત્રાના નિમિત્તે !

કાકા—"હા, સાંભળ્યું છે તો ખરું."

કાકી—"પણ તમને કે મને કશું પુછવા આવ્યો છે ? આપણે તો જાણે હોઈએ જ નહિ એવું એણે કર્યું છે ?"

કાકા—"એમાં શું ! આપણને પુછવાની શી જરૂર છે ? આપણે ઘરધણીએ જ છીએ ને."

કાકી—"ને આખા ગામને નોતરાં દેવામાં છે. માત્ર આપણને જ બાતલ કર્યાં છે !"

કાકા—"અરે ગાંડી ! આપણને તે વળી નોતરાં શાનાં ? ઘરનાને તે વળી નોતરાં હોય ? ચાલો આપણે જાતે ભત્રીજાને ઘેર જઈએ."

કાકી—"તમારી તો અક્કલ મારી ગઈ લાગે છે, એમ ને એમ કઈ કોઈને આંગણે જઈ ઊભા રહેવાય ? અને ભુખે મરો છો કે લોચો ખાવાને માટે વગર બોલાવ્યે ખાય જવાનું કહો છો ?"

કાકા—"તું તો એવી ને એવી રહી, એ તો આપણું બાળક આપણે તો સૌથી પહેલાં જવું જોઈએ."

કાકા જવા ઉપડયા તે કાકીની મરજી તો ન હતી છતાં કાકા જાય ને પોતે ન જાય તો ખરાબ દેખાય, એટલે પોતે અનિચ્છાએ પાછળ ઘસડાયાં.

કાકા ભત્રીજાને ઘેર ગયા. કોઈએ કશો આવકાર ન આપ્યો. "જોયું ને ? કાકીએ કાકાના કાનમાં કહ્યું : "જોવાનું શું હતું ? છોકરો ધમાલમાં પડયો છે. વ્હાલાને વળી આવકારનો આડંબર શો ?" કાકાએ શાંતિથી જવાબ આપ્યો.

પંગત પડી. કોઈએ કાકા કાકીને જમવા બેસવા ન બોલાવ્યાં.

કાકી—"જુઓ, જરા કોઈ જમવા બેસવાનુંય કહે છે ? દુકાળમાંથી નથી આવ્યાં ? ચાલો ઘેર ?"

કાકા—"ધીરી થા ધીરી; ચાલ આપણે પોતે જ જઈને પંગતમાં બેસીએ."

કાકા પંગતમાં બેઠા. કાકીએ પણ નાઈલાજે ઘવાયેલા હૃદયે કાકાનું આકરું અનુસરણ કર્યું.

બન્ને પંગતમાં બેઠા. પીરસણ ચાલ્યું, પણ કાકા કાકી આગળ કેઈ પીરસવા ન આવે, "ધરતી માર્ગ આપે ને સમાઇ જાઉં !' એવી કાકીની હાલત થઈ ગઈ, પણ કાકા તો શાંત સ્થિર ભાવે પીરસવાવાળાને બોલાવવા લાગ્યા. "એ અહીં બાકી રહી ગયું છે !"

હદ આવી ગઈ. ભત્રીજાનું હૃદય ભરાઇ આવ્યું. દોડતા આવીને એ કાકાના પગમાં પડયે. અને આંખના જળથી એમના પાવન પદ પખાળવા લાગ્યો.

"માફ કરજો, કાકા ! મારી છોકરવાદીને મનમાં લાવશો નહિ ! આપનો અપરાધી છું. મેં નહોતું જાણ્યું કે 'આપ સાધો મનકા માન ત્યાગો'ના માહાત્મ્યની જાગતી જ્યોત મુર્તિશા મહાત્મા જ છો. આજથી આપ જ મારા ગુરૂ, મારા આરાધ્ય દેવતા."

ભત્રીજાને ઉઠાડી કાકાએ હૃદય સરસો ચાંપ્યો અને કહ્યું: "ભાઈ ! અપરાધ શાનો ને વાત શાની ? તીર્થે મને જે આપ્યું તેની આરાધના ન કરું તો બમણો પાપી બનું. શાંત થા ભાઈ ! ને પ્રસન્ન ભાવે આજે ગુરૂનાનકના મહાવાક્યને ઉજવ," "સાધો ! મનકા માન ત્યાગો—કામ ક્રોધ સંગત દુર્જિનકી તાતેં અહનિશ ભાગો,
સાધો ! મનકા માન ત્યાગો."

卐 પૂજાની જોડ 卐

* અહિંસક રીતે બનાવેલી, ગરમી કે ઠંડીની સીઝનને અનુકુળ.
* પ્લાસ્ટીકના ડબ્બામાં સુંદર પેકીંગ કરેલી અમોએ અષ્ટ-પુજા માટેની પુજાની જોડ તૈયાર કરી છે.
* વ્યાજબી ભાવ અને ટકાઉપણાની ગેરન્ટી

卐 બનાવનાર તથા મુખ્ય પ્રાપ્તિ સ્થાનો :

—: આરટેક્ષ સિન્થેટીકસ :—

૨૪, હનુમાન ગલી, ૧લી ક્રોસ લેન, કાલબાદેવી, મુંબઈ-૨.
ફોન : ૨૫૫૮૬૯ * ૨૮૬૪૯૩૯

— અન્ય પ્રાપ્તિ સ્થાનો —

* સેવંતીલાલ વી. જૈન
૨૦, મહાજનગલી, પેલે માળે, ઝવેરી બજાર મુંબઈ-૨
* પ્રવિણભાઈ જૈન (જૈન ઉપકરણવાળા)
૧૦, મહાજન ગલી, ૬૬, ઝવેરી બજાર, મુંબઈ-૨
* શ્રી વર્ધમાન સંસ્કૃતિધામ
૬, ધન મેન્શન, પહેલે માળે, અવંતિકાબાઈ ગોખલે સ્ટ્રીટ, ઓપેરા હાઉસ, મુંબઈ-૪૦૦ ૦૦૪.
* અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષકદળ
૨૭૭૭, જીવતલાલ પ્રતાપશી સંસ્કૃતિ ભવન, નિશાપોળ, રિલીફ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧
* તપોવન સંસ્કારધામ પ્રભાવતી ટ્રસ્ટ
મુ. પો.: ધારાગિરિ-૩૯૬૪૨૪ [નવસારી – ગુજરાત

યાત્રા નવાણું જે કરે, ઉત્કૃષ્ટે પરિણામ; પૂજા નવાણું પ્રકારની, રચતાં અવિચળ ધામ.

પત્ર પેટી : વાંચકોની સ્વતંત્ર વિચાર સૃષ્ટિ

મોડર્ન બનો—રૂઢિ તોડો

યંત્રયુગનો માનવ ચંદ્રલોકમાં ઉડવા માંડયો છે ને વસ્તી વધારાની ચિંતા ઓછી થઈ રહી છે. તેમ ઘણાં માનવા લાગ્યા છે. વસ્તી ભવાડે શોભા પામે છે. પણ ધર્મના વિધિ-વિધાનમાં હજુ જડતા યુગ દુર થયો નથી, વીરાયતન કે શાન્તિનિકેતનના હિમાયતીઓને આધુનિકતામાં રાચનારા મુનિઓના વિચાર-વર્તનથી જડતા યુગ દુર થશે ખરો...?

વીરાયતનના ને તિથલ શાંતિનિકેતનના હિમાયતીઓ લેબલ સંપ્રદાયનું રાખીને પણ વાહન ઉપયોગ કરે છે ને કહે છે વીરપ્રભુએ પણ વાહન દ્વારા ગંગા પાર કરી હતી. તેમ આજના યુગમાં ઝડપી ધર્મ પ્રચાર, પ્રભાવનાદિ માટે તેનાથી થઈ શકે. જો કે વીરપ્રભુના સમયમાં દેવવિમાનનો ઉપયોગ ન કરવો પડયો તે સંઘનું પુણ્ય અને આશ્ચર્ય છે.

લીલોતરી પર સ્લીપર પહેરી દોડતા, કે ગેઈટ ઉપર ટીકીટ આપતા કે રસોઈગૃહમાં આદેશ આપતાં મનથી અલિપ્ત રહીને પૈસા પણ હાથમાં પકડતા, વિજળીનો ઉપયોગ કરતા અનાસક્ત ભાવ અખંડિત રખાય છે. પર્વના દિવસે પણ લીલોતરી કે કંદમુળના ભોજન કરતાં પણ અનાસક્ત ભાવે કર્મથી મુક્ત રહેવાનો આજે પ્રયત્ન થાય છે. અને પ્રભુની આજ્ઞાને ફક્ત પુસ્તકોથી નમતા અનંત જીવો દેખાય તો જ માનવા તેમ સમજવા વીરાયતન જઈ આવીએ તો ભક્ષાભક્ષની ધમાલ મટી જાય. પરોપકારના કાર્યોમાં તન-મન-ધન વપરાય, જો કે વાહન વાપરનારા ને માઈક, લાઈટ, શરીર સત્કાર બાથરૂમ કે મનમાં આર્તધ્યાન થાય તેવા લોચાદિ કષ્ટ પરિષહોની માથાકુટ હવે આ યંત્ર યુગમાં પરવડતી નથી. સેલના ઘડીયાળ તો પાકીટમાં જાગૃતિ કરે છે જ. ન્યુઝ માટે યા મનને ખુશ-ફ્રેશ કરવા ટી.વી. એ એક પરોપકારી અને સ્વીકાર્ય શ્રમણો માટે થઈ રહયું છે. જો કે વીરાયતનમાં હજુ ભૌતિક સામગ્રી ટી.વી. સુધી પહોંચી નથી. રેલવિહારી મુનિઓએ અને યતિઓએ તેને માન્ય કરીને નવા યુગમાં પ્રગતિ કરી છે. ધીરે ધીરે સહુ સમજશે તેમ અમને આશા છે.

સાબૈયામાં તરગડાના ફિલ્મી ગીતોની ધુનના વાજા કરતા મહિલા મંડળના ભક્તિ ગીતો અને ભાંગડા નૃત્યોથી સ્ત્રીને સ્વાતંત્ર્યમાં સાથ હવે મોડર્ન સુરિઓ આપતા થયા છે તે ખુશીની વાત છે. પુરૂષ સમોવડી નારીની ઉક્તિ ચરિતાર્થ કરવા સંમેલનના પ્રમુખ આચાર્યોએ શ્રમણીઓને પ્રવચનની છુટ આપી છે અને તેમની સાથે સર્વ સંઘ આવે તે જરૂરી ખરૂં...?

પંચ મહાવ્રતધારી સુરિવરો પણ ટી.વી., વીડિયો, માઈક, બાથરૂમ, લેટરીનનો ઉપયોગ કરે છે. કારમાં પ્રતિષ્ઠા, ઉપધાનનો લાભ આપવા પધારે છે. સંમેલનમાં પણ સહી કરી શકે છે તે મોર્ડન યુગની પ્રગતિ જ કહેવાય ને...! શિથીલાચાર દુર થતો નથી તો વાંધો નહિ હવે સંમેલન દ્વારા સહકાર તો અપાય તેવું કરવું જોઈએ, નહિ તો પાછું સંમેલનમાં ફુટ પડશે. માટે પૈસા રાખીને પણ, સાધ્વીને સાથે વિહાર કરાવીને પણ, સ્નાન પંચીગ, વ્હાઈટ કપડાં, વોશીંગ પાઉડરો વાપરીને પણ, દોરા-ધાગા, મંત્ર-તંત્ર કરીને પણ ભક્તોના દુઃખ ફેડાતા હોય ને મનમાં આર્તધ્યાન ખટકતું હોય અને સમેલનના મેમ્બર પણ કહેવડાવાતું હોય તો મોર્ડન જમાનામાં ખોટું શું છે... ભલે મોક્ષ તો આમેય ડાયરેક્ટ તો મળવાની આશા નથી ને તેના માટે જ ધર્મ કરવો તેમ પણ હવે માન્ય નથી તો પછી લોકોને વધુ લાભ થાય, સર્વને માન મળે, નામના થાય, પબ્લીસીટીવાળાનો સાર. મળે પછી રૂઢિઓનો આગ્રહ ન રાખવો જોઈએ.

—દક્ષીણ વિહારી

મોહનલાલજી લાયબ્રેરી

મુનિશ્રી મોહનલાલજી જૈન સેન્ટ્રલ લાયબ્રેરી અને વાંચનાલયની સ્થાપના સને ૧૯૧૦માં બાબુ જીવણલાલ પન્નાલાલ અને દાનવીર શેઠ દેવકરણ મુલજીના શુભહસ્તે થયેલી.

આ સંસ્થામાં શેઠ હીરાચંદ મંછારામ શાહ-સોલીસીટર, શેઠ ભોગીલાલ લહેરચંદ, શેઠ માણેકલાલ સાકરચંદ, શેઠ ખાન્તિલાલ કે. મોદી વગેરેએ ટ્રસ્ટીપદે રહી પોતાની સેવાઓનો અમુલ્ય લાભ આપ્યો છે

આ સંસ્થામાં જૈન તેમજ અન્ય ધર્મોનાં તેમજ નવલકથાઓ, નવલિકાઓ અને બોધપ્રદ પુસ્તકો, ગુજરાતી, હિંદી, સંસ્કૃત તથા અંગ્રેજી ભાષાનાં છે.

લગભગ ૧૦૦૦ હસ્તલિખીત પ્રતો અને ૯૦૦ લગભગ છાપેલી પ્રતો વગેરે છે. હસ્તલિખીત પ્રતો જળવાય અને વાંચવાનુ સુલભ બને એ દ્રષ્ટિએ એની ઝેરોક્ષ કરાવેલી પ્રતો તૈયાર કરવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે. લગભગ ૫૦૦ જેટલી પ્રતોની ઝેરોક્ષ કોપીઓ તૈયાર થઈ ગઈ છે.

આ કાર્ય અંગે આર્થિક સહાયની ખુબ જરૂર છે.

સંસ્થાની આજીવન સભ્ય ફી રૂા. ૧૦૦/- છે. આજીવન સભ્યને વગર ડીપોઝીટે એકી સાથે બે પુસ્તકો વાંચવા અપાય છે. વાર્ષિક સભ્યને રૂા. ૩ પાસબુકની ફી રૂા. ૧ અને પાંત્રીસ રૂપિયા ડીપોઝીટ આપવાની રહે છે.

સંસ્થામાં એકંદરે લગભગ બાર હજાર પુસ્તકો છે. જેનો લાભ લેવા વિનંતી છે.

આપ, સંસ્થાના કાર્યમાં, આજીવન અથવા વાર્ષિક સભ્ય બની સહાય કરશો એવી આશા છે.

—રાજેન્દ્ર મયાભાઈ શાહ-મેનેજીંગ ટ્રસ્ટી

નવ કળશે અભિષેક નવ, એમ એકાદશ વાર; પૂજા દીઠ શ્રીફળ પ્રમુખ, એમ નવાણું પ્રકાર.

: ગર્ભ હત્યા :

આજના વિષમકાળમાં દેશમાં દુષ્કાળ, ભ્રષ્ટાચાર, હિંસા, ભય, મોંઘવારી અને દુરાચારથી માનવજીવન દુઃખ, રોગ અને જીવનની હાડમારીથી ભયંકર ત્રાસનો સામનો કરી રહ્યું છે. ભારત સરકાર જીવહિંસા અને ગર્ભપાતના બનાવોમાં કોઈ કાયદેસર વિરોધ કરી શકી નથી. હુંડીયામણના લોભમાં લાખો નિર્દોષ પશુઓની કતલ દરરોજ થાય છે.

વહાલા ડોકટર સાહેબોને નમ્ર વિનંતી સાથે જણાવવાનું કે ગર્ભપાત હિન્દુ શાસ્ત્રની દૃષ્ટિએ ભયંકર પાપ છે. જે કાર્ય લક્ષ્મીરૂપ પ્રલોભન મળે છતાં કરવા જેવું કામ નથી. ગર્ભહત્યા કરવાવાળો જીવ પરંપરાએ મૃત્યુ બાદ નરકમાં જાય છે. ડોકટરની ફરજ બાળકને નવું જીવન આપવાની છે, નહિ કે માતાના પેટના ગર્ભને દવાઓ અને શસ્ત્રોની મદદથી મારી નાંખવાની...! સેક્સ ડીટરમેશન ટેસ્ટમાં જો માતાના પેટમાં દિકરીનો ગર્ભ હોય તો તેનો માતાના પેટમાં જ નાશ કરવામાં આવે છે. જે ભયંકર પાપનો રસ્તો છે. આવું હીન કામ સજ્જન ડોકટરોએ કદાપી ના કરવું જોઇએ. ગર્ભના બાળકને નવું જીવન આપવાનો ધર્મ આજના પ્રતિષ્ઠિત ડોકટરોનો ધ્યેય હોવો જોઇએ, ગર્ભપાત કેન્દ્રો બંધ કરીને પ્રસુતીગૃહોનું નિર્માણ સુખ સગવડની સુવિધાઓવાળુ બનાવવું જોઈએ.

—ભગવાનદાસ જૈન-વિજાપુર

નિબંધ લેખન સ્પર્ધા—બીદડા (કચ્છ)

સ્થાનકવાસી સંપ્રદાયના પુ. આચાર્ય ભગવંત શ્રી છોટાલાલજી સ્વામીના પુનેત આશીર્વાદ અને પ્રેરણાથી પુ. ગચ્છનાયક આચાર્ય શ્રી દેવજી સ્વામીની **"સંયમ દ્વિશતાબ્દી આરાધના વર્ષ"** તરીકે જાહેર કરવામાં આવી છે. આ પ્રસંગના ઉપલક્ષમાં તેમજ કલિકાલ સર્વજ્ઞ પુ. આ. શ્રી હેમચંદ્રાચાર્ય સ્વામીની નવમી જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે તેઓશ્રીના જીવન અને સાહિત્ય સમીક્ષા પર આધારિત **સાહિત્ય સંસ્કાર સુલેખન હરિફાઇનું** આયોજન કરવામાં આવેલ છે જેમાં સૌ કોઈ ભાગ લઈ શકશે. નિબંધનો વિષય 'કલિકલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય અને તેમની સાહિત્ય સાધના' નિબંધ તા. ૧૫-૨-૮૯ સુધીમાં નીચેના સરનામે મોકલવો. મુનિશ્રી નરેશ. **C/o.** ભરત સ્ટોર્સ, મુ. પો. બીદડા-૩૭૦૪૩૫, તા. માંડવીકચ્છ.

દેવજી સ્વામી દ્વિશતાબ્દી :- પ. પુ. ગચ્છનાયક શ્રી દેવજી સ્વામીના સંયમ દ્વિશતાબ્દીના ઉપલક્ષમાં વર્તમાન પુ. આ. શ્રી છોટાલાલજી સ્વામીના પ્રેરક માર્ગદર્શન નીચે આ દ્વિશતાબ્દી વર્ષમાં અનેકવિધ આરાધનાઓ થઈ રહી છે.

'જૈન' પત્રના ગ્રાહકોને નમ્ર વિનંતી

જે ગ્રાહક બંધુઓએ ચાલુ વર્ષનું લવાજમ ન મોકલ્યું હોય તેમણે રૂા. ૫૦/- **M O.** મોકલાવવા વિનંતી.

અંજનશલાકા મહોત્સવ—આધોઇ (કચ્છ)

પુ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયકલાપુર્ણસુરીશ્વરજી મ. સા. તથા પુ. પંન્યાસશ્રી પ્રિતિવિજયજી ગણિવર્ય આદિ મુનિવરો તથા પુજ્ય આ. શ્રી ના આજ્ઞાનુવર્તી પુ. સાધ્વીજી મ. ના વિશાળ સમુદાયની પાવન નિશ્રામાં શ્રી જિનેશ્વર ભગવંતના પંચકલ્યાણકની ભવ્ય ઉજવણી સ્વરૂપ **"શ્રી અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ"** તા ૯-૨-૮૯ થી તા. ૧૮-૨-૮૯ સુધી વારાણસી નગરીએ ભવ્ય રીતે ઉજવાશે.

કેસુન્દા (રાજસ્થાન) :- પુ. પં. શ્રી નવરત્નસાગરજી મ. સા. ના આશીર્વાદ અને આજ્ઞાથી અત્રે પુ. મુનિરાજશ્રી જિનરત્નસાગરજી મ. સા. ની પાવન નિશ્રામાં શ્રી પાર્શ્વનાથ આદિ જિનબિંબો તથા ધ્વજાદંડનો પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૬-૨-૮૯ થી ૯-૨-૮૯ સુધી વિવિધ પુજનો, પ્રભુજીની રથયાત્રા, પ્રતિષ્ઠા, સાધર્મિક વાત્સલ્યપુર્વક ઉજવવામાં આવનાર છે.

અહિંસાપ્રેમી ભાઈ-બહેનોને નમ્ર વિનંતી

રાજ્ય સરકાર, અમદાવાદ નગરપાલિકા અને અખિલ ભારતીય હિંસા-નિવારણ સંઘના સંયુક્ત સહકારથી મોટા-નાના પશુઓ, પંખીઓ અને અન્ય જીવોને ગેરકાયદેસર કતલથી બચાવીને કાયમ માટે સંરક્ષણ મળે તે હેતુથી પાંજરાપોળ સંસ્થાઓમાં મુકાવવાનું કાર્ય ચાલુ છે.... ૧૯૮૪ થી ૧૯૮૮ સુધીમાં ૫૪૦૦ પશુએ બચાવ્યા છે. વળી ગયા વર્ષે ગુજરાત-મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ-મહારાષ્ટ્રની સરહદ ઉપર પશુ-રોકો આંદોલન દ્વારા દેવનાર ઘસડાતા લગભગ ૧૨૦૦૦ પશુઓની અટકાયત કરાવી જીવતદાન પામેલ છે ૪૦ વર્ષ પછી પણ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના શબ્દો આજે ગુંજી રહ્યા છે.

'પ્રાણી જેટલું વધુ અસહાય અને નિર્બળ તેટલું તેનું પિશાચોના પંજામાંથી સુજ્ઞ માનવે રક્ષણ કરવું-કરાવવું જોઇએ. હું સતત પ્રાર્થના કરતો રહું છું કે આ પૃથ્વી પર કોઈ મહાન શકિતનું અવતરણ થાય-નર હોય કે નારી-આધ્યાત્મિક તેજથી ઝળહળતી હોય જે આપણને આ અધમ પાપમાંથી મુક્ત કરે'

નાનું મોટું દાન આપી અબોલ પ્રાણીઓને અભયદાન અપાવી તેમના આશિર્વાદ પ્રાપ્ત કરશોજી. પહોંચ અવશ્ય મેળવવી. સંસ્થાને મળતું દાન કલમ ૮૦ (જી) મુજબ કરમુક્ત છે. મોટા જીવને બચાવવા માટે રૂા. ૨૦૦/- નાના અન્ય જીવના રૂા. ૧૦૦/-

અબોલ પ્રાણી કરે પુકાર, હમેં બચાઓ હે નરનાર

શ્રી અખિલ ભારતીય હિંસા નિવારણ સંઘ

પદ્માવતીબેન મોહનલાલ કસ્તુરચંદ ઝવેરી હિંસા નિવારણ ભવન,
૩૨, મનિષ સોસાયટી, મીરાંમ્બીકા રોડ, નારણપુરા,
અમદાવાદ-૩૮૦૦૧૩ ફોન : ૪૭૨૪૦૮

એકેકું ડગલું ભરે, ગિરિ સન્મુખ ઉજમાળ; કોડિ સહસ ભવના કર્યાં, પાપ ખપે તત્કાળ.

નિબંધ સ્પર્ધાના વિજેતાઓનું સન્માન

વિદુષી બા૦ બ્ર૦ ડો૦ પુ૦ તરૂલતાબાઈ મહાસતીજીની નિશ્રામાં "શ્રીમદ્ રાજચંદ્ર-વિરલ આધ્યાત્મિક વિભુતી" વિષય પર આયોજીત અખિલ ભારતીય નિબંધ સ્પર્ધાના મુંબઈના વિજેતાઓનું જાહેર સન્માન શ્રીમદ્ રાજચંદ્ર હોલ, કલિકુંડ પાર્શ્વનાથ જૈન દેરાસર, સાંતાક્રુઝ (ઈસ્ટ) ખાતે કલિકુંડ પાર્શ્વનાથ જૈન મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટીઓના શુભ હસ્તે કરવામાં આવેલ.

પુ૦ તરૂલતાબાઈ મહાસતીજીએ સત્પાત્ર કોણ ? એ વિષય પર મનનીય આધ્યાત્મિક પ્રવચન ફરમાવતા કહ્યું "જીર - સાધકે સૌ પ્રથમ અહમને ખોલવો પડશે. અંદર પડેલા વિવિધ અહમની જંજીર-માંથી મુક્ત થઈને સદ્ગુરુ પ્રત્યે સમર્પણ કરવું પડશે. આમ કર્યા વિના કોઈ કાળે સત્પાત્રતા પ્રાપ્ત થઈ શકશે નહિં. સત્પાત્રતા વિના આત્મા પરમાત્મા સ્વરૂપ થઈ શકે નહિં. સંપ્રદાય એ વ્યવસ્થા છે. સંપ્રદાય એ ધર્મ કે દર્શન નથી" તેવી માર્મિક વાત કહીને તેમણે ઉપસ્થિત મુમુક્ષુઓને એક બહુ જ ચોટદાર પ્રશ્ન પુછેલો, "એવી વ્યક્તિ કે જે જૈન કે જૈનદર્શન વિષે કશું જ જાણતી નથી તેવી વ્યક્તિ તમને જૈન કે જૈનદર્શનનો અર્થ પુછશે તો તમે શું કહેશો...? તમે તેને પુરેપુરો ખ્યાલ આપીને તેની જિજ્ઞાસાને સંતોષી શકશો....? ગમે તેવી અનુકુળ કે પ્રતિકુળ પરિસ્થિતી-સંજોગોમાં જરા પણ વિચલીત ન થાય. પોતાના નિજાનંદની મસ્તીમાં અલ્પમાત્ર પણ ચલ-વિચલપણું ન આવે તે જૈન. આવી સ્વસ્વરૂપની મસ્તી-મોજ-આનંદ પ્રાપ્ત કરવાનો રસ્તો બતાવે તે જૈનદર્શન."

પુ૦ તરૂલતાબાઈ મહાસતીજીનું "ધર્મ અને ધર્મી" એ વિષય પર જાહેર આધ્યાત્મિક પ્રવચન શ્રીમદ્ રાજચંદ્ર સત્સંગ મંડળ, જૈન સાહિત્ય પ્રકાશન સંઘ, ૯૬/બી, એસ. વી. રોડ, હિરક સોસાયટી, વિલેપાર્લે ખાતે તા. ૨૨-૧-૮૯ના બપોરે ૩-૦૦ વાગ્યે રાખવામાં આવેલ. પુરૂષાર્થ સિંપસન, મોરબી તરફથી એક દશ મીનીટની લેખીત ઓબ્જેક્ટીવ પ્રતિયોગીતાનું આયોજન પણ કરવામાં આવેલ.

આસોપાલવ સોસાયટી-સુરેન્દ્રનગરમાં મહોત્સવ

બહુમાળી બિલ્ડીંગના આગળના વિશાળ ચોકમાં શ્રી જીવણલાલ અનુપચભાઈ પરિવારના ટ્રસ્ટ તરફથી નિર્માણ થયેલ નુતન જિનમંદિર અને નુતન પૌષધશાળાના મંગલ પ્રસંગે, જિનમંદિરમાં ચારસો વર્ષ પ્રાચીન શ્રી શાંતિનાથજી જિનબિંબની પ્રતિષ્ઠા તથા નુતન પૌષધશાળાના ઉદ્ઘાટન પ્રસંગે માગશર સુદ ૨ રવિવારે શ્રી શાંતિનાથ પ્રભુ તથા પ૦ પુ૦ આ૦ દેવ શ્રીમદ્વિજય કલાપુર્ણસુરીશ્વરજી મહારાજના નગર પ્રવેશ નિમિત્તે ભવ્ય સામૈયું થયેલ. માગશર સુદ ૫ નાં રોજ પ. પુ૦ તપસ્વી સાધ્વીજી મ૦ શ્રી હંસકીર્તિશ્રીજી મ૦ નાં સળંગ ૧૬૮૦ આયંબિલ (૧૦૦+૬૭ ઓળી) તપની પુર્ણાહુતિ નિમિત્તે દેશી ચંદુલાલ રાઘવજી પરિવારના નિવાસસ્થાને પુ૦ ગુરુભગવંતની પધરામણી, પ્રવચન, સંઘપુજન થયેલ અને સિદ્ધચક્ર મહાપુજન ભણાવવામાં આવેલ. તેમના પરિવારમાં શ્રીમતી ચન્દ્રાબેન ચંદુલાલની સંકલ્પ ભરી દઢ ભાવનાથી આ શુભ પ્રસંગ પ્રાપ્ત થઈ શક્યો. માગશર સુદ ૬ના મંગલ મુહૂર્તે આસોપાલવમાં શ્રી શાંતિનાથજી પ્રભુની પ્રતિષ્ઠા કરવામાં આવી. પુ૦ ગુરુભગવંતના પ્રેરણાયુક્ત પ્રવચનો અને ચતુર્થવ્રતાદિ અનેક નિયમો અનુમોદનીય કોટીના હતા. માગશર સુદ ૭ના દ્વારોદ્ઘાટનની મંગલવિધિ બાદ વિહાર કરી વઢવાણ પધારેલ.

વઢવાણ શહેર : ૧૪ વર્ષ પહેલા ખાળકુવો ખોદતા પ્રાપ્ત થયેલ ચાર પ્રભુજીને પ્રસ્થાપિત કરવા માગ. સુદ ૫ના ચારેય પ્રભુજી સાથે રથયાત્રાનો ભવ્ય વરઘોડો ચડેલ. માગ. સુદ ૬ના ચારેય પ્રભુજીને ૮-૩૫ મીનીટે તૈયાર કરાયેલ નુતન દેરીમાં ચૌમુખજી રૂપે પધરાવવામાં આવેલ પ્રતિષ્ઠા મહા માસમાં થશે. માગ. સુદ ૬ના સ્વામિવાત્સલ્ય મણીયાર લક્ષ્મીચંદ અમૃતલાલભાઈ તરફથી થયેલ તથા સુદ ૭ના પુ૦ આ૦ ભ૦ શ્રી કલાપુર્ણસુરીશ્વરજી મ૦ નો નગર પ્રવેશ ખુબ ધામધુમથી થયેલ. આજ દિવસે પુ૦ સા૦ શ્રી હંસકીર્તિશ્રીજીના સળંગ ૧૬૮૦ આયંબિલ (૧૦૦+૬૭) ઓળીનું પારણું થયેલ. પુ૦ સા૦ શ્રીના પરિવારના શ્રી ધીરજલાલ ચંદુલાલ તરફથી સ્વામિવાત્સલ્ય થયેલ. બપોરે પ્રભુજીને અઢાર અભિષેક થયેલ.

CHEMICALS

(IMPORTERS & EXPORTERS)

Amritlal Chemaux Limited

RANG UDYAN,
SITLADEVI TEMPLE ROAD,
MAHIM, BOMBAY-400016

Dealers in : Dyes and Chemicals, Selling Agents for Sojuzchimexport, U. S. S. R. for Days, Intermediates and Chemicals & Generel indentors with business contacts all over the world.

ALSO

A Recognised Eligible Export House exporting Dyes, Chemicals, ngineering Goods, Processed Foods etc.

ALL OVER THE WORLD
Phone No. : H. O. 45 32 51
Telex : 117 - 1514 AMCG IN
Grams : RAS.K

નેમવિના ત્રેવીસ પ્રભુ, આવ્યા વિમળ ગિરીંદ; ભાવી ચોવીશી આવશે, પદ્મનાભાદિ જિણંદ.

Regd No. G. BV. 20
JAIN OFFICE : P. Box No 175
BHAVNAGAR-364001 (Gujarat)
Tele. O. : C/o. 29919 R. 25869

જૈન

આજીવન સભ્ય ફી : રૂ. ૫૦૧/-
વાર્ષિક લવાજમ : રૂ. ૫૦/-
[illegible] : રૂ. ૭૦૦/-
સમાચાર [illegible] : રૂ. ૫૦૦/-

સ્વ. તંત્રી : ગુલાબચંદ દેવચંદ શેઠ
તંત્રી–મુદ્રક–પ્રકાશક :
મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
જૈન ઓફીસ, પે.બો. નં. ૧૭૫, દાણાપીઠ, ભાવનગર.

'જૈન' વર્ષ ૮૬
અંક : ૭

વીર સં. ૨૫૧૫ : વિ.સં. ૨૦૪૫ મહા સુદ ૧૨
તા. ૧૭ ફેબ્રુઆરી ૧૯૮૯ શુક્રવાર
મુદ્રણ સ્થાન : શ્રી જૈન પ્રિન્ટરી
દાણાપીઠ પાછળ, ભાવનગર–૩૬૪ ૦૦૧

યુવા પેઢીને વિનંતિ સહ...

બાળપણની લાક્ષણિકતા તોફાન તો યુવાનીની વિશેષતા છે તરવરાટ. સાહસનું બીજું નામ છે યૌવન. નદી જો કાંઠા તોડીને વહેવા માંડે તે પછી એ નદી જ નથી રહેતી. યૌવનનું પણ એવું જ છે. યૌવન એક મોંઘી મિરાત છે ને જોખમી જામગરી પણ છે.

આજે માનવજાત એવી પ્રવાહી સ્થિતીમાં છે કે તે વિકાસને પંથે છે કે વિનાશને–એ ભાખવું મૂશ્કેલ છે. એક તરફ નિતનવાં આવિષ્કારો અને બીજી તરફ નૃશંસ સંહારલીલા ! અદ્‌ભૂત પ્રતિભા ધરાવતા માનવોની સામે અંધ અનુકરણમાં રાચતા માનવ-જંતુઓ પણ આ ધરતી પર ઉભરાય છે. વિશ્વ આખાનું ચિત્ર ધૂંધળું છે. એંધાણ એવા છે કે માણસે કરેલ અટકચાળાંના પ્રતાપે આ પૃથ્વી પર જીવન દોહ્યલું બની રહેશે. અકલ્પ્ય સંયોગો હેઠળ વધુ સહન કરવાનું જો કોઈને હશે તો તે નવી પેઢીને. આજનો યુવાન એ તરફ જાગૃત છે ખરો....?

વિજ્ઞાનપ્રેરિત વિચારોના વિસ્તરણ સાથે બુદ્ધિનો વિકાસ થયો, પરંતુ બીજી તરફ માનવીનું ચારિત્ર્ય નબળું પડયું છે. આ ભૂલ હમણાંથી જ તેનો પરચો દેખાડવા લાગી છે. જીવનનો ખાસ્સો મોટો ભાગ જેને જીવવાનો બાકી છે એવા યુવાન વર્ગે તેના જીવનની સુરક્ષા અર્થે કેટલીક લઘુતમ લક્ષ્મણરેખાઓ આંકી લેવાની જરૂર છે. અનિશ્ચિત ભાવિ વચ્ચે પણ કેટલાક નિશ્ચિત તથ્યો અંકે કરી લઈને safe side પર આવી જવામાં શાણપણ છે. આ હકીકત વિશ્વભરની યુવા પેઢીને એકસરખી લાગુ પડે છે. અહીં ભારતીય અને તેમાંયે જૈન યુવાનને કેન્દ્રમાં રાખીને થોડી વાતો યુવાનો સામે મૂકવી છે. યુવા પેઢી એના પર વિચાર કરે એવી વિનંતી સાથે.

સંસ્કૃતિ અને આધુનિકતા

ફાઉન્ટન પેન આવતાં ખડિયા–કલમને રૂખસદ મળી ગઈ એ બહુ મોટી વાત નથી. આધુનિકતાના નાદે ચડીને યુવા પેઢી સંસ્કૃતિના અનેક સૂત્રોને out–of–date ગણી લે છે એ ચિંતા-કારક છે. સંસ્કૃતિ એટલે માત્ર રીત–રિવાજ નથી, જેમાં અનેક જીવનરક્ષક તત્ત્વો સમાયાં હોય છે. યુગોના અનુભવે, ક્ષેત્ર અને પરિવેશના પરિબળોના સુમેળમાં ચોક્કસ જીવનધ્યેયને અનુરૂપ આહાર–વિહાર–વ્યવહારની વિશિષ્ટ શૈલી એટલે સંસ્કૃતિ. એ કંઈ કોઈ એક જણના ભેજાની પેદાશ નથી હોતી. કરોડો માન-વીઓએ સંસ્કૃતિનો દેહ ઘડયો હોય છે. મીઠાં જળનું માછલું મીઠાં જળમાં જ જીવી શકે; એમ માનવસમૂહો તેમની આવશ્ય-કતાઓને અનુરૂપ સંસ્કૃતિ દ્વારા જ સુખી બને. ભારતીયોને ભારતની સંસ્કૃતિ જ સદે, શોભે. કાળક્રમે સંસ્કૃતિમાં કચરો ભળ્યો હોય એવું બને. યુવાનો ! એવા કચરાને ગાળી લેજો, પણ જીવનદોરી જેવી સંસ્કૃતિના જળને ઢોળી દેવાની ભૂલ કરશો નહિ. સંસ્કૃતિને અનુસરવામાં હાનિ તો એકેય નથી ને જીવન વધુ સુગમ બનવાનો લાભ નિશ્ચિત છે.

વિજ્ઞાન અને ધર્મ

વિજ્ઞાન દીધાં વિવિધ સુખ સાધનોનો ભરપૂર ઉપયોગ કરતો આજનો માનવી વિજ્ઞાનથી અંજાય એ સહજ છે. વિજ્ઞાનની હાજરીમાં જરીપુરાણા ધર્મની કશી ગરજ નથી એમ આજનો શિક્ષિત વર્ગ માનતો થયો છે. વિજ્ઞાન અને ધર્મ પરસ્પર વિરોધી હોય એવો દેખાવ થાય છે. વસ્તુતઃ એવું નથી. વૈજ્ઞાનિક પણ ધાર્મિક હોઈ શકે છે. સત્ય, અહિંસા અને સેવાની ભાવના ધર્મ જ જન્માવી શકે. વિજ્ઞાન માનવીને સુવિધા પૂરી પાડી શકે, કિંતુ તેના અંતરને આરામ આપવાનું કામ તો ધર્મનું જ છે. ધર્મનું સ્થાન વિજ્ઞાન લઈ શકે નહિ. ધર્મ આચરણનો વિષય છે, વિજ્ઞાન

વડોદરા-પ્રતાપનગરમાં અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ

શાસનસમ્રાટ, પ્રાત:સ્મરણીય પુજ્યપાદ આચાર્ય મહારાજાધિરાજ શ્રી વિજયનેમિ-ઉદયસુરીશ્વરજી મ૦સાના પટ્ટાલંકાર નિડરવક્તા પુજ્યપાદ આચાર્ય ભગવંતશ્રી વિજયમેરુપ્રભસુરીશ્વરજી મ૦ સા૦, પુ.પં. શ્રી મહોતુંગવિજયજી ગણિ, પં. શ્રી ચંદ્રસેનવિજયજી ગણિ, પં. શ્રી ઈન્દ્રસેનવિજયજી ગણિ, ગણિવર્યશ્રી સિંહસેનવિજયજી મ૦સા૦ આદિ શ્રમણ ભગવંતાદિ તથા શાસન સમ્રાટશ્રીના આજ્ઞાવર્તિની સાધ્વીજી સૌભાગ્ય-ગુલાબ-ગુણશ્રીજીના શિષ્યરત્ન સાધ્વી પ્રવિણાશ્રીજી, સા૦ સ્વયંપ્રભાશ્રીજી, સા૦ ચંદ્રલત્તાશ્રીજી આદિ સુવિશાળ શાસનસમ્રાટ શ્રમણીવૃંદ અને પુ૦ આચાર્યશ્રી વિજયવલ્લભસુરિજી મ૦ સા૦ના સમુદાયના સાધ્વીશ્રી વનિતાશ્રીજી આદિ શ્રમણ-શ્રમણી ભગવંતોની પુનિત નિશ્રામાં વડોદરા સ્થિત પ્રતાપનગરે, વારાણસીનગરમાં સપ્તદશાહ્નિકા સહિત અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવની ભવ્ય ઉજવણી ચાલી રહી છે.

પુ. આચાર્યશ્રી વિજયમેરુપ્રભસુરીશ્વરજી મ૦સા૦ની શુભ નિશ્રામાં વિ. સં. ૨૦૪૪ના ઘડીયાળીપોળ, જાનીશેરીના યશસ્વી ચાતુર્માસ દરમ્યાન શ્રા. સુદ ૯ના ખનન અને શ્રા. સુદ ૧૪ના શિલાસ્થાપન વિધિ ખુબજ ઉલ્લાસભેર થયેલ. પુજ્યશ્રીની પાવન પ્રેરણા, મંગલ માર્ગદર્શન અને સોનેરી સલાહ-સુચનો દ્વારા કલા-કોતરણી સમન્વિત ત્રિ-ઉત્તુંગ શિખર અને બે દેવકુલીકાઓથી સુશોભિત અને દેવવિમાન તુલ્ય સુવિશાળ નયનાનંદ ભવ્ય જિનાલય પરિપુર્ણ થયેલ છે. જેમાં પ્રશમરસ....નિમગ્ન....નેત્રાનંદ કરી....ચિત્ત આહલાદકારી મુળનાયક શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ આદિ ભવ્ય અને આંખલડી ઠરે તેવા નુતન જિનબિંબોનો અંજનશલાકા (પ્રાણ પ્રતિષ્ઠ) તથા પ્રતિષ્ઠા (ગાદીનશીન) પુણ્ય પ્રસંગ ભવ્યાતિભવ્ય શાસનપ્રભાવક મહોત્સવ પુર્વક ઉજવાઈ રહયો છે.

આ અંજનશલાકા – પ્રતિષ્ઠા નિમિત્તે શ્રી પંચકલ્યાણકની ઉજવણી તથા શ્રી બૃહદનંદાવર્ત પુજન (૨૯૧ પુજા યુકત) આદિ વિવિધ પુજન શ્રી લઘુ તથા શ્રી બૃહદ્ શાંતિ સ્નાત્ર સમેત સપ્ત દશાહ્નિકા મહા મહોત્સવ પોષ વદ ૧૨ તારીખ ૩-૨-૮૯, શુક્રવાર શ્રી પ્રારંભ થયેલ છે. જે મહા સુદ ૧૪ તા. ૧૯-૨-૮૯ રવિવાર સુધી સપ્તદશાહ્નિકા સહિત ૧૭ દિવસ સુધી વિવિધ પુજન, પ્રભુજીનો જન્મ મહોત્સવ, દીક્ષા કલ્યાણક વિધાન, તથા વિવિધ કલ્યાણકોની ઉજવણી દ્વારા શાનદાર રીતે ઉજવાઈ રહયો છે

આ મહોત્સવની ઉજવણીના સુઅવસરે શાસનસમ્રાટ સમુદાયના પુ. આ૦ શ્રી વિજયદેવસુરીશ્વરજી મ૦સા૦, પુ. આ શ્રી વિજયકુમુદચંદ્ર-સુરીશ્વરજી મ૦ સા૦, પુ૦ આ૦શ્રી વિજયમહિમાપ્રભસુરીશ્વરજી મ૦ સા૦, પુ૦ આ૦શ્રી ચંદ્રોદયસુરીશ્વરજી મ૦ સા૦, પુ૦ આ૦ શ્રી સુર્યોદયસુરીશ્વરજી મ૦ સા૦ તથા પુ૦ આ૦શ્રી હેમચંદ્રસુરીશ્વરજી મ૦ સા૦ પણ યથાનુકુળતાએ પધારશે.

આ પ્રસંગે ગુરુભક્તિનો પુણ્યવંતો લાભ અંજનશલાકા-પ્રતિષ્ઠાની પુણ્ય સ્મૃતિ નિમિત્તે શાસનસમ્રાટશ્રીના સમુદાયના દરેક આચાર્ય ભગવંતોને **'સુરિમંત્રનો પંચ પ્રસ્થાન'**ની પાટલી વહોરાવવાનો લાભ શ્રેષ્ઠિવર્ય **શ્રી ધરણીધરભાઈ ખીમચંદભાઇ કોઠીયાકવાળા પરિવારે** લઈ અનુમોદનીય ગુરુભક્તિ પ્રદર્શિત કરી છે.

શેઠ કાંતિલાલ લક્ષ્મીચંદ સાવરકુંડલાવાળાના વરદહસ્તે, તા. ૨૯-૧-૮૯ રવિવારના રોજ ઉપાશ્રય અને આયંબિલશાળાનું ઉદ્ઘાટન, પ્રભુજીનો નુતન જૈન મંદિરમાં તા. ૧-૨-૮૯ના સવારના શુભ મુહુર્તે મંગલ પ્રવેશ થયો છે.

આ સુકૃતના સહભાગી શ્રી ધરણીધરભાઈ ખીમચંદ, શ્રી ચંદ્રકાંત મુળચંદ, શ્રી કાંતિલાલ લક્ષ્મીચંદ, શ્રી વિનયચંદ ખીમચંદ, શ્રી મહાસુખલાલ લક્ષ્મીચંદ, શ્રી રજનીકાંત મોહનલાલ, શ્રી પ્રભુદાસ મોહનલાલ, શ્રી મહેન્દ્રભાઈ કાલીદાસ, શ્રી શાંતિચંદ્ર બાબુભાઈ, શ્રી શાંતિલાલ નાગરદાસ, શ્રી માણેકચંદ ઝવેરચંદ, શ્રી રમણીકલાલ, ચત્રભુજ આદિ નામી-અનામી અનેક ભાવિકોએ પોતાની તન-મન અને ધનથી સેવાઓ અર્પણ કરી છે.

પ્રભુ પ્રતિષ્ઠાના આ શુભ દિવસે સાધર્મિક ભક્તિનો લાભ કાંતિલાલ ગોરધનદાસ શાહ, સુરેન્દ્રભાઈ નગીનદાસ ગાંધી, જસવંતલાલ કાંતિલાલ ગોધરાવાળા, ચિતરંજન કાંતિલાલ દોશી તથા સ્વ. કાંતિલાલ ચીમનલાલ પરિવાર (ગૌતમ સ્ટોર્સ) દ્વારા લેવામાં આવ્યો છે

આમ, આ સારોયે મહોત્સવ પુ. આચાર્યદેવશ્રી વિજયમેરુપ્રભ-સુરીશ્વરજી મ૦સા૦ની નિશ્રામાં આશીર્વાદ અને પ્રેરણાપુર્વક ભક્તિભાવ ભર્યા વાતાવરણમાં ઉજવાઇ રહયો છે.

દાદાની પ્રતિમા પધરાવવામાં આવેલ. જેના પરિણામે અત્રેના ભાવિકોને દર્શનનો લાભ મળી શકતો. સમય જતાં ગુરુભગવંતોનો પ્રતિબોધ અને પરમાત્માની અસીમ કૃપાથી અહિંના શ્રીસંઘે શુન્યમાંથી સર્જનરૂપે એક સુંદર જિનાલય ઉભુ કરી શકયો છે.

અહિં બિરાજમાન પાંચે મુર્તિઓ પ્રાચીન પ્રભાવશાળી અને પ્રેક્ષણીય છે તેમાં બે મત નહિં. તે પૈકી મુળનાયક તરીકે શ્રી વાસુપુજ્ય-સ્વામી સંસ્થાપીત કરવામાં આવ્યા છે. સદરહુ પ્રતિમા નયનરમ્ય અને અલૌકીક છે.

'જૈન' પત્રના ગ્રાહકોને નમ્ર વિનંતી

જે ગ્રાહક બંધુઓએ ચાલુ વર્ષનું લવાજમ ન મોકલ્યું હોય તેમણે રૂા. ૫૦/– M.O. મોકલાવવા વિનંતી.

શ્રી શંખેશ્વર પાસજી, પ્રણમી શુભ ગુરુ પાય; વિમળાચલ ગુણ ગાઈશું, સમરી શારદ માય.

સંશોધનનો. શોધખોળના માધ્યમ તરીકે વિજ્ઞાન આવકાર્ય છે પરંતુ આપણા જીવનના દિશાદર્શકનુ સ્થાન તેને આપી શકાય નહિ. વિજ્ઞાન તેના શુદ્ધ સ્વરૂપમાં નિર્દોષ છે. શાસ્ત્રોના અનેક સિદ્ધાંતોની સચ્ચાઇ વિજ્ઞાને સાબીત કરી આપી છે. આત્મા, પુર્નજન્મ કે કર્મ જેવા મુદ્દા પર તે સંમત ન થતું હોય તો એ મુદ્દાઓને રદબાદલ ગણી લેવાની ઉતાવળ કરવા જેવી નથી. વિજ્ઞાને હજી ઘણો પંથ કાપવાનો છે. એટલે આપણે રાહ જોઇએ તે દરમ્યાન વિજ્ઞાન અને યંત્રવિદ્યા–**Technology** વચ્ચેનો ભેદ યુવાનોએ પિછાણી લેવો જોઈએ. યુવાને યંત્રીકરણથી સાવધાન રહેવું પડશે. અન્યથા વધતું જતું યંત્રીકરણ એને શરીરથી અને મનથી પંગુ બનાવી મૂકશે.

વ્યસન અને સંયમ

અણુબોંબ થી એક સપાટે અથવા પ્રદૂષણના પ્રતાપે ધીમેધીમે આ પૃથ્વી વેરાન બની જાય એ શકયતાને નકારી શકાય નહિ. એવું કશું કદાચ ન થે બને તોય, ભાવિ પેઢીની જીંદગી બરબાદ કરવા માટે બીજું એક તત્ત્વ હાજર છે : એ છે વિલાસિતા. મનોરંજન, મેક–અપ, સ્વાદલાલસા અને વ્યસનના વિવિધ સ્વરૂપોમાં વિલાસીપણાએ ભરડો લીધો છે. એ સૌમાં શિરમોર છે– વ્યસન ચા, બીડી અને દારૂ જેવા નશા પણ જિંદગીને ખરાબ કરવા માટે પૂરતા છે ત્યાં ગર્દ, હશીશ અને કોકેન જેવા માદક દ્રવ્યો મેદાનમાં આવ્યા છે, યુવાનો ! યુવતીઓ ! તમે ધર્મને કે કર્મને માનતા હો યા ન માનતા હો, તમે વૈજ્ઞાનિક બનવા ઇચ્છતા હો કે વ્યાપારી, તમારી જાતને કેફી દ્રવ્યોના દોજખમાં હાથે કરીને હોમશો નહિ તમારી તબિયત, તાકાત કે તરક્કીની તમને પડી હોય તો વ્યસનોના રૂપમાં મોતને આમંત્રણ આપશો નહિ. વિલાસની કારમાં સંયમની બ્રેક લગાડવાનું ભૂલશો મા.

જૂની પેઢી અને નવી પેઢી

જૂની અને નવી પેઢી વચ્ચેના સંબંધો હંમેશાં ખટમીઠાં જ રહ્યા છે. દરેક જમાનાની બુઝર્ગ પેઢી કહેતી આવી છે : જુવાનિયા બહુ બગડી ગયા છે! અને દરેક યુગની યુવા પેઢીની ફરીયાદ હોય છે ; વૃદ્ધોની કચકચથી તો તોબા....!

બંને પક્ષે વજૂદ છે. બે પેઢી વચ્ચે વિચાર–ફરક હોય એ સ્વાભાવિક છે. પરંતુ એક સામટો આજના જેટલો તફાવત કદાચ કયારેય નહિ પડતો હોય. જૂની પેઢીની દરેક વાતનો આજ્ઞાંકિતપણે સ્વીકાર કરવાનું આજના યુવક–યુવતીને કહી શકાશે નહિ પરંતુ વડીલોને બુઢ્ઢલ કે બબૂચક ગણી લેવાનું પણ વ્યાજબી નથી. નવી પેઢીએ જેનો સામનો હજી હવે કરવાનો છે એવી ઘણી સ્થિતિઓમાંથી પસાર થઈ ચૂકયા છે. એમના અનુભવનો લાભ શા માટે ન લેવો? જૂની પેઢીના જીવનમાં ડોકાતી દાંભિકતા યુવા માનસને ખટકે છે તે મારાથી અજાણ્યું નથી. પણ એથી યુવાનોએ અકળાવાની જરૂર નથી. તેમની એ નબળાઇ છે. જ્યાં તેઓ નિષ્ફળ ગયા છે ત્યાં યુવાનોએ સફળતા મેળવવાની છે. તેઓ જે નથી કરી શકતા તે શ્રેષ્ઠ આચરણ કરી બતાવવાનો પડકાર યુવા પેઢીએ ઝીલી લેવો જોઇએ.

અને છેલ્લે...

યુવાનો અને યુવતીઓ ! જીવનને એક રમત માનવી હોય તો માની શકો છો, પણ એ રમત ક્રિકેટની મેચ જેવી રમત નથી, જેમાં હરીફ ટીમના ખેલાડીની દાંડી ખેરવવાની કે બોલ કેચ કરવાની તક દરેક ખેલાડી શોધતો હોય છે. જીવન એક મેરથોન છે, જેમાં દરેક ઉમેદવાર એક જ લક્ષ્યને આંબવા દોટ મૂકે છે ને વહેલો કે મોડો પહોંચે છે પણ ખરો.

અહીં જણાવી એ વાતો જીવનના ખેલમાં ઘણી મદદગાર બનશે એટલું ચોક્કસ માનજો.

મુનિશ્રી ભુવનચંદ્રજી C/o શા. ઉમરશી દેવશી
નાનીખાખર–૩૭૦૪૩૫ (જિ. કચ્છ–ગુજરાત)

અમદાવાદ–અમરાઈવાડીમાં ઉજવાયેલ સિદ્ધચક્રપૂજન – અષ્ટાહ્નિકા મહોત્સવ

પુજ્ય આચાર્ય ભગવંતશ્રી વિજયશેખરસુરીશ્વરજી મ૦સા૦, પુ. પ્રવર્તક પંન્યાસશ્રી મહિમાવિજયજી મ૦સા૦ તથા પુ. તપસ્વી મુનિરાજશ્રી દેવેન્દ્રવિજયજી મ૦સા૦ આદિની શુભ નિશ્રામાં અમરાઈવાડી જૈન શ્વે. સંઘ દ્વારા શ્રી વાસુપુજયસ્વામી આદિ પાંચ પરમાત્માઓની પ્રતિમાની પ્રતિષ્ઠાના પુનિત પ્રસંગે શ્રી બૃહદ્ અષ્ટોત્તરી સ્નાત્ર તેમજ શ્રી સિદ્ધચક્ર મહાપુજનની સાથે સાથે અષ્ટાન્હિકા મહોત્સવની શાનદાર ઉજવણી તા. ૩–૨–૮૯ થી તા. ૧૧–૨–૮૯ સુધી દિવસ આઠ વિવિધ પુજનો, પ્રતિષ્ઠા, ભવ્ય વરઘોડો, સાધર્મિક વાત્સલ્યપુર્વક આ અષ્ટાન્હિકા મહોત્સવની ઉજવણી કરવામાં આવી છે.

આ ભવ્ય મહોત્સવની ઉજવણીમાં અનેક દાનવીર ભાવિકો, શ્રી. સંઘના સેવાભાવી કાર્યકરોએ પોતાની અમુલ્ય સેવાઓ આપવા પુર્વક તન–મન–ધનથી શાસન પ્રભાવક સેવા અર્પણ કરી છે. સાથે સાથે પુજય આચાર્ય ભગવંતે પણ પોતાની નિશ્રામાં આ શાનદાર મહોત્સવની ઉજવણીમાં અમુલ્ય માર્ગદર્શન આપીને શ્રીસંઘની શાન વધારી છે.

અહિંના શ્રીસંઘ દ્વારા આ પ્રતિષ્ઠા અંગે છેલ્લા પાંચ પાંચ વર્ષથી પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી અંગેના પ્રયત્નો ચાલુ હતા. પરંતુ આ વર્ષે આ મહોત્સવની ઉજવણીનો મંગલ અવસર શ્રીસંઘને સાંપડયો. જે શ્રીસંઘનું પુણ્યોદય ગણાવી શકાય. અત્રે પંચધાતુની શ્રી આદિનાથ

દાવણગિરિ નગરે ગણિપદ પ્રદાન મહોત્સવ

પ. પૂ. વર્ધમાન તપોનિધિ આ. ભ. શ્રી વિજયભુવનભાનુસુરીશ્વરજી મ૦ની આજ્ઞાથી પ. પુ. આ. ભ. શ્રી જયઘોષસુરીશ્વરજી મ૦ સા૦ ના આશીર્વાદ લઇને પ. પુ. મુનિરાજ શ્રી રાજરત્ન વિ. મ૦ તથા પ. પુ. મુનિરાજશ્રી યશોવિજયજી મ૦ દાવણગિરિમાં ચાતુર્માસાર્થે પધાર્યા. તેઓશ્રીની નિશ્રામાં માસક્ષમણ, સિદ્ધિતપ, ધર્મચક્ર, મોક્ષદંડક વગેરે તપશ્ચર્યાઓની સુંદર આરાધનાઓ થઇ. નુતન ટ્રસ્ટી મંડળની સ્થાપના થઇ અને ઘણાં વખતથી અટકી પડેલા શ્રીસંઘના કામકાજો વ્યવસ્થિત રીતે ચાલુ થઇ ગયા....

પ. પુ. આ. ભ. શ્રી જયઘોષસુરિ મ૦ સા૦ હુબલી મુકામે ચાતુર્માસ બિરાજમાન હતા. તેઓશ્રીના શિષ્યરત્ન તપસ્વી મુનિરાજશ્રી જયસોમ વિજયજી મ૦સા૦ને પ.પુ. આ. ભ. શ્રી ભુવનભાનુસુરિજી મ૦ની આજ્ઞાથી મા. વ. ૬ના ભગવતી સુત્રના યોગોદ્વહન ચતુર્વિધ સંઘ સમક્ષ શરૂ કરવામાં આવ્યા અને તેની અનુજ્ઞા-ગણીપદ પ્રદાનનો પ્રસંગ પોષ વ. ૧ તા. ૨૨-૧-૮૯ને રવિવારે નક્કી કરવામાં આવ્યો. તે સમાચાર મળતા પોત-પોતાને લાભ મળે તે માટે હુબલી સંઘ, દાવણગિરિ સંઘ, ભદ્રાવતી સંઘની આગ્રહભરી વિનંતીઓ હતી. તેમાંથી દાવણગિરિ સંઘને તે પ્રસંગ ઉજવવાની અનુમતિ મળતાં અત્રેનો સંઘ આનંદમાં આવી ગયો. અને તેની તૈયારીઓ કરવા લાગ્યો. સિદ્ધચક્ર પુજન, ભક્તામર પુજન, ૫૬ દિક્કુમારી સ્નાત્ર મહોત્સવ, ૧૮ અભિષેક સહ પંચાન્હિકા મહોત્સવ ઉજવવાનું નક્કી કર્યું.

પ.પુ. આ. શ્રી જયઘોષ સુરિજી મ૦ હુબલી મુકામે ઉપધાનની માળારોપણનો પ્રસંગ ભવ્ય રીતે પત્યા પછી તેમજ હોસુર સંઘમાં જિનમંદિરનું નક્કી કરી મા. વ. ૩ ના વિહાર કરી મા. વ. ૧૦ ના ત્યારે દાવણગિરિમાં શંખેશ્વર પાર્શ્વનાથ ભગવંતના અઠ્ઠમ અખંડ જાપ સાથે ચાલુ હતા ત્યારે પધાર્યાં તેઓશ્રીનું ભવ્ય સામૈયું શહેરના મુખ્ય માર્ગો પર ફરી સંઘના ઉપાશ્રયે ઉતર્યું. ત્યાં સ્થાનિક અધ્યાપકે પુજ્યશ્રીનું સ્વાગત ગીત ગાયું. વ્યાખ્યાન પછી મહોત્સવ પ્રસંગ અંગેની સુંદર ઉછામણીઓ થઇ કંકુપત્રિકા દ્વારા ગામોગામ આમંત્રણ મોકલવામાં આવ્યાં. મહોત્સવ પ્રસંગે મુંબઇ જલગાંવ, નાસિક, પિપલગાંવ, પાલનપુર, કોલ્હાપુર, બેંગ્લોર, ભદ્રાવતી, સીમોગા, હરિહર, મોટી બેન્નુર વિગેરે ગામોથી ભાગ્યશાળી હાજર થઇ ગયા હતા.

મહોત્સવનો મંગલ પ્રારંભ પો. સુ. ૧૩ના પંચકલ્યાણક પુજાથી થયો. ૧૪ના ૧૮ અભિષેક થયા. પો. સુ. ૧૫ ના ૫૬ દિક્કુમારી તેમજ ૬૪ ઇન્દ્રોના ભવ્ય સ્નાત્ર મહોત્સવની ઉજવણીની તૈયારી ઘણાં દિવસોથી પાઠશાળાના અધ્યાપક કરાવી રહયા હતા વિજય મુહુર્તે સ્નાત્ર મહોત્સવની શરૂઆત થઇ. વિશાળમંડપ ભરાઇ ગયેલો. સાક્ષાત્ પરમાત્માના જન્મ સમયે જે ઉજવણી થાય તેવું દશ્ય ખડું થયેલ. લોકો ભક્તિભાવમાં તલ્લિન થયેલા.

પો. વ. ૧ના સંઘ સાથે બેન્ડવાજા સહિત આચાર્ય ભગવંતાદિ મંડપમાં પધાર્યા. મંગલ ક્રિયાનો પ્રારંભ થયો. અને મંગલ મુહુર્તે પ. પુ. ગુરૂદેવ આ. ભ. શ્રી ભુવનભાનુસુરિજી મ૦ના સુરિમંત્રના વાસક્ષેપ દ્વારા તપસ્વી મ૦ ને ગણિપદ પ્રદાન કરવામાં આવ્યું. ને બેન્ડના મધુર સ્વરો ગાજી ઉઠયા. જે સમગ્ર સંઘે જયનાદ સાથે વધાવી લીધા.

પ. પુ. આ. ભ. તેમજ નુતન ગણિવર વિગેરેને કામળી, ગુરૂપુજન પટ વિ. ચઢાવા બોલવાની શરૂઆત થઇ. બોલીઓ ઝડપભેર વધવા લાગી. નુતન ગણિવરના સબંધીઓએ તેમજ દાવણગિરિના સંઘના ભાગ્યશાળીઓ પદ્મા ટ્રેડર્સ વિ. એ સુંદર લાભ લીધો. ત્યારબાદ બેંગ્લોર નિવાસી જતિનભાઇ, નાસિકના રસિકભાઇ, અત્રેના પ્રમુખ જેઠમલજી વિ. ના સુંદર વક્તવ્યો થયા. પદવી પ્રસંગે પુ. દેવેન્દ્ર સાગર મ૦ આદિ મુનિ ભગવંતો તથા પ. પુ. નેમિસુરિજી મ૦ ના સમુદાયના સાધ્વી શ્રી વિમલયશાશ્રીજી વિ. પણ આવી પહોંચ્યાં હતા. ભદ્રાવતી સંઘે પુ. આ. ભ. ને અંજનશલાકા પ્રતિષ્ઠા પ્રસંગે પધારવા માટે વિનંતી કરી. બપોરે વિજયમુહુર્તે મંદિરમાં પ્રાસાદ દેવીની પ્રતિષ્ઠા થઇ. અને ત્યારબાદ ભક્તામર પુજનની શરૂઆત થઇ.... નૌકામાં બેસીને પ્રભુ ભવસાગર પાર કરાવતા હોય એવા મનોરમ દશ્યને સાકાર બનાવતી ભવ્ય અંગરચના થઇ.

પો. વ. ૨ ના તપસ્વી ગણિવર મહાત્માને ૧૦૭મ ઓળીનું પારણું હતુ તે નિમિત્તે ઉછામણી લેનાર ભાગ્યશાળી પદ્મા ટ્રેડર્સવાળાને ત્યાં તથા તેમના સંબંધીઓને ત્યાં ચતુર્વિધ સંઘના પગલાં થયાં. પારણાં નિમિત્તે આયંબિલ વિ. ના અભિગ્રહો થયાં. બપોરે વિજય મુહુર્તે સિદ્ધચક્ર પુજનની શરૂઆત થઇ.

પદવી પ્રસંગે મુંબઇથી પ્રસિદ્ધ સંગીતકાર હસમુખ દેવાન (છોટે રાહી) તેમજ સ્થાનિક મંડળોએ પ્રભુભક્તિમાં તલ્લિન કર્યા હતા. વિધિકાર તરીકે પાઠશાળાના અધ્યાપક નવિનભાઇ શાહે સુંદર ભક્તિ કરી હતી. રોજ જુદી જુદી પ્રભાવનાઓ તેમજ પદવી પ્રસંગે નુતન ગણિવરના સંબધીઓ તરફથી સંઘપુજન થયેલ. પાઠશાળા વિ. માં સારી એવી રકમ ભેટ આપવામાં આવી....સંઘના ટ્રસ્ટીઓ-કાર્યકરો વિગેરેએ સુંદર આયોજન તેમજ મહેમાનોની સુંદર વ્યવસ્થા કરી.

દાવણગિરિમાં સ્થિરતા કરવા માટે સંઘનો અતિ આગ્રહ હોવા છતાં ભદ્રાવતીમાં અંજનશલાકા પ્રસંગે પુજ્યશ્રીની ઉપસ્થિતી જરૂરી હોવાથી પુ. આ. ભ. આદિનો પોષ વદ ૨ ની સાંજે ભદ્રાવતી તરફ વિહાર થયો. વિશાળ સંખ્યામાં સંઘના ભાઇઓ-બહેનો હાજર હતા. સહુની આંખમાં આંસુ હતા. ૩ કિ.મી. દાદાવાડી સુધી આખો સંઘ વળાવવા પાછળ-પાછળ આવેલો...

આ રીતે દાવણગિરિ સંઘમાં ગણીપદવીનો પ્રસંગ ભવ્ય રીતે ઉજવાયો અને શાસનનો જય-જયકાર થયો......

અઢીય દ્વીપમાં એ સમો, તીર્થ નહી ફળદાય; કલિયુગ કલ્પતરુ લહી, મુક્તાફળશું વધાય.

પૂ. ગણિવર્યશ્રી યશોવિજયજી મ. સા. આદિનું કાંદિવલી–મુંબઈમાં યશસ્વી ચાતુર્માસ અને ભવ્યાતિભવ્ય પંન્યાસપદ પ્રદાન મહોત્સવ

સૌરાષ્ટ્ર કેશરી પ. પુ. આ. ભ. શ્રી વિજયભુવનરત્નસુરીશ્વરજી મ૦ સા૦ ના શિષ્યરત્ન મધુરવક્તા પ. પુ. ગણિવર્ય શ્રી યશોવિજયજી મ૦ સા૦ એવં પુ. મુનિરાજ શ્રી દિવ્યયશવિજયજી મ૦સા૦ આદિ ઠાણા અમારા શ્રીસંઘની આગ્રહભરી વિનંતી સ્વીકારીને કાંદિવલી મહાવીરનગરમાં પધાર્યા.

પુજ્યશ્રીનો જ્યારથી ચાતુર્માસ પ્રવેશ થયો ત્યારથી અમારા શ્રી સંઘમાં ચોથા આરા જેવું વાતાવરણ વર્તાઈ રહ્યું હતું. પુજ્યશ્રીની વાણીમાં તેમના પુજ્ય ગુરૂદેવ સૌરાષ્ટ્ર કેશરી જેવી મધુરતા હોવાથી વ્યાખ્યાનમાં હજારોની સંખ્યા ઉમટી પડતી હતી. ઉપાશ્રયનો વ્યાખ્યાન મંડપ સાંકડો પડવા લાગ્યો. તેથી નુતન જિનમંદિરના વિશાળ કંપાઉન્ડમાં વિશાળ મંડપ ઉભો કરવામાં આવ્યો અને રોજીંદા પ્રવચનો તે મંડપમાં થતા.

પર્વાધિરાજ શ્રી પર્યુષણ પર્વની આરાધના પણ ખુબ ઉત્સાહ પુર્વક થઈ હતી. સંવત્સરી પર્વના દિવસે વ્યાખ્યાન દરમ્યાન સકલ સંઘે ઉભા થઈ પુજ્ય ગણિવર્યશ્રીને વિનંતી કરી કે આપશ્રીને પંન્યાસ પદવીઆપવાની અમારા શ્રીસંઘની ભાવના છે, તે ટાઈમે મુલુંડ સંઘના પ્રમુખ તથા અન્ય ટ્રસ્ટીગણે વિનંતી કરી કે આપશ્રીની ગણિપદવી પાંચ વર્ષ પહેલા આપના ગુરૂદેવના વરદ હસ્તે મુલુંડમાં થઈ હતી તો પંન્યાસ પદવી ઉજવવાનો લાભ પણ અમને મળવો જોઈએ. પુજ્યશ્રીએ અમારા શ્રીસંઘની વિનંતીનો સ્વીકાર કર્યો અને અમારા શ્રીસંઘે સં. ૨૦૪૫નાં કા. વદ ૯ થી મા. શુદ ૩ સુધીનો પંન્યાસ પદવી નિમિત્તે એકાદશાન્હિકા મહોત્સવ ઉજવવાનો શુભ નિર્ણય કર્યો. શ્રી સિદ્ધચક્રપુજન, શ્રી ભક્તામરપુજન, શ્રી વિશસ્થાનકપુજન, શ્રી ઋષિમંડલપુજન, શ્રી બૃહદ્ અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર સહ શ્રી એકાદશાન્હિકા મહોત્સવ ઉલ્લાસપુર્વક ઉજવાયો હતો.

પુજ્ય ગણિવર્યશ્રીને પંન્યાસપદવી શાસન પ્રભાવક પ્રસિદ્ધવક્તા પ. પુ. આ. ભ. શ્રી યશોભદ્રસુરીશ્વરજી મ૦ સા૦ના વરદ હસ્તે માગશર શુદ–૨ ને રવિવાર તા. ૧૧-૧૨-૮૮નાં શુભ દિને હજારોની માનવ મેદની વચ્ચે ધામધુમપુર્વક ઉત્સાહથી ઉજવવામાં આવેલ. પદવી પછી સ્વામીવાત્સલ્ય કાંદિવલીમાં વસતા શ્રી ઘોઘારી વિશાશ્રીમાળી જૈન મિત્ર મંડળ તરફથી રાખેલ. તેમાં ૧૦,૦૦૦ ભાવિકોએ લાભ લીધો હતો. પદવીનો પ્રસંગ કાંદિવલીમાં પ્રથમવાર હોવાથી ભાવીકોના હૃદયમાં આનંદની છોળો ઉછળતી હતી. આ પદવી પ્રસંગે અમદાવાદ, નાગપુર, હૈદ્રાબાદ, પુના અમરેલી, જુનાગઢ, રાજકોટ, ભાવનગર, ઉંમરગામ, બીલીમોરા, પીરપુર, કટક, વડોદરા, મોરબી, ધ્રાંગધ્રા, સુરેન્દ્રનગર વગેરે ગામોથી તેમજ મુંબઈના પરા વિસ્તાર વાલકેશ્વર, પાયધુની પ્રાર્થના-સમાજ, માટુંગા, મુલુંડ, ઈર્લા, અંધેરી, પાર્લા, બોરીવલી, ઘાટકોપર, વિક્રોલી, મલાડ, શાંતાક્રુઝ, જુહુ વગેરે પરામાંથી ભાવીકો પધાર્યા હતા.

પદવી પ્રસંગે પુજ્ય આચાર્ય ભગવંતોના શુભાશિષોના તાર–સંદેશાઓ આવ્યા હતા. પુ. આ. શ્રી સ્વયંપ્રભસુરીશ્વરજી મ૦ સા૦, પુ. આ. શ્રી યશોદેવસુરીશ્વરજી મ૦સા૦, પુ. આ. શ્રી હે[illegible]સુરીશ્વરજી મ૦સા, પુ. આ. શ્રી હેમચંદ્રસુરીશ્વરજી મ૦સા, તથા પુ. આ. શ્રી જ્ઞાનંદસુરી મ૦સા, પુ. આ. ભ. શ્રી ચંદ્રોદયસુરીશ્વરજી મ૦સા૦, પુ. આ ભ. શ્રી સુબોધસાગરસુરીશ્વરજી મ૦સા૦, પ. પુ. આ. શ્રી વિશાલસેનસુરીશ્વરજી મ૦સા૦, પુ. આ. શ્રી દુર્લભસાગરસુરીશ્વરજી મ૦ સા૦, પ. પુ આ શ્રી મનોહરકિર્તીસાગરસુરીશ્વરજી મ૦સા૦, પુ. આ. શ્રી લબ્ધીસુરીશ્વરજી મ૦સા૦ના સમુદાયના પુ. આ.શ્રી [illegible]ચંદ્રસુરીશ્વરજી મ૦સા૦, પુ. આ. શ્રી ભુવનભાનુસુરીશ્વરજી મ૦સા૦ના સમુદાયના પુ. આ. શ્રી હેમચંદ્રસુરીશ્વરજી તથા પુ. આ. શ્રી વિજયદક્ષસુરીશ્વરજી મ૦સા૦, પુ આ. શ્રી દર્શનસાગરસુરીશ્વરજી મ૦સા૦, પુ. આ શ્રી નિત્યોદયસાગરસુરીશ્વરજી મ૦સા૦, પુ. પં. શ્રી શીલચંદ્રવિજયજી મ૦સા૦ આદિના શુભાશિષો આવ્યા હતા. તેમજ અનેક સંઘો તથા ટ્રસ્ટો, તથા ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી અમરસિંહ ચૌધરી, ગુજરાતના નાણામંત્રી શ્રી અરવિંદભાઈ સંઘવી, મહારાષ્ટ્ર રાજયના આરોગ્યમંત્રી શ્રી જવાહરલાલજી દરડા, ભારતના ભુતપુર્વ વડાપ્રધાન શ્રી મોરારજી દેશાઈ, મુંબઈના મેયર શ્રી ચંદ્રકાન્ત પડવળ, સંસદસભ્ય શ્રી અનોપચંદ શાહ વગેરેના શુભસંદેશાઓ આવ્યા હતા.

પુજ્ય આચાર્ય ભગવંત શ્રી સૌરાષ્ટ્રકેશરી આ. ભ. શ્રી વિજયભુવનરત્નસુરીશ્વરજી મ૦સાના નામને પ. પુ. ગણિવર્યશ્રી યશોવિજયજી મ૦સા૦ ખુબ દિપાવી રહયા છે અને હજી પણ દિપાવશે તેવા ઉદ્ગારો કાંદિવલી સંઘના પ્રમુખશ્રી બાબુભાઈએ ઉચ્ચારેલ.

પ. પુ. ગચ્છાધિપતી ગણિવર્યશ્રી મુળચંદજી મહારાજની ૧૦૦મી સ્વર્ગસ્થ (શતાબ્દી) નિમિત્તે કાંદિવલીથી થાણા તીર્થનો છ'રી પાળતો સંઘ પુ. નુતન પંન્યાસશ્રી યશોવિજયજી મ૦સા૦ આદિની પાવન નિશ્રામાં માગશર વદ ૬ ગુરૂવારના શુભ દિને નિકળ્યો હતો. શ્રીસંઘ સાથે વિદાય લેતા પુજ્યશ્રીને વળાવવા સવારે ૬–૦૦ વાગે હજારોની સંખ્યામાં માનવ મહેરામણ ઉપસ્થિત હતો. કાંદિવલીથી છ'રી પાળતો સંઘ પ્રથમવાર નીકળી રહયો હોવાથી દરેકના હૃદયમાં ઉત્સાહ અપુર્વ હતો. પુજ્ય પંન્યાસશ્રીની નિશ્રામાં પણ પ્રથમવાર સંઘ નીકળ્યો હતો. પુજ્યશ્રીએ કાંદિવલી, શંકરલેનના નાકે જ્યારે માંગલીક તથા વિદાય

શેત્રુંજી નદી નાહીને, મુખ બાંધી મુખકોશ; દેવયુગાદી પૂજીએ, આણી મન સંતોષ.

પ્રવચન સંભ[illegible]ાવ્યું ત્યારે શ્રોતાજનોની આંખોમાં અશ્રુજળનો પ્રવાહ વહેવા લાગ્યો હતો. જેઓ ક્યારેય જિનમંદિર-ઉપાશ્રયમાં જતા ન હતા. તેવા આત્મા[illegible]ા પણ આ ચાતુર્માસમાં પુજ્યશ્રીની વાણીના રંગે રંગાયા હતા. પંન્યાસ[illegible]દવી બાદ પુ.શ્રીએ કાંદિવલી, શંકરગલ્લીમાં વસતા ૮૫૦ શ્રાવકોના ઘરે [illegible]ગલા કર્યા હતા. જે કાંદિવલીના ઇતિહાસમાં પ્રથમવાર બન્યું છે. [illegible]દિવલીના આબાળ ગોપાલ દરેકના હૃદય પુજ્યશ્રીએ જીતી લીધા [illegible]

સંઘનો [illegible]થમ મુકામ ગોરેગાંવ રાખ્યો હતો. ત્યાં પુજ્યશ્રીએ પુજ્યપાદ ગચ્[illegible]ધિપતિ મુક્તચંદજી મહારાજના ગુણાનુવાદ કર્યા હતા. અને ૭ સંઘપુ[illegible]જનો થયા હતા તેમજ ગોરેગાંવ સંઘ તરફથી સંઘમાં સહયોગ આપ[illegible]ાર ભાગ્યવાનોનું બહુમાન કર્યું હતું. સંઘમાં સહયોગ આપનાર ભાગ[illegible]વાનો શેઠશ્રી અમૃતલાલ છગનલાલ શાહ ભદ્રાવળવાળ, અ. સૌ. જય[illegible]લિતાબહેન બીપીનચંદ્ર શાહ, શેઠશ્રી નવીનચંદ્ર ડાયાલાલ પાલનપુરવાળા, શેઠશ્રી બાબુલાલ નેમચંદ શાહ. મહેતા નટવરલાલ મણીલાલ, શેઠ[illegible]ી નાનકચંદભાઈ સુખલાલ શાહ ઓકુવાળા તથા શેઠશ્રી પોપટલાલ શા.[illegible] ગડકણવાળા.

બીજો મુક[illegible]મ વિક્રોલી (વેસ્ટ)માં થયો હતો. ત્યાંના શ્રીસંઘે છ'રી પાલીત સંઘનું [illegible]ભવ્ય સામૈયું કર્યું હતું. અને સંઘપુજન થયું હતું. તે ઉપરાં[illegible] બીજા ૫ સંઘપુજનો થયા હતા, વિક્રોલી (ઇસ્ટ)માં શ્રી સંભવનાથ પ્રભુનું ભવ્ય જિનમંદિરનિર્માણ થઈ રહ્યું છે. જેનો શીલા સ્થાપન [illegible]વિધિ પુજ્ય આ. ભ. શ્રી વિજયભુવનરત્નસુરીશ્વરજી મ૦સા૦ની પાવ[illegible] નિશ્રામાં ૬ વર્ષ પહેલાં થઈ હતી. તેથી ત્યાંના સંઘના આગેવા[illegible]ોએ પુજ્યશ્રીને વિનંતી કરી કે આપશ્રી સકલ સંઘ સાથે અમારા આ[illegible]ંગણે પગલા કરો. તેમની વિનંતી સ્વીકારી સકલ સંઘ સાથે પુજ્યશ્રી [illegible]ાં પધાર્યા અને શ્રીસંઘે સંઘ પુજન કર્યું અને પુજ્ય પંન્યાસશ્રીએ વિક્રોલી સંઘને શુભાશિષ આપ્યા કે શ્રીસંઘ જિનમંદિરનું કા[illegible]ર્ય વહેલી તકે પુર્ણ કરે અને પ્રતિષ્ઠાનું કાર્ય સારી રીતે ઉજવે. ત્યા[illegible]ર વિક્રોલી સંઘના આગેવાનોએ પુજ્યશ્રીને વિનંતી કરી કે આપશ્રી પ્રતિષ્ઠા પસંગ પધારો.

સંઘનો ત્રીજ[illegible] મુકામ મુલુંડમાં હતો. મુલુંડ શ્રીસંઘ ઉપર પુજ્ય પંન્યાસશ્રીના ગુ[illegible]રુદેવના અનેક ઉપકારો છે તેથી મુલુંડ સંઘમાં પુજ્યશ્રીના આ[illegible]ગમનથી આનંદ આનંદ છવાઇ ગયો હતો. છ'રી પાળતા શ્રીસંઘનું મુલુંડ શ્રીસંઘે ભવ્ય સામૈયું કર્યું હતું. સામૈયામાં મુલુંડમાં બિરાજ[illegible]માન પુજ્યપાદ આ. ભ. શ્રી હેમચંદ્રસુરીશ્વરજી મ૦ સા૦ આદિ ઠાણ[illegible] પધાર્યા હતા. બન્ને પુજ્યોના મિલનથી વાતાવરણ હૃદયંગમ બન્યુ [illegible]તું. વ્યાખ્યાન પુજ્ય આચાર્ય ભગવંતે તથા પુજ્ય પંન્યાસશ્રીએ સા[illegible] કર્યા હતા. ત્યારબાદ મુલુંડ સંઘ તરફથી સંઘ સહાયકોનું બહુમ[illegible]ાન થયું હતું. અને મુલુંડ સંઘના પ્રમુખશ્રી ટોકરશી ભાઈ તરફથી સ[illegible]ંઘપુજન થયું હતું. બીજા સંઘપુજનો પણ થયા હતા.

માગશર શુદી ૯ તા. ૧-૧-૮૯ને રવિવારના શુભ દિને જે ધ્યેયથી કાંદિવલીથી સકલ સંઘે પ્રયાણ કર્યું હતું તે કોકણ દેશના શત્રુંજય સમા શ્રી થાણા તીર્થમાં નિર્વિઘ્ને પહોંચ્યો. થાણા શ્રીસંઘે છ'રી પાળતા સંઘનું ભવ્ય સામૈયું કર્યું હતુ. સામૈયામાં પુજ્યપાદ આ. ભ. શ્રી અશોકચંદ્રસુરીશ્વરજી મ૦સાના સાધુ ભગવંતો પધાર્યા હતા. દેવાધિદેવશ્રી મુનિસુવ્રત સ્વામીના દર્શન થતાં દરેક યાત્રિકોના આનંદના સાગર હેલે ચઢ્યા હતા. સવારે ૯-૦૦કલાકે પુજ્ય આ. ભ. શ્રી અશોકચંદ્રસુરી મ૦સા૦ તથા પુજ્ય પંન્યાસશ્રીના સમુહ પ્રવચનો થયા. ત્યારબાદ કાંદિવલી મહાવીરનગર; શંકરલેન સંઘ તથા શ્રી થાણા સંઘ વતી પુજ્ય ગુરૂ ભગવંતોને કામળી વહોરાવામાં આવી તથા સંઘે અત્રે પધારેલા પુજ્ય સાધ્વીજી મહારાજોને પણ કામળી વહોરાવી હતી. તેમજ સંઘમાં સહાયક સદ્ગૃહસ્થ તરફથી દેવાધિદેવશ્રી મુનિસુવ્રત સ્વામીને સુવર્ણ હાર ચઢાવવામાં આવ્યો, ત્યારબાદ સંઘ સહાયકોનું હારતોરા વડે બહુમાન કરવામાં આવ્યું. બહુમાન સમયે ૫૦૦૦ (પાંચ હજાર) શ્રાવિકો ઉપસ્થિત હતા. શ્રી કાંદિવલી સંઘ વતી શ્રી કાંદિવલી વિતરાગ ભક્તિ મંડળના પ્રમુખશ્રીનું બહુમાન પત્ર દ્વારા કર્યું હતું. સંઘ આયોજનની તમામ વ્યવસ્થા શ્રી વિતરાગ ભક્તિ મંડળે સંભાળી હતી, તેમજ કાંદિવલી સંઘના પ્રમુખ બાબુભાઈ તેમજ કમીટી મેમ્બરોએ પણ ખુબ સુંદર સહયોગ આપ્યો.

વ્યાખ્યાન બાદ સકલ સંઘનું સ્વામીવાત્સલ્ય રાખ્યું હતુ તેમજ પંચકલ્યાણક પુજા ભણાવવામાં આવી હતી. શ્રી વિતરાગ ભક્તિ મંડળના સદસ્યો સંઘમાં હમેશા ભાવના કરતા હતા. અને ભક્તિરસ જમાવતા હતા.

સંઘ યાત્રા દરમ્યાન દરેક યત્રિકો સવાર-સાંજ પ્રતિક્રમણ, વ્યાખ્યાન શ્રવણ, સ્નાત્રપુજા ખુબ ઉમંગ પુર્વક કરતા હતા. પુજ્ય પંન્યાસશ્રી ગુરૂભગવંત સૌરાષ્ટ્ર કેશરીની શુભ નિશ્રામાં ૨૫ છ'રી પાળતા સંઘો નિકળ્યા હતા તે વારસાને પુજ્ય પંન્યાસશ્રીએ જાળવી રાખ્યો છે. તેથી જ તેમની નિશ્રામા છ'રી પાળતો સંઘ લઈ જવાની અમારી ભાવના જાગી. થાણાથી વિદાય લેવાના સમયે પુજશ્રીએ માંગલીક સંભળાવ્યું ત્યારે દરેક યાત્રિકોની આંખમાંથી અશ્રુજળનો પ્રવાહ વહેવા લાગ્યો હતો. તા. ૨-૧-૮૯ સોમવારે થાણામાં પાર્શ્વ-પદ્માવતી પુજન હોવાથી ત્યાં સ્થીરતા કરી હતી.

સંઘનું કાર્ય પુર્ણ થયા બાદ પુજ્ય પંન્યાસશ્રી મુલુંડ પધાર્યા હતા. મુલુંડમાં મોડર્ન ટાઉનમાં કટકવાળા મહેતા બાબુલાલ દામોદરદાસના બંગલે પધાર્યા હતા, અને બાબુભાઇએ સંઘ પુજન કર્યું હતું ત્યાં બે દિવસની સ્થીરતા બાદ તા. ૪-૧-૮૯ના રોજ દિક્ષીત ભુવનમાં મહુવાવાળા ભરતકુમાર તલકચંદ છાપાવાળાના ઘરે પધાર્યા હતા. ત્યાં સંઘ પુજન થએલ. તા. ૫-૧-૮૯ના મયુરી એપાર્ટમેન્ટમાં નવાગામ-વાળા હેમચંદભાઇ ગાંડાલાલ શાહને ત્યાં પધાર્યા, તા. ૬-૧-૮૯ના

ચોથે આરે એ થયા, સવિ મોટા ઉદ્ધાર; સુક્ષ્મ ઉદ્ધાર વચ્ચે થયા, કહેતાં નાવે પાર.

સવારે સત્રા. એપાર્ટમેન્ટમાં શિહોરવાળા નવીનચંદ્ર કુંવરજીના આંગણે પધાર્યા, ત્યાંથી સવારે ૮-૩૦ કલાકે મયુરપંખમાં જવાહર ટોકીઝવાળા એસ. પી. જૈનને ત્યાં પધાર્યા તેમણે સંઘ પુજન કર્યું હતું. પુજ્ય પંન્યાસ પ્રવશ્રીએ મુલુંડમાં આઠ દિવસની સ્થિરતા કરેલ. તે દરમ્યાન અમરેલીવાળા મુળચંદ રામજી શાહ, સોનગઢવાળા વસંતલાલ સોમચંદ મહેતા, ટાણાવાળા ડૉ. યોગેશભાઈ, જેસરવાળા ભરતકુમાર, કમળેજવાળા ભરતકુમાર કાંતિલાલ, સાવરકુંડલાવાળા કુંવરજી સોમચંદ દોશી, મોખડકાવાળા પંકજકુમાર કાંતિલાલ, સુરેન્દ્રનગરવાળા શરદકુમાર ધ્રુવ, દેપલાવાળા લલીતકુમાર શાંતીલાલ, શિહોરવાળા ઇન્દુભાઈ ત્રિભોવનદાસ, સાવરકુંડલાવાળા હસમુખરાય સામજીભાઈ દોશી વગેરે ગુરૂભક્તોએ પુજ્યશ્રીના પગલા કરી સંઘપુજનોના લાભ લીધા હતા. મુલુંડથી વિહાર કરીને પુજ્યશ્રી બોરીવલી કાર્ટરરોડ પધાર્યા હતા. ત્યાંથી બોરીવલી (વેસ્ટ) ગીતાંજલી ઉપાશ્રયે પધાર્યા, ત્યાં ત્રણ દિવસની સ્થીરતા દરમ્યાન કાંદિવલીના સંઘનો ભક્તવર્ગ વિશાલ સંખ્યામાં પુજ્યશ્રીના દર્શનાર્થે આવ્યા હતા અને ફરી પાછા કાંદિવલી પધારવા વિનંતી કરી. પરંતુ પુજ્યશ્રીએ જવાબ આપ્યો કે અત્યારે અમદાવાદ મુક્તિધામના કાર્ય માટે જવું પડે તેમ છે તેથી ફરી મુંબઇ આવવાનું થશે ત્યારે લાભ આપીશું.

પુજ્ય પંન્યાસશ્રી આદિ ઠાણાને મુંબઇ પ્રાર્થના સમાજ શ્રી ચંદ્રપ્રભુ દેરાસરજી ટ્રસ્ટના ટ્રસ્ટી ગણો કાંદિવલી પદવીના સમયે પ્રાર્થના સમાજ ચાતુર્માસ માટે વિનંતી કરવા પધાર્યા હતા. તેમજ બોરીવલી કાર્ટરરોડ વગેર સંઘોની આગમી ચતુર્માસ માટે વિનંતીઓ આવી હતી, પરંતુ પ્રાર્થના સમાજ સંઘના ટ્રસ્ટીગણોનો અત્યંત આગ્રહ હોવાથી પુજ્યશ્રીએ પ્રાર્થના સમાજ ચાતુર્માસથી જય બોલાવી હતી

પરમ પુજ્ય પંન્યાસ પ્રવર શ્રી યશોવિજયજી મ૦સા૦ આદિ ઠાણાની પાવન નિશ્રામાં પંન્યાસ પદવી બાદ શાસનપ્રભાવનાના અનેક કાર્યો ઉજવાવ લાગ્યા, ભાયંદર (ઇસ્ટ)માં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિન મંદિરમ ભગવતી શ્રી પદ્માવતી માતાની પ્રતિષ્ઠા પોષ શુદ ૧૨ ના શુભ દિને સાવરકુંડલાવાળા અ. સૌ. રંભાલક્ષ્મી હિંમતલાલ મોહનલાલ દોશી પરિવાર (હાલ અમેરીકા) તરફથી સવારે ૮-૩૧કલાકે કરવામાં આવેલ. તેમજ તેમના તરફથી સ્વામીવાત્સલ્ય રાખવામાં આવેલ જેનો ૧૦૦૦ ભાઈ-બહેનોએ લાભ લીધો હતો હિંમતભાઈ વર્ષોથી અમેરીકા રહે છે પરંતુ તેઓ પુજ્ય સૌરાષ્ટ્ર કેશરી પ. પુ. આ. ભ. શ્રી વિજયભુવનરત્નસુરીશ્વરજી મ૦સા૦ના સમાગમમાં હતા. તેથી પુજ્ય પંન્યાસશ્રીને વિનંતી કરી કે મારે પ્રતિષ્ઠાનો પ્રસંગ આપશ્રીની પાવન નિશ્રામાંજ ઉજવવો છે. તેથી પુજ્યશ્રી તેમની તથા સંઘની વિનંતિ સ્વીકારી ભાયંદર પધાર્યા હતા.

પુજ્યશ્રીએ પ્રતિષ્ઠા કરાવ્યા બાદ બપોરે ૩-૩૦ કલાકે ભાયંદરથી અમદાવાદ તરફ વિહાર કર્યો છે. મહા શુદ-૫ ના પુજ્યશ્રી અમદાવાદ થલતેજ મુક્તિધામ જૈન દેરાસર ઉપાશ્રયે પધાર્યા છે. હાલ વૈશાખ શુદ ૩ સુધી પ્રાયઃ સ્થિરતા કરનાર છે.

શુભેચ્છા—સંદેશ

મુંબઈ-કાંદીવલી(વેસ્ટ) શ્રી મહાવીરનગર શ્વેતાંબર મુર્તિપુજક જૈન સંઘના ઉપક્રમે પ. પુ. આચાર્યશ્રી યશોભદ્રસુરીશ્વરજી મ૦સા૦ના હસ્તે પુ. ગણીવર્ય શ્રી યશોવિજયજી મ૦સા૦ને પંન્યાસપદ પ્રદાન પ્રસંગે શ્રી એકાદશાન્હિકા મહોત્સવ તેમજ શ્રી થાણા તીર્થના છ'રી પાળતા સંઘ લઈ જવાનું આયોજન કરવામાં આવ્યું છે તે જાણી ઘણો આનંદ થયો.

જૈન સમુદાયના મહારાજ સાહેબોને ત્યાગી, તપસ્વી અને નિસ્પૃહી જીવન કાર્યથી સહુના હૃદયમાં પ્રેમાદરભર્યું સ્થાન પ્રાપ્ત કર્યું છે. પ. પુ. ગણીવર્ય શ્રી યશોવિજયજી મહારાજ સાહેબે તમામ સુખ-સમૃદ્ધિનો ત્યાગ કરી ગુરુ પ્રત્યે સમર્પણ કર્યું છે તે સકળ જૈન સંઘના માટે ધર્મવૃદ્ધિકારક બની રહેશે.

આ પંન્યાસ પદ પ્રદાન અને અન્ય મહોત્સવોના આયોજનની સફળતા માટે શુભકામના પાઠવું છુ.

(અમરસિંહ ચૌધરી)
મુખ્ય મંત્રી-ગુજરાત રાજ્ય

શુભેચ્છા—સંદેશ

શ્રી મહાવીરનગર શ્વે મુ. પુ. જૈન સંઘ મુંબઈ દ્વારા સૌરાષ્ટ્ર કેશરી પ. પુ આ: દેવ શ્રી વિજયભુવનરત્નસુરીશ્વરજી મ૦સા૦ના શિષ્યરત્ન પ પુ. ગણીવર્ય શ્રી યશોવિજયજી મ૦સા૦ને પંન્યાસપદ પ્રદાન, શ્રી એકાદશાન્હિકા મહોત્સવ તેમજ શ્રી થાણા તીર્થનો છ'રી પાળતો સંઘ લઇ જવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે તે જાણી ઘણો આનંદ અનુભવુ છું

સુપ્રસિદ્ધ પ્રવચનકાર શાસન પ્રભાવક પ. પુ. આચાર્યદેવ શ્રી વિજયયશોભદ્રસુરીશ્વરજી મ૦સા૦ના વરદ્ હસ્તે પ. પુ. ગણીવર્યશ્રીને પંન્યાસપદથી વિભુષિત કરવાનો મહોત્સવ તેમજ આ પ્રસંગેયો જાયેલ અન્ય ધાર્મિક કાર્યક્રમોની સફળતા માટે હાર્દિક મંગલ મનોકામના સાથે શુભેચ્છાઓ પાઠવું છું.

(અરવિંદ સંઘવી)
નાણામંત્રી-ગુજરાત રાજ્ય

સિદ્ધાચળ સિદ્ધિ વર્યા, ગૃહી મુનિલિંગે અનંત; આગે અનંતા સિધશે, પૂજો ભવિ ભગવંત.

અગવરી (રાજ.)મા દીક્ષા મહોત્સવની ઉજવણી

પુ૦ આચાર્યશ્રી જિતેન્દ્રસુરીશ્વરજી મ૦સા૦ અને પ. પુ. યુવાજાગૃતિ પ્રેરક આચાર્યશ્રી શ્રીમદ્ વિજયગુણરત્નસુરીશ્વરજી મ૦સા૦ની શુભ નિશ્રામાં સ્વ. ભુતમલજી લુમ્બાજીના સુપુત્ર કોલેજીયન યુવાન શ્રી મહેન્દ્રકુમાર (ઉ. વ. ૨૬)ની ભાગવતી દીક્ષા તા. ૨૯ ૧-૮૯ના રોજ સવારના વિવિધ પુજનો, ચૈત્ય પરિપાટી અને વર્ષીદાનના વરઘોડા પુર્વક ઉજવાઈ.

મુમુક્ષુ મહેન્દ્રકુમારે એફ. વાય. બી. કોમ સુધીનો અભ્યાસ પુર્ણ કર્યા બાદ તેમના જીવનમાં ભૌતિકવાદની ભયંકરતા, જીવનની ક્ષણભંગુરતા, સંયમની સારતાદિના વૈરાગ્યમય ઉપદેશોએ તેમના જીવનને વૈરાગ્યમય બનાવી દીધુ. પુ. આચાર્ય ભગવંતાદિના સતત સમાગમના પરિણામ સ્વરૂપ અને પુર્વજન્મના સત્કર્મોના ઉદયે તેમના જીવનમાં વૈરાગ્યનો દીપક પ્રજવલિત થયો. માતા લક્ષ્મીબાઈના સુસંસ્કારો અને ધર્મભાવનાએ તેમને વૈરાગ્ય તરફ આગળ વધવામાં મહત્વનો ભાગ ભજવ્યો. અને મુમુક્ષુ મહેન્દ્રકુમાર પુ. ગુરુદેવોના આશીર્વાદ સાથે મુમુક્ષુ જીવનના રાહે કદમ ઉપાડયા. અને મહારાજશ્રી ધર્મેશરત્નવિજયજી મ૦સા૦ના નુતન નામથી વિભુષીત થયા.

સંગમનેર (મહા.) :– પુ૦ આ૦ શ્રી ભુવનભાનુસુરિજી મ૦ સા૦ ના પ્રશિષ્ય મુનિશ્રી જગવલ્લભવિજયજી મ૦ સા૦ આદિની શુભ નિશ્રામાં અહમદનગરમાં કા. શુ. ૪ ના પુ૦ યશોદેવસુરિજી મ૦સા૦ની ૧૭મી સ્વર્ગારોહણ તિથિ ઉજવવામાં આવી. આ નિમિતે અહિંયા ભવ્ય શોભાયાત્રા, સંઘપુજનો અને ગુણાનુવાદ સભાનું આયોજન કરવામાં આવેલ.

કા. સુ. ૧૫ ના પુ૦ આચાર્યશ્રી હેમચંદ્રાચાર્યસુરિજી મ૦સા૦ની નવસોમી જન્મતિથિ નિમિત્તે ૭ સંઘપુજનો, ગૌતમ મહાપુજન તેમજ પરમેષ્ઠી મહાપુજન ભણાવવામાં આવેલ.

પુજ્યશ્રી આદિ અત્રે વિહાર કરી સંગમનેર પધાર્યા. પુ૦ પન્યાસ શ્રી ધનેશ્વરવિજયજી મ૦ સા૦ ની નિશ્રામાં પુ૦ મુનિશ્રી જગવલ્લભવિજયજી મ૦ સા૦એ ભગવતી સુત્રનાં જોગનો પ્રારંભ કરેલ. વૈશાખ સુદ ૬ના ગણીપદવી થનાર છે. મા. સુ. ૬ના ત્રણ ભાવિકો તરફથી ઉપધાનતપનો પ્રારંભ કરવામાં આવેલ. જેમાં ૫ નાના બાળકો, બે ડોકટરો, ૩૧ પુરુષો અને ૬૩ બહેનો આ આરાધનામાં જોડાયેલ. માળારોપણ મહોત્સવ, ૭ છોડનું ઉજમણું, નમસ્કાર મંત્ર પુજન, ૬૮ તીર્થપુજન, સિદ્ધચક્ર પુજન, અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર ભવ્ય વરઘોડા સહ ઉજવાયેલ.

કુ. પુનમ દિનેશ દંડ-ડોંબીવલી :– કુ. પુનમ (ઉ.વ. ૧૧) ભારત વિદ્યા ભવનમાંથી ભારત નાટયમની સેકેન્ડરીમાં પ્રથમ વર્ગમાં પાસ થયા છે. અભિનંદન.

સાંચોડી (રાજ.)માં દશાહ્નિકા મહોત્સવ

જૈન ધર્મ દિવાકર પુજ્ય આચાર્યદેવ શ્રીમદ્વિજયસુશીલસુરીશ્વરજી મ૦ સા૦ આદિ ઠાણા તથા પુજ્ય શ્રમણી ભગવંતોની શુભ નિશ્રામાં શ્રી મનમોહન પાર્શ્વનાથ જૈન દેરાસરમાં પ્રાચીન મુળનાયક પુરૂષાદાનીય શ્રી મનમોહન પાર્શ્વનાથ ભગવાન આદિ જિનબિમ્બોની મહામંગલકારી પ્રતિષ્ઠા નિમિત્તે શ્રી છપ્પન્ન દિગ્કુમારીકા સ્નાત્ર મહોત્સવ, શ્રી વમા માતા થાલ, શ્રી પાર્શ્વ-પદ્માવતી પુજન, શ્રી સિદ્ધચક્ર મહાપુજન, શ્રી બૃહદ્ અષ્ટોત્તરી સ્નાત્ર મહાપુજા સાથે પરમાત્મ ભક્તિ સ્વરૂપ દશાહ્નિકા જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ તા. ૧૦ થી ૧૯ ફેબ્રુઆરી ૧૯૮૯ સુધીનો દસ દિવસનો મહોત્સવ ઉજવવામાં આવનાર છે. પ્રતિષ્ઠા ૧૮ ફેબ્રુઆરી ૮૯ ના રોજ રાખવામાં આવી છે.

શ્રી કરેડા પાર્શ્વનાથજી તીર્થની

[રેલ્વે સ્ટેશન ભુપાલસાગર (જિ. ચિત્તોડગઢ, રાજસ્થાન)]

યાત્રાર્થે અવશ્ય પધારો

આ મંદિરનું નિર્માણ આચાર્ય ધર્મઘોષસુરિજી મ. ના ઉપદેશથી માંડવગઢના મહામંત્રી સંઘપતિ પેથડશાહ દ્વારા સં. ૧૩૨૧ માં કરવામાં આવ્યું અને તેના શિખર પર સાત ખંડનું ભવ્યમંદિર શ્રી પેથડશાહના પુત્ર ઝાંઝણકુમારે સં. ૧૩૪૦માં નિર્માણ કર્યું, જેનું સુકૃત સાગર તરંગ આઠમાં વર્ણન છે.

તેનો હાલમાં શ્રી શંખેશ્વર - ભોયણી તીર્થ દ્વારા રૂપિયા ૧૨,૫૦,૦૦૦/- ખર્ચ કરી જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે અને બાવન દેરીઓમાં શ્રી પાર્શ્વપ્રભુની પ્રતિમા વિભિન્ન તીર્થોના નામથી બિરાજમાન કરવામાં આવી છે. મુલનાયક ભગવાનની પ્રાચીન, અત્યંત મનોહારી, ચમત્કારી, શ્યામવર્ણીય પ્રતિમાજીના નિર્મલ ભાવથી દર્શન કરી પુણ્યોપાર્જન કરો.

અમદાવાદથી ઉદયપુર, ચિત્તોડ રેલ્વે માર્ગ પર ભુપાલસાગર નામના સ્ટેશનથી ૩ ફર્લાંગ દુર આ તીર્થ આવેલ છે. બસોની પણ સુવિધા ઉપલબ્ધ છે.

આ તીર્થની યાત્રા સાથે જ મેવાડની પંચ તીર્થીના દર્શનના પણ લાભ મળશે. આ તીર્થોમાં શ્રી દયાલશાહના કિલ્લા નામનું તીર્થ જે રાજસમન્દ-કંકરોલીની મધ્યમાં છે. લગભગ ૨૫૦ પગથિયાથી આ તીર્થ 'મેવાડ શેત્રુંજય' નામથી પણ પ્રસિદ્ધ છે.

આ બંને તીર્થો પર આધુનિક સુવિધાઓથી સુસજ્જિત વિશાલ ધર્મશાળા તથા ભોજનશાળાની સુવ્યવસ્થા છે.

લિ. કરેડા પાર્શ્વનાથ તીર્થ કમિટિ

ભુપાલસાગર (રાજસ્થાન) [ફોન નં. ૩૩]

નમિ વિનમિ વિદ્યાધરા, દોય કોડી મુનિરાય; સાથે સિદ્ધિ વધૂ વર્યા, શત્રુંજય સુપસાય

Regd. No. G. BV. 20
JAIN OFFICE : P. Box No. 175
BHAVNAGAR-364001 (Gujarat)
Tele. O. : C/o. 29919 R. 25869

જૈન

આજીવન સભ્ય ફી : રૂા. ૫૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૫૦/-
જાહેરાત એક પેજના : રૂા. ૭૦૦/-
સમાચાર પેજના : રૂા. ૫૦૦/-

સ્વ. તંત્રી : ગુલાબચંદ દેવચંદ શેઠ
તંત્રી-મુદ્રક-પ્રકાશક :
મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
જૈન ઓફીસ, પો.બો. નં. ૧૭૫, દાણાપીઠ, ભાવનગર.

'જૈન' વર્ષ ૮૬
અંક : ૮

વીર સં. ૨૫૧૫ : વિ સં. ૨૦૪૫ મહા વદ ૧૦
તા. ૩ માર્ચ ૧૯૮૯ શુક્રવાર
મુદ્રણ સ્થાન : શ્રી જૈન પ્રિન્ટરી
દાણાપીઠ પાછળ, ભાવનગર-૩૬૪ ૦૦૧

રાજધાની–દિલ્હીમાં મળેલ જૈન શ્વેતામ્બર કોન્ફરન્સનું ઐતિહાસિક

રજત મહોત્સવ અધિવેશન

ભારતની રાજધાની દિલ્હીમાં નુતન તીર્થ સ્વરૂપ શ્રી આત્મ વલ્લભ સ્મારક મંદિરના વિશાળ પ્રાંગણમાં જૈન સમાજની મહાસભા અખિલ ભારતીય જૈન શ્વેતામ્બર કોન્ફરન્સનું ૨૫મું રજત મહોત્સવ અધિવેશન વિ. સં ૨૦૪૫ના મહા સુદ ૩-૪, બુધ-ગુરૂવારના તા. ૮-૯ ફેબ્રુઆરી ૧૯૮૯ના યાદગાર રીતે મળી ગયું. ૮૭ વર્ષની સુદીર્ઘ કારકિર્દીમાં ૨૪માં અધિવેશન બાદ આ ૨૫મું અધિવેશન હોઈ, આ અધિવેશન રજત-અધિવેશન તરીકે ઐતિહાસિક બની ગયું.

દિલ્હીના શ્રી આત્મ વલ્લભ સંસ્કૃતિ મંદિર ટ્રસ્ટના આમંત્રણથી શ્રી વલ્લભ સ્મારકના સંકુલમાં તૈયાર થયેલ નુતન જિનાલયમાં બિરાજમાન કરવાના પ્રભુજીના અંજનશલાકા તથા પ્રતિષ્ઠા મહોત્સવ અને યુગવીર આચાર્ય શ્રી વિજયવલ્લભસુરિજી મ૰ સા૰ ની મુર્તિની સ્થાપના પ્રસંગે યોજાયેલ આ અધિવેશન જૈન સમાજ-સંઘના લોકલાડીલા, જીવદયા પ્રેમી, ઉદારદિલ દાતા, બેરીસ્ટર શ્રી દીપચંદભાઈ સવરાજ ગાર્ડીના પ્રમુખસ્થાને ભરાયેલ કોન્ફરન્સના આજસુધીમાં મળેલા અધિવેશનોમાં એકથી વધુ વખત પ્રમુખસ્થાને આવનારાઓમાં શેઠશ્રી કાંતિલાલ ઈશ્વરલાલ પ્રમુખ તરીકે બે વખત રહી ચુક્યા છે, જ્યારે શ્રી ગાર્ડી સાહેબ લોકચાહનાપુર્વક ત્રીજી વખત પ્રમુખ તરીકે વરણી પામ્યા છે. જે કોન્ફરન્સના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે લખાશે.

અધિવેશનની પહેલી બેઠક

તા. ૮-૨-૧૯૮૯ બુધવાર બપોરના ૩-૦૦ કલાકે

કોન્ફરન્સના ૨૫માં અધિવેશનનો પ્રારંભ બપોરના ત્રણ કલાકે વલ્લભ સ્મારકના મેઈન રોડ ઉપરથી પ્રમુખશ્રી ગાર્ડી સાહેબ, અતિથિવિશેષ શ્રી શ્રેણિકભાઈ શેઠ શણગારવામાં આવેલ ગજરાજની અંબાડી ઉપર, ઉદ્‌ઘાટકશ્રી અભયકુમાર ઓસવાલ, ડો. શ્રી એલ. એમ. સિંઘવીને બીજા ગજરાજ ઉપર બેસાડી, બેન્ડ-વાજા સાથે સ્વાગત સરઘસરૂપે દિલ્હી, પંજાબ, હરિયાણા, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર, ગુજરાત, મુંબઈ આદિ વિવિધ શહેરોએથી પધારેલ ભાવિક ભાઈ-બહેનોની વિશાળ ઉપસ્થિતિમાં વિનીતા નગરીના મંડપમાં પ્રવેશ કરાવવામાં આવેલ.

શ્રી વિજયવલ્લભ સ્મારક પટાંગણમાં ચંદરવા-ચાકળાથી સુશોભિત વિશાળ રંગમંડપ ઉંચો અને ભવ્ય રીતે ઉભો કરવામાં આવ્યો હતો. મંચની પાછળની પીઠીકામાં પરમપુજ્ય યુગવીર આચાર્યદેવશ્રી વિજયવલ્લભસુરીશ્વરજી મ૰ સા૰નું જીવન દર્શન કરાવતું ૧૦૦×૨૫ નું પટ્ટચિત્ર શ્રી સુમનભાઈ શાહ દ્વારા તૈયાર કરવામાં આવેલ. જેથી રંગમંચની શોભા અને પવિત્રતા અનેરી બની રહેલ. આ ભવ્ય રંગમંચ

ભક્તિભીનું દિલ્હી

ચાલો ભાઇ, દિલ્હી વલ્લભસ્મારક–પ્રતિષ્ઠા અધિવેશન પ્રસંગે ત્યાં મળશે આપણા પંજાબી સ્વામી ભાઇઓ કેવા ભલાં–ભોળા લાગે છે.

અને ભક્તિ તો એમના અંગે અંગમાંથી બોલ બોલમાંથી નીતરે છે.

તમે કંઇક માંગો, અને એ અડધા અડધા થઇ જવાના ! તમે કંઇ કહેવા જાઓ તો બે હાથ જોડીને મીઠી–મધુરી ભાષામાં જી. જી થી જવાબ આપવાના.

પંજાબનું શુરાતન અને જુસ્સો તો બહુ જાણીતા છે; પણ અહિં તો જોવા મળી ભક્તિ–વિનમ્રતા.

તમે જરા રાતા–પીળા થઇ જાઓ તો પણ એ તો અવસર સાચવી લેવાના અને તમારી ગરમી માટે તમને જ ભોઠપ લાગવાની

ઉપર પ્રમુખશ્રી દીપચંદભાઇ ગાર્ડી, ઉદ્ઘાટક શ્રી અભયકુમાર ઓસવાલ, અતિથિવિશેષ શ્રી શ્રેણિકભાઈ તથા ડૉ. શ્રી એલ.એમ. સિંઘવી આદિ વિશિષ્ટ મહાનુભાવોનું બેઈજ પહેરાવવા પુર્વક સન્માન કરયા બાદ શ્રી ધનરામભાઈના સ્વાગત ગીત અને પરમ પુજ્ય આત્મ-વલ્લભસુરિ સમુદાયના વર્તમાન ગચ્છાધિપતિ પુજ્ય આચાય દેવ શ્રી વિજયઈન્દ્રદિન્નસુરીશ્વરજી મ૦ સા૦ ના મંગલાચરણથી આ અધિ-વેશનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

ત્યારબાદ ભારતભરના શ્રીસંઘો–સંસ્થાઓને આ અધિવેશન અર્થે મોકલવામાં આવેલ સ્વાગતપત્રિકાનું શ્રી રાજકુમારજી જૈન (સ્વાગત મંત્રી) દ્વારા વાંચન તેમ જ કોન્ફરન્સના આ અધિવેશનની ભુમિકા સમજાવવામાં આવી હતી. તે ઉપરાંત ઉદ્ઘાટક શ્રી અભયકુમાર ઓસવાલનો સવિસ્તર પરિચય અપાયો હતો. ત્યારબાદ શ્રી ઓસ-વાલજીએ દિપક પ્રગટાવી અધિવેશન ખુલ્લુ મુકાયા બાદ પોતાનું પ્રવ-ચન સંભળાવ્યું હતું. (આ સારૂંયે પ્રવચન આગળ પ્રગટ કરાયું છે.)

આ ૨૫ મા અધિવેશન માટે નિમંત્રણ મળતાં નિર્ણય કરવા માટે કોન્ફરન્સની એક મીટીંગ બોલાવવામાં આવેલ. તેમાં શ્રી ગાર્ડી સાહેબે બીજી યોગ્ય વ્યક્તિને પ્રમુખ તરીકેની વરણી કરવા આગ્રહ રાખેલ, તે વાતની રજુઆત માનદમંત્રીશ્રી જયંતભાઇ એમ. શાહે કરતાં કહેલ કે જૈન સમાજના અગ્રેસર મહાનુભાવોએ ગાર્ડી સાહેબને જૈન સમાજના પુનઃ પ્રમુખ તરીકે ચાલુ રહેવા વિનંતી કરી હતી. ગાર્ડી સાહેબે અતી આગ્રહ, પ્રેમ–સદ્ભાવ અને લાગણી આગળ નમતું જોખી ત્રીજી વાર પ્રમુખપદ સ્વીકારતા આપણો સમાજ તેમની દીર્ઘ દૃષ્ટિ અને ઉદારતાનો લાભ વિશેષરૂપે મેળવશે તેવી આશા રાખીએ,

શ્રી ગાર્ડી સાહેબના પ્રમુખ સ્થાને આ ૨૫ માં રજત મહોત્સવ અધિવેશનનો પ્રારંભ ભારે આનંદ અને ઉત્સાહની લાગણી સાથે થયેલ.

આ પછી અધિવેશનના સ્વાગત પ્રમખશ્રી રામલાલ જૈને લાગણી ભીના સ્વરે પુજ્ય આચાર્યદેવશ્રી આદિ શ્રમણ–શ્રમણી ભગવંતો સાથે સર્વે આમંત્રિતોનું સ્વાગત કરતાં સ્વાગત પ્રવચન વાંચી જે અલગ આપવામાં આવ્યું છે.) સંભળાવ્યું હતું.

લોકચાહના અને ભાવનાથી સતત ત્રીજી વખત વરાયેલા પ્રમુખશ્રી દીપચંદભાઇ એસ. ગાર્ડીએ પોતાના પ્રવચનમાં જણાવેલ કે કોન્ફરન્સે સમાજના ઉત્કર્ષ માટે શું કર્યું એવો સવાલ પુછવામાં આવે છે. ત્યારે એટલું જ કહી શકાય કે, કોન્ફરન્સ દ્વારા એક, સાધર્મિક તેમજ અન્ય ક્ષેત્રે કામ કરેલ છે. તે ઉપર વિવિધ કાર્યોમાં જૈન એકતા જીર્ણોદ્ધાર, કેળવણી, તીર્થોના ઝગડા કે સરકારી પ્રશ્નો વખતે તેને ઉકેલવામાં કોન્ફરન્સ પ્રયત્નશીલ રહી છે.

બાકી તો માતૃસંસ્થા કોન્ફરન્સનો કાયાપલટ કરવા સમાજના કાર્ય-કર્તાઓને આદરપુર્વક નિવેદન છે કે કોન્ફરન્સ માટે મને અને મારા સહયોગી મિત્રોને આપનો વધુમાં વધુ સહયોગ તન, મન, અને ધનથી આપજો. જેથી સમાજની આ માતૃસંસ્થાને અનુરૂપ ગૌરવ પ્રાપ્ત કરે, તેમાં આપનો પુરો ફાળો આપજો. આ માટે હું આપ સૌને અનુરોધ

વલ્લભસ્મારક મંદિર–પ્રતિષ્ઠા મહોત્સવ

દિલ્હી ખાતે જૈન સંઘ માટે ગૌરવ અને વિશ્વને માટે આકર્ષક બની રહે તેવું વિજયવલ્લભ સ્મારક મંદિરની પ્રતિષ્ઠા પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજયઇન્દ્રદિનસૂરીશ્વરજી મહારાજ-શ્રીની શુભ નિશ્રામાં ભવ્ય અને યાદગાર મહોત્સવ ઉજવાયેલો તેનો વિસ્તુત અહેવાલ "જૈન" ના હવે પછીના અંકમાં આપવામાં આવશે.

કોન્ફરન્સના ઠરાવોનો સ્વીકાર અને અમલ એટલે ભારતભરના શ્રીસંઘોનું સક્રિયપણું.

શક્તિનો અખુટ ખજાનો

લોકપ્રિય અને જશ કર્મી રાજકુમાર જૈન; ઘડીકનીય ફુરસત ન મળે, તન, મન, અને ધનથી કેટલું કામ ખેંચે છે! થાક અને કંટાળો તે જાણે એની પાસે ફરકતા પણ નથી. કામ, કામ ને કામ જાણે શક્તિનો અખૂટ ખજાનો! ભગવાને એને સેવાની ભાવનાની ભેટ આપી છે. વલ્લભસ્મારકના સર્જન અને કોન્ફરન્સના આ બીજા અધિવેશનને પણ સફળ બનાવવાનું બીડું ઝડપીને એમણે ઊંઘ, આરામ અને કામને વીસરીને કેઠ બાંધીને કેટકેટલાને કામે લગાવ્યા છે. એ છે વલ્લભસ્મારકનો-અધિવેશનનો આત્મા, આત્મા ઊંઘે તો કામ કેમ ચાલે! દિવસે કે રાત્રે-મધ્યરાત્રે પણ તેમને કામ-પ્રવૃત્તિમય જોઈ આપણા સહુના આદરપાત્ર શ્રી રાજકુમારજી જૈન.

કરું છું કે કોઈપણ જાતના સંકોચ વિના, કોઈપણ જાતના ક્ષોભ વિના, આપ આપની સલાહ-સુચના અમને નક્કી આપશો. હું આપને વિશ્વાસ આપું છું કે આપની પ્રતિક્રિયા મારે માટે ઘણી મુલ્યવાન બનશે. આપને જે કહેવાનું હોય તે આપના આ સેવક સુધી પહોંચાડશો.

કોન્ફરન્સના વર્તમાન મંત્રીશ્રી જયંતભાઈ એમ. શાહ, શ્રી ચંદ્રકાંતભાઈ દોશી, શ્રી રાજકુમારજી જૈન, અને શ્રી એમ. કે. નીસર સંયુક્ત મંત્રીશ્રીઓનું નિવેદન :- કોન્ફરન્સને છેલ્લા ૨૦ વર્ષથી મહામંત્રી તરીકે સેવા બજાવી રહેલ શ્રી જયંતભાઈ એમ. શાહે પરમ પુજ્ય આચાર્યદેવશ્રી વિજયઈન્દ્રદિન્નસુરીશ્વરજી મહારાજે મંગલાચરણ બાદ પોતાના પ્રવચનમાં વલ્લભ સ્મારક તથા કોન્ફરન્સને સમયોચીત ટકોર કરતાં જણાવેલ કે સમાજના સર્વાંગીણ સમ્યક્ ઉત્કર્ષ સાધવામાં યશસ્વી સફળતા મળે તેવા આશીર્વાદ આપ્યા હતા. (જે પ્રવચન અત્રે અલગ રજુ કરાયું છે.) કોન્ફરન્સ દ્વારા થયેલ અને જૈન સમાજ માટે પ્રાણપ્રશ્ન રૂપ બની રહેલ દસ વર્ષની પ્રવૃતિ, મહત્વની કાર્યવાહીની તબક્કાવાર માહિતી રૂપ પ્રવચન રજુ કરેલ.

કોન્ફરન્સના ૨૫માં રજત મહોત્સવ અધિવેશનની શુભેચ્છા સફળતા અને માર્ગદર્શનરૂપ ભારતભરમાંથી આવેલા પુજ્ય શ્રમણ ભગવંતોના તથા કાર્યકરોના સંદેશાની યાદીનું મંત્રીશ્રી એમ. કે. નીસરે વાંચન દ્વારા માહિતી આપેલ.

ત્યારબાદ મંત્રીશ્રી જયંતભાઈએ વિષય વિચારણી સમિતિની કાર્યવાહી તથા તે અંગેની મીટીંગની માહિતી આપેલ.

અધિવેશનની પહેલી બેઠક પુરી થયા બાદ સાંજના સાત વાગે ઠરાવો ઘડનાર પેટા સમિતિની બેઠક મળી હતી, જે રાતના ૮ વાગતા સુધી ચાલુ રહી હતી. બાદ રાતના ૯ વાગતા વિષય વિચારણી સમિતિ મળી હતી, જેમાં રાતના બાર વાગતા સુધી સમાજના કેળવણી, સામાજિક, સાંસ્કૃતિક, પારંભિક રૂપરેખા વિચારી આગલી બેઠકમાં રજુ કરવાના કેટલાંક ઠરાવોને આખરી રૂપ આપવામાં આવેલ.

વિષય વિચારણી સમિતિ

કોન્ફરન્સના ૨૫માં દિલ્લી અધિવેશનની તારીખો જાહેર થયા પછી કોન્ફરન્સ ઉપર આવેલ ઠરાવોને લગતા સંખ્યાબંધ સુચનો જુદા જુદા સ્થળેથી આવ્યા હતા. તે ઉપરથી કોન્ફરન્સ કાર્યાલયના મંત્રીશ્રી નગીનદાસ જે. શાહ 'વાવડીકરે' ઠરાવ અંગેના ખરડા તૈયાર કરેલ. તે ખરડાને આખરીરૂપ આપવા માટે તા. ૮ મી ના રાત્રે નવથી બાર વાગ્યા સુધી ભારતભરના વિવિધ સ્થાનોએથી પધારેલ ૬૫ સભ્યોની વિષય વિચારણી સમિતિ મળેલ. જેનું પ્રમુખસ્થાન શ્રી ગાર્ડી સાહેબે સંભાળ્યું હતું.

શ્રી રાજકુમારજી જૈને કોન્ફરન્સને પ્રાણવાન બનાવવા અને સમાજ માટે વર્તમાન સમયને ઉપયોગી થઈ શકે તેવા મુદ્દાસરના જ ઠરાવો કરવાની અને લાંબા લાંબા ઠરાવોની હારમાળા કરવાથી અળગા રહેવાની તકેદારી રાખવા જણાવેલ. જેથી ઠરાવોની સંખ્યામાં તો બહુ ઘટાડો ન થઈ શક્યો, પણ ઠરાવોની ભાષા અને એના ભાવો એ રીતે ઘડાયા કે જેથી સૌને એ બાબતનો તો સચોટ ખ્યાલ આવી જ ગયો કે આપણે કેવળ નામના ઠરાવો ઘડીને આનંદિત થવાનું નથી, પરંતુ આપણી નિષ્ક્રિયતાને ખંખેરી નાખીને એ ઠરાવોને અમલીરૂપ

સંપ જ સમાજમાં સંપત્તિનો વધારો કરે છે. સમાજમાં સંપ ન હોય તો, અંદરોઅંદર કજિયા, મનભેદ, મતભેદ, અને સંઘર્ષના કારણે સમાજની ઉન્નતિના કેટલાય મહત્વના કામો અટકી પડે છે. સંપ ન હોવાના કારણે સમાજના સભ્યોની શક્તિ વેરવિખેર થઇ જાય છે. અને જ્યાં શક્તિનો ઉપયોગ સારા કામોમાં થવો જોઇએ, ત્યાં એનો ઉપયોગ નથી થતો અને નકામા કામોમાં થાય છે. એટલા માટે સમાજના ઉદ્ધારના કામમાં સંપ એક મહત્વની કડી છે.

— આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી

સંસ્થાઓ ચલાવવા ધગશ, સમયનો ભોગ આપી શકે તેવા કાર્યકરોની જરૂર છે. એકલા પ્રમુખ-મંત્રીઓથી આ શક્ય નથી.

પ્રતિષ્ઠા મહોત્સવ સાથે કોન્ફરન્સનું અધિવેશન યોજવામાં આવ્યું તેથી કાંચન મણિના સંયોગની જેમ, આ બન્ને પ્રસંગો વિશેષ શોભાયમાન બન્યા છે. પ્રતિષ્ઠા મહોત્સવ સાથે કોન્ફરન્સનું અધિવેશન ભરાયું તેથી કોન્ફરન્સની શાન અનેક રીતે વધી ગઈ, અને આ પ્રસંગે કોન્ફરન્સનું અધિવેશન ભરાવાથી મુંબઇ અને ભારતના વિવિધ રાજ્યોમાંથી ધર્માનુરાગી ભાઈઓ બહેનો મોટી સંખ્યામાં પ્રતિષ્ઠા મહોત્સવમાં પણ ભાગ લઇને આ બન્ને પ્રસંગોને વિશેષ યાદગાર અને ગૌરવશાળી બનાવી શક્યા.

પણ આપી શકાય તે માટે જરૂર જણાય ત્યાં તે ઠરાવના અમલીકરણ માટે કમિટીઓ પણ ઠરાવમાં જ નિમવામાં આવે.

વિષય વિચારણા-સમિતિની ચર્ચા-વિચારણામાં મોટાભાગે જળવાયેલ ઉચ્ચારણ અને દરેક બાબતે મુદ્દાસર રીતે ચર્ચવાની જોવામાં આવે છે. સાથે જ આલ્હાદ ઉપજાવે એવી અને ભાવી પેઢીને આશા પ્રેરે એવા હતા. સૌ કોઈ જાણે સારું કરવાની તમન્ના લઇને અત્રે પધાર્યા હતા. રાત્રે બાર વાગ્યે પંદર ઠરાવોની સમજુતી બાદ આ સભા પુરી થયેલ.

અધિવેશનની બીજી બેઠક

વિજય વલ્લભ સ્મારક મંદિરની પ્રતિષ્ઠાના મહોત્સવની અંજનશલાકા મહોત્સવની સભા સવારના હોવાથી કોન્ફરન્સની બીજી બેઠક બપોરના ત્રણ વાગ્યે પછી કોન્ફરન્સના ખુલ્લા અધિવેશન રૂપે મળેલ.

પ્રથમ પરમ પુજ્ય આચાર્યદેવ શ્રી વિજયઇન્દ્રદિન્નસુરીશ્વરજી મહારાજ સાહેબે માંગલિક પ્રવચન આપેલ. તેમ જ પંન્યાસશ્રી નિત્યાનંદવિજયજી મહારાજે પણ માર્ગદર્શક પ્રવચન કરેલ.

ત્યારબાદ કોન્ફરન્સના મંત્રી શ્રી જયંતભાઈ એમ. શાહે વિષય વિચારણી સમિતિ દ્વારા થયેલ ચર્ચા-વિચારણાનો ખ્યાલ આપેલ. અને તૈયાર થયેલ ઠરાવોની રજુઆત કરવા જણાવેલ.

કોન્ફરન્સના આ ખુલ્લા અધિવેશનમાં વિષય વિચારણા સમિતિ દ્વારા તૈયાર થયેલ ૧૫ ઠરાવો રજુ કરવામાં આવેલ. જે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા હતા. આ ઠરાવો રજુ કરનાર વક્તાઓ તેમ જ એને ટેકો અને સમર્થન આપવા માટે નક્કી થયેલા વક્તાઓ ઉપરાંત પ્રમુખશ્રીએ સંખ્યાબંધ વક્તાઓને પોતાના વિચાર મુક્ત મને વ્યક્ત કરવાની તક આપીને સૌના દીલ જીતી લીધા હતા (બધા ઠરાવો **આજના અંકમાં પાના નં. ૯૭-૯૮-૯૯-૧૦૦ અને ૧૦૧ ઉપર** આપવામાં આવેલ છે.

કોઈપણ ગુણાનુરાગીનું હૈયું ભાવવિભોર બની આનંદથી ઉછળે એવા શુભ અને મંગળ પ્રસંગો ફેબ્રુઆરીના બીજા સપ્તાહની શરૂઆતના ત્રણ દિવસોમાં ભારતના પાટનગર દિલ્હીમાં સાનંદ સંપન્ન થયા છે.

આપણને શ્રી દીપચંદભાઇ ગાર્ડી જેવા શક્તિશાળી, દીર્ઘદૃષ્ટિ સમ્પન્ન પ્રમુખ મળ્યા છે. ત્યારે આપણે સૌ ખભે ખભા મિલાવીને કોન્ફરન્સને ગુંજતી અને ગૌરવવંતી બનાવીએ.

અધિવેશન દરમ્યાન પ્રમુખશ્રીએ જે શાંતિ, ધીરજ, ખેલદિલી, દીર્ઘદૃષ્ટિ અને સમજાવટપુર્વક સભાનું સંચાલન કર્યું હતું તે એમનામાં રહેલ બેરીસ્ટર તરીકેની કાર્યદક્ષતાનુ સુચક હતુ અને સમાજ સેવકની ધગશ અને જાહેર કાર્યકરની ધીરજ પણ ગાર્ડી સાહેબમાં દર્શાતી હતી.

પુર્ણાહુતિના પ્રવચનો દરમ્યાન પ્રમુખશ્રી ગાર્ડી સાહેબે **કોન્ફરન્સને તથા પોતાને સહકાર આપવા બદલ પરમ પુજ્ય આચાર્યદેવશ્રી વિજયઇન્દ્રદિન્નસુરીશ્વરજી મ૦ સા૦,** પુજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતો આદિને વંદન તથા આટલી બધી ઉત્તમ પ્રકારની જંગલમાં મંગલ સમાન ઉભુ કરીને વ્યવસ્થા જાળવવા બદલ દિલ્હી-પંજાબના તથા વિજયવલ્લભ સ્મારકના દરેકે દરેક કાર્યકર ભાઈ-બહેનોના આપણે આભારી છીએ. એવું ગદ્દગદિત સ્વરમાં જણાવ્યું.

શ્રી ગાર્ડી સાહેબની ગુરુ પ્રત્યેની ભાવના-ધગશ અને કાર્યની સુઝ આપણા માટે કાયમી સ્મરણીય બની રહેશે. તેમજ પ્રેમભર્યું આતિથ્ય ને સાથે મળીને કાર્ય કરવાની ભાવનાને અંતરની અંજલિ પ્રમુખશ્રીએ અર્પણ કરેલ.

દેવ-ગુરુ-ધર્મની ભક્તિમાં શ્રી સંઘો, આગેવાનો, કાર્યકરો દાનવીરો કેવું આગળ પડતું સ્થાન ધરાવે છે અને એ ભક્તિથી પ્રેરાઈને તેઓ તન, મન, ધનથી ઉત્સાહ અને ઉમંગપૂર્વક, કેવા મોટા અને મુશ્કેલ કામો કરે છે એ એમની સાધર્મિક સેવાની ભાવના, વિનય-વિવેક શીલતા અને વિનમ્રતા કેવી આદર્શ-અનુકરણીય છે. તે આવા પ્રસંગોએ જ જોવા મળે છે.

આર્થિક સહાય કે લોન આપવા જૈન સોશ્યલ ગૃપ દ્વારા ચાલુ થયેલી સ્કીમમાં કોન્ફરન્સે એક સેવક તરીકે સહયોગ આપેલ છે.

શ્રી આત્મ-વલ્લભ સમુદાયના વર્તમાન ગચ્છાધિપતિ-પરમાર ક્ષત્રિય ઉદ્ધારક આચાર્યદેવશ્રી વિજયઇન્દ્રદિનસૂરીશ્વરજી મ. સા. નું મંગલ આશીર્વાદરૂપ સમયોચિત પ્રવચન.



આજનો દિવસ શુભ છે કે જ્યારે સદ્ગત પરમ પૂજ્ય ગુરૂ મહારાજ આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબની સ્મૃતિમાં શ્રી આત્મ-વલ્લભ સ્મારક દ્વારા વિશ્વભરમાં પ્રેરણા અને ભાવનાને અભિવૃદ્ધિ કરે તેવું સ્મારક તૈયાર થયેલું આપણે જોઈએ છીએ. આ નવનિર્માણ થયેલ વલ્લભસ્મારક પૂજ્યશ્રીના નામ અને કામ રૂપ આદર્શોને જીવંત રાખશે-વહેતા રાખશે. કોન્ફરન્સ પ્રત્યે પણ યુગવીર આચાર્યદેવશ્રીને વિશેષ મમતા હતી. અને તેથી જ તે જૈન સમાજની માતૃસંસ્થા તરીકે જણાવતા. કોન્ફરન્સના વિકાસ અને વિસ્તારમાં એ પંજાબકેસરી આચાર્યશ્રીએ સમયે સમયે માર્ગદર્શન આપી રાહ ચીંધેલ છે. કોન્ફરસ્સના અધિવેશનો દ્વારા સમાજના નાના-મોટા પ્રશ્નો વિચારી સમાજ પ્રગતિ સાધે અને હરેક વર્ગનું તેમાં કલ્યાણ થાય તેવું વિચારશો. તો આ અધિવેશન સફળ થશે. જૈન સમાજની કોઈપણ વ્યક્તિ રોટી, કપડા, તથા મકાન વગર ન રહે તે માટે વિચારી તેને કોન્ફરન્સના અધિવેશનમાં સંકલ્પ કરી કાર્ય કરે. સમાજ ઉત્કર્ષના કામો ત્યારે જ થઈ શકે, જ્યારે આપણા ધનાઢયો પરિગ્રહ ઉપરની મુર્છા ઓછી કરીને ઉદારતાપૂર્વક પોતાના ધનનો ઉપયોગ કરે.

અખિલ ભારતીય જૈન શ્વેતાંબર રજત-જયંતીના અધિવેશન પ્રસંગે ઉદ્ઘાટન પ્રવચન કરી રહેલા શ્રી અભયરાજજી ઓસવાલ

મહાન કર્મયોગી, તપસ્વી આચાર્યશ્રી વિજયઇન્દ્રદિન્નસૂરિજી

મ૦ સા૦, સાધુ-સાધ્વીજી ભગવંતોને સાદર વંદન કરું છું. અને મારા તરફથી આપ સર્વે વડિલો, માતાઓ, અને બહેનોને 'જય જિનેન્દ્ર'.

હું આ પ્રસંગે ઉપસ્થિત પ્રમુખશ્રી, અતિથિ વિશેષ મહાનુભાવો સર્વશ્રી દીપચંદભાઈ ગાર્ડી, શ્રી શ્રેણિકભાઇ કે. લાલભાઇ, ડો. એલ. એમ. સિંઘવીનું સ્વાગત કરું છું. કે તેઓએ અ. ભા. જૈન શ્વેતાંબર કોન્ફરન્સના ૨૫ માં રજતજયંતિના આ અધિવેશનમાં આવવાનું સ્વીકાર્યું. અને તેઓએ આવવું પણ જોઈએ કેમ કે તેમના આવવાથી જ અમને બધાને એક આશા અને ઉમ્મીદની લહેર નજર આવી છે.

આ જૈન સમાજના અધિવેશનમાં મારો પ્રથમ અવસર છે, અને આપ સર્વે પ્રિયજનોનો આગ્રહ હતો કે હું આનું ઉદ્ઘાટન કરૂં. આવા આ સન્માન બદલ હું મારી જાતને નસીબદાર સમજવા પૂર્વક આપ સૌનો આભાર માનું છું.



અતિથિવિશેષ શ્રેણિકભાઈ કે. લાલભાઈ

મારા વિચારોમાં તો મને પૂજ્ય આચાર્ય મહારાજના વિચારો જાણતા એવું લાગે છે કે તેમના મનમાં એક તડપન છે. " કે જૈન સમાજ આજે પણ ભગવાન મહાવીરને પૂજે તો છે પરંતુ ભગવાને બતાવેલ રસ્તે ચાલતા નથી. તો આવી ભકિત કે સાધનાનો કોઈ અર્થ નથી. પ્રિયજનો, હું આપ સર્વને જણાવવા માગું છું કે મારી જિંદગીમાં બાલાજી (ભગવાન) પછી મારૂં માથુ કોઇને ઝુકયું હોય તો તે આજના તારણહાર ગુરૂ "વિજયઇન્દ્રદિન્ન સૂરિજી" છે. ઇશ્વર ભકિત અને ગુરૂ ભકિત ખરેખર ભટકતા ઇન્સાનોને સુખ, સાધન અને આબરૂ અપાવી શકે છે, આ મારો પોતાનો અનુભવ છે. જે મને ગુરૂજીના શરણમાં જવાથી પ્રાપ્ત થયો છે.

હું એક સાધારણ વ્યક્તિ કોઇ ધાર્મિક વિષય પર વાત કરૂં તો એ મારા માટે ઉચિત નહી હોય. પરંતુ આપણે કરેલ કાર્ય ઉપર વિચારવું, સમજવું અને એક નવી દિશા તરફ આગળ વધવું એ જ અત્યાર સુધી મારો ધર્મ રહ્યો છે. આજના આ બદલાતા યુગમાં જો કોઈ ધર્મનો સહારો મળી જાય અને એ સહારો અટલ હોય તો વ્યકિત પોતાની મંઝીલ મેળવી લે છે, પરંતુ શ્રદ્ધા, નિશ્ચય અને વિશ્વાસ રાખવો પડે છે.

ભગવાન મહાવીરે કહ્યું છે કે હિંસા તથા આળસ માણસોના બે દુશ્મન છે. આજના યુગમાં જો જુવાન, ઘરડા અને બાળકો આપણે બધા જ આ બે વસ્તુનો ત્યાગ કરી દઈએ તો આપણો વિકાસ અવશ્વ બને ભગવાન મહાવીર પ્રત્યે આપણી આ એક ભકિત જ હશે.

આજે પણ જૈન સમાજ નાની–નાની વાતો અને કુરીતિઓમાં જોડાયેલો છે, આજના જીવનમાં ભગવાન મહાવીરના સિદ્ધાંતો અને વાતો પ્રત્યે આપણી કરણીમાં ઘણું જ અંતર છે. આપણે ભગવાન મહાવીરના સિદ્ધાંતોને પહેલા આપણી ઉપર પછી પરિવાર અને ત્યારબાદ સમાજ ઉપર લાગુ કરીએ. જેથી દરેક પરિવાર એક સુખી પરિવાર બની શકે.

આજની સામાજિક ખરાબીઓને જોતા આપણા આ રીત રિવાજોને બદલવા જોઈએ. જેથી જૈન પરિવાર સુખ અને આબરૂથી રહી શકે. આ અધિવેશન ખાલી વિચાર–સલાહથી બંધાયેલા ન રહેતા આપણા મનનાં એક સંકલ્પ–પ્રતિજ્ઞા કરીએ કે "હું જૈન સમાજના જે સિદ્ધાંતો છે. તેને વિચારોથી, ભાવોથી, મનથી આત્માની સાક્ષીએ પાળતો રહીશ."

એક સાધારણ શબ્દ કેટલું મહત્વ ધરાવે છે. "આજનું કામ કાલ ઉપર ન છોડો" વિતેલો સમય કદી પાછો નથી આવતો, આપણે સૌ એક–બીજા પ્રત્યે પ્રેમ, ભાવના અને સહકાર રાખીએ તો કોઈ એવી તાકાત નથી જે આપણા જૈન સમાજને એ ઊંચાઈઓ સુધી પહોંચતા રોકી શકે. જ્યારે આપણે ભગવાન મહાવીરના કાળમાં હતા. સાભળીએ છીએ કે એ એક સુખી જમાનો હતો. રાજા અને પ્રજા બન્ને ખુશીથી રહેતા હતા. તો આજે એવું કેમ નહિ. આપણે સૌએ આજે એ પ્રતિજ્ઞા કરવી જોઈએ કે આપણા જૈન સમાજના સાધાર્મિક ભાઇઓને એ ઉંચાઈઓ સુધી પહોંચાડવામાં પુરો સહયોગ આપશો અને ભગવાન મહાવીરના સિદ્ધાંતોનું પાલન કરશો. આ શબ્દો સાથે હું આ અધિવેશનનું ઉદ્‌ઘાટન કરૂં છું અને આપ સૌએ " સ્વાગત સમિતિ " એ મને આ કાર્ય હેતું સુઅવસર આપી પ્રેમ અર્પણ કર્યો એ માટે હું આપ સૌ પ્રત્યે આભારની લાગણી પ્રગટ કરૂં છું. " જય જિનેન્દ્ર."

કોન્ફરન્સે અને આપણે સમાજના ઉત્કર્ષ માટે કરવાનું તો ઘણું બધુ છે. જરૂર છે કર્તવ્ય પરાયણતાની.

અ. ભા. જૈન શ્વે. કોન્ફરન્સના રજત જયંતિ અધિવેશનના સુઅવસરે

સ્વાગત અધ્યક્ષશ્રી રામલાલ જૈનનું સ્વાગત પ્રવચન

વંદનીય પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયઇન્દ્રદિન્ન સૂરીશ્વરજી મ૦ સા૦, વિશાળ સંખ્યામાં ઉપસ્થિત પૂજ્ય સાધુ-સાધ્વીવૃંદ, કોન્ફરન્સના અધ્યક્ષ આદરણીય શ્રી દીપચંદભાઇ ગાર્ડી ઉદ્ઘાટક સુપ્રસિદ્ધ ઉદ્યોગપતિશ્રી અભયકુમાર ઓસવાલ, અતિથિ-વિશેષ શ્રેષ્ઠિવર્ય શ્રી શ્રેણિકભાઇ કસ્તુરભાઇ તથા પ્રસિદ્ધ વિધિવેતા ડૉ. શ્રી એલ. એમ. સિંઘવી, તેમ જ દેશના ખૂણે ખૂણેથી પધારેલ ધર્મપ્રેમી ભાઇ-બહેનો અને ઉપસ્થિત સજ્જનો અને સંનારીયો !

શ્રી આત્માનંદ જૈન સભા, દિલ્હીના સભ્યો તેમ જ મારૂ હૃદય આજ હર્ષવિભોર છે. ભારત દેશના જુદા જુદા રાજ્યોમાંથી શાસનસેવાના પવિત્ર ઉદ્દેશો લઇને પધારેલ હજારો ગુરુભકત ભાઇ-બહેનોનું સ્વાગત અને મહેમાનોનું આતિથ્ય કરવાનું અમને જે સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. તેથી અમારૂં મન આનંદથી વિભોર બની રહ્યું છે. શિયાળાની મોસમમાં યાત્રાની અગવડતાઓ સહન કરીને આપનુ અહિંયા આગમન આપની ગુરૂ ભકિત અને ધર્મ-પ્રેમનું જીવંત ઉદાહરણ છે. આપ સૌના પ્રત્યે આભાર પ્રદર્શિત કરવા માટે મારી પાસે શબ્દો નથી, મારા હૃદયની પ્રસન્નતા અને કૃતજ્ઞતા જ્ઞાની મહારાજ અને પરમાત્મા જાણે છે. ભાઇઓ ! દિલ્હી ભારતની કેવળ રાજધાની જ નહિ પરન્તુ જૈન ધર્મનું કેન્દ્ર પણ છે. અહિં દિલ્હીમાં મોગલ બાદશાહઓને જૈન આચાર્યોએ એવા ચમત્કારો બતાવ્યા હતા કે જેના પ્રભાવથી ધર્મની પ્રભાવના અને અહિંસાનો સારો એવો પ્રચાર થયેલ. કુતુબમિનાર પાસે ૮૦૦ વર્ષ જુની દાદાવાડી છે જેમાં મણિધારી દાદાગુરૂશ્રી જિનચંદ્રસૂરિજીનું સ્થાન અને અન્ય જૈન મંદિર પણ છે. કિનારી બજારમાં અનેક પ્રાચીન જૈન મંદિર છે. ઐતિહાસિક લાલકિલ્લાની બરાબર સામે લાલ જૈન મંદિર અને પક્ષીઓનું વિશ્વ વિખ્યાત હોસ્પીટલ છે. ગુરૂદેવોના સ્થાન, જૈન સ્કુલો અને સંસ્થાઓ વગેરે આ વાતના સાક્ષી છે કે દિલ્હી જૈનધર્મનું વર્ષોથી કેન્દ્રીય સ્થાન રહ્યું છે. આજકાલ વ્યાપારી દૃષ્ટિએ પણ અહિં મોટા મોટા ઉદ્યોગપતિ, વ્યાપારી, ડોકટર, વકીલ, સરકારી કર્મચારી, પ્રચારકો વગેરે જૈનધર્મની પ્રતિષ્ઠાને વધારી રહ્યા છે.

મને દૃઢ વિશ્વાસ છે કે આત્મ વલ્લભ સંસ્કૃતિ મંદિરના આ પ્રાંગણમાં આ અધિવેશન થઈ રહ્યું છે.

આ વલ્લભ સ્મારક નજીકના ભવિષ્યમાં જૈનધર્મની વિશ્વભરમાં પ્રભાવના કરશે અને વિશ્વના માનવીઓ અહિંયા આવી અહિંસા, અનેકાંત અને ધર્મના વિવિધ વિષયોનું ઉંડું જ્ઞાન અને અધ્યયન કરી શકશે.

જૈન શ્વે. કોન્ફરન્સની સ્થાપના આજથી લગભગ ૮૬ વર્ષ પહેલા સમાજસેવક આદરણીય શ્રી ગુલાબચંદજી ઢઢ્ઢાએ કરી હતી. તેમના ઉદ્દેશ સંઘ સંગઠન, ધર્મ પ્રભાવના અને તીર્થની રક્ષા–દેખભાળનો હતો. હું સ્વ. શ્રી ઢઢ્ઢાજીના પુણ્ય આત્માને પ્રણામ કરવા પુર્વક આભાર વ્યકત કરતાં શ્રદ્ધાંજલિ અર્પિત કરૂં છું. સમયની જરૂરિયાત અનુસાર તેઓએ કોન્ફરન્સનું સર્જન કર્યું હતું.

આપણા શાસન પ્રભાવક યુગદૃષ્ટા આચાર્યશ્રી વિજયવલ્લભ-સૂરીશ્વરજી મ૦ સા૦ ની કોન્ફરન્સની કાર્યગતિમાં ઘણી જ પ્રેરણા અને માર્ગદર્શન રહ્યું છે. અને સાથે-સાથે ઘણો જ પ્રચાર પણ કર્યો છે. કોન્ફરન્સના બે અધિવેશનો પંજાબમાં થયા છે. સને ૧૯૭૯ માં ગુરૂવલ્લભસ્મારકના શિલાન્યાસ મહોત્સવ સાથે સાથે કોન્ફરન્સનું ૨૪ મું અને અત્યારે વલ્લભ સ્મારકના પ્રાગણમાં પ્રતિષ્ઠા મહોત્સવ સાથે ૨૫ મું અધિવેશન ભરાયું છે આ બન્ને શુભ પ્રસંગોએ કોન્ફરન્સના અધિવેશનમાં સોનામાં સુગંધ સમાન છે.

કોન્ફરન્સનો ભુતકાળ ગૌરવ ગાથા કરે છે. અને તેનો ભવિષ્યકાળ વધુ ગૌરવવંતો બનાવવાનું કામ હવે આપણા સૌનું છે.

સાધ્વીશ્રી મૃગાવતીશ્રીજી મ૦ સા૦

પૂ. આ.શ્રી વિજયવલ્લભસૂરિજી મ૦સા૦નું નામ દુનિયાના જૈનોમાં આજ પણ જાણીતું છે. તેમના દેહવિલય બાદ તેમના પ્રત્યે અસીમ ભક્તિભાવ ધરાવતા સાધ્વીશ્રી મૃગાવતીશ્રીજી મ૦ના અથાક પુરૂષાર્થના પગલે દિલ્હીનું આ ભવ્ય વિજય વલ્લભ સ્મારક ઉભુ થયું છે.

પૂ. સાધ્વીજી મૃગાવતીશ્રીજી મ૦સા૦નું સૌરાષ્ટ્રમાં આવેલ સરધાર ગામ એ એમનું મૂળવતન હતું. માત્ર ૧૨ વર્ષની ઉંમરે પોતાના સંસારી માતુશ્રીની (ત્યારે સાધ્વીજી મહારાજ) પાસે દીક્ષા અંગીકાર કરી આ સંસારનો ત્યાગ કરી સાધ્વીજી બન્યા.

આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજી મ૦ સા૦ ગુજરાતી હતા, તેમ સાધ્વીશ્રી પણ ગુજરાતના હોવા છતાં દિલ્હી તેમ જ ઉત્તર ભારતમાં તેમણે જૈનો પર ગજબનો પ્રભાવ પ્રસરાવ્યો હતો. તેમની વાણીમાં એવો પ્રભાવ હતો કે તેમના વ્યાખ્યાન બાદ શ્રાવિકાઓ પોતાના પહેરેલા દાગીના પણ પૂ. સાધ્વીજી મ૦સા૦ને અર્પણ કરી દેતા.

હાલ આ તૈયાર થયેલ વલ્લભ સ્મારકમાં સાધ્વીશ્રી મૃગાવતીશ્રીજી મહારાજનો દરેક રીતે અમૂલ્ય ફાળો રહ્યો છે.

કોન્ફરન્સના અધ્યક્ષ શ્રીયુત દીપચંદભાઈ એસ. ગાર્ડી કર્તવ્યનિષ્ઠ, સેવાભાવી, કુશળ નેતા, દીર્ઘદ્રષ્ટા, દાનવીર અને સૌજન્યમૂર્તિ સમાન છે. છેલ્લા ૧૫ વર્ષથી કોન્ફરન્સનું સુકાન સંભાળી રહ્યા છે. અને આ વખતે પણ અધ્યક્ષપદની જવાબદારી સંભાળવા અમારી વિનંતીને માન આપી કોન્ફરન્સરૂપી રથના સારથી બનવાનું સ્વીકાર્યું છે. હું શાસનદેવને પ્રાર્થના કરૂં છું કે આપ સેવામય, સ્વાસ્થ્યપૂર્ણ દીર્ઘાયુષ પ્રાપ્ત કરો અને જૈન શાસનની સેવા કરતા રહો, અમો આપને અભિનંદન આપતા, સંકલ્પબદ્ધ થઇ સમય–શકિત અને ધનના સામુહિક સહયોગ દ્વારા કોન્ફરન્સના માધ્યમથી અવશ્ય સમાજનો ઉત્કર્ષ થશે. અધિવેશન પ્રસંગે ફક્ત ભાષણ, પ્રસ્તાવ અને ઉકેલ આપવો એ પરિપૂર્ણ નથી, પરંતુ સાથે સાથે આપણું કર્તવ્ય સમજી ઉપાયો સાથે સક્રિય સેવાઓ પણ આપીને આ શુભ સંકલ્પ કરવો જોઇએ.

કોન્ફરન્સનું નેતૃત્વ (સુકાન) શ્રી દીપચંદભાઇ ગાર્ડીને મળ્યું છે એ સૌભાગ્યની વાત છે. છેલ્લા ત્રણ વર્ષથી દેશભરમાં લગાતાર ત્રણ વર્ષ સુધી દુષ્કાળ પડયો તે દરમ્યાન શ્રી ગાર્ડી સાહેબે પશુઓને બચાવવા જનતા અને સરકાર વચ્ચે સેતુ બનીને તન, મન અને ધનથી જે સેવા કાર્ય કર્યા છે એ ઇતિહાસમાં સુવર્ણ અક્ષરોએ અંકિત થશે. ઉદારતા, ચિંતનશીલતા અને સૌની સાથે રહીને આપે કરેલ સેવા આપની અદ્‌ભુત ક્ષમતા છે. મને વિશ્વાસ છે કે શ્રી ગાર્ડી સાહેબના નેતૃત્વ નીચે કોન્ફરન્સનો વિકાસ વધુ વેગવંત બનશે. જૈન સમાજને તેમની પાસે ઘણી આશા અને અપેક્ષા છે.

અતિથિ વિશેષ શ્રી શ્રેણિકભાઈ શેઠ ઉદ્યોગ અને ધર્મ બન્ને ક્ષેત્રોના કુશળ સંચાલક છે. ડૉ. એલ. એમ. સિંઘવી કાનૂન અને ધર્મ બન્ને ક્ષેત્રોના નામાંકિત વિદ્વાન છે. આ પ્રમાણે અહિંયા હાજર રહેલ શ્રી જે. આર. શાહ, શ્રી રાજકુમાર જૈન, શ્રી જયંતભાઇ એમ. શાહ, શ્રી શૈલેષભાઇ કોઠારી જેવા સમાજના મુખ્ય કાર્યકર્તાઓ ઉપસ્થિત છે. દરેકના નામોચ્ચાર કરવાનું સંભવીત નથી પરંતુ પોત–પોતાના ક્ષેત્રના આપ સર્વે પ્રભાવશાળી અને વિશિષ્ટ વ્યકિત છો. મારું નમ્ર નિવેદન છે કે કોન્ફરન્સને આપ સૌનો તન, મન અને ધનથી સહકાર મળતો રહે.

અ. ભા. જૈન શ્વે. કોન્ફરન્સ પોતાના ઉદ્દેશ્યોને અનુરૂપ ધર્મ, સમાજ, રાષ્ટ્ર અને સમગ્ર માનવ સમાજની સેવામાં પ્રયત્નશીલ બને એવી શુભ ભાવના અને શુભ કામનાઓ સાથે કોન્ફરન્સના રજત જયંતિ અધિવેશનના ઉદ્‌ઘાટનની ઘોષણા કરું છું.

અધિવેશન સ્વાગત સમિતિ અને આપ સૌએ મને આ શુભ કાર્ય કરવા માટે જે અવસર અર્પણ કરવા પૂર્વક પ્રેમ અને સ્નેહ આપ્યો છે તે બદલ ફરી ફરી હું આપ સૌનો આભાર માનું છું. જય જિનેન્દ્ર....

સમસ્ત જૈન સમાજને લાગુ પડતા સવાલો જ કોન્ફરન્સ હાથ ધરી સંગઠન વધુ મજબુત બનાવાશે.

અખિલ ભારતીય જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ
૨૫માં રજત જયંતિ મહોત્સવ અધિવેશન પ્રસંગે

પ્રમુખ શ્રી દીપચંદભાઈ એસ. ગાર્ડીનું પ્રવચન

વીર સંવત ૨૫૧૫ : વિક્રમ સંવત ૨૦૪૫ મહા સુદ-૩, તા. ૮-૨-૧૯૮૯

સતત ત્રિજીવાર વરાયેલા પ્રમુખ શ્રી ગાર્ડી સાહેબ

પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજયઇન્દ્રદિન્નસૂરિશ્વરજી મહારાજ તથા વિશાળ સંખ્યામાં બિરાજમાન પૂજ્ય સાધુ સાધ્વીઓ તથા ઉદ્‌ઘાટક શ્રીયુત અભયરાજજી ઓસવાલ, અતિથી વિશેષો શ્રીયુત શ્રેણિકભાઈ કસ્તુરભાઈ, આંતર રાષ્ટ્રીય જ્યુરીસ્ટ ડૉ. એલ. એમ. સિંઘવી સ્વાગત સમિતીના પ્રમુખ શ્રી રામલાલજી જૈન તેમજ અન્ય પદાધિકારી મહાનુભાવો, પ્રતિનિધિ બંધુઓ-બહેનો, આમંત્રિત મહેમાનો, પંજાબના તથા અન્ય સ્થાનોમાંથી પધારેલા ધર્મભાવનાશીલ ભાઈઓ તથા બહેનો.

જૈન સમાજની માતૃસંસ્થા અખિલ ભારતીય જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ એ જૈન સંઘ અને સમાજની સેવા, રક્ષા, અને ઉન્નતિના ઉત્તમ ધ્યેયને વરેલી અને અખિલ ભારતીય દરજ્જો ધરાવતી આપણાં સમાજની એક માત્ર સંસ્થા છે. આ કોન્ફરન્સનું ૨૫મું રજત મહોત્સવ અધિવેશન ભારતની રાજધાની દિલ્હીમાં આંતર રાષ્ટ્રીય સ્તરે નિર્માણ પામેલા શ્રી આત્મવલ્લભ સંસ્કૃતિ મંદીર (વિજયવલ્લભ સ્મારક)નાં પ્રાંગણમાં મળી રહ્યું છે, તે પ્રસંગે આપણે સૌ અંતઃકરણથી પ્રાર્થના કરીએ કે આ અધિવેશનને સફળ બનાવવાની, તેમજ સમાજનો ઉત્કર્ષ સધાય એવા, સમયને અનુરૂપ, વ્યવહારુ અને ઉપયોગી નિર્ણયો લેવાની શક્તિ અને ભાવના આપણા સૌમાં પ્રગટે.

આભાર

કોન્ફરન્સના પદાધિકારી મિત્રોએ, કાર્યવાહક મહાનુભાવોએ તથા કોન્ફરન્સ પ્રેમી ભાઇ-બહેનોએ મારા તરફ ઉદારતા અને મમતા દાખવીને, આત્રીજી વખતના અધિવેશનના પ્રમુખપદની જવાબદારી લેવાનો મને અનુરોધ કર્યો ત્યારે મને સહજપણે સંકોચ થયેલો. સંકોચ એટલા માટે, ૨૩મું અધિવેશન તિર્થાધિરાજ શ્રી શત્રુંજયની પવિત્ર છાયામાં સને ૧૯૭૩ ના માર્ચ મહિનામાં મળેલ ત્યારે મારી નિમણુંક પ્રમુખ તરીકે કરી હતી અને તે પછી સને ૧૯૭૯ના નવેમ્બર મહિનામાં ૨૪મું અધિવેશન આ જ સ્થળે મળેલ ત્યારે મારી પુનઃ નિયુક્તિ આ સ્થાન માટે કરી હતી. એ પછી નવ વર્ષ બાદ ૨૫માં અધિવેશનમાં પણ ત્રીજી વખત એટલે છેલ્લા ૧૬ વર્ષથી કોન્ફરન્સના પ્રમુખ તરીકે હું રહ્યો એ, પછી કોન્ફરન્સનું સુકાન અન્ય સેવાભાવી મહાનુભાવોને સોંપવું જરૂરી હતું, પણ મિત્રો તથા કોન્ફરન્સ પ્રેમી આપ સૌના આગ્રહમાં મેં અંતરની લાગણીની એવી ભીનાશ અનુભવી કે જે મારા અંતરને સ્પર્શી ગઇ; મારા ઇન્કાર છતાં મારા ઉપર પ્રેમ, સ્નેહ અને ઉદારતા સૌએ બતાવતા ત્રીજી વખત આપ સૌના આદેશને મેં સ્વીકાર્યો છે.

વિજયવલ્લભ સ્મારક – દિલ્હી

આપણે જ્યારે દિલ્હીમાં જે ધરતી ઉપર મળી રહ્યા છીએ ત્યારે વિજયવલ્લભ સ્મારકનો આ સ્થાને ઉલ્લેખ કરવામાં આવે એ અવસરોચિત છે.

તા. ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૫૪ : સંવત ૨૦૧૦ ભાદરવા વદ-૧૧ ના રોજ પરમ ઉપકારી આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ મુંબઇમાં કાળધર્મ પામ્યા, ત્યારે સ્વર્ગસ્થ સાધ્વીજી

જૈન સમાજની માતૃસંસ્થા કોન્ફરન્સએ સંઘ અને સમાજની સેવાઓ અને ઉન્નતિના ધ્યેયને વરેલ સંસ્થા છે.

શ્રી મૃગાવતીશ્રીજી મહારાજ તેમના માતાગુરૂ પુજ્ય સાધ્વીજી શીલાવતીશ્રીજી મ. સાથે પંજાબના અંબાલા શહેરમાં ચાતુર્માસ બિરાજમાન હતા અને અંજલી આપવાની સભામાં તે વખતે મૃગાવતીશ્રીજીએ ગુરુઋણ મુક્તિની નિર્મળ ભાવનાથી પ્રેરાઇ એક વિવિધલક્ષી જૈન વિદ્યાધામ નિર્માણ કરવા પ્રેરણા કરી હતી, પંજાબની શ્રી આત્માનંદ જૈન મહાસભાના કાર્યકર્તાઓએ આ વાત ઝીલી લીધી હતી. ૧૭–૧૮ વર્ષ પછી શ્રમણ ભગવાન શ્રી મહાવીર પરમાત્માની ૨૫મી નિર્વાણ કલ્યાણક શતાબ્દિના વર્ષમાં 'આત્મવલ્લભ શિક્ષણ નિધિ ટ્રસ્ટ'ની રચના કરી દિલ્હીના પરા રૂપનગરથી બાર કિલો મીટર દૂર ૪૧ હજાર ચોરસ મીટર જમીન ઉપર આ વિજયવલ્લભ સ્મારક ઉભું થયેલ છે.

ભારતના પાટનગરમાં વીસમી સદીના નૂતન વિદ્યાધામ નિર્માણ માટે સ્વ. પૂજ્ય આચાર્યશ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજ તથા પૂજ્ય આચાર્યશ્રી વિજયઇન્દ્રદિનસૂરિજી મહારાજની પ્રેરણા તથા આશીર્વાદથી સ્વર્ગસ્થ પુજ્ય મૃગાવતીશ્રીજીની વ્યવહાર કુશળતા, સમયજ્ઞતા, પ્રભાવશીલતા અને ભક્તિ પરાયણને લીધે વિશાળ સંસ્કૃતિ મંદીરનું નિર્માણ થયેલું આજે આપણે જોઇ શકયા છીએ.

શિલ્પ અને સ્થાપત્યની દષ્ટિએ બેનમુન અને ભવ્ય એવું વલ્લભસૂરિ સ્મારક જૈન ધર્મની તેમજ ભારત વર્ષની પ્રાચ્યવિદ્યાએ, તત્ત્વજ્ઞાન, કલા, સાહિત્ય સંશોધનનું દુનિયાભરમાં મુખ્ય કેન્દ્ર બની રહેશે. આ સ્મારકના પ્રાંગણમાં ભગવાનશ્રી વાસુપૂજ્યસ્વામી દેરાસર નિર્માણ થયેલ છે, તેની પ્રતિષ્ઠા તથા મુખ્ય પ્રાસાદમાં યુગવીર આચાર્યશ્રીની ગુરૂપ્રતિમાની સ્થાપના નિમિત્તે ૧૧ દિવસના ભવ્ય મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે.

પ્રતિષ્ઠાદિ મહોત્સવના પ્રસંગે કોન્ફરન્સનું ૨૫મું અધિવેશન પોતાના આંગણે દિલ્હીમાં બોલાવવાનું નિમંત્રણ શ્રી આત્મ–વલ્લભ સંસ્કૃતિ મંદિર તરફથી મળતા કોન્ફરન્સે એ આમંત્રણનો સ્વીકાર કર્યો છે, જે બહુ જ સમુચિત, ઉપયોગી અને આવકાર પાત્ર કાર્ય થયું છે. આમ છતાં સૌનું વિશેષ ધ્યાન આવા પ્રતિષ્ઠાદિ મહોત્સવમાં રહે તે સ્વાભાવિક છે. તેમ છતાં આ અધિવેશનમાં કોન્ફરન્સની કાર્યવાહી તેમજ પ્રવૃત્તિઓ વિશે અહિં પધારેલા વિશાળ સમુદાયને સારી રીતે માહિતગાર કરવાની તક સાંપડી છે.

૨૫મું રજત મહોત્સવ અધિવેશન

કોન્ફરન્સનું ૨૪મું અધિવેશન દિલ્હીમાં નવ વર્ષ પહેલા, વલ્લભસ્મારકના શિલાન્યાસ પ્રસંગે મળ્યું હતું. તે આપણે જાણીએ છીએ. શ્વેતામ્બર મૂર્તિપૂજક સમાજનું, પ્રતિનિધિત્વ કરવાવાળી ૮૯ વર્ષની અખિલ ભારતીય જૈન સંસ્થા શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સનો એક ગૌરવપૂર્વક ઇતિહાસ અને પરંપરાની સાક્ષી છે. આ સંસ્થાના ૨૪ અધિવેશનો જુદા જુદા ગામોમાં સમાજ સેવકો, સમાજ નેતાઓ અને વિદ્વાનોના પ્રમુખ સ્થાને યોજાયા છે. આ ૨૫મું અધિવેશન હોઈ તેને 'રજત મહોત્સવ' નામ આપેલ છે. આ રજત મહોત્સવ અધિવેશન શ્રી વલ્લભ-સ્મારકના પ્રાંગણમાં પ્રતિષ્ઠાદિ મહોત્સવ જેવા પવિત્ર પ્રસંગે, પૂ. વલ્લભસૂરિજી મહારાજના પ્રશિષ્ય પરમાર ક્ષત્રિયોદ્ધારક ગચ્છાધિપતિ આચાર્યશ્રી વિજયઇન્દ્રદિન્નસૂરિજી મહારાજ તથા વિશાળ સાધુ–સાધ્વીજી મહારાજની શુભ નિશ્રામાં મળી રહ્યું છે તે પ્રેરણાદાયક સુયોગ છે.

આવા સુયોગમાં મળી રહેલ કોન્ફરન્સના ૨૫માં રજત મહોત્સવ અધિવેશનનું ઉદ્દઘાટન ઉદ્યોગપતિ અને આશાસ્પદ યુવારત્ન શ્રી અભયરાજજી ઓસવાલના શુભ હસ્તે કરવામાં આવેલ છે, અને શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખ શ્રેષ્ઠિવર્ય શ્રી શ્રેણીકભાઇ કસ્તુરભાઇ તેમજ વિદ્યમાન જાણીતા જ્યુરીસ્ટ ડૉ. એલ. એમ. સિંઘવી જેવા મહાનુભાવો અતિથી વિશેષ તરીકે પધાર્યા છે, તે સોનામાં સુગંધ ભળે તેવું બનેલ છે.

આવા પ્રકારનું જે ઉત્સાહપ્રેરક વાતાવરણ ઉભું થવા પામ્યું છે, એને આ અધિવેશનની સિદ્ધિરૂપ જ લેખી શકાય.

આપણી કોન્ફરન્સ

૧૯ મી સદીના ઉત્તરાર્ધમાં સારાયે ભારત વર્ષમાં પ્રજાકીય જાગૃતિના પુર ઉછળી રહ્યા હતાં. પ્રજામાં નવચેતન અને નવી ભાવનાઓનો ઉદય થઇ ચૂકયો હતો. ધર્મ સુધારણા, સમાજસેવા, સ્વદેશી પ્રચાર, કેળવણી પ્રચાર વગેરે સંબંધી અનેકવિધ વિચારોના આંદોલનો પૂર જોશથી વહેતા થયા હતા. આ માટે ઉત્સાહી સમાજ સેવકોએ બ્રહ્મોસમાજ, પ્રાર્થના સમાજ, આર્યસમાજ જેવી અનેક સંસ્થાઓ સ્થાપી હતી. રાષ્ટ્રીય એકતાની ભાવનથી સને ૧૮૮૫માં ઇન્ડિયન નેશનલ કોંગ્રેસની પણ સ્થાપના થઇ હતી, ત્યારે સને ૧૯૦૨માં ૨૫–૨૬ સપ્ટેમ્બરના બે દિવસ માટે ફલોધી તીર્થમાં શેઠશ્રી બખ્તાવરજી મહેતાના અધ્યક્ષસ્થાને પ્રથમ અધિવેશન ભરી સેવાના ભેખધારી જયપુર નિવાસી શ્રી ગુલાબચંદ ઢઢાજીએ (M.A.) કોન્ફરન્સની સ્થાપના કરી હતી. ભારતભરના જૈન શ્વેતાંબર સમાજની એક માત્ર પ્રતિનિધી સંસ્થા કોન્ફરન્સ છે. સામાજિક, ધાર્મિક અને રાષ્ટ્રીય સેવા સાથે સાહિત્યની જે સેવા આ સંસ્થાએ કરેલ છે, અને કરી રહેલ છે. તે સંસ્થાના ઇતિહાસ તરફ દૃષ્ટિ દોડાવવાથી જ ખ્યાલ આવે. કોન્ફરન્સના ૮૯ વર્ષની લાંબી મંઝીલમાં અનેક તબક્કા અને અગણિત પાસા નીરખી શકાય તેમ છે. કોઇવેળા એ સુષુપ્ત લાગી છે. તો વળી બીજા તબકકે કાર્યવાહીની ઝડપ દેખાડનાર યુવકની,

અખિલ ભારતીય દરજ્જો ધરાવતી આપણા સમાજની એક માત્ર કોન્ફરન્સ સંસ્થા છે.

તેજીલી ગતિનો અનુભવ કરાવી જાય છે. આમ કોન્ફરન્સ સંસ્થા અવિરત કાર્યશીલ રહી છે, તે ગૌરવપ્રદ છે.

મ નો ભા વ

અત્રે થોડી સ્પષ્ટતા કરી લઉં છું કે કોન્ફરન્સ અખિલ ભારતીય દરજ્જો ધરાવતી સંસ્થા છે, અને તેનું કાર્ય મુખ્યત્વે સલાહ-સૂચન તથા માર્ગદર્શન આપવાનું એટલે કે વૈચારિક ભૂમિકાએ રહીને ધર્મ, સંઘ અને સમાજને લગતા પ્રશ્નો અંગે પોતાના વિચારો દર્શાવવાનું (ડિરેકશન આપવાનું) કામ કરતી સંસ્થા છે.

સજ્જનો! તમારા સૌનો આદેશ માન્ય રાખી મેં પ્રમુખ તરીકેની પુન જવાબદારી સ્વીકારી છે, ત્યારે આ સ્થાનને લાયક હું છું કે કેમ તે સંબંધી ચર્ચા વિચારણા કરવાનું આ સ્થાન નથી. આમ છતાં આપ સૌના સહકારની માંગણી કરવા સાથે મારા મનની વાત અહિં રજું કરૂં છું.

દેશમાં સતત ત્રણ દુષ્કાળોનો સામનો કરવાનું ભગીરથ કાર્ય આપણા સમાજના અનેક મહાનુભાવોએ કરેલ છે, તેનું મારે મન ઘણું જ મહત્વ છે. દુષ્કાળ-ગ્રસ્ત વિસ્તારોમાં ત્રણેય વરસ જાત નિરીક્ષણ કરીને ભરૂચ પાસે નર્મદાના કાંઠે અને હળવદ પાસેના ગામોમાં હજારો એકર જમીન ઉપર ઘાસ ઉગાડી સસ્તાભાવે ઘાસ મળી રહે તે કાર્ય અને ગુજરાત-સૌરાષ્ટ્ર-કચ્છની પાંજરાપોળો-ગૌશાળાનું ફેડરેશન બનાવવાનું કામ અને તે દ્વારા ૧૭૩ પાંજરાપોળો અને ગૌશાળા દ્વારા ૮૦ ઢોરવાડા ઉભા કરી લાખો પશુઓને શાતા આપવાનું કાર્ય થયેલ છે. તે તથા 'અનુકંપા ફાઉન્ડેશન' ની રચના કરી અનુકંપા-અભયદાનના કાર્યો થઇ રહ્યાં છે. તે ફેડરેશન સંસ્થાના પ્રમુખ તરીકે રહીને કર્યા છે. આ બધા કામોમાં કોન્ફરન્સ જ મુખ્યત્વે છે. દાદરા નગર હવેલી, જામનગર, ભીવંડી, બેંગ્લોરમાં આધુનિક કતલખાના ખોલવાના રાજ્ય સરકારોના નિર્ણય સામે જૈનોની પ્રતિનિધિ સંસ્થા કોન્ફરન્સે પણ મહત્વની કામગીરી કરી હિંસક આયોજનો બંધ કરાવ્યા છે. કુંભોજગિરી અને બીજા તીર્થોના ઝઘડામાં સમાધાન કરાવવા હું આશાવાદી છું, અને તે માટેના જે પ્રયત્નો ચાલે છે તે કોન્ફરન્સના પ્રમુખ તરીકે જ ગતિમાન બનાવ્યા છે. મહારાષ્ટ્ર સરકારે ૧૯૮૨માં ધર્માદા-સાર્વજનિક ટ્રસ્ટોનો વહિવટ સરકારે પોતાના હસ્તક લઇ શકે તેવી વ્યાપક સત્તાના આ ખરડા સામે કોન્ફરન્સ અને બીજી જાહેર સંસ્થાઓના નેજા નીચે કોન્ફરન્સના ઉપપ્રમુખ અને કાયદા નિષ્ણાંત શ્રી જે. આર. શાહ અને બીજાઓએ કાર્ય કરી આ ખરડો પડતો મૂકાવ્યો છે.

આ ઉપરાંત તાજેતરમાં સને ૧૯૮૭માં "સીધા કરવેરા દ્વારા બીલ" સરકારે બહાર પાડી જાહેર ધર્માદા અને ધાર્મિક ટ્રસ્ટો સંસ્થાઓને લાગુ પાડતી કેટલીક કલમો અવ્યવહારુ હતી તેની સામે કોન્ફરન્સે તથા બીજાઓનો સાથ-સહકાર લઈ વિરોધ કરેલ છે.

આપણા સમાજના કેટલાક પ્રશ્નોમાં એકતાની ભૂમિકા સર્જવાનું કામ કોન્ફરન્સ દ્વારા અમે હાથ ધરેલ છે. આપણી મહાન સાધુ સંસ્થાની વધુ નજીક આવી પૂજ્ય ભાવે વંદન કરીને વિવેકભર્યા નિકાલ લાવવામાં અમારી શક્તિનો ઉપયોગ કરી રહ્યા છીએ. સમસ્ત પૂજ્ય આચાર્ય ભગવંતાદિની પ્રેરણા અને આશીર્વાદ મળતાં જ રહ્યા છે, તેથી હું મારી જાતને ધન્ય સમજું છું. આમ કોન્ફરન્સ સમાજના અનેકવિધ કાર્યોમાં આગેવાની ભર્યો ભાગ ભજવી રહી છે. આમ છતાં પુનઃ અત્રે સ્પષ્ટતા કરી લઉં કે કોન્ફરન્સ એક્ઝીકયુટીવ બોડી તરીકેનું કામ કરતી સંસ્થા નથી પણ ડીરેકટીવ સંસ્થા છે.

સેવા અને સહયોગ

કોન્ફરન્સનું ૨૪મું અધિવેશન પણ નવ વર્ષ પહેલાં, આજ સ્થળે મળ્યું હતું તે આપણે જાણીએ છીએ. આ નવ-દસ વર્ષના ગાળામાં ભારતમાં અને આખી દુનિયાના દેશોમાં સમગ્ર રીતે જે મોટું અને ઝડપી પરિવર્તન આવ્યું છે. આ પરિવર્તનમાં આર્થિક ક્ષેત્રે જે અવનવી સ્થિતી સર્જાતી આવી છે. તેમા ઇતર સમાજોની સરખામણીમાં નાનો સરખો ગણાય એવા જૈન સમાજના મધ્યમવર્ગની પણ આર્થિક બેહાલી વધી ગઇ છે, પછી સામાન્ય-ગરીબ વર્ગની અવદશાનું તો કહેવું જ શું? દયા-દાનની ભાવના એ ઉત્તમ અને ઉપકારક ગુણો છે. આમ છતાં અમુક વ્યક્તિઓને અમુક રોકડ રકમ સહાયરૂપે આપવાથી કે અન્ન-વસ્ત્ર કે બીજ જરૂરીયાતની ચીજો સસ્તા દરે મળે એવી ગોઠવણ કરવાથી અથવા તો શિક્ષણ યા દાકતરી સારવાર માટેની કેટલીક જોગવાઇ કરવાથી એ કાયમને માટે ઉકલી જાય એવી શકયતા નથી.

કુટુંબની આવકમાં વધારો કરવો હોય તો સૌથી પહેલાં કુટુંબની એકાદ વ્યક્તિની આવક ઉપર આખું કુટુંબ નભે એવી એકાંગી અને એક દંડીયા મહેલ જેવી જુની પુરાણી કુટુંબ વ્યવસ્થાના સ્થાને કુટુંબની પ્રત્યેક વ્યક્તિ કે મોટાભાગની વ્યક્તિઓ પોતાથી બનતી કમાણી કરે એવી નવી વ્યવસ્થા કરવી જોઇએ. મતલબ કે જૈન સમાજનો મધ્યમ અને નબળો વર્ગ શ્રમ કરવા પ્રેરાય એવું વાતાવરણ સર્જવાની જરૂર છે. સાથો સાથ કુટુંબ ઉપરનો ખર્ચનો ભાર ઓછો કરવા માટે સામાજિક રીત-રિવાજોને બિન ખર્ચાળ અને શક્તિ મુજબના ઓછા ખર્ચમા પતે એવા બનાવવા જોઇએ. આ માટે પણ સમાજમાં બધા સારા-માઠા પ્રસંગો ઓછા ખર્ચે પતાવવાની મનોવૃત્તિ કેળવવી જોઈએ. લગ્નાદિ પ્રસંગો સમૂહ લગ્નો દ્વારા આપણા સમાજની જુદી જુદી જ્ઞાતિઓ યોજે છે, તેમ આપણી કોન્ફરન્સ કે એના જેવી

તીર્થોના ઝગડામાં સમાધાન કરાવવા કોન્ફરન્સ દ્વારા જે પ્રયત્નો થયેલ છે તે માટે હું આશાવાદી છું!

સંસ્થાઓ પ્રોત્સાહીન બળ પુરૂં પાડી શકે.

નાના ઉદ્યોગો કે ધંધાના વિકાસમાં પૂરક રકમની આર્થિક સહાય કે ઓછા વ્યાજે લોન આપવાથી તે બહુ ઉપયોગી અને ઉપકારક બને છે. તાજેતરમાં જૈન સોશ્યલ ગ્રુપ ફેડરેશન દ્વારા આવી સ્કીમ યોજના ચાલુ કરવા માટે એકાદ કરોડની રકમ એકત્ર કરવાના પ્રારંભમાં આ સંસ્થાને પ્રોત્સાહન બળ પુરૂં પાડવા કોન્ફરન્સના એક અદના સેવક તરીકે મેં આર્થિક સહયોગ આપેલ છે.

ઉદ્યોગગૃહો કે નાના ગૃહઉદ્યોગો કુટુંબની આવકમાં પૂરક ઉમેરો કરી શકે છે, એ સિદ્ધ થયેલી વાત છે. એટલે આવા કાર્યોનો વિસ્તાર થાય અને એને પ્રોત્સાહન મળે તો સ્વમાન સાથે પૂરક કમાણી કરવાની આ પ્રવૃત્તિ વધુ લોકપ્રિય અને આકર્ષક બની શકે.

કોમ્પ્યુટર શિક્ષણ

આજે જૈનોએ શિક્ષણ ક્ષેત્રે સારો વિકાસ સાધ્યો છે, તે માટે મોટા શહેરોમાં ઠેર ઠેર વિદ્યાલયો, ગુરુકુળો, બાલાશ્રમો, વિદ્યાર્થી-ગૃહો સ્થાપ્યા છે. જેથી આપણી ઉછરતી પેઢી શિક્ષણથી વંચિત ન રહે.

આપણાં વિદ્યા ક્ષેત્રે એક નવું ક્ષેત્ર વિકસી રહ્યું છે; તે છે, કોમ્પ્યુટર ક્ષેત્ર. આ ક્ષેત્ર આજે જગતભરમાં કુદકે અને ભુસકે આગળ વધી રહ્યું છે. આજે તેનું જ્ઞાન અનિવાર્ય થઈ પડયુ છે. ટાઈપ રાઈટીંગ ઈન્સ્ટીટયુટની જેમ આપણા દરેક વિદ્યાધામોમાં કોમ્પ્યુટર શિક્ષણને દાખલ કરી જૈન યુવક-યુવતીઓને આ શિક્ષણ આપવાનું શરૂ કરી દેવું જોઈએ.

સને ૧૯૯૦ સુધીમાં ભારતમાં જ ૫૦,૦૦૦ જેટલાં કોમ્પ્યુટર નિષ્ણાંતોની જરૂર રહેશે. જ્યારે આપણાં દેશમાં યુનિવર્સીટીઓ ઈન્સ્ટીટયુટો દ્વારા વર્ષે દશ હજારથી વધારે કોમ્પ્યુટર નિષ્ણાંતો તૈયાર થતાં નથી. વળી, આમાંથી કેટલાય લોકો પરદેશ ચાલ્યા જતાં હોય છે. આથી કોમ્પ્યુટર નિષ્ણાંતોની હંમેશા માંગ રહેવાની. આથી આપણી શિક્ષણ સંસ્થાઓમાં કોમ્પ્યુટર શિક્ષણ દાખલ કરવા હું ભલામણ કરૂં છું. આથી આર્થિક ભીંસમાં જરૂર નોંધપાત્ર ઘટાડો થવા પામે.

ધાર્મિક શિક્ષણ

વ્યવહારિક શિક્ષણનું ક્ષેત્ર પહેલાં કયારેય નહોતું એટલું આજે વિશાળ બન્યું છે, અને હજી પણ એ વધુ વિશાળ બનાવવાનું છે. વ્યવસાય માટે આ શિક્ષણ આવકારપાત્ર બાબત ગણાય પણ આ શિક્ષણ ફેલાવાની બાબતમાં જે પીછેહઠ થવા લાગી છે. તેથી શિક્ષણનો વધારો થવાનો આપણો આનંદ ઉડી જાય છે, એટલું જ નહિ, એ સમાજ, દેશ અને ધર્મના ભાવી અંગે આપણને વિશેષ ચિંતિત કરી મૂકે છે.

વળી, સ્વરાજ્ય આવ્યા પછી ભારત સરકારે બિન સાંપ્રદાયિકતાની રાજનીતિ તો અપનાવી પણ એનો સાચો અર્થ કે ભાવ આપણા રાજકીય પુરૂષો સમજી શકયા નથી. પરિણામે એ બિન સાંપ્રદાયિકતાવાદની નીતિનો અમલ એવી વિચિત્ર રીતે કરવામાં આવ્યો કે જેથી જે થોડી ઘણી શાળાઓમાં ધાર્મિક શિક્ષણ નિમિત્તે નીતિ-સદાચારનું શિક્ષણ આપવામાં આવતું હતું તે સદંતર બંધ કરી દેવામાં આવ્યું.

આવી વિચિત્ર સ્થિતિમાં, પોતાની ઉછરતી પેઢીના સંસ્કાર ઘડતરનું કામ વધારે સારી રીતે ચાલી શકે એવી ઉત્તમ અને સંતોષકારક વ્યવસ્થા કરવી એ દરેક સમાજની વિશેષ ફરજ બની રહે છે. અત્રે ઉલ્લેખ કરવો ઉચિત સમજું છું. વિક્રમ સંવત ૧૯૬૫માં એટલે કે આજથી ૮૦ વર્ષ પહેલા કોન્ફરન્સનું સાતમું અધિવેશન પૂના ખાતે શ્રી નથમલજી ગોલેચ્છાના પ્રમુખ સ્થાને મળેલ. તેમાં ધાર્મિક શિક્ષણને મહત્વ આપવા "શ્રી જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડ"ની સ્થાપના કરવામાં આવી હતી, અને આજે આ સંસ્થા કોન્ફરન્સના નેજા નીચે ભારતભરની પાઠશાળાઓના વિદ્યાર્થી ભાઈ-બહેનોની પરિક્ષા લેવાનું અને તેને પ્રોત્સાહિત કરવા પારિતોષિકો તથા પ્રમાણપત્રો આપે છે. સંસ્થાએ તે ક્રમ આજ સુધી જાળવી રાખેલ છે તે માટે સ્વાભાવિક રીતે જ ગૌરવ અનુભવીએ છીએ.

ધાર્મિક શિક્ષણ અંગે જુદી જુદી સંસ્થાઓ તરફથી સર્વમાન્ય એક સરખી પરીક્ષા લેવાય તે માટે ગત અધિવેશનમાં ઠરાવ કરેલ હતો તે મુજબ મુંબઈની બોર્ડ ઉપરાંત શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સંઘ અને શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સોસાયટીને એક સરખો અભ્યાસક્રમ ગોઠવી નવ વર્ષથી સંયુક્ત પરીક્ષા લેવામાં આવે છે. ભારતમાં રાજનગર, બનાસકાંઠા, પૂના-તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ, સુરત એમ પ્રાંતવાર કે શહેરોમાં જુદા જુદા અભ્યાસક્રમ મુજબ પરીક્ષાઓ સ્થાનિક ધોરણે લેવામાં આવે છે. આ સંસ્થાઓનો સમગ્ર ભારતની પાઠશાળા-બોર્ડીંગો માટે એક જ સરખો અભ્યાસક્રમ થાય તે માટે આજના અધિવેશનમાં લાગતા-વળગતા સૌને અપીલ કરૂં છું.

આપણી પહેલાની પાઠશાળાઓ કે જૈન શાળાઓની જરૂર અને ઉપયોગિતા પહેલાં કરતાં અત્યારના સમયમાં વધુ છે, ત્યારે પાઠશાળાઓની સંખ્યા અને ગુણવત્તામાં વધારો થાય તે માટે ધાર્મિક શિક્ષણની અત્યારની સોચનીય સ્થિતિમાં આવકાર પાત્ર પરિવર્તન લાવીને એને વધુ વ્યાપક અને વિદ્યાર્થી પ્રિય બનાવવા માટે ત્રણ મુદ્દાઓ ઉપર વિચાર કરવાની જરૂર છે :—

દુષ્કાળ વખતે ફેડરેશન તથા અનુકંપા ફાઉન્ડેશનના કાર્યમાં કોન્ફરન્સ જ મુખ્યત્વે છે

(૧) વિદ્યાર્થીઓની જિજ્ઞાસા અને રૂચિને પોષે એવો એક સરખો અભ્યાસક્રમ. (૨) ભણાવવાના પદ્ધતિમાં કેટલાંક જરૂરી ફેરફાર. (૩) આ ક્ષેત્રમાં શિક્ષક ભાઈ–બહેનો ટકી રહે અને નવા તૈયાર થાય એવા પગાર વગેરેની સંતોષકારક અને આકર્ષક જોગવાઈ અને એમનું બહુમાન સચવાય એવો વ્યવહાર.

આ બધા કથનનો સાર એ જ છે કે, આ ક્ષેત્રના અનુભવીઓએ અને ધાર્મિક શિક્ષણનાં રસ ધરાવતા સૌ કોઈએ મળીને પ્રશ્નનો ધરમૂળથી વિચાર કરીને અને વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લઈને આ માટેના વ્યવહારૂ નિર્ણયો લેવા જોઈએ અને એના અમલ માટે મન દઈને પ્રયત્ન કરવો જોઈએ.

જૈન ચેર અને સાહિત્ય પ્રકાશન

વિક્રમ સંવત ૧૯૭૪માં કલકત્તામાં શેઠશ્રી ખેતશી ખીયસીના અધ્યક્ષસ્થાને કોન્ફરન્સ તરફથી પ્રેરણાત્મક કાર્યો થયા છે. શ્રી મહાવીર જૈન વિદ્યાલય આગમાદિ ગ્રંથો પ્રકાશન કરે છે. તે પણ આવકારદાયી છે. તાજેતરમાં આજના અતિથિવિશેષો ડૉ. એલ. એમ સિંઘવી તથા સાહુ શ્રી શ્રેયાંસપ્રસાદજી જૈન, શ્રી રતીલાલ ચંદેરીયા અને મારા વચ્ચે એક મિટીંગ થઈ છે. તેમાં જૈનધર્મના ઉપયોગી ગ્રંથોનું પ્રકાશન કરવા માટે વિચારણા થઈ છે. તે માટે ભારત ભરના ૧૧–૧૨ વિદ્વાનો કે જેઓ આમાં રસ લઈ કાર્ય કરી શકે તેઓને બોલાવ્યા છે.

શ્રમણ ભગવંતો અને જૈન વિદ્વાનોએ આ બાબતમાં પ્રશંસા માંગી લે એવું કાર્ય કરેલ છે અને કરી રહ્યા છે. પણ આજે જ્ઞાન–વિજ્ઞાનને લગતા નવા–નવા વિદ્યાક્ષેત્રોનો ઝડપથી વિકાસ થઇ રહ્યો છે અને પરદેશમાં પણ જૈન ધર્મના સાહિત્યની ભુખ જાગી છે. તેની સરખામણીમાં અત્યારની સગવડ ઓછી પડે એમ હોઇ વિશેષ કાર્ય કરવાની ભાવના છે.

"કોન્ફરન્સ સંદેશ"

કોન્ફરન્સના સિદ્ધાંતોના પ્રચાર માટે અને લોક સંપર્કના સાતત્ય માટે કોન્ફરન્સના સ્થાપક શ્રી ગુલાબચંદજી ઢઢ્ઢાજી (M.A.)ના તંત્રીપણા નીચે સને ૧૯૦૫માં "જૈન કોન્ફરન્સ હેરેલ્ડ" નામનું મુખપત્ર ચાલુ કરેલ. પછી આ મુખપત્રનું તંત્રીપદ સાક્ષર શ્રી મોહનલાલ દલીચંદ દેશાઇએ સંભાળ્યા બાદ સને ૧૯૧૫માં આ માસિક બંધ પડ્યા પછી "જૈન યુગ" નામનું માસિક સને ૧૯૨૫માં શ્રી દેશાઇના તંત્રીપદે શરૂ કરવામાં આવ્યું. તે ૧૯૪૧માં બંધ પડ્યા પછી ૧૯૫૦માં "જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ માસિક પત્રિકા" ચાલુ કર્યા બાદ ૧૯૫૭માં 'જૈન યુગ'ને પુર્નજન્મ આપવામાં આવ્યો અને શ્રી કાંતિલાલ ડી. કોરાના સંપાદન નીચે ત્રણ વર્ષ સુધી સાહિત્ય અને સમાજની સારી સેવા બજાવી હતી. એ પછીના ૨૨ વર્ષના સમય પછી જુન–૧૯૮૨ થી સંસ્થાના માનદ્ મંત્રી શ્રી જયંતભાઈ એમ. શાહના તંત્રીપણા નીચે અને કાર્યાલય મંત્રી શ્રી નગીનદાસ વાવડીકરના સહતંત્રીપણા નીચે "કોન્ફરન્સ સંદેશ" ચાલુ કરેલ છે. "કોન્ફરન્સ સંદેશ"માં હિંદી વિભાગ ચાલુ કરવાના અમારા મનોરથો છે અને તે માટે આપનો સક્રિય સાથ અને સહકાર મળે તેવી અભ્યર્થના.

સંગઠનની વાત

સંઘના સંગઠનનો વિચાર કરીએ ત્યારે એક વાતનો નિર્દેશ કરવો ઉચિત લાગે છે. જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ અને ધર્મની આંતરિક બાબતોની ચર્ચામાં નહિ ઉતરવાની મર્યાદા આપણી કોન્ફરન્સે કેટલાય વર્ષોથી સ્વીકારી છે તે જાણીતું છે. એટલે આવા કોઇના ગુણદોષની ચર્ચામાં ઉતર્યા સિવાય આપણા શ્રમણ સંઘના નાયકોને તથા શ્રાવક સંઘના આગેવાનોને હું એટલી વિનંતી જરૂર કરૂ કે આપણા શ્રીસંઘની શકિત અને પ્રભાવકતામાં જે જે પ્રશ્નોની ચર્ચાઓની ક્ષતિ આવતી હોય એનું નિરાકરણ કરવાની તેઓ કૃપા કરે કારણ કે આપણે સંગઠિત નહિ હોઇએ તો આપણી સાચી વાત, વ્યાજબી માંગણીને કોઇ કોઇ કાને નહિ ધરે અને દરેક આપણી ઉપેક્ષા કરશે.

મેં અહિં જે કેટલાક પ્રશ્નોની ચર્ચા કરી છે. એ દરેક અંગે આથી વધારે પણ ચર્ચા–વિચારણા થઈ શકે; તેમજ સમાજને મુંઝવતા આવા બીજા પ્રશ્નો અંગે પણ વાત થઇ શકે; પણ આપણે અહિં કેવળ આવા પ્રશ્નોની ચર્ચા કરવા જ નથી મળ્યા પણ આવા પ્રશ્નોનું સ્વરૂપ સમજીને એના નિરાકરણ માટેના ઉપાયો શોધવા અને અમલમાં મૂકવાનો નિર્ણય કરવા મળ્યા છીએ; ને વિચારો કે નિર્ણયોને અમલીરૂપ ન આપી શકાય એનું વિશેષ મૂલ્ય રહેતું નથી. અને એથી કોઈ ખાસ લાભ પણ થતો નથી. તેથી આપણને આ અધિવેશનમાં ઓછા કે વધુ ઠરાવો કરીયે એ મહત્વનું નથી; પણ એના અમલ માટે એના દરેક પાસાનો ઊંડાણથી વિચાર કરીને એ અમલી બની શકે એ વાત ઉપર ખાસ ધ્યાન આપીએ એ જ ખરૂં મહત્વનું અને જરૂરી છે.

સંનિષ્ઠ કાર્યકરોની જરૂર

વ્યક્તિની જેમ સંસ્થાને પણ ચઢાવ ઉતરાવ આવતા હોય છે. ઘણી વખત ઉદાસિનતા અને નિષ્ક્રીયતા પણ આવી જાય છે. પરંતુ કાર્યકરોનું જુથ મળતાં ગતિ મળતાં વેગ વધે છે. સારા નિષ્ઠાવાન કાર્યકરો જ સંસ્થાને પ્રાણવંતી બનાવી હું અહિં જે વાત કરી રહ્યો છું એ માત્ર કોન્ફરન્સની જ નહિ પણ સમસ્ત જૈનોની તમામ સંસ્થાઓની વાત છે. આ બધી સંસ્થાઓ અને તેના કાર્ય-

કરે અને આપણા તમામ લોકો દ્વારા આ સમાજનું ઘડતર કરવાની જવાબદારી તમામ સંસ્થાઓની છે. એક જ ધ્યેય સાથે અનેક સંસ્થાએ કામ કરે તે કરતાં જુદી જુદી સંસ્થાઓ અલગ-અલગ ધ્યેય સાથે કાર્યરત રહે તો કાર્ય બેવડાય નહિ અને સંસ્થાઓ ધબકતી રહી શકે.

જૈન સમાજ ભલે નાનો રહ્યો પરંતુ સમર્થ લોકોનો સમાજ છે. શક્તિશાળી લોકોનો તોટો નથી; પરંતુ આ બધા લોકોને એક ટેબલ ઉપર લાવવાની જરૂર છે. તેમને સમાજના પ્રવાહમાં સામેલ કરવાની જરૂર છે. સંસ્થાઓ ચલાવવા માટે સમયનો ભોગ આપી શકે તેવા તેમજ કુનેહ, ધગશ અને ભેખ લેવાની ભાવનાવાળા કાર્યકરોની પણ ખૂબ જરૂર છે. એકલા પ્રમુખ કે મંત્રીઓ કોઇ કાર્ય પરિપૂર્ણ કરી શકે નહિ. કોન્ફરન્સનું કાર્યાલય મુંબઇ હોવા છતાં એને ગતિશીલ રાખવાની જવાબદારી દરેક પ્રાંતના સ્ટેન્ડીંગ કમિટીના સભ્યોની અને સમગ્ર જૈન સમાજની છે.

કોન્ફરન્સ નિભાવ ફંડ

કોઇપણ સમાજને કે સંસ્થાને તેમની પ્રવૃત્તિ માટે પૈસાની જરૂર રહેવાની છે. પૈસા વગર કોઇ કામ થવાનાં નથી. કાર્યકરો મહેનત અને ધનનો ભોગ આપે તે માટે બન્નેનું સરખું મહત્વ છે. કાર્યકરો અને દાતાઓ એક રથના બે પૈડાં છે. આમાંથી એકનો પણ અભાવ સમાજને પરવડી શકે નહિ. આ બન્ને વચ્ચે સમન્વય અને એક રાગ જરૂરી છે.

કોન્ફરન્સ સંસ્થા આપણી અખિલ ભારતીય સંસ્થા છે. આ સંસ્થા વધુ ગતિશીલ અને મજબુત બને તે માટે કોન્ફરન્સ નિભાવ ફંડ એકત્ર કરવાની આજના તબક્કે ખુબ જરૂર છે. આ ભાવનાથી આપને હું કોન્ફરન્સ નિભાવ ફંડમાં આર્થિક સહાય આપવાની તથા સંસ્થાના પેટ્રન, આજીવન સભ્ય બનવાની આગ્રહ ભરી અપીલ કરું છું.

હિંસા અટકાવવા દરેક ધર્મગુરૂઓનો સહકાર મેળવીએ

ભારતને અહિંસા પ્રધાન દેશ કહેવામાં આવે છે, પરંતુ દુઃખ સાથે કહેવું પડે છે કે આઝાદી પછી દેશમાં હિંસા બહુ જ ઝડપથી વધી છે. યાંત્રિક કતલખાના ઉભા કરવા વિદેશમાં માંસ-માછલી નિકાસ, શિક્ષણ માટે પશુ-પક્ષીઓની કતલ, ઇંડાનો પ્રચાર, ગૌવધ અને માંસાહારનો પ્રચાર જે ઝડપથી વધી રહ્યો છે તે ચિંતાજનક છે. હિંસાના આ તાંડવનૃત્યને રોકવા માટે ફક્ત જૈન સમાજ જ નહિ પરંતુ દેશના દરેકે દરેક અહિંસક સમાજે એક સાથે મળી વિરોધ માટે આગળ આવવું જરૂરી છે. ભારતમાં જૈનો સિવાય કરોડોની સંખ્યામાં હિંદુ તથા અન્ય ધર્મીઓ અહિંસામાં માને છે. અહિંસાપ્રેમી, ધર્મો, સમાજો, ધર્મગુરૂઓને કોન્ફરન્સના માધ્યમથી અહિંસાના પ્રચાર માટે અને હિંસા અટકાવવા માટે એકત્ર કરવાના મારા સતત પ્રયત્નો છે. દરેક ધર્મના ધર્મગુરૂઓના અવાજમાં બળ હશે. તેથી વધતી જતી હિંસા અટકાવી શકીશું. અહિંસા તથા શાકાહારનો પ્રચાર કરવાની ખુબ જ જરૂર છે. અને તે માટે આ અધિવેશનમાં એવ પ્રકારની ભાવના અને અપીલ કરવા સાથે પ્રસ્તાવ કરવા માટે સૂચન પણ હું કરૂં છું. અહિંસા અને શાકાહાર પ્રચાર માટે આપણે વધુ સંગઠીત થઈ ધ્યાન દેવું પડશે. જુદા-જુદા સંગઠનો અથવા ધર્મો દ્વારા અહિંસા પ્રચાર અને હિંસાને રોકવા માટે છુટા-છુટા પ્રયાસ થાય છે, પરંતુ તે પ્રભાવશાળી નથી બનતા. આથી આપણે દરેક અહિંસા પ્રેમીઓ મળીને હિંસાના વિરોધમાં અવાજ ઉઠાવવો જોઇએ એના માટે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર સાથે પણ જરૂરિયાત મુજબ વાતચીત કરી શકાય છે અને ઉલ્લેખ કરતા આનંદ અનુભવુ છું કે જુદા-જુદા ધર્મ અને સમાજના ધર્મગુરૂ-સંતો-મહંતોનો સાથ મેળવવાના મારા પ્રયત્નો ચાલુ છે. અને તેઓ અહિંસાના પ્રચાર માટે જૈનોની સાથે જ છે.

સમગ્ર શ્રમણ ભગવંતોના આશીર્વાદ

અખિલ ભારતીય જૈન કોન્ફરન્સને શરૂઆતથી આજ સુધી શ્વેતામ્બર મૂર્તિપૂજક સમાજના પૂજ્ય આચાર્ય ભગવંતો અને સાધુ-સાધ્વીઓના સતત આશીર્વાદ અને માર્ગદર્શન મળી રહ્યાં છે. શ્રમણ ભગવંતોની કરૂણાદૃષ્ટિ અને સંસારને જીવો ઉપર ઉપકાર કરવાની ભાવનાથી દરેકને પ્રેરણા મળે છે. જીવ યા, ધર્મ ઉત્કર્ષના દરેક કાર્યમાં મને દરેક શ્રમણ ભગવંતોના સતત આશીર્વાદ અને પ્રેરણા મળે છે. તેના માટે મારા તથા કોન્ફરન્સ તરફથી પૂજય સાધુ-સાધ્વીજીઓનો વિનમ્રતા પૂર્વક આભાર માની વંદના કરૂં છું. પૂજ્ય આચાર્ય ભગવંતો અને સાધુ-સાધ્વીઓ પ્રત્યે આપણો જૈન સમાજ ઊંડી શ્રદ્ધા અને નિષ્ઠા રાખે છે. તેમનો ત્યાગ, તપ અને ઉપકાર સ્વીકારતા તેમની સદા પ્રેરણા પામી સારા કાર્ય કરે છે. કોન્ફરન્સને પૂજ્ય આચાર્ય ભગવંતો તથા પૂ. સાધુ-સાધ્વીજી મહારાજો તરફથી વધુ માર્ગદર્શન અને આશીર્વાદ મળે એવી આ તકે વિનમ્ર પ્રાર્થના કરૂ છું

ઉ પ સં હા ર

હવે હું મારા વકતવ્યને લંબાવી આપનો વધુ સમય લેવા નથી ઇચ્છતો. કોન્ફરન્સને આપણે નવી પ્રેરણા અને નવા બળથી મજબુત કરવાની છે. વધુમાં મારે એટલું જ કહેવાનું છે કે આપણી મહાસભા એક જીવંત પ્રાણવાન, નિયમબદ્ધ, સંગઠિત એક જાજવલ્યમાન સંસ્થા સર્વથા કઈ રીતે બની રહે તે આપણું જોવાનું છે. જુદા-જુદા મત ધરાવતો વર્ગ આ મહાસભાની છત્રછાયા હેઠળ એક સંપથી રહે. સમાજ અને દેશના ઉત્કર્ષના વિચારો યોજી તેને અમલમાં મૂકો. જુના અને નવા વિચારના સમૂહે ધીરજ

આર્થિક સહાય કે લોન આપવા જૈન સોશ્યલ ગૃપ દ્વારા ચાલુ થયેલી સ્કીમમાં કોન્ફરન્સે એક સેવક તરીકે સહયોગ આપેલ છે.

સહનશક્તિ અને એકબીજા પ્રત્યે પૂર્ણ વિશ્વાસ તથા ઉદારતાથી જીવે, આટલું થાય તો મને ખાત્રી છે કે આપણી કોન્ફરન્સ સમગ્ર જૈન સમાજ અને દેશની યોગ્ય સેવા કરી શકશે. આ બધુ આપ સર્વના હાથમાં છે. આપણાં સર્વનોજ એક અંગત દાખલો લો. તમારા નાનકડા જેવા રાજ્ય ગણાતા તમારા ઘરના જ કુટુંબમાં જુદા જુદા વીચારો ધરવિનારા સભ્યો છતાં કેવો તોડ કાઢી ઘરનું સામ્રાજ્ય નભાવો છો ? તો પછી આખા શાસનનો સવાલ જ્યારે ઉપસ્થિત થાય ત્યારે તમારી અંગત જવાબદારી મા[ર્ક] તેનો તોડ ન લાવી શકો....?

મિત્રો સમાજની તથા સંસ્થાની અત્યારની [સ્]થિતિને અનુલક્ષીને મને જે વીચારો આવ્યા તે મે આપણી સામે મૂકવાનો પ્રયત્ન કર્યો છે. એનો ઉપયોગ કરી લેવાની હું આ[પ સ]ૌને વીનંતી કરું છું આપનો આભાર માનીને મારું વકતવ્ય પુ[રુ] કરૂ છું.

✡

જૈસલમેર પંચતીર્થીની યાત્રાર્થે પધારો

પશ્ચિમી રાજસ્થાનમાં આવેલ જૈસલમેર પંચતીર્થી પોતાની પ્રાચીનતા, કલાત્મકતા અને ભવ્યતા માટે જગપ્રસિદ્ધ છે. જૈસલમેર પંચતીર્થીના અન્તર્ગત જૈસલમેર દુર્ગ, અમરસાગર, લૌદ્રવપુર, બ્રહ્મસર અને પોકરણ સ્થિત જિનાલયોમાં બધા મળી ૬૬૦૦થી વધુ જિનપ્રતિમાજીઓ બિરાજમાન છે

જૈસલમેરની વિખ્યાત વિશેષતાઓ : (૧) ભવ્ય કલાત્મક અને પ્રાચિન જિનાલયો. પન્ના અને સ્ફટિકની પ્રતિમાઓ. (૨) ખરતરગચ્છીય શ્રી જિનભદ્રસુરિ જ્ઞાનભંડારમાં સંગ્રહિત તાડપત્રીય અને હસ્તલિખિત ગ્રંથો. (૩) દાદાગુરુદેવ શ્રી જિનદત્તસુરિજી મહારાજની ૮૩૦ વર્ષ પ્રાચીન ચાદર અને ચોલપટ્ટા, જે તેઓના અગ્નિસંસ્કાર પછી પણ સુરક્ષિત રહ્યા છે. (૪) અનેક દાદાવાડી, ઉપાશ્રય, અધિષ્ઠાયક સ્થાન અને પટુઆ શેઠોની કલાત્મક હવેલીઓ. (૫) લૌદ્રવપુરના ચમત્કારીક અધિષ્ઠાયકદેવ જેમના દર્શન ભાગ્યશાળીઓને અવારનવાર પ્રાપ્ત થાય છે.

આવાસ પ્રબંધ : યાત્રિકો અને શ્રીસંઘોને ઉતરવા ઉચિત પ્રબંધ છે. મરુભુમિમાં હોવા છતાં પાણી અને વિજળીની પુરી વ્યવસ્થા છે. દાનવીરોના સહયોગથી ભોજનશાળા ચાલુ છે.

યાતાયાતના સાધન : જૈસલમેર આવવા માટે જોધપુર મુખ્ય કેન્દ્ર છે. તે ભારતના જુદા જુદા માર્ગોથી યાતાયાતના સાધનોથી જોડાયેલ છે જોધપુરથી દિવસમાં એકવાર બસ અને રાત્રે ને સવારે બે વાર ટ્રેઈન જૈસલમેર આવે છે. આ ઉપરાંત જયપુર અને બીકાનેરથી પણ સીધી બસો જૈસલમેર આવે છે.

જૈસલમેર પંચતીર્થીનાં દુર્ગ તથા અમરસાગર સ્થિત જિનમંદિરોના જીર્ણોદ્ધારનુ કામ ચાલુ છે.

શ્રી જૈસલમેર લૌદ્રવપુર પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર ટ્રસ્ટ

તાર : જૈન ટ્રસ્ટ **જૈસલમેર** ૩૪૫૦૦૧ (રાજસ્થાન) ફોન ૨૩૩૦ ૨૪૦૪

શ્રી કરેડા પાર્શ્વનાથજી [ત]ીર્થની

[રેલ્વે સ્ટેશન ભુપાલસાગર (જિ. ચિત્તોડગઢ, [રા]જસ્થાન)]

યાત્રાર્થે અવશ્ય પધારો

આ મંદિરનું નિર્માણ આચાર્ય ધર્મઘોષસુરિ[જી] મ. ના ઉપદેશથી માંડવગઢના મહામંત્રી સંઘપતિ પેથડશાહ દ્વા[રા] સં. ૧૩૨૧ મ કરવામાં આવ્યુ અને તેના શિખર પર સાત ખ[ં]નું ભવ્યમંદિર શ્રી પેથડશાહના પુત્ર ઝાંઝણકુમારે સં. ૧૩૪૦માં [ન]િર્માણ કર્યું, જેનું સુકૃત સાગર તરંગ આઠમાં વર્ણન છે.

તેનો હાલમાં શ્રી શંખેશ્વર – ભોયણી તી[ર્થ] દ્વારા રૂપિયા ૧૨,૫૦,૦૦૦/- ખર્ચ કરી જીર્ણોદ્ધાર કરવામાં [આ]વ્યો છે અને બાવન દેરીઓમાં શ્રી પાર્શ્વપ્રભુની પ્રતિમા વિભિન્ન [ત]ીર્થોના નામથી બિરાજમાન કરવામાં આવી છે. મુલનાયક ભગ[વા]નની પ્રાચીન, અત્યંત મનોહારી, ચમત્કારી, શ્યામવર્ણિય પ્રતિ[મા]જીના નિર્મલ ભાવથી દર્શન કરી પુણ્યોપાર્જન કરો.

અમદાવાદથી ઉદયપુર, ચિત્તોડ રેલ્વે માર્ગ પ[ર] ભુપાલસાગર નામના સ્ટેશનથી ૩ ફર્લાંગ દુર આ તીર્થ આવેલ [છે] બસોની પણ સુવિધા ઉપલબ્ધ છે

આ તીર્થની યાત્રા સાથે જ મેવાડની પંચ તી[ર્થ]ીના દર્શનના પણ લાભ મળશે. આ તીર્થોમાં શ્રી દયાલશાહના [કિ]લ્લા નામનું તીર્થ જે રાજસમન્દ-કંકરોલીની મધ્યમાં છે. લગભ[ગ] ૨૫૦ પગથિયાથી આ તીર્થ 'મેવાડ શેત્રુંજય' નામથી પણ પ્[ર]સિદ્ધ છે.

આ બંને તીર્થો પર આધુનિક સુવિધાઓ[થી] સુસજ્જિત વિશાલ ધર્મશાળા તથા ભોજનશાળાની સુવ્યવસ્થા છે.

લિ. કરેડા પાર્શ્વનાથ તીર્થ ક[મ]િટિ

ભુપાલસાગર (રાજસ્થાન) [ફોન નં. ૩૩

'જૈન' પત્રના ગ્રાહકોને નમ્ર વિનંતી

જે ગ્રાહક બંધુઓએ ચાલુ વર્ષનું લવાજમ ન મોકલ્યું હોય તેમણે રૂા. ૫૦/- M. O. મોકલાવવા વિન[ં]તી.

પ્રમુખશ્રી ગુલાબચંદજી ઢઢ્ઢાથી તે શ્રી દીપચંદ એસ. ગાર્ડી સુધીના સમયમાં અનેક કાર્યકરોએ કોન્ફરન્સને ગૌરવ[વ]ંતુ કરેલ છે.

અખિલ ભારતીય જૈન શ્વેતામ્બર કોન્ફરન્સના ૨૫માં અધિવેશન પ્રસંગે

મંત્રીઓનું પ્રપચન

મહામંત્રી શ્રી જયંતભાઈ માવજીભાઈ શાહે મંત્રીઓનું સંયુક્ત નિવેદન કોન્ફરન્સમાં રજુ કરેલ.

પરમ વંદનીય આચાર્ય ભગવંત શ્રી વિજયઈન્દ્રદિન્નસુરિશ્વરજી મહારાજ તથા . સાધુ ભગવંતો તેમજ પુજ્ય સાધ્વીજી મહારાજો, માનવંતા પ્રમુખ દિપચંદભાઈ ગાર્ડી, ઉદ્ઘાટક શ્રી અભયરાજજી ઓસવાલ, મુખ્ય અતિથિ વિશેષ શ્રેષ્ઠિવર્ય શ્રી શ્રેણીકભાઈ કસ્તુરભાઈ અને સુપ્રસિદ્ધ જ્યુરિષ્ટ ડૉ. એલ. એમ. સિંઘવી, સ્વાગત પ્રમુખ શ્રી રામલાલજી જૈન તથા સ્વાગત પદાધિકારીઓ, ડેલિગેટ ભાઈ-બહેનો, આમંત્રિત મહેમાનો ભાઈઓ, બહેનો.

પુર્વના કોઈ પુણ્યોદયે ફરી એકવાર ભારતની રાજધાની દિલ્હીમાં શ્રી અખિલ ભારતીય જૈન શ્વે. કોન્ફરન્સનું ૨૫ મું રજતજયંતી અધિવેશન મળે છે તેથી આનંદ અનુભવું છું અને આપ સૌનું સ્વાગત કરતા અને હાર્દિક આવકાર આપતાં હર્ષ અનુભવીએ છીએ.

પ્રાતઃ સ્મરણીય યુગવીર આચાર્ય શ્રી વિજયવલ્લભસુરિશ્વરજી મહારાજ કોન્ફરન્સને ચેતનવંતી બનાવનાર મહાપુરૂષ હતા અને તેમની કાયમી યાદગીરીમાં વિજયવલ્લભ સ્મારકના પ્રાંગણમાં તૈયાર થયેલ શ્રી વાસુપુજ્ય જિનાલયની પ્રતિષ્ઠા, પુજ્ય વલ્લભસુરિજી મ.ની મુર્તિની સ્થાપના, અંજનશલાકા વિગેરેનું આયોજન થયું છે. તે સોનામાં સુગંધ ભળવા જેવું મહત્વપુર્ણ કાર્ય થઈ રહેલ છે; જેનો સમગ્ર સમાજને આનંદ છે.

આજે અનેકવિધ મુશ્કેલીઓ, મોંઘવારી, રાજકીય અથડામણો અને બીજા ગુંચવણ ભર્યા પ્રશ્નો છે ત્યારે આપણો સમાજ ક્યાં ઉભો છે, તે માટે માર્ગદર્શન મેળવવા અને માર્ગ શોધવા આ ૨૫ મું રજતજયંતી અધિવેશન મળી રહેલ છે.

કોન્ફરન્સનું ૨૩ મુ અધિવેશન સિધ્ધક્ષેત્ર પાલિતાણાની તીર્થભુમિમાં તા. ૨૪-૨૫ માર્ચ ૧૯૭૩ના દિવસોમાં મળેલ તે વખતે પ્રમુખ તરીકે શ્રીયુત દીપચંદભાઈ ગાર્ડીની વરણી થઈ હતી, તે પછી તા. ૨૯-૩૦ નવેમ્બર ૧૯૭૯માં આજ સ્થળે ૨૪ મું અધિવેશન મળેલ અને આ ત્રીજીવાર પણ શ્રીયુત દીપચંદભાઈ સવરાજ ગાર્ડી પ્રમુખ તરીકે પુનઃ નિયુક્ત થયા છે તેને અમો આવકારીએ છીએ. જૈન સમાજની સર્વાંગીન સેવા માટે આવો માન અને ગૌરવભર્યો હોદ્દો ત્રીજી વખત સ્વીકારવા બદલ ગાર્ડી સાહેબને ધન્યવાદ અને અભિનંદન આપીએ છીએ.

કોન્ફરન્સની પૂર્વ ભૂમિકા અને કાર્યક્ષેત્ર

શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ જે અખિલ ભારતના શ્વેતામ્બર મુર્તિપુજક જૈનોની એક માત્ર સંસ્થા છે. આ સંસ્થાની સ્થાપના ૮૬ વર્ષ પહેલાં સંવત ૧૯૫૮ના ભાદરવા વદ ૮-૯ એટલે તારીખ ૨૫/૨૬ સપ્ટેમ્બર ૧૯૦૨ના રાજસ્થાનના ફલોદી તીર્થમાં મળેલ પ્રથમ અધિવેશનમાં સ્વ. શ્રી ગુલાબચંદજી ઢઢ્ઢાજી (M. A.)એ કરેલ છે.

સમયના વહેણ સાથે કોન્ફરન્સ અને તેનું કાર્યક્ષેત્ર શું છે, તેની નોંધ લેવી ખુબ જ અગત્યની હોઈ તે પ્રથમ જણાવું છે.

આપણા કોઈપણ કાર્યમાં કાર્યક્ષેત્ર અને તેની મર્યાદાનો વિચાર કરવો એ ખુબ જ અગત્યનો છે. અને તે જાણ્યા પછી આપણે કરેલ કાર્યનું ધારેલું પરિણામ પામી શકીએ એ વાત ધ્યાનમાં લઈ કામ કરવાથી નિરાશા કે ગ્લાનિ નહી અનુભવાય પણ કાર્ય કર્યાનો આનંદ મળશે.

અખિલ ભારતીય જૈન શ્વેતામ્બર કોન્ફરન્સનું કાર્યક્ષેત્ર કોઈ પ્રાંત કે જિલ્લા માટે મર્યાદિત નથી, પણ સારાય ભારતભરના શ્વેતામ્બર મુર્તિપુજક જૈનો માટે છે; આથી તેનું કાર્યક્ષેત્ર ખુબ વિશાળ રાખવાની સતત કાળજી રાખવાની રહે છે. કોન્ફરન્સનું કાર્યક્ષેત્ર એવું છે કે સારાય સમાજના પ્રશ્નોને સમજીને માર્ગદર્શક બની ઉકેલ લાવવામાં મદદ કરવાનું છે. આ વાત વધુ સરળતાથી સમજાવવાનો પ્રયત્ન કરૂં તો તેનું ક્ષેત્ર "DIRECTIVE" સુચનાત્મક છે, નહિ કે "EXECUTIVE" યાને કાર્યવાહક બનવાનું નથી કોન્ફરન્સે શું કર્યું ? શું કરે છે ? આ પ્રશ્ન સૌને સ્વાભાવિક થાય તે સહજ છે. ત્યારે કોન્ફરન્સનું કાર્યક્ષેત્ર બરાબર સમજવું જરૂરી છે. કોન્ફરન્સે પોતાની રીતે સંસ્થાઓ ચલાવવાથી નથી. તેમને તો સંસ્થાઓ

સંસ્થાઓ ચલાવવા માટે ધગશથી સમયનો ભોગ આપી શકે તેવા કાર્યકરોની જરૂર છે. એકલા પ્રમુખ-મંત્રીઓથી કાર્ય થાય નહી.

સમાજના હિત માટે ઉભી કરવાની છે. અને તે ચાલે તે માટે માર્ગદર્શન અને ઉપયોગી બનવાનું છે.

આ વાત વધુ સારી રીતે સમજવા માટે દાખલા તરીકે શ્રી જૈન ઉદ્યોગગૃહ ઉભું કર્યા પછી સ્વાયત કરી દેવામાં આવ્યું અને તે સુચારુરૂપમાં ચાલે અને સક્રિય રીતે કામ કરતું રહે તેનું ધ્યાન રાખવાનું કામ કોન્ફરન્સનું છે. જેવી રીતે સેન્ટ્રલ ગવર્નમેન્ટ દરેક પ્રાંતોમાં સુચનો, સલાહો, ત્યાની પ્રાંતિક સરકાર આપે છે તે રીતે કોન્ફરન્સની કાર્યવાહી છે.

આટલી સ્પષ્ટતાથી કોન્ફરન્સ સંસ્થા કેટલી ઉપયોગી છે તે સમજાશે.

કાર્યવાહી સમિતિ

કોન્ફરન્સનું ૨૪મું અધિવેશન દિલ્હીમાં શ્રી આત્મવલ્લભ સ્મારક શિલાન્યાસ વિધિ પ્રસંગે નવેમ્બર ૧૯૭૯માં તા. ૨૯–૩૦ના દિવસોમાં મળેલ અને બંધારણ કલમ ૨૪ (૧) મુજબ સંસ્થાના પ્રમુખશ્રીએ પાંચ ઉપ-પ્રમુખ, ચાર મંત્રીઓ, અને એક ખજાનચી અને બીજા ૩૦ સભાસદોના "કાર્યવાહી સમિતિ"ની નિયુક્ત કરેલ હતી. એ પછી કોન્ફરન્સના ઉપ-પ્રમુખો શ્રી નારણજી શામજી મોમાયા તથા શ્રી ઘમંડીરામ કે. ગોવાણી અને મેનેજીંગ કમિટિના સભ્યો શ્રી શાંતિલાલ મગનલાલ શાહ, શ્રી રસીકલાલ નાથાલાલ કોરા, શ્રી રમણલાલ એન. પરીખ, શ્રી મુક્તિલાલ વીરવાડીયા સ્વર્ગવાસ પામ્યા છે. તેઓને અત્રે શ્રદ્ધાંજલિ અર્પીએ છીએ. સને ૧૯૮૭ના વર્ષમાં શ્રી પુખરાજજી ચુનીલાલ બાફણાને ઉપ-પ્રમુખ તરીકે અને શ્રી ભરતભાઈ હિરાલાલ શાહને મેનેજીંગ કમિટીમાં લેવામાં આવ્યા હતા.

૪૧ સભ્યોની કાર્યવાહક સમિતિની સભામાં [illegible] રહેતા સ્ટેન્ડીંગ કમિટીના ૧૭૧ સભ્યોને દરેક મીટીંગમાં નિમંત્રણ આપવામાં આવે છે. અને આ સભ્યો પૈકી અમુક સભ્યો દરેક મિટીંગમાં હાજર રહી કોન્ફરન્સના કાર્ય અંગે જરૂરી લાગણી, માર્ગદર્શન, સૂચન અને દોરવણી આપે છે. તેની આ સ્થાનેથી નોંધ લેતા આનંદ થાય છે.

પ્રભુ શ્રી મહાવીર જન્મ કલ્યાણક મહોત્સવ

શ્રમણ ભગવાન શ્રી મહાવીરસ્વામી જન્મ કલ્યાણક મહોત્સવ કોન્ફરન્સના ઉપક્રમે મુંબઈમાં ચારેય ફિરકાઓ તરફથી ઉજવાય છે. સમાજના બધા સંપ્રદાયોના બળને સુદૃઢ બનાવવાની દિશામાં પ્રભુ શ્રી મહાવીર જન્મકલ્યાણક દિવસ ઉપયોગી પ્લેટ ફોર્મ પુરૂ પાડે છે. સંવત ૨૦૪૧ તથા ૨૦૪૪ના વર્ષમાં અલગ અલગ દિવસોએ પ્રભુ શ્રી મહાવીર જન્મકલ્યાણક દિવસ આવતો હોઇ ચારેય ફિરકાની અખિલ ભારતીય સંસ્થાઓના પ્રતિનિધિઓની મિટીંગ કોન્ફરન્સે બોલાવી હતી અને મહાવીર જન્મકલ્યાણક દિવસ એકજ દિવસે સંયુક્ત રીતે ઉજવવા અપીલ કરી હતી. પરિણામે બન્ને વર્ષમાં જાહેર રજા નક્કી કરેલા દિવસે રખાવી હતી અને ચારેય ફિરકાઓએ એક જ દિવસે મહાવીર જયંતી ઉજવી હતી.

કોન્ફરન્સ નિભાવ ફંડ

દિલ્હીનાં ૨૪માં અધિવેશન પછી પ્રમુખશ્રીનું લક્ષ કોન્ફરન્સની આર્થિક સ્થિતિ તરફ ખાસ ખેંચાયું અને તે બાબત વિચારતાં કોન્ફરન્સના હાલના ફંડમાંથી ખર્ચ કરવાની આવશ્યકતા ઉભી ન થાય એ વાત ધ્યાનમાં રાખી સંસ્થાના હોદ્દેદારોએ પોતાની સારી એવી રકમ આપેલ છે. તેમજ અધિવેશન પછી નીચે મુજબ નવા સભ્યો બનાવેલ છે.

રૂા. ૧૦૦૧ ના પેટ્રન	૧૭૨
રૂા. ૫૦૧ ના આજીવન સભ્ય	૨૫
રૂા. ૨૫૧ આજીવન સભ્ય બ વર્ગ	૬૪
તેમજ રૂા. ૧૦૧ શુભેચ્છક સભ્ય	૧૪૧

આધુનિક કતલખાનાઓનો વિરોધ

ગુજરાતમાં વલસાડ પાસે દાદરા નગર હવેલી, જામનગર, ભીવંડીમાં આધુનિક કતલખાનાની યોજના તૈયાર થઇ હતી. વડાપ્રધાન શ્રી રાજીવ ગાંધી તથા સંબંધિત સત્તાવાળાઓને કોન્ફરન્સ તરફથી આવેદન પત્રો મોકલી ભારતની અહિંસા પ્રેમી જનતાના સાથ સહકારથી સુચિત કતલખાનાઓની યોજના પડતી મુકાવેલ છે. તાજેતરમાં બેંગલોરમાં કાચરમનહુલ્લી નજીક ૫૮ એકર જમીન ઉપર ૧૦ લાખના ખર્ચથી કતલખાનું ઉભું કરવાની કાર્યવાહી સામે આપણા સૌનો સાથ લઇને જોરદાર વિરોધ કરતાં હાલ તુરત આ કાર્ય પણ બંધ રહેલ છે.

ગોવંશ હત્યા બંધ

ગોવંશ હત્યા બંધી અંગે મુંબઈમાં દેવનાર કતલખાના સામે શાંત સત્યાગ્રહ ચાલી રહયો છે. તા. ૧૫-૪-૧૯૮૨ના રોજ "શ્રી ગોવંશ રક્ષા સમિતિ"ની સાથે કોન્ફરન્સ અને બીજી સંસ્થાઓના ઉપક્રમે કોઇપણ ઉંમરના "ગાય કે બળદ" ન કપાય તે માટે કેન્દ્ર સરકાર કાયદો કરે તેવું આવેદનપત્ર તે સમયના વડાપ્રધાન શ્રીમતી ઇન્દિરા ગાંધીને મોકલવામાં આવતા ગાય તથા સશક્ત બળદ આ કતલખાનામાં ન કાપવા કાયદો કરેલ છે. આમ છતાં નિયમનું પાલન સુચારૂ રીતે થતું નથી તેનું ભારે દુઃખ છે.

જૈન સાધુ સંસ્થા માટે અશોભનીય લખાણનો વિરોધ

મુંબઈથી પ્રસિદ્ધ થતાં "યુવદર્શન" સામાયિકમાં બાલચંદ્ર જાનીએ તેમના લખાણમાં આપણા વંદનીય અને પુજનીય સાધુ સમુદાય માટે અશોભનીય લખાણ લખેલ હતું. જૈન સાધુઓ (ધર્મગુરુ) કંચન–કામીનીના ત્યાગી છે, બ્રહ્મચારી છે, જયારે તેમના વિષે અણછાજતું લખાણ છાપવા બદલ કોન્ફરન્સની મીટીંગમાં ઠરાવ કરી શીઘ્ર ખુલાસો કરાવવા કાર્યવાહી કરવામાં આવી હતી. આ પછી યુવદર્શનના સંપાદકે આવું લખાણ છાપવા બદલ અને જૈનોની લાગણી દુભાઈ તે માટે દિલગીરી વ્યકત કરી માફી માંગી હતી.

આજની અનેકવિધ મુશ્કેલીઓ–મુંઝવણોમાં આ અધિવેશન માર્ગદર્શક બની રહેશે.

પબ્લિક ટ્રસ્ટ એકટનો વિરોધ

મહારાષ્ટ્ર સરકારે વિધાનસભામાં તા. ૧૩-૯-૮૨ના રોજ પબ્લિક ટ્રસ્ટોને લગતો એક ખરડો રજુ કરેલ હતો. આ ખરડો જો કાયદો બને તો રાજ્યમાં નોંધાયેલા કોઈપણ ધર્માદા સાર્વજનિક ટ્રસ્ટનો વહિવટ સરકાર પોતાના હસ્તક લઈ શકે તેવી વ્યાપક સત્તા ગ્રહણ કરતો આ ખરડો હતો. કોન્ફરન્સની કાર્યવાહક સમિતિ તથા બૃહદ મુંબઈમાં રહેતા સ્ટેન્ડીંગ કમિટીના મેમ્બરોની મિટીંગમાં સર્વાનુમતે ઠરાવ કરી સુચિત ખરડા સામે વિરોધ ઘોષિત કર્યો આ ખરડો પડતો મુકવા માટે બુલંદ માંગણી કરી હતી. તેમ જ શ્રી વિજયદેવસુર જૈન સંઘ અને બૃહદ મુંબઈના જૈન સંઘો સાથે કોન્ફરન્સ વિગેરે સંસ્થાઓ તરફથી ૧૦મી ઓકટોબર ૧૯૮૨ના રોજ ગોડીજી ઉપાશ્રયમાં પુજ્ય આચાર્ય શ્રી વિજયચંદ્રોદયસુરિજી, તથા પુ. આ. શ્રી વિજયસુર્યોદયસુરિજી, પુ. આ. શ્રી વિજયચંદ્રસુરિજી, પુ. આ. શ્રી વિજયલબ્ધિસુરીજી, પુ. આ. શ્રી વિજયકનકરત્નસુરિજી આદિ શ્રમણ ભગવંતોની નિશ્રામાં આ અંગે જૈનોની સભા મળી હતી.

કોન્ફરન્સના ઉપ-પ્રમુખ શ્રી જે. આર. શાહે આ ખરડા અંગે માહિતી આપી હતી કે આ ખરડામાં ૨૭ કલમો છે, જે તમામ કલમો પબ્લિક ટ્રસ્ટના વહિવટ હસ્તગત કરવાના સરકારી ઈરાદા સુચવનારી છે. આ કાયદો અમલમાં આવે તો તમામ "પબ્લિક ટ્રસ્ટો"નું પાછલે બારણેથી કરાતું રાષ્ટ્રીયકરણ છે. આ અંગે એક સમિતિ નિયુક્ત કરવામાં આવેલ અને સમગ્ર જૈનોના વિરોધ પછી આ ખરડો મહારાષ્ટ્રના તે વખતના મુખ્યમંત્રી શ્રી બાબાસાહેબ ભોંસલેએ સુચિત "પબ્લિક ટ્રસ્ટ એકટનો" ખરડો હાથ ઉપર ન લેતા પડતો મુકાયો હતો. આ ઉપરાંત સને ૧૯૮૮માં કેન્દ્ર સરકારે "સીધા કરવેરા દ્વારા બીલ" રજુ કરેલ, જેમાં ધર્માદા સંસ્થાઓને આવરી લઈ ટેક્ષ વસુલ કરવા તેમજ રોકાણ પણ ગર્વમેન્ટ સીકયુરીટીમાંજ કરવાનો કાયદો હતો, તેની સામે પણ કોન્ફરન્સ અને બીજી સંસ્થાઓ તરફથી વિરોધ થતા મોકુફ રહેલ છે.

જૈન તીર્થોમાં મુંડકા વેરાનો વિરોધ

ઝગડીયા તીર્થ, મહુડી તીર્થ, કાવી તીર્થ, દાઠાતીર્થ, આદપરતીર્થ, (ઘેટીપાગ)માં ત્યાંની ગ્રામપંચાયતે યાત્રાર્થે આવનાર પ્રત્યેક યાત્રિક પાસેથી મુંડકા વેરો લેવાનો નિર્ણય કરેલ હતો. આપણી કોન્ફરન્સ તરફથી તે ગ્રામપંચાયતોને યાત્રિક વેરો નાખવાના નિર્ણય સામે "મેમોરેન્ડમ" મોકલાવેલ હતા. સ્થાનિક સમાજ કોન્ફરન્સના સક્રિય પ્રયાસોથી પાંચેય તીર્થોમાં યાત્રિક વેરો નાખવાનો ઠરાવ પડતો મુકાયો હતો.

જૈન સાધ્વીજી ઉપર નિર્લજ્જ હુમલાનો વિરોધ

રાજસ્થાનના ચિતોડગઢ જિલ્લામાં આવેલ નિકુંજ ગામ નજીક તા. ૧૨-૩-૧૯૮૬ના સ્થાનકવાસી ત્રણ જૈન મહાસતીજીઓ તેમજ મધ્યપ્રદેશમાં મહિદપુર તાલુકામાં નાગેશ્વર તીર્થ પાસે બપૈયા ગામ નજીક રસ્તામાં સાધ્વીજી સેમતીશ્રીજી મ. આદિ સાથે તા. ૧૫-૬-૮૬ના તોફાની તત્વોએ નિર્લજ્જ હુમલાઓ કરી દુષ્ટ વ્યવહાર કરવાની ચેષ્ટા કરી હતી. આ બન્ને બાબતે કોન્ફરન્સ તરફથી વિરોધ કરી રાજસ્થાન અને મધ્યપ્રદેશ સરકારમાં આપણો અવાજ પહોંચાડી ત્યાગી વર્ગની રક્ષાની માંગણી કરી હતી.

શ્રી નાડુલાઈ તીર્થમાં હિચકારી ઘટના

રાજસ્થાનમાં નાડુલાઈ ગામમાં પહાડની ટેકરી ઉપર જિનાલયના તાળા તોડીને કેટલાક શખ્સોએ શ્રી આદિશ્વરજી, શ્રી ધર્મનાથજી, શ્રી મહાવીર પ્રભુની પ્રતિમાઓને ખસેડીને ચામુંડાદેવીની મુર્તિઓ તા.૩૧-૧-૧૯૮૪ના રાત્રીના બેસાડી દીધી હતી. આ દુઃખદ ઘટનાના સમાચાર કોન્ફરન્સમાં મળતા તા. ૪-૨-૧૯૮૪ના રોજ અરજન્ટ મિટીંગ બોલાવી હતી. જેમાં મુંબઈમાં વસતા રાજસ્થાની ભાઈઓને પણ ખાસ નિમંત્રણ આપતાં તેઓએ આ દુઃખદ ઘટનાની સીલ-સીલાબંધ વિગતો જણાવી હતી. કેન્દ્ર અને રાજ્ય સરકારોને તોફાની તત્વો સામે કડક પગલાં લેવાનો અને તીર્થોનું સન્માનનીય રક્ષણ કરવાનો જોરદાર અનુરોધ કરતો ઠરાવ કર્યો હતો. આ પછી આપણા પ્રતિમાજીઓને પુનઃ સ્થાપિત કરેલ હતા.

શ્રી રાણકપુર તિર્થને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

રાજસ્થાનમાં આવેલ જૈન તીર્થ રાણકપુરને બોમ્બથી ઉડાવી દેવા અંગે એક નનામો પત્ર ત્યાંની પેઢીને મળેલ હતો. આ ઘટના સબંધી કોન્ફરન્સની તા. ૪-૧-૧૯૮૫ની સભામાં તેની ગંભીર નોંધ લીધી હતી. રાજસ્થાનમાં જૈનો વિરુધ્ધ કાર્યવાહી કરવા રચાયેલ અનોપ મંડળ જૈનો અને વૈષ્ણવોમાં ઝઘડાઓ ઉભા કરાવવા, જૈન સાધુ-સાધ્વીજી પ્રત્યે નિર્લજ્જ હુમલો કરવો, જૈનની પ્રતિમાજીને ખસેડી બીજા ધર્મની મુર્તિઓ બેસાડવી, આવા કાર્યો આ સંસ્થા કરે છે. બોમ્બ દ્વારા તીર્થને નુકશાન કરે તે પહેલા જ ચાંપતા પગલાં લઈ રાજસ્થાન સરકાર ખુબ જ કડક હાથે કામ લે તે માટે લાગતા વળગતાઓને મેમોરેન્ડમ આપી આવા કાર્યો બંધ કરાવવા અપીલ કરી હતી.

અનામત આંદોલનમાં સાધ્વીજીઓ ત્રાસનો ભોગ બન્યા

ગુજરાતના અનામત આંદોલન અને તેની આડ પેદાશરૂપ વ્યાપક રીતે બનેલી હિંસા અને અરાજકતાની પરિસ્થિતિએ અમદાવાદ નારણપુરા વિસ્તારમાં સ્થાનકવાસી મહાસતીજી હિરાબાઈને ભયભીત કરી આગ લગાડવાના સમાચાર પ્રાપ્ત થતાં કોન્ફરન્સે ગુજરાતના મુખ્ય મંત્રીને તાર કરી અસમાજિક તત્વોને અંકુશમાં લેવા ઘટતા પગલા લેવા જણાવ્યુ હતું.

જૈનો માટે "મિચ્છામિ દુક્કડમ" માટે ગ્રિટીંગ ટેલીગ્રામ

કોન્ફરન્સની માંગણી અને સમગ્ર જૈન સમાજની લાગણીને લક્ષમાં લઈને તાર-ટપાલ ખાતાએ પર્વાધિરાજ પર્યુષણમાં જૈનો માટે

સને ૧૯૮૨નો પબ્લિક ટ્રસ્ટના એકટમાં સુધારો કરતા ખરડાનો વિરોધ કોન્ફરન્સ દ્વારા સફળતાને વરેલ છે.

"મિચ્છામિ દુક્કડમ" આપવો માટે ગ્રિટીંગ ટેલીગ્રામ નંબર-૨૮ની સવલત સને ૧૯૮૫ના વર્ષમાં આવી છે. સૌનું ધ્યાન દોરવા અને સરકારમાં આ ગ્રિટીંગની અગત્યતા બતાવવા સંવત્સરીના તે દિવસોમાં દરેક જૈનો પરસ્પર ટેલીગ્રામ નં. ૨૮ નો જ ઉપયોગ કરે, તે માટેનું પ્રચાર કાર્ય કોન્ફરન્સ તરફથી પ્રતિવર્ષ કરવામાં આવે છે.

ગ્રિટીંગ નં.-૨૮ માં નીચેના શબ્દો મુકેલા છે.

"Greeting on the Occassion of Paryushan, A day of universal Fargiyeness."

રહેઠાણ યોજના

મુંબઈમાં રહેણાકનો પ્રશ્ન મુંઝવણ ભર્યો બનેલ છે. નાલાસોપારામાં એક લાખ વાર જમીન ખરીદી શ્રી આત્મવલ્લભ સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટ નામે સંસ્થા કાર્યરત છે. તેમાં આપણા પ્રમુખ શ્રી દીપચંદભાઈ ગાર્ડી તથા ઉપ-પ્રમુખ શ્રી જે. આર શાહ શ્રી મોહનલાલ સી. શાહ, શ્રી મનસુખલાલ ડી. વોરા વિગેરે સક્રિય રસ લઈ રહયા છે. ૧૨ બિલ્ડીંગમાં ૨૮૮ કુટુંબોને બ્લોક અપાયા છે. બીજા હજુ ૧૩ મકાનો બાંધી, વધુ કુટુંબોને લાભ મળે તેવા ટ્રસ્ટ દ્વારા પ્રયત્નોમાં કોન્ફરન્સ સાથ આપી રહેલ છે.

મહારાષ્ટ્રની શાળાઓમાં ઇંડા આપવા સામે વિરોધ

મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન શ્રી શરદ પવારે ચારેક મહિના પહેલા એક પત્રકાર પરિષદમાં સમગ્ર મહારાષ્ટ્રની શાળાએમાં ભણતા ૪ થી ૧૨ વર્ષની ઉંમરના બાળકો માટે બપોરના મધ્યાન્હ ભોજનમાં ઈંડા આપવાની જાહેરાત કરી હતી. આ યોજના શાકાહારી સમાજની ભાવી પેઢીને માંસાહારી બનાવવા સમાન હોઈ પર્યુષણના દિવસોમાં આ યોજના પડતી મુકાવવા માટેના પરિપત્રો કોન્ફરન્સ તરફ કરાવી મુંબઈ તથા ઉપનગરોમાંથી વિરોધની સહિઓ મંગાવી હતી, જે લઈને શ્રી શરદ પવારને મળીને શાળામાં બાળકોને ઇંડાને બદલે કેળા, શીંગ-દાણાની ચિક્કી, દાળીયાના લાડુ, કઠોળની વાનગી, જે સ્વાસ્થયવર્ધક અને પૌષ્ટિક હોઈ તે આપવા ફેરફાર કરાવવા યોગ્ય કાર્યવાહી કરવા સમજાવ્યા હતા અને આ નિર્ણયનો અમલ અટકાવ્યો હતો.

જીવતા પશુ-પક્ષી નિકાસ અંગે

ભારત સરકારે આયાત-નિકાસ નીતિ સને ૧૯૮૮-૯૧ માટે જાહેર કરેલ છે તેમાં કુદરતને ખોળે વિહરતા એવા જીવતાં પારેવા, મેના, ચકલા, વિ. ને અને પશુઓ ઘોડા, ગધેડા, ખચ્ચર વિગેરેને જીવતાં જ પકડીને નિકાસ કરવાની છુટ આપી છે. પશુ-પંખી સમગ્ર માનવજાતના કલ્યાણ માટે છે. ત્યારે ભારત સરકાર હુંડિયામણની લાલસામાં અબોલ પશુ-પંખીઓનું નિકંદન કાઢવા તૈયાર થઈ હોઈ વિરોધ પત્ર માનનીય શ્રી રાષ્ટ્રપતિજી-દિલ્હીને મોકલવામાં આવેલ. અને તેની નકલ ભારત સરકારના લાગતા વળગતાને મોકલી વિરોધ કરેલ છે. મુંબઈ અને બહારગામથી વિરોધની હજારો સહીઓ લઈને તેની ઝેરોક્ષ નકલ કોન્ફરન્સમાં રાખીને વડાપ્રધાન શ્રી રાજીવ ગાંધીને પણ મોકલી છે. સંસદ સભ્ય શ્રી અનોપચંદ શાહે દ્વારા પક્ષીઓ તથા પશુઓની નિકાસ બંધ કરાવવા માટેની કાર્યવાહી ચાલુ છે.

વસતિ ગણતરી અને "જૈન"

સને, ૧૯૮૧ માં સરકાર તરફથી વસતિગણતરી કરવામાં આવી તે પુર્વે કોન્ફરન્સ તરફથી વર્તમાનપત્રો, પત્રિકાઓ, અને જાહેર સભાઓના સાધનો દ્વારા પ્રચાર કરી ધર્મના ખાનામાં "જૈન" લખાવવા જૈન જનતાને જાગૃત કરવામાં આવી હતી. આ માટે જૈન સમાજની અખિલ ભારતીય જૈન સંસ્થાઓ સાથે સહયોગ સાધી રાજ્ય અને ગામેગામ પ્રચાર કરવામાં આવ્યો હતો. તેના પરિણામે ૧૯૭૧માં જૈનોની સંખ્યા ૨૬,૦૪,૬૪૬થી વધીને ૧૯૮૧ના આંકડાઓ મુજબ ૩૦ લાખ ૧૯ હજાર જેટલી નોંધાઈ છે.

સને ૧૯૯૧ના વર્ષમાં ભારતની વસતિ ગણતરી સરકાર તરફથી કરનાર છે ત્યારે દરેક જૈન ભાઈ-બહેનો પોતાના નામ સાથે "જૈન" વિશેષણ લખાવવાનું ખાસ ખ્યાલમાં રાખે અને તે અંગે પ્રચાર પણ કરે એવી અભ્યર્થના.

રોજગાર વિનિયમ કેન્દ્ર

આપણા સમાજમાં બેકારીનો પ્રશ્ન હળવો બનાવવા "એમ્પ્લોય-મેન્ટ એક્ષચેંજ વિભાગ" કોન્ફરન્સ તરફથી ચાલુ કરેલ છે. આ પ્રવૃ-તિને વ્યાવસાયિક વર્ગ તરફથી ઉમળકાભર્યો આવકાર મળેલ છે. પોતાના વ્યવસાયને ઉપયોગી થાય તેવા યોગ્ય ભાઈ-બહેનોને નોકરી આપવા તૈયારી બતાવી છે. નોકરી મેળવવા માટે પણ સારા પ્રમાણમાં અરજીપત્રો આવેલછે, તેમાંથી મોટાભાગના ભાઈ-બહેનોને નોકરી અપા-વેલ છે. આ પ્રવૃત્તિને વધુ વિસ્તારવી જરૂરી છે. યોગ્ય અને જરૂરિયાત વાળા કોઈ પણ ભાઇ કે બહેન મુંબઈમાં નોકરી વિના ન રહે તેવી અમારી ભાવના છે. મુંબઈ સિવાય બહારગામથી પણ નોકરી મેળવવા અરજીઓ આવે છે પણ તે માટે પ્રાંતવાર આયોજન કરવાની જરૂર છે.

જૈન એસોસિએશન ઓફ ઈન્ડિયાનો શતાબ્દી મહોત્સવ

ધાર્મિક અને ટ્રસ્ટોના કાર્યવાહકોને કાયદા કાનુનની સલાહ અને માર્ગદર્શન આપવાની પ્રવૃતિ જૈન એસોસિએશન ઓફ ઈન્ડિયા ચારેક વર્ષથી કરે છે. અને કાયદા કાનુનના માર્ગદર્શન માટે પત્રિકાનું પ્રકા-શન કરે છે, આ સંસ્થાના પ્રમુખ તરીકે હાલમાં શ્રી દિપચંદભાઈ ગાર્ડી છે. આ સંસ્થાના વર્તમાન સંચાલકોએ સને ૧૯૮૭ના ડીસેમ્બર મહિનાની ૧૮-૧૯-૨૦મી તારીખોના ત્રણ દિવસના કાર્યક્રમો યોજીને ૧૦૫માંવર્ષમાં પ્રવેશતી સંસ્થાનો શતાબ્દી મહોત્સવ ઉજવ્યો હતો તેમાં પણ કોન્ફરન્સના કાર્યકરોએ સહયોગ આપ્યો હતો.

અપીલ

જીવન માટે પોષણ આવશ્યક છે, તેમ સંસ્થા ચલાવવા તેના નિભાવ ફંડની જરૂરિયાત માટે મારે વધારે કહેવાની જરૂર જ ન હોય.

કોન્ફરન્સને નવા પેટ્રનો, આજીવન સભ્યો અને શુભેચ્છકો ૪૦૦ થી પણ વધારે થયેલ છે.

સમાજના અને પ્રશ્નોની ચિંતા સેવનાર કોન્ફરન્સની ચિંતા કોન્ફરન્સની ચિંતા જૈન સમાજે સેવી છે. નિભાવ ફંડ ઉપર સંસ્થાની સર્વે પ્રવૃતિઓનો આધાર છે. કોન્ફરન્સની કાર્યવાહી સરળતાથી ચાલે તે માટે એના નિભાવ ફંડને સંમૃદ્ધ કરવું જોઈએ પ્રત્યેક શહેરના સંઘના આગેવાનો, કાર્યકરોના સહકારની જરૂર છે. કાર્યશીલ વ્યક્તિઓએ સંઘ સેવાના આ યજ્ઞમાં ઝંપલાવવું જોઈએ અને સુકાની થવાની શક્તિ ધરાવનારાઓએ કોન્ફરન્સના દરેક કાર્યમાં ભાગ લઈ, કોન્ફરન્સની પ્રવૃત્તિઓને સંગીન બનાવવી જોઈએ. આ ભાવનાથી આપને અમે કોન્ફરન્સના નિભાવ ફંડમાં ઉદાર આર્થિક સહાય આપવાની આગ્રહભરી અપીલ કરીએ છીએ.

વિરલ વ્યક્તિત્વ

માનનીય શ્રી દીપચંદભાઈ એસ. ગાર્ડી કોન્ફરન્સના પ્રમુખ પદે આવ્યા ત્યારથી તેઓશ્રી રચનાત્મક દૃષ્ટિકોણથી અને વિવેકપુર્વકના વિચારોથી કાર્ય કરી રહ્યા છે. અને કોન્ફરન્સના સાચા સુકાની બની અખિલ ભારતીય જૈન શ્વેતાંબર કોન્ફરન્સની પ્રતિષ્ઠામાં વધારો કર્યો છે. તે માટે આપણે ગૌરવ લઈ શકીએ છીએ.

શ્રી ગાર્ડી સાહેબનું વ્યક્તિત્વ સૌમ્ય છે. કંઈક કરી નાખવું, કંઈક કરી બતાવવું એવી ધુનની રઘવાટ તેમને પસંદ નથી. એકલા નહિ સૌને સાથે લઈને ચાલવાનો તેમનો સ્વભાવ છે. બીજાને સાંભળવાની તે પણ પુરી સહૃયતાથી સાંભળવાની તેમની ધીરજ દાદ માંગી લે છે. અખિલ જૈન સમાજના સર્વાંગીણ ઉત્કર્ષ માટે તન, મન, ધનથી તેઓશ્રી કાર્યો કરે છે. એટલું જ નહિ તેઓશ્રીના નેતૃત્વમાં કોન્ફરન્સ સહિત અનેક સંસ્થાઓ વધુ યશસ્વી બની છે. આ સમાજ કલ્યાણની ઉચ્ચ ભાવના અને કરૂણભાવથી પ્રેરાઈને જીવમાત્રની રક્ષા કાજે તેઓ દેશના ખુણે ખુણે ફરી પોતાની લક્ષ્મીનો સદ્વ્યય કરી રહ્યા છે, પશુપાલન, સંવર્ધન અને રક્ષાના સમાન ધ્યેયને વરેલ ગુજરાતની બધી પાંજરાપોળો–ગૌશાળાનું એક ફેડરેશન બનાવી દુરંદેશીથી તન, મન, ધન સમર્પિત કરી રહ્યા છે.

જીવમાત્રને ઉપયોગી બનાવવાની ભાવનાથી કાર્યરત રહેલા શ્રી ગાર્ડી સાહેબ વિક્રમની વીસમી સદીમાં સમગ્ર જૈન સમાજનું ગૌરવ છે.

આભાર

શ્રી આત્મવલ્લભ સંસ્કૃતિ મંદિર અને શ્રી આત્માનંદ જૈન મહાસભા તથા સ્વાગત સમિતીએ આ અધિવેશનની સમગ્ર જવાબદારી સ્વીકારી તે બદલ આભાર માનું છું.

આજના માંગલિક પ્રસંગે અમારા નિમંત્રણનો સ્વીકાર કરીને અધિવેશનના ઉદ્ઘાટક તરીકે ઉદ્યોગપતિ શ્રી અભયરાજજી ઓસવાલ તથા અતિથિ વિશેષ તરીકે જાણીતા શ્રેષ્ઠવર્ય શ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈ અને ડો. એલ. એમ. સિંઘવીએ પધારી અમને સાથ અને સહકાર આપ્યો તે બદલ તેઓશ્રીનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ

૨૫મું રજત મહોત્સવ અધિવેશન દિલ્હીમાં પુનઃ નવ વર્ષ પછી આજે મળી રહ્યું છે, અને સોનામાં સુગંધ મળે તે રીતે પરમ પુજ્ય યુગદિવાકર આચાર્ય શ્રી વિજયવલ્લભસુરિ મહારાજના ચિરંજીવ સ્મૃતિ રૂપે શ્રી આત્મવલ્લભ જૈન સ્મારક થયેલું છે. તેને આપણે સૌ હૃદયથી આવકારીએ. આ પ્રસંગે શ્રી દિપચંદભાઈ એસ. ગાર્ડીએ આ સંસ્થાના પ્રમુખપદે તન, મન અને ધનથી જે સેવાઓ આપી રહ્યા છે તે શબ્દોમાં વર્ણવવા માટે શબ્દો ઓછા પડે તેમ કહેવું બિલકુલ સુયોગ્ય છે. દીર્ઘદૃષ્ટિ, વિવેકપુર્વકના વિચારો અને રચનાત્મક દૃષ્ટિબિંદુથી કોન્ફરન્સના સફળ સુકાની બન્યા છે. જૈન સમાજે અને સારાયે ભારતની સ્વાગત સમિતિએ તેમને ત્રીજી મુદત માટે સર્વાનુમતે પ્રમુખપદે વરણી કરી છે, તેનો અમને આનંદ ઉલ્લાસ છે આ પ્રસંગની નોંધ જૈન શ્વેતામ્બર કોન્ફરન્સના પ્રમુખના કાળે સોનેરી અક્ષરે ઈતિહાસ લેશે તેની મને ખાતરી છે.

શ્રી જે. આર શાહ. શ્રી ધીરજલાલ મોહનલાલ શાહ, શ્રી મોતીલાલ વીરચંદ અને શ્રી પુખરાજજી બાફના કોન્ફરન્સના કર્તવ્યનિષ્ઠ ઉપપ્રમુખો છે, તે ઉપરાંત શ્રી વસનજી લખમશી શાહે કોષાધ્યક્ષ તરીકે પ્રેરણાદાયી સેવા અર્પે છે. તે દરેકની રચનાત્મક દૃષ્ટિના કારણે અમને કામ કરવામાં જે આનંદ થાય છે તે અમારા માટે ગૌરવપ્રદ બાબત છે. તેઓનો તેમજ કાર્યવાહક સમિતિના સભ્યોનો સાથ અને સહકાર મળે છે. અને એક યા બીજી રીતે કોન્ફરન્સના કાર્યમાં સહયોગી બનનાર સૌનો આ તકે આભાર માનીએ છીએ

ભાવ સહિત વંદના

જૈન શાસનની વર્તમાનમાં રહેલી શાસન પ્રભાવનામાં મુળમાં આપણા સમગ્ર સાધુ-સાધ્વીજીઓનો ફાળો બહુમુલ્ય છે જિનશાસનની સેવા રક્ષા અને પ્રભાવના માટે દરેક શ્રમણભગવંતોનો ઉપકાર માનીએ તેટલો ઓછો છે, જૈન સમાજના ઉત્કર્ષ માટેની પ્રવૃતિઓમાં કોન્ફરન્સ પ્રત્યે હંમેશા આચાર્ય ભગવંતો, મુનિરાજો, સાધ્વીજીઓ, તરફથી પ્રેરણા તથા આશીર્વાદ મળતા રહે છે, તે બદલ આ તકે ભાવ સહિત વંદના કરીએ છીએ. પુજ્ય આચાર્ય શ્રી વિજયઈન્દ્રદિન્નસુરિજી મહારાજ તથા અત્રે ઉપસ્થિત રહેલા પુજ્ય સાધુસાધ્વીજીનો આ તકે આભાર વ્યક્ત કરી વંદના કરીએ છીએ

ઉપસંહાર

આ તબક્કે મારા મનની એક વાત જણાવતા આનંદ થાય છે, કે કોન્ફરન્સને વધુ વેગવંતી બનાવવા અને તેમાં શ્વેતામ્બર મુર્તિપુજક ભાઈઓને રસ લેતા કરવા અને તેના પ્રશ્નોને સમજવા તથા ઉકેલવા માટે સંસ્થાના પદાધિકારીઓની જ ફરજ નથી પણ આપણા સૌની ફરજ છે અને તે રીતે સમજીને આપ આપનો સુર પુરાવતા

આપણા જૈન સમાજના કેટલાક પ્રશ્નોમાં એકતાની ભૂમિકા સર્જવાનું કામ કોન્ફરન્સ દ્વારા હાથ ધરાયેલ છે.

રહેશો તેવી મારી નમ્ર વિનંતી છે. આ સંસ્થાની કાર્યવાહીને વેગ આપવા સેવાભાવી કાર્યદક્ષ કાર્યકરોની ખુબ જ જરૂર છે, સાથો સાથ પુરા આર્થિક સિંચનની જરૂર છે. આપણને ઉત્સાહી અને શક્તિશાળી પ્રમુખ પુનઃ મળ્યા છે, પણ એકલા પ્રમુખશ્રી સમાજના કલ્યાણની બધી પ્રવૃતિઓને આગળ વધારી દેશે એમ માની લેવું એ તો સમાજને અને પોતાની જાતને જ ભુલાવામાં રાખવા જેવું છે, એટલે ભારતના ભાવનાશીલ અને સેવાભાવી શ્રીમાનો. આગેવાનો અને કાર્યકરોની પણ પવિત્ર ફરજ છે, કે તેઓ કોન્ફરન્સના પ્રમુખશ્રીને પોતાનો હાર્દિક અને સક્રિય સાથ આપી એમના કાર્યને સરળ અને સફળ બનાવે.

અંતમાં અમોને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સહાય કરનાર સૌનો આ તકે આભાર માનીએ છીએ. આ અધિવેશનને યશસ્વી બનાવવા આપ સૌએ અહિં પધારી જે સહકાર આપ્યો છે તે માટે આપના અત્યંત ઋણી છીએ.

દિલ્હી લિ. ભવદીય,

તા. ૮-૨-૧૯૮૯

જયંતભાઈ [illegible]વજીભાઈ શાહ
ચંદ્રકાંતભાઈ અમૃતલાલ શાહ
રાજકુમાર ખૈરાતીલાલ જૈન
મુળજીભાઈ ખીયરસી નીસર
માનદ મંત્રીઓ

દિલ્હીમાં ભરાયેલ અખીલ ભારતીય જૈન શ્વેતામ્બર કોન્ફરન્સના

૨૫માં અધિવેશનના ઠરાવો

૧–શોક ઠરાવ તા. ૮–૨–૧૯૮૯

(અ) આ અધિવેશન સને ૧૯૭૯ નવેમ્બર માસ બાદ કાળધર્મ પામેલ પરમપુજ્ય શ્રમણ ભગવંતો તથા પુજ્ય સાધ્વીજી મહારાજો પ્રત્યે શ્રદ્ધાંજલિ અર્પે છે. જેમાં

આ. શ્રી ધર્મસુરીશ્વરજી મ. આ. શ્રી મંગળપ્રભસુરીશ્વરજી મ. આ. શ્રી વિક્રમસુરીશ્વરજી મ. આ. શ્રી કૈલાસસાગરસુરીશ્વરજી મ આ. શ્રી દેવેન્દ્રસાગરસુરીશ્વરજી મ. આ. શ્રી માનતુંગસુરીશ્વરજી મ આ. શ્રી મોતીપ્રભસુરીશ્વરજી મ. આ. શ્રી કનકચંદ્રસુરીશ્વરજી મ. આ શ્રી રવીચંદ્રસુરીશ્વરજી મ. આ. શ્રી ઓમકારસુરીશ્વરજી મ. આ. શ્રી ત્રિલોચનસુરીશ્વરજી મ. આ. શ્રી ભુવનચંદ્રસુરીશ્વરજી મ. આ. શ્રી ભુવનરત્નસુરીશ્વરજી મ. આ. શ્રી જયાનંદસુરીશ્વરજી મ. આ. શ્રી ગુણસાગરસુરીશ્વરજી મ. આ. શ્રી યશોભદ્રસુરીશ્વરજી મ. આ. શ્રી હિમાચલસુરીશ્વરજી મ. આ. શ્રી જિનકાંતિસાગરસુરીશ્વરજી મ. આ. શ્રી નિપુણચંદ્રસુરીશ્વરજી મ. આ. શ્રી વિદ્યાચંદ્રસુરીશ્વરજી મ. પં. શ્રી ભદ્રંકરવિજયજી મ. પં. શ્રી દર્શનવિજયજી મ પં. શ્રી અભયસાગરજી મ. પં. શ્રી પ્રમોદચંદ્રવિજયજી મ. મુ. શ્રી વલ્લભદત્તવિજયજી મ. મુ. શ્રી મહાસેનવિજયજી મ. મુ. શ્રી ચારિત્રવિજયજી મ. મુ. શ્રી દેવભદ્રવિજયજી મ. મુ. શ્રી દેવેન્દ્રવિજયજી મ. મુ. શ્રી નરધનવિજયજી મ. મુ. શ્રી વિનયવિજયજી મ. મુ. શ્રી સુમતિમુનિજી મ (આબુવાળા) સાધ્વી શ્રી મહત્તરા મૃગાવતીજી મ. સાધ્વી શ્રી કપુરશ્રીજી મ. સાધ્વી શ્રી સુજ્યેષ્ઠાશ્રીજી મ. સાધ્વી શ્રી મહત્તરા ચંપાશ્રીજી મ. સાધ્વી શ્રી રંજનશ્રીજી મ.

(બ) જૈન સમાજના માનવંતા આગેવાનો અને કોન્ફરન્સના કાર્યમાં વિવિધ પ્રકારે સેવા અર્પનાર અગ્રણીઓના અવસાન બદલ કોન્ફરન્સનું આ અધિવેશન અત્યંત ખેદ પ્રદર્શિત કરે છે અને તેમના આત્માની પરમ શાંતિ ઇચ્છે છે જેમાં

કોન્ફરન્સના માજી પ્રમુખો સર્વશ્રી

શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઇ, મોહનલાલ લલ્લુચંદ શાહ (કલકત્તા) હીરાલાલ એલ. શાહ

કોન્ફરન્સના માજી ઉપપ્રમુખો

નારણજી શામજીભાઈ મોમાયા, ઘમંડીરામ કે. ગોવાણી

કોન્ફરન્સના માજી ટ્રસ્ટીઓ

પોપટલાલ ભીખાચંદ ઝવેરી, કેશવલાલ બુલાખીદાસ,

કોન્ફરન્સના માજી મંત્રીઓ

ફુલચંદભાઈ શામજીભાઈ, રતિલાલ ચીમનલાલ કોઠારી, સોહનલાલ એમ. કોઠારી, ફુલચંદ હરીચંદ દોશી મહુવાકર, તાજમલજી બોથરા કલકત્તા

કોન્ફરન્સની મેનેજિંગ કમિટિના સભ્યો

શાંતિલાલ મગનલાલ શાહ, રસિકલાલ નાથાલાલ હીરા, દેવચંદ જેઠાલાલ સંઘવી, રમણલાલ નગીનદાસ પરીખ, મુક્તિલાલ વીરવાડીયા.

વિવિધક્ષેત્રે સેવા કરતા જૈન અગ્રણીઓ

ભોગીલાલ લહેરચંદ શાહ તારાચંદ ધનજીભાઈ મહેતા દામોદરદાસ હરસનદાસ શાહ લખમશી ઘેલાભાઈ સાવલા રતિલાલ મણીલાલ નાણાવટી માણેકલાલ ચુનીલાલ શેઠ રાયચંદભાઈ ગુલાબચંદભાઈ અચ્છારી-

કોન્ફરન્સ માટે શ્રી ગાડી સાહેબને આપણે મમતા, લાગણી અને સ્નેહના તાંતણે ત્રીજીવાર પ્રમુખ તરીકે લાવી શક્યા છીએ.

વાળા ખીમજીભાઈ કુંવરજી છેડા લીલાધર પાસુભાઈ શાહ મોરારજી નાનજી ગાલા મુકુંદ પંડીત શ્રી ધીરજલાલ ટોકરશી શાહ ગુલાબચંદ દેવચંદ શેઠ (જૈન પત્ર) અગરચંદજી નાહટા પંડીત શ્રી બેચરદાસ જીવરાજ દોશી રતિલાલ દીપચંદભાઈ દેસાઈ ગુણવંતભાઈ અમૃતલાલ શાહ (જિનસ દે...) જગજીવન શીવલાલ શાહ નવીનચંદ્ર ભોગીલાલ ઝવેરી સુમતીલાલ જમનાદાસ કોરડીય કેશરીચંદ જે લાલવાણી (પુના) પ્રા. અમૃતલાલ ગોપાણી સંગીતકાર શ્રી શાંતિલાલ શાહ રસીકલાલ છગનલાલ શાહ (વડોદરા) ચીમનલાલ છગનલાલ વડુવાળા જગજીવન પોપટલાલ શાહ કાંતિલાલ ચીમનલાલ કોલસાવાળા (અમદાવાદ) કેશવલાલ લલ્લુભાઈ ઝવેરી (અમદાવાદ) જેશીંગલાલ લલ્લુભાઈ શાહ ડાહ્યાલાલ કલ્લુચંદ પ્રાગજીભાઈ ઝવેરચંદ શેઠ વિદ્યાબેન દીપચંદ ગાર્ડી ઈન્દુમતીબેન ચીમનલાલ શેઠ શકુંતલાબેન કાંતિલાલ ઈશ્વરલાલ અમૃતબેન માવજીભાઈ શાહ ઈન્દુલાલ ભોગીલાલ મહેતા મહેશભાઈ ભોગીલાલ લહેરચંદ ડૉ. મુકુંદભાઇ કેશવલાલ પરીખ કેશવલાલ કીલાચંદ ડૉ. ચીમનલાલ નેમચંદ શ્રોફ રામભાઈ લખમશી ઘેલાભાઈ સાવલા કુસુમબેન માણેક બેતાલા શાંતિલાલ પોપટલાલ મહેતા હરકિશનભાઇ તારાચંદ મહેતા બાબુભાઈ હીરાભાઇ જીનવાળા બાબુલાલ રતીલાલ ભણશાળી મનુભાઈ ગુલાબચંદ કાપડીયા માધવલાલ હિરાલાલ શાહ એચ. બી. શાહ ધીરજલાલ ધનજીભાઈ શાહ બાલચંદભાઈ જી. દોશી લાલચંદભાઇ કે. શાહ છોટાલાલ ગીરધરલાલ શાહ નગીનદાસ મનસુખલાલ મહેતા ડૉ. નગીનદાસ પાનાચંદ શાહ રવીન્દ્રભાઈ હરખચંદ શેઠ (અંતરીક્ષ તીર્થ) રતીલાલ જીવનલાલ-વઢવાણ શામજીભાઇ ભાયચંદ શાહ પાલીતાણા જગજીવન વીરચંદ ઝવેરી-પાલીતાણા ભગવાનદાસ જૈન ચંપાલાલ ગોલેચ્છા હીરાલાલ જુઠાલાલ શાહ મોહનલાલ ચુનીલાલ સ્વામી પ્રસન્નચંદ કૌચર યતિશ્રી કેશરીચંદજી બાપા

શ્રી વલ્લભ સ્મારકના ટ્રસ્ટીઓ

શ્રી ધર્મચંદ જૈન-દિલ્હી, શ્રી જ્ઞાનપ્રકાશ જૈન, શ્રી મેઘરાજજી જૈન કોટકપુર. શ્રી શાંતિસ્વરૂપજી જૈન હોશિયારપુર

પ્રસ્તાવ-પ્રમુખ સ્થાનેથી

સ્વર્ગસ્થના માનમાં આત્મશ્રેયાર્થે ૧૨ નવકારનો કાઉસગ્ગ કરી શ્રદ્ધાંજલી અર્પવામાં આવેલ.

૨ વસતી ગણતરી અને "જૈન"

ભારત સરકારની વસતી ગણતરી સને ૧૯૯૧માં સમગ્ર ભારતની વસતિ ગણતરી ફરીથી થનાર હોઈ આ વસતી ગણતરી વખતે દરેક જૈન ભાઈ અને બહેનો પોતાના નામ સાથે "જૈન" વિશેષણ અવશ્ય લખાવે-બોલાવે, તથા વસતી પત્રકના ફોર્મમાં, ધર્મના, તથા જાતિના ખાનામાં સંપ્રદાય, જ્ઞાતિ કે ગોત્ર આદિ કાંઈ પણ ન લખાવતા ધર્મ અને જાતિ બન્ને ખાનામાં અચુક 'જૈન' લખાવી જાતે તપાસે, આ અંગે તેના પ્રચાર કોન્ફરન્સ ચારેય ફિરકાની સંસ્થાઓ સાથે સહયોગ સાધી ગામે ગામ પ્રચાર કરવાનું આ અધિવેશન ઠરાવે છે.

પ્રસ્તાવ પ્રમુખ સ્થાનેથી

૩-દુષ્કાળ રાહત માટે આભાર

ભારતમાં ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને બીજા પ્રદેશોમાં સંવત ૨૦૪૨, ૨૦૪૩, ૨૦૪૪ (સને ૧૯૮૬, ૮૭, ૮૮) એમ ત્રણ વર્ષ સુધી ભીષણ દુષ્કાળની પરિસ્થિતિ ઉત્પન થતા જીવમાત્ર પ્રત્યે કરૂણાપ્રેમી પરમપુજ્ય શ્રમણ ભગવંતો, સાધ્વીજી મહારાજો, તથા ત્યાગી સંતો-મહંતો એ ભારતના દરેક ધર્મ સંપ્રદાયન સમાજોમાં ઉપદેશ આપી દુષ્કાળમાં રાહત માટે દાનનો પ્રવાહ વહેવડાવ્યો છે. તે ઉપદેશ બદલ ભાવ સહીત સર્વે શ્રમણો સંતોને વંદના કરવામાં આવે છે. અને "અહિંસા પરમોધર્મ" ના સિદ્ધાંતને વરેલા જૈનો મહાજનો દ્વારા માનવતા અને જીવદયાના આ કાર્યમાં જે તન, મન, ધનથી કર્તવ્ય બજાવેલ છે તે સર્વેનો આભાર વ્યકત કરીએ છીએ તેમજ જીવદયાની પ્રવૃતી કરતી સંસ્થાઓ, પાંજરાપોળો, ગૌશાળાઓ, મંડળો સંઘો, ટ્રસ્ટો દ્વારા સંચાલકોએ યુદ્ધના ધોરણે સતત ત્રણ વર્ષ સુધી દુષ્કાળનો સામનો કરવા ભારે ઉત્સાહથી પ્રયાસો કર્યા છે તે બદલ આ અધિવેશન અભીનંદન અર્પે છે. અને રાજ્ય સરકારશ્રી દ્વારા જે સહકાર સહાય મળેલ છે તેનો પણ આભાર વ્યકત કરે છે.

દરખાસ્ત :- શ્રી જયંતીલાલ રતનચંદ શાહ

ટેકો :- શ્રી વસનજી લખમશી

૪-સમાજ ઉત્કર્ષ

દિવસે ને દિવસે વધતી ભીષણ મોંઘવારી અને આર્થીક સમસ્યાઓ ને કારણે મધ્યમ વર્ગના જૈન ભાઈ-બહેનોની પરિસ્થિતિ વિકટ બની છે. આ સમયમાં કુટુંબની આવકમાં વધારો કરવા માટે અને બીન જરૂરી ખર્ચાળ રિવાજો બંધ કરવા માટે અને ટેકનીકલ તથા કોમ્પ્યુટર શિક્ષણને પ્રોત્સાહન તથા માર્ગદર્શન આપવા માટે આ અધિવેશન દરખાસ્ત રજુ કરે છે.

(અ) આર્થિક નાણાભીડ ઓછી કરવા માટે આપણા યુવક-યુવતિઓને કોમ્પ્યુટર તથા ઔદ્યોગિક શિક્ષણ આપવાની સુવેધા છાત્રાલયો, યુવક મંડળો, મહિલા મંડળો વગેરે સંસ્થાઓમાં શિક્ષણનો પ્રબંધ કરવા કાર્ય કરવા આ અધિવેશન જણાવે છે.

(બ) અત્યારે સમાજમાં લગ્ન, સગપણમાં ઘણો અપવ્યય કરવામાં આવે છે. તેમજ અનેક અસામાજીક રૂઢિઓનું પણ પાલન કરવામાં આવે છે. તેમજ કરિયાવર, દહેજનો કુરિવાજ પણ નવા સ્વરૂપે વધતો દેખાય છે ત્યારે દરેકે કરિયાવર નહિ લેવાનો અને નહિ આપવાની પ્રતિજ્ઞા કરે તો આ રિવાજનો સહજ રીતે અંત આવી શકે આ અધિવેશન

કોન્ફરન્સ એ તો સમાજના હિત માટે સંસ્થાઓ ઉભી કરવી-કરાવવી અને માર્ગદર્શન આપવું.

ઠરાવ કરે છે કે રૂઢિઓને દુર કરીને સાદાઈ-થોડા ખર્ચોથી અને સમુહ લગ્ન કરવામાં આવે.

દરખાસ્ત :- શ્રી વસનજી લખમશી

ટેકો :- શ્રી પુનમચંદ ધનરાજ બાફણા-દહાણું

અનુમોદન :- ૧ ધીરજલાલ મોહનલાલ શાહ
૨ રમણલાલ પદ્દણી
૩ ફતેચંદ ચૌધરી અજમેર
૪ વિવેકભાઈ જૈન દિલ્હી.
૫ કેવલચંદ જૈન બેંગલોર
૬ શુભકાંત જૈન નાગદા.

૫- ધાર્મિક શિક્ષણ

જૈન બાળકોને ધાર્મિક શિક્ષણ અને ધાર્મિક સંસ્કારોથી વંચીત ન રહેવુ પડે તથા આ કાર્યમાં તેમની રૂચી વધીને સંખ્યા વધે તથા વર્તમાનની શોચનીય પરિસ્થિતિમાં પરિવર્તન આવે આ હેતુ નીચે લખેલ ત્રણ બાબતો પર આ અધિવેશન વિવિધ જૈન સંઘ, સંસ્થાઓ તથા પાઠશાળાના સંચાલકોનું ધ્યાન કેન્દ્રીત કરી ઉચિત કાર્ય કરવા માટે જણાવે છે.

૧ ધાર્મિક અભ્યાસમાં વિદ્યાર્થીઓની જિજ્ઞાસા તથા રૂચી પોષાણ તેવો દરેક ભાષાનો જૈનધર્મનો અભ્યાસ ક્રમ નિર્ધારિત કરે.

૨ ધાર્મિક શિક્ષણની પદ્ધતિમાં સમયાનુકુળ ઊચિત ફેરફાર કરે.

૩ આ ક્ષેત્રમાં શિક્ષક-શિક્ષિકાઓની વૃદ્ધિ થાય તથા એમની વ્યવસાયિક સેવાની સ્થિતિને આર્થિકરૂપે સારી અને તેમનું માન સચવાય એવો વ્યવહાર કરવો જોઇએ.

વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લઇને ઉપરોક્ત ત્રણ બાબતો માટે ધાર્મિક શિક્ષણ ક્ષેત્રે કાર્ય કરતી બધી સંસ્થા અને વ્યક્તિઓ કોન્ફરન્સ દ્વારા સમ્પર્ક કરે એવી નમ્ર વિનંતી કરે છે.

દરખાસ્ત - શ્રી જવાહરલાલ મોતીલાલ શાહ

ટેકો :- દ મણીભાઇ કુંવરજી છેડા.

અનુમોદન - મહેન્દ્ર ગુલાબચંદ શેઠ-ભાવનગર

૬-શિક્ષણનો પ્રસાર

વર્તમાન યુગ તે જ્ઞાન વિજ્ઞાનનો યુગ હોઈ દરેકને શિક્ષણ મળી રહે તે માટે અને તેની સાથે જૈન ધર્મના આચાર-વિચાર સ્થિર અને મજબુત કરવાના આ હેતુ માટે આપણી ભાવી પેઢીના શિક્ષણની જરૂરિયાત માટે દરેક શહેરો-ગામોના સ્થાનિક લોકોએ જૈન શિક્ષણ સંસ્થાઓનું સ્વતંત્રપણું નિર્માણ કરવાનું કોન્ફરન્સ દ્વારા જણાવે છે. અને આ શિક્ષણ કાર્યનો વિસ્તારને પ્રસારનો વધારો કરવા માટે નીચેની સમિતિને વિનંતી કરવામાં આવે છે.

૧ શ્રી રાજકુમારજી જૈન. દિલ્હી (કન્વીનર)
૨ શ્રી વીરેન્દ્રભાઈ પોપટલાલ
૩ શ્રી રમેશભાઇ જે સંઘવી કન્વીનર
૪ શ્રી જેઠાલાલ હીરજી સાવલા
૫ શ્રી મનુભાઇ ડી. ઝવેરી
૬ શ્રી હીરાલાલ બીજોવાવાળા
૭ શ્રી મહેશભાઈ વાડીલાલ ગાંધી

દરખાસ્ત :- શ્રી રાજકુમારજી જૈન

ટેકો :- રમેશભાઈ જે. સંઘવી.

૭-જૈન સાહિત્યનો પ્રચાર

જૈન ધર્મના પાયાના સિદ્ધાંતો અહિંસા, અપરિગ્રહ, સત્ય, અનેકાન્તવાદ, આદી મનુષ્યમાત્રને રાહ પર લઇ જનાર હોઈ આ સંદેશને ભારત ભુમિમાંજ નહી, યુરોપ અમેરીકા અને બીજા વિશ્વના દેશોમાં પ્રસરાવવાની આજ ખુબ જરૂર છે. અણુયુદ્ધથી વિશ્વને બચાવવાનો માર્ગ અને સર્વત્ર શાંતી અને સમન્વય સ્થાપવાનો માર્ગ જૈન ધર્મના સિદ્ધાંતોથી પ્રાપ્ત બની શકે તેમ છે. તેના પ્રચાર-પ્રસાર હેતુ દરેક ભાષામાં જૈન ધર્મ સંબંધી પ્રામાણીક અને લોકભાગ્ય સાહિત્ય પ્રકાશનની જરૂરીયાત હોઈ પ્રકાશન કરવાનું કાર્ય આ અધિવેશન સ્વીકારે છે. અને તેને અમલી બનાવવા નીચેની એક સમિતિ નીમવામાં આવે છે.

૧ સર્વશ્રી દીપચંદભાઈ એસ. ગાર્ડી (પ્રમુખ)
૨ શ્રેષ્ઠિવર્યશ્રી શ્રેણીકભાઈ કે. લાલભાઈ
૩ શ્રી રતીલાલ પી. ચંદેરીયા
૪ શાહુ શ્રેયાંસપ્રસાદજી જૈન
૫ ડૉ. એલ. એમ સિંઘવી
૬ કાંતીલાલ ડી કોરા
૭ કુમાળપાળ બી. દેસાઇ

દરખાસ્ત :- શ્રી સી. એન. સંઘવી.

ટેકો :- શ્રી શિવકુમાર જૈન.

૮-હિંસાવિરોધ

(ક) અહિંસા એ જયારે ભારતીય સંસ્કૃતિનો મુળભુત સિદ્ધાંત છે, અને વનસ્પતિય આહાર એ અહિંસાની જડ છે. તથા દેશમાં ખોરાકને નામે થતી ઘોર હિંસા અટકાવવા ભારતીય બંધારણના આર્ટીકલ ૫/એ/જી માં જણાવ્યા મુજબ દરેક ભારતીય નાગરીકનું મુળભુત કર્તવ્ય (ફર્જ) બને છે કે દરેક જીવતા પ્રાણીઓ, જંતુઓ પ્રત્યે કરૂણા સમભાવ રાખવો.

જયારે જેમને શિરે આ બંધારણના પાલનની જવાબદારી રહેલ છે તે ભારત સરકારના પ્રધાન મંડળ દ્વારા લોકસભાના સભ્યો દ્વારા

તથા રાજય સરકારો દ્વારાજ જીવતા પશુ પક્ષીઓ, જંતુઓના કતલની (હત્યાની) જુદી જુદી યોજનાઓ અને નિકાસ યોજના ઘડાય છે. જેના માટે આ અધિવેશન ભારે દુઃખ અને ખેદ વ્યક્ત કરે છે. અને જીવમાત્ર પ્રત્યે કરૂણા અને અહિંસાનો સ્વીકાર કરી હિંસાની પ્રવૃત્તિઓ બંધ કરવા ઠરાવે છે,

(ખ) ભારત ભરમાં સંપુર્ણ ગોવધ બંધી જાહેર કરવામાં આવે અને તે અંગે રાષ્ટ્રના બંધારણમાં જરૂરી સુધારો કરવા માટે યોગ્ય પ્રવૃત્તિ હાથ ધરવા આ અધિવેશન ઠરાવે છે. મહારાષ્ટ્ર આદી જે રાજ્યોમાં ગાય બળદ ન કપાય તે માટેનાં કાયદા હોવા છતાં આ કાયદાનું સાચી રીતે પાલન થતું નથી તે માટે આ અધિવેશન સરકાર દ્વારા કાયદાનું સાચી રીતે પાલન કરાવે તેવું જણાવે છે.

(ગ) ભારત સરકાર દ્વારા આયત નિકાસ નીતિ ૧૯૮૮ થી ૧૯૯૧ ની જે જાહેરાત થયેલ છે તેમાં જીવિત પ્રાણીઓ, પક્ષીઓની નિકાસ કરવાની છુટ આપવામાં આવેલ છે. જે દ્વારા વિદેશી હુંડીયામણ ઉત્પન્ન કરવામાં આવી રહેલ છે. જે ભારતીય સંસ્કૃતિને હાનીકારક હોઇ નિકાસ નીતિ બદલીને નિકાસ પર પ્રતિબંધ લગાવવા આ અધિવેશન જણાવે છે.

(ઘ) હાલની કેળવણીના પાઠય પુસ્તકોમાં તથા સરકારી માધ્યમોમાં આકાશવાણી-ટીવી. દ્વારા ઇંડા તથા માંસાહારને પ્રોત્સાહિત કરાય છે તેને પરિણામે નવી પ્રજાના હ્રદયમા હિંસાની ભાવના પ્રસરે છે તેને અટકાવવા માનવતાના અને દયાના સંસ્કારો ખીલે અને સક્રિય બને તેવો કોઈ અભ્યાસક્રમ રાખવા કાર્યવાહી હાથ ધરવા જણાવે છે.

તેમજ જે રાજ્ય સરકારો દ્વારા શાળાઓમાં મધ્યાન્હ ભોજનમાં અભક્ષ ઈંડા તથા માંસાહારનું ભોજન બાળકોને આપવામા આવે છે. તેનો આ અધિવેશન સખત વિરોધ કરી તેમાં વેજીટેરીયન-વનસ્પતિ આહાર જ આપવા વિનંતી કરે છે.

જીવ વિજ્ઞાન (ડોકટરી, અભ્યાસ ક્રમમાં જીવતા દેડકાં આદિ અન્ય પ્રાણીઓ પર પ્રયોગ કરવામાં આવે છે. જેને માટે ભારે દુઃખ અનુભવે છે. આજના યુગમાં વિદેશમાં પણ કુત્રિમ મોડેલ દ્વારા તથા ચાર્ટસ આદિ દ્વારા જીવવિજ્ઞાનની શિક્ષા-પ્રયોગ થાય છે. તે રીતે ભારતમાં પણ જીવ વિજ્ઞાનના અભ્યાસ માટે જીવીત પ્રાણીઓ પર પ્રયોગો બંધ કરવામાં આવે તેવું આ અધિવેશન ઠરાવે છે.

(ચ) જુદી જુદી પ્રવૃતિ માટે જૈનો દાન ધર્માદો કરતા હોય છે. તે દાનની રકમનો ઉપયોગ કોઈ હિંસક પ્રવૃતિને પ્રોત્સાહનરૂપે ના બને કે તેમાં શોષણ ન થાય તેનું જરૂર લક્ષ રાખે.

દરખાસ્ત :- શ્રી હસમુખલાલ શાંતીલાલ શાહ

ટેકો :- જયંતીલાલ મણીલાલ પાટણવાળા.

શાંતીલાલ નાહર,

કિશોરભાઈ વર્ધન.

૯ જીવદયાના પ્રચાર માટે સર્વ ધર્મગુરૂઓનો સહયોગ

ભારત એક અહિંસક સંસ્કૃતિનો દેશ હોઈ ભારતમાં જૈનો સિવાય કરોડોની સંખ્યામાં હિન્દુ અને બીજા ધર્મના લોકો અહિંસામાં માને છે. હિંસક પ્રવૃતિને અટકાવવા માટે યાંત્રિક કતલખાનાના નિર્માણને રોકવામાં આવે તે માટે શાકાહારીઓના પ્રચારના હેતુ માટે દરેક સંભવીત પ્રયાસ કરવા માટે સાધુ, સંત-મહંત અને બધા અહિંસા પ્રેમીઓનો સહયોગ પ્રાપ્ત કરવામાં આવે એવુ આ અધિવેશન દ્વારા કરવામાં આવે છે. આ અહિંસાના કાર્યને વધુ વેગવાન બનાવવા માટે નીચે લખેલી સમિતિની નિમણુંક કરવામાં આવી છે.

(૧) શ્રી દીપચંદભાઈ એસ. ગાર્ડી (પ્રમુખ)
(૨) શ્રી લલિતભાઈ કોલસાવાળા
(૩) શ્રી કાંતિલાલ ઉજમશી
(૪) શ્રી હિંમતલાલ કેશવલાલ
(૫) શ્રી રમણભાઈ પટણી
(૬) શ્રી કિશોરભાઈ વર્ધન

દરખાસ્ત:- શ્રી માણેકલાલ વી. સવાણી

ટેકો:- સુમેરમલજી લુકકડ

૧૦ અન્યાયપુર્ણ ટેકસનો વિરોધ

મહારાષ્ટ્ર આદિ જે જે રાજયમાં ચેરિટી કમિશ્નર (ધર્માદા આયુક્ત તરફથી દરેક ટ્રસ્ટો પાસે ૩ ટકા જેટલો વસુલ કરે છે.

જયારે ગુજરાત જેવા રાજયોમાં આ પ્રકારનો ટેક્સ લેવામાં આવતો નથી. મહારાષ્ટ્ર રાજ્યની સરકારને જણાવવામાં આવે છે કે ઉપર ગુજબનો ધાર્મિક હેતુ માટે મળેલ દાન ઉપર નાખવામાં આવેલ અન્યાયી ટેકસ કાઢી નાખે. તેમ જ મંદીરોના નિર્માણ માટેની સામગ્રીઓ ઉપર ટેકસ લેવાતો હોય તે ધાર્મિક પ્રવૃતિને માટે હાનીકારક હોઈ તેને અટકાવવા આ અધિવેશન જણાવે છે. ને તેને માટે યોગ્ય પ્રવૃતી હાથ ધરવા છુટ આપે છે.

દરખાસ્ત:- જવાહરલાલ મોતીલાલ શાહ

ટેકો:- જયંતભાઈ એમ. શાહ

૧૧ સરકાર દ્વારા જૈન કૃતિઓની થતી ઉપેક્ષા

ભારત સરકાર તથા રાજય સરકારો દ્વારા સાહિત્ય પ્રકાશન, આકાશવાણી, દુરદર્શન આદિ પ્રચાર માધ્યમો દ્વારા ભારતીય સંસ્કૃતિમાં જૈનોના મહત્વના યોગદાન તથા તેની સાહિત્યસેવા, ઐતિહાસિક મુદ્દાઓની ઘોર ઉપેક્ષા થતી રહી છે. અને ક્યારેક વિકૃત રીતે પણ રજુ થાય છે. તેના માટે જૈન, ઈતિહાસવિદ્, સંશોધકો, વિદ્વાનો પુરાતત્વવિદ્. તથા રાજકિય પ્રવૃતિ સાથે સંકળાયેલા દરેક જૈનોને વિનંતી કરવાની કે સરકારી માધ્યમો દ્વારા જૈન ધર્મ સંસ્કૃતિનો પ્રસાર થાય તેવી વ્યવસ્થા ગોઠવાવે. આ કાર્યને કાયમી સ્વરૂપ આપવા નીચેની એક સમિતિ નિમવામાં આવે છે.

(૧) સર્વશ્રી મહિપતરાય જે. શાહ
(૨) શ્રી કુમારપાળ વી. દેસાઇ
(૩) શ્રી રમણભાઈ પદણી
(૪) શ્રી જયેન્દ્રભાઈ શાહ
(૫) શ્રી જયંતભાઈ એમ. શાહ (કન્વીનર)
દરખાસ્તઃ- શ્રી ચીમતલાલ એમ શાહ
ટેકો:- શ્રી સુરેન્દ્રસિંહ લોઢા

૧૨-પુજ્ય હેમચંદ્રાચાર્યનુ સ્મારક

પસ્તાવ:- ભારતીય સંસ્કૃતિના પ્રભાવક મહાપુરૂષ કલિકાલ સર્વજ્ઞ આચાર્ય શ્રી હેમચંદ્રાચાર્ય અને તેમના અનન્ય ભક્ત જીવદયાના પ્રણેતા રાજા કુમારપાળનુ સ્મારક રાષ્ટ્રના મહત્વપુર્ણ પાટનગર (રાજધાની) દિલ્હીમાં અને અમદાવાદ, પાટણ, ધંધુકામાં બને એવા હેમચંદ્રાચાર્યની નવસોમી જન્મ શતાબ્દીના વર્ષમાં પ્રયાસ કરવાનુ આ અધિવેશન નિર્ણય કરે છે અને આત્મવલ્લભ જૈન સ્મારક, શિક્ષણ ફંડ, તથા કોઈ પણ સસ્થા આ માટે પ્રયાસ કરે અને એને સહયોગ આપવાનો નિર્ણય લે છે.　　દરખાસ્ત:- પ્રમુખ સ્થાનેથી

૧૩-અહિંસા વર્ષની ઉજવણી

અણુયુગના આ સમયમાં યુધ્ધનો ભય દરેક દેશને ડરાવી રહયો છે. ત્યારે શ્રમણ ભગવાન મહાવીર પરમાત્માનો માર્ગ આધ્યાત્મિક હોવા સાથે માનવજાતને બચાવી શકે તેમ છે. તેવા કરૂણામુર્તિ મહાવીર સ્વામીના જન્મ કલ્યાણક દીન ચૈત્ર સુદ તેરસને "અહિંસા દિન" તરીકે અને સને ૧૯૯૦થી ૧૯૯૧ના એક વર્ષને "અહિંસા વર્ષ" મનાવવા ભારત સરકારને વિનંતી કરે છે. તેમ જ સંયુક્ત ટ્રસ્ટ સંસ્થા યુનો દ્વારા સ્વીકૃતિ મળે તેવા પ્રયત્નો હાથ ધરવા અનુરોધ કરે છે.
દરખાસ્ત:- શ્રી રમણલાલ મણીલાલ પદણી
ટેકો:- શ્રી હસમુખલાલ શાંતિલાલ શાહ

૧૪-કોન્ફરન્સના બંધારણ સુધારો

અખીલ ભારતીય જૈન શ્વેતામ્બર કોન્ફરન્સના વર્તમાન બંધારણમાં જરૂરી સુધારો સુચવવા આ અધિવેશન નીચે મુજબના ભાઈઓની એક સમિતિ નીમે છે. અને તેઓને ૭ માસમાં બંધારણીય સુધારાઓ રજુ કરવા માટે જણાવે છે.
(૧) સર્વશ્રી જે. આર. શાહ (કન્વીનર)
(૨) શ્રી જયંતભાઈ એમ. શાહ
(૩) શ્રી નટવરલાલ એમ. શાહ.
(૪) શ્રી સી. એન. સંઘવી
(૫) શ્રી જવાહરલાલ મોતીલાલ શાહ
દરખાસ્ત:- શ્રી એમ. કે. નીસર
ટેકો:- શ્રી હિમ્મતલાલ કેશવલાલ શાહ

૧૫-આભારવિધી

(અ) ભારતની રાજધાની દિલ્હીમાં શ્રી આત્મવલ્લભ જૈન સ્મારક નિધિ દ્વારા યુગવીર આચાર્ય શ્રી વિજયવલ્લભસુરીશ્વરજી મહારાજની સ્મૃતિમાં વલ્લભ સ્મારક નિર્માણ પામેલ છે. આ અધિવેશન તેને હાર્દિક આવકાર આપે છે શ્રી આત્માનંદ જૈન મહાસભાના સંનિષ્ઠ કાર્યકરો સંચાલકોએ જહેમત ઉઠાવી છે, તે માટે કૃતજ્ઞતાની લાગણી પ્રદર્શિત કરે છે.

(બ) આ અધિવેશનમાં પુજ્ય આચાર્ય શ્રી વિજયઇન્દ્રદિન્નસુરીશ્વરજી મહારાજ સાહેબ અન્ય પુજ્ય મુનિગણ અને સાધ્વીજીગણ હાજર થયા અને પ્રેરણા, આશીર્વાદ અને માર્ગદર્શન આપવા બદલ આ અધિવેશન આભાર વ્યક્ત કરે છે.

કોન્ફરન્સના નિવૃત થઇ રહેલા હોદેદારો, કારોબારી સભ્યો, સ્થાઈ સમિતિના સભ્યો દ્વારા કરેલી સેવાઓની પ્રશંસા કરતા આ અધિવેશન એમને ધન્યવાદ આપે છે

અખિલ ભારતીય જૈન શ્વેતામ્બર કોન્ફરન્સનુ ૨૫ (રજત) માં અધિવેશનનુ આયોજન કરવા માટે સ્વાગત સમિતિના પ્રમુખ અને હોદ્દેદારો, પંજાબ અને દિલ્હીના અગ્રગણીઓ તથા કાર્યકરોએ જે મહેનત કરી છે તથા મહેમાનનુ જે સ્વાગત કર્યુ તે માટે એમનો આભાર માને છે અધિવેશનમાં હાજર રહેલા પ્રતિનિધિઓ. તેમ જ આમંત્રિત મહેમાનો અને ભાઈ બહેનોનો આ અધિવેશન આભાર માને છે　દરખાસ્ત :- પ્રમુખસ્થાનેથી

કોન્ફરન્સના નવા મુખ્ય કાર્યવાહકોની થયેલી જાહેરાત

શ્રી જૈન શ્વે૦ કોન્ફરન્સના ઠરાવોને અમલી બનાવવા તેમ જ જૈન સમાજ માટે યોગ્ય માર્ગદર્શન મળતુ રહે તે માટે પ્રમુખશ્રી દીપચંદભાઈ એસ. ગાર્ડીએ નીચેના મુખ્ય પદાધિકારીની નિયુક્તિ કરેલ છે. કાર્યવાહક સમિતિની જાહેરાત હવે પછી કરવામાં આવશે.

પ્રમુખશ્રી દીપચંદભાઈ એસ. ગાર્ડી-ટ્રસ્ટી (મુંબઈ)
ઉપપ્રમુખશ્રી જે. આર. શાહ-　ટ્રસ્ટી (મુંબઈ)
,,　શ્રીવસનજી લખમશી શાહ　,,　,,
,,　શ્રીધીરજલાલ મોહનલાલ શાહ　,,　,,
,,　શ્રીપ્રતાપરાય ભોગીલાલ　,,　,,
,,　શ્રીઅભયરાજજી ઓસવાલ (લુધીયાના)
,,　શ્રી ઉત્તમભાઈ મહેતા　(અમદાવાદ)
મંત્રી　શ્રી જયંતભાઈ એમ. શાહ　(મુંબઈ)
,,　શ્રી રાજકુમારજી જૈન　(દિલ્હી)
,,　શ્રી એમ. કે. નીસર　(મુંબઈ)
ટ્રેઝરર　શ્રી સી. એન. સંઘવી　(મુંબઈ)
ખજાનચી　શ્રી જવાહરલાલ મોતીલાલ　(મુંબઈ)

સમસ્ત જૈન સમાજને લાગુ પડતા સવાલો જ કોન્ફરન્સ હાથ ધરી સંગઠન વધુ મજબુત બનાવશે.

શ્રી પાર્શ્વ જૈન મિત્રમંડળ -આંબાવાડી-અમદાવાદ યોજીત છ'રી પાલિત સંઘની નિર્વિઘ્ને થયેલ ધર્મયાત્રા

પુજ્ય આચાર્યદેવશ્રી, વિજયહેમચંદ્રસુરીશ્વરજી મ૦ સા૦ના શિષ્યરત્ન પુ૦ પંન્યાસપ્રવરશ્રી પ્રદ્યુમ્નવિજયજી મહારાજ, મુનિશ્રી રાજહંસવિજયજી મ૦ સા૦ આદિ ઠાણાની શુભ નિશ્રામાં અમદાવાદ આંબાવાડીથી પાર્શ્વ જૈન મિત્ર મંડળના સેવાભાવી કાર્યકરો તથા સંઘપતિઓ શ્રેષ્ઠિવર્યોશ્રી વોરા નાથાલાલ ખાવચંદભાઈ, પારેખ જયંતીલાલ ધનજીભાઈ, દેશી મહીતપરાય મુનલાલ, શાહ બાબુલાલ તલકચંદ, દોશી શશીકાંત હરજીવનદાસ, મહેતા ચુનિલાલ ગીરધરલાલ, શાહ ધીરજલાલ છગનલાલ, શાહ મહેન્દ્રકુમાર સોમચંદભાઈ, સંઘવી ચીમનલાલ હરજીવનદાસ તથા હરિલાલ વીરચંદભાઈ સહપરિવાર તરફથી સિદ્ધિગતિના સોપાન સ્વરૂપ પરમ તારકશ્રીનો છ'રી પાલિત સંઘ અમદાવાદથી વિવિધ મુકામોએ ધર્મારાધનાની ઉજવણીઓ પુર્વક મહાસુદ ૪ના પાલીતાણાનગરમાં પ્રાતઃ ૯ વાગ્યાના શુભ મુહુર્તે મંગલ પ્રવેશ કરેલ.

આ મંગલ પ્રવેશના શુભ અવસરે પુ૦ આચાર્ય મહારાજ, મુનિભગવંતો, સાધ્વીજી મહારાજો, સ્થાનિક આગેવાનો તથા અત્રેના જૈન-જૈનેતર ભાવિકોએ છ'રી પાલિત સંઘનું ભવ્ય સામૈયું કર્યુ હતું. તેમજ સંઘપતિશ્રીઓનું ફુલહારથી અભિવાદન કર્યુ હતું. ત્યારબાદ સકલ સંઘ યાત્રા તલાટી રોડ સ્થિત શ્રી કેશરિયાજી નગરમાં બિરાજમાન પુ૦ આચાર્યશ્રી ચંદ્રોદયસુરીશ્વરજી મ૦ સા૦ના વ્યાખ્યાન વિ૦ રેના ધર્મમય વાતાવરણ વચ્ચે અહિં સ્થિરતા કરી હતી.

[illegible]

આ શુભ ચતુર્વિધ શ્રીસંઘમાં પુ૦ સાધ્વીશ્રી ...શ્રીજી આદિ ઠાણા પણ શ્રીસંઘમાં પધાર્યા હતા.

મહા સુદ ૪ને ગુરુવારના સ્થિરતા બાદ મહા સુદ ... શ્રી સિદ્ધિગિરિજી શ્રી આદિશ્વર ભગવાનની ટુંકમાં વિશાળ ... પમાં શ્રી તીર્થમાળારોપણની ક્રિયાની મંગલ પ્રારંભ થયેલ.

આ છ'રી પાલિત સંઘ યાત્રાના પ્રયાણના શુભ દિનથી જ રોજ સવારે ૧૦-૦૦ વાગ્યે સામુદાયિક સ્નાત્રપુજા અને રોજ રાતના ભાવના બેસાડવામાં આવતી હતી. તે જ રીતે દરેક મુકામે ઉભા કરવામાં આવેલ વિશાળ મંડપોને સુંદર રીતે શણગારી તેનું નામ શાસન સમ્રાટનગર રાખવામાં આવતું હતું.

આમ, વિવિધ આરાધનાઓ, પ્રભાવનાઓ અને સંઘપતિઓ તથા સેવાભાવી કાર્યકરોના સુંદર આયોજન અને અથાગ પરિશ્રમના ફળસ્વરૂપ આ છ'રી પાલિત શ્રીસંઘે નિર્વિઘ્ને ધર્મયાત્રા કરી હતી.

બલસાણા તીર્થની યાત્રાએ પધારો
(તાલુકો : સાક્રી, જીલ્લો : ધુલીયા-મહારાષ્ટ્ર)

બલસાણા ગામમાંથી ૩૧ ઇંચના શ્યામ, મનોહર, સુંદર ૧૫૦૦ વર્ષ પુરાના ચમત્કારી શ્રી વિમલનાથ ભગવાનની મુર્તિ પ્રાપ્ત થઈ છે. નદીઓ અને પહાડોની વચ્ચે કુદરતી સૌંદર્યથી શોભતા કળા કૌશલ્યથી યુક્ત મંદિરોના ખંડેરો પ્રાચીનતાની સાક્ષી આપતા આજે પણ અડોલ ઉભા છે. આથી અતિ પ્રાચીન આ ઐતિહાસીક નગર હશે. અહિયા જૈનોના ૧૦ ઘર છે.

વર્તમાન તપોનિધિ પુજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયભુવનભાનુસુરીશ્વરજી મહારાજ તથા પંન્યાસ પ્રવર શ્રી ચંદ્રશેખરવિજયજી મ. સા. ના આશીર્વાદથી તથા મુનિશ્રી વિદ્યાનંદવિજયજી ગણિ મ.સા. ના સક્રિય ઉપદેશથી સ્થાનિક અને અનેક જૈન સંઘોના સહયોગ અને સહકારથી એક ગગનચુંબી જિનાલય નિર્માણ થયું છે. જેની પ્રતિષ્ઠા પ. પુજ્ય આચાર્યશ્રી રાજેન્દ્રસુરીશ્વરજી મ. સા. આદિની નિશ્રામાં મહોત્સવ પુર્વક થઈ છે. પ્રાચીન નયનરમ્ય અલૌકિક ચમત્કારી શ્રી વિમલનાથ ભગવાનના જિનબિંબથી શોભતા નુતન તીર્થમાં અને બલસાણાની પંચતીર્થી (નેર, ધુલીયા, દોંડાઈચા, નંદરબાર, બલસાણા) ના દર્શન કરી પાવન થવા સકલ સંઘને ભાવભર્યુ આમંત્રણ છે. યાત્રાનો સઘળો વહીવટ ધુલીયા જૈન સંઘ સંભાળે છે.

આવવાની સુવિધા : સુરત-ધુલીયા હાઈવે પર સાક્રીથી દોંડાઈચા રોડથી બલસાણા ૨૫ કિ.મી. નો અંતરે છે. અને દોંડાઈચા-શીરપુરથી ૨૫ કિ.મી. અંતરે જુદા જુદા ટાઈમે એસ.ટી. મળે છે.

નુતન તીર્થમાં લાભ લેવા માટે વિનંતી-લખો :

શ્રી ધુલીયા જૈન સંઘ. તેલગલી. ધુલીયા-૪૨૪૦૦૧
સ્વસ્તિક હાર્ડવેર સ્ટોર અને અરિહંત પેઈન્ટસ, આગ્રા રોડ ધુલીયા
નેમિચંદ મોતીલાલ પારસદીસ પરિવારના સૌજન્યથી

WITH BEST COMPLIMENTS FORM:

M/S. ATLANTIC PACIFIC TRAVEL SERVICES PRIVATE LIMITED

Chairman and Managing Director
CHANDRASEN J. JHAVERI
Alankar, 229, Dr Annie Besant Road, Worli.
BOMBAY 400025.
Telephone 4930551, 4933922, 4932746
Telex : 001-71393 Cable : ATLATRAVEL

મૌન એટલે સર્વોત્તમ ભાષણ, એક શબ્દથી ચાલતું હોય ત્યાં બે શબ્દ બોલશો નહિ.

શંખેશ્વરમાં શ્રી ૧૦૮ પાર્શ્વનાથ મહાપ્રાસાદની થયેલ ધામધુમ પૂર્વક પ્રતિષ્ઠા

પૂ. આચાર્યશ્રી વિજયપ્રેમસુરીશ્વરજી મ૦ સા૦, પૂ. આચાર્યશ્રી વિજયસુબોધસુરીશ્વરજી મ૦ સા૦. પૂ. આચાર્યશ્રી વિજયલબ્ધિસુરીશ્વરજી મ૦ સા૦ આદિ ૯ આચાર્ય ભગવંતાદિ, મુનિશ્રી અરૂણવિજયજી, મુનિશ્રી ચંદ્રાનનવિજયજી, મુનિશ્રી વિદ્યાધરવિજયજી આદિ મુનિ ભગવંતો અને વિશાળ શ્રમણીગણની ઉપસ્થિતીમાં—ઓમ પ્રિયંતામ પ્રિયંતામ્ આદિ શ્લોકોની લાખો ભાવિકોની મેદની વચ્ચે શ્રી ભક્તિ પાર્શ્વનાથ ભગવંત ઉપરાંત ૧૦૭ પાર્શ્વનાથ અને દેવ-દેવી ગણધર ભગવંત, ગુરુઓની પ્રતિમાજીની પ્રતિષ્ઠા ભારે ધામધુમ, દબદબાથી શાસ્ત્રોકત રીતે શ્રી શંખેશ્વર મહાતીર્થ શ્રી ૧૦૮ પાર્શ્વનાથ મહા-પ્રાસાદમાં કરવામાં આવી હતી.

આ પ્રસંગે હજારો ભાવિકો બસ, ટ્રેઇન, તથા વિમાન માર્ગે આદિ આવી પહોંચ્યા હતા. હેલીકોપ્ટર દ્વારા પુષ્પ વૃષ્ટિ કરવામાં આવી હતી. કલોસ ટી.વી.ના માધ્યમ દ્વારા લાખો ઉપરાંત ભાવિકોએ આ પ્રસંગને નજરે નિહાળવાનો લાભ લીધો હતો.

યાત્રા અર્થે પધારો ને જિર્ણોદ્ધારમાં સહાયક બનો

તપાગચ્છ જૈન શ્રી માણિભદ્રવિરના ઉદ્ધ તિર્થસ્થાન શ્રી આગલોડના વર્તમાન ઉદ્ધારક શ્રીમદ્ વિજયપ્રેમસુરીશ્વરજી મ. સા. ના સમુદાયના અને પુજ્ય આચાર્યશ્રી હિમાચલ-સુરીશ્વરજી મ. દ્વારા શાશ્વત કીર્તિરત્નમાં આચાર્યપદવી વિભુષિત થયેલ પરમયોગી પુજ્ય આચાર્યદેવ શ્રી વિજયઆનંદઘનસુરીશ્વરજી મહા-રાજશ્રીની પ્રેરણા અને માર્ગદર્શન મુજબ આ તીર્થમાં જીર્ણોદ્ધાર થઈ રહેલ છે. તેમજ શ્રી આગલોડ જૈન શ્વે. મુ. પુ. સંઘ તરફથી યાત્રાળુઓ માટે આધુનિક સુવિધાવાળી ધર્મશાળા, ભોજનશાળાની સગવડ કરવામાં આવેલ છે.

આગલોડ આવવા માટે ગુજરાતના મહેસાણા, હિંમતનગર, વિજાપુર, અમદાવાદથી અનેક એસ. ટી. ની બસ મળે છે.

આ તીર્થના દર્શન-જાત્રાનો લાભ લેવા વિનંતી છે.

શ્રી માણીભદ્ર જૈન તીર્થ પેઢી

શ્રી જૈન શ્વેતામ્બર મૂ. પૂ. સંઘ (ફોન : ૩૪)
મુ. આગલોડ (તા. વિજાપુર : જી. મહેસાણા - ઉ. ગુ.)

વાચક બંધુઓને વિનંતી

ગત તા. ૧૭-૨-૮૯ના અંક નં. ૭ માં પેઇજ નં. ૬૬ અને ૬૭ના ક્રમમાં પ્રેસ મીસ્ટેકના હિસાબે આ બન્ને પેઇજ આગળ પાછળ છપાયા છે. તેની નોંધ લેવા કૃપા કરે.

બીજું પેઇજ નં. ૬૫નું અનુસંધાન ત્રીજા પેઇજ નં. ૬૬ ઉપર અને પેઇજ ૬૬ અમદાવાદ અમરાઇવાડીનું અનુસંધાન પેઇજ ૬૭ ઉપર સુધારીને વાંચવા કૃપા કરશોજી.

અમારી પ્રેસ મીસ્ટેક બદલે ક્ષમા યાચીએ છીએ

શ્રી નાગેશ્વર તીર્થ પધારો

શ્રી નાગેશ્વર તીર્થ ભારતમાં એકાજ શ્રી પાર્શ્વનાથ ભ. ની કાયા ૧૫ ફુટ ઉંચી અને નીલવર્ણા સાત ફણાધારી કાયોત્સર્ગરૂપે પ્રાચીન પ્રતિમાજી બિરાજે છે.

હજારો યાત્રિકો દર્શનાર્થે પધારે છે. ભોજનશાળા ધર્મશાળા વિગેરની સુવિધા છે. યાત્રિકોને આવવા માટે ચૌમહલા સ્ટેશને તથા આલોટથી બસ સર્વીસ મળે છે. અગાઉ સુચના આપવાથી પેઢીની જીપની વ્યવસ્થા થઈ શકશે. અઠમ તપવાળા માટે પુર્ણ વ્યવસ્થા છે.

(ફોન નં. ૭૨ આલોટ) — સંસિ. દીપચંદ જૈન સેક્રેટરી

શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ પેઢી

P. O. ઉન્હેલ ✡ સ્ટે. : ચૌમહલા [રાજસ્થાન]

CHEMICALS
(IMPORTERS & EXPORTERS)

Amritlal Chemaux Limited

RANG UDYAN,
SITLADEVI TEMPLE ROAD,
MAHIM, BOMBAY-400016

Dealers in Dyes and Chemicals, Selling Agents for Sojuzchimexport, U. S. S. R, for Days, Intermediates and Chemicals & General Indentors with business contacts all over the world.

ALSO

A Recognised Eligible Export House exporting Dyes, Chemicals, Engineering Goods, Processed Foods etc.

ALL OVER THE WORLD
Phone No, H. O. 45 32 51
Telex : 117 - 1514 AMCG IN
Gram : RASIK

કર્મનું ફલ ટાળવાની નહિ, ભોગવવાની શક્તિ માંગજો. કરેલા કર્મનું ફળ તો ભોગવવાનું જ હોય છે.

વાવ (બ[illegible]કાંઠા)માં ઉજવાયેલ આચાર્યપદ પ્રદાન તથા પ્રવર્તકપદ પ્રદાન મહોત્સવની ઉજવણી

પરમતા[illegible]ક દેવાધિદેવ શ્રી અજિતનાથ પ્રભુની તથા શ્રી ગોડી પાર્શ્વનાથ [illegible]દાની શિતળ છાયામાં પુજ્યપાદ ભીષ્મ તપસ્વી, સંઘશાંતિ અર્થે સળંગ ૧૭૫૧ આયંબિલની ઉગ્ર તપશ્ચર્યાના આરાધક આચાર્યદેવ શ્રીમદ્ વિજય[illegible]માંશુસુરીશ્વરજી મ૦ સા૦ તથા અજોડ વૈયાવચ્ચી પુજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયનરરત્નસુરીશ્વરજી મ૦ સા૦ની પુનિત નિશ્રામાં હજારો ભાવિ[illegible] તથા વિશાળ શ્રમણિવંદની ઉપસ્થિતિમાં પંન્યાસ પ્રવરશ્રી અરવિંદવિજય[illegible] મ૦ સા૦ તથા પંન્યાસ પ્રવરશ્રી યશોવિજયજી મ૦ સા૦ને આચાર્યપદ પ્રદાન તથા મુનિરાજશ્રી જયાનંદવિજયજી મ૦સા૦ને પ્રવર્તકપદથી [illegible]ત મહા સુદ ૫ શુક્રવાર, તા. ૧૦-૨-૮૯ના રોજ આચાર્યપદ ત[illegible] પ્રવર્તકપદથી વિભુષિત કરવામાં આવ્યા છે.

આ નિમિ[illegible]ત પ્રતિદિન વ્યાખ્યાન શ્રવણ, પરમાત્માની ભવ્ય અંગરચના તેમ[illegible] આચાર્ય-પ્રવર્તક-પદપ્રદાનની માંગલિક ક્રિયા, રથયાત્રા, સિદ્ધચક્રપુજન, [illegible]ક્તામર મહાપુજન, શાંતિસ્નાત્ર મહાપુજા વગેરે પુજનો સાથે દરેક કાર્ય[illegible]મની ભવ્ય ઉજવણી આનંદોલ્લાસ ભર્યા વાતાવરણમાં કરવામાં આવી.

ચિતલ[illegible]માં મુળચંદજી મ૦ સા૦ શતાબ્દી નિમિત્તે વિવિધ ઉજવણી-ઉદ્ઘાટન

તપાગચ્છા[illegible]રાજશ્રી મુક્તિવિજયજી (મુળચંદજી) મહારાજની ૧૦૦મી સ્વર્ગારોહણ શતા[illegible]બ્દી નિમિત્તે અત્રે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ જે[illegible]માં શ્રી અજિતનાથ ભગવાનની પ્રતિમાજીના ૧૦૦ વર્ષ પુરા થતાં તેમની [illegible]વર્ષગાંઠની ઉજવણી, જૈનભવનનું ઉદ્ઘાટન, યક્ષયક્ષિણીની પ્રતિષ્ઠા, [illegible]ઢાર અભિષેક તથા લઘુ શાંતિસ્નાત્ર સહ ઉજવણી મહોત્સવ તા. ૧[illegible]થી ૧૮ ફેબ્રુઆરી સુધી ઉજવાયો.

આ શુભ પ્રસં[illegible]ગે અત્રેના શ્રીસંઘની આગ્રહભરી વિનંતીને માન આપી આચાર્યશ્રી [illegible]હિમપ્રભસુરિ મ૦ સા૦, મુનિશ્રી કિરણચંદ્રવિજયજી મ૦ તથા મુનિશ્રી [illegible]ર્ણચંદ્રવિજયજી મ૦ સા૦ આદિ મુનિ ભગવંતોએ પોતાના અ[illegible]ન્ય કાર્યક્રમોને પડતા મુકી અત્રે પધાર્યા હતા.

પુજ્ય આચાર્ય[illegible]શ્રી આદિની શુભ નિશ્રામાં આ વિવિધ કાર્યક્રમો રૂડી રીતે પાર પડયા[illegible] હતા.

સુમેરપુર (રા[illegible]જસ્થાન) :- સ્વ. આચાર્યદેવશ્રી વિજયહિમાચલસુરીશ્વરજી મ૦સા૦[illegible] શિષ્યરત્ન પંન્યાસ પ્રવરશ્રી રત્નાકરવિજયજી મ૦સા૦ની શુભ નિ[illegible]શ્રામાં અત્રે ઉપધાનતપની મંગલમય આરાધના ધામધુમથી ઉજવાઈ.

卐 પૂજાની જોડ 卐

* અહિંસક રીતે બનાવેલી, ગરમી કે ઠંડીની સીઝનને અનુકુળ.
* પ્લાસ્ટીકના ડબ્બામાં સુંદર પેકીંગ કરેલી અમોએ પ્રભુ-પુજા માટેની પુજાની જોડ તૈયાર કરી છે.
* વ્યાજબી ભાવ અને ટકાઉપણાની ગેરેન્ટી

卐 બનાવનાર તથા મુખ્ય પ્રાપ્તિ સ્થાનો :

—: આરટેક્ષ સિન્થેટીકસ :—

૨૪, હનુમાન ગલી, ૧લી ક્રોસ લેન, કાલબાદેવી, મુંબઈ-૨.

ફોન : ૨૫૫૮૬૯ * ૨૮૬૪૯૩૯

— અન્ય પ્રાપ્તિ સ્થાનો —

* **સેવંતીલાલ વી. જૈન**
  ૨૦, મહાજનગલી, પેલે માળે, ઝવેરી બજાર, મુંબઈ-૨
* **પ્રવિણભાઈ જૈન** (જૈન ઉપકરણવાળા)
  ૧૦, મહાજન ગલી, ૯૬, ઝવેરી બજાર, મુંબઈ-૨
* **શ્રી વર્ધમાન સંસ્કૃતિધામ**
  ૬, ધન મેન્શન, પહેલે માળે, અવંતિકાબાઈ ગોખલે સ્ટ્રીટ, ઓપેરા હાઉસ, મુંબઈ-૪૦૦ ૦૦૪.
* **અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષકદળ**
  ૨૭૭૭, જીવતલાલ પ્રતાપશી સંસ્કૃતિ ભવન, નિશાપોળ, રિલીફ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧
* **[illegible] સંસ્કારધામ પ્રભાવતી ટ્રસ્ટ**
  મુ. પો.: ધારાગિરિ-૩૯૬૪૨૪ [નવસારી - ગુજરાત]

ફોર્મ-૪

રજીસ્ટ્રેશન પેપર (સેન્ટ્રલ રૂલ્સ અંગેના સને ૧૯૫૯ના આઠમાં નિયમ અનુસાર "જૈન" પત્ર સંબંધી વિગતો નીચે મુજબ જાહેર કરવામાં આવે છે.

૧. પ્રકાશન સ્થળ: જૈન ઓફિસ, દાણાપીઠ પાછળ, ભાવનગર.
૨. પ્રસિદ્ધિનો ક્રમ: સાપ્તાહિક
૩. મુદ્રક ૪ પ્રકાશક: ૫ તંત્રી
મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
રાષ્ટ્રિયતા: ભારતીય
સરનામુ: વડવા, પાદરદેવકી, ભાવનગર.
૬. માલિક: મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
દાણાપીઠ પાછળ, ભાવનગર.

આથી હું જાહેર કરું છું કે ઉપર જણાવેલ વિગતો મારી અધિકતમ જાણકારી અને માન્યતા મુજબ બરાબર છે.

— મહેન્દ્ર ગુલાબચંદ શેઠ

[illegible]રની ભાવના એ મોટામાં મોટું અજ્ઞાન છે, માફીની ભાવના એ મોટામાં મોટું જ્ઞાન છે.

Regd No. G. BV. 20
JAIN OFFICE : P. Box No 175
BHAVNAGAR-364001 (Gujarat)
Tele O. C/o. 29919 R. 25859

આજીવન સભ્ય ફી : રૂ. ૫૦૧/-
વાર્ષિક લવાજમ : રૂ. ૫૦/-
જાહેરાત એક પેજના : રૂ. ૭૦૦/-
સમાચાર પેજના : રૂ. ૫૦૦/-

સ્વ. તંત્રી : ગુલાબચંદ દેવચંદ શેઠ
તંત્રી-મુદ્રક-પ્રકાશક :
મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
જૈન ઓફીસ, પો.બો. નં. ૧૭૫. દાણાપીઠ, ભાવનગર.

'જૈન' વર્ષ ૮૬
અંક : ૯

વીર સં. ૨૫૧૫ : વિ.સં. ૨૦૪૫ ફાગણ સુદ ૩
તા. ૧૦ માર્ચ ૧૯૮૯ શુક્રવાર
મુદ્રણ સ્થાન : શ્રી જૈન પ્રિન્ટરી
દાણાપીઠ પાછળ, ભાવનગર-૩૬૪૦૦૧

શ્રી આત્માનંદ જૈન સભાને અભિનંદન

યુગધર્મના પારખનાર યુગવીર આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિશ્વરજી મહારાજના પ્રતાપી પ્રેરણાથી શ્રી આત્માનંદ જૈન સભા (મુંબઈ) લગભગ ૪૭ વર્ષ પૂર્વે સ્થપાઈ હતી. આ રીતે સ્થપાયેલ સંસ્થાની નજર અને ભાવના યુગ વ્યાપક હોય તે સ્વાભાવિક છે. આ સંસ્થાએ ૪૭ વર્ષના જીવનકાળ દરમ્યાન જૈન સમાજની ધાર્મિક, સામાજિક, સાહિત્યિક અને સાંસ્કૃતિક અનેકાનેક પ્રવૃત્તિઓ કરી, તેના આદ્યપ્રેરકનું નામ અને કામ ઉજ્જવળ કરેલ છે. તેની આ મજલ દરમ્યાન જ્ઞાન અને ભક્તિના કાર્યોમાં મહત્વનું યોગદાન આપ્યું છે.

તાજેતરમાં દિલ્હીમાં અખિલ ભારતીય સ્તરે થઈ રહેલા વલ્લભ સ્મારકના પ્રાંગણમાં થયેલ જિનપ્રાસાદનો પ્રતિષ્ઠા મહોત્સવ તેમજ કોન્ફરન્સનું રજત અધિવેશન થયું. આત્માનંદ સભાના આદ્યપ્રેરક પ્રત્યે ઋણ અમુક અંશે અદા કરવાની ઉમદા ભાવનાની દિલ્હીમાં થઈ રહેલ મહત્વના પ્રસંગે ભક્તજનો તેમજ ભાવિકો સરળતાથી હાજર રહી શકે તે માટેનું આયોજન સ્પેશ્યલ ટ્રેઇન દ્વારા વિચારેલ જેના મગત ભાવિકો સુવ્યવસ્તિ રીતે કરી સારી સંખ્યામાં ભાઈઓ-બહેનોને ત્યાં જવા-આવવા તેમજ ત્યાંની ચાર દિવસની સ્થિરતા દરમ્યાન બધી સવલતો મળી રહે તે માટે આત્માનંદ સભના કાર્યવાહક કાર્યકરોએ સારી એવી જહેમત ઉઠાવી હતી.

આ ભવ્ય પ્રસંગે ભારતના જુદા જુદા પ્રાંતોમાંથી ભાવિકો સારી સંખ્યામાં હાજર રહી પ્રસંગને સદાય યાદ રહે તેવી વ્યવસ્થાનું આયોજન કર્યું હતું. મુંબઈ, વડોદરા અને બીજા રાજસ્થાની ભાઈ-બહેનોના જવા-આવવાનું સરળ થઈ પડે તે માટે

(અનુસંધાન પાના નં ૧૦૮ ઉપર)

મુનિશ્રી સોમતિલકવિજયજી મ.સા.ની સાંગલી(મહારાષ્ટ્ર)માં દુર્લભ તપશ્ચર્યા

"ગુણરત્ન સંવત્સર" તપ દ્વારા
૪૮૦ દિવસની તપશ્ચર્યામાં ૪૦૭ દિવસના ઉપવાસ

વર્ધમાન તપોનિધિ પરમ પૂજ્ય આચાર્ય ભગવંત ભુવનભાનુસૂરીશ્વરજી મ૦સા૦ના શિષ્યરત્ન મુનિ મહારાજશ્રી સોમતિલકવિજયજી મહારાજ સાંગલીમાં "ગુણરત્ન સંવત્સર" નામના અદ્વિતીય અને ઉગ્ર એવી ૪૮૦ દિવસની તપશ્ચર્યા કરી રહ્યાં છે. આ તપ અનુસાર તેઓ ૪૦૭ દિવસ સુધી સતત ઉપવાસ કરવાના છે. અત્યાર સુધીમાં આ તપના ૧૧ માસ તેઓ પૂરા કરી ચૂક્યા છે. બધા જ પ્રકારના અન્નનો ત્યાગ કરીને મનુષ્ય દીર્ઘકાળ પર્યંત જીવિત રહી શકે એ વાત તબીબીશાસ્ત્ર માટે એક આહ્વાનરૂપ બાબત છે.

પરમ પૂજ્ય મહારાજ સાહેબે ૧૦મી માર્ચ, ૧૯૮૮ના દીવસથી કોલ્હાપુર ખાતેના જૈન શ્વેતાંબર મંદીરમાં આ તપશ્ચર્યાનો પ્રારંભ કર્યો હતો અને ૧૦ મહિના પૂરા થતાં તેઓનું સાંગલી ખાતેના મહાવીરનગરમાં આવેલા શ્રી પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર મંદીર ખાતે આગમન થયું હતું અને હાલ તેઓ ત્યાં રહીને તપશ્ચર્યા કરી રહ્યા છે.

આ પ્રકારનું મહાન દીર્ઘકાલીન અસાધ્ય તપ સેંકડો વર્ષોમાં સંપૂર્ણ ભારતમાં કોઈએ કર્યાની નોંધ નથી. એ કારણે પરમ પૂજ્ય મહારાજ સાહેબના દર્શનાર્થે તથા તેમનું તપ યશસ્વી રીતે

(અનુસંધાન પાના નં ૧૦૮ ઉપર)

વિ.સં.૨૦૪૫ ફાગણ માસના પર્વો

[વીર સં. ૨૫૧૫]

તા. ૮ મી માર્ચ થી ૬ ઠી એપ્રિલ ૧૯૮૯ 卐 શુભ દિન
દિ : ૩૦, સુ ૬નો ક્ષય : સુ.૧૨, વૃદ્ધિ તિથી : સુદ-૧૨બે શનિ-રવિ
સુર્યોદય ૬-૫૭ [નવકારશી : ૭-૩૮] સુર્યાસ્ત : ૬-૪૪

સુદ ૧ બુધ ૸
卐 ૨ ગુરૂ ૯ શ્રી અરનાથ ચ્યવન કલ્યાણુક, ચંદ્રદર્શન.
૩ શુક્ર ૧૦ શ્રી સીમન્ધર સ્વામી આદિ ૨૦ વિહરમાન જિનોના દીક્ષા કલ્યાણુક, પંચક સમાપ્ત. ભાવનગર વડવા ચંદ્રપ્રભસ્વામી વર્ષગાંઠ, પૂ. આ. શ્રી વિવેકસાગરસૂરીજી મ. સ્વ. તિથિ
૪ શનિ ૧૧ શ્રી મલ્લિનાથ ચ. ક. ઘેટી ટુંકની પ્રતિષ્ઠા. પૂ. આ. શ્રી દીપચંદ્રસૂરીજી મ. સ્વ. તિથિ.
૫ રવિ ૧૨ ચંદ્ર ગુરૂ યુતિ રાત્રિના ૧૦-૧૧, શ્રી રાણકપુરજી, ભાંડુપજી, છાણી, વર્ષગાંઠ દિન, કળશચક્ર તા. ૧૨ થી ૨૧
卐 ૭ સોમ ૧૩ રોહીણી, અમૃતસિદ્ધિયોગ કમુહુર્તા બેઠા.
૮ મંગળ ૧૪ શ્રી સંભવનાથ ચ. ક. અઠ્ઠાઇ પ્રારંભ, મીનાર્ક હોળાષ્ટક, શ્રી આદિનાથ શત્રુંજય તીર્થે પૂર્વે નવાણું વાર સમવસર્યા.
૯ બુધ ૧૫
૧૦ ગુરૂ ૧૬ પૂ. આ. શ્રી અમૃતસૂરી મ. સ્વ. તિથિ.
૧૧ શુક્ર ૧૭ પુષ્ય નક્ષત્ર પ્રારંભ સવારે ૬-૦૦
૧૨ શનિ ૧૮ પુષ્યનક્ષત્ર સમાપ્ત સવારે ૮-૦૩
૧૨ રવિ ૧૯ શ્રી મલ્લિનાથ મો. ક., શ્રી મુનિસુવ્રત દી.ક.
૧૩ સોમ ૨૦ શ્રી સિદ્ધાચલજી તીર્થ છ ગાઉની મહાયાત્રા, શ્રી કાગડાતીર્થ, કંબોઇતીર્થ મેળો, પૂ. યુગ દિવાકર આ. શ્રી ધર્મસૂરીજી મ. સ્વ. તિથિ.
૧૪ મંગળ ૨૧ ચૌમાસી ચૌદશ
૧૫ બુધ ૨૨ શ્રી હસ્તિનાપુર, શ્રી કુંડલપુર તીર્થ મેળો, ધુલેટી, વર્તમાન સમુદાયપતિ પૂ. આ. શ્રી ભુવિનસૂરીજી જન્મદિન (સં. ૧૯૬૨)
વદ 卐 ૧ ગુરૂ ૨૩ ભારતીય ચૈત્ર શાકે ૧૯-૧૧ પ્રારંભ
૨ શુક્ર ૨૪ પૂ. આ. શ્રી નિપૂર્ણપ્રભસૂરી સ્વ. તિથિ.
૩ શનિ ૨૫ મુંબઈ-ચેમ્બુર તીર્થની વર્ષગાંઠ, પૂ. શ્રી ક્ષમાનંદજી મ. સ્વ. તિથિ.
૪ રવિ ૨૬ શ્રી પાર્શ્વનાથ ચ્ય. ક. કે. કલ્યાણક. વિંછુડો પ્રારંભ રાત્રે ૧૨-૧, વર્તમાન સમુદાયપતિ પૂ. આ. શ્રી રામચંદ્રસૂરીજી મ. (૧૯૫૨)
卐 ૫ સોમ ૨૭ શ્રી ચંદ્રપ્રભુ ચ્ય. ક. વિંછુડો
૬ મંગળ ૨૮ પૂ. આ. શ્રી ચંદ્રસાગરસૂરીજી સ્વ.તિ. વિંછુડો
૭ બુધ ૨૯ વિંછુડો સમાપ્ત સવારે ૧૦-૬, પૂ. આ. શ્રી પ્રતાપસૂરી મ૦ સ્વ.તિથી, શ્રી શૈરપુર તીર્થ મેળો.
૮ ગુરૂ ૩૦ શ્રી આદિનાથ જ. ક., દી. ક., વર્ષીતપ પ્રારંભ શ્રી કેસરીયાજી તીર્થ મેળો.
૯ શુક્ર ૩૧ પૂ. આ. શ્રી લક્ષ્મણસૂરીજી સ્વ. તી., પૂ. આ. શ્રી લાવણ્યસૂરીજી મ૦ સ્વ. તિથી
卐 ૧૦ શનિ ૧ કળશચક્ર : તા. ૧ થી ૫
卐 ૧૧ રવિ ૨ પંચક પ્રારંભ રાત્રે ૨૦-૪૨
૧૨ સોમ ૩ પંચક
૧૩ મંગળ ૪ પંચક
૧૪ બુધ ૫ આ. શ્રી હર્ષચંદ્રસૂરિજી સ્વ. તિથી, પંચક
૩૦ ગુરૂ ૬ પંચક સમાપ્ત રાત્રે ૨૦-૪૨, પૂ. બુદ્ધિવિજયજી (બુટેરાયજી) મ૦ની સ્વ. તિથી, પૂ. દાદા શ્રી જિનકુશલસૂરિજી સ્વ. તિથી, ગુડીપડવો.

લોચ માટે : સુદ: ૨, ૩, ૭, ૧૦, ૧૧, ૧૫, વદ: ૧, ૨,

સાધ્વીશ્રી મોક્ષગુણાશ્રીજીને પી એચ.ડી.ની પદવી

સાધ્વીશ્રી મોક્ષગુણાશ્રીજીએ 'અચલગચ્છના આ૦શ્રી જયશેખરસૂરિજીના જીવન અને સાહિત્ય' વિષે તૈયાર કરેલ શોધ નિબંધ માટે મુંબઈ યુનિવર્સિટી દ્વારા તેમને પી. એચ. ડી. ની પદવી એનાયત કરવામાં આવી છે

પૂ૦ સાધ્વીશ્રીએ મુંબઇ યુનિવર્સીટીના ગુજરાતી વિભાગના ભૂતપૂર્વ અધ્યક્ષ ડો. રમણુલાલ સી. શાહના માર્ગદર્શન હેઠળ આ શોધ નિબંધ તૈયાર કર્યો હતો.

પૂ૦ આ૦શ્રી જયશેખરસૂરિજી મ૦સા૦ની 'ઉપદેશ ચિંતામણી,' 'પ્રબોધ ચિંતામણી,' ધમ્મિલકુમાર ચરિત્ર' અને જૈનકુમાર સંભવ નામની કૃતિઓનો સર્વાંગી સમાલોચનાત્મક અભ્યાસ આ શોધ નિબંધમાં આપવામાં આવેલ છે.

સીરોહીમાં દીક્ષા મહોત્સવ

પ૦ પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ૦ સા૦ના સુશિષ્ય ૪૦૦ અઠ્ઠમતપના મહાન આરાધક મેવાડ દેશોદ્ધારક આચાર્યદેવ શ્રીમદ્ વિજયજિતેન્દ્રસૂરીશ્વરજી મ૦ સા૦ આદિની શુભનિશ્રામાં મુમુક્ષુ કુલદીપકુમારની ભાગવતી દીક્ષા નિમિત્તે ભવ્યાતિભવ્ય અઠ્ઠાઇ તથા ઉજમણા મહોત્સવની તા. ૮-૨-૮૯થી તા. ૧૫-૨-૮૯ સુધીના આઠ દિવસની ઉજવણી કરવામાં આવી.

માણસો બીજાની ભુલોને સુક્ષ્મ દર્શક કાચ વડે જુએ છે, અને પોતાની ભુલ સામે આંખ મીંચામણા કરે છે.

પૂ. આ. દેવશ્રી વિજયજયાનન્દસૂરીશ્વરજી મ. સા. નો રાજનગરે કાળધર્મ

પ. પૂ૦ શાસનસમ્રાટશ્રીના પટ્ટધર પ૦ પૂ૦ આ.શ્રી વિજયદર્શનસૂરીશ્વરજી મ૦ સા૦નાં પટ્ટધર ન્યાય-વ્યાકરણ-સિદ્ધાંત વિશારદ પ૦ પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયાનન્દસૂરીશ્વરજી મ૦ સા૦ અમદાવાદ-શાહીબાગ, રાજસ્થાન હોસ્પિટલમાં પોષ વદ ૧૩, શનિવાર, તા. ૪-૨-૮૯નાં સવારે ૯-૩૫ કલાકે નવકાર મહામંત્રનું સ્મરણ કરતાં કરતાં સમાધિપૂર્વક કાળધર્મ પામેલ.... બાદ પાંજરાપોળ સંઘની વિનંતીથી તેઓને પાંજરાપોળ લાવેલ. ત્યાંથી પોષ વદ-૧૪ રવિવાર તા. ૫-૨-૮૯ના સવારે ૮-૦૦ વાગે ઠાઠમાઠ પૂર્વક વિશાળ માનવ મેદનીથી પાલખી નીકળેલ.... તેઓનું મૂળવતન ચુડા (જી લીંબડી) હતું. તેથી ચુડા સંઘની આગ્રહભરી વિનંતીથી પાલખી ચુડા લઇ જવામાં આવેલ. ત્યાં ઠાઠમાઠ પૂર્વક મોટી સંખ્યામાં પાલખી નીકળેલ. સાંજે ૪-૩૦ વાગે અગ્નિસ્નાન આપેલ. આ પ્રસંગે મુંબઈ, ભાવનગર, અમદાવાદ, લીંબડી, રાણપુર, રાજકોટ, બોટાદ, પાલીતાણા આદિ ગામોથી અનેક આગેવાનો-ગુરુભકતો પધારેલ....

પાંજરાપોળ ઉપાશ્રયે પૂ૦ આ૦શ્રી વિજય શુભંકરસૂરીશ્વરજી મ૦ સા૦, પૂ૦ આ૦શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મ૦સા૦ આદિ સાધુ-સાધ્વીની તથા ચતુર્વિધ સંઘની હાજરીમાં દેવવંદન થયેલ. પૂજ્યશ્રીના શિષ્ય-પ્રશિષ્યો પૂ૦ મુનિશ્રી મહાયશવિજયજી મ૦, બાલમુનિ શ્રી જયભદ્રવિજયજી મ૦, મુનિશ્રી સોમસુંદરવિજયજી મ૦ આદિએ પૂજ્યશ્રીની અંખડ સેવા ભકિતમાં તત્પર રહી સાથે રહેલ...

આવા મહાન વિભૂતિનાં કાળધર્મથી જૈનશાસનમાં તેમજ શાસનસમ્રાટશ્રીના સમુદાયમાં મહાન આચાર્ય ભગવંતની ખોટ પડેલ છે.

અમરેલીમાં નૂતન જિનાલયનું ખનન મુહુર્ત, ભૂમિપૂજન, શિલાન્યાસ ઉજવાણી

અત્રે શ્રી નેમિનાથ જૈન સંઘ તથા કેસર ફાઉન્ડેશન સંચાલિત શ્રી નેમિનાથ ભગવાનના જિનાલયનું ખનન મુહુર્ત, ભૂમિપૂજન તથા શિલાન્યાસની ઉજવણી પ્રેરણાદાતા સૌરાષ્ટ્ર કેશરી આચાર્ય ભગવંત શ્રી વિજયભુવનરત્નસૂરીશ્વરજી મ૦સા૦ના સમુદાયના પૂ૦ આચાર્યશ્રી વિજયહેમપ્રભવચંદ્રસૂરીશ્વરજી મ૦સા૦ આદિ મુનિભગવંતો તથા વિશાળ શ્રમણી ભગવંતોની શુભનિશ્રામાં ઉજવાઇ.

નવા કતલખાનાનો વિરોધ કરો

બે વર્ષ પૂર્વે ભીવંડીમાં થનારું કતલખાનું તીવ્ર વિરોધના કારણે બંધ રખાયેલ છે. પરંતુ પાલઘર (મુંબઇ)માં ફરીથી કું. દ્વારા યંત્ર સામગ્રીની ખરીદી કરાઈ છે. આથી આ નવું યાંત્રિક કતલખાનું હવે પાલઘરમાં દુધ વિકાસ પ્રકલ્પની જગ્યામાં શરૂ કરવામાં આવનાર છે. તેમ લોકસત્તા મરાઠી પત્રમાં આ અંગેની વિગતો પ્રગટ કરવામાં આવી છે. આ કતલખાનામાં નાના-મોટા અનેક અબોલ પશુઓના સંહાર થનાર છે. જે પાલઘર ગામને દુર્ગંધથી પ્રદુશિત કરનાર છે. ઉપરાંત નજીકમા જ હોસ્પીટલ છે. જે હોસ્પીટલના દર્દીઓને મહાત્રાસરૂપ બનશે. અને ત્યાં વસતા લોકોમાં રોગ અને સ્વાસ્થયને હાનીરૂપ થશે.

આ બાબતને ધ્યાનમાં લઈ સૌ જીવ દયા પ્રેમી ભાઈ-બ્હેનો મુખ્યમંત્રીશ્રી શરદ પવાર, મહારાષ્ટ્ર સરકાર, સચિવાલય-મુંબઈ ૪૦૦૦૩૨ ના સરનામે પત્ર લખી પોતાનો વિરોધ પ્રદર્શિત કરે.

—જીવદયા પ્રેમી

ગંગધાર (રાજ૦)માં કલ્યાણ પા૦ જિન પ્રતિષ્ઠા

પૂજ્યપાદશ્રી સમ્મેતશિખરાદિ તીર્થોદ્ધારક મહાન તપસ્વી આચાર્યશ્રીમદ્ વિજયપૂર્ણાનંદસૂરીશ્વરજી મ૦સાના પ્રથમ પટ્ટધર શ્રી સમ્મેત શિખરાદિ રક્ષક ૫૦૧ અઠ્ઠમ, ૫૫૧ છઠ્ઠ અને ૬૭ અઠ્ઠાઇના મહાન તપસ્વી આચાર્ય શ્રીમદ્ વિજય હ્રીંકારસૂરીશ્વરજી મ૦સા૦, તપસ્વી પં૦ શ્રી પુરંદરવિજયજી મ૦ સા૦ તથા પૂ૦ મુનિરાજશ્રી કંચનવિજયજી મ૦સા૦ આદિ ઠાણા ઉપરાંત વિવિધ સમુદાયના સાસ્વીજી મહારાજોની શુભ નિશ્રામાં ગંગધાર સ્થિત શ્રી કલ્યાણ પાર્શ્વનાથ જૈન મંદિરે મૂળનાયક શ્રી કલ્યાણ પાર્શ્વનાથ સ્વામી આદિ જિનબિમ્બોની પ્રતિષ્ઠા નિમિત્તે શ્રી અષ્ટાહ્નિકા જિનેન્દ્રભક્તિ મહોત્સવ તા. ૯-૨-૮૯થી તા. ૧૬-૨-૮૯ સુધીના આઠ દિવસ અષ્ટાહ્નિકા મહોત્સવની શાનદાર ઉજવણી ચાલી. આ દિવસો દરમ્યાન પ્રતિદિન પ્રભુપુજા ભક્તિ, અંગરચના, ભાવના વગેરે પૂર્વક ઉજવાયો.

પ્રતિષ્ઠા તથા ધ્વજદંડનો આદેશ શેઠશ્રી ધીરજભાઈ અંબાલાલ (મુંબઇનિવાસી) તથા હિમ્મતભાઈ સૌભાગ્યચંદ શાહે (અમદાવાદ નિવાસી) લીધો હતો.

'જૈન' પત્રના ગ્રાહકોને નમ્ર વિનંતી

જે ગ્રાહક બંધુઓએ ચાલુ વર્ષનું લવાજમ ન મોકલ્યું હોય તેમણે રૂા. ૫૦/- M.O. મોકલાવવા વિનંતી.

ગુસ્સો એ જગતના અનેક ઝેરમાંનું એક ઝેર છે, એ પી જાઓ એટલે અમૃત બની જશે.

(અનુસંધાન પાના નં. ૧૦૪ નું ચાલુ)

શ્રી આત્માનંદ જૈન સભાના કાર્યવાહકો સર્વશ્રી દામજીભાઇ છેડા, શ્રી ઉમેદમલજી જૈન, શ્રી રમેશભાઇ જે. સંઘવી, શ્રી કુમારપાળ વી. શાહ, શ્રી કાંતિલાલ એચ. શાહ, શ્રી જયંતિભાઈ મયાભાઇ શાહ, શ્રી પન્નાલાલ ખીમજી છેડા, તથા ઓફીસ સ્ટાફે અને શ્રી ભગુભાઇ ટ્રાવેલર્સવાળા શ્રી પ્રબોધભાઇએ તનતોડ પ્રયત્ન કર્યો હતો. જે ભાઇ-બહેનો આ આયોજન દ્વારા દિલ્લી તેમજ હસ્તીનાપુરની યાત્રા કરી તેઓને આ પ્રસંગ સદાય યાદ રહેશે

આ વિશિષ્ટ પ્રસંગની ઉપયોગીતાને માહિતી સર્વેને મળી રહે તે માટે સંસ્થા તરફથી વલ્લભ સ્મારકની ટુંકી માહિતી આપતું તથા સાધ્વીજી મહારાજના જીવનસ્મૃતિરૂપ પ્રકાશનો કરી ભારે ઉપયોગી સામગ્રી આપેલ છે.

શ્રી આત્માનંદ જૈન સભા આ રીતે આવા પ્રસંગોએ આ રીતની પ્રસંશાપાત્ર પ્રવૃત્તિ કરવાની શક્તિ અને એ માટે સહકાર મળતો રહેશે તેની યાત્રિકોની શુભેચ્છા છે.

(અનુસંધાન પાના નં. ૧૦૪ નું ચાલુ)

પૂર્ણ થાય એવી ભાવનાથી સાંગલીમાં અસંખ્ય ભાવિકોની ભીડ જામે છે.

પરમ પૂજ્ય સોમતિલકજી મહારાજની ઉંમર ૭૭ વર્ષની છે. ૬૮ વર્ષે તેમણે અધ્યાત્મયોગી સહજાનંદી આચાર્યદેવ ધર્મજીતસૂરીશ્વરજી મહારાજ પાસેથી આ દીક્ષા લીધી હતી. અમદાવાદ ખાતે શાળા અભ્યાસ દરમિયાન જ પરમેશ્વર પ્રત્યે તેમને અપાર શ્રદ્ધા હતી. ગૃહસ્થાશ્રમ અને વેપારમાં યશસ્વી રીતે વ્યસ્ત હોવા છતાં પરમેશ્વર પ્રત્યે ની અપાર આસ્થાના કારણે સંસારમાં તેને વિરક્તિ જણાવા લાગી. અંતિમ સુખ સંસારમાં ન હોઇ પરમેશ્વર પ્રાપ્તિમાં, ધર્મ આચરણમાં અને ધર્મ અવલંબન કરવામાં જ છે. એની તેમને જાણ થઇ. સતત ૯ વર્ષના સાધુ જીવનમાં તેમણે ૧,૦૦૦ ઉપરાંત ઉપવાસ કર્યા છે. છેલ્લે છેલ્લે ૪ વર્ષમાં તેમણે એકવાર પણ સતત બે દિવસ આહાર લીધો નથી.

અરિહંત પરમાત્મામાં અઢળક શ્રદ્ધા અને ઉપવાસના કારણે આત્મિક બળ વધે છે એવો તેમનો દ્દઢ વિશ્વાસ છે. આત્મકલ્યાણ અને જનકલ્યાણ સાધ્ય કરનારાઓનું ઉપવાસ એ સાધન છે. ઉપવાસમાંથી પરમેશ્વર પ્રાપ્તિ થાય છે. એ તેમનો સ્વાનુભવ છે.

કોલ્હાપુર ખાતે શ્રી મુનિસુવ્રત સ્વામી જૈન શ્વેતાંબર મંદિરમાં સ્થિરતા દરમિયાન તા. ૧૦-૩-૮૮ના રોજ તેમને "ગુણરત્ન સંવત્સર" ના ઉગ્ર તપ કરવાની અંતઃપ્રેરણા થઈ અને તુરત જ તેમણે તેનો પ્રારંભ કર્યો હતો. ઉપવાસ શરૂ કરતાં પહેલાં તેમનું વજન ૪૮ કિલો હતું. ઉપવાસના ૩૧૦માં દિવસે તેનું વજન ૨૮ કિલો થયું હતું. તેમની કાયાં કથળી રહી હોઈ આત્મબળ અને આત્મતેજ વૃદ્ધિગત થઈ રહ્યું છે. તપ પૂર્ણ કરવાનો તેમનો દ્રઢ નિરધાર છે. કોલ્હાપુરના અનેક ખ્યાતનામ ડોકટરોએ તેમની વૈદ્યકીય તપાસ કરી તો તેમની તબિયત અતિ સ્વસ્થ જોવા મળી. ડોકટરોએ કહ્યું હતુ કે, આ કેવળ આત્મબળનો પ્રતાપ છે.

"ગુણરત્ન સંવત્સર તપ" કેટલીયે સદીઓમાં કોઇએ કર્યું હોય તેવી ક્યાંયે નોંધ નથી. આ તપ ૪૮૦ દિવસનું હોય છે. આ તપ દરમિયાન પ્રથમ મહિનામાં એક ઉપવાસ એક બિયાસણુ હોય છે. બીજા માસમાં બે ઉપવાસ એક બિયાસણુ, ત્રીજા મહિનામાં ત્રણ બિયાસણુ અને સપ્રમાણ ઉપવાસ કરવાના હોય છે. આ ક્રમે ઉપવાસ વધતા જાય છે. ૪૮૦ દિવસમાં ૪૦૭ ઉપવાસ અને ૭૩ બિયાસણુ થાય છે.

પ્રથમ ૧૨૨ દિવસમાં ૮૩ ઉપવાસ, ૩૯ બિયાસણુ, બીજા ૧૦૯ દિવસમાં ૯૪ ઉપવાસ ૧૫ બિયાસણુ, ત્રીજા ૧૨૫ દિવસોમાં ૧૧૪ ઉપવાસ અને ૧૧ બિયાસણુ તથા ચોથા ૧૨૪ દિવસમાં ૧૧૬ ઉપવાસ અને ૧૦ બિયાસણુ કરવાના હોય છે.

૧૦ માર્ચ. ૧૯૮૮થી શરૂ થયેલું આ અસાધ્ય તપ ૩૦જૂન, ૧૯૮૯ના દિને પૂર્ણ થવાનુ છે. પરમ પૂજ્ય મુનિરાજશ્રીના તપમાંના ૧૫૦ જેટલા દિવસ બાકી રહ્યાં છે.

આ ઉગ્ર તપશ્ચર્યા દરમિયાન તેઓશ્રી ફક્ત ચારથી પાંચ કલાક ઊંઘ લે છે. બાકીના કલાકો લેખન, વાચન અને જપ-તપમાં વિતાવે છે.

જરૂરી ખુલાસો

'જૈન' પત્રના અંક: ૮: તા. ૩-૩-૮૯ અંકના પાના નં. ૧૦૧ ઉપર કોન્ફરન્સના નવા મુખ્ય કાર્યવાહકોની થયેલી જાહેરાત પ્રગટ થયેલ તે અમારી ગેરસમજણથી થયેલ છે. પ્રમુખશ્રી દીપચંદભાઇ એસ. ગાર્ડીજીએ તો ફક્ત અધિવેશનની પૂર્ણાહુતી નીચેના નામોનીજ જાહેરાત કરેલ.

ઉપપ્રમુખશ્રી જે. આર. શાહ, ઉપપ્રમુખશ્રી ધીરજલાલ મોહનલાલ શાહ.

મંત્રીશ્રી જયંતભાઈ એમ. શાહ, મંત્રીશ્રી રાજકુમારજી જૈન, મંત્રીશ્રી એમ. કે. નીસરના નામોની જાહેરાત કરેલ.

ઉપરોક્ત નામોની જ જાહેરાત થયેલ. બાકીના નામે અમારી ગેરસમજથી પ્રગટ થયેલ હોય પ્રમુખશ્રીની ક્ષમા ચાહીએ છીએ.

કોન્ફરન્સની કાર્યવાહક કમીટીની જાહેરાત હવે પછી થનાર હોઈ પ્રગટ કરીશું.

સદા ઉદ્યમી રહેનાર મનુષ્યને કદિયે આંસુ સારવાનો અવસર આવતો નથી.

ઐતિહાસિક ચાતુર્માસ પૂર્ણાહુતિ અને વિહારમાં અનેક શાસન પ્રભાવનાઓ

વિ. સં. ૨૦૪૪ના અષાઢ સુદ–૯ બુધવાર તા. ૧૨–૭–૮૮ ના સવારે ૯/૦૦નો સમય અને તે દિવસ ખરેખર સોનેરી સુરજ સમાન બની રહ્યો.... કારણ કે શાહ ભરતકુમાર કાંતિલાલની કું. વાળા રાજેન્દ્રભાઈ રતિલાલ, ૧૯–અજીત સોસાયટીના ગૃહ આંગણેથી સંઘપૂજન થયા બાદ ચતુર્વિધ શ્રી સંઘ બેન્ડવાજાના સુમધુર આચ્છાદિત વાતાવરણથી તરબોળ બની શાંતિવન સોસાયટી, નારાયણનગર રોડ, પાલડી, શ્રી વિજયમહિમા પ્રભસૂરિ જ્ઞાનમંદિરે શ્રી વાસુપૂજ્ય સ્વામિની છત્રછાયામાં પરમપૂજ્ય શાસનસમ્રાટ તપાગચ્છાધિપતિ અનેક તીર્થોદ્ધારક આચાર્ય મહારાજાધિરાજ શ્રીમદ વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબના પ્રથમ પ્રમુખ પટ્ટધર ન્યાયવિશારદ આચાર્યદેવશ્રી વિજયદર્શનસૂરીશ્વરજી મહારાજ સાહેબના પટ્ટાલંકાર શાંતમૂર્તિ નિડરવક્તા આચાર્યદેવશ્રી વિજયપ્રિયંકરસૂરીશ્વરજી મહારાજ સાહેબ પોતાના શિષ્યપ્રશિષ્યાદિ કોકીલકંઠી મુનિરાજશ્રી પ્રકાશચંદ્રવિજય મ. સા. તથા પ્રવચન પ્રભાવક મુનિરાજશ્રી નંદિષેણવિજય મ. સા. તથા જ્ઞાનાભ્યાસી બાલમુનિરાજશ્રી વારિષેણવિજય મ. સા. આદિ ઠા. ૪ તથા શાસનસમ્રાટ સમુદાયના આજ્ઞાવર્તિની સાધ્વી શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ. ના શિષ્યા સાધ્વી શ્રી અમિતયશાશ્રીજી મ. આદિ ઠા. ૫ શ્રી વિજય મહિમા પ્રભસૂરિ જ્ઞાનમંદિરે ચાતુર્માસ પધાર્યા, પૂજ્ય ગુરુદેવે એવા કોઈ મુહૂર્તે પ્રવેશ કર્યો કે જેના ફળસ્વરૂપે ન ધારેલ તપ–જપ રૂપ ધર્મ આરાધના તથા શાસન હિતકર પ્રવૃત્તિઓ થઈ છે. જેમ કે પર્યુષણ પર્વ પહેલાં દરરોજ સવારે ૮/૩૦ વાગે જૈન રામાયણ તથા ધન્યચરિત્ર ઉપર મુનિશ્રી નંદિષેણવિજય મ. સા. સરળ સચોટ અને સુંદર શૈલીમાં પ્રવચનો આપતાં હતાં જેથી કદાપી ન દેખા હોય તેવા સ્વરૂપે માનવ–શ્રોતા મેદની સમયસર હાજર રહેતી. પ્રવચન ધારાના પ્રતાપે સાંકળી અઠ્ઠમ, એકાસણાઓ આયંબિલ, છઠ્ઠ–અઠ્ઠમ આદિ તપો થયા. તે દરેકમાં પારણા–પ્રભાવના પણ થવા પામ્યા.

ગુરુદેવનો જન્મ

પૂજ્ય આચાર્ય મહારાજને શ્રાવણ સુદ–૧૫ શનિવાર તા. ૨૭–૮–૮૮ના રોજ ૭૪ ના જન્મદિવસ હોવાથી સવારે પૂજા પ્રભાવના આદિ કાર્યો થવા પામ્યા અને જીવદયાની પ્રશસ્ત પ્રવૃત્તિ થઈ.

ગ્રંથ વિમોચન વિધિ

સાધુ–સાધ્વીજી મહારાજને અભ્યાસ કરવામાં મૂળ જે વ્યાકરણ ભણવું જોઈએ તે કલિકાલ સર્વજ્ઞ આચાર્યશ્રી હેમચંદ્રાચાર્ય વિરચિત શ્રી હેમલઘુપ્રક્રિયા ટીપ્પણ વ્યાકરણનું નિડરવક્તા આચાર્યદેવશ્રી વિજયપ્રિયંકરસૂરીશ્વરજી મહારાજ દ્વારા સ્વરચિત ગુજરાતી ભાષાંતર ભાગ પહેલાનું ઉદ્ઘાટન મુનિશ્રી નંદિષેણવિજય મ.સા. ના સંસારી દાદા વોરા દલિચંદ રાયચંદ તથા સંસારી પિતાશ્રી વોરા રતિલાલ ગીરધરલાલ દ્વારા થયું તે નિમિત્તે તેઓ તરફથી પ્રકાશન ટ્રસ્ટને રૂા. ૫૦૦૧/–નું માતબર દાન જાહેર થયું તેમજ આ પ્રસંગે આચાર્ય મહારાજે તથા મુનિ નંદિષેણવિજય મ.સા.એ આ પ્રસંગે સુંદર પ્રવચન આપ્યું હતું. ત્યારબાદ પંડિત મફતલાલ ઝવેરચંદ ગાંધીએ તથા વકિલ શાંતિલાલ મોતીલાલ ગાંધીએ તથા ચીનુભાઈએ ઉદ્બોધન કરેલ. ત્યારબાદ સંઘપૂજન તથા પ્રભાવના થયા. આ પ્રસંગે મુનિશ્રીના સંસારી કુટુંબીજનોએ દેવાસ એપાર્ટમેન્ટ, ગુપ્તાનગર, વાસણામાં તૈયાર થતાં પ્રકાશક મંદિરના મેઈન નામ નવા ગામ બડેલી નિવાસી વોરા ચંપકલાલ ગીરધરલાલ પ્રિયંકર ધર્મધામ માટે માતબર દાન જાહેર કરેલ આ પુસ્તકનું બે વર્ષ બાદ અમારા શ્રીસંઘમાં ઉદ્ઘાટન થયેલ છે તેથી અમારા અહોભાગ્ય છે.

પર્યુષણ પર્વની પધરામણી

પનોતા પર્યુષણ મહાપર્વની પધરામણી થતાં અમારા શ્રી ઉપાશ્રયમાં ભક્તજનોની ભીડ ઉભરાવવા માંડી. તપજપના યજ્ઞો શરૂ થયાં, સેંકડો તપસ્વીઓ તપશ્ચર્યામાં જોડાયા તેમાં સાધ્વીશ્રી આત્મદર્શિતાશ્રીજીએ સિદ્ધિતપની મહાન તપશ્ચર્યા અપ્રમત ભાવે પૂર્ણ કરી....દરેક તપસ્વીના પારણા પ્રભાવના સુંદર રીતે થયા. સાધ્વીજી મહારાજે કરેલ સિદ્ધિતપની તપશ્ચર્યા તથા અમારા શ્રી સંઘમાં થયેલ અનેકવિધ તપશ્ચર્યાની અનુમોદનાર્થે બૃહદ સિદ્ધચક્ર મહાપૂજન સહિત પંચાહ્નિકા મહોત્સવ ઉજવાયો. પર્યુષણા પર્વની અનુસરતી ક્ષમાના આદાનપ્રદાન વિષે નાનકડી પણ સુંદર પુસ્તિકા મુનિશ્રી નંદિષેણવિજય મ.સા. દ્વારા અમારા પ્રકાશિત કરી જેને સુંદર આવકાર પણ સંપડયો.

ચૈત્ય પરિપાટી

ભાદરવા સુદ ૭ રવિવાર તા. ૧૮–૯–૮૮ના રોજ સવારે ૯–૦૦ વાગે વાજતે ગાજતે ધરણેન્દ્રના દેરાસરની ચૈત્ય પરિપાટીનું આયોજન થયેલ જેમાં ૭૦૦ યાત્રીકો જોડાયા હતાં. અને ચૈત્ય પરિપાટી બાદ નેમિ–વિવેક વિહારમાં સાધર્મિક ભક્તિ પણ રાખેલ.

ધર્મધામના ઉદ્ઘાટનનો સમારોહ

મુનિ નંદિષેણ વિજય મ. સા. ના ઉપદેશથી શ્રી વિજય પ્રિયંકરસૂરિ જ્ઞાનમંદિર ટ્રસ્ટ સંચાલિત નવાગામ વડેલી નિવાસી વોરા ચંપકલાલ ગીરધરલાલ પ્રિયંકર ધર્મધામના ઉદ્ઘાટન પ્રસંગે

કાયર ત્યારે જ ધમકી આપે છે, જ્યારે તે સુરક્ષિત હોય છે.

મુંબઈથી વોરા પરિવાર તરફથી ૧૫૦ યાત્રિકો અને મહારાજશ્રીના ભક્તો મુંબઈ સુરેન્દ્રનગર, વઢવાણ, ભાવનગર અને દહેગામથી પણ પધારેલ તે દરેકનો નેમિ-વિવેક વિહારમાં ઉતરવાની તથા સાધર્મિક ભક્તિની વ્યવસ્થા શાંતિવનના સ્થાનીક ટ્રસ્ટીઓએ કરેલ અને આ આખા પ્રસંગનું આયોજન શ્રી વિજય પ્રિયંકરસૂરિ જ્ઞાન મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ તથા પ્રેમવર્ધક દેવાસ જૈન સંઘના કાર્યકરોએ સુંદર રીતે કરેલ. આ પ્રસંગ આસો વદ ૩ ગુરૂવાર તા. ૨૭-૧૦-૮૮ના રોજ ઉજવાયેલ.

ભવાભવના પુદ્ગલ વોસિરાવવાની ક્રિયા

આસો વદ ૬ રવિવાર તા. ૩૧-૧૦-૮૮ના રોજ સવારે ૮-૩૦ વાગે અતિત ભવોના પુદ્ગલ વોસિરાવવાની તથા અનેક તપ-વ્રત ઉચ્ચરાવવાની ક્રિયા થયેલ તેમાં સારી સંખ્યાએ લાભ લીધો હતો. દરેકનું સારી રીતે બહુમાન પણ કરવામાં આવેલ અને દરેકની સાધર્મિક ભક્તિ પણ થએલ. આ પ્રસંગ અમારા શ્રીસંઘમાં સર્વ પ્રથમવાર થવા પામેલ.

ચાતુર્માસ પરિવર્તન

પૂજ્ય ગુરૂદેવ તથા સાધ્વીજી મહારાજનું ચાતુર્માસ પરિવર્તન નેમિ-વિવેક વિહારમાં કારતક સુદ ૧૫ બુધવાર તા. ૨૩-૧૦-૮૮ના રોજ સવારે વાજતે ગાજતે થયેલ તથા મંગલાચરણ બાદ સાધર્મિક ભક્તિ થએલ.

મુમુક્ષુ મહેશકુમારની દીક્ષા

પૂજ્ય ગુરૂદેવ સાથે છેલ્લા ચાર માસથી અભ્યાસ કરી રહેલ મુમુક્ષુ મહેશકુમાર છગનલાલ શાહ મૂળ અંકેળીયા હાલ બોરડી કેવા સ્થિતની માગશર સુદ ૨ને રવિવાર તા. ૧૧-૧૨-૮૮ના રોજ દીક્ષા થયેલ. તેઓ મુનિશ્રી પ્રકાશચંદ્ર વિજય મ. સા.ના શિષ્ય તરીકે નૂતન મુનિ મલયચંદ્રવિજય તરીકે જાહેર થએલ.

૯૮ છોડ અને ૫૬ ધવળીનું ઉદ્યાપન

આચાર્યદેવશ્રી વિજય પ્રિયંકર સૂરીશ્વરજી મહારાજ સાહેબને માગશર સુદી ૧૧ [મૌનએકાદશી] સોમવાર તા. ૧૯-૧૧-૮૮ના રોજ ૫૬માં વર્ષના દીક્ષા પર્યાયમાં મંગળ પ્રવેશ નિમિત્તે ૯૮ છોડનું ઉજમણું અને ૫૬ ધવળી દર્શન હરિફાઈનું આયોજન થયું અને તેમાં પીસ્તાલીસ આગમની મહાપૂજા અને ભવ્ય વરઘોડા સહ પંચાહ્નિકા મહોત્સવનું પણ આયોજન થવા પામ્યું તેથી આનંદ આનંદ પ્રસરી ગયો. દરેક મુખે એક જ વાત કે મહોત્સવ તો ઘણા ઉજવાય પણ આવા ઉજમણાં તો વર્ષોમાં ક્યારેક જ.......

માગશર સુદ-૫ને મંગળવાર તા. ૧૬-૧૨-૮૮ના સવારે ૮-૪૫ વાગે ૯૮ છોડના ઉજવણાનું તથા ૫૬ ધવળી દર્શનનું ઉદ્ઘાટન ડીરેક્ટ લેબોટરીઝના ચેરમેન યુ. એન. મહેતાના હસ્તે તથા વિમલવાળા લાલભાઈ દેવચંદના હસ્તે દિપ પ્રગટીકરણ કરી થયેલ. ત્યારબાદ પ્રવચન સંઘપૂજન વગેરે થયા.

માગશર સુદ-૮નો અઢાર અભિષેક પૂજન થયું

માગશર સુદ-૯ને શનિવાર તા. ૧૭-૧૨-૮૮ સવારે ૮-૪૫ વાગે પીસ્તાલીસ આગમનો તથા રથયાત્રાનો ભવ્યાતિભવ્ય વરઘોડો ચડયો હતો. જેમાં વિશાળ સંખ્યામાં સાધુ-સાધ્વીજી પધારેલ.

માગશર વદ-૧૦ને રવિવાર તા. ૧૮-૧૨-૮૮ના પંડિત રૂપવિજય મ. કૃત સવારે ૯ થી ૧૨ પીસ્તાલીસ આગમની ૧ થી ૨૨ પૂજા અને બપોરના ૧ થી ૫. ૨૩ થી ૪૫ પૂજા પ્રખ્યાત સંગીતકાર વાસુદેવભાઈએ પોતાની મંડળી સાથે ભણાવેલ. ત્યારબાદ પ્રભાવના વિગેરે અને જીવદયાની સુંદર ટીપ થઈ હતી. આ પૂજામાં ૪૫ મહાનુભાવોએ ૧-૧ આગમની ભક્તિ કરવાનો લાભ લીધો હતો. અને દરેક આગમને જરીયાન રૂમાલ વડે અને તેને આગમના છોડ વડે સુંદર રીતે શણગારવામાં આવ્યા હતા. આ ૯૮ છોડ સુરત નિવાસી મે. રેશમા ટેક્ષટાઈલવાળા બીપીનભાઈએ ભારે મહેનત લઈ સમયસર સુંદર છોડ ભરી આપેલ હતા.

માગશર સુદ-૧૧ને સોમવાર તા. ૧૯-૧૨-૮૮ના રોજ સવારે ૮-૪૫ વાગે પ્રવચનમાં ગુરૂના ગુણ વિશે મુનિ નંદિષેણવિજય મ. સા. પ્રવચન આપેલ. ત્યારબાદ વકીલ શાન્તિલાલ મોતીલાલ ગાંધીએ અને ચીનુભાઈ શાહએ ગુણાનુવાદ કરેલ. ત્યારબાદ પૂજ્ય મુનિ પ્રકાશચંદ્રવિજય મ.સા. રચેલ કાવ્ય ગાવામાં આવેલ.... ત્યારબાદ ૫૬ ધવળીના ઇનામ વિતરણ શાહ પ્રવીણચંદ્ર આત્મારામભાઈ તરફથી અપાયેલ. સંઘપૂજન, પ્રભાવના અને સાધર્મિક ભક્તિ થએલ. અમારા શ્રી સંઘમાં આ રીતે તપ-જપ-ધ્યાન-મહોત્સવ, ઉજવણું, સાધર્મિકભક્તિ, જીવદયા, અનુકંપા આદિ અનેક કાર્યો થવા પામ્યા હતા. આ રીતે પૂજ્ય ગુરૂદેવના પધાર્યા બાદ અગણિત કાર્યો દ્વારા આ ચાતુર્માસ યાદગાર બનિત થયું.

વડીદીક્ષા પ્રસંગ

પોષ સુદ-૧૩ને ગુરૂવાર તા. ૧૯-૧-૮૯ના રોજ સવારે ૯-૦૦ વાગે નુતન મુનિ મલયચંદ્રવિજય મ.સા.ની વડીદીક્ષા થતાં ચતુર્વિધ સંઘ અનેરો આનંદ અનુભવ્યો. ત્યારબાદ પ્રવચન પ્રભાવના અને સંઘપૂજન થયા.

ગુરૂદેવનો વિહાર

ચાતુર્માસ બિરાજમાન પૂ. ગુરૂ ભગવંતનો વિહાર દિવસ સં. ૨૦૪૫ પોષ વદ-૨ સોમવાર તા. ૨૩-૧-૮૯ ને સવારે વહેલા વિહાર કરી દેવાસ એપાર્ટ.માં શ્રી પ્રેમવર્ધક દેવાસ જૈન સંઘની આગ્રહભરી વિનંતીથી પહેલો વિહાર કર્યો. ત્યાં બે દિવસથી

ધરતીકંપ કરતાં માનવ-માનવ વચ્ચેનો ધિક્કારકંપ ભયંકર હોનારત સર્જે છે.

સ્થિરતાકરી શાહપૂર પાંચપોળ ઉપાશ્રયે પધાર્યા ત્યાં સિદ્ધચક્ર મહાપૂજન હતું. ત્યાંથી વિજયનગર જૈન ઉપાશ્રયે પોષ વદ-૫ને શુક્રવાર તા. ૨૭-૧-૮૯ના રોજ પધાર્યા ત્યાં નુતન મુનિને પારણું થયું. ત્યાંથી તા. ૨૮-૧-૮૯ પોષ વદ-૬ ના વિહાર કરી ચાણસ્મા મહા સુદ-૨ને મંગળવાર તા. ૭-૨-૮૯ના પ્રવેશ કર્યો, અને બન્ને મહોત્સવ હોવાથી અને ત્યાં મહા સુદ-૧૦, બુધવાર તા. ૧૫-૨-૮૯ના બે બહેનોની દીક્ષા થઇ. ત્યારબાદ શંખેશ્વર મહાતીર્થમાં સ્થિરતા કરી વઢવાણ જૈન સંઘની આગ્રહભરી વિનંતીથી ત્યાં પધારશે. ત્યાંથી વિહાર કરી લીંબડી, પાલીતાણા, ડેમ, જેસર, મહુવા, દાઠા, તળાજા, ત્રાપજ, તણસા થઇ ઘોઘા તીર્થની યાત્રા કરી ભાવનગર પધારશે. ત્યારબાદ ચાતુર્માસાર્થે અમદાવાદ નાગજી ભુદરની પોળે માંડવીની પોળમાં પધારશે.

ચાણસ્મા નગરીએ ઉજવાયેલ પંચાહ્નિકા મહોત્સવ તથા બે કુમારિકાઓની દીક્ષા

ચાણસ્મા નગરી એટલે પ્રાચીન નગરી, ઉત્તર-ગુજરાતમાં મહેસાણા ૨ ધનપુરી હાઈ વે પર અને પાટણ શહેરથી નજીકમાં વસેલું છે. ચાણસ્મા નગર એક અનોખો ઇતિહાસ ધરાવે છે.

ચાણસ્મા એ એક પ્રાચીન તીર્થ ભૂમિ છે. કારણ કે આ શહેરમાં મધ્યભાગે આવેલ ભટેવા પાર્શ્વનાથ ભગવાનનું દેવવિમાન સરિખું વિશાળ જિનમંદિર છે. અને ભટેવા પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ-પ્રતિમા ૬ લાખ વર્ષ પુરાણી છે...... નાનકડી પ્રતિમા પણ દેવોને અતિ પ્રિય અને ભક્તજનોના મનને આનંદ-ઉલ્લાસ આપનારી છે. દેશ-પરદેશથી અનેક સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા અત્રે દર્શનાર્થે આવે છે અને તેઓના મૂખકમળમાંથી ભક્તિભાવભર્યા પેલા શબ્દો સરીતાના નીર સરિખા વહેતા હોય છે કે—

'તુજ દર્શન હોય પરમાણંદા......' ખરેખર પરમ આનંદ ઉપજાવનારી પ્રતિમાના દર્શન પાપ પડલને વિખેરનારી જ છે.... અને દુર્ગતિમાં જતાં જીવને રોકી, સદ્ગતિ આપનારી છે. અહીં દર્શન કરનાર ભકતજનોનું હૈયું આનંદથી છલ-છલ છલકાઈ જાય છે, ભરાઈ જાય છે.... રોમાંચ ફેલાઈ જાય છે... ભટેવા દાદાના દર્શન કરતાં દિવ્ય અનુભૂતિ થઇ જાય છે અને ભકતજનો દાદાને છેલ્લી પ્રાર્થના કરતાં કહે છે— 'તમારા ચરણની સેવા મને જનમ-જનમમાં મળો...!'

આવા ઉત્તમતીર્થમાં શાસનસમ્રાટ સમુદાયના નિડરવકતા પ. પૂ. આચાર્યશ્રી વિજયપ્રિયંકરસૂરીશ્વરજી મહારાજ સાહેબ તથા કોકીલકંઠી મુનિશ્રી પ્રકાશચંદ્રવિજયજી મ૦સા૦ તથા પ્રવચન પ્રભાવક મુનિશ્રી નંદિષેણવિજયજી મ૦સા૦ તથા બાલ મુનિરાજશ્રી વારિષેણવિજયજી મ૦સા૦ તથા નુતન મુનિશ્રી મલયચંદ્રવિજયજી મ૦સા૦ આદિ ઠા. ૫ તથા યુગદિવાકર આચાર્યશ્રી વિજયધર્મસૂરિજી મહારાજના સમુદાયના આજ્ઞાવર્તિની સાધ્વીશ્રી યશોધરાશ્રીજી મ૦ સા૦ આદિ ઠા.૧૧ જેશિંગભાઈ પંડિતના આગ્રહે તેમના કુટુંબીજનો તરફથી પંચાન્હિકા મહોત્સવ હોવાથી મહા સુદ-૨ને મંગળવાર તા. ૭-૨-૮૯ના રોજ સવારે ૯-૦૦ વાગે વાજતે-ગાજતે ચતુર્વિધ સંઘ સહિત અનેક રચનાત્મક ગહુંલીના થયેલા વધામણાપૂર્વક નગર પ્રવેશ થયો.

ત્યારબાદ વિશાળ વ્યાખ્યાન હોલમાં પૂજ્ય આચાર્ય મહારાજે મંગલાચરણ ફરમાવ્યા બાદ મુનિશ્રી નંદિષેણવિજયજી મ૦સા૦એ સુંદર પ્રવચન પ્રેરણાદાયી શૈલીમાં આપેલ. મહા સુદ ૩ બુધવાર તા. ૮-૨-૮૯ના રોજ સવારે ૯-૦૦ વાગે પૂ૦ આચાર્ય મહારાજ સાથે ચતુર્વિધ સંઘ બેન્ડવાજાના સુમધુર આચ્છાદિત વાતાવરણથી રમણીય બનેલ વાતાવરણ વચ્ચે થયેલ. ત્યારબાદ શાંતિલાલ જેશિંગભાઇના ઘરઆંગણે નયનરમ્ય બાંધેલ વિશાળ મંડપમાં પધાર્યા, ત્યાં મંગલાચરણ પૂ૦ આચાર્ય મહારાજે ફરમાવ્યું. ત્યાર બાદ મુનિશ્રી નંદિષેણવિજયે ઉપકારીના ઉપકારની મહત્તા તથા ઉપકારનો બદલો વાળી શકાતો નથી છતાં પોતાને મળેલ પુન્યાનુબંધી પુન્યવાળી લક્ષ્મીનો સદ્વ્યય કરવો એ ઉચિત છે. પંડિતે કરેલ સેવા વિગેરેની વાત જણાવ્યા બાદ પુત્ર-પુત્રીકેની ફરજ કેવી રીતે અદા થાય તે સુંદર શૈલીમાં ફરમાવેલ. ત્યારબાદ ગુરુપુજન તથા પધારેલ સાધુ-સાધ્વીજી મહારાજને કાંબળીઓ વહોરાવી અને પુજનમાં અમુક આદેશો સંઘને આપેલ તેના ઉદારભાવે ચડાવા થયા, આ અવસરે ૨૫ વર્ષથી પાઠશાળામાં પંડિત તરીકે સેવા આપી રહેલા, ગુણવંતભાઈ એમ. સંઘવીનું આ અવસરે રૂા. ૫૦૧/- થી બહુમાન થયેલ. એ વાત ખુબજ મહત્વની બની કે પંડિતના ઘેર પંડિતનું બહુમાન થવા પામ્યું, આવા પ્રસંગો જવલેજ બનતા હોય છે.

ત્યારબાદ સર્વમંગલ અને તેમના ઘેર પગલા કીધા, બપોરના સિદ્ધચક્ર મહાપૂજનમાં રેકોર્ડરૂપ જીવદયાની ટીપ થઇ. અને બ. ને ટાઇમની ચતુર્વિધ સંઘની ભાકેત એટલે સ્વામિવાત્સલ્ય થયા. ત્યારબાદ મહા વદ-૪થી જેશિંગભાઇની દીકરી કુ. મૃદુલા અને રમણલાલની દીકરી કુ. પ્રજ્ઞાની દીક્ષા નિમિત્તે શાંતિસ્નાત્ર મહાપૂજન, સિદ્ધચક્ર મહાપૂજન, રથયાત્રા તથા વર્ષીદાનનો એમ બબ્બે વરઘોડા તથા ચારચાર સંઘ જમણ સાથે અષ્ટાન્હિકા મહોત્સવ ઉજવાયો. મહોત્સવ દરમ્યાન જીવદયા તથા દેવદ્રવ્યની સારી ઉપજ થવા પામી. મહા સુદ ૧૦ને બુધવાર તા. ૧૫-૨-૮૯ના રોજ

પારકા માટે સહાયરૂપ નબનો તો કંઈ નહિ, પણ તેના માર્ગમાં વિઘ્નરૂપ ન બનો.

સવારે ૯-૩ કલાકે દીક્ષાવિધિ, શાસ્ત્રવિધિ મુજબ આચાર્ય મહારાજે કરી. કુ. મૃદુલાબેન તથા કુ. પ્રજ્ઞાબેન યુગદિવાકર આ. શ્રી વિજયધર્મસૂરિ મહારાજના આજ્ઞાવર્તિની સાધ્વી યશોધરાશ્રીજીના સંમુદાયમાં અનુક્રમે સાધ્વી શ્રી નયપ્રજ્ઞાના શિષ્યા નુતન સાધ્વીશ્રી મહાશ્રુતાશ્રીજી તરીકે તથા સાધ્વીશ્રી મહાનંદાશ્રીજીના શિષ્યા નુતન સાધ્વીશ્રી પ્રિયશ્રુતાશ્રીજી તરીકે જાહેર થયા.

આ પ્રસંગે મુનિ નંદિષેણવિજય મ૦સા૦એ સાધર્મિક બંધુ પ્રત્યે આપણી ફરજ ઉપર પ્રવચન આપતાં રૂા. ૩૫૦૦૦/-ની (પાત્રીશ હજાર) ટીપ થવા પામી હતી. તથા ફાગણ મહિનામાં ભરેવા પાર્શ્વનાથ દાદાની વર્ષગાંઠ નિમિત્તે ધ્વજદંડ ચડાવવાની ઉછામણી થતાં છેલ્લાં કેટલાય વર્ષોમાં ન થઈ હોય તેવી ઉદારભાવે બોલી થઇ હતી. આચાર્ય મહારાજ આદિ મહા સુદ-૧૧ના સાંજે વિહાર કરી શંખેશ્વર તરફ પધાર્યા અને સાધ્વી યશોધરાશ્રીજી તથા નુતન સાધ્વી આદિ ઠા. ૧૩ મહા સુદ-૧૨ના વિહાર કરી વડાવલી થઇ વડોદરા તરફ ફા. સુદ-૨ના બીજી એક દીક્ષા હોઇ ત્યાં પધાર્યા, ત્યાંથી તેઓ મલાડ મુંબઈ પધારશે.

શ્રી કરેડા પાર્શ્વનાથજી તીર્થની

[રેલ્વે સ્ટેશન ભુપાલસાગર (જિ. ચિત્તોડગઢ, રાજસ્થાન)]

યાત્રાર્થે અવશ્ય પધારો

આ મંદિરનું નિર્માણ આચાર્ય ધર્મઘોષસુરિજી મ. ના ઉપદેશથી માંડવગઢના મહામંત્રી સંઘપતિ પેથડશાહ દ્વારા સં. ૧૩૨૧ મ કરવામાં આવ્યુ અને તેના શિખર પર સાત ખંડનું ભવ્ય મંદિર શ્રી પેથડશાહના પુત્ર ઝાંઝણકુમારે સં. ૧૩૪૦માં નિર્માણ કર્યું, જેનું સુકૃત સાગર તરંગ આઠમાં વર્ણન છે.

તેનો હાલમાં શ્રી શંખેશ્વર - ભોયણી તીર્થ દ્વારા રૂપિયા ૧૨,૫૦,૦૦૦/- ખર્ચ કરી જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે અને બાવન દેરીઓમાં શ્રી પાર્શ્વપ્રભુની પ્રતિમા વિભિન્ન તીર્થોના નામથી બિરાજમાન કરવામાં આવી છે મુલનાયક ભગવાનની પ્રાચીન, અત્યંત મનોહારી, ચમત્કારી, શ્યામવર્ણિય પ્રતિમાજીના નિર્મલ ભાવથી દર્શન કરી પુણ્યોપાર્જન કરો.

અમદાવાદથી ઉદયપુર, ચિત્તોડ રેલ્વે માર્ગ પર ભુપાલસાગર નામના સ્ટેશનથી ૩ ફર્લાંગ દુર આ તીર્થ આવેલ છે બસોની પણ સુવિધા ઉપલબ્ધ છે.

આ તીર્થની યાત્રા સાથે જ મેવાડના પંચ તીર્થીના દર્શનના પણ લાભ મળશે. આ તીર્થોમાં શ્રી દયાલશાહના કિલ્લા નામનુ તીર્થ જે રાજસમન્દ-કંકરોલીની મધ્યમાં છે. લગભગ ૨૫૦ પગથિયાથી આ તીર્થ 'મેવાડ શેત્રુંજય' નામથી પણ પ્રસિદ્ધ છે.

આ બન્ને તીર્થો પર આધુનિક સુવિધાઓથી સુસજ્જિત વિશાલ ધર્મશાળા તથા ભોજનશાળાની સુવ્યવસ્થા છે.

લિ. કરેડા પાર્શ્વનાથ તીર્થ કમિટિ

ભુપાલસાગર (રાજસ્થાન) [ફોન નં. ૩૩]

જૈસલમેર પંચતીર્થીની યાત્રાર્થે પધારો

પશ્ચિમી રાજસ્થાનમાં આવેલ જૈસલમેર પંચતાર્થી પોતાની પ્રાચીનતા, કલાત્મકતા અને ભવ્યતા માટે જગપ્રસિદ્ધ છે. જૈસલમેર પંચતીર્થીના અન્તર્ગત જૈસલમેર દુર્ગ, અમરસાગર, લૌદ્રવપુર, બ્રહ્મસર અને પોકરણ સ્થિત જિનાલયોમાં બધા મળી ૬૬૦૦થી વધુ જિનપ્રતિમાજીઓ બિરાજમાન છે.

જૈસલમેરની વિખ્યાત વિશેષતાઓ : (૧) ભવ્ય કલાત્મક અને પ્રાચિન જિનાલયો. પન્ના અને સ્ફટિકની પ્રતિમાઓ. (૨) ખરતરગચ્છીય શ્રી જિનભદ્રસુરિ જ્ઞાનભંડારમાં સંગ્રહિત તાડપત્રીય અને હસ્તલિખિત ગ્રંથો. (૩) દાદાગુરુદેવ શ્રી જિનદત્તસુરિજી મહારાજની ૮૩૦ વર્ષ પ્રાચીન ચાદર અને ચોલપટ્ટ, જે તેઓના અગ્નિસંસ્કાર પછી પણ સુરક્ષિત રહ્યા છે. (૪) અનેક દાદાવાડી, ઉપાશ્રય, અધિષ્ઠાયક દેવસ્થાન અને પટુઆ શેઠોની કલાત્મક હવેલીઓ. (૫) લૌદ્રવપુરના ચમત્કારીક અધિષ્ઠાયકદેવ જેમના દર્શન ભાગ્યશાળીઓને અવારનવાર પ્રાપ્ત થાય છે.

આવાસ પ્રબંધ : યાત્રિકો અને શ્રીસંઘોને ઉતરવા ઉચિત પ્રબંધ છે. મરુભુમિમાં હોવા છતાં પાણી અને વિજળીની પુરી વ્યવસ્થા છે. દાનવીરોના સહયોગથી ભોજનશાળા ચાલુ છે.

યાતાયાતના સાધન : જૈસલમેર આવવા માટે જોધપુર મુખ્ય કેન્દ્ર છે. તે ભારતના જુદા જુદા માર્ગોથી યાતાયાતના સાધનોથી જોડાયેલ છે જોધપુરથી દિવસમાં એકવાર બસ અને રાત્રે ને સવારે બે વાર ટ્રેઇન જૈસલમેર આવે છે. આ ઉપરાંત જયપુર અને બીકાનેરથી પણ સીધી બસો જૈસલમેર આવે છે.

જૈસલમેર પંચતીર્થીનાં દુર્ગ તથા અમરસાગર સ્થિત જિનમંદિરોના જીર્ણોદ્ધારનું કામ ચાલુ છે

શ્રી જૈસલમેર લોદ્રવપુર પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર ટ્રસ્ટ

તાર : જૈન ટ્રસ્ટ **જૈસલમેર** ૩૪૫૦૦૧ (રાજસ્થાન) ફોન ૨૩૩૦ ૨૪૦૪

આફતના વાદળા વરસે ત્યારે ધીરજની છત્રી વડે તેનો સામનો કરો.

Regd No. G. BV. 20
JAIN OFFICE : P. Box No. 175
BHAVNAGAR-364001 (Gujarat)
Tele. O. : C/o. 29919 R. 25869

જૈન

આજીવન સભ્ય ફી : રૂા. ૫૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૫૦/-
જાહેરાત એક પેજના : રૂા. ૭૦૦/-
સમાચાર પેજના : રૂા. ૫૦૦/-

સ્વ. તંત્રી : ગુલાબચંદ દેવચંદ શેઠ
તંત્રી-મુદ્રક-પ્રકાશક :
મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
જૈન ઓફીસ, પો. બો. નં. ૧૭૫, દાણાપીઠ, ભાવનગર.

'જૈન' વર્ષ ૮૬
અંક : ૧૦

વીર સં. ૨૫૧૫ : વિ સં. ૨૦૪૫ ફાગણ સુદ ૧૧
તા. ૧૭ માર્ચ ૧૯૮૯ શુક્રવાર
મુદ્રણ સ્થાન : શ્રી જૈન પ્રિન્ટરી
દાણાપીઠ પાછળ, ભાવનગર-૩૬૪ ૦૦૧

મુંબઈ ગોડીજી નૂતન જિનાલયે ભવ્ય પ્રતિમાજીઓનો મંગલ પ્રવેશ

મુંબઈ મહાનગરના શિરતાજ શિરોમણી તીર્થ સમાન ૧૭૮ વર્ષ પ્રાચીન શ્રી ગોડીજી પાર્શ્વનાથ જૈન દેરાસર-પાયધુની મુંબઈના નૂતન જિન મંદિરની અંજનશલાકા તથા પ્રતિષ્ઠા મહોત્સવ ગચ્છાધિપતિ પ. પૂ. આચાર્યદેવશ્રી સુબોધસાગરસૂરીશ્વરજી મ૦સા૦ તથા પ. પૂ૦ આચાર્યદેવશ્રી મનોહરકીર્તિસાગરસૂરીશ્વરજી મ૦સા૦ આદિ સાધુ ભગવંતોની શુભ નિશ્રામાં ઉજવવાનું નકકી કરવામાં આવેલ છે. અને આ પ્રતિષ્ઠાનું શુભ મુહૂર્ત વૈશાખ સુદ-૧૦ સોમવાર તા. ૧૫-૫-૮૯ના રોજ નકકી કરવામાં આવેલ છે.

આ શુભ પ્રસંગોએ અંજનશલાકા, પંચ કલ્યાણકોની ઉજવણી, સ્થાપના, પ્રતિષ્ઠા તેમજ અનેક મહાપૂજનો સહિત બૃહદ્ શાંતિસ્નાત્ર પૂજન આદિ તથા સ્વામીવાત્સલ્ય વિગેરેનો ભવ્ય કાર્યક્રમ પણ યોજવામાં આવનાર છે.

શ્રી પ્રાચીન નૂતન જિન મંદિરમાં ૮૨ પ્રતિમાજીઓનો માંગલિક ભવ્ય પ્રવેશ કરવામાં આવેલ આ નિમિત્તે એક ઘણું



જ સુંદર, ભવ્ય અને અજોડ રથયાત્રાનું તા. ૧૮-૨-૮૯ના આયોજન કરવામાં આવેલ. આ રથયાત્રાની વિશેષતા એ હતી કે તેમાં જૈન સમાજના બેન્ડો, હાથીઓ ઊંટો, ઘોડાઓ જુદી જુદી સ્થાનાઓથી સુશોભિત ટ્રકો, ૮૨ પરમાત્માની પ્રતિમાજી લઈને બેસવા માટે, ચાંદીના રથો, ઈન્દ્રધ્વજાઓની બગીઓ, ચાંદીની બગીઓ, બે ઘોડાની ગાડીઓ, દેવવિમાન, કમળમંદિર, તીર્થસ્થળોની વિશાળ મોટા ફ્રેમો, ૧૨ ટ્રકો, ૧૦ ખુલ્લી સુશોભિત મેટાડોર

ગાડીમાં મૂળનાયક પ્રભુજીની પ્રતિમાઓ તથા સાથેના સાથેની ભવ્યાતિભવ્ય રથયાત્રા નીકળેલ. જે મુંબઈના હૃદયસમાં વિસ્તાર ગુલાલવાડીથી નીકળી પાયધુની ઉતરેલ.

વૈશાખ શુદ-૧૦ તા. ૧૫-૫-૮૯ના રોજ પૂ૦ આચાર્યશ્રી સુબોધસાગરસૂરીશ્વરજી મ૦સા૦ તથા પૂ૦ મનોહરકીર્તિસાગરસૂરીશ્વરજી મ૦સા૦ આદિ આચાર્ય ભગવંતો, મુનિ મહારાજો તથા સાધ્વીજી મહારાજોની શુભ નિશ્રામાં આ શુભ પ્રસંગોએ અંજનશલાકા, પાંચ કલ્યાણકોની ઉજવણી, રચનાઓ, પ્રતિષ્ઠા તેમજ અનેક મહાપૂજનો સહિત બૃહદ્ શાંતિસ્નાત્ર સહ સ્વામિવાત્સલ્ય વગેરેના કાર્યક્રમો યોજવામાં આવનાર છે.

૧૭૮ વર્ષ પ્રાચીન આ ગોડીજી પાર્શ્વનાથ જિનમંદિરમાં પ્રતિષ્ઠા મહોત્સવ આગામી ૧૫ મે ૧૯૮૯ના શાનદાર રીતે ઉજવવામાં આવશે.

પૂજ્ય આચાર્યશ્રી પદ્મસાગરસૂરિજી મહારાજ સાહેબના યશસ્વી ચાતુર્માસની મદ્રાસમાં થયેલ ઉજવણી—આગામી ચાતુર્માસ બેંગ્લોર

પૂ૦ રાષ્ટ્રસંત આચાર્યશ્રી પદ્મસાગરસૂરિજી મ૦ સા૦ એ મદ્રાસ શહેરમાં યશસ્વી ચાતુર્માસ કર્યું. તેમની નિશ્રામાં અત્રેના જૈન દેરાસરની પ્રતિષ્ઠા, ઉપધાનતપ, પદયાત્રા સંઘ, મહાન તપસ્યાઓ તેમજ જિનશાસન પ્રભાવક અનેક કાર્યક્રમોની ઉજવણીઓ થઈ. શ્રીસંઘના પ્રતિનિધીઓનું સંમેલન તેમજ સ્થાનકવાસી શ્રમણ સંઘના પ્રવર્તક શ્રી રૂપચંદજી મ૦ સા૦ સાથે પ્રેરણાદાયી અને અનુકરણીય મીલનો થયા.

શ્વેતાંબર મૂર્તિપૂજક કાર્યકર્તાઓનું સંમેલન

પૂ૦ આચાર્યશ્રીની નિશ્રામાં દક્ષીણ ભારતીય જૈન શ્વે૦ મૂ૦ પૂ૦ કાર્યકરોનું સંમેલન ભરાયેલ, પૂજ્યશ્રીએ દરેક પ્રશ્નોના ઉત્તર આપવાપૂર્વક શાસ્ત્રીય વિધાન તેમજ પરિપાટી ઉપર ભાર દેતા જણાવ્યું કે પૂર્વાચાર્યો દ્વારા ઘડવામાં આવેલ તેમજ વિ. સં. ૧૯૯૦ના અમદાવાદ સંમેલનમાં થયેલ ઠરાવો મુજબ જ વ્યવસ્થા કરવી. અને તેમાં કોઈપણ જાતના તર્ક-વિતર્ક કરવાની કોશીશ ન કરવી.

શ્રી એસ. એમ. બાફનાએ જૈનશાસ્ત્રનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે આવેલ દ્રવ્યના સદ્વ્યય શાસ્ત્રીય મર્યાદાઓના પાલનપૂર્વક થવો જોઈએ. આણંદજી કલ્યાણજી પેઢીના માનદ્ સભ્યશ્રી મોહનચંદ ઢઢ્ઢાએ પણ ઘણા ઉદાહરણો આપતા જણાવ્યું કે આણંદજી કલ્યાણજી પેઢીમાં પણ શાસ્ત્રીય પ્રણાલીકાને જ અપનાવવામાં આવી રહી છે.

કેસરવાડી પદયાત્રા સંઘ

પૂજ્યશ્રીની નિશ્રામાં તા. ૨૨-૧-૮૯ના રોજ કેસરવાડી પદયાત્રા સંઘનું આયોજન કરવામાં આવેલ. જેમાં મદ્રાસ નગરના હજારો ભાવિકો હાજર રહેલ.

પ્રતિષ્ઠા બાદ પૂ૦ આ૦શ્રી કેસરવાડી ઉપધાનતપ માળારોપણ પ્રસંગે પધારેલ. નાહર પરિવાર તરફથી પૂજ્યશ્રીની નિશ્રામાં એક પદયાત્રા સંઘ આરાધના ભુવનથી નીકળેલ જે અહિંન ઇતિહાસમાં સર્વ પ્રથમ હતો. ૧૦ હજાર યાત્રીકો, ૪ બેન્ડ, ૨ હાથી, ૧૮ ઘોડા, તેમજ ઇન્દ્રધ્વજાપૂર્વકના ૨ રથ જે શહેરના દેરાસરોના દર્શન કરતા કરતા દાદાવાડીમાં પહોંચેલ.

અંજનશલાકા મહોત્સવ ઉજવણી

શ્રી ગુજરાતી જૈન વાડીમાં નૂતન શિખરબંધી જિનમંદિરે પ્રાણ પ્રતિષ્ઠા-બિંબ સ્થાપના નિમિત્તે શ્રી જિનેન્દ્ર ભક્તિરૂપ પંચદશાન્હિકા મહોત્સવની ઉજવણી પૂ૦ ગુરૂદેવશ્રીની પાવન નિશ્રામાં તા. ૫-૨-૮૯ થી તા. ૧૭-૨-૮૯ સુધી પ્રભુજીની દીક્ષા, કલ્યાણકનો વરઘોડો તેમજ તા. ૧૭ના રાત્રે પ્રભુજીને અંજન તથા પ્રાણ આરોપણની ક્રિયાઓ પૂર્વક વિવિધ કાર્યક્રમો સાથે ઉજવણી કરવામાં આવી. તેમજ અત્રેના આ દેરાસરોની ભવ્ય પ્રતિષ્ઠા તથા અંજનશલાકા પણ તેમના શુભ હસ્તે થઈ.

અત્રે સ્થિત દેદિત્યમાન જિનાલય ૬૮ ફુટ ઉંચું, પાંચ દ્વાર અને ત્રણ શિખરયુક્ત દક્ષિણ ભારતમાં અજોડ છે. જેમાં બે હજાર ચોરસ ફુટનો વિશાળ રંગમંડપનો પણ સમાવેશ છે. આ જિનાલયમાં શ્રી ભીડભંજન પાર્શ્વનાથ ભગવાનની વિશ્વભરમાં અજોડ અને સર્વપ્રથમ "GREEN QUARTZ" રત્નની ૪૧" ઇંચની પ્રતિમાજીને મૂળનાયક તરીકે સ્થાપના કરવામાં આવી છે.

યુવાવસ્થામાં જો શરીરને ગુમાવ્યું ન હોય તો વૃદ્ધાવસ્થામાં એ શરીર એક મિત્રની ગરજ સારે છે.

ભવ્ય વિદાય સમારોહ

તા. ૧૫-૨-૮૯ના રોજ અત્રે સ્થિત શ્રી જૈન આરાધના ભુવનના વિશાળ તેમજ સુંદર ઉપાશ્રયમાં પૂ૦ આચાર્ય ભગવંતના અત્યંત સફળ ચાતુર્માસ બાદ ભાવભીની વિદાયના અનુસંધાને એક સમારોહનું આયોજન કરવામાં આવેલ.

આ શુભઅવસરે તામીલનાડુના મુખ્યમંત્રીશ્રી કરુણાનિધિ મંત્રી-ગણ સાથે, ગુજરાત રાજ્યના ભુ. પૂ. મુખ્યમંત્રીશ્રી ચીમનભાઈ પટેલ, શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ પ્રમુખશ્રી દીપચંદભાઈ ગાર્ડી અતિથિ વિશેષ તરીકે પધારેલ. તેમજ શ્વેતાંબર મૂર્તિપૂજક સ્થાનકવાસી, તેરાપંથી વગેરે સમાજની મુખ્ય વ્યક્તિઓએ પણ હાજરી આપી અને અત્રેના શ્રાવક-શ્રાવિકાઓનો અગણિત સમુદાય પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યો હતો.

મુખ્યમંત્રીશ્રી કરુણાનિધીએ પૂ૦ આચાર્યશ્રીને કામળી વહોરાવવાપૂર્વક પોતાની શ્રદ્ધા વ્યકત કરતાં પ્રવચનમાં જણાવ્યું કે પૂ૦ આચાર્યશ્રીએ શ્રમણ સંસ્કૃતિનો પ્રભાવ દ્રાવીડ સંસ્કૃતિ પર પણ પાડ્યો છે. જે ઉલ્લેખનીય બાબત છે.

શ્રી ચીમનભાઈ પટેલે પણ પોતાની શ્રદ્ધા પ્રગટ કરતાં શ્રમણ સંસ્કૃતિ ઉપર પોતાના સુંદર વિચારો પ્રગટ કર્યા.

પૂ૦ આચાર્યશ્રીએ 'ગણધરવાદ' ના પ્રવચનનું અંગ્રેજીમાં કરેલ અનુવાદ પુસ્તકનું શ્રી કરુણાનિધિએ વિમોચન કર્યું. તેમજ પૂ૦ ગચ્છાધિપતિ આચાર્યશ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મ૦સા૦ના 'જીવનચરિત્ર' 'આત્મજ્ઞાની શ્રમણ કહાવે' નામના પુસ્તક (લે. કુમારપાળ દેસાઈ) નું વિમોચન શ્રી દિપચંદભાઈ ગાર્ડીએ કરેલ. અને શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર (કોબા)ને અને રૂા. ૭ લાખ ૧ હજાર આપવાની જાહેરાત કરી. વિદાય સમારોહનું આ દૃશ્ય અતિ રોચક હતું. દરેક ઉપસ્થિત ભાવિકોની આંખોમાં વિદાયના આંસુઓ ઉભરાઈ રહ્યા હતા.

પૂ૦ આચાર્યશ્રી અહિંયાથી હિરીયુર (કર્ણાટક)માં નૂતન ભવ્ય જૈન દેરાસરની પ્રતિષ્ઠા અંજનશલાકા અર્થે જનાર છે.

ત્યારબાદ સેલમ, મૈસુર વગેરે સ્થળોએ થઈને અષાઢ સુદ-૬ તા. ૮-૭-૮૯ના બેંગલોરમાં ચાતુર્માસ અર્થે પ્રવેશ કરનાર છે. હાલ ચાતુર્માસ અર્થેની ભવ્ય તૈયારીઓ બેંગલોરમાં થઈ રહી છે.

ઘાણેરાવ (રાજસ્થાન)માં પ્રતિષ્ઠા

પરમ પૂજ્ય યુવક જાગૃતિ પ્રેરક આચાર્યદેવશ્રી વિજય ગુણરત્નસૂરીશ્વરજી મ૦સા૦ની શુભ નિશ્રામાં અત્રે શ્રી જીરાવલા પાર્શ્વનાથ ભગવાનનો પ્રતિષ્ઠા મહોત્સવ તા.૧૦-૨-૮૯થી ૧૮-૨-૮૯ સુધી ઉજવાયો. તા. ૧૭-૨-૮૯ના ભવ્ય વરઘોડો નીકળેલ. તા. ૧૮-૨-૮૯ના રોજ સવારે ભગવાનની પ્રતિષ્ઠા કરવામાં આવેલ.

"જૈન કોમ્પ્યુટર ઉપાધિ"થી સન્માનિત શ્રી બાબુલાલ એલ. જૈન "ઉજ્જવલ"

શ્રી ભુજ ઈંગ્લીશ ટ્રસ્ટ-ભુજને શ્રી અજરામરજી સ્વામી કન્યા મંદિર (હાઈસ્કુલ)ના મંગલ ઉદ્દઘાટન અને નામકરણ સમારોહનું આયોજન ગત ૧૫ જાન્યુઆરીના ભુજ-કચ્છમાં ઉલ્લાસભર્યા વાતાવરણમાં રાખવામાં આવેલ.

આ શુભ અવસરે મુખ્ય અતિથિવિશેષ તેમજ ઘણા સમાજ-સેવાના કાર્યકર્તાઓનો અભિનંદન સમારોહ ઉજવવામાં આવેલ જેમાં દેશના પ્રસિદ્ધ ત્રણ જૈન પત્રકારોનો પણ સમાવેશ થયેલ. જેમાં સર્વશ્રી એમ. જે. દેસાઈ-સંપાદક જૈન પ્રકાશ-મુંબઈ, શ્રી જૈનેન્દ્રકુમાર જૈન-સંપાદક જૈનસમાજ અને યંગલીડર-જયપુર, તેમ જ શ્રી બાબુલાલ 'જૈન-'ઉજ્જવલ' - સંપાદક સમગ્ર જૈન ચાતુર્માસ સૂચિ-મુંબઈ મુખ્ય હતા. આ ત્રણેય પત્રકારોને ચંદનના હાર પહેરાવવા પૂર્વક આચાર્યશ્રીની સ્મૃતિરૂપે એક ઘડીયાળ આપી સંમાનિત કરવામાં આવેલ.

શાસન પ્રભાવક શ્રી ભાવચંદ્રજી મ૦સા૦એ સભાને સંબોધિત કરતાં જણાવ્યું કે આજ અમારી વચ્ચે એક એવી વ્યક્તિ ઉપસ્થિત છે કે જેણે પોતાની સુઝ-બુઝ, કાર્યકુશળતા, અને કઠોર પરિશ્રમ પૂર્વક સારાયે ભારત વર્ષના લગભગ ૧૦ હજાર સમગ્ર જૈન સાધુ-સાધ્વીઓ અને સમાજની દરેક ગતિવિધિઓની બધી જ જાણકારી એકત્રિત કરીને ચાતુર્માસ સૂચી પુસ્તકરૂપે પ્રકાશિત કરી જૈન સમાજની સારી એવી સેવા કરી છે. અને જેની દરેક માહિતીઓ પણ તેઓને કંઠસ્થ છે.

એવા શ્રી બાબુલાલ જૈન 'ઉજ્જવલ' એક યુવા સેવાભાવી કાર્યકર હોવા ઉપરાંત કર્મઠ કાર્યકર્તા પણ છે. જેને આ શુભ અવસરે 'જૈન કોમ્પ્યુટર સાહેબ'ની ઉપાધિથી સંબોધિત કરી તેમનું હાર્દિક અભિવાદન કરું છું.

શ્રી ઉજ્જવલે સમારોહમાં જૈન સમુદાયના દરેક આચાર્ય સાધુ-સાધ્વીજીના નામ અને સંખ્યાનાં આંકડા અને સમાજની ગતિવિધિયોની જાણકારી ઘણી જ સુંદર રીતે પ્રસ્તુત કરી સારી એવી સેવા બજાવવાપૂર્વક મંત્ર મુગ્ધ કર્યા છે, ત્યારથી સારાયે ગુજરાત સ્થાનકવાસી સમાજના દરેક પૂ૦ સાધુ-સાધ્વીજી મ૦સા૦ તથા મહાનુભાવો શ્રી ઉજ્જવલને જૈન કોમ્પ્યુટર સાહેબથી ઓળખવા લાગ્યા છે.

આ પ્રસંગે પુ૦ આચાર્યશ્રીએ પોતાના વ્યાખ્યાનમાં જણાવેલ કે જીવનરૂપી આ મોટરકાર માટે સ્થળે સ્થળે પેટ્રોલ પંપ રૂપી મૂર્તિઓની જરૂરિયાત છે. જેનાથી અધ્યાત્મવાદની સડક પર જીવનરૂપી મોટર સુંદર રીતે ચાલી શકે.

સો સ્વાર્થી મિત્રો કરતાં એક સાચો મિત્ર કરવો એજ વધારે સારૂ છે.

તપસ્વી મુનિશ્રી અમીસાગરજી મ. તથા સંયમી સાધ્વીશ્રી વિદ્યુતપ્રભાશ્રીજીના આત્મશ્રેયાર્થે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન

: મુનિશ્રી અમીસાગરજી મ૦ સાધ્વીશ્રી વિદ્યુતપ્રભાશ્રીજી મ૦

તપસ્વીરત્ન પૂ૦ મુનિરાજશ્રી અમીસાગરજી મ૦નો જન્મ અમદાવાદ મુકામે થયેલ. દીક્ષા પણ અમદાવાદમાં સં. ૨૦૦૮માં નાગજી ભુદરની પોળમાં ગણિવર્યશ્રી ચંદ્રોદયસાગરજી મ૦ના શિષ્ય તરીકે થયેલ. દીક્ષા બાદ તેમનું સંયમજીવન તપમય હતું. જેમાં ભદ્રતપ, શ્રેણિતપ, સિદ્ધિતપ, વર્ષની છ અઠ્ઠાન્હિકાઓની આરાધના અઠ્ઠાઇતપ વિ., દોઢ માસી, એક મહિનાના ઉપવાસો, તેમજ સં. ૨૦૪૪માં સુરતમાં વર્ધમાન તપની ૭૪મી ઓળીની આરાધના કરેલ.

૩૭ વર્ષના દીર્ઘ સંયમ પર્યાયમાં ઉચ્ચ ધર્મ આરાધના અને ધર્મપ્રરૂપણા દ્વારા પૂજ્યશ્રી સારાયે સુરત શહેરમાં તપસ્વી મહારાજના શુભ નામે પ્રસિદ્ધ હતા. ગત જેઠ સુદ ત્રીજના સુરત મુકામે તેઓશ્રી સમાધિપૂર્વક કાળધર્મ પામેલ. ત્યારે સુરતના શ્રાવકોએ પૂજ્યશ્રીના સંસારી–સંબંધી પુત્ર–પુત્રીઓને જાણ કર્યા સિવાય એમ્બ્યુલન્સમાં લઇ જઇ સાંજના સમયે અગ્નિસંસ્કાર કરેલ. જેથી આવા તપસ્વી ગુરૂદેવ પ્રત્યેનો ઉપેક્ષાભાવ લાગવાથી સંસારી સંબંધીઓએ ભારે દુઃખની લાગણી અનુભવેલ. ત્યારબાદ પૂજ્યશ્રીની સાહિત્ય–સામગ્રી, ઉપધીઓ અંગે તપાસ કરતા યોગ્ય પ્રત્યુત્તર પણ ન મળેલ.

પૂજ્ય તપસ્વી મહારાજના સંસારી ધર્મપત્ની પૂજ્ય સાધ્વીશ્રી વિદ્યુતપ્રભાશ્રીજીએ પણ ૩૩ વર્ષના સુદીર્ઘ સંયમજીવન દરમ્યાન અનેકવિધ ધર્મ આરાધના સાથે સં. ૨૦૪૩ના માગશર સુદ ૧૨ ના સમાધિપૂર્વક કાળધર્મ થયેલ હોઇ, માતા-પિતાના આત્મશ્રેયાર્થે તેમના સંસારી પુત્ર મુનિરાજશ્રી દિવ્યયશવિજયજી મ૦ની ભાવનાથી સંસારી પુત્રીશ્રી ઉષાબેન ચંદ્રકાન્તભાઇ શાહ તરફથી માતા–પિતાના આત્મશ્રેયાર્થે મહાપૂજન યોજવાનું નક્કી થયેલ.

પૂ૦ સૌરાષ્ટ્ર કેસરી આચાર્યદેવશ્રીના શિષ્યરત્ન પૂ૦ પંન્યાસ શ્રી યશોવિજયજી મ૦સા૦ તથા પૂ૦ મુનિરાજશ્રી દિવ્યયશવિજયજી મ૦સા૦ની શુભ નિશ્રામાં શ્રી સિદ્ધચક્ર મહાપૂજન ફાગણ વદ ૪, તા, ૨૬–૩–૮૯ના અમદાવાદ સ્થિત નાગજી ભુદરની પોળમાં યોજવામાં આવનાર છે.

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યની નવમી શતાબ્દીની ઉજવણી તથા ચંદ્રક પ્રદાન સમારોહ–પાંજરાપોળ- અમદાવાદ

ગુર્જર ભૂમિના સંસ્કારદાતા મહાન જૈનાચાર્ય હેમચંદ્રાચાર્યસૂરિ મ૦સા૦ની નવમી જન્મ શતાબ્દીના મંગલ વર્ષે તેમના ઉપકારોનું સ્મરણ –તર્પણ કરવાનું તથા અહિંસા પાલનના તેમના મહાન ઉપદેશનું વધુ ને વધુ આચરણ અને પ્રસારણ થાય તેવા શુભ હેતુથી પુ૦ આચાર્યશ્રી વિજયસૂર્યોદયસૂરિજી મ૦સા૦ની શુભ નિશ્રામાં શેઠશ્રી હઠીસિંહ કેસરીસિંહ ટ્રસ્ટના ઉપાશ્રયે ગત તા. ૨૬–૨–૮૯ના એક સમારોહનું આયોજન કરવામાં આવેલ.

આ પ્રસગે "ગુજરાતની સંસ્કારિતામાં હેમચંદ્રાચાર્યનું પ્રદાન" એ વિષય ઉપર પુ૦ આ૦શ્રીએ તથા પ્રસિદ્ધ સાહિત્યકારો સર્વશ્રી ડૉ. રમણલાલ જોષી, શ્રી રઘુવીર ચૌધરી, ડૉ. ચિનુભાઈ નાયક, ડૉ. [illegible]ચંદ્ર જૈન તેમજ શ્રી પુરૂષોત્તમ ગણેશ માવલંકરે ભાગ લીધેલ.

સ્વ. ડૉ. ઉમાકાંત પ્રેમાનંદ શાહને 'શ્રી હેમચંદ્રાચાર્ય ચંદ્રક' મરણોત્તર એનાયત કરવામાં આવેલ.

જલગાંવ જામોદ : પૂ૦ આ૦ શ્રી વારિષેણસૂરિજી મ૦સા૦ ના ઉપદેશ તથા શ્રી મનોજકુમારજી હરણની પ્રેરણાથી અત્રે વૈશાખ સુદ ૯ થી ૧૨ સુધી અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ ઠાઠથી ઉજવાનાર છે. જેમને પ્રતિમાજીની આવશ્યક્તા હોય તેઓએ તુરત જણાવવાથી ભેટ આપવામાં આવશે. સાથે સાથે જેઓને પ્રભુજીને અંજન વિધિ કરાવવાની હોય તેઓ પ્રતિમાજી ચૈત્ર વદ ૧૪ સુધીમાં મોકલી આપવા વિનંતી છે. સંપર્ક સ્થળ –: શ્રી જૈન શ્વે. સંઘ., જિ. બુલઢાણા, (મહા.) મુ. પો જલગાંવજામોદ.

પરીક્ષા પ્રસંગ સિવાય થતી નથી. જ્યાં સુધી પિત્તળને કસોટી પર ઘસ્યું ન હોય ત્યાં સુધી જ તે સોના જેવું લાગે છે.

Regd No. G. BV. 20
JAIN OFFICE : P. Box No 175
BHAVNAGAR-364001 (Gujarat)
Tele. O. C/o. 29919 R. 25869

સ્વ: તંત્રી : ગુલાબચંદ દેવચંદ શેઠ
તંત્રી–મુદ્રક–પ્રકાશક :
મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
જૈન ઓફીસ, પો. બો. નં. ૧૭૫, દાણાપીઠ, ભાવનગર

'જૈન' વર્ષ ૮૬
અંક : ૧૧

વીર સં. ૨૫૧૫ વિ. સં. ૨૦૪૫ ફાગણ વદ ૨
તા. ૨૪ માર્ચ ૧૯૮૯ શુક્રવાર
મુદ્રણ સ્થાન : શ્રી જૈન પ્રિન્ટરી
ખારગેટ માર્કેટ, ભાવનગર–૩૬૪ ૦૦૧

એને આપણે આવકારીએ !

કલિકુંડ તીર્થ–ધોળકાની પવિત્રભૂમિમાં શ્રી વર્ધમાન સંસ્કૃતિ-ધામ, અ. ભા. સંસ્કૃતિ રક્ષકદળ અને શ્રી જીવન જાગૃતિ ટ્રસ્ટના સંચાલન દ્વારા પંદરસો યુવાનોનું યાદગાર મિલન ઉત્સાહ અને ઉર્મિશીલ પૂજ્ય પંન્યાસ શ્રી ચંદ્રશેખરવિજયજી મ૦ તથા પૂ૦ પંન્યાસ શ્રી શીલચંદ્રવિજયજી મ૦ આદિની શુભ નિશ્રામાં સમાજ અને શાસનના હિતોને અનુલક્ષીને જૈન યુવાનોનું ત્રિદિવસીય મિલનની સફળતાપૂર્વક પૂર્ણાહુતિ થઈ છે. એની દ્વારા કરવા ધારેલ કાર્યને આપણે હાલને તબક્કે ગુણદોષમાં ઉતર્યા વિના અંતઃકરણપૂર્વક આવકારીએ ! અને ઉજ્જવળ ભાવિની આશા સેવીએ !

અમને લાગે છે કે શ્રમણ સંમેલનની પ્રવૃત્તિઓની આસપાસ જે સ્થિતપ્રજ્ઞતાના ભાવો ઉત્પન્ન થઈ રહેલ તે આ મિલન દ્વારા જાગૃતીનો આંચકો જરૂર મળ્યો હોય તેમ જણાય છે. શ્રમણ સંમેલનમાં એકતા ને રચનાત્મક કાર્યને માર્ગે આગળ વધવાની અને થોડુંક પણ નક્કર કામ કરવાની જે મનોવૃત્તિ ઉત્પન્ન થયેલ એને સતેજ કરવા જેટલા જાગ્રત અને પ્રયત્નશીલ આપણે રહીશું તો ચેતના જરૂર આવવાની એમાં જરાય શંકા નથી. છેવટે તો માનવીના શુભ પ્રયત્ન અને પુરૂષાર્થની પાસે કશું જ મુશ્કેલ કે અસાધ્ય નથી રહેતું; મુળ વાત નિર્મળ ભાવે દિલ દઈને કાર્યમાં પરોવાય જવાની જ છે.

એમ કહેવું જોઈએ કે યુવા મિલન યોજવાના સ્થળ અને સમયનો નિર્ણય લેવાઈ ગયા પછી તેમાં જાહેર થયેલા શ્રમણ ભગવંતો કે શ્રમણ સંમેલનના પ્રવર્તક સમિતિના એક પણ આચાર્યદેવશ્રી કે બાકી રહેલા સમુદાયોના યુવાશ્રમણોની પણ ઉપસ્થિત ન થઈ શકી તે કાર્યવાહકોની ખામી જ ગણાય. એકતાની પણ ખામી ના બની રહે તે માટે જાગૃતિ રાખવા વિનંતી.

આ યુવામિલનમાં પ્રભુભક્તિ અદ્ભુત હતી, તો પ્રવચનકારોના અને પ્રવચનની શૈલી એકદમ મુગ્ધ કરે તેવી બની, આખું આયોજન શિસ્તબદ્ધ વ્યવસ્થા સાથે કેટલાક નિર્ણયો સાથે સંપન્ન થયું.

જેમાં પ્રથમ દક્ષિણ ગુજરાતના એક મત્સ્યોદ્યોગની પ્રવૃત્તિ બંધ કરવા જરૂરી સહકારની યોગ્ય જાહેરાત થઈ.

બીજું સાધર્મિક ભાઈઓને રહેવાની મુશ્કેલી અને મકાનોની હાડમારી અંગે વિચારણા કરી અમદાવાદમાં નારોલથી ખેડા તરફના રોડ ઉપર ૩–૪ કી. મી. ના અંતરે આવેલ લાંભા નંબર–એ સરકારશ્રી દ્વારા નિર્માણ થયેલ છે. તેમાં પાંચસો આવાસો શ્રમણ સંમેલનની કાર્યવાહી–પ્રવૃત્તિને વેગ આપવાના ઉદ્દેશથી સ્થપાયેલ 'શ્રી જૈન શાસન સેવા ટ્રસ્ટ' દ્વારા અત્યંત નબળા સાધર્મિક ભાઈઓને આપવા અંગે વિચારણા થતા તેની ડીપોઝીટ રૂપેના રૂા. ૫૦૦૦/– સહાય તરીકે આપવા અને તેના માસિક હપ્તા (રૂા. ૨૦૦/–) ૧૨ વર્ષ સુધી રહેનારે ભરવાના. એવી શરતે યોજના વિચારતા, ટુંક સમયમાં જ પાંચસોમાંથી સાડી ત્રણસો આવાસોની ડીપોઝીટના રૂા. ૫૦૦૦/– લેખે રૂા. સત્તર લાખ નોંધાઈ ગયા. બાકી રહેલા ૧૫૦ આવાસોની જવાબદારી પણ શ્રી જૈન શાસન સેવા ટ્રસ્ટના ટ્રસ્ટીઓ દ્વારા સ્વિકારાયેલ.

શ્રમણ સંમેલન પ્રેરિત શ્રી જૈનશાસન સેવા ટ્રસ્ટ દ્વારા વિહાર–ભૂમિઓમાં ઉપાશ્રય નિર્માણ, વૈયાવચ્ચ અને સાધર્મિક–ભક્તિની પ્રવૃત્તિઓ માટે જંગી ફંડ થયા પછી મોટાપાયે કાર્ય કરવાનું ચાલુ કરી દીધું છે. પરંતુ આ નવું સાધર્મિક ભાઈઓને મહાન સહાયક કાર્ય કરીને યશના અધિકારી બનાવી દીધેલ છે.

આજ રીતે જૈન ધર્મી ભારતભરમાં વસતા હોય દરેક મોટા શહેરોમાં નબળા સાધર્મીક ભાઈઓને માટે મકાન યોજના ઉપાડી લેવાનું નહી ચુકે તેવી આશા સેવીયે.

ત્રીજુ પૂજ્ય પંન્યાસશ્રી ચંદ્રશેખરવિજયજી મ૦એ તેમના વિચારો અને ભાવનાઓને રજુ કરતી એક નાની બુકલેટ પ્રગટ કરેલ છે. જે વિચાર-સંહિતા-ને આધાર આપી તેનો એક પરિવાર ઉભો કરવા પ્રયત્ન કરેલ છે. આ પરિવારમાં જોડાનારે દરરોજ વિચાર-સંહિતાની બુકલેટ એકવાર વાચવી ફરજિયાત કરેલ છે. અને આના સભ્ય થનારા જ હવે પછીના યુવા-મિલનમાં ભાગ લઈ શકશે તેવું જણાવેલ છે. પંન્યાસજીના આ વિચાર-સંહિતાના આયોજનને અદ્ભુત અને નક્કર આવકાર મળેલ છે. જો કે આને બદલે આ વિચારણા શ્રમણ સંમેલનના નામે કે તેના પ્રવર્તક સમિતીના નામે પ્રગટ થયેલ હોત તો યુવાનો વ્યક્તિરાગી મટી શાસન રાગી બનત.

ચાર. પૂજ્ય પંન્યસશ્રીની પ્રેરણાથી નવસારીમાં થયેલ તપોવનથી પ્રભાવિત થઇ ગાંધીનગર પાસે આઠ કી.મી. દૂર (હાઇવે ઉપર કોબા પાસે) રાયસણ ગામે ચાલીસ વીઘા જમીનમાં બીજુ તપોવન બનાવવાની આ મિલનમાં વિસ્તારથી જાહેરાત કરવામાં આવી હતી.

નાકોડા તીર્થ દ્વારા નિર્માણ યોજના

નાકોડાજી તીર્થના ચેરમેન શ્રી પારસમલજી ભંસાલીએ જણાવ્યું છે કે અમારા ટ્રસ્ટ મંડળનું ધ્યેય તીર્થના સહયોગ દ્વારા અમદાવાદ તેમજ લોદ્રવાજીમાં નૂતન ધર્મશાળા નિર્માણ, જિર્ણોદ્ધારમાં સહાય, શિક્ષણ ક્ષેત્રે સહયોગ, છાત્રવૃત્તિ તેમ જ આકસ્મિક કેસોમાં ૨૫ લાખ રૂા.ની સહાય આદિ અનેક કાર્યોની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

જૈન ગ્રંથ ભંડારોને અપીલ

ભારત સરકારે ઈન્ડિયન મેનુસ્કિપ્ટસ વિવલિયો ગ્રાફીકલના સર્વેના હેતુથી એક સૂચના પ્રસારિત કરવામાં આવી છે. જે મુજબ દેશના સમગ્રાયે પ્રાચીન પાન્ડુલિપીઓની સર્વેક્ષણની યોજના તૈયાર કરવામાં આવી છે. દરેક સંસ્થાઓ, ટ્રસ્ટો, પુસ્તકાલયો તેમ જ વિશેષે કરી જૈન ગ્રંથ ભંડારોને નિવેદન કરવામાં આવ્યું છે કે તેઓ સમસ્ત પાડુંલિપિયોનું વિસ્તૃત વિવરણ મોકલે. જેથી રાષ્ટ્ર વ્યાપી સૂચિ પ્રકાશિત કરી શકાય. વિસ્તુત વિવરણ અંગેની સરકારશ્રી દ્વારા પ્રશ્નાવલી પ્રગટ કરવામાં આવશે. આ બાબતની વધુ માહિતી માટે એસ. સી. વિશ્વાસ, નિર્દેશક કેન્દ્રીય સચિવાલય, પુસ્તકાલય, જી વીગ, શાસ્ત્રી ભુવન, નેવી દિલ્લી-૧નો સંપર્ક કરવો.

હસ્તિનાપુરમાં ઉપધાનતપની આરાધના

વર્તમાન ગચ્છાધિપતી, પરમાર ક્ષત્રિયોદ્ધારક આચાર્ય શ્રીમદ્ વિજયઇન્દ્રદિન્નસૂરીશ્વરજી મ૦ સા૦, મહા તપસ્વી પંન્યાસ વસંતવિજયજી મ૦, પં૦શ્રી જગત્ચંદ્રવિજયજી મ૦ આદિ ઠા. ૨૧, સાધ્વીશ્રી ચંદ્રોદયાશ્રીજી, સાધ્વીશ્રી સુશીમાશ્રીજી, સા.શ્રી જસવંતશ્રીજી, સા.શ્રી સુમતિશ્રીજી આદિ ઠા. ૨૧ હસ્તિનાપુરજી તીર્થમાં ઉપધાન તપની આરાધના અંર્થે પધાર્યા છે. ઉપધાનતપ ઉપરોક્ત વિશાળ સમુદાયની શુભ નિશ્રામાં તા. ૧૯-૩-૮૯થી શરૂ થનાર છે. પ્રથમ પ્રવેશ તા. ૧૯-૩-૮૯ના અને દ્વિતિય પ્રવેશ તા. ૨૧-૩-૮૯ના રાખવામાં આવેલ.

પૂજ્ય આચાર્યશ્રી આદિના પ્રવેશ, ઉપધાનતપ, ફાલ્ગુન મેળા, તથા સંક્રાંતિ મહોત્સવ વગેરે કાર્યક્રમોની ઉજવણીની તૈયારીઓ થઈ રહી છે. આ મહામંગલકારી ઉપધાનતપ કરાવવાનો લાભ ફરિદાબાદ નિવાસી પરમ ગુરુભક્ત સુશ્રાવક શ્રી રાજકુમાર જૈને (ઓસવાલ ઇલેકટ્રીકલ્સ વાળા) લીધેલ છે.

પુના (મહારાષ્ટ્ર)

પુના નજીક મુંબઇ-કોલ્હાપુર તથા મુંબઇ-સોલપુર વિ. દક્ષિણ વિભાગમાં જતા-આવતા હાઈવે પાસે ૨૫૦ ફુટની ટેકરી ઉપર અલૌકિક વાતાવરણમાં ભારતભરમાં છઠ્ઠા નંબરનું અને મહારાષ્ટ્રભરમાં સર્વ પ્રથમવાર નિર્માણ થઈ રહેલ શ્રી જૈન આગમ મંદિરની સાથોસાથ કુંભોજગીરીની યાત્રાર્થે જતા-આવતા યાત્રિકોને સગવડતા પુરી પાડવાના ઉમદા ધ્યેયથી પૂ૦ ગચ્છાધિપતિ આ૦શ્રી દેવેન્દ્રસાગરસૂરિજી મ૦સા૦ પ્રેરિત શ્રી આગમોદ્ધારક દેવર્દ્ધિ જૈન આગમ મંદિર ટ્રસ્ટ દ્વારા પરમ પૂજ્ય આ૦ શ્રી દોલતસાગરસૂરિજી મ૦સા૦ની શુભ નિશ્રામાં મહા વદ-૨ તા. ૨૨-૨-૮૯ના રોજ ધર્મશાળા, ભોજનશાળા, કાર્યાલયભવન, આંબેલભવન, આરધનાભવનના ખાતમૂર્હુતનો પ્રસંગ ખુબ જ ભવ્ય રીતે ઉજવાયો. અલ્પ સમયમાં જ જૈન શાસનનું આ નવનિર્મિત તીર્થસ્થાન અતિ સુંદર સગવડતા પુરી પાડશે. ખુબ જ ઝડપભેર તેનો વિકાસ સધાઈ રહ્યો છે.

દુર્ગ (મ.પ્ર.)માં ભકતામર સ્તોત્ર ઇનામી મેળાવડો

શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ સંચાલિત શ્રી વર્ધમાન જૈન પાઠશાળાની ૧૨ વર્ષની બાલિકા કુ. કલ્પના તેમજ કુ. દિપ્તીએ ૧૯૨ પંક્તિ અને ૪૮ ગાથાઓના મહાન ચમત્કારી મંત્ર શ્રી ભક્તામર સ્તોત્ર કંઠસ્થ પ્રતિયોગીતામાં અનુક્રમે પ્રથમ અને બીજું સ્થાન મેળવેલ. જેનું અભિવાદન જૈન શ્વેતાંબર સંઘના અધ્યક્ષ શ્રીમાન શંકરલાલજી બોથરાના વરદ હસ્તે થયેલ.

જીવદયા પાળવી, સર્વદા ઈન્દ્રિયોના સમૂહને દમવો અને સત્ય બોલવું આજ ધર્મનું રહસ્ય છે.

દીવાળીબેન મહેતા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા

તબિબિ સારવાર અર્થે આવતા લોકો માટે નાયગામ (દાદર)માં ધર્મશાળા

મુંબઈ શહેરમાં તબિબિ સારવાર માટે આવતા લોકોનો ધસારો દિન-પ્રતિદિન વધતો જ જાય છે. ગરીબ અને સાધારણ સ્થિતિના દર્દીઓ અને તેના આપ્તજનોને આ તબિબિ સારવાર દરમ્યાન રહેવા, ખાવા, પીવાના પ્રશ્નો મુઝવતાં રહે છે. આવા જરૂરિયાતવાળા માણસોના લાભાર્થે મોટા શહેરોમાં હોસ્પીટલો નજીક ધર્મશાળાઓ ઉભી કરવાનો શ્રી ગોડીજી મહારાજ ધર્મશાળા ટ્રસ્ટ દ્વારા યત્ન શરૂ થયો છે, અને તેમાં દિવાળીબેન મોહનલાલ મહેતા ચેરીટેબલ ટ્રસ્ટના સ્થાપક શ્રી મફતલાલ મહેતાનો સહયોગ સાંપડયો છે.

આ ઉમદા કાર્યના એક ભાગરૂપે ટ્રસ્ટ દ્વારા મુંબઈમાં ૯ મોટી હોસ્પીટલોની નજીક દાદર નાયગામ ખાતે રૂા. એક કરોડના ખર્ચે આધુનિક સગવડતાવાળી પાંચ માળની એક ધર્મશાળા ઉભી કરવામાં આવી છે. જે ગરીબ અને સાધારણ સ્થિતિના લોકો માટે આશીર્વાદરૂપ થઈ પડશે.

અત્રે યોજાયેલ પત્રકાર પરિષદમાં આ અંગે માહિતી આપતા અગ્રગણ્ય આગેવાન અને જાણીતા દાનવીર શ્રેષ્ઠિવર્યશ્રી દીપચંદભાઈ એસ. ગાડીએ જણાવ્યું હતું કે મુંબઈમાં બહારના ભાગમાંથી આવતા દર્દીઓ સાથે તેમના કુટુંબીજનો હોય છે. હોટલ કે ગેસ્ટ હાઉસનો ખર્ચ તેમને પરવડતો નથી. કેટલીક વખત ગરીબ માણસો ફુટપાથો પર અને ખુલ્લા પડયા રહેતા હોય છે. આવા જરૂરિયાતવાળા ગરીબ લોકો માટે આ ધર્મશાળા આશ્રયસ્થાન જેવી છે.

વધુમાં શ્રી ગાડી સાહેબે જણાવ્યું કે આ ધર્મશાળામાં રોજનો રહેવાનો ખર્ચ રૂા. બે અને જમવાનો ખર્ચ રૂા. બે લેવામાં આવે છે. અને માત્ર ૧૫ પૈસામાં ચા આપવામાં આવે છે. તદ્દન ગરીબ સ્થિતિ હોય એવા માણસોનો ખર્ચ શ્રી દિવાળીબેન મોહનલાલ મહેતા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ભોગવી લેવામાં આવે છે.

અંતમાં શ્રી ગાડી સાહેબે જણાવ્યું કે ગરીબ માણસો જેઓ પૈસાના વાંકે તબીબી સારવાર માટે મુંબઇ આવી શકતા નથી તેઓને માટે હવે માર્ગ ખુલ્લા થઈ જશે.

'જૈન' પત્રના ગ્રાહકોને નમ્ર વિનંતી

જે ગ્રાહક બંધુઓએ ચાલુ વર્ષનું લવાજમ ન મોકલ્યું હોય તેમણે રૂા. ૫૦/- **M.O.** મોકલાવવા વિનંતી.

તપસ્વી મુનિશ્રી સોમતિલકવિજયજી મ.નો કાળધર્મ

પૂ૦ તપસ્વી મુનિરાજશ્રી સોમતિલકવિજયજી મ૦ સા૦ તા. ૧૫-૩-૮૯ના રોજ સાંગલીમાં સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે. પૂજ્યશ્રી ૭૭ વર્ષના હતા.

પૂજ્યશ્રીનું સંસારી નામ હીરાલાલ ડાહ્યાલાલ ગાંધી હતું. તેમણે સ્વાતંત્ર્ય ચળવળમાં સક્રિય પણે ભાગ લીધેલ.

હાલ પૂજ્યશ્રીની "ગુણરત્ન સંવત્સર" નામના અદ્વિતીય અને ઉગ્ર એવી ૪૮૦ દિવસની તપશ્ચર્યા ચાલી રહી હતી.

આ પ્રકારનું મહાન દીર્ઘકાલીન અસાધ્ય તપ સંકડો વર્ષોમાં સંપૂર્ણ ભારતમાં કોઈએ કર્યાની નોંધ નથી. એ કારણે પૂજ્ય મહારાજ સાહેબના દર્શનાર્થે સાંગલીમાં અસંખ્ય ભાવિકોની ભીડ જામતી હતી.

ધ્રાંગધ્રા મિત્ર મંડળ દ્વારા સન્માન સમારોહ

માનનીય આચાર્યશ્રી અમૃતલાલભાઈ યાજ્ઞિકને ૭૫ વર્ષ પુરા થયેલ હોઈ આ નિમિત્તે અમૃત મહોત્સવનું ગત તા. ૧૬-૩-૮૯ના રોજ ધીઆ હોલ-ફોર્ટ મધ્યે આયોજન કરવામાં આવેલ. આ સમારંભના પ્રમુખ તરીકે શ્રી દીપચંદભાઇ એસ. ગાડી, તેમ જ અતિથિવિશેષ તરીકે શ્રી અરવિંદભાઇ સંઘવી (નાણામંત્રી), શ્રી વલ્લભભાઈ પટેલ (આરોગ્ય મંત્રી) પધારેલ.

આ પ્રસંગે છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન દુષ્કાળ રાહત નિમિત્તે જેઓએ તન-મન-ધનથી મદદ કરી હતી. તેવા ઉદારદિલ મહાનુભાવોનું તેમજ મહારાષ્ટ્ર સરકારે જેઓની S.E.M. તરીકે નિમણુંક કરી છે તેઓનું પણ બહુમાન કરવામાં આવેલ.

જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ ઉજવણી-મોરબી

હાલ મુંબઈ માટુંગા રહેવાસી અને મોરબીના ધર્મપ્રેમી શેઠ ધીરજલાલ જેઠાલાલ દોશી પોષ સુદ ૪ના નવકારમંત્રનું સ્મરણ કરતાં સ્વર્ગવાસ પામેલ. જેનાથી મોરબીના સંઘમાં એક ઉદારદીલ શાસન રત્નની ખોટ પડી છે. તેઓએ જીવનના પુણ્યોદયે પ્રાપ્ત થયેલ સંપત્તીનો સદ્વ્યય વિવિધ પ્રસંગોએ કરી ઉદાર ભાવના દાખવી હતી.

પુણ્યાત્માના આત્મશ્રેયાર્થે જિનેન્દ્ર મહોત્સવની મોરબીના આંગણે ઉજવવાનું નક્કી થતા. પૂ૦પં૦શ્રી પ્રભાકરવિજયજી મ૦ સાને ભાવભરી વિનંતી કરવામાં આવતા પૂજ્યશ્રીની સ્વીકૃતિ મળતાં તેમની શુભ નિશ્રામાં ભક્તામર પૂજન, શાંતિસ્નાત્ર, નવાણું પ્રકારી પૂજા વગેરે ખૂબ ઉદારતા અને અનુમોદનીય પ્રભાવના સહ થયેલ.

સર્વ ઉપર ઉપકાર કરવો, બીજાનો કરેલ ઉપકાર વિસારવો નહિ, અને દુઃખીને અવલંબન આપવું, એજ ધર્મ છે.

ભાવનગર-કચ્છ સમાજનું મકાન બાંધવાનું આયોજન

સમાજના પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ એસ. શાહના અધ્યક્ષસ્થાને કારોબારી સમિતિની એક બેઠક મળી હતી. જેમાં ભાવનગરમાં મકાન બાંધવાનું સમાજનું ઘણા સમયથી આયોજન હતું આ અંગે ચર્ચા-વિચારણાના અંતે ભાવનગર-કચ્છ સમાજનું મકાન કોમ્યુનીટી હોલ-ભાવનગર મુકામે બનાવવાનું નક્કી થયેલ છે. આ મકાનમાં સમાજ ઉપયોગી સેવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તથા સમાજ દ્વારા મહિલા મંડળ, મહિલા વિકાસ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવેલ છે

આ નિમિત્તે પ્રમુખશ્રી તથા કારોબારીના સભ્યશ્રીના પિતાશ્રી શાહ સુધાકરભાઈ શીવજીભાઈ (નલીયા) તરફથી રૂા. ૧૧,૧૧૧ તેમ જ અન્ય ઉદાર દિલ મહાનુભાવો તરફથી ભંડોળ એકત્ર કરવામાં આવ્યું છે

ભારત જૈન મહામંડળ-ભાવનગર શાખા :

શહેર ભાવનગરમાં વસતા આર્થિક રીતે જરૂરિયાતવાળા સર્વે જૈન બંધુઓ માટે શ્રી ભારત જૈન મહામંડળ-ભાવનગર શાખા દ્વારા આપણા સમાજના સર્વે માનવંતા ડોક્ટરો રાહત દરે દવાઓ, કન્સલટેશન કરી નિદાન, એક્ષરે તથા લેબોરેટરી તપાસ કરી આપશે. આ ઉપરાંત દર્દીઓને લખી આપવામાં આવેલ દવાઓ રાહત દરે કે નિઃશુલ્ક મળી રહે તેવી વ્યવસ્થા પણ કરવામાં આવી છે. આ શાખાના પ્રમુખ ડૉ. ભરતભાઈ જે. ભીમાણી તથા કન્વીનર ડૉ. એમ. જી. દેસાઈ છે. વધુ વિગત માટે શ્રી ભારત જૈન મહામંડળ C/o. ડૉ. ભરતભાઈ ભીમાણી, દિવાનપરા રોડ, ભાવનગરના સરનામે સંપર્ક કરવો.

અમદાવાદ : મંજુબેન રમણલાલનું દુઃખદ અવસાન

મસ્કતી કાપડ માર્કેટના આગેવાન વેપારી તથા રાજનગર જૈન સંઘના આગેવાન શ્રેષ્ઠિવર્યશ્રી રમણલાલ વજેચંદભાઈના ધર્મપત્ની શ્રીમતિ મંજુબેનનું રાત્રીના અચાનક છાતીમાં દર્દ થતા આકસ્મિક અવસાન થયું છે.

જીવનમાં તેઓએ કરેલ તપસ્યાઓ, ધર્મ આરાધનાઓ અન્યને પ્રેરણારૂપ બનાવી જીવનજીવી હતી. તેમના આત્માને પરમાત્મા પરમ શાંતિ બક્ષે તેવી પ્રાર્થના.

મુંબઈ-પાર્થનાથ સમાજમાં માંગલિક શ્રવણ

શ્રી ચન્દ્રપ્રભસ્વામિની શીતળ છાયામાં પૂ૦ સંયમમૂર્તિ કૃપાળુ આચાર્યદેવશ્રી દર્શનસાગરસૂરીશ્વરજી મ૦ સા૦, પ૦ પૂ૦ સંગઠન પ્રેમી ધર્મપ્રભાવક આચાર્યદેવશ્રી નિત્યોદયસાગરસૂરિજી મ૦સા૦ આદિની શુભ નિશ્રામાં તા. ૮-૩-૮૯ના રોજ મહા મંગલકારી માંગલિક શ્રવણ પ્રસંગનું આયોજન કરવામાં આવેલ.

શ્રી ચંદનબાળા કન્યા શિક્ષણ શિબિર-મુંબઈ

પૂ૦ સાધ્વીશ્રી સુરપ્રિયાશ્રીજી તથા પૂ૦ સાધ્વીશ્રી દિવ્યપ્રભાશ્રીજી આદિની નિશ્રામાં શકુંતલા સ્કૂલ (મરીન ડ્રાઇવ)માં ૧૪થી ૩૫ વર્ષની બહેનો માટે સંપૂર્ણ સંયમી ૧૦ દિવસની શિબિરનું આયોજન તા. ૧૭-૫-૮૯ થી તા. ૨૬-૫-૮૯ સુધી રાખવામાં આવનાર છે. આમા ફક્ત ૧૦૦ બહેનોને જ પ્રવેશ આપવામાં આવશે. ઈચ્છુક બહેનોએ વહેલી તકે ફોર્મ ભરીને આપી જવા વિનંતી. ફોર્મ સ્વીકારવાની છેલ્લી તા. ૧-૫-૮૯

ફોર્મ પ્રાપ્તિ સ્થાન :- શ્રી ભીડભંજન પાર્શ્વનાથ જૈન સંઘ પેઢી, નવજીવન સોસા.ના કમ્પાઉન્ડમાં. મુંબઈ-૮.

પત્ર વ્યવહારનું સરનામું :- શ્રી કીર્તિભાઈ શાહ, નવજીવન સોસા. બિલ્ડીંગ નં. ૧૭, દશ માળે, મુંબઈ-૮, ફોન : ૮૯૭૪૫૮

જય ત્રિભુવન તીર્થ-નંદાસણ

મહેસાણા કલોલ હાઈવે ઉપર ૧૫ વીઘા નવીન જમીન સંપાદન કરી મનમોહન પાર્શ્વનાથ ભગવાનના પ્રાચીન પ્રતિમાજીથી શોભતા જય ત્રિભુવન તીર્થનું નિર્માણ થઈ રહ્યું છે, ભોજનશાળા, ધર્મશાળા, ભાતાખાતા વિગેરેનું નિર્માણ થઈ ગયું છે. જિનાલયનું નિર્માણ કાર્ય હવે શરૂ થશે.

તીર્થ નિર્માણની અનેક યોજનાઓમાં લાભ લઈ શકાશે, જ્યારે પણ આપ અમદાવાદથી મહેસાણા તરફ જાઓ ત્યારે હાઈવે ઉપર જ આવેલ જય ત્રિભુવન તીર્થના દર્શન કરવાનું ચુકશો નહિ.

-: સંપર્ક સ્થળ :-

બાબુલાલ મગનલાલ શાહ

૧૦૩, સુમંગલ ફ્લેટ, નવરંગપુરા, રસાલા માર્ગ, અમદાવાદ.

શ્રી નાગેશ્વર તીર્થે પધારો

શ્રી નાગેશ્વર તીર્થ ભારતમાં એક જ શ્રી પાર્શ્વનાથ પ્ર. ની કાયા ૧૫ ફુટ ઉંચી અને નીલવર્ણી સાત ફેણધારી કાયોત્સર્ગરૂપે પ્રાચીન પ્રતિમાજી બિરાજે છે.

હજારો યાત્રિકો દર્શનાર્થે પધારે છે. ભોજનશાળા ધર્મશાળા વિગેરેની સુવિધા છે. યાત્રિકોને આવવા માટે ચૌમહલા સ્ટેશન તથા આલોટથી બસ સર્વીસ મળે છે. અગાઉ સુચના આપવાથી જીપની વ્યવસ્થા થઈ શકશે. અઠમ તપવાળા માટે પૂર્ણ વ્યવસ્થા છે

(ફોન નં. ૭૩ આલોટ) —લિ. દીપચંદ જૈન સેક્રેટરી

શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ પેઢી

P. O. ઉન્હેલ ✵ સ્ટે. : ચૌમહલા [રાજસ્થાન]

કોઈને મર્મ વચન ન કહેવું, કોઈને કલંક ન દેવું, કોઈના પર આક્રોશ ન કરવો આ સજ્જનોનો માર્ગ દુર્ઘટ છે.

ભદ્રાવતી (કર્ણાટક) નગરે અભૂતપૂર્વ અંજનશાકા પ્રતિષ્ઠા લમહોત્સવ ઉજવણી

સીમોગા જિલ્લા સ્થિત ભદ્રાવતી તીર્થમાં હમણાં ભવ્ય અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવની શાસન પ્રભાવનાપૂર્વક ઉજવણી થઇ. આ પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી ગત તા. ૧૦-૨-૮૯ના રોજ પૂ૦ પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયભુવનભાનુસૂરિજી મ૦સા૦ આદિ ઠાણા-૧૩ની શુભ નિશ્રામાં ઉજવવામાં આવેલ. પૂજ્ય આચાર્યશ્રીની નાદુરસ્ત તબિયતના કારણે તેમને ટુમકુરથી અત્રે સ્ટ્રેચર દ્વારા બાળ-યુવાનો અને મુનિ મહારાજોએ ખૂબ જ ઉત્સાહ દાખવી, ડોકટરની સલાહ મુજબ ભદ્રાવતી લાવવામાં આવેલ. આ પ્રસંગે આચાર્યશ્રી જયઘોષસૂરિજી મહારાજસાહેબ આદિએ પણ ઉગ્ર વિહાર કરી અત્રે પધારેલ.

મહા સુદ-૬ન. દિવસે ભદ્રાવતી શ્રી સંઘ દ્વારા પૂ૦ આ૦ શ્રી વિજયભુવનભાનુસુરીશ્વરજી મ૦સા૦ આદિનું દબદબાપૂર્વક સ્વાગત કરવામાં આવેલ. બેંગલોરથી શ્રી પાર્શ્વનાથ પ્રભુ આદિ ત્રણ ભવ્ય જિનબિંબોનો તેમજ અત્રેના ગૃહમંદિરના ધાતુનિર્મિત મૂળનાયકશ્રી પાર્શ્વનાથ પ્રભુના બિંબ વગેરેનો ભવ્ય વરઘોડો ક્રિયા મંડપમાં પ્રવેશ કરવવામાં આવેલ. પૂ૦ આ૦ શ્રી જયઘોષસૂરિજી મ૦સા૦ના હસ્તે અંજનશલાકા આદિ વિધિઓ કરવામાં આવી.

મહા સુદ-૮ના જન્મ કલ્યાણકની ભવ્ય ઉજવણી નિમિતે સારોયે વિધિ મંડપ જનમેદનીથી ભરાઈ ગયેલ. અને પ્રભુના જન્મ સમયે ઘંટારવ, શંખ તેમજ બેલગાંવથી પધારેલ બેન્ડે વિવિધ સંગીત સૂરોથી ભાવિકોના મન આનંદથી ઉભરાઈ ગયા. યુવાનોમાં દાંડીયા રાસ, બેનોમાં ગીતગાન વગેરેથી સારુંયે વાતાવરણ નયનરમ્ય બની ગયું. અને બેંગલોરથી પધારેલ બાળાઓ તથા સ્થાનિક બાળાઓના આયોજનથી પ્રભુની જન્મ શક્તિના કર્તવ્ય મનોરમ્ય ગીત-સંગીત સાથે ભજવવામાં આવ્યા. ભગવાનના જન્મ દિવસની ઉજવણીએ અત્રેના ભાવિકોને હર્ષઘેલા બનાવી દીધા હતા. સૌના મનમાં આ પ્રસંગની ઉજવણી અને પૂ૦ ગુરુદેવશ્રીના આગમનથી આનંદ અને ઉલ્લાસનો કોઇ પાર ન હતો.

આમ અંજનશલાકા-પ્રાણ પ્રતિષ્ઠા તેમજ પ્રતિષ્ઠા મહોત્સવ સમગ્ર કર્ણાટક રાજ્યમાં યાદગાર અને સમગ્ર ભારતમાં જૈનો માટે અનુમોદનીય બની રહ્યો.

આમ ભદ્રાવતી શ્રીસંઘ તથા સ્થાનિક આગેવાનો તથા જૈન ભાઈ-બહેનોના અથાગ પ્રયત્નના ફળ સ્વરૂપ સારાયે પ્રસંગો અનેક મુશ્કેલીઓનો સામનો કરવા છતાં આનંદ અને ઉલ્લાસથી પરિપૂર્ણ થયા.

શત્રુંજય તીર્થ નિર્માણ યોજનામાં લાભ લેવા વિનંતી

કલિકુંડ તીર્થ ધોળકામાં ૧૮ વીઘા નવીન જમીન સંપાદન કરી ૯૦ હજાર ચો. ફુટના વ્યાસમાં શત્રુંજય ગિરિરાજની રચના થશે, ૪૦ ફુટ ઉંચો પર્વત બનાવી તેના ઉપર ૨૦ જિનાલયો અને ૧૨૫ પ્રતિમાજીઓ પધરાવવામાં આવશે.

હવે ફક્ત બે જ ટુંકના આદેશ બાકી છે તેમજ મોતીશા ટુંકની ભમતીમાં ૨૨ દેરીઓ બાકી છે, વહેલો તે પહેલો.

લાભ લેવાની ભાવના હોય તો તાત્કાલિક સંપર્ક સાધવા વિનંતી છે. હવે થોડા જ આદેશો બાકી છે.

શ્રી તેજપાળ વસ્તુપાળ જૈન ચેરીટી ટ્રસ્ટ

કલિકુંડ તીર્થ-ધોળકા-૩૮૭૮૧૦ (જિ. અમદાવાદ)

(ફોન : ૭૩૮ : તાર : કલિકુંડ)

શ્રી આદિનાથાય નમઃ

શ્રી જૈન રીખવદેવજી મહારાજની પેઢી

મુ. જગડીયા પી. નં. ૩૯૩૧૧૦ જી. ભરૂચ

શ્રી જગડીયાજી તીર્થ દક્ષીણ ગુજરાતમાં આવેલ તીર્થ છે, જ્યાં મૂળનાયક શ્રી આદિશ્વર ભગવાનની સંવત ૧૨૦૦ (ઈ. સ. ૧૧૪૪) ની સાલનો લેખ છે. જેની સંવત ૧[illegible]૩૯માં વૈશાખ સુદ ૪ના રોજ પ્રતિષ્ઠા થયેલ છે. ત્યાં દહેરાસરની ડાબી બાજુએ શ્રી પ્રભુજીના પગલાં (રાયણ પગલાં) નું દહેરાસર છે. તેવી જ રીતે દહેરાસરની જમણી બાજુએ શ્રી પુંડરીક સ્વામીના દહેરાસરનું બાંધકામ પૂર્ણ થયેલ છે. જેમાં પુંડરીક સ્વામીની ૨૭" (સત્યાવીસ ઇંચ)ની સફેદ આરસમાં પ્રતિમાજી કંડાર્યા છે. અને તેની પ્રતિષ્ઠા ૨૦૪૫ના વૈશાખ સુદ-૪ના રાખેલ છે. જેની ઉછામણીની ઓફર ચૈત્ર સુદ-૧૫ પહેલાં મોકલવી. અને આખરી આદેશ સં. ૨૦૪૫ ના ચૈત્ર સુદ-૧૫ને શુક્રવાર તા. ૨૧-૪-૮૯ના રોજ સવારના ૧૧-૦૦ કલાકે જગડીયાજી તીર્થમાં આદેશ અપાશે. તે લાભ લેવા ઈચ્છતા ભાવિકોએ પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

લી૦

શ્રી જૈન રીખવદેવજી મહારાજની પેઢી

જગડીયા તીર્થ (જિ. ભરૂચ)

પોતાની પ્રશંસા ન કરવી, દુર્જનની પણ નિન્દા ન કરવી, બહુ હસવું નહિ, આ પ્રમાણે વર્તવાથી મહત્વતા મળે છે

વડાપ્રધાન શ્રી રાજીવ ગાંધી દ્વારા ભગવાન મહાવીર વનસ્થળીનું ઉદ્‌ઘાટન

વડાપ્રધાન શ્રી રાજીવ ગાંધી આગામી ૧૮ એપ્રીલના ભ૦ મહાવીર જન્મ કલ્યાણકના સુઅવસરે દિલ્લી સ્થિત સરદાર પટેલ માર્ગ ઉપર વિશાળ જમીનમાં તૈયાર થઇ રહેલ ભગવાન મહાવીર વનસ્થળીનું ઉદ્‌ઘાટન કરનાર છે. રાષ્ટ્રીય સ્તરે આયોજન કરવામાં આવેલ આ સમારોહમાં હજારો ભાવિકો ભાગ લેનાર છે.

ભગવાન મહાવીર મેમોરીયલ સમિતિના અધ્યક્ષ તેમજ ઉદ્યોગપતિ સાહૂ શ્રેયાંસ પ્રસાદ જૈને એક વક્તવ્યમાં જણાવ્યું છે કે આ વનસ્થળીનો વિકાસ ભ૦ મહાવીરના ૨૫૦૦માં નિર્વાણ મહોત્સવની સ્મૃતિમાં મહત્વપૂર્ણ કાર્યક્રમોના આયોજન દ્વારા કરવામાં આવેલ છે. ૧૯૭૪-૭૫માં સ્વ. વડાપ્રધાન શ્રીમતી ઇન્દિરા ગાંધીની અધ્યક્ષતામાં એક રાષ્ટ્રીય સમિતિ દ્વારા દેશ-વિદેશમાં ભગવાન મહાવીર નિર્વાણ મહોત્સવની ઉજવણી કરવામાં આવેલ. સમિતિ દ્વારા વિવિધ કાર્યક્રમોનો તે વખતે જે નિર્ણયો કરવામાંઆ વેલ તેમાં દિલ્લીમાં એક રાષ્ટ્રીય ઉદ્યાનના રૂપમાં વનસ્થળીના વિકાસનો મહત્વપૂર્ણ નિર્ણયનો પણ સમાવેશ કરવામાં આવેલ.

આ ઐતિહાસીક તેમજ મહાન સ્મારક ભગવાન મહાવીરના૨૫૦૦ માં મહોત્સવને ચિરસ્મરણીય બનાવવા કીર્તિસ્તંભ સમાન છે.

નાકોડાજી તીર્થમાં પ્રતિષ્ઠા-મહોત્સવ

નાકોડાજી તીર્થ ટ્રસ્ટના ઉપાધ્યક્ષ શ્રી પારસમલજી, ગુલાબચંદજી; હરખચંદજી તથા બાડમેરના ટ્રસ્ટીઓએ નાકોડાજી તીર્થમાં પ્રતિષ્ઠા તથા અંજનશલાકા મહોત્સવની ઉજવણી અંગે પૂ૦ આચાર્યશ્રી ગુણરત્નસૂરીશ્વરજી મ૦સા૦ને વિનંતી કરતાં પૂ૦ આચાર્યશ્રીએ સ્વિકૃતિ આપી છે. તેથી અંજનશલાકા તથા પ્રતિષ્ઠા મહોત્સવ નાકોડાજી તીર્થમાં વૈશાખ સુદ ૬, તા. ૧૧-૫-૮૯ના રોજ ઉજવવામાં આવનાર છે.

નાકોડાજી તીર્થમાં ઘણા વર્ષો બાદ આ કાર્યક્રમ થનાર હોઈ ટ્રસ્ટીઓમાં આનંદ અને ઉત્સાહતી લાગણી વધી રહી છે.

નાગેશ્વરમાં ચરણપાદુકા પ્રતિષ્ઠા

નાગેશ્વર (રાજ૦)મા અધ્યાત્મયોગી પૂજ્યપાદ પંન્યાસ ગુરુદેવશ્રી અભયસાગરજી મ૦સા૦ના ચરણપાદુકાની પ્રતિષ્ઠા પૂ૦પં૦ શ્રી અશોકસાગરજી મ૦ના શુભ હસ્તે ગુલાબી પત્થરના કમળાકારે આસનપર [illegible] મંત્રીશ્રી દીપચંદભાઇએ ઉત્સાહપૂર્વક કરાવી.

આ પ્રસંગે મુંબઈ, સુરત, અમદાવાદ તથા માળવા મેવાડથી અનેક ગુરુભક્તો પધાર્યા હતા.

મોહનામાં પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવણી

મોહનાનગર (કલ્યાણ)માં નૂતન જૈન દેરાસરમા ભ૦ અજિતનાથ આદિ જિનબિમ્બ તેમ જ ગુરુમંદિરમાં આ૦ શ્રી રાજેન્દ્રસૂરિજીની ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા ગત તા. ૧૭-૨-૮૯ના રોજ આનંદપૂર્વક પૂ૦ મુનિશ્રી લક્ષ્મણવિજયજી આદિ મુનિભગવંતોની શુભ નિશ્રામાં ઉજવાઈ. આ પ્રસંગે મુંબઇના જાણીતા જૈન સંગીતકાર શ્રી હસમુખભાઈ દિવાન પોતાની મંડળી સાથે પધારી પૂજા, ભાવના અને ભક્તિરસના મનોરમ્ય કાર્યક્રમની લહાણી કરી.

સમઢીયાળામાં વિદ્યાલય ઉદ્‌ઘાટન સમારોહ ઉજવણી

ડો. રશ્મિકાંત દીપચંદ ગાર્ડી ઉ. બુ. વિદ્યાલયનું સમઢીયાળામાં ઉદ્‌ઘાટન ગત ૧૩ ફેબ્રુઆરીના શ્રી આદર્શ કેળવણી મંડળ સંચાલિત લોકશાળામાં થયું છે.

આ ઉદ્‌ઘાટન અને નામકરણ સમારોહના અધ્યક્ષસ્થાન માજી શિક્ષણ મંત્રીશ્રી નવલભાઈ શાહે શોભાવેલ. જ્યારે ઉદ્‌ઘાટન શ્રી દીપચંદભાઈ એસ. ગાર્ડીના વરદ હસ્તે કરવામાં આવેલ.

આ વિદ્યાલય શ્રેષ્ઠિવર્ય શ્રી દીપચંદભાઇ એસ. ગાર્ડી ચેરીટેબલ ટ્રસ્ટ તથા અન્ય ઉદાર દાતાઓના સૌજન્ય અને સહકારથી આકાર પામ્યું છે.

॥ શ્રી મુનિસુવ્રત સ્વામિને નમઃ ॥

॥ શ્રી સિદ્ધાન્તમહોદધિ પ્રેમસૂરિ ગુરવે નમઃ ॥

બેંગ્લોર (કલ્પતરુ એપાર્ટમેન્ટમ.)

ભવ્ય અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ

બેંગ્લોર (કલ્પતરુ એપાર્ટમેન્ટસમાં) વર્ધમાન તપોનિધિ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ આદિ ઠાણાની પાવન નિશ્રામાં ભવ્ય અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ ચૈત્ર વદ ૧૩ તા. ૩-૫-૮૯ બુધવાર (મારવાડી વૈ. વદ ૧૩) થી વૈશાખ સુદ-૬ તા. ૧૫-૫-૮૯ ગુરુવાર સુધી ઉજવાશે.

પ્રતિમાજીને અંજનશલાકા ઇચ્છુકે પોતાના પ્રતિમાજી ચૈત્ર વદ ૧ (મારવાડી વૈશાખ વદ ૧) તા. ૨૨-૪-૮૯ શનિવાર પહેલા નિમ્ન સ્થળે પહોંચાડવા વિનંતી છે.

લી. શ્રી મુનિસુવ્રત સ્વામી જૈન શ્વે. ટેમ્પલ

પત્ર વ્યવહાર અને પ્રતિમાજી મોકલવાનું સ્થળ :-

૧૨, રેસકોર્સ રોડ, માધવનગર ટ્રસ્ટ, બેંગલોર-૫૬૦૦૦૧

તા. ક. :- અંજનશલાકા થયા બાદ આઠ દિવસમાં આપના પ્રતિમાજી લઈ જવાના રહેશે.

ઉત્તમ પુરૂષે કોઇની પ્રાર્થના કરવી નહિ, કોઈની પ્રાર્થનાનો ભંગ કરવો નહિ, હીન વચન બોલવું નહી.

આ.શ્રી શાંતિસૂરીશ્વરજી જન્મ શતાબ્દી

આબુના મહાન ચમત્કારી યોગીરાજ પ૦પૂ૦ આચાર્ય ભગવંત શ્રી વિજયશાંતિસૂરીશ્વરજી મ૦સા૦ની જન્મ શતાબ્દી ૧૯૯૦-૯૧ દરમ્યાન સમારોહ સાથે ઉજવવામાં આવનાર છે.

મદ્રાસ શહેરના ગુરુભક્તો દ્વારા ભરાયેલ સભામાં પૂજ્ય આચાર્યશ્રીની જન્મ શતાબ્દી જુદા જુદા સ્થળોએ કાર્યક્રમો અને સમારોહપૂર્વક રાષ્ટ્રીય સ્તરે ઉજવવાના શુભ ઉદ્દેશથી ભારતમાં ગુરુદેવશ્રીના નામથી ચાલતી જુદી જુદી સંસ્થાઓ તેમજ વિશિષ્ટ મહાનુભાવોની મળી એક સમિતિ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો. જેથી દરેક પોતાના વિચારો પ્રદર્શિત કરી શકે તેમજ તેઓ પોતાના કાર્યક્રમોની યોજનાઓનો નિર્ણય કરી શકે. તેમજ વ્યાપક રીતે પ્રચાર-પ્રસારમા સહાયરૂપ બની શકે તેવા હેતુથી અમોને આ સમિતિના કન્વીનર તરીકે નીમવામાં આવ્યા છે.

ગુરુદેવના નામથી ચાલતી સંસ્થાઓ તેમજ વિશિષ્ટ મહાનુભાવોનો અમે સંપર્ક સાધ્યો, જવાબો પણ પ્રાપ્ત થયા. પરંતુ ઘણી સંસ્થાઓ એવી પણ હોય જેમની અમોને જાણ ન હોય. જેથી ગુરુદેવના નામથી ચાલતી દરેક સંસ્થાઓ, મંડળોના સંચાલકોને નમ્ર નિવેદન છે કે કૃપા કરી નીચેના સ્થળે તેઓ પોતાની સંસ્થાનો પરિચય મોકલાવે. જેથી અખિલ ભારતીય સ્તરે બનનાર **સમિતિમાં આપની સંસ્થાનું નામ પણ ઉમેરી શકાય અને** આગામી કાર્યક્રમોની જાણ પણ કરી શકાય.

કન્વીનર : શ્રી મહાવીર જૈન કલ્યાણ સંઘ.

૯૬, વેપેરી હાઈ રોડ, મદ્રાસ-૬૦૦૦૦૭

અધ્યક્ષ : એ. માણેકચંદજી બેતાલા, મંત્રી : સુ. પન્નાલાલ વૈદ્ય.

મુંબઇ-૫૦૦ આયંબિલ આદિ તપસ્યાની ઉજવણી

ભાઇન્દર નિવાસી શારદાબેને દેવગુરુ ધર્મના પસાયથી ૫૦૦ આયંબિલની અખંડ તપસ્યા ઉપરાંત અઠ્ઠાઈ, ક્ષીરસમુદ્ર, બે વર્ષીતપ, ત્રણ ઉપધાન, મોક્ષવ્રત, વર્ધમાનતપ આદિની આત્મકલ્યાણ હેતુરૂપે તપસ્યાઓ કરી છે. આ બધી આરાધનાઓ નિમિત્તે મહામંગળકારી શ્રી સિદ્ધચક્ર મહાપુજનનું આયોજન કરવામાં આવેલ.

આ પાવન પ્રસંગે પુ૦ પંન્યાસ શ્રી પુર્ણાનંદવિજયજી મ૦ સા૦ (કુમાર શ્રમણ), પુ૦ મુનિરાજશ્રી ગૌતમવિજયજી મ૦સા૦ તથા ચંદનબાળા કન્યા શિક્ષણ શિબિરના પ્રણેત્રી સાધ્વીશ્રી સૂર્યપ્રભાશ્રીજી આદિ ઠાણા પધારેલ.

તા. ૮-૨-૮૯ના સારોય પ્રસંગ ભક્તિ ભાવભર્યાવાતાવરણમાં આનંદમય રીતે ઉજવાયો.

આબુ-દેલવાડાના જૈનમંદિરો પર સરકારનું આક્રમણ

"આબુ દેલવાડાના પવિત્ર શ્રી જિનમંદિરો અને જિનમૂર્તિઓને રાજસ્થાન સરકારે રાષ્ટ્રીય સંપત્તિ તરીકે જાહેર કરી પોતાની કમીટી બનાવી છે" એવા સમાચાર જે પ્રાપ્ત થયા છે તે ખરા હોય તો કયા ભવ્યજીવને આઘાત નહિ થાય?

વિમળમંત્રી, વસ્તુપાળ-તેજપાળ, કુમારપાળના ઓ વારસદારો જાગો! સંગઠિત બનો! સરકારના આવા અન્યાયી ઘોર જુલ્મી હુકમ સામે તમારો અવાજ ઉઠાવો! આપણા પવિત્ર મંદિર-મૂર્તિઓને સરકારી તંત્રના વહિવટમાં જતા અટકાવો.

તમારો પ્રચંડ વિરોધ ભારતના વડાપ્રધાન રાજીવ ગાંધી તથા રાજસ્થાન સરકારના મુખ્યપ્રધાન, સચિવાલય, જયપુરને જલ્દી મળે તે રીતે તાર પત્રો આદિ દ્વારા જલ્દીથી મોકલશો.

આવા પવિત્ર મંદિર-મૂર્તિઓ બચશે તો જ આર્યપ્રજાનું આર્યત્વ બચશે, સંસ્કૃતિની રક્ષા થશે....

જાગો! બુલંદ અવાજ ઉઠાવો!

મેરઠ (યુ.પી.) : અત્રે જૈન નગર કોલોનીમાં જૈન દેરાસર અને ધર્મશાળા ન હોવાના કારણે વિશાળ જમીન ખરીદવામાં આવી છે. જેમાં વિશાળ દેરાસર, ધર્મશાળા તથા ભોજનશાળાનું કામ તુરત ચાલુ કરવામાં આવનાર છે.

આનંદો ઓ અહિંસાપ્રેમીઓ

કેન્દ્રના પ્રધાનનો પશુરક્ષા પ્રેમ

"જ્યાં સુધી હું હોદ્દા પર છું ત્યાં સુધી ભારતની ભૂમિ પર કોઇપણ જગાએ નવા પશુ કતલખાનાનું નિર્માણ થશે નહિ"

પ્રવક્તા : શ્રી જગદીશ ટાઇટલર-ભારત સરકારના ફુડ પ્રોસેસિંગ ઇન્ડસ્ટ્રીઝ ખાતાના પ્રધાન દૈવ્યુઆરી ઇ૯ (મુંબઇ-સમાચાર તા. ૨૫-૨-૮૯)

નોંધ : પ્રધાન મહોદયના ઉપરોક્ત શબ્દો ભારતીય સંસ્કૃતિના અને અહિંસાના પ્રેમીઓ માટે ખૂબ ખૂબ આનંદ અને આહ્લાદજનક છે.

બેંગ્લોર નજીક કાચરકાનાહલ્લી ગામના તળાવની જમીન પર સાત કરોડની લાગતથી શરૂ થનાર આધુનિક કતલખાનાની યોજના જેને કામચલાઉ અટકાવી દેવામાં આવી હતી પણ હાલમાં જેને ચાલુ કરવા કર્ણાટક સરકારે ફરીથી ચક્રો ગતિમાન કર્યા છે, એને કાયમી ધોરણે બંધ કરાવવા પ્રધાન મહોદય શ્રી જગદીશ ટાઇટલરનો સંપર્ક સાધવા તમામ જીવદયાના અને ભારતીય સંસ્કૃતિના પ્રેમીઓને જાહેર અપીલ છે.

અધમ પુરૂષની પ્રાર્થનાથી ઇચ્છિત ફળ મળે તેના કરતાં ઉત્તમ પુરૂષની પ્રાર્થનાથી નિષ્ફળતા મળે તે વધારે સારૂં

સરતાનપરા જૈન કુટુંબોની જાણ અર્થે

ઘોઘારી વિશાશ્રી માળી દેરાવાસી જૈન જ્ઞાતિમાં 'સરતાનપરા' અટક ધરાવતા વેરાઈના વડાવાળા પરિવારનું એક વસ્તીપત્રક તૈયાર કરવાનું નક્કી કર્યું છે. આ પરિવારોનો 'સરતાનપરા' અટકના આંબાની વિગત અને વેરાઈ માતાની વિસ્તૃત માહિતી જે વ્યક્તિ પાસે હોય તેમણે અમને નીચેના સરનામે જણાવવા કૃપા કરવી. સંપર્ક :– જિતેન્દ્ર પરમાણંદદાસ દોશી C/o જિરાવલા ડાયમંડ પાર્ટસ, ઘનશ્યામનગર નં. ૧, શેરી નં. ૪, પ્લોટ નં. ૨૮૩, વરાછા રોડ, સુરત–૩૯૫૦૦૨

ચોકીદાર હત્યા સંબંધી સાધુસમાજ વ્યથિત

અમદાવાદ સ્થિત સોલારોડ જૈન દેરાસરમાં ગત જાન્યુઆરીના લુટારુઓએ દેરાસરમાં લુંટ ચલાવી અને ત્યાંના ચોકીદારને મારી નાખવાની ઘટનાથી સમગ્ર ગુજરાત અને ભારતના જૈન સાધુ–સાધ્વીજી સમાજે ભારે દુઃખની લાગણી અનુભવી છે.

આ૦ શ્રી પ્રેમસૂરિજી મ૦સા૦, આ૦ શ્રી સુબોધસૂરિજી મ૦ સા૦, આ૦ શ્રી લબ્ધિસૂરિજી મ૦સા૦ તેમજ અન્ય સાધુ સાધ્વીજી મહારાજોએ આ બાબતે ઘટતું કરવા મુખ્યમંત્રીશ્રી અમરસિંહ ચૌધરીને નમ્ર અપીલ કરી હતી.

જૈસલમેર પંચતીર્થીની યાત્રાર્થે પધારો

પશ્ચિમી રાજસ્થાનમાં આવેલ જૈસલમેર પંચતીર્થી પોતાની પ્રાચીનતા, કલાત્મકતા અને ભવ્યતા માટે જગપ્રસિદ્ધ છે. જૈસલમેર પંચતીર્થીના અન્તર્ગત જૈસલમેર દુર્ગ, અમરસાગર, લૌદ્રવપુર, બ્રહ્મસર અને પોકરણ સ્થિત જિનાલયોમાં બધા મળી ૬૬૦૦થી વધુ જિનપ્રતિમાજીઓ બિરાજમાન છે.

જૈસલમેરની વિખ્યાત વિશેષતાઓ : (૧) ભવ્ય, કલાત્મક અને પ્રાચિન જિનાલયો. પન્ના અને સ્ફટિકની પ્રતિમાઓ. (૨) ખરતરગચ્છીય શ્રી જિનભદ્રસુરિ જ્ઞાનભંડારમાં સંગ્રહિત તાડપત્રીય અને હસ્તલિખિત ગ્રંથો. (૩) દાદાગુરુદેવ શ્રીજિનદત્તસુરિજી મહારાજની ૮૩૦ વર્ષ પ્રાચીન ચાદર અને ચોલપટ્ટા, જે તેઓના અગ્નિસંસ્કાર પછી પણ સુરક્ષિત રહ્યા છે. (૪) અનેક દાદાવાડી, ઉપાશ્રય, અધિષ્ઠાયક દેવસ્થાન અને પટુઆ શેઠોની કલાત્મક હવેલીઓ. (૫) લૌદ્રવપુરના ચમત્કારીક અધિષ્ઠાયકદેવ જેમના દર્શન ભાગ્યશાળીઓને અવારનવાર પ્રાપ્ત થાય છે.

આવાસ પ્રબંધ : યાત્રિકો અને શ્રીસંઘોને ઉતરવા ઉચિત પ્રબંધ છે. મરુભુમિમાં હોવા છતાં પાણી અને વિજળીની પુરી વ્યવસ્થા છે. દાનવીરોના સહયોગથી ભોજનશાળા ચાલુ છે.

યાતાયાતના સાધન : જૈસલમેર આવવા માટે જોધપુર મુખ્ય કેન્દ્ર છે. તે ભારતના જુદા જુદા માર્ગોથી યાતાયાતના સાધનોથી જોડાયેલ છે જોધપુરથી દિવસમાં એકવાર બંસ અને રાત્રે ને સવારે બે વાર ટ્રેઈન જૈસલમેર આવે છે. આ ઉપરાંત જયપુર અને બીકાનેરથી પણ સીધી બસો જૈસલમેર આવે છે.

જૈસલમેર પંચતીર્થીનાં દુર્ગ તથા અમરસાગર સ્થિત જિન-મંદિરોના જીર્ણોદ્ધારનું કામ ચાલુ છે.

શ્રી જૈસલમેર લૌદ્રવપુર પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર ટ્રસ્ટ

ગ્રામ : જૈન ટ્રસ્ટ　**જૈસલમેર** ૩૪૫૦૦૧ (રાજસ્થાન)　ફોન ૨૩૩૦ ૨૪૦૪

શ્રી કરેડા પાર્શ્વનાથજી તીર્થની

[રેલ્વે સ્ટેશન ભુપાલસાગર (જિ. ચિત્તોડગઢ, રાજસ્થાન)]

યાત્રાર્થે અવશ્ય પધારો

આ મંદિરનું નિર્માણ આચાર્ય ધર્મઘોષસુરિજી મ. ના ઉપદેશથી માંડવગઢના મહામંત્રી સંઘપતિ પેથડશાહ દ્વારા સં. ૧૩૨૧ મ. કરવામાં આવ્યું અને તેના શિખર પર સાત ખંડનું ભવ્યમંદિર શ્રી પેથડશાહના પુત્ર ઝાંઝણકુમારે સં. ૧૩૪૦માં નિર્માણ કર્યું, જેનું સુકૃત સાગર તરંગ આઠમાં વર્ણન છે.

તેનો હાલમાં શ્રી શંખેશ્વર – ભોયણી તીર્થ દ્વારા રૂપિયા ૧૨,૫૦,૦૦૦/– ખર્ચ કરી જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે અને બાવન દેરીઓમાં શ્રી પાર્શ્વપ્રભુની પ્રતિમા વિભિન્ન તીર્થોના નામથી બિરાજમાન કરવામાં આવી છે. મુલનાયક ભગવાનની પ્રાચીન, અત્યંત મનોહારી, ચમત્કારી, શ્યામવર્ણિય પ્રતિમાજીના નિર્મલ ભાવથી દર્શન કરી પુણ્યોપાર્જન કરો.

અમદાવાદથી ઉદયપુર, ચિત્તોડ રેલ્વે માર્ગ પર ભુપલસાગર નામના સ્ટેશનથી ૩ ફર્લાંગ દુર આ તીર્થ આવેલ છે. બસોની પણ સુવિધા ઉપલબ્ધ છે.

આ તીર્થની યાત્રા સાથે જ મેવાડની પંચ તીર્થીના દર્શનના પણ લાભ મળશે. આ તીર્થોમાં શ્રી દયાલશાહના કિલ્લા નામનું તીર્થ જે રાજસમન્દ–કંકરોલીની મધ્યમાં છે. લગભગ ૨૫૦ પગથિયાથી આ તીર્થ 'મેવાડ શેત્રુંજય' નામથી પણ પ્રસિદ્ધ છે.

આ બંને તીર્થો પર આધુનિક સુવિધાઓથી સુસજ્જિત વિશાલ ધર્મશાળા તથા ભોજનશાળાની સુવ્યવસ્થા છે.

લિ. કરેડા પાર્શ્વનાથ તીર્થ કમિટિ

ભુપાલસાગર (રાજસ્થાન) [ફોન નં. ૩૩]

શીલવ્રતનો ભંગ ન કરવો, ખરાબ શીલવાળાનો સંગ ન કરવો, ઉદ્ભટ વેશ ધારણ ન કરવો, એ પણ ધર્મ છે.

Regd. No BV. G. 20
JAIN OFFICE : P. Box No. 175
BHAVNAGAR-364001 (Gujarat)
Tele. O. : C/o. 299 9 R. 25869

જૈન

સ્વ. તંત્રી : ગુલાબચંદ દેવચંદ શેઠ
તંત્રી-મુદ્રક-પ્રકાશક :
મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
જૈન ઓફીસ, પો.બો. નં. ૧૭૫, દાણાપીઠ, ભાવનગર

'જૈન' વર્ષ ૮૬
અંક : ૧૨

વીર સં. ૨૫૧૫ : વિ.સં. ૨૦૪૫ ફાગણ વદ ૯
તા. ૩૧ માર્ચ ૧૯૮૯ શુક્રવાર
મુદ્રણ સ્થાન : શ્રી જૈન પ્રિન્ટરી
દાણાપીઠ પાછળ, ભાવનગર-૩૬૪ ૦૦૧

રાષ્ટ્રીય 'પ્રતિક્રમણ'ની ઘડી

જૈન ધર્મની તત્વધારા એ અત્યંત વૈજ્ઞાનિક ધર્મધારા છે, એ હકીકત જગત સમક્ષ ઉત્તરોત્તર વધુને વધુ સ્પષ્ટ થઇ રહી છે. મૂળ સ્વરૂપમાં સ્થિર થવાની એની જે પ્રક્રિયાઓ છે, એ પ્રક્રિયાઓને આત્મસાત કરવાના જે આયામ છે, તે પણ વૈજ્ઞાનિકતાની કસોટીના એરણ ચઢી યશ પ્રાપ્ત કરે તેવા અમતીધર છે.

આ વિવિધ પ્રક્રિયાઓમાં એક પ્રક્રિયા છે–પ્રતિક્રમણની પ્રક્રિયા. પ્રતિક્રમણનો સીધો સાદો અર્થ છે–પાછા ફરવું. જીંદગીમાં કેટલીક વખત મનુષ્ય એવે તબક્કે પહોંચી જાય છે, જ્યાંથી પાછા ફરવાનો કોઇ રસ્તો જ નથી રહેતો. આવા 'પોઇન્ટ ઓફ નો રિટર્ન'ના તબક્કે પહોંચી જવાય તે અગાઉ જીવનમાં પ્રતિક્રમણની પ્રક્રિયા આરંભી દેવાય તો જીવન આખું બદલાઈ જઈ શકે છે.

આ હકીકત જેટલી વ્યક્તિગત જીવનને લાગુ પડે છે, તેટલી જ સામાજીક જીવનને પણ લાગુ પડે છે. આજના આપણા સામાજીક જીવનને, વિશ્વસ્તરના મનુષ્ય જીવનને વૈશ્વિક પ્રતિક્રમણની તાતી જરૂરિઆત છે. માનવજાત આજે અમર્યાદ હિંસા અને અમર્યાદ ભોગના રસ્તે આંધળી દોટ મુકી રહી છે. તેને પ્રતિક્રમણ પ્રક્રિયા દ્વારા પાછી વાળી નહિ દેવાય તો મનુષ્યની આ પૃથ્વી નંદનવન બનવાને બદલે કબ્રસ્તાન (મરૂભુમી) બની જશે.

માણસની આજની નજર ભોગવાદી થઈ ગઈ છે. આ ભોગમૂલક દૃષ્ટિ રાખી, તે કુદરતના ભંડાર પૂરા કરવામાં લાગી પડયો છે. જંગલો કાપી નાખ્યા, તેલના કુવાઓ ખેંચી લીધા, નદીઓના પાણી પ્રદુષિત કર્યા, હવે તેની નજર પશુ–પંખીની સૃષ્ટિને હણીને પોતાના સુખ ભોગની થાળી સજાવી શકાય તે માટે તેમની આંધાધૂંધ કતલ ચાલી રહી છે.

'અહિંસા પરમો ધર્મ'નો સંદેશો જગતભરમાં કહેતા રહી, ઊંચું માથું લઈને ફરતું ભારત પણ આજે આ બાબતમાં પાછળ રહેવા માંગતું નથી. વિદેશી લોકોને દેડકાના પગનું અથાણું ભાવે, કોઇકને એક તો કોઇકને બીજું, કોઇકને ગાયના માંસનો સંભાર ભાવે. એ બધાને રીઝવવાની જવાબદારી જાણે ભારતની હોય! તેમ આંધળી બનીને ભારત સરકાર આજે પશુ-પંખીની નિકાસ કરવા પાછળ પડી છે.

આ પરિસ્થિતિ માઝા મુકી દે, તે અગાઉ એને રોકી લેવી જોઈએ. આ રાષ્ટ્રીય પ્રતિક્રમણની ઘડી છે, તે ઘડીનો પોકાર છે. અહિંસા ધર્મીઓએ આ પોકાર સાંભળી સાબદા થઈ જવું જોઇએ

આજકાલ અણુશકિતના અખતરાઓ સામે વિદેશોમાં વિરોધ પ્રગટ થઈ રહ્યો છે. વિરોધ કરનારી આ જમાતનું એક પ્લે–કાર્ડ જોવા મળેલું. એક નાનકડી ચકલીબાઈ ઊંધે માથે આકાશમાં લટકી રહી છે, તેવું ચિત્ર છે. આમા સંકેત એ છે કે ચકલીબાઇને પૂછવામાં આવે છે કે : 'બેનબા, આ તમે શું કરો છો?' તો પેલા નાનકડા ચકલીબેન કહે છે કે : 'જુઓ, આ આકાશ નીચે પડી રહ્યું છે, એને અટકાવવા હું મથી રહી છું.'

તૂટતા આકાશને ઝીલી લેવાની તાકાત ચકલીબાઇમાં નથી, તે એક હકીકત થઈ, પણ એવી જ જોરદાર હકીકત આ પણ છે કે અનિષ્ટને અટકાવવા માટે પોતાની શકિતનું છેલ્લું ટીપું ખરચી નાખવા એક સામાન્ય પંખી પણ ઉત્સુક છે. મહત્વ આ 'ઉત્સુકતા'નું છે. આ દાઝનું છે, આ 'હૈયા બળતરા'નું છે. પશુધનની નિર્મમ હત્યાથી આપણું હૃદય ધવાતું હોય તો 'આ અમે નહીં ચલાવી લઇએ'નો વીરોચી સૂર ભારતના ગગનમાં પડઘા તો ફેલાઈ જવો જોઇએ.

સરકાર એ કાંઇ રાષ્ટ્રની સર્વેસર્વા ન બની શકે; રાષ્ટ્ર એ કંઇ ખોડી ખામણીનું નધણિયાતું ખેતર નથી. આ હકીકતનું ભાન જો જનતા સરકારને નહી કરાવે તો હિંસા અને ભોગની તૃષ્ણા આવતી કાલે માનવ હત્યાને પણ કાયદાનું સંરક્ષણ અપાવી દેશે, એટલે જ ' Thus Far and no more 'નો ડંકો જગાવી પાછા ફરવાની હાકલ લોકો દ્વારા સરકારને મળવી જોઈએ.

—મીરાં ભટ્ટ (જૈનપ્રકાશમાંથી)

પરબો મંડાવો : પુણ્ય બાંધો

દાયકાના અમારી લોકગણ પ્રવૃત્તિઓ માટે બનાસકાંઠા જિલ્લો કેન્દ્ર સ્થાને છે. આ પ્રદેશમાં વર્ષે બસો–અઢીસો પરબો બેસાડીએ છીએ ને દુષ્કાળના વિષમ દિવસોમાં મૂંગા પશુઓ માટે ૩૦ મજમૂ જળપાનધામો બનાવી જે તે ગામોને અર્પણ કરેલ અને પક્ષીઓ માટે ચણ નાખવા પચાસેક ચબુતરાઓ દત્તક રાખેલા.

૧૪૦૦ ગામડાઓ અને ૨૦ લાખની માનવ વસ્તી ધરાવતા બનાસકાંઠા જિલ્લામાં ૪૯ વર્ષથી પરબો બેસાડીએ છીએ. રણપ્રદેશ, પ્રખર તાપ અને પાણીની કારમી તંગી એવા બનાસકાંઠામાં વટેમાર્ગુઓ માટે 'અમૃતની વીરડીઓ' છે.

માનવીના મુખ્યત્વે ત્રણ ધર્મ (ભૂખ્યાને અન્ન, ન વસ્ત્રાને વસ્ત્ર અને તરસ્યાને પાણી) પૈકી પરબો મંડાવવાનું પુણ્ય ઉચ્ચ કોટીનું છે. ઉનાળુ અને વાર્ષિક પરબો તા. ૧–૪–૮૯થી શરૂ થશે. વિખ્યાત અંબાજી તીર્થમાં વર્ષે વીસેક લાખ યાત્રાળુઓની અવરજવર થાય છે. ત્યાં ૧૦ વાર્ષિક પરબો શરૂ થશે. સુપ્રસિદ્ધ શ્રી શંખેશ્વર અને અન્ય તીર્થ સ્થાનોમાં પણ માગણી મુજબની વાર્ષિક પરબો ચાલશે. તદઉપરાંત રૂગ્ણાલયો, નિશાળો. એસ. ટી. સ્ટેન્ડો પાસે ૧૦૦ જેટલી વાર્ષિક પરબો બેસશે. તેમાં સહયોગી થવા કૃપા કરશો.

પરબોના સંચાલન માટે મુંબઈમાં 'બનાસકાંઠા જિલ્લા સહાયક ફંડ ટ્રસ્ટ' જીવન વિહાર, બીજા માળે, ઓફિસ નં. ૪, શેર બજાર સામે, કોટ, મુંબઇ–૨૩ ઉપર પ્રધાન કાર્યાલય છે.

પાલનપુરમાં 'શ્રી બનાસકાંઠા જિલ્લા સહાયક ફંડ ટ્રસ્ટ', સંસ્કાર સોસાયટી, પાલનપુર–૩૮૫૦૦૧ (ઉ. ગુ.) પ્રવૃત્તિ વાહક કાર્યાલય છે અને જે તે ગામમાં પરબની સંભળ માટે ' પરબ વ્યવસ્થાપક કમિટિ ' રચાય છે.

દાનમાં આપેલ રકમ કરમુક્ત છે. ટ્રસ્ટ ધારા મુજબ રખાતા હિસાબો સને ૧૯૮૮ પર્યંતના ઓડીટ થયા છે. બનાસકાંડા જિલ્લા સહાયક ફંડ ટ્રસ્ટ—આ નામનો ચેક/ડ્રાફ્ટ મોકલી શકાશે. તો આપ એક યા વધારે પરબો સ્નેહિજનોની સ્મૃતિમાં રાખવાની સંમતિ આપશો એવી અર્ચના. — કનૈયાલાલ ભણસાલી

શ્રી પાર્શ્વનાથ દાદાના ધામમાં–અગાસી તીર્થે
ચૈત્ર માસની ઓળીની સમુહ આરાધના કરવા પધારો...

સકલ સંઘને ભાવભર્યું આમંત્રણ

સુજ્ઞશ્રી, સહર્ષ વિદિત થાય કે અમારા પરમ ઉપકારી શાસ્ત્ર વિશારદ ધર્મ પ્રભાવક પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્

વિજય દક્ષસૂરીશ્વરજી મહારાજ

સાહેબની પવિત્ર શુભ નિશ્રામાં ચૈત્ર માસની શાશ્વતી ઓળીની સામુહિક ભવ્ય આરાધના કરાવવાનું ભવ્ય આયોજન કરેલ છે.

* શ્રી નવપદજી મહારાજની આ ઓળી દરમિયાન ઉત્કૃષ્ટ આરાધના થાય છે. આ આરાધનાથી આત્માની–આ લોક–પરલોકની તમામ આધિ–વ્યાધિ અને ઉપાધિને ટાળે છે. આત્મા કર્મોથી મુક્ત બને છે. પરમ શાંતિ–સુખનો અનુભવ કરે છે. આવી ભવ્ય આરાધન અગાસી તીર્થમાં પાર્શ્વનાથ દાદાના ધામમાં થનાર છે. ભાઇ–બહેનોનેઆ સમુહ આરાધનામાં પધારવા હાર્દિક આમંત્રણ.

ઓળીનો પ્રારંભ ચૈત્ર સુદ–૮ તા. ૧૩–૪–૮૯થી ચૈત્ર સુદ–૧૫ તા. ૨૧–૪–૮૯

* ચૈત્ર સુદ ૧૧ થી સિદ્ધચક્ર મહાપૂજન વિજય મુહુર્તે
* ચૈત્ર સુદ ૧૩ શ્રી રથયાત્રાનો ભવ્ય વરઘોડો
* ચૈત્ર સુદ ૧૫ વિધિ સહિત ~~વિસ્તૃત દેવવંદન~~
* દરરોજ પ્રવચનો, પૂજા, શ્રીપાલ–મયણાનો રાસ આદિ થશે.

ઓળીનો લાભ લેનાર : સાદડી (રાણકપુર) નિવાસી સ્વ. શ્રીમાન પુખરાજજી ગુલાબચંદજી બાફનાના શ્રેયાર્થે તેમના ધર્મપત્નિ શ્રી તગતીબાઈ પુખરાજજી બાફના તરફથી હા. શ્રી ભંવરલાલ, વિમલચંદ, વિજયરાજ આદિ તથા શ્રીમતી શારદાબેન ચંદુલાલ મણીલાલ બાંધણીવાળા પરિવાર શાહ ચંદ્રકાંત હરગોવનદાસ શાહ તરફથી

* ઓળી કરવા પધારનાર ભાઇ / બહેનોએ વહેલી તકે 'પાસ' મેળવી લેવા. ચૈત્ર સુદ ૭ સાંજે ૪–૦૦ વાગે અત્તરવાયણા માટે ઉપકરણો સાથે પધારવું.

સકળ સંઘના ભાઇ/બહેનોને ઓળી કરવા પધારવા ભાવભર્યું આમંત્રણ. અવશ્ય પધારો.

શુભ સ્થળ : [પાસ માટે]
શ્રી સમવસરણ મહામંદિર
પાર્શ્વનગર, ચાલપેઠ રોડ,
અગાસી તીર્થ, વા. વિરાર
જી. થાણા [મહારાષ્ટ્ર]

લી.
શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ
જૈન ટ્રસ્ટ વતી
ચંદુલાલ મણીલાલ શાહ
બાંધણીવાળા ના જયજિનેન્દ્ર

શત્રુઓનો વિશ્વાસ કરવો નહીં, વિશ્વાસીને કદી છેતરવો નહીં અને કૃતઘ્ન થવું નહીં.

રજતજયંતિ મહોત્સવ : અંતરીક્ષજી તીર્થ

શ્રી વિઘ્નહર પાર્શ્વનાથ નૂતન જિનાલયની ૨૫મી સાલગિરી ધ્વજારોપણ મહોત્સવ પૂ૦ આ૦શ્રી વારિષેણસૂરીશ્વરજી મ૦સા૦ ઠા. ૪ની નિશ્રામાં ફાગણ સુદી ૧-૨-૩ના અનેરા ઉત્સાહથી મનાવવામાં આવેલ. "અર્હદ્‌મહા પૂજન ત્રણ દિવસ ઠાઠથી ભણાવાયો. વિધિકારક મનોજકુમારજી હરણ પોતાની મંડલી સાથે જમાવટ કરેલ, સાથે નેત્ર શિબિર, સ્વાસ્થ્ય શિબિર, સંગીતસ્પર્ધા. લેખીતસ્પર્ધા થયેલ. પૂજાઓ, આરાધના, સ્પર્ધા ત્રણ દિવસ ભક્તામર જાપ, અઠ્ઠમ, આયંબીલ, એકાસણાની વ્યવસ્થા થયેલ, ૧૧ છોડનું ઉજમણું પણ થયેલ. નૂતન મંદિરમાં લાખોના ખર્ચે ભવ્ય મનમોહક કાયમી સૂક્ષ્મ કારીગીરીના કાર્યનો પ્રારંભ થતાં યાત્રિકોનો ઉત્સાહ ભાવવર્ધક રહેલ.

અંતરિક્ષજી તીર્થનાં શિરપુર નૂતન વિઘ્નહર મંદિરમાં વિશેષ આકર્ષણ ભવ્ય ભક્તામર મંદિર બનાવવાનું પૂ૦ આ૦શ્રી વારિષેણસૂરિજી મ૦ની નિશ્રામાં મનોજકુમાર હરણની પ્રેરણાથી તીર્થ કમેટીએ નક્કી કર્યું છે. જેમાં ગાથા, યંત્ર મંત્ર દશ્ય વિગેરે ૨૪ દેરીની ઉપર બનાવવામાં આવશે. એક ચિત્રગાથાના રૂા. ૩૫૦૦) લેખે ૨૨ નામો આવી ગયા છે, બીજા નોંધાય છે.

અત્રે ફા. શુ. ૧-૨-૩ના રજતજયંતિ પ્રસંગે ભવ્ય અર્હદ મહાપૂજન ઠાઠથી ભણાવાયેલ. બાલાપુર, આકોલા, લોદર, કલમનુરી, લાતુર, પરભણી, જાલના, અમરાવતી આદિ અનેક નગરોના મંડળો, સંઘોનું આગમન થયેલ. સમૂહ આયંબિલ જાપ, ભક્તામર વિગેરે સુંદર થયેલ. તીર્થ કમિટીની મીટીંગ પણ થયેલ. શાન્તિપૂર્ણ વાતાવરણમાં સમાધાન માટે પ્રયત્નો ચાલુ છે. તીર્થયાત્રાનો લાભ લેવા જેવો છે. વ્યવસ્થા ઘણી જ સુંદર થઈ ગઈ છે.

મેત્રાણા પ્રાચીન તીર્થે યાત્રાએ પધારો....!

મેત્રાણા તીર્થ :- ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠાનો શત્રુંજય ગણાય છે. **શ્રી ઋષભદેવ** ભગવાનના સુંદર ચમત્કારી અને સંપ્રતિ મહારાજાના વખતના પ્રાચીન પ્રતિમાજી છે.

મેત્રાણા તીર્થમાં યાત્રાળુઓ માટે દરેક જાતની સગવડતા છે. જેવી કે ઉકાળેલું પાણી, ભોજનશાળા, ધર્મશાળા તથા સુંદર બગીચો વિવિધ સગવડતા છે.

શ્રી પુંડરીકસ્વામીનું જિનાલય અને રાયણ પગલાં પણ છે વરસીતપનાં પારણાં પણ અહીં દર વર્ષે કરાય છે. એક વખત અવશ્ય યાત્રાએ પધારો!

શ્રી મેત્રાણા જૈન તીર્થ કમિટી

મુ. મેત્રાણા, તા. સિદ્ધપુર વાયા-કાકોશી. (ઉત્તર ગુજરાત)

જૈન પત્રનો આગામી અંક ૧૩-૧૪ સંયુક્ત ભગવાન મહાવીર જન્મ કલ્યાણકનો તા. ૧૪-૪-૮૯ના પ્રગટ થશે. તે માટે આપના લેખો, પ્રસંગો, કાર્યક્રમો તેમજ શુભેચ્છાપૂર્વકની જાહેરાત મોકલાવી આપશો.

—તંત્રી,

ચેતતા રહેશો-પાલીતાણા

પાલીતાણા શ્રી સિદ્ધાચલ તીર્થની ફાગણ સુદ-૧૩ની યાત્રા માટે આ વર્ષે ભારતભરમાંથી લગભગ એંસી હજાર યાત્રીકો દુર-સુદુરથી પધારેલ. એકંદર વ્યવસ્થા સારી થયેલ. એક યાત્રીક ભાઈનો સામાન કોઈ મજુર-બાઈ દ્વારા ઉપડાવતા તેને સોંપેલ પુજાની જોડ તથા પુજાનો ચાંદીનો સામાન અને ઉપર દાદાના દેરાસરમાં નાખવાની રકમ વિ. રૂા. ૭,૦૦૦/-નો માલ કોઈ મજુર બાઉ બેપતા થઇ ગયેલ. ભારે તપાસ બાદ પણ પત્તો નહી લાગતા યાત્રીકોએ મજુર તથા ડોળીવાળાથી ચેતતા રહેવાની જરૂરીયાત છે.

છાપરીયાળી પાંજરાપોળમાં પશુ કેમ્પ

શેઠ આણંદજી કલ્યાણજી સંચાલીત છાપરીયાળી પાંજરાપોળમાં ભાવનગર જિલ્લા પંચાયતના સહયોગથી એક પશુ સારવાર કેમ્પ યોજવામાં આવતા ૪૦ ગામના પશુપાલકો તેમના ઢોરો લાવી હજારો ઢોરોનું નિદાન કરાવેલ. જેમાં ૪૧૮ ઢોરોને ઓપરેશનો વિગેરે કરવામાં આવેલ.

ઘોઘા બંદરે દીક્ષા મહોત્સવ

પરમ પૂજ્ય આ. શ્રી ચંદ્રોદયસૂરીશ્વરજી મ૦ પૂ. આ. શ્રી અશોકચંદ્રસૂરીશ્વરજી મ૦ આદિની નિશ્રામાં ઘોઘા નિવાસી શ્રી હર્ષદરાય ચુનીલાલ શાહ (હાલ : મુંબઇ-ઘાટકોપર)ના સુપુત્રી કુમારી વીણાબેનની પુણ્યવંતી દીક્ષા ફાગણ વદ ૩ના ઘોઘાતીર્થમાં ભારે ઉલ્લાસ અને ધર્મ પ્રભાવનાસહ થયેલ. વર્ષીદાનની ભવ્ય રથયાત્રા નીકળેલ, તથા સમગ્ર ઘોઘા ગામનું પ્રીતિ ભોજન (ગામ ધુવાડો બંધ) રાખવામાં આવેલ.

✖ શ્રી સ્થાનકવાસી જૈન લીંબડી મોટા સંપ્રદાયના ગાદીપતિ પૂ૦ શ્રી ચુનીલાલજી સ્વામી કાળધર્મ થતા ભારતભરમાં તેમની ગુણાનુવાદ સભા ઠેર ઠેર થયેલ.

✖ દિગમ્બર જૈનાચાર્ય શ્રી સમન્તભદ્રજી મ. બાહુબલી કુંભોજગીરી-મહારાષ્ટ્રમાં મહાપ્રયાણ થતા દિગમ્બર સમાજે ભારે શોકની લાગણી અનુભવેલ.

✖ કાઠમાંન્ડુ (નેપાળ)માં જૈન પરિષદ દ્વારા જૈન તિર્થ સ્થળના વિકાસ અંગે એક વિશાળ યોજનામાં તૈયાર કરાયેલ છે. પ્રમુખશ્રી હુલાસચન્દ ગોલેછાના પ્રયત્નથી નેપાલ સરકારે જમીન પણ ફાળવેલ છે.

ગુણ વાળાને દેખી રાજી થવું, ગુણ રહિત પુરૂષો તરફ પ્રેમ ન કરવો, પાત્રની પરીક્ષા કરવી.

વિ.સં. ૨૦૪૫] ચૈત્ર માસ [વી.સં. ૨૫૧૫

તા. ૭ મી એપ્રિલ થી ૫ મી મે ૧૯૮૯ 卐 શુભ દિન
દિ : ૨૯, વૃદ્ધિ : સુદ ૧૩, મંગળ, બુધ, ક્ષય : સુદ ૧, વદ ૧૨
સુર્ય ઉદય ૬-૨૮ [નવકારશી : ૭-૨૦] સુર્યઅસ્ત : ૬-૫૫

સુદ 卐 ૨ શુ	તા. ૭	શકે સં. ૧૯૧૧ પ્રારંભ, ગુડી પડવો, ચૈત્રી નવુ વર્ષ પ્રારંભ-૨૦૪૬ ચંદ્રદર્શન, પૂ૦આ૦શ્રી વિજયાનંદ (આત્મારામજી) સૂરી જન્મ.
૩ શ	૮	શ્રી કુંથુનાથ કેવળજ્ઞાન કલ્યાણુક.
૪ રવી	૯	ચંદ્ર ગુરૂયુતિ ૧૫/૩૭, પૂ૦ પં. શ્રી પદ્મવિજયજી મ. સ્વ. (૧૮૬૨) ગણેશ ચોથ
卐 ૫ સો	૧૦	શ્રી અજીતનાથ, શ્રી સંભવનાથ મો. ક. રોહિણી, શ્રી કાપરડાજી.
૬ મંગળ	૧૧	
૭ બુ	૧૨	આ. શ્રી આનંદવિમલસૂરીજી સ્વ.(૧૫૯૯)
卐 ૮ ગુરૂ	૧૩	પુષ્ય નક્ષત્ર પ્રા. ૧૨-૨૪. નવપદ આયંબીલ, ઓળી પ્રારંભ, અઠ્ઠાઇપ્રારંભ, મેષાર્ક
卐 ૯ શુ	૧૪	શ્રી સુમતિનાથ મો. ક. પુષ્ય નક્ષત્ર સ. ૧૪-૧૦ કમુહંતા ઉતર્યા.
૧૦ શ	૧૫	આ. શ્રી વિજ્ઞાનસૂરીજી મ. સ્વ. (૨૦૨૨)
૧૧ રવી	૧૬	શ્રી સુમતિનાથ કે. કલ્યણાક
૧૨ સો	૧૭	સુદ૧૨-૧૩-૧૪ પૂજ્ય સાધુ-સાધ્વીજીનો ત્રણ દિવસનો જાપ અચિતરજ ઉડાવણીનો
૧૩ મંગળ	૧૮	શ્રી મહાવીર જ. કલ્યાણુક, દિ.સ્થા.તે.ખ. અ. તથા સરકાર માન્ય.
૧૩ બુધ	૧૯	શ્રી મહાવીર સ્વામી જ. ક. તપગચ્છ માન્ય શ્રી સીમંધર સ્વાસી આદિ ૨૦ વિહરમાન જિન કેવળ ક. જૈન પત્ર પ્રારંભ (૧૯૬૦)
૧૪ ગુરૂ	૨૦	પૂ.આ.શ્રી ભુવનરત્નસૂરીજી (સૌરાષ્ટ્રકેસરી) સ્વ., આ. શ્રી દેવેન્દ્રસૂરીજી મ. સ્વ.
卐 ૧૫ શુક્ર	૨૧	શ્રી પદ્મપ્રભુસ્વામી કે. ક., નવપદ આયંબીલ ઓળી પૂર્ણ, શ્રી સિદ્ધાચલજી તીર્થ શ્રી મોહન ખેડા, શ્રી લક્ષ્મણુજી, શ્રી કોરટાજી મેળો. પૂ. આ.શ્રી ધર્મમૂર્તિસૂરીજી સ્વ.
વદ 卐 ૧ શનિ	૨૨	શ્રી કુંથુનાથ મો. કલ્યાણક
૨ રવી	૨૩	શ્રી શીતલનાથ દી. ક. વિછુડો પ્રા. ૫-૫૦
૩ સો	૨૪	વિછુડો
૪ મંગળ	૨૫	વિછુડો સ. ૧૫-૫૧. આ.શ્રી દર્શનસૂરીજી સ. તિ. (૨૦૧૬-પાલીતાણા)
૫ બુધ	૨૬	શ્રી કુંથુનાથ મો. ક. શ્રીમદ્ રાજચંદ્ર સ્વ.
卐 ૬ ગુરૂ	૨૭	શ્રી શીતલનાથ ચ. ક., આ.શ્રી ભુવનભાનુસૂરીજી જન્મદિન (૧૯૬૭)
૭ શુક્ર	૨૮	શુક્ર દર્શન પશ્ચિમે, પૂજ્યશ્રી વૃદ્ધિચંદ્રજી સ્વ. તિથિ
૮ શનિ	૨૯	પૂ. પં. શ્રી ધર્મવિજયજી મ,ડેલાવાળા સ્વ. આ. શ્રી ભુવનચંદ્રસૂરીજી સ્વ.
૯ રવી	૩૦	પંચક પ્રારંભ ૪-૪૮
૧૦ સોમ	૧મે	શ્રી નમિનાથ મો. ક. પંચક. શ્રી સિમંધર સ્વામી આદિ વીસ વિહરમાન પ્રભુના જ.ક.
૧૧ મંગળ	૨	પંચક
卐 ૧૩ બુધ	૩	શ્રી અનંતનાથ જ. ક. પંચક મુનિશ્રી મોહનલાલજી મ. સ્વ. (૧૨) સુરત ૧૯૬૩
૧૪ ગુરૂ	૪	શ્રી અનંતનાથ દીક્ષા, કે.ક. શ્રી કુંથુનાથ જ. ક. પંચક સ. ૭-૧૫
૩૦ શુક્ર	૫	આ. શ્રી નેમસાગરસૂરીજી સ્વ. આ શ્રી કીર્તિચંદ્રસુરીજી મ. જન્મદિન (૧૯૭૨)

બૃહદ જૈન જગત

— મધ્યપ્રદેશ સરકારના કોંગ્રેસ (આઇ) મંત્રીમંડળમાં શ્રી પ્રકાશ જૈનને ઉચ્ચ શિક્ષા વિભાગના મંત્રી તરીકે લેવાયેલ છે.

— દિ. ભટ્ટારક શ્રી ચારુકીર્તિજીના પ્રયત્નથી બેંગલૌર વિશ્વ વિદ્યાલય દ્વારા શ્રી જૈન મઠ મૂડબિદ્રી (કર્ણાટક) સંચાલીત શ્રીમતિ રમારાણી જૈન શોધ-સંસ્થાને કન્નડ વિભાગને પી.એચ. ડી. તથા અન્ય જૈન સાહિત્ય સંબંધી સંશોધન કાર્ય માટે સ્વિકૃતિ આપેલ છે.

—પુના મહાનગરપાલીકા દ્વારા રાજસ્થાની સામાજીક કાર્યકર્તા શ્રીમતિ મંજૂલતા ચમ્પાલાલ મહેતાનું તેમની સેવા બદલ તામ્રપત્ર આપી બહુમાન કરેલ.

— વિશ્વ મરાઠી સમ્મેલન મુંબઈમાં ૧૯૮૯ના ઓગસ્ટ માસમાં યોજાનાર હોઈ તેમાં મરાઠીમાં પ્રકાશીત થયેલ જૈન સાહિત્ય-પત્ર-પત્રીકાની પણ વિચારણા થાય તે માટે શ્રી માણેકચન્દ નહાર દ્વારા જણાવેલ છે. શ્રી માણેકચન્દ નહાર સંસદના તામીમનાડુના ઉમેદવાર છે.

દુષ્કાર્ય ન કરવું, આત્માને નિંદ્ય કાર્યમાં ન જોડવું, અતિ સાહસિક કાર્ય ન કરવું.

શાસનપ્રભાવક આચાર્યદેવશ્રી વિજય-હેમપ્રભસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં ઉજવાયેલ શાસન પ્રભાવનાના કાર્યો

પરમશાંત વાત્સલ્યમૂર્તિ આચાર્ય ભગવંત હેમપ્રભસૂરીશ્વરજી મ૦સા૦ ગત ચાતુર્માસ શ્રી સિદ્ધક્ષેત્રની પવિત્ર ભૂમિમાં શ્રી સૂરીમંત્રના ત્રણ પ્રસ્થાનની આરાધના કરીને પોતાના શિષ્ય-પ્રશિષ્યાદિ બહોળા પરિવાર સાથે અનેકાનેક શાસન પ્રભાવક મહોત્સવ સિદ્ધક્ષેત્રમાં ઉજવીને પોષ વદ ૧૦ના દિવસે પાલીતાણાથી વિહાર કરીને મહા સુદ ૫ના દિને સસ્વાગત શ્રી ચિત્તલ-નગરે પધાર્યા હતા. અત્રેના ૪૦૦, ૫૦૦ વર્ષ પ્રાચીન દેરાસરમાં શ્રી શાંતિનાથ ભગવાનને ગાદીનશીન થયે ૧૦૦ વર્ષ પૂર્ણ થતાં દેરાસરનો વર્ષગાંઠ દિન, નૂતન જૈન ભુવનનો ઉદ્ઘાટન સમારોહ, શાંન્તિસ્નાત્ર, ત્રણે દિવસ નવકારશી ત્રણે ટાઇમ સહિત ત્રણ દિવસના મહોત્સવ પૂર્વક અઢાર અભિષેક સાથે ઉજવાયો હતો. ચિત્તલથી મહા વદ ૧ના દિને પૂજ્યશ્રી અમરેલી નગરે પધાર્યા હતા. અમરેલીમાં શ્રી કેશર ફાઉન્ડેશન–નમિનાથ જૈન સંઘના ઉપક્રમે નૂતન જીનાલયના શિલાસ્થાપન શ્રી ચંપકલાલ ગીરધરલાલ વોરાએ પૂજ્યશ્રીની પાવન નિશ્રામાં કર્યું હતું. અમરેલીથી વિહાર કરી પોતાની અનુકુળતા ન હોવા છતાં અમરેલીમાં સ્થીરતાનો લાભ સાવરકુંડલા પધારતા ગામમાં સારો ઉત્સાસ પ્રગટેલ. તેમજ અત્રે દેરાસર સામે રહેતા ધર્મભાવના શીલ શાંતાબહેનના સુપુત્ર દિનેશભાઇ સંઘવીની નાની ઉંમરમાં તબીયત બગડતા આચાર્ય દેવશ્રીને ઘર આંગણે પગલા કરાવી જાવજીવના–પચ્ચખાણો લઇને સમતા ભાવે કર્મ ખપાવતા સમાધી પુર્વક સ્વર્ગવાસ થયેલ. બાદ ખાંભા વિગેરે સ્થળે પધારી પૂજ્યશ્રી મહા વદ ૧૪ના દિવસે ઉના મુકામે પધાર્યા હતા.

પૂજ્યશ્રીને શ્રી અજારા પાર્શ્વનાથ વિષે વિશેષ ભક્તિભાવ હોવાથી તેમની ઇચ્છા પ્રગટ પ્રભાવી શ્રી અજારાદાદાની નિશ્રામાં સૂરીમંત્રના ચતુર્થ પ્રસ્થાનની આરાધના કરવાની હોવાથી અમાસના સાંજે અજારા તીર્થ પધાર્યા હતા. અને ફા. સુ. ૧ના શુભ પ્રભાતથી પ્રગટ પ્રભાવી દાદાની સામે જ સૂરીમંત્રના જાપ–તપ સાથે શરૂ કર્યા હતા.

કેટલાય વર્ષો બાદ શ્રી અજારાદાદાની નિશ્રામાં સૂરીમંત્રની વિધિપૂર્વક આરાધના થતી હોવાથી તેની ઉજવણી નિમિત્તે ઉના શ્રીસંઘનો ઉલ્લાસ ઘણો હોવાથી ફાગણ સુદ ૫ના દિવસે ઉના સંઘ તરફથી શ્રી અજારા તિર્થમાં સવારે નૂતન આરાધના હોલ (કેશરવાટિકા) સુવ્રત આરાધના હોલનું ઉદ્ઘાટન સવારે ૯થી ૧૧ અઢાર અભિષેક અને બપોરે વિજય મુહુર્તે શ્રી સિદ્ધચક્ર મહા-પૂજન ભણાવાયું હતું. અત્રે શ્રી પાર્શ્વપ્રભુને લેપ કર્યા બાદ ૧૦–૧૨ વર્ષે અઢાર અભિષેક થતા હોવાથી સંઘનો ઉલ્લાસ ઘણો જ હોવાથી ઘીની બોલી સારી થઇ હતી અને ઉના સંઘનું બે વખતનું સંઘ જમણ પણ તે નિમિત્તે થયું હતું.

શ્રી ઉના ગામમાં મૂળનાયક શ્રી આદિનાથ પ્રભુનું શિખર જે પહેલા ઘુમટાકાર હતું તે હવેથી ભવ્ય ઉત્તુંગ શિખર થવાથી તેનો ધ્વજારોપણ મહોત્સવ પૂજ્યશ્રીની નિશ્રામાં થાય એવી ઉના શ્રીસંઘની આગ્રહભરી વિનંતિ થઇ. અત્રે સાધુ–સાધ્વીજી મ૦નો વિહાર અલ્પ હોવાથી અને ધ્વજારોપણનું મુહુર્ત ફાગણ વદ ૧૦નું હોવાથી સંઘની આગ્રહ ભરી વિનંતિને માન આપીને પૂજ્યશ્રીએ તે માટે સંમતી આપી છે. તે મુજબ ફાગણ વદ ૧ થી ૧૦ સુધી ઉના ગામે સ્થીરતા કરશે. ત્યારપછી પૂજ્યશ્રીનો વિહાર જુનાગઢ તિર્થ તરફ થશે. પ્રાય: ચૈત્ર સુદ ૧૦–૧૧ જુનાગઢ પહોંચવાની પૂજ્યશ્રીની ધારણા છે.

વિહાર દરમ્યાન ગામોગામ પૂજ્યશ્રીનું સપરિવાર સામૈયાથી સ્વાગત થયું હતું અને પોતાથી અમૃતમય શૈલીથી જિનવાણીના છાંટણા કરતાં પૂજ્યશ્રીનો વિહાર સુખરૂપે થયો છે.

ઉના સંઘના આગેવાનો ટ્રસ્ટી શ્રી બાબુભાઇ, જગદીશભાઇ વકીલ વિગેરેએ પૂજ્યશ્રીના વિહાર દરમ્યાન તથા અજારા મુકામે સારી સેવા ભક્તિ કરીને આરાધનાની અનુમોદનાનો લાભ લીધેલ છે.

ઝાંકોલી (રાજ.) માં નવાન્હિકા મહોત્સવ

નૂતન ગણિવર્યશ્રી કુલચંદ્રવિજયજી મ૦સા૦, મુનિશ્રી પ્રશાંત-વિજયજી મ૦સા૦, મુનિશ્રી રશ્મિરાજવિજયજી મ૦સા૦ આદિ તેમજ વિવિધ સમુદાયના વિશાળ સાધ્વીવૃંદની શીતળ નિશ્રામાં અત્રે સ્વ. શા. ચુનીલાલજી હાસુજી તેમ જ તેમના માતુશ્રી સ્વ. દિવાળીબહેન તથા ધર્મપત્ની સ્વ. ગોમીબહેનના આત્મ શ્રેયાર્થે નવપદ ઓળીની આરાધના અને શ્રી સિદ્ધચક્ર મહાપૂજન સહિત નવાન્હિકા જિનભક્તિ મહોત્સવ તા. ૧૧ એપ્રીલથી તા ૨૨ એપ્રીલ સુધી ઉજવવામાં આવનાર છે.

આ દિવસો દરમ્યાન દરરોજ પ્રાત: સમયે દેરાસરમાં સામુહિક મહાપ્રભાવી ભકતામર સ્તોત્ર પાઠ, પ્રવચનમાં નવપદજીનું માહાત્મ્ય અને શ્રીપાલરાજા અને મયણા સુંદરીના જીવન પ્રસંગ, પ્રભુજીની સુંદર અંગરચના, મંદિરની સુંદર સજાવટ, આરતી, રાત્રિ ભાવના આદિના સુંદર કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવનાર છે.

દુ:ખ આવે ત્યારે મુંઝાવું નહીં, મરણ આવે તો પણ સન્માર્ગનો ત્યાગ કરવો નહીં, આ ન્યાયનો માર્ગ છે.

પં.શ્રી મહાયશસાગરજીનો હસ્તિનાપુર તરફ વિહાર

પૂ૦ પંન્યાસપ્રવરશ્રી મહાયશસાગરજી મ૦ સા૦ આદિ ઠાણા મોરબીમાં શાનદાર ચાતુર્માસ તથા ઉપધાનતપની મહા મંગલકારી આરાધના કરાવ્યા બાદ શંખેશ્વર, આબુ, રાણકપુર આદિની તીર્થયાત્રા કરતાં બાલ મુનિરાજશ્રી પદ્મયશસાગરજી મ૦ સા૦ સળંગ ત્રીજા વર્ષીતપના પારણા પ્રસંગે દિલ્હી પાસે આવેલ હસ્તિનાપુર તીર્થે પધારી રહ્યા છે. ફાગણ વદ ૧૪ પ્રાયઃ જયપુર અને ચૈત્ર વદમાં હસ્તિનાપુર પધારશે. શંખેશ્વર તીર્થથી મુનિરાજશ્રી નિત્યવર્ધનસાગરજી મ૦ સા૦ પણ સાથે પધારેલ છે.

જૈન અધ્યાત્મ સ્ટડી સર્કલ્સ ફેડરેશન–મુંબઇ

જૈન અધ્યાતમ સ્ટડી સર્કલ્સ ફેડરેશનના ઉપક્રમે આયોજિત પરમાગમસાર પુસ્તકોનો જાહેર વિમોચન સમારંભ બિરલા ક્રિડા કેન્દ્ર–ચોપાટી મધ્યે તા. ૧૯–૩–૮૯ને રવિવારના રોજ ગોઠવવામાં આવેલ.

સમારંભના મુખ્ય મહેમાન તરીકે માનનીય પ્રધાનશ્રી બી. એ. દેસાઈ, સમારંભ પ્રમુખ તરીકે શ્રી વસનજીભાઇ લખમશીભાઇ, વિમોચક તરીકે શ્રી જે. આર. શાહ તેમ જ મુંબઇ શહેરના પ્રતિષ્ઠિત આગેવાનોએ હાજરી આપી હતી.

આ સમારંભ દરમ્યાન અલ્કેશ દિનેશ મોદી મેમોરીયલ ટ્રસ્ટ તરફથી ઘટાડેલ કિંમતે પુસ્તક વિતરણ કરવામાં આવેલ.

કેકડી (જિ. અજમેર)માં જૈન મૂર્તિઓની ચોરી

અત્રે સરાવગી શેરીમાં આવેલ જૈન દેરાસરમાંથી તેર કિંમતી મૂર્તિઓની ચોરી થઇ ગયેલ છે. આઠ ધાતુઓની બનેલી આ મૂર્તિઓ આઠસો વર્ષ પુરાણી હોવાનું મનાય છે. ચોરી કરનારાઓએ મૂર્તિઓ ઉપરાંત પૂજાના વાસણો તેમ જ અન્ય કિંમતી વસ્તુઓ પણ ઉપાડી ગયા છે.

મહેસાણા (ઉ.ગુ.) શ્રી યશોવિજયજી પાઠશાળા

વિદ્યાર્થીઓ તથા અધ્યાપકો બસ દ્વારા રાણકપુરજી, જૈસલમેર આદિ ૨૭ તીર્થોની યાત્રા દરમ્યાન શ્રી પ્રભુભક્તિ, પ્રતિક્રમણ આદિ અનુષ્ઠાનો થયા હતા. સુમેરપુરમાં શ્રી જીવરાજજી ભૂતાજીએ બિયાસણુ કરાવવાનો લાભ લીધો હતો, યાત્રિકો દ્વારા રૂા. ૨૧-૦૦ની પ્રભાવના થયેલ.

હાલ વિદ્યાર્થીઓ પંચસંગ્રહ, તત્વાર્થ, જ્ઞાનસાર વગેરેનો તથા પાંચ વિદ્યાર્થીઓ વ્યાકરણનો અભ્યાસ કરે છે. એક વિદ્યાર્થી એકાંતરે ૫૦૦ આયંબિલની તપશ્ચર્યા કરે છે. વ્યાકરણ આદિના અભ્યાસ કરનારને સારી સ્કોલરશીપ આપવામાં આવે છે.

ડગથી પરાસલી તીર્થનો પદયાત્રા સંઘ

પૂ૦ આચાર્યશ્રી વિજયહ્રીંકારસૂરિશ્વરજી મ૦સા૦, પૂ૦ પંન્યાસશ્રી પુરંદરવિજયજી મ૦, પૂ૦ મુનિશ્રી કંચનવિજયજી મ૦ આદિ તથા સાધ્વીશ્રી પુષ્પાશ્રીજી આદિની શુભ નિશ્રામાં તા. ૧૨ માર્ચના ડગથી પદયાત્રાનો પ્રારંભ થયેલ. ઉમરિયા, રુનિયા આદિ ગામોએ સ્થિરતા કરી તા. ૧૪ માર્ચના પરાસલી તીર્થમાં મંગલ પ્રવેશ થયો. ત્યાં સંઘમાળા પરિધાન તેમ જ ભક્તામર મહાપૂજન થયેલ.

સુરત–ગોપીપુરામાં યોગોદ્વહન–ઉદ્યાપન ઉજવણી

પૂ૦ આચાર્યશ્રી ચિદાનંદસૂરીશ્વરજી મ૦સા૦ આદિની શુભ નિશ્રામાં સ્વ. આચાર્યશ્રી મુનિસુંદરસુરીશ્વરજી મ૦સા૦ના શિષ્ય મુનિશ્રી સુયશમુનિની ભગવતીસૂત્રની, મુનિશ્રી કીર્તિસેન મુનિના મહાનિશીથ સૂત્ર, મુનિશ્રી પિયુષમુનિના સૂત્રગડાંગસૂત્ર, મુનિશ્રી જયચંદ્ર મુનિના ઉત્તરાધ્યયન સૂત્રના યોગોદ્વહન તથા શ્રાવક–શ્રાવિકાઓના વિવિધ વ્રતોચ્ચારણના ઉપલક્ષમાં ગત ફાગણ સુદ ૩ શુક્રવારના શ્રી મોહનલાલજી જૈન ઉપાશ્રય, ગોપીપુરા, સુરતમાં મહોત્સવ આદિની ઉજવણી કરવામાં આવેલ.

ઉમરગામ નગરે અમુલ્ય અવસર

અધ્યાત્મ યોગી પૂ૦ આ૦શ્રી નવીનસૂરીશ્વરજી મ૦ સા૦, ગણિવર્યશ્રી યશોવર્મવિજયજી મ૦ સા૦ આદિની શુભ નિશ્રામાં અત્રે ભવ્ય અંજનશલાકા, પ્રતિષ્ઠા, પંન્યાસપદ પ્રદાન, ૫ છોડનું ઉદ્યાપન, વડીદીક્ષા આદિના કાર્યક્રમોનું આયોજન આગામી મે–માસમાં થનાર છે. પૂ૦ ગણિવર્યશ્રી યશોવર્મવિજયજી મ૦સા૦ને પૂ૦ આ૦શ્રી નવીનસૂરીશ્વરજી મ૦ સા૦ના વરદ્ હસ્તે તા. ૭–૫–૮૯ના રોજ પંન્યાસપદવી આપવામાં આવનાર છે.

એલોરામાં બ્રહ્મચર્યાશ્રમનો શિલાન્યાસ સમારોહ

શ્રી પાર્શ્વનાથ બ્રહ્મચર્યાશ્રમ–ગુરુકૂળ ભવનના શિલાન્યાસ સમારોહ પ્રસંગે પ્રસિદ્ધ દિગંબર મુનિશ્રી આર્યનંદીજી મહારાજે કહ્યું કે "સમાજમાં નૈતિક મૂલ્યોની સ્થાપના માટે લોકોને વિદ્યાર્થી જીવનમાં જ ધાર્મિક શિક્ષણનું જ્ઞાન આપવું જોઈએ." વિદ્યાલય ભવનની ઇમારતનું ભૂમિપૂજન પદ્મભુષણ, સમાજ શિરોમણી સાહુ શ્રેયાંસપ્રસાદ જૈને કરેલ. આ સમારોહ પ્રસંગે દેશભરમાંથી હજારોની સંખ્યામાં ભાવિકો પધાર્યા હતા. સાહૂ શ્રેયાંસપ્રસાદ જૈન ઉપરાંત સમાજના અન્ય ઉચ્ચ નેતાઓ સાહૂ અશોકકુમાર જૈન, શ્રી રતનલાલ ગંગવાલ તેમ જ બાબુલાલ પાટપૈદીએ પણ હાજરી આપી હતી.

અતિ રાગ ન ધરવો, અપ્રિય પર પણ રોષ ન કરવો, કલેષ-કંકાશ વધારવો નહીં.

મુખ્યમંત્રીશ્રી કરુણાનિધિની ઉપસ્થિતિમાં કુમારપાળ દેસાઇ લિખિત પુસ્તકનું વિમોચન

ગુજરાતી ચરિત્ર-સાહિત્યમાં એક વિશિષ્ટ ભાત પાડતું 'આતમજ્ઞાની શ્રમણ કહાવે' એ પુસ્તક પૂજ્ય આચાર્યશ્રી કૈલાસસાગરસૂરીજીના જીવનની રસપ્રદ શૈલીમાં ઓળખ આપે છે. સામાન્ય રીતે આવા જીવન ચરિત્રો કાં તો અતિશયોક્તિમાં અથવા ધાર્મિક અનુષ્ઠાનોની વિગતોમાં સરી જતા હોય છે. આ બંને બાબતોથી દૂર રહીને આ ચરિત્ર આગવી ઢબે ડૉ. કુમારપાળ દેસાઈએ આલેખ્યું છે. આત્મનિષ્ઠ વ્યક્તિઓના જીવનની બહુ ઓછી વિગતો સાંપડતી હોય છે તેવી પરિસ્થિતિમાં અનેક સંશોધનો અને મુલાકાતો બાદ કેટલીય હકીકતો મેળવીને આ ચરિત્ર આલેખવામાં આવી છે.

કાશીરામમાંથી કઈ રીતે કૈલાસસાગરજી બન્યા તે જીવન પરિવર્તનની વિગતો એટલી વેધક રીતે આપી છે કે વાચક જાણે કોઈ રસભર્યું કથાનક વાંચતો હોય એવો જ અનુભવ થશે, વળી પૂજ્ય કૈલાસસાગરજીના જીવનમાં પ્રગટતી નમ્રતા, ત્યાગ, સંયમ અને પ્રભુભક્તિને જુદા જુદા પ્રસંગો દ્વારા આમાં સાકાર કરવામાં આવ્યા છે. આ પુસ્તકમાં શ્રી ગિરધરલાલ વોરા અને એમના કુટુંબીજનોના સહયોગને કારણે એનું ઓફ્-સેટ પ્રિન્ટીંગ જોવા મળે છે તેમજ પ્રત્યેક પ્રકરણના આરંભે ચરિત્ર-નાયકની ભાવવાહી છબી જોવા મળે છે. તાજેતરમાં મદ્રાસમાં પૂજ્ય આચાર્યશ્રી પદ્મસાગરસૂરીજીની નિશ્રામાં તામિલનાડુના મુખ્યમંત્રી કરુણાનિધિની ઉપસ્થિતિમાં શ્રી દીપચંદભાઇ ગાર્ડી દ્વારા આ પુસ્તકનો વિમોચન વિધિ યોજાયો હતો.

જયપુરમાં અભિનંદન સમારોહની થનાર ઉજવણી

ગણિવર્યશ્રી મણિપ્રભસાગરજી મ૦ સા૦ની પાવન નિશ્રામાં અને પ્રધાન પદ વિભૂષિતા પૂજ્યશ્રી અવિચલશ્રીજી મ૦ સા૦ની સાંનિધ્યમાં ગુલાબી જયપુર નગરમાં આગામી તા. ૨૦-૫-૮૯ના રોજ આગમ જ્યોતિ પ્રવર્તિની સાધ્વીશ્રી સજ્જનશ્રીજી મ૦સા૦ના એક અભિનંદન સમારોહનું આયોજન શ્રી જૈન શ્વેતાંબર ખરતરગચ્છ સંઘ, શ્રી શીવજીરામ ભવન, મોતીસિંહ ભોમીયો કા રાસ્તા, જોહરી બજાર, જયપુરમાં રાખવામાં આવેલ છે.

ગંગધારથી નાગેશ્વર તીર્થનો પદયાત્રા સંઘ

પૂ૦ આચાર્યશ્રી વિજયહ્રીંકારસૂરીશ્વરજી મ૦સા૦, પં. શ્રી પુરંદરવિજયજી મ૦સા૦ આદિની શુભ નિશ્રામાં ગંગધારથી નાગેશ્વર તીર્થનો છ'રી પાલિત પદયાત્રા સંઘ લાલચંદ શાંતિલાલ મુથા પરિવારના સહયોગથી ગત તા. ૨૫-૨૬ માર્ચના રોજ નીકળેલ.

સાધ્વીશ્રી દિવ્યયશાશ્રીજી મ૦નો કાળધર્મ

૫૦પૂ૦ યુગદીવાકર આચાર્યદેવશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ૦ સા૦ના સમુદાયવર્તી પ. પૂ૦ સાધ્વીશ્રી મંજુલાશ્રી મ૦ સા૦ (ખંભાતવાળા)ના સુશિષ્યા સાધ્વીશ્રી દીવ્યયશાશ્રીજી મ૦ સા૦ (પ્રભાસ પાટણવાળા) મુંબઈમાં સં. ૨૦૪૫ના ફાગણ સુદ ૯ને બુધવારના રોજ સાંજના ૬-૩૦ કલાકે નવકાર મહામંત્રનું સ્મરણ કરતાં કરતાં સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે.

મહુડીમાં વર્ષીતપના પારણા

શ્રી મહુડી (મધુપુરી) જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ દ્વારા અત્રે વૈશાખ સુદ ૩ ને સોમવારના રોજ વર્ષીતપના પારણા કરાવવાનું નક્કી કરેલ છે. તપસ્વીઓને તમામ પ્રકારની સગવડો આપવામાં આવનાર છે.

યાત્રા અર્થે પધારો ને જિર્ણોદ્ધારમાં સહાયક બનો

તપગચ્છ રક્ષક શ્રી માણિભદ્રવિરના આ તિર્થસ્થાન શ્રી આગલોડના વર્તમાન ઉદ્ધારક શ્રીમદ્ વિજયપ્રેમસુરીશ્વરજી મ. સા. ના સમુદાયના અને પુજ્ય આચાર્યશ્રી હિમાચલસુરીશ્વરજી મ. દ્વારા ધાણેરાવ કીર્તિસ્તંભમાં આચાર્યપદવી વિભુષિત થયેલ પરમયોગી પુજ્ય આચાર્યદેવ **શ્રી વિજયઆનંદઘનસૂરીશ્વરજી** મહારાજશ્રીની પ્રેરણા અને માર્ગદર્શન મુજબ આ તીર્થનો જીર્ણોદ્ધાર થઈ રહેલ છે. તેમજ શ્રી આગલોડ જૈન શ્વે. મુ. પુ. સંઘ તરફથી યાત્રાળુઓ માટે આધુનિક સુવિધાવાળી ધર્મશાળા, ભોજનશાળાની સગવડ કરવામાં આવેલ છે.

આગલોડ આવવા માટે ગુજરાતના મહેસાણા, હિંમતનગર, વિજાપુર, અમદાવાદથી અનેક એસ. ટી. ની બસ મળે છે.

આ તીર્થના દર્શન-જાત્રાનો લાભ લેવા વિનંતી છે.

શ્રી માણીભદ્ર જૈન તીર્થ પેઢી

શ્રી જૈન શ્વેતામ્બર મૂ. પૂ. સંઘ (ફોન : ૩૪)

મુ. આગલોડ (તા. વિજાપુર : જી. મહેસાણા - ઉ. ગુ.)

'જૈન' પત્રના ગ્રાહકોને નમ્ર વિનંતી

જે ગ્રાહક બંધુઓએ ચાલુ વર્ષનું લવાજમ ન મોકલ્યું હોય તેમણે રૂ. ૫૦/- M. O. મોકલાવવા વિનંતી.

ધનનો ક્ષય થયો હોય તો પણ યથોચિત દાન દેવું એ તરવારની ધાર પર ચાલવા જેવું વિષમ વ્રત છે

પત્ર પેટી : વાંચકોની સ્વતંત્ર વિચાર સૃષ્ટિ

દેરાસરોમાં વધતી ચોરી

સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકામાં સુરત શહેરની બાજુમાં જ નદીના સામા કાંઠે અમરોલી ગામ વસેલું છે. જ્યાં અમીઝરા વાસુપૂજ્ય સ્વામીનું વિશાળ તીર્થ છે. અહિં કા. શુ. ૧૫, ચૈત્ર શુ. ૧૫ જેવા મહત્ત્વના ધાર્મિક પ્રસંગોએ જૈન ભાવિકો વિપુલ સંખ્યામાં બહારથી અત્રે પધારે છે, ભાતુ આપવામાં આવે છે. નજીકમાં જ આઉટ પોલીસ સ્ટેશન હોવા છતાં અહિંના દેરાસરમાં બીજી વખત ચોરી થવાનો બનાવ બન્યો છે.

જો કે અન્ય વ્યક્તિઓનું કહેવું છે કે અન્ય ધર્મ સ્થાનકો કરતાં વધુમાં વધુ જૈન દેરાસરમાં ચોરીઓ થાય છે. અને તેમાંથી મોટાભાગની ચોરીઓની કડી મળતી નથી. ક્યારેક નજીવી સફળતા મળતા પોલીસે વિજય મેળવ્યો હોય તેમ ચોરી પકડાઈ ગયાની જાહેરાત-પ્રચાર થાય છે. જેટલી ચોરીઓ થાય છે તેનો પ્રચાર થતો નથી. આ ચોરીની કડીઓ કેમ મળતી નથી તેનો કોઈને કેમ વિચાર આવતો નથી તે જ નવાઈ જેવું લાગે છે!

બનાસકાંઠા જિલ્લાના દીયોદર ગામે ત્રણ વખત ચોરીઓ થયેલી તેમજ પાલીતાણા, મુંબઈ, અમદાવાદમાં ચોરીઓ થયેલી. જેમાની એક પણ ચોરીની કડી મળી નથી. પોલીસ ખાતાની નિષ્ક્રિયતા, જૈનોની નબળાઈ, સંગઠનનો અભાવ કે જાગૃતિની ખામી શુંવી?

જ્યાં જ્યાં જૈન દેરાસરોમાં ચોરી થઇ હોય ત્યાંના આગેવાનોએ જૈન સંસ્થાને આ અંગે જાણ કરી ક્યારે કેટલી, કેવી રીતે ચોરી થઈ પકડાઈ કે કેમ એવી એક પરસ્પર જાણ કરવાની સહકારની ભાવનાથી પ્રણાલિકા શરૂ થાય અને ઉચ્ચ અધિકારીઓ સામે સમૂહમાં યોગ્ય રજુઆતો થાય તેમ જ કેન્દ્ર અને રાજ્ય સરકારમાં ચર્ચાનો આ વિષય બનાવી દેવાય તો જરૂર સાચું માર્ગદર્શન મળી રહે અને મોટા ભાગની ચોરીઓ પકડાઈ જાય તથા ચોરીઓનું પ્રમાણ ઘટી જાય.

જૈન સંઘની આણંદજી કલ્યાણજીની પેઢી, જૈન શ્વે. કોન્ફરન્સન, અ. ભા. સાંસ્કૃતિક રક્ષક દળ જેવી સંસ્થાઓ આ અંગે સત્વરે મીટીંગો બોલાવી આ અંગે શું ચર્ચા-વિચારણા કરશે!

ચોરી કરતા પકડાએલ ચોરોના ફોટાઓ સંપૂર્ણ વિગત સાથે તમામ જૈન સામયિકોમાં પ્રગટ કરવાનું તથા તે ફોટા અને વિગતો પોલીસ ખાતામાંથી મેળવી જૈન સામાયિકોના સંપાદકોને મોકલવાનું કામ જૈન સંઘોએ કરવું જ જોઇએ. તેમજ જૈન સામયિકોના તંત્રી-સંપાદકોએ પણ ચોરીની જાણ થાય એટલે વિગતથી સમાચાર પ્રગટ કરવા જોઇએ ને લેટર પેડ ઉપર જે તે પોલીસ સ્ટેશને પત્ર લખી, જૈન સંઘને પત્ર લખી માહિતી મંગાવી લેવી જોઇએ. જૈનોએ તો ચોરી કરતાં જેને જોવામાં આવે તેને પકડી તેના ફોટા પાડી આવી બાબતમાં જરા પણ દયા કે શરમ ભર્યા વગર પોલીસના હવાલે કરી દેવા જોઇએ. ચોરોમાં આ રીતનો ભય ઊભો નહિ થાય તો ચોરીઓ બંધ થશે જ નહિ.

— પ્રવિણ મહેતા (અમરેલી)

સંગઠન માટે નમ્ર નિવેદન

પ્રથમ તીર્થંકર આદિનાથ ભગવાનનું કથન "પ્રાણી માત્ર પર દયા રાખો" અને છેલ્લા તીર્થંકર મહાવીર ભગવાનના 'જીવો અને જીવવા દો' ના કથનમાં વિશ્વાસ કરવાવાળા વર્તમાનના દુષિત અને હિંસાના વાતાવરણમાં જૈન ધર્મના સિદ્ધાંતોનો પ્રચાર કરીને શાંતિ સ્થાપીત કરવાવાળા ભાઈઓ! થોડા પણ વિચાર તો કરો કે આજ આપણા સમાજમાં કેટલી શાંતિ છે? અને આપણી કઈ સ્થિતિ છે?

જુદા જુદા આચાર-વિચાર અને વ્યવહારોને લઇને કેટલા પ્રકારના માન, કષાય આપણામાં વિદ્યમાન છે. સરળ પરિણામોથી વિચાર કરીએ કે આપણે સમાજને કઇ દીશા દેવા ઇચ્છીએ છીએ. ભગવાન મહાવીરના સમયમાં પણ અનેક મત-મતાંતરો હતા પરંતુ વર્તમાન સમયમાં તે સમય જેવી એક બીજા પ્રત્યે કટુતા હતી?

જ્યારે આપણે એ પણ જાણીએ છીએ કે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કશુ કદિ બગાડી શકતુ નથી તો પછી વ્યર્થ વિવાદ શા માટે કરવો?

ગંભીરતાથી વિચાર કરીએ તો આપણે આપણા મંદિરોમાં વિશ્વશાંતિ અર્થે પ્રતિદિન શાંતિપાઠ, પૂજન વિધાન આદિ કરીએ છીએ.

આપણે આપણા ઘરોમાં, સમાજમાં, દેશમાં શાંતિ સ્થાપિત સ્થાપિત કર્યા બાદ વિશ્વ શાંતિની પ્રાર્થના કરીએ. શું આ શાંતિ પ્રાર્થના છે કે આપણે આપણા જ ઘરમાં એક બીજા લડી-જગડી છિન્ન ભીન્ન થઈ જઇએ અને વિશ્વ શાંતિની પ્રાર્થના કરીએ. કોણ સાંભળશે આપણી આ પ્રાર્થનાને!

વધુ આપને શું કહીએ, હજુ પણ સંગઠીત થવાનો સુઅવસર છે. આવો, આપણે બધા સાથે મળીને મહાવીર ભગવાનના આ મહામંત્રને ફરીથી એક વાર સમજીએ અને તેનું આચરણ આપણા જીવનમાં ઉતારીએ.

— ડાલચંદ જૈન સંસદ સભ્ય (નવી દિલ્લી)

દુર્ગુણી સાથે વસવું નહી, બેસવું નહી. એમ કરવાથી નિંદા થતી નથી, ને દુર્ગુણોથી દુર રહેવાય છે.

Regd. No. BV. G. 20
JAIN OFFICE : P. Box No 175
BHAVNAGAR-364001 (Gujarat)
Tele. O. C/o. 29919 R. 25869

જૈન

સ્વ. તંત્રી : ગુલાબચંદ દેવચંદ શેઠ
તંત્રી–મુદ્રક–પ્રકાશક :
મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
જૈન ઓફીસ, પો.બો. નં. ૧૭૫, દાણાપીઠ, ભાવનગર.

'જૈન' વર્ષ ૮૬
અંક : ૧૩–૧૪

વીર સં. ૨૫૧૫ : વિ સં. ૨૦૪૫ ચૈત્ર શુદ ૯
તા. ૧૪ એપ્રીલ ૧૯૮૯ શુક્રવાર
મુદ્રણ સ્થાન : શ્રી જૈન પ્રિન્ટરી
દાણાપીઠ પાછળ, ભાવનગર-૩૬૪૦૦૧

હે વીર પ્રભુ તમને હું નમસ્કાર કરું છું

– અર્હંત, ભગવંત, સ્વયંબુદ્ધ, વિધાતા અને પુરુષોત્તમ એવા આદિકાર તીર્થંકરરૂપ તમને હું નમસ્કાર કરું છું.

– લોકમાં પ્રદીપ રૂપ, લોકને પ્રદ્યોતના કરનારા, લોકોત્તમ, લોકના અધીશ અને લોકના હીતકારી એવા તમને હું નમસ્કાર કરું છું.

– પુરુષોમાં શ્રેષ્ઠ, પુરુષોમાં સિંહ સમાન, પુરુષોમાં મહગંધી ગજેન્દ્રરૂપ અને સુખને આપવાવાળા એવા તમને હું નમસ્કાર કરું છું.

– ચક્ષુને અને અભયના આપનારા, બોધિદાયક, માર્ગદેશક, ધર્મદાયક, ધર્મદેશક અને શરણદાયક એવા તમને હું નમસ્કાર કરું છું.

– ધર્મના ચક્રવર્તી છદ્મસ્થપણાને નિવૃત્ત કરનાર અને સમ્યગ્દર્શનધારી એવા તમને હું નમસ્કાર કરું છું.

– જિન અને જાપક, તરેલા અને તારનાર, કર્મથી મુક્ત અને મુકાવનારા, બુદ્ધ અને બોધ કરનાર એવા તમને હું નમસ્કાર કરું છું.

– સર્વજ્ઞ, સર્વદર્શી, સર્વ અતિશયના પાત્ર અને આઠ કર્મનો નાશ કરનાર એવા તમને હું નમસ્કાર કરું છું.

– ક્ષેત્ર, પાત્ર, તીર્થ, પરમાત્મા, સ્યાદ્વાદ-વાદી, વીતરાગ અને મુનિ એવા તમને હું નમસ્કાર કરું છું.

– પૂજ્યોના પણ પૂજ્ય, મ્હોટાથી પણ મોટા, આચાર્યોના પણ આચાર્ય અને જયેષ્ઠોના પણ જયેષ્ઠ એવા તમને હું નમસ્કાર કરું છું.

– વિશ્વને ઉત્પન્ન કરનાર, યોગીઓના નાથ અને યોગીને પવિત્ર કરનાર અને પવિત્ર, અનુત્તર અને ઉત્તર એવા તમને હું નમસ્કાર કરું છું.

– પાપનું પ્રક્ષાલન કરનારા, યોગાચાર્ય, જેનાથી બીજું કોઈ વિશેષ ઉત્તમ નથી એવા અગ્ર, વાચસ્પતિ અને મંગળરૂપ તમને હું નમસ્કાર કરું છું.

– સર્વ તરફથી ઉદિત થયેલા, એક વીર, સૂર્યરૂપ અને 'ૐ ભૂર્ભુવઃ સ્વઃ' એ વાણીથી સ્તુતિ કરવા યોગ્ય એવા તમને હું નમસ્કાર કરું છું.

– સર્વજનના હિતકારી, સર્વ અર્થના સાધનાર, અમૃતરૂપ બ્રહ્મચર્યને ઉદિત કરનાર, આપ્ત અને પારંગત એવા તમને હું નમસ્કાર કરું છુ.

– દક્ષિણીય, નિર્વિકાર, દયાળુ અને વજ્ર- ઋષભનારાચ શરીરને ધારણ કરનારા એવા તમને હું નમસ્કાર કરું છું.

– ત્રિકાળને જાણનાર જિનેન્દ્ર, સ્વયંભુ, જ્ઞાન, બળ, વીર્ય, તેજ, શક્તિ અને ઐશ્વર્યમય એવા તમને હું નમસ્કાર કરું છું.

ભગવાન મહાવીર પ્રરૂપિત સાધના-સૂત્રો

खणं परिण्णाय मेहावी,
इयाणं णो, जमहं पुव्वमकासी पमाएणं.

તું મેધાવી સાધક છે.
તારે સિદ્ધિના મેરૂશિખરે વિજયધ્વજ લહેરાવો છે ને?
તો બસ તું આટલો કૃતનિર્ધાર કર:
"અગાઉ મારાથી જે ભૂલ થઈ ગઈ છે, તે ભૂલ હવે હું કદી ક્યારેય નહિ કરું." [આચારાંગ]

✵

अंतरं च खलु इमं संपेहाए,
धीरे मुहुत्तमवि णो पमायए.

હે ધીર સાધક! તું આ બરાબર જાણ ને સમજ કે કાળના અનંત પ્રવાહમાં તને મળેલો માનવજન્મ એ તો એક અણમોલ સુવર્ણ અવસર છે.
ત્યારે તારી એક માત્ર આ જ ફરજ છે કે એક પળ માટે પણ તું બેધ્યાન ન બન પળ ભર પણ પ્રમાદ ન કર.
[આચારાંગ]

✵

अणभिक्कंतं च वयं संपेहाए,
खणं जणाहिं पंडिए.

હે આત્મવિદ્ સાધક! ગયેલાનો શોક શું? ગયું તે ગયું. બાકી છે એ જીવન તરફ આંખ માંડ. હાથમાં જે સમય છે. તેને ઓળખ એ સમયનું મૂલ્ય તું સમજ. [આચારાંગ]

✵

अरइं आउट्टे,
से मेहावि खणंसि मुक्के.

મુક્તિનું હરેક સાધકને આ વચન છે: 'અસંયમથી સદાય-સર્વત્ર અળગો રહે, પળનાય વિલંબ વિના હું તને વરમાળ પહેરાવીશ.' [આચારાંગ]

✵

जाए सद्धाए निक्खंते तमेव अणुपालेज्जा,
विजहित्ता विसोत्तियं.

હે સાધક! છોડ બધી શંકા દ્વિધામાં ન રહે.
શ્રદ્ધાથી તેં સાધનાપથ પર પ્રયાણ આરંભ્યું છે. તો એ જ શ્રદ્ધાને અચળ અને અડગ રાખીને એ પથ પર સતત ચાલતો રહે, ચાલતો રહે. [આચારાંગ]

✵

अदक्खु कामाइं रोगवं.

સાધકને પૂછ્યું: કામભોગ માટે તારું શું માનવું છે? એણે કહ્યું: 'કામભોગ જીવલેણ રોગ સમાન છે. [સૂત્રકૃતાંગ]

✵

तातीणं सरती बाले,
इत्थी वा कुद्धगामिणी.

ઘરનાં માણસો સાથે લડી-ઝઘડીને એ ભાગી ગઈ. ભાગતાં ભાગતાં રસ્તામાં તેને ગુંડાઓએ ઘેરી લીધી, સ્વજનોના નામ દઈને તે ચીસો પાડવા લાગી: બચાવો! બચાવો
અજ્ઞાની સાધક ભાગેડુ સ્ત્રી જેવો છે. સાધનામાં ઉપસર્ગ ઉપાધિઓ આવતા તે પણ પોતાના સ્વજનોને યાદ કરે છે.
[સૂત્રકૃતાંગ]

✵

अप्पपिण्डासि पाणासि,
अप्पं भासेज्ज सुव्वए.

તારે સાધક બનવું હોય તો ઓછું ખા, ઓછું પી અને ઓછું બોલ. [સૂત્રકૃતાંગ]

✵

झाणजोगं समाहट्टु,
कायं विउसेज्ज सव्वसो.

ધ્યાનયોગનું આલંબન લે અને દેહભાવનું સંપુર્ણ વિસર્જન કર. [સૂત્રકૃતાંગ]

✵

जगअवि मायी मायं कट्टु
आलोएज्जा जाव पडिक्कमेज्जा:
अत्थि तस्स आराहणा।

પ્રમાદ થાય, એ સહજ છે, પ્રમાદથી ભલે કપટાચરણ થયું. થયા પછી તેનું પ્રાયશ્ચિત કરી તું સરળ હૃદયી બન. તો જ તું ધર્મની આરાધના કરવા માટે યોગ્ય બની શકે. [સૂત્રકૃતાંગ]

✵

पोक्खरपत्तं व निरुवलेवे...
आगासं चेव निरवलंबे...

સાધક કમળની જેમ નિર્લેપ અને આકાશની જેમ નિરાલંબ રહે. [પ્રશ્ન વ્યાકરણ]

✵

– આદિ પુરુષ, પરમેષ્ટી, મહેશ અને જ્યોતિસ્તત્વરૂપ એવા તમને હું નમસ્કાર કરૂં છુ.
– સિદ્ધાર્થ રાજાના કુળરૂપી ક્ષીરસાગરમાં ચંદ્ર જેવા મહાવીર, ધીર, અને ત્રણ જગતના સ્વામી એવા તમને હું નમસ્કાર કરૂં છું.

–કલિકાળ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય

अदीणो वित्तिमेसेज्जा,
न विसीएज्जा पंडिए.

સાધક અદીનભાવે જીવન જીવે. કોઈપણ પરિસ્થિતિમાં તે ખિન્ન ન બને. [દશવૈકાલિક]

✱

पूयणट्ठा जसोकामी, माणसंमाणकामए,
बहु पसवइ पावं मायासल्लं च कुव्वइ.

જે સાધક પૂજા–પ્રતિષ્ઠાના ચક્કરમાં પડે છે. યશનો ભૂખ્યો છે, માન–સન્માન પાછળ દોડે છે, તેવો સાધક આ બધાં માટે અનેક પ્રકારનો દંભ કરે છે અને ઘણા બધાં પાપકર્મ બાંધે છે. [દશવૈકાલિક]

✱

अणुमायं पि मेहावी, मायामोसं वि वज्जइ.

આત્મવિદ્ સાધક રજમાત્ર દંભ અને અસત્યનું સેવન ન કરે. [દશવૈકાલિક]

✱

कोहं माणं च मायं च,
लोभं च पाववड्ढणं,
वमे चत्तारि दोसे उ,
इच्छंतो हियमप्पणो.

ક્રોધ, માન માયા અને લોભ આ ચાર પાપને વધારનારા છે. આથી આત્મહિત ઇચ્છુક સાધક આ ચારેય દોષોનો ત્યાગ કરે. [દશવૈકાલિક]

✱

(ભાવાનુવાદ) ગુણવંત અ. શાહ

શ્રી સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમ–પાલીતાણા

ઉપરોક્ત સંસ્થામાં ધોરણ ૧ થી ૧૨ સુધીનો અભ્યાસ કરતી બાલીકાઓને દાખલ કરવામાં આવે છે.

વિધવા ત્યકતા કે મોટી બેનોને પણ ધાર્મિક અભ્યાસ માટે દાખલ કરવામાં આવે છે.

સંસ્થામાં રૂા. ૨/–નું મ. ઓ. કરી પ્રવેશ ફોર્મ તા. ૩૦–૪–૮૯ પહેલા મંગાવી લેવું.

માનંદ મંત્રી

પત્ર વ્યવહારનું સ્થળ :–
શ્રી સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમ
પાલીતાણા–૩૬૪૨૭૦

જગતજનની : વિશ્વમાતા ત્રિશલા

એનું રોમ રોમ પુલકિત થઇ ઊઠયું. આસો માસની રાત. રત્નજડિત શૈય્યા, ન કોઇનો પગરવ. ન કોઇનો કલરવ. આખી વૈશાલી જંપીને આરામથી ઊંઘતી હતી. સવાર થવાને હજી સમય હતો. મીઠો પવન ખંડમાં આમથી તેમ આંટા મારી રહ્યો હતો. આંખમાં ઊંઘનો હજી ભાર હતો. પણ હવે તેને સૂવું ગમતું ન હતું.

બંધ આંખોએ પોતે જે કંઇ જોયું હતું. તેની સળંગ ચિત્રાવલી નજર સમક્ષ તરવરી રહી હતી. એક રેખા પણ ઝાંખી થઈ ન હતી.

એણે ઓઢવાનું શરીર પરથી દુર કર્યું. બેઠી થઇ ગઈ થોડીવાર આંખ બંધ કરી તેણે જોયેલાં સ્વપ્ન બરાબર યાદ કરી લીધા. આંખ ખોલી નાંખી. હોઠ ન ફફડે તેમ તેણે ભગવાન પાર્શ્વનાથનું નામ—સ્મરણ કરવા માંડયું.

સવાર પડી. પંખીઓના કલરવથી રાજમહેલનો વિસ્તાર ગૂંજી ઊઠયો, સપનાની સ્મૃતિ અને ભગવાનના નામ સ્મરણને સતત જાળવી રાખીને તેણે સ્નાન કર્યું. નવા વસ્ત્ર પરિધાન કર્યા. સૌભાગ્યનાં શણગાર સજ્યાં.

'દેવી ! આજ આપ કંઇ બહુ પ્રસન્ન છો ?'

જેણે એનો ચહેરો જોયો, જેણે એની આંખમાં ઉભરાતો ઉમંગ જોયો તે સૌએ આ વાતની નોંધ લીધી. ત્રિશલારાણી આજ ઘણાં જ પ્રસન્ન છે. પણ પૂછનારને તેમણે કોઈ જવાબ ન આપ્યો.

ગૃહમંદિરમાં જઇ તેમણે ભગવાનને પ્રણામ કર્યા, સ્તુતિ કરી અને પોતે સ્વપ્ન જોયા હતા તે તેમને કહી દીધા. અને ત્યાંથી જાણે દોડતા હોય એવી ઝડપી ચાલે તે રાજા સિદ્ધાર્થના ખંડમાં ગયા.

'દેવી ! આજ આપ કંઇ હવામાં ઉડો છો ! શું વાત છે ?'

ત્રિશલારાણીના ચહેરા પરની પ્રસન્નતા અને તેમની ચાલનો ઉમંગ જોઈ રાજા સિદ્ધાર્થે સવાર સવારમાં મજાક કરી.

પતિની ચરણરજ માથે ચડાવી લઈ ત્રિશલારાણીએ કહ્યું : 'સ્વામી ! આજે મેં એક નહિ, પરંતુ ૧૪–૧૪ મંગળ સ્વપ્નો જોયા છે. તે નજર સમક્ષ તરવરે છે ને મારૂં હૈયું આનંદથી નાચી ઊઠે છે.

'વાહ ! આજે તો સવારમાં ખૂબ જ આનંદના સમાચાર આપ્યા. દેવી ! કહો, મને પણ તમારા સપનાની વાત કહો. હું પણ એ જાણીને તમારી જેમ આનંદથી નાચીશ.'

ત્રિશલારાણીએ વિનયથી કહ્યું : હે મારા જીવનદેવ ! સૌ પ્રથમ મેં સિંહને જોયો. શુ એનો મિજાજ હતો ? ઉદાર ઉભો

હતો. પૂંછડી ઊંચી હતી. તાકીને તે જોતો હતો, પરંતુ તે જરાય ભયાવહ નહોતો લાગતો. ઉલ્ટું તેને પ્રેમથી પંપાળવાનું મન થાય તેવો દેખાતો હતો.

હજી હું સિંહને મન ભરીને નીરખું ત્યાં મેં હાથી જોયો. અને સ્વામી! તે પણ ચાર ચાર દંતશૂળવાળો. મેં બળદ જોયો. શ્રીદેવીના દર્શન કર્યા. પૂરા ખીલેલા ફૂલોની બબ્બે ફૂલમાળ જોઈ. અહાહા...! શું એની સુવાસ હતી...! સ્વપ્નામાં જોઇ હતી પરંતુ તેની મ્હેંકથી મન હજી પણ મસ્ત છે.

ફૂલમાળની ફોરમથી હું ભાન ગુમાવું ત્યાં મેં ચંદ્ર જોયો. સૂર્ય જોયો. ગગનમાં લહેરાતી ધ્વજા જોઇ. કળશ જોયો. કમળનું સરોવર જોયું. અને ચારે બાજુ બસ પાણી જ પાણી મને દેખાય. એ ક્ષીર સમુદ્ર હતો.

તેના પાણીનું આચમન કરવાનું મન કરું ત્યાં મેં દેવવિમાન જોયું. રત્નો જોયાં. અને છેલ્લે જોયો અગ્નિ-પવિત્ર અગ્નિ....! જવાળાઓ ઝગમગે પણ ધુમાડો ક્યાંય નહિ.

આવા ૧૪-૧૪ સ્વપ્ના જોઈને હું જાગી ગઈ. ત્યારથી હું એ જ અધિરાઇમાં રહી છું કે ક્યારે હું તમને મારા સપનાની વાત કરૂં.'

ત્રિશલારાણી વધુ કંઇ કહે તે પહેલાં જ રાજા સિદ્ધાર્થે ઉમંગથી કહ્યું : હે દેવાનુપ્રિય....! તમે ખરેખર મંગળમાંય મંગળ —અતિ મંગળ સપનાં જોયાં છે. આ સપનાના વિશીષ્ટ અને વિષદ ફળ શું હોઈ શકે તે તો આપણે સ્વપ્નપાઠકોને બોલાવીને જાણી શકીશું પણ મને જે તેની થોડીઘણી ખબર છે તે પરથી તમને કહું છું કે: તેનાથી આપણને ભોગની પ્રાપ્તિ થશે, ધન મળશે, પુત્રની પ્રાપ્તિ થશે, આપણી સમૃદ્ધિ અને યશ પણ વધશે.'

સ્વપ્નોના આવા શુભ ફળ મળશે તે જાણી ત્રિશલારાણીની પ્રસન્નતા ઔર વધી ગઈ. તેમાંય પોતાને પુત્ર અવતરશે એ જાણી તેમનું રોમેરોમ હરખાઇ ઉઠયું.

રાજા સિદ્ધાર્થે ત્યાર પછી તુરત જ સ્વપ્નપાઠકોને માનથી બોલાવી લાવવા આદેશ આપ્યો. રાજા પાસેથી ૧૪ સ્વપ્નોની વાત જાણી મુખ્ય સ્વપ્નપાઠકે કહ્યું : હે રાજન્! સ્વપ્ન શાસ્ત્રમાં કહ્યું છે કે; તીર્થંકરની માતા અને ચક્રવર્તીની માતા જ્યારે તીર્થંકર કે ચક્રવર્તીનો જીવ ગર્ભમાં આવે છે ત્યારે ત્રીસ મહાસ્વપ્નમાંથી ૧૪ મહાસ્વપ્ન જુએ છે. માતા ત્રિશલાદેવીએ આવા ૧૪ મહાસ્વપ્ન જોયા છે. આથી હે રાજન્! તેનાથી ધન લાભ થશે, પુત્ર લાભ થશે, સુખનો લાભ થશે, રાજ્યનો લાભ થશે. અને નવ માસને સાડાસાત દિવસ બાદ કૂળમાં કેતુ સમાન, કૂળમાં દીપ સમાન, કૂળમાં પર્વત સમાન, કૂળમાં મુકુટ સમાન, કૂળમાં તિલક સમાન, કૂળમાં કીર્તિ કરનાર, કૂળમાં સૂર્ય સમાન સુકુમાર, સુલક્ષણવંતા, પ્રિયદર્શન અને સ્વરૂપવાન પુત્રનો જન્મ થશે.

આ બાળક બાલ્યાવસ્થા પૂરી કરશે ત્યારે તેનામાં સંપૂર્ણ જ્ઞાન હશે. યુવાન બનશે ત્યારે દાનશૂર, યુદ્ધવીર બનશે અને ચારે દિશાઓનો ચક્રવર્તી રાજા બનશે અથવા તો આ બાળક ચાર ગતિનો અંત કરનાર ધર્મચક્રવર્તી બનશે. અર્થાત ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન બનશે.'

સ્વપ્નાનું આવું ઉત્તમોત્તમ ફળ જાણી રાજા સિદ્ધાર્થ અને ત્રિશલાદેવીના હૈયે આનંદનો મહાસાગર ઉમટી ઊઠયો અને બંનેએ હર્ષાવેગથી સ્વપ્નપાઠકોને મન મૂકીને ભેટો આપી તેમનું બહુમાન કર્યું.

ગર્ભાધાનના થોડા સમય બાદ ત્રિશલાદેવીને દોહદ (ઇચ્છા) થઇ કે, 'સમગ્ર ક્ષત્રિકુંડમાં હું અહિંસાની ઘોષણા કરાવું, તમામ પ્રાણીઓની હિંસા બંધ કરાવું, દાન આપું, ગુરુજનોની સારામાં સારી સેવા કરૂં, જિનમંદિરોમાં પૂજા ભક્તિ કરાવું, હાથીના સિંહાસન પર બેસી છત્ર ધારણ કરું, મારી બાજુબાજુ ચામર વીંઝાતી હોય સામે ધ્વજાઓ ફરકતી હોય, દિશાઓ બધી વાજિંત્રોથી ગૂંજી રહી હોય, આગળ જનસમુદાય જયનાદ કરતો હોય, તે પ્રમાણે હું ઉદ્યાનમાં નિર્દોષ ક્રીડા કરૂં.'

રાજા સિદ્ધાર્થે ત્રિશલાદેવીની આ બધી જ ઇચ્છાઓ ઉમંગથી પૂર્ણ કરી.

સમય વિતતો ગયો. એ વીતતા સમય સાથે રાજા સિદ્ધાર્થના ધન અને ધાન્યનાં ભંડાર સતત ભરાતા ગયા. ભરાતા ગયા. તેની યશોગાથા વિસ્તરતી ગઈ. અને સ્વપ્નપાઠકોએ કહેલા સમય પ્રમાણે બરાબર નવ માસ અને સાડા સાત દિવસે ચૈત્ર સુદ તેરસને રોજ (ઇ.સ. પૂર્વે ૨૭મી માર્ચ ૫૯૯) ત્રિશલાદેવીએ પુત્રને જન્મ આપ્યો.

પુત્રે હજી તો આંખ પણ ઉઘાડી ન હતી. માના ઉદરમાં જ હજી તે સુરક્ષિત હતો. પણ તેના પુણ્યપ્રભાવથી રાજા સિદ્ધાર્થના ક્ષત્રિયકુંડ રાજ્યમાં રાતોરાત જાહોજલાલી બમણી થતી ગઇ હતી.

ખેતરોમાં અનાજ અગાઉના વરસો કરતાં સારું ઉગ્યું હતું.

ગાયોના દૂધમાં વધારો થયો હતો.

નહોતાં મ્હોર્યા તે આંબા મ્હોરી ઊઠયા હતા. આંબા પર મ્હોરનો સુમાર નહોતો. વેલીઓ ફુલોથી લચી પડી હતી.

તંદુરસ્ત બાળકો જન્મ્યાં હતાં. કોઈ અકાળ મરણ નહોતું થયું

બધું જ વધ્યું હતું. સુખ વધ્યું હતું. શાંતિ વધી હતી. સંપ વધ્યો હતો. પ્રેમ વધ્યો હતો.

સોના રૂપાનું પારણું તો તૈયાર જ હતું! તેમાં ઝૂલનાર આવવાનો બાકી હતો તે પહેલાં જ માતા-પિતાએ નક્કી કરી નાખ્યું હતું કે આવનાર બાળકનું નામ શું પાડીશું!

પુત્ર અવતર્યો, એવું નામ પાડયું કે જોતજોતામાં તો લાખોની જીભે ચડી ગયું.

વર્ધમાન : જય વર્ધમાન, નમો વર્ધમાન.

— ગુણવંત શાહ

પુત્ર વર્ધમાનનું મા ત્રિશલાને વચન

—રતિલાલ મફાભાઇ શાહ

મહેલના આંગણે કોઈપણ સાધુ-સંત આવતા તો તેમને ભિક્ષા આપવા વર્ધમાન ઉમળકાભેર દોડી જતો. કોઈ બીજું ભિક્ષા આપવા જાય તો તેને રંજ રહી જતો. તેનું હૈયું રડું રડું થઇ જતું.

એક દિવસ રાજમહેલમાં એક મોટા સંત પધાર્યા. રાજમહેલના વિશાળ પટાંગણમાં તેમનું પ્રવચન ગોઠવવામાં આવ્યું હતું. આ માટે પટાંગણને સાફ સુફ કરી શણગારવાની તૈયારીઓ દાસ-દાસી કરી રહ્યા હતા. કુમાર વર્ધમાન પણ હાથમાં ઝાડૂ લઈ મેદાન સાફ કરવા લાગી ગયો. કોઈ જીવ જંતુને પીડા ન પહોંચે તેવી કાળજીથી, તે ઝાડૂ મારતો. સફાઈ બાદ જાજમો પથરાઇ.

સંત સમયસર પધાર્યા. તેમણે ખૂબ જ પ્રેરક પ્રવચન કર્યું. લોકોને ધર્મકરણી કરવાનો તેથી ઉત્સાહ વધ્યો. પ્રવચન બાદ સંતને પ્રેમપૂર્વક રાજમહેલમાં લઈ જવાયા. રાજા સિદ્ધાર્થ અને રાણી ત્રિશલાએ સંતને વર્ધમાનના બાળ પરાક્રમોનો પરિચય આપ્યો.

સંત વર્ધમાનને અપલક નજરે જોઇ રહ્યાં. બે પળ આંખ બંધ કરી. અંતરના ઊંડાણથી તેમણે કહ્યું :

"રાજન્! તમારા આ પુત્રની આંખોની ચમક જોઇને કહું છું તે ભોગી નહિ પણ કોઇ મહાયોગી બનશે. વર્ધમાન મહાયોગી બની ઘૂમતા હશે ત્યારે સંભવ છે હું આ દુનિયામાં નહિ હોઉં."

સંતની ભવિષ્યવાણી સાંભળી માતા ત્રિશલા સિવાય સૌને આનંદ થયો. તેમને વિદાય આપવા સૌ કોઇ ગયા પણ ત્રિશલા-માતા મહેલમાં જ રહ્યાં. તેમના હૈયે ભારે વિષાદ ઘૂંટાતો હતો.

સંતને પ્રેમપૂર્વક વિદાય આપી વર્ધમાન માતાના ખંડમાં ગયો. માતાનો ઉતરેલો ચહેરો અને આંખમાં આંસુ જોઇ તેનું હૈયું હલબલી ઊઠયું. પૂછયું :

"મા! તબિયત તો સારી છે ને? આમ ચહેરો કેમ ઉતરી ગયો છે? તમારી આંખમાં આજ આંસુ કેમ છે?"

"કહો, મા! કહો, કંઇ ચિંતા તમને સતાવે છે? કયા દુ:ખથી તમે રડી રહ્યા છો? હું તમારી બધી ચિંતા અને દુ:ખ દૂર કરી દઇશ!"

પાલવથી આંખનાં આંસુ લૂંછતાં અને વર્ધમાનને પોતાની નજીક ખેંચી લેતા માતા ત્રિશલાએ કહ્યું. :

"બેટા! મારા લાલ! શું તું તારી માને છોડીને ભાગી જઇશ? તો મારું શું થશે? મેં તારા માટે કેટકેટલી આશાઓ બાંધી છે! આજ બધી ભાંગીને ચૂરો થઈ ગઇ, કહે, મારા લાલ! તું મને છોડીને ભાગી તો નહિ જાય ને?"

વર્ધમાન આશ્ચર્યમાં પડી ગયો.

"માતાજી! તમને કોણે કહ્યું કે હું ઘરમાંથી ભાગી જવાનો છું? કોણે તમને આવી ખોટી વાત કરી કે હું તમને છોડીને ચાલ્યો જવાનો છું?"

"કેમ બેટા! એટલીવારમાં ભૂલી ગયો? પેલા મહાસંતે આજે નહોતું કહ્યું કે તું ભોગી નહિ પણ મહાયોગી બનવાનો છે?"

"જરૂર કહ્યું હતું મા, પણ તેથી કંઇ હું થોડો તમને છોડીને ભાગી જવાનો છું?"

માતાએ થોડુંક હસતાં થોડુંક રડતાં કહ્યું : દિકરા મારા! યોગી કયારેય ઘરમાં રહેતા કદી જોયા છે?

મારા લાલ! મારા હૈયાના ટુકડા! શું તું અમને ઘડપણમાં નિરાધાર છોડીને જંગલમાં જઇને જીવીશ? તું જંગલમાં ભૂખ્યો તરસ્યો, ટાઢ, તાપ અને વરસાદમાં જીવે અને અહીં હું શું રાજમહેલમાં સુખચેનથી જીવી શકું ખરી?

બોલ મારા અણમોલ દિકરા! બોલ! આ મારાથી કેમ સહન થશે? એથી તો બહેતર છે કે એ દિવસો જીવવા હું જ જીવતી ન રહું." આટલું બોલતાં બોલતાં તો માતા ત્રિશલા ધ્રુસકે ને ધ્રુસકે રડી પડયાં.

વર્ધમાનની આંખમાં પણ આંસુ આવી ગયા. તેનું હૈયું પણ માતાની આ ભાવદશા જોઈ દ્રવી ઊઠયું. માતાના અતૂટ વાત્સલ્યને જોઇ તેણે મનોમન આત્મસાક્ષીએ ભીષ્મ-પ્રતિજ્ઞા કરી : "મહા-સંતની ભવિષ્યવાણી ભલે સત્ય સાબિત થાય પરંતુ માતાપિતા વિદ્યમાન હશે ત્યાં સુધી હું ગૃહત્યાગ નહિ જ કરું"

અને માતાના આંસુ લૂછતાં કહ્યું. :

"મા! તમે આજે વધુ પડતાં પુત્રઘેલા બની ગયા છો. મારા પર તમે શ્રદ્ધા રાખો. મારું-તમારા લાડકા દિકરાનું માતાને વચન છે. કે—

તમને છોડીને હું કયાંય નહિ જઉં. તમારી સેવામાં સદાય રહીશ. માતપિતાની સેવા એ તો મારું જીવનવ્રત છે. એ જ મારો સૌ પ્રથમ ધર્મ છે. એ જ મારી પ્રથમ પ્રાર્થના છે.

મા! તમને મારા સોગંદ: તમે આંસુ લૂછી નાંખો. હું તમને છોડીને ભાગી જઇશ એ વિચાર મનમાંથી કાઢી નાંખો. તમારી ખૂશીમાં જ મારી ખૂશી છે."

વર્ધમાનના આ વચનોથી માતા ત્રિશલાનો જીવ હેઠો બેઠો. તેણે ચૂમીઓથી વર્ધમાનને નવરાવી દીધો. હવે તેને ટાઢક થઈ કે મારો લાલ હવે મને છોડીને ભાગી નહિ જાય......

આવા હતા ભગવાન મહાવીર * રૂપરૂપના અંબાર



શ્રમણ ભગવાન મહાવીર સાત હાથ ઊંચા, સમચતુરસ્ર સંસ્થાનવાળા વજ્રઋષભનારાચ સંહનનવાળા અને શરીરમાં અનુકૂળવાયુના વેગથી સમન્વિત હતા.

તેમનો દેહ શ્વેત અનુપમ હતો. તેમનું શરીર સુદઢ, સપ્રમાણ અને માંસલ હતું. તેમના શરીરમાં ન સ્વેદ હતો, ન પ્રસ્વેદ કે ન હતો ક્યાંય મેલ. તેમ જ શરીરના કોઈ પણ ભાગ પર ન તલ હતા, ન મસા. નિરોગ અને નિર્મળ હતો પ્રભુનો દેહ. આ દેહની રોમરાજી ઉત્તમ, પાતળી, કાળી, સ્નિગ્ધ, લાવણ્યમયી અને રમણીય હતી. તેમનાં ઉચ્છ્‌વાસમાંથી નીલકમળ જેવી સુગંધ વહે .. હતી. દેહના તમામ અંગોપાંગ કાંતિથી ચમકતા હતા.

ભગવાનનું મસ્તક છત્રાકાર જેવું ગોળ, સઘન અને શુભલક્ષણથી યુક્ત હતું. તેમના મસ્તકની ત્વચા દાડમના પુષ્પ જેવી લાલ અને તપેલા સુવર્ણ જેવી નિર્મળ અને સ્નિગ્ધ હતી.

• ભગવાનના માથાના વાળ શાલ્મલિ વૃક્ષના ફળમાં રહેલા રૂ જેવા મુલાયમ અને કોમળ, કાજળ જેવા કાળા કાળા અને મસ્તીમાં ઘૂમરાતા ભ્રમરવૃંદ જેવા વાંકડિયા હતા.

તેમનો ચહેરો પ્રતિપૂર્ણ ચંદ્ર જેવો સૌમ્ય, સુકુમાર અને સોહામણો હતો. અર્ધચન્દ્ર જેવું સુંદર લલાટ હતું. તેમાં ન કોઈ ઘાનું નિશાન હતું, ન કોઇ બીજી વિષમતા. રૂપાળા અને ભરાવદારગાલ હતા. બહુ પહોળા નહિ તેમજ બહુ સાંકડા પણ નહિ એવા સપ્રમાણ કાન હતા.

તેમની ભ્રમરો નમાવેલ ધનુષ્ય જેવી, કાળા વાદળ જેવી કાળી, પાતળી અને સ્નિગ્ધ હતી. આંખો જાણે ખીલેલાં બે શ્વેતકમળ. એ આંખની પાંપણો વિકસિત શ્વેતકમળની પાંદડી જેવી મુલાયમ હતી.

કુંદરુફળના જેવા લાલચોળ હોઠ ... તેમના દાંત સંપૂર્ણ ચન્દ્ર જેવા વિમળ, શંખ જેવા નિર્મળ, ... દુધના ફીણ જેવા સફેદ અને શ્વેતપુષ્પ જેવા સ્વચ્છ હતા.

ભગવાનનું તાળવું અને જીભ અગ્નિમાં ધોયેલાં અને તપાવેલા જેવા લાલ હતા. તે શોભાસંપન્ન મુછાળા હતા. તેમની દાઢી પુષ્ટ, પ્રશસ્ત, સુંદર આકારવાળી અને ... જેવી વિપુલ હતી.

તેમને શંખ જેવી શ્રેષ્ઠ ચાર આંગુલ પ્રમાણ ગરદન હતી. શ્રેષ્ઠ સિંહ, વાઘ, પાડા, વરાહ, બળદ, હાથીની ખાંધ જેવી ખાંધ હતી. ધોસર જેવી પુષ્ટ જાડી સઘન મજબૂત સુસંબદ્ધ હાડકાનાં જોડાણવાળી અને નગરના આગળિયા જેવી ગોળ ભુજાઓ હતી. તેમના બાહુ નાગરાજના વિશાળ દેહ જેવા લાંબા હતા.

ભગવાનની હથેલીઓ લાલ તળવાળી ભરાવદાર, માંસલ, કોમળ અને શુભ પ્રશસ્ત લક્ષણોથી યુક્ત હતી અને આંગળીઓ આગળ છિદ્રોથી રહિત હતી. તેમની હથેલીમાં ચંદ્રરેખા, સૂર્ય રેખા, શંખરેખા, દક્ષિણાવર્ત સ્વસ્તિક રેખા, ચંદ્ર, સૂર્ય, શંખ અને ચક્રના લક્ષણો હતા. હાથની આંગળીઓ કોમળ પણ પુષ્ટ હતી. એ આંગળીઓના નખ સહેજ લાલ, પાતળા, ચીકણા, શુદ્ધ અને સુંદર હતા.

ભગવાનનું વક્ષઃસ્થળ સુવર્ણશિલા જેવું દેદીપ્યમાન, પુષ્ટ અને પ્રશસ્ત તેમ જ વિશાળ અને પહોળું હતું. તેના ઉપર શ્રીવત્સ ચિહ્ન હતું. પક્ષીના જેવી પુષ્ટ બગલ હતી અને માછલીના જેવું ઉદર. તેમનો જઠરાગ્નિ કબૂતર જેવા હતા.

ભગવાનની નાભિ પદ્મકોશ જેવી, ગંગાના વમળ જેવી અને

પ્રદક્ષિણાવર્ત તરંગ જેવી ભંગુર હતી. ચંદ્રના જેવી ગોળ હતી. તેમજ મધ્યાહ્નના સૂર્યના કિરણોથી વિકસીત પદ્મ જેવી ગંભીર અને વિશાળ હતી

તેમનો કટિપ્રદેશ (કમ્મર) ત્રિપાઇ, સાંબેલું, દર્પણ દંડ, સુવર્ણ ખડગ અને વજ્રના મધ્યભાગ જેવો પાતળો હતો અને પ્રસન્ન, શ્રેષ્ઠ અશ્વ તેમ જ સિંહના કટિપ્રદેશ જેવો ગોળ હતો.

હાથીની સૂંઢ જેવી જંઘાઓ હતી અને હાથીની ચાલ જેવી ભગવાનની પરાક્રમી ચાલ હતી. ડબ્બાના ઢાંકણુ સમાન ગુપ્ત ઢાંકણવાળા ઘૂંટણો હતા. તેમના પગની પિંડીઓ દોરીના વળની જેમ ગોળ અને ક્રમથી પાતળી હતી. ગોઠણો સુગઠીત, વિશિષ્ટ અને માંસલ હતા.

સુ-સ્થિત કાચબા જેવા પગ હતા. પગની આંગળીઓ અનુક્રમે ઉચિત આકારવાળી અને પરસ્પરમાં મળેલી હતી. એ આંગળીઓના નખ સમુન્નત, લાલ, પાતળા તેમજ સ્નિગ્ધ હતા. પગના તળીયા લાલરંગી સુકુમાર હતા. ભગવાનના ચરણ પર્વત, નગર, મગર, સાગર ચક્ર, સ્વસ્તિક આદિ શુભ અને મંગળ ચિહ્નોથી યુકત હતા.

ભગવાન, કંક પક્ષીના જેવા તેમ જ શકુની પક્ષીની સમાન મળના સંસર્ગથી રહિત ગુદાશયવાળા હતાં. તેમનો ગુહ્યપ્રદેશ આકીર્ણ જાતના સુંદર અશ્વના ગુહ્યપ્રદેશ જેવો નિરૂપલેપ અને નિર્લેપ હતા.

ભગવાનનો દેહ પૂરા એક હજાર અને આઠ લક્ષણોથી યુક્ત હતો. તેઓશ્રી અસાધારણ રૂપાળા હતા અને ધૂમ્રરહિત જવલિત અગ્નિ જેવા તેમ જ મધ્યાહ્નના સૂર્ય જેવા તેજસ્વી અને પ્રતાપી હતા.

આવા સુલક્ષણા, સ્વરૂપવાન શ્રમણ ભગવાન મહાવીર આશ્રવ, મમત્વ, પરિગ્રહ, શોક, રાગ, દ્વેષ અને મોહથી રહિત હતા. ભવપરંપરાનો છેદ કરનારા હતા.

તેઓશ્રી નિર્ગ્રંથ પ્રવચનના ઉપદેશક, સાર્થના નાયક, શ્રુત-ચારિત્રરૂપ ધર્મના સંસ્થાપક હતા. શ્રમણોના સ્વામી અને શ્રમણ-વૃન્દના વર્દ્ધક હતા.

શ્રમણ ભગવાન મહાવીર તીર્થના સ્થાપક તીર્થંકર હતા. સ્વયંસંબુદ્ધ હતા. તેઓશ્રી પુરુષોત્તમ અને નરસિંહ હતા. લોકોત્તમ અને ત્રિલોકનાથ હતા.

ભગવાન અભયદાતા, ચક્ષુદાતા અને શરણદાતા હતા. તેઓશ્રી ધર્મોપદેશક, ધર્મનેતા, ધર્મસારથિ અને શ્રેષ્ઠ ધર્મચક્રવર્તી હતા.

ભગવાન પોતે બોધ પામેલ હતા અને બીજાને ધર્મબોધ પમાડનાર હતા. તેઓશ્રી પોતે કર્મથી મુકત અને બીજાને કર્મથી મુકત કરનાર હતા. સ્વયં સંસાર તર્યા હતા અને બીજાને સંસારથી તારનાર હતા.

ભગવાન અપ્રતિહત શ્રેષ્ઠ જ્ઞાન અને દર્શનના ધારક હતા. સર્વે દ્રવ્ય અને સર્વ પર્યાયના જાણનારા સર્વદર્શી હતા.

આવા અનંતગુણનિધાન શ્રમણ ભગવાન મહાવીર જીવમાત્રના પ્રાણરૂપ અને શરણસ્વરૂપ છે.

(ઔપપાતિક સૂત્ર)

અહિંસાપ્રેમી ભાઈ-બ્હેનોને

નમ્ર વિનંતી

રાજ્ય સરકાર, અમદાવાદ નગરપાલિકા અને અખિલ ભારતીય હિંસા-નિવારણ સંઘના સંયુક્ત સહકારથી મોટા નાના પશુઓ, પંખીઓ અને અન્ય જીવોને ગેરકાયદેસર કતલથી બચાવીને કાયમ માટે સંરક્ષણ મળે તે હેતુથી પાંજરાપોળ સંસ્થાઓમાં મુકાવવાનું કાર્ય ચાલુ છે.. ૧૯૮૪થી ૧૯૮૮ સુધીમાં ૫૪૦૦ પશુઓ બચાવ્યા છે. વળી ગયા વર્ષે ગુજરાત, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ-મહારાષ્ટ્રની સરહદ ઉપર પશુ-રોકો આંદોલન દ્વારા દેવનાર ઘસડાતા લગભગ ૧૨૫૦૦ પશુઓની અટકાયત કરાવી જીવતદાન પામેલ છે. ૪૦ વર્ષ પછી પણ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના શબ્દો આજે ગુંજી રહ્યા છે.

'પ્રાણી જેટલું વધુ અસહાય અને નિર્બળ તેટલું તેનું પિશાચોના પંજામાંથી સુજ્ઞ માનવે રક્ષણ કરવું-કરાવવું જોઇએ. હું સતત પ્રાર્થના કરતો રહું છું કે આ પૃથ્વી પર કોઈ મહાન શકિતનું અવતરણ થાય. નર હોય કે નારી-આધ્યાત્મિક તેજથી ઝળહળતી હોય જે આપણને આ અધમ પાપમાંથી મુકત કરે'

નાનુ મોટું દાન આપી અબોલ પ્રાણીઓને અભયદાન અપાવી તેમના આશિર્વાદ પ્રાપ્ત કરશોજી. પહોંચ અવશ્ય મેળવવી. સંસ્થાને મળતું દાન કલમ ૮૦ (જી) મુજબ કરમુક્ત છે. મોટા જીવને બચાવવા માટે રૂ. ૨૦૦/- નાના અન્ય જીવના રૂા. ૧૦૦/-

અબોલ પ્રાણી કરે પુકાર; હમે બચાઓ હે નરનાર

શ્રી અખિલ ભારતીય હિંસા નિવારણ સંઘ

પદ્માવતીબેન મોહનલાલ કસ્તુરચંદ ઝવેરી હિંસાનિવારણ ભવન, ૩૨, મનિષ સોસાયટી, મીરામ્બીકા રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩, ફોન : ૪૭૧૪૦૮


માંથી દેવ
રાજગૃહી ની બહાર ગુણશીલ-ચૈત્ય માં મહાવીર પ્રભુ પધાર્યા
આ ખબર સાંભળી મહારાજા શ્રેણીક પ્રજાજનો સાથે આનંદ-ઉલ્લાસ થી પ્રભુના દર્શનાર્થે ઉપડ્યા
ભગવાન મહાવીર ના જય-નાદોથી વાતાવરણ મહેંકી ઉઠ્યું છે.
પ્રભુ પ્રત્યેની ભક્તિ અને શ્રદ્ધાથી દેડકો ભીડ સાથે જોડાયો
પ્રભુના દર્શનાભિલાષી દેડકો શ્રેણિક રાજા ના ઘોડાના પગ નીચે ચગદાઈ ગયો.
સમાધિ પામેલા દેડકા એ વિચાર્યું, ભલે દેહ મારો
મેળવવું હોય તો તું મહાવીર ના ચરણકમળ માં
આવી ઉચ્ચ ભાવનાએ ચડી દેડકો મૃત્યુ પામી સ્વર્ગ માં તેજસ્વી દેવ બન્યો

ભ. મહાવીર અને દેડકો

લેખક : વસંતલાલ કાંતિભાઇ ઇશ્વરલાલ

રાજગૃહીની બહાર ગુણશીલ ચૈત્યમાં ભગવાન મહાવીર પધાર્યા છે.

આ ખબર લાવનારને મહારાજા શ્રેણિકે ગળાનો રત્નહાર કાઢીને ભેટ આપી દીધો. આનાથી વિશેષ આનંદજનક અને લાભકારક બીજા કયા ખબર હોઈ શકે.

એક ખુણામાંથી જો પુત્રજન્મના સમાચાર આવવાનો સંભવ છે તો સામેના ખુણામાંથી પુત્ર–મરણના સમાચાર આવવાનો પણ સંભવ છે. પણ વિશ્વપિતાના આગમનના સમાચાર તો એકાંતિક લાભદાયક અને સૌભાગ્યસૂચક છે.

રાજગૃહિના સૌ પ્રજાજનો લાલ, લીલા, પીળા વસ્ત્રો સજી આનંદોત્સવ માનતા પુષ્કળ ભીડ જમાવતા ભગવાનને વંદન કરવા નીકળી પડ્યા. અમાપ જનસમૂહની વચ્ચે મગધાદિરાજ શ્રેણિકનો રાજરથ ચાલી રહ્યો છે. ભગવાન મહાવીરની મીઠી યાદ તો રોજ સેંકડોવાર મનમાં આવતી જતી; હવે એ પૂર્ણ પુરુષોત્તમના ચરણકમલનો પ્રત્યક્ષ સ્પર્શ થશે એ વિચારે આ મહારાજાધિરાજ ગાંડાઘેલો બની બાળકની પેઠે રડે છે.

ભગવાન મહાવીરના જયનાદોથી આકાશ ચીરાઇ ગયું છે! જાણે કે પ્રકૃતિના એ લાડકવાયાને ભેટવા ચૌદ રાજલોક દિવાનું બન્યું હોય તેમ વાતાવરણ મહેકી ઊઠ્યું છે.

આ ભીષણ કોલાહલથી રસ્તાના નાળા ઉપરનો એક દેડકો જાગી ઉઠયો છે. ભગવાન મહાવીરનું વારંવાર ઉચ્ચારાતું નામ

શ્રી જૈન શાસન નભે, રવિ તુલ્ય શોભે વાદે સદા મતિધરો અતિ દૂર થોભે;
સ્વાધ્યાય મગ્ન ગુણ લોકમુખે ગવાય, એ ગુરુદેવને પ્રણમું સદાય.

Phone O. : 323767–344585–337895 Resi : 4719?4
: 4744?1

Gram : IRONBARS (Mandvi) Telex : Oil-75984-CKSN-IN
ESTD : 1919

CHHOTALAL KESHAVJEE & CO

IRON STEEL & GENERAL METAL MERCHANTS
254, Sant Tukaram Road, Iron market, Carnac Bunder, Bombay-400009.

તેના કાન ઉપર પડ્યા'. ભગવાન ગુણશીલ ચૈત્યમાં આવ્યા છે એ વાણીનો અર્થ હૃદયમાં તે દેડકાએ ધારણ કર્યો.

દેડકાએ વિચાર્યું કે "જીવનનો આ સુવર્ણ અવસર છે. જે સૃષ્ટિનો શિરતાજ છે તે મારો પણ છે. જેનો ચોસઠ ઇંદ્રો જન્માભિષેક કરે છે અને જેના જન્મે સાતે નરકમાં અજવાળા થાય છે, તે ત્રિલોકપતિને વંદન કરવા હું પણ જાઉં, આ ભક્તિયાત્રામાં હું પણ જોડાઉં." અને તે દેડકો ભક્તજનોની અમર્યાદ ભીડમાં જોડાયો. આ વિરાટ કુંભમેળામાં હાથી પણ ચગદાઈ જાય ત્યાં આ શુદ્ર દેડકો ભક્તિના ભીષણ આવેગથી સુરક્ષિત બની જોડાયો. ભગવાન મહાવીરને વંદન કરવાની તીવ્ર ઉત્કંઠા તેને આગળને આગળ ધકેલતી રહી.

દેડકો વિચારતો "હું પણ પ્રભુને વંદના કરીશ. તેમના ભામંડલ સહિત મુખારવિંદને જોતાં થાકીશ ત્યારે તેમના ચરણ ચુમીશ. ભક્તિનો અધિકાર ઈંદ્ર ચક્રવર્તીને છે તે ભક્તિનો અધિકાર મને પણ છે. કસાઈની છરી હોય કે લોખંડની દેવમૂર્તિ-પારસમણીનો સ્પર્શ બંનેને સુવર્ણ બનાવે છે. ખાઇનું ગંદુપાણી હોય કે વિશાળપટવાળી સિંધુ નદી. સમુદ્રમાં ભળતા બેઉ વિરાટ બને છે. પાંચની કે પચીસની સંખ્યા બેઉ અનંતની સંખ્યા પાસે શુન્યવત્ છે. મહારાજાધિરાજ શ્રેણિક હોય કે હું નાનકડો દેડકો! મહાવીર પ્રભુની રેહમ નજરે તો અમે બંને સચ્ચિદાનંદમય 'પૂર્ણ' છીએ." આ જાતના ઉત્કટ ભાવથી પુનિત થયેલ તે દેડકો પ્રિયતમને ભેટવા અભિસારે આગળ વધી રહ્યો હતે.

ઇતિહાસની સર્વ અભિસાર કથાઓમાં નટી વાસવદત્તા ને ઉપગુપ્તની અભિસાર કથા આજ સુધી મોહક લાગતી. પણ સૌથી મોહક છે આ દેડકાની અભિસાર કથા. જેનું પ્રિય પાત્ર છે ત્રિલોકનાથ મહાવીર અને અભિસારનું સંકેત સ્થળ છે ગુણશીલ ચૈત્ય.

શ્રેણિક મહારાજા સારથીને કહે છે, "ભાઇ! ભગવાનને જોયા વિના હવે તો નથી રહેવાતું. એક એક ક્ષણ સેંકડો સદીઓ જેટલી વિષમ ને દુષ્કર લાગે છે. રથને જોરથી હાંક" રથ વેગ પકડે છે. રથના લોખંડી ચક્રો નીચે આ ભક્ત દેડકો ચગદાઈ જાય છે.

સમાધિ મરણમાં દેડકો વિચારે છે "આજે અહિં રથચક્ર નીચે મારો દેહ ભલે છુંદાઇ ગયો. પણ મારા આત્મ પ્રદેશો ઇષ્ટદેવના નામ સ્મરણથી અમરત્વ પામ્યા છે. જે મહાવીરને મારી જાત સોંપુ છું-તેમના પગમાં યમનો પાડો આળોટે છે. શેતાની બળોની સઘળી

જૂના અને હઠીલા રોગોમાંથી અહિંસક નિર્દોષ સારવાર દ્વારા મુક્તિ મેળવો

શસ્ત્રક્રિયા વિના: હરસ, મસા, ભગંદર, ગળાના કાકડા, પિત્તાશયની પથરી અને કીડનીના રોગો

સફેદ દાગ : ચામડી પરના સફેદ દાગ માટેની અકસીર હોમિયોપેથીક સારવાર માટે જરૂર જ સંપર્ક સાધો.

સાઇનસ : (જૂની શરદી) દમ, ત્વચારોગો, જૂનો મરડો, હોજરીના ચાંદી, વાંધિવા, કમરના મણકાનો દુઃખાવો, તથા ઘણાં રોગોનું મુળ જાડાપણું-ચરબી-વધુ પડતું વજન કોઇપણ જાતની ખાવાના ચરી તથા કસરત વગર ખાત્રીથી દૂર કરવામાં આવે છે.

બાળકોના રોગો : બાળકોના લીલા ઝાડા, દાંત ફૂટણીની તકલીફો સુકતાન કુષિ વિ.

સ્ત્રીઓના રોગો : કષ્ટાર્તવ, અતીઆર્તવ, પ્રદર, વંધ્યત્વ, હીસ્ટીરીયા, કસુવાવડ, સગર્ભા કાળની તકલીફો વિ.

- અમારી ફાર્મસીમાંથી પ્રખ્યાત લેખકોના હોમીયોપેથી ઉપરના પુસ્તકો તથા સાહિત્ય મળશે.
- ડાકટરોએ સૂચવેલી દેશી તમજ વિદેશી તમામ બાયો-હોમીયો દવાઓ પણ અમારે ત્યાંથી મળશે.
- અમારી ફાર્મસી દ્વારા હોમીયોપેથીના અનુભવસિદ્ધ ધુરંધર, કવોલીફાઇડ ડોકટરોની સલાહ, સારવાર રુબરૂ તથા બહારગામના દર્દીઓને પત્ર વ્યવહારથી મળશે.
- માથાના ખરતા વાળ અટકાવે છે લાંબા અને કાળા બનાવી મગજને ઠંડક આપી-ખોડો દૂર કરે છે.
- હોમીયોપેથીક પદ્ધતિથી તૈયાર કરેલું એરનિકેટેડ હેર-ઓઇલ તેમજ ખાવાની દવા વાપરી ખાત્રી કરો.

બહારગામના ઓર્ડરો વીપી આંગડીયા રેલ્વે તેમજ મોટર ટ્રાન્સપોર્ટથી તુરત મોકલવામાં આવશે.

ધી ઝોરાસ્ટ્રીયન હોમિયોપેથિક ફાર્મસી

૬૦૦ જે. શંકર શેઠ રોડ, પ્રીન્સેસ સ્ટ્રીટ પાસે, ગીરગાંવ રોડ-મુંબઇ-૨, ફોન-૩૧૩૨૨૬

શરીર નિરોગી હોય તો જ ધર્મસાધના રૂડી રીતે થઈ શકે છે.

તાકાત પણ મહાવીરના શરણાથી'ને નીચે લઈ જઇ શકતી નથી. મહાવીરની પ્રત્યેક યાદ જીવને ઊંચે ને ઊંચે લઇ જાય છે. મહાવીરની પ્રત્યેક યાદ વિષય કષાયના પ્રાણઘાતક અંશોને વિખેરે છે: તેની પ્રત્યેક યાદ જન્મજરામરણના સંસારચક્રને સ્થિર કરવામાં સહાય-રૂપ છે. હે જીવ જો સઘળા દુઃખથી ખરેખર તારે મુક્ત થવું હોય અને સુખને જો ખરેખર મેળવવું જ હોય તો તું મહાવીરના ચરણકમલમાં તારી જાતને પુરી રાખ.'' આ પ્રમાણે શુભ ભાવના શ્રેણીએ ચઢતો તે દેડકો મૃત્યુ પામી સ્વર્ગલોકમાં તેજસ્વી દેવરૂપે ઉત્પન્ન થયો.

હા! તે મૃત દેડકો છુંદાઈ ગયો હતો. શ્રેણિક જેમ સ્થુલ-દેહથી ભગવાનના ચરણ પકડી ન શકયો, ભગવાન પાસે તે જઈ ન શકયો. પણ ભગવાન તેની પાસે શુભભાવનારૂપે આવ્યા. ભગવાન સર્વ રીતે પ્રબળ છે પણ ભકતજન પાસે નિર્બળ છે. ઉત્કટ ભાવ ભરી નમણી હૃદયપૂજા પાસે પ્રભુની પ્રભુતા પણ સામી દોડતી આવી છાતીએ ચાંપી પડે છે.

ભગવાન મહાવીર અને દેડકાની આ કથા બતાવે છે કે હૃદયના એક સાત્વિક ભાવમાં કેટલું બળ છે. ''હું મહાવીરને વંદન કરૂં'' એવા પ્રકારના શુભભાવથી દેડકો દેવ બન્યો. નાનકડો શુભભાવ દાનવમાંથી દેવ બનાવે છે. બ્રહ્માંડ તે પડછાયો છે. પદાર્થ છે *આપણું આંતરવિશ્વ.* પડછાયો પકડવો હશે તો પદાર્થ પકડવો પડશે. આંતરવિશ્વ વિચારનું બનેલું છે. અશુભ વિચાર કાઢીને ત્યાં શુભ વિચાર નાંખવો તે છે આંતરવિશ્વ પરનું આપણું પ્રભુત્વ. પદાર્થ પકડાતા પડછાયારૂપ બાહ્યવિશ્વ હાથવેંતમા વમારૂં થશે.

જ્ઞાનભંડારોને ભેટ અપાશે

પૂજ્ય આચાર્યશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ દ્વારા આલેખિત, પ્રેરિત અને સંપાદિત સાહિત્ય જ્ઞાન-ભંડારોને ભેટ મળશે. વ્યવસ્થિત પત્ર વ્યવહારનું સરનામું લખી જણાવશે.

સંપર્ક : **વર્ધમાન સેવા કેન્દ્ર**

૭૯, કલિકુંડ સોસાયટી, મુ. ધોળકા–૩૮૭૮૧૦

(જી. અમદાવાદ)

Gram : "VANDEVIRAM" Phone : 39611

A. Manickchand Bethala & Co

Importers and Exporters

Diamonds and Precious Stones

Govt. Approved Valuer

7. Veerappan Street, MADRAS-600079

શ્રુત સમુદ્ધાર યોજના અન્વયે

ઝેરોક્ષ પ્રતોનો ચોથો સેટ રૂ. ૨ ૪૫

(૨૦ પ્રતો એક સાથે જ મળશે.)

તપોવનમાં ઝેરોક્ષ મશીન ઉપર, જુના ગ્રંથોને દીર્ઘ-જીવન મળી રહે તે માટેનું કાર્ય ઝડપથી ચાલી રહ્યું છે. પૂર્વે પહેલો તથા બીજો–ત્રીજો સેટ વીસ–વીસ પ્રતોનો તૈયાર થયેલ. તેનું વિતરણ પૂરું થઈ ગયું છે. [હાલ અપ્રાપ્ય છે.] જે જ્ઞાન ભંડારો અને સંસ્થાઓને ચોથો સેટ લેવો હોય તેમને પૂરો સેટ મળશે. જેની કિંમત રૂ. ૨૨૦૦/– (બાવીશો રૂપિયા પૂરા) છે. છૂટક પ્રત અપાતી નથી. માત્ર ૫૦ સેટ તૈયાર કરવામાં આવેલ છે. અહીંના રજીસ્ટર ઉપર ૨૫ જેટલા કાયમી ગ્રાહકો તરીકે ભંડારો નોંધાયેલા છે જ. બાકીના સેટ વહેલો તે પહેલોના ધોરણે વેચાણ થશે. અને તે સેટ તપોવનમાંથી રૂબરૂ કે માણસ સંગાથે મંગાવી લેશો. પોષ્ટથી મોકલાશે નહિ.

માત્ર, પત્ર લખવાથી તમારો સેટ નોંધાશે નહિ; સાથે રકમ આવશે તેનું જ નામ અને સેટ રાખવામાં આવશે.

આ રહ્યા. તે બહુમૂલ્ય ગ્રંથો–પ્રતોનો નામોલ્લેખ

૧ શ્રી પ્રજ્ઞાપના સૂત્ર ભાગ–૧ –૨ શ્રી પ્રજ્ઞપના સૂત્ર ભાગ–૨
૩ શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર ભાગ–૧
૪ શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર ભાગ–૨
૫ શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર ભાગ–૩
૬ શ્રી વૈરાગ્ય કલ્પલતા ૭ શ્રી કહારયણ કોશો
૮ શ્રી ષડ્દર્શન સમુચ્ચય ૯ શ્રી ધર્મવિધિ પ્રકરણ
૧૦ શ્રી આચાર પ્રદીપ
૧૧ શ્રી ઋષિમંડલ પ્રકરણ
૧૨ શ્રી જમ્બુદ્વીપ પ્રજ્ઞપ્તિ ભાગ–૧
૧૩ શ્રી જમ્બુદ્વીપ પ્રજ્ઞપ્તિ ભાગ–૨
૧૪ શ્રી સિરિ પાસનાહ ચરિયં
૧૫ શ્રી શાંતિનાથ ચરિત્ર ૧૬ શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર
૧૭ શ્રી હારિભદ્રિય આવશ્યક વૃત્તિ ટીપ્પનક
૧૮ શ્રી પ્રવજ્યા વિધાનકૂલક ૧૯ શ્રી વાસુપૂજ્ય ચરિત્ર
૨૦ શ્રી ઉપદેશમાલા દોઘટ્ટી ટીકા

તા. ક. :– ડી. ડી. ''તપોવન સંસ્કારધામ પ્રભાવક ટ્રસ્ટ'' ના નામનો મોકલવા વિનંતી.

તપોવન સંસ્કારધામ પ્રભાવક ટ્રસ્ટ

સંચાલિત શ્રુત સમુદ્ધાર યોજના

ધારાગીરી, પોસ્ટ કબીલપોર (નવસારી) ૩૯૬૪૨૪

કર્ણાટકમાં પ. પૂ. વર્ધમાનતપોનિધિશ્રીના પગલે પગલે.... શાસન પ્રભાવના...

સિમોગા :- વર્ધમાન તપોનિધિ પ૦ પૂ૦ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ પોતાના વિશાળ શિષ્ય પરિવાર સાથે ભદ્રાવતીની અંજનશલાકા પ્રતિષ્ઠા ભવ્ય રીતે સાનંદ સમ્પન્ન કરાવીને અત્રે પધાર્યા. સિમોગા જિલ્લાનું શહેર છે. જિનમંદિર કાચકામથી બહુ આકર્ષક અને નયનરમ્ય છે. ઉલ્લાસથી શ્રી સંઘે શાનદાર સામૈયું કર્યું. રોજ બે વાર વ્યાખ્યાન થયાં. વ્યાખ્યાનમાં સારી સારી પ્રભાવના તથા બપોરે જિનેન્દ્રભક્તિ ૩૫ પૂજા ભણાવાતી હતી.

પૂજ્યશ્રીને શ્રીસંઘે ખૂબ આગ્રહપૂર્વક વધારે રોકી રાખીને મંદિરમાં અઢાર અભિષેકનો વિધિ શાનદાર રીતે કરાવ્યો. નૂતન કરાવાયેલા ભવ્ય પટ્ટો તથા તીર્થંકર ભગવાનની પ્રતિમાજી મળી કુલ ૧૪ બોલીની ૧૧ થી ૧૧ા લાખ જેટલી રેકોર્ડ ઉછામણી થઈ હતી. બેંગલોરથી આવેલા નિષ્ણાત વિધિકાર શેઠશ્રી નથમલજીએ અભિષેક વિધિ કરાવી. જીવદયાની સુંદર ટીપ થઇ. શ્રીસંઘ જમણ અને પૂજ્યશ્રીને કામળી ઓઢાડવાની બોલી સુંદર થઈ.

ભદ્રાવતી :- પૂજ્યપાદશ્રીજીની નિશ્રામાં શ્રી ભદ્રાવતી સંઘમાં અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ ખૂબ જ સુંદર ઉજવાયો હતો. તેથી શ્રીસંઘના ભારે હર્ષોલ્લાસ પૂર્વકના આગ્રહથી પૂજ્યશ્રીના ભદ્રાવતીમાં ફરીથી પાવન પગલા થયા. પૂજ્યશ્રીએ વ્યાખ્યાનમાં તથા શ્રીસંઘની મિટીંગમાં દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય, સાધારણ દ્રવ્ય, વૈયાવચ્ચ દ્રવ્ય આદિની વ્યવસ્થાનું શાસ્ત્રીય રીતે સુંદર માર્ગદર્શન આપ્યું હતું. એક દંપતીએ પૂજ્યશ્રીજીના શ્રીમુખે આજીવન બ્રહ્મચર્યવ્રત સ્વીકાર્યું.

તરીકેરે :- ભદ્રાવતીમાં પૂજ્યશ્રીના હાથે અંજનશલાકા થયેલ. શ્રી સીમંધરસ્વામી ભગવાનનું ગૃહમંદિર હજુ હમણાં જ અહીં થયેલ. પૂજ્યશ્રીની સામૈયાપૂર્વક પધરામણી થતાં અને પૂજ્યશ્રી તરફથી પ્રવચનમાં સુંદર પ્રેરણા મળતા શ્રી સંઘનો ઉલ્લાસ વધ્યો. અહીં જિનમંદિર તથા ધર્મશાળા નિર્માણ કરવાનું નક્કી થયું. પૂજ્યશ્રીની પ્રેરણાથી બન્ને માટે સુંદર ટીપ પણ થવા પામી.

બીરુર :- તરીકેરેથી બીરૂર પધાર્યા. અહીં સુંદર અને ભવ્ય શ્રી વિમલનાથ ભગવાનનું મંદિર છે. પરંતુ ૧૩વર્ષથી ભગવાનની પ્રતિષ્ઠા થઇ ન હતી. પૂજ્યશ્રીના માર્ગદર્શન અને પ્રેરણાથી શ્રી સંઘે આવતા વર્ષમાં પૂજ્યશ્રી આપે તે મૂહુર્તમાં પ્રતિષ્ઠા કરવાનું નક્કી કર્યું અને એ મૂહુર્તે પ્રતિષ્ઠા ન કરાવાય તો પછીથી ઘી અને સાકર ત્યાગની પૂજ્યશ્રીના શ્રીમુખે સકલ શ્રીસંઘે પ્રતિજ્ઞા કરી હતી.

અરસીકેરે :- વચ્ચેના ગામ કડુર પૂજ્યશ્રી સામૈયા સહિત પધાર્યા અને વ્યાખ્યાનાદિનો લાભ આપ્યો. અત્રે પૂજ્યશ્રીનો ભવ્ય પ્રવેશ થયો. શ્રીસંઘના ભારે ઉલ્લાસ સાથે અર્હં ત્રણ દિવસનો શ્રી જિનેન્દ્રભક્તિ મહોત્સવ ઉજવાયો.

ટિપટુર :- પૂજ્યશ્રીનું જોરદાર પ્રવેશ સામૈયું થયું. શ્રી સંઘે પાંચ વર્ષ પહેલા દેવદ્રવ્યના ૨ા લાખ રૂપિયા ઉપાશ્રય બનાવવામાં વાપરી નાખ્યા હતા. વળી જિનમંદિરનું ખાતમૂહુર્ત-શિલાન્યાસ પછી ૧૫ વર્ષથી નિર્માણકાર્ય અટકેલું હતું.

પૂજ્યશ્રીની પ્રેરણા અને માર્ગદર્શનથી અત્રેના શ્રી ઉપાશ્રયમાં નામાદિ આપવાની ઊછામણી ખૂબ જ સુંદર થવા પામી.... અને વ્યાજ સાથે દેવદ્રવ્યની રકમ ભરપાઈ કરવાની શ્રીસંઘને સગવડ મળી. અમુક અમુક વ્યક્તિગત લોન આપવાનું નક્કી થયું. ઉપાશ્રયમાં આચાર્યોના ફોટા મૂકવા રૂ. ૫-૫ હજાર નક્કી થયા.

મંદિરજીનું નિર્માણનું કાર્ય ઝડપથી શરુ કરવાની શ્રીસંઘે પ્રતિજ્ઞા કરી અને બેંગલોર મુકામે પૂજ્યશ્રીની નિશ્રામાં વૈશાખ સુદ-૪ અંજનશલાકા થવાના છે ત્યારે અત્રેના ચાર પ્રતિમાજી ભરાવવાનું પણ નક્કી થયું. ચાર પ્રતિમાજીની બોલી પણ સારી થવાથી દેવદ્રવ્યને પણ સારો ટેકો મળ્યો. શ્રી પાર્શ્વનાથ પૂજન પણ ઠાઠથી ભણાવાયું અને શ્રીફળની પ્રભાવના થઇ

આ રીતે પુણ્યનિધિ પૂજ્યપાદશ્રીજીના પાવન પગલે પગલે કર્ણાટકમાં અનેરી શાસન પ્રભાવના થઈ રહી છે. બેંગલોર અંજનશલાકા પ્રતિષ્ઠા માટે પૂજ્યશ્રી પધારશે તથા ૭. ચૈત્રી ઓળી આદિ ચિકપેટ બેંગલોરમાં થશે.

પત્ર વ્યવહાર : C/o અશોકભાઈ સંઘવી
70, અંબિકા ક્લોથ માર્કેટ, ડી. કે. લેન, ચિકપેટ
બેંગલોર-૫૬૦૦૫૩

With Pest Compliments From :

M/S B. ARUNKUMAR & CO.

Associate Concerns :

EVEREST GEMS
SUNAINARAJ GEMS LTD.

B.ARUNKUMAR'S INTERNATIONAL LTD.

1616. PRASAD CHAMBERS
OPERA HOUSE, BOMBAY-4

Tel. no. : 8113671/72/73

Tlx. no. 011-75067 ARUN IN

ભરૂચના આંગણે: પૂ૦ આચાર્યદેવશ્રી રાજયશસૂરીશ્વરજી મ૦ સા૦ની સૂરિમંત્રની ચતુર્થ પીઠિકાની ભવ્ય પૂર્ણાહુતિ

ભરૂચની ભોમકા ગુજરાતની ભાગીરથી સમ ભાર્ગવી (નર્મદાના)ના નિર્મળ જળ અને અનેક ઋષિ-મહર્ષિની સાધનાપીઠ બની કાશી જેટલું જ પવિત્ર ધામ કહેવાય છે. પ્રાચીન મહર્ષિઓની સાધનાની જ્વલંત ગાથાને જાગ્રત કરતાં આ જ ભરૂચના પાવન આંગણે જૈન યુવાચાર્ય પૂજ્ય આ. ભગવંત રાજયશસૂરીશ્વરજી મ. સાહેબે તા. ૩૦-૩-૮૯ના રોજ સૂરિમંત્રની ચતુર્થ પીઠિકાની ભવ્ય આરાધનાનો પ્રારંભ કરેલ.

જૈન પરંપરાનું તપ...જપ.... યમ-નિયમ અને મૌનપૂર્વકનું આ એક ભવ્ય અનુષ્ઠાન સૂરિમંત્રની વિશીષ્ટ આરાધનારૂપ હોય છે. આચાર્યપદારૂઢ મહાત્માઓ જ સૂરિમંત્રની પાંચ પીઠિકા કરી શકે છે. જેમાં આ ચતુર્થ પીઠિકા મૌનપૂર્વકની આઠ દિવસની સાધના માટે હોય છે.

પૂ૦ આચાર્ય ભગવંત રાજયશસૂરિશ્વરજી મ૦ સાહેબની આઠ દિવસની આ અપૂર્વ સુંદર આરાધનાની પૂર્ણાહુતિ તા.૭-૪-૮૯ના પૂર્ણ થઈ. તેઓશ્રીના આ પૂર્ણાહુતિ પ્રસંગે મુંબઈ-અમદાવાદ-મદ્રાસ-સુરત આદિ સ્થાનેથી ભાવિકો ઉપસ્થિત થયેલ. ખાસ અમદાવાદથી ગુરુભક્ત ધારાસભ્ય શ્રી અશોકભાઈ ભટ્ટ ઉપસ્થિત રહેલ.

તા. ૭-૪-૮૯ના રોજ વહેલી સવારથી શ્રીમાળીપોળ નૂતન જિનાલય શકુનિકા વિહાર બેન્ડવાજાના મધુરનાદોથી ગાજી ઉઠેલ. તપ-જપ અને સાધનાની ફોરમ ફેલાઈ રહી હોય તેમ અપૂર્વ તાજગી તથા સ્ફૂર્તિભર્યું પ્રભાત ખીલી ઉઠયું.... ઉષાની લાલી પથરાતાની સાથે જ પૂજ્યશ્રીએ શ્રીમાળીપોળમાં શ્રી અંબાલાલભાઈના ગૃહાંગણે શ્રી ચતુર્વિધ સંઘ સાથે પદાર્પણ કર્યા. તેમણે પણ ગૃહાંગણને પાવન કરનાર સંઘનું સંઘપૂજન કર્યું.... ત્યાંથી પૂજ્ય આચાર્ય ભગવંત આદીશ્વર જિનાલયના દર્શને પધાર્યા. સુંદર ભાવપૂર્વક જિનસ્તુતિ કરી ત્યાંથી શાંતિનાથ જિનાલયના દર્શન કરી વાજતે ગાજતે શકુનિકા વિહારમાં પધાર્યા.

પ્રભુ મુનિસુવ્રતસ્વામી સમક્ષ ચૈત્યવંદન-ભક્તામર દ્વારા જિન સ્તુતિ કરી. તીર્થંકર પરમાત્માના દેવકૃત અતિશયોથી યુકત સ્તોત્ર દ્વારા પ્રભુ ભક્તિમાં સહુ તન્મય બન્યા. બાદમાં સૂરિમંત્રના મહાત્મયથી યુકત તથા ચતુર્થ પીઠિકાના અધિષ્ઠાયક શ્રી યક્ષરાજ ગણિપિટકની ભાવપૂર્ણ સ્તુતિ કરવામાં આવી. શ્રી પાર્શ્વનાથ તથા શ્રી ભક્તામર મંદિરમાં દર્શન કરી પૂજ્યશ્રીએ શકુનિકા વિહારની ત્રણ પ્રદક્ષિણા આપી અને તે સમયે પૂજ્યશ્રીના પગલે-પગલે અક્ષત અને રૂપિયાથી વધામણા કરાયા. બાદમાં પૂ૦આ૦ ભગવંત રાજયશસૂરીશ્વરજી મ૦સા૦ અનેક મુનિ ભગવંતો, સાધ્વીજી મહારાજ તથા શ્રાવક-શ્રાવિકાના સમૂહથી પરિવરેલા ધર્મશાળાના વિશાળ મંડપમાં પધાર્યા. મંડપ પણ ગૌતમસ્વામીજી મહારાજની ભવ્ય પ્રતિમા, પૂ૦ દાદાગુરુદેવ લબ્ધિસૂરીશ્વરજી મ૦ સા૦ તથા પૂ૦ ગુરુદેવ વિક્રમસૂરીશ્વરજી મ૦સા૦ની ભવ્ય પ્રતિમા સંપન્ન, સ્વભાવિક નત મસ્તક કરનાર ભવ્ય પ્રતિકૃતિ, નયનરમ્ય કલામય ગહુલીઓ તથા વિવિધ સુભાષિતોથી દીપી ઉઠેલ.

પીઠિકાની પૂર્ણાહુતિરૂપ આ વ્યાખ્યાન સભામાં ડૉ. સુરેશભાઈ તથા ભરૂચ સંઘના પ્રમુખ શેઠ શ્રી કેસરીચંદભાઈએ પ્રાસંગિક પ્રવચનમાં પૂજ્યશ્રીની આરાધનાની અનુમોદના કરેલ.

ત્યારબાદ સંસદ ધારાસભ્ય શ્રી અશોકભાઈ ભટ્ટે પૂ. ગુરુદેવ આચાર્ય ભગવંત તીર્થ પ્રભાવક શ્રીમદ્ વિજયવિક્રમસૂરીશ્વરજી મ૦સા૦ તથા પૂ.આ.શ્રી રાજયશસૂરીશ્વરજી મ૦સા૦ની પોતાના પર રહેલ અપુર્વ કૃપાને વર્ણવી કૃતજ્ઞતા વ્યક્ત કરેલ અને પૂજ્યશ્રીની આ સાધના વ્યક્તિ-સમાજ-દેશ તથા વિશ્વને શાંતિ-અહિંસકતા બક્ષે. હિંસાના તાંડવમાં ફસાયેલ આ જગત પૂજ્યશ્રીની સાધનાના પ્રભાવે અહિંસક બને તેવી ભાવના વ્યક્ત કરેલ.

આ પ્રસંગે વિહારયાત્રા કરતાં પધારેલ પૂ૦ મુનિ હેમરત્ન વિ. મ. પણ મૌનપૂર્વક થયેલ આ પીઠિકાની અનુમોદનારૂપ પ્રવચન કરેલ.

પૂ૦ આચાર્ય ભગવંત રાજયશસૂરીશ્વરજી મ૦ સા૦ને પણ મૌનપૂર્ણ કરવા વિનંતી કરાઈ અને પૂજ્યશ્રીએ આ મહાન આરાધના પ્રસંગે કૃતજ્ઞભાવપૂર્વક જણાવેલ કે વીતરાગ પ્રભુના શાસનમાં આ આરાધના થાય છે તે વીતરાગ ભગવંત તથા જિનશાસનને વંદના. આજ સુધીમાં પૂર્વે અનેક આચાર્ય ભગવંતોએ આ આરાધના કરેલ અને પૂજ્ય ગુરુ ભગવંત વિક્રમસૂરીશ્વર મહારાજાએ પણ આવી પાંચે પીઠિકાની સુંદર આરાધના કરેલ તેથી જ આજે આ સૂરિમંત્રની પીઠિકાની આરાધનાનું મન થાય છે. પૂ૦ ગુરુદેવે ચોથી પીઠિકાની આરાધનાનો તેમના સંયમના ૫૦ વર્ષની ઉજવણીના સમયે કુલ્પાકજી તીર્થમાં અતિ નાદુરસ્ત અવસ્થામાં પ્રારંભ કરેલ, પણ પીઠિકાના પ્રભાવે પૂર્ણાહુતિ સુધીમાં તો સ્વસ્થતા પ્રાપ્ત થઈ ગયેલ. એટલું જ નહીં પણ પૂર્ણાહુતિના દિને સિંહગર્જના કરતા પ્રવચન પણ કરેલ.

પ્રભુ મહાવીરે છદ્મસ્થ અવસ્થામાં મૌન કરેલ તે પણ કલ્યાણ માટે અને કેવલજ્ઞાન બાદ નિરંતર હંમેશા દેશના આપી તે પણ કલ્યાણ માટે. પ્રભુનું શાસન અનેકાંતવાદમય-સ્યાદ્વાદમય છે. અહિં મૌન પણ કલ્યાણ માટે, અને વચન પણ કલ્યાણ માટે જ છે. મૌન પણ સમજીને કરવાનું, વચન પણ સમજીને બોલવાનું....

શ્રી સૂરિમંત્રની પીઠિકા મુનિસુંદર મહારાજે ૨૧ વાર કરેલી. આજે યક્ષરાજ ગણિપિટકને એ જ પ્રાર્થના કરીએ કે એવી આરાધના કરવાની આપણને પણ શકિત મળે.

પીઠિકા દરમ્યાન પધારેલ પૂ૦ આચાર્ય ભગવંત મેરૂપ્રભસૂરીશ્વરજી મહારાજે પણ પૂજ્ય આચાર્ય ભગવંત રાજયશસૂરીશ્વરજી મ૦ સા૦ ને સુભાશિષ પ્રદાન કરેલ.... તથા સુરતમાં બિરાજમાન પૂ૦ આ૦ ભ૦ નવીનસૂરીશ્વરજી મ૦સા૦ના આશિષ પ્રાપ્ત કરેલ.

પૂજ્ય આચાર્ય ભગવંત રાજયશસૂરીશ્વરજી મ૦સા૦ની આ અપૂર્વ પીઠિકાનો લાભ પ્રારંભથી માંડી પૂર્ણાહુતિ સુધીનો શ્રી મયંકભાઈ ભીખાભાઈ ચોકસીએ લીધેલ. અંતે રજતમય નવ કમળોથી તેમણે ગુરૂપૂજન કરેલ.

આ પ્રસંગે ભરૂચ સંઘના ભાવિકો તરફથી ઉપસ્થિત સર્વે ભાવિકોનું ૯-૮ રૂા. થી સંઘપૂજન કરવામાં આવેલ. ત્યારબાદ સકલ સંઘને અલ્પાહાર આપવામાં આવેલ. બરાબર ૧૧-૦૦ વાગે શ્રી સૂરિમંત્ર મહાપૂજનનો પ્રારંભ થયેલ. જેમા શ્રી સૂરિમંત્રના અધિષ્ઠાયક દેવ-દેવી શ્રીવાણી, શ્રી ત્રિભુવન સ્વામિની, શ્રી દેવી, શ્રી યક્ષરાજ ગણિપિટક, ૬૪ ઇન્દ્ર-ઇન્દ્રાણી, વિદ્યાદેવીઓ તથા માતા પદ્માદેવીનું ખૂબ જ ઉચ્ચ સુંદર સામગ્રીપૂર્વક ઠાઠમાઠથી પૂજન કરવામાં આવેલ. લગભગ બપોરે ૨-૩૦ વાગે આ મહાપૂજનની પૂર્ણાહુતિ થયેલ.

ખૂબ જ આનંદ મંગળ ઉલ્લાસપૂર્વક આ પ્રસંગને ઉજવતાં સહુના દિલમાં એક જ ભાવના હતી કે પુજ્ય આચાર્ય ભગવંત રાજયશસૂરીશ્વરજી મ૦ સા૦ ની પંચમ પીઠિકા પણ ખૂબ જ ભવ્યતાથી પરિપૂર્ણ થઈ.... વિશ્વ કલ્યાણકારી બને...

ભારતની ભૂમી આવા મહાન વૈરાગી સંતોના તપ-સંયમથી જ પવિત્ર છે. આવા સંત-મહંતોના ચરણે અનંત અનંત વંદના....

આ શુભ પ્રસંગે અમદાવાદમાં સંસ્કૃતિ ભવન ગુરૂમંદિરમાં પ્રભુજીની ભક્તામર દેરીનો તથા ભરૂચના આદીશ્વર આદિ જિનાલયના ધજાદંડનો આદેશ અપાયેલ...

છાપકામ

સુઘડ મુદ્રણકાર્ય માટે

આપ આપની પેઢી, ઓફીસ, સંસ્થા, મંડળ, વગેરેનું છાપકામ, બુકવર્ક, અહેવાલ, રસીદબુક, વાઉચરબુક, આમંત્રણ પત્રીકા, લગ્નપત્રીકા, મહોત્સવ પત્રીકા તેમજ દરેક જાતના છાપકામ માટે લખો.

શ્રી જૈન પ્રિન્ટરી

દાણાપીઠ, પો.બો. નં. ૧૭૫, ભાવનગર-૩૬૪૦૦૧.

ઊંઝાના આંગણે ભવ્ય અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ

પરમયોગી પૂ. પં. શ્રી અભયસાગરજી મ.ના સમાધિ મંદિરમાં ચરણપાદુકાની પ્રતિષ્ઠા

: પ્રેરણા :

પૂ. પં. શ્રી અશોકસાગરજી મ.

પૂ. ગણીશ્રી જિનભદ્રસાગરજી મ.

પૂ. ગણીશ્રી હેમચન્દ્રસાગરજી મ.

: પાવનનિશ્રા :

પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી ચિદાનંદસાગરસૂરીશ્વરજી મ. સા.

આદિ વિશાળ સાધુ-સાધ્વી મહારાજોની નિશ્રામાં આ ભવ્ય પ્રસંગ ઉજવાશે.

જેમને અંજનશલાકા પ્રસંગે પ્રતિમાજી ભરાવી અંજનશલાકા કરાવવી હોય તેઓએ ચૈત્ર વદ-૮ સુધીમાં સંપર્ક સાધવો.

: નિવેદક :

ઊંઝા જૈન મહાજન પેઢી

શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ

ઊંઝા-૩૮૪૧૭૦ (ઉ. ગુજરાત)

યુવકોના ઉત્થાન માટે–શિબિર

અનેક પ્રકારના ભૌતીક આકર્ષણોની આંધીવાળા આ યુગમાં આજના માર્ગ ભુલેલા યુવાનો ભોળા હરણોની યાદ અપાવે છે. જે પોતાની નાભીમાં રહેલી કસ્તુરીથી અજાણ તેજ કસ્તુરીની શોધમાં એક વનમ થી બીજા વનમાં હંમેશા દોડતા રહે છે. અને આંધળી દોટમાં કસ્તુરીને મેળવવાનું તો દૂર રહ્યું પરંતુ પોતાના પ્રિય પ્રાણોને ગુમાવી દે છે. તેવી હાલત આજના યુવકોની છે. જે જ્ઞાન આનંદથી ભરપુર પોતાના સ્વરૂપથી અજાણ તેની જ શોધમાં દૂર સુદૂર દેશ–પરદેશમાં ફર્યા કરે છે. તો પણ જ્ઞાન આનંદનો લેશ માત્ર અનુભવ કર્યા વગર જ જીવન લીલાને અકાળે જ સમાપ્ત કરી નાંખે છે. અથવા જીવન જીવે છે. તો પણ મર્દાનગી વગરનું.

માર્ગ ભુલેલા યુવકોને માર્ગ પર આવવાનો આ એક શુભ અવસર પ્રાપ્ત થયો છે.

આ જ્ઞાન સુત્રમાં દર વર્ષે હજારોની સંખ્યામાં વિદ્યાર્થી યુવકો આ દેશના જુદા જુદા ગામ નગર અને શહેરોથી આવે છે. અને વિદ્વાન મુનિ ભગવંતોની સાનિધ્યમાં રહીને સ્વ–પર હિતની સુંદર શિક્ષા પ્રાપ્ત કરે છે. આના ફળ સ્વરૂપ અનેક યુવકો સર્વ ત્યાગના મહાપંથને પામીને આત્મકલ્યાણ તથા વિશ્વકલ્યાણ કરે છે. તથા અનેક યુવકો આદર્શ સદ્‌ગૃહસ્થીનું જીવન શાન્તિપૂર્વક પસાર કરી રહ્યા છે.

શિક્ષાના મુખ્ય વિષયો સંસારની અનિત્યતા, આત્માની અમરતા, પરમાત્માની અચિંત્ય શોક સંપન્નતા અનુગ્રહ ઉપાસના અને તેના ફળરૂપે મુક્તિની રૂચી જગાડવી માતા–પિતાની સેવા વ્યવહારમાં ઔચિત્ય પાલન જીવનમાં નીતી નિપુણતા, ભૌતિક પદાર્થ પ્રત્યેની અનાશક્તિને ધારણ કરતાં અણુવ્રતોનું પાલન તથા સર્વ ત્યાગમય સંયમ જીવનની જરૂરતનું જ્ઞાન કરાવે છે. કર્મ સિદ્ધાંતનું ફળ રૂપ સમજવું. વૈરાગ્ય પ્રદાન યોગ સાધનાની શિક્ષા લેવી જીવવિજ્ઞાન અને તત્વજ્ઞાનનું સુંદર અધ્યયન ઇતિહાસના જ્ઞાનથી પૂર્વજોના સાહસ, ધીરતા, વીરતા વગેરે ગુણોનું બહુમાન તથા મુશ્કેલીઓનું સહેલાઇથી સમાધાન કરવું, ઇત્યાદિ વિષયોનું રોચક તથા મનોરંજન યુક્ત જ્ઞાન પ્રાપ્ત થશે.

તો આ જ્ઞાન મહોત્સવમાં આવો.
જ્ઞાનામૃતનો આ લ્હાવો લ્યો.
જીવન જીવવાનો રસ્તો મેળવો.
અને જીવનને નંદનવન બનાવો.

આવા સુંદર જ્ઞાન મહોત્સવમાં આપ સ્નેહી મીત્રોની સાથે વહેલો તે પહેલોની ગણતરીએ નીચેના સરનામેથી પ્રવેશપત્ર તથા અન્ય જાણકારી પ્રાપ્ત કરી લેવી અતિ આવશ્યક છે.

આ વખતે મે-જૂન મહિનામાં ૫૦ પૂ૦ ગણીવર્ય શ્રી કુલચંદ્રવિજયજી મ૦સા૦ની શુભ નિશ્રામાં આધ્યાત્મીક જ્ઞાનસત્ર શિબિર માઉન્ટ આબુ (અચલગઢ) પર થનાર છે. વિદ્યાર્થીઓને વિશેષ સગવડ, આવવા–જવાનું ભાડું તથા રહેવા ફ્રી સગવડ અને જ્ઞાનસત્રને અંતે મૌખીક લેખીત પરીક્ષામાં પાસ થનારને ઉચિત ઇનામ વિતરણ થશે.

ધોરણ ૧૦માં ઊપરના વિદ્યાર્થીનેજ પ્રવેશપાત્ર ગણવામાં આવશે.

: પત્ર વ્યવહારનું સરનામું :

(૧) શાહ મીલાપચંદ સુરચંદજી
વેલાજી સ્ટ્રીટ, પો. સિરોહી (રાજ.) પીન. નં. ૩૦૭૦૨૨

(૨) શાહ જયસુખરાય પી.
'જયંત નિવાસ', જૈન સમીતી સામે, મુ. સોનગઢ
પીન, નં. ૩૬૪૨૫૦ (જી. ભાવનગર સૌરાષ્ટ્ર)

(૩) શાહ નેનમલજી મહેશકુમાર
૧૨૭, તિલકનગર પો. પાલી ૩૦૬૪૦૧ (રાજસ્થાન)

ફોન નં. ૪૩ પબ્લીક ટ્રસ્ટ રજી. નં.બ ૫૪૭ મહેસાણા

શ્રી મુજપુર ખોડાઢોર પાંજરાપોળ સંસ્થા

મુ. મુજપુર, તા. સમી, જિ. મહેસાણા. (ઉ. ગુ.)

અહિંસા પરમો ધર્મ

અમારા ગામે પાંજરાપોળ સંસ્થા આવેલી છે. આ સંસ્થાને લગભગ ૧૦૫ વર્ષ થયા છે. મુજપુર ગામની આ સંસ્થામાં સમી તાલુકાનાં આજુબાજુ આવેલાં ૨૦ ગામોનાં જાનવર આવે છે. આ સંસ્થામાં તાલુકાની પંચાયતોમાં પકડાયેલાં જાનવરો આવે છે તેમજ ખેડુતો તરફથી આવતા અશક્ત જાનવરોને પણ લેવાનાં હોય છે. અને તેમને ન લેવામાં આવે તો આડે રસ્તે જવાનો ભય રહે છે. તે લઈ આ સંસ્થાના ખર્ચનું પ્રમાણ આજના વધતા જતા મોંઘવારીના સમયમાં ઘણું આવે છે. આ સંસ્થાને નિભાવવા માટે અમોને આ પત્ર દ્વારા આગ્રહભરી વિનંતી કરીએ છીએ. અમને આશા છે કે આ સંસ્થાના મુંગા પ્રાણીઓનાં આશીર્વાદ મેળવવા સક્રિય મદદ કરશો.

તા. ક. ;- અહીંથી શંખેશ્વર જૈન તિર્થ ૧૦ કી. મી. આવેલ છે. અને પ્રાચીન જિનાલયોવાળુ આ ગામ પંચતિર્થમાં આવે છે, તો દર્શન માટે અવશ્ય પધારશો.

બેંકર્સ ;- લી.
બેંક ઓફ બરોડા હારીજ આપનો વિશ્વાસુ,
સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા હારીજ શાહ રતિલાલ મોહનલાલ
દેના બેંક. હારીજ પ્રમુખ
શ્રી મુજપુર ખોડાઢોર પાંજરાપોળ સંસ્થા

સમાજના ટ્રસ્ટો-સંસ્થાઓ કઈ દિશામાં ?

"વર્તમાન પ્રાચીન મૂલ્યો અને આચારોમાં પરિવર્તન થતું રહ્યું છે. સેવા ભાવના લુપ્ત બનતી જાય છે. ધાર્મિક ટ્રસ્ટો-સંસ્થાઓ અને સમાજની કાર્યવાહીમાં શિથીલતા, દંભ અને દમામનું પ્રમાણ વધતું જાય છે તેવા બદલાતા જતા વહેણમાં જૈન સમાજના ટ્રસ્ટો અને સંસ્થાઓ કંઈ દિશામાં" એ ભૂમિકાનાં સંવત ૧૯૪૮માં સ્થાપાયેલ જૈન એસોશીએશન ઓફ ઇન્ડિયાએ ચાર વક્તાઓનો વાર્તાલાપ મુંબઇમાં તા. ૧૬મી માર્ચ, ૧૯૮૯ના રોજ યોજેલ હતો. જેનો પત્રિકામાં આ મુજબ ઉલ્લેખ હતો. સમાજ સાથે ગાઢ રીતે સંકળાયેલ ચાર વકતા ડૉ. ધનવંતભાઈ શાહ, શ્રી સુધાકરભાઈ શાહ, શ્રી જયેન્દ્રભાઈ શાહ અને શ્રી નાનાલાલ શાખી હતા. સમાજ અને સંઘમાં પ્રવર્તી રહેલ વાતાવરણ, સમસ્યા, વર્તમાન કાર્યકરોની રીતિનીતિ અને ઉદાસીનતા અંગે સચોટ સ્પષ્ટ શબ્દોમાં પોતાના વિચારો મુકત અને કોઈની શેહમાં તણાયા વગર રજૂ કર્યા હતા. શ્રોતાઓમાંથી થોડા ભાઇઓ પોતાના કડવા કપરા અનુભવની રજુઆત કરી હતી.

જ્યોતિર્ધર પૂ૦ વિજયાનંદસૂરીશ્વરજી (આત્મારામજી) મહારાજે સ્થાપેલ અને યુગદ્રષ્ટા સંદેશવાહક પંજાબ કેસરી આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજે પોષિત કરેલ વિશ્વમાં જૈન ધર્મના મહિમાના સંદેશ ફેલાવનાર બેરિ. શ્રી વીરચંદ રાઘવજી ગાંધીએ સ્થાપેલ આ એસોસીએશનના મંત્રીએ સુવાસિત કરેલ વાતાવરણ હોવા છતાં તેના વર્તમાન પ્રમુખ કર્તવ્યશીલ, દાનવીર, બેરી. શ્રી દીપચંદભાઇ એસ. ગાર્ડી તેમજ તેના ઉપપ્રમુખ શ્રી ધીરજલાલ શાહની ગેરહાજરી ખાસ તરી આવતી હતી. સભાના સંચાલકોએ આ સભાનું આયોજન આ મહત્વના હોદ્દેદારોની અગાઉથી સહમતી લઇ, સમય, સ્થળ, દિવસ નક્કી કર્યા હતા. આ બાબત તર્ક-વિતર્ક થઈ રહ્યા છે. શું આ મહાનુભાવો તેમજ એસોસીએશનના અગ્રગણ્ય પેટ્રનો, સભ્યો. વાર્તાલાપના વિષય સાથે સહમત ન હતા!

આ પ્રસંગે સભાના આયોજકોમાં શ્રી વીરચંદ ગાંધી અનુવાદિત "તીર્થ દ્વાર" પુસ્તિકાનું વિમોચન થશે તેવી જાહેરાત કરી હતી, જે કાર્યવાહી થઇ નહી જેનું કારણ સમજાયું નહી.

શ્રોતાઓમાં શતાબ્દી પ્રસંગે વિમોચન થએલ. શ્રી વીરચંદ રાઘવજી ગાંધીના જીવનચરિત્ર ઘણા સભ્યોને મળેલ નથી તેનો વસવસો હતો. આ પ્રકાશનની વહેંચણી કયાંથી થશે તેથી જાહેરાત થઈ ન હતી. એટલે જિજ્ઞાસુ એસોશીએશનનું કાર્યાલય શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં છે ત્યાં ગયા હતા પણ આ નકલ કાર્યાલયમાં ન હતી. પછીથી જાણવા મળ્યુ કે તેનું વિતરણ મુંબઇ જૈન યુવક સંઘના કાર્યાલયમાંથી થતું હતું. આ દ્વિધામાં ઘણાં સભ્યો અને જિજ્ઞાસુઓ આ નકલો મેળવી શકયા નથી.

સમાજની સંસ્થાઓના રંગઢંગનું આલેખન કરવા ધારણા રાખતા એસોશીએશનની કાર્યવાહી કેવી છે તેનો ચિતાર મળ્યો. એસોશીએશને બીજાના કરતા પોતાની કાર્યવાહી પ્રત્યે જાગૃત થવાની જરૂર છે. તેની અનિયમિત પ્રગટ થતી પત્રિકા - પાંચ-છ ડઝન તો પ્રગટ થઈ હશે-તેમાં કોઇ વખતે આ સભામાં શ્રોતાઓએ ઉપસ્થિત કરેલ મુદ્દાઓનો ઉદારમુકત મનથી ઉલ્લેખ કરી, ટ્રસ્ટીઓ અને કાર્યવાહકોને માર્ગદર્શન આપ્યુ છે? ટ્રસ્ટોની મિલકતની જગાઓમાં ભાડૂતો રહે છે તેની ફેરબદલી અંગે શું કાર્યવાહી થાય છે અને થવી જોઇએ તે અંગે સહેજે ઇશારો કર્યો છે? ઘણાં ટ્રસ્ટના માલીકો આ ફેરબદલીની રકમનો સદુપયોગ કરે તેનું શુ? થોડા વકતાઓએ કારમી ટીકા કરી, જે શું વ્યાજબી હતી? શું ટ્રસ્ટ મકાનોના ટ્રસ્ટીઓમાં બદલી કાંઇ વળતર નગ. આપી દેવી- આ સર્વે બાબતો અંગે એસોશીએશનની પત્રિકામાંથી માર્ગદર્શન હવે પછી મળશે...?

બલસાણા તીર્થની યાત્રાએ પધારો

(તાલુકો : સાક્રી, જીલ્લો : ધુલીયા-મહારાષ્ટ્ર)

બલસાણા ગામમાંથી ૩૧ ઇંચના શ્યામ, મનોહર, સુંદર ૧૫૦૦ વર્ષ પુરાના ચમત્કારી શ્રી વિમલનાથ ભગવાનની મુર્તિ પ્રાપ્ત થઈ છે. નદીઓ અને પહાડોની વચ્ચે કુદરતી સૌંદર્યથી શોભતા કલા કૌશલ્યથી યુક્ત મંદિરોના ખંડેરો પ્રાચીનતાની સાક્ષી આપતા આજે પણ અડોલ ઉભા છે. આથી અતિ પ્રાચીન આ ઐતિહાસીક નગર હશે. અહિયા જૈનોના ૧૦ ઘર છે.

વર્તમાન તપોનિધિ પુજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય-**ભુવનભાનુસુરીશ્વરજી મહારાજ** તથા પંન્યાસ પ્રવર શ્રી **ચંદ્રશેખરવિજયજી** મ. સા. ના આશીર્વાદથી તથા મુનિશ્રી **વિદ્યાનંદવિજયજી** ગણિ મ.સા. ના સક્રિય ઉપદેશથી સ્થાનિક અને અનેક જૈન સંઘોના સહયોગ અને સહકારથી એક ગગનચુંબી જિનાલય નિર્માણ થયું છે. જેની પ્રતિષ્ઠા પ. પુજ્ય આચાર્યશ્રી **રાજેન્દ્રસુરીશ્વરજી** મ. સા. આદિની નિશ્રામાં મહોત્સવ પુર્વક થઈ છે. પ્રાચીન નયનરમ્ય અલૌકિક ચમત્કારી શ્રી વિમલનાથ ભગવાનના જિનબિંબથી શોભતા નુતન તીર્થના અને બલસાણાની પંચતીર્થી (નેર, ધુધીયા, દોડાઈચા, નંદરબાર, બલસાણા) ના દર્શન કરી પાવન થવા સકલ સંઘને ભાવભર્યું આમંત્રણ છે. ત્યાંનો સઘળો વહીવટ ધુલીયા જૈન સંઘ સંભાળે છે.

આવવા માટે સુવિધા : સુરત-ધુલીયા હાઈવે પર સાંક્રીથી દોડાઈચા રોડથી બલસાણા ૨૫ કિ.મી. ના અંતરે છે. અને દોડાઈચા -ચામઠાણાથી ૨૫ કિ.મી. અંતરે જુદા જુદા ટાઇમે એસ.ટી. મળે છે.

નુતન તીર્થમાં લાભ લેવા માટે વિનંતી-લખો :

શ્રી ધુલીયા જૈન સંઘ. તેલગલી. ધુલીયા-૪૨૪૦૦૧

સ્વસ્તિક હાર્ડવેર સ્ટોર અને અરિહંત પેઈન્ટસ, બાગ્રા રોડ.ધુલીયા

નેમિચંદ મોતીલાલ ગોપાલદાસ પરિવારના સૌજન્યથી

Regd. No. BV. G. 20
JAIN OFFICE : P. Box No 175
BHAVNAGAR-364001 (Gujarat)
Tele. O. C/o. 29919 R 28...

જૈન

સ્વ. તંત્રી ગુલાબચંદ દેવચંદ શેઠ
તંત્ર–મુદ્રક–પ્રકાશક–માલીક :
મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
જૈન ઓફીસ, પો.બો. નં. ૧૭૫, દાણાપીઠ, ભાવનગર

'જૈન' વર્ષ ૮૬
અંક : ૧૫–૧૬

વીર સં. ૨૫૧૫ : વિ.સં. ૨૦૪૫ ચૈત્ર વદ ૭
તા. ૨૮ એપ્રીલ ૧૯૮૯ શુક્રવાર
મુદ્રણ સ્થાન : શ્રી જૈન પ્રિન્ટરી
દાણાપીઠ પાછળ, ભાવનગર-૩૬૪ ૦૦૧

ભગવાન મહાવીર કલ્યાણકની 'નક્કર ઉજવણીની – વિચારણા'

ભ. મહાવીર કલ્યાણક–જયંતિને દિવસે આપણે ભગવાન મહાવીરને યાદ કરીએ છીએ; તેમના પૂર્વ ભવો, માતા, પિતા, જન્મ, સાધના કાળના પ્રસંગો અને ઉપદેશ બધું યાદ કરીએ છીએ, તેમના સ્તવનો ગાઈએ છીએ, તેમની જય બોલાવીએ છીએ, તેમના ગુણો યાદ કરીએ છીએ, તે દિવસે દાન–પુન્ય કરીએ છીએ, ધર્મ–ક્રિયા, જપ–તપ કરીએ છીએ અને આ પ્રમાણે દર વર્ષે કલ્યાણક ઉજવીએ છીએ. આ રીતે ભગવાન મહાવીર કલ્યાણક ઉજવીને કાંઈક મેળવીએ છીએ.

મહાવીર કલ્યાણકની ઉજવણીમાં કાંઈ ફેરફાર કરવાનું વિચારીએ. ભગવાન મહાવીરનું જીવન અને તેમના ગુણો સાગર જેટલા વિશાળ છે. તેમાંથી એકાદ બીંદુ લઈને તે દિવસે ચાખીએ તો....? સ્પષ્ટતાથી વિચારીએ–તેમનો પહેલો ગુણ–માતા–પિતાની સેવા અને બહુમાનનો, વડીલોની આમન્યાનો, પછીથી નીડરતાનો, પછી અનાસક્ત ભાવે ગૃહસ્થાશ્રમમાં રહેવાનો, મૌનનો, એમ અનેક ગુણો આવે છે.

બધા જૈનો એકત્ર મળી–મહાવીર કલ્યાણકને દિવસે એક જ ગુણ ઉપર ધ્યાન કેન્દ્રિત કરી ઉજવે. આ કલ્યાણક જયંતિ 'માત–પિતાની સેવા બહુમાન' યાદ કરવાની, તે રીતે ઉજવવાની. એટલે તે જયંતિને દિવસે સંતાનોએ વડીલોનું બહુમાન કરવું, માતા–પિતાની આજ્ઞા પાલનની, તેમની ઉપેક્ષા નહિ કરવાની પ્રતિજ્ઞા કરવી. તેના ફોર્મ બનાવવા અને વહેંચવા અને પ્રતિજ્ઞા લેવા અનુરોધ કરવો. તે દિવસે સમાજમાં બીજા માતા–પિતા દુઃખી હોય, બિમાર હોય તેમને આશ્વાસન આપવું, તેમની સંભાળ લેવી, તેમની તકલી દૂર કરવા પ્રયત્નો કરવા. આ રીતે સમગ્ર જૈન સમાજ એક જયંતિને દિવસે એક જ ગુણને અમલમાં મુકવાનો પ્રયત્ન કરે.

બીજી બાજુ તેમના ઉપદેશનો વિચાર કરીએ. તેમના ઉપદેશના 'પાંચ ગુણો' પ્રથમ છે. અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ. એક કલ્યાણક અહિંસા વ્રતનું ગણીને ઉજવીએ. તે કલ્યાણકને દિવસે સારોયે જૈન સમાજ અહિંસાને જીવનમાં અપનાવવાનું, તેનો પ્રચાર કરવાનું અને હિંસાને અટકાવવાનું કાર્ય કરે. તે દિવસે પણ અહિંસા વ્રત પાલનના ફોર્મ કાઢીએ અને સમાજના લોકો પાસે પ્રતિજ્ઞા લેવડાવીએ. ઘરે ઘરે ફરીને અગાઉથી તૈયારી કરીને પ્રતિજ્ઞા–પત્રો આપીએ. પ્રતિજ્ઞા પત્રોમાં એવી પ્રતિજ્ઞાઓ હોય કે:

હું માંસાહાર કરીશ નહિ.

ઈંડા ખાઈશ નહિ.

દારૂ પીઈશ નહિ.

હિંસક વસ્તુઓનો વપરાશ કરીશ નહિ, જેમકે કોશેટાના રેશમના વસ્ત્રો, હિંસક ચામડાના બુટ, શેમ્પુ વિગેરે વાપરીશ નહીં.

મચ્છર–માંકડ મારવાની દવા વાપરીશ નહિ.

જંતુનાશક દવાઓનો વ્યાપાર કરીશ નહિ.

મોટા પાપના વ્યાપારો હોય એવી કંપનીઓના શેરો લઈશ નહિ.

આ રીતે હિંસા કરીશ નહિ, કરતા હશે તેને સમજાવીશ.

જે સંસ્થાઓ હિંસા અટકાવવાનું કામ કરતી હશે તેને પ્રોત્સાહન આપીશ.

તે દિવસે હિંસા અટકાવવા સાહિત્યનું વિતરણ કરવું, તે

પ્રેરણાના પુંજ ભગવાન મહાવીર

વિવિધ લેખકો–વકતાઓ દ્વારા ગુણાનુવાદનું સંકલન

આસક્તિ છોડી નિર્લેપ બની એ :

ભગવાન મહાવીરે કહ્યું છે કે 'જે પ્રકારે શરદ ઋતુનું કમળ પાણીમાં લુપ્ત થતું નથી તે પ્રમાણે તું પણ તારી આસક્તિઓ છોડી નિર્લેપ બની જા.'

અહીં ભગવાન કૃષ્ણની આ પંક્તિઓનું સ્મરણ કરવા જેવું છે, જેમાં આસક્તિઓ છોડવાનું કહ્યું છે.

ધનંજય ! આસક્તિનો ત્યાગ કરીને તથા સિદ્ધિ અને અસિદ્ધિમાં સમાન બુદ્ધિવાળો બની યોગમાં સ્થિર થઈ તારા કામ કર. આ સમત્વભાવને જ યોગ કહે છે.

આજે આ અનાસક્તિનું મહત્વ એથી જાણવા મળે છે કે સંપૂર્ણ માનવજાત વધુ પડતી આસક્તિઓને કારણે દુઃખી થઈ રહી છે અને દ્વેષની ભાવના ફેલાઈ રહી છે.

બીજી વાત, વધારે પડતી ઇચ્છાઓ પણ આજે દુઃખનું કારણ છે એથી જ ભગવાન મહાવીરે કહ્યું. કદાચ સોના–ચાંદીના મોટા ડુંગરો ખડકાય તો પણ લોભિયા માણસોને તથા સંતોષ થતો નથી કારણ કે ઇચ્છાઓના આકાશને મર્યાદા હોતી નથી.

— સુરેન્દ્રનારાયણ દફતુઆર

કલ્યાણક જયંતિ અહિંસાની એટલે અહિંસા પ્રચાર માટે પત્રિકાઓ પુસ્તકો વિગેરે જાહેર જનતામાં મફત વહેંચવા.

આનો અર્થ એ થયો કે મહાવીર કલ્યાણક જયંતિને દિવસે જુદા જ કાર્યક્રમ હોય, તેમના એકાદ ગુણને કે ઉપદેશને અમલમાં મૂકવાનો કાર્યક્રમ હોય, જેમકે અહિંસા જયંતિ, સત્ય જયંતિ, પ્રમાણિકતા જયંતિ, સદાચાર જયંતિ, અપરિગ્રહ જયંતિ વિગેરે વિગેરે. આ તો ટુંકમાં એક વિચાર પ્રસ્તુત કરેલ છે. તેની વિશદ વિચારણા જૈન સમાજ કરે અને એકત્ર થઈને નક્કર કાર્યક્રમ ગોઠવે તો ભગવાન મહાવીરની કલ્યાણક જયંતિની ઉજવણી રસપ્રદ અને વિશેષ્ય ફળદાયી બનશે. તે દિવસે વર્તમાન પત્રોની પૂર્તિઓ અને વિચાર ગોષ્ઠિઓ અગર જાહેરસભાઓ તે એક વિષય પૂરતી જ હોય. જેમ 'યુનો' સંયુક્ત રાષ્ટ્ર સંઘ દરેક વર્ષને જુદા જુદા કાર્ય માટેનું વર્ષ જાહેર કરે છે, જેમ કે, વૃદ્ધોનું વર્ષ, બાળકોનું વર્ષ, મહિલાઓનું વર્ષ, વિકલાંગોનું વર્ષ, તેમ આપણે પણ દરેક મહાવીર કલ્યાણક જયંતિને જુદા જુદા વિષય ઉપર કાર્યક્રમ ઘડી કાઢી ઉજવીએ તો નક્કર પરિણામ આવે.

આશા છે કે ભવિષ્યમાં આ રીતે કાંઈક થાય અને ઉજવણી વિશેષ્ય ફળદાયી બને.

(જૈન પ્રકાશ)　　　　—ચીમનલાલ મણીલાલ શાહ

પ્રયોગવીર મહાવીરની પરંપરા આચરીએ

મહાવીર સ્વભાવથી જ પ્રયોગવીર હતા. તેમણે, જે અનેક પ્રયોગો કર્યાં તેને આપણે તપ કહીએ છીએ. તપનો આ માર્ગ બધાં માટે, એક સમાન ન બની શકે. દરેક માણસે પોતાનો પ્રયોગ કરવો જોઈએ. અને પોતાનો પંથ માર્ગ શોધી લેવો જોઈએ.

જે માણસ પ્રયોગવીર નથી તે જો વગર વિચારે–સમજે મહાવીરના વચનો અનુસાર માત્ર બાહ્ય જીવન જ જીવવાનો પ્રયત્ન કરે તો તેને મહાવીરની સિદ્ધિ નહિ મળે

તેનાથી ઉલટુ, જે માણસ મહાવીરમાંથી પ્રેરણા લઈને અને તેમના પ્રયોગોનું રહસ્ય સમજીને, તેમના મુખ્ય જીવન–સિદ્ધાંતો અનુસાર પોતાનું જીવન બનાવવા માટે પોતાની રીતે સ્વતંત્ર પ્રયત્ન કરશે. તે મહાવીર પરંપરાનો મનાશે. અને ભગવાન મહાવીર તેને પોતાનો આત્મીયજન સમજશે.

– કાકા કાલેલકર

મહાવીરે વૈચારિક અહિંસાને વિસ્તારી

વર્તમાન યુગ જૈન ધર્મના પરિપ્રેક્ષ્યમાં બદલાયો નથી, વ્યાપક થયો છે. ભગવાન ઋષભદેવે શ્રમણ ધર્મની એ મૂળભૂત શિક્ષાઓનો આવિષ્કાર કર્યો હતો. કે જે સમયના જીવનની માગ હતી.

મહાવીરે પોતાના જમાનાનુસાર આ ધર્મને વધુ વ્યાપક કર્યો. તેમણે જીવનમૂલ્યોની સાથોસાથ જીવમૂલ્યની પણ વાત કહી. આચરણની અહિંસાનો વિસ્તાર વૈચારિક અહિંસા સુધી થયો. વ્યક્તિગત સિદ્ધિ, ચાહે જ્ઞાનની હોય કે ચાહે વૈભવની, અપરિગ્રહ દ્વારા તેને સાર્વજનિક બનાવાઈ.

શાસ્ત્રકારોએ આને મહાવીરનો ગૃહત્યાગ કે વિરક્તિ–વૈરાગ્ય

ભ. મહાવીરની અહિંસાની છાપ બ્રાહ્મણ ધર્મ પર પડી. આજકાલ યજ્ઞોમાં પશુ બલિ નથી ધરાવતા. બ્રાહ્મણ ધર્મમાં માંસ–મદિરાનું સેવન બંધ થઈ ગયું. આ જૈન ધર્મનો જ પ્રભાવ છે.　　— લોકમાન્ય તિલક

શ્રી દિનેશચંદ્ર જોઈતારામ શાહ—મે. ડીનલ ડાયમંડ　૩૦૩, પંચરત્ન, ઓપેરાહાઉસ, મુંબઈ–૪૦૦ ૦૦૪.

કહ્યા, પરંતુ વાસ્તવમાં મહાવીરે એક ઘર, કુટુંબ અને નગરમાંથી નીકળીને સમગ્ર સંસારને પોતાનો બનાવી લીધો. તેમની સિદ્ધિ હવે પ્રાણી માત્રના કલ્યાણ માટે સમર્પિત હતી. આ પ્રકારે મહાવીરે જૈન ધર્મને દેશ અને કાળની સીમાઓની પાર મૂકી દીધો.

અને આથી જ અઢી હજાર વરસથી વધુ વરસો થઈ ગયા છતાંય જૈનધર્મ ખોવાઇ નથી ગયો. માનવ વિકાસ અને પ્રાણીમાત્રના કલ્યાણમાં તેની મહત્ત્વની ભૂમિકા રહી છે.

– ડૉ. પ્રેમસુમન જૈન

દલિત શોષિત જનજીવનના ઉદ્ધારક

વર્ધમાન ભગવાન મહાવીરનું વ્યક્તિત્વ ઘણું વિરાટ હતું. ક્રાન્તિના રૂપમાં તેમનું અવતરણ થયું. શીલ, શક્તિ અને સૌન્દર્યનો તેમનામાં અદ્ભુત પ્રકાશ હતો, તેમની આંખ કાળની આરપાર જોતી હતી.

અલબત્ત તે રાજકુમાર હતા. તેમના ચરણે રાજસી ઐશ્વર્ય આળોટતું હતું છતાં પણ પીડિત માનવતા અને દલિત-શોષિત જનજીવન પ્રત્યે તેમને ઊંડી સહાનુભૂતિ હતી.

સમાજમાં વ્યાપ્ત અર્થજન્ય વિષમતા અને મનમાં ઉદ્ભુત કામજન્ય વાસનાઓના ફણીધરને, તે અહિંસા, સંયમ અને તપના ગારુડી સ્પર્શથી મહાત કરીને સમતા, સદ્ભાવ અને સ્નેહની ધારાને અજસ્રરૂપમાં પ્રવાહિત કરવા માંગતા હતા. આ મહાન જવાબદારીને, જીવનના આ લોકસંગ્રહીય લક્ષ્યને તેમણે પૂર્ણ નિષ્ઠા અને સજાગતાથી સિદ્ધ કર્યું. – ડૉ. નરેન્દ્ર ભાનાવત

આત્મનિર્ભરતા–સો ટચના સોના જેવી

ભગવાન મહાવીરનું ધાર્મિક આલમને આપેલું સૌથી મોટું કોઈ પ્રદાન હોય તો તે છે આત્મનિર્ભરતા. આજનો વિજ્ઞાની ઈશ્વરથી છુટ્ટી લઇ રહ્યો છે. 'ગોડ ઇઝ ડેડ'નો સૂત્રોચ્ચાર બુલંદ બની રહ્યો છે, પરંતુ આજથી અઢી હજાર વર્ષ પહેલાં ભગવાન મહાવીરનો ઉપદેશ જ નહિ તેમનું આચરણ પણ આ જ સૂત્રોચ્ચારના આધાર પર હતું.

તેમણે જ્યારે સાધનાનો શુભારંભ કર્યો ત્યારે પોતાની સાધના માટે એકલા અને નિ:સહાય બની સાધના કરવાની પ્રતિજ્ઞા કરી હતી. સાધનાકાળમાં તેમને મદદ કરવા ઇન્દ્રે કહ્યું, પરંતુ તેનો તેમણે ઇન્કાર કર્યો અને કહ્યું કે પોતાની શક્તિ પરના અતૂટ વિશ્વાસથી જ સાધના થઈ શકે છે.

અને તેમની સાધના પણ શું હતી? કોઈ ઈશ્વર કે એવી બૌદ્ધ શક્તિની ભક્તિ કે પ્રાર્થના નહિ, પરંતુ પોતાના આત્મનું, નિરીક્ષણ હતું. પોતાના આત્મામાં રહીને રાગ અને દ્વેષને દૂર કરીને આત્માને વિશુદ્ધ કરવાની તમન્ના હતી. આ તમન્નાના કારણે તે વિવિધ પ્રદેશોમાં સાધનાકાળમાં વિચરતા રહ્યા, જેથી ભાગ્યે જ કોઈ જાણી શકે કે આ વૈશાલીના રાજકુમાર છે અને તેમને સુખ સગવડો આપવી જોઈએ. પોતાના આત્મામાં કેવો સમતા અને સામ્યભાવ છે તેની પરીક્ષા માટે જાણી જોઇને તે અનાર્ય દેશમાં ગયા અને સો ટચના સોનાની જેમ આગમાં તપીને તે આત્માને વિશુદ્ધ બનાવીને પુનઃ પોતાના દેશ પાછા ફર્યા—આ તેમની આત્મનિર્ભરતાની સાધના હતી. જે તેમના ઉપદેશોમાં પણ જોવા મળે છે.

– શ્રી દલસુખભાઇ માલવણીયા

ભ. મહાવીર ઉત્કટ યથાર્થવાદી હતા

વ્યક્તિત્વની આધારશિલા પર મહાવીર સંઘના નાયક, સંઘબદ્ધ ધર્મના વ્યાખ્યાતા અને એક પંથના પ્રવર્તક છે. અસ્તિત્વની આધારશિલા પર તે માત્ર 'છે' 'હોવા' બીજું સિવાય કશું જ નથી તે, ન તે સંઘના નાયક છે અને ન તે અનુયાયી, ન ધર્મના વ્યાખ્યાતા છે, ન શ્રોતા ન દ્વૈતવાદી છે. અદ્વૈતવાદી. દ્વૈત અને અદ્વૈત, વ્યાખ્યાતા અને શ્રુતિ, શાસન અને સ્વીકૃતિ આ બધી અસ્તિત્વની શાખા ઓ છે.

મહાવીરની સંપૂર્ણ યાત્રા વ્યક્તિત્વથી અસ્તિત્વ તરફ છે. ભગવાન મહાવીર ઉત્કટ યથાર્થવાદી હતા. આચાર્ય સમંતભદ્રે ભગવાન મહાવીરને યથાર્થની આંખે જોયા તો તે બોલી ઊઠ્યા:

'હે ભગવન! દેવતાઓનું આગમન, વિમાનોનું આગમન, ચામર ઢોળાવી—આ બધા વૈભવ તો ઈન્દ્રલોકમાં પણ જોવા મળે છે. આ વૈભવના લીધે આપ મહાન નથી. આપ તો મહાન છો, આપના યથાર્થવાદી દૃષ્ટિ કોણના લીધે.'' – મુનિશ્રી નથમલજી

મહાવીરના ધર્મ મંદિરમાં કે ધંધામાં એક હોય

મહાવીરનો ધર્મ સમગ્રતાનો (ટોટેલિટી) ધર્મ છે. ખંડિત કશું જ નહિ ચાલે. મંદિરનો ધર્મ અલગ અને ધંધા-રોજગારનો ધર્મ એવું વિભાજન થઇ જ ન શકે. સવારે તમે જે છો તે જ સાંજે છો. તમે જે ધર્મજગતમાં છો તે જ તમે કર્મજગતમાં છો.

ભગવાન મહાવીરનું નામ આજ દુનિયા લઇ રહી છે, તે તેમના દ્વારા પ્રતિપાદિત 'અહિંસા' ધર્મના કારણે જ. —ગાંધીજી

Phone : 315353 314612 310255
VORA BROTHERS
CHEMISTS DRUGRISTS
LABORATORY, CHEMICALS
& EQUIPMENTS
214-B, Princess Street,
BOMBAY-

મહાવીરે માણસના હાથમાં પ્રતિપળ માટે 'વિવેક અને જાગ્રતિ'ની મશાલ પકડાવી દીધી. જે કંઈ કરો તે વિવેકથી કરો. મૂર્ચ્છા છોડીને કરો. પ્રમાદથી બહાર નીકળીને કરો.

પરંતુ આપણે મહાવીરની મૂર્તિ તો અખંડિત રાખી અને ખૂદ આપણી જાતને ઠેકઠેકાણેથી તોડી નાંખી. એક જ માણસના કંઇ કેટલાય રૂપના માણસ બનાવી દીધા. મંદિરનો માણસ, બજારના માણસથી એકદમ અલગજ છે.

મહાવીર અવિભાજય વ્યક્તિત્વ ચાહતા હતા અને આપણે ટૂકડે ટૂકડા થઇ વિખરાઈ રહ્યા છીએ. મહાવીર પાસે કોઇ દેવાલય નહતું કે જ્યાં જઈને તે ધર્મની સાધના કરે, તે તો આત્મધર્મના પ્રકાશ લઇને આજીવન ચાલતા રહ્યા. આ તેમની ક્રાંતિકારી દેણગી છે, જે આપણે કયારેય લીધી જ નહિ.

— માણેકચંદ કટારીયા

ભગવાન મહાવીરે પોતે સ્વનિયમનો દાખલો બેસાડેલ

વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકર ભગવાન મહાવીરનો જીવ, દેવલોકમાંથી ચ્યવીને, બ્રાહ્મણકુંડ ગ્રામના કર્મકાંડી બ્રાહ્મણ ઋષભદત્તની પત્ની દેવાનંદાની કુક્ષીએ આવ્યા. બ્યાસી રાત્રિ ત્યાં વ્યતિત થયા પછી, તીર્થંકરના કુળાચાર મુજબ તેમનો જન્મ ક્ષત્રિય કુળમાં થવો જોઈએ તેથી, શક્રેન્દ્રની આજ્ઞાથી હરિણૈગમેષી દેવે તે ગર્ભને સાહરીને, ક્ષત્રિયકુંડ ગ્રામના રાજા સિદ્ધાર્થની રાણી ત્રિશલાની કુક્ષીએ મૂકયો.

ભગવાનનો જીવ માતાના ઉદરમાં હતો ત્યારે માતાને દુઃખ ન થાય તે હેતુથી જરાપણ હલનચલન ન કરતાં, ગર્ભાવસ્થામાં સ્થિર રહ્યો. આથી માતાને ગર્ભના જીવીતપણા માટે શંકા ઉત્પન્ન થઈ અને ખૂબ કલ્પાંત કરવા માંડયું. તીર્થંકરનો જીવ એટલે ત્રણ જ્ઞાનના ધારક. તેમને જ્યારે માતાના આ દુઃખની ખબર પડી ત્યારે તેમણે અંગ ફરકાવ્યું. આથી માતાને પોતાના ઉદરમાં રહેલો ગર્ભ જીવે છે તેની ખાતરી થઈ અને આનંદ થયો.

આ ઉપરથી માતાપિતાની પોતાના સંતાનો પ્રત્યે કેવી અને કેટલી લાગણી હોય તે તેની ગર્ભમાં રહેલ ભગવાનના જીવને પ્રતિતી થઈ. આથી તેમણે ત વખતે જ પ્રતિજ્ઞા કરી કે જ્યાં સુધી માતાપિતા હયાત હશે ત્યાં સુધી સંસાર ત્યાગ કરી દીક્ષા ગ્રહણ નહિ કરુ. શિષ્ય વ્યામોહને કારણે યા તો સંસારી જીવોને સંસારનાં દુઃખોથી મુક્ત કરી મોક્ષમાર્ગમાં સ્થિર કરવાના હેતુથી, માબાપોથી વિખૂટા પાડી, બાળકોને દીક્ષા આપી દેતા ગુરુવર્યોએ આ ઉપરથી ધડો લેવા જેવું છે!

ભગવાન, વર્ધમાનકુમાર તરીકે લગલગ અઠ્ઠાવીસ વર્ષના થયા ત્યારે તેમના માતાપિતા સ્વર્ગે સંચર્યા અટલે ભગવાને તેમના મોટાભાઇ નંદીવર્ધન પાસે સંયમ ગ્રહણ કરવાની આજ્ઞા માગી. મોટાભાઈએ કહ્યું કે "હજુ હમણાં જ આપણા માતાપિતાનો સ્વર્ગવાસ થયો એટલે મારું હૃદય દુઃખથી વ્યથિત છે; માટે થોડો વખત થોભી જાઓ તો સારુ"

કુમાર વર્ધમાને મોટાભાઇની વાત સ્વીકારી લીધી. કેવળજ્ઞાન પામીને જેમણે 'આણાએ ધમ્મો'ની પ્રરૂપણા કરવાની હતી તેમણે પોતે જ પહેલાં વડીલોની આજ્ઞા માની, ત્યાર પછી જ કંઈ કેટલીયે તપશ્ચર્યાને અંતે કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી અને પછી જ જગતને 'આણાએ ધમ્મો' વીતરાગની આજ્ઞામાં જ ધર્મ—એ વાતની પ્રરૂપણા કરી.

આજે આપણે ત્યાં જમાનાના પ્રભાવને કારણે સાધુઓમાં અને સંસારીમાં અનુશાસનહીનતા વધતી જતી જોવામાં આવે છે. શિષ્યો ગુરુનું કહેવું નથી માનતા, તો સંસારીઓમાં સંતાનો માબાપનું કહ્યું નથી માનતા, વિદ્યાર્થીઓ શિક્ષકોને નથી ગાંઠતા અને ભાઈ-ભાઇમાં કુસંપ એ તો ઘર ઘરની વાત છે. હરેક માત્ર પોતાનો હક્ક અને વ્યક્તિ-સ્વાતંત્ર્યની વાત કરે છે, પણ કોઇને જવાબદારી સ્વીકારવી નથી અને ગુરુઆજ્ઞાનો સ્વીકાર કરવો નથી, આ લોકો માટે ભગવાન મહાવીરે પોતે જે રીતે વર્તીને દાખલો બેસાડયો છે તે દીવાદાંડીરૂપ બની રહેવો જોઇએ. જ્યાં સુધી પોતે આજ્ઞાંકિત નહિ બને ત્યાં સુધી બીજાને આજ્ઞાંકિત કઈ રીતે બનાવી શકશે...?

– રતિલાલ ચીમનલાલ શાહ (ધર્મપ્રિય)

મહાવીરનું દીર્ઘ મૌન યુવા નેતાઓ પાળે

ભગવાનનું સમગ્ર જીવન પ્રેરક અને બોધક છે. બાળકો, યુવાનો, વૃદ્ધો, પુરુષો અને સ્ત્રીઓ સૌ માટે પ્રેરણાવાન અને બોધસભર છે.

આજનો યુવાન વાચાળ અને બોલકો વધુ છે તેમાંય આજની નેતાગીરીએ તો બોલવામાં માઝા મૂકી છે. આ પેઢી કરે છે

(અનુસંધાન પાના નં. ૧૬૪ ઉપર જુઓ.)

ભગવાન મહાવીરે સ્ત્રી જાતિનો મોટોને મહાન સુધારો કર્યો, જેનો ભય ભગવાન બુદ્ધને હતો, તેને મહાવીરે ક્ષાને બતાવ્યો.

— વિનોબા ભાવે

A. R. Enterprises
(ESTD. : 1978)
Founder: Amratlal Velchand Shah

Boiler Mounting, Valves & Steam Fitting, Teflon Insnulation & Asbestos Products, Pides & Pipp Fittings, General Hardware.

99, Narasimharaja Road,
BANGALORE-560 002.
Phones : 222196 & 222891

ભગવાન મહાવીર જન્મ કલ્યાણકની

જૈન-જૈનેતરો દ્વારા ઠેર ઠેર ઉજવણી, પ્રભાતફેરી, પૂજા, પ્રવચનસભા, સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન, બજારો-કતલખાના બંધ

શ્રમણ ભગવાન મહાવીરસ્વામીની ૨૫૮૭મી જન્મ કલ્યાણક/જયંતિ નિમિત્તે ભારતભરમાં તેમજ વિદેશમાં વસતા આપણા જૈન બંધુઓ તરફથી કલ્યાણક મહોત્સવો, પ્રવચનો, જાહેરસભાઓ, શોભાયાત્રા, જાહેર સભાઓ સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા તેમજ સેમીનાર, પરીસંવાદો, ઇનામી હરીફાઈઓ દ્વારા પણ ઉજવવામાં આવેલ.

આ વર્ષની ઉજવણી ભારતભરમાં દિગમ્બર, સ્થાનકવાસી. તેરાપંથી તથા શ્વેતામ્બર સમાજના અચલગચ્છ, ખરતરગચ્છી, પાયચંદગચ્છી, ત્રીસ્તુતીક અને બેતિથિવાળા વર્ગ દ્વારા ચૈત્ર સુદ પ્રથમ ૧૩ને મંગળવારનો તા. ૧૮-૪-૮૯ના ઉજવાયેલ જ્યારે તપગચ્છની જુની પરંપરાવાળા તથા ગુજરાત સરકાર દ્વારા ચૈત્ર સુદ બીજી ૧૩ને બુધવારના તારીખ ૧૯-૪-૮૯ના ઉજવાયેલ.

ભગવાન મહાવીર જયંતિ નિમિત્તે ભારત સરકાર દ્વારા તથા રાજ્ય સરકાર દ્વારા જાહેરરજા પળાયેલ તથા શેરબજાર, સોના-ચાંદી બજાર, તેલીબીયાં બજાર, રૂબજાર, સુતર બજાર, ધાતુબજાર, ખાંડબજાર, મરીબજાર, કોપરાબજાર વગેરે બજારો બંધ રહ્યા હતા. તેમજ કતલખાના-માંસની દુકાનો પણ બંધ રહેલ.

પ્રધાનમંત્રીશ્રી રાજીવ ગાંધી દ્વારા ભ. મહાવીર વનસ્થળીનું ઉદ્દઘાટન—રાષ્ટ્ર નિર્માણમાં જૈનોના યોગદાનની સરાહના

"જૈન સમાજ નાનો હોવા છતાં રાષ્ટ્રના ઉત્થાનમાં જૈન સમાજે ઘણું યોગદાન અર્પણ કર્યું છે. આર્થિક ક્ષેત્રે, સાંસ્કૃતિક ક્ષેત્રે કે બૌદ્ધિકક્ષેત્ર દરેક જગ્યાએ તેઓ આગળ રહ્યા છે. સમાજ વિજ્ઞાન અને સ્વયં સેવાની બાબતમાં તો જૈનોએ રસ્તા બતાવ્યા છે." આ શબ્દો પ્રધાનમંત્રીશ્રી રાજીવ ગાંધીએ ૧૮ એપ્રીલના મહાવીર જયંતિના પવિત્ર અવસરે ભગવાન મહાવીર વનસ્થળીના ઉદ્દઘાટન પ્રસંગે વ્યક્ત કર્યા હતા.

પ્રધાનમંત્રીશ્રીએ આગળ કહ્યું કે આજે ભગવાન મહાવીર જયંતિ નિમિત્તે આપણે ભ. મહાવીરને યાદ કરીએ છીએ, તેમના સિદ્ધાંતો પર વિચારીએ તો આજે પણ દુનિયા માટે, પ્રત્યેક માનવી માટે તે એટલા જ મહત્વના છે જેટલા અઢી હજાર વર્ષ પહેલા હતા. ભ. મહાવીરે કહ્યું હતું કે મનુષ્ય-મનુષ્ય વચ્ચે સમાયેલ એ અહિંસાના દર્શન છે. આ જ વિચારો દ્વારા ગાંધીજીએ આઝાદીનું આંદોલન ચલાવ્યું. તેમણે મહાવીર દ્વારા શીખ્યું: આજ દેશમાં અસાંપ્રદાયિકતાની જરૂર છે. સાંપ્રદાયિકતા દેશને કમજોર બનાવે છે. ધર્મને ધર્મની જગ્યાએ રાખીએ, સર્વ ધર્મ સમભાવથી ચાલીએ. રાજનીતિથી ધર્મને જુદો રાખવો જોઇએ. બન્નેને ભેગા કરવાથી એ દારૂગોળાનું કામ કરે છે, જેનાથી દેશ તુટી શકે છે.

શ્રી ગાંધીએ કહ્યું કે ભારતની શક્તિ ધર્મ નિરપેક્ષતામાં છે. પ્રશ્ન ત્યારે ઉભો થાય છે જ્યારે ધર્મના ઓઠા નીચે સાંપ્રદાયિકતા જન્મ લઈ લે છે, જે આ દેશને મજબૂત નથી બનાવતી.

તેમણે કહ્યું કે વનસ્થળી યોજના ભગવાન મહાવીરના ૨૫૦૦માં નિર્વાણ મહોત્સવ પ્રસંગે શરૂ થઈ હતી. તેને ઇન્દિરાજીએ આશીર્વાદ અર્પણ કર્યા હતા. આજે એ આપણી વચ્ચે હોત તો બેહદ ખુશી થાત. શ્રી ગાંધીએ કહ્યું કે ભ૦ મહાવીરે આપણને અહિંસાનો ઉપદેશ આપ્યો છે. જે આજે પણ વિશ્વ માટે એટલો જ મહત્વપૂર્ણ છે, વિશ્વમાં માનવતા માટે આથી મોટો સિદ્ધાંત ન હોઇ શકે. અહિંસાનો આ સિદ્ધાંત આપણી આઝાદીના આંદોલનની શક્તિ બન્યો. ગાંધીજી, પંડિત જવાહરલાલ નહેરુ અને ઇન્દિરાજીએ પણ પોતાની નીતિ બનાવતી વખતે જૈન સિદ્ધાંતોને નજર સમક્ષ રાખ્યાં હતા. આપણી વિદેશનીતિ પણ ભ૦ મહાવીરના સિદ્ધાંતો પર જ આધારિત

ભગવાન મહાવીરે ઢોલ વગાડીને મુક્તિનો સંદેશ ઘોષિત કર્યો કે ધર્મ માત્ર સામાજીક રૂઢિ નથી, પરંતુ વાસ્તવિક સત્ય છે.

— રવિન્દ્રનાથ ટાગોર

શ્રી કાંતિલાલ લક્ષ્મીચંદ શેઠ
૧૦૭, ગણેશવાડી, મુળજી જેઠા મારકીટ, મુંબઈ-૪૦૦૦૦૨

છે. તેમણે કહ્યું કે નિશસ્ત્રીકરણની વાત કરીએ કે જુટનિરપેક્ષતાની અથવા પર્યાવરણ સુધારવાની, આજ સિદ્ધાંત આપણી સામે રહે છે. જ્યારે આપણે ચૂંટણીઓને જોઈએ છીએ તો આપણી સામે એક જ રસ્તો રહી જાય છે અને તે છે અહિંસાનો. આજે વિદેશી શક્તિઓ પણ મહેસુસ કરે છે કે માનવતાને બચાવવાનો સિદ્ધાંત એક માત્ર અહિંસા જ રસ્તો છે.

રશિયાના નેતા ગર્બાચોવ અને તેમની વચ્ચે દિલ્લીમાં થયેલ વાતચીતના અનુસંધાને તેમણે કહ્યું કે આ પહેલો અવસર હતો જ્યારે વિશ્વભરમાં સંદેશ પ્રસારિત કરવામાં આવેલ કે માનવતાને બચાવવા માટે નિશસ્ત્રીકરણ જરૂરી છે.

તેમણે કહ્યું કે આપણે આર્થીક વિકાસના રસ્તે આવતા નૈતિક મૂલ્યોને બચાવીને પણ રાખવાના છે. આ મૂલ્યો ઉપર આક્રમણ થશે. તેને બચાવવા માટે આપણે ભ૦ મહાવીરના સિદ્ધાંતને સામે રાખીએ.

શ્રી ગાંધીએ કહ્યું કે પર્યાવરણની સુરક્ષા જરૂરી છે. ભ૦ મહાવીરે ૨૫૦૦ વર્ષ પહેલા આ વાત કહી હતી. આજે આપણે મહેસુસ કરીએ છીએ કે પર્યાવરણના સંતુલન માટે પશુ, પક્ષી અને ફુલ-ઝાડની સુરક્ષા જરૂરી છે. આપણે જો પર્યાવરણને બચાવી શકીશું તો જ મનુષ્યને બચાવી શકીશું.

પ્રધાનમંત્રીએ વનસ્થળીની બાકી જમીનનો તુરત વિકાસ કરાવવાનું આશ્વાસન દેતા જણાવ્યું કે જૈન સમાજે સામાજિક વિજ્ઞાનના ક્ષેત્રમાં અને પોતાના સ્વયંસેવી સંગઠનોના માધ્યમથી દેશના વિકાસમાં કિંમતી ફાળો આપેલ છે. જૈન સમાજ પોતાના સ્વયંસેવી સંગઠન દ્વારા સરકારના હાથ વધુ મજબૂત બનાવી શકે છે.

આ પહેલા ભગવાન મહાવીર મેમોરીયલ સમિતિના અધ્યક્ષ સાહૂ શ્રેયાંસપ્રસાદ જૈને પ્રધાન મંત્રીશ્રીને મૂર્તિ ભેટ આપેલ. સાહૂ શ્રેયાંસપ્રસાદજીએ કહ્યું કે ઘણી આનંદની વાત છે કે પ્રધાન મંત્રીશ્રી જૈન સમાજમાં દિલચસ્પી રાખી રહ્યા છે. તેમણે કહ્યું કે જૈનોનું એક શિષ્ટ મંડલ તુરત પ્રધાનમંત્રી શ્રીમતી ઈન્દિરા ગાંધીને મળવા ગયું હતું અને તેમને એક રાષ્ટ્રીય સમિતિ બનાવવાનો આગ્રહ કર્યો હતો. જેનો તેમણે સ્વીકાર કરી રાષ્ટ્રીય સમિતિ બનાવી આપી હતી. આ પ્રમાણે આ વનસ્થળીની યોજના બની અને સરકાર દ્વારા ૧૯૫ એકર જમીન મળી, પરંતુ હજુ સુધી ૨૫ એકર જમીન જ વિકસીત થઈ શકી છે. તેમણે પ્રધાનમંત્રીને નિવેદન કર્યું કે બાકીની જમીન તુરત વિકસીત કરાવવામાં આવે

સાહુજીએ કહ્યું કે જૈન સમાજનું હરએક ક્ષેત્રમાં ઉલ્લેખનીય યોગદાન રહ્યું છે. જૈન સમાજ દરેક સમયે દરેક કુરબાની માટે તૈયાર રહ્યો છે અને રહેશે. પ્રધાનમંત્રી ઇચ્છે તો જૈન સમાજનો રાજનીતિના ક્ષેત્રમાં પણ લાભ લઇ શકે છે લાભ કઈ રીતે લઈ શકે છે તે તેમને વિચારવાની વાત છે.

તેમણે કહ્યું કે સાંસ્કૃતિક ક્ષેત્રે પણ જૈન સમાજનો ઘણો યોગ રહ્યો છે. કર્ણાટકમાં જૈન સમાજના અનેક કલાત્મક મંદિર અને મૂર્તિઓ છે. રાણકપુર, આબુ અને ઇન્દોરના મંદિરો અને મૂર્તિઓમાં જૈન દર્શન અને કલાના દર્શન થાય છે. પ્રધાનમંત્રીશ્રી જો આ સ્થળોની મુલાકાત લે તો જરૂર જુએ ને માર્ગદર્શન આપે.

ભગવાન મહાવીર મેમોરીયલ સમિતિના સ્વાગત અધ્યક્ષ સાહૂ અશોકકુમાર જૈને કહ્યું કે આ વનસ્થળી માત્ર ઉદ્યાન નથી. તેની સ્થાપનાનો ઉદ્દેશ જન-જનમાં ભગવાન મહાવીરના સિદ્ધાંતોને પહોંચાડવાનો છે. આ વનસ્થળી ભ. મહાવીરના જીવન દર્શનને અનુરૂપ વિકસીત થઇ ગઇ છે. આ પ્રાણીમાત્ર તરફ માનવપ્રેમનું જ્વલંત ઉદાહરણ છે. જૈન ધર્મ આ સદાય માનતા આવ્યો છે. કે ઝાડ, છોડ અને વનસ્પતિમાં જીવ હોય છે અને એટલે જ વૃક્ષો કાપવા ઉપર પ્રતિબંધ છે. અહિંસાની દૃષ્ટિએ જેટલું સત્ય છે તેટલું જ વિજ્ઞાનની દૃષ્ટિએ પણ પ્રમાણિક છે, પ્રકૃતિની રક્ષા આજે પર્યાવરણની દૃષ્ટિએ આવશ્યક છે. શહેરના ગીચ અને ઉલ્ઝનભર્યા વાતાવરણમાં આમે ય વનસ્થળી જેવા પ્રાકૃતિક સ્થળ મનુષ્યને શાંતિ અને સ્વાસ્થ્ય અર્પણ કરવામાં સહાયક થશે. આજનો માનવી તણાવના સમયમાંથી પસાર થઈ રહ્યો છે એમાં વનસ્થળીની સુરમ્યતા ખરેખર જ સ્વસ્થ જીવનના નિર્માણની દિશામાં સહાયરૂપ થશે. હું પ્રધાનમંત્રીનો આભારી છું કે તેમની સરકારે વનસ્થળીના વિકાસમાં ઊંડો રસ લઇ રહી છે. મને વિશ્વાસ છે કે ભારતના સાંસ્કૃતિક અને આધ્યાત્મિક જગતમાં વનસ્થળી એક એવું કેન્દ્ર બની જશે. જ્યાંથી યુવા પેઢીને જીવન મૂલ્યો પ્રતિ નવી પ્રેરણા પ્રાપ્ત થશે. વનસ્થળીમાં જુદી જુદી જગ્યાઓએ શીલાખંડ ઉપર ભ૦ મહાવીરની વાણી અંકિત થશે. સારુંયે વાતાવરણ એક એવી આધ્યાત્મિક ભાવનાથી પરિપૂર્ણ રહેશે જેથી અહિંસા. અપરિગ્રહ અને ભાઇચારાની ભાવનાને પ્રોત્સાહન મળતું હોય, અશોકજીએ પ્રધાનમંત્રીનો આભાર વ્યક્ત

ભગવાન મહાવીરનો ઉપદેશ શાંતિ અને સુખનો સાચો રસ્તો છે. માનવતા જો તેમના સદુપદેશો પર ચાલે તો ર પોતાનું જીવન આદર્શ બનાવી શકે છે.—રાજાજી

શ્રી મહાસુખલાલ લક્ષ્મીચંદ શેઠ
૭/૮, નંદભુવન, બીજા માળે, બજાજ રોડ, વીલેપાર્લા (વેસ્ટ) મુંબઈ-૫૬

કરતા કહ્યું કે તેઓ ભ૦ મહાવીરની જન્મભૂમિ વૈશાલીમાં પણ અહિંસાના આ અગ્રદૂત પ્રતિ પોતાની ભાવાંજલિ વ્યકત કરવા આજે જઇ રહ્યા છે.

સમિતિના કાઉન્સીલ સભ્ય શ્રી એમ. સી. શાહે (મુંબઇ) કહ્યું કે જૈન ધર્મનો આધાર સત્ય અને અહિંસા છે. આ સિદ્ધાંત આજના યુગમાં વધુ જરૂરી બની ગયો છે. આજે અહિંસા-દ્વારા જ શાંતિ પ્રાપ્ત થઈ શકે છે. તેમણે પ્રધાનમંત્રીને આગ્રહ કર્યો કે જો સરકાર અમને મુંબઈમાં જમીન આપે તો ત્યાં હોસ્પિટલ અને સ્કૂલ ચલાવી શકીએ છીએ.

જૈન શ્વેતામ્બર સમાજની કોન્ફરન્સના પ્રમુખ ને આગેવાન દાનવીર, સમાજસેવક શ્રી દીપચંદભાઇ ગાર્ડીએ કહ્યું કે ભ૦ મહાવીરના અહિંસા, અનેકાંત અને અપરિગ્રહના સંદેશની આજે ઘણી જ મહત્વતા છે. જૈનસમાજ એકતાનો પ્રેમી છે.

ડૉ. એલ. એમ. સિંઘવીએ કહ્યું કે મહાવીર વનસ્થળી ઇન્દિરાજીનો ઉપહાર (ભેટ) છે. વનસ્થળીની સ્થાપના દ્વારા "સર્વ ધર્મ સમભાવ"ની ભાવનાને પ્રેરણા મળે છે, કાર્યક્રમનું સંચાલન મહસચિવશ્રી અક્ષયકુમાર જૈને કર્યું. સમારોહમાં સુપ્રસિદ્ધ સંગીતકાર રવિન્દ્રકુમારે જૈનધર્મના ભજન સંભળાવ્યા. આ અવસરે સમિતિના કાર્યકારી મંત્રી શ્રી એલ. એલ. આચ્છાએ જૈન આચાર્યશ્રીઓ દ્વારા આવેલ સંદેશાઓનું વાંચન કર્યું.

દિગમ્બર આચાર્યશ્રી વિદ્યાનંદ મુનિ મહારાજે તેમના સંદેશામાં લખી જણાવ્યું છે કે અમને આ જાણીને ધાર્મિક આનંદ થયો છે કે મહાવીર વનસ્થળીનું વિધિપૂર્વક ઉદ્ઘાટન થઈ રહ્યું છે. અને આ ઉદ્ઘાટન કરવાનું ગૌરવ પ્રધાનમંત્રીશ્રી રાજીવ ગાંધીને મળી રહ્યું છે. દિવંગત પ્રધાનમંત્રી શ્રીમતિ ઇન્દિરા ગાંધી જૈન સમાજને જનકલ્યાણકારી આયોજનમાં હંમેશા પ્રેરણાદાયક સહયોગ આપતા હતા. આ વનસ્થળી જૈન સમાજ અને ભ૦ મહાવીરમાં આસ્થા રાખવાનાર કોટિ કોટિ માનવો માટે શ્રદ્ધાનું સ્થળ બની રહે તેવા અમારા શુભાશીર્વાદ છે.

તેરાપંથી આચાર્યશ્રી તુલસીએ તેમના સંદેશમાં જણાવ્યું કે આજે સારાયે આ સંસારમાં અણુશસ્ત્રોનો આંતક વધતા રહ્યો છે. પર્યાવરણનું સમતોલન બગડી રહ્યું છે. અનૈતિકતા અને ભ્રષ્ટાચાર અંકુશ બહાર થઈ રહ્યા છે. આ પરિસ્થિતિમાં ભ૦ મહાવીરનું મુલ્યાંકન કરવું અનિવાર્ય બની ગયું છે. મહાવીર વનસ્થળી કેવળ તાપમાં શીતળ છાયા જ ન આપે પરંતુ અહિંસા પ્રેમ, મૈત્રી અને કરુણાની એવી શીતળ છાયા અર્પણ કરે કે જેથી માનવ જાત સુખ અને શાંતિનો શ્વાસ લઈ શકે.

શ્વેતામ્બર આચાર્ય શ્રી વિજયઇન્દ્રદિન્નસૂરિજી મહારાજે પોતાના સંદેશામાં જણાવ્યું કે મહાવીર વનસ્થળીના ઉદ્ઘાટન પ્રસંગે પ્રધાનમંત્રી શ્રી રાજીવ ગાંધી પોતે આવી રહ્યા છે. આ સમાચાર જાણી ઘણા જ આનંદનો અનુભવ થયો. મહાવીર વનસ્થળી સમાજમાં એકતા અને સમન્વયનું પ્રેરણા સ્થળ બને.

સ્થાનકવાસી આચાર્યસમ્રાટ આનંદઋષિજી મહારાજે સંદેશમાં જણાવ્યું કે મહાવીર વનસ્થળી રાષ્ટ્રને માટે પ્રેરણાદાયક બને.

શ્રી મહાવીર વનસ્થળીનો આ સમારોહ એક અનોખો અને સમગ્ર જૈન સમાજની એકતાનો પ્રતિક બની રહ્યો. મહાવીર નિર્વાણ મહોત્સવ સમયે સમાજમાં એકતાનું લક્ષ હતું તેવી જ ચેતના આ અવસરે પણ દેખાતી હતી. દેશના દરેક ભાગોમાંથી સમાજના વરિષ્ઠ નેતા અને પ્રતિનિધિગણ તો ઉપસ્થિત હતો જ. તેમજ કેન્દ્રીય મંત્રી અને સંસદ સભ્યો પણ હાજર હતા. મહાવીર મેમોરીયલ સમિતિના દરેક સભ્યો ઉપરાંત દિગંબર જૈન સમાજ, શ્વે. મૂ. પૂ. જૈન સમાજ તેરાપથી સમાજ અને સ્થાનકવાસી સમાજના દરેક મુખ્ય વ્યકિતઓ વનસ્થળી ઉદ્ઘાટન સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા. પ્રારંભમાં પુષ્પમાળથી પ્રધાનમંત્રીશ્રીનું ભવ્ય સ્વાગત કરવામાં આવેલ.

દિલ્હી જૈન સમાજ દ્વારા સવારના વિશાળ શોભાયાત્રા ભવ્ય નીકળેલ. જેમાં જૈન-જૈનોતરો તથા સ્કૂલોના બાળકો બાળાઓએ વિશેષ ભાગ લીધેલ. શોભાયાત્રા બાદ પરેડ ગ્રાઉન્ડમાં સભાના રૂપમાં ગોઠવાયેલ, વિવિધ પ્રવચનો થયેલ. દિલ્હીના ધાર્મીક સ્થળોને વિશિષ્ટ રીતે શણગારાયેલ. દિલ્હીની માંસની દુકાનો બંધ રખાયેલ.

ખીમેલ (રાજ૦)માં ભવ્ય મહોત્સવ

અત્રે પૂ૦ આચાર્યશ્રી વિજયસૂશીલસૂરિજી મ૦સા૦ની શુભ નિશ્રામાં જિનેન્દ્ર ભક્તિ નિમિત્તે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન, શ્રી પાર્શ્વ-પદ્માવતી પૂજન, શ્રી બૃહદ્ અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર મહાપૂજા યુક્ત શ્રી છપ્પન દિક્કુમારીકા સ્નાત્ર મહોત્સવ શ્રી વાસા માતાજી થાલ સહિત ૧૧ દિવસીય તા. ૧૯ એપ્રીલથી ૨૯ એપ્રીલ સુધીનો મહોત્સવ ઉજવાયો છે. ભ. મહાવીર જન્મ કલ્યાણકની ભવ્ય ઉજવણીથી પ્રારંભ થયેલ.

હું મારી પોતાની જાતને ધન્ય માનું છું કે મને ભગવાન મહાવીરના પ્રાંતમાં (બિહાર)માં જન્મવાનુ સૌભાગ્ય પ્રાપ્ત થયું.

—રાજેન્દ્રપ્રસાદ

શ્રી મહાવીરનગર આંતરરાષ્ટ્રીય કેન્દ્ર મુ. ચિંચણ તા. દહાણુ—જી. : થાણા.

મુંબઈમાં ચારે ફીરકા દ્વારા શોભાયાત્રા : સભા

અખીલ ભારત જૈન શ્વેતાંબર કોન્ફરન્સ અખીલ ભારત દિગંબર જૈન તીર્થક્ષેત્ર કમીટી, જૈન શ્વેતાંબર તેરાપંથી સભા, જૈન અધ્યાત્મ સ્ટડી સર્કલ ફેડરેશન, ભારત જૈન મહામંડળ, જૈન સોશ્યલ ગૃપ ફેડરેશન અને અ. ભા. સ્થાનકવાસી જૈન કોન્ફરન્સના આશ્રયે સવારે બીર્લા બિરલા માતુશ્રી સભાગૃહમાં તીર્થંકર ભગવાન શ્રી મહાવીરની જન્મ કલ્યાણ મહોત્સવ (મહાવીર જયંતિ)ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે રાજ્યના આરોગ્ય ખાતાના પ્રધાન શ્રી જવાહરલાલ દરડા, મુંબઈ પ્રાદેશિક કોંગ્રેસ સમિતિ, કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી મુરલી દેવરા, શ્રી રમણલાલ શાહ અને અન્ય પ્રવક્તાઓએ ભગવાન શ્રી મહાવીરના ઉપદેશો જીવનમાં ઉતારવાનો લોકોને અનુરોધ કર્યો હતો.

મુનીશ્રી ભુવનહર્ષવિજયજી, વિદૂષી મહાસતી શ્રી પ્રમોદ સુધાજી, શ્રી જસુબાઇ મહાસતીજી અને અન્ય મહાસતીજી આ પ્રસંગે હાજર રહ્યા હતા.

મહાસતી શ્રી પ્રમોદસુધાજીએ આ પ્રસંગે પ્રેરક ધાર્મિક પ્રવચન કરીને ભગવાન શ્રી મહાવીરના ઉચ્ચ આદર્શોને જીવનમાં વણી લેવાનો લોકોને અનુરોધ કર્યો હતો.

શ્રી જવાહરલાલ દરડાએ તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે ૨૫૦૦ વર્ષો અગાઉના ભગવાન શ્રી મહાવીરના આદર્શો આજે પણ જીવંત છે અને એના કારણે આપણો મહાન જૈન ધર્મ ટકી રહ્યો છે.

આ પ્રસંગે રાષ્ટ્રપિતા ગાંધિજીને અંજલિ અર્પીને તેમણે જણાવ્યું હતું કે ગાંધીજીએ ભગવાન શ્રી મહાવીરના અમૂલ્ય ઉપદેશોમાંથી પ્રેરણા મેળવીને પોતાના જીવનમાં અહિંસાનો અમલ કર્યો અને આ અમોધ સશસ્ત્ર વડે બ્રીટીશ સામ્રાજ્યનો સામનો કર્યો, અહિંસા અને સત્યાગ્રહ વડે જીવનમાં આપણે કેવી સફળતા પ્રાપ્ત કરી શકીએ એ તેમણે દેશને બતાવી આપ્યું.

કર્મ આપણા જીવનનો પ્રાણ છે. એમ જણાવીને તેમણે ભાઇચારા અને અહિંસાનો પ્રચાર કરવાની જૈન ભાઇ બહેનોને હાકલ કરી હતી.

આજે જ્યારે વિશ્વમાં આતંકવાદ ફેલાયો છે ત્યારે અહિંસા જ આપણા જીવનને સાચી શાંતિ અર્પી શકશે એમ શ્રી દરડાએ જણાવ્યું હતું.

શ્રી મુરલી દેવરાએ જણાવ્યું હતું કે વિશ્વભરમાં આજે જ્યારે હિંસાનું વાતાવરણ સર્જાયું છે ત્યારે મહાવીરની અહિંસા જ આપણને બચાવી શકે એમ છે.

વડાપ્રધાન શ્રી રાજીવ ગાંધી તેમજ દેશના અન્ય ઉચ્ચ આગેવાનો જૈન ધર્મ પ્રત્યે ભારે આદરભાવના ધરાવે છે. એમ જણાવીને શ્રી દેવરાએ જણાવ્યું હતું કે આ પવિત્ર ઉત્સવના પ્રસંગે શ્રી રાજીવજી આજે બિહારમાં ને વનસ્થળીના ભવ્ય સમારંભમાં હાજર રહેવાના છે.

શ્રી દેવરાએ વધુમાં જણાવ્યું હતું કે ભગવાન શ્રી મહાવીરના ઉચ્ચ જીવન અને તેમના મહાન આદેશો વિષે જે કંઈ કહીએ એ ઓછું કહેવાય. ૨૫૦૦ વર્ષો અગાઉ તેમણે તેમના મહાન ઉપદેશો દ્વારા લોકોને પ્રેરણા આપી હતી. આ ઉપદેશો આજે પણ જીવંત છે અને તેને જીવનમાં ઉતારીને આપણને આપણે કલ્યાણ કરી શકીએ એમ છીએ

વધુમાં તેમણે વિવિધ ધર્મો વચ્ચે સહકારની ભાવના અને ભ્રાતૃભાવ વધારવાની જરૂરીયાત પર ભાર મૂકયો હતો.

શ્રી રમણલાલ શાહ અને અન્ય વક્તાઓએ પણ આ પ્રસંગે ભગવાન શ્રી મહાવીરના ઉચ્ચ ઉપદેશો જીવનમાં ઉતારવાનો અને જૈન ધર્મમાંના જુદા જુદા ફીરકાઓ વચ્ચે એકતા ઉભી કરવાનો સૌને અનુરોધ કર્યો હતો.

ભારે ઉત્સાહભર્યા ધાર્મિક વાતાવરણમાં છેટે સમારંભની પૂર્ણાહુતિ થઇ હતી.

આ સમારંભ અગાઉ સવારે ૮ વાગે શ્રી આદિશ્વર દેરાસર ભાતબજાર વિસ્તારમાંથી ભવ્ય રથયાત્રા નીકળી હતી અને તે પાયધુની, મુંબાદેવી રોડ, ઝવેરી બજાર, પ્રીન્સેસ સ્ટ્રીટ, કાલબાદેવી વિસ્તારમાંથી પસાર થઈને તેનું છેવટે સમારંભમાં પરીવર્તન થયું હતું.

આ પ્રસંગે માજી વિધાન સભ્ય શ્રી રતીઆલુ છીબર, અગ્રગણ્ય સુધરાઈ સભ્ય શ્રી રમણલાલ અંકલેશ્વરીઆ, શ્રી વસનજી ભાઈ લખમશી અને અન્ય આગેવાનોએ હાજરી આપી હતી.

*

દુનિયાને સર્વનાશથી જો બચાવવી હોય અને તેને કલ્યાણના માર્ગે લઈ જવી હોય તો ભગવાન મહાવીરના અને તેમણે બતાવેલા માર્ગને ગ્રહણ કર્યા વિના બીજો કોઈ ઉપાય નથી.

—રાધાકૃષ્ણન

શ્રી રજનીકાંતભાઈ દેવડી : મે. મોહનલાલ કસ્તુરચંદ ઝવેરી ૪૩, કપૂર મેન્સન, પેલા માળે હ્યુજીસ રોડ, મુંબઈ-૭

અમદાવાદમાં મહાવીર જયંતિ નિમિત્તે શોભાયાત્રા, વિમોચન, નવસો આવાસોની જાહેરાત

ભગવાન મહાવીર સ્વામીના જન્મ કલ્યાણકના પ્રસંગની ઉજવણી પ્રસંગે સમસ્ત જૈન સેવા સમાજ તરફથી પાલડી ચાર રસ્તા પાસેના મહાવીર જૈન વિદ્યાલય ખાતેથી વિશાળ શોભાયાત્રાને વહેલી સવારે ગુજરાતના નાણા અને શિક્ષણ ખાતાના પ્રધાન શ્રી અરવિંદભાઈ સંઘવી પ્રધાનો શ્રીમતી સુશીલાબહેન શેઠ અને શ્રી મનુભાઈ પરમારની હાજરીમાં અત્રેના ગુજરાત સમાચારના તંત્રી જૈન અગ્રણી શ્રી શ્રેયાંસભાઈ શાહે લીલી ઝંડી ફરકાવી પ્રયાણ કરાવ્યું.

સમસ્ત જૈન સેવા સમાજના પ્રમુખશ્રી લાલભાઈ દેવચંદભાઈ શાહે પરંપરાગત શ્રાવકનો વેશ પાઘડી, ખેસ અને શાલ અર્પણ કરીને શ્રી શ્રેયાંસભાઈ શાહનું બહુમાન કર્યું હતું. પ્રધાનોનું પણ સ્વાગત કરવામાં આવ્યું હતું.

જૈન આચાર્ય ભગવંત શ્રીમદ્ ચંદ્રોદયસૂરીશ્વરજી મહારાજ સાહેબ તેમજ અન્ય સાધુ-સાધ્વી-શ્રાવક અને શ્રાવિકાના ચતુર્વિધ સંઘની હાજરીમાં ત્રણ બેન્ડ, પાંચ ઘોડેસવાર, રેખાચિત્રો સહિતની વીસ ટ્રક અને વીસ ઊંટગાડીને શણગારીને રથયાત્રામાં સામેલ કરવામાં આવી હતી. જીનબિંબો સાથેની આ રથયાત્રાનું ટાઉનહોલ પાસે શ્રી આંબાવાડી શ્વેતાંબર જૈન સંઘના ટ્રસ્ટીઓ તથા અગ્રણીશ્રી સુરેશભાઈ સંઘાણી, શ્રી રમેશભાઈ નૌતમલાલ વગેરેએ ભાવભીનું સ્વાગત કર્યું હતું.

આ રથયાત્રા વાજતે ગાજતે ગુજરાત વિદ્યાપીઠ ખાતે પહોંચીને સભામાં ફેરવાઈ ગઈ હતી.

શ્રી આંબાવાડી જૈન સંઘને આંગણે થયેલ સિદ્ધિતપની તપશ્ચર્યા પ્રસંગે પૂ. અનંતચંદ્ર મુનિરાજશ્રીની શુભ પ્રેરણાથી હેમચંદ્રાચાર્ય નવમી જન્મશતાબ્દી નિમિત્તે ડૉ. કુમારપાળ દેસાઈ સંપાદિત વિશિષ્ટ ગ્રંથ 'હેમસ્મૃતિ'ની રાજ્યપાલશ્રી આર. કે. ત્રિવેદીએ વિમોચનવિધિ કરી હતી.

આ પ્રસંગે રાજ્યપાલ શ્રી આર. કે. ત્રિવેદી, શ્રી દીપચંદ ગાર્ડી, શ્રી લાલભાઈ દેવચંદ શાહ, શ્રી યુ. એન. મહેતા, કુમારપાળ દેસાઈ વગેરેએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા.

સમસ્ત જૈન સેવા સમાજના પ્રમુખશ્રી લાલભાઈ દેવચંદે હેમચંદ્રાચાર્યનગર નામ આપીને નવસો જૈન કુટુંબો માટે નવસો આવાસ આપવાનું જાહેર કર્યું હતું,

જૈન આચાર્ય ભગવંત પૂજ્યશ્રી ચંદ્રોદયસૂરીશ્વરજી મહારાજશ્રીએ અહિંસા, સાધર્મિક બંધુત્વ અને સંત સમાગમના લાભો સમજાવીને મહાવીર સ્વામીનો સંદેશો ઘેર-ઘેર પહોંચાડવા અનુરોધ કર્યો હતો. મુનિશ્રી વાત્સલ્યદીપે હતાશા ખંખેરીને જીવનમાં સાત્ત્વિકતા અપનાવી એકતાનો સંદેશો પાઠવ્યો હતો.

શ્રી અનિલભાઈ ગાંધીએ નેવું સાધર્મિક કુટુંબોને મકાન માટે આર્થિક સહયોગ આ પ્રસંગે જાહેર કર્યું હતું.

શ્રી જિનશાસન રક્ષા સમિતિ અમદાવાદ તરફથી પણ વિજયદાનસૂરીશ્વરજી જ્ઞાનમંદિર કાલુપુરથી વરઘોડાનું આયોજન કરવામાં આવ્યું હતું. પાલિતાણા, રાજકોટ, જામનગર, વગેરે સ્થળોએ પણ મહાવીર પરમાત્માના જિનાલયે ભવ્યાતિભવ્ય અંગરચના અને વરઘોડાનું આયોજન કરવામાં આવ્યું હતું.

મદ્રાસ-શ્રી મહાવીર યુવક મંડળ

શ્રી મહાવીર યુવક મંડળ દ્વારા મદ્રાસ શહેરના દરેક જૈન મંદિરના દર્શન, વંદન માટેનું આયોજન ગોઠવાયેલ જેમાં યાત્રીઓને ડીલક્ષ બસ દ્વારા નાસ્તા, ભોજન વિ. ની ગોઠવણ કરાયેલ.

તામીલનાડુ સરકાર દ્વારા મહાવીર જયંતિને અહિંસા દિવસ મનાવેલ, ઠેક ઠેકાણે શાંતિયાત્રા નીકળેલ.

આગ્રા (ઉ.પ્ર.) મહાવીર જયંતિ

આગરાનગર મહાનગરપાલિકા દ્વારા તા. ૧૨ એપ્રીલ ૧૯૮૯ના એક ઠરાવથી આગરા શહેરના દરેક કતલખાના તથા માંસની દુકાનો ભગવાન મહાવીર જયંતિ, બુદ્ધ જયંતિ, શિવરાત્રી ના સંપુર્ણ બંધ રખાશે, જેનો અમલ તુરત જ તા. ૧૮ એપ્રિલના મહાવીર જયંતિના થયેલ.

દિગમ્બર જૈન પરિષદ દ્વારા શોભાયાત્રાનું આયોજન થયેલ.

શ્રી શ્વેતામ્બર નવયુવક મંડળ દ્વારા રાત્રીના સુરસદનના પ્રસિદ્ધ હોલમાં સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન સુંદર થયેલ. જેમાં આગ્રાના જુદા જુદા યુવક મંડળો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ નાટક, પ્રવચનો વિ. થયેલ.

જૈનોને આ વાત પર ગર્વ થવો જોઇએ કોંગ્રેસ ભગવાન મહાવીરના સિદ્ધાંતોને સમગ્ર ભારત વર્ષમાં પાલન કરાવી રહી છે.

— સરદાર પટેલ

શ્રી ધરણીધરભાઈ ખીમચંદ શાહ માંગરોળ મેન્શન, પહેલા માળે, જનબો સ્ટ્રીટ, મુંબઈ-

ભરૂચમાં જન્મ કલ્યાણકની ઉજવણી

પારણું પધરાવી હાલરડા ગાયેલ

શ્રી ભરૂચ શ્રીમાળીપોળમાં બિરાજમાન પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયરાજયશસૂરીશ્વરજી મ૦ની નિશ્રામાં તા. ૧૯/૪/૮૯ ને બુધવારે પ્રભુ મહાવીર જન્મ કલ્યાણકની ઉજવણી થઈ હતી. શહેરના જૈન ભાવિકોની ખૂબ ખૂબ હાજરી હતી. શેઠશ્રી કેસરીચંદ શ્રેષ્ઠે પ્રભુ મહાવીરના પ્રતિકને પારણામાં પધરાવી જયનાદ કર્યો. હાલરડાનું મધુર ગીત શ્રી મહાવીર યુવક મંડળે રજૂ કર્યું હતું. નાની બે બાળિકાએ પ્રભુ મહાવીર કેવા હતા એનું ભાવસભર નૃત્ય કર્યું હતું. આ પ્રસંગે પૂ૦પાદ આચાર્યદેવશ્રી રાજયશસૂરીશ્વરજી મહારાજે પ્રવચન કરતાં જણાવ્યુ હતું કે

* "પ્રભુ મહાવીરના અનુયાયીઓએ મહાવીર બનવાની જરૂર છે.
* ગમે તેવા પ્રલોભનો હોય છતાંય અનિતિ ન કરે તે સાચો વીર છે.
* ગમે તેવા રૂપ, આકર્ષણ અને વૈભવ હોય છતાં ય સદાચાર ને મર્યાદાને ઓળંગે નહીં તે જ ખરેખરો વીર છે.
* ફરી પાછો ન ફરી શકે તેવા સમયની મૂલ્યવાનતા સમજી માનવજીવનને સાર્થક કરે તે વિક્રમી વીર છે.
* પરોપકારમાં સદા મસ્ત રહી કોઈપણ જીવને નાની પણ તકલીફ ન થાય એવો ખ્યાલ કરનારો સાચો બહાદુર છે.... સાચો વીર છે.
* આત્મા અનંત શક્તિશાળી છે એવું સમજે છે અને અનંત શક્તિની અનુભૂતિ કરવા મથે છે તે વીર છે.

આજના દિવસે સમાજને, સંઘને, દેશને અને વિશ્વને માત્ર માનવની કે કાયર, લંપટ, ડરપોક કે આક્રમક, અશાંત કે ક્ષુદ્ર માનવની જરૂર નથી, આજના દિવસે હવે એવા વીરની જરૂર છે કે જે સમાજ સંઘ, દેશ અને વિશ્વને એક શાંતિની દિશા તરફ લઈ જાય તે માટે આપણી પોતાની સિવાય અન્ય કોઈ પર પણ ભરોસો રાખવો નિરર્થક છે. બસ આવું સમજીને આપણે આચરણ કરીએ તો આપણે પણ સાચા મહાવીર બની શકીએ. "આત્મા સો પરમાત્મા"નો તો મહામાન્ય ધ્વનિ એજ કહે છે કે તમે જાતને ઓળખો. તમારા જેવું કોઇ મહાન નથી. તમે જાત પ્રત્યે બેદરકાર હો તો તમારા જેવું કોઇ તુચ્છ નથી."

પૂજ્યશ્રીના અસરકારક પ્રવચન બાદ શ્રીસંઘના સેક્રેટરી શ્રી સુરેશભાઈ મહેતાએ જાહેર કર્યું હતું કે શ્રીમાળીપોળના અન્ય દેરાસરમાં ધજાદંડ ચડાવવાના હોવાથી એક નાનાશા પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન આગામી ચૈત્ર વદ-૧૦ થી શરૂ થશે. અને વૈશાખ સુદ-૨ના મહોત્સવ પૂર્ણ થશે. ચૈત્ર વદ-૧૦ના દિવસનું એ પણ મહત્વ છે કે આપણા ઉપકારી પૂ૦ ગુરૂદેવ રાજયશસૂરીશ્વરજી મ૦ પોતાના ૪૫માં વર્ષમાં પ્રવેશ કરશે. આ પ્રસંગે કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય મહારાજની ૯૦૦મી શતાબ્દિના અનુસંધાનના પણ સુંદર કાર્યક્રમો થશે.

ભ. મહાવીર સેવા સમિતિ-પાલનપુર

આ સંસ્થા દ્વારા કેટલ કેમ્પ, નેત્રયજ્ઞો, મહાવીર હાર્ટ ફાઉન્ડેશન દ્વારા ઓપરેશન માટે આર્થિક સહાય આપવામાં આવેલ. જેના સહયોગી શ્રી લક્ષ્મીચંદ લલ્લુભાઇ તથા શ્રી ચીમનલાલ લક્ષ્મીચંદ પરીખ ચેરીટેબલ ટ્રસ્ટ તથા શ્રી આર. જે. મહેતા ટ્રસ્ટના સહકારથી સિદ્ધ થયેલ.

પ્રભુભક્તિનો અપૂર્વ લાભ

મહાવીર સ્નાત્ર મંડળ : મહુવા

સ્થાપક : સ્વ. માસ્તર દેવચંદ છગનલાલ

સ્થાપના : સં. ૧૯૯૭ શ્રાવણ વદ-૯, શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાનના દેરાસરમાં દરરોજ ઉપરોક્ત મંડળના ૨૦૦ બાળકો તથા બાળાઓ સ્નાત્ર રાગરાગણી પૂર્વક ભણાવે છે. તેમને પ્રોત્સાહન કરવા પધારો તથા નીચેની યોજનાનો લાભ મેળવી પૂન્ય ઉપાર્જન કરો.

રૂા. ૨૫૧/- કાયમી અનામત નાસ્તાની તીથી,
રૂા. ૧૦૧/- કાયમી અનામત પ્રભાવનાની તીથ..
રૂા. ૫૧/- એક દિવસના નાસ્તાના
રૂા, ૧૧/- એક દિવસના પ્રભાવનાના

-: સંપર્ક સ્થાન :-

શાહ રમેશચંદ્ર દેવચંદ

કંડોળીયા શેરી, મહુવા બંદર—૩૬૪૨૯૦

આપણે જ્યારે આજે એક નવા વિશ્વનું નિર્માણ કરવામાં પડ્યા છીએ ત્યારે ભગવાન મહાવીરનો સંદેશો આપણે દિગ-દિગંત ફેલાવવો જોઈએ.
— ફખરૂદીન અલીઅહમદ

શ્રી માણેકલાલ વી. સવાણી—મુંબઈ—સવાણી ટ્રાન્સપોર્ટ કું. લી.

બ્રોડવે શોપીંગ સેન્ટર, દાદર, મુંબઈ-૧૪

ભ. મહાવીર કલ્યાણક પ્રસંગે ગચ્છને સંપ્રદાયના વાડા દુર કરી ઉજવાય

ભગવાન મહાવીરની કલ્યાણક ભૂમિમાં

ચરમ તીર્થંકર પરમાત્મા મહાવીર પ્રભુની જન્મભૂમી બીહાર ક્ષત્રિયકુન્ડ-કુંડવાડમાં ભગવાન મહાવીર જન્મ કલ્યાણકની ઉજવણીના વિવિધ-ધાર્મીક-સામાજિક-સાંસ્કૃતિક-કાર્યક્રમોનું આયોજન થયેલ. તેમજ ભગવાનની નિર્વાણભૂમી પાવાપુરી, વીહારભૂમી રાજગૃહીમાં પણ વિશેષ જન્મ કલ્યાણકના કાર્યક્રમો યોજાયેલ. બીહાર-પટણા, કલકત્તા આદીથી હજારો લોકો અત્રે દર્શનાર્થે પધારતા રહેલ. જ્યારે વૈશાલીમાં રાત્રીના વડાપ્રધાન રાજીવ ગાંધીના જાહેરસભા સહ કાર્યક્રમો યોજાયેલ.

અગાઉ અત્રે શ્રી જૈન શ્વે. સોસાયટી ક્ષત્રીયકુન્ડ દ્વારા તા. ૨૪-૩-૮૯ના એક જાહેરસભા યોજાયેલ. જેમાં કેન્દ્ર સરકારના જલ સંશોધન વિભાગના રાજ્યમંત્રી શ્રીમતી કૃષ્ણાશાહી આ જન્મ કલ્યાણક ભૂમિના વિકાસ-વિસ્તાર માટે સોસાયટી દ્વારા રજુ થયેલ બુહુઆરી-નદી ઉપર પુલ બનાવવાની યોજનાને સ્વિકૃતી આપેલ અને જિલ્લા યોજના વિભાગ દ્વારા લછૂવાડ સે કુન્ડઘાટ સુધી સડક બનાવવા તથા પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર ખોલવાની મંજુરીની જાણ કરેલ. આ ક્ષેત્રને પર્યટન સ્થળ તરીકે વિકસાવવાની સરકાર દ્વારા વિચારણા થશે તેમ જણાવેલ, આ પ્રસંગે શ્રી વિદ્યાભિક્ષુજી મ. આદિએ પણ તીર્થના વિકાસ માટે વિચારો રજુ કરેલ.

ગુન્ટુર (આંધ્રપ્રદેશ) કલ્યાણક ઉજવણી

પૂ૦ સાધ્વીશ્રી મુક્તિશ્રીજી મ૦, સાધ્વીશ્રી કુશલપ્રભાશ્રીજી મ૦ આદિની શુભ નિશ્રામાં ચૈત્ર માસની નવપદજીની ઓળીની આરાધના સાથે ભગવાન મહાવીર જન્મ કલ્યાણકની ઉજવણી ભવ્ય ઉત્સાહપૂર્વક થયેલી.

અત્રે રાષ્ટ્રીય જીવરક્ષા સંઘની સભા પૂજ્ય સાધ્વીશ્રીની નિશ્રામાં યોજાયેલ.

ગ્વાલિયર (મ.પ્ર.) જન્મ કલ્યાણક

ભગવાન મહાવીરના જન્મ કલ્યાણક પૂ૦ સાધ્વીશ્રી સુદર્શનાશ્રીજી આદીની શુભ નિશ્રામાં ભારે ઉત્સાહથી ઉજવાયેલ. જેમાં ભ૦ મહાવીરના જીવન પ્રેરક-પ્રવચનો રોચક થયેલ છે. ડો. શ્રી સુન્દરલાલજી પટવા, શ્રી કપૂરચંદજી જૈન, શ્રીમતી સુરખમુખી જૈન, શ્રી વિમલકુમાર જૈન વિ. એ ભાગ લીધેલ.

ઉજ્જૈન (મ. પ્ર.) શ્રી સિદ્ધચક્ર-રાજનાતીર્થ નવપદ ઓળી તથા જન્મ કલ્યાણકની ઉજવણી

મહાસતી મયણાસુંદરીની જન્મભુમી તથા મહારાજા શ્રીપાલની પ્રથમ નવપદની આરાધના ભૂમીમાં પૂ૦ મુનિરાજશ્રી જિનરત્નસાગરજી મ૦ની શુભનિશ્રામાં શ્રી ઋષભદેવજી છગનીરામજી પેઢી દ્વારા સામૂહિક નવપદ ઓળીની આરાધના વિધી પૂર્વક થયેલ.

તા. ૧૯-૪-૮૯ના શ્રી મહાવીર જન્મકલ્યાણકની ભવ્ય રથયાત્રા પ્રવચન, પ્રભુભક્તિ સહ કાર્યક્રમોથી ઉજવાયેલ થયેલ.

વડોદરા-ઉજવણી-જેલમાં જિનમૂર્તિ

પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયમેરૂપ્રભસૂરીશ્વરજી મ૦ની શુભ નિશ્રામાં નવપદની ઓળીની આરાધના તથા ભગવાન મહાવીર જન્મકલ્યાણકની ઉજવણી સુંદર રીતે થયેલ.

શ્રી વડોદરા કચ્છી અચલગચ્છ જૈન સંઘના સુપ્રયાસથી શ્રી પ્રેમ ફાઉન્ડેશન-દ્વારા વડોદરા સેન્ટ્રલ જેલમાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની જિનમૂર્તિ સ્થાપિત કરવામાં આવેલ છે. પ્રતિમાજી મુનિરાજ શ્રી ચન્દ્રજિનવિજયજી મ૦ના પ્રવચન સહ યોજાયેલ.

સુરતમાં જન્મ કલ્યાણક મહોત્સવ

ભગવાન મહાવીર જન્મ કલ્યાણક મહોત્સવનું આયોજન શ્રી મોહનલાલજી જૈન ઉપાશ્રયમાં શ્રી જિનદત્તસૂરી મંડળ તથા શ્રી કીર્તિ પ્રકાશન દ્વારા જાહેર પ્રવચન વિ. ગોઠવાયેલ. જેમાં પૂ૦ આ૦શ્રી ચિદાનંદસૂરીજી મ૦, પૂ૦ શાસનપ્રભાવકશ્રી મહિમાપ્રભસાગરજી મ૦ની શુભ નિશ્રામાં યોજાયેલ. જેમાં શ્રમણ ભગવાન મહાવીરના જીવન-દર્શક જુદા જુદા પ્રવચનો થયેલ. પૂ૦ મહોપાધ્યાય શ્રી ચન્દ્રપ્રભસાગરજી મ૦એ ભગવાન મહાવીરની પન્દર ભાષામાં સ્તુતિ રજુ કરેલ.

ચારૂપ તીર્થ (ઉ. ગુજરાત)

પૂજ્ય આચાર્ય શ્રી વિજયહેમપ્રભસૂરીશ્વરજી મ૦ ની શુભ નિશ્રામાં પૂ૦ સાધ્વીશ્રી દિવ્યયશાશ્રીજી મ૦ ની વર્ધમાન તપની ૧૦૦મી ઓળીના પારણા પ્રસંગે પંચાન્હિકા મહોત્સવ યોજાયેલ.

અત્રે ભગવાન મહાવીરસ્વામીના જન્મકલ્યાણક નિમિત્તે ભક્તિભાવ પૂર્ણ કાર્યક્રમ યોજાયેલ.

મહાવીરનો શાશ્વત અને સર્વકાલીન સંદેશ, અપરિગ્રહવાદનો આદર્શ જ આજની ત્રસ્ત માનવતા માટે મહત્ત્વપૂર્ણ ઉપલબ્ધિ છે.
— ઇન્દિરા ગાંધી

શ્રી મહેન્દ્ર ચંદુલાલ વાવવાળા – મેસસ સી. મહેન્દ્ર એક્ષપોર્ટસ ૧૨૦૪, પંચરત્ન ઓપેરાહાઉસ, મુંબઇ-૪

ભ. મહાવીર કલ્યાણક દ્વારા દુર થઈ રહેલી સંકુચિતતા–વધતો પ્રચાર–પ્રસાર

હૈદ્રાબાદ (આંધ્રપ્રદેશ)

હૈદ્રાબાદના સુપ્રખ્યાત ચાર મીનાર પાસેથી ચારેય ફીરકા દ્વારા ભવ્ય શોભાયાત્રા હજારો ભાઈ–બહેનોની હાજરીથી નીકળેલ ભગવાન મહાવીર સ્મારક ઉપર પુષ્પાંજલી અર્પીત કરાયેલ.

ચુડામાં ઉજવાયેલ ભવ્ય મહોત્સવ

પૂ૦ આચાર્યશ્રી દર્શનસાગરસૂરિજી મ૦સા૦ના વિદ્વાન શિષ્યરત્ન પૂ૦ આ૦ શ્રી જયાનંદસૂરિજી મ૦સા૦ તથા પૂ૦ સા૦ શ્રી મંગળાશ્રીજીના શિષ્યરત્ન સા૦ શ્રી દમયંતીશ્રીજી મ૦ના કાળધર્મ નિમિત્તે તા. ૨૯માર્ચથી ૨ એપ્રીલ સુધીનો ભવ્ય મહોત્સવ શ્રી શાંતિલાલ ચુનીલાલ કપાસી પરિવાર તરફથી અને ચુડા શ્રી સંઘના ઉપક્રમે ઉજવવામાં આવેલ. દેવદ્રવ્ય–સાધારણખાતા તેમજ જીવદયા વિગેરે કાર્યોમાં સારો ફાળો એકત્ર થયેલ.

હિન્ડૌન (રાજ.)માં શાશ્વતી ઓળી

પૂ૦ આચાર્યશ્રી વિજયપૂર્ણાનંદસૂરીશ્વરજી મ૦સા૦ના પ્રથમ પટ્ટધર પૂ૦ આચાર્યશ્રી વિજયહિંકારસૂરીશ્વરજી મ૦સા૦ની શુભ નિશ્રામાં શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ તીર્થે તા. ૧૩ એપ્રીલથી શાશ્વતી ચૈત્રી ઓળીની ભવ્ય આરાધનાનો પ્રારંભ થયેલ.

આ પ્રસંગને અનુલક્ષી વિવિધ પૂજનો, સ્વામી વાત્સલ્ય આદિ કાર્યક્રમોની ઉજવણી ઉલ્લાસપૂર્વક થઇ હતી.

ભ. મહાવીર જન્મ કલ્યાણકની ભવ્ય ઉજવણી થયેલ.

મંદિર પ્રતિષ્ઠાની બીજી વર્ષગાંઠનું આયોજન

રાજસમન્દ (રાજસ્થાન) સ્થિત શ્રી જૈન મંદિરની પ્રતિષ્ઠા ગત સં. ૨૦૪૪ના વૈશાખ સુદ–૬ના પ૦ પૂ૦ મેવાડ કેસરી, નાકોડા તીર્થોદ્ધારક આચાર્યદેવ શ્રીમદ્‌વિજયહિમાચલસૂરીશ્વરજી મ૦ સા૦ના શિષ્યરત્ન પં. પ્રવર શ્રી રત્નાકરવિજયજી અને પૂ૦ મુનિરાજશ્રી રાજશેખરવિજયજી મ૦સા૦ની નિશ્રામાં સાનંદ–સંપન્ન થઈ હતી.

ગત વર્ષ મુજબ બીજી વર્ષગાંઠ વૈ. સુદ–૬ તા. ૧૧-૫-૮૯ના પૂજા, અંગરચના, ભાવના, વરઘોડા આદિ કાર્યક્રમોના આયોજન પૂર્વક મનાવવામાં આવનાર છે. આ પ્રસંગે શ્રીસંઘને આ શુભ અવસરે પધારી લાભ લેવા વિનંતી કરાઈ છે.

(અનુસંધાન પાના નંબર ૧૫૯નું ચાલુ)

થોડું અને બોલે છે ઝાઝું. અને તેના આ બોલવામાં અનુભવનો રણકાર તો ક્યાંક કોકમાં જ સાંભળવા મળે છે. ઝાઝે ભાગે ઉછીનું અને ઉધાર જ સંભળાય છે. આવા અનુભવહીન વાચાળ ભાષણો અને બકબકથી આપણી સાધુ સંસ્થા પણ બાકાત નથી.

આ અવદશા યુવા પેઢીને જોઉં છું ત્યારે થાય છે કે યુવાનો એક નજર મહાવીરના સાડાબાર વર્ષની સાધના તરફ માંડે. આટલા દીર્ઘ સમય સુધી તે માત્ર ખપ પૂરતું અને તે ય અલ્પાતિઅલ્પ બોલ્યા હતા. કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ ત્યાં સુધી તેમણે મૌન સેવ્યું.

ભગવાનના મૌનનો પ્રસંગ કે મૌનની સાધના આજની યુવા પેઢી માટે વધુ પ્રેરક અને બોધક છે એમ મારું વિનમ્ર માનવું છે.

— નેમળકુમાર જૈન

અમારા સદ્‌ગતબંધુ શ્રી ઠાકોરલાલ ગોવિંદલાલ શાહને અમારી સ્નેહભરી શ્રદ્ધાંજલિ

જૈન ધર્મના અનેક વિધિ–વિધાન, જપ, તપ વ્રત, નિયમ વગેરેનું દેખીતું અનુસરણ એ બહુ નહોતા કરતાં પરંતુ અહિંસા, ક્ષમા, દયા, ઉદારતા, પ્રાણીમાત્ર પ્રતિ કરુણા, પ્રામાણિકતા વહેંચીને ખાવાની મહાન ભાવના જેવા સર્વશ્રેષ્ઠ જૈન સદ્‌ગુણો એમના અણુએ અણુમાં વ્યાપ્ત હતા.

માત્ર .. વર્ષની ભરયુવાન વયે અમને રૂદન કરતાં છોડી ગયેલા એ સાચા શ્રાવકને સંભારતા જ અમને સન્માર્ગે ચાલવાની પ્રેરણા થાય છે. માનવીના જીવ્યાનું આથી મોટું સાર્થક કયું હોય...?

લી. કાંતિલાલ ગોવિંદલાલ શાહ
મનુભાઈ ગોવિંદલાલ શાહ
ડૉ. પી. જી. શાહ
(એકયુપંકચર સ્પેશ્યાલિસ્ટ)

ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગુર્જર સાહિત્ય ભવન, શારદા મુદ્રણાલય
ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧

મહાન વિભૂતિની જયંતિ ઉજવવા સંપ્રદાયભાવ ભૂલી એક સ્ટેઇજ ઉપર આપણે આવ્યા છીએ તે જૈન સંસ્કૃતિને વધુ મજબુત રીતે પ્રસરાવવાના ચિન્હો છે.

—ખીમચંદ વોરા

શ્રી ચંદ્રસેન જીવણભાઈ ઝવેરી

એટલાન્ટીક પેસીફીક ટ્રાવેલ સર્વિસ. પ્રા. લિ.
અલંકાર, ૨૨૯, ડૉ. એનીબેસેંટ રોડ, વરલી, મુંબઈ–૨૫

ભારતના જુદા જુદા ગામોમાં ઉજવાયેલ શ્રી મહાવીર જન્મ કલ્યાણક દિન

ભગવાન મહાવીર જન્મકલ્યાણક પ્રસંગની ભાવનગરમાં ભવ્ય ઉજવણી : રંગદર્શી શોભાયાત્રા

ભારત જૈન મહામંડળ (ભાવનગર શાખા) તથા જૈન સોશ્યલ ગ્રુપ તેમજ જૈન સંઘોના ઉપક્રમે ભગવાન મહાવીર પ્રભુની ૨૫૮૭ મી જન્મ જયંતિની ઉજવણી પ્રસંગે હજારો જૈન ભાઈ બ્હેનોએ ઉલ્લાસભર્યા વાતાવરણ વચ્ચે શોભાયાત્રામાં ભાગ લીધો હતો. આ ભવ્ય શોભાયાત્રા ભાવનગર શહેરના મુખ્ય રાજમાર્ગો ઉપરથી જૈનશાસનના જયનાદ સાથે પસાર થઇ દાદા સાહેબના વિશાળ પટાંગણમાં ખાસ ઉભા કરવામાં આવેલ સમીયાણામાં સભારૂપે ફેરવાઇ હતી. જેમાં જૈન સંઘના અગ્રગણ્ય મહાનુભાવો, જાણીતા તત્વચિંતક શ્રી જયેન્દ્રભાઇ ત્રિવેદી તેમજ ગુરુ ભગવંતોએ પ્રસંગોચિત વક્તવ્યો આપ્યા હતા. પૂ. મુનિશ્રી ભાસ્કરવિજયજી મ૦સા૦એ આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહી પોતાના વક્તવ્યમાં જૈન સમાજની અખંડિતતા અને એકતા ઉપર ભાર મૂકયો હતો. તેમજ અહિંના કાર્યકરોના સુંદર આયોજન અને અથાગ પરિશ્રમની પ્રશંસા કરતા તેમની કામગીરીને ધન્યવાદ અર્પણ કર્યા હતા.

ભ. મહાવીર પ્રભુના ૨૫૮૭માં જન્મ કલ્યાણકને અનુલક્ષી રાત્રીના શ્રી પ્રાર્થના જૈન યુવક મંડળ દ્વારા ૨૫૮૭ દીપકનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેનો ૧૦ હજાર ઉપરાંત ભાવિકોએ દર્શનાદિ આદિનો ઉલ્લાસપૂર્વક લાભ લીધો હતો.

અગાસી તીર્થે ઉજવાયેલ સિદ્ધચક્ર મહાપૂજન

પૂ૦ આચાર્ય શ્રીમદ્ વિજયદક્ષસૂરીશ્વરજી મ૦ સા૦ તથા તેમના વિદ્વાન શિષ્યરત્ન મુનિરાજશ્રી પ્રભાકરવિજયજી મ૦ સા૦ આદિની પૂણ્ય પ્રેરણા અને આશીર્વાદથી ભારતભરમાં કયાંય ન હોય તેવા ભવ્ય નિર્માણ કાર્યો શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ દાદાનું ભવ્ય સમવસરણ મહામંદિર, શ્રી પદ્માવતી માતાજી મંદિર, શ્રી ગૌતમ ગુરુ મંદિર ઇત્યાદિ ભવ્ય કાર્યો પાર્શ્વનગર અગાસીની પૂણ્ય ભૂમિમાં ઉજવાયા છે. ઓળીની આરાધના અને નિર્માણ થયેલ. સેનેટોરીયમના ૭ બ્લોકોનું ઉદ્ઘાટન પણ થયું છે. સારોયે કાર્યક્રમ તા. ૧૩ એપ્રીલથી ૨૧ એપ્રીલ દરમ્યાન ભવ્ય રીતે સાનંદ-સંપન્ન થયો છે. ભ. મહાવીર જન્મ કલ્યાણકની ઉજવણી સાનંદ થયેલ છે.

પેણ (મહારાષ્ટ્ર)માં નવપદ ઓળીની ઉજવણી

પ૦પૂ૦ પંન્યાસશ્રી પૂર્ણાનંદવિજયજી મ૦સા૦ (કુમારશ્રમણ) તથા તપસ્વી મુનિરાજશ્રી ગૌતમવિજયજી મ૦ સા૦ની પાવન નિશ્રામા શ્રીસંઘના ઉપક્રમે અષ્ટાન્હિકા મહોત્સવપૂર્વક નવ દિવસના આયંબિલ ઓળીનું આયોજન કરવામાં આવેલ. તા. ૧૩ એપ્રીલ થી ૨૨ એપ્રીલ દરમ્યાનના આ કાર્યક્રમ દરમ્યાન તા. ૧૮ એપ્રીલના ભ૦ મહાવીરસ્વામી જન્મ કલ્યાણક નિમિત્તે ભવ્ય વરઘોડો તથા સ્વામીવાત્સલ્ય રાખવામાં આવેલ.

મુક્તિધામ-થલતેજમાં પંચાન્હિકા મહોત્સવ

યોગનિષ્ઠ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયકેસરસૂરીશ્વરજી મ૦સા૦ના પટ્ટધર અધ્યાત્મનિષ્ઠ પૂ૦આ૦શ્રી વિજયચંદ્રસૂરીશ્વરજી મ૦સા૦ના શિષ્યરત્ન મુક્તિધામ સંસ્થાના પ્રણેતા સૌરાષ્ટ્ર કેસરી શાસનપ્રભાવક પૂજયપાદ આચાર્યદેવશ્રી વિજયભુવનરત્ન-સૂરીશ્વરજી મ૦સા૦ના દ્વિવાર્ષિક સ્વર્ગારોહણ પૂણ્યતિથિ નિમિત્તે પૂ૦ આચાર્યદેવશ્રીના શિષ્યરત્ન સરળ સ્વભાવી પૂ૦ પંન્યાસ પ્રવરશ્રી યશોવિજયજી ગણિવર્યની શુભ પ્રેરણા અને નિશ્રામાં શ્રી શ્રી પાર્શ્વ પદ્માવતીપૂજન સહ પંચાન્હિકા મહોત્સવ ઉજવવામાં આવેલ છે. ભ. મહાવીર જન્મ કલ્યાણકની આરાધના થયેલ

આ મંગલ મહોત્સવ પૂ૦ પં૦ શ્રી યશોવિજયજી મ૦ સા૦, સેવાભાવી મુનિરાજશ્રી દિવ્યયશવિજયજી મ૦ સા૦, સાધ્વીશ્રી નેમશ્રીજી તથા તપસ્વી સાધ્વીશ્રી વિનયપ્રભાશ્રીજી આદિની શુભ નિશ્રામાં તા. ૧૯ એપ્રિલથી તા. ૨૩ એપ્રિલ દરમ્યાન ઉજવાયેલ.

પાલીતાણા-શાશ્વતી ઓળી આરાધના

અત્રે હિંમત વિહાર જૈન ધર્મશાળામાં સ્વ. પૂ૦ આચાર્ય-દેવશ્રી શાંતિવિમલસૂરીશ્વરજી મ૦સા૦ના શિષ્ય સ્થવિર તપસ્વી-રત્ન પૂ૦ મુનિશ્રી નરેન્દ્રવિમલજી મ૦ સા૦, પૂ૦ મુનિશ્રી પદ્યુમ્નવિમલજી મ૦ સા૦ તથા મુનિશ્રી વિજયવિમલજી મ૦સા૦ આદિની શુભ નિશ્રામાં ચૈત્ર માસની શાશ્વતી આયંબિલ ઓળીના પ્રસંગે સિદ્ધચક્ર મહાપૂજન યુકત નવાન્હિકા મહોત્સવની ભવ્ય ઉજવણી થઇ. તેમજ જન્મ કલ્યાણક ઉજવાયેલ.

સિદ્ધચક્ર પૂજન તા. ૨૧ એપ્રીલના રોજ ભણાવાયું તેમજ નવપદજી ઓળીનો પ્રારંભ તા. ૧૩ એપ્રીલના રોજ થયેલ,

---

સંપ્રદાયના વાડ કુદીને આપણે ભગવાનની જયંતિ જાહેર રીતે આટલી બધી જન સંખ્યા વચ્ચે ઉજવીએ છીએ તે એક સર્વથા કલ્યાણકારી સંકેત છે.

— ચીમનલાલ ચકુભાઇ શાહ

મે. ચંદુલાલ અમુલખરાય વોરા (સી.એ.વોરા) એન્જિનીયર્સ એન્ડ કોન્ટ્રાકટર્સ
વાણીયાવાડ, ઘીવાળી શેરી, ભુજ-૩૭૦૦૦૧ (કચ્છ)

વરકાના (રાજ.) અધ્યાપકની જરૂર

શ્રી પાર્શ્વનાથ જૈન વિદ્યાલય–વરકાના (જિ.પાલી. રાજસ્થાન) માં યોગ્ય ધર્મ અધ્યાપકની જરૂર છે. અનુભવ અને યોગ્યતા મુજબ ઉત્તમ વેતન, રહેવાદિની સુંદર વ્યવસ્થા, મંત્રીના નામે અરજી કરવી. તેમજ રૂબરૂ પણ મળી શકાશે.

જૈસલમેર પંચતીર્થીની યાત્રાર્થે પધારો

પશ્ચિમી રાજસ્થાનમાં આવેલ જૈસલમેર પંચતીર્થી પોતાની પ્રાચીનતા, કલાત્મકતા અને ભવ્યતા માટે જગપ્રસિદ્ધ છે. જૈસલમેર પંચતીર્થીના અન્તર્ગત જૈસલમેર દુર્ગ, અમરસાગર, લૌદ્રવપુર, બ્રહ્મસર અને પોકરણ સ્થિત જિનાલયોમાં બધા મળી ૬૬૦૦થી વધુ જિનપ્રતિમાજીઓ બિરાજમાન છે.

જૈસલમેરની વિખ્યાત વિશેષતાઓ : (૧) ભવ્ય, કલાત્મક અને પ્રાચિન જિનાલયો. પન્ના અને સ્ફટિકની પ્રતિમાઓ. (૨) ખરતરગચ્છીય શ્રી જિનભદ્રસુરિ જ્ઞાનભંડારમાં સંગ્રહિત તાડપત્રીય અને હસ્તલિખિત ગ્રંથો. (૩) દાદાગુરુદેવ શ્રીજિનદત્તસુરિજી મહારાજની ૮૩૦ વર્ષ પ્રાચીન ચાદર અને ચોલપટ્ટા, જે તેઓના અગ્નિસંસ્કાર પછી પણ સુરક્ષિત રહ્યા છે. (૪) અનેક દાદાવાડી, ઉપાશ્રય, અધિષ્ઠાયક દેવસ્થાન અને પટુઆ શેઠોની કલાત્મક હવેલીઓ. (૫) લૌદ્રવપુરના ચમત્કારીક અધિષ્ઠાયકદેવ જેમના દર્શન ભાગ્યશાળીઓને અવારનવાર પ્રાપ્ત થાય છે.

આવાસ પ્રબંધ : યાત્રિકો અને શ્રીસંઘોને ઉતરવા ઉચિત પ્રબંધ છે. મરુભુમિમાં હોવા છતાં પાણી અને વિજળીની પુરી વ્યવસ્થા છે. દાનવીરોના સહયોગથી ભોજનશાળા ચાલુ છે.

યાતાયાતના સાધન : જૈસલમેર આવવા માટે જોધપુર મુખ્ય કેન્દ્ર છે તે ભારતના જુદા જુદા માર્ગોથી યાતાયાતના સાધનોથી જોડાયેલ છે જોધપુરથી દિવસમાં એકવાર બસ અને રાત્રે ને સવારે બે વાર ટ્રેન જૈસલમેર આવે છે. આ ઉપરાંત જયપુર અને બીકાનેરથી પણ સીધી બસો જૈસલમેર આવે છે.

જૈસલમેર પંચતીર્થીનાં દુર્ગ તથા અમરસાગર સ્થિત જિન-મંદિરોના જીર્ણોદ્ધારનું કામ ચાલુ છે.

શ્રી જૈસલમેર લોદ્રવપુર પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર ટ્રસ્ટ

ગ્રામ : જૈન ટ્રસ્ટ **જૈસલમેર** ૩૪૫૦૦૧ (રાજસ્થાન) ફોન ૨૪૩૦ ૨૪૦૪

પૂ૦ આ૦ શ્રી રૈવતસાગરસૂરિજી મ૦ સા૦ નો કાળધર્મ

પરમ પૂ૦ આચાર્ય આગમોદ્ધારક આનંદસાગરસૂરિના પ્રશિષ્ય પરમ શાસન પ્રભાવક આ. શ્રી રૈવતસાગરસૂરિજી મ૦ સા૦ ફા. વદ–૮ ના દિવસે સાંજના સાતના સમયે નવકાર મંત્રનું સ્મરણ કરતાં કરતાં આલોટ (મ૦પ્ર૦) મુકામે કાળધર્મ પામ્યા છે. પૂજ્યશ્રીને છેલ્લા ૨૪ વર્ષથી ડાયાબીટીશ અને એ. સી. ડી. ટી. ની બિમારી હોવા છતાં તેઓશ્રી સહજભાવે આ ભયંકર બિમારી સહન કરતા હતા. આલોટ શહેરમાં પૂ૦ આચાર્યશ્રીના કાળધર્મનો આ પહેલો જ પ્રસંગ હોવાથી જૈન–જૈનેત્તર ભાઈ–બ્હેનોની હજારોની સંખ્યા ભેગી થઇ અને જૈન શ્રમણત્વની અનુમોદના કરી હતી. જીવદયાની ટીપ પણ સારી થઇ હતી.

પંન્યાસ શ્રી જયવિજયજી મ૦સા૦નો કાળધર્મ

પૂ૦ પંન્યાસશ્રી જયવિજયજી મ૦ સા૦ તા. ૧૬–૪–૮૯ના રોજ સવારના ૭–૦૦ કલાકે જલંધર (પંજાબ)માં નવકાર મહામંત્રનું સ્મરણ કરતાં કરતાં કાળધર્મ પામેલ છે. આ સમાચારથી ચતુર્વિધ શ્રીસંઘમાં દુઃખની લાગણી અનુભવાઇ છે.

પંન્યાસશ્રી જયવિજયજી મ૦સા૦, આ૦ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મ૦સા૦ના છેલ્લા શિષ્ય હતા. તેમના જવાથી પૂ૦ ગુરુદેવના શિષ્ય સમુદાયની પરંપરા પૂરી થઇ ગઇ છે. જેમને હું ન પૂરી શકાય તેવી ખોટ માનું છું. ચારિત્ર જીવનનો વિશેષ સમય તેઓએ ગુરુદેવની સેવામાં જ વ્યતિત કર્યો હતો. તેજસ્વી પ્રવચનકાર અને કાર્યકુશળતાના રૂપમાં તેમણે સારુયે જીવન ગુરુદેવના અધૂરા રહેલા કાર્યોમાં લગાવ્યું હતું. તેમના જીવનની વિશેષતાઓ, ગુરુનિષ્ઠાનો સાક્ષાત પરિચય કરાવે છે. તેમના દ્વારા કરવામાં આવેલ શાસનપ્રભાવનાના કાર્યો યાદ કાયમ આપતા રહેશે.

જે બને છે તે મટે છે. જે જન્મે છે તે મરે છે. કાળના આ શાશ્વત નિયમને કોઈ પણ બદલી શક્યુ નથી. પરમાત્મા તેમના આત્માને શાંતિ અર્પણ કરે.

રામજી કા ગુડા (રાજ૦)માં મહોત્સવ

જૈન ધર્મ દિવાકર પૂજ્ય આચાર્યશ્રી વિજયસુશીલસૂરિજી મ૦સા૦ની શુભ નિશ્રામાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિન મંદિરની મહા મંગલકારી પ્રતિષ્ઠાના સોનેરી સુઅવસરે પરમાત્મ ભક્તિ સ્વરૂપ વિવિધ મહાપૂજન યુક્ત મહોત્સવ તા. ૧લી મે થી ૨૩ મે સુધી ભવ્ય રીતે ઉજવવામાં આવનાર છે. પ્રતિષ્ઠા તા. ૧૧મે રોજ રાખવામાં આવેલ છે.

ભગવાન મહાવીરનો ઉપદેશ માત્ર જૈન ધર્મના માનવીને જ સ્પર્શી જાય છે એમ નથી પણ માનવ માત્રને તેના ધર્મનું પાલન કરવાનો બોધ એમાંથી પ્રાપ્ત થાય છે. — ફાધર જે. એસ. વિલિયજસ

મે. જવાહરલાલ મોતીલાલ શાહ ૯૦૮, 'પંચરત્ન' ઓપેરા હાઉસ મુંબઇ–૪૦૦૦૦૪

હસ્તિનાપુરમા વર્ષીતપ પારણા, ઉપધાનતપમાળ તથા ઓળીના પારણા આદિ મહોત્સવ

ઉત્તર ભારતના શત્રુંજય સમાન પાવન તીર્થશ્રી હસ્તિનાપુરમાં આદિ તીર્થંકર ભગવાન શ્રી ઋષભદેવજીએ આજથી લાખો વર્ષ પહેલા પોતાના ૪૦૦ દિવસના નિરાહાર કઠિન તપના પારણા પોતાના પ્રપૌત્ર શ્રી શ્રેયાંસકુમારજીના શુભ હસ્તે વૈશાખ શુદ ૩ (અક્ષય તૃતીયા)ના શુભ દિવસે ઇક્ષુરસ ગ્રહણ કરી આ પવિત્ર ઐતિહાસિક ભૂમિને આ અવસર્પિણી કાળનું પ્રથમ તીર્થ બનાવ્યું. આ કારણોસર પ્રતિવર્ષ સેંકડો સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓ દેશના ખૂણે ખૂણેથી અહિંયા વર્ષીતપના પારણા કરીને પોતાના કર્મોનો ક્ષય કરે છે.

આ મહાન ભૂમિ ઉપર ગત ઐતિહાસિક ચાતુર્માસ પૂર્ણ કરી પૂ૦ આચાર્યશ્રીમદ્ વિજયઇન્દ્રદિન્નસૂરિશ્વરજી મ૦ સા૦એ આ તીર્થના મહિમાને વધુને વધુ વિસ્તાર્યો છે. પૂજ્ય આચાર્યશ્રી, મહાતપસ્વી પં. શ્રી વસંતવિજયજી મ૦, શાસ્ત્રદીપક પં. શ્રી જગચ્ચંદ્રવિજયજી મ૦, શાંતિદૂત પં. શ્રી નિત્યાનંદવિજયજી મ., પ્રવચનકાર પં.શ્રી વિરેન્દ્રવિજયજી મ૦, સરલ આત્મા તપસ્વી મુનિશ્રી નંદનવિજયજી મ૦, શ્રુત ભાસ્કર મુનિશ્રી જયાનંદવિજયજી મ૦ આદિ ઠાણા ૨૧, આગમોદ્ધારક આ૦શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મ૦સા૦ના સમુદાયના પં૦શ્રી મહાયશસાગરજી મ૦ સા૦ આદિ ઠાણા-૬ તથા આચાર્યશ્રીના આજ્ઞાવર્તીની સાધ્વીશ્રી ચંદ્રોદયાશ્રીજી, સા૦શ્રી સુશીલાશ્રીજી, સા૦શ્રી રંજનશ્રીજી, સા૦ સુમતિશ્રીજી, આદિ ઠાણા-૨૧, તેમ જ યોગનિષ્ઠ આચાર્ય કેસરસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી સાધ્વીશ્રી જ્યોતિપ્રજ્ઞાશ્રીજી મ૦ આદિ ઠાણા-૨ પધારી રહ્યા છે. આમ વિશાળ સાધુ-સાધ્વીજી મ૦સા૦ની શુભ નિશ્રામાં ભવ્ય કાર્યક્રમોનું આયોજન થઇ રહ્યું છે.

આ સુઅવસરે મહાન તપસ્વી પં૦ શ્રી વસંતવિજયજી મ૦ સા૦ જેમને ૨૧મું વર્ષીતપ ચાલી રહ્યું છે. બાલમુનિશ્રી પદ્મયશસાગરજી તેમજ સા૦ શ્રી સુજીતાશ્રીજી, સા૦ શ્રી મોક્ષરત્નાશ્રીજી તથા સા૦ શ્રી જ્યોત્તિપ્રજ્ઞાશ્રીજી મ૦ના પારણાઓ પણ આ અવસરે થનાર છે.

આ પ્રસંગે પરમ ગુરુભક્ત દાનવીર સુશ્રાવક શેઠશ્રી અભયકુમારજી ઓસવાલ પણ મુખ્ય અતિથિવિશેષ તરીકે પધારનાર છે.

વર્ષીતપના પારણા, ઉપધાનતપની માળા અને આચાર્યશ્રીની ૪૯મી ઓળી આદિના પારણા નિમિત્તે તા. ૪-મે થી ૯-મે સુધીના વિવિધ કાર્યક્રમોનું વ્યવસ્થિત આયોજન કરવામાં આવેલ છે.

શ્રેયસ જૈન મિત્ર મંડળ-ભાવનગર

શ્રી શ્રેયસ જૈન મિત્ર મંડળ-ભાવનગરના ઉપક્રમે તા. ૯ એપ્રીલના ટાઉન હોલ ખાતે ઉચ્ચ ગુણાંક મેળવી ઉત્તિર્ણ થયેલ સમાજના તેજસ્વી વિદ્યાર્થી ભાઇ-બ્હેનોને વિશાળ સંખ્યામાં સન્માનવાનો અને ઇનામ વિતરણ કરવાનો એક સમારંભ યોજવામાં આવેલ.

આ પ્રસંગે સમારંભના પ્રમુખ તરીકે શ્રી શશીકાંતભાઇ આર. વાધર તેમજ અતિથિ વિશેષ તરીકે ડો. પંકજભાઇ એ. શાહ પધાર્યા હતા.

શ્રી કરેડા પાર્શ્વનાથજી તીર્થની

[રેલ્વે સ્ટેશન ભુપાલસાગર (જિ. ચિત્તોડગઢ, રાજસ્થાન)]

યાત્રાર્થે અવશ્ય પધારો

આ મંદિરનું નિર્માણ આચાર્ય ધર્મઘોષસુરિજી મ. ના ઉપદેશથી માંડવગઢના મહામંત્રી સંઘપતિ પેથડશાહ દ્વારા સં. ૧૩૨૧ મ કરવામાં આવ્યું અને તેના શિખર પર સાત ખંડનું ભવ્યમંદિર શ્રી પેથડશાહના પુત્ર ઝાંઝણકુમારે સં. ૧૩૪૦માં નિર્માણ કર્યું, જેનું સુકૃત સાગર તરંગ આઠમાં વર્ણન છે.

તેનો હાલમાં શ્રી શંખેશ્વર - બોયણી તીર્થ દ્વારા રૂપિયા ૧૨,૫૦,૦૦૦/- ખર્ચ કરી જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે અને બાવન દેરીઓમાં શ્રી પાર્શ્વપ્રભુની પ્રતિમા વિભિન્ન તીર્થોના નામથી બિરાજમાન કરવામાં આવી છે મુલનાયક ભગવાનની પ્રાચીન, અત્યંત મનોહારી, ચમત્કારી, શ્યામવર્ણિય પ્રતિમાજીના નિર્મલ ભાવથી દર્શન કરી પુણ્યોપાર્જન કરો.

અમદાવાદથી ઉદયપુર, ચિત્તોડ રેલ્વે માર્ગ પર ભુપાલસાગર નામના સ્ટેશનથી ૩ ફર્લાંગ દુર આ તીર્થ આવેલ છે. બસોની પણ સુવિધા ઉપલબ્ધ છે.

આ તીર્થની યાત્રા સાથે જ મેવાડની પંચ તીર્થીના દર્શનના પણ લાભ મળશે. આ તીર્થોમાં શ્રી દયાલશાહના કિલ્લા નામનું તીર્થ જે રાજસમન્દ-કંકરોલીની મધ્યમાં છે. લગભગ ૨૦૦ પગથિયાથી આ તીર્થ 'મેવાડ શેત્રુંજય' નામથી પણ પ્રસિદ્ધ છે.

આ બંને તીર્થો પર આધુનિક સુવિધાઓથી સુસજ્જિત વિશાલ ધર્મશાળા તથા ભોજનશાળાની સુવ્યવસ્થા છે.

લિ. કરેડા પાર્શ્વનાથ તીર્થ કમિટિ

ભુપાલસાગર (રાજસ્થાન) [ફોન નં. ૩૩]

અહિંસા આદિ પંચ મહાવ્રતોના મહાન પ્રરૂપક અને જીવ માત્રને અભયદાન અર્પવાના અજોડ ઉપદેશક ભગવાન મહાવીર હતા.

— અભયરાજ બલદોડા

મે. કાન્તિલાલ માણીલાલ એન્ડ કું. ૧૬, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૨

ભ. મહાવીર કલ્યાણકના શુભ અવસરે ઠેર ઠેર નીકળેલી શોભાયાત્રા

ભદ્રાવતી (મહા.)માં થયેલ ઓળીની ઉજવણી

મહા તપસ્વી પ૦ પૂ૦ આચાર્યદેવશ્રી વારિષેણસૂરીશ્વરજી મ૦ સા૦ની શુભ નિશ્રામાં શ્રી સ્વપ્નદેવ કેશરીયાજી પાર્શ્વનાથ તીર્થે ચૈત્રી આયંબિલ ઓળી, અઠ્ઠાઇ મહોત્સવ તથા ઉજમણાદિનુ આયોજન તા. ૧૩-૪-૮૯ થી તા. ૨૧-૪-૮૯ દરમ્યાન કરવામાં આવેલ. પ્રેરક અને વિધિકારક શ્રી મનોજકુમારજી હરણ (સીરોહીવાળા) પોતાની સંગીત મંડળી સાથે પધારી આ રૂડા પ્રસંગને સંગીતમય વાતાવરણથી પ્રસંગને ઓર દીપાવ્યો હતો.

ભ. મહાવીર જન્મ કલ્યાણકની ભવ્ય ઉજવણી થયેલ.

નંદિગામ-ઓસિયાજીમાં ઓળીની આરાધના

પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મ૦ સા૦ના આશીર્વાદપૂર્વક શ્રી સીમંધર સ્વામી મહાતીર્થ આકારની હાથશાળામાં ક્રમશઃ પ્રગતિ કરી રહ્યું છે. હજુ એકાદ મહિના પૂર્વે જ અહિં ઉપધાન તપની સુંદર આરાધના થયા બાદ ચૈત્ર માસની શાશ્વતી ઓળીની આરાધના તા. ૧૩ એપ્રીલથી તા. ૨૧ એપ્રીલ સુધી ઉજવાઈ છે.

આ પ્રસંગે પ્રતિદિન સામુહિક સ્નાત્ર મહોત્સવ ક્રિયા, નવપદ મહાત્મ્યના રહસ્યપ્રદ પ્રવચનો તથા અંગરચના ભાવનાદિનો અનેરો લ્હાવો લેવામાં આવેલ.

આ પ્રસંગે મુનિશ્રી બલભદ્રવિજયજી, મુનિશ્રી ગૌતમવિજયજી મ૦ આદિ પણ પધાર્યા હતા.

ભ. મહાવીર જન્મકલ્યાણકની ઉજવણી ભક્તિભાવથી થઇ.

શ્રી યશોવિજયજી પાઠશાળા-મહેસાણા

ફા. શુ. ૧૩ના ગિરિરાજની છ ગાઉના યાત્રિકોની ભક્તિનો લાભ લીધો હતો. શ્રી જૈન ધર્મ ત. પ. પરિષદ તરફથી બ.કાંઠા અને મહેસાણા જિલ્લાના શિક્ષકોનું અને પાઠશાળાના કાર્યકર્તાઓનું મિલન યોજાયું હતું. આઠ કિ. મી. દૂર છઠીઆરડા ગામે શ્રી મહાવીર પ્રભુજીના દર્શનાર્થે ગયા હતા. ત્યાં સ્નાત્ર ભણાવેલ તેમજ ત્યાંના શ્રી સંઘે સાધર્મિક ભક્તિનો લાભ લીધેલ.

હાલ વિદ્યાર્થીઓને વ્યાકરણ, પંચસંગ્રહ, તત્ત્વાર્થ વિગેરેનો અભ્યાસ ચાલે છે. નવું સત્ર જેઠ માસથી શરૂ થશે.

કાવિ તીર્થે સમસ્ત આકરાણી પરિવારના સ્નેહમિલનનું ભવ્ય આયોજન

સમસ્ત આકરાણી ગોત્રના ભાઇઓનું સહકુટુંબ સ્નેહ મિલન કાવિ તીર્થે મુકામે સંવત ૨૦૪૫ શનિવાર, રવિવાર તા. ૨૭-૨૮-૫-૧૯૮૯ના રોજ યોજવામાં આવેલ છે. આ સ્નેહ મિલનમાં ખીમતવાસી આકરાણી કુટુંબો ઉપરાંત પાલનપુર, આલવાડા, મંડાર, તેમજ વિસનગરવાસી આકરાણી કુટુંબોને પણ પધારવા આમંત્રણ મોકલવામાં આવેલ છે. સમસ્ત આકરાણી કુટુંબોમાં ભ્રાતૃભાવ વધે, દરેકને આકરાણી કુટુંબનો સંપૂર્ણ ખ્યાલ આવે તેમજ અરસપરસ ઓળખાણ તાજી થાય તે ઉદ્દેશથી આ સ્નેહમિલનનું આયોજન કરવામાં આવેલ છે. આ સ્નેહમિલનના બે દિવસનો કાવિ તીર્થ સ્થાનમાં રહેવા તથા જમવાનો સંપૂર્ણ લાભ શ્રીમતિ સમુબેન હેમરાજભાઇ ઉજમસી પરિવારે લીધેલ છે

દયાળુઓને અનુરોધ

વપરાશની સામગ્રીની ખરીદી/પસંદગી વખતે તકેદારી રાખવાની જરૂર છે કે આવી સામગ્રીનાં ઉત્પાદન કે ચકાસણીમાં નિર્દોષ પ્રાણીઓ-પશુ પક્ષીઓની પ્રત્યે ક્રુરતા આચરવામાં આવી નથી ને....? કે તેમની હત્યા કરવામાં આવી નથી ને.....?

પોતાની બચત/મુડીના રોકાણ વખતે તકેદારી રાખવાની જરૂર છે કે તે રોકાણનો વપરાશ તેવા વ્યવસાયની વૃદ્ધી પ્રોત્સાહન માટે થતો નથીને, કે જેમાં પશુ-પક્ષીની પ્રત્યે ક્રૂરતા આચરવાની કે તેમની હત્યા કરવાની જરૂર પડે....? બેન્કોમાં રોકાણો કરતી વેળાએ બેન્કો પાસેથી બાંહેધરી મેળવવી જરૂરી છે કે તેઓ આવા વ્યવસાયો માટે નાણાં ધીરશે નહીં, કારણ કે વર્તમાનમાં કેટલીક બેન્કો ઇંડા-ઉત્પાદન તેમજ મચ્છીમારીના વિકાસ માટે પણ નાણાં ધીરતી હોય છે, કે કેટલીક કંપનીઓ પશુ-પક્ષીઓના અંગ ઉપાંગો-અવયવો વગેરેના વપરાશવાળા ધંધા કરતી હોય છે.

વપરાશની જે સામગ્રીઓનાં ઉત્પાદન કે ચકાસણીમાં પશુ-પક્ષીઓ પ્રત્યેની ક્રૂરતા ન હોવાની ખામીવાળી સામગ્રીઓની યાદી બ્યુટી વિધાઉટ ક્રૂઆલ્ટી, ૪, પ્રિન્સ ઓફ વેલ્સ ડ્રાઇવ, વનોવરી, પુના-૪૧૧૦૪૦ને એક ... લખવાથી મળી રહેશે.

સત્ય, અહિંસા અને પ્રેમ જેવા સદ્ગુણોને જીવનમાં ઉતારવાનો માર્ગ ભગવાન મહાવીરે પોતાના જીવન અને ઉપદેશ દ્વારા ચીંધ્યો છે. આપણે એ માર્ગે ચાલવા તત્પર બનીએ. — દીપચંદભાઇ એસ. ગાર્ડી

ભારત વિજય વેલવેટ એન્ડ સિલ્ક મિલ્સ ૧, શ્રી નિકેતન, મરીન લાઇન્સ ક્રોસ રોડ નં. ૨, ૧૪, મહર્ષી કર્વે રોડ, મુંબઇ-૪૦૦૦૨૦

Regd. No. BV. G. 20
JAIN OFFICE : P. Box No. 175
BHAVNAGAR-364001 (Gujarat)
Tele. O. C/o. 29919 R. 25869

જૈન

સ્વ. તંત્રી ગુલાબચંદ દેવચંદ શેઠ
તંત્રી-મુદ્રક-પ્રકાશક-માલીક :
મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
જૈન ઓફીસ, પો. બો. નં. ૧૭૫, દાણાપીઠ, ભાવનગર

'જૈન' વર્ષ ૮૬
અંક : ૧૭

વીર સં. ૨૫૧૫ : વિ.સં. ૨૦૪૫ ચૈત્ર વદ ૩૦
તા. ૫ મે ૧૯૮૯ શુક્રવાર
મુદ્રણ સ્થાન : શ્રી જૈન પ્રિન્ટરી
દાણાપીઠ પાછળ, ભાવનગર-૩૬૪ ૦૦૧

શ્રમણપ્રધાન ચતુર્વિધ શ્રીસંઘની સેવામાં

કલાચાર્ય શ્રી યશોદેવસૂરીજી મ૦ દ્વારા છત્રાતિછત્ર પ્રશ્ને ઉભો થયેલ વિવાદ

વિશેષમાં જણાવવાનું કે હાલમાં જ અથાગ પરિશ્રમ બાદ અમદાવાદમાં ઘણાં પૂ૦ આચાર્ય ભગવંતો એકત્ર થઈ પરમાત્માના શાસનને કોરી ખાનારા વિવિધ પ્રશ્નો અંગે વિચારણા કરી કાંઈક શાસનની શાંતિ માટે પ્રયત્ન કર્યો.

પણ ખેદની વાત છે કે કંઈક નવું કરવાની કે બતાવવાની ધૂનનાં કારણે પાલીતાણા સાહિત્યમંદિરમાં બીરાજમાન પ૦ પૂ૦ કલાચાર્ય શ્રી યશોદેવસૂરિજીએ કાંઈક શાંત થયેલ સરોવરમાં પત્થર નાંખવા સમાન છત્રાતિછત્ર અંગે પૂ૦ પાદ આગમોદ્ધારક શ્રી તથા સારા તારક પૂ૦ પાદ ગુરૂદેવશ્રીને શાસ્ત્રોના અજાણ જણાવવા સાથે ઝઘડી તરીકે જાહેર કરવાની સાથે ૧૩મી સદીમાં થયેલ શ્રી વીતરાગ સ્તોત્રનાં ટીકાકાર અને વિવરણકારને પણ છોડયા નથી.

આ ચર્ચા ઉભી કરવાનું તેમને મન કેમ થયુ....? તે જ ખબર પડતી નથી. તેઓશ્રી એકવાક્યતાની રૂપાળી શબ્દજાળનો પ્રયોગ વારંવાર કરે છે પરંતુ મને પુછવાનું મન થાય છે કે આ એકવાક્યતા માટે છત્રાતિછત્ર ને જ કેમ પકડયુ....? શાસનને ઉધઈની જેમ કોરી ખાનારી અનેક બાબતો છે જેવી કે પરમાત્માના ચતુર્ટીકા, સાધુ-સાધ્વીને સંડાસનો ઉપયોગ, સેલવાળી ઘડીયાળ, માઈકનો ઉપયોગ, ચુવી ક્રીમ, સાધુ સમુદાયમાં થતો ઠલાં ટડીના ઉપયોગ,માસકલ્પની મર્યાદા, ધર્માદાદ્રવ્ય, પ્લાસ્ટીકના પાત્રા, કાળાપાત્રા, પીળાવસ્ત્રો વગેરે, આવી અનેક બાબતોમાં રહેલ અનેકવાક્યતા બાજુ ઉપર તથા યુવકોને ધર્મથી પરાઙમુખ બનાવી રહી છે તે અંગે કશુ ન કરતાં આ છત્રાતિછત્ર અંગેના

કોઈનો મતભેદ નથી- ચર્ચા નથી-આચરણની ચીજ નથી તો છત્રાતિછત્ર અંગે અનેકવાકયતાથી શાસનને કયું નુકશાન થયું....?

આ અંગે સાહિત્યમંદિરમાં મારા ગુરૂદેવ શ્રી સાથે પૂ૦ કલાચાર્યજીને જે વાત થયેલ તે અંગે સહવર્તી સાધુએ મને જણાવ્યું કે પૂજ્યશ્રીએ એક બે પાઠ દ્વારા આ વાત સમજાવવાની કોશીષ કરેલ પણ તેઓશ્રીનો દુરાગ્રહ જોતાં પૂજ્ય ગુરૂદેવશ્રી પોતાના સ્વભાવ મુજબ મૌન રહેલ. સમજાય તેવું છે કે પૂજ્યશ્રીની હાજરીમાં લેખમાળ ચાલુ કરી હોત તો પૂજ્યશ્રીએ પોતાના અંગવા સંશોધનપૂર્વક શાસ્ત્રપાઠોનું જે ચિંતન કરેલ તે આજે સૌને સમજવા મળત પણ પૂ૦ કલાચાર્યજીએ પૂજ્યશ્રીનાં સ્વર્ગવાસ બાદ જ લેખમાળા ચાલું કરી.

પૂ૦ કલાચાર્યજીએ શા માટે કલીકાલ સર્વજ્ઞશ્રીના વીતરાગ-સ્તોત્રની ટીકા રચનાર મહાપુરૂષ કે આવશ્યક સૂત્રની ગાથામાં આચાર્ય પુરન્દર શ્રી હરીભદ્રસૂરીજીએ વાપરેલ છત્રાતિછત્ર શબ્દ કે શ્રી જ્ઞાતાધર્મકથામાં આવતા **महावीरस्स छत्रातिछत्तं** શબ્દ કે મોટી સંગ્રહણીનાં **छत्ताइछत्त** શબ્દનો અર્થ કરવામાં અધિક પ્રાણાયામ કરવો પડયો...?

સામાન્ય સમજવાળો પણ સમજી શકે છે કે છત્રાતિછત્ર એટલે છત્ર તેનાં ઉપર અતિછત્ર એટલે મોટું છત્ર, તેના ઉપર મોટું છત્ર. પુણ્યર્દ્ધિનો પણ મહાપુરૂષોએ જે અર્થ કર્યો છે તે પણ સીધો સાદો સમજાય તેમ છે. પહેલા સમ્યકત્વ પછી મોટી દેશવિરતી ત્યાર બાદ સર્વવિરતી. વળી **माणिक्यहेमरजत्त प्रविनिर्मितेन** આ કલ્યાણમંદિરનાં પાઠથી ત્રણ ગઢમાં પ્રભુજી બેસે ત્યાંથી પ્રથમ માણેકનો નાનો પછી સોનાનો જ્યાં તીર્થંકર બેસે છે પછી ચાંદીનો સૌથી મોટો જેમાં વાહનો બેસે છે. આ સૌને સમજાય તેવી બાબત શું નથી....?

હવે પ્રશ્ન એ થશે કે પાષાણના પ્રતિમાજીના પરિકરમાં અવળો ક્રમ કેમ દેખાય છે...? સૌથી મોટું છત્ર નીચે કેમ હોય છે...? આ અંગે પણ શીલ્પશાસ્ત્રનાં સામાન્ય જ્ઞાનવાળો વિચારી શકે તેમ છે કે એક પત્થરમાંથી છત્રવટો બનાવવામાં જો નીચે નાનું છત્ર બનાવે તો તેના ઉપર મોટા પત્થરના વજનવાળા છત્રો ટકી ન શકે મોટા ઉપર નાનું ટકે નાનાં ઉપર મોટું ન ટકે. આ અંગે ચંપાલાલજી સોમપુરા (રાણકપુર), જવાહરલાલજી સોમપુરા (નગેશ્વર), માણેકચંદજી આર. સોમપુર (લુનાવા), હુકમીચંદ સોમપુરા (માંડવગઢ) તથા શીલ્પશાસ્ત્રના વિચક્ષણ ગણાતા પૂ૦ આ૦ શ્રી કંચનસાગરસૂરીશ્વરજી મ૦ સા૦ (અદામવાદ) તથા પૂ૦ આ૦ શ્રી પદ્મસૂરીશ્વરજી મ૦ સા૦ (માનપુર) વિગેરેએ પણ આમ જ કહ્યું છે. એટલું જ નહિ પૂ૦ આ૦ શ્રી સૂર્યોદયસૂરિ મ૦ સા૦ (પૂ૦આ૦શ્રી નેમિસૂરિ મ૦ના)નું કહેવું છે કે પૂ૦ આ૦ ભગવંતશ્રી નંદનસૂરીશ્વરજી મ૦ સાહેબે એક બે પત્રો શાસ્ત્રપાઠ સાથે આ અંગે પૂ૦ કલાચાર્યજીને લખેલ છે. જેની ઝેરોક્ષ નકલ પૂ૦ પં૦ શ્રી શીલચંદ્રવિજય મહારાજે મંગાવી છતાં પુ. કલાચાર્યજી મોકલતા નથી. પૂ૦ આ૦ શ્રી ભદ્રંકરસૂરીશ્વરજી મ૦ સાહેબ (વિદ્યાશાળા)નો અભિપ્રાય છે કે ત્રણ પત્ર લખ્યા કે તમારી વાત યોગ્ય નથી પણ જવાબ નથી. આગળ તેઓશ્રી જણાવે છે કે આપણે ઉભા છીએ ત્યાંથી સૌ પ્રથમ નાની નરક પછી બીજી મોટી, ત્રીજી વળી તેનાથી મોટી આમ ક્રમશઃ વિશેષ પત્ર દ્વારા જાણવા મળ્યું છે કે પ્રભુજીના કેસ અંગે તથા ઋષિમંડળ સ્તોત્રનો મંત્ર જે ૨૭ અક્ષરનો પાઠ આધારે થતો હોવા છતાં પૂ૦ કલાચાર્યજીએ ૨૫ અક્ષરનો કર્યો છે, પ્રણવાક્ષર અને માયાબીજમાં પણ ઘણી વિચારણા માંગે છે. વિ. વિ. ઉપરાંત તેઓએ જે જે પૂ૦ આચાર્ય ભગવંતનાં અભિપ્રાયોનો નામોલ્લેખ કર્યો છે તેમાં કેટલાંક પુજ્યો જણાવે છે કે અમોએ તો તેવો અભિપ્રાય આપ્યો નથી અલં વિસ્તરેણ.

અમારા વર્તમાન પુ૦ પાદ ગચ્છાધિપતિશ્રીએ આ અંગે જવાબ લખી તેઓશ્રીને તથા સુઘોષા, કલ્યાણમાં શાસ્ત્રપાઠો સહિત મોકલવા છતાં તે પ્રકાશીત થયો નથી. તેમ જ તેઓશ્રી તરફથી પણ કાંઈ ઉત્તર નથી. વળી અભિધાન રાજેન્દ્રકોષમાં પણ બે પ્રકારનાં છત્રની વિગત છે.

હવે તેઓશ્રીએ જે ઠાણાંગજીનો પાઠ મુંક્યો છે તે પણ બરાબર છે. હંમેશા શાસ્ત્રોનાં વાકયોનો પરસ્પર સમન્વય કરવો તે જ ગીતાર્થનું કામ છે.-શ્રી શંખેશ્વરજી, અમદાવાદ, સુરત, મુંબઈ, પાટણ, બેંગ્લોર, મદ્રાસ, શીખરજી. ઉ૦ જૈન, ઈંદોર, રતલામ વિ. અનેક સ્થળોએ લગભગ ૯૦ ટકા ચાંદી વગેરેનાં છત્રો પ્રભુજીનાં મસ્તકે જોતાં સ્પષ્ટ જણાય છે કે નીચે નાનું છત્ર છે, જ્યારે પરિકર વિ.માં શીલ્પ ટકાઉ દીર્ઘજીવ બને તે માટે નીચે મોટું છત્ર બનાવવામાં આવે છે.

વળી શાસ્ત્રમાં પ્રભુજીનાં કર્ણ ખભાને ચોંટીને નથી હોતા તેમ સ્પષ્ટ બતાવ્યું છે છતાં મૂર્તિમાં ચોંટેલા બનાવાય છે નહીં તો પ્રેકટીકલી મૂર્તિમાં તે કર્ણ લાંબો સમય ટકી ન શકે અને મૂર્તિ ખંડીત થાય. નાસીકા પણ શાસ્ત્રમાં વર્ણન મુજબ અણીદાર બનાવવામાં આવતી નથી કેમકે નીચે આધાર ન હોવાથી ખંડીત થવાનો ભય છે, જ્યારે ચિત્રમાં આપણે કાન ખભાથી અલગ બતાવીએ છીએ. પુ. કલાચાર્યજીનાં સાહિત્ય મંદિરમાં આવા જ પ્રતિમા છે જેનાં કાન ખભા સાથે ચોંટેલા છે અને આવા ચિત્રો પણ સાહિત્યમંદિરમાં તેમજ બધે છે, આમા કોઈને મતભેદ છે જ નહિ.

•તેઓશ્રી કલ્યાણ (વર્ષ ૪૫ અંક-૬)માં ગર્વ ભરેલા શબ્દોમાં

ધર્મના સંસ્કાર વિના બાળક સદાચારી, ગુણાનુરાગી, ધર્માભિમાની કે પાપથી ડરનારો બની શકતો નથી.

લખે છે કે હું છાતી ઠોકીને જોરદાર રીતે કહી શકું છું કે એક હજાર એક ટકા મારી વાત નિર્વિવાદ છે તે માત્ર પોતાના અહંને બતાવનાર છે અ. સાથે રાણકપુરજી તીર્થમાં બીરાજમાન સંપ્રતી રાજાના પ્રભુજીના ફોટામાં સ્પષ્ટતા જોઈ શકાય છે કે ચારે પ્રભુજી ઉપર છત્રમાં નીચે નાનું છત્ર છે.

ઉગ્ર વિહાર, અલ્પસમય તથા ખોજની સામગ્રીનાં અભાવે વિશેષ શોધ થઇ શકી નથી. જો શોધ કરવામાં આવે તો હજી કેટલાય આવા પરિકરો જે છત્રાતિછત્ર શબ્દને સફળ કરે તેવા મળી શકે તેમ છે.

* રાણકપુર તીર્થના મૂળનાયક પરમાત્માનાં પ્રાચીન પરિકરમાં સવળા જ છત્રો હતા જે મારા પૂજ્યપાદ ગુરુદેવશ્રીએ જોધપુર ચોમાસા માટે જતી વખતે મને ખાસ બતાવેલ.

* પટના મ્યુઝીયમમાં લીલા પાષાણના પ્રતીમાજી છે તેમાં તથા લખનૌ મ્યુઝીયમમાં પણ આવા સવળા છત્રો છે તેવા સમાચાર મળ્યા છે.

* નવાએ નાકલેલ વૈષ્ણવોનાં છત્રોમાં ત્રણે છત્રો સવળા છે પણ આપણો તેના અહીં સંબંધ નથી.

ઉપસંહારમાં જણાવવાનું કે બંને પરંપરા જૈનશાસનમાં છે **सिद्धस्य गति श्चिन्तनीया** તથા સમાચારી અને જીતકલ્પની *મર્યાદાને લક્ષ્યમાં* લેવાય તો પૂજ્યપાદ આગમોદ્ધારકશ્રી તથા મારાતારક પૂ૦ પાદ ગુરૂદેવશ્રીએ જે આગમમંદિર તથા જંબૂદ્વીપ-મંદિરમાં નીચે નાનું ને ઉપર મોટું અને તેનાં ઉપર સૌથી મોટું છત્ર બનાવડાવ્યુ છે તે યોગ્ય છે.

આ વાત વિવાદ કર્યા વગર સમન્વયદૃષ્ટિથી વિચારાય તો સહજ ભાવે સમજી શકાય તેમ છે કે બંને પરંપરા પોતપોતાના સ્થાને શાસ્ત્રવિહિત છે.

લેઃ પંન્યાસશ્રી અભયસાગરજી મ., શીશુ પં. અશોકસાગરજી

નોંધ : રાણકપુરજીમાં પ્રાચીન પ્રતીમાજી ઉપરનાં છત્રોના આ ચાર ફોટા છે જેમ સ્પષ્ટ જોઈ શકાય તેમ છે કે નીચે નાનું છત્ર છે. તેઓના મેનેજરશ્રીએ ફોટા લેતી વખતે કપડું ઢાંક્યુ અને કહ્યું કે ભગવાનના ફોટો લેવાની મનાઇ છે. જો કે આ જ વખતે વિદેશીઓ પ્રભુજીના ફટાફટ ફોટા લેતા જ હતાં,

આ લેખની ઝેરોક્ષ બરાબર ન હોઈ ક્ષતિ સુધારવી.

કટારીયા (કચ્છ–વાગડ) તીર્થ

પૂજ્યપાદ આ૦શ્રી વિજયકલાપૂર્ણસૂરીશ્વરજી મ૦ની શુભ નિશ્રામાં સામુદાયિક ચૈત્રી નવપદજીની ઓળીની ભવ્ય આરાધના માતુશ્રી વજીબેન વખતચંદ પરીવાર તરફથી થયેલ. ચૈત્ર સુદ ૧૩, બુધવારના ભગવાન મહાવીરદેવની જન્મકલ્યાણકની ઉજવણી વિવિધ કાર્યક્રમો સહ પ્રભુક્તિ સભર થયેલ.

ઇલ્ફ્રીજમાં ૨૧ દિવસની આરાધના

ઇલફ્રીજ–શ્રી કરમચંદ જૈન પોષધશાળામાં અંધેરી ગુજરાતી જૈન સંઘના ઉપક્રમે પૂ૦ સૌમ્યમૂર્તિ આચાર્ય મ૦ શ્રી વિજયદેવસૂરીશ્વરજી મ૦ શ્રીની નિશ્રામાં વિદ્વત્પ્રવર પૂ૦ આચાર્ય વિજયહેમચન્દ્રસૂરીજી મહારાજે ફાગણ–સુદિ–૧૧ થી ફા. વ. ૦)) સુધી શ્રી ગૌતમ સ્વામી ભગવાનના લક્ષજાપપૂર્વક ૨૧ દિવસ ખીરના એકાસણાની ઉલ્લાસપૂર્વક આરાધના કરી.

શ્રીસંઘમાં પણ સામુદાયિક જાપ તથા પુષ્પપૂજા ઉત્સાહથી થયેલ. અમાસના દિવસે ગૌતમ સ્વામી ભ૦ની વિશિષ્ટ પૂજા દેવ વંદન તથા સ્વામી વાત્સલ્ય થયેલ. આ સર્વકાર્યમાં શ્રી જીતુભાઇ સંઘવીએ ખૂબ જ ખંતપૂર્વક લાભ લીધેલ,

રાણકપુરજી તીર્થમાં જન્મ કલ્યાણક : ગ્રીષ્મકાલીન શિબીરનો નીર્ણય

વિશ્વ વિખ્યાત રાણકપુરજી તીર્થમા યુવાચાર્યશ્રી ગુણરત્નસૂરીશ્વરજી મ૦ આદિની શુભ નિશ્રામાં ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાનમાંથી બારસો આરાધકો નવપદ ઓળીની આરાધના કરવા પધારેલ; વિશ્વશાંતિ, રાષ્ટ્રશાંતિ અને આત્મશાંતિ માટે મેં કરોડનો મંત્ર જાપ કરાયેલ જે અત્રેના ઇતિહાસમાં પ્રથમ જ બની રહેલ

ભ૦ મહાવીર જન્મ કલ્યાણક દીન તા. ૧૯–૪–૮૯ના સવારે સામુહિક ભકતામર સ્તોત્ર પાઠ સાથે પ્રારંભ થયેલ. બાદ કલ્યાણકનો ભવ્ય વરઘોડો નીકળેલ બાદ આચાર્યશ્રીએ પ્રવચનમાં જણાવેલ કે ભ૦ મહાવીર સ્વામીએ જગતને અનેકાન્ત અને અહિંસા ધર્મ પ્રરૂપી વિશ્વના પ્રાણી માત્ર ઉપર પરમ ઉપકાર કરેલ છે. આથી વિશ્વએ આ જન્મ કલ્યાણકની ઉજવણી કરવી જોઈએ.

પૂજ્ય આચાર્યદેવશ્રીની નિશ્રામાં યુવાનો માટે ગ્રીષ્મકાલીન શીબીરનું આયોજન અત્રે રાણકપુરમાં તા. ૩૧–૫–૮૯ થી તા. ૧૦–૬–૮૯ સુધીનું ગોઠવાયેલ છે.

હસ્તિનાપુર તીર્થમાં દીક્ષા મહોત્સવ !

પૂ૦ આચાર્ય શ્રીમદ્ વિજયઇન્દ્રદિન્નસૂરીશ્વરજી મ૦ સા૦ આદિ વિશાળ સાધુ–સાધ્વી સમુદાયની શુભ નિશ્રામાં તા. ૮–૫–૮૯ના રોજ બીકાનેર નિવાસી શેઠશ્રી મોહનલાલજી પુંગલીયાના સુપુત્ર મુમુક્ષુ શ્રી મહેશકુમારજી પંગલીયા ભાગવતી દીક્ષા અંગીકાર કરનાર છે.

આ નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમારોહ પ્રસંગે દાનવીર સુશ્રાવક શેઠશ્રી અભયકુમારજી ઓસવાલ પણ પધારનાર છે.

પારકા માટે પગથીયું ન બની શકો તો કંઈ નહિ પરંતુ ખાડો તો ન જ બનો. તે જ સાચો માણસ.

ભગવાન મહાવીર જન્મ કલ્યાણકના દિવસે ઠેર ઠેર અભિનવ કાર્યક્રમો

કમ્પલ તીર્થ (ઉ. પ્ર.) સંમેલન

શ્રી કમ્પિલજી તીર્થમાં પ્રચાલ શોધ સંસ્થાનનું સંમેલન ભગવાન મહાવીર જન્મ કલ્યાણક પ્રસંગે મળેલ. જેમાં ઉ. પ્ર. સરકારના સાંસ્કૃતિક ઉપમંત્રી શ્રીમતી પ્રમિલા વધવાર પધારેલ. તેમજ દેશભરમાંથી વિદ્વાનો પણ પધારેલ.

જેસલમેર–ભવ્ય ઉજવણી

શાસન દીપીકા સાધ્વી શ્રી સુમંગલાશ્રીજી આદિ જેસલમેર તિર્થની યાત્રાર્થે પધારતાં સ્થાનિક ભાઈ-બહેનોએ ભાવ-ભીનું સ્વાગત કરેલ.

પૂજ્ય સાધ્વીશ્રીની નીશ્રામાં ચૈત્ર માસની નવપદ ઓળીની આરાધના શ્રી કુન્દનમલજી રાખેચા દ્વારા લેવાયેલ. બાદ ચાતુર્માસ માટે વિનંતી કરેલ છે.

ભગવાન મહાવીર જન્મ કલ્યાણકની ઉજવણી ભક્તિભાવપૂર્વક થયેલ.

લાડનુ [રાજસ્થાન] જૈન વિશ્વ ભારતી

ભગવાન મહાવીરની જન્મ કલ્યાણકની ઉજવણી તેરાપંથી પૂ. આચાર્યશ્રી તુલસીજીની નિશ્રામાં ઐતિહાસીક સ્વરૂપે મનાવાયેલ. વિવિધ સભાઓ, સાંસ્કૃતિક–પ્રકાશનીય કાર્યક્રમ સહ પ્રીતિભોજન સહ ઉજવણી થયેલ.

શ્રી મહાવીર શ્રુત મંડળ–અમદાવાદ

ભગવાન મહાવીરના જન્મ કલ્યાણકના દિવસે ભક્તિ ગીતોનો કાર્યક્રમ શ્રી નવરંગપુરા આયંબીલ શાળામાં યોજાયેલ.

સંસ્થા દ્વારા પરમાત્મ ભક્તિ, વૈયાવચ્ચ, માનવસેવા, સાધર્મિક ભકિત, જીવદયા, સાહિત્ય પ્રકાશન, પુસ્તકાલય, તીર્થ–પ્રવાસ વ્યાખ્યાન માળા, આદિ પ્રવૃત્તિ ચાલતી રહે છે.

સંપર્ક : ૧૦ મહાવીર સોસાયટી, મહાલક્ષ્મી રોડ, પાલડી. અમદાવાદ—૩૮૦૦૦૭

છત્તીસગઢ-ધમતરીમાં ભ૦ મહાવીર જન્મ દિને ધાર્મિક પ્રશ્નમંચનું આયોજન

ટી. વી. ના 'કવીઝ ટાઇમ' 'આલ્ફા પ્લસ' કે 'અક્કલબાજી' ના પ્રકારનો ભ૦ મહાવીર જન્મદિને છત્તીસગઢ-ધમતરીના શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ તરફથી વિદુષી મહાસતી શ્રી ઇન્દ્રકુંવરજી મ૦ સા૦ આદિની શુભ નિશ્રામાં ધાર્મિક પ્રશ્નમંચ-સ્પર્ધાનું એક અભીનવ આયોજન કરવામાં આવેલ. જેમાં ત્રણે ટીરકાના ૪૦૧ થી પણ વધારે ઉત્સુક જૈનોએ ભાગ લઈ તર્ક વિતર્કભર્યા પ્રશ્નો છેડેલ. જેના પ્રત્યુત્તર માટે ૨૭ મહાસતીઓ ૩-૩ના ગૃપમાં ૯ ગૃપ દ્વારા પ્રત્યુત્તર પાડવા રહે જે ભારે સમાધાનકારીને આકર્ષક બની રહેલ.

આ સ્પર્ધામાં સૌ પ્રથમ મહાસતી શ્રી મંજુલાશ્રીજીનું ગૃપ પ્રથમ આવેલ. જિજ્ઞાસુઓ માટે આ કાર્યક્રમ ઉપકારક બની રહેલ.

મહારાષ્ટ્રભરમાં કલ્યાણક ધુમધામથી ઉજવાય

મહારાષ્ટ્ર ભરમાં ઠેર ઠેર ભગવાન મહાવીરની જન્મ કલ્યાણક ઉજવણી ભારે ભાવના–શ્રદ્ધા અને ઉત્સાહથી પૂના, કોલ્હાપુર, ધુલીયા, માલેગામ, નાસીક, અહમદનગર વિ. માં મનાવાય.

યવતમાલમાં સ્થા. પૂજ્ય રતનમુનીજી મ૦ની શુભ નિશ્રામાં ઉજવાય જેમાં દિગમ્બર જૈન મંદિરથી ભવ્ય શોભાયાત્રા નીકળેલ ને બાદ પ્રવચન સભામાં દરેકે ભગવાન મહાવીરના જીવનનુ આદર્શને સ્વીકારવા જણાવેલ.

ચન્ડીગઢ–પંજાબ

પંજાબની રાજધાની અને પ્રદેશભરમાં પણ જૈન–જૈનેત્તરોએ મળી ઠેર ઠેર શાંતિયાત્રા રૂપે શોભાયાત્રા કાઢેલ. તેમજ ચંડિગઢમાં ભગવાન મહાવીર લોર્ડસ ઓફ ટ્રેઝરીટી નામનું પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ.

જયપુર (રાજસ્થાન) ભવ્ય ઉજવણી

રાજસ્થાન જૈન સભા દ્વારા ભગવાન મહાવીર જન્મકલ્યાણક ચારે ફીરકાની ભવ્ય શોભાયાત્રા નીકળેલ. બાદ સભાના રૂપમાં ફેરવાયેલ. જેને રાજસ્થાનના મુખ્ય પ્રધાનશ્રી શિવચરણ માથુરે ભ૦ મહાવીરના જીવન મૂલ્યોને સ્વીકારવા અપીલ કરેલ. સમારોહનું અધ્યક્ષ સ્થાન શિક્ષામંત્રીશ્રી બી. ડી. કલ્લાએ પણ જૈન સિદ્ધાંત યુગ-યુગાંતરના કાયમ મૂલ્ય ધરાવે છે તેમ જણાવેલ. જૈન સેવા સમાજ દ્વારા સમાજસેવી તથા કાર્યકરોનું વિશેષ બહુમાન કરવામાં આવેલ.

ગુના (મ. પ્ર.) મહાવીર જયંતિ

જૈન યુવા સંગઠન દ્વારા મહાવીર જયંતી પ્રસંગે શોભાયાત્રા યુવા મેળાનું આયોજન ગોઠવાયેલ. તેમજ જૈન આદર્શ સામુહિક વિવાહ સમારોહનું પણ આયોજન ગોઠવાયેલ.

જ્ઞાનીઓનો વિનય અને ગુણવંત આત્માઓનું પારતંત્ર્ય એ બન્ને મુક્તિ પર્યંત પહોંચાડનાર નિર્મળ અને સલામતીનો માર્ગ છે.



મુબઇ-વિલેપાર્લા (પૂર્વ) ભવ્ય આરાધના

મહાપ્રભાવક શ્રી ચિન્તામણિ પાર્શ્વપ્રભુની છત્રછાયામાં પરમ સૌમ્યમૂર્તિ પૂ૦ પા૦ આચાર્ય મહારાજ શ્રી વિજયદેવસૂરીશ્વરજી મ૦ની શુભ નિશ્રામાં શ્રી દલીચંદ ગિરધરલાલ દોશી (મોટા ખુંટવડાવાળા) તરફથી અભૂતપૂર્વ હર્ષોલ્લાસથી થયેલી શાશ્વતી ચૈત્રી ઓળીની આરાધના

ધર્મપરાયણ શ્રેષ્ઠિવર્ય શ્રી દલીચંદ ગિરધરલાલ દોશી તથા તેમના ધર્મપત્ની સવિતાબેન તેમ જ સુપુત્રો ભાઇ પ્રદીપકુમાર તથા હર્ષદકુમારની ઘણા સમયથી ભાવના હતી કે- કંઇક અપૂર્વ સુકૃત કરી મળેલી લક્ષ્મીને સફળ બનાવીએ. તે અનુસાર ચાલુ સાલે વિલેપાર્લા જૈન સંઘ પાસે ચૈત્રી ઓળીની સામુદાયિક આરાધના કરાવવાનો આદેશ મેળવી માટુંગા બિરાજમાન પૂજ્યપાદ આચાર્ય દેવ શ્રી વિજયદેવસૂરીશ્વરજી મ૦ શ્રી સપરિવારને તે પ્રસંગે પધારવા આગ્રહભરી વિનંતી કરી. પૂજ્યશ્રીએ તેઓની વિનંતીનો સ્વીકાર કરતા સૌ ઘણો જ આનંદ પામ્યા.

-: પૂજ્યશ્રીની પાવન પધરામણી :-

ચૈત્ર સુદ- ૨ના રોજ પૂજ્ય મહારાજ શ્રી વિજયદેવસૂરીશ્વરજી મ૦ શ્રી, પૂ૦ આચાર્ય શ્રી વિજયહેમચન્દ્રસૂરીશ્વરજી મ૦, પૂ૦ ગણિવર્યશ્રી પુંડરીકવિજયજી મ૦, પૂ૦ મુનિશ્રી વાચસ્પતિવિજયજી, પૂ૦ મુનિશ્રી ગુણશીલવિજયજી, પૂ૦ મુનિશ્રી લલિતાંગવિજયજી, પૂ૦મુનિશ્રી સુબોધવિજયજી અને પૂ૦મુનિશ્રી વારિષેણવિજયજી આદિ તથા પૂ૦ સાધ્વીજી શ્રી વિનયપ્રભાશ્રીજી મ૦ આદિ સવારે-૭ વાગે વાજતે-ગાજતે દલીચંદભાઇના નિવાસસ્થાને પધાર્યા. ત્યાં વ્યાખ્યાન બાદ સકલ સંઘની નવકારશીથી ભક્તિ તથા બે રૂપિયાથી સંઘપૂજન કરવામાં આવ્યું. તે સમયે સાતસોથી વધુ ભાવિકો પધાર્યા હતા.

બીજે દિવસે-ચૈત્ર સુદિ-૩ના રોજ તેમના નિવાસસ્થાને માંગલિક સંભળાવી સંઘપૂજન થયા બાદ પૂ૦ મહારાજશ્રી સામૈયા પૂર્વક શેઠ પ્રતાપભાઇ અંબાલાલ જૈન ઉપાશ્રયે પધાર્યા. વ્યાખ્યાન બાદ ફરી સંઘપૂજન થયું. સામૈયા સમયે ગહુંલી સ્પર્ધા રાખવામાં આવેલ.

વ્યાખ્યાનમાં પૂજ્ય મહારાજશ્રીએ નવપદજીનો મહિમા અને ચૈત્રી ઓળીની આરાધનાનું મહત્વ સચોટ રીતે સમજાવ્યું. ચૈત્ર સુદિ-૮ સુધી રોજ સવારે વ્યાખ્યાનમાં પૂ૦ આચાર્ય મહારાજ શ્રી તથા રાત્રે તત્વજ્ઞાન વર્ગમાં પૂ૦ ગણિશ્રી પુંડરીકવિજયજીએ ઓળીની આરાધના માટે જોરદાર પ્રેરણા કરતા સંઘમાં અપૂર્વ ઉલ્લાસ જાગી ઊઠયો. ઓળી કરવાની ભાવનાવાળા દરેકને ચૈત્ર સુદ સાતમના સાંજે ઉત્તરપારણા શ્રી દલીચંદ ગિરધરલાલ દોશી તરફથી કરાવવામાં આવેલ.

અભૂતપૂર્વ આરાધના

ઓળીના પહેલા જ દિવસે થયેલી ૭૧૫ આયંબિલની સંખ્યા પાર્લાના ઇતિહાસમાં અભૂતપૂર્વ હતી. બહારગામથી પણ ભાવિકો પધાર્યા હતા. નાના નાના બાળકો પણ ઓળીમાં જોડાયા હતા. અતિ અનુમોદનીય ઘટના તો એ બની કે ઓળી કરાવવાનો લાભ લેનાર દલીચંદભાઇના ઘરમાં – શ્રી દલીચંદભાઈ તેમના ધર્મપત્ની સવિતાબેન, પ્રદીપભાઈ તેમના ધર્મપત્ની કોકિલાબેન, હર્ષદભાઇના ધર્મપત્ની ભાવિતાબેન તથા કાન્તિભાઇના ધર્મપત્ની લલિતાબેન એમ ૬ જણાએ ઓળી કરી હતી.

બહેનોમાં પણ અપૂર્વ ઉલ્લાસ

સાધ્વીજી શ્રી વિનયપ્રભાશ્રીજી અને સા૦ શ્રી દીપ્તિપ્રજ્ઞાશ્રીજી આદિ ઓળી પ્રસંગે પધાર્યા હતાં-અને સાધ્વીજી શ્રી જયશીલાશ્રીજી આદિ ઠાણા ચાર પણ અત્રે સ્થિરતા કરતાં તેઓની પ્રેરણા-રાસવાંચન અને પ્રતિક્રમણમાં કહેવાતા સ્તવન-સજ્જાયથી બહેનોમાં ખૂબ જ ઉમંગ આવી ગયો.

સંગીતની અદ્ભુત જમાવટ તથા રાસવાંચન

લોયણીથી પધારેલા સંગીતકાર શ્રી ગુણવંતભાઇએ દિવસે

કળિયુગમાં માનવીને 'ટાઇમે' બાંધી લીધો છે, તેમાંથી છૂટી ધર્મ કેવી રીતે આરાધી લેવો, તેનો વિચાર ડાહ્યા માણસો જ કરે છે.

સ્નાત્રપૂજામાં તથા શ્રી રવિશંકરભાઇએ રાત્રે શ્રીપાલ રાસમાં લોકોને ભક્તિરસથી તરબોળ બનાવી દીધા. દેરાસર અને ઉપાશ્રય રંગબેરંગી રોશનીથી શણગારવામાં આવ્યા હતાં.

શ્રી સિદ્ધચક્ર મહાપૂજન તથા આંગી સ્પર્ધા

ચૈત્ર સુદિ-૧૧ના શ્રી સિદ્ધચક્ર મહાપૂજન ભણાવવામાં આવ્યું. પૂજન ભણાવવા પધારેલ ભાઈશ્રી અતુલકુમાર (C.A.)એ નવપદજીના નવેપદોના મહિમાને સુન્દર રીતે સમજાવ્યો. પૂજન બાદ આમંત્રિતોની ભક્તિ કરવામાં આવી. આ દિવસે બાળક-બાળિકાઓએ પ્રભુજીની આકર્ષક અંગરચના કરી હતી. સ્પર્ધામાં ઉત્તીર્ણ પ્રથમ ત્રણ નંબરને ઇનામ અને દરેક ભાગ લેનારને ૧૦૫/- રૂા. પ્રોત્સાહન ઇનામ આપવામાં આવેલ.

બાળક-બાળિકાઓના સમૂહ સામાયિક ચૈત્ર સુદ પ્રથમ તેરસે બપોરે ૨ થી ૪ સમૂહ સામાયિકમાં ૩૫૦ બાળકોએ ભાગ લીધેલ. ત્યારબાદ તેઓને અલ્પાહાર ને પ્રભાવના આપવામાં આવેલ.

જન્મકલ્યાણકનો ભવ્ય વરઘોડો તથા સમૂહ આરતિ

ચૈત્ર સુદિ બીજી તેરસને બુધવારે પ્રભુ મહાવીરના જન્મ-કલ્યાણક નિમિત્તે ભવ્ય વરઘોડો નીકળ્યો તેમાં બેડા શણગાર સ્પર્ધા અને વેશ પરિધાન સ્પર્ધાએ સારો રંગ જમાવ્યો. વિવિધ વેશ પરિધાન દ્વારા દિક્કુમારિકા અને ઇન્દ્ર તરીકે શોભતા બાળક-બાળિકાઓને જોઈ લોકો ખુશ થઇ ગયા.

વરઘોડા ઉતર્યા બાદ માંગલિક વ્યાખ્યાન થયા પછી લાડુ અને સેવની પ્રભાવના દલીચંદભાઈ દોશી તરફથી કરવામાં આવી. જે સમયે ૨૦૦૦ થી વધુ જનસંખ્યા હતી.

સાંજે ૭ કલાકે પાર્લામાં પ્રથમવાર થતી સમૂહ આરતિને નિહાળવા ભક્તોની ભીડ જામી હતી કે જાણે પરમાત્માના જન્મ વાંચનનો સમય ના હોય!

વક્તવ્ય હરિફાઈ

બાળકોએ પ્રભુ મહાવીરના જીવન સંબંધી વક્તવ્યો સુન્દર રીતે તૈયાર કર્યા હતા. તેની સ્પર્ધા ચૈત્ર સુદિ ૧૪ના દિવસ વ્યાખ્યાનમાં કરવામાં આવી. પન્દર બાળકોએ સુંદર છટાથી રજૂઆત કરી. નિર્ણાયક પ્રો. રાજેન્દ્ર શાહના નિર્ણય મુજબ ત્રણને વિશિષ્ટ ઇનામો તથા ભાગ લેનારને ૧૧૧ રૂા. પ્રોત્સાહન ઇનામ આપવામાં આવેલ.

બહુમાન સમારંભ

ચૈત્રી પૂનમના દિવસે સવારે વ્યાખ્યાનમાં ઓળી કરાવનાર ગિરધરલાલ પ્રેમચંદ દોશી પરિવારના કાન્તિભાઇ તથા તેમના ધર્મપત્ની લલિતાબેન, દલીચંદભાઇ તથા તેમના ધ.પ. સવિતાબેન, વૃજલાલભાઈ તથા તેમના ધ.પ. દમયંતિબેન, પ્રદીપભાઇ તથા તેમના ધ.પ. કોકિલાબેન, હર્ષદભાઇ તથા તેમના ધ.પ. ભાવિતાબેન તથા તૃપ્તિબેન એમ સૌનું હૈયાના ઉમળકાથી વિલેપાર્લા જૈન સંઘ. મોટા ખુંટવડા જૈન મહાજન, મિત્રમંડલ તથા સગાં સ્નેહીઓએ હારતોરા અને તિલક કરી અનુમોદનાપત્ર અને ચાંદીનો ધર્મરથ અર્પણ કરી શાલ ઓઢાડી બહુમાન કર્યું. સૌના હૈયા ગદ્ગદિત થઈ ગયા. સૌના મુખમાંથી ધન્ય ધન્યના પોકારો સરી પડતા હતા.

મોટા દેવવન્દન

આ દેવ વંદનની વિશિષ્ટતા અગાઉથી જ પૂ૦ મહારાજશ્રીએ સમજાવી હતી એનાથી લોકોમાં હૈયામાં અનેરો ઉત્સાહ હતો. બરાબર દોઢ વાગે દેવવંદનની ક્રિયા શરૂ થઈ. પૂજા-માળા-ધૂપ-ચામર-ઘંટ-ખમાસમણા-પ્રદક્ષિણા અને ભંડાર ભરવાનો આ બધું કરવામાં સૌ એવા તો તલ્લીન થઈ ગયા કે કોઇને. ઘડિયાળ સામે જોવાનું પણ મન ન થયું. વચ્ચે વચ્ચે સંગીતકાર ગુણવંતભાઈ સિદ્ધગિરિજીની ઢાળો, સ્તવનો ગાઇ સૌને ભાવવિભોર બનાવી દેતા. પોણા છ વાગે દેવવંદનની ક્રિયા પૂર્ણ થઈ, પાંચ જોડા અને આરતી-મંગળ દીવો અને શાન્તિકળશના ચઢાવા પણ ન કલ્પેલા બોલાયા. જુદા જુદા ભાગ્યશાળીઓ તરફથી દેવવંદન કરનારને રૂા. ૨૫/-ની પ્રભાવના કરવામાં આવી. સંખ્યા પુરુષોમાં આશરે ૬૫ અને બહેનોમાં ૩૦૦ની હતી.

એકમના પારણા અને પ્રભાવના

૪૧૫ જેવી મોટી સંખ્યામાં ઓળી કરનાર તપસ્વીઓની નવે દિવસની આરાધના અપૂર્વ ઉલ્લાસથી પરીપૂર્ણ થતાં એકમના દિવસે તપસ્વીઓના પારણા ખૂબ જ સુંદર થયા. દલીચંદ ગીરધરલાલ દોશી પરિવાર તરફથી એક પ્લેન્કેટ-દેવ-ગુરુદર્શન ફોલ્ડર તથા જુદા જુદા ભાગ્યશાળીઓ તરફથી શ્રીફળ તથા ૪૮/- રૂા. ની પ્રભાવના કરવામાં આવી.

સ્પર્ધાઓએ જમાવેલ રંગ

આ દિવસો દરમ્યાન ૧ ગહુલી સ્પર્ધા, ૨ બેડાં શણગાર સ્પર્ધા, ૩ આંગી સ્પર્ધા, ૪ વેશ પરિધાન સ્પર્ધા, ૫ વક્તવ્ય સ્પર્ધા, ૬ નવપદજી અંગે નિબંધસ્પર્ધા, ૭ કલિકાલ સર્વજ્ઞ હેમચન્દ્રાચાર્ય મ૦ની નવમ જન્મ શતાબ્દી વર્ષને અનુલક્ષીને સકલાર્હત્ તથા હેમચન્દ્રાચાર્ય અષ્ટકની પરીક્ષા યોજવામાં આવતા બધી સ્પર્ધાઓમાં સૌએ અપૂર્વ ઉમળકાથી મોટી સંખ્યામાં ભાગ લીધો. તે દરેકમાં ઉત્તીર્ણ થનાર પ્રથમ ત્રણ નંબરને વિશીષ્ટ ઇનામ અને ભાગ લેનાર દરેકને પ્રોત્સાહન ઇનામ દલીચંદ ગીરધરલાલ દોશી તરફથી ઉદારતાપૂર્વક આપવામાં આવ્યા.

સંસારના ફલક ઉપર જ્યારે માનવીના જીવનમાં મૂલ્યો અંકાય છે. ત્યારે માનવતાના દીવા ધરતી ઉપર ઝગારા મારે છે.

દિલ્લી–પ્રાકૃત ભાષા વિષય ઉપર સેમીનાર

"શ્રી ભોગીલાલ લહેરચંદ ભારતીય સંસ્કૃતિ સંસ્થાન" દ્વારા પ્રાકૃત ભાષાના વિષય ઉપર તા. ૧૦ જુનથી એક મહિનાના સેમિનારનું આયોજન કરવામાં આવેલ છે. આ સેમીનારનો મુખ્ય ઉદ્દેશ જૈન ફીલોસોફીના ઉંડા અભ્યાસ અર્થે જરૂરી પ્રાકૃત ભાષાના જ્ઞાનના પ્રસાર–પ્રચારનો છે. આ સેમિનાર વલ્લભ સ્મારક, કરનાલ રોડ, પો.. અલીપુર (દીલ્હી) ખાતે રાખવામાં આવેલ છે. આ સેમિનારમાં પ્રોફેસર શ્રી દલસુખભાઈ માલવણીયા, પ્રો. શ્રી કમલચંદ સોગાણી. પંડિત વિનયસાગર, શ્રી જિતેન્દ્ર શાહ, શ્રી પ્રેમસીંગ અને પ્રો. એસ. વી. દેવ વગેરે પ્રાકૃત ભાષા ઉપર વિદ્યાર્થીઓને આ એક મહિના દરમ્યાન પ્રવચનો આપશે. પ્રવેશ માટે સંસ્કૃત વિષય સાથે ગ્રેજ્યુએટ (સ્નાતક) અથવા સંસ્કૃત શાસ્ત્રની ડીગ્રી હોવી જરૂરી છે. સંસ્થાન પ્રવેશ પામેલ વ્યક્તિને રેલ્વે ટીકીટ આવવા–જવાના ભાડાનો ખર્ચ આપશે તેમ જ રહેવા–જમવાની સગવડ પુરી પડાશે.

દુર્ગ (મ.પ્ર.)માં કુ. રુપલતા મરોટીની દીક્ષા

કુ. રુપલત્તા (ઉ. વ. ૨૪)નો ભાગવતી દીક્ષા મહોત્સવ તા. ૧૭–૫–૮૯ના શુભ દિવસે આયોજિત કરવામાં આવેલ છે. આ સુવર્ણ અવસરે અઠ્ઠાઈ મહોત્સવ તેમજ ઉજમણાનું ભવ્ય આયોજન વિવિધ ધાર્મિક અનુષ્ઠાનો પૂર્વક કરવામાં આવેલ છે.

આ શુભ અવસરે આચાર્ય ભગવંતશ્રી જિનઉદયસાગરસૂરીશ્વરજી મ૦સા૦. ઉપા૦શ્રી મહાદેવસાગરજી મ૦સા૦ આદિ ઠા. ૪ તેમજ સાધ્વીશ્રી મનોહરશ્રીજી મ૦સા૦ આદિ ઠા. ૧૯, સા૦શ્રી કુસમશ્રીજી, નિપૂણાશ્રીજી મ૦સા૦ આદિ ઠા. ૧૦ તેમજ સા૦ શ્રી રંભાશ્રીજી આદિ વિશાળ સાધ્વી સમુદાય પણ આ પ્રસંગે પધારશે.

સા૦શ્રી શુભંકરાશ્રીજી મ૦ની દીક્ષાના ૧૫ વર્ષ બાદ આ પ્રસંગ આવવાથી શ્રી જૈન સંઘમાં અતિ આનંદ અને જાગૃતિનું વાતાવરણ ઉભું થયું છે.

પ્રતાપગઢ (રાજ.)માં અંજનશલાકા મહોત્સવ

અત્રે પૂ૦ આગમોદ્ધારક આ૦શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મ૦ સા૦ના શિષ્યરત્ન પૂ૦ આ૦શ્રી સૂર્યોદયસાગરસૂરિશ્વરજી મ૦ સા., મુનિશ્રી રત્નશેખરસાગરજી મ૦ સા૦, મુનિશ્રી નયશેખર-સાગરજી મ૦ સા૦, મુનિશ્રી પુણ્યશેખરસાગરજી મ૦સા૦ આદિની શુભ નિશ્રામાં ભવ્યાતિભવ્ય અજંનશલાકા મહોત્સવ તા. ૪–૫–૮૯ની શરૂ થનાર છે. આ પ્રસંગે આગમોદ્ધારક સમુદાયવર્તી સા.શ્રી હેમેન્દ્રશ્રીજી મ૦ના શિષ્યા સા૦શ્રી આત્માનંદશ્રીજી આદિ તેમ જ વિશાળ સાધ્વી સમુદાય પધારશે.

જન્મ જયંતિ – અમૃત મહોત્સવ

શ્રીપુજ શ્રી જિનેન્દ્રસાગરસૂરીશ્વરજી મ૦ સા૦નું જીવન કાર્ય સમાજ માટે મહામૂલો વારસો બની ગયું છે. સંઘોત્કર્ષ માટે તેમાંથી અખંડ પ્રેરણા મળે છે. તેમની ઉજવણી તથા આજથી ૩૧ વર્ષ પહેલા પ્રગતિશીલ વિચારક સમર્થ વિદ્યાપુરૂષ જનસેવારૂપે વિદ્યાના પ્રણેતા ધાર્મિકવડા હોવા છતાં "વિદ્યા ધન પ્રધાનમ્," હાઇસ્કૂલ, બાલમંદિર, શીવણક્લાસ, છાત્રાલય જેવી સરસ્વતી વિદ્યા સંસ્થાના પુરસ્કર્તા એવા પૂ૦ ક્ષમાનંદજીશ્રીજી મ૦સાની "૭૫મી જન્મ જયંતિ વર્ષ અમૃત મહોત્સવની ઉજવણી કરીને ભાવભીની ગુરુભક્તિ અર્પી છે.

કર્નુલ (આંધ્રપ્રદેશ) પાઠશાળા

શ્રી કપૂરચંદજી ખેંગારજી શાહ સંચાલિત શ્રી શાંતિનાથજી જૈન ધાર્મિક પાઠશાળાની પરીક્ષા કૈલાસનગર નિવાસી શા. ભુરમલજી વીરચંદજી "પ્રાગવાટ પરમારે લીધેલ. એમાં પરિણામ સંતોષજનક રહ્યું. શિક્ષીકાબહેનની મહેનત ઠીક રહી. આમાં મુખ્ય ટ્રસ્ટીઓએ વધુ ધ્યાન આપવા જેવું છે. વર્ષમાં બે વખત ઈનામી મેળાવડા સાથે પરીક્ષા લેવડાવવી જોઈએ. બહાર ગામના વિદ્વાનોને બોલાવી બાળકોમાં ધાર્મિક શિક્ષણ સંસ્કાર સારા પડે તે પણ ધન કમાવા જેટલું જ જરૂરી છે.

સાદડી (રાજ.)માં દશાન્હિકા મહોત્સવ

વિશ્વ વિખ્યાત શ્રી રાણકપુર તીર્થની છત્રછાયામાં આવેલ સાદડી મુકામે શ્રુતભાસ્કર પ૦પૂ૦ મુનિવરશ્રી ધર્મધુરંધરવિજયજી મ૦સા૦ આદિની શુભ નિશ્રામાં વિજયવલ્લભ હોસ્પીટલના પ્રાંગણમાં શ્રી વિજયવલ્લભ હોસ્પિટલનો શિલાન્યાસ તેમજ શ્રી લહેરીબાઇ પુખરાજજીના જીવિત મહોત્સવ શ્રી સિદ્ધચક્ર મહા-પૂજન, — શાંતિસ્નાત્ર સહિત દશાન્હિકા મહોત્સવનો પ્રારંભ તા. ૧૧–૫–૮૯ થી તા. ૨૦–૫–૮૯ સુધી વિવિધ કાર્યક્રમોની ઉજવણી પૂર્વક આરંભ થનાર છે.

શ્રી નાકોડા તીર્થની પ્રતિષ્ઠાના ચઢાવા

વિશ્વ વિખ્યાત શ્રી નાકોડાજી તીર્થમાં પૂ૦ જૈનાચાર્ય શ્રી ગુણરત્નસૂરીશ્વરજી મ૦સા૦ની શુભ નિશ્રામાં શ્રી અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૩–૫–૮૯થી તા. ૧૧–૫–૮૯ સુધી થનાર છે. આ માટેના ગત તા. ૯–૪–૮૯ના રોજ અત્રે નૌકારશી, જયજિનેન્દ્ર વગેરેના ચઢાવા બોલાયા છે. આ પ્રસંગે રાજસ્થાન, ગુજરાત, આંધ્રપ્રદેશ, તામીલનાડું, વિગેરે પ્રદેશોમાંથી ઘણા ભાવિક ભકતો આ કાર્યક્રમમાં ભાગ લેનાર છે. ઘણા વર્ષો પછી અત્રે અંજનશલાકા પ્રતિષ્ઠા થઈ રહી છે.

સંત જ સંસારીના જીવનને મંગળમય બનાવી, પાપીને પવિત્ર બનાવી, પામરને અમર બનાવી શકે છે.

પાળીયાદ (બોટાદ)માં પંચાન્હિકા મહોત્સવ

શાસન પ્રભાવક ગચ્છાધિપતિ ૫૦ પૂ૦ આચાર્યદેવેશ શ્રી વિજયહેમપ્રભસૂરીશ્વરજી મ૦ સા૦ની પાવન નિશ્રામાં ૫૦ પૂ૦ તથા ગચ્છાધિરાજ ૫૦ પૂ૦ ગણિવર્યશ્રી મુક્તિવિજયજી (શ્રી મુળચંદજી) મ૦ સા૦ના શતાબ્દી વર્ષમાં વિશ્વ વત્સલ શ્રી શાંતિનાથ ભગવાનના જિનાલયની ૮૧મી સાલગિરિ, શ્રી મોતીબેન હરિચંદ ચોધવજી કામદાર જૈન શ્વે. મૂ૦ પૂ૦ સંઘ આરાધના ભવન નૂતન ઉપાશ્રયનું ઉદ્ઘાટન, પૂ૦ મુનિરાજશ્રી રત્નપ્રભવિજયજી મ૦ સા૦ની વડી દીક્ષાનો મહોત્સવ, પૂ૦ યોગાનિષ્ઠ શ્રી વિજયકેસરસૂરીશ્વરજી મ૦ સા૦ના તથા સાયલાવાળા પ્રવર્તની સાધ્વીશ્રી મણીશ્રીજી, સા૦શ્રી રમણીકશ્રીજી, સા૦શ્રી રંજનશ્રીજી આદિના સ્મરણાર્થે નિમિત્તે પૂ૦ સા૦શ્રી સૂર્યપ્રભાશ્રીજીના ૪૪ વર્ષના સંયમ પર્યાયની અનુમોદનાર્થે ૨૧ છોડના ભવ્ય ઉદ્યાપન પ્રસંગે તથા સંઘવી કસ્તુરચંદ નાગરદાસ જૈન ભોજનશાળાની ખનનવિધિ પ્રસંગે ૧૮ અભિષેક શ્રી સિદ્ધચક્ર પૂજન શ્રી શાંતિસ્નાત્ર સહિત પંચાન્હિકા મહોત્સવની ઉજવણી તા. ૩-૫-૮૯થી શરૂ થનાર છે.

સુરતમાં ગણિપદ, પ્રવર્તકપદ તથા દીક્ષા

વીસમી સદીના વિરલ વિભૂતી મુંબઈ નગરોદ્ધારક શ્રી મોહનલાલજી મ૦ સા૦ના પંચમ પટ્ટધર આચાર્યશ્રી ચિદાનંદ સૂરીશ્વરજી મ૦સા૦ની શુભ નિશ્રામાં સુરત સ્થિત સંવેગી જૈન ઉપાશ્રયે પૂ૦ સુયશમુનિજી મ૦ સા૦ને ગણિપદ, મુનિ કીર્તિસેન મુનિજી મ૦સા૦ને પ્રવર્તકપદ તેમ જ કુ. કમળાબેન મોહનલાલ સાકરાયાને દીક્ષા અર્પણ વિધિનો કાર્યક્રમ પાંચ દિવસના મહોત્સવ પૂર્વક આગામી તા. ૧૯-૫-૮૯ના રોજ ઉજવનાર છે.

બિજોવા (રાજસ્થાન)માં પ્રતિષ્ઠા

જૈન દિવાકર ૫૦ પૂ૦ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયસુશીલસૂરીશ્વરજી મ૦ સા૦ આદિની શુભ નિશ્રામાં વિશ્વની મહાન વિભૂતિ યોગીરાજશ્રી શાંતિસૂરીશ્વરજી ગુરુમંદિરની મહામંગલકારી પ્રતિષ્ઠાનો સોનેરી સુઅવસરે શ્રી જિનેશ્વર પરમાત્મ ભક્તિ સ્વરૂપ શ્રી સિદ્ધચક્ર મહાપૂજન, શ્રી બૃહદ્ અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર મહાપૂજાયુક્ત નવાન્હિકા મહોત્સવ તા. ૧-૫-૮૯થી તા. ૯-૫-૮૯ દરમ્યાન શાનદાર રીતે ઉજવવામાં આવનાર છે.

અનશન વ્રત-મદુરાઈ

મદુરાંમાં ૩૫ વર્ષથી સ્થાઈ રહેતા કચ્છના ગામ સમાઘોઘાના વતની સ્વ. કોરશીભાઈ વેરશીભાઈ વછરાજના પત્નિ ગં. સ્વ. કેસરબાઈએ અનસન વ્રતની આરાધના આદરેલ છે.

શ્રી રામપુર [મહા.]માં ગણિપદ પ્રદાન

અત્રે પ્રશાંતમૂર્તિ પૂ૦ પંન્યાસશ્રી ધનેશ્વરવિજયજી મ૦ સા૦ની પાવન નિશ્રામાં પૂ૦ વિદ્વાન મુનિરાજશ્રી જગવલ્લભવિજયજી મ૦સા૦ને પંચમાંગશ્રી ભગવતીસૂત્રના યોગની અનુજ્ઞા સાથે ગણિપદ પ્રદાન નિમિત્તે બૃહદ્ શાંતિસ્નાત્રાદિ યુક્ત અષ્ટાન્હિકા મહોત્સવની ઉજવણી શરૂ કરવામાં આવી છે.

તા. ૧૦-૫-૮૯ના ચતુર્વિધસંઘયુક્ત પરમાત્માનો ભવ્ય વરઘોડો બાદ સ્વામી વાત્સલ્ય તેમજ શ્રી પંચનમસ્કાર ચક્ર મહાપૂજન રાખવામાં આવ્યું છે.

તા. ૧૧-૫-૮૯ના રોજ ભારતભરના સર્વે ધર્મચક્ર તપના તપસ્વીઓનો બહુમાન સમારંભ આયોજિત કરવામાં આવેલ છે.

ગોરેગાંવ [વેસ્ટ]માં વડી દીક્ષાની થયેલ ઉજવણી

પૂ૦ આ૦ દેવશ્રી અશોકચંદ્રસૂરીશ્વરજી મ૦ સા૦ આદિની શુભ નિશ્રામાં પૂ૦ આ૦ શ્રીમદ્ વિજયઅરિહંતસિદ્ધસૂરીશ્વરજી મ૦ સા૦ ના આજ્ઞાવર્તી પૂ૦ સાધ્વીશ્રી દિવ્યપ્રભાશ્રીજી તથા સાધ્વીશ્રી જયશીલાશ્રીજી બન્નેની શિષ્યાઓની વડી દીક્ષાના જોગ પૂર્વક તા. ૧૫-૨-૮૯ના દિક્ષા મહોત્સવ સાથે સિદ્ધચક્રપૂજન ભણાવવામાં આવેલ. આ પ્રસંગે ઉપકરણની ઉપજ પણ ઘણી સારી થવા પામેલ.

~~આચાર્યશ્રી અશોકચંદ્રસૂરીશ્વરજી~~ (ડહેલાવાળા) આદિ ચૈત્રી માસની ઓળીની આરાધના અર્થે ઉપર પધારેલ છે. તેમનું આગામી ચાતુર્માસ બોરીવલી-વેસ્ટ મંડપેશ્વર નક્કી થયું છે.

ભચાઉ (કચ્છ)માં અંજનશલાકા પ્રતિષ્ઠા

અધ્યાત્મયોગી ૫૦ પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયકલાપૂર્ણસૂરીશ્વરજી મ૦ સા૦ નો તા. ૨૮-૪-૮૯ના રોજ ભચાઉ નગરે ભવ્ય પ્રવેશ થયો છે. પૂજ્યશ્રીની શુભ નિશ્રામાં અત્રે ભવ્ય અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ, વર્ધમાન તપના પારણા, દીક્ષા, વડી દીક્ષા, દીક્ષા કલ્યાણકનો ભવ્ય વરઘોડો, અંજનશલાકા વિધિ તેમજ પ્રભુજીની પ્રતિષ્ઠા આદિ મહોત્સવનો પ્રારંભ તા. ૪-૫-૮૯થી શાનદાર રીતે વારાણસી નગરીએ ઉજવાનાર છે.

ગૌરક્ષા સંસ્થાનું પાલીતાણામાં થયેલ ઉદ્ઘાટન

પૂ૦ આચાર્યદેશશ્રી વિજયયશોદેવસૂરિશ્વરજી મ૦ સા૦ના શુભ આશીર્વચનથી શ્રી ગૌરક્ષા સંસ્થા પાલીતાણાના મેઈન ગેઈટ ઉપર શ્રીમતી રૂક્ષ્મણીબેન દીપચંદભાઈ ગાર્ડીના ગૌસદનના નામકરણ વિધિનો સમારોહ ગત ૯ એપ્રીલના માનનીયશ્રી દીપચંદભાઈ ગાર્ડીની ઉપસ્થિતિમાં અને શ્રી શાંતિભાઈ એમ. શાહ (આફ્રિકાવાળા)ના શુભ હસ્તે ઉદ્ઘાટન પૂર્વક ઉજવાયેલ.

પુણ્યથી પુણ્ય કમાય તે જ્ઞાની અને પુણ્ય ભોગવી ખતમ કરે તે અજ્ઞાની. જેમ વેપારમાં મૂડી ખાઈ જાય તે મૂર્ખ

Regd. No.BV. G. 20
JAIN OFFICE : P. Box No 175
BHAVNAGAR-364001 (Gujarat)
Tele. O. C/o. 29919 R. 25869

જૈન

સ્વ. તંત્રી : ગુલાબચંદ દેવચંદ શેઠ
તંત્રી-મુદ્રક-પ્રકાશક-માલીક :
મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
જૈન ઓફીસ, પો. બો. નં. ૧૭૫, દાણાપીઠ, ભાવનગર.

'જૈન' વર્ષ ૮૬
અંક : ૧૮

વીર સં. ૨૫૧૫ : વિ.સં. ૨૦૪૫ વૈશાખ સુદ ૭
તા. ૧૨ મે ૧૯૮૯ શુક્રવાર
મુદ્રણ સ્થાન : શ્રી જૈન પ્રિન્ટરી
દાણાપીઠ પાછળ, ભાવનગર-૩૬૪ ૦૦

બંધુત્રિપુટીના પતનની ભીતરમાં દૃષ્ટિપાત

'અર્હદ્ જૈન' સંઘની સ્થાપના દ્વારા જૈનશાસનની પરંપરા તોડી-શિથીલાચારને પોષવાનો સુયોજીત પ્રયત્ન : જૈન સંઘોએ સચેત થવાની જરૂર

બંધુત્રિપુટીના નામે કુખ્યાત માજી જૈનમુનિઓ શ્રી મુનિચન્દ્રજી, શ્રી કીર્તિચન્દ્રજી અને શ્રી જિનચન્દ્રજીના વિદેશપ્રવાસના પ્રશ્ને છાપાઓમાં ભારે ચકચાર જાગી હતી. ત્યારે એક મિત્ર આગળ મેં એક વાક્યમાં જ મારો પ્રતિભાવ આ રીતે આપેલો કે : 'વિનાશકાળે વિપરીત બુદ્ધિ' અને એ વાત આજે સાચી સાબિત થઈ ચૂકી છે બંધુત્રિપુટીએ 'ઓઘો' અને 'દાંડો' વગેરે જૈન મુનિ તરીકેના બાહ્યપ્રતિકો તજી દીધા છે અને પ્લેનમાં કલકત્તા, મદ્રાસ અને હોંગકોંગ વગેરેના પ્રવાસે ઉપડી ગઈ છે.

બંધુત્રિપુટીએ બાહ્યપ્રતીક (ઓઘો) તજી દીધો છે. તથા હવે જૈનમુનિ તરીકેના તેમના પ્લેન પ્રવાસથી જૈનસાધુની આચારસંહિતાના ભંગનો પ્રશ્ન રહેતો નથી પરંતુ સ્થાનકવાસી શ્રી સુશીલ મુનિ સાથે ત્રિપુટીએ મળી જઈને નવા 'અર્હદ્ જૈન સંઘની' સ્થાપના કરી છે અને તેમાં નબળા મનના બનેલા અન્ય મુનિઓને જોડી દેવા માટેના પ્રયત્નો પણ આરંભી દીધા છે. ત્રિપુટીના મુનિવેશ-ત્યાગ કરતાં અને આચારસંહિતાના ભંગ કરતાં વધારે વિઘાતક ઘટના તો મારી દૃષ્ટિએ અર્હદ જૈન સંઘની સ્થાપના છે. કારણ કે જે મુનિઓ આચારની બાબતમાં શિથિલ બન્યા હશે તેમને માટે એક આધાર, એક આસરો ઉપલબ્ધ બની ગયો. ત્રિપુટીના સાધુપણાના ત્યાગ કરતાં ય એમણે જૈન સિદ્ધાંતો ને પરંપરા વિરુદ્ધ ચીલો ચીતર્યો છે એ વધારે ખતરનાક છે. અને માટે જ ત્રિપુટી 'મુનિ' તરીકે મટી ગયા હોય તો ય આવકાર્ય નથી જ.

ત્રિપુટીના અસલી સ્વરૂપને ઉઘાડો કરતો અહેવાલ શીલા ભટ્ટે અભિયાનમાં (૨૦-૨-૮૯) રજુ કર્યો હતો. ત્યારે જ ત્રિપુટીનું અંતરંગ જીવન ખુલ્લું પડી ગયું હતું.

વલસાડના જૈન યુવાન ચન્દ્રકાંત ગાંધીએ જણાવ્યું હતું કે, 'ત્રિપુટી નવકારશી નથી કરતા. કપડાંને ઈસ્ત્રી કરે છે. દાઢી કરે છે. પલંગ વાપરે છે. ફ્રીજની વસ્તુઓ નિઃશંકપણે વાપરે છે. ફ્રીજના શરબત પીએ છે. પ્રતિક્રમણ કરવા તેઓ બંધાયેલા નથી. રાત્રે સ્ત્રીઓને હળે-મળે છે. મોટરમાં ફરે છે, વિડીઓ-ફીલ્મો જુએ છે. કાચા પાણીથી એઠા વાસણો ધુએ છે. જેને જે કરવું હોય તે વ્યકિત તરીકે કરવાની છૂટ છે. પણ જો જૈન સાધુ બનીને જીવવું હોય તો આ બધા ધતીંગ ચલાવવા દેવાય નહીં''

ચન્દ્રકાંતભાઈનો ઉકળાટ વાસ્તવિક હતો. જૈન મુનિ તરીકેના નીતિ-નિયમોનો ત્રિપુટી સંપૂર્ણ ભંગ કરી ચૂકી હતી. પરંતુ તેનો રીફાઈન્ડ કુતર્કભરી દલીલો દ્વારા સતત બચાવ કરતી હતી તે વધુ ખોટું ગણાય. જૈન મુનિવેશમાં જ ત્રિપુટીએ જે રીતે સાધુતાનો ભંગ કરેલો તે જોતા તેઓ સાધુવેશમાં હતા ત્યારે ય 'સાધુ' તો ન જ હતા. તેમનું ભાવમૃત્યુ તો ક્યારનું થઈ ચૂક્યું હતું. અત્યારે તેમના સાધુત્વની બાહ્ય શ્મશાનયાત્રા જ ચાલી રહી છે.

ત્રિપુટી આટલી હદે કેમ પહોંચ્યા....? એનો અભ્યાસ કરતા જાણવા મળ્યું કે આજથી ચાર વર્ષ પહેલા ઇરલા (મુંબઇ)માં તેઓ ચાતુર્માસ હતા ત્યારે તેમનું લીવર બગડયું. ડોકટરને બોલાવ્યા. સાજા થયા બાદ ડોકટરે સલાહ આપી કે, "હવે જો તમો માઇક વગર પ્રવચન આપશો તો લીવર વધુ બગડશે." અને.... "ભાવતું હતું તે વૈદ્યે બતાવ્યું" એ રીતે માઇક શરૂ થયું. પછી માઇક વપરાય તો લાઇટમાં શો વાંધો ? અને લાઇટ અને લીફ્ટમાં શો ફરક ? આમ ત્રિપુટી મુંબઇના અન્ય ચાતુર્માસમાં લીફ્ટ વાપરતા થયા ત્યારે પણ લોકોમાં ચકચાર જાગી હતી.

સાથે સાથે ઓડિયો-વિડીયો કેસેટો ઉતારવાનું અને ભકતોને આપવા-અપાવવાનું શરૂ થયું. આમ લાઇટ-માઇકથી શરૂ થયેલી ક્રાંતિયાત્રા (કે ભ્રાંતિયાત્રા) ફ્લાઇટ સુધી પહોંચી ગઈ અને પતનની આ પ્રક્રિયાનું પૂર્ણવિરામ પ્રણય અને પરિણય સુધી પહોંચી જાય તો ય હવે કશી નવાઇ પામવા જેવું નથી. સાધુપણાની મર્યાદાના ભંગ દ્વારા એક પગથિયું નીચે ઉતરનાર સો પગથિયા પણ નીચે ઉતરી જાય તેમાં આશ્ચર્ય શું ?

'અમે દીક્ષા છોડી નથી ને છોડવાના નથી' એવો ત્રિપુટીનો વારંવારનો દાવો જુઠ્ઠો સાબિત થઇ ચૂકયો છે. ત્રિપુટી હવે સંપૂર્ણ સંસારી (અલબત્ત; લગ્ન વગરના) બની ગયા છે. પણ મળેલી એક માહિતી પ્રમાણે ત્રિપુટીમાંના સૌથી મોટા મુનિચન્દ્રજી આજથી વર્ષો પહેલાં એકવાર ખરેખર દીક્ષા છોડી ચૂકયા હતા. અને પૂ૦ પં૦ શ્રી ભદ્રગુપ્તવિજયજી મ૦ ને મળવા પણ ગયા હતા. પણ પાછળથી તેમણે ફરીથી સાધુતાનો સ્વાંગ સજી લીધો હતો. છતાં પોતાની જાતને નિર્ભય જણાવનાર કીર્તિચન્દ્રજી આ સત્યને જાહેર સ્વીકાર કરી શકશે ખરા?

જેઓ સાધુપણામાં પણ રાત્રે દસ-દસ વાગ્યા સુધી સ્ત્રી-ભક્તોને છૂટથી હળી-મળી શકતાં હતા તેના ત્રિપુટીના ચારિત્ર્ય અંગે "તેમના ચારિત્ર અંગે કોઇ શંકા નથી" આવા અજ્ઞાનમૂલક અને અદ્ધરિયા વિધાનો સંજય વોરા જેવા કરે ત્યારે તેમને કેમ સમજાવાય કે આમા ગરબડ જરૂર છે મારા ભાઇ....!

"ચિત્રભાનુનું પરદેશગમન અને તેમનો સંસાર પ્રવેશ આ બન્ને અલગ અલગ અને સ્વતન્ત્ર ઘટનાઓ છે." આમ કહેનારા લેખકોને એમ સમજાવવું કે ભલે તે બન્ને સ્વતન્ત્ર ઘટના હોય! પણ તેની પાછળ પણ કોઇક સાંકળ જરૂર છે.

જૈન સાધુ માટે બ્રહ્મચર્યનું પાલન કરવા નવ વાડોનું પાલન ખૂબ જરૂરી છે. જૈન શાસ્ત્રો કહે છે કે સાધુએ નવ વાડોને જ બ્રહ્મચર્ય સમજીને પાળવી જોઇએ. પરદેશમાં પ્રવાસ કરનારાઓ માટે નવ વાડોનું પાલન તો શું! પણ આહાર-વિહારમાં જૈન શ્રાવક તરીકેના ભક્ષ્યાભક્ષ્યના નિયમો પણ પાળવાનું અસંભવિત છે. અને સ્ત્રીઓ સાથે વિશેષ પરિચયમાં રહેનારો માણસ મનનો નબળો પડે અને અંતે સાધુ મટીને લગ્ન પણ કરી નાંખે તો તે સંપૂર્ણ સ્વાભાવિક છે. માટે જ જૈન સાધુ માટે પરદેશગમન અને સંસારપ્રવેશને સ્વતન્ત્ર ઘટના કહીને સાધુના પરદેશ પ્રવાસને યથાર્થ ઠરાવવાનો પ્રયાસ બુદ્ધિની નરી જડતા જ સમજવી રહી. પરદેશપ્રવાસ કરી ચૂકેલા શ્રી ચિત્રભાનુએ પણ જાહેર કરેલું કે, "પરદેશમાં સાધુના નીતિ-નિયમો પાળવાનું ઘણું મુશ્કેલ છે." આથી પણ આ વાત વધુ વિશ્વસનીય બની રહે છે.

ગામડાંઓમાંથી જૈન ધર્મનો નાશ થઈ રહ્યાની અને તેના કારણ તરીકે જૈન સાધુના વાહન પ્રવાસની મનાઇ હોવાની ત્રિપુટીની વાત સાવ વાહિયાત છે.

જો ખરેખર ધર્મનાશ થઇ રહ્યો છે કે થયો છે તો તેનું સાચું કારણ મોટા ભાગના સાધુઓમાંથી અને શ્રાવકોમાંથી સાચી સાધનાનો નાશ થઈ રહ્યો છે તે છે. સાધનોના અભાવને ધર્મનાશ સાથે સાંકળવો બિલકુલ ગલત છે.

જો સાધુઓ પોતાની સાધુતામાં સ્થિર રહે, એટલુ જ નહિ પાદવિહાર દ્વારા અનેક ગામડાઓમાં ફરતા રહે તો ધર્મ જીવતો જાગતો જોવા મળશે જ. સાધુઓને પાદવિહારને બદલે વાહન વિહારની છૂટ આપવામાં આવશે તો તો સાધુઓ વાહનો અને પ્લેનો દ્વારા મોટા મોટા શહેરોમાં અને વિદેશોમાં જ ફર્યા કરશે. ગામડાઓમાં જવાનું પછી કોને ગમશે ? અને બંધુત્રિપુટી પ્લેનોમાં શું પૂના બાજુના નાના નાના ગામોમાં હવે ધર્મપ્રચાર માટે જવાનું પસંદ કરશે ખરી...? પાદવિહાર સાધુ માટે ફરજીયાત હોવાથી જ ગામડાઓમાં હજી પણ ધર્મના અંશો જીવતા જોવા મળે છે.

ખરેખર ગામડાઓમાં ધર્મનાશનું સાચું દુઃખ હોય તો પાદવિહાર દ્વારા જ ગામડાઓમાં ધર્મપ્રચારનું આયોજન કરવું જોઇએ. પણ ત્રિપુટી 'પ્રવચનકાર' બન્યા બાદ વલસાડ-તીથલ અને મુંબઈ સિવાય, પ્રાયઃ બીજે કયાં ય વિચર્યા નથી. રાજસ્થાન, યુ.પી, એમ.પી. આદિ રાજયોમાં ગયેલ નથી. ધર્મપ્રચારના સાચા ઇચ્છુકે સુખ-સગવડ ભરેલા તીથલના આશ્રમોને છોડીને પાદવિહાર દ્વારા ગામડાંઓમાં ઘૂમવું જોઈએ. પણ ત્રિપુટી પાસે હવે એ આશા રાખવી તે ઝાંઝવાના જળ જેવી નિરર્થક છે.

ત્રિપુટીના પરદેશપ્રવાસની પાછળ ધર્મપ્રચારની ઇચ્છા કરતાં પરદેશોમાં ઘૂમવાની-મહાલવાની અને દેશ-વિદેશની દુનિયા જોવાની કુતૂહલવૃત્તિ જ કામ રહી હોવાની ગંધ વધારે આવે છે. ધર્મપ્રચારના રૂપકડાં બહાને પ્લેનમાં ફરવાનું મળે અને તીથલના આશ્રમ માટે લંડન, આફ્રિકા વગેરે દેશોમાંથી બે-ત્રણ

મોહ એટલે અજ્ઞાન, જેમ સૂર્યથી અંધકાર ટળે છે, તેમ જ્ઞાનરૂપી સૂર્યથી જ અજ્ઞાન રૂપ અંધકાર ટળે છે.

કરોડ રૂપિયાનું ભંડોળ પણ જમા કરી શકાય. આ બધી ગણતરીઓપૂર્વક ૮૮ આ પ્રવાસોનું આયોજન થયું હોવાનું સ્પષ્ટ જણાય છે.

જગતનું કલ્યાણ કરનારો સાધુ તો ખરેખર આંતરિક સાધનામાં ડુબેલો હોવો જોઇએ, તે માત્ર ધર્મપ્રચારક નહિ, પણ પોતાના વિશુદ્ધ આચારો દ્વારાધર્મ પ્રભાવક હોવો જોઇએ. ત્રિપુટીએ જેમની ખૂબ પ્રશંસા કરેલી છે તે રમણ મહર્ષિએ શું કર્યું હતું? તેઓ એકાંતમાં રહેતા હતી અને સાધના કરતા હતા. જેણે ખરેખર સાચા મુનિ તરીકેની નિર્ગ્રંથદશાનો અનુભવ કરવો હોય તેણે હિમાલયની ગુફામાં ય જવાની જરૂર નથી અનેપરદેશ પ્રવાસની પણ જરૂર નથી. તેમણે તો આત્માની ગુફામાં પલાઠી લગાવીને બેસવું જ રહ્યું. અને તે માટે આ બધી બહિર્દેખાવની જંજાળ છોડવી જ રહી.

બંધુત્રિપુટી સામે જાગેલા વિરોધનું મુખ્ય કારણ એ હતું કે જેણે સાધુવેશમાં જીવવું હોય તેણે તે વેશના નીતિ-નિયમોને વફાદાર રહેવું જ જોઈએ. જેમ કોંગ્રેસપક્ષમાં રહેવું હોય તેણે કોંગ્રેસના નિયમોને માનવા જ રહ્યા અને ન માનવા હોય તો તેણે કોંગ્રેસ છોડી દેવી જોઇએ.

ત્રિપુટીએ હવે બાહ્ય-પ્રતીક (ઓઘો) છોડી દીધેલ છે, તેથી વિરોધ મુખ્યત્વે તો શમી જાય છે. પરંતુ તેમણે સાધુપણામાં ~~જૈનોની ભાવનાનો ગેરઉપયોગ કરી જે સંસ્કૃતિ-સંસ્થા ઉભી~~ કરી છે. તેનો પણ ત્યાગ કરવો જોઇએ. અને તેમનામાં શક્તિ હોય તો રજનીશની માફક ઉભું કરવું જોઇએ. હજી સાધુ જેવો સફેદ વેશ ધારણ કરીને, લોકોના મનમાં પેદા થતા સાધુ તરીકેના ભ્રમનો લાભ લેવાનું તો બંધ કરવું જોઈએ. ત્રિપુટી સુપેરે જાણે છે કે જો જગતના માનપાન અને સુખ-સગવડો મેળવવા હશે, તો 'ઓઘો' ભલે છોડયો પરંતુ સાધુતાનો દેખાવ તો ઊભો જ રાખવો રહ્યો. જો આ ભ્રમાત્મક વેશ પણ છોડી દેશું તો પછી અમને કોણ સાંભળવા આવશે? અમને માનપાન કોણ આપશે? ત્રિપુટી જો નિર્ભયતાનો દાવો કરે છે તો તેઓ સૂટ-બૂટ પહેરી લઈને ધર્મપ્રચાર કરવા નીકળી પડે તો પછી તેમને કેટલો આદર અને આવકાર મળે છે, તેની ખબર પડી જાય!

જો ત્રિપુટીમાં ધર્મપ્રચારની સાચી ઝંખના હોત તો લંડનવાળા નટુભાઇ શાહે બતાવેલા પાદવિહારને યોગ્ય માર્ગનો તેમણે સ્વીકાર કરી લીધો હોત. તેથી સંયમના સિદ્ધાંતો પણ જળવાઈ જાત. પણ મૂળમાં ચારિત્ર પાળવા જ અસમર્થ બની ગયેલા ત્રિપુટી ગિયારશ સહા છ હજાર કીલોમીટર ચાલવા જેટલા હવે તો શકિતમાન પણ કયાં હતા?

નિજાનન્દની મસ્તી માણવાની વાતો કરનારા માણસોના આ લક્ષણ નથી. નિજાનન્દને માણવા વિમાન પ્રવાસ કરતા આત્મપ્રવાસ વધુ જરૂરી છે. ટી.વી.-વિડીયો વગેરે સાધનો વાપરવા ભોગી-પુરુષ નહિ, પરંતુ સાચા યોગી પુરુષ બનવું જરૂરી છે.

'અવતાર' જેવી ફીલ્મ જેમને વી.સી.આર. પર જોવી ગમી હોય, (અભિયાનના અહેવાલ પ્રમાણે), રાજકપૂર જેમનો પ્રિય હીરો હોય, (વાહ! ભગવાન મહાવીરદેવના ધર્મ પ્રચારકનો હીરો 'મહાવીર' નથી પણ 'રાજકપૂર' છે અને છતાં જેઓ મહાવીરના ધર્મનો પ્રચાર કરવા પ્લેન દ્વારા સતત પ્રવૃત્તશીલ છે!!) આગ, આવારા, શ્રી૪૨૦ જેવી ફીલ્મો જોવાના જેઓ શોખીન હોય, આવા સાધુપણામાં રહીને સાધુતાનો સરિયામ નાશ કરનારા માણસો હવે 'સાધુ' તો નથી રહ્યા, પરંતુ સાચા ધર્મ પ્રચારક પણ નથી રહ્યા. સાધુપણામાં હિન્દી ફીલ્મો વી. સી. આર. પર જોનારાઓ માટે છુપી રીતે 'બ્લ્યુ ફીલ્મો' જોવાની પણ શંકા ઉપજે તો તેમાં હવે નવાઇ ન ગણી શકાય. આવા માણસો મહાવીરના ધર્મનો શો પ્રચાર કરશે?

ત્રિપુટીએ આક્ષેપ કર્યો હતો કે, "જૈન સાધુઓમાંથી સેંકડો સાધુઓએ દીક્ષા છોડી દીધી છે" વાત કેટલાક અંશે સાચી છે. દરેક સંપ્રદાયો અને સમુદાયોમાંથી કાળે કાળે દીક્ષા કે સંન્યાસ છોડવાના પ્રસંગે અવશ્ય બન્યા છે. પણ જૈન સાધુપણામાં રહીને તમારી જેમ મર્યાદાઓનો નાશ કરવો, ફિલ્મો જોવી, સ્ત્રીઓના ગાઢ પરિચયમાં રહેવું, દાઢી કરવી, સ્વગુરુઓની નિંદાઓ કરવી, વગેરે પ્રવૃત્તિઓના આચરણ કરતા નહિ હોય અને તેના ખોટા બચાવો કરવા, અને જાતના બચાવ માટે બીજા સાધુઓની વિરૂદ્ધમાં હલકી વાતો પ્રચારવી, એના કરતા તો પોતાની સંયમ-પાલનની અસમર્થતાના કારણે સાધુવેશને છોડીને સારા ગૃહસ્થ તરીકે જીવનારા તે માણસો ખૂબ જ સારા ગણાય. કમ સે કમ તેઓ દંભનો આંચળો ઓઢીને સમાજને છેતરતા તો નથી અને નકલી સાધુવેશ ઉભો કરીને લોકોને ભ્રમમાં તો નાંખતા નથી.

પોતાના વિમાન અને વાહનના ઉપયોગને સાચો ઠરાવવાના એક પ્રયાસરૂપે ત્રિપુટીએ આક્ષેપ કરેલો કે "બીજા સાધુઓ ડોળી વાપરે છે. વિહારમાં મોટર, ટ્રક કે વાહનો બીજા પાસે રખાવીને તેમાં પોતાનો સામાન વગેરે રખાવે છે." ત્રિપુટીનો આ પ્રયાસ વાહિયાત હતો. કેમકે જેઓ ખોટું કરે છે તે ભલે ખોટું કરતા. તમે સાચું અને સારું વર્તન કરી દાખલો બેસાડવો હતો.

"ભગવાન મહાવીર પણ નૌકામાં બેઠા હતા અને વજ્રસ્વામીજી પણ મન્ત્રશક્તિથી ઉડીને વિમાનમાં ગયા હતા. તો ધર્મપ્રચાર માટે આજે સાધુ વિમાનમાં જાય તો શો વાંધો?" આવી દલીલ સાંભળીને ખરેખર ખેદ ઉપજ્યો હતો.

સંસારમાં ભ્રમણ કરતા જીવરૂપી મુસાફરને સતત્ સતસમાગમ અતિ દુર્લભ છે. આવી તકને સાર્થક કરવી.

ભગવાન મહાવીર લોકોત્તર પુરુષ હતા. તીર્થંકરોના આચારનો દાખલો લેનારાઓને પૂછવું જોઈએ કે મહાવીરદેવે છ મહિનાના અખંડ ઉપવાસ કર્યા હતા. ત્રિપુટીજીમાં ત્રણ દિવસના ઉપવાસ કરવાની ત્રેવડ છે ખરી? અરે! એક નવકારશી તો તમે કરી શકતા નથી. વાળનો લોચ તો તમે કરાવી શકતા નથી. તમારા તો પાદવિહારમાં થોડાં કષ્ટો સહવાની પણ શક્તિ નથી રહી.

વજ્રસ્વામીજી મન્ત્રશક્તિથી વિમાનમાં ગયા હતા ને? તમારામાં મન્ત્ર દ્વારા એક ચકલી આકાશમાં ઉડાડવાની શકિત છે ખરી? મન્ત્રશકિત ચાલિત વિમાનમાં કોઈ હિંસા ન હતી. જ્યારે આજના વિમાનોમાં ઘોર હિંસાઓ (છ જીવ નિકાયની) છે જ. વળી આ બધા મહાપુરુષો આગમ વ્યવહારવાળા હતા. તેનું અનુકરણ જિતવ્યવહારવાળા પુરુષોથી થાય નહિ.

નહીં તો પછી જેમ વજ્રસ્વામીજીનો દાખલો લઈને વિમાનમાં ઉડ્યાં, તેમ પરદેશ જઈને સ્થૂલભદ્રસ્વામીજીનો દાખલો આપીને કોઈ ગણિકા કે વેશ્યાના ઘરમાં ચાતુર્માસ ગાળીને તેના ઉપદેશક અને ઉદ્ધારક બની જશો તો તેના પરિણામ શા આવશે? આવું શાસ્ત્રજ્ઞાનપણું તો તારક નહીં પણ આત્મઘાતક જ નીવડશે ને?

સાચી વાત એ છે કે શાસ્ત્રજ્ઞાનની સાથે સાથે સ્વાર્થવૃત્તિ અને ભોગવૃત્તિ જ્યારે ભળી જાય છે ત્યારે તે શાસ્ત્રજ્ઞાન આત્મકલ્યાણમાં લાભદાયી બનતું નથી. ત્રિપુટીના કિસ્સામાં આવું જ બન્યું લાગે છે.

જૈન શાસ્ત્રોમાં "આગમવ્યવહાર" અને "જિતવ્યવહાર" બે પરંપરા આવે છે. જે અતિ વિશિષ્ટ કક્ષાના સાધુ પુરુષોને આગમવ્યવહાર કહેવાય છે અને સામાન્ય કક્ષાના મુનિઓ માટેના નીતિનિયમો તે જીતવ્યવહાર કહેવાય છે. જિતવ્યવહારવાળા મુનિઓના નિયમો આગમવ્યવહારહારી મુનિઓ માટે ફરજિયાત હોતા નથી.

ત્રિપુટી જ્યારે સાધુવેશમાં હતા ત્યારે ય તેઓ આગમવ્યવહારી મુનિ તો ન જ હતા. પરંતુ તેમણે કરેલો મર્યાદાઓનો નાશ જોતાં તેઓ જિતકલ્પી (સાધારણ) મુનિપદને પણ લાયક ન હતા. આથી વજ્રસ્વામી વગેરેના દાખલા પોતાના સ્વાર્થને પોષવા માટે જ રજુ કરાયા હતા.

અભિયાનમાં કીર્તિચન્દ્રજીએ કહ્યું હતું કે, "આ૦ શ્રી પ્રેમસૂરીશ્વરજીના ત્યાગ-તપ અને વૈરાગ્યની મારા ઉપર કોઈ જ અસર થઈ નથી. મારા ચિત્તમાં તેમના માત્ર પ્રેમની-વાત્સલ્યની જ અસર થઈ છે...... જૈન સમાજમાં તપ, વૈરાગ્ય, સંયમ અને શ્રદ્ધા આ ચાર શબ્દો ખૂબ વપરાય છે. પણ એ બધા નેગેટીવ શબ્દો છે." (અભિયાન ૨૦/૨/૮૯)

પૂ૦ સ્વ. આચાર્યદેવશ્રી પ્રેમસૂરીશ્વરજી મ૦ના પ્રેમ-વાત્સલ્ય ત્રિપુટીને ગમ્યા. પણ સંયમ-તપ અને વૈરાગ્ય ન ગમ્યા. આ વાત, ત્રિપુટીના અસંયમી, અતપસ્વી અને ભોગપ્રિયતાની સૂચક મનોવૃત્તિઓનું પ્રતિબિંબ નથી શું? દુઃખ તો એ વાતનું થાય છે કે પૂ૦ સ્વ. આચાર્યદેવ શ્રી પ્રેમસૂરીશ્વરજી મ૦ જેવા મહાન ધર્મપુરુષની નિશ્રામાં વર્ષો સુધી રહેવા છતાં તેમના ચારિત્રના કોઈ ગુણો ત્રિપુટીમાં ન ઉતર્યા એટલું જ નહિ તે મહાન આચાર્ય આજે જીવતા હોત તો તેમને અને ત્રિપુટીના પિતાગુરુ પૂ૦ મુનિશ્રી ગુણભદ્રવિજયજી મ૦ના આત્માને ભયંકર સંતાપ પેદા કરાવનારું ઘોર અધઃપતન ત્રિપુટીનું થયું. વળી કીર્તિચન્દ્રજી માતૃઋણ (!) અને પિતૃઋણ (!) અદા કર્યાની જૂઠી વાતો (અભિયાનમાં) રજુ કરે છે. ત્યારે વિશેષ દુઃખ થાય છે. શું તમારા માતા-પિતા અને ગુરુએ આ દિવસો જોવા માટે તમને દીક્ષા અપાવી હતી?

ચિત્રભાનુના જમાના કરતા અત્યારે જમાનો ઘણો આગળ નીકળી ગયો છે. અનેક ઉત્તમ સાધુઓના સત્સંગની ધર્મજાગૃતિનો કાળ અત્યારે જોવા મળે છે. અને માટે જ બંધુત્રિપુટીનો ચારે બાજુથી વ્યાપક વિરોધ થયો. એ વિરોધના પરિણામે ત્રિપુટીને બાહ્ય પ્રતિક (ઓઘો) છોડવાની ફરજ પડી. અંતે એટલું તો સારું અવશ્ય થયું.

ચિત્રભાનુજી કરતાં પણ બંધુ ત્રિપુટી-પ્રકરણે વધારે ચકચાર જગાવી. ત્રિપુટીની પ્રવૃત્તિ વધુ નિંદનીય એટલા માટે છે કે ચિત્રભાનુ વ્યક્તિગત રીતે પરદેશ ગયા. અને વ્યક્તિગત રીતે જ સંસારી થયા. પરંતુ ત્રિપુટી તો સુશીલમુનિના સહકારથી નવો "અર્હદ્ જૈન સંઘ" સ્થાપીને ભગ. મહાવીરના શાસનનો એક નવો સંપ્રદાય રચી રહ્યા છે.

સુશિલમુનિની આ સ્પષ્ટ ચંચિયાગિરી છે. શ્વેતાંબર, સ્થાનકવાસી તથા મૂર્તિપૂજક અને તેરાપંથી તથા દિગંબર સંપ્રદાયોમાંથી પોતાને અનુકૂળ સાધુઓની તફડંચી કરીને તેમને પોતાના મિશનમાં જોડી દેવાની આ પ્રવૃત્તિથી જૈન સંઘને પારાવાર નુકશાન થશે. તેથી તેમની આ નવા સંઘની સ્થાપના અને શિથિલ જૈન મુનિઓને પોતાનામાં જોડી દેવાની ચાલબાજીઓથી સમગ્ર જૈન સંઘે-સંસ્થાઓએ સાવચેત થવું જ રહ્યું. નહીંતર સાચા-પ્રાચીન-જૈન સંઘોનું ભારે અહિત થઈને જ રહેશે.

સાઈકથી આરંભાયેલી ત્રિપુટીની ભ્રાન્તિયાત્રા કદાચ ફલાઈ અને સાધુપણાના ત્યાગથી કદાચ પૂરી થઈ જશે. પણ એમણે જે વૈચારિક વિકૃતિનો વારસો આપ્યો છે તે જો "અર્હદ્ જૈન સંઘ" દ્વારા વહેતો રહેશે તો તે, ત્રિપુટીના સાધુ તરીકેના પતન કરતાં ય વધુ ભયજનક પૂરવાર થશે અને ત્રિપુટીની પાછળ પાછળ બીજા શિથિલ સાધુઓના પતનનો માર્ગ મોકળો થશે. આવું ન બને તે માટે વિદ્યમાન જૈનાચાર્યો અને જૈન શ્રાવકોએ વધુ જાગૃત બનવાની જરૂર છે તેમ લાગતું નથી શું?

લેખક : વિજયકુમાર ભુપતરાય શાહ (મલાડ)
સંકલન : અતુલકુમાર વજૂલાલ (કાંદિવલી)

દ.દર જ્ઞાનમંદિરના ઉપક્રમે નવકાર મંત્રનો અપૂર્વ ચમત્કાર

વિવિધ કાર્યક્રમો, પૂજનો, પુસ્તક વિમોચન વિ. અદ્દભૂત શાસન પ્રભાવના

દાદર જૈન જ્ઞાનમંદિરના ઉપક્રમે પૂ૦ ગુરુદેવ શ્રીમદ્ વિજય-લક્ષ્મણસૂરીશ્વરજી મ૦ની ૧૭મી પુણ્યતિથી નિમિત્તે રત્નત્રયી મહોત્સવ યોજાયો હતો. ફા. વ. ૧૧ના તાતા હોસ્પી.ના સેવાભાવી ડોકટર વિ. નું બહુમાન તથા પૂ૦ ગુરુદેવના ગુણાનુવાદની સભા પૂ૦ આ૦ શ્રીમદ્ વિજય કીર્તિચંદ્રસૂરીશ્વરજી મ૦ની પવિત્ર નિશ્રામાં યોજાઇ હતી.

પૂ૦ આ૦ શ્રી ઉપધાન-પ્રતિષ્ઠા આદિ કાર્યો માટે ગોરેગામ, ડોમ્બીવલી પ્રતિષ્ઠ કરી પાબળ (જી.પૂના) વિહાર કરી ધસઇ સુધી પહોંચી ગય હતા. પણ પૂ૦ આ૦ શ્રીને ડોકટરોની તપાસ. નિદાન મુજબ ટોન્શીલના ભાગ ઉપર કેન્સરની પ્રાથમીક અસર છે તેવું દાદર જ્ઞાન મંદિર ટ્રસ્ટીઓને જાણ થતા તેઓ દોડી આવ્યા ને દામજીભાઈ શેઠની આગેવાની હેઠળ આગ્રહભરી વિનંતી કરી કે— તત્કાળ ઉપાય થશે તો પરિણામ સારું આવશે. તેથી પૂ૦ આ૦ શ્રીને દાદર તરત લાવવામાં આવ્યા અને ટાટા હોસ્પીના ડો. દ્વારા ઝડપી-તત્કાળ ઉપાયો કરાયા. બીજી તરફ પૂ૦ આ૦ શ્રી નવકાર મહામંત્રના અનેક-અખંડ સાધક હોવાથી તેઓશ્રીએ આરાધના શરૂ કરતા ટૂંક સમયમાં જ રોગ દૂર થયો. અત્યારે સો એ સો ટકા સારું થયું આ વાત શ્રવણ કરતાં શ્રોતાજનોએ નવકાર મંત્રના ચમત્કારનું જવલંત દ્રષ્ટાંત જાણતાં સૌના ઉપર અપૂર્વ પ્રભાવ પડયો હતો અને કૈકની શ્રદ્ધા સુદ્રઢ બની હતી. પૂ૦ આચાર્યશ્રીને પાટ ઉપર જોતાં જ સૌ હર્ષે ચઢયા. ૨૦ મિનીટ સુધી સૂરિજીએ પોતાના ગુરુના ગુણગાન અને નવકાર મંત્રની દ્રઢ શ્રદ્ધાનું પરિણામ તત્કાળ કેવું શુભ પરિણામ આવે છે. આ હકીકત સાંભળતા સૌ હર્ષવિભોર બન્યા હતા.

કાર્યક્રમમાં શ્રી મુરલી દેવરાએ મંગળદીપ પ્રગટાવ્યો હતો. શેઠ જુઠાલાલ હીરજી મારુએ પૂ૦ ગુરુદેવની પ્રતિકૃતિને વાસક્ષેપ પૂજન અને સુખડનો હાર પહેરાવ્યો હતો. શ્રીપાળકુમાર ચરિત્ર ગ્રંથને થાણા જૈન સંઘના ટ્રસ્ટીઓ તેમજ શેઠ જગદીશભાઇ તથા શ્રીમતી ઇલાબેને જ્ઞાનપૂજન કરી પૂ૦ આચાર્યદેવશ્રીને અર્પણ કરેલ. શ્રી સર્વોદય સેવા મંડળના ઉપક્રમે ત્રણ હોસ્પીટલોમાં ખાસ ફુડ પેકેટ વહેંચાયા હતા.

'રાષ્ટ્ર સંત'નો કિતાબ

દિગમ્બર સંઘના આગેવાન શ્રી શ્રેયાંસપ્રસાદ સાહૂ, જે…

પૂ૦ આચાર્યદેવ શ્રીની નિશ્રામાં અંતરિક્ષજીના વિવાદ અંગે ગાદી ને નિર્ણય કરવા જણાવેલ

પૂ૦ આચાર્યશ્રીને શ્રી મુરલી દેવરા (M.P.) સમાજ ઉપયોગી કાર્ય કરતા આચાર્યશ્રીને 'રાષ્ટ્રસંત' તરીકે… …

સેવી શ્રી દીપચંદભાઈ ગાર્ડી, મુંબઈ કોંગ્રેસ પ્રમુખ ને એમ.પી. શ્રી મુરલી દેવરા, કચ્છી આગેવાન શ્રી વસનજી લખમશી, શ્રી માણેકલાલ સવાણી, શ્રી જયંત એમ. શાહ. વિ. આગેવાનો તથા અનેક સંઘોની હાજરીમાં શ્રી મુરલી દેવરા, શ્રી શ્રેયાંસપ્રસાદ સાહૂ અને શ્રી દીપચંદ ગાર્ડીએ કામળી ઓઢાડી સૂરિજીને 'રાષ્ટ્રસંત' ની પદવીથી વિભૂષિત કર્યા હતા. જે જાણી જનતા આનંદ વિભોર બની જયનાદ પોકારવા લાગી. આ પ્રસંગે શ્રી ગાર્ડીને શ્રી જયંત એમ. શાહને કોન્ફરન્સના પુનઃ હોદ્દા ઉપર આવતા દાદર જૈન જ્ઞાનમંદિર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તેમજ મળેલ સમાજે શાલ ઓઢાડી સન્માન કર્યું હતુ. તાતા હોસ્પીટલના૪–૫ ડોકટરોનું જેમણે સૂરિજીની પ્રેમભરી સેવા કરી હતી તેમનું પણ બહુમાન કર્યું હતું.

શ્રી સાહૂજીએ અંતરિક્ષજી તીર્થની વાત અંગે બોલતા કહ્યું હતું કે– આ અંગે હું શ્રી ગાર્ડીને કાર્ય સોંપુ છું. જવાબમાં શ્રી ગાર્ડીએ પણ ૨૦ મિનીટ સુધી સમાજ સમક્ષ અંતરીક્ષ તીર્થની વાત સુંદર રીતે રજૂ કરી હતી. શાંતિથી સમાધાન થાય તે માટે મીટીંગો થઈ રહી છે. પ્રવર્તક શ્રી હરીશભદ્રવિજયજીએ પણ ગુણાનુવાદ કર્યા હતાં. છેલ્લે મહેમાનોની ભક્તિ કરાઇ હતી. શ્રી પ્રશાંતભાઈ ઝવેરી તથા શ્રી ભાઇલાલભાઇ નારૈયણીયાની સેવા પ્રશંસનીય હતી.

ગુજરાતી સ્કુલોમાં જીવન ઘડતર પુસ્તક

ગુજરાતી વિષય શિક્ષક મંડળ–મુંબઇના ઉપક્રમે મહારાષ્ટ્રની ગુજરાતી સ્કુલોમાં ખાસ ૧૦મા ધોરણના વિદાય લેતા વિદ્યાર્થીઓને જીવન ઘડતર –લે. પૂ૦આ૦શ્રી વિજયકીર્તિચંદ્રસૂરીશ્વરજી મ૦ વિતરણ સમારંભ દાદર પ્રિમીયર હાઇસ્કુલમાં પૂ૦આ૦શ્રીની નિશ્રામાં યોજાયો હતો. પાંચ શિક્ષકોનું બહુમાન કરેલ.

આ પ્રસંગે શ્રી મધુકિરણ કેનિયા–ન્યાયાધીશ, ભૂતપુર્વ શિક્ષા મંત્રી કુ ચંદ્રિકાબેન કેનિયા, શ્રી ડી. ડી. વ્યાસ આદિ અતિથીરૂપે હતા. અનેક સ્કુલોના પ્રિન્સીપાલો, શિક્ષકો આ પ્રસંગે ખાસ દૂર–દૂરથી આવેલા.

ન્યાયાધીશ મહોદયના હાથે જીવન ઘડતરનું વિમોચન-વિસ્તરણ કુ. ચંદ્રિકાબ્હેનના શુભ હસ્તે, 'કામ બોલે છે' નું શ્રી રતિલાલભાઈ (સમ્પા. જય જિનેન્દ્ર, મુંબઇ સમાચાર) ના હાથે 'વિરલ વિભૂતિઓ' પુસ્તકનું વિમોચન થયેલ. કીર્તિભાઈ વ્યાસે સભાનું સંચાલન કરેલ.

આ પ્રસંગે પૂ૦ આચાર્યશ્રીએ શ્રી ચંદ્રિકાબેન કેનિયા આદિએ વિદ્યાર્થીઓને જીવન ઘડતર પુસ્તકની ઉપયોગીતાને પોતાના પ્રવચનોમાં બતાવેલ. લગભગ ૨૫ હાઇસ્કુલોના ૪૫૦૦ વિદ્યાર્થીઓને આ પુસ્તક શ્રી વિજયલબ્ધિસૂરી જૈન જ્ઞાનમંદિર ટ્રસ્ટ દ્વારા ૨૫ હજારના મૂલ્યના ભેટ અપાયા હતા. દરેક સ્કુલોમાં તેનુ અવલોકન–વાંચન–અને પરીક્ષા દ્વારા યોગ્ય ઉપયોગ થયો હતો. આ રીતે સૌએ આં વિશીષ્ટ પ્રસંગને દીપાવ્યો હતો. આભારવિધી પ્રશાંતભાઇ ઝવેરીએ કરી હતી.

ચાતુર્માસનો નિર્ણય

પૂ૦ આચાર્યદેવશ્રીએ આગામી ચાતુર્માસ કરવા માટે ગોવાટેન્ક, અંધેરી, શાંતાવાડી, માટુંગા, બોરીવલી (કાર્ટરરોડ) નમિનાથજી વિગેરે સંઘોની જોરદાર વિનંતીઓ થઈ પણ શેઠ દામજીભાઇ તથા અત્રેના આરાધકો અને ટ્રસ્ટીઓએ નિર્ણય કર્યો કે આ વખતે દાદર–જ્ઞાનમંદિરથી બીજે ક્યાંય જવા દેવાના નથી. ચાતુર્માસ અત્રે જ કરવાનું છે. પરિણામે ચૈત્ર સુદ–૧૪ના દાદરના શ્રી શિતળનાથ પ્રભુની શિતળ છાયામાં ચોમાસાની જય બોલાવાઈ.

ચૈત્રી ઓળીના દિવસોમાં પ્રવર્તક પૂ૦ મુનિશ્રી હરીશભદ્રવિજયજીએ ઓળીના વ્યાખ્યાનો દ્વારા તથા સાધ્વીજી મહારાજે શ્રીપાળરાજાના રાસ દ્વારા સુંદર આરાધન કરાવી. ચૈત્રી પૂનમના પટદર્શન, મોટા દેવવંદન વિ.માં સારા આરાધકો જોડાયા હતા. ચૈત્રી ઓળી તથા પારણા કરાવવાનો લાભ શેઠ વિનોદભાઇ ભાઇચંદ મહેતા હસ્તે શ્રીમતી સરલાબેને લીધો હતો. ઓળી પ્રસંગે પ્રભાવના સંઘપૂજન વિ. સારા થએલ.

ભ૦ મહાવીરસ્વમીના જન્મકલ્યાણકની ભવ્ય ઉજવણી પૂ૦ આ૦શ્રીની પુણ્ય નિશ્રામાં થતાં અ. સૌ. માલતીબેને પ્રાર્થના–હાલરડું વિ. રજૂ કરેલ. હરેશભાઇના સંચાલન હેઠણ બાળકોએ પ્રભુ વીરના ૨૭ ભવો સંબંધી સારા કાર્યક્રમો -પ્રવચનો આપેલ. શીતલ જિન મહિલા મંડળે સ્વપ્ન દર્શનનો સારી રજૂઆત નાની કન્યાઓ દ્વારા કરી હતી. આ રીતે પ્રસંગની રમઝટ જામી હતી. પ્રભુ વીરની પ્રતિકૃતિ (ફોટા)ને શ્રીમતી સંગીતાબેન ચંદ્રકાન્ત પાટણવાલાએ પૂજન કરી હાર ચઢાવેલ. પૂજા–પ્રભાવના વિ. થએલ. અખાત્રીજના પારણા નિમિત્તે પૂજનો બાળકોને રસ–પુરીનું જમણ અપાયેલ.

ચૈત્ર વદ ૯ના પ્રભાબેન હિંમતલાલ શાહ પરિવાર તરફથી ભક્તામર પૂજન ખૂબ ઉત્સાહથી ભણાવાયું.

ચૈત્ર વદ ૧૦ નાયગાંવમાં કુંભોજ–પાબલ તીર્થના બસસંઘને પૂ૦ આચાર્ય દેવશ્રીએ મંગળીક સંભળાવી તીર્થયાત્રાનો મહિમા સંભળાવેલ.

વૈશાખ સુદ ૧ સાયનમાં શેઠ વ્રજલાલ પોપટલાલ બાબચીયા તરફથી ઉમળકા ભર્યું ભક્તામર પૂજન ભણાવયું. આ નિમિત્તે તેઓ તરફથી વાજતે ગાજતે સામૈયું ઘરે પધરામણી સંઘપૂજન–ગુરુપૂજનાદિ થયા.

સર્વ વિશ્વપ્રત્યે મૈત્રી ભાવ કેળવવો સ્ત્રી જાતિ પ્રત્યે માતૃભાવ કેળવવો એ પવિત્રતા ટકાવવા માટે પ્રેરક બને છે.

વૈશાખ સુદ ૨ દાદરમાં બીપિનભાઇ દેસાઇ તરફથી શ્રીમતી પુષ્પાબેનની વર્ષીતપની તપશ્ચર્યા નિમિત્તે સિદ્ધચક્ર પૂજન–ગુરુ-પૂજન આદિ થયેલ.

૭૪માં વર્ષમાં પ્રવેશ

પૂ૦ ઉપકારી આચાર્યદેવશ્રી ચૈત્ર વદ ૦))ના ૭૩ વર્ષ પૂર્ણ કરી સુખાકારી રીતે ૭૪માં વર્ષમાં પ્રવેશ કરતાં હોઈ જૈન જ્ઞાનમંદિર–દાદરમાં ભવ્ય સમારંભ યોજવાનું નક્કી થયું છે. આ પ્રસંગે 'સંસ્કારની સીડી' પુસ્તકની **૧૧મી આવૃત્તિનું** પ્રકાશન થશે. આજ સુધીમાં આ ગ્રંથની **૧૭** હજાર કોપી, બહાર પડી ચૂકી છે.

શ્રી દયાનંદ કોલેજ–પરેલમાં ખાસ જન્મ કલ્યાણક પ્રસંગે પ્રો. કળાબેનની વિનંતીથી આ કીર્તિચંદ્રસૂરીશ્વરજી મ૦ની પ્રેરણાથી ગરીબ બાળકોને મીઠું ભોજન આપવામાં આવેલ. શ્રી લલિત કાપડીયા M.L.A. દાદર જૈન જ્ઞાનમંદિર તરફથી ખાસ પ્રવિણ-ભાઈ અજમેરા (લાકડાવાલા)ની હાજરીમાં આયોજના શ્રી પ્રશાંત ઝવેરીની મહેનતથી સફળતા પૂર્વક પાર પડયું હતું.

સેવામાં શ્રમણો

પૂ૦ આચાર્યદેવશ્રીની તબીયત કેન્સરના કારણે બરાબર નથી એમ સમજી ખાસ વ્ય. વા. પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજે પૂ૦ મુનિશ્રી ભદ્રશીલવિજયજી આદિ મુનિવરોને મોકલ્યા હતા. સૂરિજીનું સ્વાસ્થ્ય ઘણું જ સારું હોવાથી તેઓ અત્રેથી શ્રીપાળનગર પધાર્યા હતા. ભવિષ્યમાં જ્યારે પણ જરૂર હોય ત્યારે અમે સેવામાં હાજર જ છીએ તેમ જણાવ્યું હતું. મુનિશ્રી ગુણશીલવિજયજીએ બે દિવસ પ્રવચનો આપીને સૌને મુગ્ધ બનાવ્યા હતા.

તા. ૧૧-૧૨-૧૩ શાંતાક્રુઝ કલિકુંડ પાર્શ્વ. ભ. દેરાસરમાં પૂ૦ આચાર્યશ્રીની પવિત્ર નિશ્રામાં અર્હત્ મહાપૂજન રાખવામાં આવ્યું છે જે ચાલુ રહેલ છે. વિધિકાર તરીકે ડો. બાબુભાઈ શાહ નવસારીવાલા મંડળી સાથે પધારેલ છે.

સાલગિરી મહોત્સવ

નાયગાવ–(પરેલ) જિનમંદિરની ૧૧મી સાલગિરી નિમિત્તે પંચકલ્યાણક ઉત્સવ, અઢારઅભિષેક, સિદ્ધચક્ર પૂજન માટે સંઘની વિનંતિથી શાનદાર સ્વાગત સહ પધાર્યા હતા. પ્રવર્તક મુનિશ્રી હરીશભદ્રવિજયજી રોજ વ્યાખ્યાન આદિ પ્રસંગે હાજરી આપી મહોત્સવને શોભાવ્યો હતો. સંઘ તરફથી ૬૩૦૦) જેટલી રકમ ડોમ્બવલી ગોગ્રસવાડી ઉપાશ્રય માટે અર્પી હતી.

માટુંગા (બી.બી) શ્રી વાસુપૂજ્ય સ્વામી ગૃહમંદિરની સાલ-ગિરી નિમિત્તે પૂ૦ આચાર્યદેવશ્રીની આજ્ઞાથી પ્રવર્તક પૂ૦ મુનિ શ્રી હરીશભદ્રવિજયજી પધારતાં સંઘમાં ખૂબ ઉત્સાહ વર્ધ્યો હતો.

અઢાર અભિષેકનો પ્રસંગ પણ યાદગાર રીતે ઉજવાયેલ બંને પ્રસંગે સ્વામિવાત્સલ્ય થયેલ. દેવદ્રવ્યાદિની ઉપજ સારી થવા પામી.

ટાટા હોસ્પીટલના ઉપચાર વખતે ત્યાંના ડોકટરો. કાર્યકરો ઉપરાંત જૈન જ્ઞાનમંદિર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ અને આરાધક વર્ગે ખડે પગે તન–મન–ધનથી જે સેવા આપી છે. તે ખરેખર નોંધપાત્ર હતી. આ રીતે મહાપ્રભાવિક નવકાર મંત્રની આરાધના, સામુહિક અનેક વખતના જાપ, આયંબીલ તપની સામુહિક સારી સંખ્યામાં તપસ્યાના કારણે બે મહિના જેવા અલ્પ સમયમાં પૂજ્યપાદ આ૦ દેવશ્રીની તબિયત સંપૂર્ણ સુખાકારી થાય–તે નવકાર મહામંત્રની આરાધનાનો જ ચમત્કાર કે બીજું કાંઈ....?

રાજસ્થાન જૈન સંઘનું સંમેલન તથા માઉન્ટ-આબુમાં નવપદજીની ઓળીની આરાધના

પૂજ્યપાદ પં. ગુરૂદેવશ્રી અભયસાગરજી મ૦સા૦ના શિષ્ય પૂજ્ય પં૦શ્રી અશોકસાગરજી મ૦સા૦ રાતા મહાવીર તીર્થમાં ઉપધાનતપની ભવ્ય આરાધના પૂર્ણ કરાવી. જીરાવલા તીર્થમાં રાજસ્થાન જૈન સંઘનું સંમેલન થયું. જેમાં અધ્યક્ષશ્રી પુખરાજજી સીંઘી વકીલ સાથે અનેક સંઘોના સો ઉપરાંત આગેવાનોએ ચૈત્ર સુદ ત્રીજ તથા ચોથના બંને ટાઈમ રાજસ્થાનમાં વેપારના કારણે જૈનોની ઘટતી વસ્તી સ્થાનકવાસીઓના કારણે દેરાસરોની થતી આશાતનાઓ પૂ૦ સાધુ–સાધ્વીના વિહારની અગવડતા તથા વધુ વિહાર માટે વિનંતી કરવાની અને સાધર્મિકો માટેની યોજના આદિની વિશદ વિચારણા થઇ હતી. જેમાં મંત્રીશ્રી કે. એલ. જૈન ઉદેપૂરવાળાએ સુંદર સંચાલન કરેલ. બંને દિવસ સાધર્મિક ભક્તિનો લાભ ગુમાનમલજી માલગામવાળાએ લીધો હતો.

પૂ૦ પંન્યાસજી મહારાજ ત્યાંથી અનાદરાના રસ્તે આબુ દેલવાડા ઓળી અર્થે પધારેલ. નવદિવસ પ્રવચન તથા પ્રભુ મહાવીર જન્મકલ્યાણકના દિવસે ચૈત્ર સુદ બીજી તેરસના ભવ્ય રથયાત્રા નખીતલાવ પાસે મહાવીર સ્મારક થઇ. વર્ધમાન કેન્દ્રમાં શ્રી કનૈયાલાલજી મહારાજ સાથે બે દિવસ પ્રવચન યોજેલ શ્રી મહાવીર પંચકલ્યાણકની પૂજા તથા પૂનમના સિદ્ધચક્ર પૂજન ઠાઠથી ભણાવેલ. પૂજ્યશ્રી ચૈત્ર વદ ૧ના વિહાર કરી ઊંઝા વૈ. સુ. ૧૦ ની થતી પ્રતિષ્ઠા પ્રસંગે પધારી રહ્યા છે.

પ્રતાપગઢ (રાજસ્થાન)

પૂ૦ મુનિરાજશ્રી રત્નશેખરસાગરજી મ૦ આદિની શુભનિશ્રામાં ચૈત્રી ઓળીની આરાધના તથા ભગવાન મહાવીર જન્મકલ્યાણકની ઉજવણી ધુમધામથી ઉજવાયેલ.

'જૈન'ના ગ્રાહકોને લવાજમ મોકલાવવા M. O. ફોર્મ-પત્રીકા મોકલાવેલ હોઈ તુરત જ M. O. મોકલાવશો.

અહિંસા સ્થલ-દિલ્લીમાં સામુહિક પૂજન

સુરેન તીર્થ–અહિંસા સ્થલ પર ભગવાન મહાવીરની વિશાળ મૂર્તિ સંમુખ સેંકડો વ્યક્તિઓ દ્વારા સામુહિક રૂપમાં પૂજા-અર્ચના સાથે થયેલ. આ ૧૩ ફુટ ઉંચી પદ્માસન મૂર્તિ એક ટેકરી ઉપર ખુલા આકાશમાં બીરાજમાન છે. જેના દર્શને દિલ્લીમાં આવતા દેશી-વિદેશીઓ સતત આવતા રહે છે.

પાલીતાણા શ્રી સર્વોદય જૈન શ્વેતા. મૂ. પૂ. સંઘ દેરાસરના વહીવટદારોનું આપખુદી વર્તન

પાલીતાણાથી પ્રગટ થતા સુઘોષાના તંત્રીશ્રી દ્વારા થયેલ ફરીયાદને પણ પાલીતાણાના વર્તમાન ટ્રસ્ટીઓ કેવી ઉદાસીનતા દર્શાવે છે તેનો એક બોલતો નમુનો.

અમોએ તા. ૨૩-૪-૮૯ના ઉપરના રજીસ્ટર કરેલ ટ્રસ્ટમાં મુગટ (ચાંદીના પોલિસવાળો) આપેલ છે. તેની રસીદ આપવાની સંસ્થાના પ્રમુખશ્રી મણીલાલ ફાવચંદ મણીયાર તથા મંત્રીશ્રી રસીકલાલ છગનલાલ સલોત ના પાડે છે. અને આજદિન સુધી મુગટ મળ્યાની છાપેલ સંસ્થાની રસીદ આપેલ નથી. આ બાબત શ્રી ચેરીટી કમીશ્નર સાહેબ તપાસ કરી રસી તુરત જ મળે તેમ કરવા વિનંતી.

ઉપરની બાબતથી સંસ્થાના પ્રમુખ-મંત્રી બન્ને સંસ્થાનું અહિત કરી રહ્યા છે. અને કયા કારણે ગોટાળા કરવા રસીદ આપતા નથી તે સમજાતું નથી.

આ રીતના મનસ્વીપણાથી દાન આપનારને ઘણું હેરાન થવું પડે છે. સ્થાનિક સંસ્થાના સભ્યોએ જાગૃત બની આ અન્યાય ભર્યું દુષણ દૂર કરવું જોઇએ અને બન્નેને બરતરફ કરવા પગલાં લેવાં સંસ્થાના હિત માટે જરૂરી છે.

(૧) નકલ બીડાણ – શ્રી ચેરીટી કમીશ્નર સાહેબ, ભાવનગર.

(૨) નકલ બીડાણ – શ્રી ચેરીટી કમીશ્નર સાહેબ, રાજકોટ. (સૌરાષ્ટ્ર વિભાગ)

ઓરીસ્સામાં-વર્ધમાન સેવાકેન્દ્રની સેવા

વર્ધમાન સેવા કેન્દ્ર ઓરીસ્સા રાજ્યના કાલાહાંડી જીલ્લામાં દુષ્કાળ પિડિત પશુ તથા પ્રજા માટે જીવદયા અને અનુકંપાના કાર્યોમાં આરંભી વ્યસ્ત છે.

ગરીબમાં ગરીબ ગણાતા ઓરીસ્સા રાજ્યના કાલાહાંડી જીલ્લાના પહાડ અને જંગલોમાં ગરીબીની રેખા નીચે જીવતા આદિવાસી લોકો સતત ચાર ચાર વરસથી દુકાળને ભીષણ સંકટ નીચે કણસી રહ્યા છે. આવા સમયે આપણી કરુણા સક્રીય બની રહે તે આવકારપાત્ર ગણાય.

એપ્રીલ જ આપણે માનવ રાહત કાર્યક્રમ હેઠળ દશ હજાર કુટુંબોને દર મહિને કુટુંબદીઠ ૧૫ કીલો ચોખા (૧,૫૦,૦૦૦ કીલો) તથા મડિયા ધાન્ય ૫ કીલો (૫૦,૦૦૦કીલો સાડી,ધોતી, કપડાં ઇત્યાદિ અપાય છે. પશુઓ માટે ઘાસ પાણીની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

જુલાઈ ૧૯૮૯ સુધી ચાલનાર અનુકંપા અને જીવદયાના કાર્યો અમદાવાદના શ્રી જયેશભાઇ ભણસાલી, શ્રી કલ્પેશભાઈ શાહ, મુંબઈના શ્રી સુરેન્દ્રભાઇ પરમાર આદિની રાહબરી અને જાત દેખરેખ હેઠળ ચાલી રહ્યાં છે.

લી. આપનો કુમારપાળ વિ. શાહ

ટ્રસ્ટીઓ

નરેશભાઈ કાન્તીલાલ ઝવેરી પ્રકાશચંદ વિમળભાઈ શાહ

ના વંદન

વર્ધમાન સેવા કેન્દ્ર, ૩૬, કલીકુંડ સોસાયટી ધોળકા–૩૮૭૮૧૦

પ્રારબ્ધ કર્મના યોગે પ્રાપ્ત થયેલ સઘળાં સંયોગ સંબંધોને સમભાવે સ્વીકારવા એજ ધર્મ.

Regd. No. BV. G. 20
JAIN OFFICE : P. Box No. 175
BHAVNAGAR-364001 (Gujarat)
Tele. O. C/o. 29919 R. 25869

સમાચાર પત્રની : રૂ. ૫૦૦/-
[illegible] પત્રની : રૂ. ૭૦૦/-
વાર્ષિક લવાજમ : રૂ. ૫૦/-
[illegible] ફી : રૂ. ૫૦૧/-

સ્વ. તંત્રી : ગુલાબચંદ દેવચંદ શેઠ
તંત્રી-મુદ્રક-પ્રકાશક-માલીક :
મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
જૈન ઓફીસ, પો. બો. નં. ૧૭૫, દાણાપીઠ, ભાવનગર.

'જૈન' વર્ષ ૮૬
અંક : ૧૯

વીર સં. ૨૫૧૫ : વિ.સં. ૨૦૪૫ વૈશાખ સુદ ૧૪
તા. ૧૯ મે ૧૯૮૯ શુક્રવાર
મુદ્રણ સ્થાન : શ્રી જૈન પ્રિન્ટરી
દાણાપીઠ પાછળ, ભાવનગર-૩૬૪ ૦૦૧

નૂતન જિનાલયોમાં પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગો

卐 [illegible] ત્રિશિખરીય [illegible] ભવ્ય વિશાળ જિનાલયે શ્રી પંચ કલ્યાણ મહોત્સવ યુકત શ્રી સિદ્ધચક્ર મહાપૂજન, સહિત ત્રયોદશાન્હિકા મહામહોત્સવ વૈશાખ સુદ ૧૦ના પૂ૦આ૦શ્રી સુબોધસાગરસૂરીશ્વરજી મ૦ની નિશ્રામાં પ્રાણ પ્રતિષ્ઠા, ગાદીનશીન વિધી, ધ્વજદંડ, કળશ પ્રતિષ્ઠા સહ શ્રી અષ્ટોત્તરી મહાપૂજન શેઠ શ્રી ગીરધરલાલ જીવણલાલ સહપરિવાર તરફથી થયેલ. આ પ્રસંગ મુંબઈના આ અતિ પ્રાચીન જિનાલયના ઈતિહાસમાં અણમોલ બની રહેલ.

卐 મુંબઈ ખાર જૈન શ્વે. મૂ. સંઘના આંગણે ભવ્ય જિનાલય-ઉપાશ્રયનું નિર્માણ કાર્ય પૂર્ણ થતા મુલનાયક શ્રી મુનિસુવ્રત સ્વામિ આદિ જિનબિંબોની અંજનશલાકા પ્રતિષ્ઠા વૈશાખ સુદ ૪/૬ ન. પૂ૦ શતાવધાની આ૦ શ્રી જયાનંદસૂરીશ્વરજી આદિની શુભ નિશ્રામાં ભાવોલ્લાસ પૂવર્ક ઉજવાયો,

卐 શ્રી નાકોડા-પાર્શ્વનાથ તીર્થ- મેવાનગરે શ્રી શાંતિનાથજી મંદિરે શિખર પર ધ્વજારોહણ, કળશ સ્થાપન તથા શ્રી નૂતન સિદ્ધચક્ર મંદિરે જિનબિમ્બોની અંજન-પ્રતિષ્ઠા મહોત્સવ વૈશાખ સુદ ૪-૬ ન. પૂજ્ય આચાર્યદેવશ્રી ગુણરત્નસૂરીશ્વરજી મ૦ આદિ પૂ૦ આચાર્યદેવશ્રી લક્ષ્મીસૂરીશ્વરજી મ૦ ની શુભ નિશ્રામાં હજારો યાત્રિકોની ઉપસ્થિતિમાં ભારે ઉલ્લાસ અને ભાવ વૃદ્ધિથી ઉજવાયો. પ્રતિષ્ઠા પ્રસંગે ચડાવા ઘણાં સુંદર થયાં.

[illegible] ગરે શ્રી વર્ધમાન તત્ત્વજ્ઞાન જૈન વિદ્યાલયે શ્રી વર્ધમાન મહાવીર સ્વામી આદિ જિનબિમ્બોનો ભવ્યાતિભવ્ય શ્રી અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ અધ્યાત્મયોગી પૂ૦ આ૦ શ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મ૦ ની તારક નિશ્રામાં વૈશાખ સુદ ૫-૬ના ભવ્ય ભાવોલ્લાસ સાથે ઉજવાયો. અત્રે બે ઉપાશ્રયો, ભોજનશાળા, અતિથિગૃહ, તીર્થની પેઢીનું કાર્યાલય, કેસર સુખડ રૂમ, સ્નાનગૃહનું નિર્માણ પણ થયેલ છે.

卐 સુરતના શેઠ ભાઈદાસ નેમિદાસનું શ્રી શીતલનાથ જૈન દેરાસર ટ્રસ્ટ દ્વારા વૈશાખ સુદ ૧૨ના મુલનાયક શ્રી શીતલનાથ, શ્રી પોસાયા પાર્શ્વનાથ ભગવંતાદિ એકત્રીસ જિનબિમ્બોની ગાદીનશીન તથા સાલગીરી ઉત્સવ ભવ્ય રીતે પૂજ્ય શ્રી મહિમાપ્રભસાગરજી મ૦સા૦ આદિની શુભ નિશ્રામાં ઉજવાયેલ.

卐 નૂતન હસ્તગિરિ તીર્થમાં થયેલ અતિભવ્ય જિનાલયની અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ વૈશાખ સુદ-૬ના શ્રી આદિશ્વર ભગવંતાદિ શ્રી જિનબિંબોની ૭૨ દેવકુલિકાયુક્ત જિનાલયે પૂ૦ આ૦ શ્રીમદ્ રામચન્દ્રસૂરીશ્વરજી મ૦ ની નિશ્રામાં ભવ્ય રીતે થયેલ છે. આ પ્રસંગે રાજકીય નેતાઓ ખાસ પધારેલ.

卐 પાલીતાણા શ્રી લુણાવા મંગળ ભવનમાં શ્રી આદિનાથજી આદિજિન બિમ્બોની પ્રતિષ્ઠા વૈશાખ સુદ ૧૦ના પૂ૦ આ૦શ્રી અરિહંતસિદ્ધસૂરીશ્વરજી મ૦સા૦ની શુભ નિશ્રામાં ભારે ભાવોલ્લાસ પર્વક ભવ્ય રીતે થયેલ.

卐 વિદર્ભ પ્રદેશના જલગાંવ-જામોદ ગામે શ્રી પાર્શ્વનાથ આદિ જિન બિમ્બો દાદાગુરૂદેવશ્રી જિનકુશલસૂરીજી મ૦ યોગીરાજ વિજયશાંતિસૂરીજી મ૦ આદિ ગુરુમૂર્તિ, નવપદ પટ્ટ, શ્રી નાકોડા ભૈરવદેવ-દેવીની મૂર્તિ, ધ્વજદંડ-કળશની પ્રતિષ્ઠા વૈશાખ સુદ ૧૧ તથા ૧૨ના પૂજ્ય આ૦શ્રી વારિષેણસૂરીજી મ૦ની નિશ્રામાં ભવ્ય રીતે થયેલ. અનેક મહાનુભાવોએ શ્રી મનોજકુમાર બાબુલાલજી હરણની પ્રેરણાથી લાભ લીધેલ. અત્રે નૂતન આરાધના ભવન, મંગલભવનનું ઉદ્દ્ઘાટન થયેલ, ૧૦૮ છોડનું ઉજમણું પણ ભવ્ય રીતે થયેલ.

卐 કેલવા (રાજસ્થાન) પૂજ્ય મેવાડકેસરી આચાર્યશ્રી હિમાચલસૂરીશ્વરજી મ૦ની માતૃભૂમિમાં તેઓશ્રીની શુભ પ્રેરણા અને નિશ્રામાં સં. ૨૦૩૩ના પ્રતિષ્ઠા ભારે ઉલ્લાસ થયેલ. બાદ પૂજ્યશ્રી સ્વર્ગે સિધાવતા તેઓશ્રીના પરમ ઉપકારથી સારાયે ગામ દ્વારા તૈયાર થયેલ નૂતન ગુરુમંદિરમાં પ્રતિમાની પ્રતિષ્ઠા તથા દેવકુલીકામાં શ્રી નાકોડા ભૈરવની પ્રતિષ્ઠા પૂજ્ય પંન્યાસશ્રી રત્નાકરવિજયજી મ૦ આદિની શુભ નિશ્રામાં વૈશાખ સુદ [illegible]ના ભવ્ય ઉલ્લાસ ભર્યા વાતાવરણ વચ્ચે પ્રતિષ્ઠા થયેલ.

卐 ઝીલવાડા (રાજસ્થાન) અત્રેના જિનમંદિરના જિર્ણોદ્ધાર -નૂતન ઉપાશ્રયનું નિર્માણ તથા દેવકુલીકા, ગુરુકુલિકાનું નિર્માણ થતા શ્રી સંભવનાથ પ્રભુ આદી જિનના ચરણપાદુકા, શ્રી નાકોડા ભૈરવદેવ, શ્રી મેવાડકેસરી આ૦શ્રી હિમાચલસૂરીશ્વરજી મ૦ ની પ્રતિમા સ્થાપન તથા શ્રી શાંતિનાથ જિન મંદિરે નૂતન દંડ તથા ધ્વજારોહણ વૈશાખ સુદ-૧૪ના પૂજ્ય પંન્યાસ શ્રી રત્નાકર-વિજયજી મ૦ આદિની શુભ નિશ્રામાં ભવ્ય રીતે વિવિધ કાર્યક્રમો સાથે મહોત્સવ ઉજવાય રહેલ છે.

卐 જગાધરી (હરિયાણા) નગરે નૂતન શ્રી મહાવીર સ્વામી જિનાલયે જિનબિમ્બોની પ્રતિષ્ઠા વૈશાખ વદ-૬ ને તા. ૨૬-૫-૮૯ના પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયઇન્દ્રદિનસૂરીશ્વરજી મ૦ આદિની શુભ નિશ્રામાં અષ્ટાન્હિકા મહોત્સવ તા. ૧૯-૫-૮૯ થી તા ૨૭-૫-૮૯ના ઉજવાઈ રહ્યો છે.

卐 ઉમરગામ (વલસાડ-ગુજરાત) નગરે નૂતન જિનાલયે મુળનાયકશ્રી વાસુપૂજ્ય સ્વામીની તથા અનેક જિનબિંબોની પ્રતિષ્ઠા પૂ. આ૦ શ્રી નવીનસૂરીશ્વરજી મ૦ આદિની શુભ નિશ્રામાં વૈશાખ સુદ-૬ના મોટા માનવ મહેરામણ સહ ઉલ્લાસ-પૂર્વક ભવ્ય રીતે થયેલ. વૈશાખ સુદ-૨ના પૂ૦ ગણિવર્યશ્રી યશોવર્મવિજય મ૦ ને પંન્યાસ પદ પ્રદાન અપાયેલ.

卐 ચણોદ (દક્ષીણ ગુજરાત) નગરે શ્રી ભાવવર્ધક જૈન શ્વે. મૂ. સંઘ દ્વારા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ દાદાની ભવ્ય પ્રતિષ્ઠા વૈશાખ સુદ ૧૦ના પૂજ્ય આચાર્યદેવ શ્રી નવિનસૂરીશ્વરજી મ૦ ની નિશ્રામાં ભવ્ય રીતે થયેલ છે.

卐 ગુણાંવ (હરિયાણા) નગરે શ્રી શાન્તિનાથ જૈન જિનાલયના ભૂમિપૂજન તથા શિલાન્યાસ પુજ્ય પંન્યાસ શ્રી નિત્યાનન્દવિજયજી મ૦ ની શુભ નિશ્રામાં વૈશાખ સુદ ૧૦ના લાલા શ્રી ખૈરાયતી-લાલજી જૈન પરિવાર તરફથી ભૂમિપૂજન થયેલ અને વૈશાખ સુદ ૧૪ના સુશ્રાવક શ્રી ધનરાજ સુશીલકુમારજી જૈન પરિવાર તરફથી શિલાન્યાસ થયેલ.

卐 સુરતનગરે-ત્રિકમનગરે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ નૂતન ભવ્ય શિખરબંધી જિનાલય પૂજ્ય આ૦શ્રી સુબોધસાગરસૂરી-શ્વરજી મ૦ના શુભ આશીર્વાદથી નિર્માણ કરવાનો શુભ નિર્ણય કરેલ છે. તેનો શીલાન્યાસ વૈશાખ સુદ ૭ના પૂજ્ય આ૦શ્રી ચિદાનંદસૂરીશ્વરજી મ૦ની નિશ્રામાં થયેલ છે.

卐 સુરત શ્રી સિદ્ધશિલા એપાર્ટમેન્ટસમાં શ્રી ભીલડીયાજી પાર્શ્વનાથ ભગવંતના નૂતન જીનાલય નિર્માણ કરવા વૈશાખ સુદ ૧૦ના પૂ૦આ૦શ્રી ચિદાનંદસૂરીશ્વરજી મ૦સા૦ની શુભ નિશ્રામાં શિલાસ્થાપન વિધી ભવ્ય રીતે થયેલ.

卐 ભીવંડી (મહારાષ્ટ્ર)ના ગોકુલ નગરે શ્રી નેમિનાથ ભગવાનના શિખરબદ્ધ નૂતન જિનાલયના ભૂમિપૂજન-શિલાસ્થા-પન તથા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ગૃહ જિનમંદિરે દેવ-દેવી ચલપ્રતિષ્ઠા વૈશાખ સુદ ૬ના ધર્મપ્રભાવક પૂ૦ આ૦ શ્રી વિજયદક્ષસૂરીશ્વરજી મ૦ ની નિશ્રામાં શ્રી સિદ્ધચક્ર મહાપૂજન સહ અષ્ટાન્હિકા મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયેલ.

卐 ડોંગરી-મુંબઈ મહાનગરે શ્રી શાંતિનાથ ભગવાન આદિ જિનબિંબોની પ્રતિષ્ઠા મહોત્સવ વૈશાખ વદ-૬ને પૂજ્ય આ૦ શ્રી દર્શનસાગરસૂરીશ્વરજી મ૦સા૦ની પાવનકારી નિશ્રામાં ઉજવાશે.

સાલગિરિ-વર્ષગાંઠ-મહોત્સવ

* મોટીવાવડી (પાલીતાણા)નગરે શ્રી સંભવનાથ ભગવાન આદિ જિનબિંબોની ૧૨મી વર્ષગાંઠ (વૈશાખ સુદ ૧૩) નિમિત્તે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન સહિત ત્રણ દિવસનો મહોત્સવ રખાયેલ આ પ્રસંગ મુંબઈ આદિ બહારગામ વસતા વાવડીનીવાસી સૌ પધારેલ.

* ઉજ્જૈન (મધ્યપ્રદેશ) નગરે શ્રી કેશરિયાજી સ્વામીના જિનાલયની ૨૭મી વર્ષગાંઠ તથા શ્રી સિદ્ધચક્ર પટની ૫૧મી વર્ષગાંઠ નિમિત્તે શ્રી લઘુ શાન્તિસ્નાત્ર મહાપૂજન સહિત શ્રી પંચાન્હિકા મહોત્સવ વૈશાખ સુદ ૬થી ૧૦ સુધીનો મંગલમય કાર્યક્રમો સહ ઉજવાયેલ.

માત્ર પોતાના એકલાના જ સુખ અને સ્વાર્થની લાગણીથી મોહ અત્યંત વૃદ્ધિ પામે છે, તે માટે નિસ્વાર્થ ગુણ કેળવવો.

✻ થલતેજ મુક્તિધામ–અમદાવાદ નગરે નૂતન જિનમંદિરની ત્રીજી સાલગિરિ નિમિત્તે વૈશાખ સુદ ત્રીજના ભવ્ય ઉજવણી પૂજ્ય પંન્યાસશ્રી યશોવિજયજી મ૦ની નિશ્રામાં થયેલ.

અધ્યાત્મ યોગી પૂજ્ય આ૦શ્રી વિજયચંદ્રસૂરીશ્વરજી મ૦ ની ૧૮મી પુણ્ય તિથી નિમિત્તે પણ જિનેન્દ્રભક્તિ મહોત્સવ થયેલ.

✻ મુંબઇ જૈન યુવક સંઘનો હીરક જયંતિ મહોત્સવ તા. ૨૩ એપ્રીલના રોજ બિરલા ક્રીડા કેન્દ્રમાં યોજાયેલ. જેમાં 'પ્રબુદ્ધ જીવન'ને પચ્ચાસ વર્ષ પૂર્ણ થતા હોઈ સેવાની કદર થયેલ. તેમજ સંઘના સ્થાપક સભ્યો સર્વશ્રી એ. જે. શાહ, સર્વશ્રી ચંદુલાલ ટી. શાહ અને શ્રી મોહનભાઈ પારેખનું સન્માન કરાયેલ.

રાંધનપુર પશુ-મેળામાં ધાંધલ–ધમાલ

ભણુસાલી ટ્રસ્ટ સંસ્થામાં તા. ૨–૪–૮૯ રવિવારે એક જાહેર મીટીંગનું આયોજન કરવામાં આવેલ. વિષય હતો. પશુ-મેળામાંથી મોટા પ્રમાણમાં કત્તલખાને લઈ જવાતા ઉપયોગી બળદો–વાછરડાઓની ઘોર હિંસા–નિવારણની ચર્ચા. મીટીંગમાં ૮૦–૯૦ ગામ–પરગામની વ્યક્તિઓની ઉપસ્થિતી હતી. જેમાં મુખ્યત્વે પ૦પૂ૦શ્રી જ્ઞાનચંદજી મહારાજ (સાણંદવાળા) શ્રી અમુલખભાઈ ખીમાણી પ્રમુખ (ગુજરાત રાજ્ય કૃષિ ગો. સેવા સંઘ) ડો સુરેશ એસ. ઝવેરી પ્રધાનમંત્રી (અ. ભા હિંસા–નિવારણ સંઘ), શ્રી મહેશભાઇ ભણશાળી (ટ્રસ્ટી), શ્રી ગિરજા-~~[illegible] પ્રમુખ (શ્રી [illegible] ગૌ સેવા સંઘ) વગેરે...~~

બપોરે ૧–૦૦ના સમયે મીટીંગ બાદ જનતા જાગૃતિ માટે પ્રભાત ફેરીના રૂપમાં સમગ્ર મેળામાં પદયાત્રા શરૂ કરી "રઘુપતી રાઘવ રાજા રામ... સબંકો સન્મતિ દે ભગવાન"ની ધૂન સાથે અને વચ્ચે વચ્ચે ગૌવંશ રક્ષાના સૂત્રોના પોકાર સાથે ચાલતાં રાધનપુર –ડીસા અને રાધનપુર–મહેસાણાના ધોરી માર્ગોના જોડાણ પાસે સરઘસ પહોંચ્યુ. એક મુસ્લીમ કસ્બા પાસેના હાઈવે ઉપર એક ટ્રકમાં ઉપરા ઉપરી ઢોરોને ભરાતા જોઈ લોકોનું ટોળું રોષે ભરાયું. શ્રી મહેશભાઇ ભણશાળીએ પૂછ્યું કે આ ઢોરોને આવી રીતે ક્યાં લઇ જાઓ છો ?

ત્રણે ઈસમો નાઠા, ટોળું પાછળ પડયું. ધાંધલ ધમાલ મચી પશુઓને જનતા જનાર્દન ઉઠાવી ગઇ. ૪૦ પશુઓને ભણશાળી ટ્રસ્ટના મકાનના દરવાજા પાસે લવાયા, પોલીસની કુમક આવી પહોંચી મેળો રફેદફે થયો, ખેડૂતો ધમાલના ડરથી પોતાના પશુઓ લઇ ચાલવા લાગ્યા. પશુમેળાનું પાપ પ્રગટ થયું. ૩ થી ૪ હજારની કિંમત આપનારા કોઇજ ખેડૂતો કે પશુપાલકો ન હતા બધા જ કસાઈઓ કે તેમના દલાલો હતા. ત્યાં ઉભેલી એક ટ્રકના ડ્રાઇવરે પોલીસની તપાસમાં જ કબુલાત કરેલ કે ટ્રકના પશુઓને "દેવનાર" લઇ જવાના હતા. હજારો પશુઓને જીવતદાન પ્રાપ્ત થયું.

(આંખે દેખ્યો અહેવાલ : ડૉ. સુરેશ ઝવેરી)

✻ મુંબઇ નરિમાન રોડ–વિલેપાર્લા પૂર્વમાં શ્રી વિમલ-નાથ જિનાલયની ત્રીજી સાલગિરિ નિમિત્તે પૂજ્ય આ૦ શ્રી વિજયદેવસૂરીશ્વરજી મ૦, પૂ૦ આ૦કુશ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મ૦ આદિની શુભ નિશ્રામાં ત્રણ મહાપૂજન, અઢાર અભિષેક આદિ જિનેન્દ્રભક્તિ મહોત્સવ વૈશાખ સુદ ૪ થી ૯ સુધી ઉજવાયો.

સમસ્ત આકરાણી પરિવાર સ્નેહ મિલન

દુનિયાના ખૂણે ખૂણે વસતા સમસ્ત આકરાણી ગૌત્રના ભાઈ-ઓનું સહકુટુંબ સ્નેહ મિલન ભરૂચ જીલ્લાના કાવી જૈન તીર્થ આગામી ૨૭–૨૮ મે શનિ–રવિના ૧૯૮૯ના રોજ યોજવામાં આવેલ છે.

આ સ્નેહ મિલન સમારંભમાં દરેકે દરેક કુટુંબોને આમંત્રણ પાઠવવામાં આવેલ હોવાનું જાણવા મળેલ છે. આકરાણી કુટું-બોમાં ભાતૃભાવના કેળવાય એક બીજા કુટુંબોનો સંપૂર્ણ ખ્યાલ આવે, દૂર દૂર વસતા કુટુંબો એકબીજાથી નજીક આવે એ ઉદ્દેશથી આ સ્નેહ મિલનનું આયોજન કરવામાં આવેલ છે.

આ સ્નેહ મિલનના બંને દિવસ માટે ભાગ લેનાર દરેક કુટુંબો માટે જમવા રહેવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જે અંગેનો સંપૂર્ણ લાભ ખીંમત નિવાસી હાલ મુંબઇમાં રહેતા સમુબેન હેમરાજભાઇ ઉજમસી પરિવારે લીધેલ છે.

શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઓગસ્ટ ક્રાંતિ માર્ગ
મુંબઈ–૪૦૦ ૦૩૬

શ્રી મહાવીર જૈન વિદ્યાલયના મહારાષ્ટ્ર રાજ્યમાં મુંબઈ, અંધેરી અને પૂના તેમજ ગુજરાત રાજ્યમાં અમદાવાદ, વડોદરા, વલ્લભવિદ્યાનગર અને ભાવનગરમાં કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે વિદ્યાર્થીગૃહો છે. તેમાં નવા સત્રથી પ્રવેશ મેળવવા માટેના અરજીપત્રકો આપવાનું ચાલુ છે. દરેક વિદ્યાર્થી-ગૃહ માટે અલગ અરજીપત્રક ભરવું આવશ્યક છે. શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થીએ વિદ્યાર્થીગૃહમાં પાળવાના નિયમો અને ધારાધોરણ સાથેના અરજીપત્રકની કિંમત રૂા. ૨/+ ટપાલ ખર્ચ રૂા. ૦–૫૦ પૈસા છે. ટ્રસ્ટ દાતા અને ભલામણ કરનારની સરનામાં સહિત અલગ નામાવલિની કિંમત રૂા. ૨/+ ટપાલ ખર્ચ રૂા. ૦–૫૦ પૈસા છે.

જે શાખા વિદ્યાર્થીગૃહમાં પ્રવેશ મેળવવો હોય તેના સ્પષ્ટ નિર્દેશ સાથે ઉપરોક્ત સરનામે જરૂરી ટપાલ ટિકિટ (પોસ્ટલ ઓર્ડર મોકલવા નહીં) મોકલી નિયત અરજીપત્રક મંગાવી લેવાનું શ્રી મહાવીર જૈન વિદ્યાલયની એક અખબારજોગી યાદીમાં જણા-વવામાં આવ્યુ છે.

સંસ્થાના તમામ વિદ્યાર્થીગૃહો માટેના અરજીપત્રકો મોડામાં મોડા તા. ૨૫–૬–'૮૯ સુધીમાં ઉપરોક્ત સરનામે (શ્રી મહા-વીર જૈન વિદ્યાલય. ઓગસ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઈ–૪૦૦ ૦૩૬) પહોંચતા કરવાનું આ યાદીમાં જણાવવામા આવ્યું છે.

બેલ[illegible]ારિ :– પૂ૦ આચાર્યદેવેશ શ્રી વિજયભુવનતિલકસૂરીશ્વરજી મ[illegible]ના શિષ્ય પૂ૦ આ૦શ્રી અશોકરત્નસૂરીશ્વરજી મ૦ અને પૂ૦ આ૦શ્રી અભયરત્નસૂરીશ્વરજી મ૦ ઠા. ૫ ફાગણ વદ ૫ ના સસ્વાગત પધાર્યા હતા. પૂ૦ આ૦શ્રી અશોકરત્નસૂરીશ્વરજી મ૦ની વર્ધમાન તપની વ: ૯ના ૭૫ મી ઓળીના પારણા નિમિત્તે આહોરવાળા શ્રી હીરાચંદ પૃથ્વીરાજને શ્રી સંઘની સાથે પૂ૦ આ૦મ૦ આદિના સસ્વાગત પગલાં કરાવી. ગુરુપૂજન પ્રભાવનાનો બપોરના આહોરવાળા હીરા નોવેલ્ટીવાળાએ પૂજા પ્રભાવના આંગી રચનાનો અને રાત્રિના ત્રિકમજી કાન્તિ ભક્તિ ગીતમાલાની પાર્ટીએ ભક્તિરસનો લાભ લીધો હતો. પૂ૦ આ૦મ૦ આદિ વિહાર કરી સિરૂગુપ્પા થઈને સિંદપુર ચૈત્ર શુદ ૮ના સસ્વાગત પધાર્યા હતા. શ્રી ફુલચંદજી ફકિરચંદજી નહાર તરફથી આયંબિલની ઓળી પારણા શુદ ૧૫ના પૂજા-પ્રભાવના થઇ હતી. શુદ ૧૩ના શ્રી મહાવીરસ્વામી જન્મ કલ્યાણક નિમિત્તે વરઘોડો બપોરના શ્રી કે. ઉત્તમચંદ નહાર તરફથી પૂજા-પ્રભાવના થઈ હતી. પૂ૦ આ૦શ્રી આદિ વિહાર કરીને આજુબાજુના ક્ષેત્રોની વિનંતી હોવાથી તે તરફ પધારશે.

*

卐 શ્રી ભક્તિપાર્શ્વનાથાય નમઃ 卐 卐 શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય નમ 卐 卐 શ્રી ધર્મ-ભક્તિ-પ્રેમ-સુબોધસૂરિભ્યો નમઃ 卐

પ૦ પૂ૦ ગચ્છાધિપતિ પ્રશાન્તમૂર્તિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબ પ૦ પૂ૦ સુવિશુદ્ધક્રિયાભિરૂચિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયસુબોધસૂરીશ્વરજી મહારાજ સાહેબના કરકમલોથી નવપ્રતિષ્ઠિત શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિવિહાર મહાપ્રાસાદ-શ્રી શંખેશ્વર મહાતીર્થે

卐 શ્રી મહાવીર જૈન ધાર્મિક શિક્ષણ શિબિર 卐

* શુભારંભ :– વૈશાખ વદ-૧ રવિવાર તા. ૨૧ મે ૧૯૮૯ થી જેઠ સુદ-૧ રવિવાર તા. ૪-૬-૧૯૮૯—૧૫ દિવસ
* વ્યાખ્યાતા અને વાચનાદાતા :– પ૦ પૂ૦ મુનિરાજ શ્રી અરૂણવિજયજી મહારાજ
* શિબિરના વિષયો :– Jain Philosophy and Logic, Jain History, Jain Geography, Jain Biology Botony and Zoology, Jain Metaphisics, Jain Phychology, Jain Karma Philosophy, Jain Yoga and Meditaion, Jain Ethics and Morals, Jain Cosmology.

આદિ અનેક વિષયોનું જ્ઞાન આપવામાં આવે છે. પૂજ્યશ્રી દાખલા-દલીલો સાથે તર્ક-યુક્તિ-પૂર્વક બ્લેક બોર્ડ ઉપર ચાર્ટ અને ચિત્રો સાથે સમજાવે છે. અનેકવિધ ચિત્રમય ચાર્ટોથી સમજાવે છે. સાથે સાથે Theorical and Practical બન્ને રીતે સરલ પદ્ધતિથી સમજાવે છે.

૧૫ દિવસ સુધી પૂજ્ય ગુરૂ ભગવંતોનું સંપૂર્ણ સાનિધ્ય પ્રાપ્ત કરી ગુરૂકુળવાસનો અનુભવ કરો.

શિબીરમાં જ્ઞાન અને સંસ્કાર બન્નેની પ્રાપ્તિ થાય છે. શિબીર એ યુવકોના જીવનનો કાયાકલ્પ કરનાર એક સુંદર પ્રક્રિયા છે.

* ૧૫ વર્ષથી ઉપરના કિશોરો અને યુવકોને આ શિબીરમાં પ્રવેશ આપવામાં આવે છે.
* ફક્ત ૧૦/- રૂપિયાની પ્રવેશ ફીસ ભરીને પ્રવેશ ફોર્મ મેળવીને ભરી મોકલવા વિનંતી છે. સ્વીકૃતિ પત્ર પ્રાપ્ત કરી તા. ૨૦-૫-૧૯૮૯ની સાંજ શિબીર સુધી સ્થળ-શંખેશ્વર તીર્થે પહોંચી જવું.

શિબીર દરમ્યાન ૧૫ દિવસ ખાવા-પીવા-રહેવા-સૂવા-ન્હાવા-ધોવા વગેરેની સંપૂર્ણ વ્યવસ્થા નિઃશુલ્ક રહેશે

સંપર્ક સ્થળ :
શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિવિહાર
મહાપ્રાસાદ ભક્તિનગર
પો. શંખેશ્વર તીર્થ જિ. મહેસાણા
(ઉ. ગુજરાત)

શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર
૩૯, વસંત વિલાસ, ૨ જે માળે
ડો. ડી. ડી. સાઠે માર્ગ, S.V.P. Road.
પ્રાર્થના સમાજ, મુંબઈ-૪૦૦૦૦૪

આયોજક અને નિમંત્રક :
શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિવિહાર જૈન ટ્રસ્ટ

સંસારની પાપમય વિકથાઓના શ્રવણથી રોગી બનેલા તમામ આત્માને સદ્ધર્મની પ્રેરણાના અમીપાન કરાવો.

પાલીતાણા જૈન સાહિત્ય મંદિરમાં પૂ૦ આ૦ શ્રી યશોદેવસુરિજીના દિક્ષાના ૫૮ વર્ષ પુરા થતાં યોજાતો સમારંભ

~~ઉજવણી નિમિત્તે ૧ કરોડનું~~ ધાર્મિક ટ્રસ્ટ રચવા નિર્ણય
રૂા. ૫૮ લાખ ગુરૂદેવના ચરણે અર્પણ કરવાની જાહેરાત

આંતરાષ્ટ્રીય ખ્યાતી પ્રાપ્ત જૈન સમાજના શ્રધ્ધેય, અગ્રણી વદ્વાન આચાર્ય શ્રી યશોદેવસૂરિજી પોતાના શિષ્યો સાથે પાલીતાણા સાહિત્ય મંદિરમાં બિરાજે છે.

તા. ૮-૫-૮૯ના રોજ આચાર્યશ્રીજીની દીક્ષાના ૫૮ વર્ષ પૂરા થતાં હોવાથી સાહિત્ય મંદિરમાં એક સમારંભ યોજાયો હતો. જનતાની સારી સંખ્યામાં ઉપસ્થિતી હતી. પૂજ્ય આચાર્યશ્રીજીનું પ્રારંભમાં પ્રેરક પ્રવચન થયા બાદ જુદા જુદા વક્તાઓએ આ૦ શ્રીજીને અભિનંદન આપી શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે મુંબઇથી આવેલા આચાર્યશ્રીજીના એક ભક્ત શ્રીમંતે ૫૮ વરસની ઉજવણી નિમિતે એક કરોડ રૂપિયાનું ધાર્મિક ટ્રસ્ટ કરવાની અને એ ટ્રસ્ટમાંથી દીક્ષાના અઠ્ઠાવન વર્ષ નિમિત્તે અઠ્ઠાવન લાખ રૂપિયા પૂ૦ ગુરુદેવના ચરણે અર્પણ કરવાની જાહેરાત કરી અને આ જાહેરાતને હર્ષ અને આનંદના અવાજો વચ્ચે વધાવી લેવામાં આવી હતી. તે પછી સંસ્થા તરફથી કુમકુમનો ચાંદલા અને હારતોરાનો વિધિ થયો હતો. આ રકમ ધાર્મિક અને સામાજીક કાર્યોમાં તેમજ આચાર્યશ્રીજીના આઈડીયા મુજબનું વિશિષ્ટ પ્રકારના પ્રદર્શનની યોજવામાં પણ વાપરવાની દાતારની ભાવના છે.

જૈન સમાજના ઇતિહાસમાં દીક્ષાની તિથિ નિમિતે આવું જંગી દાન કહે છે કે પહેલી જ વાર જાહેર થયું છે. ઉદાર સખાવત જાહેર કરનાર તરફથી પાલીતાણાના ૨૦૦ ઘરો માટે અનાજ, કપડાનું દાન આપવાનો પણ નિર્ણય હતો.

આ પ્રસંગે આચાર્યશ્રીજીના બીજા એક શ્રીમંત ભક્ત તરફથી આચાર્યશ્રી હસ્તક ૨૩ તીર્થંકરના કલાત્મક રીતે બહાર પડનારા ચિત્રસંપુટમાં ૧૦ લાખ રૂપિયા આપવાની જાહેરાત પણ થઇ હતી તે ઉપરાંત એક ધર્મશાળા બાંધવા માટે રૂા. ૧૧ લાખનુ દાન એક પરદેશની પાર્ટી તરફથી જાહેર થયું હતું.

'ધાર્મિક શિક્ષણ-સંસ્કાર શિબિર

મુંબઇ-વિલેપાર્લા (પૂર્વ) મધ્યે પૂજ્ય આચાર્ય મ૦શ્રી વિજયદેવસૂરીશ્વરજી મ૦ તથા પૂ૦આ૦મ૦શ્રી વિજયહેમચન્દ્ર-સૂરીશ્વરજી મ૦ ની શુભ નિશ્રામાં વૈશાખ શુદી ૯ ગુરૂવારથી વૈ. વ. ૧ રવિવાર સુધી ૧૧ દિવસની ધાર્મિક શિબિર યોજવામાં આવેલ છે. જેમાં ૧૦ થી ૧૨ વર્ષ સુધીના બાળક-બાળિકાઓને સામેલ કરવામાં આવશે.

બાળકોને પૂ૦ ગણિશ્રી પુંડરીકવિજયજી તથા પૂ૦ મુનિશ્રી ગુણશીલવિજયજી તથા બાલિકાઓને પૂ૦ સાધ્વીશ્રી શ્રી વિજયપ્રભાશ્રીજી તથા પૂ૦ સાધ્વીશ્રી દીપ્તિપ્રજ્ઞાશ્રીજી અભ્યાસ કરાવશે તથા પ્રેરણા આપશે.

શિબિરના બાળક-બાલિકાઓને રોજ જુદા જુદા ભાગ્યશાળીઓ તરફથી અલ્પાહાર તથા પ્રભાવના આપવામાં આવશે. તેમજ છેલ્લા દિવસે પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલાને ઇનામ આપવામાં આવશે.

ઝાડોલી (શિરોહી રાજ.) નગરે ભવ્ય દીક્ષા મહોત્સવ

સિદ્ધાંત મહોદધિ, કર્મ સાહિત્ય નિષ્ણાંત, શાસન શિરતાજ સ્વ. ૫૦પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન પ્રવચન પ્રભાવક ૫૦ પૂ૦ ગણિવર્ય શ્રી કુલચન્દ્ર-વિજયજી મ૦સ૦ આદિની શુભ નિશ્રામાં અ. સૌ. સુશીલાબેન ધર્મપત્ની નગીનલાલજી ભાઇચંદજી વીરવાડાવાલા તથા બાલ બ્રહ્મચારીણી અલકાકુમારી સુપુત્રી ધરમચંદજી ડાસુજીની ભવ્ય દીક્ષા વૈશાખ સુદ ૩ના ભવ્ય રીતે થયેલ છે. શ્રી ઝાડોલી જૈન સંઘ તરફથી જિનભક્તિ નવાન્હિકા મહોત્સવ તથા સવાર સાંજ બન્ને ટાઇમના સાધર્મિક વાત્સલ્યનો લાભ લેવાયેલ. વૈશાખ સુદ ૩ તા. ૮-૫-૮૯ના સંયમ માટે બન્ને પુણ્યાત્માએ પ્રસ્થાન કરેલ છે.

ચારીત્ર ધર્મ એ વીર પુરૂષોનો માર્ગ છે. તેને સિંહની જેમ સ્વીકારવો અને પાળવો એ આદર્શ ધર્મ છે.

જૈન યુવાનેતા શ્રી ચંદ્રેશભાઈની કોંગ્રેસ (આઈ)ના મહામંત્રીપદે વરણી

મુંબઈના જૈન અગ્રણી અને યુવાન કાર્યકર્તા શ્રી ચંદ્રેશ વીરવાડીયાની મલબાર હીલ તાલુકા કોંગ્રેસ કમિટી (આઈ) ના મહામંત્રી પદે નિયુકતી થયેલી છે, તેઓ કો-ઓપરેટીવ ક્ષેત્રે અગ્રગણ્ય કાર્યકર્તા છે. અને મહારાષ્ટ્ર સ્ટેટ કન્ઝયુમર્સ કો-ઓપરેટીવ ફેડરેશન લીમીટેડના ડાયરેકટરપદેસેવાઓ આપી રહેલા છે.

શ્રી ચંદ્રેશ વીરવાડીયા જાણીતા કટાર લેખક છે, અને જૈન ધર્મ અંગે તેમના લખાણો ખૂબ જ લોકપ્રીય છે.

મલબાર હીલ તાલુકા કોંગ્રેસ કમિટીના પ્રમુખપદે શ્રી કીશોર કુવાવાલા છે. જ્યારે વાલકેશ્વર, ચોપાટી, ગોવાલીયા ટેંક, તારદેવ. નેપીયન્સી રોડ, પેડર રોડથી મહાલક્ષ્મી વિભાગમાં મહામંત્રી-પદે શ્રી વીરવાડીયાની નિયુકતીથી આનંદની લાગણી ફેલાઈ છે.

મુંબઈ રીજીયોનલ કોંગ્રેસ કમિટી (આઈ)ના પ્રમુખશ્રી મુરલી દેવરા, ધારાસભ્યો શ્રી બી. એ. દેશાઈ, શ્રી લલીત કાપડીયા, મ્યુનીસીપલ કાઉન્સીલરો શ્રી ગુણવંત શેઠ વગેરેએ શ્રી વીરવાડીયાની નિમણુંકને વધાવી લઈ, તેઓ કોંગ્રેસના ધ્યેયને વળગી સેવાઓ સારી રીતે કરશે એવી આશા વ્યક્ત કરી હતી.

શ્રી ચંદ્રેશ વીરવાડીયાએ નાની ઉંમરે સમાજસેવા તેમ જ રાજકીય ક્ષેત્રે કારકીર્દી શરૂ કરી હતી. ફક્ત ૧૨ વર્ષની ઉંમરે કોંગ્રેસ સેવાદળ-બાબુગેનુ નિધિ શિલ્ડ - ભારત વર્ષમાં પ્રથમ આવી મેળવ્યુ હતું. ભરડા ન્યુ હાઈસ્કુલમાં ભણતા સેકટી સ્કોવડના પ્રથમ લીડર હતા. અને મુંબઈમાં રસ્તા પરના ટ્રાફીક માટે જી.પી.ઓ. પર સૌથી પ્રથમ શરૂઆત કરી હતી.

ગુજરાત, મહારાષ્ટ્રના તોફાનોમાં ગુજરાતીઓને અને જૈનોને તોફાની વીભાગમાંથી બચાવવામાં અગ્રગણ્ય ભાગ ભજવ્યો હતો. તેમ જ ચોપાટી વિભાગમાં થયેલા તોફાનો દરમ્યાન તેમને કપાળે ઈજા થઈ હતી.

ધંધાકીય ક્ષેત્રે ઉમરગાંવમાં ફક્ત ૨૫ વર્ષની નાની ઉંમરે કારખાનું કરીને ઝળહળતી આગેકૂચ કરી છે, ગુજરાત-ઉમરગાંવના ઔદ્યોગીક પ્રશ્નોમાં ખૂબ જ ઊંડો રસ લઈ ઉમરગાંવ ઇન્ડસ્ટ્રીઝ એશોશીએશનના મહામંત્રી તેમજ પ્રમુખ તરીકે સેવાઓ આપેલી છે.

જૈનોએ રાજકારણમાં ભાગ લેવો જોઈએ. અને આજે જ્યારે એક જૈન યુવાન આગે કદમ કરે છે, ત્યારે આચાર્ય ભગવંતો, યુવાન મુનીરાજો અને જૈન અગ્રણીઓએ શ્રી ચંદ્રેશ વીરવાડીયાની આગેકૂચને વધાવી લઇ, મકકમ સાથ અને સહકાર આપવો જોઇએ.

બેંગ્લોરમાં કલ્યાણની અહિંસા રેલી

પરમશાસન પ્રભાવક વર્ધમાનતપોનિધિ પૂ૦પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ૦સા૦ના પાવન નિશ્રામાં અત્રે શ્રી સિદ્ધચકપૂજન સહિત પાંચ દિવસીય શ્રી જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ શાનદાર રીતે ઉજવાયો. ચિકપેટ સંઘની વિનંતિથી પૂ૦પાદશ્રી ચૈત્રી ઓળીની આરાધના કરવા પધાર્યા. લગભગ ૪૦૦ આરાધકોએ અને ૨૪ મુનિવરોએ વર્ધમાન આયંબિલ અને નવપદજીની ઓળીની આરાધના કરી. ભગવાન મહાવીર જન્મ કલ્યાણકની ઉજવણી ભવ્ય રીતે ભક્તિભાવથી થયેલ.

પરમ શાસનપ્રભાવક વર્ધમાન તપોનિધિ પૂ૦પાદ આચાર્ય દેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ૦સા૦ના આશીર્વાદપૂર્વક કર્ણાટક અહિંસા સંઘ આદિ અનેક પશુરક્ષાપ્રેમી સંસ્થાઓ દ્વારા બેંગ્લોર જિલ્લાના નર-નારીઓની એક વિશાળ રેલી બેંગ્લોર નજિક આયોજિત કાચરકાનાહલ્લી આધુનિક પશુ કતલખાનાના વિરોધમાં કાઢવામાં આવી. શહેરના અને સમગ્ર જિલ્લાના અનેક રહેવાસીઓની હજારોની સંખ્યામાં હાજરી યુક્ત રેલી શહેરના વિશાળ માર્ગો પર પસાર થઈ કર્ણાટક વિધાનસભા બિલ્ડીંગ નજિક આવી ત્યાં અતિ વિશાળ સભા થઇ. કર્ણાટક સરકારને નૂતન કતલખાના વિરોધનું આવેદન પત્ર અર્પણ કર્યું. પૂ૦ પાદશ્રીની પ્રેરણા-સલાહ સૂચનાથી નૂતન આયોજિત કતલખાના વિરોધનું આંદોલન ઉગ્ર બની રહ્યું છે. ભારતના પશુધનની રક્ષા માટે પશુરક્ષા પ્રેમીઓએ ખૂબ જાગ્રત થવાની તાતી જરૂર છે.

મૈસુર :- તપસ્વી પૂ૦ મુનિરાજશ્રી કનકસુંદરવિજય મ૦સા૦ આદી ઠા. તથા પૂ૦ સાધ્વીશ્રી અનંતકીર્તિશ્રીજી મ૦ આદિની પાવનનિશ્રામાં અત્રે ૧૧ દિવસીય આધ્યાત્મિક શિબિરનુ આયોજન સુંદર રીતે થયુ. પૂ મુનિવરશ્રી દરરોજ પાંચ વિષયો પર યુવાનો અને બાળકોને પ્રવચન આપતા. પૂ૦ સાધ્વી મહારાજોએ અલગ સ્થાને બહેનો તથા કન્યાઓને શિબિર પ્રવચન દ્વારા શુભ સંસ્કાર રેડયા. શિબિરને અંતે પરીક્ષા લેવાઈ અને ઈનામો અપાયા બેનોને આકર્ષણ એટલું બધું થયું કે પૂ૦ સાધ્વીજી મ. ને ચોમાસું મૈસુરમાં કરવા ખૂબ આગ્રહ કરેલ છે.

સર્વ જીવોની સાથે મૈત્રી ભાવ ધારણ કરી સર્વની સાથે યશોચિત વ્યવહાર કરવો એ ધર્મ પ્રત્યેનું પ્રથમ પગથીયું છે.

કૌશામ્બી તીર્થમાં મેળો

ભગવાન મહાવીર સ્વામીના પાંચ માસને પચ્ચીસ દિવસના અભિગ્રહયુક્ત ઉગ્ર તપશ્ચર્યાના સુશ્રાવીકા ચંદનબાળાના શુભ હસ્તે થયેલ પારણાની ભૂમી કૌશામ્બી તીર્થમાં જેઠ વદ (શુદ) ૧૦ના પારણુ થયેલ તેની સ્મૃતિમાં આગામી જેઠ સુદ ૧૦ તા. ૧૩ જુન ૧૯૮૯ના મેળાનું આયોજન શ્રી કૌશામ્બી તીર્થ મેલા સમિતિ (જિ ઇલ્હાબાદ ઉ. પ્ર.) દ્વારા ગોઠવાયેલ છે.

પૂજ્ય પન્યાસ શ્રી પદ્મવિજયજી મ૦ની શુભ નિશ્રામાં ચંદનબાળાના અઠ્ઠમની આરાધના તા. ૧૦, ૧૧, ૧૨ જુનના ગોઠવાશે. ...જ જ્ઞાનગોષ્ટી, કવિ સંમેલન વિ. પણ યોજાશે.

જૈસલમેર પંચતીર્થીની યાત્રાર્થે પધારો

પશ્ચિમી રાજસ્થાનમાં આવેલ જૈસલમેર પંચતીર્થી પોતાની પ્રાચીનતા, કલાત્મકતા અને ભવ્યતા માટે જગપ્રસિદ્ધ છે. જૈસલમેર પંચતીર્થીના અન્તર્ગત જૈસલમેર દુર્ગ, અમરસાગર, લૌદ્રવપુર, બ્રહ્મસર અને પોકરણ સ્થિત જિનાલયોમાં બધા મળી ૬૬૦૦થી વધુ જિનપ્રતિમાજીઓ બિરાજમાન છે.

જૈસલમેરની વિખ્યાત વિશેષતાઓ : (૧) ભવ્ય, કલાત્મક અને પ્રાચિન જિનાલયો. પન્ના અને સ્ફટિકની પ્રતિમાઓ. (૨) ખરતરગચ્છી શ્રી જિનભદ્રસુરિ જ્ઞાનભંડારમાં સંગ્રહિત તાડપત્રીય અને હસ્તલિખિત ગ્રંથો. (૩) દાદાગુરુદેવ શ્રીજિનદત્તસુરિજી મહારાજની ૮૩૦ વર્ષ પ્રાચીન ચાદર અને ચોલપટ્ટા, જે તેઓના અગ્નિસંસ્કાર પછી પણ સુરક્ષિત રહ્યા છે. (૪) અનેક દાદાવાડી, ઉપાશ્રય, અધિષ્ઠાયક દેવસ્થાન અને પટુઆ શેઠોની કલાત્મક હવેલીઓ. (૫) લૌદ્રવપુરના ચમત્કારીક અધિષ્ઠાયકદેવ જેમના દર્શન ભાગ્યશાળીઓને અવારનવાર પ્રાપ્ત થાય છે.

આવાસ પ્રબંધ : યાત્રિકો અને શ્રીસંઘોને ઉતરવા ઉચિત પ્રબંધ છે. મરુભુમિમાં હોવા છતાં પાણી અને વિજળીની પુરી વ્યવસ્થા છે. દાનવીરોના સહયોગથી ભોજનશાળા ચાલુ છે.

યાતાયાતના સાધન : જૈસલમેર આવવા માટે જોધપુર મુખ્ય કેન્દ્ર છે. તે ભારતના જુદા જુદા માર્ગોથી યાતાયાતના સાધનોથી જોડાયેલ છે જોધપુરથી દિવસમાં એકવાર બસ અને રાત્રે ને સવારે બે વાર ટ્રેઈન જૈસલમેર આવે છે. આ ઉપરાંત જયપુર અને બીકાનેરથી પણ સીધી બસો જૈસલમેર આવે છે.

જૈસલમેર પંચતીર્થીનાં દુર્ગ તથા અમરસાગર સ્થિત જિન-મંદિરોના જીર્ણોદ્ધારનું કામ ચાલુ છે.

શ્રી જૈસલમેર લોદ્રવપુર પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર ટ્રસ્ટ

ગ્રામ : જૈ૦ ટ્રસ્ટ **જૈસલમેર** ફોન ૨૩૩૦૩૪૫૦૦૧ (૨૪૦૪રાજસ્થાન)

પાલીતાણા-શ્રી લાભુભાઇનું દુઃખદ અવસાન

પાલીતાણાની જુદી જુદી ધર્મશાળાઓમાં ૪૦ વર્ષથી સેવા અર્પતા શ્રી લાભુભાઈ નારશીંગભાઇ બ્રહ્મભટ્ટનું દુઃખદ અવસાન થતાં પાલીતાણા જૈન ધર્મશાળા મંડળ દ્વારા શોક સભા મળતા ઘણું જ ઊંડા દુઃખની લાગણી વ્યક્ત કરેલ.

તેઓશ્રીએ શ્રી નરશી કેશવજી તથા શ્રી ખુશી દેવરાજ જૈન ધર્મશાળામાં મેનેજર તરીકે સેવા બજાવેલ. તેમની નોકરી દરમ્યાન યાત્રાળુ-બંધુઓની ઘણી જ ચાહના અને આદર પ્રાપ્ત કરેલ હતો. તેમજ તેઓશ્રી ધર્મપરાયણ-માયાળુ અને મળતાવડા સ્વભાવના હોઈ તેમની ખોટ તેમના પરીવાર તથા ચાહક યાત્રીકોને વર્તાતી રહેશે.

શ્રી કરેડા પાર્શ્વનાથજી તીર્થની

[રેલ્વે સ્ટેશન ભુપાલસાગર (જિ. ચિત્તોડગઢ, રાજસ્થાન)]

યાત્રાર્થે અવશ્ય પધારો

આ મંદિરનું નિર્માણ આચાર્ય ધર્મઘોષસુરિજી મ. ના ઉપદેશથી માંડવગઢના મહામંત્રી સંઘપતિ પેથડશાહ દ્વારા સં. ૧૩૨૧ માં કરવામાં આવ્યું અને તેના શિખર પર સાત ખંડનું ભવ્યમંદિર શ્રી પેથડશાહના પુત્ર ઝાંઝણકુમારે સં. ૧૩૪૦માં નિર્માણ કર્યું, જેનું સુકૃત સાગર તરંગ આઠમાં વર્ણન છે.

તેનો હાલમાં શ્રી શંખેશ્વર – ભોયણી તીર્થ દ્વારા રૂપિયા ૧૨,૫૦,૦૦૦/- ખર્ચ કરી જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે અને બાવન દેરીઓમાં શ્રી પાર્શ્વપ્રભુની પ્રતિમા વિભિન્ન તીર્થોના નામથી બિરાજમાન કરવામાં આવી છે મુલનાયક ભગવાનની પ્રાચીન, અત્યંત મનોહારી, ચમત્કારી, શ્યામવર્ણિય પ્રતિમાજીના નિર્મલ ભાવથી દર્શન કરી પુણ્યોપાર્જન કરો.

અમદાવાદથી ઉદયપુર, ચિત્તોડ રેલ્વે માર્ગ પર ભુપાલસાગર નામના સ્ટેશનથી ૩ ફર્લાંગ દુર આ તીર્થ આવેલ છે. બસોની પણ સુવિધા ઉપલબ્ધ છે.

આ તીર્થની યાત્રા સાથે જ મેવાડની પંચ તીર્થીના દર્શનના પણ લાભ મળશે. આ તીર્થોમાં શ્રી દયાલશાહના કિલ્લા નામનું તીર્થ જે રાજસમન્દ-કંકરોલીની મધ્યમાં છે. લગભગ ૨૫૦ પગથિયાથી આ તીર્થ 'મેવાડ શેત્રુંજય' નામથી પણ પ્રસિદ્ધ છે.

આ બંને તીર્થો પર આધુનિક સુવિધાઓથી સુસજ્જિત વિશાલ ધર્મશાળા તથા ભોજનશાળાની સુવ્યવસ્થા છે.

લિ. કરેડા પાર્શ્વનાથ તીર્થ કમિટિ

ભુપાલસાગર (રાજસ્થાન) [ફોન નં. ૩]

'જૈન'ના ગ્રાહકોને લવાજમ મોકલાવવા પરીપત્રો M.O. ફોર્મ સાથે મોકલાવેલ હોઈ લવાજમ વહેલાસર મોકલાવશો.



પાળિયાદમાં ઐતિહાસીક મહોત્સવ

પરમ પૂજ્ય શાસન પ્રભાવક આચાર્યદેવશ્રી વિજયહેમપ્રભસૂરીશ્વરજી મ૦ સા૦ ની પાવન નિશ્રામાં પરમ પૂજ્ય યોગનિષ્ઠ આચાર્યદેવશ્રી વિજયકેસરસૂરીશ્વરજી મ૦ સા૦ ની જન્મભૂમિ પાળિયાદમાં ઉજવાયેલ યાદગાર મહોત્સવ



વડોદરામાં પ્રતિષ્ઠા મહોત્સવ

પૂજ્ય યોગનિષ્ટ આચાર્યદેવશ્રીના જન્મવડે પાવન બનેલ પાળીયાદ નગરના શ્રી શાન્તિનાથ જિનાલયના ૮૧મી વર્ષગાંઠ નિમિત્તે પાળીયાદના જ વતની અને પૂજ્યશ્રીના સમુદાયના પ્રવર્તિની સાધ્વીજીશ્રી મણીશ્રીજી મ૦ સા૦ ના શિષ્યા સાધ્વીજી સુર્યપ્રભાશ્રીજી મ૦ સા૦ ની ૪૪ વર્ષના સંયમ પર્યાયની અનુમોદનાર્થે તેમની જ પાવન પ્રેરણા, ઉપદેશથી અત્રે ચૈત્ર વદ ૧૪ થી વૈશાખ સુદ ૩ સુધી પંચાન્હિકા મહોત્સવ આંત્યતિક ઉલ્લાસ, ઉમંગના વાતાવરણમાં ઉજવાયો હતો. શ્રી સંઘની અતિ આગ્રહભરી વિનંતિથી મહોત્સવમાં પાવનકારી શુભ નિશ્રા આપવા માટે પરમ પૂજ્ય યોગનિષ્ઠ આચાર્યશ્રીના સમુદાયના વર્તમાન ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી વિજયહેમપ્રભસૂરીશ્વરજી મ૦સા૦શ્રી અજારા તીર્થે આચાર્ય પદવીના ચતુર્થ પ્રસ્થાનની આરાધના સંપન્ન કરીને, શ્રી ઉના સંઘને પણ ૧૦ દિવસનો અપૂર્વ લાભ અને ઉના દેરાસરની વર્ષગાંઠ , મહોત્સવ ઉજવીને પ્રભાસ-પાટણ વેરાવળ તથા શ્રી જુનાગઢ તીર્થની યાત્રા ચૈત્રી પુનમના દિવસે ઉલ્લાસપૂર્વક કરીને પોતાના શિષ્ય, પ્રશિષ્યાદિ પરિવાર સાથે અત્રે પધારતાં શ્રી સંઘના આનંદ. ઉમંગ, ઉત્સાહમાં અનેરી વૃદ્ધિ થઇ હતી. પૂજ્યશ્રીનો ભવ્ય પ્રવેશ મહોત્સવ ચૈત્ર વદ ૧૩ના દિવસે બોરસદથી આવેલ બેન્ડ વડે ભવ્ય સાયા સમૌથે થયો હતો.

મહોત્સવમાં પાંચે દિવસે પૂજ્યશ્રીના હૃદયસ્પર્શી, વૈરાગ્યવાહક પ્રવચનોથી શ્રોતા વર્ગમાં ભાવનાની હેલી જાગી હતી. મહોત્સવમાં રોજ બન્ને ટાઇમ નવકારશી જમણ, દેરાવાસી–સ્થાનકવાસી સંઘનું સાથે હોવાથી અને પાળીયાદના વતની બહારગામ વસતા કુટુંબો તેમજ આજુબાજુના ગામોથી ઘણી જ મોટી સંખ્યામાં મહેમાનો આવેલા હોવાથી પાળીયાદ જેવા ૪૦ થી ૫૦ ઘરની વસ્તીના ગામમાં દરરોજ પંદરસોથી બે હજાર ભાવીકો નવકારશી જમણમાં લાભ લેતા હતા. મહોત્સવ દરમ્યાન સાધ્વીજી સુર્યપ્રભાશ્રીજી તથા તેમના શિષ્યા હર્ષપ્રભાશ્રીજીના ઉપદેશથી ૨૧ છોડનું ઉદ્યાપન તેમજ તેમના ઉપદેશથી જિર્ણોદ્ધાર પામેલ નૂતન ઉપાશ્રયનું ઉદ્‌ઘાટન વિધિ થયો હતો.

સોનામાં સુગંધની જેમ વૈશાખ સુદ ૩ના દિવસે શ્રી શાન્તિનાથ જિનાલયની વર્ષગાંઠ, નૂતન ઉપાશ્રયનું ઉદ્‌ઘાટન અને પૂ૦ મુનિશ્રી મલયચંદ્રવિજયજી મ૦સા૦ના શિષ્યરત્ન મુનિશ્રી રત્નપ્રભવિજયજી મ૦સા૦ની વડીદિક્ષા પણ તે જ દિવસે ઉજવાઈ હતી.

પાળીયાદથી પૂજય શ્રી આચાર્યદેવ વિજયહેમપ્રભસૂરિશ્વરજી મ૦ સા૦ આદિ વડોદરા–ફતેપુરા–પારસ–સોસાયટીમાં બંધાયેલ શ્રી શીતલનાથ જિનાલયની પ્રતિષ્ઠા પ્રસંગે પધારવા માટે વિહાર કરીને લગભગ વૈશાખ સુદ ૧૪ના પહોંચશે અને સુદ ૧૫ના દિવસે પૂજ્યશ્રીનો પારસ સોસાયટીમાં પ્રવેશ થશે. પ્રતિષ્ઠા મહોત્સવ વૈશાખ વદ ૬ના દિવસે ઉજવાશે. ત્યારબાદ વૈશાખ વદ ૧૦ની આમપાસ વિહાર કરીને જેઠ સુદ ૫ની આસપાસ અમદાવાદ, નવરંગપુરા શ્રી વિજયચંદ્રસૂરીશ્વરજી જ્ઞાનમંદિર પહોંચવાની ભાવના છે.

અમદાવાદથી જેઠ વદમાં વિહાર કરીને ચાતુર્માસાર્થે શ્રી ગિરિવિહાર પાલીતાણા અષાઢ સુદ ૫, ૬ની આસપાસ પ્રાયઃ પ્રવેશ થશે.

બાડકુમ્મદ (ઉજ્જન–મ.પ્ર.) :– નગરે નૂતન જિનાલયે શ્રી વિમલનાથ સ્વામી આદિ જિનબિમ્બોનો પ્રવેશ પ્રસંગ પૂજ્ય પંન્યાસ શ્રી અભ્યુદયસાગરજીના શિષ્યો મુનિરાજ શ્રી જિનરત્નસાગરજી આદિની શુભ નિશ્રામાં વૈશાખ સુદ–૧૩ન ભવ્ય ભાવોપૂર્વક થયેલ છે.

આકાશની જેમ તૃષ્ણાનો છેડો નથી. તેમ લોભનો ખાડો કદી પૂરાતો જ નથી. તે માટે તો સંતોષ એ જ ઉપાય છે.

Regd No.BV. G. 20
JAIN OFFICE : P. Box No. 175
BHAVNAGAR-364001 (Gujarat)
Tele. O. C/o. 29919 R. 25859

જૈન

આજીવન સભ્ય ફી : રૂા. ૫૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૫૦/-
જાહેરાત એક પેજના : રૂા. ૭૦૦/-

સ્વ. તંત્રી : ગુલાબચંદ દેવચંદ શેઠ
તંત્રી-મુદ્રક-પ્રકાશક-માલીક :
મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
જૈન ઓફીસ, પો. બો. નં. ૧૭૫, દાણાપીઠ, ભાવનગર.

'જૈન' વર્ષ ૮૬
અંક : ૨૦

વીર સં. ૨૫૧૫ : વિ સં. ૨૦૪૫ વૈશા વદ ૬
તા. ૨૬ મે ૧૯૮૯ શુક્રવાર
મુદ્રણ સ્થાન : શ્રી જૈન પ્રિન્ટી
દાણાપીઠ પાછળ, ભાવનગર-૩૬૪ ૦૦૧

સાહિત્યક્ષેત્રે આપણે કયાં ?

પુસ્તકો અને સાહિત્ય એ મનુષ્યનો એવો મિત્ર ગણાય છે, જે દિવસે અને રાત્રે ચોવીસે કલાક મનુષ્યની સાથે રહી શકે. તેને તમો ગમે ત્યારે છોડી દો, તેનો સાથ છોડી દો તો તેને ખોટું લાગતું નથી, અધીં રાત્રે તમો તેનો સાથ શોધો તો તે સાથ આપવા તૈયાર રહે છે. તેને 'એવરરેડી' કોઇ પણ પળે સાથ આપે તેવો મિત્ર ગણી શકાય. પુસ્તકો અને સાહિત્ય ઘણા પ્રકારનું હોય છે કેટલુંક સાહિત્ય અથવા પુસ્તકો મનોરંજન કરનારા હોય છે, કેટલાક ઐતિહાસિક હોય છે, કેટલાક સામાજિક હોય છે તો કેટલાક પુસ્તકો ધર્મ અને તત્ત્વજ્ઞાનના હોય છે અનુભવી પુરૂષોએ ધર્મને જ સાચો મિત્ર કહ્યો છે; કારણ બધા મિત્રો સાથ છોડી દે, પણ ધર્મ ખરે વખતે મદદગાર થાય છે. તેમજ ધાર્મિક સાહિત્ય અથવા પુસ્તકો પણ અશાંતિમાં શાંતિ આપનાર, અથવા માર્ગદર્શન આપનાર બને છે, છતાં મનુષ્યને તેની રૂચી ઓછી હોય છે. પરિણામે ધાર્મિક સાહિત્યનો ફેલાવો સ્વાભાવિક રીતે ઓછો થાય છે.

આપણા જૈન (ધર્મના) પુસ્તકો અને સાહિત્ય ઉચ્ચ પ્રકારનું ગણાય, છતાં સમાજને તેની જોઇએ તેવી કિંમત સમજાતી નથી. તેમાં યે સ્થાનકવાસી સંપ્રદાય જેને બીજા ખર્ચા ઓછા છે, તે સાહિત્ય ક્ષેત્રે સારૂં અનુદાન કરી શકે તેમ છે, પરંતુ તેમાં સાહિત્યની ભૂખ ખુબ ઓછી છે. થોડું ઘણું સાહિત્ય બહાર પડે છે તે કઇ રીતે પ્રકાશિત થાય છે અને પ્રચાર પામે છે તે જોઇએ વિચારીએ તો ખ્યાલ આવશે. કેટલાક લોકો પોતાના ગુરૂની

(અનુસંધાન પાના ૧૯૫ ઉપર)

તીર્થોના ઝગડા ઉભા ન થાય તે મા શું ?

(૧) જૈનોના એક સંપ્રદાયનું તીર્થ મંદીર હોય તેની નજીક મંદીર કે તીર્થ જૈનોના બીજા સંપ્રદાયે ઉભુ કરવું પરિણામ જોતાં હદના તથા અન્ય ઝગડા નોતરવા જેવું છે અરે મારૂં તો એવું જ માનવું છે કે અજૈન મંદીર કે તીર્થ જોડે ન તીર્થ કે મંદીર ઉભુ નહીં કરવું જેથી ધર્મના નામે ઝગડા અધર્મ ન થાય. લોકોને ધર્મ પ્રત્યે અરૂચિ ન થાય. આ વાત પ્ચાર દ્વારા દરેકને સમજાવવા જેવી છે જેથી કોઇ આવું કૃત્ય કરે જ નહીં અને કોમી કે સંપ્રદાયિક ઝગડા ભવિષ્યમાં મંદીરની માલીકી માટે થાય જ નહીં.

(૨) જેનું દેરાસર કે તીર્થ છે તેની માલિકીના કાયમી પુરાવા માટે જૈન તીર્થ ઇતિહાસ સચિત્ર દળદાળ અંકો પ્રગટ થવા જ જોઇએ, જેમાં નીચેની વિગતોનો ખાસ ઉલ્લેખ થવો જ જોઈએ.

મુળનાયક પ્રતિમાજી કયાં ? કુલ કઇ કેટલી પ્રતિમા છે ? શું દાગીના છે? પ્રતિમાજીનું સચિત્ર સંપૂર્ણ વર્ણન. તેની તિષ્ઠા કયા પૂજ્યશ્રીએ કયારે કરાવેલ ? કયાં જૈન સંઘ-વ્યક્તિએ આયોજન કરેલ ? વહીવટકર્તા ટ્રસ્ટીઓ અને તેનાં સરનામાં તીર્થમાં સુવિધા, મિલ્કત, જગ્યાનું વર્ણન. આથી કયારે પણ તીર્થમાં કંઇ ભ્રષ્ટાચાર ચાલતો હોય તો ટ્રસ્ટીઓને યાત્રાળુઓ જણાવી કે. તેમજ કોઇ ચીજ વસ્તુ, દાગીનો, પ્રતિમાજી ચોરાયાં હોય તો ખ્યાલ આવે અને કયાંય ચોરાયેલ વસ્તુ પકડાઇ હોય તો તે મેળવવામાં સરળતા રહે. દરેક ચીજ વસ્તુ ઉપર ઉંડુ કોતરેલ નામ હશે તો ઇરાદા પૂર્વક સજ્જનો તે વસ્તુ લેશે નહીં.

(૩) તીર્થ રક્ષા માટે પોતાના ધર્મ-શાસન સંપ્ાય, પ્રણા-

લિકોને વફાદાર, કાયદાના નિષ્ણાંત, તન, મન, ધન, સમયનો ભોગ આપે તેવા સેવાભાવી ટ્રસ્ટીઓ હોવા જોઈએ. સ્વભાવે સરળ, પ્રમાણીક અને પાપનો ડર હોય તેવા હોવા જોઈએ.

(૪) તીર્થમાં ઝગડા ઊભા ન થાય તે માટે તીર્થની તમામ માલિકીની જગ્યાની ચારે બાજુ પાકો મોટો ઊંચો ઉપર લોખંડના ઊભા ભાલાવાળો ગઢ કરાવવો જોઈએ. જેથી તીર્થની માલ-મિલ્કત અને યાત્રાળુઓના જાન-માલમિલ્કતની સલામતી રહે, બેનોની ઇજ્જત જળવાય, તીર્થમાં અસમાજિક તત્વો આવી રંજાડે, ભાંગફોડ, તોફાનો, ચોરી, લૂટ, દાદાગીરી કરી શકે નહીં.

(૫) દેરાસર-તીર્થના રક્ષણ-વિકાસ-આવક પવિત્રતા ખાતર તેમજ આત્મ કલ્યાણ માટે પ્રભુભક્તિ માટે, જૈન સંસ્કાર અને જૈન સંસ્કૃતિના રક્ષણ માટે, જૈન બાળકોમાં ખુમારી ટકાવવા, આરાધના માટે તમામ તીર્થોમાં યાત્રાળુઓના અવર જવર રહે માટે જૈન પાઠશાળા-જૈન છાત્રાલયો, વૃદ્ધાશ્રમો, જૈનબાળાશ્રમો, પૂજ્યો માટે આશ્રમો, સંયમ તાલિમ શાળાઓ, તપોવન જેવી સંસ્થાઓ ઊભી કરવી જોઇએ.

(૬) યાત્રાળુઓની અવર જવર વધે માટે વધુમાં વધુ સસ્તી સુવિધાઓ સારમાં સારી રહેવા, જમવા, ધર્મધ્યાન માટેની સગવડો પુરી પાડવી જોઈએ.

(૭) ચારે બાજુ વાહનોથી, પાકા રોડોથી તીર્થોને સાંધવા અને વધુ બસેની સુવિધાઓ ઊભી કરવા પ્રયત્નો કરવા જોઇએ

(૮) તીર્થોમાં સતત પૂજ્યોના વિહાર કાયમી હાજરી હોવી તીર્થ રક્ષા માટે સૌથી શ્રેષ્ઠ સરળ ઉપાય છે. બીન ખર્ચાળ કાર્ય છે દર વર્ષે દરેક તીર્થમા જૂદા જૂદા સમુદાયના પૂજ્યોનાં ચૌમાસા થાય તો તીર્થો-પેઢીમાં ભ્રષ્ટાચાર આશાતના થાય નહીં.

(૯) દરેક તીર્થોમાં વારાફરતી ઉપધાનતપ, ઓળી. શિબિરો થાય તો તે તીર્થમાં મોટી આવક થાય ભવિષ્યમાં તે તીર્થ કોનુ છે તેના પુરાવા માટે આ બધી જ વિગતો કામ લાગે.

(૧૦) તીર્થની આવક, સગવડ, રક્ષણ માટે બહાર દુકાનો કરી જૈનો મળે તો જૈનોને રહેવા-દુકાન માટે સસ્તા ભાડે જગ્યા અપાય જેથી કાયમી સાધર્મિક ભક્તિ.

(૧૧) તીર્થમાં તેની આજુબાજુ જગ્યા રાખી તીર્થની પવિત્રતા અને સારા વાતાવરણ માટે પ્રભુ પૂજા માટે જરૂરી ફૂલો બાગ હોવા જ જોઈએ જેથી તે ફૂલોની આવક થાય-જીવરક્ષા-તીર્થની આવક, યાત્રાળુઓના સુવિધા માટે ગૌશાળા.

(૧૨) વડલો-પિપળાને હિન્દુ લોકો પવિત્ર માને છે, તે ઝાડ કોઇ કાપે નહીં, ખુબજ ઘટાદાર વિશાળકાયા શીતળછાયા આપતા આ ઝાડ તીર્થની ચારે બાજુ તથા તીર્થના ચારે બાજુના રસ્તાની બંને બાજુ રોપવાં જોઇએ.

(૧૩) તીર્થમાં સારી જૈન લાયબ્રેરી, વાંચનાલય હોવું જોઇએ.

(૧૪) તીર્થનું પ્રવેશ દ્વારા એક જ જ્યાં મોટો લોખંડનો દરવાજો, પેઢી, તીકીયાત હોય.

(૧૫) તીર્થની પવિત્રતા મહત્ત્વ જાળવવું જ હોય તો હવે એક નક્કી કરવું જરૂરી છે. નવાં તીર્થો બનાવવા નહીં, પ્રાચીન તીર્થોનો જિર્ણોદ્ધાર પ્રથમ કરવો.

(૧૬) એક તીર્થમાં અનેક ધર્મશાળા-ઉપાશ્રય-ભોજનશાળા થાય તેમાં તીર્થનો વિકાસ આવક વધે છે, જ્યારે દેરાસર વધે તેમાં વહીવટી ખર્ચ વધે છે, મુળ પ્રતિમાજીનું મહત્ત્વ ઘટે છે, યાત્રાળુઓનું મિલન થવાને બદલે વિસર્જન થાય છે જેથી કોઇ પંચ તીર્થમાં દેરાસરો-પ્રતિમાજી વધારવા કરતાં, નવાં પ્રતિમાજી પધરાવવા કરતાં જૈન ધર્મની પ્રાચીનતા-સંસ્કૃતિના પુરાવા પ્રાચીન ચમત્કારી જૈન પ્રતિમાજી અપૂજ ન રહે તેની આશાતના ન થાય તેની કાળજી લેવામાં આવે તેને યોગ્ય સ્થળે પધરાવવામાં આવે તે જરૂરી છે.

(૧૭) હવે શિક્ષિત મોટા ભાગના વર્ગને ધર્મ પ્રત્યેની શ્રદ્ધા ઘટતી જાય છે, પૂજા કરનાર વર્ગ ઘટતો જાય છે જેથી તીર્થો વધારવા કરતાં પ્રાચીન તીર્થ રક્ષામાં અને તેમાં કંઇક આકર્ષણ ઊભુ કરવામાં કંઇક નવુ આયોજન કરવામાં રસ લેવાની જરૂર છે. જો આ રીતે નહીં થાય તો લાખો રૂપિયાના ખર્ચ, વર્ષોના ભોગે એક નવુ તીર્થ ઊભુ થશે ત્યાં એક જૂનું તીર્થ ગુમાવવું અને તીર્થના નામે ઝગડાનો અંત આવશે નહીં અને આ રીતે થશે તો માનવમાત્રને તારનાર તીર્થ માનવમાત્રને ડુબાડનાર બની જશે, શાન્તિનું ધામ ઝગડા અશાન્તિ અધર્મનું ધામ બની જશે.

(૧૮) જે તીર્થોની નજીક જૈનોની વસ્તી જ ન હોય જ્યાં યાત્રાળુઓની અવરજવર જ થતી ન હોય, જ્યાં અસમાજિક તત્વોનો ત્રાસ હોય તેવાં સ્થળોથી પ્રતિમાજીને યોગ્ય સ્થળે અન્ય કોઇ તીર્થમાં પધરાવી તે જગ્યા કાઢી યોગ્ય રકમ ઊભી કરવી જોઈએ.

(૧૯) તીર્થોની પવિત્રતા-શાન્તિ જાળવવા દરેક યાત્રાળુઓને પ્રવેશતાં જ તેમનું નામ, એડ્રેસ નોંધી પ્રતિજ્ઞાપત્ર ભરાવવું જોઈએ કે અમે જૈન આચાર વિરોધ કોઇજ વર્તન કરીશું નહીં.

રેડીયો, પતાં વિગેરે મોજશોખ, વ્યસની, વ્યભિચારી, જુગારના સાધનો, બીભીત્સ સાહિત્ય. સામાયિકો લઈ જવા ઉપર પ્રતિબંધ.

બીભત્સ-ઊભંટ પોષાક, રાતિ ભોજન, અભક્ષ આહાર ઉપર પ્રતિબંધ. પૂજા, ભક્તિ. ભાવનામાં હાજરી ફરજીયાત.

(૨૦) જે ભગવાન મુળનાયક હોય તેમના કલ્યાણકો વખતે પૂજ્યોની સાનિધ્યમાં મહોત્સવ, ટ્રસ્ટીઓની ફરજીઆત હાજરી, મેળા મિલન જેવું આયોજન. લે. પ્રવીણભાઇ અહેતા

ધૂપ : હું જેમ જલીને દુર્ગંધને પણ સુગંધ કરું છું, તેમ તું પણ દુર્જનને સજ્જન બનાવવાની કોશીશ કરજે.

(અનુસંધાન પાના ૧૯૩નું ચાલુ)

ઇચ્છાથી અથવા પોતાના સ્વજનના નિમિત્તે પુસ્તકો બહાર પાડે છે. તે સગા-સંબંધીઓ મિત્રોમાં વહેંચે છે. તે જેમને મળે છે તેઓ બધા જ વાંચવાની રૂચીવાળા હોતા નથી. ભેટ મળે છે એટલે લે છે, ઉપયોગ થાય પણ ખરો. એજ રીતે મફત પુસ્તકો મોકલવાની જાહેરાતો આવે છે તે વાંચી પોસ્ટકાર્ડ લખી લોકો મંગાવી લે છે. તે વાંચવાની જીજ્ઞાસાવાળા હોય છે તેમ માની લઈએ. કેટલાક પુસ્તકો પડતર કરતાં ઓછી કિંમતે વેચાય તે લેનારની સંખ્યા નીકળે છે. તેવી રીતે બે-પાંચ રૂપીઆની કિંમત સુધીના પુસ્તકો વેચાઇ જાય એટલી પુસ્તક ભુખ જણાય છે. પરંતુ દસ-વીસ-પચ્ચીસ રૂપીઆના ધાર્મિક પુસ્તકો, અભ્યાસ માટે કે વાંચવા માટે લેનારની સંખ્યા ઘણી ઓછી છે. પડતર વીસ-પચ્ચીસની થતાં હોય તો દસેક રૂપીઆમાં મળતું હોય તો તેવા પુસ્તકની માગ રહે છે, છતાં તેની પણ ખરીદી ઓછી રહે છે

એક સાહિત્ય પ્રેમી અને ધાર્મિક સાહિત્ય ક્ષેત્રે જેમણે સારૂ અનુદાન આપેલું છે તેમણે મને જણાવ્યું કે શ્રી ઝાલાવાડ સ્થા. જૈન પત્રિકા, અમદાવાદમાં, પુસ્તકો વિષે જાહેરાત આપ્યા છતાં રૂા. ૫ થી ૧૦ ની કિંમતના પુસ્તકો માટે કોઈ માગ આવી નથી વળી તેમણે જણાવ્યું કે અમુક પુસ્તક મફત મોકલવાની જાહેરાત કરી હતી, જેની કિંમત રૂા. ૮ થી ૧૦ થાય, તેના માટે પુસ્તકો ખલાસ થઇ ગયા હોવા છતાં કાગળો આવ્યા જ કરે છે, આ આપણા પુસ્તકો પ્રત્યેનો અભીગમ બતાવે છે. પુસ્તક અથવા ચોપડી એટલે કાંઇ નહિ એમ લાગે છે. લોકો પાંચ રૂપીઆની સ્ટીલની વાટકી વહેંચશે, પણ પાંચ રૂપીઆનું પુસ્તક નહિ વહેંચે, કારણ લ્હાણી લેનારને પણ પુસ્તકની કિંમત સમજાઈ નથી, તેથી લ્હાણામાં પુસ્તક મળે તો તેનું મહત્વ લાગતુ નથી.

આ બાબતમાં મારો અનુભવ રજુ કરૂં તો અસ્થાને નહિ ગણાય. આપણા સમાજમાં લોકો પુસ્તકોની લ્હાણી પ્રભાવના કરવા તરફ વળ્યા છે પણ તે ઓછી કિંમતની રૂા. ૨ થી ૩ સુધીના પુસ્તકો વહેંચવા માટે માગ રહે છે, તેથી ભારે કિંમતના પુસ્તકો મર્યાદિત પ્રમાણમાં વહેંચે છે. અલબત્ત જેમને સાહિત્ય પ્રચારમાં રસ છે, તેઓ તો ભારે કિંમતના પુસ્તકો પણ મફત વહેંચે છે. આ પ્રવૃત્તિને વેગ આપવા માટે બને તેટલી ઓછી કિંમતની પુસ્તકાઓ પ્રસિદ્ધ કરવી જોઈએ, જેથી બહોળો પ્રચાર થાય. તેની સાથે સાદી ભાષામાં સૌ કોઇને સમજાય તેવું સાહિત્ય બહાર પાડવું જોઇએ. ભગવાન મહાવીરના વચનામૃતોની પુસ્તિકાઓ હજારોની સંખ્યામાં છપાવી. શાળા-કોલેજોમાં વહેંચવી જોઇએ અત્યારે તો પરસ્થિતિ એવી છે કે આપણા બાળકો પણ જૈન ધર્મના સિદ્ધાંતો પુરતા જાણતા નથી. સાહિત્ય કાંઇક આકર્ષક હોવુ જોઇએ, જે વાંચવા યુવકો – બાળકો લલચાય. કોઈ મધ્યસ્થ સંસ્થા આ કામ ઉપાડી લે તો થાય. મુર્તિપુજક સમાજમાં આવું સાહિત્ય ઠીક ઠીક સારા પ્રમાણમાં વર્તમાને પ્રસિદ્ધ થઇ રહ્યું છે, જ્યારે આપણે ત્યાં ઓછું બહાર પડે છે. અલબત આપણા સમાજમાં બાળકો-યુવાનો માટેની પુસ્તિકાઓ લખાઈ છે, પણ તેનો પ્રચાર કયાં છે? તેવી પુસ્તિકાઓ બાળકોને કોણ વહેંચે છે? અત્યારે એક પેંડાની કિંમત થાય તેટલી લગભગ તે પુસ્તિકાની કિંમત હોય છે, છતાં પાઠશાળાઓમાં આવી પુસ્તિકાઓ વહેંચાતી નથી.

સમાજના લોકોનો મને સુખદ અનુભવ પણ થયો છે. ઘણા લોકો પુસ્તકો તો મંગાવે, પણ અગાઉથી કિંમત મોકલે નહિ, મળ્યા પછી મોકલીશું એમ વિચારે. તેવા લોકોને હુ પુસ્તકો તુરત જ મોકલી આપું, અગાઉથી રકમ મોકલી આપે એવો આગ્રહ રાખતો ન હતો, કારણ મારો પુસ્તક પ્રકાશનનો આશય ભગવાન મહાવીર દેવની વાણીનો પ્રચાર છે, નહિ નફે-નહિ નુકશાનના ધોરણે પુસ્તકો પ્રગટ કરી લ્હાણી પ્રભાવના માટે લોકો મંગાવે તો પ્રચાર થાય. તેઓ બધા પુસ્તક મળ્યે તુરત જ પૈસા મોકલતા રહ્યા છે, કોઈએ કિંમત ન મોકલી હોય તેવું બન્યુ નથી. ફક્ત પ્રકાશન કરનારે રોકાણ કરવું જોઈએ. કેટલાક લોકો પુસ્તક મંગાવતી વખતે રકમ મોકલી આપે છે, તેમજ કેટલાક અગાઉથી પણ મોકલી આપે છે તે તેમનો પુસ્તકો જલ્દી મેળવવાનો ઉત્સાહ બતાવે છે.

સમાજને કેવા પ્રકારના સાહિત્યની જરૂર ગણાય તે પર વિચારણા કરીએ. સમાજના જુદી જુદી કક્ષાના લોકોને માટે જુદી જુદી જાતનું સાહિત્ય પ્રસિદ્ધ કરવું જોઈએ. તત્ત્વ તો તેનું તેજ રહે, પણ શૈલીમાં ફેર પડે છે. સોનું તેજ રહે, પણ ઘાટ જુદા બને. અગાઉના ઘાટ અત્યારે લોકોને પસંદ પડે નહિ તેમજ બાળક, યુવાન પ્રૌઢ વૃદ્ધોને માટે જુદા જુદા પ્રકારનું સાહિત્ય જોઈએ. બાળકો માટે સુંદર, કંઇક ચિત્રોવાળા આકર્ષક સાહિત્યની જરૂર ગણાય. યુવાનોને ધર્મના રસિક બનાવવા હોય તો તેમને અનુરૂપ સાહિત્ય બહાર પાડવું જોઇએ. વિદ્વાનોએ આ વિષય ઉપર વિચાર-વિમર્શ કરી કાંઇક ચોક્કસ યોજના કરવી જોઇએ.

છુટા-છવાયા પ્રયત્નો થાય છે, પણ એક મધ્યસ્થ સંસ્થા આ કાર્ય ઉપાડી લે તો યોગ્ય સાહિત્ય બહાર પડે. નાણાંની જરૂરીયાત રોકાણ કરવા માટે શરૂમાં પડે, પછીથી વેચાણમાંથી નાણાં આવતા રહે અને નવા પુસ્તકો છપાતા રહે. આશા રાખીએ કે સાહિત્ય ક્ષેત્રે નક્કર યોજના સાકાર બને.

— ચમનલાલ મણીલાલ શાહ (સાભાર 'જૈન પ્રકાશ')

જેઓ આપીને ભુલી જાય છે અને લઇને યાદ રાખે છે, તેઓ નિરાભીમાની અને પ્રમાણિક જ હોઈ શકે.

શેઠ આણંદજી કલ્યાણજી પેઢી : પાલીતાણાના મેનેજરશ્રી કાન્તીભાઈ શેઠનું

'આત્મમંથન'

૪૪ વર્ષ ટેક્ષટાઇલ મીલોમાં જવાબદારી ભરેલા હોદ્દા ઉપર કામ કર્યા બાદ ૬૨ વર્ષની ઉંમરે નિવૃત્ત થયા બાદ લેશમાત્ર નિવૃત્તી ભોગવ્યા વગર નવી જ પ્રવૃત્તિમાં જોડાઈ ગયો. શેઠ આ. ક. પેઢીનાં મેનેજર તરીકે ૨॥ (અઢી) વર્ષ કુંભારીયાજીમાં રહી, અત્યારે પાલીતાણામાં છેલ્લા બે વર્ષથી છું.

ઉપરોક્ત ૪૪ વર્ષના જીવનથી તદ્દન વિરોધી જીવન જીવી રહેલ છું. જેની કલ્પના કોઈ જ કરી શકે તેમ નથી, ખુદ હું પણ અત્યારે મારી સાચી ઉંમર ૬૭–૬૨ = ૫ વર્ષની છે. ૬૨ બાદ કરવાનું કારણ સંસારીક રીતે છેલ્લામાં છેલ્લી કક્ષાના ભૌતીક સુખો ભોગવવાની સામગ્રી પ્રાપ્ત થતા અભાવ પેદા થયો અને આત્માની સાચી પ્રતિતી થતાં ભવોનું સાચું જ્ઞાન પ્રાપ્ત થયું અને ભવના બંધનો વહેલામાં વહેલા તોડી સિદ્ધગતી પ્રાપ્ત કરવાની તાલાવેલી લાગી અને તે પ્રકારનો દૃઢ સંકલ્પ પણ કર્યો અને તે પૂર્ણ કરવાનો માર્ગ પણ મળી ગયો અને તે માર્ગે જ દિન પ્રતિદિન આગળ વધી રહેલ છું.

ઉપરોક્ત સિદ્ધી પ્રાપ્ત કરવા માટે પ્રથમ તો નિવૃત્તી બાદ દેહ જીનેશ્વર દેવોને સમર્પીત કર્યો જેનો સ્વીકાર કર્યાની ખાત્રી પણ થઇ ગયેલ છે. કરેલ પાપોનો એકરાર ચોધાર આંસુએ રડીને જીનેશ્વર દેવની સન્મુખ કર્યો. જે માફ કર્યાની સચોટ પ્રતિતિ પણ મને થયેલ છે, જેનાથી અહર્નીશ હું મહાન જવાબદારા ભરેલા હોદ્દા ઉપર હોવા છતાં મસ્ત જીવન જીવી રહેલ છું અને સ્વર્ગીય સુખ ભોગવી રહેલ છું. કોઇ પણ પ્રકારના ઉત્પાત વગરની અહર્નીશ હળવાશ અનુભવી રહેલ છું.

ઉપરોક્ત સીદ્ધી પ્રાપ્ત થવાના કારણે નિચે મુજબ છે.

જીનેશ્વર દેવોને દેહ સમર્પીત કર્યા બાદ સુળભુત અનેક બદીઓ અને દુર્ગુણોથી ભરેલો હું સંપૂર્ણપણે નષ્ટ થઈ ગયો. નવું જ સ્વરૂપ પ્રાપ્ત થયું આત્મદર્શી આત્મા સાથે સીધો જ સંબંધ બંધાયો. અજ્ઞાનતાનાં આવરણો બળીને ભસ્મ થઈ ગયાં. જેને કારણે નિર્મળતા આવી. ગુણાનુરાગી બન્યો અને જે કાંઈ સફળતા અને સિદ્ધીઓ પ્રાપ્ત થવા માંડી તેનો સંપૂર્ણ યશ દાદાને જ ફાળે નોંધાવવા માંડયો. દાદાજ મારી મારફતે સંપૂર્ણ સંચાલન કરે છે. તેવો અદ્ભુત ભાવ પેદા થયો. દાદામયજ જીવન બની ગયું અને અહર્નીશ તેમનું જ રટણ કરવા લાગ્યો. પરીણામે દાદાનુંજ રક્ષણ મળતા ખુબજ નિર્ભય, નિડર અને મરણીયો પણ બન્યો. સાંસારીક તમામ ઉપાધીઓમાંથી મુક્ત બન્યો. કસોટી ઉપર કસોટીઓ થવા માંડી અને પાર ઉતરવા માંડ્યો. આત્મદર્શી અને દાદામય જીવન બનતા પ્રભાવશાળી પણ બન્યો અને દરેક પ્રત્યે સદ્ભાવ પેદા થયો અને પ્રેમાળ પણ બન્યો. દરેકને શમદૃષ્ટિથી જોવાની શક્તિ પણ મળી. અને સમ્યકત્વ પ્રાપ્ત થયુ. દિનપ્રતિદિન તેમાં વૃદ્ધી થવા માંડી અને તીર્થને માટે ફના થવાની તાલાવેલી પણ લાગી. દાદાએ મને જે રીતે સ્વીકારેલ છે અને જે રીતે અહર્નીશ રક્ષણ કરે છે, પ્રેરણા આપે છે અને કામ લે છે તે અકલ્પનીય અને અવર્ણનીય છે. જેનાથી હું લચી પડું છું, અહેસાન, ઉપકાર અને કૃપના ભારથી મને કયાં પહોંચાડશે તેની તો હું કલ્પના જ કરી શકતો નથી. ફરિયાદ કરવા રૂપે આવે, સુચનો કરવા રૂપે આવે અગર વાવટ પાડવા ઝઘડા કરવા માટે આવે તેઓની સામે નજર પડતાં જ આપ્તજન બનીને જ છુટા પડે છે. રજુઆત કરતાની સાથે જ ખુલાસા સાંભળી સ્તબ્ધજ બની જાય છે. કોણ આ કરે છે, દેખાય છે તે કાંતિલાલ શેઠ? નાના એ તો ૬૨ વર્ષની ઉંમરે બળીને ખાખ થઈ ગયો. મારા પુરા પુણ્યાનુબંધી પૂણ્યને કારણે મને સ્વર્ગ મળ્યું. પરંતુ સદેહે સ્વર્ગ મળ્યું, ફકત દેહની અંદરની રચના ચુકતે બદલાઇ ગઈ. નાલાયક, ચંચળ, ભટકતા મનની સંપૂર્ણ પાંઠાણ થઇ. તેના કારણે ભુતકાળને ખુબ ખુબ વાગોળ્યો અને ઉપર સંપૂર્ણ તીરસ્કાર છુટી ગયો અને ત્યાગ અને બલીદાનથી તેને સંપૂર્ણ પણે મહાત કર્યો અને તેના ઉપર સંપૂર્ણ કાબુ મેળવી દુષ્ટ, નાલાયક અને અધમ મનને સંપૂર્ણ પણે મારી નાખ્યું. પરીણામ આત્મદર્શી જીવન બની ગયું. અણગારી જેવુ જીવન બની ગયું. હવે ને મસ્તરામ કહી શકાય. ગમે તે પરિસ્થિતિમાં એક ભાવ રહે ... ફીકર વગરનું જીવન ગણી શકાય. વીકટમાં વીકટ પરિસ્થીતીમાં એકજ ભાવ રહેતો હોવાથી વિના વિઘ્ને બહાર નીકળી શકાય અને તે પણ સંપૂર્ણ શાંતિમય રીતે સારૂ નરસુ, મારૂ–તારૂનો ભેદ જ ન નષ્ટ થઇ ગયેલ છે. આવેશ, આવેગ, ઉત્થાત વ. સંપૂર્ણ નષ્ટ થઇ ગયેલ છે. દુનિયા દારીના ... ... અસર જ ... તી નથી અને કરે છે તો ક્ષણીક જ.

અંતમાં આત્મદર્શી જીવન બન્યાં. બાદ આત્મમંથનનો સ્તોત્ર અહર્નીશ વહ્યા કરે છે દીન પ્રતિદીન તેમાં વૃદ્ધિ જ થતી જાય છે. અને તેમાંથી આત્મખોજ ચાલુ થાય છે જે પોતાની ભુલો, નબળાઈઓ અને દુર્ગુણો જોઇને તે નષ્ટ કરવાના સતત પ્રયત્નો ચાલુ રહેતા જીવન સ્ફટીક જેવું નિર્મલ બની જાય છે જે પરિસ્થિતિ આવકાર દાયક છે જે પુણ્યાનુબંધી પુણ્યનો ઉદય હોય તો જ બને છે પ્રયત્નથી ઉપરોક્ત સ્થીતી ગમે તે વારા ... પ્રાપ્ત કરી શકે.

લી. સમર્પીત કાંતીલાલ શેઠ, મેનેજર શેઠ આ. ક. પેઢી, પાલીતાણા

સાધ્વીશ્રી વિચક્ષણશ્રીજીની ૯ મી પુણ્યતિથિની સુરત શહેરમાં થયેલ ઉજવણી.

પ૦ પુ૦ શાસન પ્રભાવક મહિમાપ્રભસાગરજી મ૦ સા૦, પુ૦ લલિતપ્રભસાગરજી મ૦ સા૦, પુ૦ ચંદ્રપ્રભસાગરજી મ૦ સા૦ આદિ તથા વિચક્ષણ જ્યોતિ, સા૦શ્રી ચંદ્રપ્રભા શ્રીજી મ૦ સા. ની પાવન પ્રેરણાથી ભારત પ્રસિદ્ધ જૈન કોકિલા, વિશ્વપ્રેમ પ્રચારિકા સમતાસાધિકા પુ૦ સ્વ૦ પ્રવર્તિની મહોદયા શ્રી વિચક્ષણશ્રીજી મ૦ ની વૈશાખ સુદ ૫ મંગળવાર તા૦ ૯-૫-૮૯ ના નવમી સ્વર્ગારોહણ પુણ્યતિથિ સમારોહના અવસરે ગુણાનુવાદ સભા ભકિત કાર્યક્રમ ભિક્ષુક ભોજન વિગેરે જુદા જુદા કાર્યક્રમો ઘણી ધુમધામ પુર્વક ઉજવાયા

૭૦૦ ભિક્ષુકોને ભોજન કરાવવાનો લાભ બીકાનેર નિવાસી સ્વ૦ શેઠશ્રી સોહનલાલજીના ધર્મપત્ની શ્રી છોટાબાઇએ લીધેલ.

૯ મ. પુણ્યતિથિના ઉપલક્ષમાં શ્રી શીતલવાડી ખરતરગચ્છ સુરત સંઘ તરફથી વર્ધમાન આયંબિલ શાળામાં પુ૦ વિચક્ષણ શ્રી જી મ૦ નુ ચિત્ર તથા રૂા. ૫૦૦૦,- ભેટ કરવામાં આવ્યા.

ભગવાન મહાવીર, જન્મ સ્થળ 'ક્ષત્રિયકુંડ' લછવાડમાં મહાવીર જયંતિની ઉજવણી

ભ૦ મહાવીર જન્મ સ્થળ ક્ષત્રિયકુંડ, લછવાડમાં મહાવીર જયંતીની ઉજવણી હર્ષોલ્લાસપૂર્વક ઉજવવામાં આવી. શ્રીપાલસિંહ બદલીયાએ આ સારાયે કાર્યક્રમનું આયોજન કુશળતાપૂર્વક પાર પાડેલ. સારોયે દિવસ પૂજા, અર્ચના, નવકારમંત્રના જાપ સાથે ગુંજતો રહ્યો.

આ પ્રસંગ નિમિત્તે કરવામાં આવેલ સભાના આયોજનમાં મુખ્ય અતિથિ શ્રી આર. ઈ. બી. કુજુર, પુ૦ મુનિશ્રી વિદ્યાભિક્ષુજી મ૦ સા૦ ના ઉપદેશ અનુસાર ભ૦ મહાવીર સ્વામીના ફોટા સામે દીપ પ્રગટાવી પૂ૦શ્રીએ માંગલિક સંભળાવ્યું.

વ્યવસ્થાપક શ્રી શ્રીપાલસિંહ બદલીયાએ પ્રવચન આપતા જણાવેલ કે ઇતિહાસકારો દ્વારા ભ૦ મહાવીરના બે જન્મ સ્થળો દર્શાવવામ આવ્યા છે તે ભ્રામક જ નહિ પરંતુ અવિવેકપૂર્ણ પણ છે આ બાબતે બોલતા તેમણે જણાવ્યુ કે ભ૦ મહાવીરનું સાચું જન્મસ્થળ ક્ષત્રિયકુંડ લછવાડ જ છે.

આ સ્થળ ઉપર વિવિધ સગવડતાઓની ઉપલબ્ધિ અંગે વિચારણાઓ કરવામા આવી.

પૂ૦ મુનિશ્રી વિદ્યાભીક્ષુજી આદિએ પોતાના સુંદર પ્રવચન દ્વારા ઉપસ્થિત ભાવિકોને પ્રોત્સાહિત કર્યા.

ડો. શ્યામાનંદ પ્રસાદજીના ધન્યવાદ સાથે સભા પૂર્ણ થઈ.

આચાર્યશ્રી ગુણાનંદસૂરીશ્વરજી મ૦ સા૦ નો બેંગલોરમાં અકસ્માતમાં કાળધર્મ

પૂજ્ય આચાર્યદેવશ્રી ગુણાનંદસૂરીશ્વરજી મ૦ સા૦ તારીખ ૨૦-૫-૮૯ના કર્ણાટકમાં બે વર્ષની ચાતુર્માસની મુદત પુરી થતાં મદ્રાસ તરફ વિહાર કરી રહ્યા હતાં. અહિં કૃષ્ણરાજપુરમ નજીક પૂજ્યશ્રીની પાલખી સાથે એક કાર ટકરાઈ પડતા પાલખીમાંથી પૂજ્યશ્રી ફંગોળાઈ જતા તેમના શરીર પર કાર ફરી વળી હતી. અને પૂજ્યશ્રી ઘટનાં સ્થળે જ કાળધર્મ પામ્યા હતા. પૂજ્યશ્રીની પાલખી લઈ જનારાઓને પણ ઈજા પહોંચી હતી.

તેઓશ્રી ૬૫ વર્ષના હતા અને ૪૭ વર્ષના સંયમજીવન દરમ્યાન અનેક યુવાન મુનિઓને ધાર્મિક શિક્ષણનું સિંચન અર્પણ કર્યું હતું.

રોહીડા (રાજ૦) અષ્ટાહ્નિકા મહોત્સવ

પૂ૦ આચાર્યદેવશ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ૦ (ડહેલાવાળા) ના શિષ્યરત્ન પૂજ્ય ગણિવર્યશ્રી વિમલવિજયજી મ૦ સા૦ની શુભ નિશ્રામાં અત્રે જૈન દેરાસરના વિશાળ ઉદ્યાનમાં શ્રી પ્રતાપચંદજી તથા સમરથબેનના આત્મશ્રેયાર્થે ઉજમણું તેમ જ લઘુશાંતિસ્નાત્ર સહ અષ્ટાન્હિકા મહોત્સવનું તા. ૨૪-૫-૮૯થી તા. ૩૧-૫-૮૯ સુધીનું વિવિધ કાર્યક્રમો સહ આયોજન કરવામાં આવેલ છે.

આ પ્રસંગે અન્ય સમુદાયના શ્રમણ-શ્રમણી વર્ગ આદિ ઉપસ્થિત રહેનાર છે. આ સારાયે કાર્યક્રમનો સહયોગ શાહ પુખરાજ પ્રતાપચંદ રોહીડાવાળાએ લીધો છે.

શત્રુંજય તીર્થ નિર્માણ યોજનામાં લાભ લેવા વિનંતી

કલિકુંડ તીર્થ ધોળકામાં ૧૮વીઘા નવીન જમીન સંપાદન કરી ૯૦ હજાર ચો. ફુટના વ્યાસમાં શત્રુંજય ગિરિરાજની રચના થશે. ૪૦ ફુટ ઊંચો પર્વત બનાવી તેના ઉપર ૨૦ જિનાલયો અને પ્રતિમાજીઓ પધરાવવામાં આવશે.

હવે ફક્ત બે જ ટુંકના આદેશ બાકી છે તેમ જ મોતીશા ટુંકની ભમતીમાં ૨૨ દેરીઓ બાકી છે, વહેલો તે પહેલો.

લાભ લેવાની ભાવના હોય તો તાત્કાલિક સંપર્ક સાધવા વિનંતી છે. હવે થોડા જ આદેશો બાકી છે.

શ્રી તેજપાળ વસ્તુપાળ જૈન ચેરીટી ટ્રસ્ટ
કલિકુંડ તીર્થ-ધોળકા-૩૮૭૮૧૦ (જિ. અમદાવાદ)
(ફોન : ૭૩૮ : તાર : કલિકુંડ)

ભુખ્યું પેટ લુખી રોટલીથી ય ભરાઇ રહે, પણ ભુખી નજર આખી દુનિયાની દોલતથી પણ ધરાતી નથી.

ખાર વેસ્ટ (મુંબઈ)માં દીક્ષા તથા અન્ય કલ્યાણકારી કાર્યક્રમોની ભવ્ય ઉજવણી

પૂ૦ શતાવધાની આચાર્યશ્રી વિજયજયાનંદસૂરીશ્વરજી મ૦ સા૦, પૂ૦ આ૦ શ્રી વિજયકનકરત્નસૂરીશ્વરજી મ૦ સા૦, પૂ૦ આ૦ શ્રી વિજયમહાનંદસૂરીશ્વરજી મ૦ સા૦, પૂ૦ આ૦ શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ૦ સા૦, મુનિશ્રી સુબોધવિજયજી મ૦સા૦, ગણિવર્યશ્રી મહાબિલવિજયજી મ૦, ગણિશ્રી પદ્માનંદવિજયજી મ૦, મુનિશ્રી ચંદ્રસેનવિજયજી મ૦ સા૦, મુનિશ્રી જયશેખરવિજયજી મ૦, મુનિશ્રી લલિતસેનવિજયજી મ૦ સા૦ આદિ સાધુ સાધ્વીજી મ૦ સા૦ની વિશાળ ઉપસ્થિત ઉપરાંત દિવ્ય કૃપા દાતા યુગદિવાકર આ૦ શ્રી વિજયધર્મસૂરીજી મ૦ સા૦, આશિષદાતા આચાર્યશ્રી યશોદેવસૂરીશ્વરજી મહારાજ સાહેબ આદિની દિવ્ય કૃપાદષ્ટિપૂર્વક અત્રેના શ્રી મુનિસુવ્રત સ્વામી જૈન દેરાસર ખાર વેસ્ટમાં સંયમાભિલાષી બાલકુમાર ચિ. નિલેષ પ્રકાશચંદ્ર શાહ (વર્ષ-૧૫)ની પારમેશ્વરી દીક્ષા પ્રવજ્યા પ્રદાનના પાવન પ્રસંગે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ. તા.૨૩ એપ્રીલના દીક્ષાર્થીનો વરસીદાનનો વરઘોડો, સન્માન સમારોહ, સાધર્મિક વાત્સલ્ય, અન્ય કાર્યક્રમો સાથે ઉજવણી કરવામાં આવી. તા. ૧-૫-૮૯ના આ અંજનશલાકા પ્રતિષ્ઠા-દીક્ષા મહોત્સવનો પ્રારંભ તા. ૭-૫-૮૯ના દીક્ષાર્થીના રજોહરપાત્ર વસ્ત્રાદિ ઉપકરણોનું છાબમુહુર્ત, સાધર્મિક વાત્સલ્ય, તા. ૯-૫-૮૯ના દીક્ષા કલ્યાણકના ભવ્ય વરઘોડા સાથે ચિ. નિલેષ તથા કુ. ભારતીબેનનો વરસીદાનનો વિવિધ સામગ્રી સહિત શાનદાર વરઘોડો, દીક્ષા કલ્યાણકની ઉજવણી. દીક્ષાર્થીનો સન્માન સમારોહ તા. ૧૦-૫-૮૯ના પંચ કલ્યાણક પૂજા તા. ૧૧-૫-૮૯ના મૂળનાયક આદિ જિનબિમ્બોની પ્રતિષ્ઠા તેમજ પાંચ સાધ્વીજી મહારાજોની વડી દીક્ષાની દિવ્ય વિધિઓ સાથે ભવ્ય કાર્યક્રમો, ભાવનાભર્યા વાતાવરણ વચ્ચે વિશાળ ભાવિકોની ઉપસ્થિતિમાં આનંદમય અને ઉલ્લાસમય કાર્યક્રમો સાથે શાનદાર રીતે ઉજવાયેલ.

સુરત-ગણિપદ તથા પંચાન્હિકા મહોત્સવ

મુનિગણનાયક સ્વાધ્યાય પ્રેમી પૂ૦ આચાર્યશ્રી ચિદાનંદસૂરિશ્વરજી મ૦ સા૦ ની શુભ નિશ્રામાં પૂ૦ મુનિવર્યશ્રી સુયશ મુનિજી મ૦ના ગણિપદ તથા મુનિવર્યશ્રી કીર્તિસેનમુનિજી મ૦ના પ્રવર્તકપદ નિમિત્તે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન સહિત પંચાન્હિકા જિનભકિત મહોત્સવની ઉજવણી તા. ૧૫ થી ૧૯ મે સુધી શ્રી કલ્યાણ પાર્શ્વનાથ જૈન દેરાસરે ભકિતભાવપૂર્વક કરવામાં આવી.

'જૈન' પત્રના ગ્રાહકોને નમ્ર વિનંતી

જે ગ્રાહક બંધુઓએ ચાલુ વર્ષનું લવાજમ ન મોકલ્યું હોય તેમણે રૂા. ૫૦/- M.O. મોકલાવવા વિનંતી.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયને જિનાગમ અને સાહિત્ય પ્રકાશન અર્થે ૧.૫ લાખનું દાન

"આગમ પ્રભાકર પૂ૦ મુનિશ્રી પુણ્યવિજયજી મ૦ સા૦ એ પવિત્ર જિનવાણીસાર જૈન આગમો તેમજ આગમ સાહિત્યનું વ્યાપક મર્મસ્પર્શી અધ્યયન, સંશોધન અને પરિશીલન કર્યું હતું. પંડિતશ્રી દલસુખભાઈ માલવણીયા ભારતીય દર્શનો અને જૈન આગમોના ઊંડા અભ્યાસી છે. બધા મૂળ આગમો શ્રી મહાવીર જૈન વિદ્યાલય તરફથી પ્રકાશીત કરવાની ભાવના આ બન્ને વિદ્વાનો સમક્ષ રજુ કરવામાં આવી, જે તેઓએ સહર્ષ વધાવી અને ઉમળકાભર્યો સહકાર આપવાની તત્પર્તા દર્શાવી. એમણે કરી આપેલ યોજના પ્રમાણે અત્યાર સુધીમાં સત્તર ગ્રંથોનું પ્રકાશન થયું છે."

હાલ આગમ ગ્રંથમાળાનું સંપાદન-સંશોધન કાર્ય પૂ૦ મુનિશ્રી જંબુવિજયજી મ૦ સા૦ સંભાળી રહ્યા છે, પૂ૦ શ્રી ને તાજેતરમાં 'દર્શન પ્રભાવક શ્રુત સ્થવિર' પદવીથી વિભુષિત કરવામાં આવ્યા છે.

આવી શ્રુત જ્ઞાનની ભકિતથી પ્રેરાઈને તાજેતરમાં શ્રી કંચન-કૈલાસ-ભાવ-સાગર શ્રમણ સેવા સંઘ તરફથી વિદ્યાલય દ્વારા જિનાગમ અને સાહિત્યના પ્રકાશન માટે રૂા. ૧,૫૧ ૦૦૦નું દાન એનાયત કરવામાં આવેલ છે.

યાત્રા અર્થે પધારો ને જિર્ણોદ્ધારમાં સહાયક બનો

તપગચ્છ રક્ષક શ્રી માણિભદ્રવિરના આ તિર્થસ્થાન શ્રી આગલોડના વર્તમાન ઉદ્ધારક શ્રીમદ્ વિજયપ્રેમસુરીશ્વરજી મ. સા. ના સમુદાયના અને પુજ્ય આચાર્યશ્રી હિમાચલસુરીશ્વરજી મ. દ્વારા ઘાણેરાવ કીર્તિસ્તંભમાં આચાર્યપદવી વિભુષિત થયેલ પરમયોગી પુજ્ય આચાર્યદેવ શ્રી વિજયઆનંદઘનસૂરીશ્વરજી મહારાજશ્રીની પ્રેરણા અને માર્ગદર્શન મુજબ આ તીર્થના જીર્ણોદ્ધાર થઈ રહેલ છે. તેમજ શ્રી આગલોડ જૈન શ્વે. મુ. પુ. સંઘ તરફથી યાત્રાળુઓ માટે આધુનિક સુવિધાવાળી ધર્મશાળા, ભોજનશાળાની સગવડ કરવામાં આવેલ છે.

આગલોડ આવવા માટે ગુજરાતના મહેસાણા, હિંમતનગર, વિજાપુર, અમદાવાદથી અનેક એસ. ટી. ની બસ મળે છે.

આ તીર્થના દર્શન-જાત્રાનો લાભ લેવા વિનંતી છે.

શ્રી માણીભદ્ર જૈન તીર્થ પેઢી

શ્રી જૈન શ્વેતામ્બર મૂ. પૂ. સંઘ (ફોન : ૩૪)
મુ. આગલોડ (તા. વિજાપુર : જી. મહેસાણા - ઉ. ગુ.)

દુર્ગ (મ. પ્ર.)માં દીક્ષા મહોત્સવની ઉજવણી

ખરતરગચ્છાધિપતી આચાર્યશ્રી જિનઉદયસાગરસૂરીશ્વરજી મ. સા૦, ઉપાધ્યાયશ્રી મહોદયસાગરજી મ૦ સા૦ આદિ ઠા. ૪ની શુભ નિશ્રામાં છત્તીસગઢ રત્નશિરોમણી પૂ૦ શ્રી મનોહરશ્રીજી મ૦ સા૦ પાસે કુ. રૂપલતા મરોટી (સોનકરણ મરોટી)ની ભાગવતી દીક્ષા ગત તા. ૧૭ મેના રોજ ઉજવવામાં આવી હતી. આ પ્રસંગે અભિનંદન સમારોહ તથા ભવ્ય વર્ષીદાનના વરઘોડાનું આયોજન કરવામાં આવેલ.

આ શુભ અવસરે પૂ૦ મનોહરશ્રીજી મ૦, શ્રી કુસુમશ્રીજી મ૦. શ્રી નિપૂણાશ્રીજી મ૦ આદિ ઠા. ૨૧ તથા પૂ૦ રંભાશ્રીજી આદિ ઠા. ૨ ઉપસ્થિત રહ્યા હતા.

દુર્ગ (મ.પ્ર.) છત્તીસગઢ રત્નસિરોમણી વિદુષી સાધ્વીશ્રી મનોહરશ્રીજી આદિ ઠાણા ૧૯નું દસ વર્ષ બાદ કુ. રૂપલતા મરોટીના દીક્ષા મહોત્સવના ઉપલક્ષમાં શુભ આગમન પ્રસંગે ઠાઠમાઠ અને ઉલ્લાસ પૂર્વક ભવ્ય સ્વાગત કરવામાં આવેલ.

પૂ૦ સાધ્વીશ્રીના જનતા ધર્મોપદેશ હેતુ અર્થે અહિંયા પધારવાથી સંઘના આગેવાનો તેમ જ વિવિધ મહાનુભાવો દ્વારા પ્રવચનો આપવામાં આવેલ.

પૂ૦ સાધ્વશ્રી મનોહરશ્રીજી તથા સા૦શ્રી શુભંકરશ્રીજીએ વિદ્વતાપૂર્ણ પ્રવચન આપીને ધર્મ, રાષ્ટ્ર અને સમાજની ઉન્નતિ, વિકાસ તથા અખંડિતતા હેતુના ઉચ્ચ આદર્શોને અપનાવવા ઉપર ભાર મૂકયો હતો.

કોસેલાવ (રાજસ્થાન)માં
શ્રી સુશીલભક્તિ લલિત હર્ષ કન્યા શિક્ષણ શિબિર

અત્રે શ્રી મુનિસુવ્રતસ્વામી જૈન દેરાસર પેઢીના વિશાળ પટાંગણમાં સર્વ પ્રથમવાર કન્યા શિક્ષણ શિબિરનું આયોજન ૫૦પૂ૦ આચાર્યદેવશ્રી નીતિ–હર્ષ–મહેન્દ્ર–મંગલ–અરિહંતસિદ્ધ-સૂરીશ્વરજી મ૦સા૦ના આજ્ઞાવર્તિની પરમ તપોનીધિ પૂ૦ સાધ્વી-શ્રી લલિતપ્રભાશ્રીજી મ૦ સા૦ તથા વિદુષી વાચનાદાત્રી પૂ૦ પૂ૦ સાધ્વીશ્રી હર્ષપ્રભાશ્રીજી મ૦ સાની શુભ નિશ્રામાં આજના ભૌતિકવાદ યુગમાં અજ્ઞાનવશ ગુમરાહ બની યુવાન નારીયોને સંસ્કારમય જીવન બનાવવા શુભ આશયથી કોસેલાવનગરમાં સર્વ પ્રથમવાર ૧૫ દિવસીય પૂર્ણકાલિક 'શ્રી સુશીલ ભક્તિ લલિત હર્ષ કન્યા શિક્ષણ શિબિર'નું તા. ૧૯-૫-૮૯ થી ૨-૬-૮૯ સુધીનું આયોજન કરવામાં આવેલ છે. આ શિબિરમાં ભાગ લેનાર બહેનોને રહેવા, જમવાદિની સગવડતા તેમ જ આવવા-જવાનું ટીકીટ ભાડું નિઃશુલ્ક આપવામાં આવશે.

આગ્રા જૈન સમાજ દ્વારા સાહુ શ્રેયાંસપ્રસાદ જૈનને હાર્દિક વધામણી

જૈન સમાજના વરિષ્ઠ નેતા સાહૂ શ્રેયાંસપ્રસાદ જૈનને ભારત સરકાર દ્વારા પદ્મભુષણના ઇલ્કાબથી અલંકૃત કરવામાં આવ્યા છે. આ પ્રસંગને અનુલક્ષી જૈન સમાજ–આગ્રા દ્વારા તા. ૨૯-૩૦ એપ્રીલના દિ. જૈન મહાસમિતિના સમારોહમાં ભાવપૂર્વક વધામણી આપવામાં આપેલ. નાદુરસ્ત તબિયતના કારણે સાહૂ શ્રેયાંસ પ્રસાદ જૈન ઉપસ્થિત રહી શકયા ન હતા. જુદી જુદી સંસ્થાઓ દ્વારા આવેલ અભિનંદન પત્ર તથા રજતપટ્ટ સાહૂ અશોકકુમાર જૈને સ્વીકારી, વકતાઓની ભાવનાઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

દરેક વકતાઓએ એક સ્વરમાં જણાવ્યું કે સાહૂ શ્રેયાંસપ્રસાદ જૈનનું જીવન જનકલ્યાણ, માનવસેવા અને દેશ માટે સમર્પિત રહ્યું છે. તેઓએ આદર્શ જીવન જીવ્યુ છે. જેના દ્વારા જૈન સમાજનું પણ ગૌરવ વધ્યું છે.

આ સુઅવસરે શ્રી જયકુમાર જૈન, શ્રી વિમલ જૈન તથા સાહૂ અશોકકુમાર જૈનને છદામીલાલ ટ્રસ્ટ દ્વારા ચિત્ર ભેટ રૂપે અર્પણ કરવામાં આવેલ. શ્રી મનોહરલાલ જૈને શીરપુર બટેશ્વર સિદ્ધક્ષેત્રનું ચિત્ર ભેટ કર્યું. શ્રી રતનલાલ જૈન ગંગવાલ, શ્રી પ્રતાપચંદ જૈનાહા, પં. નાથુલાલજી વિગેરે સાહૂ શ્રેયાંસપ્રસાદ જૈનના વ્યકિતત્વ પર પ્રકાશ પાડતા તેમની સેવા–ભાવનાની સરાહના કરી હતી.

દહીસરના આગણે દીક્ષા મહોત્સવ

શ્રી શાંતિનાથ પ્રભુજીની પાવન છાયામાં પૂ૦ શતાવધાની આચાર્યદેવશ્રી વિજયજયાનંદસૂરીશ્વરજી મ૦સા૦ની પૂણ્ય નિશ્રામાં શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથ પ્રભુજી અને શ્રી કલિકુંડ પાર્શ્વનાથ પ્રભુજીની પ્રતિષ્ઠા તથા સંયમાભિલાષિણી બાલકુમારી શ્રી નીમાબેન જયંતિલાલ શાહની પરમપાવની દીક્ષા મહોત્સવ તા. ૨૫-૫-૮૯ના રોજ ઉજવણી કરવામાં આવનાર છે. આજ દિવસે સવારે ૬-૩૫ વાગે પ્રતિષ્ઠા, સવારના ૯-૦૦ કલાકે વર્ષીદાનનો ભવ્ય વરઘોડો અને ૧૦-૦૦ કલાકે દીક્ષા મહોત્સવની ઉજવણી થનાર છે.

આ શુભ પ્રસંગે સાધ્વીશ્રી પ્રિયવંદાશ્રીજી, સા૦શ્રી કુસુમશ્રીજી, સા૦શ્રી મનોરમાશ્રીજી. સા૦શ્રી મૃગેન્દ્રશ્રીજી, સા૦શ્રી વસંતપ્રભાશ્રીજી, સા૦શ્રી યશોધરાશ્રીજી, સા૦શ્રી સુલક્ષણાશ્રીજી, સા૦શ્રી લલીતાંગશ્રીજી, સા૦શ્રી પૂર્ણકલાશ્રીજી, સા૦શ્રી મયૂરકલાશ્રીજી આદિ વિશાળ સાધ્વીગણ શ્રીસંઘની વિનંતીને માન આપી પધારનાર છે.

ક્રોધ એ બીજું કંઇ જ નથી; આપણી અશક્તિનો મોટેથી કરેલો સ્વીકાર છે.

ડભોઇમાં ભાગવતી દીક્ષા

ડભોઇના આંગણે, કુ. મુમુક્ષુ શ્રી ભારતીબેનની ભાગવતીદીક્ષા નિમિત્તે શ્રી ઋષિમંડલાદિ મહાપૂજનાદિ સહ પંચાહ્નિકા શ્રી જિનેન્દ્રભક્તિ મહોત્સવ ખૂબ ઠાઠથી ઉજવાયો હતો.

ચૈત્ર વદ ૧૩ થી વૈશાખ સુદ ૨ સુધી જુદા જુદા ભાવિકો તરફથી પ્રભુજીની પૂજાઓ, ભવ્ય અંગરચનાદિ થયેલ. ચૈત્ર વદ અમાસથી ઋષિમંડલ મહાપૂજન તથા વૈ. સુદ ૧ મે વર્ષિદાનનો ભવ્ય વરઘોડો ચઢયો હતો. વૈ. સુદ ૨ જે પૂ૦આ૦ શ્રી વર્ધમાન સૂરિજી મ૦ સા૦ ની પુણ્ય નિશ્રામાં સવારે શુભ મુહૂર્તે દીક્ષાની શુભ ક્રિયા શરૂ થઈ હતી. દીક્ષા બાદ રાજસ્થાની ભાઇઓ તરફથી નવકારશી થઈ હતી.

મહોત્સવ દરમ્યાન પૂજાઓમાં અત્રેના બેનોના મંડલોએ સુંદર ભક્તિરંગ જમાવ્યો હતો. પૂ૦ સા૦ શ્રી શિવમાલાશ્રીજીના શિષ્યા પૂ૦ સા૦ શ્રી ભવ્યયશાશ્રીજી નૂતન દીક્ષિત થયા હતા.

બુલઢાના (મહારાષ્ટ્ર) તા. ૨૫ ફેબ્રુઆરી-૮૯ના સમગ્ર જૈન સમાજના નવયુવકોની નવગ્રહિત સંસ્થા શ્રી વિનય મિત્ર મંડળ, બુલઢાનાનો સર્વ પ્રથમ નિઃશુલ્ક કાર્યક્રમ શ્રવણ યંત્ર વિતરણ સમારોહ યોજવામાં આવ્યો હતો. જેમાં ૧૩૦ મૂકબધિરોને નિઃશુલ્ક શ્રવણયંત્રો એનાયત કરવામાં આવેલ. આ અવસરે અ. ભા. બધિર સંઘ-દિલ્લીની અધ્યક્ષા શ્રી સુરેન્દ્ર સોની, દૂરદર્શન સમાચાર વાચીકા શ્રીમતી શશીપાલ, શ્રી વિનય મિત્ર મંડલના સચિવ શ્રી દિનેશ મરોઠી આદિ ઉપસ્થિત રહ્યા હતા. શ્રીઘનશ્યામ દાસ ચૌધડાએ આ સમગ્ર સમારોહનું નેતૃત્વ સંભાળી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

જય ત્રિભુવન તીર્થ-નંદાસણ

મહેસાણા કલોલ હાઈવે ઉપર ૧૫ વીઘા નવીન જમીન સંપાદન કરી મનમોહન પાર્શ્વનાથ ભગવાનના પ્રાચીન પ્રતિમાજીથી ઓપતા જય ત્રિભુવન તીર્થનું નિર્માણ થઇ રહ્યું છે, ભોજનશાળા ધર્મશાળા, ભાતાખાતા વિગેરેનું નિર્માણ થઇ ગયું છે. જિનાલયનું નિર્માણ કાર્ય હવે શરૂ થશે.

તીર્થ નિર્માણની અનેક યોજનાઓમાં લાભ લઈ શકાશે, જ્યારે પણ આપ અમદાવાદથી મહેસાણા તરફ જાઓ ત્યારે હાઇવે ઉપર જ આવેલ જય ત્રિભુવય તીર્થના દર્શન કરવાનું ચુકશો નહિ.

-: સંપર્ક સ્થળ :-

બાબુલાલ મગનલાલ શાહ

૧૦૩. સુમંગલ ફ્લેટ, નવરંગપુરા, રસાલા માર્ગ, અમદાવાદ.

ચંદનબાળા કન્યા શિક્ષણ શિબીર-મુંબઇ

પૂ૦ આ૦ શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ૦ સા૦ (કાશીવાળા) ના પ્રશિષ્ય પૂ૦ પૂર્ણાનંદવિજયજી મ૦ સા૦ આદિ તથા જૈનાચાર્યશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ૦ સા૦ના આજ્ઞાવર્તિની તથા આ શિબીરની પ્રણેત્રી પૂ૦ સા૦ શ્રી સૂર્યપ્રભાશ્રીજી, પૂ૦ સા૦ શ્રી દિવ્યપ્રભાશ્રીજી આદિની પાવન નિશ્રામાં ગત તા. ૧૭-૫-૮૯ના 'શ્રી ચંદનબાળા કન્યા શિક્ષણ શિબિર' દ્વાર આ શિબિરનું ઉદ્‌ઘાટન કરવામાં આવેલ.

બલસાણા તીર્થની યાત્રાએ પધારો

(તાલુકો : સાક્રી, જીલ્લો : ધુલીય-મહારાષ્ટ્ર)

બલસાણા ગામમાંથી ૩૧ ઇંચના શ્યામ, મનેહર, સુંદર ૧૫૦૦ વર્ષ પુરાના ચમત્કારી શ્રી વિમલનાથ ભગવાનની મુર્તિ પ્રાપ્ત થઈ છે. નદીઓ અને પહાડોની વચ્ચે કુદરતી સૌંદર્યથી શોભતા કળા કૌશલ્યથી યુક્ત મંદિરોના ખંડેરો પ્રાચીનતાની સાક્ષી આપતા આજે પણ અડોલ ઉભા છે. આથી અતિ પ્રાચીન આ ઐતિહાસીક નગર હશે. અહિયા જૈનોના ૧૦ ઘર છે.

વર્તમાન તપોનિધિ પુજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય-ભુવનભાનુસુરીશ્વરજી મહારાજ તથા પંન્યાસ પ્રવર શ્રી ચંદ્રશેખરવિજયજી મ. સા. ના આશીર્વાદથી તથા મુનિશ્રી વિદ્યાનંદવિજયજી ગણિ મ.સા. ના સક્રિય ઉપદેશથી સ્થાનિક અને અનેક જૈન સંઘોના સહયોગ અને સહકારથી એક ગગનચુંબી જિનાલય નિર્માણ થયું છે. જેની પ્રતિષ્ઠા પ. પુજ્ય આચાર્યશ્રી રાજેન્દ્રસુરીશ્વરજી મ. સા. આદિની નિશ્રામાં મહોત્સવ પુર્વક થઈ છે. પ્રાચીન નયનરમ્ય અલૌકિક ચમત્કારી શ્રી વિમલનાથ ભગવાનના જિનબિંબથી શોભતા નુતન તીર્થના અને બલસાણાની પંચતીર્થી (નેર, ધુધીયા, દોડાઇચા, નંદરબાર, બલસાણા) ના દર્શન કરી પાવન થવા સકલ સંઘને ભાવ ર્યુ આમંત્રણ છે ત્યાંનો સઘળો વહીવટ ધુલીયા જૈન સંઘ સંભાળે છે.

આવવા માટે સુવિધા : સુરત-ધુલીયા હાઇવે પર સાક્રીથી દોડાઇચા રોડથી બલસાણા ૨૫ કિ.મી. ના અંતરે છે. અને દોડાઇચા -શામહાણાથી ૨૫ કિ.મી. અંતરે જુદા જુદા ટાઇમે એસ.ટી. મળે છે.

નુતન તીર્થમાં લાભ લેવા માટે વિનંતી-લખો :

શ્રી ધુલીયા જૈન સંઘ. તેલગલી. ધુલીયા-૪૨૪૦૦૧

સ્વસ્તિક હાર્ડવેર સ્ટોર અને અરિહંત પેઇન્ટસ, આગ્રા રોડ,ધુલીયા

નેમિચંદ શાંતીલાલ ગોપાલદાસ પરિવારના સૌજન્યથી

'પ્રેમ' અઢી અક્ષરના આ મહામંત્રમાં એવી અદ્‌ભુત શક્તિ પડી છે જે આખી દુનિયાને જીતી શકે છે.

Regd. No.BV. G. 20
JAIN OFFICE : P. Box No. 175
BHAVNAGAR-364001 (Gujarat)
Tele. O. C/o. 29919 R. 25869

જાહેરાત એક પેજના : રૂ. ૭૦૦/-
વાર્ષિક લવાજમ : રૂ. ૫૦/-
આજીવન સભ્ય ફી : રૂ. ૫૦૧/-

સ્વ. તંત્રી : ગુલાબચંદ દેવચંદ શેઠ
તંત્રી-મુદ્રક-પ્રકાશક-માલીક :
મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
જૈન ઓફીસ, પો બો. નં. ૧૭૫, દાણાપીઠ, ભાવનગર

'જૈન' વર્ષ ૮૬
અંક : ૨૧

વીર સં. ૨૫૧૫ : વિ.સં. ૨૦૪૫ વૈશાખ વદ ૧૪
તા. ૨ જુન ૧૯૮૯ શુક્રવાર
મુદ્રણ સ્થાન : શ્રી જૈન પ્રિન્ટરી
દાણાપીઠ પાછળ, ભાવનગર-૩૬૪ ૦૦૧

તેજસ્વી તારલો ખરી પડયો–આ.શ્રી ગુણાનંદસૂરીજી મ. સા૦નો કાળધર્મ

બેંગ્લોર : આચાર્યશ્રી વિજયગુણાનંદસૂરીશ્વરજી વૈશાખ શુદ ૧૫ શનિવાર તા. ૨૦–૫–૮૯ના રોજ સવારે છ વાગે નવકાર-મંત્રનું શ્રવણ કરતા કરતાં સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે.

વર્ધમાન તપોનિધિ સર્વહિતચિંતક. પૂ૦પાદ ગચ્છનાયક આચાર્યદેવેશ શ્રીમદ્ વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ આદિનું ચાતુર્માસ મદ્રાસનું નક્કી થતાં બેંગ્લોરથી વિહાર કરી ઠાણા ૩૭ કૃષ્ણરાજપુરમ વૈશાખ સુદ ૧૪ના પહોંચ્યા. સુદ ૧૫ના સવારે એમણે હોસકોય તરફ વિહાર શરૂ કરેલ. એમાં પાંચ કી. મી. બાદ એક નાના પુલ પર આગળથી એક કાર જમણી બાજુ આવતી હતી અને પાછળથી એક કાર ડાબી બાજુ ઝડપથી આવી. અને ડાબી બાજુ દંડે ચાલતી પૂ૦ આ૦શ્રી વિજયગુણાનંદસૂરીશ્વરજી મહારાજની ડોલીને ટક્કર મારીને પૂ૦ આચાર્યશ્રીને ડોલીમાંથી નીચે પછાડી દીધા. મુનિઓનું વૃંદ થોડેક જ પાછળ હતું તે આવી પહોંચી. ત્યાંને ત્યાંજ તરત દ્રવ્યભર્યા ઉપચારો સાથે...'નમો અરિહંતાણં'' પદની ધૂન શરૂ થઈ. વર્ષોથી હાર્ટ-એટેક–થાયરોડ વિગેરે બિમારીવાળા તે મોટરનો એકસીડેન્ટ સહન ન કરી શકતા નવકારમંત્રનું સ્મરણ કરતાં કરતાં સમાધિ-પૂર્વક નશ્વરદેહનો ત્યાગ કરી ગયા. દેહને–બેંગ્લોર લઇ જવામાં આવ્યો. વર્ધમાન તપોનિધિ આચાર્ય આદિ સહુ બધા સાધુઓ બેંગ્લોર ચીકપેટ પાછા ફર્યા. ચીકપેટથી વૈશાખ વદ ૧ના ભવ્ય સ્મશાનયાત્રા નિકળેલ T. V. તથા રેડિયો પરના સમાચારથી હજારો લોકો તેમની સ્મશાન યાત્રામાં જોડાયેલ.

એ ઓ મૂળ નિંદાણી (કર્ણાટક)ના વતની. લીંગાયત જ્ઞાતિના સભ્ય. એમનું નામ ગુરુદપ્પા. પિતાનું નામ શિવબાળપ્પા. ઇ. સ. ૧૯૪૧માં બૃહદ્ મુંબઈ (મહારાષ્ટ્ર)માં ફર્સ્ટ કલાસ ફર્સ્ટથી મેટ્રિક પાસ કરી. સ્વ. પૂ૦ સિદ્ધાંત મહોદધિ આ૦ દેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મ૦ના પ્રથમ દર્શને જ એમના તરફ આકર્ષાયા. સાથે રહી જ્ઞાનાભ્યાસ કર્યો. સંયમ સ્વીકારી મુનિરાજ શ્રી ગુણાનંદવિજયજી બન્યા. તેઓશ્રીએ આગમ અને અન્ય શાસ્ત્રો, પાણિની વ્યાકરણ–મધ્યમ કૌમુદી, ન્યાયદર્શન આદિનો તલસ્પર્શી અભ્યાસ કર્યો. ગ્રહણ આસેવક શિક્ષા પામ્યા. ૧–૧॥ કલાકમાં ૩૦ ગાથા ગોખવાની એમની અજોડ શક્તિ હતી. જ્ઞાનની તન્મયતા એવી કે કેટલીકવાર સવારે ઉઠીને એ કહે કે... મારે ઊંઘમાં–સ્વપ્નમાં ૪ હજાર શ્લોક પ્રમાણ પુનરાવર્તન થઇ ગયું. અધ્યાપન કુશળતા પણ ગજબની હતી. ગહન શાસ્ત્ર પદાર્થ પણ સ્પષ્ટ કરી સમજાવતા. અનેક સાધુ–શ્રાવકને તેઓએ ભણાવ્યા. ઉપમિતિ ભવ પ્રપંચ કથા–ગ્રંથ પર.... યોગશાસ્ત્ર આદિ ગ્રંથ પર તેમની અજોડ માસ્ટરી હતી. બાળકો પર તેમનો અધિક પ્રેમ. તેમને નવકાર મંત્ર વગેરે ભણાવે અને એ રીતે ધર્મપ્રેમ અને વૈરાગ્ય જમાવતા હતા. તેમની દર્શનશુદ્ધિ પણ અજોડ. પૂ૦ ઉપા. યશોવિજયજી તથા પદ્મવિજયજી મ૦ આદિ અનેક કવિઓની પૂજાની ઢાળોનું એ ઓ વારંવાર વાંચન મનન કરતાં.... કરાવતાં.

૪૭ વર્ષના વિશુદ્ધ ચારિત્ર પર્યાયમાં એમણે ગુરુ આજ્ઞા-કારિતા, વિનયભાવ, ગુરુ વફાદારી અને ગુરુ સમર્પણને જીવનનો મંત્ર બનાવેલ. બાલ બ્રહ્મચારી એ ઓ સમગ્રજીવનમાં બ્રહ્મચર્યની નવવાડની બાબતમાં ખૂબ જ યતનાશીલ રહેલા. આટલો મોટો પર્યાય છતાં, પોતે પોતાના ગુરૂદેવ વર્ધમાન તપોનિધિ આચાર્ય દેવેશશ્રીને ગોચરી–પાણી વપરાવવા આ સમુદાયમાં ગોચરી

લબ્ધિધર તરીકેની તેમની છાપ હતી. સાધુઓને-વડીલોને સંયમાનુકુળ દ્રવ્ય એમને અનાયાસમળી જતું.

અમદાવાદ, મુંબઈ, ધૂળિયા, પૂના, દેહૂરોડ, માલેગાંવ, યેવલા, ભદ્રાવતી, બેંગ્લોર, આદિ ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટકના અનેક ગામ નગરોમાં વિહાર કરી સંઘ પર અનેકવિધ ઉપકારો કરેલા. વૃદ્ધ મુનિશ્રી ચંદનવિજયજી મ૦ને પિતાની જેમ સંભાળી વર્ષો સુધી તેમની સેવા કરેલી.

બેંગ્લોર આદિના બેચોમાસા દરમ્યાન બેંગલોર, ટુમકુર, ટીપટુર, ભદ્રાવતી આદિ અનેક સંઘો પર એમના સંયમની સુવાસ પ્રસરેલી. એમની સ્મશાન યાત્રામાં મહારાષ્ટ્ર, ગુજરાત, કર્ણાટક આદિ પ્રદેશોના લોકો દોડી આવ્યા. ચીકપેટથી ૭ કિ.મી. દુર કોરમંગલા પાંજરાપોળમાં એમના દેહને અગ્નિદાહ આપવાનું નક્કી થયેલું. આટલા લાંબા રસ્તા સુધી હજારો શ્રદ્ધાળુઓની સતત ઉપસ્થિતી રહી. ઠેર ઠેર સુધી એમની પાલખીની બાંય ખભે લેવા પડાપડી રહી, આ એમની લોકપ્રિયતા સૂચવી જાય છે. અગ્નિદાહ સ્થળે બોલીઓ રેકર્ડરૂપ થઈ. બેંગ્લોરના કન્નડ, ઈંગ્લીશ છાપાઓ અને દૂરદર્શન આદિમાં આચાર્યશ્રીની અંતિમ સંસ્કાર આદિના સમાચારો પ્રગટ થયેલ. ચૈત્ર વદ રના એમના ગુણાનુવાદની સભામાં વર્ધમાન તપોનિધિ પૂ૦ આચાર્યદેવશ્રી આદિ અનેક વક્તાઓએ ખૂબ સુંદર ગુણાનુવાદ કર્યા. સ્વ. આચાર્યશ્રીને કર્ણાટક સરકાર તરફથી guard of honour (સન્માનની અંજલી) આપવામાં આવેલ.

સ્વ. પૂ૦આ. ગુણાનંદસૂરિ મ.સા.ની ગુણાનુવાદ સભામાંથી

ભારતભરમાં પ્રસિદ્ધ બેંગ્લોરની શ્રી લબ્ધિસૂરિ જૈન પાઠશાળાના અધ્યાપક શ્રી સુરેશભાઈએ કહ્યું કે આજે આપણી વચ્ચેથી એક મહાન આચાર્ય જતા રહ્યાં છે. તેઓ સરળ સ્વભાવી, વિદ્વાન, ગુર્વાજ્ઞાપાલક હતા. જન્મે લિંગાયત તથા જૈન મુનિ દીક્ષા પછી સુંદર જ્ઞાનાભ્યાસ કરી પં. ચંદ્રશેખર વિ મ૦, મુનિશ્રી રત્નસુંદર વિ. મ૦ આદિ મહાત્માઓને ભણાવીને સારી રીતે તૈયાર કર્યા.

શ્રી અશોકભાઈ સંઘવીએ કહ્યું કે, પૂજ્યશ્રી શાસનનું અણમોલ રત્ન હતુ ને ગુરૂ મહારાજના અણમોલ શિષ્ય હતા. બેંગ્લોર પહેલાં આવતાં એકસીડન્ટ થતાં બેંગ્લોર સંઘના મહાન પુણ્યોદયે બચી ગયા પણ આ એકસીડન્ટ થતાં પૂજ્યશ્રીના જીવનનો સૂર્ય અસ્ત થઇ ગયો. આટલી મોટી ઉંમર અને આચાર્ય હોવા છતાં નાનું બાળક મા પાસે જેમ હાથ જોડીને ઉભુ રહે એ જ રીતે ગુરૂ મહારાજ પાસે હાથ જોડીને એ ઉભા રહેતા. નાના બાળકની પાસે નવકાર સાંભળે અને પછી પોતે નવકાર સંભળાવતા.

પારસમલજી રાઠોડે કહ્યું પૂ૦ગુણાનંદસૂરી મ૦સા૦ને જોતાં મને એમ લાગે છે કે. મારા પુત્ર કલ્પેશનો એમની સાથે કોઇ અપૂર્વ ઋણાનુબંધ હશે તે આજે કલ્પેશ બેફાટ રોઈ રહ્યો છે. મારા પિતાશ્રીનું અવસાન થતાં મને જે દુઃખ નહોતું થયું એથી પણ આજે વિશેષ દુઃખ મને પૂ૦ આચાર્યશ્રી જતાં થઈ રહ્યું છે. જે શબ્દમાં વર્ણવી શકતો નથી.

શ્રી ગાંધીનગર જૈન સંઘનાં પ્રમુખ રવિભાઈએ કહ્યું કે, આવા આચાર્ય ભગવંતના ગુણો ગાવાનું તો મારા માટે અશક્ય છે. છેલ્લુ ચોમાસુ તેઓશ્રીએ અમારે ત્યાં કર્યું અને એમનાં જ્ઞાનનો અમને લાભ આપ્યો. ઘણા પામી ગયા,

ઓલ ઇંડિયા બસેશ્વર ગ્રુપ પ્રેસીડન્ટ લિંગાયત સ્વામી દયાનંદજી બોલ્યા કે, હું અંતઃકરણપૂર્વક સ્વામીજીને યાદ કરીને શ્રદ્ધાંજલી અર્પણ કરુ છું. જૈનધર્મના સમ્યક્ચારિત્ર છે એમ હું પણ માનું છું. સ્વામીજી આજે સ્થૂલ દેહે આપણી વચ્ચે નથી પણ સૂક્ષ્મરૂપે તો છે જ.

કર્ણાટક યાત્રિક કતલખાના વિરોધી ફેડરેશનનાં પ્રમુખ મહાદેવી તાઈએ કહ્યું કે, આયુ પૂર્ણ થતાં કોઈ ટકતું નથી. મહાપુરુષનું અકસ્માત મૃત્યુ એ ઘણું દુઃખદાયક છે. મહાપુરુષનું શરીરથી મૃત્યુ થયા બાદ પણ એમનો જે આદર્શ છે તે આપણી સમક્ષ રાખી આચરણમાં મૂકી, એ આદર્શને જીવંત રાખીએ. એમના દર્શનથી હું પ્રભાવીત થઈ હતી.

બાળ મુમુક્ષુ કલ્પેશ રાઠોડ (S.S.C. પાસ) રડતાં રડતાં કહ્યું કે, મારા પર એમનો અપૂર્વ ઉપકાર હતો. છેલ્લા બે વર્ષથી હું એમની સાથે જ રહીને ભણતો. એમની પાસે દીક્ષા લેવાની મારી ભાવના અપૂર્ણ રહી. મને કહેતાં તું દીક્ષા લઇને મોટો આચાર્ય થશે. હવે હું કોની પાસે સૂઈ જઇશ! કોની પાસે ભણીશ....? પ્રતિક્રમણ આદિ બધી ક્રિયા હું તેમની પાસે બેસીને કરતો. દીક્ષાં માટેના મારા અંતરાયો જલ્દીથી તૂટે એવા એમને મારી પ્રાર્થના છે.

પૂ૦ મુનિશ્રી ભુવનસુંદરવિજયજી મ૦રા૦ કહે કે, પૂ૦ શ્રીને કાર અકસ્માત થતાં ડોલીના ટૂકડા થઈ ગયા. અને આપણી વચ્ચેથી ચાલ્યા ગયા. મોતે એમનું શું બગાડયું ? તે તો એમનાં જ્ઞાન-દર્શન-ચારિત્ર સાથે લઈને ગયા. કર્મસત્તાને જે મંજુર હતું તે થયું. ગુર્વાજ્ઞા તહત્તિ કરે તે જ મહાજ્ઞાન-ચારિત્રપાત્ર છે એમ શાસ્ત્રકાર કહે છે. સ્વ. પૂજ્યશ્રીમાં આ અજોડ ગુણ હતો. તેમના ગુણોની સુવાસ અમારા જીવનમાં આવે એ જ ભાવના.

પૂ૦ગુણસુંદર વિજયજી મ૦સા૦ બોલ્યા કે, આકાશમાં સૂર્ય-

ખર્ચ કરતાં વધતી મુડી સંગ્રહી શકાય છે. પણ સમય સંગ્રહી શકાતો નથી. તે તો વપરાય જ છે- માટે વાપરતા વિચાર કરવો.

ચંદ્ર નથી, ઘોર અંધકાર છે તો શું કરવું ? નાનો દીવો કહે છે કે, હું પ્રકાશ આપવા તૈયાર છું. અરિહંત–કેવળી આદિ સૂર્ય–ચંદ્ર અત્યારે અહીં નથી તો આચાર્યો દીપકરૂપ પ્રકાશ આપી રહ્યાં છે. એવા પંચાચારનાં પાલક અને પ્રચારક હતાં. પૂ૦ ગુણાનંદસૂરી મ૦સા૦ ગુરુ વચનને પાસે 'You order and I obay'નાં પ્રિન્સિપલવાળા હતા. શરીરે અસ્વસ્થ હોવા છતાં સૂતા સૂતા પણ પદાર્થોનું ચિંતન કરતાં, ભણાવતા. પૂજાની ઢાળો વાંચીને અનેક પ્રકારના પદાર્થોને સુગમ કરી સમજાવતા. દુનિયામાં કહેવાય છે કે પ્રમોશન મળતું હોય તો ટ્રાન્સફર થવામાં વાંધો નહીં', પૂજ્યશ્રી પણ પ્રમોશન મળતા ટ્રાન્સફર થયા છે....

પૂ૦ ગુણસુંદર વિજયજી મ૦સા૦ કહ્યું કે,

જબાં તક નહીં હમ હિલાને કો કાબિલ
સૂરીશ્વરજી કા હમ કિસ મુંહ ગુણ ગાવે,
કિસી કો નહિ મુંહ દિખાને કો કાબિલ
જબ ઈક ગુન ભી ઉનકા ન અપને મેં પાવે.

એમનાં શું ગુણ ગાઈએ અમે? ક્યાં ટોચ પર બેઠેલા આચાર્ય ભગવંત! અને ક્યાં તળેટીમાં બેઠેલા એવાં અમે! આ સંસારમાં ગમે તેટલા સુખવૈભવ મળે બધું બેકાર છે. પૂ૦ આચાર્ય શ્રી મુંબઈ રાજ્યની S.S.C. પરીક્ષામાં ફસ્ટ કલાસમાં પાસ થયેલા. પણ એ તો દુન્યવી શિક્ષા હતી. આધ્યાત્મિક શિક્ષા વગર [illegible] થી પૂ૦ પ્રેમસૂરી મ૦ના સંપર્કમાં આવી સંયમ સ્વીકાર્યું. જ્ઞાનાભ્યાસની લગની લાગી. જૈનેતર કૂળમાં જૈનશાસનમાં ઉપરનો રંગ ચોલમજીઠશો લાગ્યો હતો. શ્રદ્ધા જબરજસ્ત હતી. આચાર્ય થયા પછી પણ સાધુ સેવાના શોખીન વયોવૃદ્ધ મુનિશ્રી ચંદનવિજયજી મ૦સા૦ની છેલ્લે સુધી તેઓશ્રીએ સેવા કરી. સેવા વૈયાવચ્ચનાં પ્રભાવે જબ્બર વિદ્વાન થયાં.

અમલનેરમાં સંપૂર્ણાનન્દ યુનિવર્સિટી (બનારસ)નાં ચાન્સેલર બદ્રીનાથ પંડીત અમને ન્યાયદર્શન ભણાવતાં. એમાં સપ્તભંગીનો ગહન વિષય ૭/૭ દિવસની મહેનત કરવા છતાં પંડીતજીને ન બેસવાથી પડતો મૂકયો. મને સ્વ. ગુણાનંદસૂરિ મ૦ સા૦ કહે, "શું ચાલે છે ભણવામાં ?' મેં કહ્યું, 'સાહેબ! આ વિષય ન બેસવાથી પંડીતજીએ પડતો મૂકયો, ' તો મને કહે, 'જો સન્મતિ તર્કમાં અમુક જગ્યાએ આ વાત આવે છે. જા વાંચી જા – સમજમાં આવી જશે....'

અમદાવાદમાં દુર્ગાનાથ પંડીત મને ભણાવવા આવતા. તેઓ મને કહે, 'વો દક્ષિણી પંડીત કહાં હૈ?' મેં કહ્યું– 'દક્ષિણી પંડીત કૌન?' ત્યારે પંડીતજી કહે, 'વો લિંગાયત કોમમેં સે આયા થા. ઐસા બુદ્ધિશાલી ઔર નમ્ર સાધુ મૈંને કભી નહીં દેખા.' ૨૦ વર્ષ પહેલા તેઓશ્રી એમની પાસે ભણેલાં. ત્યારબાદ ૨૦ વર્ષે હું એમની પાસે ભણવા બેઠો હતો. છતાં પંડીતજી તેમને યાદ કરતા હતાં. કેવું સ્થાન એ પામ્યા હશે? આવા બહુ પ્રતિભા સંપન્ન આચાર્ય ભગવંત બેંગ્લોરની ભૂમીને તીર્થ બનાવી ગયા.

પૂ૦ આચાર્યશ્રી વિજયઇન્દ્રદિન્નસૂરિજી મ૦સા૦નો અંબાલા શહેરમાં ભવ્ય પ્રવેશ

પૂ૦ આચાર્યશ્રી વિજયઇન્દ્રદિન્નસૂરીશ્વરજી મ૦સા૦, પંન્યાસ પ્રવર શ્રી વસંતવિજયજી મ૦સા૦, પંન્યાસશ્રી નિત્યાનંદવિજયજી મ૦સા૦, પંન્યાસશ્રી જગતચંદ્રવિજયજી મ૦ સા૦, પંન્યાસશ્રી વિરેન્દ્રવિજયજી મ૦સા૦ આદિ તથા સાધ્વી શ્રી ચંદ્રોદયાશ્રીજી, સા૦ શ્રી જશવંતશ્રીજી, સા૦ શ્રી સુમતિશ્રીજી, સા૦ શ્રી [illegible]જનશ્રીજી આદિ વિશાળ સાધુ–સાધ્વીજી પરિવાર જગાધરી જિનમંદિરની ભવ્ય પ્રતિષ્ઠા કરાવી અમ્બાલા શહેરમાં તા. ૩૧–૫–૮૯ બુધવારના પધાર્યા છે.

પૂજ્યશ્રીના નગર પ્રવેશને અનુલક્ષી એક સરઘસ ટાઉનહોલથી પટેલ રોડ, દાલ બજાર, સરાફ બજાર થઇ શ્રી વલ્લભ નિકેતન પહોંચ્યું. અને ત્યાં એક ધર્મ સભાનું આયોજન કરવામાં આવેલ.

પૂજ્ય આચાર્યશ્રી આદિ વિશાળ સાધુ–સાધ્વીજી મહારાજોના નગર પ્રવેશથી શ્રીસંઘમાં આનંદની લાગણી છવાઇ ગઈ છે.

બોરીવલી (વે.)માં ઉજવનાર સિદ્ધચક્રપૂજન

ગં.સ્વ. શ્રી શારદાબેન રસીકલાલ શાહના ૫૦૦ આયંબિલની અનુમોદનાર્થે શ્રી જિનેન્દ્રભક્તિ સ્વરૂપ શ્રી સિદ્ધચક્ર મહાપૂજન શ્રી ભરતકુમાર રસીકલાલ શાહના બોરીવલીના નિવાસસ્થાને જેઠ સુદ ૩ મંગળવાર તા. ૬–૬–૮૯ના રોજ રાખવામાં આવેલ છે.

(અનુસંધાન પાના નં. ૨૦૪નું ચાલુ)

ગુંજી ઉઠયું. બાદ કરાડ નિવાસી ગુરૂ ભકતો તરફથી ઉપસ્થિત ભાવુકોનું પગપ્રક્ષાલનાદિ ૮ ચીજોના પ્રદાનપુર્વક વિશીષ્ટ રીતે સંઘપૂજન થયેલ. ત્યારબાદ શ્રીસંઘ તરફથી બૃહદ્ અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર ભણાવવામાં આવ્યું હતું. ત્રણે ટાઇમ સ્વામીવાત્સલ્ય શ્રીરામપૂર સંઘ તરફથી હતુ.

* ૧૬૦ શ્રાવકોનો નાનકડો સંઘ હોવા છતા અનેક ગામોથી ભાવિકોની ઉપસ્થિતી પૂજ્યશ્રીના પદપ્રદાન વખતે હતી તે વાત ઉપરથી પૂજ્યશ્રીની અદ્ભુત લોકપ્રિયતા સમજી શકાય છે.

મુંબઇ, અમદાવાદ, સુ.નગર, નવસારી, સુરત, નડીયાદ, વાપી, ગણદેવી, નાસીક, સંગમનેર, પૂણાનગર. કોલ્હાપૂર, કરાર, સાંગલી, ઇન્દોર, વાસંદા, રાજૂર, આકોલા આદિ અનેક સ્થળોથી સ્વજનોને ભકતોએ આવી શાસન શોભામાં અભિવૃદ્ધિ કરી હતી.

જીવને જીવન શું છે? તેની ખરી સમજ પડી જાય તો ઘણી ખટપટ મટી જાય.

શ્રીરામપુરની સુવર્ણધરા ઉપર ઉજવાયેલો ભવ્યાતિભવ્ય ગણિપદ પ્રદાન સમારોહ

બ્રહ્મચર્ય સમ્રાટ પ. પૂ૦ આ૦ દેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મ૦ સા૦ ના શિષ્યરત્ન સુવિશાલ ગચ્છનાયક પ. પૂ૦ આ૦ દેવ શ્રીમદ્વિજયભુવનભાનુસૂરિજી મ૦સા૦ની આજ્ઞાથી પ. પૂ. સ્વ. આ૦ ભ૦ શ્રી વિજયધર્મજિતસૂરિજી મ૦સા૦ના વિનેયરત્ન ધર્મચક્ર તપપ્રભાવક પૂ૦ મુનિરાજ શ્રી જગવલ્લભવિજયજી મ૦ સા૦ ને ગણિપદ પ્રદાન મહોત્સવ પૂ૦ પં. શ્રી ધનેશ્વરવિજયજી મ૦સા૦ના શુભ નિશ્રામાં અત્રે ભવ્ય રીતે સાનંદ સંપન્ન થયો.

ચૈ. સુદ-૭નાં દિવસે પૂ૦ ગુરૂ ભગવંતોનો ભવ્ય નગર પ્રવેશ થયો હતો. સંઘ નાનો હોવા છતાં ભાવના ખુબ જ ઉચ્ચ હતી. રોજના પ્રવચન આદિમાં સ્થાનકવાસી, દિગંબર તેમજ અન્ય સમાજનાં ભાવુકો પણ સારી સંખ્યામાં લાભ લેતાં હતાં.

* ચૈ. વ. ૧૪થી ભવ્ય અષ્ટાન્હિકા મહોત્સવની શુભ શરૂઆત થઈ. વ. ૧૪ પ. પૂ૦ સહજાનંદી આચાર્ય ભ૦ શ્રી વિજયધર્મજિતસૂરિ મ૦સા૦ની પ્રથમ સ્વર્ગારોહણ તિથી નિમિત્તે પ્રવચનમાં ગુણાનુવાદ થયેલ. તે નિમિત્તે સંઘવી પદ્મરસિક પરિવાર સંગમનેરવાલા તથા પોપટલાલ ચત્રભુજ બાબરીયા શ્રીરામપુરવાલા તરફથી સંઘપૂજન તથા પ્રભાવના થયેલ. બપોરે શ્રીસંઘ તરફથી ૧૮ અભિષેકપૂજન ભણાવાયેલ.

* રોજે વ્યાખ્યાનમાં સંઘપૂજનો તથા પ્રભાવના થતી ને બપોરે વિવિધ પૂજાઓ ભણાવાતી.

* ચૈ. સુદ-૩ના દિવસે પ્રવચન બાદ અત્રેના એક સ્થાનકવાસી ભાઈએ સુંદર ઉછામણી બોલી ૧૦માં વર્ષીતપના તપસ્વીનું પારણું કરાવ્યું હતું. બાદ બે સંઘપૂજનો તથા પ્રભાવના થયેલ. ત્યારબાદ ૧૧ છોડનું ઉદ્યાપનનું ઉદ્દઘાટન ઉછામણી લેનાર ભાગ્યવાનના હસ્તે કરવામાં આવેલ.

* મહોત્સવનો સાતમો દિવસ વૈ. સુદ-૬ના સવારથી જ વાતાવરણમાં અનેરો ઉલ્લાસ વર્તાઈ રહ્યો હતો. ધર્મચક્રયુક્ત પરમાત્માનો અતિભવ્ય રથયાત્રાનો વરઘોડો શ્રીસંઘ તથા શેઠશ્રી નાગરદાસ ધરમશી પરિવાર (સાયલા) હાલ મલાડવાલા તરફથી નિકળેલ. જેમાં ઉંટ, ઘોડેસ્વારો, ઇન્દ્રધ્વજા, બગીઓ, ધર્મચક્રયુક્ત ગાડીયો, ત્રાંસાશા, બેન્ડ, રથ તેમજ ચિકાર જનમેદનીથી ખૂબજ પ્રભાવક બન્યો હતો. શ્રેયાંસનાથ સ્વામી સ્નાત્ર મંડળના બાળકોના વિવિધનૃત્યો, રાજકોટનાં સુપ્રસિદ્ધનૃત્યકાર મહેન્દ્રભાઇ અનેસંગમનેરના ચંદ્રકાન્તભાઇના ચામર નૃત્યે સર્વેને મંત્રમુગ્ધ બનાવ્યા હતા. વરઘોડાનાં અંતમાં આકાશમાંથી ૭ અશ્વોથી યુક્ત સુર્યનું રથાકાર વિમાન ઉતારવામાં આવ્યું હતું જે સર્વેને આકર્ષણ અને આનંદપ્રદ બન્યુ હતું. આજે ત્રણે ટાઇમ સ્વામીવાત્સલ્ય શ્રીમતી કાંતાબેન રસિકલાલ સંઘવી નાસિકવાળા તરફથી હતું.

* બપોરે પૂ૦ ગુરૂદેવશ્રી જગવલ્લભવિજયજી મ૦ના સંસારી માતુશ્રી શ્રીમતી હીરાબેન જગજીવનદાસ જેઠલાલ પરિવાર તરફથી (સાયલાવાળા) શ્રી પંચનમસ્કારચક્ર પૂજન ભણાવવામાં આવ્યું હતું. વિધિકાર શ્રી અતુલભાઇ (C,A.) મુંબઈવાળાએ પૂજન દરમ્યાન તત્ત્વોની સુંદર છણાવટ કરી રોમાંચીત કરેલ. બપોરે ૪ થી ૬ મુંબઈ નિવાસી શેઠશ્રી ગિરધરલાલ જીવણલાલ પરિવાર તરફથી સમગ્ર ગામ જમણનો કાર્યક્રમ રાખેલ જેમાં ૧૦ હજાર આસપાસ લોકોએ લાભ લીધો હતો.

રાત્રે ૭ વાગે પરમાત્માની ભવ્યાતિ ભવ્ય અંગરચના સ્વરૂપ મહાપૂજાનું આયોજન શેઠશ્રી ચીનુભાઈ શાંતિલાલ-અમદાવાદ, સંઘવી ચંદુલાલ મગનલાલ-નડીયાદ, શ્રી જૈન શ્વે. મૂ. સંઘ-સાયલા આદિ તરફથી કરવામાં આવેલ. હજારો ભાવિકોએ દર્શનનો લાભ લીધેલ.

* આઠમો દિવસ વૈશાખ સુદ ૯ આજે પૂ૦ મુનિરાજશ્રીને ગણિપદવી પ્રદાનનો શુભ દિવસ હતો. સવારે ૯ વાગે પૂજ્યશ્રી સકળ સંઘ સાથે ઉછામણી લેનાર સ્થાનકવાસી ભાઈને ત્યાં પધાર્યા હતાં. ત્યાં ગુરુપૂજન, સંઘપૂજન થયા બાદ પૂજ્યશ્રીના ગણિપદને અનુલક્ષીને ધર્મચક્રતપ કરનાર તપસ્વીઓના પારણાં કરવામાં આવ્યા. સવારે ૮-૪૫ મિ. પૂજ્યશ્રી સકળ સંઘ સાથે વાજતે ગાજતે અભિનંદ ક્રિયા મંડપમાં પધાર્યા. ત્યાં શ્રેયાંસનાથસ્વામી સ્નાત્ર મંડળ મલાડનાં બાલ કલાકાર નિમેષભાઇએ સ્વાગત ગીત ગાયું, સાથે નૃત્યકાર મહેન્દ્રભાઇએ ૩૦૧ દિવસનું સુંદર નૃત્ય કર્યું. પ્રસંગની શુભ શરૂઆત થઇ ત્યારબાદ શ્રી ધર્મચક્ર પ્રભાવક ટ્રસ્ટ-નાસિક દ્વારા પ્રકાશીત 'શ્રી આર્હંન્ત્ય લક્ષ્મીનું તીલક' પુસ્તકનું પ્રકાશન સિન્નર નિવાસી પ્રકાશભા એમ. શાહના હસ્તે થયું. બાદ અમદાવાદવાલા ચીનુભાઇ શાંતિલાલના શુભ હસ્તે તે પુસ્તક પૂજ્યશ્રીને અર્પણ કરવામાં આવ્યું.

* ત્યાર બાદ ભારતભરમાંથી આવેલા અનેક ધર્મચક્ર તપના તપસ્વીઓનું બહુમાન શ્રી ધર્મચક્ર પ્રભાવક ટ્રસ્ટ નાસિક તરફથી સંઘવી રાજેન્દ્રભાઈ વિલાસભાઈની અધ્યક્ષતા નીચે અને મુંબઇ નીવાસી રમેશભાઈ આર. ચિકાણીના અતિથિવિશેષ સ્થાને થયું.

* ભારતભરમાં પ્રાયઃ સૌ પ્રથમ બનેલ ધર્મચક્રયુક્ત ઓઘો પૂજ્યશ્રીને વોહરાવવાની ઉછામણી રેકોર્ડબ્રેક થઇ. બીજી પણ અન્ય ઉછામણીઓ ખુબ જ સારી થઇ. ૧૧-૩૦ વાગે ગણિપદ પ્રદાન ક્રિયાનો શુભ પ્રારંભ થયો. અને ૧૨-૨૦ મિ. પૂ૦ પં. શ્રી ધનેશ્વર વિજય ગણિવરે પૂજ્યશ્રીને ગણિપદ પ્રદાન કર્યું. ત્યારે નુતન ગણિવર્ય જગવલ્લભ વિજય મ૦ની જયના નરાઓથી આકાશ

(અનુસંધાન પાના નં. ૨૦૩ ઉપર જુઓ)

સમજણ ભાડે મળે છે પરંતુ સદ્‌વર્તન ભાડે મળતું નથી. તે તો પોતે જાતે જ સેવવું પડે છે.

ગાંધીનગર–આરાધનાભવનનું ઉદ્દઘાટન

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુના વિશાળ ગગનચુંબી જિનાલયની પ્રતિષ્ઠા સં. ૨૦૪૩માં કરવામાં આવેલ, ત્યારબાદ ટુંકા ગાળામાં આરાધના ભવનનું નિર્માણ પણ થઈ રહ્યું છે. તેનું ઉદ્દઘાટન શ્રી આત્મ-કમલ-લબ્ધિ-વિક્રમ પટ્ટાલંકાર પોશીના તીર્થોદ્ધારક પૂ૦ આચાર્યશ્રી વિજયસ્થૂલભદ્રસૂરીશ્વરજી મહારાજની પાવન નિશ્રામાં સં. ૨૦૪૫ના વૈશાખ વદ ૭ શનિવાર તા. ૨૭–૫–૮૯ના કરવામાં આવેલ છે.

અત્રેના શ્રીસંઘની વિનંતીને માન આપીને પૂ૦ રાષ્ટ્રસંત આ૦શ્રી પદ્મસાગરસૂરિજી મ૦સાના શિષ્ય રત્નો શ્રી દેવેન્દ્રસાગરજી, શ્રી અજયસાગરજી અને શ્રી નિર્માણસાગરજી મ૦સા૦ આદિ પધારેલ

આ પ્રસંગે ઉદ્દઘાટન શ્રી દીપચંદભાઈ ગાડીએ કર્યું. પ્રમુખસ્થાન શ્રી શ્રેણિકભાઇ કસ્તુરભાઈએ શોભાવ્યું અને અતિથિવિશેષ તરીકે શ્રી અરવિંદભાઈ પનાલાલ, શ્રી લાલભાઇ દેવચંદ તથા શ્રી ઉત્તમભાઈ એન. મહેતા (ટોરેન્ટો લેબો.) આદિ પધારેલ.

ઘાટકોપરમાં ઉજવાયેલ પંચાન્હિકા મહોત્સવ

અત્રે સંઘાણી એસ્ટેટ મધ્યે આચાર્યદેવ શ્રીમદ્દ વિજયધર્મસૂરીશ્વરજી મ૦ સા૦ કાશીવાળાના પ્રશિષ્યરત્ન પ્રશાંતમૂર્તિ [illegible] પંન્યાસશ્રી પૂર્ણાનંદવિજયજી મ૦સા૦ (કુમારશ્રમણ) આદિ ઠાણા વૈ. સુ. ૩ના પધારેલ.

પૂ૦ પંન્યાસજી મ૦સાના શિષ્ય રત્ન સેવાભાવી તપસ્વી રત્ન પૂ૦ મુનિશ્રી ગૌતમવિજયજી મ૦સા૦ ગત તા. ૯–૫–૮૯ને મંગળવારના રોજ સમાધિપૂર્વક કાળધર્મ પામતા પૂજ્યશ્રીની ઉગ્ર તપશ્ચર્યાની અનુમોદના અને આત્મશ્રેયાર્થે અત્રેના શ્રીસંઘ તરફથી શ્રી લઘુશાંતિસહ પંચાન્હિકા મહોત્સવ તા. ૧૭ થી ૨૧ મે દરમ્યાન ઉજવાયો.

સારોયે મહોત્સવ અત્રેના ઉપાશ્રયે બિરાજમાન આચાર્યશ્રી અશોકચંદ્રસૂરિજી મ૦સા૦ (કહેલાવળા), પૂ૦ આચાર્યશ્રી વિજયભદ્રગુપ્તસૂરીશ્વજી મ૦ સા૦, પંન્યાસશ્રી પૂર્ણાનંદવિજયજી મ૦, ગણિવર્યશ્રી જયાનંદવિજયજી મ૦સા૦ આદિ ઠાણા તથા સાધ્વીશ્રી શીલગુણાશ્રીજી મ૦ની શુભ નિશ્રામાં ભક્તિભાવપૂર્વક ઉજવવામાં આવ્યો.

* સાતલ્થી (ઉત્તરપ્રદેશ) મહાતીર્થે શ્રી સંભવનાથ ભગવાનના નૂતન જિનાલયને બીજી વર્ષગાંઠ નિમિત્તે વૈશાખ સુદ –૬ તા. માંગલિક કાર્યક્રમો સહ થયેલ. ધ્વજારોપણ તથા જિનેન્દ્ર ભક્તિ થયેલ.

મંડાર (રાજ૦)માં મહોત્સવની ઉજવણી

પૂ૦ ગચ્છાધિપતી આચાર્યદેવશ્રી વિજયરામસૂરિજી મ૦સા૦ ડહેલાવાળાના શિષ્યરત્ન પ૦પૂ૦ આચાર્યદેવશ્રી અભયદેવસૂરિજી મ૦સા૦ તથા પૂ૦ ગણિવર્યશ્રી વિમલવિજયજી મ૦સા૦ની પાવન નિશ્રામાં સુતા શાંતિલાલજી હુકમચંદજીની વિવિધ તપશ્ચર્યા નિમિત્તે અને આત્મકલ્યાણ અર્થે શ્રી ભક્તામર મહાપૂજન સહિત પંચાન્હિકા મહોત્સવ તથા પાંચ છોડના ઉજમણા તથા અન્ય ભાગ્યશાળીઓના સોળ છોડ મળી એકવીસ છોડના ઉજમણા નિમિત્તે મહોત્સવની ઉજવણી ૧૯ મેથી ૨૧ મે સુધી ભક્તિભાવ પૂર્વક કરવામાં આવી.

શ્રી કરેડા પાર્શ્વનાથજી તીર્થની

[રેલ્વે સ્ટેશન ભુપાલસાગર (જિ. ચિત્તોડગઢ, રાજસ્થાન)]

યાત્રાર્થે અવશ્ય પધારો

આ મંદિરનું નિર્માણ આચાર્ય ધર્મઘોષસુરિજી મ૦ના ઉપદેશથી માંડવગઢના મહામંત્રી સંઘપતિ પેથડશાહ દ્વારા સં. ૧૩૨૧ માં કરવામાં આવ્યું અને તેના શિખર પર સાત ખંડનું ભવ્યમંદિર શ્રી પેથડશાહના પુત્ર ઝાંઝણકુમારે સં. ૧૩૪૦માં નિર્માણ કર્યું, જેનું સુકૃત સાગર તરંગ આઠમાં વર્ણન છે

તેનો હાલમાં શ્રી શંખેશ્વર – ભોયણી તીર્થ દ્વારા રૂપિયા ૧,૨૫,૦૦૦૦/- ખર્ચ કરી જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે અને બાવન દેરીઓમાં શ્રી પાર્શ્વપ્રભુની પ્રતિમા વિભિન્ન તીર્થોના નામથી બિરાજમાન કરવામાં આવી છે. મુલનાયક ભગવાનની પ્રાચીન અત્યંત મનોહારી, ચમત્કારી, શ્યામવર્ણિય પ્રતિમાજીના નિર્મલ ભાવથી દર્શન કરી પુણ્યોપાર્જન કરો.

અમદાવાદથી ઉદયપુર, ચિત્તોડ રેલ્વે માર્ગ પર ભુપાલસાગર નામના સ્ટેશનથી ૩ ફર્લાંગ દુર આ તીર્થ આવેલ છે બસોની પણ સુવિધા ઉપલબ્ધ છે.

આ તીર્થની યાત્રા સાથે જ મેવાડની પંચ તીર્થીના દર્શનના પણ લાભ મળશે. આ તીર્થોમાં શ્રી દયાલશાહના કિલ્લા નામનું પણ લાભ મળશે. આ તીર્થોમાં શ્રી દયાલશાહના કિલ્લા નામનું તીર્થ જે રાજસમન્દ-કંકરોલીની મધ્યમાં છે. લગભગ ૫૦ પગથિયાથી આ તીર્થ 'મેવાડ શેત્રુંજય' નામથી પણ પ્રસિદ્ધ છે.

આ બંને તીર્થો પર આધુનિક સુવિધાઓથી સુસજ્જિત વિશાલ ધર્મશાળા તથા ભોજનશાળાની સુવ્યવસ્થા છે.

લિ. કરેડા પાર્શ્વનાથ તીર્થ કમિટી

ભુપાલસાગર (રાજસ્થાન) [ફોન નં. ૩૩]

સદા ઉદ્યમી રહેનાર મનુષ્યને કદિયે આંસુ સારવાનો અવસર આવતો નથી.

સંભારણા પૂ૦ મુનિવર રાજરત્નવિજયજી મ૦સા૦ના

પૂ૦ મુનિરાજશ્રી રાજરત્નવિજય મ૦ દાવણગીરી મુકામે ૪૦ વર્ષની જુવાન વયે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે. ૨૦ વર્ષ પહેલા તેમણે રાજનગર મુકામે સંયમજીવનનો સ્વીકાર કરેલ. એ સ્વીકાર બાદ જ્ઞાન, ધ્યાન, તપનો યજ્ઞ માંડયો, સ્વભાવે શાંત, નમ્ર વિનયાદિ અનેક ગુણોના કારણે નાના મોટા દરેકની સાથે ખૂબ જ શાંતિથી વર્તવાના કારણે દરેકના દિલ જીતી લેતાં. પૂ. ગુરુદેવશ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની આજ્ઞાથી જ્યાં જ્યાં ચાતુર્માસ કર્યા તે દરેક સંઘમાં પ્રવચનાદિ શક્તિ દ્વારા લાક્ષણિક ઢબની સમ્યગજ્ઞાનના પાનમાં નાના–મોટા દરેક યુવાનોને લયલીન બનાવતા.

એમના પિતાજી નેમચંદભાઈ (અમદાવાદ) ભગવાનના એવા ભક્ત કે આખા કુટુંબને રોજ ત્રિકાલ જિનભક્તિ કાજે ઘરમાં સ્વતંત્ર સુંદર ગૃહમંદિર બનાવેલું, તેમજ તેમના પૂ૦ માતુશ્રીના સુસંસ્કારોની સુવાસ તેમના જીવનને સંયમ પંથે દોરવણીરૂપ બની હતી. સાધુઓના સંપર્કમાં આવવાના કારણે સંસાર ત્યાગની ભાવના થતા સંયમ સ્વીકારેલ. બાલ જીવોને જૈન ધર્મનું જ્ઞાન પમાડવાની તાલાવેલી પણ એવી જ. ૪ વર્ષ પહેલા મુંબઈ–ભારતનગરમાં ચાતુર્માસ કર્યું ત્યાં તો નાના–મોટાની શિબિર કરાવી.

જીવનમાં જ્યારથી આરાધના શરૂ કરેલ ત્યારથી મનમાં કોઈ એવો ભાવ નહી કે મને કોઈ માન આપે. આત્મા જ્યારે અંતર્મુખ થાય છે ત્યારે એને બીજી કોઈ ભાવના રહેતી નથી. મારાથી ભગવાનના શાસનની પ્રભાવના કેમ થાય એ જ માત્ર ભાવના રહેતી રહેતી. આરાધનાની લગની એવી કે એમના સંસારી માતાજી–પિતાજી વગેરે દાવણગીરી આવ્યા તો પણ એક જ વાત કે તમો કોઈ આરાધના ચૂકતા નહિ. તમારી આરાધના કર્યા કરો. જીવન આરાધનામય હોવાથી મૃત્યુ પણ આરાધનામય થાય છે. અને મૃત્યુ આરાધનામય થવાથી પરભવ પણ આરાધનામય થાય છે. જીવનમાં જે રહ્યું હોય તે અંત સમયમાં આવે છે, અંતે રહ્યું તે પરભવે પમાય.

આવા મહાન સાધુ નાની–ઉંમરમાં ચાલ્યા જવાથી શ્રમણ સંઘને અને સમુદાયને મોટી ખોટ પડી છે. કાળરાજાની આગળ કોઈનું ચાલતું નથી. આવું ઉત્તમ આરાધનામય જીવન તેઓશ્રી જીવી ગયા.

'જૈન' પત્રના ગ્રાહકોને નમ્ર વિનંતી

જે ગ્રાહક બંધુઓએ ચાલુ વર્ષનું લવાજમ ન મોકલ્યું હોય તેમણે રૂા. ૫૦/– M.O. મોકલાવવા વિનંતી.

પાલીતાણામાં ઉજવાયેલ સ્ત્રી ઉદ્યોગ મંદીર તથા સ્ત્રી વિકાસગૃહનો ઉદ્‌ઘાટન સમારોહ

પૂજ્ય આચાર્યશ્રી યશોદેવસૂરીજી મ૦ સા૦ તથા પૂજ્યશ્રી બજરંગદાસ બાપુના પટ્ટશિષ્ય દયાનાસાગર પૂજ્ય દયારામબાપુના શુભ આશીર્વચનથી અને શ્રી દીપચંદભાઈ ગાર્ડી ટ્રસ્ટ અને શ્રી કે. એન. શાહ ચેરીટેબલ ટ્રસ્ટ મુંબઈ તેમજ ઉદારદિલ દાતાઓના સહયોગથી શ્રીમતી વિદ્યાબેન દીપચંદ ગાર્ડી સ્ત્રી ઉદ્યોગ મંદિર તથા શ્રીમતી પરસનબેન નારણદાસ રામજી શાહ તળાજાવાળા સ્ત્રી વિકાસ ગૃહનું નૂતન મકાન નિર્માણ થતાં તેનો ઉદ્‌ઘાટન અને નામકરણ સમારોહ શ્રેષ્ઠીવર્ય શ્રી દીપચંદભાઇ એસ. ગાર્ડી તથા શ્રેષ્ઠીવર્ય શ્રી કાંતિલાલ નારણદાસ તળાજાવાળાની ઉપસ્થિતિમાં ગત તા. ૨–૫–૮૯ના આયોજન કરવામાં આવેલ.

સ્ત્રી ઉદ્યોગ મંદિરનું ઉદ્‌ઘાટન શ્રી મહિપતરાય જાદવજી શાહ, સ્ત્રી વિકાસગૃહનું ઉદ્‌ઘાટન શ્રી ચીનુભાઇ હરિભાઇ શાહ તથા કુસુમબેન ખાંતિલાલ શાહ હોલનું ઉદ્‌ઘાટન શ્રી કાંતિલાલ નારણદાસ શાહ તેમજ રાકેશકુમાર મધુકાંત સરવૈયા લાઇબ્રેરી હોલનું ઉદ્‌ઘાટન શ્રી દીપચંદભાઇ એસ. ગાર્ડી દ્વારા કરવામાં આવ્યું. પ્રમુખ તરીકે શ્રી વસનજીભાઈ લખમશીભાઇ શાહ પધારેલ.

તેમ જ મુંબઈમાં રહેતા કર્તવ્યનિષ્ઠ કાર્યકર અને નૂતન મકાન નિર્માણ કરવામાં સહયોગ આપનાર શ્રી નગીનદાસ જસરાજ શાહ 'વાવડીકર' SEMને મહારાષ્ટ્ર સરકારે સ્પે. એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની માનદ્ ઉપાધિ તથા તાજેતરમાં સાહિત્યક્ષેત્રે "જર્નાલીઝમ એવોર્ડ" મેળવ્યા બદલ બહુમાન કરવામાં આવેલ.

સારાયે સમારોહનું આયોજન શ્રી ભગિની મિત્ર મંડળ, ન્યુ સર્વોદય સોસાયટી, પાલીતાણાના ઉપક્રમે કરવામાં આવેલ.

સ્થંભતીર્થ–ખંભાતમાં અષ્ટાન્હિકા મહોત્સવ ઉજવણી

પૂ૦ શાસનસમ્રાટ સમુદાયના આ૦શ્રી સૂર્યોદયસૂરિશ્વરજી મ૦સા૦ના શિષ્યરત્ન પં૦શ્રી શીલચંદ્રવિજયજી મ૦સા, મુનિશ્રી નંદિઘોષવિજયજી મ૦, તથા મુનિશ્રી વિમલકીર્તિવિજયજી આદિ ઠાણા તેમ જ અત્રે બિરાજમાન પં૦શ્રી ચંદ્રશેખરવિજયજી ગણિવર્યના શિષ્યરત્ન પૂ૦ મુનિરાજશ્રી મેઘદર્શનવિજયજી મ૦ સા૦ આદિની શુભ નિશ્રામાં શતાયુ સાધ્વીજી મ૦શ્રી મુક્તિપ્રભાશ્રીજીની ૪૧ વર્ષની નિર્મળ નિરામય સંયમની આરાધના કરી સં. ૨૦૪૫ના માગ. સુદ દશમ રવિવારના સમાધિપૂર્વક કાળધર્મ પામતા આ નિમિત્તે જિનેન્દ્ર ભક્તિ મહોત્સવસહ અષ્ટાન્હિકા મહોત્સવની ઉજવણી શ્રી અમીઝરા પાર્શ્વનાથ જૈન દેરાસર, જીરાળા પાડા મધ્યે ગત તા. ૧૫ થી ૨૨ મે. સુધી ભક્તિભાવ પૂર્વક કરવામાં આવી.

જીવનમાં જો શાંતિ જોઈતી હોય તો, કોઇનાય દોષો જોશો જ નહિ, આપણા જ દોષો કયાં ઓછા છે.

રાધનપુરમાં શ્રી માણિભદ્રવીરના પાંચ અભિષેક તથા આહ્વાનના ભવ્ય કાર્યક્રમની ઉજવણી

રાધનપુરમાં શ્રી સાગરગચ્છના શ્રી ગોરજીના ઉપાશ્રયમાં શ્રી માણિભદ્રવીરની પ્રાચીન પ્રતિમા બિરાજમાન છે જે ખૂબ જ ચમત્કારી ગણાય છે અને અનેક ભક્તજનો તેના દર્શનાર્થે આવે છે આ ઉપાશ્રયમાં શ્રી ગોરજી મહારાજની પ્રાચીન ગાદી તથા શ્રી નંદાવર્તનો સાથિયો છે જે પણ ખૂબ ચમત્કારિક ગણાય છે.

આ ઉપાશ્રય તથા શ્રી મણિભદ્રવીરની દેરીનાં જીર્ણોદ્ધારનું કાર્ય પૂર્ણ થવા આવેલ છે. આ પ્રસંગને અનુરૂપ શ્રી સિદ્ધચક્ર મહાપૂજન તથા શ્રી માણિભદ્રવીરના પાંચ અભિષેક તથા આહ્વાનનો એક ભવ્ય કાર્યક્રમ પરમ પૂજ્ય મુનિરાજશ્રી અરૂણવિજયજી મ૦ સા૦ની નિશ્રામાં તા. ૧૮-૫-૮૯ તથા ૧૧-૫-૮૮ના રોજ યોજવામાં આવેલ.

આ પ્રસંગે મુંબઈથી તથા બહારગામના હજારો શ્રદ્ધાળુ ભાવિકો હાજર રહેલ.

નાગેશ્વર (રાજ.)માં અષ્ટાન્હિકા મહોત્સવ ઉજવણી

પૂ૦ આચાર્યશ્રી વિજયહિંકારસૂરીશ્વરજી મ૦સા૦ની શુભ નિશ્રામાં મુનિરાજશ્રી કંચનવિજયજી મ૦સા૦ના વર્ષીતપના પારણા તેમજ શ્રી કૈલાશદેવીની નવપદ ઓળી, અષ્ટાપદ ઓળી અને આઠકર્મ ઓળીની ઉજવણી નિમિત્તે શ્રી શાંતિસ્નાત્રાદિ સહ અષ્ટાન્હિકા મહોત્સવની ઉજવણી ગત તા. ૬ થી ૧૪ મે સુધી શાનદાર રીતે ભક્તિભાવ ભર્યા વાતાવરમાં કરવામાં આવી, સારોયે મહોત્સવ શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ તીર્થ ઉન્હેલ મુકામે ઉજવાયો.

પૂજ્ય આચાર્યશ્રી આદિનું આગામી ચાતુર્માસ (વર્ષાવાસ) રતલામ (મ. પ્ર.) માં નક્કી થયું છે.

અહમદનગરમાં ભાગવતી દીક્ષા

પૂ૦ આચાર્ય સમ્રાટ શ્રી આનંદઋષિજી મહારાજ આદિ ઠા. ૧૩ તથા વિશાળ સાધ્વી સમુદાયની શુભ નિશ્રામાં કોઇમ્બતુર નિવાસી શ્રી સંતોષકુમારી સંઘવીની ભાગવતી દીક્ષા ગત તા. ૧૯-૫-૮૯ના રોજ ભક્તિભાવ ભર્યા વાતાવરણ વચ્ચે ઉજવણી કરવામાં આવી.

હસ્તિનાપુર (યુ. પી.) પુ૦ પંન્યાસશ્રી મહાયશસાગરજી મ૦સા૦ તથા પૂ૦ મુનિરાજશ્રી નિત્યવર્ધનસાગરજી મ૦સા આદિ દિલ્હીના ઓળીના પારણા પ્રસંગની શાનદાર ઉજવણી બાદ હાલ હસ્તિનાપુર તીર્થે બિરાજમાન છે. હાલ તેઓશ્રીનું સરનામું શ્રી હસ્તિનાપુર જૈન તીર્થ સમિતિ, હસ્તિનાપુર (જિ. મેરઠ યુ. પી.) આ સરનામે પત્ર વ્યવહાર કરવા જણાવાયું છે.

રાજનગર જૈન મંદિરની બીજી વર્ષગાંઠની ઉજવણી

રાજનગર મેવાડ, રાજસમન્દમાં શ્રી સુવિધિનાથ પ્રભુ જૈન મંદિરની પ્રતિષ્ઠાની બીજી વર્ષગાંઠની વિવિધ ધાર્મિક કાર્યક્રમો સાથે ધર્મોલ્લાસ ભર્યા વાતાવરણમાં ઉજવણી કરવામાં આવી. પ્રભુજીની અંગરચના શ્રી ભંવરલાલ તથા શ્રીમતિ પ્રેમબાઇ સિંઘટવાડિયા તરફથી રચવામાં આવેલ. મંદિરમાં ધજા ચઢાવવાનો લાભ શ્રી ભંવરલાલજી સા૦ પરમાર પરિવારે લીધેલ. પૂજા અને વરઘોડાનું આયોજન પેઢી તરફથી કરવામાં આવેલ. વરઘોડાની સમાપ્તી બાદ નાળિયેરની પ્રભાવનાનો લાભ શ્રી ભંવરલાલજી પરિવારે લીધેલ.

તા. ૧૧-૫-૮૦ના આ કાર્યક્રમના આયોજનમાં ઘણા ભાવિક ભાઈ-બહેનોએ લાભ લીધો.

જોધપુર (રાજ૦)માં પંચાન્હિકા મહોત્સવ ઉજવણી

અત્રે સૂર્યનગરી મધ્યે પૂ૦ પ્રખર વ્યાખ્યાતા મુનિરાજશ્રી નયરત્નવિજયજી મ૦સા૦ તથા મુનિશ્રી જયરત્નવિજયજી મહારાજના સંયમજીવનના ૨૫ વર્ષની પૂર્ણાહુતિના ઉપલક્ષમાં શ્રી સિદ્ધચક્ર શાંતિસ્નાત્ર મહાપૂજન સહ પંચાન્હિકા જિનેન્દ્રભક્તિ મહોત્સવની ઉજવણી શ્રી જૈન શ્વે. તપાગચ્છ સંઘના ઉપક્રમે તા. ૧૫ થી ૨૯ મે દરમ્યાન કરવામાં આવી.

શ્રી સિદ્ધચક્ર બૃહદ પૂજન ઉકાઈ (સુરત)

સ્વ. શાહ કુંદનલાલ કપૂરચંદજીના આત્મશ્રેયાર્થે તા. ૩૧-૫-૮૯ના રોજ પૂ૦ આચાર્યશ્રી ચિદાનંદસૂરિજી મ૦ સા૦, પ્રવર્તકશ્રી કીર્તિસેનમુનિજી, સુયશમુનિ ગણિ આદિ ઠા. ૧૦ની શુભનિશ્રામાં શ્રી સિદ્ધચક્ર બૃહદ પુજન રાખવામાં આવેલ.

શ્રી નાગેશ્વર તીર્થે પધારો

શ્રી નાગેશ્વર તીર્થ ભારતમાં એક જ શ્રી પાર્શ્વનાથ ભ. ની કાયા ૧૫ ફુટ ઉંચી અને નીલવર્ણી સાત ફણાધારી કાર્યોત્સર્ગરૂપે પ્રાચીન પ્રતિમાજી બિરાજે છે.

હજારો યાત્રિકો દર્શનાર્થે પધારે છે. ભોજનશાળા ધર્મશાળા વિગેરેની સુવિધા છે. યાત્રિકોને આવવા માટે ચૌમહલા સ્ટેશને તથા આલોટથી બસ સર્વીસ મળે છે. અગાઉ સુચના આપવાથી પેઢીની જીપની વ્યવસ્થા થઈ શકશે. અઠમ તપવાળા માટે પુર્ણ વ્યવસ્થા છે.

(ફોન નં. ૭૩ આલોટ) —લિ. દીપચંદ જૈન સેક્રેટરી

શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ પેઢી

P. O. ઉન્હેલ ※ સ્ટે. : ચૌમહલા [રાજસ્થાન]

આબરૂની કિંમત પૈસા ઉપર નહિ, પરંતુ પ્રમાણિકતા પર છે.

ભાવનગર–અજીતનાથ ભ૦ની જન્મ જયંતિની ઉજવણી

વિઠ્ઠલવાડી ઋજુ માળીયા જૈન સોસાયટીમાં અજીતનાથ ભગવાનની સાતમી જન્મ જયંતિની ઉજવણી ધામધૂમ પૂર્વક કરવામાં આવેલ. આ પ્રસંગે પૂજા, પ્રક્ષાલ, આંગી અને સંઘ જમણ વગેરે શુભ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ.

વૃદ્ધિચંદ્ર જૈન મંડળના ભૂપતભાઈ તથા અમુલખભાઇએ પ્રભુભકિતના ગીતો રજુ કરેલ. ધાર્મિક પ્રવૃત્તિના પ્રેરક કુ૦ હર્ષાબહેન અને શ્રીમતી રસીલાબેન ઓસવાલનું સન્માન કરવામાં આવેલ. શ્રી નવીનભાઇ કામદારની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલ આ કાર્યક્રમનું સંચાલન શ્રી રમેશભાઇ તથા રસીકભાઈ શાહે કર્યું હતું.

મુંદ્રબીહાલમાં પ્રતિષ્ઠા

પૂ૦ આચાર્ય ભગવંત શ્રી વિજયભુવનતિલકસૂરીશ્વરજી મ૦ના શિષ્ય પૂ૦ આ૦ શ્રી અશોકરત્નસૂરીશ્વરજી મ૦ અને પૂ૦ આ૦ શ્રી અભયરત્નસૂરીશ્વરજી મ૦ ઠા. ૫ની નિશ્રામાં શ્રી વાસુપૂજ્યસ્વામી મંદિરમાં નૂતન ધ્વજાદંડ રોપણ શ્રી શાન્તિનાથ, શ્રી પાર્શ્વનાથ, શ્રી આદિનાથ, શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાનની પ્રતિષ્ઠા અને પ્રતિષ્ઠાના ૨૫ વર્ષના રજત મહોત્સવ નિમિત્તે વૈશાખ શુદ ૪ થી શ્રી શાન્તિસ્નાત્ર, શ્રી જિનેશ્વર ભગવંતના અઢાર અભિષેક અને બે નવકારશી જમણ સાથે અઠ્ઠાઈ મહોત્સવ ઉજવાયો, શ્રી મુનિ સુવ્રતસ્વામી ભગવાનનો ગામમાં પ્રવેશ અને જલયાત્રાનો જયખંડી (આબુ)ના શ્રી આદીશ્વર બ્રાસ બેન્ડ સાથે ભવ્ય વરઘોડો ચડયો હતો. વૈશાખ શુદ ૧૦ના પ્રતિષ્ઠા થઈ હતી. શુદ ૧૧ના દ્વારોદ્ઘાટન થયું હતું. ઉપજ સારી થઈ હતી. પૂ૦ આ૦ મ૦ આદિને કાંબળો વ્હોરાવી હતી. જીવદયાની ટીપ થઇ હતી. બેંગ્લોરવાળા શ્રી નથમલજી ભગતે વિધાનો કરાવ્યા હતા. પાટણવાળા હાલ બેંગ્લોરના દિલીપભાઈ એન. સોમપુરાએ મંદિરમાં ગોખલા આદિનું અલ્પ સમયમાં કામ કરી આપ્યું હતું. પૂ૦ આ૦ મ૦ની હાલમાં અત્રે અને નાલતવાડમાં સ્થિરતાની શકયતા છે.

રાણકપુર તીર્થમાં આધ્યાત્મિક શિબિર આયોજન

યુવક જાગૃતિ પ્રેરક તથા આધ્યાત્મિક જ્ઞાન શિબિરના પ્રવચનકાર આચાર્યદેવશ્રી વિજયગુણરત્નસૂરીશ્વરજી મ૦ સા૦ના શિષ્ય મુનિરાજશ્રી મુક્તિરત્નવિજયજી તથા મુનિશ્રી ભાગ્યેશરત્નવિજયજી મ૦સા૦ની શુભ નિશ્રામાં રાણકપુર તીર્થમાં તા. ૩૧-૫-૮૯થી તા. ૧૦-૬-૮૯ સુધીના ૧૧ દિવસની શિબિર ચાલી રહી છે.

આ શિબિરમાં જૈન તત્વજ્ઞાન, જૈન ઇતિહાસ મનોવિજ્ઞાન વગેરેનું પ્રશિક્ષણ આપવામાં આવી રહ્યું છે.

લાકડીયા (કચ્છ) : પૂ૦ આચાર્યશ્રી વિજયકલાપૂર્ણસૂરિજી મ૦ સા૦ની શુભ નિશ્રામાં ઉપધાન તપની આરાધના ભવ્ય રીતે ભક્તિભાવ પૂર્વક ઉજવાઇ.

આ ઉપધાનતપ ૧૮ મુનિગણ અને ૨૦૦ સાધ્વીજી મ૦ સા૦ ની ઉપસ્થિતિમાં ૩૨૮ ભાઈ-બહેનોએ આ આરાધનામાં ભાગ લીધો હતો.

જૈસલમેર પંચતીર્થીની યાત્રાર્થે પધારો

પશ્ચિમી રાજસ્થાનમાં આવેલ જૈસલમેર પંચતીર્થી પોતાની પ્રાચીનતા, કલાત્મકતા અને ભવ્યતા માટે જગપ્રસિદ્ધ છે. જૈસલમેર પંચતીર્થીના અન્તર્ગત જૈસલમેર દુર્ગ, અમરસાગર, લૌદ્રવપુર, બ્રહ્મસર અને પોકરણ સ્થિત જિનાલયોમાં બધા મળી ૬૬૦૦થી વધુ જિનપ્રતિમાજીઓ બિરાજમાન છે.

જૈસલમેરની વિખ્યાત વિશેષતાઓ : (૧) ભવ્ય કલાત્મક અને પ્રાચિન જિનાલયો. પન્ના અને સ્ફટિકની પ્રતિમાઓ. (૨) ખરતરગચ્છીય શ્રી જિનભદ્રસુરિ જ્ઞાનભંડારમાં સંગ્રહિત તાડપત્રીય અને હસ્તલિખિત ગ્રંથો. (૩) દાદાગુરુદેવ શ્રીજિનદત્તસુરિજી મહારાજની ૮૩૦ વર્ષ પ્રાચીન ચાદર અને ચોલપટ્ટા, જે તેઓના અગ્નિસંસ્કાર પછી પણ સુરક્ષિત રહ્યા છે. (૪) [illegible] અધિષ્ઠાયક દેવસ્થાન અને પટુઆ શેઠોની કલાત્મક હવેલીઓ. (૫) લૌદ્રવપુરના ચમત્કારીક અધિષ્ઠાયકદેવ જેમના દર્શન ભાગ્યશાળીઓને અવારનવાર પ્રાપ્ત થાય છે.

આવાસ પ્રબંધ : યાત્રિકો અને શ્રીસંઘોને ઉતરવા ઉચિત પ્રબંધ છે. મરુભુમિમાં હોવા છતાં પાણી અને વિજળીની પુરી વ્યવસ્થા છે. દાનવીરોના સહયોગથી ભોજનશાળા ચાલુ છે.

યાતાયાતના સાધન : જૈસલમેર આવવા માટે જોધપુર મુખ્ય કેન્દ્ર છે. તે ભારતના જુદા જુદા માર્ગોથી યાતાયાતના સાધનોથી જોડાયેલ છે જોધપુરથી દિવસમાં એકવાર બસ અને રાત્રે ને સવારે બે વાર ટ્રેઈન જૈસલમેર આવે છે. આ ઉપરાંત જયપુર અને બીકાનેરથી પણ સીધી બસો જૈસલમેર આવે છે.

જૈસલમેર પંચતીર્થીનાં દુર્ગ તથા અમરસાગર સ્થિત જિનમંદિરોના જીર્ણોદ્ધારનું કામ ચાલુ છે.

શ્રી જૈસલમેર લૌદ્રવપુર પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર ટ્રસ્ટ

ગ્રામ : જૈન ટ્રસ્ટ **જૈસલમેર** ૩૪૫૦૦૧ (રાજસ્થાન) ફોન ૨૩૩૦ ૨૪૦૪

આ જગતમાં સૌથી બિનસલામત સ્થળ પથારી છે. કારણ કે મોટાભાગના માણસો તેમાં જ મરી જાય છે.

Regd. No. BV. G. 20
JAIN OFFICE : P. Box No. 175
BHAVNAGAR-364001 (Gujarat)
Tele. O. C/o. 29919 R. 25889

જૈન

આજીવન સભ્ય ફી : રૂા. ૫૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૫૦/-
જાહેરાત એક પેજના : રૂા. ૭૦૦/-
સમાચાર પેજનાં : રૂા. ૫૦૦/-

સ્વ. તંત્રી : ગુલાબચંદ દેવચંદ શેઠ
તંત્રી-મુદ્રક-પ્રકાશક-માલીક :
મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
જૈન ઓફીસ, પો.બો. નં. ૧૭૫, દાણાપીઠ, ભાવનગર

'જૈન' વર્ષ ૮૬
અંક : ૨૨

વીર સં. ૨૫૧૫ : વિ.સં. ૨૦૪૫ જેઠ સુદ ૧૨
તા. ૧૬ જુન ૧૯૮૯ શુક્રવાર
મુદ્રણ સ્થાન શ્રી જૈન પ્રિન્ટરી
દાણાપીઠ પાછળ, ભાવનગર-૩૬૪ ૦૦૧

શ્રી મહાવીર જૈન વિદ્યાલયનો હિરક મહોત્સવ !

ઉદ્દેશો, નિયમો, ધાર્મિકઅભ્યાસ, વહિવટ-વ્યવસ્થા અંગે તપાસ પંચ નિમવાની જરૂર !

કાર્યવાહકો દ્વારાજ લાખોના ફંડનો કે વહિવટી આક્ષેપો અંગે સ્પષ્ટીકરણની જરૂર !

શ્રી મહાવીર જૈન વિદ્યાલયનું નામ એના જૈન સંઘ માટેના અનેકાનેક કામને લીધે દેશભરના જૈન સમાજમાં જાણીતું છે. ધર્મ-સંસ્કારના સિંચન સાથે સમાજની યુવાન પેઢીને ઉચ્ચ શિક્ષણમાં સહાયભૂત થવું એ સંસ્થાનું જીવનવ્રત છે.

સ્વર્ગસ્થ આચાર્યપ્રવર શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજે સમયના એંધાણ પારખીને સને ૧૯૧૫માં આ સંસ્થાની સ્થાપનાની પ્રેરણા આપી હતી. જૈન સંઘનું ને જૈનોનું ઐહિક અને પારલૌકિક બન્ને પ્રકારનું શ્રેય એમના હૈયે વસેલું હતું, અને એ માટે તેઓ સતત પ્રેરણા આપતા રહેતા. સને ૧૯૫૨માં પણ આચાર્ય દેવશ્રીએ ધાર્મિક કેળવણી અને સંસ્કાર માટે જણાવેલ કે—

"આજની કેળવણી માણસના દિલને બગાડે છે. જેને દૂર કરવા ધાર્મિક અભ્યાસ આવશ્યક છે. અને તે માટે આવા વિદ્યાલયો અને પાઠશાળા બનાવવામાં આવે છે."

"જે પુત્ર (વિદ્યાર્થી) માતા-પિતાની હાંસી કરે છે. માતા-પિતાના કાર્યોને ધતીંગ માનનારો પોતે જ ઢોંગી છે. આજ કાલના આ વિચારોમાં સુધારો નહિ આવે (લાવીયે) તો શું દુઃખો આવશે એ ખબર નથી."

આવા ઉચ્ચ આદર્શો માટે જે ગુરૂદેવ આચાર્યપ્રવરે આ સંસ્થાનું સર્જન કરેલ તેનો ભૂતકાળ ઘણો જ આશાસ્પદ અને નિઃસ્વાર્થ વૃત્તિથી ભરેલ છે. એ માટે સેવાકર્તા સર્વને અમારા અંતરના અભિનંદન.

આ સંસ્થાને ૭૫-૭૫ વર્ષના વાણા વાઈ ગયા છે. અને તે હવે હિરક મહોત્સવ ઉજવવાની તૈયારી સાથે બહાર આવી રહેલ છે. ત્યારે થોડા પ્રશ્નો ઉભા થાય છે તે માટે વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, તથા જૈન સંઘના કેળવણીપ્રેમી ભાઈઓ જરૂર વિચારશે.

(૧) વિદ્યાલયની કાર્યપદ્ધતી, તેમાં દાખલ થવાની કાર્યવાહી તેની યોગ્ય તપાસ જરૂરી છે. પદ્ધતિની ખામીને હિસાબે અયોગ્ય વિદ્યાર્થીઓને પ્રવેશ અપાય છે! તેમાં લાગવગશાહી અને ભલામણો પણ કામ કરતી થયેલ છે. આથી વિદ્યાલયનું ગુણવત્તાનું ધોરણ ઉતરી રહેલ છે. ને જૈનેતરો પણ પ્રવેશ મેળવે છે!

(૨) વિદ્યાલયમાં ધાર્મીક અભ્યાસ માટેનો આગ્રહ નહિવત બનતો જાય છે. ધાર્મીક શિક્ષક વગર ટર્મ પસાર થાય છે. કલાસો લેવાતા નથી ને પરીક્ષા થાય તો તેમાં કોપી (ધાર્મીક પરીક્ષા હોય અમો ચોરી લખતા નથી) બેસુમાર થતી હોય છે ત્યારે

(અનુસંધાન પાના નં. ૨૧૬ ઉપર)

ચાતુર્માસ નિર્ણય-મદ્રાસ

વર્ધમાન તપોનિધિ પૂ૦ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ૦સા૦ આદિ વિશાળ મુનિ પરિવારનો મદ્રાસમાં ચાતુર્માસ પ્રવેશ અષાઢ સુદ ૬ તા. ૯-૭-૮૯ના રોજ નક્કી થયેલ છે. શ્રીસંઘમાં પ્રવેશ અંગેની જોરદાર તૈયારીઓ ચાલે છે.

પત્ર વ્યવહાર :- શ્રી જૈન આરાધના ભવન
૩૫૧, મીન્ટ સ્ટ્રીટ, સાઉકાર પેઠ, મદ્રાસ-૬૦૦ ૦૭૯

ખીમતનગરે અષ્ટાન્હિકા મહોત્સવ ઉજવણી

શ્રી વર્ધમાન તપની ૧૦૪ ઓળીના આરાધક તપસ્વી મુનિરાજશ્રી સુદર્શનવિજયજી મ૦સા૦ના કાળધર્મ નિમિત્તે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન તથા ૧૫ છોડના ઉજમણાસહ અષ્ટાન્હિકા મહોત્સવની ઉજવણી તા. ૨૪ થી ૩૧ મે દરમ્યાન કરવામાં આવેલ.

આ મહોત્સવની ઉજવણી પૂ૦ આચાર્યશ્રી વિજયરામસૂરીશ્વરજી મ૦સા૦ (ડહેલાવાળા) તથા તેમના શિષ્યરત્ન પૂ૦ આ૦ શ્રી વિજયઅભયદેવસૂરીશ્વરજી મ૦સા૦ની શુભ નિશ્રામાં ભક્તિભાવ અને આનંદમય વાતાવરણમાં ઉજવાયેલ.

હસ્તિનાપુર તીર્થ :- પૂ૦ પંન્યાસશ્રી મહાયશસાગરજી મ૦સા૦ની શુભ નિશ્રામાં બાલ મુનિરાજશ્રી પદ્મયશસાગરજી મ૦ તથા પૂ૦આચાર્યશ્રી કેસરસૂરીશ્વરજી મ૦સા૦ના સાધ્વીશ્રી જ્યોતિપ્રજ્ઞાશ્રીજી મ૦સા૦નાં બાલ વર્ષીતપનાં પારણાં થયા હતા.

પૂ૦ તપસ્વી મુનિરાજશ્રી નિત્યવર્ધનસાગરજી મ૦ સા૦ તથા પૂ૦ બાલમુનિશ્રી ધર્મયશસાગરજી મ. સા. ચાતુર્માસાર્થે જયપુર પધાર્યા છે.

પાદરલી (રાજ.)મા ઉજવાયેલ નવાહ્નિકા મહોત્સવ

પૂ૦ આચાર્યશ્રી વિજયહેમપ્રભસૂરીશ્વરજી મ૦સા૦ આદિની શુભ નિશ્રામાં પૂ૦ સાધ્વીશ્રી દક્ષરત્નાશ્રીજી મ૦ની અખંડ ૫૦૦ આયંબીલની ઉગ્ર તપસ્યાની પૂર્ણાહૂતિ તથા સ્વ. ગજરાબેન ચેલરાજજીના આત્મશ્રેયાર્થે સાત છોડના ભવ્ય ઉદ્યાપનયુક્ત શ્રી સિદ્ધચક્ર મહાપૂજન તથા શ્રી નવ્વાણું અભિષેક મહાપૂજાસહ નવાન્હિકા મહોત્સવની ઉજવણી ગત તા. ૯ જુનથી ૧૭ જુન દરમ્યાન કરવામાં આવેલ.

મહોત્સવ દરમ્યાન પ્રભુજીને પ્રતિદિન નયનરમ્ય ભવ્ય અંગરચના, રોશની, રાત્રે ભાવના, સાધર્મિક ભક્તિ તેમજ વ્યાખ્યાન આદિ કાર્યક્રમોનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

પૂ૦ આચાર્યશ્રી વિજયહેમપ્રભસૂરિજી મ૦ સા૦નું ચાતુર્માસ મુ. પાદરલી-૩૦૭૦૩૦ જિ. જાલોર, સ્ટે. ફાલના, (રાજસ્થાન) નક્કી થયું છે.

જેસરમાં પંન્યાસશ્રી પ્રદ્યુમ્નવીજયજી મ૦ નું ચાતુર્માસ અર્થે થયેલ ભવ્ય સ્વાગત

પંન્યાસશ્રી પ્રદ્યુમ્નવિજયજી મ૦સા૦ અત્રે ચાતુર્માસ અર્થે પધારતા જેસર શ્રીસંઘમાં આનંદની લાગણી પ્રસરી ગઇ છે. શ્રીસંઘ અને અત્રેના નગરજનો દ્વારા પૂજ્યશ્રી આદિનું ભવ્ય સ્વાગત કરવામાં આવેલ.

જેસર બળવંતરાય મહેતા ચોકથી સવારના આઠ વાગે શ્રી જેસર મહાજન પાંજરાપોળ ગૌશાળા ટ્રસ્ટની ૧૦૮ગાયોને કપાળે તીલક, ગળામાં ઘંટડા સાથે જાણે ગાયો ગોકુળથી અત્રે આવી હોય તેવા શુકને તેમજ આજુબાજુના રામજી મંદિર તથા શિવાલયના ૫૧ પુજારીઓએ લાલ પિતાંબર ધારણ કરી બધાના હાથમાં શંખ હતા. જે સમયે ગાયોના શુકન થયા તે સમયે શંખનાદ કરવામાં આવેલ. આ બે ઘડીનો સમય એવો લાગતો હતો કે ઇન્દ્રદેવના આ ભવ્ય સ્વાગતમાં જાણે ઉપસ્થિતિ ન હોય! ત્યાર બાદ પીળા વસ્ત્ર ધારણ કરેલી બહેનો સ્વસ્તિકના આકારે બેસીને ગુરુ મહારાજનું પ્રવેશ સમયે ઉભા થઈ ઘઉંળી કાઢીને સોના-રૂપાના ફુલડાથી વધાવ્યા હતા.

બેન્ડવાજાના સૂરોની વચ્ચે ગામમાં પ્રવેશ સમયે થોડે દૂર લાલ કપડા પહેરીને બેનોએ પૂજ્યશ્રીને વધાવ્યા હતા.

બહારગામના તેમજ આજુબાજુના ગામના જૈનોની ઉપસ્થિતિ પ્રમાણમાં સારી હતી. ભાવનગર, દાઠા, મહુવા, અમદાવાદ, સુરત, પાલીતાણા, તળાજા, મુંબઈ વગેરે સ્થળોએથી સ્પેશ્યલ બસો આવી હતી. ઉપરાંત આ પ્રસંગે ગુજરાત રાજ્યના ધારાસભ્યશ્રી બાબુભાઈ વાસણવાળા જૈન અગ્રગણ્યે આ પ્રસંગે ખાસ હાજરી આપી હતી.

ઘીની ઉછામણી ઘણા જ સારા પ્રમાણમાં થયેલ હતી. ત્યાર બાદ ૧૧-૦૯ મિનીટે મહાવીર સ્વામીદાદાની સાલગીરી પ્રસંગે મુખ્ય શિખરની ધજા માસ્તર વૃજલાલ હઠીચંદના જયેષ્ઠ પુત્ર શ્રી દિનકરભાઈએ ચઢાવી હતી. ત્રણે સમયનું સાધર્મિક વાત્સલ્ય રાખવામાં આવ્યું હતું. પૂજ્યશ્રીના પ્રવેશ અને વર્ષગાંઠ નિમિત્તે ખાસ અઢાર અભિષેક તેમજ સિદ્ધચક્રપૂજન રાખવામાં આવેલ. અને આ પ્રસંગે જેસરના વતનીઓ પણ દૂર દૂરથી અત્રે પધારેલ.

આમ પૂજ્યશ્રીના પાવન પગલા અત્રે થતા શ્રીસંઘમાં આનંદ આનંદ છવાઈ જવા સાથે ધન્યતા અનુભવી હતી.

આ. શ્રી પદ્મસાગરસૂરીજીમ. સા.નું બેંગ્લોર ચાતુર્માસ

પૂ૦ આચાર્યશ્રી પદ્મસાગરસૂરિજી મ૦સા૦ આદિનું આગામી ચાતુર્માસ બેંગ્લોર-ચિકપેઠ મધ્યે નક્કી થયું છે. તા. ૬-૭-૮૯ના પૂજ્યશ્રી આદિ બેંગ્લોર નગરે પ્રવેશ કરનાર છે. આ માટેની શ્રીસંઘ ઉત્સાહથી તૈયારી કરી રહ્યો છે.

બધાયને પુણ્યનું ફળ ભોગવવું છે, પણ પુણ્ય કરવું નથી. પાપના ફળથી બચવું છે પણ પાપ તો કરવું જ છે. એવું?

ધમતરીમાં ગ્રીષ્મકાલિન જ્ઞાનશિબિર આયોજન

શ્રી ધમતરી જૈન શ્વે. સંઘના આયોજન દ્વારા પૂ૦ જૈનાચાર્યશ્રી જિનઉદયસાગરસૂરીશ્વરજી મ૦સા૦ તથા પૂ૦ સાધ્વીશ્રી રંભાશ્રીજી, મનોહરશ્રીજી, નિપૂણાશ્રીજી આદિ સાધ્વીજી મ૦સા૦ના આશીર્વાદપૂર્વક "વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ" માટે ગ્રીષ્મકાલીન આધ્યાત્મિક જ્ઞાન સંસ્કાર શિબિરનું મંગલ ઉદ્ઘાટન ગત તા. ૨૫-૫-૮૯ના રોજ થયું હતું.

૨૧ દિવસીય આ શિબિરમાં ૧૬૫ શિબિરાર્થી ભાઈ-બહેનો જોડાયા હતા. ગત તા. ૧૬-૬-૮૯ના આ શિબિરનો સમાપન સમારોહ ભક્તિભાવભર્યા વાતાવરણમાં ઉજવવામાં આવેલ.

લેખીત, મૌખિક અને પ્રેકટીકલ પરિક્ષા વિભાગમાં પ્રથમ કુમારી શોભા ગોલછા, શિશુ 'બી'માં પ્રથમ ધર્મેન્દ્ર ગોલછા, જુનિયર 'એ'માં પ્રથમ કુ. દિપ્તી વૈદ-ખેરાગઢ, જુનિયર 'બી'માં પ્રથમ કુ. કવિતા નાહર સિનિયરમાં પ્રથમ કુ. શીતલ બંગાનીએ ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

મુદ્દબીદ્રી (કર્ણાટક) ઉત્સવ ઉજવણી

પૂ૦ આ૦ શ્રી અશોકરત્નસૂરિજી મ૦સા૦ તથા પૂ૦ આ૦ શ્રી અભયરત્નસૂરિજી મ૦સા૦ આદિ ઠાણા પની શુભ નિશ્રામાં જેઠ સુદ ૨ ના પૂ૦ આ૦ શ્રી વિજયભુવનતિલકસૂરીશ્વરજી મ૦સા૦ની સત્તરમી પુણ્યતિથિ પ્રસંગે શ્રી ઋષિમંડળ પૂજનસહ ત્રણ દિવસનો ઉત્સવ ઉજવાતા આંગી, રચના, શ્રીફળ અને કળીના બબ્બે લડુની પ્રભાવના થઈ હતી.

પૂજનનું વિધાન બેંગ્લોરના શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી જૈન ધાર્મિક પાઠશાળાના અધ્યાપકશ્રી સુરેશભાઈ જે. શાહે કરાવ્યું હતું. જીવદયાની ટીપ પણ સારી થઈ હતી.

પૂ૦ આચાર્યશ્રી આદિ અત્રેથી વિહાર કરી નાબતવાડ સ્થિરતા કરી અષાડ સુદ . ના શોરાપુર ચાતુર્માસ પ્રવેશ કરનાર છે.

અભ્યાસ અંગે લોન

શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓને પોસ્ટ ગ્રેજ્યુએટ પછી ચાર્ટર્ડ એકાઉન્ટસી, બીઝનેસ મેનેજમેન્ટ તથા ઉચ્ચ ટેકનોલોજીના અભ્યાસ માટે ધોરણ ૧૨ની પરીક્ષા પાસ કર્યા પછી મંડળના નિયમાનુસાર લોન રૂપે શ્રી જૈન વિદ્યોત્તેજક સહકારી મંડળ લિ. મુંબઈ તરફથી સહાય આપવામાં આવે છે. તે માટેનું નિયત ફારમ રૂા. ૨-૫૦ એમ. ઓ. દ્વારા અથવા ટપાલ ટિકીટો મોકલવાથી નીચેના સરનામે મળશે.

સંપર્ક :- ધી જૈન વિદ્યોત્તેજક સહકારી મંડળ લિમીટેડ
૧/૩, કાલબાદેવી રોડ, ત્રીભુવન બિલ્ડીંગ કો. ઓ. હાઉસીંગ સોસાયટી લિ. બીજે માળે, વિજયવલ્લભ ચોક, (પાયધુની), મુંબઈ-૪૦૦ ૦૦૩

ચંદનબાળા કન્યા શિક્ષણ શિબિર-મુંબઈ

શ્રી ચંદનબાળા કન્યા શિક્ષણ શિબીર ટ્રસ્ટ દ્વારા આયોજિત શ્રી ચંદનબાળા કન્યા શિક્ષણ શિબીર (ક્રમાંક-૩૧)નો ઈનામી વિતરણ સમારોહ શ્રી નવજીવન શ્વે. મૂ૦ જૈન સંઘના આંગણે તા. ૪-૬-૮૯ના રોજ સવારમાં ઉજવવામાં આવેલ.

પં. શ્રી પૂર્ણાનંદવિજયજી મ૦સા૦ આદિ ઠાણા તથા પૂ૦ સાધ્વી સૂર્યપ્રભાશ્રીજી તથા તેમના વિદુષી વાચનાદાત્રી શિષ્યા સા. દિવ્યપ્રભાશ્રીજી આદિની પાવન નિશ્રામાં શિબીરની પરીક્ષામાં ભાગ લેનાર બહેનોને ઈનામો આપવામાં આવ્યા હતા.

જૈસલમેર પંચતીર્થીની યાત્રાર્થે પધારો

પશ્ચિમી રાજસ્થાનમાં આવેલ જૈસલમેર પંચતીર્થી પોતાની પ્રાચીનતા, કલાત્મકતા અને ભવ્યતા માટે જગપ્રસિદ્ધ છે. જૈસલમેર પંચતીર્થીના અન્તર્ગત જૈસલમેર દુર્ગ, અમરસાગર, લૌદ્રવપુર, બ્રહ્મસર અને પોકરણ સ્થિત જિનાલયોમાં બધા મળી ૬૬૦૦થી વધુ જિનપ્રતિમાજીઓ બિરાજમાન છે.

જૈસલમેરની વિખ્યાત વિશેષતાઓ : (૧) ભવ્ય કલાત્મક અને પ્રાચિન જિનાલયો. પન્ના અને સ્ફટિકની પ્રતિમાઓ. (૨) ખરતરગચ્છીય શ્રી જિનભદ્રસુરિ જ્ઞાનભંડારમાં સંગ્રહિત તાડપત્રીય અને હસ્તલિખિત ગ્રંથો. (૩) દાદાગુરુદેવ શ્રી જિનદત્તસુરિજી મહારાજની ૮૩૦ વર્ષ પ્રાચીન ચાદર અને ચોલપટ્ટા, જે તેઓના અગ્નિસંસ્કાર પછી પણ સુરક્ષિત રહયા છે. (૪) અનેક દાદાવાડી, ઉપાશ્રય, અધિષ્ઠાયક દેવસ્થાન અને પટુઆ શેઠોની કલાત્મક હવેલીઓ. (૫) લૌદ્રવપુરના ચમત્કારીક અધિષ્ઠાયકદેવ જેમના દર્શન ભાગ્યશાળીઓને અવારનવાર પ્રાપ્ત થાય છે.

આવાસ પ્રબંધ : યાત્રિકો અને શ્રીસંઘોને ઉતરવા ઉચિત પ્રબંધ છે. મરુભુમિમાં હોવા છતાં પાણી અને વિજળીની પુરી વ્યવસ્થા છે. દાનવીરોના સહયોગથી ભોજનશાળા ચાલુ છે.

યાતાયાતના સાધન : જૈસલમેર આવવા માટે જોધપુર મુખ્ય કેન્દ્ર છે. તે ભારતના જુદા જુદા માર્ગોથી યાતાયાતના સાધનોથી જોડાયેલ છે જોધપુરથી દિવસમાં એકવાર બસ અને રાત્રે તથા સવારે બે વાર ટ્રેઈન જૈસલમેર આવે છે. આ ઉપરાંત જયપુર અને બીકાનેરથી પણ સીધી બસો જૈસલમેર આવે છે.

જૈસલમેર પંચતીર્થીનાં દુર્ગ તથા અમરસાગર સ્થિત જિનમંદિરોના જીર્ણોદ્ધારનું કામ ચાલુ છે.

શ્રી જૈસલમેર લૌદ્રવપુર પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર ટ્રસ્ટ

ગ્રામ : જૈન ટ્રસ્ટ **જૈસલમેર** ૩૪૫૦૦૧ (રાજસ્થાન) ફોન ૨૩૩૦ ૨૪૦૪

હક ભોગવવાનો આગ્રહ ભલે સેવો, પરંતુ પહેલાં ફરજ બજાવવા પણ તત્પર રહો.

(પાના નં. ૨૧૩ નું ચાલુ)

છેલ્લા પાંચ વર્ષની પ્રવૃત્તીની કોઈ આચાર્ય ભગવંત દ્વારા તપાસની જરૂર છે. (તેમાં આ.શ્રી હેમચંદ્રસૂરીજી પણ લેવાય).

(૩) વિદ્યાલયના વિદ્યાર્થીઓ દ્વારા સંસ્થામાં રહીને જૈન ધર્મના પાયાના નિયમો વિરૂદ્ધ ભક્ષા–ભક્ષના નિયમો સચવાતા નથી કે વિદ્યાર્થી તેમની રૂમોમાં અયોગ્ય વસ્તુ લાવી વાપરતા હોય છે. જે આપણા ઘરોમાં પણ પ્રવેશ ના મળે તેવું વપરાતુ હોય તેમ કહેવાય છે. તો તેની તપાસ માટે કોઈ ધર્મ શ્રદ્ધાવાન આગુ ભાઈઓની કમિટીની નિયુક્તિ કરવાની જરૂર છે.

(૪) વિદ્યાલયના વર્તમાન વહિવટમાં તેમજ તેની વિશાળ મીલ્કતના વેચાણ કે ટ્રાન્સફરમાં લાખો રૂપીયાની રકમો આવતી હોય છે. તેમાં કાર્યવાહકો દ્વારા જ બીજા કાર્યવાહકો માટે લાખોથી રકમની ગોલમાલ થયેલી હોય તેમ બોલાય છે? તે માટે નિવૃત્ત ન્યાયધીશ, આઈ. એ. એસ., ઓફીસર કે વકીલ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું બનેલું તપાસ પંચ નીમવાની જરૂર છે.

(૫) સંસ્થાનો વહીવટ જે એકનંબર ને બેનંબરમાં ચાલે છે. તે સમાજ અને સંસ્થાના હિતમાં છે કે નહી તે વીચાર-ણીય છે.

આથી તપાસપંચ દ્વારા વિદ્યાલયના નીયમો, વહિવટ માટે સમાજમાં જે જુદી જુદી વાતો થઈ રહેલ છે તે સત્ય બહાર આવશે. સુજ્ઞને આપણીએ ઢાંકો નહી. એ ઢંકાયા વગર રહેશે નહી. ને સંસ્થાની ઉતરતી પ્રતિષ્ઠાને સત્ય પ્રકાશતા ને પાછું ગૌરવવંતુ સ્થાન અપાવશે.

વિદ્યાલયના ટ્રસ્ટીઓની ચુંટણી ટુંક સમયમાં આવી રહેલ હોઈ વિદ્યાલયના દરેક સભ્યો જાગૃતીપૂર્વક સંસ્થાના હિતમાં મતદાન કરી સંસ્થાના આદર્શ પરીપૂર્ણ કરે તેવી અપેક્ષા.

ચાતુર્માસ-યાદી

પરમ પૂજ્ય શ્રમણ–શ્રમણી ભગવંતોની સમુદાયવાર ચાતુર્માસ યાદી તૈયાર થઈ રહી છે. તો દરેક સમુદાયના વર્તમાન ગચ્છાધિપતિ આચાર્ય ભગવંતો તેમજ અલગ–અલગ વિચરતા સાધુ સમુદાયોએ તેઓશ્રીના સહવર્તી સમુદાયની સાધુ-સાધ્વીજી મહારાજની નામાવલી (ચાતુર્માસ યાદી) વહેલાસર મોકલાવી આપે.

શ્રી સંઘોને વિજ્ઞપ્તિ કે પોતાના સ્થાને ચાતુર્માસ રહેલ પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજની નામાવલી સાથેની યાદી અમને વહેલાસર મોકલાવી આપે. જેથી સંપૂર્ણ યાદી વહેલાસર પ્રસિદ્ધ કરી શકાય.

—તંત્રી

'જૈન' પત્રના ગ્રાહકોને નમ્ર વિનંતી

જે ગ્રાહક બંધુઓએ ચાલુ વર્ષનું લવાજમ ન મોકલ્યું હોય તેમણે રૂા. ૫૦/– M.O. મોકલાવવા વિનંતી.

લેખકો કો હાર્દિક આમંત્રણ

लेखको को हार्दिक आमंत्रण

परम पूज्य कलिकाल कल्पतरु जिनशासन के अजोड प्रभावक सुविशाल गच्छाधिपति आचायदेव श्रीमद् विजयरामचन्द्रसूरीश्वरजी म. सा. के शिष्यरत्न अध्यात्मयोगी निःस्पृह शिरोमणी नमस्कार संनिष्ठ पूज्यपाद पंन्यास प्रवरश्री भद्रंकरविजयजी, गणिवर्यश्री का वर्तमान जैन संघ पर बहुत बडा उपकार हैं।

आगामी वैशाख शुक्ला १४के दिन पूज्यपाद गुरुदेवश्री की १० वी पुण्यतिथि क उपलक्ष में निकट भविष्य में 'स्वाध्याय संघ'–मद्रास के तत्वावधान में अध्यात्मयोगी पुज्य पंन्यासश्री भद्रंकरविजयजी गणिवर्यश्री के महान व्यक्तित्व और अद्भुत कृतित्व को संकलित करने वाली 'संस्मरणिका' प्रकाशन का आयोजन किया गया है।

अतः जो महानुभाव पुज्यपादश्री के निकट संपर्क में आकर उनके व्यक्तित्व और कृतित्व से परिचित हो। ये सभी पु० आचार्य भगवंत, पु० पंन्यासजी म०, पु० मुनि भगवंत, पु० साध्वीजी म० तथा श्रावक-श्राविकाओं से नम्र निवेदन है कि वे अपने स्वानुभूति के संवेदन, तथा पु० पादश्री के प्रवचन, पत्र- प्रेरणा तथा उपदेश आदि को संकलित कर दिनांक 15 जुलाई 1989 तक प्रकाशन के लिए अपनी सामग्री भिजवाने का कष्ट करे।

आप अपनी कृति हिन्दी, गुजराती, अंग्रेजी व संस्कृत किसी भी भाषा में भिजवा सकोगे।)

— सामग्री भिजवाने का पता –

'संस्मरणिका प्रकाशन समिति'

C/o. कनकराज पालरेचा

गंगाराम मुल्तानमल बाजार

At राना स्टेशन 306115

जिला. पाली (राजस्थान).

મુંબઈ-કાંદિવલી (વે.) ચિંતામણિ પા. મહાપૂજન

અત્રે શંકરગલી મહાવીરનગર મધ્યે તપોમૂર્તિ પૂ૦ આચાર્યદેવશ્રી દર્શનસાગરસૂરીશ્વરજી મ૦સા૦ની પાવન નિશ્રામાં આરાધના, મગ્ન સેવાભાવી, વૈયાવચ્ચ ગુણોના ભંડાર સમ પૂ૦ સરળ સ્વભાવી મુનિરાજશ્રી કલ્પવર્ધનસાગરજી મ૦ સા૦ (કાકા મ.) ના સમાધિમય કાળધર્મની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે શ્રી મહાવીર જૈન શ્વે. મૂ૦ પૂ૦ સંઘના ઉપક્રમે શ્રી જિનેન્દ્રભક્તિ સ્વરૂપ શ્રી ચિંતામણી પાર્શ્વનાથ મહાપૂજન ભણાવવામાં આવેલ.

વિનય અને નમ્રતા એ એક એવો પોલીટીકલ પોઈન્ટ છે કે જે સઘળા ગુણો ઉપર અસર કરે છે.

પત્રકારિત્વ ક્ષેત્રે મહારાષ્ટ્ર સરકારનું પારિતોષિક મેળવતા શ્રી નગીનદાસ જસરાજ શાહ (વાવડીકર)



મુંબઈમાં અને તેમાંય ગુજરાતી સમાજમાં પત્રકારિત્વક્ષેત્રે શ્રી નગીનદાસ વાવડીકરનું નામ જાણીતું છે. સાહિત્ય અને પત્રકારિત્વક્ષેત્રે ઉમદા કામગીરી બજાવનાર શ્રી વાવડીકરને તાજેતરમાં જ મહારાષ્ટ્ર સરકારનું ૧૯૮૭ના વર્ષનું વિકાસવાર્તા પારિતોષિક પ્રાપ્ત થયું છે. તેઓને ફેબ્રુઆરી, ૧૯૮૭ના "ઘોઘારી જૈન દર્શન" પત્રિકમાં "દુષ્કાળમાં પશુધનને બચાવવા દાનગંગા વહાવીએ" એ વિષય પર તંત્રીલેખ લખવા બદલ ગુજરાતી વિભાગમાં આ પ્રથમ પારિતોષિક મળ્યું છે.

શ્રી વાવડીકર છેલ્લા અઢી દાયકાથી અ. ભા. જૈન શ્વેતામ્બર કોન્ફરન્સના કાર્યાલયમંત્રી તરીકે તેમજ આ સંસ્થાના મુખપત્ર 'કોન્ફરન્સ સંદેશ'ના તંત્રી તરીકે સેવા આપી રહ્યા છે. જૈન ધાર્મિક શિક્ષણક્ષેત્રે છેલ્લા એંશી વર્ષથી કાર્ય કરી રહેલી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડના સરસંચાલક તરીકે પણ તેઓ છેલ્લા ચોવીસ વર્ષથી યશસ્વી કામગીરી બજાવી રહ્યા છે.

મુંબઈ જૈન પત્રકાર સંઘના મંત્રી અને તેના મુખપત્ર બુલેટીનના સંપાદક તરીકે તેઓ સેવા આપે છે. પોતાના વતન મોટીવાવડી ગામના શ્રી મોટીવાવડી મિત્ર મંડળના સ્થાપક અને હાલ ઉપપ્રમુખ તરીકે કાર્ય કરે છે.

ગત વર્ષે લેસ્ટરના જૈન દેરાસરની પ્રતિષ્ઠા પ્રસંગે તેઓ ઇંગ્લેન્ડની યાત્રા કરી આવ્યા છે. તેઓની સામાજિક શૈક્ષણિક અને ધાર્મિકક્ષેત્રની નિષ્ઠાવાન સેવાની કદરરૂપે તાજેતરમાં જ મહારાસ્ટ્ર સરકારે તેમને S. E. M. ની પદવીથી વિભૂષિત કર્યા છે.

તેમની આ ગૌરવપ્રદ સિદ્ધિમાં તેમના ધર્મપત્ની શ્રીમતી ઉષાબહેન વાવડીકરનું મુખ્ય પ્રેરણાબળ રહ્યું છે. શ્રી વાવડીકર દ્વારા સમાજ ઉત્કર્ષના અને સમાજ અભ્યુદયના વધુ વધુ કાર્યો થતા રહે એવી શુભેચ્છા આ તકે પાઠવીએ છીએ.

લુધીયાના : નગરપ્રવેશ સંક્રાંતીસભાનું આયોજન

પૂ૦ ક્ષત્રિયોદ્ધારક ચારિત્ર ચુડામણી જૈનાચાર્ય શ્રીમદ્ વિજયઈન્દ્રદિન્નસૂરીશ્વરજી મ૦સા૦ આદિ વિશાળ શ્રમણ-શ્રમણી વૃંદ સાથે ૧૪ વર્ષ બાદ અત્રે પધારતા તેમનો ભવ્ય નગરપ્રવેશ શ્રીસંઘ દ્વારા કરવામાં આવ્યો હતો. નગર પ્રવેશના બીજા દિવસે તા. ૧૪-૬-૮૯ના રોજ અષાઢ સંક્રાંતિ મહોત્સવ શ્રી આત્માનંદ જૈન સીનીયર સેકન્ડરી સ્કૂલમાં આયોજન કરવામાં આવેલ અને આ સમારોહમાં સમસ્ત ઉત્તર ભારતના શ્રીસંઘો સમ્મિલિત થયા હતા.

રાપર (કુચ્છ)માં ઉજવાયેલ પંચાન્હિકા મહોત્સવ

અધ્યાત્મયોગી પૂ૦ આચાર્યદેવશ્રી વિજય કલાપૂર્ણસૂરીશ્વરજી મ૦સા૦ આદિ વિશાળ સાધુ-સાધ્વીજી મ૦સા૦ની શુભ નિશ્રામાં પૂ૦ તપસ્વી સાધ્વીશ્રી દેવાનંદાશ્રીજી મ૦ની વર્ધમાન તપની ૧૦૦મી ઓળીની મંગલમય પૂર્ણાહુતિ નિમિત્તે ૧૭ છોડનું ભવ્યાતિભવ્ય ઉદ્યાપન સિદ્ધચક્ર મહાપૂજન તથા શાંતિસ્નાત્ર સહિત ભવ્ય પંચાન્હિકા મહોત્સવની ઉજવણી તા. ૧૦ થી ૧૪ જુન દરમ્યાન કરવામાં આવી હતી.

પૂ૦ આચાર્યશ્રીની શુભ નિશ્રામાં ભરૂડીયા નગરે શ્રી શીવજીભાઇ કરમશીભાઇ સત્રાના જીવનના સુકૃતોની અનુમોદનાર્થે તથા આત્મશ્રેયાર્થે શ્રી શાંતિસ્નાત્ર તથા શ્રી સિદ્ધચક્ર મહાપૂજન સહિત અષ્ટાન્હિકા મહોત્સવની ઉજવણી કરવામાં આવેલ.

જીવતર તો જ જીવી જાણ્યું કહેવાય જો આપણે અન્યના દુઃખે દુઃખી થઇને એનું દુઃખ હળવું કરી શકીએ.

પૂ૦ આ૦ શ્રી વારિષેણસૂરિજી મ૦ સા૦ની શુભ નિશ્રામાં ઉજવાયેલ વિવિધ કાર્યક્રમો

પૂ૦ આચાર્યશ્રી વારિષેણસૂરિજી મ૦ સા૦ આદિની શુભ નિશ્રામાં જલગાંવ-જામોદમાં અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી શાસન પ્રભાવનાપૂર્વક થઈ હતી. આ પ્રતિષ્ઠા પૂજ્ય આચાર્યશ્રીના વરદહસ્તે પહેલી જ વાર થયેલ. સાથે સાથે તપાગચ્છાલંકાર પૂ૦ આ૦ શ્રી નેમિસૂરીશ્વરજી મ૦સા૦ના સમુદાયના આ૦ શ્રી લાવણ્યસૂરિજી મ૦સા૦ અને ધર્મદિવાકર ગચ્છાધિપતિ પૂ૦ આચાર્ય ભગવંતશ્રી વિજયભુવનતિલકસૂરિજી મ૦સા૦ની જિનમંદિરમાં ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા ધામધૂમપૂર્વક થઈ હતી. દેવદ્રવ્ય, સાધારણની ઉપજ પણ સારા પ્રમાણમાં થયેલ.

શેગાંવ :- પૂ૦ આ૦ શ્રી આદિની શુભ નિશ્રામાં પૂ૦આ૦ શ્રી ભુવનતિલકસૂરિજી મ૦સા૦ની ત્રેવીસમી પુણ્યતિથિ નિમિત્તે તા. ૨-૭ થી ૯-૬ દરમ્યાન સામુહિક આયંબિલ, મોટી પૂજા, ૧૮ અભિષેક, ભક્તામરપૂજા, આંગી-ભાવના, સ્વામીવાત્સલ્ય, ગુણાનુવાદ સભા આદિનું આયોજન કરવામાં આવેલ.

બાલાપુર :- પૂ૦ આ૦ શ્રી આદિનો તા. ૮-૬-૮૯ના ભવ્ય નગર પ્રવેશ થયેલ. તા. ૯-૬-૮૯ના રોજ ભક્તામર મહાપૂજન સ્વ. રતનબેન રમણલાલના આત્મશ્રેયાર્થે શાહ રમણલાલ દલીચંદ પરિવાર તથા શાહ દીપકકુમાર શેગાંવવાલા તરફથી ભણાવવામાં આવેલ.

જાલના :- પૂ૦ આ૦ શ્રી વારિષેણસૂરિજી મ૦ સા૦ ને વર્ધમાનતપની ૮૫મી ઓળી, મુનિશ્રી વિનયસેનવિજયજી મ૦ને ૨૫મી ઓળી, મુનિશ્રી વલ્લભસેનવિજયજી મ૦ને ૨૬મી ઓળીની આરાધના શાતાપૂર્વક પૂર્ણ કરી હતી. મુનિશ્રી વજ્રસેનવિજયજી મ૦ને એકાંતરા ૧૫૦૦ આયંબિલની આરાધના ચાલુ છે.

પૂ૦ આ૦ શ્રી આદિનું ચાતુર્માસ જાલના (મહારાષ્ટ્ર) નક્કી થયું છે. અષાઢ શુદ-૮ના પૂજ્યશ્રી આદિ જાલના નગરે ચાતુર્માસ પ્રવેશ કરનાર છે.

ગોતા (અમદાવાદ) પૌષધશાળાનું ઉદ્ઘાટન

પૂ૦ આ૦ શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ૦ સા૦ના શિષ્યરત્ન પૂજ્ય આ૦ શ્રી મુક્તિચંદ્રસૂરિજી મ૦સા૦ના વિદ્વાન શિષ્યરત્ન પંન્યાસશ્રી પ્રભાકરવિજયજી મ૦સા૦ના સદ્ઉપદેશથી નૂતન ઉપાશ્રયનું અત્રે નિર્માણ કરવામાં આવ્યું છે. જેનું નામ "શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરિશ્વરજી પૌષધશાળા" રાખવામાં આવ્યું છે. ગત તા. ૯-૬-૮૯ના રોજ દાનવીર શેઠશ્રી રીખવચંદજી છોગાલાલજીના વરદ હસ્તે આ પૌષધશાળાનું ઉદ્ઘાટન કરવામાં આવેલ છે.

શ્રી મહાવીર જૈન વિદ્યાલય તરફથી જુદા જુદા ફંડ દ્વારા અપાતી લોન સ્કોલરશિપ

❋ શ્રી સારાભાઈ મગનભાઈ મોદી લોન સ્કોલરશિપ ફંડ

માધ્યમિક શાળાના ધોરણ ૮ થી ૧૧માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ/વિદ્યાર્થિનીઓ માટે અરજી પત્રકો ભરીને મોડામાં મોડું સંસ્થાના સરનામે તા. ૩૦-૬-૧૯૮૯ સુધીમાં મોકલવા.

❋ શ્રી સારાભાઈ મગનભાઈ મોદી ઉચ્ચ અભ્યાસ શિષ્યવૃત્તિ ટ્રસ્ટ

એસ. એસ. સી. પરીક્ષામાં બીજી ભાષા સંસ્કૃત હોય, શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડની ધાર્મિક પરીક્ષા પસાર કરવાની શરતે, કોલેજમાં ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થી/વિદ્યાર્થિની માટે અરજી પત્રકો ભરીને મોડામાં મોડું સંસ્થાના સરનામે તા. ૩૦-૬-૮૯ સુધીમાં મોકલવા.

❋ શ્રી ખેડા જૈન વિદ્યાર્થી ઉચ્ચ શિક્ષણ લોન-સ્કોલરશિપ ફંડ

ગામ ખેડાના શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓને એસ. એસ. સી. પછીના ઉચ્ચ અભ્યાસના હેતુ માટે લોન રૂપે સહાય આપવામાં આવે છે. અરજીપત્રકો ભરીને મોડામાં મોડું સંસ્થાને તા. ૩૧-૮-૮૯ સુધીમાં મોકલવા.

અરજીપત્રક મંગાવતી વખતે કયા ફંડનું અરજીપત્રક જોઈએ છે તેનો સ્પષ્ટ નિર્દેશ કરવો. દરેક ફંડ માટે અલગ અલગ અરજીપત્રક ભરવાનું છે.

ઉપરોક્ત દરેક ફંડના અરજીપત્રકો મેળવવાનું અને મોકલવાનું સ્થળ :- શ્રી મહાવીર જૈન વિદ્યાલય

ઓગસ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઈ-૪૦૦૦૩૬.

શ્રી નાગેશ્વર તીર્થે પધારો

શ્રી નાગેશ્વર તીર્થ ભારતમાં એક જ શ્રી પાર્શ્વનાથ ભ. ની કાયા ૧૫ ફુટ ઊંચી અને નીલવર્ણી સાત ફણાધારી કાયોત્સર્ગ પ્રાચીન પ્રતિમાજી બિરાજે છે.

હજારો યાત્રિકો દર્શનાર્થે પધારે છે. ભોજનશાળા, ધર્મશાળા વિગેરેની સુવિધા છે. યાત્રિકોને આવવા માટે ચૌમહલા સ્ટેશન તથા આલોટથી બસ સર્વીસ મળે છે. અગાઉ સુચના આપવાથી પેઢીની જીપની વ્યવસ્થા થઈ શકશે. અઠ્ઠમ તપવાળા માટે પુર્ણ વ્યવસ્થા છે.

(ફોન નં. ૭૩ આલોટ) —લિ. દીપચંદ જૈન સેક્રેટરી

શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ પેઢી

P. O. ઉન્હેલ ❋ સ્ટે. : ચૌમહલા [રાજસ્થાન]

થાળીમાં આવેલું નહિ, પેટમાં ગયેલું અન્ન જેમ આપણું છે, તેમ તિજોરીમાં સંગ્રહેલું નહિ, સત્કાર્યમાં વાપરેલું ધન આપણું છે

ચાલીસગામ (મહા.) અંજનશલાકા મ. ઉજવણી

અત્રે પૂ. આચાર્યશ્રી ધનપાલસૂરીશ્વરજી મ૦ સાહિત્ય પૂ૦ આ૦ શ્રી રાજેન્દ્રસૂરિજી મ૦ સા૦, મુનિશ્રી નંદિઘોષવિજયજી મ૦ સા૦ આદિની શુભ નિશ્રામાં અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી ભવ્ય રીતે થઈ. બેંગ્લોરથી પૂજ્યપાદ આચાર્ય ભગવંતશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ૦ સા૦ ના આશીર્વાદ અને વૈ. સુ. ૧૦ પ્રતિષ્ઠાના મુહુર્ત પ્રાપ્ત થયા. આઠ નવકારશી અને બે સ્વામિવાત્સલ્ય સાથે દસ દિવસના જિનભક્તિ મહોત્સવની પત્રિકા ગામેગામ મોકલવામાં આવેલ.

શ્રી લક્ષ્મીચંદ કેશવજી માડલીમી સ્ટેશન રોડ ઉપરની મોટી વિશાળ લાતી-વખારની જગ્યા પ્રાપ્ત થઈ. જેમાં ભવ્ય વિશાળ મંડપ, સ્ટેજ, વેદિકા, જિનપ્રતિમા મંડપ તથા ભોજનમંડપ, ઓફીસ વગેરેની ગોઠવણ કરવામાં આવેલ. લાઈટ ડેકોરેશન, વિશાળ રથ તેમજ અમદાવાદથી કે. વી. કુરેશી મહાજને કલ્યાણક નિમિત્તે રાજભવન વગેરેની સુંદર વ્યવસ્થા કરેલ. નાસીકથી હાથી લાવવામાં આવેલ.

ચૈત્ર વદ ૧૩ના શુભ દિને શ્રી પાર્શ્વનાથ પ્રભુજીનું ત્રિગડું બિરાજમાન કરી અંજન માટેના ભ૦ મહાવીરસ્વામી આદિ જિનબિંબોને વેદિકા ઉપર બિરાજમાન કરાયા, કુંભસ્થાપનાદિ થયા, જલયાત્રાનું વિધાન થયું. ક્રમશઃ નંદાવર્ત પૂજન વિગેરે વિધિ વિધાન શ્રી મનસુખભાઈ, પં. શાંતિભાઈ, પ્રેમચંદભાઈ કોઠારી વિગેરે મંડળીએ કરાવ્યા.

વૈ. સુ. ૧ના ચ્યવન કલ્યાણકની ભવ્ય ઉજવણી, ૧૪ સ્વપ્ન દર્શન, રથયાત્રા-વરઘોડો નીકળેલ. વૈ. સુ. ૨ના ઝવેરચંદ વેલજીભાઈ તથા જ્યાબેન ઝવેરચંદ મોમાયાના વરસીતપની અનુમોદનાર્થે ચતુર્વિધ સંઘ તેમના નિવાસ સ્થાને પધારેલ. ગુરુપૂજન તેમજ સંઘપૂજન થયેલ. ક્રિયા મંડપમાં વીર જન્મોત્સવની ઉજવણી, ૫૬ દિક્કુમારી મહોત્સવ, મેરૂપર્વત, ૬૪ ઈન્દ્ર અભિષેક થયા. પુત્ર વધામણી, ૧૮ અભિષેક થયા. નામકરણ, નિશાળ ગણણું, લગ્નોત્સવ, રાજ્યાભિષેક, મહેશકુમારનું નૃત્ય, લોકાંતિક દેવોની વિનંતી. વરસીદાનનો વરઘોડો, ઈન્દ્રધજા, હાથી ઉપર વરસીદાન, રથમાં પ્રભુજી સાથે નાસીકના દીક્ષાર્થીબેનનું વરસીદાન, વિવિધ શણગારેલા વાહને ચતુર્વિધસંઘ સાથે આખા નગરમાં વરઘોડો ફર્યો.

ક્ષત્રિયકુંડ નગરમાં દીક્ષા કલ્યાણકની ઉજવણી થઈ. રાત્રીના અધિવાસના-અંજનવિધિ થઈ. જુના મંદિરમાંથી ભ૦ મહાવીર સ્વામી આદિ પ્રભુજીનો નૂતન મંદિરમાં વાજતે ગાજતે પ્રવેશ થયો. કેવળજ્ઞાન, નિર્વાણ કલ્યાણકની ઉજવણી, દેશના તથા અભિષેક થયા. શ્રી નમિનાથ સ્વામીની કચ્છી દશા ઓસવાલ જૈન દેરાસરે પ્રતિષ્ઠા કરવામાં આવી. ભવ્ય પરિકર સાથે દેવાધિદેવના મનોહર જિનબિંબોના દર્શન કરી સકલ સંઘ પાવન બન્યો. અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર પૂજા, કળશ, ધ્વજદંડથી મંદિર ભવ્ય બન્યું. હાથી ઉપર તોરણવિધિ થઈ. બીજે દિવસે સંઘસહિત દ્વારોદ્‌ઘાટન વાજતે ગાજતે થયું. ગભારામાં ઘીના દીપક માટે પંચવર્ષીય યોજના થઈ. અંજનશલાકા સંબંધી નાની-મોટી વિવિધ ઉછામણીઓ સારી થઈ.

"પૂજ્ય ગુરુભગવંતોના ગુજરાતી-હિન્દી પ્રવચનો અવસરોચિત પ્રેરણા અને સમ્મતીથી સંઘનું આ મહાન કાર્ય સુંદર રીતે પાર પડ્યું. તેની ભૂરિ-ભૂરિ અનુમોદના થઈ. અનેક ભાઈ-બહેનો નિત્યદિન પૂજા-ભક્તિમાં જોડાયા. ટુંક સમયમાં મંદિરનું બાકી રહેલ કાર્ય પૂરું થતા આ મંદિર દેવવિમાન જેવું ભવ્ય અને દર્શનીય બની જશે.

ચાલીસગામના ભાઈ-બહેનોએ પોતાના દ્રવ્યથી નૂતન શિખરબદ્ધ જિનાલય તથા ઉપાશ્રયનું નિર્માણ કર્યું છે. એ "સંઘના તન-મન અને ધનની ત્રિવેણી સંગમે ભવ્ય અને સુકૃત થયું છે.

દેવચંદ જેઠાલાલ સંઘવી ચોક નામકરણ વિધિ સમારોહની થયેલ ઉજવણી

મલાડ પૂર્વમાં જીતેન્દ્ર માર્ગ અને હાજી બાપુ તથા નિવેટીયા માર્ગનો જંકશન પરના ચોકને "દેવચંદ જેઠાલાલ સંઘવી ચોક" ની નામકરણ વિધિ ઓલ ઈન્ડિયા જૈન શ્વે. કોન્ફરન્સના પ્રમુખ શ્રી દીપચંદભાઈ ગાર્ડીના હસ્તે થઈ હતી. આ સમારંભના પ્રમુખપદે સ્થાનિક નગરસેવક શ્રી પ્રદ્યુમ્નભાઈ યુ. મહેતા હતા.

શ્રી દેવચંદ જેઠાલાલ સંઘવીએ મલાડ ખાતે માનવતાના સંખ્યાબંધ કાર્યો કર્યા હતા. જેમાં દેવચંદ જેઠાલાલ માધ્યમિક શાળા અને જુનિયર કોલેજ, જૈન દેરાસર, ઉપાશ્રય, મધ્યમવર્ગના ભાઈઓ માટેના રહેઠાણ, ભાયંદર ખાતેનું દેરાસર વગેરેનો પણ સમાવેશ થાય છે.

કાર્યક્રમના શુભ સમયે ચોકના સ્થળને ફુલઝાડથી સુશોભિત કરવાના તથા પાણીના પરબ ઊભી કરવાનો આશ્વાસનો આપવામાં આવ્યા હતા.

આધોઈ (કચ્છ)માં ચાતુર્માસ પ્રવેશ

કચ્છ વાગડ દેશોદ્ધારક પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયકનકસૂરીશ્વરજી મહારાજના પ્રશિષ્યરત્ન ભક્તિરસના ઉદ્‌ગાતા અધ્યાત્મયોગી પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયકલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજ આદિ-૨૦૦થી અધિક પૂજ્ય શ્રમણ-શ્રમણી વૃંદનો તા. ૧૭-૬-૧૯૮૯ના આધોઈ નગરે ભવ્ય ચાતુર્માસ પ્રવેશ થયો છે.

સત્કર્મ એ દુનિયાનું સૌથી મોટું તીર્થધામ છે એ વાત નહિ સમજવાને કારણે પુણ્ય-સંચયના આપણા પ્રયત્નો વ્યર્થ નિવડે છે.

મુંબઈ પૂ૦આ૦શ્રી અશોકચંદ્રસૂરિજી મ૦ સાને વિહાર દરમ્યાન નડેલ અકસ્માત

પૂ૦ આચાર્યશ્રી અશોકચંદ્રસૂરિજી મ૦ સા૦ તા. ૨-૫-૮૮ના રોજ સવારે ૭ વાગે મુલુન્ડથી વિહાર કરીને ઘાટકોપર આવતા હતા ત્યારે આગ્રારોડ પર વિક્રોલી નજીક આ બનાવ બન્યો હતો. ટેમ્પોની ટક્કર વાગવાથી તેઓ ટેલીફોન ખાતા વાળાએ ખોદેલા ઊંડા ખાડામાં પડી ગયા હતા અને જખ્મી થયા હતા. તરત જ આસપાસના માણસો એકઠા થઇ તેમને બહાર કાઢયા હતા ત્યારબાદ ઘાટકોપરના બે ડોકટરો દ્વારા તેમને સારવાર અપાઈ હતી. હાલ તબિયત સારી છે.

પૂ૦ આચાર્યશ્રીના શિષ્યોએ જણાવ્યું કે પગપાળા એક ગામથી બીજે ગામ વિહાર કરતાં જૈન સાધુઓએ હાઈવે પર ઘણી વખત અકસ્માતનો સામનો કરવો પડે છે. છેલ્લાં પાંચ વર્ષમાં આ રીતે ઓછામાં ઓછાં પાંચ-છ જૈન સાધુઓ માર્ગ અકસ્માતમાં કાળધર્મ પામ્યા છે. આમાં આ૦શ્રી રવિચંદ્રસૂરીશ્વરજી મ૦સા૦, આ૦શ્રી ત્રિલોચનસૂરિજી મ૦ સા૦, આ૦શ્રી યશોભદ્રસૂરિજી મ૦ સા૦ વગેરેનો સમાવેશ થાય છે.

ચતુર્વિધ સંઘને વિનંતી

સ્વ. પૂ૦ આચાર્યશ્રી વિજયગુણાનંદસૂરીશ્વરજી મ૦ સા૦એ ઘણાને જુદા જુદા શાસ્ત્રો વગેરેનો અભ્યાસ કરાવ્યો છે, અને એ અંગેની નોટો એકત્રિત કરીને જુદી જુદી પુસ્તિકારૂપે છપાવવાની ગણત્રી છે. આપની પાસે આવી નોટોની ઝેરોક્ષ કોપી અમને શીઘ્ર મોકલાવશો.

સ્વ. પૂ૦ આચાર્ય દેવેશશ્રીના અનુમોદનીય ગુણો અને પ્રસંગોનું સંકલન કરવાનો પણ અમારો નમ્ર પ્રયાસ છે. તેથી ચતુર્વિધ શ્રીસંઘને વિનંતી કરવાની કે તેઓ પૂજ્યશ્રી બાબતના પોતાના અનુભવો અમને લખી જણાવે.

સંપર્ક સ્થળ :- મુનિશ્રી વરબોધિવિજયજી મ૦ સા૦, શ્રી ચંદ્રપ્રભુ જૈન નયામંદિર, ૧૪૨, મીન્ટ સ્ટ્રીટ, મદ્રાસ-૬૦૦૦૭૯

કોસેલાવ (રાજ.) શિબિર સમાપન સમારોહ

પૂ મુનિશ્રી અભયચંદ્રવિજયજી મ૦ સા૦ તથા પૂજ્યશ્રી અનમોલરત્નવિજયજી મ૦ સા૦ની શુભ નિશ્રામાં અને પૂ૦ સાધ્વીશ્રી લલીતપ્રભાશ્રીજી તથા સા૦શ્રી હર્ષપ્રભાશ્રીજી મ૦ આદિની સાનિધ્યમાં કોસેલાવ સ્થિત શ્રી આરાધના ભવનમાં ગત તા. ૧૯-૫થી ૨-૬-૮૯ સુધીનું ૧૫ દિવસીય શિબિરનું આયોજન કરવામાં આવેલ.

આ શિબિરમાં ભારતના મહાનગર, દિલ્લી, આગ્રા, રાજસ્થાન વિગેરે ૨૦ નગરોમાંથી લગભગ ૧૧૧ બાલિકાઓએ ભાગ લઈ જૈન જીવવિજ્ઞાન, જૈન તત્વજ્ઞાન, જૈન કર્મવાદ, જૈનાચાર માર્ગાનુસારી ગુણ, આવશ્યક સૂત્રોનું રહસ્ય, જૈન ભૂગોળ, ઇતિહાસ વિગેરેનું અધ્યયન કરીને જૈન સંસ્કૃતિ અને સુસંસ્કારોની સુવાસ પોતાના જીવનમાં ગ્રહણ કરી છે.

તા. ૨-૬-૮૯ના આ સમારોહ સમાપનના સુઅવસરે આમંત્રિત મહેમાનો અને સ્થાનિક શ્રાવક ભાઇ-બહેનોની ઉપસ્થિતિ વિશેષ રહી હતી.

બલસાણા તીર્થની યાત્રાએ પધારો

(તાલુકો : સાક્રી, જીલ્લો : ધુલીયા મહારાષ્ટ્ર)

બલસાણા ગામમાંથી ૩૧ ઇંચના શ્યામ, મનોહર, સુંદર ૧૫૦૦ વર્ષ પુરાના ચમત્કારી શ્રી વિમલનાથ ભગવાનની મુર્તિ પ્રાપ્ત થઈ છે. નદીઓ અને પહાડોની વચ્ચે કુદરતી સૌંદર્યથી શોભતા કળા-કૌશલ્યથી યુક્ત મંદિરોના ખંડેરો પ્રાચીનતાની સાક્ષી આપતા આજે પણ અડોલ ઉભા છે. આથી અતિ પ્રાચીન આ ઐતિહાસીક નગર હશે. અહિયા જૈનોના ૧૦ ઘર છે.

વર્તમાન તપોનિધિ પુજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય**ભુવનભાનુસુરીશ્વરજી મહારાજ** તથા પંન્યાસ પ્રવર શ્રી **ચંદ્રશેખરવિજયજી** મ. સા. ના આશીર્વાદથી તથા મુનિશ્રી વિદ્યાનંદવિજયજી ગણિ મ.સા. ના સક્રિય ઉપદેશથી સ્થાનિક અને અનેક જૈન સંઘોના સહયોગ અને સહકારથી એક ગગનચુંબી જિનાલય નિર્માણ થયું છે. જેની પ્રતિષ્ઠા પ. પુજ્ય આચાર્યશ્રી **રાજેન્દ્રસુરીશ્વરજી** મ. સા. આદિની નિશ્રામાં મહોત્સવ પુર્વક થઈ છે. પ્રાચીન નયનરમ્ય અલૌકિક ચમત્કારી શ્રી વિમલનાથ ભગવાનના જિનબિંબથી શોભતા નુતન તીર્થના અને બલસાણાની પંચતીર્થી (નેર, ધુધીયા, દોડાઈચા, નંદરબાર, બલસાણા) ના દર્શન કરી પાવન થવા સકલ સંઘને ભાવભર્યું આમંત્રણ છે ત્યાંનો સઘળો વહીવટ ધુલીયા જૈન સંઘ સંભાળે છે.

આવવા માટે સુવિધા :- સુરત-ધુલીયા હાઈવે પર સાક્રીથી દોડાઈચા રોડથી બલસાણા ૨૫ કિ.મી. ના અંતરે છે અને દોડાઈચા -ચીમઠાણાથી ૨૫ કિ.મી. અંતરે જુદા જુદા ટાઈમે એસ.ટી. મળે છે.

નુતન તીર્થમાં લાભ લેવા માટે વિનંતી—લખો :

શ્રી ધુલીયા જૈન સંઘ. તેલગલી. ધુલીયા-૪૨૪૦૦૧

સ્વસ્તિક હાર્ડવેર સ્ટોર અને અરિહંત પેઈન્ટસ, આગ્રા રોડ, ધુલીયા

નેમિચંદ મોતીલાલ ગોપાલદાસ પરિવારના સૌજન્યથી

સદ્ગ્રંથોનું કામ તો છે વ્યક્તિમાં માત્ર જિજ્ઞાસા જગાડવાનું, એને તૃપ્ત કરવાનો ઉપાય છે સ્વાનુભવ,

Regd. No. BV. 20
MAIN OFFICE : P. Box No. 175
BHAVNAGAR-364001 (Gujarat)
Tele. O. 25919 R. 25869

જૈન

સ્વ. તંત્રી : ગુલાબચંદ દેવચંદ શેઠ
તંત્રી-મુદ્રક-પ્રકાશક-માલીક :
મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
જૈન ઓફીસ, પો. બો. નં. ૧૭૫, દાણાપીઠ, ભાવનગર

'જૈન' વર્ષ ૮૬
અંક : ૨૩

વીર સં. ૨૫૧૫ : વિ.સં. ૨૦૪૫ જેઠ સુદ
તા. ૨૩ જુન ૧૯૮૯ શુક્રવાર
મુદ્રણ સ્થાન : શ્રી જૈન પ્રિન્ટરી
દાણાપીઠ પાછળ, ભાવનગર-૩૬૪ ૦૦૧

શ્રી મહાવીર જૈન વિદ્યાલયનો અમૃત મહોત્સવ

"જૈન" પત્રના ગત અંક-૨૨માં અમોએ પ્રથમ પાને શ્રી મહાવીર જૈન વિદ્યાલયનો હિરક મહોત્સવ શબ્દ શરતચૂકથી પ્રગટ કરેલ પરંતુ તે ૭૫ વર્ષ પુરા થતાં અમૃત મહોત્સવ ઉજવાય રહેલ છે. તેની સર્વેએ નોંધ લેવી.

આ અમૃત મહોત્સવના કાર્યક્રમના સમાચાર કાર્યાલય દ્વારા પ્રાપ્ત થયેલ છે તે જૈનમાં વિગતે આપેલ છે.

આ ઉપરથી તેમજ વિદ્યાલયના ગૌરવને પરંપરા મુજબ નવા પ્રશ્નો ઉત્પન્ન થાય છે.

પ્રથમ આ સંસ્થાના આત્મા-પ્રેરક પરમ પૂજ્ય યુગવીર આચાર્યદેવશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મ૦ રહેલ છે. તેના અગાઉના વિશીષ્ટ પ્રસંગે પૂજ્ય ગુરુદેવોની નિશ્રા રહેતી અને તેમાં પણ તેમના સમુદાયના ગુરુ ભગવંતોની નિશ્રા રહેલ છે. જ્યારે આ અમૃત મહોત્સવ પ્રસંગે આદ્યપ્રેરક પુજય આચાર્યદેવશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મ૦ના સમુદાયના વર્તમાન ગચ્છાધિપતી પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયઇન્દ્રદિન્નસૂરીશ્વરજી મહારાજશ્રીની નિશ્રા માટે કોઈ આગ્રહ નથી રખાયો કે તેઓશ્રીના આજ્ઞાવર્તી પુજ્ય આચાર્યદેવશ્રી જનકચંદ્રસૂરીજી મહારાજનો કે તેમના સમુદાયના બીજા કોઇ પુજ્ય ગુરુદેવોની અનઉપસ્થિતી જ વર્તમાન કાર્યકરોની ઉણપ બતાવે છે.

તેમજ આ સમુદાય તો પૂજ્ય ગુરુદેવની પ્રેરક સંસ્થા હોઈ ત્યારે વિદ્યાલયના અમૃત મહોત્સવ પ્રસંગે આમંત્રણ હોઈને ના આવે તેમ ના બને તેમ અમો સમજીએ છીએ. મુંબઈમાં તો આ સમુદાયના પૂજ્ય સાધુ-સાધ્વીજી મ૦ પણ બીરાજમાન હોય છતાં અમૃત મહોત્સવના પ્રસંગે તેમની અનઉપસ્થિતી જ કેટલા પ્રશ્નો કરતી હોય છે. જેમાં આજ સમુદાયના એક શ્રમણ દ્વારા જાણવા મળ્યું કે "વિદ્યાલય તો પૂજ્યશ્રીએ સ્થાપી પણ તેના વહીવટકર્તાઓનું વર્તન તો જાણે એવું છે કે અમારે તેની સાથે કોઇ સંબંધ જ ન હોય તેવું તેમનું વર્તન છે...." અમોએ આપણાં વિદ્યાર્થી-બાળકોમાં ધાર્મિક શિક્ષણ તથા સં[illegible] તે માટે શિબીર કરવાની માંગણી કરેલ ત્યારે પણ આ કાર્યવાહકે તરફથી ન નો મળેલ ત્યારે સહેજે પ્રશ્ન થાય કે શું ગુરુભગવંતે ધાર્મિક-પ્રવૃત્તિ પણ ના થાય તે માટે આ લોકોને સંસ્થા સોંપી હશે. હજુ પણ તેના કાર્યકરો આ અંગે વિચારશે ?

બીજું મહાવીર જૈન વિદ્યાલયમાં ૪૦-૪૦ વર્ષ સુધી અબોલ કર્તવ્યનિષ્ઠાપૂર્વક મહામાત્ર શ્રીયુત કાંતિલાલ ડાહ્યાભાઈ કોરાને આ અમૃત મહોત્સવ સમયે યાદ કરવાને બદલે તેમની ઉપેક્ષા કરવામાં આવી રહેલ છે. વિદ્યાલયને પોતાનો પ્રાણ સમજનાર જન્મજાત સંસ્થા સાથે સંકળાયેલા શ્રી કોરા સાહેબની જાણે વિદ્યાલયને જરૂર જ ના હોઇ તેવો અનાદર કરવામાં આવેલ છે. ઉપેક્ષાની હદ તો જુઓ ! વિદ્યાલયના પ્રકાશન વિભાગના સંચાલક તેઓ છે. છતાં આ પ્રકાશન સમારંભ અંગે તેઓશ્રી સાથે કોઇએ કંઈ વાત પણ નથી કરી તેવા સમાચાર મળે છે. આ બધું જાણી શું વિદ્યાલયના પાસ્ટ સ્ટુડન્ટોનું દિલ દુભાયા વગર રહેશે. જેમણે તેઓને આદર્શ પુરૂષ તરીકે સ્વીકારેલ છે તેમની જ ઉપેક્ષા શું અમૃત મહોત્સવને સફળ બનાવી શકશે !

બાકી વિદ્યાલયની પ્રવૃત્તિ-વહીવટી ખામી કે ગોટાળા અંગે તપાસ પંચ નિમવાની માંગણી અમે દોહરાવીએ છીએ. તેમજ ધાર્મીક અભ્યાસની વાસ્તવિકતા સમાજને જાણ થાય તે માટે કોઈ પૂજ્ય આચાર્યદેવ દ્વારા તપાસને વર્તમાન કાર્યકરો સ્વિકારશે ?

અંતિમ શબ્દોચ્ચાર–

" શ્રુતજ્ઞાનને ફેલાવજો "

વાતને હજી માંડ ૧૦ વર્ષ થયા છે, જેઠ સુદ ૭ ગુરુવાર (ગુરુસપ્તમી)ના રાત્રીના પ્રથમ પ્રહરે, શ્રી સંઘ સમક્ષ ભાંડુપમાં સાહિત્યભૂષણ પૂ૦ મુનિરાજ શ્રી જિતેન્દ્રવિજયજી મ.એ અંતિમ શબ્દ ઉચ્ચાર્યા.

"શ્રુતજ્ઞાનને ફેલાવજો"

પાંચ જ્ઞાનમાં શ્રુતજ્ઞાન એક ઘણું સમાજોપયોગી જ્ઞાન છે. એ જ્ઞાનથી આત્મા અપેક્ષાએ મિથ્યાત્વમાંથી સમક્તિ તરફ આકર્ષાય છે. ભવાભીનંદીમાંથી ભવભીરૂ બનવા સમર્થ થાય છે. જ્ઞાન અને ક્રિયા દ્વારા મોક્ષ માર્ગે ગમન કરે છે.

આવા વિવિધ આત્મોન્નતિના કારણો–માર્ગોને નજર સામે રાખીને જ સ્વર્ગસ્થ આત્માએ જીવનના છેલ્લા ક્ષણ સુધી ધાર્મિક શિક્ષણના વિકાસ–પ્રચાર પાછળ ભેખ લીધેલો તે છેલ્લા ટંકશાળી વચન મૂકી પોતાની કર્તવ્યની ભૂમિકા બીજા ઉપર સોપી આત્મ-કલ્યાણના પંથે સિધાવ્યો.

પાઠશાળા અંગે

સાહિત્યભૂષણ મુનિશ્રીએ જૈન સમાજની પાઠશાળાઓ–શિક્ષણ–શિક્ષક–શિક્ષિકાઓ અને ર૭યાર્સઓને નજરમાં રાખી અણમોલ એવા પ્રેરક વચનો નોંધપોથીમાં લખી ગયા હતા. તેમાંના કાંઈક જોઈએ..

પાઠશાળા માટે (પ્રશ્ન–ઉત્તર)

૧ પાઠશાળા કોના માટે ? ભાવિના આદર્શ નાગરિકો માટે, સંઘ-સમાજ માટે,

૨ ધાર્મિક શિક્ષણ શા માટે ? આત્માના વિકાસ માટે, જન્મમરણ જન્મમરણ ઘટાડવા માટે.

૩ શિક્ષક કોના માટે ? વિદ્યાના સાચા અર્થી બનાવવા માટે જ્ઞાનનું ફળ–વિરતિ પ્રાપ્ત કરાવવા, સમ્યગ્જ્ઞાનની ભક્તિ કરવા–કરાવવા માટે.

૪ વિદ્યાર્થી શા માટે ? સમ્યગ્જ્ઞાનનું પાન કરવા, આત્માને પરમાત્મા બનાવવા માટેનો પ્રયત્ન કરવા.

૫ જ્ઞાન શા માટે ? અજ્ઞાનતાને, મિથ્યાદશાને હટાવવા માટે જ્ઞાનદીપને પ્રગટાવવા.

એક તરફ મુનિશ્રીએ પ્રશ્ન અને ઉત્તર દ્વારા સમાજને કાંઈક કહ્યું જ્યારે બીજી તરફ બીજા પાંચ પ્રશ્ન સૂત્ર (વાક્યો) રૂપે આલેખી પાઠશાળા આદિની વિશિષ્ટ ઓળખ કરી સમાજને નવનીત ધર્યું.

૧ પાઠશાળા કેવી હોવી જોઈએ ? રોજ–હંમેશા પ્રફુલ્લિત ઉત્તેજીત.

૨ શિક્ષક કેવા હોવા જોઈએ ? નિત્ય ક્ષણે ક્ષણે ક્રિયાશીલ, વિદ્યાર્થીનું સંઘનું હિત ઇચ્છનારા.

૩ અધિકારી કેવા હોવા જોઈએ ? શિક્ષક અને સંઘ અથવા શિક્ષક અને વિદ્યાર્થીના સંબંધને ઉત્તેજના આપનાર, ઇચ્છાઓને આકાર આપનાર, મજબૂત કરનાર.

૪ શિક્ષણ કેવું હોવું જોઈએ ? વિદ્યાર્થીને વિવિધ રીતે–વિવિધક્ષેત્રમાં પ્રવિણ, જિજ્ઞાસુ, શ્રદ્ધાવાન બનાવનાર.

૫ વિદ્યાર્થી કેવો હોવો જોઈએ ? આજ્ઞા પાલક, ઉત્સાહી અને ગંભીર (કારણ વિદ્યા દીર્ઘ સમયે ફળદાઈ થશે તેવી શ્રદ્ધાને ટકાવનાર).

આદર્શ શિક્ષક અંગે :–

નોંધપોથીના પેજોમાં મુનિવર્યશ્રીએ આદર્શ શિક્ષક માટે પ્રાર્થના (સંકલ્પ) પત્ર પણ લખવાનું ભૂલ્યા નથી. તેઓશ્રીએ એ અંગે ટુકુ પણ માર્મીક શબ્દમાં લખ્યું....

"હું એક શિક્ષક છું. ધર્મનો રક્ષક છું. શિક્ષણ મારો સ્વધર્મ (પ્રવૃત્તિ) છે. વિદ્યાર્થી એ મારું કુટુમ્બ (પ્રીયપાત્ર) છે. પાઠશાળા એજ મારું કાર્યક્ષેત્ર ને સંપત્તિ છે. "અજ્ઞાનતાનો ગાઢ અંધકાર દૂર થાઓ" એજ મારી નિત્ય પ્રાર્થના છે અને આદર્શ સમાજની શુભ જીવનચર્યા એજ મારું ફળ છે."

ધાર્મિક શિક્ષણ અંગે :–

નોંધપોથીના પાના જેમ જેમ જોતા જાઓ તેમ તેમ અવનવું જ્ઞાન, પ્રેરણા તેમાંથી પ્રાપ્ત થાય છે. છેલ્લી વીસ/એકવીસ સદીમાં જે જે જ્ઞાનની આપ–લે પદ્ધતિમાં પરિવર્તન આવ્યું તે પણ તેઓ નોંધમાં લખવાનું ભૂલ્યા નથી. એટલું જ નહીં પણ શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ–પૂનાના અનેકભાષી સરળ, સચિત્ર, સુબોધ પાઠ્ય પુસ્તકોની જે રચના કરી છે. તે પાછળ પણ મુખ્ય આજ કારણ સમજાવ્યું છે.

અર્થજ્ઞાનના મહત્વને સ્વીકારવા સમાજને સમજાવતા કહ્યું (લખ્યું) કે– આજનો વિદ્યાર્થી દરેક સમયે શા માટે ?' આવો અનુચિત પ્રશ્ન કરવો એ પ્રશ્નની હારમાળા પાછળ પોતાને શ્રદ્ધા નથી એવું એ કહેવા તત્પર થશે તેના બદલે અર્થજ્ઞાન, સૂત્રજ્ઞાન, ઉદ્દેશ્ય આદિને સમયે સમયે વિદ્યાર્થીને જિજ્ઞાસાપૂર્તિ રૂપ આપવામાં આવે તો તે ધર્મથી, ક્રિયાથી, જ્ઞાનથી સમૃદ્ધ થશે.

અંતિમ વચનોનો સાર :–

જેઓએ ૧૯૪૫ થી પોતાનું કાર્યક્ષેત્ર નક્કી કરવા અનેકોની સાથે વિચાર વિનીમય કર્યો. વિદ્યાક્ષેત્ર એવા પૂનામાં અનેક સંસ્થાઓને નજર સામે કાઢી અને અંતે શુભ દિવસે ૧૯૪૮માં

આજે દેશના વડાપ્રધાન બનનારને પણ સોગંદવિધિ કરવો પડે છે, તો આપણને પ્રતિજ્ઞા વિના ત્યાગનો મહિમા ક્યાંથી પ્રાપ્ત થાય.

શ્રુતજ્ઞાનના પ્રચારનું બીજ રોપ્યું હતું. તેથી હજારો વિદ્યાર્થીઓએ સેંકડો ગામોમાં લાખો પુસ્તકોના માધ્યમથી શ્રુતજ્ઞાન લીધું.

એ શ્રુતજ્ઞાનના વટવૃક્ષની છાયડે ઘણા સંયમી બન્યા. કેટલાય શ્રદ્ધાવાન ક્રિયાવાન ને જ્ઞાનવાન બન્યા. લગભગ ૬૦ વર્ષના દીર્ઘકાળમાં એ જ્ઞાનામૃતે અનેક આત્માને સુખ-શાંતિ ને સમાધિ અપાવી.

માટે જ... યુગપ્રભાવક આચાર્યદેવ શ્રીમદ્ વિજયકીર્તિચંદ્રસૂરીશ્વરજી મ૦ પ્રવર્તક મુનિરાજશ્રી હરીશભદ્રવિજયજી મ૦ની નિશ્રામાં સમાધિના આયોજન પ્રસંગે આ અંતિમ શબ્દો ઉચ્ચારાયા હતા. તે શબ્દોને સંઘ અને ભાવિના શ્રાવકો માટે યશસ્વી ફળદાઇ કરીએ એજ ભાવના. — "વિજયભદ્ર"

શ્રી કરેડા પાર્શ્વનાથજી તીર્થની

[રેલ્વે સ્ટેશન ભુપાલસાગર (જિ. ચિત્તોડગઢ, રાજસ્થાન)]

યાત્રાર્થે અવશ્ય પધારો

આ મંદિરનું નિર્માણ આચાર્ય ધર્મઘોષસુરિજી મ. ના ઉપદેશથી માંડવગઢના મહામંત્રી સંઘપતિ પેથડશાહ દ્વારા સં. ૧૩૨૧ મ કરવામાં આવ્યુ અને તેના શિખર પર સાત ખંડનું ભવ્યમંદિર શ્રી પેથડશાહના પુત્ર ઝાંઝણકુમારે સં. ૧૩૪૦માં નિર્માણ કર્યું, જેનુ સુકૃત સાગર તરંગ આઠમાં વર્ણન છે

તેનો હાલમાં શ્રી શંખેશ્વર – ભોયણી તીર્થ દ્વારા રૂપિયા ૧,૨૫,૦૦૦૦/- ખર્ચ કરી જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે અને બાવન દેરીઓમાં શ્રી પાર્શ્વપ્રભુની પ્રતિમા વિભિન્ન તીર્થોના નામથી બિરાજમાન કરવામાં આવી છે. મુલનાયક ભગવાનની પ્રાચીન અત્યંત મનોહારી, ચમત્કારી, શ્યામવર્ણિય પ્રતિમાજીના નિર્મલ ભાવથી દર્શન કરી પુણ્યોપાર્જન કરો.

અમદાવાદથી ઉદયપુર, ચિત્તોડ રેલ્વે માર્ગ પર ભુપાલસાગર નામના સ્ટેશનથી ૨ ફર્લાંગ દુર આ તીર્થ આવેલ છે બસોની પણ સુવિધા ઉપલબ્ધ છે.

આ તીર્થની યાત્રા સાથે જ મેવાડની પંચ તીર્થીના દર્શનના પણ લાભ મળશે. આ તીર્થોમાં શ્રી દયાલશાહના કિલ્લા નામનું પણ લાભ મળશે. આ તીર્થોમાં શ્રી દયાલશાહના કિલ્લા નામનું તીર્થ જે રાજસમન્દ-કંકરોલીની મધ્યમાં છે. લગભગ ૨૫૦ પગથિયાથી આ તીર્થ 'મેવાડ શેત્રુંજય' નામથી પણ પ્રસિદ્ધ છે.

આ બંને તીર્થો પર આધુનિક સુવિધાઓથી સુસજ્જિત વિશાલ ધર્મશાળા તથા ભોજનશાળાની સુવ્યવસ્થા છે.

લિ. કરેડા પાર્શ્વનાથ તીર્થ કમિટિ

ભુપાલસાગર (રાજસ્થાન) [ફોન નં. ૩૭]

શ્રી મહાવીર જૈન વિદ્યાલય અમૃત મહોત્સવની પૂર્વભૂમિકારૂપ જાહેર વ્યાખ્યાન અને વિમોચન સમારોહ

"અંતરના ઊંડાણમાં પરમાત્માની ભક્તિ જીવનમાં વસી હોય, તેને આવતી કાલની ચિંતા હોઇ શકે જ નહિ. ખરેખર તો સાચા ભક્તની પાછળ ભગવાન ચાલે છે. આ પૃથ્વી પર સકળ જીવરાશિમાં પરમાત્મ ભક્તિ એ સંસાર સાગર તરવાનો રાજમાર્ગ છે. પરમાત્માના ભક્તને આખું જગત વશ રહે છે. આપણે ભગવાનને દેવાલયમાંથી દેહાલયમાં પધરાવવાના છે. ત્રિલોકના નાથની ભકિત પછી વિશ્વની કોઈ એવી તાકાત નથી કે, આપણને કોઈ પરાસ્ત કરી શકે. આપણા હૃદયમાં પૂરી શ્રદ્ધા અને ભક્તિ હોય તો આ સંસાર સહેલાઇથી તરી શકાય છે."

શ્રી મહાવીર જૈન વિદ્યાલયના અમૃત મહોત્સવની પૂર્વભૂમિકા રૂપે અત્રે પાટકર હોલમાં યોજાએલ 'દેવદર્શનનું વિજ્ઞાન' એ વિષે જાહેર વ્યાખ્યાન અને સ્વ. મોહનલાલ દેશાઈ લીખીત 'જિનદેવદર્શન' નું વિમોચન કરતાં જાણીતા વિદ્વાન અને ચિંતક શ્રી શશીકાન્ત મહેતાએ ઉપર પ્રમાણે જણાવ્યું હતું.

કાર્યક્રમનો પ્રારંભ શ્રી નિર્મળ જી. શાહ અને સાથી મિત્રોના ભક્તિ સંગીતથી થયો હતો. શ્રી મહાવીર જૈન વિદ્યાલયના મંત્રી શ્રી સેવંતીલાલ કે. શાહે આ સંસ્થાના અમૃત મહોત્સવની પૂર્વ ભૂમિકારૂપે યોજાયેલ આ દ્વિતિય સમારોહમાં સૌનું સ્વાગત કરતાં વિદ્યાલયની ઉચ્ચ શિક્ષણક્ષેત્રે અને સાહિત્ય પ્રકાશનક્ષેત્રે થતી રહેતી કામગીરીનો વિસ્તૃત ખ્યાલ આપ્યો હતો.

વિદ્યાલયના મંત્રી શ્રી શાંતિલાલ ટી. શાહે મુખ્ય વ્યાખ્યાતા અને ઉદ્ઘાટક, અતિથિ વિશેષ અને સમારંભના પ્રમુખશ્રીનો પરિચય કરાવ્યો હતો. અતિથિવિશેષ શ્રી મહીપતરાય જે. શાહે કેળવણીના ક્ષેત્રે આ સંસ્થાના પ્રદાનની ભૂરી ભૂરી પ્રશંસા કરી હતી. 'જિનદેવ દર્શન'ના સંપાદક પ્રા. કાન્તિલાલ બી. શાહે સ્વ. મોહનલાલ દેશાઇના જૈન સાહિત્યના ક્ષેત્રે થયેલા પ્રદાનથી આપણું મસ્તક ઝુકી જાય એમ જણાવી એમના અગટ લખાણોને ગ્રંથસ્થ કરવાની બાબત પર ભાર મૂકયો હતો.

સમારોહના પ્રમુખ ડૉ. જીવનલાલ એમ. લાખાણી, સર્વ શ્રી દીપચંદભાઇ એસ. ગાર્ડી અને શ્રી જે. આર. શાહે પ્રાસંગીક પ્રવચનો કર્યાં હતા. આ પ્રસંગે સ્વ. મોહનલાલ દેસાઇના પુત્ર અને શ્રી મોહનલાલ દેસાઇ સ્મારક નિધિના દાતા શ્રી જયસુખલાલ દેસાઈ રાજકોટથી ખાસ પધાર્યા હતા અને કાર્યક્રમનું સંચાલન તથા આભારવિધિ વિદ્યાલયના મંત્રીશ્રી હિંમતલાલ એસ. ગાંધીએ કરી હતી.

પ્રતિજ્ઞા વિના થતો પાપનો કે વસ્તુનો ત્યાગ એ ધર્મ સ્વરૂપ ન બની શકે

"જૈનશાસન"ના પ્રવર્તક પૂ૦ આચાર્યદેવશ્રી ઉપર ખુલાસો માગતો એક પત્ર

તા. ૩-૬-૮૯ મુંબઈ
પૂ૦ આ૦ શ્રી વિ. જિનેન્દ્રસૂરીશ્વરજી મ૦
સાદર વંદના.

સુખ શાતામાં હશો./છું.

તા. ૩૦-૫-૮૯ના 'જૈનશાસન' અઠવાડીકમાં, સળંગ પેજ નં. ૪૯૦ ઉપરના લેખમાં આપના દ્વારા મારા માટે જે લખાયું છે, તે વાંચકોને ભ્રમમાં પાડનારું છે. હું તે અંગેની મારી ભૂમિકા સ્પષ્ટ કરવા માંગું છું. મારો આ આપના ઉપરનો પત્ર "જૈનશાસન"ના આગામી અંકમાં શબ્દશઃ પ્રગટ કરવા આપને અનુરોધ કરું છું.

આપ લખો છો કે—

"શ્રી મહાવીર જન્મ કલ્યાણકની મંગળવારે ઉજવણી થઈ તેમાં પણ પૂ૦ સૂરિસમ્રાટ પૂ૦ આ૦ ભ૦ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મ૦ ના સમુદાયના મુનિશ્રી ભુવનહર્ષવિજયજી મ૦ એ મંગળવારી કલ્યાણક આરાધનામાં જોડાયા તે સત્યના પક્ષનો આદર કર્યો ગણાય."

વળી આપે એ લેખના મથાળે લખ્યું છે કે—

"શાસન સમ્રાટ પૂ૦ આ૦ શ્રી નેમિસૂરીશ્વરજી મ૦ ના મુનિશ્રીએ મંગળવાર તા. ૧૮-૪-૮૯ના જન્મ કલ્યાણકની ઉજવણી કરી."

અહીં એક વાત સ્પષ્ટ સમજી લેવી જોઈએ કે, મેં મુંબઈ ખાતે સમગ્ર જૈન સમાજ દ્વારા સામૂહિક રૂપમાં મનાવાતા, મહાવીર જન્મ કલ્યાણક મહોત્સવમાં હાજરી આપી તેનો અર્થ એવો નથી કે મેં પોતે અંગત રીતે તે દિવસે જન્મ કલ્યાણકની ઉજવણી કરી. કારણ કે, આજે પણ મુંબઈના કેટલાક સંઘોમાં ચાતુર્માસ રહેનાર તપગચ્છના સાધુઓએ અચલગચ્છનો બહોળો વર્ગ હોય તો જુદા જુદા દિવસે બે વખત 'બારસાસૂત્ર' વાંચવું પડે છે. એ સાધુઓ માટે શું એમ કરી શકાશે ખરું કે, તેમણે અચલગચ્છની સંવત્સરીના દિવસે આરાધના કરી...? 'ના...' હરગીઝ નહીં.... તે વખતે/આવા પ્રસંગે સૌના દિલમાં એક જ ભાવ હોય કે, મારા નિમિત્તે જો થોડા વધુ જીવો ધર્મારાધનામાં જોડાતા હોય તો ખોટું શું છે? બરાબર આ વાતને લક્ષ્યમાં રાખીને જ હું જુદી જુદી સંસ્થાઓના આગ્રહને કારણે મંગળવારે એ કાર્યક્રમમાં જોડાયો હતો. મેં અંગત રીતે તો બુધવારે તા. ૧૯-૪-૮૯ના દિવસે જ સ્થાનિક સંઘ સાથે રહીને આરાધના કરી છે.

"...એ મંગળવારી આરાધનામાં જોડાયા તે સત્યના પક્ષનો આદર કર્યો ગણાય." મારે અહીં આપને એ પ્રશ્ન કરવો છે કે, આપને મન કયા કયા સત્યનો પક્ષ અપેક્ષિત છે? જો આપને મન 'બે તિથિની માન્યતા' એ જ સત્યને પક્ષ અપેક્ષિત હોય તો તે બહુ મોટી ભ્રમણા છે. મારે મન 'એક તિથિ કે બે તિથિ' કશાની મહત્તા નથી, આરાધના એ જ મહત્ત્વની ચીજ છે. (છતાં પણ સ્થાનિક સંઘોમાં જ્યાં હું હોઉં ત્યાં તે સંઘની આચરણા પ્રમાણે જ હું આરાધના કરું/કરાવું છું.)

આજે દરેક વાતો શાસ્ત્રના નામે કરવામાં આવે છે. કોઈ એક વ્યક્તિ કે સમુદાય એક વાતને પ્રસ્થાપિત કરે અને તે શાસ્ત્ર સંમત છે તેમ જાહેર કરે. તો તરત જ બીજી વ્યક્તિ કે સમુદાય તેનો વિરોધ કરે.... પણ શાસ્ત્રાનુસારે....? પ્રશ્ન એ થાય કે, તો કોનું શાસ્ત્ર સાચું? આ. રામચંદ્રસૂરિનું....? આ. રામસૂરિનું (ડહેલાવાળાનું)? આ. ભુવનભાનુસૂરિનું, ચન્દ્રશેખરવિજયજીનું....? કોનું શાસ્ત્ર સાચું....?

ખરેખર? જૈન શાસનની કમનસીબી છે કે, તેની શક્તિ અંદર અંદર લડવામાં જ ખતમ થઈ રહી છે. આજે અન્યદર્શનીયો સાથે વાદવિવાદ કરવા ના ગયા અને અંદરો અંદર વાદ-વિવાદ કરવાના આવી ગયા. અન્ય દર્શનીઓ સામે આજે જૈનશાસન (આપણે જ હાથે કરીને ઉભા કરેલા વિવાદો- વિખવાદોને કારણે) ઊણું ઉતરી રહ્યું છે.

મારી તો આપશ્રીને અને સાથે સાથે સર્વે સંઘને વિનંતી છે કે, આવા ક્ષુલ્લક વાદ-વિવાદો છોડી, પાલીતાણામાં જ વિરાટ શ્રમણ સંમેલન ભરવારુપ એક ભગીરથ કાર્ય કરવા પ્રયત્નો કરો. જ્યાં સુધી આવા પ્રશ્નોનું નિરાકરણ સંપૂર્ણતા ન થાય ત્યાં સુધી એ સંમેલન ચાલુ જ રહે. ભલે પછી એક વર્ષ સુધી ચાલે.... એકાદ વર્ષ કહેવાતા શાસન પ્રભાવનાના કાર્યો મુલતવી રાખવામાં આવશે કે ચાતુર્માસના સ્થાનો ખાલી રહી જશે તો કાંઈ ખાટું-મોળું થઈ જવાનું નથી. એક તિથિવાળા કે બે તિથિવાળા દરેકે દરેક સમુદાયના આચાર્યો-સાધુઓ-સાધ્વીઓ ભેગા થાય અને શાસ્ત્રોના નામે જેને જેટલું લડવું હોય તેટલું લડી લે.... સામે સામે બેસીને લડી લે... અને એક બીજાનો હિસાબ ચુકતે કરી લે.... જેથી સૌને સંતોષ થઈ જાય... સંઘમાં શાંતિનું અને સાચી એકતાનું વાતાવરણ ફેલાય.... હવે તો આપના તરફથી જ આ માટે પ્રયત્નો શરૂ થવા જોઈએ...અને સૌને નિમંત્રણ આપવું જોઈએ. જેથી કોની કેટલી સંઘ-એકતાની ભાવના છે તેનો ખ્યાલ આવી જાય.... હા, કોઈએ એવા ભ્રમમાં પણ રહેવાની જરૂર નથી કે બે-પાંચ વર્ષમાં બધું આપો-આપ થાળે પડી જશે. અસ્તુ....

લી. મુનિ ભુવનહર્ષવિજય તા. ૩-૬-૮૯ મુંબઈ
C/o કેતન મેન્યુફેકચરીંગ કું, ૧૨૩, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, મુંબઈ—૪૦૦ ૦૦૩

વીશાનીમાં જૈન મીત્રમંડળ–અમદાવાદનો યાત્રા પ્રવાસ

શ્રી વિશાનીમા જૈન એ અનેક જૈન જ્ઞાતિઓમાનું એક નાનકડું જ્ઞાતિ જુથ છે. નાનકડું હોવા છતાં આ જ્ઞાતિમાં હીરલા–વીરલા જેવાં પ. પૂ૦ આગમોદ્ધારક સાગરાનંદસૂરીશ્વરજી મ૦ સા૦, પૂ૦ આગમ પ્રભાકર શ્રી પુણ્યવિજયજી મ૦ સા૦, પૂ૦ શાસનરક્ષક ચંદનસાગરજી મ૦સા૦, પૂ૦ શ્રી પદ્માવતીજી આરાધક શ્રી શુભંકરસૂરીશ્વરજી મ૦ સા૦, પ્રબોધકુશળા, વિશાળ શિષ્યાવૃંદ ધરાવત પૂ૦ સાધ્વીજી પ્રવીણાશ્રીજી મ૦સા૦ આદિ સાધુ–સાધ્વી સમુદાય રત્નો ઝળહળે છે, તે ઉપરાંત ઉપાધ્યાયશ્રી ધર્મસાગરજીની નિશ્રામાં છેક દિલ્હી સુધી ટ્રસ્ટ કેસ લડત સફળતાથી લડી ધાર્મિક ટ્રસ્ટોના વહિવટને સરકારી દરમ્યાનગીરીથી ઉગારનાર શ્રેષ્ઠિશ્રી રતિલાલ પાનાચંદ ગાંધીને સાધર્મિકોનો ઉદ્ધાર કરનાર જ્ઞાતિના સરદાર વાડીલાલ સંત જેવા શ્રાવકરત્નો પણ દીપી રહ્યા છે.

આવી નાનકડી જ્ઞાતિના અમદાવાદમાં વસતા ભાઈ–બહેનોમાં પરસ્પર સહકારની ભાવના વૃદ્ધિ પામે એવા શુભ ઉદ્દેશથી શ્રી વીશાનીમા મિત્ર મંડળે આ જેઠ સુદ ૧ને રવિવારના રોજ સફળ યાત્રાપ્રવાસ યોજેલ. જેમાં સામાન્યતઃ બહુ ઓછી સ્પર્શના થાય છે એવા પ્રાચીન પેથાપુર, આગલોડ અને ગાંભુ જેવા તીર્થો સહિત કુલ સાત તીર્થોની જાત્રા કરેલ.

જાત્રા દરમ્યાન પૂજા, પ્રભાવના, દર્શનાદિનો લાભ લઈ આ મિત્ર મંડળે ધન્યતાનો અનુભવ કરેલ.

કટક (ઓરીસ્સા)માં પંચાન્હિકા મહોત્સવની ઉજવણી

પૂ૦ પંન્યાસશ્રી નરદેવસાગરજી મ૦સા૦, મુનિશ્રી ચંદ્રકીર્તિસાગરજી મ૦સા૦ની પ્રેરણાથી અત્રે શાશ્વતી ઓળીની આરાધના તથા શ્રી મહાવીર જન્મ કલ્યાણક મહોત્સવ આદિ અપૂર્વ ભાવોલ્લાસપૂર્વક ઉજવાયેલ છે.

ઉપરોક્ત શાશ્વતી ઓળી, વર્ધમાન તપ ઓળી, વર્ષીતપના પારણા તથા બન્ને પૂજ્યશ્રીઓના દીક્ષાપર્યાયની અનુમોદના નિમિત્તે શ્રી સંઘે પંચાન્હિકા મહોત્સવની ઉજવણી તા. ૧૦ થી ૧૫ મે દરમ્યાન કરવામાં આવી હતી.

ચાતુર્માસ નિર્ણય :– પૂ૦ આ૦ શ્રી વિજયનીતિસૂરીશ્વરજી મ૦સા૦ના સમુદાયના પૂ૦ આ૦ શ્રી વિજયહેમપ્રભસૂરીશ્વરજી મ૦સા૦ આદિ મુનિ ભગવંતોનું ચાતુર્માસ પાદરલી (જિ.જાલોર–રાજસ્થાન) નક્કી થયેલ છે, અષાઢ સુદ ૬ના પ્રાયઃ ચાતુર્માસ પ્રવેશ કરશે. ચાતુર્માસ કરાવવાનો લાભ પાદરલી સંઘના આદેશથી શા. છોગમલ જસાજી પરિવાર તરફથી લેવામાં આવનાર છે.

કતારગામ (સુરત) :– પૂ૦ મુનિશ્રી નયકીર્તિવિજયજી મ. સા.ની શુભ નિશ્રામાં અત્રેના શ્રી આદિનાથ જૈન મોટા દહેરાસરની વૈશાખ સુદ ૧૩ના વર્ષગાંઠ ઉજવવામાં આવી હતી. આ નિમિત્તે સવારે બારવ્રતની પૂજા તથા ધજા ચડાવવાની બોલી સારી થઈ હતી. તેમજ પ્રભુજીની અંગરચના અને લાડુની પ્રભાવના કરવામાં આવી હતી. શ્રીસંઘની હાજરીમાં સારો પ્રસંગ ઉત્સાહપૂર્વક ઉજવાયેલ.

ચાતુર્માસ–ઉનાવા :– પૂ૦ સાધ્વીશ્રી વસંતપ્રભાશ્રીજી મ૦ સુતેજ, સા૦શ્રી મનોજિતાશ્રીજી, સા૦ પાર્શ્વચંદ્રાશ્રીજી, સા૦ કૃતિનંદિતાશ્રીજી મ૦ આદિ ઠાણા પાંચ ઉનાવા (મીરાદાતાર) શ્રી સંઘની વિનંતીને માન આપી અત્રે ચાતુર્માસ અર્થે પધાર્યા છે.

સાધ્વીશ્રી વસંતપ્રભાશ્રી આ જ ગામના વતની ધર્મનિષ્ઠ તલાટી કુટુંબના સ્વ. શેઠશ્રી બબલચંદ ન્યાલચંદના સંસારી પુત્રી છે.

જયપુર–પુણ્યતીથી સમારોહ ઉજવણી

પ૦ પૂ૦ યુગપ્રધાન આચાર્યદેવ શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી મ૦સા૦ની ૯૩મી પુણ્યતિથિ નિમિત્તે શ્રી આત્માનંદ જૈન સેવક મંડળના ઉપક્રમે વિવિધ વાદ્યયંત્રો સાથે શ્રી સ્નાત્રપૂજા તેમજ સ્વર્ગસ્થ ગુરુદેવના જીવનચરિત્ર અને ગુણાનુવાદરૂપ શ્રી ઋષભદાસ ડાગા વિરચીત શ્રી આત્મારામજીની પૂજા ભણાવાયેલ. જેમાં મંડળ પરિવારે ઘણો જ ભાગ ભજવ્યો. પૂજા બાદ પ્રભાવના કરવામાં આવેલ. પૂજા અને પ્રભાવનાનો લાભ બદ્રીપ્રકાશ આશીષકુમારજીએ લીધો.

મુંબઇ–આદીશ્વર જૈન પંચ ધર્મશાળા

પરમ શાસનપ્રભાવક આચાર્યદેવ શ્રીમદ્ દર્શનસાગરસૂરીશ્વરજી મ૦સા૦, મધુર વક્તા સુપ્રસિદ્ધ પ્રવચનકાર ગણિવર્યશ્રી ચંદ્રાનંદસાગરજી મ૦સા૦ આદિ શ્રી આદેશ્વરજી વીશા પોરવાલ જૈન સંઘની અતિ આગ્રહભરી વિનંતીને માન આપી પાયધુની સ્થિત શ્રી આદિશ્વર જૈન પંચ ધર્મશાળા (ઉપાશ્રય) મધ્યે ચાતુર્માસ અર્થે પધાર્યા છે.

વિદ્યાપીઠની પરીક્ષાઓ

શ્રી જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ પૂના તરફથી ભારતભરમાં તા. ૨૯/૩૦ જુલાઇ તથા તા. ૧૯/૨૦ ઓગસ્ટના ૭ પરીક્ષાઓ દર વર્ષ મુજબ લેવામાં આવનાર છે. જાણકારી માટે પૂછો :–

વિદ્યાપીઠ ભુવન, ૫૦૭, મહાત્મા ગાંધી રોડ, મુલુન્ડ.
મુંબઇ–૪૦૦ ૦૮૦

જે ડહાપણ પૈસાથી કે વયથી નથી આવતું, તે પડતી દશા અને ગરીબાઇના દુઃખો સહન કરવાથી આવે છે.

બીજાઓને સુખી બનાવીને હું સુખી બનીશ

'પહેલા હું કહેતો, બીજાઓને સુખી બનાવીને જ તમે સુખી બની શકો. એટલે પ્રથમ તમારી સાથે જ તમારી આસપાસ જીવે છે, એ સૌને સુખી બનાવવા પ્રયત્ન કરો અને એમ કરીને તમે પોતે સુખી બની જશો. બીજાઓને સુખી બનાવવાની એક જ રીત છે અને તે એ કે તમે પોતે સુખી બનો. એટલે પ્રથમ તો તમે સુખી બનો અને પછી સુખી બનાવવામાં બીજાઓને મદદ કરી શકશો. ખરું જોતા બને છે, હું એકલો સુખી ન થઈ શકું. મારું સુખ બીજાઓને સ્પર્શશે અને બીજાઓને સુખી બનાવીને હું સુખી બનીશ. તમારી જાતને ભુલી જાઓ, બીજાઓ પાસે જાઓ, એમનું કામ કરો, એમને સુખી બનાવો. એટલે તમે આપોઆપ સુખી થઈ જશો. એમાં પરોપકાર છે, પરમાર્થ છે. સેવા છે. ઉત્તમ ભાવના છે. મુશ્કેલી એટલી જ છે, બીજાઓને સુખી બનાવવા એ આપણા હાથની વાત નથી. આપણા કહેવાથી એ થવાની નથી.

મારૂં પોતાનું જીવન હું સુખી બનાવું, હા વિઘ્નો છે, કસોટીઓ છે, અપ્રિય પ્રસંગો છે. હું આખરે મારા જીવનમાં સંતોષ લાવી શકું, સમાધાન લાવી શકું. અને આનંદ લાવી શકું મારામાં આનંદ આવશે તો તેનું તેજ ફેલાશે ને એના સ્પદના મારી આસપાસ આનંદનું વાતાવરણ ઉભું કરશે. બીજાઓને સુખી બનાવવાની એક જ રીત છે અને તે એ કે હું પોતે સુખી બની જાઉ પણ બીજાઓ નું જીવન ચલાવી શકીશ અને હું પોતે આનંદમાં રહેતા શીખીશ તો મારી આસપાસ જીવનાર એ બધાને પણ આનંદમાં આવવા પ્રેરાઈ જશે, માટે પહેલી મારી વાત એ ખરેખર મારા હાથમાં છે. હું પોતે સુખી બનુ અને માનવજાતની સારામાં સારી સેવા કરી શકુ એજ મારી અભિલાષા છે

—કેવળચંદ લાલચંદ શાહ (બોરડી)

જયપુર જૈન દેરાસરની પ્રથમ વર્ષગાંઠની ઉજવણી

અત્રે આદર્શનગર સ્થિત પ્રથમ શિખરબંધી શ્રી મહાવાર જૈન શ્વે. મંદિરની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે ત્રણ દિવસીય સમારોહનું ગત તા. ૧૧થી ૧૩ જુન સુધી આયોજન કરવામાં આવ્યું હતુ.

આ સમારોહનું આયોજન પૂ૦ ગણીવર્ય શ્રી મણિપ્રભસાગરજી મ૦સા૦ આદિ ઠાણા ત્રણની પાવન નિશ્રામાં તેમજ પૂજ્ય સાધ્વીશ્રી અવિચલશ્રીજી, સાધ્વીશ્રી સજ્જનશ્રીજી આદિ સાધ્વીવૃન્દની સાંનિધ્યમાં ઘણી જ ધામધૂમપૂર્વક ઉજવવામાં આવેલ.

ધ્વજા રોહણ, ૧૮ અભિષેક પૂજા ભક્તિ, સાંસ્કૃતિક કાર્યક્રમોસહ શ્રી મુલતાન જૈન શ્વે. સભાના આયોજન દ્વારા ઉજવાયેલ.

હસમુખભાઈ 'દિવાન'ની સંગીત રસલ્હાણ

શ્રી હસમુખભાઈ 'દિવાન' અને તેમની પાર્ટીએ બેંગલોર, કાકીનાડા, ખોપોલી, કવઠા, નિપાણી, કોલ્હાપુર વિગેરે નગરોએ અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ પર પૂજા ભાવના વિગેરે કાર્યક્રમોની સુંદર રમઝટ જમાવી હતી. શ્રીસંઘો તરફથી વિવિધ બહુમાન થયા હતા. 'દિવાન'ની પાર્ટીએ કાર્યક્રમો દરમ્યાન સારી એવી પ્રશંસા મેળવી હતી.

અગાસી તીર્થ પાર્શ્વનગર

પૂ૦ આચાર્યશ્રી વિજયદક્ષસૂરીશ્વરજી મ૦સા૦ આદિ ઠાણા ૬ નો અત્રે તા. ૧૯ જુનના મંગલમય પ્રવેશ થયો છે. તેમજ અત્રેના શ્રી સમવસરણ મહામંદિરના મુખ્ય દ્વારોના ઊંબરાની સ્થાપના અને શ્રી ગૌતમસ્વામીજીના મંદિરના મુખ્ય પાટોની સ્થાપના પણ જુદા જુદા પુણ્યશાળી પરિવારના શુભહસ્તે આજ દિવસે કરવામાં આવી હતી.

યાત્રા અર્થે પધારો ને જિર્ણોદ્ધારમાં સહાયક બનો

તપગચ્છ રક્ષક શ્રી માણિભદ્રવિરના આ તિર્થસ્થાન શ્રી આગલોડના વર્તમાન ઉદ્ધારક શ્રીમદ્ વિજયપ્રેમસુરીશ્વરજી મ. સા. ના સમુદાયના અને પુજ્ય આચાર્યશ્રી હિમાચલસુરીશ્વરજી મ. દ્વારા ઘાણેરાવ કીર્તિસ્તંભમાં આચાર્યપદવી વિભુષિત થયેલ પરમયોગી પુજ્ય આચાર્યદેવ **શ્રી વિજયઆનંદઘનસૂરીશ્વરજી** મહારાજશ્રીની પ્રેરણા અને માર્ગદર્શન મુજબ આ તીર્થનો જીર્ણોદ્ધાર થઈ રહેલ છે. તેમજ શ્રી આગલોડ જૈન શ્વે. મૂ. પૂ. સંઘ તરફથી યાત્રાળુઓ માટે આધુનિક સુવિધાવાળી ધર્મશાળા, ભોજનશાળાની સગવડ કરવામાં આવેલ છે.

આગલોડ આવવા માટે ગુજરાતના મહેસાણા, હિંમતનગર, વિજાપુર, અમદાવાદથી અનેક એસ. ટી. ની બસ મળે છે.

આ તીર્થના દર્શન-જાત્રાનો લાભ લેવા વિનંત છે.

શ્રી માણીભદ્ર જૈન તીર્થ પેઢી

શ્રી જૈન શ્વેતામ્બર મૂ. પૂ. સંઘ (ફોન : ૩૪)
મુ. આગલોડ (તા. વિજાપુર : જી. મહેસાણા ઉ. ગુ.)

તપથી કર્મનો નાશ થાય છે. તપથી ઉપશમ સુખ પ્રાપ્ત થાય છે.

શંખેશ્વર તીર્થે – ધાર્મિક શિક્ષણ શિબિરનું સફળ આયોજન....

જૈન ધર્મના સુપ્રસિદ્ધ પ્રગટપ્રભાવી શ્રી શંખેશ્વર તીર્થ ક્ષેત્રે તાજેતરમાં જ જેની એક ઐતિહાસિક અંજનશલાકા–પ્રતિષ્ઠા થયેલ છે. તે શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિવિહાર મહાપ્રાસાદે પ. પૂ૦ મુનિરાજ શ્રી અરૂણવિજયજી મહારાજની સાંનિધ્યતામાં ગ્રિષ્માવકાશકાલિન ૧૫ દિવસીય જૈન ધાર્મિક શિક્ષણ શિબિરનું સુંદર અને સફળ આયોજન કરવામાં આવ્યું હતુ.

શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિવિહાર જૈન ટ્રસ્ટ તરફથી યોજાયેલી આ શિબિરમાં વડોદરા, અમદાવાદ, મધ્યપ્રદેશ, ઊંઝા, રાધનપુર, થરા, ડીસા, પાટણ, સુરેન્દ્રનગર આદિ ચારે બાજુથી સારી સંખ્યામાં યુવકો આવ્યા હતા. સવારના ૫ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા સુધીની ભરચક દિનચર્યામાં જાણીતા વિદ્વાન મુનિશ્રી અરૂણવિજયજી મહારાજ રોજના ૫ થી ૬ કલાસો લઇને તેમાં જુદા–જુદા વિષયના ૫–૬ વ્યાખ્યાનો આપતા હતા. પૂજ્યશ્રીની વિશેષતા એ હતી કે.... બ્લેક બોર્ડ ઉપર એક શિક્ષક–પ્રાધ્યાપકની ગરજ સારે તેવી રીતે આર્ટચિત્રો સાથે તત્ત્વજ્ઞાનના ગહન વિષયોને બાલભોગ્ય શૈલીમાં શીખવાડતા હતા. તર્ક–યુક્તિપૂર્વક દાખલા દલીલો સાથે સમજાવતા હતા.

૧૫ દિવસીય શિબિરમાં વિવિધ સ્પર્ધાઓ યોજાઈ, અને અન્તે પરીક્ષા લેવાઈ તેના ઇનામી સમારંભમાં અમદાવાદ – જૈનનગરના ટ્રસ્ટીઓ રસિકભાઇ, ચન્દ્રકાન્તભાઇ તથા ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિવિહાર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ સોમાભાઈ, દલપતભાઇ હરગોવનભાઇના શુભ હસ્તે ૫ થી ૬ હજારના ઇનામો આપવામાં આવ્યા. ઘણાં યુવકોએ સારી સંખ્યામાં નિયમો લીધા છે. શિબિર અંગેનો પોતાનો અનુભવ વ્યકત કરતા ભાષણો યુવકોએ કર્યા હતા. પૂ૦ મુનિશ્રી હેમન્તવિજયજી મ૦ તથા મુંબઇથી આવેલા નરેન્દ્રભાઇ તથા મથુરભાઈએ શિબિરનું સંચાલન કર્યુ હતું.

ચાતુર્માસ–નિર્ણય

પ૦ પૂ૦ આચાર્ય દેવ શ્રીમદ્ વિજયભક્તિસૂરીશ્વરજી મ.સા. ના પટ્ટધર પ૦ પૂ૦ આચાર્ય શ્રી સુબોધસૂરીશ્વરજી મ૦ સા૦ તથા પ૦ પૂ૦ મુનિરાજ શ્રી અરૂણવિજયજી મ૦સા૦ આદિ ઠાણા ૮–નું ચાતુર્માસ અમદાવાદ–જૈનનગર નક્કી થયેલ છે.

ઠે. શ્રી પો. હે. જૈનનગર દેરાસર—ઉપાશ્રય, જૈનનગર, સંજીવની હોસ્પીટલ સામે, ન્યુ શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ—૩૮૦ ૦૦૭

પર્યુષણ આરાધના માટે લખો

* પર્યુષણ પર્વની ઉત્તમ આરાધના માટે પત્ર વ્યવહાર કરો.
* હૃદયસ્પર્શી દૃષ્ટાંતો, પ્રસંગો અને બોધ સહિત વિશિષ્ટ પ્રવચનો સાંભળીને તમે અને તમારો સંઘ પ્રસન્ન–પુલકિત બની જશે.
* દક્ષિણભારતના વિશિષ્ટ શહેરોની ખાસ પસંદગી.

ધનંજયભાઈ જે. જૈન

સી–૧૦, અરિહંત સોસાયટી, ૪થા માળે, દામોદરવાડી સામે, અશોક ચક્રવર્તી રોડ, કાંદિવલી (ઇ.) મુંબઈ–૪૦૦ ૧૦૧

જૈસલમેર પંચતીર્થીની યાત્રાર્થે પધારો

પશ્ચિમી રાજસ્થાનમાં આવેલ જૈસલમેર પંચતીર્થી પોતાની પ્રાચીનતા, કલાત્મકતા અને ભવ્યતા માટે જગપ્રસિદ્ધ છે. જૈસલમેર પંચતીર્થીના અન્તર્ગત જૈસલમેર દુર્ગ, અમરસાગર, લૌદ્રવપુર, બ્રહ્મસર અને પોકરણ સ્થિત જિનાલયોમાં બધા મળી ૬૦૦૦થી વધુ જિનપ્રતિમાજીઓ બિરાજમાન છે.

જૈસલમેરની વિખ્યાત વિશેષતાઓ : (૧) ભવ્ય, કલાત્મક અને પ્રાચિન જિનાલયો. પન્ના અને સ્ફટિકની પ્રતિમાઓ. (૨) ખરતરગચ્છીય શ્રી જિનભદ્રસુરિ જ્ઞાનભંડારમાં સંગ્રહિત તાડપત્રીય અને હસ્તલિખિત ગ્રંથો. (૩) દાદાગુરુદેવ શ્રીજિનદત્તસુરિજી મહારાજની ૮૩૦ વર્ષ પ્રાચીન ચાદર અને ચોલપટ્ટા, જે તેઓના અગ્નિસંસ્કાર પછી પણ સુરક્ષિત રહયા છે. (૪) અનેક દાદાવાડી, ઉપાશ્રય, અધિષ્ઠાયક દેવસ્થાન અને પટુઆ શેઠોની કલાત્મક હવેલીઓ. (૫) લૌદ્રવપુરના ચમત્કારીક અધિષ્ઠાયકદેવ જેમના દર્શન ભાગ્યશાળીઓને અવારનવાર પ્રાપ્ત થાય છે.

આવાસ પ્રબંધ : યાત્રિકો અને શ્રીસંઘોને ઉતરવા ઉચિત પ્રબંધ છે. મરુભુમિમાં હોવા છતાં પાણી અને વિજળીની પુરી વ્યવસ્થા છે. દાનવીરોના સહયોગથી ભોજનશાળા ચાલુ છે.

યાતાયાતના સાધન : જૈસલમેર આવવા માટે જોધપુર મુખ્ય કેન્દ્ર છે. તે ભારતના જુદા જુદા ભાગોથી યાતાયાતના સાધનોથી જોડાયેલ છે. જોધપુરથી દિવસમાં એકવાર બસ અને રાત્રે ને સવારે બે વાર ટ્રેઇન જૈસલમેર આવે છે. આ ઉપરાંત જયપુર અને બીકાનેરથી પણ સીધી બસો જૈસલમેર આવે છે.

જૈસલમેર પંચતીર્થીનાં દુર્ગ તથા અમરસાગર સ્થિત જિનમંદિરોના જીર્ણોદ્ધારનું કામ ચાલુ છે.

શ્રી જૈસલમેર લોદ્રવપુર પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર ટ્રસ્ટ

આમ : જૈન ટ્રસ્ટ **જૈસલમેર** ૩૪૫૦૦૧ (રાજસ્થાન) ફોન ૨૩૩૦ ૨૪૦૪

આચાર, વિચાર અને ઉચ્ચાર શુદ્ધિ વિના આત્માનું કલ્યાણ ન થાય.

મનુષ્ય મહાન છે!

પૃથ્વીની ઉત્પત્તિ આશરે ૪ થી ૫ અબજ વર્ષ પૂર્વે થઇ હતી તેવું અનુમાન છે. ત્યારે પ્રાકૃત અવસ્થામાં મનુષ્ય અસંસ્કૃત હતો, ત્યારે જીવન ટકાવવા માટે મૂળભૂત જરૂરિયાતો હવા, પાણી, ખોરાક સિવાય તેની પાસે અન્ય હેતુ ન હતો. કાળક્રમે મનુષ્યમાં સુક્ષ્મ બુદ્ધિનો વિકાસ થતો ગયો. સમજશક્તિ આવતી ગઈ અને તે સંસ્કૃત થવા લાગ્યો અને પોતાના હૃદયમાં ઉઠતા સંવેદનો, ભાવો, તથા લાગણીઓનો વ્યક્ત કરતાં શીખ્યો. પોતાના હૃદયની ભાષાને પ્રથમ ચિત્રના સ્વરૂપમાં ડાળીનાં ટૂકરા અને કુદરતી રંગો જે મળ્યા તેમાંથી પત્થરની ગુફાઓમાં ચિત્રો દોરતા શીખ્યો. આમ પત્થર યુગની સંસ્કૃતિનો ઇતિહાસ પૂરો થતાં નદી કિનારે દુનિયાની અનેક સંસ્કૃતિઓનો વિકાસ થતો ગયો. જેમ કે બેબીલોન સંસ્કૃતિ, સિન્ધુ સંસ્કૃતિ, હડપ્પા સંસ્કૃતિ, ગ્રીસ સંસ્કૃતિ, આર્ય સંસ્કૃતિ વિગેરેથી માંડી હાલની અર્વાચીન સંસ્કૃતિનો ઇતિહાસ આપણે શીખ્યા છીએ.

(૨) કાળની ગતિમાં મનુષ્ય પત્થર યુગથી માંડી અર્વાચીન સંસ્કૃતિ સુધી જે મહાન સિદ્ધિઓ સુખ-સગવડતાઓ અનેક ક્ષેત્રોમાં પ્રાપ્ત કરી છે. તેનું વર્ણન પુસ્તકોના પાનાઓ ભરી લખીને વર્ણવીએ તો પણ ઓછું છે. વિજ્ઞાનક્ષેત્રે, સાહિત્યક્ષેત્રે, કલાક્ષેત્રે, ધર્મક્ષેત્રે, યુદ્ધક્ષેત્રે, ખગોળક્ષેત્રે છેલ્લે અર્વાચીન ભૌતિક ટેકનોલોજીના ક્ષેત્રે, મેડીસીન ક્ષેત્રે અને અવકાશયુગ ક્ષેત્રે મનુષ્યે વિજ્ઞાનનો સહારો લઇ જે હરણફાળથી માનવજાતને સુખ-સગવડો આપી છે તે એક ઐતિહાસીક સીમાચિન્હરૂપે સાચે જ દાદ માંગી લે તેવું છે. જેનો શબ્દોમાં જેટલા વખાણ કરીએ તેટલા ઓછા છે.

આવી તેની મહાન યશોગાથા ધર્માચાર્યોએ ધર્મગ્રન્થોમાં કરી, ભક્તોએ ભક્તિમાં કરી, સાહિત્યકારોએ સાહિત્યમાં કરી, વૈજ્ઞાનિકોએ વિજ્ઞાનમાં કરી, કવિઓએ કવિતાઓમાં કરી, સંગીતકારોએ સંગીતમાં કરી, વળી કેટલાક ઋષિ, મુનિ, તપસ્વી, યોગીજનોએ ભક્તિ અને કર્મમાં કરી આત્માને ઓળખવા પ્રયત્ન કર્યો છે અને આત્માની શક્તિના ગુણગાન ગાયા છે. આમ કોઇએ તપમાં, યોગમાં, ભક્તિમાં, કર્મમાં, ધર્મમાં, કવિતામાં, સાહિત્યમાં, નાટકમાં, સંગીતમાં વિગેરે ક્ષેત્રોમાં આત્માને મહાન કલ્પી માનવજાતને તેની યશોગાથા આપી છે. અને તેનાં ગુણગાન ગાયા છે. અંગ્રેજ ફિલસુફ-યોગી આલ્ફાએ સાચા શબ્દોમાં કહ્યું છે કે—

"There is in every normal human being a divine urge of possibility and power it lies within the deep recesses of our mind. It is the question of awakeing that power once it is unlroked the powers are within your reach."

આનો અર્થ એમ મનાય કે આત્માની શક્તિ દરેક મનુષ્યમાં છે. જો તેને ઓળખવામાં આવે 'સ્વ'ની તો શકિત એટલે ઇશ્વરી શકિત મલી શકે તેનું પાન થાય-સાક્ષાત્કાર થાય અને શુદ્ધ કર્મોથી-પુણ્ય કર્મોથી મોક્ષ ગતિએ જીવ જાય.

આ મોક્ષ ગત જન્મના પુણ્યોને આભારી છે. અને વર્તમાન જન્મમાં અતિ પવિત્ર જીવન જીવનાર વ્યકિતને જ આ છેવટ મુસાફરીનો યોગ પ્રાપ્ત થાય છે. આપણું મનુષ્ય જીવન પણ એક બંધન છે. કોક વિરલ વ્યકિત ધારે તો મુકિત અને મોક્ષ મેળવી શકે છે. આ મનુષ્ય જીવન આપણને એક બંધન લાગે છે. (જન્મ-મરણ-રોગ અનેક યોનીમાં ભટકવું, સુખ-દુઃખ વિગેરે) પરંતુ મનુષ્ય ધારે તો ચોક્કસ આ બંધનરૂપી સંસારમાંથી મોક્ષ-ગતિ પામે છે. જેમ દરેક વસ્તુ મેળવવી સહેલી નથી તેમ મોક્ષ મેળવવો પણ દુર્લભ છે. આજના વર્તમાન-અર્થ પ્રધાન યુગમાં રહીને જીવનથી પર રહી મોક્ષની પ્રાપ્તિ અતી કઠીન છે. ગત જન્મના કોઈ મહાન પુણ્ય બળે જ પ્રાપ્ત થાય. જીવનના બંધનો શારિરીક, આર્થિક, સામાજીક વિગેરે તોડવા કઠીન છે.

મનુષ્ય જો ઉપર દર્શાવેલ આત્મ મંથનના રસ્તે સત્ય આચરણ કરે, વિચારે તો આત્માની મહાનતાની અનુભૂતિ જરૂર કરે અને પોતાનું જીવન સમર્પિત કરે તો મનુષ્યનું જરૂર કલ્યાણ થાય અને સ્વર્ગનું સુખ માણી શકે એટલું જ નહિ પણ આત્માનો સાક્ષાત્કાર તેને થાય તે નિઃશંક છે.

ચંદ્રકાંત ન. પંચોલી
(ડે. મેનેજર આ. ક. પેઢી-પાલીતાણા)

શ્રી નાગેશ્વર તીર્થે પધારો

શ્રી નાગેશ્વર તીર્થ ભારતમાં એક જ શ્રી પાર્શ્વનાથ ભ. ની કાયા ૧૫ ફુટ ઉંચી અને નીલવર્ણી સાત ફણાધારી કાર્યોત્સર્ગરૂપે પ્રાચીન પ્રતિમાજી બિરાજે છે.

હજારો યાત્રિકો દર્શનાર્થે પધારે છે. ભોજનશાળા ધર્મશાળા વિગેરેની સુવિધા છે. યાત્રિકોને આવવા માટે ચૌમહલા સ્ટેશને તથા આલોટથી બસ સર્વીસ મળે છે. અગાઉ સુચના આપવાથી પેઢીની જીપની વ્યવસ્થા થઈ શકશે. અઠ્ઠમ તપવાળા માટે પુરી વ્યવસ્થા છે.

(ફોન નં. ૭૩ આલોટ) —લિ. દીપચંદ જૈન સેક્રેટરી

શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ પેઢી
P. O. ઉન્હેલ ❋ સ્ટે. : ચૌમહલા [રાજસ્થાન]

વિનયથી મેળવેલી વિદ્યા, દયાથી આપેલું દાન, ભાવથી કરેલી ભકિત, અને સ્નેહથી આપેલું માન જ સફળ ને સુખદાયી બને છે.

Regd. No.BV. G. 20
JAIN OFFICE : P. Box No. 175
BHAVNAGAR-364001 (Gujarat)
Tele. O. C/o. 29919 R. 25869

જૈન

સ્વ. તંત્રી : ગુલાબચંદ દેવચંદ શેઠ
તંત્રી–મુદ્રક–પ્રકાશક–માલીક :
મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
જૈન ઓફીસ, પો.બો. નં. ૧૭૫, દાણાપીઠ, ભાવનગર

'જૈન' વર્ષ ૮૬
અંક : ૨૪/૨૫

વીર સં. ૨૫૧૫ : વિ.સં. ૨૦૪૫ અષાઢ સુદ ૧૨
તા. ૭ જુલાઈ ૧૯૮૯ શુક્રવાર
મુદ્રણ સ્થાન : શ્રી જૈન પ્રિન્ટરી
દાણાપીઠ પાછળ, ભાવનગર–૩૬૪ ૦૦૧

દિવ્ય સ્વપ્ન : 'વિજય ઈન્દ્રનગર'

પૂ૦ આ૦ શ્રીમદ્ વિજયઈન્દ્રદિન્નસૂરીશ્વરજી મ૦સા૦ની પ્રેરણાને સાકાર કરતાં શ્રી અભયરાજજી ઓસવાલને અભિનંદન

સાધર્મિકબંધુઓને ઘરનું ઘર અને કામ આપવાની યોજના

આપણાં પૂર્વાચાર્યોના ગ્રંથોમાં સાધર્મિકવાત્સલ્ય સંબંધી ખૂબ ભાર આપવામાં આવ્યો છે. સ્વધર્મીનું સગપણ કૌટુમ્બિક કે બીજા બધાં સગપણો કરતાં ઊંચું છે. અને તેથી 'સગપણ મોટો સાહમીતણો' એવા આપણા સ્વધર્મી ભાઈઓ સાથે કેવી રીતે વર્તવું, અને એમને ગમે તેમ કરીને કેવી રીતે ધર્મ માર્ગમાં પ્રગતિશીલ બનાવવા એ સંબંધી વિવેચન અનેક ગ્રંથોમાં કરવામાં આવ્યું છે, આ સંબંધી અનેક દાખલાઓ અને કથાઓ લખેલાં મળે છે. મધ્યયુગમાં જ્યારે સાતે ક્ષેત્રોમાં પોતાના દ્રવ્યનો સદ્વ્યય કરવાનો નિયમ કરવામાં આવ્યો ત્યારે એમાં (૧) જિન-મંદિર, (૨) જિનમૂર્તિ, (૩) જ્ઞાન, (૪) સાધુ અને (૫) સાધ્વી એ પાંચની સાથે શ્રાવક અને શ્રાવીકાનો પણ સમાવેશ કરવામાં આવ્યો, અને જે વખતે જે ક્ષેત્રમાં ધન વાપરવાની જરૂર હોય તે ક્ષેત્રમાં ઉદાર હાથે ધન વાપરવાનું કહેવામાં આવ્યું. કેટલાય નગરો વિષે એ દંતકથા પ્રચલિત છે કે એ નગરમાં રહેનારા સર્વે જૈન ભાઈઓ કોઇ વ્યક્તિ બહારગામથી તે શહેરમાં રહેવા (વ્યવસાય અર્થે) આવે ત્યારે એક એક સોનામહોર કે એક રૂપિયો (જ્યારે રૂપિયો જ મોંઘો હતો) આપીને તેને સંપત્તિ-શાળી બનાવી દેતા. અને એક એક ઈંટ આપીને–પ્રભાવના કરીને રહેવા માટે સ્થિર કરતા. આવા બીજા પણ અનેક ઉપાયો દ્વારા મદદ કરવાના ઉલ્લેખો મળે છે.

સમયે સમયે પ્રત્યેક સારા–રિવાજમાં પણ પરીવર્તન–પેરાબી પ્રવેશી જાય છે, સાધર્મિક વાત્સલ્યની જે ભાવના હતી એમાં પરીવર્તન થઇ ગયું, જે એક દિવસ બધાને નિમંત્રણ આપીને મિષ્ટાન્ન ખવરાવી દેવાને જ સાધર્મિકવાત્સલ્યનું નામ અપાવા લાગ્યું. 'પ્રભાવના' નામક ધર્મના મહત્વતા અંગેની પણ આજ સ્થિતિ થઇ. લાડવા આદિ બીજી ચીજોની વહેંચણીને જ 'પ્રભાવના'નું નામ અપાવા લાગ્યું. સંભવ છે કે વચગાળામાં જે તે ગામમાં મર્યાદિત જૈનો વસતા હોઈને તેમની સ્થિતિ સમૃદ્ધ હશે, એ વેળાએ પહેલાંની જેમ ત્યાંના સાધર્મિકોને સ્થિર કરવાની જરૂર ન હોવાને કારણે, સાધર્મિકવાત્સલ્ય એટલે જમણવાર અને પ્રભા-વના એટલે લાડવા–પતાસા સમજાતાં થયાં હોય. પણ અત્યારની સ્થિતિ તો આપણી નજરની સામે જ છે.

થોડા વર્ષો પહેલા (આઝાદી પહેલા) જે જૈન સમાજ એક બહુ મોટો વ્યાપારી અને ધનવાન સમાજ ગણાતો હતો, એ સ્થિતીમાં આજે બહુ મોટો ફેરફાર થઈ ગયો છે. આજે તો સમાજના મોટા ભાગની સ્થિતિ એવી થઇ પડી છે કે એના હાથમાં

કોઈ ખાસ વેપાર-ધંધો રહ્યો નથી. સાધર્મિકભાઇઓ ગામો છોડી શહેરો તરફ ઉભરાતા થવા આવતા થયા છે. ત્યારે પહેલી જુની પરંપરા-શરૂ થવાની જરૂર છે.

આ આપણાં સાધર્મિકભાઈઓને કંઈ ને કંઇ નાનું-મોટું કામ મળતા રોટી-કપડા તો મળી રહે પરંતુ વસવાટનો અતિ વિકટ પ્રશ્ન બની રહેલ છે. શ્રીમંત વર્ગ માટે તો મહાલયો-બંગલાઓ હોય છે, પરંતુ પોતાના વતનને ત્યજીને મોટા શહેરોમાં આવનાર આપણા સાધર્મિકભાઇઓને વસવાટનો પ્રશ્ન સમસ્યારૂપ-ભારે મૂશ્કેલ બની રહ્યો છે.

સરકારશ્રી દ્વારા આ અંગે જુદી જુદી વસાહતોની યોજના થઇ રહેલ છે. તેમાં વસવાટ કરવામાં પ્રથમ તો તેની ડીપોઝીટની રકમ ભરવામાં આપણો સાધર્મિકબંધુ અશક્ત પુરવાર થાય છે. બીજું ત્યાં વસનારા પંચવર્ણના હોવાથી ધર્મ કે સંસ્કૃતિ જેવું કશું રહેતું નથી. અને તેથી ભાવી પેઢીમાં ધર્મવૃત્તિ કે સંસ્કાર નથી રહેતા. તે આપણે નજર સામે જોઇ શકીએ છીએ. અને તેના પરિણામે બાળકો આંતરજ્ઞાતિના લગ્નો કરતા થયા છે. જે પ્રાયઃ નિષ્ફળ જાય છે. આથી જ પહેલાના સમયમાં ચોક્કસ જ્ઞાતિ-પરિવારની શેરીઓ (એરિયા) રહેતી હતી જેથી મર્યાદા અને સંસ્કાર સચવાઈ રહેતા હતા.

મુંબઇમાં પારસી પંચાયત અને ટ્રસ્ટો દ્વારા પારસી કુટુંબો માટે અનેક બ્લોકો બંધાયેલ છે, વૃદ્ધો માટે પણ વિશ્રામધામો બનાવ્યા છે. કપોળજ્ઞાતિએ પણ નિવાસગૃહો કપોળ કુટુંબો માટે બનાવેલ છે. સ્થાનકવાસી, ઝાલાવાડી ભાઇઓએ અને પાટણવાસીઓએ પણ બ્લોકો બનાવેલ છે. મુસ્લીમભાઇઓ તો પહેલેથીજ સમુહમાં રહેતા હોઈ જ્યા વસે ત્યાં તેનું સ્વર્ગ ખડું કરતો હોય છે ત્યારે જૈન સમાજ માટે શું થાય છે તે પ્રશ્ન છે. ને જે થાય છે તેનો સરવાળો કરીએ તો તે પાશેરામાં પહેલી પૂણી જેવું જણાય છે.

આપણે ત્યાં આપણા સાધર્મિકભાઈઓના ઉદ્ધાર માટે સૌ પ્રથમ પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મ૦ સા૦ એ મુખ્યત્વે બે બાબતો પર ભાર મૂકયો હતો. એક તો ભાવી પેઢીમાં ધાર્મિક સંસ્કારોના સીંચન સાથે આધુનિક અભ્યાસ વધે તે માટે ગામે ગામ પાઠશાળાઓ-વિદ્યાલયો ખોલવાની જરૂરીઆત પર અને બીજું સાધર્મીક કુટુમ્બના ઉત્કર્ષ માટે વ્યાપક સ્વરૂપે પ્રયત્ન કરવા પર ભાર મુકતા જણાવેલ કે—

"ધનવાનોએ એક એક કુટુમ્બને સુખી કરવાની જવાબદારી ઉપાડી લેવી જોઇએ. ૨૦-૨૫ હજારના ખર્ચે એક જમણવાર કરવા કરતાં એક કુટુમ્બને સુખી કરવું તે ઉત્તમ કાર્ય છે."

"ધનવાનોને હું કહું છું કે લોખંડની તિજોરીઓમાં ધન ભરી રાખવા કરતા, તેનો ઉપયોગ સ્વધર્મીબંધુઓના ઉત્કર્ષ અર્થે કરવો તે ધનનો શ્રેષ્ઠ ઉપયોગ છે. તમારૂ ધન કોઇ લઈ જાય અગર તો એક યા બીજી રીતે જતું રહે તે પહેલા તમે સ્વેચ્છાએ તમારૂં ધન સમાજના ઉત્કર્ષ અર્થે ખર્ચી નાંખો."

આવું જ સાધર્મીક પ્રત્યેના કાર્ય માટે મુંબઈ ઉપર જેમનો અનેક ઉપકાર છે તે પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ૦સા૦નો અંતિમ સંદેશ પણ એ જ હતો કે—

"સાધર્મિકો ખૂબ ખરાબ સ્થિતિ ભોગવે છે. એમને સહાયરૂપ થવા તમામ શક્તિ ખર્ચજો. સાધર્મિકની ઉન્નતિમાં સૌ તન, મન, ધન પરોવજો."

આ સંદેશમાં જૈન સમાજને સ્વાવલંબી અને સ્થિર બનાવવાની દીર્ઘ દૃષ્ટિભરી હાંકલ છે.

આજે જૈન સમાજ સાધર્મિક ભાઈઓને વિવિધ પ્રકારે સહાયતા આપી રહેલ છે. જેમાં ટુકડે ટુકડે આર્થિક સહાય, વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકો, સ્કૂલ ફી, વૈદકીય રાહત-સહાય, સસ્તા દરના ભોજનાલયો, ભાડામાં રાહત વગેરે પ્રકારે સહાય અપાય છે જે બહુ જ અલ્પ ગણાય અને તે કામચલાઉ રાહત આપનારી સહાયતા છે. જે થોડા-ઘણાં અંશે ઉપયોગી અને જરૂરી છે. પણ સમાજનું મુખ્ય ધ્યેય તો સમાજના દરેક અંગને સમૃદ્ધ અને સ્વાવલંબી બનાવવાનું હોવું જોઇએ. અને તે માટે સમાજે તેની દરેક પ્રકારની શક્તિ અને લક્ષ્મી સમાજને સ્વાવલંબી બનાવનારી પ્રવૃત્તિઓમાં કેન્દ્રિત કરવી જોઇશે જેટલા પ્રમાણમાં સાધર્મિક સ્વાવલંબી બનશે તેટલા પ્રમાણમાં કામચલાઉ સહાયતાનું પ્રમાણ ઘટશે. એટલું જ નહિ પરંતુ જેટલા પ્રમાણમાં સ્વાવલંબી સાધર્મિક કુટુમ્બોની સંખ્યા વધશે તેટલા પ્રમાણમાં સમાજોત્કર્ષની તેમજ ધાર્મિકોત્થાનની પ્રવૃત્તિઓને બળ પ્રાપ્ત થશે.

આ સાધર્મિક સ્વાવલંબીને સ્થિર કરવાની દૃષ્ટિ નજર સમક્ષ રાખીને પૂ૦ આ૦ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મ૦ની પ્રેરણાથી જૈન શ્વે. કોન્ફરન્સ દ્વારા ઠેર ઠેર જૈન ઉદ્યોગગૃહોની સ્થાપના થયેલ. તેમજ તેમના પટ્ટધર પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી મહારાજે એ ગુરૂદેવની જન્મ શતાબ્દી પ્રસંગે 'જૈન નગર'ની યોજનાને સાકાર સ્વરૂપ આપવા મીઠાઈ સાથે ગોળ, ખાંડ અને ભાતનો ત્યાગ પણ કરેલ, ત્યારે જ મુંબઇગરાઓએ જૈનનગરની યોજના સાકાર કરવાનો પ્રારંભ કરેલ. તેના ફળસ્વરૂપે નાલાસોપારા ખાતે શ્રી આત્મ-વલ્લભ-જૈન નગરની યોજના સાકાર બની છે. જો કે તે યોજના વાસ્તવીક મુંબઇમાં વસવા આવતા જૈનોની જરૂરીયાત સામે સો એ એક ટકો ય માત્ર છે.

અનંત ઉપકારી જિનેશ્વરદેવના શાસનમાં પચ્ચક્ખાણપૂર્વક પાપના, ભોગના, ભોગની અપેક્ષાના ને દોષોના ત્યાગમાં ધર્મ કહ્યો છે.

તેને માટે જે અરજીઓ આવે છે તેનો વિચાર કરવામાં આવે અને મુંબઇમાં ફુટપાથ ઉપર કે પેઢીમાં રહેતા-ઝુંપડાંમાં રહેતા પરીવારોનો વિચાર કરીએ ત્યારે આપણા દેરાસરોના મહોત્સવો આંખમાં વાગતા હોય છે.

આ યુગવીરની પરંપરાના વર્તમાન ગચ્છાધીપતી પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયઇન્દ્રદિન્નસૂરીશ્વરજી મહારાજની ભાવના પણ ઊંડે ઊંડે સાધર્મિક ભાઇઓ પ્રત્યે કરૂણા ભાવ રહેતો અને સમાજના નબળા સાધર્મિકભાઈઓને કોઈ પણ રીતે ઉઆગળ લાવવા વખતોવખત પ્રેરણા આપતા. તે માટે દાનવીર મહાનુભાવો, ટ્રસ્ટો, સંસ્થાઓને કંઇક કરવાની તાતી જરૂર તરફ લક્ષ દોરતા ને કહેતા કે- "આપણો સાધર્મિક બંધુ સુખી હશે તો એ આપણા સમાજ માટે એની શક્તિ મુજબ કંઇક કરશે અને ભવિષ્યમાં બીજાને કંઇક કરી છૂટવાની પ્રેરણા અર્પશે."

પૂજ્ય ગુરુદેવશ્રીના સાધર્મીક ઉદ્ધારની મનની આ વાત નવ યુવન અને નવચેતના ધરાવતા ઉદ્યોગપતિ શ્રીમાન અભયકુમારજી ઓસવાલજીને કરતા તેમણે ગુરુદેવની સાધર્મીક ભાઇઓ પ્રત્યેની કરૂણાભરી ભાવના શીરોમાન્ય કરી અને તેના ફલસ્વરૂપ પંજાબ-લુધીયાનામાં અતિ વિશાળ એવી "વિજય ઇન્દ્રનગર"ની યોજના સાકાર કરવાની તત્પરતા બતાવી.

નવયુવાન ઉદ્યોગપતિ શ્રેષ્ઠિવર્ય શ્રી અભયકુમારજી ઓસવાલજીએ આપણા સાધર્મીક ભાઈઓને સ્થિર કરવાની યોજના ઘડાતા સૌ પ્રથમ રૂા. ૩૦,૦૦,૦૦૦/- (ત્રીસલાખ)ની કિંમતની આઠ એકર જમીન આપીને તે યોજનાને સફળ બનાવવા રૂપીયા એક કરોડ આપવાની તૈયારી દર્શાવતા સારાયે જૈન સમાજમાં ભારે હર્ષ-આનંદ પ્રગટેલ અને થયું કે સાધર્મીકનો બેલી-નરવીર પ્રગટેલ છે.

આ 'વિજય ઇન્દ્રદિન્નનગર'માં ૭૫૦ મકાનો બનાવાશે સાથે સાથે ભવ્ય જિનમંદિર ઉપાશ્રય, અતિથિભવન, વૃદ્ધાશ્રમ, જૈન સ્કૂલ, અને હોસ્પિટલનું પણ નિર્માણ કરવાનું આવરી લીધેલ છે.

વિશેષ હર્ષ અને આનંદની વાત તો જાણવા મળે છે કે શ્રી અભયરાજજી ઓસવાલે આ 'વિજય ઇન્દ્રનગર'માં વસનાર સ્વાવલંબી બની રહે તે માટે તેને વ્યવસાયિક રીતે સ્થિર કરવામાં આવશે. આને જ કહેવાય કે સોનામાં સુગંધ ભળે તેવી શ્રી ઓસવાલજીની અનુપમ જાહેરાતને આપણા લાખ-લાખ અભિનંદન ને તેમના આત્મ વિશ્વાસને નમન.

પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયઇન્દ્રદિન્નસૂરીશ્વરજી મ૦ સા૦ આદિ વિશાળ શ્રમણ-શ્રમણીવૃંદ પંજાબ શહેરના લુધિયાણાનગરે ચાતુર્માસ પ્રવેશ કરેલ હોય આ યોજનાને સાકારરૂપ આપવા તા. ૯ જુલાઇના રોજ "વિજય ઇન્દ્રનગર" નો શીલાન્યાસ કરવામાં આવનાર છે. અને આ યોજનાને એકાદ વર્ષમાં જ પરિપૂર્ણ કરવાના ભગીરથ નિર્ણય સાથે પ્રારંભ થશે. તે સમગ્ર જૈન સમાજના દરેકે-દરેક શ્રમણો-શ્રમણી ભગવંતો-શ્રીસંઘો-સંસ્થાઓ તથા આગેવાનો તે પ્રસંગે શુભકામના પહોંચાડવાનું નહિં ચુકે. તે માટે આ પ્રસંગે હાજરી આપીને કે શુભેચ્છા પાઠવીને પોતાની ફરજ નહિં ચુકે.

તેમજ આ યોજનાને સાકાર કરવા માટે પોતપોતાની શક્તિ ને સંપત્તિનો સદ્વ્યય કરવાનું પણ નહિં ચુકે. અને આનો દાખલો લઇ દરેક પૂજ્ય ગુરુભગવંતો-શ્રીસંઘો-સંસ્થાઓ પોત-પોતાના ક્ષેત્રમાં તે માટે પ્રવૃત્ત થાય તેવી ભાવના.

શ્રી અભયરાજજી ઓસવાલને અભિનંદન

જીવનને કૃતાર્થ કરવાના ત્રણ રાજમાર્ગ : કાં માનવી ભક્ત બને; કાં શુરવીર બને; કાં દાતા બને; આ ત્રિવેણી તીર્થને આરે માનવી પોતાના જીવનને ધન્ય ધન્ય બનાવી જાય. એ ત્રિવેણી તીર્થમાંનું એક પણ તીર્થ ન લાધ્યું એનો જન્મ એળે ગયો સમજવો.

પંજાબના લુધીયાના નિવાસી શ્રીમાન અભયરાજજી ઓસવાલ એક સુખીદિલ શ્રીમંત ઉદ્યોગપતિ સદ્ગૃહસ્થ છે. અને વર્તમાનમાં એમની વિપુલ સંપત્તિમાંથી મોટી મોટી સખાવતો કરીને એમણે પોતાના જીવન અને ધનને કૃતાર્થ બનાવ્યું છે.

આવા એક પોતાની સંપત્તિ મારફત ધર્મસેવા, સમાજસેવા, રાષ્ટ્રસેવા, જનસેવા અને વિદ્યાસેવા કરનાર અને પોતાની વિનમ્રતા સુજનતા અને સહૃદયતાને લીધે અનેક વ્યક્તિઓના હૃદયમાં પ્રેમ અને આદરનું સ્થાન મેળવનાર યુવાને—

ગત વર્ષ પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયઇન્દ્રદિન્નસૂરીશ્વરજી મ. સા. રાજસ્થાન-યુ.પી.નો વિહાર કરતા. ચૈત્ર વદમાં દિલ્હી વિજયવલ્લભ સ્મારકમાં પધારતા અત્રે યુગવિર આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મ૦ની દીક્ષા શતાબ્દીની પૂર્ણાહુતિ તથા સંક્રાંતિનું આયોજન વિશાળ પાયા ઉપર ગોઠવાયેલ જે સમારંભના અતિથિવિશેષ તરીકે નવયુવાન સુપ્રસિદ્ધ ઉદ્યોગપતિ ઓસવાલ એગ્રો મિલ્સવાળા શ્રી અભયકુમાર ઓસવાલ પધારેલ.

પૂજ્ય ગચ્છાધિપતિશ્રીએ વિજયવલ્લભ સ્મારક માટે તેમજ પૂ૦ આચાર્યદેવ વિજયવલ્લભસૂરિજીના દીક્ષા શતાબ્દીના ઉપલક્ષમાં જૈન ધર્મના સાતે ક્ષેત્રો માટે સો લાખ (એક કરોડ)ના ફંડની જરૂર છે. જેનો પ્રતિસાદ પણ ઉદારદિલ અતિથિવિશેષ ઉદ્યોગ-પતિ શ્રી અભયકુમારજી ઓસવાલ દ્વારા એક કરોડની સહાય પૂર્ણ કરવાનું વચન આપેલ. જે સાંભળી સમગ્ર સભા વિજય-વલ્લભસૂરીના જયનાદોથી ગુંજવા લાગેલ.

(અનુસંધાન પાના નંબર ૨૩૬ ઉપર)

પ્રતિજ્ઞાના માર્ગે ડગ ભરતાની સાથે પાપના દ્વાર બંધ થાય છે અને કર્મનો ક્ષય ચાલુ થાય છે.

શ્રી કલિકુંડ પાર્શ્વનાથાય નમ:

શ્રી આત્મ-વલ્લભ-સમુદ્ર-ઈન્દ્ર સદ્‌ગુરુભ્યો નમઃ

લુધિયાણામાં મધ્યમવર્ગના જૈન પરિવારો માટે રહેણાંક યોજના

વિજય ઈન્દ્રનગરનો શિલાન્યાસ સમારોહ

તા. ૯ જુલાઈ-૧૯૮૯ રવિવાર

આ મંગલ કાર્યક્રમમાં સકલ શ્રીસંઘને પધારવા હાર્દિક આમંત્રણ છે

પરમોપકારી ગુરુ આત્મ-વલ્લભ-સમુદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબની પાટ ઉપર બિરાજતા જૈન દિવાકર, ચારિત્રચૂડામણિ, પરમાર ક્ષત્રિયોદ્ધારક, શાસનપ્રભાવક, ગચ્છાધિપતિ પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયઈન્દ્રદિન્નસૂરીશ્વરજી મહારાજ સાહેબના જ્યારથી મેં દર્શન કર્યા છે, તેમના પ્રવચનો સાંભળ્યા છે, ત્યારથી તેઓશ્રીથી હું ઘણો જ પ્રભાવિત થયો છું.

પરમ ગુરુદેવ મધ્યમ વર્ગના સાધર્મિક ભાઈઓની દુઃખદ સ્થિતિઓથી ઘણા જ વ્યથિત છે. તેમની આ હાર્દિક પીડાએ મને પ્રેરણા આપી. આજે એમના ૬૬માં પાવન જન્મ દિવસના શુભ અવસરે ઉત્તર ભારતની જૈન નગરી લુધિયાણામાં ૭૫૦ જૈન પરિવારના રહેઠાણ માટે "વિજય ઈન્દ્રનગર" વસાવવા માટે મારા તરફથી હું ત્રીસ લાખ રૂપિયાની કિંમતની આઠ એકર જમીન તેમ જ એક કરોડ રૂપિયા આપવાની ઉદ્‌ઘોષણા કરું છું.

— અભયકુમાર ઓસવાલ

પૂજ્ય આચાર્ય ભગવંતશ્રીની સાધર્મિક સમુત્કર્ષની ભાવનાને સાકાર કરવા માટે નિર્માણ થનાર આ "વિજય ઈન્દ્રનગર"માં જૈન મંદિર, ઉપાશ્રય, જ્ઞાનમંદિર, અતિથિભુવન, વૃદ્ધાશ્રમ, હોસ્પિટલ અને સ્કૂલનું પણ નિર્માણ કરવામાં આવનાર છે. ત્રણ કરોડના ખર્ચે બનવાવાળું આ પ્રોજેક્ટ એક વર્ષમાં પુરું કરવામાં આવનાર છે. પૂજ્ય આચાર્ય શ્રીમદ્ વિજયઈન્દ્રદિન્નસૂરીશ્વરજી મ૦ સા૦ની પૂણ્ય પ્રભાવક નિશ્રામાં આનું ભૂમિપૂજન તથા શિલાન્યાસ રાખવામાં આવેલ છે.

માંગલિક કાર્યક્રમ

ભૂમિપૂજન તા. ૧-૭-૮૯ — જિનમંદિર અને રહેઠાણ

શિલાન્યાસ તા. ૯-૭-૮૯ — જિનમંદિર અને રહેઠાણનું શિલાન્યાસ

સ્થળ :- વિજય ઈન્દ્રનગર
ઓસ્વાલ એગ્રો મીલ્સ પાસે,
ડાબારોડ, જી.ટી. રોડ, શેરપુર,
લુધિયાના (પંજાબ)

નિવેદક :- શ્રી આત્માનંદ જૈન
મહાસભા (ઉત્તર ભારત)
શ્રી આત્મ-વલ્લભ-સમુદ્ર-ઈન્દ્ર સેવા ટ્રસ્ટ
સિકંદરલાલ જૈન (મહામંત્રી)

-: શુભેચ્છક :-

ઓસવાલ એગ્રો મીલ્સ લિ૦
બિન્દલ એગ્રો મીલ્સ લિ૦
ઓસવાલ એગ્રો ફ્યુરેન લિ૦

શાસનપ્રભાવનાપૂર્વક સં. ૨૦૪૫ ના ગામે ગામ થઈ રહેલ ભવ્ય ચાતુર્માસ પ્રવેશો.

* શાસન સમ્રાટ સમુદાયપતિ પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય મેરૂપ્રભસૂરીશ્વરજી મ૦ આદિ મુંબઈ–૫૪ શાંતાક્રુઝ–વેસ્ટમાં શ્રી કુંથુનાથજી જૈન દેરાસર–ઉપાશ્રયે ભવ્ય પ્રવેશ તા.૯/ના કરશે.

* ડેલાવાળા સમુદાયપતિ પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયરામસૂરીશ્વરજી મ૦ આદિનું ચાતુર્માસ કુવાળા મુકામે (તા. દિયોદર જિ. બનાસકાંઠા) ભવ્ય પ્રવેશ કરશે.

* પૂજ્ય આચાર્યશ્રી નીતિસૂરીશ્વરજી મ૦ના સમુદાયપતિ પૂ૦ આ૦ શ્રી વિજયઅરિહંતસિદ્ધસૂરીશ્વરજી મ૦ આદિ તખતગઢ (જી. સિરોહી-રાજસ્થાન) મુકામે ચાતુર્માસ પ્રવેશ કરેલ છે.

* પૂજ્ય આચાર્યશ્રી આનંદસાગરસૂરિજી મ૦ના સમુદાયના પૂજ્ય આચાર્યશ્રી દર્શનસાગરસૂરીશ્વરજી મ૦ આદિનો પ્રવેશ મુંબઈ–પાયધુની શ્રી આદિશ્વર જૈન પંચની ધર્મશાળા મધ્યે થયેલ છે.

* પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મ૦ના સમુદાયપતિ પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયઈન્દ્રદિન્નસૂરીશ્વરજી મ૦ આદિનો ચાતુર્માસ પ્રવેશ લુધીયાણા (પંજાબ)માં શ્રી આત્માનંદ જૈન ભવન પુરાના બજારમાં ભવ્ય રીતે થયેલ છે.

* પૂજ્ય આચાર્યદેવશ્રી મોહનસૂરીશ્વરજી મ૦ના સમુદાયપતિ પૂજ્ય આચાર્યદેવશ્રી યશોદેવસૂરીશ્વરજી મ૦ આદિ પાલીતાણા–સાહિત્ય મંદિરમાં બીરાજેલ છે.

* પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયદાનપ્રેમસૂરીશ્વરજી મ૦ ના સમુદાયના પૂ૦ આચાર્યદેવ શ્રી ભુવનભાનુસૂરીજી મ૦ આદિનો પ્રવેશ તા. ૯-૭–૮૯ના જૈન આરાધના ભુવનમાં ૩૫૧, મીન્ટ સ્ટ્રીટ મદ્રાસ મુકામે થનાર છે.

* પૂજ્ય આચાર્યશ્રી વિજયૐકારસૂરીશ્વરજી મ૦ના સમુદાયના પૂજ્ય આ૦શ્રી યશોવિજયસૂરીજી મ૦ આદિનો પાડીવ જૈન સંઘ દ્વારા (જી. : સિરોહી રાજસ્થાન) થયેલ છે.

* પૂજ્ય આચાર્યદેવશ્રી કેસરસૂરીશ્વરજી મ૦ના સમુદાયપતિ પૂજ્ય આચાર્યદેવશ્રી હેમપ્રભસૂરીશ્વરજી મ૦ આદિનો પ્રવેશ પાલીતાણા–ગીરીવિહારમાં ભવ્ય રીતે થયેલ છે.

* વાગડવાળા પૂ૦ આચાર્યશ્રી કનકસૂરીશ્વરજી મ૦ના સમુદાયપતિ પૂજ્ય આચાર્ય દેવશ્રી કલાપ્રભસૂરીજી મ૦ આદિ શ્રી વીશા ઓસવાળ જૈન સંઘ દ્વારા આધોઈ (તા. : ભચાઉ–કચ્છ) મુકામે પ્રવેશ કરેલ છે.

* પૂજ્ય આચાર્ય દેવશ્રી હિમાચલસૂરીશ્વરજી મ૦ના સમુદાયપતિ પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયલક્ષ્મીસૂરીજી મ૦ આદિ મુ. નગર(જુના) (જી. : બાડમેર રાજસ્થાન) મુકામે પ્રવેશ કરેલ છે.

* આચાર્યદેવશ્રી લબ્ધિસૂરીશ્વરજી મ૦ના સમુદાયના પૂ૦ આ૦શ્રી રાજયશસૂરીશ્વરજી મ૦ આદિ મુંબઈ–વાલકેશ્વર, શ્રી આદિશ્વર જૈન દેરાસરે પ્રવેશ કરેલ છે.

* પૂજ્ય આચાર્યદેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયના પૂજ્ય આચાર્યશ્રી સુબોધસૂરીશ્વરજી મ૦ આદિનો અમદાવાદ જૈન નગર, પાલડીમાં પ્રવેશ થશે.

* પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ૦ના સમુદાયપતિ પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ૦ આદિ પાલીતાણા–મહારાષ્ટ્ર ભુવનમાં પ્રવેશ કરેલ છે.

* પૂજ્યશ્રી બુદ્ધિ–તિલક–શાંતિચંદ્રસૂરીશ્વરજી મ૦ના સમુદાયના પૂ૦ આ૦શ્રી ભુવનશેખરસૂરીશ્વરજી મ૦ અમદાવાદ–કેશવનગરમાં બીરાજમાન છે.

* પૂજ્ય શ્રીમન્ મોહનલાલજી મ૦ના સમુદાયના ગણનાયક પૂ૦ આ૦શ્રી ચિદાનંદસૂરીશ્વરજી મ૦ આદિ સંવેગી જૈન ઉપાશ્રય, વડાચૌટા, સુરત પધારેલ છે.

* અચલગચ્છના પૂજ્ય આચાર્યશ્રી ગુણોદયસાગરસૂરીજી મ૦ આદિ બોતેર જીનાલય તીર્થ–ગુણનગર મુ : તલવાણા–કચ્છમાં પ્રવેશ કરેલ છે.

* આચાર્યદેવશ્રી કલાપ્રભસાગરસૂરીજી મ૦ આદિનો પ્રવેશ મુંબઈ–મુલુન્ડ જૈન સંઘના ઝવેરીરોડના જિનાલયે થયેલ છે.

* ખરતરગચ્છના વર્તમાન સમુદાયપતિ પૂ૦ આ૦શ્રી જિન-ઉદયસાગરસૂરીશ્વરજી મ૦ આદિ ધમતરી (સદરબજાર) મધ્યપ્રદેશમાં કરેલ છે.

* શ્રી ત્રિસ્તુતિક સમુદાયના વર્તમાન સમુદાયપતિ પૂ૦ આ૦ શ્રી જયંતસેનસૂરીશ્વરજી મ૦ આદિનો ખીમેલ (વાયા-રાની–રાજસ્થાન)માં પ્રવેશ થયેલ છે.

શ્રી વિમળગચ્છના સમુદાયના પૂજ્ય મુનિરાજશ્રી પ્રદ્યુમનવિમળજી મ૦ આદિ શ્રી નેમિનાથ જૈન દેરાસર–માંડીપુરા–મુંબઈ મધ્યે પ્રવેશ કરેલ છે.

* પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયદેવસૂરીશ્વરજી મ૦ તથા પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મ૦ આદિ મહાસુખભવન વિલેપાર્લા–મુંબઈ–૫૬માં પ્રવેશ કરેલ છે.

* પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયલબ્ધિસૂરીજી મ૦ આદી પાલીતાણા તલાટીરોડ સિદ્ધક્ષેત્ર ભક્તિવિહારમાં પ્રવેશ કરશે.

* પૂજ્ય આચાર્યદેવશ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મ૦ આદિ શ્રી આદિનાથ ટેમ્પલ–ચીકપેઠ, બેંગ્લોરમાં પ્રવેશ કરશે.

હે માનવ વિચાર કે, સુખ ભોગવે સુખ જાય, અને દુઃખ ભોગવે દુઃખ જાય. તો તું શું કરે છે. ?

* પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયહ્રીંકારસૂરીજી મ૦ આદિ રતલામ (મધ્યપ્રદેશ)માં પ્રવેશ કરેલ છે.

* પૂજ્ય આચાર્યશ્રી નિત્યોદયસાગરસૂરીજી મ૦ આદિનો શ્રી મુનિસુવ્રતસ્વામી જિનાલય ટેંભીનાકા, થાણા- (મહારાષ્ટ્ર)માં પ્રવેશ થયેલ છે.

* પૂજ્ય આચાર્યશ્રી કીર્તિચંદ્રસૂરીશ્વરજી મ૦ આદિ શ્રી આત્મ-કમલ-લબ્ધિસૂરી જૈન જ્ઞાનમંદિર, દાદર (બી.બી.)મુંબઈમાં પ્રવેશ થયેલ છે.

* પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મ૦ આદિ અમદાવાદ ગીરધરનગર-શાહીબાગમાં પ્રવેશ કરશે.

* પૂજ્ય આચાર્યદેવશ્રી અશોકચંદ્રસૂરીજી મ૦ આદિનો શ્રી વિશાશ્રીમાળી જૈન સંઘ જામનગર મુકામે પ્રવેશ થયેલ છે,

* પૂજ્ય આચાર્યદેવશ્રી ભદ્રંકરસૂરીશ્વરજી મ૦, પૂજ્ય આ. શ્રી પુણ્યાનંદસૂરીજી મ૦, પૂ૦ આ૦ શ્રી અરૂણપ્રભસૂરીજી મ૦, પૂ૦ આ૦ શ્રી વીરસેનસૂરીજી મ૦ આદિનો પ્રવેશ અંકલેશ્વર (જી. ભરૂચ)માં થયેલ છે.

* પૂ૦ આચાર્યદેવશ્રી અશોકરત્નસૂરીજી મ૦, પૂ૦આ૦ શ્રી અભયરત્નસૂરીજી મ૦ આદીનો પ્રવેશ શેરાપુર (જી. ગુલબર્ગ- કર્ણાટક)માં થયેલ છે.

* પૂજ્ય આચાર્યદેવશ્રી વારીષેણસૂરીશ્વરજી મ૦ આદિ જાવાલ (મહારાષ્ટ્ર)માં પ્રવેશ કરશે.

* પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયજનકચંદ્રસૂરીશ્વરજી મ૦ આદિ અમદાવાદ મુકામે ચાતુર્માસ અર્થે પધારેલ છે.

* પૂ૦ આ૦શ્રી સદ્‌ગુણસૂરીજી મ૦ આદિ મુંબઈ-માટુંગા શ્રી જીવણ અબજી જ્ઞાનમંદિર મધ્યે પ્રવેશ થશે.

* પૂજ્ય આચાર્યદેવશ્રી હિમાંશુસૂરીશ્વરજી મ૦, પૂ૦ આ૦ શ્રી નરરત્નસૂરીશ્વરજી મ૦ આદિ રાજકોટ પ્રહલાદ પ્લોટમાં પધારેલ છે.

* પૂજ્ય આચાર્યશ્રી દોલતસાગરસૂરીજી મ૦ આદિ-નવરોજજી ક્રોસલેન, ઘાટકોપર-મુંબઈમાં પ્રવેશ કરશે.

* પૂજ્ય આચાર્યશ્રી યશોભદ્રસૂરીશ્વરજી મ૦ આદિ પાલીતાણા-શ્રી ખરતગઢ મંગળ-ભવન જૈન ધર્મશાળામાં પધારેલ છે.

* પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયદક્ષસૂરીશ્વરજી મ૦ આદિ શ્રી પાર્શ્વનગર, ચાલપેઠ. અગાશીમાં પધારેલ છે.

* પૂજ્ય આચાર્યદેવશ્રી ભદ્રગુપ્તસૂરીશ્વરજી મ૦ આદિ મુંબઈ-ઈર્લાબ્રીજ-અંધેરી વેસ્ટમાં પધારેલ છે.

* પૂજ્ય આચાર્યદેવશ્રી ગુણરત્નસૂરીજી મ૦ આદિનો સિરોહી (રાજસ્થાન)માં પ્રવેશ તા. ૧૨-૭-૮૯ના પ્રવેશ થનાર છે.

* પૂ૦ આ૦શ્રી અશોકચંદ્રસૂરીજી મ૦ મુંબઈ-બોરીવલી મંડપેશ્વર રોડ પધારેલ છે.

* પૂ૦ આ૦શ્રી જિનેન્દ્રસૂરીજી મ૦ આદિ ઓસવાળ યાત્રીકગૃહ તળેટીરોડ, પાલીતાણા પધારેલ છે.

પૂ૦ આ૦શ્રી સુશીલસૂરીજી મ૦ આદિ શ્રી પોરવાલ ભવન જૈન ઉપાશ્રય મુ. : દેસુરી (જી. : પાલી-રાજસ્થાન) પધારેલ છે.

* પૂ૦ આ૦શ્રી રૂચકચંદ્રસૂરીજી મ૦ આદિ શ્રી કૃષ્ણનગર જૈન ઉપાશ્રયે ભાવનગર પધારશે.

* પૂ૦ આ૦શ્રી ભાનુચંદ્રસૂરીજી મ૦ આદિ ખુશાલભુવન જૈન ઉપાશ્રય, એલીસબ્રીજ અમદાવાદ પ્રવેશ કરશે.

* પુ૦ આ૦શ્રી વિનયચંદ્રસૂરીશ્વરજી મ૦ તથા પુ૦ આ૦શ્રી કલ્પજયસૂરીજી મ૦ આદિ મુંબઈ-મલાડ વેસ્ટમાં પ્રવેશ કરશે.

* પુ૦ આ૦શ્રી જયાનંદસૂરીશ્વરજી મ૦ આદિ શ્રી આદિનાથ જિનાલય ચેમ્બુર મુંબઈ પ્રવેશ કરેલ છે.

* પુ૦ આ૦શ્રી કનકરત્નસૂરીશ્વરજી મ૦ આદિ શ્રી ચંદ્રપ્રભ જૈન દેરાસર-અંધેરી-વેસ્ટ મુંબઈ પ્રવેશ કરેલ છે.

* પૂ૦ પંન્યાસશ્રી અશોકસાગરજી મ૦ આદિ પાલીતાણા આગમ મંદિરમાં પ્રવેશ કરશે.

* પૂ૦ પંન્યાસશ્રી પુર્ણાનંદવિજયજી મ૦ (કુમારશ્રમણ) આદીનું દાદર સ્થિત શ્રી શાંતિનાથ જૈન દેરાસર- કબુતરખાના- મુંબઈમાં પ્રવેશ કરનાર છે.

* પૂ૦ ગણિવર્યશ્રી વિદ્યાનંદવિજયજી મ૦ તથા પૂ૦ મુનિરાજશ્રી હેમરત્નવિજયજી આદીએ સુરત શીતલવાડી-ગોપીપુરામાં પ્રવેશ કરેલ છે.

* પૂ૦ પંન્યાસશ્રી શિલચંદ્રવિજયજી મ૦ આદિએ પાંજરાપોળ રીલીફરોડ અમદાવાદમાં પ્રવેશ કરેલ છે.

* પુ૦ મુનિરાજશ્રી શિલગુણવિજયજી મ૦ આદિ મુંબઈ-મરીન લાઈન્સ પાટણ જૈન મંડળમાં ચતુર્માસ અર્થે પધારશે.

* પુ૦ મુનિરાજશ્રી ભુવનહર્ષવિજયજી મ૦ આદિ મુંબઈ-પાયધુની શ્રી નમિનાથ જૈન દેરાસરે પધારેલ છે

* પૂ૦ મુનિરાજશ્રી રસિકચંદ્રવિજયજી (સરારવાલા) ઠા-૨ પાલીતાણા શેત્રુંજયપાર્કમાં પ્રવેશ કરેલ છે.

* પૂ૦ મુનિરાજશ્રી બલભદ્રવિજયજી મ૦ તેમજ મુનિરાજશ્રી તેજપ્રભવિજયજી મ૦ આદી બાલી (રાજસ્થાન)માં પ્રવેશ કરશે.

* પૂ૦ મુનિરાજશ્રી મુક્તિચંદ્રવિજયજી મ૦ આદિ મનફરા (કચ્છ)માં ચાતુર્માસ પ્રવેશ કરશે.

* પૂ૦ મુનિરાજશ્રી નિત્યવર્ધનસાગરજી મ૦ આદિનું ચોમાસુ આત્માનંદ સભા ભવન- જયપુર મધ્યે થશે.

જીવન એક અમૂલ્ય અવસર છે, પણ જેઓ સાહસ, સંકલ્પ અને શ્રમ કરવા સતત જાગૃત હોય તેઓને માટે જ.

* પુ૦ મુનિરાજશ્રી વીરરત્નવિજયજી મ૦ આદિ પિંડવાડા (સ્ટે. : સિરોહીરોડ, (રાજસ્થાન) પ્રવેશ થયેલ છે.

* પુ૦ પંન્યાસ શ્રી યશોવિજયજી મ૦ આદિ મુંબઈ શ્રી ચંદ્રપ્રભુ જૈન દેરાસર, પ્રાર્થના સમાજમાં ચાતુર્માસ પ્રવેશ કરશે.

* પુ૦ પંન્યાસ શ્રી ચન્દ્રશેખરવિજયજી મ૦ આદિ તપોવન સંસ્કારધામ, પો : કબીરપોર, નવસારીમાં પ્રવેશ કરેલ છે.

* પુ૦ પંન્યાસશ્રી અજિતચંદ્રવિજયજી મ૦ આદિ અમદાવાદ ઓપેરા સોસાયટીમાં પ્રવેશ કરશે.

* પુ૦ ગણિવર્યશ્રી હ્રીંકારચંદ્રવિજયજી મ૦ આદિ નૂતન ઉપાશ્રય નાનભા શેરી, ભાવનગર પ્રવેશ કરશે.

* મુનિશ્રી મુક્તિચંદ્રવિજયજી મ૦ આદિ દશાપોરવાડ સોસાયટીના ઉપાશ્રયે-અમદાવાદ પ્રવેશ કરશે.

* મુનિશ્રી કમલરત્નવિજયજી મ૦ આદિ શ્રી જૈન શ્વે. સંઘ સોલાપુર (મહારાષ્ટ્ર) પ્રવેશ કરેલ છે.

* ગણિવર્યશ્રી જિનચંદ્રસાગરજી મ૦ તથા પુ૦ ગણિવર્યશ્રી હેમચંદ્રસાગરજી મ૦ આદિ શ્રી કૈલાસનગર જૈન સંઘ સગરામપુરા, સુરત પ્રવેશ કરશે.

* પુ૦ મુનિરાજશ્રી કીર્તિસેનમુનિજી આદિ શ્રી શાંતિનાથજી જૈન દેરાસર નવાપુરા, સુરત પ્રવેશ પ્રવેશ કરશે.

* પુ૦ મુનિરાજશ્રી ધર્મધ્વજવિજયજી મ૦ આદિ શ્રી શાસ્ત્રીનગર જૈન ઉપાશ્રય-ભાવનગર પ્રવેશ કરેલ છે.

* પુ મુનિરાજશ્રી નંદનપ્રભવિજયજી મ૦ આદિ પાલીતાણા સાંડેરાવ જિનેન્દ્રભુવન ધર્મશાળામાં બીરાજમાન છે.

* મુનિશ્રી અભયચન્દ્રવિજયજી મ૦ શિવગંજ પધારેલ છે.

* મુનિશ્રી જયાનંદમુનિજી મ૦ આદિ સિવાના (રાજસ્થાન) પધારેલ છે.

* મુનિરાજશ્રી શુભંકરવિજયજી મ૦ આદી ભાવનગર વડવામાં પ્રવેશ કરેલ છે.

ચાલો ચાલો રે વિમલગિરિ જઇએ રે ભવજલ તરવાને....

શ્રી સિધ્ધક્ષેત્ર [પાલીતાણા] શ્રી સિધ્ધગિરી ભકિતવિહાર મધ્યે પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયલબ્ધિસૂરીજી મહારાજાદીના સહુ પ્રથમ ચાતુર્માસ પ્રવેશના પાવનકારી પ્રસંગે તથા શ્રી સિધ્ધગિરી ભકિતવિહારના ઉદ્દઘાટન પ્રસંગે...

પરમ પૂજ્ય ભકિતભૂષણ, જ્યોતિષાદિ શાસ્ત્રવિશારદ, સૌમ્યમૂર્તિ, સરળ સ્વભાવી, અજોડ પ્રભાવશાળી, આચાર્યદેવ વિજયલબ્ધિસુરીશ્વરજી મહારાજ, પૂ૦ મુનીરાજ શ્રી ઉત્તમવિજયજી મ૦, પ. પૂ૦ સેવાભાવી મુનિપ્રવર ભદ્રસેન વિ. મ૦, પ. પૂ૦ તપસ્વી મુનિપ્રવર વિમલભદ્ર વિ. મ૦ તેમજ પ. પૂ૦ મુનિ મહાશય વિ. મ૦ આદિને ૨૦૪૫ની સાલના ચાતુર્માસ માટે અનેક સંઘોની આગ્રહભરી વિનંતીઓ હોવા છતાં જ્યાં કાંકરે કાંકરે અનંતા આત્માઓ અનંત સુખને પામ્યા છે એવા શ્રી સિદ્ધાચલ મહાતીર્થની અજોડ પવિત્રતાના પ્રભાવે... ગિરિરાજના અદ્દભુત આકર્ષણે અને અમારા પુણ્યોદયે પૂજ્યશ્રી શંખેશ્વર મહાતીર્થે શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિવિહારના ભવ્ય જિનાલયની અજોડ પ્રતિષ્ઠા બાદ મોરબી નગરની પ્રતિષ્ઠાદિ શાસન પ્રભાવક મહોત્સવો દ્વારા.... વિવિધક્ષેત્રે શાસનની પ્રભાવના કરતા કરતા આ સાલે અમારા ટ્રસ્ટી મંડળની અત્યંત આગ્રહભરી વિનંતી સ્વીકારી શ્રી સિદ્ધગિરિ ભક્તિવિહારમાં ચાતુર્માસાર્થે પધાર્યા છે. તે એક માનવ જન્મની સુકૃત કમાણીના અમુલ્ય લ્હાવે છે. તે પુનિત પ્રસંગે આપ શ્રીમાનોને પણ સપરિવાર પધારવાનું હાર્દિક આમંત્રણ આપતા અમે આનંદ અનુભવીએ છીએ.

પૂજ્યશ્રીનુ સામૈયું અષાડ સુદ ૬ ને રવિવાર તા. ૯-૭-૮૯ સવારે ૭-૩૦ વાગે શ્રી દિગંબર જૈન ધર્મશાળા સ્ટેશન રોડથી પ્રારંભ થશે સામૈયામાં સકળ સંઘને પધારવા ભાવભર્યું આમંત્રણ છે

શુભ સ્થળ :-

શ્રી સિધ્ધગિરિ ભકિતવિહાર

તલાટી રોડ, પાલીતાણા—૩૬૪ ૨૭૦. ફો. નં. ૪૧૫

લિ૦

શ્રી સિધ્ધગિરિ ભકિતવિહાર

[illegible]

નિર્વાહના સાધનો માટે કરેલી જીવતોડ મહેનતથી આપણને જે શિક્ષણ મળે છે તે ઉત્તમ કોટિનું હોય છે.

(અનુસંધાન પાના નંબર ૨૩૧નું ચાલુ)

નવયુવાન ઉદ્યોગપતિશ્રી અભયકુમારજી ઓસવાલે વિનમ્રતાપૂર્વક જણાવેલ કે— મને મારા જીવનમાં પહેલીવાર જ પૂજ્ય આચાર્યદેવશ્રીના દર્શનનો લાભ મળેલ છે. તેઓશ્રીના દર્શનથી જ પ્રભાવીત થયો છું. પૂજ્ય ગુરૂદેવ જે આદેશ આપશે તેને સહર્ષ (રૂા. એક કરોડનું ફંડ) પૂર્ણ કરીશ. પૂજ્ય ગુરૂદેવ આજે કદાચ મને પણ માગી લે તો હું તેમના ચરણોમાં મારું જીવન સમર્પીત કરી દઉં.

આ સરળતા અને સહજતાભર્યા ઉદ્‌ગારોથી દરેકના દિલ ઉપર ઓસવાલજી છવાય ગયા. લોકોએ દાનેશ્વરી કર્ણ, વિક્રમાદિત્ય, ભામાશાહ જેવાની યાદ તાજી અનુભવી કે ગુરુદેવના એક વચને એક કરોડની સહાય આપવાનું સ્વિકારનાર આ નરવીરને ધન્યવાદ.

ચાલુ વર્ષના ફેબ્રુઆરી માસમાં દિલ્હીના વિજયવલ્લભ સ્મારકની પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પણ શ્રી અભયરાજજી ઓસવાલ દ્વારા જિનાલયના શિખર ઉપરની ધજાનો કાયમી આદેશ લાખોની બોલીથી મેળવીને હસ્તિનાપૂર તીર્થમાં વિશાળ પારણાભુવનની જરૂરીયાત હતી તે પણ રૂા. ૨૧ લાખના આદેશથી ઓસવાલજીએ પૂરી કરી છે.

બાદ પૂજ્ય આચાર્યદેવશ્રીનું ચાતુર્માસ લુધિયાના નક્કી કરાવતા જ મધ્યમ વર્ગની કરૂણાજનક સ્થિતી અંગે પૂજ્યશ્રીએ જરૂરી કાર્ય ઉપાડવા જણાવેલ ત્યારે પણ ઓસવાલજીએ તેમની ઉદારતામાં પાછી પાની નહી કરતા મધ્યમ વર્ગના સાધર્મીક પરીવારો માટે આઠ એકર જમીન તથા રૂા. એકકરોડ જેવી રકમ આપી આ મધ્યમ વર્ગના ઉત્થાનના દિવ્યસ્વપ્નને વિજય ઇન્દ્રિનગરના નામે સાકાર કરતા શ્રી ઓસવાલજીને લાખ-લાખ અભીનંદન.

શ્રી ઓસવાલજીની ઉદારતા અને પ્રશસ્ય પ્રવૃત્તિને આવકારવા મુંબઇ આત્માનંદ જૈન સભા દ્વારા અભિનંદન આપવાનો એક સમારંભ અ. ભા. જૈન શ્વે. કોન્ફરન્સના પ્રમુખ શ્રીમાન દીપચંદભાઇ એસ. ગાર્ડીના પ્રમુખપદે યોજાયેલ. એમાં અમે અમારો સૂર પુરાવીએ છીએ. અને શ્રી અભયરાજજી ઓસવાલજીની દાનપ્રિયતા, વિનમ્રતા અને સેવાપ્રિયતા ભરી કારકિર્દી ખૂબ યશસ્વી બને એવી શુભેચ્છા વ્યક્ત કરીએ છીએ.

પૂ૦આ૦શ્રી વિજયઇન્દ્રદિન્નસૂરીશ્વરજી મ૦સા૦નો લુધીયાણા (પંજાબ) નગરે ચાતુર્માસ પ્રવેશ

પૂ૦ આચાર્યશ્રી વિજયઇન્દ્રદિન્નસૂરીશ્વરજી મ૦ સા૦ આદિ વિશાળ સાધુ-સાધ્વીવૃંદ લુધીયાણા નગરે ચાતુર્માસ અર્થે પધારતા સારાયે સંઘમાં આનંદ અને ઉલ્લાસ વ્યાપી રહ્યો છે.

પૂજ્યશ્રી આદિ હસ્તિનાપુરજી તીર્થમાં વર્ષીતપના પારણાનો મહોત્સવ, ઉપધાનતપ માળા, ભાગવતી દીક્ષા, પૂજ્ય આચાર્યશ્રીની ઓળીના પારણા તથા નવી ધર્મશાળાનું ભૂમિપૂજન તથા શીલાન્યાસ આદિ મહોત્સવની શાનદાર અને ચિરસ્મરણીય ઉજવણી કરાવી જેણે હસ્તિનાપુર તીર્થના ઇતિહાસને તેમજ શ્રીસંઘને ઉજજ્વળ બનાવ્યો છે.

અનેક ધર્મપ્રભાવનાના કાર્યોની ઉજવણી બાદ પૂજ્યશ્રી આદિ લુધીયાણા સ્થિત શ્રી આત્મવલ્લભ જૈન ભવન, પુરાના બજાર, લુધીયાણા-૧૪૧૦૦૮ માં શાનદાર સ્વાગતસહ પ્રવેશ થયેલ છે.

તેર વર્ષના લાંબા સમય દરમ્યાન વિષમ પરિસ્થિતિઓ, અનાચાર, અત્યાચાર, હિંસા આદિ કાર્યોએ ગુરૂ વલ્લભના પ્યારા આ પંજાબને ફુલની જેમ મુરઝાવી દીધો છે.

એક લાંબા સમય બાદ અંધકારની આ કાળી ચાદરને ફાડીને સૂર્ય સમાન ઉજ્જવલ બનાવવા પૂ૦ આચાર્યશ્રી આદિનું અત્રે આગમન અને શીરછત્ર પ્રાપ્ત થતાં શ્રીસંઘ ધન્યતાની લાગણીને અનુભવ કરી રહ્યો છે.

વીના મૂલ્યે ડાયાબીટીશ પત્રિકા

ડાયાબીટીશ એક રાજરોગ છે. આ રોગમાં જો ધીરજથી ઉપચાર કરાય તો દર્દી વીના મૂશ્કેલીએ આરામદાયક લાંબુ જીવન જીવી શકે છે. આ ડાયાબીટીશ રોગની સંપૂર્ણ માહિતિ આપતી પત્રિકા જેમા ડાયાબીટીશના લક્ષણો, કોને થાય, ઇન્સુલીન અંગેની માહિતી, પેશાબ તપાસવાની પદ્ધતિ, ઇસ્યુલીન આપવાની પદ્ધતિ, ડાયાબીટીશથી થતી મૂર્છા, પરેજી, સારવાર અને ડાયાબીટીશના અનુભૂત પ્રયોગો અને દર્દીએ પાળવાના નિયમો વિ૦ની સંપૂર્ણ સમજણ આપતી પત્રિકા જે મૂળ લાયન્સ કલબ, બારેજાએ અનુભવી ચિકિત્સકોની સહાયથી તૈયાર કરી હતી જેનુ પૂર્નમુદ્રણ જનકલ્યાણ અર્થે કરવામાં આવેલ છે. આ પત્રિકા વીનામૂલ્યે મે. ત્રિવેણી સ્ટીલ ઉદ્યોગ, ૩૪-મ્યુનિસીપલ બિલ્ડીંગ, રેલ્વે ગુડ્સ યાર્ડ, સુરત થી દરરોજ સાંજે ૬ થી ૭ દરમ્યાન મળી શકશે. પોસ્ટથી મંગાવનારે પોતાના સરનામાવાળુ પચાસ પૈસાની ટીકીટવાળુ મોટું પરબીડીયુ મોકલવું. આ માટે જૈન ઓફીસ ભાવનગરનો પણ સંપર્ક સાધવો.

"પાલીતાણામાં ધર્મશાળા, દેરાસર, ઉપાશ્રય બાંધવા જમીન ખુલ્લા પ્લોટ, બંગલા, ફ્લેટ, ટેનામેન્ટ, દુકાન, ઓફીસ વગેરે ખરીદવા તથા વેચવા માટે !"

બ્રહ્મભટ્ટ એસ્ટેટ એજન્ટ

હસમુખભાઇ એમ. બ્રહ્મભટ્ટ

(સદસ્ય : નગરપાલીકા-પાલીતાણા)

શત્રુંજય પાર્ક, તલાટી રોડ, પાલીતાણા-૩૬૪૨૭૦

સમય : સવારે ૯ થી ૧૨ સાંજે ૪ થી ૯ ફોન : ૪૧૪

Regd. No. BV. G. 20
JAIN OFFICE : P. Box No. 175
BHAVNAGAR-364001 (Gujarat)
Tele. O. C/o. 29919 R.C/o. 25859

જૈન

તંત્રી-મુદ્રક-પ્રકાશક-માલિક
ગુલાબચંદ દેવચંદ શેઠ
મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
જૈન ઓફિસ, પો. બો. નં. ૧૭૫, દાણાપીઠ, ભાવનગર

વીર સં. ૨૫૧૫ : વિ.સં. ૨૦૪૫ અષાઢ સુદ ૧૧
તા. ૧૪ જુલાઈ ૧૯૮૯ શુક્રવાર
મુદ્રણ સ્થાન : શ્રી જૈન પ્રિન્ટરી
દાણાપીઠ પાછળ, ભાવનગર-૩૬૪ ૦૦૧

ધોળકામાં થયેલા મિલન નાટકનો બીજો અંક

સૂત્રધાર સંચાલક.... જૈનોના કે પંન્યાસશ્રી ચન્દ્રશેખરવિજયજી....!

અમદાવાદમાં શ્રમણ સંમેલન થયા બાદ, તેને એક વર્ષ પુરું થતાં પહેલાં ધોળકા-કલિકુંડ ખાતે, ચાલુ સાલમાં યુવા-મિલન યોજાયું હતું. આમ તો આ યુવા-મિલન અને શ્રમણ સંમેલનને કાંઈ ખાસ લાગતું-વળગતું નથી છતાં તેનો અહીં શ્રમણ સંમેલન સાથે ઉલ્લેખ અમોએ ખાસ કારણોસર કર્યો છે. આ અંગે જૈન પત્રના તા. ૨૪-૩-૮૯ના અંકમાં અમોએ "એને આપણે આવકારીએ! રજુ કરેલ—હર....

આ યુવા-મિલનના આયોજકોએ શ્રમણ સંમેલનને સાંકળી લઈને પોતાની જાહેરાતો કરી હતી. આ રહ્યા તેના શબ્દો....

"વિ. સં. ૨૦૪૪ના અમદાવાદના મુનિ-સંમેલને તપાગચ્છનું શાસ્ત્રાધારિત રીતે મહદંશે સંઘર્ષ નિવારણ કરી દીધા બાદ ઊભા થયેલા અને સુંદર રીતે જામેલા નવા ઉત્સાહભર્યા, સૌહાર્દભર્યા અને શાસ્ત્રાધારિત કર્તવ્યની કેડી ઉપર દોટ મૂકવાની ભાવનાભર્યા વાયુમંડળમાં જનોનાં ભવ્યભાવી સૈકાનું શાસ્ત્રાધારિત રીતે નિર્માણ કરવાની વિચારણા કાજે પૂજ્યોની નિશ્રામાં-સેંકડો જૈન યુવાનોનું ત્રિદિવસીય મિલન."

આ છે યુવા-મિલનની જાહેરાતનું મથાળું, શેના માટે આ યુવા-મિલન યોજાયું હતું....! તેનો જવાબ આ જાહેરાતમાંથી આપણને મળી રહે છે. આ રહ્યો તે જવાબ— "જૈનોના ભવ્ય ભાવી સૈકાનું શાસ્ત્રાધારિત રીતે નિર્માણ કરવાની વિચારણા કાજે." શાનો લાભ ઉઠાવીને આ મિલન સફળ બનાવવાનું છે? મુનિ સંમેલન દ્વારા જ એકતાનું વાતાવરણ જામ્યું છે તેનો લાભ ઉઠાવવાનો...! જ્યારે કોઈ કે આ મિલનના પ્રેરક પંન્યાસશ્રીને પ્રશ્ન કર્યો કે, "આપ મુનિ-સંમેલન થયા પછી પ્રખર વ્યાખ્યાતા સાધુઓ અને સેંકડો યુવાનોને ભેગા કરી શું કરવા માંગો છો...? શું સંઘની એકતા માટે કોઈ ચોક્કસ માર્ગદર્શન આપવા માંગો છો....?" ત્યારે એ પ્રેરકશ્રીએ જવાબ આપ્યો હતો કે, ના, ના, એવું કાંઈ નથી મારી પાસે દશ-પંદર ટ્રસ્ટો છે તેમાં કામ કરનારા યુવાનો તો જોઈશે ને...? તે આમાંથી મળી રહેશે. બહાર જાહેરાત શું કરાવામાં આવે છે અને અંદર શું પડયું છે....? શ્રમણ-સંમેલનના નામને વટાવી ખાવાની આ સ્પષ્ટ દાનત હવે તો ખુલ્લી પડી ગઈ છે એમની.... પંન્યાસ ચન્દ્રશેખરવિજયજીની આ તો સ્પષ્ટ છેતરપીંડી છે. સકળ સંઘ સાથેની.... શ્રીસંઘના ભાવી સાથે તેઓ ચેડા કરી રહ્યા છે. આ વાત આપણે સ્પષ્ટ સમજી લેવી જોઈએ.

શાસ્ત્રાધારિત કર્તવ્યની કેડી ઉપર હજુ પગ માંડતા તો આવડયો નથી અને દોટ મૂકવાની વાતો કરે છે. બે લીટીમાં તેઓ ત્રણ વખત તો 'શાસ્ત્રાધારિત' શબ્દનો પ્રયોગ કરે છે. જુઓ, મુક્તિદૂતની જાહેરાત જુઓ. તેમના મનમાં શું છે અને બહાર શું બતાવે છે....? યુવા મિલનની 'શરતો'માં લખાયું કે 'ભારતભરના અત્યન્ત સંખ્યામાં યુવાનો લેવાના હોવાથી...' ભારતભરના

એટલે....? ગુજરાત અને મહારાષ્ટ્ર સિવાય કાંઇ ખરું...? કે પછી મુંબઇ અને અમદાવાદમાં જ 'ભારતભર'.... થઈ જાય છે? અને પેલા 'અખિલ ભારતીય' માં પણ આ જ છે ને...? આપણા શ્રમણો દ્વારા કેવી શબ્દોની માયાજાળ રચવામાં આવે છે? જૈન સંઘને કેવો ઉલ્લૂ બનાવવામાં આવે છે તેનો આ તાદૃશ્ય નમુનો છે સમજી લો... આ બધાને ઓળખી લો....

અને તમે જાણો છો....? આ યુવા-મિલનમાં બે આચાર્ય, પાંચ પંન્યાસ, એક ગણિ તથા બે મુનિશ્રીઓ પધારવાના હતા. આ બધા જ ધરખમ વક્તાઓ જ પાછા હો....પણ કોણ આવ્યું તમે જાણો છો? માત્ર બે પંન્યાસો જ... કેમ....? શા માટે .? સીમ્પલ..! કાંઇ બહું લાંબુ વિચારવું પડે એમ નથી. આ યુવા મિલનનું સંચાલન વર્ધમાન સંસ્કૃતિધામ, અખીલ ભારતિય સંસ્કૃતિ રક્ષક દળ તથા જીવન-જાગૃતિ ટ્રસ્ટના હાથમાં હતું. નતો શ્રમણ સંમેલનના નામે કે ન તો જે સ્થાનમાં યુવા શિબીર યોજાયેલ. તે ધોળકા જૈન સંઘ કે કલીકુંડ તીર્થના નામનો પણ ઉલ્લેખ નથી. અને તે તીર્થના પ્રણેતાને પણ આ યુવા-મીલન માટે તે સ્થાન છોડી ચાલી જવું પડેલ? કારણ કે આચાર્યને આમંત્રણ અપાયું નહોતુ તમ કહેવાય છે! કારણ કે તે રહે તો પોતે તો પંન્યાસ રહ્યા તે ગૌણ થઈ જાય.

અલબત્ત લલીતભાઈ ધામીના હાથમાં, એટલે કે પંન્યાસ શ્રી ચન્દ્રશેખરવિજયજીના પોતાના હાથમાં....હતું. આનો સીધો જ અર્થ એ હતો કે આ તો પોતાની સર્વોપરિતા સિદ્ધ કરવા માટેનું ત્રાગું જ હતું.... કહો કે, શ્રમણ સંમેલનના અનુસંધાનમાં ચાલુ રહેલ.... નાટકનો બીજો અંક... તો ભલા, પછી કયો બુદ્ધિશાળી સાધુ ત્યાં હાજર રહે. અને તે ય પોતાની ધમધોકાર પ્રેક્ટીશ છોડીને..? પૂ૦ રત્નસુંદરવિજયજીએ જુનાગઢમાં શિબીરો કરાવી, પૂ૦ હેમરત્નવિજયજીએ ભાવનગરમાં...તે ય બરાબર આ જ સમયે ....? એક માત્ર પંન્યાસ શીલચન્દ્રવિજયજી જ હાજર રહ્યા....

હા, તેમની હાજરીની આપણે અહીં ખાસ નોંધ લેવી રહી. પંન્યાસ ચન્દ્રશેખરવિજયજી તેમને આ. વિજય નેમિસુરીશ્વરજી મ. ના સમુદાયની "મેઇન સ્વીચ" ગણે છે. હા, "મેઇન સ્વીચ" કોણ....? પંન્યાસ શીલચન્દ્રવિજયજી. આ શબ્દો ચન્દ્રશેખર વિ.ના મોઢાના છે. બસ આટલી જ કિંમત...? મેઇન સ્વીચ... હાથનું રમકડું....? મેઇન સ્વીચ એટલે જરૂર હોય તો 'ઓન' કરો... નહિ તો 'ઓફ' કરી દો. એ 'ઓન' 'ઓફ' તો પછી ચન્દ્રશેખરવિ. નો માણસ પણ કરી શકે... આપણે અહીં પં. શીલચંદ્રવિજયજીને પ્રશ્ન કરી શકીએ કે, યુવા-મિલનમાં અપાયેલ વિચાર સંહિતામાં સંમત છો...? સંપૂર્ણપણે....? વિચાર સંહિતાના એકે એક વિચારોમાં સંમત....?

યુવા-મિલન થઈ ગયા પછી 'મુક્તિદૂત' તેના સમાચાર આપતા જણાવે છે કે, "આ મિલનમાં એક જ વાત અફસોસને પાત્ર હતી કે કેટલાક વક્તા મુનિ ભગવંતો પોતાનાં ખાસ કારણોસર ઉપસ્થિત થઈ શકયા ન હતા." એ ખાસ કારણની વાત તો આપણે આગળ ઉપર કરી જ છે. જો આ યુવા મિલનનું આમંત્રણ "શ્રી જૈન શાસન સેવા ટ્રસ્ટ" તરફથી અપાયું હોત તો શ્રમણ સંમેલનની પ્રવર્તક સમિતિના પૂજ્યો તથા તપાગચ્છ આચાર્ય સંઘમાંથી પણ ઘણા આવેલ હોત તેમ જ અવશ્ય બીજા બધા વક્તા સાધુઓ પણ આવ્યા હોત....પણ બોલાવાની દાનત જ ન હતી તો.... કોઈ કઇ રીતે આવે....? ઉલટાના આમંત્રણ-જાહેરાતમાં બધા વક્તા સાધુઓના નામ છાપી-છાપી બાદમાં આવા સમાચારો છાપી તેમને હલકા ચીતરવામાં આવ્યા... પં. ચન્દ્રશેખર વિજયજી....? હવે ખ્યાલ રાખજો.... શ્રમણ સંમેલનના નામે આવા ત્રાગાં રચતાં.... સાત વખત વિચાર કરજો.... જરા.... સ્થિરતાપૂર્વક વિચાર કરજો....

જે વક્તા સાધુઓ યુવા-મિલનમાં નથી આવ્યા તેમને પંન્યાસ શું કહેશે...? તે જાણો છો....?

"ફીડલ વગાડતા નીરો જેવી હાલત ઘણા બધા શકિત સંપન્ન અને પુણ્યસંપન્ન મુનિઓની જોવા મળે છે. એમના મુખ ઉપર આ બાબતની ઉદાસીનતા એ ને કયારે જણ જોઈ નથી. ઉલટું, એમની નિશ્રામાં થતા રહેતા- ઊભા કરતાં-મહોત્સવાદિની જોરદાર લાગણા જ મેં તો કેટલાકના મોં ઉપર જોઈ છે."

"ના, કર્મસત્તા આ મુનિઓને છોડનાર નથી. એમની અઘોર ઉપેક્ષાનો જવાબ માંગ્યા વિના તે રહેનાર નથી." (વાંચો - તું તને સંભાળી લે. પેજ-૩૦)

હવે આ જ, પં. ચન્દ્રશેખર વિ. ને લક્ષ્યમાં રાખીને સંજય વોરા તા. ૫-૩-૮૯ના સમકાલીનમાં શું લખે છે? તે જોઇએ.

"યુવાનોના ઉત્થાન અને કલ્યાણને નામે જેટલી પ્રવૃત્તિઓ ચાલી રહી છે તે બધી જ ઇસ્ટ છે તેમ માની ન લેવાય. અમુક મહત્વાકાંક્ષી સાધુઓ પોતે સ્થાપેલા ટ્રસ્ટોમાં સારા કર્મચારીઓ મેળવવા પણ આવી શિબીરો અને મિલનોનો ઉપયોગ કરતા હોય છે.... આ સંસ્થાઓ જો ખરેખર જૈન ધર્મનો ઉદ્ધાર કરનારી હોય તો હજી ચાલે. પણ જો કેટલાક આગેવાન શ્રાવકો અને બુદ્ધિશાળી યુવાનો આવી સંસ્થાઓની તણાવગાહી અને નિષ્પક્ષ તપાસ કરશે તો ખ્યાલ આવશે કે અંદર કેટલી પોલ છે અને સેવા કોની થઇ રહી છે. આવી શિબિરોમાં અને મિલનોમાં ધસડાઈ આવનારા યુવાનો ભાવુક હોય છે. તેમની સરળતાને કારણે તેઓ આવેશમાં આવી જાય છે.

આજીવિકાનું સાધન મેળવ્યા સિવાય ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવાથી દુઃખ સહન કરવાનો પ્રસંગ આવે છે.

તેમના મગજ કામ કરતાં અટકી જાય છે. અને બુદ્ધિ કુંઠિત બની જાય છે. આવા શિબિરોમાં જ ખરેખર બુદ્ધિશાળી યુવાનો આવતા હોય તો પોતાને બોધ આપનાર સાધુઓના આચાર વિચારમાં જોવા મળતી અક્ષંતવ્ય વિસંગતતાઓનો સૌથી પહેલાં હિસાબ માગે. પણ આજકાલની શિબીરોમાં કોઇ સાધુને આવો ડર નથી હોતો. તેને ગળા સુધી ખાતરી હોય છે કે પોતે આચરેલી તમામ ગેરરીતીઓને અને પેટમાં પડેલા પાપને તેઓ યુવાનોને લાગણીના પ્રવાહમાં ખેંચી છૂપાવી શકશે. જૈન યુવાનો જો ખરેખર આ સાધુઓ દ્વારા રમાતા રાજકારણને સમજતા હોય તો તેઓ શતરંજના પ્યાદા બનાવાનું છોડી દે. વડાપ્રધાનની રેલીમાં ભાડૂતી માણસો જેવી ભૂમિકા ભજવે તેવી જ અપેક્ષા ઘણી વાર તેમની પાસે રખાય છે. બળ પ્રદર્શન માટે સંતો અને રાજકારણીઓ યુવાનોનો ભરપૂર દુરુપયોગ કર્યે જાય છે.''

વાચક મિત્ર ! આ આખાય પ્રકરણનો સાર એક જ વાકયમાં કોઇ તમને આપવાનુ કહે તો એટલું જ કહેજો કે, "શિબિરોને યુવા–મિલનોના ઉદ્દેશો, આયોજકો, પ્રયોજકો, તેમના ટ્રસ્ટો, તેનો ચાલતો વહીવટ આદિની તટસ્થ તપાસ–સર્વે કરી શિબિર પ્રવૃત્તિની ઉપયોગીતા કે બીનઉપયોગીતા જાહેર થવી જોઇએ.''

(૨)

શ્રમણ સંમેલનના નામને જગાવી આઇને, ૧૫૦૦ યુવાનોને ભેગા કરી ધોળકા ખાતે યુવા–મિલન નામે નાટકનો બીજો અંક ભજવાયો હતો. આવા મિલનોનો સીલસીલો ચાલુ રહે. તે માટે, આ યુવા–મિલનમાં વિચાર સંહિતા વહેંચીને 'વિચાર પરિવાર' ઉભો કરવાનો એક જોરદાર સ્ટંટ કરવામાં આવ્યો. ચન્દ્રશેખર વિજયજી હવે જાણે છે કે– યુવાનોને એમને એમ શિબિરના નામે ભેગા કરવ હવે મુશ્કેલ છે. કંઇક અવનવા ખેલ એના માટે મારે કરવા પડશે. તેઓ હવે આમથી તેમ ઠેકડા મારી રહ્યા છે. કોઇ એક કામ દિલ દઇને પૂરું કરી શકતા નથી. તેઓએ બાળકોના ઉદ્ધાર કરવા નવસારીમાં તપોવન ઉભુ કરેલ છે. ત્યાં કેટલા બાળકોના જીવન સુધાર્યાની ધુમ જાહેરાત થાય છે. પણ કેટલા બાળકોના જીવન બગાડયા, ચારિત્રથી પતિત થયા, કુસંગે ચડયા, કે ણુ સંસ્થાની બેપરવાહીથી મૃત્યુ પામ્યા કે માંદા પડયા શું આની જાહેરાત–જરૂરી નથી. કે રાજીવ સરકારની જેમ પોલા પ્રચારથી જ જૈન સમાજની આમ પેઢીને તારવાની ચળ ઉપડે છે તો ઘડીમાં યુવાનોનો.... અને અમદાવાદના ચોમાસામાં યુવતીઓનો પણ... તો વળી તેઓને 'પરિવાર' નો ઉદ્ધાર કરવાની ઝંખના જાગી છે અંતરીક્ષજીનો ઉદ્ધાર તો થઇ ગયો....? અંતરીક્ષજી અંગે તો લોકો કહે છે કે પંન્યાસશ્રી મ૦ ના પ્રવેશથી જ આ તીર્થની દુર્દશા થઇ છે. પ્રભુજીની હાલત અશ્રદ્ધા ઉત્પન્ન કરે તેવી થઈ છે. માત્ર પંન્યાસશ્રીની વાહ વાહ અને તેમણે લાખો રૂપિયાનું તે માટે ફંડ કરેલ તેનો કોઇ હિસાબ પ્રગટ થશે ! કે આશાતનાનું કઈ પ્રાયશ્ચિત લેવાશે ! હવે તેઓ પ્રતિભા–શોધ કરીને સાધુ-સાધ્વી સમુદાયનો ઉદ્ધાર કરવાના છે.... અને આમ આખાય જૈન સંઘનો ઉદ્ધાર થઇ શકશે.... વાંચક....? જરા છાતી ઉપર હાથ રાખીને વાંચજો.... ભાઈ....! હવે... પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી મ૦ જૈન સંઘના અધિષ્ઠાતા બનવાની તૈયારીમાં છે..... જો.... આ દેખાય... એ.... એ.... બની ગયા...! હા, હું જ જૈન સંઘનો ઉદ્ધારક 'કૃપાળુ દેવ' છું.

ચાલો, આપણે પૂ૦પં.શ્રી ચન્દ્રશેખરવિજયજીના 'પરિવાર' માં જોડાઈ જઇએ.... હા, તે પહેલાં એમની 'વિચાર સંહિતા' જરા જોઇ લઈએ.... સાંભળજો હવે... શાંતિથી બધા. આ વિચાર-સંહિતા 'મરવા પડેલા ઘણાં બધા આચારોને જોઈને ધ્રુજી ઉઠીને વિચારોને જીવાડવા' મથે છે. આ વિચાર સંહિતા રશિયન ચિંતકના શબ્દોથી પ્રભાવીત થઈ ને તૈયાર કરવામાં આવી છે. એ આશાથી કે, "જૈન સંઘના આજના આઘાતજનક રૂપ-રંગની આખી સીકલ પલટાઇ જાય....'' વળી, "સમ્યક્ચારિત્ર જે કાળમાં જોખમમાં મુકાયું હોય તે કાળમાં છેવટે સમ્યગ્દર્શનને તો બચાવવું જ રહ્યું...'' જે આ વિચાર–સંહિતા દ્વારા પંન્યાસ શ્રી કરવા વારે છે, જાગો.... ભાઈ.... જાગો.... એમની વિચાર–સંહિતા વાંચશો એટલે તમારું સમ્યગ્દર્શન બચી જશે.... બીજે કયાંય જવાની જરૂર નથી. ઉપરાંત દર છ–બાર મહિને તમને, 'ગુરુદેવ'ની નિશ્રામાં યોજાનારા મિલનમાં આવવા મળશે.... હા, ગુરુદેવની ઝોળી ભરવાસ્તો....!

જો કે, વિચાર–સંહિતાનો આ પ્રયોગ તેમાંના કેટલાક મુદ્દાઓ ખરેખર પ્રશંસનીય છે. પરંતુ સિનેમા, ટી.વી. અને વીડીયો દ્વારા જે પારાવાર નુકશાન થઇ રહ્યું છે તેની સામે આ નાનકડી વિચાર-સંહિતા એક વખત વાંચી જવાથી શો ફેર પડશે....? પેલો માણસ રોજના સરેરાશ એકથી દોઢ કલાક ટી.વી. વિગેરે જુવે છે અને તેની સામે દશ મિનીટનું માત્રવાંચન જ....વાંચવાનો કોને સમય છે....? કોને રસ છે....? કાંટો કાંટાથી જ નીકળે ભાઇ...! ઝેરનું મારણ ઝેર હોય... આ વાત ચન્દ્રશેખરવિજયજી વિ. સમજતા હોવા છતાં પણ, તપોવનમાં ટી. વી., વીડીયો આવી ગયાં હોવા છતાં પણ કેમ ખચકાતા હશે...?

જો પંન્યાસશ્રીમાં શાસનદાઝ હોત તો તેઓએ શ્રમણ સંમેલનના નામે ચડાવી કરેલા યુવા–મિલનનો જશ પણ 'શ્રમણ સંમેલનને આપત. જૈન શાસન સેવા ટ્રસ્ટને આપત અને વિચાર સંહિતાનું કાર્ય પણ તે જ નામે તેઓ કરત. તેમણે તે નથી કર્યું' માટે "હે જિનશાસન ! મારી વહાલી મા !'' પ્રત્યેની તેમની ભક્તિમાં

ઘણા કાર્યો હાથ ધરીને પડતાં મૂકવા કરતાં ફક્ત એક જ કાર્ય પાર ઉતારવું તે વધુ સારું છે.

શંકા જાગે છે. વળી એમ પણ લાગે છે કે તેમનું આ પદ્ધતિસરનું આયોજન હતું. બહાર આ પ્રચારવું અને અંદર આ રાખવું. આ કાવત્રું કે છેતરપીંડી થોડી કહેવાય... ભઈલા...! 'વિચાર-સંહિતા' નો સાતમો વિચાર આ માટે નેત્રદીપક બની રહેશે....

વિચાર-૭:- "શક્ય હશે તો મારા સંતાનોને ઉચ્ચ કક્ષાના સારા સંસ્કારો મળે તે માટે 'તપોવન' (આ શબ્દ પ્રયોગ શા માટે...?) જેવી સંસ્થાઓમાં દાખલ કરીશ; છેવટે મારા ઘરમાં તપોવનની સંસ્કરણ માટે તૈયાર કરાએલી બાર બુકોનો અભ્યાસ અમે બધા ભેગા મળીને વાંચન દ્વારા કરવાનો પ્રયત્ન કરશું."

વાંચક...? આ લખાણનું વાંચન તમારે દરરોજ શા માટે કરવાનું...? ખ્યાલ આવે છે કાંઇ...? 'ગુરુદેવ' તો એમ જ કહે છે કે, સમ્યગ્દર્શન બચાવવા... તમારે તમારું સમ્યગ્દર્શન બચાવવું હોય તો, તમારા બાળકોને તપોવનમાં ભણવા મોકલો અને પં. શ્રી ચન્દ્રશેખરવિજયજીની બુકો વાંચો... આનો અર્થ જૈન સમાજે વિદ્યાલયો, ગુરુકુળો, છાત્રાલયોને હવે બંધ કરી દેવા...! તેમજ શ્રમણ ભગવંતો લેખકોએ લખવાનું વિચારવાનું કે પુસ્તકો પત્રો પ્રકાશન કરવાનું બંધ કરે જેથી તમારી લક્ષ્મીનો દુર્વ્યય થતો બચશે ને આપણા પંન્યાસજીની દોરવણી નીચે સમગ્ર જૈન સંઘ તેના વિચારીને અનુસરશે તો તમારો બેડો પાર છે.

આ માટે તો હવે પં. શીલચન્દ્રવિજયજી પણ તૈયાર છે... તેઓ પણ તમને આ જ માર્ગદર્શન આપશે... તેઓશ્રી ૨૫૦૦ નિર્વાણ મહોત્સવ વખતની પૂ૦ આ૦શ્રી નંદનસૂરીજી મ૦ સામે લખાયેલ 'યે ચમચાગીરી નહીં ચલેગી'ની વાતો ભૂલી ગયા લાગે છે. એ તો ઠીક પણ, વાંદરાઓને નીસરણી આપી ભાયખલામાં ગેરમાર્ગે દોરી ઉછળકુદ કરાવી. વ્યાખ્યાનની પાટ ઉપર એમની આંખોમાં પાણી લાવનારા આ પરીવારને પણ એ ભૂલી ગયા...? કે પછી હવે તેઓ પોતે જ વાંદરાને દારૂ પાવાનું કામ કરી રહ્યા છે...?

ચાલો, હવે આગળ વધીએ... વિચાર-૧૧ માનો ઉત્તરાર્ધ તો ખાસ લલિત ધામી માટે લખાયેલો હોવો જોઇએ. જેથી તપોવનમાં આવનાર કર્મચારીઓ, સેવાભાવી યુવાનો લાંબો સમય ટકી રહે અને સારૂં કામ કરી શકે, વિચાર-૧૨ આનંદો... સાધુ-મહાત્માઓ આનંદો....હવે આપણા શ્રાવકો મુંબઈ, અમદાવાદ જેવા શહેરોમાં સ્વદેશી પશુઓનું પાલન કરશે... તમને ચોખ્ખા ઘી-દૂધ મળશે...

વિચાર-૧૩ પ્રાચીન અખંડ હિન્દુસ્તાનની પુનઃપ્રતિષ્ઠા માટે રાત ને દી ચિન્તા કરશું; જોરદાર યત્ન કરશું...' ભાઇ જૈનોની વિચાર સંહિતામાં વળી આ બધું શું છે...? વિચાર-૪ માં તો એમ પણ છે કે, 'હું ધર્મે જૈન છું એટલે મારૂં જીવન મોક્ષલક્ષી અને મુનિપક્ષી તો હોય જ....પરંતુ હું પ્રજાથી હિન્દુ છું..." એક તરફ અ. ભા. શ્વે. જૈન કોન્ફરન્સ એવો ઠરાવ કરે છે કે, વસતિગણતરી વખતે પ્રત્યેક જૈને ધર્મના અને જાતિ (પ્રજા)ના ખાનામાં હું જૈન છું તેમ લખાવવું, જેથી જૈનોની સંખ્યા કેટલી...? તેની સાચી માહિતી મળી રહે...તો બીજી તરફ અ. ભા. સંસ્કૃતિરક્ષક દળના પ્રણેતા આ બધી વાતો કરે છે... સામાન્ય માણસે આમાંથી શું સ્વીકારવાનું .?

પં.શ્રી ચન્દ્રશેખરવિજયજી તમે લખો છો કે, અખંડ હિન્દુસ્તાનની પુનઃપ્રતિષ્ઠા માટે જોરદાર યત્ન કરશું...તો એક કામ કરો... તમારા 'પરિવાર'ના સભ્યોને વિશ્વ હિન્દુ પરિષદના કામે લગાડી દો.. આર. એસ. એસ. ની શાખાઓમાં જોડાઈ જવા કહી દો... તમારી પાસે આવવા કરતાં તેઓ ત્યાં જશે તો... બહુ મોટો લાભ થશે. ત્યાં તેઓ સારી રીતે સામાજિક મુલ્યોનું જતન કરતા શીખી શકશે... ત્યાં જવાથી તેઓનું નૈતિક ધોરણ ઘણું ઊંચું આવશે... અને શાખાઓમાં શારીરિક વ્યાયામ તો કરાવે જ છે... આ તો જરા સહજ તમને સૂચન કર્યું. સામાજિક મૂલ્યો, નૈતિક ધોરણો અને શારીરિક વ્યાયામની વાત તમારા વિચાર-૩ માં કરીને. માટે .. પણ આથી તો તમારી કંઠી બાંધનારા વર્ગને અને તેને માટે થતાં ફંડ ફાળાને ભારે મુશ્કેલીમાં મુકાવવું પડશે ?

અને વિચાર-૧૬ તો વિચાર-૭ના અનુસંધાનમાં જ છે ને...? 'તપોવનમાં' નાકના 'કોન્વેન્ટ'માં નહીં... અરે, તમે 'કોન્વેન્ટ'ની વાત કરો છો...પણ કેટલીક જગ્યાએ તો આપણા જૈનોના બાળકો 'મદ્રેસા' ઓમાં (મુસ્લીમ સ્કૂલોમાં) જાય છે.

તમે જેમની લક્ષ્મી વાપરો છો તેમના જીવનમાં ડોકીયું કરશો તો તેનામાં કવચીત જ આદર્શ જૈન મળશે. તેમના જીવનમાં કોઈ જૈન ધર્મના મુલ્યો જોવા નહી મળે અને તેથી જ દાનની રકમમાંથી જે તપોવનની પ્રવૃત્તિ થાય છે તે સફળ થતી નથી.

વિચાર-૨૦ શું સૂચવે છે. 'અત્યાર સુધી અમે કાગડાની જેમ કોઇના દોષની વિષ્ઠામાં ચાંચો મારતા આવ્યા છીએ'...એમ? પેલા ભૂતપૂર્વ વેર-સૈનિકોને (અહીં મારી ભૂલ થી-વીર નહીં, વેર-સૈનિકો બરાબર છે.) શું શીખવ્યું હતું...?

વિચાર-૨૧ "હવે પછી હું મારી પૂજનીય શ્રમણ સંસ્થાની શાસ્ત્રીય જીવનને ચુસ્તતાની કાળજીને મારા ધર્મના એક અંગ તરીકે જ ગણીશ. જો ક્યાંક કાંઇ પણ ગરબડ જણાશે તો તેને

નિયમિત ટાઈમિસર અને વ્યવસ્થાપૂર્વક કામ કરવાની ટેવ પાડવી તે ઉદયની નિશાની છે.

વિચાર સંહિતા દ્વારા પંન્યાસશ્રી આ બધુ પોતાને અને પોતાનાને શુદ્ધ સંયમી અને બીજાને શીથીલાચારી ઠેરવવા તો નથી લખાયું ને...?

શાસ્ત્રીય નીતિથી દૂર કરવા માટે હું ક્રમશઃ બધા પગલા લેવા કટિબદ્ધ બનીશ. (ઠીક છે આ વાત, હવે જરા ધ્યાનથી વાંચો.) હા, મને ખબર છે કે એવા પ્રસંગમાં મારી આંગળી પત્થર નીચે દબાએલી છે. તેને બહાર કાઢવા જવામાં જો જરાક પણ ઉતાવળ (અવિધિ) થાય તો મારી જ એ આંગળી કપાઇ જાય. (પૂ. પં. શ્રી ચંદ્રશેખરવિજયજીએ આ પોતાના માટે અને પોતાના શિષ્યોના બચાવ માટે તો નથી લખ્યું ને...?) એટલે જિનધર્મની નિંદા થાય તેવું દુઃસાહસ હું નહિ કરું અને ખૂબ હોંશીઆરીથી (?) એ ગરબડનું નિવારણ પણ કરીશ."

આ બધું પોતાને અને પોતાનાને શુદ્ધ સંયમી અને બીજા બધાને શીથીલાચારી ઠેરવવા તો નથી લખાયું ને...? પોતાના ઉપર કોઇ ઘા કરે તે પહેલા પોતે જ સામો ઘા કરી દેવામાં આપણો વિજય છે ને ભાઇ...! તમને યાદ છે કાંઇ, મુંબઇમાં એક સાધુને વાજતે-ગાજતે કપડા પહેરાવવામાં આવ્યા હતા.! તે વખતે એમને ખ્યાલ પણ નહોતો કે, 'મારી જ આંગળી પત્થર નીચે દબાયેલી છે.' પણ એમની 'હોંશીઆરીથી' એ આંગળી કપાઇ જતાં બચી ગઈ એ આંગળીનું નામ હતું. મુનિ .... ~~વિજય, પંન્યાસ શ્રી ચન્દ્રશેખરજીના લાડકવાયા ...~~ શિષ્ય. કેવી હોંશિયારીથી આ આંગળીને બચાવી લેવામાં આવી? એ તમે જાણો છો ? આ શિષ્યએ પેલા સાધુ વોક-મેન/ટેપરેકોર્ડર અને કેટલીક પ્રેઝન્ટ આપવાની વસ્તુઓ મંગાવી હતી. પ્રેઝન્ટ કોને આપવાની હોય એ તો ખબર છે ને... વાચક....? આ વાત બહાર આવી. એટલે હો હા મચી ગઈ... ત્યારે ગુરુદેવશ્રીએ મુક્તિદૂતમાં અને વ્યાખ્યાનોમાં એવી જાહેરાત કરી હતી કે, 'મારો સાધુ ચોથાવ્રતની બાબતમાં ક્યાંય સંડોવાયેલો નથી...' તો શું પંન્યાસજીના એ શિષ્યને પહેલું, બીજું, ત્રીજુ કે પાંચમું મહાવ્રત પાળવું જરૂરી નહીં હોય! જે પંન્યાસજીની ચોથા વ્રતની જાહેરાતથી ફલીત થાય છે. આ અંગે પ્રશ્ન થાય કે પંન્યાસશ્રીના પણ પાંચે મહાવ્રતો કેવા ને કેટલાપ ળાતા હશે! તે જાણવું હોય તો જીનચન્દ્રવિજયજીને મળવું પડે.... કેમ. બાકી તો નજરે જોઈ શકાય કે લખપતીપણાનો ત્યાગ કરી કરોડોની મીલકતના ટ્રસ્ટોના પંન્યાસજી સર્વેસર્વા બની બેઠા જણાય છે, તેને કેવો ત્યાગ સમજવો! અને બચી ગઈ એ આંગળી...હવે સાચવી સાચવીને ફરે છે...

વિચાર-૨૨ ઘણો લાંબો લેખ થઈ રહ્યો છે. ચાલો ટુંકમાં સમજી લઇએ. તેઓ અહીં સમ્યગ્દર્શનની વ્યાખ્યા કરે છે.. "અમને અમારા દેશનું, સંસ્કૃતિનું, આર્યમહાપ્રજાનું અને ધર્મનું ભારોભાર ગૌરવ હોવું જ જોઇએ. આ ખુમારી એ જ હાલ તો અમારું સમ્યગ્દર્શન બની રહે." આ રીતે કોઇ પણ શાસ્ત્રીય પદાર્થના મારી મચડીને પોતાના ધાર્યા પ્રમાણે અર્થ કાઢી શકાય છે. તેનો આ સ્પષ્ટ નમુનો છે.

વિચાર ૨૩ "હવેથી અમે સહુ કુટુંબીજનો નિર્ણય કરશું કે જીવનના કોઇ પણ ક્ષેત્રમાં દંભ સેવવો નહિં, હૈયાના એકદમ સરસ બનવું. વ્યકિતપૂજા કે પક્ષપૂજામાં અમારે પડવું નહીં. જ્યાં શ્રદ્ધા અને ચારિત્રનો સુમેળ જણાય ત્યાં સર્વત્ર શિર ઝુકાવવું." આ વિચાર તેમણે ખાસ પોતાના માટે લખ્યો છે. આશા રાખીએ કે, તેઓ તેનું રોજ વાંચન કરતા હશે. તેઓ એમ પણ માને છે કે. મારા સિવાય બીજા કોઇની વ્યકિતપૂજા થવી ન જોઇએ. આ માટે 'મુક્તિદૂત' માસિક વાચતા હશો તો સમજાઇ જશે કે આર્ય સંસ્કૃતિની આલબેલ પોકારવાને બદલે પંન્યાસશ્રી ચન્દ્રશેખરવિજયજીનીજ આલબેલ પોકારે છે. તેમાં જૈન ધર્મને માન્ય લેખોને બદલે પંન્યાચશ્રીને અનુકૂળ લેખોનું સમાચરનું પત્ર પાત્ર છે. તેઓ પોતે દંભ કરે છે! હૈયાના સરળ નથી એ તો વિચારણીય વાત છે.

વિચાર ૨૪ સ્યાદ્વાદ-શૈલીને અનુસરવાની વાત છે...કાશ....? ~~તેઓએ દીક્ષા લીધી ત્યારથી~~ જ આ બોધ થયો હોત તો...? વિજયવલ્લભસૂરીના વિચારો કે વિદ્યાલયનો વિરોધ ના કરત! નિર્વાણ શતાબ્દીનો વિરોધ ના કરત...! ગાંધી વિચાર સમીક્ષા.... કે કાનજીભાઈ મત પ્રતિકાર તો ન કરવા પડત....? મોરારજી દેશાઇ સામે જૈન શાસનના ધજાગરા તો ન બંધાત....

વિચાર ૨૭ લાઠી એની ભેંસ.... પવિત્રતા અને સાધનાજન્ય શુદ્ધિ ધ્યાન વિના આવી ન શકે. 'અરિહંત ધ્યાન' એ કાંઈ ધ્યાન નથી માત્ર ધારણા છે... ધ્યાન અને ધારણામાં કાંઇ ફેર ખરો કે નહીં...? તમો કેટલા કલાક ધ્યાન લાગે તે માટે પલાઠી લગાવીને બેસો છો...?

વિચાર ૨૮ સ્પષ્ટપણે પોતાની પ્રવૃત્તિએ ચાલુ રહે તે માટે છે. નહીં કે યુવાપેઢીના ઉદ્ધાર માટે. અને વિચાર ૩૨ પણ... એમ જ.... એ તેમના ટ્રસ્ટો, તેમની સંસ્થાઓ ચલાવવા માટે. તે માટેનો વિસ્તારથી વિચારવાની જરૂર છે. અત્રે લેખ લાંબો થઇ ગયેલ હોય તે અંગે ફરી વિચારીશું.

આપણે જરા આવૃત્તિ કરી લઈએ.... આ બધું જ આપણા સમ્યગ્દર્શનને બચાવવા માટે છે.... જૈન સંઘના આજના આઘાતજનક રૂપ-રંગની આખી સીકલ પલટાવી દેવા માટે છે....

ના.... "અમારું બ્રેઇન-વોશ કરવા માટે છે...? (એક ખુણામાંથી અવાજ આવ્યો....)

— પંકજ શાનંતરાય

જામનગરમાં શાસન પ્રભાવનાના કાર્યોની ઉજવણી

શ્રી જૈન સમાજના પરમ ઉપકારી, શાસનના ધુરંધર, શૈલાના નરેશ પ્રતિબોધક શાસન ઉપર સ્વ. અને પરના આક્રમણોનો હર હંમેશ સામનો કરનાર આગમ શાસ્ત્રના અજોડ જ્ઞાતા, ભારત વર્ષમાં સુપ્રસિદ્ધ પાલીતાણા તથા સુરતના ભવ્ય આગમમંદિરો બંધાવનાર ધ્યાનસ્થ, આગમોદ્ધારક આચાર્યદેવશ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબના અંતેવાસી શિષ્યરત્ન પ્રખર અનુરાગી, વૈયાવચ્ચ પરાયણ શ્રુત સમુદ્ધારક મુનિરાજશ્રી ગુણસાગરજી મહારાજ સાહેબના સ્વર્ગારોહણ તથા ૫૯ વર્ષના દીર્ઘ દીક્ષા પર્યાયના અનુમોદનાર્થે શ્રી દેવબાગ જૈન ઉપાશ્રયમાં બિરાજમાન પ. પૂ. આગમોદ્ધારકશ્રીના બાલદીક્ષીત ભદ્રિક, સેવાભાવિ મુનિરાજશ્રી અરૂણોદયસાગરજી મહારાજ સાહેબની શુભ નિશ્રામાં જામનગરના આશરે ૫૮૦ વર્ષ પ્રાચિન જિનમંદિર શ્રી વર્ધમાન સ્વામી શાંતિનાથ દેરાસરે શ્રી સમસ્ત જૈન સંઘ તરફથી બૃહદ અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર યુક્ત અષ્ટાહ્નિકા મહોત્સવ જેઠ શુદ ૧ થી ૮ સુધીનો જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ શાનદાર રીતે ઉજવાયો. મહોત્સવના આઠે દિવસે પ્રભુજીને ભવ્ય આંગી-પૂજાઓ ભણાવવામાં આવી. સંઘે અનેરા આનંદ અને ઉલ્લાસ સાથે લાભ લઇને જૈન શાસનની વિજય પતાકા ફરકાવી હતી.

પ. પૂ. મુનિરાજશ્રી ગુણસાગરજી મ૦સા૦ની પ્રથમ માસીક તિથિ નિમિત્તે સવારે સ્નાત્રપૂજા, સામાયિક, નવકાર મંત્રનો જાપ, આયંબિલ તપની આરાધના કરવામાં આવેલ. જામનગરના દરેક જિન મંદિરોમાં શાહ ચંદ્રકાન્ત જગજીવનદાસ રાધનપુરવાળા તરફથી માસીક તિથિ તથા શાંતિસ્નાત્ર મહોત્સવ પ્રસંગે ભવ્ય આંગી રચવામાં આવી.

જેઠ શુદ-૮ રવિવાર તા. ૧૧-૧-૮૮ના રોજ સવારે જલયાત્રાનો ભવ્ય વરઘોડો વિજયમુહુર્તે બૃહદ અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર યુક્ત ૧૦૮ મહાપૂજન ભણાવવામાં આવેલ. શ્રી શાંતિનાથ પ્રભુજીને સોનાના વરખની લાખેણી ભવ્યાતિભવ્ય આંગી રચવામાં આવી. શ્રી ઓશવાળ જૈન બેન્ડના સભ્યોએ જળયાત્રાના વરઘોડામાં તથા શાંતિસ્નાત્ર મહોત્સવની સમાપ્તિ નિમિત્તે શાંતિજળની ધારાવહી વાજતે ગાજતે શહેરમાં ફરીને જૈન શાસનની શોભામાં અભિવૃદ્ધિ કરી હતી.

વિધિવિધાન માટે નવાનગરના સુપ્રસિદ્ધ વિધિકાર શ્રી નવીનચંદ બાબુલાલ શાહ પોતાની મંડળી સાથે પધારેલ તથા શ્રી મધુકાંત મનહરલાલ ઝવેરીએ પ્રભુભક્તિના રસમય ગીતો ગાઇને ભક્તિરસની રમઝટ બોલાવી હતી.

પ૦ પૂ૦ ગુણસાગરજી મહારાજના આત્મ કલ્યાણર્થે મોરારબાગ ઉપાશ્રયમાં બિરાજમાન પ૦ પૂ૦ આગમોદ્ધારશ્રીની આજ્ઞાવર્તીની સા૦શ્રી હેતશ્રીજી મહારાજ સાહેબના પ્રશિષ્યા શ્રી લાવણ્યશ્રીજી મ૦ સા૦ તથા સમેતશીખર તીર્થોદ્ધાર સૂ. શ્રી૦ રંજનશ્રીજી મ૦ સા૦ના પ્રશિષ્ય શ્રી પ્રશમશીલ શ્રીજી મ૦સા૦ તથા આદિ ઠાણાની પ્રેરણાથી અઠ્ઠમતપ તથા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનનો સવાસરોડના મંત્રનો જાપ કરવામાં આવેલ. તેની પૂર્ણાહુતી નિમિત્તે ૧૦૮ પાર્શ્વનાથ પૂજન ભણાવવામાં આવેલ. જિનેન્દ્ર ભક્તિ મહોત્સવના સાતે દિવસ જુદી જુદી વ્યક્તિઓ તરફથી ૧૫ લાખ નવકાર મંત્રનો જાપ કરવામાં આવેલ. જેઠ શુદ ૧૪ રવીવારના રોજ ૧૨૧ વ્યક્તિઓએ ઉપવાસ કરી અખંડ જાપનું આયોજન કરવામાં આવેલ.

દેવદ્રવ્ય જીવદયાની ઉપજ સારી થયેલ હતી. તેમજ પૂજ્યશ્રીના સ્વર્ગારોહણના કાયમી પૂજા શહેરના દરેક જિનમંદિરોમાં કાયમી વ્યાજુ આંગી-સાધારણ ખાતાની કાયમી તિથિ, આયંબિલ ખાતાની પાણીની તથા મિષ્ટાન ભોજનની ભોજનશાળામાં તિથિઓ લખાવવામાં આવી. છેલ્લા ૫૦ વર્ષોમાં જામનગરના ઇતિહાસમાં આવો ઉત્સવ જોવા મળેલ નથી. ચતુર્વિધ સંઘે અનેરા આનંદ અને ઉલ્લાસ સાથે શ્રી જૈન શાસનની સમૃદ્ધિમાં વધારો કરેલ છે.

કૈલાસનગર (સુરત)માં ચાતુર્માસ પ્રવેશ

પૂ૦ પંન્યાસશ્રી અશોકસાગરજી મ૦સા૦, ગણિવર્યશ્રી જિનચંદ્રસાગરજી મ૦સા૦ તથા ગણિવર્ય શ્રી હેમચંદ્રસાગરજી મ૦સા૦ આદિ ઊંઝામાં ભવ્ય અંજનશલાકા પ્રતિષ્ઠા તથા પૂજય ગુરુ-ચરણ પાદુકા પ્રતિષ્ઠાની આદિ સુકૃત્યોની ઉજવણી બાદ પિલુચાથી દેરાવલાજીના નીકળેલા ભવ્ય સંઘમાં હાજરી આપી, આબુ આદિ તીર્થોના યાત્રા પરિપૂર્ણ કરી અત્રે કૈલાસનગર, ગમરામપુરા જૈન ઉપાશ્રયે ચાતુર્માસ મંગલ પ્રવેશ કર્યો છે.

શ્રી નાગેશ્વર તીર્થે પધારો

શ્રી નાગેશ્વર તીર્થ ભારતમાં એક જ શ્રી પાર્શ્વનાથ ભ. ની કાયા ૧૫ ફુટ ઉંચી અને નીલવર્ણી સાત ફણાધારી કાયોત્સર્ગરૂપે પ્રાચીન પ્રતિમાજી બિરાજે છે.

હજારો યાત્રિકો દર્શનાર્થે પધારે છે. ભોજનશાળા ધર્મશાળા વિગેરેની સુવિધા છે. યાત્રિકોને આવવા માટે ચૌમહલા સ્ટેશને તથા આલોટથી બસ સર્વીસ મળે છે. અગાઉ સુચના આપવાથી પેઢીની જીપની વ્યવસ્થા થઈ શકશે. અઠ્ઠમ તપવાળા માટે પુર્ણ વ્યવસ્થા છે.

(ફોન નં. ૭૩ આલોટ) —લિ. દીપચંદ જૈન સેક્રેટરી

શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ પેઢી

P. O. ઉન્હેલ ✵ સ્ટે. : ચૌમહલા [રાજસ્થાન]

દુર્ગુણો તો રસ્તામાં ચાલતાં કાંટાની માફક વળગી પડે છે, પરંતુ સદ્ગુણો તો રત્નોની પઠ મેળવવા પડે છે.

પૂ૦ આ૦ શ્રી વિજયચંદ્રોદયસૂરિજી મ૦ સા૦ ની શુભનિશ્રામાં ઉજવાયેલ વિવિધ સુકૃત્યોની ઉજવણી

પૂ. આચાર્યશ્રી વિજયચંદ્રોદયસૂરિજી મ૦ સા૦ તથા પૂ૦આચાર્યશ્રી વિજયજયચંદ્રસૂરિજી મ૦ સા૦ આદિ ઠાણા-૧૫નો સુવિશાળ પારવાર ટાણા અન વાધાના દીક્ષા પ્રદાન મહોત્સવની ઉજવણી બાદ શત્રુંજયની યાત્રા કરી ચૈત્ર સુદ ૧૩ના અમદાવાદ શ્રી વીરપ્રભુના જન્મ કલ્યાણકની ઉજવણી તથા કલિકાલસર્વજ્ઞ આ૦ શ્રી હેમચંદ્રાચાર્યની નવમી જન્મ શતાબ્દી વર્ષને અનુલક્ષી "હેમસ્મૃતિ" ગ્રંથની ગુજરાત રાજ્યના ગવર્નરશ્રીના વરદહસ્તે વિમોચન વિધિ કરાવ્યા બાદ વૈ. સુદ-૬ના ગઢ (બ.કાંઠા) મુકામે અંજનશલાકા પ્રતિષ્ઠા કરાવી, મેત્રાણા તીર્થનો છ'રીપાલિત સંઘ, વડગામ નૂતન ધ્વજ દંડની પ્રતિષ્ઠા કરાવી પાલનપુર, નવા-જુના ડીસા જવાનું થતાં મુનિશ્રી અનંતચંદ્રવિજયજીની દીક્ષા બાદ પોતાની જન્મભૂમિમાં પ્રથમવાર પ્રવેશ થવાથી તેમના સંસારી દાદીમા તથા કુટુંબીઓએ શ્રી શાંતિસ્નાત્ર, નવકારશી, રથયાત્રા પ્રવચનો, સંઘપૂજનાદિના શાસનપ્રભાવનાનો અમૂલ્ય લાભ લીધેલ.

ત્યારબાદ ભીલડીયાજી તીર્થની યાત્રા કરી, ચારૂપ, ચાણસ્મા, પાટણ, કંબોઇ અને શંખેશ્વર આદિ તીર્થોના દર્શનાદિનો લાભ લઇ વરસાદના કારણે વીરમગામ થઇ જેઠ સુદ-૧૩ના અમદાવાદ સ્થિત ગીરધરનગર, શાહીબાગ જૈન દેરાસરે ચાતુર્માસનો મંગલ પ્રવેશ કર્યો છે.

કાલ્હેર (થાણા)માં શિખરબંધી જૈન મંદીર અને ઉપાશ્રયનું ભૂમિપૂજન તથા ખનનવિધી

પૂ૦ આચાર્યશ્રી વિજયકીર્તિચંદ્રસૂરીશ્વરજી મ૦ સા૦ ની અસીમ પ્રેરણા અને શુભ નિશ્રામાં અત્રે જૈન મંદિર અને ઉપાશ્રયનું ભૂમિપૂજન થયું હતું. આ પ્રસંગે ડો. ચારૂલત્તાબેન મનુભાઇ જુઠાણી, કાંતિલાલ મોહનલાલ વગેરે મહાનુભાવોએ હાજરી આપી હતી. રૂા. ૧૫ લાખના દાનની જાહેરાત થઇ હતી અને અત્રેની ગામ પંચાયતને એમ્બ્યુલન્સ ભેટ આપવામાં આવી હતી.

સોલાપુરમાં આત્મશ્રેયાર્થે સિદ્ધચક્ર મહાપૂજન

સોલાપુર નિવાસી ધર્મનિષ્ઠશ્રી ભંવરલાલજી વૈદ ગત તા. ૧૭-૬-૮૯ના નવકાર મહામંત્રનું શ્રવણ કરતાં અરિહંતાદિ ચાર શરણોને સ્વીકારતા સમાધિમય રીતે સ્વર્ગવાસી થયા છે.

તેઓશ્રીના આરાધનામય જીવનની અનુમોદના તેમજ આત્મશ્રેયાર્થે તેમના ધર્મપત્નિ શ્રી કમલાબાઇની સદ્પ્રેરણાથી શ્રી સિદ્ધચક્ર મહાપૂજન તથા સકલ શ્રીસંઘનું સ્વામીવાત્સલ્ય રખાયેલ.

અત્રે સંયમનિષ્ઠ મુનિરાજશ્રી કમલરત્નવિજયજી મ૦ સાં૦ આદિ ઠાણા ૬ તેમજ સાધ્વીશ્રી સૂર્યપ્રજ્ઞાશ્રીજી આદિ ઠાણા ૬ ચાતુર્માસ અર્થે પધાર્યા છે.

જૈસલમેર પંચતીર્થીની યાત્રાર્થે પધારો

પશ્ચિમી રાજસ્થાનમાં આવેલ જૈસલમેર પંચતીર્થી પોતાની પ્રાચીનતા, કલાત્મકતા અને ભવ્યતા માટે જગપ્રસિદ્ધ છે. જૈસલમેર પંચતીર્થીના અન્તર્ગત જૈસલમેર દુર્ગ, અમરસાગર, લૌદ્રવપુર, બ્રહ્મસર અને પોકરણ સ્થિત જિનાલયોમાં બધા મળી ૬૦૦૦થી વધુ જિનપ્રતિમાજીઓ બિરાજમાન છે.

જૈસલમેરની વિખ્યાત વિશેષતાઓ : (૧) ભવ્ય, કલાત્મક અને પ્રાચિન જિનાલયો. પન્ના અને સ્ફટિકની પ્રતિમાઓ. (૨) ખરતરગચ્છીય શ્રી જિનભદ્રસુરિ જ્ઞાનભંડારમાં સંગ્રહિત તાડપત્રીય અને હસ્તલિખિત ગ્રંથો. (૩) દાદાગુરુદેવ શ્રી જિનદત્તસુરિજી મહારાજની ૮૩૦ વર્ષ પ્રાચીન ચાદર અને ચોલપટ્ટા, જે તેઓના અગ્નિસંસ્કાર પછી પણ સુરક્ષિત રહયા છે. (૪) અનેક દાદાવાડી ઉપાશ્રય, અધિષ્ઠાયક દેવસ્થાન અને પટ્ટુઆ શેઠોની કલાત્મક હવેલીઓ. (૫) લૌદ્રવપુરના ચમત્કારીક અધિષ્ઠાયકદેવ જેમના દર્શન ભાગ્યશાળીઓને અવારનવાર પ્રાપ્ત થાય છે.

આવાસ પ્રબંધ : યાત્રિકો અને શ્રીસંઘોને ઉતરવા ઉચિત પ્રબંધ છે. મરુભુમિમાં હોવા છતાં પાણી અને વિજળીની પુરી વ્યવસ્થા છે. દાનવીરોના સહયોગથી ભોજનશાળા ચાલુ છે.

યાતાયાતના સાધન : જૈસલમેર આવવા માટે જોધપુર મુખ્ય કેન્દ્ર છે. તે ભારતના જુદા જુદા માર્ગોથી યાતાયાતના સાધનોથી જોડાયેલ છે. જોધપુરથી દિવસમાં એકવાર બસ અને રાત્રે ને સવારે બે વાર ટ્રેઈન જૈસલમેર આવે છે. આ ઉપરાંત જયપુર અને બીકાનેરથી પણ સીધી બસો જૈસલમેર આવે છે.

જૈસલમેર પંચતીર્થીનાં દુર્ગ તથા અમરસાગર સ્થિત જિનમંદિરોના જીર્ણોદ્ધારનું કામ ચાલુ છે.

શ્રી જૈસલમેર લોદ્રવપુર પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર ટ્રસ્ટ

ગ્રામ : જૈન ટ્રસ્ટ **જૈસલમેર** ૩૪૫૦૦૧ (રાજસ્થાન) ફોન ૨૩૩૦ ૨૪૦૪

પોતાના પગ ઉપર ઊભા રહેતા શીખો, જેથી તમે આખા વિશ્વનો ભાર ઉપાડવા સમર્થ થઇ શકશો.

"પ્રભુ તારું ગીત મારે ગાવું છે..."

વાત્સલ્યમૂર્તિ સ્વ. વસંતબહેન તેજાણી

અમેરીકામાં વસતા પોતાના પુત્ર દીપક, પુત્રવધુ કલ્પના સાથે મુંબઈથી રહેવા ખાસ પરદેશ (હ્યુસ્ટન) ગયેલા તેજાણી પરિવારના શ્રી કાંતિલાલ હીરાચંદ તેજાણીના ધર્મપત્ની વસંતબહેન (ઉ.વ.૫૯) તેમના ડો. પુત્રી જ્યોતિબહેન તથા જમાઈ ડો. રમેશભાઈ શાહના ઘેર (વિલ્સબરી) તાજેતરમાં તા. ૧૭-૫-૮૯ ના રહેવા ગયા હતા, ત્યાં તેમના મિત્રને ત્યાં તા. ૨૩-૫-૮૯ના પૂજા તથા ભક્તિ સંગીતના કાર્યક્રમમાં ભ૦ મહાવીર સ્વામીની નયનરમ્ય આરસની પ્રતિમા સામે ગીતો-સ્તવનો-દુહા આદિની રમઝટ બોલાવતા મધુર કંઠથી સૌને ભક્તિમય ધર્મ આરાધનામાં રસ તરબોળ કર્યા હતા. અને છેલ્લે "પ્રભુ તારું ગીત મારે ગાવું છે..." ગીત ભાવપૂર્વક ઉલ્લાસપૂર્વક તન્મય બનીને ગાતા હતા ત્યાં છેલ્લી કડીના શબ્દો "પ્રભુ તારા જેવું મારે થવું છે..." પુરું થતાં જાણે પોતાનું જીવન ભક્તિમય બન્યું ત્યારે જ પોતાની પુત્રી જ્યોતિબેનના ખોળામાં મસ્તક નમાવી ઢળી પડયા. અને ધર્મમય વાતાવરણ અને પવિત્ર એવા દહેરાસર જેવું અનુપમ સ્થળ તેમના માટે પ્રભુના દરબારમાં પહોંચવાનું નિમિત્ત બન્યું.

તેમના હસતા ચહેરા ઉપર જીવનદીપ બુઝાયો ત્યારે આત્મસંતોષના અનેરા ભાવ તરવરતા હતાં અને પ્રભુના ગીત ગાતા ગાતા પ્રભુના દરબારમાં પહોંચી ગયા. આવા પુણ્યાત્માનું નિધન ભક્તિમય વાતાવરણમાં થતાં ત્યાંના સઘળા લોકો વંદનીય વાત્સલ્યમૂર્તિ સમા વસંતબેનને ધન્ય-ધન્ય પુકારી ભાગ્યશાળી જીવને જૈનશાસનના જયનાદો વચ્ચે શ્રદ્ધાંજલી અર્પી કૃતાર્થ થયા.

કલ્પનામાં પણ ન આવે તેવી રીતે સંપૂર્ણ શાંતિ, સ્વસ્થતા અને આરાધના-સાધના કરતાં કરતાં દેહ છોડનારને વિરલ મૃત્યુ મળ્યું તે તેમના પવિત્ર ધર્મનિષ્ઠ આત્મા ઉચ્ચ ગતિને પામ્યાની નિશાની છે. વસંતબહેન જૈન સોશ્યલ ગૃપ્સ ફેડરેશનના સ્થાપક પ્રમુખ, પ્રખર સામાજીક કાર્યકર શ્રી સી. એન. સંઘવીના બહેન હતા. તેજાણીના બહોળા પરિવારે તથા સંઘવી પરિવાર દ્વારા સદ્‌ગતના આત્મશ્રેયાર્થે સદ્‌કાર્યો કરવાનો સંકલ્પ કરી સાચી શ્રદ્ધાંજલી અર્પી.

ધર્મનિષ્ઠ વસંતબહેન ખૂબ જ શાંત, સરળ અને સૌમ્ય સ્વભાવના સુશ્રાવિકા હતા. અન્યને મદદરૂપ થવા, માનવતાના સુલ્યોનું જતન કરવા હંમેશા તત્પર રહેતા હતા. જૈન ધર્મ પ્રત્યે તેમની શ્રદ્ધા અડગ હતી. સંઘવી પરિવારના સુસંસ્કારોને વારસામાં લાવી તેજાણી પરિવારને સમૃદ્ધ બનાવવામાં તેમનો ફાળો અગ્રેસર હતો. ધર્મ અને સંસ્કારરૂપી વારસો તેમના બન્ને સંતાનો, પૌત્રો, દોહિત્રોમાં જળવાઈ રહે તે રીતે સૌનું જતન કરતા હતા.

છેલ્લે છેલ્લે ભારતમાં જાણે પાછા ન ફરવાનું હોય તેમ મોટી સંખ્યામાં સ્નેહિ-સગાઓને પત્રો લખી ખુશી સમાચાર પણ પાઠવ્યા હતા.

આવા વાત્સલ્યમૂર્તિ સ્વ. વસંતબહેન તેજાણીને ભાવભરી

શ્રદ્ધાંજલિ.

પ્રાર્થના સમાજ- મુંબઈમાં ચાતુર્માસ પ્રવેશ

સૌરાષ્ટ્ર કેશરી-મુક્તિધામના પ્રેરણાદાતા, પ્રખર વિદ્વાન વક્તા લેખક અને કવિવર્ય શાસન પ્રભાવક પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ભુવનરત્નસૂરીશ્વરજી મ૦ સાના વિદ્વાન શિષ્યરત્ન, મધુરવક્તા પૂ. પંન્યાસશ્રી યશોવિજયજી મ૦સા૦ તથા મુનિશ્રી દિવ્યયશવિજયજી મ૦સા૦ આદિ ઠાણા-૨ તેમજ સોનામાં સુગંધરૂપે શ્રાવિકાગણને આરાધના કરાવવા આ સમુદાયના આચાર્યદેવશ્રી વિજયહેમપ્રભસૂરીશ્વરજી મહારાજ સાહેબની આજ્ઞાવર્તીની પૂ૦ સાધ્વીજી શ્રી મંજુલાશ્રીજી મ૦સા૦ (મહુવાવાળા)ના શિષ્યા સાધ્વીશ્રી મધુકાન્તાશ્રીજી આદિનો મંગલ ચાતુર્માસ પ્રવેશ અત્રેના શ્રી ચંદ્રપ્રભુ સ્વામી જૈન દેરાસર, ૧૮૯ રાજા રામમોહનરાય રોડ, પ્રાર્થના સમાજ, મુંબઈ-૪ના સરનામે થયો છે.

ગુજરાતી જૈન વિદ્યાર્થી મહારાષ્ટ્ર હાયર સેકન્ડરી બોર્ડની પરીક્ષામાં પ્રથમ

મુંબઈમાં વસતા સોલિસિટર કંદર્પ રતનચંદ શાહના પુત્ર શ્રી કૈરવ મહારાષ્ટ્ર બોર્ડની હાયર સેકન્ડરી બોર્ડની કોમર્સ લાઈનની પરીક્ષામાં પ્રથમ નંબરે ઉત્તીર્ણ થઈ ગુજરાતી જૈન સમાજના ગૌરવમાં વધારો કર્યો છે. આ પરીક્ષામાં ૮૯.૮૭ ટકા માર્કસ મેળવી પ્રથમ નંબરે ઉત્તીર્ણ થાય છે. સાચે જ મહારાષ્ટ્રમાં ગુજરાતનું નામ ઉજ્જવળ કરેલ છે. 'જૈન' અઠવાડિક કૈરવને હાર્દિક અભિનંદન આપે છે.

'જૈન' પત્રના ગ્રાહકોને નમ્ર વિનંતી

જે ગ્રાહક બંધુઓએ ચાલુ વર્ષનું લવાજમ ન મોકલ્યું હોય તેમણે રૂા. ૫૦/- M.O. મોકલાવવા વિનંતી.

કોઈના સત્કાર્યમાં વિઘ્ન નાખવું તે પોતાની પડતીનું કારણ થઈ પડવાનું જાણવું.

"શ્રી જૈનનગર સંઘ પાલડી–અમદાવાદમાં ચાતુર્માસિક રવિવારીય ધાર્મિક શિબિર"

પ૦પૂ૦આ શ્રી ભક્તિસૂરીશ્વરજી મહારાજના પટ્ટપ્રભાવક શંખેશ્વર તીર્થે ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિવિહાર મહાપ્રાસાદના સદુપેદશક તથા પ્રતિષ્ઠાકારક પ૦ પૂ૦ આચાર્યદેવશ્રી સુબોધસૂરીશ્વરજી મહારાજની સાથે પ૦ પૂ૦ મુનિરાજશ્રી અરૂણવિજયજી મહારાજ આદિનું અમદાવાદમાં પાલડી વિસ્તારમાં "જૈન નગર શ્રીસંઘમાં" સર્વ પ્રથમવાર ચાતુર્માસ નક્કી થયું. અને અષાઢી બીજના શુભમુહૂર્તે મંગળ પ્રવેશ ધામધૂમ પૂર્વક થયેલ. સામૂહિક આયંબિલ તથા પૂજા પ્રભાવના આદિની આરાધના સુંદર થઈ.

જૈન સમાજના જાણીતા વિદ્વાન, ન્યાય–દર્શનાચાર્ય પૂ૦ મુનિરાજ શ્રી અરૂણવિજયજી મહારાજ જેઓ સ્વ–પર ધર્મ તથા દર્શનશાસ્ત્રના વિદ્વાન છે. તેમની વિદ્વત્તાનો સુંદર લાભ સમસ્ત જનતાને મળે એવી રીતે ચાતુર્માસના ૧૬ રવિવારોની ચાતુર્માસિક રવિવારીય ધાર્મિક શિક્ષણ શિબિરનું સુંદર આયોજન જૈન સંઘ તરફથી કરવામાં આવ્યું છે.

જૈનનગર સંઘના પ્રમુખ યુ. એન. મહેતાએ જણાવ્યું કે, *અષાઢ સુદ ૧૩ રવિવાર તા. ૧૬–૭–૮૯ થી પ્રારંભ થતી આ* શિબિરમાં દર રવિવારે ૧–૩૦ થી ૫–૦૦ સુધી યુવકોને જૈન દર્શનના જીવવિજ્ઞાન, કર્મવિજ્ઞાન, તથા તત્ત્વજ્ઞાનના વિષયો સમજાવવામાં આવશે.

પૂજ્ય મુનિરાજ શ્રી અરૂણવિજયજી મહારાજ બ્લેક બોર્ડ ઉપર શિક્ષણ પદ્ધતિની જેમ આર્ટ–ચિત્રો સાથે શિખવાડશે. તર્ક–યુક્તિ દાખલા દલીલો સાથે સરલ શૈલીમાં સમજાવશે. આ શિબિરમાં દર રવિવારે બપોરે ૩–૦૦ થી ૪–૩૦ સુધી "**પાપની સજા ભારી**" વિષય ઉપર પ્રવચન શ્રેણિ ચલાવશે. જે ૧૬ રવિવાર સુધી ચાલશે, તેની પુસ્તિકાઓ પ્રકાશિત કરવામાં આવશે.

રાયપુર (મ.પ્ર.)મહાકૌશલ જૈન યુવા કેન્દ્ર

મહાકૌશલ જૈન યુવા કેન્દ્રના આયોજનમાં શ્રી મહાવીર મિત્ર મંડલ દ્વારા આયોજન કરવામાં આવેલ શ્રી જૈન ધાર્મિક શિક્ષણ શિબિરની ઉચ્ચકક્ષામાં શ્રી લલિત કોચર તેમજ નીચલી કક્ષામાં શ્રી નીરજ વૈદે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું. શિબિરનું આયોજન છત્તીશગઢ શિરોમણી પ૦ પૂ૦ શ્રી મનોહરશ્રીજીની પ્રેરણાથી સુશિષ્યાઓ શ્રી સુલક્ષણાશ્રીજી, શ્રી સદ્‌ગુણાશ્રીજી, વિદુષી શ્રી સુમિત્રાશ્રીજીની શુભ નિશ્રામાં કરવામાં આવેલ.

શ્રી જિનદત્તસૂરિ મંડળ અજમેર દ્વારા શિષ્યવૃત્તિ

આ વર્ષે ૧૯૮૯–૯૦ માટે શ્વેતાંબર જૈન વિદ્યાર્થી–વિદ્યાર્થીનીઓને ઉચ્ચ અભ્યાસ અર્થે મુખ્યત્વે મેડીકલ, એન્જિનીયરીંગ સી.એ., ટેકનીકલ એજ્યુકેશન અર્થે શિષ્યવૃત્તિ પ્રદાન કરવામાં આવશે.

જે વિદ્યાર્થી–વિદ્યાર્થીનીઓને અગાઉ આ સંસ્થા દ્વારા શિષ્યવૃત્તિ મળી હોય તેઓએ પણ નવું અરજીપત્ર આપવાનું રહેશે.

રૂા ૫/–નું મનીઓર્ડર કરી અરજીપત્રક મંગાવી શકો છો. અરજીપત્ર સ્વીકારવાની છેલ્લી તા. ૩૧–૮–૮૯ છે. પોસ્ટલ ઓર્ડર સ્વીકારવામાં આવશે નહિ. મનીઓર્ડર કુપન ઉપર પોતાનુ સુવાચ્ય અક્ષરોમાં પુરું નામ સરનામું લખવું. તા. ૩૧–૮–૮૯ પછી આવેલ અરજીપત્ર તથા પૂરી માહિતી વગરના અરજીપત્ર રદ્દ કરવામાં આવશે.

સંપર્ક :– માનદ્ મંત્રી, શ્રી જિનદત્તસૂરિ મંડલ, દાદાવાડી, અજમેર—૩૦૫૦૦૭ (રાજસ્થાન)

આ૦ શ્રી કીર્તિચંદ્રસૂરીજી મ૦નો ૭૪ માં વર્ષમાં મંગલ પ્રવેશ

પૂ૦ આચાર્યશ્રી કીર્તિચંદ્રસૂરીશ્વરજી મ૦સા૦નો ગત તા. ૫–૫–૮૯ના રોજ ૭૪માં વર્ષમાં મંગલ પ્રવેશ થયો હતો. આ મંગલમય પ્રસંગની ઉજવણી નિમિત્તે પરમાત્માની સ્તુતિ, ગહુંલી, ગીતોની હરિફાઇ વગેરે કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવી હતી. ૭૪ મંગળદીપ પ્રગટાવવામાં આવ્યા હતા. તેમજ દરીઓને ભોજન અને હોસ્પિટલમાં ફળોની વહેંચણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શ્રી દિનેશભાઇ મસાલીયાએ '**શ્રી લક્ષ્મણસૂરિ જૈન** પાઠશાળા'નું ઉદ્‌ઘાટન કર્યું હતું. શ્રી પ્રશાંતભાઇ ઝવેરીએ પૂ૦ આચાર્યશ્રીએ કરેલા સદ્‌કાર્યોનો સવિસ્તર પરિચય આપ્યો હતો. પૂ૦ આચાર્યશ્રીએ રૂા. ૭૪ હજારના દાનની જાહેરાત કરી હતી. સારાયે કાર્યક્રમનું આયોજન શ્રી દાદર જૈન જ્ઞાનમંદિરના પટ્ટાંગણમાં કરવામાં આવ્યું હતું.

"પાલીતાણામાં ધર્મશાળા, દેરાસર, ઉપાશ્રય બાંધવા જમીન ખુલ્લા પ્લોટ, બંગલા, ફ્લેટ, ટેનામેન્ટ દુકાન, ઓફીસ વગેરે ખરીદવા તથા વેચવા માટે!"

બ્રહ્મભટ્ટ એસ્ટેટ એજન્ટ

હસમુખભાઈ એમ. બ્રહ્મભટ્ટ (સદસ્ય : નગરપાલીકા પાલીતાણા)
શત્રુંજય પાર્ક, તલાટી રોડ, પાલીતાણા–૩૬૪૨૭૦
સમય : સવારે ૯ થી ૧૨ સાંજે ૪ થી ૯ ફોન : ૪૧૪

મનુષ્યોના સ્વભાવ પારખવા તે મહાસાગરના તળીયાનો તાગ મેળવવા બરાબર છે.

આમોદમાં પુણ્યતિથિ-અંકલેશ્વરમાં ઉત્સવ ઉજવણી

પૂ. આ૦ શ્રી ભદ્રંકરસૂરિજી મ૦ સા૦ આદિ ઠાણા-૭ની નિશ્રામાં આમોદ નગરે જેઠ સુદ-૨ ના સ્વ. આચાર્ય ભગવંત શ્રી ભુવનતિલકસૂરિજી મ૦ સા૦ની ૧૭મી પુણ્યતિથિ નિમિત્તે પ્રવચનમાં ગુણાનુવાદ 'જિનેન્દ્ર સ્તવન ચોવીશી' પુસ્તક પ્રકાશન સંઘપૂજન આદિ થયા હતા. બપોરના પાર્શ્વપ્રભુજીના ૨૭ અભિષેકનો ઉત્સવ લાડુની પ્રભાવનાપુર્વક ઉજવાયેલ. જીવદયાની ટીપ, આરતી આદિના ચઢાવા પણ સારા થયા હતા.

અંકલેશ્વર :- પૂજ્યશ્રી આદિ પરિવાર ભરૂચ થઈને અંકલેશ્વર પધારતા પ્રિયવદન સી. શાહ તરફથી સામૈયું, પ્રવચનમાં ચારેય પૂજ્ય આચાર્ય ભગવંતોને કામળી વહોરાવવાપુર્વક ગુરુ પુજન કરેલ, રૂા. બે-બેનું સંઘપુજન કરવામાં આવેલ. આજથી તેમના તરફથી સ્વ. માતા-પિતાના શ્રેયાર્થે પાંચ દિવસનો ઉત્સવ ઉજવવામાં આવેલ. જેઠ સુ.-૧૫ના શાંતિસ્નાત્ર, જીવદયાની સુંદર ટીપ, સાંજમણ આદિ થયું હતું. વિધિવિધાન માટે રમણભાઈની મંડળી આમોદથી પધારેલ. ભાવના માટે કોકીલાબહેનની પાર્ટી વડોદરાથી પધારેલ. સાધ્વી વિજ્ઞાનશ્રીજી આદિ ઠાણા-૧૨ પણ અત્રે પધારેલ. પુ૦ આચાર્ય ભગવંતોના પ્રવચનોએ અત્રેના શ્રી સંઘમાં જાગૃતિ લાવી દીધી હતી. પુ૦ આચાર્યશ્રી આદિનું અત્રે અષાડ સુદ-૬ના ચાતુર્માસ પ્રવેશ થશે.

વડોદરામાં યોજાઇ ગયેલ સાંસ્કૃતિક મિલન

સર્વધર્મ સમન્વયી જૈનાચાર્યશ્રી વિજયજનકચંદ્રસૂરિજી મ૦ સા૦ દક્ષીણ ગુજરાતથી વિહાર કરતા વડોદરા શહેરમાં ગત મે-૮૯ દરમ્યાન પધારેલ. પંજાબ કેસરી આચાર્યશ્રી વિજયવલ્લભસુરિજી મ૦ના તેઓ શિષ્ય છે. ગાંધીજી અને વિનોબાના વિચારોથી રંગાઇ જૈન મુનિ હોવા છતા શુદ્ધ ખાદીધારી છે. આવા પુજનીય આચાર્યશ્રીની શુભ નિશ્રામાં ગત તા. ૧૨-૫-૮૯ના રોજ એક રચનાત્મક, ધાર્મીક અગ્રણીની નિશ્રામાં વડોદરાની જનતાના સાંસ્કૃતિક પ્રતિનિધિઓનું એક મિલન સરદાર ભવન-સભા ખંડમાં યોજવામાં આવ્યું હતું.

તુરવ-[illegible]ગ્રેશનમાં પ્રતિષ્ઠા મ૦ની થયેલ ઉજવણી

દેવ-દેવીઓનો શુભ પ્રતિષ્ઠા મહોત્સવ ખૂબ સારી રીતે ઉજવાયો હતો. આ પ્રસંગે ભકિત સંગીત માટે જાણીતા સંગીતકાર રેનુભાઈ પાટણવાળા એન્ડ પાર્ટી દ્વારા રાજસ્થાની, હિન્દી તેમજ મરાઠી સ્તવનોની ખૂબ જ સારી જમાવટ થઈ હતી.

સાધ્વીશ્રી લાવણ્યશ્રીજી મ૦ કાળધર્મ પામ્યા

ત્રણથૂંઇ સમુદાયના વર્તમાન આચાર્યશ્રી જયંતસેનસૂરીશ્વરજી મ૦ સા૦ ના આજ્ઞાવર્તી પરમ વિદુષી સાધ્વીશ્રી લાવણ્યશ્રીજી વૃદ્ધાવસ્થાને કારણે છેલ્લા છ એક વર્ષથી અત્રે બિરાજમાન હતા. તેઓ ગત વૈશાખ સુદ ૧૧ના રાત્રે ૯-૩૦ વાગે કાળધર્મ પામ્યા છે. અંતિમ સમયે પણ પડિલેહણ, પ્રતિક્રમણ આદિ ક્રિયાઓનું સ્મરણ કરતા રહ્યા હતા. પોતે ચારે પ્રકારના આહારોને ત્યાગી દીધા હતા. નવકાર મંત્રના શ્રવણ કરતાં કરતાં અપૂર્વ સમાધિ ભાવપુર્વક કાળધર્મ પામ્યા છે. તેમના ૫૧ વર્ષના સુદીર્ઘ સંયમ યાત્રાની અનુમોદના અર્થે નવાન્હિકા મહોત્સવનું આયોજન તા. ૧૧ થી ૧૮ જુન દરમ્યાન પૂ૦ આ૦ શ્રી જયંતસેનસૂરીશ્વરજી મ૦ સા૦ આદિની શુભ નિશ્રામાં કરવામાં આવ્યુ હતું.

શ્રી કરેડા પાર્શ્વનાથજી તીર્થની

[રેલ્વે સ્ટેશન ભુપાલસાગર (જિ. ચિત્તોડગઢ, રાજસ્થાન)]

યાત્રાર્થે અવશ્ય પધારો

આ મંદિરનું નિર્માણ આચાર્ય ધર્મઘોષસુરિજી મ. ના ઉપદેશથી માંડવગઢના મહામંત્રી સંઘપતિ પેથડશાહ દ્વારા સં. ૧૩૨૧ માં કરવામાં આવ્યું અને તેના શિખર પર સાત મંડનું ભવ્યમંદિર શ્રી પેથડશાહના પુત્ર ઝાઝણકુમારે સ. ૧૩૪૦માં નિર્માણ કર્યું, જેનું સુકૃત સાગર તરંગ આઠમાં વર્ણન છે

તેનો હાલમાં શ્રી શંખેશ્વર – ભોયણી તીર્થ દ્વારા રૂપિયા ૧,૨૫,૦૦૦૦/- ખર્ચ કરી જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે અને બાવન દેરીઓનાં શ્રી પાર્શ્વપ્રભુની પ્રતિમા વિભિન્ન તીર્થોના નામથી બિરાજમાન કરવામાં આવી છે. મુલનાયક ભગવાનની પ્રાચીન અત્યંત મનોહરી, ચમત્કારી, શ્યામવર્ણિય પ્રતિમાજીના નિર્મલ ભાવથી દર્શન કરી પુણ્યોપાર્જન કરો.

અમદાવાદથી ઉદયપુર, ચિત્તોડ રેલ્વે માર્ગ પર ભુપાલસાગર નામના સ્ટેશનથી ૩ ફર્લાંગ દુર આ તીર્થ આવેલ છે બસોની પણ સુવિધા ઉપલબ્ધ છે.

આ તીર્થની યાત્રા સાથે જ મેવાડની પંચ તીર્થીના દર્શનના

આ બંને તીર્થો પર આધુનિક સુવિધાઓની સુસજ્જિત વિશાલ ધર્મશાળા તથા ભોજનશાળાની સુવ્યવસ્થા છે.

લિ. કરેડા પાર્શ્વનાથ તીર્થ કમિટિ

ભુપાલસાગર (રાજસ્થાન) [ફોન નં. ૩]

નમ્રતા ગુણ, બીજાની વર્તણુંક ઉપર પણ અસર કરવા શકિતમાન છે.

ભાઈ પાટણવાળા એન્ડ પાર્ટી દ્વારા રાજસ્થાની, હિન્દી તેમજ | લિ. કરેડા પાર્શ્વનાથ તીર્થ કમિટિ

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીનો ૬૪મો સ્વર્ગારોહણ

મુંબઇ-ગોડીજીમાં ભવ્ય ઉજવણી

"શ્રીમદ્ બુદ્ધિસાગરજી વિશ્વ વિરલ દિવ્ય વિભૂતિ હતા, તેઓ બુદ્ધિના સાગર નહિ, પરંતુ મહાસાગર હતા," ઉપરોક્ત શબ્દો અખિલ ભારતીય જૈન શ્વેતાંબર કોન્ફરન્સના પ્રમુખ શ્રી દીપચંદભાઈ ગાર્ડીએ પૂજ્યપાદશ્રીની ૬૪મી સ્વર્ગારોહણ જયંતિની ઉજવણી પ્રસંગે ઉચ્ચાર્યા હતા.

શ્રી પરાગ જૈન યુવક મંડળ અને શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળના સંયુક્ત ઉપક્રમે ગોડીજી જૈન ઉપાશ્રયમાં ગુરૂવાર તા. ૨૨-૬-૮૯ના રોજ ગચ્છાધિપતિ આચાર્ય સુબોધસાગરસૂરીશ્વરજીની પાવન નિશ્રામાં ગુણાનુવાદનો આ સમારોહ યોજાયેલ.

શ્રી દીપચંદ ગાર્ડીએ મંગલદીપ પ્રગટાવી અને શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીના ભવ્ય તૈલચિત્ર તેમજ પ્રતિમાને હાર પહેરાવી સમારંભનો શુભ પ્રારંભ કર્યો હતો.

જૈન-જૈનેતરોથી ખીચોખીચ ભરાયેલા શ્રી ગોડીજી જૈન ઉપાશ્રયમાં મુંબઈના અનેક અગ્રગણ્ય જૈન આગેવાનોની ઉપસ્થિતીમાં શ્રીમદ્જીનું નામ કાયમી અમર રહે તે માટે મુંબઈના કોઇપણ જાહેર માર્ગની સાથે પૂજ્યપાદશ્રીનું નામ જોડવાની ઉપસ્થિત નગરસેવકો શ્રી રાજપુરોહીત અને શ્રી યુસુફ ઝવેરી સમક્ષ શ્રી પરાગ જૈન યુવક મંડળે દરખાસ્ત કરી હતી. જેનો બન્ને નગરસેવકોએ સ્વીકાર કર્યો હતો.

પ. પૂ૦ ગચ્છાધિપતિ આ૦શ્રી સુબોધસાગરસૂરીશ્વરજી, પૂ૦ આ૦ નિત્યોદયસાગરસૂરીશ્વરજી મ૦સા૦, પૂ૦ આ૦ મનોહરકીર્તિ સાગર મ૦સા૦, પૂ૦ સંયમસાગરજી તથા પૂ૦ ઉદયકીર્તિસાગરે પૂજ્યપાદશ્રીના જીવન અને કવન ઉપર પ્રકાશ પાથર્યો હતો.

શ્રી હરીભાઇ કોઠારી, અભય શાહ, જે. આર શાહ, ધીરજલાલ મોહનલાલ શાહ, પ્રો. રમણલાલ સી. શાહ સહિત અનેક અગ્રગણ્ય સામાજીક, રાજકીય વ્યક્તિઓએ શ્રદ્ધાંજલી અર્પણ કરી હતી

શ્રી પરાગ જૈન યુવક મંડળના શ્રી સુરેન્દ્ર કે. શાહે સમારોહનું સુંદર સંચાલન કર્યું હતું.

પૂજ્ય આચાર્યદેવશ્રીનો ચાતુર્માસ પ્રવેશ અત્રે ગોડીજીમાં તા. ૨૧ના ભવ્ય રીતે થયેલ.

મૈસુરમાં પણ યોગનિષ્ઠની ઉજવણી

યોગનિષ્ઠ આચાર્યશ્રીના જીવનની વિશેષતામાં તેમણે આધ્યાત્મિક સાધનાની સાથે સાથે સાહિત્યક્ષેત્રે પણ અપૂર્વ પ્રકાશ પાથરેલ છે.' ઉપરોકત શબ્દો મૈસુર (કર્ણાટક)માં પૂ૦ આ૦ શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી દ્વારા ગુણાનુવાદ કરતા કહેલ.

શ્રી સુમતીનાથ જૈન શ્વે. મૂ૦ પૂ૦ સંઘ દ્વારા આ ગુણાનુવાદ યોજાયેલ. આ પ્રસંગે મૈસુરના ભૂતપૂર્વ-મહારાજા સાહેબ સાથે ડાયરેકટ જનરલ ઓફ પોલીસ શ્રી વીરભદ્રૈયા પણ પધારેલ. જે આચાર્યશ્રીના પ્રવચનથી પ્રભાવીત થયેલ. તેમણે પણ યોગનિષ્ઠ પ્રત્યે શ્રદ્ધાંજલી અર્પિત કરેલ.

પાલીતાણામાં ભક્તિ પગલા

શેઠ આણંદજી કલ્યાંણજી પેઢી દ્વારા લૉટરી સીસ્ટમ અપાતા તલેટી ભાતાખાતામાં અપાતા ચા ઉકાળા તથા ભાતાખાતામાં સાધુ ભગવંતો સાધ્વીજી ભગવંતો ને ભક્તિ માટેનું તથા ગિરિરાજ પરથી યાત્રા કરી આવતા યાત્રિકો માટે આણંદજી કલ્યાણજી પેઢી ભાતા ઘરમાં ચા ઉકાળાની તીથી કાયમી તીથી સંઘવી શ્રીમતી લક્ષ્મીબેન ટોકરશીભાઇ લાલકાના નામે મળેલ હતી તે દિવસે ભક્તિ કરવા તેઓ શ્રી પાલીતાણા પધારેલ હતા. ઉત્સાહપૂર્વક ભક્તિનો લાભ લીધેલ હતો.

જેઠ વદી-૪ના સંઘવી ટોકરશીભાઇ આણંદજીભાઇ લાલકા તરફથી શેઠ મોતીસુખીયા ધર્મશાળાના રસોડે ખાસ સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબોનું તથા યાત્રિકોની ભક્તિનું ભવ્ય આયોજન કરવામાં આવેલ એ ભક્તિ બાદ સંઘ પુજન પણ રાખવામાં આવેલ હતું એ દિવસે સાંજના પુજ્ય સાધ્વીજી મહારાજ જયાનંદશ્રીજી મ૦ સા૦ની તબિયતની નાદુરસ્તીના કારણે શેત્રુંજય હોસ્પીટલમાં દાખલ કરાયેલ હોઇ તેઓની વયાવચ્ચ માટે પણ હોસ્પીટલ ગયેલ હતા.

તા. ૩૦-૬-૮૯ના કલાવિશારદ પુજ્ય આચાર્યદેવશ્રી વિજય યશોદેવસુરી મહારાજ શ્રી કાકુભાઈ બ્રહ્મભટના નિવાસસ્થાને પધાર્યા હતા. લોકોની મોટી સંખ્યામાં હાજરી હતી.

ચામુંડેરી (રાજ.)માં વિશ્વશાંતિ મહાપૂજા

અત્રે વિશ્વશાંતિ, રાષ્ટ્રશાંતિ તથા હેજાબહેન હેંજમલજીના આત્મશ્રેયાર્થે પરમ પૂ૦ જૈનાચાર્યશ્રી ગુણરત્નસૂરીશ્વરજી મ૦ સા૦ની શુભ નિશ્રામાં શાંતિસ્નાત્ર મહાપુજાનું ગત [illegible] જુલાઇના આયોજન કરવામાં આવેલ. શ્રી પૌરજન્ય શાંતિર્ભવતુ, શ્રી બ્રહ્મલોકસ્ય શાંતિર્ભવતુ આદિ મંત્રો દ્વારા રાષ્ટ્રશાંતિ અને વિશ્વશાંતિ અર્થેના બહુજન હિતાર્થે તેમજ બહુજન સુખાર્થેના આ કાર્યક્રમમાં પિન્ડવાડા, બેડા, નાના વગેરે ગામોના ભાવિકોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો

પૂ૦ આચાર્યશ્રી આદિની શુભ નિશ્રામાં શ્રી હેંજમલજી તથા સ્વ. શ્રી હેજાબાઇના આત્મશ્રેયાર્થે શ્રી શાંતિસ્નાત્ર સહિત પંચાન્હિકા જિનેન્દ્ર ભક્તિનું આયોજન તા. ૨૭-૬ થી [illegible]-૭ જુલાઇ દરમ્યાન વિવિધ કાર્યક્રમોસહ કરવામાં આવેલ.

ડાહ્યા મનુષ્યે આઠ માસ એવું કૃત્ય કરવું કે જેથી ચોમાસામાં ચાર માસ એક સ્થળે રહી શાંતિથી ધર્મકૃત્ય કરી શકાય.

'જૈન' પત્ર માટે મમતા ભર્યો પત્ર...

તંત્રીવર્યશ્રી મહેન્દ્રભાઈ,
જૈન ઓફીસ-ભાવનગર,
સાદર જયજિનેન્દ્ર,

જત જણાવવાનું કે 'જૈન' પત્ર અમોને ઘણાય વર્ષોથી મળતું રહેલ છે. છેલ્લા છ/સાત વર્ષથી એમોએ લવાજમ ભરેલ નથી છતાં તમારૂ પત્ર મળતું રહે છે. તેમજ તેની વખતો વખત લવાજમની ઉઘરાણીના પત્રો પણ મળતા રહેલ. છતા મેં તેનો પ્રત્યુત્તર નથી આપેલ કે લવાજમ પણ મોકલાવેલ નથી. ત્યારે આ વખતે આપશ્રીનો ઉઘરાણી પત્ર આવવાથી આ સાથે બાકી રહેતા લવાજમની રકમ રૂા. ૧૨૦/- તથા આજીવન સભ્યના રૂા. ૫૦૧/- મળી રૂા. ૬૨૧/- નો ડ્રાફ્ટ આ સાથે મોકલાવેલ છે. જેની પહોંચ તુરત મોકલાવશો.

'જૈન' પત્રની ઉપયોગીતા, જ્યારે જ્યારે તેના વર્તમાન પ્રવાહો અંગેના લેખો-વિચારો જાણી ઘણોજ આનંદ થાય છે. સાથે સમાજ અને ધર્મ અંગેની પ્રવૃત્તિઓ અંગે આપશ્રીનો અંગુલીનિર્દેશ પણ ઉપયોગી હોય છે. સમાચારો માટે તો આપને ત્યાંથી જેટલી માહિતી-વિગતો મળે છે તેવી કોઇમાંથી પણ જાણવા મળતી નથી. જે પત્રો-માસીકો છે તે વ્યકિતગત કે સંસ્થાગત હોઇ તેનો વિકાસ ને વિસ્તાર તમારાથી પણ વધારે થવો જોઈએ પણ તે જોવા મળતો નથી. તેથી જ અમોએ જૈન પત્રના આજીવન સભ્ય બની 'જૈન' ચાલુ રાખવાનો નિર્ણય કરેલ છે. અમારા આ નિર્ણયને બીજાપણ અનુસરશે તેવી શ્રદ્ધા છે.

બીજુ આપશ્રી જણાવો છો કે 'જૈન' પત્રના મારી જેવા ગ્રાહકો અને જાહેરાતવાળાઓના મળીને રૂા. ૧,૦૦,૦૦૦/- (એકલાખ) જેવી રકમ બાકી રહે છે. તો આ અંગે મારૂં એક નમ્ર સૂચન છે કે આગામી પર્યુષણ પર્વના વિશેષાંક સમયે તમારો વિગતવાર હિસાબ પ્રગટ કરો. જે જાણી આપનો સ્નેહિ-વર્ગ તે માટે ઉપયોગી થશે.

'જૈન' પત્રના હાલના ચાલુ ગ્રાહકો જેમણે લવાજમ બરાબર ભરેલ છે, ભરતા રહેલ છે ને આજીવન સભ્ય હોય તેમની યાદી **નામાવલી આભારની યાદી સાથે છાપો.**

બીજું, આજ રીતે જૈન પત્ર તમો મોકલાવતા હો કે અગાઉ મોકલાવેલ હોય અને તેમનું લવાજમ બાકી રહેતું હોય તેમની પણ **બાકી રકમની નામાવલી વિગત સાથે પ્રગટ કરો.** જેથી આ ખોટ કે ઉણપ જે તમોએ જૈન ધર્મની પ્રભાવનારૂપ પત્ર મોકલી કરેલ છે. તેનું વળતર કોઇ ઉદાર દીલ દાનવીર-ટ્રસ્ટ કે સંસ્થા ભરપાઇ કરવા પ્રેરાય.

ત્રીજું આપશ્રી જે સંઘો-સંસ્થાઓને પત્ર મોકલો છો. તે જાણી આનંદ થાય છે કે નાના-મોટા સ્થાનોમાં સૌ કોઈ જૈન સંઘના સમાચારોથી માહિતગાર બની શકે તો તેવી જ રીતે મોકલતા રહેશો. પણ તેની યાદી જણાવશો. તે જાણી તેમના વતનના ગૃહસ્થો તેનું કાયમી લવાજમ ભરવા પ્રેરાશે, બાકી ભારતના દરેક ગામ-નગરોમાં જૈન પત્ર જવું જ જોઇએ તેમ હું માનુ છું.

ચોથું, આપણા ત્યાગી પૂજ્ય શ્રમણ-શ્રમણી ભગવંતોને પણ આપ જે રીતે 'જૈન' પત્ર ફ્રીમાં મોકલાવી રહેલ છો ત્યારે વિચાર આવે કે જે પૂજ્યની પ્રેરણાને નિશ્રામાં કાર્યો થાય છે તેમને કાયમી પત્ર મળતું રહે તેવી વ્યવસ્થા શ્રીસંઘ તથા ભક્ત-વર્ગોએ ઉપાડી લેવી જોઇએ, તમો પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજોને પત્ર મોકલાવતા હોય તેની યાદી પણ પ્રગટ કરશો તો તેનું લવાજમ ભરનારા અનેક ભાગ્યશાળીઓ બહાર આવશે.

આમ કરવાથી તમારી આર્થિક મુશ્કેલીઓ દૂર થશે. અને તમો જે સેવાભાવથી પત્ર પ્રકાશન કરો છો તેનો અમારી જેવાને ખ્યાલ આવશે. તેમજ બાકી રહેતી લવાજમની રકમ મળતા તમારું પ્રકાશન કાર્ય વધુ સરળ અને ઉપયોગી બની શકશે.

આ સાથે પાંચ નામ-સરનામાં મારા સગા-સ્નેહિના મોકલ્યા છે. તેમને 'જૈન' પત્ર મોકલાવવું શરૂ કરશો અને લવાજમ ભરવા પત્ર લખશો જેથી તેઓ મનીઓર્ડરથી લવાજમની રકમ મોકલી આપશે.

આ સાથેના રૂા. ૬૬૧/-ના મોકલેલ ડ્રાફ્ટની રસીદ મોકલશો. ગ્રાહક નંબર જુનો કે નવો જણાવશો.

(મુંબઈ) એજ લિ. કાંતિલાલ ચુનીલાલ

'જૈન' પત્રનો....

આગામી પર્વ પર્યુષણ પ્રસંગે સચિત્ર 'પ્રતિક્રમણ - વિશેષાંક'

જેમાં : પ્રતિક્રમણ એટલે શુ....? તેના પ્રકારો ...! તે ક્રિયામાં કેવી રીતે વર્તવું....? એમાં શું શું હકીકત આવે છે. શા હેતુથી તે ક્રિયા કરવી....! તેમાં બોલાતા સૂત્રો, અમુક સૂત્રો પછી અમુક સૂત્રો શા માટે...? આવશ્યક સૂત્રમાં શું આવે છે... પ્રતિક્રમણની કથાઓ વગેરે માહિતી સભર વિશેષાંક.... વિશેષ માહિતી માટે.... લખો.... 'જૈન ઓફિસ'

ન્યુ દાણાપીઠ, પોસ્ટ બોક્ષ નં. ૧૭૫, ભાવનગર-૩૬૪ ૦૦૧

જેમ જેમ માન, સન્માન, પૈસાની ઇચ્છા વધતી જશે તેમ તેમ વગર નોતરેલું દુઃખ હાજર થશે.

Regd. No. BV. G. 20
JAIN OFFICE : P. Box No. 175
BHAVNAGAR-364001 (Gujarat)
Tele. O. C/o. 29919 R. C/o. 25869

જૈન

આજીવન સભ્ય : રૂા ૫૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૫૦/-
પરદેશ એક વર્ષ : રૂા. ૭૦૦/-
સમોસોર પેજરનો : રૂા. ૫૦૦/-

સ્વ. તંત્રી ગુલાબચંદ દેવચંદ શેઠ
તંત્રી–મુદ્રક–પ્રકાશક–માલીક :
મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
જૈન ઓફિસ, પો બો. નં. ૧૭૫, દાણાપીઠ, ભાવનગર

'જૈન' વર્ષ ૮૬
અંક : ૨૭

વીર સં. ૨૫૧૫ : વિ. સં. ૨૦૪૫ અષાઢ વદ ૩
તા. ૨૧ જુલાઈ ૧૯૮૯ શુક્રવાર
મુદ્રણ સ્થાન : શ્રી જૈન પ્રિન્ટરી
દાણાપીઠ પાછળ, ભાવનગર-૩૬૪ ૦૦૧

દાખલારૂપ પગલું

સજાના ભોગ બનવું જેમ કોઈને ગમતું નથી. તેમ બીજાઓને સજા કરવાનું કામ પણ કંઈ સુખદ કાર્ય નથી, મોટે ભાગે ભારે મનથી થઇ શકે એવું અણગમતું એ કામ છે. અને છતાં સમાજને વ્યવસ્થિત રાખવા માટે "બળીયાના બે ભાગ"ના જંગલના કાયદ નું નિયંત્રણ કરવા માટે અને સમાજમાં ન્યાય–નીતિની પ્રતિષ્ઠા અને રક્ષા કરવા માટે આ બન્ને અણગમતી બાબતોને આવકાર્યા વગર ચાલતું નથી. અન્યાય, અત્યાચાર કે અનાચાર આચરનારને સજાના ભોગ બનવું પડે છે; અને એવી ગેરવર્તણુંક દાખવનાર ઉપર સજાનો ભાર પણ લાદવો પડે છે. ગુનેગારીને વધતી અટકાવવા માટે સજા એ સર્વમાન્ય ઈલાજ છે.

સમાજ વ્યવસ્થામાં સજાનું આવું અનિવાર્ય સ્થાન હોવાને કારણે. સજાના નિયમોનું ઘડતર કરવા માટે તેમ જ નિયમોને અમલી બનાવવા માટે, રાજસત્તાનો પ્રાદુર્ભાવ થયો હતો, એમ કહી શકાય. આગળ જતાં રાજસત્તાએ કંઈક આગવું અને અમુક અંશે અનિચ્છનીય રૂપ ધારણ કર્યું, અને એ સમાજની રક્ષાનો એનો મૂળભુત માર્ગ ચૂકીને પ્રજા પીડનના માર્ગે વળી ગઈ એ વળી બીજી વાત થઇ. પણ એનું મુખ્ય કામ તો ગુનાહિત તત્ત્વોને સજા કે નિયંત્રણ દ્વારા નાથીને સમાજને ભયમુક્ત બનાવવો એ જ હતું. ભયમુક્ત માનવસમાજ જ વિકાસ સાધી શકે છે, એ સહેજે સમજી શકાય એવી વાત છે.

માનવ સમાજની સુવ્યવસ્થાના વિચારમાંથી જેમ રાજસત્તા અસ્તિત્વમાં આવી, તેમ માનવસમાજના અભ્યુદય અને કલ્યાણના વિચારમાંથી ધર્મભાવનાનો જન્મ થયો; અને એ ધર્મભાવનાનું જ આગળ જતા ધર્મસત્તા રૂપે રૂપાંતર થયું. અને તેથી રાજ્યસત્તાની જેમ, ધર્મસત્તાને પણ જીવનશુદ્ધિ કે આચારશુદ્ધિ દ્વારા સંઘ કે સમાજની શુદ્ધિને ટકાવી રાખવા માટે, વિધિ-નિષેધરૂપે સંખ્યાબંધ નિયમો, ઉપનિયમો અને વ્રતોનું ઘડતર કરવું પડયું; અને જુદી જુદી કક્ષાના ધર્મારાધકો અને આત્મસાધકોને અનુલક્ષીને જુદા જુદા પ્રકારની આચારસંહિતાઓ રચવી પડી. તત્ત્વજ્ઞાનની જેમ આ વિધિ–નિષેધ, નિયમો, ઉપનિયમો, વ્રતો અને આચારસંહિતાઓ આપણા સંખ્યાબંધ પ્રાચીન ધર્મશાસ્ત્રોમાં સંગ્રહાયા અને સચવાયા છે.

આ રીતે ધર્મશાસ્ત્રો ભલે આપણી આચારસંહિતાઓનું જતન કરનારા પેટી–પટારા (પિટક) હોય, અને એ દ્વારા સૈકાઓ વીતવા છતાં એની પરંપરા સચવાઈ રહીને આપણને વારસારૂપે મળી હોય, પણ એ આચારસંહિતાઓનો ખરો આત્મા તો સજાગપણે એણે જીવનમાં એટલે કે આચરણમાં ઉતારવી એ જ છે. જેટલે અંશે આચારસંહિતાઓ અને જીવન એકરૂપ બને એટલે અંશે ધર્મનું તે જ, સંઘનું હીર અને વ્યક્તિની નિર્મળતા વધે અને ધર્મશાસ્ત્રોની ચરિતાર્થતાનો જાત અનુભવ થાય. વ્યક્તિ અને સંઘના જીવન વ્યવહારથી અલગ પડી ગયેલાં ધર્મશાસ્ત્રો અને ધાર્મિક અનુશાસનો કેવળ ભૂતકાળનો એટલે કે ઇતિહાસનો જ વિષય બની જઇને, પ્રાણ વગરના કલેવર જેવા બની જાય છે. આવું ન બને અને ધર્મભાવનાની જ્યોત જીવનમાં ઝળહળતી રહીને અંતિમ સાધ્યના માર્ગનું સુભગ દર્શન કરાવતી રહે એટલા માટે તો તીર્થંકર ભગવાને પળમાત્રનો પણ પ્રમાદ ન કરતા

સતત જાગૃત રહેવાનું ઠેરઠેર અને વારંવાર કહ્યું છે. ધર્મભાવના એવી તો સુકુમાર અને સૂક્ષ્મ વસ્તુ છે કે લેશ પણ પ્રમાદ સેવ્યો કે એને ક્ષતિ પહોંચી જ સમજો.

પણ જ્યારે આવી સુકુમાર અને સૂક્ષ્મ ધર્મભાવનાને સમાજ-વ્યાપી બનાવવામાં આવે છે, અને એનું પાલન એક આખો સંઘ કરવા લાગે છે ત્યારે પરિસ્થિતિ પલટાઈ જાય છે. અને એ ભાવનાને નુકશાન પહોંચવાનો વધારે ભય ઉભો થાય છે ધર્મ-ભાવના પ્રત્યે અનુરાગ હોવા છતાં બધી વ્યક્તિઓની એને જીવનમાં ઉતારવાની તમન્ના અને એને ટકાવી રાખવાની જાગૃતિ એકસરખી હોતી નથી, એટલું જ નહીં એમાં કેટલીક તકસાધુ વ્યક્તિઓ પણ પ્રવેશી જઈને આંતર અને બાહ્ય જીવનની વિષમતા દ્વારા ડોળાણ ઊભું કરે છે; સાથે સાથે શરૂઆતમાં સાચી ભાવનાનું ભાતું લઈને ચાલેલી વ્યક્તિઓનું ભાતું ખૂટી જતાં એમનામાં પણ આચાર શૈથિલ્ય પ્રવેશ કરવા લાગે છે. આ અને આવા બીજા કારણોને લીધે સંઘ શરીરની તંદુરસ્તી જોખમાયા વગર રહેતી નથી.

જેમ વ્યક્તિનું શરીર તેમજ સંઘ કે સમાજના શરીરનું સમજવું. રોગગ્રસ્ત શરીરની શક્તિ જેમ દિવસે દિવસે ઘસાતી જાય છે, એ જ રીતે જે સંઘ કે સમાજમાં આચારની શિથિલતા, ગેરશિસ્ત અને સ્વેચ્છાચાર પ્રવેશી જાય છે અને વધવા લાગે છે તે સંઘ અને સમાજ કમતાકાત બનીને પોતાના વર્ચસ્વ અને પ્રભાવને ગુમાવતો જાય છે. સમાજરચના અને સંઘવ્યવસ્થાની સ્થિતિ એવી તો વિચિત્ર હોય છે કે એમાં વ્યક્તિની ભુલનું માઠું ફળ કેવળ એક વ્યક્તિને જ નહિ પણ થોડા-ઝાઝે અંશે સમૂહને ભોગવવું પડે છે—પાડાનો વાંક જાણે પખાલીને ભારે પડી જાય છે!

વળી, રાજસત્તા અને ધર્મક્ષેત્ર વચ્ચે એ પણ એક મોટો તફાવત છે કે રાજસત્તામાં કાયદો અને વ્યવસ્થાને બળે વ્યક્તિ ઉપર નિયંત્રણ લાદી શકાય છે, જ્યારે ધર્મક્ષેત્રમાં ધર્મશાસ્ત્રો અને ધર્મગુરુઓ અમુક અંશે આવું નિયંત્રણ વ્યક્તિ ઉપર મૂકી શકે એમ હોવા છતાં મોટા ભાગનું નિયંત્રણ વ્યક્તિએ પોતે જ પોતાની જાત ઉપર મૂકવાનું હોય છે. અને દુનિયાભરના નિયંત્રણો બીજાઓ ઉપર લાદવાં એટલાં મુશ્કેલ નથી, જેટલું પોતાની મેળે પોતાની જાત ઉપર નિયંત્રણ મૂકવાનું મુશ્કેલ છે. આ દ્રષ્ટિએ પણ ધર્મસંઘમાં વ્યક્તિઓના પોતાના દોષોને કારણે અવ્યવસ્થા ઉભી થવાનો ઘણો ભય કે સંભવ રહેલો છે. એટલે આવી જોખમ ભરેલી સ્થિતિમાં ધર્મની અને સંઘની શુદ્ધિ તેમ જ શક્તિને ટકાવી રાખવાનું કામ સવિશેષ મુશ્કેલ બની જાય એ સ્વાભાવિક છે.

જ્યારે ધર્મક્ષેત્રની સ્થિતિ આવી આળી અને જોખમથી ભરેલી હોય ત્યારે એની શક્તિ અને પવિત્રતાને સાચવી રાખવા માટે ખૂબ સજાગ અને પ્રયત્નશીલ રહેવામાં આવે તો જ મહામુશ્કેલીએ થઈ શકે એવું કઠણ આ કામ છે. અને એમાં સૌથી પહેલી કે મોટી વાત કોઈ પણ દોષપાત્ર વ્યક્તિ નિઃશંક થઈને દોષનું ઉત્તરોત્તર વધુને વધુ સેવન કરવા પ્રેરાઈ એવા વાતાવરણનો અંત લાવીને એ આત્મનિરીક્ષણ કરીને થયેલ ભૂલનું પ્રાયશ્ચિત સાચા દિલથી કરવા પ્રેરાય એવું વાતાવરણ ઊભું કરવું એ છે. આ રીતે જો એ પોતાના દોષનું પરિમાર્જન કરવા તૈયાર ન હોય, અને સાધુ જીવનને કેવળ સ્વચ્છંદપૂર્વક વર્તવાનું વાહન જ બનાવી રહેલ હોય, ત્યારે એની સાનને ઠેકાણે લાવવાનો અને એની સાન કદાચ ઠેકાણે ન આવે તો પણ સંઘના હિતની રક્ષા કરવાનો સર્વમાન્ય ઉપાય એ જ છે કે એવા દોષપાત્ર વ્યક્તિને યોગ્ય અને આકરી શિક્ષા કરવામાં આવે. અને આવી શિક્ષા પણ એને સુધારવામાં નાકામિયાબ થતી લાગે તો છેવટે, એક અંતિમ ઉપાય તરીકે, એવી ઉન્મત્ત વ્યક્તિને સંઘના એક એકમ તરીકે મળતો બધો લાભ બંધ કરીને સંઘને એવી દૂષિત વ્યક્તિઓના કુસંપર્કથી બચાવી લેવામાં આવે.

હમણાં હમણાં આપણા શ્રમણ સમુદાયમાં ચિંતા ઉપજાવે એટલા પ્રમાણમાં જે શિથિલતા, ગેરશિસ્ત અને નિર્ણાયકપણું જોવા મળે છે તે સત્વરે ડામવા જેવા છે પણ વિશેષ ખેદની વાત એ છે કે જેમ જેમ આ સ્વચ્છંદાચાર, શિથિલતા અને ગેર-શિસ્ત વધતા જાય છે, તેમ તેમ અરસ-પરસની આમન્યાનો વધુ લોપ થતો જાય છે; અને અત્યારે તો હાલત એવી બની ગઈ છે કે જાણે કોઇ કોઈને ભાગ્યે જ કંઈ કહી શકે છે કે એનું અનુ-શાસન કરી શકે છે! પરિણામે સંઘનું આખું કલેવર વેરવિખેર બની જવા બેઠું હોય એવું લાગ્યા કરે છે.

આવી ભયંકર સ્થિતિમાંથી ધર્મને અને સંઘનો ઉગારી લેવાનો એક માત્ર માર્ગ એ જ છે કે ગુનો કરવા તરફ ઢળતી વ્યક્તિને એ તરફથી પાછી વાળવાનો પૂરેપૂરો પ્રયત્ન કરવો; અને એ માટે પૂરી તક પણ આપવી; અને છતાં પરિસ્થિતિ સુધરતી ન લાગે તો એવી વ્યક્તિને મળતો સંઘભક્તિનો લાભ સદંતર બંધ કરવામાં આવે.

અત્યારે આવી ભૂલોનું પ્રમાણ પહેલાં કરતાં વધારે હોવા છતાં, જાણે આપણે અસહાય કે લાચાર બની ગયા હોઇએ એમ, એની સામે મોટે ભાગે ચૂપકીદી જ સેવવામાં આવે છે. નજરો-નજર ગુનો થયાનું જાણવા છતાં એવી વ્યક્તિઓની નશ્યત કરવાની કે એવી વ્યક્તિઓથી શ્રીસંઘને ચેતવી દેવાની આપણી હિંમત જ જાણે ઓસરી ગઈ છે! અત્યારે આપણા સંઘની આવી દુઃખદ અને કમજોર સ્થિતિ છે.

સમાજના કે જગતના ભલા કરવા માટે તું જે કાંઇ પણ પ્રવૃત્તિ કરે તેનું ફળ જોવાની ઉત્કંઠાનો ત્યાગ કર.

આવી રીતે તેમાં કોઈ મુનિ સમુદાયના નાયક પોતાના સમુદાયનાં અયોગ્ય સાધુને શિક્ષા કરવા તૈયાર થાય કે એવી વ્યકિતથી સાવધાન રહેવાની ચેતવણી આપવા જેવી દૂરંદેશી દાખવે તો એ ઘટના જરૂર આવકારદાયક અને દાખલારૂપ બની રહે એમાં શંકા નથી.

સ્થાનકવાસી શ્રમણ સંઘના આચાર્યશ્રી આનંદઋષિજી મ૦ સા૦ એ જે સાધ્વીજીઓ વાહન–વિહાર અને વિદેશ ગમન અંગે વિચરતા હોય તેમને શ્રમણ સંઘમાંથી બહાર (નિષ્કાસિત) કરી દીધેલ છે. તે તથા કોન્ફરન્સે જે ઠરાવ કરેલ છે.

વાહનવિહાર અને વિદેશગમન અંગે મહત્વના નિર્ણય

અહમદનગર (મહારાષ્ટ્ર) માં અ. ભા. શ્વે. સ્થા. જૈન કોન્ફરન્સ, દિલ્હીની કાર્યકારિણીની એક મીટીંગ તા. ૧૮–૬–૮૯ના રોજ મળી હતી.

આ સભામાં સર્વાનુમતે નીચે મુજબનાં નિર્ણયો લેવામાં આવ્યા હતા. (૧) સમસ્ત સ્થાનકવાસી જૈન સમાજનાં શ્રાવક અને શ્રાવિકાઓને અનુરોધ કરવામાં આવે છે કે જે સ્થાનકવાસી સાધુ–સાધ્વીજી દેશ કે વિદેશમાં વાહન–વ્યવહારનો ઉપયોગ કરે છે (વૃદ્ધાવસ્થા કે માંદગીનાં અપવાદને છોડીને) તેમને સાધુ સમજીને વંદના-વ્યવહાર ન કરવો તથા તેમને ઉપાશ્રયમાં ઉતરવા ન દેવા તેમ જ તેમની સાથે કોઈપણ પ્રકારનો સંપર્ક ન રાખવો. (૨) શ્રમણ સંઘના સાધ્વીજી મધુસ્મિતા તથા જયસ્મિતા વિદેશ જવાની તૈયારીમાં છે અને તેઓએ શ્રમણ સંઘના પૂ૦ આચાર્યશ્રી આનંદઋષિજી મ૦ સા૦ની સ્પષ્ટ મના હોવા છતાં પણ વિદેશ વિચાર છોડયો નથી, તેથી કોન્ફરન્સની કાર્યકારિણીનાં અનુરોધથી પૂ૦ આચાર્યશ્રીએ આ બંને સાધ્વીજીઓને શ્રમણસંઘમાંથી બહાર (નિષ્કાસિત) કરી દીધેલ છે. તેની સાથે તેઓને અનુરોધ કરવામાં આવેલ છે કે વિદેશ જતાં અથવા વાહનનો ઉપયોગ કરતા પહેલાં તેઓ ગુચ્છો, રજોહરણ અને મુહપત્તિ શ્રી સંઘને સમર્પિત કરી દે.

—પુખરાજ એચ. લુંકડ, પ્રમુખ (દિલ્હી–કોન્ફરન્સ)

તે વર્તમાન પરિસ્થિતીમાં દાખલારૂપ હોઇ શ્વેતામ્બર સમાજ શ્રમણ સંમેલનના પ્રવર્તકોને શ્રમણ સંઘનો આચાર્ય સંઘ પણ કાંઇક કરશે તો ઉપયોગી થશે.

શરીરના સડેલા અંગને સૌથી પહેલાં શુદ્ધ કરવાનો પ્રયત્ન કરવો, અને એ પ્રયત્ન સફળ ન થાય તો એ અંગને કાપીને દૂર કરી દેવું, પણ શરીરમાં સડો વધે એવું જોખમ મુદ્દલ લેવું નહીં એવી જ આ વાત છે. અને એ રીતે જ આપણા ધર્મ અને સંઘનું તેજ અને બળ ટકાવી શકવાના છીએ. એ જ આ કથનનું હાર્દ છે.

વિકૃત રજૂઆત

'અભિષેક' માં શ્રી અશોક દોશીનું એક લખાણ પ્રગટ થયેલ છે. તેમાં લખવામાં આવ્યું છે કે આચાર્ય સમ્રાટ પૂ૦ આનંદઋષિજી મ૦ સા૦ એ શ્રમણ સંઘના સાધુ–સાધ્વીજીઓને ધર્મ પ્રચાર માટે વાહનનો ઉપયોગ કરવાની લેખિત મંજુરી આપી દીધી છે.

આ લખાણ પૂ૦આચાર્યશ્રીના મૂળ લખાણનું વિકૃત સ્વરૂપ છે.

શ્રી સુશીલજી તરફથી પૂ૦ આ૦ શ્રી આનંદઋષિજી મ૦સા૦ની સેવામાં તા. ૨૭–૫–૮૯ના રોજ એક પત્ર લખવામાં આવ્યો હતો; તેમાં સ્પષ્ટ જણાવવામાં આવેલ છે કે : 'સ્થાનકવાસી **જૈન મુનિના પ્રતિક–મુખ વસ્ત્રિકા, રજોહરણ, એવો રાખવામાં નહિ આવે અને પોતાના નામ આગળ 'મુનિ' શબ્દનો પ્રયોગ કરવામાં નહિ આવે તે ભૂમિકા પર ધર્મ પ્રચારના રૂપમાં અર્હત સંઘની સ્થાપના કરવામાં આવનાર છે.** આ ભૂમિકાવાળા સંઘને આચાર્ય સમ્રાટના આશીર્વાદ માંગવામાં આવ્યા હતા.

આ પત્રના જવાબમાં પૂ૦ આચાર્યશ્રીએ એ મતલબનું લખાણ લખ્યું હતું કે 'તમોએ પત્રમાં જણાવ્યું છે તે મુજબ 'અર્હત સંઘ'ના સભ્યો પોતાને જૈન મુનિ તરીકે ઓળખાવે નહિ અને જૈન મુનિની વેશભૂષા તથા પ્રતિકો રાખે નહિ અને ધર્મ પ્રચારકના રૂપમાં ધર્મ પ્રચાર કરે તો જૈન સમાજને શું વાંધો હોઇ શકે....?'

આ ઉપરથી સ્પષ્ટ થશે કે પૂ૦ આચાર્યશ્રીએ શ્રમણ સંઘના પંચમહાવ્રતધારી સાધુ–સાધ્વીજીઓને વાહન વિહારની કે પરદેશગમનની સ્વીકૃતિ આપી નથી. કોઇ પોતાને જૈન મુનિ તરીકે ઓળખાવ્યા વિના અને જૈન મુનિની વેશભૂષા તથા પ્રતિકો રાખ્યા વિના ધર્મ પ્રચારકના રૂપમાં ધર્મ પ્રચાર કરે તો તેમાં પૂ૦ આચાર્ય કે અન્ય કોઇને કંઈ કહેવાનું રહેતું નથી.

'અભિષેક' માં ઉપર મુજબનો વિગતવાર ખુલાસો પ્રગટ થાય તેમ જૈન સમાજ ઇચ્છે છે

શ્રી અ. ભા. શ્વે. સ્થા. જૈન કોન્ફરન્સ, દિલ્હીના પ્રમુખ શ્રી પુખરાજજી જૈને 'અભિષેક'માં પ્રગટ થયેલ લખાણ અંગે સખત વિરોધ 'અભિષેક'ના તંત્રીશ્રી સમક્ષ નોંધાવેલ છે.

વાસ્તવિકતા એ છે કે આ વિકૃત રજુઆત સામે શ્રમણ સંઘના આચાર્ય સમ્રાટ પૂ૦ શ્રી આનંદઋષિજી મ૦ સા૦ નું નિવેદન 'અભિષેક' પત્રમાં તથા અન્ય પત્રોમાં પ્રગટ થાય તેવી અપેક્ષા સ્થા. સમાજ રાખે છે.

—એમ. જે. દેસાઈ

ભુતકાળમાં સારા કૃત્યો કરી જનારાની યાદગીરી માટે તેના નામ તથા બાવલાં તે પ્રજાનું ધન છે.

ભારતભરના સંઘો નિર્ણય કરે

મુંબઈ કોન્ફરન્સની અને મુંબઈ મહાસંઘની મે. કમિટીના તા. ૧૪-૬-૧૯૮૯ની સંયુક્ત બેઠકમાં થયેલ ઠરાવ

આજની મીટીંગમાં સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે જે સાધુ-સાધ્વીજીઓ વિદેશ જવાની પ્રવૃત્તિ કરતા હોય તેમ જ વાહન વ્યવહારનો ઉપયોગ કરતા હોય તેનો આજની સભા સખત વિરોધ કરે છે. તેમને શ્રી સંઘના ઉપાશ્રયમાં કે શ્રીસંઘ હસ્તકની વાડી-હોલ કે અન્ય જગ્યાએ ઉતરવા દેવા નહિ તેમ જ પૂ૦સાધુ-સાધ્વીજી તરીકે માન-સન્માન આપવું નહિં તેમ જ તેમના પ્રવચનો અન્ય કોઈ જગ્યાએ યોજાય તો તેમાં હાજરી આપવી નહીં.

આજે દીક્ષા પ્રસંગે કે ઉપાશ્રયમાં યોજાતા અન્ય ધર્મિક સમારંભોમાં વીડીયો કેસેટ ઉતારવાની કે ફોટા પડાવવાની પ્રવૃત્તિ થઈ રહી છે. તેનો આજની બેઠક સખત વિરોધ કરે છે. આ પ્રવૃત્તિ શ્રીસંઘે રોકવી.

જાહેર સ્થળોએ કોઇ સમારંભ યોજાય તો તે ગ્રાઉન્ડ લીલોતરી વિનાનું હોય તેની ખાત્રી કરી લેવી.

આજની સભા બૃહદ્ મુંબઇના સંઘોને તેમજ ભારતભરના સંઘોને અનુરોધ કરે છે કે તેઓ પોતપોતાના સંઘની મેનેજીંગ કમીટીમાં ઉપર મુજબનો પ્રસ્તાવ કરી તેનો ચુસ્તપણે અમલ કરાવવા જાગૃતિ સેવે.

—પ્રમુખ સ્થાનેથી

લુધિયાણા પંજાબ સ્થિત સુન્દરનગરમાં ઉજવાયેલ ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ

અત્રે સુન્દરનગર સ્થિત શ્રી શાંતિનાથ ભ૦ જિનાલયનો પ્રતિષ્ઠા મહોત્સવ જૈન દિવાકર, ક્ષત્રિયોદ્ધારક, વર્તમાન ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી વિજયઇન્દ્રદિન્નસૂરીશ્વરજી મ૦સા૦ આદિ વિશાળ શ્રમણ-શ્રમણિવૃંદ અને વિપુલ ભાવિકોની હાજરીમાં ગત તા. ૧૩-૭-૮૯ના ઉજવાયો હતો.

સાથે સાથે જ્ઞાનપ્રભાકર મુનિશ્રી જયાનંદવિજયજી મ૦ સા૦ ના શિષ્યરત્ન બાલ મુનિશ્રી જયકીર્તિવિજયજી મ૦ સા૦ની મોટી દીક્ષાનો પણ મહોત્સવ ધામધૂમપૂર્વક ઉજવવામાં આવ્યો હતો.

મૂળનાયક ભગવાન શાંતિનાથજીની પ્રતિષ્ઠાનો લાભ લુધિયાણા નિવાસી દાનવીર શેઠશ્રી અભયકુમાર અરૂણા ઓસવાલે (ઓસવાલ એગ્રો મીલ્સ-લુધિયાણા) લીધો હતો.

આ નિમિત્તે તા. ૬ જુલાઇથી ૧૪ જુલાઇ સુધી જુદી જુદી પૂજાઓ, વ્યાખ્યાન આદિ કાર્યક્રમોની ઉજવણી શાસન પ્રભાવનાપૂર્વક કરવામાં આવી હતી.

તા. ૧૬-૭-૮૯ને રવિવારના રોજ સંક્રાંતિ સમારોહની ઉજવણી પણ કરવામાં આવી હતી.

ગત તા. ૯-૭-૮૯ના રોજ પૂજ્ય આચાર્યશ્રીની શુભ નિશ્રામાં "વિજયઇન્દ્રનગર" માં શ્રી અભયકુમાર ઓસવાલ દ્વારા જૈન દેરાસર અને આવાસનો શિલાન્યાસ ભક્તિભાવ અને આનંદોલ્લાસપૂર્વક કરવામા આવેલ છે.

પૂ૦ આચાર્યશ્રીના અત્રેના લાંબા સમય બાદ આગમનથી શ્રીસંઘમાં આનંદનું વાતાવરણ ખડું થયું છે. દિન-પ્રતિદિન નવા નવા કાર્યક્રમોનું આયોજન શાસન પ્રભાવના પૂર્વક થતું રહે છે.

આમ, લુધિયાણાએ ભારત દેશનું એક પ્રસિદ્ધ ઔદ્યોગિકનગર છે. ઉનના વસ્ત્રો અને સાયકલ ઉદ્યોગ માટે, આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં પણ આ શહેરનું નામ મહત્વપૂર્ણ છે. પરંતુ વ્યાપાર અને ઉદ્યોગે શહેરને આ ખ્યાતિ અપાવી છે તો સાથે સાથે અહિંની ધાર્મિક જાગૃતિએ તેની પ્રસિદ્ધિને ચરમસીમાએ પહોંચાડયું છે.

ઇંગ્લેન્ડમાં કલિકાલસર્વજ્ઞ આચાર્યશ્રી હેમચંદ્રાચાર્ય વિષે કુમારપાળ દેસાઇના પ્રવચનો

વિદેશની ધરતી ઉપર પહેલી જ વાર જિનશાસનની પ્રભાવક વિભૂતિ વિષે ભવ્ય કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવેલ, કલિકાલ સર્વજ્ઞ આ૦ શ્રી હેમચંદ્રાચાર્યની ૯૦૦મી જન્મ શતાબ્દી નિમિત્તે સમગ્ર બ્રિટનની ઓગણીશ જેટલી સંસ્થાઓએ એકત્ર થઇને આ પ્રસંગની ભવ્ય ઉજવણી કરવાનું કર્યું હતું.

આને માટે જાણીતા સાહિત્યકાર અને જૈન દર્શનના અભ્યાસી ડૉ. કુમારપાળ દેસાઈને પ્રવચન આપવા ખાસ નિમંત્રણ અપાયેલ હતું. લંડન, માન્ચેસ્ટર અને લેસ્ટરમાં કલિકાલસર્વજ્ઞ આ. શ્રી હેમચંદ્રાચાર્યના જીવન અને સાહિત્ય વિશે પ્રવચન અપાયેલ. ગત તા. ૧૫-૧૬ જુલાઈના ડૉ. કુમારપાળ દેસાઈના મુખ્ય વક્તવ્ય સાથે કલિકાલસર્વજ્ઞ આ૦ શ્રી હેમચંદ્રાચાર્યના બે દિવસના સેમીનારનો પ્રારંભ થયેલ. જેમાં લંડન ખાતેના ભારતીય હાઇકમીશનર, મેયર અને પાર્લામેન્ટના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે હેમચંદ્રાચાર્યના પુસ્તકો તથા ભારતીય કલા-સંસ્કૃતિ દર્શાવતી અન્ય સામગ્રીનું પ્રદર્શન રાખવામાં આવેલ.

જરૂરી.........

અમારા માનવંતા ધર્મપ્રેમી ગ્રાહક બંધુઓ પાસે લવાજમ બાકી રહે છે તેમને ગત અંક સાથે તેમની બાકી લવાજમની વિગત સાથે પરીપત્ર મોકલાવેલ છે. તો તેઓશ્રી અવશ્ય તેમનું બાકી રહેતું લવાજમ મોકલાવી આભારી કરે

—વ્યવસ્થાપક જૈન

સ્વાર્થ છોડી પરમાર્થ બુદ્ધિથી જે કાર્ય કરવામાં આવે તે સમાજસેવા-દેશસેવા છે.

એક લાખનું ઈનામ મેળવો

રાજસ્થાનમાં વિશેષે કરી સિરોહી તેમજ પાલી જિલ્લામાં છેલ્લા ચાલીશ વર્ષથી અફવા ફેલાઇ રહી છે કે પ્રકૃતિને બાંધીને વરસાદને બાંધી છે, આ ભૂલ ભરી વાતોથી પ્રજાના મનમાં શંકા-કુશંકા પેદા કરી દીધી છે. જેમાં અભણ પ્રજાને ફસાવી દેવામાં આવી છે તપાસ કરીને એક વિદ્વાન પંડિતને જ્યારે પૂછવામાં આવ્યું કે જન્મ, મરણ, પાણી (વરસાદ) થવામાં આપનો શું ખ્યાલ છે. ત્યારે તેમણે આ પ્રકારના શ્લોકની રચના કરી—

"મરણ, ઘરણ, પાણી, વરાહુ કહે તિન નહિં જાની"

અગર કોઈ વ્યક્તિ ચાહે તે હિન્દુ, મુસ્લીમ, શીખ, ઈસાઇ, કે સંત, ફકીર, કે તાંત્રિક, માંત્રિક કે અન્ય જાતી યા ધર્મવાળાને પ્રકૃતિ વિરૂદ્ધ જન્મ, મરણ, વરસાદ અને કુદરતી આપત્તી દ્વારા વિનાશ થવો અથવા કોઈ પણ કાર્યનું થવું એ બુદ્ધિ ફેરવી જો સિદ્ધ કરી બતાવે તો તે મનુષ્યને એક લાખનું ઈનામ આપવામાં આવશે. દરેક પ્રાણી કર્મ પ્રમાણે ફળની પ્રાપ્તિ કરે છે. વરસાદ ન આવવાના ઘણા કારણ છે. (૧) કર્મનું ફળ (૨) જંગલોને કાપવાનું (૩) ભયંકર પાપોની વૃદ્ધિ (૪) હિન્દુ મહાસાગરની મૌસમ, આરબ સાગરની મૌસમ, બંગાળ ખાડીની મૌસમ આ ત્રણેયની મૌસમ એક થવાથી વરસાદ થાય છે. પરંતુ પૂર્વઘાટ આન્ધ્ર, પશ્ચિમઘાટ, કેરાલા, હિમાચલ, ઉત્તર ભારત આ ત્રણેય મૌસમને ખેંચી લે છે કેમ કે આ વિસ્તારોમાં જંગલ-ઝાડીઓ પુષ્કળ છે આથી જ આસામના ચેરાપૂંજીમાં ૯૦૦ ઇંચ જેટલો વરસાદ વરસી શકે છે.

વિનીત : અનારસિંહ ભગતસિંહ
૧૦, રેવડી બજાર, અમદાવાદ.

ખુડાલા (રાજસ્થાન)માં ચાતુર્માસનો ભવ્ય પ્રવેશ

પૂ૦ ગચ્છાધિપતિ આ૦શ્રી નવીનસૂરીશ્વરજી મ૦સા૦, આગમ તત્ત્વવેત્તા પૂ૦ આ૦શ્રી જિનભદ્રસૂરીશ્વરજી મ૦ સા૦, પ્રવચન પ્રભાવક પૂ૦ આ૦શ્રી હિરણ્યપ્રભસૂરીશ્વરજી મ૦સા૦, વિદ્વદ્વર્ય પૂ૦ પંન્યાસશ્રી યશોવર્મવિજયજી મ૦સા૦ આદિ વિશાળ શ્રમણ-શ્રમણિ ભગવંતોનો ખુડાલા નગરે ભવ્ય ચાતુર્માસ પ્રવેશ થયો છે.

પંન્યાસશ્રી યશોવર્મવિજયજી મ૦સા૦, વયોવૃદ્ધ પૂ૦ પ્રવૃદ્ધયશવિજયજી મ૦ તથા સાધ્વીશ્રી વિપુલમાલાશ્રીજીની આ જન્મભૂમિ હોવાથી તેમ જ ઘણા વખતે શ્રીસંઘને આ ચાતુર્માસનો ત્રિવેણી સંગમ રૂપ લાભ મળતા શ્રીસંઘમાં આનંદ પ્રવર્તી રહ્યો છે.

ચાતુર્માસ દરમ્યાન પંચમાંગ શ્રી ભગવતીસૂત્ર મહાન ગ્રંથનું વાચન થશે. સકલ સંઘને પધારવા આમંત્રણ અપાયું છે.

સંપર્ક : શ્રી જૈન શ્વેતાંબર ધર્મનાથ પાર્શ્વનાથ દેવસ્થાન ટ્રસ્ટ,
મુ. પો. ખુડાલા, સ્ટેશન ફાલના, (રાજસ્થાન)

શ્રી માણેકલાલ સવાણીને પુરસ્કાર

સવાણી ગ્રુપના પ્રબંધ નિર્દેશક શ્રી માણેકલાલ સવાણીને 'નહેરુ જન્મશતાબ્દી ઉત્કૃષ્ટતા પુરસ્કાર'થી સન્માનિત કરવામાં આવ્યા છે. આ પુરસ્કાર તેઓને લંડનમાં ગત તા. ૧૯ જુનના આપવામાં આવેલ. ઈન્સ્ટીટયુટ ઓફ શિરોમણી એવોર્ડઝ-લંડનના પોર્ટમેન ઈન્ટરનેશનલ હોટલમાં આયોજન કરવામાં આવેલ. આ સમારોહમાં આ પુરસ્કાર પ્રદાન કરવામાં આવેલ.

આ શુભ અવસરે એક કોન્ફરન્સનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેનો વિષય હતો 'ભારતીય અને નહેરુની દૃષ્ટિ'.

૧૯૭૭માં શરૂ કરવામાં આવેલ ઈન્સ્ટીટયુટ ઓફ શિરોમણી એવોર્ડઝ દેશભરના એ ભારતીયોને પ્રદાન કરવામાં આવે છે કે જેઓએ પોતાની ઉત્પાદનના ક્ષેત્રમાં ઉજ્જવલ કામકાજ કર્યું હોય.

'જૈન' પત્ર દ્વારા શ્રી માણેકલાલ સવાણીને અભિનંદન.

વિજયવાડા નગરે ચાતુર્માસ પ્રવેશ

શાસન પ્રભાવક આચાર્યદેવશ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ. સા.ને અત્રેના શ્રીસંઘની ચાતુર્માસ અર્થે વીનંતી કરવામાં આવતા પૂજ્યશ્રીએ અધ્યાત્મયોગી આચાર્યદેવશ્રી વિજયકલાપૂર્ણસૂરીશ્વરજી મ૦સા૦ ના પ્રશિષ્ય તપસ્વી મુનિરાજશ્રી દિવ્યરત્નવિજયજી તેમજ તેમના પ્રશિષ્ય મુનિરાજશ્રી અજિતશેખરવિજયજી તથા મુનિરાજશ્રી વિમલબોધિવિજયજી મ૦ સા૦ ને ચાતુર્માસ અર્થે અનુમતી આપતા ગત તા. ૯-૭-૮૯ના સંભવનાથ જૈન મંદિર, ટેમ્પલ સ્ટ્રીટ, વિજયવાડા નગરે ભવ્ય ચાતુર્માસ પ્રવેશ થયો છે.

સુરત-મોહનલાલજી જૈન ઉપાશ્રયમાં ચાતુર્માસ પ્રવેશ

પૂ૦ શ્રી મોહનલાલજી મ૦સા૦ના પંચમ પટ્ટધર સ્વાધ્યાય પ્રેમી ગચ્છાધિપતિ આચાર્યશ્રી ચિદાનંદસૂરિજી મ૦સા૦ના શિષ્યરત્ન પ્રવર્તક પ્રવક્તા શ્રી કિર્તીસેનમુનિજી, શ્રી ધર્મઘોષમુનિજી, શ્રી મંગળભદ્રમુનિજી તથા બાલમુનિશ્રી અક્ષયસુંદરમુનિજી આદિ ગત તા. ૧૨ જુલાઇના શ્રી મોહનલાલજી જૈન ઉપાશ્રય, ગોપીપુરા મેઈનરોડ, સુરત-૩ ચાતુર્માસ અર્થે પધાર્યા છે.

"પાલીતાણામાં ધર્મશાળા, દેરાસર, ઉપાશ્રય બાંધવા જમીન ખુલ્લા પ્લોટ, બંગલા, ફ્લેટ, ટેનામેન્ટ દુકાન, ઓફીસ વગેરે ખરીદવા તથા વેચવા માટે!"

બ્રહ્મભટ્ટ એસ્ટેટ એજન્ટ

હસમુખભાઈ એમ. બ્રહ્મભટ્ટ (સદસ્ય : નગરપાલીકા-પાલીતાણા)
શત્રુંજય પાર્ક, તલાટી રોડ, પાલીતાણા-૩૬૪૨૭૦
સમય : સવારે ૯ થી ૧૨ સાંજે ૪ થી ૯ ફોન ૪૧૪

કુદરતના ચક્કરની ભયંકર ઝપટ જેને લાગે છે તેઓ છતાં હૃદયે હૃદય વિનાના અને છતી બુદ્ધિએ બુદ્ધિ વિનાના થઇ જાય છે

શીવગંજ (રાજ.)મળેલ સર્વધર્મ સદ્દભાવ સંમેલન

મુનિરાજશ્રી અભયચંદ્રવિજયજી મ૦ સા૦ તેમજ મુનિશ્રી અણુમોલરત્નવિજયજી મં૦ સા૦ ના અત્રે ચાતુર્માસ પ્રવેશ નિમિત્તે ગત તા. ૨ જુલાઈના શ્રી પંચ પોરવાલ જૈન પેઢી દ્વારા આયોજન કરવામાં આવેલ સર્વધર્મ સદ્દભાવ સંમેલનની ઉજવણી જિલ્લા કલેકટરશ્રી, પોલીસ અધિકારીશ્રી, બેન્ક અધ્યક્ષશ્રી તથા કોંગ્રેસ (ઈ)ના સંયુક્ત મંત્રીશ્રી આદિ મહાનુભાવો તેમજ વિશાળ ભાવિક વર્ગોની વિશાળ ઉપસ્થિતિમાં ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે જુદા જુદા સમુદાયના સાધુ-સાધ્વીજી મહારાજો પણ પધાર્યા હતા.

ચાતુર્માસ ભવ્ય આરાધના :- નિયમીત સવારે ભકતામર પાઠનું વાંચન, ધર્મબિન્દુ ગ્રંથનું વાંચન, શ્રી મલયાસુંદરીચરિત્ર પર તાત્વિક પ્રવચન, રવિવારીય જાહેર પ્રવચન, આધ્યાત્મિક જ્ઞાન શિબીર, સામુદાયિક પ્રતિક્રમણ, સ્નાત્રપૂજા-ભાવના, વિશ્વ શાંતિ અર્થે ક્રમિક અઠ્ઠમતપ, શંખેશ્વરજી-ચંદનબાળાના અઠ્ઠમ, ગૌતમ સ્વામીના છઠ્ઠ, પર્વાધિરાજ પર્યુષણા મહાપર્વ, શાશ્વતી ઓળીની સામુહિક ભવ્ય આરાધના અને મહાપૂજનોનું આયોજન કરવામાં આવ્યું છે. અહિંયા પધારવાથી ૨૮ જૈન દેરાસરોના દર્શન અને પૂજાનો અમૂલ્ય લાભ લઈ શકાય છે.

જામનગરમાં સામુદાયિક સિદ્ધિતપની આરાધના

પૂજ્ય આ૦ શ્રી અશોકચંદ્રસૂરીશ્વરજી મ૦ આદિની શુભ નિશ્રામાં જામનગરને આંગણે સૌ પ્રથમવાર સામુદાયિક શ્રી સિદ્ધિ-તપની ભવ્ય આરાધનાનો પ્રારંભ અષાઢ વદ-૬ તા. ૨૪-૭-૮૯થી થનાર હોઈ સકળ શ્રી સંઘને આરાધના માટે પધારવા આમંત્રણ શ્રી વિશા શ્રીમાળી તપાગચ્છ જ્ઞાતિની પેઢી. ઠે : જૈન પાઠશાળા-જી.પી.ઓ. સામે, જામનગર સંપર્ક સાધવો.

ભોગીલાલ લહેરચંદ ઇન્સ્ટીટયુટ- દિલ્લી

અત્રે શ્રી વિજયવલ્લભ સ્મારક સ્થિત શ્રી ભોગીલાલ લહેરચંદ ઇન્સ્ટીટયુટ ઓફ ઇન્ડોલોજીના ચેરમેન શ્રી પ્રતાપરાય ભોગીલાલ તથા ગવર્નીંગ કાઉન્સીલના મેમ્બર્સ દ્વારા "પ્રાક્રિત વર્કશોપ" ના ધાર્મિક પ્રસંગની ઉજવણી ગત તા. ૯-૭-૮૯ને રવિવારે કરવામાં આવી હતી.

જેમાં શ્રી એલ. પી. શાહી (મીનીસ્ટર ફોર સ્ટેટ એજ્યુકેશન એન્ડ કલ્ચર-ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા) મુખ્ય મહેમાન તરીકે તથા ડો. મદનમીશ્રા - વાઇસ ચાન્સેલર, લાલબહાદુર શાસ્ત્રી કેન્દ્રીય સંસ્કૃત વિદ્યાપીઠ અતિથીવિશેષ તરીકે પધાર્યા હતા. પ્રમુખ સ્થાન પંડિત શ્રી દલસુખભાઇ માલવણીયાએ શોભાવ્યું હતું.

અમદાવાદ-મણીનગરમાં ચાતુર્માસાર્થે મંગલ પ્રવેશ

અમદાવાદ સ્થિત મણીનગર શ્વે. મૂર્તિપૂજક જૈનસંઘની આગ્રહભરી વિનંતીથી.

અષાઢ સુદી ૬ રવીવાર તા. ૯-૭-૮૯ના રોજ પ. પૂ૦ શાસનપ્રભાવક આચાર્યશ્રી વિજયભુવનશેખરસૂરીશ્વરજી મ૦સા૦, મુનિરાજશ્રી મહિમાવિજયજી મ૦ સા૦, તપસ્વી મુનિરાજશ્રી દેવેન્દ્રવિજયજી મ૦ સા૦ આદિ ચાતુર્માસાર્થે પધારતા શ્રીસંઘ તરફથી બેન્ડવાજા સાથે અભૂતપૂર્વ ભવ્ય સામૈયુ થયું. હતું. ગહુંલીઓ વિગેરે સારી થઇ હતી. શ્રી વાસુપૂજ્યસ્વામી જૈન દેરાસરજીમાં સામુહિક ચૈત્યવંદન કરવામાં આવેલ હતું. ઉપા-શ્રયના વિશાલ હોલમાં પ. પૂ. ગુરૂ ભગવંતો પધારતાં વ્યાખ્યાન હોલ શ્રોતાઓથી ચીક્કાર ભરાઇ ગયો હતો. પ. પૂ૦ આચાર્ય ભગવંતે મંગલ પ્રવચન આપેલ. જ્ઞાનપૂજન તથા ગુરૂપૂજન કરી સકલ સંઘે લાભ લીધો હતો. બે સંઘપૂજન થય હતા. મણી-નગર જૈન સંઘના ભાઇઓએ ગુરૂવંદનાર્થે આવેલ ભાઈ-બહેનોની સાધર્મિક ભકિતનો લાભ લીધો હતો.

તપસ્વીશ્રી ભીખાભાઈ દરજીએ ૬૮ ઉપવાસની ભાવનાથી જેઠ વદી ૧૧થી ઉપવાસની શરૂઆત કરેલ છે. મણીનગર જૈન સંઘના ભાઇઓ તથા ગુરૂભકતગણ તન, મન અને ધનથી ઉત્સાહ પૂર્વક સારો લાભ લઈ રહ્યા છે. અત્રે આયંબીલ ખાતું, ~~પાઠશાળા~~ સામયિક શાલા વિગેરે સુંદર રીતે ચાલે છે.

શ્રી નાગેશ્વર તીર્થે પધારો

શ્રી નાગેશ્વર તીર્થ ભારતમાં એક જ શ્રી પાર્શ્વનાથ ભ. ની કાયા ૧૫ ફુટ ઉંચી અને નીલવર્ણી સાત ફણાધારી કાયોત્સર્ગરૂપે પ્રાચીન પ્રતિમાજી બિરાજે છે.

હજારો યાત્રિકો દર્શનાર્થે પધારે છે. ભોજનશાળા ધર્મશાળા વિગેરેની સુવિધા છે. યાત્રિકોને આવવા માટે ચૌમહલા સ્ટેશને તથા આલોટથી બસ સર્વીસ મળે છે. અગાઉ સુચના આપવાથી પેઢીની જીપની વ્યવસ્થા થઈ શકશે. અઠ્ઠમ તપવાળા માટે પૂર્ણ વ્યવસ્થા છે.

(ફોન નં. ૭૩ આલોટ) —લિ. દીપચંદ જૈન સેક્રેટરી

શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ પેઢી

P. O. ઉન્હેલ ✵ સ્ટે. : ચૌમહલા [રાજસ્થાન]

'જૈન' પત્રના ગ્રાહકોને નમ્ર વિનંતી

જે ગ્રાહક બંધુઓએ ચાલુ વર્ષનું લવાજમ ન મોકલ્યું હોય તેમણે રૂા. ૫૦/- M.O. મોકલાવવા વિનંતી.

જે વખતે વિપરીત બનવાનું હોય છે તે વખતે ગમે તેવો શાણો મનુષ્ય પણ ગફલત ખાઈ જાય છે.

પાલીતાણા શત્રુંજય તીર્થની યાત્રાને વધુ મોંઘી બનાવતી સરકાર અને આ. ક. પેઢી

શ્રી શત્રુંજય ગીરીરાજની યાત્રા કરનાર યાત્રીકોને પડતી તકલીફો અને ડોળીવાળા દ્વારા થતાં ત્રાસ, તેના વધતા-ઘટતા ભાવો સામે સરકાર દ્વારા લાયસન્સ તથા ભાવનગર જિલ્લા મેજીસ્ટ્રેટે એક જાહેરનામા દ્વારા નિયમો અને ભાવો તા. ૧૭-૨-૮૭ ના રોજ જાહેર કરેલ.

આ અમલને હજુ બે જ વર્ષ થયા છે ત્યાં તો સરકારશ્રી અને આણંદજી કલ્યાણજી પેઢીની સમ્મતિ દ્વારા ફરી પાછા નવા (વધુ) ભાવો અમલમાં આવે છે. ભાવનગર જિલ્લા મેજીસ્ટ્રેટે જાહેરનામા વડે ફક્ત નિયમોમાં ભાવફેર કરી એક કીલો વજનના જુના ભાવ રૂા. ૧-૨૫ને બદલે નવા ભાવ રૂા. ૧-૭૫ ઠરાવેલ છે. નવા ભાવ મુજબ કારતક સુદ ૧૧થી અષાઢ સુદ ૧૫ દરમ્યાન ૫૦ કીલો સુધી રૂા. ૮૮-૫૦, ૫૫ થી ૭૦ કીલો સુધી રૂા. ૧૦૫-૦૦ અને ૭૦ કીલોથી ઉપરના વજન પેટે રૂા. ૧૩૧-૨૫ ચુકવવાના રહેશે.

આ તે જૈનોની કેવી લાચારી ને કમજોરી કહેવાય-જે યાત્રા ડોળી દ્વારા ૨૦ થી ૨૫ રૂપીયે બે વર્ષ પહેલા થતી હતી તેના હવે રૂા. ૮૭-૧૦ આપવા પડશે. થોડો-ઘણો નહીં પણ ૩૦૦./. ભાવ વધારો આપણી સરકાર તથા શેઠ આ. કે. ની પેઢીની સમ્મતિથી આ નહેરાત થયેલ હશે. તેથા તેનો વિરોધ-પણ આપણે નથી કરી શકવાના.... પઢીના ટ્રસ્ટીઓને કે આપણા પૂજ્ય આચાર્ય ભગવંતોને તો તેનો કશો વાંધો-વિરોધ નથી કારણ કે તેમને તો પૈસા ઉપરથી જ આવે છે.

પણ જૈન સંઘમાં ૭૦ થી ૮૦ ./. મધ્યમ વર્ગ હોય છે, અને તે જ વધારે શ્રદ્ધા-ભક્તિથી યાત્રા કરવા અત્રે આવતો હોય છે. તેની મુશ્કેલી કોઇ વર્ણવી નહીં શકે...! તેનો કોઈ બેલી ખરો ! પૂજ્ય આચાર્યદેવશ્રી રામચંદ્રસૂરીશ્વરજી મ૦ દરેક વાતમાં વિરોધ કરવા બહાર પડતા હોય છે ત્યારે આપણા ગરીબ અને મધ્યમ વર્ગના યાત્રીકો માટે પણ આગળ આવે તેવી ભાવના.

આ ડોળીવાળાઓ ચાલુ વર્ષ પણ લાયસન્સ નહિ લેવાના મુદ્દે હડતાલ ઉપર ગયેલ ને તેમાં સફળ પણ થયેલ.

શ્રી શત્રુંજય ગીરીરાજની યાત્રા કરનાર અશક્ત કે બીમારે હવે કોઈ ચીન્તા જેવું નહિં રહે...! કેમ સમજી ગયાને...? વીમળાબેન જેવું પણ વગર લાયસન્સે બને તો કોણ કોને પકડે ? જ્યાં પેઢી દ્વારા જ આ અંગે આંખ આડા કાન રખાતા હોય ત્યાં બીજે કહેવાનો મતલબ પણ શું...?

અજમેર (રાજસ્થાન)માં દાદા મેલા

પ્રતિ વર્ષ મુજબ યુગપ્રધાન ભટારક દાદાશ્રી જિનદત્તસૂરિજી મ૦ સા૦ના ૮૩૫માં નિર્વાણ દિવસના સુઅવસરે બે દિવસીય દાદા મેલા સમારોહ અષાડ સુદ ૧૦-૧૧ તા. ૧૩-૧૪ જુલાઈના વિવિધ કાર્યક્રમો મુજબ અજમેર સ્થિત દાદાવાડીના વિશાળ પ્રાંગણમાં ઉજવવામાં આવેલ.

જૈસલમેર પંચતીર્થીની યાત્રાર્થે પધારો

પશ્ચિમી રાજસ્થાનમાં આવેલ જૈસલમેર પંચતીર્થી પોતાની પ્રાચીનતા, કલાત્મકતા અને ભવ્યતા માટે જગપ્રસિદ્ધ છે. જૈસલમેર પંચતીર્થીના અન્તર્ગત જૈસલમેર દુર્ગ, અમરસાગર, લૌદ્રવપુર, બ્રહ્મસર અને પોકરણ સ્થિત જિનાલયોમાં બધા મળી ૬૦૦૦થી વધુ જિનપ્રતિમાજીઓ બિરાજમાન છે.

જૈસલમેરની વિખ્યાત વિશેષતાઓ : (૧) ભવ્ય, કલાત્મક અને પ્રાચિન જિનાલયો. પન્ના અને સ્ફટિકની પ્રતિમાઓ. (૨) ખરતરગચ્છીય શ્રી જિનભદ્રસુરિ જ્ઞાનભંડારમાં સંગ્રહિત તાડપત્રીય અને હસ્તલિખિત ગ્રંથો. (૩) દાદાગુરુદેવ શ્રીજિનદત્તસુરિજી મહારાજની ૮૩૦ વર્ષ પ્રાચીન ચાદર અને ચોલપટ્ટા, જે તેઓના અગ્નિસંસ્કાર પછી પણ સુરક્ષિત રહ્યા છે. (૪) અનેક દાદાવાડી, ઉપાશ્રય, અધિષ્ઠાયક દેવસ્થાન અને પટ્ટુઆ શેઠોની કલાત્મક હવેલીઓ. (૫) લૌદ્રવપુરના ચમત્કારીક અધિષ્ઠાયકદેવ જેમના દર્શન ભાગ્યશાળીઓને અવારનવાર પ્રાપ્ત થાય છે.

આવાસ પ્રબંધ : યાત્રિકો અને શ્રીસંઘોને ઉતરવા ઉચિત પ્રબંધ છે. મરુભુમિમાં હોવા છતાં પાણી અને વિજળીની પુરી વ્યવસ્થા છે. દાનવીરોના સહયોગથી ભોજનશાળા ચાલુ છે.

યાતાયાતના સાધન : જૈસલમેર આવવા માટે જોધપુર મુખ્ય-કેન્દ્ર છે. તે ભારતના જુદા જુદા માર્ગોથી યાતાયાતના સાધનોથી જોડાયેલ છે. જોધપુરથી દિવસમાં એકવાર બસ અને રાત્રે ને સવારે બે વાર ટ્રેઈન જૈસલમેર આવે છે. આ ઉપરાંત જયપુર અને બીકાનેરથી પણ સીધી બસો જૈસલમેર આવે છે.

જૈસલમેર પંચતીર્થીનાં દુર્ગ તથા અમરસાગર સ્થિત જિન-મંદિરોના જીર્ણોદ્ધારનું કામ ચાલુ છે.

પ્રબંધક ટ્રસ્ટી અને મંત્રી શ્રી મુલચંદભાઈ સંઘવી

શ્રી જૈસલમેર લોદ્રવપુર પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર ટ્રસ્ટ

ગ્રામ : જૈન ટ્રસ્ટ **જૈસલમેર** ૩૪૫૦૦૧ (રાજસ્થાન) ફોન ૨૩૩૦ ૨૪૦૪

દિનમાન (નસીબ) નબળું હોય ત્યારે ચારે બાજુથી દુઃખનાં વરસાદની ઝડીઓ આવે છે.

શોરાપુર (કર્ણાટક) ચાતુર્માસ પ્રવેશ

પૂ૦ આ૦ શ્રી વિજયભુવનતિલકસૂરીશ્વરજી મ૦ ના શિષ્ય પૂ૦ આ૦ શ્રી અશોકરત્નસૂરિજી મ૦ અને પૂ૦ આ૦ શ્રી અભયરત્નસૂરિજી મ૦ ઠા. ૫ નો અષાઢ સુદ ૨ના સસ્વાગત પ્રવેશ થતાં બે બેન્ડો, ૩૯ બેડા વાળી મહિલાઓ કન્નડ સ્કૂલના બાળકોના કવાયતના પોશાક અને શ્રી કુંથુનાથ મંડળના દાંડીયા ખેલ દ્વારા પ્રવેશ થયો. ગામના મુખ્ય આગેવાનો હતા. તે દિવસે નૂતન આરાધના ભવનનું ઉદ્‌ઘાટન થયું હતું. પૂ૦ આ૦ મ૦ના માંગલિક પછી મુનિશ્રી અમરસેનવિજયજી મ૦ નું અને આ૦ અભયરત્નસૂરિજી મ૦ના પ્રવચન બાદ શ્રીફળની પ્રભાવના, બપોરના પૂજા, આંગી પ્રભાવના થઇ હતી. સ્વામીવાત્સલ્ય પણ થયું હતું. બહારગામથી ભાવિકો સારા પ્રમાણમાં આવ્યા હતા. વંદનાર્થે આવનાર આગંતુકોની સાધર્મિક ભકિતની વ્યવસ્થા કરવામાં આવેલ.

અ. સુ. ૭ થી વ્યાખ્યાનમાં આ૦ અભયરત્નસૂરિજી મ૦ આત્મપ્રબોધ અને અમરસેનવિજયજી ધન્યચરિત્રનું વાંચન કરે છે.

ચાતુર્માસ : શ્રી જૈન શ્વે. ટેમ્પલ, શોરાપુર–૫૮૫૨૨૪
(જિ. ગુલબર્ગ–કર્ણાટક)

વિલેપાર્લા (પૂર્વ) માં ચાતુર્માસ પ્રવેશ

પૂ૦ આચાર્યશ્રી વિજયમહાનંદસૂરીશ્વરજી મ૦ સા૦ તથા ગણિવર્યશ્રી મહાબલવિજયજી મ૦, મુનિશ્રી મહાપદ્મવિજયજી મ૦ બાલમુનિશ્રી મહાધર્મવિજયજી મ૦, મુનિશ્રી મહાભદ્રવિજયજી મ૦ આદિ તથા સાહિત્ય કલારત્ન આચાર્યદેવશ્રીના આજ્ઞાવર્તિની સા૦ શ્રી કુસુમશ્રીજી, સા૦ શ્રી દેવશ્રીજી, સા૦ શ્રી દિવ્યાશ્રીજી આદિ ઠાણા ૧૧નો અત્રે સ્થિત શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જૈન દેરાસરે ભવ્ય ચાતુર્માસ પ્રવેમ ગત તા. ૯ જુલાઇના રોજ થયેલ,

આ શુભ અવસરે પૂ૦ આ૦ શ્રી વિજયસૂર્યોદયસૂરિજી મ૦ સા૦ તથા પૂ૦ ગણિવર્યશ્રી પદ્માનંદવિજયજી મ૦ સા૦ આદિ પધાર્યા હતા.

મુંબઇ-અંધેરી (પૂર્વ)માં ચાતુર્માસ પ્રવેશ

પૂ૦ આચાર્યશ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ૦ સા૦, બાલ મુનિરાજશ્રી રાજરત્નવિજયજી મ૦, તપસ્વી મુનિરાજશ્રી નંદનવિજયજી મ૦ સા૦ આદિ તથા પ્રવર્તિની સાધ્વીશ્રી કુસુમશ્રીજીના શિષ્યરત્ના સા૦ શ્રી વસંતપ્રભાશ્રીજી, સા૦ શ્રી વિશ્વરત્નાશ્રીજી, સા૦ શ્રી વિશ્વધર્માશ્રીજી, સા૦ શ્રી વિશ્વમિત્રાશ્રીજી, સા૦ શ્રી વિશ્વહિતાશ્રીજી, સા૦ શ્રી વિશ્વદર્શાશ્રીજી આદિ સાધ્વીજી મહારાજો અંધેરી (પૂર્વ) શ્રીસંઘની વિનંતીને માન આપી અષાઢ સુદ ૧૧ તા. ૧૪–૭–૮૯ના અત્રે ચાતુર્માસ અર્થે પધાર્યા છે,

પૂ૦ આ૦ શ્રી આદિના ભવ્ય સ્વાગત સામૈયા બાદ શ્રી શંખેશ્વર પાર્શ્વ. જિનાલયે દર્શન–ચૈત્યવંદન બાદ પૂ૦ આ૦ શ્રીએ 'આરાધનાની અમૃતવેલ' એ વિષય ઉપર મંગલ પ્રવચન આપેલ. ચાતુર્માસ પ્રવેશ નિમિત્તે સ્વ. શેઠશ્રી પેપટલાલ ડાહ્યાભાઇ શાહ પરિવાર તરફથી ૧૦૮ આયંબીલની આરાધના કરાવવામાં આવેલ. તેમજ પ્રભુજીની ભવ્ય આંગીની રચના કરવામાં આવેલ,

આગમોના અભ્યાસી નિઃશુલ્ક મંગાવો

અનુયોગ પ્રવર્તક મુનિશ્રી કન્હૈયાલાલજી 'કમલ' દ્વારા નવી જ શૈલીમાં સંપાદિત આચારાંગ પ્રથમ શ્રુતસ્કંધ મૂલ ગુટકા આગમોના અભ્યાસીઓને "શ્રી અમરચંદ મા ચેરીટેબલ ટ્રસ્ટ દિલ્લી" દ્વારા નિઃશુલ્ક મોકલવામાં આવે છે. મંગાવવા ઇચ્છનારે પેકીંગ અને પોસ્ટ ચાર્જના રૂા. ૨–૦૦ની ટીકીટ મોકલવી.

આપારદશા (દશાશ્રુતસ્કંધ) કપ્પસુત્તં (બૃહત્કલ્પસૂત્ર) વ્યવહારસૂત્ર ત્રણેયની મુળ કિંમત રૂા. ૫૦/–, મૂળ હિન્દી અનુવાદ તેમ જ વિવેચન સહિત પ્રકાશીત કરવામાં આવેલ છે. દિવાળી સુધી અર્ધી કિંમત રૂા. ૨૫/– તથા પોસ્ટ ખર્ચના રૂા. ૧૦/– મળી કુલ રૂા. ૩૫/– મોકલવાથી મળી શકશે. મંગાવવા ઇચ્છનારે તુરત પત્ર લખવો.

સંપર્ક : રાજેશ ભંડારી, શ્રી વર્ધમાન મહાવીર કેન્દ્ર,
આબૂ પર્વત–૭૦૭૫૦૧ (રાજસ્થાન)

ઉદયપુર (થોબની વાડીમાં) ચાતુર્માસ પ્રવેશ

અત્રે થોબની વાડી મધ્યે 'સાધ્વીરત્ન' પૂ૦ ચારુમતાશ્રીજી મ૦ સા૦ આદિ ઠાણા ૫ નો અત્રે ચાતુર્માસ પ્રવેશ થયો છે. ભયંકર ગરમીમાં મારવાડ, ગુજરાત, કાઠીયાવાડ આદિ સ્થળોએ વીચરી પાલીતાણા પધાર્યા. દીક્ષા કાર્યક્રમ પછી ચાતુર્માસ અર્થે રાજસ્થાન તરફ કઠીન એવી લાંબી યાત્રા હતી, નવા સાધ્વીજી મ૦ સા૦ ને યોગાદિ ક્રિયાઓ પણ આ જ સમયમાં હતી. પરંતુ દેવકૃપા અને ગુરુભગવંતોના આશીર્વાદથી અલ્પ સમયમાં ઉગ્ર વિહાર કરી તા. ૯ જુલાઇના અત્રે ચાતુર્માસ પ્રવેશ થયો છે.

આ નિમિત્તે મંગલાચરણ, શાસનપ્રભાવના અને સામુહિક આયંબિલનું આયોજન કરવામાં આવ્યું હતું.

સુરેન્દ્રનગરમાં પંન્યાસશ્રી દાનવિજયજી મહારાજનો ચાતુર્માસ મંગલ પ્રવેશ

શ્રીમદ્‌ વિજયનેમસૂરિજી મ૦સ૦ના પટ્ટધર આચાર્યદેવશ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મ૦ સા૦ ના શિષ્યરત્ન ૫૦પૂ૦પંન્યાસશ્રી દાનવિજયજી મ૦ સા૦ તથા આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ૦ સા૦ ના શિષ્યરત્ન મુનિરાજશ્રી હરિષેણવિજયજી મ૦સા.નો અત્રે શેઠ આ. ક. પેઢી, મુનિ થોભણ માર્ગ, અમીઝરા ચોકના શુભ સ્થળે ભવ્ય ચાતુર્માસ પ્રવેશ તા. ૯ જુલાઇના રોજ થયેલ.

મીઠી મીઠી વાનગીનો થાળ ભરાઇને આવવા છતાં પણ ખાઇ શકવું તે મનુષ્યના હાથમાં નથી.

Regd No. G BV. 20
JAIN OFFICE, Box No. 175
BHAVNAGAR-364001 (Gujarat)
Tele. O. C/o. 29919 R. Gha. 25...

જૈન

સ્વ. તંત્રી : ગુલાબચંદ દેવચંદ શેઠ
તંત્રી-મુદ્રક-પ્રકાશક-માલીક :
મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
જૈન ઓફિસ, પો.બો. નં. ૧૭૫, દાણાપીઠ, ભાવનગર

'જૈન' વર્ષ ૮૬

વીર સં. [illegible] વિક્રમ સં. [illegible] અષાડ વદ ૧૧
તા. ૨૮ જુલાઈ ૧૯૮૯ શુક્રવાર
મુદ્રણ સ્થાન : શ્રી જૈન પ્રિન્ટરી
દાણાપીઠ પાછળ, ભાવનગર-૩૬૪ ૦૦૧

પ્રતિક્રમણનું રહસ્ય

આત્મીય ધર્મપ્રેમી બંધુશ્રી,

સને ૧૯૦૩થી આજ સુધીના લાંબા સમયની સતત ધ્યેય-સાધનાના ફલસ્વરૂપ "જૈન" પત્રને પત્રકારિત્વ દ્વારા સમગ્ર સમાજમાં પ્રથમ પંક્તિમાં પ્રેમાળ અને માનભર્યું સ્થાન પ્રાપ્ત થયું છે. જે આપ સૌના સાથ-સહકારના બળે ૮૫ વર્ષની લાંબી મજલ સિદ્ધ કરતાં આનંદની અનુભૂતિ કરીએ છીએ.

સામાન્ય રીતે 'જૈન' પત્ર સાપ્તાહિક પત્ર હોઈ દર સપ્તાહે સમાચારો, પત્રો, [illegible] ચારો રજુ કરતું રહે છે. પરંતુ આપણા પર્વો પ્રસંગોએ જેમ કે ભ. મહાવીર જન્મ કલ્યાણક, નિર્વાણ કલ્યાણક, પર્યુષણ, દિવાળી આદિ પર્વોએ સામાન્ય રીતે વિશેષ પ્રસંગોએ સ્મરણીય વિશેષાંક પ્રગટ કરવામાં આવે છે.

આ વર્ષે પર્વાધિરાજ પર્યુષણ પ્રસંગે 'જૈન' પત્ર દ્વારા એક વિશેષાંક પ્રગટ કરવામાં આવનાર છે. જેમાં આપણી આવશ્યક ક્રિયા પ્રતિક્રમણ વિશેષાંક સ્વરૂપે પ્રગટ થશે. ધર્મ ઉપર થોડી-ઘણી પણ શ્રદ્ધાવાળો અથવા પાપથી ડરનારો પોતાના ધર્મની રીત પ્રમાણે પ્રતિક્રમણ આદિ કરવાની અપેક્ષા રાખતો હોય છે. પરંતુ ધર્મની બાબતમાં તદ્દન અજ્ઞાન, સંસાર કાર્યમાં મગ્ન શ્રાવક પણ 'સંવત્સરી પ્રતિક્રમણ' કરીને વર્ષમાં કરેલા પાપોનું પ્રાયશ્ચિત કરવાનું ચૂકતો નથી. પરંતુ સામાન્ય વર્ગમાં આ પ્રતિક્રમણ અંગેની જાણકારી બહુ જ અલ્પ હોય છે. નામમાત્ર 'પ્રતિક્રમણ કરી આવ્યા' એમ કહેનાર વિપુલ પ્રમાણમાં છે.

જૈન મહર્ષિઓ સર્વજ્ઞ હતા, સર્વદર્શી હતા, પરોપકારની ભાવનાથી ભરપૂર હતા. તેમણે આપણા કલ્યાણ માટે અપૂર્વ [illegible] આપ્યું. અનુપમ ક્રિયાઓ દર્શાવી, પણ આપણે તેનો કેટલો લાભ લઈએ છીએ...?

જો સદ્‌ગુરૂ સમાગમ રાખ્યો હોય તો આપણને એ અપૂર્વ જ્ઞાનનો કંઈક આસ્વાદ મળે, એ અનુપમ ક્રિયાઓનો કંઈક પરિચય થાય, પણ આપણે એક યા બીજા કારણે એ સમાગમ બહુ ઓછો કરી નાખ્યો છે.

શાસ્ત્રાભ્યાસ કે સદ્‌ગ્રંથોનું વાંચન આ દિશામાં ઉપકારી થાય, પરંતુ તે ય આપણાં જીવનમાં ખાસ સ્થાન પામી શકેલ નથી. વર્ષ દરમિયાન આપણો શાસ્ત્રાભ્યાસ કેટલો...? સદ્‌ગ્રંથોનું વાંચન કેટલું તે એક પ્રશ્ન છે.

આપણી બુદ્ધિ તીવ્ર છે, પણ તેની ગતિ માત્ર સાંસારિક સુખ-ભોગના પદાર્થો પ્રાપ્ત કરવા તરફ જ રહે છે. એ ગતિ જો ધાર્મિક કે આધ્યાત્મિક ક્ષેત્ર તરફ વળે તો કેવું સારું...!

'પ્રતિક્રમણ' શબ્દ આપણે ગળથૂથીમાંથી સાંભળ્યો છે. અને તેના અંગે થતી ક્રિયા અનેકવાર નજરે નિહાળી છે. તથા તે સ્વયં પણ અનેકવાર કરેલી છે. આમ છતાં તેના પર કોઈએ તેવું ચિંતન-મનન કરેલ નથી, એ રહસ્ય પામવા માટે તથા ઉત્પન્ન થતા પ્રશ્નો જેવા કે :—

પ્રતિક્રમણ એટલે શું?
તે ક્રિયામાં કેવી રીતે વર્તવું?
એમાં હકીકત શું આવે છે?
શા હેતુથી આ ક્રિયા કરવામાં આવે છે?
તેમાં બોલવામાં આવતા અમુક સૂત્રો શા માટે?
અમુક ક્રિયા પછી અમુક ક્રિયા શા માટે?
સામાયિક લઈને જ પ્રતિક્રમણ શું કામ?
[illegible] સૂત્રમાં શું આવે છે?

પ્રતિક્રમણના પ્રકારો, તેની આવશ્યકતાઓ શું ?

પ્રતિક્રમણ નિંદાગર્હા કરવાની કથાઓ.

આવા અનેક પ્રશ્નો અને તેની સરળ સમજુતી મળી રહે તથા પ્રતિક્રમણનાં દરેક સૂત્રો સાથેની વિધિ (દેવસી, રાય, પાક્ષિક, ચૌમાસી, સંવત્સરી પ્રતિક્રમણ (વાચીને થાય તેમ) આદિની વિગતે માહિતી આપવામાં આવે તેવું આયોજન કરેલ છે. જે સર્વેને ઉપયોગી અને સંગ્રહણીય; બુક આકારે પ્રગટ થશે.

આ પ્રતિક્રમણ વિશેષાંક માહિતીપ્રદ લેખો, સમજુતીપ્રદ લેખો અને જુદા જુદા સમુદાયના વર્તમાન ગચ્છાધિપતિ આચાર્ય ભગવંતો તેમજ પૂર્વાચાર્યો અને પૂ૦ આગમોદ્ધારક આચાર્ય ભગવંતશ્રી આનંદસાગરસૂરીશ્વરજી મ૦ સા૦, કવિકુલકિરીટ પૂ૦ આચાર્ય ભગવંતશ્રી લબ્ધિસૂરીશ્વરજી મ૦, પૂ૦ આચાર્ય ભગવંત શ્રી ધર્મસૂરીશ્વરજી મ૦, પૂ૦ આચાર્યશ્રી ધર્મધુરંધરસૂરીશ્વરજી મ૦, પૂ૦ આ૦ શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ૦ના (સચિત્ર સૂત્રોનો સંગ્રહ), પૂ૦ આ૦ શ્રી યશોદેવસૂરીશ્વરજી મ૦, પૂ૦ સદ્‌મિત્ર મુનિરાજશ્રી કપુરવિજયજી મ૦, પૂ૦ મુનિશ્રી દર્શનવિજયજી મ૦ આદિ શ્રમણ ભગવંતો તથા શ્રી કુંવરજી આણંદજી શાહ, શ્રી મોહનલાલ દલીચંદ દેસાઈ, શ્રી મોતીલાલ ગીરધરલાલ કાપડીયા, શ્રી હીરાલાલ રસીકલાલ કાપડીયા, શ્રી ધીરજલાલ ટોકરશી શાહ, શ્રી ગુણવંતરાય અમૃતલાલ શાહ આદિના માહિતી સભર લેખો, પ્રશ્નોત્તર, કથાનકો સહ સચિત્ર આ વિશેષાંકને સમૃદ્ધ બનાવવામાં આવનાર છે.

આ અંગે પૂજ્ય ગુરુ ભગવંતોના વિશેષ પ્રકાશ પાડતા લેખો અને માહિતીઓનો અમે સહર્ષ સ્વીકાર કરીશું. તેમજ આપણાં ધાર્મિક શિક્ષક-શિક્ષિકા વર્ગમાંથી તેમજ વિદ્વાનોના લેખોને પણ જરૂર આવકાર આપીશું. તો આ બાબતે સર્વેને અમારૂ હાર્દિક આમંત્રણ છે કે તેઓ પોતાની લેખ-કૃતિ વહેલાસર મોકલવાની કૃપા કરે.

આ વિશેષાંકની ઉપયોગીતા વિષે આપશ્રી આથી સમજી વિચારી શકશો. તેથી તેનો આપના શ્રીસંઘમાં કે આપશ્રી જ્યાં ચાતુર્માસ બિરાજમાન હો ત્યાં દરેકને પ્રતિક્રમણમાં રસ-રૂચિ વધે તે માટે વિશેષ કોપીઓની જરૂરિયાત અંગે અમોને અગાઉથી જણાવવા વિનંતી છે. ટ્રસ્ટોએ તેમના નાણાંનો સદ્‌વ્યય કરવાનો આ ઉત્તમ ઉપાય બની રહેશે.

આ વિશેષાંક 'જૈન' પત્રનો પર્યુષણ પર્વ પ્રસંગનો પ્રતિક્રમણ વિશેષાંક સચિત્ર અને દળદાર ગ્રંથ બની રહેશે. જે કાયમી ઉપયોગી પણ બનશે.

સારા કાગળમાં સુંદર રીતે પ્રગટ કરવાની અમારી ભાવના છે. આ માટે ખર્ચ પણ વધુ થાય, તેથી આ કાર્ય શક્ય ત્યારે જ બની શકે કે જ્યારે ચતુર્વિધ શ્રીસંઘોનો સાથ-સહકાર અને શુભ ભાવના મળે. આ અંગેનો ખર્ચ રૂા. એક લાખ જેવો થનાર છે અને આ ખર્ચને પહોંચી વળવા નીચે પ્રમાણે નકરો રાખેલ છે જેમાં આપ સર્વેનો સહકાર ઇચ્છીએ છીએ.

* રૂા. ૧૦૦૧/- સહાયક-શુભેચ્છક તરીકે આપનારનો પરિચય -ફોટા સાથે એક પેઇજમાં આપવામાં આવશે. તેમાં આપશ્રીના આપ્તજનો, વિદ્યમાન કે સ્વર્ગસ્થશ્રીનો ફોટો-પરિચય પણ સ્વીકારાશે. પૂ૦ ગુરુભગવંતોના ફોટા પણ સ્વીકારાશે.

શુભેચ્છકની વંદના રૂપે કે સંસ્થાઓની જાહેરાત એક પેઇજમાં મુકવામાં આવશે. (દસ કોપી ફ્રી મળશે.)

* રૂા. ૩૦૧/- ક્ષમાપનાં તરીકે આપનારનું નામ સરનામા સાથે મોટા ટાઇપમાં (૧૦×૩ સે. મી.)માં આવશે (ત્રણ કોપી) ફ્રી મળશે.

* ૫૧/- સહાયકોની નામાવલીમાં નામ પ્રગટ કરવામાં આવશે અને એક કોપી ફ્રી મળશે.

* રૂા. ૨૦/- આ પ્રતિક્રમણ વિશેષાંકની વધુ કોપી પ્રચાર-પ્રસાર માટે અને ભેટ આપવા માટે જરૂર હોય તો અગાઉથી જરૂરી કોપી અંગે જણાવવા વિનંતી છે. ૧૦૦ કોપીના રૂા. ૧૫૦૦/- અગોતરી રકમ મોકલનાર માટે.

ઉપરોક્ત સહકારની રકમ અગાઉથી જ મોકલાવશો, જેથી પ્રકાશન કાર્ય સરળ બની રહે. રકમ "જૈન આફિસ" ના નામે જ મોકલવા કૃપા કરશો.

છેલ્લે નમ્ર વિનંતી કે અમારા આ પ્રતિક્રમણ વિશેષાંક ના શુભ કાર્યને સફળ બનાવવા આપશ્રી તેમજ આપશ્રીના પરિચિત વર્ગને પણ સહાયરૂપ થવાની પ્રેરણા આપશો.

એજ લિ. તંત્રી 'જૈન'

મહેન્દ્ર ગુલાબચંદના પ્રણામ

જૈન ઓફિસ, ન્યુ દાણાપીઠ, પો. બો. નં. ૧૭૫

ભાવનગર-૩૦૪૦૦૧ (ગુજરાત)

"પાલીતાણામાં ધર્મશાળા, દેરાસર, ઉપાશ્રય બાંધવા જમીન ખુલ્લા પ્લોટ, બંગલા, ફ્લેટ, ટેનામેન્ટ દુકાન, ઓફીસ વગેરે ખરીદવા તથા વેચવા માટે!"

બ્રહ્મભટ્ટ એસ્ટેટ એજન્ટ

હસમુખભાઈ એમ. બ્રહ્મભટ્ટ (સદસ્ય : નગરપાલીકા-પાલીતાણા)

શત્રુંજય પાર્ક, તળાટી રોડ, પાલીતાણા-૩૬૪૨૭૦

સમય : સવારે ૯ થી ૧૨ સાંજે ૪ થી ૯ ફોન : ૪૧૪

વેર કદાપી વેર લેવાથી નાશ પામતું નથી પણ પ્રેમથી નાશ પામે છે, આ મહાન પુરુષોનું અમુલ્ય વાકય છે.

પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ૦સા૦નો મદ્રાસમાં ભવ્ય ચાતુર્માસ પ્રવેશ

પરમ શાસન પ્રભાવક, દ્વિશતાધિકમુનિગણનેતા ૫૦ પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ૦ સાહેબ આદિ ઠાણા ૩૩નો મદ્રાસ નગરમાં અષાઢ સુદ-૬ રવિવાર તા. ૯-૭-૮૯ના શુભ દિવસે સવારે ૯ વાગે શાનદાર પ્રવેશ થયો.

પૂજ્યશ્રીનું બેંગલોરમાં યશસ્વી-ઝળહળતું ચાતુર્માસ થયા બાદ મદ્રાસ તરફ પદાર્પણ થયું. રસ્તાના વિહારમાં અનેકવિધ શાસન પ્રભાવના થઈ. રાનીપેટ, કાંચીપુરમ્ , શ્રી પેરમ્બતુર આદિમાં જિનમંદિર નિર્માણનું નક્કી થયું.

પૂજ્યશ્રી મદ્રાસ નગરમાં પ્રવેશ પહેલા ૭ દિવસ પધાર્યા. કેસરવાડી તીર્થમ ભવ્ય સ્નાત્રપૂજા મહોત્સવનું આયોજન થયેલ. ત્યાં હજારો ભાવિકોની મેદની ઉમટી હતી. કેસરવાડીથી મામ્બલમ્, પેરમ્બૂર, દાદાવાડી, ટરીપલ્લીકેન, મૈલાપુર, મહાવીર કોલોની, અરિહંત કોલોની, રાયવેટા, પોરુર આદિ સ્થળોએ શ્રી જૈન સંઘની વિનંતીથી પધાર્યા, ત્યાં પ્રવચન આદિ દ્વારા અનેકવિધ શાસન પ્રભાવના થઈ.

અષાઢ સુદ-૬ રવિવારનો દિવસ મદ્રાસ માટે સ્વર્ણિય બની ગયો. પૂજ્યશ્રીનો ભવ્ય પ્રવેશ ભારે ઠાઠપૂર્વક થયો ૧૦ સજા- [illegible] સંગીતકારોથી વાતાવરણ હર્ષથી ભરાઈ ગયું. પૂજ્યશ્રીના ઉપાશ્રયના પ્રવેશ વખતે કલાત્મક ૩૬ ગહુંલીઓ થઈ. જેનું પુરા સમાજમાં ખૂબ આકર્ષણ થયું.

બે કલાક મદ્રાસ નગરમાં વરઘોડો ફર્યો. ઠેર ઠેર ગહૂંલી આદિ થઈ. હજારો નરનારી સાથે પૂજ્યશ્રીનો શ્રી જૈન આરાધના ભવન ઉપાશ્રયમાં પ્રવેશ થયો. જયજયનાદના હર્ષોચ્ચારથી ઉપાશ્રય ગુંજી ઊઠયો.

પૂજ્યશ્રીનું તથા પૂ૦ મુનિશ્રી જયસુંદરવિજયજી મ૦સ૦નું જોરદાર મંગળ પ્રવેશ વ્યાખ્યાન થયું. તામિલનાડુ સરકારવતી તેના ખાદ્યમંત્રી શ્રી આરકોટ એન. વીરાસ્વામીએ પૂજ્યશ્રીનું શાલ ઓઢાડવાપૂર્વક સ્વાગત કર્યું અને જૈનધર્મ તથા તેના ત્યાગી મુનિઓના તપ-ત્યાગ-અહિંસાની પ્રશંસા કરી.

મદ્રાસ સિટીમાંથી અનેક શ્રીસંઘોએ ચાતુર્માસ માટે મુનિઓ આપવાની વિનંતી કરી. પૂજ્યશ્રીએ ગુજરાતીવાડી, મૈલાપુર, વેપેરી (મહાવીર કોલોની) માટે સાધુ આપવાની સમ્મતિ જણાવી. આ પ્રસંગે 'A key to happy life' પુસ્તકનું ઉદ્ઘાટન થયું. બેંગલોર, મુંબઈ, ધોળકા, અમદાવાદ આદિથી અનેક ભક્તજનો પૂજ્યશ્રીના પાવન પ્રવેશ ઉપર પધાર્યા હતા.

પૂજ્ય આચાર્યદેવશ્રી આદિની શુભ નિશ્રામાં તા. ૩૦-૭-૮૯ રવિવારના રોજ તપ ઔર જપ: અરિહંત પદના ૫૦ હજારના જાપ (૧૨૫) માલા અને ખીરના એકાસણા. જાહેર વ્યાખ્યાન "અનંતના પ્રવાસી યાને પૃથ્વી ચંદ્ર-ગુણસાગર."

તા. ૬ થી ૮ ઓગષ્ટ તપ : બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથ ભગવાનના અઠ્ઠમતપની સામુહિક આરાધના. સુદ ૬ રવિવારના મહિનાનું ઘર 'માસક્ષમણ'નો આરંભ બપોરના જાહેર વ્યાખ્યાન-"જગત એક સ્વપ્ન અને દ્વારિકા નગરીનો અગ્નિકાંડ" સુદ બીજી છઠ મંગળવાર "શ્રી નેમિનાથ ભ૦ના જન્મ કલ્યાણકનો મહિમા અને દીક્ષા કલ્યાણકનો મહિમા."

તા. ૧૩-૮-૮૯ રવિવાર, તપ અને જપ : ખીરના એકાસણા, તે દિવસે ૨૦ નવકારવાળી ગણવી જેમાં આપ કુલ ૬૦ લાખ નવકાર મંત્રમાં આપનું યોગદાન આપી શકશો. જાહેર વ્યાખ્યાન "મદનરાજની ચઢાઈ અને ઝાંઝરીયા ઋષિ.

તા. ૨૦-૮-૮૯ રવિવાર, તપ :- સામુદાયિક શ્રી ગુણરત્ન સંવત્સર મહાન તપની આરાધના, જાહેર વ્યાખ્યાન :- "કર્મ બુખારનું (તાવ) થર્મોમીટર અને સનતકુમાર ચક્રવર્તી"

ચાતુર્માસ દરમ્યાન દરરોજ સવારના ૬ થી ૬-૪૫ વાગ્યા સુધી "સૂત્રોનું રહસ્ય અને પૂજ્ય ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મ૦ સા૦ કૃત નવપદપૂજા ઉપર ચિંતન" વિષય ઉપર વાંચન થશે. સવારના ૮-૪૫ થી ૧૦-૦૦ વાગ્યા સુધી ૧૪૪૪ ગ્રંથના રચયિતા ૫૦ પૂ૦ આ૦શ્રી હરિભદ્રસૂરિજી મ૦ સા૦ કૃત "યોગ દૃષ્ટિ સમુચ્ચય શાસ્ત્ર" અને સમરાદિત્ય કેવલી વિષય ઉપર વ્યાખ્યાન થશે.

આ૦ શ્રી લક્ષ્મીસૂરીજી મ૦સા૦નો નગર (રાજ.)માં ભવ્ય ચાતુર્માસ પ્રવેશ

શ્રી શ્રી ૧૦૦૮ શ્રી નાકોડા તીર્થ ઉદ્ધારક મેવાડ કેસરી આચાર્યશ્રી વિજયહિમાચલસૂરિજી મ૦ સા૦ના પટ્ટઅલંકાર શિષ્ય રત્ન વર્તમાન આચાર્યશ્રી લક્ષ્મીસૂરિજી મ૦ સા૦નો ચાતુર્માસ નગર (રાજ.)માં અષાઢ સુદ-૬ના દેશી બેન્ડ સાથે જૈન ધર્મનો જયજયકાર બોલતા પ્રવેશ થયો છે. પૂજ્યશ્રી આદિ ઉપાશ્રયમાં પધાર્યા બાદ મંગલાચરણ કરેલ. અને વ્યાખ્યાનમાં સૂત્રધ્યાન અને સૂત્રના ચડાવા શા. દલીચંદ વતી જેઠમલજીએ, ભાવના અધિકારમાં શ્રી પાર્શ્વનાથ ચરિત્રમાં શા. રૂગનાથમલજી વતી થાનમલજીએ વોરાવેલ. અને ચોમાસી પ્રતિક્રમણમાં અ.સુ.૧૪ના શા. અમૃતલાલજી કુશલાજી તરફથી પ્રભાવના કરવામાં આવેલ. આ દિવસે આયંબિલ તપની પણ આરાધના થઈ હતી.

ધનના વ્યય વિના જો તમારે યશ મેળવવો હોય તો પ્રમાણિકપણું રાખો.

પૂજ્યપાદ સિદ્ધાંતમહોદધિ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મ૦ના સાધુ સમુદાયની યાદી

પૂજ્યપાદ આ૦ શ્રી વિજયહિમાંશુસૂરીજી મ૦ ઠા. ૬
પૂ૦ આ૦ શ્રી નરરત્નસૂરીજી મ૦
જૈન દેરાસર, ૩૭, પ્રહલાદ પ્લોટ,(ગુજરાત) રાજકોટ-૩૬૦૦૦૧

પૂજ્યપાદ આ૦ શ્રી વિજયભુવનભાનુસૂરીજી મ૦ ઠા.૨૮
પૂ૦ આ૦ શ્રી વિજયજયઘોષસૂરીજી મ૦
જૈન આરાધના ભુવન, ૩૫૧, મીન્ટ સ્ટ્રીટ, મદ્રાસ-૬૦૦૦૭૯

પૂજ્યપાદ આ૦ શ્રી વિજયધનપાલસૂરીજી મ૦ ઠા.૧૦
જૈન ઉપાશ્રય, પગદંડ઼ધ લેન, (M. S.) નાસિક-૪૨૨૦૦૧

પૂ૦ આ૦ શ્રી વિજયભદ્રગુપ્તસૂરીજી મ૦ ઠા ૪
કરમચંદ જૈન પૌષધશાળા, ૧૦૬, એસ. વી. રોડ,
ઈર્લાબ્રીજ, (વેસ્ટ) મુંબઈ-૪૦૦૦૫૬

પૂ૦ આ૦ શ્રી વિજયરાજેન્દ્રસૂરીજી મ૦ ઠા ૮
જૈન આરાધના ભવન, ૨૮૯એસ કે.બોલેરોડ, દાદર(વેસ્ટ)મુંબઈ-૨૮

પૂ૦ આ૦ શ્રી વિજયહેમચંદ્રસૂરીજી મ૦ ઠા.૧૨
શ્રી વર્ધમાન ભક્તિ જૈન સંઘ, ઇરાનીવાડી, કાંદિવલી(વે)મુંબઈ-૬૭

પૂ૦ આ૦ શ્રી વિજયજિતેન્દ્રસૂરીજી મ૦ ઠા.૮
જૈન શ્વે. મંદિર, (રાજસ્થાન) ઘાણેરાવ-૩૦૬૭૦૪

પૂ૦ આ૦ શ્રી વિજયજયશેખરસૂરીજી મ૦ ઠા.૧૦
જૈનમંદિર ૬૯-એ મહાવીરનગર, (મહારાષ્ટ્ર) સાંગલી-૪૧૬૪૧૬

પૂ૦ આ૦ શ્રી વિજયજગચન્દ્રસૂરીજી મ૦ ઠા.૬
શ્રી ગુજરાતી શ્વે. જૈન સંઘ, ૯૦, મીન્ટ સ્ટ્રીટ, મદ્રાસ૬૦૦૦૭૯

પૂ૦ આ૦ શ્રી વિજયગુણરત્નસૂરીજી મ૦ ઠા.૨૦
શ્રી હીરસૂરીશ્વરજી જૈન ઉપાશ્રય, સોનારવાડા (રાજ.) સિરોહી

પૂ૦ ઉપા૦ શ્રી યશોભદ્રવિજયજી મ૦ તથા આદી
પૂ૦ મુનિશ્રી વરબોધિવિજયજી, શ્રી વેપેરી જૈન સંઘ,
૫૯, ઈ. વી. કે. સમ્પટ રોડ, વેપેરી, મદ્રાસ-૬૦૦૦૦૭

પૂ૦ પં૦ શ્રી ચંદ્રશેખરવિજયજી ગણી. ઠા.૧૪
તપોવન સંસ્કારધામ, ધારાગીરી,
(નવસારી-ગુજરાત) કબીરપોર-૩૯૬૪૨૪

પૂ૦ પં૦શ્રી વિમલસેનવિજયજી ગણી આદી
પૂ૦ મુનિશ્રી નંદિભૂષણવિજયજી મ.
જૈન શ્વે. મંદિર, રામમંદિર રોડ, (કર્ણાટક) ટીપટુર-૫૭૨૨૦૧

પૂ૦ પં૦શ્રી ધનેશ્વરવિજયજી ગણિ. ઠા.૫
પૂ૦ મુનિશ્રી જગવલ્લભવિજયજી મ૦
જૈન ટેમ્પલ ૧૧૦, ગુરુવાર પેઠ, (મહારાષ્ટ્ર) પૂના-૪૧૧૦૪૨

પૂ૦ ગણીવર્યશ્રી વિદ્યાનંદવિજયજી મ૦ ઠા.૧૦
પૂ૦ મુનિશ્રી હેમરત્નવિજયજી મ૦
નૂતન ઉપાશ્રય, અઠવાગેટ, નાનપરા, સુરત-૩૯૫૦૦૧

પૂ૦ ગણી શ્રી કુલચંદ્રવિજયજી મ૦ આદી
શ્રી આદિનાથ જૈન મંદિર, (સ્ટે:સિરોહીરોડ.રાજ.) ઝાડોલી

પૂ૦ પ્રવર્તક મુનિશ્રી ધર્મગુપ્તવિજયજી મ૦ આદી
જૈન મંદિર, ૧૩ સાંઇનાથ નગર, આગ્રારોડ,
સાંઘાણી એસ્ટેટ, ઘાટકોપર-વેસ્ટ, મુંબઈ-૮૬

પૂ૦ મુનિશ્રી નંદીઘોષવિજયજી મ૦ ઠા.૨
જૈન શ્વે. મંદિર, (મહારાષ્ટ્ર) ઔરંગાબાદ-૪૩૧૦૦૧

પૂ૦ મુનિશ્રી નયરત્નવિજયજી મ૦ ઠા.
તપગચ્છ જૈન ઉપાશ્રય, (વાયા:બાલોતરા-રાજ.) ગઢસીવાના

પૂ૦ મુનિશ્રી અશ્વસેન/વીરસેનવિજયજી મ૦ ઠા.૨
જૈન ધર્મશાળા, (સ્ટે:સિરોહી રોડ-રાજ.) પિંડવાડા-૩૦૭૦૨૨

પૂ૦ મુનિશ્રી જયચંદ્રવિજયજી મ૦ આદી
જૈન મંદિર, મધુમતી, (ગુજરાત) નવસારી-૩૯૬૪૪૫

પૂ૦ મુનિશ્રી દેવસુંદર/રત્નસુંદરવિજયજી મ૦ ઠા.૬
જૈન ઉપાશ્રય, વાણીયાવાડ, (કચ્છ-ગુજરાત) ભૂજ-૩૭૦૦૦૧

પૂ૦ મુનિશ્રી કનકસુંદરવિજયજી મ૦ આદી
~~જૈન ટેમ્પલ, [illegible]~~

પૂ૦ મુનિશ્રી વિશ્વાનંદવિજયજી મ૦ ઠા.૨
શ્રી શ્વે. જૈનઉપાશ્રય, ૧૨૧-વીર સાવરકર માર્ગ, માહીમ,મુંબઈ-૧૬

પૂ૦ મુનિશ્રી ચંદ્રજિત્ વિજયજી મ૦ ઠા.૬
જૈન ઉપાશ્રય, ખોડાલીમઢ઼ા, (બનાસકાંઠા) પાલનપુર-૩૮૫૦૦૧

પૂ૦ મુનિશ્રી નિપુણચંદ્રવિજયજી મ૦ ઠા.૨
વિશાઓસવાળ જૈન ઉપાશ્રય, માણેકચોક, ખંભાત-૩૮૮૬૨૦

પૂ૦ મુનિશ્રી ઇન્દ્રયશવિજયજી મ૦ ઠા.૧૨
જૈન સંઘ, ૧૪૪, જૈન સોસાયટી, સાયન (વેસ્ટ), મુંબઈ-૨૨

પૂ૦ મુનિશ્રી જીનહંસ/કલ્પરત્નવિજયજી મ૦ આદી
જૈનભવન, ૧૨૯ કચરીરોડ, માઇલાપુર, મદ્રાસ-૬૦૦૦૦૪

પૂ૦ મુનિશ્રી ભદ્રેશ્વરવિજયજી મ૦ આદી
આદિનાથ જૈન મંદિર. ૩, બી.વી.એન રોડ, ટ્રીપ્લીકેન મદ્રાસ-૫

પૂ૦ મુનિશ્રી દિવ્યરત્ન/અજીતશેખરવિજયજી મ૦ આદી
જૈન મંદિર, ટેમ્પલ રોડ, (આંધ્રપ્રદેશ) વિજયવાડા-૫૨૦૦૦૧

પૂ૦ મુનિશ્રી મુક્તિદર્શનવિજયજી મ૦ ઠા.૪
શ્રી હિરસૂરી જૈન ઉપાશ્રય, દફતરરોડ,
દેના બેન્ક પાસે, મલાડ ઇસ્ટ, મુંબઈ-૪૦૦૦૯૭

(અનુસંધાન પાના નં. ૨૬૫ ઉપર)

અત્યંત અભિમાની તથા કદાગ્રહી મનુષ્ય પાસેથી પણ વિધિ પોતાનું ઇચ્છિત કાર્ય કરાવે છે.

પૂજ્ય શ્રમણ ભગવંતોની સંવત ૨૦૪૫ના ચાતુર્માસ યાદી

'જૈન' પત્રમાં હાલમાં ચાતુર્માસ યાદી એક સાથે આપવામાં આવતી હતી જે ભેગી કરવામાં સારો સમય થઈ જતા તે યાદી બહુજ મોડી પ્રગટ થતી હતી. તેથી હવે પ્રાપ્ત થતી જે જે સમુદાયની યાદી ક્રમશ જૈન પત્રના અંકમાં જ પ્રગટ કરી કહેલ છીએ જે સર્વને ઉપયોગી થશે. બાકી રહેલા સમુદાયોની યાદી વહેલાસર મોકલાવવા વિનંતી છે.

જરૂરી નોંધ :- (૧) ચાતુર્માસ યાદીમાં પૂજ્યશ્રીના નામ સાથે છેડે આપેલી સંખ્યા તેમની સાથે બીરાજમાન આદિ ઠાણા ( ) કેટલા છે તે દર્શાવે છે. (૨) સરનામામાં જ્યાં ઉપાશ્રયની વિગત ન આપી હોય ત્યાં જૈન મંદિર–જૈન ઉપાશ્રય, સમજવા–અને સરનામામાં એ વિગત ઉમેરવા વિનંતી છે. (૩) પૂજ્ય આચાર્યદેવશ્રીમાં = આ૦શ્રી, પૂજ્ય ઉપાધ્યાયશ્રીમાં = ઉપા. શ્રી, પૂજ્ય પંન્યાસશ્રીમાં પં.શ્રી, પૂજ્ય મુનિરાજશ્રીમાં = મુનિશ્રી તથા પૂજ્ય સાધ્વીજી મહારાજમાં = સા,શ્રી આ પ્રમાણે શબ્દો બાંધેલ છે.

પૂજ્યપાદ સંઘ સ્થવિર આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયસિદ્ધસૂરીશ્વરજી મ. (પૂ૦ બાપજી મહારાજ)ના સમુદાયની યાદી

પૂજ્યપાદ આ શ્રી વિજયભદ્રંકરસૂરીશ્વરજી મ. (ઠાણા ૫)
જૈન મંદિર, શાન્તિનગર, આશ્રમરોડ, અમદાવાદ–૩૮૦૦૧૩

પૂજ્ય આ. શ્રી વિજયવિબુદ્ધપ્રભસૂરીશ્વરજી મ. (આદિ ઠાણા)
શ્રી જૈન શ્વે. મંદિર, (જી: જાલોર–રાજસ્થાન) આહોર

પૂજ્ય આ. શ્રી વિજયઅરવિંદસૂરીશ્વરજી મ. (ઠા.૩)
જૈન ઉપાશ્રય, (વાયા:ડીસા, જી: બ. ઉ.ગુ.) મુ:વાવ–૩૮૫૫૭૫

પૂજ્ય આ. શ્રી વિજયયશોવિજયસૂરીશ્વરજી મ. (ઠા.૭)
જૈન ઉપાશ્રય (જી સિરોહી–રાજસ્થાન) પાડીવ–૩૦૭૦૦૧

પૂ૦ પંન્યાસશ્રી રવિપ્રભવિજયજી મ૦ (ઠા.૩)
જૈન જ્ઞાનમંદિર, વાસણા, અમદાવાદ–૩૮૦૦૦૭

પૂ૦ મુનિરાજશ્રી સુબોધવિજયજી મ. (આદિ)
જૈન ઉપાશ્રય, તળીયાની પોળ, સારંગપુર, અમદાવાદ

પૂ૦ મુનિરાજશ્રી જંબૂવિજયજી મ. (આદિ)
જૈન શ્વે. મંદિર, (વાયા : પાટણ–ઊ. ગુ.) ચારૂપ

પૂ૦ મુનિરાજશ્રી જિનચન્દ્રવિજયજી મ. (આદિ)
જૈન ઉપાશ્રય, તપાવાસ,(જી:જાલોર–રાજસ્થાન) સાંચોર–૩૪૩૦૪૧

પૂ૦ મુનિરાજશ્રી હરિશ્ચંદ્રવિજયજી (આદિ)
જૈન મંદિર, નારણપુરા, ઝવેરી પાર્ક, અમદાવાદ–૧૩

પૂજ્યપાદ આચાર્યદેવશ્રી ભદ્રંકરસૂરીશ્વરજી મ૦ની આજ્ઞાવર્તી સાધ્વી સમુદાયની યાદી પ્રાપ્ત થયેલ નથી.

પૂજ્યપાદ આચાર્યદેવશ્રી અરવિંદસૂરીશ્વરજી મ૦ની આજ્ઞાનુંવર્તી–સાધ્વી સમુદાય

પૂ૦ સાધ્વીશ્રી મનકશ્રીજી, સુવ્રતાશ્રીજી, નુતનપ્રભાશ્રીજી (ઠા.૧૦) જૈન ઉપાશ્રય (વાયા:પાલનપુર–ઉ.ગુ.) જુના ડીસા

પૂ૦ સાધ્વીશ્રી શ્રીમતીશ્રીજી, સુવર્ણાશ્રીજી, ધર્મરત્નાશ્રીજી, સૂર્યકલાશ્રીજી, રત્નત્રયાશ્રીજી, જ્યોતિપ્રભાશ્રીજી, જયપૂર્ણાશ્રીજી, મતિપૂર્ણાશ્રીજી, રમ્યગુણાશ્રીજી (ઠા.૩૮)
જૈન ઉપાશ્રય, (જી.: સિરોહી–રાજ.) પાડીવ–૩૦૭૦૦૧

પૂ૦ સાધ્વીશ્રી પુષ્પમિત્રાશ્રીજી, વિદ્યુલતાશ્રીજી, ભાવપૂર્ણાશ્રીજી (ઠા.૧૧)
ધાણધાર જૈન ઉપાશ્રય, ઇદગાહ રોડ,(બનાસકાંઠા ઉ.ગુ.) પાલનપુર

પૂ૦ સાધ્વીશ્રી તરુણચન્દ્રાશ્રીજી મ. (ઠા.૧૦)
જૈન ઉપાશ્રય, (વાયા : ડીસા–બનાસકાંઠા–ઉ.ગુ.) વાવ–૩૮૫૫૭૫

સાધ્વીશ્રી તીર્થોદયાશ્રીજી મ૦ (ઠા.૩)
જૈન મંદિર, (સ્ટે : રાણીવાડા–રાજસ્થાન) વાંકડીયા–વડગામ

પુ. સાધ્વીશ્રી કલ્પલતાશ્રીજી મ. (ઠા.૫)
જૈન ઉપાશ્રય, (જી : જાલોર–રાજસ્થાન) સાચોર–૩૪૩૦૪૧

સાધ્વીશ્રી મૃગાંકપૂર્ણાશ્રીજી મ૦ (ઠા.૩)
ગાંધીવાસ, જૈન ઉપાશ્રય (બનાસકાંઠા–ઉ.ગુ.) રાધનપુર–૩૮૫૩૪૦

સાધ્વીશ્રી પૂર્ણોદયાશ્રીજી મ૦ (ઠા. ૩)
જૈન મંદિર, (સ્ટે. સરૂપગંજ–રાજસ્થાન) રોહિડા

સાધ્વીશ્રી સત્યરેખાશ્રીજી મ. (ઠા.૩)
જૈન ઉપાશ્રય, દેવકીનંદન સોસાયટી, અમદાવાદ

સાધ્વીશ્રી મહાયશાશ્રીજી મ૦ (ઠા.૩)
જૈન શ્વે. ઉપાશ્રય, (વાયા : વીરમગામ–ગુજરાત) ઝીંઝુવાડા

મનુષ્યે કર્માનુસારે મેળવેલી વસ્તુને દેવતાઓ પણ છીનવી લેવાં સમર્થ નથી.

અગાશી તીર્થે ઉજવાયેલ અષ્ટાન્હિકા મહોત્સવ

પૂ૦ આચાર્યશ્રી વિજયદક્ષસૂરીશ્વરજી મ૦ સા૦ ના વિદ્વાન શિષ્યરત્ન પૂ૦ મુનિરાજશ્રી પ્રભાકરવિજયજી મહારાજે ૨૧ વર્ષના સંયમ જીવન દરમ્યાન પૂ૦ ગુરુદેવશ્રીની પાવન નિશ્રામાં રહીને અનેકવિધ જ્ઞાન-ધ્યાન-તપ-અભ્યાસ અને જિનશાસનના અનેકવિધ ધર્મકાર્યો દ્વારા ચારિત્ર જીવનને સુશોભિત અને યશસ્વી બનાવેલ છે.

તેઓશ્રીએ જિનશાસનના મહાન આગમ શ્રી ભગવતી મહાસૂત્રના ૨૧૦ દિવસના યોગ (તપશ્ચર્યા)ની આરાધનાનો મંગલ પ્રારંભ પૂ૦ આ૦ શ્રી વિજયમેરુપ્રભસૂરીશ્વરજી મ૦ સા૦ ના આશીર્વાદ સહ અષાડ સુદ ૧૦ના શુભ દિને ધર્મપ્રભાવક પૂ૦ આચાર્યશ્રી વિજયદક્ષસૂરીશ્વરજી મ૦સા૦ આદિની શુભ નિશ્રામાં કરેલ છે. પૂજ્યશ્રીની આ મહાન યોગની આરાધનાની અનુમોદનાર્થે અત્રેના શ્રીસંઘ તરફથી જિનેન્દ્રભક્તિ સ્વરૂપ શ્રી સિદ્ધચક્ર મહાપૂજન સહ અષ્ટાન્હિકા મહોત્સવ તા. ૧૦ થી ૧૭ જુલાઈ દરમ્યાન ઉજવવામાં આવ્યો હતો.

આ૦શ્રી વારિષેણસૂરિજી મ૦ની નિશ્રામાં આરાધના

પૂ૦ આચાર્યશ્રી વારિષેણસૂરિજી મ૦સા૦ આદિ ઠા, ૪ શેગાંવ, બાલાપુર, પામગાંવમાં ભક્તામર મહાપૂજનો, ૧૮, અભિષેકો, ૩૫૦ સામુદિક આયંબિલો, ૩૦ સંઘપૂજનો-પ્રભાવનાઓ, અઠ્ઠમો આદિ શાસનપ્રભાવના પૂર્વક પૂર્ણ કરાવી દેવલગાંવરાજા પધાર્યા હતા. અત્રે પધાર્યા બાદ રોજ પ્રવચનો, ભક્તામર પાઠ, પાર્શ્વનાથ પૂજન, ૧૮ અભિષેક, આયંબિલ, ભાવપથ આરતી આદિ કાર્યક્રમોની ઉત્સાહ પૂર્વક ઉજવણી થઇ હતી.

ત્યારબાદ પૂ૦ આચાર્યશ્રી આદિ ચાતુર્માસ અર્થે જાલના પધાર્યા છે. અત્રે શ્રીસંઘ દ્વારા તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવેલ. હાલ અત્રે સમુહ આયંબિલ, પ્રભાવના વિગેરે ચાલુ છે. પૂજ્યશ્રીના આગમનથી શ્રીસંઘમાં આનંદ છવાઇ ગયો છે.

જયપુરમાં થયેલ ચાતુર્માસ પ્રવેશ

સ્વ. ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ૦ સા૦ના શિષ્યરત્ન ૮૮મી વર્ધમાન તપની ઓળીના આરાધક પૂ૦ તપસ્વી મુનિશ્રી નિત્યવર્ધનસાગરજી મ૦ સા૦ તેમ જ પ્રવચનકાર પૂ૦ પંન્યાસશ્રી મહાયશસાગરજીના શિષ્યરત્ન બાલમુનિશ્રી ધર્મયશસાગરજી આદિ ઠા. ૨ નો જયપુરનગર સ્થિત જૈન શ્વેતાંબર તપાગચ્છ સંઘ-ઉપાશ્રયે તા. ૯ ૭-૮૯ના રોજ ચાતુર્માસ પ્રવેશ થયો છે.

પૂજ્યશ્રીના પ્રવેશ બાદ નિયમીત ચાતુર્માસીક ક્રમિક અઠ્ઠમતપની, ભવ્ય શંખેશ્વરજીની આરાધના, નવલાખ નવકાર મહામંત્રનો અખંડ જાપ, દીપ, ધૂપ સાથે સામાયિકમાં થશે. વર્ધમાન તપના પાયાની આરાધના, પર્યુષણ મહાપર્વની સામુહિક આરાધના તેમ જ શાશ્વતી ઓળીની સામુહિક આરાધના થશે. ચાતુર્માસમાં વિશિષ્ટ તપશ્ચર્યા-આરાધના-પ્રવચનો વિગેરેનું પણ આયોજન કરવામાં આવનાર છે.

ચંદનબાળા કન્યા શિબીરનું થયેલ ઉદ્ઘાટન

પૂ૦ પંન્યાસશ્રી પૂર્ણાનંદવિજયજી (કુમારશ્રમણ) આદિ તથા શિબીરના પ્રણેતા સાધ્વીશ્રી સૂર્યપ્રભાશ્રીજી તથા તેમના શિષ્યા સા૦ શ્રી દિવ્યપ્રભાશ્રીજી આદિની શુભ નિશ્રામાં શ્રી ચંદનબાળા કન્યા શિક્ષણ શિબીરનું (ક્રમાંક-૩૨) ઉદ્ઘાટન ગત તા. ૨૩-૭-૮૯ના રોજ થયું છે.

બલસાણા તીર્થની યાત્રાએ પધારો

(તાલુકો : સાક્રી, જીલ્લો : ધુલીયા-મહારાષ્ટ્ર)

બલસાણા ગામમાંથી ૩૧ ઇંચના શ્યામ, મનોહર, સુંદર ૧૫૦૦ વર્ષ પુરાના ચમત્કારી શ્રી વિમલનાથ ભગવાનની મુર્તિ પ્રાપ્ત થઈ છે. નદીઓ અને પહાડોની વચ્ચે કુદરતી સૌંદર્યથી શોભતા કળા-કૌશલ્યથી યુક્ત મંદિરોના ખંડેરો પ્રાચીનતાની સાક્ષી આપતા આજે પણ અડોલ ઉભા છે. આથી અતિ પ્રાચીન આ ઐતિહાસીક નગર હશે. અહિયા જૈનોના ૧૦ ઘર છે.

વર્તમાન તપોનિધિ પુજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયભુવનભાનુસુરીશ્વરજી મહારાજ તથા પંન્યાસ પ્રવર શ્રી ચંદ્રશેખરવિજયજી મ. સા. ના આશીર્વાદથી તથા મુનિશ્રી વિદ્યાનંદવિજયજી ગણિ મ.સા. ના સક્રિય ઉપદેશથી સ્થાનિક અને અનેક જૈન સંઘોના સહયોગ અને સહકારથી એક ગગનચુંબી જિનાલય નિર્માણ થયું છે. જેની પ્રતિષ્ઠા પ. પુજ્ય આચાર્યશ્રી રાજેન્દ્રસુરીશ્વરજી મ. સા. આદિની નિશ્રામાં મહોત્સવ પુર્વક થઈ છે. પ્રાચીન નયનરમ્ય અલૌકિક ચમત્કારી શ્રી વિમલનાથ ભગવાનના જિનબિંબથી શોભતા નુતન તીર્થના અને બલસાણાની પંચતીર્થી (નેર, ધુધાણા, દોડાઇચા, નંદરબાર, બલસાણા) ના દર્શન કરી પાવન થવા સકલ સંઘને ભાવભર્યું આમંત્રણ છે. ત્યાંનો સઘળો વહીવટ ધુલીયા જૈન સંઘ સંભાળે છે.

આવવા માટે સુવિધા :- સુરત-ધુલીયા હાઈવે પર સાક્રીથી દોડાઇચા રોડથી બલસાણા ૨૫ કિ.મી. ના અંતરે છે. અને દોડાઇચા-શીમઠાણાથી ૨૫ કિ.મી. અંતરે જુદા જુદા ટાઇમે એસ.ટી. મળે છે.

નુતન તીર્થમાં લાભ લેવા માટે વિનંતી-લખો :

શ્રી ધુલીયા જૈન સંઘ. તેલગલી. ધુલીયા-૪૨૪૦૦૧

સ્વસ્તિક હાર્ડવેર સ્ટોર અને અરિહંત પેઈન્ટસ, આગ્રા રોડ,ધુલીયા

નેમિચંદ મોતીલાલ ગોપાલદાસ પરિવારના સૌજન્યથી

પરમાર્થમાં ખર્ચેલા પૈસા અણીને પ્રસંગે ઉપયોગી થઇ પડશે, તે ખાત્રી રાખજો.

પૂજ્યપાદ કચ્છ વાગડ દેશોદ્ધારક આચાર્યભગવંત શ્રીમદ્ વિજયકનકસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયની યાદી

પૂજ્યપાદ આચાર્યશ્રી વિજયકલાપૂર્ણસૂરીશ્વરજી મ૦ (ઠા.૧૩)
જૈન શ્વે. ઉપાશ્રય, (તાઃ ભચાઉ-કચ્છ) આધોઇ-૩૭૦૧૩૫
પૂ૦ મુનિરાજશ્રી કીર્તિચન્દ્રવિજયજી મ૦ (ઠા. ૩)
જૈન મંદીર, ટી. બી. એકસ. એસ. ૮૧, ગાંધીધામ-૩૭૦૨૦૧
પૂ૦ મુનિરાજશ્રી મુક્તિચન્દ્રવિજયજી મ૦ (આદિ)
જૈન ઉપાશ્રય, (ત. ભચાઉ-કચ્છ) મનફરા-૩૭૦૧૪૦

પૂજ્ય સાધ્વી સમુદાય

પૂ૦ સાધ્વીશ્રી વિમલશ્રીજી (૮) દમયંતિશ્રીજી (૧૦) (ઠા. ૧૭૮) સુનંદાશ્રીજી (૬) વિદ્યુતપ્રભાશ્રીજી (૮) સુલસાશ્રીજી (૧૧) ચન્દ્રપ્રભાશ્રીજી (૧૦) ભૂષણશ્રીજી (૭) યશસ્વતીશ્રીજી (૪) નિત્યયશાશ્રીજી (૬) પદ્મપ્રભાશ્રીજી (૬) પ્રફુલ્લપ્રભાશ્રીજી (૧૧) ચન્દ્રજ્યોતિશ્રીજી (૫) મહાપ્રજ્ઞાશ્રીજી (૭) નંદિમિત્રાશ્રીજી (૭) પૂર્ણચન્દ્રાશ્રીજી (૬) દિવ્યદર્શનાશ્રીજી (૬) હેમકલાશ્રીજી (૫) નયમાલાશ્રીજી (૬) વિક્રમેન્દ્રાશ્રીજી (૯) હંસપૂર્ણાશ્રીજી (૭) ચન્દ્રકલાશ્રીજી (૮) વિચક્ષણાશ્રીજી (૪) દેવાનંદાશ્રીજી (૪) કમલપ્રભાશ્રીજી (૫) નિરૂપમાશ્રીજી (૧૬) ચિત્તપ્રસન્નાશ્રીજી (૫) મયુરકલાશ્રીજી (૪)
જૈન શ્વે.મંદિર, (તાઃભચાઉ-કચ્છ-ગુજરાત) આધોઇ-૩૭૦૧૩૫
સાધ્વીશ્રી ચન્દ્રકાંતાશ્રીજી મ૦ (ઠા.૪)
જૈન મંદિર, (બનાસકાંઠા) સાંતલપુર
સાધ્વીશ્રી ચેલ્લણાશ્રીજી મ૦ (ઠા.૪)
જૈન મંદિર, (વાગડ-કચ્છ-ગુજરાત) આડીસર
સાધ્વીશ્રી જયકીર્તિશ્રીજી મ૦ (ઠા.૪)
જૈન મંદિર [વાગડ-કચ્છ-ગુજરાત] ભીમાસર-૩૭૦૧૬૦
સાધ્વીશ્રી જયાનંદશ્રીજી મ. (ઠા.૫)
જૈન મંદિર, (કચ્છ-ગુજરાત) ગાગોદર
સાધ્વીશ્રી દીવાકરશ્રીજી (ઠા.૪)
જૈન મંદિર, (કચ્છ-ગુજરાત) સામખીઆરી
સાધ્વીશ્રી ન્યાયશ્રીજી, જીતપ્રજ્ઞાશ્રીજી (ઠા. ૭)
જૈન મંદિર, (તા. ભચાઉ, કચ્છ-ગુજરાત) લાકડીયા
સાધ્વીશ્રી દિવ્યપ્રભાશ્રી મ. (ઠા.૧૦)
જૈન મંદિર, (વાગડ-કચ્છ ગુજરાત) ભચાઉ
સાધ્વીશ્રી ચન્દ્રરેખાશ્રીજી (ઠા.૭)
જૈન મંદિર (કચ્છ-ગુજરાત) રાપર

સાધ્વીશ્રી અતિમુક્તાશ્રીજી મ. (ઠા.૩)
જૈન મંદિર, (કચ્છ-ગુજરાત) ભુજપુર
સાધ્વીશ્રી ચારુવ્રતાશ્રીજી મ. (ઠા ૪)
જૈન મંદિર, (તાઃ ભચાઉ કચ્છ-ગુજરાત) મનફરા-૩૭૦૧૪૦
સાધ્વીશ્રી અતિલપ્રભાશ્રી મ૦ (ઠા.૩)
જૈન મંદિર, (કચ્છ-ગુજરાત) પ્રાગપર
સાધ્વીશ્રી દિનમણીશ્રીજી મ૦ (ઠા.૭)
જૈન મંદિર. (કચ્છ-ગુજરાત) ભરૂડીયા
સાધ્વીશ્રી દિવ્યરેખાશ્રીજી મ૦ (ઠા.૪)
જૈન મંદિર, (તાઃ ભૂજ-કચ્છ ગુજરાત) માધાપર
સાધ્વીશ્રી પુષ્પાચુલાશ્રીજી મ૦ (ઠા.૬)
જૈન મંદિર, (કચ્છ-ગુજરાત) અંજાર
સાધ્વીશ્રી ભુવનશ્રીજી, ચન્દ્રયશાશ્રીજી, અનુપમાશ્રીજી (ઠા.૧૬)
જૈન ઉપાશ્રય, પાલડી અમદાવાદ-૩૮૦૦૦૬
સાધ્વીશ્રી સુગુણાશ્રીજી મ૦ (ઠા.૩)
જૈન ઉપાશ્રય, ડી. બી. કેબીન, અમદાવાદ
સાધ્વીશ્રી લાવણ્યશ્રીજી મ૦ (ઠા.૯)
જૈન ઉપાશ્રય, અહાપનાનીપોળ, કાળુપુર, અમદાવાદ-૧
સાધ્વીશ્રી હીરશ્રીજી મ૦ (ઠા.૧૧)
જૈન મંદિર, નવા વાડજ, અમદાવાદ
સાધ્વીશ્રી સુભદ્રાશ્રીજી, નર્મદાશ્રીજી, નિશ્ચયધર્માશ્રીજી (ઠા.૨૮)
જૈન મંદિર-ઉપાશ્રય, સાબરમતી, અમદાવાદ-૫
સાધ્વીશ્રી હેમંતશ્રીજી મ૦ (ઠા.૧૦)
જૈન શ્વે. મંદિર, (ઉત્તર ગુજરાત) પાટણ
સાધ્વીશ્રી કુમુદશ્રીજી, પ્રવીણાશ્રીજી (ઠા.૧૦)
જૈન શ્વે મંદિર, (સાબરકાંઠા ઉ. ગુજરાત) રાધનપુર
સાધ્વીશ્રી નીતિશ્રીજી મ. (ઠા ૭)
જૈન મંદિર, ઉપાશ્રય (વાયા : પાલનપુર-ઉ.ગુ.) નવાડીસા
સાધ્વીશ્રી સુદક્ષાશ્રીજી મ. (ઠા.૪)
જૈન મંદિર, (સાબરકાંઠા-ઉ.ગુ.) રાધનપુર
સાધ્વીશ્રી સુલોચનાશ્રીજી મ. (ઠા.૫)
જૈન મંદિર, સાબરમતિ, અમદાવાદ-૫
સાધ્વીશ્રી હિતેન્દ્રશ્રીજી મ. (ઠા.૫)
જૈન મંદિર, ઉપાશ્રય, સુરત
સાધ્વીશ્રી હેમગુણાશ્રીજી મ. (ઠા ૩)
જૈન શ્વે. મંદિર, (ઉ. ગુજરાત) નવસારી
સાધ્વીશ્રી પૂર્ણગુણાશ્રીજી મ. (ઠા.૪)
જૈન શ્વે. મંદિર, (કચ્છ-ગુજરાત) ધાણીધર
સાધ્વીશ્રી જયવર્માશ્રીજી મ. (ઠા ૭)
જૈન શ્વે. મંદિર, (જી. : થાણા-મહારાષ્ટ્ર) ભીવંડી

દુઃખના દિવસો આવ્યા સિવાય મનુષ્ય પ્રાયે ઇશ્વરને યાદ કરતો નથી.

શ્રી શત્રુંજય મહાતીર્થ—પાલીતાણા મધ્યે રવિવારીય શ્રી સંસ્કાર અધ્યયન-સત્ર શિબિરનું આયોજન

કન્યાઓના નૈતિક અને આધ્યાત્મિક સંસ્કારદાનના મહત્વને નજર સમક્ષ રાખીને એ દિશામાં યત્કિંચિત સત્પ્રયત્ન કરવાના શુભ આશયથી પ્રેરાઈને પ્રાચીન તીર્થોદ્ધારક પૂ૦ આ૦ ભગવંત શ્રી વિજયનીતિસૂરીશ્વરજી મ૦સા૦ના પ્રશિષ્યના શિષ્ય વર્તમાન ગચ્છાધિપતિ તપસ્વી પૂ૦ આ૦ ભગવંતશ્રી વિજયઅરિહંતસિદ્ધસૂરીશ્વરજી મ૦ સા૦ ના આજ્ઞાવર્તિની કોટી નમસ્કાર મહામંત્ર આરાધિકા સ્વ૦ માતા ગુરૂદેવશ્રી સુનંદાશ્રીજી મ૦સા૦ના શિષ્યરત્ન શતાવધાની, નૈતિક આધ્યાત્મિક સંસ્કાર પ્રદાતા પરમવિદુષી પૂ૦ સાધ્વીશ્રી નિર્મળાશ્રીજી મ૦સા૦ (એમ. એ. સાહિત્યરત્ન, ભાષારત્ન) આદિની પાવન નિશ્રામાં આ ચાતુર્માસમાં કન્યાઓ અને બહેનો માટે પાલીતાણા શહેરમાં રવિવારીય કન્યાશિબીરનું આયોજન થયું છે. જેનો ગત તા. ૧૬-૭-૮૯ને રવિવારના રોજ પ્રારંભ થયેલ છે.

અગાઉના ૨૪ શિબીરો કન્યાઓએ ધર્મ અને જ્ઞાનનો લાભ પામીને એમના જીવનનું ઘડતર કર્યું છે.

આ શિબીર સ્થાનિક શ્રી સિદ્ધક્ષેત્ર જૈન શ્રાવિકાશ્રમમાં દર રવિવારે આયોજિત કરવામાં આવી છે.

ચાતુર્માસ પ્રવેશ

* પૂ૦ મુનિશ્રી નીતિસાગરજી મ૦ સા૦ આદિ ઠાણા-૨નો સાગર જૈન ઉપાશ્રય, કુંભારીયા પાડો, પાટણ (ઉ.ગુ.)મુકામે અષાડ સુદ ૬ના ચાતુર્માસ પ્રવેશ થયો છે.
* નડિયાદ :- પૂ૦ મુનિશ્રી વિમલવિજયજી મ૦ સા૦ તથા મુનિશ્રી રત્નસેનવિજયજી મ૦ આદિ ઠા-૨ તથા શાસન સમ્રાટ સમુદાયના સાધ્વીશ્રી તત્વયશાશ્રીજી, સા૦ શ્રી વિરતીયશાશ્રીજી આદિ ઠાણા અત્રે શ્રી જૈન દેરાસર-ઉપાશ્રયે અષાડ સુદ ૨ના ચાતુર્માસ પ્રવેશ કરેલ છે.
* પૂ૦ આચાર્યશ્રી રામસૂરિજી (ડેલાવાળા)ના આ૦ શ્રી રાજેન્દ્રસૂરિજી મ૦ સા૦ ના શિષ્ય મુનિશ્રી બલભદ્રવિજયજી, મુનિશ્રી પૂર્ણાનંદવિજયજી મ૦ સા૦ આદિ ઠા.-૨ શાંતિનાથ જૈન દેરાસર, બીલીમોરા (જિ. વલસાડ) ચાતુર્માસ અર્થે બિરાજમાન છે.
* પૂ૦ આ૦ શ્રી રાજેન્દ્રસૂરિજી મ૦સા૦ના શિષ્ય પૂ૦ ગણિવર્યશ્રી વિમલવિજયજી મ૦સા૦ તથા તપસ્વી મુનિશ્રી ચંદ્રાનંદવિજયજી મ૦સા૦ તથા પૂ૦ આ૦ શ્રી રામસૂરિશ્વરજી મ૦સા૦ના આજ્ઞાવર્તિ સાધ્વીશ્રી ચારિત્રપૂર્ણાશ્રીજી આદિ ઠા. ૪ આબુરોડ નગરે ચાતુર્માસ અર્થે પધાર્યા છે.

માલપુરા (રાજ.) શ્રી મુનિસુવ્રત આરોગ્ય ભારતી

ગત ફાગણ સુદ ૩ સં. ૨૦૪૪ના પ્રતિષ્ઠા મહોત્સવની ત્રીજી વર્ષ ગાંઠના સુઅવસરે લોકોપકારી કાર્યના મહત્વને સમજીને શ્રી મુનિસુવ્રતસ્વામી જૈન શ્વેતાંબર ટ્રસ્ટ દ્વારા શ્રી મુનિસુવ્રત આરોગ્ય ભારતી (હોમીયોપેથીક ચિકિત્સાલય)ની સ્થાપના કરવામાં આવી હતી. આ કાર્યના પ્રારંભને ૧૫ મહિનાના સમય ગાળા દરમ્યાન વિવિધ રોગોથી પિડાતા એવા ૧૦ હજાર દર્દીઓનો ઉપચાર કરવામાં આવ્યો છે. ત્રણ ટી.બી.ના દર્દીઓ માટેના કેમ્પોનું આયોજન કરવામાં આવેલ.

ટ્રસ્ટના નિર્ણય મુજબ આરોગ્ય ભારતીના સુચારુ સંચાલન હેતુ રૂા. ૫૦૦/- ના વાર્ષીક સંરક્ષક બનાવવાનું કાર્ય પ્રારંભ કરવામાં આવ્યું છે. જેનો લાભ લેવા ભાવિકોને વિનંતી કરવામાં આવી છે.

સહયોગ અર્થે આપની રકમ ચેક / ડ્રાફ્ટ અથવા રોકડ શ્રી મુનિસુવ્રત સ્વામી જૈન શ્વે. દેરાસર ટ્રસ્ટ, C/o. શ્રી હીરાચંદ વૈદ, જોરાવરભુવન, જૌહરી બજાર, જયપુર-૩ (રાજસ્થાન)ના સરનામે મોકલાવવા જણાવાયું છે.

તખતગઢ (રાજ.)માં ચાતુર્માસ પ્રવેશ અને અષ્ટાન્હિકા મહોત્સવની થયેલ ઉજવણી

સ્વર્ગસ્થ શાંત-તપોમૂર્તિ સચ્ચારિત્ર ચૂડામણિ ૫૦ પૂ૦ આચાર્યદેવેશશ્રી વિજયમંગલપ્રભસૂરીશ્વરજી મ૦સા૦ની ત્રીજી સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે સુવિશુદ્ધ સંયમ જીવનની અનુમોદનાર્થે તેમ જ ગચ્છાધિપતિ તપસ્વી રત્ન પૂ૦ આચાર્યદેવેશશ્રી વિજયઅરિહંતસિદ્ધસૂરીશ્વરજી મ૦સા૦ આદિ પૂજ્ય ગુરુ ભગવંતોના શાનદાર ચાતુર્માસ પ્રવેશ નિમિત્તે શ્રી તખતગઢ જૈન શ્રીસંઘ દ્વારા ગત તા. ૧૨ થી ૧૯ જુલાઈ દરમ્યાન શ્રી અષ્ટોત્તરીશત (૧૦૮) પાર્શ્વનાથ મહાપૂજનયુક્ત શ્રી અષ્ટાન્હિકા જિનેન્દ્ર ભક્તિ મહોત્સવનું શ્રી આદિનાથ ભ૦ મોટા મંદિરે આયોજન કરવામાં આવેલ.

મહોત્સવ દરમ્યાન સ્વ. આચાર્યશ્રીની ગુણાનુવાદ સભા, પંચકલ્યાણક પૂજા, આયંબિલતપ, અંતરાયકર્મ નિવારણ પૂજા આદિ માંગલિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમ જ સાધ્વીશ્રી મનોદર્શિતાશ્રીજીની મોટી દીક્ષા નિમિત્તે તેમના સંસારી પિતાશ્રી દલીચંદભાઈ તરફથી પીસ્તાલીશ આગમની પૂજા ભણાવવામાં આવી હતી.

'જૈન' પત્રના ગ્રાહકોને નમ્ર વિનંતી

જે ગ્રાહક બંધુઓએ ચાલુ વર્ષનું લવાજમ ન મોકલ્યું હોય તેમણે રૂા. ૫૦/- M.O. મોકલાવવા વિનંતી.

વિપત્તિઓથી મનુષ્ય ઘડાય છે અને તેનું જ્ઞાન પરિપકવ થાય છે; તેથી તે મિત્ર સમાન છે.

પૂજ્યપાદ નાકોડા તિર્થોદ્ધારક આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયહિમાચલસૂરીશ્વરજી મ૦સા૦ના સમુદાયની યાદી

પૂજ્યપાદ આ૦ શ્રી વિજયલક્ષ્મીસૂરીશ્વરજી મ૦ ઠા.૪
જૈન ઉપાશ્રય, (વાયા:ગુડામાલાની-બાડમેર, રાજ.) નગર-૩૪૪૦૩૧
પૂ૦ પં૦ શ્રી રત્નાકરવિજયજી મ૦ ઠા ૪
પૂ૦ રાજશેખરવિજયજી મ૦
જૈન ઉપાશ્રય, (વાયા ચારભૂજા,જી:ઉદયપુર-રાજ.) રિછેડ-૩૧૩૩૩૭
પૂ૦ પંન્યાસશ્રી વિદ્યાનન્દવિજયજી મ૦ ઠા.૨
વિજયવિહાર, (વાયા:દાંતરાય-સિરોહી: રાજ.) શિરોધર-૩૦૭૫૧૨
પૂ૦ મુનિશ્રી બલભદ્રવિજયજી મ૦ સા૦ આદી
જૈન ઉપાશ્રય,(વાયા: ફાલના-મારવાડ રાજ.) બાલી-૩૦૬૭૦૧
પૂ૦ મુનિશ્રી ઇન્દ્ર વિજયજી મ૦ સા૦ આદી
બીનગરવાળી ધર્મશાળા, પોસ્ટ ઓફીસસામે, પાલીતાણા-૩૬૪૨૭૦
પૂ૦ મુનિશ્રી રવીશેખરવિજયજી મ૦ સા૦ આદી
જૈન ઉપાશ્રય, (વાયા:જાલોર-રાજસ્થાન) લેટા-૩૪૩૦૦૧

પૂજ્ય સાધ્વીજી સમુદાય

પૂ૦ સાધ્વીશ્રી આનંદશ્રીજી/હેમલત્તાશ્રીજી મ૦ ઠા.૩
જૈન ઉપાશ્રય, (વાયા: જવાઇબંધ-રાજ.) શિવગંજ-૩૦૭૦૨૭
પૂ૦ સાધ્વીશ્રી જિરીમાશ્રીજી/જિષ્ટપ્રભાશ્રીજી મ૦ ઠા.૧૧
જૈન ઉપાશ્રય-મંદિર. (વાયા:જવાઇબંધ-રાજ.) આહોર-૩૦૭૦૨૯
પૂ૦ સાધ્વીશ્રી સૂર્ય પ્રભાશ્રીજી/ચન્દ્રપ્રભાશ્રી ઠા.૪
જૈન ઉપાશ્રય, (વાયા:ફાલના-રાજસ્થાન) સાંડેરાવ-૩૦૬૭૦૮
પૂ૦ સાધ્વીશ્રી ચંપકશ્રીજી મ૦ ઠા.૨
જૈન ઉપાશ્રય, (વાયા: ફાલના-રાજસ્થાન) કૌશિલા-૩૦૬૭૦૮
પૂ૦ સાધ્વીશ્રી શાંતાશ્રીજી મ૦ ઠા.૨
જૈન ઉપાશ્રય, (વાયા: જવાઇબંધ-રાજ.) શિવગંજ-૩૦૭૦૨૭
પૂ૦ સાધ્વીથી બાલાશ્રીજી મ૦ ઠા.૧૦
જૈન શ્વે, મંદિર, જી:બલાડી-કર્ણાટક) કંપલી-૫૮૩૧૩૨
પૂ૦ સાધ્વીશ્રી સુરેમાશ્રીજી મ૦ ઠા.૩
જૈનમંદિર, ૩૧૪, જગન્નાથ શંકરશેઠરોડ, ઠાકુરદ્વાર, મુંબઇ-૨

પાના નં. ૨૬૦નું ચાલુ)

પૂ૦ મુનિશ્રી વિશ્વકલ્યાણવિજયજી મ૦ આદી
જૈન મંદિર, જુના બજાર, ખડકી-(મહારાષ્ટ્ર) પૂના-૪૧૧૦૦૩
પૂ૦ મુનિશ્રી કીર્તિદર્શનવિજયજી મ૦ આદી
જૈન ઉપાશ્રય, સરદાર બાગ, (જી:સુરત-ગુજ.) બારડોલી-૩૯૪૦૦૧

સાધ્વીશ્રી રંજનશ્રીજી/રાયશ્રીજી મ૦ ઠા.૪
જૈન ઉપાશ્રય, કાવડીયાવાસ, (જી:પાલી-રાજ.) સાદડી-૩૦૬૭૦૨
સાધ્વીશ્રી શાંતિશ્રીજી મ૦ આદી
જૈન મંદિર પાસે, ઉપાશ્રય, (જી.પાલી/રાજ.) સાદડી-૩૦૬૭૦૨
પૂ૦ સાધ્વીશ્રી પુષ્પાશ્રી મ૦ આદી
જૈન ઉપાશ્રય, નિંમહાકી પોઠી, (વાયા: ફાલના-રાજ.) સાદડી
પૂ૦ સાધ્વીશ્રી મદનરેખાશ્રી મ૦ આદી
જૈન ધર્મશાળા, (જી:પાલી-રાજ. ફાલના-૩૦૬૧૧૬
સાધ્વીશ્રી સજ્જનશ્રી મ૦ આદી
મહીલાનો ઉપાશ્રય, (વાયા:ફાલના-રાજ. ઘાણેરાવ-૩૦૬૭૦૪
સાધ્વીશ્રી દર્શનશ્રીજી મ૦ આદી
જૈન ઉપાશ્રય, (જી:જાલોર-રાજ.) ગુડાંબાલોતન-૩૦૭૦૫૦
સાધ્વીશ્રી અમૃતકલાશ્રીજી/ભક્તિશ્રીજી આદી
બહેનોનો જૈન ઉપાશ્રય, ગોહીલીરોડ (રાજ.) સિરોહી-૩૦૭૦૦૧
સાધ્વીશ્રી પુણ્યોદયાશ્રીજી મ૦ આદી
શ્રી આત્મવલ્લભ જૈન શ્વે. તપાગચ્છ ઉપાશ્રય,
લાખનકોટડી, (રાજસ્થાન) અજમેર-૩૦૫૦૦૧
સાધ્વીશ્રી સૂર્યપ્રભાશ્રીજી મ૦ ઠા.૨
ચંચલબાઇ જૈન ધર્મશાળા, (ગુજરાત) પાલીતાણા-૩૬૪૨૭૦
સાધ્વીશ્રી વલ્લભપ્રભાશ્રીજી મ૦ આદી
સાંડેરાવ જિનેન્દ્ર ભુવન, તલાટીરોડ, પાલીતાણા-૩૬૪૨૭૦
સાધ્વીશ્રી સુવર્ણપ્રભાશ્રીજી મ૦ ઠા.૨
જૈન ઉપાશ્રય, (વાયા: રાણી-રાજ.) બીજોવા-૩૦૬૬૦૧

પૂજ્યપાદ ધર્મપ્રભાવક, તપાગચ્છીય મુનિપ્રવર શ્રીમદ્ મોહનલાલજી મ૦ના સમુદાયની યાદી

પૂજ્યપાદ ગણનાયક આ૦શ્રી મુનિચિદાનંદસૂરીજી મ.સા. ઠા.૬
પૂ૦ ગણિવર્યશ્રી સુયશમુનિજી મ૦
સંવેગી જૈન ઉપાશ્રય, કબુતરખાના, વડાચૌટા, સુરત-૩૯૫૦૦૩
પૂ૦ પ્રવર્તક મુનિશ્રી કીર્તિસેનમુનિજી મ૦ ઠા.૩
શ્રી શાંતિનાથ જૈન મંદિર, નવાપુરા, કરવારોડ, સુરત-૩૯૫૦૦૩
પૂ૦ મુનિશ્રી હરિસેનમુનિજી મ૦ આદી
શ્રી જૈન મંદિર, (સ્ટે:જવાઇબંધ-રાજ.) સુમેરપુર-૩૦૬૯૦૨
પૂ૦ મુનિશ્રી ભાનુમુનિજી/મુક્તિપ્રભમુનિજી મ૦ ઠા.૩
શ્રી શીતલનાથ જૈન મંદિર, તૈલીગલી,(મહા.) ધુલિયા-૪૨૪૦૦૧

(અનુસંધાન પાના નં. ૨૬૭ ઉપર)

ભાવ–પ્રતિભાવ

'જૈન' પત્રના વાચકો દ્વારા આવેલા પત્રોમાંથી

તા. ૧૮-૭-૮૯

'જૈન' પત્રના તંત્રીશ્રી પરમ પ્રિય મહેન્દ્રભાઈ

"શ્રી ગોડી પાર્શ્વનાથ જૈન દેરાસરના ભવ્ય ભૂતકાળ અને વર્તમાન પુનઃ પ્રતિષ્ઠા પર એક નજર" એક લેખ આ સાથે મોકલું છું. આશા છે કે તમારા લોકપ્રિય જૈન–પત્રમાં પ્રગટ કરી આભારી કરશો.

વિશેષ જૈનના લવાજમના રૂ. ૧૦૦/– તમો અવારનવાર મુંબઈ આવો છો તો આવો ત્યારે જરૂર લઈ જજો.

બીજું તમોએ પત્રની શાન દીન–પ્રતિદીન ખૂબ જ વધારી છે! મહાવીર વિદ્યાલય માટે તથા ૫૦ પૂ૦ પં૦શ્રી ચંદ્રશેખર-વિજયજી માટે જૈનનું ખમીર હિમ્મત અને નીડરતા જે બતાવી છે તે માટે ધન્યવાદ.

મુનિ સંમેલન માટે કદાચ આપણા બન્ને વચ્ચે વિચારભેદ ભલે હશે તેમ છતાં તમે જે સેવા કરી છે એની તો અમને પૂરી કદર છે. જો તમે એ વિશેષાંક પ્રગટ ન કર્યો હોત તો બીજું કોણ અને ક્યારે કરત એ સવાલ હતો!

બીજું જો એકંદરે વિચારીએ તો મુનિ સંમેલને કરેલા ઠરાવો પૈકી દેવદ્રવ્ય, ગુરુપૂજન દ્રવ્ય, ગુરુના સ્વર્ગાગમન દ્રવ્ય, ઈત્યાદી ચાર પાંચ ઠરાવોમાં જો સુધારો કરવામાં નહિં આવે ત્યાં સુધી એકતાની વાતો માત્ર દંભી અને આત્માને છેતરવા સિવાય કશો જ લાભ કરવાની નથી.......

મારા વિચારોનો લેખ લખી મોકલું? પ્રગટ કરશો!

(મુંબઈ) રાયચંદ એમ. શાહના શુભાશિષ

તંત્રીશ્રી

* આજરોજ M.O. થી રૂ. ૧૨૫/– બાકી રહેતા લવાજમના મોકલ્યા છે. અમારો ગ્રા. નં. ૨૩૪૯ છે. હવેથી અમારી સંસ્થાનું રૂપાંતર થતાં જૈન પત્ર મોકલાવતા નહીં.

(નાંગલપુરદી કચ્છ) આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ

જૈન ઓફીસ,

સવિનય સાથ જણાવવાનું કે આપણે ત્યાં સને ૧૯૮૦ની આસપાસ આપના પત્રનાં આજીવન ફી રૂ. ૯૦/– શેઠશ્રી મોહનલાલ ન્યાલચંદના નામથી પૈસા ભરેલ છે તો અમારી સંસ્થાના નામે કોઈ રકમ બાકી રહેતી નથી.

(થરા) ચેતન શાહ

રૂ. ૬૦/– નું લવાજમ જે મળેલ તે આંગલુ ૧૯૮૦ સુધી બાકી હતું તે અને બાદનું ૧૯૮૧ થી બાકી સમજવું.

* સવિનય જણાવવાનું કે આપશ્રીનું જૈન–પત્ર મંગાવતાં નથી છતાં આપના જણાવ્યા મુજબ લવાજમ રૂા. ૧૧૬/– બાકી પડે છે, તેવો પત્ર અમને આપે મોકલ્યો છે તે અંગે આશ્ચર્ય થાય છે? હવેથી 'જૈન' સાપ્તાહીક મોકલવાનું બંધ કરશો.

જૈન મોટા દેરાસર પેઢી–ખેડા

* મોટો સંઘ હોઈ જૈન સમાજના સમાચારથી વાકેફ રહેવા પત્ર ચાલુ રાખશો તો આનંદ થશે. છતા ન મંગાવવાનું હોય તો બાકી રહેતા લવાજમના રૂા. મોકલાવશો.

* 'જૈન' નિયમિત મળે છે. અગ્રલેખો સૌનું ધ્યાન ખેંચે છે. રસપ્રદ દૃષ્ટિ છે, આ પરંપરા ચાલુ રાખશો. 'જૈન' પેપરને વ્યક્તિવાદી ને સ્વાર્થ તત્વો તરફથી ઉખેડી નાંખવાનો પ્રયત્ન શરૂ કર્યો છે.

આ સાથે આજીવન સભ્ય તરીકે રૂા. ૫૦૦/– નો ચેક એક સ્નેહીનો મોકલાવેલ છે.

(મુંબઈ) વસંતલાલ વમળશી

* શ્રીમાન 'જૈન'

...અમોએ ફક્ત એક વરસ માટે લવાજમ ભર્યું હતું પછી અમોએ લખ્યું જ નથી અને તમો મોકલ્યા કરો છો માટે હવેથી 'જૈન' પત્ર બંધ કરશો.

(છેદ–સુરત) — દેવચંદ ઝવેરચંદ

* ફરી ઉઘરાણી લખી ત્યારે જવાબ ન આવતા ચાલુ રાખેલ છતાં હવે ના મંગાવવું હોય તો બાકી રહેતું લવાજમ મોકલાવશો.

* હું આપના જૈન સાપ્તાહિકનો કેટલાય વર્ષોથી ગ્રાહક છું. છેલ્લા ત્રણ–ચાર વર્ષથી જૈન કોઈ કારણસર અનીયમીત આવતું, હમણા નીયમીત આવે છે. મારો ગ્રા. નં. ૫૯૩ છે. આપે મારા ખાતે બાકી રકમ કાઢી તે અંગે આપ લખો તો નવું લવાજમ તેમજ દંડરૂપે વધુ જે રકમ લખો તે એમ. ઓ. થી મોકલી આપું.

આ સાથે 'જીવનનો પાયો' એ વિષય પર લેખ મોકલાવેલ છે. વિશેષાંકમાં પ્રસિદ્ધ કરવા વિનંતી છે.

(વિસનગર) પં. ધીરેન્દ્રકુમાર આર. મહેતાના સ્નેહસ્મરણ

* ધર્મપ્રિય ધાર્મિક જ્ઞાનદાતા પંડીતશ્રી આપશ્રી હવે લવાજમ મોકલાવશો નહી. આપશ્રીને પત્ર હવેથી ફ્રી મોકલીશું. તેમજ આપણી પાઠશાળામાં સેવા આપતા ભારતભરના દરેક શિક્ષક–શિક્ષીકાઓને 'જૈન' પત્ર મંગાવશે તેને ફ્રીમાં જ્ઞાનનાં બહુમાનરૂપે મોકલીશું. તો દરેક શિક્ષક શિક્ષીકા જણાવે.

આત્મામાં આનંદના ઉભરા પ્રગટે ત્યારે અમૃત ક્રિયાવાળી તીર્થયાત્રા થઈ તેમ જાણવું.

(પાના નં. ૨૬૫નું ચાલુ)

પુ૦ મુનિશ્રી ધર્મઘોષમુનિજી મ૦ ઠા.૨
શ્રી મોહનલાલજી જૈન ઉપાશ્રય, ગોપીપુરા, સુરત-૩૯૫૦૦૧
પુ૦ મુનિશ્રી પ્રિયદર્શનમુનિજી મ૦ આદી
જૈન ઉપાશ્રય, (જી: સાજાપુર, મધ્યપ્રદેશ) ખડોદ-૪૬૫૫૫૦
પુ૦ મુનિશ્રી તપોધનમુનિજી મ૦ આદી
જૈન મંદિર-ઉપાશ્રય, ફ્રીગંજ, (મધ્યપ્રદેશ) ઉજ્જૈન-૪૫૬૦૦૧

પૂજ્ય સાધ્વીજી મહારાજની યાદી

સાધ્વીશ્રી જંબુશ્રીજી મ. ઠા.૬ (ગુજરાત) પાલીતાણા-૩૬૪૨૭૦
,, વિનયશ્રીજી મ. ઠા.૪ વડચૌટા, સુરત-૩૯૫૦૦૧
,, કમલશ્રીજી મ. ઠા.૩ જૈન ક્રિયાભવન,(રાજ.) પાલી
,, કવીન્દ્રશ્રીજી મ, ઠા.૩ જૈનધર્મશાળા,(રાજ.) શીવગંજ
,, ખાન્તિશ્રીજી મ. ઠા.૨ (જી: જાલોર-રાજ.) માલવાડા
,, સજ્જનશ્રીજી મ. ઠા:૪ (,, ,,) માંડાણી
,, પ્રેમલત્તાશ્રીજી મ. ઠા:૩ ભુતાજીનો વાસ,
(સ્ટે: ફાલના, રાજ.) સાદડી
,, સુમંગળાશ્રીજી મ. આદી હઠીભાઈની વાડી, અમદાવાદ
,, જયંતિશ્રીજી ઠા:૫ અરૂણ સોસા, પાલડી, અમદાવાદ
,, સંયમશ્રીજી મ. ઠા:૩ (સ્ટે:ફાલના-રાજ.) દેસુરી
,, કીર્તિપ્રભાશ્રીજી મ. ઠા:૮ (જવાઈબંધ-રાજ.) સુમેરપુર
,, ચન્દ્રપ્રભાશ્રીજી મ. આદી (જી:જાલોર-રાજ.) રાણીવાડા
,, હેમરત્નાશ્રીજી મ. ઠા:૨ ,, ,, શીવગંજ
,, જયાશ્રીજી મ. ઠા:૩ (સ્ટે:રાની-રાજ.) દાદઈ

સૌધર્મબૃહતપાગચ્છીય ત્રિસ્તુતિક આ૦ શ્રી વિજયજયન્તસેનસૂરીશ્વરજી મ૦નો સમુદાય

પૂજ્યપાદ આ૦ શ્રી વિજયજયંતસેનસૂરીજી મ૦ ઠા:૭
મુનિશ્રી નિત્યાનન્દ/હેમરત્ન/વિશ્વરત્નવિજયજી
મુનિશ્રી સિદ્ધરત્ન/અપૂર્વરત્ન/વિદ્ધદરત્નવિજયજી મ૦
શ્રી શ્વે. જૈન ઉપાશ્રય, (વાયા:રાની-રાજ) ખીમેલ-૩૦૬૧૫૫
સ્થવિર મુનિશ્રી શાન્તિવિજયજી/મુનિ જયરત્નવિજય ઠા:૫
મુનિશ્રી અશોક વિ૦/આનન્દ વિ૦/ગુણરત્નવિજયજી મ૦
શ્રી જૈન શ્વે. મંદિર, (રાજસ્થાન) ભાંડવપુર તીર્થ
મુનિરાજ શ્રી ભુવનવિજયજી, ચેતનવિજયજી મ૦, ઠા:૭
મુનિશ્રી કેવળ/સમ્યગ્રત્ન/રામરત્નવિજયજી મ૦
મુનિશ્રી પદ્મરત્ન/પ્રશાન્તરત્નવિજયજી મ૦
મુથાવાસ, ગણેશચોક, (જી જાલોર-રાજ.) ભીનમાલ-૩૪૩૦૨૯
પૂ૦ મુનિશ્રી વિનયવિજય/જયકીર્તિવિજયજી મ૦ ઠા:૨
જૈન મંદિર, (જી:જાલોર-રાજ.) સિયાણા-૩૪૩૦૨૮
પૂ૦ મુનિશ્રી મુક્તિચન્દ્ર/વીરરત્ન/જગતચન્દ્રવિજયજી મ૦ ઠા:૩
શ્રી જૈન શ્વે. મંદિર, (જી:ઉજ્જૈન-મ.પ્ર.) પીપલોદ
પૂ૦ મુનિશ્રી જયાનન્દ/હરિશ્ચંદ્રવિજયજી મ૦ ઠા:૨
શ્રી જૈન શ્વે. મંદિર પેઢી, (જી:જાલોર-રાજ.) માંડવલા-૩૪૩૦૪૨

પૂજ્ય સાધ્વીજી મહારાજની યાદી

પૂ૦ સાધ્વીશ્રી સુન્દરશ્રીજી/ગંભીરશ્રીજી ઠા:૨
શ્રી જૈન શ્વે. મંદિર, પોરવાડવાસ, (મ.પ્ર.) રતલામ-૪૫૭૦૦૧
સાધ્વીશ્રી કુસુમ/કુમુદ/હર્ષપૂર્ણા/મોક્ષપૂર્ણાશ્રીજી ઠા:૬
જૈન શ્વે. મંદિર, (બનાસકાંઠા-ઉ.ગુ.) નૈનાવા
સાધ્વીશ્રી મહાપ્રભા/પ્રિયદર્શના/સુદર્શનાશ્રીજી ઠા:૩
જૈન શ્વે. મંદિર, (વાયા:રાની-રાજ.) ખીમેલ-૩૦૬૧૫૫
સાધ્વીશ્રી ભુવનપ્રભાશ્રી/દમયન્તી/સુર્યોદયાશ્રીજી ઠા:૧૨
સાધ્વીશ્રી કૈલાશ/ચન્દ્રયશા/શશીકલા/અનન્તદર્શાશ્રીજી
સાધ્વીશ્રી દર્શિતકલા/દર્શનકલા/મધુરકલાશ્રીજી
સાધ્વીશ્રી જીવનકલા/ચારિત્રકલાશ્રીજી મ૦
રાજેન્દ્રસૂરી ચોક, રતનપોળ, અમદાવાદ-૩૮૦૦૦૧
સાધ્વીશ્રી સ્વયંપ્રભા/કનકપ્રભાશ્રીજી મ૦ ઠા:૧૬
સાધ્વીશ્રી કલ્પલત્તા/સુનન્દા/અનન્તગુણા/હિતપ્રજ્ઞાશ્રીજી
સાધ્વીશ્રી ભવ્યગુણા/મોક્ષગુણા/રત્નયશા/સૌમ્યગુણાશ્રીજી
સાધ્વીશ્રી કૈવલ્યગુણા/વિદ્ધદગુણા/અક્ષયગુણા/દર્શિતગુણાશ્રીજી
સાધ્વીશ્રી સિદ્ધાન્તગુણા/સમકીતગુણા/શીતલગુણાશ્રીજી
શ્રી રાજેન્દ્રસૂરી દાદાવાડી, તલાટી રોડ, પાલીતાણા-૩૬૪૨૭૦
સાધ્વીશ્રી પ્રેમલત્તા/પૂર્ણકિરણ/કલ્પરેખાશ્રીજી ઠા:૩
જૈન શ્વે. મંદિર, (જી:પાલી-રાજ.) રાણી સ્ટેશન
સાધ્વીશ્રી કોમલલત્તા, પુણ્યપ્રભાશ્રીજી ઠા.૪
સાધ્વીશ્રી શાસનલત્તા, અનેકાન્તલત્તાશ્રીજી
જૈન શ્વે. મંદિર, (રાજસ્થાન) જોધપુર-૩૪૨૦૦૧
સાધ્વીશ્રી સદ્દગુણાશ્રીજી/સુમંગલાશ્રીજી ઠા:૨
ગણેશ ચોક, (જી:જાલોર-રાજ.) ભીનમાલ-૩૪૩૦૨૯
સાધ્વીશ્રી મહિલા/શશીપ્રભા/પુષ્પદર્શનાશ્રીજી ઠા:૩
જૈન શ્વે. મંદિર, (જી:જાલોર-રાજ.) સિયાણા-૩૪૩૦૨૮
સાધ્વીશ્રી સુર્યકિરણશ્રીજી/અરૂણપ્રભાશ્રીજી ઠા.૪
સાધ્વીશ્રી સમ્યગ્પ્રભાશ્રીજી/શરદ્પ્રભાશ્રીજી મ૦
જૈન શ્વે. મંદિર, (રાજ.) સૂરાણા
સાધ્વીશ્રી સ્નેહલત્તા/તત્ત્વલત્તા/વિજ્ઞાનલત્તાશ્રીજી ઠા.૩
જૈન શ્વે. મંદિર, (વાયા:જાલોર-રાજસ્થાન) શિવગંજ-૩૦૭૦૨૭
સાધ્વીશ્રી આત્મદર્શના/સમ્યગદર્શના/ચારુદર્શનાશ્રીજી ઠા.૩
જૈન શ્વે. મંદિર, (વાયા:લુની-રાજસ્થાન) ખેતડા
સાધ્વીશ્રી વસંતમાલા/દિવ્યદર્શના/રંજનમાલાશ્રીજી ઠા.૩
જૈન મંદિર-ઉપાશ્રય, (જી. ખેડા-ગુજરાત) આણંદ-૩૮૮૦૦૧
સાધ્વીશ્રી દિવ્યદ્રષ્ટા, અવિચલદ્રષ્ટાશ્રીજી ઠા.૪
,, અનુપમદ્રષ્ટા/અમિતદ્રષ્ટાશ્રીજી મ૦
જૈન મંદિર, (વાયા ડીસા-બનાસકાંઠા-ગુજરાત) થરા-૩૮૫૫૬૬

જૈનોના રાજકીય અક્ષાંક રેખાંશ

નીત નવી ભાત, નીત નવું પ્રભાત, અને ૮૯માં વર્ષે પણ યુવાનીમાં થનગનવા માટે, આપણાં જ ઉદ્યોગપતિઓ, આપણાં જ આગેવાનો, આપણાં જ રાજકારણીઓ, આપણાં જ નાનાનાના કાર્યકરોની, પ્રતિભાને સમાજ સમક્ષ ઉપસાવવાં, તેઓખાંર વ્યક્તિત્વ ધરાવતા, મહારાષ્ટ્ર સ્ટેટ કન્ઝયુમર્સ કો ઓપરેટીવ ફેડરેશનના બોર્ડ ઓફ ડાયરેકટર્સ, મલબાર હીલ તાલુકા કોંગ્રેસ કમિટીના જનરલ સેક્રેટરી અને ઉમરગાંમમાં ઉદ્યોગ ધરાવતા શ્રી ચંદ્રેશ વીરવાડીયાની કલમ શરૂ કરતા જૈન પત્ર આનંદ અને ગૌરવ અનુભવે છે. —મહેન્દ્ર શેઠ

દેશભરમાં ચુંટણીના પડઘમ વાગી રહ્યાં છે. લોકસભા, વિધાનસભા, મ્યુનીસીપાલીટીઓ, જીલ્લા અને ગ્રામ પંચાયતોની ચુંટણીઓ નજીકને નજીક આવતી જાય છે, આવતો શિયાળો અને ઉનાળો ચુંટણીની ગરમી અને ઠંડીના વમળોમાં રણની રેતીની જેમ વાવંટોળ ઉભો કરી દેશે, ત્યારે જૈન સમાજની પાંગળી નેતાગીરી મુસ્તદીગીરીને બદલે ફીલોસોફીભરી વાતો કરીને કોઇ પણ એક પક્ષના પ્યાદા બની રહેશે, પરંતુ જૈન સમાજમાંથી રાજકારણમાં ભાગ લેતા વિદ્વાનો, યુવકોને સાથ આપવામાં સંકોચ અનુભવશે.

જૈનો પાસે પૈસા છે, બુધ્ધિનું અજોડ બળ છે, દેશની ધંધાકીય નાડ છે. હિન્દુસ્તાનની લગભગ બધી જ મુખ્ય ધંધાકીય માર્કેટોમાં જૈન સમાજનું વર્ચસ્વ છે, અને આ વર્ચસ્વને કારણે, ભલે ખુબ લઘુમતીમાં રહેલો જૈન સમાજ મતદાન ક્ષેત્રમાં અને રાજકીય ક્ષેત્રમાં ખુબ જ મહત્વનું સ્થાન અને શકિત ધરાવે છે, પરંતુ આપણી ખામી છે, આપણી એકતાની.

સાહુ શ્રેયાંસપ્રસાદ જૈન, શ્રી અભય ઓસવાલ, શ્રી દિપચંદ ગાર્ડી, શ્રી જવાહરલાલ દરડા, શ્રી શ્રેણીક કસ્તુરભાઇ, શ્રી જે. આર. શાહના વિચારોમાં સામ્ય છે, પરંતુ રાજકીય ક્ષેત્રને તેમણે ક્યારેય પ્રાધાન્ય આપ્યું નથી.

શૈયદ શાહબુદ્દિન આજે કટ્ટર મુસ્લીમવાદી બની રહ્યા છે, બિનસાંપ્રદાયીકતાની ચર્ચાનું આકર્ષણ દરેક પક્ષોમાં રહેલું છે, પરંતુ શિવસેના, ભાજપ, હિન્દુ મહાસભા અને શૈયદ શાહબુદ્દિન મુસ્લીમો અને હિન્દુઓ વચ્ચેનો વિતંડાવાદ ઉભો કરતા જાય છે, ત્યારે બિનસાંપ્રદાયીકતામાં અટલ અને અડગ વિશ્વાસ ધરાવતા જૈન ધર્મના અગ્રણીઓએ રાજકીય ક્ષેત્રે મહત્વનો ભાગ ભજવવાની તૈયારી આરંભી દેવી જોઇએ.

ગુજરાતના પાટનગર અમદાવાદ કરતા મુંબઇમાં ગુજરાતીઓ વધારે છે, લગભગ ૩૫ લાખ છે. તેમાં સાતથી આઠ લાખ જૈનો છે, અને જૈન સમાજના શ્રી અનોપચંદ શાહ મુંબઇમાંથી લોકસભામાં ચુંટાયેલા માનદ્ સભ્ય છે, બીજા સભ્ય શ્રી મુરલી દેવરા જન્મે જૈન નથી, પરંતુ કર્મથી સવાઈ જૈન છે. જ્યારે ધારાસભામાં એક જ સભ્ય જૈન છે. આવતી ચુંટણીમાં જૈનો ઉભા રહે એવી વ્યવસ્થા જૈન સમાજે કરવાની જરૂર છે. અને સામદામમાં કંઈજ તકલીફ ન પડે તે આપણા આગેવાનોએ જોવાની પવીત્ર ફરજ છે.

જૈન પત્રનો જૈન સમાજમાં ઈતિહાસ છે, અનેક ચઢતી-પડતીમાં જૈન પત્ર મજબુત ઉભું છે. અને આ પત્રનો અવાજ જૈનોની સમગ્ર જનતા સુધી પહોંચે છે. સમાજમાં પહેલ કરવાની જૈન પત્રની આગવી પ્રતિભા છે, આ પ્રતિભાને અનુરૂપ જૈન પત્ર નવી કેડી, નવી સીમા, નવા વિચારો, નવ તથ્ય, નવી શક્તિથી આરંભે છે, નવી કોલમ "જૈનના રાજકીય અક્ષાંક-રેખાંશ."

આ કોલમનો હેતુ જૈનોની અંદર ચાલતા અંદર-અંદરના મુત્સદ્દીગીરીના અક્ષાંક-રેખાંશો, અંદર અંદરના મતભેદોને કારણે ખેલાતા રાજકીય આટાં પાટાંની સાથે, જૈન ધર્મની પ્રતિભા, પ્રચાર વધે એજ શુભ આશયની સાથે રાજકીય, આર્થીક, સામાજીક ક્ષેત્રે અનુભવેલા આગેવાનોનો નીચોડ જૈન જનતા સમક્ષ રજૂ કરી, રાજકીય ક્ષેત્રે આપણા યુવાનોને આગળ લાવવાનો, તેઓમાં શક્તિ પૂરવાનો રહેશે છે. અને અમને આશા છે કે સમાજના બધા જ વર્ગોનો સાથ-સહકાર અમને મળશે, દરેકની આકાંક્ષાઓને સંતોષવાની ભગવાન મહાવીર અમને શક્તિ અર્પે, વડીલોના આશીર્વાદ અને મિત્રોના સાથ-સહકાર મળશે જ એજ અભ્યર્થના.

લે. ચંદ્રેશ વીરવાડીયા

શ્રી નાગેશ્વર તીર્થે પધારો

શ્રી નાગેશ્વર તીર્થ ભારતમાં એક જ શ્રી પાર્શ્વનાથ ભ. ની કાયા ૧૫ ફુટ ઉંચી અને નીલવર્ણી સાત ફણાધારી કાયોત્સર્ગરૂપે પ્રાચીન પ્રતિમાજી બિરાજે છે.

હજારો યાત્રિકો દર્શનાર્થે પધારે છે. ભોજનશાળા ધર્મશાળા વિગેરેની સુવિધા છે. યાત્રિકોને આવવા માટે ચૌમહલા સ્ટેશને તથા આલોટથી બસ સર્વીસ મળે છે. અગાઉ સુચના આપવાથી પેઢીની જીપની વ્યવસ્થા થઈ શકશે. અઠ્ઠમ તપવાળા માટે પુર્ણ વ્યવસ્થા છે.

(ફોન નં. ૭૩ આલોટ) —લિ. દીપચંદ જૈન સેક્રેટરી

શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ પેઢી

P. O. ઉન્હેલ સ્ટે. : ચૌમહલા [રાજસ્થાન]

Regd. No. G. BV 20
JAIN OFFICE : P. Box No. 175
BHAVNAGAR-364001 (Gujarat)
Tele. O C/o 29919 R. C/o 25869

જૈન

સ્વ. તંત્રી : ગુલાબચંદ દેવચંદ શેઠ

તંત્રી-મુદ્રક-પ્રકાશક-માલીક :
મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
જૈન ઓફિસ, પો.બો. નં. ૧૭૫, દાણાપીઠ, ભાવનગર

તા. ૪ ઓગષ્ટ ૧૯૮૯ શુક્રવાર
મુદ્રણ સ્થાન : શ્રી જૈન પ્રિન્ટરી
દાણાપીઠ પાછળ, ભાવનગર-૩૬૪

શાસ્ત્રનું સ્પષ્ટ માર્ગદર્શન

કેટલાક સંયમથી ચ્યુત થયેલા હોય છે, પણ બીજાની આગળ શુદ્ધ આચારની વાતો કરે છે; તો કેટલાક આચાર્યને નમતા રહેતા છતાં, જ્ઞાનભ્રષ્ટ અને દર્શનભ્રષ્ટ હોવાથી, જીવિતને વેડફી નાખે છે. સંયમ સ્વીકારીને બાધાઓ આવી પડતાં, સુખાર્થી થઈ ફરી અસંયમી થનારા એવા ઇંદ્રિયોના વશવર્તી અને કાયર પુરુષોએ લીધેલી પ્રતિજ્ઞાઓનો નાશ કરે છે. એવાઓની પ્રશંસા પણ પાપરૂપ છે. તે શ્રમણો વિભ્રાંત છે, — શ્રી અચારાંગ સૂત્ર

તે શ્રમણ એટલા માટે કહેવાય કે, તે વિઘ્નોથી હારી જતો નથી, તથા સર્વ પ્રકારની આકાંક્ષાઓ વિનાનો હોય છે. વળી તે પરિગ્રહ, હિંસા, અસત્ય, મૈથુન, ક્રોધ, માન, માયા, લોભ, રાગ તથા દ્વેષરૂપી પાપમાં — કારણ કે જેમના વડે પાપકર્મ બંધાય છે તથા જે આત્માને દોષિત કરે છે. તે સર્વથી પહેલેથી જ વિરત થયેલો હોય છે. —શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર

"ગુણો વડે સાધુ થવાય છે, અવગુણો વડે અસાધુ થવાય છે. માટે સારા ગુણોને ગ્રહણ કર, નઠારા અવગુણોને તજી દે"— એ રીતે જે પોતે પોતાની જાતને વિવિધ રીતે બોધ આપે છે તથા રાગના પ્રસંગે યા દ્વેષના પ્રસંગે બરાબર 'સમ' રહે છે તેને 'પૂજ્ય' કહે છે. —શ્રી દશવૈકાલિક સૂત્ર

પોતાનું ઘર છોડીને સંયમી થવા છતાં જે રસલોલુપ કે ભોગી બની બીજા ઘરોમાં ફર્યા કરે અને જ્યોતિષ વગેરે વિદ્યાથી પોતાનું જીવન ચલાવે એવું કરનાર પાપી શ્રમણ કહેવાય છે...

જેનાથી સંયમી જીવન હણાતું હોય તેવું કાર્ય ન કરે, સકળ મોહને દબાવે અને નરનારીનો સંગ છોડીને તપસ્વી થઇ વિચરે તે જ શ્રમણ કહેવાય. —શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર

ટકે શેર ભાજી ને ટકે શેર ખાજા

હાડકાનો માળો બની રહેલ જૈન સંઘ !

વ્યક્તિની દૃષ્ટિ જ્યારે સમૂહ ઉપરથી ખસીને પોતાની જાત ઉપર કેન્દ્રિત થાય છે ત્યારે સમષ્ટિના હિતના જોખમે વ્યક્તિ પોતાનો સ્વાર્થ સાધવામાં લાગી જાય છે; અને જ્યારે સમાજ આવી વ્યક્તિઓને શિક્ષા કરવાને બદલે એને મૂંગે મોઢે નભાવી લેવા જેટલો કમતાકાત બને છે ત્યારે વ્યક્તિ અને સમાજ બન્નેની અધોગતિ થાય છે, સમાજમાં માથાભારે માનવીની કે ગુંડાતત્ત્વોની બોલબાલા થવા લાગે છે, અને સામાન્ય માનવીના નસીબમાં કેવળ પરેશાન થવાનું જ લખાઈ જાય છે, છેલ્લા બે-ત્રણ દાયકા દરમ્યાનનું આપણા દેશનું રાજકારણ આ વાતની સાક્ષી પૂરે છે. પણ આપણે તો અહીં જે જાણવું છે તે જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘને અનુલક્ષીને કહેવું છે.

આ કહેવાનું નિમિત્ત છે. મુનિ ચિત્રભાનુ, જિનવિજય, સંતબાલજી, મનકવિજય, કનકવિજય, મનોજ્ઞસાગર, યતિન્દ્રવિજય, જિનચંદ્રવિજય, વિદ્યુતસાગર, બંધુત્રિપુટીઓ, શિલગુણવિજયજી જેવા અનેક સાધુ-સાધ્વી વેશધારીઓનું પતન પછી પણ તેને તેના સમુદાય દ્વારા અનેકને સમુદાય બહાર મુકાયેલ છે. કે મુકવા યોગ્ય જાહેર થયા પછી પણ તેમને આપણા સંઘો-વ્યક્તિઓ દ્વારા જે પ્રોત્સાહન મળતું રહે છે. તે અંગે વિચારીએ.

આક્ષેપ કરવાનો દોષ વહોરીને પણ કહેવું જોઈએ કે આપણા જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘમાં જેમ જેમ શ્રમણોની સંખ્યા વધતી ગઈ છે તેમ તેમ શ્રમણ સમુદાયની અનુશાસનની શક્તિ તેમ જ સચ્ચરિત્ર-શીલતાની ગુણવત્તા ઘટતી રહી છે; અને આજે તો આપણા સંઘની સ્થિતિ નિર્નાયક ટોળા જેવી

ચારીત્રભ્રષ્ટ થયેલને સમુદાય બહાર મુકાયેલને સ્વાર્થી તત્વો અજ્ઞાન ને અંધશ્રદ્ધાળુ દ્વારા મળતું પ્રોત્સાહન

બની ગઇ છે; અને બિચારી સંઘસત્તા તો ગંજીપાનાં પત્તાંના કે રેતીના પાયા વગરના મકાન જેવી સાવ નિર્બળ થઈ ગઇ છે. આ કમનસીબ સ્થિતિનાં જેવાં આવવાં જોઇએ એવાં જ બે પ્રકારનાં માઠાં પરિણામ આવ્યાં છે. એક તો, સંઘની સત્તા અને શક્તિને ભરખી જતી આવી કેવળ અનિષ્ટ રૂપ જ નહીં પણ ધર્મ અને સંઘ વ્યવસ્થાના મૂળમાં કુઠારાઘાત કરતી ઘટનાઓ પ્રત્યે પણ આપણે દુર્લભ કરવા ટેવાઈ જઈએ છીએ; અને બીજુ, જો કોઈ વ્યક્તિ કે સંઘ આવી સ્વેચ્છાચારી અને પતિત વ્યક્તિ સામે સમુદાયના ગુરુદેવો દ્વારા કે શ્રીસંઘો દ્વારા સખ્ત પગલાં ભરવાની હિંમત દાખવીને ધર્મની પવિત્રતાને ટકાવી રાખવાનો પ્રયત્ન કરે છે, તો એ જ વખતે બીજી કેટલીક વ્યક્તિઓ એવી પતિત સાબિત થયેલી વ્યક્તિને પણ પવિત્ર વ્યકિત તરીકે આવકાર આપવાનું પાપ આચરવા તૈયાર થાય છે! પરિણામે અનિષ્ટ પાપ-ઘટના માટે જવાબદાર વ્યકિતની ઉપેક્ષા અને એવી પતિત વ્યકિતને આવકાર આપવાનું પાપ સંઘ અને ધર્મના હીરને અને તેજને નામશેષ કરી નાખે છે પછી એ સંઘ સાચા અર્થમાં સંઘ મટી જાય છે, અને, ધર્મની આજ્ઞાનો લોપ કરવાને કારણે, માત્ર હાડકાંના માળા જેવો બની જાય છે. અત્યારે આપણા સંઘની સ્થિતિ લગભગ આવી થઈ ગઇ હોય એમ લાગે છે.

ભારતભરના ઘણા સંઘોમાં આજે પૂ૦ સાધુ-સાધ્વીજીઓના કારણે મતભેદ ઉભા થાય છે અને તેમાંથી મનભેદ પણ થઇ જાય છે. કોઇ સાધુ-સાધ્વીજીઓ સમુદાયમાંથી બહાર મુકાયેલ હોય. ત્યારે જૈન શ્રમણની સમાચારીના જાણકાર ભાઇઓ કહેશે કે તેઓ સમુદાય બહાર છે. એટલે તેમનું ચાતુર્માસ કરાવી શકાય નહિ. બીજા ભાઇઓ દલીલ કરશે કે તેઓ ગમે તેવા હોય, પરંતુ આપણા કરતા સારા છે ને? તેઓએ સંસાર તો ત્યાગ્યો છે ને? અમુક ભાઈઓ કહેશે કે એ સાધુતાના પંચમહાવ્રતના પાલક નથી તેઓ ત્યાગી મટી અર્થ પાછળ પડેલ છે. ને ગોચરી કે વિહારના આચારમાં નથી. તેને સાધુ તરીકેનું સન્માન આપી શકાય નહિ કે તેમનું ચાતુર્માસ કરાવી શકાય નહિ; બીજા ભાઈઓ તરત બોલી ઉઠશે કે બીજા કોઇ તેમને સાથે રાખે નહિ તો તેઓ શું કરે? ગુરુનીજ ખામી-ખોદણી કરી તેના અવગુણોને ઢાંકે છે. તેમજ બીજા શિથીલાચારી-વકતાઓના દાખલા આપી કહેશે કે તેને તો બીજા સંઘો સ્વીકારે છે તો આપણે શું વાંધો છે.

ચાતુર્માસ ખાલી જાય તેના કરતાં તેમનું ચાતુર્માસ કરાવવું શું ખોટું? તેમના રહેવાથી આપણે ત્યાં ઉપજ પણ થશે અને લોકોમાં આપણું નામ પણ વધશે તેવી દલીલ થાય છે. તો આપણે અંતરાય શા માટે લેવી? આવા તો કેટલાય પ્રસંગો સંઘોમાં અવારનવાર ઉપસ્થિત થાય છે. ત્યારે સમાચારીના નિયમો જાણવાની અને તેનું પાલન કરાવવાની, કે તેમના ગુરુની, સમુદાયના વડાની તથા છેલ્લા ત્રણ ચાતુર્માસ કરેલ હોઇ તે સ્થાનોને પૂછાવવાની જાગૃતિ સેવતી હોય તેવી બહુ ઓછી વ્યક્તિઓ કે સંઘો જોવા મળે છે.

સાધુ સંમેલનમાં જે ઠરાવો થયા છે તે શિસ્તની દૃષ્ટિએ નક્કી થયા છે; શ્રમણ સમાચારીના જે નિયમો નક્કી થયા છે તે સાધુ-સાધ્વીજીઓના સંયમ અને ત્યાગમાં ઉત્તરોત્તર વૃદ્ધિ થાય તે ભાવનાથી થયા છે, એટલે તેનું ચૂસ્તપણે પાલન થાય તેમાં જ ચતુર્વિધ શ્રીસંઘનો ઉત્કર્ષ રહેલો છે તેવી સમજણ ઓછી થતી જાય છે. પરિણામે આવા પ્રશ્નો ઉભા થાય ત્યારે બહુમતિએ ગમે તેવા નિર્ણયો થઇ જાય છે. કેટલીક વાર સંઘમાં ભાગલા પડી જાય છે.

પૂ૦ સાધુ-સાધ્વીજીઓ તો આજે એક ઉપાશ્રયમાં હોય તો કાલે બીજા ઉપાશ્રયે બિરાજતા હોય છે. આજે આવે અને બીજા દિવસે વિહાર કરે, પરન્તુ પૂ૦ સાધુ-સાધ્વીજીઓ નિમિત્તે સંઘમાં બે ભાગ પડી જાય અને તેમાંથી મનભેદ ઉદ્ભવે ત્યારે સંઘ નિર્બળ બની જાય છે; પછી તે સંઘમાં એકતા પ્રસ્થાપિત થવાનું મુશ્કેલ બની જાય છે. આવી પરિસ્થિતિમાં સંઘની શકિત બે ભાગોમાં વહેંચાઈ જાય છે અને તે શકિત એક બીજાના પગ ખેંચવામાં જ વેડફાઇ જાય છે. આવી દુઃખદ પરિસ્થિતિ આજે ઘણા સંઘોમાં –એક વખતના આદર્શ ગણાતા સંઘોમાં પણ જોવા મળી રહી છે તે આજના યુગની કરુણતા છે.

એક સમય એવો હતો કે તે સમયે પૂ૦ સાધુ-સાધ્વીજીઓ આગ્રહ રાખતા કે "સંઘનો એકમતે-સર્વાનુમતે નિર્ણય હોય તો જ અમો આ સંઘમાં પધારશું, દીક્ષા આપીશું, નહિતર નહિ આપીએ; સંઘની સર્વાનુમતે વિનંતી હોય તો જ અમો તમારા સંઘમાં ચાતુર્માસ કરીશું, નહિતર નહિ કરીએ. અમારા નિમિત્તે સંઘમાં ભાગલા પડે તેમાં અમોને દોષ લાગે. અમો સંઘમાં ભાગલા પડાવવાના પાપમાં ભાગીદાર હરગીઝ નહિ બનીએ." આવું મક્કમ વલણ એક સમયે પૂ૦ સાધુ-સાધ્વીજીઓનું જોવા મળતું હતું. આજે તેવું નથી રહ્યું. અલબત્ત આજે પણ ઘણાં સાધુ-સાધ્વીજીઓ સંઘનું સંગઠન જળવાઇ રહેવું જોઇએ તેવો આગ્રહ રાખે છે, પરંતુ કોઈ કોઈ એવા સાધુ-સાધ્વીજીઓ પણ જોવા મળે છે કે પોતાનું ધાર્યું કરાવવા સંઘમાં ગુજરાતી-મારવાડી, ગુજરાતી-કચ્છી કે એવા પ્રકારના બીજા ભેદભાવો ઊભા કરીને સંઘમાં ભાગલા પડાવે છે અને પછી પોતાનું ધાર્યું કરે

સુખ દીધું સ્મિત કરવા, માણસોને ઇશ્વરે; ભુલી બધાં શોકે સડે તો, ઇશ્વિર પણ શું કરે?

શ્રમણ સંઘમાં સ્વેચ્છાચારી અને પતિત વ્યકિત સામે સમુદાયપતિ દ્વારા પગલા લેવાયા છતાં તેનો અમલ શ્રી સંઘો કરતાં નથી હોતા જે આજ્ઞાનો લોપ છે.

છે. આમાં અંધશ્રદ્ધા. અંગત સ્વાર્થી, અર્થલોભીઓ જે તે શ્રમણોની યોજનાના વહીવટકર્તા બની તેની બે નંબરની મીલકતના વહીવટકર્તા બનવા મહત્ત્વનો ભાગ ભજવે છે.

અંધશ્રદ્ધા, વેશપૂજાને કારણે આજે શિસ્ત અને વ્યવસ્થા જળવાવા મુશ્કેલ બની ગયેલ છે. મોટા ભાગના શ્રીસંઘોના કાર્યકર્તાઓ પણ આજે એ કોટીના જોવા મળે છે કે તેઓ શ્રમણ-ધર્મના વ્રતોથી જ અજ્ઞાત હોય છે ત્યાં તે શ્રમણધર્મની ક્રિયાનું પાલન કરવાની અને કરાવવાની વાત જ કયાં રહી! તેને પરિણામે સાધુ-સાધ્વીજીઓ, એકલવિહારી સાધુ અને શ્રમણ સમાચારીના પાલનમાં શિથીલતા સેવતા કહેવાતા-અને બાહ્ય રીતે કહેવરાવતા સાધુ-સાધ્વીજીઓ શ્રમણના વસ્ત્રો, ઓઘો અને વાસક્ષેપ પણ રાખતા હોય છે. અને આપણે આ બધું જાણતા હોઇએ છીએ છતાં તેમના પગમાં પડી રહ્યાં છીએ. ને તેમનો આપણાં પવિત્ર ધર્મસ્થાનમાં કે ધર્મના નામે બોલવાનો અધીકાર આપી તેની પ્રવૃત્તિમાં સહાયક થઇએ છીએ. ને ભૂલી જઈ એ છીએ કે તે ત્યાગી મટી ધર્મના નામે યોજનાઓ કરી અર્થ ઉપાર્જન કરતા આ સાધુ-સાધ્વીજીઓને પણ એક સરખા માન-પાન મળી રહેલ છે. જે સાધુ-સાધ્વીજીઓ પંચ મહાવ્રતનું અને શ્રમણસમાચારીનું ચૂસ્તપણે પાલન કરતાં હોય તેમની કોટીમાં જ તેને ગણવામાં આવે છે આજે ગોળ ખોળના ભાવે એક સરખા થઇ ગયા હોય તેવું વાતાવરણ જોવા મળે છે. ટકે શેર ભાજી અને ટકે શેર ખાજા જેવી વાત થઇ ગઈ છે. ગુણ પૂજાને બદલે વેશ પૂજા વ્યક્તિ પૂજા અને અંધશ્રદ્ધા વધી ગઈ છે તેનું આ પરિણામ છે

આ પ્રકારનુ શ્રી સંઘના કાર્યકર્તાઓનું તેમજ સ્થાનકવાસી જૈન સમાજના ભાઈ-બહેનોનું વલણ ચાલુ રહેશે તો બહિષ્કૃત સાધુ-સાધ્વીજીઓનું અને એકલવિહારી મુનિરાજોનું પ્રમાણ વધતું જશે; શ્રમણ સમાચારીના પાલનમાં શિથિલતાનું પ્રમાણ પણ દિન-પ્રતિદિન વધતું જશે. પૂ૦ મહાસતીજીઓએ ઓછામાં ઓછા ઠા. ૩ થી વિચરવું જોઇએ. તેને બદલે આજે ઠા. ૨ થી વિચરતા મહાસતીજીઓની સંખ્યા વધી રહેલ છે. મને ફાવે ત્યારે પોતાના ગોરાણીથી જુદા પડીને બે ની સંખ્યામાં મહાસતીજીઓ વિચરવા લાગ્યા છે. સમાચારીના પાલનમાં, ગોચરીના નિયમોના પાલનમાં, વગેરેમાં છુટછાટનું પ્રમાણ ઉત્તરોત્તર વધતું ચાલ્યું છે. સાધુ-સાધ્વીજીઓના એક સાથે વિહાર થવા વાગ્યા છે.

એક ગામથી બીજે ગામ એક સાથે સતત વિહારના કાર્યક્રમો થઇ રહ્યા છે. અને સાધુ-સાધ્વીજીઓ માટે અલગ-અલગ ઉપાન હોય- એક જ ઉપાશ્રયમાં ઉપર-નીચે રહીને કે કોઇ ગૃહસ્થને ત્યાં સગવડ કરાવીને પણ સાધુ-સાધ્વીજીઓના એક સાથે ચાતુર્માસ થાય છે.

આ બધું સંઘોને ઇચ્છાએ કે અનિચ્છાએ કરાવવું પડે છે. કોઇ સંઘના કાર્યકર્તાઓમાં એટલી નૈતિક હિંમત જોવા મળતી નથી કે તેઓ સ્પષ્ટપણે કહી શકે કે આમ નહિ થઇ શકે અલબત્ત તેમાં અપવાદરૂપ સંઘો પણ હશે. પરંતુ મોટા ભાગના સંઘોના કાર્યકર્તાઓમાં વેશપૂજા અને અંધશ્રદ્ધા તેની સાથે શ્રમણ પરંપરા કે સંયમના પાળવાના નીયમોની જાણકારીનો અભાવ જોવા મળે છે. પૂ૦ સાધુ-સાધ્વીજીઓના સંયમ અને ચારિત્રની સમાચારીના પાલનમાં શિથિલતા સેવે તેમાં સહભાગી થનારને પણ દોષ લાગે છે. તેવી સમજણનો પણ અભાવ જોવા મળે છે.

જૈન ધર્મ આજે ટકેલ છે તે શ્રમણ-શ્રમણી અને શ્રાવક-શ્રાવીકાઓના ઉચ્ચ કોટીના ધોરણને આભારી છે એ ધોરણ નીચું ઉતરશે તો જૈન ધર્મમાં અનેક વિકટ સમસ્યાઓ ઉભી થશે. આ અતિરેક અને અશુદ્ધીને ખાળવામાં નહી આવે તો પૂ૦ સાધુ-સાધ્વીજીઓ અને વિધર્મના સાધુ-બાવામાં ફરક નહીં રહે.

જૈન ધર્મનો એક માત્ર આધાર પૂ૦ સાધુ-સાધ્વીજીઓ છે. એટલે તેમના સંયમ અને ચારિત્રનું ઉચ્ચ ધોરણ ટકી રહે. તેમજ બહિષ્કૃત અને એકલ-દોકલ સાધુ-સાધ્વીજીઓને ઉત્તેજન ન મળે તેવા નિયમોનું ચુસ્તપણે પાલન થાય તે જરૂરી છે. તે માટે શ્રમણ-સંમેલનો તેમ જ કોન્ફરન્સ જેવી અખીલ ભારતીય સંસ્થાએ વિચારવું રહ્યુ. તેમ જ તે માટે સંઘોનું સુકાન જૈન ધર્મના સિદ્ધાન્તોના જાણકાર સાધુ-સાધુ-સાધ્વીજીઓની સમાચારીના જાણકાર, ગોચરી, વિહાર, વૈયાવચ્ચ તથા શ્રમણ ધર્મના મુળ પાંચ મહાવ્રતોના જાણકારને સોંપાય તેમાં જ ચતુર્વિધ શ્રી સંઘનું હિત સમાયેલ છે.

આ અંગે પહેલા કેવી સમાચારી-પરંપરા હતી, તેની વિગતો અને વર્તમાનમાં શ્રી સંઘોએ તે પાળવાના નિયમોની વિગત જાણકારો મોકલાવશે તો અમો હવે પછી પ્રગટ કરીશું.

દહાણું રોડમાં ચાતુર્માસ પ્રવેશ

પૂ. આ. શ્રી સાગરનંદસૂરીશ્વરજી મ૦સા૦ના આજ્ઞાવર્તિની સાધ્વીશ્રી રક્ષિતપૂર્ણાશ્રીજી આદી ઠાણાનો પ્રવેશ અત્રે થતા સામુદાયિક આયંબિલ દહાણુંરોડ ગોપીપુરામાં થયેલ. આ નિમિત્તે સંઘ પૂજન પણ હતું. અત્રેની બહેનોમાં પણ ધર્મનીજાગૃતિ થવા પામીછે.

ફૂલ ઉગ્યાં બગીચાઓમાં, સૌંદર્ય સૌરભ ફેરવે; સુંઘનાર ગાફિલ મે રહ્યાં તો ફૂલો બિચારા શું કરે?

જયપુર (રાજ.)માં ચાતુર્માસ પ્રવેશ

જયપુરમાં પ૦ પૂ૦ ગચ્છાધિપતિ આચાર્ય શ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજીના શિષ્ય તપસ્વી મુનિશ્રી નિત્યવર્ધનસાગરજી તથા પૂ૦ પ્રવચનકાર પંન્યાસજી શ્રી મહાયશસાગરજી મ૦ના શિષ્ય બાલમુનિશ્રી ધર્મયશસાગરજી ઠા.૨ પ. પૂ૦ સરળ સ્વભાવી - પ્રશાંત મૂર્તિ આ૦ શ્રી દર્શનસાગરસૂરીશ્વરજી મ૦ સા૦ની આજ્ઞાથી ચોમાસાર્થે હસ્તીનાપુર–દિલ્લીથી ઉગ્ર વિહાર કરી જેઠ સુદી ૧૦ના પુંગલીયાની ધર્મશાળા–સ્ટેશન પર શ્રીસંઘની વિનંતીથી પધારેલ. ત્યાં દર રવિવારે વ્યાખ્યાન થયેલ. અષાઢ સુદી ૧ નાં પ્રભુજીના (૧૦) અભિષેક થયેલ. ત્યાંથી સંઘની વિનંતીથી આદર્શનગર પધારેલ. ત્યાં વ્યાખ્યાન થયેલ. ત્યાંથી અષાઢ સુદી ૬ના શાસન પ્રભાવનાપૂર્વક ભવ્ય ચાતુર્માસ પ્રવેશ થયેલ, તે જ દિવસે પૂ૦ તારક ગુરૂદેવશ્રી આચાર્ય શ્રી દેવેન્દ્રસાગરસૂરીજીમ૦ની પુન્યતિથી હોઇ સામુહિક આયંબીલતપ તથા ગુણાનુવાદ થયેલ.

આગરાવાલા દેરાસરમાં નવા ગભારામાં પૂ૦શ્રીજીની નિશ્રામાં પ્રભુજીનો પ્રવેશ ઘણાં જ ઉલ્લાસથી થયેલ. સાથે અઢાર અભિષેક પણ થયેલ. રોજ સવારે ૮ાા થી ૯ાા વ્યાખ્યાન ચાલુ છે. ભાવુકો સારી સંખ્યામાં લાભ લઈ રહ્યાં છે. અષાઢ વદી ૫ તા. ૨૩ રવિવારથી નવ લાખ નવકાર મહામંત્રના અખંડ જાપ, અખંડ ધૂપ–દીપ સાથે સામાયિકમાં શરૂ થનાર છે, તે જ દિવસે દિપક વ્રતના એકાસણા કરાવવાનું રાખેલ છે, પૂજ્યશ્રીની પ્રેરણાથી કારતક સુદી ૧૫ સુધી જેટલાં આયંબીલખાતામાં આયંબીલ કરનારની ભક્તિ ૨–રૂપીયાથી મીઠાલાલજી વીગેરે અલગ અલગ વ્યક્તિ તરફથી રાખેલ છે.

સાંકડી અઠ્ઠમ તપસ્વીઓનું બહુમાન ચારે મહિના હીરાભાઈ ચૌધરી તરફથી રૂા. ૫૧ના ભાણાથી થશે. પૂ૦ તપસ્વી મ૦ને ૮૮મી ઓળી સુખરૂપ ચાલુ છે.

મુંબઇમાં આત્મવલ્લભ જૈન જ્ઞાનમંદિરનું ઉદ્ઘાટન

ઓજસ્વી વક્તા મુનિરાજશ્રી યશોભદ્રવિજયજી મ૦ સા૦ સંસ્થાપિત વિજયવલ્લભ મિશન (મુંબઇ) નિર્મિત શ્રી આત્મવલ્લભ જૈન જ્ઞાનમંદિરનું ઉદ્ઘાટન પૂ૦ મુનિશ્રીની નિશ્રામાં ગત ૯ એપ્રીલના રોજ થયેલ. આ પ્રસંગે દાનવીરો દ્વારા સારી એવી ધનરાશી એકત્ર થયેલ.

સંસ્થાના પ્રમુખશ્રી માણેકલાલભાઈ સવાણીએ પોતાના વક્તવ્યમાં આ જ્ઞાનમંદિરમાં થનાર લાઇબ્રેરી, કલીનીક, વાચનાલય અને પાઠશાળાની રૂપરેખા પ્રસ્તુત કરેલ.

૯ જુલાઇના ભાઇન્દરમાં શ્રી હેમચંદ્રવિજયજી મ૦ અને શ્રી યશોભદ્રવિજયજી મ૦ ઠા૦ ૩ની નિશ્રામાં કલીનીક, પાઠશાળા અને લાઇબ્રેરીનું ઉદ્ઘાટન થયેલ. જેનું પ્રમુખસ્થાન શ્રી માંગીલાલજીએ શોભાવેલ. આ પ્રસંગે પણ ભાઇન્દર સ્થિત ભાવિકો દ્વારા રૂા. ૨ લાખ સ્થાઇ ફંડમાં એકત્ર થયેલ.

પૂ૦ મુનિશ્રી આદિનો તા. ૯ જુલાઇના રોજ કાર્ટર રોડ નં. ૪ના આંગણે ચાતુર્માસ પ્રવેશ થયેલ. તા. ૧૬ જુલાઇના સંક્રાંતિપર્વની ઉજવણી કરવામાં આવેલ.

તા. ૨૪ જુલાઈ રવિવારથી ૧૪ રવિવારીય જાહેર પ્રવચન શ્રૃંખલા તથા યુવક શિબિર ચાલુ થઇ ગઈ છે. પૂ૦ મુનિશ્રીની વ્યાખ્યાન શૈલી અને શિબિરથી સંઘમાં સારી જાગૃતી આવી છે

જૈસલમેર પંચતીર્થીની યાત્રાર્થે પધારો

પશ્ચિમી રાજસ્થાનમાં આવેલ જૈસલમેર પંચતીર્થી પોતાની પ્રાચીનતા, કલાત્મકતા અને ભવ્યતા માટે જગપ્રસિદ્ધ છે. જૈસલમેર પંચતીર્થીના અન્તર્ગત જૈસલમેર દુર્ગ, અમરસાગર, લૌદ્રવપુર, બ્રહ્મસર અને પોકરણ સ્થિત જિનાલયોમાં બધા મળી ૬૬૦૦થી વધુ જિનપ્રતિમાજીઓ બિરાજમાન છે.

જૈસલમેરની વિખ્યાત વિશેષતાઓ : (૧) ભવ્ય, કલાત્મક અને પ્રાચિન જિનાલયો. પન્ના અને સ્ફટિકની પ્રતિમાઓ. (૨) ખરતરગચ્છીય શ્રી જિનભદ્રસુરિ જ્ઞાનભંડારમાં સંગ્રહિત તાડપત્રીય અને હસ્તલિખિત ગ્રંથો. (૩) દાદાગુરુદેવ શ્રીજિનદત્તસુરિજી મહારાજની ૮૩૦ વર્ષ પ્રાચીન ચાદર અને ચોલપટ્ટા, જે તેઓના અગ્નિસંસ્કાર પછી પણ સુરક્ષિત રહ્યા છે. (૪) અનેક દાદાવાડી, ઉપાશ્રય, અધિષ્ઠાયક દેવસ્થાન અને પટુઆ શેઠોની કલાત્મક હવેલીઓ. (૫) લૌદ્રવપુરના ચમત્કારીક અધિષ્ઠાયકદેવ જેમના દર્શન ભાગ્યશાળીઓને અવારનવાર પ્રાપ્ત થાય છે.

આવાસ પ્રબંધ : યાત્રિકો અને શ્રીસંઘોને ઉતરવા ઉચિત પ્રબંધ છે. મરુભુમિમાં હોવા છતાં પાણી અને વેજળીની પુરી વ્યવસ્થા છે. દાનવીરોના સહયોગથી ભોજનશાળા ચાલુ છે.

યાતાયાતના સાધન : જૈસલમેર આવવા માટે જોધપુર મુખ્ય કેન્દ્ર છે. તે ભારતના જુદા જુદા માર્ગોથી યાતાયતના સાધનોથી જોડાયેલ છે. જોધપુરથી દિવસમાં એકવાર બસ અને રાત્રે ને સવારે બે વાર ટ્રેઈન જૈસલમેર આવે છે. આ ઉપરાંત જયપુર અને બીકાનેરથી પણ સીધી બસો જૈસલમેર આવે છે.

જૈસલમેર પંચતીર્થીનાં દુર્ગ તથા અમરસાગર સ્થિત જિન મંદિરોના જીર્ણોદ્ધારનું કામ ચાલુ છે.

પ્રબંધક ટ્રસ્ટી અને મંત્રી શ્રી મુલચંદભાઈ સંઘવી
શ્રી જૈસલમેર લૌદ્રવપુર પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર ટ્રસ્ટ
ગ્રામ : જૈન ટ્રસ્ટ **જૈસલમેર** ૩૪૫૦૦૧ (રાજસ્થાન) ફોન ૨૩૩૦ ૨૪૦૪

આપણી ઇચ્છા હોય એ આપે તે નહિં, પરંતુ આપણે માટે ઇસ્ટ હોય તે આપે તેનું નામ ઇશ્વર

પૂજ્યપાદ પંજાબકેસરી આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મ૦ સા૦ ના સમુદાયની યાદી

પૂજ્યપાદ વર્તમાન ગચ્છાધીપતી આ૦શ્રી ઇન્દ્રદિન્નસૂરિજી મ ઠા:૨૪
પૂ૦ પં૦ શ્રી વસંતવિજયજી/ પૂ.પં.શ્રી જગચ્ચન્દ્રવિજયજી મ૦
પૂ૦ પં૦ શ્રી નિત્યાનંદવિજયજી/ પૂ.પં.શ્રી વીરેન્દ્રવિજયજી મ૦
મહાવીરભવન, પુરાના બાજાર, (પંજાબ) લુધિયાના-૧૪૧૦૦૮
પૂ૦ આચાર્યશ્રી વિજયજનકચન્દ્રસૂરીજી મ૦ ઠા:૨
જૈન ઉપાશ્રય, લુણસાવાડા, મોટીપોળ, અમદાવાદ-૩૮૦૦૦૧
પૂ૦ પંન્યાસશ્રી રત્નાકરવિજયજી મ૦ ઠા;૩
આદિનાથ ચોક, ૬૮૪/૮૫, શુક્રવારપેઠ, (મહા.) પુના-૪૧૧૦૦૨
પૂ૦ ગણીવર્યશ્રી જયન્તવિજય મ૦ ઠા:૨
જૈન ઉપાશ્રય, (જી:સિરસા-હરિયાણા) એલનાબાદ
પૂ૦ મુનિશ્રી સંતવિજયજી મ૦ આદી
જૈન ઉપાશ્રય, (વાયા:ફાલના-જી.પાલી-રાજ.) લાઠારા-૩૦૬૭૦૫
પૂ૦ મુનિશ્રી મુક્તિવિજયજી મ૦ ઠા:૨
જૈન ન્યાતી નોહરા, (વાયા:ફાલના-રાજ.) સાદડી-૩૦૬૭૦૨
પૂ૦ મુનિશ્રી હીરવિજયજી મ૦ આદી
શ્રી આત્મ-વલ્લભ-ઉમંગ-સ્વાધ્યાય મંદિર,
સાબરમતિ, રામનગર, અમદાવાદ-૩૮૦૦૦૫
પૂ૦ મુનિશ્રી હિંમતવિજયજી મ૦ આદી
જૈન ઉપાશ્રય, (વાયા:રાની-જી:પાલી-રાજ.) નાડોલ
પૂ૦ મુનિશ્રી જિતેન્દ્રવિજયજી મ૦ આદી
વલ્લભ નિકેતન, હલવાઇ બાજાર, (હરીયાના) અમ્બાલાશહેર
પૂ૦ મુનિશ્રી ચંદ્રોદયવિજયજી મ૦ આદી
૨૫, શિવકૃપા સોસાયટી, લાલબાગ, માંજલપુર. વડોદરા-૧૯
પૂ૦ મુનિરાજશ્રી ધર્મધુરંધરવિજયજી મ૦ ઠા.૨
જૈન ઉપાશ્રય, (તા:પાટણ-જી:મહેસાણા-ઉ.ગુ.) ચારૂપ
પૂ૦ મુનિરાજશ્રી ગૌત્તમવિજયજી મ૦ ઠા:૨
જૈન દેરાસર ઉપાશ્રય, ખારાકુવા (જિ: ખેડા) બોરસદ
પૂ૦ મુનિશ્રી હેમચન્દ્રવિજયજી મ૦ ઠા:૪
પૂ૦ મુનિશ્રી યશોભદ્રવિજયજી મ૦
શ્રી આત્મ-વલ્લભ જ્ઞાનમંદિર, કાર્ટર રોડ, બોરીવલી, મુંબઈ-૯૨
પૂ૦ મુનિશ્રી વિશુદ્ધવિજયજી મ૦ આદી
જૈન ઉપાશ્રય, મામાની પોળ, રાવપુરા, વડોદરા-૩૯૦૦૦૧

પૂજ્ય સાધ્વીજી મહારાજની યાદી

પ્રવર્તિની સાધ્વીશ્રી વિનીતાશ્રીજી/મુક્તિશ્રીજી/કુશલશ્રીજી ઠા.૪
મહિલા જૈન ઉપાશ્રય, જાની શેરી, વડોદરા-૩૯૦૦૦૧
પ્રવર્તિની સાધ્વીશ્રી વિદ્યાશ્રીજી/કાન્તાશ્રીજી ઠા:૯
શ્રમણી વિહાર, તલાટી રોડ, પાલીતાણા-૩૬૪૨૭૦
સાધ્વીશ્રી ભદ્રાશ્રીજી/સુજ્ઞાનશ્રીજી મ૦ ઠા:૫
શ્રી આત્મ-વલ્લભ-સમુદ્ર સ્વાધ્યાય મંદિર,
જૈન મંદિર પાછળ, રામનગર, સાબરમતિ, અમદાવાદ-૩૮૦૦૦૫
સાધ્વીશ્રી સુભદ્રાશ્રીજી મ૦ ઠા:૪
જૈન ઉપાશ્રય, લુણસાવાડા, મોટીપોળ, અમદાવાદ-૧
સાધ્વીશ્રી ઓમકારશ્રીજી મ૦ ઠા:૬
શ્વે. મૂ૦ જૈન સંઘ, માતૃઆશીષ બીલ્ડીંગ,
નેપિયન્સી રોડ, વાલકેશ્વર, મુંબઇ-૪૦૦૦૦૬
સાધ્વીશ્રી જિતેન્દ્રશ્રીજી મ૦ ઠા:૩
ગિરિવિહાર, રૂમ નં. ૩, તલાટી રોડ, પાલીતાણા-૩૬૪૨૭૦
સાધ્વીશ્રી જયશ્રીજી/પદ્મલત્તાશ્રીજી મ૦ ઠા:૪
જૈન ઉપાશ્રય, (વાયા:પાલનપુર-બનાસકાંઠા) ગઢ
સાધ્વીશ્રી ચરણશ્રીજી મ૦ ઠા:૨
હજારીનિવાસ ધર્મશાળા, રૂમ-૧૭, તલાટી રોડ, પાલીતાણા
સાધ્વીશ્રી અભયશ્રીજી મ૦ ઠા:૪
શ્રી આદિનાથ ઓસવાળ જૈન મંદિર, ફૂલવાલા ચોક,
ગુરુવાર પેઠ, (મહારાષ્ટ્ર) પૂના-૪૧૧૦૦૧
સાધ્વીશ્રી ચન્દ્રોદયાશ્રીજી/જશવંતશ્રીજી મ૦ ઠા:૨૮
સા૦શ્રી સુસીમાશ્રીજી/રંજનશ્રીજી/સુમતિશ્રીજી મ૦
C/o. એસ. એન. જૈન હાયર સેકન્ડરી સ્કુલ,
દરેસી રોડ, (પંજાબ) લુધિયાના-૧૪૧૦૦૮
સાધ્વીશ્રી કનકપ્રભાશ્રીજી મ૦ ઠા:૯
જૈન ઉપાશ્રય, વિતરાગ સોસાયટી, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭
સાધ્વીશ્રી દર્શનશ્રીજી મ૦ ઠા:૩
જૈન ઉપાશ્રય, (તા. નખત્રાણા-કચ્છ-ગુજરાત) વિથોણ
સાધ્વીશ્રી સુમંગલાશ્રીજી મ૦ ઠા:૧૩
જૈન ભવન, (રાજસ્થાન) જૈસલમેર-૩૪૫૦૦૧
સાધ્વીશ્રી હેમેન્દ્રશ્રીજી મ૦ ઠા:૩
જૈન કાચ મંદિર, મહેશ્વર મહોલ્લા, (યુ. પી.) કાનપુર
સાધ્વીશ્રી વીરેન્દ્રશ્રીજી મ૦ ઠા:૯
જૈન ઉપાશ્રય, જુના ભાજી બાજાર, (એમ.એસ.)આકોલા-૪૪૪૦૦૧
સાધ્વીશ્રી મુક્તિશ્રીજી મ૦ આદી
જૈન ઉપાશ્રય, કાચરોકા ચોક, (રાજસ્થાન) બીકાનેર
સાધ્વીશ્રી નિર્મલાશ્રીજી મ૦ ઠા:૫
ગોલવાડ હાઉસ, કેદારી રોડ, લશ્કર, (મહારાષ્ટ્ર) પૂના

કેટલીક વખત નજીવો લાગતો નિર્માલ્ય પ્રસંગ પણ સમય આવતાં ભયંકર પરિણામ લાવી મૂકે છે.

સાધ્વીશ્રી ચિતરંજનશ્રીજી મ૦ ઠા:૭
જૈન મંદિર-ઉપાશ્રય, માણેકચોક, (રાજ.) ડુંગરપુર
સાધ્વીશ્રી કનકપ્રભાશ્રીજી મ૦ ઠા:૩
જૈન ઉપાશ્રય, મહાવીરનગર, ગાયત્રી રોડ, (સા.કાંઠા) હિંમતનગર
સાધ્વીશ્રી ચન્દ્રપ્રજ્ઞાશ્રીજી મ૦ ઠા:૩
નૂતન આયંબીલ ભવન, ઘોઘાગેટ, ભાવનગર-૩૬૪૦૦૧
સાધ્વીશ્રી જયાતશ્રીજી મ૦ ઠા:૫
ધનાપરા જૈન ધર્મશાળા, શ્રાવિકાશ્રમ સામે, પાલીતાણા-૩૬૪૨૭૦
સાધ્વીશ્રી સુજનાશ્રીજી મ૦ ઠા:૩
જૈન મંદિર, (હિમાચલપ્રદેશ) કાંગડાકિલ્લા
સાધ્વીશ્રી યશકીર્તિશ્રીજી મ૦ ઠા:૬
આત્મવલ્લભ જૈન ઉપાશ્રય, જૈન સ્ટ્રીટ, (પંજાબ) રોપડ
સાધ્વીશ્રી પ્રકાશશ્રીજી/જનકશ્રીજી મ૦ આદી
પંજાબી ધર્મશાળા, તલાટી રોડ, પાલીતાણા-૩૬૪૨૭૦
સાધ્વીશ્રી દર્શનશ્રીજી/મંજુલાશ્રીજી મ૦ આદી
શ્રમણી વિહાર, તલાટી રોડ, પાલીતાણા-૩૬૪૨૭૦
સાધ્વીશ્રી વિચક્ષણશ્રીજી મ૦ આદી
જૈન ઉપાશ્રય, કાજીકાવાસ, (જી:બનાસકાંઠા-ગુજરાત) પાલનપુર
સાધ્વીશ્રી સ્વયંપ્રભાશ્રીજી મ૦ આદી
જૈન ઉપાશ્રય, શત્રુંજય એપાર્ટમેન્ટ, ગોપીપુરા, સુરત
સાધ્વીશ્રી દેવેન્દ્રશ્રીજી મ૦ આદી
૨૫, શિવકૃપા સોસાયટી, માજલપુરરોડ, લાલબાગ વડોદરા
સાધ્વીશ્રી સુશીલાશ્રીજી મ૦ આદી
જૈન ધર્મશાળા, લખારા બાજાર, (રાજસ્થાન) જોધપુર
સાધ્વીશ્રી ચન્દ્રકલાશ્રીજી મ૦ આદી
બહેનોનો ઉપાશ્રય, મોટા દેરાસર સામે, (બનાસકાંઠા) પાલનપુર
સાધ્વીશ્રી જિતજ્ઞાશ્રીજી મ૦ આદી
જૈન ઉપાશ્રય (જી:બુલઢાણા-મહારાષ્ટ્ર) જલગાંવ
સાધ્વીશ્રી ગુણપ્રભાશ્રીજી મ૦ ઠા:૪
વીસા શ્રીમાળી તપગચ્છ ઉપાશ્રય, ચાંદી બજાર,
લાલબાગની સામે, (ગુજરાત) જામનગર-૩૬૧૦૦૧
સાધ્વીશ્રી કમલપ્રભાશ્રીજી ઠા:૨
જૈન શ્વે. સંઘ (વાયા:સાયલા-જી:સુરેન્દ્રનગર) સુદામડા-૩૬૩૦૦૧
સાધ્વીશ્રી સુસ્મિતાશ્રીજી/રક્ષિતપ્રજ્ઞાશ્રીજી મ૦ ઠા:૪
શ્રી આત્મવલ્લભ સ્મારક શિક્ષણ નિધિ,
૨૦ કીલોમીટર, જી.ટી.કરનાલ રોડ, (દિલ્હી) અલીપુર
સાધ્વીશ્રી ચંદ્રલબાલાશ્રીજી મ૦ ઠા:૨
શ્રી વર્ધમાન જૈન આશ્રમ, (તા:સંખેડા-જી:વડોદરા) બોડેલી
સાધ્વીશ્રી અમિતપ્રભાશ્રીજી મ૦ ઠા:૫
સાન્ડેરાવ ભવન, તલાટી રોડ, (ગુજરાત) પાલીતાણા-૩૬૪૨૭૦

પૂજ્યપાદ યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મ૦નો સમુદાય

પૂજ્યપાદ ગચ્છાધિપતિ આચાર્યદેવેશશ્રીસુબોધસાગરસૂરીજીમ. ઠા:૮
પૂ૦ મુનિવર્યશ્રી કંચનસાગરજી મ૦
ગોડીજી જૈન ઉપાશ્રય, ૧૨-પાયધુની, વિજયવલ્લભચોક, મુંબઈ૩
પૂ૦ આ૦ શ્રી દુર્લભસાગરસૂરીજી મ૦ ઠા:૩
જૈન ઉપાશ્રય, સાબરમતી, રામનગર, અમદાવાદ-૩૮૦૦૦૫
પૂ૦ આચાર્ય શ્રી મનોહરકીર્તિસાગરસૂરીજી મ૦ ઠા:૩
શ્રી સુપાર્શ્વનાથ જૈન ઉપાશ્રય, ઈન્દ્રભુવન, ૧૦૧ વાલકેશ્વર-મુંબઈ
પૂ૦ આચાર્ય શ્રી કલ્યાણસાગરસૂરીજી ઠા:૨
વાસુપૂજ્યસ્વામી જિનમંદિર પેઢી, નારણપુરા, ચારરસ્તા, અમદાવાદ
પૂ૦ આ૦ શ્રી પદ્મસાગરસૂરીજી મ૦ ઠા:૯
શ્રી આદિનાથ જૈન મંદિર, ચિકપેઠ, બેંગલોર-૫૬૦૦૫૩
પૂ૦ આચાર્ય શ્રી ભદ્રબાહુસાગરસૂરીજી મ૦ ઠા:૨
પરમાનન્દ જૈન સંઘ, વિતરાગ સોસાયટી, પાલડી અમદાવાદ-૭
પંન્યાસશ્રી સુભદ્રસાગરજી મ૦ આદી
લાવણ્યવિહાર, તલાટી રોડ. પાલીતાણા-૩૬૪૨૭૦
પંન્યાસશ્રી ધરણેન્દ્રસાગરજી મ૦ ઠા ૨
શ્રીસીમંધરસ્વામી જિનમંદિર, હાઈવે રોડ, મહેસાણા-૩૮૪૦૦૨
પંન્યાસશ્રી સુદર્શનકીર્તિસાગરજી મ૦ ઠા:૨
શ્રી શંખેશ્વર પાર્શ્વ જિનાલય ગુરૂકૃપા, શ્વે. મુ. જૈનસંઘ.
જૈન ઉપાશ્રય, નારણપુરા, સેલારોડ, અમદાવાદ-૩૮૦૦૧૩
ગણિવર્યશ્રી વર્ધમાનસાગરજી મ૦ ઠા:૨
જૈન શ્વે. મંદિર, તીર્થંકર રોડ, (કર્ણાટક) મૈસુર
પ્રવર્તકશ્રી યશકીર્તિસાગરજી/મુનિશ્રી સંયમસાગરજી ઠા;૨
કલ્યાણ પાર્શ્વનાથ જૈન મંદિર, ચોપાટી સીફેઇસ, મુંબઈ-૭
પ્રવર્તકશ્રી લાવણ્યસાગરજી મ૦ ઠા:૨
જૈન ઉપાશ્રય, હરીપુરા. સુરત-૩૯૫૦૦૩
મુનિરાજશ્રી અરુણોદયસાગરજી મ૦ ઠા:૩
જૈન મંદિર, જયનગર, ફોર્થ બ્લોક. બેંગલોર-૫૬૦૦૧૧
મુનિવર્યશ્રી રાજકીર્તિસાગરજી મ૦ ઠા:૨
જૈનઉપાશ્રય, ૯૫ જવાહરનગર, રોડ નં.૫ (ગોરેગામ-વેસ્ટ) મુંબઈ
મુનિવર્યશ્રી દેવેન્દ્રસાગરજી મ૦ ઠા.૪
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર (ગાંધીનગર) કોબા-૩૮૨૦૦૯

પૂજ્ય સાધ્વીજી મહારાજની યાદી

સાધ્વીશ્રી જશવંતશ્રીજી મ૦ આદી
આંબલીપોળ, ઝવેરીવાડ, અમદાવાદ-૩૮૦૦૦૧

(અનુસંધાન પેજ ૨૭૭ ઉપર)

જ્યારે આપણો પરાભવ થવાનો હોય છે ત્યારે આપણી બુદ્ધિમાં ફેરફાર થઈ જાય છે.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયના પ્રમુખપદે શ્રી જે. આર. શાહની પુનઃ વરણી

સમાજ સેવાના અનેક પાયાઓ હોય છે, જેમાં શૈક્ષણિક, ધાર્મિક, વૈદકીય અને અન્ય ક્ષેત્રોની પ્રવૃત્તિઓનો સમાવેશ મહદ્અંશે હોય છે. આવી પ્રવૃત્તિઓમાં સક્રિયપણે સારું એવું તર્પણ કરનાર કર્તવ્યશીલ સમાજરત્ન શ્રી જે. આર. શાહે મહત્વનો ફાળો આપ્યો છે. તેઓશ્રીની સેવાનું ક્ષેત્ર જાહેરજીવનમાં ભાગ્યે જ કોઇ સેવાની પ્રવૃત્તિને સ્પર્શ્યું નહિ હોય! સમાજની અગ્રગણ્ય સંસ્થા શ્રી મહાવીર જૈન વિદ્યાલય સાથે અઢી દાયકાથી વધુ સમયથી તેઓનું જીવન એક યા બીજી રીતે સંકળાઈ રહેલ છે. શ્રી મહાવીર જૈન વિદ્યાલયનો અત્યારે જે વિકાસ થયેલ છે, અને થઈ રહ્યો છે. તેમાં તેઓશ્રીનો ફાળો મહત્વનો છે. આ સંસ્થા સાથે સંકળાઇ મંત્રી, ટ્રસ્ટી તરીકે સારી એવી સેવા આપેલ છે.

થોડા સમય પૂર્વે તબિયતની નાદુરસ્તીના કારણે તેઓશ્રીએ સંસ્થાના પ્રમુખ તરીકે રાજીનામું આપ્યું હતું, પણ સમાજની અનેક વ્યક્તિઓનાં સંસ્થાથી તેઓ વિરક્ત થાય તો સંસ્થાના વણથંભી વિકાસને વેગ મળે નહિ તે ભાવનાથી પ્રેરાઇ, સર્વેના અંતરના આગ્રહને વશ થઈ પ્રતિકુળ સંજોગો તેમ જ તબિયતની પૂરતી અનુકૂળતા ન હોવા છતાં પુનઃ પ્રમુખ તરીકેનું પદ ભારે મને સ્વીકારી સંસ્થાનું હિત અગ્રસ્થાને રાખેલ છે. ત્યારે આપણે આશા રાખીએ કે તેમના પ્રમુખપણા નીચે આ સંસ્થાનો વહિવટ વધુ સરળ અને સ્વચ્છ બને.

જયપુરમાં પૂ૦ ગણિવર્યશ્રીનો ચાતુર્માસ પ્રવેશ

યુગપ્રભાવક સ્વ. આચાર્યશ્રી જિનકાંતિસાગરસૂરીશ્વરજી મ૦ સા૦ના પ્રધાન શિષ્ય પૂ૦ ગણિવર્યશ્રી મણિપ્રભસાગરજી મ૦સા૦, પૂ૦ મુનિશ્રી મુક્તિપ્રભસાગરજી મ૦સા૦, પૂ૦ મુનિશ્રી મનીષપ્રભસાગરજીમ૦સા૦ આદિ ગત તા.૧૨-૭-૮૯ના શાનદાર ચાતુર્માસ પ્રવેશ શિવજીરામ ભવન, મોતીસિંહ ભોમીયો કા રાસ્તા, જયપુર (રાજ.) ખાતે થયો છે.

પ્રવેશબાદ પૂજ્યશ્રીએ વ્યાખ્યાન આપતા જણાવ્યું કે આપણે આપણા અંદરના રાગદ્વેષને દૂર કરી સમ્યક્ત્વના દીપકને પ્રજવલિત કરવાનો છે.

પંન્યાસશ્રી ચંદ્રશેખરવિજયજી મ૦ની જૈન સંઘને દીક્ષાઓ બંધ રાખવા ને બહેનોની દીક્ષા સ્થગિત કરવા વિનંતી

નડીયાદ– શ્રી વિઠ્ઠલભાઇ પટેલ કન્યા મહાવિદ્યાલય સભાગૃહમાં ખેડા જિલ્લાના જૈન નવયુવક–યુવતીઓનું બૃહદ્ સંમેલનનું આયોજન પૂ૦ આ૦ શ્રી જનકચંદ્રસૂરિજી મ૦સા૦ની નિશ્રામાં કરવામાં આવેલ.

મંગલાચરણ બાદ સંમેલનનો શુભારંભ થયેલ. પૂ૦ પંન્યાસ શ્રી ચંદ્રશેખરવિજયજી મ૦સા૦એ પ્રશ્નોત્તરી દરમ્યાન પોતાના ઓજસ્વી પ્રવચનમાં જણાવ્યું કે બહેનોને દસ વર્ષ સુધી દીક્ષા આપવાનું બંધ કરવું જોઈએ. પહેલાં પાંચ વર્ષ અધ્યયન કરાવવું, પાંચ વર્ષ પદવિહારમાં સાથે રાખી પરિપક્વ અવસ્થામાં જ દીક્ષા આપવી જોઈએ. સંખ્યાનો મોહ ન રાખવો જોઈએ. અને બાલ દીક્ષાઓ તો થવી જ ન જોઈએ. સાધુ-મુનિરાજોનો જે પદવી પ્રતિષ્ઠાનો જે સમારોહ ઉજવવામાં આવે છે તે સ્વયં મુનિરાજોએ જ બંધ કરી દેવો જોઈએ. સમારોહ પાછળ થતો ખર્ચ સમાજના ગરીબ પરિવારોને સહાયતા કરી પોતાનો કર્તવ્ય ધર્મ સમજવો જોઇએ.

જૈનાચાર્યો તેમ જ સાધુ સાધ્વીજીઓની ફરજ છે કે તેઓ અહિંસાનો વ્યાપક પ્રચાર કરી હિંસા પર વિજય પ્રાપ્ત કરે, માનવ જ નહિ પરંતુ પ્રાણી માત્રને અભયદાન મળે, જૈન ધર્મ માનવી માત્રનો ધર્મ બને અને અહિંસા દ્વારા જ વિશ્વશાંતિની પ્રાપ્તિ થશે.

જાહેર વિજ્ઞપ્તિ

પાલિતાણા તિર્થ ધામમાં બિરાજતા પૂ૦ આચાર્ય ભગવંતો તથા પૂ૦ સાધુ–સાધ્વીજીઓની વપરાશ માટે પાટોની જરૂર રહે છે.

રૂા. ૭૫૦/– એક પાટના ખર્ચ પેટે દાનમાં આપનાર ભાવિકનું નામ પાટ પર લખી દાન સ્વીકારવાની યોજના પેઢીએ કરેલી છે, તેનો લાભ લેવા ભાવિકોને વિનંતી છે.

શેઠ આણંદજી કલ્યાણજી

તલાટી રોડ, પાલીતાણા–૩૬૪૨૭૦

'જૈન' પત્રના ગ્રાહકોને નમ્ર વિનંતી

જે ગ્રાહક બંધુઓએ ચાલુ વર્ષનું લવાજમ ન મોકલ્યું હોય તેમણે રૂા. ૫૦/– M O. મોકલાવવા વિનંતી

વખત તને શાણો બનાવે તે કરતાં વખતસર તું જ શાણો થઈ જા.

શ્રી મહાવીર જૈન સોશ્યલ વેલફેર સોસાયટી ભાવનગર

મૂર્તિપૂજક જૈનો માટે પરસ્પર સહકાર + બચત યોજના

જીવનના ઘણા પ્રસંગોએ નાની મોટી દરેક વ્યક્તિને આર્થિક પ્રશ્નો થતા હોય છે. તેના જ સમાજ દ્વારા તેને સહાય મળે તો તે હંમેશા આવકાર્ય જ હોય. પણ લગભગ તેવી શકયતા હોતી નથી. કારણ સમાજમાં આવી પરિસ્થિતી માટે કોઇ પ્રબંધકારી યોજનાઓ અસ્તિત્વમાં હોતી નથી.

આવી આર્થિક જરૂરિયાતવાળા કુટુમ્બો માટે હૈદ્રાબાદથી અત્રે આવી વસેલ, ત્યાંની સોસાયટીના પાયાના સ્થાપક અને અનુભવી સંચાલક શ્રી અનિલકુમાર વોરાએ ભાળનાશાળી જૈન ભાઇઓના સહકારથી ભાવનગર મધ્યે તા. ૧૯-૪-૧૯૮૯ના શ્રી મહાવીર સ્વામી જયંતીના દિવસે "મહાવીર જૈન સોશ્યલ વેલફેર સોસાયટી" નામે સંસ્થા સ્થાપેલ છે, જેના ઘણા સભ્યો નોંધાઇ ગયેલ છે.

પરિચય :—

હાલમાં આવી અત્યંત સફળ યોજના હૈદ્રાબાદમાં છેલ્લા પંદર વર્ષથી ચાલે છે. ૧૧ સભ્યો દ્વારા ૧૯૭૪મં "ધી સૌરાષ્ટ્ર જૈન સોશ્યલ વેલફેર સોસાયટી"ના નામે શરૂ કરેલ આ સંસ્થાના હાલ ૧૬૦૦ જેટલા સભ્યો છે. જેમના દ્વારા જમા ડીપોઝીટ રકમ રૂ. પંચાણુ લાખ સુધી તથા ૧૯૮૮/૮૯ના વર્ષ દરમિયાન રૂ. બે કરોડ એકાવન લાખનું સભ્યોને ધીરાણ કરવામાં આવ્યું છે. તેમજ રૂ. ૧૩ લાખ જેટલો નફો પણ કરેલ છે.

આ યોજનાની અત્યંત સફળતા તથા લોકચાહના જોતાં મદ્રાસમાં "શ્રી વાંકાનેર જૈન સોશ્યલ વેલફેર સોસાયટી" શરૂ થતાં ત્યાં પણ ટુંક સમયમાં રૂ. પાંત્રીસ લાખ જેટલી ડીપોઝીટ થયેલ છે. હૈદ્રાબાદમાં પણ જ્ઞાતી સંસ્થાઓએ શ્રી લોહાણા મહાજન, મોઢ વણીક, ગુજરાતી પ્રગતિ સમાજ તથા કચ્છી જૈન સમાજે પણ સંસ્થાઓ સ્થાપી છે. તારીખ ૧-૩-૮૯ના મુંબઇ મધ્યે "શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સમાજે પણ આ યોજના શરૂ કરેલ છે.

યોજનાની વિગત :—

આ યોજના હેઠળ કોઈ પણ મૂર્તિપૂજક જૈન સભ્ય થઈ શકે છે. તેણે દરરોજનો રૂ. એક ઓછામાં ઓછો ડીપોઝીટ જમા કરાવવાની હોય છે. આવી ડીપોઝીટની રકમ ગમે તેટલી ભરી શકાય છે. તથા તે દરરોજ, અઠવાડીક, પાક્ષિક કે માસીક અનુકુળ દિવસે એકી સાથે પણ જમા કરાવી શકાય છે. તેમાં કુટુમ્બના બાળકો, પુરૂષો-સ્ત્રીઓ સૌ કોઈ સભ્ય થઈ શકે છે.

આ રકમો પદ્ધતિસર પાસબુકો દ્વારા સ્વીકારાય છે તથા તેની ઉપર સંસ્થાના નફા મુજબ ડીવીડન્ડ ચોક્કસ આપવામાં આવે છે.

આ ડીપોઝીટ જમા કરાવનાર સભ્યને તેના રોકાણ ઉપર આધારીત સરળ હપ્તાવાળી લોન આપવામાં આવે છે. પ્રસંગોપાત, ધંધાકિય, શૈક્ષણિક, મેડીકલ ખર્ચ વિગેરે કાર્યો માટે આવું ધીરાણ આપવામાં આવે છે જેનું વ્યાજ માસીક એકટકા લેખે લેવામાં આવે છે.

સોસાયટી પોતાની જમા ડીપોઝીટ પ્રમાણે લોન આપશે જે દર માસે ધીરાણ કમીટી મંજુર કરશે તથા ક્રમાનુસાર ધીરાણ આપવાની પ્રથા રાખશે,

સંસ્થાનું બંધારણ :—

આ સંસ્થાનું સુવ્યવસ્થિત બંધારણ ઘડવામાં આવેલ છે જે પહેલી સામાન્ય સભામાં મંજુર કરવામાં આવેલ તથા તેના હોદ્દેદારો ચૂંટવામાં આવશે. આ હોદ્દેદારો સમાજના પ્રતિષ્ઠિત ગૃહસ્થો હશે તથા સંસ્થાના સભ્યોમાંથી હશે.

દર બે વર્ષે સભ્યો ચૂંટણી ગોઠવી મતદાન કરશે તથા તેના હોદ્દેદારો બે થી વધુ ટર્મ હોદ્દો રાખી નહી શકે, આવા જ બીજાં અગત્યના નિયમો-પેટા નિયમો ઘડવામાં આવ્યા છે.

સંસ્થાનું એકાઉન્ટનું નિયમીત ઓડીટ કરવામાં આવશે. તથા તેના નફાની યોગ્ય વ્હેંચણી બાદ ડીવીડન્ડ જાહેર કરવામાં આવશે

જૈન પરિવારના દરેક સભ્યોએ આ સંસ્થામાં અચૂક સભ્યપદ મેળવી સમાજને એક તાંતણે જોડવા ખાસ વિનંતી કરવામાં આવે છે.

સંસ્થા શકય તેટલી જલ્દી (લગભગ ૧-૮-૮૯થી) રોજ કલેકશન શરૂ કરવામાં આવશે.

સંસ્થાની વધુ વિગતની જાણ માટે તથા સભ્યપદ મેળવવા માટે નીચેના સ્થળે સંપર્ક કરવા વિનંતી છે,

સંપર્ક :- અનિલકુમાર વોરા C/o ગ્રામોદ્યોગ ભંડાર, હેરીસ રોડ, ભાવનગર-૩૬૪૦૦૧

(પાના નં. ૨૭૪નું ચાલુ)

સાધ્વીશ્રી ઇન્દ્રશ્રીજી મ૦ આદી
શાક મારકેટ સામે, બહેનોનો ઉપાશ્રય, મહેસાણા-૩૮૪૦૦૧
સાધ્વીશ્રી કુસુમશ્રીજી મ૦ આદી
નારણપુરા, ચાર રસ્તા, અમદાવાદ-૩૮૦૦૧૩
સાધ્વીશ્રી વિદ્યાશ્રી/વસંતશ્રીજી મ૦ આદી
અમારી વિહાર, તળેટી રોડ, પાલીતાણા-૩૬૪૨૭૦
સાધ્વીશ્રી સ્નેહલત્તાશ્રીજી ઠા:૩
જૈન ઉપાશ્રય, (વાયા : બોટાદ) વીંછીયા
સાધ્વીશ્રી ચિંતામણીશ્રીજી મ૦ ઠા:૪
જૈન ઉપાશ્રય, મણિભુવન, મલાડ-ઇસ્ટ, મુંબઈ-૯૭
સાધ્વીશ્રી સૂર્યલતાશ્રીજી મ૦ ઠા:૩
વિજાપુર-જ્ઞાતિવાડી, અશોક ચક્રવર્તી રોડ, કાંદીવલી (ઇ.) મુંબઈ
સાધ્વીશ્રી જ્યોતિપ્રભાશ્રીજી મ૦ આદી
સીમન્ધર સ્વામી જિન મંદિર, હાઇવે રોડ, (ઉ.ગુ.) મહેસાણા
સાધ્વીશ્રી હર્ષલત્તા/પવિત્રલત્તાશ્રીજી મ૦ ઠા:૫
હંખ મહેતાનો પાડો, ઘીવટો, પાટણ-૩૮૪૨૬૬
સાધ્વીશ્રી કીર્તિપ્રભાશ્રીજી મ૦ ઠા:૩
કંસારા શેરી, (જી:ભાવનગર) શિહોર
સાધ્વીશ્રી સુમિત્રાશ્રીજી મ૦ ઠા:૩
સાગર શ્રમણી વિહાર. વિજાપુર-૩૮૨૮૭૦
સાધ્વીશ્રી રાજેન્દ્રશ્રીજી મ૦ ઠા.૫
સુપાર્શ્વનાથ જિનાલય, ૯૭-વાલકેશ્વર રોડ, મુંબઈ-૬
સાધ્વીશ્રી જયપ્રભાશ્રીજી/પુણ્યપ્રભાશ્રીજી/કલ્પશીલાશ્રીજીમ.ઠા:૧૨
ગોડીજી જૈન ઉપાશ્રય, ૧૨-પાયધુની, વિજયવલ્લભચોક, મુંબઇ-૩
સાધ્વીશ્રી વિબોધશ્રીજી મ૦ આદી જૈનઆશ્રમ(જી:અમદાવાદ) વટવા
સાધ્વીશ્રી મંજુલાશ્રીજી મ૦ આદી
જૈન શ્રાવિકા ઉપાશ્રય, શાક માર્કેટ સામે, મહેસાણા-૩૮૪૦૦૧
સાધ્વીશ્રી કિરણલતા/તત્ત્વગુણાશ્રીજી મ૦ ઠા:૭
જૈન ઉપાશ્રય, ૯૩-જવાહરનગર,રોડ નં.૫ ગોરેગામ(વે.)મુંબઈ-૬૨
સાધ્વીશ્રી કૈવલ્યશ્રીજી મ૦ આદી જૈનવાડી(જી:મહેસાણા)માણસા
સાધ્વીશ્રી સ્વયંપ્રભાશ્રીજી મ૦ ઠા:૨
બાબુ પનાલાલની ધર્મશાળા, તલેટી રોડ, પાલીતાણા ૩૬૪૨૭૦
સાધ્વીશ્રી અરુણપ્રભાશ્રીજી મ૦ ઠા:૩
ભુરીબાઈનો ઉપાશ્રય, સાબરમતી, અમદાવાદ-૫

જિનેન્દ્રભકિતના મહોત્સવ માટે : ફોન : ૬૩૬૪૫૦૫/૬૩૬૩૭૫૨
જૈન સંગીતકાર
જૈન ગીતકાર **મનુભાઈ એચ. પાટણવાળા**
અરવિંદકોલોની, ૧૯૫-ડી, અરૂણનિવાસ,ઇરલા, વિલેપાર્લા(વે.)મુંબઈ

પૂજ્યપાદ કવિકુલકિરીટ આચાર્ય શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મ૦ સા૦ ના સમુદાયની યાદી

પૂજ્યપાદ આચાર્યશ્રી વિજયનવીનસૂરીશ્વરજી મ૦ તથા ઠા:૧૫
પૂ૦ આ૦ શ્રી જિનભદ્રસૂરીજી મ૦, પૂ૦આ૦શ્રી હિરણ્ય-
પ્રભસૂરીજી મ૦, પૂ૦ પંન્યાસશ્રી યશોવર્મવિજયજી મ૦
શ્રી જૈન શ્વે. દેવસ્થાન ટ્રસ્ટ, (સ્ટે:ફાલના-રાજ.) ખુડાલા
પૂજ્ય આ૦ શ્રી કીર્તિચંદ્રસૂરીજી મ૦, ઠા:૫
મુનિશ્રી હરિશભદ્રવિજયજી મ૦
શ્રી આ૦ જ્ઞાનમંદિર, ૬-જ્ઞાનમંદિર રોડ, દાદર(વે.) મુંબઇ-૨૮
પૂ૦ આ૦ શ્રી ભદ્રંકરસૂરીજી મ૦, ઠા:૭
પૂ૦આ૦શ્રી પૂર્ણાનંદસૂરીજી મ, પૂ૦આ૦શ્રી અરૂણપ્રભસૂરીજીમ૦,
પૂ૦ આ૦ શ્રી વીરસેનસૂરીજી મ૦
જૈનઉપાશ્રય, દેશાઇફળીયા, (જી:ભરૂચ-ગુજ.)અંકલેશ્વર-૩૯૩૦૦૧
પૂ૦આ૦શ્રી અશોકરત્નસૂરીજી/આ.શ્રી અભયરત્નસૂરીજી મ૦ ઠા:૫
જૈન શ્વે. મંદિર, (જી:ગુલબર્ગ-કર્ણાટક) શોરાપુર-૫૮૫૨૨૪
પૂ૦ આ૦ શ્રી સ્થુલભદ્રસૂરીજી મ૦ ઠા:૮
જૈન આરાધના મંડપ. ગોપીપુરા, સુભાષ ચોક, સુરત-૩૯૫૦૦૧
પૂ૦ આ૦ શ્રી વારિષેણસૂરીજી મ૦ ઠા:૪
જૈન શ્વે. મંદિર, મરાઠાવાડા, (મહારાષ્ટ્ર) જાલના-૪૩૧૨૦૫
પૂ૦ આ૦ શ્રી રાજયશસૂરીજી મ૦ ઠા:૧૦
જૈન મંદિર, ૪૧-રીજ રોડ, વાલકેશ્વર, મુંબઈ-૪૦૦૦૦૬
પૂ૦ પંન્યાસશ્રી પદ્મવિજયજી મ૦ ઠા:૩
પૌષધશાળા, કોઠારીવાડો, (સાબરકાંઠા-ઉ ગુ.) ઇડર-૩૮૩૪૪૦
મુનિરાજ શ્રી જયકુંજવિજયજી મ૦ ઠા:૨
તાલધ્વજ તીર્થ જૈનધર્મશાળા, (જી:ભાવનગર) તળાજા-૩૬૪૧૪૦
મુનિરાજશ્રી નયભદ્રવિજયજી મ૦ આદી
જૈન શ્વે. મંદિર, (મહારાષ્ટ્ર) (કોલાબા) પેયનાડ

પૂજ્ય સાધ્વીજી મહારાજની યાદી

પૂ. સાધ્વીશ્રી જયાશ્રીજી મ૦ ઠા:૧૦ માંડવીપોળ,(ખેડા) ખંભાત
" ઉમંગશ્રીજી મ૦ ઠા:૪
કોઠારીવાડો, (બનાસકાંઠા) ઇડર-૩૮૩૪૫૦
" શશીપ્રભાશ્રીજી મ૦ ઠા:૬
કોઠારીવાડો, (ઉ. ગુ.) ઇડર-૩૮૩૪૩૦
" હંસાશ્રીજી મ૦ ઠા:૮
તીલકરોડ, (જી:નાસીક-મહા.) માલેગામ-૪૨૩૨૦૩

(અનુસંધાન પાના નં. ૨૮૦ ઉપર)

પારકા માટે પગથિયું ન બની શકાય તો કંઇ નહિં, પરંતુ ખાડો તો ન જ બનવું.

ભાવ–પ્રતિભાવ

જૈન પત્રના વાચકો દ્વારા આવેલ પત્રોમાંથી

માનનીયશ્રી મહેન્દ્રભાઇ,

૧૯૦૩ની ૧૨ એપ્રિલે જૈન સમાજનું સૌ પ્રથમ સાપ્તાહિક "જૈન" પ્રસિદ્ધ થયું. પહેલાં અમદાવાદથી, પછી મુંબઈથી અને અત્યારે ભાવનગરથી આ અઠવાડિક પ્રસિદ્ધ થાય છે એ વાંચીને આનંદની લાગણી અનુભવી. સમગ્ર દેશના જૈન પત્રોના નામ–સરનામાં મેળવી રહ્યો છું. ૧૯૮ જેટલા જૈન પત્રો દેશભરમાંથી પ્રગટ થાય છે તેના નામ–સરનામાં મને મળી ચૂકયા છે.

'ગુજરાતના જૈન પત્રો – ગૌરવભરી પરંપરા' એ અંગે ટૂંકી નોંધ તૈયાર કરીને ગુજરાતના જૈન પત્રકારોને તેમજ અખબાર, રેડિયો, ટીવી. ક્ષેત્રે ફરજ બજાવતા જે પત્રકારો જૈન છે તેમને મોકલવાની ભાવના છે. છેલ્લા ૮૫ વર્ષથી આપનું "જૈન" પ્રગટ થઈ રહ્યું હોવાથી આપ આ અંગે અધિકૃત માહિતી મને મોકલી શકો તેમ છો. આ સાથે કાચો મુસદ્દો લખી મોકલું છું. તેમાં યોગ્ય સુધારા–વધારા કરીને આપ મને મોકલો તે પછી તેની નકલો કરાવીને ગુજરાતી જૈન પત્રકારોને મોકલવાનું ગોઠવીશ.

સમગ્ર દેશના જૈન પત્રકારો તા. ૨૯–૩૦–૩૧ ડિસેમ્બરે એકત્ર થઇ અને "અખિલ ભારત જૈન પત્રકાર સંઘ"ની રચનાને કાયમી સ્વરૂપ આપે તેવું આયોજન વિચાર્યું છે. અમેરિકામાં ૫૦ હજાર જૈનોના ૫૦ જૈન સેન્ટરો તેમજ યુરોપ, ઇંગ્લેન્ડ, જાપાન વગેરે દેશોના જૈનોની પ્રવૃત્તિઓનું સંકલન કરવા "યુનિવર્સલ જૈન સેન્ટર"નું આયોજન પણ વિચાર્યું છે.

સમગ્ર ભારતમાં એક કરોડ જૈનો હોવાનો અંદાજ છે. પાંચ વ્યક્તિના એક કુટુંબ મુજબ ૨૦ લાખ જૈન કુટુંબો જૈનોના છે. ૧૦ ટકા લેખે માત્ર બે લાખ જૈન કુટુંબોના ઘરમાં દેશ–વિદેશની જૈન પ્રવૃત્તિની માહિતી આપતી કોઈ કડી હોય તો કેવું ? સમગ્ર દેશના ૨૦૦ જૈન પત્રોના તંત્રીઓ–સંપાદકો તેમજ અખબારો, રેડિયો, ટીવી. ક્ષેત્રે કાર્ય કરતાં ૫૦૦ જેટલા જૈન પત્રકારો ધારે તો "જૈન વિકાસ" નામનું બુલેટીન પ્રગટ કરીને બે લાખ જૈન કુટુંબોને આંગણે પહોંચી શકે તેમ છે.

સમગ્ર ભારતમાં ૨૦૦ થી વધુ જૈન તીર્થો છે. શ્વેતાંબર, દિગંબર, સ્થાનકવાસી અને તેરાપંથીના બધા મળીને દસ હજાર જેટલા જૈન સાધુ–સાધ્વી છે. ભગવાન મહાવીરનો અહિંસા–કરુણા–જીવદયાનો સંદેશો ફેલાવી શકે તેવા ૫૦૦ જૈન પત્રકારો આ દેશમાં છે. 'મિત્તીમે સવ્વે ભુએસુ' – ધ્યાનમાં રાખી જૈન પત્રકારો સાથે મળી વિચારણા કરે તો જૈન શ્રેષ્ઠીઓનો સહયોગ મેળવી ઘણું કરી શકે તેમ છે.

આપના સાથ–સહકાર અને માર્ગદર્શનની અપેક્ષા રાખું છું.

"જૈન"નો અંક તેમજ આપનો બાયોડેટા અને પાસપોર્ટ સાઇઝનો ફોટો વળતી ટપાલે મને મોકલી આભારી કરશોજી.

આ સાથેનું લખાણ, આપને લાગે તો નવેસરથી તૈયાર કરીને મોકલવાનું યોગ્ય લાગે તો તેમ કરવાનું રાખશે. તકલીફ દર–ગુજર કરશો.

ગુજરાતી ભાષાના જૈન પત્રો અને તેના તંત્રી સંપાદકોની યાદી આપની પાસે હોય તો તેની ઝેરોક્ષ નકલ મને મોકલી ઉપકૃત કરશો.

લિ. રાજેન્દ્ર ક. શેઠ

[સબ–એડીટર ગુજરાત સમાચાર–અમદાવાદ]

તંત્રીશ્રી 'જૈન' ભાવનગર

જય જિનેન્દ્ર, તા. ૧૪-૭-૮૯ના 'જૈન'માં કાન્તિભાઈનો મમતા પત્ર તથા પ્રતિક્રમણ વિશેષાંક વિષે વાંચી આનંદ થયો. કાન્તિભાઇએ દાખવેલ મમતામાં અમે પણ સહમત છીએ. હું પણ લગભગ ૩૦ વર્ષથી 'જૈન'નો ગ્રાહક–ચાહક છું. વચમાં 'જૈન' અનિયમિત છતાં માગણી થયેથી સમયસર લવાજમ ભરેલ છે, અમારી પણ એજ ઇચ્છા છે કે–કોઈ પણ સુયોગ્ય રસ્તો કાઢી 'જૈન' નિયમિત મળતું રહે જરૂરી આર્થિક વ્યવસ્થા માટેના સૂચવેલા ઉપાયો જેવા જે કાંઈ યોગ્ય સૂચનો મળે તે જરૂર અજમાવશોજી.

બીજી ખાસ વિનંતી જે આ પહેલાં પણ, જીવવિચાર, સામાઇક, જિનદર્શન, એમ. સી. વગેરે ૧૦૦ પ્રશ્નોની પૂર્તિ આપેલ ત્યારે મેં કહેલ કે આવા મહત્વના વિષયનો અંકો સારા કાગળમાં—દિવ્યદર્શન જેવા અગર ટકાવ કાગળ પર છાપી પુસ્તિકા રૂપે બહાર પાડવી.

(ગ્રા. નં. ૨૮૯૩) રમેશચંદ્ર કા. ગાંધી–અમદાવાદ

તા. ૨૦-૭-૮૯

સુરબ્બીશ્રી મહેન્દ્રભાઇ ગુલાબચંદ શેઠ,

જણાવવાનું કે આપ તરફથી જે 'જૈન' નીકળે છે તે સારું છે. પણ આ વખતે વર્ષ–૮૬, અંક–૨૬માં જે પંન્યાસ ચંદ્રશેખરવિજયજી મ૦સા૦ માટે જે તમોએ લેખ આપ્યો છે તે બરાબર નથી. અને તેમાં જે લખાણો અને ભાષાઓ વાપરી છે તે તમારાં જેવા સારી વ્યક્તિઓ લખે તે વ્યાજબી નથી. કે મત–ધ્યેય બુદ્ધિ કે વિરોધ માટે લખી છે તેની ખબર નથી. આવું ફરીવાર તેમના માટે ન છપાય અથવા સત્ય હકીકત રૂબરુ

સુખી ઘમંડમાં મરે, દુઃખી દીનતામાં મરે છે, સુખીમાં વિવેક હોય તો ઘમંડ કરે નહિ, દુઃખીમાં વિવેક હોય તો દીનતા કરે નહિ.

મળી પછી જ છપાવવી જોઈએ. જેથી શ્રીસંઘમાં સારા મુની-ભગવંતોની આશાતના ન થાય તે માટે અમારી સૌની નમ્ર અપીલ છે. ને આ લેખમાળા આગળ અથવા ખોટી રીતે રજૂઆત થશે તો તેની નોંધ લેશો અને તેનું પરિણામ સારુ નહિ આવે તે નોંધ લેવા ભલામણ. લી તપોવન સંસ્કારધામ

લલીત, મુકેશ, દિપક, રાકેશ, સંજય વગેરે.
મુંબઇના તેમજ અમદાવાદના સેંકડો યુવાનો.

* આ પત્ર વાચી બાળ-મીત્રોની એકરાગતા જોઈ ભારે આશ્ચર્ય થાય છે. તેમણે તેમનું સરનામું લખેલ હોય તો વિશેષ આનંદ થાત.... બીજું એ લેખમાં પૂજ્યશ્રી પ્રત્યે કંઇ ખોટું ઉપજાવી કાઢેલું કે અસત્ય જણાય તો સત્તાવાર જણાવશો તો જરૂર ખુલાસો આપીશું. બાકી અમારે મન તો સર્વે શ્રમણો પૂજ્ય છે, રહેશે. અમે કોઈની કંઠી બાંધી નથી. તેથી કદી કોઇના માટે પણ લખાણની સત્યતા જણાતા પ્રગટ કરવામાં અચકાવાનું હેતું નથી. બાકી તો પૂજ્યશ્રીના લખાણો અને પ્રવચનો વાગોળે તો તેમને જ જીવનનો નવો રાહ મળી આવશે. અમે માનીએ છીએ કે માનવમાં કે શ્રમણોમાં જે દેખાડવાના ને ચાવવાના ભાવ જુદા થતા ગયા છે તે જ આપણા પતનનું કારણ બનેલ છે.

અમારા માનવંતા ગ્રાહકોનો આભાર અને નમ્ર વિનંતી

"જૈન" પત્રના જે ગ્રાહકો દ્વારા લવાજમ આજીવન સભ્ય તરીકે રૂા. ૫૦૧ – આપીને જેમણે ઉદારતા ભર્યો અમારામાં જે વિશ્વાસ અને શ્રદ્ધા દર્શાવેલ છે તેમના અમો આભારી છીએ. તેમની નામાવલી આ સાથે આપેલ છે. તેમજ જે જે ગ્રાહક બંધુઓએ તેમનું બાકી રહેલ લવાજમ તથા ચાલું વર્ષનું લવાજમ મોકલાવી સહયોગી થયેલ છે. તેમની નામાવલી અમોએ આપવાની શરૂ કરેલ છે. આજ રીતે અમારા દરેકે-દરેક નવા-જુના ગ્રાહકો તેઓશ્રીનું લવાજમ મોકલવાનું ચુકશે નહી તેવી આશા સહ શ્રદ્ધા છે. વ્યવસ્થાપક "જૈન"

જૈન પત્રના આજીવન સહયોગી સભ્યો

જેઓ 'જૈન' પત્ર વર્ષોથી મંગાવતા રહેલ- ને તેમનું બાકી રહેતું લવાજમ રદ કરી આજીવન સભ્યની પણ રકમ ભરનાર દરેકના અમો આભારી છીએ.

શ્રી રીખવદેવ જૈન દેવસ્થાન પેઢી,	મુ ; કાવી-૩૯૨૧૭૦
,, દલીચંદ માણેકચંદ દોશી, ભુલેશ્વર,	મુંબઇ-૨
,, જૈન શ્વે. મૂ૦ પૂ૦ સંઘ, (જી:સીરોહી)	વરદા-૩૦૭૮૦૧
,, મુનિસુવ્રતસ્વામી ટેમ્પલ ટ્રસ્ટ,	પુના-૪૧૧૦૦૩
,, જીતેન્દ્ર કાન્તીલાલ શાહ	મુંબઇ-૪૦૦૦૦૩
,, રમણલાલ મો. ગાંધી પાલડી,	અમદાવાદ-૩૮૦૦૦૭
,, રાયચંદ નાનચંદ દોશી વાલકેશ્વર,	મુંબઈ-૪૦૦૦૦૬
,, જૈન શ્વેતાંબર કારખાના (વાયા:આબુરોડ)	મુ:રોહીડા
,, જિનદાસ ધરમદાસ જૈન પેઢી, (રાજ.)	જાવાલ
,, મુકેશકુમાર લાલચંદ શાહ (ગુજ.)	વડોદરા-૩૯૦૦૦૧
,, કાન્તીલાલ ચુનીલાલ શાહ	મુંબઈ-૪૦૦૦૨૬
,, કાંતિલાલ ધરમશીભાઈ પારેખ	મુંબઇ-૪૦૦૦૫૬
શ્રીમતી ધીરજબેન C/o શ્રીજેતેન્દ્રભાઇ આર. સલોત	મુંબઈ-૫૬

જૈન પત્રના લવાજમના સહયોગી

રૂા.	નામ—ગામ	ગ્રા. નં.
૯૦/-	શ્રી હિરાચંદજી જૈન જયપુર	૨૨૫૮
૩૦/-	,, સંઘવી લક્ષ્મીચંદ ચુનીલાલ સીરોહી	૨૬૩૦
૪૩/-	,, જૈન શ્વે. સંઘ-અંજમેર	૪૦૨૧
૧૭૦/-	,, મનસુખલાલ મગનલાલ મુંબઈ-૮૦	૧૧૭૦
૮૦/-	,, જૈન રીખવદેવજી મહારાજની પેઢી- જગડીયા	૨૨૯૪
૭૫/	,, ચંદુલાલ નગીનદાસ ભાખરીયા-મુંબઇ	૧૦૫૮
૭૫/-	,, પ્રેમચંદ ગોમાજી એન્ડ સન્સ-મુંબઇ-૨	૧૧૩૫
૧૦૦/-	,, ભોગીલાલ લલુભાઈ શાહ મુંબઈ-૮૬	૧૧૬૬
૩૦/-	,, વીનુભાઇ સી. ચોકસી મુંબઈ-૩	૧૨૪૫
૮૦/-	મે. તેજલ ટ્રેડીંગ એન્ડ કું, મુંબઇ-૨	૪૨૧૩
૪૩/-	ધી પ્રભાત ડ્રાયક્રુટ સ્ટોર મુંબઇ-૪	૪૦૩૮
૬૦/-	શ્રીમતી નિપૂર્ણબેન રજનીકાંત શાહ મુંબઇ-૭	૧૧૧૬
૫૦/-	મસ્કતી કાપડમારકેટ,મહાજન ફ્રીલાયબ્રેરી અમદાવાદ	૨૦૪૦

'જૈન' પત્રનો....

આગામી પર્વ પર્યુષણ પ્રસંગે સચિત્ર 'પ્રતિક્રમણ – વિશેષાંક'

જેમાં : પ્રતિક્રમણ એટલે શુ....? તેના પ્રકારો....! તે ક્રિયામાં કેવી રીતે વર્તવું....? એમાં શું શું હકીકત આવે છે. શા હેતુથી તે ક્રિયા કરવી....! તેમાં બોલાતા સૂત્રો, અમુક સૂત્રો પછી અમુક સૂત્રો શા માટે...? આવશ્યક સૂત્રમાં શું આવે છે...! પ્રતિક્રમણની કથાઓ વગેરે માહિતી સભર વિશેષાંક.... વિશેષ માહિતી માટે.... લખો.... 'જૈન ઓફિસ'

ન્યુ દાણાપીઠ, પોસ્ટ બોક્ષ નં. ૧૭૫, ભાવનગર-૩૬૪૦૦૧

પુણ્ય પામવું છે? તો પાપથી બચો, પાપથી બચવું એ પણ પુણ્યની કમાઇ છે.

(પાના નં: ૨૭૭નું ચાલુ)

પૂ. સાધ્વીશ્રી મહેન્દ્રશ્રીજી મ૦ આદી (જી:અમદાવાદ)સૈજપુરબોધા
,, કમલપ્રભાશ્રીજી મ૦ આદી (,,) વીરમગામ
,, સુર્યપ્રભાશ્રીજી મ૦ ઠા:૪
આરીસાભુવન, તળેટી રોડ, પાલીતાણા-૩૬૪૨૭૦
,, સરસ્વતીશ્રીજી મ૦આદી (બનાસકાંઠા) વડાલી
,, પ્રકિર્ણાશ્રીજી મ૦ આદી
વલ્લભવિહાર, તલાટી રોડ, પાલીતાણા-૩૬૪૨૭૦
પૂ૦ સાધ્વીશ્રી સર્વોદયાશ્રીજી/વાચયમાશ્રીજી મ૦ ઠા:૨૦
૪૧ રીઝરોડ, વાલકેશ્વર, મુંબઈ-૬
,, રત્નચુલાશ્રીજી મ૦ ઠા:૧૦ સુલતાનબજાર, હૈદ્રાબાદ-૫૦૦૦૨૪
,, શુભોદયાશ્રીજી મ૦ (ઠ:૬) શાંતિનગર અમદાવાદ
,, આત્મપ્રભાશ્રીજી મ૦ ઠા:૩
ગોપીપુરા, હુકમમુની ઉપાશ્રય, સુરત-૩૮૫૦૦૧
,, સુભદ્રાશ્રીજી મ૦ ઠા:૧૩ ગોપીપુરા, સુરત-૩૮૫૦૦૧
,, પરમપદ્માશ્રીજી મ૦ ઠા:૫ કઠોર
,, ગૌતમશ્રીજી મ૦ ઠા:૨ તેલીગલી,(જી:નાસીક)ધુલીયા-૪૨૪૦૦૧
,, જયલતાશ્રીજી મ૦ ઠા:૩ અંધેરી-વેસ્ટ, મુંબઈ-૫૮
,, જયકલાશ્રીજી મ૦ ઠા:૪ ગુજરાત
,, મૃગનયનાશ્રીજી મ૦ ઠા:૪ ૪૧,રીઝરોડ, વાલકેશ્વર, મુંબઇ-૬
,, લલીતાશ્રીજી મ૦ આદી ગોપીપુરા, સુરત-૩૯૫૦૦૧
,, કલ્પલત્તાશ્રીજી મ૦ ઠા.૨ ચીકપેઠ, (કર્ણાટક) બેંગલોર
,, લાવણ્યશ્રીજી મ૦ ઠા:૫ વાપીવાળી ધર્મશાળા, પાલીતાણા
,, જિતેન્દ્રશ્રીજી મ૦ ઠા:૮ (જિ.પરભણી-મહા)હિંગોળી-૪૩૧૫૧૩
,, જિનેન્દ્રયશાશ્રીજી મ૦ ઠા:૪ જૈનધર્મશાળા, પંચાસરા, પાટણ
,, વિરાગમાલાશ્રીજી મ૦ ઠા:૧૪ (જી: વલસાડ) વાપી
,, કમલપ્રભાશ્રીજી મ૦ ઠા:૩ વાણીયાવાડ, છાણી-૩૯૧૭૪૦
,, બિન્દુપૂર્ણાશ્રીજી મ૦ ઠા:૮ ૪૧,રીઝરોડ, વાલકેશ્વર, મુંબઇ-૬
,, પદ્મલત્તાશ્રીજી મ૦ ઠા:૭ સાંડેરાવભુવન ધર્મશાળા, પાલીતાણા
,, હર્ષપદ્માશ્રીજી મ૦ ઠા:૫ ગોપીપુરા, હકુમમુનિ ઉપા. સુરત
,, તરુણશ્રીજી મ૦ આદી અમદાવાદ

"પાલીતાણામાં ધર્મશાળા, દેરાસર, ઉપાશ્રય બાંધવા જમીન ખુલ્લા પ્લોટ, બંગલા, ફ્લેટ, ટેનામેન્ટ દુકાન, ઓફીસ વગેરે ખરીદવા તથા વેચવા માટે!"

બ્રહ્મભટ્ટ એસ્ટેટ એજન્ટ

હસમુખભાઇ એમ. બ્રહ્મભટ્ટ (સદસ્ય : નગરપાલીકા-પાલીતાણા)
શત્રુંજય પાર્ક, તલાટી રોડ, પાલીતાણા-૩૬૪૨૭૦
સમય : સવારે ૯ થી ૧૨ સાંજે ૪ થી ૯ ફોન : ૪૧૪

-બ્રિટનમાં થયેલ કલિકાલસર્વજ્ઞ આ૦શ્રી હેમચંદ્રાચાર્યસૂરિજી મ.ની ૯૦૦મી જન્મજયંતિની ઉજવણી

જૈન સમાજના ઇતિહાસમાં એક ગૌરવભરી ઘટના ભારતથી પાંચ હજાર માઇલ દૂર બ્રિટનમાં સર્જાઈ. બ્રિટનના જૈનોના તમામ સંપ્રદાયો, ફિરકાઓ અને ૧૫ જેટલા જૈન એસોસિએશનોએ સાથે મળીને કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યની ૯૦૦મી જન્મ જયંતિની શાનપૂર્ણ ગૌરવભરી ઉજવણી કરી. આ માટે ભારતથી જૈન દર્શનના ચિંતક ડૉ. કુમારપાળ દેસાઇને વિશિષ્ટ નિમંત્રણ આપીને બોલાવવામાં આવ્યા હતાં અને તેમણે લેસ્ટર, માંચેસ્ટર, લંડન વગેરે શહેરોમાં શ્રી હેમચંદ્રાચાર્યના જીવન અને કવન વિશે પ્રેરક પ્રવચનો આપ્યાં હતાં. લંડનમાં એ દિવસનો પરિસંવાદ યોજવામાં આવ્યો હતો. જેમાં ડૉ. નટુભાઇ શાહ, ડાહ્યાભાઇ કવિ, ટી. પી. સૂચક, વિનોદ કપાસી, વિપુલ કલ્યાણી વગેરેએ પ્રસંગોચિત વક્તવ્યો આપ્યાં હતાં. આ પ્રસંગે શ્રી વિનોદ કપાસીએ ચાર વર્ષની મહેનત બાદ તૈયાર કરેલ "હેમ સિદ્ધિ" પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું.

લંડનમાં યોજાયેલા સમારંભમાં ભારતના ફર્સ્ટ કલ્ચરલ સેક્રેટરી શ્રી મનરાલ તથા બ્રિટનના ભૂતપૂર્વ કેળવણીપ્રધાન અને હાલના પાર્લામેન્ટના સભ્ય સર રોહડસ બોયસન હાજર રહ્યા હતા અને તેમણે જૈન ધર્મની મહત્તા અને હેમચંદ્રાચાર્યની મહાનતા વિષે પ્રવચનો કર્યાં હતા. આ પ્રસંગે ગ્રેટ બ્રિટનની પંદર સંસ્થાઓ તરફથી ડૉ. કુમારપાળ દેસાઈને તેમના કાર્ય માટે "હેમચંદ્રાચાર્ય એવોર્ડ" સર રોહડસ બોયસનના હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો. વળી જાણીતા લેખક અને જૈન દર્શનના વિચારક શ્રી વિનોદ કપાસીના કન્વીનરપદે બ્રિટનની તમામ સંસ્થાઓનું ફેડરેશન રચવાનું નક્કી થયું હતું.

શ્રી નાગેશ્વર તીર્થે પધારો

શ્રી નાગેશ્વર તીર્થ ભારતમાં એક જ શ્રી પાર્શ્વનાથ ભ. ની કાયા ૧૫ ફુટ ઉંચી અને નીલવર્ણી સાત ફણાધારી કાયોત્સર્ગરૂપે પ્રાચીન પ્રતિમાજી બિરાજે છે.

હજારો યાત્રિકો દર્શનાર્થે પધારે છે. ભોજનશાળા ધર્મશાળા વિગેરેની સુવિધા છે. યાત્રિકોને આવવા માટે ચૌમહલા સ્ટેશને તથા આલોટથી બસ સર્વીસ મળે છે. અગાઉ સુચના આપવાથી પેઢીની જીપની વ્યવસ્થા થઈ શકશે. અઠ્ઠમ તપવાળા માટે પૂર્ણ વ્યવસ્થા છે
(ફોન નં. ૭૩ આલોટ) —લિ. દીપચંદ જૈન સેક્રેટરી
શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ પેઢી
P. O. ઉન્હેલ ✠ સ્ટે. : ચૌમહલા [રાજસ્થાન]

દુઃખ અને વિપદાઓમાં પણ હૃદય એક પ્રકારની મીઠાશ મેળવે છે. ધૈર્યની આથી બીજી સારી શી વ્યાખ્યા હોય શકે.

Regd. No. G. BV. 20
JAIN OFFICE : P. Box No 175
BHAVNAGAR-364001 (Gujarat)
Tele. O. C/o 29919 R.C/o. 25869

સ્વ. તંત્રી : ગુલાબચંદ દેવચંદ શેઠ
તંત્રી-મુદ્રક-પ્રકાશક-માલીક :
મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
જૈન ઓફિસ, પો.બો. નં ૧૭૫, દાણાપીઠ, ભાવનગર

'જૈન' વર્ષ ૮૬
અંક : ૩૦

વીર સં. ૨૫૧૫ : વિ. સં. ૨૦૪૫ શ્રાવણ સુદ ૯
તા. ૧૧ ઓગષ્ટ ૧૯૮૯ શુક્રવાર
મુદ્રણ સ્થાન : શ્રી જૈન પ્રિન્ટરી
દાણાપીઠ પાછળ, ભાવનગર-૩૬૪ ૦૦૧

હાડકાના માળાને ચેતનવંતો કરવા...

જૈનધર્મ શ્રમણ પરંપરાનો ધર્મ છે. બીજા શબ્દોમાં તે નિવૃત્તિમાર્ગી અથવા ત્યાગ (સંન્યાસ) માર્ગી ધર્મ છે. પરંતુ તેનો અર્થ એ નથી કે જૈનધર્મમાં ગૃહસ્થ અથવા ઉપાસકવર્ગનું મહત્વપૂર્ણ સ્થાન નથી. ભલે જૈનધર્મના પ્રારંભિક યુગમાં દીક્ષાને વધુ મહત્તા મળી હોય, પરંતુ આગળ ચાલતા જૈન પરંપરામાં ગૃહસ્થધર્મને પણ મહત્વપૂર્ણ સ્થાન પ્રાપ્ત થયું જ છે. જૈનધર્મમાં ચતુર્વિધ સંઘની વ્યવસ્થા થઇ, તેમાં સાધુ-સાધ્વીઓની સાથે સાથ શ્રાવક અને શ્રાવિકાઓને પણ સ્થાન આપવામાં આવ્યું છે. માત્ર આ જ નહીં, શ્રાવક-શ્રાવિકાઓને સાધુ-સાધ્વીઓના માતા-પિતાના રૂપે સ્વીકાર કરવામાં આવ્યો છે. બીજા શબ્દોમાં તેમને સાધુ-સાધ્વીઓના સંરક્ષક માનવામાં આવ્યા છે. જૈન પરંપરામાં ગૃહસ્થ ઉપાસકનું એટલા માટે મહત્વપૂર્ણ સ્થાન હતું કે તે શ્રમણોના ભોજન, (આહાર) સ્થાન વગેરે આવશ્યકતા પૂરી પાડે. પરંતુ તેને શ્રમણ સાધકોના ચારિત્રના પ્રહરી પણ માની લેવામાં આવ્યા. પૂર્વે કેટલાક સમય સુધી શ્રાવક વર્ગની આ મહત્તા યથાવત્ હતી, તેને આ અધિકાર હતો કે કોઇ સાધુ અથવા સાધ્વી શ્રમણ મર્યાદાઓનું સમ્યક્ સ્વરૂપે પાલન ન કરતા હોય તો તે તેમનો વેશ લઇ તેમને શ્રમણ સંઘથી પૃથક્ કરી દે. એવી રીતે દીક્ષા ગ્રહણ કરવા માટે પણ શ્રાવક સંઘની અનુમતિ આવશ્યક હતી.

વર્તમાન યુગમાં સાધુ-સાધ્વીઓના આચારમાં જે શિથિલતા આવવા લાગી છે, તેનું એકમાત્ર કારણ આ છે કે ગૃહસ્થવર્ગ મુનિઆચારથી અવગત ન રહેવાના કારણે પોતાના ઉપર્યુક્ત કર્તવ્યને ભૂલી ગયો છે. આજે આપણે આ વાતને ખૂબ સ્પષ્ટ રૂપે સમજી લેવી જોઈએ કે જૈનધર્મ અને સંસ્કૃતિની રક્ષાની જવાબદારી મુનિવર્ગની અપેક્ષા ગૃહસ્થવર્ગ ઉપર જ વધુ છે અને જો તે પોતાની આ જવાબદારીની ઉપેક્ષા કરશે, તો પોતાની સંસ્કૃતિ અને ધર્મની સુરક્ષા કરવામાં અસફળ રહેશે.

ગૃહસ્થધર્મની આ મહત્તાના પ્રતિપાદનનો એકમાત્ર ઉદ્દેશ્ય આ જ છે કે આપણે આપણા સ્થાનની મહત્તા અને ગરિમાને સમજીએ. આજનો શ્રાવકવર્ગ ન માત્ર પોતાના કર્તવ્યો અને જવાબદારીઓને ભૂલી ગયો છે; પરંતુ તે પોતાની અસ્મિતાને પણ ખોઈ બેઠો છે. આજ એવું સમજવા લાગ્યા છે કે ધર્મ અને સંસ્કૃતિનું સંરક્ષણ તથા આધ્યાત્મિક સાધના બધુ જ સાધુઓનુ કામ છે. ગૃહસ્થ તો માત્ર ઉપાસક છે, તેના કર્તવ્યની ઈતિશ્રી સાધુ-સાધ્વીઓને દાન દેવા સુધી જ છે. આજ આપણને આ વાતની પ્રતિતી થવી જોઇએ કે જૈનધર્મની સંઘ-વ્યવસ્થામાં આપણું કયા અને કેટલું ગૌરવમય સ્થાન છે? ખાટલાના ચાર પાયામાં એક તૂટે તો બીજાઓનું અસ્તિત્વ નિરાપદ ન રહી શકે. એ શ્રાવકવર્ગ પોતાના કર્તવ્યો, દાયિત્વો તેમ જ પોતાની ગરિમાને વિસ્મૃત કરે છે તો સંઘના શેષ ઘટકોનું અસ્તિત્વ પણ નિરાપદ નહીં રહી શકે.

આજ વાસ્તવિક સ્થિતિ એવી છે કે આપણા શ્રમણ અને શ્રમણીવર્ગ પણ શિથિલાચારમાં આકંઠ ડૂબતો જવા લાગ્યો છે. આજ જેઓને આપણે આદર્શ અને વંદનીય માની રહ્યા છીએ તેઓના જીવનમાં છળ. છદ્મ, દુરાગ્રહ, અહમના પોષણની પ્રવૃત્તિઓ અને અસંયમી જીવનના ઠેર ઠેર દર્શન થતા જણાય છે. ત્યારે આપણે ત્યાં સં. ૨૦૪૪માં મુનિ સંમેલન ભરાયેલ

ત્યારે આ અંગે કશું વિચારેલ ને તે માટે કોઈ નિયમો કે તેને અટકાવવાના પ્રયત્નો થયા નથી. કે સમજ પૂર્વક કરેલ નથી!

સ્થાનકવાસી જૈનો દ્વારા તેમના શ્રમણ સંઘમાં પ્રવેશેલી ને પ્રવેશતી શિથીલતા અને અયોગ્ય વર્તન અંગે જે નિયમો બનાવેલ છે (જે અમોએ જૈન અંક-૨૭માં આપેલ છે,) તેમ આપણે શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈનોએ પણ નિયમો બનાવવાની અને તેનો અમલ કરાવાની તાતી જરૂર છે. અને તેના નિયમો નીચે મુજબના વિચારી શકાય.

(૧) સમુદાય બહાર મુકાયેલ સાધુ કે સાધ્વીજી મહારાજોના બને તો કપડા-ઓઘો પાછો લેવાનું તેમના ગુરુ ઉપર, ગચ્છાધિપતિ ઉપર દબાણ લાવો. અને જો કપડા નજ ઉતરી શકે તો જાહેર પત્રોમાં તેમ જ જૈનધર્મના દરેક પત્રોમાં તેના ફોટા સાથે જાહેરાત આપવી, ચેતવણી પ્રગટ કરવી.

(૨) સમુદાય બહાર મુકાયેલ સાધુ-સાધ્વીજીને કોઇ પણ શ્રી સંઘન-સોસાયટીના જાહેરસ્થાનો-ઉપાશ્રય, વાડી, જ્ઞાનમંદિરમાં ઉતારો ના આપવો કે ચાસુર્માસ ના રાખવા. તેમ જ કોઈ વ્યક્તિગત સ્વાર્થવસ તેને સ્થાન આપે તો લોકોએ તેનો જાહેર-બહિષ્કાર કરવો. તેમની વ્યાખ્યાન-વાણી ન સાંભળવા, તેમને ગોચરી પણ ના વહોરાવવી ને તેમને આર્થિક સહકાર પણ કોઇ રીતે ન આપવો.

(૩) અયોગ્ય વર્તણુંક, ચારિત્રની ખામી, અર્થઉપાર્જન કરવા જે સાધુ-સાધ્વીઓ દ્વારા જ્ઞાનમંદિર, પ્રકાશન પ્રવૃત્તિ, કે બીજી સંસ્થાઓ, ટ્રસ્ટો વ્યક્તિગત ઉભા થાય છે. તેને પ્રોત્સાહન સંઘોએ ન આપવું. તે પ્રવૃત્તિ સમુદાય પતિ દ્વારા ચલાવાતી હોય તો, કે તેમની સમંતિ વગર ચાલતી હોય, તો પણ તેને પ્રોત્સાહન ન મળે તેની ખાસ કાળજી રાખવી. તેના ફંડમાં સંઘો કે વ્યક્તિગત રકમો ન ભરાય તેની કાળજી રાખવી. આજ દુષણ જૈનધર્મના મુળ ઢીલા કરનાર પુરવાર થયેલ છે.

(૪) કોઈ પણ સાધુ-સાધ્વીજીનો અભિપ્રાય જાણ્યા વિના તેમને સ્થાન ન આપવું કે ચાતુર્માસ ન કરાવવું. તે માટે

[ક] સમુદાયના ગચ્છાધિપતિઓ દ્વારા દરેકના આયડેન્ટીટી કાર્ડ ફોટા સાથેના આપવા જોઈએ.

[ખ] ચાતુર્માસ કે કોઇ મહોત્સવનું આયોજન કરવું હોય તો તેમના ગુરુ તથા સમુદાયપતિ દ્વારા યોગ્યતાની સંમતિ મેળવવી.

[ગ] ચાતુર્માસની વિનંતી કરતાં પહેલાં જે સાધુ-સાધ્વીજી મ૦ અગાઉ ત્રણ-ચાર વર્ષથી જ્યાં વિચરેલ હોય કે ચાતુર્માસ કરેલ હોઇ તે સંઘોનો અભિપ્રાય લેખિત મંગાવવો અને દરેક સંઘોએ તેમનો સ્પષ્ટ અભિપ્રાય જરૂર લેખિત આપવો. જેથી યોગ્ય શ્રમણોની કદર થાય અને અયોગ્ય શ્રમણોથી તે સ્થાનો ચેતે અને ખોટું પ્રોત્સાહન ન મળે.

[ઘ] ચાતુર્માસ કે મહોત્સવ દરમ્યાન ઉપજમાંથી કે બીજી કોઇ આવકમાંથી જે તે સાધુ-સાધ્વીજી તેમની પ્રવૃત્તિ માટે કે તેમના પ્રકાશન માટે નાણાકિય કોઈ શરત મુકે તો તેમનો આગ્રહ ન રાખતા સંયમી અને ત્યાગી શ્રમણો કે વિધીકારકો પણ ચલાવવાનો આગ્રહ રાખવો, કોઇ ટ્રસ્ટી અંગત સ્વાર્થ કે સંબંધોને કારણે અમુક સાધુ-સાધ્વીજીનો આગ્રહ રાખે તો તેમાં જૈન સંઘનું હિત સમજનારે પ્રોત્સાહન ન મળે તેની કાળજી રાખી આદેશ ન લેવા કે સહાય ના કરવી.

(૫) જે તે ગામ કે શહેરના ભાવિકોએ ત્યાગી સંયમી શ્રમણોએ સંસારની પ્રવૃત્તિથી નિર્લેપ બનવા ત્યાગ કરેલ હોઈ, દીક્ષાઓ લીધી હોય તેમનો પાછલી અવસ્થામાં વિહાર ગોચરીની મુશ્કેલી અનુભવતા શ્રમણોને તેમના ગામોમાં સ્થિરવાસ-કરાવવો. જેથી તેમના સ્થાનમાં તેમની સંયમમય જીવનની આરાધના શાંતિપૂર્વક થઇ શકે. અને તે સ્થાનમાં બીજા આવતા શ્રમણોને માટે પણ પહેરેગીર નિયંત્રણ રૂપ બનશે. અને શ્રમણ સંઘમાં જે અસ્થિરતા અને અવિશ્વાસપણું ઉભું થયેલ છે તે દુર થશે. સૌ સૌના સ્થાન બનાવવામાંથી દુર રહેશે.

આ સિવાય પણ બીજા મુદ્દાઓ પણ છે. જે અંગે અમો હવે પછી જૈનમાં આપીશું. સૌ શ્રીસંઘો-શ્રમણો પણ આ અંગે પોતાના મુક્ત વિચારો જણાવશે તો સ્થાન આપીશું.

સુધારો

જૈન પત્રના અંક-૨૮ પાના નં ૨૫૯ પર મદ્રાસ શહેરમાં ભવ્ય આરાધનાના સમાચાર છપાયેલ છે. તેમાં શરત ચુકથી

સુદ ૬ રવિવારના મહિનાનું ધર 'માસક્ષમણ'નો આરંભ છપાયેલ છે. પરંતુ પૂ૦આ૦શ્રીની પત્રીકામાં સુદ ૫ રવિવાર જ છપાયેલ છે. અને સોમવારના પ્રથમ છઠ્ઠને મંગળવારના બીજી છઠ્ઠ છાપેલ છે, અમારાથી પ્રિન્ટીંગ ભૂલને કારણે ૬ છપાયેલ છે તો **૫** સમજવી.

"પાલીતાણામાં ધર્મશાળા, દેરાસર, ઉપાશ્રય બાંધવા જમીન ખુલ્લા પ્લોટ, બંગલા, ફ્લેટ, ટેનામેન્ટ દુકાન, ઓફીસ વગેરે ખરીદવા તથા વેચવા માટે!"

બ્રહ્મભટ્ટ એસ્ટેટ એજન્ટ

હસમુખભાઇ એમ. બ્રહ્મભટ્ટ (સદસ્ય : નગરપાલીકા-પાલીતાણા)
શત્રુંજય પાર્ક, તલાટી રોડ, પાલીતાણા-૩૬૪૨૭૦
સમય : સવારે ૯ થી ૧૨ સાંજે ૪ થી ૯ ફોન : ૪૧૪

આ દુનિયામાં સંપત્તિએ જેટલા માણસોને ખરાબ કર્યા છે તેટલા વિપત્તિએ કર્યા નથી.

પૂજ્ય શ્રમણ–શ્રમણી ભગવંતોની સંવત ૨૦૪૫ની ચાતુર્માસ યાદી

'જૈન' પત્રમાં અત્યાર સુધી ચાતુર્માસ યાદી એક સાથે પ્રગટ કરવામાં આવતી હતી, પરંતુ આ યાદી ભેગી કરવામાં સારો એવો સમય પસાર થઈ જવાના કારણે ચાતુર્માસ યાદી વિલંબે પ્રગટ થતી હતી. જેથી આ વર્ષે જે જે સમુદાયની યાદી અમોને પ્રાપ્ત થયેલ છે તે ક્રમશઃ પ્રગટ કરી રહ્યા છીએ. બાકી રહેતા સમુદાયની યાદી વહેલાસર મોકલવા વિનંતી છે.

જરૂરી નોંધ :–(૧) ચાતુર્માસ યાદીમાં પૂજ્યશ્રીના નામ સાથે છેડે આપેલી સંખ્યા તેમની સાથે બિરાજમાન આદિ ઠાણા ( ) કેટલા છે તે દર્શાવે છે. (૨) સરનામાં જ્યાં ઉપાશ્રયની વિગત ન આપી હોય ત્યાં જૈનમંદિર–જૈનઉપાશ્રય, સમજવા–અને સરનામાં એ વિગત ઉમેરવા વિનંતી છે. (૩) પૂજ્ય આચાર્યદેવશ્રીમાં = આ૦શ્રી, પૂજ્ય ઉપાધ્યાયશ્રીમાં = ઉપા. શ્રી, પૂજ્ય પંન્યાસશ્રીમાં પં.શ્રી, પૂજ્ય મુનિરાજશ્રીમાં = મુનિશ્રી તથા પૂજ્ય સાધ્વીજી મહારાજમાં = સાશ્રી આ પ્રમાણે શબ્દો બાંધેલ છે.

પૂજ્યપાદ સંયમશ્રુત ડેલાવાળા પંન્યાસ શ્રી ધર્મવિજયજી મ૦ના સમુદાયની યાદી

પૂજ્યપાદ આચાર્યદેવશ્રી વિજયરામસૂરીજી મ. ઠા:૫
જૈન ઉપાશ્રય (તા.-દિયોદર–જી:બનાસકાંઠા ઉ.ગુ.) કુવાળા૩૮૩૫૨૦

પૂ૦ આ. શ્રી અશોકચંદ્રસૂરીજી મ. ઠા:૩
૨૬૩, એસ.વી.પી.રોડ, મંડપેશ્વરરોડ, બોરીવલી(વે) મુંબઈ–૯૨

પૂ૦ આ૦ શ્રી ભદ્રસેનસૂરીજી મ૦ ઠા:૨
જૈન ઉપાશ્રય અમદાવાદ

પૂ૦ આ૦ શ્રી મહાનંદસૂરીજી મ૦ ઠા:૨
માયહોમ બીલ્ડીંગ, રાઘવજી રોડ. ગોવાલીયા ટેન્ક, મુંબઈ–૩૬

પૂ૦ આ૦ શ્રી અભયદેવસૂરીજી મ૦ ઠા:૪
ડહેલાનો ઉપાશ્રય, દોશીવાડાની પોળ, કાળુપુર, અમદાવાદ–૧

પૂ૦ આ૦ શ્રી યશોભદ્રસૂરીશ્વરજી મ૦ ઠા:૮
તખતગઢ મંગળભુવન ધર્મશાળા, તલાટીરોડ, પાલીતાણા–૩૬૪૨૭૦

પૂ૦ ગણિવર્યશ્રી વિમલવિજયજી મ૦ ઠા:૩
શ્રી વિમળ જૈન આરાધના ભુવન, સબજીમંડી, આબુરોડ–૩૦૭૦૨૬

મુનિરાજશ્રી રતિન્દ્રવિજયજી મ૦ આદી
આ.શ્રી સુરેન્દ્રસૂરીજી આરાધના ભવન, કીલારોડ, (મ.પ્ર.) મંદસોર

મુનિરાજશ્રી બલભદ્રવિજયજી મ૦ ઠા:૨
જૈનઉપાશ્રય, નવાપુરા. (જી:વલસાડ ગુજ.) બીલીમોરા–૩૯૬૩૨૧

મુનિરાજશ્રી ગૌત્તમવિજયજી મ૦ ઠા:૨
જૈન શ્વે. ઉપાશ્રય, (જી:વલસાડ ગુજ.) ભીલાડ–૩૯૬૧૦૧

મુનિરાજશ્રી રાજચંદ્રવિજયજી મ૦ આદી
શામળાની પોળ, માણેકચોક. અમદાવાદ–૩૮૦૦૦૧

મુનિરાજશ્રી શાન્તિવિજયજી મ૦ ઠા:૨
સાંડેરાવ જિનેન્દ્ર ભુવન, તલાટી રોડ, પાલીતાણા–૩૬૪૨૭૦

મુનિશ્રી કરૂણાનંદવિજયજી મ૦ આદી મુંબઈ

મુનિશ્રી પુન્યરાજવિજયજી મ૦ આદી (જી:જાલોર-રાજ.) વડગામ

પૂજ્યપાદ આચાર્યદેવશ્રી વિજયરામસૂરીજી મ૦ પાસેથી આજ્ઞાવતી સાધ્વી સમુદાયની યાદી પ્રાપ્ત થયેલ નથી

પૂજ્ય સાધ્વીજી સમુદાયની યાદી

સા૦શ્રી રમણીકશ્રીજી ઠા:૨ કસુંબાવાડા, દોશીવાડ,પોળ, અમદાવાદ-૧
,, જયંતિશ્રીજી ઠા:૧૫ વખત માનચંદની ખડકી, ,, ,, ૧
,, વિચક્ષણાશ્રીજી ઠા:૪ ઝવેરીપાર્ક, નારણપુરા, રેલ્વેક્રોસીંગ, ,,૧૩
,, વિમલાશ્રીજી ઠા:૮ મહેન્દ્ર સ્વાધ્યાયમંદિર,શિલ્પાલય,વાસણા,, ૭
,, સુલોચનાશ્રીજી આદી નવા વાડજ, ૧૨, મીનાપાર્ક ,,૧૩
,, લલીતાશ્રીજી ઠા:૨ કુવાવાળી પોળ, શાહપુર, ,, ૧
,, અનિલપ્રભાશ્રીજી ઠા:૨ ભુરીબાઇનોઉપા. રામનગર,સાબરમતી,, ૫
,, ચંદ્રા/ભદ્રપૂર્ણાશ્રીજી ઠા:૨ શાંતિનાથનીપોળ,હાજાપટેલપોળ,, ૧
,, કંચનશ્રીજી ઠા:૭ પંચભાઇની પોળ, રીલીફરોડ ,, ૧
,, વસંતશ્રીજી ઠા:૪ શેખનો પાડો, રીલીફરોડ. ,, ૧
,, સુરલતાશ્રીજી આદી સારંગપુર, તળીયાની પોળ, ,, ૧
,, સુરપ્રભાશ્રીજી ઠા:૨ મહાજનવાડો, રીલીફરોડ. ,, ૧
,, સુવ્રતપ્રભાશ્રીજી ઠા:૨ ગુજ.સોસા. ૧૦મહાલક્ષ્મીરોડ,પાલડી,, ૭
,, પ્રવિણાશ્રીજી આદી માસીનો ઉપાશ્રય, દોશીવાડાની પોળ ,, ૧
,, હેમપ્રભાશ્રીજી/દમયંતીશ્રીજી ઠા:૨ ,,
,, સરસ્વતીશ્રીજી ઠા:૭ C/o વિનુભાઇ કાન્તિલાલ સોમૈયા પ્લોટ નં. ૨૩૫, સેકટર નં. ૨૨, ગાંધીનગર–૩૮૨૦૨૨
,, ચંદ્રોદયાશ્રીજી આદી C/o ગીરીશભાઈ સી. જોગાણી ૩૪. પૂર્વીકદમ, પલ્લીસોસાયટી, ટીમલીયાવાડા, નાનપુરા, સુરત
,, ઈન્દ્રપૂર્ણાશ્રીજી ઠા:૨ (વાયા:ધોળા જં.) વલ્લભીપુર–૩૬૪૩૧૦
,, ધર્મપ્રભાશ્રીજી આદી (સ્ટે:મોટીબેડા-જી.પાલી-રાજ) બેડા
,, પ્રભંજનાશ્રીજી આદી ચાંદની બજાર, લાલબાગસામે, જામનગર
,, શીલગુણાશ્રીજી ઠા:૩ દેરાફળી,(પંચમહાલ)લુણાવાડા ૩૮૯૨૩૦
,, હેમપ્રભાશ્રીજી ઠા:૨ વાયા:રાની જિ. પાલી રાજ) નડોલ

ગમે તેવું સાંભળીને કે જોઇને મન ખેદ કે આશ્ચર્ય ન પામે, તેવી સ્થિતિસ્થાપક દશા મનની થવી જોઇએ.

સા૦શ્રી ભદ્રપૂર્ણાશ્રીજી ઠા:૨ (જી:સિરોહી-રાજ.) જાવાલ
„ મૃગેન્દ્રશ્રીજી ઠા:૩ ખેતરવશીનોપાડો, (ઉ.ગુ.) પાટણ
„ રત્નપ્રભાશ્રીજી આદી મોટીવાણીયાવાડ, ચાણસ્મા-૩૮૪૨૨૦
„ પૂર્ણમાલાશ્રીજી ઠા:૩ જૈન સોસાયટી, સાયન(વે.) મુંબઇ-૨૨
„ ભવ્યપૂર્ણાશ્રીજી ઠા:૪આરાધનાભુવન,સબજીમંડી.(રાજ.)આબુરોડ
„ જયલત્તાશ્રીજી ઠા:૨ (જી:મહેસાણા—ઉ.ગુ.) ખેરાળુ
„ રત્નપ્રભાશ્રીજી ઠા:૨ સહકાર સોસાયટી, (જી:ભાવનગર) બોટાદ
„ કમલપ્રભાશ્રીજી ઠા:૨ (જી:બાડમેર–રાજસ્થાન) સમદડી
„ વિમલશ્રીજી ઠા:૭ જૈનધર્મશાળા, નાલદાસસ્ટ્રીટ(રાજ.) ઉદયપુર
„ પ્રસન્નપ્રભાશ્રીજી આદી મગન મુલચંદની ધર્મશાળા, પાલીતાણા
„ સ્નેહલત્તાશ્રીજી ઠા:૧૧ (બનાસકાંઠા) કુવાળા-૩૮૫૩૨૦
„ મૃગલોચનાશ્રીજી ઠા;૧૦ (વાયા:આબુરોડ-રાજ) મંડાર
„ કલ્પકલાશ્રીજી ઠા:૨ (રાજ.) સિરોહી-૩૦૭૦૨૨
„ કીર્તિપૂર્ણાશ્રીજી ઠા:૩ આ૦શ્રી રામસૂરીજી જ્ઞાનમંદિર.
સ્ટેશન રોડ, (વે રેલ્વે, જી:થાણા-મહા.) ભાયંદર
„ કીર્તિપ્રભાશ્રીજી ઠા:૪ દેવચંદનગર, (થાણા-મહા.) ભાયંદર
„ ભદ્રપૂર્ણાશ્રીજી ઠા:૩ કિલારોડ, શહેર (મ.પ્ર.) મંદસોર
„ આત્મગુણાશ્રીજી ઠા:૫ (જી:બનાસકાંઠા-ઉ.ગુ.) દિયોદર
„ મંજુલાશ્રીજી ઠા:૫ (સ્ટે:જવાઇબાંધ રાજ.) સુમેરપુર
„ ચારિત્રપૂર્ણાશ્રીજી ઠા:૭ ચંદ્રલોક સોસાયટી.(બ.કાંઠા) નવા ડીસા
„ પુષ્પલત્તાશ્રીજી ઠા:૩ (વાયા:આબુરોડ રાજ.) દાંતરાઇ
„ કલ્પલત્તાશ્રીજી ઠા:૪ ગણેશની ધર્મશાળા,(રાજ) ગઢ-સીવાના
„ શીલગુણાશ્રીજી ઠા:૩ જામલીગલી, બોરીવલી(વે.) મુંબઇ ૯૬
„ ચંદ્રકલાશ્રીજી ઠા.૭ નઈ આબાદી, (મ.પ્ર.) મંદસોર
„ પૂર્ણકલાશ્રીજી ઠા:૪ (વાયા:નડીયાદ, જી.ખેડા) મહેલાવ
„ કુસુમપ્રભાશ્રીજી ઠા:૨ દાદાવાડી, તલાટીરોડ, પાલીતાણા
„ સૂર્યપ્રભા/રત્નપ્રભાશ્રીજી ઠા:૯
C/o એ/૧૧ સિદ્ધશિલા એપાર્ટમેન્ટ, ટીમલીયાવાડ, સુરત-૧

પૂજ્યપાદ તિર્થોદ્ધારક આચાર્યભગવંતશ્રી વિજયનીતિસૂરીશ્વરજી મહારાજ સાહેબના

સમુદાયની યાદી

ગચ્છાધિપતિ આ૦શ્રી અરિહંતસિદ્ધસૂરીજી મ૦ ઠા:૧૦
મુનિશ્રી રૈવતવિજયજી મ૦
ઠે. જૈન ઉપાશ્રય-મોટા દેરાસર પાસે, (સ્ટે:ફાલના રાજ)તખતગઢ
પૂ૦આ૦શ્રી ભાનુચંદ્રસૂરીજી મ૦ ઠા:૩
ભાનુપ્રભા જૈન સેનેટરી, એલીસબ્રીજ અમદાવાદ-૩૮૦૦૦૬
પૂ૦આ૦શ્રી પદ્મસૂરીજી મ૦ (આબુતલેટી તીર્થ-વિદ્યાપીઠ) ઠા:૨
હાઈવે રોડ, (સ્ટે:આબુરોડ રાજ.) માનપુર-૩૦૭૦૨૬
પૂ૦આ૦શ્રી હેમપ્રભસૂરીજી મ૦ ઠા:૮
જૈન શ્વે. મંદિર–ઉપાશ્રય (સ્ટે. ફાલના–રાજ.) પાદરલી
પૂ૦ મુનિશ્રી દક્ષવિજયજી મ૦ આદી
વીરવિજય ઉપાશ્રય, ભઠ્ઠીનીબારી, ગાંધીરોડ, અમદાવાદ-૩૮૦૦૦૧
પૂ૦મુનિશ્રી મણિપ્રભવિજયજી મ૦ ઠા.૨
લુવારની પોળ, માણેકચોક. અમદાવાદ–૩૮૦૦૦૧
પૂ૦ મુનિશ્રી અમૃતવિજયજી મ૦ ઠા:૨
લુવારની પોળ, માણેકચોક, અમદાવાદ–૩૮૦૦૦૧
પૂ૦ મુનિશ્રી સુશીલવિજયજી મ૦ ઠા:૩
જામનગરવાલી ધર્મશાળા, પોસ્ટઓફીસ પાસે, પાલીતાણા-૩૬૪૨૭૦
પૂ૦ મુનિશ્રી તેજપ્રભવિજયજી (ઠ:૨) (સ્ટે: ફાલના રાજ.) બાલી
„ પ્રમોદવિજયજી (આદી) પાદરલી ભુવન, તળેટીરોડ, પાલીતાણા
„ વિમળવિજયજી (ઠા:૨) (જી. ખેડા–ગુજરાત) નડીયાદ
„ પ્રવિણવિજયજી (ઠા:૨) પાર્શ્વધામ,(વાયા:બાલોતર,રાજ)જસોલ
„ ચંદ્રાનનવિજયજી (આદી) સબજીમંડી, (રાજ.) આબુરોડ
„ હંસવિજયજી (ઠા.૨) સાંડેરાવ ભુવન, (ગુજ.) પાલીતાણા
„ લલિતવિજયજી મ૦ (સ્ટે.ફાલના–રાજ,) સાદડી
„ પ્રેમતિલકવિજયજી/સિદ્ધમણિવિજયજી/વીરવિજયજી ૧૦

પૂજ્ય સાધ્વીજી મહારાજનો સમુદાય

સા.શ્રી રમણિકશ્રીજી ઠા:૪ ડબ્બાનો ઉપા , પેશકાનીશેરી, તખતગઢ
„ મણીશ્રીજી આદી શાહપુર, કુવાવાલી પોળ, અમદાવાદ
„ લાવણ્યશ્રીજી (વિદુષી) (વાયા વીરમગામ) પાટડી-૩૮૨૭૬૪
„ જ્ઞાનશ્રીજી ઠા:૧૫ તલાવ ઉપર, (સ્ટે : ફાલના–રાજ તખતગઢ
„ ભુવનશ્રીજી આદી „ તખતગઢ
„ દાનલત્તાશ્રીજી ઠા.૭ વિદ્યાશાળા „ તખતગઢ
„ પદ્મલત્તાશ્રીજી ઠા ૭ ત્રણથુઇ ધર્મશાળા „ તખતગઢ
„ શીલગુણાશ્રીજી ઠા.૧૨ કચરામુથાગલ્લી, „ તખતગઢ
„ સ્નેહલત્તાશ્રીજી ઠા.૨ તલાવની શેરી, „ તખતગઢ
„ લલિતપ્રભાશ્રીજી ઠા:૧૨ „ પાદરલી
„ શુંતુકરાશ્રીજી આદી „ પાદરલી
„ કુમુદયશાશ્રીજી ઠા:૮ „ પાદરલી
„ રાજેન્દ્રશ્રીજી ઠા:૬ (વાયા-હારીજ જી-મહેસાણા) સમી
„ ચંદ્રકલાશ્રીજી ઠા:૪ દેશાઇવાસ, (ઉ.ગુ.) રાધનપુર
„ નલીનયશાશ્રીજી ઠા:૩ (વાયા–પાટણ ઉ.ગુ) ચારૂપ
„ કૈલાશશ્રીજી આદી માનસરોવર રોડ, (ઉ ગુ.) પાલનપુર
„ પદ્મરેખાશ્રીજી આદી ગ્રોગ્રેસવાડી, વિનોદભુવન,
ત્રીજે માળે, (જી-થાણા—મહા.) ડોંબાવલી-વેસ્ટ

જ્યાં ક્રોધ છે ત્યાં વૈરાગ્ય નથી, ઇચ્છાને નિષ્ફળતા મળ્યા સિવાય ક્રોધ ઉત્પન થાય નહિં.

Regd. No. G. BV. 20
JAIN OFFICE : P. Box No. 175
BHAVNAGAR-364001 (Gujarat)
Tele. O. C/o 29919 R. C/o. 25869

જૈન

સમાચાર સંદેશો : રૂ. ૫૦૦/-
આજીવન સભ્ય પત્રની : રૂ. ૭૦૦/-
વાર્ષિક લવાજમ : રૂ. ૫૦/-
છૂટક નકલ : રૂ. ૧/-

સ્વ. તંત્રી : ગુલાબચંદ દેવચંદ શેઠ
તંત્રી–મુદ્રક–પ્રકાશક–માલીક :
મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
જૈન ઓફિસ, પો.બો. નં. ૧૭૫, દાણાપીઠ, ભાવનગર

'જૈન' વર્ષ ૮૬
અંક : ૩૧

વીર સં. ૨૫૧૫ : વિ. સં. ૨૦૪૫ શ્રાવણ વદ ૨
તા. ૧૮ ઓગષ્ટ ૧૯૮૯ શુક્રવાર
મુદ્રણ સ્થાન : શ્રી જૈન પ્રિન્ટરી
દાણાપીઠ પાછળ, ભાવનગર–૩૬૪ ०…

લુધિયાણામાં વિજયઇન્દ્રનગર તથા જૈનમંદિરનાં શિલાન્યાસ સમારોહની થએલ શાનદાર ઉજવણી

વર્તમાન ગચ્છાધિપતિ, જૈન દિવાકર, ચારિત્ર ચુડામણિ, પરમાર ક્ષત્રિયોદ્ધારક આચાર્ય શ્રીમદ્ વિજયઇન્દ્રદિન્નસૂરીશ્વરજી મ૦સા૦નું ગત ચતુર્માસ હસ્તિનાપુરમાં હતું. કા. વ. ૯ના પૂજ્યશ્રીનો જન્મ દિવસ હોવાથી આ પ્રસંગે શેઠશ્રી અભયકુમારજી ઓસવાલ પુજ્યશ્રીના જન્મ દિવસને અનુલક્ષી શુભકામના, દિર્ઘાયુષ્ય અને મંગલ કામનાર્થે હસ્તીનાપુર પધારેલ.

આ પ્રસંગે વિશાળ ગુરૂભકતોની ઉપસ્થિતિમાં પૂજ્યશ્રીનું મંગલ પ્રવચન થયેલ. આ અવસરે પૂજ્યશ્રીએ પોતાના પ્રવચનમાં ભાવિકોને સંબોધન કરતાં જણાવ્યું કે આ પંચમકાળમાં આચાર્યોનું સર્વોપરિ ઉત્તરદાયિત્વ માનવામાં આવે છે. આચાર્યપદ પર પ્રતિષ્ઠિત વ્યકિત દરેક પળોએ સમાજના અભ્યુદય માટે ચિંતનશીલ અને કાર્યરત રહે છે. આમાં જ આ પદની શોભા સમાયેલી છે. પ્રભાવક પૂર્વાચાર્યોએ વખતોવખત ધર્મ અને સમાજની ઉન્નતિ અર્થે ચિરસ્મરણીય કાર્યો કર્યા છે. જે આજે પણ પ્રેરણાદાઇ છે.

આ પ્રસંગે મને પરમ શ્રદ્ધેય આચાર્યશ્રી વિજયવલ્લભ સૂરીશ્વરજી મ૦સાની એ વાત યાદ આવે છે તેઓ પોતાના પ્રવચનમાં વારંવાર જણાવતાં કે ધનવાનોએ એક–એક કુટુંબને સુખી કરવા માટેની જવાબદારી ઉઠાવી લેવી જોઇએ. ૨૦–૨૫ હજાર ધાર્મિક વાત્સલ્યતા માટે સહયોગનું આયોજન કરવાની અપેક્ષા એક કુટુંબને સુખી બનાવવા માટે વધુ શ્રેયસ્કર છે. આપ સર્વે મને શુભકામના અર્પવા ઉપસ્થિત થયા છો ત્યારે હું ઇચ્છું છું કે આ પ્રસંગે શુભકાર્યોનું પણ આયોજન થાય. શુભકામના અને શુભકાર્યો દ્વારા જ આજનો દિવસ ચિરસ્મરણીય બની રહેશે.

પૂજ્ય આચાર્યશ્રીની સંવેદના સમજી શેઠશ્રી અભયકુમાર ઓસવાલે વર્તમાન સમાજની સ્થિતિને ધ્યાનમાં લઇ મધ્યમ અને અસહાય વર્ગના લોકો માટે આઠ એકર જમીન આપવાની જાહેરાત કરતાં કહ્યું કે આ પ્રેરણા મને પૂજ્યશ્રી દ્વારા મળી છે અને આ માટે આ જમીન પર બંધાનાર જૈન મંદિર, ઉપાશ્રય, પુસ્તકાલય, ઔષધાલય, વિદ્યાલય અને વિશાળ સભાખંડ બંધાવવામાં આવનાર છે. અને આનું નામ વિજયઇન્દ્રનગર રાખવામાં આવશે. અને આ માટેના ખર્ચ માટે હું રૂા. એક કરોડ રોકડા આપવાનું વચન આપું છું. આજ સુધીમાં તેઓએ રૂા. ત્રણ કરોડનું દાન અર્પણ કરેલ છે.

લુધીયાણા સ્થિત આઠ એકર જમીન (વિજયઇન્દ્રનગર)માં પ્રથમ જગવલ્લભ પાર્શ્વનાથ જૈન મંદિરનું ભૂમિપૂજન જુલાઈ–૮૯ના કાર્યદક્ષ પંન્યાસશ્રી જગચ્ચંદ્રવિજયજી મ૦ સા૦ તથા સમાજ શાંતિદૂત પંન્યાસશ્રી નિત્યાનંદવિજયજી મ૦સા૦ની ઉપસ્થિતિમાં રહી શ્રી અભયકુમાર ઓસવાલના શુભ હસ્તે કરવામાં આવ્યું. તા. ૯ જુલાઈના મંદિર અને ઇન્દ્રનગર આવાસ કોલોનીનું શિલાન્યાસ પૂ૦ આ૦ શ્રી ની પાવન નિશ્રામાં શ્રી અભયકુમાર ઓસવાલ અને શ્રીમતી અરૂણા ઓસવાલના શુભ હસ્તે થયું.

આ પ્રસંગે મુંબઈ, પંજાબ તથા અનેક નગરોએથી શ્રદ્ધાળુ વર્ગ ઉપસ્થિત રહ્યો હતો. આ પ્રસંગે યોજાયેલ સભાનું સંચાલન શ્રી સીકંદરલાલ જૈન દ્વારા કરવામાં આવ્યું હતું. અને શ્રી અભયકુમાર ઓસવાલજીને પાઘડી પહેરાવવામાં આવી હતી. ત્યારબાદ અન્ય કાર્યકર્તાઓનું પુષ્પમાળા દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. બહારથી પધારેલ મહાનુભાવો દ્વારા આ કાર્યની સરાહના કરવામાં આવી હતી. આ પ્રસંગે શ્રી અભયકુમાર ઓસવાલે વિનમ્રતાપૂર્વક જણાવ્યું કે સમાજ કાર્યો કરવા માટે કોઈ પ્રકારના પદ-પ્રતિષ્ઠાની જરૂર હોતી નથી. સર્વેએ હળીમળીને સામાજીક કાર્યોમાં લાગી જવું જોઈએ. આજે જે જિનમંદિર અને વિજયઈન્દ્રનગરમાં શિલાન્યાસ કરવામાં આવેલ છે તે સંપૂર્ણ યોજના હું જુલાઈ માસ સુધીમાં પરિપૂર્ણ કરી સમાજને સમર્પિત કરવા ઇચ્છું છું. આજનું કામ કાલ ઉપર નહિ છોડવા પર ભાર મૂકતા સારાએ જન સમુદાયે તેમનું અભિવાદન કર્યું હતું.

છેલ્લે પૂ૦ આચાર્યશ્રીએ જણાવ્યું કે આજકાલ થતાં સાધર્મિક વાત્સલ્ય કેવળ ખાવા-પીવા પૂરતા સીમીત થઇ ગયા છે. આપણાં સાધર્મિક બંધુઓ કંઈ સ્થિતિમાં જીવી રહ્યાં છે તે તરફ કોઇ ધ્યાન આપતું નથી. માંડવગઢમાં એક લાખ જૈન પરિવારો વસતા હતા, સૌ સુખી અને સમૃદ્ધ હતા. અહિંયા કોઇ ગરીબ સાધર્મિક બંધુ અત્રે આવે તો તેને અહિંના સંઘ તરફથી એક સોનામહોર અને બે ઇંટ ભેટ રૂપે આપવામાં આવતી. ઈંટો દ્વારા તે પોતાનું ઘર બનાવતો અને અન્ય દ્રવ્ય દ્વારા તે લક્ષાધીપતિ બની જતો અહિંયા આવવાથી ગમે તેને તેઓ પોતાની સમાન બનાવી દેતા. વાસ્તવમાં સાધર્મિકવાત્સલ્ય આને કહેવામાં આવે છે.

વર્તમાન પરિસ્થિતિ જોતાં આપણે તેને આપણી જેવો ન બનાવી શકીએ પરંતુ તેની થોડી ઘણી સહાયતા જરૂર કરી શકીએ છીએ. શ્રી અભયકુમાર ઓસવાલે સાધર્મિક બંધુઓ માટે આઠ એકર જમીનમાં રહેઠાણ કોલોની બનાવવામાં સંકલ્પ કર્યો તે વર્તમાન સમયમાં આ આશ્ચર્યકારક ઘટના માનવામાં આવશે. ભગવાન અને સ્વ. પૂજ્ય ગુરુદેવોને પ્રાર્થના કરું છું કે તેમનો આ સંકલ્પ પરિપૂર્ણ બને.

આમ સારોયે પ્રસંગ આનંદ-ઉલ્લાસપૂર્વક પરિપૂર્ણ થયો.

હાલ પૂજ્ય આચાર્યશ્રી આદિની શુભનિશ્રામાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો, આરાધનાઓ અને તપશ્ચર્યાઓથી સારુયે જલંધર શહેર ધાર્મિક વાતાવરણમય બની ગયું છે. અત્રેના શ્રીસંઘમાં અનેરો આનંદ અને કાર્યની ઉર્મિ વિશેષરૂપે જોવા મળે છે.

(અનુસંધાન પાના નંબર ૨૯૨નું ચાલુ)

પૂ૦ મુનિશ્રી જયરત્નસાગરજી મ૦
આદિશ્વર જૈન સંઘ, બડા બજાર, (એમ.પી.) દેવાસ
પૂ૦ મુનિશ્રી રત્નશેખરસાગરજી મ૦
ગુમાનજી જૈન પેઢી, (એમ.પી.) પ્રં...પગઢ
પૂ૦ મુનિશ્રી જિનરત્નસાગરજી મ૦
જૈન મંદિર-ઉપાશ્રય, (એમ.પી.) ઉજજૈન-૪૫૬૦૦૬
પૂ૦ મુનિશ્રી કીર્તિવર્ધનસાગરજી મ૦
જૈન દેરાસર-ઉપાશ્રય, મહાવીરનગર (દ. ગુ.) નવસારી

પૂજ્ય સાધ્વીજી સમુદાયની યાદી

સાધ્વીશ્રી રેવતીશ્રીજી, શ્રી શ્વેતલ ફલેટસ,
જનતા પેલેસ પાછળ, બ્હાઈ સેન્ટર. અમદાવાદ
સા૦શ્રી મૃગેન્દ્રશ્રીજી, મંછુ દીપચંદભાઇ ધર્મ. ગોપીપુરા. સુરત
,, નિપુણાશ્રીજી/નિર્જરાશ્રીજી ડી. કેબીન,
જિતેશ્વર સોસાયટી, ગીતાંજલી, રૂમ નં. ૩૯ અમદાવાદ
,, નિરૂપમાશ્રીજી કસ્તુરી ઉપા. ચકલા (સૌરા.) ધ્રાંગધ્રા
,, પ્રવિણુશ્રીજી કૃષ્ણનગર, નયનનગર,
૩૫૯, નરોડા રોડ, અમદાવાદ-૩૮૨૩૪૬
,, મલયાશ્રીજી, રાજેન્દ્રકુમાર માણેકલાલ બંગલો,
ખાનપુર, બ્હાઈ સેન્ટર, અમદાવાદ
,, રાજેન્દ્રશ્રીજી, લક્ષ્મીવર્ધક દેરાસર પાસે,
વિહાર ફલેટ, પાલડી અમદાવાદ-૩૮૦૦૦૭
,, સદ્ગુણાશ્રીજી, ચંપાબાઇ પાઠશાળા, ઘીવટો (ઉ.ગુ.) પાટણ
,, સુશીલાશ્રીજી, ઝાંપડાની પોળ, કાળુપુર રોડ, અમદાવાદ
,, નિરંજનાશ્રીજી રાજેન્દ્રકુમાર માણેકલાલ બંગલો,
તીર્થરંજન વિહાર, ખાનપુર બ્હાઇ સેન્ટર અમદાવાદ
,, ગુણોદયાશ્રીજી, ભૂતિબાઈ જૈન પૌષધશાળા,
ન્યુ રીકાર્ડ સામે, શાહીબાગ, અમદાવાદ-૩૮૦૦૦૪
,, સુશીમાશ્રીજી આદિશ્વર ધર્મશાળા, પાયધુની, મુંબઈ-૩
,, કૈવલ્યશ્રીજી/ભવ્યાનંદશ્રીજી
જૈન ઉપાશ્રય, સ્ટે. ભંકોડા, (વાયા : વિરમગામ) રામપુરા
,, કરુણાશ્રીજી, નવજીવન જૈન દેરાસર ઉપાશ્રય,
નવજીવન સોસાયટી, લેમીંગ્ટન રોડ, મુંબઇ-૪૦૦૦૦૮
,, શીપુગુણાશ્રીજી, ડૉ. ગુલાબચંદનગર, પેલેમાળે,
બડવા ગેઇટ, નાનપરા, ગજ્જરવાડી, સુરત
,, જીતેન્દ્રશ્રીજી, આંબેલખાતા ઉપર, રામનગર, સા.મતી અમદાવાદ
,, મનોરમાશ્રીજી/અમિતાશ્રીજી બહેનોનો ઉપાશ્રય,
મેડા ઉપર, પાંજરાપોળ, રીલીફરોડ, અમદાવાદ-૧
,, સુતારાશ્રીજી મોટો ઉપાશ્રય, લાલબાગ સામે, જામનગર
,, મોક્ષાનંદશ્રીજી (જિ. પાલી-રાજસ્થાન) રાનીસ્ટેશન
,, નિરૂજાશ્રીજી, આઝાદચોક, (ઉ.ગુ.) મહેસાણા

અધમ કૃત્યો કરતા અટકી જવાય તો દેહ દુર્ગતિનું નહીં સદ્ગતિનું દ્વાર બને.

,, સુયસાશ્રીજી, (વાયા;આકોલા, (એમ.એસ.) બાલાપુર
,, નિત્યાનંદશ્રીજી, હીરાલાલ મણીલાલનો બંગલો,
જાસુદબેન સેનેટોરિયમ, શાહીબાગ, ગીરધરનગર, અમદાવાદ-૪
,, રત્નત્રયાશ્રીજી, જૈન મર. સોસા સરખેજરોડ, પાલડી અમદાવાદ-૭
,, મનોરમાશ્રીજી/શમયશાશ્રીજી, અરિહંત ફ્લેટ,
શાહીબાગ, ચત્રભુજ હોસ્પિટલ પાસે અમદાવાદ-૪
,, સુતયજ્ઞાશ્રીજી, કંટાસણ રોડ, કટોસણ
,, લક્ષીતજ્ઞાશ્રીજી (વાયા : વિરમગામ) આદરીયાણા
,, મોહજીતાશ્રીજી નાકોડા પાર્ક, શાહીબાગ અમદાવાદ-૪
,, શમગુણાશ્રીજી અનંતદર્શન એપાર્ટમેન્ટ ગોપીપુરા સુરત
,, સુગુણાશ્રીજી ટાવ પાસે, મોટી બજાર. (ઉ ગુ) પાલનપુર
,, ભદ્રાગુણાશ્રીજી/પ્રશમપૂર્ણાશ્રીજી ગોપીપુરા, મોટુ ફળીયું સુરત
,, મનોગુપ્તાશ્રીજી નગરશેઠનો વંડો, ઘીકાંટા, અમદાવાદ
,, મૃદુતાશ્રીજી નારણપુરા, રેલ્વે ક્રોસીંગ, અમદાવાદ-૯
,, અભ્યુદયાશ્રીજી મંજુલ ફ્લેટ, સુખીપુરા,
નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-૭
,, પ્રશમશ્રીજી (દહીસર—વેસ્ટ) મુંબઈ-૪૦૦૦૬૮
,, ધર્મજ્ઞાશ્રીજી (જિ. ધાર એમ.પી.) રાજગઢ-૪૫૪૧૧૬
,, વિજેતાશ્રીજી બોરાવાડી, (રાજ.) નાગૌર-૩૪૧૦૦૧
,, પિયુષપ્રજ્ઞાશ્રીજી નં ૪ બ્રહ્મક્ષત્રીય સોસા૦
પ્રિતમનગરનો ઢાળ, પાલડી અમદાવાદ-૩૮૦૦૦૭
,, ...શ્રીજી (વાયા : રાજકોટ-ગુજ.) વાંકાનેર
,, પૂર્ણપ્રજ્ઞાશ્રીજી ટેમ્ભીનાકા (એમ.એસ.) થાણા
,, અભ્યુદયાશ્રીજી મંગલજીવન ફ્લેટ, બ્લોક-૫,
જૈનનગર, શારદા મંદિર રોડ, પાલડી અમદાવાદ-૭
,, રીપુજીતાશ્રીજી ડો. ગુલાબચંદનગર ફ્લેટ, ગજ્જરવાડી, સુરત
,, કલ્પજ્ઞાશ્રીજી (જિ. સુરત ટી.પી.રેલ્વે) મઢી
,, વિશ્વજ્ઞાશ્રીજી રામેશ્વનગર, જનતાનગર, અમદાવાદ
,, જયેષ્ઠાશ્રીજી આદી સ્વસ્તીકફ્લેટ,બ્હાઈસેન્ટર,ખાનપુર ,,
,, દિવ્યપ્રભાશ્રીજી આદી ગોપીપુરા, કાયસ્થ મહોલ્લા સુરત
,, મૃગલક્ષયાશ્રીજી આદી ચિંતામણી પેઢી, નવસારી-૩૯૬૪૪૫
,, પ્રબોધશ્રીજી આદી મોટો ઉપાશ્રય, પાલનપુર-૩૮૫૦૦૧
,, પ્રશમગુણાશ્રીજી આદી કીર્તિ સોસાયટી,
વરસોડાની ચાલ, રામનગર, સાબરમતી. અમદાવાદ-૫
,, આત્મગુણાશ્રીજી આદી શંકરગલી, કાંદીવલી-વે. મુંબઇ-૬૭
,, વિનયધર્માશ્રીજી આદી કોલેજરોડ, (એમ.એસ.) વસઈતીર્થ
,, પ્રિયધર્માશ્રીજી/રક્ષીતપૂર્ણાશ્રીજી/સુરક્ષાશ્રીજી આદિ —
,, વિપુલયશાશ્રીજી આદી પેલેસરોડ, દેરા પાસે, જામનગર
,, વરધર્માશ્રીજી આદી શ્રમણિવિહાર, પાલીતાણા-૩૬૪૨૭૦
,, પૂર્ણાનંદશ્રીજી ,, શાંતીનાથ દેરા. પાસે, (જિ:અ.વાદ) વીરમગામ

સાધ્વીશ્રી પુષ્પાશ્રીજીનો પરિવાર

સા૦શ્રી મનકશ્રીજી આદી મધુમતી (દ.ગુ.) નવસારી
,, વિચક્ષણાશ્રીજી ,, વલ્લભવિહાર, પાલીતાણા-૩૬૪૨૭૦
,, નિરંજનાશ્રીજી ,, નવાપુરા, સુરત ૩૯૫૦૦૧
,, કનકપ્રભાશ્રીજી ,, હજારી નિવાસ, પાલીતાણા
,, સ્નેહપ્રભાશ્રીજી ,, ફતાશાની પોળ, અમદાવાદ ૧
,, યશોધરાશ્રીજી ,, શ્રમણીવિહાર, પાલીતાણા
,, ગુણોદયાશ્રીજી ,, (જિ. પંચમહાલ-ગુજ) બાલાસીનોર
,, નીરૂપમાશ્રીજી ,, મોતીસુખીયા ધર્મશાળા, પાલીતાણા
,, શુભોદયાશ્રીજી ,, આગમ મંદિર, તલાટી પાસે, પાલીતાણા
,, વિરભદ્રાશ્રીજી ,, ,, ,,
,, આત્માનંદશ્રીજી ,, (રાજસ્થાન) પ્રતાપગઢ
,, તિલકશ્રીજી ,, ગિરિવિહાર, પાલીતાણા-૩૬૪૨૭૦
,, શુભંકરાશ્રીજી ,, વલ્લભવિહાર,
,, ચંદ્રયશાશ્રીજી ,, ઘડીયાળીપોળ, જાની શેરી, વડોદરા
,, વિપુલયશાશ્રીજી ,, (જિ:ખેડા-ગુજરાત) કપડવંજ
,, અમિતગુણાશ્રીજી,, ધનાજી ટ્રસ્ટ ઉપા. ગોપીપુરા. સુરત
,, હેમપ્રભાશ્રીજી ,, (જિ:સુરત) બીલીમોરા
,, આત્મજ્ઞાશ્રીજી ,, પંતનગર, ઘાટકોપર, મુંબઈ

કપડવંજ (ખેડામાં) સાધ્વીજી મ૦નો કાળધર્મ

પૂ૦ આચાર્યશ્રી યશોદેવસૂરિજી મ૦ સ૦ના આજ્ઞાવર્તિની શિષ્યા સાધ્વીશ્રી કુસુમશ્રીજી મ૦ (કપડવંજવાળા) તા. ૧૩-૮-૮૯ના બપોરના કાળધર્મ પામ્યા છે. સદગતની પાલખી તા. ૧૪-૮-૮૯ના શહેરના ઉપાશ્રયેથી નીકળી હતી. જેમાં જૈન—જૈનેતરો પણ જોડાયા હતા. તેમનો સંગમ નદીના કિનારે અગ્નિસંસ્કાર કરવામાં આવેલ. પૂ૦ સાધ્વીશ્રીજીના આત્મશ્રેયાર્થે જિનેન્દ્રભક્તિ મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે.

જેસરમાં ભક્તિભવનનું થયેલ ઉદ્ઘાટન

પૂ૦ પંન્યાસશ્રી પ્રદ્યુમ્નવિજયજી મ૦સા૦ જ્યારથી અત્રે ચાતુર્માસ અર્થે પધાર્યા છે ત્યારથી સારાએ જેસર ગામમાં ભક્તિ-ભાવનો સારો એવો ઉદય થયો છે. અષાઢ વદ ૫થી ગ્રંથવાચન પ્રારંભ થયો હતો. તે દિવસે વાજતે ગાજતે ગાંધી મંગળભાઇ હીરાચંદના નિવાસસ્થાને પૂજ્યશ્રીના પગલા કરાવવામાં આવેલ. અત્રે અંદરજી હીરાચંદ ભક્તિભવનનું ઉદ્ઘાટન તેમના પુત્રશ્રી રમેશભાઇના હસ્તે દીપક પ્રગટાવી કરવામાં આવેલ. તેમજ અત્રેના જિનાલયમાં ગુરુ ગૌત્તમસ્વામી તથા શાસનસમ્રાટ શ્રી વિજયનેમીસૂરીશ્વરજી મ૦ની ગુરુમુર્તિની પ્રતિષ્ઠા થનાર છે.

લક્ષ્મીનો સદ્વ્યય ન થાય તો લક્ષ્મી દેવી સંપત્તિ મટી આસુરીમાયા બની જાય.

સુધારો

અંક નં. ૩૦ પાના નં. ૨૮૩ ઉપર ડેલાવાળા સમુદાયની યાદીમાં પૂ. આ૦શ્રી વિજયરામસૂરિજી મ૦સા૦ પાસેથી સાધ્વી સમુદાયની યાદી મળેલ નથી તેમ છપાયેલ છે તે શરત ચૂકથી છપાયું છે. તે યાદી પણ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી વિજયરામસૂરીશ્વરજી મ૦ પાસેથીજ પ્રાપ્ત થયેલ છે.

પૂજ્યપાદ આગમોદ્ધારક આચાર્યદેવશ્રી સાગરાનંદસૂરીશ્વરજી મ૦નો સમુદાય

પૂજ્યપાદ આચાર્યશ્રી દર્શનસાગરસૂરીશ્વરજી મ. સા.
આદિશ્વર ધર્મશાળા, વિજયવલ્લભચોક, પાયધુની, મુંબઇ-૩
પૂ૦ આ. શ્રી ચિદાનંદસાગરસૂરિજી મ. સા.
જૈન ઉપાશ્રય, સંઘવીફળી, (જિ.અમદાવાદ) વીરમગામ
પૂ૦ આ. શ્રી કંચનસાગરસૂરિજી મ. સા.
આગમોદ્ધારક જ્ઞાનમંદિર, વરસોડાચાલ, સાબરમતી, અમદાવાદ-૫
પૂ૦ આ. શ્રી સૂર્યોદયસાગરસૂરિજી મ. સા.
મી. ગુ જૈન ઉપાશ્રય, દલાલવાડા (જિ:ખેડા) કપડવંજ
પૂ૦ આ. શ્રી નરેન્દ્રસાગરસૂરિજી મ. સા.
શાસનકંટોદ્ધારક જ્ઞાનમંદિર, ગીરિરાજસોસા, પાલીતાણા-૩૬૪૨૭૦
પૂ૦ આ. શ્રી દોલતસાગરસૂરિજી મ. સા.
જૈન ઉપા. નવરોજી કોસલેન, ઘાટકોપર (વે.) મુંબઈ-૪૦૦૦૮૬
પૂ૦ આ. શ્રી નિત્યોદયસાગરસૂરિજી મ. સા.
જૈન દેરાસર-ઉપા. ટેમ્બીનાકા, (M.S.) થાણા
પૂ૦ ઉપાધ્યાયશ્રી યશોભદ્રસાગરજી મ.સા.
સ્ટે. : ચામુહલા (રાજસ્થાન) નાગેશ્વર તીર્થ
પૂ૦ પં. શ્રી કનકસાગરજી મ.
પરદેશીપરા કોલોની, જૈન ઉપાશ્રય (એમ.પી.) ઇન્દૌર
પૂ૦ પં. શ્રી જિતેન્દ્રસાગરજી મ.
કૃષ્ણનગર જૈન ઉપાશ્રય, સૈજપુર બોઘા, અમદાવાદ
પૂ૦ પં. શ્રી નંદિવર્ધનસાગરજી મ.
જૈન ઉપાશ્રય, ૧૯૦/૯૪, બોરાબજાર સ્ટ્રીટ, કોટ, મુંબઇ-૧
પૂ૦ પં. શ્રી નવરત્નસાગરજી મ.
ચારથોઈ ઉપા. (વાયા : ધાર-એમ.પી.) રાજગઢ
પૂ૦ પં. શ્રી નરદેવસાગરજી મ.
તપા. ઉપાશ્રય, ગુલાબશાવલી, ઇતવારી (એમ.એસ.) નાગપુર
પૂ૦ પં. શ્રી અશોકસાગરજી મ.
જંબુદ્વીપ મંદિર પેઢી, તલાટીરોડ, પાલીતાણા-૩૬૪૨૭૦.
પૂ૦ પં. શ્રી કલ્યાણસાગરજી મ૦
મહાવીરનગર સોસા. ઝવેરી સડક, (દ.ગુ.) નવસારી
પૂ૦ પં. શ્રી મહાયશસાગરજી મ૦
આત્મવલ્લભ પ્રેમભવન. કિનારીબજાર, ચાંદનીચોક દિલ્લી
પૂ૦ ગણિશ્રી જિનચંદ્રસાગરજી મ૦
નેમુભાઇની વાડી, ગોપીપુરા, સુરત-૩૯૫૦૦૧
પૂ૦ ગણિશ્રી હેમચંદ્રસાગરજી મ૦
જૈન ઉપાશ્રય, કૈલાસનગર. મજુરા ગેટ, સુરત
પૂ૦ ગણિશ્રી નિરંજનસાગરજી મ૦
જૈન મહાજન પેઢી, ખજુરીપોળ (ઉ.ગુ.) ઊંઝા
પૂ૦ મુનિશ્રી અમરેન્દ્રસાગરજી મ૦
શ્રમણ સ્થવિરાલય, તલાટી રોડ, પાલીતાણા-૩૬૪૨૭૦
પૂ૦ મુનિશ્રી લલીતાંગસાગરજી મ૦
જૈન ઉપાશ્રય, દેરાશેરી, માંડવી ચોક રાજકોટ-૩૬૦૦૦૧
પૂ૦ મુનિશ્રી નિત્યવર્ધનસાગરજી મ૦
આત્માનંદસભા ભવન, ઘી વાલો કા રાસ્તા (રાજસ્થાન) જયપુર.
પૂ૦ મુનિશ્રી અરૂણોદયસાગરજી મ૦
લક્ષ્મી આશ્રમ, દેવબાગ, જામનગર-૩૬૧૦૦૧
પૂ૦ મુનિશ્રી નંદિષેણસાગરજી મ૦
નેમુભાઇની વાડી, ગોપીપુરા સુરત-૩૯૫૦૦૧
પૂ૦ મુનિશ્રી જયઘોષસાગરજી મ૦
જૈન મંદિર, વાયા : રતલામ (એમ.પી.) આલોટ
પૂ૦ મુનિશ્રી પુણ્યોદયવિજયજી મ૦
જૈન દેરા. ઉપાશ્રય, (વાયા : રાજકોટ) વાંકાનેર
પૂ૦ મુનિશ્રી કમલસાગરજી મ૦
જૈન મંદિર-ઉપાશ્રય, સાયર ચબુતરા (એમ.પી.) રતલામ
પૂ૦ મુનિશ્રી સુધર્મસાગરજી મ૦
આરાધના ભવન, (જિ:મંદસૌર-એમ.પી.) નીમચ
પૂ૦ મુનિશ્રી નરચંદ્રસાગરજી મ૦
જૈન મંદિર-ઉપાશ્રય, (જિ:ધાર-એમ.પી.) બદનાવર
પૂ૦ મુનિશ્રી અપૂર્વસાગરજી મ૦
ભગવાનનગરનો ટેકરો, પાલડી, અમદાવાદ ૩૮૦૦૦૭
પૂ૦ મુનિશ્રી પૂર્ણાનંદસાગરજી મ૦
લક્ષ્મીવર્ધક જૈન ઉપાશ્રય, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭
પૂ૦ મુનિશ્રી મુક્તિરત્નસાગરજી મ૦
જૈન ઉપાશ્રય, પીપલીબજાર, (એમ.પી.) ઇન્દૌર-૪૫૨૦૦૧

(અનુસંધાન પાના નંબર ૨૯૦ ઉપર)

મનુષ્યજીવ શિખરે આરૂઢ થયેલ આત્મા ગબડે તો અનંતકાળે પણ ઠેકાણે ન આવે.

પૂજ્ય શાસન સમ્રાટ આચાર્યભગવંતશ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબના સમુદાયની ચાતુર્માસ યાદી

૫૦ પૂ૦ આચાર્યશ્રી વિજયમેરૂપ્રભસૂરીશ્વરજી મ. ૧૩
પં. શ્રી માનતુંગવિજયજી ગણિ, પં.શ્રીઇન્દ્રસેનવિજયજી ગણિ
જૈન તપગચ્છ ઉપાશ્રય. એન્ડુઝરોડ, શાન્તાક્રુઝ (વે.) મુંબઇ-૫૪

પૂ૦ આ૦ શ્રી વિજય દક્ષસૂરીશ્વરજી મ૦ ૬
પં. શ્રી પાર્શ્વચંદ્રવિજયજી ગણિ,
પાર્શ્વનગર, સમવસરણ મહામંદિર, ચાલપેઠ.(સ્ટે:વીરાર)અગાશીતીર્થ

પૂ૦ આ૦ શ્રી વિજયદેવસૂરીશ્વરજી મ૦ ૭
પૂ. આ. શ્રી વિજયહેમચન્દ્રસૂરીશ્વરજી મ૦
મહાસુખભુવન, સરોજીની રોડ, વિલેપાર્લા(વે.) મુંબઈ-૪૦૦૦૫૭

પૂ૦ આ૦ શ્રી વિજયસુશીલસૂરીશ્વરજી મ૦ ૭
શાન્તિનાથ વિમલનાથ જૈન પેઢી, પોરવાડ જૈન સંઘ,
(સ્ટે : ફાલના-રાજસ્થાન) દેસુરી-૩૦૬૭૦૩

પૂ૦આ૦શ્રી વિજયપ્રિયંકરસૂરીશ્વરજી, મુનિશ્રી નંદિસેનવિજય ૫
જૈનઉપાશ્રય, માંડવીની પોળમાં, નાનજી ભૂધરની પોળ, અમદાવાદ

પૂ૦ આ૦ શ્રી વિજયશુભંકરસૂરીશ્વરજી મ૦ આદી
પૂ૦ આ૦ શ્રી વિજયસૂર્યોદયસૂરીશ્વરજી મ૦,
પં. શ્રી ભદ્રસેનવિજયજી ગણિ
જૈન ઉપાશ્રય, શાન્તિનગર, (જી:પંચમહાલ) ગોધરા

પૂ૦ આ૦ શ્રી વિજયમહિમાપ્રભસૂરીશ્વરજી મ૦ ૨
મહિમાપ્રભસૂરિ જ્ઞાનમંદિર, શાન્તિવન બસસ્ટોપ પાસે,
નારાયણનગર રોડ, પાલડી અમદાવાદ-૩૮૦૦૦૭

પૂ૦ આ૦ શ્રી વિજયકુમુદચંદ્રસૂરીશ્વરજી મ૦
પૂ૦ આ૦ શ્રી પ્રબોધચંદ્રસૂરીશ્વરજી મ૦
શાન્તિનિકેતન, સ્ટેશન રોડ, (ગુજરાત) સુરત

પૂ૦ આ૦ શ્રી વિજયચન્દ્રોદયસૂરીશ્વરજી મ૦ ૧૫
પૂ૦ આ૦ શ્રી વિજયજયચંદ્રસૂરીશ્વરજી મ૦
જૈન ઉપાશ્રય, ગિરધરનગર, શાહીબાગ. અમદાવાદ-૩૮૦૦૧૦

પૂ૦ આ૦ શ્રી વિજયકીર્તિચન્દ્રસૂરીશ્વરજી મ૦ ૩
શ્રી કીર્તિચન્દ્રસૂરિ જ્ઞાનમંદિર, ભૂયંગદેવ, ચાર રસ્તા,
સોલા રોડ, પારૂલનગર. અમદાવાદ-૩૮૦૦૬૧

પૂ૦ આ૦ શ્રી વિજયઅશોકસૂરીશ્વરજી મ૦ ૧૨
પૂ૦શ્રી પુષ્પચંદ્રવિજય ગણિ/પૂ૦શ્રી સોમચંદ્રવિજય ગણિ
મોહનવિજયજી જૈન પાઠશાળા, જુની પોસ્ટ ઓફીસ સામે,
ચાંદની ચોક, જામનગર ૩૬૧૦૦૧

પૂ૦ આ૦ શ્રી વિજયનયપ્રભસૂરીશ્વરજી મ૦ આદી
પં. શ્રી યશોદેવવિજયજી ગણિ
ગુજરાતી જૈન તપગચ્છ ઉપાશ્રય, ૯૬,કેનીંગ સ્ટ્રીટ, કલકત્તા

પૂ૦ આ૦ શ્રી વિજયવિશાલસેનસૂરીશ્વરજી મ૦ ૩
પં. શ્રી રાજશેખરવિજયજી ગણિ
જૈનઉપાશ્રય, નવજીવન સોસાયટી, લેમીંગ્ટનરોડ. મુંબઇ૪૦૦૦૦૮

પૂ૦ આ૦ શ્રી વિજયસદ્ગુણસૂરીશ્વરજી મ૦ ૩
જીવણ અબજી જ્ઞાન મંદિર, કીંગ સર્કલ,
અરોરા સિનેમા પાસે, માટુંગા. મુંબઇ-૧૯

પૂ૦ ઉપાધ્યાય શ્રી વિનોદવિજયજી ગણિ આદી
સોનારની ધર્મશાળા, વીસીનો ખાંચો, (રાજસ્થાન) સિરોહી

પૂ૦પં.અજિતચંદ્રવિજય ગણિ,/પૂ૦પં.વિનીતચંદ્રવિ૦ગણિ આદી
જૈનઉપાશ્રય, ઓપેરાસોસાયટી, નવાવિકાસગૃહરોડ,પાલડી-અમદાવાદ

પૂ૦ પં. શ્રેયાંસચંદ્રવિજયજી ગણિ આદી
રાજસ્થાન જૈન ઉપાશ્રય, (જી:થાણા-એમ.એસ.) ભીવંડી

પૂ૦ પં. શ્રી કુંદકુંદવિજયજી ગણિ આદી
જૈન ઉપાશ્રય, ન્યાતીનોરા, (રાજસ્થાન) સાદડી

પૂ૦ પં. શ્રી પ્રદ્યુમ્નવિજયજી ગણિ ૨
જૈન ઉપાશ્રય, વાયા : સાવરકુંડલા (સૌરા.) જેસર-૩૬૪૫૧૦

પૂ૦ પં. શ્રી શીલચંદ્રવિજયજી ગણિ ૪
જૈન ઉપાશ્રય, પાંજરાપોળ, રીલીફ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧

પૂ૦ પં. શ્રી દાનવિજયજી ગણિ આદી
શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી, શોભણમાર્ગ, સુરેન્દ્રનગર-૧

પૂ૦ પં. ચંદ્રસેનવિજય ગણિ આદી
જૈન ઉપાશ્રય, લીમડા શેરી, (જી:ખેડા) પેટલાદ

પૂ૦ ગણિશ્રી સિદ્ધસેનવિજયજી ૨
કેસરીયાજીનગર, તળેટીરોડ, (જી;ભાવનગર) પાલીતાણા-૩૬૪૨૭૦

પૂ૦ ગણિશ્રી ધર્મધ્વજવિજયજી મ૦ આદી
ગોડીજી જૈન ઉપાશ્રય, વોરાબજાર, ભાવનગર-૩૬૪૦૦૧

પૂ૦ ગણિશ્રી હ્રીંકારચંદ્રવિજયજી મ૦ આદી
નૂતન જૈન ઉપાશ્રય, નાનભા શેરી, ભાવનગર-૩૬૪૦૦૧

પૂ૦ ગણિશ્રી સિંહસેનવિજયજી મ૦ આદી
અમૃતસૂરિ જૈન જ્ઞાનમંદિર, દોલતનગર, બોરીવલી(પૂર્વ) મુંબઈ-૬૬

પૂ૦ ગણિશ્રી પુંડરીકવિજયજી મ૦ આદી
જામલીગલી જૈન ઉપાશ્રય, બોરીવલી(વે.) મુંબઇ-૪૦૦૦૯૨

પૂ૦ ગણિશ્રી ચંન્દ્રકીર્તિવિજયજી/મુનિ દર્શનવિજયજી ૪
જૈન તપગચ્છ ઉપાશ્રય, (જી:સુરેન્દ્રનગર) ધ્રાંગધ્રા-૩૬૩૩૦૦

પૂ૦ પ્રવર્તક મુનિશ્રી નિરંજનવિજયજી મ૦ આદી
હઠીભાઇની વાડી, દીલ્હી દરવાજા બહાર, અમદાવાદ-૩૮૦૦૦૨

આંખમાં કણું ખૂચે તેમ દોષ ખટકવા જોઈએ, શિયળ, સંયમથી જ સૌંદર્ય શોભારૂપ છે, અન્યથા શાપરૂપ.

પૂ૦ મુનિશ્રી રત્નાકરવિજયજી મ૦ ૪
અમરચંદ જસરાજ જૈન ધર્મશાળા, ગામમાં, (સૌરા.) પાલીતાણા
પૂ૦ મુનિશ્રી મુક્તિચંદ્રવિજયજી, મુનિશ્રી રાજચંદ્રવિજયજી ૨
જૈનઉપાશ્રય, દશાપોરવાડ સોસાયટી, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭
પૂ૦ મુનિશ્રી રત્નપ્રભવિજયજી મ૦ આદી
દેવકીનન્દન જૈન ઉપાશ્રય, દર્પણ પાંચ રસ્તા,
સેન્ટ ઝેવીયર્સ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩
મુનિશ્રી મહાયશાવિજયજી મ૦ આદી
નવરંગપુરા જૈન ઉપાશ્રય, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯
મુનિશ્રી સૂર્યસેનવિજયજી મ૦ ૩
મોતીશા જૈન ઉપાશ્રય, મોતીશાલેન, ભાયખલા મુંબઇ-૪૦૦૦૨૭
મુનિશ્રી અભયસેનવિજયજી મ૦ ૨
જૈનઉપાશ્રય, જૂહુસ્કીમ, રોડ નં.૫ વિલેપાર્લા (વે.) મુંબઇ-૫૬
પૂ૦ પં. શ્રી મહાબલવિજયજી ગણિ આદી
જૈનઉપાશ્રય, પાંજરાપોળ, અમદાવાદ-૩૮૦૦૦૧
મુનિશ્રી વિદ્યાધરવિજયજી મ૦/મુનિશ્રી અપૂર્વચંદ્રવિ૦ મ૦ આદી
દાદાસાહેબ, કાળાનાળા. ભાવનગર-૩૬૪૦૦૧
પૂ૦ મુનિશ્રી જસવિજયજી મ૦ આદી
જૈન ઉપાશ્રય મઝગાંવ. મુંબઇ-૪૦૦૦૧૦

પૂજ્ય સાધ્વીજી સમુદાય

સા.શ્રી રવિન્દુપ્રભાશ્રીજી મ./રત્નમાલાશ્રીજી મ. ૫
પાર્શ્વનગર ચાલપેઠ, [illegible]મંદિર, (જિ.થાણા) અગાસીતીર્થ
,, તિલકપ્રભાશ્રીજી (૫) [illegible]રોડ, શાંતાક્રુઝ(વે.) મુંબઇ-૫૪
,, હર્ષપ્રભાશ્રીજી બહેનોનો ઉપાશ્રય, ૫
આંબેલખાતા ઊપર, રોડનં.૭-દોલતનગર, બોરીવલી(ઈ.)મુંબઇ૬૬
,, વિનયપ્રભાશ્રીજી/દીપ્તિપ્રજ્ઞાશ્રીજી, આરાધના ભુવન, ૪
સાઉથપોંડરોડ, ચંદ્રપ્રભુ જૈન દેરાસર, પાર્લા(વે.) મુંબઇ-૫૬
,, વિમળયશાશ્રીજી મ. C/o. શાંતિલાલ બાલુભાઇ શાહ ૩
પ્રીતિ બંગલા, ૩૭૬, એસ.વી.રોડ, પાર્લા(વે.) મુંબઇ-૫૬
,, રાજીમતીશ્રીજી ઠા:૯ ૮૦,મોતીશાલેન, ભાયખલા, મુંબઇ-૨૭
,, ચારૂપ્રજ્ઞાશ્રીજી મ૦/ઉદયયશાશ્રીજી મ૦ ૨
મુનિસુવ્રતસ્વામીજૈનદેરા, બહેનોનોઉપા.(જી:થાણા)અગાસીતીર્થ
,, પીયૂષપૂર્ણાશ્રીજી, આરાધના ભવન, ઇરાનીવાડી, ૪
શાન્તિલાલ મોદી ક્રોસરોડ નં.-૨, કાંદીવલી(વે.) મુંબઇ-૬૭
,, મુક્તિરસાશ્રીજી ઠા:૨ ભુલાભાઇ દેસાઇ રોડ, ઉમરપાર્ક, મુંબઇ
,, સૂર્યપ્રભાશ્રીજી ઠા:૬ નાણાવટ, તાળાવાળાનીપોળ. સુરત-૩
,, સુલસાશ્રીજી, શાંન્તિનિકેતન એપાર્ટમેન્ટ, સરદારનગર, આદી
સુમુલ ડેરી રોડ, આઇ.સી.ગાંધી સ્કૂલ પાછળ, સુરત-૮

,, સુવર્ણપ્રભાશ્રીજી ૨
નિશાળ ફળીયુ, સાધ્વીજી ઉપાશ્રય (જિ.સુરત) રાંદેર
,, યશપૂર્ણાશ્રીજી પાર્શ્વનગર કોમ્પ્લેક્ષ, ૪
અવનીએપાર્ટમેન્ટ, રૂમનં.૧૦૪, કૈલાશનગર,સગરમપુરા, સુરત
,, મુક્તિમાલાશ્રીજી ઠા:૬ (જિ.સુરત) અમરોલી
,, પ્રવિણાશ્રીજી/ચન્દ્રલત્તાશ્રીજી/મનોજ્ઞગુણાશ્રીજી આદી
પ્રવિણ પૌષધશાળા, નારાયણનગર સોસાયટી, પ્રતાપનગર.
ન્યુ અંબેરાવ રોડ, શ્રી નેમિસૂરિ માર્ગ, વડોદરા-૩૯૦૦૦૪
,, ચન્દ્રકાન્તાશ્રીજી/શીલગુણાશ્રીજી આદી
બહેનોનો ઉપા. મામાની પોળ, રાવપુરા, વડોદરા-૩૯૦૦૦૧
,, [illegible]કલાશ્રીજી આદી (જિ. પંચમહાલ) ગોધરા
,, સુયશાશ્રીજી/જીતેન્દ્રશ્રીજી મ૦ ૮
જૈન ઉપા, મહાવીર માર્ગ, સ્ટેશનરોડ, (જિ:ખેડા). આણંદ
,, [illegible]યશાશ્રીજી ઠા:૮ [illegible] અકલા (જિ:ખેડા) નડીયાદ
,, ચન્દ્રોદયાશ્રીજી ઠા:૩ લીંબડીશેરી, (જિ.ખેડા-ગુજ.) પેટલાદ
,, પદ્માશ્રીજી/ચન્દ્રપ્રભાશ્રીજી/રવિન્દુપ્રભાશ્રીજી આદી
ભોં-પોળ જૈનઉપા. ખારવાડો, (જિ:ખેડા) ખંભાત-૩૮૮૬૨૦
,, સુશીલાશ્રીજી (ખેડાવાળા) આદી ઓરપીપળા.(જિ: ખેડા)ખંભાત
,, પુષ્પાશ્રીજી/દેવેન્દ્રશ્રીજી આદિ ચોકસીની પોળ, ખંભાત
,, પુર્ણભદ્રાશ્રીજી આદિ કીર્તિશાળા, જીરાળોપાડો, ખંભાત
,, જીતશ્રીજી આદિ શામળાની પોળ, રાયપુર, અમદાવાદ
,, ચારિત્રશ્રીજી/સરસ્વતીશ્રીજી/મનોરમાશ્રીજી આદિ ચિન્તામણિ સો.
હાઇવે રોડ, જૈન દેરાસર પાસે, સાબરમતી, અમદાવાદ-૫
,, ચન્દ્રપ્રભાશ્રીજી આદિ કાકાબળિયાનીપોળ, માંડવીપોળ અમદાવાદ
,, હેમપ્રભાશ્રીજી, રૂપા સુરચંદની પોળ, આદિ
મદનગોપાલ હવેલી રોડ, અમદાવાદ ૧
,, પુન્યપ્રભાશ્રીજી ઠા.૫ ખાડીયા ચારરસ્તા, ગાંધી રોડ, અમદાવાદ
,, સ્વયંપ્રભાશ્રીજી આદિ રાજેન્દ્ર સ્વયં સ્વાધ્યાય મંદિર,
નારાયણનગરરોડ, શાન્તિવન બસસ્ટેન્ડ પાછળ પાલડી-અમદાવાદ
શ્રીમતીશ્રીજી આદિ ગુસાપારેખ પોળ, મદનગોપાલ
હવેલી રોડ, શ્રાવિકા ઉપાશ્રય અમદાવાદ
,, સુવર્ણપ્રભાશ્રીજી આદિ ગોમતીપુર, આમ્રપાલી
સિનેમા પાસે, અમદાવાદ ૩૮૦૦૦૧
,, રાજેન્દ્રપ્રભાશ્રીજી/નિર્મળપ્રભાશ્રીજી આદિ લાલાભાઇની પોળ,
માંડવીની પોળમાં, જૈન દેરાસર સામે, ઉપાશ્રય, અમદાવાદ
,, કીર્તિયશાશ્રીજી આદિ મુનિસુવ્રતસ્વામી જૈન દેરાસર,
કૃષ્ણનગર, (સૈજપુરબોઘા) નરોડારોડ, અમદાવાદ

દુનિયાએ વિકારમાં સુખ માન્યું એને જ્ઞાનીઓએ નિર્વિકારમાં.

સા. રયણયશાશ્રીજી આદિ દશાપોરવાડ સોસાયટી, આંબેલભુવન,
પાલડી બસ સ્ટેન્ડ પાછળ, અમદાવાદ ૩૮૦૦૦૭
,, વિનીતયશાશ્રીજી આદિ આપેરા સોસાયટી, મંગલ પાર્ક,
નવાવિકાસગૃહ પાસે, બહેનોનો ઉપાશ્રય, પાલડી–અમદાવાદ ૭
,, અમીતયશાશ્રીજી આદિ 'ગુણ પ્રવીણ સ્વાધ્યાય શાળા'
ધના સુથારની પોળ, પડીપોળ સામે, શાસ્ત્રીનોખાંચો અમદાવાદ
,, નવપુર્ણાશ્રીજી આદિ 'દેવીકમલ જૈન સ્વાધ્યાય મંદિર'
નવા વિકાસગૃહ પાસે, પાલડી, અમાદાવાદ–૧
,, સન્મતિશ્રીજી/લબ્ધિમતિશ્રીજી ઠા.૭
પલીયડનગરની સામે, નારણપુરા અમદાવાદ–૧૩
,, મુક્તિમતિશ્રીજી ઠા.૫ નારણપુરા, મીરામ્બીકારોડ અમદાવાદ-૧૪
,, વિશ્વયશાશ્રીજી આદી શામળભુવન બહેનોનો ઉપાશ્રય,
ગિરધરનગર, શાહીબાગ, અમદાવાદ–૩૮૦૦૧૦
,, રાજયશાશ્રીજી આદી જૈન ઉપાશ્રય (જી.ખેડા) આંકલાવ
,, કલ્પરત્નાશ્રીજી ઠા.૨ સરસપુર, વાસણશેરી, અમદાવાદ-૧૮
,, કાન્તગુણાશ્રીજી આદી ગુજરાતી જૈન શ્વે. મૂ. પૂ. દેરાસર,
૯૭, કેનિંગસ્ટ્રીટ, કલકત્તા–૭૦૦૦૦૧
,, વિશ્વપ્રભાશ્રીજી ઠા. ૬ હીરાભુવન, વ્યાપાર પેઠ,
શાહુપુરી, (મહારાષ્ટ્ર) કોલ્હાપુર–૪૧૬૦૦૧
,, લલતપ્રભાશ્રીજી આદી
વલ્લભ વિહાર, રૂમ નં.–૮, તલાટી રોડ, પાલીતાણા
,, ધર્મિષ્ઠાશ્રીજી આદી કેશરીયાજીનગર, તલાટીરોડ, પાલીતાણા
,, મયણરેહાશ્રીજી આદી સાંડેરાવ જિનેન્દ્રભુવન. પાલીતાણા
,, કિરણયશાશ્રીજી આદી કેશરીયાજીનગર, તલાટીરોડ, પાલીતાણા
,, જ્યોતિન્દ્રયશાશ્રીજી આદી ,, ,, પાલીતાણા
,, ચારૂયશાશ્રીજી આદી તખતગઢ મંગલભુવન, ,, પાલીતાણા
,, ઉદ્યોતયશાશ્રીજી આદી સાંડેરા વિજનેન્દ્રભુવન ,, પાલીતાણા
,, વિશાલનંદિનીશ્રીજી આદી શ્રમણીવિહાર, પાલીતાણા
,, વિદ્યુત્પ્રભાશ્રીજી/શશીપ્રભાશ્રીજી બેનોનો ઉપાશ્રય, આદી
કેબીન ચોક. મોટા દેરાસર પાસે, (સૌરા.) મહુવાબંદર
,, દમયંતિશ્રીજી આદી દાનશાળા, વોરાબજાર. ભાવનગર-૩૬૪૦૦૧
,, કાન્તાશ્રીજી આદી લાભશ્રીજીનો ઉપા. રાધનપુરીબજાર, ભાવનગર
,, અતુલયશાશ્રીજી આદી કૃષ્ણનગર, ડાયમંડચોક. ભાવનગર
,, પદ્મલત્તાશ્રીજી આદી (તા:સાવરકુંડલા–સૌરા.) જેસર
,, સૌમ્યપ્રભાશ્રીજી ઠા:૧૧ બાબુનીધર્મશાળા, તળાજા-૩૬૧૬૪૦
,, દક્ષયશાશ્રીજી, હેમાભાઇની ધર્મશાળા, ઠા:૧૦
જગમાલચોક ઉપરકોટ રોડ, (સૌરા.) જુનાગઢ
,, રાજપ્રજ્ઞાશ્રીજી ચાંદીબજાર, આદી
જુની પોસ્ટ ઓફીસ પાસે, (સૌરા.) જામનગર-૩૬૧૦૦૧

સા. ધૃતિયશાશ્રીજી આદી ચાંદીબજાર. લાલબાગ. જામનગર ૩૬૧૦૦૧
,, હેમલત્તાશ્રીજી/નયપ્રજ્ઞાશ્રીજી આદી (ફાલના–રાજ.) દેસુરી
,, વિજયાશ્રીજી મ૦ સા૦ આદી
હુમ્મડ કૂવા પાસે, (સા. કાંઠા) પ્રાંતિજ-૩૮૩૨૦૫
,, જયપ્રભાશ્રીજી આદી ભુયંગદેવ ચારરસ્તા, સોલારોડ, અમદાવાદ ૬૧
,, અભયપ્રજ્ઞાશ્રીજી ઠા:૪ અંબાજીચોક, (સૌરા.) બોટાદ-૩૬૪૭૦૧
,, રત્નયશાશ્રીજી આદી આ.ક.પેઢી, અમીઝરાચોક, સુરેન્દ્રનગર
,, જયપૂર્ણાશ્રીજી આદી આરાધનાભવન, સંવેદિયસોસા. સુરેન્દ્રનગર

જૈસલમેર પંચતીર્થીની યાત્રાર્થે પધારો

પશ્ચિમી રાજસ્થાનમાં આવેલ જૈસલમેર પંચતીર્થી પોતાની પ્રાચીનતા, કલાત્મકતા અને ભવ્યતા માટે જગપ્રસિદ્ધ છે. જૈસલમેર પંચતીર્થીના અન્તર્ગત જૈસલમેર દુર્ગ, અમરસાગર, લૌદ્રવપુર, બ્રહ્મસર અને પોકરણ સ્થિત જિનાલયોમાં બધા મળી ૬૬૦૦થી વધુ જિનપ્રતિમાજીઓ બિરાજમાન છે.

જૈસલમેરની વિખ્યાત વિશેષતાઓ : (૧) ભવ્ય કલાત્મક અને પ્રાચિન જિનાલયો. પન્ના અને સ્ફટિકની પ્રતિમાઓ. (૨) ખરતરગચ્છીય શ્રી જિનભદ્રસુરિ જ્ઞાનભંડારમાં સંગ્રહિત તાડપત્રીય અને હસ્તલિખિત ગ્રંથો. (૩) દાદાગુરુદેવ શ્રીજિનદત્તસુરિજી મહારાજની ૮૩૦ વર્ષ પ્રાચીન ચાદર અને ચોલપટ્ટા, જે તેઓના અગ્નિસંસ્કાર પછી પણ સુરક્ષિત રહ્યા છે. (૪) અનેક દાદાવાડી, ઉપાશ્રય, અધિષ્ઠાયક દેવસ્થાન અને પટ્ટુઆ શેઠોની કલાત્મક હવેલીઓ. (૫) લૌદ્રવપુરના ચમત્કારીક અધિષ્ઠાયકદેવ જેમના દર્શન ભાગ્યશાળીઓને અવારનવાર પ્રાપ્ત થાય છે.

આવાસ પ્રબંધ : યાત્રિકો અને શ્રીસંઘોને ઉતારા ઉચિત પ્રબંધ છે. મરુભુમિમાં હોવા છતાં પાણી અને વિજળીની પુરી વ્યવસ્થા છે. દાનવીરોના સહયોગથી ભોજનશાળા ચાલુ છે.

યાતાયાતના સાધન : જૈસલમેર આવવા માટે જોધપુર મુખ્ય કેન્દ્ર છે. તે ભારતના જુદા જુદા માર્ગોથી યાતાયાતના સાધનોથી જોડાયેલ છે. જોધપુરથી દિવસમાં એકવાર બસ અને રાત્રે ને સવારે બે વાર ટ્રેઈન જૈસલમેર આવે છે. આ ઉપરાંત જયપુર અને બીકાનેરથી પણ સીધી બસો જૈસલમેર આવે છે.

જૈસલમેર પંચતીર્થીનાં દુર્ગ તથા અમરસાગર સ્થિત જિન-મંદિરોના જીર્ણોદ્ધારનું કામ ચાલુ છે.

પ્રબંધક ટ્રસ્ટી અને મંત્રી શ્રી મુલચંદભાઈ સંઘવી
શ્રી જૈસલમેર લોદ્રવપુર પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર ટ્રસ્ટ

તાર : જૈન ટ્રસ્ટ **જૈસલમેર** ૩૪૫૦૦૧ (રાજસ્થાન) ફોન ૨૩૩૦, ૨૪૦૪

સત્સંગના યોગે માણસમાં માણસાઈ પણ આવે છે, થોડી ક્ષણનો કુસંગ ભલભલાનું જીવન–વિનાશ કરે છે.

પાયધુની (મુંબઇ)માં ચાતુર્માસ પ્રવેશ

પૂજ્ય આચાર્યશ્રી દર્શનસાગરસૂરિજી મ૦સા૦, ગણિવર્યશ્રી ચંદ્રાનનસાગરજી મ૦સા૦ આદિનો પાયધુની સ્થિત આદિશ્વર ધર્મશાળા મધ્યે ગત તા. ૨૫ જુનના અદ્વિતિય ઐતિહાસિક પ્રવેશ થયો હતો. ૮ હજાર માનવ મેદની, ૪ બેન્ડો, ૩૧/૩૧ રૂ. ના સંઘપૂજનો, ૨ ટાઇમ સ્વામિ વાત્સલ્ય, ૮૭ બેડા વગેરે ગુરુભક્તોએ કરીને મુંબઇમાં રેકોર્ડરૂપ થયેલ છે. ચારેય માસ સાધર્મિક ભક્તિ રસોડું, સામુદાયિક સિદ્ધિતપની જાહેરાત થતાં બે ગુરુભક્તો દ્વારા સંપૂર્ણ બીયાસણા–પારણાનો લાભ લીધેલ. "ચૌવિહાર દર્શન હાઉસ" પણ પૂ૦શ્રીની પ્રેરણાથી પાયધુનીમાં શરૂ થયેલ છે, પ્રવચનાદિ પ્રવૃત્તિ પણ જોરદાર ચાલી રહી છે. સિદ્ધિતપમાં ૧૨૫ ભાવિકોની સંખ્યા થયેલ છે. વ્યાખ્યાનમાં શ્રાદ્ધવિધિ-કુમારપાળ ચાલે છે. દરરોજ સંઘપૂજન ચાલુ છે.

પૂ૦ આચાર્યશ્રી નિત્યોદયસાગરસૂરિજી મ૦સા૦નો પણ થાણા બંદરે ભવ્ય પ્રવેશ થયો છે.

પૂ૦ આચાર્યશ્રી દર્શનસાગરસૂરિજી મ૦ સા૦ની નાદુરસ્ત તબિયત-હાલ તબિયતમાં ધીરેધીરે સુધારો

પૂ૦ આચાર્યશ્રી દર્શનસાગરસૂરિજી મ૦સા૦ની તા. ૮ જુલાઈના અચાનક તબિયતે જોરદાર ઉથલો મારતા તેમને તાત્કાલીક મુંબઈ સ્થિત હરકિશન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ડો.ના જણાવવા મુજબ હાર્ટટ્રબલ અને જમણા અંગે લકવાની અસર છે. હજુ સારવાર ચાલુ છે. હવે તબિયતમાં ધીરે ધીરે સુધારો થતો જાય છે. હાલ ઉપાશ્રયે ગુરુભક્તો તથા સાધુ ભગવંતેએ પૂજ્ય-શ્રીની ખડે પગે સેવા અને દોડધામ કરી છે. પૂ૦ આ૦શ્રી સુબોધ સાગરસૂરિજી મ૦સા૦ પણ ખબર-અંતરનીપૃચ્છા અર્થે પધારે છે.

આવા અપૂર્વ શાસન શિરતાજ પૂ૦ ગુરુદેવશ્રીનું સ્વાસ્થ્ય જલ્દી તંદુરસ્ત થાય તેવી શાસનદેવને પ્રાર્થના.

જામનગરના આંગણે જાહેર પ્રવચનો

સંઘ સ્થવિર પૂ૦ મુનિશ્રી કૈલાસસાગરજી મ૦સા૦, આગમા-ભ્યાસી પ્રવચનકાર પૂ૦ ગણિશ્રી મહોદયસાગરજી મ૦સા૦, તેજસ્વી વક્તા મુનિશ્રી દેવરત્નસાગરજી મ૦ તથા મુનિશ્રી ધર્મ-રત્નસાગરજી આદિ નિશ્રામાં શ્રી અચલગચ્છ જૈન ઉપાશ્રય, આનંદ બાવાનો ચકલો, બારોટ ફળીના ઉપાશ્રયે પ્રતિદિન વહેલી સવારે આનંદઘનજીના સ્તવનો. દૈનિક પ્રવચનો, રવિવારે સવારે પ્રશ્નોત્તરી પ્રવચન, દર શનિવારે શિશુ સંસ્કાર સામાયિક શિબિર, અખંડ-જાપ, વિવિધ આરાધના અને રવિવારે જાહેર પ્રવચનોનું આયોજન કરવામાં આવેલ છે. તેમ જ જૈન ધાર્મિક શિક્ષણ શિબિરનું ૧૨ રવિવારીય આયોજન કરાયું છે.

શ્રી શત્રુંજય ગિરિરાજાય નમઃ

પધારો ! જરૂર પધારો ! !

જંબુદ્વીપ નિર્માણ યોજનાની વણથંભી આગેકુચ

વિજ્ઞાન અને અધ્યાત્મનો સુમેળ સાધી જૈનત્વ અને હિન્દુત્વનું સંરક્ષણ કરતી આ વિશાળ યોજનામાં ચાલી રહેલાં કાર્યોની રૂપરેખા :—

પૂજ્યપાદ પંન્યાસજી ગુરુદેવશ્રીના શિષ્યરત્ન પૂ૦પં૦ શ્રી અશોકસાગરજી મ૦સા૦ના માર્ગદર્શન નીચે ચાલી રહેલ ઝડપી કાર્યો...

(૧) જંબુદ્વીપ જૈન દેરાસરના તમામ કાર્યોને ઝડપી પૂર્ણ કરવા માટે અપાઈ ગયેલા ઓર્ડરો.

(૨) બે સૂર્યના પરિભ્રમણ દ્વારા ભારત–અમેરિકા આદિ દેશોમાં થતાં સૂર્યોદયની વધઘટનું પ્રેકટીકલ યંત્ર હમણાં જ તૈયાર થઈ ગયું છે જેમાં ૧૮૪ માંડલા વિગેરેનું પ્રત્યક્ષ દર્શન થાય છે.

(૩) અધ્યાત્મ યોગી પં. ગુરુદેવશ્રી અભયસાગરજી મ૦સા૦ના શ્રી નવકાર મહામંત્રના પટો વિને ફ્રેમીંગ કરી સુરક્ષિત કરવા શ્રી નવકાર મંદિરનું આયોજન.... જેનું ખાતમુહૂર્ત શ્રાવણ વદ ૩ના મંગલ દિવસે રાખેલ છે.

(૪) વિશાળ અને ભવ્ય આરાધના ભવન નિર્માણ કરવા માટે વિચારણા ચાલી રહેલ છે.

(૫) પ્રકાશિત થયેલ પુસ્તકોનું ઝડપી વેચાણ–નવા પુસ્તકોનું પ્રકાશન અને પુનઃપ્રકાશનનું કાર્ય હાથ ધરાએલ છે.

(૬) જંબુદ્વીપની વિશાળ જમીનને કમ્પાઉન્ડ વોલ કરવાનું કાર્ય ચાલે છે.

(૭) આકર્ષક કુપનોના વિમોચન સાથે ગામોગામ તેના વેચાણનું આયોજન....

આ સુંદર આયોજન ઝડપથી મૂર્તિમંત બને તે માટે ધર્મનિષ્ઠ પ્રયાસો થઇ રહ્યાં છે. પૂજ્યપાદ પંન્યાસજી ગુરુદેવશ્રીની પ્રેરણાથી આરંભાયેલા કાર્યો પૂર્ણ થાય તે માટે સર્વ સંઘો અને વ્યક્તિ-ઓને સાથ સહકાર આપી લાભ લેવા નમ્ર વિનંતિ...

લિ. શ્રી વર્ધમાન જૈન પેઢી–પાલીતાણા

— પુછપરછ અને પરિચય માટે —

પંન્યાસશ્રી અશોકસાગરજી મ૦સા૦

જંબુદ્વીપ જૈન પેઢી, પાલીતાણા-૩૬૪૨૭૦

અલ્પ સત્કર્મ તમારા હાથે ન થાય તો તે દિવસ વાંઝિયા સમાન છે.

Regd G. BV. No. 20
JAIN OFFICE : P. Box No. 175
BHAVNAGAR-364001 (Gujarat)
Tele. O. 29919 R.C/o. 25859

જૈન

સ્વ. તંત્રી : ગુલાબચંદ દેવચંદ શેઠ
તંત્રી–મુદ્રક–પ્રકાશક–માલીક :
મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
જૈન ઓફિસ, પો.બો. નં. ૧૭૫, દાણાપીઠ, ભાવનગર

'જૈન' વર્ષ ૮૬
અંક : ૩૨

વીર સં. ૨૫૧૫ : વિ. સં. ૨૦૪૫ શ્રાવણ વદ ૯
તા. ૨૫ ઓગષ્ટ ૧૯૮૯ શુક્રવાર
મુદ્રણ સ્થાન : શ્રી જૈન પ્રિન્ટરી
દાણાપીઠ પાછળ, ભાવનગર-૩૬૪ ૦૦૧

હાડકાના માળાને ચેતનવંતો કરવા...(૨)

જૈન ધર્મ–શ્રમણ સંસ્કૃતિના રાગી–ભાવનાશીલો બહાર આવે.....

શ્રી જીનેશ્વરના આજ્ઞાથી બહાર એવો જે સમૂહ તેને 'અસ્થિસંઘ' અથવા હાડકાના માળખાની ઉપમા આપવામાં આવી છે. આ શબ્દ પ્રયોગ નવીન નથી. તે 'સંબોધ સપ્તતિકા' વાળા જે પ્રકરણમાં તેનો ઉલ્લેખ થવા પામ્યો છે.

હાલમાં ચતુર્વિધ સંઘના, ચારે અસ્થિ સ્વરૂપ શ્રમણ–શ્રમણી, શ્રાવક–શ્રાવિકાના અંગમાંથી કોઈપણ અંગની શિથીલતા કે બેપરવાહી તે જૈન ધર્મ અને સંસ્કૃતિને ઘાતક બની રહે છે. અને આ અંગે અમો "જૈન પત્ર" દ્વારા શ્રીસંઘની શુદ્ધિ અને એકતાની રક્ષા દ્વારા ધર્મના પોતાના તેજ અને પ્રભાવની રક્ષા કરવા માટે ધર્મની ધગશ, શાસનની દાઝથી સમ્યજ્ઞતા દાખવીને લેખો આપતા રહેલ છીએ અને આવા લેખોનો પ્રતિસાદ બને બાજુનો આવતો હોય છે.

સાધુ સમુદાયમાં થોડાક પણ એવા મુનિવરો છે કે જેઓ વિચારક અને સંવેદનશીલ છે. અને ધર્મ અને શ્રીસંઘમાં પ્રવેશી ગયેલી ખામીઓને પારખી કાર્ય–અકાર્યનો વિવેક કરવાની શક્તિ ધરાવે છે. તેઓશ્રી દ્વારા અમારા પ્રયત્નોને આવકાર મળતો રહે છે. તેમજ શ્રીસંઘ–કાર્યકરો–વિચારકો દ્વારા પણ કોન્ફરન્સના ઠરાવને સ્વિકારાતા હોય તેવા પત્રો પણ આવતા રહેલ છે, જેને સારા પ્રમાણમાં સ્વિકૃતિ મળતા સંયુક્તરૂપે એકઠા થયે 'જૈન' પત્રમાં પ્રગટ કરીશું. આવા વિચારોના પોષક શ્રીસંઘો પણ તેમનો પ્રતિભાવ નિર્ભયતાની શાસનદાઝ અને શાસનરાગથી શ્રીસંઘની અધોગતિ રોકવાના વિચારો–ઠરાવો સંમત્તિ–અસંમત્તિ જણાવવા વિનંતી છે.

અમારા એ લેખોના પ્રત્યાઘાતમાં ઘણાનું દિલ દુભાયું છે. ને તેમણે શાસનની બેઆબરૂ ના કરવા જણાવેલ છે. ત્યારે તેઓને અમારો પ્રશ્ન છે કે શું આવું કુકૃત્ય કરનાર કે તેમને પોષનારને અટકાવવા તે તમારી ફરજ નથી. તે માટે તમોએ કદિ કોઈ પ્રયત્ન કરેલ છે! તેની સફળતા–નિષ્ફળતા કે પ્રતિભાવ પણ જણાવશો.

આ લેખો માટે જેમને સીધેસીધોજ સ્પર્શ થયેલ છે તેવા શ્રમણો કે તેમના રાગી તરફથી ધમકી પત્રો, પત્રીકાઓ, પત્રો, નનામી આવી રહેલ છે. આવી નનામી પત્રીકા માટે તો શું લખવું ને શું કહેવું. તેની તો માત્ર ઉપેક્ષા કરવી રહી. અને એ શિથીલાચારીના પોષક–રાગીઓ પ્રત્યે કરૂણા જ દાખવીયે છીએ કેમકે તેમના કુટુંબ માટે તે પોષક હોઈ તેમનું આજીવીકાનું સાધન–જીહજુરી ને લાચારી હોય તેને માટે વિશેષ શું લખવું. હજુ તો તેમણે પત્ર–પત્રીકા દ્વારા જ લખેલ છે. પણ આગળ જતા તેઓ કોર્ટ સુધી પણ જુદી જુદી રીતે ખોટા કારણો ઉભા કરી ઘસડી જાય તો નવાય નહીં. બાકી તો જેમના માટે લખેલ છે કે લખવા માંગીયે છીયે તેમને અમોએ પત્ર પણ લખેલ છે. તેમને ખુલાસો મળે અમો જરૂર પત્રમાં આપીશું. તે માટે તેમની નૈતિક હિંમત ને શાસન–ધર્મ પ્રત્યેની દાઝ બસ થશે.

બાકી તો 'જૈન' પત્ર ૮૫ વર્ષના પ્રકાશનકાળ દરમ્યાન કોઇ પક્ષ-સમુદાય કે વ્યક્તિનું બનેલ નથી. તેને કદી કોઇ લાંચ કે પ્રલોભનથી ખરીદી શક્યું નથી. ત્યારે કાચના ઘરમાં બેઠેલા એ શ્રમણો દ્વારા કે પાંજરાપોળમાં બેઠા બેઠા કહે કે 'જૈન' પત્રને નામે દસ લાખ આપી અમારી વિરુદ્ધ લખવા પ્રેરેલ છે. આ તે કેવી ભીરૂતા.... પાણી પહેલા પાળ બાંધી પોતાના દુષણોને રોકવાની ચાલ સમજવી.

સં. ૨૦૪૨૫૯૬ક કે સં. ૨૦૪૪ના શ્રમણ સંમેલન માટે જૈન પત્રમાં જે રીતે સપોર્ટ આપેલ તે તો તેની મુળભુત નિતી-રીતી રૂપે જ જૈન સંઘની એકતા અને આચાર શુદ્ધિના યજ્ઞમાં તર્પણ તરીકે જ ભાગ ભજવેલ અને તે અંગેના જુના લેખો પણ બોલતો પુરાવો છે. બાકી શ્રમણ સંમેલનની પત્રીકાઓ કે શ્રી જૈન શાસન સેવા ટ્રસ્ટ દ્વારા પ્રગટ થતું વિસ્તૃત સાહિત્ય જાહેરાત રૂપે જ પ્રગટ થતુ હતું. તેમાં પણ જૈન પત્રએ રાહત આપીને મોટો ફાળો આપેલ. છતાં પણ તેણે નક્કી કરેલા સમય કે રકમ પણ પુરતી આપી શકેલ નથી... પત્રના નિતી નિયમો પ્રમાણે તો કોઇ પણ પક્ષ કે વર્ગની જાહેરાત લેવી પત્ર પેટી રૂપે લેખો પ્રગટ કરવા તે તો પત્રકારનો ધર્મ છે.... આપણા શ્રમણ ધર્મની શાન અને શ્રદ્ધાને ઠેસ પહોંચાડનારા અને અયોગ્ય આચરણ દ્વારા ખુલ્લા પડેલા ચિત્રભાનુ, યતિંદ્રવિજય, મનોજ્ઞવિજય કે જીનચંદ્ર જેવાઓ પણ જાહેરાતરૂપે કે તેથી પણ વધારે ચાર્જ આપીને જાહેરાત મોકલાવી છે ત્યારે ત્યારે કદી પ્રગટ કરી નથી. તે પૈસાને પાપી પૈસા ગણી અને સ્વીકારેલ નથી.... જૈન પત્રને કદી અમોએ વ્યવસાય કે ધંધા તરીકે સ્વીકારેલ નથી. માત્ર મિશન તરીકે જ સ્વીકારેલ હોય પૈસાને ગૌણ ગણેલ છે. અને તેથી જ જૈન પત્ર પાસે કદી ફંડ-સદ્ધરતા જેવું બનેલ નથી. તે તો તેના ગ્રાહકો-વાચકોના બળ ઉપર જ નભેલ છે. અમને આશા અને શ્રદ્ધા છે કે તે જ નભાવશે.

જૈન-પત્રના ગતાંકમાં આપણે પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજોને વિનંતી કરતા ને સંઘોએ પાળવા અંગેના મુદ્દાઓ જોયા. આ અંગેના શાસ્ત્રીય આધારો અને તેની સ્પષ્ટ સમજુતિ અંગે એક વિસ્તૃત લેખ હવે પછી ક્રમશ પ્રગટ કરીશું.

ધર્મ, સંઘ અને શ્રુતના અગ્રણી, રખેવાળ અને આધાર, શ્રમણ સંમેલનના પ્રવર્તકો અને આચાર્ય સંઘના પોતપોતાના સાધુ-સમુદાયના અધિનાયક-ગચ્છાધીપતિ અને વડીલ આચાર્ય મહારાજ આદિ ધર્મનાયકો જેઓએ સત્રની અને વિશેષ કરીને પોતપોતાના શિષ્યો-પ્રશિષ્યો-સમુદાયની આચાર શુદ્ધિની અને એકતાની વધારે પડતી ઉપેક્ષા કરીને શિથિલતાને વિસ્તારવાનો અવસર આપતા રહેલ છે. તટસ્થ કે નિષ્ક્રિય મૂક સાક્ષી બનીને જ બેસી રહેવામાં માને છે; તે સર્વેને તેમના સમુદાયના સર્વે શિથીલાચારની કે અન્ય ધર્મમાં ઉંણા ઉતરેલ ને તેમણે તેમની માલીકીના સ્થાનો-સંસ્થાનો કે ટ્રસ્ટો ઉભા કરેલ છે તેની ઉઘાડી માહિતી સહિત સમુદાયપતિઓ ઉપર જાહેરપત્રો આપીશું.

બાદ મુંબઇના તથા મોટા શહેરોના સંઘો દ્વારા કયા શ્રમણોને પાપ આચરવાનો છુટો દોર આપી જૈનધર્મના ગૌરવને હણેલ છે. તે શ્રીસંઘો-તેના ટ્રસ્ટીઓ સાથેના ખુલા પત્ર-આપવામાં આવશે.

આ બધું જૈન પત્ર પુરતું સિમિત રહેશે. અને તેને પણ અવગણવામાં કે ઉપેક્ષા વૃત્તિથી સ્વિકારાશે તો તેનો પ્રત્યાઘાત ચાર વર્ષ પહેલા બાવળાવાળા-જિનચંદ્રવિજયજી મ૦નું જે વર્તમાનપત્રોમાં પ્રગટ થવાની જૈન સંઘની - શાસનના ગૌરવ ને પ્રતિભાના ચિંથરા ઉડેલ તેમજ ઉડતા થશે...!

આવું ના બને તે પહેલા જેમને માથે જૈન સંઘની નેતાગીરી છે-જે અધિનાયક છે. તે ગંભીર ભાવે વિચારશે - પગલા ભરશે. જે શ્રમણો વર્તમાન પ્રવાહમાં અટવાયા વિના શ્રમણ ધર્મને સુપેરે પાળી રહેલ છે. તેઓ શક્તિશાળી, ભાવનાશીલ અને શાસનની દાઝ ધરાવતા એકત્ર મળી વિચાર કરે અને જરૂર પડે ભદ્ર થયેલને ઉઘાડા કરે, જરૂરી ઉપાયો હાથ ધરવાનો પુરૂષાર્થ કરે તો સંઘ અને ધર્મની શોચનીય સ્થિતિમાં જરૂર આવકારદાયક ફેરફાર થઇ શકે.

સંઘ અને ધર્મના શુદ્ધિકરણનો આજ મુખ્ય ઉપાય છે. આ યજ્ઞમાં જોડાવા અમારૂ સૌને આમંત્રણ છે.

ખુડાલા (રાજ.)માં પંચાહ્નિકા મહોત્સવની ઉજવણી

અત્રે પૂ૦ આચાર્યશ્રી નવિનસૂરીશ્વરજી મ૦સા૦, પૂ૦આ૦શ્રી જિનભદ્રસૂરીશ્વરજી મ૦સા૦, પૂ૦આ૦શ્રી હિરણ્યસૂરીશ્વરજી મ૦ સા૦, પં.શ્રી યશોવર્મવિજયજી મ૦સા૦ આદિ ઠાણા ૩૩ની નિશ્રામાં શ્રી જૈન શ્વે. સંઘના ઉપક્રમે પૂ૦આ૦ભ૦શ્રી લબ્ધિસૂરીશ્વરજી મ૦સા૦ની ૧૩મી સ્વર્ગવાસ તિથિના ઉપલક્ષમાં તા. ૬ ઓગષ્ટથી તા. ૧૦ ઓગષ્ટ દરમ્યાન વિવિધ આંગી, પંચકલ્યાણકપૂજા, અંતરાયકર્મપૂજા, નવ્વાણુ પ્રકારનીપૂજા તેમજ પાર્શ્વનાથ ૩૬ અભિષેક-આંગી વિગેરે ગત પંચાહ્નિકા મહોત્સવ ઉજવવામાં આવેલ.

અત્રે પૂ૦ આચાર્યશ્રીની શુભ નિશ્રામાં તારીખ ૧૩-૧૪-૧૫ ઓગષ્ટના ત્રણ દિવસીય ૧૫ થી ૪૦ વર્ષ સુધીની ઉંમરવાળા નવયુવાન ભાઈ બહેનો માટે ભવ્ય સંસ્કાર મેલા (શિબિર)નું આયોજન કરવામાં આવેલ. જેના વાચનદાતા પં૦ પ્રવરશ્રી યશોવર્મવિજયજી મ૦ સા૦ હતા.

ક્ષણ સુખ તો ખરજવું ખણતાં યે મળી જાય, પણ એ સુખ શી કિંમતનું ?

પૂજ્ય શ્રમણ–શ્રમણી ભગવંતોની સંવત ૨૦૪૫ની ચાતુર્માસ યાદી

'જૈન' પત્રમાં અત્યાર સુધી ચાતુર્માસ યાદી એક સાથે પ્રગટ કરવામાં આવતી હતી, પરંતુ આ યાદી ભેગી કરવામાં સારો એવો સમય પસાર થઈ જવાના કારણે ચાતુર્માસ યાદી વિલંબે પ્રગટ થતી હતી. જેથી આ વર્ષે જે જે સમુદાયની યાદી અમોને પ્રાપ્ત થએલ છે તે ક્રમશઃ પ્રગટ કરી રહ્યા છીએ. બાકી રહેતા સમુદાયની યાદી વહેલાસર મોકલવા વિનંતી છે.

જરૂરી નોંધ :–(૧) ચાતુર્માસ યાદીમાં પૂજ્યશ્રીના નામ સાથે છેડે આપેલી સંખ્યા તેમની સાથે બિરાજમાન આદિ ઠાણા ( ) કેટલા છે તે દર્શાવે છે. (૨) સરનામાં જ્યાં ઉપાશ્રયની વિગત ન આપી હોય ત્યાં જૈનમંદિર–જૈનઉપાશ્રય, સમજવા–અને સરનામાં એ વિગત ઉમેરવા (૩) પૂજ્ય આચાર્યદેવશ્રીમાં = આ૦શ્રી, પૂજ્ય ઉપાધ્યાયશ્રીમાં = ઉપા. શ્રી, પૂજ્ય પંન્યાસશ્રીમાં પં.શ્રી, પૂજ્ય મુનિરાજશ્રીમાં=મુનિશ્રી તથા પૂજ્ય સાધ્વીજી મહારાજમાં=સા.શ્રી આ પ્રમાણે શબ્દો બાંધેલ છે.

પૂજ્યપાદ યુગદિવાકર આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ.સા.નો સમુદાય

પૂ૦ આચાર્યશ્રી વિજયયશોદેવસૂરિજી મ૦ ૩
જૈન સાહિત્ય મંદિર, તલાટી રોડ, પાલીતાણા–૩૬૪૨૭૦
પૂ૦ આચાર્યશ્રી વિજયજયાનંદસૂરિજી મ૦ ૭
ઋષભદેવ જૈન મંદિર, ૧૦મો રસ્તો, ચેમ્બુર, મુંબઇ–૭૧
પૂ૦ આ૦ શ્રી વિજયકનકરત્નસૂરિજી મ૦ ૬
જૈન ઉપાશ્રય, શાંતાવાડી, જયપ્રકાશરોડ, અંધેરી–વે. મુંબઈ૫૮
પૂ૦ આ૦ શ્રી વિજયમહાનંદસૂરિજી મ૦ ૫
ચિંતામણી પા. દેરાસર, ૪૭એમ.જી.રોડ, પાર્લા–પૂ. મુંબઇ–૫૭
પૂ૦ આ૦ શ્રી વિજયસૂર્યોદયસૂરિજી મ૦ ૩
પાર્શ્વદર્શન, જુનાનાગરદાસ રોડ, અંધેરી–પૂર્વ, મુંબઈ–૬૯
પૂ૦ મુનિશ્રી સુબોધવિજયજી મ૦ ૨
જૈન ઉપાશ્રય, ગીતાંજલીનગર, સ્પે.સી.પેલા માળે,
એસ. વી. રોડ. બોરીવલી (વે.) મુંબઇ–૪૦૦૦૯૨
પૂ૦ ગણિશ્રી પૂર્ણાનંદવિજયજી મ૦ ૨
જૈન દેરાસર, ભૂલાભાઇ દેસાઈ રોડ, કાંદીવલી-વે. મુંબઈ–૬૭
પૂ૦ ગણિશ્રી પદ્માનંદવિજયજી મ૦ ૩
ઘેલાભાઇ કરમચંદ જૈન સેનેટોરિય,
વલ્લભભાઇ રોડ, પાર્લા (વેસ્ટ) મુંબઈ–૪૦૦૦૫૬
પૂ૦ મુનિશ્રી મહેન્દ્રવિજયજી મ૦ આદી
જૈન દેરાસર–ઉપાશ્રય, (બ.કાંઠા) પાલનપુર–૩૮૫૦૦૧
પૂ૦ મુનિશ્રી ક્ષમાનંદવિજયજી મ૦ આદી
જામનગરવાળી ધર્મશાળા, પોસ્ટ ઓફિસ સામે, પાલીતાણા
પૂ૦ મુનિશ્રી ભદ્રાનંદવિજયજી મ૦ આદી
કાપડ બજાર, કેડલ રોડ, માહિમ (વે.) મુંબઇ–૪૦૦૦૧૬
પૂ૦ મુનિશ્રી નિત્યાનંદવિજયજી મ૦ આદી
જૈન દેરાસર-ઉપાશ્રય, (જિ.ભાવનગર-સૌરા.) ઘોઘા

પૂજ્ય સાધ્વીજી મ૦નો સમુદાય

પ્રવર્તિની સાધ્વીશ્રી કુસુમશ્રીજી/સુનંદાશ્રીજી ૮
શાંતિનાથ જૈન ઉપાશ્રય, હોળીચકલા, (ખેડા) કપડવંજ
સા.શ્રી રાજેન્દ્રશ્રીજી આદી શ્રમણિવિહાર, તલાટીરોડ, પાલીતાણા
,, વસંતપ્રભાશ્રીજી શંખેશ્વર પાર્શ્વનાથ મંદિર, ૬
જુના નાગરદાસ રોડ, અંધેરી (પુર્વ) મુંબઈ–૪૦૦૦૬૯
,, કનકપ્રભાશ્રીજી ઘે. ક. જૈન ઉપાશ્રય, ૪
વલ્લભભાઇ પટેલ રોડ, પાર્લા (વે.) મુંબઇ-૫૬
,, જયસેનાશ્રીજી બોમ્બે હાઉસીંગ બોર્ડ, ૨
રૂમ નં. ૨૭૬, નુતન મીલ પાછળ, સરસપુર, અમદાવાદ-૧૮
,, સુવર્ણપ્રભાશ્રીજી / પદ્મરેખાશ્રીજી ૫
જૈન ઉપાશ્રય, શેઠવાસ (ઉ.ગુજરાત) કલોલ-૩૮૨૭૨૧
,, કિરણલત્તાશ્રીજી ઠાઃ૫ શ્રીમાળીવાગા, ડભોઈ-૩૯૧૧૧૦
,, અનુપમશ્રીજી આદી શ્રમણીવિહાર, તલાટીરોડ, પાલીતાણા
,, પૂર્ણકલાશ્રીજી ઠાઃ૪ જૈન મંદિર લેન, વાંદરા, મુંબઇ-૫૦
,, યશોલત્તાશ્રીજી ઠાઃ૩ માંડવીપોળ, ના.ભુ.પોળ, અમદાવાદ
,, અનંતગુણાશ્રીજી જૈન મંદિર–ઉપાશ્રય. ૨
નાગેશ્વર કોલોની, દરિયાપુરા ગોલા, (બિહાર) પટના
,, સૌમ્યદર્શિતાશ્રીજી ઠાઃ૨ વાયાઃનડીયાદ (ગુજ.) મહુધા
,, કમલાશ્રીજી / મંજુલાશ્રીજી 'કુસુમઘર' ૫
જૈન ભોજનશાળા પાસે, તલાટીરોડ, પાલીતાણા-૩૬૪૨૭૦
,, સ્નેહલત્તાશ્રીજી ઠાઃ૫ દરબારગઢ પાસે, મોરબી-૩૬૩૬૪૧
,, હંસલત્તાશ્રીજી ઠાઃ૨ સ્ટે.પાસે, (જિ.વડોદરા) માસારોડ
,, યશોનંદીનીશ્રીજી આદી શ્રમણીવિહાર, રૂમનં.–૨૦ પાલીતાણા
,, પ્રિયદર્શનાશ્રીજી / પદ્મલતાશ્રીજી ૭
બેનોનો ઉપાશ્રય, કોઠીપોળમાં, રાવપુરા વડોદરા-૩૯૦૦૦૧
,, મૃગેન્દ્રશ્રીજી / યશોધરાશ્રીજી, જૈન ઉપાશ્રય, ૭
દેવચંદનગર, હાજીબાપુ રોડ, મલાડ (પૂર્વ) મુંબઇ-૯૭
,, સુલક્ષણાશ્રીજી ઠાઃ૫ ઝવેરરોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઇ-૮૦
,, વિશ્વપ્રજ્ઞાશ્રીજી, ઠઃ૮, કવારીરોડ, રાજેન્દ્રપાર્ક, મલાડ મુંબઇ-૯૭

જ્ઞાન અને ચારિત્રના મૂળરૂપ સત્યવ્રતનું પાલનકર્તા મહાપુરૂષોને પગલે પૃથ્વી પવિત્ર બને છે.

સા૦શ્રી લ[illegible]શ્રીજી, ત્રિપાઠી ભુવન, ૬
[illegible] રે[illegible], ફાટક પાસે. ગોરેગામ (વેસ્ટ) મુંબઈ-૬૨
,, અંજના[illegible]શ્રીજી આદી શ્રીમાળીવાગા, (ગુજ.) ડભોઈ-૩૯૧૧૧૦
,, ઈન્દ્રશ્રીજી / દેવેન્દ્રશ્રીજી દેરાસર ઉપાશ્રય, ૩
છાપરીયા શેરી, મહીધરપુરા, સુરત-૩૯૫૦૦૩
,, મહેન્દ્રશ્રીજી ઠા:૨ રંભાબેન ઉપા, લાખુપોળ, વઢવાણશહેર
,, પ્રવિણશ્રીજી ઠા:૫ આઝાદચોક, (જિ.અમદાવાદ) નરોડા
,, હર્ષપ્રભાશ્રીજી જૈન મરચન્ટ સોસાયટી, ૪
બંગલા નં. ૧૭, સરખેજરોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭
,, હેમલત્તાશ્રીજી ઠા:૩ કારેલીબાગ, વડોદરા-૩૯૦૦૧૮
,, રશ્મિલતાશ્રીજી ઠા:૫ દેરાપોળ. બાબાજી પરા, વડોદરા
,, મયૂરકલાશ્રીજી, બ્રાહ્મનપુરી રોડ, ૫
કાંતિનગર, કુર્લા રોડ, અંધેરી (પૂર્વ) મુંબઈ-૪૦૦૦૫૯
,, પ્રિયંવદાશ્રીજી ઠા:૪ ૧૦મો રસ્તો, ચેમ્બુર મુંબઈ-૭૧
,, પદ્મયશાશ્રીજી ઠા:૩ ઉજડપા (જિ:જુનાગઢ) જેતપુર
,, જ્યોતિપ્રભાશ્રીજી, મુનિસુવ્રત જૈન દેરાસર, ૪
ભુલાભાઈ દેસાઈ રોડ, કાંદિવલી (વેસ્ટ) મુંબઈ-૬૭
,, કીર્તિકલાશ્રીજી વાસુપૂજ્ય જૈન દેરાસર, ૫
બ્રાહ્મણવાડા રોડના નાકે, માટુંગા (પૂર્વ) . મુંબઈ-૧૯
,, હર્ષકલાશ્રીજી, શીતલનાથ જૈન મંદિર, ૨
૬, જ્ઞાનમંદિર લેન, દાદર (વેસ્ટ) મુંબઈ-૪૦૦૦૨૮
,, ધર્મપ્રભાશ્રીજી આદી ગુંજન ફ્લેટસ, વાસણા, અમદાવાદ-
,, જયધર્મકલાશ્રીજી ઠા:૨ (જિ. જુનાગઢ:ગુજ.) વથલી
,, કુસુમશ્રીજી ખેડાંવાળા ચિંતામણી પા. જૈન મંદિર, ૧૧
૪૭,મહાત્મા ગાંધી રોડ, પાર્લા (પૂર્વ) મુંબઈ ૪૦૦૦૫૭
,, વિમલાશ્રીજી ઠા:૪ હજારીનિવાસ, તળેટીરોડ, પાલીતાણા
,, પદ્મયશાશ્રીજી ઠા:૩ શક્તિ પ્લોટ, મોરબી-૩૬૩૬૪૧
,, લલિતાંગયશાશ્રીજી ગીતાંજલીનગર, ૪
સ્પે.સી. વીંગ નં.૬ બ્લોક નં.૫૪. એસ વી.રોડ. બોરીવલી વે.
,, પુષ્પયશાશ્રીજી ઠા:૨ આનંદભુવન, તળેટીરોડ, પાલીતાણા
,, વિરતિયશાશ્રીજી આદી માંડવીપોળ, ના.ભુ.પોળ, અમદાવાદ
,, મનોરમાશ્રીજી, જૈન શ્રાવિકા ઉપાશ્રય, આદી
જયપ્રકાશ રોડ, અંધેરી (વેસ્ટ) મુંબઈ-૪૦૦૦૫૮
,, જ્યોતિર્ધરાશ્રીજી શીતલનાથ જૈન મંદિર, આદી
૬, જ્ઞાનમંદિર લેન, દાદર (વેસ્ટ) મુંબઈ-૪૦૦૦૨૮
,, કુમુદપ્રભાશ્રીજી / કલ્પલત્તાશ્રીજી ૯
ધર્મવિહાર, ચારબંગલા, ધૂમકેતુ રોડ, પાલડી અમદાવાદ-૭
,, જયપૂર્ણાશ્રીજી મેહુલ સોસા. વિભાગ-૨, ૨
બ્લોક નં. ૧૪, સુભાનપુરા, (ગુજરાત) વડોદરા
સા૦શ્રી પ્રિયદર્શનાશ્રીજી ઠા:૩ (જિ અમદાવાદ) ચાંદખેડા
,, ચંદ્રપ્રભાશ્રીજી ઠા:૫ બાબુ માધવ ધર્મશાળા, પાલીતાણા
,, કનકપ્રભાશ્રીજી/મતીગુણાશ્રીજી, ઠા. લાલબાગસ મે, જામનગર
,, કનકપ્રભાશ્રીજી, આદી શ્રમણીવિહાર, તળેટી[illegible] પાલીતાણા
,, ચંદ્રાશ્રીજી આદી મોતીશાની મેડી, ગામમાં, પાલીતાણા
,, સુયશાશ્રીજી આદી માંડવીચોક, દેરાસેરી રાજકોટ-૩૬૦૦૦૧
,, આત્મગુણાશ્રીજી આદી હઠીભાઇ ધર્મશાળા, પાલીતાણા
,, તત્વગુણાશ્રીજી આદી (સાબરકાંઠા) તલોદ
,, ધર્મોદયાશ્રીજી ઠા:૨ હરીપુરા, અસારવા, અમદાવાદ-૧૬

શ્રી કરેડા પાર્શ્વનાથજી તીર્થની

[રેલ્વે સ્ટેશન ભુપાલસાગર (જિ. ચિત્તોડગઢ, રાજસ્થાન)]

યાત્રાર્થે અવશ્ય પધારો

આ મંદિરનું નિર્માણ આચાર્ય ધર્મઘોષસુરિજી મ. ના ઉપદેશથી માંડવગઢના મહામંત્રી સંઘપતિ પેથડશાહ દ્વારા સં. ૧૩૨૧ મ. કરવામાં આવ્યું અને તેના શિખર પર સાત ખંડનું ભવ્યમંદિર શ્રી પેથડશાહના પુત્ર ઝાંઝણકુમારે સં. ૧૩૪૦માં નિર્માણ કર્યું, જેનુ સુકૃત સાગર તરંગ આદમાં વર્ણન છે.

તેનો હાલમાં શ્રી શંખેશ્વર - ભોયણી તીર્થ દ્વારા રૂપિયા ૧,૨૫,૦૦૦૦/- ખર્ચ કરી જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે અને બાવન દેરીઓમાં શ્રી પાર્શ્વપ્રભુની પ્રતિમા વિભિન્ન તીર્થોના નામથી બિરાજમાન કરવામાં આવી છે. મુલનાયક ભગવાનની પ્રાચીન અત્યંત મનોહરી, ચમત્કારી, શ્યામવર્ણિય પ્રતિમાજીના નિર્મલ ભાવથી દર્શન કરી પુણ્યોપાર્જન કરો.

અમદાવાદથી ઉદયપુર, ચિત્તોડ રેલ્વે માર્ગ પર ભુપાલસાગર નામના સ્ટેશનથી ૩ ફર્લાંગ દુર આ તીર્થ આવેલ છે બસોની પણ સુવિધા ઉપલબ્ધ છે.

આ તીર્થની યાત્રા સાથે જ મેવાડની પંચ તીર્થીના દર્શનના પણ લાભ મળશે. આ તીર્થોમાં શ્રી દયાલશાહના કિલ્લા નામનું પણ લાભ મળશે. આ તીર્થોમાં શ્રી દયાલશાહના કિલ્લા નામનું તીર્થ જે રાજસમન્દ-કંકરોલીના મધ્યમાં છે. લગભગ ૨૫૦ પગથિયાથી આ તીર્થ 'મેવાડ શેત્રુંજય' નામથી પણ પ્રસિદ્ધ છે.

આ બંને તીર્થો પર આધુનિક સુવિધાઓથી સુસજ્જિત વિશાલ ધર્મશાળા તથા ભોજનશાળાની સુવ્યવસ્થા છે.

લિ. કરેડા પાર્શ્વનાથ તીર્થ કમિટિ

ભુપાલસાગર (રાજસ્થાન) [ફોન નં. ૩૩]

શરીરરૂપી ઇમારતનો આધાર પફ-પાવડરના બ્યુટિપાર્લર પર નહીં પરંતુ બ્રહ્મચર્યરૂપી પાયા પર છે.

અચલગચ્છ સમુદાયની યાદી

પૂજ્ય આચાર્યશ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ૦ ૩
,, મુનિશ્રી રાજરત્નસાગરજી મ૦
૭૨, જિનાલય, ગુણનગર, તા. માંડવી (કચ્છ) ગુણનગર
,, આ૦ શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ૦, ૮
,, મુનિરાજશ્રી સૂર્યોદયસાગરજી મ૦
જૈન દેરાસર. ઝવેર રોડ, મુલુન્ડ-વેસ્ટ, મુંબઈ-૪૦૦૦૮૦
,, મુનિશ્રી કૈલાસસાગરજી/મહોદયસાગરજી મ૦ ૪
,, મુનિશ્રી દેવરત્નસાગરજી મ.
અચલગચ્છ ઉપાશ્રય, આણંદ ચકલા, જામનગર-૩૬૧૦૦૧
,, ... શ્રી કવીન્દ્રસાગરજી/વીરભદ્રસાગરજી મ૦ ૨
એ/તીરૂપતી એપાર્ટમેન્ટ, મહાલક્ષ્મી મુંબઈ-૪૦૦૦૨૬
,, મુનિશ્રી મહાભદ્રસાગરજી/પૂર્ણભદ્રસાગરજી ૩
જૈન ઉપાશ્રય, વાયાઃભુજ (જિ.કચ્છ) નરેડી
,, મુનિશ્રી હરિભદ્રસાગરજી/મહારત્નસાગરજી ૨
હિરાપન્નાસ મે, પેલેમાળે, જુનાપનવેલરોડ, (જિઃથાણા) મુંબ્રા
,, મુનિશ્રી પુણ્યોદયસાગરજી/અનંતરત્નસાગરજી ૨
શ્વે.મંદિર, જૈનસેન્ટર, સેકટર-૧૭, ન્યુ ઓમ્બેવાસી, મુંબઈ
,, ...નશ્રી સ...દયસાગરજી/ઉદયરત્નસાગરજી ૨
... શ્વે. મંદિર. તાજના પેઠ, (M S.) આકોલા-૪૪૪૪૦૧
,, મુનિશ્રી કમલપ્રભસાગરજી/મલયસાગરજી ૫
C/o.જુહારમલ જોગીદાસની કું., લક્ષ્મીબજાર,(રાજ.) બાડમેર
,, મુનિશ્રી નયપ્રભસાગરજી/કંચનસાગરજી ૨
... એપાર્ટમેન્ટ, જૈનદેરા. ચમારબાગલેન, પરેલ. મુંબઈ-૧૨
,, મુનિશ્રી નરરત્નસાગરજી/દર્શનરત્નસાગરજી ૨
જૈનમંદિર-ઉપાશ્રય, જિ.બાડમેર-રાજસ્થાન) ...ના
,, મુનિશ્રી પ્રેમસાગરજી આદી જૈનઆશ્રમ, (કચ્છ) નાગલપુર-ઢીંઢ
,, મુનિશ્રી વિ...જી મ૦ આદી
જૈ.શ્વે.કોઠી, ક્ષત્રિયકુંડ (જિઃમુંગેર-બિહાર)લછુવાડ-૮૧૧૩૧૫

પૂજ્ય સાધ્વીજી સમુદાયની યાદી

મુખ્યા સાધ્વીશ્રી હરખશ્રીજી ૪
નીલગગન સોસાયટી, ઓસવાલ પાસે. પાલીતાણા-૩૬૪૨૭૦
સા૦શ્રી ગિરિવરશ્રીજી ઠાઃ૨ તા.માંડવી (કચ્છ) સાંભરાઈ
,, હંસશ્રીજી ઠાઃ૬ જૈનઆશ્રમ, ,, ,, નાગલપુર-ઢીંઢ
,, મનહરશ્રીજી ઠાઃ૪ વાણીયાવાડ, મોટોડેલો(કચ્છ)ભુજ-૩૭૦૦૦૧
,, નરેન્દ્રશ્રીજી/વિદ્યુતપ્રભાશ્રીજી આદી (અબડાસા-કચ્છ) સુથરી
,, સુરેન્દ્રશ્રીજી ઠાઃ૨ વાયા : માંડવી (કચ્છ), ડુમરા
,, વસંતશ્રીજી / દિવ્યગુણાશ્રીજી ઠાઃ૨ કાજી ચકલો, જામનગર

સા૦શ્રી ચંદ્રપ્રભાશ્રીજી ઠાઃ૨ કચ્છીભુવન, પાલીતાણા-૩૬૪૨૭૦
,, સૂર્યયશાશ્રીજી ઠાઃ૨ C/o.રણશી કુંવરજી (ભુજ;કચ્છ) ગઢશીશા
,, પ્રિયંવદાશ્રીજી ઠાઃ૩ ગણેશચોક (જાલોર-રાજ.) ભીનમાલ
,, સુલક્ષણાશ્રીજી આદી વાયા : માંડવી (કચ્છ) હાલાપુર
,, નિરંજનાશ્રીજી ઠાઃ૫ અચલગચ્છ જૈન ઉપાશ્રય,
દેશાઈવાડી, ગણેશ ટોકીઝ પાસે, મુલુન્ડ-પૂર્વ, મુંબઈ-૮૧
,, અમરેન્દ્રશ્રીજી/રમ્યગુણાશ્રીજી ઠાઃ૩ (ભુજ-કચ્છ) કોટડા-રોહા
,, રત્નપ્રભાશ્રીજી ઠાઃ૨ વાયા : ગઢશીશા (,,) મકડા
,, ખીરભદ્રાશ્રીજી/નિર્મળગુણાશ્રીજી ઠાઃ૨ અચલગચ્છ બહેનોનો ઉપાશ્રય, કે.ટી.રોડ, (કચ્છ-ગુજ.) માંડવી
,, હીરપ્રભાશ્રીજી/અનંતગુણાશ્રીજી ઠાઃ૩ (માંડવી-કચ્છ) રાયણમોટી
,, પુણ્યોદયાશ્રીજી/હર્ષગુણાશ્રીજી ઠા ૩ કમલા એપાર્ટમેન્ટ,
સ્વીમીંગપુલ પાસે, એમ.જી.રોડ, કાંદીવલી(વે.) મુંબઈ-૬૭
,, રત્નરેખાશ્રીજી ઠાઃ૨ દેરાસરલેન, ઘાટકોપર(ઈ) મુંબઈ-૭૭
,, ચારૂલત્તાશ્રીજી/તત્ત્વપ્રજ્ઞાશ્રીજી વીરા શોપીંગ સેન્ટર ૫
... સામે, (જિ.થાણા-એમ.એસ.) ડોંબીવલી-ઇસ્ટ
,, વસંતપ્રભાશ્રીજી ઠાઃ૩ તા.માંડવી (કચ્છ) તલવાણા
,, અરૂણોદયશ્રીજી/હિરણ્યપ્રભાશ્રીજી ૪
રાજેન્દ્રપાર્ક, પેલામાળે, સ્ટે. રોડ, ગોરેગાંવ (વે.) મુંબઈ-૬૨
,, કનકપ્રભાશ્રીજી આદી ગણેશચોક, (જાલોર-રાજ.) ભીનમાલ
,, અરૂણપ્રભાશ્રીજી ઠાઃ૩ તા.માંડવી(કચ્છ) ડોણ
,, કલ્યાણોદયશ્રીજી આદી ,, ,, નવાવાસ
,, ચંદ્રયશાશ્રીજી ઠાઃ૨ (અબડાસા-કચ્છ) વરાડીયા
,, ભુવનશ્રીજી / વીરગુણાશ્રીજી ૪
ભાલેરાવ ટેકરા, પ્રતાપ રોડ, રાવપુરા, વડોદરા-૩૯૦૦૦૧
,, વિશ્વોદયશ્રીજી ઠાઃ૩ તા.મુન્દ્રા (કચ્છ) ભુજપુર
,, કલ્પલત્તાશ્રીજી/ધર્મકીર્તિશ્રીજી ૩
વાયા : ગઢશીશા (જિ.ભુજ-કચ્છ) દેવપુર
,, આનંદપ્રભાશ્રીજી ઠાઃ૪ નરશી નાથા ધર્મશાળા, પાલીતાણા
,, પૂર્ણાનંદશ્રીજી ઠાઃ૩ માલશી લાધા ધર્મશાળા,
ખાખરીયો ફરીઓ, તા.માંડવી (કચ્છ) બીદડા
,, સદ્ગુણાશ્રીજી/સુશીલગુણાશ્રીજી ૩
સંભવનાથ ચોક, દેરાસર લેન, વડાલા, મુંબઈ-૪૦૦૦૩૧
,, મનોરમાશ્રીજી/વિરાગપૂર્ણાશ્રીજી ઠાઃ૨ (અબડાસા-કચ્છ) તેરા
,, હંસાવલીશ્રીજી ઠાઃ૩ તા.માંડવી (કચ્છ) ગઢશીશા
,, સુનંદાશ્રીજી આદી વાયા : વિરમગામ (ઉ ગુ.) માંડલ
,, જયલક્ષ્મીશ્રીજી ઠાઃ૨ (અબડાસા-કચ્છ) કોઠારા
,, મહોદયાશ્રીજી ઠાઃ૪ સહસ્રફણા જૈન મંદિર,
માહેશ્વરી ઉદ્યાન, માટુંગા-સી.આર. મુંબઈ-૪૦૦૦૧૯

અંતરનો અવાજ સાંભળીને માનવી ડગ ભરે તો ઘણાં પાપકર્મથી બચી જાય.

સા. શ્રી ગુણલક્ષ્મીશ્રીજી આદી ધુલીયારોડ, (એમ.એસ.) ચાલીસગામ
,, વિપુલયશાશ્રીજી આદી કેશવજી નાયક ધર્મશાળા, પાલીતાણા
,, જયરેખાશ્રીજી ઠાઃ૩ તા. માંડવી, (જિ.કચ્છ) મોટા લાયજા
,, જ્યોતિષપ્રભાશ્રીજી ઠાઃ૨ વજીરાબાદ રોડ, (એમ.એસ.) નાંદેડ
,, વિચક્ષણાશ્રીજી/દિવ્યપ્રજ્ઞાશ્રીજી આદી કચ્છ
,, અભયગુણાશ્રીજી ઠાઃ૩ તા. માંડવી (કચ્છ) ગોધરા
,, અક્ષયગુણાશ્રીજી ઠાઃ૫ તા. મુન્દ્રા (,,) કાંડાકરા
,, નિર્મલપ્રભાશ્રીજી ઠાઃ૨ તા. અબડાસા (,,) નલીયા
,, ભાવપૂર્ણાશ્રીજી ઠાઃ૩ તા. માંડવી (,,) શેરડી
,, વિપુલગુણાશ્રીજી ઠાઃ૩ અચલગચ્છ જૈન ઉપાશ્રય,
૨૧, મલાડ શોપીંગ સેન્ટર, એસ.વી.રોડ, મલાડ-વે. મુંબઇ-૬૪
,, જયગુણાશ્રીજી ઠાઃ૨ સી-પંકજ, બુદ્ધમંદિર પાસે, વર્લી, મુંબઇ
,, ધૈર્યપ્રભાશ્રીજી ઠા.૨ કચ્છીભુવન, પાલીતાણા-૩૬૪૨૭૦
,, ચારૂપ્રજ્ઞાશ્રીજી ઠાઃ૩ આગ્રા રોડ, ભાન્ડુપ-વે. મુંબઇ-૭૮
,, મહાપ્રજ્ઞાશ્રીજી ઠાઃ૪ (ઉદયપુર-રાજસ્થાન) સનાવાડ
,, સૌમ્યગુણાશ્રીજી ઠાઃ૩ નિર્મલરોડ, (થાણાઃM.S.) નાલાસોપારા
,, શીલગુણાશ્રીજી ઠાઃ૨ તા. માંડવી (કચ્છ) નાગલપુર (ઢીંઢ)
,, નંદિવર્ધનાશ્રીજી ઠા ૨ પ્રેમગુરૂ બિલ્ડીંગ, પેલે માળે,
દેરાસર લેન, વાંદરા (વેસ્ટ) મુંબઇ-૪૦૦૦૫૦
,, ભદ્રગુણાશ્રીજી ઠા.૨ મહાજનવાડી, ન્યુ ચીચબંદર, મુંબઇ-૯
,, કીર્તિગુણાશ્રીજી આદી બિધુશ્રા, ૧૫મોરસ્તો, ચેમ્બુર, મુંબઇ ૭૧
,, નયપૂર્ણાશ્રીજી ઠા.૨ તા. માંડવી (કચ્છ) મેરાઉ
,, અમિતપ્રજ્ઞાશ્રીજી ઠા.૨ અચલગચ્છ જૈન ઉપાશ્રય,
પારસ બિલ્ડીંગ, જગડુશાનગર, ઘાટકોપર-વે મુંબઇ-૮૬
,, નંદિષેણાશ્રીજી ઠા ૩ વાયા-ભુજ (કચ્છ) મોટા આસંબીયા
,, દેવગુણાશ્રીજી આદી તા. અબડાસા (,,) જખૌ
,, જયપ્રજ્ઞગુણાશ્રીજી આદી એસ.એસ.રાવરોડ, લાલવાડી, મુંબઇ-૧૨
,, ચારૂધર્માશ્રીજી આદી એ/કલ્પતરૂ, કાજુરમાર્ગ (પૂર્વ) મુંબઇ-૭૮
,, ભવ્યદર્શનાશ્રીજી આદી
C/o. ભંવરલાલ જગદીશચંદ શેઠ, ભીલવાડા-રાજ.) ઓડોલ
,, મોક્ષદર્શનાશ્રીજી આદી લોડીપાળા, (થાણાઃM.S.) અંબરનાથ
,, આત્મરક્ષિતાશ્રીજી ,, વાયા : ભુજ (કચ્છ) નાનાઆસંબીયા
,, જયધર્માશ્રીજી ,, તા. માંડવી (,,) બાડા
,, મોક્ષગુણાશ્રીજી ,, ગૌતમલબ્ધિ, પેલે માળે,
વીર સાવરકર માર્ગ, (એમ.એસ.) થાણા-૪૦૦૬૦૧
,, ગુણદર્શનાશ્રીજી આદી મુલરાજભુવન,
ટી. જે. રોડ, શીવરી, મુંબઇ-૪૦૦૦૧૫
,, સંવેગગુણાશ્રીજી આદી આકાશગંગા, પેલા માળે,
દેરાસર રોડ, (જિઃથાણા-મહારાષ્ટ્ર) ભાઇન્દર

સા.શ્રી ગુણમાલાશ્રીજી આદી લતા સ્ટોર્સ, વિક્રોલી-પૂર્વ, મુંબઇ-૮૩
,, વિશ્વલત્તાશ્રીજી ઠાઃ૩ કચ્છી ભુવન, પાલીતાણા-૩૬૪૨૭૦

પૂજ્યપાદ આચાર્યદેવશ્રી દાન-પ્રેમસૂરીશ્વરજી મ.ના પૂજ્ય આચાર્યશ્રી ધનપાલસૂરીશ્વરજી મ. ની આજ્ઞાવર્તી પૂજ્ય સાધ્વીજી મ.નો સમુદાય

પ્રવર્તિની સાધ્વીશ્રી ઇન્દ્રશ્રીજી/સ્વયંપ્રભાશ્રીજી ઠાઃ૧૨
રંજનવિહાર, કન્યાશાળા ઉપાશ્રય, માણેકચોક, ખંભાત
સા૦શ્રી વસંતપ્રભાશ્રીજી, ૨૫ દીપકુંજ સોસા૦ ઠાઃ૧૯
ભગવાનનગરનો ટેકરો, પાલડી. અમદાવાદ-૭
,, વિનયપ્રભાશ્રીજી/યશોધનાશ્રીજી ઠાઃ૯
શાંતિનગર સોસા૦, આશ્રમ રોડ, અમદાવાદ-૧૩
,, તત્વપ્રજ્ઞાશ્રીજી/દર્શનરત્નાશ્રીજી ઠાઃ૬
આયંબીલ ખાતા સામે, રામનગર, સાબરમતી, અમદાવાદ-૫
,, રોહિતાશ્રીજી ઠાઃ૮ સ્ટે. સિરોહીરોડ, (રાજ.) પીન્ડવાડા
,, નિર્મળગુણાશ્રીજી ઠાઃ૪ ,, (,,) ઓડોલી
,, ચંદનબાળાશ્રીજી ઠાઃ૭ ટાંગડીયાવાડો, (ઉ.ગુ.) પાટણ
,, મહાનંદાશ્રીજી ઠાઃ૨ રસાલા લેન, (બ.કાંઠા) નવા ડીસા
,, વસંતપ્રભાશ્રીજી આદી (,,) રાધનપુર
,, ભાગ્યોદયાશ્રીજી/વિનીતાશ્રીજી ઠાઃ૮
શીતલનાથ સંસ્થાન, (જિ, જલગાંવ-એમ.એસ.) અમલનેર
,, હર્ષપૂર્ણાશ્રીજી ઠાઃ૬ તેલીગલી, (,) ધુલીયા
,, કીર્તિપૂર્ણાશ્રીજી ઠાઃ૬ જ્ઞાનમંદિરસોસાયટી, પાલડી, અમદાવાદ ૭
,, ધર્મજ્યોતિશ્રીજી ઠાઃ૨ નાગરવાડો, ખંભાત-૩૮૮૬૨૦
,, શુભદર્શનાશ્રીજી / જયનંદિતાશ્રીજી ઠા.૫
છાલીયાપર ઉપાશ્રય, ડોડી શેરી, (જિ.સુ.નગર) લીંબડી
,, અનંતકીર્તિશ્રીજી / રાજરત્નાશ્રીજી ઠા.૧૩
ચંદ્રપ્રભસ્વામી મંદિર, ૩૪૫, મીન્ટ સ્ટ્રીટ, મદ્રાસ-૬૦૦૦૭૯
,, વિમલપ્રભાશ્રીજી / કીર્તિપૂર્ણાશ્રીજી ઠા ૭
રાજસ્થાન જૈન શ્વે. મૂ૦ પૂ૦ સંઘ,
૨૪/૨૦૮-૨૦૯, રંગાઇ ગાઉન્ટ સ્ટ્રીટ, કોઇમ્બતુર-૬૪૧૦૦૧
,, મોક્ષલતાશ્રીજી ઠા.૩ શાંતિનિકેતન, ગોંડલ-૩૬૦૦૦૬
,, દિવ્યપ્રજ્ઞાશ્રીજી ઠા.૪ (સા.કાંઠા) ખેડબ્રહ્મા-૩૮૩૨૫૫
,, હિતસેનાશ્રીજી ઠા.૨ મંગલસોસા, જીનતાનરોડ, સુરેન્દ્રનગર

જિનેન્દ્રભક્તિના મહોત્સવ માટે : ફોન : ૬૩૬૪૫૦૫/૬૩૬૩૭૫૨
જૈન સંગીતકાર
જૈન ગીતકાર **મનુભાઈ એચ. પાટણવાળા**
અરવિંદકોલોની, ૧૪૫-ડી, અરૂણનિવાસ, ઇરલા,
વિલેપાર્લા(વે.) મુંબઇ-૪૦૦૦૫૬

હિંસા અને અસત્ય વગેરે પાપ રસપૂર્વક આચરવાથી તીવ્ર કર્મ બંધાય.

મુંબઇ–પ્રાર્થના સમાજમાં ચાતુર્માસ પ્રવેશ

અત્રે પૂજ્ય પંન્યાસશ્રી યશોવિજયજી મ૦સા૦ આદિ ઠા. ૩નો અષાઢ સુદ ૬ તા. ૯–૭–૮૯ના ઘણા ઉલ્લાસપૂર્વક ચાતુર્માસ પ્રવેશ થયેલ છે. આ પ્રવેશ પ્રસંગ નિમિત્તે કાંદીવલી–મહાવીર-નગર, વાલકેશ્વર આદિ સ્થાનોએથી પ્રવેશ નિમિત્તે સારી સંખ્યામાં ભાવિકો પધાર્યા હતા. આ નિમિત્તે અત્રેના શ્રીસંઘ તરફથી સાધર્મિકવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું. પૂજ્યશ્રીના અત્રેના આગમનથી શ્રીસંઘમાં ઉલ્લાસમય વાતાવરણ સર્જાયું છે.

અત્રે પૂજ્યશ્રીની નિશ્રામાં ચા–ઢેબરાના એકાસણા કરાવવામાં આવેલ. અને આજ દિવસે ૧૦૮ દીવાની આરતીનું ઘી બોલા-વવામાં આવેલ જે ૮૦૧ મણ થયેલ. અને દીવાની રોશની જાણે દિવાળીનું પર્વ હોય તેવી લાગતી હતી.

અષાઢ વ. ૧૪થી અત્રેના શ્રીસંઘમાં મોક્ષદંડક તપ અને સમવસરણ તપની આરાધના શરૂ થયેલ. જેમાં સારી એવી સંખ્યામાં ભાગ લેવામાં આવેલ. બેસણા આદિ તપશ્ચર્યાઓ પણ જુદા જુદા મહાનુભાવો તરફથી કરાવવામાં આવી છે.

શ્રાવણ સુદ ૫ના પૂજ્યશ્રીએ એક ભવમાં અનેક ભવ એ વિષય ઉપર જાહેર વ્યાખ્યાન આપેલ. જેમાં પરામાંથી પણ ઘણા ભાવિકો પધાર્યા હતા. હાલ નિયમિત સવારના ૯થી ૧૦ ઉપદેશ માળા ઉપર પ્રવચન આપવામાં આવે છે જેમાં પણ ભાવિકો ભાગ લઇ રહ્યા છે.

પૂજ્યશ્રીની નિશ્રામાં ઉપદેશમાળા–ગ્રંથ વહોરાવવાનું ઘી ૧૨૦૧ મણથી થયેલ જેનો લાભ શ્રી સુરેશભાઈ ઝવેરી દ્વારા લેવામાં આવેલ. સામુદાયિક મોક્ષદંડ તથા સમોવસરણ તપમાં ૧૦૦ ઉપરાંત ભાઈ–બહેનોએ લાભ લીધો હતો. સાધ્વીશ્રી વીરસેનાશ્રીજી મ૦ને પણ ઉગ્ર તપશ્ચર્યા ચાલી રહી છે. અષાડ સુદ ૧૧ના શુભ દિને મુનિશ્રી સુયશવિજયજી મ૦ને નૂતન દીક્ષા અંગીકાર કરાવવામાં આવેલ. અત્રે સોનામાં સુગંધરૂપ કેસરસૂરિજી મ૦સા૦ના સમુદાયના સાધ્વીશ્રી મંજુલાશ્રીજીના શિષ્યા સા૦ શ્રી મધુકાંતાશ્રીજી (મહુવા વાળા) તથા સાધ્વીશ્રી મધુલતાશ્રીજી આદિ ઠા. ૩ પણ ચાતુર્માસ અર્થે પધાર્યા છે.

શ્રી શત્રુંજય ગિરિરાજાય નમઃ

પધારો ! જરૂર પધારો ! !

જંબુદ્વીપ નિર્માણ યોજનાની પણથંભી આગેકૂચ

વિજ્ઞાન અને અધ્યાત્મનો સુમેળ સાધી જૈનત્વ અને હિન્દુત્વનું સંરક્ષણ કરતી આ વિશાળ યોજનામાં ચાલી રહેલાં કાર્યોની રૂપરેખા :—

પૂજ્યપાદ પંન્યાસજી ગુરુદેવશ્રીના શિષ્યરત્ન પૂ૦ પં૦ શ્રી અશોકસાગરજી મ૦ સા૦ના માર્ગદર્શન નીચે ચાલી રહેલ ઝડપી કાર્યો.......

(૧) જંબુદ્વીપ જૈન દેરાસરના તમામ કાર્યોને ઝડપી પૂર્ણ કરવા માટે અપાઈ ગયેલા ઓર્ડરો.
(૨) બે સૂર્યના પરિભ્રમણ દ્વારા ભારત–અમેરિકા આદિ દેશોમાં થતાં સૂર્યોદયની વધઘટનું પ્રેકટીકલ યંત્ર હમણાં જ તૈયાર થઇ ગયું છે જેમાં ૧૮૪ માંડલા વિગેરેનું પ્રત્યક્ષ દર્શન થાય છે.
૩) અધ્યાત્મ યોગી પં. ગુરુદેવશ્રી અભયસાગરજી મ૦સા૦ના શ્રી નવકાર મહામંત્રના પટો વિ. ને ફ્રેમીંગ કરી સુરક્ષિત કરવા શ્રી નવકાર મંદિરનું આયોજન.... જેનું ખાતમુહૂર્ત શ્રાવણ વદ ૩ના મંગલ દિવસે થયેલ છે.
(૪) વિશાળ અને ભવ્ય આરાધના ભવન નિર્માણ કરવા માટે વિચારણા ચાલી રહેલ છે.
(૫) પ્રકાશિત થયેલ પુસ્તકોનું ઝડપી વેચાણ–નવા પુસ્તકોનું પ્રકાશન અને પુનઃ પ્રકાશનનું કાર્ય હાથ ધરાયેલ છે.
(૬) જંબુદ્વીપની વિશાળ જમીનને કમ્પાઉન્ડ વોલ કરવાનું કાર્ય ચાલે છે.
(૭) આકર્ષક કુપનોના વિમોચન સાથે ગામોગામ તેના વેચાણનું આયોજન....

આ સુંદર આયોજન ઝડપથી મૂર્તિમંત બને તે માટે ઘનિષ્ઠ પ્રયાસો થઇ રહ્યાં છે. પૂજ્યપાદ પંન્યાસજી ગુરુદેવ-શ્રીની પ્રેરણાથી આરંભાયેલા કાર્યો પૂર્ણ થાય તે માટે સર્વે સંઘો–વ્યક્તિઓને સાથ સહકાર આપી લાભ લેવા નમ્ર વિનંતી.

લિ. શ્રી વર્ધમાન જૈન પેઢી–પાલીતાણા

— પુછપરછ અને પરિચય માટે —

પંન્યાસશ્રી અશોકસાગરજી મ૦ સા૦, જંબુદ્વીપ જૈન પેઢી, પાલીતાણા-૩૬૪૨૭૦

પૂજયપાદ શાસન પ્રભાવક આચાર્યશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ૦નો સમુદાય

પૂજ્યપાદ આચાર્યશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ૦, ૭૧
પૂ૦ આ૦ શ્રી વિજયસુદર્શનસૂરિજી મ૦,
પૂ૦ આ૦ શ્રી વિ મહોદયસૂરિજી/આ૦શ્રી વિ રવિપ્રભસૂરિજી મ.
મહારાષ્ટ્ર જૈન ભવન, તલાટી રોડ, પાલીતાણા-૩૬૪૨૭૦
પૂ૦આ૦શ્રી વિજયભુવનસૂરિજી આદી (સાબરકાંઠા) ખેડબ્રહ્મા
,, આ૦શ્રી વિ૦વર્ધમાનસૂરિજી આદી શ્રીમાળીવાગા, ડભોઈ
,, આ૦શ્રી વિ૦જયંતશેખરસૂરિજી, આ૦શ્રી વિ.નિત્યાનંદસૂરિજી
નૂતન જૈન આરાધના ભુવન, ૪,વિઠ્ઠલપ્રેસરોડ, સુરેન્દ્રનગર
,, આ૦શ્રી વિ૦ રાજતિલકસૂરિજી મ૦ આદી
ચારરસ્તા પાસે, ઉસ્માનપુરા, આશ્રમરોડ, અમદાવાદ-૧૩
,, આ૦શ્રી વિ૦ પ્રદ્યોતનસૂરિજી મ૦ આદી
ગુજરાતી કટલા, (રાજસ્થાન) પાલી-૩૦૬૪૦૧
,, આ૦શ્રી વિ. મિત્રાનંદસૂરિજી મ૦/પં.શ્રી મહાબલવિજયજીઆદી
પૂ૦રા૦આરાધના ભવન, રામનગર, સાબરમતી, અમદાવાદ-૫
,, આ૦શ્રી વિ૦ વિચક્ષણસૂરિજી મ૦ આદી
પન્નારૂપ યાત્રિક ગૃહ, તલાટી રોડ, પાલીતાણા-૩૬૪૨૭૦
,, આ૦શ્રી લલિતશેખરસૂરિજી મ૦ આદી
દાનસૂરિ જ્ઞાન મંદિર, કાળુપુર, અમદાવાદ-૩૮૦૦૦૧
,, આ૦શ્રી રાજશેખરસૂરિજી મ૦ આદી
જૈન વિદ્યાશાળા, દોશીવાડાની પોળ, કાળુપુર, અમદાવાદ-૧
,, પં.શ્રી લલિતવિજયજી મ૦ ઠા:૩ શાહપુર, અમદાવાદ-૧
,, પં.શ્રી પુંડરીકવિજયજી/વજ્રસેનવિજયજી આદી (કચ્છ) માંડવી
,, પં.શ્રી મહાયશવિજયજી આદી જૈનપેઢી, (ઉ.ગુ.) ચાણસ્મા
,, પં.શ્રી પ્રભાકરવિજયજી આદી પરિશ્રમ સોસાયટી,
સુભાનપુરા, ગોરવા રોડ, વડોદરા-૩૯૦૦૦૭
,, પં.શ્રી હીરશેખરવિજયજી ઠા:૨ પોરવાડવાસ, (M.P.) રતલામ
,, પં.શ્રી જયકુંવરવિ૦જી/પૂર્ણચંદ્રવિ૦જી/મુક્તિપ્રભ વિ૦જી ૩
લાલબાગ ઉપાશ્રય,૨૧૨-એલ; પાંજરાપોળ. ભુલેશ્વર, મુંબઈ-૪
,, પં.શ્રી ચંપકવિજયજી આદી રામચંદ્રસૂરિ જૈન જ્ઞાનમંદિર,
મ્યુ. ગાર્ડન સામે, ચંદાવરકરલેન, બોરીવલી-વે. મુંબઇ-૯૨
,, પં.શ્રી અમરગુપ્તવિજયજી/ચંદ્રગુપ્તવિજયજી આદી
વાસુપૂજ્યસ્વામી ટેમ્પલપેઢી, સાચાપીરસ્ટ્રીટ, પૂના-૪૧૧૦૦૧
,, પં.શ્રી ચંદ્રકીર્તિવિજયજી આદી (M.S.) સંગમનેર-૪૨૨૬૦૫
,, પં.શ્રી રત્નભૂષણવિજયજી આદી ૧૧હેશામરોડ, ભવાનીપુર,કલકત્તા
મુનિશ્રી પુણ્યોદયવિજયજી મ૦ આદી (રાજસ્થાન) શીવગંજ
,, વિનોદવિજયજી ઠા:૨ (એમ.એસ.) માલેગાં -૪૨૩૨૦૩
,, જયભદ્રવિજયજી ઠા:૪ (જિ.જાલોર-રાજ) બાલવાડા
,, કીર્તિકાંતવિજયજી આદી કનકચંદ્રસૂરિ જ્ઞાનમંદિર,
રંગસાગર બસસ્ટેન્ડ સામે. પી.ટી.કોલેજરોડ, પાલડી-અમદાવાદ
,, ગુણચંદ્રવિજયજી ઠા:૨ (જિ: સુ.નગર) રાણપુર-૩૬૩૬૧૦
,, નરચંદ્રવિજયજી ઠા:૭ નગીનભાઈ પૌષધશાળા,
પંચાસરા સામે, (જિ:મહેસાણા-ઉ.ગુ.) પાટણ-૩૮૪૨૬૫
,, મલ્લિષેણવિજયજી આદી (રાજસ્થાન) લાસ

યુગપ્રધાન આચાર્યશ્રી પાર્શ્વચંદ્ર-સૂરીશ્વરજી મ.નો પાર્શ્વચંદ્રગચ્છ સમુદાય

[ઠેકાણામાં પાર્શ્વચંદ્રગચ્છ જૈન ઉપાશ્રય સમજવું]

પૂ૦ મુનિરાજશ્રી રામચંદ્રજી મ૦, અચલગચ્છ જૈન ઉપા. આદી
રાયપુર, શામળાની પોળ, ભૈયાની બારી, અમદાવાદ-૧
,, મુનિશ્રી મુક્તિચંદ્રજી / વિજયચંદ્રજી મ૦ ૨
નાની બજાર, (જિ સુરેન્દ્રનગર) ધ્રાંગધ્રા-૩૬૩૩૧૦
,, મુનિશ્રી સુયશચંદ્રજી મ૦, રત્નસાગર બિલ્ડીંગ, ૪
૬૦ફૂટરોડ, ૫૨ જિનાલયપાછળ,(જિ થાણા)ભાયંદર-૪૦૧૧૦૧
,, મુનિશ્રી ભુવનચંદ્રજી / મનોજ્ઞચંદ્રજી મ૦ ૨
કોડાય જૈન ઉપાશ્રય, (માંડવી-કચ્છ) કોડાય-૩૭૦૪૬૦
,, મુનિશ્રી તિલોકચંદ્રજી મ૦ આદી ગુજરાતીપોળ (રાજ.) નાગોર
,, મુનિશ્રી પુન્યરત્નચંદ્રજી મ૦ આદી (ઉ ગુ) મીરાદાતા ઉનાવા

પૂજ્ય સાધ્વીજી મ૦નો સમુદાય

સાધ્વીશ્રી સુધાકરશ્રીજી ઠા:૨ (મુદ્રા-કચ્છ) નાનીખાખર
સા૦શ્રી સુનંદાશ્રીજી ઠા:૫ (ઉ.ગુ.) મીરાદાતાઉનાવા-૩૮૪૧૬૦
,, અમૃતશ્રીજી આદી, પુષ્પમણી સોસાયટી,
ઝવેર રોડ, મુલુન્ડ-વેસ્ટ, મુંબઇ-૪૦૦૦૮૦
,, મહોદયશ્રીજી ઠા:૪ ભોળપીપળો (ખેડા) ખંભાત-૩૮૮૬૨૦
,, ચંદ્રોદયાશ્રીજી આદી (માંડવી-કચ્છ) બીદડા-૩૭૦૪૩૫
,, સૂર્યપ્રભાશ્રીજી ઠા:૨ મોટો ભાટવાળો, વીરમગામ-૩૮૨૧૫૦
,, ઉદ્યોતપ્રભાશ્રીજી ઠા:૪ (મુન્દ્રા-કચ્છ) ટુંડા-૩૭૦૪૩૫
,, ઓમકારશ્રીજી ઠા:૭ ભોળપીપળો, (જિ.ખેડ) ખંભાત
,, રમ્યનંદશ્રીજી આદી ગાંધીગંજ,(એમ પી) છીંદવાડા-૪૮૦૦૦૧
,, સુમંગલાશ્રીજી ઠા:૫ મહાવીર સ્વામી દેરાસર સામે,
આનંદ ચોક, શામળાની પોળ, રાયપુર. અમદાવાદ-૧
,, કલ્પલત્તાશ્રીજી ઠા:૩ વાયા: વીરમગામ, માંડલ-૩૮૨૧૩૦

હિંસા અને અસત્ય વગેરે પાપ રસપૂર્વક આચરવાથી તીવ્ર કર્મ બંધાય.

Regd. V. No. 20G.B
JAIN OFFICE : P. Box No. 175
BHAVNAGAR-364001 (Gujarat)
Tele. O. C/o. 29919 R.C/o. 25869

આજીવન સભ્ય ફી : રૂા. ૫૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૫૦/-
જાહેરાત એક પેજના : રૂા. ૭૦૦/-
સમાચાર પેજના : રૂા. ૫૦૦/-

સ્વ. તંત્રી : ગુલાબચંદ દેવચંદ શેઠ
તંત્રી–મુદ્રક–પ્રકાશક–માલીક :
મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
જૈન ઓફિસ, પો.બો. નં. ૧૭૫, દાણાપીઠ, ભાવનગર

'જૈન' વર્ષ ૮૬
અંક ૩૩

વીર સં. ૨૫૧૫ : વિ. સં. ૨૦૪૫ ભાદરવા સુદ ૮
તા. ૮ સપ્ટેમ્બર ૧૯૮૯ શુક્રવાર
મુદ્રણ સ્થાન : શ્રી જૈન પ્રિન્ટરી
દાણાપીઠ પાછળ, ભાવનગર-૩૬૪ ૦૦૧

મુંબઈ–ગોડીજીના વિજયદેવસૂરસંઘની ઘસાતી પ્રતિષ્ઠા

હમણા જ મુંબઈના પ્રખ્યાત ગોડીજી પાર્શ્વનાથ ભગવાનના જીર્ણોદ્ધાર પામેલ જિનમંદિરની પુનઃ પ્રતિષ્ઠા થઈ. આ અવસરે કેટલીક સમસ્યાઓ પણ ઊભી થઈ, આમ છતાં પ્રતિષ્ઠાનો પ્રસંગ સારી રીતે ઉજવાયો.

ગોડીજીનું દેરાસર ૧૭૮ વર્ષ જૂનું છે. આથી સ્વાભાવિક રીતે જ એ તીર્થસ્થળોની યાદીમાં આવી જાય. અને એવું છે પણ ખરું. ભારતની સર્વમાન્ય શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી પછી જો કોઈ પેઢીનું નામ લેવું હોય તો સહેજે ગોડીજી શ્રી વિજયદેવસૂર સંઘ પેઢીનું નામ મોઢે આવે. મુંબઈમાં જૈન સંઘો અને સંસ્થાઓમાં નિર્ણયો લેવા કે બદલવા માટે ગોડીજીની સંસ્થાને નજર સામે રાખવામાં આવે છે, ગોડીજીમાં જે થાય છે તે સર્વમાન્ય ગણવામાં આવે છે, એવી એની શાખ અને છાપ છે. આમ છતાં એ નોંધ્યા વગર ચાલે એમ નથી કે આ છાપને હવે થોડો ઘસારો લાગ્યો છે. અગાઉના સમયની પ્રતિષ્ઠાને જાળવી રાખવામાં વર્તમાન ટ્રસ્ટીઓ બીનજવાબદાર પુરવાર થતાં આ સંસ્થા હવે ઉણી ઉતરતી હોય એવા અણસાર દેખાવા લાગ્યા છે.

આમ કેમ બન્યું હશે ?

આમાં મહત્ત્વનું અને ઉડીને આંખે વળગે એવું કારણ હોય તો એ છે ટ્રસ્ટી મંડળની કાર્યપ્રણાલીનું. ટ્રસ્ટીઓની નિમણુંક અમુક જ જ્ઞાતિ આધારિત પદ્ધતિથી થતી હોવાથી ટ્રસ્ટીઓમાં તેજસ્વી રત્નો અને શાસનનિષ્ઠ વ્યક્તિઓનો અભાવ જોવા મળે છે. આ જ્ઞાતિઓના સંબંધ પાછો અમુક સ્થળ પરત્વેનો જ હોય છે. એમાં વણિક ભારતીય જેવું ધોરણ જળવાતું નથી. સ્થળની વાત આવે ત્યારે સ્વાભાવિક રીતે જ વિચારધારામાં ભેદ પડે. સુરતની જ્ઞાતિનો વર્ગ જૂદી દૃષ્ટિથી વિચારે. સૌરાષ્ટ્રની જ્ઞાતિનો વર્ગ અન્ય રીતે વિચારે. આ સ્થળ આધારિત ટ્રસ્ટીઓ અમુક ચોક્કસ સાધુઓની નજરથી જ જોતા હોય છે. જે સ્થળમાં જે સાધુ અથવા જે સમુદાયનું વર્ચસ્વ હોય એની અસર તે સ્થળેથી નિમાઈ આવતા ટ્રસ્ટીઓ ઉપર અચૂક જોવા મળે છે.

આણંદજી કલ્યાણજીની પેઢીમાં પણ એમ તો દરેક સ્થળના પ્રતિનિધિઓ હોય છે. આમ છતાં, એ, સાધુના પોતાની ઉપરના પ્રભાવને પોતાના પુરતો જ સીમિત રાખે છે. પેઢી ઉપર એની અસર જોવા ન મળે. અથવા બહુ નજીવી અસર જોવા મળે. જ્યારે ગોડીજીના કિસ્સામાં એવું નથી. અહીંના ટ્રસ્ટીઓ ઉપર અમુક ચોક્કસ સાધુઓનો પ્રભાવ દેખાઈ આવ્યા વગર રહેતો નથી. એટલું જ નહિ, આને કારણે ઘણીવાર પેઢીના નિર્ણયો ઉપર પણ એની અસર પડી હોય એવું દેખાઈ આવે. ગોડીજીના ટ્રસ્ટીમંડળના કયા ટ્રસ્ટી ઉપર કયા સમુદાયવાળા સાધુઓ કાબૂ ધરાવે છે એ તો પાયધુનીમાં ધાવણું બાળક પણ જાણે છે! આને કારણે ટ્રસ્ટીઓમાં થતી હોંસાતોંસી પેઢીની પ્રતિષ્ઠાને ઘસારો પહોંચાડવામાં જાણ્યે–અજાણ્યે નિમિત્ત બને છે. આણંદજી કલ્યાણજીની પેઢીના ટ્રસ્ટીઓ માત્ર પેઢીના હિતોની ચિંતા ધરાવતા હોય છે. જ્યારે આ સંસ્થાના ટ્રસ્ટીઓ અંગત હેતુઓ માટે પણ સાધુઓને પ્યાદા બનાવે છે. આ કારણને લઈને ગોડીજીની પ્રતિષ્ઠા તળિયે જવા બેઠી છે.

બીજું કારણ છે ટ્રસ્ટીઓની આંતરિક યાદવીનું. સંવત ૨૦૪૨ ના સંવત્સરીના પ્રસંગ પછી તો આ યાદવી વકરી ગઈ એ રવિવાર

અને સોમવારની સંવત્સરીને નિમિત્ત બનાવીને જે સાઠમારી ચાલી અને જે વિવાદ ઉભો થયો એ કારણે ટ્રસ્ટી મંડળમાં જે રીતે ત્યાં પડ્યાં એની અસર આજેય ભુંસાઈ હોય એવું લાગતું નથી. આથી એક પક્ષવાળા સાધુ ગોડીજીમાં ચાતુર્માસ કરે તો બીજા પક્ષવાળા ટ્રસ્ટીઓ ઠંડા પડી ગયા હોય એવું લાગે. બીજા પક્ષવાળા સાધુ ચોમાસું કરે તો પ્રથમ પક્ષવાળા ઢીલા-ઢીલા દેખાય અને નિષ્ક્રિય લાગે.

જો કે ગોડીજી દેરાસરની પુનઃ પ્રતિષ્ઠા બધા ટ્રસ્ટીઓએ ભેગા મળીને-ખભેખભા મિલાવીને-પાર પાડી. આમ છતાં પ્રતિષ્ઠાનો પ્રસંગ નક્કી કરતાં પહેલાં જે હોંસાતોંસી થઇ એના કારણે પ્રતિષ્ઠા પ્રસંગમાં કંઇક ખાલીપો હોય એવું લાગ્યા વગર રહ્યું નહીં.

અધૂરામાં પૂરું અમુક પક્ષના આચાર્ય અને મુનિઓએ પ્રતિષ્ઠા પ્રસંગનો વણલખ્યો બહિષ્કાર કરીને પોતાની જાતને ઉઘાડી પાડી દીધી. પાટ ઉપર બેસીને રાગ-દ્વેષને છોડવાનો ચીપિયો પછાડનાર સાધુઓનું આવું વર્તન કેટલાં અંશે વ્યવહારૂ ગણાય એ વિચારવા લાયક મુદ્દો છે એમ મુંબઈમાં ઘેરઘેર પુછાઈ રહ્યું છે. પ્રતિષ્ઠા પ્રસંગ એ કંઈ કોઈ અમુક સાધુના ઘરનો પ્રસંગ તો હતો નહી. એ તો વીતરાગની પ્રતિષ્ઠાનો પ્રસંગ હતો. એમાંય જો વ્યક્તિગત ગમા કે અણગમાને જ વચ્ચે લાવવાના હોય તો તે સાધુવર્ગની સાધુતા સામે પ્રશ્નાર્થ ચિન્હ મૂકયા વગર ચાલે નહી. (ગયા ચોમાસામાં સાત સંઘોનો વરઘોડો સાથે નીકળ્યો ત્યારે પણ એકતાનો ઝંડો લઈને અવારનવાર કૂદતા એક પક્ષના સાધુઓએ એનો બહિષ્કાર કર્યો હતો.) અવાર નવાર એકતાની વાતોને અને મુદ્દાને આગળ કરનાર સાધુઓ આવું બેહુદું વર્તન કરે ત્યારે સ્વાભાવિક રીતે જ સમાજમાં તેઓ અળખામણા બને છે.

આમ ગોડીજીની પ્રતિષ્ઠા પ્રસંગે બે મુદ્દાઓ સ્પષ્ટ રીતે ઉપસી આવ્યા છે:

૧. એ સંસ્થાની ઘસાતી જતી પ્રતિષ્ઠા.
૨. કેટલાક સાધુઓનો અનૌચિત્યપૂર્ણ વ્યવહાર:

સંસ્થાએ પોતાની પ્રતિષ્ઠાને ફરી ચકચકીત કરવી હશે તો થોડું આત્મનિરીક્ષણ કરવું પડશે. આ માટે સર્વ પ્રથમ તો ટ્રસ્ટીઓની નીમણુંકની પદ્ધતિમાં કંઇક સુધારો કરવો જરૂરી લાગે છે. વાસ્તવિકતા તો એ છે કે દરેક જૈન સંસ્થાઓમાં ટ્રસ્ટીઓની નીમણુંકો સુધારા માંગે છે. આજે અગણિત સંસ્થાઓમાં નીંભર, સિદ્ધાંતવિહોણા, ધર્મવિહીન, ધર્મના જ્ઞાન વગરના અને શ્રદ્ધા વિનાના મામૂલી માણસો અડ્ડા જમાવીને બેઠા છે. દારૂના વેપારીઓ, કાળું-ધોળું કરનારાઓ, ઘી અને ચરબીની ભેળસેળ કરનારા, જુગારી એવા કેટલાય લોકો ધાર્મિક સંસ્થાઓમાં ઘુસી ગયા છે. અને સંસ્થાનું નખ્ખોદ કાઢવામાં નક્કર ભૂમિકા ભજવી બેઠા છે.

કોઈ પણ સંસ્થામાં ટ્રસ્ટી નિમાય ત્યારે કેટલીક ખાસ વાતો ધ્યાનમાં લેવા જેવી છે:

એ વ્યક્તિ પૂર્ણ ધર્મશ્રદ્ધાળુ છે?
એ વ્યક્તિ આ કે તે પક્ષ સાથે સંકળાયેલ નથીને?
એને ધાર્મિક નીતિ નિયમોનું વ્યવસ્થિત જ્ઞાન છે?
એ નિંદાપાત્ર વેપાર ધંધામાં સંકળાયેલ નથી ને?
એનું વ્યક્તિગત ચારિત્ર્ય સ્વચ્છ છે?
એ દરેક સાધુ સમુદાયને સન્માનની નજરે જુએ છે?

આ રીતે વિવેકપૂર્ણ પદ્ધતિથી જ ટ્રસ્ટીઓ નિમાવા કે ચુંટાવા જોઇએ. અન્યથા સંસ્થાઓમાં ધનનું મહત્વ વધશે. જે જતે દિવસે ધર્મનું અને સંસ્થાનું નિકંદન કાઢ્યા વગર રહેશે નહી. અને અયોગ્ય ટ્રસ્ટીઓને કારણે એમને પીઠબળ પૂરૂ પાડનાર એમના પિઠ્ઠુ સાધુઓનું સંસ્થામાં વર્ચસ્વ વધશે. પરિણામે સંસ્થાના બારે વહાણ ડૂબી ગયા વગર રહેવાના નથી. કદાચ અમુક સ્થળની જ્ઞાતિ આધારિત ટ્રસ્ટીની નિમણૂંક કે ચૂંટણીનું દૂષણ અનિવાર્ય હોય તો પણ એમાં ઉપરની કસોટીઓ તો લાગુ પાડવી જ જોઇશે.

સાધુઓએ પણ આત્મ નિરીક્ષણ કરવાની જરૂર છે. વીતરાગ ભગવાનની પ્રતિષ્ઠા કે રથયાત્રાનો પાવન પ્રસંગ હોય ત્યારે વ્યક્તિગત ગમા-અણગમાને વચ્ચે લાવીને એ પ્રસંગને પ્રદૂષિત કરવાથી એમણે દૂર રહેવું જોઇએ. આખરે તો આ કે તે પ્રસંગો કોઈ વ્યક્તિગત સાધુના નહીં, સમગ્ર જૈન સંઘ કે શાસનના હોય છે એ પાયાની વાત ન ભૂલવી જોઇએ.

શ્રી નાગેશ્વર તીર્થે પધારો

શ્રી નાગેશ્વર તીર્થ ભારતમાં એક જ શ્રી પાર્શ્વનાથ ભ. ની કાયા ૧૫ ફુટ ઉંચી અને નીલવર્ણી સાત ફણાવાળી કાયોત્સર્ગરૂપે પ્રાચીન પ્રતિમાજી બિરાજે છે.

હજારો યાત્રિકો દર્શનાર્થે પધારે છે. ભોજનશાળા ધર્મશાળા વિગેરેની સુવિધા છે. યાત્રિકોને આવવા માટે ચૌમહલા સ્ટેશને તથા આલોટથી બસ સર્વીસ મળે છે. અગાઉ સુચના આપવાથી પેઢીની જીપની વ્યવસ્થા થઈ શકશે. અઠ્ઠમ તપવાળા માટે પુર્ણ વ્યવસ્થા છે.

(ફોન નં. ૭૩ આલોટ) —લિ. દીપચંદ જૈન સેક્રેટરી

શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ પેઢી

P. O. ઉન્હેલ ✠ સ્ટે. : ચૌમહલા [રાજસ્થાન]

સુખ-દુઃખના દોષનું બીજા કોઈ પર દોષારોપણ કરવું એ તો નર્યું અજ્ઞાન છે.

સિરોહી (રાજ.)માં આધ્યાત્મિક જ્ઞાનશિબિર

પૂ૦ જૈનાચાર્ય શ્રી ગુણરત્નસૂરીશ્વરજી મ૦સા૦ એ રવિવારીય આધ્યાત્મિક જ્ઞાનશિબિરનું તા. ૨૩ જુલાઈના ઉદ્‌ઘાટન કરતાં જણાવ્યું હતું કે આધ્યાત્મિક જ્ઞાન વિના આજે ઉચ્ચતર શિક્ષા પણ અધુરી છે. યુવા પેઢીમાં ઉચ્છ્રંગતા, ઉદ્દંડતા આદિના દુર્ગુણોને દૂર કરવા માટે આધ્યાત્મિક શિબિર એ સમર્થ છે. આજે આધ્યાત્મિકતાનું બીજ ભવિષ્યમાં વટવૃક્ષ બની રાષ્ટ્ર અને આપણાં પરિવારોને શાંતિ અર્પણ કરશે.

આ પ્રસંગે પૂજ્યશ્રીની નિશ્રામાં રાજસ્થાન સંઘના અધ્યક્ષ પુખરાજજી એડવોકેટે દીપક પ્રગટાવી ઉદ્‌ઘાટન કરેલ. શ્રી ચંપાલાલજી મંછાલાલજી મુંબઈવાળાએ પાઠ્યક્રમ પુસ્તક પૂ૦ આચાર્યશ્રીને અર્પણ કર્યું.

જૈન જાગૃતિ સેન્ટર (મુંબઈ) દ્વારા સેવા–પ્રવૃત્તિ

જૈન જાગૃતિ સેન્ટર સાયન–માટુંગા તથા દેશના બીજા સાથી સેન્ટરોએ અનેક માનવ સેવા પ્રવૃત્તિઓના કાર્યો કર્યા છે. આ વર્ષે તેના દશાબ્દ વર્ષમાં જૈન જાગૃતિ સેન્ટર સાયન–માટુંગાએ તેના ચેરીટેબલ ટ્રસ્ટની સ્થાપના કરી છે. આ ટ્રસ્ટે તેના પ્રથમ વર્ષમાં રૂા. ૧૦ લાખથી પણ વધુ એકત્ર કરી આ નાણાનો તબિબિ, શૈક્ષણિક અને સામાજિક પ્રવૃત્તિઓ માટે ઉપયોગ કરવાનો નિર્ણય લીધો છે.

જૈન જાગૃતિ સેન્ટર સાયન–માટુંગાએ મોરબીના પૂર અને દુષ્કાળના કપરા સમયે અસરગ્રસ્તોને સહાય કરી હતી તેમજ બોટાદમાં તબિબિ ચિકિત્સા શિબિરોનું આયોજન પણ કર્યું હતુ.

ઉજ્જૈન (મ.પ્ર.)માં ઉજવાયેલ જન્મ સમારોહ

પૂજ્ય પંન્યાસશ્રી અભ્યુદયસાગરજી મ૦ સા૦ ના શિષ્યરત્ન મુનિશ્રી જિનરત્નસાગરજી, મુનિશ્રી જિતરત્નસાગરજી મ૦ તથા મુનિશ્રી ચંદ્રરત્નસાગરજી આદિ મુનિગણની નિશ્રામાં જિનાગમ ઉદ્ધારક પૂ૦ આગમોદ્ધારક આ૦ શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મ૦ સા૦ ના ૧૧૫માં જન્મ સમારોહ નિમિત્તે એક ભવ્ય કાર્યક્રમની ઉજવણી કરવામાં આવેલ.

આ પ્રસંગ જુદા જુદા મહાનુભાવોની ઉપસ્થિતિ અને વિવિધ કાર્યક્રમો આયોજનપૂર્વક કરવામાં આવેલ.

ડીસા–પર્યુષણ પર્વ દરમ્યાન કતલખાના બંધ

ડીસા (બનાસકાંઠા) શહેરમાં પર્યુષણ મહાપર્વ નિમિત્તે ડીસા નગરપાલિકાના પ્રમુખશ્રી અશોકભાઈ ટાંક, કોર્પોરેટરશ્રી નવીનભાઈ વીરવાડીયા તેમજ સાથી કોર્પોરેટરશ્રીઓની મહેનતથી તા. ૨૮–૮–૮૯ થી તા. ૪–૯–૮૯ સુધી શહેરના તમામ કતલખાના તથા માંસની દુકાનો બંધ રાખવામાં આવી હતી.

ચતુર્વિધ સંઘને ખામણા

અરિહંતજીને ખમાવીએ, જેહના ગુણ છે બાર, કરો ભવિ ખામણા રે;
ચોવીશ અતિશય શોભતા રે, વાણી ગુણ પાંત્રીશ. કરે૦ ૧
સિદ્ધ સદા શિર નામીએ રે, અષ્ટ મહાગુણ ધાર; કરે૦
સિદ્ધશિલાને ઉપરે રે, જ્યોતિમાં જ્યોતિ નિવાસ. કરે૦ ૨
આચારજને ખમાવીએ રે, જેહના ગુણ છત્રીસ; કરે૦
છત્રીસ છત્રીસી ગુણે રે, બારસે છન્નુ થાય. કરે૦ ૩
ઉપાધ્યાયને ખમાવીએ રે, જેહના ગુણ પચવીસ; કરે૦
પચ્ચવીસ પચવીસી ગુણે રે, છ સો પચવીસ થાય. કરે૦ ૪
સાધુ સર્વેને ખમાવીએ રે, જેહના ગુણ સત્તાવીશ; કરે૦
અઠ ઉત્તર સો(૧૦૮)એકઠા રે, ગુણ સમરો નિશદિશ. કરે૦ ૫
શિષ્ય સર્વને ખમાવીએ રે, વિનયવંત મહંત; કરે૦
સાધર્મિકને ખમાવીએ રે ગુરૂણીજી ગુણવંત. કરે૦ ૬
કુલ બારેને ખમાવીએ, રે; કીધા જેહ કષાય; કરે૦
એમ સર્વને ખમાવીએ રે, ત્રિવિધત્રિવિધ ચિત્ત થાય. કરે૦ ૭
લાખ ચોરાશી જીવાયોનિમાં રે, ભમ્યો અનંતી વાર; કરે૦
વેર વિરોધ સમાવીને રે, તેહ ખમાવીએ સાર. કરે૦ ૮
સંઘ સર્વને ખમાવીએ રે, અરિહંતે માન્યો જેહ; કરે૦
શાસન શોભાવતો રે, ગુણ અડતાળીશ તેહ. કરે૦ ૯
હર્ષે ખમાવે જે ખામણા રે, તેહનો સ્વર્ગમાં વાસ; કરે૦
જે ન ખમાવે ખામણા રે, તેહનો નરકમાં વાસ. કરે૦ ૧૦
ખમો ખમાવો જો તુમે રે, ક્રોધ કીધો જેની સાથ કરે૦
સરલપણાથી ખમાવીએ રે, ભાખે શ્રી જગનાથ. કરે૦ ૧૧
ભવિક જીવ તુમે સાંભળો રે, રીસ ન કરશો કોય; કરે૦
ક્રોધ તજે ત્રણ લોકમાં રે, નાયક નિશ્ચે હોય. કરે૦ ૧૨
ક્ષમાથકી મોક્ષ ભાખીયો રે, ક્રોધ કરે સંસાર; કરે૦
મૂકી મેલ ને કીજે ખામણા રે, તો તરીએ સંસાર. કરે૦ ૧૩
ચંદરૂદ્ર આચાર્યને રે, ખમાવતાં અપરાધ; કરે૦
કુરગડુના સાથીયા રે, પ્રેમે મહાગુણ લાધ કરે૦ ૧૪
અભય ઉદાયી રાયને રે, કીધાં ઉત્તમ કાજ; કરે૦
ચંડપ્રદ્યોતન રાયને રે, દીધો અપૂઠો રાજ. કરે૦ ૧૫
ચંદનબાળાએ નિભંછિયા રે, મૃગાવતીશું તામ; કરે૦
શુદ્ધ પરિણામે ખમાવીયા રે. લીધાં કેવળનાણ. કરે૦ ૧૬
પાખી ચઉવીસી ખમાવીએ રે, ચઉમાસી ત્રણ વાર; કરે૦
રાઈ દેવસી ખમાવીએ રે, સંવત્સરી પર્વનો સાર. કરે૦ ૧૭
ઉપશમ વિણ જે આદરે રે, પ્રાણી પુણ્યના કામ; કરે૦
છાર ઉપર જિમ લીંપણો રે, જિમ અંગારે ચિત્રામ. કરે૦ ૧૮
ખમીએ ને ખમાવીએ રે, એ જિનશાસન રીત; કરે૦
અમિયકુંવર એણીપરે ભણે રે, તે પામે મંગળ મિત્ત. કરે૦ ૧૯

પરદ્રવ્યોને પોતાના માનનાર મનુષ્યો સ્વાર્થ ખાતર અન્યોના હિત હણનારા નરપિશાચ સમાન છે.

શ્રી મુક્તિ કમલ-કેસર ચંદ્રસૂરીશ્વરજી જૈન વિદ્યાપીઠ ટ્રસ્ટ, મુક્તિધામ

ગાંધીનગર, હાઇવે રોડ, મુ. થલતેજ, પો. અમદાવાદ-૩૮૦૦૫૪ ફોન નં. ૪૯૧૯૮૩

મહાન પુણ્યના ઉદયે મળેલી લક્ષ્મીનો સન્માર્ગે વાપરવાનો અમૂલ્ય અવસર

સહર્ષ જણાવતા આનંદ થાય છે કે મુક્તિ-ધામ સંસ્થાના પ્રણેતા સૌરાષ્ટ્ર કેશરી શાસનપ્રભાવક પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી વિજયભુવનરત્નસૂરીશ્વરજી મહારાજની શુભ પ્રેરણાથી અને શુભાશિષથી અમદાવાદ શહેરથી ૯ કિ. મી. સરખેજ ગાંધીનગર હાઇવે રોડ પર થલતેજ ચાર રસ્તા પાસે "મુક્તિ-ધામ" સંસ્થા સાકાર પામેલ છે. પૂજ્યશ્રીના શિષ્યરત્ન સરળ સ્વભાવી મધુરવક્તા પ. પૂ. પંન્યાસ પ્રવરશ્રી યશોવિજયજી મ૦સા૦ની નિશ્રામાં સંસ્થાના દરેક કાર્યો ચાલી રહ્યા છે.

પૂજ્યપાદ આચાર્ય ભગવંતની પાવન નિશ્રામાં સં. ૨૦૪૨ની સાલમાં વૈશાખ સુદ ત્રીજ (અક્ષય તૃતીયા)ના શુભ દિને પ્રથમ તીર્થપતિ દેવાધિદેવ શ્રી આદિનાથ પ્રભુ એવં પ્રગટપ્રભાવિ શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથ પ્રભુ તથા જિનશાસન રસીકા શ્રી ચક્રેશ્વરી માતા એવં ભગવતી શ્રી પદ્માવતી માતા આદિની અંજનશલાકા પ્રતિષ્ઠાદિ પ્રસંગો અપૂર્વ શાસન પ્રભાવનાસહ વિશેષોલ્લાસથી ઉજવાયેલ.

પૂજ્યશ્રીના અંતરમાં વર્ષોથી ભાવના હતી કે જિનશાસનને પામેલા બાળકમાં વ્યવહારિક જ્ઞાન સાથે સમ્યગ્જ્ઞાનનું સિંચન પણ થવું જોઇએ. 'સંસ્કાર વિનાનું જીવન તો પાયા વગરનું મકાન' આજનો વૈજ્ઞાનિક, વિલાસી, વર્તમાન યુગમાં બાળકોનું ભૌતિક સુખ દિનપ્રતિદિન વધતું જાય છે. પરંતુ સાચુ તથા આધ્યાત્મિક સુખ હણાતું જાય છે. બાળકોમાં આર્યસંસ્કૃતિનું વિસર્જન થતું જાય છે અને પાશ્ચાત્ય સંસ્કૃતિનું અનુકરણ થતું જાય છે. તેથી બાળકોને ધાર્મિક સંસ્કાર સાથે નૈતિક જીવન જીવવાની તાલીમ મળી રહે તે માટે પૂજ્યશ્રીની પ્રેરણાથી મુક્તિ-ધામ સંસ્થામાં ભવ્ય જિન મંદિર, ગુરૂ મંદિર ધર્મશાળા, ભોજનશાળા, ઉપાશ્રય, આદિ સ્થાનો નિર્માણ થયા છે. તદુપરાંત પૂજ્યશ્રીની ભાવના મુજબ જૈન વિદ્યાપીઠ પણ નિર્માણ થઇ રહી છે, સં. ૨૦૪૩ના ચૈત્ર સુદ ૧૪ના દિવસે પૂજ્યશ્રીનો દેહ વિલય પામતાં આ સંસ્થા સ્થાપનાનું કાર્ય તેમના શિષ્યરત્ન પ. પૂ. પંન્યાસ પ્રવર શ્રી યશોવિજયજી મ૦સા૦ની નિશ્રામાં ટ્રસ્ટીગણ સંભાળી રહ્યા છે.

વિદ્યાપીઠના મુખ્ય ધ્યેય-મધ્યમ વર્ગના જૈન બાળકોનું ભાવિ મજબૂત બને તે માટે વિદ્યાપીઠમાં બાળકોને (Free of Charge) વિના મૂલ્યે ભણાવવાનો ઉદ્દેશ છે. તેથી આ કાર્ય માટે એક ટીકીટ ડ્રો યોજના રાખેલ છે. તેની વિગત નીચે મુજબ છે. તો આ ડ્રો યોજનામાં આપશ્રી યથાશક્તિ લાભ લઇ વિદ્યાપીઠના કાર્યમાં સહભાગી બનશો.

" ભવ્ય ડ્રો યોજના "

- 卐 પહેલો લકી નંબર આવે તેનું નામ 'વિદ્યાર્થી ગૃહના મકાન ઉપર લખાશે.'
- 卐 બીજો લકી નંબર આવે તેનું નામ 'આરામગૃહના હોલ ઉપર લખાશે.'
- 卐 ત્રીજો લકી નંબર આવે તેનું નામ 'આરામગૃહના હોલની અંદર લખાશે.'
- 卐 એક ટીકીટ ખરીદનારનું નામ 'આરસની તકતીમાં લખાશે.'
- 卐 લકી ડ્રો માં જે ભાગ્યશાળીનો નંબર લાગશે તેમને પત્રથી જાણ કરવામાં આવશે.
- 卐 ડ્રો નું આયોજન પ. પૂ. પં. શ્રી યશોવિજયજી મ૦સા૦ની પાવન નિશ્રામાં કરવામાં આવશે.

પ. પૂ૦ પં. પ્ર. શ્રી યશોવિજયજી મ૦સા૦ની નિશ્રામાં પચાસ વર્ષ પ્રાચીન રાયણ વૃક્ષ નીચે પ્રથમ તીર્થપતિ દેવાધિદેવ આદેશ્વર દાદાના ૪૧ ઇંચના પગલા તથા પૂજ્યશ્રીના દાદાગુરૂ પ. પૂ. આચાર્યદેવશ્રી વિજય ચંદ્રસૂરીશ્વરજી મ૦સા૦ તથા પ. પૂ. ગુરૂદેવશ્રી વિજયભુવનરત્નસૂરીશ્વરજી મ૦સા૦ના પગલા જેમાં પ્રતિષ્ઠિત કરવામાં આવશે. કમલ મંદિર ભવ્યાતિભવ્ય બની રહેલ છે. આ ઉત્તમ તથા મંગલ કાર્યના આદેશ આપવાના બાકી છે માટે જે ભાગ્યશાળીઓને આદેશ લેવાની ભાવના હોય તેઓએ પ. પૂ. પં. પ્ર. શ્રી યશોવિજયજી મ૦ સા૦ને મળવા વિનંતી છે.

લી. મુક્તિ-કમલ-કેશર ચંદ્રસૂરીશ્વરજી જૈન વિદ્યાપીઠ, ટ્રસ્ટના ટ્રસ્ટીગણના જયજિનેન્દ્ર

૧. જયંતીલાલ એમ. બગડીયા	૨. નવીનચંદ્ર બી. [illegible]	૩. ટોકરશી દામજી શાહ
ભગવતી ટેક્ષટાઇલ, પાંચ કુવા,	૭, રાજેન્દ્ર વિલાસ, દોલતનગર, રોડ નં.૭	૩, દલાલ કોટેજ બીલ્ડીંગ, સેવારામ
અમદાવાદ-૩૮૦૦૦૧	બોરીવલી (પૂર્વ), મુંબઇ-૬૬.	લાલવાની રોડ, મુલુન્ડ (પશ્ચિમ) મુંબઇ-૮૦
ટે. ઘર : ૪૪૮૨૦૬	ટે. ઘર : ૬૦૫૭૩૨૫ દુકાન-૩૪૬૦૯૩	ટે. ઘર : ૫૬૧૭૮૮૪

તા. ક. :- પૂજ્ય પંન્યાસશ્રી યશોવિજયજી મ૦સા૦નું ચાતુર્માસ પ્રાર્થનાસમાજ શ્રી ચંદ્રપ્રભુસ્વામી જૈન દેરાસર-મુંબઇમાં છે.

લુધીયાણા શહેરમાં પર્યુષણ પર્વની થયેલ ઉજવણી

જૈન દિવાકર, ચારિત્ર ચુડામણી, ગચ્છાધિપતી આચાર્ય શ્રીમદ્ વિજયઇન્દ્રદિન્નસૂરીશ્વરજી મ૦સા૦ આદિ વિશાળ સાધુ-સાધ્વીજી મ૦ ની નિશ્રામાં પર્યુષણ મહાપર્વની શાનદાર ઉજવણી થઇ છે.

પર્યુષણ પર્વ દરમ્યાન શ્રીસંઘમાં વિવિધ તપસ્યાઓ શ્રી-સંઘમાં આબાલ-વૃદ્ધ-નર નારીઓએ ભારે ઉલ્લાસ સાથે તપસ્યા-ઓનો આનંદ લીધો છે. પંન્યાસશ્રી નિત્યાનંદવિજયજી મ૦ સા૦ એ સાગરદત્ત ચરિત્ર ઉપર રોચક શૈલીમાં પ્રવચનો કર્યા હતા. પ્રત્યેક શનિ-રવિના વિજયસમુદ્રઇન્દ્ર બાલ શિબિરનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં હજારો બાલ-બાલિકા ભાગ લઇ રહ્યાં છે.

પર્યુષણ પર્વ આરાધના :- પૂજ્ય આચાર્ય ભગવંતાદિની નિશ્રામાં તા. ૨૮-૮-૮૯ થી તા. ૪-૯-૮૯ સુધી પર્વાધિરાજ પર્યુષણની આરાધના દરમ્યાન સવારના ૮-૩૦ થી ૧૨-૦૦ વાગ્યા સુધી નિયમીત પ્રવચનમાં અષ્ટાન્હિકા વ્યાખ્યાન, કલ્પસૂત્ર વાંચન, બારસાસૂત્રનું શ્રવણ આદિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ. તા, ૨૯-૮-૮૯ મંગળવારના રોજ પ્રભુજીની વિશાળ શોભાયાત્રાનું આયોજન કરવામાં આવેલ. જેમાં દિલ્હીના સુવિખ્યાત 'હિન્દુ જીયા બેન્ડ' તેમજ વિવિધ જૈન મંડળો દ્વારા આકર્ષક ભાગડા અને ભકિતગીતની રમઝટ બોલાઈ હતી.

તા. ૧-૯-૮૯ શુક્રવારના રોજ પ્રભુ મહાવીર જન્મની ઉજવણી નિમિત્તે શ્રી આત્માનંદ જૈન સીનીયર સ્કૂલના વિશાળ પ્રાંગણમાં આચાર્યશ્રીની પાવન નિશ્રામાં પ્રભુ જન્મ મહોત્સવ, ચૌદ સ્વપ્નોના દર્શન તેમજ દર્શન અને બોલીઓ બોલાઇ હતી. ભગવાનના પારણાની જ્યોતિ ટ્રો દ્વારા કરવામાં આવી હતી.

તા. ૪-૯-૮૯ના સાંવત્સરિક મહાપર્વ નિમિત્તે સવારના ૮-૩૦ કલાકે આચાર્યશ્રીએ બારસાસૂત્રનું વાંચન કરેલ. પૂજ્ય પંજાબકેસરી ગુરુદેવની મૂર્તિ ઉપર માળારોપણ, જૈન મંદિર ચૈત્ય પરિપાટી અને સાંજના ૪-૩૦ કલાકે સાંવત્સરિક પ્રતિક્રમણ કરવામાં આવેલ.

આગામી તા. ૧૬-૯-૮૯ના પૂજ્ય આચાર્યશ્રીની પાવન નિશ્રામાં ક્ષમાપના દ્વારા સંક્રાંતિ મનાવવામાં આવનાર છે. આ નિમિત્તે સકલ શ્રીસંઘોને ક્ષમાયાચના હેતુસર સંક્રાંતિના પર્વ નિમિત્તે પધારવા આમંત્રણ પાઠવવામાં આવેલ છે. પધારવા અંગેની સૂચના અગાઉ કરવા જણાવાયું છે.

તા. ૨૫-૯-૮૯ના પંજાબ કેસરી યુગવીર આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની ૩૪મી પુણ્યતિથિ અષ્ટાન્હિકા મહોત્સવપૂર્વક ઉજવવામાં આવનાર છે.

તા. ૨૩-૧૦-૮૯ના વર્તમાન ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રીને ૯૭મો જન્મ દિવસ વિવિધ આયોજનો દ્વારા ઉજવવામાં આવનાર છે. આ અવસરે ૯૭છોડનું ઉદ્યાપન પણ રાખવામાં આવેલ છે.

"પાલીતાણામાં ધર્મશાળા, દેરાસર, ઉપાશ્રય બાંધવા જમીન ખુલ્લા પ્લોટ, બંગલા, ફ્લેટ, ટેનામેન્ટ દુકાન, ઓફીસ વગેરે ખરીદવા તથા વેચવા માટે!"

❋ બ્રહ્મભટ્ટ એસ્ટેટ એજન્ટ ❋

હસમુખભાઇ એમ. બ્રહ્મભટ્ટ (સદસ્ય : નગરપાલીકા પાલીતાણા)
શત્રુંજય પાર્ક, તલાટી રોડ, પાલીતાણા-૩૬૪૨૭૦
સમય : સવારે ૯ થી ૧૨ સાંજે ૪ થી ૯ ફોન : ૪૧૪

● ઉત્તમોત્તમ સ્વાધ્યાય માટે, 'દ્વાદશાંગીના'

❋ સર્વશ્રેષ્ઠ ગ્રન્થો ❋

ઘેર બેઠાં શુદ્ધ, સરળ અને સૌ કોઇ સમજી શકે તેવી ગુજરાતી ભાષામાં નીચે લખેલા આગમીય ગ્રન્થો તૈયાર છે.

ભગવતી સૂત્રસાર સંગ્રહ : ગુજરાતી પ્રથમ ભાગ ત્રીજી આવૃતિ અને પ્રશ્ન વ્યાકરણ ગ્રન્થ પણ ઉપલબ્ધ છે. પોતપોતાની અનુકૂળતાએ નીચેના સરનામેથી મંગાવી લેવા. ભેટ મંગાવો ત્યારે પોતાના હસ્તાક્ષરમાં લખવું.

-: હાલ મળતા ગ્રન્થો :-

૧ ભગવતી સૂત્ર સાર સંગ્રહ :- ગુજરાતી ભાગ ૧-૨-૩-૪ પ્રત્યેકના રૂા. ૧૫-૦૦
૨ ભગવતી સૂત્ર સાર સંગ્રહ :- હિન્દી ભાગ ૩-૪ પ્રત્યેકના રૂા. ૧૫-૦૦
૩ પ્રશ્ન વ્યાકરણ (पण्हावागरणं) :- દળદાર ગ્રન્થ ગુજરાતી રૂા. ૧૫-૦૦
૪ ભગવાન મહાવીર સ્વામીનું દિવ્ય જીવન, ગુજરાતી રૂા. ૩-૦૦
૫ જીવન સુખી કેવી રીતે બને ? :- ગુજરાતી ભાગ ૧-૨ પ્રત્યેક રૂા. ૩-૦૦
૬ નારી નારાયણી : રૂા. ૩-૦૦ ૭ વકતા બનો : રૂા. ૩-૦૦

તા. ક. : જે પુસ્તકો ઉપલબ્ધ હશે તે મોકલાવશે.

-: પ્રાપ્તિ સ્થાનો :-

* બી. એન. શાહ એન્ડ કાં.
તારદેવ એરકન્ડીશન માર્કેટ,
૪ થે માળે, રૂમ નં. ૪૮, મુંબઈ-૪૦૦૦૩૪.
* પં. પૂર્ણાનન્દવિજયજી (કુમારશ્રમણ)
C/o. શાંતિનાથ જૈન દેરાસર, ભવાનીશંકર રોડ
દાદર, મુંબઈ—૪૦૦૦૨૮.

દરિદ્રાવસ્થામાં દીધેલું અલ્પદાન પણ ઉત્કટ ભાવોલ્લાસને કારણે મહાન ફળ આપનારું થાય.

શિક્ષણ ક્ષેત્રે લાખો જીવોની હિંસાના કાળા કાયદા સામે જૈન મુનિશ્રી નિરાલાજીનો હાઈકોર્ટમાં પડકાર

અમદાવાદ-૧ શામળાની પોળમાં બિરાજમાન પ.પૂ. મુનિશ્રી રાજચંદ્રવિજયજી (શ્રી નિરાલાજી)ની રીટ પીટીશન નં. ૩૭૦૦/૮૯ તા. ૧૪-૬-૮૯ના ૧૦મી કોર્ટમાં ગુજરાત હાઈકોર્ટના વિદ્વાન ન્યાયમૂર્તિશ્રી પી. એમ. ચૌહાણ સમક્ષ એડમિશન હિયરીંગ માટે નિકળતા એડવોકેટ શ્રી વિનોદ ભાગોદિયાએ હાઈકોર્ટમાં દલીલો કરતાં જણાવેલ કે શાળાઓની લેબોરેટરીઝમાં બાયોલોજી-જીવવિજ્ઞાનનું શિક્ષણ આપવા માટે દેડકાં, અળસીયા, વાંદા આદિ જીવો ચીરવાની જરાપણ જરૂરત નથી, તે જ શિક્ષણ મોડેલ, ચાર્ટ, ફિલ્મ વીડીયો. કેસેટ તથા કોમ્પ્યુટરો દ્વારા શીખવી શકાય છે.

* વિદેશોમાં અમેરિકા, આરજીન્ટીના, ઇટાલી આદિ દેશમાં જીવતા દેડકાં ચીરવાની પ્રથા બંધ થઈ છે. અને ધાર્મિક માન્યતા-નૈતિકતાને પ્રધાનતા આપી મોડેલ ચાર્ટ ફિલ્મ વિગેરેથી શિક્ષણ આપવાની નવીન પ્રથાનો પ્રારંભ થઇ ગયો છે

* પ.પૂ૦ મુનિશ્રી રાજચંદ્રવિજયજી (શ્રી નિરાલાજી)એ જણાવ્યું કે ઉપરોક્ત બાબતે સરકારના શિક્ષણમંત્રીશ્રી, શિક્ષણ બોર્ડના અધ્યક્ષશ્રી, દીલ્હીની નેશનલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ ટ્રેનીંગ કાઉન્સીલ, એનીમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઇન્ડીયાના ચેરમેન, ઓલ ઇન્ડીયા મેડીકલ એસોશીએશનના પ્રમુખશ્રી કે. કે. શાહ અને ઇન્ડિયન મેડિકલ કાઉન્સીલના સેક્રેટરી ડૉ. પી. એસ. જૈન વીગેરે મહાનુભાવોનું ધ્યાન દોરતા તેઓએ ઉપરોક્ત બાબત લક્ષમાં લઈને અભિપ્રાય આપેલ છે કે આ ક્રુર પ્રથા બંધ થવી જોઇએ. કારણ કે દેડકાં ચીરવાથી મનુષ્યની એનેટોમી શીખી શકાતી નથી. જેથી નાના-બાળકો દ્વારા થતી આ ક્રુર હિંસા અટકવી જોઇએ.

* કેલિફોરનીયા (અમેરીકા)ની એક વિદ્યાર્થીની કુમારી જેનિફર ગ્રેહામને જીવવિજ્ઞાનના માટે દેડકા ચીરવાને આપવામાં આવ્યો, તેણીએ તે ચીરવાની ના પાડતા જણાવ્યું કે મારી ધાર્મિક માન્યતા અને નૈતિકતાની દૃષ્ટિએ આ જીવતા દેડકાંને નહી ચીરૂં આ વિવાદ કોર્ટમાં જતા તેણી જીતી ગઈ અને કેલીફોરનીયા (અમેરીકા)ની એસેમ્બલીએ ૨૫૦૭ નંબરનું બીલ પસાર કરી દેડકાં ચીરવાની પ્રથા બંધ કરી. જે વિદ્યાર્થીને ધાર્મિક માન્યતા અને નૈતિકતાની દૃષ્ટિએ લેબોરેટરીઝમાં દેડકાં ચીરવા ન હોય તેમને માફી આપવામાં આવી અને મોડેલ, ચાર્ટ, ફીલ્મ ઇત્યાદી દ્વારા શીખડાવવાનો પ્રબંધ કરવામાં આવ્યો. આ કાયદો અમેરીકામાં તા. ૧-૧-૧૯૮૯થી અમલમાં આવેલ છે. અને આ બાબત વિદ્યાર્થીઓના મા-બાપોને જણાવવા માટે પાંચ લાખ ડોલરની જોગવાઇ કરવામાં આવી છે.

* પ. પૂ૦ મુનિશ્રી નિરાલાજીએ આ અહિંસક આંદોલન સં.૧૯૮૩થી ચલાવીને આ ક્રુર હિંસક પ્રવૃત્તિને બંધ કરવા માટે બધા જ સક્રિય પ્રયત્નો તેમજ આમ જનતાના અવાજને સાકાર આપી રહ્યાં છે, આ ઐતિહાસીક નિર્ણય ગુજરતના શિક્ષણક્ષેત્રે અભૂતપૂર્વ રહેશે. અને કોર્ટે તા. ૧૪-૬-૧૯૮૯ના 'નોટીસ' નો હુકમ કરેલ છે. અને પ્રતિવાદીઓને તારીખ ૧૪-૮-૧૯૮૯ ના રોજ સાંભળી વધુ નિર્ણયો આપશે.

હ : દીપક કોલસાવાલા

પ્રેષક : પ. પૂ૦ મુનિશ્રી રાજચંદ્રવિજયજી મ. સાં (શ્રી નિરાલાજી) C/o દીપકભાઇ કોલસાવાલા, ૨૩૦, મદાસાની ખડકી, ફતાસાપોળ, ગાંધી રોડ, અમદાવાદ—૩૮૦૦૦૧

ભાઇન્દરમાં ચાતુર્માસ આરાધના

પંન્યાસશ્રી શ્રેયાંસવિજયજી મ૦ સા૦ આદિ ઠાણા ૪ ભાઈન્દર સ્થિત ઓસવાલ જૈન ઉપાશ્રયે ચાતુર્માસ અર્થે અ. સુ. ૬ ના પ્રવેશ કરેલ છે. વ્યાખ્યાનમાં શ્રાદ્ધગુણ વિવરણ ભાવનાધિકારે વિક્રમચરિત્રનું વાંચન થયેલ. નૂતન મુનિશ્રી વિનયવિજયજી મ૦ ની અ૦ સુ૦ ૧૦ના વડી દીક્ષા થઈ છે. આયંબિલતપ, ખીરના એકાસણા, દીપકવ્રત, થેપલાના એકાસણા સામુદાયિક સારી સંખ્યામાં થયેલ.

ભવિષ્યની પેઢીના સંસ્કાર સિંચન માટે દર શનિવારે નવીચાલ, રવિવારે ગોપાલનગરમાં ધાર્મિક શિબિરનું આયોજન કરવામાં આવેલ છે, મુનિશ્રી ચંદ્રશેખરવિજયજી મ૦ વાર્તા દ્વારા પ્રશ્નોત્તરથી શિબિર ચલાવે છે. લેખીત-મૌખીક પરીક્ષાનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

પાળીયાદ-પર્યુષણ પર્વની ઉજવણી

અત્રે સાધ્વીશ્રી સૂર્યપ્રભાશ્રીજી, સાં૦ શ્રી હર્ષપ્રભાશ્રીજી આદિની શુભ નિશ્રામાં પર્યુષણ પ્રસંગે સિદ્ધિતપ, માસક્ષમણ, સોળ,આઠ, છ વગેરેની વિશાળ સંખ્યામાં તપશ્ચર્યાઓ થઇ છે તા. ૬-૯-૮૯ના રોજ તપસ્વીઓના ભવ્ય વરઘોડા સાથે પ્રભુજીના ચૌદ સુપન સાથે મુખ્ય બજારોમાં વાજતે-ગાજતે નીકળ્યો હતો. જેમાં જૈન-જૈનેતર ભાઇ-બહેનોએ રસપૂર્વક ભાગ લીધેલ. તપસ્વીઓના પારણાનો લાભ શ્રી ધીરજલાલ હરિચંદ બગડીયા પરિવાર તરફથી લેવામાં આવ્યો હતો.

ક્રોધ એ તો વર્ષોના પ્રીતિનો વિનાશ કરાવે છે અને અનેકો સાથે વેર કરાવે છે.

આચાર્યશ્રી લબ્ધિસૂરીશ્વરજી મ૦સા૦ની ૨૮મી પુણ્યતિથિ નિમિત્તે ઉજવાયેલ કાર્યક્રમો-ગુણાનુવાદસભા

આ યુગના મહાન જૈનાચાર્ય વાદિ વિજેતા જૈનરત્ન વ્યાખ્યાન કવિકુલકિરીટ પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ લબ્ધિસૂરીશ્વરજી મ૦સા૦ની ૨૮મી પુણ્યતિથિ નિમિત્તે પૂ૦ આચાર્યદેવશ્રી રાજયશસૂરીશ્વરજી મ૦સા૦ની શુભ નિશ્રામાં ગુણાનુવાદ સભાનું આયોજન ગત તા. ૫ ઓગષ્ટના આદીશ્વર જૈન દેરાસર–રીઝ રોડમાં કરવામાં આવેલ. ને ભવ્ય શોભાયાત્રા યોજાયેલ.

આ પ્રસંગે મુંબઈ હાઈકોર્ટના ન્યાયધીશ શ્રી મધુભાઈ કેનિયાએ પૂજ્યશ્રીની પ્રતિકૃત્તિને માળારોપણ કરેલ. પૂજ્યશ્રી વિરચિત સુપ્રસિદ્ધ સ્તવનોની ઓડીયો કેસેટ શ્રી લબ્ધિભાગીરથી ઉદ્‌ઘાટન પ્રસિદ્ધ સંગીતકાર શ્રી કલ્યાણજી આણંદજી દ્વારા કરવામાં આવેલ. જીવદયા તેમજ અનુકંપાના કાર્યોનું પણ આયોજન કરવામાં આવેલ.

સાધ્વીશ્રી ચિદ્‌વર્ષાશ્રીજી મ૦ના સુરત મુકામે કાળધર્મ નિમિત્તે મહોત્સવોની થયેલ ઉજવણી

આગમોદ્ધારક પૂ૦ આનંદસાગરસૂરીશ્વરજી મ૦ સા૦ ના સમુદાયના પૂ૦ સાધ્વીશ્રી તિલકશ્રીજી મ૦ના શિષ્યા પૂ૦ સા૦ શ્રી મૃગેન્દ્રશ્રીજી મ૦ના શિષ્યા ઉગ્રતપસ્વિની સાધ્વીશ્રી ચિદ્‌વર્ષાશ્રીજી ગત અષાઢ વદ ૧૩ તા. ૩૦ જુલાઈના સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા હતા. આ નિમિત્તે શ્રી આદીશ્વર જૈન દેરાસર ગોપીપુરા સ્થિત જિનાલયે શ્રી શાંતિસ્નાત્ર તથા સિદ્ધચક્ર મહાપૂજન સહિત દશાન્હિકા જિનેન્દ્રભક્તિ મહોત્સવની ઉજવણી તા. ૯ થી ૧૮ ઓગષ્ટ સુધી ભવ્ય રીતે કરવામાં આવેલ.

આ મહોત્સવની ઉજવણી પૂ૦ નંદિષેણસાગરજી મ૦ સા૦, જયભદ્રસાગરજી મ૦ સા૦, આગમ વિશારદ પં૦ ગુરુદેવશ્રી અભય સાગરજી મ૦ સા ના શિષ્યરત્ન પં. શ્રી અશોકસાગરજી મ૦ ના પૂ૦ વિનેય ગણિશ્રી જિનચંદ્રસાગરજી, ગણિવર્યશ્રી હેમચંદ્રસાગરજી આદિની શુભ નિશ્રામાં કરવામાં આવેલ.

સ્વ. પૂ૦ સાધ્વીશ્રી ચિદ્‌વર્ષાશ્રીજીનો જન્મ આજથી ૪૧ વર્ષ પૂર્વે નવસારી મુકામે સુશ્રાવકશ્રી બાબુલાલભાઈના ધર્મ પત્ની શ્રી લીલાવતીબહેનના પુત્રી તરીકે જન્મ પામ્યા હતા. નામે ચંદ્રિકાબહેન તરીકે સાંસારિક જીવન નિર્વાહમાં આગળ વધતા બી. એસ. સી. પાસ થયા હતા. વૈરાગ્યની હવા લાગતા તેઓશ્રીએ તપોમાર્ગે કદમ ઉઠાવી માસક્ષમણ, સિદ્ધતપ જેવી તપારાધના સિદ્ધ કરી, એ તપના પ્રભાવે ચારિત્રના કોડ જાગ્યા અને ૨૮ વર્ષની મદમાતી યુવાનીમાં જ ભોગદુનિયાને અલવિદા આપીને ચારિત્રજીવન અંગીકાર કર્યું હતું. સંયમ જીવન દરમ્યાન અનેક આરાધનાઓ આરાધી હતી. છેલ્લે અઠ્ઠાઈના પારણે અઠ્ઠાઈનો અને એય નિર્દોષ એક ધાનના આયંબિલથી વરસીતપની આરાધના ચાલતી હતી ત્યાં વ્યાધિએ હુમલો કર્યો. ઉપચાર માટે સાફ ઇન્કાર સાથે માત્ર બે દિવસની સાધારણ તકલીફ વેઠી અણસણની અદાએ એકદમ દેહત્યાગ કરી ૪૧ વર્ષની ભરયુવાવસ્થાએ નિજ કાર્ય સિદ્ધ કરી લીધું. જેથી કેવળ સાગર સમુદાયમાંજ પરંતુ સર્વત્ર સોપો પડી ગયો. હજારોની સંખ્યામાં અંતીમયાત્રાએ ભાવિકો જોડાયેલ અને ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પણ કરેલ.

બલસાણા તીર્થની યાત્રાએ પધારો

(તાલુકો : સાક્રી, જીલ્લો : ધુલીયા-મહારાષ્ટ્ર)

બલસાણા ગામમાંથી ૩૧ ઇંચના શ્યામ, મનોહર સુંદર ૧૫૦૦ વર્ષ પુરાના ચમત્કારી શ્રી વિમલનાથ ભગવાનની મુર્તિ પ્રાપ્ત થઈ છે. નદીઓ અને પહાડોની વચ્ચે કુદરતી સૌંદર્યથી શોભતા કળા કૌશલ્યથી યુક્ત મંદિરોના ખંડેરો પ્રાચીનતાની સાક્ષી આપતા આજે પણ અડોલ ઉભા છે. આથી અતિ પ્રાચીન આ ઐતિહાસીક નગર હશે. અહિયા જૈનોના ૧૦ ઘર છે.

વર્તમાન તપોનિધિ પુજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય-ભુવનભાનુસુરીશ્વરજી મહારાજ તથા પંન્યાસ પ્રવર શ્રી ચંદ્રશેખરવિજયજી મ. સા. ના આશીર્વાદથી તથા મુનિશ્રી વિદ્યાનંદવિજયજી ગણિ મ.સા. ના સક્રિય ઉપદેશથી સ્થાનિક અને અનેક જૈન સંઘોના સહયોગ અને સહકારથી એક ગગનચુંબી જિનાલય નિર્માણ થયું છે. જેની પ્રતિષ્ઠા પ. પુજ્ય આચાર્યશ્રી રાજેન્દ્રસુરીશ્વરજી મ. સા. આદિની નિશ્રામાં મહોત્સવ પુર્વક થઇ છે. પ્રાચીન નયનરમ્ય અલૌકિક ચમત્કારી શ્રી વિમલનાથ ભગવાનના જિનબિંબથી શોભતા નુતન તીર્થના અને બલસાણાની પંચતીર્થી (નેર, ધુધીયા, દોડાઈચા, નંદરબાર, બલસાણા) ના દર્શન કરી પાવન થવા સકલ સંઘને ભાવભર્યું આમંત્રણ છે. તીર્થનો સઘળો વહીવટ ધુલીયા જૈન સંઘ સંભાળે છે.

આવવા માટે સુવિધા :- સુરત–ધુલીયા હાઈવે પર સાંક્રીથી દોડાઈચા રોડથી બલસાણા ૨૫ કિ.મી. ના અંતરે છે. અને દોડાઈચા –ચીમઠાણાથી ૨૫ કિ.મી. અંતરે જુદા જુદા ટાઇમે એસ.ટી. મળે છે.

નુતન તીર્થમાં લાભ લેવા માટે વિનંતી–લખો :

શ્રી ધુલીયા જૈન સંઘ. તેલગલી. ધુલીયા–૪૨૪૦૦૧

સ્વસ્તિક હાર્ડવેર સ્ટોર અને અરિહંત પેઈન્ટસ, આગ્રા રોડ,ધુલીયા

નેમિચંદ મોતીલાલ ગોપાલદાસ પરિવારના સૌજન્યથી

આશય શુદ્ધિપૂર્વકની ઉપયોગ સહિતની ક્રિયાએ મહાપુરૂષોએ અમૃત ક્રિયા કહેલ છે.

જામનગર—દેવબાગ લક્ષ્મી આશ્રમ ઉપાશ્રય સંસ્થા

આગમોદ્ધારક આચાર્યદેવશ્રી આનંદસાગરસૂરીશ્વરજી મ૦ સાના અંતેવાસી શિષ્યરત્ન મુનિરાજશ્રી ગુણસાગરજી મ૦સા૦નો દેવબાગની સંસ્થાઓ તથા જામનગરના જૈન સંઘ ઉપર અસીમ ઉપકાર રહેલો છે. તેઓશ્રીના આત્મકલ્યાણર્થે તથા તેમની કાયમી યાદગીરીરૂપે બાલદિક્ષીત સેવાભાવી મુનિરાજશ્રી અરૂણોદયસાગરજી મ૦સા૦ની શુભ પ્રેરણાથી દેવબાગ જૈન લક્ષ્મી આશ્રમ ઉપાશ્રય-સંસ્થા જામનગર દ્વારા સારાયે સૌરાષ્ટ્રમાં પ્રથમ વખત વિ. સં. ૨૦૪૫ના અ. સુ. ૨ તા. ૫-૭-૮૯ના રોજથી સમસ્ત સંઘના સાધુ-સાધ્વી સમુદાયો માટે 'શ્રી ગુણસાગરજી મ૦સા૦ સાધુ-સાધ્વી વૈયાવચ્ચ ખાતું શરૂ થયેલ છે. રૂા. ૧૦૦૦/- કે તેથી વધારે રકમ અકબંધ રાખી માત્ર તેનું વ્યાજ દર વર્ષે વાપરવામાં આવશે.

માત્ર ૩૦ દિવસમાં આ વૈયાવચ્ચ ખાતામાં રૂા. ૫૧૦૦૦/-ની માતબર રકમ ભેટ મળી છે. તેમ જ જામનગરના જૈન સંઘોએ પણ આ યોજનાને પ્રશંસનીય રીતે આવકાર આપેલ છે.

અગાસી તીર્થે પાર્શ્વ પદ્માવતી પૂજનની ઉજવણી

પૂ૦ આચાર્યશ્રી વિજયદક્ષસૂરીશ્વરજી મ૦સા૦ આદિ મુનિ ભગવંતોની શુભ નિશ્રામાં પરમતારક દેવાધિદેવ પરમાત્માશ્રી પાર્શ્વનાથ ભગવાન તથા શાસનદેવી મહાશક્તિ સ્વરૂપ રાજરાજેશ્વરી માતા પદ્માવતીદેવીની આરાધના-ભક્તિ સ્વરૂપ શ્રી પાર્શ્વ-પદ્માવતી મહાપૂજન ગત તા. ૧૩-૮-૮૯ના રોજ હર્ષોલ્લાસ પૂર્વક ઉજવાયેલ. ક્રિયાકારક તરીકે શ્રી લલિતભાઇ એસ. શાહ અને મંડળી તથા શ્રી બળવંતભાઈ ઠાકુર બેન્ડ પાર્ટીએ ભક્તિ-રસની રમઝટ બોલાવેલ.

શ્રી શત્રુંજય ગિરિરાજાય નમઃ

પધારો ! જરૂર પધારો ! !

જંબુદ્વીપ નિર્માણ યોજનાની પણથંભી આગેકુચ

વિજ્ઞાન અને અધ્યાત્મનો સુમેળ સાધી જૈનત્વ અને હિન્દુત્વનું સંરક્ષણ કરતી આ વિશાળ યોજનામાં ચાલી રહેલાં કાર્યોની રૂપરેખા :—

પૂજ્યપાદ પંન્યાસજી ગુરુદેવશ્રીના શિષ્યરત્ન પૂ૦ પં૦ શ્રી અશોકસાગરજી મ૦ સા૦ના માર્ગદર્શન નીચે ચાલી રહેલ ઝડપી કાર્યો........

(૧) જંબુદ્વીપ જૈન દેરાસરના તમામ કાર્યોને ઝડપી પૂર્ણ કરવા માટે અપાઈ ગયેલા ઓર્ડરો.

(૨) બે સૂર્યના પરિભ્રમણ દ્વારા ભારત-અમેરિકા આદિ દેશોમાં થતાં સૂર્યોદયની વધઘટનું પ્રેકટીકલ યંત્ર હમણાં જ તૈયાર થઇ ગયું છે જેમાં ૧૮૪ માંડલા વિગેરેનું પ્રત્યક્ષ દર્શન થાય છે.

(૩) અધ્યાત્મ યોગી પં. ગુરુદેવશ્રી અભયસાગરજી મ૦સા૦ના શ્રી નવકાર મહામંત્રના પટો વિ, ને ફ્રેમીંગ કરી સુરક્ષિત કરવા શ્રી નવકાર મંદિરનું આયોજન.... જેનું ખાતમુહૂર્ત શ્રાવણ વદ ૩ના મંગલ દિવસે થયેલ છે.

(૪) વિશાળ અને ભવ્ય આરાધના ભવન નિર્માણ કરવા માટે વિચારણા ચાલી રહેલ છે.

(૫) પ્રકાશિત થયેલ પુસ્તકોનું ઝડપી વેચાણ-નવા પુસ્તકોનું પ્રકાશન અને પુનઃ પ્રકાશનનું કાર્ય હાથ ધરાયેલ છે.

(૬) જંબુદ્વીપની વિશાળ જમીનને કમ્પાઉન્ડ વોલ કરવાનું કાર્ય ચાલે છે.

(૭) આકર્ષક કુપનોના વિમોચન સાથે ગામોગામ તેના વેચાણનું આયોજન....

આ સુંદર આયોજન ઝડપથી મૂર્તિમંત બને તે માટે ઘનિષ્ઠ પ્રયાસો થઇ રહ્યાં છે. પૂજ્યપાદ પંન્યાસજી ગુરુદેવશ્રીની પ્રેરણાથી આરંભાયેલા કાર્યો પૂર્ણ થાય તે માટે સર્વે સંઘો-વ્યક્તિઓને સાથ સહકાર આપી લાભ લેવા નમ્ર વિનંતી.

લિ. શ્રી વર્ધમાન જૈન પેઢી-પાલીતાણા

— પુછપરછ અને પરિચય માટે —

પંન્યાસશ્રી અશોકસાગરજી મ૦ સા૦, જંબુદ્વીપ જૈન પેઢી, પાલીતાણા-૩૬૪૨૭૦

સંસારના ક્ષણિક સુખ માટે અણમોલ નર-ભવ હારી જવો કોડી માટે કોહીનુર સમાન છે.

કલકત્તા–કેનીંગસ્ટ્રીટમાં ચાતુર્માસ આરાધનાની ભવ્ય ઉજવણી

પૂજ્યપાદ આચાર્યશ્રી વિજયનેમિસુરીશ્વરજી મ૦ સા૦ ના સમુદાયના પૂજ્ય આચાર્યશ્રી વિજયનયપ્રભસુરીશ્વરજી મ૦સા૦ આદિ ઠાણા૪ તથ સાધ્વીશ્રી કાંતગુણાશ્રીજી મ૦ આદિ ઠાણા ૭ શ્રી ગુજરાતી જૈન શ્વે. મૂ૦ પૂ૦ તપગચ્છ સંઘ, ૯૬, કેનીંગ સ્ટ્રીટ, કલકત્તા–૧ ની આગ્રહભરી વિનંતીને માન આપી ચાતુર્માસાર્થે પધારેલ છે.

જેઠ વદ ૨ બુધવાર તા. ૨૧–૬–૮૯ના શુભ મુહુર્તે ચાતુર્માસ પ્રવેશ, માંગલીક પ્રવચન, સંઘપૂજન, લાડુની પ્રભાવના, સારા પ્રમાણમાં સમુહ આયંબીલ તપ કરવામાં આવેલ.

જેઠ વદ ૩ ગુરૂવાર તા. ૨૨–૬–૮૯ના પૂજ્ય સાધ્વીજીશ્રી અક્ષતયશાશ્રીજી મ૦ સા૦ ની પુરૂષોના વ્યાખ્યાન હોલમાં વડી દીક્ષા તેમજ સંઘપૂજનો કરવામાં આવેલ.

જેઠ વદ ૭ રવિવાર તા. ૨૫–૬–૮૯ થી બાલમુનિશ્રી જયપ્રભવિજયજી મ૦ સા૦ દર રવિવારના બપોરના જુદા જુદા વિષયો ઉપર જાહેર વ્યાખ્યાન આપે છે જેમાં સારી સંખ્યામાં ભાવિકો હાજર રહે છે.

જેઠ વદ ૮ સોમવાર તા. ૨૬–૬–૮૯થી બાલમુનિશ્રી તથા બે સાધ્વીજી મ૦સા૦ના ઉતરાધ્યયન સુત્રના જોગ ચાલુ થયેલ.

અષાડ શુદ ૨ બુધવાર તા. ૫–૭–૮૯થી દરરોજ નીશ્ચિત સમયે ૫૦ પૂ૦ આચાર્ય ભગવંત તેમજ ૫૦ પૂ૦ પંન્યાસજી મ૦ સા૦ શ્રી ઉતરાધ્યયન સુત્ર તથા શાંતિનાથ ચરિત્રનું વાંચન શરૂ કરેલ છે. તેમજ દરરોજ જુદા જુદા ભાવિકો તરફથી વ્યાખ્યાન દરમ્યાન સંઘપૂજન કરવામાં આવે છે.

અષાડ શુદ ૧૧ થી ૧૪ જ્ઞાન–દર્શન–ચારિત્ર અને તપનો ચાર દિવસનો તપ કરવામાં આવેલ. ભાગ્યશાળી તરફથી તપસ્વીઓને પારણા કરાવવામાં આવેલ.

અષાડ શુદ ૧૫ સોમવાર તા. ૧૭–૭–૮૯ થી સળંગ સાંકળી અઠ્ઠમ તપ શરૂ કરાવવામાં આવેલ છે. સારી પ્રભાવના અપાય છે.

અષાડ વદ ૫ રવિવાર તા. ૨૩–૭–૮૯ના રોજ કોઈ એક ભાગ્યશાળી તરફથી ખીરના એકાસણા કરાવવામાં આવેલ જેમાં સારી સંખ્યા થઇ હતી.

અષાડ વદ ૧૩ રવિવાર તા. ૩૦–૭–૮૯ના રોજ કોઇ એક ભાગ્યશાળી તરફથી દિપક એકાસણા કરાવવામાં આવેલ જેમાં પણ સારી સંખ્યા થઇ હતી.

શ્રાવણ શુદ ૩-૪–૫ ત્રણ દિવસના ઉપવાસ (અઠ્ઠમ તપ) ૧૭૨ ભાગ્યશાળીઓએ કરેલ છે. જેમાં એક આઠ વર્ષના બાળકનો સમાવેશ થાય છે. બધા તપસ્વીઓને અત્રે અતરવાયણા તેમજ પારણા ભાગ્યશાળીઓ તરફથી કરાવવામાં આવેલ છે. સારી પ્રભાવના આપવામાં આવેલ છે.

જામકંડોરણા નિવાસી સુશ્રાવિકા અ. સૌ. વિમળાબેન રસીકલાલ દેસાઈના માસક્ષમણના પારણા શ્રાવણ શુદ ૧૧ રવિવાર તા. ૧૩–૮–૮૯નાં નિર્વિઘ્ને પૂર્ણ થતા તેઓના પરિવાર તરફથી તે જ દિવસે સ્વામીવાત્સલ્ય રાખવામાં આવેલ હતું. તેઓએ ચતુર્વિધ શ્રીસંઘના પગલા તેઓના નિવાસ સ્થાને કરાવેલ હતા.

બગસરા નિવાસી સુશ્રાવિકા અ. સૌ. મંજુલાબેન મુગટરાય દોશીનું માસક્ષમણનું પારણું શ્રાવણ વદ ૨ શનીવાર તારીખ ૧૯–૮–૮૯ના રોજ થયેલ. તા. ૧૫–૮–૮૯ ના રોજ તેઓના પરિવાર તરફથી રથયાત્રાનો વરઘોડો કાઢવામાં આવેલ હતો.

શ્રાવણ શુદ ૧૩ મંગળવાર તા. ૧૫–૮–૮૯ના રોજ વૃત્તિ સંક્ષેપના એકાસણા તથા ત્યારબાદ ૧૦૮ પાર્શ્વનાથ ભગવાનના અભિષેક કરાવવામાં આવેલ છે.

આ ઉપરાંત અનેકવિધ નાના પ્રકારની તપશ્ચર્યા ચાલી રહેલ છે.

સુરત : શ્રેણીતપ આરાધનાની ઉજવણી

વર્તમાન મુનિગણનાયક પૂ૦ આચાર્યશ્રી ચિદાનંદસૂરિજી મ૦ સા૦, ગણિવર્યશ્રી સુયશમુનિજી મ૦સા૦ આદિ વિશાળ મુનિમંડળની પાવન નિશ્રામાં તેમજ તેમના જ સમુદાયવર્તી સાધ્વીશ્રી વિનયશ્રીજીના શિષ્યા સા૦શ્રી સૂર્યપ્રભાશ્રીજી મ૦ના શિષ્યા વિદુષી સા૦શ્રી પુન્યહર્ષલતાશ્રીજીના શિષ્યા તપસ્વી સા૦શ્રી હિરણ્યલતાશ્રીજીના શ્રેણીતપની આરાધનાની પૂર્ણાહુતિ નિમિત્તે ૪૫ આગમ મહાપૂજન તેમજ ૪૫-૪૫ અઠ્ઠમ, છઠ્ઠ, ઉપવાસ, આંબેલ, એકાસણા, આદિની સુંદર આરાધના સામુદાયિક રીતે ઉજવાઇ.

પૂ૦ સાધ્વીજી મ૦સા૦એ દીક્ષા ગ્રહણ કર્યા બાદ અભ્યાસ, આરાધના, ગુરુભક્તિ વગેરે કરી સંયમ જીવનને ઉજ્જવળ કરવા પૂર્વક આ વર્ષે શ્રેણીતપની મહાન આરાધના કરી છે.

સુરતના વૃદ્ધજનો દ્વારા જાણવા મળેલ કે સુરતના ઇતિહાસમાં આ મહાપૂજન પ્રથમવાર જ આ રીતે ભણાવવામાં આવ્યું છે.

આ ઉત્સવમાં અત્રેના કાર્યકર ભાઈઓએ ઘણી મહેનત ઉઠાવી હતી. ત્રણેય દિવસ અખંડ જાપ તેમ જ પ્રવચનકાર શ્રી ચંદ્રશેખર મુનિએ વિશિષ્ટ પ્રવચન આપ્યું હતું.

પૂ૦ આચાર્યશ્રી તૃતીય પ્રસ્થાનની આરાધનાપૂર્વક અન્ય મુનિરાજોને યોગોદ્વહનની ક્રિયાઓ કરાવી રહ્યા છે.

'જૈન' પત્રના ગ્રાહકોને નમ્ર વિનંતી

જે ગ્રાહક બંધુઓએ ચાલુ વર્ષનું લવાજમ ન મોકલ્યું હોય તેમણે રૂા. ૫૦/– M.O. મોકલાવવા વિનંતી

પહેલા માણસ કુટેવ પાડે છે ને પછી કુટેવ માણસને પાડે છે.

જૈન-પ્રતિક્રમણ વિશેષાંક (સચિત્ર)

ઠેર ઠેરથી મમતા અને લાગણી ભર્યું મળતું રહેલ માર્ગદર્શન, લેખન સામગ્રી તથા અ વકારરૂપ
સાથ–સહકારને કારણે પર્વ પર્યુષણને બદલે દિવાળી બાદ પ્રકાશન.

卐 કાયમી ઉપયોગી અને સંગ્રહણીય–સચિત્ર પ્રકાશન 卐

'જૈન' પત્રનો પ્રતિક્રમણ વિશેષાંક પર્યુષણ પર્વ પ્રસંગે પ્રગટ કરવાની અમારી ભાવના હતી અને તે અંગેનું જરૂરી સાહિત્ય પણ એકત્ર કરવામાં આવેલ જે અમોએ જણાવેલ. આ પ્રતિક્રમણ વિશેષાંકના પ્રકાશનને કાયમી ઉપયોગી અને પ્રત્યેક જૈન પરિવારના ઘરે ઘરે સંગ્રહણીય બની રહે તેવી વિશેષ સામગ્રી–માર્ગદર્શન પરમ પૂજ્ય ગુરુભગવંતો દ્વારા દિર્ઘદૃષ્ટિથી તૈયાર કરેલ લેખો–ચિત્રોને આવરી લેવામાં આવેલ. જેમાં પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ૦સા૦ દ્વારા તૈયાર કરેલ પ્રતિક્રમણના સૂત્રોનો સ્પષ્ટ અર્થ દર્શાવતા ચિત્રો સાથેનો લેખ તેમજ પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ૦સા૦, પૂજ્ય આચાર્યશ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મ૦સા૦, પૂજ્ય પંન્યાસશ્રી અશોકસાગરજી મ૦સા૦, પૂજ્ય મુનિરાજશ્રી અરૂણવિજયજી મ૦સા૦ આદિ પૂજ્યોના માહિતી સભર લેખો પ્રાપ્ય બની શકે તે માટે આ પ્રકાશનને હવે દિવાળી પર્વની ઉજવણી બાદ હાથ ધરવામાં આવનાર છે જે માટે આપ સૌ પણ જરૂરી સાથ–સહકાર આપી ઉપકૃત કરશોજી.

આ પ્રતિક્રમણ વિશેષાંકના પ્રકાશનમાં સંપૂર્ણ વિધિ, સૂત્રાર્થ, સમજુતી, લેખો, ચિત્રો સાથે ૬૦૦ પાનામાં બનશે અને આ પુસ્તક જૈનોના ઘેર–ઘેર પહોંચી વળે તે માટે દસહજાર કોપી પ્રગટ થનાર છે. જેનો અંદાજિત ખર્ચ રૂા. ૩,૩૦,૦૦૦ (ત્રણ લાખ ત્રીશહજાર) જેવો થાય છે. અને આ ખર્ચને પહોંચી વળવા શુભેચ્છક સહાયક તરીકે રૂા. ૧૦૦૧/– (એક હજાર એકમાં ફોટા સ્વીકારવામાં આવતાં દરેક સમુદાયના–ગચ્છોના તેમ જ સદ્ગૃહસ્થોના ફોટાઓ પ્રાપ્ત થઇ રહેલ હોય તે સર્વેના અમે આભારી છીએ. બાકી રહેલ પૂજ્ય ઉપકારી ગુરુભગવંતો ફોટા શ્રીસંઘો–ભકતો મોકલવાનું નહિ ચૂકે તેવી આશા રાખીએ છીએ. શ્રાવક વર્ગ પણ તેમના સ્વજનોના ફોટાઓ આપી અમારા આ પ્રકાનશમાં સહયોગી થશે અને આ વિરાટ કાર્યમાં પ્રોત્સાહિત કરશે તેવી આ તકે આશા અને અભિલાષા રાખીએ છીએ.

આ ચિરસ્મરણી અનેય સંગ્રહણીય ઉપયોગી પ્રકાશનમાં આપનું નામ અમર કરવા સહાયક તરીકે રૂા. ૩૦૧–૦૦માં અવશ્ય લાભ લેવા વિનંતી છે.

પૂજ્ય ગુરુદેવો : આપશ્રીના, આપશ્રીના ઉપકારી ગુરુદેવોના અને સમુદાયના પૂર્વે પૂજ્યોના ફોટા ગુરુભક્તિ સ્વરૂપે શુભેચ્છક સહાયક ને પ્રેરણા આપી મોકલાવશો.

શ્રીસંઘો ટ્રસ્ટો : આપશ્રીના પરમ ઉપકારી પુજ્ય શ્રમણ–શ્રમણી ભગવંતોના ફોટા ગુરુદ્રવ્યમાંથી આપી તથા શ્રીસંઘના પ્રાણસમા ભાગ્યશાળી સેવકો–દાતાઓના ફોટા આપીને તેમની ચિરસ્મૃતિરૂપ બનાવવા મોકલાવશો.
તેમજ વધારે કોપીઓ બુક કરાવી, પુ૦ ગુરુભગવંતોને, પાઠશાળા, જ્ઞાનભંડારને ભેટ આપી જ્ઞાનદ્રવ્યનો સદ્ઉપયોગ ચૂકશો નહિ.

ધર્મપ્રેમી શ્રાવકો : આપશ્રીના ઉપકારી જન્મદાતા માતા–પિતા કે સ્વજનની ચિરસ્મૃતિરૂપ ફોટા આપીને શુભેચ્છક સહાયક તરીકેનો લાભ મેળવશોજી.

卐 વિશેષ માહિતી માટે મળો યા લખો 卐

(૧) જૈન ઓફિસ, ન્યુ દાણાપીઠ, પોસ્ટ બોક્ષ નં. ૧૭૫, ભાવનગર–૩૬૪૦૦૧
(૨) શ્રી નગીનદાસ વાવડીકર, ગોડીજી બિલ્ડીંગ, ૨૧૯–એ, કીકા સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૨
(૩) શ્રી સુરેન્દ્રભાઇ શાહ, C/o. શ્રી આદીશ્વર જૈન દેરાસર, ચીકપેઠ, બેંગલોર–૫૬૦૦૫૩
(૪) શ્રી પુખરાજજી C/o. શ્રી જૈન આરાધના ભુવન, ૩૫૧, મીન્ટ સ્ટ્રીટ, મદ્રાસ–૬૦૦૦૭૯

મુંબઇ પંચાન્હિકા મહોત્સવની ઉજવણી

શ્રી કાંતીલાલ મણીલાલ એન્ડ કું. દવાના વેપારી શ્રી પનાલાલ (બાબુભાઇ) તરફથી શ્રીમતી સુધાબહેન પનાલાલ, તથા ગં. સ્વ. શ્રીમતિ કલાવતી કાંતીલાલના આત્મ શ્રેયાર્થે પૂ૦ આ૦ દેવશ્રી રાજયશસૂરીશ્વરજી મ.ની શુભ નિશ્રામાં શ્રી બાબુ અમિચંદ પનાલાલ દેરાસરજી વાલકેશ્વર જીનભકિત પંચાન્હીકા મહોત્સવનું આયોજન કર્યું હતું. શ્રા. સુ ૧૨ના દિવસે "અભિષેક" વખતે જીવદયાની ટીપમાં શ્રી બાબુભાઇ તરફથી રૂા. ૫૦૦૧/- તથા તેમના સબંધીઓ તરફથી મળીને કુલ રૂા. ૨૧૦૦૦/- ની ટીપ થઈ હતી. વીધીકારક શ્રી પાનાચંદ વી. શાહ તથા જાણીતા સંગીતકાર મનુભાઇ પાટણવાળાની મંડળીએ સારી જમાવટ કરી.

નડિયાદ—અષ્ટાન્હિકા મહોત્સવની ઉજવણી

અત્રે મુનિશ્રી વેમલવિજયજી મ૦સા૦, મુનિશ્રી રત્નસેન વિજયજી મ૦સા૦ તથા શાસનસમ્રાટ નેમિસૂરિજી મ૦ સા૦ના સમુદાયવર્તી સાધ્વી શ્રી પ્રવિણાશ્રીજી આદિ ઠા. ૮ની શુભનિશ્રામાં અત્રે સ્થિત શ્રી દેવચકલા જૈન સંઘના ઉપક્રમે પર્યુષણા મહાપર્વની આરાધનાની પૂર્ણાહુતિ નિમિત્તે અષ્ટાન્હિકા મહોત્સવ, લઘુશાંતિસ્નાત્ર, અઢાર અભિષેક, ૧૦૮ પાર્શ્વ.પૂજન ઉજવાયેલ.

અકલંક ગ્રંથમાળા પ્રકાશન—મલાડ (મુંબઇ)

આથી સંસ્થાના સભ્યોએ પોતાને જે પુસ્તકની જરૂરિયાત હોય તેઓ અત્રેથી રૂબરૂ લઈ જવા વિનંતી. બહારગામના સભ્યોને પત્ર આવ્યેથી હાજર પુસ્તકો હશે તે મોકલવામાં આવશે.

સંપર્ક : ગ્રંથમાળા પ્રકાશન, વાસુપૂજ્ય જૈન દેરાસર પેઢી, મામલતદાર વાડી નં. ૩, મલાડ (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૬૪

કલ્પવૃક્ષ સમાન કંબોઇ તીર્થમાં પધારો

ગુજરાતમાં આવેલા કંબોઇના પ્રાચીન તીર્થમાં ભવ્ય ચમત્કારી શ્રી મનમોહન પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા શ્રી સંપ્રતિ મહારાજાના સમયની બિરાજીત છે. દેરાસરમાં કાચનું સુંદર કામ જોવા લાયક છે. આપ સૌ તીર્થના દર્શને અવશ્ય પધારજો.

અહિં ભોજનશાળાની સગવડ તથા યાત્રિકોને ભાતું અપાય છે. આ તીર્થ મહેસાણાથી શંખેશ્વર તથા રાધનપુર જતાં ચાણસ્મા અને હારિજ વચ્ચે કંબોઈ તીર્થ આવેલ છે. આવતી જતી દરેક બસ કંબોઈ સ્ટેન્ડ ઉપર ઉભી રહે છે. તો આ ભવ્ય તારક તીર્થની યાત્રા કરવા પધારવા વિનંતી છે.

શ્રી મનમોહન પાર્શ્વનાથ કારખાના
મુ. કંબોઈ, વાયા : ચાણસ્મા
(જી ; મહેસાણા-ઉ. ગુજરાત)

ક્ષમાપના

બન્ધુ ! આજ સુધીમાં આપના પ્રત્યે કંઇ દુર્વ્યવહાર થયો હોય, નિરંકુશ બનીને ક્રોધાવેશમાં કડવા વચનો લખેલ હોય-સંભળાવ્યા હોય, કારણે-અકારણે તમારો દ્વેષ કરીને, તમારા હૃદયને આઘાત પહોંચાડયો હોય તો તેને માટે એકવાર નહિ, બેવાર નહિ, એક સો વાર હું બે હાથ જોડીને ક્ષમા માગું છું. તમને ખમાવાનું તો કહું છું- પણ મારા દુષ્કર્મને તમે કેમ ભૂલી શકશો ? હું માત્ર એટલું જ કહેવા માગું છું કે જે રીતે ભૂલાય તે રીતે પણ મારા તમામ દોષો ભૂલી જજો.

પ્રિયભાઈ, તમે ગમે તે હો ! તમે ચાહક હો કે યાચક, ચાહક હો યા વિરોધી હો ! તમે આજે આત્મીય હો કે સાવ અજાણ્યા હો ! તમને દુભવવાનો મને શું અધિકાર છે ? તો ક્ષમાપના સ્વિકારશો.

— મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
તંત્રી : જૈન-સાપ્તાહીક

આરાધકોને.... ધન્યવાદ.... નિમંત્રણ

શ્રી પર્યુષણ મહાપર્વ દરમ્યાન જૈન માત્રએ નાની મોટી શકય આરાધના નિર્વિઘ્ને સુખ-શાતાપૂર્વક કરેલ હશે તો સર્વેને અમારા તરફથી સુખશાતા સહ ધન્યવાદ....

જૈન સમાજના નાના-નાના બાળકો ને બાળીકાઓ પણ વિશાળ સંખ્યામાં આરાધના કરતા થયેલ છે. તેમની ધર્મભાવના અને તેમની શ્રદ્ધાથી આપણું મસ્તક નમી જાય છે. ૧૨ વર્ષથી નાના-નાના બાળકો-બાળીકાઓમાં જેમણે ત્રણ ઉપવાસથી વધારે ઉપવાસ કરેલ હોઈ તેમના ફોટા (પાસપોર્ટ સાઇઝના) અમોને નીચેની વીગતે મોકલવાથી શ્રી માં (કોઇપણ જાતનો ચાર્જ લીધા વગર) જૈન પત્રમાં છાપવામાં આવશે.

નીચેની સંપૂર્ણ વિગત જન્મ તારીખ તથા સમય લખીના સાથે મોકલનારના ફોટા અવશ્ય પ્રગટ કરીશું.

નામ : ______ ગામ : ______
પિતાનું નામ : ______ માતાનું નામ: ______
જન્મ તારીખ : ______ સમય : ______
તપશ્ચર્યાની વિગત : ______
નિશ્રા : ______
સરનામુ : ______

આજે શરીરના, મનના બધા રોગોનું મૂળ મોટા ભાગે અબ્રહ્મચર્ય છે.

જૈનોના રાજકીય અક્ષાંક રેખાંશ

— ચંદ્રેશ ચિત્વાડીયા

જૈનોએ ભારત સરકાર લઘુમતિના અધીકારો માંગવા જોઇએ, એવી ચર્ચા બુલંદ બનતી જાય છે, જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ, આત્માનંદ જૈન સભાએ ચર્ચા વિચારણા કરીને સરકાર સમક્ષ જોરદાર રજૂઆત કરવી જોઇએ.

આવતું આખું વર્ષ ચૂંટણી વર્ષ છે, અને જૈન પ્રજા સમસ્ત ભારતવર્ષમાં પથરાયેલી પડી છે, હિન્દુસ્તાનના ગામડે ગામડા, નગરો શહેરોની નાડ જૈન પ્રજા પાસે છે. ચૂંટણીમાં ઉમેદવારની જીત-હાર ગામડામાં વેપારની હથોટી ધરાવતી આ પ્રજાના હાથમાં છે, ધારેલા ઉમેદવારને જીતાડવાની શક્તિ જૈનોમાં છે, ત્યારે આવી બુદ્ધિશાળી અને શક્તિશાળી પ્રજાની ઉપેક્ષા કરવી ભારત સરકારને પાલવે એમ નથી, માટે આવી માગણી કરવાનો યોગ્ય સમય અત્યારે છે

હિન્દુસ્તાનમાં આવેલા દરેક જૈન સંઘો, આચાર્ય ભગવંતો, સાધુ-સાધ્વીઓ, શ્રાવક-શ્રાવિકાઓ, શ્રેષ્ઠિઓ દૃઢ નિર્ણય કરે અને જૈન શ્વેતામ્બર કોન્ફરન્સને વિનંતી કરે કે તમો સમસ્ત જૈન સંઘ વતી ભારત સરકારને જૈન લઘુમતી કોમ છે. એવી જાહેરાત કરવા માટે દબાણ કરો.

હવે તો, ધ્યાન રાખજો, આપણાં વડીલો સરકારને આવી અપીલ કરવાનું સહજપણે સ્વીકારી શકવાના નથી, એમાં તેમને એનું સ્વાભિમાન નડે છે. આ સ્વાભિમાનને સ્વમાનમાં ખપાવવાનો આજ વડીલો મિથ્યા પ્રયત્ન કરતા હોય છે, આપણાં વડીલો ભલે ફક્ત બે રોટલી ખાઇ શકતા હોય પણ તેઓ સોનાની થાળીમાં સોનાની ચમચીઓથી સોનાના વાસણો દ્વારા પીરસાયેલું બદામ-પીસ્તા-એલચીથી ભરપૂર એવુ ભોજન જમે છે. ઇટાલીયન મારબલથી ભરપૂર હજારોના ખર્ચે ચીતરાયેલા પેઇન્ટીંગથી ઝળહળતી ઉઠતા હોલમાં અને લાઇટોથી અંજાઇ જતાં ઝાકઝમાટ વાળા શયનખંડમાં આરામ ફરમાવે છે. પાંડવો-કૌરવોના ભવ્ય મહેલોની ઝાંખી મહાભારતમાં જોવા મળે છે એના કરતાં ભવ્ય મહાલયોમાં મહાલે છે, ત્યારે એમને મધ્યમ વર્ગની અને ગરીબ વર્ગની સ્થિતિનો શું ખ્યાલ આવે ?

જૈનોના મધ્યમ વર્ગની આજની પરિસ્થિતિ વિષમ છે, આશાસ્પદ યુવાનોને નોકરી નથી, રહેવા ઘર નથી, તાંબા-પીત્તળના વાસણો વેંચાઇ ગયા છે. અને હલકી જાતના સ્ટેનલેસ સ્ટીલના વાસણોમાં એક ટંક અડધુ જમીને, અને એક ટંક ભૂખ્યો રહીને ઝુપડપટ્ટીમાં વસતું જૈન કુટુંબ જીંદગીના દિવસો પૂરા કરે છે. ન માનતા હોવ તો તમે જે. આર. શાહને પૂછજો, આજ કક્ષાના કેટલાય જૈન દર્દીઓ મહાવીર હોસ્પીટલમાં આવે છે કે નહી ? અને જે. આર. શાહ તેમને મદદ કરે છે કે નહી ?

જૈન સમાજમાં પૈસાદાર અને ગરીબોનો ભયંકર તફાવત છે. અને આપણી સંસ્થાઓમાં શ્રેષ્ઠીઓ સર્વશ્રેષ્ઠ છે, અને આવી જ સર્વશ્રેષ્ઠતા તેમને લઘુમતીની માંગણી કરતા અટકાવે છે, જૈનો તો **મહાજન છે, મહાજનથી આવી** મહાજનશાહીના પાયા હલબલી ગયા છે, આ પાયાના પથ્થરો સામે નજર નાખનાર વસ્તુપાળ-તેજપાળ, ભામાશા આજે જૈન સમાજમાં નથી.

માટે જ.... નાના નાના સંઘોએ, નાનામાં નાના અદના માનવીએ, જાગૃત થવું પડશે. તેમને શ્રેષ્ઠીઓની સંપૂર્ણ અમાન્યા જાળવીને, માન આપીને, તેમની સમક્ષ રજૂઆતો કરીને જૈનોને લઘુમતી કોમ તરીકે જાહેર કરવા માટે સમજાવવા પ્રયત્નશીલ થવું જ પડશે, તેઓ જરૂર સમજશે પરંતુ કટીબદ્ધ તો આપણે જ બનવું પડશે.

કોમ્પ્યુટર વિજ્ઞાનના સંશોધને, આજે માનવશક્તિની જગ્યાએ મશીનશક્તિ કાર્ય કરતી થઇ ગઇ છે. જ્યાં પચીસ-ત્રીસ માનવોની જરૂર છે. ત્યાં એક કોમ્પ્યુટર કાર્ય કરે છે. રોબોટ દશ માનવનું કાર્ય કરે છે, તેથી દિન-પ્રતિદિન નોકરીની તક ઓછી થતી જવાની છે. બેકારી વધતી જવાની છે, ભારતમાં જબરદસ્ત વસ્તી વધારો છે. લાખો યુવાનો દર વર્ષે બેકાર બનતા જાય છે, યુનીવર્સીટીઓ બેકાર યુવાનો બનાવવાનું કારખાનું બનતી ગઇ છે. અને નોકરીની તકો ઓછી થતી જાય છે. ત્યારે આપણી ભાવી પેઢી માટે, આપણા સંતાનો માટે, આપણા કુટુંબ માટે મારી-તમારી પવીત્ર ફરજ છે કે જૈન ધર્મ લઘુમતી કોમ જાહેર થાય એ માટે પ્રયત્નશીલ બનવું.

ભારતના વડા પ્રધાનના પત્ની પણ લઘુમતી કોમના છે. ત્યારે ઓલ ઇન્ડિયા જૈન શ્વેતામ્બર કોન્ફરન્સના પ્રમુખ શ્રી દીપચંદભાઇ ગાર્ડીને ભારપૂર્વક વિનંતી કરીશ કે જૈનો લઘુમતી કોમ છે **તેની માંગણી સરકાર સમક્ષ કરે.**

જિનેન્દ્રભક્તિના મહોત્સવ માટે : ફોન : ૬૩૬૮૫૦૫/૬૩૬૩૭૫૨
જૈન સંગીતકાર
જૈન ગીતકાર
મનુભાઈ એચ. પાટણવાળા
અરવિંદકોલોની, ૧૪૫-ડી, અરૂણનિવાસ, ઇરલા,
વિલેપાર્લે(વે.) મુંબઇ-૪૦૦ ૦૫૬

પાપ થતા તો થઇ જાય પણ જીવનમાં તેનો પ્રશ્ચાતાપ જોઇએ.

Regd. G. BV. No. 20
JAIN OFFICE: P. Box No. 175
BHAVNAGAR-364001 (Gujarat)
Tele. O. C/o. 29919 R. C/o. 25869

જૈન

સ્વ. તંત્રી : ગુલાબચંદ દેવચંદ શેઠ
તંત્રી-મુદ્રક-પ્રકાશક-માલીક :
મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
જૈન ઓફિસ, પો. બો. નં. ૧૭૫, દાણાપીઠ, ભાવનગર

'જૈન' વર્ષ ૮૬
અંક ૩૪

વીર સં. ૨૫૧૫ : વિ. સં. ૨૦૪૫ ભાદરવા સુદ ૧૫
તા. ૧૫ સપ્ટેમ્બર ૧૯૮૯ શુક્રવાર
મુદ્રણ સ્થાન : શ્રી જૈન પ્રિન્ટરી
દાણાપીઠ પાછળ, ભાવનગર-૩૬૪ ૦૦૧

સૌ સહકાર આપીએ

આપણા મહાન જ્યોતિર્ધર શ્રી ઉમાસ્વાતિ વાચકે પોતાની સૂત્રાત્મક શૈલીમાં એક બહુ જ નાના વાકયમાં એક મહત્વની વાત સમજાવી દીધી કે—પરસ્પરોપગ્રહો જીવાનાં—એક બીજાને ઉપયોગી થવું. એ જીવોનું કામ છે. જીવો જીવો વચ્ચેની–માનવી માનવી વચ્ચેની સહકારની ભાવનાનાં બીજ આ સૂત્રમાં રહેલ છે. જેમ જેમ જનસમૂહમાં એકબીજાને સહકાર આપીને સહાયભૂત થવાની ભાવનાનો વિકાસ અને પ્રસાર થાય છે, તેમ તેમ દુનિયામાં સુખ, શાંતિ અને આબાદીની અભિવૃદ્ધિ થાય છે. વેર–વિરોધની કટુ લાગણીઓનું શમન થાય છે, અને જૈન ધર્મે પ્રબોધેલ જીવમત્ર સાથે મૈત્રી–કરૂણા સાધવાની ભાવના વ્યાપક બનતી જાય છે

એક વ્યકિતના જીવનવિકાસ માટે સહકારની જેટલી જરૂર રહે છે, એટલી જ સહકારની જરૂર સમાજના કે સંસ્થાના વિકાસ અને કલ્યાણ માટે રહે છે, કદાચ એમ જ કહેવું વધારે સાચું હશે કે સમજ કે સંસ્થા એ સહકારની ભાવનાની જ નીપજ છે. આપણા પર્વાધિરાજ પર્યુષણ પર્વની તપ–ત્યાગની અપુર્વ આરાધના દરમ્યાન સૌએ સૌની શકિત મુજબ ભકિતભાવપુર્વક દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય, ગુરૂદ્રવ્ય, સાધારણ ખાતે ને જીવદયામાં લાભ લીધેલ હોય તેને આપણે સૌ આવકારીયે અને અનુમોદીએ.

આ સમાજના ધર્મ ભાવનાશીલ શ્રદ્ધાળુઓ દ્વારા શ્રીસંઘ–સંસ્થાને જે વિશેષ સહકાર–સહાય મળેલ હોય તેમણે તેમની જરૂરીઆત કરતાં વધારાની આવક બીજી સંસ્થાઓને કે તે માટે થતી પ્રવૃત્તિના નીભાવ કે સંચાલન માટે આપશે તો ઘણું જ ઉપયોગી અને દાતાનું દાન સાર્થક બની રહેશે.

આપણે ત્યાંનાં નાના–નાના સંઘો, સ્થાનો કે સંસ્થાઓને નિભાવવા કે ચલાવવા આર્થિક સહકારની કમી વરતાતી હોય છે. ત્યારે જે સંસ્થામાં દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય, ગુરૂદ્રવ્ય, સાધારણદ્રવ્ય ને જીવદયાની રકમો મોટા પ્રમાણમાં આવતી હોય છે. તે આયોજન બદ્ધ સહાયક બની સહકાર આપશે તો સોનામાં સુગંધ ભળશે. ને દ્રવ્યસંગ્રહના પાપમાંથી બચશે.

મુંબઈ–અમદાવાદ–કલકત્તા, મદ્રાસ, બેંગ્લોર, પાલીતાણા આદી અનેક સ્થાનોમાં ઉપજ વિશેષ પ્રમાણમાં થતી હોય છે. આવા સંઘો મળેલ રકમનો સારો ભાગ જુદી જુદી જગ્યાએ મોકલાતો પણ હોય જ છે. જેનાથી ઘણા જ કાર્ય સરળ બને છે. ને નાના–નાના સંઘ કે સંસ્થાને બળ મળે છે. પરંતુ આને બદલે મોટા–સ્થાનોના સંઘો–સંસ્થાઓ–ટ્રસ્ટો પોતાની સહાય જરૂરીયાતવાળા સ્થાનોને કાયમ માટે પગભર કરવાની કોઇ યોજના વિચારે કે દતક લઇ તે તે સંસ્થાને તેની ચિન્તામાંથી મુકત કરે.

જેમ કે કોઈ પ્રાચીન–દેરાસરના જીર્ણોદ્ધારની જરૂર હોય કે નવા સ્થાનમાં જિન મંદિરની જરૂરીયાત હોય તેને મોટા ટ્રસ્ટો દત્તક લઇ તેના પુરા ખર્ચની કે પુરૂ કામ કરાવી આપવાની જવાબદારી લે, જેનાથી નાના સ્થાનોને જુદી જુદી જગ્યાએ ટીપ ટપરાની માંગણી કરવા જવાની જરૂરત જ નહી રહે. આમ જ જીવદયાના કાર્ય માટે પણ કોઈ પાંજરાપોળ દત્તક લઈને તેના વિકાસમાં ઉપયોગી થવાની જરૂર છે, માત્ર ૫–૧૦ હજાર મોકલવાને બદલે તેનો વાર્ષિક ખર્ચ જ મોટા ટ્રસ્ટો ઉપાડી લે તો પાંજરાપોળનું કાયાપલટ નીશ્ચીત બનશે.

મુંબઈ-પ્રાર્થના સમાજમાં ૬૮ ઉપવાસની આરાધના

અત્રે શ્રી ચંદ્રપ્રભુસ્વામી જૈન દેરાસરમાં ચાતુર્માસ બિરાજમાન પૂ૦ આચાર્યશ્રી ભુવનરત્નસૂરીશ્વરજી મ૦સા૦ના પરમ વિનયી, મધુરભાષી પુ૦ પંન્યાસશ્રી યશોવિજયજી મ૦સા૦ આદિ સાધુ-સાધ્વીજી મ૦ની શુભ નિશ્રામાં તેમના જ સમુદાયના ઉગ્ર તપસ્વી સાધ્વીશ્રી વીરસેનાશ્રીજી મ૦ એ નવકાર મંત્રના ૬૮ ઉપવાસની આરાધના કરી છે.

પૂ૦ સાધ્વીશ્રી વીરસેનાશ્રીજી સૌરાષ્ટ્રના જામકંડોરણા ગામના વતની છે. તેમનું પારણું તા. ૧૯ સપ્ટેમ્બરના રોજ થયેલ છે.

રતલામ-નમસ્કાર મહામંત્રની ભવ્ય આરાધના

પૂ૦ આચાર્યશ્રી વિજયૐકારસૂરીશ્વરજી મ૦ સા૦, પં. શ્રી પુરંદરવિજયજી મ૦સા૦, તપસ્વી મુનિશ્રી કંચનવિજયજી મ૦ સા૦ આદિ ઠાણાની શુભ નિશ્રામાં અત્રે ગુજરાતી ઉપાશ્રયે મહા મંગલકારી શ્રી નમસ્કાર મહામંત્રની ભવ્ય આરાધનાનું આયોજન કરવામાં આવેલ

આ નિમિત્તે વિવિધ આરાધનાઓની આરાધના, પૂજા, આંગી, તેમજ શ્રા. સુ. ૮ ના શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ ભ૦ના અઠ્ઠમ તપની આરાધના કરાવવામાં આવેલ.

પર્યુષણ પર્વ દરમ્યાન પણ વિવિધ આરાધનાઓની ઉજવણી કરવામાં આવેલ.

ઉદયપુર ડૉ. લક્ષ્મીલાલજી ઓડનું દુઃખદ અવસાન

પ્રખ્યાત જૈન શિક્ષાવિદ્ તેમજ જૈન શિક્ષા આયોગના કર્ણધાર ડૉ. લક્ષ્મીલાલજી ઓડનું ગત તા. ૮/૮/૮૯ના પોતાના નિવાસ સ્થળ ઉદયપુર મુકામે અચાનક અવસાન થયું છે. લંડન વિશ્વ વિદ્યાલયમાં M.E.D. PHD શિક્ષામાં વનસ્થલી વિશ્વ વિદ્યાલયના પ્રિન્સીપલ પદની સેવાથી નિવૃત્ત થઈ પોતાનું શેષ જીવન આ આયોગના પ્રારંભિક પ્રતિવેદન તૈયાર કરવામાં વિતાવ્યું હતું.

જૈન ધર્મ પ્રતિ અગાઢ શ્રદ્ધાવાન અને નિષ્પૃહભાવથી સમાજની સેવા કરનાર ડૉ. લક્ષ્મીલાલજી ઓડના અવસાનથી જૈન સમાજને સારી ખોટ પડી છે.

દેસૂરી (રાજ.) વર્ધમાન તપના પારણા

પૂ૦ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયસુશીલસૂરીશ્વરજી મ૦સા૦ આદિ વિશાળ સાધુ-સાધ્વીવૃંદ અત્રે ચાતુર્માસ બિરાજમાન છે.

ચાતુર્માસ દરમ્યાન નવકાર મંત્રના નવ એકાસણા, દીપકતપ, પંચરંગીતપ, ખીરના એકાસણા, સામુદાયિક આયંબિલ, અઠ્ઠમતપ, આદિ વિવિધ તપસ્યાઓ સંપન્ન થઇ છે. ચાતુર્માસ દરમ્યાન સળંગ અઠ્ઠમ તેમ જ વ્યાખ્યાનમાં પ્રતિ-દિન પ્રભાવનાઓ ચાલુ છે. શ્રી ભગવતી સૂત્ર તેમ જ વિક્રમ ચરિત્રના પ્રવચનો પણ થઇ રહ્યા છે,

પૂ૦ આચાર્યશ્રીને ૫૯ મી ઓળીની પૂર્ણાહૂતિ નિમિત્તે પગલા કરાવવાનો લાભ મોતીલાલજી કુંદનમલજી અંબાવત પરિવારે લીધો હતો.

શ્રી પોરવાલ જૈન સંઘ દ્વારા શ્રા. સુ. ૧૫ થી ભા. વદ ૯ સુધી પ્રતિદિન પૂજા, પ્રભાવના, આંગી, રોશની, ભાવનાદિ વિવિધ કાર્યક્રમ શ્રી ભક્તામર પૂજનયુક્ત નવાન્હિકા મહોત્સવપૂર્વક ઉજવાયેલ.

પર્યુષણા મહાપર્વ નિમિત્તે શ્રીસંઘમાં માસક્ષમણ, અઠ્ઠાઈ આદિ વિવિધ તપસ્યાઓની ઉજવણી થઇ છે.

અત્રે શ્રી શાંતિસ્નાત્ર પૂજા, પદ્માવતી પૂજન, શ્રી છપ્પન દિક્કુમારિકા મહોત્સવ, શ્રી વામા માતાજીના થાળયુક્ત વિવિધ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

શાહ પન્નાલાલજી પૂનમચંદજી અંબાવત પરિવાર દ્વારા આસો સુદ ૧૦ મંગળવાર તા. ૧૦-૧૦-૮૯થી ઉપધાન તપની આરાધનાનો પ્રારંભ થનાર છે. આ ઉપધાન તપમાં વિશાળ સંખ્યામાં ભાવિકોને પ્રવેશ આપવામાં આવનાર છે. આ આરાધનામાં જોડાવા ઇચ્છુક બહારગામથી આવનાર ભાવિકોને આવવા-જવાનું ભાડું પણ આપવામાં આવનાર છે.

ઇચ્છુક ભાવિકે શ્રી પોરવાલભવન જૈન ઉપાશ્રય, મુ. દેસુરી, સ્ટે. ફાલના, જિ. પાલી, રાજસ્થાનના સરનામે પત્ર વ્યવહાર કરવો.

"પાલીતાણામાં ધર્મશાળા, દેરાસર, ઉપાશ્રય બાંધવા જમીન ખુલ્લા પ્લોટ, બંગલા, ફ્લેટ, ટેનામેન્ટ, દુકાન, ઓફીસ વગેરે ખરીદવા તથા વેચવા માટે!"

બ્રહ્મભટ્ટ એસ્ટેટ એજન્ટ

હસમુખભાઇ એમ. બ્રહ્મભટ્ટ
(સદસ્ય : નગરપાલીકા-પાલીતાણા)
શત્રુંજય પાર્ક, તલાટી રોડ, પાલીતાણા-૩૬૪ ૨૭૦
સમય : સવારે ૯ થી ૧૨ સાંજે ૪ થી ૬ ફોન : ૪ ૪

આ દુનિયામાં એક જ વાર પસાર થવાનું છે, કેવી રીતે પસાર થવું એનો આધાર આપણી ઉપર છે.

શૌરીપુરમાં પર્યુષણ પર્વની શાનદાર ઉજવણી

પૂ૦ આચાર્ય શ્રી અશોકરત્નસૂરિજી મ૦સા૦, આ૦શ્રી અભયરત્નસૂરિજી મ૦સા૦ આદિ ઠાણા ૫ ની નિશ્રામાં પર્યુષણપર્વની આરાધના નિમિત્તે પહેલા ત્રણ દિવસ પૂજા ભણાવાઇ હતી અને આઠેય દિવસ સુંદર આંગી-ભાવના થઈ હતી. બન્ને પૂજ્ય આચાર્ય મહારાજોએ પર્વના આ દિવસો દરમ્યાન સરળ હિંદી ભાષામાં વ્યાખ્યાનો આપ્યા હતા દેવદ્રવ્ય અને સાધારણ ખાતામાં સારી એવી ઉપજ થઇ હતી.

કલ્પસૂત્ર, બારસાસૂત્ર, ભગવાનના પારણાનો વરઘોડો રાત્રિજગો અને પ્રભાવના ઉપરાંત આઠેય દિવસ વ્યાખ્યાન બાદ સંઘપૂજન થયા હતા.

ભા. સુ -૪ના બારસાસૂત્ર વાંચન બાદ ચૈત્યપરિપાટી, સંવત્સરી પ્રતિક્રમણ અને પ્રભાવના થઇ હતી.

તપશ્ચર્યાઓમાં ૩૨ ઉપવાસ-૧, ૧૫-૧, ૧૧-૧. ૯-૯, ૮-૧૯, ચોસઠપ્રહોરીપૌષધ, સિદ્ધિતપ-૨, ધર્મચક્રતપ-૨, દરેક આરાધકોનું શ્રીસંઘ તરફથી અને શ્રી કુંથુનાથજી જૈન મંડળ તરફથી સન્માન કરવામાં આવ્યું હતું.

ભા. સુ. ૫ ના સકલ સંઘના પારણા અને ૩૨ ઉપવાસના આરાધક તપસ્વીશ્રી માંગીલાલજી વરદીચંદજી ગાંધીનું સન્માન થયું આ નિમિત્તે પણ સ્વામીવાત્સલ્યો થયાં હતા. ભવ્ય રથયાત્રાનો વરઘોડો ચડયો હતો.

આ પ્રસંગે તામીલનાડુ, આંધ્રપ્રદેશ, કર્ણાટક, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને ગુજરાતમાંથી મોટી સંખ્યામાં આરાધકો પધાર્યા હતા. પૂજ્યશ્રી આદિનું સુંદર શૈલીમાં વ્યાખ્યાન ચાલુ છે.

પાલીતાણા- સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમમાં તપશ્ચર્યા

પાલીતાણાની શ્રી સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમની સાત કુમારિકા બહેનોએ ૨૧ ઉપવાસની ઉગ્ર એવી મહાન તપસ્યાની આરાધના કરી છે.

આ સંસ્થા દ્વારા શિક્ષણ સાથે ધાર્મિક જ્ઞાન પણ અર્પણ કરવામાં આવે છે. હાલ આ સંસ્થામાં ૨૭૦ વિદ્યાર્થીની બહેનો લાભ લઈ રહી છે. ધાર્મિક શિક્ષણ સાથે ધોરણ ૯ થી ૧૨ સુધીનું વ્યવહારિક જ્ઞાન પણ અપાય છે.

પર્યુષણ પર્વના પુનિત પ્રસંગે આ સંસ્થાની ૧૨૦ જેટલી વિદ્યાર્થીની બહેનોએ ૨૧ ઉપવાસથી માંડીને અઠ્ઠાઇ સુધીની મોટી તપશ્ચર્યાઓની આરાધના કરી છે.

ભાદરવા સુદ-૪ના દિવસે બારસાસૂત્રના વાંચન અર્થે અત્રેના ભક્તિવિહારમાં ચાતુર્માસ બિરાજમાન પૂ૦ આચાર્યશ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મ૦ સા૦ અહિં પધાર્યા હતા.

નાગપુરમાં (M. S.) અનુમોદનીય આરાધનાઓ

નાગપુર શ્રી જૈન શ્વે. મૂ૦ તપગચ્છ સંઘ ઉપાશ્રયમાં પ૦ પૂ૦ સ્વ. ગચ્છાધિપતિ આચાર્યશ્રી દેવેન્દ્રસાગરજીસૂરીશ્વરજી મ૦ શ્રીના શિષ્યરત્ન પ. પૂ૦ પં. શ્રી નરદેવસાગરજી મ૦ તથા મુનિશ્રી ચંદ્રકીર્તિસાગરજી મ૦ ચાતુર્માસાર્થે તા. ૫-૬-૮૯ના સસ્વાગત પધાર્યા છે. પૂજ્યશ્રીના પ્રવેશના દિવસથી શ્રીસંઘમાં અખંડ અઠ્ઠમ તપની આરાધના ચાલી રહી છે. દરેક રવિવારના અલગ-અલગ ધર્માનુષ્ઠાન તથા ધાર્મિક પ્રશ્નોત્તરીમાં સારી સંખ્યામાં શ્રોતાઓ લાભ લઈ રહ્યા છે.

શ્રી જૈનશાસ્ત્રમાં સર્વશ્રેષ્ઠ શ્રી ભગવતી સૂત્રના મનનીય પ્રવચનથી પ્રોત્સાહિત ૧૨ પુણ્યાત્માઓએ શ્રી સિદ્ધિતપની મહાન તપશ્ચર્યાની શુભ શરૂઆત કરી છે.

પૂજ્યશ્રીની પાવન નિશ્રામાં મહામહિમાવન્ત શ્રી નવકાર મહામંત્રનો સામુદાયિક નવલાખનો જાપ અત્રેના ઉપાશ્રયમાં નિર્મિત "શ્રીનવકાર મહામંત્ર આરાધના મંદિર"મા રાખવામાં આવેલ તથા બે દિવસ અખંડ જાપ પણ થયો હતો. જેમાં ઘણી સારી સંખ્યામાં આરાધકો જોડાયા હતા.

પૂજ્યશ્રીની પુણ્ય નિશ્રામાં બીજી વિવિધ તપશ્ચર્યાદિ ધર્માનુષ્ઠાનોનું આયોજન પણ કરવામાં આવેલ

બેવદર (રાજ.) પર્યુષણ પર્વની ઉજવણી

ગોડીજી અને શ્રી જીરાવલા તીર્થોદ્ધારક તિલોકવિજયજી મ૦ સા૦ના શિષ્ય મુનિશ્રી વિરવિજયજી મ૦સા૦ તેમ જ આ૦શ્રી હિમાચલસૂરીશ્વરજી મ૦સા૦ના સમુદાયના આજ્ઞાનુસારી સા૦શ્રી કલ્પલતાશ્રીજી, સા૦શ્રી તિલકપ્રભાશ્રીજી, સા૦શ્રી ચંદ્રકલાશ્રીજી આદિની શુભ નિશ્રામાં સમયાનુસાર દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય, સાધારણ દ્રવ્યની વૃદ્ધિ, દેવપુજા, ગુરુભકિત, ચૈત્યપરિપાટી, શંખેશ્વર પાર્શ્વનાથ ભ૦ના અઠ્ઠમ, ૮૧ આયંબિલ, બેમાસી, દોઢમાસી, અઠ્ઠાઈ, સાત, છ કાયાના છ, પાંચ, છઠ્ઠ અઠ્ઠમ આદિ સારી સંખ્યામાં આરાધનાઓ થઇ છે. ભા. સુ. ૪ના સંવત્સરી પ્રતિક્રમણ વિગેરે આનંદ-ઉલ્લાસપુર્વક થયા છે.

સુરત : અષ્ટાન્હિકા મહોત્સવની ઉજવણી

પરમ પુજ્ય સુનિગણનાયક સ્વાધ્યાયપ્રેમી આચાર્યદેવશ્રી ચિદાનંદસૂરીશ્વરજી મ૦સા૦, ગણિવર્યશ્રી સુયશમુનિજી મ૦ આદિ સાધુ-સાધ્વી પરિવાર તેમ જ શાસનસમ્રાટશ્રીના સમુદાયના સાધ્વીશ્રી કમલપ્રભાશ્રીજી પરિવારની શુભ નિશ્રામાં અત્રે શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જૈન દેરાસર-શાહપુરમાં પર્યુષણ પર્વની વિવિધ આરાધના તથા તપસ્યા નિમિત્તે ઋષિમંડલ મહાપુજન સહિત અષ્ટાન્હિકા મહોત્સવની ઉજવણી તા. ૯થી ૧૩ સપ્ટેમ્બર દરમ્યાન આનંદ અને ઉલ્લાસભર્યા વાતાવરણમાં થઇ છે.

ભકિત દેખાવનો નહિ પરંતુ ભાવનાનો વિષય છે.

પરમાર ક્ષત્રિયોદ્ધારક, ચારિત્ર ચુડામણી આચાર્યશ્રીમદ્ વિજયઈન્દ્રદિન્નસૂરીશ્વરજી મહારાજ સાહેબની નિશ્રામાં

સુવર્ણ જયંતિ સમારોહના પ્રસંગે

શ્રી આત્માનંદ જૈન કોલેજ, અંબાલાશહેર (હરીયાણા)

જૈનાચાર્ય શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી મ૦ સા૦ (શ્રી આત્મારામજી મ૦)ની પુણ્યસ્મૃતિમાં તેમના પટ્ટધર જૈનાચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મ૦સા૦ની સદ્પ્રેરણા દ્વારા સ્થાપિત ઉત્તરભારતની અગ્રણીય જૈન શિક્ષણ સંસ્થા શ્રી આત્માનંદ જૈન સભા અંબાલાશહેર (હરીયાણા)



પરમાર ક્ષત્રિયોદ્ધારક, ચારિત્ર ચુડામણી આચાર્ય શ્રીમદ્ વિજયઇન્દ્રદિન્નસૂરીશ્વરજી મ૦ સા૦ની પાવન નિશ્રામાં નવેમ્બર તા. ૨૪-૨૫ અને ૨૬ના આયોજિત સુવર્ણ જયંતિ સમારોહ (GOLDEN JUBILEE CELEBRATIONS)-ના શુભ અવસરે સપરિવાર આમંત્રણ આપવામાં આવે છે.

: શ્રી આત્માનંદ જૈન કોલેજ અંબાલા શહેરની મુખ્ય વિશેષતાઓ :

(૧) કલા (આર્ટસ), વિજ્ઞાન (Science), વાણિજ્ય (Commerce)ના વિદ્યા-અધ્યયન વ્યવસ્થા.
(૨) એમ. એ. અર્થશાસ્ત્ર (Economics)
(૩) બી. એસ. સી. (Electronics) તથા બી. એ. (Rural Industrialisation)
(૪) લગભગ ૧૬૦૦ વિદ્યાર્થીઓ. (૫) સહ શિક્ષણ વ્યવસ્થા.
(૬) આધુનિક પ્રયોગશાળાઓ, પુસ્તકાલય, વાંચનાલય.
(૭) સ્ટેડીયમ તેમજ આધુનિક સુવિધાયુક્ત રમતનું મેદાન.
(૮) આધુનિક છાત્રાલય તેમજ શાકાહારી ભોજનાલય અને કેન્ટીન.
(૯) જૈન ધર્મ તેમજ સંસ્કૃતિના અધ્યયનની વિશેષ સુવિધા.
(૧૦) સહયોગી સંસ્થા Valladh Institute of Management માં Computer તથા Company Secretary Ship વગેરે શિક્ષણની વ્યવસ્થા.

આ શુભ અવસરે પધારી અમોને કૃતાર્થ કરશોજી.

કમલપત જૈન	કસ્તુરીલાલ જૈન	રતનલાલ જૈન	ટી. આર. જૈન	રાજેન્દ્રકુમાર જૈન	શામપ્રકાશ જૈન
મંત્રી	ઉપપ્રધાન	પ્રધાન (ભૂ.સં.સભ્ય)	પ્રિન્સીપાલ	કોષાધ્યક્ષ	સંયુક્ત મંત્રી

પાલીતાણા-તખતગઢ મંગલ ભુવન ધર્મશાળા

અત્રે ચાતુર્માસ સ્થિત પૂ૦ આચાર્યશ્રી યશોભદ્રસૂરિજી મ૦ સા૦ આદિ સાધુ-સાધ્વીજી મ૦ની શુભ નિશ્રામાં ચાતુર્માસ અને પર્યુષણ પર્વની સુંદર આરાધનાઓ થવા પામીછે.

જેમાં મુનિશ્રી જય શેખરવિજયજી ૧૮ઉપવાસ, આ૦ શ્રી યશોભદ્રસૂરિજી મ૦સા૦ ૯ ઉપવાસ (પૂ૦ આ૦ શ્રી ને માસક્ષમણની આરાધના કરવાની ભાવના હતી પરંતુ આરાધકોની ભાવના અને લાગણીને માન આપી નવ ઉપવાસ બાદ તેમણે પારણું કર્યું હતુ) સાધ્વીશ્રી વીરયશાશ્રીજી ૩૦ ઉપવાસ તેમજ આઠ ઉપવાસની આરાધના પં.શ્રી વિમલભદ્રવિજયજી મ૦, મુનિ શ્રી અનંતભદ્રવિજયજી મ૦, મુનિશ્રી પીયુષભદ્રવિજયજી મ૦. સા૦ શ્રી ચારુયશાશ્રીજી, સા૦ શ્રી કલ્યાણયશાશ્રીજી, સા૦ શ્રી ચંદ્રયશાશ્રીજી મ.એ આરાધી છે. તે ઉપરાંત ૬ શ્રાવિકા બહેનોએ માસક્ષમણની તપ, ત્યાગ સાથે સાધના કરી છે. તેમજ ૧૨૫ સામુદાયિક અઠ્ઠમતપ, શ્રેણીતપ, મોક્ષદંડક તપ, સમવસરણ તપ, સાંકળી અઠ્ઠમ તપ આદિ મહાન તપશ્ચર્યા સમતામય સાધના સાથે થઇ રહી છે. પૂ૦ મુનિશ્રી કીર્તિરાજવિજયજી મ૦ સા૦ ને ભગવતી સૂત્રના યોગ ચાલુ છે. પૂજ્ય આચાર્યશ્રીની નિશ્રામાં પર્યુષણની આરાધના અનેકવિધ ધર્મ આરાધના સાથે થઈ છે.

પૂજ્યશ્રીની પાવન નિશ્રામાં આસો સુ.૧૦થી ઉપધાનતપ તથા વિ. સં. ૨૦૪૬ના કારતક સુદ ૧૫થી નવ્વાણું યાત્રા પ્રારંભ થશે. મુનિશ્રી કીર્તિરાજવિજયજી મ૦ ને પદવી મા. સુ. ૩ ની છે, તે જ દિવસે ઉપધાનતપ માળારોપણ પણ ઉજવાનાર છે.

પૂજ્ય આચાર્યશ્રીની નિશ્રામાં સેંકડો આરાધકોની તપસ્યાની ઉજવણી તથા શ્રી પર્યુષણ મહાપર્વની ઉજવણી નિમિત્તે ભવ્ય રથયાત્રા નીકળી હતી, જેમાં આચાર્યશ્રી લબ્ધિસૂરિજી મ૦સા૦, આ૦ શ્રી યશોદેવસૂરિજી મ૦સા૦, આ૦ શ્રી નરેન્દ્રસાગરસૂરિજી મ૦ સા૦, આ૦ શ્રી હેમપ્રભસૂરિજી મ૦ સા૦, પંન્યાસશ્રી વિમલભદ્રવિજયજી મ૦ સા૦ આદિ વિશાળ સાધુ-સાધ્વીગણ અને હજારો ભાવિકોએ આ વિશાળ રથયાત્રામાં આનંદ-ઉલ્લાસપૂર્વક ભાગ લીધો હતો.

શ્રી આદિનાથ જૈન તત્વ પ્રશિક્ષણ કેન્દ્ર

C/o. રાજસ્થાન જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ
૯, મેઇન રોડ, ૩૦મો ક્રોસ, બ્લોક નં. ૪,
જયનગર, બેંગલોર-૫૬૦૦૧૧ ફોન : 608492.

સ્થાપના : પૂ૦ આચાર્યશ્રી લબ્ધિસૂરિજી મ૦સા૦ના પટ્ટાલંકાર આ૦શ્રી ભુવનતિલકસૂરિજી મ૦સા૦ના તપસ્વી રત્ન અશોકવિજયજી મ૦, પં૦શ્રી અભયવિજયજી મ૦સા૦ આદિની શુભ નિશ્રામાં શ્રી જૈન તત્વ પ્રશિક્ષણ કેન્દ્રના નામથી ચીકપેઠમાં સં. ૨૦૩૨ માગ. સુદ-૪ શનિવારના રોજ સ્થાપના થઇ હતી. સંજોગોવસાત આ નામ બદલી શ્રી આદિનાથ જૈન તત્વ પ્રશિક્ષણ કેન્દ્રના નામે જયનગરની વિશાળ જગ્યામાં પૂ૦ આચાર્યશ્રી ભુવનભાનુસૂરિજી મ૦સા૦ના શિષ્યરત્ન આ૦શ્રી ભદ્રગુપ્તસૂરિજી મ૦સા૦ની શુભ પ્રેરણા અને આશીર્વાદપૂર્વક જેઠ સુદ ૫, તા. ૧૨-૬-૮૯ ને ગુરુવારના શરૂ કરવામાં આવેલ

ઉદ્દેશ ; પ્રવેશ મેળવનાર બાળકોના અભ્યાસ અર્થે ન યોગ્ય સાધનો આપીને દર્શન, જ્ઞાન અને ચારિત્ર ભાવયુક્ત શ્રદ્ધા સંપન્ન અધ્યાપકો બનાવી કર્ણાટક રાજ્ય પાઠશાળાઓમાં ચૈતન્ય પ્રગટ કરવાવાળા અધ્યાપક વર્ગ તૈયાર કરાવવો.

અભ્યાસ : સૂત્ર-અર્થ સહિત પંચપ્રતિક્રમણ નવસ્મરણ, ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, છ કર્મગ્રંથ, શ્રી તત્વાર્થાધિગમ સૂત્ર, જ્ઞાનસાર, અષ્ટક, સમક્તિ સજ્ઝાય, શ્રી અભક્ષ્ય અનંતકાય વિચાર, હૈમ સંસ્કૃત પ્રવેશિકા પ્રથમ-મધ્યમાં, જનરલ અભ્યાસ ૧થી ૪, કાવ્ય ધોરણ ૧થી ૪, હિન્દી, ઇંગ્લીશ, એકાઉન્ટ્સ પૂજનાદિ અનુષ્ઠાનોનું પ્રેક્ટીકલ જ્ઞાન, લેખન અને વક્તવ્ય.

અનુષ્ઠાન : પાંચતિથિ બેસણા, બારતિથિ લીલોતરી ત્યાગ, પાંચ તિથિ સવાર-સાંજ પ્રતિતિકાળ દેવવંદન, નિત્ય, દરરોજ સ્નાત્ર-પૂજા તેમ જ સામયિક.

સુવિધા : પ્રવેશ મેળવનારને ખાવા-પીવા, સુવા-રહેવા અને અભ્યાસ તમામ સાધનો તેમ જ દરરોજની જરૂરિયાતની વસ્તુ અને રમતના સાધનો, **મુદત :** ૪ વર્ષ છ માસ અને બાર માસના અભ્યાસ અનુષ્ઠાનાદિની કેન્દ્રીય રીપોર્ટ તેમ જ દર બે માસમાં પરિપત્રોના માધ્યમ દ્વારા વાલીઓ સાથે સતત સંપર્ક.

વેકેશન : વર્ષમાં એક મહિનાનું દિવાળી વેકેશન.

લાભ : (૧) જ્ઞાનના અપૂર્વ અભ્યાસથી તત્વજ્ઞાનના અભ્યાસીઓ વધશે. (૨) શુદ્ધ વિચારોની શૃંખલા ભાવિ પેઢીમાં પણ ચાલુ (૩) શાસનની પ્રવૃત્તિઓ ચાલુ રાખી શકશો. (૪) ભાવનાશીલ શિક્ષક સમાજમાં સુસંસ્કારોના બીજ રોપાશે.

— હેમંત શાહ કેન્દ્ર અધ્યાપક

* દુનિયામાં એક જ વાર પસાર થવાનું છે, કેવી રીતે પસાર થવું એનો આધાર આપણી ઉપર છે.

જેસરમાં પર્યુષણપર્વની ઉત્સાહપૂર્વક ઉજવણી

પૂજ્યપાદ શાસનસમ્રાટશ્રીના સમુદાયના પૂ૦ પં૦ શ્રી પ્રદ્યુમ્નવિજયજી મ૦ સા૦, મુનિશ્રી રાજહંસવિજયજી મ૦ સા૦ તથા સાધ્વી શ્રી પદ્મલતાશ્રીજી ચાતુર્માસ અર્થે આ નાનકડા ગામમાં પધાર્યા છે ત્યારથી ગામમાં અને શ્રીસંઘમાં અનેકવિધ આરાધનાની હેલી વરસી રહી છે.

પ્રવેશના દિવસથી સાંકળી અઠ્ઠમ અને આયંબીલ, શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભ૦ ના અખંડજાપ, ૧૦૮ પાર્શ્વનાથ પૂજન સહિતના અઠ્ઠમ, ચોમાસી છઠ્ઠ, આયંબિલ, એકાસણા વિગેરે આરાધના ખૂબ જ સારા પ્રમાણમાં થઇ.

પર્યુષણપર્વ દરમ્યાન પૂજ્યશ્રીની નિશ્રામાં અત્રે સિદ્ધિતપ, માસક્ષમણ જેવી ઉગ્ર તપસ્યા ઉપરાંત ૨૧/૧, ૧૬/૨, ૧૫/૨, ૧૧/૧, ૮/૩૫, ચૌસઠપ્રહરીપૌષધ - ૩૪ જેવી આરાધનાઓ ભાવપૂર્વક થઈ છે.

ગામમાં જૈનોના ૫૦ ઘરના દરેક સભ્યો દરરોજ રાત્રે નવકાર મંત્રની માળાઓ ગણે છે. આ રીતે ગામમાં રોજ ૨૫હજાર નવકાર મંત્રનો જાપ થાય છે.

અત્રે મુંબઈ, સુરત, ભાવનગર વિગેરે શહેરોમાં વસતા જેસરના ભાઇઓએ સારો લાભ લીધો છે.

આ તપશ્ચર્યાની અનુમોદનાર્થે પ્રભુજીનો ભવ્ય મહોત્સવ ઉજવવાની વિચારણા ચાલી રહી છે.

કમાઠીપુરા–મુંબઇ સિદ્ધિતપની આરાધના

અત્રે મધુરવક્તા, સરળસ્વભાવી મુનિશ્રી પ્રદ્યુમ્નવિમલજી મ૦ તથા તેમના શિષ્યરત્ન મુનિશ્રી વિજયવિમલજી મ૦સા૦ અને સ્વર્ગસ્થીય સાધ્વીશ્રી ગુણશ્રીજી મ૦ના પરિવારના તપસ્વી સાધ્વીશ્રી હર્ષકાંતશ્રીજી મ૦એ સિદ્ધિતપની મહાન આરાધના શાંતાપૂર્વક પરિપૂર્ણ કરી છે.

મુનિશ્રી વિજયવિમલજી મ૦સા૦ને પણ નવ ઉપવાસની આરાધના શાતાપુર્વક પરિપુર્ણ થઈ છે.

ગત તા. ૫-૯-૮૯ના બન્ને પુજ્યશ્રીઓના પારણા સકલ શ્રીસંઘની ઉપસ્થિતિમાં ભક્તિભાવપુર્વક થયા છે.

પર્યુષણપર્વની આરાધના પણ સારા પ્રમાણમાં થવા પામી છે

ભાવનગર-વડવા જૈન દેરાસર–ઉપાશ્રયે શ્રી સિદ્ધચક્રમહાપૂજન સહ પંચાન્હિકા મહોત્સવ

અત્રેના શ્રી વડવા જૈન દેરાસરે ચાતુર્માસ તથા પર્યુષણ મહાપર્વ દરમ્યાન થયેલ વિવિધ તપારાધનાઓ તેમ જ અહિંના ઉપાશ્રયે છેલ્લા ૨૦ વર્ષથી સ્વ. પૂ૦ આ૦ શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ૦ સા૦ (કાશીવાળા)ના સમુદાયના વયોવૃદ્ધ સેવાભાવી પૂ૦ મુનિરાજશ્રી ચારિત્રવિજયજી મ૦ સા૦ ૬૫ વર્ષના દીર્ઘ દીક્ષાપર્યાય બાદ ૯૯ વર્ષની વયે સં. ૨૦૪૫ના શ્રાવણ વદ ૧૨ સોમવાર તા. ૨૮-૮-૮૯ ના રોજ કાળધર્મ પામતા તેઓશ્રીના આત્મશ્રેયાર્થે પૂ૦ આ૦ શ્રી વિજયરૂચકચંદ્રસૂરિજી મ૦ સા૦ તેમજ વિવિધ સ્થાનોએ ચાતુર્માસ બિરાજમાન સાધુ–સાધ્વીજીઓની શુભ નિશ્રામાં તા. ૭/૯/૮૯ થી તા. ૧૧/૯/૮૯ સુધીના દિવસ પાંચ વિવિધ પૂજાઓ દ્વારા ઉજવવામાં આવેલ.

પૂ૦ મુનિશ્રી ચારિત્રવિજયજી મ૦ સા૦ છેલ્લ વીસ વર્ષથી પોતાની વયોવૃદ્ધ અવસ્થાને કારણે અહિં સ્થિરવાસ કરતાં હતાં. સ્વભાવે શાંત, સરળ અને ધાર્મિક ભાવનાના કારણે અત્રેના સમુદાયમાં આદરણીય સ્થાન ધરાવતા હતાં. તેમના કાળધર્મથી અત્રેના ભાવિકવર્ગને એક મોટી ખોટ પડી છે.

મહેસાણા-યશોવિજયજી જૈન પાઠશાળા

પૂ૦ મુનિરાજશ્રી મિત્રવિજયજી મ૦સા૦ની શુભ નિશ્રામાં તા. ૨૦-૮-૮૯ના એક ઇનામી સમારંભ યોજાયો હતો. જેમાં રૂા. ૧૫૦૦નું ઇનામ સંઘના ટ્રસ્ટી શ્રી બચુભાઇ મણીયારના હસ્તે વહેંચવામાં આવ્યું હતું.

પર્યુષણ મહાપર્વની આરાધના કરવા-કરાવવા પુના-મલકાપુર વિગેરે સ્થળોએ અધ્યાપકો તથા વિદ્યાર્થીબંધુઓ ગયા. ત્યાં સુંદર આરાધનાઓ થઈ હતી અને સંસ્થાને પણ દરેક સ્થળેથી સારો આર્થિક સહકાર મળ્યો હતો.

હાલ એક વિદ્યાર્થીબંધુને એકાંતર પાંચસો આયંબિલ તપની આરાધના ચાલી રહી છે. તેમ જ વિદ્યાર્થીઓમાં વ્યાકરણ, ક્ષેત્રસમાસ, જ્ઞાનસાર ટીકા વિગેરેનો ઉચ્ચ અભ્યાસ ચાલી રહ્યો છે તથા પૂજ્ય સાધુ-સાધ્વીજી મ૦ સાહેબે વ્યાકરણ, દ્રવ્યગુણ પર્યાયનો રાસ તથા તત્વાર્થ ભાષ્ય વિગેરેનો અભ્યાસ કરી રહ્યા છે.

જિનેન્દ્રભક્તિના મહોત્સવ માટે : ફોન : ૬૩૬૪૫૦ ૧/૬૩૬૩૭૫૨
જૈન સંગીતકાર
જૈન ગીતકાર **મનુભાઈ એચ. પાટણવાળા**
અરવિંદકોલોની, ૧૪૫-ડી, અરૂણનિવાસ,
વિલેપાર્લા (વે.) મુંબઈ-૪૦૦૦૫૬

શરીરમાં બ્રહ્મચર્ય જેવો રાજા નબળો પડે એટલે અનેક રોગો ઘર ઘાલી જાય છે.

મુંબઇ – પાયધુની આદીશ્વર ધર્મશાળા મધ્યે સિદ્ધિતપ તથા વિવિધ તપસ્યાઓની અનુમોદનાર્થે જીનેન્દ્ર ભક્તિ મહોત્સવની ઉજવણી

પ૦પૂ૦ તપોમૂર્તિ શાસન પ્રભાવક આચાર્યદેવશ્રી દર્શનસાગરસૂરીશ્વરજી મ૦સા૦, કુશલ પ્રવચનકાર સંગઠનપ્રેમી આચાર્યદેવશ્રી નિત્યોદયસાગરસૂરીશ્વરજી મ૦સા૦, પ્રવચનકાર મધુરવક્તા ગણિવર્યશ્રી ચંદ્રાનન સાગરજી મ૦સા૦ આદિ મુનિ ભગવંતો તેમજ આગમોદ્ધારકશ્રીના સમુદાયના સાધ્વીશ્રી તીર્થ–રંજન–મલયા–નરેન્દ્રશ્રીજી મ૦ના શિષ્યા પૂ૦ તપસ્વીની સાધ્વીશ્રી સુશીમાશ્રીજી, સા૦શ્રી કલ્પબોધશ્રીજી, સા૦શ્રી મહાનપૂર્ણાશ્રીજી, બાલસા૦શ્રી ભવ્યદર્શિતાશ્રીજી આદિ વિશાળ પરિવારની શુભ નિશ્રામાં અત્રે શ્રીસંઘમાં કલ્પનાતીત આરાધનાઓ અને અપૂર્વ અનુષ્ઠાનોનો અનુઠો રંગ ઉભર્યો છે. ૫૧ ઉપવાસ, માસક્ષમણો, ભદ્રતપ, શ્રેણીતપ આદિ વિધવિધ તપો અનેરા ઉમંગ ઉચ્છરંગ સાથે થયા. તેમાં શ્રી સિદ્ધિતપની મહાન આરાધનાએ તો સમજો એક ચમત્કાર સર્જી દીધો છે. શ્રી સિદ્ધિતપ જેવી કઠોર અને સુદીર્ઘ આરાધના માટે આટલા પુણ્યાત્માઓ તૈયાર થાય એ શ્રીસંઘ માટે આશ્ચર્યકારી ઘટના બની છે.

સર્વ સુખ દાયક ૪૪ દિવસના આ મહાન શ્રી સિદ્ધિતપને સર્વે તપસ્વીઓએ સુખસાતાપૂર્વક પરિપૂર્ણ કરેલ છે.

આ મહાન તપની અનુમોદનાર્થે શ્રી જિનભક્તિ સ્વરૂપ શ્રી શાંતિસ્નાત્ર મહાપૂજન, શ્રી ભક્તામર મહાપૂજન, શ્રી ઋષિમંડલ મહાપૂજન, સિદ્ધચક્ર મહાપૂજન યુક્ત દશાન્હિકા મહોત્સવની ઉજવણી તા. ૮–૯–૮૯ થી તા. ૧૮–૯–૮૯ સુધી ભવ્ય રીતે થઈ રહી છે.

સોનામાં સુગંધરૂપ પૂ૦ સાધ્વીશ્રી કલ્પબોધશ્રીજીએ સિંહાસન તપની તથા સા૦શ્રી ભવ્યદર્શિતાશ્રીજીએ સિદ્ધિતપની મહાન આરાધના કરતાં બહેનોમાં પણ ધર્મ તપોમય વાતાવરણ જન્મ્યું છે.

આ પ્રસંગે શ્રીસંઘની વિનંતીને માન આપી શાસન પ્રભાવક ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી સુબોધસાગરસૂરીશ્વરજી મ૦ સા૦, આચાર્યશ્રી મનોહરકીર્તિસાગરસૂરીશ્વરજી મ૦સા૦ તથા આચાર્યશ્રી દોલતસાગરસૂરીશ્વરજી મ૦સા૦ આદિ અનુકૂળતાએ અત્રે પધારનાર છે.

સિદ્ધિતપની કઠોર અને સુદીર્ઘ મહાન તપસ્યાના આરાધકોના પારણા, ઉત્તર પારણા તથા આઠેય બિયાસણુમાં સાધર્મિક ભક્તિનો લાભ ખીવાન્દી નિવાસી શાહ પુખરાજજી અચલાજી પરિવાર તથા લુણાવા નિવાસી શાહ પ્રતાપચંદજી રૂપાજી પરિવારે સંપૂર્ણ લાભ લઈ માનવજીવન ધન્ય બનાવ્યું છે.

અત્રે પ્રવેશદિનથી સંઘપૂજન, દર બેસતા મહિનાના દિવસે "મંગલકારી માંગલિક શ્રવણ" જેમાં ૩થી ૪ હજાર ઉપરાંત મહેરામણ ઉમટે છે, સાધર્મિક વાત્સલ્ય થાય છે.

ખારડી (મહા.) પર્યુષણ પર્વારાધના ઉજવણી

અત્રે શ્રી વીર સૈનીકો હસ્તે (ઝવેરીભાઇ ઝવેરી) ની શુભ નિશ્રામાં પર્યુષણ પર્વના પહેલાં ત્રણ દિવસ વ્યાખ્યાન ચોથા દિવસે ભ૦ મહાવીર વાચનમાં સ્વપ્નાની સારામાં સારી ઉછામણી થઈ હતી, પૂજા, આંગી, પ્રભાવના અને તપશ્ચર્યા પણ સારા પ્રમાણમાં થઇ હતી. સંવત્સરીના શુભ દિવસે આખા ગામમાં ઉપવાસ–અઠ્ઠમની સારામાં સારી તપશ્ચર્યા થઈ હતી. ભાદરવા સુદ ૫ ના રથયાત્રાનો વરઘોડો અને સ્વામીવાત્સલ્ય થયું હતું.

આમ વીર સૈનીકોએ પર્વનું સુંદર આયોજન કરીને પર્યુષણ પર્વની સુંદર ઉજવણી કરાવી હતી.

શ્રી કરેડા પાર્શ્વનાથજી તીર્થની

[રેલ્વે સ્ટેશન ભુપાલસાગર (જિ. ચિત્તોડગઢ, રાજસ્થાન)]

યાત્રાર્થે અવશ્ય પધારો

આ મંદિરનું નિર્માણ આચાર્ય ધર્મઘોષસુરિજી મ. ના ઉપદેશથી માંડવગઢના મહામંત્રી સંઘપતિ પેથડશાહ દ્વારા સં. ૧૩૨૧ માં કરવામાં આવ્યું અને તેના શિખર પર સાત ખંડનું ભવ્ય મંદિર શ્રી પેથડશાહના પુત્ર ઝાઝણકુમારે સં. ૧૩૪૦માં નિર્માણ કર્યું, જેનું સુકૃત સાગર તરંગ આઠમાં વર્ણન છે

તેનો હાલમાં શ્રી શંખેશ્વર – ભોયણી તીર્થ દ્વારા રૂપિયા ૧,૨૫,૦૦૧૦/- ખર્ચ કરી જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે અને બાવન દેરીઓમાં શ્રી પાર્શ્વપ્રભુની પ્રતિમા વિભિન્ન તીર્થોના નામથી બિરાજમાન કરવામાં આવી છે. મુલનાયક ભગવાનની પ્રાચીન અત્યંત મનોહારી, ચમત્કારી, શ્યામવર્ણિય પ્રતિમાજીના નિર્મલ ભાવથી દર્શન કરી પુણ્યોપાર્જન કરો.

અમદાવાદથી ઉદયપુર, ચિત્તોડ રેલ્વે માર્ગ પર ભુપાલસાગર નામના સ્ટેશનથી ૩ ફર્લાંગ દુર આ તીર્થ આવેલ છે બસોની પણ સુવિધા ઉપલબ્ધ છે.

આ તીર્થની યાત્રા સાથે જ મેવાડની પંચ તીર્થીના દર્શનના પણ લાભ મળશે. આ તીર્થોમાં શ્રી દયાલશાહના કિલ્લા નામનું પણ લાભ મળશે. આ તીર્થોમાં શ્રી દયાલશાહના કિલ્લા નામનું તીર્થ જે રાજસમન્દ–કંકરોલીની મધ્યમાં છે. લગભગ ૨૫૦ પગથિયાથી આ તીર્થ 'મેવાડ શેત્રુંજય' નામથી પણ પ્રસિદ્ધ છે.

આ બંને તીર્થો પર આધુનિક સુવિધાઓથી સુસજ્જિત વિશાલ ધર્મશાળા તથા ભોજનશાળાની સુવ્યવસ્થા છે.

લિ. કરેડા પાર્શ્વનાથ તીર્થ કમિટિ
ભુપાલસાગર (રાજસ્થાન) [ફોન નં. ૩૩]

સર્પના ઝેર કરતાં પણ પાપકર્મનું ઝેર ભયંકર છે.

શ્રી મુક્તિ કમલ-કેસર ચંદ્રસૂરીશ્વરજી જૈન વિદ્યાપીઠ ટ્રસ્ટ, મુક્તિધામ

ગાંધીનગર, હાઇવે રોડ, મુ. થલતેજ, પો. અમદાવાદ-૩૮૦૦૫૪ ફોન નં. ૪૯૧૯૮૩

મહાન પુણ્યના ઉદયે મળેલી લક્ષ્મીનો સન્માર્ગે વાપરવાનો અમૂલ્ય અવસર

સહર્ષ જણાવતા આનંદ થાય છે કે મુક્તિ-ધામ સંસ્થાના પ્રણેતા સૌરાષ્ટ્ર કેશરી શાસનપ્રભાવક પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી વિજયભુવનરત્નસૂરીશ્વરજી [મહારાજની શુભ પ્રેરણાથી અને શુભાશિષથી અમદાવાદ શહેરથી ૬ કિ મી. સરખેજ ગાંધીનગર હાઇવે રોડ પર થલતેજ ચાર રસ્તા પાસે "મુક્તિ-ધામ" સંસ્થા સાકાર પામેલ છે. પૂજ્યશ્રીના શિષ્યરત્ન સરળ સ્વભાવી મધુરવક્તા પ. પૂ. પંન્યાસ પ્રવરશ્રી યશોવિજયજી મ૦સા૦ની નિશ્રામાં સંસ્થાના દરેક કાર્યો ચાલી રહ્યા છે.

પૂજ્યપાદ આચાર્ય ભગવંતની પાવન નિશ્રામાં સં. ૨૦૪૨ની સાલમાં વૈશાખ સુદ ત્રીજ (અક્ષય તૃતીયા)ના શુભ દિને પ્રથમ તીર્થપતિ દેવાધિદેવ શ્રી આદિનાથ પ્રભુ એવં પ્રગટપ્રભાવિ શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથ પ્રભુ તથા જિનશાસન રક્ષીકા શ્રી ચક્રેશ્વરી માતા એવં ભગવતી શ્રી પદ્માવતી માતા આદિની અંજનશલાકા પ્રતિષ્ઠાદિ પ્રસંગો અપૂર્વ શાસન પ્રભાવનાસહ વિર્યોલ્લાસથી ઉજવાયેલ.

પૂજ્યશ્રીના અંતરમાં વર્ષોથી ભાવના હતી કે જિનશાસનને પામેલા બાળકમાં વ્યવહારિક જ્ઞાન સાથે સમ્યગ્જ્ઞાનનું સિંચન પણ થવું જોઇએ. 'સંસ્કાર વિનાનું જીવન તો પાયા વગરનું મકાન' આજનો વૈજ્ઞાનિક, વિલાસી, વર્તમાન યુગમાં બાળકોનું ભૌતિક સુખ દિનપ્રતિદિન વધતું જાય છે. પરંતુ સાચુ તથા આધ્યાત્મિક સુખ હણાતું જાય છે. બાળકોમાં આર્યસંસ્કૃતિનું વિસર્જન થતું જાય છે અને પાશ્ચાત્ય સંસ્કૃતિનું અનુકરણ થતું જાય છે. તેથી બાળકોને ધાર્મિક સંસ્કાર સાથે નૈતિક જીવન જીવવાની તાલીમ મળી રહે તે માટે પૂજ્યશ્રીની પ્રેરણાથી મુક્તિ-ધામ સંસ્થામાં ભવ્ય જિન મંદિર, ગુરૂ મંદિર ધર્મશાળા, ભોજનશાળા, ઉપાશ્રય, આદિ સ્થાનો નિર્માણ થયા છે. તદ્ઉપરાંત પૂજ્યશ્રીની ભાવના મુજબ જૈન વિદ્યાપીઠ પણ નિર્માણ થઇ રહી છે. સં. ૨૦૪૩ના ચૈત્ર શુદ ૧૪ના દિવસે પૂજ્યશ્રીનો દેહ વિલય પામતાં આ સંસ્થા સ્થાપનાનું કાર્ય તેમના શિષ્યરત્ન પ. પૂ. પંન્યાસ પ્રવર શ્રી યશોવિજયજી મ૦સા૦ની નિશ્રામાં ટ્રસ્ટીગણ સંભાળી રહ્યા છે.

વિદ્યાપીઠના મુખ્ય ધ્યેય-મધ્યમ વર્ગના જૈન બાળકોનું ભાવિ મજબૂત બને તે માટે વિદ્યાપીઠમાં બાળકોને (Free of Charge) વિના મૂલ્યે ભણાવવાનો ઉદ્દેશ છે. તેથી આ કાર્ય માટે એક ટીકીટ ડ્રો યોજના રાખેલ છે. તેની વિગત ... મુજબ છે. તો આ ડ્રો યોજનામાં આપશ્રી યથાશક્તિ લાભ લઈ વિદ્યાપીઠના કાર્યમાં સહભાગી બનશો.

"ભવ્ય ડ્રો યોજના"

卐 પહેલો લકી નંબર આવે તેનું નામ 'વિદ્યાર્થી ગૃહના મકાન ઉપર લખાશે.'
卐 બીજો લકી નંબર આવે તેનું નામ 'આરામગૃહના હોલ ઉપર લખાશે.'
卐 ત્રીજો લકી નંબર આવે તેનું નામ 'આરામગૃહના હોલની અંદર લખાશે.'
卐 એક ટીકીટ ખરીદનારનું નામ 'આરસની તકતીમાં લખાશે.'
卐 લકી ડ્રો માં જે ભાગ્યશાળીનો નંબર લાગશે તેમને પત્રથી જાણ કરવામાં આવશે.
卐 ડ્રોનું આયોજન પ. પૂ. પં. શ્રી યશોવિજયજી મ૦સા૦ની પાવન નિશ્રામાં કરવામાં આવશે.

પ. પૂ૦ પં. પ્ર. શ્રી યશોવિજયજી મ૦સા૦ની નિશ્રામાં પચાસ વર્ષ પ્રાચીન રાયણવૃક્ષ નીચે પ્રથમ તીર્થપતિ દેવાધિદેવ આદેશ્વર દાદાના ૪૧ ઇંચના પગલા તથા પૂજ્યશ્રીના દાદાગુરૂ પ. પૂ. આચાર્યદેવશ્રી વિજયચંદ્રસૂરીશ્વરજી મ૦સા૦ તથા પં. પૂ. ગુરૂદેવશ્રી વિજયભુવનરત્નસૂરીશ્વરજી મ૦સા૦ના પગલા જેમાં પ્રતિષ્ઠિત કરવામાં આવશે. કમલ મંદિર ભવ્યાતિભવ્ય બની રહેલ છે. આ ઉત્તમ તથા મંગલ કાર્યના આદેશ આપવાના બાકી છે માટે જે ભાગ્યશાળીઓને આદેશ લેવાની ભાવના હોય તેઓએ પ. પૂ. પં. પ્ર. શ્રી યશોવિજયજી મ૦ સા૦ને મળવા વિનંતી છે.

લી. મુક્તિ-કમલ-કેશર ચંદ્રસૂરીશ્વરજી જૈન વિદ્યાપીઠ, ટ્રસ્ટના ટ્રસ્ટીગણના જયજિનેન્દ્ર

૧. જયંતીલાલ એમ. બગડીયા	૨. નવીનચંદ્ર બી. દીઓરા	૩. ટોકરશી દામજી શાહ
ભગવતી ટેક્ષટાઇલ, પાંચ કુવા,	૭, રાજેન્દ્ર વિલાસ, દોલતનગર, રોડ નં.૭	૩, દલાલ કોટેજ બીલ્ડીંગ, સેવારામ
અમદાવાદ-૩૮૦૦૦૧	બોરીવલી (પૂર્વ), મુંબઈ-૬૬.	લાલાવાની રોડ, મુલુન્ડ (પશ્ચિમ) મુંબઇ-૮૦
ટે. ઘર : ૪૪૮૨૦૬	ટે. ઘર : ૬૦૫૯૩૨૫ દુકાન-૩૪૬૦૯૩	ટે. ઘર : ૫૬૧૭૮૮૬

તા. ક. - પુજ્ય પંન્યાશશ્રી યશોવિજયજી મ૦સા૦નું ચાતુર્માસ પ્રાર્થનાસમાજ શ્રી ચંદ્રપ્રભુસ્વામી જૈન દેરાસર-મુંબઇમાં છે.

Regd. G. BV. No. 20
JAIN OFFICE : P. Box No. 175
BHAVNAGAR–364001 (Gujarat)
Tele. O. C/o. 29919 R. C/o. 25869

જૈન

આજીવન સભ્ય ફી : રૂા. ૫૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૫૦/-
પરદેશ પેપરનું : રૂા. ૭૦૦/-
સમાચાર પેપરનું : રૂા. ૧૦૦/-

સ્વ. તંત્રી ગુલાબચંદ દેવચંદ શેઠ
તંત્ર–મુદ્રક–પ્રકાશક–માલીક :
મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
જૈન ઓફિસ, પો. બો. નં. ૧૭૫, દાણાપીઠ, ભાવનગર

'જૈન' વર્ષ ૮૬
અંક ૩૫

વીર સં. ૨૫૧૫ : વિ. સં. ૨૦૪૫ ભાદરવા વદ ૮
તા. ૨૨ સપ્ટેમ્બર ૧૯૮૯ શુક્રવાર
મુદ્રણ સ્થાન : શ્રી જૈન પ્રિન્ટરી
દાણાપીઠ પાછળ, ભાવનગર–૩૬૪ ૦૦૧

નિરંજન જ્યારે નિરાકાર બને છે.

કલિકાલના વીતરાગ મસ્તરામજી મહારાજ

તાજેતરમાં જ જેમનું અવસાન થયું એ મહાત્મા મસ્તરામ બાપુની વિદાયથી ભાવનગરની જનતાને તો આઘાત લાગ્યો છે જ પણ સાથોસાથ સમગ્ર સૌરાષ્ટ્રની જનતાએ પોતાનો જ કોઈ મોભી ગુમાવ્યો હોય એવી લાગણી અનુભવી છે.

આ મસ્તરામ બાપુ શબ્દાર્થ અને ભાવાર્થ બન્ને રીતે મસ્તરામ હતા. એમને ઉપમા આપવા માટે કોઇ ઉચિત શબ્દ સ્ફુરતો નથી. પણ એટલું ચોક્કસ છે કે એમને જોઇને આપણને આપણા અવધૂત આનંદઘન યાદ આવ્યા વિના ન રહે! આમ તો આપણે કોઇએ આનંદઘનને જોયા નથી છતાં એમના વિશે અને એમની આત્મ–ખુમારી વિશે જાણી–વાંચી–સાંભળીને હંમેશાં અહોભાવ જ અનુભવીએ છીએ. આનંદઘન કેવા હશે, કેવી રીતે રહ્યા હશે એનું પ્રતિબિંબ જોવું હોય તો આપણને મસ્તરામ બાપુમાં દેખાય. મસ્તરામ બાપુ એટલે આનંદઘનની ઝેરોક્સ કોપી...!

આ મસ્તરામબાપુ સન ૧૯૬૨માં ભાવનગર આવ્યા. તેઓ ક્યાના હતા, કયા સંપ્રદાયના હતા, ક્યા ધ્યેયથી આવ્યા હતા એ અંગેનો સમગ્ર ઇતિહાસ અંધારામાં છે. એમનું મૂળ નામ શું હતું તે પણ આપણે નથી જાણતા. આ તો આત્મારામની મસ્તીમાં મસ્ત બનેલા કોઇને એમનું લોકોએ પાડેલું નામ છે. જે માણસે પોતાના નામ રૂપનો કોઈને પરિચય નથી આપ્યો એને તો ઘણીવાર કલિકાલના વીતરાગ કહેવાનું મન થઈ આવે છે....!

અઢી દાયકથી આ વિરલ વિભૂતિએ એક જ સ્થળે અડિંગો જમાવ્યો હતો અને અલખની સાધનામાં ઉતરી ગયા હતા. ધોમ ધખતો તાપ હોય, મૂસળધાર વરસાદની હેલી હોય કે હાડને ગાળી નાંખનારી ઠંડી હોય, આ મહાત્માએ એ બધાનો ક્યારેય વિચાર કર્યો નથી. અરે, સન '૮૨ના વિનાશી વાવાઝોડા વખતેય આ અલગારી મહાત્મા પોતાની સાધનામાંથી વિચલીત થયા નથી.

ખાન, પાન અને માનમાં એમની કોઇ માયા કે મમત્વ નહોતા. મળે તો ખાઇ લેવું. ન મળે તો ઉપવાસ...! ખાવાનું હોય ત્યારે પણ નિર્લેપભાવે જ! માન મળે તો હરખાવાનું નહીં, અપમાન થાય તો શોચવાનું નહીં. ગીતાની ભાષામાં કહીએ તો 'સ્થિતપ્રજ્ઞ' દશા પામેલા એ સંત હતા. કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યની ભાષામાં કહીએ તો 'તુલ્યમનોવૃત્તિ' હતા અને મહોપાધ્યાય યશોવિજયની ભાષામાં કહીએ તો 'અપ્રમત્ત જે નિત રહે. નવિ હરખે નવિ શોચે રે; સાધુ સુધા તે આતમા, શું મુંડે શું લોચે રે....' આ સ્થિતિએ પહોંચી ગયેલા એ ત્રિગુણાતીત સંત હતા.

એમની યોગસાધનાનું જીવંત ફળ એ હતું કે તેઓ ક્યારેય શારીરિક આવેગો માટે ઉભા ન થતા. ન લઘુશંકા, ન વડીશંકા! ગમે તેવા નાસ્તિકને ય આસ્તિક બનાવી દે એવી આ સ્થિતિ હતી. એમ. જે. કોલેજ ઓફ કોમર્સના યુવા વિદ્યાર્થીઓને એક વાર આ વાયકા સાંભળીને મસ્તરામબાપુની પરીક્ષા કરવાનું મન થયું. વિદ્યાર્થીઓના એક જૂથે સતત ત્રણ દિવસ સુધી રાત–

(અનુસંધાન પાના નંબર ૩૩૧ પર જોઓ.)

અગાસી તીર્થ પાર્શ્વનગરે આ૦ શ્રી વિજયદક્ષસૂરીશ્વરજી મ૦સા૦ની શુભ નિશ્રામાં સા૦શ્રી રવિન્દુપ્રભાશ્રીજી મ૦ના સંયમપર્યાયના ૫૧ વર્ષની ભવ્ય ઉજવણી તથા ૩૫ છોડના ઉજમણાસહ દશાન્હિકા મહોત્સવની ઉજવણી

અગાસીની પાવન ધરતી ઉપર ભારતભરમાં ક્યાંય નથી તેવું અતિભવ્ય-રમણીય અને વિશાળ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ દાદાનું ભવ્ય સમવસરણ મહામંદિરનું ભવ્ય નિર્માણ થઇ રહ્યું છે... સાથોસાથ રાજરાજેશ્વરી ભગવતિ શ્રી પદ્માવતી માતાજીનું કમલ આકારે ભવ્ય મંદિર પણ નિર્માણ થઈ રહ્યું છે. શ્રી ગૌતમસ્વામિજીનું મંદિર, ઉપાશ્રય, ધર્મશાળા, ભોજનશાળા, સાધર્મિક સંકુલ (રહેઠાણ યોજના) આદિનું ભવ્ય આયોજન સાકાર થઈ રહ્યુ છે.

ધર્મ, સમાજ અને શાસનને અતિ ઉપયોગી આ અતિ ભવ્ય સ્થાપત્ય શાસનદેવ દેવીની પરમ કૃપા તથા પરમ કૃપાળુ-પરમ ઉપકારી શાસ્ત્ર વિશારદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયદક્ષસૂરીશ્વરજી મહારાજ સાહેબના અજોડ આશીર્વાદ તથા વિદ્વાન મુનિરાજ શ્રી પ્રભાકરવિજયજી મ૦ના માર્ગદર્શન-પ્રેરણાથી અને સકલ સંઘના ભાગ્યશાળીઓના સહયોગથી નિર્માણ થઇ રહ્યું છે.

આ તીર્થ નિર્માણના વિશેષ ઉત્થાન માટે અનેક શ્રી સંઘોની આગ્રહભરી વિનંતી હોવા છતાં અત્રેના શ્રીસંઘની વિનંતીથી શાસનસમ્રાટ તપાગચ્છાધિપતિ પરમ પૂજ્ય આચાર્ય શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજી મ૦ સા૦ના પટ્ટાલંકાર સાહિત્ય સમ્રાટ, વ્યાખ્યાન વાચસ્પતિ પ૦ પૂ૦ આચાર્ય શ્રીમદ્ વિજયલાવણ્યસૂરીશ્વરજી મ૦ સા૦ના પ્રધાન પટ્ટધર કવિદિવાકર, દેશનાદક્ષ, શાસ્ત્રવિશારદ ધર્મપ્રભાવક, ૫૮ વર્ષના દીર્ઘચારિત્ર પર્યાયી ગીતાર્થ પ૦ પૂ૦ આચાર્ય શ્રીમદ્ વિજયદક્ષસૂરીશ્વરજી મ૦ સા૦ તથા પૂ૦ પં૦ શ્રી પાર્શ્વચંદ્રવિજયજી, ગણિવર્ય પૂ૦ મુનિશ્રી ચંદ્રશેખરવિજયજી મ૦ સા૦ વિદ્વાન પૂ૦ મુનિરાજ શ્રી પ્રભાકરવિજયજી મ૦ સા૦, સ્વાધ્યાયપ્રેમી પૂ૦ મુનિશ્રી નિત્યોદયવિજયજી મ૦ સા૦, નૂતન બાલમુનિશ્રી મહાપદ્મવિજયજી મ૦ સા૦ આદિ ચાતુર્માસ બિરાજમાન છે. અત્રે ચાતુર્માસ દરમ્યાન વિવિધ ધર્મ-આરાધના તપશ્ચર્યાઓ તેમજ શ્રી ઉવસગ્ગહરંના અખંડ જાપ-કન્યા શિક્ષણ શિબિર રામાયણ વગેરે તપ શ્રી પર્યુષણ મહાપર્વની ભવ્ય આરાધના-અઠ્ઠાઇ-અઠ્ઠમો તેમજ ૬૪ પ્રહરીપૌષધના ૧૦૧ આરાધક ભાઇ/બહેનો સહિત ભવ્ય રીતે થયેલ, ભાદરવા શુદ ૫ ના રોજ સ્વામિવાત્સલ્ય તેમજ રથયાત્રાનો ભવ્ય વરઘોડો નિકળેલ. સોનામાં સુગંધ સમાન ધર્મપ્રભાવક પ૦પૂ૦ આચાર્ય શ્રીમદ્ વિજયદક્ષસૂરીશ્વરજી મ૦સા૦ તથા રાજસ્થાન દીપક પ૦પૂ૦ આચાર્ય શ્રીમદ્ વિજય સુશીલસૂરીશ્વરજી મ૦સા૦ ના સંસારીક બહેન પ્રવર્તિની પૂ૦સા૦ શ્રી સૌભાગ્યશ્રીજી મ૦ના શિષ્યા પ્રશાંતમૂર્તિ પૂ૦સા૦શ્રી ચંપાશ્રીજી મ૦ના શિષ્યા પ્રતિભા સંપન્ન પૂ૦ સા૦ શ્રી પ્રભાશ્રીજી મ૦ના શિષ્યા બાલદીક્ષિત પૂ૦સા૦શ્રી રવીન્દુપ્રભાશ્રીજી મ૦ના નામે દિક્ષા. પૂ૦સા૦શ્રી રવિન્દુપ્રભાશ્રીજી મ૦ના ૫૧ વર્ષના દીક્ષા પર્યાયની અનુમોદનાર્થે જિનેશ્વર પરમાત્માની ભક્તિ સ્વરૂપ એક ભવ્ય મહોત્સવ ઉજવવાના મંગલ મનોરથ જાગતા વિવિધ મહાપૂજનો, ૩૫ છોડનું ભવ્ય ઉદ્યાપન સાથે દશાન્હિકા મહોત્સવનું ભવ્ય આયોજન વિદુષી પૂ૦સા૦શ્રી રત્નમાલાશ્રીજી મ૦ની શુભ પ્રેરણાથી થયેલ. મહામહોત્સવ પ૦ પૂ૦ આચાર્ય ભગવંતશ્રી આદિની શુભ નિશ્રામ તા ૧૧-૯-૮૯ થી તા. ૨૦-૯-૮૯ સુધી ભવ્ય રીતે ઉજવાયેલ.

સાધ્વીશ્રી રવીન્દુપ્રભાશ્રીજી મહારાજની જીવન ઝરમર

રત્નોની ખાણસમી ચાણસ્મા-નગરની ધરતીએ આજ પર્યંત વર્ષો વર્ષ જૈન શાસનને અમૂલ્ય રત્નોની ભેટ અર્પી છે. એજ ધરતીની ગોદમા વસતા મહેતા શ્રી ચતુરભાઈ અને ધર્મપત્નિ શ્રી ચંચળબેનનું દાંપત્યજીવન કોઇ અનોખું હતું. તેમણે બે પુત્રો ઉપર વિ. સં. ૧૯૮૪ના વૈશાખ વદ-૧ના દિવસે એક પુત્રી રત્નને જન્મ આપ્યો.... જાણે નભોમંડળમાંથી કોઇ ચમકતો તારો પ્રગટ્યો....તેજ પુંજ ભર્યું લલાટ નિહાળી નામ તારામતી રાખવામાં આવ્યું. બન્ને પુત્રો બાલ્યવયમાંજ અણગાર બન્યા એવા સમચાર સાંભળતા છ માસની તારાને વિધાતાના ખોળે મૂકી માતા અપર સૃષ્ટિમાં ચાલ્યા ગયા...

કુમળી તારાના બન્ને ભાઇઓ જૈન શાસનના અણગાર બની જૈન શાસનના અનેક કાર્યો કરી રહ્યા છે. જે હાલમાં પૂજ્ય શાસન સમ્રાટના સમુદાયમાં કવિદિવાકર પૂ૦ આ૦ શ્રીમદ્ વિજયદક્ષસૂરીશ્વરજી મ૦ સા૦ તથા રાજસ્થાન દીપક પૂ૦ આ૦ શ્રીમદ્ વિજયસુશીલસૂરીશ્વરજી મ૦સા૦ તરીકે પ્રસિદ્ધ છે.

કુમળી તારાની ઉંમર ફક્ત ચાર વર્ષની હતી ત્યારે પિતાશ્રી ચતુરભાઈએ તારાને લઇ સેરીશા તીર્થે પૂ૦મુનિશ્રી સુશીલવિજ-

ચજી મ૦સા૦ની વડી દીક્ષા પ્રસંગે ગયા, ત્યાં બન્ને ભાઈ મ૦સા૦ની ઓળખાણ કરાવી.... ભાતૃ જોતાં ભાગ્ય ખીલ્યું.... ભાવિ સિતારે ચમક્યો, કુમળી તારાની હજુ ઉગતી કળી ખીલી નથી ત્યાં તો વૈરાગ્યના અંકુર ફુટયા, પિતા-પુત્રી ઘરે આવ્યા. લોહચુંબકની જેમ ભાઈ મ૦ સા૦ના તપ-ત્યાગ અને ચારિત્રના આકર્ષણે હૈયાને હચમચાવી દીધાં, વૈરાગ્યના અંકુર વવાયા ફુલ ખીલીને સુવાસ ફેલાવે તેમાં જ તેની મહતા છે. કુમળી તારા પિતાશ્રીને કહેવા લાગી "મને જલ્દી દીક્ષા આપો પિતાશ્રી ચતુરભાઈએ કહ્યું "નવમે વર્ષે" તને પૂ૦ સાધ્વીજી મ૦ સા૦ પાસે ભણવા મોકલીશ, અને દશમા વર્ષે દીક્ષા અપાવીશ. આમ પ્રથમથીજ સરલ અને ભદ્રિક હોવાને કારણે પિતાનું વચન માન્ય કર્યું.

બાલ્યવયમાં વિનયગુણ અને કાલી કાલી ભાષાએ ગુરૂકુળ વાસનો પ્રેમ જીતી લીધો. અભ્યાસ કરી દશ વર્ષની વયે પંચ પ્રતિક્રમણ અને સાધુ ક્રિયાના સૂત્રો કંઠસ્થ કર્યા, પિતાશ્રીએ અનુમતિ આપી અમદાવાદ મુકામે વિ. સં. ૧૯૯૫ના વૈશાખ સુદ ૧૩ના દિવસે ૫૦ પૂ૦ આ૦ શ્રીમદ્ વિજયવિજ્ઞાનસૂરીશ્વરજી મ૦સા૦ના વરદ્હસ્તે પ્રવજ્યા થઈ અને સા૦શ્રી પ્રભાશ્રીજી મ૦ ના શિષ્યા સા૦ રવીન્દુપ્રભાશ્રીજી નામે પ્રસિદ્ધ થયા. તેઓશ્રીની સંયમયાત્રાને મંગળ પ્રારંભ થતા જ્ઞાન-ધ્યાનની ધુણી ધખાવી, ત્યાગ વૈરાગ્યની જ્યોત પ્રગટાવી સાથેસાથ ગુરૂભકિત અને સમર્પણભાવ જેવા અણમોલ ગુણોને આત્મસાત કર્યા, અપ્રમતપણે જ્ઞાનોપાસનામાં ખૂબ જ રસ ધરાવતા, દશવૈકાલિક, પ્રકરણો, ભાષ્ય, કર્મગ્રંથો, બૃહત સંગ્રહણી, વૈરાગ્યશતક, ઈન્દ્રિય પરાજય, સિંદુર પ્રકરણ, સંબોધસત્તરી આદિ ગ્રંથોનો સાર્થ અધ્યયન સાથે સાથે સંસ્કૃત-પ્રાકૃત-વ્યાકરણ તેમજ સંસ્કૃતમાં ઘણાં ચરિત્રોનું વાંચન કર્યું. સાથે સાથે તપની વીણા પણ એવી જ વગાડી, વિશસ્થાનક તપ, અઠ્ઠાઇઓ, સોલભત્તુ, વર્ધમાન તપની ૪૫મી ઓળી, નવપદની ઓળી, વરર્સ તપ, મૌન એકાદશી તપ, ૯૯ યાત્રા આજ પર્યંત ચાલુ છે. ક્રીયારૂચી અને ક્રિયાશુદ્ધિ પંચાચારના પાલનમાં પૂરે પૂરો પ્રેમ અષ્ટ પ્રવચન માતાનુ ઉપયોગ પૂર્વકનું પાલન, પૂજ્ય શ્રીમાં નમ્રતા, ઉદારતા, વિશાળતા નિખાલસતા, નિર્મળતા આદિ જોનાર વ્યક્તિ જ ઠરી જાય તેવી પ્રશાંત મુખમુદ્રા રહે છે. નાના સાધ્વીગણ પ્રત્યે અસાધારણ વાત્સલ્ય, વાણીમાં અત્યંત માધુર્ય, દરેક જીવો પ્રત્યે મૈત્રીનો કરુણાભાવ એવો હતો કે કોઇ જીવના મનોદુ:ખમાં નિમિત્ત ન બન્યા હોય!

આમ તેઓશ્રીનો સંયમ બાગ ગુણ પુષ્પોથી મઘમઘાયમાન બન્યો જેથી અનેક ભવ્યાત્માઓ ખેંચાઈને આવતા આમ સ્વ અને અન્ય સમુદાયમાં પણ સુવાસિત બન્યા છે. તેમના સુરીલા કંઠે સ્તવન, સજ્ઝાય સાંભળનારા તાજુબ બનતા.

આમ સંયમ પર્યાયના એકાવન વર્ષ અપ્રમત્તભાવે સ્વાધ્યાયના નાદમાં લીન બન્યા છે. તેમની વૈરાગ્યભરી વાણીના હિસાબે શિષ્યાગણના જીવનના સુકાની બન્યા છે. આમ ક્ષણે ક્ષણે આત્મ-જાગૃતિમાં રહેતા ભવભીરૂ અને પાપભીરૂ આત્મા, શિષ્યાદિ પરિવારને પણ જાગૃત રાખતા તેઓશ્રીના શિષ્યા-પ્રશિષ્યા આદિ પરિવારને સંયમ ધર્મની આરાધના કરાવવા સાથે સાથે જૈન શાસનના પ્રભાવનાના કાર્યો દ્વારા સ્વ-પરનું કલ્યાણ સાધી રહ્યાં છે.

(અનુસંધાન પાના નંબર ૩૨૯નું ચાલુ)

દિવસ કડક ચોકી-ચકાસણી કરી છેવટે એમણે આ સત્યને સ્વીકારવું પડ્યું.

એમની નિસ્પૃહતાને સમજવા એક જ ઉદાહરણ કાફી છે. કેટલાક ભક્તોને એમના ચરણે રકમ ધરવાનું મન થયું. એક વ્યક્તિએ એક લાખ રૂપિયા ધર્યા, બીજાએ ૯૦ હજાર રૂપિયા ધર્યા. પણ આ નિર્મોહી સંતે એ સામે નજર સુદ્ધાં ન કરી. છેવટે ભક્તોએ એ રકમનું ચેરીટી ટ્રસ્ટ કરી નાંખ્યું.

એમના તપ-ત્યાગની સુવાસ દેશના સીમાડા વટાવીને વિદેશોમાં પણ પહોંચી ગઈ હતી. વિશ્વની અજાયબ ઘટનાઓની નોંધ રાખતી પુસ્તિકા- 'ગિનેસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ'- ના સંચાલકોએ પણ આ મહાત્માએ આકર્ષ્યા હતા. એમની કઠોર તાવણી પછી સંચાલકો પણ મંત્રમુગ્ધ બની ગયા હતા અને આ ભારતીય સંતની જીવનચર્યા, તપ અને ત્યાગને પોતાના પુસ્તકમાં સ્થાન આપવા મજબૂર થવું પડ્યું હતું.

આવા વિશ્વકક્ષાના મહાસંતની વિદાયથી ભારતની જનતા અનાથ અને નોધારી બની ગઇ છે. ભાવનગરે તો પોતાની માતા-પોતાનો પિતા, અરે પોતાનો જીવતો જાગતો ભગવાન ગુમાવ્યો હોય એવો હૃદયવિદારક આઘાત અનુભવ્યો છે.

સદ્ગતનાં ચરણોમાં કરીએ એટલા વંદન ઓછાં જ છે....!

સિરોહી (રાજ.) ઉપધાનતપમાં જોડાવવા ઈચ્છુક ભાવિકોને આમંત્રણ

૫૦પૂ૦ આચાર્યદેવશ્રી વિજયગુણરત્નસૂરીશ્વરજી મ૦સા૦ની શુભ નિશ્રામાં ઉપધાનતપની આરાધના થનાર છે. જેનું પહેલું મુહુર્ત આસો સુદ ૧૦ મંગળવાર તા. ૧૦-૧૦-૮૯ના રાખવામાં આવ્યું છે.

પહેલું ઉપધાન કરનારને બ્લેંકેટ, શાલ, સંથારો, ચરવાળો, કટાસણું વગેરે ભેટ અપાશે. પોતાનું અને ઉપધાનનું નામ નીચેના સરનામે તા. ૫-૧૦-૮૯ સુધીમાં જણાવવા કૃપા કરશોજી.

શ્રી ઉપધાન તપ સમિતિ
C/o. સિરોહી જૈન સંઘ, જૈન વીશી, સોનાવાડા,
મુ. પો. સિરોહી-૩૦૭૦૦૧, (રાજ.) ફોન 2248

ગુણોના સન્માન દ્વારા ગુણપ્રાપ્તિ –આ. ગુણરત્નસૂરિ

તા. ૯ સપ્ટેમ્બરના સિરોહી (રાજસ્થાન)માં તપસ્વીઓના સન્માન સમારોહમાં આચાર્યશ્રી ગુણરત્નસૂરીશ્વરજી મ૦ સા૦એ ઉપરોક્ત શબ્દોચ્ચાર વિશાળ જનસભામાં રજૂ કર્યા.

આઠથી ૧૬ ઉપવાસ કરનાર તેમજ અન્ય ૨૦૦ તપસ્વીઓનું સન્માન શાલ એક હતી રાજકુમારી પુસ્તક વિગેરે તેમજ અભિનંદન પત્ર અને માળારોપણના કાર્યક્રમપૂર્વક કરવામાં આવ્યું.

પૂ૦ આચાર્યશ્રીએ પ્રવચન કરતાં જણાવ્યું કે આ સન્માન આપ તપસ્વીઓનું નહિ, પરંતુ તપશ્ચર્યા ગુણનું છે ગુણોના સન્માન દ્વારા ગુણની પ્રાપ્તિ થાય છે. માટે સન્માન પ્રાપ્ત કરનાર ગુણની પ્રાપ્તિ કરે, તેમજ સન્માનિત વ્યક્તિ અભિમાન ન કરતાં વિશેષ ગુણ પ્રાપ્તિ માટે પ્રયત્ન કરે.

પૂ૦ આચાર્યશ્રીની નિશ્રામાં ઉપધાનતપ એટલે કે આધ્યાત્મિક પ્રશિક્ષણ શિબીર તા. ૧૦ ઓકટોબરથી પ્રારંભ થનાર છે. જેમાં સેંકડો ભાવિકો ભાગ લેનાર છે.

છેલ્લા ૨૩ વર્ષ બાદ ઉપધાન તપ થવાના કારણે અહિં આનંદ અને હર્ષની લહેર ફેલાઇ ગઇ છે.

પ્રાચીન તીર્થની યાત્રા કરી

માનવ જીવન સફળ બનાવો

શ્રી મોટા પોશીના પ્રાચીન તીર્થ ગુજરાત–રાજસ્થાનની સરહદ ઉપર અરવલ્લીના રમણીય પહાડોમાં આવેલ છે. ચાર શિખરબંધી દેરાસરો, બે દેરીઓ તથા એક અધિષ્ઠાયક દેવની દેરી અત્રે શોભી રહી છે. જાગૃત અધિષ્ઠાયક દેવથી પરિપૂજીત આ તીર્થમાં દરેક પ્રકારની સગવડતા છે.

અત્રે મધ્યકાલીન સમયની યક્ષ–યક્ષિણી, શ્રાવક–શ્રાવિકાની આરસની કલામય મૂર્તિઓ, સને ૧૩૧૪ની ધાતુની પ્રતિમા અને સંપ્રતિ મહારાજાના સમયની શ્રી પાર્શ્વનાથ. શાંતિનાથ, ઋષભદેવ તથા મહાવીરસ્વામીની વિશાળકાય, પ્રશાંત અને આકર્ષક પ્રતિમાઓને જુહારી સમ્યગ્દર્શન નિર્મળ બનાવો.

અત્રે પધારવા અમદાવાદ, આબુરોડ, પાલનપુરથી એસ. ટી. બસોની સુવિધા ચાલુ છે.

શ્રી મોટાપોશીના જૈન શ્વે. દેરાસર ટ્રસ્ટ

મુ. પો. મોટાપોશીના–૩૮૩૪૨૨ વાયા: ખેડબ્રહ્મા જિ. સાબરકાંઠા

શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુ. બોર્ડ–મુંબઇ આયોજિત
શ્રી વિજય–નેમિ–વિજ્ઞાન–કસ્તુરસૂરી સ્મૃતી
શ્રેણી દસ પુસ્તીકા

卐 પરીક્ષાઓની વિશિષ્ટ યોજના

તથા આકર્ષક ઈનામો 卐

પૂજ્ય આચાર્ય શ્રી વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મહારાજની પ્રેરણાથી પૂજ્ય મુનિશ્રી કુશલચંદ્રસૂરીશ્વરજી મહારાજશ્રીએ (૧) ગૃહસ્થના ૭ કર્તવ્યો (૨) નવકાર મંત્ર આરાધના (૩) બાવીશ અભક્ષ્ય–સ્વરૂપ (૪) માર્ગાનુસારી નીતિના પાંત્રીસ ગુણો (૫) અષ્ટપ્રકારી પ્રભુ–પૂજા (૬) ગૃહસ્થ ધર્મના બારવ્રત (૭) બાર ભાવનાનું સ્વરૂપ (૮) સામાયિક પ્રભાવ (૯) વીસ સ્થાનક તપ આરાધના (૧૦) સમાધિમરણ એમ દસ પુસ્તિકા જ્ઞાન સાથે આચારોની વિશિષ્ટ સમજણ સાથે અને યોગ્ય ચિત્રો આપવા સાથે પ્રકાશિત કરેલ છે. અને સમસ્ત જૈન સંઘમાં આ દસ પુસ્તિકાએ ખૂબ જ પ્રશંસા અને આવકાર મેળવેલ છે.

શ્રી વિજય–નેમિ–વિજ્ઞાન–કસ્તુર સ્મૃતિ શ્રેણી સમિતિના સહકાર સાથે બોર્ડ દ્વારા ત્રણ વર્ષના કોર્સ દ્વારા તથા આકર્ષક ઇનામો આપવા પ્રથમ ત્રણ બુકની પ્રથમ પરીક્ષા સંવત–૨૦૪૬, કારતક વદ–૭, રવિવાર, તા. ૧૯–૧૧–૧૯૮૯ના લેવામાં આવનાર છે. પ્રથમ વખત માટે પાઠશાળા–છાત્રાલયોમાંથી ઓછામાં ઓછા ૧૫ વિદ્યાર્થી ભાઇ-બહેનોને બેસાડનારને ત્રણ સેટ ફ્રી આપવામાં આવશે. વધુ સેટ જોઇએ તો રૂા. ૨૦ ને બદલે રૂા. ૧૫ એક સેટના લેવામાં આવશે. (પોસ્ટેજ અલગ) પરીક્ષાર્થીઓને વિશિષ્ટ ઇનામો ઉપરાંત ધાર્મિક શિક્ષક ભાઈ–બહેનોને પણ પુરસ્કાર આપવાનું આયોજન છે. પરીક્ષાની વિશેષ માહિતી તથા પુસ્તકો મેળવવા નીચેના સરનામે લખો.

સ્થળ :– શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ
ગોડીજી બિલ્ડીંગ, બીજે માળે,
૨૧૯–એ. કીકા સ્ટ્રીટ, મુંબઈ–૪૦૦૦૦૨.
ફોન : ૮૫૧૩૨૭૩.

દરેક માણસમાં કોઈને કોઈ સારો ગુણ હોય છે તે તેણે પોતે પારખીને વધુ વિકસાવવો જોઈએ.

મુ.પો. સંઘેશ - ૩૮૨૬૨૦.
જિ. ગાંધીનગર

Regd G. BV. No. 20
JAIN OFFICE : P Box No 175
BHAVNAGAR- 364001 (Gujarat)
Tele. O. C/o 29919 P. C/o 25869

સ્વ. તંત્રી : ગુલાબચંદ દેવચંદ શેઠ
તંત્રી-મુદ્રક-પ્રકાશક-માલીક :
મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
જૈન ઓફિસ, પો. બો. નં. ૧૭૫, દાણાપીઠ, ભાવનગર

'જૈન' વર્ષ ૮૬
અંક ૩૭

વીરસં ૨૫૧૫ : વિ સં. ૨૦૪૫ આસો સુદ ૬
તા. ૬ ઓકટોબર ૧૯૮૯ શુક્રવાર
મુદ્રણ સ્થાન શ્રી જૈન પ્રિન્ટ[illegible]
દાણાપીઠ પાછળ, ભાવનગર-૩૬૪ [illegible]૦

મધ્યમવર્ગની ઉન્નતિ કઇ રીતે?

'મધ્યમવર્ગની ઉન્નતિ કઇ રીતે?' વિષય વ્યાપક છે અને મધ્યમવર્ગની સમસ્યા એ સામાજિક સમસ્યા છે, વળી આવા ઉન્નતિના પ્રશ્નો પર વધુ પડતો પ્રકાશ ફેંકવો એ પણ સામાજિક કાર્યકરોનું જ ક્ષેત્ર છે.

મધ્યમવર્ગ જૈનસમાજ અને સંસ્કૃતિનો પ્રાણ છે, દેશની અંદર આજે જે પરિસ્થતિ છે અને સમસ્યા ઉભી છે, તેના માટે પંચવર્ષિય યોજનાઓમાં મધ્યમવર્ગની ઉન્નતિ માટે કોઇ પૂર્વ વચારણા કરી યોજના અમલમાં મૂકી નથી. આમ વ્યાપક દૃષ્ટિએ જોઇએ તો મધ્યમવર્ગની ઉન્નતિ રાજ્યનીતિ અને સમાજની જાગૃતિ પર છે.

શોષણ-નીતિ કાળાબજાર, સંઘરાખોરી અને દર વર્ષે રજૂ થતાં ખાધવાળા બજેટને લીધે દિન-પ્રતિદિન મોંઘવારીનો આંક વધતો જાય છે. જેથી રોજ-બરોજની વપરાશની ચીજવસ્તુઓ ઉપર વેરો વધતે જ જાય છે. આથી સૌથી વધુ શોષવું પડતું હોય અને સહન કરવું પડતું હોય તો મધ્યમવર્ગને જ.

સારાયે મધ્યમવર્ગમાં જૈન સમાજના વિચાર કરીએ ત્યારે ખ્યાલ આવે છે કે માનસીક શ્રમ કરનારો મોટો સમુદાય જૈનોમાં છે. જૈનોમાં અહિંસા છે. અહિંસાને બે પાંખો છે. જેમ કે પક્ષીની એક પાંખ ન હોય તો એ ઉડી શકતું નથી, તેમ જ સિક્કાની બંને બાજુ સારી હોય તો જ સિક્કો ચાલે. તેવી રીતે અહિંસાનું પણ છે, જૈનો-આપણે વાયુકાય જીવોની પણ હિંસા ન થાય તેની પૂરી કાળજી રાખીએ છીએ. પણ ખરેખર આ અહિંસાના પગથિયા છે. જૈનોમાં કરૂણા, અનુકંપા [illegible] તેમ સાધર્મિક ઉન્નતિ તરફ પણ ધ્યાન આપવાની જરૂર છે. મધ્યમવર્ગની ઉન્નતિ માટે પૂર્વકાલીન દાનેશ્વરીઓ જેમ [illegible] જગડૂશાહ, કુમારપાળના જીવન તરફ દૃષ્ટિ કરવી જોઇએ. પૂ૦ આચાર્યશ્રી હેમચંદ્રસૂરિજીના ઉપદેશથી રાજા કુમારપાળે મધ્યમ વર્ગ માટે જે કાર્ય કર્યું તે પ્રસંગને આજના રાજ્યકર્તાઓ અને દાનેશ્વરીઓએ નજર સામે રાખવા જેવા છે.

અંધારા રૂમમાં જતા ગભરામણ લાગે છે અને તે માટે પ્રકાશ કરવો પડે છે, તે રીતે સમગ્ર સમાજનો વિચાર કરીએ તો મધ્યમવર્ગ આજે અંધકારમય જીવન જીવી રહ્યો છે. જ્યારે ઊંડુ નિરીક્ષણ કરવામાં આવે તો દિલ કંપી ઉઠશે! મધ્યમવર્ગનો માનવી જે રીતે જીવે છે તેની વ્યથા આપણા ગુરુવર્ય વિજય-વલ્લભસૂરીશ્વરજીને ખૂબ હતી અને દુઃખ થતું હતું. જ્યારે તેઓએ મુંબઇમાં ચાતુર્માસ કર્યા ત્યારે સાધર્મિકભાઇઓના ઉત્કર્ષ માટે અમુક રકમ ભેગી કરવા નિર્ણય લીધો અને તે લક્ષ્યાંક પૂરો ન થયો ત્યાં સુધી દૂધનો ત્યાગ કર્યો હતો. તેઓએ ઠેકઠેકાણે ઉપદેશ આપી સાધર્મિક ઉત્કર્ષ માટે કાર્ય કર્યું છે અને તેઓની પ્રેરણાથી મુંબઇ અને પરાઓના દેરાસરોમાં 'સાધર્મિકભક્તિ'ના પેટી રાખવામાં આવે છે.

ગામડાઓનો વેપાર ભાંગતો ગયો અને જેથી મધ્યમવર્ગ શહેર તરફ ખેંચાઇ રહ્યો છે. આજે મુંબઇના જ વિચાર કરીએ ત્યારે એક તાજેતરનો જ પ્રસંગ યાદ આવે છે. અમારા ભાયખલાના ચાતુ-ર્માસ દરમ્યાન એક નવ-દશ વર્ષનો બાબો અમારી પાસે આવ્યો

અને સહજ વિચારીને અમને પૂછયું 'મહારાજ સાહેબ, તમો આટલી મોટી જગ્યામાં ચાર જ જણા રહો છો, ત્યારે અમો ખાડીમાં નાનકડી ઝુંપડી જેવી રૂમમાં પાંચ જણા રહીએ છીએ, રૂમ મળતી નથી.' સામાન્ય લાગતી આ વાતચીતમાં કેટલું દર્દ પડેલું છે મારા પાસે ઘણા ! ભાઇ-બ્હેનો આર્થિક મુંઝવણથી મદદ લેવા માટે આવે છે. આ દશ્યો જોઈ હૃદય દ્રવી જાય છે. સામાન્ય માણસોને ૧૦-૧૨ની ઓરડી મળતી નથી, ગંધાતા લત્તામાં અને હવા પ્રકાશ વિનાના ઝુંપડા જેવી રૂમોમાં આપણો સાધર્મિક ભાઇ જીવન વિતાવે છે, જ્યારે સુખી કુટુંબોના ત્રણ-ચાર જણા માટે બંગલાઓ અને અલગ-અલગ રૂમો હોય છે અને અમુક રૂમો તો ખાલી જ પડયા રહે છે. આ વિષમ પરિસ્થિતિ ટાળવાની જરૂર છે.

પૂ૦ ગુરુવર્યના વિચારોને સાર્થક બનાવવા, રહેઠાણની મુંઝવણ દૂર કરવાના પ્રયત્નો ગતિશીલ બન્યા છે. તેમાં અત્રે બિરાજતા પૂ૦ સાધુ મહારાજોનો પણ અપૂર્વ સાથ મળ્યો છે, તે જ રીતે આ કાર્યમાં સૌનો અને ખાસ કરીને સુખી ભાઇ બ્હેનોનો સહકાર મળે એવી આશા વ્યક્ત કરૂં છું. આજથી પચ્ચીસ વર્ષ પહેલાં પૂ૦ ગુરુવર્યે દીર્ઘદષ્ટિ વાપરી સાધર્મિક ઉન્નતિ માટે ઠેકઠેકાણે કાર્ય કર્યું અને વિરોધ સામે અડગ રહી અંતિમ સુધી કાર્ય કર્યું હતુ. આજે તો સૌની દૃષ્ટિ બદલાઇ છે, અને શાસન પ્રભાવનાના ઓચ્છવો સાથે સાધર્મિક ફંડ પણ દરેક આચાર્યો અને મુનિરાજો કરવા પ્રેરણા આપે છે એ શુભ ચિન્હ છે.

પૂ૦ આત્મારામજી મહારાજે લખ્યું છે કે સાધર્મિકવાત્સલ્ય એટલે એક જ દિવસે સમૂહ ભેગો કરી નવકારશી જમાડવી તે સાચું સાધર્મિક વાત્સલ્ય નથી પણ પાંચ કુટુંબનો ઉત્કર્ષ કરવો તે સાચું સાધર્મિકવાત્સલ્ય છે.

આજે આપણે હોસ્પિતાલો બાંધીએ છીએ તે શા માટે? આપણા ભાઈ-બ્હેનો માંદગીમાં ઓછા ખર્ચે સારવાર કરાવી શકે તે જ હેતુ છે, પણ હું તો એમ કહુ છું માંદગી જ ન આવે તેવા સ્થાનો ઉભા કરોને, હવા-પ્રકાશ આવે તેવા રહેઠાણો ઉભા કરો જેથી માંદગી જ દૂર ભાગે-પછી દવાખાનાની શી જરૂર ?

અહિં મને એક વાત યાદ આવે છે. મલાડમાં દેવકરણ મુલજીની સખાવતમાંથી આ દેરાસર થયેલ છે, અને તે માટે થોડું જાણેલ, પણ અહિં આવ્યા પછી વધુ જિજ્ઞાસા થઇ કે શેઠનું જીવન વાંચવા મળે તો સારૂં અને તે મેં હમણાં જ વાંચ્યું, તેમાં પૂ૦ ગુરુવર્યનો પત્ર દેવકરણ શેઠ ઉપરનો લખેલો, તે વાંચ્યો. તેમાં ગુરૂવર્યે લખ્યું છે કે : - 'તમોએ તમારી સખાવતનું વીલ કરેલ છે, તેમાં હોસ્પિતાલ માટે જે વિચારો બતાવ્યા છે, તે કરતા તમો રહેઠાણ બાંધવા માટે વીલ કરશો. આ પછી શેઠે જે વીલ કરેલ તે બદલી રહેઠાણ માટેની પોતાની સખાવત આપવા વીલ કરેલ. કેટલી દીર્ઘ દૃષ્ટિ હતી. પહેલ બિમાર પાડવા અને પછી તેની દવા કરવી તેના કરતાં માંદગી જ ન આવે તેવું કરવું જોઇએ

આ ઉન્નતિની વાત કરૂ છું ત્યારે થતાં પ્રયત્નોમાં એમ લાગે છે કે 'આભ ફાટયું ત્યાં થીંગડુ કેમ દેવું ?' મદદો આપીને કે સહાય કરીને કેટલા કુટુંબો સુખી થશે ? મધ્યમવર્ગ પોત પોતાનો જ ઉદ્ધાર કરી શકે છે. પુરુષાર્થ કરવાની ખામી છે. સશક્ત દેખાતા ભાઈઓ પોતાની આજિવીકા માટે લાંબો હાથ કરે તે દુઃખ છે વળી સામાજિક ચડસા ચડસીમાં આપણાં મધ્યમ વર્ગી ભાઇઓ ઉચ્ચવર્ગ ભણી દૃષ્ટિ રાખી શારીરિક શ્રમની સૂગ રાખે છે. આધુનિક રહેણીકરણીનુ અનુકરણ, ફેશન અને દંભમાં અટવાઇ ગયેલા આ વર્ગે સામાજિક જાગૃતિ લાવવાની જરૂર છે. ધનદોલત એ જ સર્વ કંઈ નથી, દેશના ઉત્કર્ષમં અને આઝાદી મેળવવામાં આ જ વર્ગે મોટો ફાળો આપ્યો છે.

મધ્યમવર્ગની બહેનોએ ઘરમાં નોકર ન રાખતાં ઘરના બધા જ કામ કરવા જોઈએ અને ફાલતુ સમયમાં શીવણ વગેરે નાનો ઉદ્યોગ શીખી લઈ પતિને પડખે ઊભા રહેવું જોઇએ. તેમાં સમગ્ર સ્ત્રી શક્તિનો ઉદ્ધાર છે. સ્ત્રીશકિતમાં આજે જાગૃતિ આવતી જાય છે. આપણા સાધ્વી સમુદાયમાં પણ નિડર બની ભાવી પ્રજાને સંસ્કારોનું પાન કરાવવું જ પડશે. આજે મને વિચાર થાય છે કે ભ૦ મહાવીર પાસે ચંદનબાળાએ દીક્ષા લીધેલ તો સૌ પ્રથમ આ સાધ્વી કોના શિષ્યા થયા હશે ? એટલે સ્ત્રીઓને પણ સમાનતા આપવામાં આવી છે!

આપણા ગરીબ દેશને સમૃદ્ધ થતાં હજી વાર લાગશે અને દેશનું ભાવિ આર્થિક સ્થિતિ પર નિર્ભર હોવાને લીધે શ્રીમંતો ઉપર જ આધાર રાખવો પડશે, અને છતાંય મધ્યમવર્ગનું ભાવી આશાસ્પદ છે. કારણ કે ચારિત્ર, શિક્ષણ અને ઉચ્ચભાવના આ વર્ગમાં જ છે. ધનવાનો પણ પોતાના ભાઈ માટે ઉદારતા દાખવે અને મધ્યમવર્ગ આત્મબળ વડે આગળ આવવા કોશીષ કરે અને સાથોસાથ આળસનો-પ્રમાદનો ત્યાગ કરી, વ્યસનો અને ખોટા ભપકાથી દૂર રહી કરકસર કરી ધનવાનો તરફ માનની દૃષ્ટિથી જોવે તો આ વર્ગની ઉન્નતિ દેખાય છે. અસ્તુ...!

—પૂ૦ સાધ્વીશ્રી મૃગાવતીશ્રીજી મ૦

જિનેન્દ્રભકિતના મહોત્સવ માટે : ફોન : ૬૩૬૪૫૭૫/૬૩૬૩૭૫૨

જૈન સંગીતકાર જૈન ગીતકાર **મનુભાઈ એચ. પાટણવાળા**

અરવિંદકોલોની, ૧૪૫-ડી, અરૂણનિવાસ,
વિલેપાર્લા (વે.) મુંબઈ-૪૦૦૦૫૬

અતિથિને આવકાર આપો એ ભારતની સંસ્કૃતિ છે. ચાહે સુખ આવે યા દુઃખ આવે સહુને આવકાર આપતા શીખો

ઇન્દોરમાં પર્યુષણ પર્વની તપારાધનાની અનુમોદનાર્થે નવાન્હિકા મહોત્સવ ઉજવાયો

શ્રી શંખેશ્વર આગમ મંદિર સંસ્થાપક પૂ૦ ગુરુદેવશ્રી અભ્યુદયસાગરજી મ૦સા૦ના લઘુગુરુ ભ્રાતા માલવભૂષણ પૂ૦ પં૦ શ્રી નવરત્નસાગરજી મ૦સા૦ની આજ્ઞા અને આશીર્વાદથી પૂ૦ પ્રવચનકાર મુનિશ્રી મુક્તિરત્નસાગરજી તથા બાલમુનિશ્રી અચલરત્નસાગરજી મ૦સા૦ અત્રે પીપલી બજાર સ્થિત ઉપાશ્રયે ચાતુર્માસ બિરાજમાન છે.

પૂજ્ય મુનિશ્રી મુક્તિરત્નસાગર મ૦સા૦ની નિશ્રામાં તેઓશ્રીનું આ પ્રથમ સ્વતંત્ર ચાતુર્માસ હોવા છતાં ચાતુર્માસની આરાધના રેકોર્ડરૂપ થઇ છે, જેમાં ૧૫ માસક્ષમણ, ૧૩ સોલભત્તા, શ્રેણિતપ, સિદ્ધિતપ તેમ જ અનેકાનેક અઠ્ઠાઇઓ સાથે અનેકવિધ આરાધનાઓની અનુમોદનાર્થે શ્રી ૧૦૮ પાર્શ્વનાથ મહાપૂજન, શ્રી શાંતિસ્નાત્ર તેમ જ નવ છોડના ઉદ્યાપનસહ ભવ્યતિભવ્ય નવ દિવસીય મહામહોત્સવની ઉજવણી થઈ છે.

પૂજ્ય મુનિશ્રીની પ્રેરણાથી અહિંયા 'શ્રી સાધર્મિક અભ્યુદય સમિતિ'ની સ્થાપના થઈ છે. જેમાં લગભગ રૂા. દોઢ લાખ જેવું ફંડ એકત્ર થયું છે. જે દ્વારા જરૂરિયાતવાળા સાધર્મિકબંધુઓની આર્થીક મદદ કરવાના હેતુસર આયોજન કરવામાં આવેલ છે.

શ્રી જય ત્રિભુવનતીર્થ—નંદાસણ

કલોલ—મહેસાણા હાઈવે ઉપર નંદાસણ ગામ નજીક ઉમાપુર પાસે ૧૫ વીઘા જમીન સંપાદન કરી... શ્રી મનમોહન પાર્શ્વનાથ પ્રભુથી અલંકૃત 'જય ત્રિભુવનતીર્થ' આકાર લઇ રહ્યું છે... ભવ્ય જિનાલય, ધર્મશાળા, ઉપાશ્રય, ભોજનશાળા, ઉપધાનભવન, ઓફિસ, ભાતીખાતા વગેરેનું નિર્માણ કાર્ય ચાલુ છે. હાઈવે ઉપર ખૂબ જ ભવ્યતમ તીર્થ નિર્માણ યોજના ચાલુ છે. જેઠ શુ. ૫ થી ભોજનશાળા પણ ચાલુ થઈ ગઈ છે. યાત્રાળુઓને ભાતું પણ અપાય છે,

ઉદાર હાથે આપ દાનની ગંગા વહાવો. આપના આવેલ દાનનો અહીં સુંદર સદુપયોગ થશે તે નિઃસંશય વાત છે.

જય ત્રિભુવન (મનમોહન પાર્શ્વનાથ) તીર્થ ટ્રસ્ટના નામનો ચેક કે ડ્રાફ્ટ મોકલી શકાશે. આજે જ સંપર્ક સાધો.

(૧) પ્રમુખ બાબુલાલ મગનલાલ શાહ
૧૦૩, સુમંગલ ફ્લેટ, રસાલા માર્ગ, નવરંગપુરા, અમદાવાદ-૯

(૨) મંત્રી શ્રી મનુભાઈ માણેકલાલ શાહ
મુ. પો. નંદાસણ, તા. કડી જિ. મહેસાણા ફોન નં. : ૬૫

(૩) ખજાનચી જયંતિલાલ મૂળચંદ શાહ
'કલિકુંડ' નાગતલાવડી, નવસારી (દ. ગુ.)

અગત્યનું...જરૂરી

'જૈન' પત્રના ગ્રાહકો-વાચકો, શુભેચ્છકો, જાહેરખબર આપનારા, તથા પત્ર-પત્રીકાઓના શ્રીસંઘ-સંસ્થાઓના કાયમી સરનામાં નવા છાપવામાં આવનાર હોઇ-આપને ત્યાં 'જૈન' પત્ર મોકલાઇ રહેલ હોઈ તે નીયમીત મળતું રહે તે માટે સરનામામાં કંઈ પણ સુધારો-વધારો જરૂરી હોઇ આપના ગામ-શહેરના પીનકોડ નંબર સાથે દરેકે જણાવવા નમ્ર વિનંતી છે.

પિનકોડ નંબરથી આપને ત્યાં પત્ર-વહેલાસર મળતું થાય તે માટે જરૂર લખી મોકલાવશો.

પૂજ્ય ગુરુભગવંતોને 'જૈન' પત્ર કાયમી વિહારમાં પણ મળતું રહે તે માટે તેઓ કોઈ કાયમી સરનામું મોકલાવશે તો જરૂરી વ્યવસ્થા પણ થઇ શકશે.

— વ્યવસ્થાપક

આરાધક....બાળકોની....અનુમોદનાર્થે...!

શ્રી પર્વાધીરાજ પર્યુષણ મહાપર્વ દરમ્યાન દરેકે નાની મોટી આરાધના તપશ્ચર્યા કરેલ હશે. તેમાં નાના-નાના બાળકો-બાલિકાઓ પણ આરાધનાનો સુંદર લાભ લીધેલ હોય તેવા ૧૨ વર્ષથી નાના બાળકો-બાલિકાઓના ફોટા-જૈન પત્રમાં નિચેની વિગત ભરી મોકલનારના વિનામૂલ્યે (ફ્રીમાં) આપવામાં આવશે. તો જે જે સ્થાનોમાં આરાધના થઈ હોય તે. સર્વે શ્રીસંઘો-પૂજ્ય ગુરુદેવો તથા સ્વજનો-આરાધક બાળકોના ફોટા મોકલી આપે.

નામ ____________________

માતાનું નામ : __________ પિતાનું નામ : __________

જન્મતારીખ : __________ સમય : __________

તપશ્ચર્યાની વિગત : ____________________

નિશ્રા : ____________________

સરનામું : ____________________

____________________ ગામ : __________

જરૂરી : ઉપરની દરેક વિગતો જન્મ તારીખ તથા સમય લખવા ખાસ વિનંતી. જેના દ્વારા અમો આ બાળકોના ગ્રહો કયા બળવાન છે કે જેથી આટલી નાની ઉંમરે પણ તેમને આપણી ઊચ્ચ આરાધના કરવાનું બળ મળ્યું ? તો દરેકે જરૂરી વિગત સાથે ફોટો મોકલાવવો.

સૂત્રના અર્થ જાણવા ખૂબ જરૂરી છે, પણ અર્થ ન આવડે એટલે સૂત્ર ભણવાનું છોડી દેવું એ નરી મૂર્ખતા છે.

જાલના (એમ.એસ.)માં ધર્મારાધનાની થયેલ ઉજવણી

અત્રે બિરાજમાન પૂ૦ આચાર્યશ્રી વારિષેણસૂરીશ્વરજી મ૦ સા૦ની નિશ્રામાં ચાતુર્માસ પ્રવેશથી અનેકવિધ તપારાધનાઓનો પ્રારંભ થયેલ છે. જેમાં શત્રુંજય મોદક તપ-૭૦, ખીરના એકાસણા-૧૦૦, મગના એકાસણા-૧૫૦, કોળીયાવ્રત-૧૬૦, દ્રવ્ય-૧૦૦, સમુહ આયંબિલ-૬૦૦, ભક્તામર અઠ્ઠમ-૭૨, અખંડ જાપ-૩, લુખી નિવી-૬૦, આરાધના સ્પર્ધા, લેખીત સ્પર્ધા, મૌખીક સ્પર્ધા, ચિત્રસ્પર્ધા, ગહુંલી સ્પર્ધા, સમુહ આરતી, રોજ ભક્તામર પાઠ, પ્રભાત ફેરી, રાત્રે પ્રવચન, ધર્મગ્રંથ પર પ્રવચન પ્રભાવના આદિ આરાધનાઓ ચાલુ છે.

પર્યુષણ પર્વની ઉજવણી ભવ્યાતિભવ્ય રીતે થઇ છે જેમાં ૧૮ અભિષેક ત્રણ પૂજનો, પ્રવચનો, ભવ્ય આંગીઓ, ભક્તિભાવના, વિવિધ પ્રભાવના, સંઘપૂજનો-૧૦૦, અક્ષયનિધિ-૪૦, ચોસઠપહોરી પૌષધ-૫૨, દશ વર્ષના બાળકોના ૧૦ અઠ્ઠમ, માસક્ષમણ, ૧૭/૧, ૧૬/૧, ૧૧/૩, ૯/૩, ૮/૭૧, અઠ્ઠમ ૧૦૦ તથા અઠ્ઠાઇઘર પૌષધ-૨૧૬, જેવી વિવિધ આરાધનાઓ સુખરૂપ અને ભક્તિભાવપૂર્વક થવા પામી છે.

સ્વામીવાત્સલ્ય, તપસ્વીઓના બહુમાનનો સમારંભ, જીવદયા ટીપ, દેવદ્રવ્ય સાધારણ, જ્ઞાનદ્રવ્ય આદિમાં સારી આવકો થઇ છે.

પૂજ્યશ્રીના ૮૯મી ઠામ ચૌહારી એકદની આયંબિલ ઓળીની પૂર્ણાહુતિ નિમિત્તે ગત તા. ૨૪-૯-૮૯ના અર્હદ મહાપૂજન આદિ પૂજનો તા. ૨-૧૦-૮૯ સુધી ઉજવવામાં આવ્યો ગરીબ માણસોને ભોજન આપવામાં આવેલ.

પૂ૦આ૦શ્રી લબ્ધિસૂરીશ્વરજી મ૦સા૦ની પુણ્યતિથિ નિમિત્તે ભક્તામર પૂજનસહ પંચાહ્નિકા મહોત્સવ, ગુણાનુવાદ સભા આદિ થયેલ.

મુનિશ્રી વિનયસેનવિજયજી મ૦ને વર્ધમાનતપની ૨૬ મી અને મુનિશ્રી વલ્લભસેનવિજયજી મ૦ને ૨૪મી ઓળી ચાલુ છે. મુનિરાજશ્રી [illegible]જસેનવિજયજી મ૦ને ૧૫૦૦ એકાસણા આયંબિલ ચાલુ છે.

સાંગલી (મહા.)માં પર્યુષણ પર્વની ઉજવણી

પૂ૦ પંચપ્રસ્થાન આરાધક સ્વ આચાર્યદેવશ્રી ધર્મજિતસૂરીશ્વરજી મ૦સા૦ના શિષ્ય પૂ૦ આચાર્યદેવશ્રી જયશેખરસૂરીશ્વરજી મ૦સા૦ આદિ ઠા. ૧૦ની પાવન નિશ્રામાં શ્રીસંઘમાં ૩૦, ૧૬, ૮ અઠ્ઠમ, ચૌસઠપહોરીપૌષધ તથા શ્રી ધર્મચક્રતપમાં ૪૫ જેવી જોરદાર આરાધના તેમ જ દેવદ્રવ્યાદિની ઉપજ પણ ઘણી જ સુંદર થઇ હતી.

અપૂર્વ અવસર !   જરૂર પધારો !

શ્રી પાંઢુરણા નગરે નૂતન નૂતન જિનાલયે શ્રી શીતલનાથજી આદિ જિનબિંબ અંજનશલાકા પ્રતિષ્ઠા મહામહોત્સવ પ્રસંગે

ભાવપૂર્ણ આમંત્રણ

પ્રશાંતમૂર્તિ વાત્સલ્ય નિધિ પૂ૦ સ્વ. ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ૦શ્રીના શિષ્યરત્ન પૂ૦ પંન્યાસ પ્રવર શ્રી નરદેવસાગરજી મ૦શ્રી તથા તેઓશ્રીના શિષ્યરત્ન પૂ૦ મુનિશ્રી ચંદ્રકીર્તિસાગરજી મ૦શ્રી આદિ મુનિવરોની પુણ્યનિશ્રામાં વિ.સં. ૨૦૪૬ કા. વ. ૧૩ રવિવાર તા. ૨૬-૧૧-૮૯થી માગસર સુદિ ૭ મંગળવાર તા. ૫-૧૨ ૮૯ સુધી અનેકવિધ પૂજન કલ્યાણકોની ભવ્ય ઉજવણી રથયાત્રા આદિ સહ નૂતન જિનાલયમાં શ્રી શીતલનાથજી આદિ અનેક શ્રી જિનબિંબોની અંજનશલાકા તથા પ્રતિષ્ઠા નિમિત્તે ભવ્યાતિભવ્ય મહોત્સવ ઉજવાશે છિન્દવાડા જિલ્લામાં પ્રથમ વાર જ શ્રી અંજનશલાકા મહોત્સવની ભવ્ય ઉજવણીનો પ્રસંગ અનંત પુણ્યોદયે અમોને પ્રાપ્ત થયેલ છે. આ પ્રસંગે પધારવા આપને અમારું આગ્રહપૂર્ણ હાર્દિક નિમંત્રણ છે. તો જરૂર પધારી શાસન શોભામાં અભિવૃદ્ધિ કરશોજી.

લિ. શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સમાજના સબહુમાન પ્રણામ

—: શુભ સ્થળ :—

શ્રી શીતલનાથજી નૂતન જિનાલય

શાસ્ત્રીવાડ (જી.છિન્દવાડા) સેન્ટ્રલ રેલ્વે પો. પાંઢુરણા (M.P.)

તા. ક. : જે પુણ્યાત્માઓને પોતાની પ્રતિમાજીની અંજનશલાકા કરાવવાની ભાવના હોય તેઓએ પોતાના પ્રતિમાજી વિ. સં. ૨૦૪૬ના કા. સુ. ૧૫ સોમવાર તા. ૧૩-૧૧-૮૯ સુધીમાં પાંઢુરણા (મ.પ્ર.) મોકલવા વિનંતિ છે. અંજનશલાકા થયા બાદ પ્રતિમાજી તુરત લઇ જવાના રહેશે.

શ્રી નાગેશ્વર તીર્થે પધારો

શ્રી નાગેશ્વર તીર્થ ભારતમાં એક જ શ્રી પાર્શ્વનાથ ભ. ની કાયા ૧૫ ફુટ ઉંચી અને નીલવર્ણી સાત ફણધારી કાયોત્સર્ગરૂપે પ્રાચીન પ્રતિમાજી બિરાજે છે.

હજારો યાત્રિકો દર્શનાર્થે પધારે છે ભોજનશાળા, ધર્મશાળા વિગેરેની સુવિધા છે. યાત્રિકોને આવવા માટે ચૌમહલા સ્ટેશને તથા આલોટથી બસ સર્વીસ મળે છે. અગાઉ સુચના આપવાથી પેઢીની જીપની વ્યવસ્થા થઈ શકશે. અઠ્ઠમ તપવાળા માટે પુરી વ્યવસ્થા છે

(ફોન નં. ૭૩ આલોટ)   —લિ. દીપચંદ જૈન સેક્રેટરી

શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ પેઢી

P. O. ઉન્હેલ ※ સ્ટે. : ચૌમહલા [રાજસ્થાન]

માસક્ષમણ કરવું એ આત્મામાંથી પરમાત્મા બનવાનો પરમપંથ છે તો સ્વાધ્યાય કરી અભ્યંતર તપથી મોક્ષનો માર્ગ મળે છે.

ઉપધાન તપના મંગળ પ્રારંભ

પાલીતાણા :- સિદ્ધિગિરિની શિતળ છાયામાં અને પૂ૦ પંન્યાસશ્રી અશોકસાગરજી મ૦ સા૦ની શુભ નિશ્રામાં શેઠશ્રી બાબુલાલ પુનમચંદ શાહ સુરતવાળા પરિવાર તરફથી આસો સુદ ૧૦ (દશેરા) મંગળવાર તા. ૧૦-૧૦-૮૯ના પ્રારંભ થયેલ છે.

પાલીતાણા :- તખતગઢ મંગલ ભુવન ધર્મશાળામાં ચાતુર્માસ બિરાજમાન પૂ૦આ૦શ્રી યશોભદ્રસૂરિજી મ૦સા૦ની નિશ્રામાં તા. ૧૦-૧૦-૮૯ થી ઉપધાનતપનો મંગલ પ્રારંભ થયેલ છે.

તખતગઢ :- પૂ૦ આચાર્યશ્રી વિજયઅરિહંતસિદ્ધસૂરીશ્વરજી મ૦સા૦ આદિની શુભ નિશ્રામાં આસો સુદ ૧૧ તા. ૧૧-૧૦-૮૯ થી ઉપધાનતપનો મંગલ પ્રારંભ થયો છે.

મોહન ખેડા તીર્થ :- પૂ૦ આચાર્યશ્રી હેમેન્દ્રસૂરીશ્વરજી મ૦સા૦ની શુભ નિશ્રામાં તા. ૨૦-૧૦-૮૯ ના ઉપધાનતપનો મંગળ પ્રારંભ થનાર છે.

ખુડાલા (રાજ.) :- પૂ૦ આચાર્યશ્રી નવીનસૂરીશ્વરજી મ૦ સા૦ આદિ આચાર્ય ભગવંતો તથા મુનિ મહારાજોની શુભ નિશ્રામાં ઉપધાનતપનો મંગળ પ્રારંભ તા.૧૦-૧૦-૮૯થી થયો છે.

રાની સ્ટેશન (રાજ.) :- પૂ૦ આ૦શ્રી જયંતસેનસૂરિજી મ૦સા૦ આદિની શુભ નિશ્રામાં ઉપધાનતપનો મંગળ પ્રારંભ તા. ૨-૧૦-૮૯થી થયો છે.

સિરોહી (રાજ.) :- પૂ૦ આચાર્યશ્રી વિજયગુણરત્નસૂરિજી મ૦સા૦ની શુભ નિશ્રામાં અત્રે તા. ૧૦-૧૦-૮૯થી વિશાળ ઉપધાનતપનો મંગલ પ્રારંભ થયો છે.

જાલના (મહારાષ્ટ્ર) :- પૂ૦ આચાર્યશ્રી વારિષેણસૂરિજી મ૦સા૦ની શુભ નિશ્રામાં સમસ્ત બરલોટા મુથા પરિવાર તરફથી તા. ૧૧-૧૦-૮૯થી ઉપધાનતપનો મંગલ પ્રારંભ થયો છે,

સુરત :- અંત કૈલાસનગરમાં પૂ૦ ગણિવર્યશ્રી જિનચંદ્રસાગરજી મ૦સા૦ તથા પૂ૦ ગણિવર્યશ્રી હેમચંદ્રસાગરજી મ૦સા૦ આદિની શુભ નિશ્રામાં તા. ૧૬-૧૦-૮૯થી ઉપધાનતપનો મંગળ પ્રારંભ થયો છે.

દુર્ગ (મ.પ્ર.) :- પૂ૦ પંન્યાસશ્રી નરદેવસાગરજી મ૦સા૦ની શુભ નિશ્રામાં આગામી તા. ૨૩ ડીસેમ્બર-૮૯થી ઉપધાન તપનો મંગલ પ્રારંભ થનાર છે

રાજગઢ (મ.પ્ર.) :- પૂ૦ પંન્યાસશ્રી નવરત્નસાગરજી મ૦ સા૦ની નિશ્રામાં તા. ૦-૧૦-૮૯થી ઉપધાનતપનો પ્રારંભ થયેલ.

ઈન્દોર :- મુનિશ્રી મુક્તિરત્નસાગરજી મ૦સા૦ની નિશ્રામાં મહાવીરબાગમાં તા. ૧૮-૧૦-૮૯થી ઉપધાનતપનો મંગલ પ્રારંભ.

થાણા (મહા.) :- પૂ૦ આ૦ શ્રી નિત્યોદયસૂરિજી મ૦સા૦ની શુભ નિશ્રામાં ઉપધાનતપની મંગલ આરાધના થનાર છે.

૩૧ ઉપવાસ ની મંગળ આરાધના

પાલીતાણા સ્થિત શ્રી સિદ્ધિગિરિ ભક્તિવિહારમાં ચાતુર્માસ બિરાજમાન પૂ૦ આચાર્યદેવશ્રી વિજયલબ્ધિસૂરિજી મ૦સા૦આદિ આચાર્યો અને મુનિ મહારાજોની શુભ નિશ્રામાં આ૦ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ૦સા૦ના આજ્ઞાવર્તીની સમુદાયના સાધ્વીશ્રી અમીતયશાશ્રીજીના શિષ્યા **પૂ૦ તપસ્વી સાધ્વીશ્રી અનંતગુણાશ્રીજી મ૦ સા૦ની ૩૧ ઉપવાસની** તપસ્યા સુખશાતાપુર્વક પરિપૂર્ણ થઇ હતી. તે નિમિત્તે જુદાજુદા મહાનુભાવો તરફથી જિનેન્દ્રભકિત સ્વરૂપ મહોત્સવ ગત તા. ૧૪-૧૫ અને ૧૬ ઓગષ્ટના ભકિતભાવપૂર્વક ઉજવવામાં આવેલ.

મૈસુરમાં ઉજવાયેલ પર્યુષણ પર્વારાધના

પૂ૦ ગણિવર્યશ્રી વર્ધમાનસાગરજી મ૦સા૦ આદિ ઠાણા-૬ અત્રે ચાતુર્માસ બિરાજમાન છે. તેઓશ્રીના ચાતુર્માસ પ્રવેશથી જ શ્રીસંઘમાં અનેક તપશ્ચર્યાઓ થઇ છે. સાંકળીઅઠ્ઠમ, પાર્શ્વનાથ પ્રભુના અઠ્ઠમ ૮૫ તથા દર રવિવારે વિવિધ જેવા કે દીપકવ્રતના એકાસણા ૪૦૦; કોળીયા વ્રતના એકાસણા ૩૭૫, તથા પંચપરમેષ્ઠી એકાસણા ૪૨૫ની સંખ્યામાં થયેલ. તેમજ ચાતુર્માસ દરમ્યાન દર શનિ-રવિ ધાર્મિક શિબિર પણ ચાલે છે જેમાં ૪૨૫ નાના-મોટા મહાનુભાવો લાભ લે છે.

પૂજ્યશ્રીની નિશ્રામાં પર્યુષણ પર્વની આરાધના અદ્ભૂત થઈ છે. આરાધનામાં ૨૧-૧, ૧૫-૪, ૧૧-૫, ૯થા અઠ્ઠાઈ લગભગ ૬૦ અને અઠ્ઠમતપની આરાધના ૧૫૦ જેવી થયેલ છે. સ્વપ્ન દ્રવ્યની ઉપજ છેલ્લા પચ્ચીશ વર્ષમાં ન થઈ હોય તેવી થઇ છે.

જીભની ભાષા દરેકની જુદી હોય છે, પણ આંખની ભાષા બધાની એક હોય છે.

મહે ાણા-શ્રી યશોવિજયજી જૈન પાઠશાળા

મહે ાણા શહેરમાં ૯૧ વર્ષથી ચાલતી શેઠશ્રી વેણીચંદ સુરચંદ સ્થાપિત શ્રી યશોવિજયજી જૈન ધાર્મિક શિક્ષણ આપી જૈન પં તો તૈયાર કરવામાં આવે છે. આજ સુધીમાં ૧૯૭૦ વિદ્યાર્થી એ અભ્યાસ કરેલ છે, જેમાં ૧૩૪ અભ્યાસીઓએ દીક્ષા ગ્ર ણ કરેલ છે. જેમાંના પ્રથમ વિદ્યાર્થી શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજ છે.

આ સ્થામાં રહેવા-જમવાની વ્યવસ્થા મફત અપાય છે, અને કોર્સ પુરો કરનારને રૂા. ૬ હજારની ભેટ પણ અપાય છે. ઉપરાંત નેક પ્રકારના ઈનામો પણ અપાય છે. જ્યારે વ્યાકરણ, ન્યાયશાસ્ વગેરેનો અભ્યાસ કરનારને રૂા. ૫૦૦ સુધીની સ્કોલરશીપ અ ય છે. સાત વર્ષ સુધી સંસ્થામાં રહી કોર્સ તેમ જ વ્યાકરણ, ન્યાયશાસ્ત્રનો અભ્યાસ પૂર્ણ કરી પંડિત તરીકે મુંબઇ જતા બે વિદ્યાર્થીઓના વિદાય સમારંભ પંડિતશ્રી પુખરાજજીના પ્રમુખપદે તા ૨૮-૯-૮૯ના રોજ યોજવામાં આવ્યો હતો. તેમાં રૂા. ૧૨૩૩૪નો ચેક વિદ્યાર્થી કમલેશકુમાર નરપતલાલને સંસ્થાના માનદ્ મંત્રીશ્રી બાબુલાલ જે. મહેતાએ અર્પણ કરેલ.

રાધનપુર (બનાસકાંઠા)

પરમશાસનપ્રભાવક સુવિશાલગચ્છાધિપતિ, વાત્સલ્ય મહોદધિ પૂ૦ આ૦ ભ૦ શ્રી વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજની પુનિત આજ્ઞાથી અત્રે ચાતુર્માસાર્થે પધારેલા પૂ૦ પં૦ શ્રી કીર્તિસેનવિજયજી મહારાજાદિ ઠાણા-૩ તથા સાધ્વીજી શ્રી કુમુદશ્રીજી મ૦ આદિ ઠાણા ૩૬ની પાવન નિશ્રામાં શ્રી પર્યુષણા મહાપર્વમાં તપશ્ચર્યાદિ સુંદર થયેલ છે. નૂતન મુનિશ્રી સંયમરત્નવિજયજી મ૦ને ૫૩મી વર્ધમાનતપની ઓળી ઉપર સિદ્ધિતપ ચાલુ છે. ઉપરોક્ત તપશ્ચર્યાદિ.... નિમિત્તે ભા.વ. ૧૦થી શ્રી શાંતિસ્નાત્રાદિ પંચાન્હિકા જિનભકિત મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયેલ.

શ્રી શત્રુંજય ગિરિરાજાય નમઃ

પધ રો ! જરૂર ધારો !!

ંબુદ્વીપ નિર્માણ યોજનાની પણથંભી આગેકુચ

વિજ્ઞાન અને અધ્યાત્મનો સુમેળ સાધી જૈનત્વ અને હિન્દુત્વનું સંરક્ષણ કરતી આ વિશાળ યોજનામાં ચાલી રહેલ કાર્યોની રૂપરેખા :—

પૂજ્યપાદ પંન્યાસજી ગુરુદેવશ્રીના શિષ્યરત્ન પૂ૦ પં૦ શ્રી અશોકસાગરજી મ૦ સા૦ના માર્ગદર્શન નીચે ચાલી રહેલ ઝડપી કાર્યો.......

(૧) જંબુદ્વીપ જૈન દેરાસરના તમામ કાર્યોને ઝડપી પૂર્ણ કરવા માટે અપાઇ ગયેલા ઓર્ડરો.

(૨) બે સૂર્યના પરિભ્રમણ દ્વારા ભારત-અમેરિકા આદિ દેશોમાં થતાં સૂર્યોદયની વધઘટનું પ્રેકટીકલ યંત્ર હમણાં જ તૈયાર થઇ ગયું છે જેમાં ૧૮૪ માંડલા વિગેરેનું પ્રત્યક્ષ દર્શન થાય છે.

(૩) અધ્યાત્મ યોગી પં. ગુરુદેવશ્રી અભયસાગરજી મ૦સા૦ના શ્રી નવકાર મહામંત્રના પટો વિ. ને ફ્રેમીંગ કરી સુરક્ષિત કરવા શ્રી નવકાર મંદિરનું આયોજન.... જેનું ખાતમુહૂર્ત શ્રાવણ વદ ૩ના મંગલ દિવસે થયેલ છે.

(૪) વિશાળ અને ભવ્ય આરાધના ભવનનું નિર્માણ ચાલુ છે.

(૫) પ્રકાશિત થયેલ પુસ્તકોનું ઝડપી વેચાણ-નવા પુસ્તકોનું પ્રકાશન અને પુનઃ પ્રકાશનનું કાર્ય હાથ ધરાયેલ છે.

(૬) જંબુદ્વીપની વિશાળ જમીનને કમ્પાઉન્ડ વોલ કરવાનું કાર્ય પૂર્ણ થયું છે.

(૭) આકર્ષક કુપનોના વિમોચન સાથે ગામોગામ તેના વેચાણનું આયોજન....

આ સુંદર આયોજન ઝડપથી મૂર્તિમંત બને તે માટે ઘનિષ્ઠ પ્રયાસો થઇ રહ્યાં છે. પૂજ્યપાદ પંન્યાસજી ગુરુદેવશ્રીની પ્રેરણાથી આરંભાયેલા કાર્યો પૂર્ણ થાય તે માટે સર્વે સંઘો-વ્યક્તિઓને સાથ સહકાર આપી લાભ લેવા નમ્ર વિનંતી.

દશેરાથી ઉપધાન તપ તથા કા. સુ ૧૫ થી નવાણુંનો પ્રારંભ થશે.

લિ. શ્રી વર્ધમાન જૈન પેઢી-પાલીતાણા

— પુછપરછ અને પરિચય માટે —

પંન્યાસશ્રી અશોકસાગરજી મ૦ સા૦, જંબુદ્વીપ જૈન પેઢી, પાલીતાણા-૩૬૪૨૭૦

મુંબઈ–પાયધુની–આદિશ્વર જૈન ધર્મશાળા

પૂ૦ આચાર્યશ્રી દર્શનસાગરસૂરીશ્વરજી મ૦સા૦, પૂ૦ ગણિવર્યશ્રી ચંદ્રાનનસાગરજી મ૦સા૦ આદિ ઠાણા અત્રે ચાતુર્માસ બિરાજમાન છે.

અત્રે ચાતુર્માસ તથા પર્યુષણા મહાપર્વની આરાધના અનેરા આનંદ અને ઉલ્લાસપૂર્વક થયેલ છે, તેમાં ૫૧ ઉપવાસ, ૩૧ ઉપવાસ, માસક્ષમણો, મહાન સિદ્ધિતપ આદિ ઉગ્ર તપસ્યા વિપુલ સંખ્યામાં થઇ છે. જેના સંભારણા મુંબઈ મહાનગર માટે અવિસ્મરણીય બની રહે તેવી ઉજવણી મહોત્સવ, રથયાત્રા, ૭પૂજનો સોનાના ચેન તથા ઘડીયાળની પ્રભાવનાના રેકર્ડરૂપ શાસન પ્રભાવનાના અનેક પ્રસંગોના મંડાણ થયા છે.

પૂજ્ય આચાર્યશ્રીના ૮૭માં જન્મદિન નિમિત્તે સ્કૂલના ૧૦૦ અનાથ બાળકોને કપડા વિતરણ અને મિષ્ટાન ભોજન. દર બેસતા મહિનાના શુભ દિને "માંગલિક શ્રવણ" માટે ૩–૪ હજાર ગુરુભક્તોનો માનવ મેળાવડો તેમજ સાધર્મિક ભક્તિ થાય છે. પ્રવેશ દિનથી નિત્ય પ્રવચન–પ્રતિક્રમણમાં સંઘપૂજનો ચાલુ છે. રોજ સાંકળી અઠ્ઠમતપ વિશિષ્ટ બહુમાન ભક્તિ. સામુદાયિક છઠ્ઠ–અઠ્ઠમતપાદિ પ્રભાવનાસહ. શ્રીસંઘમાં પ્રથમવાર જ ૧૩૧ની વિશાળ સંખ્યામાં મહાન શ્રી સિદ્ધિતપના આરાધકોને સોનાના ચેન તથા ઘડીયાળની યાદગાર સર્વે તપસ્વીઓને પ્રભાવના રૂપે. શ્રીસંઘમાં થયેલ તપારાધના નિમિત્તે ૭ પૂજનોયુક્ત ભવ્ય ૧૨ દિવસના મહોત્સવનું શાનદાર આયોજનપૂર્વક ઉજવાશે. ચાતુર્માસના ચારેય માસ સાધર્મિક ભક્તિ માટે ગુરુભક્ત શાહ પુખરાજજી અચલાજી પરિવાર–ખીવાન્દી (રાજ.) તથા શાહ છગનલાલ લાધમલજી પરિવાર–ખીવાન્દી (રાજ.) વાળા તરફથી સાધર્મિક ભક્તિની વ્યવસ્થા. શ્રી સિદ્ધિતપના તપસ્વીઓના સંપૂર્ણ ઉત્તર પારણા–બિયાસણા ને પારણાની ભવ્ય ભક્તિ શાહ પુખરાજજી અચલાજી ખીવાન્દીવાલા (રાજ.) પરિવાર તથા શાહ પ્રતાપચંદજી રૂપાજી પરિવાર (રાજ) તરફથી લાભ લઈને માનવજીવનનો અમૂલ્ય લ્હાવો લઇ ધન્ય બનાવ્યું છે. બૃહદ્ મુંબઈની પાઠશાળાઓની ઈનામી હરીફાઇ ચાતુર્માસ બાદ ભવ્ય રીતે ઉજવવામાં આવનાર છે.

પૂજ્યશ્રીની પ્રેરણાથી રાજસ્થાનના ગુરુભક્તોની ભવ્ય ભક્તિને સમર્પણાર્થ ભારત વ્યાપી આરાધના–સાધના અને પ્રભાવના માટે "શ્રી વર્ધમાન દર્શક આરાધક સેવા સંઘ"ની સ્થાપના અને તે માટે ભક્તો દ્વારા દાનની ગંગા જે પૂજ્યશ્રીની પ્રભાવકતાનો અપૂર્વ અવસર શ્રીસંઘને નિહાળવા મળ્યો છે.

આમ પૂજ્યશ્રીની નિશ્રામાં અત્રે સુંદર આરાધના અને પ્રભાવનાની ભવ્ય રીતે ઉજવણી થઇ છે.

સુરત કૈલાસ નગરે

ભવ્ય ઉપધાન તપ

સૂત્રોના અધિકાર માટે વીરે ભાખ્યું ખાસ
તે ઉપધાનને સેવા પ્યારા પામો મુક્તિ વિલાસ

પ્રથમ મુહુર્ત :
આસો વદ ૨, સોમવાર તા. ૧૬–૧૦–૮૯

દ્વિતીય મુહુર્ત :
આસો વદ ૪, બુધવાર તા. ૧૮–૧૦–૮૯

શાસનજ્યોતિર્ધર મહોપાધ્યાય પૂજ્ય શ્રી ધર્મસાગરજી મ.ના શિષ્યરત્ન આગમવિશારદ પંન્યાસ પ્રવર પૂ. ગુરુદેવ શ્રી અભયસાગરજી મ.ના શિષ્યરત્ન પૂ. પંન્યાસ શ્રી અશોકસાગરજી મ.ના વિનેય... પૂ. ગણિવર્ય શ્રી જિનચંદ્રસાગરજી મ. પૂ. ગણિવર્ય શ્રી હેમચંદ્રસાગરજી મ.

— મહત્વ —

ઉપધાન કર્યા સિવાય નવકાર મહામંત્ર અને બીજા સૂત્રો બોલવા–ભણવા એ ઉધારી માલ વાપરવા બરાબર છે. ઉધારે લીધેલા માલનું દેવું જલ્દી ભરી દેવું એ ખરી શાહુકારી છે. આપણા માથે ચડેલું દેવું ભરી દેવા માટેની ઉજળી તક હાથમાં આવી છે. તો જો... જો... ચૂકાય ના, જલ્દી નામ નોંધાવી દો ને જલ્દી પાસ મેળવી લો.

નિવેદક :

કૈલાસનગર જૈન સંઘ

જૈન ઉપાશ્રય કૈલાસનગર
મજૂરાગેટ સુરત–૩૯૫૦૦૨

બધી શક્તિઓ સિમિત છે, ઇચ્છા શક્તિ અસિમિત છે.

શ્રી મુક્તિ કમલ-કેસર ચંદ્રસૂરીશ્વરજી જૈન વિદ્યાપીઠ ટ્રસ્ટ, મુક્તિધામ

ગાંધીનગર, હાઇવે રોડ, મુ. થલતેજ, પો. અમદાવાદ-૩૮૦૦૫૪ ફોન નં. ૪૯૧૯૮૩

મહાન પુણ્યના ઉદયે મળેલી લક્ષ્મીનો સન્માર્ગે વાપરવાનો અમૂલ્ય અવસર

સહર્ષ જણાવતા આનંદ થાય છે કે મુક્તિ-ધામ સંસ્થાના પ્રણેતા સૌરાષ્ટ્ર કેશરી શાસનપ્રભાવક પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી વિજયભુવનરત્નસૂરીશ્વરજી મહારાજની શુભ પ્રેરણાથી અને શુભાશિષથી અમદાવાદ શહેરથી ૯ કિ. મી. સરખેજ ગાંધીનગર હાઇવે રોડ પર થલતેજ ચાર રસ્તા પાસે "મુક્તિ-ધામ" સંસ્થા સાકાર પામેલ છે. પૂજ્યશ્રીના શિષ્યરત્ન સરળ સ્વભાવી મધુરવક્તા પ. પૂ. પંન્યાસ પ્રવરશ્રી યશોવિજયજી મ૦સા૦ની નિશ્રામાં સંસ્થાના દરેક કાર્યો ચાલી રહ્યા છે.

પૂજ્યપાદ આચાર્ય ભગવંતની પાવન નિશ્રામાં સં. ૨૦૪૨ની સાલમાં વૈશાખ સુદ ત્રીજ (અક્ષય તૃતીયા)ના શુભ દિને પ્રથમ તીર્થપતિ દેવાધિદેવ શ્રી આદિનાથ પ્રભુ એવં પ્રગટપ્રભાવિ શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથ પ્રભુ તથા જિનશાસન રક્ષીકા શ્રીચક્રેશ્વરી માતા એવં ભગવતી શ્રી પદ્માવતી માતા આદિની અંજનશલાકા પ્રતિષ્ઠાદિ પ્રસંગો અપૂર્વ શાસન પ્રભાવનાસહ વિર્યોલ્લાસથી ઉજવાયેલ.

પૂજ્યશ્રીના અંતરમાં વર્ષોથી ભાવના હતી કે જિનશાસનને પામેલા બાળકમાં વ્યવહારિક જ્ઞાન સાથે સમ્યગ્જ્ઞાનનું સિંચન પણ થવું જોઇએ. 'સંસ્કાર વિનાનું જીવન તો પાયા વગરનું મકાન' આજનો વૈજ્ઞાનિક, વિલાસી, વર્તમાન યુગમાં બાળકોનું ભૌતિક સુખ દિનપ્રતિદિન વધતું જાય છે. પરંતુ સાચુ તથા આધ્યાત્મિક સુખ હણાતું જાય છે. બાળકોમાં આર્યસંસ્કૃતિનું વિસર્જન થતું જાય છે અને પાશ્ચાત્ય સંસ્કૃતિનું અનુકરણ થતું જાય છે. તેથી બાળકોને ધાર્મિક સંસ્કાર સાથે નૈતિક જીવન જીવવાની તાલીમ મળી રહે તે માટે પૂજ્યશ્રીની પ્રેરણાથી મુક્તિ-ધામ સંસ્થામાં ભવ્ય જિન મંદિર, ગુરૂ મંદિર, ધર્મશાળા, ભોજનશાળા, ઉપાશ્રય, આદિ સ્થાનો નિર્માણ થયા છે. તદઉપરાંત પૂજ્યશ્રીની ભાવના મુજબ જૈન વિદ્યાપીઠ પણ નિર્માણ થઇ રહી છે, સં. ૨૦૪૩ના ચૈત્ર શુદ ૧૪ના દિવસે પૂજ્યશ્રીનો દેહવિલય પામતાં આ સંસ્થા સ્થાપનાનું કાર્ય તેમના શિષ્યરત્ન પ પૂ પંન્યાસ પ્રવર શ્રી યશોવિજયજી મ૦સા૦ની નિશ્રામાં ટ્રસ્ટીગણ સંભાળી રહ્યા છે.

વિદ્યાપીઠનો મુખ્ય ધ્યેય-મધ્યમ વર્ગના જૈન બાળકોનું ભાવિ મજબુત બને તે માટે વિદ્યાપીઠમાં બાળકોને (Free of Charge) વિના મૂલ્યે ભણાવવાનો ઉદ્દેશ છે. તેથી આ કાર્ય માટે એક ટીકીટ ડ્રો યોજના રાખેલ છે. તેની વિગત નીચે મુજબ છે. તો આ ડ્રો યોજનામાં આપશ્રી યથાશક્તિ લાભ લઈ વિદ્યાપીઠના કાર્યમાં સહભાગી બનશો.

"ભવ્ય ડ્રો યોજના"

卐 પહેલો લકી નંબર આવે તેનું નામ 'વિદ્યાર્થી' ગૃહના મકાન ઉપર લખાશે.'
卐 બીજો લકી નંબર આવે તેનું નામ 'આરામગૃહના હોલ ઉપર લખાશે.'
卐 ત્રીજો લકી નંબર આવે તેનું નામ 'આરામગૃહના હોલની અંદર લખાશે.'
卐 એક ટીકીટ ખરીદનારનું નામ 'આરસની તકતીમાં લખાશે.'
卐 લકી ડ્રો માં જે ભાગ્યશાળીનો નંબર લાગશે તેમને પત્રથી જાણ કરવામાં આવશે.
卐 ડ્રો નું આયોજન પ. પૂ. પં. શ્રી યશોવિજયજી મ૦સા૦ની પાવન નિશ્રામાં કરવામાં આવશે

પ. પૂ. પં. પ્ર. શ્રી યશોવિજયજી મ૦સા૦ની નિશ્રામાં પચાસ વર્ષ પ્રાચીન રાયણવૃક્ષ નીચે પ્રથમ તીર્થપતિ દેવાધિદેવ આદેશ્વર દાદાના ૪૧ ઇંચના પગલા તથા પૂજ્યશ્રીના દાદાગુરૂ પ. પૂ. આચાર્યદેવશ્રી વિજયચંદ્રસૂરીશ્વરજી મ૦સા૦ તથા પં. પૂ. ગુરૂદેવશ્રી વિજયભુવનરત્નસૂરીશ્વરજી મ૦સા૦ના પગલા જેમાં પ્રતિષ્ઠિત કરવામાં આવશે. કમલ મંદિર ભવ્ય દિવ્ય બની રહેલ છે. આ ઉત્તમ તથા મંગલ કાર્યના આદેશ આપવાના બાકી છે માટે જે ભાગ્યશાળીઓને આદેશ લેવાની ભાવના હોય તેઓએ પ. પુ. પં. પ્ર. શ્રી યશોવિજયજી મ૦ સા૦ને મળવા વિનંતી છે.

લી. મુક્તિ-કમલ-કેશર ચંદ્રસૂરીશ્વરજી જૈન વિદ્યાપીઠ, ટ્રસ્ટના ટ્રસ્ટીગણના જયજિનેન્દ્ર

૧. જયંતીલાલ એમ. બગડીયા	૨. નવીનચંદ્ર બી. દીઓરા	૩. ટોકરશી દામજી શાહ
ભગવતી ટેક્ષટાઇલ, પાંચ કુવા,	૭, રાજેન્દ્ર વિલાસ, દોલતનગર, રોડ નં.૭	૩, દલાલ કોટેજ બીલ્ડીંગ, તવારામ
અમદાવાદ-૩૮૦૦૦૧	બોરીવલી (પૂર્વ), મુંબઈ-૬૬.	લાલાવાની રોડ, મુલુન્ડ (પશ્ચિમ) મુંબઇ-૮૦
ટે. ઘર : ૪૪૮૨૦૬	ટે. ઘર : ૬૦૫૯૩૨૫ દુકાન-૩૪૬૦૯૩	ટે. ઘર : ૫૬૧૭૮૮૪

તા. ક. :- પુજ્ય પંન્યાસશ્રી યશોવિજયજી મ૦સા૦નું ચાતુર્માસ પ્રાર્થનાસમાજ શ્રી ચંદ્રપ્રભુસ્વામી જૈન દેરાસર-મુંબઇમાં છે.

Regd. G. BV. No. 20
JAIN OFFICE : P. Box No. 175
BHAVNAGAR-364001 (Gujarat)
Tele. O. C/o 29919 R. C/o 25889

જૈન

સ્વ. તંત્રી : ગુલાબચંદ દેવચંદ શેઠ
તંત્રી-મુદ્રક-પ્રકાશક--માલીક :
મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
જૈન ઓફિસ, પો. બો. નં. ૧૭૫, દાણાપીઠ, ભાવનગર

'જૈન' વર્ષ ૮૬
અંક ૩૮

વીરસં. ૨૫૧૫ : વિ સં. ૨૦૪૫ આસો સુદ ૧૪
તા. ૧૩ ઓકટોબર ૧૯૮૯ શુક્રવાર
મુદ્રણ સ્થાન : શ્રી જૈન પ્રિન્ટરી
દાણાપીઠ પાછળ, ભાવનગર-૩૬૪૦૦૧

જૈન ધર્મમાં ક્રાંતિની જરૂર

કેટલાક વખત થી લખવા જેવો લાગતો વિચાર આજે લખીએ છીએ. "ક્રાંતિ અમર રહો" (Long live revolution) એ સૂત્ર ભલે આપણને પરદેશમાંથી મળ્યું હોય, પણ એ જેટલું સાર્થક છે, એટલું જ ઉપયોગી છે; અને એની ઉપકારકતા એક કાળ કે એક ક્ષેત્ર પૂરતી મર્યાદિત ન રહેતા સર્વ કાળ અને સર્વ ક્ષેત્રને સ્પર્શતી અને શાશ્વત છે. એટલે જે સમાજ કે દેશમાંથી એ સૂત્ર ભુલાઇ જાય છે.—એ સૂત્રની ઉપાસના ભુલાઈ જાય છે—એ પ્રગતિનો માર્ગ મૂકીને પીછેહઠનો ઘાતક માર્ગ સ્વીકારી લે છે.

વળી ક્રાંતિ એ ઉત્ક્રાંતિનું-ક્રમિક વિકાસ (revolution) નું એક અનિવાર્ય અંગ છે. માનવસમાજ કોઇપણ ક્ષેત્રમાં ક્રમે ક્રમે વિકાસ કરતો હોય ત્યારે એકાદ તબક્કો એવો આવ્યા વિના નથી રહેતો કે જ્યારે એ હરણફાળ જેવું જલદ પગલું ન ભરે તો એનો એ વિકાસ રોકાઇ જાય છે. એટલું જ નહીં, જે કંઈ વિકાસ સાધ્યો એ પણ પાછો પડી જાય છે. આ હરણફાળ જેવું જલદ પગલું એ નું નામ જ ક્રાંતિ.

ઘરમાં રોજ સંજવારી વાળીએ છતાં રોજ કંઇને કંઈ કચરો ભેગો થઈ જાય; વસ્ત્રો રોજ ધોઇએ અને રોજ મેલા થાય અને શરીરને રોજ સાફ કરીએ છતાં એના ઉપર મેલ ચઢયા જ કરે. આ બધાનો અર્થ એ થયો કે એક વેળા કોઇપણ વસ્તુ કે પ્રવૃત્તિની સાફસૂફી કરવામાં આવે એટલા માત્રથી વસ્તુ કે પ્રવૃત્તિ કાયમને માટે વિશુદ્ધ કે દોષરહિત થઈ શકે એમ માની લેવું એ ભૂલ ભરેલું છે. ક્રાંતિને અમર રાખવાની માગણી અથવા તો ભાવનાની પાછળ પણ આ જ તત્વ રહેલું છે.

કોઇ પણ પ્રવૃત્તિ, ભલે પછી તે સામાજિક હોય, ધાર્મિક હોય કે રાષ્ટ્રીય હોય તો એમાં પણ સમયે સમયે પરિવર્તન કરવાની જરૂર પડે જ છે, અને કયારેક તો એમાં ધરમૂળથી જ પરિવર્તન કરવું અનિવાર્ય બની જાય છે. આ પ્રક્રિયા એટલે જ ક્રાંતિ.

વિષમ પરિસ્થિતિથી અકળાઈ ઊઠનાર કોઈ પણ વિચારકને ક્રાંતિનો વિચાર આવ્યા વગર રહેતો નથી. પરંતુ ક્રાંતિ માટેના વિચારો આવવા અને ક્રાંતિ માટેનું સક્રિય પગલું ભરવાનું જોખમ ખેડવું એ બે વચ્ચે જમીન આસમાન જેટલું અંતર છે. એક અનિષ્ટ પ્રવૃત્તિથી થતા નુકશાનનો ખ્યાલ આવવો બહુ મુશ્કેલ નથી પણ એ અનિષ્ટથી અળગા થઈને બચી જવું એ ભારે મનોબળ અને મક્કમતાને માગી લે છે. એ જ વાત ક્રાંતિના અમલ માટેની સમજવી.

ક્રાંતિનો અમલ કરનાર એટલે સુધારાનો મશાલધારી. સમાજમાં, ધર્મમાં કે રાષ્ટ્રમાં જે કંઈ ખરાબી પેસી ગયેલી લાગે તેની સામે સજ્જડ મોરચો જમાવીને એને ઉખાડીને ફેંકી દેવી અને એને સ્થાને આવશ્યક નવીન પ્રવૃત્તિની પ્રતિષ્ઠા કરવી. એ કામ કંઇ જેવા-તેવાનું નથી. જેના રોમરોમની અંદર ક્રાંતિની ચિનગારીઓ ઝળી ઊઠી હોય, જેનું અંતર સમાજ, ધર્મ કે દેશને અસત્

પ્રવૃત્તિથી રોકવા માટે ફનાગીરીનો રાહ લેતા અચકાય એમ ન હોય અને જેણે કીર્તિ, પ્રશંસા કે નામનાની કામના સર્વથા દૂર કરીને કડવામાં કડવા ઘૂંટડા પણ પીવાની તમારી ટેવ હોય એવો પુરુષાર્થ અને કર્તવ્યપરાયણતાના પિંડ સમો માનવી જ એ કામ કરી શકે છે અને તેથી જ તો વિશ્વના ઇતિહાસમાં સાચા ક્રાંતિકારો આંગળીના વેઢે ગણી શકાય એટલા જ નોંધાયેલા છે. ક્રાંતિના વિચાર કરનારા એટલે માત્ર વિચારકો, જેઓ ઘેર બેઠા બેઠા નબળી કે ખરાબ પરિસ્થિતિનો તાગ કાઢીને પરિવર્તનની માત્ર વિચારમાળા જ ફેરવતા હોય છે. પણ ક્રાંતિને સજીવન કરનાર તો હથિયામાં ખાપણુ લઈને રણભૂમિમાં સિધાવનાર વીર યોદ્ધો જ હોય છે. એને પોતાના કાર્યને પાર પાડવા સિવાય બીજી કોઇ જાતની ખેવનાં કે આકાંક્ષા રહેતી નથી અને પોતાનું કામ કરતાં કરતાં સ્મૃતિશેષ થઈ જવામાં પણ એ અચકાતો નથી. દુનિયામાં જે થોડા ઘણા સાચા ક્રાંતિવીરો થઇ ગયા એમનું જીવન આ જ વાતનું ઉદ્બોધન કરે છે.

ત્યારે સવાલ થાય છે કે આવો ક્રાંતિવીર કોણ બને? સામાન્ય રીતે એટલું સ્વીકારવું જોઇએ કે આવા ક્રાંતિવીરપણાનો ઉંમરની સાથે અનિવાર્ય અથવા તો ઝાઝો સંબંધ નથી. વયમાં યુવાન માણસ, ઘરડું અને શિથિલ થઇ ગયેલું માનસ ધરાવતો હોય અને જેને આપણે વયોવૃદ્ધ કહેતા હોઈએ એવા માનવીનું અંતર ક્રાંતિની તાલાવેલીથી થનગનતું હોય એવું પણ બને. પણ સામાન્ય જનસમૂહનો વિચાર કરીએ ત્યારે આવી ક્રાંતિવીરતા માટે આપણું ધ્યાન સહેજે યૌવનમાં થનગનતી પેઢી તરફ જાય છે, એટલે એમ કહેવામાં જરાય ખોટું નથી કે ક્રાંતિના સાચા મશાલધારીઓ મુખ્યત્વે યુવાનો જ બની શકે. યૌવન સહજ તરવરાટ, હિંમત, નિર્ભયતા, હિંમત અને ઝડપથી કામને પૂરું કરવાની વૃત્તિ વિના કોઇપણ ક્રાંતિ સફળ થઇ શકતી નથી. આ તો ક્રાંતિની થોડીક તાત્વિક વિચારણા થઇ.

અમારે અહીં ખાસ કહેવું છે તે આપણાં અત્યારના યુવાનોને ઉદ્દેશીને. આપણે અહીં દુનિયાની વાત તો નહિ કરીએ પણ હિંદુસ્તાનમાં ધાર્મિક, સામાજિક અને રાષ્ટ્રીયક્ષેત્રે જે વિષમ પરિસ્થિતિ પેદા થઈ છે અને જે પરિસ્થિતિમાં ઉત્તરોત્તર બગાડો થઇ રહ્યાનું સ્પષ્ટ દેખાય છે એની જ વાત કરીશું.

આજે સામાજિક ક્ષેત્રની સ્થિતિનો વિચાર કરીએ તો એમ જ લાગે છે કે સમાજનો મૂળભુત અર્થ જ આપણે વીસરી ગયા છીએ. સમાજનો અર્થ તો એ છે કે ઘણા માનવીઓ સુખપૂર્વક જીવી શકે, સહકારપૂર્વક સાથે રહી શકે અને એકબીજાના સુખ-દુઃખમાં ભાગીદાર થઈ શકે એવી સમાજવ્યવસ્થા. આ સમાજ-વ્યવસ્થાનું રૂડું એવું હોવું જોઇએ કે જે તે તે સમાજના અદનામાં અદના કે આર્થિક રીતે નબળામાં નબળા માનવીને પણ એવી જોગવાઈ કરી આપે કે જેથી એને જીવન જીવવા જેવું લાગે અને સમાજમાં એનો માનમર્તબો અને ગૌરવ જળવાઇ રહે. આટલા માટે સામાજિક રિવાજોના ખર્ચાઓને સૌ કોઇ સહજ રીતે પહોંચી શકે એવા નિયંત્રિત અને મર્યાદિત રાખવા એ એનું પહેલું કામ છે. આજે જે જે સમાજો અસ્તિત્વ ધરાવે છે એમાં આ મૂળભૂત વાતનું પાલન થાય છે ખરું? આજે તો કંઇક સ્થિતિ એવી થતી જાય છે કે પોતે ભલે અમુક સમાજનો સભ્ય ગણાતો હોય છતાં એ સામાજિક રિવાજોના ખર્ચામાં પોતાને મન ફાવે તે રીતે બેફામપણે વર્તે છે. શું આને સમાજ ગણી શકાય? અથવા તો શું આને સમાજવ્યવસ્થા ગણી શકાય? એટલું ખરું કે સામાજિક જાગૃતિએ અને સ્વરાજ્યપ્રાપ્તિએ બાળલગ્ન જેવા કુરિવાજોને નામશેષ કરવામાં ઘણો મોટો ફાળો આપ્યો છે, છતાં એક સમાજ સાચા અર્થમાં સમાજરૂપે જીવે એ એમાં દહેજનો પ્રશ્ન એક યા બીજા પ્રકારે વકરેલ છે, ને બીનજરૂરી લગ્નો પણ વધતા રહ્યા છે. ને પ્રસંગોમાં અતીશય ખર્ચ કરી પાણી પૈસાનું પ્રદર્શન ઠેર ઠેર જોવા મળે છે. તેને માટે સમાજના ઠેકેદારો જ આંખ આડા કાન કરતાં હોય છે.

એ જ રીતે ધાર્મિક ક્ષેત્રનો વિચાર કરીએ તો ત્યાં પણ કેટલી અંધશ્રદ્ધા, અજ્ઞાનતા અને સ્વાર્થીવૃત્તિ પ્રવર્તે છે! આ અંધશ્રદ્ધા અને અજ્ઞાનતાને લીધે સમાજમાં જે અહંભાવ કે અહંકારની લાગણી ફેલાઈ જાય છે એની તો વાત જ થઈ શકે એમ નથી. કહેવાતું ધાર્મિક જીવન જીવ્યા છતાં ન એમાંથી જીવનશુદ્ધિ પ્રાપ્ત થાય કે ન વ્યવહારસિદ્ધિ. તો પછી એને ધર્મમય જીવન કેવી રીતે કહી શકાય? ધાર્મિક પ્રવૃત્તિનો અર્થ આડંબર, એવો હરગીજ નથી, એનો સીધો સંબંધ માનવીના અંતઃકરણની શુદ્ધિ સાથે છે, ભ્રાતૃભાવ અને વિશ્વવાત્સલ્ય એ કોઇપણ ધર્મપ્રવૃત્તિના પ્રાણ છે. આજે એ પ્રાણનું કેટલે અંશે જતન થઇ રહ્યું છે? અને જો એ ધર્મરૂપી પ્રાણની જ ઉપેક્ષા થતી હોય તો કોઇપણ પ્રવૃત્તિને સાચી ધાર્મિક પ્રવૃત્તિ કેવી રીતે લેખી શકાય? ખરી વાત તો એ છે કે આપણે ધર્મનું સુંદર નામ આપીએ છીએ. પણ આપણી દૃષ્ટિ હોય છે કેવળ વ્યક્તિગત રાગને કારણે પંથ, સંપ્રદાય કે ફિરકા તરફ. અને આ રાગ, પંથ, ફિરકા કે સંપ્રદાયને ધર્મનું આકર્ષક નામ આપીને કરવામાં આવતી અનેકવિધ પ્રવૃત્તિઓને લીધે માનવજાતને કેટલું નુકશાન થયું છે, કેટલા કલેશો જાગી પડ્યા છે અને કેટલા ભેદ-પ્રભેદો પડી ગયા છે એનો આંક કાઢવો મુશ્કેલ છે. એટલે જ્યારે પણ આપણી પ્રવૃત્તિ વ્યક્તિગત રાગ રહીત, પંથિક કે સાંપ્રદાયિક દોષથી મુક્ત બને ત્યારે જ એ સાચા ધર્મનું, શાસનનું કે સ્વકલ્યાણનું સ્વરૂપ

મનમાં આવે તે બધું જ કરે તેનું નામ પશુ, મનમાં આવ્યા પછી વિચારીને વિવેકપૂર્વક કરે તેનું નામ માનવ.

લઈ શકે.

જૈન શાસન અત્યાર સુધી જયવંતુ રહેલ હોય તો જે તે સમયના દરેકમાં રહેલી શાસન પ્રત્યેની વિશાળતાએ જ ભાગ ભજવેલ છે. ત્યારે અત્યારે તો સર્વત્ર વ્યક્તિરાગ, સમુદાયરાગ, ગચ્છરાગ ને સંપ્રદાયરાગ જ જોવા મળે છે, ને આ રાગ દશાને આપણા ધર્મગુરુઓ દ્વારા જાણે-અજાણે પોષવામાં આવે છે. ને તેને વિકૃત રીતે કે સ્વાર્થવશ ધર્મભાવના અને શ્રદ્ધાનો ગેરલાભ લેવાતો જોવાય છે. આ માટે શ્રીસંઘના સૌ આગેવાનો કે યુવાનો સમયસર નહિ ચેતે અને રાગદશામાંથી બહાર નહિ આવે તો જૈન શાસન વ્યક્તિગતરાગના અસ્તીત્વમાં આવ્યા વિના નહીં રહે. અને એ માટે જરૂર છે રાગદશા તોડનાર ક્રાંતિની-અમુક મહારાજો જે પોતાની સંસ્થા સ્થાપીને તેમના હસ્તક કે ચોક્કસ ભકતો દ્વારા વહિવટ કરતાં થયા છે. તેનું પરિણામ જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે તો પળભર થંભી જ જવાય છે કે આપણે કયાં જઈ રહ્યાં છીએ અને શું થવા બેઠું છે તે વિચારીયે,

શ્રમણ ભગવાન મહાવીર પરમાત્મા પ્રત્યે જ શ્રી ગૌતમસ્વામીની રાગ દશાને કારણે તેઓ તેમના કર્મ ન ખપાવી શકયા ને સત્ય ધર્મ કે કેવળજ્ઞાન પણ પ્રાપ્ત ના કરી શકયા ત્યારે ભગવાને જ તેની રાગદશાને દૂર કરવા અંતસમયે દૂર મોકલ્યા. આવી ઉચ્ચ ભાવના આપણા વર્તમાનના પૂજ્ય ગુરુદેવો પાસે રાખવી વધારે પડતી ગણાય છે. કારણ કે તેમણે ગૃહસ્થપણાનો ત્યાગ કર્યો છે. સંસારનો કે તેની પ્રવૃત્તિનો ત્યાગ કર્યો જણાતો નથી. આથી જ ધર્મના નામે જિનાલય, જ્ઞાનશાળા, ઉપાશ્રય, જ્ઞાનોદ્ધાર વિદ્યાપીઠ, તપોવન, પુસ્તક પ્રકાશન કે વ્યક્તિગત પત્રો-પત્રિકાઓ પ્રગટ કરી તે દરેક પ્રવૃત્તિના તેઓ માલીક બની બેઠા છે. અને તેના ટ્રસ્ટીઓ તો માત્ર કઠપુતલીની જેમ નાચતા હોય છે. આવા સંજોગોમાં શું કરવું તે ગંભીર વિચારણા ને ધર્મને અભડાવી જતા આ પાપને પખાળવા ક્રાંતિ જગાવવાની જરૂર છે.

આ માટે જરૂર છે જેમના હૈયે માત્ર જૈન ધર્મને પવિત્ર અને વિશ્વ કલ્યાણકારી માર્ગે આગળ લઈ જનાર ભારતભરમાં ગામે-ગામ અને શહેરોમાં વસતા જૈનસંઘ હિતેચ્છુ સંગઠનની. અને તેના દ્વારા જ્યાં જ્યાં સમાજના સાથ-સહકાર દ્વારા દાન અપાય છે. તેનો વહિવટ શુદ્ધ અને સુયોગ્ય ચાલે તેમજ તેમાં વ્યક્તિગત શ્રમણોના હિતો દુર થાય તે માટે તેમજ તેના વહીવટની સમાજ દ્વારા જરૂરી તપાસ કરાવી તેની ખામી દુર કરવા આગળ આવવાની જરૂર છે. આપણે ત્યાંના સંઘો-સંસ્થાના અયોગ્ય વહિવટનો જાગૃત ગૃહસ્થો તરફથી તેમજ શ્રી જૈન એસોસીએશન ઓફ ઇન્ડીયા, શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, શ્રી મુંબઇ યુવક સંઘ દ્વારા ખુલ્લા પાડી લોકોને ચેતવવામાં આવતા હતા પણ હવે તો એ જ સંસ્થાઓ સત્વહીન થતી જાય છે, ત્યારે ભારતભરમાંથી શાસન દાઝ ધરાવતા બહાર આવે તે જ સમયનો તકાદો છે,

આ ક્રાંતિની આશા અને નવી પેઢીના યુવાનો અને સી.એ. થયેલા પાસે આશા રહે પણ ઊલટું આજે તો એમના પર નજર કરીએ છીએ તો ભારે નિરાશા સાથે એમ જ લાગે છે કે આપણા યુવાનો ભલે યુવાન હોય પણ એમના મનમાં અન્યાય, અધર્મ, અત્યાચાર, અજ્ઞાન, વ્યક્તિરાગી, સ્વાર્થપરાયણ, અને અંધશ્રદ્ધા જેવા માનવજાતના શત્રુઓની સામે ઝઝુમવાની તમન્નાનું નામો નિશાન નથી. એટલું જ નહિ પણ એમની વૈભવવિલાસ તરફની અભિરૂચિ અને ખાનપાન અને રહેન-શહેનમાં અમર્યાદી બનતી જતી શોખીન વૃત્તિ જોઇએ છીએ ત્યારે તો ખરેખર આપણી નિરાશા ટોચે પહોંચી જાય છે, અને દિલમાં દર્દ થાય છે કે જે ધર્મની ઉછરતી પેઢી આવી અલ્પ તેજવાળી હોય તો ધર્મનું ભાવી ઉજ્જવળ કેવી રીતે બની શકે ?

કહેવું હોય તો આ દર્દ કથાના સમર્થનમાં ઘણું ઘણું કહી શકાય એમ છે. પણ અમારે તો અહીં આપણા શાસન હિતેચ્છુઓને એટલી જ હાકલ કરવાની છે કે ચાલુ ચીલે ચાલવામાં કે વહેતા પ્રવાહમાં તણાવામાં તમારા યૌવનની શોભા નથી. તમારા યૌવનની શોભા તો ક્રાંતિના કાંટાળા માર્ગે ચાલવામાં છે. એ માર્ગે ચાલીને જ આપણે ધર્મને સાચો ધર્મ, સમાજને, સાચો સમાજ અને રાષ્ટ્રને સાચું રાષ્ટ્ર બનાવી શકીશું.

卐 કલિકુંડતીર્થ ધોળકા 卐

શત્રુંજય તિર્થ નિર્માણ યોજના

શ્રી કલિકુંડતીર્થ ધોળકામાં સ્થાપના તીર્થ શત્રુંજયના નિર્માણનું ભગીરથ કાર્ય ચાલી રહ્યું છે. ૯૦ હજાર ચો. ફુટના વ્યાસમાં ગિરિરાજનું નિર્માણ થશે. તેમ જ ૪૦ ફુટ ઊંચા ગિરિરાજ ઉપર ૨૫ હજાર ચો. ફૂટમાં આદિનાથ ભ૦, પુંડરિક સ્વામી, શાંતિનાથ ભ૦, પાર્શ્વનાથ ભ૦ના મોતીશા ટુંક તથા નવટુંકના જિનાલયોનું ભવ્ય નિર્માણ થશે. આદિનાથની ટુંક તથા મોતીશાની ટુંકમાં ભમતીમાં ૨૪-૨૪ દેરીઓ બનાવાશે.... રાયણ પગલાં કવડયક્ષ ચક્રેશ્વરિદેવી, સરસ્વતી દેવી, અંબિકાદેવી, પદ્માવતીદેવીની દેરી તથા બાબુના દેરાસર ઘેટીપાગના દેરાસરનું ભવ્ય નિર્માણ થશે.

લગભગ બધા જ આદેશો અપાઇ ચુકયા છે. મોતીશાની ટુંકમાં ફક્ત આઠ દેરીઓ તથા એક મોટા જિનાલયના આદેશ બાકી છે. તેમ જ આજુબાજુમાં પ્રતિમાજી પધરાવવાના થોડા જ આદેશો બાકી છે. વહેલો તે પહેલો આપ આજે જ આપને અનુકૂળ હોય તેટલો લાભ લઈ લો.... પાછળ પસ્તાવો થશે.

સંપર્ક સ્થળ : ફોન નં. ૭૩૮

શ્રી તેજપાળ વસ્તુપાળ જૈન ચેરેટી ટ્રસ્ટ
કલિકુંડતીર્થ ધોળકા (જિ. અમદાવાદ)

મુંબઈ–વાલકેશ્વરમાં બહેનોમાં આરાધનાનો અનુપમ નાદ

પુ૦ આચાર્યદેવ શ્રી રાજયશસૂરીશ્વરજી મ૦ આદી મુનિરાજોની નિશ્રામાં અત્રે વિવિધ ધર્મઆરાધના–પ્રભાવના સાથે પુજ્ય સાધ્વીશ્રી સર્વોદયાશ્રીજી મ૦, પુ૦ સાધ્વીશ્રી દિવ્યાચંયમાશ્રીજી મ૦ (બેન મહારાજ)ની શુભ નિશ્રા અને પ્રેરણાથી આ ધનકુબેરના શહેરમાં ધર્મપ્રભાવનાની હેલીરૂપ બહેનોમાં ધર્મભાવના અને આરાધનાની વિવિધ આયોજન સફળતા પુર્વક પાર પડેલ.

શ્રી ભક્તામરના વર્ગ – પુ૦ સા૦ સર્વોદયાશ્રીજી મ૦ની નિશ્રામાં અ. સુ. ૧૫ થી આઠ દિવસ બપોરે ભક્તામર સ્તોત્રના અર્થનો વર્ગ ચાલ્યો. સુશિક્ષિત બહેનો ભક્તામરના રહસ્યાર્થ પ્રાપ્ત કરી ધન્ય પુણ્ય બની

બૌદ્ધિક પરીક્ષા :– અ. વ. ૬ સોમવારના મુંબઈમાં ભયંકર વરસાદ હતો. પણ ભાવિક બેનો સમયસર લેખિત બૌદ્ધિક પરીક્ષા આપવા આવી ગયા. શ્રીમતી સુશીલાબેન રસીકલાલ શાહ તરફથી ઇનામો વ્હેંચવામાં આવ્યા. પ્રથમ ઇનામ રૂા. ૨૫૧, દ્વિતીય ૧૫૧, તૃતીય ૧૦૧ દરેક પરીક્ષાર્થીને ૧૧–૧૧ રૂા. ઇનામ અપાયેલ.

શ્રી નંદ્યાવર્ત સ્પર્ધા :- અ. વ. ૭ મંગળવારના ખૂબ જ ભવ્ય કલાત્મક મનોહર નંદ્યાવર્તની સ્પર્ધામાં ૧૦૭ બહેનોએ ભાગ લીધો. જેના નિર્ણાયિકા શ્રીમતી કલ્પનાબેન શાહ, શ્રીમતી સુશીલાબેન કપાસી, શ્રીમતિ નીતિનાબેન કપાસી હતા. નંદ્યાવર્ત સ્પર્ધાના ઇનામો શ્રીમતી નિર્મળાબેન ભુપતરાય દોશી માટુંગા તરફથી આપવામાં આવેલ. પહેલું ઇનામ રૂા. ૫૦૧, બીજું ઇનામ ૨૫૧, ત્રીજુ ઇનામ ૨૦૧, ચોથું ઇનામ ૧૫૧, પાંચમું ૧૦૧ તથા પ્રત્યેક સ્પર્ધાર્થીને ૨૧–૨૧ રૂા. ઇનામ અપાયેલ.

આંગી સ્પર્ધા :– વાલકેશ્વર આદીશ્વર જિનાલયમાં બિરાજમાન ૪૮ પ્રભુજીની ભવ્ય આંગી અ. વ. ૧૦ને ગુરૂવારે ભાવિક બેનોએ કરી, પ્રભુજીની અદ્ભુત ભક્તિ દ્વારા બહેનો જીવનને કૃતકૃત્ય માનતી હતી, આંગી સ્પર્ધાના નિર્ણાયિકા શ્રી રૂક્ષ્મણીબેન ગાર્ડી, શ્રી તારાબેન શાહ, શ્રી કાન્તાબેન તથા શ્રી વંદનાબેન શાહ હતા. આંગી સ્પર્ધાનો લાભ એક ગુપ્ત દાતાબેને લીધેલ. પ્રથમ ઇનામ રૂા. ૧૦૦૧, દ્વિતીય ઇનામ ૫૦૧, તૃતીય ઇનામ ૨૦૧. ચોથું ઇનામ ૧૫૧, પાંચમું ઇનામ ૧૦૧ તથા દરેક સ્પર્ધાર્થીને ૯૮ રૂા.ની Over Night બેગ આપવામાં આવેલ. પ્રભુના દર્શનનો લાભ પાંચ હજારથી અધિક ભાવિકે લીધેલ.

આરતી સ્પર્ધા :– અ. વ. ૧૦ના રાત્રે શ્રી વિમળાબેન ભાનુભાઈ શાહ તરફથી આરતી સ્પર્ધાનું આયોજન થયેલ. ભાવિકો અનેક વિવિધતા પુર્વક આરતી વિભૂષિત કરીને આવેલ પ્રથમ ઇનામ રૂા. ૧૫૧, દ્વિતીય ઇનામ ૧૦૧, તૃતીય ૫૧ તથા દરેક આરતી કરનાર ભવિકને ભરૂચ ભાગીરથીની કેસેટ ભેટ અપાયેલ.

જ્ઞાન સાથે ગમ્મત :– અ. વ. ૧૩ના અનુપમ કાર્યક્રમ માટે ભાવિક બહેનોએ ત્રણ–ત્રણ કલાક સુધી જ્ઞાન આરાધના સાથે ગમ્મત તથા ગમ્મત સાથે જ્ઞાન મેળવવામાં વીતાવ્યા.

સુકર્તવ્ય સ્પર્ધા :– બહેનોને આકૃષ્ટ કરતો સુંદર કાર્યક્રમ હતો. એક દિવસની આરાધના માટે ૧૦૮ કર્તવ્યની સ્લીપ તૈયાર થયેલ જે સ્લીપ ઉઠાવે તેને તે કર્તવ્ય કરવાનું, ચિઠ્ઠી ઉપાડી સૌ કર્તવ્યમાં લાગી ગયેલ. એક બાલિકા સૌનું બહુમાન કરતી હતી.

સકલાર્હતના અર્થનો વર્ગ :– ૪ દિવસ સકલર્હિત સ્ત્રોતના અર્થ કરાવી પુ૦ સાધ્વીજી મ૦ ૨૪ તીર્થંકર પરમાત્માની દિવ્યભૂમિમાં યાત્રાર્થે લઈ ગયા.

૨૪ તીર્થંકરનું ભાવપૂજન :– શ્રા. સુ. ૧ બુધવારે શ્રી પદ્માવતીબેન નેમચંદ શાહ પરિવાર તરફથી ખૂબ જ ભક્તિભાવનાથી પુજન કરાવેલ. અલૌકિક દિવ્ય વાતાવરણમાં ૧૪૦ બહેનોએ ભક્તિનો રસાસ્વાદ અનુભવ્યો.

શ્રી પાર્શ્વ પદ્માવતી ભાવપૂજન :– શ્રા. સુદ ૧૨ સોમવારે શ્રી પદ્માવતીબેનના શ્રેયાર્થે ૨૧૬ બહેનો દ્વારા એક અનોખા આયોજન પુર્વક સમાધિની સાધના અંગે આરાધના થયેલ. સૌ શંખેશ્વરદાદાના દરબારની અનુભૂતિ કરી રહેલ. જીવદયાની ખૂબ સુંદર ટીપ થઈ.

જિનભક્તિ :– શ્રા. વદ ૨ને શુક્રવારે બપોરે ૨ થી ૪ વાલકેશ્વરના ૧૦ મહિલા મંડળ દ્વારા ભવ્ય જિનભક્તિ અરિહંત પરમાત્માની પાવનકારી સંગીતમય ધૂન સાથે થયેલ. જિનભક્તિનો લાભ વાલકેશ્વરના એક સેવાભાવી બહેને લીધેલ.

૧૨૦૦ સમૂહ સામાયિક :– શ્રા. વ. ૫ને સોમવારે બપોરે ૧–૦૦ થી ૪–૩૦ સુધી શ્રી સુલોચના શાંતિલાલ ગુંદરવાલા તરફથી ૧૨૦૦ સમૂહ સામાયિકનું આયોજન હતું. એક સામાયિકમાં નવકાર મંત્રની ધૂન, એક સામાયિકમાં ભક્તામર તથા એક સમાયિકમાં 'નવકારશી ભવપાર' એ વિષય ઉપર પુ૦ બેન મહારાજે ધર્મોપદેશ આપેલ.

શાંતિનાથ અનુષ્ઠાન :- શ્રા. વદ ૭ બુધવારે ૨૧ શાંતિનાથ પ્રભુ બિરાજમાન કરી એક અનુપમ અલૌકિક શાંતિનું વિધાન એક તપસ્વી બેન તરફથી થયું. બહેનોએ અંતરના ઉમંગે ભાવવિભોર બની શાંતિનાથ પ્રભુની સુંદર આરાધના કરી જીવનને ધન્ય પુણ્ય બનાવ્યું.

શ્રીમંતાઈ એ પુણ્ય છે પણ શ્રીમંતાઈનો ગર્વ એ પુણ્યની દેન નથી ભયંકર પાપ છે.

પર્યુષણ પર્વની થયેલ વિવિધ સ્થાનોમાં ઉજવણી

(સુરત) કતારગામ :– અત્રે પર્યુષણ મહાપર્વ નિમિત્તે પૂ૦ મુનિરાજશ્રી નયકીર્તિવિજયજી મ૦સા૦ આદિની શુભ નિશ્રામાં વિવિધ તપસ્યાઓ થઈ છે જેમાં ૨૧/૨, ૧૬/૮, ૫ ક્ષીરસમુદ્ર, અઠ્ઠમ આદિ તપસ્યાઓ થઈ હતી

પ્રભાવના, ભાવના, આંગી, પૂજા વિગેરે થયેલ. ભા. સુ. ૭ ના વરઘોડો, સ્વામી વાત્સલ્ય વગેરે થયેલ. વડાચૌટાથી મુનિશ્રી પિયુષ મુનિ તથા સાધ્વીજી મ૦સા૦ પધારેલ.

જામનગર :– અત્રે પૂ૦ આચાર્યશ્રી અશોકચંદ્રસૂરિજી મ૦ સા૦ આદિની શુભ નિશ્રામાં ચાતુર્માસ પ્રવેશ બાદ સિદ્ધિતપની તપસ્યા થઇ હતી. જેમાં ૨૨૫ ભાવિકો જોડાયેલ. પર્યુષણ પર્વની અઠ્ઠાઈ માસક્ષમણ આદિ તપશ્ચર્યાઓ પણ થઇ હતી. ભા. સુ. ૫ ના વિશાળ રથયાત્રાનો વરઘોડો નીકળેલ તેમજ શાંતિસ્નાત્રાદિ મહોત્સવની ઉજવણી પણ કરવામાં આવેલ.

અંધેરી (મુંબઈ) :– આચાર્યશ્રી કનકરત્નસૂરિજી મ૦સા૦ આદિ સાધુ–સાધ્વીજી મ૦ની નિશ્રામાં અત્રે ચાતુર્માસ તેમજ પર્યુષણા મહાપર્વમાં અનેકવિધ તપશ્ચર્યા થઇ છે. શ્રીવીર જન્મ વાંચન, સાંવત્સરિક પ્રતિક્રમણ, આંગી, પૂજા–પ્રભાવના, ભાવના ઘણી જ સુંદર રીતે થયા છે. દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્યાદિની ઉપજ રેકર્ડરૂપ થઈ છે.

પાટણ (ઉ. ગુ.) :– અત્રે સાગરજી જૈન ઉપાશ્રયે બિરાજમાન પૂ૦ મુનિશ્રી નીતિસાગરજી મ૦ આદિની નિશ્રામાં ચાતુર્માસ દરમ્યાન અત્રેના જુદા જુદા જિનાલયોમાં જિનેન્દ્રભક્તિ સ્તોત્ર, અઠ્ઠમ, આયંબિલ, વ્યાખ્યાન નિયમીત ચાલુ છે. પર્યુષણ પર્વના આઠે દિવસ ઉલ્લાસપૂર્વક આરાધનાઓ થઈ હતી. તે નિમિત્તે રથયાત્રાનો વરઘોડો નીકળેલ. દર રવિવારે જાહેર વ્યાખ્યાનોનું આયોજન સારી રીતે થયેલ.

સુરત :– આ૦ શ્રી કુમુદચંદ્રસૂરિજી મ૦સા૦, આ૦ શ્રી વિજયપ્રબોધચંદ્રસૂરિજી મ૦સા૦ આદિની શુભ નિશ્રામાં તેમજ રાંદેર ગામમાં તેમજ વિવિધ સ્થળોએ અનુમોદનીય સુંદર આરાધના, તપશ્ચર્યાદિ, ચોસઠ પહોરી પૌષધ, સ્વામી વાત્સલ્ય, તપસ્વીઓનું બહુમાન, ચૈત્ય પરિપાટી, જીવદયા, અનુકંપાદાન રથ યાત્રાદિ કાર્યો સુંદર રીતે થયેલ.

સુરત (નવાપુરા) :– અત્રે શ્રી કીર્તિસેનમુનિશ્રી તથા પ્રવર્તકશ્રી જયચંદ્રમુનિજી મ૦ આદિની શુભ નિશ્રામાં શ્રી શાંતિનાથ સ્વામી જિનપ્રાસાદે પર્યુષણા પર્વની આરાધના નિર્વિઘ્ને સુખરૂપ થવા પામી છે. તા. ૭ થી ૧૮ સપ્ટે. સુધી દ્વાદશાન્હિકા મહોત્સવની ઉજવણી સુંદર રીતે કરવામાં આવેલ.

રાજનંદગાંવ(મ.પ્ર) :– અત્રે છત્તીશગઢ શીરોમણી પૂજ્ય સા૦ શ્રી મનોહરશ્રીજી આદિ સાધ્વીજી મ૦સા૦ની શુભ નિશ્રામાં ચાતુર્માસ પ્રવેશ બાદ ખીરના એકાસણા–૩૧૧, દીપક એકાસણા ૩૫૧, તથા પંચરંગી અન્તર્ગત ૧૫૧ ભાઇઓએ ૧ થી ૫ ઉપવાસની તપસ્યાપૂર્વક આઠ અને તેનાથી વધુ ઉપવાસો તેમજ માસક્ષમણની તપશ્ચર્યાઓ કરેલ. પર્યુષણ પર્વમાં અક્ષયનિધિ તેમજ સંભવસરળ તપમાં ૧૦૩ વ્યક્તિઓએ ભાગ લીધેલ. તા. ૫ સપ્ટેમ્બરના ભવ્ય વરઘોડો નીકળેલ. દરેક કાર્યક્રમોમાં સ્થાનિક વિવિધ મંડળોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ.

ટીમકુર (કર્ણાટક) :– પૂજ્ય પંન્યાસશ્રી વિમલસેનવિજયજી મ૦, મુનિશ્રી નંદિભુષણવિજયજી મ૦સા૦ આદિની શુભ નિશ્રામાં અત્રે પર્યુષણ દરમ્યાન આરાધનાઓ તેમજ ઉપજ દર વખત કરતાં ૮ થી ૧૦ ગણી વધુ થઇ છે. પારણા તથા સ્વામીવાત્સલ્ય વગેરે ઠાઠથી થયું છે. મોટી તપસ્યાઓની સંખ્યા ૩૦ હતી.

પૂજ્ય પંન્યાસશ્રી વિમલસેનવિજયજી મ૦સા૦એ ધર્મચક્રતપની આરાધના નિર્વિઘ્ને તા. ૨જી ઓકટોબરના પૂર્ણ થતા પારણું કર્યું હતું. આ નિમિત્તે પાંચ દિવસનો જિનભક્તિ મહોત્સવ ઉજવવામાં આવેલ.

અમદાવાદ–સાબરમતી :– પૂ૦ આચાર્યશ્રી મિત્રાનંદસૂરિજી મ૦સા૦ આદિની શુભ નિશ્રામાં રામબાગ રોડ સ્થિત શ્રી પુખરાજ રાયચંદ આરાધના ભવનમાં ચાતુર્માસ પ્રવેશથી ૩૦૦ ખીરના એકાસણા, નવકારમંત્રની વિશિષ્ટ આરાધના, ૬૨ ચાલુ એકાસણા, શ્રી સામાયિકમાં પાંચ પ્રકારની વિશિષ્ટ આરાધના, નેમનાથ ભ૦ના જન્મ કલ્યાણકની આરાધના, અખંડ જાપ સાથે ૪૨૫ શંખેશ્વર પાર્શ્વનાથના અઠ્ઠમતપની આરાધના ચાલુ છે.

પર્વાધિરાજ પર્યુષણ પર્વની આરાધના આ વર્ષે શિરમોર થઇ. માસક્ષમણ, સિદ્ધિતપ, શ્રેણીતપ, સમવસરણતપ, ધર્મચક્રતપ, ચત્તારિ, મોક્ષદંડતપ, ૪૯ અઠ્ઠાઇઓ વગેરે તપશ્ચર્યા સારી થઇ હતી, તેમજ જીવદયા, દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય, જનરલ ટીપ, તપસ્વીઓના બહુમાનની ટીપ વગેરેની ઉપજ સારી થઇ હતી.

મુંબઇ-સાયન વેસ્ટ :– અત્રે શ્રી અભિનંદન સ્વામી જૈન દેરાસર–ઉપાશ્રયે બિરાજમાન પૂ૦ મુનિરાજશ્રી ઇન્દ્રિયશવિજયજી મ૦સા૦ આદિની શુભ નિશ્રામાં પર્યુષણ અને ચાતુર્માસ દરમ્યાન સાંકડી અઠ્ઠમ, શ્રી અભિનંદનસ્વામીની આરાધનાના અઠ્ઠમ, ગૌતમસ્વામીજીના છઠ્ઠ, વિશસ્થાનકના એકાસણા, મોક્ષદંડક તપ, અક્ષયનિધિ તપ, આદિ વિવિધ તપારાધના, ૧૫-૧૧-૧૦-૯ અઠ્ઠાઇ વગેરે ઉપવાસની આરાધના સારી સંખ્યામાં થઈ.

આ બધી આરાધનાની અનુમોદનાર્થે તા. ૭થી ૧૪ સપ્ટે. સુધીનો જિનેન્દ્રભકિત મહોત્સવ ઉજવવામાં આવેલ.

જે મારા જીવનમાં કંટક પાથરે તેના માર્ગમાં હું પુષ્પ વેરીશ ત્યારે હું પરમાત્મા તારો સાચો સેવક.

મુંબઈ કાંદીવલી-વે. :- પૂ૦ આ૦શ્રી હેમચંદ્રસૂરિજી મ૦સા૦ આદિની શુભ નિશ્રામાં અત્રે ઇરાનીવાડી જૈન દેરાસરમાં પર્યુષણ પર્વની આરાધના ઠીક ઠીક થવા પામી છે. મુનિશ્રી કલ્યાણબોધિવિજયજી મ૦એ માસક્ષમણની આરાધના શાતાપૂર્વક પરિપુર્ણ કરી છે. શ્રીસંઘમાં ૧૦-૧૧-૯-૮ ક્ષીરસમુદ્ર, મોક્ષદંડ તેમ જ ધર્મચક્રતપ ચાલુ છે. દેવદ્રવ્યની ઉપજ પણ ઠીક ઠીક થઇ છે.

મુંબઈ-બાંદરા-વે. :- અત્રે પૂ૦ આચાર્યશ્રી આનંદઘનસૂરિજી મ૦સા૦ આદિની શુભ નિશ્રામાં પર્યુષણ પર્વ તેમજ ચાતુર્માસ દરમ્યાન વિવિધ તપશ્ચર્યાઓ, ૨૦૦ જેટલી મોટી તપશ્ચર્યાઓ, જીવદયા વિગેરે આરાધનાઓ સુખરૂપ થઈ છે. સાધર્મિક ભક્તિ પણ થઇ હતી.

મુંબઈ-તારદેવ :- મુનિશ્રી કીર્તિપ્રભવિજયજી મ૦ સા૦ની શુભ નિશ્રામાં અત્રે પર્યુષણ પર્વની આરાધના વિપુલ પ્રમાણમાં થવા પામી છે. ભાભર નિવાસી વિનીતકુમાર બી. મુજપરાએ (ઉ. વ ૧૮) માસક્ષમણની આરાધના સુખશાતાપૂર્વક પરિપૂર્ણ કરી છે.

દિલ્લી ચાંદનીચોક :- પૂ૦ પંન્યાસશ્રી મહાયશસાગરજી મ૦સા૦ આદિની શુભ નિશ્રામાં અત્રે ચાતુર્માસ અને પર્યુષણપર્વ દરમ્યાન વિવિધ આરાધનાઓ થઈ છે. બન્ને બાલમુનિ મહારાજોએ અઠ્ઠાઈ તપની આરાધના સુખશાતાપૂર્વક કરી છે. દરેક ખાતાઓમાં પણ ઉપજ સારી થવા પામી છે.

ગઢસિવાણા (રાજ.) :- અત્રેના શ્રી ચૌમુખી જૈન દેરાસર-ઉપાશ્રયે બિરાજમાન પૂ૦ મુનિરાજશ્રી નયરત્નવિજયજી મ૦સા૦ આદિની નિશ્રામાં ચાતુર્માસ પ્રવેશબાદ પ્રતિદિન ઉત્તરાધ્યયન તેમ જ શાંતિનાથ ચરિત્ર ઉપર પ્રવચનો ચાલુ છે. અઠ્ઠમતપ, ખીરના એકાસણા, શંખેશ્વર ભ૦ના અઠ્ઠમતપ, શ્રી પદ્માવતી મહાપૂજન, ચોસઠ પહોરી પૌષધ તેમ જ સત્રપૂજનો આદિ શાસન કાર્યો થયા છે.

નવસારી-મહાવીરનગર :- અત્રે પંન્યાસશ્રી કલ્યાણસાગરજી મ૦સા૦ આદિ સાધુ-સાધ્વીજી મ૦સા૦ની શુભ નિશ્રામાં શ્રીસંઘમાં વિવિધ પ્રકારના તપો, અનુષ્ઠાનોની સુંદર આરાધના સુંદર થઇ છે. સા૦શ્રી વિરતિરત્નાશ્રીજી તથા મુમુક્ષુ કામિનીબેને સિદ્ધિતપની આરાધના સુખશાતાપૂર્વક પરિપૂર્ણ કરી છે. પુજ્યશ્રીની ૮૭-૮૮મી વર્ધમાન તપની ઓળી તથા પર્યુષણ પર્વમાં થયેલ વિવિધ તપશ્ચર્યાઓની અનુમોદનાર્થે શ્રી શાંતિસ્નાત્ર સહ અઠ્ઠાઇ મહોત્સવ ૭ થી ૧૪ ઓકટોબર સુધી સુંદર આયોજનપૂર્વક ઉજવાઈ રહ્યો છે.

ઝાબુઆ (મ.પ્ર.) :- અત્રે પૂ૦ આચાર્યશ્રી લબ્ધિચંદ્રસૂરિજી મ૦સા૦ આદિની શુભ નિશ્રામાં ચાતુર્માસ પ્રવેશ બાદ તેમજ પર્યુષણ પર્વની આરાધના વિપુલ પ્રમાણમાં થવા પામી છે. અત્રે નમસ્કાર મહામંત્રની આરાધનાનું આયોજન સુંદર રીતે કરવામાં આવેલ, આ નિમિત્તે તા, ૮થી૧૭ ઓગષ્ટ સુધી મહોત્સવપૂર્વક ઉજવણી થયેલ.

જૈસલમેર પંચતીર્થીની યાત્રાર્થે પધારો

પશ્ચિમી રાજસ્થાનમાં આવેલ જૈસલમેર પંચતીર્થી પોતાની પ્રાચીનતા, કલાત્મકતા અને ભવ્યતા માટે જગપ્રસિદ્ધ છે. જૈસલમેર પંચતીર્થીના અન્તર્ગત જૈસલમેર દુર્ગ, અમરસાગર, લૌદ્રવપુર, બ્રહ્મસર અને પોકરણ સ્થિત જિનાલયોમાં બધા મળી ૬૬૦૦થી વધુ જિનપ્રતિમાજીઓ બિરાજમાન છે.

જૈસલમેરની વિખ્યાત વિશેષતાઓ : (૧ ભવ્ય, કલાત્મક અને પ્રાચિન જિનાલયો. પન્ના અને સ્ફટિકની પ્રતિમાઓ. (૨) ખરતરગચ્છીય શ્રી જિનભદ્રસુરિ જ્ઞાનભંડારમાં સંગ્રહિત તાડપત્રીય અને હસ્તલિખિત ગ્રંથો. (૩) દાદાગુરુદેવ શ્રીજિનદત્તસુરિજી મહારાજની ૮૩૦ વર્ષ પ્રાચીન ચાદર અને ચોલપટ્ટા, જે તેઓના અગ્નિસંસ્કાર પછી પણ સુરક્ષિત રહ્યા છે. (૪) અનેક દાદાવાડી, ઉપાશ્રય, અધિષ્ઠાયક દેવસ્થાન અને પટુઆ શેઠોની કલાત્મક હવેલીઓ. (૫) લૌદ્રવપુરના ચમત્કારીક અધિષ્ઠાયકદેવ જેમના દર્શન ભાગ્યશાળીઓને અવારનવાર પ્રાપ્ત થાય છે.

આવાસ પ્રબંધ : યાત્રિકો અને શ્રીસંઘોને ઉતરવા ઉચિત પ્રબંધ છે મરુભુમિમાં હોવા છતા પાણી અને વિજળીની પુરી વ્યવસ્થા છે. દાનવીરોના સહયોગથી ભોજનશાળા ચાલુ છે.

યાતાયાતના સાધન : જૈસલમેર આવવા માટે જોધપુર મુખ્ય કેન્દ્ર છે. તે ભારતના જુદા જુદા માર્ગોથી યાતાયાતના સાધનોથી જોડાયેલ છે જોધપુરથી દિવસમાં એકવાર બસ અને રાત્રે ને સવારે બે વાર ટ્રેઈન જૈસલમેર આવે છે. આ ઉપરાંત જયપુર અને બીકાનેરથી પણ સીધી બસો જૈસલમેર આવે છે.

જૈસલમેર પંચતીર્થીનાં દુર્ગ તથા અમરસાગર સ્થિત જિનમંદિરોના જીર્ણોદ્ધારનું કામ ચાલુ છે.

પ્રબંધક ટ્રસ્ટી અને મંત્રી શ્રી મુલચંદભાઈ સંઘવી
શ્રી જૈસલમેર લોદ્રવપુર પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર ટ્રસ્ટ

ગ્રામ : જૈન ટ્રસ્ટ **જૈસલમેર** ૩૪૫૦૦૧ (રાજસ્થાન) ફોન ૨૩૩૦ ૨૪૦૪

તપ ત્યાગમાં આગળ વધનાર જૈનો શિસ્ત-સભ્યતામાં પાછળ છીએ, શિસ્ત-સભ્યતા એ અન્યોને ધર્મ પમાડવાનું મોટું કારણ છે

જયપુર :- અત્રેશ્રી આત્માનંદ જૈન સભા ભવનમાં ચાતુર્માસ વિરાજમાન પૂ૦ મુનિશ્રી નિત્યવર્ધનસાગર, મુનિશ્રી ધર્મયશસાગરજી મ૦ સા૦ આદિની શુભ નિશ્રામાં પર્યુષણા મહાપર્વની આરાધના સુંદર રીતે થવા પામી છે. પૂજ્યશ્રીની નિશ્રામાં શાશ્વતીઓળીની ભવ્ય આરાધના તથા વિવિધ આરાધનાઓની અનુમોદનાર્થે આસો સુદ ૧૨થી પંચાન્હિકા મહોત્સવની ઉજવણી કરવામાં આવનાર છે. પૂજ્યશ્રીએ ભા. સુ. ૧૧થી ૮૯મી ઓળીની આરાધના શરૂ કરેલ છે. તેમ જ અહિંના નવા ઉપાશ્રયનું ઉદ્ઘાટન થયુ છે.

બલસાણા તીર્થની યાત્રાએ પધારો

(તાલુકો : સાક્રી, જીલ્લો : ધુલીયા-મહારાષ્ટ્ર)

બલસાણા ગામમાંથી ૩૧ ઇંચના શ્યામ, મનોહર, સુંદર ૧૫૦૦ વર્ષ પુરાના ચમત્કારી શ્રી વિમલનાથ ભગવાનની મુર્તિ પ્રાપ્ત થઈ છે. નદીઓ અને પહાડોની વચ્ચે કુદરતી સૌંદર્યથી શોભતા કળા-કૌશલ્યથી યુક્ત મંદિરોના ખંડેરો પ્રાચીનતાની સાક્ષી આપતા આજે પણ અડોલ ઉભા છે. આથી અતિ પ્રાચીન આ ઐતિહાસીક નગર હશે. અહિયા જૈનોના ૧૦ ઘર છે.

વર્તમાન તપોનિધિ પુજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય-**ભુવનભાનુસુરીશ્વરજી મહારાજ** તથા પંન્યાસ પ્રવર શ્રી ચંદ્રશેખરવિજયજી મ. સા. ના આશીર્વાદથી તથા મુનિશ્રી **વિધાનંદવિજયજી** ગણિ મ.સા. ના સક્રિય ઉપદેશથી સ્થાનિક અને અનેક જૈન સંઘોના સહયોગ અને સહકારથી એક ગગનચુંબી જિનાલય નિર્માણ થયું છે. જેની પ્રતિષ્ઠા પ. પુજ્ય આચાર્યશ્રી રાજેન્દ્રસુરીશ્વરજી મ. સા. આદિની નિશ્રામાં મહોત્સવ પુર્વક થઇ છે. પ્રાચીન નયનરમ્ય અલૌકિક ચમત્કારી શ્રી વિમલનાથ ભગવાનના જિનબિંબથી શોભતા નુતન તીર્થના અને બલસાણાની પંચતીર્થી (નેર, કુધીય, દોડાઇચા, નંદરબાર, બલસાણા) ના દર્શન કરી પાવન થવા સકલ સંઘને ભાવભર્યું આમંત્રણ છે. ત્યાંનો સઘળો વહીવટ ધુલીયા જૈન સંઘ સંભાળે છે.

આવવા માટે સુવિધા :- સુરત–ધુલીયા હાઈવે પર સાંક્રીથી દોડાંઇચા રોડથી બલસાણા ૨૫ કિ.મી. ના અંતરે છે. અને દોડાંઇચા –ચીમઠાણાથી ૨૫ કિ.મી. અંતરે જુદા જુદા ટાઇમે એસ.ટી. મળે છે.

નુતન તીર્થમાં લાભ લેવા માટે વિનંતી—લખો :

શ્રી ધુલીયા જૈન સંઘ. તેલગલી. ધુલીયા–૪૨૪૦૦૧
સ્વસ્તિક હાર્ડવેર સ્ટોર અને અરિહંત પેઇન્ટસ, આગ્રા રોડ, ધુલીયા

નેમિચંદ મોતીલાલ ગોપાલદાસ પરિવારના સૌજન્યથી

આઠમી પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

જન્મદિન
સંવત : ૧૯૫૭
કારતક સુદ–૩

સ્વર્ગવાસ
સંવત : ૩૦૩૮
આસો વદ-૪

સ્વ. : ગુલાબચંદ દેવચંદ શેઠ તંત્રી : 'જૈન'

તમારી ચિરવિદાયને આજે આઠ (૮) વર્ષ પૂરા થાય છે. આપનું ઔદાર્ય, નિખાલસતા, કાર્યક્ષમતા તથા બીજાને હંમેશા ઉપયોગી થવાથી ભાવના કદી પણ વિસરાતી નથી. આપશ્રીના જવાથી જૈન પત્રને ભારે ઉણપ વર્તાય છે. તમારી જૈન પત્ર દ્વારા જૈન ધર્મ–શાસન માટેની કર્તવ્યનિષ્ઠા અમારા માટે માર્ગદર્શક બની રહો ! તમારો વારસો સમૃદ્ધ કરવા અમો શક્તિમાન બનીએ તેવી શુભાશિષ વરસાવો !

લી : મહેન્દ્ર ગુલાબચંદ (તંત્રી–જૈન)

પર્યુષણ આરાધનાઓ પણ વિપુલ પ્રમાણમાં થવા પામી છે. આ બધા શુભ કાર્યોની અનુમોદનાર્થે શ્રી શાંતિસ્નાત્ર, સિદ્ધચક્ર મહાપૂજનાદિ સહ નવાન્હિકા મહોત્સવ તા. ૯ થી ૧૮ સપ્ટે. દરમ્યાન વિવિધ પૂજનો સહ ભવ્ય રીતે ઉજવાયો. તેમ જ દેવ-દ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય આદિની ઉપજ પણ વિપુલ પ્રમાણમાં થઈ હતી.

અંકલેશ્વર :- પૂ૦ આચાર્યશ્રી ભદ્રંકરસૂરિજી મ૦ સા૦ આદિની શુભ નિશ્રામાં અત્રે ૨૯ સિદ્ધિતપ, માસક્ષમણ–૩, ૧૬ ૬, ૧૧-૧, ૧૦–૨, ૯–૨, ૮-૪૦, તેમ જ ચોસઠ પ્રહરી પૌષધ–૪ જેવી વિવિધ તપારાધના થવા પામી છે. બાલમુનિશ્રી અક્ષયસેનવિજયજી મ૦સા૦એ પ્રથમ અઠ્ઠાઈ સુખશાતાપૂર્વક પરિપૂર્ણ કરી છે. તે નિમિત્તે તથા શ્રીસંઘમાં થયેલ વિવિધ તપશ્ચર્યાઓની અનુમોદનાર્થે શ્રી શાંતિસ્નાત્ર સહ જિનેન્દ્ર પંચ-કલ્યાણક મહોત્સવની તા. ૬ થી ૧૦ દરમ્યાન વિવિધ પૂજનો સહ ઉજવણી થઈ છે.

'જૈન' પત્રના ગ્રાહકોને નમ્ર વિનંતી

જે ગ્રાહક બંધુઓએ ચાલુ વર્ષનું લવાજમ ન મોકલ્યું હોય તેમણે રૂા. ૫૦/– M. O. મોકલાવવા વિનંતી.

આ દુનિયામાં ભીખારી, દાનવીર, કંજુસ દરેકને પોતપોતાની દલીલ હોય છે, માટે કિંમત દલીલની નથી પણ દિલની છે.

સુરતમાં ઉજવાયેલ માસક્ષમણ નિમિત્તે મહોત્સવ

ગણનાયક સ્વાધ્યાયપ્રેમી પૂ૦ આ૦શ્રી ચિદાનંદસૂરિ મ૦ની નિશ્રામાં ગોપીપુરા શ્રી મોહનલાલજી મહારાજના ઉપાશ્રયમાં પ્રવર્તક શ્રી કીર્તિસેનમુનિ મ૦ની નિશ્રામાં તપસ્વી શ્રી મંગળપ્રભ મુનિના માસક્ષમણ તપસ્યાના પારણા નિમિત્તે તેર દિવસ વિવિધ પ્રભુભક્તિ સાથે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન તથા અષ્ટોત્તરી બૃહદ શાંતિસ્નાત્ર મહોત્સવ સહિત ભવ્ય રીતે માસક્ષમણ પારણાનો કાર્યક્રમ ઉજવાયો હતો.

મુનિશ્રી મંગલપ્રભમુનિજી મહારાજે શ્રી મોહનલાલજી ઉપાશ્રયમાં અત્યંત સાતા પૂર્વક મહાન માસક્ષમણ તપસ્યાની આરાધના કરી છે. તપસ્વી પોતે જાતે જ પોતાની સઘળી નિત્યક્રિયા અંતિમ ત્રીસ ઉપવાસ સુધી કરતા હતા. પોતાના વપરાશ માટેનું પાણી પણ પોતે જાતે વહોરવા જતા હતા.

તપસ્વીના પારણા પ્રસંગે સુશ્રાવક શ્રી સંપતરાજ કનકરાજ બુરડ સાંચોરવાળા પરિવાર તરફથી વાજતે ગાજતે બેન્ડ સહિત પૂ૦ આચાર્ય મહારાજ આદિ ઠાણા ૧૨ તથા સુરતમાં બિરાજમાન પૂ૦ આ૦ શ્રી સ્થૂલિભદ્રસૂરિજી મ૦સા૦ તથા પૂ૦ આ૦ શ્રી રામચંદ્રસૂરિજી મ૦ના શિષ્ય હિતદર્શન વિ. મ૦ તથા શ્રી નેમુભાઈની વાડીમાંથી ગણિવર્યશ્રી જિનચંદ્રવિજયજી મ૦ આદિ શ્રમણ-શ્રમણીઓ સાથે ચતુર્વિધ સંઘે પગલા કર્યા હતા.

તે પ્રસંગે પૂ૦ આ૦ મહારાજાએ તથા અન્ય મુનિરાજોએ તેમના પ્રભાવ વિષે પ્રવચન કર્યા હતા.

મહોત્સવમાં શ્રી સિદ્ધચક્ર પૂજનનો લાભ વાલોડ નિવાસી તપસ્વીના સંસારી સુપુત્ર અમરીશભાઈ મુલતાનમલ તરફથી તથા બૃહદ્ અષ્ટોત્તરી શાંતિસ્નાત્રનો લાભ માલીવાડાવાલા શ્રી દેવરાજ પરિવાર તરફથી તેમજ અન્ય પ્રભુ ભક્તિનો લાભ અન્ય ધર્માનુરાગી ભાઈ-બેનોએ લીધો હતો.

અમુલ્ય પુસ્તકો અડધી કિંમતે મેળવો

જૈન પત્રના આજીવન સભ્યો તથા ગ્રાહકોને અમૂલ્ય પુસ્તકો અડધી કિંમતે પહેલો તે પહેલોના ધોરણે થોડા જ સેટ (હેન્ડ ડીલેવરીથી) રૂ. ૧૫૬/- ના ગ્રંથો ફક્ત રૂ. ૭૫/- માં નીચેના સરનામેથી મળશે.

	રૂ. પૈસા
વ્રત ધરિયે ગુરુસાખ સચિત્ર	૧૬-૦૦
અર્હંત તત્ત્વદર્શન	૧૨-૦૦
જૈન રામાયણ સચિત્ર	૮-૦૦
મહાભારત (ઈર્ષાની આગ)	૮-૦૦
પુષ્પાવતી રાસ યા પુસ્તક	૫૧-૦૦
જૈન ધર્મનું વિજ્ઞાન	૯-૦૦
સૂત્ર ચમત્કાર	૮-૦૦
ભક્તિ સૌરભ	૪-૦૦
જીવનનું અંતિમ માંગલ્ય (૪થીઆવૃત્તિ)	૧૫-૦૦
ભક્તિ મુક્તિ (પ્રાચીન સંગ્રહ)	૧૫-૦૦
પંચામૃત	૫-૦૦
સ્વાધ્યાય સૌરભ	૫-૦૦
કુલ	૧૫૬-૦૦

—: પ્રાપ્તિ સ્થાન :—

કીર્તિ પ્રકાશન, C/o. દીપક આર. ઝવેરી
મોહનલાલજી ઉપાશ્રય, ગોપીપુરા, સુરત-૩૯૫૦૦૨.

શ્રી કરેડા પાર્શ્વનાથજી તીર્થની

[રેલ્વે સ્ટેશન ભુપાલસાગર (જિ. ચિત્તોડગઢ, રાજસ્થાન)]

યાત્રાર્થે અવશ્ય પધારો

આ મંદિરનું નિર્માણ આચાર્ય ધર્મઘોષસૂરિજી મ. ના ઉપદેશથી માંડવગઢના મહામંત્રી સંઘપતિ પેથડશાહ દ્વારા સં. ૧૩૨૧ માં કરવામાં આવ્યું અને તેના શિખર પર સાત ખંડનું ભવ્યમંદિર શ્રી પેથડશાહના પુત્ર ઝાંઝણકુમારે સં. ૧૩૪૦માં નિર્માણ કર્યું, જેનું સુકૃત સાગર તરંગ આઠમાં વર્ણન છે

તેનો હાલમાં શ્રી શંખેશ્વર - ભોયણી તીર્થ દ્વારા રૂપિયા ૧,૨૫,૦૦૦૦/- ખર્ચ કરી જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે અને બાવન દેરીઓમાં શ્રી પાર્શ્વપ્રભુની પ્રતિમા વિભિન્ન તીર્થોના નામથી બિરાજમાન કરવામાં આવી છે. મુલનાયક ભગવાનની પ્રાચીન અત્યંત મનોહારી, ચમત્કારી, શ્યામવર્ણિય પ્રતિમાજીના નિર્મલ ભાવથી દર્શન કરી પુણ્યોપાર્જન કરો.

અમદાવાદથી ઉદેપુર, ચિત્તોડ રેલ્વે માર્ગ પર ભુપાલસાગર નામના સ્ટેશનથી ૩ ફર્લાંગ દુર આ તીર્થ આવેલ છે. બસોની પણ સુવિધા ઉપલબ્ધ છે.

આ તીર્થની યાત્રા સાથે જ મેવાડની પંચ તીર્થીના દર્શનના પણ લાભ મળશે. આ તીર્થોમાં શ્રી દયાલશાહના કિલ્લા નામનું પણ લાભ મળશે. આ તીર્થોમાં શ્રી દયાલશાહના કિલ્લા નામનું તીર્થ જે રાજસમન્દ-કંકરોલીની મધ્યમાં છે. લગભગ ૨૨૦ પગથિયાથી આ તીર્થ 'મેવાડ શેત્રુંજય' નામથી પણ પ્રસિદ્ધ છે.

આ બંને તીર્થો પર આધુનિક સુવિધાઓથી સુસજ્જિત વિશાલ ધર્મશાળા તથા ભોજનશાળાની સુવ્યવસ્થા છે.

લિ. કરેડા પાર્શ્વનાથ તીર્થ કમિટિ

ભુપાલસાગર (રાજસ્થાન) [ફોન નં. ૩૩]

2571

Regd G. BV. No. 20
JAIN OFFICE : P. Box No. 175
BHAVNAGAR–364001 (Gujarat)
Tele O. C/o 29919 R. C/o 25889

જૈન

સ્વ. તંત્રી : ગુલાબચંદ દેવચંદ શેઠ
તંત્રી–મુદ્રક–પ્રકાશક–માલીક
મહેન્દ્ર ગુલાબચંદ. શેઠ
જૈન ઓફિસ, પો. બો. નં. ૧૭૫, ભાવનગર

'જૈન' વર્ષ ૮૬
અંક ૩૯–૪૦

વિર સં. ૨૫૧૫ : વિ. સં. ૨૦૪૫ આસો વદ ૧૪
તા. ૨૭ ઓક્ટોબર ૧૯૮૯ શુક્રવાર
મુદ્રણ સ્થાન : શ્રી જૈન પ્રિન્ટરી
દાણાપીઠ પાછળ, ભાવનગર–૩૬૪ ૦૦૧

નવા વર્ષનાં હાર્દિક અભિનંદન

અમારા વાચકો, ગ્રાહકો, લેખકો, જાહેરખબર આપનારાઓ, શુભેચ્છકો, મિત્રો અને પૂજ્ય ગુરુદેવો વી. સૌ કોઇને અમે નવા વર્ષનાં હાર્દિક અભીનંદન પાઠવીએ છીએ. અને આગામી વર્ષ સૌ કોઇને માટે સુખ–સમૃદ્ધ અને શાંતિ–આબાદી આપનારૂં નીવડો એવી અંતરની પ્રાર્થનાભરી શુભેચ્છા આપીએ છીએ. દેશમાં અને દુનિયામાં, સામાજિકક્ષેત્રમાં અને ધર્મક્ષેત્રમાંજ્યાં જુઓ ત્યાં માનવીના મનમાં અપાર અશાંતિ, ઘેરી નિરાશા અને આજીવિકાની અનિશ્ચિતતાની કાલિમા પથરાઇ ગઇ છે. દેશનું રાજકારણ આજે પુરાણપ્રસિદ્ધ જાદવાસ્થળીનેય સારી કહેવરાવે એવું કલેશપૂર્ણ બન્યું છે; કોમી વેરઝેરને કારણે જાનમાલની આસપાસ બિનસલામતીની વિષવેલ ફરી વળી છે; અને આર્થિકક્ષેત્રમાં તો ન કલ્પી શકાય એવી અરાજકતા ફેલાઇ ગઇ છે અને જ્યાં જુઓ ત્યાં અપ્રામાણિકતા, અન્યાય અને અનાચારનો અંધકાર વ્યાપી ગયો છે ! દીપોત્સવીની જળહળતી મંગલ દીપમાળાઓ, નૂતનવર્ષના મંગલપ્રભાતના સોનેરી કિરણો અને લોકશાહીની ચુંટણીના પૂનીત પર્વ એ અંધકારને દૂર કરો એવી આપણી એકબીજાને પ્રાર્થનામય શુભેચ્છા હો ! બાકી તો, આ કારમા અંધકારમાંથી ઊગરવાનો સાચો અને કારગતમાર્ગ જીવનને પ્રભુમય બનાવીને પરમેશ્વરની સાચા દિલથી પ્રાર્થના કરવી અને એ પ્રાર્થનાના ભાવને અંતરમાં ઉતારીને સમર્પણનો અને પુરૂષાર્થ પરાયણતાનો દિવ્ય અને ભવ્યમાર્ગ સ્વીકારવો એ જ છે. એ માર્ગે ચાલવાની આપણામાં શક્તિ, બુદ્ધિ અને ભાવના જગો, એવી નવીનવર્ષના શુભ આગમન પ્રસંગે, પરમાત્માને આપણી અંતરની પ્રાર્થના હો !

25857

રિદ્ધિ - સિદ્ધિ - સંપત્તિની મનોકામના !

ચોપડામાં લખાતી આપણી માંગણીઓ

જૈનવિધિથી જે કરે, પૂજન ચિત્ત ધરંતઃ
લાભ સવાયો તેહથી, ગૃહી નિશદિન લહંત,
લક્ષ્મી આવે તે ઘરે, મહાવીર નામ ધરંન,
ગૌતમ નામ સ્મરણ થકી, મન પ્રહ્લાદ રહંત.

દીવાળીના પર્વ સાથે ચાલુ વર્ષની પૂર્ણાહુતિ થાય છે. અને વર્ષના પ્રારંભની તૈયારી રૂપે વેપારીઓ દ્વારા ચોપડા પૂજન થાય છે. ને ચોપડામાં સૌ પ્રથમ લખે છે કે :

વંદેવીરમ્, શ્રી પરમાત્માને નમઃ, શ્રી સદ્‌ગુરુભ્યો નમઃ શ્રી ગૌતમ સ્વામિની લબ્ધિ હજો, શ્રી આદીશ્વરનો ભંડાર ભરપુર હોજો, શ્રી ભરતચક્રવર્તીની ઋદ્ધિ હોજો, શ્રી બાહુબલીજીનું બલ હોજો, શ્રી અભયકુમારની બુદ્ધિ હોજો શ્રી કયવન્ના શેઠનું સૌભાગ્ય હોજો, શ્રી ધન્ના-શાલીભદ્રની સંપત્તિ હોજો, અને જિનશાસનની પ્રભાવના હોજો, લખાય છે. અને બાદ સાલ, મહીનો, વહીવટ વી. લખાય છે.

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પૈકી ધર્મને પ્રધાન પુરુષાર્થ માનવાનો શાસ્ત્રકારોનો ઉપદેશ છે. પરંતુ આ વર્તમાન યુગમાં ધર્મનું સ્થાન અર્થ (ધન) લઇ બેઠેલ છે. રાજાથી રંક સુધી સર્વ કોઈ અર્થની ચિંતામાં મગ્ન છે. સર્વત્ર ધનવાનની જ પુછા હોય છે. ધનવાન પુરુષ પછી ભલેને કેટલોય પાપી, અનાચારી, વિધર્મી, કરૂપ વગેરે હોય પરંતુ જગતમાં એની જ પ્રતિષ્ઠા ગવાય છે. જ્યારે નિર્ધનની પરિસ્થિતિ વિશમ છે.

આવી પરિસ્થતિમાંથી મુકત થવા માટે પુન્યોદયની મુખ્ય સહાય જોઇએ, તે માટે આપણે આપણા ચોપડા પૂજનમાં એ મહાન પુણ્યાત્માઓને યાદ કરીએ છીએ, ને તેમની જેવી રિદ્ધિ-સિદ્ધિ-લબ્ધિ-સંપતિ પ્રાપ્ત થાય તેવી મનોકામના વ્યકત કરીએ છીએ, આવી, માગણી કરતી વખતે તેમના અને આપણા જીવન-લક્ષ-સંબંધની અસમાનતાનો ખ્યાલ કરી એમના અને આપણા જીવનલક્ષ વચ્ચે કેવી કેવી અને કેટલી સુસંગતી રહેલી છે. તેની જાણકારી આપણને થાય તે માટે એ મહાપુરૂષોના જીવન પ્રસંગો જાણી યત્કંચીત પ્રયત્ન કરીએ.

મહાન લબ્ધિઓ, રિદ્ધિ-સિદ્ધિ અને સુખો મળ્યાં છતાં, એમના અધિકારીઓએ એ બધામાં ન રાચતાં, તેને ત્યાગ ધર્મનો માર્ગ સ્વીકાર્યો હતો, તે પણ આપણે યાદ રાખવું જોઇએ. રિદ્ધિ સિદ્ધિઓની ઇચ્છા હોવા છતાં એને માટે દરેક દિવાળીએ માગણી કરવા છતાં શા માટે હંમેશા આપણને દુઃખ ચિંતા, ઉદ્વેગ અને વ્યાકુળતા અનુભવવા પડે છે? ચોપડાના સરવૈયા-માંથી આ હકીકત શું ન સમજી શકાય! આપણી જીવનપદ્ધતિ-માં જ દોષ છે. અને રિદ્ધિ-સિદ્ધિ મેળવવા માટે તો જીવન પદ્ધતિનું સરવૈયું કાઢવું જરૂરી છે. સરવૈયામાંથી આપણને ખાતરી થશે કે દુઃખ, ચિંતા, ઉદ્વેગ અને વ્યાકુળતા એ આપણા પોતાના જ દોષોનું પરિણામ છે.

આ રીતે ચોપડાપૂજનની સાથોસાથ આપણી જીવનપદ્ધતિનો વિચાર કરી પૃથક્કરણ કરવું પણ અત્યંત જરૂરી છે.

વર્ધમાન ભારતી ઇન્ટરનેશનલ ફાઉન્ડેશનની બહુ-વિધ પ્રકાશન, વિડીયો-ઓડીયો કેસેટ પ્રવૃત્તિઓ

છ વખતની વિદેશયાત્રાઓનો અનુભવો અને આવશ્યકતાઓને લક્ષ્યમાં રાખીને તેમજ દક્ષિણ ભારતમાં પણ જરૂરી હોઇને પ્રો. પ્રતાપકુમાર ટોલિયા અને વર્ધમાન ભારતી ઇન્ટરનેશનલ ફાઉ-ન્ડેશન પરિવારના સર્જક સભ્યોએ અંગ્રેજી (અને હિન્દીમાં પણ) અનેકવિધ જૈન ધર્મપ્રચાર પ્રસારની પ્રવૃત્તિઓ આદરી છે.

આ ક્રમમાં પ્રા. ટોલિયાના વિદુષી કલાકાર સુપુત્રી કુ. પારુલ ટોલિયા (કે જેમનું વર્ષ પહેલા જ માર્ગ ઓળંગતા કરુણ બસ અક-સ્માતમાં અવસાન થયું અને જેને પત્રકારત્વમાં સાત એવોર્ડ મળ્યા છે!) સંપાદિત JAINISM ABROH (વિદેશોમાં જૈનધર્મ) સ્મારક પુસ્તક અને તેના દ્વારા અનુવાદિત અને રેકર્ડીંગ કરેલ અંગ્રેજી "MAHAVIR DARSHAN" (પૂ૦ આ૦ યશોદેવસૂરિના ચિત્ર સંપુટ પર આધારિત) વિડિયો અને ઓડિયો કેસેટ સ્વરૂપ હવે પ્રકાશિત થશે. તેના જ અવાજમાં 'રત્નાકર પચ્ચીસી' (હિન્દી અને ગુજરાતી), જૈન રાસગરબા, મેરીભાવના, અનુભવવાણી, મંગલાષ્ટક વગેરે કેસેટો હમણાં જ પ્રકાશન પામી છે.

પ્રા. ટોલિયાનાં બીજા ડોકટર સુપુત્રી (જિન્દલના બેંગ્લોરમાં I.N.Y.S. મેડીકલ ઓફિસર)ની પુસ્તિકા "WITH VEGE TARIANISM" તૈયાર થઈ ચૂકી છે.

નવા વર્ષમાં 'જૈન' પત્રના ગ્રાહક બંધુઓ પોતાનું લવાજમ મોકલાવી ખાતુ-ચોખ્ખુ કરવા નમ્ર વિનંતી. જેથી અરસ-પરસનો સંબંધ બની રહે.

છત્રાતિછત્રના વિષયમાં સત્ય નિરૂપણ....

[સાહિત્ય-કલારત્ન આચાર્યદેવશ્રી યશોદેવસૂરીશ્વરજી દ્વારા નવો વિષય ઉભો કરી ચર્ચા આરંભેલ તે અમારા સહપત્રોએ એક તરફી છાપી બીજા વિચારોને સ્થાન નહીં આપતા આ પ્રશ્ને વિશેષ આધારે આપતો ગણીવર્યશ્રી હેમચન્દ્રસાગરજીનો લેખ પ્રસ્તુત છે...]

'ગુરુજી શેનું સંશોધન ચાલે છે ?'

'વત્સ' હમણા એક નવી જ ચર્ચા ઉપડી છે, છત્રાતિછત્ર'ની વાંચ્યું હશે ને.

'કલ્યાણ [સુઘોષા'

'હા, ગુરુજી' પાલીતાણામાં બિરાજમાન પૂ૦ યશોદેવસૂરિજીએ જણાવી છે એ જ ને ?'

'બસ હા એ જ! એને જરા તપાસુ છું કે આખરે સાચું શું છે ?'

'પરંતુ એમણે તો બધું સ્પષ્ટ જણાવી દીધું છે, વીરાગત સ્તોત્ર તથા આગમના પાઠો, પોતાના તર્કો, પ્રાચીન પરંપરા અને પ્રત્યક્ષપુરાવા ચિત્ર સહિત રજૂ કરીને ખુલ્લુ બતાવી આપ્યું છે...! હવે એમાં તપાસ શી ?'

'હા; વત્સ ! એમને એમ વાંચી જનારના મગજમાં તો ફટ કરતાં બેસી જાય અને એમની માન્યતા ઉપર સિક્કો મારી દે એવી એમની રજૂઆત છે, પરંતુ દરેક તત્વનું તથ્ય તો એનું સંશોધન કરીએ ત્યારે જ હાથમાં આવે.

'તો આપને કોઈ તથ્ય હાથ લાગ્યું ?'

'વત્સ ! પ્રયત્ન કરીએ એટલે કંઈક તો મળે જ ને ?'

'ગુરુજી ! મને ય આ વિષયમાં ઇન્ટ્રેસ્ટ છે મને જરા સમજાવો ને ?'

'સાંભળ ત્યારે બરાબર ધ્યાન દે જે. આપણે ફુ ધ પોઇન્ટ વિચારીએ સર્વ પ્રથમ આપણે આપણી થોડી બુદ્ધિ જ કસી લઇએ. આ વિષે આપણી બુદ્ધિ અને તર્ક શું જણાવે છે તે જોઈ લઇએ પછી શાસ્ત્રની વાત કરીએ.'

'બરાબર ગુરુજી !'

'પહેલી તો વાત એ કે છત્ર એટલે શું ? છત્ર એટલે આવરણ અથવા ઢાકણું. ચોમાસામાં વરસતા વરસાદમાં લોકો ઓઢે છે ને ? એને શું કહેવાય ?

'છત્રી'

'કેમ કે આપણને ઢાંકી દે છે જેથી વરસાદનું પાણી આપણા પર ન આવે આવરણ કરી દે !' અને આવરણ કરનારી કે ઢાંકનારી વસ્તુ જેનું આવરણ કરે કે ઢાંકે તેના કરતાં મોટી જ હોય એ તો સમજાય તેવી વાત છે. માથા પર ધરાતી છત્રી માથા કરતાં મોટી હોય છે, માથા પર પહેરાતી ટોપી કે ટોપો માથા કરતાં મોટો હોય છે. તપેલી પરનું ઢાંકણું તપેલી કરતાં મોટું જ હોય છે ને ? એ જ રીતે છત્ર પણ ઢાંકનારી વસ્તુ છે. તો તે પોતાની નીચે રહેલી વસ્તુ કરતાં મોટું જ હોઈ શકે. આથી સ્પષ્ટ પ્રતીત થાય એમ છે કે જો ત્રણ છત્ર હોય તો નીચેના છત્ર કરતાં ઉપરનું છત્ર મોટું હોય અને એની ઉપરનું છત્ર એના કરતાં પણ મોટું હોય. જો નીચે જ છત્ર મોટું માની લેવામાં આવે તો પછી એની ઉપર છત્ર કરવાની જરૂરત જ નથી હોતી. કેમ કે મોટા છત્ર ઉપર નાનું છત્ર માનવાથી છત્રની વ્યાખ્યા ઢાંકનાર કે આવરણ કરનાર એ અસિદ્ધ થઈ જાય છે.

'ગુરુજી !' વાત આપની વ્યાજબી લાગે છે. પરંતુ છત્ર એ પરમાત્માની શોભાનું અતિશયનું અંગ છે ને ?'

'હા. એ રીતે પણ ઉપર મુજબ છત્ર ધરીએ તો જ શોભે. રાજાના દરબારમાં રાજાના સિંહાસન ઉપર ઝુમ્મર લટકતું હોય છે. જોયું છે ?'

'હા, જોયું છે. અને આપના દહેરાસરમાં પણ જોયા છે.'

'એમાં નીચેનો વ્યાપ બિલકુલ ઓછો હોય છે અને પછી ઉપર વધતાં વધતાં મોટો થતો જાય છે બરાબર ને ?

'હા, ગુરુજી !'

'એ રીતે અહીં પણ એ જ રીતે સંભવી શકે છે. અને વળી આ ત્રણ છત્ર શોભા માટે છે. શોભા માટે નિર્માયેલી વસ્તુ સ્પષ્ટ દેખાય એ રીતે જ રાખવામાં આવતી હોય છે. પરમાત્મા પાસે આવનાર વ્યક્તિની નજરમાં ત્રણેય છત્ર ક્યારે આવે ? જો ઉપર મુજબ રાખવામાં આવે તો જ ! જો નીચે જ મોટું છત્ર માનવામાં આવે તો ઉપરનાં બે છત્ર નીચેના મોટા છત્રની પાછળ જ ઢંકાઇ જાય. પછી આવનાર વ્યક્તિ જોઇ શકે શી રીતે ?'

'ગુરુજી ! આપશ્રીની વાત બરાબર જણાય છે તો પછી તેઓશ્રીએ વીતરાગસ્તોત્રનાં પાંચમા પ્રકાશનો આઠમો શ્લોક 'तवोर्ध्वमूर्ध्वं पुण्यर्द्धि:' ટાંકી જે વાત જણાવી છે તે શું ખોટી ?'

'વત્સ ! આ શ્લોકનો અર્થ બરાબર સમજવાની જરૂરત છે.

બધા જવાબ બદલાય પણ શાસ્ત્રનો જવાબ ક્યારે પણ ના બદલાય.

તેઓએ એ જણાવ્યું કે આ શ્લોકમાં ત્રણ ઋદ્ધિના ક્રમે ત્રણ છત્ર લેવા પણ ક્રમ કેવો લેવો એની સ્પષ્ટતા નથી. માટે પહેલું સમ્યગ્દર્શનનું નાનું છત્ર એની નીચે દેશવિરતીનું મોટું અને એની નીચે સર્વવિરતીનું વળી મોટું છત્ર આમ લેવા ' એ રીતે લેવાથી ઋદ્ધિનો ક્રમ બરાબર બંધ બેસતો આવે છે, પરંતુ આ રીતની માન્યતા બરાબર નથી. કેમ કે શ્લોકમાં 'ઉર્ધ્વમૂર્ધ્વમ્' શબ્દ છે. એનો અર્થ ઉપર ઉપર પુણ્ય-ઋદ્ધિ એમ જણાય છે. પુણ્યઋદ્ધિનો ક્રમ આ રીતનો છે. સમ્યગ્દર્શનની ઋદ્ધિ, દેશ-વિરતીની ઋદ્ધિ અને સર્વવિરતીની ઋદ્ધિ હવે. ઉપર ઉપર ઋદ્ધિ લેવાની છે. એટલે પહેલાં નીચે સમ્યગ્દર્શનની ઋદ્ધિ સમાન નાનું છત્ર એના ઉપર દેશવિરતિની ઋદ્ધિ સમાન બીજું મોટું છત્ર અને એના ઉપર સર્વવિરતિની ઋદ્ધિ સમાન ત્રીજું તેથી ય મોટું છત્ર. આ રીતે લઇએ તો જ (ઉર્ધ્વમૂર્ધ્વમ્) શબ્દનો અર્થ સંગત બને. હા; જો ' અધોધઃ ' પાઠ હોત એટલે કે નીચે પુણ્યઋદ્ધિ લેવી એવો પાઠ હોત ત્યારે તો તેઓશ્રીએ બતાવેલ ક્રમ બરાબર બેસે, પણ તેવું તો છે જ નહિ. સ્પષ્ટ ' ઉર્ધ્વમૂર્ધ્વ ' પાઠ છે. અને અનુમાનથી પણ આ વસ્તુ બરાબર લાગે છે. વ્યવહારમાં દેખાય છે કે ઓછી કિંમતવાળી વસ્તુ કરતાં વધુ કિંમતી વસ્તુ ઊંચી જ રાખવામાં આવે છે. સમવસરણના ત્રણ ગઢની રચનાની તો તને ખબર છે ને ? '

' હા; ગુરુજી ! પહેલો ચાંદીનો ગઢ એની ઉપર સોનાનો ગઢ અને એની ઉપર રત્નનો ગઢ હોય છે. '

' બરાબર ને ? રત્ન કરતાં સોનાની કિંમત ઓછી એથી રત્ન-ગઢની નીચે સોનાનો ગઢ અને સોના કરતાં ચાંદીની કિંમત ઓછી હોવાથી એની નીચે ચાંદીનો ગઢ હોય છે. વ્યવહારમાં પણ જૂઓને ? મોજડી કરતાં મુગટની કિંમત વધારે હોય છે તો મુગટ માથા પર ધરાય છે અને મોજડી પગમાં પહેરાય છે.

એજ રીતે ત્રણ છત્રમાં જે ઉપમાં અપાઇ છે એમાં સમ્યગ્-દર્શન કરતાં દેવ વિરતિની કિંમત વધારે છે અને દેશવિરતિ કરતાં સર્વવિરતિની કિંમત વધારે છે. હવે જેની કિંમત વધારે તેનું સ્થાન ઉપર જ આવે ને ? એ હિસાબે નીચે સમ્યગ્દર્શન ઉપમા-વાળું નાનું છત્ર એના ઉપર દેશવિરતિ સ્વરૂપ મોટું છત્ર અને એના ઉપર સૌથી મોટું ત્રીજું છત્ર સર્વવિરતિ–સ્વરૂપવાળું. આજ ક્રમ બરાબર સંગત જણાય છે.

'ગુરુજી ! આપશ્રીનું આ રીતનું ચિન્તન આમ તો વ્યવસ્થિત અને સંગત લાગે છે. પરંતુ અંતે તો આપશ્રીની પણ આ કલ્પના જ ને ? તેઓશ્રીએ જેમ પોતાની કલ્પના જણાવી તેમ આપશ્રીની કલ્પના જ જણાવી ને ? એમાંથી કોઇનીય પાસે શાસ્ત્રાધારિત પ્રમાણ તો નથી ને ? '

'વત્સ ! એવું નથી તેઓશ્રીએ ભલે જણાવી દીધું કે આ શ્લોકનો સ્પષ્ટ અર્થ નથી મળતો. પણ મારી પાસે એવું નથી. જો આ રહ્યા સ્પષ્ટ શાસ્ત્રપાઠો. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય પ્રણીત શ્રી વીતરાગસ્તોત્ર ઉપર અનેક ટીકા વગેરે રચાયા છે અને તે પણ આજથી લગભગ ચારસો વર્ષ પહેલ. એમાં આ શ્લોક સંબંધી જણાવેલા ખુલાસા તો વજનદાર કહેવાય ને ? કેમકે કલિકાલસર્વજ્ઞ ભગવત પછી નજીકમાં આપણા કરતાં તો એ મહાપુરુષો રહેલા છે એટલે તેઓ ક. સ. ભગવંતના પાઠોના જે ખુલાસા જણાવે એ આપણા માટે તો અસંદિગ્ધ જ હોય ને ?

'તો શું આપશ્રી પાસે એવા શાસ્ત્રપાઠો છે ?'

'હા, જરૂર અને તે પણ ચારસો વર્ષ પહેલાં લખાયેલા હસ્તલિખિત રૂપે....!

'ક્યા છે ગુરુજી એ પાઠો ? '

'જો આ રહી ૧૬મા સૈકામાં લખાયેલી પ્રત' વીતરાગ સ્તોત્ર પર અવસૂરીની આ પ્રત છે. એમાં જણાવ્યું છે કે उपर्युपरि व्यवस्थिता । तवैव पुण्यर्द्धिप्रकर्षसदृशी तथा हि अधर्म सम्यक्त्वावाप्तिः । ततो देसविरतिः ततः सर्वविरतिः इत्यादि पुण्यर्द्धिक्रमः उत्कर्ष । नाश्चर्यमुद्वहंति ।

અર્થ :- ઉપર ઉપર રહેલી તારી પુણ્ય સંપત્તિના પ્રકર્ષ સરખી નીચે સમ્યકત્વ તેની ઉપર દેશવિરતિ તેના ઉપર સર્વ-વિરતિ ઇત્યાદિ પુણ્ય ઋદ્ધિના ક્રમનો ઉત્કર્ષ આશ્ચર્ય વહન નથી કરતો....'

હવે આમાં વિચારવાનો અવકાશ જ ક્યાં છે ? ત્રણ છત્રની વાતને જણાવતાં શ્લોક ઉપર આ અવસૂરી કરાએલી છે એમાં 'અધર્મ સમ્યકૃત્વ' કહીને નીચે સમ્યકૃત્વ સ્વરૂપ નાના છત્રની સ્પષ્ટતા આંકી જ દીધી છે.

'ગુરુજી ! આ તો બહુ સ્પષ્ટ વાત થઈ ગઇ. સોલમાં સૈકાની પ્રત જ્યારે આમ બોલે પછી તો શંકા જ શી ?'

'વત્સ ! હજી ઉતાવળ ન કર. આવા તો બીજ ય શાસ્ત્રપાઠો છે. જો બીજી આ પ્રત, આય સોલમાં સૈકાની છે અને આમાં વીતરાગસ્તોત્રની ટીકા છે. આનો પાઠ આ રીતે છે.

हे नाथ! उपरि उर्ध्वं छत्रत्रिकं त्रिभुवन प्रभुत्वप्रौढी गुरुता शंशिनी कथयति वर्तते । किं छत्रत्रयि पुण्यलक्ष्मीयः क्रमः उपरि उपरि वर्धमानोनुक्रमः तस्य सब्रह्मचारिणी सदृशा ॥

આમાં તો ઓર કમાલ/સ્પષ્ટતા કરી નાંખી છે. 'उपरि उपरि वर्धमानोनुक्रमः ' અર્થાત્ ઉપર ઉપર વધતા અનુક્રમે ત્રણ છત્ર રહેલા છે.'

' હવે આમાં પિષ્ટપેશન કરવાની જરૂરત ખરી ? ' ઉપર ઉપર

જીવનને હંમેશા ડાઘ રહિત રાખવું, એવું કોઈ કાર્ય ન કરવું કે જેથી સમાજ આપણી ઉપર આંગળી ચીંધે.

વધતો ક્રમ' એનો અર્થ જ એ કે ઉપર ઉપર વધતું છત્ર. એ ત્યારે જ બને કે સૌથી નીચે નાનું છત્ર એથી ઉપર મોટું છત્ર અને એથી ઉપર ઓર મોટું હોય!

'ગુરુજી! આનાથી વિશેષ ખુલાસો શું હોઇ શકે? ખૂબ સરસ.'

'હજી તો આ ત્રીજી પ્રત સત્તરમાં સૈકામાં થઈ ગયેલા પ્રભાવક પુરુષ આચાર્યદેવશ્રી પદ્મસાગરસૂરિજીએ વીતરાગસ્તોત્રનો ટબો લખ્યો છે આમાં 'तव, क. ताहरी उर्ध्व-उर्ध्व क, उंची पुण्यर्द्धिक. पुण्यनी लक्ष्मी तेहनो क्रम क. अधिक वाधतु....

આમાંય ઉંચે 'અધિક વાધતુ' એટલે કે ઊંચે ઊંચે વધતી એવી છત્રત્રયે કહીને ભ્રમનું સ્થાન જ ઉડાવી દીધું છે. અને આ જો વીતરાગસ્તોત્ર ઉપર દુર્ગપદપ્રકાશ નામની વૃત્તિમાં પણ ઉપરોક્ત માન્યતાને સમર્થન દેતા તો ત્યાં સુધી જણાવી દીધું છે કે સમ્યક્ત્વ પ્રાપ્તિ ત્યારપછી દેશવિરતી ત્યારપછી સર્વવિરતી બાદ અપૂર્વકરણ પછી ક્ષપકશ્રેણી તે પછી ઘાતિકર્મક્ષય બાદ કેવળજ્ઞાન અને અંત મોક્ષપ્રાપ્તિ આમ ઉપર ઉપર વધતી સંપત્તિને જણાવનારી આતપત્રત્રયી (છત્રત્રયી) રહેલી છે. એટલે ઉપર પ્રભુની ઉપર નજીક સમ્યગ્દર્શનનું છત્ર અને આગળ ઉપર ઉપર મોટું છત્ર કહીને ત્રણ છત્રના ક્રમની વાતને સ્પષ્ટતયા બતાવી દીધા છે.

હવે તું જ જણાવ કે અમારી માન્યતા એ માત્ર કલ્પના જ છે કે શાસ્ત્રને અનુસરનારની વાત છે...?

'ગુરુજી! આનાથી વિશેષ શાસ્ત્રાનુસારિતા કઈ હોય શકે? પણ ગુરુજી એક વાત પુછું?

'જરૂર!'

'આપે જે કંઈ વાત જણાવી એ વીતરાગ સ્તોત્રના આધારે અને એ તો કલિકાલસર્વજ્ઞ ભગવંતની કૃતિ નવસો વર્ષ પુરાણી કહેવાય પરંતુ પૂ૦ આ૦શ્રી યશોદેવસૂરિજીએ તો આગમોની ખુલ્લી પંક્તિઓ જણાવી દીધી છે. અને એમાં તો લોકપ્રકાશ, બૃહત્સંગ્રહણી, આવશ્યકસૂત્ર, જ્ઞાતાધર્મકથા, સ્થાનાંગસૂત્ર આદિ આગમોના छत्रमतिकाम्यछत्रं 'छत्रातिछत्र' तस्य संस्थानमाकारो ऽधस्तन छत्रं महदुपरितनं लघु इति तेन संस्थिताः छत्रातिछत्रं संस्थान स्थिता' જેવા વજનદાર શાસ્ત્રપાઠો રજૂ કરીને પોતાની માન્યતાને સ્ફૂટ કરી બતાવી છે. તો એની સામે આપશ્રીનો શું જવાબ? વીતરાગસ્તોત્ર કરતા આગમિક વાતોનું વજન તો વધું જ કહેવાય ને?'

સહેજ મુસ્કાન સાથે ગુરુજીએ કહ્યું.

'વત્સ, રજૂઆત શૈલી એટલી સિફત છે કે ભલભલો ગૂંચવાઇ જાય.

'ગુરુજી! આમાં ગુંચાવાનું છે જ કયાં?' 'अधस्तनं महत्' કહીને સાફ તો જણાવી દીધું છે?

'વત્સ! જરા ધીરો પડ જો આ ય વાત બરાબર સમજીએ!'

'ફરમાવો સાહેબ!'

'જો વત્સ! પહેલી તો વાત એ કે છત્રાતિછત્ર એ એક પ્રકારના આકારનું નામ છે. મુલપાઠમાં જે સંસ્થાન શબ્દ છે તે સંસ્થાનનો અર્થ જ આકાર છે!'

છત્રના એક જ પ્રકારના આકારને 'છત્રાતિછત્ર' શબ્દથી નથી સંબોધાયો પરંતુ અનેક પ્રકારના આકારોને 'છત્રાતિછત્ર' શબ્દથી સંબોધન મળ્યું છે. અરે! છત્ર સિવાય પણ અન્ય આકારોને 'છત્રાતિછત્ર' શબ્દ અપાયો છે. આ માટે આગમિક વાત જોઇએ એટલે ખ્યાલ આવશે.

'रायपसेणी' આગમની મલયગિરિ વૃત્તિમાં જણાવ્યું છે કે लोकप्रसिद्ध एक संख्याकाद्‌तिशयानि छत्राणि उपरि अधोभागेन द्विसंख्यानि त्रिसंख्यानि वा छत्राणि छत्रातिछत्राणि આમ કહીને જણાવ્યું છે ઉપર કે નીચે એક બે ત્રણ કે એથી ય વધુ સંખ્યાના છત્રોને 'છત્રાતિછત્ર' કહેવાય છે. ઉપરનું છત્ર મોટું કે નીચેનું છત્ર મોટું એવી કોઇ વ્યવસ્થા આમાં સૂચવાએલી નથી. ગમે તે રીતે રહેલા હોય એકથી વધુ છત્ર છે ને? બસ; એને 'છત્રાતિછત્ર' કહી શકાય!

શ્રી સૂર્ય પ્રજ્ઞપ્તિ આગમની વૃત્તિમાં પણ तत्थ खलु इमे दसविधे जोए पण्णत्ते, કહી દશ પ્રકારના યોગ જણાવ્યા છે. એમાં એક 'છત્રાતિછત્ર' નામનો યોગ પણ જણાવ્યો છે. જ્યોતિષ મંડલમાં જ્યારે ઉપર ચંદ્ર એની નીચે નક્ષત્ર અને બરાબર એની નીચે સૂર્યનું વિમાન આવે ત્યારે આ સ્થિતિને 'છત્રાતિછત્ર' નામનો યોગ જણાવ્યો છે. અહીં ત્રણેયની સ્થિતિ ખ્યાલમાં લેવા જેવી છે. ચંદ્રનું વિમાન આસ્સું મોટું છે એની નીચે નક્ષત્રનું વિમાન ઘણું નાનું છે અને નીચેનું સૂર્યનું વિમાન વળી ઘણું મોટું છે. એટલે સૌ ઉપર મોટું વચમાં નાનું અને એની નીચેનું મોટું હોવા છતાં ત્યાં 'છત્રાતિછત્ર' શબ્દપ્રયોગ થયો છે. તો શું આ છત્રાતિછત્ર શબ્દને પકડી એવી રીતે છત્રોનું વિધાન થઇ શકે? કે ઉપરનું છત્ર મોટું વચલું નાનું અને નીચેનું મોટું? નહિ જ! એટલે ટૂંકમાં કયાંય પણ ઉપર ઉપર કે અધઃ અધઃ આકાર દેખાયો છે ત્યાં 'છત્રાતિછત્ર' શબ્દનો પ્રયોગ થયો છે. છત્રાતિછત્ર શબ્દનો વ્યાપાર માત્ર છત્ર માટે જ થયો છે એવું નથી.

એ જ રીતે પૂ૦ યશોદેવસૂરિજીએ જેટલા આગમપાઠો આપ્યા છે એ બધા છત્રવિષયક નહી પણ ખરેખર નરકના સાકાર

સુસંસ્કારી વાતાવરણ મળવું એ સામાન્ય વાત નથી. કંઈ જન્મોની સુકૃત કમાઈનું ફળ છે તેનો સદ્‌ઉપયોગ કરવો એ જ વિવેક છે.

વિષયક છે. એમાં છત્રની કોઇ વાત જ નથી. 'છત્રાતિછત્ર' માં બે વાર 'છત્ર' શબ્દ આવ્યો એથી એ શબ્દો દ્વારા કોઇ પણ વ્યક્તિને સમજાવી દેવો બહુ સહેલું કામ પડે છે માટે 'છત્રાતિછત્ર' શબ્દ પર તેઓએ વધુ ભાર દીધો છે.

'ગુરુજી! શું વાત કરો છો આપ? એ 'છત્રાતિછત્ર' નરકના વર્ણનમાં આવેલો શબ્દ છે?'

'હા; પ્રશ્ન ઉભો થયો કે સાતેય નરકનો આકાર કેવો છે?' ત્યારે જ્ઞાની ભગવંતોએ ઉપર આંગળી ચિંધીને જણાવ્યું કે જૂઓ ઉપર છત્રો કેવા દેખાય છે? પહેલું નાનું છત્ર એની ઉપર બીજું મોટું એની ઉપરે ત્રીજું મોટું એ રીતે નીચે જૂઓ પહેલી નરક નાની એનાથી બીજી નરક મોટી એનાથી ત્રીજી મોટી એની નીચે આવેલી ચોથી વળી મોટી એમ કરતાં છેક સાતમી સૌથી મોટી.

અહીં નરકની વાત સમજાવવામાં પહેલા પ્રત્યેક નરકના આકાર કેવા છે એ સમજી લેવું જરૂરી છે.

પૂ૦ યશોદેવસૂરિજીએ નારકનો જે આકાર જણાવ્યો છે એ બરાબર નથી. એમનું એમ માનવું છે કે સવળા છત્રનો જેવો આકાર છે તેવો આકાર પ્રત્યેક નારકનો છે સવળું છત્ર એટલે સમજ્યો ને?

'હા, ગુરુજી! ઉપરથી સાંકડું અને નીચેથી પહોળું'

'બરાબર જેમ સવળી છત્રીનો આકાર હોય છે તેમ જ. પરંતુ નારકનો આકાર ખરેખર સવળા છત્ર જેવો નહિ પરંતુ અવળા છત્ર જેવો છે.'

'ઉપરથી પહોળો અને નીચેથી સાંકડો એવો 'ગુરુજી!'

'હા, બરાબર... સાતેય નારકનો આકાર આ રીતનો જ છે. અને વળી સાતેય નારકી નીચે નીચે મોટી, થતી જાય છે એટલે કે પહેલી નારકની નીચેની બીજી નારક વ્યાપમાં મોટી, એની નીચેની ત્રીજ ય મોટી.... એની નીચે ચોથી, પાંચમી, છઠ્ઠી-સાતમી નારક મોટી મોટી થતી જાય છે.

હવે આ રીતે નીચે સાત નારક છે. ઉપર ત્રણ છત્ર છે અને વચમાં મનુષ્ય ઊભો છે. તો એને ઉપર-નીચે બંને તરફ એક સરખું જ દૃશ્ય દેખાશે ને? ઉપર જોશે તો એને દેખાશે કે પહેલું છત્ર નાનું એના ઉપર બીજું મોટું અને એના ઉપર ત્રીજું મોટું એ જ રીતે નીચે દેખશે. તો પહેલી નારક નાની એની નીચે બીજી મોટી ત્રીજી એથી ય મોટી એમ મોટી થતાં થતાં સાતમી છેક મોટી. જાણે અવળા સાત છત્રોની શ્રેણિ જ નીચે લટકાવેલી ન હોય એમ દેખાય!

'ગુરુજી! હવે સમજાયું અને આ હિસાબે જ નરકના વર્ણનમાં 'अधस्तन' महत्' નો પ્રયોગ જણાવ્યો છે ખરું ને?'

'એમ જ હોય ને ભલા! અહીં ઉભા ઉભા નીચે નરકો જોઈએ તો નીચેની નરક મોટી જ લાગે ને? 'अधस्तन' महत्' નીચેનું મોટું એ પ્રયોગ છત્ર માટે નથી નરક માટે શ્રી સ્થાનાંગસૂત્રની ટીકામાં જણાવાયું છે જે બરાબર જ છે. અને એ મુજબ જ લોકપ્રકાશ, જ્ઞાતાજી, આવશ્યકસૂત્ર બૃહત્સંગ્રહણી આદિમાં જણાવ્યું છે.'

'ઓહ! સાહેબ! બહુ મોટો ભ્રમ ભાંગી ગયો આનાથી તો! અમે તો 'अधस्तन' महदुपरितन' लघु' નીચેનું મોટું અને ઉપરનું નાનું આ પ્રયોગનો અર્થ છત્ર સાથે જ લગાવતા હતા અને એ રીતે ત્રણ છત્રમાં નીચેના છત્રને મોટું સમજતાં હતા.'

વત્સ! એમની રજૂઆત જ એવી છે. શરુમાં હું પણ સ્તબ્ધ થઇ ગએલો અને એ માટે શ્રી સ્થાનાંગસૂત્રમાં ત્રીજા સ્થાનકમાં આ પાઠ શોધતો હતો. કેમ કે ત્રણ છત્રનું વર્ણન ત્રીજા સ્થાનમાં જ હોય છે? પરંતુ મને તે પાઠ મળ્યો જ નહિ, કયાથી મળે પણ? ત્રણ છત્રની વાત હોય તો ત્યા મળે ને? અંતે સાત નારકનું વર્ણન જોવા સાતમું સ્થાનક જોયું ત્યાં આ પાઠ મળી ગયો અને મને શાંતિ થઇ કે ઓહ! આ છત્રાતિછત્ર શબ્દ તો નરકના આકાર માટેનો છે.

'ખૂબ સરસ ખુલાસો કર્યો આપે. તો છત્ર માટે જ 'છત્રાતિછત્ર' શબ્દ છે એમ નહિ ખરું ને?'

'હા, ભાઇ! બીજા આકારો માટે પણ છત્રાતિછત્ર શબ્દ વપરાયો છે. અને છત્ર માટે જ્યાં આ શબ્દ વપરાયો છે. તેની આગમોક્ત વ્યાખ્યાઓ જોડવામાં આવે અને એ રીતે ત્રણ છત્રોનો વિચાર કરવામાં આવે તો પણ ઉપર મુજબ જ છત્રનો ક્રમ ઘટી શકે...!

'એ શી રીતે ગુરુજી!'

'સાભળ! આ છત્રાતિછત્રનો સાફ અર્થ શ્રી સ્થાનાંગસૂત્રની વૃત્તિમાં જણાવ્યો છે કે 'छत्रमतिक्राम्यछत्रमितिछत्रातिछत्रम्' આનો ગુજરાતી અર્થ એ થાય કે છત્રને અતિક્રમીને ઓળંગીને રહેલું છત્ર તે છત્રાતિછત્ર કહેવાય, અહીં આ ઓળંગીને શબ્દ સમજવા જેવો છે.

ઓળંગનારી વસ્તુનો ઓળંગવા માટેનો વ્યાપ જેને ઓળંગે એના કરતાં મોટો હોય છે એ તો બરાબર ને?

'બરાબર ગુરુજી!'

'હવે છત્રને અતિક્રમીને રહેલું છત્ર કયારે કહેવાય? નીચેના છત્ર કરતાં ઉપરનું છત્ર મોટું હોય તો જ ને? એના બદલે નીચે મોટું છત્ર માનવામાં આવે તો એની ઉપરનું નાનું છત્ર નીચેના છત્રને ઓળંગનારૂ કે અતિક્રમણ કરનારું શી રીતે કહેવાય?

જે પરોપકાર કરે તે સજ્જન કહેવાય, સૌનુ શુભ ચિંતન કરે તે સર્વત્ર પૂજાય છે.

અને જો એમ અતિક્રમણ કરનારું ન કહેવાય તો પછી એ ત્રણ છત્રને માટે 'છત્રાતિછત્ર' શબ્દ જ કેવી રીતે વપરાય? જ્યારે શ્રી આવશ્યકજીમાં તો સ્પષ્ટ જણાવ્યું છે કે 'तस्योपरि छत्ताइछत्तम्' એટલે આ આગમ શાસ્ત્રોમાં જે 'છત્રાતિછત્ર' શબ્દ મળે છે એ જ પ્રમાણભૂત રીતે જણાવે છે કે સૌથી નીચેનું છત્ર નાનું એથી ઉપરનું મોટું અને એથી ય ઉપરનું સહુથી મોટું અને આ જ મુજબ શ્રી વીતરાગ સ્તોત્રના એ શ્લોકની સંગતિ બરાબર બેસી શકે છે.

અને તદનુસાર જ પરાપૂર્વકાળથી આ જ રીતના છત્રો યત્ર તત્ર સર્વત્ર જોવા મળે છે. અમોએ ચારસો ચારસો કે એથી ય વધુ વર્ષ પુરાણા દેરાસરોમાં તપાસ કરાવી બધે જ ચાંદીના ત્રણ છત્રો ઉપરની માન્યતાવાળી જ જોવા મળ્યા છે. 'આવા છત્રો ક્યારથી છે' એમ ત્યાંના બુઝર્ગ અને જૈફ વ્યક્તિઓને પૂછવામાં આવ્યું ત્યારે એમ જ જણાવ્યું કે 'સાહેબ! આ તો અમારા બાપ-દાદાના સમયથી આ રીતના જ છત્રો લટકાવવામાં આવે છે? અમે એમાં કશો ફેરફાર કર્યો નથી.' અને માત્ર આપણે ત્યાં જ નહિ, જૈનેત્તરોના મંદિરમાં પણ ત્રણ છત્ર આ રીતે જ જોવા મળે છે. જો આ જૈનેત્તરોના પ્રસિદ્ધ તીર્થમાં મૂળ સ્થાને બિરાજમાન પશુપતિનાથનો ફોટો છે. આમાં ત્રણ છત્ર આ જ માન્યતાને અનુસરનારા જણાય છે. અને આ પણ ખૂબ પ્રાચીન છે.

હવે આટલી જૂની પરંપરા સર્વત્ર સ્પષ્ટતયા જોવા મળતી હોય પછી નવી કલ્પના કરવાની કોઈ જરૂરત ખરી? શું આપણે આપણા એ પૂર્વજો કરતાં વધુ ડાહ્યા અને સમજણાં છીએ?

ગુરુજી! આપશ્રીની વાતો, તર્કો અને શાસ્ત્રપાઠોને સમજાવાની રીત બહું જ સ્વસ્થ, સુગમ અને સુંદર લાગે છે, પરંતુ બધા ય કરતાં પ્રત્યક્ષ પ્રમાણ તો ઊંચુ જ ગણાય ને?

'એટલે?'

'ગુરુજી! પૂજ્ય યશોદેવસૂરિજીએ તો પોતાના લેખમાં ત્રણ છત્રોના ફોટા પણ દર્શાવ્યા છે. અને એમા સ્પષ્ટ ત્રણ છત્રો બતાવ્યા છે અને એ ય અર્વાચીન નહિ પ્રાચીન. મેં મારી નજરે જોએલા છે. તો એ બાબત પણ આપશ્રીનું કોઈ સંશોધન ખરું?'

'વત્સ સંશોધનના ક્ષેત્રમાં દાખલ થઈએ એટલે ચોતરફ નજર દોડાવવી જ પડે. એ ફોટાઓ મેં મારી નજર દોડે ત્યાં લગી બરાબર જોયા છે અને પછી જ મેં એ નિર્ણય લીધો કે એ જેટલા પણ છત્રોના ફોટા છે એ ત્રણ છત્રના નહિ પરંતુ એક જ છત્રના એ બધા ફોટાઓ છે.

'ગુરુજી! એ શી રીતે? સ્પષ્ટ ત્રણ વિભાગ તો દેખાય છે.'

'વત્સ! એ છત્રના બાહ્ય આકાર તું કહે છે તે રીતે કદાચ હશે પરંતુ અંદરથી જોવા જઈએ તો ત્રણ છત્ર માલુમ નથી પડતા અર્થાત્ જે રીતે ચાંદીના ત્રણ છત્રો જેમ બહારથી અલગ દેખાય છે તેમ અંદરથી પણ અલગ દેખાય છે. એવું આ પાષાણના છત્રમાં જોવા નથી મળતું. બહારથી છત્રની ડિઝાઇન તો અનેક પ્રકારની સંભવી શકે બાકી એ છત્રો તો એક જ છે! અને શ્રી જીવાભિગમજીમાં બતાવેલ પાઠનો સાર પણ એ જ સાક્ષી આપે છે કે, 'સિદ્ધાયતન સરખાં સ્થાપના નિક્ષેપના પ્રતિમાજી ઉપર એક જ છત્ર હોય.'

'પરંતુ ગુરુજી! પૂ૦ યશોદેવસૂરિજીએ તો એમ જણાવ્યું છે કે જ્યાં ત્રણ છત્રો બનાવવાની ગૂંજાશ ન હોય ત્યાં આ રીતે એક છત્ર ઉપર બે વિભાગ પાડીને અથવા બે કાંસિયા જેવી લીટી ખેંચીને પણ ત્રણ છત્રના વિધાનનો સમાવેશ કરી લેવામાં આવે છે. અને માટે જ દરેક છત્રો ઉપર આવી લાઈનો જોવામાં આવે છે.'

'વત્સ! આમાં પણ એક કલ્પનાથી વિશેષ કશું જ જોવા મળતું નથી. કયા શિલ્પશાસ્ત્રમાં એવો ઉલ્લેખ છે કે 'જ્યાં ત્રણ છત્ર બનાવવાની શક્યતા ન હોય ત્યાં બે લીટી ખેંચી ત્રણ છત્રની વિધિ સાચવી લેવી?' તેઓ બતાવી શકશે ખરા?

અરે! આ માટે તો પ્રખ્યાત શિલ્પીઓ સોમપુરા શ્રી ચંપાલાલજી, સોમપુરા માણેકચંદ આર., સોમપુરા જવાહરલાલજી, સોમપુરા હુકમીચંદજી અને શિલ્પીજગતમાં જેઓનું નામ મોખરે છે અને દેલવાડાના સુપ્રસિદ્ધ દેરાસરોના જિર્ણોદ્ધારમાં જેઓની સૂક્ષ્મદષ્ટિ વખણાએલી છે એવા શ્રી અમૃતલાલ આદિનો સંપર્ક કરીને પૂછ્યું છે ત્યારે તેઓમાંથી કોઈએ પણ ઉપરોક્ત કલ્પનાની કોઈ જ શાસ્ત્રીય સાક્ષી આપી નથી. બલ્કિ ત્યાં સુધી જણાવ્યું કે શિલ્પશાસ્ત્રમાં તો એક જ છત્ર બનાવવાનો ઉલ્લેખ છે. આનો અર્થ એ થયો કે લેખકશ્રી પાસે આ બાબત કલ્પનાથી વિશેષ કશું છે નહિ.

અને... કદાચ લેખક પૂ૦ આચાર્યદેવશ્રીની વાત આપણે એક વાર માની પણ લઈએ તો વળી એમની જ વાત ઉપર આપત્તિ આવે છે.

કેમ કે એક છત્ર ઉપર બે લીટી હોય ત્યારે તો તેમના કથનાનુસાર ત્રણ છત્રની વાત બેસી જાય પરંતુ એથી વધુ લાઈન દેખાય તો ત્યાં શું માનવું? શું ચાર, પાંચ, છ કે સાત છત્ર માનવા...?

'એવું આપે દેખ્યું છે ગુરુજી!'

'ભલા! એમના જ લેખમાં, જો આ સુઘોષા અને આ એમના દ્વારા છપાએલા ફોટાઓ, આ એક નંબરના પ્લેટનો ચોથો અને સાતમો બ્લોક અને બે નંબરની પ્લેટનો આ બીજો બ્લોક....બરાબર

સારા કાર્યો કરવા તે મનુષ્યની સારાઇ છે. પરંતુ જે પોતે કહે છે કે સારું કરું છું તે પોતાની બુરાઈ છે.

જો ચારથી પાંચ આટા (લીટી) સ્પષ્ટ દેખાય છે ને? તો શું અહીં ચારથી પાંચ છત્ર માનવા? અને શું એટલા છત્રની સંખ્યા શાસ્ત્રસંમત ખરી? હરગિઝ નહિ!'

'ઓહ ગુરુજી! આપની તો બહુ સૂક્ષ્મ નજર છે'

'વત્સ! સંશોધનમાં તો સૂક્ષ્મતા જ જોઈએ ને? અને માત્ર અહીં જ નહિ, સેરીસા તીર્થમાં અતિપ્રાચીન પદ્માસન મુદ્રામાં શ્રી નેમનાથ પ્રભુની પ્રતિમા છે. એ મૂર્તિ ઉપર તો વળી છત્ર જ જૂદા પ્રકારનું છે. સવળા કોડિયા ઉપર અવળું કોડિયું મૂકીએ એટલે જે સંપુટનો આકાર થાય ઉપર-નીચે સાંકડું અને વચ્ચે પહોળું, એવા આકારનું એ છત્ર છે અને એમાં ત્રણ આંટા ઉપર છે ત્રણ આંટા નીચે અને એક વચ્ચે એમ સાત આંટા દેખાય છે તો શું ત્યાં સાત છત્ર માનવા?'

'આ તો નવી જ વાત જણાવી ગુરુજી!'

'ના; ભાઈ! નવી જૂનીનો સવાલ નથી મૂલ વાત એ છે કે આ બધા દોટા ત્રણ છત્રના નહિ પરંતુ એક જ છત્રના છે!'

'તો બહારથી આવો દેખાવ કેમ?'

'એ કલાના ક્ષેત્રની વાત છે, કલા સર્વવ્યાપી વસ્તુ છે, એટલે છત્રના સર્જનમાં પણ કલાએ પ્રવેશ લીધો છે. એક જ છત્રને અનેક રીતે અને વિવિધ ભાતમાં પ્રસ્તુત કરવા શિલ્પીઓએ કસબ ખેલ્યો છે. અને એથી ભાત ભાતના છત્રો રજૂ કર્યા છે, બહારથી છત્રનો દેખાવ સુંદર-અતિસુંદર કલાત્મક દેખાડવાની પોતાની શક્તિનો પરિચય આમાં છતો કર્યો છે. કોઈ સાદુ છત્ર હોય, કોઈ માત્ર સાદી પ્લેટ જેવુ છત્ર હોય, કોઈ એક ખાંચવાળા બે ખાંચવાળુ કે એથી ય વધુ ખાંચવાળું છત્ર હોય પણ એ છત્ર તો એક જ કહેવાય, જેટલા ખાંચા કે આંટા એટલા છત્ર ન મનાય!

સરકસમાં પેલો જોકર માથા ઉપર ઊંચો બે ફૂટનો ટોપો પહેરે છે જોયો છે ને? એમાં કંઈ કેટલાય ખાંચા હોય છે... પણ એ ટોપો તો એક જ કહેવાય ને! એમ અહીં પણ એક છત્ર માનવું વ્યાજબી લાગે છે.

હા પાષાણનાં પણ છત્ર જોવા હોય તો સુરતનું પ્રસિદ્ધ દેરાસર ચિંતામણિનું છે. એમાં પૂ૦ નેમિસૂરી મ૦ના સમુદાયના આચાર્યદેવ શ્રી કસ્તુરસૂરીશ્વરજી મ૦ દ્વારા અંજનશલાકા કરાએલા શ્રી સીમંધરસ્વામી ભગવાનના અતિ સુંદર પ્રતિમાજી છે. એમાં પાષાણના ત્રણ છત્ર બનાવ્યા છે. એ જીરેખર ત્રણ છત્ર છે. બહારથી પણ જૂદા અને અંદરથી પણ જૂદા. અને એમાં ય આ શાસ્ત્રીય ક્રમ છે. નીચેનું નાનું, એથી ઉપરનું મોટું અને એથી ય ઉપરનું વધુ મોટું.

'ગુરુજી! ખૂબ વિસ્તારથી અને સર્વતઃ સુયોગ્ય રીતે આપશ્રીએ છણાવટ કરી બતાવી ખરેખર આપશ્રીનું સંશોધન ખૂબ ગહેરું છે.!'

'વત્સ! આટલો સમય એમ જ ઓછો કાઢયો છે? તને લાગશે કે સુઘોષા અને કલ્યાણમાં લેખ તો કેટલાય મહિનાઓ પહેલાં આવી ગયા. એનો જવાબ છેક અત્યારે? પરંતુ તે લેખના લેખકશ્રીએ તો ઘણા વર્ષો મહેનત કરી રાખી છે, હવે એના ઉપર બરાબર સંશોધન ન થાય આ સામી વાતના પ્રમાણ ન મળે ત્યાં સુધી વાતની રજૂઆત અન્યાય-વાહિયાત લેખાય! પરંતુ હવે મને પાકી ખાતરી થઇ ગઈ કે હકીકત આમ છે માટે આજે લોકો સમક્ષ મૂકી. અલબત્ સંશોધન તો હજી ય જારી જ.

'તો પછી ગુરુજી! આપના સમુદાયના મૂલસ્રોત સમા પૂજ્ય આગમોદ્ધારક શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મ૦ તેમ જ આપશ્રીના પરમોપકાર આગમવિશારદ, પંન્યાસ પ્રવર ગુરુદેવશ્રી અભયસાગરજી મ૦નો પણ નામોલ્લેખ તેઓશ્રીએ કર્યો છે તો શું એ વાત સાચી?'

'સવાલ જ નથી ને ભાઇલા! પૂજ્યો આગમોદ્ધારકશ્રીનું વ્યક્તિત્વ કેટલું બધું વજનદાર છે એ શું તું નથી જાણતો? એમણે જણાવેલી વ્યવસ્થા આજે સર્વપૂજ્યો એકમતે શિરોધાર્ય કરવા તત્પર છે એ તો ગત વર્ષ સં. ૨૦૪૪ના શ્રમણ સંમેલનમાં સ્પષ્ટ રીતે દેખવા મળ્યું છે. કોઇપણ ચર્ચાના વિષયમાં પૂ૦ આગમોદ્ધારકશ્રીના કથનનો નિર્દેશ આવતો તો સહુ પૂજ્યો એકી અવાજે સ્વીકારી લેતાં હતાં. આવા વજનદાર અને સર્વમાન્ય વ્યક્તિત્વના ધણી અને એક એક આગમની પંક્તિઓને આત્મસાત્ કરનારા પૂજ્યશ્રીથી આવી વાતો અણજાણ હોય અથવા જાણવા છતાં શાસ્ત્રવિરૂદ્ધ પ્રવૃત્તિ કરે એ શું માન્યામાં આવે એવી વાત છે? આગમમંદિરની દરેક પ્રતિમાજી નીચે તેઓશ્રીએ અષ્ટપ્રાતિહાર્યમાં શાસ્ત્રઅનુસાર જ ત્રણ છત્ર કંડારેલા છે. છતાં તે ત્રણ છત્રોની આકૃતિ એ એમની ભૂલ અથવા શાસ્ત્રવિપરીતપણું હતું એમ કહી નાંખવું એ બહુ મોટી બાલિશતા જણાય છે. આવું તેઓશ્રીએ ન લખવું જોઇએ એમ મારું માનવું છે?

"અને મારા પરમતારક ગુરુદેવશ્રી માટે જણાવ્યું કે 'વચન ન પાળ્યું" આવી પંક્તિ વાંચતા તો હું ય હબકી ગયો મારા એ પરમતારક પૂજ્યશ્રીની શાસ્ત્રસંવિજ્ઞતા અને શાસ્ત્રચુસ્તતા કેવી હતી એ વાત કંઈ છાની નથી. શાસ્ત્ર સાપેક્ષતા માટે તો તેઓશ્રીએ કેટકેટલો ભોગ દીધો છે. એવા પૂજ્યશ્રી અ૦ શ્રી યશોદેવસૂરિજીની માન્યતાને સમર્થન આપે એના ઉપર વચન આપે અને પછી ન પાળે આવું લખ્યાં પૂર્વે લેખક તેઓશ્રીએ

તારું ભાગ્ય જો સાથ આપે છે તો તું બીજાને હસાવવાનું નિમિત્ત બન.

પૂબ વિચારવું જોઈતું હતું.

પૂજ્ય ગુરુદેવશ્રી સાહિત્ય મંદિરમાં ઘણી વાર પધારતા અને જ્યારે જ્યારે પધાર્યા ત્યારે ત્યારે પૂજ્યશ્રીની સાથે કોઇ ને કોઇ સાધુ તો સાથે હોય જ. પૂજ્યશ્રી ભલે આજે હયાત નથી પરંતુ એ સાધુઓ તો આજે ય હયાત છે જ! એમનું સ્પષ્ટ કહેવું છે કે અમો જ્યારે સાહિત્ય મંદિર ગયા અને ત્યાં પૂ૦ યશોદેવસૂરિજીએ વાત ઉઠાવી ત્યારે પૂજ્યશ્રીએ એ વાતનો સ્વીકાર જ કર્યો છે, પરંતુ જ્યારે સામી વ્યક્તિ પોતાની વાતમાં વધુ પડતો આગ્રહ સેવે ત્યારે પૂજ્યશ્રી ચર્ચામાં પડવું પસંદ કરતાં નહિ. મૌન સેવી લેતાં અથવા વાતને વળાંક દઇ દેતાં. આ એઓશ્રીનો સ્વભાવ હતો. એટલે મારા પૂજ્યશ્રીએ 'વચન આપેલું અને ન પાળ્યું" આવી વાહિયાત વાત લખી લેખને પણ વાહિયાતી બક્ષવાની કોશિષ કરી છે.

બાકી પરમકૃપાવંત એ પૂજ્યશ્રીએ શાસ્ત્રની સચોટ માહિતી હતી જ અને તદનુસાર જ જંબુદ્વીપ મહામંદિરમાં બિરાજમાન પ્રતિમાજી નીચે કંડારેલા અષ્ટપ્રાતિહાર્યમાં છત્રત્રયનું સ્વરૂપ પ્રસ્તુત કર્યું છે અને મૂલનાયક પ્રભુજીના મસ્તક ઉપર શિલ્પ-શાસ્ત્રના કથનાનુસાર એક જ છત્ર પ્રદર્શિત કર્યું છે.'

'ગુરુજી! બહુ જ સુંદર અને સત્ય ખુલાસો કરી આપ્યો આપશ્રીએ પરંતુ હજી મને એક શંકા છે.'

'કયી? જે હોય તે કહી નાંખ ને? ચર્ચા ઉઠાવી છે તો હવે પૂરી જ કરી દઇએ.'

'ગુરુજી! તેઓશ્રીએ પોતાની માન્યતા ઉપર સમર્થન આપનારા અનેક પૂજ્યોની સહી રજૂ કરી છે એથી શું એ લેખનું વજન વધુ ન કહેવાય?

'ચાલ, સારું કર્યું આ ય પૂછીને! જો ભાઇ મને તો આમાં ય ગરબડ લાગે છે!'

'શી રીતે?'

'અલબત્ત તેઓશ્રીએ જેટલા પૂજ્યોની સહી દર્શાવી છે. એ દરેક પૂજ્યો સાથે તો સંપર્ક નથી થઇ શકયો પરંતુ જેઓશ્રી સં. ૨૦૪૪ના શ્રમણ-સંમેલનના અધ્યક્ષપદે બિરાજમાન હતા. તેવા પૂ૦ આ૦ શ્રી રામસૂરિજી મ૦ શ્રી ને હું મળ્યો અને પછી પત્ર સંપર્ક થયો. પત્રમાં તેઓશ્રીએ સ્પષ્ટ જણાવ્યું છે કે 'આ બાબત મેં કોઇ જ અભિપ્રાય આપ્યો નથી' હવે જ્યારે અભિપ્રાય જ આપ્યો નથી તો પછી સંમતિ કેવી રીતે આપી? અને સંમતિ સિવાય સહી કેવી રીતે છાપી નાંખી? સવાલ થાય છે ને?

વળી સંઘ સ્થવીર પૂજ્ય બાપજી મહારાજના સમુદાયના બહુશ્રુતવય: સ્થવિર પૂજ્ય આચાર્યદેવ શ્રી ભદ્રંકરસૂરિજી મ૦ને મળ્યો. તેઓશ્રીએ જણાવ્યું કે 'મારા ઉપર પણ દબાણ કરતાં પત્રો આવ્યા છે પરંતુ મેં તો તમારી છત્રાતિછત્રની માન્યતા યોગ્ય નથી.' આવા પત્રો લખી દીધા છે. પોતાની વાતને વજન આપવા એ કેવી ચેષ્ટા કહેવાય?

પૂ૦ આ૦ દેવ શ્રી વિજયસૂર્યોદયસૂરીશ્વરજી મ૦ નો સંપર્ક થયો. તેઓશ્રીએ જણાવ્યું કે આ બાબત પૂર્વે પૂ૦ આ૦ દેવ શ્રી નંદનસૂરીશ્વરજી મ૦ જે આ૦ યશોદેવસૂરિજી ઉપર બે-ત્રણ પત્રો લખ્યા જેમાં 'છત્ર બાબત તમારી માન્યતા બરાબર નથી' એ મતલબનું લખાણ છે. મેં એ પત્રો મંગાવ્યા છતાં મને એ પત્રો કે એની ઝેરોક્ષ કોપી પણ મોકલતા નથી તો પછી તેમના સમુદાયના ગચ્છાધિપતિશ્રીની સહી શી રીતે છાપી દીધી? અને આગળ જણાવ્યું તેમ સુરતના ચિંતામણી દેરાસરમાં તેઓના જ વડિલ પૂ૦ આચાર્યદેવ શ્રી કસ્તુરસૂરિજી મ૦ જે અંજનશલાકા કરેલ શ્રી સીમંધર સ્વામી ભગવાનના પ્રતિમાજી ઉપર શાસ્ત્રીય માન્યતા અનુસાર જ ત્રણ છત્ર છે. તો એ સમુદાયના ગચ્છાધિપતિશ્રીની સહી શી રીતે મળી શકી એ ય સવાલ છે. અને આ તો ત્રણ જ પૂજ્યશ્રીનો સંપર્ક થયો છે. છતાં આવું સાંભળવા જોવા મળ્યું તે પરથી લાગે છે કે બીજી સહીઓ પાછળ પણ સત્ય શું અને કેટલું હશે?

તે સિવાય સહીવાળા પૂજ્યોને મળ્યો અને પૂછતાં જણાવ્યું કે 'અમે આ બાબત ઊંડાણથી વિચાર્યું નથી. તેઓનો લેખ વાંચ્યો અને શ્રી યશોદેવસૂરિજીની વાત ઠીક જ હશે ને? એમ ધારી સહી આપી દીધી, છે વિશેષ માહિતી અમને નથી.'

'શું વાત છે સાહેબ! ત્યારે તો એ લેખ સાવ જ વાહિયાત ગણાય.' 'માત્ર વાહિયાત જ નહિ અત્યારના સમય માટે અપ્રસ્તુત અને અપ્રાસંગિક પણ લાગે છે, અત્યારે તો એવા લેખોની અને સાહિત્યની જરૂરત છે. જેથી લોકમાનસમાં મોળી પડી રહેલી શ્રદ્ધા મજબૂત બને... જે વિષય તરફ ખાસ કોઈની નજર જ ન મંડાઇ હોય એવી છત્રાદિ બાબત વાતો રજૂ કરીને લોક-માનસમાં દ્વિધા ઉભી કરી શ્રદ્ધાના બદલે શંકાનું સ્થાન જન્માવે એવી ચર્ચા શા માટે ઉઠાવવી જોઇએ?'

બીજી ઘણી સમસ્યાઓ આજે મૌજૂદ છે. સાધુઓના આચારમાં પેસી ગયેલી શિથિલતા, સમાચારીની વ્યામોહતા, ઇલેકટ્રોનિક સાધનોનો વપરાશ તથા અન્ય એવી ઘણી બાબતો છે જેનાથી શાસનમાલિન્યનું ઘોર પાતક કૂદકે ને ભૂસકે હરણફાળ ભરી રહ્યું છે. એવી વાતો પૂજ્યો સામે રજૂ કરી સુધારો લાવવાની જરૂરત છે પણ એ તરફ ખાસ દષ્ટિ જ નથી જતી. એને અપ્રસ્તુત જેવી ગણાતી વાતોને બહાર મૂકી નાહક સંકલેશભર્યું વાતાવરણ ઉભું કરવું મને વ્યાજબી નથી લાગતું.'

'સાચી વાત છે ગુરુજી! સાહેબ! આપશ્રી એકવાર એમના

બીજાની સેવા કરવી, ગરીબોના દુઃખમાં સહભાગી બનવું, દુઃખીઓના આંસુ પોઇવા એ અહિંસાનો એક પહલુ છે.

દ્વારા સંપાદિત ચિત્રસંપુટમાં કોઇ ફોટો બતાવતા હતા ને જે શાસ્ત્રસંમત ન હતો.'

'હા; એ તો પેલા હરિણૈગમેષીના ફોટાની વાત.... જો કે જોવા જઇએ તો આવું બધું ઘણું દેખાતું હોય છે પણ બધાનો વિરોધ જાહેરમાં ઓછો જ થાય, નાહક સંકલેશ પેદા થાય ને?'

'પણ એ ફોટામાં શું છે?'

'એ ફોટામાં એ હરિણૈગમેષી દેવનું મોઢું હરણ જેવું બતાવ્યું છે. ખરેખર એવું છે જ નહિ. એ તો સૌધર્મ નામના પ્રથમ દેવલોકનો સેનાધિપતિદેવ છે. હરિ એટલે ઇન્દ્ર, નૈગમ એટલે સેના, ઇશ એટલે અધિપતિ. આ ત્રણ શબ્દ ભેગા થયા એટલે હરિણૈગમેષી નામ બન્યું આ નામની શરુઆતમાં 'હરિણ' શબ્દ આવ્યો એટલે બિચારા આ દેવનું મોઢું જ હરણ જેવું બનાવી દેવાયું અને પછી ચાલ્યું. આજે તો અંજનશલાકાદિમાં પણ સ્પેશ્યલ હરણનું મોઢું બતાવવામાં આવે છે. આનાથી શું ભ્રમ પેદા ન થાય?

તે સિવાય ત્રણ છત્ર માટે તેઓશ્રી જે વીતરાગસ્તોત્રને આધારભૂત ગણાવે છે તે જ વીતરાગસ્તોત્રમાં સ્પષ્ટ જણાવેલી બીજી વાત તેઓશ્રી સ્વીકારતા નથી એ આશ્ચર્ય છે!'

'કયી વાત ગુરુજી!'

'તીર્થંકર-પરમાત્મા દીક્ષા લે તે પછી તેમના મસ્તક પરના કે દાઢી મૂછના વાળ વધે નહિ એવી સ્પષ્ટ વાત એ જ વીતરાગસ્તોત્રમાં કલિકાલ સર્વજ્ઞ ભગવંતે પ્રસ્તુત કરી દીધી છે છતાં એ વાતનો સ્વીકાર કરતાં એ આચાર્યશ્રી ખચકાય છે એ કેવી વાત?'

'આ નવી વાત જાણવા મળી ગુરુજી!'

'જો વત્સ! મને તેઓશ્રી પ્રતિ કોઇ દ્વેષભાવ કે અબહુમાન નથી. બલ્કિ બહુમાન છે. જિનશાસનની આગવી કલા પ્રત્યે તેઓશ્રીએ સારો એવો ઊંડો રસ દાખવી ખૂબ પરિશ્રમ ઉઠાવ્યો છે. અને એની રૂએ તેઓશ્રી ઘણા આદરપાત્ર છે. પરંતુ મનમાં એ જ આશય છે કે તેઓશ્રીએ આવી નવી નવી સમસ્યાઓને સમાજ સમક્ષ ન મૂકવી જોઇએ કિન્તુ આજે જનમાનસ જે શ્રદ્ધાથી ભ્રષ્ટ થતું જાય છે તેને અટકાવવા તેઓશ્રીના જ્ઞાનનો કલાનો પ્રવાહ વહે એ જ અંતઃભાવના છે.

વત્સ! તું આવ્યો એટલે આટલીય અલબત્ શાસ્ત્રસાપેક્ષ વાતો કરવી પડી પરંતુ આમાં ક્યાંય જિનાજ્ઞાવિરૂદ્ધ લખાયું બોલાયું હોય તો 'મિચ્છામિ દુક્કડમ્.'

કૈલાસનગર-સુરત —ગણિ હેમચંદ્રસાગરજી મ૦

શ્રી શત્રુંજય ગિરિરાજાય નમઃ

પધારો! જરૂર પધારો!!

જંબુદ્વીપ નિર્માણ યોજનાની પણથંભી આગેકુચ

વિજ્ઞાન અને અધ્યાત્મનો સુમેળ સાધી જૈનત્વ અને હિન્દુત્વનું સંરક્ષણ કરતી આ વિશાળ યોજનામાં ચાલી રહેલાં કાર્યોની રૂપરેખા :—

પૂજ્યપાદ ગુરુદેવશ્રીના શિષ્યરત્ન પૂ૦ પં૦ શ્રી અશોકસાગરજી મ૦સા૦ના માર્ગદર્શન નીચે ચાલી રહેલ ઝડપી કાર્યો....

(૧) જંબુદ્વીપ જૈન દેરાસરના તમામ કાર્યોને ઝડપી પૂર્ણ કરવા માટે અપાઈ ગયેલા ઓર્ડરો.

(૨) એ સૂર્યના પરિભ્રમણ દ્વારા ભારત-અમેરિકા આદિ દેશોમાં થતાં સૂર્યોદયની વધઘટનું પ્રેકટીકલ યંત્ર હમણાં જ તૈયાર થઇ ગયું છે જેમાં ૧૮૪ માંડલા વિગેરેનું પ્રત્યક્ષ દર્શન થાય છે.

(૩) અધ્યાત્મ યોગી પં. ગુરુદેવશ્રી અભયસાગરજી મ૦સા૦ના શ્રી નવકાર મહામંત્રના પટો વિ. ને ફ્રેમીંગ કરી સુરક્ષિત કરવા શ્રી નવકાર મંદિરનું આયોજન.... જેનું ખાતમુહૂર્ત શ્રાવણ વદ ૩ના મંગલ દિવસે થયેલ છે.

(૪) વિશાળ અને ભવ્ય આરાધના ભવનનું નિર્માણ ચાલુ છે.

(૫) પ્રકાશિત થયેલ પુસ્તકોનું ઝડપી વેચાણ-નવા પુસ્તકોનું પ્રકાશન અને પુનઃ પ્રકાશનનું કાર્ય હાથ ધરાયેલ છે.

(૬) જંબુદ્વીપની વિશાળ જમીનને કમ્પાઉન્ડ વોલ કરવાનું કાર્ય પૂર્ણ થયું છે.

(૭) આકર્ષક કુપનોના વિમોચન સાથે ગામોગામ તેના વેચાણનું આયોજન....

આ સુંદર આયોજન ઝડપથી મૂર્તિમંત બને તે માટે ઘનિષ્ઠ પ્રયાસો થઇ રહ્યાં છે. પૂજ્યપાદ પંન્યાસજી ગુરુદેવશ્રીની પ્રેરણાથી આરંભાયેલા કાર્યો પૂર્ણ થાય તે માટે સર્વે સંઘો-વ્યક્તિઓને સાથ સહકાર આપી લાભ લેવા નમ્ર વિનંતી.

દશેરાથી ઉપધાન તપનો પ્રારંભ થયેલ છે. તથા કા. સુ. ૧૫ થી નવાણુંનો પ્રારંભ થશે.

લિ. શ્રી વર્ધમાન જૈન પેઢી-પાલીતાણા

પુછપરછ અને પરિચય માટે :- પંન્યાસશ્રી અશોકસાગરજી મ૦સા૦, જંબુદ્વીપ જૈન પેઢી, પાલીતાણા-૩૬૪૨૭૦

મદ્રાસમાં અનેરી-વિવિધ ધર્મઆરાધના

સાંકળી અઠ્ઠમને અઠ્ઠાઈ તપની આરાધના, ત્રણ-ત્રણ વાર વ્યાખ્યાનો, ધર્મ-ચક્રતપ, સિદ્ધતપ, ૪૧૬ ઉપવાસના ગુણરત્ન સંવત્સરતપની સમુહગત આરાધના, ગણીશ્રી જયસોમવિજયજીની ૧૦૮ મી વર્ધમાન તપની ઓળીનું પારણું.

વર્ધમાન તપોનિધિ પુ. આચાર્યદેવશ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના દક્ષિણ ભારતમાં પગલાં થયા ત્યારથી શ્રી જૈન સંઘોમાં ધર્મની રંગરેલ વહેતી આવી છે. એમાં વૃદ્ધિ થતાં થતાં આ વખતે મદ્રાસ જેવા મોટા શહેરમાં શ્રી જૈન સંઘમાં તપધર્મનો ધરખમ ડંકો વાગવા માંડયો. વિ. સં. ૨૦૪૫નું આ વખતનું ચોમાસું એસનાં મહાન પ્રભાવક શ્રી 'ધર્મચક્ર' નામના તપનો મંગળ પ્રારંભ થઇ ગયો.



સમુહગત તપ શરૂ થઈ ગયા પછી એનો જવલંત રંગ જોતા બીજાઓને ય લાગ્યું કે 'આ વખતે તપનો જે રંગ ઉછળ્યો છે એમાં જો આપણે રહી ગયા તો કોણ જાણે ભવિષ્યમાં કયારે આવો રંગ જોવા મળે ?' તેથી આવી આવીને પૂજ્ય ગુરુદેવને પુછવા લાગ્યા કે સાહેબજી ! હવે અમે ધર્મચક્રતપ શરૂ કરી શકીએ ? પુજ્યશ્રી કહેતા કે પહેલો અઠ્ઠમ કરીને તમો હવે પણ શરૂ કરી શકશો.

તપનો રંગ ઊઠવાનું કારણ 'યોગદૃષ્ટિસમુચ્ચય'ના તથા 'શ્રી સમરાદિત્યકેવલીચરિત્ર' પરનાં વ્યાખ્યાનો શ્રોતાઓમાં સંવેગ

જૈસલમેર પંચતીર્થીની યાત્રાર્થે પધારો

પશ્ચિમી રાજસ્થાનમાં આવેલ જૈસલમેર પંચતીર્થી પોતાની પ્રાચીનતા, કલાત્મકતા અને ભવ્યતા માટે જગપ્રસિદ્ધ છે. જૈસલમેર પંચતીર્થીના અન્તર્ગત જૈસલમેર દુર્ગ, અમરસાગર, લૌદ્રવપુર, બ્રહ્મસર અને પોકરણ સ્થિત જિનાલયોમાં બધા મળી ૬૦૦૦થી વધુ જિનપ્રતિમાજીઓ બિરાજમાન છે.

જૈસલમેરની વિખ્યાત વિશેષતાઓ : (૧) ભવ્ય, કલાત્મક અને પ્રાચિન જિનાલયો. પન્ના અને સ્ફટિકની પ્રતિમાઓ. (૨) ખરતરગચ્છીય શ્રી જિનભદ્રસુરિ જ્ઞાનભંડારમાં સંગ્રહિત તાડપત્રીય અને હસ્તલિખિત ગ્રંથો. (૩) દાદાગુરુદેવ શ્રી જિનદત્તસુરિજી મહારાજની ૮૩૦ વર્ષ પ્રાચીન ચાદર અને ચોલપટ્ટા, જે તેઓના અગ્નિસંસ્કાર પછી પણ સુરક્ષિત રહ્યા છે. (૪) અનેક દાદાવાડી, ઉપાશ્રય, અધિષ્ઠાયક દેવસ્થાન અને પટુઆ શેઠોની કલાત્મક હવેલીઓ. (૫) લૌદ્રવપુરના ચમત્કારીક અધિષ્ઠાયકદેવ જેમના દર્શન ભાગ્યશાળીઓને અવારનવાર પ્રાપ્ત થાય છે.

આવાસ પ્રબંધ : યાત્રિકો અને શ્રીસંઘોને ઉતરવા ઉચિત પ્રબંધ છે. મરુભુમિમાં હોવા છતાં પાણી અને વિજળીની પુરી વ્યવસ્થા છે. દાનવીરોના સહયોગથી ભોજનશાળા ચાલુ છે.

યાતાયાતના સાધન : જૈસલમેર આવવા માટે જોધપુર મુખ્ય કેન્દ્ર છે. તે ભારતના જુદા જુદા માર્ગોથી યાતાયાતના સાધનોથી જોડાયેલ છે જોધપુરથી દિવસમાં એકવાર બસ અને રાત્રે ને સવારે બે વાર ટ્રેઈન જૈસલમેર આવે છે. આ ઉપરાંત જયપુર અને બીકાનેરથી પણ સીધી બસો જૈસલમેર આવે છે.

જૈસલમેર પંચતીર્થીનાં દુર્ગ તથા અમરસાગર સ્થિત જિન-મંદિરોના જીર્ણોદ્ધારનું કામ ચાલુ છે.

પ્રબંધક ટ્રસ્ટી અમે મંત્રી શ્રી મુલચંદભાઈ સંઘવી
શ્રી જૈસલમેર લોદ્રવપુર પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર ટ્રસ્ટ

ગ્રામ : જૈન ટ્રસ્ટ **જૈસલમેર** ૩૪૫૦૦૧ (રાજસ્થાન) ફોન ૨૩૩૦ ૨૪૦૪

મારી પ્રસંશાથી મારું મન પ્રભાવિત ન બને, બસ એટલું જ મારે ધ્યાન રાખવાનું છે.

વૈરાગ્યની રેલછેલ કરી દેતાં. આ બે વિષય પર પુજશ્રીનાં વ્યાખ્યાનો વર્ષોથી એઓશ્રીની એક સ્પેશિયાલીટી હોવાનું શ્રોતાઓમાં જાણીતું છે. તેથી તો વ્યાખ્યાન વખતે કેટલાય શ્રોતાઓની આંખ ભીની ભીની થઇ જાય છે. અનેકવાર આંસુ લુછવા પડે છે. એમાં જૈન શાસનની જીવનપદ્ધતિ સાથે પોતાના જીવનની દુર્દશા જોતાં હૃદય દ્રવિત થઈ જાય છે. શ્રોતાઓને એમ લાગે છે કે "આજ સુધી આવું કાંઇ સાંભળવા મળ્યું નહિ, ને આટલો ઊંચો જૈન ધર્મ સાથે માનવજનમ મળવા છતાં આપણું જીવન મોહઘેલી પ્રવૃત્તિઓ અને મોહમય વિચારોમાં રગદોળાએલું રહ્યું. વીતરાગ-અરિહંત ભગવાનનાં દર્શન પુજા કરતા રહેવા છતાં જૈન ધર્મનો મર્મ જાણ્યો નહિ. એથી જ આ ઉચ્ચ જનમમાં ઉચ્ચ વચનશક્તિ મળવા છતાં પાપની ને મોહની વાતે ચીતો અને કુથલીઓમાં એ ઉત્તમ વચનશક્તિને પણ આપણા પોતાના અને પરના આત્મા માટે આશીર્વાદરૂપ ન બનાવતાં શ્રાપરૂપ બનાવી...." વ્યાખ્યાનમાં શ્રોતાઓને લાગતું કે દેવદર્શન પુજા આદિ બીજી બધી ધર્મસાધના કરીએ પરંતુ જો જિનવાણીનું શ્રવણ ન હોય તો આ ધર્મપ્રકાશ ને તત્ત્વપ્રકાશ કંઇ મળે નહિ, અને વર્ષોથી ધર્મસાધના કરવા છતાં આત્માના દેદાર કાંઇ ફરે નહિ !

મદ્રાસ સંઘની પુજ્યશ્રીનાં મદ્રાસમાં પગલાં કરાવવાની વર્ષોથી ઇચ્છા હતી. તે આ વખતે ફળી હોવાથી સવારે ૬-૦૦ થી ૬-૩૦ સુધી સૂત્ર રહસ્યો પરની વાચનામાં, અને ૮-૪૫ થી ૧૦ યોગદૃષ્ટિ તથા સમરાદિત્યકેળળીચરિત્ર એ બે વિષય પરના વ્યાખ્યાનમાં લોકો દોડી દોડીને હાજર થઇ જતા. એમાં વળી ધંધા-વ્યવસાયની પ્રતિકૂળતાને લીધે વાચના-વ્યાખ્યાયમાં હાજરી ન આપી શકતા પુરૂષ શ્રોતાઓ રાતના ૮-૩૦ થી ૯-૩૦ પૂ૦ મુનિરાજ શ્રી ભુવનસુંદરવિજયજી મ૦ની જ્ઞાનગોષ્ઠીમાં સમયસર ઉપસ્થિત થઇ જતા. અને વૈરાગ્યમય જિનવાણીમાં રસતરબોળ બની જતા.

ધર્મચક્રતપ શરૂ થઇ ગયા પછી, છેલ્લી અઠ્ઠાઇ પજુસણમાં આવે એ રીતે સિદ્ધિતપ કે જેમાં ઉપવાસ-બેસણું, છઠ્ઠ-બેસણું, અઠ્ઠમ-બેસણું, ચાર ઉપ૦ બેસણું....એમ ઉપવાસે વધારતાં ઠેઠ અઠ્ઠાઈ સુધી પહોંચવાનું હોય છે; એવા સિદ્ધિતપની ટહેલ પડી એટલે ભાવિકો એ માટે તૈયાર થતા ગયા, ને સારી સંખ્યામાં એની શુભ શરૂઆત થઈ ગઇ. ત્યાં તો માસખમણની ટહેલ પડી તો કેટલાક એ માટે પણ તૈયાર થઇ ગયા. અને એની શરૂઆત થઇ ગઇ. આ સિવાય સિંહાસનતપ, સમવસરણતપ વગેરે ચાલુ થઈ ગયા.

બીજી બાજુ ચોમાસાની શરુઆતથી રોજ ને રોજ નવા નવા ત્રણ ત્રણ જણ અઠ્ઠમતપનાં પચ્ચકખાણ કરે એનો પ્રબંધ થઇ. તેમજ સાંકળી અઠ્ઠાઈનું પણ આયોજન થયું. રોજ વ્યાખ્યાન બાદ ૩-૩ અઠ્ઠમવાળાનાં બહુમાન કરવાનું ચાલવા લાગ્યું. વચમાં વચમાં એકબાજુ અઠ્ઠાઇવાળાનું બહુમાન અને બીજી બાજુ નવા અઠ્ઠાઇવાળાને અઠ્ઠાઇનું પચ્ચકખાણ ચાલતું. સંઘપ્રમુખ શ્રી પુખરાજજી સાહેબને તો હરખ માતો નહોતો, તે વ્યાખ્યાન પુરું થતું કે તરત માઇક પકડી લઈ તપસ્યાઓ, તથા બહુમાનની હરખભેર જાહેરાત કરવા લાગી જતા. રોજ રોજ નવા નવા તપસ્વીઓને બહુમાન કરવાની બોલીયો પણ અગાઉથી બોલવામાં આવેલી. એમાં ય સિદ્ધિતપનાં પારણાની તેમજ અંતર પારણાની બોલીઓનો રંગ ચાર ઉપવાસ પછી તો ખૂબ જામવા લાગ્યો.

આ સિવાય પણ ચાલુ પબ્લીક માટે રવિવારે સામૂહિક લાખો નવકાર-જાપનું અનુષ્ઠાન. એકેકને ૫૦ હજાર અરિહંત જાપનું

શ્રી કરેડા પાર્શ્વનાથજી તીર્થની

[રેલ્વે સ્ટેશન ભુપાલસાગર (જિ. ચિત્તોડગઢ, રાજસ્થાન)]

યાત્રાર્થે અવશ્ય પધારો

આ મંદિરનું નિર્માણ આચાર્ય ધર્મઘોષસુરિજી મ. ના ઉપદેશથી માંડવગઢના મહામંત્રી સંઘપતિ પેથડશાહ દ્વારા સં. ૧૩૨૧ માં કરવામાં આવ્યું અને તેના શિખર પર સાત ખંડનું ભવ્યમંદિર શ્રી પેથડશાહના પુત્ર ઝાંઝણકુમારે સં. ૧૩૪૦માં નિર્માણ કર્યું, જેનું સુકૃતસાગર તરંગ આઠમાં વર્ણન છે

તેનો હાલમાં શ્રી શંખેશ્વર – ભોયણી તીર્થ દ્વારા રૂપિયા ૧,૨૫,૦૦૦/- ખર્ચ કરી જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે અને બાવન દેરીઓમાં શ્રી પાર્શ્વપ્રભુની પ્રતિમા વિભિન્ન તીર્થોના નામથી બિરાજમાન કરવામાં આવી છે. મુલનાયક ભગવાનની પ્રાચીન અત્યંત મનોહરી, ચમત્કારી, શ્યામવર્ણિય પ્રતિમાજીના નિર્મલ ભાવથી દર્શન કરી પુણ્યોપાર્જન કરો.

અમદાવાદથી ઉદયપુર, ચિત્તોડ રેલ્વે માર્ગ પર ભુપાલસાગર નામના સ્ટેશનથી ૩ ફર્લાંગ દુર આ તીર્થ આવેલ છે. બસોની પણ સુવિધા ઉપલબ્ધ છે.

આ તીર્થની યાત્રા સાથે જ મેવાડની પંચ તીર્થીના દર્શનના પણ લાભ મળશે. આ તીર્થોમાં શ્રી દયાલશાહના કિલ્લા નામનું પણ લાભ મળશે. આ તીર્થોમાં શ્રી દયાલશાહના કિલ્લા નામનું તીર્થ જે રાજસમન્દ-કંકરોલીના મધ્યમાં છે. લગભગ ૨૫૦ પગથિયાથી આ તીર્થ 'મેવાડ શેત્રુંજય' નામથી પણ પ્રસિદ્ધ છે.

આ બંને તીર્થો પર આધુનિક સુવિધાઓથી સુસજ્જિત વિશાલ ધર્મશાળા તથા ભોજનશાળાની સુવ્યવસ્થા છે.

લિ. કરેડા પાર્શ્વનાથ તીર્થ કમિટિ

ભુપાલસાગર (રાજસ્થાન) [ફોન નં. ૩૩]

જે જ્ઞાન માનવીની જીવનધારા સાથે ન જોડાય તેને જ્ઞાન કહેવું એ અજ્ઞાન છે

અનુષ્ઠાન, શંખેશ્વર પાર્શ્વનાથના અઠ્ઠમનું અનુષ્ઠાન, વગેરે ચાલતાં એમાં ૨૪ તીર્થંકરના શ્રેણીતપના અનુષ્ઠાને તો કમાલ કરી દીધી. એકેક નવકાર બોલી બોલી ભગવાનને પુષ્પ ચઢાવવાનું એમાં સેંકડો જણ સંગીતકાર બોલાવે એ રીતે કોરસમાં નવકાર બોલતાં દોઢ બે કલાક ભક્તિસંગીતનું વાતાવરણ ભારે જામી પડ્યું.

પૂ૦ મુનિરાજો શ્રી ગુણસુંદરવિજયજી મ૦ તથા ભુવનસુંદર વિજયજી મ૦એ આ આરાધનામાં જબરજસ્ત રંગ પૂર્યો! રોજના માટે પૂ૦ તપસ્વી ગણિવર્યશ્રી જયસોમવિજયજી મહારાજ તપસ્વીઓને વ્યાખ્યાનબાદ બુલંદ અવાજે અનુષ્ઠાન કરાવતા તેઓશ્રીને ૧૦૮ મી વર્ધમાન આયંબિલ તપની ઓળી ચાલે છે. એમાં આસો વદ આઠમે પૂર્ણાહુતિ પર ભવ્ય ઉજવણીના માટે આયોજન થયેલ 'ગાગરમાં સાગર'ના મહાન પુસ્તકનું વિતરણ કરવા માટે એનું ... પણ અત્યારથી ચાલી રહ્યું છે.

આ સિવાય ૪૧૬ ઉપવાસના મોટા ગુણરત્ન સંવત્સર તપ સમુહગત રીતે કરવા માટે પર્યુષણના અગાંઉથી જ આયોજન શરૂ થયું. એમ રોજ રોજ પહેલા દિવસ બે-બે જણને ૧૬-૧૬ ઉપવાસ બીજા દિવસે બે બે વ્યક્તિને ૧૫-૧૫ ઉપવાસ ત્રીજા દિવસે બે બે જણને ૧૪-૧૪ પછીના દિવસ બેને ૧૩-૧૩ ઉપવાસ ઈત્યાદિ ઈત્યાદિ ઘટાડતા ઘટાડતા ૧૧ ઉપવાસ સુધીનો ૧૬ માસનો તપ સામુદાયિક રીતે ૧૭ દિવસમાં પૂર્ણ થયો. સામુદાયિક રીતે ઉજવાયો.

પર્યુષણ બેસતા તો ઘરઘરમાં તપસ્વીઓ સાવ નાના નાના બાળક-બાળિકાઓ પણ હોંશે હોંશે ઉપવાસ કરતા.

સિદ્ધિતપમાં દિક્ષાર્થી યુવક-યુવતીઓ પણ જોડાયા. બેંગ્લોરના કલ્પેશકુમાર પારસમલજી રાઠોડે ૧૩ વરસની વયમાં સિદ્ધિતપની જે આરાધના કરી એ તો કમાલ કરી. તેનું બહુમાન અનેક રીતે થયેલ.

પૂજ્યપાદશ્રીની કલમથી કંડારેલ હિન્દી પુસ્તકો 'સાધર્મિક વાત્સલ્ય'નું ઉદ્દ્ઘાટન શેઠશ્રી હસ્તિમલજી જૈન, 'સતી શિરોમણિ મદનરેખા' નું ઉદ્દ્ઘાટન શેઠશ્રી રવિલાલ એસ. દોશી અને 'માનવતાકા તેજ' નું ઉદ્દ્ઘાટન બેંગલોર નિવાસી શેઠશ્રી જી પારસમલજી રતમાવાલા દ્વારા થયું.

આ બાળ શ્રાવક કલ્પેશની ક્રિયારૂચિ કેવી કે આવા મોટા સિદ્ધિતપના બધા જ ઉપવાસોમાં સવાર સાંજના પ્રતિક્રમણમાં પણ ઉભા ઉભા જ બધી ક્રિયા કરવાની તેમજ બધા ઉપવાસ લગભગ પૌષધમાં જ કરેલ એટલે પૌષધ અને દેવવંદનોમાં પણ બધા જ કાઉસ્સગ્ગ પણ ઉભા ઉભા કરવાના. દરેકે દરેક ઇરિયાવહીયા પણ ઉભા ઉભા જ કરવાની. સિદ્ધિતપની બધી ક્રિયાના ખમાસમણા પણ ઉભા થઇને જ દેવાના એનો જાપ પદ્માસને બેસીને કરવાનો. વધારામાં એના ગુરૂ આચાર્ય શ્રી ગુણાનંદસૂરીશ્વરજી મ૦ના નિમિત્તે કાઉસ્સગ્ગ ખમા૦ જાપ પણ અપ્રમત્તપણે કરવાનું રાખેલ. છેલ્લા ૬-૭-૮ ઉપવાસની બારીમાં પણ છેલ્લા ઉપવાસ સુધી બધી ક્રિયા પ્રમાદરહિતપણે કરવાની રાખેલ. ૧-૨ ઉપવાસમાં ઢીલાશ અનુભવતા આરાધકને આ જોતાં તો ચમત્કાર લાગતો કે ઉપરાપર ચાલુ ઉપવાસોમાં આ કેમ બને છે? કોઈ દેવતાનો પ્રવેશ થઈ ગયો છે કે શું? નહિતર પૌષધના ત્રણ ટાઇમ મોટા દેવવંદન પણ કરવાના આવે, એમાં ય ખમા૦, કાઉ૦, ઉપવાસો ચાલુ છતાં, ઊભા થઈ થઇને કરવાનું કેમ બને? સિદ્ધિતપની પૂર્ણાહુતિમાં છેલ્લા આઠમાં ઉપવાસે પણ આખું સાંવત્સરિક પ્રતિક્રમણ, એમાં સંવસરી સૂત્ર શ્રવણ અને ૪૦ લોગ૦ કાઉ૦ પણ ઉભા ઉભા જ કરેલ. પછી પ્રભાતે કહે 'આજ તો સુદ પંચમી છે માટે ૫૧ લોગ૦ કાઉ૦ ઉભા ઉભા કરવાનો અને ૫૧ ખમાસમણા ઊભા થઈ, થઇને દેવાના.' અપ્રમત્ત આરાધનામાં ભારે ઉલ્લાસ ધરાવતા આ બાલ શ્રાવકને ઉપવાસમાં પણ આવી અપ્રમત્ત ક્રિયામાં શા રીતે રોકાય? અપ્રમાદનો રસ ક્યાં

પાવાગઢ તીર્થયાત્રાર્થે પધારવા આમંત્રણ

વડોદરા શહેરથી ૫૦ કિ. મી. દુર સુરમ્ય પ્રાકૃતિક સુંદરતાથી પરિપૂર્ણ પાવાગઢ પહાડની તળેટીમાં પૂજ્ય આચાર્ય શ્રીમદ્ વિજયઇન્દ્રદિન્નસૂરીશ્વરજી મ૦ સા૦ ની સત્પ્રેરણાથી જૈન શ્વેતામ્બર તીર્થ પાવાંગઢનું નિર્માણ થયું છે.

શિલ્પકલાયુક્ત ભવ્ય જિનાલયમાં ૫૧ ઈંચના શ્યામ વર્ણીય અત્યંત ચમત્કારી દેવાધિદેવ શ્રી ચિંતામણી પાર્શ્વનાથ પ્રભુ મૂળનાયકરૂપે બિરાજે છે. જીવનની પુણ્ય વેળાએ આ તીર્થના દર્શન, પૂજનનો લાભ લેવા વિનંતી.

યાત્રાથીઓની સુવિધા માટે સંપૂર્ણ સગવડવાળી નૂતન ધર્મશાળા તથા ભોજનશાળાની વ્યવસ્થા છે.

આ તીર્થમાં જૈન કન્યા છાત્રાલયછે. જેમાં નાનીબાળાઓ રહીને વ્યવહારિક, તથા ધાર્મિક શિક્ષણ મેળવે છે

પાવાગઢ પહાડ ઉપર જવા માટે અત્રેથી રોડ માર્ગે વાહનોથી ઉપર જવાય છે. માંચીથી રોપ-વે ચાલુ છે.

અત્રેથી બોડેલી, લક્ષ્મણી, મોહનખેડા, નાગેશ્વર આદિ તીર્થોની યાત્રાએ જવાય છે,

વિનંતીઃ શ્રી પરમાર ક્ષત્રિય જૈન સેવા સમાજ

મુ.પો. પાવાગઢ-૩૮૯૩૬૦, તા. હાલોલ, (જી. પંચમહાલ)

સત્તા-સંપત્તિનું અભિમાન જ મનુષ્યને માનવતાથી નીચે ઉતારી દે છે.

સુધી કે પજુસણુના પહેલા ત્રણ દિવસના અઠ્ઠાઈ વ્યાખ્યાન સાંભળવા સાથે સાથે એની નોંધ લખાવાનું પણ રાખેલું. બાકી ઠેઠ બારસાસૂત્ર સુધી બધા જ વ્યાખ્યાનો ટટાર બેસીને જ સાંભળવાના રાખેલાં. આ બધું જોતાં કહેવાનું મન થાય કે ધન્ય એના પિતાશ્રી પારસમલજી! અને ધન્ય એની જનની શ્રીમતી ગીરજાદેવી! માતા ગીરજાદેવીએ પુત્રના આવા મહારથી તપની ખુશાલીમાં પોતે છેલ્લી અઠ્ઠાઈ કરેલ તથા પિતાશ્રીએ બધા સિદ્ધિતપવાળા અને માસક્ષમણના તપસ્વીઓ દરેકને ૧-૧ કાંબળની પ્રભાવના કરેલ તેમજ મદ્રે વતન બેંગ્લોરમાં સ્વામિવાત્સલ્ય રાખેલું.

મદ્રાસમાં સર્વમાં પર્યુષણા પર્વની ઉજવણીનો ભારે રંગ હતો. વ્યાખ્યાનમાં સભા ચિક્કાર રહેવા છતાં શાન્તિ અદ્‌ભુત રહેતી. મહારાજ સાહેબ સ્પેશિયલ બનાવેલી નાની કેબિનમાં બેસી વ્યાખ્યાન કરતા તેથી અવાજને પડઘો સારો મળતો. બીજના દિવસે ગુણધરવાદ તો પૂ૦ આચાર્યદેવશ્રીની સ્પેશિયાલીટી હોઇ મદ્રાસના લોકો સાંભળતાં સ્તબ્ધ જ થઈ ગયા.

અત્રે વર્ધમાન તપોનિધિ આચાર્યદેવશ્રીની નિશ્રામાં જ વર્ધમાન તપનો ભારતભરમાં રેકાર્ડ તોડનાર શ્રી દલપતચંદજી બોથરા-નાગોર નીવાસીએ ૧૨૩મી વર્ધમાનતપની અખંડ ઓળી પૂર્ણ કરતાં ભારે બહુમાનપૂર્વક અનુમોદના થયેલ. તેમજ પાંચમું માસક્ષમણુ કરનારા શ્રી મોહનલાલજી મુણોતનું બહુમાન થયેલ. તપસ્વીના પારણાનો લાભ શ્રી કુંદનમલજી મીશ્રીમલજી ઓટરમલજી પરીવાર તરફથી ભારે ભક્તિભાવપૂર્વક કરાવેલ.

શ્રી સંઘપ્રમુખે ઉલ્લાસમાં આવી જાહેર કર્યું કે દિવાળી પછી અત્રે કેસરવાડીમાં ઉપધાન કરાવવામાં આવશે.

પૂ૦પાદશ્રીની આજ્ઞાથી મદ્રાસમાં ચાતુર્માસ માટે જુદે જુદે સ્થળોએ સાધુઓ આદિ મોકલવામાં આવેલા છે. ત્યાં પણ સમયાનુસાર ધર્મ આરાધના-પ્રભાવના સુંદર થઈ.

ગુજરાતી વાડી :- પૂ૦પાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય-જગચ્ચંદ્રસૂરીશ્વરજી મ૦ આદિ ઠા.ની નિશ્રામાં પૂજ્યશ્રીના સંવેગ વૈરાગ્યપૂર્ણ પ્રવચનોના શ્રવણથી, જુદા જુદા અનુષ્ઠાનો આદિ દ્વારા ધર્મારાધનામાં ખૂબ જાગૃતિ આવી છે. તપસ્યા વગેરે સુંદર થાય છે. યુવાનોમાં પણ રવિવારીય શિબિરના પ્રવચનોથી ધર્મચેતના ચેતનવંતી બની છે.

વેપેરી :- પૂ૦ ઉપાધ્યાય શ્રી યશોવિજયજી ગણીવર મ૦ આદિ ઠા. ની શુભ નિશ્રામાં તપસ્વી પૂ૦ મુનિરાજશ્રી વરબોધિવિજયજી મહારાજની વૈરાગ્યરસપૂર્ણ જિનવાણી શ્રવણથી શ્રોતાઓ ખૂબ પ્રભાવિત બન્યા છે. તપસ્યાઓ ખૂબ જોરદાર થઈ છે. આરાધનામાં વેગ વધ્યો છે. રથયાત્રાનો વરઘોડો શાસન પ્રભાવક બન્યો. પૂ૦ મુનિરાજશ્રી વરબોધિવિજયજી મ૦ની ૮૦મી વર્ધમાન ઓળીના પારણા પ્રસંગે તપની અનુમોદનાર્થે બોલીઓ ખૂબ સુંદર બોલાઈ. પૂ૦ મુનિરાજશ્રીની વાણીથી પ્રભાવિત બનેલ યુવાન વર્ગ તપસ્યામાં સારો જોડાયો. અત્રેના જ્ઞાનભંડારને વ્યવસ્થિત કરવામા પૂ૦ મુનિરાજ શ્રી હર્ષબોધિવિજયજી મ૦ની કામગીરી અનુમોદનીય રહી.

શ્રી વેપરી જૈન સંઘ તરફથી મદ્રાસના તમામ આરાધકોનું શાલ તથા ચાંદીના ધર્મોપકરણ દ્વારા સુંદર બહુમાન થયેલ. શ્રી બલસાણા તીર્થ માટે નિભાવની ટીપ સુંદર થયેલ.

ટ્રીપ્લીકેન :- પૂ૦ મુનિરાજ શ્રી ભદ્રેશ્વરવિજયજી મ૦ પૂ૦ મુનિરાજ શ્રી પુણ્યસુંદરવિજયજી મ૦ આદિ ઠાણા અત્રે પધારતા શ્રોતાઓમાં ધર્મારાધના વેગવંતી બની, તપસ્યાઓ સુંદર થઈ. રથયાત્રાના વરઘોડામાં શાસન પ્રભાવના સુંદર થઈ રવિવારીય અનુષ્ઠાનો અને બાળકોની રવિવારીય શિબિર અસરકારક બન્યા

સોલાપુર :- પૂ૦ મુનિરાજ શ્રી જિનહંસવિજયજી મ૦ તથા પૂ૦ મુનિરાજ શ્રી કલ્પરત્નવિજયજી મ૦ આદિના ચાતુર્માસ પ્રવેશથી જ શ્રી સંઘમાં અનેકવિધ આરાધનાઓ શરુ થઇ. બન્ને મુનિવરોના પ્રવચનોમાં સારી સંખ્યામાં લોકો લાભ લે છે. માત્ર પુરુષોમાં રાત્રિપ્રવચનમાં પણ સારી સંખ્યા થાય છે. ધર્મચક્રતપ, ૧૬ ઉપ૦, ૧૧ ઉપ૦, ૯ ઉપ૦, અઠ્ઠાઈ, ચોસઠપ્રહરી, પૌષધાદિ સુંદર આરાધનાઓ થઇ. સામુદાયિક ક્ષમાપના રથયાત્રાનો વરઘોડો, ચૈત્યપરિપાટી વિગેરે શાસન ધર્મ પ્રભાવક બન્યા.

પૂ૦ સાધ્વી શ્રી અનંતકીર્તિશ્રીજી આદિ ઠાણાની નિશ્રામાં શનિવારીય બેનોની શિબિરમાં એટલો ધસારો થયો કે જગ્યાના અભાવે વધુ બેનોને પ્રવેશની ના કહેવી પડી. સંવેગ રસપૂર્ણ

શ્રી નાગેશ્વર તીર્થે પધારો

શ્રી નાગેશ્વર તીર્થ ભારતમાં એક જ શ્રી પાર્શ્વનાથ ભ.ની કાયા ૧૫ ફુટ ઉંચી અને નીલવર્ણી સાત ફણાધારી કાઉસ્સગ્ગરૂપે પ્રાચીન પ્રતિમાજી બિરાજે છે.

હજારો યાત્રિકો દર્શનાર્થે પધારે છે. ભોજનશાળા ધર્મશાળા વિગેરેની સુવિધા છે. યાત્રિકોને આવવા માટે ચૌમહલા સ્ટેશને તથા આલોટથી બસ સર્વિસ મળે છે. અગાઉ સુચના આપવાથી પેઢીની જીપની વ્યવસ્થા થઇ શકશે. અઠ્ઠમ તપવાળા માટે પુર્ણ વ્યવસ્થા છે

(ફોન નં. ૭૩ આલોટ) —લિ. દીપચંદ જૈન સેક્રેટરી

શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ પેઢી

P. O. ઉન્હેલ ✲ સ્ટે. : ચૌમહલા [રાજસ્થાન]

અધિક બોલનાર ઓછું વિચારે છે, જેથી તેમને શર્મીન્દા બનવું પડે છે. માટે ઓછું બોલવાની આદત પાડે.

પ્રવચનોથી બેનોમાં ધર્મની જાગૃતિ ખૂબ સુંદર આવી.

પર્યુષણ પર્વની આરાધના માટે જુદા જુદા સ્થળોની વિનંતી આવતા પૂ૦ પાદ આચાર્યદેવેશશ્રીએ ઉદારતાથી ત્યાં પણ સાધુઓને મોકલવા કૃપા વરસાવી.

કેસરવાડી :- ૨૦૦૦ વર્ષ પુરાણા શ્રી આદિનાથ ભગવાનના આ તીર્થસ્થળમાં ચોસઠપ્રહરી પૌષધમાં કરવા માટે બધી જાતની અનુકુળતા હોવાથી મદ્રાસ અને આસપાસના ગામોથી દર વર્ષે અહીં એ માટે આરાધકો દોડી આવે છે. દર વર્ષ કરતાંએ સંખ્યામાં આ વખતે વધારો સુંદર થયો. પૂ૦ મુનિરાજ શ્રી ગુણસુંદરવિજયજી મ૦, પૂ૦ મુનિવરશ્રી મતિસુંદરવિજયજી મ૦ આદિ ઠાણા અને પૂ૦ સાધ્વી મ૦ની નિશ્રામાં ભાઈ બ્હેનોની આરાધના સુંદર થઈ. પ્રવચનમાં આલોચના આદિનું મહત્ત્વ બતાવતાં અનેક ભાવિકોએ આલોચના દ્વારા શુદ્ધિ કરી.

સાધારણભવન :- પૂ૦ મુનિરાજ શ્રી કુલબોધિવિજયજી મ૦ના રોમાંચક નવી વાર્તાથી ભરપૂર પ્રવચનોથી આરાધનામાં સારો વેગ આવ્યો. સ્વપ્ન આદિ દ્રવ્યની ઉપજ સારી રહી. તપસ્યાઓ રુડી થઈ.

પૂ૦ સાધ્વીશ્રી અનંતકીર્તિશ્રીજીએ પણ અનેક સ્થળે પોતાના આજ્ઞાવર્તી સાધ્વીઓ પર્વારાધના નિમિત્તે મોકલી શ્રાવિકા બેનોની આરાધન મા ખૂબ ઉત્સાહ વધાર્યો.

દાદાવાડી :- અત્રે શ્રી સુમતિનાથ ભગવાનનું ભવ્ય જિનમંદિર છે. પૂજ્ય મુનિરાજ શ્રી ભુવનસુંદરવિજયજી મ૦સાં૦ તથા પૂ૦ મુનિરાજ શ્રી સૂર્યકાન્તવિજયજી મ૦ સાહેબ પર્યુષણાની આરાધના કરવા ૧૧ વર્ષ બાદ પધારતાં શ્રી સંઘમાં આનંદ આનંદ છવાયો હતો. આઠેય દિવસ પ્રભુજીને લાખેણી આગી થઈ. સુપના આદિની બોલીઓ ખૂબ સારી થઇ. શ્રી સંઘે હવેથી કાયમ સુપનાની બોલીઓ બોલાવવી તેમ નક્કી કર્યુ... પાઠશાળા જે બંધ પડી હતી તે શરૂ કરવાનું નક્કી થયું. પાઠશાળા, જીવદયા-અનુકંપા, સાધર્મિકભક્તિ આદિ ટીપો ખૂબ જ સુંદર થવા પામી હતી પર્યુષણના પ્રથમ દિવસે હિંસા બંધ કરવી જોઇએ તેવી પ્રેરણાથી આજીવન રાત્રિભોજન અને અનંતકાય ત્યાગના નિયમો થયા હતા.

પર્યુષણાપર્વની ઠેરઠેર ધર્મઆરાધના.

ખંભાત :- શ્રી વિશા ઓશવાળ જૈન ઉપાશ્રયે પૂજ્યપાદ વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ૦ના. પ્રશિષ્યરત્ન શાસનપ્રભાવક આચાર્યદેવશ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્નનો ૫૦પૂ૦ મુનિરાજ શ્રી નિપુણચંદ્ર વિ. મ૦સાં૦ તથા પ૦ પૂ૦ મુનિરાજ શ્રી અક્ષયબોધિ મ૦ સા૦ના પાવન પગલાં થતાં જ શ્રી સંઘમાં આરાધનાનું સુંદર વાતાવરણ સર્જાએલ છે. દર રવિવારીય વિવિધ અનુષ્ઠાનો તેમજ પર્યુષણ મહાપર્વની ઐતિહાસિક આરાધનાઓની અનુમોદનાર્થે ભા. વદ ૨ રવિવારે તા. ૧૭-૯-૮૯ના ભવ્યાતિભવ્ય મહાપૂજાનું આયોજન કરવામાં આવેલ. જેમાં પરમાત્માની ઝવેરાતની ભવ્ય અંગરચના ફુલોની સજાવટ, ધુપ-અત્તરની મહેંક રંગબેરંગી લાઈટો દિપકની રોશની, વિવિધ રચનાઓ, બાળક-બાલિકાઓનું ભવ્ય સ્વાગત જેમાં પાવાપુરી જલમંદિર, સમેતશીખરજી તીર્થ, મધુવન દશાર્ણભદ્રની ભવ્ય સવારી, પાંચ પાંડવો, ચામર વિંજતા ઇન્દ્રો, પરમાત્માને પીઠ ઉપર બેસાડી કળા કરતો મોર, છડીદારો....ચોપલીનો... ફોજદારોના ડ્રેસયુક્ત બાળકો.... આમ અનેક વૈવિધ્ય અને વિશેષતાપૂર્ણ મહાપૂજાનું ભા. વદ ૨ રવિવારે બપોરે ૩-૦૦ વાગે વાજતે ગાજતે ઉદ્ઘાટન થયેલ. ઉદ્ઘાટનથી મોડી રાત્રે ૧૦-૩૦ વાગ્યા સુધી દર્શનાર્થીઓનો અભૂતપુર્વ ધસારો રહેલ. બીજા દિવસે પણ જૈન જૈનેતરો દર્શનાર્થે ઉમટેલા... ત્રીજા દિવસે ૧૦-૦૦ વાગ્યાથી ૧-૦૦ વાગ્યા સુધી ખંભાતની ૬ સ્કુલોના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ શિક્ષક-શિક્ષીકાઓ દર્શનાર્થે પધારેલા. મહાપૂજાનાં દર્શન કર્યા બાદ દરેકના મૂખમાંથી અનુમોદના ઉદ્ગારો પ્રશંસાના શબ્દો નીકળતા હતા કે શું ભગવાનની આંગી, શું પરમાત્માની શોભા? શું યુવાનોની મહેનત? શું રચનાઓની ભવ્યતા આપણા તો આજ મન નયન અને જીવન ધન્ય બની ગયા.

ટીપટુર (કર્ણાટક) :- પુ૦ પં૦ શ્રી વિમળસેનવિજય ગણી મ૦ની નિશ્રામાં અત્રે ચાતુર્માસિક આરાધના ખૂબ સુંદર ચાલી રહી છે. પર્યુષણા પર્વમાં સ્વપ્નદ્રવ્ય આદિ ઉપજ દર વર્ષ કરતાં પાંચ ગણી વધુ થઇ. ૩૫ ઘરની જૈનોની વસ્તીમાં આ થઇ અને તેની ઉપરની તપસ્યા ૩૦ ઉપર થઇ. પૂ૦ વ્યાખ્યાતા મુનિવર શ્રી નંદિભૂષણવિજય મ૦ના ક્ષમાપના પરના પ્રવચનથી અનેક કુટુંબોમાં કલહ દૂર થઈ શાંતિ પ્રસરી.

ટીપટુરના આગેવાન શ્રાવક મનસુખલાલ મણિલાલ શાહ લખે છે.

"પર્વ પહેલા એક વ્યાખ્યાન રવિવારના બપોરના ૩-૩૦ થી ૫ ૩૦ સુધી પૂ૦ મુનિરાજ શ્રી નંદીભૂષણવિજયજી મ૦એ રાખેલ. એ વ્યાખ્યાન એટલું બધું અસરકારક નિવડયું કે બધાને મનોમન ખૂબ જ શાંતિ થયેલ ૨/૩ કિસ્સામાં તો ક્ષમાપનાના રહસ્યો જાણ્યા પછી અંદરોઅંદર એકબીજાને ખમાવેલ અને ક્ષમાપના આપેલ અને લીધેલ. તેઓના તો ભવિષ્ય સુધરી ગયા અને તેઓના ઘરમાંથી કંકાસ નિકળી ગયા યા એક વાત તો વ્યાખ્યાનથી ચોક્કસ બની ગઇ કે તેઓના ઘરસંસારમાં વેરઝેર મરી ગયા અને સોનામાં સુગંધ ભળે તે પ્રમાણે એકબીજાના થઈ ગયા. મુનિ ભગવંતની વાણીમાં કેટલો જાદુ છે કે બધાને મેગનેટની

વિતરાગ માર્ગ ઉપર ચાલવાનો પહેલો મંત્ર છે-ક્ષમા. ક્ષમા મોક્ષનું દ્વાર છે.

જેમ ખે[illegible] છે....

ભુજ :- સ્થવિર પૂ૦ મુનિરાજ **શ્રી દેવસુંદરવિજયજી** મ૦ની શુભ નિશ્રામાં પ્રખર વ્યાખ્યાતા પૂ૦ મુનિવર શ્રી રત્નસુંદરવિજયજી મ૦ના નદીના ધોધ જેવા વહેતા પ્રવચન પ્રવાહથી અત્રે શાસન-પ્રભાવના સુંદર થઈ. પર્યુષણા પર્વની આરાધના ખૂબ ઉલ્લાસમય થઈ છે. સુપનાની ઉછામણીમાં પૂર્વના બધા જ રેકર્ડ તૂટી ગયા. મહાવીરજન્મ વાચન પછી રાત્રિભોજન ન થાય એની તકેદારી રખાઇ.

સાતેય ગચ્છનો રથયાત્રાનો વરઘોડો ખૂબ શાસનપ્રભાવક બન્યો. પર્યુષણના બધા જ વ્યાખ્યાનો વ્યાખ્યાતા મુનિરાજે વાચ્યા. લોકોની હાજરી સુંદર રહી.

ચાતુર્માસ બાદ કચ્છની પંચતીર્થનો પંદર દિવસીય છ'રી-પાળતો યાત્રાસંઘ કાઢવા માટે એક સ્થાનકવાસી ભાઇ સ્વયં તૈયાર થયા, ને સંઘને વિનંતિ કરતાં એ ધ્રુસકે ધ્રુસકે રડી પડયા. છેલ્લા ૫૦ વરસમાં પંચતીર્થનો આ છ'રીપાળતો યાત્રા સંઘ પહેલો છે.

પર્યુષણા બાદ પાંચ રવિવારિય શિબિરની જાહેરાત થતા ૮૦૦ જેટલા પાસ વેંચાઇ ગયા. શિબિર જાહેરાતથી યુવાનો ખૂબ આનંદ ઉમંગમાં છે.

સાંગલી (મહારાષ્ટ્ર) :- પંચપ્રસ્થાનારાધક પૂ૦ આચાર્ય દેવ શ્રીમદ્ વિજયજયશેખરસૂરીશ્વરજી મ૦ તથા વિદ્વદ્વર્ય વ્યાખ્યાતા મુનિવર શ્રી અભયશેખરવિજયજી મ૦ આદિ ઠા. ૧૦ની નિશ્રામાં ચાતુર્માસિક તથા મહાપર્વની આરાધના સુંદર થઇ. માસખમણ ધર્મચક્ર આદિ તપસ્યાઓ પણ જોરદાર થઇ. સ્વપ્નદ્રવ્ય ઉપજ એ નવકારશીજમણ આદિ સુંદર થયા.

આજુબાજુના જયસિંગપુર, માધવનગર, મીરજ વગેરે સ્થળે સાધુઓ મોકલવાથી બધે જ આરાધના રૂડી થઈ. જયસિંગપુરમાં વર્ષોથી તૈયાર થયેલ નૂતન જિનાલયમાં પ્રતિષ્ઠાનું નક્કી થતા શ્રીસંઘમાં આનંદ છવાયો.

વિજયવાડા :- તપસ્વી પૂ૦ મુનિરાજ શ્રી દિવ્યરત્નવિજયજી મ૦ વ્યાખ્યાતા પૂ૦ મુનિરાજ શ્રી અજિતશેખરવિજયજી મ૦ આદિ ઠા[illegible] ના અત્રેના ચતુર્માસમાં શ્રી સંઘમાં ધર્મનો રંગ વધતો ચાલ્યો છે. રોજના વ્યાખ્યાનમાં ૭૦૦થી હોલ ભરાઇ જતો તેથી પર્યુષણના વ્યાખ્યાનમાં બીજી સગવડ કરાઇ તો ૧૨૦૦ લોકો ભાગ લેતા. શ્રીસંઘમાં બે માસક્ષમણ, ૧૬ સિદ્ધિતપ, ૫૨ અઠ્ઠાઇ, આદિ અનેક તપસ્યા સુંદર થઇ. એનો વરઘોડો શાસનપ્રભાવક બન્યો. યુવા શિબિર અને બાળકોની શિબરમાં જિનવાણીનો લાભ સારો લેવાય છે.

તપસ્વી પૂ૦ મુનિરાજ શ્રી દિવ્યરત્નવિજયજી મ૦ની વર્ધમાન તપની ૮૧મી ઓળીના પારણાનો લાભ પાડીવાળા પુખરાજજીએ ૫૦૦ સળંગ આયંબિલની ઘોષણા દ્વારા કર્યો. સ્થાનિક પત્રકારો પ્રભાવિત થતા તપસ્વીના તથા જૈન ધર્મના સિદ્ધાંતોની પ્રશંસા કરતા લખાણ દૈનિક આદિ પત્રોમાં ચમક્યા.

મુંબઈ-મલાડ (ઇસ્ટ) :- પૂ૦ મુક્તિદર્શનવિજયજી મ૦ આદિની શુભ નિશ્રામાં અત્રે ચાતુર્માસ અને પર્વ દરમ્યાન વ્યાખ્યાનાદિમાં લોકોની હાજરી ઉલ્લાસ સારા રહ્યા. ૭૦ જેટલા ભવ્યોએ ભવ આલોચના દ્વારા શુદ્ધિ કરી. હજી નવા નવા જોડાઈ રહ્યા છે. ચાર વર્ષની ઉમ્મરની બાલિકાની અઠ્ઠાઇથી જૈનો અને ઇતરો પણ પ્રભાવિત થયા.

સિરોહી (રાજ.) :- પૂ૦ આ. શ્રી વિજયગુણરત્નસૂરિશ્વરજી મ૦સા૦ના ઉપદેશથી ચાલુ સાંકળી અઠમ, ૧૭૦ ભગવાનની આરાધના, રવિવારિય શિબિર, જાહેર પ્રવચન, માસખમણો, સિદ્ધિતપ આદિની ધર્મપ્રભાવના સારી થયેલ.

પ્રાચીન તીર્થ શ્રી મોટાપોશીનાજીની યાત્રા કરી માનવ જીવન સફળ બનાવો

શ્રી મોટા પોશીના પ્રાચીન તીર્થ ગુજરાત-રાજસ્થાનની સરહદ ઉપર અરવલ્લીના રમણીય પહાડોમાં આવેલ છે. ચાર શિખરબંધી દેરાસરો, બે દેરીઓ તથા એક અધિષ્ઠાયક દેવની દેરી અત્રે શોભી રહી છે. જાગૃત અધિષ્ઠાયક દેવશ્રી પરિપૂજીત આ તીર્થમાં દરેક પ્રકારની સગવડતા છે.

અત્રે મધ્યકાલીન સમયની યક્ષ-યક્ષિણી, શ્રાવક-શ્રાવિકાની આરસની કલામય મૂર્તિઓ, સને ૧૩૧૪ની ધાતુની પ્રતિમા અને સંપ્રતિ મહારાજાના સમયની શ્રી પાર્શ્વનાથ, શાંતિનાથ, ઋષભદેવ તથા મહાવીરસ્વામીની વિશાળકાય, પ્રશાંત અને આકર્ષક પ્રતિમાઓને જુહારી સમ્યગ્દર્શન નિર્મળ બનાવો.

અત્રે પધારવા અમદાવાદ, આબુરોડ, પાલનપુરથી એસ. ટી. બસોની સુવિધા ચાલુ છે.

"દેરાસરોના જીર્ણોદ્ધારનું કામ ચાલુ છે.
લાભ લેવા વિનંતી છે."

શ્રી મોટાપોશીના જૈન શ્વે. દેરાસર ટ્રસ્ટ
મુ. પો. મોટાપોશીના-૩૮૩૪૨૨ વાયા : ખેડબ્રહ્મા જિ. સાબરકાંઠા

'જૈન' પત્રના ગ્રાહકોને નમ્ર વિનંતી

જે ગ્રાહક બંધુઓએ ચાલુ વર્ષનું લવાજમ ન મોકલ્યું હોય તેમણે રૂા. ૫૦/- M. O. મોકલાવવા વિનંતી.

પાટણ: ૧૧ મો જૈન સાહિત્ય સમારોહ

"પાટણ એ ૫૦૦ વર્ષ સુધી ગુજરાતની રાજધાની હતી. ત્યાં લક્ષ્મી અને સરસ્વતીનો સરસ સમન્વય હતો. કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યનું જ્ઞાન સાહિત્ય અને સંસ્કારક્ષેત્રે અનન્ય પ્રદાન હતું. તેઓ ગુજરાતી ભાષાના જન્મદાતા અને ગુજરાતની અસ્મિતાના પ્રથમ ગાયક હતા." એમ ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી કુલીનચંદ્ર યાજ્ઞિકે ચારૂપ તીર્થમા શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ઉપક્રમે યોજાયેલ અગિયારમાં જૈન સાહિત્ય સમારોહનું ઉદ્‌ઘાટન કરતાં જણાવ્યું હતું. આ અગિયારમાં જૈન સાહિત્ય સમારોહ માટે શ્રી લાલજીભાઈ વેલજીભાઈ એન્કરવાલા ચેરિટેબલ ટ્રસ્ટનો આર્થિક સહયોગ સાંપડયો હતો.

અગિયારમાં જૈન સાહિત્ય સમારોહનો મંગળ પ્રારંભ પુ૦ મુનિશ્રી જંબુવિજયજીની નિશ્રામાં એમના દ્વારા નમસ્કાર મહામંત્ર અને અન્ય સ્તુતિ ગાનથી થયો હતો. એમણે જણાવ્યું હતુ કે મહાવીરના શાસનમાં અહિંસા મહત્વની છે. એની પરંપરામાં કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે મહારાજા કુમારપાળ દ્વારા એનો વ્યાપ અને વિસ્તાર કર્યો. એ અહિંસાની ભાવના રાષ્ટ્રપિતા ગાંધીજી સુધી ઉતરી આવી. ગુજરાતના ખમીરની વાત કરતાં એમણે સરદાર વલ્લભભાઈ પટેલનું પણ ભાવપૂર્વક સ્મરણ કર્યું.

શ્રી મહાવીર જૈન વિદ્યાલય વતી તેના મંત્રી શ્રી શાંતિલાલ ટી. શાહે સૌનું સ્વાગત કરતાં આ સંસ્થાની સાહિત્ય અને પ્રકાશનની આંતર રાષ્ટ્રીય ખ્યાતિ અપાવે એવી જિનાગમ પ્રકાશન પ્રવૃત્તિનો ખ્યાલ આપ્યો હતો.

જૈન સાહિત્ય સમારોહના સંયોજક ડો. રમણલાલ ચી. શાહે આ પ્રવૃત્તિ શ્રી મહાવીર જૈન વિદ્યાલય તરફથી ચાલુ રહે, પરંતુ નવા મિત્રોને આ પ્રવૃત્તિની જવાબદારી સોંપવાનું સૂચન કર્યું. અગિયાર જૈન સાહિત્ય સમારોહ થયા બાદ તેના વિકાસની દિશા સૂચવી. વાંચના અને પરિસંવાદ તરફ લક્ષ્ય વાળવાનું એમણે મહત્તા દર્શાવી હતી. તે અનુસાર વાચનામાં કોઈ એક ગ્રંથનો ગુરુ ભગવંત સ્વાધ્યાય કરાવે અને તે પર ચર્ચા થાય. તે આઠ દસ જિજ્ઞાસુના વર્તુળમાં જ શકય બને, પરિસંવાદમાં ૪૦-૫૦ અભ્યાસીઓ કોઈ નિશ્ચિત વિષય પર નિબંધ વાંચે અને તે પર વિસ્તૃત ચર્ચા-વિચારણા થાય. આવી બે મહત્વની પ્રવૃત્તિ અમે શરૂ કરવા માગીએ છીએ. શ્રી મહાવીર જૈન વિદ્યાલય અગર અન્ય કોઈ સંસ્થા દ્વારા આ પ્રવૃત્તિ ચલાવવામાં આવશે એમ તેમણે ઉમેર્યું હતું.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયના મંત્રી શ્રી હિંમતલાલ એસ. ગાંધીએ આ ઉદ્‌ઘાટન સભાનું સંચાલન કર્યું હતું અને પૂર્ણાહુતી બેઠકના અંતમાં ટ્રસ્ટી શ્રી નટવરલાલ એસ. શાહે આભાર દર્શન કર્યું હતું.

આ સમારોહમાં ભાગ લેવા ભુજ, અમદાવાદ, વલ્લભ વિદ્યાનગર અને મુંબઈથી સોએક જેટલા વિદ્વાનો અત્રે પધાર્યા હતા.

પરિષદ આયોજિત મીલન

શ્રી જૈનધર્મ તત્ત્વજ્ઞાન પ્રચારક પરિષદની સામાન્ય સભા અને ભારતભરની પાઠશાળાઓના શિક્ષકબંધુઓ, શિક્ષિકા બહેનો તથા કાર્યકર્તાઓનું મીલન શ્રી સિદ્ધગિરિ તીર્થની છત્રછાયામાં યોજવામાં આવેલ છે.

આ પ્રસંગે શ્રી સિદ્ધગિરિ તીર્થમાં બિરાજમાન પૂજ્ય આચાર્યભગવંતાદિ ગુરુદેવોનો સમ્યગ્‌જ્ઞાન વિષયક અપૂર્વ લાભ મળશે.

મીલન સ્થળ :
શ્રી ભક્તિ વિહાર ધર્મશાળા
તલેટી પાસે, પાલીતાણા-૩૬૪૨૭૦

શુભ દિવસ
તા. ૧૮-૧૧-૮૯ કા. વદ ૬ શનિવાર
તા. ૧૯-૧૧-૮૯ કા. વદ ૭ રવિવાર

લિ. મંત્રીઓ

શ્રી જૈનધમ તત્ત્વજ્ઞાન પ્રચારક પરિષદ

A-૦૦૧, દર્શન એપાર્ટમેન્ટ, શંકરલેન, કાંદીવલી (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૬૭.

તા. ક. : પરિષદના સભ્યોને આમંત્રણ પત્ર મોકલવામાં આવેલ છે. કારણવશ તે ન મળેલ હોય તો આ જાહેરાત વાંચી પધારવા આમંત્રણ છે.

આપણું જ્ઞાન કેટલું અલ્પ છે, તેની જાણકારી વધુ જાણકારી મેળવ્યા બાદ થાય છે.

શ્રી મુક્તિ કમલ-કેસર ચંદ્રસૂરીશ્વરજી જૈન વિદ્યાપીઠ ટ્રસ્ટ, મુક્તિધામ

ગાંધીનગર, હાઇવે રોડ, મુ. થલતેજ, પો. અમદાવાદ-૩૮૦૦૫૪ ફોન નં. ૪૯૧૯૮૩

મહાન પુણ્યના ઉદયે મળેલી લક્ષ્મીનો સન્માર્ગે વાપરવાનો અમૂલ્ય અવસર

સહર્ષ જણાવતા આનંદ થાય છે કે મુક્તિ-ધામ સંસ્થાના પ્રણેતા સૌરાષ્ટ્ર કેશરી શાસનપ્રભાવક પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી વિજયભુવનરત્નસૂરીશ્વરજી મહારાજની શુભ પ્રેરણાથી અને શુભાશિષથી અમદાવાદ શહેરથી ૯ કિ. મી. સરખેજ ગાંધીનગર હાઇવે રોડ પર થલતેજ ચાર રસ્તા પાસે "મુક્તિ-ધામ" સંસ્થા સાકાર પામેલ છે. પૂજ્યશ્રીના શિષ્યરત્ન સરળ સ્વભાવી મધુરવક્તા પ. પૂ. પંન્યાસ પ્રવરશ્રી યશોવિજયજી મ૦સા૦ની નિશ્રામાં સંસ્થાના દરેક કાર્યો ચાલી રહ્યા છે

પૂજ્યપાદ આચાર્ય ભગવંતની પાવન નિશ્રામાં સં. ૨૦૪૨ની સાલમાં વૈશાખ સુદ ત્રીજ (અક્ષય તૃતીયા)ના શુભ દિને પ્રથમ તીર્થપતિ દેવાધિદેવ શ્રી આદિનાથ પ્રભુ એવં પ્રગટપ્રભાવિ શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથ પ્રભુ તથા જિનશાસન રક્ષીકા શ્રી ચક્રેશ્વરી માતા એવં ભગવતી શ્રી પદ્માવતી માતા આદિની અંજનશલાકા પ્રતિષ્ઠાદિ પ્રસંગો અપૂર્વ શાસન પ્રભાવનાસહ વિર્યોલ્લાસથી ઉજવાયેલ.

પૂજ્યશ્રીના અંતરમાં વર્ષોથી ભાવના હતી કે જિનશાસનને પામેલા બાળકમાં વ્યવહારિક જ્ઞાન સાથે સમ્યગ્જ્ઞાનનું સિંચન પણ થવું જોઇએ. 'સંસ્કાર વિનાનું જીવન તો પાયા વગરનું મકાન' આજનો વૈજ્ઞાનિક, વિલાસી, વર્તમાન યુગમાં બાળકોનું ભૌતિક સુખ દિનપ્રતિદિન વધતું જાય છે. પરંતુ સાચુ તથા આધ્યાત્મિક સુખ હણાતું જાય છે. બાળકોમાં આર્યસંસ્કૃતિનું વિસર્જન થતું જાય છે અને પાશ્ચાત્ય સંસ્કૃતિનું અનુકરણ થતું જાય છે- તેથી બાળકોને ધાર્મિક સંસ્કાર સાથે નૈતિક જીવન જીવવાની તાલીમ મળી રહે તે માટે પૂજ્યશ્રીની પ્રેરણાથી મુક્તિ-ધામ સંસ્થામાં ભવ્ય જિન મંદિર, ગુરૂ મંદિર, ધર્મશાળા, ભોજનશાળા, ઉપાશ્રય, આદિ સ્થાનો નિર્માણ થયા છે. તદ્ઉપરાંત પૂજ્યશ્રીની ભાવના મુજબ જૈન વિદ્યાપીઠ પણ નિર્માણ થઇ રહી છે, સં. ૨૦૪૩ના ચૈત્ર શુદ ૧૪ના દિવસે પૂજ્યશ્રીનો દેહવિલય પામતાં આ સંસ્થા સ્થાપનાનું કાર્ય તેમના શિષ્યરત્ન પ. પૂ. પંન્યાસ પ્રવર શ્રી યશોવિજયજી મ૦સા૦ની નિશ્રામાં ટ્રસ્ટીગણ સંભાળી રહ્યા છે.

વિદ્યાપીઠનો મુખ્ય ધ્યેય-મધ્યમ વર્ગના જૈન બાળકોનું ભાવિ મજબૂત બને તે માટે વિદ્યાપીઠમાં બાળકોને (Free of Charge) વિના મૂલ્યે ભણાવવાનો ઉદ્દેશ છે. તેથી આ કાર્ય માટે એક ટીકીટ ડ્રો યોજના રાખેલ છે. તેની વિગત નીચે મુજબ છે. તો આ ડ્રો યોજનામાં આપશ્રી યથાશક્તિ લાભ લઇ વિદ્યાપીઠના કાર્યમાં સહભાગી બનશો.

"ભવ્ય ડ્રો યોજના"

- 卐 પહેલે લકી નંબર આવે તેનું નામ 'વિદ્યાર્થી ગૃહના મકાન ઉપર લખાશે.'
- 卐 બીજો લકી નંબર આવે તેનું નામ 'આરામગૃહના હોલ ઉપર લખાશે.'
- 卐 ત્રીજો લકી નંબર આવે તેનું નામ 'આરામગૃહના હોલની અંદર લખાશે.'
- 卐 એક ટીકીટ ખરીદનારનું નામ 'આરસની તકતીમાં લખાશે.'
- 卐 લકી ડ્રો માં જે ભાગ્યશાળીનો નંબર લાગશે તેમને પત્રથી જાણ કરવામાં આવશે.
- 卐 ડ્રો નું આયોજન પ પૂ. પં. શ્રી યશોવિજયજી મ૦સા૦ની પાવન નિશ્રામાં કરવામાં આવશે.

પ. પૂ૦ પં. પ્ર. શ્રી યશોવિજયજી મ૦સા૦ની નિશ્રામાં પચાસ વર્ષ પ્રાચીન રાયણવૃક્ષ નીચે પ્રથમ તીર્થપતિ દેવાધિદેવ આદેશ્વર દાદાના ૪૧ ઇંચના પગલા તથા પૂજ્યશ્રીના દાદાગુરૂ પ. પૂ. આચાર્યદેવશ્રી વિજયચંદ્રસૂરીશ્વરજી મ૦સા૦ તથા પં. પૂ. ગુરૂદેવશ્રી વિજયભુવનરત્નસૂરીશ્વરજી મ૦સા૦ના પગલા જેમાં પ્રતિષ્ઠિત કરવામાં આવશે. કમલ મંદિર ભવ્યાતિભવ્ય બની રહેલ છે. આ ઉત્તમ તથા મંગલ કાર્યના આદેશ આપવાના બાકી છે માટે જે ભાગ્યશાળીઓને આદેશ લેવાની ભાવના હોય તેઓએ પ. પૂ પં. પ્ર. શ્રી યશોવિજયજી મ૦ સા૦ને મળવા વિનંતી છે.

લી. મુક્તિ-કમલ-કેશર ચંદ્રસૂરીશ્વરજી જૈન વિદ્યાપીઠ, ટ્રસ્ટના ટ્રસ્ટીગણના જયજિનેન્દ્ર

૧ જયંતીલાલ એમ. બગડીયા	૨. નવીનચંદ્ર બી. દીઆરા	૩. ટોકરશી દામજી શાહ
ભગવતી ટેક્ષટાઇલ, પાંચ કુવા,	૭, રાજેન્દ્ર વિલાસ, દોલતનગર, રોડ નં.૭	૩, દલાલ કોટેજ બીલ્ડીંગ, સેવારામ
અમદાવાદ-૩૮૦૦૦૧	બોરીવલી (પૂર્વ), મુંબઇ-૬૬.	લાલાવાની રોડ, મુલુન્ડ (પશ્ચિમ) મુંબઇ-૮૦
ટે. ઘર : ૪૪૮૨૦૬	ટે. ઘર : ૬૦૫૬૩૨૫ દુકાન-૩૪૬૦૬૩	ટે. ઘર : ૫૬૧૭૮૮૪

તા. ક. :- પુજ્ય પંન્યાસશ્રી યશોવિજયજી મ૦સા૦નું ચાતુર્માસ પ્રાર્થનાસમાજ શ્રી ચંદ્રપ્રભુસ્વામી જૈન દેરાસર-મુંબઇમાં છે.

પ્રથમવાર : અખિલ ભારતીય જૈન પત્રકાર અધિવેશન

નાણં પયાસ-જ્ઞાન એ તો પ્રકાશ છે. એવો પ્રકાશ કે જે જીવનને અજવાળે છે, વિકાસનો માર્ગ દર્શાવે છે. અને જીવનના અંતિમ ધ્યેય તરફ દોરી જાય છે. આ જ્ઞાનના પ્રચાર-પ્રસાર માટે ઉત્સાહ, ખંત, લગન અને ધીરજપૂર્વક સતત પ્રયત્નશીલ રહેવું એટલે શ્રમણુત્સ-પત્રકારત્વ.

દેશ, ધર્મ, સંપ્રદાય, જ્ઞાતિ અને સમાજની વિકાસ કૂચ સાધવા અને તેના મુંઝવતા પ્રશ્નો તરફ રાજ્યનું, દેશનું અને સમાજનું ધ્યાન દોરવું અને એ પ્રશ્નોની છણાવટ કરી લોકમત જાગૃત કરવો અને સમાજની ઉન્નતિ થઇ શકે એવા ઉપાયો સૂચવવા માટે પત્રકારત્વના નૂતન ઉપાયની શોધ આજથી બસો-અઢીસો વર્ષ પૂર્વે થઈ હોય તેમ જણાય છે. તેમાં જૈન પત્રકારિત્વની શરૂઆત ૧૨૫ વર્ષ પૂર્વે થઈ હોય તેમ લાગે છે.

પત્રકારિત્વની શરૂઆત થઇ અને વર્તમાનપત્રો પ્રગટ થવા લાગ્યા, ત્યારે એની પાછળનો હેતુ વ્યવસાયિક એટલે કે આવકનું સાધન ઉભું કરવાનો નહી પરંતુ વિવિધ જાતના દેશ, ધર્મ, સંપ્રદાય, જ્ઞાતિ સમાજ, શિક્ષણ, સાહિત્ય વગેરેને લગતા વિચારો -સમાચારો પ્રગટ કરવાનો હતો.... સમયના વહેણની સાથે માનવની બુદ્ધિએ વર્તમાન પત્રનો એટલે કે પત્રકાર વિદ્યાનો ઉપયોગ પણ કમાણીના એક સાધન તરીકે વિકસાવ્યો. તેમજ ઉપયોગી માહિતીપ્રદ સામગ્રી-સમાચારોથી એટલું સમૃદ્ધ કરવામાં આવ્યું કે વર્તમાન પત્ર એ સમાજ જીવનનું તથા જાહેર જીવનનું એક અનિવાર્ય અંગ બની ગયું. તેનો લાભ-ગેરલાભ ક્યાં ને કેટલો થયો તે એક સંશોધન માગી લે તેવું છે. એ કરવાની હામ કોણ દેખાડે?

આ વાત થઇ સર્વે પત્રોની હવે આપણે આપણા જૈન પત્રોની પરિસ્થિતિ-વિકાસ અને વિસ્તાર અંગે વિચારીએ.

જૈન ધર્મ એ વિશ્વમૈત્રીનું ધ્યેય રાખનાર મુળભૂત પ્રકૃતિનો ધર્મ-વિચાર કરીએ તો જૈન સાહિત્યને કેવળ ભારતીય સંસ્કૃતિની જ નહિ પરંતુ સમગ્ર માનવ સંસ્કૃતિની બહુમુલી મૂડી કે એનું અગત્યનું અંગ લેખવામાં કદાચ કોઇને અતિશયોક્તિ લાગે તો પણ એમાં વાસ્તવિકતા પણ રહેલી છે. એમા શંકા નથી. અલબત્ત જીવન પદ્ધતિ અને વિચાર પદ્ધતિનો ભેદ સંકુચીતતા, અજ્ઞાન, અંધશ્રદ્ધા કે અહંકાર વગેરેને કારણે જન્મેલ લીધે જિનેશ્વરોની ધર્મવાણી એ વિશ્વવાણી બનવાથી વંચિત રહી જાય છે!

દેશમાં અને વિદેશમાં જેમ જેમ વર્તમાનપત્રો તેમજ અઠવાડિકો, પાક્ષીકો, માસીકો જેવા સામાયિકોનું મહત્વ તથા વર્ચસ્વ વધતું જોઇ આપણે જૈનો પણ તેના અનુકરણીય બની રહ્યા અને જૈન ધર્મ, સંપ્રદાય, ગચ્છ, જ્ઞાતિ, સંસ્થા અને વ્યક્તિગત આપણે ત્યાં જુદી જુદી ભાષામાં ૨૫૦ જેટલા પત્રો પ્રગટ થવા લાગ્યા. જેના ઉપરથી પણ સમજી શકાય છે કે વર્તમાનપત્રોને અપનાવવામાં અને પત્રકારિત્વને પ્રોત્સાહન આપવામાં જૈન સમાજનો ફાળો કેટલો મોટો છે.!

જૈન ધર્મનાં પ્રચાર અને પ્રસારના કાર્યમાં પોતાની સંનિષ્ઠ સેવા પ્રદાન કરી રહેલ ભારત અને વિદેશોથી જે જે પત્રો ૨૫૦ થી પણ વધુ પ્રગટ થાય છે તે સર્વેનું તથા સાર્વજનિક અખબારો, સાપ્તાહિકો, સામાયિકો, રેડિયો અને ટી.વી. જેવા પ્રચાર માધ્યમોમાં આપણા ૫૦૦ જેટલા ભાઈ-બહેનો પત્રકારિત્વનું કાર્ય કરી રહેલ છે તે સર્વેનું એક અધિવેશન ગુજરાત રાજ્યના અમદાવાદ જિલ્લાના ધોળકા મુકામે શ્રી કલિકુંડ તીર્થે મળી રહેલ છે જે વીર સંવત ૨૫૧૬ (વિક્રમ સં. ૨૦૪૬) ના કારતક વદ ૧૨ શુક્ર ૧૨ શનિ, ૧૩ રવિ તા. ૨૪-૨૫-૨૬ નવે. ૮૯ના આ અખિલ ભારત જૈન પત્રકાર અધિવેશન રૂપે મળશે

અખિલ ભારત જૈન પત્રકાર અધિવેશન દ્વારા જૈન પત્રકાર સંઘની સ્થાપના કરવાનો આ પ્રયત્ન થઇ રહેલ છે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય જૈન ધર્મના પ્રચાર-પ્રસાર માટે ભગવાન મહા-

(અનુસંધાન પાના નંબર ૩૮૮ ઉપર

નવીન વર્ષની ઉષા પ્રગટે છે. વ્યકિતના જીવનમાં કોઇ માંગલિક અવસર આવે છે, ત્યારે અભિનંદન શુભેચ્છા અને ધન્યવાદની અમૃતવર્ષા કરવામાં આવે છે. પણ આ અભિનંદન શુભેચ્છા અને ધન્યવાદ જ્યારે ઔપચારિક કે કેવળ મૌખિક હોય છે ત્યારે એનો પરિણામકારક કોઈ વિશેષ અર્થ રહેતો નથી. જ્યારે આવા અભિનંદન શુભેચ્છા અને ધન્યવાદની પાછળ એ આપનારનું હૃદયબળ કામ કરતું હોય એને એ ઝીલનારમાં પુરુષાર્થ પરાયણતા, કર્તવ્યબુદ્ધિ અને સેવાભાવનાનું આંતરબળ પ્રગટેલું હોય ત્યારે એનું જે કંઈ પરિણામ આવે છે, તે અનોખું હોય છે. અને એનો લાભ દીર્ઘ સમય સુધી મળતો રહે છે.

શુભેચ્છા સાથે : **મેસર્સ. એ. ચોકસી કેમીકલ ઈન્ડસ્ટ્રીઝ**

મેન્યુફેક્ચર્સ : ફોસ્ફેટ સોલ્ટ અને બીજા કેમીકલો

ઓફિસ : ૧૦૧, એમ. જી. રોડ, શેટ્ટી હાઉસ, બીજા માળે, મુંબઈ—૪૦૦૦૨૩

પૂ૦ આચાર્યશ્રી વિજયઅશોકચંદ્રસૂરીશ્વરજી મ૦ સા૦ ની શુભ નિશ્રામાં

જામનગર જૈન સંઘમાં થયેલ અભૂતપુર્વ આરાધના

જામનગરને આંગણે શ્રી વીશા શ્રીમાળી તપગચ્છ જૈન પાઠશાળાના ઉપાશ્રયે સરળ સ્વભાવી, જિનશાસનના અનેક મંગળ કાર્યોના મુહૂર્તદાતા ૫૦ પૂ૦ આ૦ શ્રી વિજયઅશોકચંદ્રસૂરીશ્વરજી મહારાજ સપરિવાર પહેલી જ વાર પધાર્યા અને તેઓશ્રીના પાવન પગલે, અનેક પુણ્યવંત મહાપુરુષોના ચરણરજથી પવિત્ર બનેલ જામનગરની તીર્થભૂમિ તપોભૂમિ બની ગઇ છે.

કોઇ ધન્ય ઘડીએ તેઓશ્રીએ સામુદાયિક રીતે સિદ્ધિતપની આરાધના કરવા પ્રેરણા કરતા સૌના હૈયે સિદ્ધિતપ કરવાના કોડ જાગ્યા. જાણે લોક હૈયા હિલોળે ચડયા અને જામનગર નિવાસી જૈનોના ઘરે ઘરે તપસ્યાના તોરણો બંધાયા અને તેથી જ તો શું બાળકો, શું યુવાનો, શું વ્યાપારીઓ કે શું વૃદ્ધો- સૌ કોઇ ઉ. વ. ૧૦ થી લઇ ઉ. વ, ૭૮ સુધીના આબાલ-વૃદ્ધ ૨૨૫ લગભગ આરાધકોએ અષાઢ વદ ૯ની મંગલ પ્રભાતે સિદ્ધિતપનો શુભારંભ કર્યો.... અને પા પા પગલીએ આગળ વધતા વધતા દેવ-ગુરુ ધર્મ પસાયે તેમ જ પશાસનદેવની અગમ્ય સહાયે ભાવોલ્લાસપૂર્વક પૂર્ણતાને શિખરે હોંચી ગયા.

એટલું જ નહીં-પણ ચાતુર્માસ દરમ્યાન શ્રી સિદ્ધચક્રના મૂળમંત્રની, શ્રી ગૌતમસ્વામિજીના છઠ્ઠની અશ્વસેન મહારાજા વામામાતા દ્વારા થયેલ શ્રી પાર્શ્વપ્રભુના થાળની, ૯૬ જિનેશ્વરની, ચંદનબાળાના તથા સિદ્ધાચલજીના અઠ્ઠમ તપની, ચારિત્રપદની કે સર્વ સુખ સંપત્તિ તપની આરાધના તેમ જ ૧૧ લાખ નવકાર મંત્રનો સામૂહિક જાપ, સામૂહિક આરતી, ચંદનબાળાના અઠ્ઠમ સમયે ધનાશેઠ ચંદનબાળાનો પ્રસંગ, ભરત મહારાજા સાથે સિદ્ધાચલજીની ભાવ તીર્થયાત્રા, ભીની રથયાત્રા કે સમૂહ સ્નાત્ર મહોત્સવ વગેરે યાદગાર પ્રસંગો તપસ્વીઓ તેમજ સૌના ભાવના પુષ્ટિકારક બન્યા.

શ્રાવણ વદ ૯ના દિવસે સિદ્ધિતપની આરાધનાને મહિનો થતા જિનાલયમાં મૂળનાયકજી, પરમકૃપાળુ દયાળુ દાદા શ્રી આદીશ્વર પ્રભુનો સમૂહ સ્નાત્ર મહોત્સવ, લાખેણી આંગી, તપસ્વીઓ દ્વારા સામૂહિક આરતીનો ભવ્ય કાર્યક્રમ ગોઠવાયો. સવારે સ્નાત્ર મહોત્સવ સમયે જેમ જેમ સ્નાત્ર ભણાતું હતું તેમ તેમ તપસ્વીઓનો ભાવોલ્લાસ વધતો જતો હતો, વાતાવરણ આનંદમય બની રહ્યું હતું અને સ્નાત્ર મહોત્સવ પૂર્ણ થતાં જ શ્રી પાર્શ્વનાથ પ્રભુના પ્રત્યેક અંગમાંથી અમીઝરણાની શરૂઆત થઇ. ધીમે ધીમે ગભારાના પાષાણના કે ધાતુના દરેક પ્રતિમાજીસિદ્ધચક્રજીમાંથી પણ અમીઝરણા થવા લાગ્યા. ત્યાર બાદ દેરાસરજીની અનેક પ્રતિમાજી તેમજ નવા પધરાવેલા અનંતલબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામીજી અને મૂળનાયકજીમાંથી પણ અમીઝરણા શરૂ થતાં ભક્તોનો આનંદ સમાતો નહોતો. દર્શન કરવા લોકો ઉમટી રહ્યાં હતાં. આરાધકોની શ્રદ્ધા-ભક્તિના ફળરૂપે અમીઝરા શ્રી પાર્શ્વનાથજીમાંથી હજુ આજે ય અમીઝરણા ચાલુ જ છે.

અમીઝરણાની શરૂઆત શ્રી પાર્શ્વનાથજીમાંથી થઇ તેથી પાર્શ્વપ્રભુની નિર્વ્યાજ ભક્તિ સ્વરૂપ શ્રી કલ્યાણ મંદિર સ્તોત્રના પ્રત્યેક શ્લોકથી પુષ્પપૂજા થઇ રહી હતી ત્યાં થોડી પુષ્પપૂજા બાદ દિવ્યધ્વનિની સૂરાવલિનો નાદ ગભારામાંથી આવવા લાગ્યો. આગેવાનો સતર્ક થયા ગીતો ગાવાના બંધ કરાવ્યા. દેરાસરજીમાં તથા ચારેબાજુ તપાસ કરાવી કયાંયથી બીજા અવાજની શકયતા ન લાગતા ભાવિકો ભાવવિભોર બની ગયા. ૧૦-૧૫ મિનિટ વાતાવરણ શાંત રહેતાં પૂજામાં ઉપસ્થિત થયેલ સકળ શ્રી સંઘ દિવ્ય સૂરાવલિનો નાદ સાંભળવા લાગ્યો. સૌના મનમયૂર નાચી ઊઠયા. જાગૃત અધિષ્ઠાયક શાસનદેવની કૃપા શ્રી સંઘ તથા તપસ્વીઓ ઉપર વર્ષી રહી છે તેમ માની હૈયે હરખ સમાતો નહોતો.

પર્વાધિરાજ શ્રી પર્યુષણ પર્વને વધાવવા જાણે તપસ્વીઓ પોતપોતાની શક્તિ પ્રમાણે માસક્ષમણ ૩૦ ઉપવાસ, ૧૬, ૧૫, ૧૧, ૧૦ કે ૯ ઉપવાસની આરાધના કરવા લાગ્યા. તેમજ જામનગરની પુણ્યભૂમિનો કોઇ સામુદાયિક પુણ્યોદય જાગૃત ન થયો

પહોંચ
કુટિરની ભીતરની દુનિયાને અજવાળવાની હામ જ્યારે ચાંદ-સિતારાએ ન ભીડી, સૂરજનું તેજ પણ કુટિરના ગૃહમાં ન શકયું. ત્યારે કોડિયાના કાળજામાં સમર્પણભાવ જાગી ઉઠયો, એણે કહ્યું :

“ મને ચપટી જેટલું રૂ આપો ને પળી જેટલું તેલ આપો

અંધારાને હટાવી દેવાનો પુરુષાર્થ મને કરવા દો. ને....એ કોડિયાએ કુટિરનું અંધારું હટાવી જાત જલાવી દીધી ને

પ્રકાશ
પાથરી દીધો. એની સમપર્ણભાવનાથી એના પુરુષાર્થથી પ્રકાશનું કાવ્ય રચાયું.

કોડિયાંની જેમ અન્યના જીવનમાંથી હતાશા હટાવીએ.

છેડા જવેલરી માર્ટ

૪૦/૪૩ ધનજી સ્ટ્રીટ. મુંબઈ-૪૦૦ ૦૦૩ ફોન : ૩૨૧૯૯૫-૩૩૮૫૩૦

હોય! તેમ જીંદગીમાં જેઓએ એકાસણું ય નથી કર્યું તેવા ૫-૬ વર્ષના બાળક બાળિકાઓ તેમ જ ભાવિકો અઠ્ઠાઇતપ ૮ ઉપવાસની આરાધના કરી તેમાં ય ૪ વર્ષના બાળશ્રાવક શ્રી સાગર કુમારે કરેલી ૨ ઠ્ઠાઇ તો સર્વને માટે અનુમોદનીય રહી.

તપસ્વીઓના બહુમાન પ્રસંગે શ્રીસંઘ તરફથી વિશેષ આયોજન કરવામાં આવેલ. તેમાં પ્રમુખસ્થાન ભાનુકુમાર એમ. દોશીએ સંભાળેલ. બહુમાન કરનાર શ્રી અતુલભાઈ ચંદ્રકાંત ચીનુભાઈ તરફથી થયેલ.

પૂ૦ આચાર્યશ્રીની નિશ્રામાં શ્રી વર્ધમાન તપના પાયાની આરાધનામાં સારી એવી સંખ્યામાં આરાધકો જોડાયેલ હોઈ આસો માસની શાશ્વત ઓળી પણ અવિસ્મરણીય બની રહેલ. જેનો લાભ કોકીલાબેન પ્રભુદાસ સંઘરાજકા તથા મૃદુલાબેન ભાનુકુમાર દોશી પરિવાર દ્વારા લેવાયેલ.

પૂ૦ આચાર્યશ્રીની નિશ્રામાં માગ. સુદ ૩ ના શ્રી ભદ્રેશ્વર તીર્થનો છ'રીપાલિત સંઘ નીકળનાર છે. જે જામનગર વિશાશ્રીમાળી પરિવાર દ્વારા સ્વતંત્ર રીતે પ્રાયઃ પ્રથમવાર બની રહેશે. બાદ ફાગણ વદ ૮ ના વરસીતપની આરાધના પણ સામુહિક રીતે પ્રારંભ થનાર હોઈ, આરાધકોમાં ભારે ભાવ પ્રગટેલ છે.

જાકોડા-જેસલમેર-નાકોડા છ'રીપાલિત પદયાત્રા સંઘ

વર્તમાન ગચ્છાધિપતિ પ૦ પૂ૦ આચાર્યશ્રી વિજયઅરિહંતસિદ્ધસૂરીશ્વરજી મ૦સા૦ તથા ૫૦ પૂ૦ આચાર્યશ્રી વિજયહેમપ્રભસૂરીશ્વરજી મ૦સા૦ આદિ વિશાળ મુનિ ભગવંતોની પરમ પાવન નિશ્રામાં માગશર વદ-૧ તા. ૧૩/૧૨/૮૯ના રોજ જાકોડા તીર્થ (પુમેરપુર) રાજ. થી સંઘ પ્રયાણ કરશે. જેમાં કાપરડા, ઓશીયા, ગાંગાણી, ફલોદી આદિ અનેક તીર્થોની યાત્રાનો લાભ મળશે. પોષ વદ-૫ તા. ૧૬/૧/૯૦ ના રોજ જૈસલમેર તીર્થમાં આયોજકોનું સન્માન સમારંભ યોજાશે. અને ત્યાંથી સંઘ નાકોડા તરફ પ્રયાણ કરશે. મહા સુદ-૮ તા. ૩/૨/૯૦ ના રોજ નાકોડા તીર્થમાં માળારોપણ થશે. લગભગ ૫૫ દિવસનો સંઘનો પ્રોગ્રામ છે. સંઘમાં પધારવા સાધુ-સાધ્વી ભગવંતો તથા આરાધક ભાઈઓ તથા બહેનોને ભાવભર્યું આમંત્રણ છે.

દિવાળીના તહેવારમાં ફટાકડા ન ફોડનારને ઇનામ

પૂ૦ આચાર્યશ્રી રાજેન્દ્રસૂરીશ્વર મ૦ સા૦ દાદર-મુંબઈની શુભ પ્રેરણાથી દિવાળીની ઉજવણી દરમ્યાન ઊંમરવર્ષ ૫ થી ૧૮ સુધીના બાલ-બાલિકાઓ ફટાકડા ન ફોડે તેમ જ તેમના દ્વારા પ્રગટ નિયમ કાર્ડ અને ભેટ કૂપન દ્વારા વિવિધ ઇનામો આપવામાં આવનાર છે. આ માટેની વિશેષ માહિતી C/o. આરાધના ભુવન જૈન ઉપાશ્રય, ૨૮૯, એસ. કે. બોલે રોડ, દાદર-વેસ્ટ, મુંબઈ-૨૮ના સરનામે સંપર્ક સાધવો.

મહેસાણા-શ્રી યશોવિજયજી જૈન પાઠશાળા

આ સંસ્થાના પરીક્ષક શ્રી વાડીલાલ મગનલાલ શેઠ સં. ૨૦૪૫ના આસો સુદ ૨ ના રોજ વઢવાણ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તે બદલ આ સંસ્થાની સભા શોકની લાગણી અનુભવવા પૂર્વક સખેદ નોંધ સાથે અંજલિ પાઠવે છે.

તેઓશ્રીએ આ સંસ્થામાં ત્રણ વર્ષ સુધી અભ્યાસ કરી પરીક્ષક તરીકે જોડાઈને ૪૪ વર્ષના સુદીર્ઘ કાળ સુધી ભારતભરની લગભગ તમામ પાઠશાળાઓની પરીક્ષાઓ લઈને સમ્યગ્જ્ઞાનની ભક્તિનો સારામાં સારો ભાગ લીધેલ છે. જેની ખાસ નોંધ લેવામાં આવે છે.

તેઓશ્રી બાલબ્રહ્મચારી, ઓજસ્વી, સુમધુર કંઠી અને મૃદુભાષી પ્રસિદ્ધ વક્તા હતા. તેઓશ્રીએ ભારતભરના નાના મોટા દરેક ગામ-શહેરોમાં આ સંસ્થાનો બહોળો પ્રચાર કરેલ છે. જે કદાપી ભૂલી શકાય તેમ નથી.

તેઓશ્રીના જવાથી આ સંસ્થાને એક ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. તેઓશ્રીના આત્માને પરમ શાંતિ મળે તેવી આ સભા દ્વારા શાસનદેવને પ્રાર્થના કરવા પૂર્વક તેઓશ્રીના પરિવાર ઉપર આવી પડેલા આ દુઃખમાં સહભાગી છીએ.

જિનેન્દ્રભકિતના મહોત્સવ માટે : ફોન : ૬૩૬૪૫૦૫/૬૩ ૬૩૭૫૨
જૈન સંગીતકાર
જૈન ગીતકાર **મનુભાઈ એચ. પાટણવાળા**
અરવિંદકોલોની, ૧૪૫-ડી, અરુણનિવાસ,
વિલેપાર્લા (વે.) મુંબઈ-૪૦૦૦૫૬

શ્રી મહાવીર પરમાત્માના નિર્વાણનું વધુ એક વર્ષ પૂર્ણ થાય છે. અને નવું વર્ષ શરૂ થાય છે.

જૂના વર્ષની પૂર્ણાહુતિ થાય કે નવીન વર્ષનું આગમન થાય એમાંથી સારા કે માઠા પરિણામની નિષ્પતિ થવી એ માનવીના પોતાના હાથની વાત છે, કુદરતનો સંકેત પણ એમાં કંઇક સાથ પુરાવે છે ખરો, પણ છેવટે તો કરો તેવું પામો અને વાવો તેવું લણો એ સનાતન સિદ્ધાંત જ સાચો થાય છે એટલે પોતાને મળેલ સમય અને શક્તિનો પુરેપુરો ઉપયોગ કરી લેવો એ જ સુખ-શાંતિ અને સમૃદ્ધિ આબાદીનો રાજ માર્ગ છે...

નવનીતલાલ એન્ડ કું.

૧૧૬૧, ૧૬, અમદાવાદ-૩૮૦૦૦૧] [જાહેરખબરના એજન્ટ] [ટે. નં. ૩૯૨૭૪૨ : ૩૯૨૫૯૩

(અનુસંધાન પાના નં. ૩૮૫ નું ચાલુ)

વીરના હિંસા અને અપરિગ્રહના મહામૂલા આદર્શોને વિશ્વમાં વહેતા વામાં તેમજ જૈનોના વિકાસ માટે શું થઇ શકે તે અંગે વિ ચાર-વિનિમય અને સહચિંતન કરી શકે તેવા નિર્મળ હેતુથી ા અધિવેશન પહેલ કરશે. વિશ્વશાંતિ અને સહઅસ્તિત્વ માટે જૈન ધર્મના મૂલ્યોને જૈન પત્રકારિત્વ દ્વારા આંતર રાષ્ટ્રીય તરે લઇ જવાના પ્રયત્નો કઈ રીતે થઇ શકે તે અંગે પણ વિ ારાશે તેમજ જૈન પત્ર-પત્રિકાઓ અને પત્રકારોની સમસ્યાઓના નિરાકરણ, તેને પ્રોત્સાહન મળે, સરકારશ્રીમાં સ્થાન મ ળે તે માટે આ અધિવેશન દ્વારા સતત મીલનના પ્રયાસ કરવામાં આવશે.

અ વેશનની કાર્યવાહીમાં (૧) અખિલ ભારત જૈન પત્રકાર સંઘણી સ્થાપના (૨) જૈન પત્રો-પત્રકારોનું હિત સચવાય એ માટે યો ય બંધારણ તેમ જ અગાઉથી આવેલા સૂચનો ઉપર વિચાર વિમર્શ કરાશે. તેમ જ અલગ અલગ વિષયોની બેઠકો યોજવામાં આવશે.

આ અખિલ ભારતીય પત્રકાર અધિવેશનનું અમે ઉમળકા પૂર્વક સ્વાગત કરીએ છીએ. અને આવી અપૂર્વ યોજનાના સર્વ કોઇ સહાયકોને હાર્દિક ધન્યવાદ અને અભિનંદન આપીએ છીએ, અને જૈન ધર્મ-સંઘ-સમાજની જાગૃતિ અને પ્રચાર-પ્રસારની જ્યોત પ્રગટાવવામાં આ અધિવેશન સફળ બને તેવી અભ્યર્થના.

જરૂરી :- આ પત્રકાર અધિવેશનની જાહેરાત તા. ૨૪-૨૫-૨૬ની થયેલ છે. પરંતુ ભારત સરકાર દ્વારા લોકસભા ધારાસભાઓની તા. ૨૨ થી ૨૬ નવેમ્બરમાં ચૂંટણી યોજવાની જાહેરાત થતા હવે આ અધિવેશન વહેલાસર એટલે કે નવેમ્બરના પ્રથમ સપ્તાહમાં યોજવા આયોજકોને નમ્ર વિનંતી છે. જેથી આપણે આપણા સંગઠનથી રાજકીય ભૂમિકામાં જૈન સમાજનું સ્થાન ઉભુ કરવામાં વિચારી શકાય.

— ાશિર્વાદ દાતા —

પ. પૂ આચાર્ય ભગવંત

શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી

હારાજ સાહેબ

તથા

પ. પૂ આચાર્ય ભગવંત

શ્રી જયસુબોધસૂરીશ્વરજી

હારાજ સાહેબ

— સંઘપતિ —

શા શે મલજી ઉમ્મેદમલજી

બલા ટા આદિ પરિવાર

० હસ્તે ०

પ્રકા રૂપચંદ શેષમલજી

(જ વંતીબેન રૂપચંદ)

— ફર્મ્સ —

० ન્દ્ર બીલ્ડર્સ ०

નાર ણ સ્મૃતિ બિલ્ડીંગ,

બી.પી. રોડ.

ભાઇ -ઇસ્ટ, : જીલ્લો થાણા

શ્રી શત્રુંજય તીર્થાધિપતિ શ્રી આદિનાથાય નમોનમઃ

।। શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।।

।। ૐ હ્રીં શ્રી ગૌતમસ્વામીને નમઃ ।।

।। પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભક્તિ-પ્રેમ-સુબોધસૂરીશ્વરે સદ્ગુરુભ્યો-નમોનમઃ ।।

શ્રી સિદ્ધાચલ મહાતીર્થ (પાલીતાણાનગરે)થી તરણતારણ શ્રી શંખેશ્વરજી મહાતીર્થનો છ'રી પાલીત યાત્રા સંઘ

० સંઘ પ્રયાણદિન અને સ્થળ ०

વિ.સં. ૨૦૪૬ માગસર સુદ ૩ શુક્રવાર તા. ૧-૧૨-૮૯

શ્રી સિદ્ધગિરિ ભક્તિ વિહાર જૈન ધર્મશાળાથી નીકળશે.

० શંખેશ્વરજીમાં સંઘ પ્રવેશ દિન ०

વિ.સં. ૨૦૪૬ માગસર વદ ૧૩ બુધવાર તા. ૨૫-૧૨-૮૯

० સંઘ તીર્થમાળા ०

વિ.સં. ૨૦૪૬ માગસર વદ ૧૪ ગુરૂવાર તા. ૨૬-૧૨-૮૯

નિશ્રાદાતા : પરમપૂજ્ય શાસનપ્રભાવક જ્યોતિર્વિદ આચાર્ય દેવ શ્રીમદ્ વિજય ઋષિસૂરીશ્વરજી મહારાજ સાહેબ

પ્રેરક : પૂ. મુનિશ્રી પ્રમોદવિજયજી મહારાજ,

સંઘપતિપ્રેરક : સેવાભાવી પૂ. મુનિશ્રી ભદ્રસેનવિજયજી મહારાજ આદિ

• યાત્રિકોને નમ્ર વિનંતિ ०

૧. યાત્રિકોને ફરજીયાત એકાસણાં, ભૂમિ સંથારો, પાદ વિહાર કરવાનો રહેશે.

૨. વ્યવસ્થાપકો તરફથી બીજી જે કંઈ નવીન સૂચનાઓ આપવામાં આવે તેનું પુરેપુરૂં પાલન કરવાનું રહેશે.

૩. તમારા નામ કારતક સુદ ૧૫ સુધીમાં લખાવી જવા વિનંતી.

યાત્રિકોના નામ નોંધાવવાનું
— સરનામું —
શ્રી છ'રી પાલિત યાત્રા સંઘ
કમટી,
C/o. શ્રી સિદ્ધગિરિ ભક્તિવિહાર
જૈન ધર્મશાળા,
તલાટી રોડ, પાલીતાણા.

લિ. શાહ રૂપચંદ
શેષમલજી
ઉમ્મેદમલજી

જીવન ખર્ચ ખાતે છે, આવક ખાતે નહીં એ જરાય ભૂલતા નહિ. એ ખર્ચાયે જાય છે. ઊમેરો પામતું નથી. વળી
એની પળેપળ કિંમતી છે. મહાકિંમતી છે. કેમકે એનાથી લૂણલૂટ પાપક્ષય અને પુણ્યોપાર્જન કરી શકાય છે. તન, મન, ધન,
માત્ર સંસારને બદલે અનંતોપકારક વીતરાગ પ્રભુ અને એમના શાસનને સમર્પિત કરવાથી આ બની શકે.

માનવ જીવનમાં ચિંતામણી રત્ન સમો શ્રી અરિહંત પરમાત્માનો ધર્મ મળી ગયો છે, હીનભાગી જીવોને તે ન મળે.
એ ભૂલતા નહિ તો એ ધર્મની સાધના ક્યારે કરી લેશો ?

આ જીવનમાં ધર્મ પુરુષાર્થ વિકસાવશો તો ભવાંતરે ધર્મપ્રાપ્તિ થશે.

આત્મા પર અસંખ્ય ભવોના કર્મ અને અનંતભવોની કુવાસનાઓના જંગી ભાર લદાયેલા
કાળ કાળનું કામ કર્યે જાય છે.
છે. એનો નિકાલ કરવાનો આ ઉત્તમ ભવ છે. ધ્યાનમાં રહે કે અનેક યુગોના અંધારપટ પછી પ્રાપ્ત થયેલ આ ટૂંકો રાહ
પ્રકાશકાળ ભાવી દીર્ઘ અંધારિયા કાળને સર્જનારો ન બને.

માટીની માયા તો જોતજોતામાં ખોવાઈ જવાની છે. માટે વીતરાગના ધર્મરૂપી શાશ્વત લક્ષ્મીને સાર્થક કરી લેવા જેવી છે.

શ્રી ધરણીધર કે. શાહ.... મનીષ એક્ષપોર્ટ પ્રાઈવેટ લીમીટેડ

માંગરોળ-મેન્શન, પહેલે માળે, ગનબોસ્ટ્રીટ, ફોટ, મુંબઇ-૪૦૦ ૦૦૧. ફોન : ૨૬૯૫૪૩/૨૬૨૦૫૫

કોહિનૂર હીરાના મૂલ્ય ઝવેરી કેવા આંકે? સંરક્ષણ કેવા કરે? અને ક્યાં કોના અંગો પર ચઢાવે!

બસ, એ રીત આપણા અતિદુર્લભ આ જીવન અંગે વિચારવાનું છે. એનું મૂલ્ય આખી પૃથ્વીની સંપત્તિ કરતાં ય
ઊંચું છે.

જીવનના સંરક્ષણ વીતરાગ ભગવાનના વચનની તિજોરીમાં રાખી કરવાનાં છે. એને ત્રણ લોકના તારણહાર તીર્થંકર
પ્રભુના ચરણે ધરવાનું છે.

આ જીવને જીવન મળવાની કોઈ નવાઈ નથી અનંતા જીવન મેળવ્યા પણ ધૂળધાણી કર્યા. હવે આ જીવનરત્નો યોગ્ય
વિનિયોગ (મૂલ્ય) કરી લેવા માટે સુઅવસર આવી ગયો. તો ભૂતકાળની ભુલનું પુનરાવર્તન કરી મૂર્ખ ન બનાય એ જોજે...

—પૂજ્ય આચાર્યદેવશ્રી ભુવનભાનુસૂરિજી મહારાજ

વિજય વેલ્વેટ સીલ્ક મીલ્સ.

૧, શ્રીનીકેતન, મરીન લાઇન્સ, ક્રોસ રોડ નં.-૨, મુંબઇ-૪૦૦૦૨૦

દાનધર્મની જવલંત જ્યોતિ જગમાં નિશદિન જલ્યા કરે, ટમટમ થાતા દિવડાઓને નવી જીંદગી મળ્યા કરે. તરફડતા
ને તરસ્યા જીવ પર, વત્સલતાની વૃષ્ટિ હો, દુઃખડા એના દૂર કરવાની દાતાઓની દૃષ્ટિ હો. અદકું પામે અન્ય થકી લે અંતરમાં
હો ઉદારતા, વધુ મળ્યું તે વહેંચી દેવું વર્તનમાં હો વિશાળતા. શુભ કાર્યોમાં ખરચે એની શકિત દિન દિન વધ્યા કરે, પ્રીત
છલકતા પરમારથના પુર હૃદયમાં ચઢ્યા કરે. દિલના રંગે દાન કરે જે તે માનવને ધન્ય હજો, આતમને અજવાળું એવું પાવન
એનું પુન્ય હજો.

શ્રી કાંતિલાલ લક્ષ્મીચંદ શેઠ....મે. જયેશકુમાર રસીકલાલ એન્ડ કું.

૨૨/૨૪, ગણેશવાડી, પહેલે માળે, એમ. જે. મારકેટ, મુંબઈ—૪૦૦૦૦૨

અહિંસા અને સંયમના મહાદીપકથી વસુંધરાને પ્રકાશિત કરનાર વીતરાગ પરમાત્મા શ્રી મહાવીરદેવના નિર્વાણથી અને
અનંત લબ્ધિ નિધાન શ્રી ગૌતમસ્વામીજીના કેવળજ્ઞાનથી પ્રારંભ થતાં આ નૂતન વર્ષમાં વીતરાગ પરમાત્માએ પ્રરૂપેલ ધર્મનું
સુંદર આરાધન કરી જીવન ભવ્ય બનાવી દિવ્ય પ્રકાશને પંથે પ્રયાણ કરો એ જ અંતરની શુભ કામના—

શ્રી જવાહરલાલ મોતીલાલ વીરચંદ શાહ

પંચરત્ન, ૯૦૮, ઓપેરા હાઉસ, મુંબઇ-૪૦૦૦૦૪

નૂતન વર્ષના મંગળ પ્રભાતથી

સારા વિચારો મનમાં થાય, સત્યપણે નિત્ય વાણી વદાય;
ભૂખ્યાને ભોજન અપાય, તરસ્યા જનને પાણી પાય.
નિરાશ્રયને આપે સ્થાન, વસ્ત્ર રહિતને વસ્ત્રનું દાન;
ભૂમિ પડચાનું દેખી અંગ, આપે બિછાનું રાખી ઉમંગ.
દર્દીના દુ:ખ દેખ્યા ન જાય, ઔષધ આપી દૂર કરાય;
પર દુ:ખ દેખી આપ દુભાય, તે દૂર કરવા સત્વર થાય.
જીવદયાનો દિલમાં વાસ, સમતા કેરો નિત્ય પ્રકાશ;
ધર્મ વિષે જો પૂરણ પ્રીત, એ પુણ્ય કર્મ તણી છે રીત.

—: અનેક શુભેચ્છા સાથે :—

મે. એટલાન્ટીક પેસીફીક ટ્રાવેલ સર્વિસ પ્રા. લિ.

-: આપની જરૂરીયાત માટે :-

* વિમાની સફર હોય કે જહાજી સફર
* યાત્રા-પ્રવાસ હોય કે ટુર ગોઠવવી હોય
* આપને સ્પેશ્યલ ટ્રેન કાઢવી હોય કે...
* એકથી વધુ ડબ્બાનું બુકીંગ કરવું હોય,
* પાસપોર્ટ મેળવવો * વીસા કઢાવવા
* ટિકીટ કઢાવવી હોય કે
* હોટલનું બુકીંગ કરાવવા માટે પધારો... પધારો...

મેનેજીંગ ડીરેકટર : ચન્દ્રસેન જીવણભાઇ ઝવેરી

અલંકાર, ૨૨૯, ડૉ. એનીબેસંટ રોડ, વરલી, મુંબઈ—૪૦૦ ૦૨૫.

ફોન : ૪૯૩૦૫૫૧ : ૪૯૩૩૯૨૨ ટેલેક્ષ : ૦૧૧-૭૧૪૯૩ APTS.

ROad G. BV. No. 29
JAIN OFFICE : P. Box No. 175
BHAVNAGAR-364001 (Gujarat)
Tele O. R.C/o. 25869

જૈન

સ્વ. તંત્રી : ગુલાબચંદ દેવચંદ શેઠ
તંત્રી મુદ્રક–પ્રકાશક–માલીક :
મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
જૈન ઓફિસ, પે ઓ. નં.૧૭૫, દાણાપીઠ, ભાવનગર

'જૈન' વર્ષ ૮૬
અંક–૪૧

વિર સં. ૨૫૧૬ : વિ. સં. ૨૦૪૬ કાર્તિક સુ. ૪બીજી
તા. ૩ નવેમ્બર ૧૯૮૯ શુક્રવાર
મુદ્રણ સ્થાન : શ્રી જૈન પ્રિન્ટરી
દાણાપીઠ પાછળ, ભાવનગર-૩૬૪૦૦૧

શ્રમણ સંમેલનનો ઠરાવ રાજકારણમાં-જૈનોનો પ્રવેશ: માત્ર શુભ ઈરાદો બસ નથી: સક્રીય સહકાર આપીએ

ભારત સરકારની નવમી લોકસભાની ચુંટણી આ માસની તા. ૨૨/૨૪/૨૬ નવેમ્બરના જાહેર થયેલ છે. જેથી આખા દેશમા એક પ્રકારની ઉષ્મા જન્મી છે. જે દરેક ભારતવાસી નાગરીક જે ભલે ધર્મે કે પ્રદેશે અલગ હોઈ પણ તેને આ રાજકારણીય લોકસભાની ચુટણી સ્પર્શી રહે છે. તેના માઠા કે સારા પરીણામ આપણે ભોગવવા જ પડે છે. જે આપણે અનુભવિએ છીએ ત્યારે આપણી ફરજ જાગૃત્તીની અને ચેતનાની હોય ભારતમાં પ્રવેશેલ ગુનાહીત રાજકારણને અસામાજીક તત્વોનુ ગઠબંધન વધી રહેલ છે અને હિંસા અને હિંસકવૃત્તિ–આનપાન દિવસે દિવસે વધતા જાય છે ત્યારે આપણાં પરમ પૂજ્ય ગીતાર્થ ગુરુભગવંતો દ્વારા સં. ૨૦૪૪ના રાજનગર શ્રમણ સંમેલન દ્વારા લેવાયેલા નીર્ણયને આપણે આપણાં શુભ પ્રયાસોથી વધાવીએ અને તેને સફળ બનાવવા માં સક્રીય બનીયે.

વર્તમાન રાજકારણમાં ધર્મ અને સંસ્કૃતિ ઉપર ઘણા ઘણા પ્રહારો થાય છે, અને આપણી ધર્મભાવનને ઠેસ લાગે તેવા અનેક કાયદાઓ થઇ રહ્યાં છે. 'કાળજા કંપાવે તેવી ઘોર હિંસાની પ્રવૃત્તિને પણ કાયદાનું રક્ષણ મળે તેવી કાર્યવાહીઓ ચાલી રહી છે. આ સંયોગોમાં પંચાયતો, નગરપાલિકા, વિધાનસભા, લોકસભા આદિમાં, ધર્મ અને સંસ્કૃતિનું વફાદારીથી રક્ષણ અને જતન કરે તેવી યોગ્ય વ્યક્તિઓની જરૂર છે; તો તેવી યોગ્ય વ્યક્તિઓને તે તે સ્થાનો સુધી પહોંચાડવા માટે યોગ્ય સહાય મળી રહે તેવી પ્રેરણા સંઘનેકરવી. —લિ.

વિજય રામસૂરિ, વિજયઙ્કારસૂરિ, વિજયપ્રેમસૂરિ, ભદ્રંકરસૂરિ દ. પોતે, વિજયચંદ્રોદયસૂરિ, હિમાંશુસૂરિ, કલાપૂર્ણસૂરિ, દર્શનસાગરસૂરિ, અરિહંતસિદ્ધસૂરિ, વિજયભુવનશેખરસૂરિ, સ્થૂલભદ્રસૂરિ, ભદ્રબાહુસાગરસૂરિ, ચંદ્રશેખરવિજયજી ગણિ, યશોવિજયજી ગણિ, સંમેલનમાં જુદા જુદા સમુદાયો વતિ ઉપસ્થિત રહેલા પૂજ્યો.

સંયોગોવશાત સંમેલનમાં ઉપસ્થિત નહિ રહેલ પૂજ્યોની સંમતિની સહી

પૂ૦ આ૦ શ્રી વિજયમેરુપ્રભસૂરિજી મ૦, પૂ૦ આ૦ શ્રી સુબોધસાગરસૂરિજી મ૦, પૂ૦ આ૦ શ્રી વિજયચંદ્ર-

િનસૂરિજી મ૦, પૂ૦ આ૦ શ્રી વિજયભુવનભાનુસૂરિજી મ૦, પૂ૦ આ૦ શ્રી વિજયયશોદેવસૂરિજી મ૦, પૂ૦ આ૦ શ્રી વિજયહેમપ્રભસૂરિજી મ.

આ ઠરાવને વિસ્તારથી સ્પષ્ટતાપૂર્વક સમજાવતા પરમ પૂજ્ય સ્વઃ આચાર્યદેવશ્રી વિજય ૐકારસૂરીશ્વરજી એ જણાવેલ કે "આજના કાળમાં વોટ લઈને સત્તા ઉપર એક વખત ગમે તેવો માણસ ચડી ગયો પછી તે ધારે તો હજારો નહીં, લાખો ન', કરોડોની ઉપર પોતાના વિચારોને લાદી શકે છે. તે વખતે લોકશાહીની વાતો કરવાવાળા લાખો લોકોની સહી થાય છતાં તે સાંભળતા નથી. લોકોની આજે એમને પરવા નથી. એમને એટલી જ ચિંતા હોય છે કે ફરી ચૂંટણી આવે ત્યારે થોડો ટા મિ તમને ખુશ કરી વોટ લઈ લેવા. લઈ લીધા પછી એ રાજા."

"આવા કાળે કોઈ આપણી વાત સાંભળનાર હોવા જોઈએ. આપણે કોઈ વ્યક્તિ સગાસબંધી કે પક્ષ પસંદ કરવા નથી, પણ તમને એમ લાગતું હોય કે અમારી અહિંસાની વાત હશે, અમારા ધર્મ અને સિદ્ધાંતની વાત હશે, મારા શાસનના ઉદ્ધારની વાત હશે એવા કાળે તમને એ મદદગાર થશે એવી તમને ખાત્રી થાય એવી વ્યક્તિને પસંદ કરવાની છે. તમારી વાતો ગ્રામ પંચાયત હોય, નગર પંચાયત હોય, ધારાસભા હોય કે લોકસભા હોય દરેક ઠેકાણે પહોંચાડી શકે અને સફળતા મેળવી શકે-એવી વ્યક્તિ તરફ ઝોક આપો અને તેને ચૂંટીને અહિંસા વગેરેની તમારી કોઈ પણ વાત હોય તે સરકાર સુધી પહોંચાડવા તેમના દ્વારા પ્રયત્ન કરો એવું પણ સૂચન આજે અમે તમને કર્યું છે."

પૂજ્ય સ્વર્ગસ્થ આચાર્યદેવ શ્રી વિજયૐકારસૂરિશ્વરજી મ૦ તથા શ્રમણ સંમેલનનો આ ઠરાવ અત્યંત મહત્વનો અને અતિ આવશ્યક છે. અહિં આપણે એ કાળજી રાખવી પડશે કે જૈન ધર્મ જૈન સંઘ, ભારતીય સંસ્કૃતિના મુલ્યો પ્રત્યે ક્યાં પક્ષના વિચારોને ટેકો આપે છે....! કે તેવું વિચારી શકે તેમ છે! અથવા તો ક્યાં પ્રદેશમાં કે વિસ્તારમાં કોને ટેકો આપવો, વ્યક્તિગત કે સિદ્ધાંતના મુલ્યો સમજી ટેકો આપવાની જરૂર છે. જૈનો રાજકારણમાં નથી એમ નહીં પરંતુ સ્વાર્થી અને હિંસાવૃત્તિ ધરાવનારા તત્વો પાસે તેમનું પુરતું ઉપજતું નથી. માટે જૈન ધર્મ – શાસન પ્રત્યે થોડો પણ ભક્તિભાવ હોય તેવા ઉમેદવારોને તન-મન ધનથી આપણે પુરે પુરો ટેકો આપીએ. અને આ માટે પૂજ્ય આચાર્યાદિ સાધુ ભગવંતોએ શ્રીસંઘને પ્રેરણા કરી અહિંસા ધર્મને ચિરંજીવ બનાવે-બાકી તો તેની ઉપેક્ષા તો જૈનોની હસ્તિ જ ખતમ કરવા તરફ દોરી જશે.

ગત સંસદીય ચુંટણી વખતે આપણા અહિંસા પ્રેમી ડૉ. સુરેશભાઈ ઝવેરી, અમદાવાદમાંથી ઉભા રહ્યા હતા. જેમને એક પ્રભાવી આચાર્યદેવે આશિર્વાદ [illegible] જાહેરખબર શ્રી સુરેશભાઈ દ્વારા થયેલ આ જાહેરખબર અખબારમાં પ્રગટ થયેલી જોતા કોંગ્રેસ (ઇ) શાસકપક્ષવાળા ભડકી ઉઠયા હતા, અને તરત જ તે વખતના મુખ્યમંત્રીએ પ્રભાવી આચાર્યદેવશ્રી ઉપરના દબાણથી બીજા જ દિવસે એ આચાર્યદેવશ્રીએ આપણા એ જૈન ઉમેદવાર-અહિંસામાં માનનાર અને તપોમય જીવન જીવનારની પીઠમાં ખંજર ભોંકવાનું કાર્ય કર્યું. તેમણે તરત જ વર્તમાન પત્રોમાં એ મતલબની જાહેરાત આપી કે આ ભાઈએ મારી જાણ બહાર આ જાહેરાત કરી છે. મારે અને તેમને કાંઈ લાગતું વળગતું નથી... આ તે કેવી સાધુતા કે આચાર્યતા? તેમને તેમના નામનો કે સંસ્થાનો કદાચ સ્વાર્થ માટે એક સુયોગ્ય શ્રાવક-ધર્મપરાયણ ને ભગવાન મહાવીરના અહિંસા ધર્મને ફેલાવનારને જીવનભરની નિરાશાભરી ખાઈમાં ધકેલી દેવાનું કુકૃત્ય એ આચાર્યદેવે કરેલ હોય તેમ અમે માનીયે છીએ.

હવે ફરી લોકસભાની ચુંટણી આવી રહી છે. ત્યારે આપણા શ્રમણ-સંમેલનના ગીતાર્થ આચાર્યો દ્વારા લેવાયેલા આ રાજકારણમાં જૈનોના ઠરાવને ચુસ્તપણે અમલી બનાવવા જૈન ધર્મ-સંસ્કૃતિ-અહિંસા-સંયમ, આદિ ગુણોને માનનારા-સ્વીકારનારા ઉમેદવારને માટે જે તે વિસ્તારના સ્થાનિક શ્રી સંઘો સિધો ટેકો જાહેર કરે. જેથી પ્રમાણીક અને સારા ઉમેદવારને બળ મળશે. તેમજ કાર્યકરો-યુવકો-વીરસૈનિકો સક્રીય તેના પ્રચાર-પ્રસારમાં સહયોગી બને, તેમજ આપણા અહિંસા ધર્મને ટકાવવા દાન-ધર્મનો ઉપયોગ કરી ધર્મ પ્રત્યેની નૈતિક ફરજમાથી શ્રી ચતુર્વિધ સંઘ નહિં ચુકે તેવી અભિલાષા.

નવમી લોકસભાના જૈન ઉમેદવારો

ઉત્તરપ્રદેશ	આગ્રા	શ્રી નિહાલસિંહ જૈન	કોંગ્રેસ (ઈ)
મધ્યપ્રદેશ	દમોહ	શ્રી ડાલચન્દ જૈન	કોંગ્રેસ (ઈ)
,,	ઇન્દોર	શ્રી પ્રકાશચન્દ્ર શેઠી	કોંગ્રેસ (ઈ)
મહારાષ્ટ્ર	ઉત્તર-મુંબઈ	શ્રી ચન્દ્રકાંત ગોસલીયા	કોંગ્રેસ (ઇ)
રાજસ્થાન	બાડમેર	શ્રી વિરધીચન્દ્ર જૈન	કોંગ્રેસ (ઈ)
,,	કોટા	શ્રી શાન્તિલાલ ધારીવાલ	કોંગ્રેસ (ઈ)
,,	પાલી	શ્રી ગુમાનમલ લોઢા	ભા. જ. પ.
તામીલનાડુ	મદ્રાસ-ઉત્તર	શ્રી માણકચન્દ નાહર	અપક્ષ
,,	મદ્રાસ-દક્ષિણ	શ્રીમતિ સુશીલા માણક નાહર	,,
ગુજરાત	બનાસકાંઠા	શ્રી જયંતિભાઈ વ. શાહ	જનતાદળ

દુઃખમાં દીન થવું એ પાપ છે. જ્યારે સુખમાં લીન થવું એ મહાપાપ છે.

સિદ્ધક્ષેત્ર–પાલીતાણા–ગિરિવિહાર મધ્યે તપાગચ્છાધિરાજ શ્રી મુક્તિવિજયજી ગણિ શતાબ્દી વર્ષની ઉજવણી. પૂ૦ આ૦ શ્રી હેમપ્રભસૂરીજી મ૦ના સૂરીમંત્રના પંચમ પ્રસ્થાનની પૂર્ણાહુતિ પ્રસંગે ભવ્ય બની રહેલ અષ્ટાન્હિકા મહોત્સવ

પૂજ્ય યોગનિષ્ઠ આ૦ શ્રી કેસરસૂરીશ્વરજી મ૦ના સમુદાયના વર્તમાન ગચ્છાધિપતિ પૂ૦ આ૦ શ્રી હેમપ્રભસૂરીશ્વરજી મ૦ ની આચાર્ય પદવી સંવત ૨૦૪૪ના વાલકેશ્વર મુંબઈના આંગણે પ્રૌઢ પ્રતાપી પૂ૦ આ૦ દેવશ્રી વિજયમેરૂપ્રભસૂરીજી મ૦ આદિ ૮ સૂરીશ્વરજી મ૦ ની શુભ નિશ્રામાં અપૂર્વ ઠાઠપૂર્વક ઉજવાયેલ. બાદ શ્રી સૂરીમંત્રના પ્રથમ ત્રણ પ્રસ્થાન ગત વર્ષે શ્રી સિદ્ધક્ષેત્રની છાયામાં ગીરીવીહારમાં કરેલ. ચતુર્થ પ્રસ્થાનની આરાધના પ્રગટ પ્રભાવી શ્રી અજારા પાર્શ્વનાથ દાદાની પાવન સાનિધ્યમાં કરેલ. ને પંચમ પ્રસ્થાનની અતિકષ્ટ સાધ્ય ૧૬ દિવસની એકાંત–મૌન અને એક લાખ સૂરીમંત્રના જાપ સાથેની ઉત્કૃષ્ટ આરાધના પૂજ્યશ્રીએ કરતા શ્રી મુક્તિચંદ્ર શ્રમણ આરાધના ટ્રસ્ટ–ગિરિવિહાર તરફથી સં. ૨૦૪૬ના કારતક સુદ ૩ થી કારતક સુદ ૯ સુધીનો અષ્ટાન્હિકા મહોત્સવનું ભવ્ય આયોજન સહ પ્રારંભ થયેલ છે.

પૂજ્ય આચાર્યદેવશ્રીની શુભ નિશ્રામાં પાલીતાણામાં બીરાજમાન સર્વે આચાર્ય આદી ગુરુ ભગવંતોની શુભ નિશ્રામાં તપાગચ્છાધિરાજ શ્રી મુક્તિવિજયજી મ૦ની શતાબ્દી વર્ષ નીમિત્તે ગુણાનુવાદ સભાનું આયોજન થતા દરેક ગુરુ ભગવંતોએ એ મહાપુરુષને ભાવવિભોર બની ગુણાનુવાદ કરેલ.

ઈડર : કાળધર્મ પામેલા પૂ. સુશીલવિજયજી મ.

પૂ૦ આ૦શ્રી લબ્ધિસૂરીશ્વરજી મ૦ના સમુદાયના પૂ૦ પં૦ શ્રી પદ્મવિજયજી મ૦ના પૂ૦ મુનિશ્રી સુશીલવિજયજી મ૦સા૦ તા. ૧૮-૧૦-૮૯ના ઈડરમાં કાળધર્મ પામતા સ્વ. મહારાજશ્રીની પાલખી–ધાર્મિક–સૂત્રો–નારાઓ "જય–જય નંદા, જય–જય–ભદ્રા" સાથે નીકળતા અંતિમ દર્શન માટે લોકસમુહ ખડો થયેલ. હિંમતનગર, વડાલી, ખેડબ્રહ્મા, પોશીના અને નજીકના ગામોમાંથી ભાવીંક પધારેલ. તેમના ગુરુ પૂ૦ પંન્યાસજી પ્રવિણવિજયજી મ૦ પણ અત્રેજ કાળધર્મ પામેલ તેમની દેરી નજીક જ તેમના શિષ્યને અગ્નિદાહ દેવામાં આવેલ. સ્વ. મહારાજના સંસારીક કુટુંબી શ્રી કેસરીમલજીએ ઉંચી બોલી બોલીને અગ્નિદાહ દીધો હતો.

વડોદરા : ઘર દેરાસરમાં પ્રવેશ

પૂ૦ પં. શ્રી પ્રભાકરવિજયજી મ૦ની શુભ નિશ્રામાં પર્યુષણ તથા ઓળીની આરાધના સુંદર થવા પામેલ બાદ આસો સુદ દશમના શ્રી સુધનલક્ષ્મી જૈન સોસાયટી તથા આજુબાજુ વસતા જૈન ભાઈ–બહેનોને જિન દર્શનનો લાભ મળે તે માટે શ્રી ચીનુભાઈ રમણીકલાલ શાહે તેમના મકાનમાં ઘર દેરાસર માટે અર્પતા ત્રણ જિન બિંબોનો પ્રવેશ થયેલ.

જૈસલમેર પંચતીર્થીની યાત્રાર્થે પધારો

પશ્ચિમી રાજસ્થાનમાં આવેલ જૈસલમેર પંચતીર્થી પોતાની પ્રાચીનતા, કલાત્મકતા અને ભવ્યતા માટે જગપ્રસિદ્ધ છે. જૈસલમેર પંચતીર્થીના અન્તર્ગત જૈસલમેર દુર્ગ, અમરસાગર, લોદ્રવપુર, બ્રહ્મસર અને પોકરણ સ્થિત જિનાલયોમાં બધા મળી ૬૬૦૦થી વધુ જિનપ્રતિમાજીઓ બિરાજમાન છે.

જૈસલમેરની વિખ્યાત વિશેષતાઓ : (૧) ભવ્ય, કલાત્મક અને પ્રાચિન જિનાલયો. પન્ના અને સ્ફટિકની પ્રતિમાઓ. (૨) ખરતરગચ્છીય શ્રી જિનભદ્રસુરિ જ્ઞાનભંડારમાં સંગ્રહિત તાડપત્રીય અને હસ્તલિખિત ગ્રંથો. (૩) દાદાગુરુદેવ શ્રી જિનદત્તસુરિજી મહારાજની ૮૩૦ વર્ષ પ્રાચીન ચાદર અને ચોલપટ્ટા, જે તેઓના અગ્નિસંસ્કાર પછી પણ સુરક્ષિત રહ્યા છે. (૪) અનેક દાદાવાડી, ઉપાશ્રય, અધિષ્ઠાયક દેવસ્થાન અને પટુઆ શેઠોની કલાત્મક હવેલીઓ. (૫) લોદ્રવપુરના ચમત્કારીક અધિષ્ઠાયકદેવ જેમના દર્શન ભાગ્યશાળીઓને અવારનવાર પ્રાપ્ત થાય છે.

આવાસ પ્રબંધ : યાત્રિકો અને શ્રીસંઘોને ઉતરવા ઉચિત પ્રબંધ છે. મરુભુમિમાં હોવા છતાં પાણી અને વિજળીની પુરી વ્યવસ્થા છે. દાનવીરોના સહયોગથી ભોજનશાળા ચાલુ છે.

યાતાયાતના સાધન : જૈસલમેર આવવા માટે જોધપુર મુખ્ય કેન્દ્ર છે. તે ભારતના જુદા જુદા માર્ગોથી યાતાયાતના સાધનોથી જોડાયેલ છે. જોધપુરથી દિવસમાં એકવાર બસ અને રાત્રે ને સવારે બે વાર ટ્રેઈન જૈસલમેર આવે છે. આ ઉપરાંત જયપુર અને બીકાનેરથી પણ સીધી બસો જૈસલમેર આવે છે.

જૈસલમેર પંચતીર્થીનાં દુર્ગ તથા અમરસાગર સ્થિત જિન-મંદિરોના જીર્ણોદ્ધારનું કામ ચાલુ છે.

પ્રબંધક ટ્રસ્ટી અને મંત્રી શ્રી મુલચંદભાઈ સંઘવી
શ્રી જૈસલમેર લોદ્રવપુર પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર ટ્રસ્ટ

ગ્રામ : જૈન ટ્રસ્ટ **જૈસલમેર** ૩૪૫૦૦૧ (રાજસ્થાન) ફોન ૨૩૩૦ ૨૪૦૪

બીજાના દોષ જોશો નહિ, જો તમે દોષ મુક્ત હો, તો જ તમને અન્યના દોષ જોવાનો અધિકાર છે

ખુશીનગર (રાજસ્થાન)

પૂ૦ પંડિત પ્રવર શ્રી હિતેન્દ્રવિજયજી મ૦ આદીની શુભ નિશ્રામાં ચાતુર્માસીક અનેકવિધ સહ પર્યુષણ પર્વની આરાધના માસક્ષમણ, સોલ, અઠ્ઠાઇ, છઠ-અઠ્ઠમ આદીની ભારે ભાવ ઉલ્લાસથી થયેલ. પારણા તથા નવકારશી શ્રી ભવરલાલજી ચમ્પાલાલજી ભંડારી પરીવાર તરફથી થયેલ. ભા. સુ. ૬ની નવકારશી શ્રી શાન્તિલાલજી પ્રેમચંદજી મલગટ પરીવાર દ્વારા લાભ લીધેલ.

જગતગુરુ શ્રી હીરસૂરીજી મ૦ની પુણ્યતિથી પ્રસંગે ભવ્ય વરઘોડા તથા જાહેરસભાનું આયોજન ભવ્ય રીતે થયેલ નવપદની ઓળીની આરાધનાનો લાભ શ્રી અખેરાજજી સંમ્પતરાજજી પારલેચા દ્વારા લીધેલ. ને મહોત્સવનું પણ આયોજન થયેલ.

અંધેરી (મુંબઈ) : પૂ૦ આ૦શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ૦ આદી તથા સાધ્વીશ્રી વસન્તપ્રભાશ્રીની શુભ નિશ્રામાં ચાતુર્માસ શાસનપ્રભાવનામય યશસ્વી અને યાદગાર બનેલ છે. તપસ્વિની સાધ્વીશ્રી વિશ્વદર્શાશ્રીજી મ૦એ શ્રી સમવસરણ સિંહાસનતપ (૮૪ ઉપવાસ + ૨૦ બેસણાં)ની અખંડ આરાધનાની અનુમોદનાર્થે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન-શ્રી પાર્શ્વ પદ્માવતી મહાપૂજનાદિ સહ અઠ્ઠાઈ મહોત્સવ ભારે ઉલ્લાસ ને ભાવના સભર ઉજવાયેલ.

કૈલાશનગર-સિરોહી (રાજસ્થાન) : પૂ૦ મુનિરાજશ્રી મલ્લિસેનવિજયજી મ૦ આદિની નિશ્રામાં ચાતુર્માસિક સહ પર્યુષણ પર્વની આરાધના શ્રી ચતુર્વિધ સંઘમાં અપૂર્વ થવા પામેલ. જેમાં વિશેષ અત્રેના શ્રી વીરચંદજી તેલજી પરીવારના સંસારી સુપુત્ર મુનિરાજશ્રી મનમોહનવિજયજી મ૦નું ચાતુર્માસ થતા ધર્મભાવના અને આરાધનાની જ્યોત સૌ નાના-મોટા સૌમાં વિશેષ જાગેલ છે. સામાયિક, શિક્ષણ દ્વારા વિશેષ ધર્મ સંસ્કારનું સિંચન થયેલ પૂ૦ મુનિશ્રી મલ્લિસેનવિજયજી મ૦ને સિદ્ધિતપ સાધ્વીશ્રી મુક્તિદર્શિતાશ્રીજી મ૦ના બે સાધ્વીજીને શ્રેણીતપ તેમ જ પૂ૦ મનમોહનવિજયજી મ૦ના સંસારી કુટુંબી શ્રી અંગીબેન, શ્રી રમીબેન અને શ્રી આશાબેને શ્રેણીતપનું પારણું કા. સુ. ૧૦ના મહોત્સવ સાથે થયો.

શિવગંજ (રાજસ્થાન) : પૂ૦ મુનિરાજશ્રી પુણ્યોદયવિજયજી મ૦ આદિની નિશ્રામાં ચાતુર્માસ તથા પર્યુષણા મહાપર્વની અનેકવિધ તપશ્ચર્યાની અનુમોદનાર્થે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન સહિત અષ્ટાન્હિકા મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયેલ. આ પ્રસંગે ઓસવાલ ઉપાશ્રયે બિરાજમાન પૂ૦ વિદ્વાન મુનિરાજશ્રી અભયચન્દ્રવિજયજી મ૦ આદિ પણ પધારેલ.

શ્રી શત્રુંજય ગિરિરાજાય નમઃ

પધારો ! જરૂર પધારો !!

જંબુદ્વીપ નિર્માણ યોજનાની પણથંભી આગેકુચ

વિજ્ઞાન અને અધ્યાત્મનો સુમેળ સાધી જૈનત્વ અને હિન્દુત્વનું સંરક્ષણ કરતી આ વિશાળ યોજનામાં ચાલી રહેલાં કાર્યોની રૂપરેખા :—

પૂજ્યપાદ ગુરુદેવશ્રીના શિષ્યરત્ન પૂ૦ પં૦ શ્રી અશોકસાગરજી મ૦સા૦ના માર્ગદર્શન નીચે ચાલી રહેલ ઝડપી કાર્યો....

(૧) જંબુદ્વીપ જૈન દેરાસરના તમામ કાર્યોને ઝડપી પૂર્ણ કરવા માટે અપાઈ ગયેલા ઓર્ડરો.

(૨) બે સૂર્યના પરિભ્રમણ દ્વારા ભારત-અમેરિકા આદિ દેશોમાં થતાં સૂર્યોદયની વધઘટનું પ્રેકટીકલ યંત્ર હમણાં જ તૈયાર થઇ ગયું છે જેમાં ૧૮૪ માંડલા વિગેરેનું પ્રત્યક્ષ દર્શન થાય છે.

(૩) અધ્યાત્મ યોગી પં. ગુરુદેવશ્રી અભયસાગરજી મ૦સા૦ના શ્રી નવકાર મહામંત્રના પટો વિ. ને ફ્રેમીંગ કરી સુરક્ષિત કરવા શ્રી નવકાર મંદિરનું આયોજન.... જેનું ખાતમુહૂર્ત શ્રાવણ વદ ૩ના મંગલ દિવસે થયેલ છે.

(૪) વિશાળ અને ભવ્ય આરાધના ભવનનું નિર્માણ ચાલુ છે.

(૫) પ્રકાશિત થયેલ પુસ્તકોનું ઝડપી વેચાણ-નવા પુસ્તકોનું પ્રકાશન અને પુનઃ પ્રકાશનનું કાર્ય હાથ ધરાયેલ છે.

(૬) જંબુદ્વીપની વિશાળ જમીનને કમ્પાઉન્ડ વોલ કરવાનું કાર્ય પૂર્ણ થયું છે.

(૭) આકર્ષક કુપનોના વિમોચન સાથે ગામોગામ તેના વેચાણનું આયોજન....

આ સુંદર આયોજન ઝડપથી મૂર્તિમંત બને તે માટે ઘનિષ્ઠ પ્રયાસો થઇ રહ્યાં છે. પૂજ્યપાદ પન્યાસજી ગુરુદેવશ્રીની પ્રેરણાથી આરંભાયેલા કાર્યો પૂર્ણ થાય તે માટે સર્વે સંઘો-વ્યક્તિઓને સાથ સહકાર આપી લાભ લેવા નમ્ર વિનંતી. અત્રેથી ઉપધાન તપનો પ્રારંભ થયેલ છે. તથા કા. સુ. ૧૫ થી નવાણુંનો પ્રારંભ થશે.

લી. શ્રી વર્ધમાન જૈન પેઢી-પાલીતાણા

પુછપરછ અને પરિચય માટે :- પંન્યાસશ્રી અશોકસાગરજી મ૦સા૦, જંબુદ્વીપ જૈન પેઢી, પાલીતાણા-૩૬૪૨૭૦

આહોર (રાજ.)માં ભવ્ય આરાધનાની ઉજવણી

પૂ૦ આચાર્યશ્રી વિજયહેમેન્દ્રસૂરીશ્વરજી મ૦સા૦ના આજ્ઞાનુવર્તી પૂ૦ મધુર વ્યાખ્યાની મુનિરાજ શ્રી નરેન્દ્રવિજયજી મ૦ સા૦ આદિ ૩ની ચાતુર્માસ દરમ્યાન વિવિધ પ્રકારે જિનશાસનની પ્રભાવના થયેલ.

નવપદની શાશ્વતી ઓળીની આરાધના પણ ભવ્યરૂપે થયેલ. શિબિર, વર્ધમાન તપના પાયા અને નવલાખ જાપ-નિયમ અને અનેકવિધ તપ પણ ચાલુ છે.

પૂ૦ મુનિશ્રી નરેન્દ્રવિજયજી મ૦ દરરોજ ધર્મબિંદુ અને વિક્રમ ચરિત્ર' વ્યાખ્યાનમાં વાંચન કરે છે.

શ્રીસંઘમાં આરાધનાની સારી ગતિવિધિ થાય છે.

શ્રી કનૈયાલાલ ભણસાલી : આકાશવાણીમાં

વીમા ક્ષેત્રે સફળતાને વરેલા અનેક સિદ્ધીઓને વરી ૩૧ સુવર્ણ ચંદ્રક વિજેતા બની ચુકેલા પાલનપુરના શ્રી કનૈયાલાલ દુર્લભરામ ભણસાલીનો આકાશવાણી મુંબઈ કેન્દ્ર પરથી "આવો એમને મળીએ" શ્રેણીમાં વાર્તાલાપ અતિપ્રેરક અને પ્રોત્સાહક શૈલીમાં આપવામાં આવેલ.

પૂ. આચાર્ય શ્રી લક્ષ્મીસૂરીશ્વરજી મ.સા.ની શુભનિશ્રામાં નગર (રાજ.)માં નવપદ ઓળી આરાધનાની ઉજવણી

શ્રી શ્રી ૧૦૦૮ આચાર્યશ્રી નાકોડા તીર્થોદ્ધારક મેવાડકેસરી આચાર્યશ્રી વિજયહિમાચલસૂરીશ્વરજી શ્રીમદ્ અલંકાર શિષ્યરત્ન આચાર્યશ્રી વિજયલક્ષ્મીસૂરીશ્વરજી મ૦સા૦ની શુભ નિશ્રામાં ઓળીની આરાધના ઉજમણા સાથે થઇ.

ઓળી, અકરાશીના પારણા અને બપોરના સ્વામીવાત્સલ્યની ભક્તિનો લાભ શા. દલીચંદજી જેઠમલજી બરમેશાએ લીધેલ. તેમ જ ઓળી કરનારાઓને સ્ટીલના વાસણ ભેટરૂપે આપવામાં આવેલ.

છ છોડનું ઉજમણું, સાધુઓનો સામાન વગેરે ,શા. દોલતરાજજી જેઠમલજી, પૂનમચંદ દાજમલજી, રીખવચંદ ગણેશમલજી બરમેશા નગરવાળા તરફથી ઉજમણા તેમ જ સ્વામીભક્તિનો લાભ લેવામાં આવેલ.

નવપદ અંગી, પૂજા, પ્રભાવના શ્રીસંઘ તરફથી થઈ. નાના આ ગામમાં ૧૫ જૈનોના ઘર છે, ઓળીની આ આરાધનામાં ૧૦૧ની સંખ્યા થયેલ. જેમાં સીણધરી, ડંડાલી, સાણપા, સરાણું, આલોતરા, શેરગઢ, બેશાલા વગેરે ગામોના આરાધકો જોડાયેલ. પારણાના દિવસે ૫૧ રૂા.ની પ્રભાવના ઓળીના આરાધકોને કરવામાં આવેલ. જેમાં બહારગામથી આવવાવાળાએ પણ પ્રભાવના કરવાનો લાભ લીધેલ. પૂ૦ ગુરુદેવે શ્રીપાળ ચરિત્ર ઉપર રોચક શૈલીમાં સુંદર પ્રવચન કર્યું અને લોકોની ભાવના ઘણી જ સુંદર રહી.

દિલ્હી ચાતુર્માસ બાદ કલકત્તા તરફ વિહાર

પૂ૦ આગમોદ્ધારક શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મ૦ સા૦ના પ્રશિષ્ય અને સાગર સમુદાયના વડિલ આચાર્ય પ્રશાંતમૂર્તિ આ૦ ભ૦ શ્રી દર્શનસાગરસૂરીશ્વરજી મ૦ સા૦ના શિષ્યરત્ન વ્યાખ્યાન વાચસ્પતિ પંન્યાસ પ્રવર શ્રી મહાયશસાગરજી મ૦ સા૦ આદિ ઠાણા પાંચ દિલ્હી-કિનારી બજાર અભૂતપૂર્વ ચાતુર્માસ કરી પ્રાય: કારતક વદ ૧૦ તા. ૧૨-૧૧-૮૯ના વિહાર કરી શૌરીપુર, કંપીલ, કૌશાંબી, અયોધ્યાજી, કાનપુર, બનારસ, રાજગૃહી, શિખરજી આદિ તીર્થ ભૂમિની યાત્રા કરતાં કલકત્તા પધારવા ભાવના છે.

બલસાણા તીર્થની યાત્રાએ પધારો

(તાલુકો : સાક્રી, જીલ્લો : ધુલીયા-મહારાષ્ટ્ર).

બલસાણા ગામમાંથી ૩૧ ઇંચના શ્યામ, મનોહર, સુંદર ૧૫૦૦ વર્ષ પુરાના ચમત્કારી શ્રી વિમલનાથ ભગવાનના મુર્તિ પ્રાપ્ત થઈ છે. નદીઓ અને પહાડોની વચ્ચે કુદરતી સૌંદર્યથી શોભતા કળા કૌશલ્યથી યુક્ત મંદિરોના ખંડેરો પ્રાચીનતાની સાક્ષી આપતા આજે પણ અડોલ ઉભા છે. આથી અતિ પ્રાચીન આ ઐતિહાસીક નગર હશે. અહિયા જૈનોના ૧૦ ઘર છે.

વર્તમાન તપોનિધિ પુજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ તથા પંન્યાસ પ્રવર શ્રી ચંદ્રશેખરવિજયજી મ. સા. ના આશીર્વાદથી તથા મુનિશ્રી વિદ્યાનંદવિજયજી ગણિ મ.સા. ના સક્રિય ઉપદેશથી સ્થાનિક અને અનેક જૈન સંઘોના સહયોગ અને સહકારથી એક ગગનચુંબી જિનાલય નિર્માણ થયું છે. જેની પ્રતિષ્ઠા પ. પુજ્ય આચાર્યશ્રી રાજેન્દ્રસુરીશ્વરજી મ. સા. આદિની નિશ્રામાં મહોત્સવ પુર્વક થઇ છે. પ્રાચીન નયનરમ્ય અલૌકિક ચમત્કારી શ્રી વિમલનાથ ભગવાનના જિનબિંબથી શોભતા નુતન તીર્થના અને બલસાણાની પંચતીર્થી (નેર, ધુધીયા, દોડાઈચા, નંદરબાર, બલસાણા) ના દર્શન કરી પાવન થવા સકલ સંઘને ભાવભર્યું આમંત્રણ છે. તીર્થનો સઘળો વહીવટ ધુલીયા જૈન સંઘ સંભાળે છે.

આવવા માટે સુવિધા : સુરત-ધુલીયા હાઈવે ઉપર સાક્રીથી દોડાઈચા રોડથી બલસાણા ૨૫ કિ.મી. ના અંતરે છે. અને દોડાઈચા -ચીમઠાણાથી ૨૫ કિ.મી. અંતરે જુદા જુદા ટાઇમે એસ.ટી. મળે છે.

નુતન તીર્થમાં લાભ લેવા માટે વિનંતી-લખો :

શ્રી ધુલીયા જૈન સંઘ. તેલગલી. ધુલીયા-૪૨૪૦૦૧

સ્વસ્તિક હાર્ડવેર સ્ટોર અને અરિહંત પેઈન્ટસ, આગ્રા રોડ ધુલીયા

નેમિચંદ મોતીલાલ ગોપાલદાસ પરિવારના સૌજન્યથી

જ્યારે તમારુ મન તમારા દોષોને સમજવા માંડે ત્યારે માનજો કે તમારા પુણ્યનો ઉદય થઇ રહ્યો છે.

શ્રી આત્માનંદ જૈન સભા – મુંબઈની નવી મેનેજિંગ કમિટિ

યુગવીર આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજની પ્રેરણાથી તેમના આશીર્ષોને ચરિતાર્થ કરવા સ્થપાયેલ આ સંસ્થા નજીકના ભવિષ્યમાં જ તેના સુવર્ણ જયંતી વર્ષની શાનદાર રીતે ઉજવણી કરવાની તૈયારી કરી રહી છે. સને ૧૯૮૯ થી ૧૯૯૧ સુધીની આ સંસ્થાની નવી મેનેજિંગ કમિટિની નીચે મુજબ વરણી કરવામાં આવી છે.

(૧) શ્રી જે. આર. શાહ–પ્રમુખ (૨) શ્રી અમરચંદ આર. ઝવેરી–ઉપપ્રમુખ (૩) શ્રી શૈલેશભાઈ એચ. કોઠારી–ઉપપ્રમુખ (૪) શ્રી મોહનલાલજી એચ. જૈન–મંત્રી (૫) શ્રી દામજીભાઈ કે. છેડા–મંત્રી (૬) શ્રી પ્રતાપભાઈ કે શાહ–મંત્રી (૭) શ્રી કાંતિલાલ હરગોવિંદ શાહ કોષાધ્યક્ષ (૮) શ્રી જયંતિલાલ મયાભાઈ શાહ–કોષાધ્યક્ષ (૯) શ્રી હિંમતલાલ કે. શાહ–સભ્ય (૧૦) શ્રી ચંદ્રેશ એમ વીરવાડીયા–સભ્ય (૧૧) શ્રી નગીનદાસ જે. શાહ સભ્ય (૧૨) શ્રી માંગીલાલ ઓકચંદજી જૈન–સભ્ય (૧૩) શ્રી ચીમનલાલ કલાધર–સભ્ય (૧૪) શ્રી અરુણભાઈ કે. પરીખ–સભ્ય (૧૫) શ્રી દીપચંદભાઈ એસ. ગાર્ડી–સભ્ય (૧૬) શ્રી માણેકલાલ વી. સવાણી–સભ્ય (૧૭) શ્રી ધીરજલાલ મોહનલાલ શાહ સભ્ય (૧૮) શ્રી સુધાકર એમ. દલાલ–સભ્ય (૧૯) શ્રી મોહનલાલ સી. શાહ–સભ્ય (૨૦) શ્રી કુમારપાળ વી. શાહ–સભ્ય (૨૧) શ્રી હીરાલાલ જૂહારમલ જૈન–સભ્ય (૨૨) શ્રી જયંતભાઈ એમ. શાહ–સભ્ય (૨૩) શ્રી ખાંતિલાલ લાલચંદ શાહ–સભ્ય (૨૪) શ્રી પન્નાલાલ ખીમજી છેડા–સભ્ય (૨૫) શ્રી શશિકાન્ત બી. મંલ–સભ્ય (૨૬) શ્રી વિનુભાઈ સી. શાહ–સભ્ય (૨૭) શ્રી પારસમલ પી. જૈન–સભ્ય.

એક્ષ ઓફિસ સભ્યો :–

શ્રી કેસરીચંદ જેસીંગલાલ શાહ, શ્રી લાલા કુંજીલાલ જૈન, શ્રી રસિકલાલ બી. ઝવેરી, શ્રી નટવરલાલ એસ. શાહ, શ્રી રમેશભાઈ જે. સંઘવી અને શ્રી બાબુલાલ કેદરલાલ શાહ

કો. ઓપ્ટ સભ્યો :–

શ્રી ચંપકલાલ મોહનલાલ પટ્ટણી, શ્રી મોહનલાલ લાલચંદ જૈન, શ્રી જયંતિલાલ મણીલાલ શાહ અને રસિકલાલ પારેખ.

ભૂજ (કચ્છ) આધ્યાત્મિક જ્ઞાન સંસ્કાર સત્ર

પૂ૦ મુનિરાજશ્રી સત્યસુંદરવિજયજી મ૦ની નિશ્રામાં શ્રી અમૃતલાલ પોપટલાલ જૈન જ્ઞાનશાળાના ઉપક્રમે ત્રિદિવસીય આધ્યાત્મિક જ્ઞાન–સંસ્કાર સત્રનું આયોજન થતા ૨૦૦ વિદ્યાર્થીઓ જોડાયેલ.

દાદર (મુંબઈ) જ્ઞાનમંદિરમાં ધર્મપ્રભાવના

પૂ૦ આ૦શ્રી કીર્તિચંદ્રસૂરીશ્વરજી (રાષ્ટ્રસંત મ૦, પ્રવર્તક મુનિશ્રી હરીશભદ્રવિજયજી મ૦ તથા સાધ્વીશ્રી હર્ષકલાશ્રીજી મ૦ આદિની શુભ નિશ્રામાં ચાતુર્માસ દરમ્યાન પર્યુષણ પર્વમાં અનેકવિધ ધર્મપ્રભાવના થયેલ. પૂ૦ સાધ્વીશ્રી દિવ્યકલાશ્રીજી મ. એ શ્રેણિતપ આદી તપશ્ચર્યાની અનુમોદના નિમીત્તે શ્રી સિદ્ધચક્ર પૂજન સહ અઠ્ઠાઈ મહોત્સવ ભવ્ય રીતે યોજાયેલ. તે પ્રસંગે શ્રુતજ્ઞાનની રચના અનેકવિધ અદ્ભૂત અને કલાત્મક બની રહેલ. આ પ્રસંગને અનુસરી જે ક્ષમાપના–પત્ર તથા શ્રીસંઘ આમંત્રણ પત્રિકા–પૂજ્ય પ્રવર્તક મુનિશ્રી હરીશભદ્રવિજયજી મ૦ દ્વારા સ્વહસ્તે લખી પત્રીકારૂપે પ્રગટ થયેલ જે સ્વચ્છ, સુંદર અને સસ્તી આવકાર પાત્ર બની રહેશે.

શ્રી ચંદનબાળા કન્યા શિક્ષણ શીબીર–૩૩

પૂ૦ પં૦શ્રી પૂર્ણાનંદવિજયજી મ૦ની પાવન નિશ્રામાં સાધ્વીશ્રી સુર્યપ્રભાશ્રીજી તથા સાધ્વીશ્રી દિવ્યપ્રભાશ્રીજી દ્વારા બૃહદ મુંબઈમાં ધાર્મીક સંસ્કારોનું સીંચન કરતી ૩૩મી શિબીર મધ્ય મુંબઈમાં દાદર શ્રી શાંતિનાથ જૈન દેરાસરમાં શ્રી. અગરતહ જૈન સંઘ તથા ટ્રસ્ટ દ્વારા કારતક સુદ ૩ થી પ્રારંભ થયેલ છે.

પાવાગઢ તીર્થયાત્રાર્થે પધારવા આમંત્રણ

વડોદરા શહેરથી ૫૦ કિ. મી. દુર સુરમ્ય પ્રાકૃતિક સુંદરતાથી પરિપૂર્ણ પાવાગઢ પહાડની તળેટીમાં પૂજ્ય આચાર્ય શ્રીમદ્ વિજયઇન્દ્રદિન્નસૂરીશ્વરજી મ૦ સા૦ ની સત્પ્રેરણાથી જૈન શ્વેતામ્બર તીર્થ પાવાગઢનું નિર્માણ થયું છે.

શિલ્પકલાયુક્ત ભવ્ય જિનાલયમાં ૫૧ ઇંચના શ્યામ વર્ણીય અત્યંત ચમત્કારી દેવાધિદેવ શ્રી ચિંતામણી પાર્શ્વનાથ પ્રભુ મૂળનાયકરૂપે બિરાજે છે. જીવનની પુણ્ય વેળાએ આ તીર્થના દર્શન, પૂજનનો લાભ લેવા વિનંતી.

યાત્રાથીઓની સુવિધા માટે સંપૂર્ણ સગવડવાળી નૂતન ધર્મશાળા તથા ભોજનશાળાની વ્યવસ્થા છે.

આ તીર્થમાં જૈન કન્યા છાત્રાલયછે. જેમાં નાની બાળાઓ રહીને વ્યવહારિક, તથા ધાર્મિક શિક્ષણ મેળવે છે.

પાવાગઢ પહાડ ઉપર જવા માટે અત્રેથી રોડ માર્ગે વાહનોથી ઉપર જવાય છે. માંચીથી રોપ–વે ચાલુ છે.

અત્રેથી બોડેલી, લક્ષ્મણી, મોહનખેડા, નાગેશ્વ આદિ તીર્થોની

વિનીત : **શ્રી પરમારક્ષાત્રય જૈન સેવા સમાજ**

મુ. પો. પાવાગઢ–૩૮૯૩૬૦, તા. હાલોલ, (જી. પંચમહાલ)

ફૂલોમાં રહેલી સુગંધ બધાને આકર્ષે છે તેમ હૃદયના સદાચરણ અને સદ્વ્યવહારની સુગંધ દરેકને આકર્ષે છે.

દિવાળી : આતશબાજીથી દુઃખનું સર્જન કે મોક્ષ સાધનાનું મહાન પર્વ

સિરોહી (રાજસ્થાન) આચાર્યશ્રી ગુણરત્નસૂરીજી મ૦ આધ્યાત્મિક શિબીરના યુવકો આદીને જણાવેલ કે દીવાળી બીજા જીવોની હોળી ન બને ! અતાશબાજી (ફટાકડા)થી હૃદયરોગીની મૃત્યુ, કેટલાયે જીવો બળી મરે છે, ને કેટલાયે પશુ-પક્ષીને ત્રાસ તથા ભય ઉત્પન્ન થતા દુઃખી થાય છે, આથી આતશબાજી (ફટાકડા) ફોડવાથી દુર રહેવું તે માનવીય ધર્મ છે.... ભગવાન મહાવીરસ્વામીએ મોક્ષસાધના માટે તપ-ત્યાગ ને સંયમ દ્વારા સર્વકર્મ ક્ષય કરી મોક્ષ પ્રાપ્ત કરેલ, તેમ ભગવાન મહાવીરસ્વામીના જીવનની અહિંસાને અપનાવી ઉપવાસ આદી તપ દ્વારા દીવાળી-મોક્ષ કલ્યાણક ઉજવીએ. પૂજ્યશ્રીનું અત્રેની સ્કુલમાં પ્રવચન ગોઠવાતા નવી પેઢી ઉપર ભારે પ્રભાવીત થયેલ, તેમજ સિરોહીની જેલમાં પણ પ્રવચન રાખતા ૧૯ કેદીઓએ પ્રતીજ્ઞા લીધેલ.

શ્રી જૈન આત્માનંદ સભા : દિલ્હીની ચુંટણી

સંસ્થાની વાર્ષીક જનરલ સભા તા. ૨-૧૦-૮૯ના મળતા શ્રી વિનોદભાઇ દલાલના પ્રમુખસ્થાને સને ૧૯૮૮-૮૯ નો વાર્ષીક રીપોર્ટ રજુ થયેલ. તેમજ સને ૧૯૮૯-૯૦ની કાર્યવાહક સમિતિની ચુંટણી થયેલ.

પ્રમુખ (પ્રધાન) શ્રી રામલાલ જૈન, ઉપપ્રમુખ : શ્રી વીરચંદ જૈન, શ્રી કૃષ્ણકુમાર જૈન, મહામંત્રી : શ્રી અભયકુમાર જૈન, સહમંત્રી : શ્રી વિનેશ જૈન, કોષાધ્યક્ષ : શ્રી મિલાપચન્દ જૈનની તેમજ વરિષ્ઠ સદસ્યો, આમંત્રીતો, ને સભ્યોની પસંદગી થયેલ.

શોલાપુર (કર્ણાટક) : પૂ૦આ૦શ્રી અશોકરત્નસૂરીજી મ૦ આદિની શુભ નિશ્રામાં તપશ્ચર્યાની અનુમોદનાર્થે નવ દિવસનો જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ ઉજવાયો હતો. ત્રણ સ્વામીવાત્સલ્ય થયા હતા. આસો સુદ-૫ ના શાંતિ સ્નાત્ર ભણાવાયું હતું. ને આસો માસની ઓળી પારણા પ્રભાવના સાથે થયેલ. મહોત્સવમાં વિધી માટે બેંગ્લોરના શ્રી અરવિંદભાઇ જે શાહ પધાર્યા હતાં.

ગુરુસ્મૃતિ-જિનભક્તિ-ખુડાલા-રાજસ્થાન

પુજ્ય આચાર્યદેવશ્રી વિજયવિક્રમસૂરીશ્વરજી મ૦નો સ્વર્ગવાસદિન-દિપવલીના દીને હોઇ તે નિમિત્તે પુ૦આ૦શ્રી નવિનસૂરીશ્વરજી મ૦ આદીની શુભ નિશ્રામાં ખુડાલા શ્રી જૈન સંઘ તરફથી શ્રી એકાદશાન્હિકા મહોત્સવનો મંગળ કાર્યક્રમ તા. ૨૫-૧૦-૮૯થી તા. ૪-૧૧-૮૯ સુધીનો વિવિધ જિનેન્દ્રભક્તિ સ્વરૂપ ઉજવાયેલ. કા સુ ૫ (બીજી)ના શ્રી સંઘ તરફથી બૃહદ્ શાંતિસ્નાત્ર પુજન ભણાવેલ.

પુજ્યશ્રીની શુભ નિશ્રામાં ભદ્રેશ્વર મહાતીર્થનો (કચ્છ) નો છ'રી પાલિત સંઘ યાત્રાનું પણ આયોજન થયેલ છે.

ભાવનગર કૃષ્ણનગર જૈન સોસાયટી મધ્યે આ૦ શ્રી રૂચકચંદ્રસૂરીજીની નીશ્રામાં ઉદ્યાપન સહ મહો-

પૂ૦ આ૦ શ્રી વિજયરૂચકચંદ્રસૂરીશ્વરજી મ૦ તથા પૂ૦મુનિ શ્રી કુમુદચંદ્રવિજયજી મ૦ આદિની શુભ નિશ્રામાં ચાતુર્માસ દરમ્યાન શ્રી કૃષ્ણનગર જૈન સોસાયટીમાં અનેકાનેક તપશ્ચર્યાનું આયોજન થતા અઠ્ઠમ (૧૭૭) છઠ્ઠ (૨૭૫) અરીહંતપદના ક્ષીરના એકાસણા (૨૨૭) દિપક વ્રત (૩૬૬) કલ્યાણકના (૩૭૫) આદી તેમજ પર્યુષણ પર્વમાં ત્રણ માસક્ષમણ, ૧૬, ૧૫, ૧૧, ૯, ૮, વિગેરેની તપ આરાધના તથા ભાવનગરના સંસારી વતની મુનિશ્રી કુમુદચંદ્રવિજયજી મ ની વર્ધમાન તપની સળંગ ૩૧, ૩૨, ૩૩મી ઓળી તેમજ સાધ્વીશ્રી આદીની તપ આરાધનાની અનુમોદનાના ઉદ્યાપન નિમિત્તે ૩૧ છોડના ઉજમણાપૂર્વક શ્રી સિદ્ધચક્ર મહાપુજન સહ જિનેન્દ્રભક્તિ મહોત્સવ ભવ્ય રીતે ભાવોલ્લાસપુર્વક ઉજવાયો.

પૂજ્ય આચાર્યદેવશ્રીનો ૬૪મો જન્મદિન આ શુ, ૧૦ના જિનેન્દ્રભક્તિ સહ સંઘપુજનને ૬૫ જીવોને અભયદાન દ્વારા ઉજવાયો. તેમજ શ્રાવીકા બહેનો માટે નૂતન ઉપાશ્રય બનાવવા માટે ખાતમુહુર્ત પૂજ્યશ્રીની નિશ્રામાં થયેલ.

આધોઇ (કચ્છ)માં પૂ૦આ૦ શ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મ૦ની પાવન નીશ્રામાં સિદ્ધચક્ર સહીત જીનેન્દ્ર ભક્તિ મહોત્સવ

પૂજ્ય આચાર્યદેવશ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મ૦ આદીની શુભ નિશ્રામાં કચ્છના આધોઈ નગરમાં અવર્ણનીય ધર્મજાગૃત્તિ અને તપ આરાધનાની હેલી પ્રગટેલ હોઇ ભારતભરમાં સર્વપ્રથમવાર રેકોર્ડરૂપ ભદ્રતપ-૩૯, શ્રેણીતપ-૩, મોક્ષ દંડક તપ-૩૪, ગુણરત્ન સંવત્સર તપ સામુદાયિકને નમસ્કાર મહામંત્ર તપ (૬૮ ઉપવાસ) તેમજ ૩૬, ૩૧, ૩૦, ઉપવાસના-૧૯ આદી અનેક અઠ્ઠાઇ, નવ, દસ, અગ્યારથી એકવીસ ઉપવાસની પણ ઉગ્ર તપશ્ચર્યા ભારે ભાવોલ્લાસપૂર્વક થતા ભાવભરી અનુમોદનારૂપ શ્રી વીશા ઓસવાલ મૂ૦ પૂ૦ જૈન સંઘ દ્વારા શ્રી સિદ્ધચક્ર મહાપુજન સહિત નવાન્હિકા જિનેન્દ્રભક્તિ મહોત્સવ અનેરા ઠાઠમાઠથી ભાવોલ્લાસપુર્વક ઉજવાયેલ.

જિનેન્દ્રભક્તિના મહોત્સવ માટે : ફોન : ૬૩૬૪૫૦૫ ૬૩ ૬૩૭૫૨
જૈન સંગીતકાર
જૈન ગીતકાર **મનુભાઈ એચ. પાટણવાળા**
અરવિંદકોલોની, ૧૪૫-ડી, અરૂણનિવાસ,
વિલેપાર્લા (વે.) મુંબઈ-૪૦૦૦૫૬

કુટેવ, આળસ એક જાતની છતાં મારકણી પથારી છે, તેમાં સુવું સહેલું છે, પણ એમાંથી જાગવું અઘરૂં છે.

ભીવંડી (થાણા)માં નવી ચાલ

પૂ૦ પં. શ્રી શ્રેયસવિજયજી મ૦ તથા મુનિશ્રી ચંદ્રશેખર વિજયજી મ૦ ની શુભ નિશ્રામાં તેમની શુભપ્રેરણાથી આ વર્ષ પર્યુષણમાં વીરપ્રભુના જન્મ વાંચન સમયે નાળીયેર ફોડવાથી અનેક રીતે વીરાધના થતી હોઈ નાળીયેર ફોડેલ નહી. ને શ્રીસંઘ તરફથી નાળીયેરના ગોટાની વ્યવસ્થા કરવામાં આવતા દરેકે તે પ્રથાને અપનાવી વકારેલ અને દોષોથી દુર રહેનાર આ નવી ચાલની પ્રશંસા કરેલ. (બેંગ્લોર આદી સ્થાનોમાં આ ગોટાની શેષ આપવાની પ્રથા છે.) પ્રતિક્રમણમાં પ્રાયઃ બાળકોએ જ ઉત્સાહથી આદેશપૂર્વક ભાગ લીધેલ.

પાળીયાદ (બોટાદ)માં નવાન્હિકા મહોત્સવ

પુ૦ સાધ્વીશ્રી સૂર્યપ્રભાશ્રીજી મ૦સા૦, શ્રી હર્ષપ્રભાશ્રીજી મ૦ આદિની શુભ નિશ્રામાં ચાતુર્માસની તથા પર્યુષણા પર્વની અનેરી અનેકવિધ ધર્મઆરાધના, તપશ્ચર્યા અનુમોદનાર્થે તેમજ પૂ૦ આચાર્યદેવશ્રી વિજયપ્રભવચંદ્રસૂરીશ્વરજી મ૦ની સ્વર્ગારોહણ તિથિ તેમજ સાધ્વી શ્રી મણીશ્રીજી મ૦ ની ૮મી સ્વર્ગારોહણ તિથિ નિમીત્તે પાળિયાદ દેરાવાસી જૈન સંઘના ઉપક્રમે નવાન્હિકા મહોત્સવ ઉજવાયેલ. જેમાં શ્રી સિદ્ધચક્રપુજન ભક્તિભાવથી થયેલ. પ્રભુજીની અંગ રચના, રાત્રે ભાવના વિગેરે વિવિધ કાર્યક્રમો થયેલ.

શ્રી નીતિ-હર્ષ-મહેન્દ્ર મંગલપ્રભ-અરિહંતસિદ્ધસૂરીશ્વર ગુરુભ્યો નમઃ

શ્રી શિવગંજ–સુમેરપુર નિકટવર્તી શ્રી નાકોડાજી તીર્થથી જૈસલમેર–નાકોડાજી તીર્થનો છ'રીપાલિત પદયાત્રા સંઘ

પાવન નિશ્રાદાતા :– તીર્થોદ્ધારક પ૦ પૂ૦ આચાર્ય ભગવંત શ્રી વિજયનીતિસૂરીશ્વરજી મહારાજ સાહેબના સમુદાયના વર્તમાન ગચ્છાધિપતી પ૦ પૂ૦ આચાર્યદેવશ્રી વિજયઅરિહંતસિદ્ધસૂરીશ્વરજી મ૦સા૦ તેમજ પ૦પૂ૦ આચાર્યદેવશ્રી વિજયહેમપ્રભસૂરીશ્વરજી મ૦સા૦ આદિ મુનિભગવંત

જૈસલમેર તીર્થમાં સંઘ આયોજકોનો સન્માન સમારોહ. મહા (પોષ) વદી ૫, મંગળવાર તા. ૧૬-૧-૧૯૯૦	સંઘનું મંગલ પ્રયાણ સં. ૨૦૪૬ પોષ (માગશર) વદી-૧ બુધવાર તા. ૧૩-૧૨-૧૯૮૯	શ્રી નાકોડાજી તીર્થમાં સંઘ સમાપ્તિ તેમજ યાત્રિકોનો વિદાય સમારોહ માઘ સુદી ૮, શનિવાર તા. ૩-૨-૧૯૯૦

પ્રેરણાદાતા :– પૂજ્યપાદ ગુરુભગવંતો તેમજ ગચ્છાધિપતીશ્રીના આજ્ઞાવર્તીની પૂ૦ સાધ્વી શ્રી લલીતપ્રભાશ્રીજી મ૦ આદી સપરીવાર

卐 પૂ૦ સાધુ–સાધ્વીજી ભગવંત આદી ચતુર્વિધ શ્રી મૂર્તિપૂજક સંઘને પધારવા હાર્દિક આમંત્રણ છે.

પત્ર સંપર્ક માટે :– (૧) પૂ૦ આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મ૦ સા૦, C/o. શા છોગમલ બસાજી સ્ટે : ફાલના, (જિ. જાલોર) મુ. પો. પાદરલી–૩૦૭૦૩૦ ફોન : ૩૯ તખતગઢ (૨) શ્રી ગજરાજ કે. શાહ સ્ટે. રાની (જિ. પાલી–રાજ.) મુ. પો. રાણીગાંવ–૩૬૦૧૧૫ ફોન : ૨૫૩ રાની (૩) શા. જસરાજ રતનચંદ એન્ડ કું. ૧૭૬, એસ. વી. પી. રોડ, ગોળ દેવળ, નળબજાર, મુંબઈ–૪૦૦૦૦૪ ફોન : ૩૫૯૯૨૫—૩૫૫૬૬૩

સંઘ પ્રયાણનું શુભ સ્થળ :–
શ્રી શાંતીનાથ ભગવાન જૈન તીર્થ પેઢી
મુ. જાખોડા, વાયા : સુમેરપુર, સ્ટે. : જવાઈબંધ
પો. નેતરા, (જી. પાલી–રાજસ્થાન)
ફોન : ૫૮૦ (સુમેરપુર)

આયોજક તેમજ વ્યવસ્થાપક :–
શ્રી જાકોડાથી જૈસલમેર
છ'રીપાલીત પદયાત્રા સંઘ
સમીતીના જય જીનેન્દ્ર
સહ પ્રણામ

ગુમાવેલી વસ્તુની ગમગીનીમાં પોતાની પાસે હોય તે વસ્તુ પણ માનવી ગુમાવી બેસે છે.

Road G. BV. No. 29
JAIN OFFICE : P. Box No. 175
BHAVNAGAR-364001 (Gujarat)
Tele. O. C/o. 29919 R. C/o 25869

જૈન

વાર્ષિક લવાજમ : રૂ. ૫૦/-

સ્વ. તંત્રી : ગુલાબચંદ દેવચંદ શેઠ
તંત્રી- મુદ્રક–પ્રકાશક–માલીક :
મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
જૈન ઓફિસ, પો બો. નં.૧૭૫, દાણાપીઠ, ભાવનગર

'જૈન' વર્ષ ૮૬
અંક–૪૨

વિર સં. ૨૫૧૬ : વિ સં. ૨૦૪૬ કાર્તિક સુદ ૧૨
તા. ૧૦ નવેમ્બર ૧૯૮૯ શુક્રવાર
મુદ્રણ સ્થાન : શ્રી જૈન પ્રિન્ટરી
દાણાપીઠ પાછળ, ભાવનગર-૩૬૪૦૦૧

પૂ૦ રાષ્ટ્રીય સંત આચાર્યદેવશ્રી પદ્મસાગરસૂરિજીમ૦સા૦ની શુભ નિશ્રામાં

બેંગલોર નગરમાં યાદગાર અને યશસ્વી ચાતુર્માસ



શ્રી આદિનાથ જૈન શ્વે. સંઘ તેમજ ટ્રસ્ટીગણની આગ્રહ ભરી વિનંતીને માન આપી પૂ૦ આચાર્યશ્રી આદિ મુનિમંડળ સહિત બેંગલોરનગરમાં ચાતુર્માસાર્થે તા. ૮ જુલાઇના સવારના ૯–૩૦ વાગે ભવ્ય સમારોહસહ નગર પ્રવેશ કર્યો, આ સુઅવસરના અધ્યક્ષપદે ભારતના ભૂતપૂર્વ ઉપરાષ્ટ્રપતિ શ્રી બી. ડી. જત્તી પધાર્યા હતા. પૂજ્યશ્રીના પ્રવચન શ્રમણનો લાભ કૈલાસ નગર પ્રવચન મંડળ દ્વારા વિશાળસમારોહ મંડપનું આયોજન કરવામાં આવ્યું. જ્યાં પૂજ્યશ્રીના પ્રવચનોનો લાભ નિયમીત આપવામાં આવતો હતો.

બેંગ્લોર નગરનું જાણે ભાગ્ય જાગ્યું સંઘના પૂન્યનો સૂર્ય સોળે કળાએ ખીલી ઉઠયો. પૂ૦ આચાર્યદેવશ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મ૦સા૦ના પ્રશિષ્ય પૂજ્ય રાષ્ટ્રસંત આચાર્યદેવ શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મ૦ સા૦, પૂ૦ મુનિશ્રી અરૂણોદયસાગરજી મ૦ સા૦ આદિની શુભ નિશ્રામાં બેંગ્લોર નગરમાં યશસ્વી અને યાદગાર ચાતુર્માસની વિવિધ તપારાધના, પર્યુષણ પર્વ આરાધના તેમજ પૂજ્યશ્રીના ૫૫માં જન્મ દિવસની શાનદાર ઉજવણી થઈ.

પર્યુષણ પર્વની ઉજવણી :– મંદિર માર્ગી મૂર્તિપૂજક સમાજ, સ્થાનકવાસી સમાજ, તેમજ તેરાપંથી સમાજમાં આ વર્ષે પર્યુષણ પર્વના સુઅવસરે ધર્મપ્રેમી ભાવિકોમાં વિશેષ ઉત્સાહ પ્રગટયો હતો. પર્વ દરમ્યાન તપસ્યાઓનું પ્રમાણ વિપુલ પ્રમાણમાં જોવા મળ્યું. શ્રી આદિનાથ જૈન શ્વે સંઘ દ્વારા કરવામાં આવેલ જાહેરાત અનુસાર આ વર્ષે આચાર્યશ્રી પદ્મસાગર સૂરીશ્વરજી મ૦ સા૦ ની નિશ્રામાં ૫૫ ઉપવાસની તપસ્યા પ્રેમલત્તા કમલચંદ નાહર, ૫૧ ઉપવાસની તપસ્યા મૈનાદેવી પુખરાજ પટેલ, ૩૬ ઉપવાસની તપસ્યા શ્રી ભૂરમલ તલશાજી લખતગઢ, ૩૪ ઉપવાસની તપસ્યા શ્રી કાલૂરામ ગિરધારીલાલ આઉવા તેમજ રતનબાઇ મોતીલાલ અનંતપુરે કરી, ૩૧ ઉપવાસ કરનાર તપસ્વી શ્રીમતી નિર્મલાદેવી માંગીલાલ, શ્રી શાંતિસ્વરૂપ મિલાપચંદજી મહેતા, શ્રી રતિલાલ પ્રેમચંદ, શ્રી રાધાબાઇ ભંવરલાલ, ફાઉબેન મીશ્રીમલ, જીવીબાઈ શાંતિલાલ, ભાગ્યવંતી મનોહરલાલ તેમજ સુવાબાઈ નેમિચંદે કરી.

આ ઉપરાંત ૧૬/૪, ૧૮/૩, ૧૫/૫, ૧૩/૧, સિદ્ધિતપ–૧, ૧૧/૨૩, ૯/૧૦, તેમજ અઠ્ઠાઈની આરાધના કરનારની સંખ્યા ૧૫૧ની રહી. કુ. જ્ઞાનેશ્વરી નિર્ભયલાલે (ઉ. વ. ૧૫) ૯ ઉપવાસની તપસ્યા કરી.

પર્યુષણ પર્વ દરમ્યાન દેરાસરોમાં ભાવકોની ભારે ભીડ જામતી રહી, રાત્રીના બધા જ દેરાસરોમાં ભક્તિ મંડળીઓ દ્વારા ભક્તિરસની ધારા વહેતી રહી.

આ આરાધનાઓની અનુમોદનાર્થે પૂજ્યશ્રીની નિશ્રામાં એક રથયાત્રાનો ભવ્ય વરઘોડો ભા. સુ. ૧૦ના ચિકપેઠ મંદિરથી પ્રારંભ થઈ જુદા-જુદા વિસ્તારોમાં ધર્મોલ્લાસપૂર્વક ફર્યો હતો.

પૂજ્ય આચાર્યશ્રીના ૫૫માં જન્મદિનની ઉજવણી.

પૂ૦ આચાર્યશ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મ૦સા૦ ના ૫૫માં જન્મદિનની એક વિશાળ સમારોહ અને જે ભવ્યતા અને વિશાળતાપૂર્વક ઉજવણી કરવામાં આવી તેની યાદ બેંગ્લોરના ઇતિહાસમાં સદા સ્મરણીય બની રહે તેવી હતી.

કર્ણાટક જૈન સમાજ દ્વારા આયોજિત પૂ૦ આચાર્યશ્રીના જન્મદિવસ તા. ૧૦-૯-૮૯ના દિવસે વિશ્વેસપુરમમાં દાદાવાડીની નજીક એક વિશાળ ભૂમિ ઉપર વિશિષ્ટરૂપમાં તૈયાર કરવામાં આવેલ એક વિશાળ સભા મંડપમાં આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૩૦ થી ૩૫ હજાર જૈન-જૈનેતર ભાઇ-બહેનોએ ભાગ લઇ પોતાના લાડીલા રાષ્ટ્રીય સંતના દીર્ઘાયુની મંગલ મનોકામના પ્રગટ કરતાં જયઘોષના નારાથી પોતાની પ્રસન્નતા રજૂ કરી.

આ શુભ અવસરે સ્થાનકવાસી સમાજના પ્રવર્તકશ્રી રૂપમુનિજી મ૦એ ઉપસ્થિત રહી આ સમારોહને વિશેષ ભવ્યતા અર્પણ કરી.

પૂ૦ સાધુ-સંતોના જન્મદિવસ પોતાની ખુશી કે આનંદ માટે નહિ પરંતુ લોકકલ્યાણ અને ધર્મજાગૃતિ અર્થે ઉજવવામાં આવતો હોય છે. આજનો આ સમારોહ આ વાતનું જીવંત ઉદાહરણ છે. આ સમારોહનો પ્રારંભ શ્રી લબ્ધિસૂરિજી જૈન પાઠશાળાના અધ્યાપક શ્રી સુરેન્દ્રભાઈ સી શાહે પૂ૦ આચાર્યદેવશ્રીનો પરિચય આપી કરેલ. તેમજ બેંગ્લોર તથા દક્ષીણ ભારત ઉપર પૂ૦ આચાર્યદેવશ્રીના ઉપકારો જણાવેલ. ત્યારબાદ પાઠશાળાની વિદ્યાર્થીની ચન્દ્રકાંતાબેન વગેરે સ્વાગત ગીત રજૂ કરેલ.

રાષ્ટ્રસંત મહાન જૈનાચાર્યશ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મ૦સા૦ના ૫૫માં જન્મદિવસ મહોત્સવના સંયોજક શ્રી બાબુભાઈ પારેખે સ્વાગત પ્રવચન કરતાં જણાવેલ કે ભારતના વિવિધ રાજ્યોમાંથી આ મહાન આયોજનને સફળ બનાવવા અને પૂ૦ આચાર્યદેવશ્રી પ્રત્યે પોતાની હાર્દિક શુભકામનાઓ અર્પણ કરવા અર્થે પધારેલ દરેક ભક્તજનોના અમો આભારી છીએ. ખરેખર આપ સર્વેએ આપનો અમૂલ્ય સમય આપીને આ મહાન આયોજનને સાર્થક બનાવ્યું છે. પૂ૦ આચાર્યદેવશ્રીની અસીમ કૃપા વિના આ મહાન કાર્ય સંભવિત નહોતું, જેથી આપણે પૂજ્યશ્રી પ્રત્યે શ્રદ્ધાવંત છીએ. સાથે સાથે પૂજ્ય રૂપચંદજી મહારાજે આ સમારોહમાં પધારી સમારોહને ભવ્યતા અર્પણ કરવા બદલ અમો તેઓશ્રીના પણ ખૂબ ખૂબ આભારી છીએ. તેમજ સ્થાનિક સંઘો, બહારગામથી પધારેલ શ્રીસંઘના આગેવાન ભાવિકો, સંસ્થાઓ અને ગાદિયા પરિવારના અમો આભારી છીએ.

બેંગ્લોર શ્રીસંઘના પ્રમુખ શ્રી લક્ષ્મીચંદજી કોઠારીએ પૂ૦ આચાર્યદેવશ્રીની શાસનપ્રભાવના અને યુગદૃષ્ટા તેમજ દક્ષીણ ભારતમાં જૈન ધર્મની જ્યોત પ્રજ્વલિત કરવામાં મહાન યોગદાન રહ્યું છે. આચાર્યશ્રી દ્વારા અહિંસા ધર્મની જ્યોત પણ પ્રજ્વલિત રહી છે. તેઓશ્રી તેમજ તેમના પરિવારનો શિષ્યગણ દક્ષીણ ભારતને ધર્મના માર્ગને સિંચન કરતું રહે તેવી મંગલ ભાવના.

બેંગ્લોર શહેર ઉપર પૂ૦ આચાર્યદેવશ્રીનો વિશેષ ઉપકાર રહેલ છે. જે શ્રીસંઘ કદિ ભૂલી શકે તેમ નથી.

મદ્રાસ સંઘના આગેવાન શ્રી મોહનલાલ ઢઢ્ઢાએ. પૂ૦ આચાર્યદેવશ્રીના જન્મદિન પ્રસંગે પ્રાચીન કલાકૃતિ અર્પણ કરેલ, ત્યારે આચાર્યદેવશ્રી જૈન સંઘ અને ધર્મના શ્રમણશ્રેષ્ઠ તરીકે રહેલ છે. તેમને આપણી ભાવભરી વંદના.

મુંબઇ-ભાયખલા શ્રીસંઘના પ્રમુખ તથા મહારાષ્ટ્ર કોંગ્રેસ આઇના ખજાનચી શ્રી એસ. એમ. બાફનાએ જણાવેલ કે જન્મદિનનો સમારોહ ત્યારે જ ઉજવવામાં આવતો હોય છે કે જ્યારે તે વ્યક્તિનું યોગદાન સર્વ માનવમાત્ર પ્રત્યે હોય કે વિશ્વ કલ્યાણની ભાવના તેમના હૃદયમાં પ્રજ્વલિત હોય તેમનો જ જન્મદિન ઉજવાય છે. આવા જ વિશ્વ અને માનવ કલ્યાણવાંછુ આચાર્યદેવશ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મ૦ સા૦ ના ૫૫માં જન્મદિનની ઉજવણી અર્થે આપણે સૌ અત્રે ઉપસ્થિત થયા છીએ, ત્યારે આપણી જવાબદારી છે કે જૈન ધર્મના પ્રચાર-પ્રસાર માટે પૂ૦ ગુરુદેવશ્રીના ઉપદેશો વિશ્વમાં ઠેર-ઠેર પહોંચાડવા પ્રયત્નો કરવાની તાતી જરૂર છે. આજે વિશ્વને અપરિગ્રહ અને અનુકંપાની સમજુતી આપવાની જરૂર જણાય છે. પૂજ્યશ્રીની વિશાળ દૃષ્ટિથી ગુજરાતના પાટનગર ગાંધીનગર પાસે કોબા મુકામે શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્રનું સર્જન થયેલ છે, જે વિશ્વની પ્રાચીન સંસ્કૃતિને જીવંત રાખનારી અજાયબી બની રહેશે.

કવિશ્રી નિર્ભયે પોતાની આગવી છટાથી પૂ૦ ગુરુદેવશ્રીના જન્મ મહોત્સવને યાદગાર અને વિસ્મરણીય કાવ્યપઠન દ્વારા બનાવેલ શ્રીસંઘે કવિશ્રીનું રૂા. ૧૧૦૦/- આપી બહુમાન કરેલ. તેમજ પંડિત શ્રી મુનિસુવ્રતરાવનું પણ બહુમાન કરવામાં આવેલ.

પૂજ્ય ગુરુદેવશ્રીના પરિવારના શિષ્યરત્નો મુનિશ્રી અરૂણોદય-

નિરાશા ખતરનાક છે એ વાત ખરી પરંતુ ખોટી આશા તો એથીયે વધુ ખતરનાક છે એ હકીકત ન ભૂલશો

સાગરજી તથા મુનિશ્રી વિમલસાગરજીએ પૂ૦ ગુરુદેવશ્રીના જીવન પ્રસંગો ઘટનાબદ્ધ રજુ કરેલ. પ્રેમચંદમાંથી પદ્મસાગરની જીવન સૌરભનું રોચક શૈલીમાં વર્ણન કરેલ.

આ સુઅવસરે સ્થાનિક મૂર્તિપૂજક, સ્થાનકવાસી, તેરાપંથી, અને દિગમ્બર જૈન ભાઇઓ દ્વારા સહયોગપૂર્વક આયોજિત આ સમારોહમાં આર્થિક રીતે નબળા એવા ૧૦૧ વ્યક્તિઓને સીલાઈ મશીનો, ૫૫ શ્રવણયંત્ર, ૧૧ વ્હીલચેર, તેમને કામળી, સાડીઓ તથા કપડા તેમજ વિદ્યાર્થીઓને સ્કૂલના ડ્રેસ તેમજ પુસ્તકો આદિનું લાખો રૂપિયાની સામગ્રીનું વિતરણ કરવાપૂર્વક આ જન્મદિનને માનવ સેવા દિવસ ' નું રૂપ આપવામાં આવ્યું.

આ અવસરે એક અન્ય સંસ્થા દ્વારા રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવેલ જે સફળતાપૂર્વક પરિપૂર્ણ થયેલ. આ શિબિરમાં ઇન્સ્પેકટર જનરલ ઓફ પોલીસ (દક્ષીણ ભારત) અને રીઝર્વ પોલીસના કમાન્ડર મુખ્ય અતિથિ વિશેષ તરીકે પધાર્યા હતા. બન્ને પદાધિકારીઓએ પૂજ્ય આચાર્યશ્રીને પોતાની મંગલ કામનાઓ પ્રગટ કરી હતી.

ઉપસ્થિત દરેક ભાવિકોની સાધર્મિક ભક્તિની વ્યવસ્થા ઉદાર-દિલ સ્વ. શ્ર કેસરીમલ ગાદિયા પરિવાર દ્વારા ઘણાં સુંદર આયોજનપૂર્વક કરવામાં આવી હતી. આ પ્રસંગે તેમના પરિવારનું બહુમાન થયેલ.

આ સમારોહનું સંચાલન અત્રેની પાઠશાળાના અધ્યાપક શ્રી સુરેન્દ્રભાઈ પી. શાહે સુંદર આયોજનપૂર્વક કર્યું હતું.

સહયોગી સભ્યોનું સભ્યગણ

શ્રી કુશલરાજ લોઢા (ભારત ઇલેક્ટ્રીક એન્ડ ટ્રેડીંગ કું.), શ્રી ઘેવરચંદ સુરાણા (માઇક્રોલેબ પ્રા. લિ.), શ્રી ચુનીલાલ (એસ. કપૂરચંદ એન્ડ કું.), શ્રી તેજરાજ નાગૌરી (મિશ્રીમલ ભબૂતમલ એન્ડ સન્સ), શ્રી ચંપાલાલ ચોપડા (મૈસુર ટ્યુબ સપ્લાયર્સ), શ્રી કુટરમલ (જે. રાયચંદ), શ્રી સાગરમલ કોઠારી (ચંદુલાલજી હજારીમલજી કોઠારી), શ્રી મનોહરમલ ભંડારી (થાનમલ માનાજી), શ્રી ઉત્તમચંદ (દેવીચંદ મિશ્રીમલ), શ્રી ચેનરાજ છાજેડ (પુષ્પા સીન્ડીકેટ), શ્રી દૂધમલ (દૂધમલ એન્ડ બ્રધર્સ), શ્રી કાંતિલાલ (જે. કે. ટ્રેડર્સ), શ્રી ભબુતમલ ભંડારી (પક્ષાલ કોરપોરેશન), શ્રી બાબુલાલ પોરવાલ (પંકજ ટેક્ષટાઇલ્સ), શ્રી તેજરાજ જૈન (રાજેન્દ્રા પેપર), શ્રી કિરણકુમાર ગાદિયા (કે. એમ. ગાદિયા), શ્રી કે. સી. જૈન કરબાવાલા (હસ્તીમલ વીરચંદજી કરબાવાળા-ઇરોડ), શ્રી છગનલાલ જૈન (સરેમલ શિવલાલ), શ્રી માનકચંદ (માનક સિલ્ક કોરપોરેશન), શ્રી બી. શાંતિલાલ (બેલગામ રોલર ફ્લોર મીલ્સ), શ્રી રમેશચંદ નાહર (રતનચંદ પ્રસન્નચંદ નાહર), શ્રી શાંતિલાલ ગાદીયા (જસરાજ ફૂલચંદ ગાદીયા), શ્રી ભંવરલાલ ચોપડા (બસ્તીમલ ભાનાજી), શ્રી મોહનલાલ જૈન (મોહનલાલ મુકેશકુમાર), શ્રી ઘેવરચંદ રાંકા, શ્રી પુખરાજ શાહ, શ્રી સરદારમલ (જિનદત્તસૂરિ મંડળ), શ્રી મહાવીરચંદ (મહાવીર કલોથ સેન્ટર), શ્રી માંગીલાલ (ચેતક ઇન્ટરનેશનલ) શ્રી રતનલાલ હીરણ-જયનગર, શ્રી [illegible]વકુમાર (જે. નેમકુમાર)

ભાયખલા તેમજ સિકન્દ્રાબાદના શ્રીસંઘોએ પૂ૦ આચાર્ય-શ્રીને આગામી ચાતુર્માસ પોતાને ત્યાં પધારવા આગ્રહભરી વિનંતી કરી હતી.

પરિસ્થિતિની અનુકૂળતા મુજબ પૂ૦ આચાર્યશ્રીએ ભાયખલા શ્રીસંઘને આગામી ચાતુર્માસ માટે આશ્વાસન અર્પણ કર્યું હતું. ભાયખલા શ્રીસંઘના ચેરમેન શ્રી એસ. એમ. બાફનાએ પૂજ્ય-શ્રીના ચાતુર્માસની સ્મૃતિરૂપે મલાડમાં એક વિશાળ જમીન ઉપર સાધર્મિક ભાઇઓ માટે ૨૦૦ ફ્લેટ બનાવી કિફાયત ભાવે વિતરણ કરવાની પોતાની વ્યકિતગત જાહેરાત કરી હતી.

મુંબઈ, સિકન્દ્રાબાદ, હૈદ્રાબાદ, કલકત્તા, મદ્રાસ, દિલ્લી, અમદાવાદ, અજીમગંજ, દાવણગીરી, સાલેમ, હરિહર, ચિત્રદુર્ગ, ટુમકુર, તિરપતુર આદિ અનેક શહેરોમાંથી શ્રદ્ધાળુ ભાવિકોએ ઉપસ્થિત રહી સમારોહની શોભા વધારી હતી. બેંગ્લોર શહેરમાં આ સમારોહ ઐતિહાસિક રૂપ બન્યો.

ચૈત્યપરિપાટીનું ભવ્ય આયોજન

બેંગ્લોર શહેરમાં પૂજાના વસ્ત્રો દ્વારા પદ ચૈત્ય પરીપાટીનું આયોજન કરવામાં આવેલ. જેથી લોકોનો ઉત્સાહ તરસ્યાને પાણી મળ્યા જેવો બની ગયો. દરેક મહાનુભાવોના મુખારવિંદ ઉપર ખુશી, ઉમંગ અને ઉત્સાહ છવાઈ ગયો હતો. જેમ સૂરજને જોઇ સૂરજમુખી ફુલ ખિલે છે.

ચૈત્ય પરિપાટી ચિકપેઠ જૈન દેરાસરથી પ્રારંભ થઇ, દાદા-વાડીમાં પૂજા કર્યા બાદ સંઘપૂજન બે મહાનુભાવો તરફથી કરવામાં આવ્યું. ત્યારબાદ જયનગર તરફ પ્રસ્થાન થયું. જયનગર સ્થિત જૈન દેરાસરમાં પૂજા. ચૈત્યવંદન, સ્નાત્ર મહોત્સવ તેમ જ માંગલિક સાંભળવાનો લાભ મળ્યો. અલ્પાહાર શ્રી. ભૂરમલજી પૂનમચંદજી તરફથી તેમ જ સંઘપૂજનનો લાભ ૨૦ જેવા મહાનુભાવોએ લીધો.

પદયાત્રિકોની સંખ્યા ૧૦૦૦ જેવી રહી, જેનું સંચાલન

જે જીવ ભગવાનની આજ્ઞા મુજબ ચાલે તો તેનું રક્ષણ થઈ જાય બાકી પોતાની મરજી મુજબ ચાલે તેનું રક્ષણ કોણ કરે ?

શ્રી લબ્ધિસૂરિ જૈન પાઠશાળાના અધ્યાપક શ્રી સુરેન્દ્રભાઈ તેમ જ અન્ય ભક્તજનો દ્વારા કરવામાં આવેલ.

આમ પૂ. આચાર્યદેવશ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મ૦ સા૦ની શુભ નિશ્રામાં ચાતુર્માસ આરાધના, પર્યુષણ પર્વની શાનદાર ઉજવણી અને જન્મદિનની માનવસેવા દિન તરીકે ભવ્ય ઉજવણી થઇ જે બેંગલોરના ઇતિહાસમાં કાયમી સંભારણારૂપ બની રહી.

યોગનિષ્ઠ આચાર્યદેવશ્રી કેસરસૂરીશ્વરજી મ૦સા૦ના સમુદાયવર્તીની પૂ૦ સાધ્વીશ્રી કલ્પગુણાશ્રીજી મ૦ સા૦ આદિ ઠા૦ ૫નું પણ અત્રે ચાતુર્માસ થતાં બહેનોમાં પણ આરાધનાની ઉજવણી, ધર્મોલ્લાસપૂર્વક થઈ.

શ્રી કરેડા પાર્શ્વનાથજી તીર્થની

[રેલ્વે સ્ટેશન ભુપાલસાગર (જિ. ચિત્તોડગઢ, રાજસ્થાન)]

યાત્રાર્થે અવશ્ય પધારો

આ મંદિરનું નિર્માણ આચાર્ય ધર્મઘોષસુરિજી મ. ના ઉપદેશથી માંડવગઢના મહામંત્રી સંઘપતિ પેથડશાહ દ્વારા સં. ૧૩૨૧ માં કરવામાં આવ્યું અને તેના શિખર પર સાત ખંડનું ભવ્યમંદિર શ્રી પેથડશાહના પુત્ર ઝાઝણકુમારે સ. ૧૩૪૦માં નિર્માણ કર્યું, જેનુ સુકૃત સાગર તરંગ આઠમાં વર્ણન છે.

તેનો હાલમાં શ્રી શંખેશ્વર – ભોયણી તીર્થ દ્વારા રૂપિયા ૧,૨૫,૦૦૦/- ખર્ચ કરી જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે અને બાવન દેરીઓમાં શ્રી પાર્શ્વપ્રભુની પ્રતિમા વિભિન્ન તીર્થોના નામથી બિરાજમાન કરવામાં આવી છે મુલનાયક ભગવાનના પ્રાચીન અત્યંત મનોહરી, ચમતકારી, શ્યામવર્ણિય પ્રતિમાજીના નિર્મલ ભાવથી દર્શન કરી પુણ્યોપાર્જન કરો.

અમદાવાદથી ઉદયપુર, ચિત્તોડ રેલ્વે માર્ગ પર ભુપાલસાગર નામના સ્ટેશનથી ૩ ફર્લાંગ દુર આ તીર્થ આવેલ છે. બસોની પણ સુવિધા ઉપલબ્ધ છે.

આ તીર્થની યાત્રા સાથે જ મેવાડની પંચ તીર્થીના દર્શનના પણ લાભ મળશે. આ તીર્થોમાં શ્રી દયાલશાહના કિલ્લા નામનું પણ લાભ મળશે. આ તીર્થોમાં શ્રી દયાલશાહના કિલ્લા નામનું તીર્થ જે રાજસમન્દ–કંકરોલીની મધ્યમાં છે. લગભગ ૨૫૦ પગથિયાથી આ તીર્થ 'મેવાડ શેત્રુંજય' નામથી પ્રસિદ્ધ છે.

આ બંને તીર્થો પર આધુનિક સુવિધાઓથી સુસજ્જિત વિશાલ ધર્મશાળા તથા ભોજનશાળાની સુવ્યવસ્થા છે.

શ્રી. કરેડા પાર્શ્વનાથ તીર્થ કમિટિ

ભુપાલસાગર (રાજસ્થાન) [ફોન નં. ૬૩]

મનફરા (કચ્છ) : મુનિરાજશ્રી મુક્તિચન્દ્રવિજયજી મ૦ આદીની શુભ નિશ્રામાં શ્રી ગાંગજીભાઈ લખાભાઇ દેઢીઆ પરીવાર તરફથી શ્રી પંચાન્હિકા–મહોત્સવનું આયોજન કા. સુ. ૭ થી કા. સુ. ૧૨ના રખાયેલ છે.

卐 કલિકુંડતીર્થ ધોળકા 卐

શત્રુંજય તિર્થ નિર્માણ યોજના

શ્રી કલિકુંડતીર્થ ધોળકામાં સ્થાપના તીર્થ શત્રુંજયના નિર્માણનું ભગીરથ કાર્ય ચાલી રહ્યું છે. ૯૦ હજાર ચો. ફુટના વ્યાસમાં ગિરિરાજનું નિર્માણ થશે. તેમ જ ૪૦ ફુટ ઊંચા ગિરિરાજ ઉપર ૨૫ હજાર ચો. ફૂટમાં આદિનાથ ભ૦, પુંડરિક સ્વામી, શાંતિનાથ ભ૦, પાર્શ્વનાથ ભ૦ના મોતીશા ટુંક તથા નવટુંકના જિનાલયોનું ભવ્ય નિર્માણ થશે. આદિનાથની ટુંક તથા મોતીશાની ટુંકમાં ભમતીમાં ૨૪–૨૪ દેરીઓ બનાવાશે.... રાયણ પગલાં કવડયક્ષ ચક્રેશ્વરિદેવી, સરસ્વતી દેવી, અંબિકાદેવી, પદ્માવતીદેવીની દેરી તથા બાજુના દેરાસર ઘેટીપાગના દેરાસરનું ભવ્ય નિર્માણ થશે.

લગભગ બધા જ આદેશો અપાઇ ચૂકયા છે. મોતીશાની ટુંકમાં ફક્ત આઠ દેરીઓ તથા એક મોટા જિનાલયનો આદેશ બાકી છે. તેમ જ આજુબાજુમાં પ્રતિમાજી પધરાવવાના થોડા જ આદેશો બાકી છે. વહેલો તે પહેલો ના ધોરણે આજે જે આપને અનુકૂળ હોય તેટલો લાભ લઈ લો.... પાછળ પસ્તાવો થશે.

સંપર્ક સ્થળ : ફોન નં. ૭૩૮

શ્રી તેજપાળ વસ્તુપાળ જૈન ચેરેટી ટ્રસ્ટ

કલિકુંડતીર્થ ધોળકા (જિ. અમદાવાદ)

શ્રી નાગેશ્વર તીર્થે પધારો

શ્રી નાગેશ્વર તીર્થ ભારતમાં એક જ શ્રી પાર્શ્વનાથ ભ. ની કાયા ૧૫ ફુટ ઉંચી અને નીલવર્ણી સાત ફણાધારી કાઉસ્સગ્ગરૂપે પ્રાચીન પ્રતિમાજી બિરાજે છે.

હજારો યાત્રિકો દર્શનાર્થે પધારે છે. ભોજનશાળા, ધર્મશાળા વિગેરેની સુવિધા છે. યાત્રિકોને આવવા માટે ચૌમહલા સ્ટેશને તથા આલોટથી બસ સર્વીસ મળે છે. અગાઉ સુચના આપવાથી પેઢીની જીપની વ્યવસ્થા થઈ શકશે. અઠ્ઠમ તપવાળા માટે પુર્ણ વ્યવસ્થા છે.

(ફોન નં. ૭૩ આલોટ) —લિ. દીપચંદ જૈન સેક્રેટરી

શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ પેઢી

P. O. ઉન્હેલ ✻ સ્ટે. : ચૌમહલા [રાજસ્થાન]

શબ્દોથી સંબંધ પણ બંધાય છે અને સંઘર્ષ પણ જગાવાય છે. તમારે શું કરવું તેના પર વાણીનો પ્રયોગ કરજો.

" અહિંસા પરમોધર્મ "

શ્રી પદ્માવતી પ્રાણીદયા (પાંજરાપોળ) ટ્રસ્ટ (રજી.)

- ગૌશાળા :- -: કાર્યાલય :-
વિજયપુરા (જિ. બેંગ્લોર) ૩૬/૩૭, એ. એમ. લેન, પહેલે માળે, બેંગ્લોર-૫૬૦૦૫૩

ધર્માનુરાગી બંધુઓને વિનમ્ર નિવેદન,

મદ્રાસથી બેંગ્લોર જવા માટે આવવા-જવાનો પૈદલ રસ્તો છે. આ વિજયપુરા તેમજ દેવનહલ્લીનો આમ હાઈવે રોડ, જ્યાંથી સમયે સમયે દરેક સંપ્રદાયના સાધુ, સંત, મહાત્મા આદિ મુનિ ભગવંતો પદવિહાર દ્વારા આ ભૂમિને પવિત્ર કરે છે.

આજના હિંસાના અતિરેક યુગમાં કસાઈ લોકો મેળા અને બજારોમાંથી ગાયો તેમજ અન્ય પશુઓની માટીની કિંમતે ખરીદી કરી ટોળા મોઢે આ રસ્તેથી કસાઈખાના તરફ લઈ જાય છે.

ભવિતવ્યતા તેમજ યોગાનુયોગની વાત છે કે દસેક વર્ષ પહેલાં આ માર્ગ ઉપરથી શિષ્યવૃંદ સાથે વિચરતા એક આધ્યાત્મિક, તપસ્વી, કરુણાવંત સમર્થ જૈનાચાર્યની અમીદૃષ્ટિ કત્લખાને લઇ જવાતા એક મૂક પ્રાણીઓના ટોળા પર પડી તુરત દયાવિભોર ભગવંતની સાથે રહેલ શ્રાવક ભકત સમુદાય તેમજ જૈન સમાજ દ્વારા આ અસહાય પ્રાણીઓની રક્ષાર્થે કંઈ કરી છૂટવાનો મંગલમય ઉપદેશ દીધો, તેનું પરિણામ છે આજની આ પદ્માવતી પ્રાણીદયા (પાંજરાપોળ) ટ્રસ્ટ (રજી.) ની ૧૭ એકર ભૂમિમાં અભયદાનનું પુણ્યક્ષેત્ર બની છે.

આપ જાણતાં જ હશો કે અહિંયા વખતો વખત અનાવૃષ્ટિ, દુષ્કાળ અને લોકોની વધતી જતી માંસભક્ષણની વૃત્તિને કારણે દિવસે-દિવસે પશુધનની હાની થઈ રહી છે, આના કારણે દૂધ-ઘીના ભાવ આસમાને જઈ રહ્યાં છે. ગૌશાળા માત્ર પશુ પાલન કે ગોરક્ષાનું સાધન જ નથી પરંતુ પશુરક્ષા વિચારના પ્રચાર-પ્રસારનું માધ્યમ પણ છે. કર્ણાટક રાજ્યમાં અમો આધુનિક વિશાળ ગૌશાળાના [illegible] પશુરક્ષા અને પર્યાવરણની દેખભાળનું અતિ આવશ્યક કાર્ય કરી "અહિંસા પરમો ધર્મ"ના ઉપદેશને માનવીઓના મનમાં ઉતારવાનો પ્રયાસ પણ કરશે.

પૂજ્ય શાસન પ્રભાવક રાષ્ટ્રસંત આચાર્યદેવશ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મ૦ સા૦ ના શુભ આશીર્વાદ પણ આ સંસ્થાને પ્રાપ્ત થયા છે.

પૂજ્ય વર્ધમાન તપોનિધિ આચાર્યદેવશ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ૦ સા૦ આદિ વિશાળ શિષ્ય પરિવાર સાથે કુલપાકજી-ગિરિ-બેંગ્લોર છ'રીપાલિત સંઘમાં તા. ૭-૫-૮૯ના રોજ અહિં પધાર્યા હતા, તેમજ સુંદર આયોજન થયું હતું. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે કાયદામંત્રી શ્રી એ. લક્ષ્મીસાગર પધાર્યા હતા.

આ કાર્ય આપ સર્વે સજ્જનોના સહયોગ દ્વારા સંભવિત છે. હાલ આ ગૌશાળામાં ૪૦૦ ગાયો છે. જેનો સાચવવાનો દરરોજ રૂ. બે હજાર જેવો ખર્ચ આવે છે, ગૌરક્ષા એ અમારા કાર્યક્રમનું મુખ્ય અંગ અને આપણી સંસ્કૃતિનું પ્રતિક છે, આ સંસ્થાને સુચારૂરૂપે વિકસીત કરી ચલાવવા માટે નિમ્નલિખિત યોજનાઓ આપની સમક્ષ પ્રસ્તુત કરીએ છીએ, આપ પૂર્ણ સહયોગી બની અને બીજાઓને પ્રેરણા આપી આ પુણ્ય કાર્યમાં સહયોગી બનશોજી.

આપના સહયોગના અભિલાષી એસ. કપુરચંદ અધ્યક્ષ તેમજ અન્ય ટ્રસ્ટીગણ

નીચે પ્રમાણેની યોજનામાં લાભ લેવા વિનંતી

(૧) ૩૦' × ૧૦૦' નો શેડ રૂ. ૭૧૦૦૦/- પ્રતિ શેડ (૨) ભૂસુ તેમજ ઘાસ ગોદાઉન રૂ. ૩૧૦૦૦/- (૩) રૂમો [દરેક કમરા] રૂ. ૧૫૦૦૦/- (૪) આજીવન સભ્ય રૂ. ૧૧૦૦૧/- (૫) પશુઓને પ્રતિદિન આહાર ઘાસચારાની મિતિ એક ટંકના રૂ. ૨૫૦૧/- બોર્ડ ઉપર નામ મુકવામાં આવશે. (૬) ફોટો યોજના શા. દુદમલજી સરતાનમલજી દ્વારા નિર્મિત હોલમાં રૂ. ૫૦૦૧/- આપનાર દાતાનો ફોટો મુકાશે. (૭) એક ગાય છોડામણના રૂ. ૫૦૦/-

નીચેના સરનામે પણ સહયોગ મોકલી શકાય છે

એસ. કપુરચંદ એન્ડ કું. (પ્રમુખ) પોસ્ટ બોક્ષ નં. ૭૭૭૮, ૩૬-૩૭, આરમુગમ મુદલીઅર લેન, ચીકપેઠ ક્રોસ, બેંગ્લોર-૫૬૦૦૫૩, ફોન : ૨૫૮૪૯૦ / ૭૦૪૬૯, અથવા બાબુ ચનક ચંદ જૈન (ઉપપ્રમુખ) બજાર રોડ, વિજયપુરા-૫૬૨૧૩૫

મદ્રાસમાં આંતરરાષ્ટ્રીય જૈન કેન્દ્રની સ્થાપના

જૈન વિદ્યા અનુસંધાન પ્રતિષ્ઠાન (Research Foundation For Jainology)ની સ્થાપના મદ્રાસ શહેરમાં ૧૯૮૨માં થઇ હતી. આ જૈન સમાજનું સંપૂર્ણ અસંપ્રદાયિક સંગઠન છે. આ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ મદ્રાસ વિશ્વવિદ્યાલયમાં એક સ્વતંત્ર અને સંપૂર્ણ 'જૈન વિદ્યા વિભાગ'ની સ્થાપના કરવાનો. સમાજના ઉદારદિલ દાનવીરોની સદ્‌ભાવનાના ફળસ્વરૂપે રૂા. ૧૫ લાખની સ્થાઇ રકમના રૂપમાં, મદ્રાસ વિશ્વવિદ્યાલયને તા. ૨૯-૩-૮૩ના પ્રદાન કરવામાં આવી. સાથે ૩-૯-૮૫થી 'જૈન વિદ્યા વિભાગ' ચાલુ કરવામાં આવ્યો. ૧૯-૬-૮૭થી આ વિભાગ નિરંતર પ્રગતિ કરી રહ્યો છે. આ ત્રણ વર્ષોમાં ૩૪ વિદ્યાર્થી દરેક પ્રથમ શ્રેણીમાં ઉત્તીર્ણ થયા છે.

જૈન તાત્વિક વિદ્યાભ્યાસને અનુભવ પૂર્વક સમજવાના હેતુથી આ પ્રતિષ્ઠાન દ્વારા એક બીજી યોજના "આંતરરાષ્ટ્રીય જૈન કેન્દ્ર"ની સ્થાપના કરશે આ કાર્ય માટે મદ્રાસ શહેરથી ૧૩ કિ. મી. દુર પોલાલ (રેડ હિલ્સ)માં ૧૫૦ ગ્રાઉન્ડ જમીન ખરીદવામાં આવી છે. તેમ જ પ્રશાસન ખંડના નિર્માણનું કાર્ય પણ પ્રારંભ થઇ ચૂકયું છે. આ કેન્દ્રમાં પ્રશાસન ખંડ ઉપરાંત ધ્યાન કેન્દ્ર, અનુસંધાન કેન્દ્ર, વિરાટ પુસ્તકાલય તથા વિદ્યાર્થી અને અધ્યાપકોના રહેવાની સુંદર વ્યવસ્થા કરાશે સાથે એક કેન્દ્રમાં એક શાંતિ આશ્રમની વ્યવસ્થા કરવામાં આવશે જ્યાં ભક્તિ સમાજના વયોવૃદ્ધ વ્યક્તિઓને રહેવાની આધુનિક સુવિધા ઉપલબ્ધ રહેશે.

જૈન વિદ્યા ઉપરાંત કલા સાહિત્યના અધ્યયન, અધ્યાપન, અનુસંધાન તેમ જ અનુશીલનનું આ એક અભૂતપૂર્વ કેન્દ્ર હશે, જ્યાં દેશ વિદેશના વિદ્વાનો તથા વિદ્યાર્થીઓનું કાયમી આગમન ચાલુ રહેશે. સંસ્થા દ્વારા આ મહાન કાર્ય હાથ ધરવામાં આવ્યું છે જેની શરૂઆતમાં જ રૂા ૫૦ લાખ જેવો ખર્ચ થશે. આટલી મોટી રકમ એકત્ર કરવા માટે સમાજના ઉદાર અને દાનવીર મહાનુભાવોને પેટ્રન, પૈતૃક તેમજ આજીવન સભ્ય બનાવવામાં આવી રહ્યા છે. સંપર્ક સ્થળ:- આંતરરાષ્ટ્રીય જૈન કેન્દ્ર, ૧૮ રામાનુજ અય્યર સ્ટ્રીટ, સાઉકાર પેઠ, મદ્રાસ-૬૦૦૦૭૯ ઉપર સંપર્ક કરી શકાય છે. ફોન નં. ૩૨૭૮૨, ૩૫૬૫૭, ૩૬૯૮૭

જિનેન્દ્રભક્તિના મહોત્સવ માટે: ફોન: ૬૩૬૪૫૦૫/૬૩ ૬૩૭૫૨
જૈન સંગીતકાર
જૈન ગીતકાર **મનુભાઈ એચ. પાટણવાળા**
અરવિંદકોલોની, ૧૪૫-ડી, 'અરૂણનિવાસ,
વિલેપાર્લા (વે.) મુંબઈ-૪૦૦૦૫૬

ખુલાસો:- ફટાકડા ન ફોડનારને ઇનામ

અમારા જૈન પત્રના અંક નં. ૩૯/૪૦ તા ૨૭-૧૦-૮૯ના પેઈજ નં. ૩૮૭ ઉપર દિવાળીના તહેવારમાં ફટાકડા ન ફોડનારને ઇનામ હેડીંગ નીચે છપાયેલ સમાચારમાં નીચે મુજબ ખુલાસો કરવામાં આવે છે.

આ બાબતમાં ફટાકડા ન ફોડનાર બાલક-બાલિકાઓને પોત પોતાના સંઘમાંથી સારી ભેટ આપવાની યોજના કરવાની છે. તે માટે જરૂરી પ્રતિજ્ઞાપત્ર તથા પ્રેરણાદાયી લખાણનું સાહિત્ય શ્રી દાદર જૈન સંઘ તરફથી ભેટ અપાય છે. બાકી ઇનામો તો પોત પોતાના સંઘે આપવાના છે. જેમ દાદરમાં જે જે બાળકોએ પ્રતિજ્ઞાપત્રો ભર્યા છે. તેનું ઇનામ દાદર આરાધના જૈન સંઘ તરફથી અપાશે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા

શનિવાર તા. ૨૩મી સપ્ટેમ્બર, ૧૯૮૯ ના રોજ સાંજના ૪-૦૦ કલાકે પરમાનંદ કાપડિયા સભાગૃહમાં મળી હતી. સંઘના અન્વેષિત હિસાબો, સરવૈયું અને નવા વર્ષનાં અંદાજપત્રો રજૂ થયા હતા. તે મંજુર થયા બાદ નીચે પ્રમાણે પદાધિકારીઓની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

પદાધિકારીઓ :- ૧. ડો રમણલાલ ચી. શાહ-પ્રમુખ ૨. શ્રી ચીમનલાલ જે. શાહ-ઉપપ્રમુખ ૩. શ્રી કે. પી. શાહ-મંત્રી ૪. શ્રીમતી નિરુબહેન એસ. શાહ-મંત્રી ૫ શ્રી પ્રવિણ ચંદ્ર કે. શાહ-કોષાધ્યક્ષ

ત્યારબાદ કારોબારી સમિતિના સભ્યોની ચૂંટણીનું કામ હાથ ધરવામાં આવ્યું હતું અને તેમાં નીચે જણાવેલ પંદર સભ્યો ચૂંટાઈ આવ્યા હતા :

કારોબારી સમિતિ :- ૧ શ્રીમતી વસુમતીબહેન સી ભણસાલી ૨ શ્રીમતી તારાબહેન ૨. શાહ ૩ શ્રીમતી સ્મિતાબહેન એસ. કામદાર ૪ શ્રી સુબોધભાઇ એમ. શાહ ૫ શ્રી અમર જરીવાલા ૬ શ્રીમતી ઉષાબહેન મહેતા ૭ શ્રી ધીરજલાલ કુલચંદ શાહ ૮ શ્રી પ્રવિણચંદ્ર મંગળદાસ શાહ ૯ શ્રી શૈલેષભાઇ એચ. કોઠારી ૧૦ શ્રીમતી પુષ્પાબહેન પરીખ ૧૧ શ્રી મફતલાલ ભીખાલાલ શાહ ૧૨ શ્રીમતી સુલીબહેન અનીલભાઇ હિરાણી, ૧૩ શ્રી રસીકલાલ લહેરચંદ શાહ, ૧૪ શ્રી પન્નાલાલ ૨. શાહ, ૧૫ શ્રી ગણપતલાલ મ. ઝવેરી

શુક્રવાર તા. ૬ઠ્ઠી ઓકટોબર, ૧૯૮૯ના રોજ મળેલ કારોબારી સમિતિની સભામાં નીચેની વિગતે કો. ઓપ્ટ. સભ્યો, લાઇબ્રેરી સમિતિ, બંધારણ સમિતિ, સહયોગ સમિતિ અને નિમંત્રિત સભ્યોની નિમણૂંક કરવામાં આવી હતી.

સંતોની મુલાકાત માત્ર ઉડતી હોય તો પણ વ્યક્તિના સમગ્ર વ્યકિતત્વ ઉપર તેની લાંબા ગાળાની અસરો રહી જાય છે.

અમદાવાદ-સાબરમતીમાં જીનેન્દ્રભક્તિ મહોત્સવ

પૂ૦ આ૦ શ્રી ચન્દ્રોદયસૂરીશ્વરજી મ૦ની શુભ નિશ્રામાં શાહ પ્રેમચંદ ત્રિભોવનદાસ પરિવારના શ્રી શાન્તિલાલભાઇના સંસારી કુળરત્નો પૂ૦ તપસ્વી મુનિશ્રી લબ્ધિયશવિજયજી મ૦ને એકાંતર ૧૦૦ આયંબિલ પૂર્ણ થતાં, પૂ૦ સાધ્વીશ્રી ચારીત્ર-શ્રીજી, પૂ૦ સાધ્વીશ્રી સરસ્વતી મ૦ના દીર્ઘસંયમ પર્યાય તથા પૂ૦ સાધ્વીશ્રી ચરણધર્માશ્રીજી મ૦, સાધ્વીશ્રી ઋજુમતિશ્રીજીના ૫૦૦ આયંબિલની આરાધનાની અનુમોદના અર્થે શ્રી બૃહદ્ સિદ્ધચક્ર મહાપુજન સહિત શ્રી પંચાન્હિકા મહોત્સવ ભવ્ય ભાવોલ્લાસ પુર્વક ઉજવાયો.

અમદાવાદ-સાબરમતી :– શ્રી સાબરમતી રામનગર જૈન શ્વે. મૂ૦ સંઘ યોજીત ઉપધાન તપની ભવ્ય આરાધના પૂ૦આ૦ શ્રી દુર્લભસાગરસૂરિની નિશ્રામાં પ્રારંભ થયેલ છે.

ગોવાલીયા ટેન્ક (મુંબઇ)માં થયેલ વિવિધ આરાધના

પૂ૦ આચાર્યશ્રી વિજયમહાનંદસૂરીશ્વરજી મ૦ સા૦ ની પાવન નિશ્રામાં શ્રીસંઘમાં વિવિધ તપસ્યા, અનુષ્ઠાનો, ભવ્ય અંગરચના હરીફાઈ, બાળકોની શિબિર નવપદની શાશ્વતી ઓળી આદિ વિવિધ કાર્યો ઘણા જ સારી રીતે થયેલ છે. આસો સુદ ૧૦ (દશેરા)ના શુભ દિને પૂ૦ આચાર્યદેવશ્રીના ૫૮ માં જન્મ દિવસ પ્રસંગે શ્રી મુરલીદેવરા, શ્રી ગુણવંત શેઠ, શ્રી બી. એ દેસાઈ આદિ મહાનુભાવો પધાર્યા હતા. શ્રી ઘનશ્યામ ગોપાલન ટ્રસ્ટના ઉપક્રમે રૂા. ૫૮૮૫૮ના ખર્ચે એક ઉપાશ્રય બનાવવાનું નક્કી થયું છે. તેમ જ જૈન કોલેજ. હોસ્પીટલ તથા સાધર્મિકોના રહેઠાણ માટે વ્યાજબી ભાવે મકાનો બનાવવાનું પણ નક્કી થયેલ

પૂજ્ય આચાર્યશ્રી આદિ કા. વ. ૧૦ ના અત્રેથી વિહાર કરી પ્રાર્થના સમાજ પંન્યાસશ્રી યશોવિજયજી મ૦ સા૦ને આચાર્ય-પદવી અર્પણ કરવા પધારનાર છે

પી.એચ.ડી. કરનાર જૈન બહેનોને આર્થિક સહાય

શ્રી આત્માનંદ જૈન સભા-મુંબઈની એક અખબારી યાદી જણાવે છે કે કોઇ પણ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન બહેન ઉચ્ચ ધાર્મિક અભ્યાસ સંશોધન અથવા જૈન દર્શન-તત્વજ્ઞાન પર પી. એચ.ડી. કરવા ઇચ્છતા હશે તો તેઓને ઝવેરી અમુલખ ખૂમચંદ સ્મારક શ્રાવિકાશાળા ફંડ ટ્રસ્ટ તરફથી ટ્રસ્ટની મંજુરીને આધીન આર્થિક સહયોગ આપવામાં આવશે. આ માટેની વધુ વિગત માટે ઝવેરી અમુલખ ખૂમચંદ સ્મારક શ્રાવિકાશાળા ફંડ ટ્રસ્ટ C/o કિરણ કે. પરીખ. 'ચંદ્રલોક'-બી., માનવમંદિર માર્ગ, મલબાર હીલ, મુંબઈ-૬ નો સંપર્ક સાધવા જણાવવામાં આવેલ છે.

શ્રીમતી મગનબાઇ બાંઠીયાનો સ્વર્ગવાસ

હાથરસના વતની ધર્મપરાયણ, ધર્માનુરાગી શ્રાવિકા શ્રીમતી મગનબાઈ બાંઠીયા (ધર્મપત્ની સ્વ. શેઠ ફૂલચંદજી બાંઠીયા) ઉ. વ. ૮૬ ગત તા. ૨૮ ઓકટોબર-૮૯ના બપોરે ગુરુમંત્રના જાપ કરતાં કરતાં સ્વર્ગવાસી થયા છે.

તેઓશ્રીએ પોતાના જીવનમાં અનેકવાર જૈન તીર્થોની યાત્રાઓ કરવાપૂર્વક અનેક વ્રતોની તપસ્યાઓ કરી હતી. તેમનો જન્મ બીકાનેરમાં શેઠ શંકરદાસજી નાહટાને ત્યાં થયો હતો.

મુંબઇ– દાદરમાં બહુમાન પ્રસંગની ઉજવણી

અત્રે સ્થિત શાંતિનાથ જૈન દેરાસરે પૂ૦ પંન્યાસશ્રી પૂર્ણા-નંદવિજયજી મ૦ સા૦ની નિશ્રામાં શ્રી વર્ધમાન જૈન ધાર્મિક પાઠશાળામાં ૨૦ વર્ષથી જ્ઞાનનો દિપક પ્રગટાવનાર અધ્યાપકશ્રી અમૃતલાલ તારાચંદ દોશી (ઉ. વ. ૭૫)ના બહુમાનનો કાર્યક્રમ ગત તા. ૪-૧૧-૮૯ ના ઉજવવામાં આવેલ.

આ શુભ અવસરે પૂ૦ આ૦શ્રી કિર્તીચંદ્રસૂરીશ્વરજી મ૦ સા૦ના શિષ્યરત્ન પૂ૦ હરિભદ્રવિજયજી મ૦ સા૦ તથા અન્ય મહાનુભાવોએ પધારી આ કાર્યક્રમને વિશેષ દીપાવ્યો હતો.

પ્રાચીન તીર્થ શ્રી મોટાપોશીનાજીની યાત્રા કરી માનવ જીવન સફળ બનાવો

શ્રી મોટા પોશીના પ્રાચીન તીર્થ ગુજરાત-રાજસ્થાનની સરહદ ઉપર અરવલ્લીના રમણીય પહાડોમાં આવેલ છે. ચાર શિખરબંધી દેરાસરો, બે દેરીઓ તથા એક અધિષ્ઠાયક દેવની દેરી અત્રે શોભી રહી છે. જાગૃત અધિષ્ઠાયક દેવશ્રી પરિપૂજીત આ તીર્થમાં દરેક પ્રકારની સગવડતા છે.

અત્રે મધ્યકાલીન સમયની યક્ષ-યક્ષિણી, શ્રાવક-શ્રાવિકાની આરસની કલામય મૂર્તિઓ, સને ૧૩૧૪ની ધાતુની પ્રતિમા અને સંપ્રતિ મહારાજાના સમયની શ્રી પાર્શ્વનાથ, શાંતિનાથ, ઋષભદેવ તથા મહાવીરસ્વામીની વિશાળકાય, પ્રશાંત અને આકર્ષક પ્રતિમા-ઓને જુહારી સમ્યગ્દર્શન નિર્મળ બનાવો.

અત્રે પધારવા અમદાવાદ, આબુરોડ, પાલનપુરથી એસ. ટી. બસોની સુવિધા ચાલુ છે.

"દેરાસરોના જીર્ણોદ્ધારનું કામ ચાલુ છે.
લાભ લેવા વનંતી છે."

શ્રી મોટાપોશીના જૈન શ્વે. દેરાસર ટ્રસ્ટ
મુ.પો. મોટાપોશીના-૩૮૩૪૨૨ વાયા : ખેડબ્રહ્મા જિ. સાબરકાંઠા

તમારા માટે તમારે બોલવાની જરૂર નથી તમારા કામને જ બોલવા દો.

શ્રી મુક્તિ કમલ-કેસર ચંદ્રસૂરીશ્વરજી જૈન વિદ્યાપીઠ ટ્રસ્ટ, મુક્તિધામ

ગાંધીનગર, હાઇવે રોડ, મુ. થલતેજ, પો. અમદાવાદ-૩૮૦૦૫૪ ફોન નં. ૪૯૧૯૮૩

મહાન પુણ્યના ઉદયે મળેલી લક્ષ્મીનો સન્માર્ગે વાપરવાનો અમૂલ્ય અવસર

સહર્ષ જણાવતા આનંદ થાય છે કે મુક્તિ-ધામ સંસ્થાના પ્રણેતા સૌરાષ્ટ્ર કેશરી શાસનપ્રભાવક પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી વિજયભુવનરત્નસૂરીશ્વરજી મહારાજની શુભ પ્રેરણાથી અને શુભાશિષથી અમદાવાદ શહેરથી ૬ કિ. મી. સરખેજ ગાંધીનગર હાઇવે રોડ પર થલતેજ ચાર રસ્તા પાસે "મુક્તિ-ધામ" સંસ્થા સાકાર પામેલ છે. પૂજ્યશ્રીના શિષ્યરત્ન સરળ સ્વભાવી મધુરવક્તા પ. પૂ. પંન્યાસ પ્રવરશ્રી યશોવિજયજી મ૦સા૦ની નિશ્રામાં સંસ્થાના દરેક કાર્યો ચાલી રહ્યા છે

પૂજ્યપાદ આચાર્ય ભગવંતની પાવન નિશ્રામાં સં. ૨૦૪૨ની સાલમાં વૈશાખ સુદ ત્રીજ (અક્ષય તૃતીયા)ના શુભ દિને પ્રથમ તીર્થપતિ દેવાધિદેવ શ્રી આદિનાથ પ્રભુ એવં પ્રગટપ્રભાવિ શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથ પ્રભુ તથા જિનશાસન રક્ષીકા શ્રી ચક્રેશ્વરી માતા એવં ભગવતી શ્રી પદ્માવતી માતા આદિની અંજનશલાકા પ્રતિષ્ઠાદિ પ્રસંગો અપૂર્વ શાસન પ્રભાવનાસહ વિર્યોલ્લાસથી ઉજવાયેલ.

પૂજ્યશ્રીના અંતરમાં વર્ષોથી ભાવના હતી કે જિનશાસનને પામેલા બાળકમાં વ્યવહારિક જ્ઞાન સાથે સમ્યગ્જ્ઞાનનું સિંચન પણ થવું જોઇએ. 'સંસ્કાર વિનાનું જીવન તો પાયા વગરનું મકાન' આજનો વૈજ્ઞાનિક, વિલાસી, વર્તમાન યુગમાં બાળકોનું ભૌતિક સુખ દિનપ્રતિદિન વધતું જાય છે. પરંતુ સાચુ તથા આધ્યાત્મિક સુખ હણાતું જાય છે. બાળકોમાં આર્યસંસ્કૃતિનું વિસર્જન થતું જાય છે અને પાશ્ચાત્ય સંસ્કૃતિનું અનુકરણ થતું જાય છે- તેથી બાળકોને ધાર્મિક સંસ્કાર સાથે નૈતિક જીવન જીવવાની તાલીમ મળી રહે તે માટે પૂજ્યશ્રીની પ્રેરણાથી મુક્તિ-ધામ સંસ્થામાં ભવ્ય જિન મંદિર, ગુરૂ મંદિર, ધર્મશાળા, ભોજનશાળા, ઉપાશ્રય, આદિ સ્થાનો નિર્માણ થયા છે. તદઉપરાંત પૂજ્યશ્રીની ભાવના મુજબ જૈન વિદ્યાપીઠ પણ નિર્માણ થઇ રહી છે, સં. ૨૦૪૩ના ચૈત્ર શુદ ૧૪ના દિવસે પૂજ્યશ્રીનો દેહવિલય પામતાં આ સંસ્થા સ્થાપનાનું કાર્ય તેમના શિષ્યરત્ન પ. પૂ. પંન્યાસ પ્રવર શ્રી યશોવિજયજી મ૦સા૦ની નિશ્રામાં ટ્રસ્ટીગણ સંભાળી રહ્યા છે.

વિદ્યાપીઠનો મુખ્ય ધ્યેય-મધ્યમ વર્ગના જૈન બાળકોનું ભાવિ મજબૂત બને તે માટે વિદ્યાપીઠમાં બાળકોને (Free of Charge) વિના મૂલ્યે ભણાવવાનો ઉદ્દેશ છે. તેથી આ કાર્ય માટે એક ટીકીટ ડ્રો યોજના રાખેલ છે. તેની વિગત નીચે મુજબ છે. તો આ ડ્રો યોજનામાં આપશ્રી યથાશક્તિ લાભ લઈ વિદ્યાપીઠના કાર્યમાં સહભાગી બનશો.

" ભવ્ય ડ્રો યોજના "

卐 પહેલો લકી નંબર આવે તેનું નામ 'વિદ્યાર્થી ગૃહના મકાન ઉપર લખાશે.'
卐 બીજો લકી નંબર આવે તેનું નામ 'આરામગૃહના હોલ ઉપર લખાશે.'
卐 ત્રીજો લકી નંબર આવે તેનું નામ 'આરામગૃહના હોલની અંદર લખાશે.'
卐 એક ટીકીટ ખરીદનારનું નામ 'આરસની તકતીમાં લખાશે.'
卐 લકી ડ્રો માં જે ભાગ્યશાળીનો નંબર લાગશે તેમને પત્રથી જાણ કરવામાં આવશે.
卐 ડ્રો નું આયોજન પ. પૂ. પં. શ્રી યશોવિજયજી મ૦સા૦ની પાવન નિશ્રામાં કરવામાં આવશે.

પ. પૂ૦ પં. પ્ર. શ્રી યશોવિજયજી મ૦સા૦ની નિશ્રામાં પચાસ વર્ષ પ્રાચીન રાયણવૃક્ષ નીચે પ્રથમ તીર્થપતિ દેવાધિદેવ આદેશ્વર દાદાના ૪૧ ઇંચના પગલા તથા પૂજ્યશ્રીના દાદાગુરૂ પ. પૂ. આચાર્યદેવશ્રી વિજયચંદ્રસૂરીશ્વરજી મ૦સા૦ તથા પં. પૂ. ગુરૂદેવશ્રી વિજયભુવનરત્નસૂરીશ્વરજી મ૦સા૦ના પગલા જેમાં પ્રતિષ્ઠિત કરવામાં આવશે. કમલ મંદિર અત્યાતિભવ્ય બની રહેલ છે. આ ઉત્તમ તથા મંગલ કાર્યના આદેશ આપવાના બાકી છે માટે જે ભાગ્યશાળીઓને આદેશ લેવાની ભાવના હોય તેઓએ પ. પૂ. પં. પ્ર. શ્રી યશોવિજયજી મ૦ સા૦ને મળવા વિનંતી છે.

લી. મુક્તિ-કમલ-કેશર ચંદ્રસૂરીશ્વરજી જૈન વિદ્યાપીઠ, ટ્રસ્ટના ટ્રસ્ટીગણના જયજિનેન્દ્ર

૧. જયંતીલાલ એમ. બગડીયા	૨. નવીનચંદ્ર બી. દીઓરા	૩. ટોકરશી દામજી શાહ
ભગવતી ટેક્ષટાઇલ, પાંચ કુવા,	૭, રાજેન્દ્ર વિલાસ, દોલતનગર, રોડ નં.૭	૩, દલાલ કોટેજ બીલ્ડીંગ સેવારામ
અમદાવાદ-૩૮૦૦૦૧	બોરીવલી (પૂર્વ), મુંબઈ-૬૬.	લાલાવાની રોડ, મુલુન્ડ (પશ્ચિમ) મુંબઇ-૮૦
ટે. ઘર : ૪૪૮૨૦૬	ટે. ઘર : ૬૦૫૯૩૨૫ દુકાન-૩૪૬૦૯૩	ટે. ઘર : ૫૬૧૭૮૮૪

તા. ક. :- પૂજ્ય પંન્યાસશ્રી યશોવિજયજી મ૦સા૦નું ચાતુર્માસ પ્રાર્થનાસમાજ શ્રી ચંદ્રપ્રભસ્વામી જૈન દેરાસર-મુંબઈમાં છે.

ROad G. BV. No. 29
JAIN OFFICE : P. Box No. 175
BHAVNAGAR-364001 (Gujarat)
Tele. O. C/o 29919 R.C/o. 25869

જૈન

આજીવન સભ્ય ફી : રૂા. ૫૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૫૦/-
જાહેરાત એક પેજના : રૂા. ૭૦૦/-
સમાચાર પેજના : રૂા. ૫૦૦/-

સ્વ. તંત્રી ગુલાબચંદ દેવચંદ શેઠ
તંત્રી–મુદ્રક–પ્રકાશક–માલીક :
મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
જૈન ઓફિસ, પો. બો. નં. ૧૭૫, દાણાપીઠ, ભાવનગર

'જૈન' વર્ષ ૮૬
અંક–૪૩

વિર સં. ૨૫૧૬ : વિ સં. ૨૦૪૬ કાર્તિક વદ ૫
તા. ૧૭ નવેમ્બર ૧૯૮૯ શુક્રવાર
મુદ્રણ સ્થાન : શ્રી જૈન પ્રિન્ટરી
દાણાપીઠ પાછળ, ભાવનગર–૩૬૪ ૦૦૧.

રાજકારણમાં પ્રવેશવાની શુભચેષ્ટાને હાર્દિક આવકાર

રાજકારણ એ ભારતની સદા સળગતી વિકટ સમસ્યા છે. આ સમસ્યાએ, છેલ્લા કેટલાક દાયકાઓમાં ભારતના વિવિધ અંગોમાં માત્ર કલેશ અને અશાંતિ જ નથી જન્માવ્યા પણ એણે તો સારાય ભારતના મુળભુત તમામ અંગોના સાચા સત્વને હણી નાખ્યું છે રાજકારણની અસર નીચે ભારતમાં કેટકેટલી સમસ્યાઓ અને ગુંચો પેદા થતી રહે છે. અને એના લીધે ભારતની પ્રજામાં આચાર–વિચારની શિથિલતા અને પ્રમાણિકતા કે નિષ્ઠાનો હ્રાસ થતો રહેલ છે. તેને અટકાવવા અનેનિષ્ઠાને ચેતનવંતી કરવા ભારતના બંધારણે આપેલ અધીકાર મુજબ નવમી લોકસભાની ચુંટણી આ નવેમ્બર માસની તા. ૨૨, ૨૪, ૨૬ ના ભારતભરમાં ૫૦ કરોડ લગભગ મતદારો ૭૦૦૦ લગભગ ઉમેદવારોને મત આપી ભારતનું તાત્કાલિક ભાવિ નક્કી કરશે. તેની ઉપેક્ષા પણ હાની કરતા બની રહેશે.

આપણા પૂજ્ય ધર્મગુરુદેવો દ્વારા ગત વર્ષે અમદાવાદનાં શ્રમણ સંમેલનમાં લેવાયેલ નિર્ણય જૈનોએ રાજકારણમાં પ્રવેશવાની જરૂર હોય આપણે પૂજ્ય ગુરુદેવોના મક્કમ નિર્ણય અનુસાર સાર્થક ને સફળ બની રહે તે આજનો વર્તમાનના તકાદો છે (આ અંગે વિગતે અમોએ જૈન પત્રના તા. ૩–૧૧–૮૯ ના ૪૧માં અંકમાં વિગતે જણાવેલ છે તે તરફ ચતુર્વિધ શ્રી સંઘ ધ્યાન આપે.)

આ અંગે અમદાવાદના સંદેશ પત્રમાં શ્રી ગુણવંત શાહે જણાવેલ છે કે :—

ચૂંટણી વખતે સમાજના પ્રત્યેક સજ્જને એક સંકલ્પ લેવો જોઇએ. સંકલ્પ આ પ્રમાણે છે : "મારા મતવિસ્તારમાંથી ઊભેલા ઉમેદવારોમાં જે કોઈ સૌથી 'ઓછો ખરાબ' ઉમેદવાર હશે તેને હું મારો સક્રિય ટેકો આપીશ". સક્રિય ટેકો એટલે :

(૧) હું ચૂંટણીને દિવસે એ ઉમેદવારને મત આપવા અવશ્ય જઈશ.

(૨) થોડોક સમય અલગ ફાળવી એ ઉમેદવારને માટે પ્રચાર કરીશ.

(૩) મારા સદ્‌ભાવના સક્રિય સંકેત તરીકે એને ચૂંટણીખર્ચ પેટે રૂપિયા અગિયારથી તે એકસો એક વચ્ચેની રકમ ફાળા પેટે આપીશ.

આવું નહિ કરનારા સજ્જનોને, 'આ દેશનું શું થવા બેઠું છે?' એવા ઉદ્‌ગારો કાઢવાનો કોઇ હક નથી.

આપણા દેશના ઘણાખરા સજ્જનો છેક મહાભારતના વખતથી કેશરહિતા વિપ્રવિધવાની માફક કાયમ ઘરનો ખૂણો જ પાળતા રહ્યા છે. રોમા રોલાએ કહેલું કે માનવ ઇતિહાસમાં જે દુઃખો સર્જાયા તે દુર્જનોને કારણે નથી સર્જાયાં પરંતુ સજ્જનોની નિષ્ક્રિયતાને કારણે સર્જાયાં છે. આજે પણ સમાજમાં દુર્યોધનો, દુઃશાસનો, કર્ણો અને શકુનિઓ જ ખરેખર સક્રિય છે.

આજે તો સ્થિતિ એવી છે કે નિરાશા મન પર ચઢી ન બેસે તે માટે હઠપુર્વક મનને તૈયાર કરતાં રહેવામાં જ ઘણી શક્તિ ખર્ચાય છે. સો ટચનો સજ્જન ચૂંટણીમાં ઊભો રહે તો મત આપું એવી વૃત્તિવાળા માણસો વારંવાર પૂછે છે : "પસંદગી જ કયાં છે?" આ પ્રશ્ન વાજબી છે પણ જો આપણે ગુનેગારોને, માફિયામિત્રોને અને દાદાઓને સંસદ કે ધારાસભામાં જતા રોકવા હોય તો પ્રમાણમાં ઓછા દુર્જનને પણ ટેકો આપવો

પડશે. લોકશાહી મૂળે પવિત્ર બાબત છે પરંતુ એની આધારશીલા એ અપવિત્ર બાબતમાંથી ઓછી અપવિત્ર બાબતને ટેકો આપવો એ જ છે મૂર્ખાઓની બહુમતી હોય તો લોકશાહી મૂર્ખરાજ્યની સ્થાપનામાં પણ મદદરૂપ થઈ શકે છે. આ ખૂબી છે-ખામી પણ છે.

મારા ઘર છેલ્લાં પંદર વર્ષથી ડ્રોઈંગરૂમમાં એક કાળું પાટિયું ભીંત પર લટકતું રહ્યું છે. ઘરના સૌને મનમાં જે કાંઈ ગાંડુ-ગબલું સુવાક્ય જડે તે લખવાની પ્રથા રાખી છે. આ પ્રથા પ્રત્યેક શિક્ષિત પરિવારોએ શરૂ કરવા જેવી છે. આજે ઘરના પાટિયા પર જે વાક્ય લખાયું તે આ પ્રમાણે છે: "In This Stupid World The idiots have alwyas cross examined The geniuses." મેધાવી વ્યક્તિઓ તો દૂધમાં નાખવાના મેળવણ જેવી હોય છે. તેઓની સતામણી ખૂબ થઇ છે. પરંતુ આજે તો તેમની મનોવ્યથાનો કોઈ પાર નથી.

સમાજમાં પંડિતો ખૂબ ઓછા હોય છે પરંતુ સજ્જનોની સંખ્યા તો વાસ્તવમાં દુર્જનો કરતાં વધારે હોય છે. આપણી લોકશાહીની કરુણતા એ છે કે સજ્જનો બહુમતીમાં હોવા છતાં કાયમ લપડાક ખાતા રહ્યા છે. તેઓનો સ્થાયીભાવ વૈધવ્યનો છે. તેઓ ઘરનો હીંચકો છોડીને ફળિયામાં જવા તૈયાર નથી. તેઓ જીભ છૂટી કરે છે પણ પગ છૂટા નથી કરતાં. આવા પલાયનવાદીઓને ચૂંટણી પછીના નિસાસા મુબારક હો!"

લોકસભાની બેઠક એ સત્તાનું સ્થાન ગણાય છે ને ચુંટણી એ અહિંસા કે હિંસાને રસ્તે લઈ જનારાનું ભાવી નક્કી કરશે. દરેક પક્ષો તરફથી પોતાના ચુંટણી ઢંઢેરા પ્રગટ થાય છે. જે તેની પધ્ધત અને સિદ્ધાંતો સ્પષ્ટ કરતાં હોય છે. જો કે ઘણી વાર તેમાં પ્રજાને છેતરનાર આંબા-આંબલી પણ બતાવાતા હોય છે. છતાં તેમાં જે મહત્વના સિદ્ધાંતો હોય છે. તે તેમનું ધ્યેય સમજીએ તો ભારતીય જનતા પક્ષના ઢંઢેરામાં જણાવેલ છે કે- "ગૌહત્યા પર અમે સંપૂર્ણ પ્રતિબંધ મુકીશું અને ગૌશાળા અને પાંજરાપોળોને કરવેરામાંથી મુક્તિ આપીશું" તેમજ લઘુમતી કે અનામતોની પ્રથાને બદલે માનવ અધિકાર પંચમાં ફેરવીશુ. આ અંગે વિચારતા તે આપણા જૈન ધર્મના અને ભારતીય સંસ્કૃતિના પાયાના સિદ્ધાંતો સાથે વધારે સુસંગત હોય આપણે જરૂર ભા. જ. પ. ના યોગ્ય ઉમેદવારોને ચુટાવવામાં જરૂરી દરેક પ્રકારનો સાથ-સહકાર ને મત આપી આપણા ધર્મને જીવંત રાખીએ. આજે જે હિંસાને પ્રોત્સાહન આપતું જ રાજકારણ છે ત્યારે તેમાંથી બચવાનો આ એક માત્ર ઇલાજ છે.... એક માત્ર તક છે, તેને ગુમાવવી કે ઉપેક્ષા કરવી તે આપણે મતદારોએ સમજવાનું છે.

જૈન ઉમેદવારને સહકાર આપીએ

લોકસભાની નવમી ચુંટણીમાં ભાગ લઇ રહેલા બધાં રાજકીય પક્ષોના ચુંટણી નામો જાહેર થઇ ગયા છે. તેમાં જૈન ઉમેદવારોના નામો અમોને પ્રાપ્ત થયેલ છે. તે અમે ગત અંક ૪૧માં પ્રગટ કરેલ છે. બીજા પણ જૈન ઉમેદવારોમાંથી જેમની અમોને માહિતીઓ મળી છે તેની વિગત આપી છે તે દરેકને જૈન સમાજના પૂજ્ય ગુરુદેવો દ્વારા શ્રમણ સંમેલન દ્વારા કરેલ ઠરાવ મુજબ આપણે જૈનો સક્રિય સાથ-સહકાર તન-મન-ધનથી આપીએ.

ગુજરાત-કચ્છ	:	શ્રી બાબુભાઇ મ. શાહ	ભા.જ.પ.
ગુજરાત-ગોધરા	:	શ્રી દીપકકુમાર હીરાલાલ ગાંધી	અપક્ષ
રાજસ્થાન-ઉદયપુર	:	શ્રી ગુલાબચંદ કટારિયા	ભા.જ.પ.
રાજસ્થાન-પાલી	:	ડો. શ્રી લક્ષ્મીમલ સિંઘવી	કોંગ્રેસ(ઇ)
મધ્યપ્રદેશ-બસ્તર	:	શ્રી સમ્પતસિંહ ભંડારી	ભા.જ.પ.
મહારાષ્ટ્ર-જલગામ	:	શ્રી સુરેન્દ્રકુમાર જૈન	અપક્ષ

શ્રી કરેડા પાર્શ્વનાથજી તીર્થની

[રેલ્વે સ્ટેશન ભુપાલસાગર (જિ. ચિત્તોડગઢ, રાજસ્થાન)]

યાત્રાર્થે અવશ્ય પધારો

આ મંદિરનું નિર્માણ આચાર્ય ધર્મઘોષસુરિજી મ. ના ઉપદેશથી માંડવગઢના મહામંત્રી સંઘપતિ પેથડશાહ દ્વાર સં. ૧૩૨૧ માં કરવામાં આવ્યું અને તેના શિખર પર સાત ખંડનું ભવ્યમંદિર શ્રી પેથડશાહના પુત્ર ઝાંઝણકુમારે સં. ૧૩૪૦માં નિર્માણ કર્યું, જેનું સુકૃત સાગર તરંગ આઠમાં વર્ણન છે.

તેનો હાલમાં શ્રી શંખેશ્વર - ભોયણી તીર્થ દ્વારા રૂપિયા ૧,૨૫,૦૦૦૦/- ખર્ચ કરી જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે અને બાવન દેરીઓમાં શ્રી પાર્શ્વપ્રભુની પ્રતિમા વિભિન્ન તીર્થોના નામથી બિરાજમાન કરવામાં આવી છે. મુલનાયક ભગવાનની પ્રાચીન અત્યંત મનોહારી, ચમત્કારી, શ્યામવર્ણિય પ્રતિમાજીના નિર્મલ ભાવથી દર્શન કરી પુણ્યોપાર્જન કરો.

અમદાવાદથી ઉદયપુર, ચિત્તોડ રેલ્વે માર્ગ પર ભુપાલસાગર નામના સ્ટેશનથી ૩ ફર્લાંગ દુર આ તીર્થ આવેલ છે બસોની પણ સુવિધા ઉપલબ્ધ છે.

આ તીર્થની યાત્રા સાથે જ મેવાડની પંચ તીર્થીના દર્શનનો પણ લાભ મળશે. આ તીર્થોમાં શ્રી દયાલશાહના કિલ્લા નામનું તીર્થ જે રાજસમન્દ-કંકરોલીની મધ્યમાં છે. લગભગ ૨૫૦ પગથિયાથી આ તીર્થ 'મેવાડ શેત્રુંજય' નામથી પણ પ્રસિદ્ધ છે.

આ બંને તીર્થો પર આધુનિક સુવિધાઓથી સુસજ્જિત વિશાલ ધર્મશાળા તથા ભોજનશાળાની સુવ્યવસ્થા છે

લિ. કરેડા પાર્શ્વનાથ તીર્થ કમિટિ

ભુપાલસાગર (રાજસ્થાન) [ફોન નં. ૩૩]

શીમોગા (કર્ણાટક)માં ચાતુર્માસ આરાધના

પૂજ્ય મુનિશ્રી કનકસુંદરવિજયજી મ૦સા૦ તથા તેમના શિષ્યરત્ન મુનિશ્રી પદ્માનંદવિજયજી મ૦સા૦ આદિનું અત્રેના શ્રી ગાંધીબજાર સ્થિત જૈન દેરાસર-ઉપાશ્રયે ચાતુર્માસ દરમ્યાન વિવિધ ધર્મારાધનાઓ થઈ છે

પૂ૦ મુનિશ્રી કનકસુંદરવિજયજી મ૦સા૦ને ૯૦મી ઓળી તથા મુનિશ્રી પદ્માનંદવિજયજી મ૦સા૦ને ૭૪મી ઓળી સુખરૂપ ચાલી રહી છે

શ્રી સંઘમાં અઠ્ઠમ તેમજ આયંબિલના પચ્ચક્ખાણ, સવારમાં શ્રી ભક્તામર સ્તોત્રના પાઠ તેમજ સવારે અને રાત્રે પ્રવચન, સાંજના બાળકોના સુસંસ્કાર વર્ગ, શનિ અને રવિવારના શ્રી જૈન ધાર્મિક શિબિર, દિપકવ્રત, દુસ્કૃતનીંદા, સુકૃત અનુમોદના વિગેરે ૭ આરાધનાઓ, સામુદાયિક એકાસણામાં લગભગ ૨૦૦ જેવી સંખ્યા થયેલ.

બન્ને સંઘમાં વર્ધમાનતપ આયંબિલના પાયા ૧૭ તથા અક્ષયનિધિ પણ, શ્રી નવકારમંત્રના ૯ એકસણા-૨૫, સર્વત્ર સાથીયાતપ, ચૌમાસીતપ, ઉપરાંત પર્યુષણમાં ૧૪ ઉપવાસ આદિ તપશ્ચર્યાઓ થયેલ.

સ્વ. પ્રખર વિદ્વાન આ૦શ્રી ગુણાનંદસૂરિજી મ૦ સા૦ના તેમજ શાસન પ્રભાવક મુનિશ્રી રાજરત્નવિજયજી મ૦ સા૦ ના સંયમ જીવનની અનુમોદનાર્થે શ્રી પંચાન્હિકા જિનેન્દ્રભક્તિ મહોત્સવની પણ ઉજવણી કરવામાં આવેલ.

પાલઘર (એમ.એસ.) કતલખાનું નહિ બંધાય

મુંબઈની નજીક પાલઘર પાસે એક કતલખાનું બાંધવાની સરકારની યોજના હતી. તેની વિરૂદ્ધમાં બેંગલોરથી પૂ૦ આ૦ શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ તથા મુંબઈથી પૂ૦ આ૦ શ્રી વિજયકીર્તિચંદ્રસૂરીશ્વરજી મહારાજે શ્રી પ્રશાંત ઝવેરીના સહકારથી અથાગ પ્રયત્નો કરવાને કારણે હવે તે બાંધવાનું બંધ રાખવામાં આવ્યું છે. આ અંગેનો કૃષિ, પશુ સંવર્ધન, દુગ્ધ વ્યવસાય વિકાસ, મત્સ્ય વ્યવસાય વિભાગ, મંત્રાલય, મુંબઇ-૩૨ નો પત્ર તા. ૭-૮-૧૯૮૯નો ક્રમાંક : મેપકો ૧૦૮૯/૩૩૪૮/(૧૫૬) / ૫ દુમ ૩ નો પૂજ્ય આ૦ શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ૦સા૦ ઉપર આવી ગયો છે. આને કારણે અહિંસા કાર્યકરોને સારૂં એવું પ્રોત્સાહન મળ્યું છે. કોઇ પણ કાર્ય માટે પ્રયત્ન જો સહૃદયપૂર્વક કરવામાં આવે તો સફળતા મળે જ છે.

શ્રી શત્રુંજય ગિરિરાજાય નમઃ

પધારો　　　　જરૂર પધારો !!.

જંબુદ્વીપ નિર્માણ યોજનાની પણથંભી આગેકુચ

વિજ્ઞાન અને અધ્યાત્મનો સુમેળ સાધી જૈનત્વ અને હિન્દુત્વનું સંરક્ષણ કરતી આ વિશાળ યોજનામાં ચાલી રહેલાં કાર્યોની રૂપરેખા :—

પૂજ્યપાદ ગુરુદેવશ્રીના શિષ્યરત્ન પૂ૦ પં૦ શ્રી અશોકસાગરજી મ૦સા૦ના માર્ગદર્શન નીચે ચાલી રહેલ ઝડપી કાર્યો....

(૧) જંબુદ્વીપ જૈન દેરાસરના તમામ કાર્યોને ઝડપી પૂર્ણ કરવા માટે અપાઈ ગયેલા ઓર્ડરો.
(૨) બે સૂર્યના પરિભ્રમણ દ્વારા ભારત-અમેરિકા આદિ દેશોમાં થતાં સૂર્યોદયની વધઘટનું પ્રેકટીકલ યંત્ર હમણાં જ તૈયાર થઇ ગયું છે જેમાં ૧૮૪ માંડલા વિગેરેનું પ્રત્યક્ષ દર્શન થાય છે.
(૩) અધ્યાત્મ યોગી પં. ગુરુદેવશ્રી અભયસાગરજી મ૦સા૦ના શ્રી નવકાર મહામંત્રના પટો વિ, ને ફ્રેમીંગ કરી સુરક્ષિત કરવા શ્રી નવકાર મંદિરનું આયોજન.... જેનું ખાતમુહૂર્ત શ્રાવણ વદ ૩ના મંગલ દિવસે થયેલ છે.
(૪) વિશાળ અને ભવ્ય આરાધના ભવનનું નિર્માણ ચાલુ છે.
(૫) પ્રકાશિત થયેલ પુસ્તકોનું ઝડપી વેચાણ-નવા પુસ્તકોનું પ્રકાશન અને પુનઃ પ્રકાશનનું કાર્ય હાથ ધરાયેલ છે.
(૬) જંબુદ્વીપની વિશાળ જમીનને કમ્પાઉન્ડ વોલ કરવાનું કાર્ય પૂર્ણ થયું છે.
(૭) આકર્ષક કુપનોના વિમોચન સાથે ગામોગામ તેના વેચાણનું આયોજન....

આ સુંદર આયોજન ઝડપથી મૂર્તિમંત અને તે માટે ઘનિષ્ઠ પ્રયાસો થઇ રહ્યાં છે. પૂજ્યપાદ પંન્યાસજી ગુરુદેવશ્રીની પ્રેરણાથી આરંભાયેલા કાર્યો પૂર્ણ થાય તે માટે સર્વે સંઘો-વ્યક્તિઓને સાથ સહકાર આપી લાભ લેવા નમ્ર વિનંતી.

દશેરાથી ઉપધાન તપનો પ્રારંભ થયેલ છે. તથા કા. સુ. ૧૫ થી નવાણુંનો પ્રારંભ થયેલ છે.

લી. શ્રી વર્ધમાન જૈન પેઢી-પાલીતાણા

પુછપરછ અને પરિચય માટે :- પંન્યાસશ્રી અશોકસાગરજી મ૦સા૦, જંબુદ્વીપ જૈન પેઢી, પાલીતાણા-૩૬૪૨૭૦

મુંબઈમાં કોંગી ઉમેદવારોને પૂર્ણ ટેકો આપવા જૈનોને શ્રેયાંસપ્રસાદની અપીલ

મુંબઈમાં જૈન સમાજ વ્યાપાર ધંધામાં અગ્રણી છે અને હંમેશા વિશાળ મન અને હૃદય ધરાવે છે. વ્યાપારી સમાજ હોવાથી ગણતરી પૂર્વક કામકાજ કરે છે ત્યારે મુંબઇના જૈન સમાજને કોંગ્રેસના દરેકે દરેક ઉમેદવારોને જીતાડવાની અપીલ કરું છું', તેમ જૈન આગેવાન શ્રી શ્રેયાંસપ્રસાદ જૈને આજે જૈન સમાજના આગેવાનોની સભામાં જણાવેલ હતું.

શ્રી સાહુ શ્રેયાંસપ્રસાદ જૈન કોંગ્રેસના ઉમેદવારોનો પરિચય આપતા જણાવેલ કે શ્રી મુરલી દેવરાને તથા શ્રી ગુરુદાસ કામતને વર્ષોથી ઓળખું છું. શ્રી મુરલી દેવરાએ જૈન સમાજ વતી જ્યારે જ્યારે શ્રી ગુરુદાસ કામતે. શ્રી સુનિલદત્ત, શ્રી દાદાસાહેબ રૂપવતી, શ્રી શરદ દીધે અને શ્રી ચંદ્રકાંત ગોસલીયા છે. શ્રી ગોસલીયા આપણા જ સમાજના છે અને તેને જીતાડવા આપણે તનતોડ મહેનત કરવાની છે.

આ પ્રસંગે શ્રી મુરલી દેવરાએ જણાવેલ કે, જૈન સમાજના અગ્રગણ્ય આગેવાનોને માટે મારે કંઇ જ કહેવાનું ન હોય, તેઓ સમજી વિચારી શકે છે, છેલ્લા પાંચ વર્ષમાં ભારતે કેટલી પ્રગતિ કરી છે. કોર્પોરેટ ક્ષેત્રની પ્રગતિ અને ઔદ્યોગિક પ્રગતિઓ તો છે જ, સાથે સાથે વેપારી સમાજ પર વિશ્વાસ રાખી, લાયસન્સ પોલીસી, ઇન્કમટેક્ષ ધારાને ખૂબ જ સરળ બનાવ્યો. અને તેઓ ફરીથી ચૂંટાઇને આવશે તો ભારતની પ્રગતિ ખૂબ જ થશે. જૈન સમાજના આગેવાનોએ અમને જે આશીર્વાદ આપ્યા છે તેનાથી અમને ખૂબ જ પ્રેરણા મળી છે.

શ્રી ગુરુદાસ કામતે જણાવેલ કે, આ ચૂંટણી એક ચુનૌતી છે અને આપ સૌના આશીર્વાદથી અમે ચૂંટાઇને આવીશું.

રાષ્ટ્રસંત પ્રકર્તીચંદ્રસૂરીશ્વરજી મ૦સા૦ આ પ્રસંગે છ ઉમેદવારોને આશીર્વાદ પાઠવ્યા હતા, શુભેચ્છા આપી હતી.

શ્રી બી. એ. દેસાઇએ જણાવેલ કે આ ધર્મયુદ્ધ છે, અને આ ધર્મયુદ્ધમાં આપ જેવા વડીલોના આશીર્વાદથી કોંગ્રેસના ઉમેદવારો જોરથી જીતશે.

શ્રી પ્રશાંત ઝવેરીએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

એ. સી. પી. જૈન ૮૧ વર્ષ પૂર્ણ કરે છે અને ૮૨માં વર્ષ પ્રસંગે શુભેચ્છા જૈન સમાજના અગ્રણી જે. આર. શાહે આપેલ.

આ પ્રસંગે રામનાથ પોદાર, દાદાસાહેબ રૂપવતે. આર. સી. અંકલેશ્વરીયા, દેવચંદભાઇ ગાલા, સુશીલાબેન, કાંતિ દુલ્લા, કાંતિભાઈ જૈન, કિરણભાઈ જૈન, ગુણવંતભાઈ શેઠ, લલીતભાઈ કાપડીયા, હેમરાજભાઈ શાહ, વિરેન્દ્રભાઈ ઝવેરી, જયંતભાઈ એમ. શાહ, નગીનદાસ વાવડીકર, ચંદ્રેશભાઈ વિરવાડીયા વગેરે હાજર રહ્યા હતા.

વ્યાપારી—વ્યવસાયી સભ્યોને નમ્ર અપીલ

પ્રિય મિત્રો,

ગત સામાન્ય ચૂંટણીમાં દક્ષિણ મુંબઇમાંથી લોકસભા માટેના ઉમેદવાર શ્રી મુરલી દેવરા માટે મેં આપનો ટેકો માગ્યો હતો. તમારા ઉમળકાભર્યા સમર્થનના આધારે મુરલી ભારે બહુમતીથી જીત્યા અને ત્યારથી લોકસભામાં આપનું પ્રતિનિધિત્વ કરતા રહ્યા છે.

આપ સૌ જાણો છો કે મુરલી જ્યારે પણ શહેરમાં હોય ત્યારે તે નિયમિતપણે લોકોને મળે છે શહેરની લગભગ દરેક વ્યક્તિ સહેલાઇથી તેને મળી શકે છે તે સિવાય, તેઓ કદાચ એકમાત્ર સંસદસભ્ય છે જેણે સમસ્યાઓ અને સૂચનો રજૂ કરવા અખબારી માધ્યમો દ્વારા લોકોને આમંત્રિત કર્યા છે. તેમનું ઉત્સાહી અને કાર્યક્ષમ કાર્યાલય મોડે સુધી કામ કરતું રહે છે.

છેલ્લા ચાર વર્ષમાં દરેક વાર્ષિક અંદાજપત્રક વખતે મુરલીએ નિયમિતપણે આપણા અભિપ્રાયો અને વિચારો સરકાર સમક્ષ રજૂ કર્યા છે એ જ રીતે. અંદાજપત્રકની ચોક્કસ બાબત અંગે આપણે જ્યારે સંમત નથી થઈ શક્યા ત્યારે મુરલીએ હંમેશા આપણો અવાજ દિલ્હી પહોંચાડ્યો છે.

૧૯૮૭ની એક ઘટના મને બરાબર યાદ છે. આવકવેરાની કલમ ૧૯૪–ઇ માં સુધારો કરવાની વાત આવી. (દરેક નાણાકીય વ્યવહાર વખતે આવકવેરો વસૂલ કરવાની) મુરલીએ વડા પ્રધાન સાથે એક બેઠક ગોઠવી આપી જેમાં હું પણ હાજર હતો. આ દરખાસ્ત વિરુદ્ધ સમજાવટ પૂર્વક દલીલ કરી અને પરિણામે તે દરખાસ્ત સરકારે પાછી ખેંચી લીધી.

મુરલીએ બીજા અનેક પ્રસંગોએ વિવિધ વ્યાપારી અને વ્યવસાયી મંડળો વતી અસરકારક રજૂઆતો કરી છે. હીરા. સોનું જવેરાત તેમજ કાપડના વ્યપારીઓ સહિત અનેક લોકોએ મુરલીની મદદથી પોતાની સમસ્યાઓ ઉકેલી છે.

મુરલી છેલ્લાં વીસ વર્ષથી મુંબઈની સેવા કરી રહ્યા છે. શહેરની આવશ્યકતા અંગેની તેમની સમજ અને એક સાંસદ તરીકેની તેમની પરિપકવતા અદ્વિતીય છે. મુરલીએ જે કાર્યો કર્યા છે તે પ્રત્યેક દૃષ્ટિકોણ અને માપદંડથી જોતાં પ્રશંસનીય છે. તેમ છતાં, તે ક્યારેય આત્મસંતોષી બન્યા નથી. ઘણુંને વધુ કરી છૂટવા તત્પર રહ્યા છે.

મુરલીની પક્ષ પ્રત્યેની વફાદારી અને તેમની ઉત્કૃષ્ટ કામગીરી જોઈને જ તેમના પક્ષે આ પ્રતિષ્ઠાજક દક્ષિણ મુંબઇના મતવિસ્તાર માટે તેના ઉમેદવાર તરીકે તેમને ફરીથી પસંદ કર્યા છે અને ફરી એક વખત મુરલીને લોકસભામાં આપણા પ્રતિનિધિ તરીકે ચૂંટી મોકલવા વિનંતી કરું છું.

શુભેચ્છાઓ સહિત. હૃદયપૂર્વક આપનો

'નિર્મળ' નરીમાન પોઇંટ. મુંબઇ–૨૧ શ્રેયાંસપ્રસાદ જૈન

શ્રી મહાસુખભાઈ દેસાઈની પત્રકારત્વની સેવામાંથી નિવૃત્તિ

'જૈનપ્રકાશ' પાક્ષિકના સંનિષ્ઠ તંત્રી શ્રી મહાસુખભાઈ દેસાઈ (એમ. જે. દેસાઈ) એ સ્વૈચ્છિક નિવૃત્તિ લેવાનો નિર્ણય કર્યો છે થોડાં વર્ષો પહેલાં એમણે 'દશાશ્રીમાળી' પત્રના તંત્રી-પદેથી નિવૃત્ત થવાનો પોતાનો દૃઢ સંકલ્પ જાહેર કરેલો.

એક સમયે શ્રી મહાસુખભાઈ અજબ નિષ્ઠા અને ગજબ પરિશ્રમ સાથે ઉપરના બન્ને પત્રોનું કુશળ સંપાદન કરતા હતા. માત્ર સંપાદન જ નહિ, પરંતુ પ્રસંગે પ્રસંગે ઊભી થતી અવનવી સમસ્યાઓને પણ એમની આગવી સૂઝબૂઝ અનુસાર ઉકેલતા રહ્યા હતા. એમની અદ્ભુત ધગશ અને મમતાને કારણે આ બંને પત્રોએ ગણનાપાત્ર સિદ્ધિ પ્રાપ્ત કરી.

સિદ્ધના પરમોચ્ચ સોપાને પગલું મૂકીને જ્યારે એમણે કૃતકૃત્યતા અનુભવી ત્યારે કોઈ પરમોચ્ચ આંતર-ખોજને પરિણામે, એ માયા મમતા મૂકીને. નિસ્પૃહ થઈને એ સિદ્ધવંતા પત્રોને પંચપરમેષ્ઠિના ચરણે મૂકીને-નિર્મમ બનીને-આત્મકલ્યાણ અને આંતરખોજના માર્ગે એક અધ્યાત્મ-પંથની યાત્રાનો એમણે પ્રારંભ કરવાનો નિશ્ચય કર્યો.

'દશાશ્રીમાળી' પત્રના તંત્રીપદેથી નિવૃત્ત થયા ત્યારે એક એવું આશ્વાસન આપણને મળ્યું હતું કે 'જૈનપ્રકાશ'ના તંત્રીપદે તો તેઓ ચાલુ રહે જ છે. એ રીતે એ વખતે એમણે એમના વિચારો પ્રગટ કરવાનું એક 'મિશન' સમાપ્ત કર્યું નહોતું.

પરંતુ હવે તો એમણે 'જૈનપ્રકાશ'માં વહેતી એમની સંપાદકીય વિચારધારાને પણ પ્રવાહિત કરવાનું બંધ કરવાનો નિર્ણય કરી લીધો છે ત્યારે, સાડા ત્રણ દાયકાથીયે વધુ સમયથી અવિરત સારસ્વત સેવા આપતા આ સંનિષ્ઠ સારસ્વત પુત્રના હૃદયસ્પંદનો હવે ઝીલવા નહિ મળે તેનું દુઃખ અવશ્ય થાય. 'જૈનપ્રકાશ'ના બહોળા વાચક સમુદાયને પણ એથી આઘાત લાગે. પરંતુ નિરપેક્ષ દૃષ્ટિએ વિચાર કરીએ ત્યારે એમ અવશ્ય લાગે કે કોઈ પણ વ્યક્તિએ એની બાહ્ય-સેવાની યાત્રાનું છેલ્લું બિંદુ (Destination) નક્કી કરવું જ પડે અને એ મુકામે પહોંચ્યા પછી પોતે સરજાવેલી સૃષ્ટિમાં કોશેટાની જેમ પુરાઈને એમાં જ લોલુપ થઈ રહેવું ખરેખર મુક્તાત્માને ન પરવડે. બાહ્ય-સેવાની સૃષ્ટિ પણ સાચી છે, એમાં રહીને જ પોતાની અને અન્યની મુક્તિ શોધવાની છે, એમ પણ ખરું, તેમ છતાં આત્માની આંતર સૃષ્ટિ એથી યે વિશેષ સવાયું સત્ય છે. એ સત્યની ખોજ કરવાનું જ્યારે નિમંત્રણ મળે છે ત્યારે પોતે જ પ્રાપ્ત કરેલી ભૌતિક સમૃદ્ધિના શિખર ઉપરથી સડસડાટ ઉતરીને એથી યે ઊંચેરા આત્મ સમૃદ્ધિના શિખર તરફ પગલાં માંડવા પડે છે. આવી મંગલયાત્રાનો પ્રારંભ કદાચ એ વ્યક્તિના પોતાના સ્વજનોને કે સ્નેહી સહૃદોને અણગમતો હોય તો પણ તેમાંથી જે ચલિત થતી નથી એ વ્યક્તિ ખરેખર ધન્યવાદને પાત્ર છે. શ્રી મહાસુખભાઈએ આ નિવૃત્તિનો નિર્ણય જાહેર કર્યો હશે ત્યારે એમનું હૃદય અવશ્ય વલોવાયું હશે. પરંતુ એ સાથે એમના આંતર-મનમાં જે દિવ્ય જ્યોતિનો ઉદય થયો હશે એ થકી જ એમનો નિર્ણય અવિચલ બન્યો હશે. કેટલાક મનુષ્યો જીવનમાં અમૃતરસ લઈને જ પ્રવેશ કરતાં હોય છે. એવા મનુષ્યોનું આયુષ્ય ૭૦-૭૫ વર્ષનું થાય ત્યારે એમનો અમૃત-મહોત્સવ ઉજવીએ તો જ એમના જીવનના અમૃતનું દર્શન થાય એવું નથી. શ્રી મહાસુખભાઈએ હમણાં જ ૭૫ વર્ષ પૂરા કર્યાં. એમણે તો જિંદગીમાં અખંડ અમૃતમહોત્સવ માણ્યો છે.

...અને હવે એ અમૃતના પંથે વિશેષ આગળ વધે છે ત્યારે એમની આત્મસિદ્ધિ પ્રબળતાથી ખીલી ઊઠો અને નવા માર્ગનો એમનો પ્રવાસ કલ્યાણકારી અને સુખદ બનો એવી પરમાત્માને આપણી પ્રાર્થના હો : 'શિવાસ્તે પંથાન...'

— જય મહેતા

અંકલેશ્વર-ભવ્ય ઉપધાનતપ આરાધના

અત્રે પૂ૦ આચાર્યશ્રીમદ્ વિજયભદ્રંકરસૂરીશ્વરજી મ૦ સા૦, આ૦શ્રી વિજયપુણ્યાનંદસૂરીશ્વરજી મ૦સા૦, આ૦શ્રી વિજય અરૂણપ્રભસૂરીશ્વરજી મ૦સા૦, આ૦શ્રી વીરસેનસૂરીશ્વરજી મ૦સા૦ આદિ આચાર્ય ભગવંતો તથા મુનિગણની વિશાળ નિશ્રામાં ગત તા. ૨૦-૧૦-૮૯થી ઉપધાનતપની મંગલ આરાધનાનો આરંભ થયો છે.

આ ઉપધાનતપ કરવાનો લાભ શ્રી મુલચંદજી ભાગચંદજી બલડોટા પરિવાર તરફથી સ્વ. અશોકકુમારજીના આત્મશ્રેયાર્થે તેમના ધર્મપત્ની ગંગાસ્વરૂપ શ્રીમતિ પુષ્પાબેનની ઘણા વર્ષની ઉપધાનતપ કરાવવાની ભાવનાની ફલશ્રુતિરૂપે ધર્મમય વાતાવરણ વચ્ચે ઉજવાઈ રહ્યો છે.

પાલીતાણા-લેખિત સ્પર્ધાનું આયોજન

શ્રી આદીશ્વર દાદાની પવિત્ર છત્રછાયામાં શ્રીમદ્ પૂ૦ ઉપાધ્યાયશ્રી યશોવિજયજી વાચક વિરચિત શ્રી જિનસ્તવન ચોવીસીની લેખીત સ્પર્ધાનું ભવ્ય આયોજન તા. ૧૯-૧૧-૮૯ના રોજ રાખવામાં આવેલ છે.

જેનું આયોજન પૂ૦ સાધ્વીશ્રી સુનંદાશ્રીજી મ૦ના શિષ્યા સતાવધાની સાધ્વીરત્ન પરમવિદુષી સાધ્વીશ્રી નિર્મળાશ્રીજી મ૦ સા૦ આદિ ઠાણાની પાવન નિશ્રામાં કરવામાં આવેલ છે.

જો અહંકારને શત્રુ બનાવશો તો તમે તમારા મિત્ર છો, અને અહંકારને મિત્ર બનાવશો તો તમે તમારા શત્રુ છો.

પૂજ્ય આચાર્યશ્રી વિજયભુવનભાનુ-સૂરીશ્વરજી મહારાજ સાહેબની નિશ્રામાં મદ્રાસમાં ચાલી રહેલ ધર્મપ્રભાવના

૫૦૫૦ તપસ્વીરત્ન ગણિવર્યશ્રી જયસોમવિજયજી મ૦ની ૧૦૮મી વર્ધમાનતપ આયંબીલ ઓળીના પારણાનો મહોત્સવ આસો વદ-૧, શુક્રવાર તા. ૧૩-૧૦-૮૯ના પાવન દિવસે જોરશોરથી ઉજવાયો.

નાસિક, પીપળગાંવ, આદિ અનેક સ્થળોએથી પૂ૦ ગણિવર્ય મ૦ના સાંસારિક સબંધિઓ આવ્યા હતા. તેઓના તરફથી સવારે બેન્ડવાજા સહિત પારણાવિધિ થઇ. પૂજ્યશ્રી સહિત સકળ શ્રી સંઘના પગલા બે જગ્યાએ થયા. આરાધના ભવનમાં સકળ શ્રી સંઘની નાસ્તા-નવકારશીથી લગભગ બે હજાર સાધર્મિકોને ભક્તિનો લાભ મળ્યો.

વ્યાખ્યાનમાં ગુરુપૂજન-સંઘપૂજન થયા. મલાડથી પધારેલ શ્રી શ્રેયાંસનાથ જૈન યુવક મંડળે વ્યાખ્યાન બાદ સ્તવન-ગહુંલીની ધૂમ મચાવી. ૫-૫ રૂપિયાથી સંઘપૂજન થયું. બપોરે શ્રી ભક્તામર પૂજન થયું. રાત્રિ આંગીમાં ૧૪૦૦ જેટલા બહેનો આવ્યા હતા. આ નિમિત્તે પાઠશાળામાં સ્નાત્રપૂજા-પ્રભાવના, જીવદયા-અનુકંપા, જિનમંદિરમાં સુંદર આંગી, ૧૭ છોડનું ઉદ્યાપન, નવપદજીની રંગોળી આદિ અનેક પ્રકારે સુંદર સુકૃતો થયા હતા. અત્રે ૧૧ દિવસનો શ્રી જિનેન્દ્રભક્તિ મહોત્સવ સુંદર રીતે પૂર્ણ થયો.

આસો વદ-૮ તા. ૧૫-૧૦-૮૯ના શુભ દિવસે અહીં મોટા ખર્ચે બનેલા શ્રી કાનમલ પ્રકાશમલ સમદડિયા આયંબીલ ભવનનું મંગળ ઉદ્ઘાટન પૂજ્યપાદ વર્ધમાન તપોનિધિ આચાર્યદેવશ્રીની શુભનિશ્રામાં થયું. સાથે સાથે પૂજ્યપાદશ્રીજીની કલમે લખાયેલ મહાન ઇંગ્લીશ ગ્રન્થ– The Essentials of Bhagvan Mahavir's Philosophy નું ઉદ્ઘાટન અતિથિવિશેષ શ્રી શ્રીપાલજી (I.P.S. – Inspector General of prisons, madras.) ના શુભહસ્તે થયું, આવા ગ્રન્થની આજના કાળમાં ખૂબ જ ઉપયોગિતા અંગે સુંદર પ્રવચનો થયા.

બેંગ્લોરના મુમુક્ષુ ચન્દ્રકાંતાબેનના કોકીલકંઠના ભાવપૂર્ણ સ્વાગત ગીતથી સભા ડોલાયમાન થઇ. આમેય રોજના વ્યાખ્યાનના વિષયને તરત ગહુંલીમાં ગુંથી લઇ સૂરિલા કંઠે જ્યારે પોતે જ ગાય છે, ત્યારે એ સાંભળવાનો એક લ્હાવો બને છે. સાથે જ શ્રાવકના જીવનમાં દિન-બ-દિન ઉપયોગી આરાધનાને સંગ્રહિત કરતું પૂ૦ પૂજ્યશ્રીની કુશળતાભરી કલમથી આલેખાયેલ પુસ્તક 'ગાગરમાં સાગર' નું વિમોચન શેઠશ્રી સુમતિલાલ સ્વરૂપચંદના શુભ હસ્તે થયું.

નાની ઉંમરમાં વર્ધમાનતપના પાયા નાખનાર મુમુક્ષુ પી. કલ્પેશકુમાર બેંગ્લોરવાળા અને મુમુક્ષુ શ્રી પ્રવીણકુમાર જૈન મદ્રાસવાળાને સન્માન માટે ઊભા કરાતા શ્રીસંઘે ખૂબ ખૂબ અનુમોદના વ્યક્ત કરી.

સમદડિયા પરિવારના અનેક વિશાળ સુકૃતો-દાનોની યાદી સાંભળતા શ્રોતાઓએ ભરપેટ અનુમોદના કરી.

પૂજ્ય પ્રવર્તક મુનિરાજશ્રી યોગેન્દ્રવિજય મ૦ સા૦ ની વર્ધમાન તપની ૧૦૦ ઓળી ઉપરાંત નવા પાયા ઉપર ચાલેલી ઓળીઓમાં સળંગ ૪૪ ૪૫મી ઓળીના પારણાનો પ્રસંગ ઠાઠથી સંપન્ન થયો. ૮૪ વર્ષની જૈફ વયે એમની તપધર્મની આરાધના અને સંયમ-સાધના ભાવિકોને મુગ્ધ બનાવે છે.

પ્રસંગ પર નવકારમંત્રની રંગબેરંગી રંગોળીના દર્શને લોકો ભાવવિભોર બન્યા.

આ બંને પ્રસંગને અનુલક્ષીને પ્રસંગને શોભાવતું પૂજ્યપાદશ્રીજીનું માર્મિક-રોચક પ્રવચન થયું. આખો કાર્યક્રમ સવારે ૧૦ થી ૧-૩૦ સુધી ચાલ્યો. આયંબીલ ભવનના ત્રણે માળો માનવમેદનીથી ભરચક ભરાયેલા રહ્યા. લાડુની પ્રભાવના તથા પધારેલ મહેમાન આદિ ૫૦૦ વ્યક્તિનું સાધર્મિક-વાત્સલ્ય થયું. બપોરના શ્રી સમદડિયા આયંબિલ ભવનમાં સિદ્ધચક્ર પૂજનનું ભવ્ય આયોજન થયું.

આ રીતે પૂજ્યશ્રીની પાવન નિશ્રામાં તપ-ત્યાગ-જ્ઞાનની પાવન ગંગા વહી રહી છે. જેમાં સમગ્ર દક્ષિણ ભારત પવિત્ર થઇ રહ્યું છે. માગશર સુદમાં શરૂ થનાર મોટા પાયા પરના ઉપધાન તપની તૈયારીમાં શ્રીસંઘ અત્યારથી જ લાગી ગયો છે

શ્રી નાગેશ્વર તીર્થે પધારો

શ્રી નાગેશ્વર તીર્થ ભારતમાં એક જ શ્રી પાર્શ્વનાથ ભ૦ની કાયા ૧૫ ફુટ ઉંચી અને નીલવર્ણા સાત ફણાધારી કાયોત્સર્ગરૂપે પ્રાચીન પ્રતિમાજી બિરાજે છે.

હજારો યાત્રિકો દર્શનાર્થે પધારે છે. ભોજનશાળા, ધર્મશાળા વિગેરેની સુવિધા છે. યાત્રિકોને આવવા માટે ચૌમહલા સ્ટેશને તથા આલોટથી બસ સર્વીસ મળે છે. અગાઉ સુચના આપવાથી પેઢીની જીપની વ્યવસ્થા થઈ શકશે. અઠ્ઠમ તપવાળા માટે પુરી વ્યવસ્થા છે.

(ફોન નં. ૭૩ આલોટ) —લિ. દીપચંદ જૈન સેક્રેટરી

શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ પેઢી

P. O. ઉન્હેલ ✲ સ્ટે. : ચૌમહલા [રાજસ્થાન]

જીંદગીની જમીનમાં જે ઝેરના બીજ વાવે તેને અમૃતના ફળોની આશા રાખવાનો શો અધિકાર હોઇ શકે.

ભુજ (કચ્છ)માં પાંચ રવિવારીય શિબિરનો પૂ૦ મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી મ. દ્વારા ચમત્કાર

પૂજ્યપાદ વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય-ભુવનભાનુસૂરીશ્વરજી મ૦ સા૦ના પ્રશિષ્યરત્ન પૂ૦ મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી મ૦ સા૦ આદિ ઠાણાની શુભ નિશ્રામાં પાંચ રવિવારિય શિબિરનું ભુજ મુકામે આયોજન કરવામાં આવેલ. જેમાં મોરબી, રાજકોટ, વાકાનેર, ભચાઉ વગેરે સ્થળેથી શિબિરાર્થીઓ વહેલા જ આવી ગયેલા. ૧૩૦૦-૧૪૦૦ શિબિરાર્થીઓ અને સકળ સંઘ સહિત ૩૦૦૦ઉપરાંતની સંખ્યા ચૈત્યપરીપાટીમાં જોડાઇ. સામુહિક ચૈત્યવંદન પછી શિબિરાર્થીઓ તરફથી જ સકળ સંઘની નવકારશીથી ભક્તિ અને રૂપિયાની પ્રભાવના થઇ એ થયા બાદ વાજતે-ગાજતે દાંડીયારાસની રમઝટ બોલાવતા શિબિરના સ્થળે આવ્યા.... પણ એ પહેલા તો આખો ય હોલ સંપૂર્ણ ભરાઇ ગયેલો માંડ માંડ હું પાટ સુધી પહોંચ્યો... હોલ, દાદરા, લોબી, ગેલેરી, પડસાળ કયાંય જગ્યા ન મળે. અને એમાંય સુરતથી આવેલ નિકેશ અને વલસાડથી આવેલ હિમાંશુ, એ બન્નેના સંગીતે તો છોકરાઓ ઝુમી ઊઠયા ૧૦॥ વાગે શરૂ થયેલ શિબિર છેક ૪॥ વાગે પુરી થઇ....

રાજકોટથી આવેલ વસંતભાઈ ખોખાણીએ અસરકારક વકતવ્ય કર્યું. સહુ શિબિરાર્થીઓને આજે દૂધેથી પગ ધોઇને સંઘ પૂજન-તિલક-રૂપિયો, શ્રીફળ અને અભિનંદન કાર્ડ આપવાના હતા. યુવકોમાં ઉમંગ એટલો હતો કે એમણે આ બધાયની ઉછામણી બોલાવવાની માંગણી કરી....

દૂધેથી પગ ધોવાના ૧૧૦૦૦, તિલક-રૂપિયાના ૭૦૦૦, શ્રીફળના ૧૫૦૦, અભિનંદન કાર્ડના ૩૫૦૦ થયા. બે પ્રવચન ૧॥ - ૧॥ કલાકના કર્યા... બરાબર ૪ વાગે સંવેદન ચાલુ કર્યું.... મુસ્લિમ, પટેલ, સિંધી, દરજી, લુહાણા વગેરેમાંથી ય એક યુવક બાકી નહીં હોય કે જે ધ્રુસકે ધ્રુસકે રડયો નહીં હોય.... એમાંય દૂધેથી પગ ધોઇને, સંઘપૂજનના દશ્યે તો સહુને સ્તબ્ધ કરી દીધા. આમ યુવકો પગ ધોયેલા દૂધમાં હાથ બોળીને પોતાની આંખે એ દૂધ લગાડતા હતા એ તો ઠીક પણ એ દૂધ લેવા માટે બાટલીઓ લઇને લાઇનમાં ઊભા રહી ગયા હતા.... કારણ કે ભૂજના ઇતિહાસમાં દૂધથી પગ ધોઈને સંઘપૂજન પહેલી જ વાર થતું હતું. આંખે આંસુ.... પગ ઢીલા.... પછીના જમણવારમાં પણ કોઇને ખાવાનું ભાવ્યું નહીં...

શિબિર પુરી થયા બાદ અભિગ્રહો લેવા માટે યુવકોની લાઇન લાગી. પાન-બીડી, માવો, જુગાર, સિગરેટ, દારુ, વ્યભિચાર, ટી. વી, સિનેમા ત્યાગ વગેરેના તથા પૂજા, સામાયિક, દાન. બ્રહ્મચર્ય ગાથા ગોખવા વગેરેના પણ પુષ્કળ નિયમો થયા. દિવાળીની પુષ્કળ ઘરાકી, મહાભારતની ટી.વી. સિરિયલ, ભારત-લંકાની મેચ આટઆટલા આકર્ષણો છતાં સવારના ૬ વાગે ઘરેથી નીકળેલા યુવકો સાંજના ૬ વાગે ઘરે પહોંચ્યા.

પાલીતાણા : પંચાહ્નિકા મહોત્સવની ઉજવણી

તીર્થાધિરાજશ્રી શત્રુંજય મહાતીર્થ-પાલીતાણા મધ્યે સુપ્રસિદ્ધ વકતા વિદ્વદ્ શિરોમણી સમર્થ સાહિત્યકાર પ્રશાંતમૂર્તિ સ્વ. આચાર્યદેવશ્રી કનકચંદ્રસૂરીશ્વરજી મ૦સા૦ની સાતમી સ્વર્ગારોહણ તિથિ તથા તેમના મુખ્ય પટ્ટશિષ્ય, ગુરુચરણસેવાના પરમ ઉપાસક પૂ૦ ઉપાધ્યાય શ્રી મહિમાવિજયજી ગણિવર્યના સમાધિમય થયેલા સ્વર્ગવાસ નિમિત્તે તેઓશ્રીના ૫૮ વર્ષના સુદીર્ઘ સંયમપર્યાયની અનુમોદનાર્થે ૨૨ છોડના ભવ્ય ઉદ્યાપન સહ શ્રી લઘુ શાંતિસ્નાત્ર સહિત પંચાહ્નિકા મહોત્સવની ઉજવણી ગત તા. ૧ થી ૯ ઓકટોબરના કરવામાં આવેલ.

આબુ તલેટી તીર્થ (રાજ.) ૧૦૮ ઉપવાસની આરાધના

પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી સુબોધસાગરસૂરીશ્વરજી મ૦ સા૦ના પટ્ટધર પૂજ્યપાદ આ૦ શ્રી મનોહરકીર્તિસાગરસૂરીશ્વરજી મ૦સા૦ના વિનયી શિષ્યરત્ન પરમ તપસ્વી પૂજ્ય મુનિરાજશ્રી ઉદયકીર્તિસાગરજી મ૦સા૦એ ૧૦૮ ઉપવાસની ભવ્ય આરાધના સુખશાતાપુર્વક પરિપુર્ણ કરી ગત તા. ૨-૧૧-૮૯ના પારણા કરેલ છે

આ નિમિત્તે શ્રી જિનભકિત મહોત્સવ તેમજ ૧૦૮ છોડનું ઉદ્યાપનસહ મહોત્સવની ઉજવણી કરવામાં આવી છે.

મારવાડના ૪૦૦ વર્ષના ઇતિહાસમાં ૧૦૮ ઉપવાસની પ્રથમ આરાધના થઈ છે.

મુંબઇ શ્રી શત્રુંજય મહાતીર્થ પટ્ટદર્શન

શ્રી સંભવનાથ જૈન દેરાસર પેઢી, જાંબલીગલી, બોરીવલી દ્વારા કા. સુ ૧૫ સોમવારના રોજ શ્રી શત્રુંજય મહાતીર્થનો પટ્ટ નેશનલ પાર્કમાં આવેલ ગાંધી સ્મૃતિ મંદિરમાં સવારના ૭ થી સાંજના ૭ સુધી સકલ શ્રીસંઘના દર્શનાર્થે બાંધવામાં આવેલ.

જિનેન્દ્રભકિતના મહોત્સવ માટે : ફોન : ૬૩૬૪૫૦૫ ૬૩ ૬૩૭૫૨
જૈન સંગીતકાર
જૈન ગીતકાર
મનુભાઈ એચ. પાલણવાળા
અરવિંદકોલોની, ૧૪૫-ડી, અરૂણનિવાસ,
વિલેપાર્લા (વે.) મુંબઈ-૪૦૦૦૫૬

સદાચાર સુખનું મંગલ પ્રભાત છે, દુરાચાર દુઃખની રાત છે.

શ્રી મુક્તિ કમલ-કેસર ચંદ્રસૂરીશ્વરજી જૈન વિદ્યાપીઠ ટ્રસ્ટ, મુક્તિધામ

ગાંધીનગર, હાઇવે રોડ, મુ. થલતેજ, અમદાવાદ-૩૮૦૦૫૪. ફોન : ૪૯ ૧૯ ૮૩

મુક્તિધામ— મહાન પૂણ્યના ઉદયે મળેલી લક્ષ્મીનો સન્માર્ગે વાપરવાનો અમુલ્ય અવસર

સર્વે જણાવવાનું કે સૌરાષ્ટ્ર કેસરી પૂ૦આ૦ભ૦શ્રી વિજયભુવનરત્નસૂરીશ્વરજી મહારાજની શુભ પ્રેરણા અને આશિષથી "મુક્તિધામ" સંસ્થા સાકાર પામેલ છે. જે અમદાવાદ શહેરથી ૯ કી.મી. દૂર ગાંધીનગર હાઇવે રોડ, થલતેજ, ચાર રસ્તા પાસે આવેલ છે પૂજ્યશ્રીના શિષ્યરત્ન સરળ સ્વભાવી મધુરવક્તા ૫૦ પૂ૦ પંન્યાસ પ્રવર શ્રી યશોવિજયજી મ૦ સા૦ ની નિશ્રામાં સંસ્થાના દરેક કાર્યો ચાલી રહ્યા છે.

પૂજ્યશ્રીના અંતરમાં વર્ષોથી ભાવના હતી કે જિનશાસનને પામેલા બાળકમાં વ્યવહારિક જ્ઞાન સાથે સમ્યગજ્ઞાનનું સિંચન પણ થવું જોઇએ. આ માટે તેમણે ઉપરોક્ત જૈન વિદ્યાપીઠનું નિર્માણ કર્યું. તે માટે ચાર (બત્રીસ ઓરડા)માળનું વિદ્યાર્થીગૃહ હોસ્ટેલનું મકાન પણ તૈયાર થયું છે. અહીં લગભગ ૨૦૦ જૈન વિદ્યાર્થીઓનો સમાવેશ કરવાની ધારણા છે. તેમના રહેવા, ખાધાખોરાકી, અભ્યાસ, સ્કુલબસ, ધાર્મીક શીક્ષણ, મેડીકલ નિભાવ વગેરેનો સંપૂર્ણ ખર્ચ સંસ્થા કરશે. ઉપરાંત જૈન સાહિત્યની વિશિષ્ટ લાયબ્રેરી પણ સાથે ઉભી કરવાની ભાવના છે. આમ બાળકોને સંપુર્ણ રીતે વિના મુલ્યે ભણાવવાનો ઉદ્દેશ છે.

સાથે જ ભવ્ય જિનમંદિર, ગુરુમંદિર, ભોજનશાળા, ધર્મશાળા, ઉપાશ્રય વગેરે પણ તૈયાર થઈ ગયા છે. આ ઉપરાંત ખુલ્લી વિશાળ જગ્યામાં ઉદ્યાન પણ તૈયાર કરવામાં આવશે, આપશ્રીને પ્રત્યક્ષ આ સંસ્થા જોવાનું આમંત્રણ છે. જે જોઇને આપને સાનંદ સંતોષ થશે. આશા છે ભવિષ્યમાં મુક્તિધામ એક જ્ઞાન અને ધર્મનું તીર્થ બની રહેશે.

—: આયોજનના મુખ્ય હેતુઓ જ્ઞાનદાન-ટીકીટ ને ડ્રો :—

(અ) જૈન કુટુંબોમાં જૈન ધર્મના સંસ્કારો સિંચવા તેમજ ધર્મક્રિયાઓની આરાધના આચાર સંહિતા અને શાસ્ત્ર પરંપરા મુજબ થાય તે માટે વિદ્યાર્થીઓ તૈયાર કરવા.

(બ) વિદ્યાર્થીઓને સુંદર ધાર્મિક વાતાવરણમાં એસ. એસ. સી. સુધીના અભ્યાસની સગવડ આપવી.

(ક) વિદ્યાર્થીઓ જ્યાં સ્થિર થાય ત્યાં જૈન ધર્મનો પ્રચાર અને સંસ્કાર સિંચન કરે તે રીતે તેમને ટ્રેઇનીંગ આપવી. ધર્મના પ્રસારાર્થે પરદેશ જવા માટેની ઉત્તમ ટ્રેઇનીંગ પણ આપવાના પ્રયત્નો થશે.

આપશ્રી આ જ્ઞાનદાનનો નીચેની યોજનામાંથી ભાગ લઇ શકશો. રૂા. ૧૫,૦૦૦/- વિદ્યાપીઠમાં કાયમી એક વિદ્યાર્થીને ભણાવવાના સહાયક તરીકે, રૂા. ૨,૫૦૦/- એક વર્ષના વિદ્યાર્થીને સહાય થવાના ખર્ચના, રૂા. ૧ ૧૧૧/- વિદ્યાર્થી માટે પલંગ, રૂા. ૫૦૧/- ટેબલ ખુરશીના.

આ કાર્ય માટે સગવડો ઉભી કરવા તેમજ આગળ ધપાવવા એક ભંડોળ ઉભું કરવાનું છે તે માટેના સંસ્થાના મકાનનું ઉદ્ઘાટન હજી પણ બાકી છે. આ ભંડોળ માટે રૂા ૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પુરા)ની ડોનેશનની ટીકી રાખી છે. તેમજ આ ટ્રસ્ટ રજીસ્ટર્ડ છે. આ ટીકીટોનું વેચાણ પુરૂં થયે તેનો ડ્રો કરવામાં આવશે. જેનો નીચે મુજબ લાભ મળશે.

(૧) પ્રથમ ટીકીટના ભાગ્યશાળીનું નામ વિદ્યાપીઠના વિદ્યાર્થીગૃહના મુખ્ય દ્વાર પર આરસમાં કોતરવામાં આવશે.

(૨) બીજે લકી નંબર આવે તેનું નામ "આરામગૃહના હોલ ઉપર લખાશે."

(૩) ત્રીજે લકી નંબર આવે તેનું નામ "આરામગૃહના હોલની અંદર લખાશે."

આ ટીકી સર્વેના નામ ગ્રંથમાં આરસમાં યોગ્ય જગ્યાએ કોતરાશે. ખરેખર આવા મહાન વિદ્યાદાન તેમજ જૈન ધર્મના શિક્ષણ દાનના આ પુણ્ય કાર્યમાં આપ નિઃસંકોચ આપનું યોગદાન નોંધાવશો. આ કાર્ય સત્વરે પૂર્ણ કરવાનું છે તેથી આપના ત્વરીત સહકારની અપેક્ષા છે. આભાર

લિ : શ્રી મુક્તિ કમલ-કેશર ચંદ્રસૂરીશ્વરજી જૈન વિદ્યાપીઠ ટ્રસ્ટના ટ્રસ્ટીગણના જય જિનેન્દ્ર

જયંતીલાલ એમ. બગડીયા, નવીનચંદ્ર બી. દીઓરા, ટોકરશી દામજી શાહ

તા. ક. : પૂજ્ય પંન્યાસ પ્રવર શ્રી યશોવિજયજી મ૦સા૦ નું ચાતુર્માસ મુંબઇ-પ્રાર્થના સમાજ ખાતે શ્રી ચંદ્રપ્રભુસ્વામી જૈન દહેરાસરમાં છે.

ભાવનગર જૈન સંઘની ગરિમાને ગૌરવવંતી બનાવતી સર્વાનુમતિ ચૂંટણી

ભારતભરના જૈન સંઘોમાં ગૌરવવંતુ નામ ભાવનગર જૈન સંઘનું રહેલ છે. તેના કારણોમાં તેની એકતા-ઉદારતા અને સંગઠનપ્રિયતા, પ્રગતીશીલતાભર્યો ૨૬૦ વર્ષનો ઇતિહાસ સુવર્ણાક્ષરે લખાયેલ છે.

ભાવનગર શ્રીસંઘ એ શ્રમણ ભગવાન મહાવીરના ૨૮ થી ૩૦ હજાર જૈનોનુ પ્રતિનિધિત્વ ધરાવતો એક માત્ર સંઘ છે! તે બૃહદ્ ભાવનગરના દરેક જિનમંદિરો (૧૭) ઉપાશ્રયો, શ્રાવિકા ઉપાશ્રયો, પાઠશાળાઓ, આયંબિલશાળાઓ વગેરે સ્થાપી-એક સૂત્રે ચાલતો શ્રીસંઘ છે.

તેની કાયવાહિ ઉચ્ચ પ્રણાલીકા અને પ્રતિનિધિત્વના આધારે દરેક જ્ઞાતિ-કત્તાના પ્રતિનિધિઓની ચૂંટણી દ્વારા થતી રહેલ છે. આ વખતેની વ્યવસ્થાપક કમિટિની ચૂંટણીમાં દરેક કત્તાઓમાં વિશેષ હરીફાઇનું તત્વ જોવા મળેલ, પરંતુ શ્રી આદેશ્વરદાદાની પરમ કૃપા અને શ્રીસંઘના કાર્યવાહકો તથા નિષ્પક્ષ ચૂંટણી કમિટિના સદ્પ્રયત્નોથી જુદા જુદા કત્તાના ૧૦૩ પ્રતિનિધિઓ બીન-હરિફ ચુંટાયેલ જાહેર થયેલ છે. આ સર્વેને આપણા અભિનંદન તથા શ્રીસંઘ તથા શાસનની સેવાની મળેલ તકનો સદ્ઉપયોગ કરી શ્રી ચતુર્વિધ સંઘના વિકાસ-વિસ્તારના કાર્યને પ્રાધાન્યતા આપે, અને (૧) જિન-ભક્તિ (૨) શ્રુત સાધના (૩) શ્રમણત્વ અને તેની વૈયાવચ્ચ (૪) સાધારણક્ષેત્ર અને (૫) સાધર્મિક ભાઇઓના ઉત્થાન માટે ગંભીરતાથી ધ્યાન આપે.

વિશા શ્રીમાળી તળપદા કત્તો- ૧ : શાહ ચંપકલાલ નરોતમદાસ

શાહ ઇચ્છાલાલ ગંભીરદાસ	શાહ ભુપતરાય નાથાલાલ
સલોત જયંતીલાલ રતીલાલ	શાહ પંકજકુમાર શાંતીલાલ
શાહ ભુપતરાય જયંતીલાલ	વકીલ ભાસ્કરરાય વૃજલાલ
શાહ નગીનદાસ અમૃતલાલ	દોશી કાંતીલાલ જગજીવન
વોરા રજનીકાંત ધીરજલાલ	સલોત હર્ષદરાય અમૃતલાલ
શાહ કિર્તીકુમાર ગીરધરલાલ	શાહ રાજેન્દ્ર હરગોવિંદદાસ
સંઘવી પ્રતાપરાય જયંતીલાલ	શાહ રાજેન્દ્રકુમાર મનસુખલાલ
શાહ મહેન્દ્રકુમાર ગોપાળજી	શાહ વિરેન્દ્રકુમાર મનસુખલાલ
શેઠ મહેન્દ્ર ગુલાબચંદ તંત્રી જૈન	સલોત કનુભાઈ અમૃતલાલ
શાહ ચુનીલાલ ઓધવજી	શેઠ ચીમનલાલ ખીમચંદ
પારેખ હર્ષદરાય પોપટલાલ	મહેતા પ્રતાપરાય અનોપચંદ
શાહ ચીમનલાલ વર્ધમાન	શાહ જયંતીલાલ મગનલાલ
શાહ મનસુખલાલ લાલચંદ	શાહ અમૃતલાલ હઠીચંદ
મહેતા તલકચંદ ધરમશીભાઇ	શાહ હિંમતલાલ શાંતીલાલ
શાહ નગીનદાસ લલ્લુભાઈ	શાહ કિરીટકુમાર પ્રભુદાસ
શાહ ખાંતીલાલ રતિલાલ	વોરા હર્ષદરાય મોતીલાલ
વોરા ધર્મેન્દ્ર જશવંતરાય	શાહ ઉત્તમચંદ મોહનલાલ
શાહ દિલીપકુમાર કેશવલાલ	મહેતા શરદચંદ્ર પ્રતાપરાય
શાહ કાંતિલાલ મનસુખલાલ	તંબોળી મનમોહન [illegible]લચંદભાઈ
શાહ સૂર્યકાંત રતિલાલ	મહેતા જશવંતરાય ભોગીલાલ
શાહ કુમુદરાય અનોપચંદ	શાહ મણીલાલ શિવલાલ
શાહ અનોપચંદ માનચંદ	શાહ હર્ષદરાય પ્રેમચંદ
શાહ હરેશ મહિપતરાય	શાહ પ્રવિણચંદ્ર કપુરચંદ
શેઠ મનુભાઈ નરોતમદાસ	સલોત કાંતિલાલ રતિલાલ
શાહ રમણિકલાલ ભગવાનદાસ	શાહ દિલીપ જગજીવનદાસ
શાહ અમુલખરાય રતિલાલ	શાહ નિરંજન શાંતિલાલ
શાહ અનંતરાય નાનચંદ	શાહ છોટાલાલ વિઠ્ઠલદાસ
વોરા રમેશચંદ્ર પરમાણંદદાસ	વોરા અરવિંદભાઇ કે.
શાહ ખાંતીલાલ ફુલચંદ	કામદાર નવીનચંદ્ર નગીનદાસ
શાહ કાંતીલાલ પ્રેમચંદભાઇ	શાહ મહેન્દ્ર ધીરજલાલ
ગાંધી જશવંતરાય ચીમનલાલ	

વિશા શ્રીમાળી ઘોઘારી-૨ :- શાહ ખાંતીલાલ ફતેચંદ

સંઘવી પ્રવિણચંદ્ર જગજીવનદાસ	શાહ મહેન્દ્રકુમાર નગીનદાસ
મોતિવાળા બલવંતરાય અનોપચંદ	શાહ વસ્તુપાળ કુંવરજી
સંઘવી વિનયચંદ ગુલાબચંદ	શાહ મહેન્દ્ર પુરુષોત્તમદાસ
પારેખ વસંતરાય શાંતીલાલ	શાહ ખોડીદાસ દેવચંદ

વિશા શ્રીમાળી રાંધનપરા-૩ :-

શાહ કુમુદરાય પ્રતાપરાય — શાહ ભોગીલાલ માણજીભાઇ

વિશા શ્રીમાળી ધોળકીયા-૪ :-

શાહ બીપીનચંદ્ર બાલુભાઈ — શાહ લીલાચંદ જગજીવનદાસ

દશાશ્રીમાળી તળપદા-૫ : મહેતા રવિચંદ દુર્લભજી

શાહ કાંતીલાલ છગનલાલ	શાહ અનંતરાય વલ્લભદાસ
શાહ ધનવંતરાય રતિલાલ	શાહ જગદીશ ભુપતરાય
ગાંધી અશોકકુમાર વનરાવનદાસ	

દશાશ્રીમાળી રાંધનપરા-૬ : શેઠ જીતેન્દ્ર શાંતીલાલ

શાહ રમણીકલાલ ભોગીલાલ — શાહ અનંતરાય જયંતિલાલ

સુખડીયા કત્તા-૭ : શેઠ મનહરલાલ રમણલાલ

શેઠ જસવંતરાય મણીલાલ	શેઠ હિંમતલાલ બાવચંદ
શેઠ ભુપતરાય જમનાદાસ	

વિશા ઓસવાલ-૮ : શાહ હિંમતલાલ ડુંગરશી

શાહ અરવિંદરાય નાનચંદ

ભાવસાર-૯ : ગુંદીગરા શાંતીલાલ દેવચંદ

યોગી પાસે જઇ યોગી ન બની શકીએ તો કંઇ નહિ, ઉપયોગી તો બનવું જ જોઇએ.

લોલીયાણા અશ્વિનકુમાર શામળદાસ રાણપુરા નવનીતરાય વૃજલાલ
ખાટસુરીયા હર્ષદરાય નાનચંદ સરવૈયા કનૈયાલાલ પાનાચંદ
ભંભા મનહરલાલ વૃજલાલ ત્રાંકાણી મનવંતરાય ભાઈચંદભાઈ
નાવડીયા ચંદુલાલ નાગરદાસ ભાવસાર અનંતરાય નાનચંદ
વેલાણી નટવરલાલ લલ્લુભાઈ
સામાન્ય ક[illegible]-૧૦ : વાઘર શશીકાંત રતિલાલ
શાહ ઇન્દુલાલ મગનલાલ વોરા અમૃતલાલ ગાંગજીભાઈ

શ્રી મુંબઈ જૈન સ્વયંસેવક મંડળ સને ૧૯૮૯-૯૦ની કાર્યવાહક સમિતિ

શ્રી રવિન્દ્ર મોહનલાલ શાહ-પ્રમુખ, વિક્રમ રતીલાલ શાહ-મુખ્યમંત્રી, હસમુખલાલ ડાહ્યાભાઇ કુડીયા-નાયક, હસમુખલાલ ગણપતલાલ દોશી-બેન્ડ સુપ્રી., અમીત વસંતલાલ દોશી-ખજાનચી, વિપુલ દિનેશચંદ્ર શાહ-ભારતીય જૈન સેવાસદન મંત્રી.

કારોબારી સભ્યો-સહમંત્રીઓ :- શ્રી ઉદય હીરાલાલ ઝવેરી, પંકજ સેવંતીલાલ શાહ, દિનેશ ગીરધરલાલ શાહ, નરેન્દ્ર કાંતીલાલ શાહ-બેન્ડ સુપરવાઇઝર વિશ્રામમંદીરના મંત્રી, નરેન્દ્ર જયંતીલાલ દલાલ-માંદા માવજત સમિતિના મંત્રી, વિનોદ ચુનીલાલ શાહ-અનુકંપા/જીવદયાના મંત્રી, સમીર વિજયકુમાર શાહ-સંસ્કાર સમિતિના મંત્રી, રાજેષ મનુભાઈ શાહ-સેવા સદનના સહમંત્રી.

સભ્યશ્રીઓ :- દિનેશ સેવંતીલાલ શાહ, રાજેષ રતીલાલ શાહ, પ્રતાપ વાડીલાલ શાહ, શીતેન હીરાલાલ શાહ, દીલીપ ગોવિંદજી શાહ.

એકસ ઓફીસીઓના નામ :- વરધીલાલ ધમળશી શેઠ, હિંમતલાલ કેશવલાલ શાહ, સેવંતિલાલ મણીલાલ શાહ, લક્ષ્મીચંદ ગુલાબચંદ ઝવેરી, પ્રતાપચંદ કેશવલાલ શાહ, પનાલાલ શીરચંદ પારેખ, ચંદ્રસેન જશવંતલાલ ઝવેરી, હસમુખલાલ ગણપતલાલ દોશી, મનસુખલાલ શામજી શાહ, દીપચંદભાઈ મગનલાલ શાહ, પ્રાણલાલ કસળચંદ દોઢીવાલા, રસીકલાલ સુખલાલ શાહ, રવીન્દ્રભાઇ મોહનલાલ શાહ, અશોકકુમાર પોપટલાલ સલોત, દિવ્યકાન્ત અમૃતલાલ દોશી, રાજેન્દ્રકુમાર હિરાલાલ સફરી, ચંદ્રકાંત જેશીંગલાલ ઝવેરી (બેન્ડ મંત્રી), ચંદ્રકાંત સુખલાલ શાહ, [illegible]હેશ ગુલાબચંદ શાહ, વિનોદ વિક્રમલાલ ઝવેરી, રાજેશ ચીમનલાલ શાહ, નટવરલાલ હિરાલાલ શાહ.

'જૈન' પત્રના ગ્રાહકોને નમ્ર વિનંતી

જે ગ્રાહક બંધુઓએ ચાલુ વર્ષનું લવાજમ ન મોકલ્યું હોય તેમણે રૂા. ૫૦/- M.O. મોકલાવવા વિનંતી.

શ્રી સિદ્ધગિરિજીનું મિલન મુલત્વી રહ્યું

પૂ૦આ૦શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ૦ની શુભ નિશ્રામાં કા. સુ. ૧૨/૧૩ના પાલીતાણા મહારાષ્ટ્ર ચાતુર્માસ આરાધક સમિતિ દ્વારા ભારતભરના આમંત્રિત સંઘાગ્રણીઓનું મિલન યોજાનાર હતું જે પૂજ્યશ્રીના સ્વાસ્થયની પ્રતિકૂળતાના કારણે મુલત્વી રાખવામાં આવેલ છે.

જૈસલમેર પંચતીર્થીની યાત્રાર્થે પધારો

પશ્ચિમી રાજસ્થાનમાં આવેલ જૈસલમેર પંચતીર્થી પોતાની પ્રાચીનતા, કલાત્મકતા અને ભવ્યતા માટે જગપ્રસિદ્ધ છે. જૈસલમેર પંચતીર્થીના અન્તર્ગત જૈસલમેર દુર્ગ, અમરસાગર, લૌદ્રવપુર, બ્રહ્મસર અને પોકરણ સ્થિત જિનાલયોમાં બધા મળી ૬૬૦૦થી વધુ જિનપ્રતિમાજીઓ બિરાજમાન છે.

જૈસલમેરની વિખ્યાત વિશેષતાઓ : (૧) ભવ્ય, કલાત્મક અને પ્રાચિન જિનાલયો. પન્ના અને સ્ફટિકની પ્રતિમાઓ. (૨) ખરતરગચ્છીય શ્રી જિનભદ્રસુરિ જ્ઞાનભંડારમાં સંગ્રહિત તાડપત્રીય અને હસ્તલિખિત ગ્રંથો. (૩) દાદાગુરુદેવ શ્રી જિનદત્તસુરિજી મહારાજની ૮૩૦ વર્ષ પ્રાચીન ચાદર અને ચોલપટ્ટા, જે તેઓના અગ્નિસંસ્કાર પછી પણ સુરક્ષિત રહ્યા છે. (૪) અનેક દાદાવાડ, ઉપાશ્રય, અધિષ્ઠાયક દેવસ્થાન અને પટુઆ શેઠોની કલાત્મક હવેલીઓ. (૫) લૌદ્રવપુરના ચમત્કારીક અધિષ્ઠાયકદેવ જેમના દર્શન ભાગ્યશાળીઓને અવારનવાર પ્રાપ્ત થાય છે.

આવાસ પ્રબંધ : યાત્રિકો અને શ્રીસંઘોને ઉતરવા ઉચિત પ્રબંધ છે. મરુભુમિમાં હોવા છતાં પાણી અને વિજળીની પુરી વ્યવસ્થા છે. દાનવીરોના સહયોગથી ભોજનશાળા ચાલુ છે.

યાતાયાતના સાધન : જૈસલમેર આવવા માટે જોધપુર મુખ્ય-કેન્દ્ર છે. તે ભારતના જુદા જુદા માર્ગોથી યાતાયાતના સાધનોથી જોડાયેલ છે. જોધપુરથી દિવસમાં એકવાર બસ અને રાત્રે ને સવારે બે વાર ટ્રેન જૈસલમેર આવે છે. આ ઉપરાંત જયપુર અને બીકાનેરથી પણ સીધી બસો જૈસલમેર આવે છે.

જૈસલમેર પંચતીર્થીનાં દુર્ગ તથા અમરસાગર સ્થિત જિન-મંદિરોના જીર્ણોદ્ધારનું કામ ચાલુ છે.

પ્રબંધક ટ્રસ્ટી અને મંત્રી શ્રી મુલચંદભાઈ સંઘવી
શ્રી જૈસલમેર લોદ્રવપુર પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર ટ્રસ્ટ

ગ્રામ : જૈન ટ્રસ્ટ **જૈસલમેર** ૩૪૫૦૦૧ (રાજસ્થાન) ફોન ૨૩૩૦ ૨૪૦૪

આપણને જે પસંદ હોય તે ન મળી શકતું હોય, તો જે આપણી પાસે છે તે પસંદ કરી લેવું ડહાપણ ભરેલું છે.

શેઠ આણંદજી કલ્યાણજી પેઢીની ભારતભરની તમામ શાખાઓમાં કર્મચારીઓ–પૂજારીઓની હડતાલ

અખિલ ભારતવર્ષિય શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈનોનું પ્રતિનિધિત્વ ધરાવતી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી જૈન તીર્થોના સંરક્ષણ અને સંચાલન માટે હંમેશા ભારે ઉત્સાહ ધરાવતી રહી છે. એ ખૂબ જાણીતી બાબત છે.

આ પેઢીની શાખા–પ્રશાખાઓ પાલીતાણા, અમદાવાદ, રાણકપુર, જુનાગઢ, કુંભારીયાજી, તારંગા, મક્ષીજી, સેરીસા, મૂછાળા મહાવીર, ચિત્તોડગઢ, વામજ, સમેતશિખર, મગનલાલ કરમચંદ સાત ટ્રસ્ટ, બનારસની અંગ્રેજી કોઠી, અમદાવાદ–શાંતિસાગર ઉપાશ્રય આદી શાખાના તમામ કર્મચારીઓ તેમની માંગણી ન સંતોષાતા યુનિયનના નેજા નીચે તા. ૧૦–૧૧–૮૯ થી તા. ૧૫–૧૧–૮૯ સુધી સામુહિક હડતાલ ઉપર ઉતરેલ.

જૈન ભાવિકોની ધાર્મિક લાગણીઓને પુરતું માન આપીને શેઠ આ૦ ક૦ પેઢીના કર્મચારી યુનિયને હડતાલના દિવસો દરમ્યાન પણ ઉપરોક્ત સર્વે તીર્થોમાં મંદિરોની પૂજા–અર્ચના કરનાર કર્મચારીઓ સવારે પ્રણાલીકા મુજબ સેવા–પૂજા કરીને હડતાલ ઉપર ઉતરી જશે. એમ નક્કી થયેલ. આમ દરેક કર્મચારી સામુહિક હડતાલમાં જોડાયેલ.

કારતક સુદ–૧૫ તા. ૧૩–૧૧–૮૯ના શત્રુંજય તીર્થ પાલીતાણાની યાત્રાર્થે પધારેલ ભાવિકોના ભાવને જાળવી રાખવા અત્રેની પેઢીના કર્મચારીઓએ પોતાની હડતાલ ચાલુ હોવા છતાં પોતાની સારી કાર્ય–સેવાનો સુંદર નમૂનો પૂરો પાડેલ છે.

શ્રી વર્ધમાન સેવા કેન્દ્રના સંચાલક શ્રી કુમારપાળ વિ. શાહ આ હડતાલના સમયે પોતાના ૨૦૦ યુવાનો (૧૦૦ પુજારી તથા ૧૦૦ વોલીયન્ટર ભાઈઓ) સાથે પધારી આ તીર્થયાત્રાએ આવેલ ભાવિકો અને અત્રેની પેઢીના સંચાલકોને સુંદર સહકાર પૂરો પાડયો છે જે ખરેખર અભિનંદનને પાત્ર ગણાવી શકાય.

આ હડતાલનો પ્રારંભ થતા શેઠશ્રી આણંદજી કલ્યાણજીની પેઢીના વહિવટદાર પ્રતિનિધિઓએ હાજરી આપી યુનીયન સાથે વાટાઘાટનો દોર સંભાળેલ તેમજ યાત્રીકોને કોઈ મુશ્કેલીના પડે તેની ખાસ કાળજી રાખેલ. આ કારતક સુદ–૧૫ના મેળામાં ૨૦ થી ૨૫ હજાર યાત્રીકો પધારેલ.

આચાર્યપદ પ્રદાન : મુંબઈ

યોગનીષ્ટ પરમપૂજ્ય આચાર્યદેવશ્રી કેસરસૂરીશ્વરજી મ૦ના સમુદાયના સૌરાષ્ટ્ર કેસરી પ૦પૂ૦ આ૦શ્રી ભુવનરત્નસૂરીશ્વરજી મ૦ના શિષ્ય પંન્યાસશ્રી યશોવિજયજી મ૦ સા૦ને શ્રી પ્રાર્થના-સમાજ શ્રી ચંદ્રપ્રભસ્વામી જૈન દેરાસરજી સંઘની તેમજ મુંબઇના વાલકેશ્વર, ચોપાટી, પાયધુની, કાંદીવલી, મુલુન્ડ, બોરીવલી, અંધેરી, ચેમ્બુર, આદી તથા ભાવનગર, કલકત્તા, રાજકોટ, નાગપુર, અમદાવાદ, શિહોર, પાલીતાણા, જેસર, બોરડા, આદી શ્રીસંઘોની ભાવના અને સાથ સહકારથી વર્તમાન ગચ્છાધિપતી પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયહેમપ્રભસૂરીશ્વરજી મહારાજશ્રીની આજ્ઞાથી મુંબઈ મધ્યે આચાર્યપદ પ્રદાન પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયજયાનંદસૂરીશ્વરજી મ૦ આદીની શુભ નિશ્રામાં માગશર સુદ–૫ ને રવિવારના યોજાયેલ છે.

મુંબઇ – શાંતાક્રુઝ – વેસ્ટ મધ્યે ઉજવાયેલ ચાતુર્માસ–પર્વાધિરાજની વિવિધ તપશ્ચર્યાઓ

પૂ૦ ગચ્છાધિપતિ નિડરવક્તા પૂ૦ આચાર્ય ભગવંતશ્રી વિજયમેરુપ્રભસૂરીશ્વરજી મ૦ સા૦, પૂ૦ પંન્યાસશ્રી માનતુંગવિજયજી ગણિ, પૂ૦ પંન્યાસશ્રી ઇન્દ્રસેનવિજયજી મ૦ સા૦ તથા સાધ્વીશ્રી તિલકપ્રભાશ્રીજી આદિ ઠાણાએ અત્રેના શ્રી કુંથુનાથ જૈન દેરાસર–ઉપાશ્રયે ગત તા. ૯–૭–૮૯ ના શાનદાર સામૈયાપૂર્વક ચાતુર્માસ પ્રવેશ કરેલ.

પૂ૦ આચાર્યશ્રી આદિની શુભ નિશ્રામાં પર્યુષણ પર્વમાં થયેલ અનેકવિધ તપશ્ચર્યાઓ, સામુદાયિક સિદ્ધિતપ આદિની અનુમોદનાર્થે શ્રી સિદ્ધચક્રપૂજન, ઋષિમંડલપૂજન, નમિઊણ-પૂજન, ભક્તામર પૂજન, અઢાર અભિષેક તથા લઘુશાંતિ સ્નાત્ર મહાપૂજનો સહિત તા ૧૦/૯/૮૯ થી તા. ૧૯/૯/૮૯ સુધીનો દશાન્હિકા મહોત્સવ શ્રીસંઘે પૂજ્યશ્રીની પાવન નિશ્રામાં ધર્મમય વાતાવરણ વચ્ચે આનંદ ઉલ્લાસપૂર્વક ઉજવ્યો.

પૂ૦ આચાર્યશ્રી આદિએ ગત તા. ૧૩/૧૧/૮૯ કારતક સુદ ૧૫ના શ્રી કુંથુનાથ જૈન દેરાસરથી વાજતે–ગાજતે પ્રયાણ કરી શ્રી ભુરાલાલ ઇચ્છાલાલ વોરા પરિવારની ભાવભરી વિનંતીને માન આપી તેમના નિવાસ સ્થાને પગલા કરી ચાતુર્માસ પરિવર્તન કર્યું છે.

પૂજ્ય આચાર્યશ્રી આદિ મૌન એકાદશી મુંબઇમાં કરી કદમ્બગીરી ચૈત્રી ઓળી પ્રસંગે પધારશે. ત્યારબાદ વૈશાખ સુદમાં સિહોર મુકામે નૂતન જિનાલયની અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પધારનાર છે.

ખાનદાનની દોસ્તી જીવન માટે સહેલ છે. નાદાનની દોસ્તી જીવન માટે જોખમ છે.

શ્રી આ. ક. પેઢી સામે કર્મચારી સંઘને—હડતાલને વખોડતા શ્રમણ સંઘનું માર્ગદર્શન

શેઠ આણંદજી કલ્યાણજી અખિલ ભારતીય જૈન શ્વે. મૂ૦ પૂ૦ કર્મચારી સંઘ-યુનિયનની થયેલ સ્થાપના અને પોતાની માગણીઓના અનુસંધાનમાં હડતાલ પાડેલ છે તે બાબત ખૂબ ગંભીરતાપૂર્વક વિચારવાલાયક ને વખોડતા પાલીતાણા સ્થિત પરમ પૂજ્ય શ્રમણશ્રેષ્ઠ આચાર્યદેવો શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ૦, ૫૦ પૂ૦ આચાર્યદેવ શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મ૦, ૫૦ પૂ૦ આચાર્યદેવ શ્રી વિજયયશોદેવસૂરીશ્વરજી મ૦, ૫૦ પૂ૦ આચાર્યદેવ શ્રી યશોભદ્રસૂરીશ્વરજી મ૦, ૫૦પૂ૦ આચાર્યદેવ શ્રી નરેન્દ્રસાગરસૂરીશ્વરજી મ૦ તથા ૫૦પૂ૦ આચાર્યદેવ શ્રી વિજય-હેમપ્રભસૂરીશ્વરજી મ૦ આદિએ એક નિવેદનમાં જણાવેલ છે કે-

ધર્મસ્થાનોમાં પણ પ્રવેશવા લાગેલા લેબર યુનિયનો (કર્મ-ચારી સંઘને અટકાવવા જોઇએ તે માટે ગમે તે ખર્ચે દેશના વિખ્યાત ધારાશાસ્ત્રીઓની મદદ મેળવી શ્રી શ્રમણ સંઘના માર્ગ દર્શન મુજબ સંઘના અગ્રણી આગેવાનોએ લડી લેવું જોઇએ.... પેઢીના પગાર ધોરણોને મીનિમમ વેઇજીસ એકટ સાથે આડકતરો પણ સંબંધ ન રહે તેની કાળજી રાખવી. નહીંતર ભવિષ્યમાં સ્વીકારવાનું બંધનકર્તા રહેશે.....

પેઢી હાલ તેના કર્મચારીઓને પગાર ઉપરાંત મોંઘવારી ભથ્થું, પ્રોવિડેન્ટ ફંડ, ગ્રેચ્યુઇટી, બોનસ, પેન્શન વિગેરે અનેક જાતની સગવડો સ્વૈચ્છિક પુરી પાડે છે....જે માટે આપણા ધર્મ-સ્થાનો બંધાયેલ નથી.

જે વસ્તુ પેઢી આજે સ્વૈચ્છિક રીતે આપતી થાય તેજ વસ્તુ માટે આવતી કાલે કાયદો થાય તો તે કાયદાનો પછી ઇન્કાર કરવો અઘરો પડે માટે જુદા જુદા નામ હેઠળ જે પણ કાંઈ રકમ પેઢી આપવા માગતી હોય તે રકમ માત્ર પગારના એકજ નામ (Head) હેઠળ ચુકવવી વધુ ઇચ્છનીય છે જેથી પેઢીના (ધર્મના સ્થાનોની) પગાર ધોરણોની જાણે અજાણે પણ સરકારી ખાતાઓ કે ધંધાદારી-કારખાનાઓ-એકમો સાથે સરખામણી ન થઇ જાય.

ધર્મસ્થાનોમાં લેબર યુનિયન (કર્મચારી-સંઘ) કે મજૂર મંડળની રચના કોઈ પણ ભોગે ચલાવી લેવાય નહિ તેથી હાલના હડતાલના સંયોગોમાં પણ કર્મચારી સંઘ કે તેના પદાધિકારીઓ સાથે કોઇ પણ પ્રકારની વાટાઘાટ ચલાવવી જોઇએ નહિ....યુનિ-યન સાથે વાટાઘાટ કે કરાર કરવાથી તેમને આડકતરી પણ માન્યતા થશે. જે કોઇપણ સંયોગોમાં યોગ્ય નથી.

પેઢીનું દરેક પગલું ગામેગામના શ્રીસંઘોને અસર કરનારું હોવાથી....ગંભીરતાથી વિચાર કરી ટુંકાગાળાના ખર્ચ, નુકશાન કે મુશ્કેલી વેઠીને પણ લાંબાગાળાની શ્રીસંઘ તથા શાસનના હિતોની રક્ષા કરવા કટિબદ્ધ રહેવું જોઇએ.

આ પ્રશ્ન કાયમ માટે હલ થાય તે માટે ટોચના ધારાશાસ્ત્રી-ઓને રોકીને સુપ્રિમ કોર્ટ સુધી પણ લડી લઈ તથા ટોચના સત્તાતંત્રો સુધી યોગ્ય રજુઆત કરીને અન્યાયી કાયદાઓની ચુંગાલમાંથી શ્રીસંઘ તથા શાસનના કેન્દ્રભૂત તીર્થો-ધર્મસ્થાનો વિગેરેની રક્ષા કરવી જોઈએ.

સમયસરનું આવું ઉપયોગી માર્ગદર્શન પરમ પૂજ્ય આચાર્ય દેવો દ્વારા મળતા શ્રીસંઘને ભારે બળરૂપ થઇ રહેશે. આવા સુંદર ને સ્પષ્ટ માર્ગદર્શન અનુસાર જ શેઠ આ૦ ક. પેઢીના વર્તમાન વહિવટદારો મક્કમતાથી કાર્ય કરશે. કોઇની લાગણી કે દબાવમાં આવ્યા વિના જ સમગ્ર ભારતના જિનમંદિરોનો-તીર્થ સ્થાનોનો ગંભીરપણે વિચાર કરશે. વર્તમાન મોંઘવારીમાં આપણા ઠેર-ઠેર પથરાયેલા જિનાલયોનો ચાલુ ખર્ચ કે નિભાવવાનું પણ મુશ્કેલ બનેલ છે. ત્યારે કોઇપણ જાતની માંગણી સ્વીકારાશે ત્યારે શું પરિસ્થિતિ સર્જાશે! તેને નિભાવવા કે સંચવવાની કોઇ વ્યવસ્થા વગર આવી માંગણી ના સ્વીકારાય તે શાસન માટે હિતાવહ છે.

રાજનગર-શ્રમણ સંમેલનમાં થયેલા ઠરાવમાં નિર્ણયની ઉપ-યોગીતા પણ આ સમયે સમજાશે.

આ હડતાલની આવી પડેલ મુશ્કેલી સમયે શ્રી કુમારપાળ વી. શાહની આગેવાની નીચે ૨૦૦ જેટલા જૈન-નવયુવાનો પેઢી પડખે ઊભા રહેલ તેમ પાલીતાણા, ભાવનગર, મહુવા, તળાજા, જેસર, કુંડલા તેમજ સૌરાષ્ટ્ર, ગુજરાતના જૈનો જરૂર પડે તેમનો કામ ધંધો છોડીને પણ પ્રભુભક્તિનું ને તીર્થ રક્ષાનું કાર્ય કર-વામાં નહિ ચુકે તેની ખાતરી રાખશો.

તૃતીય પુણ્યતિથી નિમિત્તે માંગલીક સમારોહ

આગમવિશારદ, નવકારમંત્રના સાધક, જંબૂદ્વિપ યોજનાના નિર્માતા, પૂજ્યપાદ પંન્યાસશ્રી અભયસાગરજી મ૦ ઉંઝા મુકામે સં. ૨૦૪૨ના સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. તેમની તૃતીય તિથિ કારતક વદ ૯ના પાલીતાણા પૂ૦ પં૦શ્રી અશોકસાગરજી મ૦ની પ્રેરણાથી અત્રેના દરેક આચાર્યદેવોની શુભ નિશ્રામાં જિનેન્દ્રભક્તિ, ૪૫-આગમની પૂજા, 'નવકાર સરિતા'નું વિમોચન તથા પાલીતાણાના પંડિતવર્યોનું બહુમાન થશે.

અત્રે પૂજ્યશ્રીની પાવન નિશ્રામાં શ્રી ઉપધાનતપની મંગળ આરાધનાની માળારોપણ-૬૮ છોડના ઉજમણા સહિત જિનેન્દ્ર-ભક્તિ મહોત્સવ કા. વ. ૯થી કા. વ. ૩૦નું સુધીનું આયોજન ગોઠવેલ છે.

સુવર્ણજયંતિ સમારોહની ઉજવણીમાં ફેરફાર

શ્રી આત્માનંદ જૈન સભા-અંબાલા શહેરનો સુવર્ણ જયંતી સમારોહ જે તા. ૨૪-૨૫ અને ૨૬ નવેમ્બર-૮૯ના ઉજવવામાં આવનાર હતો તે લોકસભાની ચૂંટણીના કારણે હવે તા. ૨૯-૩૦ અને ૩૧ ડીસેમ્બર-૮૯ના ઉજવવામાં આવનાર છે.

ROad G. BV. No. 29
JAIN OFFICE : P. Box No. 175
BHAVNAGAR-364001 (Gujarat)
Tele O. C/o 29919 R.C/o 25869

સમાચાર પેજની : રૂા. ૫૦૦/-
મેટ્રોન એક પેજની : રૂા. ૭૦૦/-
વાર્ષિક લવાજમ : રૂા. ૫૦/-
આજીવન સભ્ય ફી : રૂા. ૫૦૧/-

સ્વ. તંત્રી ગુલાબચંદ દેવચંદ શેઠ
તંત્ર-મુદ્રક-પ્રકાશક-માલીક :
મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
જૈન ઓફિસ, પે. બો. નં. ૧૭૫, દાણાપીઠ, ભાવનગર

'જૈન' વર્ષ ૮૬
અંક-૪૪

વિર સં. ૨૫૧૬ : વિ. સં. ૨૦૪૬ કાર્તિક વદ ૧૨
તા. ૨૪ નવેમ્બર ૧૯૮૯ શુક્રવાર
મુદ્રણ સ્થાન : શ્રી જૈન પ્રિન્ટરી
દાણાપીઠ પાછળ, ભાવનગર-૩૬૪ ૦૦૧.

સકલ શ્વે. મૂ૦પૂ૦ જૈનો જાગૃત થાય

અખિલ ભારતવર્ષીય શ્વેતામ્બર મૂ૦ પૂ૦ જૈનોનું પ્રતિનિધિત્વ ધરાવતી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી સમગ્ર જૈન સંઘોની પેઢી છે. તેની શાખા-પ્રશાખા દ્વારા આપણા અનેક જિનાલયો-ધર્મસ્થાનો સચવાતા હોય છે, અને તેના માટે કર્મચારી, મુનિમ, પુજારી, ચોકીદાર વગેરે કર્મચારીઓને રાખવામાં આવેલ છે. જે ભારતભરમાં અંદાજે ૭૦૦ થી ૭૫૦ કર્મચારીઓને વર્ષે રૂા. ૪૫ લાખ જેવા પગારની ચુકવણી દ્વારા નિભાવે છે.

આ પેઢીના કર્મચારી વર્ગને પેઢી દ્વારા ગત વર્ષ ૧૯૮૮ના નવેમ્બર માસમાં જ પગાર વધારો આપવામાં આવેલ છે. તેમ છતાં આ કર્મચારીઓ દ્વારા કર્મચારી સંઘની (યુનીયન) સ્થાપના કરી તા. ૨૦-૯-૮૯ના રોજ જુદા જુદા પ્રકારની માંગણીઓ કરવામાં આવેલ. જેમાં પગાર વધારો (સને ૧૯૮૬થી માંગવામાં આવેલ છે.) સરકારી કર્મચારીઓની જેમ ૧૯૮૬થી જે જે મોંઘવારી વધારો થયો હોય તે ચુકવવો અને ભવિષ્યમાં આપવો. ઘરભાડા-ભથ્થું, સ્થાનિક વળતર ભથ્થું, રજાઓ, યુનિફોર્મ, વોશીંગ એલાઉન્સ, એજ્યુકેશન એલાઉન્સ, કન્વેયન્સ એલાઉન્સ, લીવ ટ્રાવેલ-કન્સેશન, બોનસ, ટ્રાવેલીંગ ભથ્થું, બઢતી, નિવૃત્તિ વયમર્યાદા, બદલી બંધ, મેડીકલ એલાઉન્સ, યુનિયન કાર્ય માટે સગવડતા કાયમી કરવા અંગે જેવી જુદી જુદી ૨૩ માગણીઓ કરવામાં આવી છે. જેથી પેઢી ઉપર રૂા. ૨૦ લાખ જેવો વધારાનો બોજો વધતા રૂા. ૬૦ થી ૬૫ લાખ થવા જાય છે.

આવી માગણી પેઢીના વિશ્વાસુ અને ધર્મ પ્રત્યેની શ્રદ્ધા ધરાવતા કર્મચારીઓ દ્વારા કેમ આવી પડી તે અંગે વિચારતા લાગે છે કે નવ મત ધરાવતા પૂ૦ આચાર્યશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ૦ દ્વારા રાજનગરના શ્રમણ સંમેલનના નિર્ણયોના વિરોધ સ્વરૂપે પેઢીનો વહિવટ સાધારણ ખાતા દ્વારા જ ચાલે તે માટેનું એક ફંડ કરી આપવાની લલચામણી જાહેરાતનું જ આ પરિણામ હોય તેમ સમજાય છે! આ ફંડમાં રૂા. ૩ થી ૩॥ કરોડ જેવી રકમ ઊભી કરવા પ્રયત્નો થયેલ, તેમાં થોડી-ઘણી સફળતા પણ મળેલ તેવી વાતો બે માસ પૂર્વે શરૂ થતાં આ માગણી યુનીયન સ્વરૂપે તા. ૨૦-૯-૮૯ના આવી પડી છે. અને હવે તો હડતાલ સ્વરૂપે પણ તેનો તા. ૧૦થી ૧૫ સુધીનો ભાગ ભજવી ગયેલ છે. ત્યારે પ્રશ્ન થાય કે પેઢીનો પગાર તથા સાધારણ ખર્ચ રૂા. ૬૦ થી ૭૦ લાખ જેવો આવતો હોય ત્યારે માત્ર રૂા. ૩૦ લાખની આવક થાય તેવી (રૂા. ૩ કરોડ કાયમી રાખવાની) યોજના કરીને ઉપકાર કર્યાની તે કેવી આ ચેષ્ટા! કે ટુંકી વૃત્તિનું આ પરિણામ સમજવું? આનાથી માણસોની વૃત્તિને

(અનુસંધાન પાના નંબર ૪૨૦ ઉપર)

શેઠ આ. ક. પેઢીના વર્તમાન વહિવટકર્તાઓને પણ અમારી નમ્ર વિનંતી છે કે કર્મચારી સંઘ સાથે કોઈ પણ જાતની મંત્રણા કરતાં પહેલા પેઢીના દરેક પ્રાંતીય પ્રતિનિધિઓની મીટીંગ બોલાવી તેમનો અભીપ્રાય મેળવી અને જરૂર પડે ભારતભરના દરેક ગામે-ગામના શ્રીસંઘોની એક મીટીંગ બોલાવીને મક્કમતા પુર્વક જ કાર્યવાહી કરશે. જેથી સૌનો સાથ-સહકાર મળી રહે. અને કોઇ ગેરવ્યાજબી માગણીઓની શરણાગતીના સ્વીકારવી પડે. આજે શત્રુંજય કે શીખરજી, આદિ જે તીર્થોની પરિસ્થિતિ ગંભીરરૂપ ધારણ કરી રહેલ છે તે ભવિષ્યમાં ભારે રૂપ પકડે તે પહેલાં જ શ્રીસંઘોનું અધિવેશન બોલાવી આ બાબતે યોગ્ય કરવાની તાતી જરૂર જણાય છે.

શેઠ આ.ક. પેઢીના કર્મચારી–પૂજારી દ્વારા તા. ૧૦થી ૧૫ની પ્રતિક હડતાલ સમયે શ્રમણ સંમેલનના જિનપૂજા અંગે શ્રાવકોને માર્ગદર્શનના ઠરાવની સાર્થકતા

રાજનગર-અમદાવાદમાં સં. ૨૦૪૪માં જે શ્રમણ સંમેલન મળેલ તે સમયે પૂજ્ય ગુરૂદેવોએ જે માર્ગદર્શક ઠરાવ કરેલ તે વર્તમાન સ્થિતિમાં શ્રી સંઘને માર્ગદર્શકને પ્રેરક બળ આપનાર હોઈ સકલ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ જાગૃત થાય... આ ઠરાવની સમજુતી આપતું પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજય-ૐકારસૂરીશ્વરજી મ૦ નું સ્પષ્ટતા કરતું પ્રવચન ઠરાવ. સાથે.

ઠરાવ–૧૭ જિનપૂજા અંગે શ્રાવકોને માર્ગદર્શન

જૈનશાસનમાં પરમાત્માની ભક્તિ એ ઉત્કૃષ્ટ આરાધનાનું અંગ છે. જિનેશ્વરદેવની દ્રવ્ય અને ભાવપૂજા એ શ્રાવકોનું મુખ્ય કર્તવ્ય છે; અને શ્રાવકોએ એ રીતે પરમાત્માની હંમેશા પૂજા કરવી જોઇએ.

હાલ આ પૂજાનું કાર્ય નોકરોને સોંપાઇ ગયું છે. જેથી અનેક પ્રકારે ઘોર આશાતના થઇ રહી છે. જે જાણીને તથા જોઇને હૈયું કંપે છે. તેથી શ્રમણ સંમેલન ઠરાવ કરે છે કે, શ્રાવકોએ પર-માત્માની અંગજા પૂજાતે જ કરવી, પણ નોકરો પાસે કરાવવી નહિ.

જ્યાં શ્રાવકોની બિલકુલ વસતિ ન હોય ત્યાં વાસક્ષેપ અને અગ્રપૂજાથી સંતોષ માનવો.

પ્રતિમાના અંગ–ઉપાંગોને સહેજપણ ઘસારો ન પહોંચે તે પદ્ધતિથી પૂજા કરવી.

પરમાત્માની ભક્તિ અંગે! પરમપૂજ્ય આચાર્યદેવશ્રીની સ્પષ્ટતા : પરમાત્માની ભક્તિની વાત કરવી છે. આપણા શ્રાવક-વર્ગની સ્થિતિ એવી છે કે મંદિરમાં રહેલા પરમાત્માની ભક્તિ માટે પોતે બીજાની સહાયતા લે છે. પહેલી વાત એ છે, મંદિરમાં ભગવંતો શા માટે? આપણે પરમાત્માની ભક્તિ કરવા માટે મૂર્તિઓ પધરાવીએ છીએ. મૂર્તિઓ પધરાવીને પછી ભગવાનને પૂજારીને ભળાવી દઇએ, તો, એમાં તો એવું થયું કે ભગવાન એકલા બેઠાં હતાં અને આપણે એમની આગળ એમની ખબર રાખવા માટે પૂજારીને લઈ આવ્યા. આ રીતિ બરાબર નથી. ખરી રીતે આપણે એકલા હતા અને આધાર સ્થંભરૂપે આપણને ભગવાનની જરૂર હતી. માટે આપણે ભગવાન પધરાવ્યા છે.

મંદિરની પાસેના ફ્લેટ હોય તો તેના ભાવ પણ વધ્યા વિના રહેતા નથી. આનો અર્થ એ છે કે આપણને ભગવાન વિના ચાલતું નથી. એક બાજુ તમને બધાને એમ થાય છે કે અમે જ્યાં હોઈએ ત્યાં ભગવાન જોઇએ જ. બીજી બાજુ તમે આજે ભક્તિમાં કાચા છો. તેથી કરીને ભગવાન પૂજારીને સોંપાઇ ગયેલા જોવા મળે છે. અરે! જે મંદિરની અંદર પૂજા કરનાર ઘણા હોય ત્યાં પરમાત્માની અંગપુજા પણ નોકરો જ કરે છે.

નોકરોને અંગ પૂજા સોંપતા પહેલાં આજે થોડો ભાવિનો વિચાર કરજો. કાલે આપણે એ સ્થિતિમાં આવશું કે એક વખત આ લોકોના યુનીયનો થશે અને પછી ભગવાનની ગમે તેવી આશાતનાને પણ તમે ટાળી શકશો નહીં. આશાતના ટાળવાનો જો કોઈ વખત પ્રયત્ન કરવા ગયા અને કોઇની ઉપર પણ તમે કેસ કર્યો તો બધી જગ્યાએ એક સાથે તાળા મારવાની પ્રવૃત્તિ થશે. આ સ્થિતિમાં આપણો શ્રાવક સંઘ કેવી મુસીબતમાં મૂકાશે તેની ચિંતા પણ શ્રમણ ભગવંતોએ કરી છે. સંમેલને ભાવીના એંધાણ પરખ્યા કે યુનીયનો થશે તો ભગવાનની રક્ષા પણ નહિ થાય. કેટલીક જગ્યાએ અમે આના અનુભવ પણ કર્યા છે.

એક જગ્યાએ પુજારીઓ મંદિરની અંદર વિષ્ટા કરી. ખબર પડતા તેની પાસે તે સાફ કરાવી એ સિવાય એનો કોઇ દંડ કર્યો નહી, તો પણ એક સાથે પચીસે પચીસ મંદિરોના પુજારીઓ હડતાલ ઉપર ઉતર્યા. એ જ રીતે એક ઠેકાણે પુજારીને મંદિરમાંથી ચોરી કરતો શ્રાવકે પકડયો. હાથમાં–મુઠ્ઠીમાં રહેલ રૂપિયા પણ પકડયા. પછી તેને ડિસમીસ કર્યો, તો બધા જ પુજારીઓએ હડતાલ પાડી. અને છેવટે ચોરને પાછો પૂજારી તરીકે રાખવો પડ્યો. આ બધા દાખલાઓ ઉપરથી આપણી સ્થિતિ આજે કયાં સુધી પહોંચી છે, તેનો વિચાર કરજો.

આજે તીર્થોમાં હજારો મૂર્તિઓ છે. આપણે વર્તમાનમાં તેની રક્ષાનો વિચાર ન કરીએ તો કાલે નોકરો પરમાત્મા માટે આપણને બંદીવાન બનાવી દેશે. "અમે જેમ કહીએ તેમ તમે કરો" આવું પણ આપણને કહેશે અને ત્યારે તમારું કશું જ નહીં ચાલે.

મરવું તો છે જ, તો મમતા રાખીને મરવા કરતાં ક્ષમતા રાખીને કાં ન મરવું....?

આ બધી વાતો વિચારીને શ્રમણ સંમેલને ઠરાવ પાસ કર્યો છે. ઠરાવમાં કહ્યું છે કે કમસેકમ તમે એટલું કામ કરો કે પરમાત્માની અંગપૂજા તો જાતે જ કરો. તમારા મંદિરમાં એક ભગવાન હોય, કે પાંચ હોય, કે પચીસ હોય અને પૂજા કરનારા એક જગ્યાએ પચાસ ભેગાં થાય અને એક ભગવાન પાસે એકેય ન જાય. એને બદલે એમ નક્કી કરો કે તમારે ભગવાનની અંગપૂજા કોઈપણ નોકર પાસે કરાવવી નહીં. કારણ કે, પક્ષાલ વગેરે કોઈ નોકર પાસે કરાવો તે બિનજરૂરી ચીજ છે. એની પાસે કરાવવાની કોઈ જરૂરત નથી. વાસ્તવમાં ભગવાનને કંઈ સ્નાનની જરૂર નથી. ભગવાન તો પવિત્ર જ છે. જેમ આપણે પવિત્ર થવું છે માટે આપણે સ્નાન કરીએ છીએ તેમ ભગવાનના અભિષેકો પણ આપણે પવિત્ર થવા માટે છે. આપણે પવિત્ર થવાની આ ભાવના ભૂલી જઈને ભગવાનને નોકરો પાસે નવડાવતા શીખ્યા છીએ. હવે આ ભાવના તમારા ખ્યાલમાં આવી જાય એ માટે અભિષેક અને અંગપૂજા ઉપરાંત દહેરાસર સંબંધી બહારનું કામ પણ તમારે જાતે કરતાં શીખવું પડશે. એક વાત યાદ રાખજો કે મંદિરનો કાજો કાઢો કે ભગવાનને તિલક કરો એ બધી ભગવાનની ભકિત જ છે. આપણે પહેલી પૂજા કરીએ તો જ લાભ મળે, કચરો કાઢીએ તો લાભ ન મળે. આવી જો કલ્પના કરતા હો તો તે યોગ્ય નથી. ટૂંકાણમાં મહાપુરુષોની કહેલી વાત ધ્યાનમાં લઈ, વિચારશીલ બની, પરમાત્માની ભક્તિ જાતે જ કરજો.

ગામડાંના ક્ષેત્રોમાં, મંદિરમાં, જે પરિસ્થિતિ નજરે જોવા મળે છે, તે જોતાં હૈયું રડી પડે છે. ત્યાં એવી આશાતનાઓ થાય છે કે મંદિરની અંદર નોકરો મંદિરને પોતાનું ઘર માની ભગવાનની મર્યાદા રાખ્યા વિના જેવી ચેષ્ટાઓ કરવી હોય એવી કરી શકે. આવી સ્થિતિ કેટલાક મંદિરોમાં છે. આ આશાતનાઓનું નિવારણ કરવાના ઉપાયો આજે આપણે વિચારવા જરૂરી છે.

તેને માટે આપણા વિશિષ્ટ શાસ્ત્રગ્રંથોમાં મહાપુરુષોએ ત્રણ પ્રકારની પરમાત્માની પૂજા બતાવી છે : "पंचुवयारा अट्ठोवयार सव्वोवयारा वा." અર્થાત્ પંચોપચારી પુજા, અષ્ટોપચારી પુજા અને સર્વોપચારી પુજા—એમ ત્રણ પ્રકારની પુજા શાસ્ત્રકાર ભગવંતોએ બતાવી છે. પુષ્પ, અક્ષત, ગંધ, ધૂપ અને દીપ – આ પાંચ વસ્તુથી કરવાની પંચોપચારી પુજા ભગવાનની ભક્તિ માટે જ છે. એ જ રીતે પુષ્પ, અક્ષત, ધૂપ, દીપ, ગંધ, નૈવેદ્ય, ફળ અને જલપાત્ર આ આ આઠ પ્રકારની પુજા એ અષ્ટોપચારી પુજા છે. આજે જે અષ્ટપ્રકારી પુજા થાય છે તે અષ્ટોપચારી શી રીતે કહેવાય ? અષ્ટ પચારી પુજામાં પુષ્પપુજાથી શરૂઆત થાય છે અને જળપાત્ર પરમાત્માની પાસે મૂકવામાં આવે છે. અષ્ટોપચારી પુજાનું રહસ્ય આ રીતે ભાષ્ય વગેરે શાસ્ત્રોમાં સ્પષ્ટ બતાવ્યું છે. આ જ રીતે સ્નાત્રપૂજા સહિત ૧૭, ૨૧, ૧૦૮, વગેરે પ્રકારે પુજા કરવી તે સર્વોપચારી પુજા છે. શ્રી આનંદઘનજી મહારાજના સ્તવનમાં આ બધી પુજાઓનું સ્પષ્ટ વર્ણન લખેલું છે.

પૂજાની વિધિ અંગે આ રીતે એટલા માટે કહેવું પડે છે કે તમે લોકો આજે મંદિરની અંદર જવા ઇચ્છો છો, પુજા કરવા ઈચ્છો છો પણ પુજાની વિધિના ગ્રંથો જાણવા ઈચ્છતા નથી. ડોકટર થવું હોય તો શરીરના બધા અવયવોનું તથા રોગોનું તથા ઔષધિઓનું જ્ઞાન મેળવવું જ પડે છે, તેમ તમારે પરમાત્માના ભકત બનવું છે તો ભકિતની વિધિના તમારે બધાએ જ્ઞાતા બનવું જોઈએ.

આ ઠરાવ દ્વારા સંમેલને સૂચન કર્યું છે તે રીતે, જ્યારે નોકર રાખીને પરમાત્માની પુજા કરાવવાનું બંધ કરવાનું થાય ત્યારે, તમારે સમજી લેવું પડશે કે પરમાત્માની અગ્રપૂજા થાય કે બીજી રીતિએ પુષ્પ વગેરેથી અંગપૂજા થાય તે બધું શાસ્ત્રોકત જ છે, પણ શાસ્ત્ર વિરુદ્ધ નથી. તેથી પરમાત્માને આજે પુષ્પાદિથી અને ધૂપ–દીપથી પૂજા થાય એ ચલાવી લે, પણ નોકર પાસે ભગવાનની અંગપુજા કરાવવાનું જે દૂષણ છે તે બિલકુલ ખોટું છે અને તેની કોઈ આવશ્યકતા નથી, એ વાત આજે શ્રમણ સંમેલને સિદ્ધ કરી છે.

પાયધુની – મુંબઈ નગરે ઉપધાનતપ

પાવન નિશ્રા : પ.પૂ. તપોમૂર્તિ શાસન પ્રભાવક આચાર્યદેવશ્રી દર્શનસાગરસૂરીશ્વરજી મ૦સા૦, પ.પૂ. સંગઠનપ્રેમી આચાર્યદેવશ્રી નિત્યોદયસાગરસૂરિજી મ.સા., પ.પૂ. મધુરવકતા ગણિવર્યશ્રી ચંદ્રાનનસાગરજી મ.સા. આદિ વિશાલ મુનિવૃંદ તથા વિશાલ શ્રમણિવૃંદ.

પ્રથમ મુહુર્ત	દ્વિતીય મુહુર્ત
માગ. સુદ ૧૪ સોમવાર	માગ. વદ ૧ બુધવાર
તા. ૧૧-૧૨-૮૯	તા. ૧૩-૧૨-૮૯

મુંબઈ શહેરના હાર્દ સમાન પાયધુનીના આલિશાન વિસ્તારમાં સુવિશાલ સુવિધાસભર સ્થાનમાં શ્રી ઉપધાનતપની આરાધનાર્થે પધારવા શ્રી સકલ સંઘના ભાઈ/બેનોને પધારવા હાર્દિક આમંત્રણ છે.

આરાધનાનું શુભ સ્થળ: શ્રી આદિશ્વર જૈન ધર્મશાળા,
પાયધુની–મુંબઈ–૩, ફોન: ૮૫૧૧–૭૦

લિ. : શ્રી વર્ધમાન દર્શન આરાધક સેવા સમિતિ–મુંબઈ.

(અનુસંધાન પાના નંબર ૪૧૭નું ચાલુ)

ઉશ્કેરી ં કરવા માંગે છે તે સમજાતું નથી. તેઓશ્રી દ્વારા તો જે ફંડ થાય તેમ છે તેનાથી જો પેઢીનો વહિવટ ચલાવાય તો કર્મચારી ઓનો ગાર ઘટાડો કરવો પડે. આ તો આપણી પુરાણી કહેવત મુજબ ચોરને કહેવું કે તું ચોરી કર અને શાહુકારને કહેવું કે તું ગતો રહે' જેવું થયું.

આ ણા ધનકુબેરો દ્વારા પણ પેઢીના કર્મચારીઓની તરફેણ થતી રહે ને તેને પ્રોત્સાહન અપાય રહેલ છે તે કેવું બેહુદુ લાગે છે!

આ આવી પડેલી હડતાલનો પ્રતિકાર વર્ધમાન સેવા કેન્દ્રના સેવાભાવ શ્રી કુમારપાળ વી. શાહ આદિ યુવાન મિત્રો દ્વારા જે રીતે ૨૦ યુવકોને-પુજારી સાથે રાખીને નિર્ભયતાનો ઝંડો ઉપાડેલ ને મુંબઈના એક આગેવાને કર્મચારીઓને વચન આપી ખમીરને હણેલ છે.

આ સકલ શ્વે. મૂ. પૂ. જૈન સંઘોને અમારી નમ્ર વિનંતી છે કે પ્રથમ તો આ હડતાલને આપણે કોઇ પણ પ્રકારનું પ્રોત્સાહ ન મળે તેની કાળજી રાખવી. પેઢી સામે ઉભી થયેલી વિષમ રિસ્થિતિમાં અને હડતાલના સમયે સંપૂર્ણ તન-મન-ધનથી સ થ-સહકાર આપી આ આપત્તિમાંથી ઉગારવામાં સહાય-રૂપ બને.

આ પેઢીના જ તુમારશાહી-નોકરશાહી દ્વારા જ આપણા આ પવિત્ર ર્થની યાત્રાને સંકટમાં મૂકી છે. સરકારશ્રી દ્વારા ડોળી-ઓના વ બંધાવા છતા તેના અમલનું કોઇ તંત્ર જ ખડુ કરેલ નથી. ને થી ડોળીનો ભાવ રૂા ૮૦૦ સુધી લેવાની સુવીધા કરેલ.

પાલીત ણા: શ્રી ધર્મશાંતી આરાધના ભવન મધ્યે પં ાસપદ પ્રસંગે જીનેન્દ્રભક્તિ મહોત્સવ

પૂ૦ જિનશાસન શણગાર આચાર્યશ્રી વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મ૦ સા આદિની નિશ્રામાં અમદાવાદથી શત્રુંજય તીર્થ પાલી-તાણા છ રીપાલિત યાત્રા સંઘનો પાલીતાણામાં મંગલ પ્રવેશ તથા સોનામાં સુગંધરૂપ પૂજ્ય આચાર્ય ભગવંતના વરદ હસ્તે માગશર સુદ ૪ નિવાર તા. ૨-૧૨-૮૯ સવારના ૯ થી ૧૧ શાસન-સમ્રાટ સમુદાયના પૂ૦ ગણિશ્રી હિંકારચંદ્રવિજયજી મ૦, પૂ૦ ગણિશ્રી થુલભદ્રવિજયજી મ૦, પૂ૦ ગણિશ્રી સિદ્ધસેનવિજયજી મ૦, પૂ ગણિશ્રી ધર્મધ્વજવિજયજી મ૦, પૂ૦ ગણિશ્રી ચંદ્ર-કિર્તીવિ યજી મ૦ને પંન્યાસ પદથી વિભૂષિત કરવામાં આવનાર છે. આ નિમિત્તે જિનેન્દ્રભક્તિ મહોત્સવનું પણ આયોજન કર-વામાં અ વેલ છે.

પુનાથી પાલીતાણા છ'રીપાલિત શ્રીસંઘનું આગમન

સુવિશાલ ગચ્છનાયક પ. પૂ૦ આચાર્યદેવશ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ૦ સા૦ ના શુભ આશીર્વાદપુર્વક પૂ૦ ગણિવર્યશ્રી ધનેશ્વરવિજયજી મ૦, પૂ૦ ગણિવર્ય શ્રી જગવલભવિજયજી મ૦ સા૦ આદિ મુનિભગવંતોની શુભ નિશ્રામાં કા. વ. ૬ તા. ૧૭-૧૧-૮૯ના છ'રીપાલિત સંઘનું પુનાથી પાલીતાણા તરફ મંગલ પ્રયાણ થયું છે. જેનો માળારોપણ કાર્યક્રમ મહા સુદ ૧૩ તા. ૭-૨-૯૦ના રાખવામાં આવેલ છે.

પાંઢુર્ણા(મ.પ્ર.)માં અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ

પૂ૦ સ્વ. ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ૦ સા૦ ના શિષ્યરત્ન પુ૦ પંન્યાસ પ્રવરશ્રી નરદેવસાગરજી મ૦ સા૦, પુ૦ મુનિશ્રી ચંદ્રકીર્તિસાગરજી મ૦ સા૦ આદિ પાઢુર્ણા શ્રીસંઘની આગ્રહભરી વિનંતીને માન આપી અત્રેશ્રી શીતલનાથજી આદિ અનેક જિનબિંબોના શ્રી અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પધાર્યા છે.

બાન્દરા-મુંબઈ નગરે ઉપધાનતપ

પ૦ પૂ૦ આચાર્ય શ્રીમદ્ આનંદઘનસૂરીશ્વરજી મ૦ સા૦, અને પ૦ પૂ૦ સાધ્વીશ્રી પુર્ણકલાશ્રીજી મ૦ સા૦ ની પાવન નિશ્રામાં મહામંગલકારી શ્રી ઉપધાનતપની આરાધના કરવા પધારો.

: પ્રથમ પ્રવેશ :	: દ્વિતીય પ્રવેશ :
વિ.સં.૨૦૪૬ માગ. સુદ ૫	વિ.સં.૨૦૪૬ માગ. સુદ ૭
રવિવાર તા. ૩-૧૨-૮૯	મંગળવાર તા. ૫-૧૨-૮૯

શ્રી ઉપધાનતપની આ મંગલકારી આરાધનામાં સકલ શ્રી સંઘના ભાઇ-બહેનોને જોડાવા અમારુ ભાવભર્યું આમંત્રણ છે.

શ્રી ઉપધાનતપ આરાધના સ્થળ:

શ્રી રાજસ્થાન શ્વે. મૂ૦ પૂ૦ ઉપાશ્રય

જૈન દેરાસર પાછળ, જૈન મંદિર માર્ગ,

બાન્દરા (ઇસ્ટ) મુંબઇ-૪૦૦૦૫૦

લિ. શ્રી ઉપધાનતપ સમિતિ

વખતામલ પુખરાજજી (કંકુ કાપડા)

શ્રી ચંદ્રપ્રભુ જૈન દેરાસર ટ્રસ્ટ,

બાન્દરા (ઇસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૦

ચંદન તનને શીતળ કરે છે, વંદન મનને શીતળ કરે છે અને ચિંતન આત્માને શીતળ કરે છે.

R0ed G. BV. No.2g
JAIN OFFICE : P. Box No. 175
BHAVNAGAR-364001 (Gujarat)
Tele. O. C/o. 29919 R.C/o. 25869

જૈન

આજીવન સભ્ય ફી : રૂા. ૫૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૫૦/-
પરદેશ હવાઈ ટપાલ : રૂા. ૭૦૦/-
દરિયાઈ ટપાલ : રૂા. ૫૦૦/-

સ્વ. તંત્રી : ગુલાબચંદ દેવચંદ શેઠ
તંત્રી-મુદ્રક-પ્રકાશક—માલીક :
મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
જૈન ઓફિસ, પો. બો. ૧૭૫, દાણાપીઠ, ભાવનગર.

'જૈન' વર્ષ ૮૬
અંક—૪૫

વિર સં. ૨૫૧૬ : વિ. સં. ૨૦૪૬ માગસર સુદ ૩
તા. ૧ ડીસેમ્બર ૧૯૮૯ શુક્રવાર
મુદ્રણ સ્થાન : શ્રી જૈન પ્રિન્ટરી
દાણાપીઠ પાછળ, ભાવનગર-૩૬૪૦૦૧.

મૃત્યુની શાંતિમાં પોઢેલા ઓ.... જૈન સમાજ તમારે જીવવું છે ?
રાજકીય રીતે પલટાતા સત્તાના સૂત્રોમાં ભાગીદાર થવાની તાતી જરૂર

લગભગ બસે વર્ષની ગુલામી બાદ આપણો દેશ મુકત થયો ત્યારે આપણે સ્વાતંત્રનો ઉત્સવ ઉજવ્યો. તે પહેલા ગુલામી કાળ દરમ્યાન અને આઝાદી મેળવવા અનેક પ્રકારે ભોગપુર્વકનું બલીદાન આપેલ છે, જેનો ઇતિહાસ સાક્ષી છે. તેમાં ભારતવર્ષના પ્રથમ તિર્થંકર શ્રી આદિશ્વર ભગવાનના સુપુત્ર પ્રથમ શ્રી ભરત મહારાજાથી માંડી વસ્તુપાળ, તેજપાળ અને કુમારપાળના નામોએ ઐતિહાસીક ભાગ ભજવેલ છે.

આઝાદી પછી ભારતની આઠ—આઠ લોકસભા તથા વિધાનસભાઓનું સર્જન અને વિસર્જન થયું પણ તેમાં આપણું પ્રતિનિધિત્વ ગણનાપાત્ર કદી જોવા મળેલ નથી. તેમ આપણી સંસ્કૃતિ—વિચારણાને આચરવાની વિરૂદ્ધ જ અને નાની—નાની લઘુમતી કોમોને પોષવામાં આવતું રહેલ છે.

વિશ્વભરમાં માત્ર ભારતની ધરતી ઉપર જ આપણો જૈનધર્મ અને તેને માનનારા—પાળનારા આપણા જૈનો વસેલ છે. અને ભારતના અર્થકારણમાં આપણું ૩૫ ટકા યોગદાન યોગદાન રહેલ છે તેમજ દરેક પ્રકારની દાન પ્રવૃત્તિમાં ૭૦ થી ૭૫ ટકા ફાળો કાયમ માટે રહેલ છે. તે ફાળો ધર્મના નામે, કેળવણીના નામે સંસ્કૃતિના નામે કે રાજકીય પક્ષોને અપાતા ફાળામાં જૈનો કાયમ આગળ પડતા રહેલ છે. પરંતુ જૈનો રાજકારણમાં પ્રવેશેલ નથી.

આપણી મુશ્કેલી અને પ્રશ્નો કદી કોઇ વિચારતું નથી. અને તેથી આપણા ધર્મના પાયાના સિદ્ધાંતો સ્થાનો મુશ્કેલીમાં મુકાતા રહેલ છે. જેમાં આપણા અહિંસાના સિદ્ધાંતનો આપણી ઉચ્ચ ભાવના પાળવાની હોવા છતાં ખાદ્ય પદાર્થોમાં હિંસક સામગ્રીની મેળવણી થઇ રહેલ છે. તેની ઉપર સરકાર દ્વારા કોઇપણ જાતના પગલા ગંભીરતાથી લેવાયા નથી. તેમજ આપણા ૭૦ તીર્થ સ્થાનોને ગુરુભગવંતો પ્રત્યે પણ દખલગીરી, અવહેલના અને દુર્લક્ષ સેવાતુ રહેલ છે. ત્યારે રાજકીય ક્ષેત્રે જૈનોએ પ્રવેશ કરવો રહ્યો.

વર્તમાન સમયમાં ભારતની નવમી લોકસભાની ચૂંટણી થતાં જે પરિણામો પ્રાપ્ત થઈ રહેલ છે તેમાં ભારતીય જનતા પક્ષનો (ભા.જ.પ.) વિજય તે ભારતીય સંસ્કૃતિનો અને આપણો વિજય જણાય છે! તેના ચૂંટણી ઢંઢેરામાં કોઇ પશ્ચિમની હવા નથી જણાતી, ત્યારે હવે આપણે તે ભારતીય જનતા પક્ષ તરફ વળી રાજકારણમાં પ્રવેશવાની તાતી જરૂર છે. આ માટે હવે નિર્ભય પણે કહેવાની જરૂર છે કે અમે જૈનો હિન્દુ સંસ્કૃતિ સાથે રહી ખભે ખભા મીલાવી સાથ-સહકાર આપીશું. અને તો જ આપણું અસ્તિત્વ બની રહેશે, ને રામજન્મભૂમીની મુકિતની માફક આપણા જિનમંદિર પણ મુકત કરાવીએ.

નવમી—નવી લોકસભાની ચૂંટણીમાં ચૂંટાયેલ જૈન—જૈનેતર વિજયી ઉમેદવારોને અમારા હાર્દિક અભિનંદનપૂર્વક તેમનામાં ભારતીય સંસ્કૃતિ અને ગુરુ પરંપરાનું ગૌરવ—ખમીર વધુ શક્તિ સંપન્ન બની રહે તેવી શુભ ભાવના.

...ને હવે સસલા ઉછેર કેન્દ્રો

તા. ૧૬/૯/૮૯ના ટાઇમ્સ ઓફ ઇન્ડિયામાં સસલા ઉછેરની યોજનાની જાહેરાત પ્રાણીઉછેર ખાતાના એડીશનલ ડાયરેકટર શ્રી એચ. ટી. વેંકટ...દ્રીએ એક પત્રકાર પરિષદમાં કરી છે.

હિમાચલ પ્રદેશમાંથી સસલાઓને લાવવા— ખેડૂતો માટે તેની કેળવણીની વ્યવસ્થા કરવી.... અનેક ખેડૂતો તથા તેના કહેવાતા વેપારીઓને જોઈએ તેટલી સહાય કરવા દ્વારા આ યોજનાને આગળ વધવા પ્રોત્સાહન આપવું... અદ્યતન ટેકનોલોજી દ્વારા સસલાઓનું વધુને વધુ ઉત્પાદન વધારવું.... એક વર્ષમાં લાખો સસલાઓને ઉછેરી શકે તેવી મોટી મોટી વેપારી સંસ્થાઓને આ માટે પ્રેરણા તથા પૂરી જોગવાઈઓ કરી આપવી.... ને અંતે લાખો કરોડો સસલાઓના કાસળ કાઢી તેના માંસ દ્વારા માંગને પહોંચી વળવું. તેની ચામડી-રૂવાટી દ્વારા ચર્મઉદ્યોગ અને ઊનના બજારાને છલકાવી દેવા (એની ચીસો ઉપયોગમાં નથી લઈ શકાતી નહીં તો સરકાર એ પણ છોડે તેમ નથી....) આ છે સરકારનું નવું સર્જન....!

એમ થાય છે કે આ હિન્દુસ્તાન છે કે 'કબ્રસ્તાન'? શું ભારતની પ્રજા જંગલમાં વસતા જંગલી પશુઓ કરતાંય જંગલી (રાક્ષસી) છે? સરકાર લોકોની આંખમાં ધૂળ નાંખવા કહે છે કે લોકોની માંસની માંગ.... ને બજારોમાં રહેતી તેની તંગીને પૂરવા આ લાંબા ગાળાની યોજના છે, જો માંસનું ઉત્પાદન ઓછું છે તો વિદેશોમાં લાખો ટન માંસની નિકાસ શા માટે કરાય છે? વિકસતા દેશોમાં જેનું વિશિષ્ઠ સ્થાન છે, જે ધરા, ધન-ધાન્ય અને ફળ વનસ્પતિઓથી છલકાતી જ રહી છે. મબલખ પાક સદાય ઊભરાતો જ રહ્યો છે એ જ હિન્દુસ્તાનમાં રાજકીય કુટીલતાના જોરે તેમજ ભારતવર્ષની પ્રજાના પાપોદયે રોજિંદા આવશ્યક ચીજોને પણ પરદેશા ભેગી કરી તેની કૃત્રિમ તંગી ઊભી કરાય છે.

ને તેથી બળાત્કારે અહિંસક હિંદુ પ્રજાને પાશવિક વૃત્તિવાળી બનાવવામાં આવે છે... ને બિચારા નિર્દોષ પશુઓને રમતાં ખીલતાં નાજુક પ્રાણીઓને રીબાવી રીબાવીને ખલાસ કરવામાં આવે છે. હિંસાએ એવી માઝા મૂકી છે કે હવે પતંગિયાની ચટણી થવા લાગી છે; સાપના સૂપ બનાવાય છે; તીડના અથાણા બનવા લાગ્યા છે; કરચલા કાચાને-કાચા ગોળની જગ્યાએ ખવાય છે; અને લોબ્સ્ટરનું શાક પણ બને છે; ઇયળો વઘારેલા મરચાની જેમ વપરાય છે. ઈંડા અને માછલીઓ તો હવે ભૂતકાળ બની ગયો છે.

યાદ રાખીએ કે એક પણ ધર્મ જીવોની હિંસા કરવાની રજા નથી આપતો અને પ્રકૃત્તિનો નિયમ છે કે બીજા જીવોને ત્રાસ પમાડીને આપણે કયારેય સુખી નથી થઈ શકતા.

પહેલા માનવોના પેટ ભરવા પશુઓને રીબાવી રીબાવીને મારવા પછી તેના જ માંસમાં રહેલા એસિડીક-ઝેરી તત્ત્વોને પરાણે પણ માણસના પેટમાં પધરાવી માણસને પણ રીબાવી રીબાવીને મારવો- આ કેવું વિષચક્ર? શું પ્રજા ભોળી છે? કે રાજનીતિ કુટીલ છે?

એક બાજુ સંસ્કૃતિની રક્ષા માટે દેશભરમાં બૂમરાણો મચી છે તો બીજી બાજુ સંસ્કૃતિનો જડમૂળથી નાશ કરતી આવી યોજનાઓ રોજબરોજ બહાર આવતી જાય છે. તેનો સ્પષ્ટ વિરોધ કરવા ભાગ્યે જ કોઇ બહાર નીકળે છે. વિશ્વના ૧૮૦ દેશોએ હાથીદાંતની આયાત-નિકાસ પર પ્રતિબંધ મૂકેલ. છતાં હિન્દુસ્તાનને તેની કોઈ અસર ન થઇ.... પણ ઉપરથી તે જ સમયે આંતરરાષ્ટ્રીય ગણાતા મોરનાં પીંછાનો નિકાસ કરવાની યોજનાને અમલમાં મુકી પોતાની કઠોરતા-ક્રુરતા ને મૂર્ખામીને પ્રદર્શિત કરી છે. સ્વામી વિવેકાનંદ પણ કહે છે કે "જે હિંદુ છે તે ધર્મનો રક્ષક છે ભક્ષક નહીં જ—" પણ ભોળી પ્રજાને ભ્રમિત કરવા કહેવાય છે કે "સસલાનું માંસ પાતળું છે... પચવામાં હલકું છે. તેમાં કોલેસ્ટ્રોલનું પરિણામ ઓછું છે.... શરીર માટે પૌષ્ટિક છે." આવો પ્રચાર જ સિદ્ધ કરે છે કે મરઘીના માંસને કૃત્રિમ પદ્ધતિથી પેદા કરેલા તેના ઇંડાઓથી દેશભરમાં કેન્સર ને હાર્ટએટેકના પ્રમાણો પરાકાષ્ઠાએ પહોંચ્યા છે. તેથી તેનાથી દૂર ભાગતી પ્રજાના ભયને હવે દૂર કરવાની આ એક બનાવટ જ છે....! એમ તો ઈંડાના પ્રચારકો ય તેના જગજાહેર નુકશાનોથી પ્રજાને અજ્ઞાત રાખે જ છે ને?

દરેક હિંદુઓ સજાગ બને... ને રાજનીતિને વ્યવસ્થિત ટકાવવા સરકાર માનવ માત્રની લાગણી દુભાવતી આવી યોજનાઓ અમલમાં ન મૂકે તેવો હાર્દિક અનુરોધ છે. ભગવાન સહુને સદ્‌બુદ્ધિ અર્પે એ જ એક માત્ર પ્રાર્થના —અતુલકુમાર વ્રજલાલ શાહ

(ગુજરાત સમાચાર તા. ૧૧-૧૦-૮૯માંથી સાભાર)

ખુલાસો...

ગત તા. ૩-૧૧-૮૯ના 'જૈન' પત્રના અંક નં. ૪૧ ના પાના નં. ૩૯૬ ઉપર છપાયેલ જાહેરખબરમાં શ્રી શિવગંજ-સુમેરપુર નિકટવર્તી શ્રી નાકોડાજી તીર્થથીના બદલે જાકોડા તીર્થથી શ્રીસંઘ નીકળશે તેમ સમજવું.

'જૈન' પત્રના ગ્રાહકોને નમ્ર વિનંતી

જે ગ્રાહક બંધુઓએ ચાલુ વર્ષનું લવાજમ ન મોકલ્યું હોય તેમણે રૂા. ૫૦/– M.O. મોકલાવવા વિનંતી

આધિ, વ્યાધિ અને ઉપાધિથી છૂટવું હોય તો સંસાર પ્રત્યે વૈરાગ્ય કેળવવો પડશે.

ધર્મ અને સસ્કૃતિના પ્રચાર અર્થે પદયાત્રા જરૂરી

પૂજ્ય જૈનાચાર્યશ્રી ગુણરત્નસૂરીશ્વરજી મ૦ સા૦એ સિરોહી (રાજસ્થાન) નગરમાં એક વિશાળ ધર્મસભાને સંબોધન કરતાં જણાવેલ કે ધર્મ અને સંસ્કૃતિના સંબંધ ગામોમાં કપાતા જઈ રહ્યા છે. આને કાયમ ટકાવી રાખવા અને તેની વૃદ્ધિ કરવા માટે ગામો–ગામમાં પદયાત્રા દ્વારા પહોંચવું જોઇએ. આનાથી જનજાગૃતિ થશે.

પૂજ્યશ્રીએ કહ્યું કે પિન્ડવાડાથી તા. ૨૬ નવેમ્બરના કુંદનમલજી બાબુલાલજી દ્વારા એક આયોજન કરવામાં આવેલ છે. આ આયોજનનો ઉદ્દેશ્ય ગામો–ગામમાં અહિંસા, દારૂ ત્યાગ, જુગાર ત્યાગ અને બ્રહ્મચર્યનો પ્રચાર કરવાનો રહેશે. વહેલી સવારે પદયાત્રા, બપોરના એક સમય ભોજન તેમજ પ્રવચન, રાત્રિના પ્રભુ ભજન–ભક્તિ અને સાંસ્કૃતિક કાર્યક્રમ થશે. વ્યક્તિગત સંપર્ક દ્વારા ધર્મ અને સંસ્કૃતિ અર્થે પ્રોત્સાહન આપવામાં આવશે. આ પદયાત્રા ૨૦ દિવસમાં ગુજરાતના મહેસાણા જિલ્લાના શંખેશ્વર તીર્થ પહોંચશે. તા. ૧૫–૧૨–૮૯ના આ પદયાત્રા વિસર્જન થશે. યાત્રા દરમ્યાન તા. ૩–૧૨–૮૯ના રાણીવાડામાં ઉર્મિલાકુમારીની દીક્ષા થશે.

ઇન્દોરમાં ઉજવાયેલ જિનેન્દ્રભક્તિ મહોત્સવ

વર્તમાન ગચ્છાધિપતિ પરમ પ્રભાવક આચાર્યશ્રી ચિદાનંદસાગરસૂરીશ્વરજી મ૦ સા૦ના આશીર્વાદપૂર્વક અત્રે બિરાજમાન પૂ૦ પંન્યાસપ્રવરશ્રી કનકસાગરજી મ૦ સા૦, પંન્યાસશ્રી નિરૂપમસાગરજી મ૦ સા૦ તેમજ મુનિશ્રી અનુપમસાગરજી મ૦સા૦ની પ્રેરણાથી ઉપાધ્યાયશ્રી ધર્મસાગરજી મ૦ સા૦ના શિષ્યરત્ન પંન્યાસપ્રવરશ્રી અભયસાગરજી મ૦ સા૦ની વિ. સં. ૨૦૪૬ના માગ. વદી ૯ના તૃતિય પુણ્યતિથિ (કાળધર્મ દિવસ) નિમિત્તે અત્રે અષ્ટાન્હિકા મહોત્સવની ઉજવણી ભારે ઠાઠથી કરવામાં આવી.

ખુડાલા (રાજ.) ઉપધાનતપ માળારોપણ

પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્યશ્રી વિજયનવીનસૂરીશ્વરજી મ૦ સા૦, આ૦શ્રી જિનેન્દ્રસૂરીશ્વરજી મ૦ સા૦, આ.શ્રી હિરણ્યપ્રભસૂરીશ્વરજી મ૦ સા૦, પંન્યાસપ્રવરશ્રી યશોવર્મવિજયજી મ૦ આદિની શુભ નિશ્રામાં ચાતુર્માસ અને પર્યુષણ આરાધના ભવ્ય રીતે ઉજવાઇ. જેમાં ૬૬૮ અઠ્ઠાઈની ભવ્ય સંખ્યામાં અઠ્ઠાઇની તપશ્ચર્યાઓ થઈ.

પૂ૦ આ૦શ્રી હિરણ્યપ્રભસૂરીશ્વરજી મ૦સા૦ની ૨–૩ સૂરિમંત્રની પીઠિકાની આરાધના અને ઉપધાનતપની ભવ્ય આરાધના થઈ. આ નિમિત્તે તા. ૫–૧૧–૮૯ના માળારોપણ ઉત્સવ ભવ્ય રીતે ઉજવાયો. સિદ્ધાચલજી શંખેશ્વરજીનો સંઘ પણ નીકળનાર છે.

શ્રી ગોરક્ષા સંસ્થા–પાલીતાણા

પાલીતાણા ગૌરક્ષા સંસ્થાની માલીકીની ગરાજીયા ગામે સીમ તળમાં કહાધાર નામે ઓળખાતા ડુંગરમાં તા. ૧૬–૧૧–૮૯ના કોઈ વિઘ્ન સંતોષીએ રાગદ્વેષથી પીડાઇને આ સંસ્થાના ડુંગરમાં તૈયાર થઈ ગયેલ ઘાસ જેની થોડા સમય બાદ કાપણી કરવામાં આવનાર હતી, તેમાં આગ લગાડી આશરે ત્રણ હજાર ગાંસડી જેની કિંમત રૂા. ૫ લાખ જેટલી હતી. જે ઘાસ સંસ્થા ગાયો નિભાવવા માટેનું બારમાસી હતું, તે બળી ભસ્મીભૂત થઇ ગયેલ છે. દુષ્કાળ જવાના કારણે અને આ નુકશાનના કારણે સંસ્થા નબળી પડી ગયેલ છે.

આ અંગે લાગતા–વળગતા ખાતાઓ દ્વારા આ અકૃત્ય કરનારની ધરપકડ કરી યોગ્ય સજા થાય તેમ પાલીતાણાની જનતાની માગ છે.

મુંબઇ–ચંદનબાળા કન્યા શિક્ષણ શિબિર

અત્રે દાદર સ્થિત શ્રી શાંતિનાથ જૈન દેરાસર–ઉપાશ્રયે બિરાજમાન પૂ૦ પંન્યાસશ્રી પૂર્ણાનંદવિજયજી મ૦ સા૦ આદિ તથા પૂ૦ આચાર્યશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ૦ સા૦ના આજ્ઞાવાતની તથા આ શિબિરના પ્રણેતા સાધ્વીશ્રી સૂર્યપ્રભાશ્રીજી તથા સા૦શ્રી દિવ્યપ્રભાશ્રીજી આદિ ચાતુર્માસાર્થે અત્રે પધાર્યા ત્યારથી તેઓના પ્રભાવશાળી વ્યાખ્યાન વાણીથી સંઘમાં અનેક વિવિધ તપશ્ચર્યાઓ થવા પામી હતી. ૧૦ દિવસની શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. રવિવારની શિબિરમાં ૫૦ બહેનો અને દસ દિવસની શિબિરમાં ૧૦૦ બહેનોએ ભાગ લીધો હતો. પરિક્ષામાં જે બહેનોએ ભાગ લીધો હતો. તેમનું તા. ૧૯–૧૧–૮૯ના ઇનામ વિતરણ કરવામાં આવ્યું હતું

ભુજ (કચ્છ)માં ભાગવતી દીક્ષા પ્રસંગે

સિદ્ધચક્ર મહાપૂજનસહ પંચાન્હિકા મહોત્સવ

અત્રે સ્થિત શ્રી આદિનાથ જિનાલય–ઉપાશ્રયે બિરાજમાન આધ્યાત્મયોગી શાસન પ્રભાવક આચાર્યદેવ શ્રીમદ્ વિજયકલાપૂર્ણસૂરીશ્વરજી મ૦ સા૦ આદિ મુનિ ભગવંતોની શુભ નિશ્રામાં ભરૂડીયા (હાલ ભુજ) નિવાસી શ્રી જેચંદભાઈ પોપટલાલના સુપુત્ર શ્રી ચીમનલાલભાઈની સુપુત્રી કુ. હંસાબેન (ઉ.વ. ૨૩) યુવાન વયે ભગવાન મહાવીરે ચીંધેલા સર્વ ત્યાગના મંગલ માર્ગે પ્રયાણ કરવા તત્પર બન્યા છે. તેઓ તા. ૭–૧૨–૮૯ના ભાગવતી દીક્ષા અંગીકાર કરનાર છે.

આ નિમિત્તે પંચાન્હિકા મહોત્સવ ઉજવવામાં આવનાર છે.

મનડું સવળું તો નિત્ય દિવાળી છે અને મનડું અવળું તો હૈયાની હોળી છે.

મુંબઇ-પ્રાર્થનાસમાજના આંગણે... મીની સૌરાષ્ટ્રકેશરી પં. શ્રી યશોવિજયજી મ૦ સા૦ના યશસ્વી ચાતુર્માસના અવિસ્મરણીય... યાદગાર આરાધનાદિ અનુષ્ઠાનો...

અધ્યાત્મયોગી યોગનિષ્ઠ પુ. આ. શ્રી કેશરસૂરીશ્વરજી મ૦ સા૦ના પટ્ટધર શાંતમૂર્તિ પુ. આ. શ્રી ચંદ્રસૂરીશ્વરજી મ૦ સા૦ના શિષ્યરત્ન સૌરાષ્ટ્ર કેશરી પુ. આ. શ્રી ભુવનરત્નસૂરીશ્વરજી મ૦ સા૦ના વિદ્વાન શિષ્યરત્ન જોશીલા પ્રવચનકાર પં. શ્રી યશોવિજયજી મ૦ સા૦ તથા તેમના શિષ્યરત્ન પુ. મુનિશ્રી દિવ્યયશવિજયજી, પુ૦ સુયશવિજયજી મ૦ આદિ ઠાણા-૩ તથા વિદૂષી સા૦ મંજુલાશ્રીજીના શિષ્યા સા૦ મધુકાન્તાશ્રીજી તથા સા૦ મધુલતાશ્રીજી આદિ ઠાણા-૧૩ ચાતુર્માસાર્થે પધાર્યા. તે દિનથી શ્રીસંઘમાં આરાધનાનું ઉલ્લાસભર્યું વાતાવરણ જામ્યું છે. પુજયશ્રીના ઉપદેશમાલા ગ્રંથના દૈનિક પ્રવચનથી તથા દર રવિવારના જાહેર પ્રવચનોથી.... સેંકડોના અંતરમાં સમ્યક્ત્વની સ્થાપના થઇ હતી. પ્રતિ રવિવારે સામુદાયિક આરાધનાના અનુષ્ઠાનો થયા હતા... જેમાં સામુહિક ગહુંલી સ્પર્ધા તથા સામુહિક આરતી સ્પર્ધાનું આયોજન અવિસ્મરણીય રહેશે...

પં. શ્રી યશોવિજયજી મ૦ સા૦ ના મંગલ આશીર્વાદ... પ્રેરણાથી પર્યુષણ પર્વના પ્રારંભ પહેલાં જ વિદૂષી સા૦ વીરસેનાશ્રીજી નવકારમંત્રની અખંડ આરાધનારૂપ ૬૮...૬૮ ઉપવાસ જેવી દીર્ઘ તપશ્ચર્યાનો પ્રારંભ કરી ચૂકયા હતા.... જેના આલંબનથી શ્રી સંઘમાં અભૂતપૂર્વ તપશ્ચર્યાનો વિક્રમ સર્જાયો, મોક્ષ દંડક તપ તથા સમોવસરણ તપના સામુહિક તપમાં... ૧૩૦ ભાગ્યશાલીઓ જોડાયા હતા.... શ્રી ચંદ્રપ્રભુ સ્વામી જૈન શ્વે. સંઘના સક્રિય કાર્યકરો શ્રી પુષ્પસેનભાઈ, જવાહરભાઈ, વિક્રમભાઇ, અમૃતભાઇ, વિદ્યાબેન અને વસુબેન આદિની અપૂર્વ ભક્તિ-વિશિષ્ટ પ્રેરણા સહુની તપશક્તિને બિરદાવતી હતી. પર્યુષણ પર્વનો સામુહિક વરઘોડો સહુના મનને રંજન કરાવે તેવો હતો. પરમાત્માની સુંદર મૂર્તિથી સુસજ્જ ચાંદીના રથ તથા તપસ્વીઓની ભાવનાને સાકાર કરતી.... રંગબેરંગી બગીઓ... ગાડીઓ ઘોડાઓ આદિ તથા વિભૂષીત વેશભૂષામાં સુસજ્જ થયેલા બેન્ડવાજાની સુરાવલીના મધુર નાદો તથા ચતુર્વિધ સંઘની હારમાળાથી પ્રાર્થના સમાજના રોડ પણ સાંકડા બની ગયા હતા.

મીની સૌરાષ્ટ્રકેશરીનું બિરૂદ પામેલા પં. શ્રી યશોવિજયજી મ૦ સા૦નું આ ચાતુર્માસ... પ્રાર્થના સમાજના શ્રીસંઘ માટે ચિર : સ્મરણીય બની રહેશે.

આપ સ્વીકારો પુણ્ય....આચાર્યપદ....

ભાવભર્યું આમંત્રણ

તપાગચ્છાધીરાજ પરમ પુજ્ય શ્રી મુક્તિવિજયજી (મૂળચંદજી) મહારાજશ્રીના પરીવારના પરમ યોગનિષ્ઠ આચાર્યદેવશ્રી વિજયકેશરસૂરીશ્વરજી મ૦ના શિષ્યરત્ન આધ્યાત્મયોગી આચાર્યદેવશ્રી વિજયચંદ્રસૂરીશ્વરજી મ૦ના શિષ્યરત્ન સૌરાષ્ટ્ર કેશરી આચાર્યશ્રી વિજયભુવનરત્નસૂરીશ્વરજી મ૦ના શિષ્યરત્ન મધુર વ્યાખ્યાતા પુજ્ય પંન્યાસશ્રી યશોવિજયજી મ૦ ની આચાર્ય પદવી બૃહદ્ મુંબઇ આદી અનેક શ્રીસંઘોની વિનંતીથી વર્તમાન સમુદાય ગચ્છાધીપતિ પરમ પુજ્ય આચાર્યદેવ શ્રી હિમપ્રભસૂરીશ્વરજી મ૦ની અનુમતિથી પરમ પુજ્ય યુગદિવાકર આચાર્યદેવશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજના સમુદાયના શતાવધાની પ.પુ. આચાર્યદેવશ્રી વિજયજયાનંદસૂરીશ્વરજી મ૦સા૦ના વરદ્ હસ્તે અનેક પરમ પુજ્ય આચાર્ય ભગવંતો આદિ મુનિવૃંદની ઉપસ્થીતિમાં ખુબજ આનંદ ઉલ્લાસભર્યા વાતાવરણમાં જયનાદોની ઉદ્ઘોષણાઓ સાથે માગશર સુદ ૫ તા. ૩-૧૨-૮૯ના પવિત્ર દિવસે નમસ્કાર મંત્રના ત્રીજા પદે-નમો આયરિયાણં પદે.... આચાર્યપદે વિભૂષિત કરવામાં આવશે. જેમાં ભાગ લેવા મુંબઇ આદિ સંઘો પોતાની સેવા-સાથ-સહકાર આપવા થનગની રહ્યા છે.

આચાર્યપદ પ્રદાન પ્રસંગે કા. વ. ૧૩થી મા. સુ. ૬ સુધીનાં જિનેન્દ્રભકિત સ્વરૂપ માંગલીક કાર્યક્રમનું આયોજન. સહ મુંબઇના ધાર્મીક શિક્ષક-શિક્ષીકા બહેનોનું બહુમાન, ગરીબોને અનુકંપાદાન, હોસ્પીટલોમાં ફ્રુટ વિતરણ, જીવ છોડાવવા, નામી હરીફાઇ નવકારમંત્રને વિવિધ રીતે લખવાની સ્પર્ધાનું આયોજન થયેલ છે.

નિમંત્રક :

શ્રી ચંદ્રપ્રભસ્વામી જૈનશ્વે.મૂ. (પ્રાર્થનાસમાજ)સંઘ
૧૮૬, રાજારામમોહનરાય રોડ, પ્રાર્થનાસમાજ,
મુંબઇ-૪૦૦ ૦૦૪

શતશઃ વન્દન આચાર્યપદ

કાલે શું થવાનું છે, તેની ખબર નથી, માટે આજે જ જેટલી બને તેટલી દેવ, ગુરુ, ધર્મની આરાધના કરી લો.

ચંદનબાળાની નીલામી નામની ફિલ્મને પ્રદર્શીત કરવાની મંજુરી ન આપવા અંગે રજુઆત

રાજસ્થાન જૈન સંઘના અધ્યક્ષ શ્રી પુખરાજજી સિંધી તેમજ શેઠ કલ્યાણજી પરમાણંદજી પેઢી સિરોહી (રાજસ્થાન) દ્વારા સેન્સર બોર્ડ, ફિલ્મસ ડિવીઝન, ભારત સરકાર-મુંબઇને પત્ર લખી માંગણી કરી છે કે "ચંદનબાલાની નીલામી" નામની બનતી ટેલી ફિલ્મને પ્રદર્શીત હેતુ સર્ટીફીકેટ ન આપવામાં આવે. કારણ કે આ ફિલ્મમાં તીર્થંકરનો અભિનય કોઇ નાગરિક દ્વારા અભિનય કરવો એ જૈન ધર્મ અને જૈન ધાર્મિક સિદ્ધાંતોની વિરૂદ્ધ છે. તેમજ આનાથી જૈન ધર્મના અવલંબીયોને ઉંડો માનસીક તેમજ ધાર્મિક આઘાત પહોંચશે. જુદા જુદા જૈન સંઘો તેમજ ધર્મગુરુઓ દ્વારા આ ટેલી ફિલ્મના સાર્વજનિક પ્રદર્શન નહી કરવા સંબંધી શ્રી સિંધીને ઉચિત કાર્યવાહી કરવા માટે અનુરોધ કર્યો છે.

ભાવનગર શ્રી જૈન આત્માનંદ સભા : ચુંટણી

શ્રી જૈન આત્માનંદ સભાની વાર્ષિક સામાન્ય સભા રવિવાર તા. ૧૭-૯-૮૯ના રોજ મળી હતી. સભાના તા. ૩૧-૩-૮૯ સુધીના ઓડીટ હિસાબો અને સરવૈયું આ સભામાં રજુ કરવામાં આવ્યા હતા, તે હિસાબો સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ નીચે પ્રમાણે પદાધિકારીઓની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

શ્રી હીરાલાલ ભાણજીભાઇ શાહ-પ્રમુખ, શ્રી અનોપચંદ ભાઇ માનચંદ શાહ-ઉપપ્રમુખ, શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ-મંત્રી, શ્રી કાંતિલાલ રતિલાલ સલોત-મંત્રી, શ્રી ચીમનલાલ વર્ધમાન શાહ-ખજાનચી અને સમિતિના સભ્યો તરીકે સર્વ શ્રી કાંતિલાલ જગજીવનદાસ દોશી, નગીનદાસ હરજીવનદાસ શાહ, કાંતિલાલ હેમરાજ વાંકાણી, ભુપતરાય નાથાલાલ શાહ, મોહનલાલ જગજીવનદાસ સલોત, જયંતિલાલ રતિલાલ સલોત, ચંદ્રકાંત પોપટલાલ સલોત, ભોગીલાલ ભાણજીભાઇ શાહ, પ્રતાપરાય અનોપચંદ મહેતા અને પ્રવિણચંદ્ર જગજીવનદાસ સંઘવીની વરણી કરવામાં આવી હતી.

પરવડી (પાલીતાણા) પ્રતિષ્ઠા મહોત્સવ

અત્રે શ્રી શ્વે. મૂ. પૂ. જૈન સંઘના આયોજન પૂર્વક નૂતન જિનાલય મધ્યે શ્રી સંભવનાથ સ્વામિ આદિ જિનબિંબ પ્રતિષ્ઠાના મંગલ પ્રસંગ નિમિત્તે શ્રી શાંતિસ્નાત્ર તથા સિદ્ધચક્ર મહાપૂજન આદિ મહોત્સવની ઉજવણી કરવામાં આવી છે. જેનો લાભ સ્વ શેઠશ્રી રણછોડદાસ પરશોતમદાસ ધનજી મહેતા પરવડીવાળા પરિવારે લીધો છે.

પૂ૦ આ૦ શ્રી સૂશીલસૂરિજી મ૦ સા૦ની શુભ નિશ્રામાં વિવિધ શાસન પ્રભાવનાની ઉજવણીઓ

પૂ૦ આચાર્યશ્રી વિજયસુશીલસૂરીશ્વરજી મ૦ સા૦, મુનિરાજશ્રી જિનોત્તમવિજયજી મ૦ સા૦ આદિ મુનિ ભગવંતોની પાવન નિશ્રામાં દેસૂરી નગરમાં યશસ્વી અને યાદગાર ચાતુર્માસ ઉજવાયું છે. પૂજ્યશ્રીની પાવન નિશ્રામાં ઉપધાનતપ માળારોપણ, શાંતિનાથ જૈન મંદિર પ્રતિષ્ઠા, પૂ૦ મુનિરાજશ્રી જિનોત્તમવિજયજીને ગણિપદથી વિભૂષીત કરવામાં આવનાર છે. તેમજ આનંદપુર કાલુની પ્રતિષ્ઠા, પોષ દશમના અઠ્ઠમ મેડતા રોડમાં, ઉદ્યાપન મહોત્સવ સોજત રોડમા, અને પૂ૦ આચાર્યશ્રીના આચાર્યપદના ૨૫ પુર્ણ થતાં તે નિમિત્તે મહોત્સવ અને પ્રતિષ્ઠાનો કાર્યક્રમ પ્રતિદિન પૂજા, પ્રભાવના, અંગત, રોશની, ભાવના, ચિત્ર આદિ પૂર્વક ઉજવવામાં આવનાર છે.

મુંબઇ-પરેલ : અષ્ટાન્હિકા મહોત્સવ

અત્રે આદિશ્વર જૈન દેરાસરે પૂ૦ આચાર્યશ્રી દર્શનસાગરસૂરીશ્વરજી મ૦ સા૦, પૂ૦ આચાર્યશ્રી નિત્યોદયસાગરસૂરીશ્વરજી મ૦ સા૦, ગણિવર્યશ્રી ચંદ્રાનંદસાગરજી મ૦ આદિ મુનિ ભગવંતોની શુભ નિશ્રામાં શ્રી આદિનાથ જિન મંદિરની ૧૦માં વર્ષની ઉજવણી તથા મહામંગલકારી બેસતા મહિનાના માંગલીક શ્રવણ અવસરે શ્રી ભક્તામર મહાપુજન, શ્રી અઢાર અભિષેક, શ્રી શાંતિસ્નાત્ર મહાપુજનયુકત અષ્ટાન્હિકા જિનભક્તિ મહોત્સવ તા.૨૦-૧૧-૮૯થી ભક્તિમય વાતાવરણ વચ્ચે ઉજવાયો છે.

અમદાવાદ : શ્રી હેમચંદ્રાચાર્ય ચોક નામકરણવિધિ

ગુજરાતના સંસ્કાર દૃષ્ટા, ધર્મ પ્રવર્તક મહાન જૈનાચાર્યશ્રી હેમચંદ્રાચાર્યજીની નવમી જન્મ શતાબ્દી નિમિત્તે અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન તરફથી પાલડી જૈન મરચન્ટ પાસેના ચોકનો "કલિકાલ સર્વજ્ઞશ્રી હેમચંદ્રાચાર્ય ચોક" નામાભિધાન વિધિ સમારંભ ગત તા. ૧૩-૧૧-૮૯ના જ્ઞાનગંગા ફ્લેટ, પાલડી ખાતે યોજવામાં આવેલ

PREMCHAND AND Co.

કાશ્મીરના અસલ કેસર માટે યાદ રાખો
નવી ફસલનો માલ તૈયાર છે.

પ્રેમચંદ એન્ડ કું.

ઠે. બટવારા, રામમુનશી બાગ,
શ્રીનગર-૧૯૦૦૦૪ (કાશ્મીર)

એક નાવ હજારોને તારે, તેમ એક સહધર્મી હજારો જીવોને તારે છે.

સુવિહીત શિરોમણી પરમયોગી આગમ-વિશારદ પંન્યાસપ્રવર ગુરુદેવશ્રી અભયસાગરજી મ૦ના અલૌકિક જીવનકવનનું રસપાન કરાવતી ને શ્રમણત્વ પ્રત્યે શ્રદ્ધા પ્રગટાવતી 'જૈન' પત્રના વાચકો-ચાહકો-ગ્રાહકોના જીવનને રાહબર બને તેવી જીવનકથા, જીવનપ્રસંગો...

પૂજ્ય પંન્યાસ શ્રી અશોકસાગરજી મહારાજ સાહેબની પ્રેરણાથી...આલેખક : ગણી હેમચંદ્રસાગરજી

પરમયોગી આગમવિશારદ પૂજય ગુરુદેવશ્રી....

અમૃતના અમીબિંદુ :

મણીબહેનને ઉકાળેલું પાણી પીતાં જોઈ અમૃત કહે

'બા ! હું ય ઉકાળેલું પાણી પીશ. કાચું પાણી પીને મારે નરકે નથી જવું !'

અને જ્યારે ને ત્યારે એ એની કાલી કાલી ભાષામાં બોલ્યા કરતો....કે

'બા, હું તો હાથથી પર ચઢીને દીક્ષા લેવાનો....! હેં બા મને દીક્ષા કારે આપીશ ?

મહાપુરુષ તરીકે સર્જાવાને અવતરેલા અમૃતનાં આ વાકયો પાછળ કેવા ઓઝલ એંધાણ સમાએલા હશે ! એની કલ્પનાની વાદળી મણીબહેનને આનંદથી ભીંજવી જતી....

સંવતની સરકણી સરિતા ૧૯૮૮ની સીમમાં પ્રવેશી ચૂકી હતી.

પોષદશમીના આ દિવસો હતા ને શંખેશ્વર જેવું બડભાગી ધામ હતું. હજારો યાત્રિકોનો ત્યાં જમઘટ જામ્યો હતો.

પૂજ્ય આગમોદ્ધારકશ્રી પોતાના સુવિશાલ પરિવાર સાથે ત્યાં બિરાજમાન હતા....આરાધનાની અવિરત હેલી વરસી રહી હતી.

આ ટાણે મણીબહેન પણ બંને સંતાનો સાથે અઠ્ઠમ-આરાધવા આ ધામે આવી પહોંચેલા.

પોતાની લાડકી સવિતાને પોતાની પાસે રાખી મસ્તીથી આરાધના માણતાં અને અમૃતને ઉપાસરામાં જ છૂટો મૂકી દેતા....

અમૃત પણ ઉપાશ્રયને જ પોતાનું આંગણું સમજતો ત્યાં જ રહેતો ને ત્યાં જ રમતો !

ઘડીકમાં આ સાધુ સાથે તો ઘડીકમાં પેલા સાધુ પાસે ફરતો....બેસતો....ને કાલી કાલી ભાષામાં નવકારે ય બોલતો ને વાતો ય વાળગતો.

પરંતુ એક ઘડી તો એ પહોંચ્યો મોટા મહારાજ પાસે... અને ત્યાં જઇને કહે....

'એ મોટા મ'રાજ....મને દીક્ષા આપોને ..મારે દીક્ષા લેવી છે !' (ક્રમશઃ)

પરમ પૂજ્ય પંન્યાસજીના જીવનમાં બનેલ પ્રસંગને આપણે અદ્ભુત કે ચમત્કારથી વિશેષ કશું કહી નહિ શકીએ....

પ્રસંગ.....એક

કેટલીકવાર પૂજ્ય ગુરુદેવશ્રી પાસે કો' જાણકાર ભાગ્યવાન્ આવતા અને જ્યારે તે વ્યક્તિ સાથે ચર્ચા ચાલતી ત્યારે ગુરુદેવશ્રી ફરમાવતા કે,

'સાધનાના માર્ગે જેમ જેમ આગળ વધતા જઈએ તેમતેમ શરીરમાં પણ પરિવર્તન થતું હોય છે. અને એનો પ્રારંભ પગથી મંડાય છે. શરીરના પ્રત્યેક દૂષિત પરમાણુ દૂર થઈ દિવ્યતાનું સ્વરૂપ પકડી લે છે. પીડા પણ ત્યારે ભારે થાય છતાં ચિન્તા ન કરવી. જાપના બળે એ પીડા આપોઆપ સ્વસ્થ થઇ જાય છે... દવા પણ લેવાની કોઈ જ જરૂરત નથી રહેતી....'

ગુરુદેવશ્રીના મુખે સાંભળેલી આ આખી પ્રક્રિયા ગુરુદેવશ્રીના જીવનમાં જ સ્પષ્ટ ઘટતી માલૂમ પડતી હતી.

મને ખ્યાલ છે કે આજથી ૨૭ વર્ષ પૂર્વે ગુરુદેવશ્રીના પગ ઘણા જ નબળા હતા. નાનો સરખો કાંટો કે કાંકરો વાગે કે અમથી સરખી ઠોકર જ વાગી જાય તો ય એની પીડા અસહ્ય બની જતી... નાના શુ કાંટાથી પણ પગે જોખમ ...[illegible]... અમુક દિવસે મને સારું થઈ જશે... અને બને પણ એવું કે

છે. આ ... ઉપર વધતા નાના સરખા ઠેલા પણ ઘણું મોટું | અને ક્યારેક તો ગુરુદેવશ્રી સ્વયં જ આગાહી કરી દેતા કે
સ્વરૂપ પકડી લે છે. પીડા પણ ત્યારે ભારે થાય છતાં ચિન્તા | અમુક દિવસે મને સારું થઈ જશે... અને બને પણ એવું કે

એ મુદતે મંદગી રવાના થઈ જ જાતી.... આવા તો કૈંક કિસ્સા જોવામાં આવ્યા છે...

થોડાં વર્ષ પગની તકલીફ દૂર થઇ અને પછી વારો આવેલો ઘૂંટણનો! જરાંક કંઇ આડો અવળો પગ થતો કે ઘૂંટણે તકલીફ શરૂ. કયારેક મચકોડ આવી જાય તો કયારેક નસ ચઢી જાય... કયારેક ઢાંકણી ખસી જાય તો કયારેક ઢાંકણી તૂટી પણ જાય. આવા ય કંઇક દિવસો આવ્યા છે. પણ અહીંયા ય દવાથી બાર ગાઉ છેટા! જાપની જડીબુટ્ટી જ જખ્મની જડ ઉખેડી નાંખતી....

ત્યારબાદ તકલીફ ઊભા થયેલી કમરની... દશ-મિનિટ એક જગ્યાએ બેઠ કે દર્દ શરૂ પિસ્તાલીશ-છેતાલીશ વર્ષની એ ઉંમર છતાં કમરથી ઝુકીને જ થોડું ચાલવું પડે સીધા ચલાય જ નહિ.

એ ય દર્દ ગયું ત્યારે કીડનીની બીમારી આવી ઊભી.... વારંવાર પેશાબની મુશીબત.... એનો સમય ગયો એટલે પેટનો સમય શરૂ, ખાધું પચે નહિ, જઠરાગ્નિ મંદ પડી જાય તો વળી લીવર બરાબર ચાલે નહિ. આંતરડા કામ ન કરે તો વળી ગેસની ઉપાધિ ઊભી થાય.

એ પછી બીમારીનો શિકાર છાતી બની ને સાથે હૃદયે પણ રિસામણાં લેવા માંડયા. હૃદયની બીમારી તો ખરેખર અચરજ પમાડનારી જ ઘટી છે. આઠ આઠ વાર હાર્ટ-એટેક આવ્યા છે.

પહેલીવાર તો પૂજ્યશ્રી અમદાવાદ નવા વાડજ અશોકભાઇના બંગલે બિરાજમાન હતા ત્યારે આવેલો!

અને ત્યારે તો અમદાવાદનો સંઘ ચિંતિત થઇ ગએલો... જીવલેણ એ ઘાતના સમાચારથી અશોકભાઇનું ઘર જ નહિ આખી સોસાયટી ભકતોથી ભરાઇ ગએલી. અને ભક્તોએ અમદાવાદના હાર્ટ-સ્પેશ્યાલિસ્ટ ડોકટરોને તેડાવી લીધેલા દરેક ડોકટરનો એક જ અભિપ્રાય કે "આ મહારાજને આમ ન રખાય. એમને હોસ્પિટલમાં તુર્ત દાખલ કરો ને ઓકસીજનની સહાયતા દો.

પરંતુ પૂજ્યશ્રી આ સ્થિતિમાં પણ હોસ્પિટલમાં જવા માટે બિલકુલ નામંજૂર!

જ્યારે આચારનિષ્ઠ સુશ્રાવક ડો. સુરેશ ઝવેરીએ ગુરુદેવશ્રીને તપાસ્યા.... ત્યારે કહે કે કેસ એકદમ ગંભીર છે.... હૃદયમાં તિરાડ પડી છે.... ને... જરૂરી ઉપચાર હમણાં નહિ થાય અને એ માટે જો હોસ્પિટલ લઇ જવામાં નહિ આવે તો સંઘનું આ કોહિનૂર રત્ન હાથથી જશે.

સંઘને જો આ રતનની જરૂરત હોય તો સંઘે પોતાની ફર્જ બજાવવી જોઈએ... અભયસાગરજીના શરીરની માલિકી એમની પોતાની નથી પરંતુ સંઘની માલિકી છે. અને તે માટે અભયસાગરજીની ઇચ્છા કરતાં સંઘની ઇચ્છા જ બળવાન કહેવાય... જરાય વિલંબ ન કરો.'

અને થોડી જ વારમાં એમ્બ્યુલન્સ આવી ઊભી. સ્ટ્રેચર દ્વારા પૂજ્યશ્રીને ઉઠાવવાની તૈયારી થવા લાગી...

ગુરુદેવશ્રીને અંદર રૂમમાં માહિતી મળી કે હોસ્પિટલમાં દાખલ કરવાની તૈયારી થઇ ચૂકી છે. એટલે જાણે પૂજ્યશ્રી ગભરાયા. તત્કાલ ડો. સુરેશ ઝવેરીને પોતાની પાસે ખાનગીમાં બોલાવી હોસ્પિટલમાં ન જવા સૂચવ્યું; પણ ડોકટર ન માન્યા ત્યારે કહ્યું.... 'મને અર્ધો કલાકનો સમય દ્યો, પછી તમો જે કહેશો તે કરીશ....' અને પૂજ્યશ્રીને અર્ધો કલાકની છૂટ મળી.

બધાને રૂમની બહાર કર્યા. ગુરુદેવશ્રી બેઠા થયા અને વીશેક મિનિટ પતી એટલે પૂજ્યશ્રીને સ્થંડિલ (વડીનીતિ) જવાનું થયું. શિષ્યોએ એની વ્યવસ્થા કરી દીધી... અને પોતે નિવૃત્ત થયા એટલે ઝવેરીને પોતાની પાસે બોલાવી કહે મને જરા ફરીવાર બરાબર તપાસી લ્યો, પછી આપણે નિર્ણય કરીએ

નાક-મચકોડીને કમને ડો. ઝવેરીએ કાર્ડિયોગ્રામ-દ્વારા તપાસ્યા.... પેલી હાર્ટની પરિસ્થિતિ બતાવનારી પટ્ટી બહાર નીકળી અને ડોકટરની આંખો ચકર-વકર ફરી રહી.... થોડાં સમય પહેલાં જ લીધેલા રિપોર્ટ સાથે તુલના કરી... અને આશ્ચર્ય... એમાંનું કશું જ ન મળે! પહેલાનો રિપોર્ટ [ગભરાવે તેવો જ્યારે આ રિપોર્ટ ટોટલ નોર્મલ....

આ સ્થિતિથી ઉપસ્થિત જન-સમુદાય આશ્ચર્યમુગ્ધ-બની ગયો.

કહેવાની શી જરૂર....કે એ એમ્બ્યુલન્સ અને એ સ્ટ્રેચર લીલા તોરણે જ પાછાં વળ્યાં.

અને કોઈ પણ દવા વિના થોડા સમયમાં નોર્મલરાઇટ થઇ ગયા! એટલું જ નહિ વિહાર કરી પાલીતાણા પહોંચ્યા. એટલું જ નહિ ગિરિરાજ ચઢી દાદાની યાત્રા ય કરી....

આને ચમત્કારથી વિશેષ આપણી બુદ્ધિ શું કહી શકે?

અને બાદ પણ છાણી, ઊંઝા, વલભીપુર, પાલીતાણા આદિ સ્થાને આવા હુમલા આવેલા પણ વોહી રફતાર!

હૃદયની તકલીફ પછી ગળાની તકલીફ થવા લાગી. વારેવારે ખાંસી-હીંચકી ઊપડે....થોડે સમયે એ ય શમી ગઇ...

પછી કાનની પીડા ઊભી થયેલી...જરાક વધુ બોલવા વગેરેનો પરિશ્રમ પડે કે કાનમાંથી રસી નીકળવા માંડે અને એ ય થાકી ગઇ!

ત્યારબાદ ઊંઝામાં લકવો લાગ્યો....ત્યાં આયુષ્યની દોરી સંકેલાઇ ગઇ અને સાધના અધૂરી રહી....

અલબત સાધના તો પૂજ્યશ્રી જ્યાં પણ હશે ચાલુ જ હશે. અને ચાલુ જ છે એમ પણ છાતી ઠોકીને કહી શકીશું, પરંતુ એ સાધનાની પૂર્તિ અહીં જ થઈ હોય તો પૂજ્યશ્રીનું વિરલ વ્યક્તિત્વ નિહાળવાનો અને એ વ્યક્તિત્વને વાંદવાની વેલા આપણી ચક્ષુને મળી શકત...પણ ખરેખર આપણાં ભાગ્ય જ ફૂટેલાં હતાં....!

卐

પૂજ્ય ગણિવર્યશ્રી જીનચંદ્રસાગરજી મ૦ની પ્રેરણાથી શ્રી કૈલાસનગર જૈન સંઘ, મજુરાગેટ, સુરત-૨

મા[illegible]પુરા (રાજ.)માં ઉપધાનતપ આરંભ

પૂ૦ [illegible]ાચાર્યશ્રી કાંતિસાગરસૂરીશ્વરજી મ૦ સા૦ ના પ્રધાન શિષ્યરત્ન પૂ૦ ગણિવર્યશ્રી મણિપ્રભસાગરજી મ૦ સા૦ તથા સાધ્વીશ્રી સજ્જનશ્રીજી, સાધ્વીશ્રી અવિચલશ્રીજી આદિની શુભ નિશ્રામાં [illegible]પધાનતપનો આગામી તા. ૧/૧૨/૮૯થી આરંભ થનાર છે. જેનું [illegible]થમ મુહુર્ત તા. ૧/૧૨/૮૯ તથા દ્વિતીય મુહુર્ત તા. ૩/૧૨/૮૯[illegible]ું રાખવામાં આવનાર છે.

ઉપધા[illegible]તપ શ્રી જૈન શ્વે. દાદાવાડીના વિશાળ પટ્ટાંગણમાં શેઠશ્રી સે[illegible]ાગમલજી લોઢા-ટોંક વાળાના આયોજન દ્વારા કરવામાં આવનાર [illegible]

ઉપલેટામાં શ્રી જૈન ધાર્મિક શિબિરની પૂર્ણાહુતિ

અત્રેના શ્રી જૈન સંઘમાં ગોંડલ સંપ્રદાયના યુવાપ્રણેતા શ્રી ધીરજમુનિ મ૦ સા૦ તથા શ્રી તારાબાઇ મ૦ સા૦ આદિની નિશ્રામાં યોજાયેલ શ્રી જૈન ધાર્મિક શિક્ષણ શિબિરની પૂર્ણાહુતિ તા. ૯-૧૧-૮૯ના ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રી ડૉ. સુશીલા બેન શેઠના પ્રમુખસ્થાને યોજાયેલ.

આ શિબિરમાં ૨૦૦ યુવાનોએ ભાગ લીધેલ ૯ દિવસમાં કુલ ૨૧ હજાર સામાયિક થયેલ: દરેકને ફોલ્ડીંગ સુટકેશ, રૂ. ૧૧૨/- રોકડા તથા અન્ય પુરસ્કારો ઉપરાંત આવવા-જવાનું ટીકીટ ભાડું આપવામાં આવેલ.

પૂ૦ શતાવધાની આચાર્યશ્રી જયાનન્દસૂરીશ્વરજી મહારાજ સાહેબની પ્રેરણાથી

મુંબઈ-ચેમ્બુરમાં મહામંગલકારી શ્રી ઉપધાનતપની આરાધના કરવા પધારો

[illegible]વ્યકૃપાશિષ : ચેમ્બુર તીર્થના પ્રણેતા યુગદિવાકર આ.શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ૦ સા૦

પરમપાવનદાયક ❋ પુનિતકારી ❋ પુણ્યનિશ્રા

પૂ૦ આ૦શ્રી વિજયજયાનંદસૂરીશ્વજી મ૦ પૂ૦, આ૦શ્રી વિજયકનકરત્નસૂરીશ્વરજી મ૦,
પૂ૦ આ૦શ્રી વિજયમહાનંદસૂરીશ્વરજી મ૦, પૂ૦ આ૦શ્રી વિજયસૂર્યોદયસૂરીશ્વરજી મ૦.

શ્રી ઉપધાન તપની આરાધનાના આયોજક : શ્રી ઋષભદેવજી જૈન દેરાસર સાધારણ ખાતા ટ્રસ્ટ ❋ શ્રી ચેમ્બુર જૈન સંઘના ઉદારદિલ મહાનુભાવો

ઉપધાનતપના મુહૂર્તો : પ્રથમ પ્રવેશ માગસર વદિ ૪, શનિવાર તા. ૧૬-૧૨-૮૯
દ્વિતીય પ્રવેશ માગસર વદિ ૬, સોમવાર તા. ૧૮-૧૨-૮૯

❋ મુંબઇના શત્રુંજયસમાન ભવ્યતીર્થસ્વરૂપ અલૌકિક જિનાલય ❋
ભાવોત્પાદક-પ્રશમઆહ્લાદકરસનિમગ્ન શ્રી આદીશ્વર ભગવંતની પ્રતિમા

❋ જિનાલયની રજતજયંતિ [૨૫] વર્ષની ઉલ્લાસપૂર્ણ ઉજવણીનું અનોખું આકર્ષણ

પ્રાકૃતિક સૌંદર્ય યુક્ત-રમણીય-સર્વસુવિધા સભર સ્થાનમાં શ્રાવકજીવનની સર્વોત્તમ આરાધનારૂપ ઉપધાનતપની આરાધના કરવા પધારવા શ્રી સકલ જૈન સંઘના ભાઇ-બેનોને ભાવભર્યું આમંત્રણ છે

શ્રી ઉપધાનતપ કરવાની ભાવનાવાળા ભાવિકોએ વહેલીતકે પોતાના નામો પેઢીમાં લખાવી રસીદ મેળવી લેવા નમ્ર વિનંતિ

સ્થળ : શ્રી આદીશ્વર જિનાલય, ૧૦ મો રસ્તો, ચેમ્બુર, મુંબઇ-૭૧. ફોન : ૫૫૫ ૮૮ ૦૨

લિ. શ્રી ઋષભદેવ જૈન ટેમ્પલ એન્ડ સાધારણ ખાતા ટ્રસ્ટ તથા શ્રી ચેમ્બુર જૈન સંઘના
સબહુમાન પ્રણામપૂર્વક જયજિનેન્દ્ર.

R0ed G. BV. No. 20
JAIN OFFICE : P. Box No. 175
BHAVNAGAR-364001 (Gujarat)
Tele. O. C/o 29919 R. C/o 25868

સ્વ. તંત્રી : ગુલાબચંદ દેવચંદ શેઠ
તંત્રી-મુદ્રક-પ્રકાશક-માલીક :
મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
જૈન ઓફિસ, પો.બો. ૧૭૫, દાણાપીઠ, ભાવનગર.

'જૈન' વર્ષ ૮૬
અંક-૪૬

વિર સં. ૨૫૧૬ : વિ સં. ૨૦૪૬ માગશર સુદ ૧૦
તા ૮ ડીસેમ્બર ૧૯૮૯ શુક્રવાર
મુદ્રણ સ્થાન શ્રી જૈન પ્રિન્ટરી
દાણાપીઠ પાછળ, ભાવનગર-૩૬૪ ૦૦૧.

અમલ કરવા જેવી અગત્યની વાત

સાચું સાધર્મિકવાત્સલ્ય—સાચું સંઘપૂજન—સાચી ધર્મપ્રભાવના એટલે સંઘના નબળા અંગની રક્ષા, સાચી સાધર્મિક ભક્તિ.

કેટલાંક જાગતા હોવા છતાં પણ ઊંઘતા હોય છે અને કેટલાંક લોકો ઊંઘતા હોવા છતાં પણ જાગતા હોય છે. જેનો અંતરાત્મા ઊંઘતો છે. તે જાગતો હોવા છતાં પણ ઊંઘતો છે. અને જેનો અંતરાત્મા જાગતા હોય છે તે ઊંઘતો હોવા છતાં પણ જાગતો હોય છે.

અહિંસા, કરુણા અને મહાકરુણાની ભાવનાનું આચરણ જીવમાત્ર પ્રત્યે કરવાનું હોય એમાં સાધર્મિકોનો આપમેળે જ સમાવેશ થઇ જાય છે, એટલું જ નહી, જૈન સમાજ સાથેના વ્યવહારમાં આ ભાવનાનો પ્રયોગ કે ઉપયોગ કરવામાં આવે ત્યારે જ એ ચરિતાર્થ થાય છે. આમ છતાં, આપણી અધૂરી સમજને કારણે આપણા ધર્મોપદેશક પૂજ્ય ગુરુદેવોના એકાંગી કે અધૂરા ઉપદેશને કારણે કે આપણી અધૂરી સમજણને કારણે અગર તો આપણી મર્યાદિત વૃત્તિ કે શક્તિને કારણે, આપણે એકેન્દ્રિય-બેઇન્દ્રિય ને પશુ-પંખી જેવા જીવોની જીવદયા પાળતા રહ્યા, પણ આપણા તીર્થંકર પરમાત્મા આદી ધર્મગુરુઓ-ધર્મશાસ્ત્રોએ જે માનવભવ ને તેમાં મળેલ ઉત્તમ જૈન કુળના સહધર્મીઓને દુર્લભ કર્યો છે, એ સાધર્મીકો પ્રત્યે અહિંસા-દયાની ભાવનાને જ આપણે વીસરી ગયા અથવા એમાં સારા પ્રમાણમાં પાછળ પડી ગયા !

વર્તમાન સમયમાં આપણા દેશમાં જે મોંઘવારીએ માઝા મુકી છે. સમાજનો સાધર્મીક મધ્યમવર્ગ કપરી કસોટીમાં મુકાઇ ગયો છે. 'ત્રણ સાંધે ત્યાં તેર તુટે' એવી પરિસ્થિતિ સર્જાઇ છે. સરકારે તો અનામતના નામે આપણને અછુત બનાવી દિધેલ છે ! આજીવીકાની મુશ્કેલીના કારણે ધર્મધ્યાન કરતા અટકે છે એ સાધર્મીકો ઉપર જિનમંદિર, જિનઆગમ, શ્રમણ - શ્રમણીની જાળવણી અને રક્ષાની જવાબદારી હોવા છતાં જે પોતાની જ જવાબદારી ના ઉપાડી શકનાર સાધર્મીક ઉપરનો બોજો, ભાવ વધારા તથા સ્થાન વધારાના કારણે વધતો જાય છે. વર્તમાન જીવન કપરી મુશ્કેલીમાં નિભાવવુ એ પ્રશ્ન આવા અનેક કુટુંબોને મુંઝવણમાં મુકી રહ્યો છે.

આજે આપણે આ સાધર્મીક ઉત્કૃષ્ટની બાબત ગંભીરતાથી વિચારવાનો અને આપણા સાધર્મીક ભાઇ-બહેનો માટે સાચા સાધર્મીકવાત્સલ્યને પંથે યોગ્ય ઉપાય કરવાનો સમય પાકી ગયો છે. સાધર્મીકોમાં કોઇ સંપૂર્ણ દુઃખી-નિસહાય કે નિરાધાર છે. કોઈ બે આની, કોઇ ચાર આની, કોઈ આઠ આની અને કોઇ બાર આની દુઃખી છે. બાકી સમાજનો ચોથો ભાગ અમુક રીતે કદાચ સુખી હશે ! પણ તેને તેમના બાળકોના-પરિવારના સંસ્કાર (કલ્ચર)માં આવતા પરિવર્તનનું ગ્રહણ સ્પર્શે છે. તેના બાળકો-

હાઈ સોસાયટીના કારણે કુસંગે ચડતા જણાય છે. આંતરજ્ઞાતીય લગ્નો પરિવારમાં કલહ ઉત્થાન કરનારે નીવડે છે. ત્યારે એવો ભય જન્મવા પામે છે કે ક્યાંક આ સાધર્મીકોનું જીવન ભાંગી તો નહીં પડે ને, એમનું અસ્તિત્વ તો જોખમમાં નહીં મુકાય જાય ને ! મોટા ભાગના વર્ગના મનમાં અપાર નિરાશા-હતાશા વ્યાપી જાય એવી અભૂતપૂર્વ કહી શકાય એવી સાધર્મીકોની હાલત ઊભી થઇ છે.

આપણા જૈન સંઘ કે સમાજના બંધારણનો પાયો સમાજના અંગરૂપ એકેએક વ્યક્તિના યોગ-ક્ષેમની રક્ષા કરવાના સિદ્ધાંત ઉપર આધારિત હોઇ આપણા સાધર્મીકોના અંગની ઉપેક્ષા કરતાં રહીશું તો આપણું શાસન જે કરોડોમાંથી લાખોમાં આવ્યું છે તે કદાચ હજારોમાં આવી જશે. પછી આપણા જિનમંદિરો, જિનપ્રતિમાઓ, જિનઆગમોની ને શ્રમણ સંસ્કૃતિની રક્ષા કોણ કરશે ? સાતે ક્ષેત્રો કોણ સંભાળશે ? એનો સ્વસ્થચિત્તે વિચાર કરી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ મુજબ સાધર્મીકવાત્સલ્યનો આકાર ફેર-પરિવર્તન લાવવા સકલ સંઘને નમ્ર પ્રાર્થના છે.

દેશ-કાળ મુજબ પૂજ્ય ધર્મગુરુઓ, મોવડીઓનું અને સમાજના સુખીવર્ગનું કર્તવ્ય શું હોય શકે એ સમજાવવાની જરૂર ઊભી થઇ છે. સાધર્મીકોની બેહાલીમાં એકાદ નાનું-મોટું કે જાડું પાતળું થીગડું મારીને કર્તવ્ય અદા કર્યાનો ખોટો સંતોષ લેવામાં આવતો હોય એવું શોચનીય દૃશ્ય જોવા મળે છે. એક બાજુ લાખોના ખર્ચે ધર્મસ્થાનકોમાં પુજ્ય ગુરુદેવોના આદેશ-ઉપદેશથી ઉજવાતા અસંખ્ય ઉત્સવ-મહોત્સવો અને અઢળક સંપત્તિથી નવાં નવાં ધર્મસ્થાનો ઊભા કરવાની યોજનાઓ જે પાર પડતી હોય છે. અને બીજી બાજુ આપણાં જ સહધર્મી ભાઈઓ-બહેનોની કમનસીબી-બેહાલી. આ બે વચ્ચે ક્યાંય મેળ બેસે છે ખરો ? બે વચ્ચે જાણે બે દિશાઓ જેટલું અંતર પડી ગયું છે. ત્યારે આપણું જૈન ધર્મનું અસ્તિત્વ ટકાવવું હોય તો અમલ કરવા જેવી અગત્યની વાત વિચારે-સ્વિકારે જ છૂટકો છે. અને તે માટે પંચવર્ષીય યોજના જેવી યોજના બદ્ધ કાર્ય ઉપાડ્યા સિવાય આપણો આરો નથી.

આ માટે અમો અમારે ત્યાંથી જ તેનો પ્રારંભ 'સાધર્મિક વાત્સલયની સમજુતી રૂપે આજના 'જૈન' પત્રથી જ દરેક અંકમાં તે અંગે લેખ માળા સ્વરૂપે સ્વ. પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહની સ્વાનુભવ અને સ્પષ્ટ માર્ગદર્શન રૂપ લખેલ લેખોને પ્રકાશીત કરવાનો પ્રારંભ કરેલ છે આ અંગે વિશેષ યોજનાઓ, જરૂરી લેખો પણ અમો દરેક અંકમાં પ્રગટ કરતા રહીશું તેમજ સમાજના સુખદુઃખના સાથી બનવાની ઉપકારક લાગણી ધરાવતા સમાજહિત-ચિંતકોને આપણાં દુઃખી સાધર્મીક ભાઈ-બહેનોનું દુઃખ દૂર કરવામાં યથાશક્તિ પ્રયત્ન કરવામાં પોતાના જીવન અને ધનને કૃતાર્થ કરવાની ભાવના ધરાવતા સૌને અમારું નમ્ર નિમંત્રણ છે તે માટે સહાયક અને પ્રેરક બન્નેની વિગતો જૈન પત્રમાં પ્રગટ કરીશું.

આ અંગે આપશ્રી નીચેની રીતે સહાયક બનશો.

(૧) આપશ્રીના-વિચારો-લેખો મોકલાવીને.

(૨) આ અંગે સ્થાનીક- વિભાગીય, રાજ્ય કે ભારતભરના સાધર્મીકોને સહાય કરતી સંસ્થા-વ્યક્તિ કે ગુરુદેવોની માહિતી મોકલાવીને.

(૩) ગામે-ગામ કે શહેરોમાં નબળાં સધર્મીકભાઈઓની યાદી-સરનામા સાથે મોકલાવીને.

(૪) આપશ્રીની શક્તિ એવી ભક્તિ રૂપે કે કોઇપણ સાધર્મીક ભાઇઓની ભક્તિ કરવાની ભાવના થાય કે કોઈ સધર્મીક પરિવારને દત્તક લઇને તેમને સ્થિર કરવાની ભાવના હોય તો અમોને જણાવશો.

(૫) આપણા સાધર્મીક ભાઈ-બહેનોને તેમના પરિવાર માટે શૈક્ષણિક સહાય, માંદગી સહાય માટે 'સાધર્મીક વાત્સલ્ય ફંડ'માં નાની-મોટી રકમ મોકલાવીને.

(૬) આપશ્રીના રહેણાંકનો વધારાનો કે બીજો ઉપયોગી ભાગ-તેમને ભાડે કે ટેમ્પરરી રહેવા માટે આપવા ભાવના હોય તો જણાવશો.

(૭) આપશ્રીના વ્યવસાય-ઉદ્યોગમાં કે ઘરકામ માટે સાધર્મીક ભાઇને કામે રાખવા માગતા હોય તો તેની વિગત પણ જણાવશો. આપણા ધર્મસ્થાનોમાં પણ જો સાધર્મીકભાઈઓને રાખવા માગનારે જરૂર જણાવવું.

આ સાધર્મીક વાત્સલ્યની લેખમાળા તથા તેમાં પ્રગટ કરવા માટેના લેખો, માહિતી સહાયકો, દત્તક યોજના, રહેણાંક, નોકરી આપનારની કોઈપણ જાતના ખર્ચ-ચાર્જ વગર 'જૈન' પત્રમાં પ્રગટ કરીશું.

એ જૈન ઉમેદવારોને અભિનંદન...

નવમી લોકસભાની ચુંટણીમાં નિચેના જૈન ઉમેદવારો સફળતાપૂર્વક ચુંટાઇ આવેલ છે. તે સર્વેને આપણ સૌના અભિનંદન અને શુભકામના-

શ્રી જયંતભાઈ વ. શાહ-પાલનપુર (બનાસકાંઠા-ગુજરાત)
શ્રી બાબુભાઈ મ. શાહ-ભુજ-કચ્છ
શ્રી સમ્પતસિંહજી ભંડારી-બસ્તર (મ.પ્ર.)
શ્રી ગુમાનમલજી લોઢા-પાલી (રાજ.)
શ્રી ગુલાબચંદજી કટારિયા-ઉદયપુર (રાજ.)

ગુણ, જ્ઞાન અને વિદ્યા એવી વસ્તુઓ છે કે જે ખુલ્લી પડી રહેવા છતાં પણ કોઇ લૂંટી શકતું નથી.

પાલીતાણાથી શંખેશ્વર છ'રીપાલિત યાત્રા સંઘ

અત્રે શ્રી સિદ્ધગિરી ભક્તિ વિહાર ધર્મશાળામાં ચાતુર્માસ બિરાજમાન પૂ૦ આચાર્યદેવશ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મ૦સા૦, મુનિરાજ શ્રી પ્રમોદવિજયજી મ૦ સા૦, પૂ૦ મુનિરાજ શ્રી ભદ્રસેનવિજયજી મ૦ સા૦ તેમજ પૂ૦ મુનિરાજ શ્રી વિમલભદ્રવિજયજી મ૦ સા૦ આદિની પ્રેરણા અને શુભ નિશ્રામાં પાલીતાણાથી શંખેશ્વર મહાતીર્થના છ'રીપાલિત સંઘે તા. ૧૫-૧૨-૮૯ શુક્રવારે પ્રયાણ કર્યું છે. તીર્થમાળ તા. ૨૫-૧૨-૮૯ ના રાખવામાં આવી છે.

પૂ.આ.શ્રી લક્ષ્મીસૂરિજી મ.સા.નું ચાતુર્માસ પરિવર્તન

નાકોડા તીર્થોદ્ધારક મેવાડ કેસરી આચાર્યશ્રી વિજયહિમાચલસૂરિજી મ૦ સા૦ ના પટ્ટ અલંકાર શિષ્યરત્ન વર્ધમાન ગચ્છાધિપતિ આ૦શ્રી વિજયલક્ષ્મીસૂરિજી મ૦સા૦ની નિશ્રામાં આરાધના નિમિત્તે જ્ઞાન પાંચમ, પાંચ પ્રતિક્રમણ તેમજ ચોમાસી પ્રતિક્રમણ બાદ કા. સુ. ૧૫ ના ચાતુર્માસ પરિવર્તન શા. દોલતરામજી જેઠાજી ગોત્રના બોહરાના ઘરે પગલા થયેલ. આ નિમિત્તે ગુરૂપુજન સંઘપુજન અને સાધર્મિક બંધુઓને ચા-નાસ્તાની ભક્તિ આ પરિવાર દ્વારા કરવામાં આવી.

બપોરના સ્વામીભકિત ખંડાલામાં પણ થઈ ત્યારબાદ વિહાર કરી નાકોડાજી પધારી ગીરીરાજ પટના દર્શન શ્રીસંઘે સાથે મળી કર્યા પાંચ ચૈત્યવંદનનો લાભ અહિં પધારેલ પચપાદરાવાળા શા અમૃતલાલજી કુશલરાજજીએ સંઘપૂજન અને મીઠાઇ દ્વારા ભક્તિપૂર્વક લાભ લીધેલ.

ખીવાન્દી (રાજ.)માં અષ્ટાન્હિકા મહોત્સવ ઉજવણી

પુ૦ મુનિરાજશ્રી પુણ્યોદયવિજયજી મ૦ સા૦ આદિની નિશ્રામાં અત્રેના શ્રીસંઘમાં થયેલ વીશસ્થાનક ઓળી, વરસીતપ, ઉપધાનતપ, જ્ઞાનપંચમી, અઠ્ઠાઈ, નવ્વાણું આદિના તપશ્ચર્યાની અનુમોદનાર્થ પાંચ છોડના ઉદ્યાપનના ઉપલક્ષમાં શ્રી શાંતિસ્નાત્ર મહાપુજન સહિત અષ્ટાન્હિકા મહોત્સવની ઉજવણી તા ૨/૧૨/૮૯થી વિવિધ પુજનો સહ શરૂ થઈ છે.

પાલીતાણા : ગણીપદ પ્રદાન મહોત્સવ

અત્રે મહારાષ્ટ્ર ભુવન ધર્મશાળામાં બિરાજમાન પુ૦ આચાર્ય શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ૦ સા૦ના વરદ હસ્તે તેઓશ્રીના પટ્ટધર રત્ન પુ૦ આ૦ શ્રી વિજયજિતમૃગાંકસૂરીશ્વરજી મ૦ સા૦ ના શિષ્યરત્ન પુ૦ મુનિપ્રવર શ્રી હેમભૂષણવિજયજી મ૦ સા૦નો ગણિપદ પ્રદાન મહોત્સવ તા. ૩૦/૧૧/૮૯ના ઉજવાયો છે. આ પ્રસંગે મુનિરાજ શ્રી નરવાહનવિજયજી મ૦ને પણ ગણિપદ પ્રદાનથી વિભુષીત કરવામાં આવ્યા છે.

કોલ્હાપુરમાં ઉજવાયેલ સિદ્ધચક્ર મહાપૂજન

અત્રે શ્રી શાંતિનાથ જૈન દેરાસર-હિરસુર્ધન ઉપાશ્રયે સ્થિત નેમિસૂરિ સમુદાયના સાધ્વીશ્રી વિશ્વપ્રજ્ઞાશ્રીજી મ૦ આદિની શુભ નિશ્રામાં સ્વ.શ્રી ગોપાળજી શામજીભાઈ સાકરીયાની ૩૭મી પુણ્યતિથિ નિમિત્તે તેઓશ્રીના આત્મશ્રેયાર્થે શ્રીમતી કુસુમબેન ગોપાળજી સાકરીયાની અનેકવિધ તપશ્ચર્યાઓ તથા આજ પરિવારના સંસારી બેન પૂ૦ સાધ્વીશ્રી વિશ્વપ્રજ્ઞાશ્રીજી મ૦ સા૦ ના સંયમજીવનની અનુમોદનાર્થે સાકરીયા પરિવાર દ્વારા તા. ૯-૧૧-૮૯ના સિદ્ધચક્ર મહાપૂજન ભણાવવામાં આવેલ.

શ્રી કરેડા પાર્શ્વનાથજી તીર્થનો

[રેલ્વે સ્ટેશન ભુપાલસાગર (જિ. ચિત્તોડગઢ, રાજસ્થાન)]

યાત્રાર્થે અવશ્ય પધારો

આ મંદિરનું નિર્માણ આચાર્ય ધર્મઘોષસુરિજી મ. ના ઉપદેશથી માંડવગઢના મહામંત્રી સંઘપતિ પેથડશાહ દ્વારા સં. ૧૩૨૧ માં કરવામાં આવ્યું અને તેના શિખર પર સાત ખંડનું ભવ્યમંદિર શ્રી પેથડશાહના પુત્ર ઝાંઝણકુમારે સં. ૧૩૪૦માં નિર્માણ કર્યું; જેનું સુકૃત સાગર તરંગ આઠમાં વર્ણન છે.

તેનો હાલમાં શ્રી શંખેશ્વર - ભોયણી તીર્થ દ્વારા રૂપિયા ૧,૨૫,૦૦૦૦/- ખર્ચ કરી જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે અને બાવન દેરીઓમાં શ્રી પાર્શ્વપ્રભુની પ્રતિમા વિભિન્ન તીર્થોના નામથી બિરાજમાન કરવામાં આવી છે. મુલનાયક ભગવાનની પ્રાચીન અત્યંત મનોહારી, ચમત્કારી, શ્યામવર્ણીય પ્રતિમાજીના નિર્મલ ભાવથી દર્શન કરી પુણ્યોપાર્જન કરો.

અમદાવાદથી ઉદયપુર, ચિત્તોડ રેલ્વે માર્ગ પર ભુપાલસાગર નામના સ્ટેશનથી ૭ ફર્લાંગ દુર આ તીર્થ આવેલ છે. બસોની પણ સુવિધા ઉપલબ્ધ છે.

આ તીર્થની યાત્રા સાથે જ મેવાડની પંચ તીર્થીના દર્શનનો પણ લાભ મળશે. આ તીર્થોમાં શ્રી દયાલશાહના કિલ્લા નામનું તીર્થ જે રાજસમન્દ-કંકરોલીની મધ્યમાં છે. લગભગ ૨૫૦ પગથિયાથી આ તીર્થ 'મેવાડ શત્રુંજય' નામથી પણ પ્રસિદ્ધ છે.

આ બંને તીર્થો પર આધુનિક સુવિધાઓથી સુસજ્જિત વિશાલ ધર્મશાળા તથા ભોજનશાળાની સુવ્યવસ્થા છે.

લિ. કરેડા પાર્શ્વનાથ તીર્થ કમિટિ

ભુપાલસાગર (રાજસ્થાન) [ફોન નં. ...

પ્રભુને પત્ર લખવામાં કાગળ, કલમ કે શબ્દની જરૂર નથી પડતી, એ પત્રનું નામ જ 'પ્રાર્થના' છે.

શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના કર્મચારીઓ અંગે

શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના વર્તમાન વહિવટકર્તાઓ દ્વારા કોઇ ઉતાવળીયો કે સંઘના ભાવી મારો [illegible] નિર્ણય ના બને તે માટે આપણા પૂજ્ય આચાર્ય ભગવંતોએ પાલીતાણામાંથી આપેલ વિચાર, તેવી વિનંતી.

હવે પૂજ્યો જાગો....

રાષ્ટ્ર ભયમાં હોય ત્યારે રાષ્ટ્રના સૈનિકોની રાષ્ટ્રની રક્ષા કરવાની ફરજ છે. તેમ ધર્મ ઉપર કે ધર્મસ્થાનકો ઉપર આફત આવે ત્યારે ધર્મ ગુરૂઓને તેની રક્ષા અંગે ચિંતન-મનન કરી ઉપાયો શોધી જૈન સંઘને જાગૃત કરી શાસન ઉપર આવેલ આફતમાંથી બચાવવાની પવિત્ર ફરજ છે. જે ધર્મ રક્ષા અને સંગઠન, જાગૃતિ, ફરજ પાલન સદાચારની વાતો કરે છે, ઉપદેશો આપે છે, તેમણે પોતે એટલે કે પુજ્યોએ હવે ઇર્ષા, નામનો મોહ, પોતાના સમુદાય કે પોતાને મોટા દેખાવા ખેલાતી રાજરમતો બંધ કરવી પડશે. અને જુના દેરાસરો હવે સાચવવાની [illegible] નવા દેરાસરો ઊભા કરવાનું બંધ કર્યા [illegible] અન્ય માંગણીઓ ધાર્મિક સ્થાનો માટે ચેતવણીની શાયરન [illegible] ચેતવણીની શાયરન [illegible] શાસન ઉપર આવેલી આફતથી જૈન સંઘને બચાવવા મુનિ સંમેલન તથા જૈન સંઘ સંમેલન બોલાવી રચનાત્મક કાર્યો ઉપાડવાની, પરસ્પર ઘર્ષણ ઊભા ન થાય તેવા ઉપદેશો આપી ઘટતું કરશે ખરા? દરેક પુજ્યો પણ આપણા વડિલોને સાથ-સહકાર આપશે ખરા? અંગત મતભેદ અને મનભેદમાં પલટાવી પોતાના અહમને પોષવા કાયમી વેરની આગ લગાડવાનું કોઇ જ કાર્ય નહિ કરે તેવી આશા રાખીએ.

પાલીતાણા અને અન્ય તીર્થોના કર્મચારીઓનો પડકાર તમામ દેરાસરો-જૈન સંસ્થાઓ સામે આફત ઉભી કરે તે પહેલાં જ તેનો સામનો જૈન સંઘ સંગઠન દ્વારા, પોલીસ રક્ષણ નીચે નવા જ પુજારીઓની ભરતીઓ કરી જાતે જ પુજાઓ કરી, ગામે ગામથી પાંચ-દસ માણસોના ટુકડીઓ પંદર-વીસ દિવસ રહેવાની શરતે બોલાવી આ રીતે બે કે ત્રણ માસ કાઢી નાખવાથી તમામ કર્મચારીઓનું સંગઠન તુટી જશે તેમ જ અંતે થાકી એક બીજા ઉપર આક્ષેપો મુકી દરેક કર્મચારીઓ કામે ચઢી જશે, પણ હા આવા યુનિયનોના નેતાને એવો સબક શીખવવો જોઈએ કે ધર્મસત્તા સામે યુધ્ધે ચઢવાનું કામ જિંદગીમાં પોતે તો કરે જ નહિ, પણ તેનો કોઈ વંશવાલી-વારસો કે અન્ય આવું કાર્ય કરે નહિ. ધર્મના ધનના પૈસા અહીં અણહક્કના રોગો પેદા કરશે.

દેરાસરો કે ધર્મસ્થાનો ઉદ્યોગો કે સરકારી કચેરીઓ નથી, દેરાસરો કોઈ ધંધાદારી પેઢી કે આવકના સાધનો નથી, તે તો ભાવનાના મંદિરો છે. સદાચાર-સંસ્કારો ટકાવવા માટે સંગઠન ઉભા કરવા માટે ઉભી કરવામાં આવેલી પવિત્ર ઇમારતો ઇશ્વરના [illegible] પડે તે છુટા થાય. કારણ તેમના માટે કરીને કોઇ પોતાના કાયમી [illegible] જોખવાથી ઘણી જ ગંભીર પરિસ્થિતિ ઉભી થશે તેમની સામે દેરાસરોમાં ઉભી કરેલી કટોકટીની પરિસ્થિતિ-આશાતના માટેની ભૂલો માટે યોગ્ય પગલા લેવાની, જુના કર્મચારીઓને છુટા કરી નવા જૈન પુજારીઓ રાખવાની પૂજ્યશ્રીઓને હાકલ દ્વારા જૈનોની ફરજ બનશે. આ માટે બોડેલી, સમેતશીખર, પાટણ આદિના સરાક, પરમાર, ભોજક, મોદીઓ, પટેલો વગેરેને મોટી સંખ્યામાં કાયમી પુજારીઓ તરીકે ભરતી કરી જૈનોને જ જૈન સંસ્થા દ્વારા સ્થિર કરવાની તાતી જરૂર છે.

દરેક પૂજ્યો પોતાના કાર્યક્રમો રદ કરી ભગવાન અપુજ ન રહે તે માટે જૈન સંઘોને જાગૃત કરવા કાર્ય કરશે ખરા?

અમરેલી (સુરત) —પ્રવિણચંદ્ર નરોત્તમદાસ મહેતા

[illegible]

આપણું પરમ કર્તવ્ય સાધર્મિક-વાત્સલ્ય

લેખક : સાહિત્ય વારિધિ શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહ

વર્તમાન સમયમાં જો કોઇ પુન્યનું કાર્ય કરવા જેવું ને ફરજરૂપ હોય તો તે 'સાધર્મિક-વાત્સલ્ય' એટલે કે આપણા સ્વધર્મી ભાઇઓની ઉત્થાન માટેની પ્રવૃત્તિ તેને માટે પાંચ વર્ષ જો પૂજ્ય શ્રમણ-શ્રમણી ભગવંતો તથા આગેવાનો ધ્યાન આપે તો ભગવાન મહાવીરના શાસનનો સૂર્યોદય થતાં વાર નહિ લાગે. આ સાધર્મિક-વાત્સલ્ય અંગે આપણા સ્વ. સિદ્ધ હસ્તક લેખક—પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહનો સચોટ સમજુતી આપતી આ લેખમાળા દરેકને ઉપયોગી હોઈ અત્રે આપી રહેલ છીએ. આ સાધર્મિકતા અંગે પૂજ્ય ગુરુદેવો વ્યાખ્યાન વાહીમાં વિશેષ મહત્વ આપે, દરેક સંઘમાં ને તીર્થોમાં સાધર્મિકને કામે રાખે, તેમજ વ્યવસાય ઉદ્યોગ કે રાજકીય ક્ષેત્રમાં સાધર્મિક ભાઇને માટે પ્રયત્ન કરે......

—તંત્રી : મહેન્દ્ર ગુલાબચંદ

જૈન ધર્મરૂપી મહાસાગરે અદ્દભુત, અપૂર્વ કે અજોડ કહી શકાય એવાં અનેક રત્નો (વીચારો) આ જગતને આપેલાં છે અને તેના પવિત્ર પ્રકાશથી સ્થળે સ્થળે સુખ-શાંતિ તથા આનંદ-મંગલની વૃદ્ધિ થયેલી છે. આ રત્નોનો (વીચારોનો) પ્રકાશ પામવો અને અન્યને તેનો પરિચય કરાવવો, એ જીવનનું પરમ સૌભાગ્ય છે, એમ અમે માનીએ છીએ. આજ સુધી અમે એ દિશામાં પ્રયત્નશીલ રહ્યા છીએ.

જૈન ધર્મના ધર્મરત્નોમાંના એક વિશિષ્ટ ધર્મરત્ન સાધર્મિક-વૃત્તિનો પરિચય આપવા અમે ઉદ્યત થયા છીએ અને તેથી અમારું હૃદય ઉત્કટ આનંદની લાગણી અનુભવી રહ્યું છે. આ પરિચય વાંચકોને પણ એવો જ આનંદ આપશે, એમ માની લઇએ, તો તે વધારે પડતું નથી. વધારામાં તે પાઠકોને એક એવા કર્તવ્ય તરફ ઉત્સાહિત કરશે કે જેના પર જૈન શાસન કે સંઘના અભ્યુદયનો મોટો આધાર છે. આ ધર્મરત્નનું શુભ નામ છે-સાધર્મિક-વાત્સલ્ય.

પ્રથમ શબ્દનો અર્થભાવ કહેવો અને પછી તેના વિવિધ અંગોનું વર્ણન કરવું. આ પરિચયપદ્ધતિને અનુસરી અમે પ્રથમ તેનો અર્થ તથા ભાવ કહીશું.

સાધર્મિક-વાત્સલ્યનો અર્થ :

સાધર્મિક-વાત્સલ્ય શબ્દમાં વચ્ચે એક લઘુરેખા આવેલી છે, તે બે શબ્દોનાં જોડાણનો સંકેત કરે છે. આ જોડાણ સાધર્મિક શબ્દના છેડે આવેલા સંબંધદર્શક ષષ્ઠી વિભક્તિના પ્રત્યયનો લોપ થવાથી સિદ્ધ થયેલું છે. પાસે પાસે રહેલી બે ઓરડીઓનો એક મોટો ઓરડો બનાવવો હોય તો વચ્ચેની દિવાલ પાડી નાંખવામાં આવે છે અથવા બે પક્ષનો મનમેળ થતો ન હોય તો વચ્ચેની અંતરાયરૂપ બાબત દૂર કરવામાં આવે છે, તેના જેવો આ પ્રયોગ છે. શબ્દશાસ્ત્રીઓ તેને સમાસ કહે છે, એટલે સાધર્મિક-વાત્સલ્ય એ એક પ્રકારનો સામાસિક શબ્દ છે.

સામાસિક શબ્દનો અર્થ પ્રાપ્ત કરવો હોય તો પ્રથમ તેનો વિગ્રહ કરવો જોઇએ, એટલે કે જે પદો જે રીતે જોડાઇ ગયાં હોય, તે પદોને તે રીતે છૂટાં પાડી બતાવવા જોઇએ. અહીં સાધર્મિક-વાત્સલ્યનો વિગ્રહ કરતાં 'સાધર્મિકનું વાત્સલ્ય' એવી સ્પષ્ટતા પ્રાપ્ત થાય છે અને તેથી સાધર્મિક અને વાત્સલ્ય એ બે શબ્દોનો અર્થ સમજવો જરૂરી બને છે.

જેમ કાર્મિક શબ્દ કર્મ પરથી બનેલો છે, નાગરિક શબ્દ નગર પરથી બનેલો છે અને વ્યાવહારિક શબ્દ વ્યવહાર પરથી બનેલો છે, તેમ સાધર્મિક શબ્દ સધર્મ પરથી બનેલો છે. વ્યાકરણની પરિભાષામાં કહીએ તો સાધર્મિક એ સધર્મનું તદ્ધિત રૂપ છે કે જે શબ્દના છેડે ઇક પ્રત્યય લાગવાથી અને આગળના અક્ષરમાં રહેલા સ્વરની વૃદ્ધિ થવાથી સિદ્ધ થાય છે.

તદ્ધિત રૂપ સ્વાર્થ કે સંબંધને દર્શાવનારું છે, એટલે સાધર્મિકનો અર્થ સધર્મથી યુક્ત કે સધર્મવાળો થાય છે.

હવે સધર્મ એટલે શું? એ આપણે સમજવાનું રહ્યું. સધર્મ શબ્દ શરીરમાં રહેલાં મસ્તક અને ધડની જેમ સ અને ધર્મ એવાં બે પદોથી બનેલો છે. તેમાં સ એ ઉપસર્ગ છે અને ધર્મ એ પ્રકૃતિ છે. અહીં એટલી સ્પષ્ટતા કરવી ઉચિત છે કે એક જ શબ્દ જૂદાં જૂદાં શાસ્ત્રોની પરિભાષામાં જૂદો જૂદો અર્થ બતાવે છે, ×એટલે અહીં ઉપસર્ગનો અર્થ વિઘ્ન, આપત્તિ કે આફત નહિ, પણ શબ્દની આગળ લગાડવામાં આવતો એક જાતનો પ્રત્યય સમજવો અને પ્રકૃતિનો અર્થ કુદરત કે સ્વભાવ નહિ, પણ મૂળ શબ્દ સમજવો. સ ઉપસર્ગ સહિત, સમાન વગેરે અનેક ભાવોને દર્શાવનારું છે. તેમાં અહીં તેણે સમાનનો

આગમાં પડવા છતાં ચંદન સુવાસ આપે છે, તેમ કષ્ટમાં પડવા છતાં સજ્જન સમભાવની સુવાસ આપે છે.

ભાવ દર્શાવેલો છે, તેથી 'સમાન એવો જે ધર્મ તે સધર્મ' એમ આપણે સમજવાનું છે.

અહીં એક પ્રેક્ષાકારી પાઠક પ્રશ્ન કરે છે કે 'એક જ ઉપસર્ગ જૂદા જૂદા ભાવોને કેમ દર્શાવી શકે?' તેનો ઉત્તર એ છે કે 'એક વસ્તુ એક જ ભાવ દર્શાવે અને બીજા કોઈ ભાવ ન દર્શાવે એવો નિયમ નથી. વાસ્તવિકતા તો એમ કહે છે કે એક વસ્તુ અનેક ભાવોને દર્શાવનારી હોય છે. દાખલા તરીકે માનવ હૃદય. તે એકલું કેટલા ભાવોને દર્શાવે છે? જો ભાવનો અર્થ ગુણ કરીએ તો પણ એક વસ્તુ અનેક ગુણોને પ્રકટ કરનારી જણાય છે. દાખલા તરીકે જીરૂં ભૂખને લગાડનાર, હલકું, ઝાડાને બાંધીને લાવનાર, પિત્તવર્ધક, ઉષ્ણતાશામક, બુદ્ધિવર્ધક, ગર્ભાશય-શોધક, તાવ હરનાર, પાચક, તીખું, બદલાયક, રુચિકર, નેત્રને હિતકારક, વિષને હરનાર, વાયુને મટાડનાર એમ અનેક ગુણોવાળું હોય છે. એટલે એક ઉપસર્ગ અનેક ભાવોને દર્શાવી શકે છે. તેને આપણે સ્વભાવગત વસ્તુ માનીએ, એટલે વિશેષ પ્રશ્ન ઊભા નહિ થાય. કાન શા માટે સાંભળે છે? આંખો શા માટે જુએ છે? નાક શા માટે સૂંઘે છે? એવા પ્રશ્નો આપણને ઉભા થતા નથી, કારણ કે તે એની સ્વભાવગત વસ્તુ છે. એમ આપણે માનીએ છીએ'

અહીં બીજો પ્રશ્ન એવો થાય છે કે 'ઉપસર્ગે અહીં અમુક જ ભાવ દર્શાવ્યો, એવો નિર્ણય શાથી થાય?' તેનો ખુલાસો એ છે કે 'સ્થાન અને સંયોગો જોઈને એવો નિર્ણય થાય છે. અને તે જ શબ્દશાસ્ત્રીઓ કે ભાષાવિશારદોની ખૂબી છે. જો એ નિર્ણય કરતાં ન આવડે તો ઓહતું ચોઠ વેતરાઈ જાય અને હાંસી કે અનર્થ થવાનો પ્રસંગ આવે.'

અહીં અમને નિમ્ન શ્લોક યાદ આવે છે. તે પાઠકોને રમુજ સાથે સુંદર ઉદાહરણ પૂરું પાડશે:

सुवर्णालंकृता कन्या, हेमालंकारवर्जिता।
सा कन्या विधवा जाता, गृहे रोदिति तत्पतिः॥

આ શ્લોકનો દેખીતો અર્થ તો આવો છે કે 'એક કન્યા સુવર્ણથી અલંકૃત છે. પણ હેમનાં અલંકારોથી વર્જિત છે. તે કન્યા વિધવા થઈ, એટલે તેનો પતિ ઘરમાં બેઠો રૂએ છે.'

× આનું સુંદર ઉદાહરણ રસ શબ્દ છે તે જુદાં જુદાં શાસ્ત્રોની પરિભાષામાં કેવો અર્થ બતાવે છે? તે અંગે અમે શ્રી પ્રિયદર્શનકૃત નમસ્કાર-રસગંગાની પ્રસ્તાવનામાં આ પ્રમાણે જણાવ્યું હતું:

જીવનશાસ્ત્ર કહે છે કે દરેક પ્રાણીને જીવનમાં રસ (આસક્તિ) હોય છે, તેથી જ જીવન શક્ય બને છે. જ્યારે એ રસ ઉડી જશે ત્યારે આ દુનિયા-આ વિશ્વ જીવનરહિત બની જશે, પણ જીવનો સ્વભાવ જોતાં એમ બનવું શક્ય નથી.

શરીરશાસ્ત્ર કહે છે કે દેહનું ધારણ-પોષણ રસ (રસ) વડે જ થાય છે. મનુષ્ય જે આહાર કરે છે, તેમાંથી રસ બને છે અને તેમાંથી જ અનુક્રમે રુધિર, માંસ, મેદ, અસ્થિ, મજ્જા, અને શુક્ર (વીર્ય) બને છે કે જેના પર બળ, બુદ્ધિ અને કાંતિનો આધાર છે

આહારશાસ્ત્ર કહે છે આહારમાં રસ (સ્વાદ) ની મુખ્યતા છે. જો તેમાં રસ-સ્વાદ ન હોય તો તેને આરોગે કોણ? આ રસ કટુ, તિક્ત, કષાય, અમ્લ, લવણ અને મધુર એમ છ પ્રકારનો છે— અને તેની આરોગ્ય પર જુદી જુદી અસર થાય છે.

રસાયણશાસ્ત્ર (ધાતુવાદ) કહે છે કે બધી ધાતુઓમાં રસ એટલે પારાની બલિહારી છે કે જે સિદ્ધ થયે ગમે તેવા રોગનું નિવારણ કરી શકાય છે; મનુષ્યને દીર્ઘાયુષી બનાવી શકાય છે અને આકાશગમનાદિ જેવા દુષ્કર કાર્યોને પણ સુલભની કોટિમાં લાવી શકાય છે. રસસિદ્ધિ માટે તેણે સ્વેદન-મર્દનાદિ આઠ પ્રકારની ક્રિયાઓ બતાવી છે અને તેના અનુવાસન, મુખોત્પત્તિ તથા જારણ વગેરેનો વિધિ પણ દર્શાવ્યો છે.

શિક્ષણશાસ્ત્ર કહે છે કે શિક્ષણની સફળતાનો આધાર રસ ઉપર રહેલો છે. જે વિદ્યાર્થીને ભણવામાં રસ નથી, નવું નવું જાણવાનો શોખ નથી, તેને ગમે તેવો સારો શિક્ષક શું શીખવી શકે? સ્મૃતિ પણ રસને જ આધીન છે રસ વિના ગ્રહણ થયેલી વસ્તુ યાદ રહેતી નથી

સિદ્ધિશાસ્ત્ર કહે છે કોઈ પણ કાર્ય, પ્રવૃત્તિ કે વ્યવહારમાં સિદ્ધિ મેળવવી હોય તો પ્રથમ પ્રણિધાન જોઈએ અર્થાત્ ધ્યેય પ્રત્યે રસની જમાવટ જોઈએ. જો રસના જમાવટ હોય તો જ પ્રવૃત્તિ સુંદર થાય છે અને માર્ગમાં આવતા વિઘ્નોને જય હસતાં મુખડે કરી શકાય છે. આ રીતે વિઘ્નોનો જય કરનારને સિદ્ધિ અવશ્ય વરે છે.

સાહિત્યસ્વામીઓ કહે છે જે કાવ્ય કે લખાણ રસ વાળું હોય તેજ સુંદર ગણાય અને તેની જ આ જગતમાં પ્રતિષ્ઠા છે, બાકી તો વાણીની વિડંબના માત્ર છે તેમને રસના શૃંગાર, હાસ્ય, કરુણા, રૌદ્ર, વીર, ભયાનક, બિભત્સ, અદ્ભુત અને શાંત એ નવ પ્રકારો માન્યા છે અને તેનું વિશદ વિવેચન કર્યું છે. આ નવ રસોની સાહિત્યના ક્ષેત્રમાં તેમજ નાટ્યકલામાં ભારે પ્રતિષ્ઠા છે અને તેથી લોકો કોઈ પણ સાહિત્યકૃતિમાં તેની અપેક્ષા રાખે છે. અહીં રસ શબ્દનો પ્રયોગ આ અર્થમાં થયેલો છે.

કાંઈ બોલીએ તે પહેલા તેના પરિણામનો ખ્યાલ કરવો વધુ હિતકારી છે.

અહીં આપણાં મનમાં તરત જ પ્રશ્ન ઊઠે છે કે 'આવું શી રીતે બને?' સુવર્ણ અને હેમ કાંઇ જુદા નથી કે સુવર્ણથી અલંકૃત કન્યા હેમનાં અલંકારોથી વર્જિત હોય? વળી કન્યા વિધવા ત્યારે જ થાય કે જ્યારે તેનો પતિ મૃત્યુ પામે, પછી તે ઘરમાં બેઠો રૂએ શી રીતે?'

અહીં ભાષા વેશારદો અર્થનો નિર્ણય આ રીતે કરી આપે છે: 'એક કન્યા સુવર્ણથી અલંકૃત છે, એટલે સારા વર્ણવાળી છે. સુંદર છે, પરંતુ તેણે હેમનાં એટલે કનકનાં આભૂષણો પહેરેલાં નથી. ઘણી ગરીબ કન્યાઓ કનકના આભૂષણો કયાં પહેરે છે? તેઓ ચાંદી, કાંસા કે જસત વગેરેના આભૂષણોથી પોતાના શરીરને શણગારે છે. હવે આ કન્યા વિધવા થઇ, એટલે વિવિધ પતિવાળી થઈ અર્થાત્ વ્યભિચારિણી બની, એટલે તેનો પતિ ઘરમાં બેઠો રૂએ છે, શોક-સંતાપ કરે છે.'

આ રીતે સાધર્મિકનો અર્થ 'સમાન ધર્મ પાળનારો' સિદ્ધ થયો.

જેમ માતા, પિતા, ભાઇ, ભગિની વગેરે શબ્દો કુટુંબનો સંબંધ પ્રકટ કરે છે, મિત્ર, સુહૃદ્ વગેરે શબ્દો સાથે હરવા-ફરવાનો શંબંધ પ્રકટ કરે છે અને શિક્ષક, ગુરુ વગેરે શબ્દો વિદ્યાનો સંબંધ પ્રકટ કરે છે, તેમ સાધર્મિક શબ્દ ધર્મનો સંબંધ પ્રકટ કરે છે. એટલે આપણે કોઇને સાધર્મિક કહીએ તો એનો અર્થ એટલો કે તે પણ આપણા જેવા જ ધર્મનું પાલન કરનારો આપણો એક સંબંધી છે.

વાત્સલ્ય એટલે હાર્દિક પ્રેમ, ઉત્તમ પ્રકારનો સ્નેહ. બાળકને જોઈ માતાને જે ભાવ લાગણી સ્ફુરે છે, તે વાત્સલ્ય કહેવાય. જ્યારે સાધર્મિકને જોઈ આપણાં હૃદયમાં આવો જ ભાવ કે આવી જ લાગણી ઉત્પન્ન થાય, ત્યારે સાધર્મિકવાત્સલ્ય પ્રકટ્યું ગણાય.

બાળક સ્વભાવનું વિચિત્ર હોય કે ખોડ-ખાંપણવાળું હોય છતાં માતાનો તેના પ્રત્યેનો ભાવ બદલાતો નથી અને તે જ તેનાં વાત્સલ્યનું સાચું પ્રમાણ છે. એજ સ્થિતિ અહીં પણ હોવી ઘટે. તાત્પર્ય કે સાધર્મિકને ગમે તેવી કપરી કે કઢંગી હાલતમાં જોયા છતાં તેના પ્રત્યે ઘૃણા કે તિરસ્કાર ન થાય, પણ શુદ્ધ સ્નેહનો ઝરો વહેતો રહે, ત્યારે જ સાચા અર્થમાં સાધર્મિક-વાત્સલ્ય ઉત્પન્ન થયું ગણાય.

પધારો ! શ્રી શત્રુંજય ગિરિરાજાય નમઃ જરૂર પધારો ! !

જંબુદ્વીપ નિર્માણ યોજનાની પણથંભી આગેકુચ

વિજ્ઞાન અને અધ્યાત્મનો સુમેળ સાધી જૈનત્વ અને હિન્દુત્વનું સંરક્ષણ કરતી યોજનામાં ચાલી રહેલાં કાર્યોની રૂપરેખા:- પૂજ્યપાદ ગુરુદેવશ્રી અભયસાગરજી મ૦ના શિષ્યરત્ન પૂ૦ પં૦ શ્રી અશોકસાગરજી મ૦સા૦ના માર્ગદર્શન નીચે ચાલી રહેલ ઝડપં કાર્યો....

(૧) જંબુદ્વીપ જૈન દેરાસરના તમામ કાર્યોને ઝડપી પૂર્ણ કરવા માટે અપાઈ ગયેલા ઓર્ડરો.

(૨) બે સૂર્યના પરિભ્રમણ દ્વારા ભારત-અમેરિકા આદિ દેશોમાં થતાં સૂર્યોદયની વધઘટનું પ્રેકટીકલ યંત્ર હમણાં જ તૈયાર થઇ ગયું છે જેમાં ૧૮૪ માંડલા વિગેરેનું પ્રત્યક્ષ દર્શન થાય છે.

(૩) અધ્યાત્મ યોગી પં. ગુરુદેવશ્રી અભયસાગરજી મ૦સા૦ના શ્રી નવકાર મહામંત્રના પટો વિ. ને ફ્રેમીંગ કરી સુરક્ષિત કરવા શ્રી નવકાર મંદિરનું આયોજન.... જેનું ખાતમુહૂર્ત શ્રાવણ વદ ૩ના મંગલ દિવસે થયેલ છે.

(૪) વિશાળ અને ભવ્ય આરાધના ભવનનું નિર્માણ ચાલુ છે.

(૫) પ્રકાશિત થયેલ પુસ્તકોનું ઝડપી વેચાણ-નવા પુસ્તકોનું પ્રકાશન અને પુનઃ પ્રકાશનનું કાર્ય હાથ ધરાયેલ છે.

(૬) જંબુદ્વીપની વિશાળ જમીનને કમ્પાઉન્ડ વોલ કરવાનું કાર્ય પૂર્ણ થયું છે.

(૭) આકર્ષક કુપનોના વિમોચન સાથે ગામોગામ તેના વેચાણનું આયોજન....

આ સુંદર આયોજન ઝડપથી મૂર્તિમંત બને તે માટે ઘનિષ્ઠ પ્રયાસો થઇ રહ્યાં છે. પૂજ્યપાદ પંન્યાસજી ગુરુદેવશ્રીની પ્રેરણાથી આરંભાયેલા કાર્યો પૂર્ણ થાય તે માટે સર્વે સંઘો-વ્યક્તિઓને સાથ સહકાર આપી લાભ લેવા નમ્ર વિનંતી.

દશેરાથી ઉપધાન તપનો પ્રારંભ થયેલ છે. તથા કા. સુ. ૧૫ થી નવાણુંનો પ્રારંભ થયેલ છે.

卐 વર્તમાન વિજ્ઞાન દ્વારા ભૂગોળ-ખગોળ અંગેના ઉભા થતા-પ્રશ્નો-શંકાઓના સમાધાન માટે લખો.

પૂ.પં.શ્રી અશોકસાગરજી મ૦ પાલીતાણા અથવા શ્રી જયેન્દ્રભાઇ આર. શાહ મુ.પો. : કોસાડ (જી. : સુરત)

લી. શ્રી વર્ધમાન જૈન પેઢી-પાલીતાણા

પુછપરછ અને પરિચય માટે :- પંન્યાસશ્રી અશોકસાગરજી મ૦સા૦, જંબુદ્વીપ જૈન પેઢી, પાલીતાણા-૩૬૪૨૭૦

જાલના (મહા.)માં પૂ૦ આચાર્યશ્રી વારિષેણસૂરીશ્વરજી મહારાજ સાહેબની શુભ નિશ્રામાં ઉજવાયેલ પંચાન્હિકા મહોત્સવની ઉલ્લાસપૂર્વક ઉજવણી

અત્રે સ્થિત શ્રી ચંદ્રપ્રભુ જૈન શ્વેતામ્બર મંદિર-અહિંસા માર્ગ સ્થિત જૈન ઉપાશ્રયે મરાઠાવાડ ઉદ્ધારક પુ૦ તપસ્વી આચાર્યશ્રી વારિષેણસૂરીશ્વરજી મ૦ સા૦, મુનિશ્રી વિજયસેન-વિજયજી મ૦ સા૦, મુનિશ્રી વજ્રસેનવિજયજી મ૦સા૦, મુનિશ્રી વલ્લભસેનવિજયજી મ૦ સા૦ આદિ ઠા. ૪ ચાતુર્માસ અર્થે બિરાજમાન છે. તેમની નિશ્રામાં ચાતુર્માસ અને પર્વાધિરાજ પર્યુષણપર્વની અનેકવિધ તપસ્યાઓ અનેરા ઠાઠમાઠ અને ઉલ્લાસ-પૂર્વક થઇ છે.

અત્રે ૨૫ વર્ષના ઇતિહાસમાં મૂર્તિપૂજક આચાર્યશ્રીની નિશ્રામાં જાલના નિવાસી શેઠ શ્રી કચરૂલાલ રૂપચંદજી બરલોટા પરિવારના સહયોગ દ્વારા ઉપધાનતપની મંગળ આરાધના ચાલી રહી છે. ૧૦૨ ભાગ્યશાળી ભાવિકોએ લાભ લીધો છે. જેમાં ૭૪ ભાગ્યશાળી માળવાળા છે ૧૦ થી ૨૦ વર્ષની ઉંમરવાળા ૨૦ બાલક-બાલિકાઓ ઉત્સાહપૂર્વક આરાધના પરિપૂર્ણ કરી રહ્યાં છે.

આજ પરિવારના અ. સૌ. ઉગમાદેવી તેમજ સુપુત્ર ચિ. સુનીલકુમાર, ભત્રીજા કુમારપાળ જૈન, ભત્રીજી શોભા બોરા, સંગીતા બોરા, અનિતા બોરા, અ. સૌ. મનોરમા ચોરડીયા પણ આ મંગલ ઉપધાનતપની આરાધના આરાધી રહ્યા છે.

આ પરિવારના અ. સૌ. ઉગમાદેવીના ૯ ઉપવાસ, જ્ઞાનપંચમી સમોવસરણ તપ, સુપુત્રી કુ. મીનાક્ષીબેનના સમોવસરણ તપ તેમજ અ. સૌ. વિજયપ્રભા મુથા અને સમસ્ત પરિવારના તીર્થ-યાત્રા આદિના ઉપલક્ષમાં અને શ્રી ઉપધાનતપ મોક્ષ માળારોપણ તેમજ ઉદ્યાપન નિમિત્તે શાંતિસ્નાત્ર સહ પંચાન્હિકા મહોત્સવ ઉજવાઇ રહ્યો છે.

તા. ૨૬ નવે.ના નવગ્રહાદીપૂજન, સ્નાત્રપૂજા અને પ્રભુજીની પ્રતિદિન અંગરચના થયેલ. તા. ૨૭ના નવગ્રહાદીપૂજા અને સ્નાત્રપૂજામાં વિધિવિધાન માટે શ્રી મનોજભાઇ હરણ સિરોહી-વાળા પધારેલ. તા. ૨૮ના પંચકલ્યાણકપૂજા અને પારણા થયેલ. સંગીતકાર ગોરધનભાઈ અને તેમની પાર્ટી સાદડીવાળા પધારેલ. તા. ૨૯ના શાંતિસ્નાત્ર મહાપૂજન થયેલ જેમાં જાલના, ઔરંગા-બાદ, લોણારની સંગીત મંડળીઓ પધારેલ. તા. ૨૯ના ભવ્ય માળા અને જળયાત્રાનો ભવ્ય વરઘોડો ચઢેલ. માળાના ચઢાવાની બોલીઓ અને સ્વામિ વાત્સલ્ય રાખવામાં આવેલ. તા. ૧-૧૨-૮૯ના માળારોપણ વિધિનો શુભારંભ સવારે ૮ વાગે, બપોરના સકલ શ્રીસંઘની નવકારશી બજરંગ દાળ મીલમાં રાખવામાં આવેલ.

પૂ૦ આચાર્યશ્રીની શુભ નિશ્રામાં ઉપધાનતપ માળારોપણ નિમિત્તે ઉદ્યાપન મહોત્સવમાં ૨૭ છોડ ભરાવવાના લાભ નીચે મુજબના ૨૭ ભાગ્યશાળીઓએ લીધેલ. ૧ : સર્વશ્રી કચરૂલાલજી રૂપચંદજી બરલોટા ૨ : શ્રીમતી ઉગમબાઇ કચરૂલાલ બરલોટા, ૩ : સુનીલકુમાર કચરૂલાલ બરલોટા, ૪ : શ્રીમતી સુશીલાબાઇ શાંતિલાલ ચોરડીયા, ૫ : સંજયકુમાર, મનોજકુમાર, અ. સૌ, વિજયપ્રભાબાઇ, કુ. મીનાક્ષી, આકાશચંદ બરલોટા પરિવાર ૬ : અ સૌ. સરલાબાઈ ઇંદરચંદજી છલ્લાણી, ૭ : શ્રીમતી ચંપાબાઈ શંકરલાલજી મોદી, ૮ : અ. સૌ. ચંદનબેન માણેકજી મોહતા, ૯ : શ્રીમતી ગેંદાબાઈ સુભાષચંદજી ચંડાલિયા, ૧૦ : શ્રીમતી બદામબાઈ કપૂરચંદજી મુથા, ૧૧ : અ. સૌ. ગુલાબબાઈ રતન-લાલજી આબડ (કોલારવાળા) ૧૨ : શ્રીમતી ગુણવંતીબેન સાકર-ચંદ શાહ ૧૩ : અ સૌ. વનિતાબેન લક્ષ્મીચંદ શેઠ ૧૪ : અ. સૌ. વસંતાબાઇ માનરાજજી સિંઘવી ૧૫ : કુ. શર્મિલા એ શાહ, કુ રેશ્મા બી. શાહ, કુ. સંગીતા આર શાહ બાલાપુરવાળા, ૧૬ અ સૌ વિદ્યાબાઇ સરદારમલજી બનવટ, અ. સૌ. પદ્મા-બાઈ શાંતિલાલ બનવટ, ૧૭ : કુ. ચંદા જે. ડુંગરવાલ, અ. સૌ. પ્રિયાબેન આઈ. શાહ, અ.સૌ. કાંતાબેન શીવજીભાઇ. શ્રીમતી આસબાઇ ટી. શાહ, ૧૮ : અ.સૌ. ફૂલકુંવરબાઇ ગો. બિનાયકીયા અરૂણાબાઈ નાહર, આશાબાઇ શ્રીશ્રીમાલ, નિર્મલાબાઇ કાટેચા, શકુંતલા ઓસ્તવાલ, ૧૯ : સૂરજમલજી મૂલચંદજી ગેલડા, ૨૦ : નિલેશકુમાર એમ. કુચેરીયા, ૨૧ : ચંદાબાઈ કે. કુચેરીયા, ૨૨ રમીલાબાઈ આર. છાજેડ, ૨૩ : મનોરમાબાઇ એસ ચોરડિયા ૨૪ : આનંદીબાઇ એમ. ગાદીયા-ઓરંગાબાદવાળા, ૨૫ : અરૂણા-બેન હસમુખભાઈ શાહ, ૨૬ : પદ્માદેવી વિનયકુમાર આબડ અને ૨૭ : અભયકુમાર પ્રકાશચંદ્ર મહેતાએ લીધેલ.

આમ પૂજ્ય આચાર્યશ્રીની શુભ નિશ્રામાં આ મહામૂલો અવસર આનંદ-ઉષ્મા અને ધર્મમય વાતાવરણ વચ્ચે ઉજવાયો.

આનંદપુર-કાલુ (રાજ.)માં પ્રતિષ્ઠા મહોત્સવ

જૈનધર્મ દિવાકર પુજ્ય આચાર્યભગવંત શ્રીમદ્ વિજયસુશીલ સૂરીશ્વરજી મ૦સા૦ની શુભ નિશ્રામાં અને શ્રી ઓસવાલ જૈન સકલ સંઘના આયોજન દ્વારા અત્રે શ્રી આદિનાથ જૈન મંદિરની મહામંગલકારી પ્રતિષ્ઠા નિમિત્તે શ્રીસિદ્ધચક્ર મહાપુજન, શ્રી બૃહદ્ અષ્ટોતરી શાંતિસ્નાત્ર, મહાપુજાયુક્ત જિનેન્દ્રભક્તિ સ્વરૂપ અષ્ટા-ન્હિકા મહોત્સવ તા. ૬/૧૨/૮૯થી તા. ૧૩/૧૨/૮૯ ઉજવાય છે.

પારકા દોષો જોશો નહિ પોતાના દોષ જણાય, પોતાની ભૂલો સમજાય તો માનજો કે પ્રભુકૃપા થઇ.

શ્રીમતી અંજલિ બી. ભીમાણીના ચિત્રોનું પ્રદર્શન

ભારત જૈન મહામંડળ ભાવનગર શાખાના અધ્યક્ષ ડૉ. ભરતભાઇ ભીમાણીના ધર્મપત્ની શ્રીમતી અંજલિબેન ભીમાણીના ચાલીશ નાના-મોટા વોટર કલરના ચિત્રોનું એક પ્રદર્શન મુંબઇમાં ભુલાભાઈ દેસાઇ રોડ સ્થિત સોફિયા કોલેજની આર્ટ ગેલેરીમાં તા. ૮ અને ૯ ડીસેમ્બર શુક્રવાર અને શનિવારના સવારના ૧૦ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધીનું આયોજન કરવામાં આવેલ છે.

શ્રીમતી અંજલિબહેને ચિત્રકળા દ્વારા ત્રણ રાષ્ટ્રીય પુરસ્કાર મેળવ્યા છે મુંબઇમાં બી. એ. તેમજ પત્રકારિત્વનો કોર્સ કર્યા બાદ સ્વપ્રેરણાથી ચિત્રકળામાં વિશેષરૂપે સૌરાષ્ટ્રની લોકકલા શૈલીમાં પોતાની નીજી શૈલી તેમણે વિકસીત કરી છે. પરંપરાગત લોકકલામાં પોતાની સૂઝબુઝ અને કલાત્મક દૃષ્ટિ દ્વારા તેજસ્વી રંગો દ્વારા તેમણે ચિત્રોને જીવન જેવું બનાવી દીધું છે. મુંબઇ સ્થિત જૈન ભાઈ-બહેનોએ આ ચિત્ર પ્રદર્શન અવશ્ય જોવું જોઇએ.

જયપુર (રાજ.)માં પુણ્યતિથિ સમારોહ-ઉજવણી

પૂ૦ આચાર્યશ્રી જિનકાંતિસાગરસૂરીશ્વરજી મ૦સા૦ના પ્રધાન શિષ્ય પુજ્ય ગણિવર્યશ્રી મણિપ્રભસાગરજી મ૦સા૦ આદિ તેમજ પુ૦ પ્રવર્તિની સાધ્વીશ્રી સજ્જનશ્રીજી મ૦ આદિની સાંનિધ્યમાં પુ૦ આચાર્યશ્રી જિનકાંતિસાગરસૂરીશ્વરજી મ૦ સા૦ ની ચતુર્થ પુણ્યતિથિ સમારોહની ઉજવણી ગત તા. ૧૮/૧૧/૮૯ના કરવામાં આવેલ. આ ગુણાનુવાદ સભામાં અધ્યક્ષ તરીકે શ્રી ડી. આર. મહેતા (સહસચીવ, કેન્દ્રીય સચિવાલય-દિલ્લી) પધાર્યા હતા.

વડોદરાથી પાવાગઢનો છ'રીપાલિત યાત્રાસંઘ

પુ૦ સ્વ. ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ૦ સા૦ના શિષ્યરત્ન પુ૦ મુનિરાજશ્રી ન્યાયવર્ધનસાગરજી આદિ તથા સાધ્વીશ્રી ચંદ્રયશાશ્રીજી આદિની શુભ નિશ્રામાં તા. ૨૯/૧૧/૮૯ના વડોદરાથી પાવાગઢ મહાતીર્થનો છ'રીપાલિત યાત્રા સંઘે પ્રયાણ કર્યું છે. ગત તા. ૨/૧૨/૮૯ ના આ સંઘ પાવાગઢ મુકામે પહોંચ્યો છે.

પિન્ડવાડાથી શંખેશ્વર છ'રીપાલિત યાત્રાસંઘ

યુવાજાગૃતિ પ્રેરક પુ૦ આચાર્યદેવશ્રી વિજયગુણરત્નસૂરીશ્વરજી મ૦ સા૦, મુનિ ભગવંતો તથા સાધ્વીશ્રી રેખાશ્રીજી મ૦આદિની શુભ નિશ્રામાં પિન્ડવાડાથી શંખેશ્વરજી મહાતીર્થનો છ'રીપાલિત યાત્રા સંઘે તા. ૨૬-૧૧-૮૯થી પ્રયાણ કરેલ છે. આગામી તા. ૧૨-૧૨-૮૯ના આ સંઘ શંખેશ્વરજી તીર્થે પહોંચશે. જ્યાં માળારોપણ વિધિ થનાર છે.

પૂ૦ ગુરુભગવંતો અને સાધ્વીજી મહારાજોને વિનંતી

આપશ્રીને ગત ચાતુર્માસ દરમ્યાન નિયમીત મોકલતું 'જૈન' પત્ર હવે ચાતુર્માસ પુર્ણ થતાં અને વિહાર કાર્યક્રમો શરૂ થતાં ક્યાં સરનામે મોકલવું તે અંગે દ્વિધા રહે છે. તો પુજ્ય સાધુ-સાધ્વી ભગવંતોને નમ્ર વિનંતી કે આપનું બાકીના આઠ માસનું કાયમી સરનામું અથવા વિહારના નિયમીત સરનામાની જાણ કરવા કૃપા કરે. જેથી "જૈન" પત્ર નિયમીતરૂપે મોકલવામાં સરળતા રહે. (ગ્રાહક નંબર લખવો અત્યંત જરૂરી છે.)

—વ્યવસ્થાપક "જૈન"

જૈસલમેર પંચતીર્થીની યાત્રાર્થે પધારો

પશ્ચિમી રાજસ્થાનમાં આવેલ જૈસલમેર પંચતીર્થી પોતાની પ્રાચીનતા, કલાત્મકતા અને ભવ્યતા માટે જગપ્રસિદ્ધ છે. જૈસલમેર પંચતીર્થીના અન્તર્ગત જૈસલમેર દુર્ગ, અમરસાગર, લૌદ્રવપુર, બ્રહ્મસર અને પોકરણ સ્થિત જિનાલયોમાં બધા મળી ૬૬૦૦થી વધુ જિનપ્રતિમાજીઓ બિરાજમાન છે.

જૈસલમેરની વિખ્યાત વિશેષતાઓ : (૧) ભવ્ય, કલાત્મક અને પ્રાચિન જિનાલયો. પન્ના અને સ્ફટિકની પ્રતિમાઓ. (૨) ખરતરગચ્છીય શ્રી જિનભદ્રસુરિ જ્ઞાનભંડારમાં સંગ્રહિત તાડપત્રીય અને હસ્તલિખિત ગ્રંથો. (૩) દાદાગુરુદેવ શ્રીજિનદત્તસુરિજી મહારાજની ૮૩૦ વર્ષ પ્રાચીન ચાદર અને ચોલપટ્ટા, જે તેઓના અગ્નિસંસ્કાર પછી પણ સુરક્ષિત રહ્યા છે. (૪) અનેક દાદાવાડી, ઉપાશ્રય, અધિષ્ઠાયક દેવસ્થાન અને પટુઆ શેઠોની કલાત્મક હવેલીઓ. (૫) લૌદ્રવપુરના ચમત્કારીક અધિષ્ઠાયકદેવ જેમના દર્શન ભાગ્યશાળીઓને અવારનવાર પ્રાપ્ત થાય છે.

આવાસ પ્રબંધ : યાત્રિકો અને શ્રીસંઘોને ઉતરવા ઉચિત પ્રબંધ છે. મરુભુમિમાં હોવા છતાં પાણી અને વિજળીની પુરી વ્યવસ્થા છે. દાનવીરોના સહયોગથી ભોજનશાળા ચાલુ છે.

યાતાયાતના સાધન : જૈસલમેર આવવા માટે જોધપુર મુખ્ય-કેન્દ્ર છે. તે ભારતના જુદા જુદા માર્ગોથી યાતાયાતના સાધનોથી જોડાયેલ છે. જોધપુરથી દિવસમાં એકવાર બસ અને રાત્રે ને સવારે બે વાર ટ્રેઈન જૈસલમેર આવે છે. આ ઉપરાંત જયપુર અને બીકાનેરથી પણ સીધી બસો જૈસલમેર આવે છે.

જૈસલમેર પંચતીર્થીનાં દુર્ગ તથા અમરસાગર સ્થિત જિન-મંદિરોના જીર્ણોદ્ધારનું કામ ચાલુ છે.

શ્રી જૈસલમેર લોદ્રવપુર પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર ટ્રસ્ટ
જૈસલમેર-૩૪૫૦૦૧ (રાજસ્થાન)
ગ્રામ : જૈન ટ્રસ્ટ ફોન ૨૩૩૦/૨૪૦૪

સુવિહીત શિરોમણી પરમયોગી આગમ–વિશારદ પંન્યાસપ્રવર ગુરુદેવશ્રી અભયસાગરજી મ૦ના અલૌકિક જીવનકવનનું રસપાન કરાવતી ને શ્રમણત્વ પ્રત્યે શ્રદ્ધા પ્રગટાવતી 'જૈન' પત્રના વાચકો–ગ્રાહકો–ગ્રાહકોના જીવનને રાહબર બને તેવી જીવનકથા, જીવનપ્રસંગો...

પૂજ્ય પંન્યાસ શ્રી અશોકસાગરજી મહારાજ સાહેબની પ્રેરણાથી...આલેખક : ગણી હેમચંદ્રસાગરજી

પરમયોગી આગમવિશારદ પૂજય ગુરુદેવશ્રી....

બાળ અમૃતે આમ કહ્યું એટલે પૂજ્યશ્રી આ બાળક તરફ આકર્ષાયા અને રૂડા રૂપાળા ને સુલક્ષણા આ બાળકને એક જ નજરે નિહાળી એનો હાથ પકડી પોતાની પાસે ખેંચ્યો....

જરાય હિંચક કે મૂંઝવણ વિના બાળક પૂજ્યશ્રીની પાસે આવ્યો અને સીધો જ બેસી ગયો ખોળામાં ...ને પૂજ્યશ્રીની દાઢી પંપાળતો એ બોલ્યો....!

"મા'રાજ! મને દીક્ષા આપો ને... મારે આવો ઓઘો જોઈએ....! મારે ઓઘો લઈને નાચવું છે....! હે મા'રાજ! મારાથી દીક્ષા ના લેવાય?"

ને... જવાબમાં બાળકની હડપચી હાથમાં લઈ પૂજ્યશ્રીએ જણાવ્યું...

"બેટા! એ કેમ લેવાય? જરૂર લેવાય.... પેલા વજ્રસ્વામી અને હેમચંદ્રાચાર્ય તો તારા કરતાંય નાના હતા. એમણે દીક્ષા લીધી તો તારાથી કેમ ના લેવાય? પણ તને ખબર છે?"

"શું?"

"દીક્ષા... લીધા પછી તારાથી ગાડીમાં નહિ બેસાય.... ગમે ત્યાં જવું હોય તો ય ઉઘાડા પગે જ ચાલવું પડે અને આ બધા વાળને ખેંચીને તોડવા પડે. બોલ કરીશ?"

"તમે બધાં ય એવું કરો છો?"

"હા; અમે બધા ય"

"તો.... હું ય કરીશ... તમે કરો તો હું કેમ ન કરું! હું ય કરીશ... હવે તો આપશો ને દીક્ષા?"

અને પુજ્યશ્રીએ બાળકને માપી લીધો...અને કહ્યુ....

'જા....તારા બાપા મ'રાજને તેડી લાવ!'

અને અમૃત દોડતો ગયો મુનિ ધર્મસાગરજી પાસે અને પકડીને લઈ આવ્યો પુજ્યશ્રી પાસે....!પુજ્યશ્રી ધર્મસાગરજીનેકહ્યુ.

"આ છોકરો શું કહે છે? કયારનો ય દીક્ષા દીક્ષા કહ્યા કરે છે અને છોકરો છે તો બડો સુલક્ષણો. તો તમારો અને એની બાનો શું વિચાર છે?"

અમૃત સામે જોઈને ધર્મસાગરજી સહેજ હસ્યા અને બોલ્યા. 'સાહેબ! મેં તો નક્કી કરીને જ દીક્ષા લીધી છે. કે આખા પરિવારને આ માર્ગ દેવો અને એ માટે એની બાએ પણ મંજૂરી આપી જ દીધી છે. એટલે આને દીક્ષા તો આપવાની જ છે. પણ હજી એની ઉંમર....?'

'કેમ કેટલી થઈ?'

'હજી તો સાડા છ વર્ષનો જ છે!'

'તો વાંધો શું છે? દીક્ષા આપવામાં શું નડે છે?'

'મારે તો સાહેબજી કશું ય નડતું નથી. શાસ્ત્રની આજ્ઞા હોય અને આપશ્રીની મરજી હોય ત્યારે હું તો રજી છું... બોલાવો એની બાને અને કરો નક્કી....'

મણીબહેન આવ્યા.... વિચારવિમર્શ થયા.... પોતાના એકના એક ને કાળજાની કોર જેવા માસૂમ દીકરાને દેવાની વાત થતાં શરૂમાં તો કંઈ બોલી જ ન શકયાં... રોકવા છતાં રોકાયાં નહિ ને આંખથી આંસુ ટપક ટપક થવાં લાગ્યા...ને પોતાને હાથે પાલવમાં ઝીલી રહ્યાં.

પરંતુ પુ૦ આગમોદ્ધારકશ્રીની પ્રેરણા અને મુનિશ્રી ધર્મસાગરજીની સમજાવટથી મણીબેને સંમતિ આપી. અને નક્કી કર્યું કે શંખેશ્વર દાદાની દીક્ષાતિથિ એ જ અમૃતની દીક્ષાતિથિ.

વાત થોડી ફેલાણી ને બાળદીક્ષા વિરોધનું વાવાઝોડુ ઊમટી આવ્યું પણ સિંહ છાતી પુજ્ય આગમોદ્ધારકશ્રી એમ મચક આપે એ વાતમાં શો માલ?

કરી તૈયારી ને પહોંચ્યા દરબારમાં દાદા શંખેશ્વરના....

જાણે સંસાર–સાગરને તારનારાં બે વ જહાજોનો ભેટો થયો.

અમૃતનો અરૂણોદય

જિનપ્રતિમા....દાદા શંખેશ્વરની.

જિનઆગમ પુ. આગમોદ્ધારકશ્રી સ્વયં.

પુજયશ્રી સાથે પુ૦ મુનિશ્રી ચન્દ્રસાગરજી મ૦, ધર્મસાગરજી મ૦ બાલમુનિ પુ૦ મહોદયસાગરજી મ૦ અને તે સિવાય બીજા થોડા મુનિરાજો....થોડા સાધ્વી મહારાજ થોડા શ્રાવકો અને મણીબહેન વગેરે થોડી શ્રાવિકાઓ...

ચતુર્વિધ–સંઘની હાજરીમાં દીક્ષા વિધિ આરંભાઈ.

પેલા નાનકડા અમૃતને તો મઝા આવી ગઈ, એ તો મરક મરક મરકયા કરતો ને હોંશે હોંશે ક્રિયા કરતો....

અને જ્યાં પુજયશ્રીએ અમૃતના હાથમાં ઓઘો દીધે ...ત્યારે તો

અમૃત જે નાચ્યો છે જે નાચ્યો છે પેટ ભરીને નાચ્યો.... એની તો કેટલાય વખતથી હોંશ હતી ને નાચવાની !

એ ટાણે તો સૈકાઓ પુરાણી વજસ્વામીની ઘટના જાણે આંખ સામે આવી ગઈ ઊભેલા સૌની આંખે ઝળઝળિયા આવી ગયાં...

ઓઘો તો દીધો પણ હવે વાળ કપાવવા હજામ કયાંથી લાવવો...?

બહાર તો જવાય એમ ન'તું ! ત્યાં તો તોફાનનું તુમુલ જામ્યું હતું....

પુજ્યશ્રીએ આદેશ કર્યો અને શ્રી ચન્દ્રસાગરજીએ પોતાની પાસે રહેલી કાતર કાઢી અને પોતાના હાથે અમૃતનું મુંડન કર્યું.

શાબાશ અમૃત ! દીક્ષાનું પહેલું જ મુંડન દાદા ગુરુદેવના હાથે પામી તે કેવું ઊંચું નસીબ મારી લીધું ?

ચમકતું ભાલ મુંડાએલી ટાલથી એકદમ ચમકવા લાગ્યું અને ગોળ-મટોળ મોઢું લાડવા જેવું મીઠું મધુરું ભાસવા લાગ્યું.

દીક્ષા વિધિના અન્તે અમૃતને નામ અપાયું.

મુનિશ્રી ધર્મસાગરજીના શિષ્ય બાળમુનિ અરૂણોદયસાગરજી !

સં. ૧૯૮૮ની માગશર વદી અગિયારસ સાચે જ સરસ રીતે દીપી ઊઠી.

સાધુવેષમાં શોભતા અત્યંત નાનકડા આ બાળમુનિ ખરેખર આંખમાં વસી રહ્યા હતા... આગળ જતાં એમણે સૌના હૃદયમાં વસવાનું હતું ને ?

નાની-ઉમરથી કાયા પર નાના-નાના કપડાનો હાથમાં નાનકડો ઓઘો દેખે એને ગમી જાય. એવા આ બાળમુનિ મસ્તીથી ચારિત્ર આરાધના લાગ્યા....

મુનિશ્રી ધર્મસાગરજી મ૦ અને સુશ્રાવિકા મણીબહેનના હૈયે ભરે ધરપત વળી.

'આહ ! કેવા ભાગ્યોદય ! શાસનના શરણે બબ્બે દીવડા ઘરવાનો કેવો અમૂલો લહાવો લાધ્યો.

દીક્ષા થઈ ગઇ.... અવસર આવતાં હવે એની વડીદીક્ષાની તૈયારી થઈ. નાના ઊંમર છતાં ઉલ્લાસભેર માંડલીના જોગ કર્યા અને અમદાવાદમાં વિદ્યાશાળાના વિશાલ ખંડમાં પૂ૦ આચાર્યદેવ શ્રી મેઘસૂરિ મ૦ના વરદહસ્તે સં. ૧૯૮૯ના ફાગણ વદી ૫ ના દિવસે વડીદીક્ષા થઇ. પણ આ ટાણે બાળમુનિનું નામ બદલાઈ ગયું....

(ક્રમશઃ)

દીવાદાંડીના અજવાળા

[પૂજ્યશ્રીના હિતકર વચનો]

કેટલીક વાર ખોટી દલીલો કરતાં પ્રસંગોચિત મૌન દુશ્મનના હૃદયમાં પણ સારૂં પરિવર્તન કરી શકે છે.

પરમ પૂજ્ય પંન્યાસજીના જીવનમાં બનેલ પ્રસંગને આપણે અદ્‌ભુત ચમત્કારથી વિશેષ કશું કહી નહિ શકીયે....

પ્રસંગ બે...

સં. ૨૦૨૪ ના ભાદરવા મહિનાની વાત....

ચાણસ્માથી વહાવલિ ગામ સાવ જ નજીક, ત્યાં મહોત્સવ જેવું હતું એ પ્રસંગે અમો ત્રણે ય ભાઇ પૂજ્યશ્રીની સાથે વહાવલિ જવા નીકળ્યા.... સાંજના નીકળ્યા. બે-ત્રણ કિલોમીટર પહોંચ્યા અને પૂજ્યશ્રીને સખત ગરમી લાગી ગઇ...! રસ્તા પર એક નાની સરખી મઢુલી હતી ત્યાં છેલ્લું પાણી ચૂકવવા પહોંચ્યા... અને પૂજ્યશ્રી જ્યાં બેઠા કે તુર્ત જ ઢળી પડયા અમો ગભરાયા...

પૂજ્યશ્રીને બેઠા કરવા અને પાણી વપરાવવા કોશિશ કરી... કેમકે સૂર્ય ઢળી રહ્યો હતો. પાણીનો ટાઇમ થઈ જવા આવ્યો હતો અને પૂજ્યશ્રીને તૃષા તો ઘણી જ લાગેલી. ઘણી મહેનત છતાં ન તો ગુરુદેવશ્રીએ આંખ ખોલી....ન મોઢું ખોલ્યું ને ન ભાન બતાવ્યું.

અમો ખરેખરા ગભરાયા ગમે તેમ કરી ચાણસ્મા સમાચાર પહોંચાડયા. સમાચાર પહોંચતાં જ પુજ્યશ્રીની પાછળ ગાંડું ઘેલું આખું જ ચાણસ્મા જ સમજો હાજર થઇ ગયું....ખાટલામાં પુજ્યશ્રીને સુવાડી ઊંચકી ચાણસ્મા લાવ્યા. જયશ્રી ભાનમાં આવ્યા પણ મોઢું સાવ જ બંધ હતું. દાંત જાણે ઉપર-નીચે ચોંટી ગએલા. છતાં દવા ન જ લીધી અને ત્રણ દિવસે પાછા યથાવત્ બની ગયા.

શ્રી આગમોદ્ધારક પ્રતિષ્ઠાનના પ્રકાશનો

* વિરાગના દર્પણમાં * અષ્ટાન્હિકા વ્યાખ્યાન સંસ્કૃત * અષ્ટાન્હિકા વ્યાખ્યાન * વીર અચલકુમાર * ઉગતા સૂરજ ઘુંધલા પ્રકાશ (હિંદી) * પરમાર્હત કુમારપાળ (હિંદી) * કયુંકર ભકિત કરું ? * ગાવું તારા ગીત * પ્રાણ જાય અરુ વચન ન જાઇ * પૂજ્ય ગુરુદેવ શ્રી * સુવાકયોના સુંદર પર્દાઓનો સેટ * નવકારના ધ્યાન માટેના સુંદર નાના પટો.

રૂપિયા ૫૦૧/- ભરી આપ પણ પ્રતિષ્ઠાનના સદસ્ય બની જાવ અને ઘરે બેઠા પુસ્તકો પ્રાપ્ત કરો...

શ્રી આગમોદ્ધારક પ્રતિષ્ઠાન

(જિ. વડોદરા-ગુજરાત) મુ. પો. છાણી—૩૯૧૭૪૦

શ્રી મુક્તિ કમલ-કેસર ચંદ્રસૂરીશ્વરજી જૈન વિદ્યાપીઠ ટ્રસ્ટ, મુક્તિધામ

ગાંધીનગર, હાઇવે રોડ, મુ. થલતેજ, અમદાવાદ-૩૮૦૦૫૪. ફોન : ૪૯ ૧૯ ૮૩

મુક્તિધામ— મહાન પુણ્યના ઉદયે મળેલી લક્ષ્મીનો સન્માર્ગે વાપરવાનો અમુલ્ય અવસર

સહર્ષ જણાવવાનું કે સૌરાષ્ટ્ર કેસરી પૂ૦આ૦ભ૦શ્રી વિજયભુવનરત્નસૂરીશ્વરજી મહારાજની શુભ પ્રેરણા અને આશિષથી "મુક્તિધામ" સંસ્થા સાકાર પામેલ છે. જે અમદાવાદ શહેરથી ૬ કી.મી. દૂર ગાંધીનગર હાઇવે રોડ, થલતેજ, ચાર રસ્તા પાસે આવેલ છે. પૂજ્યશ્રીના શિષ્યરત્ન સરળ સ્વભાવી મધુરવક્તા ૫૦ પૂ૦ પંન્યાસ પ્રવર શ્રી યશોવિજયજી મ૦ સા૦ ની નિશ્રામાં સંસ્થાના દરેક કાર્યો ચાલી રહ્યા છે

પૂજ્યશ્રીના અંતરમાં વર્ષોથી ભાવના હતી કે જિનશાસનને પામેલા બાળકમાં વ્યવહારિક જ્ઞાન સાથે સમ્યગ્જ્ઞાનનું સિંચન પણ થવું જોઇએ. આ માટે તેમણે ઉપરોક્ત જૈન વિદ્યાપીઠનું નિર્માણ કર્યું. તે માટે ચાર (બત્રીસ ઓરડા)માળનું વિદ્યાર્થીગૃહ હોસ્ટેલનું મકાન પણ તૈયાર થયું છે. અહીં લગભગ ૨૦૦ જૈન વિદ્યાર્થીઓનો સમાવેશ કરવાની ધારણા છે. તેમના રહેવા, ખાધાખોરાકી, અભ્યાસ, સ્કુલબસ, ધાર્મીક શીક્ષણ, મેડીકલ નિભાવ વગેરેનો સંપૂર્ણ ખર્ચ સંસ્થા કરશે. ઉપરાંત જૈન સાહિત્યની વિશિષ્ટ લાયબ્રેરી પણ સાથે ઉભી કરવાની ભાવના છે. આમ બાળકોને સંપુર્ણ રીતે વિના મુલ્યે ભણાવવાનો ઉદ્દેશ છે.

સાથે જ ભવ્ય જિનમંદિર, ગુરુમંદિર, ભોજનશાળા, ધર્મશાળા, ઉપાશ્રય વગેરે પણ તૈયાર થઈ ગયા છે. આ ઉપરાંત ખુલ્લી વિશાળ જગ્યામાં ઉદ્યાન પણ તૈયાર કરવામાં આવશે, આપશ્રીને પ્રત્યક્ષ આ સંસ્થા જોવાનું આમંત્રણ છે. જે જોઇને આપને આનંદ સંતોષ થશે. આશા છે ભવિષ્યમાં મુક્તિધામ એક જ્ઞાન અને ધર્મનું તીર્થ બની રહેશે.

—: આયોજનના મુખ્ય હેતુઓ જ્ઞાનદાન—ટીકીટ ને ડ્રો :—

(અ) જૈન કુટુંબોમાં જૈન ધર્મના સંસ્કારો સિંચવા તેમજ ધર્મક્રિયાઓની આરાધના આચાર સંહિતા અને શાસ્ત્ર પરંપરા મુજબ થાય તે માટે વિદ્યાર્થીઓ તૈયાર કરવા

(બ) વિદ્યાર્થીઓને સુંદર ધાર્મિક વાતાવરણમાં એસ. એસ. સી. સુધીના અભ્યાસની સગવડ આપવી.

(ક) વિદ્યાર્થીઓ જ્યાં સ્થિર થાય ત્યાં જૈન ધર્મનો પ્રચાર અને સંસ્કાર સિંચન કરે તે રીતે તેમને ટ્રેઈનીંગ આપવી. ધર્મના પ્રચારાર્થે પરદેશ જવા માટેની ઉત્તમ ટ્રેઈનીંગ પણ આપવાના પ્રયત્નો થશે.

આપશ્રી આ જ્ઞાનદાનનો નીચેની યોજનામાંથી ભાગ લઇ શકશો. રૂા. ૧૫,૦૦૦/- વિદ્યાપીઠમાં કાયમી એક વિદ્યાર્થીને ભણાવવાના સહાયક તરીકે, રૂા. ૨,૫૦૦/- એક વર્ષના વિદ્યાર્થીને સહાય થવાના ખર્ચના, રૂા. ૧,૧૧૧/- વિદ્યાર્થી માટે પલંગ, રૂા. ૫૦૧/- ટેબલ ખુરશીના.

આ કાર્ય માટે સગવડો ઉભી કરવા તેમજ આગળ ધપાવવા એક ભંડોળ ઉભું કરવાનું છે. તે માટેના સંસ્થાના મકાનનું ઉદ્ઘાટન વિધી પણ બાકી છે. આ ભંડોળ માટે રૂા. ૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પુરા)ની ડોનેશનની ટીકીટ રાખી છે. તેમજ આ ટ્રસ્ટ રજીસ્ટર્ડ છે. આ ટીકીટોનું વેચાણ પુરું થયે તેનો ડ્રો કરવામાં આવશે. જેનો નીચે મુજબ લાભ મળશે.

(૧) પ્રથમ ટીકીટના ભાગ્યશાળીનું નામ વિદ્યાપીઠના વિદ્યાર્થીગૃહના મુખ્ય દ્વાર પર આરસમાં કોતરવામાં આવશે.

(૨) બીજો લકી નંબર આવે તેનું નામ "આરામગૃહના હોલ ઉપર લખાશે."

(૩) ત્રીજો લકી નંબર આવે તેનું નામ "આરામગૃહના હોલની અંદર લખાશે."

બાકી સર્વેના નામ ગ્રુપમાં આરસમાં યોગ્ય જગ્યાએ કોતરાશે. ખરેખર આવા મહાન વિદ્યાદાન તેમજ જૈન ધર્મના શિક્ષણ દાનના આ પુણ્ય કાર્યમાં આપ નિઃસંકોચ આપનું યોગદાન નોંધાવશો. આ કાર્ય સત્વરે પૂર્ણ કરવાનું છે તેથી આપના ત્વરીત સહકારની અપેક્ષા છે. આભાર

લિ : શ્રી મુક્તિ કમલ-કેશર ચંદ્રસૂરીશ્વરજી જૈન વિદ્યાપીઠ ટ્રસ્ટના ટ્રસ્ટીગણના જયજિનેન્દ્ર

જયંતીલાલ એમ. બગડીયા, નવીનચંદ્ર બી. ઢીંઓરા, ટોકરશી દામજી શાહ

તા. ક. : પૂજ્ય પંન્યાસ પ્રવર શ્રી યશોવિજયજી મ૦સા૦ હાલ આચાર્યપદ પ્રદાન અંગે સ્થિરતા મુંબઇ-૩ થંના સમાજ ખાતે શ્રી ચંદ્રપ્રભુસ્વામી જૈન દહેરાસર-ઉપાશ્રયમાં બિરાજમાન છે.

ROed G. BV. No. 29
JAIN OFFICE : P. Box No. 175
BHAVNAGAR-364001 (Gujarat)
Tele O. C/o. 29919 R. C/o. 25886

જૈન

સ્વ. તંત્રી : ગુલાબચંદ દેવચંદ શેઠ
તંત્રી-મુદ્રક-પ્રકાશક-માલીક :
મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
જૈન ઓફિસ, પે. બો. ૧૭૫, દાણાપીઠ, ભાવનગર.

'જૈન' વર્ષ ૮૬
અંક-૪૭

વિર સં. ૨૫૧૬ : વિ સં. ૨૦૪૬ માગશર વદ ૩
તા. ૧૫ ડીસેમ્બર ૧૯૮૯ શુક્રવાર
મુદ્રણ સ્થાન : શ્રી જૈન પ્રિન્ટરી
દાણાપીઠ પાછળ, ભાવનગર-૩૬૪૦૦૧.

ચતુર્વિધ સંઘ-સંમેલન

જૈન ધર્મનુ અંતિમ ધ્યેય મોક્ષની પ્રાપ્તિ છે. ને તે માટે સમતા, સંયમ, અહિંસા, મૈત્રી, કરૂણા, અપરિગ્રહ અનેકાન્તવાદ જેવા મહામુલા સિદ્ધાંતો આપી વિશ્વમૈત્રી જીવન પ્રત્યેની વર્ણવાની જણાવેલ છે. જે આપણી પરંપરા અને ધર્મશાસ્ત્રોને આધારે પ્રતિત થાય છે.

વર્તમાનમાં કેટલાક વખતથી મન-ભેદ કે મત-ભેદના કારણે દેવ દ્રવ્ય, દીક્ષા, ક્રીયા ભેદ, તિથિ આરાધના, સાધારણખાતા આદિ અનેક પ્રશ્ને જુની પરંપરાને માનવા-મનાવવા કે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ અનુસાર વિચારકો દ્વારા અલગ અલગ માર્ગદર્શન મળતું હોય છે. તેથી વિખવાદ ને વિક્ષેપ વધતા જાય છે. અને ત્યારે સમવ ધર્મ પ્રમાણે જૈન ધર્મના આચરનારા નબળા, દુઃખી અને લાચાર વર્ગની ઊપેક્ષા-અવહેલના વધતી જાય છે. ત્યારે ચતુર્વિધ-સંઘના યોગ-ક્ષેમ માટે સર્વગ્રાહ્ય સમાધાન કે જે તે પ્રશ્નોના નિકાલની જરૂરીયાત સર્વત્ર વર્તાય છે.

આ દિશામાં છુટા-છવાયા નાના-નાના પ્રયત્નો થતા રહે છે, પણ તેમાં વિચારોની વિશાળતા કે શાસનની દાઝ જોવા-જાણવા મળતી નથી. આ માટે ભારત જૈન મહામંડળ, કોન્ફરન્સ કે મુનિ સંમેલનો દ્વારા કે પરિષદો દ્વારા જે પ્રયત્નો થયેલ છે તે મનભેદને ભેદી શકેલ નથી. મતભેદને વધારે વિકરાળ બનાવેલ છે. અને તેમાં થયેલા નિર્ણયોને કોઈએ વિરોધ કર્યો કે કોઇએ તેના અમલ માટેનો આગ્રહ સેવ્યો નથી તેથી જૈન ધર્મ દિન-પ્રતિદિન વામણો થતો જાય છે.

આવી કપરી પરિસ્થિતિમાં એકલું શ્રમણ સંમેલન અથવા એકલું શ્રાવક સંમેલન કંઇ પણ કરે તો તે સર્વગ્રાહ્ય કામ થાય તેમ નથી. માટે શ્વેતામ્બર મૂર્તિપૂજક ચતુર્વિધ સંઘ સંમેલન મળી દરેક પ્રશ્નો વિચાર-વિનીમય કરી નિર્ણય કરે તે ઇચ્છવા યોગ્ય છે.

વિચાર ભેદ તો હંમેશા જગતમાં કાયમ રહેવાના છે. તેથી જો પરસ્પર લડાઇ કરવામાં કે ઉતારી પાડવા ને તેણે કરેલ કાર્યનો વિરોધ કરવામાં આવે તો તે સમાજ-ધર્મ કદી પણ ટકી શકે નહી. તેમજ જગત માટે આદર્શ ધર્મ-આદર્શ શ્રમણનું અવમુલ્યન અને અધઃપતન આજે જે દેખાય છે તે ભવિષ્યમાં બીહામણું અને અસ્વિકૃત બની રહેશે. તેની આગમચેતી રૂપે પણ ચતુર્વિધ જૈન સંઘનું સંમેલન આવશ્યક છે. અને તેના નિર્ણયો ચતુર્વિધ સંઘના દરેક અંગોને સ્વિકાર્ય ને ફરજીયાત બની રહે તે જરૂરી છે.

આ માટે અનેકા અનેક પ્રશ્નો-પ્રતિપ્રશ્નો ઉદ્ભવે છે પણ આપણે જો આ સંમેલન મળે તેવું ઇચ્છતા હોઈએ તો તે દિશામાં સર્વે મુક્તમને વિચાર કરે, તેના પ્રત્યે શુભેચ્છા દાખવે. આ સંમેલન કોણ બોલાવે અને તેમાં બધા ભાગ લે તે વિચારવા જેવું છે. છતાં અમારા મત મુજબ અમદાવાદ તેની આગેવાની લે, અને તે આપણી અખીલ ભારતનું પ્રતિનિધિત્વ ધરાવતી

(અનુસંધાન પાના નં. ૪૫૨ ઉપર)

વાપીનગરે પરમ સૌમ્યમૂર્તિ પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રી વિજયદેવસૂરીશ્વરજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં ગણિશ્રી પુંડરીકવિજયજી મ૦ને પંન્યાસપદ પ્રદાન તથા –બે ગ્રંથરત્નોનો વિમોચન સમારોહ

પ્રસંગ તે અણધાર્યો જ ઉપસ્થિત થઈ ગયો પણ ઉજવાયો એવી રીતે કે જાણે કેટલાયે સમયની પૂર્વ તૈયારી હોય. વાપીમાં ઉજવાયેલા આજ સુધીના અનેક સ્મરણીય પ્રસંગોમાં આ પ્રસંગથી એકનો ઉમેરો થયો.

દિવસ હતે માગ. સુદિ-૪ શનિવારનો. પ્રાતઃકાળથી જ વાપીનું હંમેશા શાંત રહેતું વાતાવરણ જાણે ધબકતુ થઇ ગયું હતું. રાતના સમયથી જ લોકોનો પ્રભાવ જાત જાતના વાહનો દ્વારા વાપીની બે ધર્મશાળા અને ઉપાશ્રય તરફથી વહી રહ્યો હતો વાપીના સ્થાનિક લોકોના હૈયે પણ કોઇ જુદા પ્રકારનો ઉત્સાહ હતો.

પૂજ્ય આચાર્ય મહારાજશ્રી આદિને વાપીનો સંઘ આગલા દિવસે જ સામૈયાપૂર્વક લઇ આવ્યો હતો. ચોથના દિવસે નવ વાગતાં તો ઉપાશ્રયના હોલમાં લોકસમૂહ ઉત્સુકતાથી જમા થઈ ગયો. નાણ સમક્ષ ક્રિયા શરૂ થઈ.

પુજ્ય આચાર્યશ્રી વિજયદેવસૂરીશ્વરજી મ૦, પુ૦ આચાર્ય શ્રી વિજયહેમચન્દ્રસૂરીશ્વરજી મ૦ શ્રી આદિ વિશાળ મુનિ પરિવાર પાટ ઉપર બિરાજમાન થયો. સાધ્વીવૃન્દ અને શ્રાવક–શ્રાવિકાના સમૂહથી ઉપાશ્રયનો વિશાળ હોલ ચિક્કાર થઇ ગયો મુનિશ્રી જયદર્શનવિજયજી આદિની હાજરી પણ ઊત્સાહવર્ધક બની. સૌ શાન્તચિત્તે અને સ્થિરનયને થતાં વિધિવિધાનને આતુરતાપૂર્વક નિહાળી રહ્યા હતા. દેવવન્દનની ક્રિયા પૂર્ણ થયા બાદ વર્ધમાનવધાનો પટ તથા કામળી વહોરાવવાનો ચઢાવો બોલાયો. પટ વહોરાવવાનો આદેશ વિલેપાર્લાવાળા શા. શાંતિચંદ બાબુભાઈ ઝવેરીએ અને કામળી વહોરાવવાનો આદેશ વિલેપાર્લાવાળા જ નરેશભાઈએ ઉદારતાથી લીધો. જનશાસનના જયનાદથી વાતાવરણ ગુંજી ઊઠયું. મુંબઈથી વિલેપાર્લા જૈન સંઘ, માટુંગા જૈન સંઘ, બોરીવલી જૈન સંઘના ભાઈ–બહેનો તથા દોલતનગર શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન દેરાસર પેઢીના ટ્રસ્ટીઓ વિગેરે તથા નૂતન પંન્યાસજીના સંસારી કુટુંબીઓ વગેરે ત્રણસો જેટલી સંખ્યામાં ઉપસ્થિત થયા હતા. ઉત્સાહભેર આ પ્રસંગે હાજરી આપી સૌએ પોતાની હાર્દિક ગુરૂભક્તિ વ્યક્ત કરી હતી

હોંશે હોંશે સૌએ વાસચૂર્ણમિશ્રિત અક્ષતોથી વધાવ્યા, પટ વહોરાવવાની ક્રિયા થઇ. ગુરુમહારાજે જમણા કાનમાં મંત્ર સંભળાવ્યો અને પછી નામ સ્થાપન કરવામાં આવ્યું. 'પંન્યાસ પુંડરીકવિજયજી ગણિ' એ રીતે નામ ઉદ્‌ઘોષિત થયું. નૂતન પન્યાસશ્રીને સૌએ અક્ષતોથી પુનઃ વધાવ્યા.

બે ગ્રન્થોનુ વિમોચન :

ન્યાય વિશારદ ન્યાયાચાર્ય મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ કે જેઓ જૈન શાસનના પ્રકાંડ વિદ્વાન્-મહાન જ્યોતિર્ધર પુરુષ હતા. ૩૦૦ વર્ષ પહેલાં થયેલા આ મહાપુરુષે પોતાના આદર્શ જીવન અને કવનથી જૈનશાસનને દેદીપ્યમાન અને સમૃદ્ધ બનાવ્યું છે. તેઓએ રચેલ 'દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા' ગ્રન્થની પહેલી 'દાન દ્વાત્રિંશિકા' (સ્વોપજ્ઞ વૃત્તિ સહિત) ઉપર પૂજ્ય આ.શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજીએ સંસ્કૃતમાં પ્રભાવૃત્તિ તથા ગુજરાતી વિવેચન લખેલ છે. તેનું પ્રકાશન શ્રી માટુંગા જૈન શ્વે મૂ પૂ૦ તપગચ્છ સંઘના આર્થિક સહયોગથી શ્રી વિજય દેવસૂરિ જૈન ગ્રન્થમાળા તરફથી કરવામાં આવેલ છે તેનું વિમોચન આ પ્રસંગે પધારેલ માટુંગા જૈન સંઘના ટ્રસ્ટી શ્રી ઉમેદભાઇ અમૃતલાલના શુભહસ્તે કરવામાં આવ્યું. તથ 'મનવા! આતમ પંક પખાળો' નામનું પુસ્તક કે આ૦શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી વિરચિત अष्टादशपापस्थानकालोचना शतक।વિવેચન રૂપ છે જે ગણિશ્રી પુંડરીકવિજયજીએ તૈયાર કરેલ છે અને શેઠ કાંતિલાલ લાલચંદ દિહોરવાળાના આર્થિક સહયોગથી પ્રકાશિત કરવામાં આવેલ છે. તેનું પણ વિમોચન શા. શાંતિચંદ બાબુભાઇ ઝવેરીના શુભહસ્તે કરવામા આવ્યું.

પુજ્ય આચાર્ય મહારાજશ્રીએ બન્ને ગ્રન્થોનો પરિચય આપ્યો.

પુજ્ય મહારાજશ્રીની પ્રેરણાથી આ પ્રસંગે જીવદયાની ટીપ થતાં ઘણી સારી સંખ્યામાં રકમ લખાવવામાં આવી

માટુંગા જૈન સંઘના ટ્રસ્ટી શ્રી ઉમેદચંદભાઇએ વિલેપાર્લા જૈન સંઘના કાર્યકર્તા શ્રી શશિકાન્તભાઈએ બોરીવલી જાંબલીગલીના ટ્રસ્ટીશ્રી ભોગીલાલભાઇએ, દોલતનગર શ્રી શં. પા. જૈન દેરાસર પેઢીના ટ્રસ્ટી શ્રી નરેન્દ્રભાઈએ તથા વાપી જૈન પંચના ટ્રસ્ટી શ્રી રતિલાલભાઈએ પ્રસંગોચિત વક્તવ્ય રજૂ કરી આ મહાન પ્રસંગની ખુશાલી વ્યક્ત કરી આ પ્રસંગે વાપી ઘોઘારી મંડળ, માટુંગા જૈન સંઘના ભાઇઓ, દોલતનગરના ભાઈઓ, વિલેપાર્લા જૈન સંઘના ભાઇઓ તથા નેમચંદ છગનલાલ સંઘવી

જ્યાં સુધી મનુષ્ય વાસનાઓને ચાહે છે, ત્યાં સુધી તે જ્ઞાન ઉપર પ્રીતિ રાખી શકતો નથી.

તરફથી પાંચ રૂા. નું સંઘપુજન તથા શેઠ રમણલાલ કોદરદાસ ગવાડાવાળા તરફથી શ્રીફળની પ્રભાવના કરવામાં આવી.

નેમચંદ છગનલાલ સંઘવી પરિવાર તથા જયંતિલાલ છગનલાલ સંઘવી તરફથી સકલસંઘનું સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું

પદવી સમારંભમાં નવસો તથા સંઘજમણમાં તેરસો ભાવિકોની સંખ્યા થઈ હતી. પદવી નિમિત્તે માગ સુ. ૨-૩ અને ૪ એમ ત્રણ દિવસ જુદી જુદી પૂજા ભણાવામાં આવી.

પુજ્ય આચાર્ય મહારાજશ્રીએ નૂતન પંન્યાસજીને હિતશિક્ષા ફરમાવતાં જણાવ્યું કે– આ લોકોત્તર જિનશાસનમાં ધન્ય આત્મઓને જ આ પદ અપાય છે અને ધન્ય પુરુષો જ એનો સાર પામે છે આ પદ કંઈ નાનું સૂનું નથી ઘણી મોટી આની જવાબદારી છે. શ્રી સત્યવિજયજી પંન્યાસ જેવા મહાન ત્યાગનિષ્ઠ શાસન પ્રભાવક પુરુષોએ મેળવેલા આ પદને મેળવીને તમે પણ શાસનને વફાદાર રહી સંયમની સુવિશુદ્ધ આરાધના કરી અનેક આત્માઓને ધર્મ માર્ગે જોડી સ્વ-પર કલ્યાણ સાધો જેથી ઉત્તરોત્તર મંગલમાળા પ્રાપ્ત થાય તે પછી નૂતન પંન્યાસજીએ પોતના પદવી પછીના પ્રથમ પ્રવચનમાં—

એક નાનાશા વવડી જેવા ગામમાં રહેતા છતાં આટલે સુધી પહોંચવામાં પોતાના માતા-પિતાદિ વડીલોએ કરેલી ગુરૂભક્તિ તથા તેઓના સંસ્કારનો અગત્યનો હિસ્સો જણાવ્યો.

જૈન શાસનનો એ અનન્તો ઉપકાર છે કે જેના માધ્યમથી પુજ્ય ગુરૂભંગવંતોના સમાગમ અને પ્રેરણાથી પોતાને આ માર્ગ મળ્યો–અને ગુરૂસેવાના પ્રતાપે જ આ પદ સુધી પહોંચી શકયા આ પદવીનો મોટો ભાર ઉપાડવાની મારી શક્તિ કે યોગ્યતા નથી છતાં ગુરૂમહારાજે આપેલ આ પદની જવાબદારીને વહન કરવાનું સામર્થ્ય પ્રાપ્ત થાય તેવા સકલસંઘ પાસે આશીર્વાદ માંગુ છું

સુરત કૈલાસનગરે ઉપધાન માલારોપણ ઉજવણી

પુ૦ પંન્યાસશ્રી અશોકસાગરજી મ૦ સા૦ના વિનેય પુ૦ ગણિવર્યશ્રી જિનચંદ્રસાગરજી તથા ગણિવર્યશ્રી હેમચંદ્રસાગરજી આદિની શુભ નિશ્રામાં અને અત્રેના શ્રી કૈલાસનગર જૈન સંઘના ઉપક્રમે ઉપધાનતપ માળારોપણ પ્રસંગ વિવિધ કાર્યક્રમોપૂર્વક તા. ૨૯ નવે. થી ૬ ડીસે. સુધી ઉજવવામાં આવ્યો તા ૩-૧૨-૮૯ના માળારોપણ પ્રસંગની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે સ્વામિવાત્સલ્ય પણ રાખવામાં આવેલ.

આ પ્રસંગે પુ૦ આ૦ શ્રી કુમુદચંદ્રસૂરિજી મ૦ સા૦, પુ૦ મુનિચિદાનંદસૂરિજી મ૦ સા૦, પુ૦ આચાર્યશ્રી વિજયપ્રબોધચંદ્રસૂરિજી મ૦ સા૦, ગણિવર્યશ્રી વિદ્યાનંદવિજયજી મ૦, ગણિવર્યશ્રી હેમરત્નવિજયજી મ૦ તથા મુનિશ્રી લાવણ્યવિજયજી મ૦ આદિ પધાર્યા હતા.

ભાવનગર શ્રી સંઘની કાર્યવાહક કમીટીની ચુંટણી

ભાવનગર શ્રી સંઘની ગરિમાને ગૌરવવંતી બનાવતી સર્વાનુંમતે ચુટણી પૂર્ણ થતા તેમાં ૧૦૩ પ્રતિનિધિઓ બિનહરિફ ચુંટાયેલ. બાદ તેના બંધારણ મુજબ કો-ઓપ્ટ સભ્યોની પસંદગી પણ સર્વાનુમતે તા. ૧૨-૧૧-૮૯ના નીચે મુજબ થયેલ.

સર્વશ્રી ખાંતિલાલ મુળચંદ શાહ, રજનીકાન્ત ચુનીલાલ શાહ, દિલીપભાઈ જે પરીખ, ડા ધીરૂભાઈ જે મહેતા, વિક્રમભાઈ આર. શાહ, (ઓનરરી ધાર્મિક શિક્ષક), જીતેન્દ્રભાઈ વોરા. (ભા મ્યુ. સભ્ય), ઉપેન્દ્રભાઇ જે. શાહ, નરેન્દ્ર લક્ષ્મીચંદ, ચંદુભાઈ હાથાભાઇ, તથા રાજેશ અનંતરાય શેઠ (સી.એ.).

શ્રી સંઘના સંચાલન માટે કાર્યવાહક સમીતિની તા. ૨૯-૧૧-૮૯ના હોદ્દેદારોની ચુંટણી પણ સર્વાનુમતે થયેલ.

પ્રમુખ : શ્રી મનમોહનભાઇ ફુલચંદ તંબોળી, ઉપપ્રમુખ : શ્રી જયંતિલાલ મગનલાલ શાહ, ઉપપ્રમુખ : શ્રી સૂર્યકાન્ત રતિલાલ શાહ, મંત્રીઓ : શ્રી કાન્તીલાલ પ્રેમચંદ શાહ, શ્રી હર્ષદભાઈ મોતીલાલ વોરા, શ્રી ખાંતિલાલ ફતેચંદ શાહ.

કાર્યવાહક સમિતિની રસાકસીભરી ચુંટણી થતા નીચેના ઉમેદવારો સર્વશ્રી ચીમનલાલ ખીમચંદ શેઠ, મનહરલાલ મણીલાલ શેઠ, ખાન્તીલાલ મુળચંદ, નવીનચંદ્ર નગીનદાસ કામદાર, રમેશચંદ્ર પરમાણંદદાસ વોરા, બીપીનચંદ્ર બાલુભાઈ શાહ, તલકચંદ ધરમશી મહેતા, રજનીકાન્ત ચુનીલાલ પારેખ, કીરીટકુમાર પ્રભુદાસ, હર્ષદરાય પોપટલાલ પારેખ, હીમતલાલ શાન્તિલાલ શાહ, મહેન્દ્ર ગુલાબચંદ શેઠ (તંત્રી-જૈન) મનસુખલાલ ભાયચંદ વાંકાણી, અરવીંદરાય નાનચંદ તથા વસ્તુપાલ કુંવરજી શાહ ચુટાયેલા જાહેર થયેલ.

આ કાર્યવાહક કમીટી માટે ઉભા રહેલને નિષ્ફળ થયેલ ઉમેદવારો, સર્વશ્રી મનુભાઈ નરોત્તમદાસ શેઠ, રમણીકલાલ ભગવાનદાસ, નગીનદાસ લલ્લુભાઈ, કુમુદરાય અનોપચંદ, ચીમનલાલ વર્ધમાન, નગીનદાસ અમૃતલાલ, મનહરલાલ વૃજલાલ, ઉપેન્દ્ર જયંતિલાલ, પ્રવીણચંદ્ર જગજીવનદાસ, પ્રતાપરાય અનોપચંદ, જેન્તીલાલ રતીલાલ. ભુપતરાય જેન્તીલાલ, બળવંતરાય અનોપચંદ, હર્ષદરાય અમૃતલાલ, કીર્તિકુમાર ગીરધરલાલ, નરેશ મહીપતરાય, હીમતલાલ ડુંગરશી, કાન્તીલાલ છગનલાલ, પંકજકુમાર શાન્તીલાલ પરાજીત જાહેર થયેલ.

ભાવનગરના શ્રી સંઘનો ભવ્ય અને આગવો ઇતિહાસ છે, જેમાં જે શિથીલતા કે આશા વિરમી ગઈ હતી, નિરાશાના ઓળાયા બાઝયા હતા તે દુર કરવા લોકોની નવી જન્મેલી આશા-અપેક્ષાને બળ આપવાનું અને તેને પુરી પાડવાનુ કાર્ય અમોએ તે જ આજનું મંગળ કર્તવ્ય છે.

હરેક પ્રકારના દુઃખ મનની મલિન દશામાંથી ઉત્પન થાય છે.

(અનુસંધાન પાના નં. ૪૪૯નું ચાલુ)

શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી દ્વારા તેનું આયોજન ગોઠવાય. જે પેઢીના ૨૫૦ વર્ષના ઇતિહાસમાં સુવર્ણ અવસર બની રહેશે.

અમારા આ વિચાર જો કોઇ પૂજ્ય ગુરુદેવો તથા આગેવાન કાર્યકરો, શ્રીસંઘના સંચાલકોને ઠીક લાગે તો તે સર્વે શેઠ આણંદજી કલ્યાણજી પેઢી-ઝવેરીવાડ, અમદાવાદને તથા પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ૦ સા૦, પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયરામસૂરીશ્વરજી મ૦ (ડેલાવાળા), પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયમેરૂપ્રભસૂરીશ્વરજી મ૦ આદિ પૂજ્યોને તથા સંઘ સુભટ શ્રેષ્ઠીવર્યશ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈને જણાવે તેવી અમારી વિનંતી છે.

શ્રી ચતુર્વિધ સંઘ સંમેલન અંગે ચાલુ સાલના અંત માસમાં જેઠ-અષાઢ માસમાં કે આગામી વર્ષના મહા માસમાં ગોઠવવા અત્યારથી જ વિચાર-વિનીમય થાય તે જરૂરી છે.

ધમધારી (M.P.)માં ઉપધાનતપ માળ સમારોહ

અત્રે ખરતરગચ્છાધિપતિ પૂ૦ આચાર્યદેવશ્રી જિનઉદયસાગરસૂરીશ્વરજી મ૦ સા૦, પૂ૦ ઉપા૦શ્રી મહોદયસાગરજી મ૦ સા૦, મુનિશ્રી પૂર્ણાનંદસાગરજી, મુનિશ્રી પીયુષસાગરજી આદિ તેમજ સાધ્વીશ્રી રંભાશ્રીજી, સાધ્વીશ્રી વિનયપ્રભાશ્રીજી આદિની પાવન નિશ્રામાં ગત તા. ૧૦-૧૦-૮૯ થી સાધર્મિક બંધુશ્રી પ્રતાપચંદજી પુનમચંદજી રાખેચા પરિવાર તરફથી ઉપધાનતપની મંગળ આરાધનાનો પ્રારંભ થયેલ. જેમાં ૧૫૯ મહાનુભાવો આ મંગલ આરાધનામાં જોડાયેલ.

આ ઉપધાનતપની મંગલ આરાધના નિમિત્તે અત્રે તા. ૨૨-૧૧-૮૯થી વિવિધ પુજનો સહ નવાન્હિકા મહોત્સવની શાનદાર ઉજવણી કરવામાં આવેલ. આ નિમિત્તે છત્તીસગઢ શિરોમણી સાધ્વીશ્રી મનોહરશ્રી પોતાના વિદ્વાન શિષ્યગણ સાથે પધારેલ.

હરજી (રાજ.)માં ગુરુમંદિર પ્રતિષ્ઠા મહોત્સવ

અત્રે સાહિત્યમનીષી તીર્થપ્રભાવક ગચ્છાધિપતિ આચાર્યશ્રીમદ્ વિજયજયંતસેનસૂરીશ્વરજી મ૦ સા૦ની શુભ નિશ્રામાં અને અત્રેના શ્રીસંઘના સહયોગથી પુ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયરાજેન્દ્રસૂરીશ્વરજી મ૦ સા૦ની ભવ્ય પ્રતિમાનું સુંદર અને ભવ્ય ગુરુમંદિર બનાવવામાંની ઇચ્છાનું સ્વપ્ન પુ૦ આચાર્યશ્રીની મંગળ પ્રેરણાથી સાકાર બન્યું છે.

આ શુભ પ્રસંગે પુ૦ આચાર્યશ્રી આદિ વિશાળ શ્રમણ-શ્રમણી ભગવંતોની શુભ નિશ્રામાં એક પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૧-૧૨-૮૯ થી ૯-૧૨-૮૯ દરમ્યાન શાનદાર રીતે ઉજવાઈ રહ્યો છે.

મુનિશ્રી દક્ષવિજયજી મ૦ કાળધર્મ પામ્યા

પુ૦ આ૦ દે૦ શ્રી નીતિસૂરીશ્વરજી મ૦ સા૦ના સમુદાયના પ૦ પુ૦ સ્વ. મુનિશ્રી ચંદ્રોદયવિજયજી મ૦ સા૦ (ઊંઝાવાળા) ના શિષ્ય પ૦ પુ૦ વિદ્વદ્વર્ય મુનિવર્યશ્રી દક્ષવિજયજી મ૦ સા૦ ના હાર્ટએટેકના હુમલાથી અમદાવાદમાં પં વીરવિજયજીના ઉપાશ્રયે માગશર સુદ-૩ તા. ૩-૧૨-૮૯ ના શુક્રવારે સાંજે ૪-૩૦ કલાકે શ્રી નવકાર મહામંત્રનું શ્રવણ કરતાં કરતાં કાળધર્મને પામ્યા છે. તેમનો દીક્ષા પર્યાય ૪૨ વર્ષનો હતો. તેમની અંતિમ યાત્રામાં ધારાસભ્યશ્રી અશોકભાઇ ભટ્ટ, ભૂતપૂર્વ નગરપતિ શ્રી જયેન્દ્રભાઈ પંડિત તથા જૈન અગ્રણીઓ જોડાયા હતા.

લોકસભાના વિજયી ઉમેદવારને અભિનંદન

મધ્યપ્રદેશના વિદિશા લોકસભાની ચુંટણીમાં કચ્છી જૈન સમાજના શ્રી રાઘવજીભાઈ લખમશીભાઇ સાવલા (ભા જ. પ) ૧ લાખ ૩૯ હજાર મતોથી વિજયી બન્યા છે. શ્રી રાઘવજીભાઇ (એડવોકેટ) વિદિશા ક્ષેત્રના લોકપ્રિય આગેવાન છે. શ્રી રાઘવજીભાઇ મોથાળા (કચ્છ)ના વતની, જૈન સમાજના આગેવાન અને ધર્મે શ્વેતાંબર જૈન છે.

ઇન્દૌર-ગુમાસ્તાનગરે અંજનશલાકા પ્રતિષ્ઠા

અત્રે માલવભૂષણ પુ૦ પંન્યાસશ્રી નવરત્નસાગરજી મ૦ સા૦ આદિ વિશાળ શ્રમણ-શ્રમણીવૃંદની શુભ નિશ્રામાં નવ નિર્મિત, નયનરમ્ય અને અતિભવ્ય જિનપ્રાસાદમાં પ્રગટ પ્રભાવી શ્રી નાકોડા પાર્શ્વનાથ પ્રભુ આદિ જિનબિંબોનો અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવના પ્રસંગે ભક્તિસભર આયોજિત અનેકવિધ અનુષ્ઠાનો સાથે ૧૧ દિવસીય મહા મહોત્સવની ઉજવણીપૂર્વક કરવામાં આવનાર છે,

મહોત્સવનો પ્રારંભ તા. ૨૮/૧/૯૦થી થનાર છે. અંજનશલાકા તા. ૧/૨/૯૦ અને પ્રતિષ્ઠા તા. ૨/૨/૯૦ના રાખવામાં આવેલ છે. તો જેમને અંજનશલાકા કરાવવી હોય તેમણે પ્રતિમાજી તુરત પરત લઈ જવાની શરતે મોકલવાના રહેશે.

સંપર્ક માટે શ્રી ગુમાસ્તાનગર જૈન શ્વે૦ મૂ૦ પૂ૦ સંઘ, ગુમાસ્તાનગર, પો. ઇન્દૌર (એમ.પી.)નો સંપર્ક સાધવો.

શાહ ચંદ્રકાન્ત મનસુખલાલ

(એસ્ટેટ એજન્ટ)

મકાન, જમીન, પ્લોટ, ટેનામેન્ટ, ફલેટ, ખેતર, ગોડાઉન, શેર અન્ય લેવા તથા વેચવા માટે

પોસ્ટ બોકસ નં. ૧૨૭, ભાવનગર-૩૬૪૦૦૧.

તૃષ્ણાથી ખદબદતાં ભવ્ય પ્રાસાદ કરતાં, ત્યાગના તેજથી દીપતી સોહામણી પર્ણકુટિ સારી.

આપણું પરમ કર્તવ્ય સાધર્મિક-વાત્સલ્ય

લેખક : સાહિત્ય વારિધિ શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહ (પ્રેષક : "મહાન હિમાંશુ")

વર્તમાન સમયમાં જો કોઇ પુન્યનું કાર્ય કરવા જેવું ને ફરજરૂપ હોય તો તે 'સાધર્મિક-વાત્સલ્ય' એટલે કે આપણા સ્વામી ભાઇઓની ઉત્થાન માટેની પ્રવૃત્તિ, તેને માટે પાંચ વર્ષ જો પૂજ્ય શ્રમણ-શ્રમણી ભગવંતો તથા આગેવાનો ધ્યાન આપે તો ભગવાન મહાવીરના શાસનનો સૂર્યોદય થતાં વાર નહિ લાગે. આ સાધર્મિક-વાત્સલ્ય અંગે આપણા સ્વ. સિદ્ધ હસ્તક લેખક—પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહની સચોટ સમજુતી આપતી આ લેખ-માળા દરેકને ઉપયોગી હોઈ અત્રે આપી રહેલ છીએ. આ સાધર્મિકતા અંગે પૂજ્ય ગુરુદેવો વ્યાખ્યાન આદીમાં વિશેષ મહત્વ આપે, દરેક સંઘમાં ને તીર્થોમાં સાધર્મિકને કામે રાખે, તેમજ વ્યવસાય ઉદ્યોગ કે રાજકીય ક્ષેત્રમાં સાધર્મિક ભાઇને માટે પ્રયત્ન કરે......(લેખાંક-૨)

—તંત્રી : મહેન્દ્ર ગુલાબચંદ

સાધર્મિક-વાત્સલ્ય શબ્દનાં રૂપાંતરો અને પર્યાયો

પ્રકૃતિથી ઉત્પન્ન થયેલી તે પ્રાકૃત અને તેમાંથી સંસ્કાર પામેલી તે સંસ્કૃત, એ ધોરણે વિદ્વાનો પ્રાકૃતને પહેલી માને છે આ પ્રાકૃત ભાષામાં **साहम्मि-वच्छल्ल** તથા **साहम्मिअ-वच्छल्ल** એવા બે શબ્દો છે, તેનું સંસ્કૃત રૂપાંતર **साधर्मिक-वात्सल्य** છે. ગુજરાતીમાં પ્રાકૃત અને સંસ્કૃત એ બંને ભાષાના સંસ્કારો છે, એટલે તેમાં 'સાહમ્મિ-વચ્છલ' અને 'સાધર્મિક-વાત્સલ્ય' એ બંને શબ્દો પ્રચલિત થયેલા છે.

સાહમ્મિ-વચ્છલનાં સ્થાને કેટલાક 'સ્વામી-વચ્છલ' બોલે છે, પણ તે બરાબર નથી. 'સાહમ્મિ' નો ઉચ્ચાર 'સ્વામી' કરતાં તેનો મૂળ ભાવ સદંતર માર્યો જાય છે, એટલે એ શબ્દ પ્રયોગને અપભ્રંશ માની સુધારી લેવો જોઇએ.

અલબત્ત પ્રાકૃતમાં રાજકુળ માટે रायउल શબ્દમાં વચ્ચેનો य લોપાઇ राउल શબ્દ બને છે (ગુજરાતીમાં રાવળો શબ્દ વપરાય છે.) એ રીતે 'साहमिवच्छल्ल' માં જો 'ह' લોપાઈ 'सामिवच्छल्ल' શબ્દ બનવાનું કલ્પી શકીએ, છતાં પણ ત્યાં 'સામિ' ને બદલે ગુજરાતીમાં 'સ્વામી' શબ્દ તો ન જ મૂકી શકાય.

સાધર્મિક-ભક્તિ સાધર્મિક-સેવા એ બંને સાધર્મિક-વાત્સલ્યના પર્યાયશબ્દો છે અને તે સાહિત્ય તથા વાતચીતમાં છૂટથી વપરાય છે.

સાધર્મિકનો સંબંધ વિશિષ્ટ કોટિનો છે.

આ જગતમાં સંબંધી ચાર પ્રકારના હોય છે : (૧) અતિ નિકટના, (૨) નિકટના, (૩) સામાન્ય અને (૪) કહેવા માત્રના. માતા, પિતા, પત્ની, પુત્ર, પુત્રી વગેરે અતિ નિકટના સંબંધી છે. કાકા, મામા, ફોઇ, માસી વગેરે નિકટના સંબંધી છે. મિત્રો કે સુહૃદોને પણ નિકટના સંબંધી કહી શકાય./નાતીલા-જાતીલા એ સામાન્ય સંબંધી છે અને કામ પડયે કોઇકવાર સલામ ભરનારા કહેવા માત્રના સંબંધી છે. આ ચાર પ્રકારના સંબંધીઓમાંથી સાધર્મિકનો સમાવેશ કયા પ્રકારમાં કરવો? તે એક વિચારણીય પ્રશ્ન છે. તે અંગે શાસ્ત્રકાર ભગવંતો કહે છે કે—

सर्वैः सर्वे मिथः सर्व सम्बन्धा लब्धिपूर्विणः।
साधर्मिकादिसम्बन्ध-लब्धारस्तु मिताः क्वचित् ॥

'આ સંસારમ જન્મ-મરણ પામતાં જીવોએ પરસ્પર સર્વેની સાથે માતાપિતાદિ સર્વ સંબંધો પૂર્વકાળમાં અનેકશઃ પ્રાપ્ત કર્યા છે, પણ સાધર્મિકપણું વગેરે સાચ્ય ધાર્મિક સંબંધ પામનારા તો અમુક જીવો જ હોય છે.'

થોડું વિવેચન આ વસ્તુને સ્પષ્ટ કરશે. જ્યાં એક ગતિમાંથી બીજી ગતિમાં સંસરણ કરવાની ક્રિયા નિરંતર ચાલુ છે, તે સંસાર કહેવાય છે, તેમાં જન્મ-મરણનું ચક્ર અતિ જોરથી ચાલ્યા કરે છે. નિગોદ જેવી નિકૃષ્ટ અવસ્થામાં તો એક શ્વાસોચ્છવાસ જેટલા સમયમાં ૧૭ થી ૧૮ વાર પણ જન્મ-મરણ કરવા પડે છે.

'આ જીવે અત્યાર સુધીમાં કેટલાં જન્મ-મરણ કર્યાં હશે?' એ આપણા માટે તો માત્ર કલ્પનાનો જ વિષય છે, પરંતુ તે અંગે જગતના સર્વ ભાવો સાક્ષાત્ જોનાર સર્વજ્ઞ ભગવંતોએ કહ્યું છે કે—

न सा जाई न सा जोणी, न तं ठाणं न तं
न जाया न मुआ जत्थ, सव्वे जीवा अणंतसो ॥

'આ લોકમાં અર્થાત્ સમસ્ત વિશ્વમાં એવી કોઈ જાતિ નથી એવી કોઇ યોનિ નથી, એવું કોઈ સ્થાન નથી અને એવું કોઇ કુલ નથી કે જ્યાં સર્વ જીવો અનંતી વાર જન્મ્યા અને મર્યા

ન હોય.' તાત્પર્ય કે આ જીવે અત્યાર સુધીમાં અનંતી અનંતી વાર જન્મ અને મરણ કરેલાં છે.

આ રીતે સંસારમાં અનંતી અનંતી વાર જન્મ-મરણ કરતાં માતા, પિતા, ભાઈ, ભગિની, પુત્ર પુત્રી વગેરેનો સંબંધ વારંવાર બંધાય છે, પણ સાધર્મિકનો એટલે સમાન ધર્મીપણાનો સંબંધ તો કોઇકવાર જ બંધાય છે. તેથી સાધર્મિકના સંબંધને અતિ દુર્લભ કે વિશિષ્ઠ કોટિનો માનવો જોઇએ અને તેના પ્રત્યે આપણો ભારે આદર હોવો જોઈએ.

કેટલાક કહે છે કે 'શાસ્ત્રકારો તો આવો આવો ઉપદેશ આપ્યા જ કરે, પણ આપણાથી તે થોડો જ પળાય છે? આપણે તો બધું જોઈ-વિચારીને કરવું જોઇએ.'

અહીં અમને સ્પષ્ટ કરવા દો કે શાસ્ત્રકાર ભગવંતો જે ઉપદેશ આપે છે, તે સત્ય જ આપે છે અને જરૂરનો હોય તે જ આપે છે, તેથી તેમના ઉપદેશનું આપણે ખૂબ ચીવટાઇથી પાલન કરવું જોઈએ. જો એક યા બીજું બહાનું કાઢી આપણે તે ઉપદેશ તરફ ઉપેક્ષા કરીએ, તો આપણું હિત થાય કેવી રીતે? આપણું કલ્યાણ સધાય કેવી રીતે?

'આપણે તો બધું જોઈ વિચારીને કરવું જોઇએ' એમ બોલવા છતાં શું આપણે બધું બરાબર જોઇએ કે બરાબર વિચારીને જ કંઇ પણ કરીએ છીએ ખરા? આપણે જે કંઇ જોઈએ છીએ તે સ્વાર્થભરી સંકુચિત દૃષ્ટિથી અને જે કંઇ વિચારીએ છીએ તે ઉપર ટપકેનું. આપણી દૃષ્ટિમાં વિશાળતા નથી, આપણા વિચારમાં ઊંડાણ નથી, પછી જ્ઞાનીઓનો ઉપદેશ આપણાં મનમાં ઉતરે શી રીતે?

વળી 'આપણે તો બધું જોઇ-વિચારીને કરવું જોઇએ.' એમ કહેવામાં આપણો ધ્વનિ એવો છે કે શાસ્ત્રકારોએ એક આદર્શ રજૂ કરી દીધો છે, પણ તેમણે 'આગળ-પાછળનો અર્થાત્ વ્યવહારનો વિચાર કર્યો નથી.' પરંતુ આમ માનવું ભૂલભરેલું છે જે વસ્તુ અશકય હોય કે અમલમાં મૂકી શકાય એવી ન હોય તેનો શાસ્ત્રકારો કદી ઉપદેશ કરતા નથી શાસ્ત્રકારોએ સાધર્મિક-વાત્સલ્યનો ઉપદેશ કર્યો છે. એનો અર્થ જ એ કે તે વ્યવહારમાં મૂકી શકાય એવી વસ્તુ છે અને આપણે તેને અવસ્ય વ્યવહારમાં મૂકવી જોઇએ.

(ક્રમશઃ)

સૌજન્ય:- **શ્રી જવાહરલાલ મોતીલાલ શાહ** પંચરત્ન, ૯૦૮, ઓપેરા હાઉસ, મુંબઈ-૪૦૦ ૦૦૪.

પાવાગઢ તીર્થયાત્રાથે પધારવા આમંત્રણ

વડોદરા શહેરથી ૫૦ કિ. મી. દુર સુરમ્ય પ્રાકૃતિક સુંદરતાથી પરિપૂર્ણ પાવાગઢ પહાડની તળેટીમાં પૂજ્ય આચાર્ય શ્રીમદ્ વિજયઇન્દ્રદિન્નસૂરીશ્વરજી મ૦ સા૦ ની સત્પ્રેરણાથી જૈન શ્વેતામ્બર તીર્થ પાવાગઢનું નિર્માણ થયું છે.

શિલ્પકલાયુક્ત ભવ્ય જિનાલયમાં ૫૧ ઇંચના શ્યામ વર્ણીય અત્યંત ચમત્કારી દેવાધિદેવ શ્રી ચિંતામણી પાર્શ્વનાથ પ્રભુ મૂળનાયકરૂપે બિરાજે છે. જીવનની પુણ્ય વેળાએ આ તીર્થના દર્શન, પૂજનનો લાભ લેવા વિનંતી

યાત્રાળુઓની સુવિધા માટે સંપૂર્ણ સગવડવાળી નૂતન ધર્મશાળા તથા ભોજનશાળાની વ્યવસ્થા છે.

આ તીર્થમાં જૈન કન્યા છાત્રાલયછે. જેમાં નાનીબાળાઓ રહીને વ્યવહારિક તથા ધાર્મિક શિક્ષણ મેળવે છે.

પાવાગઢ પહાડ ઉપર જવા માટે અત્રેથી રોડ માર્ગે વાહનોથી ઉપર જવાય છે. માંચીથી રોપ-વે ચાલુ છે.

અત્રેથી બોડેલી, લક્ષ્મણી, મોહનખેડા, નાગેશ્વર આદિ તીર્થોની

વિનીત **શ્રી પરમારક્ષાત્રિય જૈન સેવા સમાજ**

મુ. પો. પાવાગઢ-૩૮૯૩૬૦, તા. હાલોલ, (જી પંચમહાલ)

તીર્થ દર્શન

પાવન ગ્રંથની બીજી આવૃત્તિ (અંગ્રેજી, ગુજરાતી અને હિન્દી ભાષામાં)ના પ્રકાશનનું કાર્ય શરૂ કરવામાં આવી રહ્યું છે. આ પાવન ગ્રંથમાં આપની જાણકારી મુજબ કોઇ તીર્થસ્થાનનો આમા સમાવેશ ન થયો હોય જે અમારા દ્વારા નિર્ધારિત નિયમ (જે ગ્રંથની પ્રસ્તાવનામાં ઉલ્લેખનીય છે.) મુજબ આવતો હોય તો અમને તુરત જાણ કરે. જેથી સમાવેશ કરી શકાય. તે તીર્થનો ફોટો તેમજ ઇતિહાસ સંયોજનમાં પણ સહયોગ અર્પણ કરે.

વિનિત: ચૂ૦ પન્નાલાલ વૈદ્ય, માનદ્‌મંત્રી

પુસ્તકાલયો અને ગ્રંથ ભંડારો માટે

મુખ્ય અનુરોધને અનુલક્ષી અમારા દ્વારા પ્રકાશિત 'તીર્થ દર્શન' પાવન ગ્રંથની થોડી કોપીઓ ફક્ત પેકીંગ અને બાઇન્ડીંગ ચાર્જે યાત્રીઓ, વાંચકો અને સંશોધકોના ઉપયોગ માટે મુખ્ય પુસ્તકાલયો અને ગ્રંથ ભંડારોને ભેટ આપવાનો અમોએ નિર્ણય લીધો છે. પુસ્તકાલયો અને ગ્રંથ ભંડારોના સંચાલક અમોને નીચેના સરનામે આવેદન ફોર્મ માટે પત્ર લખે.

(સરનામું અંગ્રેજીમાં કરવા વિનંતી)

ચૂ૦ પન્નાલાલ વૈદ્ય, માનદ્‌મંત્રી

શ્રી મહાવીર જૈન કલ્યાણ સંઘ

૯૬, વેપેરી હાઈ રોડ, મદ્રાસ-૬૦૦ ૦૦૭

પૂ૦ આચાર્યશ્રી પદ્મસાગરસૂરિજી મ૦ સા૦નું બેંગ્લોરમાં યશસ્વી ચાતુર્માસ

પુ૦ શાસન પ્રભાવક રાષ્ટ્રસંત આચાર્યશ્રી પદ્મસાગરસૂરિજી મ૦ સા૦નું બેંગ્લોરમાં યશસ્વી ચાતુર્માસ કા. સુ. ૧૫ના દિવસે ભવ્ય રીતે પૂર્ણ થયું જે બેંગ્લોરના ઇતિહાસમાં સ્મરણીયબની રહેશે.

કા૦સુ૦ ૧૫ના દિવસે આચાર્યશ્રીના ચાતુર્માસ પરિવર્તનનો લાભ શ્રી મોહનલાલ મુકેશકુમાર પરિવારવાળાએ લીધો અને સાધર્મિક ભક્તિ પણ તેઓશ્રી દ્વારા કરવામાં આવેલ.

કર્ણાટક રાજ્યના ભૂતપૂર્વ મુખ્યમંત્રીશ્રી રામકૃષ્ણ હેગડે, શ્રી ગુંડુરાવ આદિ ચીકપેઠ દેરાસરે પુ૦ આચાર્યશ્રીના દર્શન-વંદનાર્થે પધાર્યા હતા.

શેઠ સિદ્ધાર્થભાઈ કસ્તુરભાઈ (અતુલ કંપનીવાળા) સપરિવાર વંદનાર્થે પધાર્યા હતા.

નિઝામ હૈદ્રાબાદ રાજ પરિવારના શ્રી નાદીરઅલી મીર્ઝા સાહેબ વગેરે પણ પુજ્ય આચાર્યશ્રીના દર્શનાર્થે પધાર્યા હતા. તેમણે આચાર્યશ્રીની પ્રેરણા દ્વારા બની રહેલ શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર (કોબા)ને પોતાના તરફથી બહુમૂલ્ય વસ્તુઓ ત્યાંના સંગ્રહાલયને ભેટ આપવાની ભાવના વ્યક્ત કરેલ

ગત તા. ૧૫-૧૧-૮૯ના બેંગલોર-જયનગરમાં શ્રી રતનલાલજી હિરણે પુ૦ આચાર્યશ્રીના ૩૫માં દીક્ષા તિથિ પ્રસંગે સાધર્મિકભક્તિ તેમજ ગુરુભક્તિનો લાભ લીધો હતો. આ શુભ અવસરે કર્ણાટક હાઈકોર્ટના મુખ્ય ન્યાયધીશે પુ૦ આચાર્યશ્રીને કામળી ઓઢાડેલ, આ અવસરે કવિશ્રી માનવે પ્રવચનની અંગ્રેજી પુસ્તક 'લાઇટ ઓફ લાઇફ' (જીવન પ્રકાશ)નું વિમોચન કર્યું હતું.

પુજ્ય આચાર્યશ્રી આદિ અહિંયાથી આગામી તા. ૨૩-૧૨-૮૯ના મંડ્યા તરફ વિહાર કરનાર છે. ત્યાં તેમની નિશ્રામાં નવનિર્મિત દેરાસરમાં જિનબિંબોની પ્રતિષ્ઠા થનાર છે.

ગોવા શ્રીસંઘની વિનંતીને માન આપી પુજ્યશ્રી આદિ મહાવીર જયંતીના પ્રસંગે ગોવા (મડગામ) પધારશે. ગોવામાં પુજ્યશ્રીના આગમનની શ્રીસંઘ દ્વારા પ્રતિક્ષા થઈ રહી છે. ત્યાં પુજ્યશ્રીની પ્રેરણાથી ભવ્ય જિનાલય નિર્માણ થનાર છે. ચારસો વર્ષના ઇતિહાસમાં આ સર્વપ્રથમ એવો પ્રસંગ છે કે જ્યાં એક જૈન ધર્માચાર્યનું શુભ આગમન થશે.

પૂ૦ આચાર્યશ્રી આદિનું ગોવાથી બેલગામ, કોલ્હાપુર, પૂના થઈને જુન મહિનામાં મુંબઈ પહોંચવાનો કાર્યક્રમ છે.

'જૈન' પત્રના ગ્રાહકોને નમ્ર વિનંતી

જે ગ્રાહક બંધુઓએ પુરા થયેલ વર્ષનું લવાજમ ન મોકલ્યું હોય તેમણે રૂા. ૫૦/- M.O. મોકલાવવા વિનંતી.

એક મુલાયમ સાથ... અને રંગીન રાત..
આત્મીય મુલાકાતને તાદૃશ્ય કરતી નવલકથા

એક વ્યથા-એક કથા

લેખક : ગુણવંતરાય અ. શાહ (તંત્રી-જિનસંદેશ)

કિંમત : રૂપીયા ૪૦-૦૦

પૂજ્ય શ્રી માનસાગર ગણિવર્યે સં.૧૭૪૬માં લખેલ 'કાન્હડ કઠિયારો' ના મૂળરાસના આધારે જીવનમાં સાચી ટેકથી મળતી ફતેહ ને દર્શાવતી ૩૦૦ વર્ષ બાદ શ્રી ગુણવંતભાઈના જીવનની એક માત્ર નવલકથા વાંચવાનુ-વસાવવાનું ચુકશો નહિ.

પ્રકાશક તથા પ્રાપ્તિસ્થાન : અભિરૂચી પ્રકાશન
— મેઘરાજ જૈન પુસ્તક ભંડાર
૨૧૯/એ, કીકાસ્ટ્રીટ, ગોડીજી બીલ્ડીંગ, પાયધુની, મુંબઇ-૩
— શ્રી પ્રકાશ ગુણવંતરાય શાહ : ૨/એ, બીજલ એપાર્ટમેન્ટ, માર્વે રોડ, મીઠચોકી, મલાડ-વેસ્ટ, મુંબઈ-૬૪
— શ્રી સેવંતીલાલ વી. જૈન
૨૦, મહાજન ગલી, ઝવેરી બજાર, મુંબઇ-૨.
— શ્રી સોમચંદ ડી. શાહ : સુઘોષા કાર્યાલય-પાલીતાણા

卐 કલિકુંડતીર્થ ધોળકા 卐

શત્રુંજય તિર્થ નિર્માણ યોજના

શ્રી કલિકુંડતીર્થ ધોળકામાં સ્થાપના તીર્થ શત્રુંજયના નિર્માણનું ભગીરથ કાર્ય ચાલી રહ્યું છે. ૯૦ હજાર ચો. ફુટના વ્યાસમાં ગિરિરાજનું નિર્માણ થશે. તેમ જ ૪૦ ફુટ ઊંચા ગિરિરાજ ઉપર ૨૫ હજાર ચો. ફૂટમાં આદિનાથ ભ૦, પુંડરિક સ્વામી, શાંતિનાથ ભ૦, પાર્શ્વનાથ ભ૦ના મોતીશા ટુંક તથા નવટુંકના જિનાલયોનું ભવ્ય નિર્માણ થશે. આદિનાથની ટુંક તથા મોતીશાની ટુંકમાં ભમતીમાં ૨૪-૨૪ દેરીઓ બનાવાશે.... રાયણ પગલાં કવડયક્ષ ચક્રેશ્વરિદેવી, સરસ્વતી દેવી, અંબિકાદેવી, પદ્માવતીદેવીની દેરી તથા બાજુના દેરાસર ઘેટીપાગના દેરાસરનું ભવ્ય નિર્માણ થશે.

લગભગ બધા જ આદેશો અપાઇ ચૂકયા છે. મોતીશાની ટુંકમા ફક્ત આઠ દેરીઓ તથા એક મોટા જિનાલયનો આદેશ બાકી છે. તેમ જ આજુબાજુમાં પ્રતિમાજી પધરાવવાના થોડા જ આદેશો બાકી છે. વહેલો તે પહેલો આપ આજે જ આપને અનુકૂળ હોય તેટલો લાભ લઈ લો.... પાછળ પસ્તાવો થશે.

સંપર્ક સ્થળ : ફોન નં. ૭૩૮
શ્રી તેજપાળ વસ્તુપાળ જૈન ચેરેટી ટ્રસ્ટ
કલિકુંડતીર્થ ધોળકા-૩૮૭૮૧૦ (જિ. અમદાવાદ)

પૂ૦ મુનિરાજશ્રી પ્રભાકરવિજયજી મ૦ સા૦ને અગાસી (જિ. થાણા)માંશ્રી ગણિપદ તથા પંન્યાસપદ અર્પણવિધિ તથા આ નિમિત્તે નવાન્હિકા મહોત્સવની થયેલ શાનદાર ઉજવણી

તપાગચ્છાધિપતિ પરમ શાસન પ્રભાવક પુ૦ આચાર્યશ્રી વિજયમેરુપ્રભસૂરીશ્વરજી મ૦ સા૦ના આશીર્વાદ અને શાસ્ત્રવિશારદ ધર્મપ્રભાવક પુ૦ આચાર્યશ્રી વિજયદક્ષસૂરીશ્વરજી મ૦ સા૦ની શુભ નિશ્રામાં તેમના વિદ્વાન શિષ્યરત્ન પુ૦ મુનિરાજશ્રી પ્રભાકરવિજયજી મ૦ સા૦ને જિનશાસનની મહાન પદવી શ્રી ગણિપદ તથા પંન્યાસપદ પ્રદાનથી તા. ૨-૧૨-૮૯ને શનિવારના વિભુષીત કરવામાં આવ્યા છે. આ નિમિત્તે શ્રી અષ્ટોત્તરી સ્નાત્ર, શ્રી પાર્શ્વ પદ્માવતી મહાપુજન શ્રી ૧૮ અભિષેક સહિતનો નવદિવસનો ભવ્યાભવ્ય જિનેન્દ્રભક્તિ મહોત્સવ તા. ૨૫-૧૧-૮૯ થી તા. ૩-૧૨-૮૯ સુધી ઉજવવામાં આવેલ.

મુનિરાજશ્રી પ્રભાકરવિજયજી મ૦નો જીવન પરિચય

વિક્રમ વર્ષ ૨૦૨૪ તિથિ ફાગણ સુદ ૩, ગામ આસી (રાજસ્થાન) પૂર્વ જન્મના પુણ્યોદયના પ્રભાવે નવ વર્ષની કોમળ વયે પ્રભુ મહાવીરનો માર્ગ ૧૦ હજાર જનમેદની સમક્ષ સ્વીકારી પંકજમાથી બાલમુનિ શ્રી પ્રભાકરવિજયજી બન્યા.

શાસન પ્રભાવક પૂ. આચાર્યશ્રી વિજયદક્ષસૂરીશ્વરજી મ૦ સા૦ના લાડકવાયા બાળ શિષ્ય બન્યા.

ગુરૂજીના મમતાળુ-માયા-પ્યાર બાલમુનિના જીવન વિકાસના પ્રાણ બન્યા. જ્ઞાન ઉપાર્જન પ્રતિદિન વધવા લાગ્યું. ગુરૂકૃપા-ગુરૂનિશ્રા દ્વારા તારીફ કરી શકાય તેવું જ્ઞાન ઉપાર્જન કર્યું.

ન્યાય-વ્યાકરણ જ્યોતિષ-સાહિત્ય આદિ જુદા જુદા વિષયોમાં ઉંડું જ્ઞાન પ્રાપ્ત કરી જ્ઞાનોપાસક બન્યા.

માતા ધુબેનના જન્મ જાત શુભ સંસ્કારો અણુએઅણુમાં પ્રસારિત હોવાના કારણે પૂ. ગુરૂજીએ આ કોહિનુર રત્ન બનવા સર્જાયેલ આત્માને પારખી મેળવી લીધું. આજે વૈરાગ્ય વાત્સલ્ય શાસ્ત્રીયજ્ઞાન ધ્યાન-યોગ દ્વારા તૈયાર કરી જિન શાસનને અરણું કોહિનુર રત્ન સમર્પિત કર્યું.

૨૧ વર્ષના દીક્ષા પર્યાયમાં પૂ૦ ગુરૂજી સાથે રહી અનેકવિધ ધર્મપ્રભાવના તથા શાસનના મહત્તા ભર્યા કાર્યોના સહભાગી બન્યા છે, મુનિશ્રી પ્રભાકરવિજયજી ! ને ગુરૂકૃપા-વિદ્વતા-દીર્ઘ દર્શિતા-કાર્યકુશળતા વરેલી છે.

જેઓશ્રી ઉપર મા સરસ્વતી, ભગવતી, શ્રી પદ્માવતીજીની પરમ કૃપા વરસી રહી છે.

જેઓશ્રીના જીવન સાથી છે. સરળતા-નમ્રતા એ દસકાના સંયમ જીવન દરમ્યાન અનેકવિધ શ્રીસંઘોમાં શાસનપ્રભાવના દ્વારા સંયમ ધર્મની સાધના દ્વારા જિનશાસનની શાન વધારી છે.

ગુરૂઆજ્ઞા-ગુરૂકૃપા પાત્ર મુનિશ્રીએ નાની વયમાં ઘણું-ઘણું આગમજ્ઞાન પ્રાપ્ત કર્યું છે, જે સ્વ-પર કલ્યાણકારી બની રહ્યું છે. જેઓશ્રી કૃતનિશ્ચયી-દીર્ઘદૃષ્ટા, પ્રખર વ્યાખ્યાતા-જિનશાસન સિદ્ધાંત પ્રેમી છે.

જેઓશ્રી પાસે સંઘ-શાસન સમાજના ઉત્કર્ષ માટેના આદર્શ વિચારો વ્યવસ્થા અને માર્ગદર્શન છે.

જેઓશ્રીની પ્રેરણાથી સમગ્ર ભારતભરમાં કયાંય ન હોય તેવા અતિ ભવ્ય અને રમણિય શ્રી સમવસરણ મહામંદિર આદિ તથા મધ્યમવર્ગના બંધુઓ માટે નિવાસસ્થાનો આદિનું ભવ્ય નિર્માણ અગાસીમાં થઈ રહ્યું છે ૩૦ વર્ષની નાની વયમાં જેઓશ્રીને જિનશાસનનો મહાન યોગોદ્વહનની આરાધના કરવા પૂર્વક ગચ્છાધિપતિ પરમ પૂજ્ય આચાર્ય શ્રી વિજયમેરૂપ્રભસૂરીશ્વરજી મ૦ સા૦ના આશીર્વાદ-આજ્ઞા સાથે પરમ ઉપકારી ગુરૂદેવ પ૦ પૂ૦ આચાર્યશ્રી વિજયદક્ષસૂરીશ્વરજી મહારાજ સાહેબ માગશર સુદ ૪ શનિવારના શ્રી ગણિપદ તથા પંન્યાસપદે બિરાજીત થયા છે.

આ ગૌરવશાળી પ્રસંગે આપણે સૌ ધન્યતા અનુભવીએ છીએ. પૂજ્યશ્રી પદાલંકૃત થઈ વધુ ને વધુ જિનશાસનની મહાન પ્રભાવના કરનાર બનો. સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રની જ્યોતિ જગમગાવનાર બનો. સંઘ શાસન અને સમાજ ઉત્થાનનાં ભવ્ય કાર્યો દ્વારા સ્વ-પર કલ્યાણકારી બની સતત કલ્યાણકારી રાહ બતાવનારા બનો .... અંતરનાદ અંતરની શુભ ભાવના સાથે ચરણ કમલમાં ભાવ ભરી વંદના.

લી. મહેશભાઈ એફ. શેઠ તથા ગુરૂભક્તો

ધર્મ માટે જ્યારે સમર્પણ ભાવ ઉત્પન્ન થાય ત્યારે જ કાર્ય સિદ્ધ થાય છે

૫૦ પૂ૦ સૌમ્યમૂર્તિ આચાર્ય મહારાજશ્રી વિજયદેવસૂરિશ્વરજી મ૦ સા૦ આદિનું વિલેપાર્લા (વે.)માં ઐતિહાસિક ચાતુર્માસ તથા મુંબઈથી માલવાડા તરફ વિહાર

પૂજ્યપાદ શાસનસમ્રાટશ્રીના પટ્ટાલંકાર શાસ્ત્રવિશારદ કવિરત્ન પીયુષપાણિ પુજ્યપાદ આચાર્ય મહારાજ શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મ૦ સા૦ના પટ્ટધર પરમ સૌમ્યમૂર્તિ વાત્સલ્યવારિધિ પુજ્યપાદ આચાર્ય મહારાજ શ્રી વિજયદેવસૂરીશ્વરજી મ૦ સા૦ તથા તેઓશ્રીના પટ્ટધર વિદ્વત્પ્રવર પુજ્યપાદ આચાર્ય શ્રી વિજયહેમચન્દ્રસૂરીશ્વરજી મ૦સા૦ આદિ સપરિવાર તથા પુજ્યસાધ્વીજી શ્રી સૂર્યપ્રભાશ્રીજી મ૦ના શિષ્યા પુજ્ય સાધ્વીજી શ્રી વિનયપ્રભાશ્રીજી મ૦ તથા પુ૦ સાધ્વીજી શ્રી દીપ્તિપ્રજ્ઞાશ્રીજી મ૦ આદિ ઠાણાનું વિ. સં. ૨૦૪૫નું વિલેપાર્લા (વેસ્ટ)ના આંગણે થયેલું. ચાતુર્માસ વ્યાખ્યાનવાણી–અનેકવિધ અનુષ્ઠાનો, તપશ્ચર્યા–આંગી–પૂજા પ્રભાવના આદિથી ઐતિહાસિક અને ચિરસ્મરણીય બની ગયું.

પુ૦ આચાર્ય શ્રી વિજયહેમચન્દ્રસૂરીશ્વરજી મ૦સા૦એ ચારે મહીના પંચમાંગ શ્રી ભગવતીસૂત્રના તાત્ત્વિક પદાર્થો એવી સરળતાથી રોચક શૈલીમાં સમજાવ્યા કે સાંભળનારા સૌ હર્ષવિભોર બની ગયા, અને એની સાથે સુકૃતસાગરમાં આવતા દેદાશા-પેથડશા અને ઝાંઝણશાના એકથી એક ચઢિયાતા ચોટદાર પ્રસંગોના વર્ણને તો સૌના દિલ જીતી લીધા. ચાતુર્માસ દરમ્યાન દરેક પર્વોની વિશિષ્ટ આરાધના–છઠ્ઠ–અઠ્ઠમ–પંચ પરમેષ્ઠિના વર્ણ પ્રમાણે ધાન્યના એકાસણા જ્ઞાન–દર્શન–ચારિત્રની આરાધના–ચારિત્રપદનો વરઘોડો, દિવાળીના દિવસોમાં થયેલી ભવ્ય આકર્ષક અદ્ભુત અંગરચના વગેરે હંમેશા યાદ રહેશે.

ચાતુર્માસ પરાવર્તન–

કાર્તિકી પૂર્ણિમાના મંગલમય દિવસે ચાતુર્માસ પરાવર્તનનો અમૂલ્ય લાભ શ્રી શાંતિચંદ બાલુભાઈ ઝવેરીએ લીધો અને ભારે ઉમળકાથી ઉજવ્યો. વહેલી સવારે કંપાઉંડમાં દેરાસરના બાંધેલા મંડપમાં તીર્થાધિરાજ શ્રી શત્રુંજય ગિરિરાજના પટ સન્મુખ સ્તુતિ–ચૈત્યવંદન અને ૨૧ ખમાસમણાનો વિધિ ભારે ઉત્સાહથી થયો. તે પછી પુજ્યપાદ આચાર્ય મ૦ સા૦ આદિ સકલ સંઘ વાજતેગાજતે શાંતિચંદભાઇના પ્રીતિ બંગલે આવ્યો. માંગલિક વ્યાખ્યાનમાં પુ૦ મહારાજશ્રીએ સિદ્ધગિરિજીનો મહિમા કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય મ૦ સા૦ની સાહિત્યસેવા અને સાધુ મહારાજના વિહારનો મંગળ દિવસ આ ત્રણનું સુન્દર વર્ણન કર્યું. તે પછી થયેલ રૂ. ૨ નું સંઘપૂજન તથા નોકારશીની વ્યવસ્થાભરી સાધર્મિક ભક્તિથી પ્રસંગ દીપી ઊઠયો. રાત્રે ભાવનામાં પણ વિશાલ સંખ્યામાં આવીને ભાવિકોએ લાભ લીધો. બોરીવલી મંડપેશ્વર-રોડના ભક્તિ મંડળે સારો રંગ જમાવ્યો.

કારતક વદ ૨ના ચતુર્વિધ શ્રી સંઘના પગલાં :

એકમ તો નહિ એટલે પુનમ પછી સીધી બીજ આવી. આ દિવસ પણ પાર્લાવાસીને યાદ રહી જાય તે રીતે વીત્યો પુ૦ સાધુ–સાધ્વી મહારાજોની વૈયાવચ્ચ–ભક્તિ કરવાનો જેમને અપુર્વ ઉત્સાહ છે તેવા ધર્મપરાયણ શા. દલીચંદ માણેકચંદ પાણાદાળવાળા તથા તેમના સુપુત્ર ચિ મહેન્દ્રકુમારના મનમાં જે મનોરથ કેટકેટલાએ સમયથી સેવાઇ રહ્યો હતો તે આજે ફળદાઈ બનેલ હોવાથી તેઓનો આખો પરિવાર હર્ષઘેલો બની ગયો નક્કી કરેલો સમય પોણા નવ વાગતાં તો મહાસુખભુવનનું કંપાઉંડ ભક્તિઘેલા ભાવિકોથી ઉભરાઇ ગયું. સૌના મનમાં અને મુખમાં જુદો જ તરવરાટ દેખાતો હતો. સકલસંઘ વાજતે ગાજતે તેમના નિવાસસ્થાન 'નિવાંત' બિલ્ડીંગમાં બાંધેલા વિશાળ–રમણીય મંડપમાં આવ્યો. શાંન્તાક્રુઝથી શાસનપ્રભાવક પુજ્યપાદ આચાર્ય મહારાજ શ્રી વિજયમેરૂપ્રભસૂરીશ્વરજી મ૦સા૦ પણ પોતાના વિશાળ પરિવાર સાથે આ પ્રસંગે પધારતા ઉત્સાહમાં અનેરી અભિવૃદ્ધિ થઈ પુ૦ આચાર્યશ્રી વિજયમેરૂપ્રભસૂરીશ્વરજી મ૦સા૦ તથા પુ૦ આચાર્યશ્રી વિજયહેમચન્દ્રસૂરીશ્વરજી મ૦ સા૦ના મનનીય વ્યાખ્યાન બાદ ત્યાં પધારેલા સકલ સંઘની સાધર્મિક ભક્તિ તથા સંઘપુજન સુંદર વ્યવસ્થા પુર્વક થયા. ચાલુ દિવસ છતાં નવસો જેટલી ઉપસ્થિતિ અનુમોદનીય રહી

ચાતુર્માસિક વિહાર તથા પગલાં :

કા વ. ૩ના સવારે પુજ્યપાદ આચાર્ય ભગવંત આદિ સપરિવારે વિલેપાર્લા (વેસ્ટ) મહાસુખભુવનથી જ્યારે વિહાર કર્યો ત્યારે તો સૌના દિલ દ્રવી ઊઠયાં હતા વળાવવા આવેલા વિશાળ સંખ્યક સમુદાયને ઘેલાભાઇ સેનેટેરિયમમાં મંગલિક સંભળાવ્યું. માંગલિક બાદ શા ડાહ્યાભાઇ ઉતમચંદ માટલીવાળા તરફથી રૂા.ની પ્રભાવના થઈ. ત્યાંથી વાજતે ગાજતે પાર્લા(પુર્વ) રેણુ સોસાયટીમાં શા. દલીચંદ ગિરધરલાલ દોશીને ત્યાં પધાર્યા. પાર્લા પુર્વમાં ચાતુર્માસ બિરાજમાન પુ૦ આચાર્ય શ્રી વિજયમહાનન્દસૂરીશ્વરજી મ૦ પણ પરિવાર સાથે પધાર્યા. માંગલિક વ્યાખ્યાન બાદ સકલ સંઘની નોકારશીથી સાધર્મિક ભક્તિ તથા સંઘપુજન કરવામાં આવ્યું.

શા, દલીચંદભાઇ તથા તેમના સુપુત્રો પ્રદીપકુમાર તથા હર્ષદકુમાર આદિ સમસ્ત પરિવાર પોતાના ગૃહાંગણે પુજ્ય આચાર્ય

(અનુસંધાન પાના નં. ૪૬૦)

આત્મા ઉપર લાગેલા કર્મોને તપાવે અને આત્માને શુદ્ધ બનાવે તેનું નામ તપ.

સુવિહીત શિરોમણી પરમયોગી આગમ-વિશારદ પંન્યાસપ્રવર ગુરુદેવશ્રી અભયસાગરજી મ૦ના અલૌકિક જીવનકવનનું રસપાન કરાવતી ને શ્રમણત્વ પ્રત્યે શ્રદ્ધા પ્રગટાવતી 'જૈન' પત્રના વાચકો-ચાહકો-ગ્રાહકોના જીવનને રાહબર બને તેવી જીવનકથા. [લેખાંક : ૪]

પૂજ્ય પંન્યાસ શ્રી અશોકસાગરજી મહારાજ સાહેબની પ્રેરણાથી...આલેખક : ગણી હેમચંદ્રસાગરજી

પરમયોગી આગમવિશારદ પૂજય ગુરુદેવશ્રી ...

ગાગરમાં સાગર

નાના આ બાળમુનિને અપાએલું નામ એના પોતાના માટે જ કિલષ્ટ બન્યું... પોતાનું નામ પોતાને જ ન ફાવે.... અફણો-દમના બદલે અનુલોદય થઇ જાતું. આથી પૂ૦આગમોદ્ધારકશ્રીની સૂચનાનુસાર વડીદીક્ષા ટાણે સાવ સરલ કાના-માત્ર વગરનું નામ અપાયું... અભય સાગરજી!

અને સાથે જ જાણે અમૃતની ગાગરમાં અભયનો સાગર ઉદ્ભવ્યો હતો?

બાળમુનિ અભયસાગર એ સહુનો લાડકો હતો એટલે બધાં જ એને લાડે પંપાળે અને ધ્યાન રાખે છે કે એને જરા ય ઓછું ન આવે....

પરંતુ ચાલી રહેલી આ સ્થિતિને પુજ્ય આગમોદ્ધારકશ્રીની નજર પામી થઇ.

બાળમુનિને અપાતા વધુ પડતા લાડ-પ્યાર તેના જ જીવન માટે જોખમ ઊભા કરનારા બને છે અને પરિણામે બાળદીક્ષા પાછળ બંધાએલું લક્ષ્ય ફળીભૂત નથી બની શકતું!

પિતા મુનિ ધર્મસાગરજી મ૦ પણ પામી ગયા કે પુત્રને દીક્ષા આપવા માત્રથી કે પોતાનો શિષ્ય બનાવ્યા માત્રથી સંતોષ નથી માનવાનો.

દીક્ષા લીધા પહેલા કરતાં દીક્ષા દીધા બાદ પોતાની જવાબદારી અનેકગણી વધી જાય છે.

અત્યાર સુધી મારા માથે મારી અને મારા એક જ શિષ્યની જવાબદારી હતી હવે જવાબદારી વધી છે અને એમાંય આ તો એકદમ બાળ. ને સાથે તોફાની-ખેપાની ને ચબરાક ચતુર!

એણે સ્કુલ નિશાળ કદી દેખ્યાં નથી ને એકડો બારાખડી માંડી નથી, એની તાલીમ માટે તો પુરતી ચીવટ રાખવી પડશે અને ધર્મસાગરજી મહારાજે એવી જ ચીવટથી ધ્યાન આપ્યું.

પ્રતિભાનું પ્રગરણ

પહેલું ચોમાસુ ડભોઇ કર્યું ત્યાં એક તરફ શિક્ષક રાખી વ્યાવહારિક અભ્યાસના શ્રીગણેશ કર્યા. અને બીજી તરફ મોઢે મોઢે જ સાધુસમાચારીનાં સૂત્રો, નવસ્મરણ, ચારપ્રકરણ, ત્રણ-ભાષ્ય દશવૈકાલિક આદિ સૂત્રો કંઠસ્થ કરાવ્યા....

બાળમુનિ અભયસાગરજીની બુદ્ધિ તો એવી અવ્વલ કે અક્કલ કામ ન કરે! ત્યારે તો બાળમુનિને વાંચતા પણ આવડતું ન હતું છતાં મુનિશ્રી દર્શનસાગરજી મ૦ પાસે સાંભળી સાંભળીને જ માત્ર એક દિવસમાં સાડા ત્રણસો ગાથાનું પક્ખિસૂત્ર કંઠસ્થ કરેલું.

અંદાજ આવી શકે છે આ ઉપરથી કે બુદ્ધિની કેવી તીવ્રતા હાંસલ કરી હશે આ બાળમુનિએ!

પોતાના પુત્રમુનિની આવી શક્તિ વેડફાઈ ન જાય અને એનો સદ્-ઉપયોગ થઇ શાસન અને સમુદાયના લાભમાં થાય એ ઉદ્દેશથી મુનિશ્રી ધર્મસાગરજીએ વિચાર્યું કે અભ્યાસ માટે ક્ષેત્ર અને વાતાવરણ અનુકૂલ અને અલિપ્ત હોવું જોઈએ. એથી બીજી દિશા તરફના નિમિત્તો જોવા જ ન મળે....અને આ માટે માલવા ક્ષેત્ર સારું ઉપયુક્ત ક્ષેત્ર ગણાય?

આમે ય તે તરફ સાધુઓનું વિચરણ ઓછું છે. ત્યાં જવાથી લોકોને ધર્મ પમાડવાનું પણ કામ થશે અને બીજી કોઈ લપ્પન-છપ્પન ન હોવાથી બાળમુનિઓનો અભ્યાસ પણ સારી રીતે વિકસી શકશે.

આમ વિચારી તેઓ પોતાના ગુરુદેવ પુ૦ ચન્દ્રસાગરજી મ૦ સાથે માલવા પધાર્યા અને રતલામ ચોમાસુ કર્યું.

સવિતાની કાલી કવિતા :

આ બાજૂ મણીબહેને પોતાની લાડકી સવિતાને તૈયાર કરી દીધેલી જેથી હવે તો સવિતાય ઘૂઘરા બાંધીને બેઠી હતી કે, હુંય ક્યારે ઓઘો લઉં ને ભાઈ મહારાજની માફક હું ય ક્યારે નાચું ને હું ય ક્યારે બાળ-સાધ્વી બનું?

ભાવનાની વૃદ્ધિ સાથે સવિતાની ઉંમર પણ હવે થઈ ગએલી. દીક્ષાને યોગ્ય ઉંમર થવાથી રતલામ આવ્યાં અને દીક્ષા માટેની ચર્ચા થઈ.... અને અન્તે નક્કી થયું કે રતલામમાં જ દીક્ષાનું કાર્ય પતાવવું.

વાત જાણી રતલામનો સંઘ પણ ઉત્સાહમાં આવી ગયો અને ઠાઠ-માઠથી અને અનેરા ઉછરંગ સાથ સં. ૧૯૯૦ના માગશર સુદી ૩ ના દિવસે એ મા-બેટીની દીક્ષા થઇ...

મણીબહેન સાધ્વીજી શ્રી સરસ્વતીશ્રીજીના શિષ્યા સાધ્વીશ્રી સદ્ગુણાશ્રીજી બન્યા.

અને લાડકી સવિતા સાધ્વીશ્રી સદ્ગુણાશ્રીજીના શિષ્યા બાળ-શ્રમણી શ્રી સુલસાશ્રીજી બની.

કેવું ધન્ય કુટુંબને કેવો ધન્ય પરિવાર? ન માલૂમ કેટલા ભવોના સંબંધે બંધાયો હશે આ પરિવાર! તો જ બધા એક સરખા મળે ને એક જ દિશામાં આગળ વધે ને? પાપની ખતરનાક પરંપરાને પોષનારા વંશવેલાનો ઉચ્છેદ કરવો એ જેવા તેવા પુણ્ય અને જેવા તેવા પુરુષાર્થનું કામ નથી હોં ભાઇ!

આવા પરિવારની તો કદાચ દેવલોકમાં વસનારા દેવતાઓને ય ઈર્ષ્યા આવતી હશે, એમના મોઢેથી શબ્દો સરી પડ્યા હશે... 'વાહ! ધન્ય પરિવાર....'

માલવા શિક્ષાક્ષેત્ર-કર્મક્ષેત્ર :

માલવાની ભૂમિ મુનિશ્રી ધર્મસાગરજીને બરાબર ફાવી ગઇ આથી પોતાના પૂજ્યોની આજ્ઞા મેળવી એમણે પોતાનું કર્મક્ષેત્ર અને શિષ્યોનું શિક્ષાક્ષેત્ર માળવા જ બનાવ્યું!

એક ગામથી બીજે ગામ ને બીજે ગામથી ત્રીજે ગામ વિહાર કરતા અને તે તે ગામમાં થતી પરમાત્માની, પરમાત્માના દેરાસરની આશાતના, દેવદ્રવ્યાદિની ઉપેક્ષા આદિ બાબત ધ્યાન દઈ પોતે તે તરફ પ્રવૃત્તિ કરતા ને દોષોને દૂર કરાવતા, વ્યાખ્યાન વગેરેમાં પુજા આદિની સુંદર વિવેચના કરી પુજા કરનાર વર્ગ ઊભો કરતા

દેરાસરો તો મોટા મોટા ઊભેલા પરંતુ સ્થાનકવાસીનો પ્રભાવ વધવાથી દેરાસરોમાં પૂજા કરનાર અને ક્યાંક તો દર્શન કરનાર પણ કોઇ નહિ મળતું. એથી દેરાસરમાં ભયંકર આશાતનાઓ થતી....આને દૂર કરવા પુજા કરનાર વર્ગને સારી રીતે તૈયાર કરેલો! જેથી દેરાસરો સચવાય ને આશાતના છેદાય!

આની સાથે શિષ્યોના અભ્યાસની પૂરતી કાળજી લેતા..

ગોચરી-પાણી-કાપ વગેરે બધું પોતે જ સંભાળતા અને વારંવાર શિષ્યને એક જ વાત સમજાવતા કે.... "ચારિત્ર લઈ લેવું બહુ કઠિન નથી પણ લીધા પછી પાળવું બહુ જ અઘરું છે. અને ચારિત્રનું બરાબર નિરતિચાર પાલન તો જ થઇ શકશે કે જો તમારામાં વૈરાગ્ય હોય. વૈરાગ્ય સિવાય ચારિત્રના આચરણમાં શિથિલતા આવ્યા વિના નહિ રહે. અને વૈરાગ્યને મજબૂત બનાવવા શાસ્ત્રાભ્યાસ ગ્રંથોનું અવગાહન ખૂબ જ જરૂરી છે. અને તે માટે બુનિયાદ જેવા વ્યાકરણ વગેરે વિષયમાં પારંગત થવું પણ ઘણું જ આવશ્યક છે. અને તે માટેની સુયોગ્ય બાળ વય તમોને મળી છે તો એમાં જરાય પ્રમાદ સેવ્યા સિવાય આગળ વધજો... બીજા વિષયમાં ધ્યાન દેવા કરતાં અભ્યાસમાં જ પૂરતું ધ્યાન દેજો...."

આમ શિષ્યોને વારંવાર પ્રેરણા દેતાં.

આ પ્રેરણાના બળે પ્રથમ શિષ્ય મહોદયસાગરજીએ તો ખરેખરી કમાલ બતાવી....અઢાર હજાર શ્લોક પ્રમાણનું આખું વ્યાકરણ કંઠસ્થ કરી દીધું અને તે સિવાય બીજો અભ્યાસ તો પાછો ઘણો બધો!

નાનો રાઈનો દાણો :

અભ્યાસ સાથે આત્મવિશ્વાસ અને ખુમારી પણ જોરદાર.

તેર વરસની ઉંમરેથી એ વ્યાખ્યાન દેતા અને વ્યાખ્યાન પણ એવું કે વ્યાખ્યાનમાં એમનું નામ પડે ને હજારોની સંખ્યામાં જનતા ઊમટી પડે. અને વ્યક્તિત્વ એવું ઊંચું કે આવી નાની ઉંમરે જ એમના મોટી ઉંમરના બબ્બે શિષ્ય થવા પામ્યા હતા. પ્રથમ શિષ્યનું નામ પૂ૦ મુનિશ્રી દર્શનસાગરજી મ૦ અને બીજાનું નામ પૂ૦ મુનિશ્રી ન્યાયસાગરજી મ૦ !

અચ્છા અચ્છા ધુરંધર આચાર્યદેવોની નજર આ બાળમુનિ ઉપર ઠરી ગએલી પૂજ્ય આચાર્યદેવશ્રી નેમિસૂરિજી મ૦, પૂ૦ આચાર્યદેવશ્રી નીતિસૂરિજી મ૦ તો કહેતા કે 'યુગપ્રધાન જેવું' વ્યક્તિત્વ અને બુદ્ધિપ્રાગલ્ભ્ય આની છે. એને બરાબર તૈયાર કરજો.

પરમપૂજ્ય પંન્યાસશ્રી અભયસાગરજીના જીવનમાં બનેલ અદ્ભુત અને ચમત્કારી..

પ્રસંગ ત્રણ...

સં. ૨૦૪૬ માં માલવાના દાદા નાગેશ્વર-પાર્શ્વનાથ પ્રભુની પ્રતિષ્ઠા થયા પછી પુજ્યશ્રી એકદમ જ કમજોર બની ગએલા, બી પી. હાઈ (ઓવર લીમીટ) થઈ ગએલ. ન બોલવાની શક્તિ ન ચાલવાની શક્તિ, લગભગ-અઠવાડિયું આમ જ રહેલ.... પ્રતાપગઢ ચોમાસુ કરવાનો સમય આવી ગયો હતો. પોતાના ગુરૂદેવશ્રી પ્રતાપગઢ બિરાજમાન હતા. ત્યાં પહોંચવું જરૂરી હતું. આખરે ડોળી દ્વારા પહોંચ્યા.... પંદર દિવસે પ્રાયઃ પુજ્યશ્રી સ્વસ્થ થયા. આ વખતે આ બિમારી કેમ આવી? એનું નિદાન અમને મળતું ન હતું... એક વખત પૂછતાં પુજ્યશ્રીએ જણાવેલું કે નાગેશ્વર દાદાની પ્રતિષ્ઠા વખતે મારે શક્તિપાત કરવો પડેલો. કેમ કે પરોક્ષ વિઘ્નો ઘણાં હતાં. એને દૂર કરવા અને દાદાના પ્રભાવને જાગ્રત કરવા શક્તિપાત કરવો જરૂરી હતો. અને આવે વખતે શક્તિપાત કરનાર વ્યક્તિના શરીરમાં નબળાઈ આવે એ બહુ સહજ છે. મારામાં આવેલી નબળાઇ એ શક્તિપાત થયાનું સૂચન છે. કરાએલી વિધિની સફળતાનું ચિહ્ન છે અને હવે જો....જો... આ તીરથ જાગતી-જ્યોત સમું અને એકદમ પ્રસિદ્ધિને પામશે...

કહેવાની શી જરૂર કે ગુરૂદેવશ્રીની આ આગાહી આજે અક્ષરે અક્ષર આંખ-સામે સાર્થક બનતી જણાય છે.

પૂજ્ય ગણિવર્યશ્રી જિનચંદ્રસાગરજી મ૦ની પ્રેરણાથી શ્રી કૈલાસનગર જૈન સંઘ, ભાગાતળાવ, સુરત-૬.

(અનુસંધાન પાના નં. ૪૫૭ નું ચાલુ)

મ૦ સા૦ આદિના પધારવાથી ઘણો જ હર્ષિત થયો હતો. પુજ્ય મહારાજશ્રીની ત્યાં અહોરાત્રિની સ્થિરતા દરમ્યાન જેટલા ભાવિકો આવ્યા તે સૌનું સંઘપુજન તથા આતિથ્ય કરવાનું ચાલું જ રાખ્યું.

ઘાટકોપર તથા મુલુંડ :

પુ૦ મહારાજશ્રી પાર્લા (ઇસ્ટ) થી વિહાર કરી કા. વ. ૪ના મનહરલાલ ગુલાબચંદ ઘોઘાવાળાને ત્યાં નોકારશીનો લાભ આપી જગડુશાનગરમાં રસિકભાઇ દાઠાવાળાને ત્યાં માંગલિક સંભળાવી સાંઘાણી એસ્ટેટ–ઉપાશ્રયે પધાર્યા. ત્યાંથી કા. વ. ૫ ના મુલુંડ શા. દલીચંદ હીરાચંદ કામરોળવાળાને ત્યાં નોકારશીનો લાભ આપી ઉપાશ્રયે પધાર્યા. મુલુંડમાં કા વ ૬ તથા કા. વ ૭ ના મોહનભાઈ પરિવાર તથા શા. મનહરલાલ આદિ તરફથી પદ્માવતી પૂજન તથા સિદ્ધચક્ર મહાપૂજન ઘણા જ ઉલ્લાસપૂર્વક ભણાવવામાં આવ્યા. ત્રણે દિવસ વ્યાખ્યાનમાં સંઘપૂજન થયા.

દોલતનગરમાં પધરામણી :

કા વ. ૮ના દિવસે નેશનલપાર્કના રસ્તે મુલુંડથી વિહાર કરી પુ૦ મહારાજશ્રી દોલતનગર પધાર્યા. દોલતનગરના ભાવિક ભકતોએ પુ૦ મહારાજશ્રીના આગમનને ઉમળકાથી વધાવી લીધું. બન્ને દિવસ વ્યાખ્યાનમાં શ્રોતાઓએ સારો લાભ લીધો. કા. વ. ૯ના દિવસે વ્યાખ્યાનમાં જુદા જુદા ભાવિકો તરફથી રૂા. ૫/–નું સંઘપુજન થયું.

મુંબઈથી રાજસ્થાન તરફ વિહાર :

પુજ્ય આચાર્ય મહારાજશ્રી સપરિવાર વિ સં. ૨૦૪૨ના જેઠ માસમાં મુંબઈ પધાર્યા. સં, ૨૦૪૨માં વિલેપાર્લા (ઇસ્ટ), સં. ૨૦૪૩માં દોલતનગર, સં. ૨૦૪૪માં માટુંગા અને સં ૨૦૪૫માં વિલેપાર્લા (વેસ્ટ)માં શાસન પ્રભાવનાપૂર્ણ ચિરસ્મરણીય ચાતુર્માસો કર્યા. શેષકાળમાં પણ મુંબઈના લગભગ બધા પરામાં વિચરી ધર્મોપદેશ આપી અનેક ધર્મ અનુષ્ઠાનો તથા પ્રસંગો ઉજવાવી સારી શાસન પ્રભાવના કરી.

હવે પુજ્યશ્રીને શેઠ વરદીચંદ હંસરાજ ભલાજી માધાણી પરિવાર તરફથી મહા સુદ ૧૧ના મંગલમય દિવસે માલવાડા (રાજસ્થાન)થી કાઢવામાં આવનાર તીર્થાધિરાજ શ્રી શત્રુંજય ગિરિરાજના છ'રીપાલિત યાત્રા સંઘમાં પધારવાનું હોવાથી તેઓશ્રીએ દોલતનગરથી કા. વ. ૧૦ના દિવસે શુભ પ્રયાણ આદર્યુ છે.

શેઠ વરદીચંદજી ભલાજી ઘણા જ ધર્મનિષ્ઠ આત્મા છે. આ સંઘ કાઢવાનો પોતાનો મનોરથ સિદ્ધ થાય તેટલા માટે તો તેમણે એકધારા બાર–બાર વરસીતપ કર્યા છે પણ આખરે તેમની અડગતાભરી શ્રદ્ધાની જીત થઇ છે. અને તેમના ચારે પુત્રો શા ગવરીચંદજી, થાનમલજી, દેવરાજજી અને ચુનીલલજીએ તેઓની ભાવનાનુસાર આ મહાન યાત્રા સંઘ કાઢવાનો દૃઢ નિર્ધાર કર્યો છે

ગ્રામાનુગ્રામ વિહાર કરતાં પુ૦ મહારાજશ્રી વલસાડ સુધી પહોંચ્યા છે. આગળ નવસારી–સુરત–ભરૂચ આદિ થઇ પો.સુ.૧૧ રવિવારના અમદાવાદ અને ત્યાંથી મહેસાણા પાલનપુર રસ્તે વિહાર કરતાં કરતાં મહા સુદિ–૫ ના શુભ દિવસે પહોંચવા ધારે છે.

સંઘ મહા સુ.૧૧ના દિવસે પ્રયાણ કરશે. વચમાં ભીલડીયાજી–ચારૂપ–પાટણ ચાણસ્મા–શંખેશ્વર–કંબોઈ વગેરે અનેક તીર્થોની યાત્રા કરતો કરતો ફા વ.૧ ના પાલિતાણા તીર્થાધિરાજની છાયામાં પહોંચશે અને ફા.વ ૩ ના મંગલ દિવસે સંઘપતિઓની તીર્થમાળ થશે. અને તીર્થાધિરાજ શ્રી શત્રુંજય ગિરિરાજ અને અલબેલા આદીશ્વર દાદાનો જયજયકાર પ્રવર્તશે.

દાઠાનગરથી અજારા તીર્થનો છ'રીપાલિત યાત્રા સંઘ

પુજયપાદ શાસનસમ્રાટશ્રીના સમુદાયના પુ૦ પન્યાસશ્રી પ્રદ્યુમ્નવિજયજી મ૦સા૦ આદિની શુભ નિશ્રામાં તથા શ્રી વિશા શ્રીમાળી જૈન મહાજન અને શાહ મોહનલાલ મગનચંદ (વાલરવાળા), દોશી મૂળચંદ માલાભાઇ (દાઠા વાળા) આયોજિત શ્રી દાઠાનગરથી અજારા તીર્થનો છ'રીપાલિત સંઘે તા.૪/૧૨/૮૯ ના મંગળ પ્રયાણ કર્યું છે. તીર્થમાળ તા. ૧૫/૧૨/૮૯ના રાખવામાં આવી છે.

મોહનખેડા તીર્થમાં ઉપધાન માળારોપણ ઉજવણી

પુ૦ ગચ્છાધિપતિ વર્તમાન આચાર્યશ્રી હેમેન્દ્રસૂરીશ્વરજી મ૦ સા૦ની શુભ નિશ્રામાં અત્રે ગત તા. ૨૦-૧૦-૮૯ના મહામંગલકારી શ્રી ઉપધાનતપ આરાધનાનો શુભ પ્રારંભ થયેલ. આ ઉપધાનતપમાં ૧૦૫શ્રાવક–શ્રાવિકાઓએ ઊમંગભેર લાભ લીધો. ૪૭ દિવસીય આ ભવ્ય આયોજનનું સમાપન અઠ્ઠાઈ મહોત્સવપૂર્વક ઊજવવામાં આવેલ મોક્ષમાળાનો ભવ્ય વરઘોડો તા. ૬–૧૨–૮૯ના નીકળેલ અને મોક્ષમાળા તા. ૭-૧૨ ૮૯ના પરિધાન કરવામાં આવેલ.

થાણા (મહા) અષ્ટાન્હિકા મહોત્સવ ઉજવણી

શાસનસમ્રાટ અચલગચ્છાધિપતિ પૂજ્ય આચાર્ય ભગવંતશ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ૦સા૦ના દિવ્ય આશીર્વાદોથ: કોકણ દેશના થાણા તીર્થે શ્રી ચંદ્રપ્રભુસ્વામિ જિનાલયના શિખરમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુ આદિ જિનબિંબોની ગાદીનસીન પ્રતિષ્ઠા સહિત અષ્ટાન્હિકા મહોત્સવની ઉજવણી શ્રી થાણા અચલગચ્છ જૈન સંઘ દ્વારા આયોજનપુર્વક તા. ૧૦ થી ૧૮ નવેમ્બર દરમ્યાન કરવામાં આવી હતી.

મરવું તો છે જ, તો મમતા રાખીને મરવા કરતાં ક્ષમતા રાખીને કાં ન મરવું ?

ROad G. BV. No. 29
JAIN OFFICE : P. Box No. 175
BHAVNAGAR-364001 (Gujarat)
Tele : 29919 R/o 25869

જૈન

આજીવન સભ્ય ફી : રૂ. ૫૦૧/-
વાર્ષિક લવાજમ : રૂ. ૫૦/-
જાહેરાત એક પેજના : રૂ. ૭૦૦/-
સમાચાર પેજના : રૂ. ૫૦૦/-

સ્વ. તંત્રી : ગુલાબચંદ દેવચંદ શેઠ
તંત્રી-મુદ્રક-પ્રકાશક-માલીક :
મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
જૈન ઑફિસ, પો.બો. ૧૭૫, દાણાપીઠ, ભાવનગર.

'જૈન' વર્ષ ૮૬
અંક-૪૮

વિર સં. ૨૫૧૬ : વિ સં. ૨૦૪૬ માગશર વદ ૧૧
તા. ૨૨ ડીસેમ્બર ૧૯૮૯ શુક્રવાર
મુદ્રણ સ્થાન : શ્રી જૈન પ્રિન્ટરી
દાણાપીઠ પાછળ, ભાવનગર-૩૬૪૦૦૧.

સાધર્મિકતાનું સર્વેક્ષણ

સાધર્મિકોને નાની મોટી, નિયમિત કે અનિયમિત મદદ આપતી સેવા સંસ્થાઓની ફાઈલોમાં ફાઇલ થયેલાં અરજીપત્રકો પોકારી પોકારીને કહી રહ્યાં છે કે–

–ઘણાં એવા સાધર્મિકો છે કે જેમના ઘરે ચૂલો અનિયમિત સળગે છે.

–ઘણાં એવા સાધર્મિકો છે કે જે, 'ભગવાન ભૂખ્યો-ઉઠાડે છે પણ ભૂખ્યો સુવાડતો નથી'–એ કહેવતને ખોટી પાડે છે.

–ઘણી એવી સાધર્મિક બહેનો છે જેમને સાડલો સૂકાઈ જાય ત્યાં સુધી નિર્વસ્ત્ર બંધ બારણે પુરાઈ રહેવું પડે છે.

–ઘણાં એવા સાધર્મિકો છે જેને કાલની નહિ, આજની પણ નહિ, અત્યારની અને અબઘડીની સળગતી ચિંતા છે.

–ઘણાં એવા સાધર્મિકો છે જેને ફુટપાથ પર, કળશો પાણી પીને જ સૂઇ જવું પડે છે.

–ઘણાં એવા સાધર્મિકો છે જેમને દવા માટે પુરતાં પૈસાના અભાવે રીબાઇ રીબાઇને મરી જવું પડે છે.

આવા દીન અને દુઃખી, બેઘર અને બેકાર, નિવસ્ત્ર અને રોગી, અજાણ્યા અને અનાથ સાધર્મિકોથી શું સમાજ અજાણ છે? આવા સીદાતા સાધર્મિકોની મૂગી ચીસો શું સમાજના કાને નથી સંભળાતી? સમાજ જાણે છે, સુપુરે જાણે છે. સમાજ સાંભળે છે. સુસ્પષ્ટ સાંભળે છે. છતાંય કમનશીબી છે કે શ્રી **ચતુર્વિધ સંઘ, જિનશાસનના યોગક્ષેમની પાયાની આ ચિંતા તરફ** જોઈએ તેવો પુરી શક્તિથી સક્રિય નથી.

આપણાં મહારાજો સાધર્મિકભક્તિ કે સાધર્મિક વાત્સલ્ય માટે પ્રેરણા જરૂર કરે છે. સુખી માણસો તે પ્રેરણા ઝીલે પણ છે. પરંતુ આજ આ 'સાધર્મિક વાત્સલ્ય' મોટાભાગે એક ટંકના જમણમાં જ પુરું થતું જોવામાં આવે છે. પર્યુષણના દિવસોમાં આવા જમણ 'સાધર્મિક ભક્તિ કે વાત્સલ્ય'ના નામે અચૂક થાય છે. એમ થાય છે તેથી 'સાધર્મિક વાત્સલ્ય' થઇ ગયું એમ માનવું એ નર્યું અજ્ઞાન છે. તેમાં નરી આત્મવંચના છે. આજે જમણના રૂપમાં જે સાધર્મિક વાત્સલ્ય થાય છે તેમાં તો માત્ર આંશિક દ્રવ્ય સાધર્મિક વાત્સલ્ય છે. આંશિક એટલા માટે કે તેમાં મોટા ભાગે માત્ર જમણ જ મુખ્ય બાબત હોય છે. કયાંક અને કયારેક પૈસાની કે ચીજ વસ્તુની પ્રભાવના થાય છે. પરંતુ સીદાતા સાધર્મિકો સ્વમાનભેર પગભર બને એવું કંઇક કરવાનો પ્રયાસ, જે દ્રવ્ય-સાધર્મિક વાત્સલ્યમાં નિહિત છે તે હજી પૂર્ણતયા થવો બાકી છે

સાચી વસ્તુ તો એ છે કે આપણે આ બે શબ્દોને પુરા ઓળખ્યા જ નથી. સાધર્મિક એટલે જૈન. નવકાર બોલતો કોઇ પણ માણસ તે સાધર્મિક.

આવા સાધર્મિક પ્રત્યે વાત્સલ્ય રાખવાનું છે. વાત્સલ્ય તો માનું જ. છાતીએ બચકા ભરે તો પણ મા જ તેને

વ્હાલથી ધવડાવે, સંતાન લાત મારે તો મા લાગણીથી પૂછે: 'બેટા! તને તો પગે કંઈ વાગ્યું નથી ને?' વાત્સલ્યને ધરતી પર અવતાર લેવાનું મન થયું અને તે માતા રૂપે અવતર્યું. બાળક રડે તો માના હૈયે ફાળ પડે, બાળક ભૂખ્યું સૂઈ જાય તો માની ઊંઘ વેરણ બની જાય. બાળક દુઃખી હોય તો માનું કાળજું ચીરાઈ જાય. ભગવાનને એ પ્રાર્થના કરે: 'ભગવાન! મારા વર્ષો લઇ લે પણ મારા લાલને તું બચાવી લે' જાતને ગૌણ કરી, બાળકના સુખ-સંમૃદ્ધિ માટે મા જ બધું સહન કરી શકે. તે માટે કરવું પડતું બધું જ ત્યાગ કરી શકે, આથી જ માના વાત્સલ્યની તોલે હજી સુધી કોઇનો પ્રેમ કે સ્નેહ આવ્યો નથી. વાત્સલ્યનો આવો અપરંપાર મહિમા સમજીને જ 'શ્રાદ્ધવિધિ'માં કહ્યું હશે ને? કે–

એગત્થ સવ્વધમ્મો [મ્મા], સાહમ્મિઅવચ્છલં તુ એગત્થ;
બુદ્ધિ તુલાએ તુલિયા, દોવિ અ તુલ્લાઈ ભણિઆઈ

"એક બાજુ (દાનાદિ) સઘળાય ધર્મો અને બીજી બાજુ એક માત્ર સાધર્મિક વાત્સલ્યને મૂકીને, બુદ્ધિરૂપી કાંટાથી તોલવામાં આવે તો બન્ને સમાન થાય (કારણ કે સાધર્મિક સર્વ ધર્મોનો આધાર હોવાથી, માત્ર તેની સેવા પણ સર્વધર્મોની સેવારૂપ છે.)"

દાનાદિ બધા ધર્મોની બરાબર ઊભું રહેતું સાધર્મિક વાત્સલ્ય આ જ ક્યાંય નજરે પડે છે ખરું? સંઘ જમણ, નોકારશી કે સાધર્મિક ભક્તિ નિમિત્તે ભાણા પર બેસતાં આપણા જૈન સાધર્મિક બેનોને અમૃતભર્યા વાત્સલ્યનો ક્યાંય સ્પર્શ થાય છે ખરો? નથી થતો તો કેમ નથી થતો તેનો તલસ્પર્શી અભ્યાસ કરવો પડશે.

તનથી તૂટેલાં સાધર્મિકોની વ્હાલથી સેવા કરીએ. તેમનું આરોગ્ય નિરોગી રહે તેવી તેમને વ્યવસ્થા કરી આપીએ.

ભારતભરના સાધર્મિક બંધુઓ માટે તો કોઈ વ્યવસ્થિત કાર્ય થતું હોય તેવું જણાતું નથી. જે થાય છે તે છુટું છવાયું થાય છે. બૃહદ મુંબઇના સાધર્મિક બંધુઓનું આછું-પાતળું કાર્ય શ્રી આત્માનંદ જૈન સભા (મુંબઈ) દ્વારા થતું રહે છે. તેના દ્વારા દર મહીને જરૂરી પરીવારોને સહાય અપાય છે. તેમજ સાધર્મીકોના વસવાટ માટે કાન્દીવલી ને નાલાસોપારામાં વસવાટ યોજના પણ કરેલ છે તેમજ આ સંસ્થા દ્વારા જરૂરી સર્વેક્ષણ પણ થયેલ હશે! પણ તેમના આર્થીક ટુંકા સાધનોને કારણે તે દરેક ક્ષેત્રને સહાયક બની શકતી નથી. ત્યારે આ સંસ્થાને બળ આપવાને બદલે પૂ૦આ૦શ્રી રાજયશસૂરીશ્વરજી મ૦ દ્વારા શ્રી લબ્ધિ સાધર્મિક સમુત્કર્ષ કેન્દ્રની સ્થાપના કરી તેના દ્વારા સર્વેક્ષણ કરવાનો પ્રયાસ કરેલ છે. તેને આપણે જરૂર આવકારીએ.

પૂજ્યશ્રીની સાધર્મીક બંધુ પ્રત્યેની લાગણી અને ભાવનાની કદર કરીએ. સાથે સાથે પૂજ્યશ્રીને નમ્ર વિનંતી કરીએ કે આ સર્વેક્ષણ માત્ર સર્વેક્ષણ જ ન બની રહે તે માટે આગામી પાંચ વર્ષ મુંબઇમાં જ રહી આયોજન બદ્ધ આ સાધર્મીક ક્ષેત્રમાં કાર્ય કરતી ને સહાય આપતી દરેક સંસ્થા-વ્યક્તિનો સમન્વય સાધી એક-તાંતણે બાંધી સી. પી. ટેન્કના જૈન ઉદ્યોગ કેન્દ્ર તથા વર્ધમાન કો. ઓ. બેન્ક જેવી ઉપયોગી સંસ્થાને હસ્તગત કરી સાધર્મીક ઉદ્ધારના કાર્યમાં લગાડે

જેમ સાધર્મિક ભાઇઓની સર્વેક્ષણ થાય છે તેમ સાધર્મિક બંધુઓ માટે સમાજ પાસેથી દાન લેતી સંસ્થાઓનું સર્વેક્ષણ કરવાની તાતી જરૂર છે. કઇ એવું તો નથી બનતું ને કે આ રકમ સગાવાદ કે વહીવટીતંત્ર પાછળ જ નથી વપરાતીને. તેની સર્વેક્ષણ પણ પૂજ્યશ્રી જરૂર કરાવશે.

મનથી ભાંગેલા સાધર્મિકોને પ્રેમથી પંપાળી તેમના હૈયે આશા અને શ્રદ્ધા જન્માવવી હોય તો સૌ પ્રથમ મુંબઇના દેરાસરો-ઉપાશ્રયોના દ્વાર તેમને માટે ખુલા કરવા... એટલે કે તેમને એ સ્થાનોમાં ઉતરવા-રહેવાની સગવડ આપવી. જે તેમને પુનઃ ધર્મમાં-સ્વધર્મમાં સ્થિર કરીએ. તેને આપણી દરેક સંસ્થા કે ધર્મસ્થાનોમાં નોકરીએ રાખીએ, તેના ઉપર વિશ્વાસ અને શ્રદ્ધા મુકી પ્રોત્સાહિત કરીએ. આજે મુંબઇના દરેક ધર્મસ્થાનો દેરાસર-ઉપાશ્રય જૈનેત્તર ભૈયાઓ-ગુરખાઓની સંખ્યા ગણીએ તો ૫૦૦૦ થી પણ વધારેને આશરો અપાય છે. પણ આપણા સાધર્મિકને એટલો નથી અપાતો તે માટે પૂજ્યોશ્રી તથા સંસ્થાઓ સક્રિય બને-જેહાદ જગાવે. તેમજ જૈનધર્મી કોઇ પણ પેઢી-કારખાનાઓમાં પણ જૈન ભાઈ-બહેનોને કામે ચઢાવી તેમની સ્થિતિ સુધારવામાં સહયોગી બનાવીએ.

ધનથી ખવાઇ ગયેલા સાધર્મીકોને પૂરતી આર્થિક સગવડો આપી તેમના મસ્તકને ઊંચા રાખીએ અને પગ અને પેટને સમૃદ્ધ અને સભર બનાવીએ.

ચતુર્વિધ સંઘના એક સભ્ય હોવાનો આપણે દાવો કરતા હોઇએ અથવા સભ્ય તરીકેના મળતાં લાભ લેતા હોઈએ તો 'શ્રાદ્ધવિધિ' ની સાફ સાફ વાત શ્રીસંઘ પોતાના હૈયે કોતરી રાખે કે—

ન કયં દીણુદ્ધરણં,
ન કયં સાહમ્મિઆણ વચ્છલં...
હારિયો જમ્મો.

અર્થાત: પોતાના જીવનમાં જેણે દીન-દુઃખીઓનો ઉદ્ધાર નથી કર્યો, સાધાર્મિકોનું વાત્સલ્ય કર્યું નથી, તે માનવજન્મને હારી ગયો.

ન્યાયી મનુષ્ય અજેય હોય છે. કોઇ પણ શત્રુ તેનો પરાભવ કરી શકતો નથી.

કરજણ મીરાગામ (જિ. વડોદરા)માં બાલમુનિશ્રી મનોજ્ઞપ્રભવિજયજીનો ટ્રક અકસ્માતમાં કાળધર્મ

સંસારમાં બધા જીવ જન્મ લે છે અને સમય પૂર્ણ થતાં આ સંસારમાંથી વિદાય લે છે. જીવન તો બધા જ જીવે છે. પરંતુ જીવન જીવવામાં અનેક ભેદ હોય છે. કોઈ ૧૦૦ વર્ષના જીવનમાં પણ પ્રકાશ (આત્મજ્ઞાન) પામી શકતા નથી જ્યારે કોઇ અલ્પ સમયમાં જ આત્મજ્ઞાન મેળવી સુમન જેવી સૌરભ આ સંસારને અર્પી જાય છે.

પુ૦ બાલ મુનિશ્રી મનોજ્ઞપ્રભમુનિશ્રી મ. સા. જૈન શાસનના એક ભાવી કર્ણધાર હતા. તેમનો જન્મ તા. ૨૪-૪-૭૪ના પર્વતપુર (ધનબાદ-બિહાર)માં થયો હતો. ૫ વર્ષની લઘુ વયે ગુરુ નિશ્રામાં રહી અપૂર્વ જ્ઞાન સાધના કરી ૪ વર્ષ સંયમની કેળવણી લઇ ૧૦ વર્ષની વયે પૂ૦ આ૦શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી મ૦ના વરદ્ હસ્તે માંડવી (સુરત) મુકામે સં. ૨૦૪૦ના વૈશાખ વદ ૧૧ના પૂ૦ ગણિવર્યશ્રી સુયશમુનિજી મ૦સા૦ના શિષ્ય મુનિશ્રી વિનિતપ્રભમુનિજીના શિષ્ય બન્યા બાદ પૂજ્યશ્રીનું એક જ લક્ષ હતું તે જ્ઞાન મેળવવું. સ્મરણશક્તિ એટલી પ્રબળ હતી કે એક જ વખતે જુએ, સાંભળે કે વાંચે તો ક્યારેય ભૂલતાં નહિં. ૬ વર્ષના સંયમ જીવનમાં હિંદી, ગુજરાતી, ઉર્દુ, પ્રાકૃત અને અંગ્રેજી ઉપર સુંદર પ્રભુત્વ મેળવ્યું હતું.

માતા વાસંતીબેન માધવજીલાલના આ લાડકવાયા પુત્ર સ્વભાવે શાંત, સંતોષી, એકાંતપ્રિય, મૃદુભાષી, ગંભીર, આનંદી અને સતત અભ્યાસશીલ હતા.

પણ કાળની કરણી કેવી વિચિત્ર છે. પાલેજથી કરજણ તરફ વિહાર કરતાં તા. ૨૯-૧૧-૮૯ના પ્રાતઃ કાળે સૂર્યોદય સમયે જ અચાનક ટ્રક સાથે અથડાતા સ્થળ ઉપર જ કાળધર્મ પામ્યા હતા.

અત્રેના શ્રીસંઘના ઉપક્રમે અને પુ૦ગણિવર્યશ્રી સુયશમુનિજી મ૦ સા૦ની પુણ્ય નિશ્રામાં બાલમુનિશ્રી મનોજ્ઞપ્રભમુનિજી મ૦ સા૦ના પુણ્ય શ્રેયાર્થે તા. ૯-૧૨-૮૯ થી ૧૭-૧૨-...સુધીનો વિવિધપુજા, શ્રદ્ધાંજલિસભા, શાંતિસ્નાત્ર મહાપુજન સહ અષ્ટાન્હિકા મહોત્સવ ઉજવાઇ રહ્યો છે.

મુનિશ્રી રશ્મિરત્નવિજયજી દ્વારા શાસન પ્રભાવના

પુ૦ યુવક જાગૃતિપ્રેરક આચાર્યશ્રી ગુણરત્નસૂરીશ્વરજી મ૦ સા૦ના શિષ્યરત્ન યુવાવક્તા મુનિશ્રી રશ્મિરત્નવિજયજી અને સેવાભાવી મુનિશ્રી ભાગ્યેશરત્નવિજયજી મ૦ અત્રે પિંડવાડામાં સંઘ પ્રયાણ નિમિત્તે પધાર્યા હતા.

યુવાવક્તા મુનિશ્રી રશ્મિરત્નવિજયજી મ૦ સા૦ એ જુદા-જુદા વિષયો પર જોશીલી જબાનમાં માર્મીક પ્રવચનો કરેલ. તેમની નિશ્રામાં ભારતભરમાં પ્રથમ ઐતિહાસીક કાર્યક્રમ સામુહિક સાથીયાં કાર્યક્રમ ઉજવવામાં આવેલ.

પુજ્ય મુનિશ્રી આહી પિંડવાડાથી સીરોહી અને ત્યાંથી શ્રીસંઘ સાથે વિવિધ ધર્મારાધનાપૂર્વક શંખેશ્વર તીર્થે પધારનાર છે.

રાજસમંદ (રાજ.)માં અણુવ્રત અધિવેશન

અખિલ ભારતીય અણુવ્રત અધિવેશન સમારોહની અત્રે ઉજવણી કરવામાં આવેલ. બે દિવસીય આ અધિવેશનમાં રાજસ્થાન ઉપરાંત અનેક રાજ્યો અને નેપાલના પ્રતિનિધિઓએ ભાગ લીધેલ. સુપ્રસિદ્ધ સાહિત્યકાર યશપાલ જૈન, સર્વોદય કાર્યકર્તા શ્રી પારસ જૈન, અ. ભા. અણુવ્રત સમિતિના મંત્રીશ્રી નિર્મલકુમાર સુરાણા, સંયુક્ત મંત્રીશ્રી વિજયરાજ સુરાણા વગેરેએ પોતાનો વિચારો રજૂ કરેલ. સમારોહના અધ્યક્ષ તરીકે શ્રી દેવેન્દ્રકુમાર કર્ણાવત પધારેલ.

હિંસા, અનૈતિકતા, ભ્રષ્ટાચાર, સાંપ્રદાયિકતા, નશાખોરી આદિ દુષ્ટ પ્રવૃત્તિઓના નિવેદન પત્ર પસાર કરવામાં આવેલ. ગાંધી સેવા સદનમાં અણુવ્રત યુવા પરિષદના સહયોગ દ્વારા આ અધિવેશનનું આયોજન કરવામાં આવેલ.

પાદરલી (રાજ.)માં જિનેન્દ્રભક્તિ મ. ઉજવાયો

પુ૦ આચાર્યશ્રી વિજયહેમપ્રભસૂરીશ્વરજી મ૦ સા૦ આદિની શુભ નિશ્રામાં ચાતુર્માસ દરમ્યાન પુ૦ સાધુ-સાધ્વીજી મ૦ સા૦ તેમજ શ્રીસંઘમાં થયેલ વિવિધ ઉગ્ર તપસ્યાની અનુમોદના તેમજ આદિશ્વર ભગવાનના દેરાસરની વર્ષગાંઠના ઉપલક્ષમાં વિશ્વશાંતી અર્પણ કરનાર શ્રી અર્હંત્ મહાપૂજનનો ત્રણ દિવસીય મહોત્સવ ૩-૪-૫ ડીસેમ્બર દરમ્યાન ભક્તિભાવપૂર્વક ઉજવાયો છે.

'જૈન' પત્રના ગ્રાહકોને નમ્ર વિનંતી

જે ગ્રાહક બંધુઓએ પુરા થયેલ વર્ષનું લવાજમ ન મોકલ્યું હોય તેમણે રૂા. ૫૦/- M. O. થી મોકલાવવા વિનંતી.

ઉત્સાહ અને પ્રયત્ન એ દરેક કાર્યમાં સફળતા પ્રાપ્ત કરવા માટેના ઉત્તમ સાધનો છે.

જૈનો અને વસવાટ

જૈન સમાજને હવે જીવાડવો જ હોય અને જૈનોમાં જૈન સંસ્કારો ટકાવવા જ હશે તો મોટાં જે જે શહેરો છે ત્યાં નજીકમાં જગ્યા લઈ મોટાં મોટાં એપાર્ટમેન્ટ બનાવી જૈન નગરો ઊભા કર્યા વિના ચાલી શકે તેમ નથી.

જે શહેર કે ગામનો વિકાસ થઈ રહ્યો હોય, જ્યાં વધુમાં વધુ ઉદ્યોગોનું આયોજન થતું હોય તેની નજીકમાં જ મોટી જગ્યા લઈ જૈન નગરો ઊભાં થાય તો જૈનોને કામધંધો નોકરી રોજી મળી રહે, કોઈ જ જૈન બેકાર-દુઃખી રહે નહી, કોઇને ભૂખ કે દુઃખ માટે આપઘાત કરવો પડે નહીં. કોઇને પોતાની આજીવિકા ખાતર પોતાની ઇજ્જત ગુમાવવી પડે નહીં કે તેના પરીવારના છોકરા-છોકરી કુસંગે ચડે નહી, અસમાજિક તત્વોનો ભોગ બનવું પડે નહીં, સર્વેની સલામતી સચવાય, જૈનોમાં પ્રેમ - સંગઠન - સહકારની ભાવના-પરિચય વધે, એક બીજા નોકરી ધંધામાં જોડે રહેતા હોય તો ઉપયોગી થાય વળી જૈનો મોટી સંખ્યામાં હોય ત્યાં જૈન દેરાસર, ઉપાશ્રયો, આયંબીલશાળા, જૈન પાઠશાળા, જૈન વાંચનાલય, જૈન બાળમંદીર, જૈન છાત્રાલય, ધર્મશાળા, ભોજનશાળા, શાળા-મહાશાળા શરૂ થઈ શકે જૈન ઉદ્યોગગૃહ તેમજ જૈન બેનો માટે મોડા વેલા ગૃહઉદ્યોગ શીખી સ્વાવલંલી બની શકે તેવા શિવણ, ગુંથણ, ભરત, રસોઈ, ટાઇપ, નાસ્તુ, હીરાઉદ્યોગ-એસોટ વિ.ના વર્ગો શરૂ થઈ શકે બેનો દરેક કાર્યમાં હોંશિયાર થઈ શકે, રોજી પણ મેળવી શકે, આ માટે જૈન નગરો જરૂરી છે.

પ્રસંગને અનુરૂપ 'જૈન' સમાચાર દ્વારા માર્ગદર્શન લેખો, ચર્ચાપત્રો દ્વારા જૈન સંઘ-સમાજને જાગૃત કરી આવા પ્રશ્નો હલ કરાવવામાં મહત્વનો ભાગ ભજવતા 'જૈન'ના કાર્યકરોને અભિનંદન.

મુ : અમરેલી — પ્રવિણચંદ્ર એન. મહેતા

પુરણુ (રાજ.)માં ઉજવાયેલ સિદ્ધચક્રપૂજન

અત્રેના દેરાસરજીની વર્ષગાંઠના મંગળ પ્રસંગને અનુલક્ષીને અત્રે તા. ૮/૧૨/૮૯ના સિદ્ધચક્ર મહાપૂજનની ઉજવણી થઇ છે.

આ પ્રસંગે પૂ૦ ગણિવર્યશ્રી વિમલવિજયજી મ૦ સા૦ આદિ એ પધારી શાસન શોભામાં અભિવૃદ્ધિ કરી હતી.

મદ્રાસ મહાનગરે ઉપધાનતપ આરંભ

કેસરવાડીનાં મહાતીર્થમાં તરણ તારણ મહા ચમત્કારી શ્રી આદીશ્વર ભગવાનની શિતળ છાયામાં અને ન્યાયવિશારદ, સુવિશાલ ગચ્છનાયક પુ૦ આચાર્યદેવશ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ૦ સા૦ આદિ વિશાળ સાધુવૃંદની શુભ નિશ્રામાં શ્રી ઉપધાનતપનો મંગળ પ્રારંભ ગત તા ૧૨-૧૨-૮૯ના રોજ થયો છે.

માધાપર (કચ્છ)માં મહોત્સવની થયેલ ઉજવણી

અત્રે પુ૦ અધ્યાત્મયોગી આચાર્યશ્રી વિજય કલાપુર્ણસૂરીશ્વરજી મ૦ સા૦ આદિની શુભ નિશ્રામાં શ્રી સુવિધિનાથ જિનાલયે નવ-નિર્મિત જૈન ઉપાશ્રય, આરાધનાભુવન તથા જ્ઞાનભુવનનું મંગલ ઉદ્ઘાટન તા. ૮/૧૨/૮૯ના જિનેન્દ્રભક્તિ મહોત્સવની ઉજવણી પૂર્વક કરવામાં આવેલ છે. આ પ્રસંગે ગત તા. ૭-૮ અને ૯ ડીસે.ના વિવિધ કાર્યક્રમો રાખવામાં આવેલ

બલસાણા તીર્થની યાત્રાએ પધારો

(તાલુકો : સાક્રી, જીલ્લો : ધુલીયા-મહારાષ્ટ્ર)

બલસાણા ગામમાંથી ૩૧ ઇંચના શ્યામ, મનોહર, સુંદર ૧૫૦૦ વર્ષ પુરાના ચમત્કારી શ્રી વિમલનાથ ભગવાનની મુર્તિ પ્રાપ્ત થઈ છે. નદીઓ અને પહાડોની વચ્ચે કુદરતી સૌંદર્યથી શોભતા કળા-કૌશલ્યથી યુક્ત મંદિરોના ખંડેરો પ્રાચીનતાની સાક્ષી આપતા આજે પણ અડોલ ઉભા છે. આથી અતિ પ્રાચીન આ ઐતિહાસીક નગર હશે. અહિયા જૈનોના ૧૦ ઘર છે.

વર્તમાન તપોનિધિ પુજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય-**ભુવનભાનુસુરીશ્વરજી મહારાજ** તથા પંન્યાસ પ્રવર શ્રી **ચંદ્રશેખરવિજયજી** મ. સા. ના આશીર્વાદથી તથા મુનિશ્રી **વિદ્યાનંદવિજયજી** ગણિ મ.સા. ના સક્રિય ઉપદેશથી સ્થાનિક અને અનેક જૈન સંઘોના સહયોગ અને સહકારથી એક ગગનચુંબી જિનાલય નિર્માણ થયું છે. જેની પ્રતિષ્ઠા પ. પુજ્ય આચાર્યશ્રી **રાજેન્દ્રસુરીશ્વરજી** મ. સા. આદિની નિશ્રામાં મહોત્સવ પુર્વક થઇ છે. પ્રાચીન નયનરમ્ય અલૌકિક ચમત્કારી શ્રી વિમલનાથ ભગવાનના જિનબિંબથી શોભતા નુતન તીર્થના અને બલસાણાની પંચતીર્થી (નેર, ધુધીયા, દોડાઇચા, નંદરબાર, બલસાણા) ના દર્શન કરી પાવન થવા સકલ સંઘને ભાવભર્યું આમંત્રણ છે. ત્યાંનો સઘળો વહીવટ ધુલીયા જૈન સંઘ સંભાળે છે.

આવવા માટે સુવિધા : સુરત-ધુલીયા હાઇવે પર સાંક્રીથી દોડાઇચા રોડથી બલસાણા ૨૫ કિ.મી. ના અંતરે છે. અને દોડાઇચા -ચીમઠાણાથી ૨૫ કિ.મી. અંતરે જુદા જુદા ટાઇમે એસ.ટી. મળે છે.

નુતન તીર્થમાં લાભ લેવા માટે વિનંતી-લખો :

શ્રી ધુલીયા જૈન સંઘ. તેલગલી. ધુલીયા-૪૨૪૦૦૧

સ્વસ્તિક હાર્ડવેર સ્ટોર અને અરિહંત પેઇન્ટસ, આગ્રા રોડ,ધુલીયા

નેમિચંદ મોતીલાલ ગોપાલદાસ પરિવાર। સૌજન્યથી

અહંકારને લીધે સહાનુભૂતિ ઘટે છે, જ્યારે પ્રેમભાવથી સહાનુભૂતિ વધે છે